Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાર્થ ગુજરાતી

જોડણીકોશ

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक-संख्या १ग/१

पंजिका-संख्या १८५६६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાર્થ ગૂજરાતી

જોડણીકોશ

पुस्तकालय
गुरुकुल कांगड़ी

"હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી."
ગાંધીજી

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CHECKED 1973
Initial

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ,
નવજીવન પ્રકાશન મંદિર,
ગાંધી રસ્તો, અમદાવાદ

ત્રીજી આવૃત્તિ, સને ૧૯૩૭
(સુધારાવધારા તથા તત્સમ વ્યુત્પત્તિ સાથે)

ચાર રૂપિયા

મુદ્રક : બાલુભાઈ મગનલાલ દેસાઈ,
મણિ મુદ્રણાલય, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

જેમની ઉજ્જવળ પ્રવૃત્તિથી ભાષાનું તેજ પ્રગટ્યું છે
અને જેમની પ્રેરણાથી આ કોશ તૈયાર થયો છે
તે પૂજ્ય ગાંધીજીને ચરણે આ કોશ અર્પણ કરીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દરેક માણસને જેમ સૂઝે છે તેમ શબ્દને શુદ્ધ કે અપભ્રંશ ઠોકી બેસાડે છે, અને પછી તે પ્રમાણે વિપરીત જોડણીઓના વરસાદ નિશાળોમાં વરસી રહે છે. તેઓનો એમાં કાંઈ ઉપાય નથી; એ થવાં જ કરવાનું, અને તેમાં તેઓનો કાંઈ વાંક નથી. ખરેખરું તો, એ નિયમો બંધાયા તે વખતે, એ નિયમ બાંધનારી કમિટીએ એક ગૂજરાતી ભાષાના સઘળા શબ્દનો કોશ તૈયાર કરવો જોઈતો હતો, અને તેમાં ઘણી કાળજીથી એ નિયમો પ્રમાણે સઘળા શબ્દોની જોડણી આપવી જોઈતી હતી."

માર્ચ, ૧૮૭૨ — **સ્વ. નવલરામ**

"મારી એ જ ભલામણ છે કે, કોઈ પણ પ્રકારે — પછી પંડિતવર્ગ તરફથી અથવા, ઉત્તમ રીતે તો, શાળાખાતા તરફથી યોગ્ય કમિટી નિમાઈને — પ્રથમ ઉપર દર્શાવેલી દિશાએ (તે જ એમ નથી કહેતો) સમગ્ર મોટા ધોરણ ઉપર નિયમપદ્ધતિ રચાઈને, એક ઉત્તમ કોશ તે પદ્ધતિને અનુસરતી જોડણીવાળો રચવો જોઈએ."

૧૮૮૮ — **સ્વ. નરસિંહરાવ ભોળાનાથ**

ગૂજરાત વિદ્યાપીઠે જોડણીકોશ તૈયાર કરીને આપણી જોડણીને એકધારી અને વ્યવસ્થિત કરવાનો જે સફળ પ્રયત્ન કર્યો છે, અને જે જોડણીને લેખકો, સામયિકો, પ્રકાશન-સંસ્થાઓ, મુંબઈ યુનિવર્સિટી તથા બીજી કેળવણીની સંસ્થાઓ મોટે ભાગે અનુસરી રહી છે, તેને આ સંમેલન આવકાર દે છે, અને પરિષદને સૂચના કરે છે કે:

(૧) એ જોડણી સર્વમાન્ય થાય એવાં પગલાં લે; અને

(૨) વિદ્યાપીઠ તરફથી થનારા તેના પુનઃસંસ્કરણમાં પોતે તથા પોતાની માન્ય સંસ્થાઓ પૂરેપૂરો સહકાર આપે.

ઑક્ટોબર, ૧૯૩૬ — **૧૨મું ગુજરાતી સાહિત્ય સંમેલન**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજી આવૃત્તિનું નિવેદન

જોડણીકોશની બીજી આવૃત્તિ ખલાસ થઈ જવાથી, આ તેની ત્રીજી આવૃત્તિ બહાર પાડવામાં આવે છે. ઈ. સ. ૧૯૩૪ના અંતમાં સરકારના બંધનમાંથી છૂટયા બાદ, વિદ્યાપીઠ મંડળે તા. ૩–૧–૧૯૩૫ની પોતાની પહેલી સભામાં ઠરાવ કર્યો હતો કે, “કોશની બીજી આવૃત્તિ ખલાસ થાય તે પહેલાં ત્રીજી આવૃત્તિ તૈયાર કરવાનું આ સભા ઠરાવે છે, અને તે કામ શ્રી. મગનભાઈ દેસાઈને સોંપવામાં આવે છે. તેમની દેખરેખ નીચે આખો વખત કામ કરવા માટે શ્રી. ચુનીલાલ બારોટને મુકરર કરવામાં આવે છે.”

આ ઠરાવ થયો ત્યારે એવી ધારણા હતી કે, બીજી આવૃત્તિની સિલક નકલો ૧૯૩૭ સુધી તો ચાલશે. અને એ ગણતરી બાંધીને નવી આવૃત્તિના સંશોધનની યોજના કરી હતી. પરંતુ, પ્રજા તરફથી કોશને ઉત્તરોત્તર વધુ મળવા લાગેલા સત્કારને કારણે, ૧૯૩૬માં જ બધી નકલો ખપી ગઈ, એટલે ત્રીજી આવૃત્તિ બને તેટલી સત્વર તૈયાર કરી નાખવાનું ઠરાવ્યું. તેને લઈને નિરધારેલા સંશોધનમાં થોડો કાપ મૂકવો પડ્યો છે.

આ આવૃત્તિના કામનો પ્રારંભ કર્યો ત્યારે વિચાર્યું હતું કે, કોશને વધુ શાળોપયોગી બનાવવાની દૃષ્ટિએ તેમાં શબ્દપ્રયોગો તથા ઉપલબ્ધ વ્યુત્પત્તિ ઉમેરવાં; અને શબ્દભંડોળ માટે, બને તેટલું વધારે શાળોપયોગી સાહિત્ય વાંચી કાઢવું. પરંતુ, ઉપર જણાવ્યા મુજબ, કોષનું છાપકામ તરત ઉપાડવાનું આવવાથી, પૂરેપૂરી વ્યુત્પત્તિ આપવાનું તથા શબ્દપ્રયોગો સંઘરવાનું કામ અમારે છોડવાં પડયાં છે. વાચક જોશે કે, આ આવૃત્તિમાં અમે તત્સમ વ્યુત્પત્તિ આપીને જ અટકી ગયા છીએ અને શબ્દપ્રયોગ-સંગ્રહને તો અડકયા જ નથી.

આ આવૃત્તિ તૈયાર થતી વેળા, શુદ્ધ જોડણી લખવાની ચીવટવાળા એક ભાઈએ અમને એમની એક મુશ્કેલી જણાવી કે, ક્રિયાપદનાં પ્રેરક અને કર્મણિ રૂપો કોષમાં, બધાંનાં નહિ તો, જ્યાં જોડણીફરક થવાનો પ્રશ્ન હોય તેટલાં ક્રિયાપદોનાં જો આપો, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ ઉપયોગી થાય. આ માગણીનું વજૂદ સ્વીકારી, આ આવૃત્તિમાં એવાં ક્રિયાપદોનાં રૂપો બનાવીને મૂકવામાં આવ્યાં છે. આવાં બનાવીને મૂકેલાં રૂપોમાંથી કેટલાંકનો ઉપયોગ કદાચ સાહિત્યમાં નયે મળે એમ બનવા જોગ છે. પણ એ રૂપો જોડણીની દૃષ્ટિએ જ મૂકયાં છે, અને તે મૂકતી વખતે એટલું ધ્યાનમાં રાખ્યું છે કે, તેમનો ઉપયોગ કરવા કોઈ ચાહે તો તે કરી શકે,—તેમાં કાંઈ વિચિત્ર ન લાગવું જોઈએ. જ્યાં ખાસ વિચિત્રતા જેવું લાગ્યું છે ત્યાં તેવાં રૂપો બનાવ્યાં નથી.

શબ્દભંડોળનું કામ આ વખતે ઠીક ઠીક થયું ગણાય. નવા શબ્દો શોધવાને અંગે કરેલા વાચનમાં, ઉપર કહ્યું તેમ, મુખ્યત્વે શાળોપયોગી પુસ્તકો જ લેવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત, સામાન્ય નવા વાચનમાં આવતાં પુસ્તકોમાંથી પણ શબ્દો મળે તે સંઘરવામાં આવ્યા છે. એ રીતે કરતાં, આ વેળાની આવૃત્તિમાં શબ્દસંખ્યા ૫૬૮૩૦ થઈ છે. એટલે કે, ગઈ આવૃત્તિના ૪૬૬૬૧માં ૧૦૧૬૯ શબ્દોનો વધારો થયો છે.

શબ્દોની ગણતરીની સાથે તત્સમ શબ્દોની વર્ગીકૃત ગણતરી પણ કરવામાં આવી છે. ભાષાપ્રેમીઓને એનું પરિણામ બોધક થશે એમ માનીએ છીએ. નોંધાયેલી તત્સમ વ્યુત્પત્તિમાં સૌથી મોટો વિભાગ, અલબત્ત, સંસ્કૃત શબ્દોનો, ૨૦૨૬૫, એટલે કે, ૩૫ ટકા જેટલો છે. ત્યાર પછી ફારસીના ૧૭૫૬, એટલે ૩ ટકા, અરબીના ૮૨૪ એટલે ૧॥ ટકો, અંગ્રેજીના ૩૬૦, એટલે ০॥ ટકો, હિંદીના ૧૮૩, મરાઠીના ૪૪, તુર્કીના ૨૭, પોર્ટુગીઝના ૨૯ – એમ આવે છે. ગુજરાતીનો સારો અભ્યાસ કરનારે સંસ્કૃતનું અમુક જ્ઞાન તો મેળવવું જ જોઈએ એ આ સાદી ગણતરી પરથી દીવા જેવું દેખાઈ આવે છે. આ ગણતરીથી અમને એક એ અંદાજ પણ મળી રહ્યો છે કે, લગભગ ૪૨ ટકા વ્યુત્પત્તિનું કામ તો થઈ ચૂકયું ગણાય.

૧૯૩૫માં આ આવૃત્તિનું કામ શરૂ કર્યું ત્યારે જોડણીના નિયમોને અંગે કાંઈ નવું વિચારણીય છે કે કેમ એનો પણ ખ્યાલ કરી લીધો હતો. એ બાબતમાં કશો મહત્ત્વનો ફેર કરવાની જરૂર નથી જોઈ. ઊલટું, હર્ષની વાત છે કે, જોડણીકોષને ઉત્તરોત્તર માન્યતા મળતી ગઈ છે, અને આજ મુંબઈ યુનિવર્સિટી જેવી શિક્ષણસંસ્થાએ તથા ગુજરાતી સાહિત્ય સંમેલન જેવી વિદ્વત્સભાએ એને અપનાવ્યો છે. આ બાબતમાં સાહિત્ય સંમેલને તેની ગઈ બેઠકમાં કોશને માટે જે આવકારદાયી ને અભિનંદક ઠરાવ કર્યો છે, તે માટે એ સંસ્થાનો અત્રે અમે આભાર માનીએ છીએ.

જોડણીકોશને આમ માન્યતા મળ્યા પછી, આજ હવે આપણી આગળ જોડણીની અરાજકતાનો પ્રશ્ન એટલા પૂરતો પતી ગયો મનાય. હવે કરવાનું રહે છે તે સ્વીકૃત થયેલી એવી આ જોડણીની બાબતમાં કાળજી રાખી તેનો વાપર વધારવાનું. તે કામ ગુજરાતના શિક્ષકગણ, લેખકવર્ગ તથા છાપાંવાળા અને માસિકના તંત્રી, વ્યવસ્થાપકો તથા પ્રકાશન સંસ્થાઓ — એ બધાંએ કરવાનું રહે છે. આમાં જો આપણે જાગૃતિ નહિ બતાવીએ તો હવે એકએ વર્ષમાં સિદ્ધ થઈ જવું જોઈએ એવું કામ નાહક લંબાશે, અને ભાષાની સેવામાં એટલે દરજ્જે ક્ષતિ આવી લેખાશે.

જોડણીના નિયમોમાં એક ફેરફાર કર્યો છે. નિયમ ૫મો આ પ્રમાણે હતોઃ– "જ્યાં આરબી, ફારસી, અંગ્રેજી કે અન્ય પરભાષામાંથી અપભ્રષ્ટ થયેલો શબ્દ રૂઢ થઈ ગયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, ત્યાં તે જ અર્થમાં તત્સમ શબ્દ ન વાપરવો. ઉદા૦ પર્પટ, ખ્વાહિશ, હૂબહૂ, ઈંગ્લિશ, ટિકેટ નહિ; પણ પાપડ, ખાએશ, આબેહૂબ, અંગ્રેજી, ટિકિટ. ''

આ નિયમ, ખરું જોતાં, જોડણીનો નહિ પણ શૈલીનો ગણાય. એટલે જોડણીકાર એને પોતાના નિયમ તરીકે આપે એમાં મર્યાદાદોષ આવે. આ વિચારથી એ નિયમ રદ કરવામાં આવ્યો છે. બાકી આખી નિયમાવલી જેમની તેમ રહે છે. નવી આવૃત્તિનો લાભ લઈ તે નિયમોનો અમલ કરવામાં કેટલાક શબ્દોમાં જ્યાં ક્ષતિ રહી ગયેલી જણાઈ છે, ત્યાં સુધારો કર્યો છે. ચડવું–ચઢવું, મજા–મઝા, ફળદ્રુપ–ફળદ્રૂપ વિકલ્પો સ્વીકાર્યા છે. નિયમાવલીનું વધુ સ્પષ્ટીકરણ થાય તેટલા સારુ સૂચક દાખલાઓ કેટલીક જગાએ ઉમેર્યા છે. (જેમ કે, ક્રિયાપદનાં રૂપોની જોડણીનો નિયમ ૨૫,૨૬ જુઓ.)

તત્સમ શબ્દોની વ્યુત્પત્તિ આપવામાં આવી છે એ ઉપર જણાવ્યું. તેને અંગે એક બે વાતનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. આપણી ભાષામાં ઘણા સંસ્કૃત શબ્દો તેમના પ્રથમાના રૂપે ઊતરી આવે છે, અને જેમાં અંતે વિસર્ગ હોય છે તેના તે વિસર્ગનો લોપ થયો હોય છે. જેમકે, પિતા, વિદ્વાન, ચંદ્રમા, મન ઇત્યાદિ. આ શુદ્ધ સંસ્કૃત તો ન ગણાય. વળી કેટલાક શબ્દો સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે નવા બનાવી આપણે વાપરીએ છીએ, જે સંસ્કૃત કોષોમાં નયે મળે. આવા બધા શબ્દોને અમે સં. તરીકે તત્સમ જણાવ્યા છે.

એવી જ એક મર્યાદા ફારસી અરબી શબ્દોની તત્સમતાને અંગે પણ સ્વીકારી છે. આ ભાષાઓને અંગે વિશેષ મુશ્કેલી એ છે કે, તેની ને આપણી વર્ણમાળા એક ન હોઈ, લિપ્યંતરનો પ્રશ્ન પણ ખડો થાય છે. જેમ કે, ફારસી 'ઝ' અગાઉની પેઢી 'જ' લખીને સંતોષ માનતી. આજ અંગ્રેજી Z નો ઉચ્ચાર આપણે ત્યાં રૂઢ થતો જવાથી ફારસી ઝ ઉચ્ચાર 'જ'થી વ્યક્ત કરવા કરતાં 'ઝ' લખવા પ્રેરાઈએ છીએ. પરંતુ ફારસી અરબી શબ્દોમાં જકાર ઊતરી તો ગયો છે. એ રૂઢિને આપણી જોડણીની પ્રથામાં માન્યતા પણ મળી છે. એટલે એવા જકારવાળા ફરકના શબ્દોને પણ ફારસી જ જણાવ્યા છે. જેમ કે, નજર, અજીજ.

અંત્ય હકારવાળા ફારસી શબ્દો ગુજરાતીમાં પોતાના લિંગ પ્રમાણે ઈ, ઉં કે ઓ અંત્ય સ્વીકારે છે. જેમ કે, તકાજો, સાદું, જલસો. આટલા ફરકના શબ્દોને પણ ફારસી જણાવ્યા છે.

ફારસી અરબી અય્, અવ્ આપણે ત્યાં અનુક્રમે એ, ઓ રૂપે લખાય છે ને ઍ, ઑ રૂપે બોલાય છે. જેમ કે , હેબત, શેતાન, મોત. આ રૂપોને પણ તત્સમ જ ગણ્યાં છે.

પરંતુ રદ, સબર, ફિકર, સાહેબ, જાહેર, ઇજન, ચહેરા જેવા શબ્દો તદ્દભવ ગણ્યા છે. નિસબત, સખતી, બરખાસ્ત જેવા શબ્દો જેમનો ઉચ્ચાર તત્સમ છે (પણ જે નિસ્બત, સખ્તી, બર્ખાસ્ત એ રૂપે નથી લખાતા) તેમને પણ તત્સમ ગણ્યા છે.

પોર્ટુગીઝ તત્સમતા બતાવી છે તે સામાન્ય મળતાપણા પરથી જ ગણાય. શુદ્ધ રૂપે એ શબ્દ હશે કે કેમ એ, પોર્ટુગીઝના અજ્ઞાનને કારણે, અમારાથી દાવો કરી શકાતો નથી. ઉપલબ્ધ કોષો કે વ્યાકરણોમાંથી એને અંગેનાં મળી આવેલાં સૂચન પરથી એ નિર્દેશો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરાઠી, હિંદી ભાષા તો ગુજરાતીની બહેનપણીઓ ગણાય. ઘણા શબ્દો જરાતરા ફેરથી કે તેના તે જ રૂપે બેઉ જગ્યાએ મળી શકે. તે પરથી તે શબ્દ મરાઠી કે હિંદી ન ગણાય. પણ આજના વધતા જતા આંતરપ્રાંતીય સંસર્ગને કારણે તથા પૂર્વના સંસર્ગોથી પણ કેટલાક શબ્દો આપણા સાહિત્યમાં તે તે ભાષાઓમાંથી સ્વાભાવિક રીતે ઊતરી આવ્યા છે. કોષમાં એવા શબ્દોને જ હિંદી કે મરાઠી બતાવી શકાય. અમે એ દૃષ્ટિએ આ ભાષાઓના શબ્દોનો નિર્દેશ કર્યો છે.

શબ્દની તત્સમ વ્યુત્પત્તિ બતાવતાં એ ખ્યાલ આપોઆપ ઊઠે કે, તેનો અર્થ પણ તત્સમ છે ? કેમ કે, એવું ઘણી વાર બને છે કે, શબ્દનું સ્વરૂપ તત્સમ હોવા છતાં તેના અથમાં તત્સમતા ન હોય, તેમાં કાંઈક ફેર થયો હોય, લક્ષણાથી ભિન્ન અર્થ નીકળતો હોય, કે વ્યંજનામાં મર્યાદા પણ આવી ગઈ હોય. આ પ્રકારની ઝીણવટમાં અમે ઊતર્યા નથી, ને મૂળ શબ્દના અર્થની સામાન્યતઃ તત્સમતા પરથી તેને તત્સમ ગણ્યો છે. સામાન્ય ઉપયોગની શાળોપયોગી આવૃત્તિમાં એથી વધુ સૂક્ષ્મતા આવશ્યક પણ ન ગણાય.

વ્યુત્પત્તિને અંગે, છેવટમાં, એક વસ્તુ કહેવાની રહે છે તે, ક્રિયાપદોની વ્યુત્પત્તિ નથી આપી એ. એટલે ઉપરની શબ્દગણનામાં ક્રિયાપદોની તત્સમતા નથી ગણાઈ.

એક મહારાષ્ટ્રી ભાઈએ કહ્યું કે, તમારા કોશમાં ઉચ્ચારણ નથી· તેથી અમારા જેવાને મુશ્કેલી પડે છે; તમારે ઉચ્ચારણ પણ આપવું જોઈએ. આ માગણી સાચી છે. કોઈ પણ ભાષાના સારા ગણાઈ શકે એવા કોષમાં શબ્દનું આ અંગ હોવું તો જોઈએ જ. આપણી લિપિની વિશેષતાને લઈને, ઉચ્ચારણની જરૂર અંગ્રેજી જેવી ભાષાના જેટલી ન હોય એ ખરું. છતાં લિપિ સંપૂર્ણ ઉચ્ચારવાહી તો નથી થઈ શકતી. આપણે ત્યાં પણ સંવૃત વિવૃત પ્રયત્ન, યશ્રુતિ, હશ્રુતિ, અનુસ્વાર-ભેદ ઇત્યાદિ બાબતો તથા ફારસી વર્ણોનો પ્રશ્ન તો રહે જ છે. એટલે તે તે ખાસિયતો માટે સંકેત યોજીને કોશકારે ઉચ્ચારણ પણ નોંધવું ઘટે. આ બાબતમાં કયું ઉચ્ચારણ શિષ્ટ ગણાય એ પ્રશ્ન પણ રહે છે. એટલે આ કામ મહત્ત્વનું તો છે જ. પણ આ આવૃત્તિમાં અમારે માટે તે શક્ય નહોતું. પરંતુ, એમાં એક વસ્તુ અંશતઃ અમારે કરવી પડી છે તે એ કે, જે શબ્દોની જોડણી એક છે છતાં ઉચ્ચારો ભિન્ન છે, તેવા શબ્દોનો ઉચ્ચાર-નિર્દેશ અમે કર્યો છે. જેમ કે, જુઓ ઓડ, શોક. તે શબ્દો ત્રણ અર્થોમાં ત્રણ રીતે બોલાય છે. એ ત્રણે ઉચ્ચાર નોંધ્યા છે. તેની પદ્ધતિ વિષે ‘ કોશ વાપરનારને સૂચના'માં નિર્દેશ કર્યો છે.

આ આવૃત્તિમાં એક બીજો ફેરફાર કર્યો છે તે શબ્દોની ગોઠવણીનો છે. ગુજરાતી કોષમાં આવી જાતનો ફેરફાર પહેલવારકો થાય છે. આ ફેરફાર કરવાનું અમને સૂઝ્યું સ્થળસંકોચ સાધવાની દૃષ્ટિએ. આવૃત્તિ આવૃત્તિએ કદમાં વધતા જતા કોષની કિંમત પણ વધારવી પડે તો વાચકવર્ગને એ ન ફાવે. એટલે, બને ત્યાં સુધી, કોષનું કદ વધતાં છતાં, કિંમત ન વધારવી પડે એવો પ્રયત્ન કરવાનો વિચાર રાખવામાં આવ્યો. તે સારુ એક ફેરફાર તો એ કર્યો કે, બીબાં મળે તેવડાં નાનાં વાપર્યાં છે. અવારનવાર જરૂર પ્રમાણે વાપરવાના આકરગ્રંથ માટે નાનાં બીબાં મુશ્કેલી ન ગણાય. નાનાં બીબાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠીક ઠીક જગા બચી શકી છે. બીજો ફેરફાર કર્યો તે, કક્કાવારીમાં પાસપાસે આવતા સમાન વ્યુત્પત્તિવાળા, સાધિત કે સમાસના શબ્દોને એક ફકરામાં ગોઠવી દીધા છે. આ ગોઠવણીને અંગેની સૂચનાઓ 'કોશ વાપરનારને સૂચના' એ સ્થળે આપી છે. તે જોવાથી આ ગોઠવણની રીત સ્પષ્ટ થશે.

પારિભાષિક શબ્દોને અંગે નવો કોઈ પ્રયત્ન કર્યો નથી. એક વસ્તુ સ્વતંત્ર રીતે કહેવી પ્રાપ્ત થાય છે. સરકારી માધ્યમિક કેળવણીમાં ગણિત, વિજ્ઞાન વગેરે વિષયો સ્વભાષા મારફત શીખવવાની છૂટ અપાઈ છે. પરંતુ, એ છૂટનો ઉપયોગ ઓછો જ લેવાયો છે, એ વિચિત્ર બીના ગણાય. અને કાંઈ કે પ્રયત્ન થયો છે તે, અમારી જાણ પ્રમાણે, વિજ્ઞાનને માટે, કે જેની પરિભાષામાં મુશ્કેલી છે એમ જ નહિ, અરાજક છે, ને કેટલુંક બેહૂદાપણું પણ પ્રવર્તે છે. અને ગણિત, કે જેની પરિભાષા નિશ્ચિત છે તથા જે નાનકડી પુસ્તિકારૂપે વિદ્યાપીઠ તરફથી પ્રસિદ્ધ થઈ છે, એને સ્વભાષા મારફત શીખવવાનો પ્રયત્ન આરંભાયો નથી. આશા રાખીએ કે, એ આપણી સિદ્ધ પરિભાષા હવે થોડાં વર્ષોમાં બધે વપરાતી થઈ જશે. વિજ્ઞાનને અંગે પણ એવી જ પરિભાષા સ્થિર કરવાનો પ્રયત્ન હવે આદરવો જોઈએ. એ કામ શિક્ષકગણ તથા વિદ્વાનો ઉપાડે તો હવે પછીની કોશની આવૃત્તિમાં જ્ઞાનની તે શાખાના શબ્દો સંઘરવાનું સહેલું થશે.

હવે વિદ્યાપીઠ તરફથી ગુજરાતી ભાષાના બૃહત્ કોશનું કામ ઉપાડવા વિચાર છે. એ કોશમાં ગુજરાતી ભાષાનો શબ્દસંગ્રહ પૂરો કરવા માટે, નવા તથા જૂના ગુજરાતી સાહિત્યમાં ઊતરેલા તથા બોલીમાં ચાલતા તમામ શબ્દો સંઘરવા પ્રયત્ન કરવો છે. બોલીના શબ્દો સંઘરવા માટે, ગુજરાતના બોલીવાર જુદા જુદા પ્રદેશ પડે છે ત્યાંના માણસોના સહકાર ઉપરાંત, તે તે પ્રદેશમાં ખાસ માણસ મોકલી બરાબર તપાસ કરીને શબ્દો એકઠા કરવાનો ઇરાદો છે. વળી જુદાં જુદાં વિજ્ઞાનોની અને ઉદ્યોગોની પરિભાષા પણ મેળવી શકાય તેટલી મેળવીને આપવી છે. તથા સાંપ્રદાયિક અને કોમી સાહિત્યમાં વપરાતા શબ્દો પણ એકઠા કરવાની ધારણા છે. શબ્દોની વ્યુત્પત્તિ શક્ય હોય તેટલી — વચગાળાનાં પ્રાકૃત તથા અપભ્રંશ રૂપો મળી શકે ત્યાં તે સાથે — આપવી છે. શબ્દના અર્થોનો ઐતિહાસિક વિકાસક્રમ, અર્થ તથા પ્રયોગની સ્પષ્ટતાની દૃષ્ટિએ આવશ્યક જણાય ત્યાં અવતરણો સાથે, આપી શકાય તેટલો આપવો છે. અને તેટલાં સ્થાનોએ પર્યાય શબ્દો પણ નોંધવાનો વિચાર છે. ગુજરાતના વિદ્વાનો, શિક્ષકો તથા ભાષાપ્રેમીઓની સાહાય્ય જેટલી વધારે મળે તેટલો આ કોશ સારો થાય એ સ્પષ્ટ છે. એવો સહકાર અને મદદ અમને મળશે જ એ આશા સાથે ગુજરાત આગળ અમારી માગણી અમે રજૂ કરીએ છીએ.

અંતમાં, આ કોષ છાપવાનું કામ મણિ મુદ્રણાલયના વ્યવસ્થાપક શ્રી. સોમાભાઈ દેસાઈએ જે ખંત તથા પ્રેમથી કરી આપ્યું છે ને આવાં કામોમાં પ્રૂફ વગેરેની ખાસ જોઈતી જે સવડ આપી છે, તેની નોંધ લઈએ છીએ. એમની આ પ્રકારની મદદ વિના આ કોષ આવો સુઘડ ને સપાટાભેર ન છપાવી શકાત.

ગૂજરાત વિદ્યાપીઠ
તા. ૧૨–૬–'૩૭

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળની આવૃત્તિનાં નિવેદન

૧

(પહેલી આવૃત્તિ)

ગુજરાતી ભાષાને બહુજનમાન્ય એવી જોડણી નથી એ વસ્તુ ગુજરાતીના અનેક ભક્તોની પેઠે ગાંધીજીને પણ હમેશ ખટકતી આવી છે. એમના યરોડાના જેલનિવાસમાં પણ એ વસ્તુનું ચિંતવન ચાલતું હતું, અને ત્યાંથી જ તેમણે સંદેશો મોકલેલો કે, ગુજરાતી ભાષાની આ દુર્દશા દૂર કરવી જ જોઈએ. જેલમાંથી બહાર આવ્યા પછી એમણે ત્રણ જણને એ કામ સોંપ્યું, અને શાસ્ત્રીય શુદ્ધિ અને રૂઢિ બંનેનો સમન્વય સધાય એવી રીતે જોડણીના નિયમોનો સંગ્રહ કરી તે પ્રમાણેનો લોકસુલભ એવો એક જોડણીકોશ તૈયાર કરવો એમ સૂચવ્યું.

જોડણી શાસ્ત્રપૂત હોય, બહોળી શિષ્ટ રૂઢિને અનુસરતી હોય, એ બધું જેટલું આવશ્યક છે તેટલું જ, અથવા તેના કરતાંયે, જેવી હોય તેવી પણ જોડણી બહુજનમાન્ય અને નિશ્ચિત થઈ જાય, એ વધારે આવશ્યક છે. આજે અંગ્રેજી ભાષાની જોડણી બધી રીતે શાસ્ત્રશુદ્ધ છે એમ તો કહેવાય જ નહિ; કેટલીયે બાબતમાં એ ઢંગધડા વગરની છે. પણ તે પ્રજામાં સંગઠન તથા તાલીમબદ્ધતા હોવાને લીધે ત્યાં જોડણીમાં અરાજકતા ફેલાવા પામી નથી. અંગ્રેજી ભાષાની જોડણી સર્વમાન્ય થઈ ચૂકી છે, તેથી જોડણીની બાબતમાં બધે એકધારું લખાણ જડી આવે છે. એક વાર અરાજકતામાંથી વ્યવસ્થા ઉત્પન્ન થઈ ગઈ એટલે પછી સુધારા કરવા જ હોય તો તે કામ પ્રમાણમાં ઘણું સહેલું થઈ જાય છે.

સુધારાનો પ્રવાહ માન્ય વિકલ્પોની મર્યાદામાં જ વહી શકે છે. વખત જતાં વિકલ્પોમાં અમુક જાતની જોડણી જ વધારે રૂઢ થાય છે અને બીજા વિકલ્પો અવમાન્ય ન હોય તોપણ વપરાશને અભાવે કાલગ્રસ્ત થઈ જાય છે અને ખરી પડે છે.

અરાજકતા અને માન્ય વિકલ્પો વચ્ચે ભેદ કરવો જોઈએ. ભાષાની સંક્રમણાવસ્થામાં વ્યવસ્થા જાળવવી એ અઘરું કામ છે. એવે પ્રસંગે વિકલ્પોને ઓછામાં ઓછા રાખવા કરતાં ભાષા ખમી શકે તેટલા વધારેમાં વધારે રાખવા એ નીતિ અપરિહાર્ય છે. પણ અરાજકતા તો એક ક્ષણને માટે પણ સહન કરવા જેવી વસ્તુ નથી. જેમણે ભાષાની કીમતી સેવા કરી છે અને શાસ્ત્ર, રૂઢિ અથવા લોકમાન્યતાની દૃષ્ટિએ જેમનો પક્ષ સમર્થ છે, તેમને વિકલ્પો દ્વારા બની શકે તેટલી માન્યતા આપવી એ જ ભાષાવ્યવસ્થાનો એકમાત્ર ઉપાય છે. અને જોડણીના ભિન્ન ભિન્ન પક્ષકારોએ એટલી વાત તો સ્વીકારવી જ જોઈએ કે, અરાજકતા મટી તેને સ્થાને વિકલ્પપ્રચુર વ્યવસ્થા ભાષામાં ઉત્પન્ન થાય તોયે તે મહત્ત્વની પ્રગતિ જ ગણાવી જોઈએ. અને આવી પ્રગતિ પછી જ કોઈ પણ સુધારાને વધારે અનુકૂળ પરિસ્થિતિ મળે છે. અરાજકતા અને વિકલ્પ વચ્ચેનો ભેદ ધ્યાનમાં આણીને અને અરાજકતા પ્રગતિને અથવા એકે પક્ષને પોષક નથી એમ જોઈને, એક વાર બહુજનમાન્ય એવી જોડણીની વ્યવસ્થા સ્વીકારવામાં બધા અનુકૂળ થાય તો ઇષ્ટ હેતુ સફળ થાય. અને કેટલીક વાર તો વિકલ્પના બંને પ્રકાર હંમેશને માટે ભાષામાં ચાલતા જ રહેવાના છે. દાખલા તરીકે, સંસ્કૃતપ્રચુર અથવા લલિત શૈલીમાં લ અને ળ ના વિકલ્પ વચ્ચે લને જ વધારે પસંદ કરવામાં આવશે, અને સાદી તળપદી ભાષામાં લને બદલે ળ વાપરવા તરફ લોકો ઢળશે.

ગાંધીજીએ નીમેલી ત્રણ જણની સમિતિએ જોડણીની બાબતમાં પૂર્વે થયેલી બધી ચર્ચા ધ્યાનમાં લઈ, ચોથી સાહિત્ય પરિષદની જોડણીસમિતિના ઠરાવને આધારરૂપ ગણી, શિષ્ટ અને લોકમાન્ય એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાક્ષરોની રૂઢિ તપાસી કેટલાક નિયમો તારવી કાઢ્યા, અને એ વિષયમાં અધિકાર અથવા રસ ધરાવતા લોકો પર તે મોકલી તેમનો અભિપ્રાય પૂછ્યો. તે નિયમો તારવવામાં તેમણે નીચેનો ઉદ્દેશ ખાસ ધ્યાનમાં રાખ્યો હતો:

"શિષ્ટ રૂઢિમાં બહુ ફેરફાર કરવો ન પડે, નિયમો સહેલાઈથી સર્વમાન્ય થઈ જાય, અને લખવા અને છાપવામાં લેખકોને અને મુદ્રકોને અગવડ ઓછી પડે, છાપેલો લેખ આંખને ગમે, અને અક્ષરની ઓળખ ટૂંક વખતમાં સર્વત્ર ફેલાય એટલા માટે, અને નવા વાંચતાં શીખનારને સગવડ થાય એ ઉદ્દેશ રાખીને આપણા નિયમ ઘડાવા જોઈએ, એમ સૌ કોઈ સ્વીકારશે જ. જોડણીમાં વ્યુત્પત્તિનો ઇતિહાસ સાચવવાનું બને તો તે પણ ઇષ્ટ જ છે એ વિષે પણ મતભેદ ન જ હોઈ શકે."

એક વરસના વિચારવિનિમયને પરિણામે વાતાવરણ બહુ જ અનુકૂળ દેખાયું અને ઘણા લોકોની સામાન્ય સંમતિ એ નિયમો માટે મળી. ઘણા ભાઈઓએ કીમતી સૂચનાઓ કરી હતી અને વિકલ્પો સૂચવ્યા હતા. એ બધાનો યથાશક્ય સંગ્રહ કરી સમિતિએ બીજી પત્રિકા બહાર પાડી અને સર્વમાન્ય થઈ શકે એવા નિયમો પ્રસિદ્ધ કર્યા. આ નિયમો ઘડવામાં દી. બ. કેશવલાલ ધ્રુવ તેમજ સ્વ. સર રમણભાઈ તરફથી કીમતી મદદ અને સહાનુભૂતિ મળ્યાં હતાં.

એ જ અરસામાં વિદ્યાપીઠે નીચેના ગૃહસ્થોની એક જોડણીસમિતિ નીમી: શ્રી૦ રામનારાયણ પાઠક, શ્રી૦ છોટાલાલ પુરાણી, શ્રી૦ કાળિદાસ દવે, શ્રી૦ નરહરિ પરીખ. એ સમિતિએ ગાંધીજીની સમિતિના નિયમો સ્વીકારી લીધા એટલે ગાંધીજીએ વિદ્યાપીઠ મારફતે જ જોડણીકોશ તૈયાર થઈ જાય એમ સૂચવ્યું, અને વિદ્યાપીઠે જોઈતાં નાણાંની સગવડ કરી શ્રી. નરહરિ પરીખને એ કામની વ્યવસ્થા સોંપી. રેલસંકટના કામમાં નરહરિભાઈને રોકાવું ન પડત તો શરૂ થયેલું આ કામ વચમાં ન અટકત. અનુભવ ઉપરથી નક્કી થયું કે, આ કામ બિનઅટકાવ ચલાવવું હોય તો જેને માથે બીજી કશી જવાબદારી નથી એવા માણસની સેવા આ કામમાં લેવી જ જોઈએ. એટલે ભાઈ ચંદ્રશંકર શુક્લ ઉપરાંત શ્રી. વિશ્વનાથ મગનલાલ ભટ્ટને રોક્યા.

જોડણી નક્કી કરવાની સાથે પ્રચલિત કોશોમાં નથી અને છતાં પ્રાચીન કાળથી અથવા હાલની જાગૃતિને પરિણામે જે શબ્દો વપરાય છે એવા શબ્દોનો સંગ્રહ કરવો પણ આવશ્યક હતો. આ કામમાં કેટલાક મિત્રોએ કીમતી મદદ કરી છે. આ રીતે આધુનિક ગ્રંથકારોએ ભાષામાં દાખલ કરેલા સંખ્યાબંધ શબ્દો આ કોશમાં પહેલવહેલા દાખલ થયા છે. શબ્દોના જોડણી સાથે દરેક શબ્દના મુખ્ય મુખ્ય અર્થો પણ આપવા અને બની શકે તો વ્યુત્પત્તિ પણ આપવી એવો વિચાર પ્રથમ હતો; પણ વ્યુત્પત્તિ એ મહત્ત્વનું અને નવું ક્ષેત્ર છે, અને અર્થો અને વ્યાખ્યાઓ પ્રમાણ ગણાય એવી રીતે આપવામાં ઘણો વખત જાય એમ હતું. એ બંનેને પહોંચી વળતાં ઘણો વખત જશે એમ જોઈ ને અને ગાંધીજીની ખાસ સૂચનાથી મૂળ વિચાર ફેરવ્યો, અને ફક્ત જોડણી નક્કી કરીને જ કામ જલદી પતાવવું એમ ઠરાવ્યું. આમ કરવાથી પુસ્તકનું કદ નાનું થયું, કિંમત પણ ઓછી થઈ, અને એક જ ભાગમાં આખો શબ્દસંગ્રહ આવ્યો. જોડણીકોશનો મુખ્ય ઉપયોગ તો સંશય વખતે ઝટ એની મદદ લઈ જોડણીનો નિર્ણય કરી શકાય એ છે. લેખકો, વિદ્યાર્થીઓ, અને ખાસ કરીને મુદ્રણાલયો અને પ્રકાશનમંદિરોના મેજ ઉપર એવી એક ચોપડી પડી હોય તો તેમની હંમેશની મૂંઝવણ દૂર થાય છે.

જો નિરપવાદ નિયમ કરીને જ બધું કામ સરી શકે એમ હોત, તો જોડણીકોશ તૈયાર કરવાની આટલી બધી આવશ્યકતા અને ઉતાવળ ન પણ રહેત. પણ નિયમ નક્કી કર્યા છતાં રૂઢિ અને પરસ્પરવિરોધી એવા લાગતા નિયમોના બલાબલનો વિચાર દરેક શબ્દ વખતે કરવો પડે છે, અને તેથી દરેક શબ્દનો નિયમોની દૃષ્ટિએ સ્વતંત્ર રીતે વિચાર કરી જોડણી નક્કી કરવી પડે છે. ભાષા વાપરનાર દરેક વ્યક્તિ દરેક પ્રસંગે આવી પરીક્ષા ન કરી શકે અને દર વખતે એક જ નિર્ણય ઉપર પણ ન આવી શકે, એટલા માટે કોશની સગવડ આપવી પડે છે. એ જ કારણે, કોશ તૈયાર કરતી વખતે પણ, નક્કી કરેલા નિયમોમાં અમુક વધારા અને અમુક ફેરફાર કરવા પડ્યા છે. આવા ફેરફારો અનેક તત્ત્વો ધ્યાનમાં રાખીને કરવાના હોવાથી એક જ માણસની મુનસફી ઉપર આધાર ન રખાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જેમને શાસ્ત્ર, રૂઢિ અને શિષ્ટ લેખકોનું વલણ આ ત્રણેનો ઠીક ઠીક પરિચય છે એવા એક કરતાં વધારે નિરાગ્રહી લોકોની મદદ મેળવી શકાય તેટલી મેળવવી જોઈએ એમ સમજી, છેલ્લી જોડણી નક્કી કરતી વખતે શ્રી૦ મહાદેવભાઈ, શ્રી૦ રામનારાયણભાઈ અને શ્રી૦ નરહરિભાઈ બારડોલીના કામને અંગે એકત્ર રહ્યા હતા એનો લાભ લીધો છે.

જોડણીકોશમાં ગુજરાતી ભાષાના બધા જ શબ્દો આવી જવા જોઈએ એ વાત સ્પષ્ટ છે. પણ એમ કરતાં કેટલાક મુદ્દાઓ ધ્યાનમાં લેવાના હતા. કોશનો અધિકાર ભાષામાં ચાલુ થયેલા અથવા માન્ય લેખકોએ વાપરેલા શબ્દોનો જ સંગ્રહ કરવાનો છે. સંસ્કૃત, હિન્દી, મરાઠી, બંગાળી વગેરે ભાષાઓના કુટુંબમાંની જ ગુજરાતી પણ હોવાથી એ ભાષાઓમાંથી ગમે તેટલા શબ્દો ગુજરાતી ભાષા લઈ શકે છે, પણ તેટલા ખાતર એ ભાષાઓમાંથી લેવા લાયક બધા શબ્દો કોશમાં દાખલ કરીએ તો શબ્દસંખ્યા વધે, પણ એ ગુજરાતી ભાષાકોશ ન ગણાય. જેટલા શબ્દો ગુજરાતી ભાષામાં વપરાયા હોય અને ભળ્યા હોય તેટલાને જ ગુજરાતી શબ્દકોશમાં સ્થાન હોઈ શકે છે.

સામાન્ય શબ્દોને પ્રત્યયો લગાડી જેટલા શબ્દો થઈ શકે છે તે બધા આપવા એ પણ કોશકારનું કામ નથી. અને જોડણીકોશની દૃષ્ટિએ તો મુખ્ય શબ્દ આપ્યા પછી જોડણીમાં ફેરફાર ન થતો હોય તો પ્રત્યયસાધિત શબ્દો રૂઢ હોય તોપણ આપવાનું પ્રયોજન, ખરું જોતાં, નથી. છતાં શરૂઆતમાં એવા શબ્દો આપીને પણ કોશ વાપરનારનું કામ સહેલું કરી આપવું આવશ્યક જણાવાથી પ્રત્યયસાધિત રૂપો આપ્યાં છે. આગળ ઉપર જોડણીકોશમાંથી એવા શબ્દોને બાતલ કરવા જોઈશે.

જોડણીનો વિચાર કરતી વખતે હશ્રુતિ અને યશ્રુતિ જોડણીમાં વ્યક્ત થવી જોઈએ એ શ્રી૦ નરસિંહરાવનો આગ્રહ ધ્યાનમાં આવ્યા વગર રહેતો નથી. તેઓ કહે છે કે, ગુજરાતી ભાષાના સ્વભાવમાં એ વસ્તુઓ છે અને જૂના લોકો એ બંને શ્રુતિઓ લખવામાં વ્યક્ત કરતા પણ હતા. સરકારી કેળવણી ખાતાએ મનસ્વીપણે એનો છેદ ઉડાડયો અને લોકોએ જડતાથી અત્યાર સુધી એ જોહુકમીને ટેકો આપ્યો છે.

એમની એ વાત અત્યાર સુધી લોકોએ ધ્યાન ઉપર નથી લીધી એ બરાબર નથી થયું. પણ આટલા દિવસના અનુભવ પછી જરૂર કહી શકાય કે, જે ફેરફાર થઈ ગયો છે એ થઈ ગયો છે; હ અને ય નું જોડણીમાં ફરી સ્થાન સર્વમાન્ય થવું એ લગભગ અશક્ય છે. પણ એનું મુખ્ય કારણ એ નથી કે લોકોને એ બે શ્રુતિઓ વિષે વાંધો છે. પણ જનસ્વભાવ લખવાવાંચવામાં અને છાપખાનાંવાળાઓ બીબાં ગોઠવવામાં જોડાક્ષરો વધે એ પસંદ નથી કરતા. જો હશ્રુતિ અને યશ્રુતિ વ્યક્ત કરવાનો કોઈ સહેલો ઉપાય લિપિસુધારાને અંગે થાય તો શ્રી૦ નરસિંહરાવના પ્રયત્નને અત્યાર સુધી નથી મળ્યો એવો ટેકો જરૂર મળશે.

કેટલાક શબ્દો સારા લેખકોએ અથવા કવિઓએ વાપરેલા હોવા છતાં, વપરાશમાં કાં તો આવ્યા નથી અથવા રહ્યા નથી. તેવા કાલગ્રસ્ત શબ્દોનો અર્થ કરવો પણ કોક કોક વાર મુશ્કેલ થઈ જાય છે. એવા શબ્દો નજીકના ભવિષ્યમાં કોઈ વાપરે એવો સંભવ પણ નથી હોતો. એવા શબ્દોની જોડણી નક્કી કરી આપવાનું ખાસ પ્રયોજન નથી. છતાં અર્થકોશમાં તે કામ આવે એમ જાણી તેમને આ કોશમાં સ્થાન આપી + નિશાનીથી જુદા પાડ્યા છે.

જે કોશોમાંથી અમે શબ્દસંગ્રહ પ્રથમ ભેગો કર્યો તે કોશોના કર્તાઓનો અને પ્રસિદ્ધ-કર્તાઓનો અહીં આભાર માનીએ છીએ. શ્રી. લલ્લુભાઈ ગોકળદાસ, શ્રી. જીવનલાલ અમરશી, શ્રી. ભાનુસુખરામ અને ભરતરામ, એમના કોશો તથા ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ફારસીઅરબી કોશ, એ ગ્રંથોનો અમે વિશેષ ઉપયોગ કર્યો છે. આપટેના સંસ્કૃત કોશ વગર કોઈ ચલાવતું જ નથી. બીજા પણ કેટલાક કોશો અમે વાપર્યા છે. પ્રચલિત સાહિત્યમાંથી શબ્દો કાઢી આપવામાં ગોંડળના ભાઈ ચંદુલાલ પટેલ, રાજકોટના કવિ ત્રિભુવન વ્યાસ ઇ૦ મિત્રોએ કરેલી મદદની અહીં નોંધ લેવી ઘટે છે. . . . જોડણીના નિયમો નક્કી થયા, આવેલી બધી સૂચનાઓનો વિચાર થયો, અને શબ્દોનો સંગ્રહ પણ બની શકે તેટલો સંપૂર્ણ કર્યો; પણ મુખ્ય કામ એ નિયમો અને સૂચનાઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુસરીને એ બધા શબ્દો એકધારી રીતે અને અકારાદિ ક્રમ પ્રમાણે લખવાના એ તો રહી જ ગયું હતું. નરહરિભાઈએ એ કામ કેટલુંક કર્યું હતું, પણ વિશ્વનાથભાઈની મદદ ન મળી હોત તો કોશ આટલો જલદી પૂરો ન થાત. એમણે નિયમિતતાથી અને શાસ્ત્રીય રસથી એ કામ કરી આપ્યું એને માટે તેઓ ખાસ ધન્યવાદને પાત્ર છે. . . .

ગુજરાતી જોડણી વિષે ચર્ચા કંઈ નહિ તો ૬૦ વરસથી ચાલતી આવી છે. જેમણે એ બાબતમાં લખ્યું છે તેમનાં નામ સહુ કોઈ જાણે છે. પણ જેમણે ખાનગીમાં ચર્ચા કરી હોય, બીજાઓને પ્રેરણા આપી હોય, અને નિર્ણય આણવામાં મદદ કરી હોય એવા અજ્ઞાત ભાષારસિકો અને શિક્ષકો તો ઘણા હશે. એવા બધાના સંકલ્પોમાંથી જ જોડણીકોશ આખરે પેદા થાય છે. કેળવણી ખાતાએ જોડણીના કાંઈક નિયમો તૈયાર કરી એ પ્રમાણે પાઠ્ય પુસ્તકો છપાવ્યાં એ જ વખતે જો આ વિષયનો સર્વાંગી વિચાર થયો હોત તો અત્યારે જોડણીનો સવાલ જ ઊભો ન થયો હોત. પણ તેમ ન બન્યું. તેથી વિદ્વાનોમાં અસંતોષ ફેલાયો અને જોડણીની ચર્ચા શરૂ થઈ. સ્વ. કવિ નર્મદાશંકરથી માંડીને અત્યાર સુધી જે લેખકોએ જોડણીની ચર્ચા કરી છે એમની સંખ્યા નાનીસૂની નથી. સ્વ. નવલરામ, સ્વ. કમળાશંકર, સ્વ. ગોવર્ધનરામ વગેરે વિદ્વાનોએ જોડણીમાં વ્યવસ્થા આણવાના પ્રયત્નો કર્યા છે. દી. બ. કેશવલાલ ધ્રુવ, શ્રી. નરસિંહરાવ ભોળાનાથ, શ્રી. આનંદશંકર ધ્રુવ વગેરે વિદ્યમાન વિદ્વાનોએ પણ આ વિષય ઉદ્દીપિત કર્યો છે. એ બધાની મહેનત અમારી આગળ હતી તેથી જ અમે જોડણીના નિયમો સહેલાઈથી નક્કી કરી શક્યા. . . . એટલે અમારી આ પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ અપ્રત્યક્ષ ભાગ લેનાર સઘળા ભાઈઓનો અમે આભાર માનીએ છીએ.

ફાગણ વદ ૭, સોમવાર
સં. ૧૯૮૫

દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર

૨

(બીજી આવૃત્તિ)

અસાધારણ ઐતિહાસિક સંજોગોમાં અર્થ સાથેનો આ જોડણીકોશ પ્રસિદ્ધ થાય છે. ગૂજરાતી ભાષામાં જોડણીની કાંઈ પણ વ્યવસ્થા ન મળે એ વસ્તુ ગાંધીજીને ખૂબ સાલતી હતી. એક કાગળમાં એમણે પોતાનું દુઃખ નીચેના શબ્દોમાં વ્યક્ત કર્યું હતું:

> “ શુદ્ધિપત્ર વિનાનો શબ્દકોશ એ ગૂજરાતી ભાષાને દેહ આપનારી વસ્તુ છે. અત્યારે તો ગૂજરાતી ભાષાનો આત્મા શરીરની ખામીને લઈને ભૂતની માફક ભમ્યા કરે છે અને ક્યાંય શાંત થઈને બેસી શકતો નથી. એ સ્થિતિમાંથી એ ભાષાના આત્માને ઉગારવો અને અવગતે જતો બચાવવો એ જો તમારું કાર્ય ન હોય તો કોનું હોઈ શકે ? ”

ગૂજરાતી ભાષાની શુદ્ધિમાં રસ ધરાવનારા વિદેહ તેમ જ વિદ્યમાન લોકોના અભિપ્રાયોનું સંકલન કરી અને શાસ્ત્રની મર્યાદા તેમ જ આજકાલનું વલણ તપાસી જોડણીના નિયમો અમે ઘડી કાઢ્યા, અને ધારેલી મુદતની અંદર ગૂજરાતી ભાષાના તેમ જ એ ભાષામાં સ્થાન પામેલા લગભગ બધા શબ્દોનો કેવલ જોડણીકોશ પ્રજા આગળ મૂક્યો. તે વખતે ‘નવજીવન’માં ગાંધીજીએ જે આનંદોદ્‌ગાર કાઢ્યા છે તે એમનો અસાધારણ ભાષાપ્રેમ સૂચવે છે. એમાં એમણે લખેલું:—

> “ ઠીક ઠીક ગૂજરાતી જાણનારા, વ્યાકરણશુદ્ધ ગૂજરાતી લખવાનો પ્રયત્ન કરનારની કલમેથી જે જોડણી ઊતરી તે ખરી ગણાય. આ ધોરી નિયમને અનુસરીને કોશ તૈયાર થયો છે. અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી ખોટી કરતાં આપણને શરમ લાગે છે. તેના કરતાં માતૃભાષાની જોડણીનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઈએ
>
> “ હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી. ”

લોકોને કેવળ શુદ્ધ જોડણી પૂરી પાડીને કોશ કૃતાર્થ ન જ થઈ શકે. એટલે જોડણી સાથે શબ્દોના કાંઈ નહિ તો મુખ્ય અર્થો ટૂંકમાં પણ આપવા એ આવશ્યક હતું. કેવળ જોડણીથી ભાષા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમીને સંતોષ નહિ થાય એટલા જ ખાતર જોડણીકોશની ફક્ત પાંચસો નકલો જ કાઢી હતી અને એને માટે અમે ગાંધીજીનો ઠપકો પણ વહોરી લીધો હતો. પ્રજાએ એ કોશને અમારા ધારવા કરતાં વધુ ઉત્સાહભર્યો આવકાર આપ્યો અને એ જોડણી પોતાને માન્ય હોવાની સંમતિઓ પણ આવી.

જોડણીનું કામ જેટલું સંગીન રીતે થયું એટલું જ સંગીન કાર્ય અર્થો આપવામાં કરી બતાવવું એવી અમારી મુરાદ હતી. પણ ભારતવર્ષને સદ્‌ભાગ્યે સ્વરાજની હિલચાલ જાગી અને વિદ્યાપીઠના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ એમાં ઝંપલાવ્યું. બીજાં અનેક કાર્યો સાથે આ કામ પણ સંકેલી લીધું હોત. પણ ગાંધીજીને ચરણે સાર્થ જોડણીકોશ ધરવાની વિદ્યાપીઠની અભિલાષા ફાવી ગઈ અને કેટલાક ભાઈઓએ લડતમાં ઝંપલાવવાનું માંડી વાળવાનો સ્વાર્થત્યાગ બતાવ્યો. જ્યાં સામ્રાજ્યનું આખું તંત્ર હચમચાવવાને લડત શરૂ થઈ ત્યાં કોશ રચવાનું કામ સળંગ તંત્રે કેમ ચાલે ? કામ જો અટકાવવું ન હોય તો પ્રસંગે પ્રસંગે જુદા જુદા સેવકોને હાથે કામ લીધા વગર છૂટકો ન હતો. જોડણીની બાબતમાં તો અનેક દિશાએ મતભેદને અવકાશ. શબ્દોના અર્થ નક્કી કરવાનું કામ પીઢ સાહિત્યસેવકોનું છે. એમાં ઐતિહાસિક દૃષ્ટિ હોય તો જ એ કાર્ય સંતોષકારક ગણાય. પણ અમારે એટલી મોટી મહત્ત્વાકાંક્ષા રાખ્યે પાલવે એમ ન હતું. જે સેવકો જે વખતે ઉપલબ્ધ હોય તેમને હાથે કામ પૂરું કરાવ્યા વગર છૂટકો ન હતો.

શાંતિના દિવસો હોત તો દરેક શબ્દનો અર્થવિકાસ તપાસવાનું કામ અમે કર્યું હોત. શબ્દો ભાષામાં ક્યાં ક્યાં, કયા અર્થમાં વપરાય છે એ શોધી કાઢીને શબ્દોના આજના અર્થો પણ નક્કી કર્યા હોત. જ્યાં શબ્દો ખોટા અર્થમાં વપરાય છે ત્યાં ધ્યાન ખેંચ્યું હોત. પારિભાષિક શબ્દોના અર્થો વધારે ચોક્કસ કર્યા હોત. ઝીણા ઝીણા અર્થભેદ બતાવવા માટે જૂના શબ્દોના અર્થો મર્યાદિત કર્યા હોત અથવા નવા શબ્દો સૂચવ્યા હોત. શિષ્ટ સાહિત્યના ભાષાંતરમાં ડગલે ને પગલે જે મુશ્કેલી ઉત્પન્ન થાય છે તે દૂર કરવા માટે પણ કોશમાં કાંઈક સગવડ કરી હોત. અમારો વિચાર એવો હતો કે, અત્યાર સુધી ચાલતું આવ્યું છે એમ જૂના કોશો ઉપર પૂરો આધાર રાખીને નવો કોશ તૈયાર ન કરવો, પણ સાહિત્યના અભ્યાસીઓ સ્વતંત્ર શોધખોળથી જેમ શબ્દોના અર્થ નક્કી કરે છે તે ઢબે બની શકે તેટલું કામ કરવું. જૂના કોશોને તરછોડવાનો વિચાર આમાં ન હતો, પણ શબ્દોના અર્થ પ્રમાણપુરઃસર છે એવી ખાતરી કરી લેવાની અને અર્થો નક્કી કરવામાં પરંપરાની શિથિલતા કાઢી નાંખવાની વૃત્તિ હતી. અમુક મિત્રોએ સાહિત્યના અમુક વિભાગ વાંચી તેમાંથી મહત્ત્વના શબ્દોની વપરાશ, સંદર્ભ પ્રમાણેના અર્થ, અને તેનાં સ્થાનો નોંધી લેવાનું વહેંચી પણ લીધું હતું. પણ એમાંથી અમે કશું કરી ન શક્યા.

પણ આપેલા અર્થો માટે નર્મકોશથી માંડીને અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલા આપણા બધા કોશોની તેમ જ હિંદી, મરાઠી, બંગાળી, સંસ્કૃત તથા અંગ્રેજી કોશોની મદદ લેવામાં અમે ચૂક્યા નથી. જે અર્થોની ચોકસાઈની ખાતરી નથી પડી તેમને માટે બનતી કોશિશ કર્યા છતાં જો નથી મળ્યા તો તેમને છોડી દેવામાં આવ્યા છે. બીજા કોશોમાં આપેલા અર્થો બને તેટલા વધારે સંક્ષિપ્ત રૂપમાં પણ પૂરેપૂરા સમજી શકાય એવી રીતે આપવાની ખાસ ચીવટ રાખેલી છે. શબ્દોના અર્થો મુખ્ય મુખ્ય લીધા છે અને તેમનો દીર્ઘસૂત્રી વિસ્તાર કરેલો નથી. જે અર્થ બીજા શબ્દની જોડે વપરાતાં ઊપજતો હોય તેવા અર્થો આપવામાં આવ્યા નથી. જોડણીકોશની મર્યાદામાં રહીને જ અર્થોનો વિસ્તાર કરી શકીએ એમ હોવાથી અમે શબ્દો સાથે રૂઢિપ્રયોગોની નોંધ લીધી નથી.

આ બધું કરનાર સાથીઓ પીઢ સાહિત્યસેવી ન ગણાય, પણ ભાષાપ્રેમી અને સાહિત્યસેવી તો જરૂર છે. એટલે એમણે બધી જાતની ચીવટ રાખવામાં મણા નથી રાખી. અર્થ આપવાની પદ્ધતિમાં સૂક્ષ્મ મતભેદોને સ્થાન હોય છે. તજ્જ્ઞ ભાષાશાસ્ત્રીઓ એવો ભેદ આ કોશમાં ઠેકાણે ઠેકાણે જોશે. પણ સામાન્ય વાચકોને એથી કશી મૂંઝવણ નડવાની નથી. છેલ્લી નજર એક બે વ્યક્તિઓએ પહેલેથી આખર સુધી રાખેલી હોવાથી કોશમાં સળંગસૂત્રતા જળવાઈ રહી છે, અને તેથી જ અમે આ કોશ વિના સંકોચે પ્રજા આગળ મૂકી શકીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક કામ ગમે તેટલા લોકોને હાથે થાય અને ગમે તે વ્યક્તિ ઉપર તેની જવાબદારી હોય તોયે એ કામ ચીવટપૂર્વક પાર પાડવાની જવાબદારી એકાદ વ્યક્તિને માથે આવી પડે છે. જોડણીકોશના સંપાદનમાં એવી ચીવટ ભાઈ ચંદ્રશંકર શુક્લે રાખેલી. અર્થકોશની તૈયારીમાં એ ચીવટ રાખવી વિશેષ કઠણ હતી. તે કામ ભાઈ મગનભાઈ દેસાઈએ કર્યું. તેથી જ આ કોશ નિર્વિઘ્નપણે પ્રજાના હાથમાં મૂકી શકાય છે. શ્રી. ચુનીલાલ બારોટ, શિવશંકર શુક્લ, ગોપાળદાસ પટેલ, અમૃતલાલ નાણાવટી અને ચીમનલાલ શાહ — આ બધા ભાઈઓએ ઓછીવત્તી પણ તનતોડ મહેનત ન કરી હોત તો આ કામ રહી જ ગયું હોત. શ્રી. ચંદ્રશંકરે પોતાની જૂની જવાબદારી સ્મરણમાં રાખી પોતાની માંદગી દરમ્યાન પણ આનાં છેલ્લાં પ્રૂફ જોયાં છે. એક સિવાયના આ બધા જ ભાઈઓ વિદ્યાપીઠના સ્નાતકો છે એ વસ્તુની નોંધ લેતાં સંતોષ થાય છે.

આજની સ્થિતિમાં સામાન્ય વ્યવહાર માટે આ કોશ સંપૂર્ણ ગણાય. પણ અમારે તો અમારા આદર્શને પહોંચવું છે. ગૂજરાતી સમાજના સર્વસંગ્રાહક સ્વભાવ પ્રમાણે ભાષા પણ સર્વસંગ્રાહક બની છે. વૈષ્ણવ અને શૈવ, જૈન અને સ્વામીનારાયણ સંપ્રદાયી, કાઠિયાવાડી અને ગાયકવાડી, મુસલમાન તેમ જ પારસી, ખ્રિસ્તી તેમ જ પરદેશી, બધાએ ગૂજરાતીની સેવા કરી છે. એ બધાની સેવાનો સરવાળો કરી ભાષાની સમૃદ્ધિ કેટલી છે એ કોશકારે તપાસવું ઘટે છે.

સંખ્યાબંધ ગૂજરાતીઓ ગૂજરાત બહાર અને હિંદુસ્તાન બહાર જઈ વસેલા છે. સ્વરાજની હિલચાલમાં ગૂજરાતે જે પ્રથમ સ્થાન લીધું છે તેને પરિણામે બહાર વસેલા ગૂજરાતીઓમાં નવી સ્ફૂર્તિ, નવી અને વ્યાપક દૃષ્ટિ, અને નવી શક્તિ આવ્યા વગર રહે નહિ. તેઓ જ્યારે દેશદેશાંતરનો પોતાનો અનુભવ, ત્યાંની સમાજસ્થિતિ, અને એ સ્થિતિને અનુકૂળ કરી લેવામાં કેળવેલો પોતાનો પુરુષાર્થ, એનાં બયાનો લખશે ત્યારે ગૂજરાતી ભાષા હિંદુસ્તાનમાં અસાધારણ સમૃદ્ધિ બતાવશે અને રાષ્ટ્રવ્યાપી કેળવણીનું એક મહત્ત્વનું વાહન થઈ પડશે.

કોઈ પણ ભાષાનો શબ્દકોશ એ તે ભાષાના, એટલે કે, તે ભાષા બોલનાર સમાજના પુરુષાર્થનું પ્રતીક હોય છે. એવા સમાજમાં દરેક નવી વસ્તુનો બહિષ્કાર કરવાની સંકુચિત વૃત્તિ નથી હોતી, અને જે જુઓ તેનો સ્વીકાર કરો એવી ભિખારી વૃત્તિ પણ નથી હોતી. પોતાપણું સાચવીને, ગૌરવ વધારીને જેટલી નવી વસ્તુ લઈ શકાય અને આબાદ રીતે પોતાનામાં ભેળવી શકાય તેટલાનો સ્વીકાર કરતાં તે આચકો નહિ ખાય; અને નવાની ભભકથી અંજાઈ જઈ જેને જુએ તેને ચરણે ઢળી પડે, પોતીકાંનો તિરસ્કાર કરી પરાયાંનું દાસત્વ સ્વીકારે, એવી હીન બુદ્ધિ પણ ન રાખે. પોતાની હસ્તી જોખમમાં હોય ત્યારે પારકાના હુમલાથી બચી જવા માટે, અમુક જાતની પુરાણપ્રિયતા કહો અથવા ક્ષેમવૃત્તિ (conservatism) કહો, આવશ્યક હોય છે. ક્ષેમવૃત્તિ એ જિજીવિષાનું વ્યાકરણ છે. પણ જ્યારે સમાજ સમર્થ બને છે, પરાક્રમ પ્રગટ કરે છે, વિજિગીષા કેળવે છે, ત્યારે ક્ષેમવૃત્તિ કોરે મૂકી તે યોગવૃત્તિ ધારણ કરે છે. એ વખતે પણ નવું નવું ધારણ કરવાના ઉત્સાહમાં એ તણાઈ ન જાય અને આખો પ્રવાહ ડહોળાઈ ન જાય એટલા ખાતર વિજિગીષાનું વ્યાકરણ પણ જાળવવાનું હોય છે. પણ એ ક્ષેમવૃત્તિ કરતાં જુદું હોય છે. આ નવું વ્યાકરણ ધ્યાનમાં લઈ દરેક દસકે ભાષાનો કોશ ફરી ફરી સજીવન કરવાની આવશ્યકતા ઉત્પન્ન થશે એમ અમે માનીએ છીએ. ચાલુ લડતમાંથી જેઓ વિજય મેળવીને નીકળ્યા હશે તેમને માટે આ કામ અમે રાખી મૂકીએ છીએ. છેલ્લાં દશ પંદર વર્ષમાં ભાષાએ જે પ્રગતિ કરી છે, ભાષામાં નવા નવા શબ્દો દાખલ થયા છે, શબ્દોને નવા નવા અર્થો મળ્યા છે, તે બધાનો સંગ્રહ અમે કરી શકયા છીએ એટલાથી જ અમને સંતોષ છે.

બીજા સંસ્કરણનો લાભ લઈ અમે શબ્દોનો ઉમેરો કરવા શોધ કરી શકયા હોત. પરંતુ તેને પહોંચી વળવું અશક્ય હતું. એટલે સહેજે અમને જેટલા નવા શબ્દો મળી આવ્યા તેમનો તો આમાં ઉમેરો કરી લીધો છે. . . . કેટલાક શબ્દોનો અમે પહેલી આવૃત્તિમાં માત્ર વિકલ્પનિર્દેશ જ કર્યો હતો તેમને આમાં, અર્થકોશ તરીકે ઉપયોગિતાની દૃષ્ટિએ, જુદા પણ બતાવેલા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યયસાધિત શબ્દો, ક્રિયાપદનાં પ્રેરક તથા કર્મણિ રૂપો, અને અનેક સમાસોનો સમાવેશ કરીને કોશકાર ધારે તો શબ્દસંગ્રહ ઘણો મોટો દેખાડી શકે. અમે એવો લોભ રાખ્યો નથી. પહેલી આવૃત્તિમાં જે શબ્દો સંઘરાયા હતા તેમાંથી કેટલાક સમાસો તથા પ્રત્યયસાધિત શબ્દો આ આવૃત્તિમાં રદ પણ કરવામાં આવ્યા છે. અર્થકોશમાં તેમ કરવાને શુદ્ધ જોડણીકોશ કરતાં ઓછી છૂટ છે એ તથા જોડણીની આવશ્યકતાને વિચારીને જ તેમ કરવામાં આવ્યું છે. આમ વધઘટ થઈને સરવાળે શબ્દભંડોળ પહેલી આવૃત્તિ કરતાં મોટું નીવડ્યું છે. પહેલી આવૃત્તિમાં ૪૩૭૪૩ શબ્દો હતા, આમાં કુલ ૪૬૬૬૧ શબ્દો છે.

પારિભાષિક શબ્દોનો ઉપયોગ આપણે નથી કરતા ત્યાં સુધી તેમની પસંદગી કરવી મુશ્કેલ જ રહેવાની. વિજ્ઞાનશાસ્ત્રનો અભ્યાસ આપણે અંગ્રેજી દ્વારા કરીએ છીએ એટલે ગમે તેવી સુંદર યોજેલી પરિભાષા પણ જીવંત ભાષાના કોશકારને સંગ્રહવી મુશ્કેલ પડે છે. પણ જો વાપરની કસોટી પર તેને ચડાવીએ તો તેની પરીક્ષા થઈ પસંદગી સરળ બને છે. ગણિતની પરિભાષાના વિદ્યાપીઠના અનુભવ પરથી આ અમે કહી શકીએ છીએ. વિનયમંદિરનાં ગણિતની પરિભાષા આ કોશમાં લગભગ સંપૂર્ણતાએ સંગ્રહાયેલી છે. તેમ જ સંગીતને માટે પણ કહી શકાય. પરંતુ રસાયનશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર, ગતિશાસ્ત્ર, વિદ્યુચ્છાસ્ત્ર વગેરેની પ્રમાણભૂત અને પ્રયોગ-સિદ્ધ પરિભાષાને અભાવે તે સંપૂર્ણતાએ આ કોશમાં નથી. વિજ્ઞાન કે ગણિતની પરિભાષાની બાબતમાં અન્ય કોશોએ ગમે તેમ ગોઠવણ કરી છે તે તપાસીને જે શબ્દો ઠીક ન લાગ્યા તે રદ કર્યા છે.

પણ આપણા સાક્ષરોના વિચારો પાશ્ચાત્ય ઢબે અને પાશ્ચાત્ય પરિભાષામાં ઠીક ઠીક વધતા જાય છે. તેમને વ્યક્ત કરવા તેઓ પરિભાષા પણ યોજતા જાય છે. તેનો વિવેક કરીને સંગ્રહ કરવો આવશ્યક ગણાય. તે આ કોશમાં કરવામાં આવ્યો છે. તેના અર્થ મુખ્યત્વે તેના અંગ્રેજી પર્યાય દ્વારા આપ્યા છે. તેવું જ ગણિતની પરિભાષા માટે પણ કર્યું છે. આવી રીતે અંગ્રેજી પર્યાયનો આશરો લાંબો વખત ન લેવો પડે એ તો ત્યારે જ બને કે જ્યારે આપણે તે પરિભાષાને અપનાવી રૂઢ કરી લઈએ.

જ્યાં શબ્દો સાથે વિસ્તારપૂર્વક વિગત આપવાની હોય છે ત્યાં કોશકારની મૂંઝવણ સહુથી વધારે હોય છે. રમતો, વનસ્પતિ, ઔષધિ, પ્રાણી, પંખી, રોગ, ઘરેણાં, ઔદ્યોગિક ક્રિયાઓ, વ્રતો, ઉત્સવો, પંથ, વાદ, અવતાર, કારીગરનાં ઓજારો વગેરેના અર્થ આપતી વખતે ઓછામાં ઓછી કેટલી વિગત આપવી જોઈએ એ જ નક્કી કરવાનું રહે છે. વિસ્તાર ન કરતાં શબ્દાર્થ સ્પષ્ટ થાય, વાચકને બધી માહિતી ભલે ન મળે પણ શંકાનિવૃત્તિ તો જરૂર થાય, એ જાતનું ધોરણ જાળવવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

કોશમાં દરેક શબ્દ સાથે તેનું વ્યાકરણ પણ આપવાની જરૂર રહે છે કે જેથી એ શબ્દ વિશેષ ઓળખાય અને તેને કેમ વાપરવો એનો કાંઈક ખ્યાલ આવી જાય. એ વ્યાકરણનું વર્ગીકરણ આપણે અંગ્રેજી વ્યાકરણમાંથી ઉપાડી લઈ અમુક અગવડો વહોરી લીધી છે. કોશમાં આપેલા વ્યાકરણમાં ક્યાંક ક્યાંક મતભેદ કે પ્રશ્નો જરૂર ઊપજવાના. પણ તે તો જ્યાં સુધી ગુજરાતી ભાષાના સ્વભાવને અનુસરનાર એક સંપૂર્ણ અને શાસ્ત્રશુદ્ધ વ્યાકરણનો ગ્રંથ પ્રજા આગળ નથી મુકાયો ત્યાં સુધી શું થાય? શબ્દોના વ્યાકરણના નિર્ણય કરતાં એ ઊણપ અમને નજરે આવ્યા કરી છે. નામનાં લિંગ તથા વિશેષણ અને ક્રિયાવિશેષણનો ભેદ એ આ વિષેનાં આગળપડતાં દૃષ્ટાંતો છે.

કોશની નવી આવૃત્તિમાં જોડણીના નિયમો જેવા ને તેવા જ રહે છે. એક બે જગાએ ફેરફાર કર્યો છે તેની અહીં નોંધ લેવી જોઈએ. આગલી આવૃત્તિમાં 'સાંજ' જોડણી કરેલી. તેનો હવે સાંજ-ઝ એવો વિકલ્પ માન્ય રાખ્યો છે. તેમજ ઇન્સાફ-ઇનસાફ તથા ઇન્કાર-ઇનકાર એમ વિકલ્પ સ્વીકારવામાં આવ્યા છે.

મહા સુદ ૭, સં. ૧૯૮૭
તા. ૨૬-૧-'૩૧, સોમવાર

દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय गुरुकुल कांगड़ी

જોડણીના નિયમો

તત્સમ શબ્દો

૧. સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી. ઉદા૦ મતિ; ગુરુ; વિદ્યાર્થિની.

૨. ભાષામાં તત્સમ તથા તદ્ભવ બંને રૂપો પ્રચલિત હોય તો બંને સ્વીકારવાં. ઉદા૦ કઠિન — કઠણ; રાત્રિ — રાત; દશ — દસ; કાલ — કાળ; નહિ — નહીં; હૂબહૂ — આબેહૂબ; ફર્શ — ફરસ.

૩. જે વ્યંજનાંત તત્સમ શબ્દો ગુજરાતી પ્રત્યયો લેતા હોય તેમને અકારાન્ત ગણીને લખવા. ઉદા૦ વિદ્વાન, જગત, પરિષદ.

આ નિયમ અંગ્રેજી, ફારસી, આરબી વગેરે ભાષાના શબ્દોને પણ લાગુ પડે છે.

૪. પશ્ચાત્, કિંચિત્, અર્થાત્, ક્વચિત્, એવા શબ્દો એકલા આવે અથવા બીજા સંસ્કૃત શબ્દોની સાથે સમાસમાં આવે ત્યારે વ્યંજનાન્ત લખવા. ઉદા૦ કિંચિત્કર; પશ્ચાત્તાપ.

આવાં અવ્યયો પછી જ્યારે જ આવે ત્યારે તેમને વ્યંજનાન્ત ન લખવાં. ઉદા૦ ક્વચિત જ.

૫. આરબી, ફારસી તથા અંગ્રેજી ભાષાના શબ્દો લખતાં તે તે ભાષાના વિશિષ્ટ ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો ન વાપરવાં. ઉદા૦ ખિદમત, વિઝિટ, નજર.

૬. એ તથા ઓના સાંકડા તથા પહોળા ઉચ્ચારની ભિન્નતા દર્શાવવા ચિહ્નો વાપરવાં નહિ. પરંતુ અંગ્રેજી શબ્દોના એ ઓના ઉચ્ચારમાં ભ્રાંતિ ન થાય માટે, તે દર્શાવવા ઊંધી માત્રાનો ઉપયોગ કરવો. ઉદા૦ કૉફી, ઑગસ્ટ, કૉલમ.

૭. અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો વાપરવાં નહિ.

નોંધ — શક્ય હોય ત્યાં અનુસ્વારના વિકલ્પમાં અનુનાસિકો વાપરી શકાય. ઉદા૦ અંત, અન્ત; દંડ, દણ્ડ; સાંત, સાન્ત; બૅંક, બૅન્ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશ્રુતિ તથા યશ્રુતિ

૮. બહેન, વહાણું, વહાલું, પહોળું, મહાવત, શહેર, મહેરબાન, મહાવરો, મહોર જેવા શબ્દોમાં તથા કહે, રહે, પહેર, પહોંચ જેવા ધાતુઓમાં હ જુદો પાડીને લખવો.

૯. નાનું, મોટું, બીક, સામું, ઊનું, મોર (આંબાનો), મોં, મોવું (લોટને), જ્યાં, ત્યાં, ક્યારે, જ્યારે, ત્યારે, મારું, તમારું, તારું, તેનું, અમારું, આવું વગેરેમાં હકાર ન દર્શાવવો.

એટલે કે, હ જ્યાં દર્શાવવો ત્યાં જુદો પાડીને દર્શાવવો અને ન દર્શાવવો ત્યાં મુદ્દલ ન દર્શાવવો. હ ને આગલા અક્ષર સાથે જોડવો નહિ.

૧૦. નાહ, ચાહ, સાહ, મોહ, લોહ, દોહ, કોહ, સોહ એ ધાતુઓને અનિયમિત ગણી તેમનાં દર્શાવ્યા પ્રમાણે રૂપો સાધિત કરવાં.

નાહઃ—નાહું છું; નાહીએ છીએ; નહાય છે; નાહો છો; નાહ્યો,-હ્યા,-હી,-હ્યું,-હ્યાં; નાહીશ; નાહીશું; નહાશે; નહાશો; નહાત; નહાતો,-તી,-તું; નાહનાર; નાહવાનો અથવા નાવાનો; નાહેલો, -લી,-લું; નહા; નહાજે; નાહવું.

નવડા(-રા)વવું; નવાવું; નવાય; નાવણ; નાવણિયો; નવેણ; નવાણ.

ચાહઃ—ચાહું છું; ચાહીએ છીએ; ચાહે છે; ચાહો છો; ચાહ્યો,-હ્યા,-હી,-હ્યું,-હ્યાં; ચાહીશ; ચાહીશું; ચાહશે; ચાહશો; ચહાત; ચહાતો,-તી,-તું; ચાહનાર; ચાહવાનો; ચાહેલો, -લી,-લું; ચાહ; ચાહજે; ચાહવું.

ચહવડા(-રા)વવું; ચહવાવું, ચહવાય એ રૂપો શક્ય અને વ્યાકરણદૃષ્ટિએ પ્રામાણિક લાગે છે, પણ આવા પ્રયોગો પ્રચલિત નથી.

સાહઃ—ચાહ પ્રમાણે.

સવડા(-રા)વવું; સવાવું; સવાય.

મોહઃ—મોહું છું; મોહીએ છીએ; મોહે છે; મોહો છો; મોહ્યો,-હ્યા,-હી,-હ્યું,-હ્યાં; મોહીશ; મોહીશું; મોહશે; મોહશો; મોહત; મોહતો,-તી-તું; મોહનાર; મોહવાનો; મોહેલો, -લી,-લું; મોહ; મોહજે; મોહવું.

મોહડા(-રા)વવું; મોહાવું; મોહાય.

લોહઃ—લોહું છું; લોહીએ છીએ; લુહે છે; લુહો છો; લોહ્યો,-હ્યા,-હી,-હ્યું,-હ્યાં; લોહીશ; લોહીશું; લોહશે; લોહશો; લોહત; લોહતો,-તી,-તું; લોહનાર; લોહવાનો અથવા લોવાનો; લોહેલા,-લી,-લું; લોહ; લોહજે; લોહવું.

લોવડા(-રા)વવું; લોવાય; લોવણિયું.

દોહઃ—દોહું છું; દોહીએ છીએ; દુહે છે; દુહો છો; દોહ્યો,-હી,-હ્યું,-હ્યા,-હ્યાં; દોહીશ; દોહીશું; દોહશે; દોહશો; દુહત અથવા દોહત; દોહતો,-તી,-તું; દોહનાર; દોહવાનો અથવા દોવાનો; દોહેલો,-લી,-લું; દોહ; દોહજે.

દોવડા(-રા)વવું; દોવાવું; દોવણ; દોણી.

કોહઃ—મોહ પ્રમાણે.

કોવડા(-રા)વવું; કોવાવું; કોવાય; કોહપણ; કોહવાણ; કોહવાટ.

સોહઃ—મોહ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. કેટલાક ઢ ને બદલે હ અને ડ છૂટા પાડીને લખે છે. જેમ કે, કહાડવું, વહાડવું. તેમ ન લખતાં કાઢ, વાઢ, કઢી, ટાઢ, અઢાર, કઢવું એમ લખવું. પરંતુ લઢવું, દાઢમ ન લખતાં લડવું, દાડમ એમ લખવું. ચડવું, ચઢવું બંને માન્ય ગણવાં.

૧૨. કેટલાક શબ્દોના ઉચ્ચારમાં ગુજરાતના કેટલાક ભાગમાં યશ્રુતિ થાય છે. ઉદા૦ જાત્ય, આંખ્ય, લાવ્ય, લ્યો, દ્યો, ઇ૦. પણ તે લખવામાં દર્શાવવાની જરૂર નથી. જાત, આંખ, લાવ, લો, દો એમ જ લખવું.

તદ્ભવ શબ્દો

૧૩. અલ્પપ્રાણ અને મહાપ્રાણ સંયુક્ત હોય એવા તદ્ભવ શબ્દોમાં મહાપ્રાણનું દ્વિત્વ કરવું. ઉદા૦ ચોખ્ખું, ચિઠ્ઠી, પથ્થર, ઝભ્ભો, ઓઝ્ઝો, સુધ્ધાં, સભ્ભર. પણ ચ્ તથા છનો યોગ હોય તો ચ્છ લખવું, છ્છ નહિ. ઉદા૦ અચ્છેર, પચ્છમ, અચ્છું.

૧૪. કેટલાક શબ્દોમાં (ઉદા૦ પારણું, બારણું, શેરડી, દોરડું, ખાંડણી, દળણું, ચારણી, શેલડી) ર, ડ, ળ, લને બદલે ય ઉચ્ચાર થાય છે; ત્યાં મૂળ રૂપ જ લખવું.

૧૫. અનાદિ શ ના ઉચ્ચારની બાબતમાં કેટલાક શબ્દોમાં પ્રાંતિક ઉચ્ચારભેદ છે. ઉદા૦ ડોશી—ડોસી; માશી—માસી; ભેંશ—ભેંસ; છાશ—છાસ; બારશ—બારસ; એંશી—એંસી. આવા શબ્દોમાં શ અને સ નો વિકલ્પ રાખવો.

૧૬. શક, શોધ, શું માં રૂઢ શ રાખવો; પણ સાકરમાં સ લખવો.

૧૭. વિશે અને વિષે એ બંને રૂપો ચાલે.

૧૮. તદ્ભવ શબ્દોમાં અંત્ય ઈ તથા ઉ, સાનુસ્વાર કે નિરનુસ્વાર, એ અનુક્રમે દીર્ઘ અને હ્રસ્વ લખવાં. ઉદા૦ ઘી; છું; શું; તું; ધણી; વીંછી; અહીં; દહીં; પિયુ; લાડુ; જાડું.

> નોંધ—સામાન્ય રીતે ગુજરાતીમાં રુ અથવા રુ લખવાનો રિવાજ નથી. રૂ વિશેષ પ્રચલિત છે. પરંતુ જ્યાં નિયમ પ્રમાણે હ્રસ્વ રુ લખવાનું હોય ત્યાં રુ અથવા રુ લખવું. ઉદા૦ છોકરું—છોકરું; બૈરું—બૈરું.

> અપવાદ—એકાક્ષરી શબ્દોમાં નિરનુસ્વાર ઊ દીર્ઘ લખવો. ઉદા૦ જૂ, લૂ, થૂ, ભૂ, છૂ.

૧૯. અનંત્ય ઈ તથા ઊ પર આવતા અનુસ્વારનો ઉચ્ચાર પોચો થતો હોય ત્યારે ઈ કે ઊ દીર્ઘ લખવાં. ઉદા૦ ઈંડું; હીંડાડ; ગૂંચવાવ; સીંચણિયું; પીંછું; લૂંટ; પૂંછડું; વરસૂંદ; મીંચામણું.

> અપવાદ—કુંવારું, કુંભાર, કુંવર, કુંવરી, સુંવાળું.

૨૦. શબ્દમાં આવતા યુક્તાક્ષરથી જ્યાં આગલા સ્વરને થડકો લાગતો હોય ત્યાં ઈ કે ઊ જે હોય તે હ્રસ્વ લખવો. અનુસ્વારનો ઉચ્ચાર અનુનાસિક જેવો થતો હોય ત્યાં યુક્તાક્ષર ગણવો. ઉદા૦ કિસ્તી, શિસ્ત, કુક્કર, જુસ્સો, ચુસ્ત, છેતરપિંડી, જિંદગી, જિંગોડી, લુંગી, કુંદ, તુંડાઈ.

> નોંધ — સામાન્ય રીતે ગુજરાતીમાં જિ લખવાનો રિવાજ નથી. જી જ વિશેષ પ્રચલિત છે. પરંતુ જ્યાં નિયમ પ્રમાણે હ્રસ્વ જિ લખવાનું હોય ત્યાં જિ લખવું. ઉદા૦ જિંદગી; જિતાડવું; જિવાડવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧. જ્યાં વ્યુત્પત્તિને આધારે જુદી જોડણી ન થતી હોય (જેમ કે, ઉદ્દવું, ડિલ) તેવા બે અક્ષરના શબ્દોમાં ઉપાંત્ય ઈ તથા ઊ દીર્ઘ લખવાં. ઉદા૰ ચૂક, થૂઈ, તૂત, જૂસ્સો, ઝીણું, જીનો.

અપવાદ — સુધી, દુઃખ, જુદું, જુઓ.

નોંધ — મુકાવું, ભુલાવું, મિચાવું, એવાં કર્મણિરૂપોમાં હ્રસ્વ થાય છે. જુઓ નિયમ ૨૪ મો.

૨૨. જ્યાં વ્યુત્પત્તિને આધારે જુદી જોડણી ન થતી હોય (જેમ કે, ઉપર, યુગલ, કુરતું, મુગટ, અંગુર) તેવા બેથી વધારે અક્ષરના શબ્દોમાં ઇ કે ઉ પછી લઘુ અક્ષર આવે તો તે દીર્ઘ લખવાં, અને ગુરુ અક્ષર આવે તો તે હ્રસ્વ લખવાં. ઉદા૰ ખુશાલ, નીકળ, મૂલવ, વિમાસ, મજૂર, ખેડૂત, દુકાળ, સુતાર, તડૂક, કિનારો, ભુલાવ, મિચાવ, તડુકાવ.

અપવાદ ૧ — વિશેષણ પરથી થતાં નામો તેમ જ નામ પરથી બનતાં ભાવવાચક નામોમાં મૂળ શબ્દની જોડણી કાયમ રાખવી. ઉદા૰ ગરીબ-ગરીબાઈ; વકીલ-વકીલાત; ચીકણું-ચીકણાઈ, ચીકાશ; મીઠું-મીઠાશ, મીઠાણ; જૂઠું-જૂઠાણું; પીળું-પીળાશ; ઝીણું-ઝીણવટ.

નોંધ — વેધી-વેધિત્વ, અભિમાની-અભિમાનિત્વ, એવા શબ્દો તત્સમ સંસ્કૃત હોઈ ફેરફાર કરવામાં આવે છે.

અપવાદ ૨ — કેટલાક શબ્દો બોલતાં ઉપાંત્ય અક્ષર ઉપર ભાર આવે છે ત્યાં ઇ કે ઉ જે હોય તે દીર્ઘ કરવાં. ઉદા૰ ગોટીલો, દાગીનો, અરડૂસો, દંતૂડી વગેરે.

નોંધઃ— જેમાં આ જાતનો ભાર નથી આવતો એવા શબ્દોઃ ટહુકો, ફુઉડી, મહુડું.

૨૩. ચાર અથવા તેથી વધારે અક્ષરના શબ્દોમાં આદિ ઇ કે ઉ હ્રસ્વ લખવાં. ઉદા૰ મિજલસ, હિલચાલ, કિલકિલાટ, ખિસકોલી, ટિપણિયો, ટિટિયારો, ટિચકારી.

વિકલ્પ — ગુજરાત-ગૂજરાત

નોંધ ૧ — આ જાતનો શબ્દ સમાસ હોય તો સમાસના અંગભૂત શબ્દોની જોડણી કાયમ રાખવી. ઉદા૰ ભૂલથાપ; બીજવર; હીણુકમાઉ; પ્રાણીવિદ્યા; સ્વામીદ્રોહ; મીઠાબોલું.

નોંધ ૨ — ફૂદાફૂદ, બૂમાબૂમ, ભુલભુલામણી, એવા દ્વિર્ભાવથી થતા શબ્દોમાં દ્વિર્ભાવ પામતા પદની જોડણી જ કાયમ રાખવી.

૨૪. પ્રાથમિક શબ્દો પરથી ઘડાતા શબ્દોમાં તથા ધાતુનાં પ્રેરક અને કર્મણિ પ્રયોગનાં રૂપોમાં પ્રાથમિક શબ્દ અથવા ધાતુની મૂળ જોડણી કાયમ ન રાખતાં ઉપર કલમ ૨૧, ૨૨, ૨૩, ૨૪ પ્રમાણે જોડણી કરવી. ઉદા૰ ભૂલ-ભુલામણી, શીખ-શિખાઉ, શિખામણ; નીકળ-નિકાલ; ઊઠ-ઉઠાવું, ઉઠાડ, ઉઠાવ, ઉઠમણું; મૂક-મુકાણ, મુકાવું, મુકાવવું; ચૂંથવું, ચૂંથાવું, ચૂંથાવવું; કિંગલાણ, કિંગલાવું, કિંગલાવવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોંધ — ધાતુના અક્ષરો ગણવામાં તેનું સામાન્ય કૃદંતનું રૂપ નહિ, પણ મૂળ રૂપ લેવું. જેમ કે, ઊથલ(વું), મૂલવ(વું); ઉથલાવ(વું), તડૂક(વું), તડુકાવ(વું), તડુકા(વું).

અપવાદ ૧ — કર્મણિરૂપોને નિયમ ૨૧માં અપવાદ ગણી હ્રસ્વ કરવાં. જેમ કે, મિચા(વું), મુકા(વું), ભુલા(વું).

અપવાદ ૨ — ક્રિયાપદનાં કૃદંતરૂપોમાં મૂળ જોડણી જ કાયમ રાખવી. જેમ કે, ભૂલનાર, ભૂલેલું; ભુલાવનાર; ભુલાયેલું; મૂકનાર, મૂકેલું; મુકાયેલું, મુકાવનાર; મુકાવડાવેલું.

૨૫. શબ્દના બંધારણમાં ઈ પછી સ્વર આવતો હોય તો તે ઈ ને હ્રસ્વ કરી સ્વરની પહેલાં ય ઉમેરીને લખવું. ઉદા૦ દરિયો, કડિયો, રેંટિયો, ફડિયો, ધોતિયું, માળિયું, કાઠિયાવાડ, પિયર, મહિયર, દિયર, સહિયર, પિયુ.

અપવાદ — પીયો; તથા જુઓ પછીનો નિયમ. વિકલ્પ — પિયળ–પીયળ.

૨૬. વિભક્તિ કે વચનના પ્રત્યયો લગાડતાં કે સમાસ બનાવતાં શબ્દની મૂળ જોડણી કાયમ રાખવી. ઉદા૦ નદી — નદીઓ, નદીમાં ઇ૦. સ્ત્રી — સ્ત્રીઓ, સ્ત્રીને ઇ૦. ખૂબી — ખૂબીઓ. બારીબારણાં.

૨૭. ક. કરીએ, છીએ, ખાઈએ, ધોઈએ, સૂઈએ, જોઈએ, હોઈએ, મારીએ, એવાં ક્રિયાપદનાં રૂપો બતાવ્યા પ્રમાણે લખવાં. પણ થયેલું, ગયેલું, સચવાયેલું, એવાં રૂપો દર્શાવ્યા મુજબ લખવાં.

ખ. જુવો, ધુવો નહિ પણ જુઓ, ધુઓ લખવું. તેમ જ ખોવું, રોવું, જેવાં ઓકારાન્ત ધાતુઓમાં ખુઓ, રુઓ લખવું. અને જુએ છે, ધુએ છે, ખુએ છે, રુએ છે, જોયેલું, જોતું, ખોયેલું, ખોતું, ધોયેલું, ધોતું વગેરે રૂપો દર્શાવ્યા મુજબ લખવાં.

ગ. સૂવું, પીવું જેવાં ક્રિયાપદોમાં સૂએ છે, સૂઓ, સૂતું, સૂતેલ, સૂનાર, અને પીએ છે, પીઓ, પીતું, પીવેલ, પીનાર એ પ્રમાણે લખવું.

૨૮. પૈસો, ચૌટું, પૈડું; રવૈયો એમ લખવું. પણ પાઈ, પાઉંડ, ઊડઈ, સઈ એવા શબ્દો દર્શાવ્યા પ્રમાણે લખવા.

૨૯. સજા, જિંદગી, સમજ એમાં જ; તથા ગોઝારું, મોઝારમાં ઝ અને સાંજ–ઝ, મજા–ઝા એમ લખવું.

૩૦. આમલી–આંબલી, લીમડો–લીંબડો, તૂમડું–તૂંબડું, કામળી–કાંબળી, ડામવું–ડાંભવું, પૂમડું–પૂંભડું, ચાંલ્લો–ચાંદલો, સાલ્લો–સાડલો એ બંને રૂપો ચાલે.

૩૧. કહેવડાવવું–કહેવરાવવું, ગવડાવવું–ગવરાવવું, ઉડાડવું–ઉરાડવું, બેસાડવું–બેસારવું જેવાં પ્રેરકરૂપોમાં ડ અને ર નો વિકલ્પ રાખવો.

૩૨. કવિતામાં નિયમાનુસાર જોડણી વાપરી હ્રસ્વ દીર્ઘ બતાવનારાં ચિહ્નો વાપરવાં.

૩૩. જે શબ્દોની જોડણી કે ઉચ્ચારને વિષે એકરૂપતા ચાલતી હોય તે શબ્દોની, ઉપરના કોઈ નિયમો અનુસાર જુદી જોડણી થતી હોય છતાં, પ્રચલિત જોડણી કાયમ રાખવી. ઉદા૦ મુજ, તુજ, ટુકડો, ટુચકો, મુજબ, પૂજારી, મુદત, કુમળું, કુસકી, ગુટકો, કુલડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોશ વાપરનારને સૂચના

શબ્દોની ગોઠવણી કક્કાવારીના સામાન્ય ધોરણે કરવામાં આવી છે. સ્થળસંકોચ સાધવાની દૃષ્ટિએ, તેમાં એક નવીનતા કરવામાં આવી છે, તે એ કે, કક્કાવાર ક્રમમાં સાથે સાથે હોતા એકસમાન વ્યુત્પત્તિવાળા શબ્દો, સાધિત રૂપો તથા સમાસોમાંથી સવડવાળો એક શબ્દ લઈને તેનું થડ બાંધી, તેવા શબ્દોને એક ફકરામાં ભેગા ગોઠવવામાં આવ્યા છે. જેમ કે, જુઓ અગ્નિ, અગિયાર.

એટલે, અમુક શબ્દ ખોળવા માટે વાચકે તેના કક્કાવાર સ્થાન પર જોવાની સાથે, તે જો ત્યાં સ્વતંત્ર પેરા તરીકે ન મળે તો, તેની પાસે જ ક્યાંક એનો સમાન વ્યુત્પન્ન શબ્દ વિચારીને તેમાં ખોળવો.

આમ ભેગા કરાતા શબ્દોને, મૂળ થડના શબ્દમાં ઉમેરણી બતાવતું ૦ ચિહ્ન કે તેના અંત્ય અક્ષરનો વિકલ્પ સૂચવતું – ચિહ્ન વાપરીને, એકઠા કરવામાં આવ્યા છે. જેમ કે, 'અગિયાર'માં ૦મું = અગિયારમું. 'અખિલ'માં –લાઈ = અખિલાઈ. આવા સમૂહોમાં દરેક પૂરા થતા શબ્દને અંતે પૂર્ણવિરામ મૂકવામાં આવ્યું છે.

સમૂહમાં ગોઠવેલા બધા જ શબ્દોનાં સંક્ષેપચિહ્ન (એટલે કે, ૦, —) મૂળ થડના શબ્દને જ લાગુ પડે છે. જે સમૂહના થડના શબ્દમાં જ વિકલ્પ હોય [જેમ કે, મૂલ(–ળ)], તે સમૂહના શબ્દોમાં વપરાતું ઉમેરણીનું ૦ ચિહ્ન જો થડનાં બેઉ રૂપોને લાગુ પડતું હોય, તો તેવા વિકલ્પને કૌંસમાં બતાવ્યો છે. જેમ કે, 'જ્વાલા(–ળા)'માં ૦ગ્રાહી = જ્વાલાગ્રાહી, જ્વાળાગ્રાહી. જે થડના વિકલ્પમાં એમ ન હોય ત્યાં કૌંસ નથી વાપર્યો. જેમ કે, 'સમજ, ૦ણુ'માં ૦દાર = સમજદાર.

આવા પ્રકારનાં સ્થાનોએ વિકલ્પનું (—) આ સંક્ષેપચિહ્ન અંત્યાક્ષરનો છેદ જ ઉડાડતું હોઈ, કશો પ્રશ્ન ઊઠતો નથી. જેમ કે, 'મૂલ(–ળ)'માં –લક = મૂલક.

આ કાયદાથી કરેલા સમૂહોમાં ક્યાંક તેના અમલમાં ભૂલ રહી હોય તો તે વાચકે સુધારી લેવી જોઈશે. સામાન્ય કાયદો ઉપર વર્ણવ્યો તે અખત્યાર કરેલો છે.

વ્યુત્પત્તિ તત્સમ શબ્દોની જ બતાવી છે અને તેના સંકેતોની સમજ સંકેતોની યાદીમાં આપી છે.

વ્યુત્પત્તિનો નિર્દેશ સામાન્યત: શબ્દના વ્યાકરણના સંકેત બાદ [ ] કૌંસમાં કરવામાં આવ્યો છે. જેમ કે, સપ્રકાશ વિ૦ [सं.]. સમૂહમાં આવેલા શબ્દોમાં દરેક શબ્દે વ્યુત્પત્તિ નથી બતાવી, પણ થડના જ શબ્દે, ઉપરને ધોરણે, બતાવી છે. એટલે સમૂહના પેટામાં આપેલા શબ્દો તત્સમ કે તદ્ભવ પણ હોય. એનો સ્વતંત્ર નિર્દેશ કરવાનું છોડી દીધું છે.

જ્યાં આગળ મૂળ શબ્દની સાથે સંક્ષેપથી તેના વિકલ્પ પણ જણાવ્યા હોય ત્યાં વ્યુત્પત્તિનો નિર્દેશ મૂળ શબ્દને લાગે છે. વિકલ્પને લાગે જ એમ ન માનવું. જેમ કે, મૂલ(–ળ) ન૦ [सं.] માં મૂલ સં. છે. એગરજ(–જાઉ,–જુ) વિ૦ [फा.] માં એગરજ ફા. છે.

જ્યાં મૂળ નહિ પણ સંક્ષિપ્ત રૂપવાળો શબ્દ જ તત્સમ હોય ત્યાં વ્યુત્પત્તિનો સંકેત વ્યાકરણનિર્દેશની પૂર્વે ને જેને લાગુ પડતો હોય તેની જોડે તરત જ મૂકવામાં આવ્યો છે. જેમ કે, ભ્રાત, –તા [सं.] પું૦. બર્જક, –ખ [अ.] ન૦.

જે સમૂહના થડનો શબ્દ તત્સમ ન હોય પણ તેના પેટાનો હોય, તેવાં સ્થાનોએ પેટામાં, તે તે શબ્દ આગળ, ઉપરને ધોરણે, વ્યુત્પત્તિ બતાવી છે. જેમ કે, 'માતુ'માં જુઓ 'માતુલ'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ શબ્દના અનેક અર્થોમાંથી અમુક જ અર્થમાં તે તત્સમ હોય, તેવા શબ્દોમાં તે અર્થને જ સ્થાને વ્યુત્પત્તિનો સંકેત મૂક્યો છે. જેમ કે, જુઓ રાસ શબ્દ. યા તેવા શબ્દોના અલગ ફકરા પણ પાડ્યા છે. જેમ કે, જુઓ રાજી, રાન.

શબ્દના ઉચ્ચારને અંગે નોંધ કરવામાં આવી છે તે શબ્દ પછી તરત જ [ ] કૌંસમાં કરી છે. જેમ કે, ઓડ [ઑ]. આવી નોંધ એવે જ સ્થાને કરી છે કે જ્યાં તે જ જોડણીનો બીજો શબ્દ ભિન્ન ઉચ્ચારવાળો હોય. જેમ કે, 'ઓચરવું' માં 'ઓ' ઉચ્ચાર છે; પરંતુ તે જ જોડણીવાળો ભિન્ન ઉચ્ચારનો અન્ય શબ્દ નથી, એટલે એનો ઉચ્ચાર નથી નિર્દેશ્યો. પણ 'ઓડ' માં ઓડ, ઑડ, ('ડ'માં યશ્રુતિ) એમ ભેદો બતાવ્યા છે.

નામ તેમ જ વિશેષણ પરથી થતાં લઘુતા કે લાલિત્યવાચક રૂપો કોશમાં આપ્યાં નથી. એવા શબ્દોમાં મૂળ જોડણી જ કાયમ રહે છે.

જોડણીમાં ફેરફાર થતો હોય તેવાં ક્રિયાપદોનાં ભાવે, કર્મણિ અને પ્રેરક રૂપો યોજીને આપવામાં આવ્યાં છે. (જે ધાતુનાં એવાં રૂપ વિચિત્ર જેવાં લાગ્યાં છે તે આપ્યાં નથી.) તેવાં રૂપોમાં અમુકનું પ્રેરક કે ભાવે યા કર્મણિ એટલો ટૂંક ઉલ્લેખ કરવા ઉપરાંત અર્થ આપ્યો નથી; સિવાય કે, તેથી અલગ બીજો અર્થ હોય.

રુ ને રુ બંને સરખી રીતે સ્વીકાર્ય ગણેલાં છે. એટલે કોશમાં જ્યાં એમાંથી એક આપેલું છે ત્યાં બીજું વાપરવાને વાંધો નથી.

છાપવાની સવડ ખાતર અને શબ્દોની સંખ્યા ન વધારવાના ઉદ્દેશથી, અનુસ્વારના વિકલ્પમાં અનુનાસિક વપરાય છે તે વાપરીને જુદા શબ્દો આપેલા નથી. જ્યાં જ્યાં અનુસ્વારને ઠેકાણે અનુનાસિક વાપરી શકાય ત્યાં ત્યાં તે વાપરવાની છૂટ છે. ઉદા૦ અંત—અન્ત; દંડ—દણ્ડ.

વિશેષણ પરથી તા, ત્વ, પણું જેવા પ્રત્યયો લાગીને બનતાં નામોના અર્થ સામાન્યતઃ આપવામાં આવ્યા નથી. તેમ જ જ્યાં વિશેષણ અને નામ, કે વિશેષણ અને અવ્યયના અર્થ સરખા જ થતા હોય ત્યાં અર્થો ફરી ન લખતાં સાથે જ લખેલા છે. જેમ કે, જુઓ વિવેચક, બરાબર. વ્યાકરણ દ્વારા અર્થનિર્દેશ કરીને, તે સમજી લેવાશે એમ ગણી, લાઘવ સાધવામાં આવ્યું છે.

શબ્દની જોડણીમાં પ્રથમ અક્ષરનો વિકલ્પ બતાવવામાં આવ્યો નથી. ઉદા૦ શિંગડું, શીંગડું. આવા વિકલ્પના શબ્દ તેના અર્થમાં વાપરીને ધ્યાન ખેંચવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

જે શબ્દોના અર્થ વિષે યા વ્યાકરણ વિષે કે બીજી કાંઈ શંકાગ્રસ્તતા માની છે તે (?) કરીને સૂચવી છે. જે જગ્યાએ પ્રશ્ન હોય તે પૂરતી શંકા છે એમ સામાન્યતઃ સમજવું.

પર્યાયવાચક શબ્દોના અર્થ દરેક ઠેકાણે લખવાને બદલે એક ઠેકાણે લખી બીજા શબ્દોમાં, જુઓ અમુક શબ્દ, એમ જણાવવાનો રિવાજ રાખ્યો છે. જ્યાં તે શબ્દના બધા અર્થો લાગુ ન પડતા હોય ત્યાં અર્થનો અમુક ક્રમ જોવાનું કહ્યું છે.

ધડધડાટ, ધડાધડ જેવા રવાનુકારી શબ્દોના અર્થો ન આપતાં (રવ૦) સંજ્ઞા વાપરી છે. યા જ્યાં તે અવાજ શાનો છે એમ બતાવવું જરૂરી લાગ્યું છે ત્યાં સાથે, અમુકનો અવાજ, એમ જણાવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંક્ષેપોની સમજ

અ૦	અવ્યય	પ્રેરક	પ્રેરક ભેદનું રૂપ
અ૦ક્રિ૦	અકર્મક ક્રિયાપદ	બ૦વ૦	બહુ વચન
ઉદા૦	ઉદાહરણ	ભ૦કા૦	ભવિષ્ય કાળ
એ૦વ૦	એક વચન	ભ૦કૃ૦	ભવિષ્ય કૃદંત
ક૦	કચ્છી (શબ્દ)	ભાવે	ભાવે પ્રયોગનું રૂપ
કર્મણિ	કર્મણિ પ્રયોગનું રૂપ	ભૂ૦	ભૂગોળ
કા૦	કાઠિયાવાડી (શબ્દ)	ભૂ૦કા૦	ભૂત કાળ
	(ભ૦,ભૂ૦,વ૦ સાથે કાળ)	ભૂ૦કૃ૦	ભૂત કૃદંત
કા૦શા૦	કાવ્યશાસ્ત્ર	રવ૦	રવાનુકારી (શબ્દ)
કૃ૦	કૃદંત	લા૦	લાક્ષણિક (અર્થ)
ક્રિ૦	ક્રિયાપદ	વ૦કા૦	વર્તમાન કાળ
ખ૦	ખગોળશાસ્ત્ર	વ૦કૃ૦	વર્તમાન કૃદંત
ગ૦	ગણિતશાસ્ત્ર	વિ૦	વિશેષણ
ચ૦	ચરોતરી (શબ્દ)	વિ૦ન૦	વિશેષણ નપુંસકલિંગ
જૈ૦,જૈન	જૈન (શબ્દ)	વિ૦પું૦	વિશેષણ પુંલિંગ
જ્યો૦	જ્યોતિષશાસ્ત્ર	વિ૦સ્ત્રી૦	વિશેષણ સ્ત્રીલિંગ
ન૦	નપુંસકલિંગ	વ્યા૦	વ્યાકરણ
ન૦બ૦વ૦	નપુંસકલિંગ, બહુવચન	શ૦પ્ર૦	શબ્દપ્રયોગ
ન્યા૦	ન્યાયશાસ્ત્ર	સ૦	સર્વનામ
પ૦	પદ્યમાં વપરાતો (શબ્દ)	સં૦	સંજ્ઞાવાચક
પ૦વિ૦	પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર	સુ૦	સુરતી (શબ્દ)
પું૦	પુંલિંગ	સ્ત્રી૦	સ્ત્રીલિંગ
પું૦બ૦વ૦	પુંલિંગ, બહુવચન	સ્ત્રી૦બ૦વ૦	સ્ત્રીલિંગ બહુવચન

વ્યુત્પત્તિના સંકેત

सं.	સંસ્કૃત	पो.	પોર્ટુગીઝ
फा.	ફારસી	हिं.	હિંદી
अ.	અરબી	म.	મરાઠી
इं.	ઇંગ્લિશ		

તે ઉપરાંતના નિર્દેશોમાં ભાષાનું પૂરું નામ લખ્યું છે.

ચિહ્નોની સમજ

+ કાલગ્રસ્ત શબ્દ

૦ આગલા શબ્દમાં ઉમેરો કરવાનું સૂચવે છે. ઉદા૦ રાફ, ૦ડો એટલે રાફ, રાફડો. ક(૦ર)કરું એટલે કકરું, કરકરું.

– આગલા શબ્દના અંત્ય અક્ષરને બદલે મૂકવાનું સૂચવે છે. ઉદા૦ રાધા(–ધિકા) એટલે રાધા, રાધિકા. ‘રાન’માં ૦ટી(–વી,–વું) એટલે રાનટી, રાનવી, રાનવું.

(?) શબ્દ કે તેના જે ભાગ આગળ પ્રશ્ન હોય તે બીના વિષે શંકા છે, એમ સૂચવે છે.

ૅ ઊંધી માત્રાનો ઉપયોગ ઉચ્ચારણમાં વિવૃત એૅ ઓૅ બતાવવા કર્યો છે. ઉદા૦ ઓડ[ઓૅ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

જોડણીકોશ

અ

અ પું૦[સં.]સંસ્કૃત કુટુંબની વર્ણમાળાનો પહેલો અક્ષર(૨) વિષ્ણુ, બ્રહ્મા, શિવ (૩) વ્યંજનથી શરૂ થતા શબ્દની પૂર્વે વપરાતો પૂર્વગ: નકારાર્થે,ઉદા૦'અસુખ'. વિરોધ બતાવવા, ઉદા૦'અસુર'. ખોટાપણું કે અયોગ્યતા બતાવવા, ઉદા૦ 'અકાળ'.'તે સિવાયના બીજા'નો બોધ કરાવવા, ઉદા૦ 'અબ્રાહ્મણ' (૪) નઞ્બહુવ્રીહિમાં વ્યંજનાદિ નામ પૂર્વે વપરાતો. ઉદા૦'અકરણ,અકાય'. ૦કાર પું૦ 'અ' અક્ષર કે ઉચ્ચાર. ૦કારાદિ વિ૦ અકારથી શરૂ થતો (ક્રમ). **–કારાંત** વિ૦ છેડે અકારવાળું

અઉ ન૦ કરડે એવું જીવડું (૨) સાપ (૩) આઉ; અડણ

અઋણી વિ૦[સં.] ઋણ વિનાનું; અનૃણી

અક ન૦[સં.] દુ:ખ (૨) અઘ; પાપ

અકચ વિ૦[સં.] બોડું; વાળ વિનાનું (૨) પું૦(સં.) કેતુ

અકજ વિ૦+અકાજ; નકામું

અકટોવિકટ વિ૦ અતિ મુશ્કેલ (૨) અતિ ભયંકર

અકડાઅકડી સ્ત્રી૦ ચડસાચડસી (૨) કટાકટી

અકડાઈ સ્ત્રી૦ અક્કડપણું; મગરૂરી (૨) ફાંકડાપણું

અકડાટ પું૦ અકડાવું તે; અકડાવાની અસર

અકડાવું અ૦ ક્રિ૦ સાંધાનું—અંગનું ઝલાઈ જવું (૨) ભભકામાં ફરવું;મગરૂરીમાં રહેવું

અકતો પું૦ કારીગરોની છૂટીનો દિવસ;અણૂજો

અકથ વિ૦ [સં.] નહિ કહેલું–વર્ણવેલું (૨) અવર્ણનીય. **૦નીય, –થ્ય** વિ૦અવર્ણનીય.**–થિત** વિ૦ નહિ કહેલું

અકપટ ન૦[સં.] કપટનો અભાવ

અકબર વિ૦[अ.] સૌથી મહાન (૨)પું૦(સં.) એક મોગલ બાદશાહ. **–દિલી** સ્ત્રી૦ઉદાર દિલ રાખવું તે.**–રી** વિ૦ અકબર સંબંધી(૨)અકબરે પ્રવર્તાવેલું(૩) સ્ત્રી૦ચોખાના લોટની બનાવેલી એક વાની

અકબંધ વિ૦ જેમનું તેમ; વગર ખોલેલું; વગર તોડેલું

અકરણ વિ૦[સં.] ઇંદ્રિય વગરનું (૨) દેહ ઇંદ્રિયાદિ રહિત (પરમાત્મા) (૩) ન૦ ન કરવું તે; કાર્યનો અભાવ

અકરણી વિ૦ [સં.] (ગ.) જેનું મૂળ બરાબર નીકળે તેવી (રકમ); 'રેશનલ'. **૦ગત** વિ૦ 'રેશનલ'. **૦પદી** સ્ત્રી૦ 'રેશનલ એક્સ્પ્રેશન'. **૦ફલ** ન૦ 'રેશનલ ફંક્શન' **૦સમીકરણ** ન૦ 'રેશનલ ઇક્વેશન'.

અકરણીય વિ૦[સં.] ન કરવા જેવું

અકરાકેર પું૦ હાહાકાર વર્તે એવો બનાવ; ગજબ (૨) [ભયંકર નાશ

અકરામ ન૦[अ.] કૃપા; માન; બક્ષિસ

અકરાળ,૦વિકરાળ વિ૦ અતિ ભયંકર

અકરાંતિયું વિ૦ બહુ ખાનારું; ખાઉધરું. **–યાવેડા** પું૦ બ૦ વ૦ અકરાંતિયાની માફક વર્તન

અકરુણ વિ૦ [સં.] કરુણા વિનાનું; નિર્દય. **–ણા** સ્ત્રી૦ કરુણાનો અભાવ; નિર્દયતા

અકરું વિ૦ અધૂકડું; ઊભે પગે બેઠેલું (૨) અસ્થિર

અકર્કશ વિ૦[સં.] કર્કશ નહિ એવું

અકર્ણ વિ૦[સં.] કાન વિનાનું (૨) બહેરું (૩) પું૦ સાપ

અકર્ત(–ર્ત્ત)૦વ્ય વિ૦[સં.] ન કરવા જેવું (૨) ન૦દુરાચરણ

અકર્તા(–ર્ત્તા) પું૦[સં.] કર્તા નહિ તે

અકર્તુમ્ કૃ૦[સં.] ન કરવાને

અકર્તૃક વિ૦[સં.] કર્તા વિનાનું

અકર્ત્ત૦વ્ય [સં.] જુઓ અકર્તવ્ય

અકર્ત્તા [સં.] જુઓ અકર્તા

અકર્મ ન૦[સં.] કર્મનો અભાવ (૨) ખોટું કામ. **૦ક** વિ૦ કર્મ વિનાનું (ક્રિ૦). **૦કર** વિ૦કાર્યસાધક નહિ તેવું. **૦ણ્ય** વિ૦ કામ કરવાને નાલાયક (૨) ન કરવા યોગ્ય (૩) ન૦ અનુદ્યોગ. **૦ણ્યતા** સ્ત્રી.

અક(–ક્ક)ર્મી વિ૦ અભાગિયું (૨) કર્મ નહિ કરનારું (૩) દુરાચારી. **–ર્મણ** વિ૦સ્ત્રી૦ અભાગણી (૨) કુલટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકલ સ્ત્રી૦ [अ.] અક્કલ. ૦મંદ અક્કલમંદ. –લી વિ૦ અક્કલવાળું (૨) કસબી; હિકમતી. ૦લકડિયું વિ૦ તરત બુદ્ધિવાળું; 'હાજર સો હથિયાર' કરી લે એવું

અકલ(–ળ) વિ૦ [सं.] ન કળી શકાય એવું. ૦કલ વિ૦ અકળકળાવાળું. ૦કલા(–ળા) સ્ત્રી૦અગમ્ય લીલા; માયા

અકલંક વિ૦ [सं.] નિષ્કલંક; દોષ–એબરહિત

અકલા(–ળા) સ્ત્રી૦ [सं.] કલાનો અભાવ (૨)ખરાબ કળા; બેહૂદાપણું. –લિ(–ળિ)ત વિ૦ન કળેલું—ન કલ્પેલું

અકલ્પિત વિ૦[सं.] કલ્પિત નહિ તેવું;સાચું(૨)ઓચિંતું; અણધાર્યું

અકલ્પ્ય વિ૦ [सं.] ન કલ્પી શકાય એવું

અકલ્મષ વિ૦ [सं.] કલ્મષ વગરનું

અકલ્યાણ ન૦ [सं.] અશુભ; ભૂંડું

અકવિતા સ્ત્રી૦ [सं.] ખરાબ કે કાવ્યગુણ વિનાની કવિતા

અકસ પું૦ [अ.] દ્વેષ; ખાર. –ખોર વિ૦ ખારીલું

અકસર અ૦ [अ.] ઘણુંખરું; ઘણું કરીને; પ્રાયઃ

અકસીર વિ૦આબાદ; રામબાણ (૨) સ્ત્રી૦તેવી દવા; કીમિયો

અકસ્માત્ અ૦ [सं.] અચાનક; એકાએક

અકસ્માત પું૦ અણધારી ઘટના; હોનારત

અકળ, ૦કળા, જુઓ 'અકલ(–ળ)'માં

અકળવિકળ વિ૦ આકળવિકળ; બાવરું

અકળા સ્ત્રી૦ જુઓ અકલા

અકળાવું અ૦ક્રિ૦અમૂંઝાવું; ગભરાવું (૨)કંટાળવું. –મણ સ્ત્રી૦ અમૂઝણ

અકંટક વિ૦ [सं.] કાંટા–આડખીલી વિનાનું; નિષ્કંટક

અકંપિત વિ૦ [सं.] સ્થિર

અકાક વિ૦ સુખદુઃખથી પર

અકાજ વિ૦ નકામું (૨) લાચાર [વિનાનું; સ્વસ્થ

અકાતર વિ૦[सं.]બાયલું નહિ તેવું;હિંમતવાળું(૨)ગભરાયા

અકાબર પું૦પ્રતિષ્ઠિત–મોટો માણસ(૨)હોદ્દેદાર;અમલદાર

અકામ ન૦ ન કરવા જેવું–ખરાબ કામ [રહિત

અકામ(–મી) વિ૦ [सं.] કામવાસના, કામના કે વાસના-

અકાય વિ૦ [सं.] શરીર વિનાનું

અકારે અ૦ અકારણ; ફોગટ (પ.) (૨) પું૦ જુઓ 'અ'માં

અકારજ ન૦ અકાર્ય; ખોટું કામ (૨) અ૦ વ્યર્થ

અકારણ વિ૦ [सं.] જુઓ નિષ્કારણ

અકારત(–થ) અ૦ વ્યર્થ; નિષ્ફળ

અકારું વિ૦ અપ્રિય; અળખામણું

અકાર્ય વિ૦ [सं.] ન કરવા જેવું (૨) ન૦ ખોટું કામ

અકાલ(–ળ) વિ૦ [सं.] કવખતનું (૨) પું૦ અયોગ્ય સમય; કવખત (૩) દુકાળ (૪) કાલાતીત–પરમાત્મા. ૦જ વિ૦ અકાળે જન્મેલું–ઉત્પન્ન થયેલું. ૦વૃદ્ધ વિ૦અકાળે વૃદ્ધ –ઘરડું થયેલું. –લિક વિ૦કવખતનું. –લીન વિ૦કવખતનું. –લીનતા સ્ત્રી૦ અકાલીન હોવું તે (૨) કાલવિપર્યાસ; 'એનેક્રોનિઝમ.'

અકાલી પું૦ શીખધર્મનો એક ફાંટો કે તેનો અનુયાયી

અકાળ, ૦જ, ૦વૃદ્ધ જુઓ 'અકાલ'માં [વગરનું

અકાંડ વિ૦ [सं.] આકસ્મિક; ઓચિંતું (૨) કાંડ–પેરાઈ

અકિંચન વિ૦ [सं.] નિષ્કિંચન; સાવ ગરીબ

અકિંચિત્કર વિ૦ [सं.] નિર્માલ્ય; નિષ્ફળ; ફોગટ

અકીક પું૦[अ.]એક જાતનો લીસો, ચળકતો પથ્થર.–કિયો પું૦ અકીકની વસ્તુઓ બનાવનારો [અપાવે એવું

અકીર્તિ(–ર્ત્તિ) સ્ત્રી૦ [सं.] અપયશ. ૦કર વિ૦ અપયશ

અકુટિલ વિ૦ [सं.] કુટિલ નહિ એવું; નિખાલસ

અકુતોભય વિ૦ [सं.] કોઈ પણ તરફના ભય વિનાનું

અકુલાંગના સ્ત્રી૦ [सं.] કુલાંગના નહિ એવી–કજાત સ્ત્રી

અકુલીન વિ૦ [सं.] નીચા કુળનું; કુળહીન. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦ [અશુભ; ભૂંડું. ૦તા સ્ત્રી૦

અકુશલ(–ળ) વિ૦ [सं.] કુશળ નહિ એવું (૨) ન૦ અનિષ્ટ;

અકુંઠ(–ઠિત) વિ૦ [सं.] પાછું ન પડે તેવું; કાર્યસાધક; અપ્રતિહત (૨) તીક્ષ્ણ

અકૂપાર પું૦ [सं.] સમુદ્ર

અકૃત વિ૦[सं.]નહિ કરેલું(૨)ખોટું કે અયોગ્ય કરેલું(૩) ન૦પાપ. ૦ઘ્ન વિ૦ કૃતઘ્ન નહિ એવું; કૃતજ્ઞ. ૦જ્ઞ વિ૦ કૃતજ્ઞ નહિ; કૃતઘ્ન. –તાત્મા વિ૦ અજ્ઞાની (૨) નિષ્ફળ (૩) ઈશ્વરદર્શન નહિ પામેલું. –તાર્થ વિ૦કૃતાર્થ નહિ એવું; અસફળ [અપકૃત્ય

અકૃત્ય વિ૦ [सं.] ન કરવા જેવું(૨)ન૦ન કરવા જેવું કામ;

અકૃત્રિમ વિ૦[सं.] સ્વાભાવિક; કુદરતી. ૦તા સ્ત્રી૦

અકૃપણ વિ૦ [सं.] કૃપણ નહિ એવું; ઉદાર

અકૃપા સ્ત્રી૦ કૃપાનો અભાવ; અવકૃપા

અકેક(–કું) વિ૦ એક પછી એક (૨) પ્રત્યેક; દરેક

અકોટ પું૦ [सं.] સોપારીનું ઝાડ (૨) સોપારી

અકોટી સ્ત્રી૦,–ટો પું૦ સોપારી ઘાટનું સ્ત્રીઓના કાનનું ઘરેણું; ઘૂઘરીઓનાં ઝૂમખાંવાળું લોળિયું

અકોણું વિ૦ ભળી ન જાય તેવું (૨) કોઈનું ન માને તેવું (કા.). –ણાઈ સ્ત્રી૦, –ણાપણું ન૦

અકૌશલ(–લ્ય) ન૦ [सं.] કૌશલ્યનો અભાવ; અનાવડત

અક્કડ વિ૦ કડક; વળે નહિ એવું (૨) ટટાર (૩) મગરૂબીવાળું. ૦બાજ વિ૦ રોફી; ફાંકડું; વરણાગિયું

અક્કરચક્કર અ૦ આણધારી રીતે (૨) ગમે તેમ કરીને; આડુંઅવળું સમજાવીને

અક્કર્મી, –ર્મણ જુઓ અકર્મી

અક્કલ સ્ત્રી૦બુદ્ધિ. ૦ક(–ગ)રો પું૦એક વનસ્પતિ–ઔષધિ. ૦બાજ વિ૦ બુદ્ધિશાળી. ૦બેર પું૦ એક વનસ્પતિ–ઔષધિ. ૦મઠ્ઠું વિ૦ મંદ બુદ્ધિવાળું (કા.). ૦મંદ વિ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિશાળી. **૦મંદી** સ્ત્રી૦ અક્કલમંદપણું. **૦વંત,૦વાન** વિ૦ અક્કલમંદ. **૦હોશિયારી** સ્ત્રી૦ બુદ્ધિકૌશલ્ય(૨) દસ્તાવેજ કરી આપનારે તે બુદ્ધિપૂર્વક કરી આપ્યો છે—કોઈએ છેતરીને કે આડુંતેડું સમજાવીને કરાવી લીધો નથી એવું બતાવવા ખતપત્રોમાં વપરાતો શબ્દ

અક્કા સ્ત્રી૦ અબોલા; ભાઈબંધી તોડવી તે

અક્કેક વિ૦ જુઓ એકેક

અક્ટોબર પું૦ ઓક્ટોબર

અક્રમ વિ૦[સં.] ક્રમબદ્ધ નહિ તેવું; અનિયમિત (૨) પું૦ ક્રમ નહિ તે

અક્રિય વિ૦[સં.] નિષ્ક્રિય (૨) નિરુદ્યોગી; સુસ્ત

અક્રૂર વિ૦[સં.] ક્રૂર નહિ એવું; દયાળુ (૨) પું૦ (સં.) શ્રીકૃષ્ણના પિત્રાઈ કાકા અને ભક્ત

અક્રોધ પું૦[સં.] ક્રોધનો અભાવ; શાંતિ. **–ધી** વિ૦ શાંત

અક્લાંત વિ૦[સં.] ક્લાંત–થાકેલું નહિ એવું

અક્લિષ્ટ વિ૦[સં.] ક્લિષ્ટ નહિ એવું

અક્લેદ્ય વિ૦[સં.] ભીંજવી ન શકાય એવું

અક્ષ પું૦[સં.] રમવાનો પાસો (૨) માળાનો મણકો (૩) ધરી (ચક્રની કે પૃથ્વીની) (૪) આંખ [સમાસને અંતે, ઉદા૦ 'કમલાક્ષ.' એકલું પ્રાયઃ પદ્યમાં] (૫) જ્ઞાનેન્દ્રિય (૬) [ભૂ.] વિષુવવૃત્તથી ઉત્તરદક્ષિણ કોઈ પણ જગાનું ગોલીય અંતર. **૦વિદ** વિ૦ પાસા રમી જાણનારું; જુગારી. **૦વિદ્યા** સ્ત્રી૦ જુગાર. **૦વૃત્ત** ન૦(ભૂ.) અક્ષાંશદર્શક વર્તુલ. **૦માપક** ન૦ અંશ ઉપરથી ગ્રહ–નક્ષત્ર જોવાનું એક યંત્ર. **૦માલા** સ્ત્રી૦ રુદ્રાક્ષની માળા (૨) જપમાળા. **–ક્ષાંશ** પું૦ (ભૂ.) વિષુવવૃત્તથી ઉત્તર કે દક્ષિણનું અંતર–અક્ષ બતાવનાર ૧૮૦ અંશ છે તે. **–ક્ષાંશવૃત્ત** ન૦ અક્ષવૃત્ત; અક્ષાંશનું વર્તુલ

અક્ષણિક વિ૦[સં.] ક્ષણિક નહિ એવું; સ્થિર; કાયમી

અક્ષણું ન૦ ચોખાથી ભરેલું પાત્ર

અક્ષત વિ૦[સં.] ઈજા પામ્યા વિનાનું; સુરક્ષિત; અખંડ (૨) પું૦બ૦વ૦ ધાર્મિક ક્રિયામાં અથવા મંગળ પ્રસંગે કોઈને વધાવી લેવામાં વપરાતા વગર ભાંગેલા, અણિશુદ્ધ અનાજના દાણા–ચોખા, ડાંગર, ઘઉં, જવ વગેરે. **૦યોનિ(–ની), –તા** વિ૦ સ્ત્રી૦ જેનું કૌમાર ખંડિત નથી થયું એવી

અક્ષમ વિ૦ [સં] અશક્ત; અસમર્થ (૨) અસહિષ્ણુ. **–મા** સ્ત્રી૦ ઈર્ષા (૨) ક્રોધ. **–મ્ય** વિ૦ ક્ષમ્ય નહિ એવું

અક્ષય(–યી,–ય્ય) વિ૦ [સં.] કદી ક્ષીણ ન થાય એવું; અવિનાશી (૨) અખૂટ. **૦તૃતીયા** સ્ત્રી૦ અખાત્રીજ; વૈશાખ સુદ ત્રીજ. **૦ધામ** ન૦ વૈકુંઠ (૨) મોક્ષ. **૦નવમી** સ્ત્રી૦ અખેનોમ; કારતક સુદ નોમ. **૦પદ** ન૦ મોક્ષ. **૦પાત્ર** ન૦ જેમાંથી વસ્તુ ખૂટે જ નહિ એવું વાસણ. **૦વટ** પું૦ પ્રયાગમાં આવેલો એક વડ (પ્રલયકાળે પણ એ અક્ષય રહેશે એવું મનાય છે.). **૦વાણી** સ્ત્રી૦ ખૂટે નહિ એવી વાણી (૨) સરસ્વતી

અક્ષર વિ૦[સં.] અવિનાશી (૨) પું૦ વર્ણ (ભાષા) (૩) હરફ; બોલ (૪) પું૦બ૦વ૦ દસ્કત (૫) વિધિના લેખ (૬) ન૦ બ્રહ્મ. **૦ક્ષેત્ર** ન૦ સાહિત્યક્ષેત્ર. **૦ગણિત** ન૦ બીજગણિત. **૦છંદ** પું૦ અક્ષરવૃત્ત. **૦જ્ઞાન** ન૦ લખતાં વાંચતાં આવડવું તે. **૦દેહ** પું૦ નાશ ન પામે એવું શરીર (૨) કીર્તિ (૩) સાહિત્યકૃતિ. **૦ધામ** ન૦ બ્રહ્મલોક; મોક્ષ. **૦પદ** ન૦ મુક્ત દશા. **૦પદ્ધતિ** સ્ત્રી૦ વર્ણમાળાની યોજના. **૦બંધ** પું૦ અતૂટ સંબંધ; ગાઢ મૈત્રી (૨) અક્ષરોનું બંધારણ (૩) દસ્કત (૪) અક્ષરમેળ છંદનો એક પ્રકાર. **૦માલા(–ળા)** સ્ત્રી૦ મૂળાક્ષરો; વર્ણમાળા. **૦મેળ** વિ૦ અક્ષરના માપવાળો (છંદ). **૦રચના** સ્ત્રી૦ અક્ષરપદ્ધતિ. **૦લિપિ** સ્ત્રી૦ અક્ષરની સંજ્ઞાથી લખવાની પદ્ધતિ. **૦વિન્યાસ** પું૦ શુદ્ધ લેખનવિદ્યા; જોડણી. **૦વૃત્ત** ન૦ અક્ષરમેળ વૃત્ત–છંદ. **૦શત્રુ** વિ૦ સાવ અભણ. **૦શઃ** અ૦ અક્ષરે અક્ષર. **–રાતીત** વિ૦ ભાષાથી જેનું વર્ણન ન થઈ શકે તેવું; (પરમાત્મતત્ત્વ). **–રાર્થ** પું૦ શબ્દાર્થ; સંકુચિત અર્થ. **–રાંતર** ન૦ અક્ષરની ફેરબદલી. **–રોપગુણ** પું૦ વર્ગોપગુણ; 'લિટરલ કોઈફિશન્ટ' (ગ.)

અક્ષંતવ્ય ન૦[સં.] અક્ષમ્ય

અક્ષાંતિ સ્ત્રી૦[સં.] ક્ષાંતિનો અભાવ

અક્ષાંશ,૦વૃત્ત [સં.] જુઓ 'અક્ષ'માં

અક્ષિ સ્ત્રી૦ [સં.] આંખ. **૦કોશ(–ષ)** પું૦ આંખનો ગોખલો. **૦ગોલક** પું૦ આંખનો ડોળો. **૦તારક** પું૦, **૦તારા** સ્ત્રી૦ આંખની કીકી. **૦પક્ષ્મ** ન૦ પાંપણ. **૦પટ** ન૦ આંખની કીકી પાછળનો પ્રકાશ ગ્રહણ કરનારો પડદો; 'રેટિના'. **૦પટલ** ન૦ આંખનું પડળ; કીકી ઉપર વળેલી છારી. **૦રૂકું** વિ૦ કાણું; આંધળું

અક્ષીણ વિ૦[સં.] ક્ષીણ નહિ થયેલું એવું

અક્ષુણ્ણ વિ૦[સં.] ક્ષુણ્ણ–વટાયેલું નહિ તેવું (૨) પગરવટ વિનાનું (૩) અજિત; ફતેહમંદ [(૨) નહિ ડહોળાયેલું

અક્ષુબ્ધ(–ભિત) વિ૦[સં.] ક્ષોભ પામ્યા વિનાનું; સ્વસ્થ

અક્ષોણી સ્ત્રી૦ + અક્ષૌહિણી

અક્ષોભ પું૦[સં.] સ્વસ્થતા. **–ભ્ય** વિ૦ ક્ષોભ ન પામે એવું

અક્ષૌહિણી સ્ત્રી૦[સં.] ૨૧,૮૭૦ રથ, ૨૧,૮૭૦ હાથી, ૬૫,૬૧૦ ઘોડા તથા ૧,૦૯,૩૫૦ પાયદળની બનેલી લશ્કરની એક ટુકડી

અખ(–ખ્ખ)ડ વિ૦ નહિ ખેડાતું; પડતર (ખેતર) (૨) જેમાં ઘાસ પણ ન ઊગે એવું (૩) અવાવરું; અવડ

અખડદહાડા પું૦બ૦વ૦ કામ કરવાનું મન ન થાય એવા દિવસો (૨) કામકાજ વિનાના, કંટાળો આવે એવા દિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખડબખડ, અખડાબખડી વિ૦ ખાડાખૈયાવાળું; અસમાન; ઊંચુંનીચું

અખડાવું અ૦ ક્રિ૦ અફળાવું; ટિચાવું; અથડાવું

અખણિયારું વિ૦ (કા.) અખિયાણું

અખત(-ત્ત)ર,-રું વિ૦ મેલું; નઠારું (૨) શબ્દોના અર્થને અવળા લઈ પોતાની જાતને ડાહ્યું માનતું-મનાવતું. ૦ડાહ્યું વિ૦ દોઢડાહ્યું

અખતરો પું૦ પ્રયોગ; અજમાશ. **-રાખોર, -રાબાજ** વિ૦ અખતરા કર્યા કરે તેવું; અખતરાનું શોખીન

અખત્યાર પું૦ અધિકાર (૨) પસંદગી. **૦નામું** ન૦, **૦પત્ર** પું૦; ન૦ મુખત્યારનામું; સનદ. **-રી** સ્ત્રી૦ સત્તા; અધિકાર

અખની સ્ત્રી૦ ગિલ્લીદંડાનો એક દાવ; આંખી

અખબાર પું૦; ન૦ [अ.] વર્તમાનપત્ર; છાપું. **૦નવીસ** પું૦ ખબરપત્રી (૨) છાપાંનો લખનારો

અખમ વિ૦ ન ખમી શકે એવું (૨) નાજુક (૩) અસમર્થ

અખર વિ૦ અસહ્ય (૨) સ્ત્રી૦ પડતર જમીન; ચરો

અખરામણ ન૦ દૂધ આખરવા માટેનું મેળવણ

અખરોટ ન૦ એક મેવો; અખોડ

અખંડ વિ૦ [सं.] આખું. **૦તા** સ્ત્રી૦, **૦પણું** ન૦. **૦રાશિ** પું૦ પૂર્ણાંક પરિમાણ (ગ.). **૦સૌભાગ્ય** ન૦ સૌભાગ્યની અખંડિતતા; સ્ત્રીના મરણ સુધી પતિ જીવતો હોય તેવું તેનું સૌભાગ્ય. **૦સૌભાગ્યવતી** વિ૦ સ્ત્રી૦ પોતાના મરણ સુધી પતિ હયાત હોય તેવી સ્ત્રી (૨) [અ૦ સૌ૦] સોહાગણના નામ આગળ મૂકવામાં આવતું વિશેષણ. **૦સ્રાવી** વિ૦ સદા વહેતું. **-ડિત** વિ૦ ખંડિત નહિ એવું

અખંતર વિ૦ મેલું (૨) ન૦ ભૂતપ્રેત; વળગાડ

અખાજ વિ૦ અખાદ્ય (૨) ન૦ નિષિદ્ધ ખોરાક; માંસ

અખાડ પું૦ + અષાઢ; મહિનાનું નામ. **-ડો** વિ૦ પું૦

અખાડા કરવા શ૦ પ્ર૦ આંખ આડા કાન કરવા; ન ગણકારવું

અખાડો પું૦ કુસ્તી કરવા માટે બનાવેલી જગા (૨) કસરતશાળા (૩) બાવાઓ રહેતા હોય તે જગા (૪) સમવ્યસનીઓને એકઠા થવાની જગા. **-ડિયો** પું૦ અખાડામાં જનાર; કસરતબાજ

અખાત વિ૦ [सं.] નહિ ખોદેલું (૨) પું૦ જમીનની અંદર ગયેલો સમુદ્રનો ફાંટો (૩) ખોદ્યા વગર બનેલું કુદરતી તળાવ; સરોવર; કુંડ

અખાત્રીજ સ્ત્રી૦ અક્ષયતૃતીયા

અખાદ્ય વિ૦ [सं.] ખાદ્ય નહિ એવું; અખાજ

અખિયાણું ન૦ શુભ કાર્યના આરંભમાં (ગોર તથા વસવાયાંને) અપાતી બક્ષિસ

અખિયાતું વિ૦ જરા પણ ક્ષતિ-ઈજા પામ્યા વિનાનું; સહીસલામત (૨) તંદુરસ્ત

અખિલ વિ૦ [सं.] આખું; સમસ્ત. **-લાઈ** સ્ત્રી૦ અખિલતા

અખૂટ વિ૦ ખૂટે નહિ એવું [ન૦ + અક્ષયપાત્ર

અખે વિ૦ + અક્ષય. **૦નોમ** સ્ત્રી૦ અક્ષયનવમી. **૦પાત્ર**

અખોડ ન૦ અખરોટ

અખોવન વિ૦ આખું (૨) સ્ત્રી૦ જેનું એક પણ સંતાન મરી ન ગયું હોય એવી સૌભાગ્યવતી સ્ત્રી

અખ્ખઈ વિ૦ + અક્ષયી

અખ્ખડ વિ૦ અખડ

અખ્ખય વિ૦ + અક્ષય

અખ્યાતિ સ્ત્રી૦ [सं.] અકીર્તિ (૨) અપ્રતીતિ

અખ્રિસ્તી વિ૦ ખ્રિસ્તી નહિ એવું; 'પેગન'

અગ વિ૦ [सं.] ગમન ન કરી શકે એવું (૨) પું૦ ઝાડ (૩) પર્વત (૪) રાક્ષસ. **૦જ** વિ૦ પહાડમાં જન્મેલું; પહાડી

અગ(-ગ્ગા)ડ પું૦ સાઠમારીનું મેદાન (૨) [फा.] સોગન

અગડબંબ વિ૦ ઘણું જાડું; ફાંદવાળું; ગોળમટોળ (૨) પું૦ એક જાતનો અવધૂત [અસ્પષ્ટ બોલી

અગડંબગડં વિ૦ ખરું ખોટું (૨) ન૦ ગમે તેવી ખરીખોટી—

અગણ(-ણિત) વિ૦ [सं.] અસંખ્ય

અગણું વિ૦ ત્રીજું

અગણોતેર વિ૦ ૬૯

અગણ્ય વિ૦ [सं.] ગણી ન શકાય એવું

અગણ્યા(૦એં)શી(-સી) વિ૦ ૭૯

અગતિ સ્ત્રી૦ [सं.] અવગતિ; નરકમાં પડવું તે (૨) અમુક વિષયમાં પ્રવેશ નહિ તે (૩) વિ૦ ગતિ વિનાનું; સ્થિર. **૦ક** વિ૦ અવગતિ પામેલું (૨) લાચાર. **૦કતા** સ્ત્રી૦

અગતિયો પું૦ એક લીલું ચળકતું ને ઊડતું જીવડું

અગત્ય સ્ત્રી૦; ન૦ જરૂર (૨) મહત્ત્વ

અગથિયો પું૦ એક ઝાડ

અગદ ન૦ [सं.] દવા [આગગાડી

અગન સ્ત્રી૦ અગ્નિ (૨) બળતરા; ઝાળ; લાહ્ય. **૦ગાડી** સ્ત્રી૦

અગમ વિ૦ [सं.] અગમ્ય; ઇન્દ્રિયાતીત (૨) ન૦ ભવિષ્ય. **૦ચેતી** સ્ત્રી૦ દૂરઅંદેશી. **૦નિગમ** ન૦ ભૂત અને ભવિષ્ય (૨) વેદ અને શાસ્ત્ર. **૦નિગમવાદ** પું૦ 'મિસ્ટિસિઝમ'. **૦નિગમવાદી** પું૦ 'મિસ્ટિક'. **૦પચ્છમ** સ્ત્રી૦ આગળનું તથા પાછળનું તે; ભૂત અને ભવિષ્ય. **૦પંથ** પું૦ નહિ જવા જેવો-અજાણ્યો, ગૂઢ રસ્તો (૨) ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ. **૦બુદ્ધિ** સ્ત્રી૦ અગાઉથી ભવિષ્યનો વિચાર કરી શકનારી બુદ્ધિ (૨) વિ૦ અગમબુદ્ધિવાળું. **૦બૂધિયું** વિ૦ અગમબુદ્ધિવાળું. **૦ભાખી** વિ૦ ભવિષ્ય ભાખનાર. **૦વાણી** સ્ત્રી૦ ગૂઢ વાણી (૨) ભવિષ્યવાણી (૩) વેદવાણી

અગમદોરો પું૦ ઘોડાના ગળાનો એક શણગાર

અગમો પું૦ આણગમો

અગમ્ય વિ૦ [सं.] જ્યાં ન જઈ શકાય એવું (૨) ગૂઢ (૩) ન જવા જેવું; નિષિદ્ધ. **૦તા** સ્ત્રી૦. **૦વાદ** પું૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મિસ્ટિસિઝમ'. **-મ્યા** વિ૦સ્ત્રી૦ જેની સાથે સંગ નિષિદ્ધ હોય એવી (સ્ત્રી). **-મ્યાગમન** ન૦ નિષિદ્ધ સ્ત્રી સાથે વ્યભિચાર; એક મહાપાપ. **-મ્યાગામી** વિ૦પું૦ અગમ્યાગમન કરનાર

અગર પું૦ મીઠું પકવવાની જમીન. **-રિયણ,-રી** સ્ત્રી૦ મીઠું પકવનારી સ્ત્રી (૨) અગરિયાની સ્ત્રી. **-રિયો** પું૦ મીઠું પકવનારો; અગર રાખનારો

અગર ન૦ જુઓ અગરુ. **૦બત્તી** સ્ત્રી૦ ધૂપસળી

અગર અ૦[फ़ा.] અથવા; જો. **૦ચે(-જો)** અ૦ જોકે

અગરાજ વિ૦+અગ્રાહ્ય

અગરાડા પું૦બ૦વ૦ જરબાજરીના લીલા સાંઠા

અગરુ ન૦[सं.] અગર; ચંદન; સુખડ

અગર્હણીય વિ૦[सं.] ગર્હણીય નહિ એવું

અગર્હિત વિ૦[सं.] ગર્હિત નહિ એવું

અગલ સ્ત્રી૦ ગળી

અગલબગલ અ૦[फ़ा.] આસપાસ

અગલાંપગલાં ન૦બ૦વ૦ (કા.) અઘરણી વખતે સીમંતિનીને ભરાવવામાં આવતાં પગલાં

અગવડ સ્ત્રી૦ સગવડથી ઊલટું તે; મુશ્કેલી

અગવાડું ન૦ આંગણું (૨) મોખરાનો ભાગ. **-ડો** પું૦ આંગણું (૨) કાંચળી અથવા અંગરખાનો આગલો ભાગ

અગવો પું૦ આગળ ચલાવનાર; ભોમિયો (૨) નેતા

અગસ્તિ(-સ્ત્ય) પું૦[सं.](સં.) એ નામના એક પ્રાચીન ઋષિ (૨) એ નામનો તારો

અગળ વિ૦ ઓગળે કે ઓગળેલું નહિ એવું (૨) આણગળ

અગાઉ અ૦ પૂર્વે; પહેલાં

અગાડી અ૦ આગળ. **૦પછાડી** અ૦ આગળપાછળ (૨) સ્ત્રી૦ ઘોડાને ગળે અને પગે બાંધવાનાં દોરડાં

અગાત અ૦ અગાઉ

અગાધ વિ૦[सं.] ગાધ નહિ તેવું; અતિ ઊંડું

અગામું વિ૦ + અગમ્ય

અગાર પું૦;ન૦+જુઓ આગાર [ભાગ (ચ.)

અગાશિયું ન૦ ઘરના ઓરડા પછીનો ઉપરથી ખુલ્લો

અગાશી(-સી) સ્ત્રી૦ ઘરના ઉપલા ભાગમાં કરેલી ખુલ્લી છોબંધ જગા; ગચ્છી

અગાસું વિ૦ ઢાંકણ વિનાનું; આકાશ સુધી ખુલ્લું

અગિયર પું૦+અજગર

અગિયાર વિ૦ ૧૧. **૦મું** વિ૦ દશ પછીનું (૨) ન૦ મરણ પછીને અગિયારમે દિવસે કરવામાં આવતી કાયટાની ક્રિયા (૩) તે દિવસનો જમણવાર. **૦શ(-સ)** સ્ત્રી૦ પખવાડિયામાંની અગિયારમી તિથિ (૨) એ દિવસે પળાતું વ્રત. **૦શિ(-સિ)યું** વિ૦ અગિયારસનું વ્રત કરનારું. **-રા** પું૦ બ૦વ૦ ૧૧×૧૧=૧૨૧ થી તે ૧૧×૨૦=૨૨૦ સુધીના ઘડિયા

અગિયારી સ્ત્રી૦ પારસી લોકોનું મંદિર

અગુણજ્ઞ વિ૦[सं.] ગુણજ્ઞ નહિ એવું

અગુણી વિ૦[सं.] અવગુણવાળું (૨) ગુણપાડ નહિ જાણનારું

અગુવો પું૦ જુઓ અગવો

અગોચર વિ૦[सं.] ઇંદ્રિયાતીત; અગમ્ય (૨)[કા.] પગ મૂકવો ગમે નહિ અથવા પગ મૂકી શકાય નહિ એવું

અગોપ વિ૦ અલોપ

અગોર વિ૦+ગુરુ વગરનું

અગ્ગડ પું૦ જુઓ અગડ

અગ્નિ પું૦[सं.] દેવતા (૨)[સં.] પ્રકાશ અને ઉષ્ણતાનો કે અગ્નિકોણનો અધિષ્ઠાતા દેવ (૩) પંચ મહાભૂતોમાંનું તેજતત્ત્વ (૪) જઠરાગ્નિ; પાચક તત્ત્વ. **૦અસ્ત્ર** ન૦ આગ્નેયાસ્ત્ર; અગ્નિ વરસાવે એવું બાણ. **૦કણ** પું૦ તણખો. **૦કર્મ** ન૦ અગ્નિમાં હોમ કરવો તે (૨) અગ્નિપૂજા (૩) રાંધવું તે. **૦કાષ્ઠ** ન૦ બાળવાનાં લાકડાં (૨) અરણીનું લાકડું. **૦કુમાર** પું૦(સં.) અગ્નિ મારફતે ઉત્પન્ન થયેલો શિવનો પુત્ર–કાર્તિકેય (૨) જઠરાગ્નિને વધારે એવી એક ઔષધિ. **૦કુંડ** પું૦ વેદી. **૦કોણ** પું૦ દક્ષિણ અને પૂર્વ વચ્ચેનો ખૂણો. **૦ક્રિયા** સ્ત્રી૦ મુડદાને બાળવાની ક્રિયા. **૦ક્રીડા** સ્ત્રી૦ આતસબાજી. **૦ખૂણો** પું૦ અગ્નિકોણ. **૦ગર્ભ** વિ૦ જેમાંથી અગ્નિ જન્મે એવું (૨) ન૦ અરણી (૩) ચકમક. **૦ત્રય** પું૦;ન૦ ત્રણ પ્રકારના શાસ્ત્રોક્ત અગ્નિ (ગાર્હપત્ય, આહવનીય અને દક્ષિણ). **૦દાતા** વિ૦ શબને આગ મૂકનાર. **૦દાહ** પું૦ મુડદાને બાળવું તે. **૦દિવ્ય** ન૦ અગ્નિપરીક્ષા. **૦દીપન** વિ૦ જઠરાગ્નિને સતેજ કરનારું. **૦દીપ્તિ** સ્ત્રી૦ જઠરાગ્નિનું સતેજ થવું તે. **૦પરિગ્રહ** પું૦ શાસ્ત્રોક્ત અગ્નિને અખંડ રાખવાનું વ્રત. **૦પરીક્ષા** સ્ત્રી૦ અગ્નિ વડે પરીક્ષા કરવી તે (૨) આકરી કસોટી. **૦પૂજક** વિ૦ અગ્નિને પૂજનારું. **૦પ્રદ** વિ૦ જઠરાગ્નિ પ્રદીપ્ત કરે એવું. **૦પ્રવેશ** પું૦ અગ્નિમાં દાખલ થવું તે (૨) સ્ત્રી પોતાના પતિની ચિતામાં બળી મરે તે. **૦મંથન** ન૦ (અરણીના) ઘર્ષણથી અગ્નિ પેદા કરવો તે. **૦માંદ્ય** ન૦ જઠરાગ્નિની મંદતા. **૦રથ** પું૦ +આગગાડી. **૦રોગ** પું૦ શરીરમાં અગન બળે એવો રોગ. **૦વર્ધ(-ર્દ્ધ)ક** વિ૦ અગ્નિ–જઠરાગ્નિને વધારે એવું. **૦વૃદ્ધિ** સ્ત્રી૦ અગ્નિદીપ્તિ. **૦શાલા(-ળા)** સ્ત્રી૦ પવિત્ર અગ્નિ રાખવાનું સ્થાનક. **૦શિખા** સ્ત્રી૦ અગ્નિની જ્વાળા (૨) એક વનસ્પતિ. **૦ષ્ટોમ** પું૦ એ નામનો યજ્ઞ. **૦સંસ્કાર** પું૦ મુડદાને બાળવાની ક્રિયા. **૦હોત્ર** ન૦ પરણેલા બ્રાહ્મણે વિવાહના સાક્ષીભૂત અગ્નિને નિરંતર જાગ્રત રાખી પત્ની સાથે તેમાં નિત્ય હોમ કરવો તે; શાસ્ત્રોક્ત અગ્નિમાં સવારસાંજ હોમ કરવાનું કર્મ. **૦હોત્રી** વિ૦ અગ્નિહોત્ર કરનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્ન્યસ્ત્ર ન૦[સં.]જેમાંથી અગ્નિ વરસે એવું બાણ

અગ્ર વિ૦[સં.]આગળપડતું; મુખ્ય; પહેલું; મોખરેનું (૨)ન૦ આગળનો કે સૌથી ઉપરનો કે ચડિયાતો કે શ્રેષ્ઠ ભાગ; અણી; ટોચ. **૦ગણ્ય** વિ૦ ગણતરીમાં પહેલું; મુખ્ય. **૦ગામી** વિ૦ આગળ ચાલનાર; આગેવાન. **૦ચર** વિ૦ આગળ ચાલનારું. **૦જ** વિ૦ પહેલું જન્મેલું (૨) પું૦ મોટો ભાઈ(૩)બ્રાહ્મણ. **૦જન્મા** પું૦ બ્રહ્મા(૨) જુઓ અગ્રજ. **૦જા** વિ૦સ્ત્રી૦ પહેલી જન્મેલી—મોટી બહેન. **૦જાતિ** સ્ત્રી૦ બ્રાહ્મણ જાતિ. **૦ણિયો** પું૦ અગ્રણી(૨)બ્રાહ્મણ. **૦ણી** પું૦ આગેવાન. **૦દૂત** પું૦ આગળથી સમાચાર લઈ જનાર. **૦ધાન્ય** ન૦ વર્ષનો પહેલો—ચોમાસામાં થતો—પાક. **૦પૂજા** સ્ત્રી૦ શ્રેષ્ઠ પુરુષને અપાતું પ્રથમ પૂજાનું માન. **૦લેખ** પું૦ વર્તમાનપત્રનો મુખ્ય લેખ. **૦શાળા** સ્ત્રી૦ ઓસરી. **૦સર** વિ૦ અગ્રેસર. **૦સ્થાન** ન૦ આગળ પડતું-મુખ્ય સ્થાન. **૦હાયણ** પું૦ માગશર મહિનો; આગ્રહાયણ. **૦હાર** પું૦ રાજ્ય તરફથી દેવસ્થાનને અર્પણ કરાયેલી જમીન

અગ્રાહ્ય વિ૦[સં.]ગ્રહણ ન કરવા યોગ્ય

અગ્રિમ વિ૦[સં.]મુખ્ય(૨)પું૦ મોટો ભાઈ

અગ્રેસર વિ૦(૨)પું૦[સં.]આગેવાન; નાયક; નેતા

અગ્ર્ય વિ૦[સં.]સૌની અગ્રે એવું; શ્રેષ્ઠ

અઘ ન૦[સં.]પાપ. **૦નાશક(-ન)**, **૦હન** વિ૦ પાપનો નાશ કરનારું. **૦મર્ષણ** વિ૦ અઘનાશક (મંત્ર) (૨)ન૦ એક નસકોરેથી પાણી લઈ બીજા નસકોરા વાટે કાઢી નાખવું તે. **૦વાન** વિ૦ પાપી. **૦હર્તા(-ર્ત્રી)**, **૦હારી** વિ૦ પાપ દૂર કરનાર. **-ઘાયુ** વિ૦ પાપી; દુષ્ટ. **-ઘાસુર** પું૦(સં.) શ્રીકૃષ્ણે મારેલો એક રાક્ષસ

અઘઓક સ્ત્રી૦ ઝાડા અને ઊલટી(૨)કોગળિયું

અઘટતું વિ૦ અણઘટતું; અણછાજતું; અયોગ્ય

અઘટિત વિ૦[સં.]ઘટિત નહિ એવું; અઘટતું

અઘટિતઘટના સ્ત્રી૦[સં.]નહિ બનેલી ઘટના બનાવવી તે. **૦પટીયસી** વિ૦સ્ત્રી૦ એમાં કુશળ (માયા)

અઘડ વિ૦ અણઘડ; મૂર્ખ(૨)પું૦ ધરો

અઘણ ન૦ અઘવું તે(૨) અપદ્વાર. **૦ખાડ(-ણ)** સ્ત્રી૦ અઘવાનો ખાડો; નરકકુંડ. **-ણિયું** વિ૦ અઘ અઘ કરે તેવું. **૦શી(-સી)** વિ૦ અઘણિયું; ઝાડાના રોગવાળું

અઘમૂતર સ્ત્રી૦ અઘવું મૂતરવું તે(૨)[લા.]અઘામણ

અઘરણી ન૦; સ્ત્રી૦ પહેલવહેલો ગર્ભ રહેવો તે(૨)એની ક્રિયા; સીમંત. **-ણિયાત** વિ૦સ્ત્રી૦ અઘરણીવાળી સ્ત્રી

અઘરું વિ૦ મુશ્કેલ

અઘરેણિયાત વિ૦ઘરેણિયાત નહિ એવું; પોતાની માલિકીનું

અઘ(-ઘા)વવું સ૦ક્રિ૦ અઘે એમ કરવું(૨)[લા.]ખૂબ મારવું; ટીપવું(૩)જોરજુલમથી કઢાવવું (નાણાં કે કોઈ પણ વસ્તુ)

અઘવાટ સ્ત્રી૦ અપદ્વાર. **-ડ** સ્ત્રી૦ અઘેલાની ગંદવાડ(૨) ખૂબ ગંદકી. **-ડો** પું૦ ઠેર ઠેર શૌચ બેસવાથી થયેલો ગંદવાડ(૨)અતિશય ગંદવાડ

અઘવું અ૦ક્રિ૦ મળત્યાગ કરવો

અઘાટ વિ૦ અપાર; અનન્ત(૨) [દસ્તાવેજમાં] કુલ હક્ક સાથેનું(૩)પું૦ શિલાલેખ(૪)ઇનામી જમીન; દાન-દેવસ્થાનમાં અપાયેલી જમીન(૫)ઓવારો. **-ટિયું** વિ૦ અઘાટ અપાયેલું(૨)નિમકહરામ

અઘાડ(-વ)વું સ૦ક્રિ૦ અઘે એમ કરવું

અઘાણું વિ૦ અઘવાની હાજતવાળું

અઘાત વિ૦+અગાધ

અઘામણ સ્ત્રી૦ વારંવાર અઘવાનું થાય તે; અતિસાર (૨)[લા.] ભય, ત્રાસ અથવા સખત મહેનતને લીધે થયેલી ખરાબ સ્થિતિ

અઘામું વિ૦+ભયંકર; ત્રાસદાયક(૨)અઘરું

અઘાયુ વિ૦[સં.]પાપી; દુષ્ટ

અઘાર સ્ત્રી૦ પંખી અને છીવડાંનો મળ. **-રો** પું૦ ગંદવાડ

અઘાવવું સ૦ક્રિ૦ અઘવવું

અઘેડી સ્ત્રી૦ એક વનસ્પતિ

અઘેડો પું૦ એક છોડ; અંઘેડો

અઘોર વિ૦ અતિ ભયાનક(૨)ઘાતકી. **૦પંથ** પું૦ મેલી સાધના કરનારા બાવાઓનો પંથ. **૦વિદ્યા** સ્ત્રી૦ મેલી વિદ્યા. **-રી** વિ૦ એઠી; ઊંઘણશી(૨)જુગુપ્સા ઉપજાવે એવું ગંદું

અઘોષ વિ૦[સં.]અવાજ વગરનું; શાંત(૨)[વ્યા.]પું૦ વર્ણ-ઉચ્ચારનો એક પ્રકાર (ક, ચ, ટ, ત, પ તથા ખ, છ, ઠ, થ, ફ એ વ્યંજનો અઘોષ કહેવાય છે.)

અચક સ્ત્રી૦ આગળી; ઠેસ; અટકણ(૨)આડ

અચકડું ન૦ કાંઈ સાંભરી આવવાથી છાતીમાં ભરાઈ આવતો ડૂમો

અચકન પું૦; ન૦[હિં.]ઉત્તર હિંદમાં પહેરાતો લાંબો ડગલો

અચકમચક અ૦ એકદમ; ઓચિંતું

અચકવું અ૦ક્રિ૦ અટકવું; ખમચાવું

અચકાવું અ૦ક્રિ૦ અચકવું. **-મણ** સ્ત્રી૦ નડતર; મુશ્કેલી. **-રો** પું૦ આચકો

અચકોમચકો પું૦ લહેકો (સ્ત્રીઓનો)

અચડ વિ૦ ખાતામાં નહિ ચડેલી(રકમ)

અચપચું વિ૦ કાચુંપોચું; અધકચરું(૨)નહિ પ્રવાહી અને [નહિ ઘટ્ટ

અચબૂચ અ૦ અચાનક

અચર વિ૦[સં.]ખસે નહિ એવું; સ્થિર

અચરકો પું૦ ઉમળકો(૨)આચકો

અચરજ(-ત) ન૦,**-તી** સ્ત્રી૦ નવાઈ; આશ્ચર્ય

અચરપચર વિ૦ કાચુંકોરું(૨)અ૦ રહી રહીને; વારે વારે; જેમ આવ્યું તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અચરેઅચરે(૦સીતા)રામ શ૦પ્ર૦ચોપટને ભણાવાતો શબ્દ

અચલ(-ળ) વિ૦[સં.]દૃઢ; સ્થિર (૨)[ગ.] અવિકારી (૩) પું૦ પર્વત. **૦પતિ** પું૦ (સં.) હિમાલય. **૦પદ** ન૦ નિત્ય એક સરખી રહે તેવી સ્થિતિ–મોક્ષ (૨) 'કૉન્સ્ટંટ એક્સપ્રેશન'(ગ.). **૦રાશિ** પું૦ 'કૉન્સ્ટંટ ક્વૉન્ટિટી'(ગ.). **-લા (-ળા)** સ્ત્રી૦ પૃથ્વી. **-લિ(-ળિ)ત** વિ૦ ચલિત નહિ એવું

અચવ્યું વિ૦ નહિ કહેલું (૨) નહિ ચાખેલું

અચંબો વિ૦ નવાઈ

અચા સ્ત્રી૦ જુઓ અચો

અચાનક અ૦ એકાએક

અચાર ન૦[हिं.] અથાણું [ભારે અગત્ય; ભીડ

અચાલ સ્ત્રી૦ હરકત; અડચણ (૨) અડકાવ; રજોદર્શન (૩)

અચાલો પું૦ અનિવાર્ય અગત્ય; અપેક્ષા

અચિર વિ૦[સં.] ચિરકાળનું નહિ એવું

અચિંતિત વિ૦[સં.] જુઓ અણચિંતવ્યું

અચિંતું(-ત્યું) વિ૦ ઓચિંતું

અચિંત્ય વિ૦[સં.] ચિંતવી ન શકાય એવું

અચૂક વિ૦ ચૂકે નહિ એવું (૨) અ૦ ચૂક્યા વિના. **૦બાણ** ન૦ કદી ખાલી ન જાય તેવું બાણ (૨) વિ૦ તેવું ફેંકનાર

અચેત, ૦ન વિ૦[સં.] ચેતન વિનાનું; જડ (૨) બેભાન. **૦ના** સ્ત્રી૦ મૂર્ચ્છા; જડતા; બેભાનપણું

અચેષ્ટ વિ૦[સં.] અચેતન

અચો પું૦ જમાવ; ભીડ (૨) કચરાનો જમાવ; ગંદકી (૩) અણજો. **૦પચો** પું૦ ગંદવાડ; સડો

અચ્છત અ૦ ખબર ન પડે તેમ

અચ્છિન્ન વિ૦[સં.] અખંડ. **૦ધારા** સ્ત્રી૦ સતત વહેતું ઝરણું (૨) જેમાંથી અખંડ ધાર પડે એવું પાત્ર

અચ્છું વિ૦ સારું

અચ્છેદ્ય વિ૦[સં.] છેદી ન શકાય એવું

અચ્છેર પું૦ અર્ધો શેર. **-રિયું** વિ૦ જેમાં અચ્છેર માય તેવડું (૨) ન૦ અર્ધા શેરનું માપિયું. **-રિયો** પું૦, **-રી** સ્ત્રી૦ અર્ધા શેરનું માપિયું અથવા વજન. **-રો** પું૦ અર્ધા શેરનું વજન

અચ્યુત વિ૦[સં.] પતન કે સ્ખલન વિનાનું; નિશ્ચલ (૨) પું૦ (સં.) વિષ્ણુ. **-તાનંદ** પું૦ અખંડ આનંદ; આત્માનો આનંદ (૨) અખંડ આનંદ ભોગવનાર–ઈશ્વર

અચ્સંધિ સ્ત્રી૦[સં.] સ્વરોની સંધિ (વ્યા.)

અછક અ૦ જોતજોતામાં

અછડ(-ર)તું વિ૦ માત્ર સપાટીને અડકીને પસાર થઈ જતું (૨) કાના બરાબર; અશગ (૩) છલકાતું

અછત સ્ત્રી૦ તંગી; તાણ

અછતું વિ૦ અણછતું; ગુપ્ત (૨) + અસત; હયાત નહિ એવું

અછત્ર વિ૦[સં.] છત્ર વિનાનું; ખુલ્લું (૨) માથે વડીલ વિનાનું

અછબડા પું૦બ૦વ૦ એક રોગ, જેમાં શરીર પર આછી આછી ફોલ્લીઓ નીકળે છે

અછરતું વિ૦ જુઓ અછડતું

અછવાવું અ૦ ક્રિ૦ વણછો લાગવો (૨) કરમાવું

અછાડપછાડ સ્ત્રી૦ ધમાધમ

અછાંદસ વિ૦[સં.] છંદરહિત

અછાબા પું૦ બ૦ વ૦ વરઘોડામાં વરરાજાનું મોં ઢાંકવા પાઘડીએ લટકાવવામાં આવતા સોનેરી કસબના તાર

અછાવવું સ૦ ક્રિ૦ (નવું વાસણ) વાપરવા કાઢવું

અછીપ વિ૦ છીપે નહિ–તૃપ્ત ન થાય એવું

અછૂત વિ૦[हिं.] અસ્પૃશ્ય (૨) અસ્પૃશ્ય મનાતી કોમનું. **-તોદ્ધાર** પું૦ અછૂતોનો ઉદ્ધાર

અછો અછો (૦વાનાં) કરવું શ૦ પ્ર૦ લાડ લડાવવાં (૨) ખૂબ ઉમળકાથી આદરસત્કાર કરવો

અછોછાંયડા પું૦બ૦વ૦ લાડ લડાવવાં તે

અછોછી સ્ત્રી૦ (કા.) પેટમાં ચૂંથાવું તે

અછોડો પું૦ રાશ (૨) ગળામાં પહેરવાનો સોનારૂપાનો દોરો (૩) ઘડિયાળની સાંકળી. **-ડાવા** અ૦ રાશ જેટલે અંતરે

અજ વિ૦[સં.] નહિ જન્મેલું; અનાદિ (ઈશ્વર) (૨) પું૦ બકરો (૩)[સં.] બ્રહ્મા (૪) કામદેવ (૫) ચંદ્ર (૬) રામચંદ્રજીના દાદાનું નામ. **૦કર્ણ** પું૦ એક વનસ્પતિ. **૦ગર** પું૦ (બકરું ગળી જાય તેવો) મોટો સાપ. **૦ગરવૃત્તિ** સ્ત્રી૦ દૈવ ઉપર આધાર રાખવાની વૃત્તિ. **૦ગંધા** સ્ત્રી૦ એક ઔષધિ. **૦તનયા** સ્ત્રી૦ (સં.) બ્રહ્માની પુત્રી; માયા (૨) સીતા. **૦પતિ** પું૦ ભરવાડ (૨) (સં.) મંગળ ગ્રહ. **૦પાલ(-ળ)** પું૦ ભરવાડ

અજટા સ્ત્રી૦ ભોંયઆંબલી

અજતરફ(-ફે)[फा.] અ૦ તરફથી

અજન્મ વિ૦[સં.] જન્મરહિત. **-ન્મા** વિ૦ પું૦ જેને જન્મ નથી એવું; (ઈશ્વર) (૨) સ્ત્રી૦ (સં.) માયા (૩) સીતા (૪) લક્ષ્મી

અજપાજ(-જા)પ પું૦[સં.] પ્રયત્ન વિના સ્વાભાવિક રીતે ચાલતો (સોહં સોહં) જાપ

અજબ વિ૦[अ.] નવાઈ ઉપજે એવું; આશ્ચર્યકારક; અદ્ભુત. **૦ગુલમહેરી** સ્ત્રી૦ એક કલ્પિત પક્ષી. **૦તા** સ્ત્રી૦

અજમા(૦ય)શ સ્ત્રી૦ અજમાવી જોવું તે; પરીક્ષા

અજમાવવું સ૦ક્રિ૦ વાપરી જોવું; તપાસી જોવું

અજમૂદો વિ૦ અનુભવી (૨) પું૦ અજમાયશ

અજમો પું૦ એક વનસ્પતિ–ઔષધિ

અજમોદ સ્ત્રી૦ એક ઔષધિ

અજય વિ૦[સં.] જય રહિત (૨) ન જિતાય એવું; અજેય (૩) પું૦ હાર. **-યા** સ્ત્રી૦ માયા (૨) ભાંગ (૩) એક વનસ્પતિ. **-ય્ય** વિ૦ અજેય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજર વિ૰[સં.] ઘરડું ન થાય એવું (૨) પચી ન શકે એવું. **–રામર** વિ૰ અજર અને અમર; અવિનાશી

અજર સ્ત્રી૰ બહાનું (૨) આનાકાની; ઢીલ

અજરાલ(–ળ) વિ૰ વિશાળ (૨) ભયાનક

અજરો પું૰ અપચો

અજલ સ્ત્રી૰ [अ.] અંત (૨) મોત (૩) કમોત (૪) વિ૰ [[સં.] નિર્જલ

અજવાશ પું૰ ઉજાસ

અજવાળવું સ૰ ક્રિ૰ ઘસીને ઊજળું કરવું; માંજવું (૨) અજવાળું કરવું (૩) નામ કાઢવું; આબરૂ વધારવી (૪) [વ્યંગમાં] બગાડવું; બદનામી વહોરવી. **–ણહાર** વિ૰ અજવાળનાર

અજવાળિયું ન૰ ચંદ્રની વધતી જતી કળાવાળું પખવાડિયું: શુકલપક્ષ (૨) અજવાળા સારુ છાપરામાં કે ભીંતમાં મૂકેલું જાળિયું—બાકું

અજવાળી વિ૰ સ્ત્રી૰ અજવાળાવાળી; ચાંદરણાવાળી (રાત)

અજવાળું ન૰ પ્રકાશ; ઉજાસ

અજવું અ૰ ક્રિ૰ ટપકવું; ઝમવું (કા.)

અજસ્ત્ર વિ૰ [સં.] સતત; એકધારું (૨) અ૰ વારંવાર; હમેશ

અજહતી વિ૰ સ્ત્રી૰ [સં.] જહતી નહિ એવી (લક્ષણા)

અજહલ્લક્ષણા સ્ત્રી૰ [સં.] લક્ષણાનો એક પ્રકાર, જ્યાં મૂળ અર્થ અથવા વાચ્યાર્થનો ત્યાગ થતો નથી અને બીજા અર્થનો બોધ થાય છે (કા.શા.)

અજંત વિ૰ [સં.] સ્વરાંત (વ્યા.)

અજંપ(–પો) પું૰ જંપનો અભાવ; અશાંતિ

અજા સ્ત્રી૰ [સં.] માયા; કુદરત (૨) બકરી. **૰ગલ(–ળ)સ્તન** પું૰; ન૰ બકરાંને ગળે લટકતો આંચળ (૨) [લા.] નિરર્થક વસ્તુ. **–પાલ(–ળ)** પું૰ ભરવાડ

અજા(–યા)ચક, ૰વૃત્તિ, ૰વ્રત જુઓ 'અયાચક'માં

અજાચી વિ૰ અયાચક

અજાડી સ્ત્રી૰ હાથી વગેરે પ્રાણીઓને ફસાવી પકડવા માટે બનાવેલી ખાઈ અથવા ખાડો (૨) બેહક બેઠેલા ઢોરને ઊભું રાખવા પગ તળે ખોદાતો ખાડો

અજાડું વિ૰ (કા.) કજિયાળું

અજાણ વિ૰ વાકેફ—માહિતગાર નહિ તે (૨) સ્ત્રી૰ જાણનો અભાવ. **૰તાં, –ણે, –ણ્યે** અ૰ ન જાણતાં; અણસમજથી. **–ણ્યું** વિ૰ જાણમાં નહિ તેવું; અજ્ઞાત. **૰પણું** ન૰

અજાત વિ૰ [સં.] નહિ જન્મેલું (૨) ગર્ભસ્થ. **૰શત્રુ** વિ૰ જેને કોઈ સાથે દુશ્મનાવટ નથી એવું (૨) પું૰ (સં.) યુધિષ્ઠિર

અજાનબાહુ વિ૰ + આજાનબાહુ

અજાબી સ્ત્રી૰ ગુરખો

અજામિલ પું૰ (સં.) એક પ્રસિદ્ધ વિષ્ણુભક્ત

અજાયબ વિ૰ [अ.] અજબ જેવું; આશ્ચર્યકારક. **૰ઘર** ન૰ સંગ્રહસ્થાન; 'મ્યૂઝિયમ'. **–બી** સ્ત્રી૰ આશ્ચર્ય

અજારીબજારી સ્ત્રી૰ એક રમત

અજિત વિ૰ [સં.] નહિ જિતાયેલું (૨) ન જિતાય તેવું

અજિન ન૰ [સં.] મૃગચર્મ; કાળિયારનું ચામડું. **૰ધારી, ૰વાસી** વિ૰ મૃગચર્મ ઓઢનાર

અજિર ન૰ [સં.] ઘરનું આંગણું; ફળિયું

અજિંક્ય વિ૰ [સં.] અજેય

અજિહ્વ વિ૰ [સં.] જીભ વગરનું

અજીજ વિ૰ [अ.] પ્યારું; વહાલું (૨) પું૰ મિત્ર; દોસ્ત

અજીઠું વિ૰ એઠું. **–ઠવાડ** પું૰ એઠવાડ

અજીરણ ન૰ અપચો

અજીર્ણ વિ૰ [સં.] જીર્ણ નહિ તેવું (૨) ન૰ અજીરણ; અપચો

અજીવ વિ૰ [સં.] જીવ વગરનું; નિર્જીવ (૨) ન૰ (જૈન મતે) નવ તત્ત્વોમાંનું જડ તત્ત્વ

અજુક્ત(–ગતું) વિ૰ અયોગ્ય; અઘટિત

અજેય વિ૰ [સં.] જીતી ન શકાય તેવું

અજોખણી સ્ત્રી૰ કાંટા–ઝરડાં ખેંચવાની લોઢાની આંકડી- [વાળી લાકડી

અજોગ પું૰ કસુરત (૨) અણમેળ; અણબનાવ

અજોડ વિ૰ જેની જોડ ન હોય એવું; અદ્વિતીય

અજોણાં ન૰ બ૰ વ૰ ન જોવાનું વ્રત　[અચોક્કસપણું

અજોળ વિ૰ લટકતું; અધવચ (૨) અધૂરું મૂકેલું (૩) સ્ત્રી૰

અજ્જ અ૰ + અદ્ય; આજ

અજ્જુ ન૰ હ્રસ્વ દીર્ઘ 'ઈ'નું ચિહ્ન (િ અથવા ી)

અજ્જુ(–જ્જૂ)કા સ્ત્રી૰ [સં.] વેશ્યા

અજ્ઞ વિ૰ [સં.] અજાણ (૨) મૂર્ખ

અજ્ઞાત વિ૰ [સં.] જ્ઞાત નહિ તેવું (૨) ગુપ્ત. **૰ચર્યા** સ્ત્રી૰ કોઈ જાણે નહિ એવી રીતે ફરવું તે; ગુપ્તચર્યા. **૰યૌવના** વિ૰ સ્ત્રી૰ હલેતી જુવાન સ્ત્રી; મુગ્ધા. **૰વાસ** પું૰ છૂપા રહેવું તે; ગુપ્તવાસ

અજ્ઞાન ન૰ [સં.] જ્ઞાનનો અભાવ; અબુધપણું (૨) અવિદ્યા; માયા (૩) વિ૰ જેને સાન-સમજ નથી એવું (૪) અભણ (૫) અજાણ. **૰જનિત, ૰જન્ય** વિ૰ અજ્ઞાનમાંથી નીપજેલું. **૰તા** સ્ત્રી૰. **–ની** વિ૰ અવિદ્યા–માયામાં બંધાયેલું (૨) મૂર્ખ; અજ્ઞાન (૩) અભણ

અજ્ઞેય વિ૰ [સં.] જાણી ન શકાય તેવું. **૰વાદ** પું૰ ઈશ્વર અથવા પરમ તત્ત્વને વિષે આપણને કાંઈ ખબર નથી–ન પડી શકે તેવો મતઃ 'એગ્નોસ્ટિસિઝમ'. **૰વાદી** વિ૰ અજ્ઞેયવાદમાં માનનાર

અજનવી વિ૰ પરદેશી

અઝાન સ્ત્રી૰ [अ.] બાંગ

અટક સ્ત્રી૰ અડક (૨) નડતર; અવરોધ (૩) મુશ્કેલી (૪) શંકા; મનનો ખચકો (૫) કાચી કેદ (૬) સંકલ્પ; પ્રતિજ્ઞા (૭) અટકણ; ઠેસ

અટકચાળું વિ૰ અડપલું; તોફાની (૨) ન૰ અડપલું; તોફાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટકડી સ્ત્રી૦ વાધણી
અટકણ વિ૦ અટકી જાય એવું(૨) સ્ત્રી૦;ન૦ ટેકો(૩)ઠેસ (૪)ચાંપ. ૦ટટ્ટુ ન૦અડિયલ ટટ્ટુ. -ણિયું વિ૦અડિયલ (૨)ન૦ ઠેસ; ચાંપ
અટકવું અ૦ક્રિ૦ ગતિ કે પ્રવૃત્તિ બંધ પડવી; થોભવું
અટકળ સ્ત્રી૦ કલ્પના; અનુમાન. ૦પચીશી(-સી) સ્ત્રી૦ અટકળ ઉપર મંડાયેલો ધંધો કે કામ. ૦બાજ વિ૦ અટકળવાની શક્તિ કે શોખવાળું. ૦વું સ૦ક્રિ૦અટકળ કરવી
અટકામણ(-ણી) સ્ત્રી૦ હરકત; અડચણ
અટકાયત સ્ત્રી૦ અટકાવું તે; રુકાવટ(૨)અટકમાં રાખવું તે
અટકાવ પું૦ અટકાવવું-રોકવું તે (૨) અંતરાય; હરકત (૩) અડકાવ; રજોદર્શન. ૦વું સ૦ક્રિ૦'અટકવું'નું પ્રેરક
અટકીમટકી સ્ત્રી૦ છોકરીઓની એક રમત
અટકો પું૦ તાંબાનો હલકો સિક્કો
અટકોમટકો પું૦ અચકોમચકો
અટણ(-ન) ન૦ ભ્રમણ; પ્રવાસ
અટણી(-નિ,-ની) સ્ત્રી૦ ધનુષ્યનો કાપવાળો છેડો, જ્યાં દોરી ચડાવવામાં આવે છે(૨)કામઠાંની ટકી
અટન ન૦[સં.]અટણ
અટનિ(-ની) સ્ત્રી૦[સં.]જુઓ અટણી
અટપટું વિ૦ ગૂંચવણભરેલું
અટલ વિ૦[સં.]અટળ(૨)અફ્લ
અટવાણ સ્ત્રી૦(દોરડા ઇત્યાદિમાં) પગનું ગૂંચવાવું તે. -મણ સ્ત્રી૦ ગૂંચવાવું તે; ગૂંચવણ (૨) અથડામણ; રખડામણ(૩)મૂંઝવણ; ગભરામણ
અટવાવું અ૦ ક્રિ૦ રખડવું(૨)પિલાવું; ઘૂંટાઈને એકરસ થવું(૩)મૂંઝાવું; કાયર થવું(૪)ગૂંચવાવું; પગમાં ભરાવું
અટવિ(-વી) સ્ત્રી૦[સં.]જંગલ
અટવું અ૦ ક્રિ૦ રખડવું
અટળ વિ૦ ટળે નહિ તેવું(૨)નિત્ય; સનાતન
અટંક(-કી,-કું) વિ૦ ટેકીલું
અટંગ વિ૦ પાંગળું(૨)અ૦ તદ્દન
અટા સ્ત્રી૦[સં.]નકામું ભમવું તે
અટા સ્ત્રી૦ મેડી(૨)અ૦ આડુંઅવળું
અટાઉ સ્ત્રી૦ ઠગાઈ
અટાટ વિ૦નકામું(૨)અ૦ ખોટી રીતે
અટાણે અ૦(કા.)આ વખતે; હમણાં
અટાપટા પું૦બ૦વ૦રંગબેરંગી લાંબાપહોળા લીટા;ચટાપટા (૨)આડાઅવળા પટા (લાકડી કે હથિયાર વીંઝતાં થાય તે)
અટામણ ન૦ રોટલી વણવા માટે જોઈતો કોરો લોટ
અટાર સ્ત્રી૦(કા.) ધૂળ
અટારિયું ન૦ તાકું; હાટિયું
અટારી(-લી,-ળી) સ્ત્રી૦ ઝરૂખો; છજું
અટારું વિ૦(કા.)અટકચાળું
અટારો પું૦ ઉચાળો; ઘરવાખરો
અટાલી(-ળી) સ્ત્રી૦ અટારી
અટાવું અ૦ક્રિ૦અટવાવું; પિલાવું; છૂંદાવું (૨)[લા.]કદર ન થાય એવી રીતે વટાવું-વપરાવું
અટાળી સ્ત્રી૦ અટારી
અટિંબર પું૦ ટિંબો; ઢગલો
અટી સ્ત્રી૦ મહોરમમાં હાથીને વીંટાતી રંગીન દોરી
અટી વિ૦[સં.]ફરતો રહેનાર(સંન્યાસી જેમ)
અટીપટી સ્ત્રી૦ એક બાળરમત
અટીમટી સ્ત્રી૦ એક વનસ્પતિ
અટીસોમટીસો પું૦ એક રમત; સંતાકૂકડી
અટૂલું વિ૦ એકલવાયું; સાથરહિત
અટેડું વિ૦ ટેડું નહિ એવું; સીધું
અટેરણ ન૦ સૂતર વગેરે ઉતારવાનુ સાધન; ફાળકો
અટેરવું સ૦ ક્રિ૦ સૂતરને(ફાળકા ઉપર) ઉતારવું (૨)હાથથી ગૂંચળી બનાવવી(૩)આંગળી કરીને બતાવવું
અટોપ સ્ત્રી૦ અટોપવું તે; ઉકેલ. ૦વું સ૦ક્રિ૦ આટોપવું
અટ્ટ વિ૦[સં.]મોટા અવાજવાળું(૨) પું૦અટારી(૩)બુરજ; કિલ્લા ઉપરની દેવડી(૪)મહેલ(૫)પ્રહાર. ૦હાસ પું૦;ન૦, ૦હાસ્ય ન૦ ખડખડાટ હસવું તે
અટ્ટલ વિ૦પ્રવીણ; અડંગ(૨)અટળ(૩)વાજબી; ખરું (તોલ)
અટ્ટા પું૦બ૦વ૦[સં.]આગલાં મોટાં બારણાં;ડેલીનાં બારણાં
અઠવાડિયું ન૦ સાત વારનો સમય. -ક વિ૦ દર આઠમે દિવસે થતું (૨)ન૦ દર આઠમે દિવસે પ્રગટ થતું પત્ર
અઠવાડું ન૦ એક હાથના માપનો ગજ(૨)દોરડાને વળ દેવાનો લાકડાનો કડકો કે ફરકડી
અઠવાવું અ૦ ક્રિ૦ સપડાવું
અઠંગ વિ૦ પાકું; ઉસ્તાદ
અઠાક સ્ત્રી૦ ઘાઘરાનું નાડું
અઠાવકું વિ૦ ઠાવકું નહિ એવું(૨)નાદાન
અઠિં(-ઠીં)ગણ ન૦ ટેકો; તકિયો
અઠિં(-ઠીં)ગવું સ૦ક્રિ૦ ટેકો દેવો; અઢેલવું
અઠિં(-ઠીં)ગું વિ૦ જક્કી(૨)જાડું
અઠીક વિ૦ ખોટું(૨)અસ્વસ્થ [શ૦પ્ર૦અહીં જ ધામા
અઠે અ૦[મા.]અહીં. ૦અઠે અ૦ અહીં અહીં. ૦દ્વારકા
અઠોઠી સ્ત્રી૦ ગોળની કઢાઈમાં બાઝેલું આદું
અઠ્ઠ વિ૦+આઠ. ૦મ પું૦ એકસાથે આઠ ટંક નહિ ખાવાનું વ્રત(જૈન). -ઠ્ઠાઈ સ્ત્રી૦આઠ દિવસ સુધી ચાલતી ધાર્મિક પ્રવૃત્તિ; આઠ ઉપવાસ (જૈન)
અઠ્ઠાણું(-ણું) વિ૦ ૯૮
અઠ્ઠાવન વિ૦ ૫૮
અઠ્ઠા(-ઠ્યા)વીશ(-સ) વિ૦ ૨૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અઠ્ઠાશિ(-સિ)યાં ન૦બ૦વ૦ સ્ત્રીઓના પગનું એક ઘરેણું; તોડા; કલ્લાં; હાંસીને સક્કસ ન કરેલાં સાંકળાં

અઠ્ઠો પું૦ આઠની સંખ્યાનો પાસો (૨) આઠ દાણાનું ગંજીફાનું પત્તું (૩) બાજીને દરેક છેડે ત્રણ ખાનાં હોય છે તે. -ઠ્ઠાબંધ વિ૦ સોકટાંની રમતમાં અઠ્ઠા ઉપરની સોકટી ન મરાય તેવી શરતવાળું

અઠ્ઠો(-ઠ્ઠ્યો)તેર વિ૦ ઇઠ્યોતેર; ૭૮

અઠ્ઠ્યાવીશ(-સ) વિ૦ ૨૮

અઠ્ઠ્યાશી(-સી) વિ૦ ઇઠ્યાશી; ૮૮

અઠ્યોતેર વિ૦ ઇઠ્યોતેર; ૭૮

અડ સ્ત્રી૦ અડચણ (૨) આડાઈ (૩) આંટ

અડક સ્ત્રી૦ નામ જોડે મૂકવામાં આવતું, ગોત્ર ધંધો કે વતન ઇત્યાદિ બતાવતું ઉપનામ; અટક

અડકલું ન૦ સહેલ વાત; રમતવાત (કા.)

અડકવું સ૦ ક્રિ૦ અડવું; સ્પર્શ કરવો

અડકાડવું સ૦ક્રિ૦ 'અડકવું'નું પ્રેરક

અડકાયેલી વિ૦સ્ત્રી૦ અભડાયેલી

અડકાવ પું૦ સ્ત્રીનું અભડાવું-દૂર બેસવું તે; રજોદર્શન

અડકાવવું સ૦ ક્રિ૦ બંધ કરવું; વાસવું

અડકાવું અ૦ ક્રિ૦ અભડાવું (૨) બંધ થવું; વસાવું

અડકોદડકો પું૦ નાનાં છોકરાંની એક રમત

અડખેપડખે અ૦ આજુબાજુ

અડગ વિ૦ દૃઢ; ડગે નહિ એવું

અડઘોદ(-પ,-મ)ડઘો પું૦ બેસતે વર્ષે મળસકામાં કચરાથી ભરેલું હાંલ્લું ચકલે જઈ ફોડવાની વહેમી રૂઢિ (૨) દોષની જવાબદારી [ભીડ (૩) અડકાવ

અડચણ સ્ત્રી૦ હરકત; ડખલ; વાંધો (૨) મુશ્કેલી; આપદા;

અડછતું વિ૦ અડધું પડધું જણાયેલું

અડણ ન૦ ઢોરના જે અવયવમાં દૂધ ભરાય છે તે; બાવલું

અડતલું ન૦ આનાકાની (૨) મિથ્યા પ્રયત્ન

અડતલો પું૦ આશ્રય; ઓથ (૨) અટકળ

અડતાળીસ વિ૦ ૪૮. **અડતાળો** પું૦ વિ. સં. ૧૮૪૮માં પડેલો મોટો દુકાળ (૨) મણના ૪૮ શેર ગણાય તે તોલ

અડથલ વિ૦ ખડતલ

અડથલો પું૦ આડ; ઓથું (૨) મોટું વિઘ્ન

અડદ પું૦ બ૦ વ૦ એક અનાજ. -દાળું વિ૦ અડદનું; અડદવાળું. -દિયું વિ૦ અડદના રંગનું (૨) અડદનું બનેલું (૩) ન૦ અડદનું વસાણું

અડદાવો(-ળો) પું૦ છૂંદાયાથી નરમ થઈ જવું તે; ભેંચો; ઘાણ (૨) ખૂબ માર પડયાથી હાડકાંપાંસળાં નરમ થઈ જવાં તે (૩) અતિશય કામ કર્યાથી છેક જ થાકી જવું તે

અડધ વિ૦ અડધું. ૦પાંસળીનું વિ૦ ખૂબ નાજુક ને નબળા શરીરનું; અધપાંસળિયું. -ધિયું ન૦ અડધું માપ (૨) અર્ધો-નાનો ચૂડો (૩) તાંબા કે પીતળનો વચલા વળનો નળો; પવાલી. -ધી સ્ત્રી૦ પાઈ. -ધું વિ૦ અર્ધ. -ધું પડધું વિ૦ લગભગ અડધું; ઓછુંઘણું. -ધો પું૦ આઠ આનાની કિંમતનો ચલણી સિક્કો. -ધોઅડધ વિ૦ બરાબર અડધું

અડ(-ડી)તું વિ૦ નજીકનું

અડપ સ્ત્રી૦ ધૈર્ય (૨) ખંત (૩) આગ્રહ (૪) નિશ્ચય. ૦ઝડપ સ્ત્રી૦ આફતનો સપાટો (૨) ત્વરા

અડપડિયાળી વિ૦ સ્ત્રી૦ અધપડિયાળી

અડપલું વિ૦ તોફાની; ચાંદવું (૨) ન૦ અટકચાળું; તોફાન

અડપવું અ૦ ક્રિ૦ ખંતથી મંડ્યા રહેવું

અડફ(-ફે)ટ સ્ત્રી૦ ઝપટ; સપાટો; અથડામણ

અડફાઉ વિ૦ જુઓ અલફાઉ

અડફેટ સ્ત્રી૦ અડફટ

અડબડવું અ૦ ક્રિ૦ લથડવું. અડબડિયું ન૦ લથડિયું; ચકરી

અડબંગ વિ૦ કહીએ કંઈ તો કરે કંઈ એવું; નાદાન (૨) ભય, ફિકર કે વિચાર રાખ્યા વિના કામ કરનારું; મૂર્ખ

અડબાઉ કાટલું ન૦(કા.) પથરાનું કરેલું કાટલું; અંટોળ કાટલું (૨) [લા.] ભોળું માણસ [થાપટ

અડબોત(-થ) વિ૦ અડબંગ (૨) સ્ત્રી૦ ધોલ; આડા હાથની

અડવડવું અ૦ક્રિ૦ લથડવું (૨) આમતેમ રવડવું. -ડિયું ન૦ અડબડિયું

અડવાણું વિ૦ જુઓ અડવું

અડવાળવું સ૦ ક્રિ૦ મિશ્રણ કરવું (૨) બગાડવું

અડવું વિ૦ શણગાર વિનાનું; શોભારહિત; બેહૂદું (૨) ઉઘાડપગું

અડવું સ૦ક્રિ૦ અડકવું; સ્પર્શવું (૨) નડવું; વચ્ચે આવવું (૩) ઘસાવું પડવું; ખાધ-નુકસાન લાગવું (૪) અ૦ક્રિ૦ લગોલગ થવું; પહોંચવું; મંડ્યા રહેવું (૫) (ઘોડા માટે) ખંચાવું; ભડકીને અચકાવું (૬) + ડરવું; ભીતિ રાખવી

અડવો પું૦ ભવાઈમાં આવતો વાણિયાનો વેશ

અડસટ્ટો પું૦ અંદાજ; શુમાર

અડસઠ વિ૦ ૬૮

અડસર સ્ત્રી૦ મોભ (૨) પાટડી

અડંગજડંગ સ્ત્રી૦ એક રમત

અડંગો પું૦ ધામો (૨) કુસ્તીનો એક દાવ

અડંબો સ્ત્રી૦ મગરૂરી; તોર (૨) આડંબર (૩) હઠ

અડા સ્ત્રી૦ ટેકો

અડાઅડી સ્ત્રી૦ કટોકટીનો સમય (૨) નજીક હોવું તે (૩) એકબીજાને અડવું તે; સ્પર્શાસ્પર્શનો વિવેક ન રહેવો તે (૪) અ૦ જોડાજોડ; બરોબર અડકીને

અડાઉ વિ૦ વગર વાવ્યે ઊગેલું

અડાકડી સ્ત્રી૦ અકડાઅકડી (૨) સખત મુકાબલો (ગેડીદડામાં)

અડાડવું સ૦ક્રિ૦ અડકાડવું (૨) ઉમેરવું; ઘુસાડવું

અડાણિયું વિ૦ અડાણું (કા.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અડાણી વિ૰ આવડત વગરનું; મૂર્ખ(૨) અસભ્ય; અનાડી

અડાણું વિ૰ ગીરો મૂકેલું (કા.)

અડાણો પું૰ એ નામનો રાગ

અડાબીડ વિ૰ભય ઉપજાવે તેવું મોટું(૨)ખોડખાંપણ વગરનું

અડામી સ્ત્રી૰ ભીંત સાથે જડેલી ફ્ડેતાળ; પાટિયાંની ભીંત

અડાયું ન૰ ગાયભેંસના છાણનું સૂકું પોચકું; છાણું (૨) છોકરાંની એક રમત

અડાલી સ્ત્રી૰ લાકડાની થાળી-કથરોટ

અડાવવું સ૰ક્રિ૰ ધસકાવવું(૨) ગપ મારવી (૩) ઓઢવવું; જૂઠું કહેવું (૪) ઘણું ખાવું (૫) ઘુસાડવું

અડાશિ(-સિ)યાં ન૰ બ૰ વ૰ જુઓ અઢાશિયાં

અડાસે અ૰ નજીક (૨) પડછાયે

અડાળપડાળ ન૰ મોભની બન્ને બાજુનો ઢાળ

અડાળી સ્ત્રી૰ એક જ ભીંતવાળી છૂટી ઓસરી. ૦**પડાળી** સ્ત્રી૰ આગળ પાછળની અડાળી

અડિયલ વિ૰હઠીલું(૨)ઘુસણિયું. ૦**ટટ્ટુ** ન૰હઠીલું માણસ

અડિયું ન૰ સોનીનું એક ઓજાર

અડિયોદડિયો પું૰ એક રમત

અડી સ્ત્રી૰ સોનીનું એક ઓજાર (૨) કટોકટીનો-અણીનો વખત;આપત્તિ. ૦**ઓપટી** સ્ત્રી૰અડચણ; ભીડ; આપત્તિ. ૦**ખમ** વિ૰ અડીઓપટી ખમી શકે એવું (૨) શૂરવીર; ધીંગું. ૦**વેળા** સ્ત્રી૰ કટોકટીનો-ભીડનો સમય

અડીઅડી સ્ત્રી૰ છોડીઓની એક રમત

અડીજડીને અ૰ ખંતથી

અડીદડી સ્ત્રી૰ એક રમત; દમગોટીલો

અડીનું વિ૰ અડતું; નજીકનું

અડીં(-દીં)ટ વિ૰ દીંટા વિનાનું

અડુ(-ડે)ડાટ અ૰દોડતું, કૂદતું અને ધસી આવતું;હડુડાટ

અડૂકદડૂક અ૰ ઘડીમાં અહીં ને ઘડીમાં તહીં. -**કિયું** વિ૰ બન્ને પક્ષમાં હોય તેવું (૨) અસ્થિર

અડેકડે અ૰ સરભર

અડેડાટ અ૰ અડુડાટ

અડો પું૰ ગાડાનું આગલું ટેકણ; હડો

અડોઅડ અ૰ લગોલગ; અડાઅડી

અડોલ વિ૰ ડોલતું કે ડોલે નહિ એવું; સ્થિર

અડોલી સ્ત્રી૰રાશને છેડે ભરવવામાં આવતો નાનો લાકડાનો કટકો; માંકડી [આડોશીપાડોશી

અડોશપડોશ પું૰ આડોશપાડોશ. **અડોશીપડોશી** ન૰

અડોળકાટલું વિ૰ નકામું (૨) ન૰ કશા ઘાટ વિનાનો પથરો

અડ્ડો પું૰ એકઠા મળવાની અથવા એકઠા થઈને પડી રહેવાની જગા(૨)[લા.] વ્યાપક અસર કે પ્રભાવ

અડ્યું વિ૰ અટકેલું. ૦**ખડ્યું** વિ૰ ભાંગ્યુંતૂટ્યું; પડી રહેલું (૨) અ૰ ભાગ્યે જ; જવલ્લે

અઢણ વિ૰ બહુ; વધારે (૨) સારું

અઢવણ વિ૰ જુઓ અડવાણું

અઢળ વિ૰ ઢળી પડે નહિ તેવું; સ્થિર

અઢળક વિ૰ પુષ્કળ

અઢાર વિ૰ ૧૮

અઢાવવું સ૰ ક્રિ૰ (ઢોરને) ચરવા મોકલવાં

અઢી વિ૰ ૨॥. ૦**કો** પું૰ ઢબ્બુ. ૦**શેરી** સ્ત્રી૰અઢી શેરનું વજન કે કાટલું. ૦**હથ્થુ** વિ૰ ગઢું (ગઢિયું)

અઢીવંચો પું૰ બાળકોની એક રમત; એરંડો

અઢેલવું સ૰ ક્રિ૰ ટેકો દેવો

અણ નકાર અને નિષેધવાચક ઉપસર્ગ (૨) પું૰નું સ્ત્રી૰ બનાવતો પ્રત્યય. ઉદા૰ ધોબી-ધોબણ. ૦**આવડ(૦ત)** સ્ત્રી૰ ન આવડવું તે. ૦**ઉતાર** વિ૰ ઊતરે નહિ એવું; સતત જારી રહેતું. ૦**ઊણ** વિ૰પુષ્કળ(૨)સ્ત્રી૰પુષ્કળતા; અખૂટપણું. ૦**કમાઉ** વિ૰કમાઉ નહિ એવું. ૦**કસબી** વિ૰કસબ-આવડત વગરનું. ૦**ખપતું** વિ૰નહિ ખપતું-લેવાય ખવાય નહિ તેવું. ૦**ખપિયું** વિ૰ ખપ વગરનું; નકામું. ૦**ખાયું** વિ૰નહિ ખાધેલું. ૦**ખૂટ(-ટ્યું)** વિ૰ અખૂટ. ૦**ખેડ્યું** વિ૰ખેડ્યા વિનાનું. ૦**ગણ(-ણ્યું)** વિ૰ અગણિત. ૦**ગણકારવું** સ૰ક્રિ૰ન ગણકારવું. ૦**ગમતું** વિ૰નાપસંદ;અપ્રિય. ૦**ગમો** પું૰નાપસંદગી(૨)કંટાળો. ૦**ગળ(-ળ્યું)** વિ૰ગાળ્યા વગરનું(પાણી;પ્રવાહી). ૦**ગોઠવ્યું** વિ૰ ગોઠવ્યા વગરનું. ૦**ઘટતું** વિ૰ અઘટિત. ૦**ઘડ** વિ૰ ઘડાયા-કેળવાયા વિનાનું. ૦**ચવ્યું** વિ૰ જુઓ અચવ્યું. ૦**ચાખ્યું** વિ૰ ચાખ્યા વિનાનું. ૦**ચાલ** સ્ત્રી૰ જુઓ અચાલ. ૦**ચાલે(-લતે)** અ૰નાછૂટકે. ૦**ચિંતવ્યું**, ૦**ચિંતું(-ત્યું)** વિ૰નહિ ચિંતવેલું-નહિ ધારેલું એવું(૨) ઓચિંતું. ૦**છડ** વિ૰ છડેલું નહિ એવું. ૦**છતું** વિ૰ગુપ્ત. ૦**છીપી** વિ૰સ્ત્રી૰અતૃપ્ત. ૦**છૂટકો** પું૰છૂટકાનો અભાવ. ૦**જાણ** વિ૰જેને જાણ નથી તેવું(૨)સ્ત્રી૰અજ્ઞાન; જાણ-સમજનો અભાવ. ૦**તર્પાતું** વિ૰નહિ તર્પાતું એવું. ૦**તોલ** વિ૰અતુલ; તોળ્યા વગરનું(૨)ઉઘ્ઘડ. ૦**તોળ્યું** વિ૰તોળ્યા વગરનું. ૦**દીઠ(-ઠું)** વિ૰ દીઠેલું નહિ તેવું. ૦**દોહ્યું** વિ૰ દોહેલું નહિ એવું. ૦**ધાર્યું** વિ૰જુઓ અણચિંતવ્યું. ૦**નમ** વિ૰ નમે નહિ એવું. ૦**નામી** વિ૰ + નામ વગરનું (૨) અપ્રસિદ્ધ (૩) સ્ત્રી૰ નનામી; ઠાઠડી (૪) ન૰ અનામી બ્રહ્મ. ૦**પતીજ** સ્ત્રી૰અવિશ્વાસ. ૦**પરખ્યું** વિ૰ પરખ્યા વિનાનું. ૦**પીછણું** વિ૰ + મૂર્ખ. ૦**પીછ્યું** વિ૰પીછ્યા-ઓળખ્યા વગરનું. ૦**ફાવતું** વિ૰ન ફાવતું. ૦**બનતી** સ્ત્રી૰, ૦**બનાવ** પું૰પરસ્પર બનાવ નહિ તે; કજિયો. ૦**બુદ્ધ** વિ૰બુદ્ધિ વિનાનું(૨)અજ્ઞાન. ૦**બોટ(-ટેલું,-ટ્યું)** વિ૰ બોટ્યા વગરનું. ૦**બોલાવ્યું** વિ૰ બોલાવ્યા વગરનું; તેડાવ્યા વિનાનું. ૦**બોલ્યું** વિ૰ બોલેલું-કહેલું નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું (૨) ચૂપ. ૦ભણેલ(-લું)વિ૦ અભણ. ૦ભંગ વિ૦ ભંગ વિનાનું; અખંડ. ૦ભાવતું વિ૦ ન ભાવતું;અપ્રિય. ૦ભોજ્ય વિ૦ ન ખવાય એવું. ૦મડયું વિ૦નાખુશ; ક્રોધે ભરાયેલું. ૦મણું(-નું)વિ૦ઉદાસ;મન વિનાનું. ૦માનીતું વિ૦ માનીતું નહિ એવું. ૦મી(-મીં)ચ્યું વિ૦ મીંચ્યા વિનાનું; ઉઘાડું. ૦મૂલ વિ૦ અમૂલ્ય. ૦મેળ વિ૦ મેળ ન ખાય તેવું; જુદા પ્રકારનું(૨)પું૦ અણબનાવ. ૦રાગ પું૦ અણબનાવ. ૦લિંગ(-ગી) વિ૦ લિંગ—નિશાની વિનાનું (૨) વિદેહી (૩) નિર્લેપ; બ્રહ્મરૂપ. ૦લેખે અ૦ કોઈ ન જુએ તેમ(૨)નકામું. ૦વાકેફ(૦ગાર) વિ૦ વાકેફ નહિ એવું. ૦વિચાર્યું વિ૦ વગર વિચાર્યું. ૦વિશ્વાસ પું૦ અવિશ્વાસ. ૦વીંધ્યું વિ૦વીંધ્યા વિનાનું (૨)ઘડાયા વિનાનું (૩) નહિ નાથેલું (૪) ખસી કર્યા વિનાનું. ૦સમજ(૦ણ) સ્ત્રી૦ સમજનો અભાવ. ૦સમજણું, ૦સમજુ વિ૦ સમજ વગરનું. ૦સરખું વિ૦સરખું નહિ એવું. ૦સરજ્યું વિ૦સરજેલું-નિર્મિત નહિ એવું (૨) અણધાર્યું. ૦સિદ્ધિ સ્ત્રી૦ સિદ્ધિનો અભાવ; નિષ્ફળતા. ૦સૂંઘ્યું વિ૦ સૂંઘ્યા વિનાનું;તાજું. ૦હક(-ક્ક)પું૦હકનો અભાવ. ૦હિત ન૦ અહિત. ૦હૂતું વિ૦ ન હોય તેવું. ૦હોયું વિ૦નહિ થનારું

અણ(-ણી,-ણું) ક્રિ૦ પરથી નામ બનાવતો કૃત્પ્રત્યય. ઉદા૦ હરણ; વાવણી; દળણું

અણક સ્ત્રી૦ (કા.) અડચણ; હરકત

અણચી(-ચી) સ્ત્રી૦ જુઓ અંચઈ

અણકૂ(-કો)ટ પું૦ અન્નકૂટ

અણખ સ્ત્રી૦ (કા.) ઈર્ષા

અણખત(-લ) સ્ત્રી૦ અણગમો (૨) ઈર્ષા

અણગ(-ગો)હ પું૦ સ્ત્રીઓનું એક વ્રત

અણગાર વિ૦ ઘરબાર વિનાનું; અનગાર

અણગોક(-ખ,-હ) પું૦ અણગહ

અણચી સ્ત્રી૦ જુઓ અંચઈ. -ચિયું વિ૦અણચી કરતું

અણછ સ્ત્રી૦અનિચ્છા(૨)ખો;ટેવ.-છિયું ન૦તિરસ્કાર;છણકો

અણછો, ૦વણછો પું૦ પાકને નુકસાન કરે એવો છાંયો

અણતા સ્ત્રી૦ + ઊનતા; ખોડ

અણવટ પું૦ સ્ત્રીઓના પગના અંગૂઠાનું ઘરેણું

અણવણ વિ૦ અડવું

અણવર પું૦ પહેલી વાર સાસરે જતાં વર અથવા કન્યા સાથે મોકલાતો સોબતી(૨)વરની સાથેનો કોઈ એકાએક પરણે તે. -રિયું વિ૦ અણવરને લગતું (૨) ન૦ અણવરપણું (૩) અણવર. -રી વિ૦ સ્ત્રી૦ કન્યાની સાથે જનારી તેની બહેન કે બહેનપણી

અણવાણું વિ૦ જુઓ અડવું

અણસખડી સ્ત્રી૦ એઠું ન ગણાય એવું કાચુંકોરું ખાવાનું

અણસણ ન૦ અનશન (જૈન)

અણસાટ પું૦ મળતાપણાનો અંશ (૨) સૂક્ષ્મ અસર (૩) જુઓ અણસારો

અણસારો પું૦ ઇશારો; સંકેત (૨) ગણસારો

અણાવવું સ૦ ક્રિ૦ આણે-લાવે એમ કરવું; મંગાવવું

અણિ(-ણી) [સં.] સ્ત્રી૦ વસ્તુનો ઝીણો, ખૂંચે એવો છેડો (૨) ટોચ; શિખર (૩) છેક છેડાનો ભાગ; અવધિ; અંત (૪) કટોકટીનો સમય. ૦દાર વિ૦ અણીવાળું. ૦શુદ્ધ વિ૦ સાવ અખંડિત(૨)સંપૂર્ણ દોષરહિત. -ણિમા સ્ત્રી૦ યોગની એક સિદ્ધિ;ગમે તેટલું સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરવાની શક્તિ. -ણિયાળું વિ૦ અણીદાર. -ણિયું ન૦ હોલ્ડરની ટાંક (૨) આડું. -ણિયેલ વિ૦ અણિયાળું

અણીદરો, ૦કણીદરો પું૦ છોકરાંની એક રમત

અણીસુ ન૦ એક જાતનું બી-વસાણું

અણુ વિ૦ [સં.] જરા જેટલું; અતિ સૂક્ષ્મ (૨) પું૦ (સમયનો કે કદનો) નાનામાં નાનો ભાગ(૩)જેના વિશેષ ભાગ ન થઈ શકે તે—પરમાણુ (૪) એક જાતનું ધાન્ય; કાંગ. ૦ક વિ૦ અતિશય નાનું (૨) પું૦ પરમાણુ. ૦કણુ ન૦ પરમાણુ. ૦તમ વિ૦વધારેમાં વધારે સૂક્ષ્મ. ૦તા સ્ત્રી૦ અણુપણું; અતિ સૂક્ષ્મતા. ૦દ્રુત સ્ત્રી૦ પા માત્રા (સંગીત). ૦માત્ર વિ૦ (૨) અ૦ જરાક જ; બિલકુલ થોડું. ૦રેણુ પું૦ અત્યંત ઝીણી રજકણ. ૦વાદ પું૦ પરમાણુવાદ. ૦વ્રત ન૦ (ગૃહસ્થોનું) સુગમ વ્રત

અણુદિન અ૦ + અનુદિન

અણુ(-ણો)જો પું૦ કારીગરોનો રજાનો દિવસ

અણોદરી વિ૦ જુઓ અનુદરી (૨) સ્ત્રી૦ (જૈન) દરરોજ ઓછું ઓછું જમતા જવાનું તપ [ઉત્સાહવાળું

અણોસરું વિ૦ ઝાંખું (૨) ઉદાસ; ખિન્ન (૩) [કા.] મંદ

અતએવ અ૦ [સં.] તેથી જ

અતટ વિ૦ [સં.] કિનારા વિનાનું

અતડું વિ૦ ભળી જાય નહિ એવું (માણસ) (૨) વસમું; તોછડું. -ડાઈ સ્ત્રી૦, -ડાપણું ન૦

અતત્ત્વાર્થ પું૦ [સં.] અસત; મિથ્યા વસ્તુ

અતથ્ય વિ૦ (૨) ન૦ [સં.] ખોટું; અસત્ય (૨) નિઃસાર

અતદ્ગુણસંવિજ્ઞાન પું૦ [સં.] બહુવ્રીહિનો એક પ્રકાર [વ્યા.]

અતન(-નુ) વિ૦ જુઓ અતનુ

અતનમતન સ્ત્રી૦ છોકરાંની એક રમત [કામદેવ

અતનુ વિ૦ [સં.] અશરીર; નિરાકાર (૨) પું૦ (સં.) અનંગ;

અતનૂર્ણ ન૦ [સં.] ખડબચડું-જાડું ઊન

અતમા વિ૦ તમા વગરનું; લાપરવા (૨) સ્ત્રી૦ બેદરકારી. -મી વિ૦ તમા વિનાનું (૨) શેખીખોર

અતરડી સ્ત્રી૦ નાની કાનસ. -ડો પું૦ મોટી કાનસ

અતરંગ વિ૦ [સં.] તરંગ વિનાનું; શાંત (૨) ટેકા વિનાનું; અધ્ધર (૩) ઇલાયદું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતરાપી વિ૦ ત્રાહિત

અતર્ક વિ૦ [સં.] ન્યાયવિરુદ્ધ (૨) પું૦ ખોટો તર્ક. **-ર્કિત** વિ૦ અણધાર્યું; ખ્યાલ બહારનું. **-ર્ક્ય** વિ૦ તર્ક-કલ્પનામાં ન આવે એવું

અતર્પણીય વિ૦ [સં.] તર્પી ન શકાય કે ન તર્પવું ઘટે એવું

અતલ(-ળ) વિ૦ [સં.] તળિયા વિનાનું; ઊંડું (૨) ન૦ સાત પાતાળમાંનું એક

અતલગનું વિ૦ છેક નજીકનું

અતલસ સ્ત્રી૦ [અ.] એક જાતનું રેશમી કાપડ

અતવખ(-પ) ન૦ જુઓ અતિવિષા

અતસિ(-સી) સ્ત્રી૦ [સં.] અળસી (૨) શણનો છોડ (૩) સીમળો

અતળ વિ૦ (૨) ન૦ જુઓ અતલ

અતળી વિ૦ અતુલ. ૦બળ વિ૦ અતુલ બળવાળું. ૦બાણ વિ૦ બહુ જ મોટું (૨) બિહામણું

અતંગ વિ૦ તંગ વિનાનું (૨) તંગ નહિ તેવું

અતંત્ર વિ૦ [સં.] તાર વિનાનું (વાદ્ય) (૨) નિરંકુશ (૩) તંત્ર વિનાનું; અવ્યવસ્થિત. ૦તા સ્ત્રી૦

અતંદ્ર(-દ્રિત) વિ૦ [સં.] સાવધ; જાગ્રત

અતઃ અ૦ [સં.] તેથી કરીને (૨) અહીંથી (૩) આજથી. ૦પર અ૦ હવે પછી

અતાઈ પું૦ વગર ગુરુએ ભણેલો-આપોશ ગવૈયો

અતાગ વિ૦ તાગ વિનાનું; બહુ જ ઊંડું

અતિ વિ૦ (૨) અ૦ [સં.] અતિશય; ઘણું (૨) ઉપસર્ગ- 'અતિશય', 'અમર્યાદ', 'હદ પારનું', '-થી આગળ જતું' એવા અર્થમાં. ઉદા૦ નીચે શબ્દોમાં જુઓ

અતિકશ વિ૦ [સં.] ન ગાંઠે એવું

અતિકાય વિ૦ [સં.] મહાકાય

અતિકાલ પું૦ [સં.] વેળા વહી જવી તે

અતિકેશ(-સ)ર પું૦ [સં.] એક વનસ્પતિ

અતિક્રમ પું૦ [સં.] હદ બહાર જવું તે (૨) [કાળનું] પસાર થઈ જવું (૩) ધસારો. ૦ણ ન૦ અતિક્રમવું તે. ૦વું સ૦ક્રિ૦ અતિક્રમ કરવો.

અતિક્રામી વિ૦ [સં.] અતિક્રમ કરનારું

અતિક્રાંત વિ૦ [સં.] હદ બહાર ગયેલું. **-તિ** સ્ત્રી૦ ઉલ્લંઘન

અતિચાર પું૦ [સં.] અતિક્રાંતિ; અતિક્રમ

અતિજગતી સ્ત્રી૦; પું૦ [સં.] એક છંદ

અતિજાત વિ૦ [સં.] બાપથી સવાયું

અતિજ્ઞાન ન૦ [સં.] વધારેપડતું-નિષ્ફળ જ્ઞાન

અતિથિ પું૦ [સં.] મહેમાન (૨) અભ્યાગત; ભિક્ષુક. ૦પણું ન૦. ૦પૂજન ન૦ અતિથિનું પૂજન (૨) પરોણાગત. ૦સત્કાર પું૦ અતિથિનો સત્કાર (૨) પરોણાગત

અતિદેશ પું૦ [સં.] એક સ્થાનના ધર્મ કે નિયમનું બીજે સ્થાને આરોપણ (૨) સાદૃશ્ય ઉપરથી અર્થને તાણીતૂસીને વધારવો તે

અતિધર્મ પું૦ [સં.] અતિશય ધર્મ (૨) ધર્મવિરુદ્ધ કામ

અતિપત્તિ સ્ત્રી૦ [સં.] અતિક્રમ

અતિપાત પું૦ [સં.] અતિક્રમ (૨) ઉલ્કાપાત (૩) વિનાશ

અતિપાતક ન૦ [સં.] મોટામાં મોટું પાપ

અતિપેદાશ સ્ત્રી૦ વધારેપડતી પેદાશ

અતિપ્રતિજ્ઞા સ્ત્રી૦ [સં.] મર્યાદા બહારની-અઘટિત પ્રતિજ્ઞા

અતિપ્રશ્ન પું૦ [સં.] અધિકાર કે મર્યાદા બહારનો પ્રશ્ન

અતિપ્રસંગ પું૦ [સં.] પું૦ વધારેપડતો સંબંધ (૨) હદ ઉપરાંતની છૂટ. **-ગી** વિ૦ અતિપ્રસંગ કરનારું

અતિપ્રાકૃત(-તિક) વિ૦ [સં.] પ્રકૃતિથી પર

અતિબલા(-ળા) સ્ત્રી૦ [સં.] એક વનસ્પતિ (૨) (સં.) વિશ્વામિત્રે રામને આપેલી અસ્ત્રવિદ્યા

અતિભાષિણી વિ૦સ્ત્રી૦ [સં.] બહુ બોલનારી

અતિભૌતિક વિ૦ [સં.] ભૌતિકથી પર; 'મેટાફિઝિકલ'. ૦શાસ્ત્ર ન૦ 'મેટાફિઝિક્સ'

અતિમનુષ્ય પું૦ [સં.] અલૌકિક પુરુષ; 'સુપરમેન'

અતિમાનુષ(-ષી) વિ૦ [સં.] અલૌકિક; મનુષ્યથી પર

અતિયોગ પું૦ [સં.] રેલછેલ; અતિશયતા

અતિરથ(-થી) પું૦ [સં.] જબરો-શ્રેષ્ઠ યોદ્ધો

અતિરિક્ત વિ૦ [સં.] બહુ જ (૨) શૂન્ય; ખાલી (૩) શ્રેષ્ઠ

અતિ(-તી)રેક પું૦ [સં.] અતિશયતા (૨) ચડિયાતાપણું

અતિરોમશ વિ૦ [સં.] બહુ વાળવાળું (૨) પું૦ જંગલી બકરો (૩) મોટો વાંદરો

અતિવાદ પું૦ [સં.] બહુ બોલવું તે (૨) અપ્રિય-કઠોર વચન. **-દી** વિ૦ (૨) પું૦ અતિવાદ કરનાર

અતિવિષા સ્ત્રી૦ [સં.] એક વનસ્પતિ-ઔષધિ

અતિવૃષ્ટિ સ્ત્રી૦ [સં.] જોઈએ તે કરતાં વધારે વરસાદ થવો તે

અતિવૈદિક વિ૦ [સં.] વેદકાળ પહેલાંનું

અતિવ્યાપ્તિ સ્ત્રી૦ [સં.] લક્ષ્ય ન હોય એવી વસ્તુનો સમાવેશ થવો તે (ન્યા.)

અતિશય વિ૦ [સં.] ઘણું જ (૨) પું૦ પુષ્કળતા. **૦તા** સ્ત્રી૦ પુષ્કળતા. **-યોક્ત** વિ૦ વધારીને બોલેલું. **-યોક્તિ** સ્ત્રી૦ વધારીને બોલવું તે (૨) [કા.શા.] એ નામનો અલંકાર

અતિશૂદ્ર પું૦ [સં.] ભંગી; ચમાર. **-દ્રી** સ્ત્રી૦

અતિશે વિ૦ + અતિશય

અતિસંધાન ન૦ [સં.] છેતરપિંડી

અતિસંરક્ષક વિ૦ [સં.] વધારેપડતું સ્થિતિચુસ્ત

અતિ(-તી)સાર પું૦ [સં.] સંઘરણી

અતિસ્તુતિ સ્ત્રી૦ [સં.] વધારેપડતી સ્તુતિ; ખુશામત

અતીક્ષ્ણ વિ૦ [સં.] તીક્ષ્ણ નહિ એવું

અતીત વિ૦ [સં.] પર થયેલું (૨) ગત (૩) પું૦ + અતિથિ

અતીવ વિ૦ [સં.] અત્યંત

અતીંદ્રિય વિ૦ [સં.] જુઓ અગોચર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતુલ(-લિત,-લ્ય) વિ૦ [સં.] અનુપમ (૨) ઘણું જ
અતૂટ વિ૦ અખંડ; સળંગ (૨) તોડ્યું તૂટે નહિ એવું
અતોડ વિ૦ તોડી ન શકાય એવું
અતૃપ્ત વિ૦ [સં.] અસંતુષ્ટ. **-પ્તિ** સ્ત્રી૦ તૃપ્તિનો અભાવ
અતૃષ્ણ વિ૦ [સં.] તૃષ્ણારહિત. **-ષ્ણા** સ્ત્રી૦ તૃષ્ણાનો અભાવ
અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ વિ૦ [સં.] અહીંતહીં–બંને ઠેકાણેથી ભ્રષ્ટ; રખડી પડેલું; નહિ ઘરનું નહિ ઘાટનું
અતોલ વિ૦ જુઓ અતુલ
અત્તર ન૦ પુષ્પાદિક સુગંધીદાર પદાર્થનો અર્ક. **૦દાની** સ્ત્રી૦, **-રિયું** ન૦ અત્તર રાખવાનું પાત્ર. **-રિયો,-રી** પું૦ અત્તરવાળો; અત્તર બનાવનારો કે વેચનારો
અત્તર અ૦ અહીં. **૦ઘડી** અ૦ હમણાં જ; અબઘડી. **૦પગલે** અ૦ હમણાં જ. **૦સાત** અ૦ અબઘડી
અત્તારી પું૦ અત્તરિયો જુઓ
અત્યદ્‌ભુત વિ૦ [સં.] અતિ અદ્‌ભુત
અત્યનુમંદ્ર વિ૦ [સં.] અનુમંદ્રથી નીચેનું (સંગીત)
અત્યય પું૦ [સં.] જુઓ અતિક્રમ
અત્યલ્પ વિ૦ [સં.] અતિ અલ્પ
અત્યંત વિ૦ [સં.] છેડો–હદ વટાવી ગયેલું; ઘણું જ. **-તાભાવ** પું૦ પૂર્ણ અભાવ (ન્યા.) [(અર્થ)
અત્યાકૃષ્ટ વિ૦ [સં.] અતિ આકૃષ્ટ–મારીમચડીને બેસાડેલો
અત્યાગી વિ૦ [સં.] ત્યાગી નહિ તેવું; રાગી; ગૃહસ્થ
અત્યાગ્રહ પું૦ [સં.] અતિ આગ્રહ; હઠ. **-હી** વિ૦ હઠીલું
અત્યાચાર પું૦ [સં.] અધર્માચરણ (૨) બળાત્કાર. **-રી** વિ૦ અત્યાચાર કરનારું
અત્યાજ્ય વિ૦ [સં.] ત્યાજ્ય નહિ તેવું [આ ઘડીએ
અત્યાર સ્ત્રી૦ ચાલુ ઘડી; આ સમય. **-રે** અ૦ હમણાં જ;
અત્યાવશ્યક અ૦ [સં.] અતિ આવશ્યક; ઘણું જરૂરી
અત્યાસક્તિ સ્ત્રી૦ [સં.] અતિ આસક્તિ; ભારે રાગ
અત્યાહાર પું૦ [સં.] હદ ઉપરાંતનો–અકરાંતિયાનો–આહાર. **-રી** વિ૦ (૨) પું૦ અત્યાહાર કરનાર
અત્યુક્તિ સ્ત્રી૦ [સં.] જુઓ અતિશયોક્તિ
અત્યુત્તમ વિ૦ [સં.] અતિ ઉત્તમ; શ્રેષ્ઠ
અત્યુત્સાહ પું૦ [સં] અતિ ઉત્સાહ
અત્ર(-ત્રે) અ૦ [સં.] અહીં. **-ત્રત્ય** વિ૦ અહીંનું
અત્રિ પું૦ [સં.] (સં.) સપ્તર્ષિમાંના એક ઋષિ
અથ અ૦ [સં.] હવે (૨) આરંભ તેમ જ મંગળવાચક શબ્દ. **૦ઇતિ** અ૦ પહેલેથી છેલ્લે સુધી. **૦કિમ્** અ૦ હા; એમ જ. **૦ચ** અ૦ અને વળી
અથક વિ૦ થાકે નહિ એવું; અથાક
અથડવું અ૦ ક્રિ૦ જુઓ અથડાવું
અથડાવું અ૦ ક્રિ૦ રખડવું (૨) ટિચાવું; અફળાવું (૩) ફાંફાં મારવાં (૪) તકરાર થવી. **-અથડી** સ્ત્રી૦ સામસામે અથડાવું **-ટિચાવું** તે (૨) રખડપટ્ટી; ટિચામણ (૩) લડાઈ. **-ઉ** વિ૦ રખડાઉ. **-ટ** પું૦ અથડાવું તે. **-મણ(-ણી)** સ્ત્રી૦ રખડપટ્ટી; ટિચામણ (૨) તકરાર; લડાઈ. **-મણકુટામણ** સ્ત્રી૦ અથડાવું કુટાવું તે [ઉતાવળ
અથરાઈ સ્ત્રી૦ (કા.) અસ્થિરતા; ચંચળતા (૨) અધીરાઈ (૩)
અથરું વિ૦ (કા.) અસ્થિર; ચંચળ (૨) અધીરું (૩) ઉતાવળું
અથર્વ,૦ણ,૦વેદ પું૦ [સં.] ચોથો વેદ. **૦વેદી** વિ૦ એ વેદનો અનુયાયી (બ્રાહ્મણ) (૨) અથર્વવેદને લગતું
અથવા અ૦ [સં.] કિંવા; કે
અથાક વિ૦ થાકે નહિ તેવું; અથક
અથાક(-ગ) વિ૦ અતાગ (૨) પાર વિનાનું [ઇત્યાદિ
અથાણું ન૦ મીઠા કે મસાલામાં આથી રાખેલાં ફળ, મૂળ
અથાવું અ૦ ક્રિ૦ મીઠું કે મસાલો ચડવો
અથાહ વિ૦ + અથાગ
અથેતિ અ૦ [સં.] અથઇતિ; સંપૂર્ણતઃ
અથોભ વિ૦ થોભ વિનાનું
અદક વિ૦ અધિક; અદકું. **૦જીભું** વિ૦ બહુબોલું; બટકબોલું. **૦ડું** વિ૦ દોઢડાહ્યું. **૦પાંસળું(-ળિયું)** વિ૦ મોટપ કે પૈસો ઇત્યાદિ ન જીરવી શકે એવા સ્વભાવનું (૨) જેના પેટમાં વાત ટકે નહિ એવું; વાતોડિયું. **-કું** વિ૦ અધિક; વધારે. **-કેરું** વિ૦ અદકું (પ.)
અદક્ષ વિ૦ [સં.] અકુશળ
અદગ્ધ વિ૦ [સં.] નહિ બળેલું
અદત્ત વિ૦ [સં.] નહિ આપેલું (૨) ન૦ શાસ્ત્રવિરુદ્ધ હોઈ રદ થયેલું દાન. **-ત્તા** વિ૦ સ્ત્રી૦ અવિવાહિતા. **-ત્તાદાન** ન૦ ચોરી
અદન ન૦ [સં.] ભોજન
અદના(-નું) વિ૦ [अ.] મામૂલી; રંક
અદબ સ્ત્રી૦ [अ.] વિવેક; મર્યાદા (૨) બંને હાથને કોણીથી વાળી છાતી આગળ એક ઉપર એક ગોઠવવા તે. **૦સર** અ૦ વિનયપૂર્વક; અદબ વાળીને
અદબદ વિ૦ અચોક્કસ; (૨) + અદ્‌ભુત; અલૌકિક
અદમ્ય વિ૦ [સં.] દબાય નહિ કે દાબી ન શકાય એવું
અદય વિ૦ [સં.] નિર્દય. **૦તા** સ્ત્રી૦
અદ(-ધ)રકવું સ૦ ક્રિ૦ જુઓ અધરકવું
અદરસ પું૦ આદાનો રસ
અદરાવું અ૦ ક્રિ૦ 'આદરવું'નું કર્મણિ (૨) વિવાહ-સગાઈ થવી
અદર્શ વિ૦ [સં.] નહિ દેખાતું; ન દેખાય તેવું
અદર્શન ન૦ [સં.] ન દેખાવું તે (૨) લોપ
અદલ વિ૦ [अ.] બરાબર; ખરું; યથાર્થ. **૦તા** સ્ત્રી૦ ન્યાયીપણું. **૦ફદલ** વિ૦ શરીરે જાડું-ગોળમટોળ. **૦બદલ** અ૦ ફેરબદલ. **-લાબદલી** સ્ત્રી૦, **-લોબદલો** પું૦ ફેરબદલી
અદલ(-ળ) વિ૦ [સં.] દલ—પાંદડી વિનાનું (૨) જાડાઈ વિનાનું (૩) દાળ ન પડે એવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદવારકું અ૰ અબઘડી
અદળ વિ૰ જુઓ અદલ
અદંડ્ય વિ૰ [सं.] દંડી ન શકાય કે દંડવું ન ઘટે એવું
અદા સ્ત્રી૰ [फा.] અંગચેષ્ટા; નખરાં (૨) અભિનયની છટા; અંગવિન્યાસ; 'પોઝ' (૩) [अ.] પૂરું—ચૂકતે કરવું તે; પૂર્ણતા
અદા સ્ત્રી૰ અદાવત. ૰**ચિઠ્ઠી** સ્ત્રી૰ વેરનો કાગળ; જાસાચિઠ્ઠી
અદાતા વિ૰ (૨) પું૰ [सं.] દાન ન કરે તેવું; કૃપણ
અદાપ પું૰; ન૰, **-પો** પું૰ દુઃખ; બળાપો. ૰**વું** સ૰ ક્રિ૰ પીડવું
અદાયાદ વિ૰ [सं.] વારસ થવાના હક વિનાનું (૨) વારસ વિનાનું
અદાયિક વિ૰ [सं.] વારસ વિનાનું (૨) વારસાને નહિ લગતું
અદાર વિ૰ [सं.] સ્ત્રી વગરનું; વિધુર કે વાંઢો
અદાલત સ્ત્રી૰ [अ.] કોર્ટ; ઇન્સાફની કચેરી
અદાવત સ્ત્રી૰ [अ.] વેર. **-તિયું** વિ૰ અદાવત રાખનારું
અદાહ્ય વિ૰ [सं.] બળે નહિ કે બાળી ન શકાય તેવું
અદિતિ સ્ત્રી૰ [सं.] (સં.) દેવોની માતાનું નામ
અદિયો પું૰ ભેટ
અદીઠ(-ઠું) વિ૰ દીઠેલું નહિ તેવું; અદૃષ્ટ (૨) જોવાને [અયોગ્ય
અદીન વિ૰ [सं.] દીન નહિ તેવું; તેજસ્વી
અદીંટ વિ૰ દીંટા વિનાનું
અદુષ્ટ વિ૰ [सं.] દુષ્ટ નહિ તેવું
અદુઃખનવમી સ્ત્રી૰ [सं.] ભાદરવા સુદ નોમ, જ્યારે સ્ત્રીઓ [દેવીપૂજા કરે છે
અદૂગડું વિ૰ જુઓ અધૂકડું
અદૂડોમદૂડો પું૰ છોકરાંની એક રમત
અદૂરદર્શી વિ૰ [सं.] ટૂંકી દૃષ્ટિનું; લાંબો વિચાર નહિ કરનારું
અદૂષિત વિ૰ [सं.] દૂષિત નહિ એવું
અદૃઢ વિ૰ [सं.] દૃઢ નહિ એવું; અસ્થિર
અદૃશ્ય વિ૰ [सं.] દેખાય નહિ એવું; ગુપ્ત (૨) અલોપ. ૰**વિદ્યા** સ્ત્રી૰ ગુપ્ત રહેવાની કળા
અદૃષ્ટ વિ૰ [सं.] દીઠેલું-જણાયેલું નહિ તેવું (૨) ન૰ ભાગ્ય; નસીબ. ૰**પૂર્વ** વિ૰ પૂર્વે નહિ દેખાયેલું; તદ્દન નવીન. ૰**મત** પું૰ અદૃષ્ટવાદ. ૰**વશાત્** અ૰ દૈવયોગે. ૰**વાદ** પું૰ નસીબવાદ. ૰**વિદ્યા** સ્ત્રી૰ ભવિષ્ય જાણવાની વિદ્યા (૨) અદૃષ્ટ રહેવાની વિદ્યા; જાદુ. **-ષ્ટાર્થ** વિ૰ ગૂઢ અર્થવાળું (૨) આત્મજ્ઞાનને લગતું
અદૃષ્ટિ સ્ત્રી૰ [सं.] ખરાબ દૃષ્ટિ; ક્રોધભરેલી અથવા ઝેરી નજર
અદેખું, -ખિયું વિ૰ અદેખાઈવાળું. **-ખાઈ** સ્ત્રી૰ બીજાની સારી સ્થિતિ દેખી ન ખમાવાથી થતી દ્વેષની લાગણી; ઈર્ષ્યા
અદેય વિ૰ [सं.] આપી ન શકાતું કે ન આપવા જેવું
અદેહી વિ૰ [सं.] શરીર વિનાનું; અશરીરી
અદો પું૰ દાદો (૨) 'ઉદય હો ! જય હો !' એવા અર્થનો પોકાર. ૰**ભવાની** શ૰ પ્ર૰ ભવાનીનો-માતાનો ઉદય થાઓ! (૨) [ला.] હીજડો
અદોદળું વિ૰ (કા.) ચરબીથી જાડું થઈ ગયેલું; સ્થૂલ
અદોષ, -ષિત, -ષી વિ૰ [सं.] નિર્દોષ
અદ્દલ અ૰ અદલ; બરાબર
અદ્‌ભુત વિ૰ [सं.] આશ્ચર્યકારક; અલૌકિક (૨) ન૰ ચમત્કાર; આશ્ચર્ય. ૰**કથા** સ્ત્રી૰ અદ્‌ભુત બનાવો વર્ણવતી વાર્તા; 'રોમાન્સ'. ૰**કર્મા** વિ૰ અદ્‌ભુત કર્મ કરનાર. ૰**તા** સ્ત્રી૰. ૰**દર્શન** વિ૰ અદ્‌ભુત દેખાવવાળું. ૰**રસ** પું૰ કાવ્યના નવ રસોમાંનો એક
અદ્ય અ૰ [सं.] આજ (૨) હમણાં. ૰**તન** વિ૰ આજનું; વર્તમાન (૨) છેલ્લામાં છેલ્લું; 'અપ-ટુ-ડેટ'. **-દ્યાપિ** અ૰ હજુ પણ
અદ્રક ન૰ આદું
અદ્રવ વિ૰ [सं.] પ્રવાહી નહિ તેવું (૨) ઓગળે નહિ તેવું
અદ્રાવ્ય વિ૰ [सं.] ઓગાળી ન શકાય તેવું
અદ્રિ પું૰ [सं.] પર્વત. ૰**જ** વિ૰ પર્વતમાં ઊપજેલું. ૰**જા**, ૰**સુતા** સ્ત્રી૰ (સં.) હિમાલયની પુત્રી-પાર્વતી. ૰**પતિ**, ૰**રાજ** પું૰ (સં.) પર્વતોનો રાજા—હિમાલય. ૰**સાર** પું૰ લોખંડ
અદ્રોહ પું૰ [सं.] દ્રોહનો અભાવ. **-હી** વિ૰ દ્રોહી નહિ એવું. **-હ્ય** વિ૰ જેનો દ્રોહ ન કરવો જોઈએ વા ન કરી શકાય એવું
અદ્વય વિ૰ [सं.] અજોડ (૨) ન૰ એકતા
અદ્વિતીય વિ૰ [सं.] અજોડ; અનન્ય
અદ્વેષ વિ૰ [सं.] દ્વેષરહિત (૨) પું૰ દ્વેષનો અભાવ. ૰**તા** સ્ત્રી૰ દ્વેષરહિતપણું. **-ષ્ટા** વિ૰ દ્વેષ નહિ કરનાર
અદ્વૈત ન૰ [सं.] એકતા (૨) જીવાત્મા અને પરમાત્માની એકતા (૩) બ્રહ્મ. ૰**ભાવ** પું૰ ભેદબુદ્ધિનો અભાવ. ૰**મત** પું૰ અદ્વૈત૰ વાદ. ૰**વન** ન૰ (સં.) પુરાણોમાં આવતું એક કલ્પિત વન. ૰**વાદ** પું૰ જીવાત્મા અને પરમાત્મા એક જ છે એવો મત; જગતનું મૂળ તત્ત્વ એક જ છે એવો મત; વેદાંત. ૰**વાદી** વિ૰ (૨) પું૰ અદ્વૈતવાદમાં માનનાર. ૰**તાનંદ** પું૰ બ્રહ્માનંદ
અધ વિ૰ અર્ધ; અડધું (શબ્દની પૂર્વે સમાસમાં). ૰**કચરું** વિ૰ અડધું કચરેલું-ખૂંદેલું (૨) કાચુંપાકું (૩) [ला.] અર્ધદગ્ધ. ૰**કોસ** પું૰ અર્ધો કોસ; અધગાઉ. ૰**ખાયું** વિ૰ અડધું ખવાઈ ગયેલું (૨) ભેગવાળી (ધાતુ). ૰**ખોખરું** વિ૰ ફૂટેલું-કચરેલું. ૰**ખોલું** વિ૰ અડધું ઊઘડેલું. ૰**ગજ** પું૰ આશરે બાર ઇંચ. ૰**ગજી** વિ૰ અધગજ જેટલું. ૰**ગાઉ** પું૰ અડધો ગાઉ. ૰**ગારિયું** ન૰ માટીનું અને છાણનું મિશ્રણ. ૰**ઘડી** સ્ત્રી૰ અડધી ઘડી; થોડી વાર. ૰**ડૂકું** વિ૰ જુઓ અધૂકડું. ૰**પચું** વિ૰ અડધું પોચું; પાણીપોચું (૨) અડધું પચેલું. ૰**પડિયાળી** વિ૰ સ્ત્રી૰ અડધી મીંચેલી; મસ્તી ભરેલી (આંખ). ૰**બળ્યું** વિ૰ અડધું બળેલું (૨) અદેખું; કંકાસિયું. ૰**ભણ્યું** વિ૰ અધકચરા ભણતરવાળું; અર્ધદગ્ધ. ૰**ભાગ** પું૰ અડધો ભાગ. ૰**મણ** ન૰ મણનો અર્ધો ભાગ. ૰**મણિયું** વિ૰ જેમાં અર્ધો મણ માય તેવું (પાત્ર) (૨) અર્ધા મણના વજનનું. ૰**મણિયો** પું૰ અધમણનું કાટલું. ૰**મણીકો** પું૰ અધમણિયો. ૰**મૂઉં** વિ૰ અડધું મરેલું. ૰**મૂંડ્યું** વિ૰

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અડધું મૂંડેલું (૨)અડધું કરીને બાકી રહેલું. **૦રાત** સ્ત્રી૦ અડધી રાત. **૦રાતમધરાત** અ૦રાત્રે ખૂબ મોડે-ગમે તે વખતે (૨)અણીને વખતે. **૦વચ** સ્ત્રી૦ મધ્ય; વચ (૨)અ૦ મધ્યમાં;વચમાં(૨) પૂરું થતા પહેલાં. **૦વચરું** વિ૦વચ્ચે લટકતું (૨)અધવચ આવીને અટકેલું (૩) અધવધરું(૪) અધવચ વિકૃત થયેલું. **૦વચાળ** અ૦ જુઓ અધવચ. **૦વધરું** વિ૦ કાચી સમજવાળું; અર્ધદગ્ધ. **૦વાર** પું૦ અડધો વાર (માપ) (૨) અડધોઅડધ કરીને આપવું તે. **૦વારવું** અ૦ક્રિ૦ અડધું થવું (૨) સ૦ક્રિ૦ અડધોઅડધ કરવું. **૦વારિયું** વિ૦ અડધું કરેલું (૨) ન૦ જુઓ અધવારું. **૦વારું** ન૦ બે સ્થળે રહેવાનું રાખવું તે (૨)અડધે ભાગે ભાગિયો રાખવો તે. **૦વાલ** સ્ત્રી૦ અડધો વાલ. **૦વાલી** સ્ત્રી૦ ૧॥ રતીભારનું વજન-કાટલું(૨)અડધી પાલીનું એક માપ. **૦વાવર્યું** વિ૦ અડધું વાવરેલું-ખરચેલું. **૦સતું** વિ૦ અધમૂઉં. **૦સૂકું** અડધુંપડધું સુકાયેલું.

અધણિયાતું વિ૦ માલિક વિનાનું

અધધધ અ૦ આશ્ચર્ય અને બહુપણું દર્શાવનાર ઉદ્‌ગાર

અધન(-ની) વિ૦[સં.] નિર્ધન; પૈસા વિનાનું

અધન્ય વિ૦[સં.]ધન્ય નહિ એવું;અભાગી(૨)તુચ્છ. **૦તા** સ્ત્રી૦

અધમ વિ૦[સં.]નીચ; નઠારું; હલકટ (૨) ધિક્કારવા યોગ્ય. **૦તા** સ્ત્રી૦. **-માધમ** વિ૦ અધમમાં અધમ. **-મોદ્ધાર** પું૦ અધમનો-પાપીનો ઉદ્ધાર(૨)પાપીનો ઉદ્ધાર કરનારો -ઈશ્વર. **-મોદ્ધારક** વિ૦ પાપીનો ઉદ્ધાર કરનારું. **-મોદ્ધારણ** વિ૦પાપીને તારનારું(૨)ન૦પાપીને તારવો તે

અધર વિ૦ [સં.] નીચેનું (૨) પું૦ નીચલો હોઠ; હોઠ. **૦પાન** ન૦ અધરરસનું પાન; અધર પર ચુંબન. **૦મધુ** ન૦ અધરરસ. **૦રસ** પું૦અધરમાંથી ઝરતો રસ. **૦સુધા** સ્ત્રી૦, **-રામૃત** ન૦ અધરરસરૂપી અમૃત. **-રાંશ** પું૦ નીચેનો ભાગ. **-રો(-રૌ)ષ્ઠ** પું૦ નીચેનો હોઠ

અધ(-ધ્ધ)ર અ૦હવામાં લટકે એમ; ટેકા વિના;અનિશ્ચિત. **૦તાલ** વિ૦ લટકતું; અનિશ્ચિત

અધરકવું સ૦ક્રિ૦ આખરવું. **-ણ** ન૦ અખરામણ

અધરણ ન૦ આધાણ

અધરતું વિ૦ અધવચ બંધ પડેલું

અધરવટ અ૦ અંતરિયાળ

અધરાયું વિ૦ અતૃપ્ત

અધર્મ પું૦ [સં.]ધર્મ નહિ તે; પાપ; અનીતિ(૨)અન્યાય (૩) અકર્તવ્ય (૪) શ્રુતિસ્મૃતિ વિરુદ્ધ કર્મ કે વર્તન. **૦તા** સ્ત્રી૦. **-ર્માચરણ** ન૦, **-ર્માચાર** પું૦ધર્મ વિરુદ્ધ વર્તન. **-ર્માચારી** વિ૦ અધર્મી. **-ર્મી** વિ૦ધર્મવિરુદ્ધ વર્તનારું; પાપી. **-ર્મ્ય** વિ૦ અધર્મવાળું; ધર્મવિરુદ્ધ

અધવાયું વિ૦ ગાડાં ભાડે ફેરવનારું (૨) ન૦ તેવો ધંધો

અધ(-ધો)વાયો પું૦ગાડાં ભાડે ફેરવનાર (૨)ઢોરનો વેપારી

અધસ્ અ૦[સં.]જુઓ અધઃ. **૦સ્વસ્તિક** પું૦ બરાબર પગ નીચેનું આકાશબિંદુ(ખ.)

અધઃ [સં.]અ૦ નીચે. સમાસમાં નામ કે વિ૦ પૂર્વે 'નીચે' 'નીચેનું'' એવા અર્થમાં. **૦કાય** સ્ત્રી૦ શરીરનો નીચલો ભાગ. **૦પતન** ન૦જુઓ અધઃપાત. **૦પતિત** વિ૦અધોગતિને પામેલું. **૦પાત** પું૦નીચે પડવું તે (૨) અધોગતિ. **૦શય્યા** સ્ત્રી૦ જમીન પર પથારી કે સૂવું તે

અધાક વિ૦ ધાક-દાબ વિનાનું

અધાતુ સ્ત્રી૦[સં.]ધાતુ નહિ તે. **૦ક** વિ૦ ધાતુનું નહિ તેવું

અધાધંધ સ્ત્રી૦ જુઓ અંધાધૂંધી

અધાધુ(-ધૂ)ધ(-ધી) સ્ત્રી૦ જુઓ અંધાધૂંધી

અધાધૂ(-ધો)મ અ૦ સાવ; નરાતાળ

અધાધૂંધ(-ધી) સ્ત્રી૦ જુઓ અંધાધૂંધી

અધાધોમ વિ૦ અધાધૂમ

અધાર વિ૦ + આધાર વિનાનું (૨) અસહ્ય

અધાર્મિક વિ૦ [સં.]ધાર્મિક નહિ એવું. **૦તા** સ્ત્રી૦

અધાંધ વિ૦ અર્ધું-લગભગ આંધળું; ઝાંખું દેખતું

અધિ [સં.] ઉપસર્ગ. નામ પૂર્વે આવતાં 'મુખ્ય' 'શ્રેષ્ઠ' 'અધિક' એવો ભાવ બતાવે. ઉદા૦'અધિરાજ; અધિક્રમણ'

અધિક વિ૦ [સં.]વધારે; વધારાનું (૨) ન૦ એક નિગ્રહસ્થાન; હેતુ, વ્યાપ્તિ અને દૃષ્ટાંતથી જે સિદ્ધ થાય તેનાથી અધિક સિદ્ધ કરવું તે (ન્યા. શા.) (૩) અતિશયોક્તિ જેવો એક અલંકાર (કા. શા.). **૦તર** વિ૦ વિશેષ વધારે. **૦તા** સ્ત્રી૦. **૦તિથિ** સ્ત્રી૦ જેમાં બે સૂર્યોદય આવી જતા હોય તેવી તિથિ. **૦પાંસળિયું** વિ૦જુઓ અદકપાંસળિયું. **૦પ્રસંગ** પું૦ વધારેપડતો પ્રસંગ-પરિચય (૨) હદ બહારની છૂટ. **૦માસ** પું૦ વધારાનો મહિનો; પુરુષોત્તમ માસ. **-કાઈ** સ્ત્રી૦ અધિકતા; મોટાઈ. **-કાધિક** વિ૦ ઘણું વધારે. **-કાલંકાર** પું૦ જુઓ અધિક (કા. શા.). **-કાંગ** પું૦ વધારાનો અવયવ (૨) બખ્તર ઉપર બાંધવાનો પટો. **-કું** વિ૦અધિક (પ.). **-કોત્તર** વિ૦હદથી-શિરસ્તાથી વધારે (૨)અલૌકિક;વિલક્ષણ. **-કોત્સાર** પું૦'હાઇપરબોલા'(ગ.)

અધિકરણ ન૦[સં.]અધિકૃત કરવું તે (૨) સ્થાન; આશ્રય (૩)[વ્યા.] સાતમી વિભક્તિનો અર્થ

અધિકાર પું૦[સં.] સત્તા; હકૂમત (૨) પદવી (૩) પાત્રતા; લાયકાત (૪) હક (૫) પ્રકરણ (૬) [વ્યા.] મુખ્ય નિયમ, જે બીજા નિયમો પર અધિકાર ચલાવે છે(૭)શબ્દનો વાક્યમાં સંબંધ. **૦ભેદ** પું૦અધિકારનો ભેદ. **-રી** વિ૦પાત્ર;લાયક (૨) હકદાર (૩) પું૦ યોગ્યતાવાળો પુરુષ (૪) અમલદાર. **-રિતા** સ્ત્રી૦ અધિકારીપણું (૨) યોગ્યતા

અધિકૃત વિ૦[સં.]નીમેલું (૨) સત્તાવાળું (૩) સત્તાવાર. **-તિ** સ્ત્રી૦ અધિકાર

અધિકોત્તર વિ૦[સં.] જુઓ 'અધિક'માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિકોત્સાર પું૦[સં.] 'હાઇપરબોલા'(ગ.)
અધિક્રમણ ન૦[સં.]હુમલો; હલ્લો
અધિક્ષેપ પું૦[સં.]અપમાન; નિંદા; અપશબ્દ કહેવો તે
અધિગત વિ૦[સં.]જાણેલું (૨) મેળવેલું. **-મ** પું૦, **-મન** ન૦ પ્રાપ્તિ; લાભ(૨) અભ્યાસ; જ્ઞાન (૩) સ્વીકાર. **-મ્ય** વિ૦ જાણવા યોગ્ય (૨) મેળવવા યોગ્ય
અધિત્યકા સ્ત્રી૦[સં.]ઉચ્ચ પ્રદેશ; 'ટેબલલેન્ડ'
અધિદેવ પું૦[સં.]શ્રેષ્ઠ દેવ; પરમેશ્વર(૨) રક્ષક દેવ (૩) મુખ્ય અધિષ્ઠાતા દેવ. **૦તા** સ્ત્રી૦(૨)પું૦ બ૦વ૦ અમુક સ્થળ કે વસ્તુનો ખાસ દેવ કે દેવી; રક્ષક દેવ કે દેવી
અધિદૈવ,૦ત ન૦[સં.]મુખ્ય બળ; પ્રધાનશક્તિ
અધિનામી વિ૦ નામીઓમાં શ્રેષ્ઠ
અધિનાયક પું૦[સં.]મુખ્ય નાયક
અધિનેત્રી સ્ત્રી૦[સં.]સ્ત્રી-અધિનાયક
અધિપ પું૦[સં.]રાજા; ઉપરી; સૂબો [૦પણું ન૦
અધિપતિ પું૦[સં.] અધિપ (૨) વર્તમાનપત્ર ચલાવનાર.
અધિભૂત ન૦[સં.]શ્રેષ્ઠ-પરમ તત્ત્વ(૨) સકળ જડ સૃષ્ટિ
અધિમાંસ પું૦[સં.]એક જાતનો રોગ; 'કેન્સર'
અધિયજ્ઞ પું૦[સં.]શ્રેષ્ઠ યજ્ઞ (૨) યજ્ઞનો અધિષ્ઠાતા દેવ
અધિયારી સ્ત્રી૦ વહોરી લીધેલી મહેનત; પીડા [તે
અધિયારું ન૦ વિયાય ત્યાં સુધી ઢોરને પાલવવા ભાગે આપવું
અધિયું વિ૦ ઠોઠ; મૂરખ
અધિયોગ પું૦[સં.]ગ્રહોનો શુભ યોગ [સામ્રાજ્ય
અધિરાજ(-જા) પું૦[સં.]સમ્રાટ; રાજાનો રાજા. **-જ્ય** ન૦
અધિરૂઢ વિ૦[સં.]આરૂઢ થયેલું
અધિરોહણ ન૦[સં.]ચડવું તે(૨) ગાદીએ બેસવું તે
અધિવાસ પું૦[સં.] મુખ્ય રહેઠાણ (૨) ખુશબો (૩) 'અધિવાસન' જુઓ. **૦ન** ન૦ દેવની પ્રતિષ્ઠા કરવી તે (૨)શરીરે સુગંધી લગાવી વસ્ત્ર પહેરવાં તે
અધિવાસર પું૦[સં.]ઉત્સવનો દિવસ; તહેવાર
અધિષ્ઠાતા પું૦[સં.]મુખ્ય કરીને સ્થાપ્યા હોય તે (દેવ, રાજા, કારભારી વગેરે) (૨) નિયામક. **-ત્રી** સ્ત્રી૦ અધિષ્ઠાતા સ્ત્રી **-ન** ન૦મુખ્ય સ્થાન; રહેઠાણ(૨) આધાર(૩)સત્તા; પ્રભાવ
અધિષ્ઠિત વિ૦ સ્થાપેલું; નીમેલું (૨) ઉપરી થઈને રહેલું (૩) વસેલું
અધીત વિ૦[સં.]જાણેલું; ભણેલું (૨) ન૦ અધ્યયન
અધીન વિ૦ [સં.]વશ; તાબેદાર. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦
અધીર વિ૦[સં.]ઉતાવળું; ચંચળ(૨) સ્ત્રી૦ અધીરાઈ. **૦તા** સ્ત્રી૦. **-રા** વિ૦ સ્ત્રી૦ ધીરજ ખોઈ કોપ કરે તેવી (નાયિકા)
અધીરજ સ્ત્રી૦ધીરજનો અભાવ; અધીરાઈ [**-રાપણું** ન૦
અધીરું વિ૦ધીરજ ખોઈ બેઠેલું; અધીર. **-રપ,-રાઈ** સ્ત્રી૦,
અધીશ,-શ્વર પું૦[સં.] રાજાધિરાજ; સમ્રાટ(૨) ઈશ્વર
અધુધુ અ૦ અધધધ

અધુના [સં.] હમણાં
અધુસારવું અ૦ક્રિ૦(કા.)લગભગ અર્ધી મુદત વીતી જવી
અધૂકડું વિ૦ ઊભે પગે બેઠેલું કે બરાબર બેઠેલું નહિ તેવું
અધૂરું,-રિયું વિ૦ અપૂર્ણ
અધેડ વિ૦ આધેડ
અધેલી સ્ત્રી૦ અડધો રૂપિયો. **-લો** પું૦ અડધો પૈસો
અધૈર્ય ન૦[સં.]ધૈર્યનો અભાવ
અધો અ૦[સં.] અધઃ; નીચે(સમાસમાં). **૦ગત** વિ૦પતિત; અવનત(૨) નરકમાં પડેલું. **૦ગતિ** સ્ત્રી૦ અવનતિ; પડતી (૨)નરકમાં પડવું તે; અવગતિ. **૦ગામી** વિ૦ નીચે-પતન તરફ જનારું. **૦દૃષ્ટિ** સ્ત્રી૦ નીચી નજર. **૦દ્વાર** ન૦ ગુદા. **૦બિંદુ** ન૦ પગની નીચેનું બિંદુ. **૦મુખ** વિ૦ નીચા મોંવાળું (૨) ન૦ નીચું મોં. **૦લોક** પું૦નાગલોક; પાતાળ-લોક(૨) ઊતરતી પંક્તિના લોક. **૦વાયુ** પું૦અપાનવાયુ
અધોટિયું ન૦ શેરડીના રસની કોઠી અડધી કરવી તે
અધોટી સ્ત્રી૦ શેરડીનો ઉકાળેલો રસ [ચામડું
અધોડું ન૦ મૂએલા ઢોરના બદલામાં આપવામાં આવતું
અધોતું વિ૦ વપરાયેલું કે જીર્ણ(વસ્ત્ર)
અધોધ વિ૦નીચે ને નીચે ઊતરતું
અધોલ ન૦ પર્વતની તળેટી પાસેનો સપાટ પ્રદેશ
અધોવાયો પું૦ જુઓ અધવાયો [તેનું કાટલું
અધોળ ન૦ અઢી રૂપિયાભાર વજન. **-ળી** સ્ત્રી૦,**-ળું** ન૦
અધ્ધર,૦તાલ જુઓ 'અધ(-ધ્ધ)ર'માં. **૦પધ્ધર** અ૦તદ્દન અધ્ધર
અધ્યક્ષ પું૦[સં.]ઉપરી; મુખ્ય અધિકારી; પ્રમુખ. **૦પદ, ૦સ્થાન** ન૦ પ્રમુખપદ
અધ્યક્ષર પું૦[સં.]મુખ્ય અક્ષર; ઓમ્‌કાર
અધ્યયન ન૦[સં.]ભણવું તે
અધ્યવસાન ન૦[સં.]તાદાત્મ્ય; તદ્રૂપતા (કા.શા.)
અધ્યવસાય પું૦[સં.]પ્રયત્ન, મહેનત (૨) નિશ્ચય(૩) ખંત
અધ્યસ્ત વિ૦[સં.]આરોપિત; માની લીધેલું
અધ્યા,-ધ્યો પું૦ + અધ્યાય
અધ્યાત્મ વિ૦[સં.]આત્મા-પરમાત્મા સંબંધી (૨) ન૦ બ્રહ્મજ્ઞાન; આત્મજ્ઞાન. **૦જ્ઞાન** ન૦ બ્રહ્મજ્ઞાન. **૦યોગ** પું૦ મનની વૃત્તિઓને બાહ્ય પદાર્થોમાંથી પાછી ફેરવીને આ-ત્મામાં જોડવી તે. **૦વિદ્યા** સ્ત્રી૦ આત્મવિદ્યા; બ્રહ્મવિદ્યા. **૦શાસ્ત્ર** ન૦ અધ્યાત્મ, યોગ ઇત્યાદિનું શાસ્ત્ર. **-ત્મિક** વિ૦ અધ્યાત્મને લગતું; આધ્યાત્મિક. **-ત્મેન્દ્રિય** સ્ત્રી૦ આધ્યાત્મિક વિષયને સમજવાની ઇન્દ્રિય
અધ્યાપક પું૦[સં.]શિક્ષક; ગુરુ; 'પ્રોફેસર'
અધ્યાપન ન૦[સં.]ભણાવવું તે. **૦મંદિર** ન૦ શિક્ષકોને શિક્ષણશાસ્ત્રની તાલીમ આપવાની શાળા
અધ્યાપિકા સ્ત્રી૦[સં.]શિક્ષિકા; સ્ત્રી-અધ્યાપક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય પું૦[સં.]પ્રકરણ
અધ્યારી સ્ત્રી૦(ફા.)ફોગટની પંચાત; ખાલી માથાઝીક
અધ્યારુ પું૦ અધ્વર્યુ (૨) મહેતાજી; ગુરુ (૩) નોતરિયો (૪) પારસીઓનો ધર્મગુરુ (૫) એક અટક
અધ્યારૂઢ વિ૦[સં.]ઊંચે ચડેલું (૨) શ્રેષ્ઠ
અધ્યારોપ પું૦,૦ણ ન૦ [સં.] ન હોય તેવા ગુણધર્મોનું આરોપણ કરવું તે (૨) ભૂલભરેલું જ્ઞાન
અધ્યારોહણ ન૦[સં.]ઊંચે ચડવું તે
અધ્યાસ પું૦[સં.]જુઓ અધ્યારોપ(૨)મિથ્યા આરોપણ. ૦વું સ૦ ક્રિ૦ અધ્યાસ કરવો
અધ્યાહરણ ન૦, **અધ્યાહાર** પું૦ [સં.]અર્થ સમજવા અનુક્ત પદ અથવા અર્થનું ઉમેરવું–લાવવું તે
અધ્યાહૃત વિ૦[સં.]અધ્યાહાર રાખેલું
અધ્યેતા પું૦[સં.] વિશિષ્ટ વિદ્યાભ્યાસ કે સંશોધન માટે વિદ્યાપીઠ તરફથી અમુક વેતન સાથે ચૂંટાયેલો સ્નાતક(૨) વિદ્વાનોના મંડળનો સભ્ય; 'ફેલો'. –ત્રી સ્ત્રી૦સ્ત્રી-અધ્યેતા
અધ્રુવ વિ૦[સં.]અસ્થિર [[સં.]મુસાફર
અધ્વ પું૦રસ્તો. ૦ખેદ પું૦[સં.]મુસાફરીનો થાક.૦ગ પું૦
અધ્વર પું૦[સં.]યજ્ઞ. –ર્યુ પું૦યજ્ઞક્રિયા કરાવનાર યજુર્વેદ જાણનારો બ્રાહ્મણ
અધ્વા પું૦[સં.] માર્ગ; અધ્વ [જ્ઞાનનો અભાવ
અધ્વાંત ન૦[સં.]અંધારાનો અભાવ; આછો પ્રકાશ(૨)
અન્ [સં.]સ્વરથી શરૂ થતા શબ્દની પૂર્વે અભાવ, નકાર કે નિષેધ ઇત્યાદિ બતાવવા વપરાતો પૂર્વગ. (જુઓ અ)
અનક્ષર વિ૦ [સં.] બોલી ન શકે એવું; મૂગું (૨) નિરક્ષર; અભણ (૩) ન બોલવા યોગ્ય
અનગળ વિ૦ અનર્ગળ (૨) અણગળ
અનગાર,–રિક વિ૦[સં.]ઘર વિનાનું(૨)પું૦સાધુ;સંન્યાસી
અનગ્નિ પું૦[સં.] અગ્નિનો અભાવ (૨) વિ૦ અગ્નિહોત્રી નહિ તેવું (૩) સંન્યાસી (૪) અગ્નિમાંદ્યથી પીડાતું
અનઘ વિ૦[સં.] અઘ–પાપ વિનાનું; નિષ્પાપ; દોષરહિત
અનત વિ૦[સં.]નત–નમેલું નહિ એવું [નથ વિનાનું
અનથ વિ૦ નાથ્યા વિનાનું; નિરંકુશ (૨)વીંધાવ્યા વિનાનું(૩)
અનઘડ વિ૦ અણઘડ; અસંસ્કારી
અનદ્યતન વિ૦[સં.]અદ્યતન–આજનું નહિ એવું
અનધિકારી વિ૦[સં.]અધિકાર વિનાનું; અપાત્ર
અનધિકૃત વિ૦[સં.]અન્+અધિકૃત
અનધ્યાય પું૦[સં.]અભ્યાસમાંથી છુટ્ટી
અન(–ને)નાસ ન૦[પો.]એક ફળ
અનનુકૂલ(–ળ) વિ૦[સં.]અનુકૂળ નહિ એવું; પ્રતિકૂળ
અનનુનાસિક વિ૦[સં.]અનુનાસિક નહિ તેવું
અનન્ય વિ૦[સં.]અન્ય–જુદું નહિ તેવું (૨) અજોડ (૩) એકનિષ્ઠ. ૦ગતિ સ્ત્રી૦ એક જ માર્ગ. ૦ગતિક વિ૦ અનન્ય ગતિવાળું. ૦ચિત્ત વિ૦ જેનું ચિત્ત એક જ લક્ષ્યમાં લાગેલું છે તેવું (૨)ન૦ એકાગ્ર ચિત્ત. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ અનન્યપણું. ૦ભાવ પું૦ અનન્યતા (૨) એક (ઈશ્વર) ઉપર જ ભક્તિ હોવી તે. ૦યોગ પું૦ અજોડ સંબંધ (૨) સારામાં સારા શુકન. ૦સાધારણ વિ૦ બીજા કોઈને ન મળે એવું; દુર્લભ
અનન્વય પું૦[સં.]અન્વય–સંબંધનો અભાવ(૨) [કા. શા.]જેમાં ઉપમેયની અસામાન્યતા દર્શાવવા એની જ ઉપમા અપાયેલી હોય તે અલંકાર
અનન્વિ(–ન્વી)ત વિ૦[સં.]અસંબદ્ધ (૨) ખોટું
અનપત્ય વિ૦[સં.] અપત્ય વિનાનું; વાંઝિયું
અનપેક્ષ વિ૦[સં.]અપેક્ષારહિત; લાલસા વિનાનું (૨) કશા પણ સંબંધોથી પર; 'ઍબ્સોલ્યૂટ'. ૦તા સ્ત્રી૦
અનપેક્ષા સ્ત્રી૦[સં.] અપેક્ષા ન હોવી તે. –ક્ષિત વિ૦ અપેક્ષિત નહિ એવું; વણમાગ્યું. –ક્ષી વિ૦ અનપેક્ષ
અનપેત વિ૦[સં.]દૂર નહિ એવું [અજાણપણું; મૂઢતા
અનભિજ્ઞ વિ૦[સં.]અજાણ(૨)મૂઢ. ૦તા સ્ત્રી૦, –જ્ઞાન ન૦
અનભિમાનિતા સ્ત્રી૦[સં.]અભિમાનરહિતપણું; નમ્રતા
અનભિહિત વિ૦[સં.]અભિહિત નહિ એવું
અનભે વિ૦+નિર્ભય. ૦વાદી વિ૦ નીડર વાણી બોલનારું
અનભ્યસ્ત વિ૦[સં.] મહાવરા વિનાનું (૨) નહિ ભણાયેલું
અનભ્યાસ પું૦[સં.]અભ્યાસનો અભાવ
અનભ્ર વિ૦[સં.]વાદળાં વગરનું; સ્વચ્છ
અનમડ્યું વિ૦ અપ્રિય; નહિ ગોઠતું (૨) જુઓ અણમઠ્યું
અનમતું વિ૦ અન્યમતું
અનમી વિ૦ અણનમ
અનમ્ર વિ૦[સં.]નમ્ર નહિ એવું; ઉદ્ધત [અન્યાયી; દુષ્ટ
અનય પું૦[સં.]અનીતિ; અન્યાય (૨) આફત (૩) વિ૦
અનર પું૦[સં.]નર નહિ એવું; વ્યંઢળ
અનરતું વિ૦ નરતું નહિ એવું; સારું
અનરથ પું૦+અનર્થ; ખોટી વાત
અનરાધાર વિ૦ મૂશળધાર
અનર્ગણ વિ૦+અપાર; ખબ; અગણ્ય [પાર; પુષ્કળ
અનર્ગલ(–ળ) વિ૦[સં.]રુકાવટ–અંકુશ વિનાનું (૨) અ-
અનર્ઘ્ય વિ૦[સં.]અમૂલ્ય (૨) પૂજાને યોગ્ય નહિ એવું
અનર્થ પું૦[સં.]ખોટો અર્થ (૨) ખોટું કામ (૩) જુલમ. ૦ક વિ૦ નિરર્થક. ૦વાદ પું૦ ખોટા–અનર્થક અર્થ-શાસ્ત્રનો વાદ [પંખી
અનલ(–ળ) પું૦[સં.]અગ્નિ (૨) ગુસ્સો (૩) એક કલ્પિત
અનલસ વિ૦[સં.]આળસ–મંદતા વિનાનું; સ્ફૂર્તિવાળું
અનલહક(–ક઼) શ૦પ્ર૦ [अ.](હું હક–ખુદા છું) 'अहं ब्रह्मास्मि' જેવું સૂફી મહાવાક્ય
અનવચ્છિન્ન વિ૦[સં.]અન્+અવચ્છિન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનવચ્છેદ પું૦[સં.] અવચ્છેદનો અભાવ [સ્ત્રી૦
અનવદ્ય વિ૦[સં.]અનિંદિત;સુંદર;ખોડખામી વિનાનું.૦તા
અનવરત વિ૦[સં.]સતત; નિરંતર
અનવલંબન વિ૦[સં.]અવલંબન વિનાનું
અનવસર પું૦[સં.]કવખત
અનવસ્થા સ્ત્રી૦[સં.]અવ્યવસ્થા; ગોટાળો(૨)[ન્યા.]નિર્ણય અથવા છેડો ન આવે એવાં વિધાનો–કથનોની પરંપરા (એક હેત્વાભાસ). **૦દોષ** પું૦ અનવસ્થાયુક્ત તર્કદોષ. **–સ્થિત** વિ૦ અસ્થિર
અનશન ન૦[સં.] ઉપવાસ; આહાર બંધ કરવો તે. **૦વ્રત** ન૦ મરણ પર્યંત ઉપવાસ કરવાનું વ્રત
અનશ્વ પું૦[સં.]અશ્વ નહિ તે(૨)ગધેડો
અનશ્વર વિ૦[સં.]નિત્ય; સ્થાયી [ઋષિની પત્ની
અનસૂયા સ્ત્રી૦[સં.]અસૂયા–દ્વેષનો અભાવ(૨)(સં.)અત્રિ
અનસ્ત વિ૦[સં.]અસ્ત વિનાનું
અનસ્થ,–સ્થિક વિ૦[સં.]અસ્થિ–હાડકાં વિનાનું
અનહદ વિ૦બેહદ(૨)+અનાહત. **૦નાદ** પું૦ અનાહતનાદ
અનળ પું૦ જુઓ અનલ
અનહિત ન૦ અહિત; અણહિત
અનંક વિ૦[સં.]અસંખ્ય [(સં.)મહાદેવ
અનંગ વિ૦[સં.]અંગ વિનાનું(૨)પું૦(સં.)કામદેવ.**૦શત્રુ** પું૦
અનંત વિ૦[સં.]અપાર(૨)પું૦(સં.)વિષ્ણુ; રુદ્ર; બ્રહ્મા (૩)શેષનાગ(૪)બળરામ(૫)આકાશ(૬)જૈનોનો ચૌદમો તીર્થંકર. **૦કોટિ(–ટી)** વિ૦ અસંખ્ય. **૦ચતુર્દશી, ૦ચૌદશ(–સ)** સ્ત્રી૦ ભાદરવા સુદ ચૌદશ. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦ અપારપણું. **૦દોરો** પું૦ અનંતચૌદશને દિવસે જમણે હાથે બાંધવામાં આવતો ચૌદ ગાંઠવાળો રેશમી દોરો. **૦બાહુ** વિ૦ અસંખ્ય હાથવાળું. **૦મૂલ** ન૦ એક ઔષધિ; ઉપલસરી. **૦રાશિ** પું૦ બહુરાશિ(ગ.). **૦રૂપ** વિ૦ અનંત રૂપવાળું. **૦વીર્ય** વિ૦ અતુલ બળવાળું. **૦વ્રત** ન૦ અનંતચૌદશે પળાતું વ્રત. **૦શ્રેણિ(–ણી)** સ્ત્રી૦ અનંત પદોવાળી શ્રેણી; 'ઇન્ફિનિટ સિરીઝ' [ગ.]. **–તા** સ્ત્રી૦ પૃથ્વી(૨) પાર્વતી (૩) એક ઔષધિ; ગળો. **–ત્ય** વિ૦ અંત્ય–છેલ્લું નહિ એવું [બાદ
અનંતર વિ૦ [સં.] નજીકનું; પછીનું (૨) અ૦ પછી; ત્યાર
અનંતરાય વિ૦[સં.] અંતરાય વિનાનું; નિર્વિઘ્ન
અનાકર્ષક વિ૦[સં.]આકર્ષક–મોહક નહિ તેવું
અનાકાર વિ૦[સં.]આકાર વિનાનું
અનાગત વિ૦[સં.]અત્યાર સુધી નહિ આવેલું; ભવિષ્યમાં આવનારું–થનારું. **૦વિધાતા** પું૦ અનાગત વિષે સાવધ પુરુષ; અગમચેતીવાળો માણસ
અનાગમન ન૦[સં.]આવવું નહિ તે
અનાગરત્વ ન૦[સં.]નાગરત્વનો અભાવ
અનાગામી વિ૦ [સં.] આગામી નહિ તેવું (૨) બૌદ્ધમત પ્રમાણે ચારમાંની ત્રીજી ભૂમિકાએ પહોંચેલું
અનાગાર,–રિક વિ૦(૨)પું૦ [સં.] જુઓ અનગાર
અનાચ ન૦ અનૂચ; સીતાફળ (સુ.)
અનાચાર પું૦[સં.]દુરાચાર; અધર્મ. **–રી** વિ૦ દુરાચારી
અનાજ ન૦ ધાન્ય; દાણા
અનાજ્ઞેય વિ૦[સં.]આજ્ઞા ન કરી શકાય એવું
અનાડ પું૦ બગાડ (૨) અડચણ
અનાડંબર વિ૦[સં.]આડંબર વિનાનું [વર્તન
અનાડી વિ૦મૂર્ખ; ગમાર. **૦વેડા** પું૦બ૦વ૦ અનાડી જેવું
અનાત્મ વિ૦[સં.]આત્મા વિનાનું; જડ(૨)પું૦ આત્મા નહિ તે–નાશવંત દેહ. **૦ધર્મ** પું૦અનાત્મનો ધર્મ. **૦વાદ** પું૦ જડવાદ. **૦વાદી** વિ૦તેમાં માનનાર. **–ત્મા** પું૦અજ્ઞાની પુરુષ
અનાથ વિ૦[સં.] નિરાધાર(૨)સ્ત્રી૦+દળદર. **૦તા** સ્ત્રી૦, **૦પણું** ન૦ દારિદ્રય. **–થાલય** ન૦, **–થાશ્રમ** પું૦; ન૦ અનાથોને પાળીપોષી કેળવનાર સંસ્થા (૨) નિરાધારોને રહેવાખાવાનું સ્થાન (તિરસ્કારમાં)
અનાથ્યું વિ૦ નાથ્યા વિનાનું; નિરંકુશ [યોગ્ય
અનાદર પું૦[સં.]અવજ્ઞા; અપમાન. **૦ણીય** વિ૦ અનાદર
અનાદિ વિ૦[સં.]આદિરહિત(૨)પહેલું નહિ એવું. **૦ત્વ** ન૦. **૦મધ્યાંત** વિ૦ આદિ, મધ્ય કે અંત વિનાનું. **૦સિદ્ધ** વિ૦ અનાદિ કાળથી સ્થાપિત થયેલું. **–દ્યંત** વિ૦ આદિ કે અંત વિનાનું; સનાતન
અનાદૃત વિ૦[સં.]અનાદર પામેલું; અપમાનિત
અનાધાર વિ૦[સં.]આધાર વિનાનું; નિરાધાર; અનાથ
અનામ વિ૦[સં.]નામ વિનાનું; નનામું (૨) નામના વગરનું (૩) અવર્ણનીય; ઉત્તમ (૪)પું૦ પરમેશ્વર
અનામત વિ૦ સાચવી રાખવા સોંપેલું (૨) સ્ત્રી૦; ન૦ અનામત વસ્તુ; થાપણ. **–તી** વિ૦ અનામતને લગતું
અનામય વિ૦[સં.]નીરોગી(૨) ન૦ આરોગ્ય. **૦ત્વ** ન૦
અનામિક વિ૦[સં.]નનામું (૨) પું૦ અંત્યજ. **–કા** સ્ત્રી૦ ટચલી આંગળી પાસેની આંગળી (૨) વીંટી
અનામિષ વિ૦[સં.]આમિષ–માંસ વિનાનું; નિરામિષ
અનામી વિ૦ (૨)પું૦ જુઓ અનામ(૩) સ્ત્રી૦ ઠાઠડી
અનાયક વિ૦ [સં.]નાયક વિનાનું; અવ્યવસ્થિત
અનાયાસ પું૦[સં.]આયાસ–શ્રમનો અભાવ(૨)આળસ (૩)સહેલાઈ; સુગમતા(૪)કરાર; આરામ (૫) વિ૦ મહેનત વિનાનું; સહેલું. **–સે** અ૦ વિના મહેનત; સહેજે
અનાર ન૦ [फा.]દાડમ(૨) દાડમના ઘાટની દારૂખાનાની કોઠી. **૦કળી** સ્ત્રી૦ દાડમની કળી
અનારત વિ૦[સં.]અવિરત; નિરંતર
અનારસું ન૦ એક પકવાન
અનારંભ પું૦ [સં.]આરંભ ન કરવો તે; અપ્રવૃત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનારોગ્ય ન૦ [સં.] માંદગી (૨) વિ૦ રોગી
અનાર્દ્ર વિ૦ [સં.] આર્દ્ર નહિ એવું
અનાર્ય વિ૦ [સં.] અસભ્ય (૨) આર્યને અનુચિત (૩) પું૦ આર્ય નહિ તે–મ્લેચ્છ; યવન
અનાલાપ પું૦ [સં.] મૌન; ઓછાબોલાપણું
અનાવડ(૦ત) સ્ત્રી૦ આવડતનો અભાવ; અજ્ઞાન
અનાવર્તી વિ૦ [સં.] ફરી ફરી ન આવે તેવું
અનાવલા વિ૦ અનાવિલ જ્ઞાતિનું. **–લો** પું૦ એવો પુરુષ
અનાવશ્યક વિ૦ [સં.] આવશ્યક નહિ એવું; બિનજરૂરી
અનાવિદ્ધ વિ૦ [સં.] અણવીંધ્યું [જ્ઞાતિનું
અનાવિલ વિ૦ [સં.] દોષરહિત; સ્વચ્છ (૨) એ નામની
અનાવૃત વિ૦ [સં.] ઢાંકયા વિનાનું; ઉઘાડું (૨) અરક્ષિત
અનાવૃત્ત વિ૦ [સં.] ફરી પાછું ન ફરેલું. **–ત્તિ** સ્ત્રી૦ ફરીપાછા ન આવવું–થવું તે (૨) ફરી જન્મ ન થવો તે; મુક્તિ
અનાવૃષ્ટિ સ્ત્રી૦ [સં.] વરસાદ નહિ પડવો તે (૨) દુકાળ
અનાશ્રમી વિ૦ [સં.] ચાર આશ્રમ પૈકી એકેનું નહિ એવું
અનાશ્રિત વિ૦ [સં.] આશ્રિત નહિ એવું; નિરાધાર
અનાસર ન૦ ઇસ્લામ પ્રમાણેનાં આતસ, પાણી, પવન અને પૃથ્વી એ ચાર મૂળતત્ત્વો
અનાસાદ્ય વિ૦ [સં.] અપ્રાપ્ય [વિ૦ અનાસ્થાવાળું
અનાસ્થા સ્ત્રી૦ [સં.] આસ્થાનો અભાવ; અશ્રદ્ધા. **–સ્થિક**
અનાસ્રવ વિ૦ [સં.] આસ્રવ વગરનું; અનાસક્ત (જૈન)
અનાહત વિ૦ [સં.] નહિ મારેલું (૨) ન પહેરેલું; નવું (૩) આઘાત વિના એની મેળે થતો (ધ્વનિ). **૦નાદ** પું૦ યોગીઓને સંભળાતો એક ધ્વનિ
અનાહાર પું૦ [સં.] આહાર ન કરવો તે; ઉપવાસ. **–રી** વિ૦ ઉપવાસી (૨) [જૈન] આહારમાં ન ગણાય એવી (વસ્તુ)
અનાહાર્ય વિ૦ [સં.] હરી ન શકાય એવું
અનાહૂત વિ૦ [સં.] અણબોલાવ્યું (૨) અ૦ ફાંસુ; નાહક
અનાળ સ્ત્રી૦ ખોરાકપાણી જવાની નાળ નહિ તે
અનિકેત વિ૦ [સં.] ઘર વિનાનું
અનિધા સ્ત્રી૦ નિધા નહિ તે; અવકૃપા
અનિચ્છ વિ૦ [સં.] ઇચ્છા વિનાનું; નિઃસ્પૃહ (૨) નાખુશ. **–ચ્છા** સ્ત્રી૦ ઇચ્છાનો અભાવ (૨) નાખુશી. **–ચ્છિત** વિ૦ ન ઇચ્છેલું. **–ચ્છુ(૦ક)** વિ૦ જુઓ અનિચ્છ
અનિત્ય વિ૦ [સં.] અધ્રુવ; નશ્વર (૨) [ગ.] વિકારી; 'વેરિયેબલ'. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦ [અભાવ (૨) એનો રોગ
અનિદ્ર વિ૦ [સં.] નિદ્રા વિનાનું; જાગતું. **–દ્રા** સ્ત્રી૦ ઊંઘનો
અનિભૃત વિ૦ [સં.] અસ્થિર; અશાંત; ચંચળ
અનિમિત્ત વિ૦ [સં.] કારણ વિનાનું (૨) ન૦ અપશુકન
અનિમિ(–મે)ષ વિ૦ [સં.] પલકારા વિનાનું; સ્થિર (૨) જેની આંખ ઊઘડે કે મીંચાય નહિ તેવું (ઇંદ્રાદિ દેવ, માછલું ઇત્યાદિ) [અવ્યવસ્થા (૨) અસંયમ
અનિયત વિ૦ [સં.] અનિયંત્રિત (૨) અનિશ્ચિત. **–તિ** સ્ત્રી૦
અનિયમ પું૦ [સં.] નિયમનો અભાવ; અવ્યવસ્થા. **–મિત** વિ૦ નિયમિત નહિ એવું. **–મિતતા** સ્ત્રી૦, **૦મિતપણું** ન૦
અનિયંત્રિત ન૦ [સં.] નિયંત્રિત નહિ તેવું (૨) નિરંકુશ
અનિરુદ્ધ વિ૦ [સં.] રોકેલું–રોકાયેલું નહિ તેવું (૨) પું૦ (સં.) શ્રીકૃષ્ણનો પૌત્ર
અનિર્ણય પું૦ [સં.] નિર્ણયનો અભાવ; અનિશ્ચિતપણું
અનિર્ણીત વિ૦ [સં.] નિર્ણીત નહિ એવું
અનિર્દિષ્ટ વિ૦ [સં.] નિર્દિષ્ટ નહિ એવું
અનિર્દેશ પું૦ [સં.] નિર્દેશનો અભાવ
અનિર્દેશ્ય વિ૦ [સં.] નિર્દેશ્ય નહિ તેવું
અનિર્વચનીય, અનિર્વાચ્ય વિ૦ [સં.] અવર્ણનીય
અનિલ પું૦ [સં.] પવન
અનિવાર(–ર્ય) વિ૦ [સં.] નિવારી ન શકાય તેવું
અનિશ્ચય પું૦ [સં.] નિશ્ચયનો અભાવ. **૦વાચક** વિ૦ અનિશ્ચય બતાવનારું
અનિશ્ચિત વિ૦ [સં.] નિશ્ચિત નહિ એવું. **૦તા** સ્ત્રી૦, **૦પણું** ન૦
અનિષિદ્ધ વિ૦ [સં.] નિષિદ્ધ નહિ એવું
અનિષ્ટ વિ૦ [સં.] નહિ ઇચ્છેલું (૨) નહિ ઇચ્છવાજોગ; બૂરું (૩) ન૦ ભૂંડું. **૦કર** વિ૦ અનિષ્ટ કરનારું. **૦શંકા** સ્ત્રી૦ ખોટું થશે એવી શંકા. **–ષ્ટાપત્તિ** સ્ત્રી૦ નહિ ઇચ્છેલું આવી પડવું તે (૨) 'રિડકશો એડ એબ્સર્ડમ' (ગ.)
અનિંદિત વિ૦ [સં.] નહિ નિંદાયેલું (૨) સુંદર; શ્રેષ્ઠ
અનિંદ્ય વિ૦ [સં.] નહિ નિંદવા યોગ્ય; નિર્દોષ (૨) સુંદર
અનીક ન૦ [સં.] લશ્કર (૨) યુદ્ધ
અનીઠ વિ૦ અખૂટ; અપાર (૨) અશુભ; અભદ્ર
અનીતિ સ્ત્રી૦ [સં.] નીતિ નહિ તે; દુરાચરણ; પાપ (૨) અન્યાય. **૦માન** વિ૦ અનીતિવાળું
અનીપ્સિત વિ૦ [સં.] અનિચ્છિત [૦પણું ન૦
અનીશ વિ૦ [સં.] ઉપરી વિનાનું (૨) અસમર્થ. **૦તા** સ્ત્રી૦,
અનીશ્વર વિ૦ [સં.] ઈશ્વર વિનાનું (૨) ઈશ્વરમાં ન માનનારું. **૦વાદ** પું૦ ઈશ્વર નથી એવો વાદ. **૦વાદી** વિ૦ અનીશ્વરવાદમાં માનનારું
અનુ [સં.] ઉપસર્ગ. (૧) 'પછી, પાછળ', 'સાથે, સાથેસાથે', '-ને મળતું, -ને ગોઠતું' એવો અર્થ બતાવે. ઉદા૦ અનુગામી; અનુકંપા; અનુરૂપ વગેરે. (૨) નામ પૂર્વે 'વારંવાર' અર્થમાં. ઉદા૦ અનુશીલન. અથવા અવ્યયીભાવ સમાસમાં 'પ્રત્યેક', 'ક્રમશઃ' એવા અર્થમાં. ઉદા૦ અનુદિન; અનુલક્ષણ
અનુકરણ ન૦ [સં.] નકલ. **૦વાચક** વિ૦ અનુકરણ બતાવનારું. **૦વાદ** પું૦ કલા એ અનુભવનું અનુકરણ છે એવો વાદ. **૦શબ્દ** પું૦ 'ધબધબ'; 'બડબડ' ઇત્યાદિ જેવો અનુકરણનો–રવાનુકારી શબ્દ. **૦શીલ** વિ૦ અનુકરણ કરવાના વલણવાળું. **–ણિયું** વિ૦ અનુકરણ કરનારું. **–ણીય** વિ૦ અનુકરણ કરવા યોગ્ય. **–ણું** સ૦ક્રિ૦ અનુકરણ કરવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी

અનુકર્ષણ ન૦ [સં.] આકર્ષણ (૨) [વ્યા.] પૂર્વ વાક્યમાં આવી ગયેલા પદનું પછીના વાક્યમાં અન્વય માટે આકર્ષણ

અનુકલ્પ પું૦ [સં.] મુખ્ય કલ્પની અવેજીમાં વિહિત કલ્પ-આજ્ઞા; ગૌણ કલ્પ

અનુકંપક વિ૦ [સં.] અનુકંપા રાખનારું

અનુકંપવું અ૦ ક્રિ૦ અનુકંપાથી દ્રવવું; દયા આવવી

અનુકંપા સ્ત્રી૦ [સં.] દયા; સહાનુભૂતિ

અનુકાર પું૦ [સં.] અનુકરણ (૨) વિ૦ અનુકારક. **૦ક,-રી** વિ૦ અનુકરણ કરનાર; નકલિયું

અનુકીર્તન ન૦ [સં.] કહેવું-જાહેર કહેવું તે

અનુકૂલ(-ળ) વિ૦ [સં.] પોતાની તરફનું; બંધબેસતું; ફાવતું (૨) હિતકર; માફક; રુચતું. **૦તા** સ્ત્રી૦

અનુકૃત વિ૦ [સં.] અનુકરેલું. **-તિ** સ્ત્રી૦ અનુકરણ; નકલ

અનુકોણ પું૦ [સં.] 'કોરસ્પોન્ડિંગ ઍન્ગલ' (ગ.)

અનુક્ત વિ૦ [સં.] નહિ કહેવાયેલું (૨) [વ્યા.] તેવું (પદ) (૩) અસાધારણ; અપૂર્વ. **૦તા** સ્ત્રી૦. **-ક્તિ** સ્ત્રી૦ન કહેવું તે

અનુક્રમ પું૦ [સં.] એક પછી એક આવવું તે; ક્રમ (૨) પદ્ધતિ; રચના (૩) એક અર્થાલંકાર (૪) વ્યવસ્થા; નિયમ (૫) કાયદો; ધારો (૬) આચાર; રિવાજ. **૦ણિકા,૦ણી** સ્ત્રી૦ સાંકળિયું. **-માંક** પું૦ ક્રમ પ્રમાણે આવતો અંક

અનુક્રિયા સ્ત્રી૦ [સં.] અનુકૃતિ

અનુક્ષણ અ૦ [સં.] ક્ષણે ક્ષણે

અનુગ વિ૦ [સં.] પાછળ ચાલનારું (૨) પું૦ અનુચર. **૦ત** વિ૦ પાછળ ગયેલું. **૦મ** પું૦ જુઓ અનુગમન (૨) આચારવિચારશ્રદ્ધાદિની અમુક પ્રણાલિકા; 'રિલિજ્યન'. **૦મન** ન૦ પાછળ જવું તે; અનુસરણ (૨) પતિની પાછળ સતી થવું તે. **-ગામી** વિ૦ અનુગમન કરનારું; અનુયાયી

અનુગુણ વિ૦ [સં.] મળતા ગુણવાળું; અનુરૂપ

અનુગૃહીત વિ૦ [સં.] અનુગ્રહ પામેલું

અનુગ્ર વિ૦ [સં.] ઉગ્ર નહિ એવું; શાંત; સૌમ્ય

અનુગ્રહ પું૦ [સં.] કૃપા (૨) ઉપકાર

અનુગ્રાહ્ય વિ૦ [સં.] અનુગ્રહ કરવા યોગ્ય

અનુચર પું૦ [સં.] પાછળ ચાલનારો; ચાકર. **-રી** સ્ત્રી૦

અનુચારક પું૦ [સં.] અનુચર. **અનુચારિકા** સ્ત્રી૦ અનુચરી

અનુચિત વિ૦ [સં.] અયોગ્ય

અનુચિંત(૦વ)ન ન૦ [સં.] વિચાર (૨) સ્મરણ (૩) કાળજી

અનુચ્ચરિત વિ૦ [સં.] નહિ ઉચ્ચારેલું; અનુક્ત

અનુજ વિ૦ [સં.] પછી જન્મેલું (૨) પું૦ નાનો ભાઈ **-જા** વિ૦ સ્ત્રી૦ પાછળ જન્મેલી (૨) સ્ત્રી૦ નાની બહેન

અનુજીવી વિ૦ [સં.] આશ્રિત

અનુજ્ઞા સ્ત્રી૦ [સં.] પરવાનગી. **૦ત** વિ૦ અનુજ્ઞા પામેલું. **૦પન** ન૦ અનુજ્ઞા આપવી તે

અનુતપ્ત વિ૦ [સં.] પશ્ચાત્તાપથી બળતું

અનુતાપ પું૦ [સં.] પશ્ચાત્તાપ; પસ્તાવો

અનુત્તમ વિ૦ [સં.] શ્રેષ્ઠ (૨) અધમ

અનુત્તર વિ૦ [સં.] નિરુત્તર; ઉત્તર વિનાનું; ચૂપ (૨) જેનો ઉત્તર નથી કે ન આપી શકાય તેવું (૩) શ્રેષ્ઠ; ઉત્તમ

અનુત્પત્તિ સ્ત્રી૦ [સં.] ઉત્પત્તિનો અભાવ. **-ન્ન** વિ૦ ઉત્પન્ન નહિ એવું

અનુત્પાદક વિ૦ [સં.] ઉત્પાદક નહિ એવું

અનુત્સાહ પું૦ [સં.] ઉત્સાહનો અભાવ; નાઉમેદી

અનુદક વિ૦ [સં.] નિર્જળ (૨) જેને કોઈ શ્રાદ્ધની અંજલિ આપનાર ન હોય એવું

અનુદન અ૦ + અનુદિન

અનુદરી વિ૦ સ્ત્રી૦ [સં.] કૃશોદરી; પાતળી કમરવાળી

અનુદાત્ત વિ૦ [સં.] ઉદાત્ત નહિ એવું (૨) નીચા સ્વરવાળું (૩) પું૦ સ્વરના ત્રણ ભેદોમાંનો એક (ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત). **૦તા** સ્ત્રી૦

અનુદાર વિ૦ [સં.] સંકુચિત; સાંકડા મનનું. **૦તા** સ્ત્રી૦

અનુદિત વિ૦ [સં.] નહિ ઊગેલું (૨) નહિ ઉલ્લેખાયેલું

અનુદિન અ૦ [સં.] દરરોજ

અનુદ્‌ભૂત વિ૦ [સં.] નહિ ઉદ્‌ભવેલું

અનુદ્યમી વિ૦ [સં.] ઉદ્યમી નહિ એવું [આળસુ

અનુદ્યોગ પું૦ [સં.] ઉદ્યોગનો અભાવ. **-ગી** વિ૦ નવરું;

અનુદ્વિગ્ન વિ૦ [સં.] ઉદ્વિગ્ન નહિ એવું [કરાવનારું

અનુદ્વેગ પું૦ [સં.] ઉદ્વેગનો અભાવ. **૦કર** વિ૦ ઉદ્વેગ નહિ

અનુધાર્મિક વિ૦ [સં.] સરખા ગુણધર્મવાળું

અનુધાવન ન૦ [સં.] પૂંઠ પકડવી તે. **-વું** સ૦ ક્રિ૦ પૂંઠ પકડવી; પાછળ પડવું

અનુધ્વનિ પું૦ [સં.] પડઘો [મનાવવું તે

અનુનય પું૦ [સં.] વિનવણી; કાલાવાલા (૨) કલાવી પટાવી

અનુનાદ પું૦ [સં.] રણકાર; પડઘો

અનુનાસિક વિ૦ [સં.] નાકમાંથી ઉચ્ચારાતું (૨) પું૦ [વ્યા.] અનુનાસિક વર્ણ (૩) ન૦ ગૂંગણો ઉચ્ચાર

અનુપ વિ૦ અનુપમ; શ્રેષ્ઠ

અનુપકારી વિ૦ [સં.] ઉપકારી નહિ તેવું (૨) કૃતઘ્ની

અનુપકૃત વિ૦ [સં.] ઉપકૃત નહિ તેવું

અનુપદ ન૦ [સં.] ધ્રુપદ; ટેક

અનુપપત્તિ સ્ત્રી૦ [સં.] લાગુ ન પડવું તે (૨) [ન્યા.] સિદ્ધ ન થવું તે (૩) નિર્ણય કે દલીલનો અભાવ

અનુપપન્ન વિ૦ [સં.] ઉપપન્ન નહિ એવું

અનુપમ વિ૦ [સં.] જેને ઉપમા નથી એવું; સર્વોત્તમ. **-મેય** વિ૦ ઉપમા આપી ન શકાય તેવું; અદ્વિતીય

અનુપયુક્ત વિ૦ [સં.] અનુપયોગી (૨) અયોગ્ય

અનુપયોગ પું૦ [સં.] ઉપયોગનો અભાવ. **-ગિતા** સ્ત્રી૦ નકામાપણું. **-ગી** વિ૦ નિરુપયોગી; નકામું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપલબ્ધિ સ્ત્રી૦ [સં.] ઉપલબ્ધિ ન થવી તે; અપ્રાપ્તિ (૨) પ્રત્યક્ષ ન હોવું તે

અનુપસ્થિત વિ૦ [સં.] ઉપસ્થિત નહિ એવું; ગેરહાજર. –તિ સ્ત્રી૦

અનુપળ સ્ત્રી૦ પળનો સાઠમો ભાગ (૨) અ૦ પળે પળે

અનુપાતી વિ૦ [સં.] પરિણમતું; અનુસરતું (૨) એકસરખું; 'સિમિલર' (ફિગર્સ) [ગ.]

અનુપાન ન૦ [સં.] ઔષધિની સાથે લેવાતી તેને મદદરૂપ વસ્તુ

અનુપાય વિ૦ [સં.] નિરુપાય; લાચાર

અનુપાર્જિત વિ૦ [સં.] ઉપાર્જિત નહિ એવું

અનુપાલન ન૦ [સં.] પાલન કરવું તે

અનુપૂર્તિ(–ર્ત્તિ) સ્ત્રી૦ [સં.] ઉમેરો; પૂર્તિ કરવી તે (૨) [લા.] ઉશ્કેરણી

અનુપેક્ષ્ય વિ૦ [સં.] ઉપેક્ષા ન કરવી ઘટે કે ન કરાય એવું

અનુપ્રદાન ન૦ [સં.] ભેટ (૨) અનુપૂર્તિ; ઉમેરો

અનુપ્રવેશ પું૦ [સં.] વાંસેથી પેસવું તે (૨) વ્યવસ્થિત હારબંધ પ્રવેશ

અનુપ્રાણન ન૦ [સં.] પ્રાણ પૂરવો તે (૨) મદદ કરવી તે

અનુપ્રાણિત વિ૦ [સં.] પ્રાણ પૂરેલો હોય તેવું

અનુપ્રાસ પું૦ [સં.] એકનો એક અક્ષર જેમાં વારંવાર આવે એવો શબ્દાલંકાર

અનુબંધ પું૦ [સં.] બંધન; સંબંધ (૨) ચાલુ અનુક્રમ; સાંકળ (૩) આગળ પાછળનો સંબંધ; (વેદાંતમાં) વિષય, પ્રયોજન, અધિકારી ને સંબંધ એ ચારનો સમૂહ

અનુબોધ પું૦ [સં.] પાછળથી થયેલું જ્ઞાન (૨) સ્મરણ

અનુભય વિ૦ [સં.] ઉભય નહિ એવું

અનુભવ પું૦ [સં.] પ્રત્યક્ષ જ્ઞાન (૨) વીતક; ઉપભોગ (૩) પ્રયોગ. ૰ગમ્ય વિ૦ અનુભવી શકાય એવું; અનુભવથી સમજી શકાય એવું. ૰જન્ય વિ૦ અનુભવમાંથી ઊપજેલું. ૰જ્ઞાન ન૦ અનુભવસિદ્ધ–પ્રત્યક્ષ જ્ઞાન. ૰મૂલક વિ૦ અનુભવ જેનું મૂળ છે એવું. ૰વું સ૦ ક્રિ૦ અનુભવ કરવો. ૰સિદ્ધ વિ૦ અનુભવથી પુરવાર થયેલું. –વાર્થી વિ૦ અનુભવની ઇચ્છાવાળું. –વિયણ વિ૦સ્ત્રી૦ અનુભવવાળી. –વી વિ૦ અનુભવવાળું

અનુભાવ પું૦ [સં.] પ્રભાવ (૨) મનોગત ભાવનો બાહ્ય વિકાર. ૰ક વિ૦ અનુભવ કે સમજ દેનારું. ૰કતા સ્ત્રી૦ સમજશક્તિ; જ્ઞાન

અનુભૂત વિ૦ [સં.] અનુભવેલું. –તિ સ્ત્રી૦ અનુભવ

અનુમત વિ૦ [સં.] સંમત (૨) ન૦, –તિ સ્ત્રી૦ સંમતિ

અનુમરણ ન૦ [સં.] પાછળ મરવું તે (૨) સતી થવું તે

અનુમંતા,–તૃ વિ૦ [સં.] અનુમતિ આપનાર

અનુમંદ્ર વિ૦ [સં.] મંદ્રથી પણ નીચો (સ્વર)

અનુમાન ન૦ [સં.] ન્યાયશાસ્ત્રમાંનાં ચાર પ્રમાણોમાંનું એક –અનુમતિનું સાધન (૨) અટકળ (૩) [કા. શા.] એ નામનો અલંકાર. ૰ચિહ્ન ન૦ 'તેથી' એવો અર્થ દર્શાવનારું ચિહ્ન (∴). ૰વાક્ય ન૦ અનુમાનમાં ઉપયોગી પંચાવયવ વાક્ય (ન્યા.). ૰વું સ૦ ક્રિ૦ અનુમાન કરવું

અનુમિત વિ૦ [સં.] અનુમાન ઉપર રચાયેલું. –તિ સ્ત્રી૦ એક જ્ઞાનનાં સાધનથી થયેલું બીજું જ્ઞાન; અનુમાન-પ્રમાણથી થયેલું જ્ઞાન

અનુમેય વિ૦ [સં.] અનુમાન કરવા યોગ્ય કે કરી શકાય એવું

અનુમોદ પું૦ [સં.] સહાનુભૂતિથી ઊપજતો આનંદ (૨) અનુમોદન. ૰ક વિ૦ અનુમોદનાર. ૰ન ન૦ સંમતિ; ટેકો. ૰વું સ૦ ક્રિ૦ સંમતિ–ટેકો આપવો

અનુયાયી વિ૦ [સં.] અનુસરનારું (૨) પંથનું; મતનું (૩) પું૦ અનુસરનાર વ્યક્તિ; પંથનું માણસ. –યિની વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦. ૰મંડળ ન૦ અનુયાયીઓનો સમૂહ

અનુયોગી વિ૦ [સં.] જોડનારું; અન્વય દર્શાવનારું (ન્યા.)

અનુરક્ત વિ૦ [સં.] રંગાયેલું (૨) આસક્ત. –ક્તિ સ્ત્રી૦ રંગાવું તે; આસક્તિ

અનુરણન ન૦ [સં.] રણકાર

અનુરત વિ૦ [સં.] રત; આસક્ત

અનુરસ પું૦ [સં.] ગૌણરસ (કા.શા.)

અનુરંજક વિ૦ [સં.] અનુરંજન કરનારું. –ન ન૦ ખુશ કરવું તે (૨) વિનોદ

અનુરાગ પું૦ [સં.] પ્રેમ; આસક્તિ; રઢ. ૰વું અ૦ ક્રિ૦ આસક્ત થવું. –ગી વિ૦ અનુરાગવાળું

અનુરાધા સ્ત્રી૦ [સં.] વિશાખા પછીનું નક્ષત્ર

અનુરૂપ વિ૦ [સં.] –ના જેવું; –ના પ્રમાણેનું (૨) યોગ્ય. ૰તા સ્ત્રી૦

અનુરોધ પું૦ [સં.] આગ્રહભરી વિનંતી (૨) રુકાવટ; અટકાવ. ૰વું સ૦ ક્રિ૦ વળગ્યા રહેવું (૨) અનુરોધ કરવો

અનુલક્ષણ ન૦ [સં.] અનુલક્ષવું તે. –વું સ૦ ક્રિ૦ ઉદ્દેશવું; લક્ષમાં રાખવું

અનુલગ્ન વિ૦ [સં.] સાથે લાગેલું–જોડાયેલું

અનુલેખન ન૦ [સં.] ઉતારો કરવો તે; નકલ (૨) શ્રુતલેખન; 'ડિક્ટેશન'

અનુલેપ પું૦, ૰ન ન૦ [સં.] લેપ ઉપર લેપ કરવો તે

અનુલોમ વિ૦ [સં.] ઊતરતા વર્ણની સ્ત્રી સાથેનો (વિવાહ) (૨) અનુલોમજ. ૰જ વિ૦ અનુલોમ સંબંધથી ઉત્પન્ન થયેલું

અનુલ્લંઘન ન૦ [સં.] ઉલ્લંઘન નહિ તે. –નીય વિ૦ ઉલ્લંઘન ન કરાય તેવું કે ન કરવા જેવું

અનુવર્તન ન૦ [સં.] અનુસરણ. –વું સ૦ ક્રિ૦ અનુવર્તન કરવું

અનુવર્તી વિ૦ [સં.] અનુસરનારું (૨) યોગ્ય. –ર્તિત્વ ન૦

અનુવાદ પું૦ [સં.] કહેલી વસ્તુ ફરી કહેવી તે (૨) તરજુમો; ભાષાંતર (૩) માન્ય સિદ્ધાંતને ઉદાહરણ તથા પુષ્ટિ ખાતર ફરી રજૂ કરવો તે. ૰ક પું૦ અનુવાદ કરનાર. ૰વું સ૦ક્રિ૦ અનુવાદ કરવો. –દિત વિ૦ અનુવાદ કરાયેલું. –દી વિ૦ (૨) પું૦ વાદી અને સંવાદી સ્વરોમાં ભળી જતો વાદીથી ત્રીજો સ્વર (સંગીત). –દ્ય વિ૦ અનુવાદ કરવા યોગ્ય (૨) કથિત વસ્તુનું પુનઃ કથન કરનારું (વિશેષણ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુવિધાયક વિ૦ [સં.] આજ્ઞાંકિત. ૦ત્વ ન૦

અનુવૃત્તિ સ્ત્રી૦ [સં.] અનુસરણ (૨) પુનરાવૃત્તિ (૩) વડીલના ધંધામાં ને ધંધામાં આજીવિકા કર્યા કરવી તે (૪) ટીકાનું ટિપ્પણ (૫) [વ્યા.] આગળ આવી ગયેલા અર્થનું અનુસંધાન

અનુશાસક પું૦ [સં.] અનુશાસન કરનાર. **-ન** ન૦ ઉપદેશ (૨) નિયમ; કાયદો (૩) અમલ કરવો તે; રાજ્ય ચલાવવું તે (૪) વિવરણ

અનુશીલન ન૦ [સં.] સતત અને ઊંડો અભ્યાસ; દીર્ઘ સેવન

અનુષંગ પું૦ [સં.] નિકટ સંબંધ; સાહચર્ય (૨) અવશ્યંભાવી પરિણામ (૩) કરુણા (૪) ભાવના; ઇચ્છા. **-ગી** વિ૦ પરિણામરૂપ (૨) સંયુક્ત; સંબંધી

અનુષ્ટુપ,-ભ [સં.] પું૦ એક છંદ

અનુષ્ઠાતા વિ૦ [સં.] અનુષ્ઠાન કરનારું. **-ન** ન૦ ક્રિયા કરવી તે (૨) કોઈ પણ ધાર્મિક ક્રિયા (૩) કાર્યનો આરંભ; પૂર્વતૈયારી

અનુષ્ણ વિ૦ [સં.] ઊનું નહિ એવું (૨) ન૦ કમળ

અનુસરણ ન૦ [સં.] અનુસરવું તે. **-વું** સ૦ ક્રિ૦ પાછળ પાછળ જવું; ઉપદેશ પ્રમાણે વર્તવું (૨) [વ્યા.] એક પદે બીજા પદ સાથે રૂપલિંગાદિમાં સંબંધ રાખવો

અનુસંધાન ન૦ [સં.] આગળની વસ્તુ સાથેનું જોડાણ (૨) યોગ્ય સંબંધ (૩) ચોકસાઈ; બારીક તપાસ

અનુસાર પું૦ [સં.] અનુસરણ (૨) [વ્યા.] વાક્યમાં એક પદનું બીજાને અનુસરવું તે (૩) અ૦ પ્રમાણે; મુજબ. **-રી** વિ૦. અનુસરતું. **-ર્ય** વિ૦ અનુસરવા યોગ્ય

અનુસ્નાતક વિ૦ [સં.] સ્નાતક થયા પછીનું

અનુસ્મરણ ન૦ [સં.] વારંવાર યાદ કરવું તે. **-ણાલેખન** ન૦ વસ્તુના સ્મરણ પરથી આલેખવું તે; 'મેમરી ડ્રોઇંગ'

અનુસ્યૂત વિ૦ [સં.] -ની સાથે જોડાયેલું, ગૂંથાયેલું

અનુસ્વાર પું૦; ન૦ [સં.] સ્વરની પાછળ ઉચ્ચારાતો અનુનાસિક વર્ણ કે તેનું ચિહ્ન (ં)

અનૂખળ(-ળો) પું૦ ખાંડણિયો

અનૂછ ન૦ સીતાફળ. **૦ડી** સ્ત્રી૦ સીતાફળી

અનૂઠું વિ૦ અનોખું; અપૂર્વ

અનૂઢ વિ૦ [સં.] અવિવાહિત. **-ઢા** વિ૦ સ્ત્રી૦ અવિવાહિતા

અનૂત ન૦ જૂઠ; હરામખોરી (ચ.)

અનૂરી સ્ત્રી૦ સીતાફળી. **-રું** ન૦ સીતાફળ

અનૂર્મિલ વિ૦ [સં.] અન + ઊર્મિલ

અનૃણ(-ણી) વિ૦ [સં.] અઋણી

અનૃત ન૦ [સં.] અસત્ય. **૦વાદી** વિ૦ અનૃત બોલનારું

અને અ૦ (બે વાક્યો કે શબ્દોને જોડનારું અવ્યય) ને; તથા

અનેક વિ૦ [સં.] એક નહિ-બહુ. **૦કેંદ્રી** વિ૦ અનેક કેંદ્રવાળું. **૦ગણું** વિ૦. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦ અનેક હોવું તે. **૦ત્વદોષ** પું૦, **૦ત્વાપત્તિ** સ્ત્રી૦ અનેકત્વના દોષનો પ્રસંગ. **૦દેવવાદ** પું૦ અનેક દેવોમાં માનવાનો મત; 'પોલીથિઇઝમ'. **૦ધા** અ૦ અનેક રીતે. **૦પત્નીકત્વ** ન૦ અનેક પત્ની હોવી તે. **૦પદી** વિ૦ 'મલ્ટિનોમિયલ' (એક્સ્પ્રેશન) [ગ.]. **૦ભાષાકોવિદ** વિ૦ અનેક ભાષાઓ જાણનાર. **૦મુખ(-ખી)** વિ૦ ઘણી બાજુઓવાળું; (૨) ઘણાની મારફત ચાલતું. **૦રંગી** વિ૦ અનેક રંગવાળું. **૦રૂપ** વિ૦ અનેક રૂપવાળું. **૦વચન** ન૦ (વ્યા.) બહુવચન. **૦વર્ણ** વિ૦ જેમાં એક કરતાં વધારે અજ્ઞાત રાશિ-બીજ હોય તેવું (સમીકરણ); 'સાઇમલ્ટેનિયસ' (ગ.). **૦વિધ** વિ૦ અનેક પ્રકારનું. **-કાચ્** વિ૦ [વ્યા.] અનેક અચ્-સ્વરવાળું. **કાર્થ(-ર્થી)** વિ૦ અનેક અર્થવાળું. **-કાંત** વિ૦ અનેક બાજુવાળું (૨) અનિશ્ચિત. **-કાંતવાદ** પું૦ સ્યાદ્વાદ; દરેક વસ્તુનું એના પાસા પરત્વે જુદી જુદી રીતે જ્ઞાન થાય છે એવો જૈન તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત

અનેનાસ ન૦ [પો.] એક ફળ; અનનાસ

અનેરું વિ૦ બીજું; જુદું (૨) અનન્ય; અસાધારણ

અનૈકાંતિક વિ૦ [સં.] અનેકાંત; અનિશ્ચિત (૨) અનેક બાજુવાળું (૩) પું૦ [ન્યા.] વ્યભિચારી હેતુ-એક હેત્વાભાસ

અનૈક્ય ન૦ [સં.] ઐક્યનો અભાવ; જુદાઈ (૨) વિરોધ; કુસંપ (૩) ઐક્ય વગરનું. **૦તા** સ્ત્રી૦

અનૈતિહાસિક વિ૦ [સં.] ઐતિહાસિક નહિ એવું

અનોખું વિ૦ અનેરું

અનોડી સ્ત્રી૦ તાલ આપવા તબલાં પર જોરથી દેવાતી થાપટ

અનોપ(૦મ) વિ૦ + અનુપ; અનુપમ

અનૌચિત્ય ન૦ [સં.] ઔચિત્યનો અભાવ

અનૌરસ વિ૦ [સં.] જેને ઔરસ પુત્ર ન હોય તેવું; વાંઝિયું (૨) ઔરસ નહિ તેવું; દત્તક

અન્ન ન૦ [સં.] રાંધેલું અનાજ; ખોરાક. **૦કૂટ** પું૦ ઠાકોરજી આગળ નૈવેદ્ય તરીકે ગોઠવવામાં આવતો અનેક વાનીઓનો ઢગલો. **૦ક્ષેત્ર** ન૦ સંત, સાધુ, વટેમાર્ગુ, ગરીબો વગેરેને જ્યાં અન્નદાન અપાતું હોય તે સ્થળ. **૦છ(-સ)ત્ર** ન૦ અન્નક્ષેત્ર; સદાવ્રત. **૦જલ(-ળ)** ન૦ દાણોપાણી; લેણાદેણી; ભાગ્ય. **૦દાતા** વિ૦ ખાવાનું આપનાર (૨) આશ્રય આપનાર. **૦દાન** ન૦ અન્નનું દાન. **૦દેવ** પું૦ અન્નરૂપી દેવ. **૦દેવતા** પું૦ બ૦ વ૦ અન્નરૂપી દેવ (૨) સ્ત્રી૦ અન્નની અધિષ્ઠાતા દેવી; અન્નપૂર્ણા. **૦પાણી, ૦પાન** ન૦ અન્નજલ. **૦પૂર્ણા** સ્ત્રી૦ (સં.) અન્ન પૂરનારી-પૂરું પાડનારી દેવી. **૦પ્રાશન** ન૦ નાનાં છોકરાંને છઠ્ઠે અથવા આઠમે મહિને પહેલવહેલું અન્ન ખવડાવવાનો સંસ્કાર. **૦મય** વિ૦ અન્નનું; અન્નથી ભરેલું (૨) અન્નથી બંધાયેલું (શરીર). **૦મયકોશ(-ષ)** પું૦ સ્થૂળ શરીર. **૦રસ** પું૦ અનાજનું સત્ત્વ. **૦વસ્ત્ર** ન૦ ખોરાકપોશાકી. **૦વિકાર** પું૦ અપચાથી શરીરમાં થતો બગાડ. **૦સત્ર** ન૦ અન્નછત્ર. **-ન્નાન્નદશા** સ્ત્રી૦ ખાવાના સાંસા. **-ન્નાશય** ન૦ હોજરી; જઠર. **-ન્નાહાર**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પું૰ માંસનો નહિ, અનાજનો આહાર. **-ન્નાહારી** વિ૰ અન્નાહાર કરનારું. **-ન્નોદક** ન૰ અન્નજળ

અન્નૈયું વિ૰ અન્યાયી

અન્ય વિ૰[સં.] બીજું(૨) ભિન્ન. **૰ગામી** વિ૰ વ્યભિચારી. **૰ગોત્રી** વિ૰ બીજા ગોત્રનું. **૰તર** વિ૰ બેમાંનું એક (૨) બીજું (૩) ભિન્ન. **૰તરાન્વિત** વિ૰ બેમાંથી એક સાથે સંબદ્ધ. **૰ત્ર** અ૰ બીજે ઠેકાણે. **૰દેશી** વિ૰પરદેશી. **૰થા** અ૰ બીજી રીતે (૨) આડું; ઊલટું. **૰ભૃત(-તા)** સ્ત્રી૰ કોયલ. **૰મનસ્ક,૰મનું** વિ૰મન બીજે ઠેકાણે ગયેલું હોય એવું;ધ્યાનરહિત.**-ન્યા**સ્ત્રી૰પરસ્ત્રી.**-ન્યાશ્રિત** વિ૰પરાશ્રિત

અન્યાય પું૰[સં.]ન્યાયવિરુદ્ધ કર્મ;ગેરઇન્સાફ. **૰યુક્ત** વિ૰ અન્યાયવાળું. **-યી** વિ૰ અન્યાયયુક્ત (૨) અન્યાયથી વર્તનારું. **-ય્ય** વિ૰ ન્યાય્ય નહિ તેવું

અન્યારી સ્ત્રી૰ બાળવાનાં લાકડાંની હેલ-ગાડું

અન્યોક્તિ સ્ત્રી૰ [સં.] એક અર્થાલંકાર. બોલવું અમુકને ઉદ્દેશીને અને લાગુ પાડવું કોઈ બીજાને એવી વાણીની ચાતુરી; સ્તુતિના શબ્દોમાં નિંદા અને નિંદાના શબ્દોમાં સ્તુતિ દર્શાવવી તે (કા. શા.)

અન્યોન્ય વિ૰ (૨) અ૰ [સં.] પરસ્પર; એકમેક. **૰દ્રોહી** વિ૰ પરસ્પર દ્રોહ કરનારું. **૰પૂરક** વિ૰ પરસ્પર પુરવણી કરતું. **૰પોષક** વિ૰ પરસ્પર પોષક. **-ન્યાધ્યાસ** પું૰ અરસપરસ મિથ્યા આરોપણ કરવું તે. **-ન્યાભાવ** પું૰ એક પદાર્થનો બીજા પદાર્થમાં અભાવ તે-જેમ ઘટનો પટમાં અને પટનો ઘટમાં (ન્યા.).**-ન્યાશ્રય** પું૰પરસ્પર આશ્રય; ટેકો (૨) अ થી व સિદ્ધ કરવો અને પાછો व થી अ સિદ્ધ કરવો તે દોષ; 'પીટિશિયો પ્રિન્સિપી' (ન્યા.). **-ન્યાશ્રયી** વિ૰ અન્યોન્યાશ્રયવાળું. **-ન્યાશ્રિત** વિ૰ અન્યોન્યાશ્રયી. **-ન્યોત્તેજન** ન૰ અન્યોન્ય ઉત્તેજન

અન્વય પું૰[સં.] સંબંધ (૨)[વ્યા.] પદોનો પરસ્પર યોગ્ય સંબંધ(૩)કાર્યકારણસંબંધ (૪) કારણ હોય ત્યાં કાર્યનું હોવું તે નિયમ (૫) વંશ (૬) ભાવાર્થ. **૰પદ્ધતિ** સ્ત્રી૰ અન્વેષણની પદ્ધતિઓમાંની એક, જેમાં અમુક અર્થ જ્યાં જ્યાં હોય તે સઘળા દાખલાઓમાં એક જ બીજો સર્વસાધારણ અર્થ મળી આવતો હોય તો તે બે અર્થો ઘણું કરીને કાર્યકારણ છે અથવા કાર્યકારણ સંબંધવાળા છે એમ સમજવામાં આવે છે. 'મેથડ ઓફ એગ્રીમેન્ટ' (ન્યા.).**૰વ્યતિરેક** પું૰અન્વય તથા વ્યતિરેક.**૰વ્યતિરેકી** વિ૰ અન્વયવ્યાપ્તિ તેમ જ વ્યતિરેકવ્યાપ્તિ બંને વાળું (સાધન) [ન્યા.]. **૰વ્યાપ્તિ** સ્ત્રી૰સાધન હોય ત્યાં સાધ્ય હોય એવા સંબંધનું દર્શન. **-યાગત** વિ૰વંશપરંપરાથી આવેલું.**-યી** વિ૰અન્વય-સંબંધ બતાવનાર(૨) અન્વયવાળું (૩) વંશનું; વંશવાળું

અન્વર્થ,૰ક વિ૰[સં.]અર્થને અનુસરતું; યથાર્થ. **૰તા** સ્ત્રી૰

અન્વિ(-ન્વી)ત વિ૰[સં.]યુક્ત(૨)ગ્રસ્ત;સપડાયેલું. **-તાર્થ** પું૰ અન્વય ઉપરથી સહેજે સમજાય એવો અર્થ (૨) વિ૰ એવા અર્થવાળું [તપાસવું તે

અન્વીક્ષણ ન૰, **અન્વીક્ષા** સ્ત્રી૰ [સં.] બારીકીથી જોવું-

અન્વેષક વિ૰ [સં.] તપાસનાર(૨)પું૰ હિસાબ તપાસનાર; 'ઓડીટર'. **-ણ** ન૰ તપાસ; શોધ; સંશોધન

અન્વેષ્ટવ્ય વિ૰ [સં.] અન્વેષણ કરવા લાયક

અન્વેષ્ટા વિ૰ [સં.] અન્વેષણ કરનાર

અપ ન૰[સં.] પાણી(૨) ઉપસર્ગ. શબ્દને લાગતાં 'નીચેનું', 'ઊતરતું','હીન', 'ખરાબ' વગેરે ભાવ બતાવે છે. (૨)વિ૰ પરથી નામ બનાવતો એક પ્રત્યય. ઉદા૰ સારું—સારપ

અપઈ વિ૰ જાણીતું; સમજાય એવું

અપકર્મ ન૰ [સં.] જુઓ અપકૃત્ય

અપકર્ષ પું૰[સં.] પડતી. **૰ક** વિ૰અપકર્ષ કરનારું. **૰ણ** ન૰ પાછા પાડવું-નીચે પાડવું તે (૨) ઘટાડો થવો તે

અપકાય પું૰ બ૰ વ૰ [સં.] પાણીના જીવ

અપકાર પું૰[સં.]હાનિ; અનુપકાર(૨)કૃતઘ્નતા; દ્રોહ. **૰ક,** **-રી** વિ૰ અપકાર કરનારું. **-ર્ય** ન૰ ખરાબ કાર્ય

અપકીર્તિ(-ર્ત્તિ) સ્ત્રી૰ [સં.] બદનામી; અપયશ

અપકૃતિ સ્ત્રી૰, **-ત્ય** ન૰ [સં.] ખરાબ કામ; દુરાચરણ

અપકૃષ્ટ વિ૰ [સં.] અવનત; પતિત (૨) અધમ;હલકું

અપક્રિયા સ્ત્રી૰ [સં.] અવક્રિયા; નુકસાન (૨) ખોટું કામ

અપક્વ વિ૰ [સં.] પક્વ નહિ તેવું; કાચું. **૰તા** સ્ત્રી૰

અપક્ષ વિ૰[સં.]પાંખ વિનાનું(૨)સહાય વિનાનું(૩)નિષ્પક્ષ. **૰તા** સ્ત્રી૰, **૰પાત** પું૰ પક્ષપાતનો અભાવ; નિષ્પક્ષતા

અપક્ષય પું૰ [સં.] વિનાશ

અપ(-બ)ખો પું૰ (કા.) અણગમો; અરુચિ

અપખોડવું સ૰ક્રિ૰ નિંદવું; ખોડો કાઢવી

અપઘાત પું૰ [સં.] કમોત

અપચય પું૰ [સં.] ક્ષય; હાનિ; ઘટાડો

અપચાર પું૰ [સં.] દુરાચરણ (૨) કરી ન પાળવી તે

અપચિહ્ન ન૰ [સં.] ખરાબ ચિહ્ન (૨) અપશુકન

અપચો પું૰ બદહજમી; અજીરણ

અપછરા સ્ત્રી૰ + અપસરા

અપચ્છાય વિ૰ [સં.] નઠારી છાયાવાળું (૨) પું૰ જેનો ઓળો ન પડે તે-દેવ, ઉપદેવ વગેરે

અપજય પું [સં.] પરાજય

અપજશ(-સ) પું૰ અપયશ; અપકીર્તિ. **-શિ(-સિ)યું** વિ૰ અપજશવાળું; અપજશ અપાવે એવું

અપજાત પું૰ [સં.] માબાપ કરતાં ઊતરતા ગુણવાળો પુત્ર

અપ(-પ્પ)ટ અ૰ રોજ; હમેશ

અપટી સ્ત્રી૰ [સં.]નાટકનો પડદો. **૰ક્ષેપ** પું૰ પડદો ખસેડી એકાએક રંગભૂમિ ઉપર આવવું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપટી સ્ત્રી૦ વ્યવહાર-વેપારમાં નુકસાન

અપટુ વિ૦ [સં.] પટુ-કુશળ નહિ તેવું (૨) માંદું

અપઢ વિ૦ [હિં.] અભણ

અપતિવ્રતા વિ૦સ્ત્રી૦[સં.]પતિવ્રતા નહિ તેવી;વ્યભિચારિણી

અપતીજ સ્ત્રી૦ અણપતીજ; અવિશ્વાસ

અપત્ય ન૦ [સં.] સંતાન

અપત્ર(-ત્રી) વિ૦ [સં.] પાંદડાં વિનાનું (૨) પાંખ વિનાનું

અપત્રપા સ્ત્રી૦ [સં.] શરમાળપણું; લજ્જા

અપત્રી વિ૦ [સં.] જુઓ અપત્ર

અપથ પું૦ [સં.] કુમાર્ગ (૨) પાખંડી મત

અપથ્ય વિ૦ [સં.] પથ્ય નહિ એવું (૨) ન૦ કુપથ્ય

અપદ વિ૦ [સં.] પગ વિના ચાલનારું (૨) પદ-હોદ્દા વિનાનું

અપદાર્થ પું૦[સં.] મિથ્યા-અસત વસ્તુ(૨)શબ્દાર્થ નહિ તે

અપદેવતા પું૦ [સં.] ભૂત પ્રેતાદિ

અપદેશ પું૦ [સં.] ઉલ્લેખ કરવો-નામ આપવું તે (૨) બહાનું; યુક્તિ (૩) [ન્યા.] કારણ આપવું તે

અપદ્યાગદ્ય વિ૦ [સં.] નહિ ગદ્ય કે નહિ પદ્ય એવું(૨)ન૦ એવી કાવ્યરચના

અપદ્વાર ન૦ [સં.] પાછલું બારણું (૨) ગુદા

અપધર્મ પું૦ [સં.] અધર્મ

અપધ્યાન ન૦ [સં.] અનિષ્ટનું ચિંતન; વિપરીત ચિંતન

અપધ્વંસ પું૦ [સં.] અધોગતિ; અધઃપાત; વિનાશ

અપનાવવું સ૦ક્રિ૦ [હિં.] પોતાનું કરવું-માનવું

અપન્યાસ પું૦[સં.] અસ્તાઈના અંતનો સ્વર

અપપાઠ પું૦[સં.] ખોટું પાઠાંતર

અપભવન ન૦ [સં.] વક્રીભવન

અપભ્રષ્ટ વિ૦ [સં.] પડેલું (૨) વિકૃત; અપભ્રંશ પામેલું

અપભ્રંશ પું૦ [સં.] પડવું તે (૨) શબ્દનું વિકૃત થવું તે (૩) વિકૃત શબ્દ (૪) સ્ત્રી૦ સંસ્કૃતમાંથી અપભ્રષ્ટ એક ભાષા

અપમાન ન૦ [સં.] માનથી ઊલટું તે; અનાદર; તિરસ્કાર. **૦યુક્ત** વિ૦ અપમાનવાળું. **-નિત** વિ૦ અપમાન પામેલું. **૦વું** સ૦ક્રિ૦ અપમાન કરવું

અપમાર્ગ પું૦ [સં.] કુમાર્ગ

અપમૃત્યુ ન૦ [સં.] કમોત

અપયશ પું૦ [સં.] અપજશ; બદનામી; અપકીર્તિ

અપર વિ૦ [સં.] બીજું; ભિન્ન (૨) પાછળનું (૩) ઓરમાન; સાવકું. **૦મા, ૦માતા** સ્ત્રી૦ સાવકી મા. **૦રાત્ર** સ્ત્રી૦ પાછલી રાત. **૦સામાન્ય** ન૦ [ન્યા.] પેટાસમૂહની જાતિ. **૦સ્વસ્તિક** પું૦ ક્ષિતિજનું પશ્ચિમ બિંદુ. **-રંચ** અ૦ વિશેષમાં; વળી; ઉપરાંત. **-રા** વિ૦સ્ત્રી૦ નિકૃષ્ટ(૨)પારકી (૩) બીજી; ભિન્ન. **-રાવિદ્યા** સ્ત્રી૦ નામરૂપાત્મક વિદ્યા; બ્રહ્મવિદ્યા સિવાયની વિદ્યા. **-રાહ્ણ** પું૦ પાછલો પહોર

અપરમાદ પું૦ તબિયતમાં બગાડો

અપરસ પું૦ [સં.] અધમ પ્રકારનો રસ

અપરંચ અ૦ [સં.] વિશેષમાં; વળી; ઉપરાંત

અપરંપાર વિ૦ અપાર; પુષ્કળ [ઔષધિ (૨) [સં.] દુર્ગા

અપરાજિત વિ૦ [સં.] પરાજિત નહિ એવું. **-તા** સ્ત્રી૦ એક

અપરાજેય વિ૦ [સં.] હરાવી ન શકાય એવું

અપરાધ પું૦[સં.] દોષ; ગુનો(૨)પાપ. **૦ણુ,-ધિની** વિ૦સ્ત્રી૦ 'અપરાધી'નું સ્ત્રીલિંગ. **-ધી** વિ૦(૨)પું૦ અપરાધ કરનાર

અપરાધીન વિ૦ [સં.] પરાધીન નહિ એવું; સ્વતંત્ર

અપરિકલેશ પું૦ [સં.] પરિક્લેશનો અભાવ

અપરિગ્રહ પું૦ [સં.] પરિગ્રહ ન રાખવો તે. **૦વ્રત** ન૦ અપરિગ્રહી રહેવાનું વ્રત. **-હી** વિ૦ પરિગ્રહ ન રાખનારું

અપરિચિત વિ૦ [સં.] પરિચિત નહિ એવું; અજાણ્યું

અપરિચ્છિન્ન વિ૦ [સં.] પરિચ્છિન્ન નહિ તેવું

અપરિણીત વિ૦ [સં.] નહિ પરણેલું

અપરિમિત વિ૦ [સં.] પરિમિત નહિ તેવું; અમાપ

અપરિમેય વિ૦ [સં.] માપી ન શકાય તેવું

અપરિહાર્ય વિ૦ [સં.] ટાળી ન શકાય તેવું

અપરીક્ષિત વિ૦ [સં.] પરીક્ષિત નહિ તેવું

અપરોક્ષ વિ૦ [સં.] પરોક્ષ નહિ એવું; પ્રત્યક્ષ

અપર્ણ વિ૦ [સં.] પાંદડાં વિનાનું. **-ર્ણા** સ્ત્રી૦ (સં.) પાર્વતી

અપર્યાપ્ત વિ૦ [સં.] પર્યાપ્ત નહિ એવું

અપલક્ષણ ન૦ [સં.] નઠારું લક્ષણ (૨) દુરાચરણ

અપલખ(-ખ્ખ)ણ ન૦ અપલક્ષણ. **-ણું** વિ૦ અપલક્ષણવાળું (૨) ચાંદવું; અટકચાળું (૩) એબવાળું

અપલાપ પું૦ [સં.] છુપાવવું તે; ખરી વાત ઉડાવવી તે

અપલાયન ન૦ [સં.] નાસવું નહિ-પૂંઠ ન દેખાડવી તે

અપલ્યા સ્ત્રી૦ દૂબળી સ્ત્રી (૨) ફૂવડ સ્ત્રી

અપવક્ત્ર ન૦ [સં.] એક છંદ

અપવર્ગ પું૦ [સં.] સમાપ્તિ (૨) મોક્ષ [આચરણ

અપવર્તક પું૦ [સં.] અપવર્તન કરનાર. **-ન** ન૦ ખોટું

અપવાદ પું૦ [સં.] સામાન્ય નિયમમાં બાધ (૨) નિંદા; આળ(૩) ખંડન; ઇનકાર. **૦ક,-દી** વિ૦ અપવાદ કરનારું

અપવિત્ર વિ૦ [સં.] નાપાક; અશુદ્ધ. **૦તા** સ્ત્રી૦

અપવિદ્ધ વિ૦ [સં.] ફેંકી દીધેલું; તજાયેલું (૨) અધમ (૩) પું૦ મા કે બાપે તજી દીધેલો અને કોઈ અજાણ્યાએ દત્તક લીધેલો કે ઉછેરેલો પુત્ર

અપવ્યય પું૦ [સં.] ખોટું ખરચ; બગાડ

અપશકુન પું૦ [સં.] અપશુકન

અપશબ્દ પું૦ [સં.] ગાળ; ખરાબ શબ્દ (૨) [વ્યા.] નિયમ વિરુદ્ધનો શબ્દ; ખોટો પ્રયોગ

અપ(-વ)શુકન પું૦ માઠા શુકન (૨) અશુભ ચિહ્ન **-નિયણ** વિ૦સ્ત્રી૦, **-નિયાળ,-નિયું** વિ૦ જેના શુકન ખરાબ ગણાતા હોય તેવું; અમંગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપસદ પું૦ [સં.] નીચ વર્ણનો માણસ (૨) સમાસમાં ઉત્તરપદ તરીકે 'અધમ','નીચ'નો અર્થ(ઉદા૦સૂતાપસદ)
અપસરણ ન૦[સં.] ખસી જવું તે; નાસી જવું તે
અપસરવું અ૦ક્રિ૦ દૂર ખસવું
અપસવ્ય વિ૦[સં.] જમણું (૨) ઊલટું (૩) અ૦ જમણી તરફ (જનોઈ જમણે ખભે લાવી દેવી તે)
અપસિદ્ધાંત પું૦[સં.] ભૂલભરેલો સિદ્ધાંત
અપસ્માર પું૦[સં.] ફેફરું
અપસ્વર પું૦[સં.] ખોટો–વર્જ્ય સ્વર (૨) વિ૦ તે ગાનાર
અપહતિ સ્ત્રી૦[સં.] દૂર કરવું–નાશ કરવું તે
અપહરણ ન૦[સં.] ઉપાડી જવું તે; કાઢી જવું તે
અપહાર પું૦[સં.] અપહરણ (૨) ઉચાપત કરવું તે (૩) પારકી મિલકત વાપરવી–ઉડાવી દેવી તે
અપહ્નુતિ સ્ત્રી૦[સં.] છુપાવવું તે(૨)[કા. શા.] જેમાં વસ્તુના અસલ ધર્મને છુપાવી બીજા ધર્મનો આરોપ કરવામાં આવે તે અલંકાર
અપંખ વિ૦ પાંખ વિનાનું
અપંગ વિ૦ પાંગળું; અપાંગ (૨) [લા.] લાચાર
અપંડિત વિ૦ [સં.] પંડિત નહિ એવું
અપાતક ન૦ [સં.] પાપ નહિ તે. –કી વિ૦ પાતકી નહિ એવું
અપાચ્ય વિ૦ [સં.] ન પચી શકે એવું [સ્ત્રી૦
અપાત્ર વિ૦ [સં.] અયોગ્ય (૨) ન૦ નકામું વાસણ. ૦તા
અપાદ વિ૦ [સં.] પગ વગરનું [ક્તિનો અર્થ
અપાદાન ન૦ [સં.] છૂટા પડવું તે (૨) [વ્યા.] પાંચમી વિભ-
અપાન પું૦ [સં.] પાંચ પ્રાણવાયુઓ(પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન)માંનો એક જે ગુદા વાટે નીકળે છે. ૦દ્વાર ન૦ ગુદા. ૦વાયુ પું૦ અપાન
અપાપ(–પી) વિ૦ [સં.] પાપરહિત; નિષ્પાપ
અપામાર્ગ પું૦ [સં.] અંઘેડો [ખુવારી; નાશ
અપાય પું૦ [સં.] સંકટ; આફત (૨) નુકસાન; તોટો (૩)
અપાર વિ૦ [સં.] પાર વિનાનું; ખૂબ
અપારદર્શક વિ૦ [સં.] પારદર્શક નહિ તેવું
અપારદર્શિતા સ્ત્રી૦[સં.] પારદર્શક ન હોવું તે
અપાર્થિવ વિ૦ [સં.] પાર્થિવ નહિ તેવું
અપાવરણ ન૦ [સં.] ઉઘાડવું–ખુલ્લું કરવું તે
અપાસરો પું૦ જૈન સાધુઓને રહેવાનું સ્થાન
અપાસ્ત વિ૦ [સં.] તિરસ્કૃત; તરછોડાયેલું
અપાંગ પું૦ [સં.] આંખનો ખૂણો(૨)ટીલું (૩) વિ૦ પાંગળું; અપંગ. ૦દર્શન ન૦ કટાક્ષ. ૦દૃષ્ટિ ન૦ કટાક્ષભરી નજર. ૦નેત્ર વિ૦ અણિયાળી આંખવાળું
અપિ અ૦ [સં.] પણ; વળી. ૦ચ અ૦ વળી [નહિ એવું
અપિ(–પૈ)તૃક વિ૦ [સં.] બાપ વિનાનું (૨) વડીલોપાર્જિત
અપીલ સ્ત્રી૦ [ઇં.] આગ્રહભરી વિનંતી; અનુરોધ(૨)નીચલી અદાલતના ચુકાદા સામે ઉપરી અદાલતને અરજી. ૦કોર્ટ સ્ત્રી૦ અપીલ સાંભળનારી અદાલત
અપુચ્છ વિ૦ [સં.] પૂંછડા વિનાનું [અભાવ; પાપ
અપુણ્ય વિ૦[સં.] અધર્મ્ય; અપવિત્ર; મલિન(૨)ન૦પુણ્યનો
અપુત્ર વિ૦ [સં.] પુત્રહીન. ૦તા સ્ત્રી૦. –ત્રિણી વિ૦સ્ત્રી૦
અપુશાન ન૦ જુઓ અપૂશણ [(૩)[કા.શા.] અપ્રસ્તુત
અપુષ્ટ વિ૦ [સં.] નહિ પોષાયેલું (૨) પુષ્ટ નહિ એવું; દૂબળું
અપુષ્પિત વિ૦ [સં.] પુષ્પિત નહિ એવું
અપૂજ વિ[સં.] ન પૂજાતું. –જ્ય વિ૦ પૂજ્ય નહિ એવું
અપૂત વિ૦ [સં.] અપવિત્ર
અપૂપ પું૦ [સં.] માલપૂડો (૨) મધપૂડો
અપૂરતું વિ૦ પૂરતું નહિ એવું; ખૂટતું
અપૂરિત વિ૦ [સં.] પૂરિત નહિ એવું
અપૂર્ણ વિ૦ [સં.] પૂર્ણ નહિ એવું. ૦કાલ(–ળ) પું૦ ક્રિયાની અપૂર્ણતાનો ભાવ આવે એવો કાળ[વ્યા.]. ૦ક્રિયાપદ ન૦ બધા કાળ અને અર્થનાં રૂપ જેનાં થતાં નથી એવું ક્રિયાપદ. ૦તા સ્ત્રી૦. ૦બીજ પું૦ 'એલ્જિબ્રેઇકલ ફ્રેક્શન' (ગ.). –ર્ણાંક પું૦ અપૂર્ણ આંકડો; 'એરિથમેટિકલ ફ્રેક્શન' [ગ.]
અપૂર્તિ સ્ત્રી૦ [સં.] પૂર્તિનો અભાવ [સામાન્ય. ૦તા સ્ત્રી૦
અપૂર્વ વિ૦ [સં.] અવનવું; પૂર્વે ન બનેલું એવું (૨) અ-
અપૂ(–પો)શણ ન૦ અપુશાન; ભોજનને આરંભે અને અંતે જે આચમન કરવું તે (૨) ભોજનની શરૂઆતમાં પીરસાતો થોડો ભાત [અપૃષ્ઠવંશની જાતનું
અપૃષ્ઠવંશ પું૦ [સં.] કરોડ વિનાનું પ્રાણી. –શી વિ૦
અપેક્ષણીય વિ૦ [સં.] ઇચ્છવા જોગ; અપેક્ષ્ય
અપેક્ષા સ્ત્રી૦ [સં.] ઇચ્છા (૨) અગત્ય (૩) [વ્યા.] આકાંક્ષા. –ક્ષિત વિ૦ જેની અપેક્ષા હોય તેવું (૨) અપેક્ષાવાળું. –ક્ષ્ય વિ૦ અપેક્ષા રાખવા જેવું કે રાખવી જોઈએ એવું
અપેખ વિ૦ અદૃશ્ય
અપેય વિ૦ [સં.] પીવાને અયોગ્ય કે ન પી શકાય એવું. ૦પાન ન૦ અપેય પીણું કે તે પીવું તે
અપૈતૃક વિ૦ [સં.] જુઓ અપિતૃક
અપૈશુન(–ન્ય) ન૦ [સં.] પૈશુનનો અભાવ
અપોશણ ન૦ જુઓ અપૂશણ [બાયલાપણું
અપૌરુષ(–ષેય) વિ૦ [સં.] બાયલું (૨) ઈશ્વરકૃત (૩) ન૦
અપ્તરંગી વિ૦ તરંગી; ચંચળ
અપ્પટ વિ૦ મૂર્ખ; અણઘડ (૨) અ૦ રોજ [છાનું
અપ્રક(–ગ)ટ વિ૦ [સં.] બહાર નહિ પડેલું; અપ્રસિદ્ધ(૨)
અપ્રકાશ વિ૦ [સં.] પ્રકાશ વગરનું(૨) અપ્રગટ (૩) પું૦ અંધકાર. –શિત વિ૦ પ્રકાશિત નહિ તેવું
અપ્રકૃત વિ૦ [સં.] પ્રકૃત નહિ એવું (૨) [કા. શા.] ઉપમાન
અપ્રગટ વિ૦ જુઓ અપ્રકટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપ્રગલ્ભ વિ૦ [સં.] પ્રગલ્ભ નહિ એવું
અપ્રજ વિ૦ [સં.] પ્રજા વગરનું; વાંઝિયું
અપ્રણીત વિ૦ [સં.] સંસ્કારહીન; અકૃત
અપ્રતિ(-તી)કાર પું૦ [સં.] વિરોધ–સામનો નહિ કરવો તે (૨) વિ૦ જેનો પ્રતિકાર–ઉપાય નથી એવું. **-રી** વિ૦ પ્રતિકાર ન કરનારું; 'પૅસિવ.' **-ર્ય** વિ૦ પ્રતિકાર ન કરવા યોગ્ય કે ન કરી શકાય એવું
અપ્રતિગ્રહ પું૦ [સં.] અસ્વીકાર; દાન ન લેવું તે
અપ્રતિબંધ વિ૦ [સં.] અટકાયત વિનાનું (૨) પું૦ પ્રતિબંધનો અભાવ; છૂટ
અપ્રતિભટ પું૦ [સં.] બરાબરિયા વગરનો–અજોડ યોદ્ધો
અપ્રતિમ વિ૦ [સં.] અનુપમ; શ્રેષ્ઠ
અપ્રતિરુધ્ય વિ૦ [સં.] જેનો પ્રતિરોધ ન થઈ શકે એવું
અપ્રતિરોધ પું૦ [સં.] પ્રતિરોધનો અભાવ
અપ્રતિષેધ પું૦ [સં.] નિષેધ–મના ન હોવી તે
અપ્રતિષ્ઠ,-ષ્ઠિત વિ૦ [સં.] પ્રતિષ્ઠિત નહિ એવું. **-ષ્ઠા** સ્ત્રી૦ ફજેતી; બેઆબરૂ. **-ષ્ઠાન** ન૦ અસ્થિરતા; દૃઢતાનો અભાવ
અપ્રતિહત વિ૦ [સં.] અટકાવ વિનાનું (૨) અટકાવી વા હણી ન શકાય એવું
અપ્રતીકાર,-રી,-ર્ય [સં.] જુઓ 'અપ્રતિકાર'માં
અપ્રતીત [સં.] વિ૦ પ્રતીત નહિ એવું (૨) સ્ત્રી૦ અપ્રતીતિ. **-તિ** સ્ત્રી૦ પ્રતીતિનો અભાવ
અપ્રત્યક્ષ વિ૦ [સં.] પ્રત્યક્ષ નહિ એવું; દૂરનું
અપ્રત્યય વિ૦ [સં.] પ્રત્યય વિનાનું [વ્યા.] (૨) પું૦ અવિશ્વાસ
અપ્રધાન વિ૦ [સં.] પ્રધાન નહિ એવું; ગૌણ
અપ્રમત્ત વિ૦ [સં.] પ્રમત્ત નહિ એવું; જાગ્રત
અપ્રમાણ વિ૦ [સં.] અમાપ (૨) પ્રમાણ–પુરાવા વિનાનું (૩) અવિશ્વસનીય; શાસ્ત્રપ્રમાણથી વિરુદ્ધ. **-ણિક** વિ૦, **-ણિકતા** સ્ત્રી૦, **-ણિકપણું** ન૦ જુઓ 'અપ્રામાણિક'માં
અપ્રમાદ પું૦ [સં.] સાવધાનતા; જાગૃતિ. **-દિતા** સ્ત્રી૦ અપ્રમાદીપણું. **-દી** વિ૦ પ્રમાદી નહિ તેવું
અપ્રમેય વિ૦ [સં.] પ્રમેય નહિ તેવું; અમાપ
અપ્રયાસ પું૦ [સં.] પ્રયાસનો અભાવ
અપ્રયુક્ત વિ૦ [સં.] પ્રયોગમાં–વાપરમાં નહિ આવેલું
અપ્રયોજક પું૦ [સં.] પ્રયોજક નહિ તે (૨) વિ૦ પ્રયોજન વગરનું; નકામું
અપ્રવાહી વિ૦ [સં.] પ્રવાહી નહિ એવું; ઘન. **-હિતા** સ્ત્રી૦
અપ્રવીણ વિ૦ [સં.] પ્રવીણ નહિ એવું. ૦**તા** સ્ત્રી૦ [અભાવ
અપ્રવૃત્ત વિ૦ [સં.] પ્રવૃત્ત નહિ એવું. **-ત્તિ** સ્ત્રી૦ પ્રવૃત્તિનો
અપ્રશસ્ત વિ૦ [સં.] નિંદ્ય; કીર્તિ વિનાનું (૨) હલકું; ઊતરતું
અપ્રસન્ન વિ૦ [સં.] પ્રસન્ન નહિ તેવું. ૦**તા** સ્ત્રી૦
અપ્રસંગ પું૦ [સં.] સંબંધ કે સંગનો અભાવ (૨) કવખત; અસ્થાન; અપ્રસ્તુતતા. **-ગી** વિ૦ અપ્રાસંગિક
અપ્રસાદ પું૦ [સં.] નાખુશી (૨) ક્લિષ્ટતા
અપ્રસિદ્ધ વિ૦ [સં.] પ્રસિદ્ધ નહિ તેવું. ૦**તા,-દ્ધિ** સ્ત્રી૦ પ્રસિદ્ધિનો અભાવ
અપ્રસ્તુત વિ૦ [સં.] પ્રસ્તુત નહિ તેવું. ૦**પ્રશંસા** સ્ત્રી૦ અપ્રસ્તુતના વર્ણનથી પ્રસ્તુત સૂચવતો અલંકાર (કા. શા.)
અપ્રાકૃત વિ૦ [સં.] અલૌકિક (૨) અણઘડ નહિ એવું; સંસ્કૃત
અપ્રાપ્ત વિ૦ [સં.] નહિ મળેલું; ન આવેલું. ૦**કાલ(-ળ)** વિ૦ કવખતનું (૨) પ્રસંગને અનુચિત (૩) વયમાં ન આવેલું (૪) પું૦ કમોસમ; કવખત (૫) [ન્યા.] અપ્રસ્તુત કથનનું એક નિગ્રહસ્થાન. ૦**યૌવન**, ૦**વય** વિ૦ કાચી ઉંમરનું; સગીર. ૦**વ્યવહાર** વિ૦ વ્યવહારને પ્રાપ્ત ન થયેલું એવું; સગીર. **-પ્તિ** સ્ત્રી૦ પ્રાપ્તિનો અભાવ. **-પ્ય** વિ૦ પ્રાપ્ય નહિ એવું
અપ્રામાણિક વિ૦ [સં.] પ્રામાણિક નહિ એવું. ૦**તા** સ્ત્રી૦
અપ્રાસંગિક વિ૦ [સં.] પ્રાસંગિક નહિ એવું
અપ્રિય વિ૦ [સં.] પ્રિય નહિ એવું (૨) ન૦ અનિષ્ટ; ભૂંડું. ૦**કર**, ૦**કારી** વિ૦ અપ્રિય કરનારું. ૦**તા** સ્ત્રી૦. ૦**વાદી** વિ૦ અપ્રિય–માઠું લાગે એવું બોલનારું
અપ્રીત,-તિ [સં.] સ્ત્રી૦ પ્રીતિનો અભાવ; અણગમો; વેર
અપ્સરસ્તીર્થ ન૦ [સં.] અપ્સરાને નાહવાનું સરોવર
અપ્સરા સ્ત્રી૦ [સં.] સ્વર્ગની વારાંગના; પરી
અફઘાન વિ૦ (૨) પું૦ [फा.] એ નામની એક પ્રજાનું; કાબુલી. **-નિસ્તાન** ન૦ (સં.) અફઘાનોનો મુલક
અફર વિ૦ નિશ્ચિત; ફરે નહિ એવું
અફરતફર સ્ત્રી૦ તફડંચી; ગોટાળો [ઉચાપત કરવું તે
અફરાતફરી સ્ત્રી૦ ઊથલપાથલ; ફેરબદલી (૨) ગોટાળો;
અફરાવું અ૦ ક્રિ૦ વધુ ખાવાથી અકળાવું; આફરો ચડવો. **-મણ** સ્ત્રી૦ વધુ ખાવાથી થતી અકળામણ
અફરાંટું વિ૦ ઉપરાંટું
અફલ(-ળ) વિ૦ [સં.] ફળ વિનાનું; અફળ
અફલાતૂન પું૦ [अ.] (સં.) ગ્રીસનો મહાન તત્ત્વજ્ઞાની પ્લેટો (૨) વિ૦ આફલાતૂન. **-ની** વિ૦ પ્લેટોને લગતું (૨) સુંદર
અફલિત વિ૦ [સં.] ફળેલું નહિ તેવું (૨) નિષ્ફળ
અફવા સ્ત્રી૦ [अ.] ઊડતી ખબર; ગામગપાટો
અફસોસ પું૦ [फा.] શોચ; પસ્તાવો; દિલગીરી (૨) અ૦ અરેરે!. **-સી** સ્ત્રી૦ અફસોસ કરવો તે
અફળ વિ૦ નિષ્ફળ; નકામું (૨) વાંઝિયું. **-ળા** સ્ત્રી૦ ન ફળે એવી વનસ્પતિ; કુંવાર [તેનો અવાજ
અફળાવું અ૦ ક્રિ૦ ટિચાવું; પછડાવું. **-ટ** પું૦ અફળાવું તે;
અફાટ વિ૦ (૨) અ૦ ખૂબ વિશાળ; અસ્ખલિત; પ્રચંડ
અફાળકૂટ સ્ત્રી૦ ધમપછાડા (૨) માથાકૂટ
અફાળવું સ૦ ક્રિ૦ ટીચવું; પછાડવું
અફીણ ન૦ એક ઝેરી–માદક પદાર્થ. **-ણિયું,-ણી** વિ૦ અફીણના વ્યસનવાળું (૨) સુસ્ત; એદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપૂ નં[म.]અક્ષીણ　　　　[ક્ષણે જ
અબ અ૦[हिं.]અત્યારે. ૦ઘડી,-બી અ૦ હમણાં જ; આ
અબ(-ભ)ખો પું૦ અણગમો; અરુચિ; અભાવો
અબગરવું સ૦ ક્રિ૦ ઉપકાર કરવો
અબગાર પું૦(કા.)અન્ન પવિત્ર કરવા પીરસવામાં આવતું ઘી
અબજ વિ૦(૨)પું૦ અબ્જ સંખ્યા. ૦પતિ પું૦ અબજ રૂપિયાનો માલિક
અબદાગીરી સ્ત્રી૦ છત્ર
અબદાલી પું૦ ધર્મી પુરુષ
અબદુલ્લા પું૦[अ.]ખુદાનો બંદો
અબદ્ધ વિ૦[सं.]બદ્ધ નહિ એવું; છૂટું
અબ(-વ)ધૂત પું૦ વેરાગી; બાવો (૨) વિ૦ મસ્ત
અબનાલ સ્ત્રી૦[फा.]તરવારની મૂઠ પરનો શણગાર
અબનૂસ ન૦,-સી સ્ત્રી૦ એક ઊંચી જાતનું કાળું લાકડું
અબનૂસપાન ન૦[तेलुगु] ટિંબરવો
અબરક(-ખ) ન૦ એક ધાતુ; અભ્રક
અબરૂ સ્ત્રી૦[अ.] આંખની ભમર; ભ્રૂ
અબલ(-ળ) વિ૦[सं.]બલહીન; નિર્બલ. -લા(-ળા) વિ૦ સ્ત્રી૦ અલ્પ બળવાળી (૨) સ્ત્રી૦ સ્ત્રી
અબલક(-કી,-ખ,-ખી) વિ૦ ચિત્રવિચિત્ર; કાબરચીતરું ૦મેના સ્ત્રી૦ એક પક્ષી
અબળ,-ળા જુઓ 'અબલ'માં
અબ(-ભ)ળખા સ્ત્રી૦,-ખો પું૦ ઇચ્છા; ઓરિયો(૨)દોહદ
અબંડ વિ૦+બંડખોર નહિ એવું; આજ્ઞાધારી
અબંધ વિ૦[सं.]બંધ વિનાનું. -ન ન૦ બંધનનો અભાવ
અબાધ વિ૦[सं.]બાધિત નહિ એવું. ૦ક વિ૦ બાધક નહિ એવું. -ધિત વિ૦ અબાધ. -ધ્ય વિ૦ બાધ્ય નહિ એવું
અબાબ પું૦ કરકરિયાવર; રીત; લાગો
અબારું ન૦ અંધેર; અંધાધૂંધી
અબાંધવ વિ૦[सं.]સગાંસાગવાં વિનાનું; અનાથ
અબી અ૦[हिं.]હમણાં જ
અબીર ન૦[अ.] એક સુગંધીદાર ધોળી ભૂકી
અબીલ ન૦ અબીર. ૦ગુલાલ ન૦ અબીલ અને ગુલાલ
અબુ(-બો)ધ વિ૦[सं.]અણસમજુ (૨) મૂર્ખ (૩)દુનિયાના જ્ઞાન વિનાનું; હલેતું
અબુદ્ધિ સ્ત્રી૦[सं.]બુદ્ધિનો અભાવ; મૂર્ખતા
અબુવો પું૦ આબવો
અબૂ(-ભૂ)જ(-ઝ) વિ૦ અબુધ; અણસમજુ; મૂર્ખ (૨) બૂજ વગરનું; કદર વિનાનું; અગુણજ્ઞ
અબૂર વિ૦ પુષ્કળ
અબૂલોઢબૂલો પું૦ એક રમત
અબે અ૦[हिं.] એ; અલ્યા (તિરસ્કારથી તુંકારામાં). ૦તબે સ્ત્રી૦ 'અબે તબે'વાળી ભાષા— હિંદી
અબોખા પું૦બ૦વ૦ વરને ખવરાવવાનાં ખાંડખાજાં (૨) અભાવો; અરુચિ
અબોટ પું૦ રસોઈ અને જમવાની જગાને છાણમાટીથી લીંપવી તે (૨) શુદ્ધ અથવા અભડાયા વિનાની દશા (૩) નાહ્યા વિના જ્યાં જવાય કે અડકાય નહિ એવું સ્થળ. -ટિયું ન૦ રસોઈ કરતી અથવા જમતી વખતે પહેરવાનું રેશમી, શણનું કે ઊનનું વસ્ત્ર
અબોધ વિ૦[सं.] જુઓ અબુધ
અબોલ વિ૦ બોલી ન શકાય તેવું (૨) મૂંગું; ચૂપ (૩) બેભાન -લા પું૦બ૦વ૦ રિસાઈને અમુકની સાથે ન બોલવું તે. -લ્યું વિ૦ નહિ બોલેલું
અબ્જ વિ૦[सं.]સો કરોડ (૨)પું૦તેની સંખ્યા(૩)ન૦ કમળ
અબ્દ પું૦; ન૦[सं.]વાદળ (૨)ન૦ વર્ષ (૩) એક વનસ્પતિ— નાગરમોથ. ૦સાર પું૦ કપૂર
અબ્દુર્ગ પું૦[सं.] ચોફેર પાણીથી રક્ષાયેલો કિલ્લો
અબ્ધિ પું૦[सं.] સમુદ્ર
અબ્બા પું૦[हिं.]બાપા. ૦જાન પું૦ પિતાજી (પ્રેમવાચક)
અબ્બા સ્ત્રી૦ મા (૨) ડોસી (૩) થઈ
અબ્બાસી વિ૦[अ.] એ નામના વંશનો (ખલીફ) (૨) જાંબુડિયા અથવા રતાશ પડતા વાદળી રંગનું
અબ્રહ્મચર્ય ન૦[सं.] બ્રહ્મચર્યનો અભાવ
અબ્રહ્મણ્ય વિ૦[सं.]બ્રાહ્મણને ન છાજે એવું (૨)ન૦ પાપકૃત્ય
અબ્રાહ્મણ વિ૦[सं.] બ્રાહ્મણ નહિ તેવું; બ્રાહ્મણેતર
અભક્તિ સ્ત્રી૦[सं.] ભક્તિનો અભાવ (૨) અશ્રદ્ધા
અભક્ષણ ન૦[सं.] ભક્ષણ ન કરવું તે; ઉપવાસ
અભક્ષાભક્ષ પું૦ જુઓ અભક્ષ્યભક્ષણ
અભક્ષ્ય વિ૦[सं.] ન ખાવા જેવું; શાસ્ત્રમાં જે ખાવાનો નિષેધ છે તેવું. ૦ભક્ષણ ન૦ તેવું ખાવું તે; માંસાહાર
અભખો પું૦ અબખો
અભગ વિ૦[सं.] અભાગી
અભડાવું અ૦ક્રિ૦ અભડાયેલા થવું (૨) રજસ્વલા થવું. -યેલું વિ૦ મૃત્યુ કે સૂતકને કારણે અસ્પૃશ્ય બનેલું (૨) અસ્પૃશ્યને સ્પર્શ કરવાથી અપવિત્ર બનેલું. -યેલી વિ૦ સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ દૂર બેઠેલી; રજસ્વલા
અભણ વિ૦ નહિ ભણેલું; નિરક્ષર
અભદ્ર વિ૦[सं.] અશુભ (૨) ખરાબ; દુષ્ટ
અભય વિ૦[सं.] નીડર (૨) પું૦; ન૦ ભયનો અભાવ (૩) સંરક્ષણ; આશ્રય. ૦કર વિ૦ ભયરહિત કરનાર. ૦તા સ્ત્રી૦ નીડરતા. ૦દંડ પું૦ અભય આપનારો દંડો. ૦દાન ન૦ સલામતી બક્ષવી તે; અભયવચન. ૦પત્ર ન૦ સંરક્ષણની ખાતરી આપતો લેખ. ૦પદ ન૦ ભયરહિત સ્થિતિ; મોક્ષ. ૦મુદ્રા સ્ત્રી૦ અભયદાન આપતો હાથનો અભિનય. ૦વચન ન૦ સંરક્ષણનું વચન-ખાતરી. -યંકર વિ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયંકર નહિ તેવું. **-યા** સ્ત્રી૦ (સં.) દુર્ગાનું એક રૂપ (૨) હરડે. **-યાંજલિ** સ્ત્રી૦ હાથ જોડીને કરવાની અભય માટેની પ્રાર્થના. **-થી** વિ૦ નિર્ભય; નીડર

અભર વિ૦ [સં.] ખાલી (૨) ગરીબ. **-રાભરણ** વિ૦ ગરીબનું ભરણપોષણ કરનારું (૨) ન૦ ગરીબનું ભરણપોષણ

અભર(-ળ)ખો પું૦ અબળખો; ઓરિયો

અભરાઈ સ્ત્રી૦ છાજલી [અભાવ

અભરામ પું૦ [સં.] યહૂદીઓનો મૂળ પુરુષ (૨) + ભ્રમનો

અભર્તૃકા સ્ત્રી૦ [સં.] ધણી વિનાની સ્ત્રી-વિધવા કે કુંવારી

અભલેખ પું૦ + અભિલાખ; અભિલાષા

અભવ પું૦ [સં.] મોક્ષ (૨) અસ્તિત્વ નહિ તે (૩) નાશ

અભળખા સ્ત્રી૦, **-ખો** પું૦ અબળખા; ઓરિયો

અભંગ વિ૦ [સં.] આખું; અખંડ (૨) પું૦ એક મરાઠી છંદ

અભા સ્ત્રી૦ + આભા

અભાગણ(-ણી) વિ૦ સ્ત્રી૦ હીણભાગી; કમનસીબ

અભાગિયું વિ૦ અભાગી. **-યણ** વિ૦ સ્ત્રી૦ [(વારસામાં)

અભાગી વિ૦ [સં.] કમનસીબ (૨) નાલાયક (૩) ભાગ વિનાનું

અભાગ્ય ન૦ [સં.] દુર્ભાગ્ય; કમનસીબ. ૦વાન વિ૦ કમનસીબ

અભાવ પું૦ [સં.] અસ્તિત્વ ન હોવું તે (૨) અણગમો. **-વા** પું૦ બ૦ વ૦ અબળખા; દોહદ. **-વાત્મક** વિ૦ અભાવરૂપ. **-વો** પું૦ અણગમો

અભિ [સં.] ઉપસર્ગ. 'પાસે-તરફ', 'ની ઉપર' એવા ગતિવાચક અર્થમાં; ઉદા૦ અભિમુખ; અભિક્રમણ (૨) સ્વતંત્ર શબ્દ જોડે 'શ્રેષ્ઠ', 'અધિક' એવા ભાવના અર્થમાં; ઉદા૦ અભિધર્મ; અભિનવ

અભિ(-ભી)ક વિ૦ [સં.] જુઓ અભીક

અભિકોણ પું૦ [સં.] 'વર્ટિકલ ઍન્ગલ' (ગ.)

અભિક્રમ પું૦ [સં.] આરંભ (૨) ચડાઈ. ૦ણ ન૦ ચડાઈ

અભિક્રોશ પું૦ [સં.] વિલાપ (૨) ઠપકો (૩) નિંદા

અભિગમન ન૦ [સં.] તરફ-સામે જવું તે (૨) સંભોગ. **-નીય, અભિગમ્ય** વિ૦ અભિગમન કરી શકાય એવું

અભિગામી વિ૦ [સં.] -ની પાસે જનાર (૨) ભોગવનાર

અભિગ્રસ્ત વિ૦ [સં.] ઘેરાયેલું; સપડાયેલું

અભિઘાત પું૦ [સં.] આઘાત (૨) હુમલો; માર (૩) વિનાશ. ૦ક વિ૦ અભિઘાત કરનારું [કરવો તે

અભિચર પું૦ [સં.] અનુચર; નોકર. ૦ણ ન૦ અભિચાર

અભિચાર પું૦ [સં.] મેલાં કામો માટે મંત્રપ્રયોગ કરવો તે (તંત્ર પ્રમાણે છ જાતના અભિચાર છે-મારણ, મોહન, સ્તંભન, વિદ્વેષણ, ઉચ્ચાટન અને વશીકરણ). ૦ક પું૦ જારણમારણ કરનારો

અભિજન પું૦ [સં.] સંબંધી જન (૨) વતન (૩) વંશ; કુળ

અભિજાત વિ૦ [સં.] ખાનદાન (૨) સુંદર; શ્રેષ્ઠ (૩) શિષ્ટ

અભિજિત પું૦ [સં.] એક નક્ષત્ર (૨) દિવસનું આઠમું મુહૂર્ત

અભિજ્ઞ વિ૦ [સં.] અનુભવી (૨) માહિતગાર. ૦તા સ્ત્રી૦. **-જ્ઞાત** વિ૦ ઓળખેલું. **-જ્ઞાન** ન૦ સ્મૃતિ; ઓળખ (૨) ઓળખાણની નિશાની

અભિતપ્ત વિ૦ [સં.] અતિ તપેલું (દુઃખથી)

અભિતાપ પું૦ [સં.] સંતાપ

અભિદ્રવ પું૦ [સં.] હુમલો

અભિધર્મ પું૦ [સં.] શ્રેષ્ઠ ધર્મ-તત્ત્વ

અભિધા સ્ત્રી૦ [સં.] શબ્દનો મૂળ અર્થ (૨) એ અર્થની બોધક શબ્દશક્તિ. ૦ન ન૦ નામ; ઉપનામ (૨) શબ્દ (૩) શબ્દકોશ (૪) [વ્યા.] કર્તા માટેનું વિધાન. ૦નમાલા(-ળા) સ્ત્રી૦ શબ્દકોશ. ૦મૂલક વિ૦ શબ્દના વાચ્યાર્થ ઉપર રચાયેલું. **-ધેય** વિ૦ કહેવા યોગ્ય (૨) નામ દેવા યોગ્ય (૩) ન૦ અક્ષરાર્થ (૪) વિષય (બોલવાનો). ૦વૃત્તિ સ્ત્રી૦ વાચ્યાર્થ જણાવવાની શબ્દશક્તિ

અભિધાવન ન૦ [સં.] પૂંઠ પકડવી તે; હલ્લો

અભિનય પું૦ [સં.] મનોભાવદર્શક હલનચલન અથવા મુદ્રા (૨) વેશ ભજવવો તે. ૦કાર પું૦ નટ. ૦સૂચના સ્ત્રી૦ અભિનયની સૂચના; 'સ્ટેજ ડાયરેક્શન'

અભિનવ(-વું) વિ૦ [સં.] તદ્દન નવું (૨) શિખાઉ; કાચું

અભિનંદન ન૦ [સં.] ધન્યવાદ (૨) અનુમતિ (૩) સ્તુતિ. **-નીય** વિ૦ અભિનંદન કરવા યોગ્ય. **-વું** સ૦ ક્રિ૦ અભિનંદન કરવું (૨) અ૦ ક્રિ૦ આનંદવું; રાજી થવું

અભિનંદિત વિ૦ [સં.] અભિનંદન પામેલું

અભિનિવિષ્ટ વિ૦ [સં.] -માં મચેલું; -ની પાછળ નિશ્ચયપૂર્વક પડેલું (૨) આગ્રહી (૩) દૃઢ

અભિનિવેશ પું૦ [સં.] તન્મયતા (૨) આસક્તિ (૩) દૃઢ નિશ્ચય (૪) આગ્રહ; હઠ

અભિનિષ્ક્રમણ ન૦ [સં.] બહાર જવું તે (૨) સંન્યાસ

અભિનિષ્પન્ન વિ૦ [સં.] નિષ્પન્ન

અભિનીત વિ૦ [સં.] પાસે આણાયેલું (૨) ભજવાયેલું

અભિનેતા પું૦ [સં.] અભિનય કરનાર; 'ઍક્ટર'

અભિનેય વિ૦ [સં.] ભજવવા યોગ્ય

અભિન્ન વિ૦ [સં.] અખંડ (૨) જુદું નહિ તેવું; એક; એકસરખું (૩) [ગ.] પૂર્ણ (અંક). ૦તા સ્ત્રી૦

અભિપ્રાય પું૦ [સં.] મત (૨) હેતુ

અભિપ્રેત વિ૦ [સં.] મનમાં ધારેલું; ઇષ્ટ (૨) સ્વીકારેલું

અભિપ્રોક્ષણ ન૦ [સં.] મંત્ર ભણીને પાણી છાંટવું તે

અભિભવ પું૦ [સં.] હાર; પરાજય (૨) અનાદર

અભિભૂત વિ૦ [સં.] હારેલું (૨) અપમાનિત

અભિમત વિ૦ [સં.] ઇષ્ટ (૨) સંમત

અભિમંત્રણ ન૦ [સં.] મંત્રથી પવિત્ર કરવું તે (૨) મસલત ચલાવવી તે (૩) પડકાર

અભિમંત્રિત વિ૦ [સં.] અભિમંત્રણ કરેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિમાન ન૦; પું૦[સં.] અહંકાર; ગર્વ. **-ની** વિ૦ અભિમાનવાળું

અભિમુખ વિ૦ [સં.] -ના તરફ મુખવાળું; સંમુખ(૨)[ગ.] સામેનો (ખૂણો). **૦કોણ** પું૦ સામેનો ખૂણો (ગ.)

અભિયુક્ત વિ૦ [સં.] રોકાયેલું (૨) નિમાયેલું (૩) શત્રુથી ઘેરાયેલું (૪) પું૦ આરોપી; પ્રતિવાદી

અભિયોગ પું૦ [સં.] નિકટ સંબંધ (૨) દીર્ઘ ઉદ્યોગ; ખંત (૩) વિક્રત્તા (૪) હલ્લો (૫) આરોપ; ફરિયાદ. **-ગી** વિ૦ -માં મચેલું -રત (૨) હુમલો કરતું (૩) આરોપ મૂકતું (૪) પું૦ ફરિયાદી

અભિરક્ત વિ૦ [સં.] નિમગ્ન; અભિરત

અભિરત વિ૦ [સં.] અત્યંત આસક્ત

અભિરામ વિ૦ [સં.] આનંદદાયક (૨) મનોહર; સુંદર

અભિરુચિ સ્ત્રી૦ [સં.] રુચિ; શોખ; પ્રીતિ

અભિરુદ્ગતા સ્ત્રી૦[સં.]ષડ્જ ગ્રામની એક મૂર્છના (સંગીત)

અભિરૂપ વિ૦ [સં.] અનુરૂપ; યોગ્ય (૨) રૂપાળું (૩) માનીતું

અભિલષિત વિ૦[સં.] ઇચ્છેલું [ઇચ્છવું

અભિલાખ પું૦ મનકામના(૨)ઉત્કટ ઇચ્છા. **૦વું** સ૦ક્રિ૦

અભિલાષ પું૦, **-ષા** સ્ત્રી૦ [સં.] અભિલાખ. **-ષી** વિ૦ અભિલાષાવાળું

અભિવંદન ન૦, **-ના** સ્ત્રી૦ [સં.] નમસ્કાર (૨) આસકા. **-નીય** વિ૦અભિવંદવા યોગ્ય. **-વું** સ૦ક્રિ૦અભિવંદન કરવું. **અભિવંદ્ય** વિ૦ અભિવંદનીય

અભિવાદ પું૦ [સં.] નમસ્કાર (૨) આરોપ (૩) સામો વાદવિવાદ ચલાવવો તે. **૦ક** વિ૦ નમસ્કાર કરનારું. **૦ન** ન૦ નમસ્કાર. **-દ્ય** વિ૦ નમસ્કારને યોગ્ય

અભિવાંછના સ્ત્રી૦ [સં.] વાંછના

અભિવાંછિત વિ૦[સં.] ઇચ્છેલું; માગેલું (૨) ન૦ ઇષ્ટ વસ્તુ

અભિવૃદ્ધિ સ્ત્રી૦ [સં.] વધારો (૨) ઉન્નતિ

અભિવ્યક્તિ સ્ત્રી૦[સં.]વ્યક્ત–પ્રગટ થવું તે;વ્યક્તતા;સ્પષ્ટતા

અભિવ્યંજક વિ૦ [સં.] વ્યક્ત–સ્પષ્ટ કરનાર

અભિવ્યંજન ન૦ [સં.] અભિવ્યક્તિ

અભિવ્યાપક,અભિવ્યાપી વિ૦ [સં.] ચોતરફ વ્યાપી જાય એવું; સમાવેશ કરનારું (૨) બહોળા અર્થનું

અભિવ્યાપ્તિ સ્ત્રી૦ [સં.] સર્વવ્યાપકતા; સમાવેશ

અભિશાપ પું૦ [સં.] શાપ (૨) આળ (૩) સામો શાપ

અભિષિક્ત વિ૦ [સં.] અભિષેક કરાયેલું(૨)તખ્તનશીન થયેલું

અભિષેક પું૦ [સં.] જલસિંચન કે તેનો વિધિ (મૂર્તિ અથવા નવા રાજા ઉપર). **૦પાત્ર** ન૦અભિષેક કરવાનું પાત્ર; ઝારી. **૦વું** સ૦ ક્રિ૦ અભિષેક કરવો

અભિસરણ ન૦ [સં.] પાસે જવું તે (૨) ફરવું તે

અભિસંધિ પું૦ [સં.] હેતુ; ઇરાદો

અભિસાર પું૦ [સં.] સંકેત અનુસાર પ્રેમીઓનું મિલન (૨) પ્રેમીને મળવા જવું તે. **-રિકા** સ્ત્રી૦ સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી

અભિસિંચવું સ૦ક્રિ૦ સિંચવું

અભિહત વિ૦ [સં.] આઘાત પામેલું

અભિહિત વિ૦ [સં.] કહેવાયેલું

અભીક વિ૦ [સં.] અભિક; નિર્ભય (૨) વિષયાસક્ત

અભીત વિ૦ [સં.] નહિ બીનેલું. **-તિ** સ્ત્રી૦ નિર્ભયતા

અભીપ્સિત વિ૦ [સં.] ઇચ્છેલું

અભીર પું૦ [સં.] ગોવાળિયો; આહીર; આભીર

અભીષ્ટ વિ૦ [સં.] ઇચ્છેલું (૨) મનગમતું

અભીંજ વિ૦ ભીંજાય નહિ એવું

અભુક્ત વિ૦ [સં.] અણભોગવ્યું (૨) અણબોટ્યું (૩) નહિ જમેલું. **૦મૂળ** ન૦પંચાંગ પ્રમાણે જ્યેષ્ઠા નક્ષત્રની છેલ્લી ચાર ઘડી અને મૂળ નક્ષત્રની પહેલી ચાર ઘડી મળીને બનેલો આઠ ઘડીનો કાળ

અભૂજ(-ઝ) વિ૦ જુઓ અબૂજ

અભૂત વિ૦[સં.]નહિ થયેલું. **૦તદ્ભાવ** પું૦ જે નથી તે થવું તે. **૦પૂર્વ** વિ૦ પૂર્વે કદી નહિ થયેલું; અપૂર્વ

અભૂલ વિ૦ બેભાન (સુ.)

અભે પું૦ +અભય

અભેદ વિ૦ [સં.] ભેદરહિત; એકરૂપ; અભિન્ન(૨)પું૦એકરૂપતા; અદ્વૈત. **૦ભાવ** પું૦ એકતાની લાગણી. **૦માર્ગ** પું૦ અદ્વૈતપંથ. **૦યોગ** પું૦ સંપૂર્ણ એકતા. **૦વાદ** પું૦ અદ્વૈતવાદ. **-દીકરણ** ન૦ ભેદરહિત—એક કરવું તે. **-દ્ય** વિ૦ ભેદી ન શકાય એવું. **-દ્યતા** સ્ત્રી૦

અભોક(-ગ) પું૦ આભોગ; ધ્રુપદના ત્રણ ભાગોમાંનો છેલ્લો

અભોગ્ય વિ૦ [સં.] ભોગ્ય નહિ એવું

અભોજ્ય વિ૦ [સં.] ભોજ્ય નહિ એવું

અભ્યર્થના સ્ત્રી૦ [સં.] પ્રાર્થના; વિનંતી

અભ્યર્હિત વિ૦ [સં.] પૂજ્ય; આદરણીય

અભ્યસનીય વિ૦[સં.]અભ્યાસ કરવા જેવું કે માટેનું

અભ્યસવું સ૦ક્રિ૦ અભ્યાસ કરવો

અભ્યસ્ત વિ૦ [સં.] વારંવાર કરી જોયેલું (૨) મહાવરાવાળું; ટેવાયેલું (૩) અભ્યાસથી જાણેલું

અભ્યંગ પું૦[સં.] શરીરે તૈલાદિ સુગંધીદાર પદાર્થો ચોળાવવા તે. **૦સ્નાન** ન૦ અભ્યંગસહિત સ્નાન

અભ્યંતર વિ૦ [સં.] અંદરનું (૨) ન૦ અંદરનો ભાગ (૩) અંતર; મન (૪) અ૦ અંદર; મનમાં [(૩) ભિક્ષુ

અભ્યાગત વિ૦[સં.] પાસે આવેલું (૨)પું૦અતિથિ; પરોણો

અભ્યાસ પું૦ [સં.] પુનરાવૃત્તિ (૨) ભણવું તે (૩) મહાવરો. **૦ક** વિ૦ (૨) પું૦ જુઓ અભ્યાસી. **૦ક્રમ** પું૦ ભણવાની નિયત યોજના. **૦યોગ** પું૦ વારંવાર ચિત્તને સ્થિર કરવાનો યોગ. **૦વું** સ૦ ક્રિ૦ અભ્યાસ કરવો; બરોબર ભણવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–સી વિ૦ મહાવરાવાળું (૨) ઉદ્યમી (૩) પું૦ વિદ્યાર્થી (૪) પંડિત. **–સ્ય** વિ૦ જુઓ અભ્યસનીય

અભ્યુક્ષણ ન૦ [સં.] મંત્રપૂર્વક સિંચન

અભ્યુચ્છ્રય પું૦ [સં.] ઊંચું થવું તે (૨) સંગીતનો એક અલંકાર

અભ્યુત્થાન ન૦ [સં.] માનાર્થે ઊભા થવું તે (૨) ઉત્કર્ષ

અભ્યુદય પું૦ [સં.] ઉન્નતિ; આબાદી (૨) કલ્યાણ; શ્રેય. **–યાધિકયવાદ** પું૦ ઉપયુક્તતાવાદ

અભ્ર ન૦ [સં.] વાદળું. **૦ભેદી** વિ૦ અભ્રને ભેદે એવું. **૦રંગી** વિ૦ અભ્રના રંગનું

અભ્રક ન૦ [સં.] અબરક

અભ્રછના સ્ત્રી૦ + જુઓ ભર્ત્સના

અમ સ૦ અમે (૨) [પ.] અમારું

અમકડું વિ૦ અમુક અનિશ્ચિત

અમત વિ૦ [સં.] નહિ વિચારાયેલું; નહિ સ્વીકારાયેલું

અમથું વિ૦ વ્યર્થ; નકામું

અમન ન૦ શાંતિ (૨) સુખચેન; આરામ. **૦ચમન** ન૦ મોજ-મજા. **૦સભા** સ્ત્રી૦ શાંતિ સ્થાપવાના હેતુવાળી સભા

અમનસ્ક વિ૦ [સં.] મન (ઇંદ્રિય) વિનાનું; વિચારરહિત (૨) ગાંડેલ (૩) ધ્યાન વિનાનું (૪) મન ઉપર કાબૂ વિનાનું

અમમતા સ્ત્રી૦, **–ત્વ** ન૦ [સં.] મમતાનો અભાવ

અમર વિ૦ [સં.] મરે નહિ એવું (૨) પું૦ દેવ. **૦તા** સ્ત્રી૦. **૦પટો** પું૦ અમરપણાનું વરદાન–લેખ. **૦પતિ** પું૦ (સં.) ઇંદ્ર. **૦ફળ** ન૦ અમરપણું આપનારું ફળ. **૦લોક** પું૦ સ્વર્ગ. **૦વેલ** સ્ત્રી૦ (વાડ, ઝાડ ઇત્યાદિ પર) જ્યાં નાંખો ત્યાં વગર પાણીએ થતી એક વેલી. **૦સરિત** સ્ત્રી૦ આકાશ-ગંગા. **–રા** સ્ત્રી૦ એક વનસ્પતિ; ગળો (૨) દૂંટીનો નાળ. **–રાનગરી, –રાપુરી, –રાવતી** સ્ત્રી૦ ઇંદ્રની રાજધાની. **–રાંગના** સ્ત્રી૦ દેવાંગના (૨) અપ્સરા

અમરાઈ સ્ત્રી૦ આંબાવાડિયું; આંબાની હાર

અમરીખ પું૦ (સં.) અંબરીષ (પ.)

અમરીચમરી સ્ત્રી૦ માથે ઘાલવાનું સ્ત્રીઓનું એક ઘરેણું

અમર્ત્ય વિ૦ [સં.] અમર

અમર્યાદ વિ૦ [સં.] નિરંકુશ (૨) નિર્લજ્જ. **–દા** સ્ત્રી૦ મર્યાદાનો અભાવ; બેઅદબી (૨) નિર્લજ્જતા

અમર્ષ પું૦ અસહિષ્ણુતા (૨) ક્રોધ. **–ર્ષી** વિ૦ અમર્ષવાળું

અમલ(–ળ) વિ૦ [સં.] નિર્મળ; શુદ્ધ

અમલ પું૦ (અ.) સત્તા; વહીવટ (૨) હુકમ (૩) કેફ કે કેફી વસ્તુ; અફીણ (૪) સમયનો શુમાર. **૦જોરી** સ્ત્રી૦ સત્તાનું જોર. **૦દાર** પું૦ અધિકારી. **૦દારી** સ્ત્રી૦ અમલદારનું કામ કે પદ. **૦પાણી** ન૦ અફીણનો કસૂંબો. **૦બજાવણી** સ્ત્રી૦ અમલ કરવો કે બજાવવો તે. **–લી** વિ૦ અમલમાં મુકાયેલું અથવા મૂકવાનું; સક્રિય (૨) વ્યસની (૩) સુસ્ત; એદી. **–લો** પું૦ અમલદારને બેસવાની જગા; કાર્યાલય

અમલિન વિ૦ [સં.] મલિન નહિ એવું; શુદ્ધ

અમલો પું૦ ઇમલો; ઇમારતી બાંધકામ; (૨) જુઓ 'અમલ'માં

અમસ્તું, –સ્તકું વિ૦ અમથું

અમળ વિ૦ અમલ; નિર્મળ

અમળાવું અ૦ ક્રિ૦ આમળા ખાવા; વળ ચડવો (૨) પેટમાં દુખવું (૩) અતડા રહેવું; દુભાવું. **–ળાટ** પું૦ આમળો; વળ (૨) પેટમાં ગૂંચળાં વળવાં તે; આંકડી (૩) કરમોડાવું તે (૪) વાંકા વાંકા ચાલવું તે; મિજાજ (૫) વક્રતા; વેર

અમંગલ(–ળ) વિ૦ [સં.] અશુભ (૨) ન૦ દુર્ભાગ્ય

અમંત્ર વિ૦ [સં.] મંત્રરહિત (૨) વેદમંત્રના અધિકાર વિનાનું

અમાણું સ૦ + અમારું

અમાતૃક વિ૦ [સં.] મા વગરનું (૨) માતાનું નહિ એવું

અમાત્ય પું૦ [સં.] પ્રધાન; મંત્રી

અમાન ન૦ [અ.] અભય; રક્ષણ. **૦ત** સ્ત્રી૦ અનામત. **૦તદારી** સ્ત્રી૦ ટ્રસ્ટીપણું; વાલીપણું (૨) પ્રમાણિકતા (૩) થાપણ સાચવવી તે

અમાન ન૦ [સં.] માનનો અભાવ. **–ની** વિ૦ માની નહિ એવું; નિરભિમાની. **–નિતા** સ્ત્રી૦, **–નિત્વ** ન૦ અન-ભિમાનિતા; નમ્રતા

અમાનુષ(–ષી) વિ૦ [સં.] અતિમાનુષ; દૈવી (૨) મનુષ્યને શોભે નહિ એવું (૩) ક્રૂર; રાક્ષસી

અમાન્ય વિ૦ [સં.] માન્ય નહિ એવું; નામંજૂર. **૦તા** સ્ત્રી૦

અમાપ વિ૦ [સં.] બેહદ; પાર વિનાનું

અમાયા સ્ત્રી૦ [સં.] માયાનો અભાવ; સત્ય જ્ઞાન (૨) નિષ્કપટપણું. **–યિક** વિ૦ નિષ્કપટ

અમારિઘોષણા સ્ત્રી૦ [સં.] હિંસાના નિષેધની ઘોષણા

અમારું સ૦ 'હું'નું છઠ્ઠી વિભક્તિનું બહુવચન

અમાવ(–વા)સ્યા સ્ત્રી૦ [સં.] અમાસ

અમાસ સ્ત્રી૦ અંધારિયાનો છેલ્લો દિવસ

અમાંડલિ(–ળિ)ક વિ૦ [સં.] માંડલિક–ખંડિયું નહિ તેવું

અમિત વિ૦ [સં.] અમાપ (૨) નહિ માપેલું. **–તાક્ષર** વિ૦ અપદ્યાગદ્ય

અમિત્ર પું૦ [સં.] મિત્ર નહિ તે; શત્રુ. **૦તા** સ્ત્રી૦

અમિશ્રિત વિ૦ [સં.] નિર્ભેળ

અમી ન૦ અમૃત (૨) મીઠાશ (૩) કૃપા (૪) થૂંક. **૦દૃષ્ટિ, ૦નજર** સ્ત્રી૦ મીઠી નજર; મહેરબાની. **૦નિધિ** પું૦ અમૃતનો ભંડાર (૨) [સં.] ચંદ્ર. **૦રસ** સં૦ સુધારસ; અમૃત જેવો મીઠો રસ

અમીટ વિ૦ મીટ વિનાનું; અનિમેષ

અમીન વિ૦ [અ.] વિશ્વાસુ; વિશ્વસનીય (૨) એક અડક (૩) પું૦ ટ્રસ્ટી; વાલી (૪) લવાદ (૫) ગામનો મોટો અધિકારી. **૦ગીરી** સ્ત્રી૦ અમીનનો હોદ્દો (૨) અમીનનું સાલિયાણું. **૦દારી** સ્ત્રી૦, **–નાત, –ની** સ્ત્રી૦ જુઓ અમીનગીરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમીર પું૦ [અ.] સરદાર;ઉમરાવ (૨) રાજકર્તા (અફઘાનિસ્તાનનો)(૩)ખાનદાન કુટુંબનો કે પૈસાદાર માણસ. ૦જાદી સ્ત્રી૦ અમીરની દીકરી. ૦જાદો પું૦ અમીરનો દીકરો. ૦શાસન ન૦ જેમાં અમીર-ઉમરાવોની હકૂમત ચાલતી હોય એવી રાજ્યપદ્ધતિ; 'ઍરિસ્ટોક્રસી'. ૦શાહી સ્ત્રી૦ અમીરપણાનો દોર (૨)અમીરશાસન. -રાઈ(-ત) સ્ત્રી૦ અમીરપણું (૨) અમીરનો હોદ્દો (૩)અમીરપણા માટેનું સાલિયાણું.-રી વિ૦ અમીરના જેવું (૨)સ્ત્રી૦અમીરપણું

અમુક વિ૦ [સં.] વિશેષ અર્થમાં મુકરર કરેલું; ચોક્કસ; ફલાણું (૨)અનિશ્ચિત(૩)સ૦અમુક (જણ). ૦તમુક વિ૦ ફલાણું-ઢીકણું. -તા સ્ત્રી૦, -ત્વ ન૦

અમુક્ત વિ૦[સં.] મુક્ત નહિ એવું; બંધાયેલું. -ક્તિ સ્ત્રી૦ મુક્તિ-મોક્ષનો અભાવ (૨) બંધન

અમુ(-મૂં)ઝાવું અ૦ક્રિ૦ મૂંઝાવું; અકળાવું

અમૂ(-મૂં)ઝણ સ્ત્રી૦ અમૂંઝાવું તે

અમૂઢ વિ૦[સં.]મૂઢ નહિ એવું [એવું (૨) સાવધ

અમૂર્ચ્છ(-ર્છ),-ચ્છિ(-ર્છિ)ત વિ૦ [સં.] મૂર્છિત નહિ

અમૂર્ત(-ર્ત્ત) વિ૦[સં.]આકારરહિત(૨)અસ્પષ્ટ.૦તા સ્ત્રી૦

અમૂલ;૦ક વિ૦ [સં.] મૂળ વિનાનું (૨) આધારહીન (૩) ઉપાદાનકારણરહિત

અમૂલ(-લ્ય) વિ૦ [સં.] અમૂલ્ય

અમૂ(-મો)લખ,અમૂલું વિ૦ અમૂલ્ય [ઘણું જ કીમતી

અમૂલ્ય,૦ક વિ૦ [સં.] જેની કિંમત આંકી ન શકાય એવું;

અમૂંઝણ સ્ત્રી૦ અમૂઝણ

અમૂંઝાવું અ૦ ક્રિ૦ અમુઝાવું

અમૃત વિ૦[સં.]મૃત નહિ તેવું (૨) અવિનાશી; અમર (૩) ન૦ અમર કરે એવો રસ. ૦કૂપ પું૦ અમૃતનો ગાડવો. ૦જડી સ્ત્રી૦ જેનાથી મરણ અટકે એવી વનસ્પતિ. ૦ત્વ ન૦ અમરપણું. ૦ધ્વનિ પું૦ એક છંદ. ૦ધારા સ્ત્રી૦ અમૃતની ધારા (૨) [યોગ] તાળવેથી જીભના મૂળ આગળ ટપકતો રસ. ૦પાક પું૦ એક મીઠાઈ. ૦ફલ(-ળ) ન૦ અમરફળ.૦મીઠું વિ૦ અમૃત જેવું મીઠું. ૦લતા સ્ત્રી૦ અમરવેલ. ૦સંજીવની સ્ત્રી૦ મરેલાંને જીવતાં કરવાની વિદ્યા. ૦સાર વિ૦ અમૃતના સત્ત્વ જેવું (૨) પું૦ ઘી. ૦સ્રવિયું,૦સ્રાવી વિ૦ અમૃત ઝરતું. -તા સ્ત્રી૦એક વેલ; ગળો (૨) હરડે (૩) અતિવિષની કળી (૪) આમલી. -તાઈ સ્ત્રી૦ અમૃતત્વ. -તાંશુ પું૦ ચંદ્ર

અમે(-મો) સ૦ 'હું'નું બહુવચન

અમેધ્ય વિ૦[સં.]યજ્ઞ માટે અયોગ્ય (૨) અપવિત્ર

અમેય વિ૦[સં.]અમાપ. -યાત્મા વિ૦ જેનું સ્વરૂપ અમેય છે એવું (૨) પું૦ (સં.) મહાદેવ

અમેરિકા પું૦(સં.)[ઇં.]એ નામનો પૃથ્વીનો ખંડ. -કન વિ૦ અમેરિકાનું; અમેરિકા સંબંધી(૨)પું૦અમેરિકાનો વતની

અમૈથુની વિ૦[સં.]નરમાદાના સંયોગ વિના ઉત્પન્ન થયેલું

અમોઘ વિ૦[સં.] અચૂક; રામબાણ; અફળ ન જાય એવું

અમોલ,૦ખ,-લું વિ૦ અમૂલ્ય

અમ્મા સ્ત્રી૦ મા

અમ્લ વિ૦[સં.] ખાટું (૨)ન૦ 'ઍસિડ'. ૦કેશ(-સ)ર પું૦ બિજોરું. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ ખટાશ. ૦પિત્ત ન૦ એક પિત્તવિકાર. ૦ફલ(-ળ) ન૦આમલી. ૦માપક ન૦અમ્લ માપવાનું યંત્ર;'ઍસિડીમીટર'. ૦વૃક્ષ ન૦ આમલીનું ઝાડ. ૦સાર પું૦ લીંબુનો રસ (૨) હરિતાલ

અમ્લાન વિ૦ [સં.] નહિ કરમાયેલું (૨) તેજસ્વી (૩) સ્વચ્છ

અય ન૦ [સં.] લોખંડ. ૦સ્કાંત પું૦લોહચુંબક. -યોગોલક પું૦ લોખંડનો ગોળો

અય ન૦ પાસો (૨) અ૦ હે; અરે

અયજ્ઞ વિ૦ [સં.] યજ્ઞ કરતું નથી એવું

અયત્ન પું૦ [સં.] યત્નનો અભાવ (૨) વિ૦ યત્ન વિનાનું

અયથાર્થ વિ૦ [સં.] અવાસ્તવિક; ખોટું

અયન ન૦[સં.] પ્રયાણ (૨) [ખ.] વિષુવવૃત્તની દક્ષિણમાં અને ઉત્તરમાં દેખાતી સૂર્યની ગતિ (૩) એ ગતિને લાગતો વખત; છ માસ (૪) ઉત્તરાયણ અને દક્ષિણાયનનું દૂરમાં દૂરનું બિંદુ; 'સૉલ્સ્ટિસ'. ૦કાલ(-ળ) પું૦જુઓ 'અયન' (૩).૦ચલન ન૦ અયનનું ધીમે ધીમે ખસવું તે. ૦માસ પું૦જેમાં અયન બદલાય તે મહિનો.૦વૃત્ત ન૦ આકાશમાં જે માર્ગે સૂર્ય ફરતો દેખાય છે તે ગોળ રેખા. -નાંશ પું૦ અયનના વિભાગોમાંનો એક

અયાચક વિ૦[સં.] યાચના ન કરતારું. ૦વૃત્તિ સ્ત્રી૦ વગર યાચનાએ ગુજરાન ચલાવવું તે (૨) માગ્યા વિના મળેલી ભિક્ષા ઉપર જીવવું તે. ૦વ્રત ન૦ યાચના ન કરવાનું વ્રત (૨) માગ્યા વિના મળેલી ભિક્ષા ઉપર જીવવાનું વ્રત

અયાચિત વિ૦ [સં.] નહિ યાચેલું-માગેલું

અયાજ્ય વિ૦ [સં.] યજ્ઞનો અનધિકારી (૨) બહિષ્કૃત; પતિત (૩) યજ્ઞને અયોગ્ય (વસ્તુ)

અયિ અ૦ [સં.] 'હે' એવા અર્થનું એક પ્રેમસંબોધન

અયુક્ત વિ૦ [સં.] નહિ જોડાયેલું (૨) અયોગ્ય (૩) જેણે ચિત્તને વશ નથી કર્યું એવું. -ક્તિ સ્ત્રી૦ જોડાયેલા ન હોવું તે (૨) અયોગ્યતા (૩) યુક્તિપુરઃસર ન હોવું તે; અસંબદ્ધતા

અયુત વિ૦ [સં.] જોડાયેલું નહિ એવું (૨) વિ૦ (૨) પું૦ દશ હજાર. ૦સિદ્ધ વિ૦ જેનું પૃથક્ અસ્તિત્વ ન હોઈ શકે એવું [ન્યા.]. ૦સિદ્ધિ સ્ત્રી૦અયુતસિદ્ધ હોવાની સાબિતી

અયોગ પું૦ [સં.] યોગ-જોડાણનો અભાવ (૨) અનુચિતપણું (૩) [જ્યો.] ગ્રહોનો કુયોગ

અયોગ્ય વિ૦[સં.] અઘટિત (૨) અપાત્ર. ૦તા સ્ત્રી૦

અયોનિ,૦જ વિ૦ [સં.] યોનિ દ્વારા ન જન્મેલું (૨)અનાદિ; સ્વયંભૂ. ૦જા વિ૦ સ્ત્રી૦ યોનિ દ્વારા ન જન્મેલી (૨) સ્ત્રી૦ (સં.) સીતા (૩) લક્ષ્મી. ૦સંભવ વિ૦ અયોનિજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અયૌગિક વિ૦[સં.] વ્યુત્પત્તિમાંથી ન નીકળતો—રૂઢ (અર્થ)
અર વિ૦[સં.] ઉતાવળું;ત્વરિત (૨) પું૦આરો (પૈડાનો)
અરક પું૦ અર્ક; સત્ત્વ
અરક્ત વિ૦[સં.] આસક્તિરહિત
અરક્ષણીય વિ૦[સં.] રક્ષણીય નહિ એવું
અરક્ષિત વિ૦ [સં.] રક્ષિત નહિ એવું
અરગજો પું૦ એક સુગંધી પીળી ભૂકી
અરઘટ્ટ,૦ક પું૦[સં.] રેંટ. -ટ્ટિકા સ્ત્રી૦ રેંટ
અરઘવું સ૦ ક્રિ૦ પૂજા કરવી (૨) અ૦ ક્રિ૦ (કા.) શોભવું; ઘટારત હોવું. અરઘિયું ન૦ પૂજાનું પાત્ર
અરજ સ્ત્રી૦ અર્જ; કોઈ પણ કામ સારુ નમ્રતાથી હકીકત કહી કરેલી વિનંતી (૨) ફરિયાદ (૩) અભાવા; દાહદ. ૦દાર વિ૦ અરજ કરનાર. ૦ બેગી વિ૦ હજૂર પાસે અરજીઓ રજૂ કરનાર. ૦વાન વિ૦ અરજદાર. -જી સ્ત્રી૦ અરજ કે તે જેમાં લખી હોય એ કાગળ [વજન; ઓળંબો
અરજેણો પું૦ ચણેલી ભીંતનું સીધાપણું જોવા લટકાવાતું
અરજો(-ઝો)ળે અ૦ અધ્ધર (૨) અનિશ્ચિત; લટકતી હાલતમાં
અરડૂસી સ્ત્રી૦,-સો પું૦ એક વનસ્પતિ-ઔષધિ
અરણિ(-ણી) [સં.] સ્ત્રી૦ એક જાતનું ઝાડ
અરણ્ય ન૦[સં.] જંગલ. ૦રુદન,૦રુદિત ન૦ અરણ્યમાં—જ્યાં કોઈ સાંભળે નહિ ત્યાં કરેલું રુદન; વ્યર્થ પોકાર. ૦વાસ પું૦ જંગલમાં રહેવું તે (૨) સંસારત્યાગ. ૦વાસી વિ૦ (૨) પું૦ અરણ્યવાસ કરનાર
અરતિ સ્ત્રી૦[સં.] રતિનો અભાવ
અરથ પું૦ જુઓ અર્થ (પ.)
અરથી વિ૦[સં.] રથી નહિ એવું
અરદાસ સ્ત્રી૦[હિં.] અરજ; વિનંતી [અગ્નિ
અરદિબેહસ્ત પું૦[ઝંદ] પારસી વર્ષનો ત્રીજો મહિનો (૨)
અરધી સ્ત્રી૦ પાઈ (મુંબઈ)
અરધું વિ૦ અડધું. -ધપંચાળ વિ૦ (કા.) લગભગ અરધ ભાગનું. ૦પરધું અડધુંપડધું. -ધોઅરધ વિ૦ અડધોઅડધ
અરબ પું૦ [अ.] અરબસ્તાન (૨) આરબ. -બી વિ૦ અરબને લગતું (૨) અરબસ્તાનનું (૩) સ્ત્રી૦ અરબની ભાષા
અરમાન સ્ત્રી૦[फा.] અભિલાષા; ઉમેદ (૨) તીવ્ર ઇચ્છા; આતુરતા
અરમાર સ્ત્રી૦[પો.] દરિયાઈ કાફલો. -રી વિ૦ નૌકાસૈન્ય સંબંધી (૨) સ્ત્રી૦ અલમારી; ભીંતમાંનું હાટિયું (૩) સંચ
અરમ્ય વિ૦[સં.] રમ્ય નહિ તેવું
અરર અ૦ ચિંતા, દિલગીરી, દુઃખ બતાવનાર ઉદ્ગાર
અરલ વિ૦ નીરોગી (૨) જાડું (૩) મૂર્ખ [કા.]
અરવ વિ૦[સં.] રવ વિનાનું; શાંત [હાર
અરવલી(-લ્લી) પું૦[સં.] જેમાં આબુ પર્વત છે તે પર્વતોની
અરવા પું૦[अ.] આરવા; આત્મા (૨) અંતઃકરણ
અરવિંદ ન૦[સં.] કમળ. ૦મુખી પું૦ એક છંદ

અરશદરશ વિ૦ (કા.) આબેહૂબ
અરસપરસ અ૦ પરસ્પર
અરસિક વિ૦[સં.] રસ-મજા ન પડે એવું; શુષ્ક (૨) રસ સમજી ન શકે એવું. ૦તા સ્ત્રી૦
અરસો પું૦[अ.] મુદત; કાળ (૨) અવસર
અરંજિત વિ૦ [સં.] રંજિત નહિ એવું
અરાખડું ન૦ રેખાકૃતિ; છાપ
અરાગ વિ૦[સં.] રાગરહિત; નિર્વિકાર (૨) પું૦ રાગનો અભાવ; અપ્રીતિ (૩) અણબનાવ
અરાજક વિ૦[સં.] રાજા વિનાનું; અંધાધૂંધીવાળું (૨) ન૦ રાજા ન હોવો તે (૩) અંધાધૂંધી. ૦તા સ્ત્રી૦ અંધાધૂંધી. ૦વાદ પું૦ રાજસત્તા હોવી જ ન જોઈએ એવો વાદ. ૦વાદી વિ૦ (૨) પું૦ એમાં માનનાર
અરાજ્ય ન૦[સં.] અરાજક
અરાતિ પું૦[સં.] શત્રુ
અરાબો પું૦+[फा.] ઘરખટલો; કુટુંબપરિવાર
અરામ વિ૦ વગર વ્યાજુકું [સમૂહ
અરાવલિ(-લી,-ળિ,-ળી) સ્ત્રી૦[સં.] (પૈડાંના) આરાનો
અરિ પું૦[સં.] દુશ્મન (૨) કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ વિકાર (૩) છ માટે કવિતામાં વપરાતી સંજ્ઞા. ૦દમન ન૦ શત્રુને દબાવવો તે (૨) વિ૦ શત્રુને દબાવનાર. ૦મર્દન ન૦ શત્રુને હરાવવો—દબાવી દેવો તે (૨) વિ૦ તે કરનાર. ૦સૂદન વિ૦ શત્રુનો નાશ કરનાર. ૦હંત વિ૦ દુશ્મનોનો નાશ કરનાર. ૦હા પું૦ અરિને મારનાર (૨) સૂર્ય
અરિષ્ટ ન૦[સં.] દુર્ભાગ્ય; સંકટ (૨) મોતની નિશાની (૩) મદ્ય; આસવ (૪) અરીઠાનું ઝાડ (૫) પું૦ શત્રુ (૬) સૂર્ય (૭) વિ૦ રિષ્ટ; અશુભ [સંજ્ઞા
અરિહંત પું૦ [પ્રાકૃત] જૈન તીર્થંકરો તથા બુદ્ધ માટેની
અરીઠી સ્ત્રી૦,-ઠો પું૦ એક ઝાડ. -ઠું ન૦ અરીઠીનું ફળ
અરીભવન ન૦[સં.] પ્રકાશ, ઉષ્ણતા ઇત્યાદિનાં કિરણોનું એક બિંદુમાંથી ચોમેર ફેલાવું તે
અરીલ પું૦ એક છંદ
અરીષ્યા સ્ત્રી૦+ઈર્ષા
અરીસો પું૦ આયનો; દર્પણ
અરુ અ૦[હિં.] અને
અરુચતું વિ૦ ન રુચતું. -વું અ૦ ક્રિ૦ ન રુચવું
અરુચિ સ્ત્રી૦[સં.] અપ્રીતિ; અણગમો (૨) રુચિ-ભૂખ ન હોવી તે. ૦કર વિ૦ અરુચિ કરનારું. ૦ર વિ૦ રુચિર નહિ તેવું
અરુણ વિ૦ [સં.] રતાશપડતું (૨) સોનેરી (૩) પું૦ (સં.) સૂર્યનો સારથિ (૪) પરોઢ; પ્રભાત (૫) પરોઢ વખતનો આકાશનો રંગ (૬) રતાશપડતો રંગ. ૦ચિત્ર ન૦ કમરથી ઉપરના શરીરના ભાગનું ચિત્ર; 'બસ્ટ'. ૦મૂર્તિ(-ર્ત્તિ) સ્ત્રી૦ કમરથી ઉપરના શરીરના ભાગની મૂર્તિ. ૦સારથિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પું૦(સં.)સૂર્ય. **-ણા** સ્ત્રી૦ મજીઠ(૨)ચનોઠી (૩)નસોતર. **-ણાચલ(-ળ)** પું૦ સૂર્ય જેની પાછળથી ઊગે છે તે કલ્પિત પર્વત. **-ણિત** વિ૦ લાલ રંગનું કરેલું-થયેલું. **-ણિમા** સ્ત્રી૦ રતાશ. **-ણું** વિ૦ અરુણના જેવું-લાલ રંગનું. **-ણોદય** પું૦ પરોઢ

અરુ(-રું)પરુ(-રું) અ૦ આમતેમ; આગળપાછળ

અરું અ૦ પાસે; ઓરું (૨) આમ; આ બાજુ

અરુંધતી સ્ત્રી૦ [सं.](સં.)વશિષ્ઠ ઋષિની પત્નીનું નામ(૨) સપ્તર્ષિના તારાઓ પાસે એક અત્યંત ઝાંખા તારાનું નામ. **૦દર્શનન્યાય** પું૦ સ્થૂલ ઉપરથી સૂક્ષ્મ ઉપર જવું તે (અરુંધતીનો તારો નાનો હોવાથી તેને દેખાડવા પ્રથમ તેની પાસેનો મોટો તારો દેખાડવામાં આવે છે તેમ)

અરુંપરું અ૦ જુઓ અરુપરુ

અરૂઢ વિ૦ [सं.] રૂઢ-પ્રચલિત નહિ તેવું

અરૂપ(-પી) વિ૦ [सं.] આકારરહિત

અરે અ૦ [सं.] આશ્ચર્ય; દુઃખ, ચિંતા, ક્રોધ ઇત્યાદિ સૂચક ઉદ્ગાર (૨) ઊતરતા દરજ્જાના માણસને સંબોધવાનો ઉદ્ગાર (૩) સ્ત્રી૦ ચીવટ; ફિકર (૪) હાય; દુઃખનો પોકાર. **૦કાર(-રો)** પું૦ અરે એવો ઉચ્ચાર કરવો તે. **૦રાટ** પું૦, **૦રાટી** સ્ત્રી૦ ફિકર; ચિંતા. **૦રે** અ૦ જુઓ અરર

અરોગ(-ગી) વિ૦ [सं.] નીરોગી

અરોચક વિ૦ [सं.] રોચક નહિ તેવું; અરુચતું

અરોડું ન૦, **-ડો** પું૦ આગલા વર્ષનાં રહી ગયેલાં કપાસનાં જડિયાં ફૂટી તે ઉપર નવો કપાસ થાય તે

અર્ક પું૦ [अ.] અરક; સત્ત્વ

અર્ક પું૦ [सं.] સૂર્ય(૨) કિરણ (૩) [જ્યો.] ઉત્તરા ફાલ્ગુની (૪)આકડો. **૦વિવાહ** પું૦ ત્રીજી વારનું લગ્ન કરતાં પહેલાં અનિષ્ટનિવારણાર્થે પુરુષનું આકડી સાથે કરાતું લગ્ન

અર્ગલ પું૦[सं.]આગળો;ભૂંગળ. **-લા(-લી)** સ્ત્રી૦ આગળી

અર્ઘ પું૦ [सं.] કિંમત (૨) ચોખા, દૂર્વા, ઇત્યાદિથી સન્માન કરવું તે(૩) ચોખા, દૂર્વા, ફૂલ, પાણી ઇત્યાદિ; પૂજાપો. **૦દાન** ન૦ પૂજા માટે અર્ઘ આપવો તે. **૦પાદ્ય** ન૦ ફૂલ, સુગંધી તથા પગ ધોવાનું પાણી (૨) મોટા માણસો અથવા દેવને તે દ્વારા આદરસત્કાર આપવાની એક રીત. **૦પ્રદાન** ન૦ અર્ઘદાન. **-ર્ઘાર્હ** વિ૦ પૂજ્ય;અર્ઘને યોગ્ય.

અર્ઘ્ય વિ૦ મૂલ્યવાન(૨) પૂજ્ય (૩) પું૦ પૂજા; સન્માન

અર્ચક વિ૦ [सं.] પૂજનાર(૨) પું૦ પૂજારી. **-ન** ન૦, **-ના** સ્ત્રી૦ પૂજા (૨) કપાળે ચંદન લગાડવું તે. **-નીય** વિ૦ પૂજનીય. **-વું** સ૦ ક્રિ૦ પૂજા કરવી

અર્ચા સ્ત્રી૦ [सं.] અર્ચના. **-ર્ચિત** વિ૦ પૂજેલું;સન્માનેલું

અર્ચિર્માર્ગ પું૦ [सं.] દેવયાન

અર્જ સ્ત્રી૦ [अ.] અરજ; વિનંતિ (૨) ફરિયાદ

અર્જક વિ૦ [सं.] મેળવનાર; કમાનાર. **-ન** ન૦ મેળવવું -કમાવું તે. **અર્જિત** વિ૦ મેળવેલું; કમાયેલું

અર્જુન પું૦ [सं.](સં.) પાંચ પાંડવોમાંનો ત્રીજો

અર્જુની સ્ત્રી૦ (સં.) અનિરુદ્ધની સ્ત્રીનું નામ-ઉષા

અર્ણવ પું૦ [सं.] સમુદ્ર

અર્ણિક પર્વ ન૦ + અરણ્યપર્વ (મહાભારત)

અર્થ પું૦ [सं.] હેતુ (૨) માયનો; સમજૂતી (૩) ધન; સંપત્તિ (૪) ગરજ; પ્રયોજન (૫)ધર્માદિ ચાર પુરુષાર્થોમાંનો બીજો. **૦કામ** વિ૦ ધનની ઇચ્છાવાળું. **૦કારણ** ન૦ આર્થિક તંત્રની વ્યવસ્થા કરવી તે. **૦ગર્ભ** વિ૦ અર્થથી ભરેલું. **૦ગાંભીર્ય,૦ગૌરવ** ન૦ અર્થનું ઊંડાણ. **૦ગ્રહણ** ન૦ અર્થ સમજવો તે. **૦ઘન** વિ૦ ખૂબ અર્થવાળું; અર્થથી ભરપૂર. **૦ઘ્ન** વિ૦ ધનનો નાશ કરનારું; ઉડાઉ. **૦ચિત્ર** વિ૦ અર્થના ચમત્કારવાળું (૨) ન૦ અર્થની ચમત્કૃતિ. **૦તઃ** અ૦ અર્થ પ્રમાણે (૨) વાસ્તવિક રીતે. **૦તંત્ર** ન૦ આર્થિક વ્યવસ્થાનું તંત્ર. **૦દર્શી** વિ૦ વ્યવહારકુશળ. **૦દાસ** પું૦ પૈસાનો ગુલામ. **૦દોષ** પું૦ કાવ્ય અથવા સાહિત્યમાં અર્થને લગતો દોષ. **૦નિબંધન** વિ૦ અર્થ પર આધાર રાખતું. **૦પ્રકાશ** પું૦ અર્થ સમજવો તે. **૦પ્રકૃતિ** સ્ત્રી૦ નાટકની પ્રયોજન-સિદ્ધિનો હેતુ (તે પાંચ છે.) [કા. શા.]. **૦પ્રાપ્તિ** સ્ત્રી૦ અર્થની પ્રાપ્તિ; કમાઈ; લાભ. **૦બંધ** પું૦ શબ્દોની રચના; નિબંધ, કાવ્ય ઇત્યાદિ (૨) ઇન્દ્રિયોના વિષયોનું બંધન (૩) ધનનું બંધન. **૦બુદ્ધિ** વિ૦ સ્વાર્થી (૨) સ્ત્રી૦ ધનની ઇચ્છા (૩) પૈસા કમાવાની લગની (૪) સ્વાર્થપરાયણતા (૫) આર્થિક રહસ્ય સમજવાની બુદ્ધિ. **૦બોધ** પું૦ (ખરો) અર્થ સમજવો તે. **૦ભરિત** વિ૦ અર્થથી ભરેલું. **૦ભેદ** પું૦ અર્થની ભિન્નતા (૨) ભિન્ન અર્થ. **૦લક્ષી** વિ૦ અર્થને લક્ષનારું; અર્થવાહી. **૦લાભ** પું૦ અર્થપ્રાપ્તિ. **૦લોભ** પું૦ ધનનો લોભ. **૦વત્** વિ૦ અર્થવાળું. **૦વાદ** પું૦ વિધિરૂપ વાક્યોમાં રુચિ કરાવવા તે તે વિધિઓની સ્તુતિ, તેનું પાલન ન કરવાથી થતી હાનિ તથા તથા તેને લગતાં ઐતિહાસિક દૃષ્ટાંતો ઇત્યાદિ આપવાં તે (૨) સ્તુતિ; તારીફ (૩) કોઈપણ ગ્રંથમાં મુખ્ય વિષયને સ્પષ્ટ કરવા કે તેનું ગૌરવ બતાવવા લખેલો ભાગ (૪) અર્થને જીવનમાં મહત્ત્વ દેનાર વાદ. **૦વાદી** વિ૦ અર્થવાદમાં માનનારું, કે તે સંબંધી. **૦વાન** વિ૦ અર્થવાળું (૨) ધનવાન. **૦વાહક** વિ૦ અર્થવાહી. **૦વાહકતા** સ્ત્રી૦, **૦વાહિત્વ** ન૦ અર્થવાહીપણું. **૦વાહી** વિ૦ અર્થને વહન કરનારું. **૦વિજ્ઞાન** ન૦ અર્થ જાણવો તે(૨)બુદ્ધિના ૭ ગુણો પૈકીનો એક. **૦વિદ્યા** સ્ત્રી૦ અર્થશાસ્ત્ર. **૦વૃદ્ધિ** સ્ત્રી૦ ધનની વૃદ્ધિ. **૦વ્યક્તિ** સ્ત્રી૦ અર્થ વ્યક્ત થવો તે. **૦વ્યય** પું૦ પૈસા ખરચવા તે. **૦શાસ્ત્ર** ન૦ સંપત્તિશાસ્ત્ર (૨) રાજનીતિ. **૦શાસ્ત્રી** પું૦ અર્થશાસ્ત્ર જાણનારો પુરુષ. **૦સંગ્રહ,૦સંચય** પું૦ ધનનો સંઘરો. **૦સાધક** વિ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ સાધે એવું; ઉપયોગી. ૦સિદ્ધિ સ્ત્રી૦ ધારેલી મતલબ પાર પડવી તે (૨) ધનપ્રાપ્તિ. -ર્થાત્ અ૦ એટલે કે. -ર્થાનુસારી વિ૦ અર્થને અનુસરતું. -ર્થાપત્તિ સ્ત્રી૦ [ન્યા.] જે ન સ્વીકારીએ તો વસ્તુસ્થિતિનો ખુલાસો ન જ મળી શકે એવું અનુમાન (૨) [કા. શા.] એક અર્થાલંકાર, જેમાં એક વાત કહેવાથી બીજી વાતની સિદ્ધિ નિઃશંક છે એમ બતાવવામાં આવે છે. -ર્થાર્થી વિ૦ ધનલોભી (૨) સ્વાર્થી. -ર્થાલંકાર પું૦ શબ્દની નહિ પણ અર્થની ચમત્કૃતિવાળો અલંકાર [કા.શા.]. -ર્થાંતર ન૦ બીજો અર્થ (૨) વિષય બહાર બોલવું તે (વાદનો એક દોષ). -ર્થાંતરન્યાસ પું૦ સામાન્ય ઉપરથી વિશેષનું અને વિશેષ ઉપરથી સામાન્યનું સમર્થન જે વડે કરેલું હોય તે અલંકાર [કા.શા.]. -ર્થી વિ૦ ગરજવાળું; મતલબી (૨) યાચક. -ર્થીય વિ૦ આર્થિક. -ર્થે અ૦ માટે; વાસ્તે. -ર્થોપાર્જન ન૦ પૈસા કમાવા તે

અર્ધ વિ૦ [સં.] અડધું (૨) ન૦ એકના બે સરખા ભાગમાંનો એક. ૦ગોળ વિ૦ અડધું ગોળ (૨) પું૦ (પૃથ્વીના) ગોળાનો અડધો ભાગ; 'હેમિસ્ફિયર' (૩) [ગ.] ગોળ આકૃતિનો અર્ધો ભાગ. ૦ચંદ્ર પું૦ અડધો ચંદ્ર (૨) હથેલીની અર્ધચંદ્ર જેવી આકૃતિ (બોચીમાંથી પકડી ધક્કો મારવા માટે). ૦જરતીયન્યાય પું૦ અર્ધું આ અને અર્ધું પેલું એમ કરી અનિશ્ચિત રાખવું–ચોક્કસ નિયમ ન રાખવો તે (ન્યા.). ૦દગ્ધ વિ૦ અડધું બળેલું (૨) અધકચરા જ્ઞાનવાળું. ૦નારીશ્વર પું૦ શિવનું એક સ્વરૂપ–અડધું પુરુષ અને અડધું સ્ત્રી. ૦પક્ષી ન૦ અર્ધી અર્ધી ચાર પાંખવાળાં જીવડાંના–'હેમિપ્ટેરે'–વર્ગનું જીવડું. ૦પંચાળ વિ૦ (કા.) લગભગ અડધા ભાગનું. ૦ભાગિક, ૦ભાજ વિ૦ અડધા ભાગનું હકદાર. ૦માગધી સ્ત્રી૦ પ્રાકૃત ભાષાનું એક સ્વરૂપ. ૦માત્રા સ્ત્રી૦ વ્યંજન [વ્યા.]. ૦વિરામ ન૦ વાક્યના અર્થ-ગ્રહણની સવડ સારુ વચ્ચે અમુક થોભવું તે કે તેનું સૂચક (;) આવું ચિહ્ન. ૦સમવૃત્ત ન૦ બબ્બે ચરણ સરખાં હોય તેવું વૃત્ત. ૦સ્વર પું૦ ય, ર, લ, કે વ અક્ષર. -ર્ધાંગ ન૦ અડધું અંગ. -ર્ધાંગના સ્ત્રી૦ પતિનું અર્ધું અંગ–ધર્મપત્ની. -ર્ધાંગવાયુ પું૦ લકવો; પક્ષાઘાત. -ર્ધું વિ૦ અડધું

અર્પણ ન૦ [સં.] આપવું તે (૨) ભેટ કરવું તે (૩) માનપૂર્વક ધરવું તે. ૦પત્ર ન૦ બક્ષિસનામું (૨) અર્પણપત્રિકા. ૦પત્રિકા સ્ત્રી૦ ગ્રંથ અર્પણ કર્યાનો લેખ. -વું સ૦ ક્રિ૦ આપવું (૨) ભેટ કરવું (૩) સ્વીકારવા માટે ધરવું

અર્પિત વિ૦ [સં.] અર્પેલું; અર્પાયેલું

અર્બુદ પું૦ [સં.] વાદળ (૨) [સં.] આબુ (૩) દશ કોટિ સંખ્યા

અર્ભક પું૦ [સં.] બાળક

અર્યમા પું૦ [સં.] સૂર્ય (૨) પિતરોમાં મુખ્ય તે (૩) [જ્યો.] ઉત્તરાફાલ્ગુની

અર્વાચીન વિ૦ [સં.] આધુનિક. ૦તા સ્ત્રી૦

અર્શ પું૦ [સં.] એક રોગ; હરસ

અર્હ(-ર્હં)ત પું૦ [સં.] પરમ જ્ઞાની; બુદ્ધ; તીર્થંકર (જૈન, બૌદ્ધ)

અર્હ્ય વિ૦ [સં.] સ્તુત્ય (૨) પૂજ્ય (૩) ઉચિત

અલ અ૦ + ખચીત (૨) બસ

અલક પું૦ [સં.] વાળની લટ; કપાળ પરના વાંકડિયા વાળ (૨) ચોટલો. ૦નંદા સ્ત્રી૦ (સં.) ગંગા નદીનું એક પાંખિયું

અલકમલક પું૦ દેશવિદેશ; ગમે તેવો દૂરનો કે વિકટ દેશપ્રદેશ

અલકા સ્ત્રી૦ [સં.] (સં.) કુબેરની નગરી. ૦ધિપ, -કેશ પું૦ (સં.) અલકાનો અધિપ–કુબેર

અલક્ત, ૦ક પું૦ [સં.] લાલ લાખ (૨) અળતો

અલક્ષણ વિ૦ [સં.] ચિહ્નરહિત (૨) ન૦ જુઓ અપલક્ષણ

અલક્ષિત વિ૦ [સં.] નહિ જોયેલું; ધ્યાન બહાર રહેલું

અલક્ષ્મી સ્ત્રી૦ [સં.] લક્ષ્મીનો અભાવ; ગરીબાઈ

અલક્ષ્ય વિ૦ [સં.] અદૃશ્ય (૨) અજ્ઞેય; અલખ (૩) નેમ વિનાનું. ૦વાદી વિ૦ (૨) પું૦ જુઓ અલખવાદી

અલખ વિ૦ અજ્ઞેય (૨) પું૦ બ્રહ્મ. ૦નિરંજન પું૦ અજ્ઞેય નિર્ગુણ બ્રહ્મ. ૦વાદી વિ૦ (૨) પું૦ બ્રહ્મવાદી

અલખત સ્ત્રી૦ દોલત; ધન. -તિયું વિ૦ અલખતવાળું

અલગ વિ૦ (૨) અ૦ જુદું (૨) દૂર; છેટું. -ગું + વિ૦ અળગું

અલગત સ્ત્રી૦ અગત્ય (૨) ધડો; ઉદાહરણ

અલગાર સ્ત્રી૦ [અ.] હાર; પંક્તિ

અલગારી વિ૦ (કા.) શોખીન (૨) મસ્ત (૩) મનસ્વી

અલગોજા ન૦ [અ.] પાવાની જાતનું વાદ્ય

અલ(-ળ)છ(-શ) સ્ત્રી૦ અલક્ષ્મી; ગરીબાઈ

અલ(-ળ)તો પું૦ જુઓ અળતો

અલજ્જ વિ૦ [સં.] નિર્લજ્જ

અલડ વિ૦ જુઓ અલ્લડ

અલપતું વિ૦ આલાપ કરતું (૨) નહિ છુપાયેલું

અલપવું સ૦ ક્રિ૦ આલાપવું; ગાવું

અલપ(-પા)વું અ૦ ક્રિ૦ લપાવું; છુપાવું

અલફા પું૦ [फा.] ફકીરનો ઝભ્ભો

અલફાઉ વિ૦ નકામું; ફાલતું; અડફાઉ

અલબત(-ત્તાં) અ૦ અલબત્ત. -ત્ત અ૦ [फा.] ખચીત; બેશક

અલબુ વિ૦ (કા.) અઘરું

અલબેલું વિ૦ ફાંકડું; ફૂટડું (૨) ઇશ્કી

અલબ્ધ વિ૦ [સં.] અપ્રાપ્ત. ૦ભૂમિકત્વ ન૦ સમાધિની ભૂમિકા જરા પણ પ્રાપ્ત ન થવી તે. (યોગ)

અલભ(-ભ્ય) વિ૦ [સં.] અપ્રાપ્ય; ન મળે એવું

અલમ્ અ૦ [સં.] બસ; પૂરતું

અલમસ્ત વિ૦ [फा.] મસ્તાન (૨) મલ જેવું; પુષ્ટ અને જોરાવર

અલમારી સ્ત્રી૦ [पो.] કબાટ (૨) અનેક ખાનાંવાળું ભીંતમાંનું તાકું (૩) છાજલી કે અનેક ખાનાંવાળી ઘોડી

અલવણ વિ૦ [સં.] અલૂણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલવવું અ૦ ક્રિ૦ મૂંગા રહેવું [ભેંસ ઇ૦)

અલવાઈ વિ૦ સ્ત્રી૦ એક બે મહિનાના બચ્ચાવાળી (ગાય,

અલવાન ન૦ [अ.] કોર વિનાની શાલ; કામળી

અલવે અ૦ લીલાએ; લહેરથી

અલવેસર ન૦ શણગારેલું ખચ્ચર (?)

અલશ સ્ત્રી૦ જુઓ અલછ

અલસ વિ૦ [सं.] આળસુ (૨) થાકેલું (૩) મંદ. ૦ગતિ સ્ત્રી૦ મંદગતિ. ૦મતિ સ્ત્રી૦ મંદમતિ. –સા સ્ત્રી૦ ગોકળગાય. –સાવું અ૦ ક્રિ૦ અળસાવું; આળસવું; થાકી જવું

અલંકરણ ન૦ [सं.] અલંકૃત કરવું તે

અલંકાર પું૦ [सं.] ઘરેણું (૨) શણગાર (૩) શબ્દ અથવા અર્થની ચમત્કૃતિવાળી રચના (૪) તાન કે આલાપમાં વપરાતી સ્વરોની મધુર ગૂંથણી (સંગીત). ૦શાસ્ત્ર ન૦ અલંકારનું શાસ્ત્ર; કાવ્યશાસ્ત્ર [શણગાર

અલંકૃત વિ૦ [सं.] શણગારેલું. –તિ સ્ત્રી૦ શોભા (૨) ભાષાનો

અલંગ અ૦ દૂર; અલગ

અલંઘનીય, અલંઘ્ય વિ૦ [सं.] લંઘ્ય નહિ એવું

અલંબુદ્ધિ સ્ત્રી૦ [सं.] છે એટલું બસ છે એમ માનવાની વૃત્તિ

અલા સ્ત્રી૦ આબાદી

અલાઉ વિ૦ જુદું (૨) અજાણ્યું

અલાકો(–ખો) પું૦ ઇલાકો

અલાખો પું૦ (કા.) અભિલાખ [દોષ)

અલાઘવ ન૦ [सं.] ગૌરવ (૨) નકામો વિસ્તાર (શૈલીનો એક

અલાણવું અ૦ ક્રિ૦ ઊંટનું ગાંગરવું (બરાડવું)

અલાણું વિ૦ આ (૨) અમુક. ૦ફલાણું વિ૦ આ તે

અલાત ન૦ [सं.] ખોરણું (૨) મશાલ (૩) કોલસો. ૦ચક્ર ન૦ ચક્કર ચક્કર ફરતું ખોરણું (૨) તેનાથી ભાસતું વર્તુલ. ૦વાયુ પું૦ 'કોલગૅસ'

અલાદ વિ૦ નિર્ધન; દીન

અલાન ન૦ હાથી બાંધવાનો ખંભો, દોરડું, સાંકળ વગેરે

અલાપચારી સ્ત્રી૦ પાછળ રહીને તોફાન કરાવવું તે

અલાબલા સ્ત્રી૦ ઝોડઝપટ; નડતર (૨) પીડા; ઉપાધિ

અલાબુ(–બૂ) સ્ત્રી૦ [सं.] કડવી તૂંબડી (૨) સંન્યાસીનું તૂંબડું

અલાબૂની સ્ત્રી૦ કડવી દૂધી

અલાભ પું૦ [सं.] નુકસાન

અલામત ન૦ [अ.] નિશાની; એંધાણ

અલાયચી સ્ત્રી૦ એક જાતની ડાંગર

અલાયચો પું૦ જુઓ અલાયચી (૨) એક જાતનું કાપડ

અલાય(–હિ)દું વિ૦ ઇલાયદું; ભિન્ન; જુદું

અલાયો વિ૦ પું૦ આંકોલો (સાંઢ)

અલાર સ્ત્રી૦ અલગાર; લંગાર [અગ્નિ

અલાવ પું૦ મહોરમને અંગે આસપાસ નાચવા સળગાવાતો

અલાવડું વિ૦ સાચાંજૂઠાં કરનારું (૨) ચાડિયું (૩) ધાપલાં કરનારું (૪) ન૦ સાચુંજૂઠું (૫) ધાપલું (૬) ચાડીચુગલી. –ડાવેડા પું૦ બ૦ વ૦ અલાવડાં કર્યા કરવાં તે. –ડાંખોર વિ૦ અલાવડાં કર્યા કરનારું

અલાવા અ૦ [अ.] તે સિવાય; ઉપરાંત

અલાહિદું વિ૦ અલાયદું

અલિ(–લી) પું૦ [सं.] ભમરો

અલિખિત વિ૦ [सं.] લિખિત નહિ એવું

અલિપ્ત વિ૦ [सं.] લિપ્ત નહિ તેવું

અલિંગ(–ગી) વિ૦ [सं.] જાતિરહિત (૨) શરીરરહિત (૩) પું૦ પરમાત્મા [સંબોધન

અલી પું૦ અલિ (૨) સ્ત્રી૦ સખી (૩) અ૦ એક સ્ત્રીવાચક

અલી પું૦ [अ.] (સં.) ચોથા ખલીફ [મિથ્યા

અલીક વિ૦ [सं.] અપ્રિય; અળખામણું (૨) ખોટું; કૃત્રિમ (૩)

અલીલ વિ૦ (કા.) છેક નબળી તબિયતવાળું

અલીલખ વિ૦ સંખ્યાબંધ

અલુક્સમાસ પું૦ [सं.] વિભક્તિના પ્રત્યયનો લોપ થયા વગર થતો તત્પુરુષ સમાસ ઉદા. 'યુધિષ્ઠિર'

અલૂફેરે અ૦ (કા.) આ ફેરે

અલૂણું વિ૦ લૂણ–મીઠા વિનાનું (૨) ન૦ એવું ખાવાનું વ્રત. –ણાં ન૦ બ૦ વ૦ એ વ્રતના દિવસ

અલેક પું૦ જુઓ અહાલેક

અલેક ન૦ [अ.] સુકાન સીધું રાખીને હંકારવું તે

અલેખ વિ૦ [सं.] લેખ વિનાનું. ૦ધા અ૦+અસંખ્ય રીતે. ૦વું સ૦ ક્રિ૦ લેખામાં ન લેવું. –ખું વિ૦ લેખા વિનાનું (૨) નકામું; અફળ. –ખે અ૦ અફળ; એળે (૨) પુષ્કળ

અલેખેલ અ૦ આ ફેરે

અલેચો પું૦ જુઓ અલાયચો

અલેણું ન૦,–ણાભાવ પું૦ લેણદેણી ન હોવી તે; અણબનાવ

અલેતું વિ૦ હલેતું; અણસમજુ; છોકરવાદ. –તાઈ સ્ત્રી૦

અલેપ વિ૦ [सं.] જુઓ અલિપ્ત

અલેલ વિ૦ અંધેરવાળું; અવ્યવસ્થિત (૨) ઉપરટપકે કયાસ કર્યો હોય તેવું. ૦ટપ્પુ વિ૦ અટકળે ઠોકનાર; ગપાટિયું

અલૈયાબિલાવલ પું૦ બિલાવલ રાગનો એક પ્રકાર

અલૈ(–લ્લૈ)યાંબલૈ(–લ્લૈ)યાં ન૦ બ૦ વ૦ ઓવારણાં

અલોક વિ૦ [सं.] અલૌકિક (૨) અદૃશ્ય. –કી વિ૦+ અલૌકિક. –ક્ય વિ૦ પુણ્યલોક પ્રાપ્ત કરાવવામાં વિઘ્નરૂપ (૨) અદૃશ્ય (આત્મા) (૩) રિવાજ મુજબનું નહિ એવું

અલોપ વિ૦ અદૃશ્ય; લુપ્ત

અલોપ્ય વિ૦ [सं.] લોપાય નહિ એવું

અલોમિકા વિ૦ સ્ત્રી૦ [सं.] લોમ–રૂવાં વગરની

અલોલુપ વિ૦ [सं.] લોલુપ નહિ એવું

અલોલોલો અ૦ (રવ૦) જુઓ અળોળોળો

અલૌકિક વિ૦ [सं.] અસામાન્ય; અદ્ભુત (૨) દિવ્ય. ૦તા સ્ત્રી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલ્પ વિ૦[સં.]થોડું(૨)ક્ષુલ્લક. ૦કાલિક વિ૦ થોડો વખત રહેનારું-ટકનારું. ૦જીવી વિ૦ થોડો વખત જીવનારું(૨) થોડા વડે જીવનારું. ૦જ્ઞ વિ૦ થોડું જાણનાર. ૦તમ વિ૦ સૌથી અલ્પ; 'મિનિમમ'. ૦તા સ્ત્રી૦. ૦ધી વિ૦ અલ્પબુદ્ધિવાળું. ૦પ્રમાણ વિ૦ થોડા પ્રમાણનું-માપનું (૨) થોડા આધારવાળું. ૦પ્રયોગ વિ૦ક્વચિત્ વપરાતું. ૦પ્રાણ વિ૦ જેનો ઉચ્ચાર કરતાં થોડો શ્વાસ જોઈએ તેવા (અક્ષરો) [વ્યા.] (૨) નમાલું. ૦બુદ્ધિ વિ૦ થોડી બુદ્ધિવાળું; મૂર્ખ (૨)સ્ત્રી૦ થોડી બુદ્ધિ. ૦ભાષી વિ૦ થોડાબોલું. ૦ભોગી વિ૦ થોડું ખાનારું. ૦મતિ વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ અલ્પબુદ્ધિ. ૦મૂલ્ય વિ૦ થોડી કિંમતનું. ૦વિરામ ન૦[વ્યા.] અર્થગ્રહણની સગવડ ખાતર વાક્યમાં થોડું થોભવું તે કે તેનું સ્થાન બતાવનારું (,) આવું ચિહ્ન. ૦શઃ અ૦ થોડે થોડે. ૦સંખ્ય વિ૦અલ્પસંખ્યાવાળું. ૦સંતુષ્ટ વિ૦ થોડાથી સંતુષ્ટ થઈ જાય એવું. ૦સંતોષ પું૦ થોડાથી સંતોષ માનવો તે. ૦સંતોષી વિ૦ અલ્પસંતુષ્ટ. -લ્પાક્ષર વિ૦ થોડા અક્ષરવાળું. -લ્પાત્મા પું૦ અલ્પ માણસ ('મહાત્મા'નો અપર્યાય). -લ્પાનંદ પું૦ અલ્પ-ક્ષુદ્ર આનંદ.-લ્પાનંદી વિ૦અલ્પાનંદમાં રાચનારું.-લ્પાયુ (૦ષ,૦ષી)વિ૦ટૂંકા આવરદાવાળું.-લ્પાવું અ૦ક્રિ૦ ઘટી જવું (૨) ટૂંકાવું. -લ્પાશન ન૦ અલ્પાહાર. -લ્પાહાર પું૦ થોડું ખાવું તે. -લ્પાહારી વિ૦ અલ્પાહાર કરનારું

અલ્પોક્તિ સ્ત્રી૦[સં.]કમી કરીને બોલવું તે;અત્યોક્તિથી ઊલટું

અલ્યા(-લ્યો) અ૦ એક તુંકારાભર્યું સંબોધન

અલ્લકદલ્લક અ૦અધ્ધરપધ્ધર(૨)સ્ત્રી૦ છોકરાંની એક રમત

અલ્લડ વિ૦ અલેતું; નાદાન (૨) ઉચ્છૃંખળ

અલ્લા પું૦[अ.]ખુદા; ઈશ્વર. ૦ઈ વિ૦ ઈશ્વર સંબંધી(૨) ઓલિયું;દોલું. ૦ચોટલી,૦ચોટી સ્ત્રી૦બાધાવાળા છોકરાને હજામત કરાવતાં જે થોડા વાળ આગળ અથવા બોચી ઉપર રાખે છે તે. ૦તાલા પું૦ખુદાતાલા. ૦હુ અકબર શ૦પ્ર૦ ઈશ્વર સહુથી મહાન છે

અલ્લાયો પું૦ ઓળાયો

અલ્લૈયાં બલ્લૈયાં ન૦ બ૦ વ૦ અલૈયાં બલૈયાં

અવ અ૦હવે[પ.](૨)[સં.]ઉપસર્ગ. 'ખરાબપણું', 'ઓછાપણું''નીચાપણું'એવા ભાવમાં. ઉદા૦ અવગુણ,અવકૃપા, અવગણવું,અવતાર. અથવા સાથેના શબ્દમાં વિશેષ ઉમેરે. ઉદા૦ અવઘોષણા, અવધારણા

અવકરા સ્ત્રી૦ અવક્રિયા

અવકળા સ્ત્રી૦ અસ્વસ્થતા; વ્યાકુળતા(૨)અવકરા;અવક્રિયા

અવકાત સ્ત્રી૦ [अ.] ઓકાત; તાકાત; ગુંજાશ

અવકાશ પું૦[સં.] આકાશ; ખાલી જગા (૨) પ્રસંગ; તક (૩) ક્ષેત્ર(૪) ફુરસદ. ૦વાન વિ૦ અવકાશવાળું

અવકાળી વિ૦ કવખતનું

અવકીર્ણ વિ૦ [સં.] પથરાયેલું (૨) ચૂરેચૂરા થયેલું

અવકૃપા સ્ત્રી૦[સં.] ઇતરાજી

અવકૃષ્ટ વિ૦[સં.]દૂર-નીચે ખેંચેલું; નીચે પાડેલું (૨) દૂર કરેલું; કાઢી મૂકેલું (૩) નીચ; અધમ

અવક્તવ્ય વિ૦ [સં.] નહિ બોલવા જોગ

અવક્ર વિ૦ [સં.] વક્ર નહિ તેવું

અવક્રિયા સ્ત્રી૦ [સં.] ઊલટી અસર; નુકસાન

અવખોડવું સ૦ ક્રિ૦ અપખોડવું; વખોડવું

અવગણના સ્ત્રી૦[સં.]ઉપેક્ષા; અવજ્ઞા. -વું સ૦ક્રિ૦લેખામાં [ન લેવું

અવગત વિ૦ [સં.] આવડેલું; જ્ઞાત (૨) અવગતિ પામેલું. -તિ સ્ત્રી૦ ખરાબ દશા; (મરણ પછી) ભૂત-પ્રેત થવું તે; નરકમાં પડવું તે. -તિક(-યું) વિ૦ અવગતિને પામેલું

અવગાઢ વિ૦ [સં.] ડૂબકી મારેલું (૨) નિમગ્ન; ગરક થયેલું (૩) નીચું;ઊંડું.-હ પું૦,-હન ન૦ ડૂબકી મારવી કે લીન થવું તે (૨)સ્નાન.-હિની વિ૦ સ્ત્રી૦ અંદર પ્રવેશ કરતી

અવગુણ પું૦ [સં.] દોષ; દુર્ગુણ (૨) ગેરફાયદો; નુકસાન(૩) અપકાર. ૦કારક,૦કારી વિ૦ અવગુણ કરનારું. -ણિયું, -ણી વિ૦ કૃતઘ્ન(૨) દુર્ગુણી

અવગુંઠન ન૦[સં.] આચ્છાદન; ઢાંકણ (૨) બુરખો

અવગુંઠિત વિ૦[સં.] આચ્છાદિત; ઢાંકેલું (૨) છુપાવેલું

અવગ્રહ પું૦[સં.] અનાવૃષ્ટિ (૨) નિગ્રહ (૩) પ્રતિબંધ (૪) સ્વભાવ (૫) સંસ્કૃતમાં अ ના લોપસૂચક ऽ આવું ચિહ્ન

અવઘટ સ્ત્રી૦ મુશ્કેલી; અસુગમતા(૨) વિ૦મુશ્કેલ;અસુગમ

અવઘોષણા સ્ત્રી૦ [સં.] ઢંઢેરો

અવચનીય વિ૦[સં.] ન બોલવા યોગ્ય; ગંદું (૨) અનિંદ્ય

અવચિહ્ન ન૦ [સં.] અશુભ ચિહ્ન

અવચ્છિન્ન વિ૦[સં.] જુદું પડેલું-પાડેલું (૨) [ન્યા.] વિશેષ ગુણને લીધે જુદું તરી આવતું (૩) મર્યાદિત

અવચ્છેદ પું૦ [સં.]ભાગ(૨)મર્યાદા(૩)છેદન;જુદું પાડવું તે (૪)વિશેષતા(૫)અવધારણ:(શબ્દાર્થની)મર્યાદા બાંધવી તે. ૦ક વિ૦અવચ્છેદ કરનાર. -દ્ય વિ૦અવચ્છેદ થઈ શકે એવું

અવજશ પું૦ અપયશ

અવજોગ પું૦ અશુભ મુહૂર્ત

અવજ્ઞા સ્ત્રી૦[સં.] અવગણના

અવટંક સ્ત્રી૦ અડક.

અવટાવું અ૦ ક્રિ૦ જુઓ અટવાવું (૨) ચૂંક આવવી (૩) [ઘંટાઈ ને એકરસ થવું

અવડ વિ૦ અવાવરું

અવડચવડ વિ૦ કાચરકૂચર

અવઢવ ન૦ ઢચુપચુપણું (૨) સ્ત્રી૦ ઓરતો

અવતરણ ન૦[સં.] નીચે ઊતરવું તે (૨) અવતાર; જન્મ(૩) ઉતાર; ઊતરતો ઢાળ (૪) ઉતારો;ટાંચણ. ૦ચિહ્ન ન૦ઉતારો દર્શાવતું (' ') આવું ચિહ્ન.-ણિકા,-ણી સ્ત્રી૦ પ્રસ્તાવના; ઉપોદ્ઘાત. -વું અ૦ક્રિ૦ નીચે ઊતરવું (૨) જન્મવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવતંસ પું૰; ન૰[સં.]કાનનું એક ઘરેણું (૨)માથાનું ઘરેણું; શિરોમણિ (૩) [લા.] અલંકાર

અવતાર પું૰[સં.] નીચે ઊતરવું તે (૨) ઉત્પત્તિ; જન્મ; દેહધારણ (૩) જન્મારો(૪)પૃથ્વી પર અવતરેલા દેવ કે ઈશ્વર. **૰કાર્ય** ન૰ ભગવાનના અવતારનું વિશિષ્ટ કાર્ય. **૰વું** સ૰ ક્રિ૰ 'અવતરવું'નું પ્રેરક (૨) ઉતારો કે અવતરણ આપવું. **૰વાદ** પું૰ઈશ્વર અમુક અમુક કાળે પૃથ્વીનો ભાર ઉતારવા જન્મ લે છે એવો વાદ. **–રિક** વિ૰અવતારી; અવતારરૂપ. **–રી** વિ૰ અવતારને લગતું (૨) ઈશ્વરી; દૈવી

અવતીર્ણ વિ૰[સં.] નીચે ઊતરેલું (૨) અવતાર પામેલું (૩) ઉતારારૂપે લીધેલું

અવદશા સ્ત્રી૰ [સં.] દુર્દશા; પડતી

અવદાત વિ૰ [સં.] નિર્મલ(૨)ઉજ્જવલ(૩)સુંદર (૪) શુભ

અવદાન ન૰[સં.]દેવતાને જમાડવો તે;આહુતિ(૨)આહુતિ પૂરતું અન્ન; કોળિયો (૩) ઉત્તમ કૃત્ય; પરાક્રમ

અવદાહ પું૰ [સં.] વિધિરહિત અગ્નિદાહ

અવદ્ય વિ૰ [સં.] ન કહેવાય એવું (૨) નિંદ્ય

અવધ પું૰ [સં.] વધ નહિ તે. **–ધ્ય** વિ૰ વધને અયોગ્ય

અવધ સ્ત્રી૰ અવધિ; હદ (૨) નિશ્ચિત વેળા

અવધ પું૰ [હિં.] અયોધ્યા પ્રાંત. **૰પુરી** સ્ત્રી૰ અયોધ્યા. **–ધી** સ્ત્રી૰ અયોધ્યાની ભાષા—એક બોલી

અવધાન ન૰ [સં.] લક્ષ; ધ્યાન; એકાગ્રતા (૨) કાળજી (૩) સમાધિ. **૰વશ** વિ૰ યાદ રાખેલું. **–ની** વિ૰ ધ્યાન–એકાગ્રતાની શક્તિવાળું

અવધાર પું૰[સં.]નિર્ણય-નિશ્ચય કરવો તે(૨)મર્યાદા બાંધવી તે (૩) શબ્દ ઉપર ભાર મૂકવો તે (૪) અ૰ ખચીત. **૰ણ** ન૰,**૰ણા** સ્ત્રી૰ જુઓ અવધાર (૨) અવધારવું તે. **૰વું** સ૰ ક્રિ૰ નક્કી કરવું; નક્કી માનવું (૨) ધ્યાનપૂર્વક જોવું; તપાસવું [સમય

અવધિ પું૰;સ્ત્રી૰ [સં.]હદ (૨) અંત;સમાપ્તિ (૩) નિશ્ચિત

અવધીરણા સ્ત્રી૰ [સં.] અનાદર

અવધૂત વિ૰ (૨) પું૰ [સં.] જુઓ અબધૂત

અવધ્ય વિ૰[સં.] વધને અયોગ્ય

અવધ્યથો વિ૰ + હારેલું

અવનત વિ૰ [સં.] નીચું નમેલું; પડેલું (૨) અસ્ત પામેલું. **૰કોણ** પું૰ 'ઍંગલ ઑફ ડિપ્રેશન' [ગ.]. **–તાંશ** પું૰ 'ડિપ્રેશન'(ગ.). **–તાંશકોણ** પું૰ અવનતકોણ. **–તિ** સ્ત્રી૰ પડતી (૨) નીચે નમવું તે (૩) નમસ્કાર

અવનદ્ધ વિ૰[સં.] બાંધેલું; મઢેલું (૨) ન૰ ઢોલકું. **૰વાદ્ય** ન૰ ચામડું મઢીને કરેલું વાદ્ય. **૰કુતપ** ન૰ અવનદ્ધ વાદ્યો વગાડનાર વૃંદ

અવનવું વિ૰ નવતર(૨)નવી નવી જાતનું(૩)વિચિત્ર;અદ્ભુત

અવનિ(–ની) સ્ત્રી૰ [સં.] પૃથ્વી. **૰તલ(–ળ)** ન૰ પૃથ્વીની સપાટી. **૰નાથ,૰પતિ,૰પાલ,–નીશ(–શ્વર)** પું૰રાજા; પૃથ્વીપતિ. **૰મંડલ(–ળ)** ન૰ આખી પૃથ્વી

અવપાણિ પું૰ગાયનના તાલના કાળની પૂર્વે તાળી પડવી તે

અવપાત પું૰ [સં.] નીચે પડવું—ઊતરવું તે (૨) ખાડો (ખાસ કરીને હાથી પકડવાનો)

અવબોધ પું૰ [સં.] જાગૃતિ (૨) જ્ઞાન (૩) વિવેક. **૰ક** વિ૰ અવબોધ કરાવનારું

અવભાસ પું૰[સં.] પ્રકાશ (૨) જ્ઞાન; સાક્ષાત્કાર(૩)મિથ્યા જ્ઞાન (૪)દેખાવું–પ્રકટ થવું તે. **૰ક** વિ૰ જ્વલંત; પ્રકાશક. **૰વું** સ૰ક્રિ૰આભાસ થવો. **–સ્ય** વિ૰અવભાસવા યોગ્ય

અવભૃથ ન૰ [સં.] મુખ્ય યજ્ઞની પૂર્ણાહુતિ (૨) ત્યાર પછી શુદ્ધિ અર્થે કરાતું સ્નાન કે તેનાં ઉપકરણો ધોઈ નાખવાં તે (૩) મુખ્ય યજ્ઞમાં થયેલા દોષોના નિવારણાર્થે કરાતો યજ્ઞ. **૰સ્નાન** ન૰ યજ્ઞની પૂર્ણાહુતિ પછી કરાતું સ્નાન

અવમર્ષ પું૰ [સં.] નાટકની પાંચ મુખ્ય સંધિઓ (મુખ, પ્રતિમુખ, ગર્ભ, અવમર્ષ અને નિર્વહણ)માંની એક

અવમાન ન૰, **૰ના** સ્ત્રી૰[સં.] અપમાન; અવગણના. **૰વું** સ૰ક્રિ૰ અવમાન કરવું. **–નિત** વિ૰ અવમાન પામેલું. **–ન્ય** વિ૰ સ્વીકારીને રદ કરેલું

અવયવ પું૰[સં.]શરીરનો ભાગ(૨)આખી વસ્તુનો વિભાગ; અંશ (૩)સાધન; ઉપકરણ(૪)[ગ.]'ફૅક્ટર'. **૰પૃથક્કરણ** ન૰અવયવ પાડવા તે;'ફૅક્ટરાઇઝેશન'(ગ.). **૰શક્તિ** સ્ત્રી૰ શબ્દના અવયવોમાં પ્રકૃતિ અને પ્રત્યયમાં રહેલા અર્થનો બોધ કરવાની શક્તિ;યૌગિક શક્તિ [વ્યા.]. **–વી** વિ૰ અવયવવાળું; અવયવનું. **–વીભૂત** વિ૰ અવયવરૂપ બનેલું

અવયોગ પું૰ [સં.] અવજોગ; અશુભ મુહૂર્ત

અવર સ૰[સં.] ઇતર(૨)વિ૰બીજું;અન્ય(૩)કનિષ્ઠ;ઊતરતું

અવરજવર પું૰; સ્ત્રી૰ આવજા

અવરથા અ૰ વૃથા

અવરાવું અ૰ ક્રિ૰ ઢંકાવું; છુપાઈ જવું

અવરેખ અ૰ ખચીત [બત્રીસું

અવરૈ(–ૌ) સ્ત્રી૰ઘણાં વસાણાંવાળો સુવાવડીનો એક ચાટો;

અવરોધ પું૰ [સં.] અટકાયત; પ્રતિબંધ (૨) અંતઃપુર; જનાનો. **૰ક** વિ૰ અવરોધ કરનારું; અટકાવનારું. **૰ન** ન૰ અવરોધ કરવો તે. **–ધી** વિ૰ અવરોધક

અવરોહ પું૰ [સં.] ઊતરવું તે (૨) [સંગીતમાં]ઊંચા સૂર ઉપરથી નીચા સૂર ઉપર આવવું તે (૩) [ગ.]' ડિસેન્ડિંગ ઑર્ડર'. **૰ણ** ન૰ ઊતરવું તે. **–હિત** વિ૰અવરોહવાળું. **–હી** વિ૰ ઊતરતો (સૂર)

અવર્ગ પું૰ [સં.] અ આદિ સ્વરો (૨) વિ૰ અવર્ગનું (૩) વર્ગરહિત. **–ર્ગી** વિ૰ અવર્ગ

અવર્ણ વિ૰ [સં.] રંગહીન (૨) વર્ણ વિનાનું; અંત્યજ

અવર્ણનીય,અવર્ણ્ય વિ૰ [સં.] વર્ણવી ન શકાય એવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવલ વિ૦ પહેલું; મુખ્ય (૨) ઉત્તમ. **૦અરજી** સ્ત્રી૦ પહેલી અરજી. **૦આખર** અ૦ આદિથી અંત સુધી. **૦કારકુન** પું૦ મુખ્ય કારકુન. **૦મંજલ** સ્ત્રી૦ દફનક્રિયા; પાયદસ્ત. **૦સાલ** સ્ત્રી૦ પહેલું વર્ષ (૨) બેસતું વર્ષ. **૦સિલક** સ્ત્રી૦ મહિનાની છેલ્લી તારીખે જે રોકડ ઇત્યાદિ હોય તે (૨) [વેપાર, પેઢી ઇત્યાદિ] શરૂ કરતી વખતની મૂડી

અવલક્ષણ ન૦ [સં.] અપલક્ષણ

અવલગ્ન વિ૦ [સં.] ચોંટેલું (૨) ચોંટાડેલું

અવલંબ પું૦ [સં.] આધાર; ટેકો. **૦ક** પું૦ એ નામનો છંદ. **૦ન** ન૦ અવલંબ (૨) સાહ્ય; મદદ (૩) [ગ.] 'લેમ્મા'. **૦વું** સ૦ ક્રિ૦ આધાર રાખવો; આધારે રહેવું (૨) અ૦ ક્રિ૦ લટકવું. **-બિત** વિ૦ આધારવાળું; ટેકાવાળું (૨) લટકતું

અવલિપ્ત વિ૦ [સં.] લેપયુક્ત (૨) અહંકારી

અવલેપ પું૦, **૦ન** ન૦ [સં.] ચોપડવું તે; લેપ (૨) અહંકાર

અવલેહ પું૦ [સં.] ચાટણ; ચાટો

અવલોક પું૦ [સં.] જોવું તે. **૦ન** ન૦ નિરીક્ષણ; તપાસ; પરીક્ષા. **૦નકાર** પું૦ અવલોકન કરનાર. **૦નશક્તિ** સ્ત્રી૦ અવલોકનની શક્તિ. **૦વું** સ૦ ક્રિ૦ અવલોકન કરવું. **-કિત** વિ૦ જોયેલું; તપાસેલું (૨) પું૦ સંગીતમાં એક અલંકાર

અવલોકિતેશ્વર પું૦ (સં.) ગૌતમબુદ્ધ [અવલોકન

અવલોચક વિ૦ (૨) પું૦ [સં.] અવલોચન કરનાર. **-ન** ન૦

અવશ વિ૦ [સં.] પરતંત્ર (૨) લાચાર ['અપશુકન'માં

અવશ(-શુ)કન પું૦, **-નિયાળ,-નિયું** વિ૦ જુઓ

અવશિષ્ટ વિ૦ [સં.] વધેલું; બાકી રહેલું

અવશુકન પું૦, **-નિયાળ,-નિયું** વિ૦ જુઓ 'અપશુકન'માં

અવશેષ પું૦ [સં.] બાકી રહેલો ભાગ; બચેલો ભાગ (૨) ખંડેર

અવશ્ય વિ૦ [સં.] જરૂરી; આવશ્યક (૨) અ૦ ખચીત. **૦મેવ** અ૦ ખચીત જ. **-શ્યંભાવિ(-વી)** વિ૦ અવશ્ય બનવાનું એવું; અપરિહાર્ય. **-શ્યંભાવિવાદ** પું૦ અમુક બનશે જ એવો નિયતિવાદ; 'ડિટર્મિનિઝમ'

અવસન્ન વિ૦ [સં.] ખિન્ન પડી ગયેલું (૨) નષ્ટ; મૃત

અવસર પું૦ [સં.] તક (૨) સમય (૩) ટાણું

અવસર્પ પું૦ [સં.] જાસૂસ. **૦ણ** ન૦ નીચે જવું-ઊતરવું તે. **-ર્પિણી** સ્ત્રી૦ ઘણો લાંબો સમય-આચાર્ય હેમચંદ્રના લખવા મુજબ ૧૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ સાગર વર્ષો બરાબર (જૈન). **-ર્પી** વિ૦ નીચે ઊતરતું

અવસાત અ૦ અત્તરસાત; હમણાં જ (૨) એકાએક

અવસાદ પું૦ [સં.] નાશ; અંત (૨) ખેદ

અવસાન ન૦ [સં.] અટકવું-બંધ પડવું તે; અંત (૨) આખરઘડી; મોત (૩) હદ; સીમા (૪) યતિ; વિરામ

અવ(-વે)સ્તા સ્ત્રી૦ જ્ઞાન (૨) પારસીઓનું મૂળ ધર્મપુસ્તક

અવસ્થા સ્ત્રી૦ [સં.] સ્થિતિ; દશા (૨) આયુષ્યના અમુક અમુક મુદતના ભાગ કે પેટાભાગ તે (૩) ઘડપણ. **૦ચતુષ્ટય** ન૦ જીવનની ચાર અવસ્થાઓ તે-બાલ્ય, કૌમાર, યૌવન અને જરા. **૦ત્રય** ન૦ શરીરની ત્રણ અવસ્થાઓ તે-જાગૃતિ, સ્વપ્ન અને સુષુપ્તિ. **૦દ્વય** ન૦ મનની બે અવસ્થાઓ તે-સુખ અને દુઃખ. **૦ન** ન૦ રહેઠાણ (૨) સ્થિરતા. **-સ્થાંતર** ન૦ અવસ્થામાં થતો ફેરફાર (૨) બીજી અથવા બદલાયેલી અવસ્થા. **-સ્થિત** વિ૦ રહેલું; વસેલું. **-સ્થિતિ** સ્ત્રી૦ રહેવું તે (૨) રહેઠાણ

અવસ્પર્શક પું૦ [સં.] 'સબટેન્જન્ટ' (ગ.)

અવહાર પું૦ [સં.] થોડા વખત પૂરતી સુલેહ; યુદ્ધ-વિશ્રાંતિ

અવહિત વિ૦ [સં.] લક્ષ આપનારું; એકાગ્ર [ભાવ

અવહિત્થ ન૦ [સં.] મનોવિકાર છુપાવવા તે; એક વ્યભિચારી

અવહેલન ન૦, **-ના, અવહેલા** સ્ત્રી૦ [સં.] અવહેલવું તે; અનાદર; અવગણના. **-વું** સ૦ ક્રિ૦ અવગણવું

અવળ વિ૦ અવળું. **૦ચંડાઈ** સ્ત્રી૦ અવળચંડાપણું. **૦ચંડું** વિ૦ કહે તેથી ઊલટું કરનારું (૨) અટકચાળું; અડપલાખોર. **૦પ** સ્ત્રી૦ અવળાઈ. **૦પંચક** ન૦ બેસતે પંચકે કશું અવળું થઈ જવું તે (૨) વારંવાર (પાંચ વાર) એવી ને એવી વિટંબણા આવી પડવી તે (૩) સારું કરવા જતાં ખોટું થઈ જવું તે; ઊલટું થઈ જવું તે. **૦વાણી** સ્ત્રી૦ વાચ્યાર્થથી ઊલટો અર્થ સૂચવતી વાણી; ગૂઢ વાણી (૨) અવળું બોલવું તે (૩) અશુભ વાણી. **૦સવળ** અ૦ ઊલટસૂલટ. **-ળાઈ** સ્ત્રી૦ આડાઈ; કહે તેનાથી ઊલટું કરવાની ટેવ (૨) હઠીલાઈ. **-ળાસવળી** સ્ત્રી૦ એક છોડ (૨) અ૦ અવળું ને સવળું એ ક્રમમાં. **-ળિયું** ન૦ અંદરપડતું ઢાંકણું. **-ળું** વિ૦ ઊંધું (૨) વાંકું; પ્રતિકૂલ (૩) ખોટું. **-ળુંસવળું** વિ૦ ઊંધુંચતું

અવળકો પું૦ (ફા.) તરફડિયું; વલખું; હવાતિયું

અવળૈ સ્ત્રી૦ અવરૈ; સુવાવડીનો એક ચાટો

અવાઈ સ્ત્રી૦ અફવા; હવાઈ વાત

અવાક(-ચ) વિ૦ [સં.] મૂક; સ્તબ્ધ

અવાક વિ૦ વાક-ચીકાશ-સત્ત્વ વિનાનું

અવાચ વિ૦ [સં.] અવાક. **૦ક** વિ૦ મૂંગું (૨) બેભાન. **-ચી** સ્ત્રી૦ હેડકી; વાઘણી (૨) સસણી (૩) ડચકું. **-ચ્ય** વિ૦ અવર્ણ્ય; અકથ્ય (૨) ન વંચાય એવું. **-ચ્યતા** સ્ત્રી૦

અવાજ પું૦ ધ્વનિ; શબ્દ (૨) ઘાંટો; નાદ. **-જી** વિ૦ અવાજવાળું (૨) પું૦ તોપ-બંદૂક ફોડનારું (૩) સ્ત્રી૦ ગાયકનો કંઠ

અવાટ વિ૦ વાટ વિનાનું; રસ્તો પડેલો ન હોય તેવું (૨) સ્ત્રી૦ ખોટો રસ્તો (૩) કુમાર્ગ; અનીતિ

અવાડું ન૦ આઉ; બાવલું

અવા(-વે)ડો પું૦ હવાડો; અવેડો

અવાઢ વિ૦ કપાય નહિ તેવું (૨) કાપે નહિ તેવું; બુઠ્ઠું (૩) શેરડીના વાવેતર વિનાનું (૪) પું૦; ન૦ બે ઊભા થાંભલા વચ્ચે મૂકેલું લાકડું, જેની આસપાસ ચણતર કરી લેવામાં આવે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાણ સ્ત્રી૰ હીંડછા; ચાલ (૨) ગુણ; જાત. **-વું** સ૰ક્રિ૰ હીંડછા ઉપરથી પારખ કરવી (બળદની)

અવાત્યનુમંદ્ર વિ૰ [સં.] અત્યનુમંદ્રથી નીચેનું (સંગીત)

અવાર વિ૰ + અવાર્ય; અટલ. **૰ણીય,-ર્ય** વિ૰ [સં.] નિવારી ન શકાય એવું. **-રિત** વિ૰ નહિ નિવારેલું

અવારનવાર અ૰ પ્રસંગોપાત્ત; કદી કદી (૨) વારાફરતી

અવાવરું વિ૰ બહુ વખતથી વપરાયા વિનાનું; અવડ

અવાસ પું૰ + આવાસ

અવાસ્તવ(-વિક) વિ૰ [સં.] વાસ્તવિક નહિ તેવું

અવાહક વિ૰ [સં.] વહન ન કરે એવું (ગરમી ઇત્યાદિને)

અવાળુ પું૰; ન૰ દાંતના પારા-પીઢિયાં (૨) લાળ ઉત્પન્ન કરનાર માંસપિંડ

અવાંતર વિ૰ [સં.] અંદરનું (૨) વચમાં આવેલું (૩) -ની અંદર આવી જતું; સમાયેલું (૪) બાહ્ય; આગંતુક

અવિકલ(-ળ) વિ૰ [સં.] અખંડ (૨) વ્યવસ્થિત (૩) વ્યાકુલ-ગભરાયેલું નહિ એવું

અવિકલ્પ વિ૰ [સં.] જુઓ નિર્વિકલ્પ

અવિકળ વિ૰ જુઓ અવિકલ

અવિકાર વિ૰ [સં.] વિકારરહિત; જેમાં ફેરફાર ન થાય તેવું (૨) પું૰ વિકાર-ફેરફારનો અભાવ. **૰ક** વિ૰ (વ્યા.) શબ્દના અંગમાં ગુણ કે વૃદ્ધિનો ફેરફાર ન કરાવે એવો (પ્રત્યય). **-રી** વિ૰ અવિકાર (૨) [વ્યા.] જાતિ કે વચનને લીધે રૂપમાં ફેરફાર ન થાય એવું (પદ) (૩) [ગ.] 'કોન્સ્ટંટ'; 'ઇનવેરિયેબલ'. **-ર્ય** વિ૰ જેમાં વિકાર થઈ શકે નહિ એવું

અવિકૃત વિ૰ [સં.] વિકૃત નહિ તેવું. **-તિ** સ્ત્રી૰ વિકૃતિનો અભાવ (૨) પ્રકૃતિ (સાંખ્યદર્શનમાં)

અવિક્રીત વિ૰ [સં.] નહિ વેચાયેલું

અવિક્રેય વિ૰ [સં.] ન વેચવાનું કે ન વેચાય એવું

અવિગત વિ૰ [સં.] ન ગયેલું; જુદું નહિ પડેલું; હાજર; સંયુક્ત (૨) જવા ન દીધેલું; રોકેલું (૩) નહિ મૂએલું (૪) નિત્ય. **-તા** સ્ત્રી૰ પતિ અથવા નાયકે રોકી રાખેલી (૨) અજ્ઞાતયૌવના [સુલેહવાળું

અવિગ્રહ,૰વાન વિ૰ [સં.] નિરાકાર; અશરીર (૨) શાંત;

અવિઘાત વિ૰ [સં.] અટકાવ વિનાનું; અપ્રતિહત

અવિઘ્ન વિ૰ [સં.] વિઘ્ન વિનાનું

અવિચલ(-ળ) વિ૰ [સં.] ચળે નહિ એવું; સ્થિર (૨) નિત્ય. **૰તા** સ્ત્રી. **-લિત** વિ૰ સ્થિર; નિત્ય

અવિચાર પું૰ [સં.] વિચાર-વિવેકનો અભાવ (૨) ઉતાવળ. **-રિત** વિ૰ બરાબર નહિ વિચારેલું. **-રિતા** સ્ત્રી૰ મૂર્ખતા; અવિચારીપણું. **-રી** વિ૰ વિચાર ન કરે એવું; મૂર્ખ (૨) અવિવેકી; સાહસભર્યું; ઉતાવળિયું

અવિચ્છિન્ન વિ૰ [સં.] અખંડ (૨) સતત. **૰તા** સ્ત્રી૰

અવિચ્છેદ વિ૰ [સં.] વિચ્છેદ વિનાનું (૨) પું૰ વિચ્છેદનો અભાવ

અવિજ્ઞેય વિ૰ [સં.] ન જાણી શકાય એવું; અજ્ઞેય

અવિદ્ધ વિ૰ [સં.] વીંધાયેલું નહિ એવું. **૰યોનિ(-ની)** વિ૰ સ્ત્રી૰ (૨) સ્ત્રી૰ જુઓ અક્ષતયોનિ

અવિદ્યા સ્ત્રી૰ [સં.] અજ્ઞાન (૨) માયા (વેદાંત)

અવિધવા સ્ત્રી૰ [સં.] વિધવા નહિ એવી-સૌભાગ્યવતી સ્ત્રી. **૰નવમી** સ્ત્રી૰ ભાદરવા વદ ૯; ડોસીઓની નોમ; સૌભાગ્યવતી મરી ગયેલી સ્ત્રીઓનું શ્રાદ્ધ કરવાનો દિવસ

અવિધાર અ૰ + અવધાર. **૰વું** સ૰ ક્રિ૰ + અવધારવું

અવિધિ પું૰; સ્ત્રી૰ [સં.] વિધિ-નિયમનો અભાવ (૨) નિયમ-વિરુદ્ધ વર્તન

અવિનય પું૰ [સં.] અસભ્યતા. **-યી** વિ૰ અવિનીત; અસભ્ય

અવિનાભાવ પું૰ [સં.] એકબીજા વિના રહી કે હોઈ ન શકે એવો ભાવ કે લક્ષણ. **-વી** વિ૰ અવિનાભાવવાળું

અવિનાશ(-શી) વિ૰ [સં.] અમર; અક્ષય; નિત્ય. **૰ત્વ, -શિત્વ** ન૰. **-શિની** વિ૰ સ્ત્રી૰. **-શીપણું** ન૰

અવિભક્ત વિ૰ [સં.] એકરૂપ (૨) મજિયારું; સંયુક્ત

અવિભાજ્ય વિ૰ [સં.] વિભાગ ન પડી શકે એવું (૨) [ગ.] શેષ રાખ્યા વિના ભગાય નહિ એવું. **૰તા** સ્ત્રી૰

અવિયોગ પું૰ [સં.] વિયોગનો અભાવ. **૰વ્રત** ન૰ માગશર સુદ ૩ ને દિવસે સ્ત્રીઓ અવૈધવ્યવ્રત કરે છે તે. **-જ્ય** વિ૰ જુદું ન પાડી શકાય એવું

અવિરત વિ૰ [સં.] નિરંતર; સતત [અખંડ

અવિરલ વિ૰ [સં.] વિરલ નહિ એવું (૨) ઘટ્ટ; ભરચક (૩)

અવિરામ પું૰ [સં.] વિરામનો અભાવ (૨) અ૰ વિરામ લીધા વિના; સતત. **-મ(-મી)** વિ૰ સતત; અથાક

અવિરોધ પું૰ [સં.] વિરોધનો અભાવ (૨) મેળ; બનાવ (૩) પૂર્વાપર સંગતિ. **-ધિની** વિ૰ સ્ત્રી૰. **-ધી** વિ૰ વિરોધી નહિ એવું

અવિલંબ વિ૰ [સં.] મોડું કર્યા વિનાનું (૨) પું૰ વિલંબ નહિ તે

અવિવક્ષા સ્ત્રી૰ [સં.] વિવક્ષાનો અભાવ. **-ક્ષિત** વિ૰ વિવક્ષિત નહિ એવું. **-ક્ષિતાર્થત્વ** ન૰ અવિવક્ષિત અર્થવાળું હોવું તે

અવિવાહિત વિ૰ [સં.] કુંવારું. **-તા** વિ૰ સ્ત્રી૰

અવિવેક પું૰ [સં.] અવિચાર (૨) વિચારશૂન્યતા (૩) અવિનય. **-કી** વિ૰ અવિચારી (૨) અસભ્ય

અવિશંકિત વિ૰ [સં.] નિઃશંક; નીડર

અવિશ્રાંત વિ૰ (૨) અ૰ [સં.] અથાક; સતત

અવિશ્લેષ્ય વિ૰ [સં.] જુદું પાડી ન શકાય એવું

અવિશ્વસનીય વિ૰ [સં.] વિશ્વાસપાત્ર નહિ એવું

અવિશ્વાસ પું૰ [સં.] વિશ્વાસનો અભાવ. **-સી,-સુ** વિ૰ વિશ્વાસી નહિ તેવું. **-સ્ય** વિ૰ અવિશ્વસનીય

અવિષય વિ૰ [સં.] ઇંદ્રિયોનો વિષય ન થઈ શકે તેવું; અ-ગોચર (૨) પું૰ વિષય-કામવાસનાનો અભાવ (૩) ન દેખાવું તે (૪) શક્તિ કે મર્યાદા બહાર હોવું તે

અવિષહ્ય વિ૰ [સં.] અસહ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવિસંવાદી વિ૦[સં.]વિસંવાદી નહિ એવું
અવિહિત વિ૦[સં.]વિહિત નહિ એવું
અવૃષ્ટિ સ્ત્રી૦ [સં.] વરસાદનો અભાવ; અનાવૃષ્ટિ
અવેક પું૦ + અવિવેક; અવિનય
અવેજ પું૦ બદલો; સાટાં જેટલી કિંમતનો માલ (૨)નાણું; મૂડી. –જી વિ૦બદલામાં કામ કરનારું; હંગામી(૨)સ્ત્રી૦ -ની જગાએ–બદલે હોવું તે
અવેડો પું૦ હવેડો; અવાડો
અવેધ વિ૦ [સં.] ખોડખાંપણ વિનાનું
અવેર પું૦ દેખરેખ; દાબ; કાબૂ (૨)વિવેકથી ઉપયોગ કરવો તે; સુવ્યવસ્થા (૩) કરકસર (૪) સમેટવું–એકઠું કરવું તે. ૦વું સ૦ ક્રિ૦ સુવ્યવસ્થિત રાખવું; સારું કરીને વાપરવું (૨) જાળવવું; જતન કરવું (૩) કરકસર કરવી
અવે(–વૈ)ર ન૦વેરનો અભાવ; પ્રેમ. ૦નિષ્ઠા સ્ત્રી૦વેર સામે પણ અવેરનો જ ઉપયોગ કરવાની શ્રદ્ધા
અવેરું વિ૦ હલેતું; ગભરાટિયું. –રાટ પું૦ ગભરાટ
અવેવ પું૦ + અવયવ
અવેસ્તા સ્ત્રી૦ અવસ્તા કે તેની પ્રાચીન ભાષા
અવેળા સ્ત્રી૦ કવેળા. –ળું અ૦ કવખતે (૨) અંતરિયાળ
અવેળી સ્ત્રી૦ મેદાનો પાતળો શીરો (જૈન)
અવૈધ વિ૦ [સં.]વિધિ વિનાનું (૨) શાસ્ત્રે માન્ય નહિ કરેલું; નિષિદ્ધ (૩) બંધારણવિરુદ્ધ
અવૈધવ્યવ્રત ન૦ [સં.] વૈધવ્ય ન આવે તે માટે કરાતું વ્રત
અવ્યક્ત વિ૦ [સં.] અસ્પષ્ટ (૨) અદૃશ્ય (૩) [ગ.] અજ્ઞાત; વિશિષ્ટ સંખ્યા ન બતાવનાર (રાશિ) (૪) ન૦ બ્રહ્મ; પરમાત્મતત્ત્વ (૫) મૂલ પ્રકૃતિ. ૦ક્રિયા સ્ત્રી૦ અવ્યક્ત રાશિનો વિધિ; 'એલ્જિબ્રેઇક ઑપરેશન'(ગ.). ૦સામ્ય ન૦ અવ્યક્ત રાશિનું સમીકરણ (ગ.)
અવ્યભિચરિત વિ૦ [સં.] અવ્યભિચારવાળું
અવ્યભિચાર પું૦ [સં.] નિત્ય સાહચર્ય (૨) એકનિષ્ઠા; વફાદારી. –રી વિ૦ વ્યભિચારી નહિ એવું; નીતિમાન (૨) એકનિષ્ઠ (૩) અપવાદરહિત; બધી વખતે એકસરખું (૪) [ન્યા.] જેનો વિષય કદી બાધિત નથી થતો એવું. –રિણી વિ૦ સ્ત્રી૦ પતિવ્રતા (૨) એકનિષ્ઠ
અવ્યય વિ૦ [સં.] ન બદલાય એવું; શાશ્વત (૨) ન૦ (વ્યા.) જેને જાતિ, વચન કે વિભક્તિના પ્રત્યય ન લાગે તેવો શબ્દ (૩) પું૦ શિવ; વિષ્ણુ. ૦કૃદંત ન૦ (વ્યા.) કૃદંતનો અવ્યય પ્રકાર; ઉદા૦ 'કરી, કરીને.' –યીભાવ પું૦ એક સમાસ. ઉદા૦'યથાશક્તિ' (૨) ખર્ચનો અભાવ (ગરીબાઈને લીધે) (૩) અવિકારી સ્થિતિ; અવિનાશીપણું
અવ્યવસાયી વિ૦ [સં.] વ્યવસાયી નહિ એવું
અવ્યવસ્થ વિ૦ [સં.]વ્યવસ્થા વગરનું; અવ્યવસ્થિત. –સ્થા સ્ત્રી૦ વ્યવસ્થાનો અભાવ; ગોટાળો. –સ્થિત વિ૦ વ્યવસ્થિત નહિ તેવું. –સ્થિતિ સ્ત્રી૦ અવ્યવસ્થા

અવ્યવહાર્ય વિ૦[સં.] વ્યવહાર ન રાખવા યોગ્ય; બહિષ્કૃત
અવ્યવહિત વિ૦[સં.]લગોલગનું; તદ્દન પાસેનું. ૦પૂર્વગામી વિ૦ પૂર્વે કોઈ પ્રકારના વ્યવધાન વિના તરતજ આવેલું-રહેલું
અવ્યંગ વિ૦ [સં.] સાદો; વાચ્ય(અર્થ) [(૨) અસ્પષ્ટ
અવ્યાકૃત વિ૦ [સં.] પ્રકટ નહિ થયેલું; વિકાસ નહિ પામેલું
અવ્યાખ્યેય વિ૦ [સં.] વ્યાખ્યા ન થઈ શકે એવું
અવ્યાજ વિ૦ [સં.] નિષ્કપટ; સરળ [નહિ તે
અવ્યાપાર પું૦[સં.] કામધંધાનો અભાવ (૨) પોતાનું કામ
અવ્યાપ્તિ સ્ત્રી૦[સં.] થવો જોઈએ તે સઘળાનો જેમાં સમાવેશ ન થાય એવો લક્ષણદોષ. [ન્યા.]
અવ્યાહત વિ૦[સં.] વ્યાહત નહિ એવું; અમોઘ
અવ્યુત્પન્ન વિ૦ [સં.] બિનઅનુભવી; અકુશળ (૨) જેની વ્યુત્પત્તિ ન શોધી શકાય એવો (શબ્દ) (૩) ભાષાની રૂઢિ, વ્યાકરણ ઇત્યાદિ ન આવડતાં હોય એવું
અશક્ત વિ૦ [સં.] નબળું; કમતાકાત. –ક્તિ સ્ત્રી૦ શક્તિનો અભાવ; નબળાઈ (૨) ગજું–તાકાત ન હોવી તે. –ક્તિમાન વિ૦ શક્તિ વિનાનું; અસમર્થ
અશક્ય વિ૦ [સં.] અસંભવિત
અશગ વિ૦ શગ વિનાનું
અશન ન૦ [સં.] ખાવું તે; ભોજન
અશનાઈ સ્ત્રી૦ આશનાઈ; યારી (૨) અટકચાળું; ચાળો
અશનિ સ્ત્રી૦ [સં.] વીજળી
અશબ્દ વિ૦ [સં.] નિઃશબ્દ; નીરવ (૨) શબ્દમાં નહિ વ્યક્ત થયેલું (૩) ન૦ બ્રહ્મ [અશરણના શરણરૂપ (પ્રભુ)
અશરણ વિ૦ [સં.] નિરાધાર; આશ્રયરહિત. ૦શરણ વિ૦
અશરફી સ્ત્રી૦[अ.]સોનામહોર (૨) એ નામનું એક હઠીલું ચાંદું
અશરાફ વિ૦[अ.]ઈમાનદાર; ખાનદાન. –ફી સ્ત્રી૦ ખાનદાની; ઈમાનદારી (૨) ભલમનસાઈ
અશરીર,–રી વિ૦ [સં.] શરીરરહિત (૨) દૈવી (વાણી) (૩) પું૦(સં.) કામદેવ (૪)બ્રહ્મ. –રિણી વિ૦ સ્ત્રી૦ દૈવી (વાણી)
અશર્મ વિ૦ [સં.] દુઃખી (૨) ન૦ દુઃખ; અશાંતિ
અશસ્ત્ર વિ૦ [સં.] હાથયાર વિનાનું; નિઃશસ્ત્ર
અશંક,–કિત વિ૦[સં.] શંકારહિત; નિઃશંક. –ક્ય વિ૦ શંકા ન કરી શકાય એવું કે ન કરવા યોગ્ય
અશાત(–તા) સ્ત્રી૦ [સં.] અશાંતિ; અસુખ. ૦ના સ્ત્રી૦ અશાંતિ (૨) [જૈન] અપવિત્રતા; અપવિત્ર કરવું તે
અશાલીન વિ૦ [સં.] અસભ્ય; નિર્લજ્જ; ઉદ્ધત
અશાશ્વત વિ૦[સં.] શાશ્વત નહિ એવું. ૦તા સ્ત્રી૦
અશાસ્ત્ર(–સ્ત્રીય) વિ૦ [સં.] શાસ્ત્રવિરુદ્ધ; અવિહિત (૨) શાસ્ત્રને નહિ લગતું (૩) શાસ્ત્રશુદ્ધ નહિ એવું; લૌકિક
અશાંત વિ૦ [સં.] શાંતિરહિત; ઉદ્વિગ્ન (૨) તોફાની (૩) ચંચળ (૪) આતુર. ૦તા સ્ત્રી૦ અશાંતિ. –તિ સ્ત્રી૦ શાંતિનો અભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)તોફાન;બખેડો.-તિકર,-તિકારક વિ૦અશાંતિ કરનારું

અશિક્ષિત વિ૦[સં.]શિક્ષિત-ભણેલું નહિ એવું

અશિર પું૦[સં.]રાક્ષસ (૨) અગ્નિ (૩) પવન

અશિવ વિ૦[સં.]અશુભ;અકલ્યાણકારી (૨)ન૦અકલ્યાણ

અશિષ્ટ વિ૦[સં.]શિષ્ટ નહિ એવું; અસંસ્કારી; ગ્રામ્ય

અશિસ્ત વિ૦ શિસ્ત વિનાનું

અશીત વિ૦[સં.]ગરમ [શીલરહિત

અશીલ ન૦[સં.]અસભ્ય કે દુરાચારી વર્તન (૨) વિ૦

અશુચિ વિ૦[સં.]અપવિત્ર; અશુદ્ધ (૨) સૂતકી

અશુદ્ધ વિ૦ [સં.]અપવિત્ર(૨) મલિન(૩) અપ્રામાણિક(૪) સદોષ; ભૂલભરેલું (૫) શુદ્ધિ-ભાન વગરનું; બેભાન. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦, -દ્ધિ સ્ત્રી૦ અશુદ્ધ હોવું તે

અશુભ વિ૦[સં.]અમંગલ(૨)મરણને લગતું(૩)ન૦ અકલ્યાણ; ભૂંડું (૪) દુરાચરણ

અશુર પું૦;ન૦(સં.)આસીરિયા

અશું(-સું) વિ૦ આવું; એવું (પ.)

અશૂર વિ૦[સં.]કાયર; બાયલું

અશેષ વિ૦(૨) અ૦ [સં.]પૂરેપૂરું; તમામ

અશે(-સા)ળિયો પું૦ એક વનસ્પતિ-ઔષધિ

અશોક પું૦[સં.]હર્ષ; આનંદ (૨) આસોપાલવનું ઝાડ(?) (૩)[સં.]એક રાજા (૪) વિ૦શોકરહિત. ૦વનિકાન્યાય પું૦ અશોકવન જેવી બીજી ઘણી કામ દે એવી વાટિકાઓ છતાં, રાવણે સીતાને ખાસ કારણ વિના ત્યાં રાખી તેમ, અનેક માર્ગો હોય ને બધા સરખા હોય છતાં, તેમાંના એક ઉપર જ પસંદગી ઊતરવી એ ન્યાય

અશોચ્ય વિ૦[સં.]શોક ન કરવા યોગ્ય

અશોષ્ય વિ૦[સં.]શોષી ન શકાય એવું

અશૌચ ન૦[સં.]અશુદ્ધિ; મલિનતા(૨)સૂતક

અશૌર્ય ન૦[સં.]કાયરતા

અશ્કર અ૦ આખરે

અશ્મ પું૦[સં.]પથ્થર. ૦ર વિ૦ પથ્થરવાળું; ખડકમય(૨) પું૦ પથ્થર. ૦રી સ્ત્રી૦ પથરી(એક રોગ). -શ્મંતક પું૦ એક જાતનું ઘાસ(જેમાંથી પ્રાચીન કાળમાં બ્રાહ્મણો મેખલા બનાવતા હતા)(૨)ચૂલો(૩) ઝાડનું નામ. -શ્મા પું૦ પથ્થર(૨)પહાડ(૩)વજ્ર. -શ્મારોહણ ન૦પહાડ ઉપર ચડવું તે(૨)[લા.]કઠણ કામ(૩) વિવાહવિધિનો એક ભાગ (જેમાં કન્યાને પથ્થર ઉપર પગ મુકાવી પાતિવ્રત્યમાં તેના જેવી દૃઢ થવાનું કહેવામાં આવે છે).-શ્મિલ ન૦પૃથ્વીના પડોમાં મળી આવતો વનસ્પતિ કે પ્રાણીનો અવશેષ

અશ્રદ્ધા સ્ત્રી૦[સં.]અનાસ્થા; અવિશ્વાસ. -ળુ વિ૦ શ્રદ્ધા -આસ્તિક વિનાનું [ન સાંભળી શકાય એવું

અશ્રવણીય, અશ્રાવ્ય વિ૦ [સં.] ન સાંભળવા યોગ્ય કે

અશ્રાંત વિ૦[સં.]થાક્યા વિનાનું(૨)સતત

અશ્રુ પું૦[સં.]આંસુ. ૦ધારા સ્ત્રી૦ આંસુની ધારા. ૦પાત પું૦ આંસુ પડવાં તે. ૦પ્રમાર્જન ન૦ આંસુ લોહવાં તે

અશ્રુત વિ૦[સં.]નહિ સાંભળેલું(૨)શાસ્ત્ર નહિ જાણનારું(૩) અશિક્ષિત. ૦પૂર્વ વિ૦ પૂર્વે નહિ સાંભળેલું એવું

અશ્લાઘ્ય વિ૦[સં.]વખાણવાને અયોગ્ય; નિંદ્ય

અશ્લીલ વિ૦[સં.]બીભત્સ; નઠારું(૨) અસભ્ય; ગ્રામ્ય. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦

અશ્લેખા,-ષા [સં.]સ્ત્રી૦ નવમું નક્ષત્ર

અશ્વ પું૦[સં.]ઘોડો. ૦કાંતા સ્ત્રી૦ મૂર્ચ્છનાનો એક પ્રકાર (સંગીત). ૦ગતિ સ્ત્રી૦ ઘોડાની ચાલ(૨)એક છંદ. ૦ગતિપ્રબંધ પું૦એક ચિત્રકાવ્ય. ૦ગંધા સ્ત્રી૦ એક વનસ્પતિ; આસંધ. ૦ગ્રીવ પું૦ (સં.) એક રાક્ષસ (૨) વિષ્ણુનો એક અવતાર. ૦ચર્યા સ્ત્રી૦ઘોડાની સંભાળ. ૦ચિકિત્સક પું૦ ઘોડાનો-ઢોરોનો વૈદ્ય(૨)નાળ જડનારો (૩) ઘોડાનો પરીક્ષક. ૦તર પું૦ ખચ્ચર. ૦તરી સ્ત્રી૦ ખચ્ચર (માદા). ૦દંષ્ટ્રા સ્ત્રી૦ ગોખરુનો છોડ. ૦ધાટી સ્ત્રી૦ એક છંદ. ૦પાલ(-ળ,૦ક) પું૦ ઘોડાનું પાલન કરનાર; ખાસદાર. ૦મંત્ર પું૦ જેથી ઘોડો પવનવેગે ચાલે એવો મંત્ર. ૦મેધ પું૦ એક યજ્ઞ,જેમાં દિગ્વિજય કરી આવેલો ઘોડો હોમવામાં આવે છે. ૦મેધી વિ૦ અશ્વમેધને લગતું (૨) પું૦તે યજ્ઞ કરનાર. ૦વાર પું૦ઘોડેસવાર. ૦વિદ્યા સ્ત્રી૦ ઘોડા પારખવાની, કેળવવાની તથા ચલાવવાની વિદ્યા. ૦વૈદ્ય પું૦ જુઓ અશ્વચિકિત્સક. ૦શાસ્ત્ર ન૦ અશ્વવિદ્યાનું શાસ્ત્ર. ૦શાલા(-ળા)સ્ત્રી૦ ઘોડાનો તબેલો. -શ્વારૂઢ વિ૦ ઘોડા ઉપર સવાર થયેલું. -શ્વારોહણ ન૦ ઘોડા ઉપર સવારી કરવી તે.-શ્વિની સ્ત્રી૦ પહેલું નક્ષત્ર(૨) ઘોડી. -શ્વિનીકુમાર પું૦ (સં.) દેવોના બે વૈદ્ય

અશ્વત્થ પું૦[સં.] પીપળો

અશ્વત્થામા પું૦(સં.)દ્રોણાચાર્યનો પુત્ર(૨)એક હાથીનું નામ

અષા(-સા)ડ પું૦ વિક્રમ સંવતનો નવમો મહિનો

અષાઢ પું૦ [સં.] અષાડ. -ઢા સ્ત્રી૦ એક નક્ષત્ર

અષો વિ૦ [અવેસ્તા] પવિત્ર(જરથુોસ્ત્ર). ૦ઈ સ્ત્રી૦ પવિત્રતા

અષ્ટ વિ૦[સં.] આઠ. ૦ક ન૦ આઠનો સમુદાય. ૦કર્ણ પું૦ (સં.)બ્રહ્મા. -કલ્યાણી વિ૦આઠ શુભ ચિહ્નોવાળો(ઘોડો) [ચાર પગ, કપાળ,છાતી,ખાંધ તથા પૂંછડી જેનાં ધોળાં હોય તે]. ૦કોણ પું૦આઠ ખૂણાવાળી આકૃતિ.૦કોણ,૦કોણી વિ૦ આઠ ખૂણાવાળું. ૦ગંધ ન૦આઠ સુગંધીઓનું ચૂર્ણ. ૦ગુણ પું૦ બ્રાહ્મણોમાં આવશ્યક એવા આઠ ગુણ-દયા, ક્ષમા, અનસૂયા, શૌચ,અનાયાસ, મંગલ,અકાર્પણ્ય અને અસ્પૃહા. ૦દિશા સ્ત્રી૦ ચાર દિશાઓ અને ચાર ખણાઓ મળીને આઠ દિશાઓ.૦દ્રવ્ય ન૦યજ્ઞમાં જરૂરી આઠ પદાર્થ: પીપળો, ઊમરો, પીપળ, ખાખરો તથા વડ એ પાંચનું સમિધ તથા તલ, ખીર અને ઘી. ૦ધા અ૦ આઠ પ્રકારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦ધાતુ સ્ત્રી૦ આઠ ધાતુઓ–સોનું, રૂપું, તાંબું, કથીર, પીતળ, સીસું, લોઢું અને પારો. **૦નાયિકા** સ્ત્રી૦ કાવ્યશાસ્ત્રમાં કહેલી આઠ નાયિકાઓ–સ્વાધીનપતિકા, ખંડિતા, અભિસારિકા, કલહાંતરિતા, વિપ્રલબ્ધા, પ્રોષિતભર્તૃકા, વાસકસજ્જા અને વિરહોત્કંઠા. **૦પદ** પું૦ આઠ પગવાળો તે–કરોળિયો. **૦પદી** સ્ત્રી૦ આઠ પદ–કડીઓવાળું ગીત. **–પર્વત** પું૦ બ૦ વ૦ આઠ કુલપર્વતો. **૦પાર્શ્વ** વિ૦ આઠ પાસાવાળું; 'ઓક્ટાહેડ્રલ' (ગ.). **૦પૂજાદ્રવ્ય** ન૦ પૂજામાં ઉપયોગી આઠ પદાર્થો–પાણી, દૂધ, ઘી, દહીં, મધ, દર્ભ, ચોખા તથા તલ. **૦પ્રધાન** પું૦ આઠ પ્રકારના મંત્રી–પ્રધાન, અમાત્ય, સચિવ, મંત્રી, ધર્માધ્યક્ષ, ન્યાયશાસ્ત્રી, વૈદ્ય અને સેનાપતિ. **૦ભાવ** પું૦ કાવ્યશાસ્ત્રમાં કહેલા આઠ ભાવો–સ્તંભ, સ્વેદ, સ્વરભંગ; રોમાંચ, કંપ, વૈવર્ણ્ય, અશ્રુપાત અને પ્રલય. **૦ભુજા** સ્ત્રી૦ (સં.) આઠ ભુજાવાળી મહાલક્ષ્મી. **૦ભોગ** પું૦ બ૦ વ૦ આઠે પ્રકારના–બધા ભોગ. **૦મ** વિ૦ આઠમું (૨) સ્ત્રી૦ લાગલાગટ આઠ ટંકના ઉપવાસનું વ્રત; અઠ્ઠમ (જૈન). **૦મકાલિક** વિ૦ સાત ટંકો છોડી આઠમી ટંકે અર્થાત્ ચોથે દિવસે રાતે જમનારું. **૦મહારોગ** પું૦ આઠ પ્રકારના મોટા વ્યાધિ–વાત, અશ્મરી, કૃચ્છ્ર, મેહ, ઉદર, ભગંદર, અર્શ અને સંગ્રહણી. **૦મહાસિદ્ધિ** સ્ત્રી૦ આઠ મહાસિદ્ધિઓ–અણિમા, મહિમા ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ. **૦મંગલ (–ળ)** વિ૦ જુઓ અષ્ટકલ્યાણી (૨) ન૦ રાજ્યાભિષેક વખતે જરૂરી ગણાતી આઠ શુભ વસ્તુઓ –સિંહ, વૃષભ, ગજ, પૂર્ણોદક કુંભ, પંખો, નિશાન, વાદ્ય અને દીપ; અથવા બ્રાહ્મણ, અગ્નિ, ગાય, સુવર્ણ, ઘૃત, સૂર્ય, જળ અને રાજા (૩) પુનર્લગ્ન; નાતરું (૪) પું૦ એક તાલ (સંગીત.) **૦મંગળી** વિ૦ નાતરિયું (લગ્ન). **૦માંશ** પું૦ આઠમો ભાગ. **૦મી** સ્ત્રી. આઠમ. **૦મૂર્તિ (–ર્ત્તિ)** પું૦ શંકર; મહાદેવ (પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને ઋત્વિજ–એવાં આઠ રૂપવાળા). **૦યોગિની** સ્ત્રી૦ શુભાશુભ ફળ આપનારી પાર્વતીની આઠ સખીઓ. **૦રસ** પું૦ આઠ રસ–શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્‌ભુત. **૦વર્ષા** વિ૦ સ્ત્રી૦ આઠ વર્ષની (કન્યા); ગૌરી. **૦સિદ્ધિ** સ્ત્રી૦ જુઓ અષ્ટમહાસિદ્ધિ. **૦સૌભાગ્ય** ન૦ બ૦ વ૦ સેંથામાં સિંદુર, કપાળે ચાંલ્લો, આંખમાં કાજળ, નાકે વાળી, કાને કંઈક, કોટમાં કીડિયાસેર, હાથમાં ચૂડો કે બંગડી, અને પગમાં અણ્વટ—અઠ્ઠાસિયાં એ આઠ સૌભાગ્યવતીનાં ચિહ્નો. **૦શ્રવણ** પું૦ (સં.) અષ્ટકર્ણ; બ્રહ્મા. **–ષ્ટંપષ્ટં** અ૦ આડુંઅવળું; ખરુંખોટું. **–ષ્ટાક્ષરી** વિ૦ આઠ અક્ષરવાળું. **–ષ્ટાદશ** વિ૦ અઢાર. **–ષ્ટાધ્યાયી** વિ૦ આઠ અધ્યાયવાળું (૨) સ્ત્રી૦ (સં.) પાણિનીનું વ્યાકરણ. **–ષ્ટાવક્ર** વિ૦ આઠે વાંકાં અંગવાળું; કદરૂપું; કૂબડું (૨) પું૦(સં.) એક ઋષિ. **–ષ્ટાવધાની** વિ૦ એકી સાથે જુદી જુદી આઠ વસ્તુઓમાં ધ્યાન આપી શકે એવું (૨) [લા.] ચતુર. **–ષ્ટાંગ** વિ૦ આઠ અંગવાળું (૨) ન૦ શરીરનાં આઠે અંગ, જેના વડે દંડવત્ પ્રણામ કરવામાં આવે છે તે (આઠ અંગો–બે હાથ, બે પગ, બે ઢીંચણ એ ૭ અને છાતી તથા કપાળ કે વાચા તથા મન; અથવા હાથ, પગ, ઢીંચણ, છાતી, માથું, મન વાણી અને દૃષ્ટિ). **–ષ્ટાંગબુદ્ધિ** સ્ત્રી૦ શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ચિંતન, ઊહાપોહ, અર્થવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન એ આઠ ગુણવાળી બુદ્ધિ. **–ષ્ટાંગમાર્ગ** પું૦ સમ્યક દૃષ્ટિ, સમ્યક સંકલ્પ, સમ્યક વાક, સમ્યક કર્મ, સમ્યક આજીવ, સમ્યક વ્યાયામ, સમ્યક સ્મૃતિ, સમ્યક સમાધિ એ આઠ અંગવાળો બુદ્ધભગવાને બતાવેલો દુઃખના નિવારણનો માર્ગ. **–ષ્ટાંગયોગ** પું૦ યમ. નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અંગયુક્ત યોગ. **–ષ્ટોત્તરશત** વિ૦ એકસો આઠ (પારાયણ)

અષ્ટાવું અ૦ ક્રિ૦ કષ્ટાવું; પીડાવું (૨) હિજરાવું (૩) પસ્તાવું

અસક્ત વિ૦ [સં.] આસક્તિ વિનાનું. **–ક્તિ** સ્ત્રી૦ અનાસક્તિ

અસગોત્ર(–ત્રી) વિ૦ [સં.] એક જ ગોત્રનું નહિ તેવું

અસજ્જન પું૦ [સં.] સજ્જન નહિ તે; દુષ્ટ; અસભ્ય. **૦તા** સ્ત્રી૦, **૦પણું** ન૦

અસત વિ૦ [સં.] ન હયાત; કાલ્પનિક (૨) ખોટું (૩) ખરાબ (૪) ન૦ શૂન્ય (૫) અસત્ય. **–ત્કાર** પું૦ અનાદર; અપમાન. **–ત્તા** સ્ત્રી૦ સત્તાનો અભાવ. **–ત્પથ** પું૦ કુમાર્ગ. **–ત્પથગામી** વિ૦ કુમાર્ગે ચડેલું; દુરાચરણી. **–ત્ત્વ** વિ૦ નિઃસત્ત્વ; માલ વિનાનું (૨) સારાપણા વિનાનું (૩) ન૦ અભાવ; ન હોવું તે (૪) અસત્ય (૫) ખરાબપણું; દુષ્ટતા. **–દંશ** પું૦ અનિષ્ટ-ખરાબ અંશ. **–દાચરણ** ન૦, **–દાચાર** પું૦ અનીતિ; દુરાચાર. **–દાચારી** વિ૦ દુરાચારી. **–દ્‌ગતિ** સ્ત્રી૦ અવગતિ. **– દ્‌ગ્રાહ** પું૦ ખરાબ યુક્તિ (૨) ખરાબ અભિપ્રાય; પૂર્વગ્રહ (૩) છોકરવાદી ઇચ્છા. **– દ્‌ભાવ** પું૦ સદ્‌ભાવનો અભાવ; અનાદર; અણગમો. **–દ્વિચાર** પું૦ ખરાબ–દુષ્ટ વિચાર

અસતત વિ૦ [સં.] ચાલુ–અખંડ નહિ તેવું (૨) અ૦ રહીરહીને

અસતી સ્ત્રી૦ [સં.] વ્યભિચારિણી સ્ત્રી; અસાધ્વી

અસત્ય વિ૦ [સં.] ખોટું; જૂઠું (૨) કાલ્પનિક (૩) ન૦ જૂઠાણું (૪) માયા; ભ્રમ. **૦ભાવારોપણ** ન૦ જ્યાં ભાવનો અનુભવ નથી થતો ત્યાં ભાવનું આરોપણ કરવું તે. **૦વાદી** વિ૦ જૂઠું બોલનાર

અસદૃશ વિ૦ [સં.] અણસરખું; ભિન્ન

અસન, ૦વેલ સ્ત્રી૦ એક ઔષધિ

અસભારી સ્ત્રી૦ [સં.] ખરાબ સ્ત્રી

અસપિંડ વિ૦ [સં.] સપિંડ નહિ એવું

અસબાબ પું૦ [अ.] સરસામાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસભ્ય વિ૦[સં.]અવિનયી;જંગલી. ૦તા સ્ત્રી૦,૦પણું ન૦

અસમ વિ૦[સં.]સરખું નહિ એવું; વિષમ(૨)બરાબરિયા વિનાનું; અપ્રતિમ. ૦તા સ્ત્રી૦

અસમજ,૦ણ સ્ત્રી૦ અણસમજ. ૦ણું વિ૦ અણસમજુ. **-જૂત,-જૂતી** સ્ત્રી૦ ગેરસમજ (૨) અણબનાવ

અસમર્થ વિ૦[સં.]સમર્થ નહિ તેવું

અસમવાયી વિ૦[સં.]સમવાયી નહિ તેવું;જુદું પાડી શકાય તેવું; આગંતુક. ૦કારણ ન૦જે કારણ કાર્ય અથવા સમવાયી કારણની સાથે એક જ વસ્તુમાં સમવાયસંબંધથી રહેલું હોય તે (ન્યા.) [અસંબદ્ધ

અસમવેત વિ૦[સં.]સમવાયસંબંધથી નહિ જોડાયેલું(૨)

અસમંજસ વિ૦[સં.]અસ્પષ્ટ(૨)અનુચિત(૩)મૂર્ખાઈભરેલું

અસમાતું વિ૦ સમાય નહિ તેવું-તેટલું(૨) જેનો સમાસ ન થાય એવું (માણસ)

અસમાધાન ન૦[સં.]સમાધાન નહિ તે. ૦કારક વિ૦સમાધાન ન કરનારું કે અસમાધાન કરનારું. **અસમાધેય** વિ૦ સમાધાન ન કરી શકાય એવું [૦તા સ્ત્રી૦

અસમાન વિ૦[સં.]સરખું નહિં એવું(૨)સપાટ નહિ એવું.

અસમાપ્ત વિ૦ [સં.] અધૂરું; અપૂર્ણ. **-પ્તિ** સ્ત્રી૦

અસમાવર્તક,અસમાવૃત્ત(-ત્તિક) પું૦ [સં.] જેનું(વેદનું) અધ્યયન સંપૂર્ણ નથી થયું એવો બ્રાહ્મણ

અસમાહિત વિ૦ [સં.] ધ્યાનરહિત; વ્યગ્ર

અસમ્યક વિ૦ [સં.] સમ્યક નહિ એવું; ખોટું; ભૂલભરેલું

અસર સ્ત્રી૦ [અ.] લાગણી (૨) પરિણામ; ગુણ (૩) છાપ. ૦કારી,૦કારક વિ૦ અસર કરે એવું [ઝપટ

અસરાર ન૦[અ.]ખાનગી વાતચીત(૨) છૂપો ભેદ (૩) ઝોડ-

અસલ વિ૦ મૂળ (૨) પ્રાચીન (૩) ઉત્તમ (૪) ખરું; સાચું (૫) અ૦ પહેલાં. ૦તા સ્ત્રી૦. **-લી** વિ૦અગાઉનું;પુરાણું

અસવર્ણ વિ૦[સં.]ભિન્ન વર્ણ-જાતિનું [સવારી

અસવાર પું૦[फा.]જુઓ'**સવાર**'૧, ૨, ૩, અર્થ.**-રી** સ્ત્રી૦

અસહ વિ૦[સં.]નહિ સહનાર કે સહી શકનાર (૨) અસહ્ય (પ.). ૦**નીય,-હ્ય** વિ૦ સહી ન શકાય એવું

અસહકાર પું૦[સં.] સહકાર-સંબંધ ન રાખવો તે(૨)સરકાર સાથે સંબંધ ન રાખવાની ગાંધીજીએ શરૂ કરેલી એ નામની લડત. **-રી** વિ૦ અસહકારને લગતું (૨) પું૦ અસહકારમાં જોડાયેલો માણસ [૦તા સ્ત્રી૦

અસહાય વિ૦ [સં.] સહાય વિનાનું; એકલું (૨) નિરાધાર.

અસહિષ્ણુ વિ૦ [સં.] અક્ષમ (૨) અનુદાર. ૦તા સ્ત્રી૦

અસંખ્ય,-ખ્યાતવિ૦[સં.]અગણિત.૦ધા અ૦અસંખ્યરીતે

અસંગ વિ૦ [સં.] અનાસક્ત; દુનિયાદારીના સંબંધોથી મુક્ત (૨) સોબત વિનાનું; એકલું (૩) પું૦ અનાસક્તિ (૪)પુરુષ વા આત્મા(સાંખ્ય).**-ગી** વિ૦ ત્યાગી; વૈરાગી. ૦**રો** પું૦ સોબત વિના સોરવું તે

અસંગત વિ૦ [સં.] મેળ ન ખાય એવું; પરસ્પરવિરોધી (૨) અનુચિત. **-તિ** સ્ત્રી૦ પરસ્પર વિરોધ(૨) અસંભવ(૩) [કા.શા.] કાર્યકારણના સંબંધનો જેમાં વિરોધ દેખાડ્યો હોય એવો અલંકાર

અસંત વિ૦[સં.] અધર્મી; અપવિત્ર [સંતોષવાળું

અસંતોષ પું૦[સં.]સંતોષનો અભાવ. **-ષી** વિ૦ અ-

અસંપ્રજ્ઞાત વિ૦[સં.]નિર્વિકલ્પ (સમાધિ)

અસંપ્રમોષ પું૦[સં.]ભૂંસાઈ ન જવું તે [અનુચિત

અસંબદ્ધ વિ૦[સં.]સંબદ્ધ નહિ એવું (૨) અર્થશૂન્ય(૩)

અસંબાધ વિ૦ (૨) અ૦[સં.] બાધવગરનું

અસંભવ પું૦[સં.] સંભવનો અભાવ; અશક્યતા (૨) વિ૦ અસંભવિત. **-વિત** વિ૦ અશક્ય. **-વિતતા** સ્ત્રી૦

અસંભાવના સ્ત્રી૦[સં.]સંભાવનાનો અભાવ; અશક્યતા

અસંભાવિત વિ૦[સં.] અપ્રતિષ્ઠિત

અસંભાવ્ય વિ૦[સં.] અસંભવિત(૨) અકલ્પ્ય

અસંભ્રમ પું૦[સં.]સંભ્રમનો અભાવ(૨)વિ૦સંભ્રમરહિત

અસંમત વિ૦[સં.]સંમત નહિ એવું. **-તિ** સ્ત્રી૦

અસંમોહ પું૦[સં.]સંમોહનો અભાવ(૨) સત્ય જ્ઞાન

અસંયત વિ૦[સં.]સંયમરહિત(૨) બંધનથી મુક્ત. **-મ** પું૦ સંયમનો-ઇંદ્રિયો ઉપરના કાબૂનો અભાવ

અસંયુક્ત વિ૦[સં.] નહિ જોડાયેલું (૨)[વ્યા.]સંધિરહિત

અસંયોગ પું૦[સં.] સંયોગનો અભાવ; વિયોગ(૨)કુયોગ

અસંશય(-યી) વિ૦ [સં.] સંશયરહિત; નિઃશંક

અસંસર્ગ પું૦[સં.] સંસર્ગ-પરિચયનો અભાવ

અસંસ્કારી વિ૦[સં.]સંસ્કાર વગરનું. **-રિતા** સ્ત્રી૦

અસંસ્કૃત વિ૦[સં.] અશિષ્ટ; સંસ્કારરહિત (૨) [વ્યા.] નિયમવિરુદ્ધનો શબ્દ. ૦જ્ઞ વિ૦ સંસ્કૃત નહિ જાણનાર

અસાખ વિ૦ સાખ-પ્રતિષ્ઠા વગરનું

અસાચ વિ૦ જૂઠું; અસત્ય (૨) ક્ષણભંગુર

અસાચવટ ન૦ સાચવટનો અભાવ (૨) અપ્રામાણિકતા

અસાડ પું૦ અષાડ

અસાતત્ય ન૦ [સં.] સાતત્યનો અભાવ

અસાધારણ વિ૦[સં.]અસામાન્ય; વિશેષ (૨) લોકોત્તર (૩)પું૦ (ન્યા.) એક પ્રકારનો હેત્વાભાસ; અનૈકાંતિકનો એક પ્રકાર. ૦તા સ્ત્રી૦. ૦ધર્મ પું૦સાધારણ ધર્મ બાદ કરતાં બાકી રહે તે ધર્મ; વસ્તુનો ખાસ ધર્મ (ન્યા.)

અસાધુ વિ૦ [સં.] દુષ્ટ; ખરાબ (૨)[વ્યા.]અપભ્રષ્ટ;અશુદ્ધ. ૦તા સ્ત્રી૦. **-ધ્વી** વિ૦ સ્ત્રી૦ દુષ્ટા(૨) વ્યભિચારિણી

અસાધ્ય વિ૦[સં.]સાધી ન શકાય એવું(૨)સિદ્ધ ન થઈ શકે એવું (૩) જેનો ઇલાજ ન હોય તેવો (રોગ)

અસામયિક વિ૦ [સં.] કવખતનું(૨)નિર્ણીત સમય વિનાનું

અસામર્થ્ય ન૦ [સં.] સામર્થ્યનો અભાવ; અશક્તિ

અસામાન્ય વિ૦ [સં.] અસાધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસાર વિ૦ [सं.] સાર વિનાનું; નિઃસત્ત્વ (૨) નિરર્થક (૩) તુચ્છ (૪) પું૦ સારનો અભાવ. ૦તા સ્ત્રી૦

અસારસ્ય ન૦ [सं.] સારસ્ય–સરસતાનો અભાવ

અસારો પું૦ વળ દીધેલો રેશમનો તાર [સ્ત્રી૦

અસાવધ,–ધાન વિ૦ [सं.] સાવધ નહિ એવું; ગાફેલ. –ધાની

અસાવળી સ્ત્રી૦ એક જાતનું વસ્ત્ર

અસાહ્ય,–હાય્ય વિ૦ [सं.] અસહાય; નિરાધાર

અસાળિયો પું૦ એક વનસ્પતિ–ઔષધિ

અસાંકેતિક વિ૦ [सं.] સાંકેતિક નહિ એવું

અસાંપ્રત વિ૦ [सं.] પ્રાચીન (૨) અયોગ્ય

અસાંસતું વિ૦ ધીરજ વિનાનું; રઘવાટિયું

અસિ સ્ત્રી૦ [सं.] તલવાર. ૦કર્મ ન૦ તરવાર ચલાવવાનું કામ; વીરકર્મ. ૦ધારાવ્રત ન૦ તલવારની ધાર પર ચાલવા જેવું કઠણ વ્રત. ૦પત્ર ન૦ તલવારનું ફળું કે મ્યાન (૨) ધારદાર પાનાંની એક વનસ્પતિ (૩) શેરડી (૪) એક નરક. ૦લતા સ્ત્રી૦ તરવારનું ફળું

અસિત વિ૦ [सं.] કાળું; શ્યામ (૨) નીલ (૩) પું૦ (સં.) એક ઋષિનું નામ. –તા સ્ત્રી૦ ગળી (૨) અંતઃપુરની જુવાન સ્ત્રી (૩) નાગણ (૪) [સં.] એક અપ્સરા

અસિદ્ધ વિ૦ [सं.] નહિ સધાયેલું; અપૂર્ણ (૨) પુરવાર નહિ થયેલું (૩) પું૦ (ન્યા.) એક હેત્વાભાસ, જેમાં હેતુ પોતે જ સિદ્ધ હોતો નથી. ૦તા સ્ત્રી૦, –દ્ધિ સ્ત્રી૦ સિદ્ધિનો અભાવ

અસિપદ ન૦ [सं.] 'तत्त्वमसि'માંનું 'असि' પદ

અસીમ વિ૦ [सं.] સીમા વિનાનું; બેહદ [ફુળ (વકીલનો)

અસીલ વિ૦ [अ.] જાતવાન; અશરાફ (૨) સાલસ (૩) પું૦

અસુ પું૦ [सं.] પ્રાણ (૨) પું૦બ૦વ૦ દેહના પંચવાયુ

અસુખ ન૦ [सं.] દુઃખ (૨) બેચેની. –ખાકારી સ્ત્રી૦ માંદગી. –ખી વિ૦ દુઃખી (૨) બેચેન

અસુગમ વિ૦ [सं.] સુગમ નહિ તેવું; દુર્ગમ; મુશ્કેલ

અસુઘડ વિ૦ સુઘડ નહિ એવું. ૦તા સ્ત્રી૦

અસુર પું૦ [सं.] દૈત્ય; રાક્ષસ. –રાચાર્ય પું૦ (સં.) અસુરોનો આચાર્ય—શુક્રાચાર્ય. –રેશ પું૦ અસુરોનો ઈશ. –રાધિપ(૦તિ) પું૦ અસુરોનો અધિપ–બલિરાજા

અસુલભ વિ૦ [सं.] સુલભ નહિ એવું; દુર્લભ

અસુહૃદ પું૦ [सं.] અમિત્ર; શત્રુ

અસું વિ૦ + આવું; એવું; અશું

અસુંદર વિ૦ [सं.] કૂબડું; કદરૂપું

અસૂક્ષ્મ વિ૦ [सं.] સૂક્ષ્મ નહિ એવું [વિનાનું

અસૂત્રિત વિ૦ [सं.] સૂત્રના રૂપમાં મૂક્યા વિનાનું (૨) ગાંઠ્યા

અસૂમ વિ૦ સૂમ નહિ તેવું; ઉદાર

અસૂયા સ્ત્રી૦ [सं.] અદેખાઈ (૨) પારકાના ગુણોમાં દોષ શોધવા તે (૪) ક્રોધ. ૦ળુ વિ૦ અસૂયાવાળું

અસૂર(–રું) અ૦ મોડું

અસૂર્ય વિ૦ [सं.] સૂર્ય વિનાનું

અસૂંદરો પું૦ એક ઝાડ

અસેમસે અ૦ કોઈ પણ મસે–બહાને [ઉપર ન લેવું તે

અસેવન ન૦ [सं.] ઉપભોગ ન કરવો તે (૨) અનાદર; ધ્યાન

અસેવ્ય વિ૦ [सं.] સેવા માટે અયોગ્ય

અસૌમ્ય વિ૦ [सं.] ઉગ્ર; કઠોર [કર્યા વિનાનું

અસ્ખલિત વિ૦ [सं.] અડગ (૨) અખંડ (૩) સ્ખલન કે ભૂલ

અસ્ત પું૦ [सं.] આથમવું તે (સૂર્ય ઇત્યાદિનું) (૨) પડતી (૩) નાશ; મરણ. ૦માન વિ૦ આથમતું. ૦વ્યસ્ત વિ૦ છિન્નભિન્ન; રફેદફે. ૦વ્યસ્તતા સ્ત્રી૦. –સ્તંગત વિ૦ અસ્ત પામેલું. –સ્તાચલ(–ળ) પું૦ સૂર્ય જેની પાછળ આથમે છે તે કાલ્પનિક પર્વત. –સ્તોદય પું૦ ઊગવું ને આથમવું તે (૨) [લા.] ચડતીપડતી

અસ્તર ન૦ [फा.] અંદરનું પડ (ડગલા ઇત્યાદિનું)

અસ્તરિયું ન૦ સોનામહોર

અસ્તરો પું૦ વાળ કાઢવાનું ઓજાર; અસ્ત્રો

અસ્તાઈ સ્ત્રી૦ ધ્રુપદના ત્રણ ભાગમાંનો પહેલો (અસ્તાઈ, અંતરો અને આભોગ) (૨) ઢાળ; રાગ

અસ્તિ સ્ત્રી૦ [सं.] હયાતી; હસ્તી. ૦કાય પું૦ પદાર્થ (જૈન). ૦ત્વ ન૦ અસ્તિ. ૦પક્ષ પું૦ અનુકૂળ પક્ષ. ૦રૂપ વિ૦ ભાવાત્મક; 'પૉઝિટિવ'. ૦વાક્ય ન૦ અસ્તિવાચક કથનવાળું વાક્ય. ૦વાચક, ૦વાચી વિ૦ અસ્તિરૂપ [એવો ઉદ્ગાર

અસ્તુ અ૦ [सं.] ભલે; ખેર (૨) 'તારા માગ્યા પ્રમાણે થાઓ'

અસ્તેય ન૦ [सं.] ચોરી ન કરવી તે (૨) જરૂરિયાત કરતાં વધારે વાપરવું તે ચોરી છે એમ માની તેમ ન કરવું તે. ૦વ્રત ન૦ અસ્તેયનું વ્રત; એક મહાવ્રત

અસ્ત્ર ન૦ [सं.] ફેંકવાનું હથિયાર (૨) હથિયાર. ૦ધર વિ૦ અસ્ત્ર ધારણ કરનારું. ૦વિદ્યા સ્ત્રી૦ અસ્ત્ર વાપરવાની વિદ્યા. –સ્ત્રાગાર ન૦ હથિયાર રાખવાનો ઓરડો

અસ્ત્રો પું૦ અસ્તરો; છરો

અસ્થ ન૦ અસ્થિ; હાડકું (પ.)

અસ્થાન ન૦ [सं.] અયોગ્ય સ્થળ–પ્રસંગ

અસ્થાયી વિ૦ [सं.] ટકે નહિ એવું; ચંચળ (૨) કાયમી નહિ તેવું (૩) [ગ.] વિકારી; ચલ; 'વેરિયેબલ'

અસ્થાવર વિ૦ [सं.] જંગમ

અસ્થિ ન૦ [सं.] હાડકું. ૦પં(–પિં)જર ન૦ હાડપિંજર. ૦મય વિ૦ હાડકાંવાળું (૨) માત્ર હાડકાં રહ્યાં હોય તેવું (શરીર). ૦સમર્પણ ન૦ શબને બાળતાં અવશેષ રહેલાં હાડકાં–ફૂલ કોઈ પવિત્ર નદીમાં પધરાવવાં તે. ૦સંચય પું૦ અસ્થિસમર્પણ માટે એ ફૂલ એકઠાં કરવાં તે. ૦સિંચન ન૦ ચિતાને ટાઢી પાડવી તે

અસ્થિર વિ૦ [सं.] સ્થિર નહિ તેવું; હાલતું; ડગમગતું (૨) ચંચળ (૩) ઢચુપચુ. ૦તા સ્ત્રી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસ્નાત વિ૦ [सं.]સ્નાત-નાહેલું નહિ એવું.૦ક પું૦સ્નાતક નહિ તે. **-ન** ન૦ ન નાહવું તે

અસ્નિગ્ધ વિ૦ [सं.] સ્નેહ-ચીકાશ વિનાનું (૨) પ્રેમરહિત

અસ્પર્શ પું૦ [सं.] સ્પર્શનો અભાવ. ૦નીય વિ૦ અસ્પૃશ્ય

અસ્પષ્ટ વિ૦ [सं.] સ્પષ્ટ નહિ એવું. ૦તા સ્ત્રી૦

અસ્પંદ વિ૦[सं.]નહિ હાલતું ચાલતું(૨)પું૦સ્પંદનો અભાવ

અસ્પૃષ્ટ વિ૦ [सं.] સ્પૃષ્ટ નહિ એવું

અસ્પૃશ્ય વિ૦[सं.]ન અડકાય એવું(૨)અડીએ તો અભડાવાય એવું (૩) એવી કોમનું. ૦તા સ્ત્રી૦. ૦તાનિવારણ ન૦ અમુક કોમ અસ્પૃશ્ય છે એ મતનું નિવારણ

અસ્પૃહ વિ૦ [सं.] નિઃસ્પૃહ; ઉદાસીન(૨)અનાસક્ત.૦ણીય વિ૦ સ્પૃહણીય નહિ એવું

અસ્ફુટ વિ૦ [सं.] સ્ફુટ નહિ એવું; સંદિગ્ધ. ૦તા સ્ત્રી૦

અસ્મર્ય વિ૦ [सं.] સ્મરાય નાહ એવું કે ન સ્મરવા જેવું

અસ્માર્ત વિ૦ [सं.] સ્મૃતિ-ધર્મશાસ્ત્ર અનુસાર નહિ તેવું(૨) સ્માર્ત સંપ્રદાયનું નહિ એવું [ભાન

અસ્મિતા સ્ત્રી૦ [सं.] અહંતા (૨) પોતાપણાનું-વ્યક્તિત્વનું

અસ્મૃતિ સ્ત્રી૦ [सं.] સ્મૃતિનો અભાવ (૨) ભૂલકણાપણું

અસ્ર ન૦ [सं.] આંસુ (૨) લોહી (૩) ખૂણો

અસ્લુસૂલ વિ૦ [अ.] અસલમાં અસલ; આદિ

અસ્વચ્છ વિ૦ [सं.] સ્વચ્છ નહિ એવું. ૦તા સ્ત્રી૦

અસ્વતંત્ર વિ૦ [सं.] પરતંત્ર; પરવશ. ૦તા સ્ત્રી૦

અસ્વર વિ૦[सं.] મંદ કે ખરાબ અવાજવાળું (૨) પું૦ સ્વર નહિ તે; વ્યંજન. **-રિત** વિ૦ ઊંચા અવાજ વિનાનું (૨) સ્વરિત નહિ એવો (શબ્દ)

અસ્વર્ગ્ય વિ૦ [सं.] સ્વર્ગની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ

અસ્વસ્થ વિ૦ [सं.] સ્વસ્થ નહિ એવું; અશાંત (૨) બેચેન; સહેજ બીમાર. ૦તા સ્ત્રી૦

અસ્વાદ પું૦ [सं.] સ્વાદનો અભાવ (૨) સ્વાદ ન લેવો તે. ૦વ્રત ન૦ અસ્વાદ પાળવાનું વ્રત

અસ્વાભાવિક વિ૦ [सं.] સ્વાભાવિક નહિ એવું (૨) કૃત્રિમ

અસ્વાસ્થ્ય ન૦[सं.] સ્વાસ્થ્યનો અભાવ; અસ્વસ્થતા

અસ્વીકાર પું૦ [सं.] સ્વીકારનો અભાવ. **-ર્ય** વિ૦ સ્વીકાર્ય નહિ એવું

અહ પું૦ [सं.] દિવસ. ૦ન,૦ર પું૦ + દિવસ. ૦રહ અ૦ દરરોજ. ૦ર્નિશ અ૦ દિનરાત

અહક પું૦ હક નહિ તે (૨) વિ૦ હક વિનાનું; ગેરવાજબી

અહત વિ૦ [सं.] ઈજા પામ્યા વિનાનું

અહમ્ સ૦ (૨) ન૦ [सं.] જુઓ અહં. **-મહમિકા** સ્ત્રી૦ સ્પર્ધા; ચડસાચડસી. **-મિકા** સ્ત્રી૦ જુઓ આસ્મતા. **-મેવ** પું૦ અહંકાર

અહમો પું૦ ઉતાપો; અજંપો (૨) આવેશ

અહરણીય વિ૦ [सं.] જુઓ અહાર્ય

અહરામ ન૦ હજ કરવા ગયેલા કાબાનાં દર્શન કરતાં સુધી અમુક કામો ત્યજી વગર સીવેલાં વસ્રો પહેરે છે તે

અહરિમાન પું૦(સં.) અહ્રિમાન; પારસી ધર્મપુસ્તકમાં વર્ણવેલી, ઈશ્વરથી વિરુદ્ધ, સેતાન જેવી એક શક્તિ

અહસાન ન૦, ૦મંદ વિ૦ [अ.] જુઓ 'અહેશાન'માં

અહહ અ૦[सं.]દુઃખ, શોક, આશ્ચર્ય, દયા, સંબોધન, શ્રમ ઇત્યાદિ સૂચવતો એક ઉદ્‌ગાર

અહં સ૦ [सं.] હું (૨) ન૦ હુંપદ; અહંકાર. ૦કાર પું૦ અભિમાન; ગર્વ. ૦કારી વિ૦ અભિમાની. ૦કૃતિ સ્ત્રી૦ અહંકાર. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦, ૦પદ ન૦હુંપદ.૦બુદ્ધિ અવિદ્યા; અજ્ઞાન; અહંતા. ૦ભાવ પું૦ અહંનો ભાવ; અહંતા. ૦મન્ય વિ૦અહંકારી. ૦મન્યતા સ્ત્રી૦.૦સત્તાવાદ પું૦ 'સર્વસત્તા સ્વાધીન' એવો વાદ; 'ઑટૉક્રસી'. ૦સત્તાવાદી વિ૦ અહંસત્તાવાદમાં માનનાર

અહા,૦હા અ૦ [सं.] આશ્ચર્ય, ઉત્સાહ, વિસ્મય અથવા દુઃખ દર્શાવતો ઉદ્‌ગાર [(૨) અપરિહાર્ય

અહાર્ય વિ૦[सं.] ન હરવા જેવું કે ન હરી શકાય એવું

અહાલેક પું૦ખાખી બાવાઓનો એક પોકાર (ભિક્ષા માગતી વખતનો)(૨)[લા.] પ્રચાર અર્થે કરેલો કોઈ પણ લાગણીભર્યો પોકાર; ટહેલ

અહિ પું૦[सं.] સાપ. ૦પતિ પું૦ સાપનો રાજા (શેષનાગ, વાસુકી ઇત્યાદિ). ૦મુખ વિ૦ સાપના જેવા મોંવાળું (૨) પું૦સાપનું મોં. ૦રિપુ પું૦ સાપનો શત્રુ (ગરુડ, નોળિયો ઇત્યાદિ). ૦વલ્લી સ્ત્રી૦ નાગરવેલ

અહિત ન૦ [सं.] ભૂંડું; અકલ્યાણ (૨) નુકસાન. ૦કર વિ૦ અહિત કરનારું. ૦કારક,૦કારી વિ૦ અહિતકર

અહિંસા સ્ત્રી૦ [सं.] મન, વાણી અથવા કર્મથી હિંસા ન કરવી તે. **-સક** વિ૦ હિંસક નહિ તેવું (૨) અહિંસાવાળું; દયાવાન. ૦ત્મક વિ૦ અહિંસાના સિદ્ધાંત ઉપર રચાયેલું. ૦મય વિ૦ જેમાં હિંસા ન હોય એવું; શાંતિમય. ૦વાદી વિ૦ (૨) પું૦ અહિંસામાં માનનાર. **-સ્ર** વિ૦ હિંસા ન કરે એવું; નિર્દોષ

અહીર પું૦ [सं.] આહીર; ભરવાડની એક જાત

અહીં,૦યાં અ૦ અત્ર; આ સ્થળે. ૦કણે અ૦ આ સ્થળે. ૦તહીં અ૦ અહીં અને તહીં; આમતેમ

અહુણા(-ણાં) અ૦ + અધુના; હમણાં

અહૃદય વિ૦ [सं.] હૃદયહીન; નિષ્ઠુર

અહેડી પું૦ + શિકારી

અહેત ન૦ હેતનો અભાવ

અહેતુ વિ૦ [सं.] હેતુ-કારણ વિનાનું; સ્વાભાવિક(૨)નિષ્પ્રયોજન(૩)નિષ્કામ. ૦ક વિ૦ હેતુ વિનાનું; અકારણ

અહેવાલ પું૦ [अ.] વૃત્તાંત [કૃતજ્ઞ

અહેશા(-સા)ન ન૦ઉપકાર; આભાર.૦મંદ વિ૦આભારી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહૈતુક વિ૦[સં.] જુઓ અહેતુક. -કી વિ૦સ્ત્રી૦

અહો અ૦ [સં.] આશ્ચર્ય, સ્તુતિ, કરુણા, ખેદ ઇત્યાદિ સૂચવતો ઉદ્ગાર (૨) સારું, ઘણું ઇત્યાદિ દર્શાવનાર પૂર્વગ. ઉદા૦ 'અહોભાગ્ય'. ૦બુદ્ધિ સ્ત્રી૦ આશ્ચર્યકારક બુદ્ધિ; (કટાક્ષમાં) મંદબુદ્ધિ. ૦ભાગ્ય ન૦ મોટું ભાગ્ય. ૦ભાવ પું૦ આશ્ચર્યનો ભાવ (૨) સ્તુતિ કે વખાણ. ૦હો અ૦ આશ્ચર્ય, સ્તુતિ, કરુણા, ખેદ ઇત્યાદિ સૂચક ઉદ્ગાર

અહોનિશ અ૦ [સં.] અહર્નિશ; દિનરાત

અહોરાત્ર અ૦[સં.] દિનરાત; અહર્નિશ

અહ્રિમાન પું૦ (સં.) અહરિમાન

અહ્રીક વિ૦ [સં.] નિર્લજ્જ; બેશરમ

અળ ન૦ કળ; યુક્તિ-પ્રયુક્તિ

અળખામણું વિ૦ અણમાનીતું; અપ્રિય

અળગળ વિ૦+અનર્ગલ

અળગું વિ૦ દૂર; છેટેનું (૨) જુદું; નિરાળું; અનેરું

અળછ(-શ) સ્ત્રી૦ નિર્ધનતા; દારિદ્ર્ય (૨) કચરોપૂંજો

અળતી સ્ત્રી૦ પરોણાને બીજે છેડે નખાતું ચપટું ફળ

અળતો પું૦ ઉકાળેલી લાખમાંથી બનાવેલો લાલ રંગ (પહેલાં લાલ શાહી તરીકે તેમ જ સ્ત્રીઓના હાથપગ રંગવામાં વપરાતો) (૨) [લા.] મેંદીનો છૂંદો (સ્ત્રીઓને હાથેપગે મૂકવાનો)

અળદાવું અ૦ ક્રિ૦ થાકીને લોથ થઈ જવું; પિલાવું

અળપ વિ૦ વાતોડિયું; લવલવિયું (૨) અટકચાળું

અળપઝળપ સ્ત્રી૦ હાવભાવ (૨) વિ૦ ઝાંખું ઝાંખું

અળપાવું અ૦ ક્રિ૦ સંતાવું; અલોપ થવું

અળફસળફ વિ૦ (કા.) દીઠું ન દીઠું-હતું ન હતું એવું

અળવી સ્ત્રી૦ એક કંદમૂળ, જેનાં પાંદડાંનાં પત્તરવેલિયાં થાય છે

અળવીતરું વિ૦ (૨) ન૦ જુઓ અટકચાળું

અળશ સ્ત્રી૦ જુઓ અળછ [તેલ

અળશી(-સી) સ્ત્રી૦ એક તેલી બી. -શિ(-સિ)યું ન૦ તેનું

અળસાવું અ૦ ક્રિ૦ આળસથી અથવા કંટાળાથી છોડી દેવું. -ણું વિ૦ આળસુ; મંદ (૨) થાકેલું (૩) અટકી પડેલું

અળસિયું ન૦ ચોમાસામાં દેખાતો જમીનનો એક કીડો

અળસી સ્ત્રી૦,-સિયું ન૦ 'અળશી'માં જુઓ

અળંબો પું૦ બિલાડીનો ટોપ

અળાઈ સ્ત્રી૦ ઉનાળામાં શરીરે થતી ઝીણી ફોલ્લી

અળાવો પું૦ ફાંસો (૨) ઉપકાર

અળાંસવું સ૦ ક્રિ૦ (કા.) [માટીના કોરા વાસણને રસોઈમાં વાપરતાં પહેલાં] અંદરની બાજુ તેલ ચોપડવું

અળુ ન૦ અળવી

અળુળુળુ, અળોળોળો અ૦ હાલરડું ગાતાં બોલાતો શબ્દ

અળુખડું ન૦ અળવીની ગાંઠ

અંક પું૦[સં.] આંકો; ચિહ્ન (૨) સંખ્યાનું ચિહ્ન; આંકડો (૩) ખોળો (૪) નાટકનો વિભાગ (૫) ટેક. ૦ગણિત ન૦ આંકડાથી ગણતરી કરવાનું શાસ્ત્ર; ગણિત. ૦ન ન૦ ગાયન વગેરેના સ્વર લિપિબદ્ધ કરવા તે. ૦નપદ્ધતિ સ્ત્રી૦ અંકનની-સ્વરલિપિની રીત. ૦પાશ પું૦ ગણિતપાશ; 'પરમ્યુટેશન' (ગ.). ૦મુખ ન૦ અંકના જે ભાગમાં નાટકના આખા વસ્તુનું સૂચન કરવામાં આવ્યું હોય તે ભાગ. ૦લિપિ(-પી) સ્ત્રી૦ આંકડા લખવાની રીત. -કાવતાર પું૦ આગલા અંકને અંતે પાત્રો દ્વારા સૂચિત થયેલું કાર્ય બીજા અંકમાં લાવી તેનું અનુસંધાન કરવામાં આવે તે. -કી વિ૦(સમાસને અંતે) અંકવાળું ઉદા૦ પંચાંકી (નાટક). -કે અ૦ રકમનો આંકડો શબ્દોમાં. ઉદા૦ અંકે પચાસ

અંકાઈ સ્ત્રી૦ આંકવાનું કામ (૨) આંકવાની કિંમત અથવા મજૂરી. -મણ ન૦,-મણી સ્ત્રી૦ આંકવાની કિંમત અથવા મજૂરી [પ્રસિદ્ધ (૩) અધીન

અંકિત વિ૦[સં.] નિશાની અથવા છાપવાળું (૨) અંકાયેલું;

અંકુર પું૦ [સં.] ફણગો (૨) [લા.] મૂળ; બીજ (૩) રૂઝ. -રિત વિ૦ જેને ફણગા ફૂટ્યા હોય તેવું [સાધન

અંકુશ પું૦[સં.] દાબ; કાબૂ (૨) હાથીને હાંકવાનું લોઢાનું

અંકૂ(-કો)લ ન૦ એક વનસ્પતિ-ઔષધિ

અંકોડો પું૦ બેઉ છેડે વાળેલો ધાતુનો સળિયો; સાંકળનો આંકડો (૨) સાણસો; ચીપિયો.-ડાબંધ અ૦ સાંકળના અંકોડા જેમ એકબીજામાં બરાબર બેસતા કર્યા હોય છે તેમ; હારોહાર (૨) સજ્જડ.-ડી સ્ત્રી૦ નાનો આંકડો (૨) એવા આંકડાવાળી લાંબી લાકડી (૩) ગળ (માછલાં પકડવાની)

અંકોર પું૦+ અંકુર; ફણગો

અંકોલ પું૦ એક વનસ્પતિ; અંકૂલ.-લું ન૦ અંકોલનું ફળ

અંગ ન૦[સં.] શરીર (૨) અવયવ (૩) ભાગ (૪) [સં.] બંગાળના એક ભાગનું પ્રાચીન નામ (૫) [વ્યા.] પ્રત્યય પૂર્વેનું શબ્દનું રૂપ. ૦ઉધાર વિ૦ (૨) અ૦ અંગત શાખ ઉપર ધીરેલું. ૦કસરત સ્ત્રી૦ કસરત; વ્યાયામ. ૦ગ્રંથ પું૦ બાર મુખ્ય જૈન ધર્મગ્રંથોમાંનો દરેક. ૦ચાપલ્ય ન૦ શરીરની સ્ફૂર્તિ. ૦ચેષ્ટા સ્ત્રી૦ અંગની ચેષ્ટા; ચાળા. ૦જ વિ૦ શરીરમાંથી જન્મેલું (૨) પું૦ પુત્ર. ૦જા વિ૦ સ્ત્રી૦ શરીરમાંથી જન્મેલી (૨) સ્ત્રી૦ પુત્રી. ૦જ્ઞાન ન૦ શરીરના સ્પર્શથી થતું જ્ઞાન (૨) સહજજ્ઞાન; શરીરના પોષણ-રક્ષણ સંબંધી પોતામાં જ રહેલું સ્વાભાવિક જ્ઞાન. ૦ત વિ૦ ખાનગી; જાતને લગતું. ૦તું વિ૦ પોતાનું; ખાસ સંબંધ ધરાવનારું; વિશ્વાસુ (૨) નજીકનું (સગું). ૦ન્યાસ પું૦ ઉચિત મંત્રોચ્ચાર સાથે શરીરના જુદા જુદા ભાગને હાથથી સ્પર્શ કરવો તે. ૦બલ(-ળ) ન૦ શરીરબળ. ૦ભંગ પું૦ અંગ જૂઠું પડી જવું તે (૨) શરીર મરડવું-આળસ ખાવી તે (૩) અંગ તૂટવું તે. ૦ભંગિ(-ગી) સ્ત્રી૦ અંગવિક્ષેપ. ૦ભૂત વિ૦ અંગરૂપ બનેલું. ૦મર્દન ન૦ ચંપી. ૦મહેનત સ્ત્રી૦ શારીરિક શ્રમ. ૦મેજયત્વ ન૦ અંગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંપાવનાર કારણ. **૦મોડા** પું૦ બ૦ વ૦ તાવ આવતાં પહેલાં શરીરનું ભાંગવું તે; કસમોડા. **૦રક્ષક** પું૦ અંગરક્ષા કરનાર ખાસ સૈનિક. **૦રક્ષણી** સ્ત્રી૦ નાનો અંગરખો (૨) એક જાતનું બખ્તર. **૦રક્ષા** સ્ત્રી૦ શરીરની રક્ષા (૨) રાખડી. **૦રખી** સ્ત્રી૦ જુઓ અંગરક્ષણી. **૦રખું** ન૦, **૦રખો** પું૦ જૂની ઢબનો કસ બાંધવાનો ડગલો. **૦રસ** પું૦ પાણી ભેળવ્યા વિનાનો ફળનો રસ. **૦રંગ** પું૦ શરીરની ક્રાંતિ; ચહેરો (૨) ભોગવિલાસ. **૦રાગ** પું૦ શરીરે સુગંધી વગેરે ચોળવાં તે. **૦વસ્ત્ર** ન૦ ખેસ; ઉપરણો(૨)[લા.] રખાત. **૦વિકાર** પું૦ શારીરિક ખોડ કે રોગ (૨) શરીરના દેખાવમાં થતો ફેરફાર(ખાસ કરીને કામક્રોધાદિની અસરથી) **૦વિન્યાસ, ૦વિક્ષેપ** પું૦ ભાવને વ્યક્ત કરવા શરીરના અવયવોની ચેષ્ટા. **૦સંસ્કાર** પું૦ શરીરની ટાપટીપ. **૦સ્વભાવ** પું૦ જાતિસ્વભાવ (૨) સહજશક્તિ. **–ગાઉ** વિ૦ અંગને લગતું; આગવું; ખાનગી (૨) જાતમુચરકા ઉપરનું; અંગ-ઉધાર. **–ગાંગિભાવ** પું૦ અંગ અને અંગી—ગૌણ અને મુખ્યનો પરસ્પર સંબંધ. **–ગે** અ૦ -ની બાબતમાં; -ને વિષે. **–ગોઅંગ** અ૦ એકેએક અંગમાં

અંગદ પું૦[સં.](સં)વાલીનો પુત્ર. **૦કૂદકો** પું૦ ઊંચો કૂદકો; 'હાઈજંપ'. **૦વિષ્ટિ** સ્ત્રી૦ અંગદે રામના દૂત તરીકે રાવણ સાથે કરેલી વિષ્ટિ-સમાધાનીની મસલત. **૦શિષ્ટાઈ** સ્ત્રી૦ અંગદના જેવી, દૂતને છાજતી શિષ્ટાઈ–સભ્યતા

અંગના સ્ત્રી૦ [સં.] સ્ત્રી (૨) સુંદર સ્ત્રી

અંગાખરું વિ૦ જુઓ અંગારખું

અંગાર પું૦[સં.]અગ્નિ (૨) સળગતો કોલસો (૩) બળતરા; અગન (૪) [લા.] કપૂત. **૦ક** પું૦ નાનો અંગારો(૨)[સં.] મંગળગ્રહનું એક નામ (૩) એક છોડ. **૦વાયુ** પું૦ 'કાર્બોનિક એસિડ ગૅસ'. **૦વું** સ૦ ક્રિ૦ દેવતામાં નાખી શુદ્ધ કરવું. **–રિયું** વિ૦ બળીને ખાખ થયેલું(૨)ન૦ આગિયું પડવાથી બળી ગયેલી જુવાર. **–રી** સ્ત્રી૦ નાનો અંગારો; ચિનગારી (૨) શગડી. **–રો** પું૦ જુઓ અંગાર

અંગારખું ન૦ ઝીણા અંગારામાં શેકીને ખરું કરેલું તે

અંગાંગિભાવ પું૦ [સં.] 'અંગ'માં જુઓ

અંગિત વિ૦ [સં.] લોહીની સગાઈવાળું (૨) વિશ્વાસુ

અંગિયું ન૦ ઝભલું. **–યો** પું૦ બાંય વગરનો સ્ત્રીનો કબજો

અંગિરસ,અંગિરા પું૦[સં.](સં.) એક વૈદિક ઋષિ

અંગી વિ૦[સં.] ખાસ પોતાનું(૨) [સમાસને અંતે] અંગ–અવયવવાળું. ઉદા૦'કોમલાંગી'(૩) મુખ્ય;પ્રધાન(૪)સ્ત્રી૦ એક ડગલી. **૦કરણ** ન૦, **૦કાર** પું૦ સ્વીકાર. **૦કારવું** સ૦ક્રિ૦ સ્વીકારવું. **૦કાર્ય** વિ૦ સ્વીકાર્ય. **૦કૃત** વિ૦ અંગનું–પોતાનું કરેલું;સ્વીકારેલું. **૦કૃતક્રમ** પું૦ પ્રમાણ–પુરાવા વિના સ્વીકારી લીધેલો સિદ્ધાંત; 'પૉસ્ચુલેટ'. **૦ભૂત** વિ૦ અંગનું થયેલું; અંગરૂપ

અંગી(–ગે)ઠી સ્ત્રી૦ શગડી (ખાસ કરીને સોનીની) (૨) પોંક પાડવા માટે તૈયાર કરેલી જગા (૩) ઝાળ; અગન

અંગીઠું ન૦ અંગીઠી

અંગુર ન૦ નવી ચામડી; રૂઝ [અંગૂરX]

અંગુલ પું૦[સં.] આંગળ(૨) આંગળી

અંગુલિ(–લી) સ્ત્રી૦ [સં.] આંગળી. **૦ત્રાણ** ન૦ આંગળીના રક્ષણ માટે બાણાવળી વાપરે છે તે ચામડાની અંગૂઠી. **૦મુદ્રા** સ્ત્રી૦ સીલની વીંટી (૨) એની છાપ;મહોર. **૦સંજ્ઞા** સ્ત્રી૦ આંગળીથી કરેલી નિશાની. **૦નિર્દેશ** પું૦ આંગળીથી બતાવવું તે

અંગુષ્ઠ પું૦ [સં.] અંગૂઠો

અંગૂછો પું૦ અંગ લૂછવાનો કટકો; ટુવાલ

અંગૂઠો પું૦ હાથ અથવા પગનું જાડામાં જાડું–પહેલું આંગળું. **–ઠાદાવ** પું૦ કુસ્તીનો એક દાવ. **–ઠાપટી** સ્ત્રી૦ અંગૂઠા જેટલી જાડી પટી. **–ઠિયું** વિ૦ અંગૂઠાના માપનું. (૨) ન૦ અંગૂઠાનું એક ઘરેણું. **–ઠી** સ્ત્રી૦ પગને અંગૂઠે પહેરવાનું સ્ત્રીનું ઘરેણું(૨)આંગળીના રક્ષણ માટેની ખોળી

અંગૂર સ્ત્રી૦ [फा.] લીલી દ્રાક્ષ

અંગેઠી સ્ત્રી૦ અંગીઠી

અંગોર સ્ત્રી૦ અતિશય ફળદ્રુપ પ્રદેશ

અંગ્રેજ પું૦ ઇંગ્લંડનો વતની. **–જી** વિ૦ અંગ્રેજ લોકોનું; અંગ્રેજ લોકો સંબંધી (૨) સ્ત્રી૦ અંગ્રેજોની ભાષા

અંઘેડો પું૦ એક વનસ્પતિ

અંઘોળ ન૦ સ્નાન; નાહવું તે. **૦ડી** સ્ત્રી૦ નાનું અંઘોળિયું (૨) અંઘોળ કરવાની ઓરડી (૩)તાંબાકૂંડી (૪) વરકન્યાને સ્નાન કરાવતાં ગવાતું ગીત (૫) વરને સ્નાન કરાવનાર સ્ત્રી. **૦વું** અ૦ ક્રિ૦ નાહવું. **–ળિયું** ન૦ નાવાનું પાણી ગરમ કરવાનું વાસણ(૨)નાહવા બેસવાનું પાટિયું. **–ળિયો** પું૦ સ્નાન કરાવનાર ચાકર(૨) નાવાનું પાણી ગરમ કરવાનું વાસણ

અંઘ્રિ પું૦ [સં.] પગ

અંચ સ્ત્રી૦ આંચ (પ.)

અંચઈ સ્ત્રી૦ અણચી; વાંકું બોલવું તે; જૂઠ

અંચલ(–ળ) પું૦ [સં.] પાલવ

અંચળવો પું૦ નાનાં છોકરાંને ઓઢાડવાનો ભાતીગળ રૂમાલ (૨) તેલમાં બોળી સળગાવેલી દોરડી

અંચળો પું અંચળવો [સ્ત્રી૦ આંજવાની સળી

અંજન ન૦[સં.]આંજવાનો પદાર્થ;કાજળ;સુરમો. **૦શલાકા**

અંજના(–ની) સ્ત્રી૦[સં.] (સં.) હનુમાનની માતા. **૦પુત્ર, ૦સુત** પું૦(સં.)હનુમાન. **–નીગીત** ન૦ એક છંદ

અંજલિ(–ળિ) સ્ત્રી૦ [સં.] ખોબો; પોશ (૨) એમાં ભરેલું હોય તે(૩) [લા.] માન

અંજળ(૦પાણી) ન૦ + અન્નજળ; દાણોપાણીનું નિર્માણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંજળિ સ્ત્રી૦ જુઓ અંજલિ

અંજામ પું૦ [ફા.] અંત (૨) પરિણામ [‘અંજાવું’નું પ્રેરક

અંજાવવું સ૦ ક્રિ૦ આંખમાં (અંજન) લગાડાવવું (૨)

અંજાવું અ૦ક્રિ૦ તેજને લીધે આંખ મીંચાઈ જવી (૨) બીજા આગળ ઝાંખા પડી જવું (૩) ‘આંજવું’નું કર્મણિ

અંજીર ન૦ [ફા.] એક મેવો. **–રિયું** વિ૦ અંજીરના જેવા રંગનું. **–રી** સ્ત્રી૦ અંજીરનું ઝાડ

અંજુમન ન૦ [ફા.] મંડળ; સમાજ; જમાત

અંટવાવું અ૦ ક્રિ૦ વચમાં અથડાયા કરવું (૨) પગમાં દોરડું ભરાવાથી ગબડી પડવું. **–ણ** સ્ત્રી૦ અંટવાવું તે (૨) અંટવાતી વસ્તુ

અંટસ પું૦ વેર; પાડાખાર

અંટેવાવું અ૦ક્રિ૦ જુઓ અંટવાવું

અંટેવાળ સ્ત્રી૦ અડફટમાં આવવું તે; નડતર (૨) ગાય ભેંસને દોહતી વખતે પાછલા પગે મારવામાં આવતી આંટી

અંટોળ વિ૦ જ્યાં ત્યાં અટવાતું; રખડતું (૨) ભારબોજ વિનાનું (૩) નકામું. **૦કાટલું** ન૦ ખોટું વજન (૨) નકામું રખડતું–ક્યાંયે જેનો સમાસ ન થતો હોય એવું માણસ

અંડ ન૦ [સં.] પેળ; ગોળી (ગુહ્યાંગની) (૨) ઈંડું. **૦કટાહ** પું૦ સામાન્ય ઈંડાનું અથવા બ્રહ્માંડનું કોચલું. **૦કોશ(–ષ)** પું૦ પેળની કોથળી. **૦જ** વિ૦ ઈંડામાંથી જન્મેલું. **૦ભિત્તિ** સ્ત્રી૦ ઈંડાનું કોચલું. **૦વર્ધ(–ર્દ્ધ)ન** ન૦, **૦વૃદ્ધિ** સ્ત્રી૦ અંડકોષ મોટો થઈ જવાનો રોગ. **–ડાકાર, –ડાકૃતિ** વિ૦ ઈંડાના આકારનું; લંબગોળ [એલફેલ

અંડળ વિ૦ વગર મહેનતનું; હરામનું. **૦ગંડળ** વિ૦ ખરુંખોટું;

અંડૂસ પું૦ અંડ (૨) ન૦ સીતાફળ

અંડોળ વિ૦ ડોલતું; ઝોલાં ખાતું

અંત પું૦ [સં.] છેડો; છેવટનો ભાગ (૨) સમાપ્તિ; આખર (૩) હદ; સીમા (૪) મરણ; વિનાશ. **૦ક** પું૦ ઘાતક; મારો (૨) કાળ; મરણ (૩) [સં] યમ. **૦કાલ(–ળ)** પું૦ આખરનો સમય (૨) મોતની ઘડી. **૦કાળિયું** વિ૦ અંતકાળ વખતે કામ આવે એવું. **૦વંત** વિ૦ નાશવંત. **૦વેળા** સ્ત્રી૦ મરણકાળ. **૦શય્યા** સ્ત્રી૦ મરણપથારી

અંતર્ અ૦ [સં.] જુઓ ‘અંતરો’ પછી

અંતર વિ૦ [સં.] અંદરનું (૨) નજીકનું (૩) ન૦ અંદરનો ભાગ (૪) અંતઃકરણ; મન (૫) અવકાશ; છેટું (૬) વચલો કાળ (૭) તફાવત (૮) ભેદ; જુદાઈ (૯) સમાસને અંતે ‘અન્ય’, ‘બીજું’ એવા અર્થમાં. ઉદા૦ ‘રૂપાંતર’. **૦ચિહ્ન** ન૦ બે વચ્ચે અંતર–તફાવતનું જ આવું ચિહ્ન (ગ.) **૦છાલ** સ્ત્રી૦ અંદરની છાલ. **૦જકાત** સ્ત્રી૦ દેશની અંદર આવતા માલ ઉપર લેવાતી જકાત. **૦જામી** વિ૦ (૨) પું૦ જુઓ અંતર્જામી. **૦જ્ઞ** વિ૦ અંદરની વાત જાણનારું. **૦તમ** વિ૦ છેક અંદરનું. **૦તર** વિ૦ વધારે અંદરનું. **૦દૃષ્ટિ** સ્ત્રી૦ અંદર–આત્મા તરફ વળેલી દૃષ્ટિ. **૦નાદ** પું૦ અંતઃકરણનો અવાજ. **૦પટ** ન૦ આડું કપડું તે–પડદો. **૦બાહ્ય** વિ૦ અંદરનું ને બહારનું. **૦વાસિયું** ન૦ શ્રાદ્ધ સરાવતાં ખભા ઉપર નાખવાનો લૂગડાનો કકડો. **૦વૃત્તિ** સ્ત્રી૦ અંતઃકરણની ઇચ્છા; મનોભાવ. **–રાઈ** સ્ત્રી૦ અંતર; છેટું (૨) જુદાઈ

૭

અંતરવેલ સ્ત્રી૦ એક વેલ; અમરવેલ [અંતરાશ

અંતરસ ન૦ પાણી કે ખોરાકનું શ્વાસનળીમાં પેસી જવું તે;

અંતરાત્મા પું૦ [સં.] જુઓ ‘અંતર્’માં

અંતરાય પું૦ [સં.] અડચણ; વિઘ્ન. **૦ક, –યી** વિ૦ આડે આવતું; વિઘ્નકર્તા

અંતરાલ(–ળ) ન૦ [સં.] વચમાંની જગ્યા; ગાળો; વચગાળો (૨) મંદિરનો ગભાર ને ચાચર વચ્ચેનો ભાગ (૩) અંતર (૪) અવકાશ; જગા [અંતરાવું તે

અંતરાવું અ૦ક્રિ૦ રોકાવું; સપડાવું; ઘેરાઈ જવું. **–મણ** સ્ત્રી૦

અંતરાશ(–સ) સ્ત્રી૦; ન૦ અંતરસ

અંતરાળ ન૦ જુઓ અંતરાલ

અંતરિ(–રી)ક્ષ ન૦ [સં.] આકાશ; ગગનમંડળ

અંતરિત વિ૦ [સં.] વચ્ચે આંતરાની જેમ આવેલું (૨) ઢંકાયેલું; પડદા પાછળનું (૪) આંતરી લીધેલું (૪) વિયોજિત

અંતરિયાળ અ૦ અધવચ; અધ્ધર

અંતરો પું૦ ધ્રુપદના ત્રણ ભાગમાંનો બીજો; આંતરો

અંતર્ અ૦ [સં.] ‘અંદરનું’ ‘અંદર આવતું’ એવા અર્થમાં શબ્દની પૂર્વે. **–રંગ** વિ૦ નજીકનું; અંદરના ભાગનું (૨) આત્મીય; દિલોજાન (૩) વિશ્વાસુ (૪) ન૦ અંદરનો ભાગ. **–રાત્મા** પું૦ જીવાત્મા (૨) અંતઃકરણ. **–રિન્દ્રિય** સ્ત્રી૦ અંતઃકરણ; મન. **–ર્કલહ** પું૦ માંહોમાંહે કજિયો. **–ર્ગત** વિ૦ અંદર સમાયેલું. **–ર્ગતકોણ** પું૦ ‘ઇન્કલૂડેડ ઍન્ગલ’ (ગ.). **–ર્ગર્ભ** વિ૦ જેની અંદર ગર્ભ છે એવું; ગર્ભયુક્ત. **–ર્ગુહા** સ્ત્રી૦ અંદરની ગુફા; હૃદય. **–ર્ગૂઢ** વિ૦ અંતરમાં–અંદર છુપાયેલું. **–ર્ગૃહ** ન૦ ઘરનો અંદરનો ખંડ–ભાગ. **–ર્ગોળ** વિ૦ અંદર પડતું વર્તુલાકાર; ‘કૉન્કેવ’ (૨) પું૦ અંદર પડતો વર્તુલાકાર. **–ર્ચ(–ક્ષ)ક્ષુ** વિ૦ અંતરદૃષ્ટિવાળું (૨) ન૦ જ્ઞાનચક્ષુ. **–ર્જા(–ર્યા)મી** વિ૦ મનોવૃત્તિ જાણનારું (૨) પું૦ પરમાત્મા. **–ર્જ્ઞાન** ન૦ અંદરનું–ગૂઢ જ્ઞાન (૨) અંદરનું–સાહજિક જ્ઞાન. **–ર્દર્શન** ન૦ અંદરનું–ખરું દર્શન. **–ર્દર્શી** વિ૦ અંદર જોતું. **–ર્દશા** સ્ત્રી૦ અંદરની—ખરી હાલત (૨) અંતરની–મનની સ્થિતિ (૩) [જ્યો.] (માણસની સ્થિતિ ઉપર) એક ગ્રહની મહાદશામાં આવતી બીજા ગ્રહોની ટૂંકી દશા. **–ર્દાહ** પું૦ અંદરની ગરમી (તાવ, કામ, ઇત્યાદિની) (૨) હૃદયની બળતરા–દાઝ. **–ર્દૃષ્ટિ** સ્ત્રી૦ અંતરદૃષ્ટિ. **–ર્દ્વાર** ન૦ અંદરનું કે છૂપું દ્વાર. **–ર્ધાન** ન૦ અદૃશ્ય–અલોપ થવું તે. **–ર્નાટક** ન૦ નાટકની અંદરનું (પેટા) નાટક. **–ર્નાદ** પું૦ અંતરનાદ. **–ર્નિગ્રહ** પું૦ અંદરનો નિગ્રહ–કાબૂ. **–ર્નિષ્ઠ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિ૰ ધ્યાનસ્થ; આત્મનિષ્ઠ. -ર્નિહિત વિ૰ અંદર મૂકેલું. -ર્ભાવ પું૰ સમાવેશ; અંદર હોવાપણું (૨) અંતરની વૃત્તિ કે ભાવ. -ર્ભૂત વિ૰ અંદર સમાયેલું-રહેલું. -ર્ભેદી વિ૰ અંતરને ભેદે એવું; સોંસરું (૨) મન સમજી જનારું -ર્મુખ વિ૰અંદર વળેલું; આત્મચિંતનપરાયણ. -ર્ય વિ૰અંતરનું;અંદરનું. -ર્યામી વિ૰ (૨)પું૰ જુઓ અંતર્જામી. -ર્લાપિકા સ્ત્રી૰ અંદરના અક્ષરો અમુક રીતે ગોઠવવાથી બીજો અર્થ નીકળે એવી કાવ્યરચના.-ર્લીન વિ૰ અંદર લીન થયેલું. -ર્વર્તી વિ૰ અંદરનું;અંતર્ગત. -ર્વર્ધિષ્ણુ વિ૰(વનસ્પતિશાસ્ત્રમાં) પોતાની અંદરથી નવું બીજ નિપજાવે એવી જાતનું. જેમ કે શેરડી. -ર્વાહી વિ૰ અંદર-સપાટી નીચે વહેતું. -ર્વૃત્તિ સ્ત્રી૰ અંતરવૃત્તિ. -ર્વિકાર પું૰ અંદરનો-મનનો વિકાર. -ર્વેદના સ્ત્રી૰ હૃદયની વેદના. -ર્વેદિ(-દી)સ્ત્રી૰(સં.)ગંગા અને યમુના વચ્ચેનો પ્રદેશ. -ર્વેધ પું૰ ઘરનાં બારણાં મૂકવામાં થયેલો દોષ.-ર્વેર ન૰હાડવેર;અંદરનું ઊંડું વેર. -ર્વેરી વિ૰હાડ-વેરી. -ર્વ્યથા સ્ત્રી૰ અંતરની-અંદરની વ્યથા. -ર્વ્યાધિ પું૰ અંતરમાં-હાડમાં થયેલો રોગ.-ર્વ્રણ પું૰ અંદરનો જખમ. -ર્હિત વિ૰ ગુપ્ત, અદૃશ્ય. -શ્ચક્ષુ વિ૰ (૨) ન૰ જુઓ અંતર્ચક્ષુ. -સ્તત્ત્વ ન૰ આંતરિક તત્ત્વ; સાર

અંતસ્થ વિ૰[સં.] અંતે આવતું

અંત(-તઃ)સ્થ વિ૰[સં.]અંદર રહેલું;વચમાં રહેલું;અંદરનું (૨)[વ્યા.]સ્વર અને વ્યંજન બંનેના ધર્મવાળો (અર્ધસ્વર)

અંતઃ [સં.]શબ્દની પૂર્વે 'અંદરનું', 'વચમાં' એવા અર્થમાં. ૰કરણ ન૰જ્ઞાન, સુખાદિના અનુભવનું સાધન;મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ પદોથી ઓળખાતી અંદરની ઇંદ્રિય(૨) અંતર;હૃદય;'કૉન્શ્યન્સ'. ૰કેંદ્ર ન૰અંદરનું મધ્યબિંદુ; 'ઇન-સેન્ટર'(ગ.). ૰કોણ પું૰'ઇન્ટીરિયર ઍન્ગલ'(૨) 'ઇન્ટર્નલ ઍન્ગલ'(ગ). ૰કોપ પું૰ આંતરિક તોફાન(૨) દિલની અંદરનો ગુસ્સો. ૰ક્ષોભ પું૰ આંતરિક ક્ષોભ-અશાંતિ. ૰પાત પું૰ (શબ્દનું) વચ્ચે આવવું-પડવું તે (વ્યા.).૰પાતી વિ૰ વચ્ચે આવેલું. ૰પુર ન૰જનાનખાનું. ૰પુરિકા સ્ત્રી૰ અંતઃપુરની સ્ત્રી. ૰પ્રવાહ પું૰ અંદરનો-છૂપો પ્રવાહ. ૰પ્રકૃતિ સ્ત્રી૰ મૂળ સ્વભાવ (૨) રાજાનો ખાનગી વજીર. ૰પ્રવેશ પું૰અંદરના ભાગમાં દાખલ થવું તે. ૰પ્રવેશી વિ૰ અંતઃપ્રવેશ કરતું. ૰પ્રેરણા સ્ત્રી૰જુઓ સહજબુદ્ધિ. ૰શત્રુ પું૰અંદરનો-ઘરનો માણસ છતાં શત્રુ (૨)હૃદયમાં રહેલો દુશ્મન(કામ,ક્રોધાદિ).૰શલ્ય પું૰;ન૰ અંદરનું-છપું શલ્ય.૰શાસ્તા પું૰અંદરનો શાસ્તા-અંતરાત્મા; ધર્મબુદ્ધિ. ૰સત્ત્વા વિ૰સ્ત્રી૰સગર્ભા.૰સુખ ન૰ આંતરિક સુખ. ૰સ્થ વિ૰ જુઓ અંત(-તઃ)સ્થ. ૰સ્થલ (-ળ) ન૰ અંદરનું—મર્મસ્થળ. ૰સ્ફૂર્તિ(-ર્તિ) સ્ત્રી૰ આંતરિક સ્ફૂર્તિ. ૰સ્વરૂપ ન૰આંતરિક—અંદરનું સ્વરૂપ

અંતિક વ૰[સં.] પાસેનું; નજીકનું [જહાલ. ૰તા સ્ત્રી૰

અંતિમ વિ૰[સં.] છેલ્લું; છેવટનું (૨)સામે છેડે હોય એવું;

અંતિયું વિ૰ અંતે આવેલું(૨)બહુ જ ખિજાયેલું; મરણિયું

અંતીપંતી સ્ત્રી૰ એક રમત [રહેનાર) શિષ્ય

અંતેવાસી વિ૰[સં.] પાસે રહેનારું (૨) પું૰(ગુરુની સમીપ

અંત્ય વિ૰ [સં.] છેવટનું; છેલ્લું. ૰કર્મ ન૰, ૰ક્રિયા સ્ત્રી૰ અગ્નિસંસ્કાર. ૰ગમન ન૰ શ્રેષ્ઠ વર્ણની સ્ત્રીનો કનિષ્ઠ વર્ણના પુરુષ સાથેનો સંબંધ. ૰જ વિ૰ પંચમ વર્ણનું; અસ્પૃશ્ય ગણાતી વર્ણનું (૨)પું૰ એ વર્ણનો માણસ. ૰જાશ્રમ પું૰ અંત્યજોને રહેવા તથા કેળવણી લેવાની સંસ્થા. ૰જોદ્ધાર પું૰ અંત્યજનો ઉદ્ધાર. ૰ત્વ ન૰. ૰પદ ન૰ ગુણોત્તરનું અંત્ય પદ (ગ.). ૰યમક પું૰ છેવટના અક્ષરોનો યમક-પ્રાસ. -ત્યાક્ષર પું૰ અંત્ય-છેલ્લો અક્ષર. -ત્યાક્ષરી સ્ત્રી૰ બોલાયેલી કવિતાના છેલ્લા અક્ષરથી શરૂ થતી બીજી કવિતા બોલવાની રમત. -ત્યાનુપ્રાસ પું૰ અંતે આવતો અનુપ્રાસ.-ત્યાવસ્થા સ્ત્રી૰ છેલ્લી-આખરની સ્થિતિ(૨) ઘડપણ. -ત્યાશ્રમ પું૰ અંત્ય આશ્રમ-સંન્યસ્તાશ્રમ. -ત્યાશ્રમી વિ૰ સંન્યાસી. -ત્યેષ્ટિ સ્ત્રી૰ અંત્યક્રિયા

અંત્ર ન૰[સં.] આંતરડું. ૰જાળ સ્ત્રી૰ આંતરડાંનું જાળું

અંદર અ૰ [फा.] માં; મહીં. ૰ખાને,૰થી અ૰ અંદરથી; છૂપી રીતે [-જી વિ૰ અંદાજથી નક્કી કરેલું

અંદાજ પું૰ [फा.] અડસટ્ટો. ૰પત્ર,૰ક પું૰;ન૰ 'બજેટ'.

અંદુ(-દૂ)ક સ્ત્રી૰[સં.] હાથીને પગે બાંધવાની સાંકળ

અંદેશ(-શો) પું૰ [फा.] સંદેહ; વહેમ [ઝુલાવવું

અંદોલન ન૰ [સં.] આંદોલન. -વું સ૰ ક્રિ૰ હીંચોળવું;

અંધ વિ૰ [સં.] આંધળું(૨)[લા.] વગર સમજનું; વિવેકહીન. ૰ક વિ૰ઝાંખું;ઝળઝળું(૨)ફીકું(૩)પું૰ (સં.) એક રાક્ષસ. ૰કાર પું૰ અંધારું. ૰કૂપ પું૰ અંધારો કૂવો (૨) ઝાડ ઝાંખર કે બીજે કારણે ન દેખાવાથી ફસાઈ પડાય એવો કૂવો (૩) [સં.] એક નરક. ૰તા સ્ત્રી૰, ૰ત્વ ન૰ આંધળાપણું. ૰તામિસ્ર પું૰ પૂર્ણ અંધકાર (૨) અજ્ઞાન. ૰પરંપરા સ્ત્રી૰ આંધળાઓની હાર (જોયા વિચાર્યા વિના ચાલનારાઓની મંડળી).૰પૂજા સ્ત્રી૰આંધળી પૂજા.૰પરંપરાન્યાય પું૰ જોયા વિચાર્યા વિના આંધળાઓની પેઠે એકની પાછળ બીજાએ ચાલવું તે ન્યાય. ૰પંગુન્યાય પું૰ આંધળો ને પાંગળો પરસ્પર સહાયથી કામ ઉકેલે એવો ન્યાય. ૰ભક્તિ સ્ત્રી૰ આંધળી—વગર સમજની ભક્તિ. ૰શ્રદ્ધા સ્ત્રી૰ આંધળી-વગર સમજની શ્રદ્ધા. ૰હસ્તીન્યાય પું૰ હાથીનો પગ જોનાર આંધળો એને થાંભલા જેવો કલ્પે, કાન જોનાર સૂપડા જેવો કલ્પે એવો ન્યાય

અંધાધૂની સ્ત્રી૰ અંધાધૂંધી

અંધાધૂંધ(-ધી) સ્ત્રી૰ અરાજકતા; અતિશય અવ્યવસ્થા

અંધાપો પું૰ આંધળાપણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધાર પું૦અંધકાર; અંધારું. ૦કાળું વિ૦અંધારા જેવું કાળું. ૦કોટ પું૦વરસાદનો ગોરંભો; એથી થતું અંધારું. ૦કોટડી સ્ત્રી૦અંધારી ઓરડી(૨)તુરંગ;કેદખાનું. ૦પછેડી સ્ત્રી૦,૦પછોડો પું૦જે ઓઢવાથી અદૃશ્ય કે અછતું રહેવાય એવું વસ્ત્ર.૦પટો પું૦ આંખે બાંધવાનો પટો; અંધારી(૨) એવી એક રમત.૦પિછોડી સ્ત્રી૦,૦પિછોડો પું૦ અંધાર-પછેડી. ૦વું અ૦ક્રિ૦ વાદળાંથી આકાશ ઘેરાવું-ઘનઘોર થવું. -રાં ન૦ બ૦વ૦ મગજમાં ઉપરાઉપરી અંધારું થવું તે; તમ્મર. -રિયું વિ૦ અંધારાવાળું (૨)ન૦ જેમાં ચંદ્ર ન દેખાય એવું પખવાડિયું; કૃષ્ણપક્ષ. -રિયું અજ-વાળિયું ન૦એક રમત.-રી સ્ત્રી૦આંખઢાંકણી; આંખનો દાબડો (૨)સોનીનું એક ઓજાર (૩) ભૂરકી (૪) તમ્મર. -રું ન૦ અંધકાર (૨) અવ્યવસ્થા (૩) અજ્ઞાન (૪) વિ૦ અંધકારવાળું. -રુંઘોર વિ૦(૨)ન૦ ખૂબ ઘાડું અંધારું

અંધું વિ૦ આંધળું. -ધેસૂલ વિ૦હૈયાફૂટું

અંધેર ન૦અવ્યવસ્થા; અરાજકતા. -રી સ્ત્રી૦(સં.) અ-રાજકતાના ધામરૂપ એક કલ્પિત નગરી

અંબ ન૦ પાણી (૨) પું૦ મરડો (૩) સ્ત્રી૦[સં.] મા; દેવી

અંબટ વિ૦[મ.] ખાટું

અંબર ન૦[સં.] આકાશ (૨) વસ્ત્ર (૩) કસબી બુટ્ટાવાળી રેશમી સાડી (૩) એક સુગંધી પદાર્થ

અંબરીષ પું૦[સં.](સં.) વિષ્ણુના અનન્ય ભક્ત તરીકે પ્રસિદ્ધ સૂર્યવંશી રાજા [મહાવત

અંબષ્ઠ પું૦[સં.] બ્રાહ્મણથી વાણિયણને થયેલો પુત્ર (૨)

અંબળાવું અ૦ ક્રિ૦ જુઓ અમળાવું

અંબા સ્ત્રી૦[સં.] મા (૨) [સં.] દુર્ગા. ૦જી સ્ત્રી૦(સં.)અંબા-ભવાની કે એમનું ધામ આબુ.૦ભવાની સ્ત્રી૦(સં.)એક દેવી

અંબાટ પું૦ ખાટા પદાર્થની દાંતને થતી અસર

અંબાડ પું૦ (કા.) અંબાટ(૨)આંખમાં તીવ્ર ઔષધ નાખ્યા પછી અમુક વખત સુધી તેની જે અસર પહોંચે છે તે

અંબાડાં ન૦બ૦વ૦ એક જાતનાં ખાટાં ફળ

અંબાડિયું ન૦ છાણાંનો ઢગલો

અંબાડી સ્ત્રી૦ હાથી ઉપરની બેઠક. ૦નશીન વિ૦ અંબાડી પર બેઠેલું

અંબાડો પું૦ ભીંડી

અંબાર પું૦ ઢગલો; ભંડાર [(સં.)પાંડુ

અંબાલિકા સ્ત્રી૦[સં.](સં.) પાંડુ રાજાની માતા. -કેય પું૦

અંબાવું અ૦ ક્રિ૦ ખટાઈ જવું

અંબિકા સ્ત્રી૦ [સં.] (સં.) અંબાભવાની (૨) ધૃતરાષ્ટ્રની માતા. -કેય પું૦(સં.) ધૃતરાષ્ટ્ર

અંબુ ન૦[સં.] પાણી. ૦જ વિ૦ પાણીમાં ઊપજેલું (૨) ન૦ કમળ (૩) પું૦ ચંદ્ર. ૦જા સ્ત્રી૦ લક્ષ્મી. ૦દ, ૦ધર, ૦વાહ પું૦વાદળ.૦ધિ,૦નિધિ,૦રાશિ પું૦સમુદ્ર.૦રુહ ન૦કમળ

અંબોટી ન૦ એક વનસ્પતિ

અંબોડો પું૦ માથાના કેશની પાછળ વાળવામાં આવતી ગાંઠ. -ડી સ્ત્રી૦ નાનો અંબોડો. -રડો પું૦(પ.)અંબોડો

અંબોળવું સ૦ ક્રિ૦ ખટાશ લગાડવી (૨) ઉમેરવું;વધારવું

અંભ ન૦[સં.] અંબ; પાણી. -ભોજ,-ભોરુહ ન૦ કમળ. -ભોદ,-ભોધર પું૦ વાદળ. -ભોધિ,-ભોનિધિ પું૦ સમુદ્ર; અંબુધિ

અંભાં અ૦ (રવ૦) (ગાય-વાછરડાંનું બોલવું)

અંશ પું૦ [સં.] ભાગ (૨) વર્તુલનો ૩૬૦ મો ભાગ (૩) અપૂર્ણાંકમાં લીટી ઉપરનો અંક;પૂર્ણ સંખ્યાના છેદોમાંથી લીધેલા વિભાગ(૪) વાદી જ હોવો જોઈએ એવો ગ્રહનામક સ્વર (સંગીત). ૦ક પું૦ ભાગિયો (૨) વારસ. ૦તઃ અ૦ કાંઈક અંશે;અમુક દરજ્જે.૦પતિ પું૦ વારસ (૨) અંશા-વતાર. ૦ભાગી વિ૦ અંશ-ભાગ લેવાના અધિકારવાળું; ભાગ પડાવનારું(૨)પું૦એવો માણસ. ૦ભૂત વિ૦ અંશરૂપ -શાવતાર પું૦ જેમાં ઈશ્વરની વિભૂતિનો માત્ર અંશ હોય તેવો અવતાર.-શાંશ પું૦ ભાગનો ભાગ. -શાંશીભાવ પું૦ અવયવ અને અવયવીનો સંબંધ (વ્યા.). -શિક વિ૦ થોડું; થોડા ભાગનું.-શી વિ૦ અંશવાળું(૨)ભાગ પડાવ-નારું; ભાગિયું (૩) અવયવી; ભાગવાળું. -શીજન પું૦ દેવાંશી માણસ

અંશુ ન૦ [સં.] કિરણ. ૦માન(-લી) પું૦ સૂર્ય

અંશુક ન૦ [સં.] ઝીણું કપડું (૨) રેશમી કપડું

અંસ પું૦ [સં.] ખભો

અંહ અ૦ (રવ૦) કરડાકી, ક્રોધ કે ખુમારીનો ઉદ્ગાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ

આ પું૦ [સં.] સંસ્કૃત કુટુંબની વર્ણમાળાનો બીજો અક્ષર (૨) વ્યંજનથી શરૂ થતા શબ્દની પૂર્વે '–ની શરૂઆતથી' કે '–એટલે સુધી' એવા અર્થમાં અ૦ બનાવે. ઉદા૦ 'આજન્મ' 'આકંઠ' (૩) ઉપસર્ગ: ઓછાપણું, અલ્પતા બતાવે: ઉદા૦ આકંપ. ઊલટાપણું બતાવે: ઉદા૦ આગમન. '–ની તરફ, –ની પાસે' એવા અર્થમાં: ઉદા૦ 'આકર્ષણ'. 'ચારે તરફ' એવા અર્થમાં: ઉદા૦ 'આવર્ત'. 'ઉપર' એવા અર્થમાં: ઉદા૦ આરોહ (૪) સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે અકારાન્ત વિ૦ નું વિ૦સ્ત્રી૦ રૂપ બનાવે. ઉદા૦ સુશીલ–લા (૫) સ૦ 'નજીકનું, નિર્દિષ્ટ તે' એવા અર્થનું દર્શક સર્વનામ (૬) [વ્યા.] અંકને છેડે લાગતાં તે અંકના 'આંક કે ઘડિયો' એ અર્થમાં: ઉદા૦ એકા; આઠા; અગિયારા. ૦કાર પું૦ 'આ' અક્ષર કે ઉચ્ચાર. ૦કારાન્ત વિ૦ અંતે આકારવાળું

આઇતવાર પું૦ આદિત્યવાર; રવિવાર

આઇસ પું૦ [इं.] બરફ ૦ક્રીમ પું૦ ખાંડ, મસાલો વગેરે નાંખીને બરફ વડે ઠારેલા પ્રવાહીની વાની

આઈ સ્ત્રી૦ મા (૨) દાદી (૩) દેવી (૪) વિ૦ ઉપરથી ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય. ઉદા૦ મોટાઈ. ૦જી સ્ત્રી૦ સાસુ

આઈન પું૦ [फा.] કાયદો (૨) આયનો (૩) ન૦ એક ઝાડ

આઉ ન૦ બાવલું; અડણ (૨) [વ્યા.] પ્રત્યય: ક્રિ૦ પરથી વિશેષણ બનાવે. ઉદા૦ 'ફળાઉ'; 'ઉપજાઉ'

આક,૦ડો પું૦ એક વનસ્પતિ. ૦ડિયું વિ૦ આકડાનું (૨) ન૦ આકડાનું રૂ (૩) આકડાનું દૂધ એકઠું કરવાનું શિંગડું. ૦ડી સ્ત્રી૦ આકડાની એક જાત

આકએકલી સ્ત્રી૦ એક રમત

આકર પું૦ [સં.] ખાણ (૨) જથો; સમૂહ. ૦ગ્રંથ પું૦ આકર-રૂપ પ્રમાણભૂત ગ્રંથ

આકરણ સ્ત્રી૦ અકળામણ; પીડા (?)

આકરું વિ૦ તીવ્ર; સખત; અસહ્ય (૨) કઠણ; મુશ્કેલ (૩) આકળું; ગરમ સ્વભાવનું (૪) ભાવમાં આકરું; મોઘું

આકર્ણ અ૦ [સં.] કાન સુધી

આકર્ષ પું૦ [સં.] ખેંચાણ (૨) કસોટી (૩) પાસા રમવા તે; જુગાર (૪) લોહચુંબક. ૦ક વિ૦ ખેંચાણ કરે તેવું (૨) મોહક. ૦ણ ન૦ ખેંચાણ (૨) મોહ. ૦ણી સ્ત્રી૦ અંકોડી; આંકડા-વાળી લાકડી. ૦વું સ૦ક્રિ૦ ખેંચવું (૨) મોહ પમાડવું. –ર્ષિત વિ૦ આકર્ષાયેલું. –ર્ષી વિ૦ આકર્ષક

આકલન ન૦ [સં.] ગ્રહણ કરવું-પકડવું તે (૨) કળવું-સમજવું તે (૩) ગણવું તે. ૦શક્તિ સ્ત્રી૦ આકલવાની શક્તિ. –વું સ૦ ક્રિ૦ આકલન કરવું

આકલિત વિ૦ [સં.] જણાયેલું; સમજાયેલું (૨) પકડાયેલું (૩) અંદર લીધેલું; ગૂંથાયેલું

આકલ્પ અ૦ [સં.] એક કલ્પ પર્યંત; ચારે યુગ લગી

આકષ પું૦ [સં.] કસોટીનો પથરો

આકસબાકસ ન૦ આ તે; ગમે તે; પરચૂરણ (૨) કાચુંકોરું

આકસ્મિક વિ૦ [સં.] ઓચિંતું; અણધાર્યું; અકસ્માત બનતું

આકળવિકળ વિ૦ આકુલવ્યાકુલ; ગભરાયેલું

આકળું વિ૦ અધીરું; ઉતાવળું (૨) ઝટ ગુસ્સે થઈ જાય એવા સ્વભાવનું. –ળાશ સ્ત્રી૦ આકળાપણું; અધીરાઈ

આકંઠ અ૦ [સં.] ગળા સુધી

આકંપ પું૦ [સં.] સહેજ ધ્રુજારી. ૦ન ન૦ સહેજ ધ્રૂજવું તે. –પિત વિ૦ સહેજ ધ્રૂજતું

આકા(–ગા) પું૦ [अ.] શેઠ

આકાડો(–દો)ડી સ્ત્રી૦ આકડાનું જીંડવું

આકાર પું૦ [સં.] આકૃતિ; ઘાટ (૨) જુઓ 'આ'માં (૩) વિઘોટી (૪) શુમાર. ૦ણા સ્ત્રી૦ બોલાવવું તે; હાંક. ૦ણી સ્ત્રી૦ જમાબંધી; આંકણી (૨) કિંમત કરવી તે (૩) આંક પાડવાનું ઓજાર. ૦વું સ૦ ક્રિ૦ મૂલવવું (૨) અડસટ્ટો કાઢવો (૩) જમીનની માપણી કરવી (૪) ઉધારવું. ૦સૌષ્ઠવ ન૦ આકારની સુંદરતા. –રી વિ૦ આકારવાળું (૨) [લા.] દેહધારી

આકાશ ન૦ [સં.] ખાલી શૂન્ય સ્થાન; પોલાણ; 'સ્પેસ' (૨) ગગન; આસમાન. ૦કક્ષા સ્ત્રી૦ ક્ષિતિજરેખા. ૦કલ્પ વિ૦ આકાશ જેવું (૨) પું૦ બ્રહ્મ. ૦કુસુમ ન૦ (લા.) અસંભવિત વાત. ૦કુસુમવત્ વિ૦ (૨) અ૦ અસંભવિત. ૦ગમન ન૦ આકાશમાં જવું તે. ૦ગંગા સ્ત્રી૦ આકાશમાં રાતે અસંખ્ય ચાંદરણીઓનો જે લાંબો સફેદ, ચળકતો લિસોટો દેખાય છે તે. ૦ગામી વિ૦ આકાશમાં ફરનારું (૨) દિવ્ય. ૦ચલ્લી સ્ત્રી૦ આકાશમાં ઊંચે જવાથી કોઈ મોટી ચીજ ઘણી જ નાની દેખાય છે તે (૨) મદારીની એક રમત (૩) એક પક્ષી. ૦દીપ(–વો) પું૦ માણેકઠારી પૂનમથી દેવદિવાળી સુધી ઝાડ ઉપર કે અગાસીમાં ઊંચા થાંભલા ઉપર લટકાવાતો દીવો (૨) અધ્ધર લટકતો દીવો. ૦પંથ પું૦ આકાશનો માર્ગ. ૦ભાષણ ન૦ આકાશ સામું જોઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરને ઉદ્દેશી કાંઈ બોલવું તે;ઈશ્વરપ્રાર્થના.**૦ભાષિત** ન૦ રંગભૂમિ બહારની કોઈ વ્યક્તિ સાથે જાણે વાત કરતો હોય તે રીતે નટે કરેલી ઉક્તિ. **૦મંડલ(-ળ)** ન૦ પૃથ્વી ઉપરથી દેખાતું આખું આકાશ; ખગોળ. **૦માર્ગ** પું૦ આકાશમાંનો રસ્તો. **૦મુનિ** પું૦ ઊંચું મોઢું રાખી તપ કરનાર (૨) ઊંટ. **૦યાન** ન૦ વિમાન. **૦વલ્લી** સ્ત્રી૦ એક વનસ્પતિ; અમરવેલ. **૦વાણી** સ્ત્રી૦દેવવાણી. **૦વાસી** વિ૦ આકાશમાં રહેનારું (૨) પું૦ દેવ. **૦વેલ** સ્ત્રી૦ આકાશવલ્લી. **૦વૃત્તિ** વિ૦ વરસાદ ઉપર જ જેના જીવનનો આધાર હોય તેવું (૨) સ્ત્રી૦ અસ્થિર પેદાશવાળો ધંધો (૩) ઈશ્વર આપે તે ઉપર ગુજારો કરવો તે. **૦સ્થ** વિ૦ આકાશમાં રહેલું. **૦સ્ફટિક** પું૦ કરા. **-શિકા** સ્ત્રી૦ અગાસી. **-શિયું** વિ૦ જેના પાકનો આધાર વરસાદ ઉપર હોય એવું (૨) ન૦ ઘઉંની એક જાત. **-શી** વિ૦ આકાશનું (૨) દિવ્ય

આકાંક્ષા સ્ત્રી૦[सं.] ઇચ્છા; આશા (૨) [વ્યા.] સાંભળનારને બીજા પદની અપેક્ષા રહે એવી પ્રથમ પદની અપૂર્ણતા. **-ક્ષિત** વિ૦ ઇચ્છેલું. **-ક્ષી** વિ૦ આકાંક્ષા રાખનારું

આકીન પું૦; ન૦ શ્રદ્ધા. **૦દાર** વિ૦ આકીનવાળું

આકીર્ણ વિ૦ [सं.] વ્યાપ્ત; પથરાયેલું (૨) સંકુલ

આકુલ(-ળ) વિ૦ [सं.] અસ્વસ્થ; ગભરાયેલું. **૦તા** સ્ત્રી૦. **૦વ્યાકુલ(-ળ)** વિ૦ ખૂબ ગભરાયેલું

આકુંચન ન૦ [सं.] સંકોચ. **આકુંચિત** વિ૦ સંકુચિત

આકૂત ન૦[सं.] ઇરાદો (૨) નવાજૂની; ખબર

આકૂર ન૦ (કા.) શક્તિ; તાકાત (૨) સ્ફૂર્તિ; ચેતના

આકૂલું ન૦ આકડાનું જીંડવું; આકાદોડી

આકૃત વિ૦[सं.](સમાસમાં) આકારનું. ઉદા૦મકરાકૃતકુંડળ. **-તિ** સ્ત્રી૦ આકાર (૨) મૂર્તિ (૩) રેખાથી દોરેલો આકાર

આકૃષ્ટ વિ૦ [सं.] આકર્ષેલું; ખેંચેલું

આકેબત સ્ત્રી૦ અંત; આખર

આકેલ વિ૦ અક્કલવાળો

આક્રમ પું૦ [सं.]પરાક્રમ(૨)ચડવું તે(૩)પગરણ(૪)આગ્રહ (૫)ધોરણસર ચાલવાનો માર્ગ. **૦ક** વિ૦ આક્રમણ કરનાર. **૦ણ** ન૦ ચડાઈ; હુમલો(૨)પરાક્રમ(૩)ઉત્કર્ષ. **૦ણશીલ**, **૦ણાત્મક** વિ૦આક્રમણ કરવાના સ્વભાવવાળું;‘એગ્રેસિવ’

આક્રંદ ન૦[सं.] રુદન; વિલાપ. **-દિત** વિ૦ આક્રંદ કરતું

આક્રાંત વિ૦[सं.]ઘેરી લીધેલું; જીતી લીધેલું (૨)પગ નીચે વાટેલું (૩) ઓળંગેલું

આક્રોશ પું૦ [सं.] ઘાંટો પાડીને બોલવું-રડવું તે (૨) આક્ષેપ; નિંદા (૩) ગાળ (૪) ઠપકો (૫) શાપ

આક્ષિપ્ત વિ૦ [सं.] નાંખેલું; ફેંકેલું (૨) ઝૂંટવી લીધેલું (૩) મૂંઝાયેલું (૪) નિંદાયેલું (૫)પું૦ સંગીતમાં એક અલંકાર

આક્ષેપ પું૦[सं.]ફેંકવું તે (૨) આરોપ (૩) વાંધો(૪)ઝૂંટવી લેવું તે (૫) નિંદા (૬) એક અલંકાર જેમાં જે કહેવા ધાર્યું હોય તે દેખીતી રીતે ખાઈ જવાય છે યા તેનો નિષેધ થાય છે. (કા.શા.). **૦ક** પું૦ આરોપ મૂકનાર; નિંદક

આક્ષોભ પું૦[सं.] ક્ષોભ [લડી પડવું

આખડવું અ૦ ક્રિ૦ રખડવું (૨) ઠોકર ખાવી; ટિચાવું (૩)

આખડિયું ન૦ ઠોકર ખાઈને પડી જવું તે

આખડી સ્ત્રી૦ બાધા; માનતા

આખર સ્ત્રી૦ અંત (૨) અ૦ અંતે. **૦ઘડી** છેલ્લી ઘડી (૨) મોતનો વખત. **૦મોસમ** સ્ત્રી૦ મોસમનો પાછલો-છેલ્લો ભાગ. **૦સાલ** સ્ત્રી૦ વર્ષનો છેલ્લો ભાગ અથવા વખત (૨) મરણનો વખત. **-રી** વિ૦ આખરનું; અંતિમ. **-રે** અ૦ છેવટે (૨) નિરુપાયે

આખરવું સ૦ ક્રિ૦ અધરકવું. **-ણ** ન૦ મેળવણ; અધરકણ

આખલો પું૦સાંઢ;ખસી ન કરેલો બેલ. **-લિયું** ન૦નાનો બળદ

આખવું સ૦ ક્રિ૦ ભાખવું; કહેવું

આખળ(-ળી) સ્ત્રી૦ પથ્થર ઘડવાની જગા

આખળિયો પું૦ આડણી

આખળી સ્ત્રી૦ જુઓ આખળ

આખંડલ પું૦ [सं.] (સં.) ઇંદ્ર

આખા પું૦બ૦વ૦ અક્ષત; વણભાગેલા ચોખા

આખાડ પું૦+આષાઢ. **૦ભૂતી** વિ૦ અષાઢમાં થયેલું (૨) પું૦ધર્મઢોંગી; ધુતારો. **-ડીલું**, **-ડું** વિ૦, અષાઢને લગતું

આખિયું ન૦ ચામડાની પખાલનું ઉપલું મોં

આખિર સ્ત્રી૦[अ.] આખર; અંત

આખી સ્ત્રી૦ અક્ષત ઉતારવા તે (૨) દાણા વાળવા તે

આખુ પું૦ [सं.] ઉંદર. **૦કણી** સ્ત્રી૦ ઉંદરિયું

આખું વિ૦ભાંગ્યા વિનાનું (૨)પૂરું; બધું; સળંગ. **૦પાખું**, **૦ભાગ્યું** વિ૦ અધુંપધું, અધકચરું. **-ખાખાઉ** વિ૦ ખાઉધરું; લોભિયું. **-ખાબોલું** વિ૦ સાફ વાત કરનારું; કડવાબોલું. **-ખોઘડી**, **-ખોઘડીએ** અ૦ વારંવાર

આખૂન [फा.], **૦જી**, **આખૂંદજી** પું૦ગુરુ; ઉસ્તાદ(૨)અરબી ભાષાનો શિક્ષક [(૨) પું૦ શિકારી (૩) કૂતરો

આખેટ પું૦ [सं.] શિકાર; મૃગયા. **૦ક** વિ૦ શિકાર કરનાર

આખેપ પું૦ સફર (૨) ટેવ; મહાવરો

આખેબ પું૦ કાળજી [સુ.]

આખ્યા સ્ત્રી૦ [सं.] નામ (૨) અટક (૩)નામના (૪)અફવા. **૦ત** વિ૦કહેવાયેલું; વર્ણવાયેલું (૨)[વ્યા.]જેનાં રૂપાખ્યાન કરવામાં આવ્યાં છે તેવું(૩)ન૦ ભાવનું અભિધાન કરનાર પદ; ક્રિયાપદ. **૦તા** પું૦ આખ્યાન કરનાર. **૦તિકી** વિ૦ સ્ત્રી૦ ક્રિયાપદને-ધાતુને લાગતી (વિભક્તિ). **૦ન** ન૦ કથા; વૃત્તાંત. **૦નક** ન૦ ટૂંકું આખ્યાન. **૦નકી** પું૦ એક છંદ. **૦યક** પું૦કહેનાર; કથા કહેનાર(૨)દૂત. **૦યિકા** સ્ત્રી૦કથા; વાર્તા (૨) વંશાવલીનું વર્ણન

આગ સ્ત્રી૦જુઓ અગ્નિ (૨) પું૦આવરો; આવવું તે. **૦ખેલ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પું૦આતસબાજી. ૦ગાડી સ્ત્રી૦રેલગાડી. ૦દાન ન૦અગ્નિપાત્ર; આગિયું (૨) પુણ્યાર્થે અગ્નિસંસ્કાર કરવો વા તેનાં સાધન પૂરાં પાડવાં તે. ૦બોટ સ્ત્રી૦ આગશક્તિથી ચાલતું વહાણ; 'સ્ટીમર'

આગત વિ૦ [सं.] આવેલું. **-તાસ્વાગતા** સ્ત્રી૦ આવેલાનો આદરસત્કાર; પરોણાચાકરી. **-તું** વિ૦ + આવતું

આગમ પું૦[सं.]આગમન; જન્મ (૨) શાસ્ત્ર; ધર્મશાસ્ત્ર (૩) મંત્રશાસ્ત્ર(૪)ખત; દસ્તાવેજ; પુરાવામાં મૂકવા લાયક લેખ (૫) પ્રત્યય. ૦ન ન૦ આવવું તે. ૦નિગમ ન૦ વેદશાસ્ત્ર; શાસ્ત્રો ૦નિર્ગમ પું૦ આવક-જાવક (૨) આયાત અને નિકાસ. ૦રહિત વિ૦લેખિત દાખલા વગરનું(૨) શાસ્ત્રના આધાર વિનાનું. ૦વું અ૦ ક્રિ૦ આવવું.**-માપાયી** વિ૦ આવતું ને જતું; જન્મતું ને મરતું (૨) ક્ષણિક

આગમચ(-જ) અ૦ આગળથી [બોલવાય છે)

આગમણ સ્ત્રી૦ ચૂલાનો આગલો ભાગ(જ્યાં અંગારા કાઢી

આગમજ અ૦ આગમચ

આગમાણું ન૦ દાળભાત

આગરણ સ્ત્રી૦ લુહારની ભઠ્ઠી; કોઢ

આગરવું સ૦ ક્રિ૦ સરખે અંતરે બંધ—પાટા નાખવા

આગરુ પું૦ મોંમાંથી દુર્ગંધ નીકળ્યા કરે એવો એક રોગ

આગરો પું૦ નાણાભીડનો-તંગીનો વખત [પડતું

આગલું વિ૦ પહેલાંનું; અગાઉ બનેલું (૨) મુખ્ય;આગળ-

આગવું વિ૦ ઇલાયદું; પોતીકું

આગવો પું૦ અગ્રણી; ભોમિયો

આગળ અ૦ અગાઉ; પૂર્વે(૨)પાસે; કને (૩) સન્મુખ; સામે (૪) બહાર; જાહેરમાં (૫) ભવિષ્યમાં; હવે પછી. ૦પડતું વિ૦ જાહેરમાં આવતું(૨)મોખરેનું. ૦પાછળ અ૦ આગળ અને પાછળ (સમય ને સ્થળ) (૨) ચારે પાસે. ૦વા અ૦ અગાઉથી. ૦વેડા પું૦બ૦વ૦ વધારેપડતું આગળ પડવું તે

આગળું વિ૦ ચડિયાતું; શ્રેષ્ઠ

આગળો,-ળિયો પું૦ બારણું ઉઘાડવાવાસવાની કળ; ઉલાળો. **-ળી** સ્ત્રી૦ ઉલાળી (૨) મલમની પટી

આગંતુક વિ૦ [सं.] આવી ચડેલું; હંમેશનું નહિ એવું (૨) વગર નોતરે આવેલું (૩) પું૦ અતિથિ (૪) મુસાફર

આગા પું૦[तुर्की] આકા; શેઠ.૦ખાન પું૦(સં.) ખોજાઓનો ધર્મગુરુ. ૦ખાની વિ૦ આગાખાનને લગતું (૨)આગાખાનના ધર્મને અનુસરતું

આગાબાની સ્ત્રી૦ એક જાતનું સુતરાઉ કપડું

આગામી,-મિક વિ૦ [सं.] આવનારું; ભવિષ્યનું

આગાર ન૦[सं.]ઘર; નિવાસસ્થાન (૨) [જૈન] છૂટ; અપવાદ

આગાહી સ્ત્રી૦ [फा.] ભવિષ્યનું સૂચન

આગિયા પું૦ એક પક્ષી

આગિયું વિ૦ આગવાળું(૨) જલદ; તીખું; મિજાજી (૩) ન૦ જુઓ આગદાન(૪)ઊભા મોલે ડંડામાંના દાણા બળી જાય તે રોગ (બહુધા જુવારમાં). **-યાખડક** પું૦જ્વાળામુખી

આગિયો પું૦ ખદ્યોત (૨) જુવાર ઇત્યાદિનો એક રોગ; આગિયું(૩)એક જાતની ધોળી જુવાર(૪)જેને અડકવાથી લાય બળે એવો એક છોડ(૫) [सं.] વૈતાલ

આગુ વિ૦ + આગલું

આગુવો પું૦ આગવો

આગે અ૦[हिं.]આગળ; પૂર્વે. ૦કદમ ન૦, ૦કૂચ સ્ત્રી૦ આગળ ધપવું તે; પ્રગતિ. ૦વાન વિ૦ આગળ ચાલનાર (૨) પું૦ નેતા; સરદાર. ૦વાની સ્ત્રી૦ આગેવાનપણું. **-ગોતર(-રું)** વિ૦ શરૂઆતનું; પહેલાંનું (૨) પાસેનું

આગોપીછો પું૦ અંગરખાનો આગલો તથા પાછલો ભાગ

આગ્નિક વિ૦ [सं.] અગ્નિને લગતું (૨) યજ્ઞને લગતું

આગ્નેય વિ૦ [सं.] અગ્નિનું; અગ્નિ વિષેનું (૨) અગ્નિકોણ સંબંધી.**-યાસ્ત્ર** ન૦ અગ્નિ વડે જેનો ઉપયોગ થાય તેવાં હથિયારો-તોપ, બંદૂક ઇ૦ [પાકની આહુતિ

આગ્રયણ પું૦[सं.]યજ્ઞકાલ(૨)ન૦ વર્ષાઋતુને અંતે પહેલા

આગ્રહ પું૦ [सं.] ધાર્યું કરવાની વૃત્તિ; ખંત; નિશ્ચય (૨) હઠ; જિદ;મમત (૩) ઘણી વિનંતી. **-હી** વિ૦ આગ્રહવાળું; નિશ્ચયી; હઠીલું

આગ્રહાયણ પું૦ [सं.] માગશર; અગ્રહાયણ

આઘટક પું૦ એક વનસ્પતિ; ઝીપટો

આઘડું વિ૦ આઘું

આઘરો પું૦ + આગ્રહ

આઘાત પું૦ [सं.] પ્રહાર; ફટકો (૨) અવાજ થાય એવી રીતે અથડાવું તે(૩) દુઃખની તીવ્ર લાગણી. ૦ક વિ૦ આઘાત પહોંચાડે એવું (૨) પું૦ મારો; ખૂની

આઘું વિ૦ દૂર; છેટું. ૦પાછું વિ૦ અહીંતહીં—આસપાસ ક્યાંક હોય એવું (૨) [લા.] નજરે ન પડે તેવું (૩) ખરુંખોટું. **-ઘે** અ૦ દૂર; વેગળે. **-ઘેરું** વિ૦ આઘું (પ.)

આઘૂડો પું૦ છોકરાંની એક રમત

આઘૂર્ણ વિ૦[सं.] ઘૂમતું;ફરતું. ૦માન વિ૦ચકરચકર ફરતું

આઘોષક વિ૦ [सं.] ઘોષણા કરનારું

આઘ્રાણ ન૦ [सं.] સૂંઘવું તે (૨) સંતોષ

આચકવું સ૦ક્રિ૦ ખેંચવું; આચકા સાથે લઈ લેવું

આચકી સ્ત્રી૦ આંચકી; તાણ. **-કો** પું૦ આંચકો; ધક્કો (૨) [લા.] સંકોચ; આનાકાની (૩) ધ્રાસકો (૪) ખોટ

આચમન ન૦[सं.] જમણી હથેળીમાં થોડું પાણી લઈ પી જવું તે (૨) પ્રવાહી પ્રસાદ. **-ની** સ્ત્રી૦ આચમન માટેની ચમચી. **-વું** વિ૦ આચમન કરવું

આચરકૂચર વિ૦ પરચરણ (૨) ન૦ પરચૂરણ ખાવાનું; કાચુંકોરું (૩) પરચરણ સરસામાન

આચરણ ન૦ [सं.] ચાલચલગત;વર્તણૂક (૨) ચરિત્ર; લક્ષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) વ્યવહાર; અમલ. **-ણીય** વિ૦ આચરવા યોગ્ય. **-વું** સ૦ક્રિ૦ કરવું; પાળવું (૨) અ૦ક્રિ૦ વર્તવું; ચાલવું

આચાર પું૦ [સં.] આચરણ; વર્તન (૨) સદાચરણ (૩) વિધિ; સંસ્કાર (૪) ધર્મશાસ્ત્રમાં કહેલા આચરણના નિયમો (૫) શિષ્ટ સંપ્રદાય; રૂઢિ; રિવાજ. **૦જડ** વિ૦ જડની પેઠે વિચાર વિના માત્ર આચારને વળગી રહેતું (૨) આચારને વળગી રહીને વિચારશૂન્ય બનેલું. **૦ભ્રષ્ટ** વિ૦ આચારથી ભ્રષ્ટ; પતિત. **૦વિચાર** પું૦બ૦વ૦ વર્તન અને વિવેક (૨) ધાર્મિક રીતરિવાજ અને માન્યતાઓ. **૦શુદ્ધિ** સ્ત્રી૦ આચારની શુદ્ધતા—ધર્મ પ્રમાણે હોવું તે. **૦સૂત્ર** ન૦ આચારનો પ્રધાન નિયમ. **-રાગ્રહ** પું૦ આચારનો આગ્રહ. **-રાગ્રહી** વિ૦ આચારનું આગ્રહી. **-રી** વિ૦ આચાર પાળનારું -ચુસ્ત

આચારજ(-જી) પું૦ + આચાર્યજી

આચાર્ય પું૦ [સં.] ધર્મ-સંપ્રદાય ચલાવનાર; ધર્માધ્યક્ષ (૨) વેદાદિ વિદ્યા શીખવનાર (૩) મંત્રોપદેશ કરનાર; ધર્મ-ગુરુ (૪) મુખ્ય શિક્ષક; 'પ્રિન્સિપાલ' (૫) ગોર (૬) વિદ્વાન

આચ્છાદક વિ૦ [સં.] ઢાંકનાર; સંતાડનાર. **-ન** ન૦ ઓઢવાનું કે ઢાંકવાનું જે હોય તે (ચાદર, છાપરું, ચંદરવો ઇત્યાદિ (૨) સંતાડવું તે. **-વું** સ૦ક્રિ૦ ઢાંકવું

આચ્છાદિત વિ૦ [સં.] છવાયેલું; ઢંકાયેલું; સંતાડેલું [પણું

આછ સ્ત્રી૦ ઓછાપણું (૨) છાશનું પાણી; પરાછ (૩) પાતળા-

આછકલું વિ૦ છીછરા મનનું; નાદાન (૨) મોટાઈ ન જીરવી શકનારું; ફૂલણજી. **-લાઈ** સ્ત્રી૦, **-લાપણું** ન૦, **-લાવેડા** પું૦બ૦વ૦ આછકલું વર્તન

આછટવું સ૦ક્રિ૦ ખંખેરવું (૨) પછાડવું

આછણલૂછણ ન૦ ટાપટીપ; વરણાગિયાપણું

આછર પું૦ પોશાક (૨) પાથરણું; આસન (૩) સ્ત્રી૦ ગધેડાની ગૂણ નીચેની ગાદી. **-રિયું** ન૦ પાથરણું (૨) ગધેડાની આછર

આછરવું અ૦ક્રિ૦ ઓસરવું (૨) નરમ પડવું (૩) પાથરવું

આછીગરું વિ૦ મલાક્કા પાસેના 'આછી' નગરનું (સોપારી)

આછું વિ૦ છૂટું છૂટું; પાંખું (૨) થોડું; ઓછું (૩) પાતળું; છેક ઝીણું (૪) ઝાંખું. **૦પાતળું** વિ૦ થોડું ઘણું. **-છેરું** વિ૦ આછું (પ.). **-છોતરું** વિ૦ ઘણું જ આછું; સ્વલ્પ

આજ અ૦ આજે; ચાલુ દિવસે (૨) સ્ત્રી૦. આજનો દિવસ. **૦કાલ** અ૦ આજે અથવા કાલે; થોડા વખતમાં (૨) હમણાં; હાલ. **-જૂકું** વિ૦ આજનું. **-જે** અ૦ આજ

આજન્મ અ૦ [સં.] જન્મથી જ (૨) જિંદગીભર. **-ન્માંત** અ૦ જન્મથી માંડીને મરણ સુધી; જીવનભર

આજમ વિ૦ [ફા.] મોટું (૨) માનનીય

આજાન(-નુ)બાહુ, આજાન(-નુ)ભુજ વિ૦ ઢીંચણ સુધી પહોંચે તેવા લાંબા હાથવાળું [દરદી; રોગી

આજાર પું૦ [ફા.] મંદવાડ (૨) ઉપદ્રવ; મરજ. **-રી** વિ૦

આજી સ્ત્રી૦ માની મા. **-જા** [માનાર્થે], **-જો** પું૦ માનો બાપ

આજીજી સ્ત્રી૦ [અ.] કાલાવાલા; આગ્રહભરી વિનંતી

આજીવક પું૦ [સં.] (સં.) મહાવીરનો પ્રતિસ્પર્ધી ગોશાલક (૨) એનો સંપ્રદાય (૩) [લા.] ઢોંગી સંન્યાસી.

આજીવન વિ૦ [સં.] જીવન પર્યંતનું (૨) અ૦ જીવન પર્યંત

આજીવિકા સ્ત્રી૦ [સં.] ગુજરાન (૨) ગુજરાનનું સાધન

આજુ(-જૂ)બાજુ(-જૂ) અ૦ આસપાસ; ચારે બાજુ

આજૂકું વિ૦ આજનું [આસો સુદિ એકમ

આજો પું૦ માનો બાપ. **૦પડવો** તેનું શ્રાદ્ધ કરવાનો દિવસ;

આજોકાજો પું૦ એક જાતની ઔષધિ

આજ્ઞા સ્ત્રી૦ [સં.] હુકમ. **૦કર** વિ૦ હુકમ આપનારું. **૦કારિતા** સ્ત્રી૦, **૦કારિત્વ** ન૦ આજ્ઞાકારી હોવું તે. **૦કારી** વિ૦ આજ્ઞા પ્રમાણે વર્તનારું; આજ્ઞાંકિત. **૦ચક્ર** ન૦ તંત્ર-શાસ્ત્રમાં વર્ણવેલાં છ ચક્રોમાંનું એક; એક તાંત્રિક ચક્ર કે આકૃતિ. **૦ધારક, ૦ધારી** વિ૦ આજ્ઞા માથે ચડાવનાર; આજ્ઞાકારી. **૦ધીન** વિ૦ આજ્ઞાને આધીન; આજ્ઞા પ્રમાણે જ વર્તનારું. **૦ધીનતા** સ્ત્રી૦. **૦નુયાયી, ૦નુવર્તી** વિ૦ આજ્ઞા પ્રમાણે વર્તનાર. **૦નુસાર** અ૦ આજ્ઞા અનુસાર-પ્રમાણે. **૦નુસારી** વિ૦ આજ્ઞા પ્રમાણે વર્તનાર. **૦પક** વિ૦ આજ્ઞા કરનાર. **૦પન** ન૦ હુકમ; ફરમાન. **૦પત્ર** ન૦ રાજાનો લેખી હુકમ કે તેનો કાગળ (૨) હુકમનામું. **૦પત્રિકા** સ્ત્રી૦ આજ્ઞાપત્ર (૨) સરકારી 'ગેઝેટ'. **૦પાલક** વિ૦ આજ્ઞાનું પાલન કરનાર. **૦ર્થ** પું૦ આજ્ઞાનો અર્થ-ક્રિયાપદના રૂપમાંથી આજ્ઞાનો અર્થ નીકળવો તે (વ્યા.). **૦ર્થક** વિ૦ [વ્યા.] આજ્ઞાર્થનું; -ને લગતું. **૦વર્તી** વિ૦ આજ્ઞાનુસારી. **-જ્ઞાંકિત** વિ૦ આજ્ઞા પ્રમાણે વર્તનારું; તાબેદાર

આજ્ય ન૦ [સં.] ઘી (૨) યજ્ઞદ્રવ્ય

આઝા સ્ત્રી૦ ઈજા

આઝાદ વિ૦ [ફા.] સ્વતંત્ર. **-દી** સ્ત્રી૦ સ્વતંત્રતા

આઝો પું૦ + વિશ્વાસ (૨) હિંમત

આટ પું૦ વણકરનું એક ઓજાર (૨) સ્ત્રી૦ ઉપર મૂકેલું વાસણ પડી ન જાય એવી છાણાંની ગોઠવણ (૩) [વ્યા.] ક્રિ૦ પરથી નામ બનાવતો એક પ્રત્યય. ઉદા૦ મરડાટ; ઠોકાટ

આટઆટલું વિ૦ આટલું આટલું; આટલું બધું

આટ(-ડ)કાટ પું૦ સાગ સિવાયનું બીજું લાકડું

આટલાંટિક પું૦ [ઇં.] (સં.) એક મહાસાગર

આટલું વિ૦ અમુક દેખાડેલા પ્રમાણ જેટલું

આટવું સ૦ક્રિ૦ છૂંદી ગૂંદી એકરસ કરવું (૨) [વ્યા.] નામ કે ક્રિ૦ને લાગતાં 'વારંવાર થવાપણું'ના અર્થનું ક્રિ૦ બનાવે છે. ઉદા૦ 'ડાંગાટવું'; 'ગોખાટવું''

આટવિક પું૦ [સં.] જંગલનો માણસ

આટાપાટા પું૦બ૦વ૦ એક રમત

આટાર સ્ત્રી૦ (ક.) રેતી

આટિયાંપાટિયાં ન૦ બ૦ વ૦ એક રમત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટિયું ન૦ઘંટીમાંથી આટો—લોટ વાળવાનું લૂગડું અથવા નાળિયેરનું છોડું [સમાવેશ થાય તે

આટીકીટી સ્ત્રી૦(કા.)ઘરમાંની ઝીણામાં ઝીણી વસ્તુનો જેમાં

આટો પું૦ લોટ (૨) ભૂકો. **–ટાપાણી** ન૦બ૦વ૦, ૦**પાણી** ન૦ લોટ અને પાણી; ખોરાક (૨) આજીવિકાનાં સાધન; કમાણી(૩)નસીબ; દાણોપાણી. **–ટાલૂણ** ન૦ લૂણધાણી

આટોપ પું૦[સં.] આડંબર (૨) જુઓ 'અટોપ'

આટોપવું સ૦ ક્રિ૦ એકઠું કરવું; સંકેલવું (૨) પૂરું કરવું; પતાવવું (૩) બંધ કરવું

આઠ વિ૦ ૮. ૦**આની** સ્ત્રી૦અડધા રૂપિયાની કિંમતનો સિક્કો. ૦**ડો** પું૦આઠનો આંકડો(૨)વણતી વેળા તાણી ખેંચાયેલી રહે તે સારુ કરાતો બંધ. ૦**પેજી** વિ૦ આઠ પૃષ્ઠ જેટલા કદનું; 'ઓક્ટેવો'. ૦**મ** સ્ત્રી૦પખવાડિયાની આઠમી તિથિ. **–ઠા** પું૦બ૦વ૦ આઠનો ઘડિયો. **–ઠિયા** પું૦બ૦વ૦ આઠ ઠેકાવાળો રાસનો પ્રકાર. **–ઠું** ન૦આઠનો સમૂહ(આંકમાં). **–ઠેજામ** અ૦આઠે પહોર; આખો દહાડો (૨) બારે માસ; હમેશ. **–ઠો** પું૦ અષ્ટક

આઠણું ન૦ દોરડું ભાગતાં વળ દેવાનું ઓજાર; અઠવાડું

આઠિયું વિ૦ ઠગ; લુચ્ચું

આઠી સ્ત્રી૦ એક ઘરેણું (૨) એક રમત

આઠોઠ(–ઢ) વિ૦ જુઓ આઠોઢ [એકઠી કરેલી જુવાર

આઠોડ સ્ત્રી૦છોડ પર ઊભાં કણસલાં ખંખેરી (કાપીને નહિ)

આઠોઢ વિ૦ વ્યાપી ગયેલું; ઓતપ્રોત

આડ સ્ત્રી૦બેની આડે–વચ્ચે હોવું તે, કે જે હોય તે વસ્તુ(૨) પ્રતિબંધ; હરકત(૩)આડાઈ; હઠ(૪)આડું તિલક; ૧૫ચળ (૫)'ગૌણ' અર્થ બતાવતો,'ઉપ' જેવો પૂર્વગ. ઉદા૦ આડકથા. ૦**કતરાતું** વિ૦ જરા કતરાતું–વાંકું જતું. ૦**કતરું** વિ૦ વાંકુંચૂકું (૨) પરોક્ષ; અપ્રત્યક્ષ. ૦**કથા** સ્ત્રી૦ વાતમાં આવતી બીજી વાત; ઉપકથા (૨) વાત કરતાં વિષયાંતર કરવું તે. ૦**કાટ(–ઠ)** પું૦; ન૦ આટકાટ. ૦**ખરચ**, ૦**ખર્ચ** ન૦ સામાન્ય ખર્ચ ઉપરાંતનું બીજું આડુંઅવળું ખર્ચ. ૦**ખીલ(–લી)** સ્ત્રી૦, ૦**ખીલો** પું૦ વિઘ્ન (૨) આગળી. ૦**ગીરો** પું૦ ગીરવાયેલી વસ્તુ ફરી ગીરવવી તે. ૦**ઘરેણે** અ૦ આડગીરો તરીકે. ૦**ઘોડો** પું૦ રોઝ (૨) નાનો ઘોડો; ટટ્ટુ. ૦**ચ** સ્ત્રી૦ આડ ૧ જુઓ. ૦**ચૌતાલ** પું૦ સંગીતનો એક તાલ. ૦**તાળો** પું૦ ઊલટી રીતે જવાબ મેળવી જોવો તે. ૦**ત્રાંસું** વિ૦ આડું અને ત્રાંસું. ૦**દાવો** પું૦ સામો દાવો. ૦**ધંધો** પું૦ ગૌણ ધંધો. ૦**નામ** ન૦ અડક; ઉપનામ. ૦**પડદો** પું૦ અંતરપટ (૨) લાજ. ૦**પાસું(–સે)** અ૦ એક બાજુએ. ૦**ફેટિયું**, ૦**ફેટું** વિ૦ અવળું; માર્ગ બહારનું. ૦**બંધ** પું૦ બાવા લોકો માલકાંકણી કે બીજા કોઈ વેલાનો કંદોરો પહેરે છે તે. ૦**ભીંત** સ્ત્રી૦ વચમાં ચણેલી ભીંત; બારણાની સામે ચણેલી પડદાની દીવાલ. ૦**ભીંતિયું** ન૦ ભીંતની જોડે ભીંત ભરી લઈને બનાવેલો ગુપ્ત કોઠાર–ભંડાર; પડભીંતિયું. ૦**રસ્તો** પું૦ રાજમાર્ગ નહિ તેવો રસ્તો; ગલીકૂચીનો રસ્તો (૨) આડો–ખોટો રસ્તો. ૦**શેરી** સ્ત્રી૦નાની ગલી. ૦**સર** પું૦; સ્ત્રી૦;ન૦ પાણી અટકાવવાની પાળ–ભીંત(૨)આડી પાટડી; મોભ. ૦**સાલ** સ્ત્રી૦એકાંતરું વર્ષ. ૦**સોડ** સ્ત્રી૦, ૦**સોડિયું** ન૦ સોડમાં ઘાલવાની ચાદર (૨) છાતીની આડે આવે એમ કપડું ઓઢવાની રીત. ૦**હથિયાર** ન૦ હથિયારને અભાવે બીજું જે કાંઈ હથિયાર તરીકે કામ આવે તે

આડણી સ્ત્રી૦ રોટલી ઇત્યાદિ વણવાની ત્રિપાઈ; આખળિયો

આડત સ્ત્રી૦માલેકના વતી કામ કરવું તે(૨)હકસાઈ; દલાલી. **–તિયો** પું૦ પ્રતિનિધિ; દલાલ; 'એજન્ટ'

આડત્રીસ વિ૦ ૩૮

આડલું ન૦ આઠણું

આડશ સ્ત્રી૦ આંતરો; પડદો; ભીંત

આડંબર પું૦ [સં.] લાંબુંપહોળું છવાઈ રહેલું તે; ખટાટોપ (૨)ઠાઠ; દબદબો (૩) ખોટો ડોળ (૪) અહંકાર. **–રી** વિ૦ આડંબરવાળું

આડાઝૂડ વિ૦ આડુંઅવળું પથરાયેલું; ગીચ

આડામોઈ વિ૦સ્ત્રી૦ હઠીલી; જિદ્દી

આડિયાકરસણ સ્ત્રી૦ એક વનસ્પતિ; તનમનિયું

આડિયું ન૦ કરવત (૨) કપાળમાં આડ કરવાનું બીબું(૩) લીંટ કાઢવાને બદલે ગંદાં છોકરાં આડો લપેડો કરે છે તે

આડિલ્લ પું૦કફદોષથી પહોળો ઉચ્ચારાતો મંદ્ર કે મધ્યસ્વર

આડી સ્ત્રી૦આડે મૂકવાની વસ્તુ(૨)આડસરથી પાતળું લાકડું (૩) બાધા; આખડી (૪) હઠ (૫) સીમા (૬)કુસ્તીનો એક દાવ (૭) આડ; આડું તિલક

આડીતર સ્ત્રી૦ હોડી વડે નદી વગેરેના પાર જવું તે

આડીવાડી સ્ત્રી૦ કુટુંબકબીલો

આડું વિ૦ સીધું નહિ તેવું (૨) ઊભું નહિ તેવું (૩) વચ્ચે પડ્યું હોય તેવું (૪) હઠીલું (૫) વાંધાખોરિયું (૬) પરોક્ષ (૭) ખોટું; વાંકું (૮) અ૦ આડી બાજુએ (૯) ન૦ગાડાનું ખલવું (૧૦) મેલું; ભૂત ઇત્યાદિ. **–ડાઈ** સ્ત્રી૦ વાંકાપણું; વિરુદ્ધતા(૨)હઠ; દુરાગ્રહ. **–ડાબોલું** વિ૦વાંકાબોલું; ખોટાબોલું. ૦**અવળું** વિ૦ (૨) અ૦ આડું ને અવળું; ઊંધુંચતું (૨)ખરુંખોટું; જૂઠું. ૦**ઊભું** વિ૦આડું અને ઊભું; લાંબું ને ઊભું. ૦**ટે(–તે)ડું** વિ૦(૨) અ૦ આડુંઅવળું; વાંકુંચૂકું; ઊલટુંસૂલટું. ૦**દોઢું** વિ૦આડુંઅવળું; ઊંધુંચતું(૨)ન૦તેવી વાત. **–ડે** અ૦વચમાં (૨)સામે; વિરુદ્ધમાં. **–ડે દહાડે** અ૦અમુક દિવસ સિવાય બીજે કોઈ વખતે(૨) ટાણા કે તહેવાર સિવાયના હરકોઈ દિવસે

આડેધડ(–ડે) અ૦ ધડો રાખ્યા વિના; જેમ આવે એમ

આડો પું૦ અટકાવ; વિરોધ (૨) હઠ; આડાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આડો આંક પું૦ સીમા; અવધિ

આડો ખોબો પું૦ અડધો ખોબો; પોશ

આડોડાઈ સ્ત્રી૦ (કા.) જુઓ આડાઈ

આડોડિયો પું૦ એક જંગલી જાતનો માણસ

આડોધડ વિ૦ સાવ આડું–નિયમ બહારનું

આડોપું ન૦ (કા.) કોઈના કામમાં મદદ કરવી તે (૨)આડ-કતરી સૂચનાથી અમુકની વતી કામ કરી આપવું તે

આડોશપાડોશ પું૦અડોશપડોશ;આસપાસનો રહેઠાણનો ભાગ–લત્તો (૨) આસપાસ રહેનારાઓનો સમૂહ; આસ-પાસનો વસવાટ

આડોશીપાડોશી પું૦; ન૦ આડોશપાડોશમાં રહેનારું તે

આઢ પું૦ ઢગલો (૨) પૂંજી (૩) રસોઈ માટે કરેલો છાણાંના કકડાનો ઢગલો [માપ

આઢક પું૦;ન૦[सं.] આઠ શેર અનાજ માય તેવડું લાકડાનું

આઢક સ્ત્રી૦ તુવેર

આઢલું અ૦ ક્રિ૦ ચરવા–રખડવા જવું

આઢિયો પું૦ રૂની વખાર રાખનાર વેપારી (૨) ગોવાળિયો

આઢ્ય વિ૦[सं.]ધનવાન (૨) ભરપૂર. ઉદા૦ 'ગુણાઢ્ય'

આણ પ્રત્યય: ક્રિ૦ પરથી ન૦ બનાવે. ઉદા૦ જોડાણ; લખાણ

આણ સ્ત્રી૦ આજ્ઞા; દુવાઈ(૨) મનાઈ; શપથ (૩) ઢંઢેરો. ૦દાણ સ્ત્રી૦ દાણ–કર વસૂલ કરવાની સત્તા(૨)અધિકાર

આણપાણ સ્ત્રી૦ આના, પા આનો ઇત્યાદિ દર્શાવનારી આડી ઊભી લીટીઓ. ઉદા૦ ૦।≈।।।

આણવું સ૦ક્રિ૦ દૂરથી લાવવું; જઈને લાવવું

આણંદ પું૦ + આનંદ. –દી વિ૦ + આનંદી

આણંદકંકણ ન૦, **આણંદદોરો** પું૦ +અનંતદોરો

આણાઆણ સ્ત્રી૦ ઉપરાઉપરી — બધેથી આણ્યા કરવું તે

આણી સ્ત્રીલિંગનો એક પ્રત્યય. ઉદા૦ ગોર–ગોરાણી

આણી સ૦+ આ. **૦આણી** સ૦+ આ,આ. **૦કોર**,**૦ગમ**, **૦તરફ**,**૦પા**, **૦પાસ**, **૦બાજુ**, **૦મગ** અ૦ આ બાજુ. **૦પાર** અ૦ આ પાર કે બાજુ. **૦પેર** અ૦ આ રીતે

આણું ન૦ પિયરથી વહુને આણવી તે; તેડું; (૨) કન્યાને સાસરે વળાવતાં કરાતી રીત;કરિયાવર.**–ણાસુખડી** સ્ત્રી૦ આણા વખતે અપાતી મીઠાઈ વગેરેની ભેટ

આતતાયી વિ૦ [सं.] મહાપાપી (૨) ખૂની

આતપ પું૦ [सं.] તાપ. **૦ત્ર** ન૦ છત્તર; છત્રી

આતમ પું૦ આતમા; આત્મા (પ.). **૦તા** સ્ત્રી૦ આત્મતા (પ.). **૦મૂળી** સ્ત્રી૦ એક ઔષધિ; ધમાસો. **૦શલ્ય** ન૦ એક વનસ્પતિ; શતાવરી. **–મા** પું૦ (પ.) આત્મા

આતર્પણ ન૦ [सं.] ખુશ કરવું તે (૨) સંતુષ્ટ કરવું તે (૩) ઉત્સવને દિવસે લીંપવું તે

આતવાર પું૦ આદિત્યવાર; રવિવાર

આતશ(–સ) પું૦ [फा.] અગ્નિ (૨) બળતરા (૩) ક્રોધ. **૦પરસ્ત** વિ૦ અગ્નિપૂજક (૨) પું૦ પારસી. **૦બહેરામ** પું૦ પારસીઓની અગિયારી. **૦બાજી** સ્ત્રી૦ દારૂખાનું ફોડવાની વિવિધ બનાવટો; આગખેલ. **–શિ(–સિ)યું** વિ૦ આતશ–અગ્નિના રંગનું. **–શિ(–સિ)યો** પું૦ આગિયો. **–શી(–સી)** વિ૦ અગ્નિયુક્ત; ગરમ (૨) ગરમ સ્વભાવનું (૩) સખત આગ સહન કરી શકે તેવી (શીશી)

આતંક પું૦ [सं.] વ્યાધિ; રોગ

આતાજી પું૦ દાદાજી

આતાપ પું૦ + આતપ; તડકો (૨) ઘામ; બફારો

આતિથ્ય ન૦[सं.] પરોણાચાકરી. **૦શીલ** વિ૦ તે કરે એવું

આતિવાહિક વિ૦[सं.]સૂક્ષ્મ શરીરને પરલોક લઈ જવાના કામમાં નિમાયેલું(૨)ન૦પવન કરતાં પણ વિશેષ ત્વરિત ગતિવાળું સૂક્ષ્મ શરીર (સાંખ્ય)

આતી(–થી)પોતી(–થી) સ્ત્રી૦ પૂંજી

આતુર વિ૦ [सं.]–થી પીડાતું; દુઃખી(૨)અધીરું;આકળું (૩)ઉત્સુક. **૦તા** સ્ત્રી૦, **૦પણું** ન૦. **૦સંન્યાસ** પું૦ મરતી વખતે લીધેલો સંન્યાસ

આતો પું૦આત્મા જેવો પ્રિય પુત્ર(૨) પાટવી પુત્ર(૩) દાદો

આત્મ [सं.] તત્પુરુષ સમાસના પૂર્વપદ તરીકે 'આત્મા' કે 'પોતાની જાત' એવા અર્થમાં આવે. **૦ઓળખ** સ્ત્રી૦ આત્મજ્ઞાન (૨) પોતાની ઓળખ. **૦કથા** સ્ત્રી૦ પોતાની જીવનકથા. **૦કારાગૃહ** ન૦ આત્માનું કારાગૃહ–શરીર. **૦કૃત**વિ૦જાતે કરેલું.**૦કૌતુક** ન૦પોતા વિષેનું પ્રશંસાપૂર્ણ આશ્ચર્ય. **૦ખ્યાતિ** સ્ત્રી૦ પોતાની ખ્યાતિ—કીર્તિ (૨) બધે આત્મતત્ત્વનું ભાન થવું તે. **૦ગત** વિ૦ મનમાંનું(૨) અ૦ સ્વગત. **૦ગતિ** સ્ત્રી૦ આત્માની મરણ પછીની દશા. **૦ગુણ** પું૦ આત્મા કે પોતાનો ગુણ. **૦ગુપ્ત** વિ૦આત્મ-સંયમી. **૦ગુપ્તિ** સ્ત્રી૦ આત્મસંયમ. **૦ગુરુ** પું૦પોતે જ પોતાનો ગુરુ. **૦ગૌરવ** ન૦ આત્માનું કે પોતાનું ગૌરવ. **૦ઘાત** પું૦ આપઘાત. **૦ઘાતક(–કી)**, **૦ઘાતી** વિ૦ આત્મઘાત કરનારું.**૦ચરિત્ર** ન૦આત્મકથા.**૦ચિંતન** ન૦ આત્માનું ચિંતન. **૦ચિંતા** સ્ત્રી૦ પોતાની જાતની ચિંતા. **૦છિદ્ર** ન૦ પોતાનું છિદ્ર–ખોડ–દોષ. **૦જ(–જાત)** વિ૦ પોતામાં કે પોતાનાથી ઊપજેલું (૨) પું૦ પુત્ર (૩)કામદેવ. **૦જન** પું૦; ન૦ સ્વજન. **૦જા** વિ૦ સ્ત્રી૦ પોતામાંથી — પોતાનાથી ઉત્પન્ન થયેલી (પુત્રી) (૨) સ્ત્રી૦ બુદ્ધિ. **૦જાત** વિ૦ (૨) પું૦ જુઓ આત્મજ.**૦જિજ્ઞાસા** સ્ત્રી૦આત્માનું સ્વરૂપ જાણવાની ઇચ્છા. **૦જિજ્ઞાસુ** સ્ત્રી૦ આત્માને જાણવાની ઇચ્છાવાળું. **૦જીવન** ન૦ પોતાનું જીવન. **૦જુગુપ્સા** ન૦ પોતાના પર જુગુપ્સા–અણગમો થવો તે. **૦જેતા** વિ૦ આત્મા પર–પોતા ઉપર વિજય મેળવનાર. **૦જ્ઞ** વિ૦ આત્મજ્ઞાની. **૦જ્ઞાન** ન૦ પોતાના સંબંધી જ્ઞાન (૨) અધ્યાત્મજ્ઞાન; આત્માનો સાક્ષાત્કાર. **૦જ્ઞાની** વિ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મજ્ઞાનવાળું. ૦તત્ત્વ ન૦ આત્મારૂપી તત્ત્વ–પદાર્થ (૨) આત્માનું તત્ત્વ–સત્ય–રહસ્ય. ૦તત્ત્વવિદ્યા સ્ત્રી૦ આત્માના સત્ય સ્વરૂપની વિદ્યા; અધ્યાત્મશાસ્ત્ર. ૦તર્પણ ન૦ આત્માને જલાંજલિ આપવી તે. ૦તુલ્ય વિ૦ જાતના જેવું; પોતાની સમાન. ૦તુષ્ટિ સ્ત્રી૦ આત્મસંતોષ. ૦તૃપ્ત વિ૦ અનાત્મ વસ્તુઓ તરફનો મોહ દૂર થઈ આત્માના આનંદમાં તૃપ્ત થયેલું. ૦તૃપ્તિ સ્ત્રી૦ આત્મતૃપ્ત થવું તે. ૦ત્યાગ પું૦ સ્વાર્થત્યાગ (૨) આપઘાત. ૦ત્યાગી વિ૦ આત્મત્યાગ કરનારું. ૦ત્યાગિની વિ૦ સ્ત્રી૦ આત્મત્યાગ કરનારી. ૦ત્વ ન૦ પોતાપણું; સ્વત્વ. ૦દમન ન૦ પોતાની વાસનાઓનું દમન. ૦દર્શન ન૦ આત્મસાક્ષાત્કાર; આત્મજ્ઞાન. ૦દર્શી વિ૦ આત્મદર્શન કરનારું. ૦દાન ન૦ સ્વાર્પણ; આત્મત્યાગ. ૦દ્રોહ પું૦ પોતાની જાતનો દ્રોહ; પોતાની જાતને હાનિ પહોંચાડવી તે. ૦દ્રોહી વિ૦ આત્મદ્રોહ કરનારું. ૦ધર્મ પું૦ આત્માનો ધર્મ-ગુણ-સ્વભાવ. ૦નિગ્રહ પું૦ પોતાની વાસનાઓનો નિગ્રહ–સંયમ. ૦નિમગ્ન વિ૦ આત્મરત. ૦નિમજ્જન ન૦ આત્મામાં ડૂબકી મારવી તે. ૦નિરીક્ષણ ન૦ પોતાની જાતનું નિરીક્ષણ. ૦નિર્ણય પું૦ પોતે જાતે કરવાનો કે કરેલો નિર્ણય. ૦નિવેદન ન૦ પોતાની જાતને તથા પોતાનું બધું ઇશ્વરનાં ચરણોમાં સમર્પી દેવું તે; ભક્તિના નવ પ્રકારોમાંનો એક (૨) પોતાની તરફનો ખુલાસો. ૦નિવેદી વિ૦ પોતાની જાત (ઇષ્ટદેવને) અર્પણ કરનારું (૨) પોતાનો ખોરાક જાતે રાંધી લેવાના નિયમવાળું. ૦નિષ્ઠ વિ૦ આત્મામાં જ નિષ્ઠાવાળું; આત્મરત. ૦નિષ્ઠા સ્ત્રી૦ આત્મામાં નિષ્ઠા. ૦નિંદા સ્ત્રી૦ પોતાની જાતને નિંદવી તે. ૦પરાજિત વિ૦ આત્માને ખોઈ બેઠેલો. ૦પરિતાપ ન૦ અંતરનો પશ્ચાત્તાપ. ૦પરીક્ષક વિ૦ (૨) પું૦ આત્મપરીક્ષણ કરનાર. ૦પરીક્ષણ ન૦ આત્મપરીક્ષા કરવી તે. ૦પરીક્ષા સ્ત્રી૦ પોતાની જાતની પરીક્ષા. ૦પ્રકાશ પું૦ અંતરના ભાવોને વ્યક્ત કરવા તે (૨) આત્માનું તેજ. ૦પ્રતિષ્ઠા સ્ત્રી૦ સ્વમાન. ૦પ્રત્યય પું૦, ૦પ્રતીતિ સ્ત્રી૦ જાતને ખાતરી થવી તે; આત્મવિશ્વાસ. ૦પ્રબોધ પું૦ આત્મજ્ઞાન (૨) આત્મભાન. ૦પ્રવણ વિ૦ આત્મનિષ્ઠ. ૦પ્રશંસા સ્ત્રી૦ પોતાની જાતનાં વખાણ. ૦પ્રીતિ સ્ત્રી૦ પોતા વિષેની પ્રીતિ. ૦બલ(–ળ) ન૦ આત્માનું બળ; મનનું કે હૃદયનું બળ. ૦બુદ્ધિ સ્ત્રી૦ પોતાની સ્વતંત્ર સમજણ (૨) પોતાપણાની બુદ્ધિ (૩) મતલબિયાપણું. ૦બોધ પું૦ આત્મજ્ઞાન (૨) જાતને–જીવને ઉપદેશ. ૦બંધુ પું૦ પોતીકું–એક લોહીનું સગું (મામા, માશી કે ફોઈનો દીકરો). ૦ભાન ન૦ પોતાની જાતનું ભાન–જ્ઞાન. ૦ભાવ પું૦ ગર્વ; હુંપદ (૨) પોતાના રક્ષણ અને ઉન્નતિની ઇચ્છા (૩) આત્મભાવના. ૦ભાવના સ્ત્રી૦ પોતાના જેવો જ આત્મા બધામાં વસે છે એવી ભાવના. ૦ભૂ વિ૦ સ્વયંભૂ (૨) પું૦ (સં.) બ્રહ્મા (૩) કામદેવ (૪) પુત્ર. ૦ભૂત વિ૦ જુઓ આત્મજ (૨) અનુકૂલ (સેવક). ૦ભોગ પું૦ આપભોગ. ૦મંથન ન૦ અંતઃકરણમાં અનેક વૃત્તિઓ તથા ભાવોનું મંથન; મનોમંથન. ૦મંથનકાલ(–ળ) પું૦ આત્મમંથનનો સમય. ૦યોગ પું૦ આત્મા સાથે સંબંધ–જોડાણ. ૦રક્ષણ ન૦, ૦રક્ષા સ્ત્રી૦ પોતાનું રક્ષણ-સંભાળ. ૦રત વિ૦ આત્મામાં જ રમનારું–નિમગ્ન. ૦રતિ સ્ત્રી૦ આત્મામાં પ્રીતિ–આનંદ. ૦રામ પું૦ આત્માને રામ–પ્રભુ માનનાર યોગી (૨) આત્મામાં જ રમનાર યોગી. ૦લક્ષી વિ૦ પોતાને લક્ષીને રચાયેલું; સ્વાનુભવરસિક; 'સબ્જેક્ટિવ'. ૦લગ્ન ન૦ દેહલગ્નથી ભિન્ન એવું દિલી–બે આત્માઓ વચ્ચેનું લગ્ન. ૦વત્ વિ૦ પોતાના જેવું. ૦વધ પું૦ આપઘાત. ૦વંચક વિ૦ જાતને છેતરનાર. ૦વંચના સ્ત્રી૦ જાતને છેતરવી તે. ૦વાદ પું૦ આત્મા છે એવો વાદ. ૦વાદી વિ૦ આત્મવાદમાં માનનાર. ૦વાન વિ૦ પોતાની જાત ઉપર કાબૂવાળું (૨) આત્મજ્ઞ (૩) ચેતનવાળું; આત્માવાળું. ૦વિકાસ પું૦ પોતાની જાતનો વિકાસ–ઉન્નતિ. ૦વિચાર પું૦ આત્મચિંતન; આત્મતત્ત્વ વિષે મનન. ૦વિડંબના સ્ત્રી૦ પોતાની વિડંબના. ૦વિદ પું૦ આત્માને જાણનાર; બ્રહ્મજ્ઞ. ૦વિદ્યા સ્ત્રી૦ અધ્યાત્મવિદ્યા; બ્રહ્મવિદ્યા. ૦વિનાશ પું૦ સ્વ-વિનાશ. ૦વિલોપન ન૦ પોતે શૂન્યવત્ થવું કે તેમ વર્તવું તે. ૦વિશ્વાસ પું૦ આત્મશ્રદ્ધા. ૦વિસર્જન ન૦ આત્મસમર્પણ; સ્વાર્થત્યાગ (૨) નિરભિમાનપણું. ૦વૃત્ત ન૦, ૦વૃત્તાંત પું૦; ન૦ પોતાનો અહેવાલ; આત્મકથા. ૦વેગી વિ૦ આત્માના જેવા વેગવાળું (૨) પોતાની મેળે હાલતુંચાલતું. ૦વેત્તા પું૦ આત્મવિદ. ૦શક્તિ સ્ત્રી૦ આત્મબળ. ૦શિક્ષણ ન૦ પોતાની જાતનું શિક્ષણ. ૦શુદ્ધિ સ્ત્રી૦ આત્મની–પોતાની જાતની શુદ્ધિ. ૦શ્રદ્ધા સ્ત્રી૦ આત્માની–પોતાની શક્તિ ઉપરનો વિશ્વાસ. ૦શ્લાઘા અ૦ આપવખાણ. ૦શ્લાઘી વિ૦ બડાઈખોર. ૦સમર્પણ ન૦ જુઓ આત્મનિવેદન. ૦સંકોચી વિ૦ સંકોચશીલ. ૦સંતુષ્ટ વિ૦ આત્મા અથવા પોતામાં સંતુષ્ટ રહેનારું (૨) બીજાના અભિપ્રાયની પરવા ન કરનારું. ૦સંતોષ પું૦ આત્માનો–પોતાનો સંતોષ. ૦સંભાષણ ન૦ સ્વગત ઉક્તિ; 'સોલિલોક્વી'. ૦સંયમ પું૦ પોતાના ઉપર–મન ઇંદ્રિયો ઉપર સંયમ હોવો તે; જાતનો નિગ્રહ. ૦સંયમન ન૦ આત્મસંયમ કરવો તે. ૦સંરક્ષણ ન૦ આત્મરક્ષા. ૦સંસ્કાર પું૦ આત્માની સંસ્કારિતા. ૦સંસ્થ વિ૦ આત્મનિષ્ઠ; આત્મામાં સ્થિર. ૦સાક્ષાત્કાર પું૦ આત્માનો સાક્ષાત્કાર–જ્ઞાન થવું તે. ૦સાત્ અ૦ તદ્દન પોતાના જેવું–પોતાનું હોય એમ; એકરૂપ. ૦સાધન ન૦ આત્માનો સાક્ષાત્કાર કરવાનું સાધન; મોક્ષનું સાધન (કર્મ, ઉપાસના જ્ઞાન, પુણ્યદાન ઇત્યાદિ). ૦સિદ્ધિ સ્ત્રી૦ આત્મસાક્ષાત્કાર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોક્ષ. ૦સુખ ન૦ આત્મામાંથી ઉદ્‌ભવતું સુખ. ૦સ્તુતિ સ્ત્રી૦ આપવખાણ. ૦સ્થ વિ૦ આત્મસંસ્થ. ૦હત્યા સ્ત્રી૦ આપઘાત. ૦હત્યારું વિ૦ આપઘાત કરનારું. ૦હિત ન૦ આત્માનું-પોતાનું હિત

આત્મક વિ૦ [સં.] બહુવ્રીહિ સમાસને અંતે '-નું બનેલું' '-ના સ્વભાવનું' '-ના ગુણધર્મવાળું' એવા અર્થમાં, ઉદા૦ 'વર્ણાત્મક;' 'અહિંસાત્મક'

આત્મનેપદ ન૦ [સં.] સંસ્કૃત ધાતુઓના બે પ્રકારોમાંનો એક. -દી વિ૦ આત્મનેપદ વિભાગનું (વ્યા.)

આત્મા પું૦ [સં.] જીવ; જીવનતત્ત્વ (૨) વ્યષ્ટિ જીવ; જીવાત્મા (૩) તત્વ-સારભૂત તત્ત્વ (૪) પરમાત્મતત્ત્વ (૫) મૂળ સ્વભાવ; પ્રકૃતિ (૬) અંતઃકરણ (૭) પોતાની જાત. ૦દેશ પું૦ આત્માનો આદેશ; સદસદ્ વિવેકબુદ્ધિની આજ્ઞા. ૦ધીન વિ૦ આત્માને જ અધીન; સ્વતંત્ર. ૦નંદ પું૦ આત્મામાંથી પ્રાપ્ત થતો આનંદ; આત્મજ્ઞાન કે સાક્ષાત્કારને પરિણામે મળતું સુખ. ૦નાત્મ ન૦ જડ અને ચેતન તત્ત્વ;આત્મા અને તેથી ભિન્ન બીજું બધું અનાત્મ. ૦નાત્મવિચાર પું૦ આત્માનાત્મનો વિચાર. ૦નાત્મવિવેક પું૦આત્માનાત્મ વચ્ચેનો વિવેક-સાચી સમજ. ૦નુભવ પું૦,૦નુભૂતિ સ્ત્રી૦આત્મસાક્ષાત્કાર. ૦ભિમાન ન૦ હુંપદ (૨) સ્વમાન. ૦ભિમુખ વિ૦ આત્મા તરફ વળેલું;અંતર્મુખ. ૦ભ્યાસ પું૦આત્માને ઓળખવાનો અભ્યાસ. ૦રામ વિ૦ આત્મા એ જ જેને આનંદનું સ્થાન કે સાધન છે તેવું (૨) પું૦ સાક્ષાત્કાર માટે પ્રયત્ન કરતો યોગી (૩) જીવન્મુક્ત યોગી(૪) આત્મા; પરમાત્મા. ૦વલોકન ન૦ આત્મપરીક્ષણ; 'સેલ્ફ-ઇન્ટ્રોસ્પેકશન'. ૦ર્પણ ન૦ સ્વાર્પણ; સ્વાર્થત્યાગ. ૦ર્થ પું૦ પોતાનો અર્થ; સ્વાર્થ (૨) આત્માનું હિત. ૦ર્થી વિ૦ આત્મકલ્યાણ ઇચ્છનાર. ૦શ્રય પું૦ એક ન્યાયદોષ; સાધ્યને પક્ષથી જ સિદ્ધ કરવું તે (ન્યા.શા.). -ત્મિક,-ત્મીય વિ૦ આત્માનું (૨) પોતાનું; અંગત (૩)સગું. -ત્મોત્કર્ષ પું૦ આત્માની-પોતાની ઉન્નતિ.-ત્મૈક્ય ન૦આત્માની એકતા. -ત્મોત્થિત વિ૦ પોતાની મેળે ઉત્થાન પામેલું.-ત્મોદય પું૦ આત્મોન્નતિ. -ત્મોદભવ વિ૦ (૨) પું૦ જુઓ આત્મજ. -ત્મોદ્‌ભવા સ્ત્રી૦ પુત્રી (૨) બુદ્ધિ. -ત્મોદ્રેક પું૦ મનનો ઊભરો.-ત્મોન્નતિ સ્ત્રી૦ આત્માની ઉન્નતિ (૨) પોતાની ઉન્નતિ. -ત્મોપજીવી વિ૦ સ્વાશ્રયી. -ત્મોપમ વિ૦ પોતાના જેવું. -ત્મોપાર્જિત વિ૦ સ્વોપાર્જિત.-ત્મૌપમ્ય ન૦ બધાને પોતાના જેવા ગણવા તે

આત્યંતિક વિ૦[સં.] અનંત; સતત (૨) ખૂબ (૩) સર્વશ્રેષ્ઠ (૪) આખરી; અંતિમ. -કી વિ૦સ્ત્રી૦ આત્યંતિક એવી

આત્રેયી સ્ત્રી૦[સં.] (સં.) અત્રિ ઋષિની પત્ની; અનસૂયા

આથ(-થા) સ્ત્રી૦ પૂંજી; થાપણ; આથીપોથી

આથડ સ્ત્રી૦રખડપટ્ટી; અથડામણ. ૦વું અ૦ક્રિ૦રખડવું; ભટકવું (૨) આખડવું; લડવું. આથડિયાં ન૦ બ૦ વ૦ ફાંફાં (૨) ગોથાં; લથડિયાં

આથણું ન૦ અથાણું (૨) આથવાની ક્રિયા-રીત

આથમણું વિ૦ પશ્ચિમ તરફનું [આવવું

આથમવું અ૦ક્રિ૦અસ્ત પામવું;ન દેખાવું(૨)પડતી દશામાં

આથર પું૦ ઘાસનો થર (૨) પછેડી; પાથરણું; મોદ (૩) ગધેડા ઉપર નાખવાની ડળી. ૦ણ ન૦ ચાદર; ઓછાડ (૨) પથારી, બિસ્તરો [કરવું; ઢાંકવું

આથરવું સ૦ ક્રિ૦ પાથરવું (૨) ગંજી કરવી (૩) આચ્છાદન

આથર્વણ વિ૦[સં.] અથર્વવેદને લગતું (૨) પું૦અથર્વવેદ ભણનાર કે જાણનાર બ્રાહ્મણ (૩) અથર્વવેદ. -ણિક પું૦ અથર્વવેદ જાણનારો બ્રાહ્મણ [ચડાવવું

આથવું સ૦ક્રિ૦ મીઠું મસાલો ચડે તેમ કરવું (૨) ખમીર

આથા, આથીપોથી સ્ત્રી૦ આથ; પૂંજી; માલમિલકત

આથો પું૦અથાવું-ખમીર ચડવું તે(૨)અથાવા નાખેલી વસ્તુ

આદ વિ૦ + આદ્ય; આદિ

આદત સ્ત્રી૦ [અ.] ટેવ; મહાવરો

આદમ પું૦ [અ.] સૃષ્ટિનો સૌથી પ્રથમ જન્મેલો પુરુષ (૨) માણસ. ૦ખોર વિ૦માણસખાઉ. ૦જાત સ્ત્રી૦માણસજાત

આદમજીનો કોરડો પું૦ એક રમત [સુજનતા

આદમી પું૦ [અ.] માણસ. -મિયત સ્ત્રી૦ માણસાઈ;

આદર પું૦ [સં.] સન્માન. ૦ણી સ્ત્રી૦ વેવિશાળ થયા પછી કન્યાને વરપક્ષ તરફથી લૂગડાં ઘરેણાં ઇત્યાદિની અપાતી ભેટ; વસંત. ૦ણીય વિ૦ આદર આપવા યોગ્ય. ૦બુદ્ધિ સ્ત્રી૦ માનબુદ્ધિ; પૂજ્યભાવ. ૦ભાવ પું૦ માનની લાગણી. ૦માન ન૦ આદરસત્કાર. ૦વાત સ્ત્રી૦ આદરયુક્ત વાત; આદર ઉપજાવનારી વાત. ૦વું સ૦ક્રિ૦ આરંભવું; શરૂ કરવું (૨)સ્વીકારવું;સત્કારવું (૩) સંવનન કરવું. ૦સત્કાર પું૦ આદર અને સત્કાર

આદર્શ પું૦ [સં.] દર્પણ; આરસો (૨) નમૂનો (૩) ધ્યેય; લક્ષ (૪) વિ૦ નમૂનેદાર; ધ્યેયરૂપ. ૦જીવી વિ૦ આદર્શ પ્રમાણે અથવા માટે જીવનાર. ૦દર્શી વિ૦ આદર્શ-ધ્યેયને જોનારું. ૦ભૂત વિ૦ ધડો લેવા જેવું; નમૂનેદાર. ૦વાદ પું૦ આદર્શનું જ પરિપાલન કરવું જોઈએ એવો વાદ; 'આઇડિયેલિઝમ'. ૦વાદી વિ૦ (૨) પું૦ આદર્શવાદમાં માનનાર. [દુશ્મનાવટ

આદ(-દ્ય)વેર ન૦ મૂળનું-જૂનું વેર (૨) હાડવેર; પાકી

આદાન ન૦ [સં.] સ્વીકાર (૨) પકડવું તે(૩)[રોગનું]નિદાન. ૦પ્રદાન ન૦ લેણદેણ; આપલે

આદાબ પું૦ [અ.] અદબ; સલામ; વિવેક

આદાય પું૦ [સં.] સ્વીકાર(૨) નફો;લાભ(૩)ઊપજ;આવક

આદાશીશી સ્ત્રી૦ અડધું-એક બાજુનું માથું દુખે એ રોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિ વિ૦ [સં.] પહેલું; પ્રારંભનું (૨) મુખ્ય; પ્રધાન (૩) પું૦પ્રારંભ; શરૂઆત (૪) મૂળ કારણ (૫) [ગ.]પહેલું પદ (૬)જુઓ આદિક. ૦**કર્તા(-ર્ત્તા)** પું૦(સં.)બ્રહ્મા. ૦**કવિ** પું૦ સૌથી પહેલો કવિ (૨) [સં.] બ્રહ્મા (૩) વાલ્મીકિ. ૦**કારણ** ન૦ મૂળ કારણ (૨) વિશ્વનું-સૃષ્ટિનું મૂળ કારણ; સૃષ્ટિનું બીજ. ૦**કાલ(-ળ)** પું૦ આરંભકાલ (૨) સૃષ્ટિની શરૂઆતનો કાળ. ૦**કાવ્ય** ન૦સૌથી પહેલું રચાયેલું કાવ્ય (૨) (સં.) રામાયણ (સંસ્કૃતમાં). ૦**ગ્રંથ** પું૦ પહેલો-મૂળ ગ્રંથ(૨)શીખ લોકોનું ધર્મપુસ્તક;ગ્રંથસાહેબ. ૦**ઘટક** પું૦ મૂળ એકમ; 'યુનિટ'. ૦**જિન** પું૦ (સં.) ઋષભદેવ; આદિનાથ. ૦**તાલ** પું૦ગાવામાં સૂરને બળ આપવા માટેનો પહેલો તાલ (૨)એકતાલ (સંગીત). ૦**દેવ** પું૦ દેવાધિદેવ; પરમાત્મા. ૦**દૈત્ય** પું૦(સં.) હિરણ્યકશિપુ. ૦**નાથ** પું૦ (સં.) પહેલા જૈન તીર્થંકર. ૦**નારાયણ** પું૦ (સં.) વિષ્ણુ. ૦**પદ** ન૦ પ્રથમ પદ (ગ.). ૦**પર્વ** ન૦ પહેલો ભાગ(૨) (સં.)મહાભારતનો પ્રથમ ખંડ. ૦**પુરુષ** પું૦મૂળ પુરુષ(૨) વિષ્ણુ; બ્રહ્મા; સર્જનહાર. ૦**માતા(-યા)** સ્ત્રી૦ પ્રકૃતિ (૨) આદ્યભવાની;પાર્વતી. ૦**મૂળ** ન૦ મૂળ પાયો; આદિ કારણ. ૦**યોજક** પું૦ મૂળ યોજક(૨)(સં.)બ્રહ્મા;વિષ્ણુ;નારાયણ. ૦**રસ** પું૦પ્રથમ અર્થાત્ શૃંગારરસ. ૦**વર્ણ** પું૦બ્રાહ્મણ-વર્ણ. ૦**શક્તિ** સ્ત્રી૦ પ્રકૃતિ (૨) દુર્ગા. ૦**શરીર** ન૦ કારણ-શરીર (૨) સૂક્ષ્મ શરીર (૩) અજ્ઞાન. **-દીશ્વર** પું૦ (સં.) જૈનોના પ્રથમ તીર્થંકર

આદિક વિ૦[સં.] વગેરે;ઇત્યાદિ (બહુવ્રીહિ સમાસને અંતે)

આદિત્ય પું૦[સં.]સૂર્ય; રવિ (૨)અદિતિના બારે પુત્રોમાંનો કોઈ પણ(૩)બારની સંજ્ઞા. ૦**વાર** પું૦આતવાર; રવિવાર

આદિમ વિ૦ [સં.] પ્રારંભનું; મૂળ; અસલ

આદિષ્ટ વિ૦ [સં.] આદેશ પામેલું (૨) જેને માટે હુકમ અપાયો હોય એવું

આદું ન૦ એક કંદ. **-દાપાક** પું૦ આદાનો પાક(૨)[લા.] માર. **-દામૂળી** સ્ત્રી૦ આદાનું કુમળું મૂળ

આદે અ૦ જુઓ તોબા

આદેશ પું૦ [સં.] આજ્ઞા (૨) ઉપદેશ (૩) [વ્યા.] ફેરફાર; એકને બદલે બીજો વર્ણ આવે તે (૪) [ગ.] ઉત્થાપન; 'સબ્સ્ટિટ્યૂશન'. ૦**ક** પું૦ આદેશ કરનાર. ૦**મંત્ર** પું૦ ઉત્થાપનમંત્ર; 'પ્રિન્સિપલ ઑફ સબ્સ્ટિટ્યૂશન' (ગ.)

આદૌ અ૦ [સં.] આદિમાં; પૂર્વે; અગાઉ

આદોકદમી વિ૦ (કા.) અસલનું; જૂના કાળનું

આદ્ય વિ૦ [સં.] પ્રથમનું; પ્રારંભનું; મૂળ. ૦**કવિ** પું૦ આદિકવિ. ૦**ગુરુ** પું૦આદ્ય ગુરુ-ઈશ્વર. ૦**ભવાની** સ્ત્રી૦ જગદંબા; મૂળ શક્તિ. ૦**ભૂમિ** સ્ત્રી૦ મૂળ ભૂમિ. ૦**વેર** ન૦ જુઓ આદવેર. ૦**શક્તિ** સ્ત્રી૦ મૂળ શક્તિ-અંબા-ભવાની; દુર્ગા. ૦**સ્થાન** ન૦ સૌથી પહેલાંનું-મૂળ સ્થાન

આદ્યંક પું૦ [સં.] ત્રિરાશીનું પહેલું પદ (ગ.)

આદ્યંત અ૦ [સં.] આદિથી તે અંત સુધી

આદ્યોદાત્ત વિ૦ [સં.] જેનો આદિ સ્વર ઉદાત્ત હોય એવું

આધ વિ૦ [હિં.] અડધું [પાણી

આધ(૦ર)ણ ન૦ અનાજને બાફવા માટે ઊકળવા મૂકેલું

આધરકણ ન૦અધરકણ; મેળવણ. **-વું** સ૦ક્રિ૦ અધરકવું

આધરણ ન૦ આધણ (૨)[સં.] આધાર રાખવો તે

આધાન ન૦ [સં.] મૂકવું તે (૨) ધારણ કરવું તે (૩) ગર્ભ-ધારણ; ગર્ભ (૪) અગ્નિહોત્રીનું પ્રાથમિક કર્મ

આધાપલીત(-તું) વિ૦ અડધું ગાંડું; દાધારંગું

આધાર પું૦ [સં.] ટેકો; અવલંબન (૨) આશ્રય; મદદ (૩) પુરાવો; સાબિતી(૪)[વ્યા.]અધિકરણ; સાતમી વિભક્તિનો અર્થ. ૦**ગ્રંથ** પું૦ આધારરૂપ-પ્રમાણભૂત ગ્રંથ. ૦**પાત્ર** વિ૦ આધાર રાખવા યોગ્ય. ૦**ભૂત** વિ૦ આધાર બનેલું (૨) પ્રમાણભૂત. ૦**સ્તંભ** પું૦આધારરૂપ સ્તંભ-થાંભલો. **-રાધેયભાવ** પું૦ આશ્રયાશ્રયીભાવ [પીડા

આધિ પું૦[સં.] માનસિક પીડા. ૦**વ્યાધિ** પું૦શરીર ને મનની

આધિક પું૦ ભૂત-પ્રેત કાઢનાર; ભૂવો

આધિકારિક વિ૦ [સં.] અધિકાર કે સત્તાને લગતું (૨) અધિકારીને લગતું; સર્વોપરી (૩) પું૦ પરમાત્મા; પરમેશ્વર

આધિક્ય ન૦ [સં] અધિકતા; વધારેપણું (૨) પુષ્કળતા (૩) ચડિયાતાપણું. ૦**ચિહ્ન** ન૦ (ગ.) અધિકતા,-ના કરતાં મોટું એવો અર્થ સૂચવતું (>) આવું ચિહ્ન

આધિદૈવિક વિ૦ [સં.] ઇંદ્રિયોના અધિદેવોને લગતું (૨) ઇંદ્રિયો થકી થયેલું (૩) ભૂતપ્રેતાદિથી ઊપજેલું (દુઃખ) (૪) દૈવકૃત (સુખદુઃખ)

આધિપત્ય ન૦ [સં.]અધિપતિપણું; ઉપરીપણું;

આધિભૌતિક વિ૦[સં.] પ્રાણીઓને લગતું(૨)પંચમહાભૂતો સંબંધી (૩) શારીરિક (પીડા)

આધિરાજ્ય ન૦[સં.]સંપૂર્ણ સ્વામિત્વ

આધીન વિ૦ અધીન; વશ. ૦**તા** સ્ત્રી૦, ૦**પણું** ન૦

આધુનિક વિ૦ [સં.] હમણાંનું; અર્વાચીન. ૦**તા** સ્ત્રી૦

આધે અ૦ અર્ધ ભાગથી (ઢોર સાચવવા આપવું)

આધેડ વિ૦ અડધી ઉંમરે પહોંચેલું; પ્રૌઢ વયનું

આધેય વિ૦ [સં.] આધાર આપવા લાયક

આધ્યાત્મિક વિ૦[સં.] આત્મા સંબંધી; આત્મતત્ત્વવિષયક

આધેવાયું વિ૦ અધવાયું

આન વિ૦ અન્ય (પ.)

આનક પું૦ [સં.] નગારું; મૃદંગ

આનતિ સ્ત્રી૦ [સં.] નમવું તે (૨) નમસ્કાર (૩) માન; પૂજ્ય-ભાવ. ૦**પ્રદેશ** પું૦ ઢોળાવ કે તળેટીનો પ્રદેશ

આનન ન૦ [સં.] મુખ; મોં (૨) ચહેરો

આનમાન વિ૦ +ન માની શકાય એવું; ખોટું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનય પું૦; ૦ન ન૦[સં.] આણવું તે (૨) ઉપનયનસંસ્કાર

આનર્ત(-ર્ત્ત) પું૦ [સં.](સં.) કાઠિયાવાડનું પ્રાચીન નામ

આનંત્ય ન૦[સં.] અનંતતા (૨) શાશ્વતતા (૩) સ્વર્ગ; પરલોકનું સુખ

આનંદ પું૦ [સં.] હર્ષ; પ્રસન્નતા (૨) પું૦; ન૦ બ્રહ્મ. ૦તા સ્રી૦. ૦ક વિ૦ આનંદકારી. ૦કંદ પું૦ આનંદનું મૂળ (૨) બ્રહ્મ; પરમાત્મા. ૦કારી વિ૦ આનંદ કરાવનારું. ૦ગિરિ પું૦(સં.)શંકરાચાર્યનાં ભાષ્યો ઉપર ટીકા લખનાર એક વિદ્વાન. ૦ઘન વિ૦ આનંદથી ભરપૂર (૨) પું૦ બ્રહ્મ; પરમાત્મા (૩)(સં.) જૈનધર્મનો એક સંત. ૦પર્યવસાયી વિ૦ જેને અંતે આનંદ હોય એવું; આનંદમાં પરિણમે એવું. ૦ભૈરવી સ્રી૦ એક રાગિણી. ૦ભૈરવ વિ૦ એકી સાથે આનંદ અને ભય પમાડનારું (૨) પું૦ (સં.) શંકર; મહાદેવ. ૦મય વિ૦ આનંદથી ભરેલું. ૦મયકોશ(-ષ) પું૦ અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન અને આનંદ એ પંચકોશોમાંનો એક. ૦મીમાંસા સ્રી૦ (કલાના ઉપભોગથી થતા) આનંદ વિષે વિચાર કરનારું શાસ્ત્ર; 'એસ્થેટિક્સ'. ૦મૂર્તિ(-ર્ત્તિ) વિ૦ આનંદરૂપ (૨) સ્રી૦ બહુ આનંદી માણસ. ૦લહરિ(-રી) સ્રી૦ આનંદનો તરંગ (૨) [સં.] શંકરાચાર્યકૃત એક સ્તોત્ર. ૦વર્ષી વિ૦ આનંદ વરસાવનારું. ૦વું અ૦ ક્રિ૦ આનંદ કરવો; ખુશ થવું. ૦વૃત્તિ સ્રી૦ આનંદી રહેવાનું વલણ; એવો સ્વભાવ. ૦સમાધિ સ્રી૦ આનંદપૂર્ણ સમાધિ (૨) આનંદથી થયેલી સમાધિ (૩) રજસ્તમોગુણયુક્ત ચિત્તની માત્ર ભાવનાથી સ્થિરતા બને ત્યારે થતી સમાધિ. –દા સ્રી૦ ભાંગ. –દાશ્રુ ન૦ આનંદનાં આંસુ. –દિત વિ૦ ખુશ. –દી વિ૦ ખુશમિજાજી; મોજી

આનંદદોરો પું૦ અનંતદોરો

આનાકાની સ્રી૦ હા ના કરવી તે

આનાવારી સ્રી૦ કેટલી આની પાક પાક્યો તેનો અડસટ્ટો કાઢવો તે; ઉત્પન્નનો અડસટ્ટો

આનિયું ન૦ કોટમાં નાંખવાનું પુતળિયું

આની સ્રી૦ એક આનાનો સિક્કો (૨) [લા.] સોળમો ભાગ

આનુકૂલ્ય ન૦ [સં.] અનુકૂલતા [અનુમાન [ન્યા.]

આનુપૂર્વી સ્રી૦ [સં.] અનુક્રમ (૨) નિયમ પ્રમાણે દોરેલું

આનુભવિક વિ૦ [સં.] અનુભવને લગતું

આનુમાનિક વિ૦ [સં.] અનુમાનને લગતું (૨) તર્કસિદ્ધ

આનુયાંત્રિક વિ૦ [સં.] યાંત્રિક; યંત્રવત્ એકધારું

આનુવંશિક વિ૦ [સં.] વંશપરંપરાથી ચાલતું. ૦તા સ્રી૦

આનુશ્રાવિક વિ૦ [સં.] શ્રવણ દ્વારા જાણેલું

આનુષંગિક વિ૦ [સં.] અમુકના સંબંધવાળું; સહવર્તી (૨) ગૌણ. ૦તા સ્રી૦

આનો પું૦ ચાર પૈસાની કિંમતનું નાણું

આન્વીક્ષિકી સ્રી૦ [સં.] તર્ક–ન્યાયશાસ્ત્ર (૨) આત્મવિદ્યા

આપ ન૦ પાણી

આપ ન૦ પોતાપણું; અહંતા (૨) પોતાનું શરીર (૩) સ૦ તમે [માનાર્થે] (૪) 'પોતે; ખુદ' (સમાસમાં). ૦અક્કલ સ્રી૦ આપબુદ્ધિ; પોતાની અક્કલહોશિયારી. ૦અખત્યાર વિ૦ પોતાની મરજી પ્રમાણે ચાલનારું; આપખુદ. ૦અખત્યારી સ્રી૦ આપખુદી. ૦આપણું વિ૦ પોતપોતાનું. ૦કમાઈ સ્રી૦ જાતે કરેલી કમાણી. ૦કર્મી વિ૦ પોતાના જ પુરુષાર્થ પર આધાર રાખનારું. ૦કળા સ્રી૦ આપે આવડે એવી કળા. ૦ખુદ વિ૦ સર્વ સત્તા સ્વાધીન રાખી–ગણી વર્તનારું. ૦ખુદી સ્રી૦ આપખુદ વર્તન. ૦ખુશી સ્રી૦ પોતાની મરજી. ૦ઘાત પું૦ આત્મહત્યા. ૦ઘાતિયું વિ૦ આપઘાત કરનારું. ૦ઝલું વિ (કા.) આપબળે ટકી રહેતું; સ્વાશ્રયી. ૦ડાહ્યું વિ૦ પોતાને બહુ ડાહ્યું માનનારું (૨) દોઢડાહ્યું. ૦દૃષ્ટિ સ્રી૦ સ્વાર્થી દૃષ્ટિ. ૦પરભાવ પું૦ ભેદભાવ; મારાતારાપણું. ૦બળ ન૦ પોતાનું બળ. ૦બુદ્ધિ સ્રી૦ પોતાની બુદ્ધિ (૨) સ્વાર્થબુદ્ધિ. ૦ભોગ પું૦ સ્વાર્થત્યાગ. ૦મતલબી (-બિયું) વિ૦ સ્વાર્થી. ૦મતિયું, ૦મતીલું વિ૦ પોતાની જ મતિ અનુસાર ચાલનારું (૨) દુરાગ્રહી; જક્કી. ૦મુખત્યાર વિ૦ પોતાની મરજી પ્રમાણે કરવાની સત્તાવાળું. ૦મુખત્યારી સ્રી૦ પોતાની મરજી પ્રમાણે કરવાનો અધિકાર–સત્તા. ૦મેળે અ૦ આપોઆપ; પોતાની મેળે. ૦રખું વિ૦ (કા.) પોતાનું જ સાચવી બેસી રહે એવું; સ્વાર્થી. ૦વખાણ ન૦ આપવડાઈ. ૦વડાઈ સ્રી૦ પોતાની વડાઈ–મોટાઈ દેખાડવી તે; આત્મશ્લાઘા. ૦વીતી સ્રી૦ પોતાને વીતેલું તે; પોતાને થયેલો અનુભવ. ૦સ્વાર્થ પું૦ પોતાનો સ્વાર્થ; એકલપેટાપણું. ૦સ્વાર્થી વિ૦ આપમતલબી. ૦હત્યારું વિ૦ આત્મઘાતી. –પે અ૦ પોતાની મેળે. –પોઆપ અ૦ ખુદ જાતે; પંડે (૨) પોતાની મેળે; સહજ; સ્વાભાવિક રીતે

આપગા સ્રી૦ [સં.] નદી

આપટો પું૦ એક ઝાડ

આપણ પું૦ [સં.] બજાર; ચૌટું

આપણ(-ણે) સ૦ હું અને તમે. –ણે સ૦ આપણ (૨) [વ્યંગમાં] હું (૩) તમે; આપ. ઉદા૦ "આપણે કારભાર કરો ત્યારે સરત રાખજો" (સરસ્વતીચંદ્ર)

આપત સ્રી૦ આયપત [સમય

આપત સ્રી૦ [સં.] જુઓ આપત્તિ. –ત્કાળ પું૦ આપત્તિનો

આપત્તિ સ્રી૦ [સં.] આફત; સંકટ (૨) દુઃખ; મુશ્કેલી

આપત્ય ન૦ +અપત્ય

આપદ(-દા) સ્રી૦ [સં.] જુઓ આપત્તિ. –દ્ધર્મ પું૦ આપત્તિના સમયનો ધર્મ; મુશ્કેલીની વેળાએ નછૂટકે જે કરવાની ધર્મશાસ્ત્રે રજા આપી હોય તેવું કામ

આપન્ન વિ૦ [સં.] પ્રાપ્ત; મળેલું (૨) આપત્તિમાં આવી પડેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપન્યા સ્ત્રી૦ પોતાની સ્થિતિનું ભાન (૨) આત્મસંતોષ

આપલે સ્ત્રી૦ આપવું અને લેવું તે; લેવડદેવડ.

આપવું સ૦ ક્રિ૦ અર્પવું; દેવું (૨) સોંપવું; હવાલે કરવું

આપસમાં,-આપસમાં અ૦ પોતપોતામાં; માંહોમાંહે

આપા અ૦ +આ બાજુ; આ તરફ

આપાત પું૦ [सं.] પડવું તે (૨) ચાલુ ક્ષણ (૩) પ્રથમ દૃષ્ટિ. ૦તઃ અ૦ નજર પડતાં જ; એકદમ

આપાપર વિ૦ પોતીકું ને પારકું; મારુંતારું

આપીત વિ૦ [सं.] પીળાશ પડતું (૨) થોડું પીધેલું-ચાખેલું (૩) સ્ત્રી૦ સુવર્ણમાક્ષિક ધાતુ

આપુ ન૦ +પોતાપણું (૨) સ૦ જુઓ આપ

આપુશાહ પું૦ શાહુકાર; પોતાનું દેવું ભરી દે એવો ગૃહસ્થ

આપૂષ ન૦ [सं.] જસત

આપૃચ્છા સ્ત્રી૦ [सं.] વાતચીત; ખબરઅંતર પૂછવી તે (૨) [પડપૂછ (૩) જિજ્ઞાસા

આપે, -પોઆપ અ૦ જુઓ 'આપ'માં

આપો પું૦ બાપ; પિતા (૨) [લા.] વૃદ્ધ માણસ

આપોપું ન૦ પોતાપણું (૨) ટેક (૩) અ૦ એની મેળે; આપોઆપ

આપોશાન ન૦ [सं.] જમતાં પહેલાં અને પછી બોલવાનો મંત્ર (૨) જુઓ અપૂશણ

આપ્ત વિ૦ [सं.] નજીકના સંબંધવાળું; સગું (૨) વિશ્વાસપાત્ર [સમાચાર ઇત્યાદિ] (૩) વિશ્વાસુ [માણસ] (૪) પ્રાપ્ત; મેળવેલું (૫) પું૦ પોતે જે વસ્તુ વિષે કહેતો હોય તે વસ્તુ જાતે જોઈ હોય-જાણી હોય એવો માણસ. ૦કામ વિ૦ જેની ઇચ્છા ફળી હોય એવું; સંતુષ્ટ. ૦જન પું૦; ન૦ સગું; સ્નેહી (૨) વિશ્વાસુ માણસ; અંગત માણસ. ૦વર્ગ પું૦ આપ્તજનોનો સમૂહ (૨) પોતાના વિશ્વાસુઓનું મંડળ. ૦વાક્ય ન૦ આપ્તનું વાક્ય; વિશ્વાસ મૂકવા યોગ્ય વાક્ય

આપ્યા સ્ત્રી૦ [सं.] જટા

આપ્તિ સ્ત્રી૦ [सं.] પ્રાપ્તિ; લાભ (૨) સંબંધ

આફણી સ્ત્રી૦ આપત્તિ (૨) ફેણ (૩) અ૦ જુઓ આફણીએ

આફણીએ અ૦ પોતાની મેળે (૨) એકાએક

આફત સ્ત્રી૦ [अ.] જુઓ આપત્તિ

આફતાબ પું૦ [फा.] સૂર્ય. ૦ગીરી સ્ત્રી૦ છત્રી; આબદાગીરી

આફરકવું અ૦ ક્રિ૦ આફરવું

આફરડું અ૦ +જુઓ આફણીએ

આફરવું અ૦ ક્રિ૦ આફરો ચડવો [(૩) સ્ત્રી૦ શાબાશી

આફરીન અ૦ [फा.] કુરબાન; ફિદા (૨) ધન્ય; શાબાશ (ઉદ્ગાર)

આફરો પું૦ પેટ ચડવું તે (૨) ઘણું ખાવાથી થતી અકળામણ

આફલાતૂન વિ૦ અફલાતૂન; સર્વોત્તમ; સુંદર

આફળવું અ૦ ક્રિ૦ ટિચાવું; અફળાવું (૨) અફળ જવું

આફૂડું(-રું) અ૦ જુઓ આફણીએ

આફૂસ સ્ત્રી૦ કેરીની એક જાત કે તે કેરી

આફોડું અ૦ +જુઓ આફણીએ

આફ્રિકન વિ૦ [इं.] આફ્રિકાનું (૨) પું૦ આફ્રિકાનો વતની

આફ્રિકા પું૦; ન૦ [इं.] [सं.] પૃથ્વીના પાંચ ખંડમાંનો એક

આફ્રિદી વિ૦ હિંદની સરહદ ઉપર એ નામની એક ટોળીનું (૨) પું૦ એ ટોળીનો એક માણસ

આબ ન૦ [फा.] પાણી; જળ (૨) તેજ; નૂર (૩) ધારની તીક્ષ્ણતા. ૦કારી સ્ત્રી૦ દારૂ ગાળવાનું કામ (૨) દારૂ વગેરે કેફી ચીજો પર લેવાતો કર (૩) વિ૦ એને લગતું. ૦ખોરી સ્ત્રી૦ ટોયલી; લોટી. ૦ખોરો પું૦ લોટો. ૦દસ્ત ન૦ વજ્ર. ૦દાર વિ૦ પાણીદાર. ૦દારખાનું ન૦ પાણિયારું

આબકૂબક પું૦ ગિલ્લીદંડાની રમતનો એક દાવ

આબદાગીરી સ્ત્રી૦ મોટું અને સુંદર છત્ર

આબદ્ધ વિ૦ [सं.] બંધાયેલું; જકડાયેલું (૨) સજ્જડ

આબરૂ સ્ત્રી૦ [फा.] કીર્તિ; શાખ. ૦દાર વિ૦ આબરૂવાળું

આબ(-બુ)વો પું૦ એક વેલો

આબા પું૦ પિતા (૨) દાદો

આબાદ વિ૦ [फा.] વસ્તીવાળું (૨) ભરપૂર; સમૃદ્ધ (૩) ખેડાયેલું; ફળદ્રુપ [જમીન] (૪) સલામત; સુખી (૫) ભારે; સરસ; ઉત્તમ (૬) અચૂક (૭) અ૦ ચૂક્યા વિના. -દાન વિ૦ આબાદ. -દાની,-દી સ્ત્રી૦ આબાદ-સમૃદ્ધ હોવું તે.-દીખાનું ન૦ આબાદીનું ઘર; આબાદ સ્થળ

આબાન પું૦ [फा.] પારસી વર્ષનો આઠમો મહિનો

આબાલવૃદ્ધ અ૦ [सं.] બાળકથી માંડીને વૃદ્ધ પર્યંત

આબિ(-બે)દ વિ૦ [अ.] ધાર્મિક; પવિત્ર; પ્રાર્થના કરનારું

આબેહયાત ન૦ [फा.] અમૃત

આબેહૂબ વિ૦ હબહૂ; તાદૃશ; અસલના જેવું

આબોહવા સ્ત્રી૦ [फा.] હવાપાણી

આબ્દિક વિ૦ [सं.] વાર્ષિક (૨) ન૦ વર્ષે પ્રગટ થતું સામયિક

આભ ન૦ આકાશ (૨) વાદળું. ૦ફાડ વિ૦ આકાશને ફાડી નાખે એવું. ૦લું ન૦ આકાશ; આભ; (૨) દર્પણ (૩) ન૦ (કા.) ઝીણો ગોળ કાચ (કાઠી સ્ત્રીઓ વગેરે વસ્ત્રમાં ચોડે છે તે). -ભાલાડુ પું૦ (કલ્પી લીધેલો) મોટો નફો-ફાયદો (૨) મોટી વાત; આશા [કલ્પી લીધેલી] (૩) અશક્ય આશા

આભડછેટ સ્ત્રી૦ અભડાવું તે (૨) અમુકના સ્પર્શથી અભડાઈ જવાય તેવી માન્યતા (૩) રજસ્રાવ; અટકાવ (૪) પ્રસવ સમયે ઓર, લોહી ઇત્યાદિ નીકળે છે તે

આભડવું અ૦ ક્રિ૦ અભડાવું (૨) અડવું

આભરણ ન૦ [सं.] અલંકાર; આભૂષણ; શણગાર

આભા સ્ત્રી૦ [सं.] તેજ; દીપ્તિ (૨) કાન્તિ; શોભા

આભાર પું૦ [सं.] ઉપકાર; અહેસાન. ૦દર્શક વિ૦ આભાર દર્શાવતું. ૦દર્શન ન૦ આભાર માનવો તે. ૦સૂચક વિ૦ આભાર સૂચવતું. -રી વિ૦ આભારયુક્ત

આભાલાડુ પું૦ જુઓ 'આભ'માં

આભાસ પું૦ [सं.] સાદૃશ્ય; બે વસ્તુ વચ્ચે સરખાપણાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાવ (૨) ભ્રમ; ખોટો દેખાવ(૩) ઝાંખો પ્રકાશ (૪)[પ્ર. ભ્રામક હેતુ; હેત્વાભાસ. ૦સી વિ૦ દેખાતું; પ્રકાશતું (૨) ખોટું દેખાતું; આભાસવાળું (૩) -ના સરખું દેખાતું

આભિચારિક વિ૦ [સં.] અભિચારને લગતું

આભિજાત્ય ન૦ [સં.] કુલીનતા; ખાનદાની(૨)શ્રેષ્ઠતા; સૌંદર્ય

આભીર પું૦[સં.] આહીર; ગોવાળિયો; ભરવાડ (૨) એક છંદ. -રી સ્ત્રી૦ આભીરની સ્ત્રી

આભું વિ૦ ચકિત; દિંગ

આભૂષણ ન૦ [સં.] ઘરેણું

આભૃત વિ૦ [સં.] ભરેલું; ભરપૂર; સમૃદ્ધ

આભોક પું૦ વાળી લેવું-સમેટી લેવું તે (૨) ધ્રુપદનો ત્રીજો -છેલ્લો ભાગ (૩) કબજો; ભોગવટો

આભોગ પું૦ [સં.] ઉપભોગ; ભોગવવું તે(૨)ઘેરાવો; વિસ્તાર (૩)ધ્રુપદના ત્રણ ભાગમાંનો ત્રીજો [સંગીત](૪)સાપની ફેણ

આભ્યંતર(-રિક) વિ૦. [સં.] અંદરનું; માંહેલું (૨)ખાનગી

આભ્યાસિક વિ૦ [સં.] અભ્યાસ-મહાવરામાંથી પરિણમતું (૨) અભ્યાસી. -કી વિ૦સ્ત્રી૦

આમ પું૦[સં.] કાચો મળ; જળસ (૨) મરડો. ૦રસ પું૦ પેટનો કાચો મળ. ૦વાત(-યુ) પું૦ આમને લીધે થતો સંધિવા.-માતિસાર પું૦મરડો;સંગ્રહણી.-માશય ન૦ જ્યાં આમ રહે છે તે પેટનો ભાગ

આમ સ્ત્રી૦ કેરી. ૦ચૂર ન૦ કેરીનો છૂંદો; એનું અથાણું. ૦રસ કેરીનો રસ. ૦રસિયું,૦રસી વિ૦ કેરીના રસ જેવું

આમ અ૦ આ પ્રમાણે(૨) આ તરફ; અહીં. ૦તેમ અ૦ અવ્યવસ્થિત રીતે; ગમે તેમ (૨) અહીંતહીં

આમ વિ૦ [अ.] સામાન્ય; ખાસ નહિ એવું. ૦પ્રજા સ્ત્રી૦ સાધારણ લોકો(અમીર ઉમરાવ નહિ).૦વર્ગ પું૦ સાધારણ લોકોનો વર્ગ-સમૂહ. ૦સભા સ્ત્રી૦ આમવર્ગના લોકોની સભા (૨) તેમના પ્રતિનિધિઓની સભા. ૦સરા સ્ત્રી૦ ધર્મશાળા (૨) મહોલ્લા વચ્ચેની છૂટી સાર્વજનિક જગા

આમચું ન૦ આંબોળિયું (૨) કોકમ (૩) કોઈપણ ખાટાં ફળની સુકવણી

આમટ વિ૦ખાટું. -ટી સ્ત્રી૦[મ.](દખણી ઢબની)આમલીના પાણીની કઢી કે દાળ [એક ભાગ

આમણ સ્ત્રી૦ આંતરડાનો છેડાનો ભાગ; આમળ(૨)પેડાનો

આમણ,-ણી કૃત્પ્રત્યય : ક્રિ૦ પરથી અનુક્રમે ન૦ ને સ્ત્રી૦ બનાવે. ઉદા૦ પીંજામણ,-ણી

આમણદૂમણું વિ૦ આભારથી દબાયેલું (૨) હતાશ

આમણ(-લ,-ળ)સારો ગંધક પું૦ એક જાતનો ગંધક

આમદ,૦ની,-દાની સ્ત્રી૦ [फा.] આવક (૨) પેદાશ;ઊપજ

આમનસામન અ૦ સામસામે; માંહોમાંહે; પરસ્પર

આમન્યા સ્ત્રી૦ આજ્ઞાપાલન (૨) મર્યાદા; સભ્યતા

આમય પું૦[સં.] રોગ

આમરણ(-ણાંત) અ૦[સં.] જિંદગીપર્યંત(૨)વિ૦મરણ-પર્યંત રહેનારું

આમલ(-ળ)સારો ગંધક પું૦ આમણસારો ગંધક

આમલી સ્ત્રી૦ એ નામનું ઝાડ; આંબલી (૨) તેનું ફળ. ૦પીપળી સ્ત્રી૦ એક રમત; આંબલીપીપળી

આમળ સ્ત્રી૦;ન૦આંતરડાનો છેક નીચલો ભાગ(૨)જનનનાળ

આમળવું સ૦ક્રિ૦ વળ દેવો; મચડવું

આમળસારો ગંધક પું૦ આમણસારો ગંધક

આમળિયું ન૦ બાળકોનું પગનું એક ઘરેણું

આમળું ન૦ એક ફળ. -ળી સ્ત્રી૦ તેનું ઝાડ

આમળો પું૦ વળ (૨) ટેક; અભિમાન (૩)દ્વેષ; ખાર

આમંત્રણ ન૦ [સં.] બોલાવવું તે; નોતરું. ૦પત્રિકા સ્ત્રી૦ આમંત્રણ આપવા માટે મોકલેલી પત્રિકા-કાગળ. -ણા સ્ત્રી૦ આમંત્રણ. -વું સ૦ક્રિ૦ બોલાવવું; નોતરવું

આમંત્રિત વિ૦ [સં.] આમંત્રેલું

આમાત્ય પું૦ [સં.] અમાત્ય [અનાજ

આમાન્ન ન૦ [સં.] કાચા ચોખા (૨) બ્રાહ્મણને અપાતું કાચું

આમિખ ન૦ + આમિષ [હિંદુ જાતનો માણસ

આમિલ પું૦ [સં.] અમલદાર; અધિકારી (૨) સિંધની એક

આમિષ ન૦ [સં.] માંસ (૨) ગલ; લાલચ

આમીન અ૦ [હિબ્રૂ]તથાસ્તુ (અંતનું આશીર્વચન)

આમુખ ન૦ [સં.] પ્રસ્તાવના; ઉપોદ્ઘાત

આમુત્રિક, આમુષ્મિક વિ૦ [સં.] પારલૌકિક; પરલોકનું

આમેજ વિ૦ [फा.] સામેલ; ભેળવેલું

આમોદ પું૦ [સં.] આનંદ (૨) સુગંધ

આમ્નાય પું૦ [સં.] વેદ, શ્રુત(૨) સંપ્રદાય; મત (૩)શિષ્ટાચાર; રૂઢિ [ડાંખળી

આમ્ર પું૦[સં.] આંબો. ૦મંજરી સ્ત્રી૦ આંબાની મોરેલી

આય પું૦[સં.] લાભ; આવક; ફાયદો (૨) પેદાશ (૩) જનાન-ખાનાનો રક્ષક કે નાજર. ૦ ૦વ્યય આવક અને ખર્ચ

આય સ્ત્રી૦ શક્તિ; આંગમણ (૨) હિંમત

આય(-વ)ખું ન૦ આયુષ્ય; આવરદા

આયડુ પું૦ ગોવાળિયો. -ડું ન૦ ઢોરોનું ચરવા જવું તે

આયત વિ૦[સં.] લંબચોરસ (૨) લંબાયેલું(૩) દીર્ઘ (૪) પું૦ (ગ.) ત્રાત્યચતુષ્કોણ (૫) સમકર્ણ; ત્રાત્યચતુરસ્ર; 'રેક્ટૅન્ગલ'. ૦ખાત પું૦ 'રેક્ટૅંગ્યુલર પૅરેલલોપાઇપ્ડ'

આયત સ્ત્રી૦[अ.] કુરાનનું વાક્ય

આયતન ન૦ [સં.] રહેઠાણ; સ્થાન [મફતના પર જીવનાર

આયતું વિ૦ અનાયાસે મળેલું. -તારામ પું૦ આયતા-

આયત્ત વિ૦[સં.] અધીન; તાબે

આયદો પું૦ ભાગિયાનો ભાગ-મુકરર હિસ્સો

આયના સ્ત્રી૦ +આજ્ઞા; આમન્યા

આયનો પું૦ આઇન; અરીસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આયપત સ્ત્રી૦ આવક; ઊપજ; કમાણી (૨) ન૦ વારસો. ૦**વેરો** પું૦ આવકવેરો

આયર વિ૦ એ નામની જાતિનું (૨) પું૦ એ જાતિનો પુરુષ. **–રાણી** સ્ત્રી૦ આયર જાતની સ્ત્રી

આયંદે અ૦ [फा.] હવે પછી; ભવિષ્યમાં (૨) સરવાળે

આયા સ્ત્રી૦ [पो.] છોકરાંને સંભાળવા રાખેલી બાઈ

આયાત વિ૦ [सं.] બહારગામથી આવેલું (૨) સ્ત્રી૦ બહાર–ગામના માલનો આવરો. ૦**કર**, ૦**વેરો** પું૦ આયાત ઉપરનો વેરો. **–તી** વિ૦ આયાતને લગતું

આયાત [अ.] સ્ત્રી૦ બ૦ વ૦ કુરાનની આયતો

આયાન ન૦ [सं.] આગમન

આયામ પું૦ [सं] લંબાઈ (૨) વિસ્તાર (૩) નિગ્રહ; નિયમન

આયાસ પું૦ [सं.] કષ્ટ; મહેનત (૨) પ્રયત્ન (૩) થાક; પીડા. **–સી** વિ૦ આયાસ કરનારું; મહેનતુ (૨) દુઃખપ્રદ; કપરું (૩) થાકેલું; ખિન્ન

આયુ ન૦ [सं] આયુષ્ય (૨) વય; ઉંમર. ૦**રારોગ્ય** ન૦ આયુષ્ય અને તંદુરસ્તી; નીરોગી લાંબું જીવન

આયુધ ન૦ [सं.] હથિયાર. ૦**શાલા** (–ળા) સ્ત્રી૦, **–ધાગાર** ન૦ હથિયારો રાખવાનું કે બનાવવાનું સ્થળ

આયુર્વેદ પું૦ [सं.] આર્યોનું વૈદકશાસ્ત્ર. **–દિક** વિ૦ આયુર્વેદ સંબંધી કે તેને લગતુ

આયુષ(–ષ્ય) ન૦ [सं.] આવરદા. ૦(**–ષ્ય**)**દોરી** સ્ત્રી૦ આયુષ્ય; આવરદા; જીવનદોરી. ૦(**–ષ્ય**)**મર્યાદા** સ્ત્રી૦ આયુષ્યની હદ. **–ષ્માન** વિ૦ આયુષ્યવાળું; જીવંત (૨) દીર્ઘાયુષી

આયોજન ન૦ [सं.] વ્યવસ્થા કરવી તે (૨) તેને માટેની સાધનસામગ્રી. **–ના** સ્ત્રી૦ વ્યવસ્થા; સંગઠન

આર પું૦ તાણ (પાણીનું) (૨) આહાર (૩) કાંજી; ખેળ (૪) સ્ત્રી૦ અણી (લોઢાની) (૫) પરોણી (૬) મોચીનું ટાંચણું

આરકું ન૦ કમાન; મહેરાબ

આરક્ત વિ૦ [सं.] રતાશ પડતું (૨) ઘેરું લાલ. ૦**જ્વર** પું૦ એક પ્રકારનો તાવ; 'સ્કાર્લેટ ફીવર'. ૦**તા** સ્ત્રી૦

આરગણું ન૦ આર; મોચીનું ટાંચણું

આરજા સ્ત્રી૦ જૈન સાધ્વી; ગરણીજી

આરજૂ સ્ત્રી૦ [फा.] ઇચ્છા (૨) ઉમેદ; આશા (૩) આતુરતા; તીવ્ર ઇચ્છા. ૦**મંદ** વિ૦ આરજૂવાળું

આરજો પું૦ રોગ; બીમારી; પીડા

આરડવું અ૦ ક્રિ૦ ગળામાંથી ખેંચીને અવાજ કાઢવો (ઢોર ઇત્યાદિનું) (૨) [ला.] મોટો અને બેસૂરો અવાજ કાઢવો

આરણકારણ ન૦ બહાનું (૨) વિ૦ અનિશ્ચિત

આરણું ન૦ અડાયું; છાણું

આરણ્યક વિ૦ [सं.] અરણ્યને લગતું; વગડાઉ (૨) પું૦ વનવાસી (૩) વેદોમાંના ધાર્મિક અને તાત્ત્વિક ગ્રંથોનું નામ

આરત વિ૦ આર્ત્ત; પીડિત (૨) ભીડમાં આવી પડેલું (૩) અગત્યનું (૪) આતુર (૫) સ્ત્રી૦ પીડા; ભીડ; ગરજ (૬) ઓરિયો; કોડ; ઉત્કટ ઇચ્છા. ૦**બંધુ** પું૦ આરત સમયનો બંધુ. ૦**વાન** વિ૦ આરતવાળું. **–તિયું** વિ૦ આરતવાળું

આરતી સ્ત્રી૦ આર્ત્તિ; દુઃખ; પીડા (૨) દેવની મૂર્તિ સમક્ષ દીવો ઉતારવો તે (૩) તે વખતે ગવાતું પદ (૪) આરતિયું (૫) એક છંદ. **–તિયું** ન૦ આરતી ઉતારવાનું પાત્ર

આરથી પું૦ હાથીના કુંભસ્થળનો નીચેનો ભાગ (૨) રક્ષણ

આરદ્રા સ્ત્રી૦ આર્દ્રા નક્ષત્ર

આરપાર અ૦ આ બાજુથી પેલી બાજુ; સોંસરું

આરબ પું૦ [अ.] અરબસ્તાનનો વતની. **–બી** વિ૦ અરબી

આરબ્ધ વિ૦ [सं.] આરંભેલું (૨) ન૦ તત્કાળ ફળે એવું કર્મ

આરભટી સ્ત્રી૦ [सं.] જેમાં રૌદ્ર અને બીભત્સરસનું પ્રતિપાદન અતિ પ્રૌઢ સંદર્ભથી કર્યું હોય તેવા પ્રકારની નાટકની શૈલી

આરમાર સ્ત્રી૦ મનવાર; અરમાર

આરવા પું૦ અરવા; આત્મા; મન; જીવ

આરવે પું૦ બહુ ખાધાથી થતી અકળામણ

આરસ, ૦**પહાણ** પું૦ એક જાતનો લીસો ચળકતો પથ્થર; સંગેમરમર. ૦**બંધી** સ્ત્રી૦ આરસની ફરસબંધી

આરસી સ્ત્રી૦ નાનો અરીસો. ૦**ગરો** પું૦ આરસીનો કારીગર ૦**છલ્લો** પું૦, ૦**છાપું** ન૦ જેમાં ખાપ જડી હોય તેવી વીંટી–વીંટલો. **–સો** પું૦ અરીસો

આરંગ ન૦ શસ્ત્ર; ઓજાર

આરંબી વિ૦ સરસ; ઉત્તમ

આરંભ પું૦ [सं.] શરૂઆત; તૈયારી. ૦**ક** વિ૦ આરંભ કરનારું. ૦**ણ** ન૦ આરંભવું તે. ૦**દ્રવ્ય** ન૦ મૂળ દ્રવ્ય. ૦**વાદ** પું૦ પરમાણુઓ વડે જ જગતની ઉત્પત્તિનો નિર્ણય કરનારો વૈશેષિક મત. ૦**શૂર(–રું)** વિ૦ ક્ષણિક ઉત્સાહવાળું; શરૂઆતમાં ઉત્સાહ બતાવી પછી શિથિલ થઈ જાય તેવું

આરંભવું સ૦ ક્રિ૦ શરૂ કરવું (૨) તૈયારી કરવી

આરાધક વિ૦ [सं.] આરાધના કરનારું. **–ન** ન૦ પ્રસન્ન કરવું તે (૨) આરાધના. **–ના** સ્ત્રી૦ પૂજા; સેવા. **–વું** અ૦ ક્રિ૦ પ્રસન્ન કરવું (૨) પૂજવું; ભજવું. **આરાધિકા** વિ૦ સ્ત્રી૦ આરાધના કરનારી. **આરાધ્ય** વિ૦ આરાધવા યોગ્ય

આરામ પું૦ [सं.] બગીચો

આરામ પું૦ [फा.] વિશ્રાન્તિ; થાક ખાવો તે (૨) શાન્તિ; નિવૃત્તિ. ૦**ખુરશી(–સી)** સ્ત્રી૦ આરામ માટે જેમાં બેસી કે લાંબા થઈ શકાય તેવી ખુરશી. ૦**ગાહ** સ્ત્રી૦ આરામનું સ્થળ (૨) કબર. ૦**દિન** પું૦ (ખ્રિસ્તી અને યહૂદીઓનો) આરામનો દિવસ; રવિવાર. ૦**પટ્ટી** સ્ત્રી૦ સગરામ ઇત્યાદિ વાહનોમાં આરામ માટે હાથ ટેકવવા રખાતી પટ્ટી. **–માસન** ન૦ જેના પર આરામથી બેસાય એવું આસન

આરાવ પું૦ [सं.] ઘુમાટો; પોકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરાવ(-વા)લ્લા, આરાવારા પું૦બ૦વ૦ શ્રાદ્ધના દિવસો

આરાસુર પું૦ (સં.) અરવલ્લી પર્વતનું એક શિખર. **-રી** વિ૦સ્ત્રી૦ આરાસુર ઉપર વસનારી (દેવી અંબાજી)

આરાસ્તે વિ૦[फा.] શણગારેલું (૨) સુવ્યવસ્થિત. **-સ્તગી** સ્ત્રી૦ શણગાર (૨) સુવ્યવસ્થા [નાખવા તે

આરિયાં ન૦બ૦વ૦ હોડી, વહાણ વગેરેના સઢ ઉતારી પાડી

આરિયું ન૦ કાકડી; ચીભડું

આરી સ્ત્રી૦ નાની કરવતી (૨) મોચીનું એક ઓજાર

આરીકારી સ્ત્રી૦ ચતુરાઈ (૨) દાવપેચ

આરુણી સ્ત્રી૦ [સં.] મરુતોની રતાશ પડતી ઘોડી

આરૂઢ વિ૦ [સં.] -ની ઉપર ચડેલું, -બેઠેલું

આરેહું વિ૦ બહુ રોનારું (૨) તોફાની (૩) જક્કી (૪) ન૦સાત મણનું એક માપ [વખતે; આખર વખતે

આરેતારે અ૦ લગભગ કિનારે પહોંચતાં; લગભગ પૂરું થવા

આરો પું૦ કિનારો (૨) પાર; છેડો (૩) માર્ગ; છૂટવાનો ઉપાય (૪) પૈડાનો નાભિથી પરિઘ પર્યંતનો કકડો (૫) છાણાંનો ઉભાળો (૬) નિયત કાલાવધિ (જૈન) (૭) [કા] ચૂનો અને રેતીના મિશ્રણના કોલનો ખાડાવાળો ઢગલો

આરોગવું સ૦ક્રિ૦ જમવું; ખાવું

આરોગ્ય ન૦ [સં.] તંદુરસ્તી. ૦કર વિ૦ આરોગ્ય કરનારું. ૦પ્રદ વિ૦ આરોગ્ય આપનારું. ૦રક્ષક વિ૦ આરોગ્યનું રક્ષણ કરનારું. ૦રક્ષણ ન૦ આરોગ્યની સાચવણી. ૦વાન વિ૦આરોગ્યવાળું. ૦વિજ્ઞાન ન૦, ૦વિદ્યા સ્ત્રી૦, ૦શાસ્ત્ર ન૦ આરોગ્ય સંબંધી જ્ઞાન; તંદુરસ્તીને લગતા નિયમોનું શાસ્ત્ર. ૦શાસ્ત્રી પું૦આરોગ્યશાસ્ત્ર જાણનારો. **-ગ્યાલય** ન૦ ઇસ્પિતાલ (૨) દરદીઓને સાજા થવા માટે સારી આબોહવામાં બાંધેલું સ્થળ; 'સૅનેટેરિયમ'

આરોતારો પું૦ એક ઘાસ

આરોપ પું૦ [સં.] આક્ષેપ; તહોમત (૨) આરોપવું તે. ૦ક વિ૦આરોપ મૂકનારું. ૦ણ ન૦આરોપવું તે (૨) આક્ષેપ; તહોમત (૩) સ્થાપના (૪) રોપવું તે. ૦વું સ૦ક્રિ૦ એકના ધર્મ બીજાને લગાડવા (૨) મૂકવું; નાખવું; ચડાવવું. **-પિત** વિ૦ આરોપાયેલું. **-પી** વિ૦ જેના પર તહોમત હોય એવું (૨) પું૦ તહોમતદાર. **-પ્ય** વિ૦ આરોપવા જેવું કે આરોપી શકાય એવું

આરોવારો પું૦ [કા.] છુટકો (૨) છેવટ

આરોહ પું૦ [સં.] ચડાણ; ચડાવ (૨) રાગ ખેંચવો તે (૩) સ્ત્રીની કેડ; નિતંબ. ૦ણ ન૦ ચડવું તે (૨) સવારી કરવી તે (૩) ઉપર બેસવું તે. ૦વું સ૦ ક્રિ૦ આરોહણ કરવું. **-હી** વિ૦ આરોહણ કરનારું; ચડનારું

આર્ચિક વિ૦ [સં.] વેદની ઋચા સંબંધી

આર્જવ ન૦ [સં.] ઋજુતા; સરળતા; નિખાલસતા (૨) પ્રામાણિકતા (૩) વિનવણી; કાલાવાલા. **-વી** વિ૦ આર્જવયુક્ત

આર્ત(-ર્ત્ત) વિ૦ [સં.] પીડિત; દુઃખી. ૦ત્રાણ વિ૦ પીડિતોનું રક્ષક (૨) ન૦ પીડિતનું રક્ષણ. ૦ત્રાતા પું૦ પીડિતનું રક્ષણ કરનાર પુરુષ. ૦નાદ, ૦સ્વર પું૦ દુઃખનો પોકાર

આર્ત(-ર્ત્ત)વ વિ૦ [સં.] ઋતુને લગતું-અનુસરતું (૨) રજ-સ્રાવને લગતું (૩) ન૦ રજ; રજસ્રાવ. **-વી** વિ૦ સ્ત્રી૦

આર્તિ(-ર્ત્તિ) સ્ત્રી૦ [સં.] પીડા; દુઃખ. ૦નાશન વિ૦ આર્તિનો નાશ કરે એવું. ૦હર, ૦હારક વિ૦ આર્તિ દૂર કરનારું

આર્થિક વિ૦ [સં.] નાણાં સંબંધી

આર્થીય વિ૦ આર્થિક (ખોટો શબ્દ. 'અર્થીય' જોઈએ)

આર્દ્ર વિ૦ [સં.] ભીનું (૨) દ્રવતું; મૃદુ (૩) માયાળુ; લાગણીવાળું. ૦તા સ્ત્રી૦. ૦તામાપક વિ૦ આર્દ્રતા માપે એવું (૨) ન૦ એવું યંત્ર; 'બૅરોમિટર'. ૦વાયુ પું૦ 'હાઇડ્રોજન'

આર્દ્રક ન૦ [સં.] આદું

આર્દ્રા સ્ત્રી૦ [સં.] છઠ્ઠું નક્ષત્ર

આર્ય વિ૦ [સં.] સુધરેલું; કુલીન (૨) આર્યલોકોને લગતું (૩) પું૦ એ નામની પ્રજા (૪) કુલીન-સદાચારી માણસ. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦. ૦દેશ પું૦ (સં.) આર્યાવર્ત. ૦પુત્ર પું૦ પતિ; સ્વામી. ૦ધર્મ પું૦આર્યોનો ધર્મ (૨) બ્રાહ્મણ-ધર્મ (૩) સદાચાર. ૦ભટ્ટ પું૦ (સં.) હિંદુઓમાં અક્ષર-ગણિતનો શોધક પ્રખ્યાત જ્યોતિર્વિદ. ૦ભાષા સ્ત્રી૦ આર્યોની ભાષા. ૦વૃત્તિ સ્ત્રી૦ આર્ય+વૃત્તિ. ૦સત્ય ન૦ આર્ય-બુદ્ધે બતાવેલાં ચાર મહાન સત્યોઃ-દુઃખ, સમુદય, માર્ગ અને નિરોધ. ૦સમાજ પું૦; સ્ત્રી૦ (સં.) સ્વામી દયાનંદે સ્થાપેલો સંપ્રદાય. ૦સમાજી વિ૦ (૨) પું૦આર્ય-સમાજનું કે તેને અનુસરતું. **-ર્યા** સ્ત્રી૦ કુલીન સ્ત્રી (૨) એક છંદ. **-ર્યાગીતિ** સ્ત્રી૦એક છંદ. **-ર્યાવર્ત** પું૦(સં.)આર્યોનું રહેઠાણ; હિમાલય અને વિંધ્યાચળ વચ્ચેનો પ્રદેશ જેમાં આર્યો આરંભમાં આવી રહ્યા તે (૨) ભરતખંડ

આર્ષ વિ૦ [સં.] ઋષિ સંબંધી (૨) પવિત્ર; દિવ્ય (૩) પું૦ એક પ્રકારનો વિવાહ, જેમાં કન્યાનો બાપ વર પાસેથી માત્ર એક કે બે ગાયની જોડ લઈને કન્યા આપે છે. ૦પ્રયોગ પું૦ કેવળ ઋષિઓએ જ કરેલો પ્રયોગ; અતિ પ્રાચીન અને રૂઢિથી વિરુદ્ધ પ્રયોગ

આર્હત વિ૦ [સં.] જૈન મતને લગતું (૨) પું૦ જૈન મત

આલ સ્ત્રી૦ ટેવ (૨) ન૦ [हिं.] એક ઝાડવું (૩) ન૦ [સં.] હરિતાલ; હડતાલ

આલક્ષિત વિ૦ [સં.] દેખેલું; જાણેલું; ચિહ્ન વડે દેખાડેલું

આલખીપાલખી સ્ત્રી૦ એક બાળરમત

આલણ ન૦ ઘેંશ [બનાવેલું કાપડ

આલપાકો પું૦ [પો.] એક જાતનું ઘેટું (૨) એના ઊનનું

આલપાલ સ્ત્રી૦ સેવાચાકર. (૨) મ.વજત; સંભાળ (બાળકોની) (૩) સરભરા [સાચવવા માટેની કોરી વહી

આલબમ ન૦ [ઇં.] ફોટાઓ અને સહીઓ (ઑટોગ્રાફ્સ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આલબેલ સ્ત્રી૦ બધું સલામત છે એમ સૂચવતો ચોકીદારોનો એક પોકાર

આલમ સ્ત્રી૦ [अ.] દુનિયા; જગત. ૦ગીર વિ૦ દુનિયાને જીતનારું (૨) પું૦(સં.)ઔરંગઝેબનું ઉપનામ. ૦નૂર વિ૦ પ્રકાશમય (૨) ન૦ અતિશય પ્રકાશ; પ્રકાશમય સ્થિતિ. ૦પનાહ વિ૦ આલમનું રક્ષણ કરનારું (૨) પું૦ પાદશાહ

આલય ન૦ [सं.] ઘર; સ્થાન; રહેઠાણ

આલવાલ પું૦ [सं.] ક્યારો

આલવું સ૦ક્રિ૦ આપવું

આલસવીલસ અ૦ તરસથી પીડાતું [સાલવાળું

આલસાલ વિ૦(કા.) સાલપોલિયું; ઢીલાં-બરાબર નહિ બેઠેલાં

આલસ્ય ન૦ [सं.] આળસ; આળસુપણું

આલંકારિક વિ૦ [सं.] અલંકાર સંબંધી; અલંકારયુક્ત (૨) પું૦ અલંકારશાસ્ત્ર જાણનારો; કાવ્યશાસ્ત્રનો અભ્યાસી

આલંબ પું૦ [सं.] આધાર; ટેકો (૨) લંબરેખા. ૦ન ન૦ આધાર; ટેકો (૨) જુઓ આલંબનવિભાવ. ૦નવિભાવ પું૦ રસના આવિર્ભાવનું મૂળભૂત અને મુખ્ય કારણ (કા શા.). ૦માન વિ૦ આલંબતું; લટકતું. ૦વું સ૦ક્રિ૦ આધાર લેવો; ટંગાવું

આલા વિ૦ [अ.] સૌથી આલી-ઊંચું; ઉત્તમ; શ્રેષ્ઠ

આલાન ન૦ [सं.] અલાન. ૦ચક્ર ન૦ અલાનચક્ર

આલાપ પું૦ [सं.] વાતચીત (૨) ગાયનની પૂર્વે તેની તૈયારી રૂપે અને વચ્ચે રાગની ધૂનમાં 'આ આ' એમ ગાવામાં આવે છે તે (૩) ગુંજન. ૦દાર વિ૦ આલાપવાળું. ૦દારી સ્ત્રી૦ ગાયન પૂર્વે રાગનું સ્વરૂપ બાંધવા કરાતી સુરાવટ. ૦ન ન૦ બોલવું તે. -પિની વિ૦ સ્ત્રી૦ કરુણા શ્રુતિનો એક અવાંતર ભેદ (સંગીત). -પી સ્ત્રી૦ ગાંધાર ગ્રામની એક મૂર્છના

આલાપવું સ૦ક્રિ૦ બોલવું (૨) આલાપ સાથે ગાવું

આલામત સ્ત્રી૦ [अ.] નિશાની; ઓળખાણ

આલા(-લું)લીલું વિ૦ લીલુંસૂકું

આલાંબાલાં ન૦ બ૦ વ૦ બહાનાં

આલિ(-લી) સ્ત્રી૦ [सं.] સખી (૨) હાર; આવલી

આલિમ વિ૦ [अ.] પંડિત; વિદ્વાન

આલિંગન ન૦ [सं.] છાતી સરસું ચાંપવું તે

આલિંગમંત્રી પું૦ + નાયબ દીવાન

આલિંગવું સ૦ક્રિ૦ ભેટવું; છાતી સરસું ચાંપવું

આલી સ્ત્રી૦ [सं.] જુઓ આલિ

આલી વિ૦ [अ.] ઉચ્ચ; ઊંચું; ભવ્ય. ૦જનાબ, ૦હજરત વિ૦ મોટી-ઊંચી પદવીવાળું. ૦જહાં, ૦જાહ વિ૦ મોટા-ઊંચા દરજ્જાવાળું. ૦શાન વિ૦ આલેશાન જુઓ

આલીગારું વિ૦ આળીગાળું; અટકચાળું; તોફાની

આલીલીલી વિ૦સ્ત્રી૦ તાજી; લીલી; ફળદ્રુપ; સમૃદ્ધ

આલુ ન૦ ખોટો આરોપ; આક્ષેપ (૨) જુઓ આલૂ

આલુંચન ન૦ [सं.] માથાના વાળ ખૂંટી કાઢવા તે

આલુંલીલું વિ૦ આલાલીલું

આલૂ ન૦ [फा.] એક મેવો; જરદાળુ (૨) [सं.] બટાટો

આલે વિ૦ નજીકનું; વધુ પ્રિય (૨) આલા; ઉત્તમ; શ્રેષ્ઠ

આલેક પું૦ આહલેક

આલેખ પું૦ [सं.] લખાણ (૨) ખત; દસ્તાવેજ (૩) સનદ (૪) મહોર; 'સીલ' (૫) 'ગ્રાફ' (૬) ચિત્ર. ૦ન ન૦ લખવું તે; લખાણ (૨) ચિત્ર; (૩) ચીતરવું તે; ચિત્રકામ. ૦(-ખિ)ની સ્ત્રી૦ કલમ (૨) પીંછી [(૩) લખવું

આલે(-ળે)ખવું સ૦ ક્રિ૦ દોરવું; રેખા કાઢવી (૨) ચીતરવું

આલેખિક વિ૦ [सं.] આલેખ કરનારું

આલેખિની સ્ત્રી૦ [सं.] જુઓ 'આલેખ'માં

આલેખ્ય વિ૦ [सं.] આલેખવા યોગ્ય (૨) ન૦ ચિત્ર (૩) લખાણ

આલેપ પું૦ [सं.] લેપ; મલમ. ૦ન ન૦ લેપ કરવો તે (૨) આલેપ [(૩) ભભકાદાર; ભવ્ય

આલેશાન વિ૦ આલીશાન; પ્રતિષ્ઠિત; ઉત્તમ (૨) ખૂબ મોટું

આલોક પું૦ [सं.] જોવું તે (૨) દેખાવ; દર્શન (૩) દૃષ્ટિમર્યાદા (૪) તેજ; દીપ્તિ. ૦ન ન૦ આલોકવું તે

આલોકવું સ૦ક્રિ૦ જોવું (૨) અવલોકન કરવું

આલોચ પું૦ [सं.] જોવું તે; દર્શન (૨) વિચાર; ચિંતન; મનન (૩) અવલોકન; વિવેચન. ૦ક વિ૦ આલોચન કરનારું. ૦ન ન૦, ૦ના સ્ત્રી૦ અવલોકન; નિરીક્ષણ

આલોચવું સ૦ક્રિ૦ જોવું (૨) કલ્પનાથી જોવું; વિચારવું

આલોડન ન૦ [सं.] હલાવવું; ઘમડવું (૨) મિશ્રણ કરવું

આલોપાલો પું૦ ઝાડનાં પાંદડાં, મૂળિયાં વગેરે વનસ્પતિ (૨) શાકભાજીનો સાદો ખોરાક

આલોયણ ન૦ આલોચન; વિચાર (૨) દોષોની કબૂલાત કરીને પ્રાયશ્ચિત્ત લેવું તે (જૈન)

આલોલ વિ૦ [सं.] હાલતું; કંપતું (૨) ક્ષુબ્ધ; વ્યગ્ર

આવ સ્ત્રી૦ આવક; આવરો; આયાત

આવક સ્ત્રી૦ આવવું તે (૨) ઉત્પન્ન; પેદાશ; કમાણી. ૦ચિઠ્ઠી સ્ત્રી૦ માલ મોકલ્યાની રસીદ; પહોંચ; પાવતી (૨) ભરતિયું. ૦જાવક સ્ત્રી૦ આવવું અને જવું તે (૨) ઊપજખર્ચ (૩) તેની વહી. ૦વેરો પું૦ કમાણી ઉપરનો કર (૨) આયાત થતા માલ ઉપરની જકાત [આપવો

આવકાર પું૦ સ્વાગત; આદરમાન. ૦વું સ૦ક્રિ૦ આવકાર

આવખું ન૦ આયુષ; આયુષ્ય

આવગું વિ૦ (કા.) આગવું

આવચીબાવચી સ્ત્રી૦ એક વનસ્પતિ કે એનાં બીજ; તુકમરિયાં

આવજા,૦વ સ્ત્રી૦ આવવું અને જવું તે

આવટ કૃત્પ્રત્યયઃ ક્રિ૦ પરથી સ્ત્રી૦ બનાવે. ઉદા૦ બનાવટ

આવટવું અ૦ક્રિ૦ નીવડવું (૨) બદલાવું; ફરી જવું

આવડ,૦ત સ્ત્રી૦ કુશળતા. ૦ત્રેવડ સ્ત્રી૦ ઘરકામની વેતરણ; કરકસર. ૦વું સ૦ક્રિ૦ જાણવું; વાકેફ હોવું; કરી જાણવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવડું વિ૦ આ કદનું; અમુકના જેવડું; આટલું
આવદાની સ્ત્રી૦ જુઓ આમદની
આવનજાવન ન૦ આવજા (૨) જન્મમરણ
આવમ ન૦ + આવકાર [ભાગીતૂટી જવું તે
આવરકૂ(-ખૂ)દો પું૦આવરદાનો અંત;મોત(૨)અડદાળો;
આવરણ ન૦[સં.] આચ્છાદન; પડદો (૨) અંતરાય; વિઘ્ન
આવરદા પું૦; સ્ત્રી૦; ન૦ આયુષ્ય (૨) જિંદગાની
આવરદો વિ૦પું૦ આણેલો; આશ્રિત [ઘેરવું
આવરવું સ૦ક્રિ૦ઢાંકવું; આચ્છાદવું (૨)વ્યાપવું (૩)રૂંધવું;
આવરો પું૦ આવક (૨) આવકની નોંધપોથી (૩) ખાવાની લાલસા તે; ભભડો. ૦જાવરો પું૦ આવવું અને જવું તે; અવરજવર (૨) આવકજાવક; ઊપજખર્ચ
આવર્ત પું૦ [સં.] સંગીતમાં એક અલંકાર
આવર્ત,૦ક વિ૦ [સં.] ફરી ફરી આવતું–આંટા ખાતું (૨) [ગ.] 'રિકરિંગ' (૩) પું૦ ગોળ ફરવું તે; આંટો; ચકરાવો (૪)ચકરી;ભમરી(પાણીની) (૫)[સં.]ચાર મેઘાધિપોમાંનો એક. ૦દશાંશ પું૦ ફરી ફરી દશાંશ આવે એવી રકમ; 'રિકરિંગ ડેસિમલ'(ગ.) ૦ન ન૦ગોળ ફરવું તે(૨)વારંવાર ફરી ફરી કરવું તે (પારાયણ). –ર્તાંક પું૦ફરી ફરી આવતો આંકડો. –ર્તી વિ૦ ફરી ફરી આવતું (૨) ગોળ ફરતું
આવર્તવું અ૦ક્રિ૦ફરવું;ચક્રાકારે ઘૂમવું(૨) ફરી ફરી આવવું (૩) સ૦ક્રિ૦ ભેટવું; બાથમાં લેવું
આવલ ન૦ તાજું પીંજેલું રૂ [ખેંચવાનાં સાધન
આવલાં ન૦ બ૦ વ૦ ફાંફાં (૨) કોસ, વરત ઇત્યાદિ પાણી
આવલિ(-લી,-ળિ,-ળી)સ્ત્રી૦[સં.]હાર;પંક્તિ(૨)પરંપરા
આવવું અ૦ક્રિ૦ આગમન થવું; દૂરથી સમીપ જવું
આવશ્ય વિ૦[સં.]અગત્યનું;અનિવાર્ય(૨)સ્ત્રી૦;ન૦અગત્ય; અનિવાર્ય વસ્તુ કે ક્રિયા. ૦ક વિ૦ જરૂરી. ૦કતા સ્ત્રી૦
આવસથ પું૦; ન૦ [સં.] ઘર (૨) ધર્મશાળા(૩)અગ્નિશાળા; અગ્નિહોત્ર કરવાનું સ્થાન. –થ્ય પું૦ અગ્નિહોત્રનો અગ્નિ
આવહ વિ૦ [સં.] આણનારું; ઉપજાવનારું (સમાસને છેડે. ઉદા૦ 'ભયાવહ')
આવળ પું૦; સ્ત્રી૦ એક વનસ્પતિ
આવળગોવળ સ્ત્રી૦ (કા.) બાળબચ્ચાં; પરિવાર
આવળિ(-ળી) સ્ત્રી૦ જુઓ આવલિ
આવળિયો પું૦ મનની ઇચ્છા; ઓરિયો (૨) એક ઝાડ
આવળી સ્ત્રી૦ જુઓ આવલિ
આવંત,–તું કૃ૦ આવતું
આવાગમન ન૦આવવું ને જવું તે(૨)અવતરવું અને મરવું તે
આ વાર અ૦ આ વખતે–સમયે (૨) આ ફેરા
આવાલ ન૦ [સં.] આલવાલ; ક્યારો
આવાસ પું૦[સં.] ઘર;નિવાસસ્થાન;હવેલી(૨)ખંડ;ઓરડો
આવાહન ન૦[સં.] આમંત્રણ (૨) દેવને મૂર્તિમાં આણવા– દેવની પ્રતિષ્ઠા કરવી તે. –નું સ૦ક્રિ૦ આવાહન કરવું
આવિદ્ધ વિ૦ [સં.] વીંધાયેલું
આવિર્ભાવ પું૦[સં.]બહાર નીકળવું તે;પ્રાકટ્ય(૨)અવતાર
આવિષ્કરણ ન૦, **આવિષ્કાર** પું૦ [સં.] બહાર કાઢવું; પ્રગટ–ખુલ્લું કરવું તે. **આવિષ્કૃત** વિ૦ દેખાડેલું; બતાવી આપેલું; ખુલ્લું કરાયેલું–થયેલું
આવિષ્ટ વિ૦[સં.] પેઠેલું (૨) વળગેલું; ભરાયેલું (ભૂત ઇત્યાદિ) (૩) આવેશયુક્ત
આવું વિ૦ આના જેવું; આ જાતનું. ૦ક વિ૦ આવું કાંઈક
આવૃત વિ૦[સં.] આવરેલું; ઢાંકેલું (૨) વ્યાપ્ત (૩) ઘેરાયેલું; રૂંધાયેલું. –તિ સ્ત્રી૦ ઢાંકવું–છુપાવવું તે
આવૃત્ત વિ૦[સં.] ચક્રાકારે ફરેલું (૨) પાછું આવેલું (૩) વારંવાર થયેલું–કરેલું. –ત્તિ સ્ત્રી૦ ચક્રાકારે ફરવું તે (૨)પાછું આવવું તે(૩)વારંવાર થવું-કરવું તે (૪) પુસ્તકનું પ્રકાશન; 'એડિશન' [(૩) ઉતાવળ; દોડાદોડી
આવેગ પું૦[સં.] જુસ્સો; જોર (૨) ક્ષોભ; વ્યગ્રતા; આવેશ
આવેદન ન૦[સં.] નિવેદન (૨) ફરિયાદ. ૦પત્ર ન૦ ફરિયાદ કે અરજનો કાગળ [આવેશવાળું
આવેશ પું૦[સં.] જુસ્સો; ઊભરો (૨) ગુસ્સો. –શી વિ૦
આવેષ્ટન ન૦[સં.] વીંટી વળનારી વસ્તુ; વેષ્ટન (ગલેફ, પરબીડિયું, રેપર, આચ્છાદન ઇ૦ જે હોય તે) (૨) વાડ; કોટ
આવેષ્ટિત વિ૦[સં.] ઢાંકેલું; વીંટી લીધેલું [ઉદા૦ પીળાશ
આશ સ્ત્રી૦(પ.) આશા(૨) પ્રત્યયઃ વિ૦પરથી સ્ત્રી૦ બનાવે.
આશક પું૦ પ્રેમી (૨) વિ૦ પ્રેમવશ; મોહિત; ફિદા. ૦માશૂક ન૦બ૦વ૦ વહાલોવહાલી. –કી સ્ત્રી૦ આસક્તિ; પ્રેમ
આશ(-સ)કા સ્ત્રી૦ દેવની આરતી, ભસ્મ ઇત્યાદિ લેવાં તે
આશકાર(-રા) વિ૦ [फा.] પ્રગટ; સ્પષ્ટ; જાહેર
આશના પું૦ [फा.] ભાઈબંધ; યાર(૨) સ્ત્રી૦ પ્રિયા; માશૂક. ૦ઈ સ્ત્રી૦ ભાઈબંધી; યારી
આશય પું૦ [સં.] મનની ધારણા; ઇરાદો; હેતુ (૨) ન૦સ્થાન (૩) પાત્ર (૪) કરેલાં કર્મોના સંસ્કાર કે તેમનો સમૂહ
આશરવું સ૦ક્રિ૦ આશરો લેવો
આશરો પું૦ આશ્રય (૨)અડસટ્ટો;અંદાજ;શુમાર.–રાગત (–તિયું,–તી) વિ૦ આશરે-શરણે આવેલું. –રાપડતું વિ૦ અંદાજ પ્રમાણેનું. –રે અ૦ શુમારે; લગભગ
આશંક પું૦[સં.] આંચકો;શરમાવું તે (૨) આશંકા. –કા સ્ત્રી૦ શંકા; વહેમ. –કાવું અ૦ ક્રિ૦ આશંકા થવી; વહેમાવું. –કિત વિ૦ આશંકાવાળું
આશા(-સા) સ્ત્રી૦ એક રાગિણી. ૦ગોડ પું૦ એક રાગ. ૦જોગી પું૦ એક રાગ. ૦માંડ પું૦ એક રાગ
આશા સ્ત્રી૦[સં.] ઉમેદ; ઇચ્છા; ધારણા(૨)વિશ્વાસ;આસ્થા. ૦દર્શી વિ૦ આશાવાદી. ૦પૂરી વિ૦સ્ત્રી૦ આશા પૂરનારી (૨) સ્ત્રી૦(સં.) એ નામની માતા. ૦બંધ પું૦ આશાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધન; આશાનો તંતુ(૨)આકીન; વિશ્વાસ(૩)વિ૦ આશાવાળું (૪) વિશ્વાસુ. ૦બંધું વિ૦ આશાબંધ;આશાવાળું. ૦ભર્યું વિ૦ આશાથી ભરેલું; આશાવંત. ૦ભંગ પું૦ આશાનું ભાંગી જવું તે (૨) વિ૦ ભગ્નાશ. ૦યુક્ત વિ૦ આશાવંત. ૦વંત વિ૦આશાવાળું. ૦વાદ પું૦જે થાય છે તે સારા માટે થાય છે–નિરાશ થવાપણું કદી નથી એવો મત. ૦વાદી વિ૦ આશાવાદમાં માનનારું (૨) પું૦ એવો પુરુષ. ૦હીન વિ૦ આશા વિનાનું; નિરાશ

આશા(-ષા)ઢ પું૦ વિક્રમ સંવતનો ૯ મો મહિનો;અષાઢ. -ઢા સ્ત્રી૦ જુઓ આષાઢા. -ઢી વિ૦ અષાઢમાં આવતું

આશાવરી પું૦ એક રાગ

આશિકા સ્ત્રી૦ સાધુ કે દેવનો કે યજ્ઞની રક્ષાનો પ્રસાદ

આશિષ સ્ત્રી૦ દુવા; આશીર્વાદ

આશી સ્ત્રી૦ [સં.] સર્પની દાઢ (૨) જીવલેણ ઝેર (૩) એક ઔષધિ (૪)વિ૦ ખાનારું (નામને અંતે) ઉદા૦ ફલમૂલાશી

આશીનીશી અ૦ મનમાનતી રીતે

આશીર્દાન ન૦[સં.] આશિષ દેવી તે

આશીર્વચન ન૦ [સં.] આશીર્વાદ

આશીર્વાદ પું૦ [સં.] દુવા. -દાત્મક વિ૦ જેમાં આશીર્વાદ હોય તેવું. -દાર્થ(-ર્થે) અ૦ આશીર્વાદને માટે

આશુ વિ૦ [સં.] શીઘ્ર; ઉતાવળું.૦તોષ વિ૦ જલદી સંતુષ્ટ થઈ જાય એવું (૨) પું૦ (સં.) મહાદેવ-શંકર; મહાદેવ

આશૂરા પું૦ [અ.] તાબૂત બુડાડવાનો દિવસ

આશૌચ ન૦[સં.] જુઓ અશૌચ

આશ્ચર્ય ન૦ [સં.] નવાઈ; અચંબો (૨) આશ્ચર્યકારક બનાવ; ચમત્કાર. ૦કારક, ૦જનક વિ૦ આશ્ચર્ય પમાડે એવું. ૦વત્ અ૦ આશ્ચર્યપૂર્વક; આશ્ચર્ય સાથે

આશ્મ વિ૦ [સં.] પથ્થરનું બનેલું (૨) પું૦ એવી કોઈ પણ વસ્તુ. ૦રિક વિ૦ પથરીનું રોગી (૨) પું૦ પથરીનો રોગ

આશ્રમ પું૦;ન૦ [સં.] વિસામાનું સ્થાન; રહેઠાણ(૨)વિશ્રાંતિ (૩) સાધુનો નિવાસ; તપોવન; પર્ણકુટી(૪) જીવનનો વિભાગ (બ્રહ્મચર્ય, ગૃહસ્થાદિ ચાર વિભાગમાંનો કોઈ પણ) (૫) છાત્રાલય સાથેની શાળા–મહાશાળા (૬)રાષ્ટ્રીય યા ધાર્મિક હિલચાલનું મથક. ૦ધર્મ પું૦ આશ્રમવાસીએ પાળવાના ધર્મ–નિયમો તે (૨) જીવનના ચારમાંના દરેક વિભાગનો વિશિષ્ટ ધર્મ–ફરજ. ૦ધર્મી વિ૦આશ્રમના ધર્મ પાળનારું. ૦વાસી વિ૦ આશ્રમમાં વસનારું. ૦વ્યવસ્થા સ્ત્રી૦ આશ્રમની-જીવનના વિભાગની વ્યવસ્થા(૨)આશ્રમની વ્યવસ્થા. ૦સંસ્થા સ્ત્રી૦ ચાર આશ્રમની સંસ્થા. ૦સ્થાન ન૦ વિસામાનું ઠેકાણું (૨) મઠ. -માંતર ન૦ આશ્રમની ફેરબદલી. -મિક,-મી વિ૦ આશ્રમને લગતું (૨)ચારમાંના એક આશ્રમમાં રહેનારું

આશ્રય પું૦ [સં.] આશરો; આધાર (૨) શરણું. -યાશ્રયીભાવ પું૦ આશ્રય અને આશ્રયીનો સંબંધ. -યાસિદ્ધ પું૦ આશ્રય–પક્ષ અસિદ્ધ હોય એવો એક હેત્વાભાસ (ન્યા.).-યી વિ૦ આશ્રયવાળું. આશ્રિત વિ૦ આશ્રયે રહેલું

આશ્લિષ્ટ વિ૦ [સં.] આલિંગાયેલું (૨) ઓતપ્રોત

આશ્લેષ પું૦ [સં.] આલિંગન; છાતી સાથે ચાંપવું તે

આશ્લેષા સ્ત્રી૦ [સં.] નવમું નક્ષત્ર

આશ્વાસ પું૦[સં.] દિલાસો; સાંત્વન; અભયદાન (૨) છુટકારાનો–નિવૃત્તિનો શ્વાસ લેવો તે (૩)કથાનો વિભાગ; સર્ગ. ૦ક વિ૦ આશ્વાસન આપનારું. ૦ન ન૦, ૦ના સ્ત્રી૦ દિલાસો; સાંત્વન; હિંમત; (૨) અભયદાન આપવું તે. ૦વું સ૦ક્રિ૦ આશ્વાસન આપવું; નિવૃત્તિનો–છુટકારાનો દમ ખેંચવો. -સ્ય વિ૦ આશ્વાસવા યોગ્ય

આશ્વિન પું૦ [સં.] આસો માસ

આષાઢ પું૦ [સં.] અષાઢ માસ. -ઢા સ્ત્રી૦ વીસમું અને એકવીસમું નક્ષત્ર (પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા) (૨) અષાઢ માસમાં ગાજતી વાદળીઓનો સમૂહ. -ઢી વિ૦ અષાઢ માસમાં આવતું–થતું

આષ્ટ્ર ન૦ [સં.] આકાશ (૨) વાતાવરણ

આસકા સ્ત્રી૦ જુઓ આશકા [અતિશય સ્નેહ; મોહ

આસક્ત વિ૦ [સં.] ચોંટેલું; મોહિત; અનુરક્ત. -ક્તિ સ્ત્રી૦

આસન ન૦ [સં.] બેસવાની જગા(૨)બેસવા, સૂવાની કે ઊભા રહેવાની ઢબ (૩) બેસવાની વસ્તુ (૪) ચોપડી ટેકવવાની વસ્તુ (૫) ચોપડી અથવા પત્રકમાં પાડેલો કોઠો; ખાનું (૬) બાવો જમાવે તે પડાવ; મઠ (૭) જીવ-કીડા ઉત્પન્ન કરે એવી વસ્તુ–ભેજ (૮) એક ઔષધિ, આસંધ. ૦વિધિ સ્ત્રી૦ (યોગનાં) આસન કરવાની રીત. -નિયું ન૦ આસન માટે પાથરવાની વસ્તુ (ઊન, દર્ભ ઝાડની છાલ ઇ૦ની). -ની સ્ત્રી૦ બેસણું; છેક નાનું આસન

આસનકેદ સ્ત્રી૦ આસાનકેદ (ખોટો શ૦પ્ર૦) [મહેમાની

આસનાવાસના સ્ત્રી૦ આશ્વાસન; દિલાસો (૨) સરભરા;

આસન્ન વિ૦ [સં.] નજીક આવેલું. ૦કાલ(-ળ) પું૦ મરણ કાળ. ૦કોણ પું૦ 'એડ્જેસન્ટ ઍન્ગલ' (ગ.)

આસપાસ અ૦ આજુબાજુ (૨) નજીકમાં

આસમાન ન૦ [ફા.] આકાશ; ગગન. -ની વિ૦ આકાશના જેવા રંગનું (૨) દૈવી; કુદરતી(૩)સ્ત્રી૦ દૈવી આફત–કોપ. -ની સુલતાની સ્ત્રી૦ ચડતીપડતી (૨) આસમાની કે સુલતાની; અણધારી આફત અથવા કોપ

આસમાસ અ૦ પાસે (૨) જાણીજોઈને; ખામુખા

આસરડવું સ૦ક્રિ૦ અવાજ થાય એવી રીતે ખાવું

આસવ પું૦ [સં.] સત્ત્વ; અર્ક (૨) ગાળેલો દારૂ. ૦ન ન૦ આસવ–અર્ક કાઢવો તે

આસવતું વિ૦ કામગરું; કામમાં રોકાયેલું (૨)[ફા.]ન૦ કામ

આસંગ પું૦[સં.] આસક્તિ (૨) સમાગમ; સંભોગ(૩) કર્તૃત્વા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિમાન.-ગી વિ૦ આસંગવાળું. -ગો પું૦ આસક્તિ; હેડો
આસંત્રો(-દ્રો) પું૦ એક ઝાડ; આસૂંદરો
આસંદિકા પું૦ [સં.] નાનું આસન; નાની ખુરસી
આસંદ્રો પું૦ જુઓ આસંત્રો
આસં(-સોં)ધ સ્ત્રી૦ એક ઔષધિ; અશ્વગંધા
આસા,૦ગૌડ,૦જોગી,૦વાડ જુઓ 'આશા(-સા)'માં
આસાએશ સ્ત્રી૦ આરામ; વિશ્રાંતિ [સ્ત્રી૦ સહેલાઈ
આસાન વિ૦[ફા.]સહેલું; નરમ. ૦કેદ સ્ત્રી૦ સાદી કેદ. -ની
આસામી પું૦; સ્ત્રી૦ માણસ; વ્યક્તિ (૨) દેણદાર (૩) પૈસાદાર-પ્રતિષ્ઠિત માણસ (૪) ઘરાક; અસીલ (૫) આસામનો વતની. ૦વાર અ૦ માથાદીઠ
આસાર પું૦ ફાળકો (૨) [સં.] ઝાપટું; જોરદાર વૃષ્ટિ
આસિસ્ટંટ વિ૦ મદદનીશ; હાથ નીચેનું (૨) પું૦ એવી વ્યક્તિ
આસીરિયા પું૦(સં.) પશ્ચિમ એશિયામાંનો એક પ્રાચીન દેશ. -યન વિ૦ આસીરિયા દેશનું (૨) પું૦ તે દેશનો વતની
આસુર(-રી) વિ૦ [સં.] અસુર સંબંધી; રાક્ષસી; જંગલી. ૦વિવાહ પું૦ કન્યાવિક્રયવાળો વિવાહ
આસૂદા(-દું) વિ૦ [ફા.] નિરાંતવાળું; સુખી
આસૂં(-સોં)દરો પું૦ એક ઝાડ; આસંત્રો
આસેધ પું૦ [સં.] અટક; કેદ
આસેબ ન૦ [ફા.] ભૂતપ્રેત
આસો પું૦ વિક્રમવર્ષનો છેલ્લો મહિનો
આસોપાલવ પું૦ એક ઝાડ
આસોંદ સ્ત્રી૦ એક ઔષધિ; આસંધ
આસોંદરો પું૦ એક ઝાડ; આસંત્રો
આસ્કંદ પું૦ [સં.] હલ્લો (૨) યુદ્ધ (૩) તિરસ્કાર; નિંદા
આસ્તર પું૦, ૦ણ ન૦ [સં.] પાથરવું-બિછાવવું તે (૨) પાથરણું; ગાલીચો (૩) ચાદર (૪) ઢાંકણ; ઓઢો
આસ્તિક વિ૦ [સં.] ઈશ્વર અને પરલોકના અસ્તિત્વમાં માનનારું (૨) શ્રદ્ધાળુ. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦, -ક્ય ન૦
આસ્તે અ૦ ધીમે
આસ્થા સ્ત્રી૦ [સં.] આદર; માન (૨) શ્રદ્ધા; આકીન (૩) મૂડી; પૂંજી. ૦વાન,-સ્થિક વિ૦ આસ્થાવાળું
આસ્થાનમંડપ પું૦ [સં.] સભામંડપ
આસ્પદ ન૦ [સં.] સ્થાન; જગા (૨) વિ૦ લાયક; પાત્ર (સમાસને અંતે). ઉદા૦ શોભાસ્પદ
આસ્ફાલન ન૦ [સં.] અફળાવું કે અફાળવું તે
આસ્ફોટ પું૦, ૦ણ(-ન) ન૦ [સં.] થાબડવું-પોલે હાથે (હાથના કોણીના ઉપલા ભાગ પર) ઠોકવું તે (૨) ઊપણવું તે (૩) પ્રગટ-જાહેર કરવું તે (૪) ભડાકા-ધડાકા સાથે ફૂટવું તે. ૦વું સ૦ક્રિ૦ જોરથી અફાળવું
આસ્ય ન૦ [સં.] મુખ (૨) ચહેરો
આસ્રવ પું૦ [સં.] દુઃખ; પીડા (૨) સ્રાવ (૩) [જૈન] કર્મનું આત્મામાં દાખલ થવું તે કે તેના નિમિત્તરૂપ પાપપ્રવૃત્તિ
આસ્વાગત સ્ત્રી૦ + આગતાસ્વાગતા
આસ્વાદ પું૦[સં.] ચાખવું-સ્વાદ લેવો તે (૨) માણવું તે. ૦ક વિ૦ આસ્વાદ લેનારું. ૦ન ન૦ આસ્વાદ લેવો તે. ૦વું સ૦ ક્રિ૦ ચાખવું; સ્વાદ લેવો (૨) ભોગવવું; માણવું. -દ્ય વિ૦ આસ્વાદ લેવા યોગ્ય
આહ સ્ત્રી૦ હાય; નિસાસો (૨) અ૦ અરે!
આહત વિ૦ [સં.] ઈજા પામેલું; જખમી (૨) હણાયેલું (૩) વગાડેલું; વગાડવાથી નીપજતું. -તિ સ્ત્રી૦ હનન; પ્રાણ લેવો તે (૨) મારવું તે; ફટકો (૩) [ગ.] ગુણવું તે
આહરણ ન૦ [સં.] હરણ; લઈ લેવું તે
આહવ પું૦ [સં.] યજ્ઞ (૨) યુદ્ધ. ૦ન ન૦ યજ્ઞ. ૦નીય વિ૦ યજ્ઞને યોગ્ય; હોમવા યોગ્ય (૨) પું૦ હોમનો અગ્નિ
આહા,૦હા અ૦ આશ્ચર્ય, દુઃખ આદિ સૂચવનાર ઉદ્ગાર
આહાર પું૦[સં.] ખોરાક (૨) ખાવું તે; ખાનપાન. ૦વિહાર પું૦ આહાર અને વિહાર. ૦શાસ્ત્ર ન૦ આહારનું શાસ્ત્ર. ૦શુદ્ધિ સ્ત્રી૦ આહારની શુદ્ધિ. -રી વિ૦ આહાર કરનારું (૨) અકરાંતિયું. -ર્ય વિ૦ ખાવા લાયક (૨) કૃત્રિમ વેશ, રચના આદિથી કરેલું (અભિનય માટે)
આહીર પું૦ ભરવાડ; રબારી. ૦ડી(-ણ,-ણી),-રાણી સ્ત્રી૦ આહીરની સ્ત્રી. ૦જાદો પું૦ ભરવાડનો દીકરો
આહુત વિ૦ [સં.] હોમેલું; બલિરૂપે અપાયેલું. -તિ સ્ત્રી૦ હોમવું તે (૨) હોમવાનું દ્રવ્ય-વસ્તુ; બલિદાન
આહૂત વિ૦ [સં.] બોલાવેલું; નિમંત્રેલું
આહેડી પું૦ શિકારી; ભીલ [વાવેતર
આહોડ સ્ત્રી૦ તરતની ખેડાયેલી જમીન (૨) [કા.] તરતનું
આહોતું ન૦ દૈનિક ક્રિયા; રોજનું કામ (૨) (કા.) ખુશામત
આહ્નિક વિ૦ [સં.] દૈનિક (૨) ન૦ નિત્યકર્મ
આહ્લાદ પું૦ [સં.] આનંદ; હર્ષ. ૦ક વિ૦ આહ્લાદ કરાવે તેવું. -દિત વિ૦ આહ્લાદયુક્ત
આહ્વાન ન૦ [સં.] આમંત્રણ (૨) પડકાર (૩) આવાહન (૪) હાજર થવાનો હુકમ; 'સમન્સ'
આળ ન૦ ખોટો આરોપ-તહોમત (૨) ઓઠું; આળપંપાળ (૩) સ્ત્રી૦ અટકચાળું (૪) પ્રત્યય : નામને લાગતાં 'વાળું' અર્થનું વિ૦ બનાવે. ઉદા૦ 'દયાળ'; 'શરમાળ'
આળખવું સ૦ક્રિ૦ આલેખવું [પ.] (૨) અડવું; પહોંચવું (?)
આળપંપાળ વિ૦ મિથ્યા (૨) સાચું નહિ એવું; આડું-અવળું (૩) પટામણું (૪) ન૦ આશ્વાસન (૫) ભૂતપ્રેતાદિ
આળવણ ન૦ બટ્ટો; બદનામી
આળવાળ પું૦; ન૦ આલવાલ; ક્યારો [પણું
આળવીતરું વિ૦ મસ્તીખોર; તોફાની. -રાઈ સ્ત્રી૦ આળવીતરા-
આળવીતું વિ૦ આળવીતરું
આળસ સ્ત્રી૦; ન૦ એદીપણું; સુસ્તી. ૦વું અ૦ક્રિ૦ આળસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવી;મંદ પડવું(૨) બંધ પડવું;અટકી જવું. -સાઈ સ્ત્રી૦ આળસ. -સુ વિ૦ આળસવાળું; મંદ; સુસ્ત

આળાલુંબો પું૦ સંસારની આશા-તૃષ્ણા; લાલચ

આળાપવું સ૦ક્રિ૦ આલાપવું (?)

આળિયું ન૦ બખોલ; ખાડો(ખાસ કરીને કૂવાની દીવાલમાં)

આળિયો પું૦ આરિયું

આળી સ્ત્રી૦ સોનીની અંગીઠી મૂકવાની ઊંચી ઓટલી

આળીગાળું વિ૦ આલીગારું; અટકચાળું; તોફાની

આળું વિ૦લીલું; ભીનું(૨) તાજું ઉતરડેલું; કાચું(ચામડું) (૩) જરા અડકવાથી દુખાવાય એવું (૪) નરમ; પોચું(૫) 'વાળું' અર્થમાં (નામને છેડે). ઉદા૦ 'દુઃખાળું'

આળુંભોળું વિ૦ ભોળું; નિષ્પાપ; બાલિશ (૨) ન૦ બાળક

આળે અ૦ એળે (૨) ન૦+ આલય (૫.)

આળેખવું સ૦ક્રિ૦ જુઓ આલેખવું

આળોટવું અ૦ક્રિ૦ સૂઈને એક ઠેકાણેથી બીજે ઠેકાણે એમ ગબડવું; લોટવું. -ણ વિ૦ આળોટવાની ટેવવાળું (૨) ન૦ આળોટવું તે; આળોટવાની તલપ

આળોવણ ન૦ આલોચણ (જૈન)

આં અ૦ હાં; હો (૨) ઠીક, ભલે, વારુ ઇત્યાદિ અર્થ બતાવતો [ઉદ્ગાર

આંઉ અ૦ એક નકારસૂચક ઉદ્ગાર

આંક પું૦ સંખ્યાની નિશાની (૨) ભાવ; મૂલ્ય (૩) જાડાઈ કે પાતળાઈનો હિસાબ [સૂતરનો] (૪) નિશાની (૫) અડસટ્ટો (૬) સીમા; હદ (૭) ઘરી (૮) પું૦ બ૦ વ૦ ઘડિયા; પાડા. ૦ચાળણી સ્ત્રી૦ ઝીણાં છિદ્રવાળી ચાળણી

આંકડો પું૦ સંખ્યા; સંખ્યાની નિશાની (૨) લેણદેણનો હિસાબ-કાગળ (૩) બિલ (૪) છેડેથી વળેલો સળિયો; 'હૂક' (૫) ગળ (૬) ડંખ(૭) વળ[મૂછનો] (૮) વરને આપવાનો ચાંલ્લો; પરઠણ. -ડાની સ્ત્રી૦ જલેબી (પુષ્ટિમાર્ગમાં). -ડાવહી સ્ત્રી૦ભરતિયાં નોંધવાનો ચોપડો. -ડાશાસ્ત્ર ન૦ હકીકતના આંકડા એકત્ર કરવાની,તેનું વર્ગીકરણ કરવાની અને તેનો ઉપયોગ કરવાની વિદ્યા; 'સ્ટેટિસ્ટિક્સ'. -ડાશાસ્ત્રી પું૦ આંકડાશાસ્ત્રનો વિદ્વાન

આંકડિયું વિ૦ આંકડાવાળું; નિશાનીવાળું

આંકડી સ્ત્રી૦ એક અથવા બંને છેડેથી વાળેલો સળિયો;કડી; 'હૂક' (૨) ગળ (૩) આંતરડામાં થતી પીડા; ચંક(૪) તાણ [રોગ](૫)[લા.] સખત વાંધો;વિરોધ; અણગમો. ૦ઘૂંકડી સ્ત્રી૦ આંટીઘૂંટી

આંકણ ન૦ આંકવું તે (૨) ઊપણતાં સારું સારું અનાજ જુદું પાડવું તે. -ણી સ્ત્રી૦આંકવાનું-લીટી દોરવાનું સાધન (૨)કસ-કિંમતનો અડસટ્ટો કાઢવો તે. -ણું ન૦આંકવાનું ઓજાર (સુતારી) (૨) દાગીના પર ચીતરવાનું સોનીનું ઓજાર. -વું સ૦ ક્રિ૦ નિશાની પાડવી; લીટી દોરવી (૨) કસ-કિંમતનો અડસટ્ટો કાઢવો

આંકસ પું૦ + અંકુશ; દાબ

આંકિક વિ૦ [સં.] અંકને લગતું

આંકો પું૦ નિશાનીની લીટી (૨) અડસટ્ટો (૩) હદ; નેક

આંકોશિયાં ન૦ બ૦ વ૦ પાંસળાં (૨) સખત પ્રયત્ન (૩) એથી ઊપજતો શ્વાસ

આંખ સ્ત્રી૦ચક્ષુ;નેત્ર (૨)[લા.] જોવાની શક્તિ;નજર(૩)નિદ્રા; દેખરેખ (૪) નાનું કાણું;છિદ્ર(૫)બીજની ગાંઠ (શેરડીની). ૦ચાંદલો,૦ચાંદ્લો પું૦ કપાળમાં લગાડાતી ટીપકી. ૦ચોરી સ્ત્રી૦અણગમતી વસ્તુ ઉપરથી આંખ ખસેડી લેવી તે (૨) જોયું હોય છતાં નથી જોયું તેવો દેખાવ કરવો તે. ૦ઢાંકણી સ્ત્રી૦ આંખનો ડાબલો (ઘોડા વગેરેનો). ૦ની આડ સ્ત્રી૦ ગિલ્લીદંડાનો એક દાવ;આંખી ૦ફુટામણું ન૦ આંખફુટામણીનું ફળ. ૦ફુટામણી સ્ત્રી૦ ઈંદ્રવારણાંનો વેલો. ૦મ(-મિ,-મીં)ચકારો પું૦ પલકારો(૨)આંખથી કરેલી ઇશારત. ૦મિ(-મીં)ચામણ ન૦ જોયું ન જોયું કરવું તે. ૦મિ(-મીં)ચામણાં ન૦બ૦વ૦એક બાળરમત (૨) જોયું ન જોયું કરવું તે (૩) ઇશારત (આંખ મીંચીને કરેલી).૦મિ(-મીં)ચામણી સ્ત્રી૦ જુઓ આંખમીંચામણાં. -ખાળું વિ૦ આંખવાળું (૨) જાણનારું; વિદ્વાન

આંખિયું ન૦ આંખઢાંકણી (ઘાંચીના બળદની)

આંખિયાં ન૦બ૦વ૦ મૂર્છા(૨)ડોળા કાઢવા તે(૩)ઝળઝળિયાં

આંખી સ્ત્રી૦ જુઓ 'આંખની આડ'; અંખી

આંગડ સ્ત્રી૦ દાગીના, રોકડ વગેરેનું જોખમ (૨) દાગીના, રોકડ વગેરે કીમતી વસ્તુ. -ડિયો પું૦ આંગડ લઈ જનારો માણસ; વિશ્વાસુ નોકર

આંગડી સ્ત્રી૦ અંગરખી; ઝભલું

આંગણ(-ણું) ન૦ ઘરના મુખ્ય દ્વાર સામેની ખુલ્લી જગા

આંગત વિ૦ (કા.) અંગત; પોતાનું; સ્વતંત્ર માલિકીનું (૨) અંગનું; નજીકનું (સગું)

આંગમણ સ્ત્રી૦ કૌવત; જોર (૨) જુઓ આગમણ

આંગમવું સ૦ક્રિ૦ -ની સામે થવું; ઝઝવું

આંગલું ન૦ ઝભલું

આંગળ ન૦ આંગળી (૨) આંગળી જેટલી લંબાઈ; તસુ; ઇંચ (૩) દસની સંજ્ઞા. ૦તોડો પું૦ આંગળીએ ચોંટી જાય એવો પાણીમાં રહેનારો એક જીવડો. ૦વા અ૦ આંગળ જેટલું. -ળિયાત,-ળિયું વિ૦(૨) ન૦આગલા ધણીનું (બાળક)

આંગળી સ્ત્રી૦ હાથપગના પંજા આગળના પાંચ અવયવોમાંનો દરેક અવયવ. ૦દેખામણું ન૦ ફજેતો. -ળું ન૦ આંગળી

આંગિક વિ૦ [સં.]અંગ-શરીર સંબંધી [બૃહસ્પતિ

આંગિરસ વિ૦ [સં.] અંગિરસ ઋષિને લગતું (૨)પું૦ (સં.)

આંગી સ્ત્રી૦ પરણનાર પુરુષને મોસાળ તરફથી મળતું ઓટ્યા વિનાનું કોરું વસ્ત્ર (૨) માતાની મૂર્તિને બદલે મુકાતી રંગબેરંગી ધાતુઓના પતરાની તકતી (૩) હનુમાનની મૂર્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનું તેલસિંદૂરનું પડ (૪) [જૈન] મૂર્તિના શણગાર
આંગ્રમન્યુ પું૦ (સં.) અહરિમાન
આંગ્લ વિ૦ અંગ્રેજોને લગતું. ૦દેશ પું૦, ૦ભૂમિ(-મી) સ્ત્રી૦ અંગ્રેજોનો દેશ;ઇંગ્લંડ. ૦ભાષા સ્ત્રી૦ અંગ્રેજી ભાષા
આંચ સ્ત્રી૦ ઝાળ; ભભૂકો; સખત તાપ(૨)દીપ્તિ; શેહ;રૂઆબ (૩) ધમકી; ત્રાસ (૪) ઈજા
આંચકવું સ૦ક્રિ૦ જોરથી એકદમ ખેંચવું [આંચકો
આંચકી સ્ત્રી૦ તાણ; આંકડી (૨) હેડકી. -કો પું૦ જુઓ
આંચણી સ્ત્રી૦ બોલતાં અચકાવું તે (૨) વાતચીતમાં વારેવારે બોલવાની ટેવ હોય એવા નિરર્થક શબ્દો તે (૩) જુઓ અસ્તાઈ
આંચલું વિ૦ દોઢડાહ્યું
આંચળ પું૦ પશુમાદાના આઉનો અગ્રભાગ
આંચળી સ્ત્રી૦ અંચળ; છેડો; પાલવ
આંછ સ્ત્રી૦ ઝાંખ; ઓછું સૂઝવું તે (૨) આંખની છારી
આંજણ ન૦ અંજન; કાજળ (૨) છેતરપિંડી; છળ
આંજણિયું ન૦ એક ઝાડ
આંજણી સ્ત્રી૦ પાંપણના મૂળ આગળ થતી ફોલ્લી
આંજણો પું૦ એક જાતનો પાટીદાર
આંજનેય પું૦ [સં.] (સં.) અંજનાનો પુત્ર—હનુમાન
આંજવું સ૦ક્રિ૦ આંખમાં લગાડવું (૨) અતિ પ્રકાશથી આંખનું તેજ હરી લેવું (૩) [લા.]શેહમાં નાખવું; ઝાંખા પાડી દેવું; છક કરી દેવું
આંજિયું ન૦ જુવારનો એક રોગ; આજિયું
આંજો પું૦કૂવાથંભની બે બાજુના સઢ બાંધવાનાં મોટાં દોરડાં
આંટ સ્ત્રી૦ આંટી; ગૂંચ (૨) કીનો; વેર (૩) શાખ; આબરૂ (૪) હથોટી; હોશિયારી; ઝડપ (૫) તાકોડિયાપણું; ચોટ
આંટણ ન૦ (ચામડી પર) ઘસારાનું ચિહ્ન
આંટવું સ૦ક્રિ૦ તાકવું; નિશાન માંડવું (૨) ટપી જવું
આંટિયાળું વિ૦ આંટીવાળું
આંટી સ્ત્રી૦ ગડ; ગાંઠ; ગૂંચ (૨) કાંતેલ દોરાની કરાતી ગડી (૩) કીનો (૫) ફાંસો; પેચ; પ્રપંચ (૫) કોયડો (૬) શાખ; આબરૂ. ૦ઘૂંટિયાળું વિ૦આંટીઘૂંટીવાળું. ૦ઘૂંટી સ્ત્રી૦ દાવપેચ (૨) છળકપટ. ૦ફાંટી સ્ત્રી૦ એક બાળરમત
આંટે ટપ્પો પું૦ લખોટીઓની રમતનો એક દાવ
આંટો પું૦ વળ; ચકરાવો; ફેર (૨) ફેરો; ધક્કો (૩) અંટસ. ૦ફેરો પું૦ આંટો અને ફેરો
આંડવા પું૦બ૦વ૦ અંડ; પેળ
આંતખાર પું૦ આડખીલી; વિઘ્ન
આંતર વિ૦[સં.]અંદરનું; માંહોમાંહેનું;આંતરિક. ૦વ્ય ન૦. ૦દર્શન ન૦ આંતર + દર્શન. ૦પ્રતીતિ સ્ત્રી૦ અંદર–મનમાં થતી પ્રતીતિ. ૦રાષ્ટ્રિ(-ષ્ટ્રી)ય વિ૦ સર્વ રાષ્ટ્રોને કે તેમના પરસ્પર સંબંધને લગતું. ૦વિગ્રહ પું૦, ૦યુદ્ધ ન૦ અંદર અંદર યુદ્ધ; 'સિવિલ વૉર'
આંતર,૦ડું ન૦ પેટમાંના અન્નરસને પચાવી મળને બહાર કાઢનાર નળના આકારનો અવયવ; પેટનો નળ
આંતરડી સ્ત્રી૦ દિલ; હૃદય [અટકાવવું
આંતરવું સ૦ક્રિ૦ જુદું પાડવું; પડદો ભરવો (૨) ઘેરવું(૩)
આંતરસી(-સે)વો,આંતરસો પું૦અંદરનું સીવણ;સીવેલા કપડાને બંધબેસતું કરવા માટે અંદરથી ભરેલો દોરો
આંતરિક વિ૦ [સં.] અંદરનું (૨) અંતરનું; હૃદયનું
આંતરી સ્ત્રી૦ધોતિયું, ખેસ વગેરે કાપડના વગર વણેલા છેડા તે (૨) કોર; છેડો; પાલવ (૩) કાપડ–ચોપડીઓમાં પડતી એક જીવાત (૪) વહાણની કિનાર (૫) ખાવાના પાનની નસ (સુ.) (૬) ફણસનાં ચાંપાંને વળગેલા રેસા (સુ.)
આંતરો પું૦અંતર;ગાળો (૨) અંતરપટ;પડદો (૩) જુદાઈ; ભેદ (૪) ધ્રુપદનો બીજો ભાગ [ઉખેળવી તે
આંતો પું૦ ત્રણ સેરોનો દોર ભાંગતાં પહેલી બે સેરો
આંત્ર વિ૦[સં.] આંતરડાને લગતું(૨)ન૦ આંતરડું. ૦જ્વર પું૦ આંતરડાનો તાવ. ૦રસ પું૦ આંતરડાનો રસ
આંદૂલમાન વિ૦+ચલિત
આંદોલ પું૦[સં.] આંદોલન; ડોલન (૨)વિ૦કંપયુક્ત (સ્વર). ૦ન ન૦ હાલવું તે; ઝૂલવું તે (૨) હિલચાલ; ખળભળાટ (૩)ગતિમાન (પ્રેરક) તત્ત્વ. -લિત વિ૦ આંદોલન પામેલું
આંધણ ન૦[કા.] આધણ
આંધળું વિ૦ અંધ ન દેખતું (૨) વિચારહીન; જ્ઞાનહીન (૩) અંધારું. -ળિયું ન૦ સાહસ; અવિચારી કર્મ. -ળિયો પોટો પું૦ આંધળો પાટો. -ળી ખિસકોલી સ્ત્રી૦ એક રમત. -ળી ચાકણ(-ળ,-ળણ) સ્ત્રી૦ બે મુખવાળો એક સાપ. ૦ભ્રભ,૦ભીંત વિ૦ છેક આંધળું. -ળો પાટો (-ડો), -ળો પોટો પું૦ એક બાળરમત; ડાહીનો ઘોડો. -ળો ભોટવો પું૦ એક બાળરમત
આંધી સ્ત્રી૦ દિશાઓ ધૂળથી પુરાઈ જાય એવું સખત વાવાઝોડું (૨) અંધાપો
આંધ્ર પું૦[સં.] (સં) તેલુગુ પ્રદેશ; તેલંગણ
આંબટ વિ૦ [પ્રા.] ખાટું (૨) સ્ત્રી૦ એક ઔષધ
આંબલી સ્ત્રી૦ આમલી (૨) [કા.] આંબલીનો કચૂકો. ૦પીંપળી સ્ત્રી૦ એક રમત [ખટાઈ જવું
આંબવું અ૦ક્રિ૦ પહોંચવું; પકડી પાડવું (૨) અંબાવું;
આંબળું ન૦, -ળી સ્ત્રી૦ જુઓ 'આમળું'માં
આંબળો પું૦ જુઓ આમળો
આંબેલ ન૦ એક ટંક અલૂણું જમવાનું વ્રત (જૈન)
આંબો પું૦ આમ્રવૃક્ષ; કેરીનું ઝાડ (૨) છોકરાંની એક રમત. -બલિયો પું૦આંબો(પ.). -બાગાળો પું૦કેરીની મોસમ. -બામોર પું૦આંબાનો મોર (૨) ડાંગરની એક જાત. -બાવાડિયું ન૦,-બાવાડી સ્ત્રી૦ આંબાનું વન;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમરાઈ. -બાશા(-સા)ખ સ્ત્રી૦ આંબા ઉપર કુદરતી રીતે પાકેલી કેરી.-બાહળદર સ્ત્રી૦ એક જાતની હળદર. ૦ળિયું ન૦ કાચી કેરીની સૂકવેલી ચીરી

આંબોઈ સ્ત્રી૦ ડૂંટીની નીચેની રગોની ગાંઠ

આંબોસું ન૦ સૂકું આલૂ (૨) સૂકી દ્રાક્ષ

આંસ પું૦ ધરી

આંસુ ન૦ અશ્રુ; આંખોમાંથી દુઃખ કે હર્ષ વખતે ટપકતાં ટીપાં. ૦ઢાળ વિ૦ આંખમાંથી આંસુ પાડે એવું(૨)સ્ત્રી૦ ઘોડાની એક જાત. ૦પાત પું૦ અશ્રુપાત

આંહાં અ૦ નકાર બતાવતો ઉદ્ગાર; ઊંહું

આંહાંતૂસ સ્ત્રી૦ હા ના; ઘડભાંગ

આંહીં, ૦કણે અ૦ અહીંયાં

ઇ

ઇ સ્ત્રી૦ [સં.] સંસ્કૃત કુટુંબની વર્ણમાલાનો ત્રીજો અક્ષર (૨) અ૦ ક્રોધ, નિંદા, દયા, દુઃખ, દાઝ અને વિસ્મયસૂચક ચિત્કાર. ૦કાર પું૦ 'ઇ' અક્ષર કે ઉચ્ચાર. ૦કારાંત વિ૦ અંતે ઇકારવાળું

ઇકબાલ ન૦ [अ.] કિસ્મત; નસીબ (૨) સદ્ભાગ્ય; આબાદી

ઇકરાર પું૦ [अ.] હા પાડવી તે; કબૂલાત (૨) કેફિયત; પ્રતિજ્ઞાપૂર્વક કહેલો અથવા લખાયેલો મજકૂર; એકરાર. ૦નામું ન૦ પ્રતિજ્ઞાપૂર્વક કબલાતનો લેખ; 'એફિડેવિટ'

ઇકોતરી સ્ત્રી૦ ગણિતના સોળ આંકમાંનો એક

ઇકોત(-તે)રો વિ૦પું૦ ૭૧નો; ૭૧મો (૨) પું૦ (સં.) વિ. સં. ૧૮૭૧નો દુકાળ

ઇકોતેર વિ૦ ૭૧; એકોતેર. -રો જુઓ ઇકોતરો

ઇક્કડ સ્ત્રી૦ એક વનસ્પતિ

ઇક્ષુ સ્ત્રી૦ [સં.] શેરડી. ૦કાંડ પું૦ શેરડીનો સાંઠો (૨) તેની પેરાઈ. ૦જ વિ૦ શેરડીમાંથી નીપજતું (ગોળ, ખાંડ ઇ૦). ૦દંડ પું૦ શેરડીનો સાંઠો. ૦પાક પું૦ ગોળ. ૦યંત્ર ન૦ શેરડી પીલવાનું યંત્ર; કોલુ. ૦રસ પું૦ શેરડીનો રસ. ૦શર્કરા સ્ત્રી૦ સાકર. ૦સાર પું૦ ગોળ.

ઇક્ષ્વાકુ પું૦ [સં.] (સં.) સૂર્યવંશનો આદિ રાજા

ઇખલાક પું૦ [अ.] વિનય; સભ્યતા

ઇખલાસ પું૦ [अ.] વિદ્રોહનો અભાવ; દોસ્તી; એખલાસ

ઇખ્તિલાત પું૦ [अ.] મૈત્રી; સ્નેહ

ઇખ્તિલાફ પું૦ [अ.] વિરોધ; જુદાઈ; દ્વેષ

ઇખ્તેસાર પું૦ સંક્ષેપ; સાર

ઇચાવું અ૦ ક્રિ૦, -વવું સ૦ ક્રિ૦ 'ઇચવું'નું અનુક્રમે [કર્મણિ ને પ્રેરક

ઇચ્છવું સ૦ ક્રિ૦ ઇચ્છા કરવી (૨) આશા રાખવી (૩) માગવું

ઇચ્છનધારા સ્ત્રી૦ અવિચ્છિન્ન ધારા (૨) અભિષેકપાત્ર

ઇચ્છા સ્ત્રી૦ [સં.] મરજી; રુચિ; ખુશી (૨) ઉમેદ; આશા; અભિલાષા (૩) કામના; વાસના. ૦ચાર પું૦ સ્વેચ્છાચાર. ૦ચારી વિ૦ સ્વેચ્છાચારી. ૦નુરૂપ વિ૦ મરજી પ્રમાણેનુ ૦નુસાર અ૦ મરજી મુજબ. ૦નુસારી વિ૦ ઇચ્છા પ્રમાણેનું. ૦ન્યાય પું૦ માગ્યો-મનપસંદ ન્યાય. ૦પુરઃસર, ૦પૂર્વક અ૦ ઇચ્છા મુજબ (૨) જાણીજોઈને; ઇરાદાપૂર્વક. ૦ફલ(-ળ) ન૦ ઇચ્છા પ્રમાણે મળવું-થવું તે (૨) [ગ.] ત્રિરાશિમાં ઇચ્છિત ચોથું પદ; હિસાબનો જવાબ. ૦બલ (-ળ) ન૦ ઇચ્છાની શક્તિ; મનોબળ; સંકલ્પબળ. ૦ભેદી સ્ત્રી૦ સખત જુલાબની એક ઔષધિ. ૦ભોજન ન૦ભાવતું ભોજન. ૦મરણી વિ૦ ઇચ્છાનુસાર મરવાની શકિતવાળું. ૦વર પું૦ જાતે પસંદ કરેલો વર. ૦વાચક વિ૦ ઇચ્છા દર્શાવનારું. ૦વ્યાપાર પું૦ ઇચ્છાનો વ્યાપાર; ઇચ્છાનું કાર્ય. ૦શક્તિ સ્ત્રી૦ ઇચ્છાબલ; સંકલ્પબળ.-ચ્છાંક પું૦ ઇષ્ટરાશિ; ત્રિરાશિનું ત્રીજું પદ (ગ.).-ચ્છિત વિ૦ ઇચ્છેલું. -ચ્છુ(૦ક) વિ૦ ઇચ્છાવાળો

ઇજન ન૦ નોતરું; આમંત્રણ

ઇજનેર પું૦ બાંધકામ ઇત્યાદિની યોજના કરનાર આદમી (૨) યંત્રવિદ્યા જાણનાર આદમી. -રી વિ૦ ઇજનેરને— ઇજનેરના કામને લગતું (૨) સ્ત્રી૦ ઇજનેરી કામ કે વિદ્યા

ઇજલાસ સ્ત્રી૦ [अ.] જલસો; સભા; બેઠક. ૦નિશાન પું૦ સભ્ય (૨) નવાબો તથા એ દરજ્જાના પુરુષોને માટે માનાર્થે વપરાતો શબ્દ

ઇજાજત સ્ત્રી૦ [अ.] પરવાનગી

ઇજાફત સ્ત્રી૦ [अ.] વધારો; ઉમેરો (૨) સમાસ (૩) છઠ્ઠી વિભક્તિ (૪) જોડી દેવું તે; ખાલસા કરવું તે

ઇજાર સ્ત્રી૦ [अ.] સુરવાળ; લેંઘી. ૦બંધ પું૦ ઇજારનું નાડું; કમરપટો

ઇજારવું અ૦ક્રિ૦ દુઃખ, સંતાપ કરવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇજારો પું૦ [अ.] ઠરાવેલી શરત પ્રમાણે કોઈ હકનો એકહથ્થુ ભોગવટો;ઠેકો.–રદાર વિ૦ઇજારો ધરાવનાર. –રદારી સ્ત્રી૦ ઇજારદારનું કામ; ઇજારદારપણું. –રાપદ્ધતિ સ્ત્રી૦ ઇજારે આપવાની કે ઇજારો આપીને કાર્યવ્યવસ્થા કરવાની પદ્ધતિ [આબરૂદાર; પ્રતિષ્ઠિત

ઇજ્જત સ્ત્રી૦[अ.]આબરૂ. ૦(–તે)આસાર,૦દાર વિ૦

ઇજ્યા સ્ત્રી૦ [सं] યજ્ઞ (૨) પૂજા

ઇઝરાયલ વિ૦ [हिब्रू] યહૂદી લોકોને લગતું (૨) પું૦(સં.) યહૂદી લોકોનો એક મૂળ પુરુષ

ઇઝહાર પું૦ [अ.] જાહેર રજૂ કરેલી હકીકત; જાહેરનામું; 'ડેક્લેરેશન' (૨) જુબાની. ૦નવીસ પું૦ઇઝહાર લખનાર

ઇટાલિયન સ્ત્રી૦ [इं.] ઇટલીની ભાષા(૨) પું૦તેનો વતની

ઇટ્ટા(–ટ્ટી) સ્ત્રી૦ કટ્ટી; અક્કા

ઇઠ્ઠોતેર વિ૦ ૭૮; અઠ્ઠો(–ઠ્યો)તેર

ઇઠ્યાશી(–સી) વિ૦ ૮૮; અઠ્યાશી [મુશ્કેલ(ગઢ)

ઇડરિયો વિ૦પું૦ ઈડરનો(૨) [લા.] ઘણો મજબૂત–જીતવો

ઇડા સ્ત્રી૦[सं.] યોગશાસ્ત્રાનુસાર પ્રાણવાયુની ત્રણ નાડીઓમાંની જમણી નાડી (ઇડા, પિંગલા અને સુષુમ્ણા)

ઇતબાર પું૦[अ.]વિશ્વાસ. –રી વિ૦ભરોસા લાયક;પ્રમાણિક

ઇતમામ વિ૦[अ.]તમામ;પૂરેપૂરું(૨) પું૦સરંજામ;રસાલો

ઇતર સ૦ (૨)વિ૦ [सं.] અન્ય; બીજું(૩) ફાલતુ; ભિન્ન(૪) ક્ષુલ્લક. ૦તઃ અ૦ બીજેથી; જુદી રીતે. ૦ત્ર અ૦ અન્યત્ર; બીજે ઠેકાણે. ૦વાચન ન૦ અભ્યાસક્રમ ઉપરાંતનું વાચન

ઇતરડી સ્ત્રી૦ ઢોરના શરીરે વળગતું એક જંતુ

ઇતરાઈ સ્ત્રી૦ આછકલાઈ; મિથ્યા મોટાઈ [ખોફ

ઇતરાજ વિ૦[सं.]નાખુશ;ખફા.–જી સ્ત્રી૦નાખુશી;અવકૃપા;

ઇતરાવવું સ૦ ક્રિ૦ 'ઇતરાવું'નું પ્રેરક

ઇતરેતર વિ૦ (૨) સ૦[सं.] એકબીજાનું; પરસ્પરનું. ૦દ્વંદ્વ પું૦ દ્વંદ્વસમાસનો એક પ્રકાર. ઉદા૦'હાથીઘોડા'.–રાશ્રય પું૦ અન્યોન્યાશ્રય

ઇતલાખ વિ૦ જુદું; છૂટું (૨)સરકારનો પગારદાર (ફોજનો સિપાઈ)(૩)પું૦ છૂટું–મુક્ત કરવું તે(૪)છૂટાછેડા આપવા તે

ઇતવાર પું૦ આતવાર; રવિવાર

ઇતસ્તતઃ અ૦ [सं.] અહીં તહીં; આમતેમ

ઇતઃ અ૦ [सं.] અહીંથી. ૦પર અ૦ હવે પછી

ઇતિ અ૦[सं.]આ પ્રમાણે(૨)સ્ત્રી૦સમાપ્તિ. ૦કર્ત(–ર્ત્ત)વ્ય વિ૦ વિધિ અનુસાર કરવા યોગ્ય (૨) ફરજ–કર્તવ્ય કરી ચૂકેલ; જેનું કર્તવ્ય સમાપ્ત થયું છે એવું; કૃતકૃત્ય (૩) ન૦ કરવા યોગ્ય કામ; ફરજ. ૦કર્ત(–ર્ત્ત)વ્યતા સ્ત્રી૦ અવશ્ય કરવા યોગ્ય કામ (૨) કૃતકૃત્યતા. ૦કૃતમ્ અ૦ 'ક્યુ. ઈ. એફ' (ગ.). ૦માત્ર વિ૦ આટલું જ. ૦વૃત્ત ન૦ બનેલી હકીકતનું બયાન; ઇતિહાસ. ૦શ્રી સ્ત્રી૦ સમાપ્તિ. ૦સિદ્ધમ્ અ૦'ક્યુ. ઈ. ડી'.(ગ.).–ત્યલમ્ અ૦હવે બસ. –ત્યાદિ(૦ક) વિ૦ વગેરે

ઇતિમાદ પું૦ [अ.] વિશ્વાસ; ભરોસો

ઇતિહાસ પું૦[सं.]તવારીખ; ભૂતકાળનું વૃત્તાંત. ૦ક,૦કાર પું૦ ઇતિહાસ લખનાર પુરુષ. ૦જ્ઞ,૦વિદ,૦વેત્તા પું૦ ઇતિહાસનો જાણકાર–વિદ્વાન

ઇત્તિફાક પું૦[अ.] એકમતી (૨) સંપ (૩) બનાવ; સંજોગ

ઇત્થમ્ અ૦[सं.] આ પ્રકારે. ૦ભૂત વિ૦આ પ્રકારે બનેલું

ઇત્યલમ્, ઇત્યાદિ(૦ક) જુઓ 'ઇતિ'માં

ઇદમ્ સ૦ [सं.] આ. ઇદંતા સ્ત્રી૦ મળતાપણું; તાદૃશતા

ઇદંતૃતીયમ્ વિ૦[सं.] ધાર્યા કરતાં નવું જ–જુદું જ (૨) ન૦ ત્રીજું જ–અવનવું જ કંઈક

ઇધર અ૦ [हिं.] અહીં. ૦ઉધર, ૦તિધર અ૦ અહીંતહીં

ઇનકાર પું૦ઇન્કાર;નિષેધ; મના (૨) અસ્વીકાર; નામંજૂરી. ૦વું સ૦ક્રિ૦ ઇનકાર કરવો. –રિયત સ્ત્રી૦ ઇનકારવું તે

ઇનસાફ,૦દાર,–ફિયો,–ફી જુઓ 'ઇન્સાફ'માં

ઇનામ ન૦ [अ.] બક્ષિસ. ૦અકરામ ન૦ બક્ષિસ (૨) બક્ષિસ અને માન. ૦ઇજાફત ન૦ ઇનામમાં વધારો કરવો તે. ૦ચિઠ્ઠી સ્ત્રી૦ ઇનામની સનદ. ૦ચોથાઈ સ્ત્રી૦ ઇનામી જમીનના ઉત્પન્નનો સરકારનો ચોથો હિસ્સો. ૦દાર વિ૦ઇનામ મેળવનાર (૨) ઇનામી જમીન કે ગામવાળું. ૦દારી સ્ત્રી૦ ઇનામદારની પદવી. ૦પટો(–ટ્ટો) પું૦, ૦પત્ર ન૦ ઇનામી જમીન કે ગામનો લેખ–સનદ. ૦બેઝાબી સ્ત્રી૦ઇનામી જમીનનો સરકારધારો.૦સલામી સ્ત્રી૦ સલામી દાખલ થોડું મહેસૂલ ભરવું પડતું હોય એવી ઇનામી જમીન. –મી વિ૦ ઇનામને લગતું (૨) ઇનામમાં મળેલું (૩) જેમાં ઇનામ મળે એવું

ઇનાયત સ્ત્રી૦ [अ.] ભેટ; બક્ષિસ

ઇન્કમ ટૅક્સ પું૦ [इं] આવક પર લેવાતો વેરો

ઇન્કાર [अ.], ૦વું, –રિયત જુઓ 'ઇનકાર'માં

ઇન્કિલાબ ઝિંદાબાદ શ૦પ્ર૦ [फा.] ક્રાંતિ ઘણું જીવો

ઇન્શાઅલ્લાહ શ૦પ્ર૦ [अ.] ઈશ્વરેચ્છા

ઇન્સાન પું૦; ન૦ [अ.] માણસ (૨) માણસજાત. –નિયત સ્ત્રી૦ માણસાઈ; સજ્જનતા

ઇન્સાફ પું૦ [अ.] ન્યાય (૨) ચુકાદો. ૦દાર વિ૦ ઇન્સાફ રાખનારું (૨) પું૦ જડજ; ન્યાયાધીશ. –ફિયો પું૦ ઇન્સાફ આપનાર (તુચ્છકારમાં). –ફી વિ૦ ઇન્સાફને લગતું (૨) ન્યાયી (૩) સ્ત્રી૦ ઇન્સાફની રીત (૪) અદાલત

ઇન્સ્પેક્ટર [इं.] નિરીક્ષક; દેખરેખ રાખનાર

ઇપાણ(–ન) પું૦ એક વનસ્પતિ

ઇપ્પી સ્ત્રી૦ એક વનસ્પતિ

ઇબાદત સ્ત્રી૦ [अ.] ભક્તિ; ઉપાસના; સ્તુતિ. ૦ગાહ સ્ત્રી૦; ૦ખાના ન૦ ઉપાસનામંદિર–મસ્જિદ, મંદિર વગેરે

ઇબારત સ્ત્રી૦ [अ.] શૈલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇબ્લીસ પું૰ [अ.] શયતાન (૨) (સં.) એ નામનું દુષ્ટ ભૂત (મુસલમાનોમાં મનાતું) (૩) વિ૰ રાક્ષસી; નઠારું

ઇભ પું૰ [सं.] હાથી

ઇમલો પું૰ [अ.] મજલો (૨) બાંધકામ

ઇમામ પું૰ [अ.] મુસલમાનોનો વડો ધર્મગુરુ; ધર્માધ્યક્ષ (૨) મસીદનો ઉપદેશક યા કુરાન વાંચનારો; મુલ્લાં; કાજી (૩) તાજિયાની આગળ રાખવામાં આવતો ઝુંડો (૪) માળાનો મેર. ૦દાંડગો પું૰ ધર્મને નામે ધતિંગ ચલાવનારો. ૦બારા પું૰ મોહરમના દિવસોમાં તાજિયો રાખવામાં આવે કે ઉત્સવ ઊજવાય તે મસીદ. ૦હુસેન પું૰ (સં.) હજરત મહંમદ સાહેબના દોહિત્ર; બાર ઇમામોમાં ત્રીજા

ઇમારત સ્ત્રી૰ [अ.] મોટું મકાન; હવેલી (૨) [લા.] યોજના. ૦શાસ્ત્ર ન૰ બાંધકામનું શાસ્ત્ર; સ્થાપત્ય. –તી વિ૰ ઇમારતને લગતું (૨) ઇમારતમાં ઉપયોગી

ઇમ્તિહાન પું૰ [अ.] પરીક્ષા; તપાસ [સીમા

ઇયત્તા સ્ત્રી૰ [सं.] આટલાપણું (૨) પ્રમાણ; પરિમાણ (૩)

ઇયળ સ્ત્રી૰ એક કીડો

ઇયું નામ પરથી વિ૰ બનાવતો તદ્ધિત પ્રત્યય. 'વાળું', –ને લગતું, –ના ટેવવાળું" એવા અર્થમાં. ઉદા૰ ભૂખિયું; લોભિયું

ઇરાક પું૰; ન૰ (સં) મેસોપોટેમિયા

ઇરાદો પું૰ [अ.] ઉદ્દેશ; આશય. –દાપૂર્વક અ૰ જાણીજોઈને

ઇલકાબ પું૰ [अ.] ખિતાબ

ઇલમ પું૰ વિદ્યા; શાસ્ત્ર; કળા (૨) જાદુ (૩) મેલી વિદ્યા (૪) ઉપાય; તજવીજ. ૦બાજ, –મી વિ૰ ઇલમ જાણનારું (૨) કાબેલ; હોશિયાર

ઇલા સ્ત્રી૰ [सं.] પૃથ્વી (૨) (સં.) પુરૂરવાની માતા. ૦વૃત્ત ન૰ (પ્રાચીન આર્ય ભૂગોળ પ્રમાણે) જંબુદ્વીપના નવ ખંડો પૈકીનો એક ખંડ

ઇલા અ૰ યા ખુદા!

ઇલાકો (–ખો) પું૰ [अ.] પ્રાંત (૨) હકૂમતનો પ્રદેશ (૩) હક; દાવો; લાગતું વળગતું તે. –કેદાર વિ૰ ઇલાકા ઉપર હકૂમત ચલાવનારું [જાણનારું (૨) પું૰ વૈદ્ય; હકીમ

ઇલાજ પું૰ [अ.] ઉપાય (૨) ઉપચાર; દવા. –જી ઇલાજ

ઇલાયચી સ્ત્રી૰; ન૰ એક તેજાનો

ઇલાયચો પું૰ જુઓ અલાયચો

ઇલાયદું વિ૰ [अ.] જુઓ અલાયદું

ઇલાહી વિ૰ [अ.] ખુદા–ઈશ્વર સંબંધી (૨) વંદનીય

ઇલૂપી સ્ત્રી૰ એક વનસ્પતિ; ઇપ્પી

ઇલેક્ટ્રિક વિ૰ [इं.] વીજળીને લગતું (૨) ઝડપી

ઇલ્તિમાસ સ્ત્રી૰ [अ.] વિનંતી; અરજ

ઇલ્લા (–લ્લી) સ્ત્રી૰ એક રમત

ઇવ અ૰ [सं.] –ની પેઠે; જેમ [વિ૰ ઇશ્કને લગતું

ઇશક, ૦દારી, ૦બાજ, ૦બાજી, –કી જુઓ 'ઇશ્ક'માં. –કિયું

ઇશારત સ્ત્રી૰ [अ.] સાન; સંકેત

ઇશારો પું૰ [अ.] ઇશારત (૨) સૂચન

ઇશ્ક પું૰ [अ] ઇશક; પ્રેમ; સ્નેહ (૨) કામવિકાર (૩) રાગ; આવેશ. ૦દારી સ્ત્રી૰ પ્રેમીપણું (૨) કામુકતા; કામીપણું (૩) રંડીબાજી. ૦બાજ વિ૰ પ્રેમમાં લીન; પ્રણયી. ૦બાજી સ્ત્રી૰ પ્રેમમગ્નતા; પ્રણયવ્યાપાર; ભોગવિલાસ. ૦મિજાજી સ્ત્રી૰ લહેરીપણું; લાલાઈ. –શ્કી વિ૰ પ્રેમી (૨) ફક્કડ; છેલ. –શ્કેમિજાજી સ્ત્રી૰ કેવળ કામવાસના. –શ્કેહકીકી સ્ત્રી૰ ખરો–દૈવી પ્રેમ

ઇશ્તેહાર ન૰ [अ.] જાહેરનામું; ઘોષણા

ઇશ્યુ પું૰ [इं.] વાદનો મુદ્દો (૨) મુદ્દો; તર્ક

ઇષિ(–ષી)કા સ્ત્રી૰ [सं.] ઘાસનું રાડું (૨) તીર (૩) એક જાતની શેરડી (૪) સોનું પીગળ્યું કે નહિ તે જોવાની લાકડી અથવા સળિયો (૫) પીંછી ['વર્ડ્સાઇન'

ઇષુ પું૰ [सं.] તીર (૨) પાંચની સંખ્યા (૩) [ग.] ઉત્ક્રમજ્યા;

ઇષ્ટ વિ૰ [सं.] ઇચ્છેલું (૨) પ્રિય; મનગમતું (૩) [ग.] કલ્પેલું (૪) યોગ્ય (૫) હિતાવહ (૬) યજ્ઞ વડે પૂજેલું (૭) ન૰ ઇચ્છા (૮) અગ્નિહોત્ર (૯) યજ્ઞ ઇત્યાદિનું પુણ્ય. ૦કર્મ ન૰ યોગ્ય–સારું કામ (૨) [ग.] કલ્પિત અંક લઈને દાખલો ગણવો તે. ૦જન પું૰; ન૰ પ્રિયજન ૦દેવ પું૰, ૦દેવતા પું૰ બ૰વ૰ (૨) સ્ત્રી૰ પ્રિય–પોતાની આસ્થાનો દેવ (૨) કુળદેવ. ૦મિત્ર પું૰ ઘણો પ્રિય મિત્ર. ૦રાશિ સ્ત્રી૰ કલ્પેલી સંખ્યા ઉપરથી ખરો ઉત્તર કાઢવાની રીત [ग.] ૦સિદ્ધિ સ્ત્રી૰ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ. –ષ્ટાપત્તિ સ્ત્રી૰ ઇચ્છિત બનવું તે (૨) [ન્યા.] વિરુદ્ધ પક્ષ તરફથી અનુકૂળ કાર્ય કે દલીલ. –ષ્ટાર્થ પું૰ ઇચ્છેલી વસ્તુ (૨) મનપસંદ અર્થ. –ષ્ટાપૂર્ત ન૰ યજ્ઞયાગ અને વાવ, કૂવા ઇત્યાદિ કરાવવાનું પુણ્યકર્મ

ઇષ્ટ(–ષ્ટિ)કા [सं.] ઈંટ (૨) વેદી ચણવા માટે વપરાતી ઈંટ.

ઇષ્ટિ સ્ત્રી૰ [सं.] ઇચ્છા (૨) યજ્ઞ (૩) અમાસને દિવસે કરાતું શ્રાદ્ધ

ઇષ્ટિકા સ્ત્રી૰ જુઓ ઇષ્ટકા

ઇષ્મ પું૰ [सं.] જુઓ ઇધ્મ

ઇસપન પું૰ એક વનસ્પતિ

ઇસપ(–બ)ગોળ ન૰ ઊંદિયું જીરું

ઇસમ પું૰ માણસ; વ્યક્તિ

ઇસેસ પું૰ એક જાતનો ગુંદર [પગથિયાં ઘાલેલાં હોય છે

ઇસોટો પું૰ લાકડાની નિસરણીનું પડખાનું લાકડું, જેમાં

ઇસ્કામત સ્ત્રી૰ [अ.] માલમતા; મિલકત

ઇસ્કોતરિયો, ઇસ્કોતરો પું૰ નાની પેટી

ઇસ્ક્રૂ પું૰ ગોળ આંટાવાળો ખીલો; 'સ્ક્રૂ'

ઇસ્ટાપડી સ્ત્રી૰ બારીબારણાં ઇત્યાદિ બંધ કરવા માટે તેના ઉપર જડવામાં આવતી ચાંપ–ઠેસી; 'સ્ટૉપર'

ઇસ્તરી સ્ત્રી૰ સફાઈ અથવા કડકપણું લાવવા માટે ધોયેલાં કપડાં પર ફેરવવાનું અગ્નિ ભરેલું પાત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇસ્તંબૂલ ન૰ [તુર્કી] (સં.) યુરોપીય તુર્કસ્તાનનું મુખ્ય શહેર; 'કૉન્સ્ટંટિનોપલ'. ૦લી વિ૰ ઇસ્તંબૂલનું

ઇસ્તિકબાલ પું૰ [अ.] સામે લેવા જવું તે; આદરસત્કાર

ઇસ્તિફા પું૰ [अ.] રાજીનામું

ઇસ્તિલાહ સ્ત્રી૰ [अ.] રૂઢિ પ્રમાણે વિવેકસર બોલવું તે

ઇસ્ત્રી સ્ત્રી૰ ઇસ્તરી

ઇસ્પિતાલ(-ળ) સ્ત્રી૰ દવાખાનું; 'હૉસ્પિટલ'

ઇસ્રાયલ વિ૰ (૨) પું૰ [अ.] (સં.) જુઓ ઈઝરાયલ

ઇસ્લામ પું૰ [अ.] મુસલમાની ધર્મ. -મી વિ૰ ઇસ્લામને લગતું (૨) ઇસ્લામનું અનુયાયી. -મીયત્વ ન૰ ઇસ્લામીપણું

ઇહ અ૰ [सं.] અહીં. ૦લોક પું૰ આ દુનિયા; પૃથ્વી

ઇહાં અ૰ + અહીંયાં

ઈંગલીઢિંગલી સ્ત્રી૰ એક રમત

ઈંગળા સ્ત્રી૰ ઇડા નાડી (યોગ)

ઈંગાર(-રો) પું૰ અંગારો

ઈંગિત ન૰ [सं.] ઇશારો; સંકેત (૨) મનોવિકારનું બાહ્ય ચિહ્ન-ચેષ્ટા. ૦જ્ઞ વિ૰ મનોગત જાણી-કળી શકનાર

ઈંગુદી સ્ત્રી૰ [सं.] એક વનસ્પતિ; ઇંગોરી. ૦તેલ ન૰ ઇંગુદીનું તેલ [હિંગોરું

ઈંગોરી સ્ત્રી૰, -રિયો પું૰ ઇંગુદી. -રું ન૰ ઇંગુદીનું ફળ;

ઈંગ્લિશ વિ૰ [इं.] અંગ્રેજી [અંગ્રેજી

ઈંગ્રેજ પું૰ [पो.] અંગ્રેજ. -જી વિ૰ (૨) સ્ત્રી૰ જુઓ

ઈંગ્લંડ પું૰; ન૰ [इं.] (સં.) અંગ્રેજોનો દેશ

ઈંચ પું૰ [इं.] તસુ. -ચિયું વિ૰ એક ઇંચના માપનું

ઈંજલ પું૰ બાઇબલ સમજનારો પાદરી

ઈંજિન ન૰ એંજિન [કરાર

ઈંજીલ ન૰ [अ.] ખ્રિસ્તીઓનો ધર્મગ્રંથ; બાઇબલનો નવો

ઈંતિ(-તે)ખાબ પું૰ [अ.] ચૂંટણી; ચૂંટી ચૂંટીને કરેલો સંગ્રહ (૨) સાર; મતલબ

ઈંતેજામ પું૰ [अ.] બંદોબસ્ત

ઈંતેજાર વિ૰ [अ.] આતુર; અધીરું. -રી સ્ત્રી૰ આતુરતા

ઈંદિરા સ્ત્રી૰ [सं.] લક્ષ્મી

ઈંદિ(-દી)વર ન૰ [सं.] વિષ્ણુ (૨) ભૂરું કમળ

ઈંદુ પું૰ [सं.] ચંદ્ર. ૦કલા(-ળા) સ્ત્રી૰ ચંદ્રની (સોળ) કળા. ૦કાંત પું૰ એક મણિ; ચંદ્રકાંત. ૦કાંતા સ્ત્રી૰ રાત (૨) રોહિણી (નક્ષત્ર). ૦જા સ્ત્રી૰ (સં.) નર્મદા નદી. ૦પુત્ર પું૰ (સં.) બુધ (જ્યો.). ૦મતી સ્ત્રી૰ પૂર્ણિમા. ૦મુખી વિ૰ સ્ત્રી૰ ચંદ્રમુખી. ૦મૌલી પું૰ (સં.) શંકર; મહાદેવ. ૦વાર પું૰ સોમવાર. ૦વ્રત ન૰ ચાંદ્રાયણ વ્રત. ૦શેખર પું૰ (સં.) ઇંદુમૌલી; મહાદેવ. ૦સાર પું૰ અમૃત

ઈંદ્ર પું૰ [सं.] (સં.) દેવોનો રાજા. ૦ખીલ પું૰ હાથીના સીધા ધસારાથી નગરદ્વારને બચાવવા આડે રખાતો મજબૂત થાંભલો. ૦ગોપ પું૰ ચોમાસામાં થતું એક જીવડું. ૦ચાપ ન૰ મેઘધનુષ્ય. ૦જવ પું૰ કડુ નામના ઝાડનું બીજ. ૦જાલ(-ળ) સ્ત્રી૰ જાદુ; નજરબંધી (૨) હાથચાલાકી (૩) કાવતરું; છળકપટ. ૦જિત્ પું૰ (સં.) રાવણનો પુત્ર. ૦ધનુ(૦ષ,૦ષ્ય) ન૰ મેઘધનુષ્ય. ૦નીલ પું૰ નીલમણિ; નીલમ (૨) સંગીતમાં એક અલંકાર. ૦પુત્ર પું૰ (સં.) ઇંદ્રનો પુત્ર; જયંત (૨) અર્જુન. ૦પુરી સ્ત્રી૰ (સં.) અમરાવતી; ઇંદ્રની રાજધાની. ૦પ્રસ્થ ન૰ (સં.) પાંડવોનું પાટનગર; પ્રાચીન દિલ્લી. ૦લોક પું૰ સ્વર્ગ. ૦વજ્રા સ્ત્રી૰ એક છંદ. ૦વંશા સ્ત્રી૰ એક છંદ. ૦વારણું ન૰ દેખીતું જેટલું સુંદર તેટલું જ કડવું એવું એક ફળ (૨) [લા.] ફૂટડું પણ દુર્ગુણી-કપટી માણસ. ૦વિજય પું૰ એક છંદ. -દ્રાણી સ્ત્રી૰ ઇંદ્રની સ્ત્રી. -દ્રાણું ન૰ એક વેલો. -દ્રાયુધ ન૰ વજ્ર; વીજળી. -દ્રાસન ન૰ ઇંદ્રનું સિંહાસન-પદ

ઈંદ્રારણું ન૰ + ઇંદ્રવારણું

ઈંદ્રિય સ્ત્રી૰ [सं.] જ્ઞાન તથા કર્મનું સાધન (ત્વચા, ચક્ષુ, કાન, જીભ અને નાક તથા વાચા, હાથ, પગ, અપદ્વાર અને ઉપસ્થેંદ્રિય એ પાંચ અનુક્રમે જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયો છે.) (૨) મન (૩) જનનેંદ્રિય; લિંગ. ૦કર્મ ન૰ ઇંદ્રિયોનું કર્મ-વ્યાપાર. ૦ગમ્ય, ૦ગોચર વિ૰ ઇંદ્રિયોથી જાણી-સમજી શકાય તેવું; પ્રત્યક્ષ. ૦ગ્રામ પું૰ ઇંદ્રિયોનો સમૂહ. ૦ગ્રાહ્ય વિ૰ ઇંદ્રિયગમ્ય. ૦જન્ય વિ૰ ઇંદ્રિયો વડે ઊપજતું-થતું. ૦જિત્ વિ૰ ઇંદ્રિયોને જીતનાર. ૦જ્ઞાન ન૰ ઇંદ્રિયો દ્વારા થતું-સ્થૂલ જ્ઞાન. ૦જ્ઞાનવાદ પું૰ ઇંદ્રિયજ્ઞાન એ જ ખરું જ્ઞાન એવો મત. ૦દમન ન૰ ઇંદ્રિયોના રસને મારવા તે. ૦નિગ્રહ પું૰ ઇંદ્રિયોને વશ રાખવી તે; સંયમ. ૦નિરપેક્ષ વિ૰ ઇંદ્રિયોની અપેક્ષા રાખ્યા વિનાનું -તેમનાથી સ્વતંત્ર. ૦બુદ્ધિ સ્ત્રી૰ ઇંદ્રિયો દ્વારા મળતું જ્ઞાન. ૦બોધ સ્ત્રી૰ ઇંદ્રિયો મારફતે થતું જ્ઞાન. ૦વિષય પું૰ ઇંદ્રિયોનો વિષય. ૦સુખ ન૰ ઇંદ્રિયો દ્વારા અનુભવાતું સુખ (૨) વિષયસુખ. ૦સ્થાન ન૰ ઇંદ્રિયોનાં સ્થાનો. -યાતીત વિ૰ ઇંદ્રિયોથી પર; અગોચર. -યારામ વિ૰ વિષયાસક્ત. -યાર્થ પું૰ ઇંદ્રિયવિષય. [કરાવે એવી ઔષધિ

ઈંદ્રી સ્ત્રી૰ + જુઓ ઇંદ્રિય. ૦જુલાબ પું૰ વારંવાર પેશાબ

ઈંધક ન૰ [सं.] જુઓ ઈથર

ઈંધન ન૰ [सं.] ઈંધણ; બાળવાનું લાકડું; કાઠી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ

ઈ સ્ત્રી० [સં.] સંસ્કૃત કુટુંબની વર્ણમાળાનો ચોથો અક્ષર (૨) પૈસો; સંપત્તિ (૩) સ્ત્રી०નો પ્રત્યય. ઉદા० 'ઓઝી; મહેતી' (૪) નામને લાગતાં, 'ના સંબંધી', 'કરનાર', 'વાળું' એવો અર્થ બતાવતો પ્રત્યય. ઉદા० 'કપટી' (૫) વિશેષણ પરથી નામ બનાવતો ફારસી પ્રત્યય. ઉદા० આપખુદ-૦દી (૬) વિ० + આ અથવા એ (૭) [કા.] એ (૮) સ० (કા.) એ (૯) અ० તિરસ્કાર કે ગુસ્સાનો એવો ઉદ્દગાર (૧૦) [વ્યા.] નિરર્થક ઉમેરાનો અક્ષર. ઉદા० ધંધાદારી; નિર્વિકારી. ૦કાર પું० ઈ અક્ષર અથવા ઉચ્ચાર. ૦કારાંત વિ० છેડે ઈકારવાળું

ઈકડ પું० એક વનસ્પતિ; ઇક્કડ

ઈક્ષણ ન० [સં.] જોવું તે

ઈક્ષા સ્ત્રી० [સં.] નજર (૨) જોવું-વિચારવું તે

ઈક્ષિત વિ० [સં.] જોયેલું-વિચારેલું (૨) ન० નજર

ઈખ સ્ત્રી० ઇક્ષુ; શેરડી. ૦રસ પું० શેરડીનો રસ

ઈચકમાંડી સ્ત્રી० છોકરાંની એક રમત

ઈચવું સ०ક્રિ० હાંસીને ખાવું (નિંદાર્થે) (૨) દંડાથી ગબી-માંની મોઈને ઉછાળી દૂર ફેંકવી

ઈજત સ્ત્રી०, ૦(-તે)આસાર,૦દાર વિ०જુઓ 'ઇજ્જત'માં

ઈજા સ્ત્રી० [અ.] પીડા; કષ્ટ (૨) [શારીરિક] નુકસાન-હાનિ

ઈજાબકબૂલ ન० [અ.] મુસલમાનોમાં લગ્ન કબલ હોવાની વરકન્યાની લેવામાં આવતી પ્રતિજ્ઞા

ઈડલીપીડલી સ્ત્રી०, ઈંડિયું ન०, ઈંડીપીડી સ્ત્રી० વરકન્યાને નજર ન લાગે તે માટે તેમની પર ઉતારીને ફેંકી દેવાતી ભીની રાંઓડીની ગોળીઓ; પોંખવામાં વપરાતી એક વસ્તુ

ઈતરાવું અ० ક્રિ० દેખાડો કરવો; ફૂલ મારવી

ઈતિ સ્ત્રી० [સં.] ધાન્ય વગેરેને નુકસાન પહોંચાડનાર ઉપદ્રવ

ઈથર પું० [ઇં.] એક અતિ સૂક્ષ્મ તત્ત્વ જેમાં થઈને પ્રકાશનાં મોજાંનો સંચાર થાય છે (૨) એક પ્રવાહી રસાયણ

ઈદ સ્ત્રી० [અ.] મુસલમાનોનો એક તહેવાર (૨) ખુશાલીનો દિવસ. ૦ગાહ સ્ત્રી० ઈદ ઊજવવાની જગા

ઈદડું ન० ઢોકળું

ઈદૃશ વિ० [સં.] આવું; આ પ્રકારનું

ઈપ્સિત વિ० [સં.] ઇચ્છેલું; (૨) ન० ઇચ્છા

ઈફા અ० આ તરફ; અહીં (સુ. ગ્રામ્ય)

ઈબક વિ० ૭ આંગળીવાળું (માણસ)

ઈમ અ० + એમ

ઈમાન પું०; ન० [અ.] આસ્થા; શ્રદ્ધા (૨) ધર્મ; દીન (૩) અંતઃકરણ (૪) પ્રમાણિકતા. ૦દાર વિ० ઈમાનવાળું; પ્રમાણિક. ૦દારી સ્ત્રી० પ્રમાણિકતા. -ની વિ० ઈમાનવાળું; પ્રમાણિક

ઈરખા, ઈર્ખા સ્ત્રી० + ઈર્ષા [ને લગતું

ઈરાન પું० [ફા.] ઈરાન દેશ. -ની વિ० (૨) પું० ઈરાનનું,

ઈર્ષા(-ર્ષ્યા) સ્ત્રી० [સં.] અદેખાઈ. ૦ખોર વિ० ઈર્ષા કરવાની ટેવવાળું. ૦ળુ વિ० ઈર્ષાવાળું; અદેખું

ઈવ સ્ત્રી० [હિબ્રૂ] આદ્ય સ્ત્રી; આદમની જોડિયણ

ઈશ પું० [સં.] ધણી; માલેક (૨) પરમેશ્વર (૩) મહાદેવ; શિવ (૪) અગિયારની સંજ્ઞા

ઈશાન સ્ત્રી० [સં.] ઉત્તર અને પૂર્વ વચ્ચેની દિશા કે ખૂણો (૨) પું० (સં.) મહાદેવ. ૦કોણ પું० ઈશાન ખૂણો. -ની વિ० ઈશાન દિશાનું (૨) સ્ત્રી० (સં.) દુર્ગા. -ન્ય વિ० ઇશાની

ઈશિતા સ્ત્રી०, -ત્વ ન० [સં.] એક મહાસિદ્ધિ (૨) સર્વોપરીપણું

ઈશુ(-સુ), ૦ખ્રિસ્ત પું० (સં.) ખ્રિસ્તીધર્મનો આદિ પુરુષ

ઈશ્વર પું० [સં.] પ્રભુ; પરમેશ્વર (૨) સ્વામી; માલેક (૩) રાજા. ૦કૃત વિ० ઈશ્વરનું કરેલું; કુદરતી. ૦કૃતિ સ્ત્રી० ઈશ્વરની કૃતિ-રચના. ૦તત્ત્વ ન० ઈશ્વરરૂપી તત્ત્વ. ૦કૃપા સ્ત્રી० ઈશ્વરની કૃપા. ૦દત્ત વિ० ઈશ્વર તરફથી મળેલું; કુદરતી. ૦પ્રણિધાન ન० ઈશ્વરનું ધ્યાન ધરવું તે (૨) કર્મફળનો ત્યાગ; પોતાનાં કર્મ ઈશ્વરને સમર્પણ કરવાં તે. ૦પ્રસાદ પું० ઈશ્વરકૃપા. ૦પ્રાપ્તિ સ્ત્રી० ઈશ્વરની પ્રાપ્તિ. ૦પ્રાર્થના સ્ત્રી० ઈશ્વરની પ્રાર્થના. ૦પ્રીત્યર્થ(-ર્થે) અ० ઈશ્વરની પ્રીતિ માટે; પોતે ફળપ્રાપ્તિની ઇચ્છા રાખ્યા વિના. ૦પ્રેરણા સ્ત્રી० ઈશ્વરની પ્રેરણા; અંતર્જ્ઞાન. ૦ભક્તિ સ્ત્રી० ઈશ્વરની ભક્તિ. ૦ભાવ પું० ઐશ્વર્ય (૨) ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા. ૦વાદ પું० ઈશ્વર છે એવો વાદ. ૦સ્તુતિ સ્ત્રી० ઈશ્વરની સ્તુતિ. -રાધીન વિ० ઈશ્વરને આધીન. -રી વિ० ઈશ્વર સંબંધી (૨) સ્ત્રી० દુર્ગા (૩) દેવી. -રેચ્છા સ્ત્રી० ઈશ્વરની ઇચ્છા

ઈષણા સ્ત્રી० એષણા; વાસના (૨) સ્ત્રી, પુત્રાદિ પ્રત્યેની આસક્તિ

ઈષત્ અ० [સં.] જરા; થોડું

ઈષા ન० [સં.] ગાડી કે ગાડાની ઊધ (૨) હળનો ધોરિયો

ઈષ્મ પું० [સં.] કામદેવ (૨) વસંતઋતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈસ સ્ત્રી૦ખાટલાના પાયાને જોડતાં બે લાંબાં લાકડાંમાંનું દરેક
ઈસવી વિ૦ [અ.] ઈસુ ખ્રિસ્તનું. ૦સન પું૦; સ્ત્રી૦ ઈસુના જન્મથી ગણાતો સંવત (ઈ. સ.)
ઈસાઈ વિ૦ [અ.] ઈસુનું અનુયાયી; ખ્રિસ્તી
ઈસા મસીહ [અ.], ઈસુ,(૦ખ્રિસ્ત) પું૦ (સં.) ઈશુ
ઈસું વિ૦ + આવું
ઈસ્ટર ન૦ [ઇં.] એક ખ્રિસ્તી ઉત્સવ–તહેવાર
ઈસ્વી વિ૦ [અ.] ઈસવી. ૦સન પું૦; સ્ત્રી૦ ઈસવીસન
ઈહકો પું૦ અફસોસ (૨) ભય; ત્રાસ
ઈહા સ્ત્રી૦ [સં.] ઇચ્છા (૨) આશા; ઉમેદ (૩) ઉદ્યમ-ધંધો
ઈંગલીઠીંગલી સ્ત્રી૦ છોકરાંની એક રમત
ઈંજવું સ૦ ક્રિ૦ અર્પણ કરવું; આપી દેવું (૨) અગિયારીમાં અગ્નિની સ્થાપના કરવી (૩) અભિષેક કરવો (૪) પ્રસન્ન કરવું (૫) તેલ ઊંજવું. ઈંજાવું (કર્મણિ). ઈંજાવવું (પ્રેરક)
ઈંટ સ્ત્રી૦ ઘર ઇત્યાદિ ચણવામાં વપરાતું માટીનું ચોસલું. ૦બંધી વિ૦ ઈંટોનું બાંધેલું (૨) સ્ત્રી૦ ઈંટનું બાંધકામ. ૦વાડો પું૦ ઈંટો પકવવાનો ભઠ્ઠો. –ટાળ (–ળું) વિ૦ ઈંટનું બનેલું; ઈંટવણું. –ટાળી સ્ત્રી૦ ઈંટો મારી મારીને દેવાતો દંડ–સજા. –ટાળો પું૦ ઈંટનો કકડો (૨) ઈંટો બનાવવાનું ઓજાર. –ટેરી(–લ) વિ૦ ઈંટબંધી. –ટો રે ઈંટો સ્ત્રી૦ છોકરાંની એક રમત.
ઈંઢું ન૦બેડું (૨) શિખર પરનો કળશ. –ઢાદાવ પું૦, ૦ઈંઢું ન૦ છોકરાંની રમત. –ઢાળ સ્ત્રી૦ ઈંડાં લઈને જનારી કીડીઓની હાર (૨) ઝીણાં ઝીણાં ઈંડાંનો જથ્થો (૩) [લા.] છોકરાંની ધાડ–ભૂંજરવાડ
ઈંઢોણી સ્ત્રી૦ ઉઢાણી
ઈંતડી સ્ત્રી૦ એક જીવ; ઇતરડી
ઈંધણ(–ણું) ન૦ ઇંધન; બળતણ
ઈંધણઘોરી પું૦ બળદ (૨) ભાર વહેનારો આદમી (૩)વિ૦ બળદિયા જેવો; મૂર્ખ

ઉ

ઉ પું૦ [સં.] સંસ્કૃત કુટુંબની વર્ણમાળાનો પાંચમો અક્ષર (૨) ક્રિયાપદને લાગતાં 'તે ક્રિયા કરનારું' એ અર્થમાં વિ૦ બનાવતો પ્રત્યય. ઉદા૦ ઉતારુ; ફાડુ, ખાઉ. ૦કાર પું૦ ઉ અક્ષર અથવા ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે ઉકારવાળું
ઉકણાવવું સ૦ક્રિ૦ (કા.) ચોરવું (૨) 'ઊકણવું'નું પ્રેરક
ઉકમાઈ સ્ત્રી૦ (કા.) ઉત્સાહ; પોરસ
ઉકરડી સ્ત્રી૦નાનો ઉકરડો(૨)વિવાહના સમયમાં કચરોપૂંજો નાખવાની જગા (૨) એક મલિન દેવતા –ડો પું૦ છાણ અને પૂંજાનો ઢગલો; ઉકેરો(૨)[લા.]ગંદું સ્થાન;ગંદવાડો
ઉકરાંટો પું૦ આવેશ; ઉશ્કેરણી (૨) તાલાવેલી; વિહ્વળતા
ઉકલાવવું સ૦ ક્રિ૦ 'ઊકલવું'નું પ્રેરક
ઉકળાટ(–ટો) પું૦ ઘામ; કઢારો (૨) ગુસ્સો (૩) સંતાપ
ઉકળાવવું સ૦ ક્રિ૦ 'ઊકળવું'નું પ્રેરક
ઉકાણવું સ૦ક્રિ૦ ચોરવું; ઉકણાવવું (સોનીઓ વાપરે છે)
ઉકાણો પું૦ ચોરી
ઉકાળ પું૦ + સુકાળ; આબાદી–ચડતીનો કાળ
ઉકાળવું સ૦ક્રિ૦ ઊકળે એમ કરવું (૨) [લા.] લાભ કરવો; સારું કરવું (૩)બગાડવું (કટાક્ષમાં). ઉકાળાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). ઉકાળાવું અ૦ક્રિ૦ (કર્મણિ)
ઉકાળો પું૦ ઉકાળવું તે (૨) વનસ્પતિ, ઓસડિયાં કે તેજાનાનો કાવો (૩) ઘામ; બાફ (૪) કઢાપો; સંતાપ
ઉકાંચળી વિ૦સ્ત્રી૦ કાંચળી પહેર્યા વિનાની
ઉકાંટો પું૦ ઉકરાંટો (૨) બકારી (૩) અભાવાની લાગણી (૪) અવાવરુ કિનારો
ઉકાંસણ(–ણું) ન૦ ઉકાંસવું તે
ઉકાંસવું સ૦ક્રિ૦ખોદી કાઢવું; બહાર કાઢવું (૨)[લા.] ધ્યાન પર લાવવું;ભુલાયેલું તાજું કરવું (૩)ઉશ્કેરવું. ઉકાંસાવું અ૦ક્રિ૦,–વવું સ૦ક્રિ૦ અનુક્રમે કર્મણિ ને પ્રેરક
ઉકેરો પું૦ જુઓ ઉકરડો
ઉકેલ પું૦; સ્ત્રી૦ સૂઝ; સમજ (૨)નિકાલ. ૦વું સ૦ ક્રિ૦ ગૂંચ કાઢવી; વળ કાઢવો; બાંધેલું છૂટું કરવું (૨) વાંચવું (૩) પૂરું કરવું–નિકાલ કરવો (૪) ઉઘાડવું; ખુલ્લું કરવું. ૦ણી સ્ત્રી૦ ઉકેલવું–નિકાલ કરવો તે. –લાવવું સ૦ક્રિ૦, –લાવું અ૦ક્રિ૦ 'ઉકેલવું'નું અનુક્રમે પ્રેરક અને કર્મણિ
ઉક્ત વિ૦ [સં.] કહેલું; બોલેલું.–ક્તિ સ્ત્રી૦ કથન (૨) શબ્દ-લાલિત્ય; વાક્ચાતુર્ય
ઉખડામણ ન૦ ઉખાડવાનું–ખોદવાનું મહેનતાણું
ઉખડાવવું સ૦ક્રિ૦ 'ઊખડવું'નું પ્રેરક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉખરડું(-ણું) વિ૦ ઉઘાડું; ખુલ્લું (૨) ન૦ બીજાની વાત ફોડી દેવી તે

ઉખરડો પું૦ એક જાતનું ઘાસ

ઉખરણું વિ૦ (૨) ન૦ જુઓ ઉખરડું

ઉખરાંડું વિ૦ ઢાંકયા વિનાનું; ઉઘાડું

ઉખરાંટો પું૦ ધાતુના વાસણ પરનો ઓઘરાળો

ઉખળાવવું સ૦ક્રિ૦ 'ઊખળવું'નું પ્રેરક

ઉખડિયો પું૦ તવેથો

ઉખાડ પું૦ ઉખાડેલું હોય તે; પોપડો (૨) ખાડો

ઉખા(-ખે)ડવું સ૦ક્રિ૦ ચોટેલું જુદું કરવું (૨) મૂળ ખેંચી નાંખવું (૩) પદચ્યુત કરવું; ઉઠાડી મૂકવું (૪) નાશ કરવો

ઉખા(-ખે)ડાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦'ઉખા(-ખે)ડવું'-નું અનુક્રમે કર્મણિ અને પ્રેરક

ઉખાણું ન૦, -ણો પું૦સમસ્યા; કોયડો (૨)કહેવત; દૃષ્ટાંત

ઉખાલપખાલ સ્ત્રી૦ ઊલટી અને ઝાડો

ઉખા(-ખે)ળવું સ૦ક્રિ૦ ઉકેલવું (૨) [લા] ભુલાયેલું તાજું કરવું;ઉકાંસવું. ઉખા(-ખે)ળાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦ તેનું અનુક્રમે કર્મણિ અને પ્રેરક

ઉખેડ વિ૦ ખેડવાને અયોગ્ય (૨) અણખેડેલું; વેરાન (૩) પું૦; સ્ત્રી૦ ઉખાડ; પોપડો. ૦વું સ૦ક્રિ૦ જુઓ ઉખાડવું. -ડાવું અ૦ક્રિ૦: -ડાવવું સ૦ક્રિ૦ જુઓ 'ઉખાડાવું'માં

ઉખેળવું,ઉખેળાવું,ઉખેળાવવું જુઓ 'ઉખાળવું'માં

ઉગટણું ન૦ પીઠી

ઉગમ પું૦ ઊગમ; મૂળ (૨) આરંભ; જન્મ (૩) ઊગવું તે; ઉદય. ૦ણ સ્ત્રી૦ પૂર્વદિશા. ૦ણું વિ૦પૂર્વદિશા તરફનું

ઉગાડવું સ૦ક્રિ૦ ઊગે એમ કરવું. ઉગાડાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ઉગાડવું'નું અનુક્રમે કર્મણિ ને પ્રેરક

ઉગામવું સ૦ક્રિ૦ મારવા ઉપાડવું. ઉગામાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ઉગામવું'નું અનુક્રમે કર્મણિ ને પ્રેરક

ઉગાર પું૦ બચાવ; છૂટકો (૨) બચત; લાભ. ૦વું સ૦ક્રિ૦ રક્ષણ કરવું; બચાવી લેવું (૨) બચત કરવી. -રાવું અ૦ક્રિ૦, -રાવવું સ૦ક્રિ૦ 'ઉગારવું'નું અનુક્રમે કર્મણિ ને પ્રેરક. -રો પું૦ જુઓ ઉગાર (૨) ચોમાસામાં થતા નાના છોડોનો સમૂહ; ઉગાવો [ઉગારો

ઉગાવો પું૦ ઊગવું તે; ફૂલવુંફાલવું તે (૨) ચોમાસાનો

ઉગ્ર વિ૦ [સં.] આકરું; જલદ (૨) ક્રોધી (૩) બિહામણું (૪) જબરું. ૦ગંધા સ્ત્રી૦ એક જાતની ઉગ્ર વાસવાળી વનસ્પતિ (૨) હિંગ. ૦તા સ્ત્રી૦. ૦રૂપ વિ૦ઉગ્ર રૂપવાળું. ૦શાસન વિ૦ કડક આજ્ઞાઓ આપનારું; કડક અમલ-વાળું. ૦સેન પું૦ (સ.) કંસના પિતાનું નામ. -ગ્રા વિ૦સ્ત્રી૦ દીપ્તા શ્રુતિનો અવાંતર ભેદ (સંગીત)

ઉઘંડાવવું સ૦ક્રિ૦ 'ઊઘડવું'નું પ્રેરક [કરવી તે

ઉઘરાઈ(-ત) સ્ત્રી૦મહેસૂલ, કર, સાંથ, દેવું ઇ૦ની વસૂલાત

ઉઘરાણી સ્ત્રી૦ લેણાની વસૂલાત (૨) લેણાની માગણી; તકાદો.-ણિયો પું૦ ઉઘરાણી કરનાર. ૦પાઘરાણી સ્ત્રી૦ ઉઘરાણીનું કામકાજ. -ણું ન૦ લખણી; ફાળો; ફંડ. -ત સ્ત્રી૦ ઉઘરાઈ. -તદાર વિ૦ ઉઘરાતનું કામ કરનાર. -વવું સ૦ક્રિ૦ જુદે જુદે ઠેકાણેથી મેળવી એકઠું કરવું

ઉઘલાવવું સ૦ ક્રિ૦ 'ઊઘલવું'નું પ્રેરક

ઉઘલાવો પું૦ આનંદનો ઉછાળો-ઊભરો (૨) વરઘોડો

ઉઘાડ પું૦ આકાશ વાદળાં વિનાનું થઈ તડકો નીકળે તે (૨) [લા]ઉદય; લાભ. ૦પગું વિ૦ જોડા વિનાનું. ૦બારું વિ૦ચોરને ફાવે એવું; ઉઘાડું (૨) ન૦ નાઠાબારી; નાસી છૂટવાનો રસ્તો. ૦વાસ સ્ત્રી૦ઉઘાડવું અને બંધ કરવું તે. ૦વું સ૦ક્રિ૦ ઉઘાડું કરવું; ખોલવું. -ડાવવું સ૦ક્રિ૦ 'ઉઘાડવું'નું પ્રેરક. -ડાવું અ૦ક્રિ૦ 'ઉઘાડવું'નું કર્મણિ

ઉઘાડું વિ૦ નહિ ઢાંકેલું; નહિ વાસેલું (૨) પ્રકટ; છચોક (૩) નાગુંપૂગું (૪) નિર્લજ્જ. ૦પુગાડું વિ૦ નાગુંપૂગું. -ડે ચોક,-ડે છોગે અ૦ છચોક; ખુલ્લી રીતે

ઉચકામણ ન૦, -ણી સ્ત્રી૦ ઊચકવાનું મહેનતાણું

ઉચકાવવું સ૦ક્રિ૦ 'ઊચકવું'નું પ્રેરક

ઉચણાવવું સ૦ક્રિ૦ 'ઊચણવું'નું પ્રેરક

ઉચરાવ વિ૦ ઊંચા પ્રકારનું; શ્રેષ્ઠ; શુદ્ધ

ઉચરાવવું સ૦ક્રિ૦ 'ઊચરવું'નું પ્રેરક

ઉચલબાંગડી સ્ત્રી૦ ટાંગાટોળી

ઉચલા(-ળા)વવું સ૦ક્રિ૦ 'ઊચલ(-ળ)વું'નું પ્રેરક

ઉચાક(-ગ)ર વિ૦ બરતરફ [કર્યા કરતું

ઉચાટ પું૦ ચિંતા; ફિકર (૨) અધીરાઈ. -ટિયું વિ૦ ઉચાટ

ઉચાપત સ્ત્રી૦ ખોટી રીતે ઉપાડી-ઉઠાવી જવું તે; ઓળવવું તે

ઉચારવું સ૦ક્રિ૦ઉચ્ચારવું. ઉચારાવું અ૦ક્રિ૦(કર્મણિ), -વવું સ૦ક્રિ૦ (પ્રેરક)

ઉચાળવું સ૦ક્રિ૦ઊચલવું;તજવું;ખાલી કરવું.ઉચાળાવું અ૦ક્રિ૦ (કર્મણિ), -વવું સ૦ક્રિ૦ (પ્રેરક)

ઉચાળો પું૦ ઘરવાખરો

ઉચિત વિ૦ [સં.] યોગ્ય; ઘટિત

ઉચે(-ખે)ડવું સ૦ ક્રિ૦ ઉતેડવું; ઉખાડવું;(છાલ) ઉતારવી. ઉચે(-ખે)ડાવું અ૦ક્રિ૦(કર્મણિ),-વવું સ૦ક્રિ૦(પ્રેરક)

ઉચેલ પું૦ પાલવ (૨) કંઠીનો છેડો

ઉચેલવું સ૦ ક્રિ૦ + ઉલેચવું

ઉચ્ચ વિ૦ [સં.] જુઓ ઊંચું (૨) પું૦ ગ્રહના માર્ગનું ઊંચામાં ઊંચું બિંદુ. ૦ગામિતા વિ૦ ઉચ્ચગામી હોવું તે. ૦ગામી વિ૦ ઉન્નતિ તરફ જનારું. ૦ગ્રાહ પું૦ ઊંચો આદર્શ. ૦ગ્રાહિણી વિ૦ સ્ત્રી૦ ઊંચા આદર્શવાળી. ૦ગ્રાહી વિ૦ ઉચ્ચગ્રાહવાળું. ૦તમ વિ૦ સૌથી ઉચ્ચ; ઊંચામાં ઊંચું. ૦તર વિ૦ વધારે ઉચ્ચ. ૦તા સ્ત્રી, ૦ત્વ ન૦. ૦વર્ણ પું૦ ઊંચી વર્ણ-નાત. ૦વર્ણી, ૦વર્ણું વિ૦ ઊંચી વર્ણનું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦વિહારિતા સ્ત્રી૦ ઉચ્ચ વિહાર કરવો તે; ઉચ્ચગામિતા
ઉચ્ચરવું સ૦ક્રિ૦ બોલવું (૨) ઉચ્ચારવું
ઉચ્ચરિત વિ૦ [સં.] ઉચ્ચારેલું [કરાવવો તે
ઉચ્ચાટન ન૦ [સં.] એક અભિચાર; (મંત્રતંત્રથી) ઉચાટ
ઉચ્ચાભિલાષ પું૦,-ષા સ્ત્રી૦[સં.]ઉચ્ચ-ઉન્નત અભિલાષ
ઉચ્ચાર પું૦[સં.]મોંમાંથી બોલ કાઢવો તે કે તેમ કરવાની ઢબ. ૦ણ ન૦ઉચ્ચાર (૨)કથન. ૦વું સ૦ક્રિ૦ ઉચ્ચારણ કરવું (૨) બોલવું. ૦શાસ્ત્ર ન૦ ઉચ્ચારનું શાસ્ત્ર
ઉચ્ચાલન ન૦[સં.] ઊંચું કરવું તે (૨) વજન ઊંચું કરવાની એક યોજના; 'લીવર' (૩) કંપ; ધ્રુજારો
ઉચ્ચાવચ વિ૦ [સં.] ઊંચુંનીચું; અણસરખું (૨) નાનું મોટું (૩) જુદી જુદી જાતનું
ઉચ્ચીકરણ ન૦ [સં.] ઊંચું કરવું તે
ઉચ્ચોચ્ચ વિ૦ [સં.] ઉચ્ચતમ
ઉચ્ચૈઃશ્રવા પું૦[સં.](સં.)ઇંદ્રનો ઘોડો (ચૌદ રત્નોમાંનું એક)
ઉચ્છણ ન૦ (:.) ઓઢવાનું લૂગડું; ઓઢણું
ઉચ્છવ પું૦ + ઓચ્છવ; ઉત્સવ
ઉચ્છં(-છં)ગ પું૦ઉત્સંગ,ખોળો. -ગી વિ૦ઉચ્છંગને લગતું
ઉચ્છિન્ન વિ૦ [સં.] તોડી નાખેલું; નિર્મૂળ કરેલું
ઉચ્છિષ્ટ વિ૦ [સં.] એઠું; બોટેલું (૨) ખાતાં વધેલું (૩) ન૦ ઇાંડણ [દાન (૪) મગરૂર
ઉચ્છ્રિત વિ૦ [સં.] ઊંચું કરેલું-ચડેલું (૨) ઉચ્ચ (૩) આબા-
ઉચ્છૃંખલ(-ળ) વિ૦ [સં.] ઉછાંછળું; ઉદ્ધત. ૦તા સ્ત્રી૦
ઉચ્છેદ પું૦ [સં.] જડમૂળથી ઉખાડી નાખવું તે; સમૂળો નાશ. ૦ક વિ૦ઉચ્છેદ કરનાર. ૦ન ઉચ્છેદ કરવો-થવો તે. ૦વું સ૦ક્રિ૦ ઉછેદવું; ઉચ્છેદ કરવો. -દિયું વિ૦વંશ કે વારસ વિનાનું (૨) ઉચ્છેદક (૩) ન૦ નિર્વંશની મિલકત
ઉચ્છોષણ ન૦ [સં.] શોષણ; સુકાવું-ખેંચાઈ જવું તે
ઉચ્છ્રાય પું૦ [સં.] ઊંચું જવું (ગ્રહ ઇત્યાદિનું) (૨) ઊભું કરવું-બાંધવું તે (૩) ઊંચાઈ; ઉચ્ચતા (૪) મગરૂરી (૫) [ગ] ત્રિકોણની ઊંચી બાજુ
ઉચ્છ્વસન ન૦ [સં.] શ્વાસ બહાર કાઢવોમૂકવો તે (૨) વરાળ બહાર કાઢવી તે (૩) ઊંડો શ્વાસ લેવો તે; હાંફવું તે
ઉચ્છ્વસવું સ૦ક્રિ૦ ઉચ્છ્વાસ લેવો
ઉચ્છ્વસિત વિ૦ [સં.] શ્વાસ લેતું-મૂકતું; હાંફતું (૨) વરાળ બહાર કાઢતું (૩) ઊપડેલું; પૂર્ણ ખીલેલું
ઉચ્છ્વાસ પું૦ [સં.] શ્વાસ લેવો મૂકવો તે (૨) આશા (૩) પ્રકરણ; કાંડ (૪) જાળિયું [ઉમંગી; હર્ષઘેલું
ઉછરંગ પું૦ આનંદ; આનંદનો ઉછાળો. -ગી વિ૦આનંદી;
ઉછરાવવું સ૦ ક્રિ૦ 'ઊછરવું'નું પ્રેરક રૂપ
ઉછળામણી સ્ત્રી૦ હરીફાઈ (૨) લિલામ; હરાજી
ઉછંક(-ખ)ળ(-ળિત) વિ૦ + ઉચ્છૃંખલ
ઉછળાવવું સ૦ ક્રિ૦ 'ઊછળવું'નું પ્રેરક

ઉછંગ પું૦ ઉચ્છંગ. -ગી વિ૦ ઉચ્છંગી [ક્રિયા
ઉછાનીક ન૦+બાળક પાસું ફેરવતું થાય ત્યારે કરાતી ઉત્સવ-
ઉછામણી સ્ત્રી૦ જુઓ ઉછળામણી
ઉછાળ સ્ત્રી૦ ઉછાળો. ૦ણી સ્ત્રી૦ ઉછાળવું તે (૨) જુઓ ઉછળામણી. ૦વું સ૦ક્રિ૦ઊંચે ફેંકવું (૨) ઉપરતળે કરવું (૩) ખરચવું; વાપરવું. -ળાબંધ અ૦ઉછાળાભેર; ઉછાળા સાથે. -ળાવું અ૦ક્રિ૦, -ળાવવું સ૦ક્રિ૦ 'ઉછાળવું'નું અનુક્રમે કર્મણિ ને પ્રેરક. -ળિયું વિ૦બગાડ કરનારું; (૨) ન૦બગાડ; ગેરઉપયોગ. -ળો પું૦ કૂદકો; છલંગ (૨) એકાએક વધારો (૩) આવેશ (૪) હુમલો (૫) ઝોંકો; ભકારી
ઉછાંછળું વિ૦ અવિચારી; ઉદ્ધત; તોફાની (૨) લાજ વિનાનું. -ળાવેડા પું૦બ૦વ૦ ઉછાંછળું વર્તન-રીતભાત
ઉછીતું(-નું) વિ૦થોડા દિવસ પછી પાછું આપવાની શરતે આપેલું-લીધેલું (વ્યાજ ઇત્યાદિ આપ્યા-લીધા વિના)
ઉછેદવું સ૦ ક્રિ૦ ઉચ્છેદવું; જડમૂળથી કાઢવું
ઉછેદિયું વિ૦ (૨) ન૦ જુઓ ઉચ્છેદિયું
ઉછેર પું૦; સ્ત્રી૦ ઉછેરવું તે. ૦કાળ પું૦ ઉછેરનો સમય
ઉછેરવું સ૦ક્રિ૦ પાળીપોષી મોટું કરવું. ઉછેરાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). ઉછેરાવું અ૦ક્રિ૦ (કર્મણિ)
ઉજડાવવું સ૦ ક્રિ૦ 'ઊજડાવું'નું પ્રેરક
ઉજમ(-વ)ણી સ્ત્રી૦ જુઓ ઉજવણી
ઉજમ(-વ)ણું ન૦ વ્રતનું ઉદ્યાપન
ઉજમાવવું સ૦ક્રિ૦ 'ઊજમાવું'નું પ્રેરક
ઉજમાળું વિ૦ઊજમવાળું; ઉમંગી (૨) ઊજળું; પ્રકાશમાન
ઉજર ન૦ બહાનું (૨) લાચારી
ઉજરડું ન૦ ભરભાંખળું; અરુણોદય
ઉજ(-ઝ)રાવવું સ૦ક્રિ૦ (કા.) 'ઊજ(-ઝ)રવું'નું પ્રેરક
ઉજવણી સ્ત્રી૦ ઊજવવું તે (૨) ઉજાણી; જાફત
ઉજવણું ન૦ ઉજમણું; વ્રતનું ઉદ્યાપન
ઉજવાવવું સ૦ક્રિ૦ 'ઊજવવું'નું પ્રેરક [લોકસમૂહ
ઉજળિયાત વિ૦ઉચ્ચ વર્ણનું. ૦વર્ગ પું૦ ઉચ્ચવર્ણનો
ઉજાગર વિ૦ ઉજ્જવળ; ભપકાદાર [-રું વિ૦+જાગતું
ઉજાગરો પું૦ જાગરણ; નહિ ઊંઘવું તે (૨) ચિંતા; ફિકર.
ઉજાડ સ્ત્રી૦ ઉજ્જડપણું; પાયમાલી. ૦ણ વિ૦ઉજાડ કરનારું (૨) અપશુકનિયું. ૦વું સ૦ક્રિ૦ ઊજડ કરવો. -ડાવવું સ૦ક્રિ૦, -ડાવું અ૦ક્રિ૦ 'ઉજાડવું'નું અનુક્રમે પ્રેરક અને કર્મણિ. -ડિયું વિ૦ ઉજાડનારું; ઉચ્છેદિયું
ઉજાણી સ્ત્રી૦ વન, મંદિર ઇત્યાદિ સ્થળે ઊજવાતું જમણ; વનભોજન (૨) જાફત; મિજબાની
ઉજાર(-રું) વિ૦ ઉજાગર; ઊજળું; સુંદર (૨) ઉમંગી
ઉજાવું અ૦ક્રિ૦ + દોડી જવું (કા.)
ઉજાશ(-સ) પું૦અજવાળું; પ્રકાશ (૨) ઉજ્જ્વળતા; તેજ. -સવું અ૦ક્રિ૦ઉજાસ કરવો-પ્રકાશવું. -સાવવું સ૦ક્રિ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઉજાસવું'નું પ્રેરક. -સો પું૦ પ્રકાશ; પ્રકાશનો ઝબકારો
ઉજાળવું સ૦ક્રિ૦ ઊજળું કરવું (૨) સારું કરવું; શોભાવવું. ઉજાળાવું અ૦ક્રિ૦ કર્મણિ, -વવું સ૦ક્રિ૦ પ્રેરક
ઉજિયાર(-રું) વિ૦ જુઓ ઉજાર
ઉજેરવું સ૦ક્રિ૦(કા.) ઉછેરવું. ઉજેરાવું અ૦ક્રિ૦(કર્મણિ). ઉજેરાવવું સ૦ક્રિ૦ (પ્રેરક)
ઉજેશ(-સ) પું૦ જુઓ ઉજાશ. ૦કાર વિ૦ ઉજેશ-ઉજાસ કરનારું; દેદીપ્યમાન (૨) પું૦ તેજ; ચળકાટ
ઉજ્જડ વિ૦ ઊજડ; વેરાન
ઉજ્જન ન૦, ઉજ્જય(-યિ)ની સ્ત્રી૦[સં.](સં.)માળવામાં સિપ્રા નદીના કિનારા ઉપર આવેલું પ્રાચીન હિંદુ રાજનગર
ઉજ્જૃંભણ ન૦[સં.] બગાસું ખવું તે
ઉજ્જ્વલ(-ળ) વિ૦ [સં.] ઊજળું; દેદીપ્યમાન. ૦તા સ્ત્રી૦
ઉજ્જ્વલિત વિ૦ [સં.] ઉજ્જ્વળ કરેલું
ઉજ્જ્વળ વિ૦ ઉજ્જ્વલ. -ળાછંદ પું૦ એક છંદ. ૦તા સ્ત્રી૦
ઉઝરડવું સ૦ક્રિ૦ નખથી કે ધારવાળા હથિયારથી ઘસરડીને ઉખાડવું. ઉઝરડાવું અ૦ક્રિ૦ કર્મણિ, -વવું સ૦ક્રિ૦ પ્રેરક
ઉઝરડો પું૦ શરીર ઉપર નખ, કાંટા વગેરેનો લિસોટો
ઉઝરાવવું સ૦ક્રિ૦ (કા.) જુઓ ઉજરાવવું
ઉઝેલો પું૦ સરળતા (૨) મદદ (સુ.)
ઉટ ન૦ [સં.] ઘાસ પાંદડું. ૦જ ન૦ પર્ણકુટિ; ઝૂંપડું
ઉટકંટો પું૦ એક વનસ્પતિ
ઉટકાઈ સ્ત્રી૦ (વાસણ ઇત્યાદિ) અજવાળવાની રીત (૨) ઊટકવાનું મહેનતાણું. -મણ ન૦ (વાસણ) અજવાળવામાં વપરાતી વસ્તુ (૨) ઊટકવાનું મહેનતાણું
ઉટકાવવું સ૦ક્રિ૦ ઊટકે એમ કરવું
ઉટજ ન૦ [સં.] જુઓ 'ઉટ'માં
ઉટપટં(-ટાં)ગ વિ૦ (૨) ન૦ જુઓ ઉટાંગ
ઉટવણું ન૦ શરીરે ચોળવાની ખુશબોદાર ચીજોનું મિશ્રણ
ઉટવાવવું સ૦ક્રિ૦ 'ઊટવાવું'નું પ્રેરક
ઉટં(-ટાં)ગ વિ૦ આધાર વગરનું; તરંગી (૨) ન૦ આધાર વગરની વાત; ગપ્પું (૩) તરંગ; ભુટ્ટો
ઉટંગી વિ૦ ઉટંગવાળું (૨) ગપ્પી
ઉટાંકવું સ૦ક્રિ૦ તોળવું; વજન કરવું (કા.). ઉટાંકાવવું સ૦ક્રિ૦ (પ્રેરક), ઉટાંકાવું અ૦ક્રિ૦ (કર્મણિ)
ઉટાંકો પું૦ અડસટ્ટો
ઉટાંગ વિ૦ જુઓ ઉટંગ
ઉટાંટિયું ન૦, -યો પું૦ એક રોગ
ઉટીગણ પું૦ એક વનસ્પતિ; ઓટીગણ
ઉઠમ(-વ)ણું ન૦ બેસણું (મરણનું)
ઉઠંગવું અ૦ ક્રિ૦ + અઢિંગવું [ચોરનારું
ઉઠાઉ, ૦ગીર વિ૦ નજર ચુકાવી પારકી વસ્તુ ઉઠાવનારું-
ઉઠાડવું સ૦ક્રિ૦ ઊઠે એમ કરવું. ઉઠાડાવું અ૦ ક્રિ૦, -વવું સ૦ ક્રિ૦ 'ઉઠાડવું'નાં અનુક્રમે કર્મણિ અને પ્રેરક
ઉઠામ(-વ)ણું ન૦ ઉઠમણું; બેસણું (મરણનું)
ઉઠાવ પું૦ ઊઠવું-ઊપસવું તે (૨) ઊંચાઈ (૩) ઉપાડ; ખપત (૪) કલ્પના; ભુટ્ટો (૫) દેખાવ; ભભક. ૦ણી સ્ત્રી૦ ઉઠાવવું તે (૨) ઉશ્કેરણી (૩) બળવો. ૦દાર વિ૦ સારા ઉઠાવ-દેખાવવાળું (૨) અસરકારક. ૦વું સ૦ક્રિ૦ ઊંચકવું; ઉપાડવું (૨) નજર ચુકાવવી; ઉપાડી જવું-ચોરવું (૩) (ખૂબ) ખાવું (૪) ઉઠાડવું; જગાડવું (૫) ઊભું કરવું; અસ્તિત્વમાં આણવું; તૈયાર કરવું (૬) ભજવવું. ૦ડા(-રા)વવું સ૦ક્રિ૦ 'ઉઠાવવું'નું પ્રેરક. -વાવું અ૦ક્રિ૦ 'ઉઠાવવું'નું કર્મણિ
ઉઠાવું અ૦ ક્રિ૦ 'ઊઠવું'નું ભાવેપ્રયોગનું રૂપ
ઉઠાવો પું૦ ભુટ્ટો; બનાવટી વાત (૨) ઉપાડ; ખપત
ઉઠાવણું ન૦ જુઓ ઉઠામણું
ઉઠાંતરી સ્ત્રી૦ ચાલ્યા જવું તે
ઉડગણ પું૦ + ઉડુગણ
ઉડતાળીસ વિ૦ અડતાળીસ; ૪૮ [(૩) મૂર્ખ
ઉડદાબેગુ વિ૦ ચપળ; ચંચળ (૨) અજંપાવાળું; રઘવાટિયું
ઉડાઉ વિ૦ ઉડાવનારું; ઉડાવે એવું (૨) અતિ ખર્ચાળ; અવિચારી ખર્ચ કરનારું. ૦પણું ન૦
ઉડા(-ડા)ડવું સ૦ ક્રિ૦ જુઓ ઉડાવવું
ઉડા(-ડા)ડાવવું સ૦ ક્રિ૦ ઉડા(-ડા)ડવું'નું પ્રેરક
ઉડાણ(-ન) વિ૦ ઊડે એવું; પવનવેગી (૨) ન૦ ઊડવું તે. ૦ઘોડો પું૦ અધ્ધર ઊડે તેવો ઘોડો; પવનપાવડી (૨) પવનવેગી ઘોડો. ૦શેહ સ્ત્રી૦ શેતરંજનો એક દાવ
ઉડામણી સ્ત્રી૦ મશ્કરીમાં ઉડાવવું તે; હાંસી
ઉડાવડા(-ડા)વવું સ૦ ક્રિ૦ 'ઉડાવવું'નું પ્રેરક
ઉડાવવું સ૦ક્રિ૦ ઊડે એમ કરવું; ચગાવવું (૨) વાપરી નાખવું; બરબાદ કરવું (૩) ફેલાવવું (૪) જવાબમાં ચાલાકી કરવી; આડે માર્ગે ચડાવવું (૫) મશ્કરી કરવી (૬) રદ-નપાસ કરવું
ઉડાવું અ૦ક્રિ૦ 'ઊડવું'નું ભાવેપ્રયોગનું રૂપ
ઉડિયાલા પું૦ એક છંદ
ઉડુ પું૦ [સં.] તારો (૨) ગ્રહ (૩) નક્ષત્ર. ૦ગણ પું૦ તારાઓનો સમૂહ; તારાઓ. ૦પતિ, ૦રાજ પું૦ ચંદ્ર
ઉડ્ડયન ન૦ [સં] ઊડવું-ઊંચે ઊડવું તે
ઉડ્ડીન ન૦ [સં.] ઉડ્ડયન
ઉઢરણું ન૦ ઊઢણ; ઉઢેણું
ઉઢાણિયું ન૦ ઉઢાણી; ઈંઢોણી
ઉઢા(-ઢે)ણી સ્ત્રી૦ નાનું ગૂંથેલું ઉઢાણું
ઉઢા(-ઢે)ણું ન૦ માથા ઉપર વજન ઊંચકતી વખતે વચ્ચે મૂકવામાં આવતો લૂગડા ઇત્યાદિનો વીંટો
ઉણાદિ વિ૦ [સં.] (વ્યા.) ઉ, ઉર, ઇર વગેરે (પ્રત્યય)
ઉણાવવું સ૦ક્રિ૦ ઊણું-ઓછું કરવું
ઉણાવું અ૦ક્રિ૦ 'ઊણવું'નું કર્મણિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતડાવવું સ૦ક્રિ૦ 'ઊતડવું'નું પ્રેરક

ઉતપત સ્ત્રી૦+ઉત્પત્તિ. ૦વું અ૦ક્રિ૦+ઉત્પન્ન થવું

ઉતરડ સ્ત્રી૦ વાસણ ઉપર વાસણ–ખાસ કરીને એક એકથી નાનાં–એવી ગોઠવણી

ઉતરડવું સ૦ક્રિ૦ ઉતેડવું; સીવણ ઉકેલવું; ટાંકા તોડી જુદું કરવું (૨) (છાલ–ચામડી ઇત્યાદિ) ઉતારવી. ઉતરડાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). ઉતરડાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

ઉતરડિયું ન૦ ઉતરડવાનું ઓજાર

ઉતરણ સ્ત્રી૦; ન૦ ઢાળ; ઉતાર (૨) ઊતરાય એવું હોવું તે (૩) એવો નદીનો ભાગ.–ણી સ્ત્રી૦ ઊતરવું–પાર જવું તે

ઉતરાણ સ્ત્રી૦ ઉત્તરાયણ; મકરસંક્રાંતિ (૨) એ દિવસે પળાતો તહેવાર (૩) ન૦ ઉતાર; ઉતરણ

ઉતરાતું(–દું) વિ૦ ઉત્તર તરફનું; ઓતરાતું

ઉતરાવવું સ૦ક્રિ૦ ઉતારે એમ કરવું (૨) 'ઊતરવું'નું પ્રેરક

ઉતરેવડ સ્ત્રી૦ ઉતરડ

ઉતાપ(–પો) પું૦, ૦ણ ન૦ તાપ; તડકો; બફારો (૨) ચિંતા; ફિકર [(૩) સંતાપ; પીડા

ઉતાર પું૦ ઊતરાય એવું હોવું તે; ઉતરણ (૨) ઓટ (૩) ઉપાય (૪) ભૂતપ્રેતની અસર કાઢવા માટે માથેથી ઉતારેલું હોય તે (૫) [લા.] તદ્દન નકામું અથવા ભૂંડામાં ભૂંડું માણસ. ૦ણ ન૦ ઉતારવું તે (૨) એની મજૂરી. ૦ણી સ્ત્રી૦ ઉતારવું તે; ઉતારવાની રીત. ૦વું સ૦ક્રિ૦ ઉપરથી નીચે મૂકવું (૨) ઘાટ કાઢવો (૩) ધાર કાઢવી (૪) લખવું; નકલ કરવી (૫) ઝેરની અસરથી મુક્ત કરવું (૬) પાર લઈ જવું (૭) વળગાટ કાઢવા માથે ફેરવવું [ઉતારાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). ઉતારાવું (કર્મણિ)]. –રુ પું૦ ઊતરી જનાર અથવા ઊતરેલો મુસાફર. –રો પું૦ ઊતરવાનો મુકામ (૨) ટાંચણ

ઉતારત વિ૦ ઉદાહરણરૂપ; અંગત નહિ એવું; સાધારણ

ઉતાલ સ્ત્રી૦ (કા.) ઘોડીની એક જાત

ઉતાવળ સ્ત્રી૦ ત્વરા; તાકીદ; ઝડપ. –ળિયું વિ૦ ઉતાવળ કરનારું–કરાવનારું (૨) ઉતાવળું; અધીરું. –ળું વિ૦ ઉતાવળવાળું; વેગી; ઝડપી (૨) અધીરું

ઉતાવું અ૦ક્રિ૦ 'ઊતવું'નું ભાવે.

ઉતેડવું સ૦ક્રિ૦ જુઓ ઉતરડવું. ઉતેડાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). ઉતેડાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

ઉતોલની સ્ત્રી૦ ઉચ્ચાલન (યંત્ર)

ઉત્ક વિ૦ [સં.] આતુર

ઉત્કટ વિ૦ [સં.] તીવ્ર; જલદ; પ્રબળ (૨) મત્ત (૩) વિષમ (૪) મુશ્કેલ. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦

ઉત્કર્ષ પું૦ [સં.] ઉપર ખેંચાવું તે; ઉન્નતિ (૨) અભિવૃદ્ધિ; આબાદાની (૩) વૃદ્ધિ; અધિકતા. ૦ક વિ૦ ઉત્કર્ષ કરનારું. ૦વાચક વિ૦ ઉત્કર્ષ બતાવનારું

ઉત્કલ પું૦ [સં.] (સં.) એ નામનો એક દેશ (હાલનું ઓરિસા). –લી સ્ત્રી૦ ઉત્કલની ભાષા

ઉત્કલન ન૦ ઊકળવું તે. ૦બિન્દુ ન૦, –નાંક પું૦ જ્યાં સુધી ગરમી પહોંચવાથી પદાર્થ ઊકળવા માંડે એ સીમા

ઉત્કલિકા સ્ત્રી૦ [સં.] ચિંતા (૨) ઉત્કંઠા (૩) હેલા; વિલાસની ચેષ્ટા (૪) કળી (૫) તરંગ; મોજું

ઉત્કંઠ વિ૦ [સં.] કંઠ ઊંચો કરેલો હોય એવું (૨) અતિ ઉત્સુક; આતુર. ૦ભાવ પું૦, –ઠા સ્ત્રી૦ તીવ્ર ઇચ્છા; આતુરતા (૨) આશા. –ઠિત વિ૦ ઉત્કંઠ થયેલું; આતુર. –ઠિતા વિ૦ સ્ત્રી૦ (પતિને) મળવાને અત્યંત આતુર એવી. –ઠી વિ૦ ઉત્કંઠ

ઉત્કંપ પું૦ [સં.] ધ્રુજારી; ક્ષોભ

ઉત્કીર્ણ વિ૦ [સં.] આલેખેલું; કોતરેલું

ઉત્કૃષ્ટ વિ૦ [સં.] શ્રેષ્ઠ; ઉત્તમ. ૦તા સ્ત્રી૦

ઉત્કેંદ્ર વિ૦ [સં.] મધ્યબિંદુથી આઘું (૨) એક કેન્દ્રવાળું નહિ એવું (૩) વિલક્ષણ. ૦કોણ પું૦ 'એકસેન્ટ્રિક ઍંગલ' (ગ.)

ઉત્ક્રમ પું૦ [સં.] ઊલટો ક્રમ (૨) ઉલ્લંઘન (૩) ક્રમિક વધારો; ઊંચો ક્રમ. ૦જ્યા સ્ત્રી૦ 'વર્સ્ડ સાઇન' (ગ.). ૦ણ ન૦ ઓળંગી જવું–ઉલ્લંઘન કરવું તે (૨) ક્રમેક્રમે ઊંચા જવું તે; ખિલવટ

ઉત્ક્રાંત વિ૦ [સં.] ઓળંગી ગયેલું (૨) ઉત્ક્રાંતિ પામેલું (ઉત્ક્રાંતિવાદના નિયમાનુસાર). –તિ સ્ત્રી૦ વિકાસ; ખિલવણી. –તિવાદ પું૦ જાતિવિશેષો ('સ્પીશીસ') એકદમ નવા સર્જાયા નથી પણ અગાઉ પ્રચલિત એવા આકારો પરથી ધીમે ધીમે વિકાસ પામીને બન્યા છે એવો મત

ઉત્ક્ષિપ્ત વિ૦ [સં.] ઉત્ક્ષેપ પામેલું

ઉત્ક્ષેપ પું૦ [સં.] ઉપર ફેંકવું તે; ઊંચું કરવું તે (૨) ઊપણવું તે (૩) ફેંકી દેવું–અવમાન્ય કરવું તે (૪) મોકલવું–રવાના કરવું તે (૫) ઊલટી. ૦ક વિ૦ ઊંચે ફેંકનારું; ઊંચું કરનારું (૨) પું૦ વસ્ત્રાદિનો ચોર. ૦ણ ન૦ ઊંચું કરવું–ઊંચે ફેંકવું તે (૨) ઊપણવું તે (૩) ઊપણવાનું સાધન (સૂપડું ઇત્યાદિ) (૪) ઊલટી કરવી તે

ઉત્ખાત વિ૦ [સં.] ખોદી કાઢેલું (૨) ઉખાડેલું

ઉત્તપ્ત વિ૦ [સં.] ઘણું ગરમ થયેલું (૨) ક્રોધાયમાન

ઉત્તમ વિ૦ [સં.] સૌથી સારું; શ્રેષ્ઠ. ૦ત્વ ન૦, ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦. ૦પુરુષ પું૦ શ્રેષ્ઠ આદમી (૨) પરમેશ્વર (૩) [વ્યા.] પહેલો પુરુષ. ૦શ્લોક પું૦ સુવિખ્યાત; પુણ્યશ્લોક. –મા વિ૦ સ્ત્રી૦ ઉત્તમ (૨) સ્ત્રી૦ ઉત્તમ નાયિકા (કા.શા.). –માંગ ન૦ માથું (૨) મુખ. –માંશ પું૦ ઉત્તમ અંશ. –મોત્તમ વિ૦ ઉત્તમમાં ઉત્તમ

ઉત્તમૌજા પું૦ [સં.] (સં.) પાંડવપક્ષનો એક બળવાન યોદ્ધો

ઉત્તર વિ૦ [સં.] પાછલું; બાકીનું (૨) પછીનું (૩) વધતું; વધારે (૪) ડાબું (૫) પું૦; ન૦ જવાબ (૬) બચાવનું કથન (૭) સ્ત્રી૦ ઉત્તર દિશા (૮) પું૦ ગણિત શ્રેઢીમાં બે સંખ્યાની વચમાંનું અંતર; 'ધી કૉમન રેશિયો' (૯) પું૦ [સં.] વિરાટ રાજાનો પુત્ર (૧૦) અ૦ પછી. ૦અક્ષાંશ પું૦ વિષુવવૃત્તની ઉત્તરનો અક્ષાંશ. ૦કથા સ્ત્રી૦ કથાનો પાછલો અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતનો ભાગ. ૦ક્રિયા સ્ત્રી૦ મરણ પછીની–અંતિમ ક્રિયા. ૦કાલ(–ળ) પું૦ ઘડપણનો સમય. ૦ખંડ પું૦ છેલ્લો વિભાગ યા ગ્રંથ (૨) ઉત્તરાખંડ. ૦ચર વિ૦ પૂર્વચરની સાથે સાહચર્ય રાખનારું. અનુગામી. ૦દિશા સ્ત્રી૦ દક્ષિણ દિશા સામેની દિશા. ૦ધ્રુવ પું૦ પૃથ્વીની ધરીનો ઉત્તર તરફનો છેડો (૨) ઉત્તર દિશામાં સ્થિર દેખાતો તારો. ૦પક્ષ પું૦ બચાવપક્ષ; પ્રતિવાદી (૨) પ્રતિવાદીનો જવાબ (૩) અંધારિયું. ૦પથ પું૦ હિમાલય ઉપર ઊંચે ને ઊંચે જતો ઉત્તરદિશા તરફનો માર્ગ; દેવયાન (૨) મૃત્યુની તૈયારી તરીકે કરવામાં આવતાં તપ અને જાત્રાઓ. ૦પત્ર ન૦; પું૦ પ્રશ્નપત્રના ઉત્તરનો પત્ર. ૦પૂજા સ્ત્રી૦ દેવાદિનું વિસર્જન કરતી વેળાની છેલ્લી પૂજા. ૦પદ ન૦ (સમાસનું) છેલ્લું પદ (૨) [ગ.] 'સેકન્ડ ટર્મ ઑફ એ રેશિયો.' ૦મંદ્રા સ્ત્રી૦ ષડ્જગ્રામની એક મૂર્છના (સંગીત). ૦મીમાંસા સ્ત્રી૦ મીમાંસાદર્શનનો પાછલો ભાગ; વેદાંત. ૦રાગણી સ્ત્રી૦ પાછલી રાત્રે ગાવાનો રાગ. ૦લોક પું૦ સ્વર્ગલોક. ૦વાહિની વિ૦ સ્ત્રી૦ ઉત્તર ભણી વહેતી (ગંગા). ૦વય સ્ત્રી૦ ઉત્તરાવસ્થા. ૦વયસ્ક વિ૦ ઘરડું. ૦વ્યવસ્થાપત્ર ન૦ વસિયતનામું. ૦શ્રેઢી સ્ત્રી૦ 'જ્યૉમેટ્રિકલ પ્રોગ્રેશન' (ગ.). ૦શ્રેણિ(–ણી) સ્ત્રી૦ 'જ્યૉમેટ્રિકલ સીરીઝ'. ૦સાધન ન૦ પરલોકમાં કામ આવે એવું ધર્મકર્મ કે પુણ્યદાન. –રા સ્ત્રી૦ ઉત્તરદિશા (૨) [સં.] અભિમન્યુની સ્ત્રી (૩) ઉત્તરાફાલ્ગુની. –રાખંડ પું૦ (સં.) હિમાલય પાસેનો ઉત્તર હિંદનો પ્રદેશ; ઉત્તરખંડ. –રાપથ પું૦ વિંધ્યપર્વતની ઉપરનો હિંદ. –રાફાલ્ગુની સ્ત્રી૦ બારમું નક્ષત્ર. –રાગ્ર પું૦; ન૦ પૃથ્વીની ધરીનો ઉત્તર તરફનો છેડો. –રાધિકાર પું૦ પાછળથી–ભવિષ્યમાં મળનારો અધિકાર; વારસાનો અધિકાર. –રાધિકારી વિ૦ ઉત્તરાધિકારવાળું; પછીથી અધિકાર પર આવનારું. –રાર્ધ ન૦ વસ્તુનો પાછલો અર્ધો ભાગ. –રાભાદ્રપદા સ્ત્રી૦ છવ્વીસમું નક્ષત્ર. –રાભિમુખ વિ૦ ઉત્તર તરફ મુખ (બારણું) હોય એવું. –રાયણ ન૦ સૂર્યનું ઉત્તર તરફના રાશિષટ્કમાં જવું તે (૨) ઉતરાણ. –રાર્ધ(–ર્દ્ધ) પું૦ બાકીનો અર્ધો ભાગ. –રાયતા સ્ત્રી૦ ષડ્જગ્રામની એક મૂર્છના. –રાવસ્થા સ્ત્રી૦ ઘડપણ. –રાશ્રમ પું૦ વાનપ્રસ્થાશ્રમ (૨) સંન્યસ્તાશ્રમ. –રાષાઢા સ્ત્રી૦ એકવીસમું નક્ષત્ર. –રાંગ ન૦ વસ્તુનો પાછલો-છેડાનો ભાગ. –રોત્તર અ૦ વધારે ને વધારે; દિવસે દિવસે; ક્રમશઃ

ઉત્તરીય ન૦ [સં.] ઉપવસ્ત્ર [એક આભૂષણ

ઉત્તંસ પું૦ [સં.] માથે પહેરવાનું એક આભૂષણ (૨) કાનનું

ઉત્તાન વિ૦ [સં.] ચત્તું (૨) પહોળું પથરાયેલું; છીછરું. ૦પાદ પું૦ (સં) ધ્રુવના પિતાનું નામ

ઉત્તાપ પું૦ [સં.] સંતાપ; ચિંતા

ઉત્તીર્ણ વિ૦ [સં.] તરી પાર ઊતરેલું (૨) પાસ થયેલું (પરીક્ષામાં)

ઉત્તુંગ વિ૦ [સં.] ઊંચું. ૦તા સ્ત્રી૦

ઉત્તેજક વિ૦ [સં.] ઉત્તેજન આપે તેવું (૨) ઉત્સાહ–હોંશ પ્રેરે તેવું (૩) જલદ; ઉદ્દીપક. –ન ન૦ ઉત્સાહ આપવો–પુષ્ટિ આપવી તે (૨) [ખરાબ અર્થમાં] ઉશ્કેરણી. –ના સ્ત્રી૦ ઉશ્કેરણી; આવેશ. –વું સ૦ક્રિ૦ ઉત્તેજન આપવું

ઉત્તેજિત વિ૦ [સં.] ઉત્તેજન કે ઉદ્દીપન પામેલું (૨) ઉશ્કેરાયેલું

ઉત્થ વિ૦ [સં.] (સમાસને અંતે)–થી ઉપજતું. ઉદા. સંસ્કારોત્થ

ઉત્થાન ન૦ [સં.] ઊઠવું–ઊભા થવું તે (૨) ઊગવું તે (૩) ઉદય; જાગૃતિ (૪) ઉત્સાહ; નિરાશા છોડી ફરી ફરી પ્રયત્ન કરવો તે (૫) ટેકો; મદદ. –નિકા સ્ત્રી૦ અવતરણિકા

ઉત્થાપક વિ૦ [સં.] ઉથલાવી નાંખનારું; ઉખાડનારું (૨) ઉશ્કેરનારું (૩) ઊભું કરનારું. –ન ન૦ ઉત્થાપવું તે (૨) [મંદિરમાં] દેવનું સૂઈ ને ઊઠવું તે (૩) [ગ.] એકને ઉઠાવી એ જગાએ બીજું મૂકવું તે; 'સબ્સ્ટિટ્યૂશન'. –નમંત્ર પું૦ 'ધી પ્રિન્સિપલ ઑફ સબ્સ્ટિટ્યૂશન' (ગ.). –ના સ્ત્રી૦ ઉત્થાપવું તે. –વું સ૦ક્રિ૦ સ્થાપ્યું ન સ્થાપ્યું કરવું; ઉખાડી નાખવું (૨) ઉથાપવું; ન માનવું (૩) ઉઠાડવું; જાગ્રત કરવું

ઉત્પત સ્ત્રી૦ + ઉત્પત્તિ

ઉત્પતવું અ૦ ક્રિ૦ કૂદવું; ઊડવું

ઉત્પત્તિ સ્ત્રી૦ [સં.] પેદાશ (૨) જન્મ (૩) મૂળ

ઉત્પથ પું૦ [સં.] ખોટો માર્ગ

ઉત્પન્ન વિ૦ [સં.] જન્મેલું (૨) નીપજેલું; બનેલું (૩) ઊગેલું (૪) ન૦ પેદાશ; નીપજ (૫) કમાઈ (૬) નફો

ઉત્પલ ન૦ [સં.] કમળ. –લાક્ષી વિ૦ સ્ત્રી૦ કમલાક્ષી

ઉત્પાત પું૦ [સં.] કૂદવું તે (૨) તોફાન; ધાંધલ (૩) આપત્તિનું ચિહ્ન (૪) વિનાશકારક આપત્તિ. –તિયું, –તી વિ૦ જંપીને ન બેસે એવું (૨) તોફાની; મસ્તીખોર (૩) ઉત્પાત કરે એવું

ઉત્પાદક વિ૦ [સં.] ઉત્પન્ન–પેદા કરનારું

ઉત્પાદન ન૦ [સં.] ઉત્પન્ન કરવું તે (૨) પેદાશ, ઉત્પત્તિ (૩) ફળ

ઉત્પાદિત વિ૦ [સં.] ઉત્પન્ન કરેલું

ઉત્પાદ્ય વિ૦ [સં.] ઉત્પન્ન કરવા યોગ્ય કે કરાય એવું

ઉત્પીડન ન૦ [સં.] એકબીજાને દબાવવું તે (૨) પીડા કરવી તે (૩) પીડા (૪) સ્પર્ધા

ઉત્પ્રેક્ષા સ્ત્રી૦ [સં.] ધારણા; કલ્પના (૨) [કા. શા.] એક અલંકાર, જેમાં ઉપમેય અને ઉપમાન કેટલીક બાબતોમાં મળતાં આવતાં હોવાથી વસ્તુતઃ એક જ છે એવી સંભાવના કરવામાં આવે છે. –ક્ષિત વિ૦ ઉત્પ્રેક્ષા કરાયેલું

ઉત્પ્લવ પું૦ [સં.] કૂદકો

ઉત્પ્લુતિ સ્ત્રી૦ [સં.] આરોહ; ઉડ્ડયન [પહોળું થયેલું

ઉત્ફુલ્લ વિ૦ [સં.] ખીલેલું; પૂર્ણ ખીલેલું (૨) વિકસેલું;

ઉત્સર્ગ પું૦ [સં.] તજી દેવું તે; ત્યાગ (૨) સમર્પણ (૩) શરીરમાંથી મળમૂત્રાદિ કાઢવાં તે (૪) [વ્યા.] સામાન્ય લાગુ પડતો કાયદો કે નિયમ ('અપવાદ'થી ઊલટું). ૦કાર્ય ન૦ મળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂત્ર ત્યાગ કરવાનું કામ. ૦તંત્ર ન૦ મળમૂત્રના ત્યાગની શરીરની યોજના. -ર્જન ન૦ તજી દેવું તે (૨) ઉપવીત બદલવાની વાર્ષિક ક્રિયા (૩) વેદાધ્યયન મુલતવી રાખતી વખતે કરવાની ક્રિયા (૪) મળમૂત્રનો ત્યાગ કરવો તે

ઉત્સર્પણ ન૦ [સં.] ઊંચે સરવું-જવું તે(૨) ફેલવું;ઊંચા-નીચા થવું (૩) ઉદય

ઉત્સર્પિણી વિ૦સ્ત્રી૦ [સં.] ઉત્સર્પણ કરનારી (૨) સ્ત્રી૦ (જૈન)અવસર્પિણીના જેટલો લાંબો પણ તેથી ઊલટો સમય

ઉત્સવ પું૦ [સં.] આનંદનો દિવસ; તહેવાર(૨) આનંદનો મેળાવડો; ઓચ્છવ

ઉત્સંગ પું૦ [સં.] ઉછંગ; ખોળો

ઉત્સાર પું૦ [સં.] ઉત્કેન્દ્રતા; 'એક્સેન્ટ્રિસિટી' (ગ.)

ઉત્સારક વિ૦[સં.]ખસેડનારું;દૂર કરનારું (૨)પું૦પોલીસ; ચોકીદાર; દ્વારપાળ. -ણ ન૦ ખસેડવું-દૂર કરવું તે (૨) મળમૂત્ર, પરસેવો ઇત્યાદિનો ત્યાગ કરવો તે. -ણા સ્ત્રી૦ ઉત્સારણ (૨) 'ખસો, ખસો' એવો પોકાર (નાટ્યમાં)

ઉત્સાહ પું૦[સં.]હોંશ;ઉમંગ (૨) આનંદ; હર્ષ (૩) ખંત (૪) [કા.શા.] વીરરસનો એક સ્થાયીભાવ-દૃઢતા. ૦ક વિ૦ ઉત્સાહી; ખંતીલું. ૦ભંગ પું૦ ઉત્સાહનો ભંગ (૨) વિ૦ ભગ્નોત્સાહ; નાહિંમત. -હિત વિ૦ ઉત્સાહવાળું.-હિની વિ૦સ્ત્રી૦, -હી વિ૦ ઉત્સાહવાળું

ઉત્સુક વિ૦ [સં.] આતુર (૨) અધીરું. ૦તા સ્ત્રી૦

ઉત્સેક પું૦[સં.]છાંટવું તે (૨) -નો વધારો થવો-ઊભરાવું તે. -ચન ન૦ ઊભરાવું તે (૨) ફુવારાની પેઠે ઊંચે ઊડવું તે

ઉત્સેધ પું૦ [સં.] ઊંચાઈ (૨) મહત્તા

ઉત્સ્ફુરણ ન૦ [સં.] સ્ફુરણ

ઉત્સ્ફોટન ન૦ [સં.] સ્ફોટન; સ્પષ્ટીકરણ

ઉથડક વિ૦ બંધબેસતું કે ચોટતું ન હોય તેવું

ઉથડાવવું સ૦ક્રિ૦ 'ઊથડવું'નું પ્રેરક

ઉથલાવવું સ૦ક્રિ૦ ગબડાવી દેવું; ઊંધુંચતું કરી દેવું (૨) પદચ્યુત કરવું(૩)ફેરવવું. ઉથલાવાવું અ૦ક્રિ૦(કર્મણિ)

ઉથાપ પું૦ઉથાપવું-ઉલટાવવું તે(૨) સામી થાપ. ૦ન ન૦, ૦ના સ્ત્રી૦ ઉઠાડવું-જાગ્રત કરવું તે (૨) મંદિરમાં દેવનું સૂઈ ઊઠવું તે (૩) ઉથાપવું તે. ૦વું સ૦ક્રિ૦ દૂર કરવું (૨) ઉલટાવવું (૩) ન માનવું; અનાદર કરવો; સામા થવું. [-પાવવું સ૦ક્રિ૦(પ્રેરક),-પાવું અ૦ક્રિ૦ (કર્મણિ)].

ઉથામવું સ૦ક્રિ૦ ઊંચકવું; ઉપાડવું (૨) ફીંદવું; મિથ્યા મહેનત કરવી (૩) ઝીણવટથી તપાસવું. ઉથામાવું અ૦ ક્રિ૦ (કર્મણિ), -માવવું સ૦ક્રિ૦ (પ્રેરક)

ઉથામો પું૦ ઉથામવા-ઉપાડવાનો પ્રયાસ (૨) ઉધામો

ઉથેવો પું૦ છાપરાનો ચૂવો [તેમના ક્રમમાં જુઓ

ઉદ ન૦ [સં.] પાણી (પદ્ય કે સમાસમાં). ૦ધિ, ૦પાન

ઉદક ન૦ [સં.] પાણી. ૦ક્રિયા સ્ત્રી૦ મૂએલાની પાછળ કરાતી જલના તર્પણની ક્રિયા. ૦મેહ પું૦એક મૂત્રરોગ

ઉદકાવવું સ૦ક્રિ૦ 'ઊદકવું'નું પ્રેરક

ઉદકોદર ન૦ [સં.] જળોદરનો રોગ

ઉદગ્ર વિ૦ [સં.] ઊંચી ટોચવાળું (૨) ઊંચું (૩) આગળ પડતું; પ્રસિદ્ધ (૪) મોટી ઉમરનું

ઉદધિ પું૦[સં.] સમુદ્ર. ૦કન્યા, ૦તનયા સ્ત્રી૦ સમુદ્રની કન્યા; લક્ષ્મી (ચૌદ રત્નોમાંનું એક). ૦મેખલા(-ળા) સ્ત્રી૦ પૃથ્વી. ૦સુતા સ્ત્રી૦ લક્ષ્મી

ઉદબત્તી સ્ત્રી૦ અગરબત્તી; ઊદબત્તી

ઉદપાન ન૦ [સં.] જળાશય (૨) હવાડો કે પરબ

ઉદબુદો પું૦ +બુદ્બુદ; પરપોટો [ઉદ્માત કરનારું

ઉદ(-ધ)માત પું૦તોફાન; મસ્તી; ઉત્પાત. -તિયું,-તું વિ૦

ઉદય પું૦ [સં.] ઊગવું તે (૨) ઉન્નતિ (૩) પ્રાગટ્ય; ઉદ્ભવ (૪) (જૈન) કર્મોનું ફળ દેવા તત્પર થવું તે. ૦કર્મ ન૦ પ્રારબ્ધકર્મ (જૈન). ૦કાલ(-ળ) પું૦ (સૂર્યચંદ્રાદિના) ઉદયનો કાળ-સમય(૨)ઉન્નતિનો-ચડતીનો વખત.૦ગિરિ પું૦ (સં.)જેની પૂંઠેથી સૂર્યચંદ્રાદિ ઊગે છે એવો કલ્પિત પર્વત; મેરુ. ૦ન ન૦ ઉદય (૨) પું૦ (સં.) વત્સરાજ નામથી ઓળખાતો એક ચંદ્રવંશી રાજા (૨) ગુજરાતના કુમારપાલ રાજાનો એ નામનો મંત્રી. -યાચલ(-ળ) પું૦ (સં.) ઉદયગિરિ; મેરુ. -યાત વિ૦ જેમાં સૂર્યોદય આવતો હોય તેવી (તિથિ). -યાધીન વિ૦ (જૈન) ઉદયને અધીન; પ્રારબ્ધવશ. -યાસ્ત પું૦ ઉદય અને અસ્ત (૨) ચડતી-પડતી. -યી વિ૦ ઉદયવાળું; ઉદય થતું કે પામતું

ઉદર ન૦ [સં.] પેટ (૨) ગર્ભાશય (૩) બખોલ; પોલાણ (૪) [લા.] આજીવિકા (૫) અંદરનો ભાગ. ૦ગ્રંથિ સ્ત્રી૦ એક રોગ;ગુલ્મ.૦છેદન ન૦ઉદરની દીવાલનું છેદન;'લેપરૅટોમી'. ૦ત્રાણ ન૦ પેટનું બખ્તર (૨)કમરપટો. ૦ધમનિ(-ની) સ્ત્રી૦ પેટની ધોરી નસ.૦નિર્વાહ પું૦આજીવિકા; ગુજરાન. ૦પટલ ન૦ છાતી અને પેટની વચ્ચેનો પડદારૂપ એક અવયવ; 'ડાયેફ્રેમ'. ૦પૂર્તિ(-ર્ત્તિ) સ્ત્રી૦ ઉદરનિર્વાહ; ગુજરાન. ૦પૃષ્ઠ ન૦ પેટનો આગળનો ભાગ. ૦પોષણ ન૦ આજીવિકા; ગુજરાન.૦ભરણ ન૦પેટ ભરવું તે.૦સ્થ વિ૦ પેટમાં રહેતું; પેટમાંનું. -રંભરિ વિ૦પેટ ભરી જાણનારું; સ્વાર્થી (૨) અકરાંતિયું. -રંભરિતા સ્ત્રી૦

ઉદરણી વિ૦સ્ત્રી૦ સગર્ભા

ઉદ(-ધ)રાવો પું૦ ચિંતા; ઉચાટ [ભવિષ્ય

ઉદર્ક પું૦[સં.] અંત; પરિણામ (૨) બદલો; ભાવિ ફળ (૩)

ઉદ(-દ્)વસ(-સ્ત) વિ૦ + ઉદ્ધ્વસ્ત

ઉદવું અ૦ક્રિ૦ + ઊગવું

ઉદંત પું૦ [સં.] સમાચાર; ખબર [(૩) હીજડો

ઉદંબર(-રો) પું૦ ઉદુંબર; ઉમરડો (૨) ઊમરો (ઘરનો)

ઉદાત્ત વિ૦[સં.] ઉચ્ચ,ઉન્નત(૨)ઉદાર; સખી દિલનું; દાતાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) ઊંચા સ્વરવાળું (૪) પું૰ સ્વરના ત્રણ ભેદોમાંનો પ્રથમ (ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત). ૰તા સ્ત્રી૰. ૰વર્ગ પું૰ 'ઍરિસ્ટોક્રસી'

ઉદાન પું૰ [સં.] પંચ વાયુમાંનો એક, જે ગળા તરફ ઊંચે [ચડીને માથામાં જાય છે

ઉદામ વિ૰ + ઉદ્દામ

ઉદાર વિ૰ [સં.] સખી દિલનું; દાનશીલ; ત્યાગશીલ (૨) ખુલ્લા મનનું; નિખાલસ; સરળ. ૰ચરિત વિ૰ ઉદાર ચરિત્રવાળું. ૰ચિત્ત વિ૰ ઉદાર-નિખાલસ ચિત્તવાળું. ૰તા સ્ત્રી૰. ૰ધી વિ૰ ઉદાર બુદ્ધિવાળું. ૰પણું ન૰. ૰મતવાદ પું૰ સ્થિતિચુસ્ત ન રહેતાં નવા સુધારા માટે મન ખુલ્લું રાખવાનો વાદ; 'લિબરલિઝમ'. ૰મતવાદી વિ૰ (૨) પું૰ ઉદારમતવાદમાં માનનાર. –રાત્મા વિ૰ ઉદાર આત્માવાળું; ઉદારચરિત

ઉદાહ્ય ન૰ + ખટાટોપ; ખાલી ભપકો

ઉદાવજ,–ર્ત [સં.] પું૰ પેટનો એક રોગ; ગોળો

ઉદાસ વિ૰ [સં.] ગમગીન; ખિન્ન (૨) વૈરાગી; વિષય તરફ અપ્રીતિવાળું. –સી વિ૰ ઉદાસ (૩) પું૰ ઉદાસીપંથનો સાધુ (૩) સ્ત્રી૰ ઉદાસીનતા. –સીન વિ૰ ઉદાસ (૨) રસ ન ધરાવનારું; તટસ્થ. –સીનતા સ્ત્રી૰,–સીનપણું ન૰. –સીપંથ પું૰ શીખધર્મી સાધુઓનો એક પંથ

ઉદાહરણ ન૰ [સં.] દાખલો; દૃષ્ટાંત [દૃષ્ટાંતરૂપે અપાયેલું

ઉદાહૃત વિ૰ [સં.] કહેવાયેલું (૨) નામ દઈને બોલાયેલું (૩)

ઉદિત વિ૰ [સં.] ઊગેલું (૨) ખીલેલું (૩) જાગ્રત (૪) ચળકતું; પ્રકાશવંતું (૫) બોલેલું (૬) જન્મેલું

ઉદીક્ષણતાલ પું૰ [સં.] વિલંબિત ત્રિતાલ

ઉદીચી સ્ત્રી૰ [સં.] ઉત્તરદિશા. ૰ન વિ૰ ઉત્તર તરફનું. –ચ્ય વિ૰ ઉત્તરદિશામાં આવેલું (૨) પું૰ (સં.) ઉત્તર ગુજરાતમાં સરસ્વતી નદીની ઉત્તરે અને પશ્ચિમે આવેલો પ્રદેશ

ઉદીયમાન વિ૰ [સં.] ઊગતું; ઉદિત થતું

ઉદુંબર પું૰ [સં.] જુઓ ઉદંબર (૨) બ્રાહ્મણોની એક જાત (૩) એંશી રતીનું એક વજન

ઉદે પું૰ + ઉદય [ઉદયવાળી (તિથિ)

ઉદેતી વિ૰સ્ત્રી૰ જે તિથિમાં સૂર્યનો ઉદય થતો હોય તેવી;

ઉદેસાલમ ન૰ એક ઔષધિ

ઉદો ઉદો શ૰પ્ર૰ ઉદય હો, ઉદય હો; જય હો, જય હો

ઉદ્ [સં.] ઉપસર્ગ. સ્થાન, કક્ષા, માત્રા ઇ૰માં 'ઊંચે કે ઉપર'; અથવા અમુકમાંથી 'અલગ' કે 'બહાર', એવો અર્થ બતાવે છે. ઉદા૰ ઉદ્ગમ; ઉદ્ભવ; ઉદ્ગ્રીવ (૨) 'નઠારું કે ખોટું' એવા અર્થમાં નામ પૂર્વે. ઉદા૰ ઉન્માર્ગ

ઉદ્ગત વિ૰ [સં.] ઉપર ગયેલું; ચડેલું (૨) બહાર નીકળેલું (૩) ઊગેલું (૪) ઊંચું. –તિ સ્ત્રી૰ ઊંચે જવું–ચડવું તે (૨) બહાર નીકળવું–ઊગવું તે

ઉદ્ગમ પું૰ [સં.] ઊંચે જવું–ચડવું તે (૨) ઊગવું–બહાર નીકળવું તે, ઉત્પત્તિ (૩) ઉત્પત્તિસ્થાન; ઊગમ (૪) ફણગો; પીલો. ૰ન ન૰ ઉદ્ગમ થવો–ઊંચે જવું તે (૨) બહાર નીકળવું–દેખાય એવું થવું તે [–ન ન૰ સામવેદનું ગાન

ઉદ્ગાતા પું૰ [સં.] સામવેદની ઋચાઓ ગાનાર બ્રાહ્મણ.

ઉદ્ગામી વિ૰ [સં.] ઊંચે જતું (૨) બહાર નીકળતું

ઉદ્ગાર પું૰ [સં.] ઉચ્ચાર; બોલ; શબ્દ. ૰ચિહ્ન ન૰ લાગણીભર્યો ઉદ્ગાર સૂચવતું '!' આવું ચિહ્ન

ઉદ્ગીત વિ૰ [સં.] મોટેથી ગાયેલું (૨) પું૰ સંગીતમાં એક અલંકાર. –તિ સ્ત્રી૰ મોટેથી ગાવું તે (૨) ઉદ્ગીથ; સામગાન (૩) આર્યા છંદનો એક પ્રકાર. –થ પું૰ સામવેદની ઋચાઓ ગાવી તે (૨) સામવેદનો બીજો ભાગ (૩) ઓમ્કાર

ઉદ્ગ્રીવ વિ૰ [સં.] ઊંચી ડોકવાળું; ઉત્કંઠ

ઉદ્ઘાટન ન૰ [સં.] ખોલવું તે; કૂંચીથી ઉઘાડવું તે (૨) સ્પષ્ટ કરવું-સમજાવવું તે (૩) ઉઘાડવાનું સાધન (કૂંચી વગેરે) (૪) રેંટ. ૰ક્રિયા સ્ત્રી૰ પહેલપ્રથમ કાંઈ ઉઘાડવાની ક્રિયા-વિધિ. ૰સમારંભ પું૰ તે વિધિને અંગેનો ઉત્સવ

ઉદ્ઘાટિત વિ૰ [સં.] ઉઘાડેલું; ખોલેલું (૨) સ્પષ્ટ કરેલું (૩) પું૰ સંગીતમાં એક અલંકાર

ઉદ્ઘૃષ્ટ વિ૰ [સં.] નીરસ બૂમ પાડી ગાનાર

ઉદ્ઘોષ પું૰ [સં.] ઘાંટો; પોકાર (૨) ઢંઢેરો (૩) શોરબકોર; ઘોંઘાટ (૪) લોકોમાં વાત ચાલવી તે. ૰ણ ન૰, ૰ણા સ્ત્રી૰ ઉદ્ઘોષ થવો–કરવો તે

ઉદ્દંડ વિ૰ [સં.] ઉગામેલા દંડવાળું (૨) ભયંકર

ઉદ્દામ વિ૰ [સં.] અંકુશ કે બંધન વિનાનું (૨) સ્વચ્છંદી; ઉચ્છૃંખલ (૩) ઉગ્ર; જહાલ. ૰પક્ષ પું૰ જહાલ પક્ષ

ઉદ્દાલ પું૰ [સં.] રાતા ઘઉં (૨) કોદરા

ઉદ્દાલક પું૰ [સં.] (સં.) એક ઋષિનું નામ

ઉદ્દાંત વિ૰ [સં.] નરમ; ગરીબ (૨) ઉત્સાહવાળું

ઉદ્દિષ્ટ વિ૰ [સં.] બતાવેલું (૨) ઉદ્દેશાયેલું; સંબોધાયેલું (૩) ધારેલું; ઇચ્છેલું

ઉદ્દીપક વિ૰ [સં.] ઉદ્દીપન કરનારું; ઉત્તેજિત કરનારું

ઉદ્દીપન ન૰,–ના સ્ત્રી૰ સળગાવવું–પ્રજ્વલિત કરવું તે (૨) ઉશ્કેરણી (૩) ઉત્તેજના (૪) ઉદ્દીપનવિભાવ. ૰વિભાવ પું૰ રસનું ઉદ્દીપન કરનાર વિભાવ (કા.શા.)

ઉદ્દીપિત વિ૰ [સં.] ઉદ્દીપ્ત કરેલું [કરેલું; ઉશ્કેરાયેલું

ઉદ્દીપ્ત વિ૰ [સં.] સળગાવેલું-પ્રજ્વલિત કરેલું (૨) ઉત્તેજિત

ઉદ્દેશ પું૰ [સં.] હેતુ; ધારણા; ઇરાદો (૨) ઉલ્લેખ; નામ દઈ બતાવવું–કહેવું તે (૩) ઉદાહરણ (૪) પ્રસ્તાવના; તપાસ; શોધન (૫) [ન્યા.] ચર્ચવા કે સમજાવવાના પક્ષ કે વાદનું સ્વરૂપ-કથન. ૰ક વિ૰ ઉદ્દેશ બતાવનારું; ઉદાહરણરૂપ (૨) પું૰ ઉદાહરણ (૩) ઉપદેશક (૪) [ગ.] પ્રશ્ન. ૰ન ન૰ ઉદ્દેશવું તે. ૰વાદ પું૰ કુદરતમાં બધું હેતુપૂર્વક રચાયેલું છે એવો મત; 'ટેલિયોલૉજી'. ૰વું સ૰ક્રિ૰ નામ દઈને–અનુલક્ષીને બોલવું–કહેવું. –શ્ય વિ૰ ઉદ્દેશવા–વિચારવા યોગ્ય; લક્ષ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ન૦ (વ્યા) જેને ઉદ્દેશીને કંઈ કહેવાયું હોય તે; કર્તા-પક્ષ (૩) હેતુ; પ્રયોજન.-શ્યવર્ધક ન૦ઉદ્દેશ્યના અર્થમાં વધારો કરનાર શબ્દ કે શબ્દસમૂહ (વ્યા.)

ઉદ્ધત વિ૦ [સં.] ઉચ્છૃંખલ (૨) ઊંચું-ઉન્નત (૩) ભવ્ય. ૦પણું ન૦,૦વેડા પું૦બ૦વ૦ઉદ્ધત જેવું વર્તન. -તાઈ સ્ત્રી૦ ઉદ્ધતપણું. -તિ સ્ત્રી૦ ઉદ્દગતિ(૨)ઉન્નતિ (૩) ઠોકર

ઉદ્ધરણ ન૦ [સં.] ઉદ્ધાર-છુટકારો કરવો અથવા થવો તે (૨) મોક્ષ. -વું અ૦ક્રિ૦ ઊઠવું અથવા ઉપર જવું (૨) મુક્ત થવું (૩) સફળ થવું

ઉદ્ધર્તા વિ૦ [સં.] ઉદ્ધારક

ઉદ્ધવ પું૦ [સં.] (સં.) કૃષ્ણના કાકા અને ભક્ત

ઉદ્ધાર પું૦ [સં.] મુક્તિ; મોક્ષ (૨) છુટકારો(૩)સારી સ્થિતિ થવી તે. ૦ક વિ૦ ઉદ્ધાર કરનારું. ૦ણ ન૦ ઉદ્ધારવું તે. ૦ણહાર વિ૦ ઉદ્ધારક. ૦વું સ૦ક્રિ૦ ઉદ્ધાર કરવો

ઉદ્ધૃત વિ૦ [સં.] અવતરણ તરીકે લીધેલું (૨)ઉદ્ધારેલું;ઉગારેલું

ઉદ્ધ્વસ્ત વિ૦ [સં.] જડમૂળથી નાશ પામેલું; ઉજ્જડ

ઉદ્બુદ્ધ વિ૦ [સં.] જાગ્રત; જગાડેલું (૨)ઉદ્દીપ્ત; સતેજ થયેલું (૩) સ્મૃતિમાં તાજું કરેલું

ઉદ્બોધ પું૦ [સં.] જાગ્રત થવું તે (૨) યાદ આવવું તે. ૦ક વિ૦ ઉદ્બોધ કરાવનારું. ૦ન ન૦જુઓ ઉદ્બોધ. ૦વું સ૦ક્રિ૦ જગાડવું (૨) યાદ દેવું

ઉદ્ભવ પું૦ [સં.] જન્મ; ઉત્પત્તિ; પેદાશ (૨) મૂળ (૩) [સં.] વિષ્ણુનું એક નામ.૦વું અ૦ક્રિ૦ ઉત્પન્ન થવું; જન્મવું

ઉદ્ભાવ પું૦ [સં.] ઉત્પન્ન કરવું તે (૨) ઉદારતા. ૦ક વિ૦ ઉદ્ભવ કરનારું; સર્જક. ૦ન ન૦ કલ્પના કરવી તે (૨) ઉત્પાદન (૩) ચિંતન (૪) ઉત્પ્રેક્ષા કરવી તે. ૦વું સ૦ક્રિ૦ ઉદ્ભવે એમ કરવું; ઉત્પન્ન કરવું.-વિત વિ૦ઊભું કરેલું; બનાવટી; ઉત્પાદિત (૨) કાલ્પનિક

ઉદ્ભિજ્જ ન૦ [સં.] વનસ્પતિ. ૦વિદ્યા સ્ત્રી૦ વનસ્પતિ-શાસ્ત્ર. ૦વેત્તા પું૦ વનસ્પતિવિદ્યાનો જાણકાર

ઉદ્ભિદ પું૦ [સં.] ઉદ્ભિજ્જ (૨) ફુવારો (૩) ઝરો. -ન્ન વિ૦ ઉત્પન્ન થયેલું: બનેલું (૨) અંકુરરૂપે નીકળેલું (૩) વિકસેલું; ખીલેલું(૪)ભેદીને બહાર આવેલું;દૃશ્યમાન બનેલું

ઉદ્ભૂત વિ૦ [સં.] જન્મેલું; ઉત્પન્ન થયેલું (૨) દેખાય એવું થયેલું. -તિ સ્ત્રી૦ ઉત્પત્તિ; પેદાશ (૨) ઉદય; આબાદાની

ઉદ્ભેદ પું૦ [સં.] (ભેદીને) બહાર આવવું તે; ઊગવું તે (૨) વિકસિત થવું તે (૩) દેખાવું તે; આવિષ્કાર. ૦ક વિ૦ઉઠાવદાર; ખીલી નીકળતું

ઉદ્ભ્રાંત વિ૦ [સં.] ગાભરું; વ્યાકુળ (૨) બીનેલું; છળેલું

ઉદ્મસ્ત -સ્તીખોર વિ૦ તોફાની; અતિ મસ્ત (૨) કામી. -સ્તાઈ,-સ્તી સ્ત્રી૦

ઉદ્યત વિ૦ [સં.] ખંતીલું; ઉદ્યમી(૨) નિશ્ચયવાળું; તત્પર

ઉદ્યમ પું૦ [સં.] યત્ન; મહેનત (૨) ઉદ્યોગ; ધંધો. ૦વંત વિ૦ ઉદ્યમવાળું. -મી વિ૦ મહેનતુ; ખંતીલું (૨) ધંધાદારી

ઉદ્યાન પું૦; ન૦ [સં.] બગીચો; વાડી

ઉદ્યાપન ન૦ [સં.] ધર્મકર્મ-વ્રતાદિની સમાપ્તિની વિધિ; તેની [ઉજવણી

ઉદ્યુક્ત વિ૦ [સં.] કામમાં પરોવાયેલું; ઉદ્યમી (૨) તત્પર

ઉદ્યોગ પું૦ [સં.] ધંધો; રોજગાર (૨) કામ (૩) મહેનત. ૦ધંધો પું૦ધંધો-રોજગાર;પ્રવૃત્તિ. ૦મંદિર ન૦ઉદ્યોગ-શાળા. ૦શાલા(-ળા) સ્ત્રી૦ જ્યાં ઉદ્યોગો શીખવાતા હોય તેવી શાળા; કલાભવન. -ગી વિ૦ મહેનતુ; ખંતીલું (૨) ધંધાદારી. -જક વિ૦ ઉદ્યુક્ત થનાર કે કરનાર

ઉદ્યોત,૦કાર પું૦ પ્રકાશ; તેજ

ઉદ્રિક્ત વિ૦ [સં.] અતિશય; અધિક (૨) દેખાય એવું; સ્પષ્ટ

ઉદ્રેક પું૦ [સં.] વધારો; પુષ્કળતા; અતિશયતા

ઉદ્ધડ વિ૦ ઘેટા જેવું મોં કરી ગાનાર

ઉદ્વર્તન ન૦ [સં.] કૂદકો (૨) ખોટું વર્તન (૩) શરીરે તેલ, લેપ, સુગંધી વગેરે ચોળવું તે

ઉદ્વસ(-સ્ત) વિ૦ + ઉદ્ધ્વસ્ત

ઉદ્વાહ પું૦ [સં.] વિવાહ; લગ્ન (૨) ઊંચે લઈ જવું તે (૩) એક જગાએથી બીજે લઈજવું તે. ૦ક વિ૦ઉદ્વાહન કરનારું. ૦ન ન૦ ઉદ્વાહ(૨)વિવાહ-લગ્નની ક્રિયા. -હિત વિ૦પરણાવેલું (૨) ઊંચું કરેલું (૩) પું૦ સંગીતમાં એક અલંકાર

ઉદ્વાહની સ્ત્રી૦ [સં.] કોડી

ઉદ્વિગ્ન વિ૦ [સં.] વ્યાકુળ; ખિન્ન; દુઃખી

ઉદ્વેગ પું૦ [સં.] વ્યાકુળતા; ગભરાટ (૨) ચિંતા (૩) દુઃખ. ૦કર,-જક વિ૦ ઉદ્વેગ કરાવનારું

ઉદ્વેશ વિ૦ [સં.] ઉઘાડુંપુગાડું; નવસ્ત્રું

ઉધડ(-ર)કવું અ૦ક્રિ૦(હૃદયનું) થડકવું; ધ્રૂજવું (૨) ઝબકવું; ચોંકવું (૩) બી જવું (૪) ધૂણવું (ભૂતના પ્રવેશથી)

ઉધડિયું વિ૦ ઊધડું રાખેલું-આપેલું (કામ) (૨) ઊધડું કામ કરનારું (૩) [લા.] બેપરવાઈથી કરેલું

ઉધમાત પું૦ તોફાન; મસ્તી; ગરબડ. -તિયું,-તી વિ૦ ઉધમાત કરનારું

ઉધરકવું અ૦ક્રિ૦ જુઓ ઉધડકવું

ઉધરસ સ્ત્રી૦ ઠાંસો; કફ

ઉધરાવવું સ૦ક્રિ૦ 'ઊધરવું'નું પ્રેરક

ઉધરાવો પું૦ ઉદરાવો; ઉંચાટ

ઉધાન ન૦ ઊંચે ચડવું તે (૨) એક રોગ; દમ (૩) મોટી ભરતી (૪) ત્રણની સંખ્યાનો વેપારી સંકેત. ૦પડી સ્ત્રી૦ ઉધાનરોગની પડી-ઔષધિ (૨) તેરની સંખ્યાનો સંકેત. ૦પાયું વિ૦ ત્રણ પાયાનું; અસ્થિર મનનું; ગાંડા જેવું

ઉધામો પું૦ પ્રયત્ન (૨) વલખું

ઉધાયેલું વિ૦ ઊધઈથી ખવાયેલું

ઉધાર(-રું) વિ૦ પૈસા આપ્યા વિના નામે લખાવીને લીધેલું-આપેલું(૨)ભરપાઈ નહિ થયેલું એવું.૦નોંધ સ્ત્રી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેચેલો માલ નોંધવાનો ચોપડો. ૦પાસું ન૦ ચોપડામાં જ્યાં ઉધાર રકમો નોંધાય છે તે પાસું. ૦વહી સ્ત્રી૦ઉધારનોંધ. ૦વું સ૦ક્રિ૦ નામે લખવું (૨) + ઉદ્ધારવું [-રાવવું સ૦ક્રિ૦ (પ્રેરક), -રાવું અ૦ક્રિ૦ (કર્મણિ)]. -રિયું વિ૦ વારંવાર ઉધારે ખરીદ કરનારું. -રિયો પું૦ ઉધારે લેનાર આદમી. -રું વિ૦ ઉધાર.-રો પું૦ઉધાર હિસાબ (૨) વાયદો (૩) વિલંબ; ઢીલ (૪) સાંસા; ખોટ

ઉધેઈ સ્ત્રી૦ ઊધઈ; એક જીવડું

ઉધેડવું સ૦ક્રિ૦ઉચેડવું; (છાલ) ઉતારવી. **ઉધેડાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક). **ઉધેડાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

ઉધેરવું સ૦ક્રિ૦ ઘંટીમાંથી લોટ વાળવો-કાઢવો. **ઉધેરાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક). **ઉધેરાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

ઉધોર પું૦ એક છંદ [તેમ ગબડાવતું

ઉધ્ધડ વિ૦ ઊધડ. ૦જોષી(-શી) વિ૦ ઠેકાણા વગરનું; ગમે

ઉનચર પું૦ + અનુચર

ઉનવાવવું સ૦ક્રિ૦ 'ઊનવાવું'નું પ્રેરક [દાણા

ઉનાબ ન૦ એક ફળ (ઔષધિ). ૦દાણા પું૦બ૦વ૦ તેના

ઉનામણું.-ણિયું ન૦ નાવાનું પાણી ઊનું મૂકવાનું વાસણ; અંઘોળિયું. -ણો(-ણિયો) પું૦ અંઘોળિયો

ઉનારણ ન૦ ઉનારવાનું પાણી

ઉનારવું ન૦ એક વનસ્પતિ (૨) [સુ.] અ૦ક્રિ૦ ગરમ પાણીથી (જુવારનો) લોટ બાંધવો. **ઉનારાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક)

ઉનાવું અ૦ક્રિ૦ હિજરાવું

ઉનાળુ વિ૦ ઉનાળામાં વવાતું-પાકતું (૨) ઉનાળાને લગતું

ઉનાળો પું૦ ફાગણથી જેઠ માસ સુધીનો ગરમીનો સમય

ઉનેવાળ વિ૦ (૨) પું૦ બ્રાહ્મણોની એક જાતનું

ઉન્નત વિ૦ [સં.] ઊંચું (૨) ટટાર (૩) ઉન્નતિવાળું. ૦કોણ પું૦ 'ઍન્ગલ ઑફ એલિવેશન' (ગ.). ૦તા સ્ત્રી૦. -તાંશ પું૦ ઊંચાઈ (ગ.;ખ.) -તાંશકોણ પું૦ ઉન્નતકોણ. -તિ સ્ત્રી૦ ચડતી; આબાદી (૨) મોટાઈ; મહત્તા. -તોદરકોણ પું૦ (ગ.) બે કાટખૂણા કરતાં મોટો ખૂણો; 'કૉન્વેક્સ ઍન્ગલ'

ઉન્નયન ન૦ [સં.] સીધું-સરખું કરવું તે (સીમંતોન્નયનમાં કરવામાં આવે છે એમ) (૨) અનુમાન

ઉન્નેય વિ૦ [સં.] અનુમાન કરવા યોગ્ય

ઉન્મત્ત વિ૦ [સં.] ગાંડું; ભાન વગરનું (૨) કેફી; છાકટું (૩) ક્રોધી (૪) અહંકારી; ગર્વિષ્ઠ (૫) ઉદ્ધત. ૦તા,-ત્તાઈ સ્ત્રી૦

ઉન્મન વિ૦ [સં.] જુઓ ઉન્મનું. (૨) ન૦ અભાવ; અપ્રીતિ (૩) ખેદ. -ની સ્ત્રી૦ યોગીના ચિત્તની અંતિમ અવસ્થા. -નું વિ૦ અધીરું; સંક્ષુબ્ધ; આતુર (૨) ખિન્ન; દિલગીર

ઉન્માદ પું૦ [સં.] ઘેલછા; ગાંડપણ (૨) તોર; મદ (૩) એક રોગ; સનેપાતનો એક પ્રકાર (૪) તોફાન. ૦ક વિ૦ ઉન્માદ કરાવનારું. ૦ન પું૦ મદનનાં પાંચ બાણો પૈકી એક. ૦વાયુ પું૦ ઉન્માદ કરે એવો વાયુ. -દી વિ૦ ઉન્માદવાળું

ઉન્માર્ગ પું૦ [સં.] ખોટો કે ઊંધો રસ્તો (૨) કુમાર્ગ; અનીતિનો માર્ગ.. ૦ગામી,-ર્ગી વિ૦ ઉન્માર્ગે જનારું

ઉન્મિતિફલ ન૦ [સં.] 'ડિટર્મિનન્ટ' (ગ.)

ઉન્મીલન ન૦ [સં.] આંખોનું ઊઘડવું તે; જાગ્રત થવું તે (૨) ખીલવું-વિકસવું તે (૩) મુક્ત થવું (ગ્રહણમાંથી)

ઉન્મીલિત વિ૦ [સં.] ઊઘડેલું (૨) વિકસેલું

ઉન્મુખ [સં.], -ખું વિ૦ ઊંચા મુખવાળું; ઊંચું જોતું (૨) આડું જોતું; નારાજ (૩) તત્પર; તૈયાર (૪) આતુર; રાહ જોતું

ઉન્મૂલન ન૦ [સં.] જડમૂળથી કાઢી નાંખવું તે; નિકંદન

ઉન્મેષ પું૦, ૦ણ નં૦ [સં.] પલકારો; આંખની ઉઘાડવાસ (૨) પ્રકટીકરણ; સ્ફુરણ (૩) વિકાસ. ૦પદ્ધતિ સ્ત્રી૦ 'કૉન્સેન્ટ્રિક મેથડ'. ૦યોજના સ્ત્રી૦ 'કૉન્સેન્ટ્રિક પ્લૅન'

ઉપ [સં.] ઉપસર્ગ. 'પાસે, નજીક' એવો અર્થ ('અપ' થી ઊલટો) બતાવે છે. ઉદા૦ ઉપગમન (૨) નામની સાથે 'ગૌણ, ઊતરતું'' એવા અર્થમાં. ઉદા૦ ઉપકથા; ઉપનામ

ઉપઆનો પું૦ પોણી પાઈ

ઉપકથા સ્ત્રી૦ [સં.] મુખ્ય કથામાં આવતી નાની કથા; આડકથા

ઉપકરણ ન૦ [સં.] મદદ કરવી તે (૨) સાધનસામગ્રી

ઉપકરવું સ૦ક્રિ૦ ઉપકાર કરવો

ઉપકલા(-ળા) સ્ત્રી૦ [સં.] ગૌણ કળા

ઉપકંઠ વિ૦ [સં.] નજીકનું; પડોશનું (૨) પું૦ પડોશ; નજીકનો ભાગ (૩) પરવાડ (૪) ગળાની નજીકનો ભાગ (૫) તળેટી

ઉપકાર પું૦ [સં.] ભલું કરવું તે; કલ્યાણ (૨) મદદ; સહાય (૩) પાડ (૪) શણગાર (જેમ કે, હાર તોરણ વગેરેથી કરાતો). ૦ક વિ૦ ઉપકાર કરનારું (૨) સહાયક; ઉપયોગમાં આવે તેવું. -રી વિ૦ ઉપકાર કરનારું. -ર્ય વિ૦ ઉપકારને યોગ્ય

ઉપકારણ ન૦ [સં.] ગૌણ-ઓછા મહત્ત્વનું કારણ

ઉપકીચક પું૦ (સં.) કીચકનો ભાઈ અથવા અનુયાયી (૨) કીચકના હાથ નીચેનું લશ્કર

ઉપકૃત વિ૦ [સં.] આભારી. -તિ સ્ત્રી૦ આભાર; પાડ

ઉપકોણ પું૦ [સં.] આસન્નકોણ; 'એડ્જેસન્ટ ઍન્ગલ'

ઉપકોશ(-ષ) પું૦ [સં.] કળીનું બાહ્ય આચ્છાદન

ઉપક્રમ પું૦ [સં.] આરંભ; શરૂઆત (૨) પાસે-આગળ આવવું તે (૩) યોજના (૪) ખંત; ઉદ્યોગ. ૦ણિકા સ્ત્રી૦ પ્રસ્તાવના (૨) અનુક્રમણિકા. ૦ણીય વિ૦ ઉપક્રમ કરવા જેવું

ઉપક્રોશ પું૦ [સં.] નિંદા (૨) ઠપકો

ઉપક્ષય પું૦ [સં] ક્ષીણ થવું તે; ઘટાડો [આરંભ

ઉપક્ષેપ પું૦ [સં.] રજૂઆત; ઉલ્લેખ; સૂચન (૨) ધમકી (૩)

ઉપગતિ સ્ત્રી૦,-મન ન૦ [સં.] પાસે જવું-મળવું તે (૨) જ્ઞાન (૩) અંગીકાર; સ્વીકાર

ઉપગા સ્ત્રી૦ [સં.] આપેલા વાંકની પાસે ને પાસે જતી હોવા છતાં, અમુક નિયત કરેલા અંતર સુધીમાં વાંકને પહોંચે નહિ એવી લીટી; 'એસિમ્ટોટ' [ગ.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપગામ ન૦ નાનું ગામ; ગામડું

ઉપગામી વિ૦ [સં.] ઉપગમન કરનારું

ઉપગીતિ સ્ત્રી૦ [સં.] એક છંદ

ઉપગુણ પું૦[સં.]મુખ્ય નહિ એવો ગુણ(૨)[ગ.]'કોઇફિશન્ટ'

ઉપગુરુ પું૦ [સં.] મદદનીશ ગુરુ–શિક્ષક

ઉપગૂહન ન૦ [સં.] આલિંગન

ઉપગ્રહ પું૦ [સં.] મુખ્ય ગ્રહની આસપાસ ફરનારો ચંદ્ર જેવો નાનો ગ્રહ (૨) આકાશમાં આવેલા નાના ગ્રહોમાંનો દરેક (ધૂમકેતુ, રાહુ, કેતુ ઇત્યાદિ ઉપગ્રહો કહેવાય છે.)

ઉપઘાત પું૦ [સં.] ઈજા; હાનિ (૨) મારી નાખવું તે(૩)નાશ

ઉપચક્ર ન૦[સં.] મુખ્ય ચક્રને આધારે ફરતું–નાનું ચક્ર (૨) એક પક્ષી

ઉપચય પું૦[સં.] સંચય; વધારો; ઉમેરો (૨) જથો; ઢગલો(૩) આબાદી; ઉન્નતિ (૪) લગ્નકુંડળીમાંનાં ૩, ૬, ૧૦, ને ૧૧મા સ્થાનોમાંનું કોઈ પણ એક. **૦શક્તિ** સ્ત્રી૦ ઉપચયની શક્તિ

ઉપચરણ ન૦ [સં.] નજીક આવવું તે (૨) ગૌણ પદ(૩) સેવા

ઉપચાયક વિ૦ [સં.] ઉપચય કરનારું

ઉપચાર પું૦ [સં.] સારું કરવા જે ઉપાય–સારવાર, ઓસડવેસડ ઇત્યાદિ કરવાં તે (૨) શરીરે ચંદન ઇત્યાદિ ચોપડવું તે (૩) પૂજાવિધિ; ક્રિયાકર્મ; સંસ્કાર (૪) સાધન; સામગ્રી (૫) માનપાન; સેવાચાકરી (૬) બીજાને ખુશ કરવા કરેલું મિથ્યા કથન (૭) લક્ષણા દ્વારા અર્થબોધ થવો તે (કા.શા.). **૦ક** વિ૦ ઉપચાર કરનારું; ચિકિત્સક (૨) પું૦ સેવક; દાસ. **–રિકા** સ્ત્રી૦ઉપચારક સ્ત્રી; સેવિકા; દાસી. **–રી** વિ૦ઉપચારક

ઉપચિત વિ૦ [સં.] એકઠું કરેલું; સંચિત (૨) વધેલું; મોટું થયેલું (૩) મજબૂત થયેલું; શક્તિમાં વધેલું

ઉપચિત્ર પું૦ [સં.] એક છંદ

ઉપચીયમાન વિ૦ [સં.] એકઠું થતું; ભેગું થતું; વધતું

ઉપચ્છાયા સ્ત્રી૦ [સં.] ઓળાનો ઓળો; ઝાંખો ઓળો

ઉપછટ(–ત) સ્ત્રી૦ સાધનોની છત–પુષ્કળતા

ઉપજન પું૦ [સં.] પરિવાર (૨) [વ્યા.] ઉમેરો

ઉપજાઉ વિ૦ ઊપજ કરનારું; ઉત્પાદક (૨) ફળદ્રુપ; રસાળ

ઉપજાતિ પું૦; સ્ત્રી૦ [સં.] એક છંદ

ઉપજાવવું સ૦ક્રિ૦ પેદા કરવું; જન્મ આપવો (૨) બનાવવું; ઊભું કરવું; કલ્પવું. **–ડા(–રા)વવું** સ૦ક્રિ૦ (પ્રેરક)

ઉપજિહ્વા સ્ત્રી૦[સં.] જીભના મૂળ પાસેની નાની જીભ

ઉપજીવ પું૦ [સં.] નાનું જીવડું

ઉપજીવક વિ૦ [સં.] કોઈની ઉપર જેની આજીવિકા ચાલતી હોય એવું (૨) પું૦ આશ્રિત માણસ; દાસ

ઉપજીવન ન૦, **ઉપજીવિકા** સ્ત્રી૦ [સં.] આજીવિકા; ગુજરાન

ઉપજીવી વિ૦ (૨) પું૦ [સં.] જુઓ ઉપજીવક

ઉપજ્ઞા સ્ત્રી૦ [સં.] સ્વયંપ્રેરણાથી થતું જ્ઞાન

ઉપજ્ઞાન ન૦ [સં.] ગૌણ જ્ઞાન; સંસારજ્ઞાન

ઉપઝૂલણા પું૦ એક છંદ [દ્રવ્ય; પીઠી

ઉપટણ(–ણું) ન૦ નહાતાં પહેલાં શરીરે ચોપડવાનું સુગંધી

ઉપટામણી સ્ત્રી૦ વેવાઈની આગળ વાંચવામાં આવતી કન્યાનાં સગાંઓની યાદી

ઉપટાવવું સ૦ક્રિ૦ ઝાંખું કરવું (૨) દિલગીર કરવું

ઉપડાઈ સ્ત્રી૦, **–મણ** ન૦, **–મણી** સ્ત્રી૦ઉપાડવાનું મહેનતાણું

ઉપડાવવું સ૦ક્રિ૦ ઊપડે–ઉપાડે એમ કરવું; ઉચકાવવું (૨) ઉપાડવામાં મદદ કરવી [મદદ કરવી

ઉપણાવવું સ૦ક્રિ૦ ઊપણે એમ કરવું (૨) ઊપણવામાં

ઉપણિયું ન૦ ઊપણવાનું સાધન–ટોપલો, સૂપડું જે હોય તે

ઉપતટ પું૦[સં.] ભાઠું; ઓછા વપરાશવાળો કિનારો

ઉપતાપ પું. [સં.] ઉતાપો; દુઃખ; પીડા

ઉપતંત્રી પું૦ [સં.] મદદનીશ તંત્રી

ઉપત્યકા સ્ત્રી૦ [સં.] તળેટીની—નીચાણની જમીન

ઉપદંશ પું૦ [સં.] કરડવું તે; ડંખ (૨) એક રોગ; ચાંદી

ઉપદિષ્ટ વિ૦ [સં.] ઉપદેશેલું (૨) જેને ઉપદેશ થયેલો હોય તેવું [ગંધર્વો, અપ્સરા જેવા)

ઉપદેવ પું૦, **૦તા** પું૦; સ્ત્રી૦[સં.] ગૌણ–નાનો દેવ (યક્ષ,

ઉપદેશ પું૦ [સં.] શિક્ષણ (૨) બોધ; શિખામણ; સલાહ (૩) પાસેનો દેશ. **૦ક** વિ૦ (૨) પું૦ ઉપદેશ આપનાર. **૦કવિતા** સ્ત્રી૦ બોધપ્રધાન કવિતા. **૦વું** સ૦ક્રિ૦ ઉપદેશ આપવો–કરવો. **–શામૃત** ન૦ અમૃત જેવો ઉપદેશ

ઉપદેષ્ટા પું૦ [સં.] ઉપદેશક; ગુરુ; આચાર્ય

ઉપદ્રવ પું૦ [સં.] પજવણી (૨) ઈજા; પીડા (૩) ત્રાસ; ઉપાધિ (૪) સંકટ; આપદા. **૦કર, ૦કારક** વિ૦ ઉપદ્રવ કરનારું. **–વી** વિ૦ ઉપદ્રવકારક

ઉપદ્વીપ પું૦ [સં.] નાનો બેટ

ઉપધાતુ સ્ત્રી૦ [સં.] હલકી–ગૌણ ધાતુ (૨) મિશ્ર ધાતુ

ઉપધાન ન૦ [સં.] ઓશીકું; તકિયો

ઉપધાન્ય ન૦[સં.]ખડધાન; હલકી જાતનું અનાજ

ઉપધારણા સ્ત્રી૦[સં.]ચિત્તને એકાગ્ર કરવાનો એક પ્રકાર

ઉપધ્માનીય પું૦ [સં.] સંસ્કૃત વ્યાકરણ અને વર્ણમાળામાં प અને फ ની પૂર્વે આવતો મહાપ્રાણ વિસર્ગ

ઉપનક્ષત્ર ન૦ [સં.] સત્તાવીસ મુખ્ય નક્ષત્રો સિવાયનું કોઈ પણ ગૌણ નક્ષત્ર (એ કુલ ૭૨૯ કહેવાય છે.)

ઉપનગર ન૦ [સં.] મુખ્ય નગરનું પરું; 'સબર્બ'

ઉપનય પું૦ [સં.] ઉપનયન (૨) ન્યાયનાં પંચાવયવ વાક્યોમાંનું ચોથું–જેમાં સાધ્યથી (વહ્નિ) વ્યાપેલું સાધન (ધૂમ) પક્ષ (પર્વત) ઉપર છે એમ બતાવવામાં આવે છે. **૦ન** ન૦ જનોઈ દેવું તે; તેનો સંસ્કાર (૨) જનોઈ

ઉપનામ ન૦ [સં.] બીજું નામ (લાડ, અડક, કે મશ્કરીનું)

ઉપનાયક પું૦ [સં.] વાર્તા, નાટકાદિમાં મુખ્ય નાયક પછીનું બીજું પાત્ર (૨) ઉપપતિ; યાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપનાયિકા સ્ત્રી૦ [સં.] મુખ્ય સ્ત્રીપાત્ર પછીનું બીજું પાત્ર
ઉપનાવવું સ૦ક્રિ૦ 'ઊપનવું'નું પ્રેરક
ઉપનિધિ પું૦ [સં.] થાપણ; આડમાં મૂકેલી વસ્તુ
ઉપનિયમ પું૦ [સં.] પેટાનિયમ
ઉપનિવેશ પું૦ [સં.] સસ્થાન; વસાહત; 'કૉલોની'
ઉપનિષત્કાર પું૦ [સં.] ઉપનિષદનો કર્તા
ઉપનિષદ સ્ત્રી૦; ન૦ [સં.] વેદનો અંતર્ગત ગણાતો અને તેના ગૂઢ અર્થોને સ્પષ્ટ કરતો, બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન કરતો તાત્વિક ગ્રંથ (૨) વેદરહસ્ય (૩) બ્રહ્મજ્ઞાન (૪) રહસ્ય
ઉપનીત વિ૦ [સં.] ઉપનયન પામેલું (૨) પાસે લઈજવાયેલું
ઉપનેત્ર ન૦ [સં.] ચશ્મું
ઉપન્યાસ પું૦ [સં.] પાસે મૂકવું-જોડાજોડ મૂકવું તે (૨) ઉપનિધિ (૩) લખાણ; સૂચના; દરખાસ્ત (૪) પ્રસ્તાવના; ઉપોદ્ઘાત (૫) ઉલ્લેખ (૬) બ્યાન; આખ્યાન; નવલકથા
ઉપપતિ પું૦ [સં.] યાર (૨) દિયર
ઉપપત્તિ સ્ત્રી૦ [સં.] સાબિતીમાં પ્રમાણો અને દાખલા બતાવવા તે (૨) સિદ્ધિ; યુક્તિ (૩) પુરાવો; પ્રમાણ (૪) ઉપાય; ઇલાજ; સાધન
ઉપપત્ની સ્ત્રી૦ [સં.] મુખ્ય નહિ એવી પત્ની (૨) રખાત
ઉપપદ ન૦ [સં.] પૂર્વે બોલાયેલો અથવા આગળ મુકાયેલો શબ્દ (૨) સમાસનો પહેલો શબ્દ (૩) ઉપાધિ; અડક. **૦સમાસ** પું૦ ધાતુસાધિત શબ્દ-કૃદંતની સાથે થતો નામનો સમાસ. ઉદા૦ કુંભકાર, ઘરભેદુ
ઉપપન્ન વિ૦ [સં.] મેળવેલું; પ્રાપ્ત કરેલું (૨)-ની સાથે આવેલું (૩) યોગ્ય; સુસંગત (૪) સાબિત—સિદ્ધ થયેલું
ઉપપરિણામ ન૦ [સં.] ગૌણ પરિણામ
ઉપપંથ પું૦ [સં.] સંપ્રદાયનો ફાંટો (૨) નાનો માર્ગ; કેડી
ઉપપાતક ન૦ [સં.] ગૌણ પાપ [હોવું કે કરવું તે
ઉપપાદક વિ૦ [સં.] ઉપપન્ન કરનારું. **૦ત્વ,-ન** ન૦ ઉપપન્ન
ઉપપુર ન૦ [સં.] ઉપનગર; પરું
ઉપપુરાણ ન૦ [સં.] મુખ્ય નહિ-ગૌણ પુરાણ
ઉપપ્રમુખ પું૦ [સં.] મદદનીશ પ્રમુખ [ગૌણ પ્રશ્ન
ઉપપ્રશ્ન પું૦; ન૦ [સં.] પ્રશ્ન પરથી નીકળતો પ્રશ્ન (૨)
ઉપપ્રદાન ન૦ [સં.] ભેટ; નજરાણું (૨) લાંચ
ઉપપ્લવ પું૦ [સં.] સંકટ; આફત; ઉત્પાત (૨) જુલમ; પીડા (૩) ગ્રહણ કરવું તે (૪) [સં.] રાહુ. **૦કારક** વિ૦ ઉપપ્લવ કરે એવું. **-વી** વિ૦ ઉપપ્લવવાળું.
ઉપબાહુ પું૦ [સં.] કોણીથી નીચેનો હાથ
ઉપબૃંહણ ન૦ [સં.] વધારો
ઉપભાષા સ્ત્રી૦ [સં.] મુખ્ય ભાષાનો ગૌણ ભેદ; બોલી
ઉપભોક્તા પું૦ [સં.] ઉપભોગ કરનાર (૨) માલિક (૩) વારસ
ઉપભોગ પું૦ [સં.] ભોગવટો (૨) અનુભવ; લહાવો (૩) માણવું-મજા લેવી તે. **૦વું** સ૦ક્રિ૦ ઉપભોગ કરવો. **-ગી** વિ૦ ઉપભોગ કરનારું. **-ગ્ય(-જ્ય)** વિ૦ ઉપભોગ કરવા યોગ્ય
ઉપમઠ પું૦ [સં.] મુખ્ય મઠની શાખા [કરનારું
ઉપમર્દ પું૦ [સં.] મર્દન કરવું તે (૨) નાશ. **૦ક** વિ૦ ઉપમર્દ
ઉપમંત્રી પું૦ [સં.] મદદનીશ મંત્રી
ઉપમા સ્ત્રી૦ [સં.] સરખામણી (૨) મળતાપણું (૩) [કા. શા.] એક અર્થાલંકાર-જેમાં ઉપમેય તથા ઉપમાનભેદ કાયમ રાખીને તેમનો સમાન ધર્મ બતાવવામાં આવે છે. **૦ન** ન૦ જેની સાથે સરખામણી હોય તે (૨) [ન્યા.] ચાર પ્રમાણો-માંનું એક-પ્રસિદ્ધ વસ્તુના સાધર્મ્યથી સાધ્ય સિદ્ધ કરવું તે
ઉપમાતા સ્ત્રી૦ [સં.] ધાવ (૨) અપરમા
ઉપમિત વિ૦ [સં.] સરખાવેલું; ઉપમાવાળું. **૦સમાસ** પું૦ પૂર્વપદ ઉપમિત અને ઉત્તરપદ ઉપમાન હોય એવો સમાસ. ઉદા. નરસિંહ. **-તિ** સ્ત્રી૦ ઉપમા; સરખામણી (૨) [ન્યા.] ઉપમા અથવા સાદૃશ્યથી થતું જ્ઞાન
ઉપમેય ન૦ [સં.] જેને ઉપમા આપવામાં આવી હોય તે. **-યોપમા** સ્ત્રી૦ જેમાં ઉપમેયની ઉપમા ઉપમાન હોય અને ઉપમાનની ઉપમા ઉપમેય હોય એવો અર્થાલંકાર (કા.શા)
ઉપયુક્ત વિ૦ [સં.] યોગ્ય; બંધબેસતું (૨) ઉપયોગી. **૦તા** સ્ત્રી૦. **૦તાવાદ** પું૦ ઉપયોગી તે જ સારું એવો મત; જાહેર સેવાનો એક માત્ર હેતુ, વધારેમાં વધારે સંખ્યાનું વધારેમાં વધારે ભલું કરવું એવો મત; 'યુટિલિટેરિયેનિઝમ'
ઉપયોગ પું૦ [સં.] કામ; વાપર; વપરાશ (૨) જરૂરિયાત. **૦વાદ, -ગિતાવાદ** પું૦ જુઓ ઉપયુક્તતાવાદ. **-ગિતા** સ્ત્રી૦ ઉપયોગીપણું. **-ગી** વિ૦ ઉપયોગમાં આવે તેવું
ઉપર અ૦ પર; ઊંચે (૨) વધારે (૩) પછી (૪) આગળ (૫) અગાઉ (૬) ન૦ + ઉપરાણું; વહાર. **૦ઉપરથી** અ૦ ઊંડાણમાં ઊતર્યા વિના (૨) માત્ર સપાટી ઉપરથી (૩) સહેજસાજ. **૦ઉપરનું** વિ૦ ઉપરચોટિયું. **૦ચોટિયું, ૦છલું(-લ્લું)** વિ૦ છીછરું; ઉપલકિયું. **૦ટપકે** અ૦ ઉપર ઉપરથી (૨) ચોપડામાં રીતસર લખ્યા વિના. **૦દળ** ન૦ જમીનતળ પર કરેલું બાંધકામ **૦મતું** વિ૦ ઉપરવટ કરતા મતવાળું. **૦વટ** સ્ત્રી૦ અનધિકાર ઉપરીપણું દાખવવું તે; ઉલ્લંઘન; અવગણના (૨) વિ૦ વિરુદ્ધ; અવગણતું (૩) ટપે એવું; સરસાઈ કરતું. **૦વટણો** પું૦ ખલનો બત્તો; વાટવાનો પથ્થર. **૦વાસ(-સો)** પું૦ મેડાનો વાસ. **૦વાસિયો** પું૦ ભંગી
ઉપરણી સ્ત્રી૦ ઓઢણી; ઉપર ઓઢવાનું વસ્ત્ર
ઉપરણું ન૦, **-ણો** પું૦ ખેસ; પિછોડી; અંગવસ્ત્ર
ઉપરત વિ૦ [સં.] વૈરાગી; સંસારમાંથી જેનું ચિત્ત ઊઠી ગયેલું છે એવું (૨) અટકી પડેલું; શાંત (૩) નિર્વેદયુક્ત; કંટાળેલું. **-તિ** સ્ત્રી૦, **-મ** પું૦ ઉપરત થવું તે
ઉપરવાડ સ્ત્રી૦ ઘર, ફળિયું કે ગામની નજીકનો ભાગ (૨) ઘરની વાડ-સીમાંત દીવાલની બે બાજુનો ભાગ. **-ડિયો**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પું૦ ઉપરવાડે રહેનારો; આશ્રિત માણસ (૨) પાસેના ગામની ખેતી કરનાર ખેડૂત [ઉપલે ભાગે

ઉપરવાસ અ૦ પવન કે પાણીના વહનની વિરુદ્ધ દિશાએ;

ઉપરવાસ(-સો),-સિયો જુઓ 'ઉપર'માં

ઉપરંગ પું૦ ગમ્મત [લાગલાગટ

ઉપરાઉપર, ઉપરાઉ(-છા)પરી અ૦ એક પછી એક;

ઉપરાજવું સ૦ક્રિ૦ ઉપાર્જન કરવું

ઉપરાજ્ય ન૦ [સં.] મુખ્ય નહિ એવું રાજ્ય; 'ડુમીનિયન'

ઉપરાણું(-ણું) ન૦ પક્ષ લેવો તે; તરફદારી

ઉપરામ પું૦ [સં.] ઉપરમ; નિવૃત્તિ (૨) વિરામ; અટકવું તે (૩) સંન્યાસ (૪) મૃત્યુ [હોય તે

ઉપરામણી સ્ત્રી૦ તફાવત; ઠરાવેલી કિંમતથી ઉપરનું જે

ઉપરાળું ન૦ ઉપરાણું; તરફદારી

ઉપ(-ફ)રાંટું વિ૦ પાસાભેર એવું (૨) બાજુ ઉપરનું; સામેનું (૩) ઊભું (૪) અવળું; ઊંધું [પછી; ઉપરથી

ઉપરાંત અ૦ વધારે; વિશેષમાં (૨) સિવાય; વળી બીજું (૩)

ઉપરિતન વિ૦ [સં.] ઉપરનું; ઊંચેનું

ઉપરી પું૦ ઉપરનો અધિકારી (૨) વિ૦ ઉપરનું. ૦પણું ન૦

ઉપ(-ફ)રું વિ૦ પાસાભેર (૨) ઊભું

ઉપરો(-ર્યુ)ક્ત વિ૦ ઉપર કહેલું-જણાવેલું

ઉપરૂપક ન૦ [સં.] નાટકનો એક પ્રકાર

ઉપર્યુક્ત વિ૦ [સં.] ઉપર કહેલું-જણાવેલું

ઉપરોધ પું૦ [સં.] રોકાણ; પ્રતિબંધ; વિઘ્ન (૨) ઘેરવું તે (૩) પીડા; દુખ. ૦ક, -ધી વિ૦ ઉપરોધવાળું કે કરે એવું

ઉપલ પું૦ [સં.] પથ્થર; શિલા; ખડક (૨) રત્ન

ઉપલક વિ૦ ઉપર ઉપરનું; ઉપરચોટિયું (૨) ફાલતુ; વધારાનું (૩) ચોપડામાં નહિ નોંધેલું એવું. -કિયું વિ૦ ઉપર ઉપરનું; ઉપરચોટિયું; અસંપૂર્ણ

ઉપલક્ષણ ન૦ [સં.] ચિહ્ન; વિશેષ લક્ષણ (૨) ઇશારત; સૂચન (૩) [કા. શા.] એક અર્થાલંકાર, જેમાં વસ્તુના એક ભાગ વડે આખી વસ્તુનો બોધ કરાવાય છે

ઉપલક્ષિત વિ૦ [સં.] ઉપલક્ષણથી સૂચવાયેલું

ઉપલક્ષ્ય વિ૦ [સં.] ઉપલક્ષણ કે અનુમાનથી સમજાય એવું (૨) ન૦ ટેકો; આશ્રયસ્થાન (૩) અનુમાન

ઉપલબ્ધ વિ૦ [સં.] મળેલું; મેળવેલું (૨) જાણેલું. -બ્ધિ સ્ત્રી૦ પ્રાપ્તિ; લાભ (૨) બોધ; જ્ઞાન

ઉપલભ્ય વિ૦ [સં.] મેળવી-જાણી શકાય એવું (૨) માનનીય; સ્તુતિપાત્ર. ૦માન વિ૦ મળતું; પ્રાપ્ત થતું

ઉપલસ(-સા)રી સ્ત્રી૦ એક ઔષધિ; અનંતમૂલ

ઉપલાણું વિ૦ ઉપરનું; ઉપરના ભાગનું, ઊંચેનું (૨) ન૦ ઉપલો ભાગ અથવા બાજુ. -ણું ન૦ ઉપલાણ

ઉપલિયું ન૦ એક રોગ; ઉટાંટિયું

ઉપલી સ્ત્રી૦ જમીનમાં દાટેલી ખાંડણી; ખાંડણિયો

૧૨

ઉપલું વિ૦ ઉપરનું (૨) આગળ જણાવેલું

ઉપલેટ ન૦ એક વનસ્પતિ-ઔષધિ

ઉપલેપ પું૦ [સં.] લેપ કરવો તે (૨) લીંપણ

ઉપવન ન૦ [સં.] બગીચો; વાડી

ઉપવસ્ત્ર ન૦ [સં.] અંગવસ્ત્ર; ખેસ

ઉપવાત પું૦ [સં.] પવન; વાયુ

ઉપવાસ પું૦ [સં.] વ્રત કે નિયમ તરીકે ન ખાવું-ઇંદ્રિયોના ભોગોનો ત્યાગ કરવો તે (૨) ન ખાવું તે; અનશન. -સી વિ૦ ઉપવાસ કરનાર

ઉપવિદ્યા સ્ત્રી૦ [સં.] ચૌદ મોટી વિદ્યાઓથી ગૌણ વિદ્યા

ઉપવિરોધ પું૦ [સં.] બે નિર્દેશોના અમુક અંશ વચ્ચેનો વિરોધ; 'સબ-કૉન્ટ્રરી ઑપોઝિશન'. ઉદા. 'કેટલાંક માણસ ડાહ્યાં છે, કેટલાંક માણસો ડાહ્યાં નથી' (ન્યા.)

ઉપવિષ ન૦ [સં.] બનાવટી ઝેર (૨) ઘેનનું ઓસડ

ઉપવીત ન૦ [સં.] જનોઈ

ઉપવેદ પું૦ [સં.] વેદોમાંથી નીકળેલી ગૌણ વિદ્યાઓ: આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ અને સ્થાપત્ય-શાસ્ત્ર

ઉપવેશન ન૦ [સં.] બેસવું તે; બેઠક

ઉપશમ પું૦, ૦ન ન૦ [સં.] શાંત પડવું-વિરામ લેવો તે; શમવું તે (૨) શાંતિ; નિવૃત્તિ (૩) સાંત્વન. ૦વું અ૦ક્રિ૦ શાંત-નિવૃત્ત થવું; અટકવું [કરાતું નિદાન કે ઉપચાર

ઉપશય પું૦ [સં.] અમુક દવા કે ખોરાકની અસર પરથી

ઉપશાખા સ્ત્રી૦ [સં.] મુખ્ય શાખાનો ફાંટો

ઉપશાસ્ત્ર ન૦ [સં.] મુખ્ય શાસ્ત્ર ઉપરથી બનેલું ગૌણશાસ્ત્ર

ઉપશાંત વિ૦ [સં.] શાંત. -તિ સ્ત્રી૦ શાંતિ; (કામક્રોધાદિનું) શાંત પડવું તે

ઉપશિક્ષક પું૦ [સં.] મદદનીશ શિક્ષક

ઉપશ્રુતિ સ્ત્રી૦ [સં.] સાંભળવું-કાન માંડવા તે (૨) જ્યાં સુધી સંભળાય તે અંતર (૩) એક અલૌકિક વાણી-વનદેવતાની ભવિષ્યસૂચક વાણી (૪) વચન; સ્વીકારનું વચન

ઉપસમિતિ સ્ત્રી૦ [સં.] પેટા-સમિતિ

ઉપસર્ગ પું૦ [સં.] રોગ; માંદગી (૨) આફત; ઈજા (૩) અપશુકન; મરણચિહ્ન (૪) દેવ અને મનુષ્ય વગેરે તરફની કનડગત (જૈન) (૫) [વ્યા.] ધાતુઓ કે ધાતુ ઉપરથી બનેલાં નામોની આગળ જોડાતો તથા તેમના મૂળ અર્થમાં વિશેષતા આણતો શબ્દ કે અવ્યય. (પ્ર, પરા, અપ, સમ્, અનુ, અવ, નિસ્ અથવા નિર્, દુસ્ અથવા દુર્, વિ, આ, નિ, અધિ, અપિ, અતિ, સુ, ઉત્-દ્. અભિ, પ્રતિ, પરિ, ઉપ)

ઉપસંગ્રહ પું૦ [સં.] ખુશ રાખવું-અનુમોદન આપવું તે (૨) માન આપવું તે (૩) લેવું-સ્વીકારવું—સંઘરવું તે

ઉપસંપદ(-દા) સ્ત્રી૦ [સં.] બૌદ્ધ ભિક્ષુ થવાની દીક્ષા

ઉપસંહાર પું૦ [સં.] એકત્ર કરવું તે (૨) સારાંશ (૩) ટૂંકામાં આટોપી લેવું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપસાગર પું૦ [સં.] પહોળા મુખનો અખાત
ઉપસાટ પું૦ ઊપસવું તે (૨) સોજો (૩) ફુલાવો
ઉપસાવવું સ૦ક્રિ૦ 'ઊપસવું'નું પ્રેરક
ઉપસિદ્ધાંત પું૦ [સં.] મુખ્ય સિદ્ધાંતમાંથી સીધી રીતે ફલિત થતો સિદ્ધાંત; 'કૉરોલરી'
ઉપસ્કર પું૦ [સં.] સામગ્રી; સાહિત્ય (૨) ઘરખટલો (૩) સંભાર; મશાલો (૪) શણગાર; ઘરેણું (૫) ઠપકો (૬) મારવું-ઈજા કરવી તે. ૦ણ ન૦ ભૂષણ-શણગાર સજવા તે (૨) મારવું-ઈજા કરવી તે (૩) સંગ્રહ (૪) વિકાર; ફેરફાર (૫) અધ્યાહાર (૬) ઠપકો. [ઉપસ્કરણ અર્થ ૧,૩,૫
ઉપસ્કાર પું૦ [સં.] પૂર્તિ; પુરવણી (૨) ઘરેણું (૩) જુઓ
ઉપસ્ત્રી સ્ત્રી૦ [સં.] રખાત
ઉપસ્તિ પું૦ [સં.] અનુચર; સેવક [ગુદા
ઉપસ્થ ન૦ [સં.] પુરુષ અથવા સ્ત્રીની ગુહ્યેન્દ્રિય. ૦પાયુ પું૦
ઉપસ્થાન ન૦ [સં.] દેવની સન્મુખ પૂજા માટે મંત્ર કે સ્તુતિ બોલતા ઊભા રહેવું તે; ઉપાસના; સેવા (૨) અભિવંદન; નમસ્કાર (૩) રહેઠાણ
ઉપસ્થિત વિ૦ [સં.] નજીક ઊભેલું; હાજર; રજૂ (૨) આવી પડેલું (૩) બનેલું (૪) જ્ઞાત; પ્રાપ્ત. -તિ સ્ત્રી૦ ઉપસ્થિત હોવું તે
ઉપસ્મૃતિ સ્ત્રી૦ [સં.] મુખ્ય નહિ એવી-ગૌણ સ્મૃતિ
ઉપહત વિ૦ [સં.] ઈજા પામેલું; નષ્ટ (૨) ભ્રષ્ટ; અશુદ્ધ
ઉપહસનીય વિ૦ [સં.] ઉપહાસને પાત્ર [લવાજમ
ઉપહાર વિ૦ [સં.] ભેટ; બક્ષિસ (૨) પૂજાનો સામાન (૩)
ઉપહાસ પું૦ [સં.] મશ્કરી; ઠેકડી. ૦ચિત્ર ન૦ ઉપહાસ કરવા દોરાતું ચિત્ર; નર્મચિત્ર.-સાસ્પદ વિ૦ (૨) ન૦ ઉપહાસ કરવા જેવું. -સ્ય વિ૦ ઉપહસનીય
ઉપહિત વિ૦ [સં.] ઉપાધિવાળું (વેદાન્ત)
ઉપાકર્મ ન૦ [સં.] ચોમાસામાં વેદોનું પારાયણ આરંભતાં પહેલાં કરવાની એક ક્રિયા
ઉપાખ્યાન ન૦ [સં.] નાનું આખ્યાન
ઉપાઘ્રાણ ન૦ [સં.] સૂંઘવું કે ચૂમવું તે
ઉપાચાર્ય પું૦ [સં.] મદદનીશ આચાર્ય
ઉપાડ, -ડો પું૦ ઉપસાટ; સોજો (૨) મરાઉપણું (૩) ઝનૂન; આવેશ (૪) આરંભ (૫) કોશિશ; પ્રયત્ન (૬) મૂકેલાં નાણાંમાંથી પાછું લેવું તે; પાછી લીધેલી રકમ (૭) ખપત; ઉઠાવ; માગ. ૦વું સ૦ ક્રિ૦ ઊંચું કરવું-ઉઠાવવું (૨) માથે લેવું; વહોરવું (૩) મૂળમાંથી ખેંચી કાઢવું (૪) નાણાં મૂકેલાં હોય ત્યાંથી લેવા (૫) ચોરી કરવી (૬) શરૂ કરવું; માંડવું. -ડાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). -ડાવું અ૦ક્રિ૦ (કર્મણિ). -ડો પું૦ ઉપાડ (૨) કાંટાળાં ઝાંખરાંનો વાઢીને કરેલો જથો
ઉપાત્ત વિ૦ [સં.] પ્રાપ્ત (૨) ગૃહીત; સ્વીકૃત
ઉપાદાન ન૦ [સં.] અંગીકાર; સ્વીકાર (૨) કારણ; હેતુ; સમવાયી કારણ (૩) જેમાંથી કોઈ પણ વસ્તુ બનાવાઈ હોય તે દ્રવ્ય. ૦કારણ ન૦ સમવાયી કારણ. ૦લક્ષણા સ્ત્રી૦ એક અર્થાલંકાર; અજહલ્લક્ષણા (કા.શા.).
ઉપાદેય વિ૦ [સં.] લઈ શકાય એવું (૨) સ્વીકાર્ય (૩) પસંદ કરવાનું (૪) ઉત્તમ; વખાણવા જેવું
ઉપાધિ સ્ત્રી૦ [સં.] પીડા; આપદા (૨) જંજાળ; પંચાત; ચિંતા (૩) ચિહ્ન; સંજ્ઞા (૪) ખાસ લક્ષણ; ગુણધર્મ (૫) પદવી; 'ડિગ્રી' (૬) ખિતાબ; ઇલકાબ (૭) અટક; ઉપનામ
ઉપાધ્યક્ષ પું૦ [સં.] ઉપપ્રમુખ
ઉપાધ્યાપક પું૦ [સં.] મદદનીશ અધ્યાપક
ઉપાધ્યાય [સં.], **ઉપાધ્યો** + પું૦ શિક્ષક; અધ્યાપક (૨) પુરોહિત; ગોર (૩) બ્રાહ્મણોની એક અટક
ઉપાન ન૦ પગરખું; જોડો [ચિકિત્સા; ઉપચાર; પ્રયોગ
ઉપાય પું૦ [સં.] ઇલાજ; યુક્તિ (૨) સાધન; રસ્તો (૩)
ઉપાર્જન ન૦, -ના સ્ત્રી૦ [સં.] મેળવવું; પ્રાપ્તિ (૨) કમાઈ
ઉપાર્જિત વિ૦ [સં.] મેળવેલું (૨) વારસામાં મળેલું
ઉપાર્જવું સ૦ક્રિ૦ કમાવું (૨) મેળવવું
ઉપાલંભ પું૦ [સં.] ઠપકો
ઉપાવવું સ૦ક્રિ૦+ઉપજાવવું. ઉપાવું અ૦ક્રિ૦+(કર્મણિ)
ઉપાશ્રય પું૦ [સં.] અપાસરો (૨) આશ્રયસ્થાન
ઉપાશ્રિત વિ૦ [સં.] આશ્રિત
ઉપાસક પું૦ [સં.] ભક્ત; સાધક (૨) અનુયાયી; સેવક
ઉપાસન ન૦, -ના સ્ત્રી૦ [સં.] આરાધના; સેવા; ભક્તિ (૨) ધ્યાન ઇત્યાદિ દ્વારા ઇષ્ટદેવનું ચિંતન વગેરે (૩) તીર ફેંકવાનો અભ્યાસ કરવો તે
ઉપાસન ન૦ સળી કરવી તે; ઉશ્કેરણી
ઉપાસવું સ૦ક્રિ૦ આરાધવું; સેવા પૂજા કરવી
ઉપાસંગ પું૦ [સં.] ભાથો
ઉપાસિકા સ્ત્રી૦ [સં.] ઉપાસક સ્ત્રી
ઉપાસિત વિ૦ [સં.] જેની ઉપાસના કરી હોય તેવું
ઉપાસી વિ૦ [સં.] આરાધક; ભક્ત; પૂજા કરનારું (૨) ઉપવાસી
ઉપાસ્ય વિ૦ [સં.] ઉપાસના કરવા યોગ્ય. ૦ત્વ ન૦
ઉપાહાર પું૦ [સં.] નાસ્તો. ૦ગૃહ ન૦ 'હોટેલ'
ઉપાંગ ન૦ [સં.] અંગનું અંગ; ગૌણ અંગ (૨) પરિશિષ્ટ; પુરવણી (૩) વેદાંગ જેવાં ચાર શાસ્ત્રો-પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્ર (૪) તિલક; ત્રિપુંડ. ૦લલિત ન૦ એક વ્રત. ૦વિરોધ પું૦ સર્વદેશવિધાન અને એકદેશવિધાન, તેમ જ સર્વદેશનિષેધ અને એકદેશનિષેધ વચ્ચેનો વિરોધ; 'સબૉલ્ટર્ન ઑપોઝિશન' (ન્યા.)
ઉપાંત પું૦ [સં.] નજીકનો ભાગ—પ્રદેશ (૨) કોર; છેડો (૩) આંખનો ખૂણો. -ત્ય વિ૦ છેલ્લાની પહેલું
ઉપેક્ષક વિ૦ [સં.] ઉપેક્ષા કરનારું
ઉપેક્ષા સ્ત્રી૦ [સં.] અનાદર; તિરસ્કાર (૨) ત્યાગ (૩) અનપેક્ષા; ઉદાસીનતા (૪) બેદરકારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપેય વિ૦ [સં.] ઉપાય થઈ શકે એવું; સાધવા જોગ
ઉપેંદ્ર પુ૦ [સં.] (સં.) વિષ્ણુ
ઉપેંદ્રવજ્રા પું૦; સ્ત્રી૦ [સં.] એક છંદ
ઉપોઢ વિ૦ [સં.] પરણેલું (૨) નિકટ [પોથી (રંગની)
ઉપોતી(-દકી,-દિકા) સ્ત્રી૦ એક વનસ્પતિ-પોઈ (૨)
ઉપોદ્ઘાત પું૦ [સં.] આરંભ (૨) પ્રસ્તાવના
ઉપોષણ ન૦ [સં.] ઉપવાસ
ઉપોસથ પું૦ [પાલી] ઉપવાસનું વ્રત (બૌદ્ધ)
ઉફણાવવું સ૦ ક્રિ૦ 'ઊફણવું'નું પ્રેરક
ઉફરાટ પું૦ ગર્વ કરવો તે; હુંપદ
ઉફરાટસુફરાટ અ૦ આગળ અને પાછળ
ઉફરાંટવું અ૦ક્રિ૦ ફેરવવું (૨) પાસું ફેરવવું; મોં બદલવું. ઉફરાંટાવવું સ૦ક્રિ૦(પ્રેરક), ઉફરાંટાવું અ૦ક્રિ૦(ભાવે)
ઉફરાંટિયું ન૦ લખેલા પાનાની કે કાગળની સામી બાજુ
ઉફરાંટિયો પું૦ બીક; ભય
ઉફરાંટું વિ૦ જુઓ ઉપરાંટું
ઉફરું વિ૦ જુઓ ઉપરું
ઉફંટાઈ સ્ત્રી૦ હુંપદ; મગરૂરી
ઉફાણો પું૦, -ન ન૦ ઊભરો; જોશ; આવેશ
ઉફાળો પું૦ ફૂદકો;ઉછાળો [આડંબર (૩)ઉડાઉપણું
ઉફાંત(-દ) સ્ત્રી૦ હુંપદ; ગર્વ (૨) મોટાઈનો-શ્રીમંતાઈનો
ઉબટાણ ન૦ ઉબાઈ જવું તે
ઉબડિયું ન૦ ઊંધિયું
ઉબળ(-ળો)ક વિ૦ ઉપલક
ઉબ(-ભ)ળાવવું સ૦ક્રિ૦ 'ઊબ(-ભ)ળવું'નું પ્રેરક
ઉબાડિયું ન૦ બળતું લાકડું; ખોરિયું
ઉબાણ અ૦ આડફેટે રસ્તે (સુ.)
ઉબાન વિ૦ છાતીચલું [વળતી ફૂગ; ઊબ
ઉબાવું અ૦ક્રિ૦ ફૂગવાળું બનવું;કોવાવું. -ટ પું૦ ઉબાવાથી
ઉબાળું ન૦ તાપોડિયું; ગૂમડું
ઉબાળો પું૦ બાફ (૨) ઊભરો (૩) ઉશ્કેરણી;રોષ (૪)હોહા; તોફાન (૫) બળતણ; છાણાં (૬) કલ્લો
ઉબેતર ન૦ઉનાળામાં કૂવાના પાણીથી કરેલો પાક(૨)લગ્નમાં નોતરે આવેલાઓને રજા આપવી તે [ફાચર
ઉબેર સ્ત્રી૦ હળમાં કોશને બેસાડવા માટે મારવામાં આવતી
ઉબેલો પું૦ ચૂંક સાથે ઝાડાની હાજત થાય તે(૨) ચૂંક
ઉબે(-ભે)ળવું સ૦ક્રિ૦ વળ ઊકલે એવું કરવું (૨) વાવેલું ઉખેડી નાખવું(૩)ગઈ ગુજરી સંભારવી. ઉબે(-ભે)ળાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). ઉબે(-ભે)ળાવું અ૦ક્રિ૦ (કર્મણિ)
ઉભચર વિ૦[સં.]ઉભયચર(૨) [સ્ત્રી પુરુષ]બેઉ જઈ શકે એવું
ઉભડ(-ડૂ)ક વિ૦ અર્ધું ઊભું;ઊભું(૨)નિરાંતે નહિ બેઠેલું
ઉભડિયો પું૦ મજૂર; દહાડિયો
ઉભડૂક વિ૦ ઉભડક

ઉભય વિ૦ [સં.] બંને. ૦ચર વિ૦ પાણી અને પૃથ્વી બંને પર ચાલે એવું. ૦તઃ અ૦ બંને રીતે. ૦તઃપાશ પું૦ ઉભયતઃ પાશમાં પડાય-ફસાઈ જવાય એવી સ્થિતિ; 'ડાઇલેમા'. ૦તઃપાશરજ્જુન્યાય પું૦ નદીવ્યાઘ્રન્યાય. ૦તુ અ૦ ઉભયતઃ. ૦તોભદ્ર વિ૦ બંને રીતે ભદ્ર-સારું અથવા શુકનિયાળ. ૦ત્ર અ૦ બન્ને સ્થાને કે પક્ષે. ૦થા અ૦ ઉભયતઃ. ૦વિધ વિ૦ બંને પ્રકારનું. ૦સંભવ પું૦ ધર્મસંકટ; ધર્મસંકટ જેવી સ્થિતિ. -યાત્મક વિ૦બંનેવાળું;બંનેનું બનેલું. -યાન્વયી વિ૦ ઉભય (પદ અથવા વાક્ય)ને જોડનારું (વ્યા.). -યાન્વિત વિ૦ બે તરફથી જોડાયેલું. -યાર્થ વિ૦ દ્વિઅર્થી; અસ્પષ્ટ (૨) બેઉ રીતે કામ લાગે એવું. -યાલંકાર પું૦ શબ્દ અને અર્થ બંનેના અલંકારવાળો અલંકાર
ઉભરણ ન૦ ઊભરો (૨) આથો ચડવો તે
ઉભરણી સ્ત્રી૦ જુઓ ઊભાણી
ઉભરાટ પું૦ ઉભરાવું તે [નીકળી ગયું હોય તે
ઉભરામણ ન૦ ઉભરણ; ઊભરો (૨) ઊભરાઈને જે બહાર
ઉભરાવવું સ૦ક્રિ૦ 'ઊભર(-રા)વું'નું પ્રેરક
ઉભળાવવું સ૦ક્રિ૦ ઊભળે એમ કરવું
ઉભાડવું સ૦ક્રિ૦ ઊભે એમ કરવું
ઉભાણ ન૦ આથો ચડવો તે
ઉભાત વિ૦ ભાત જતી રહી હોય-ઝાંખી પડી ગઈ હોય તેવું
ઉભાર પું૦ ઉપરનું મોટાપણું (૨) ખાલી દમામ (૩) રાખમાંથી અગ્નિ બહાર કાઢવો તે. ૦ણી સ્ત્રી૦ઊંચાઈ. ૦વું સ૦ક્રિ૦ રાખમાંથી અગ્નિ બહાર કાઢવો
ઉભારી સ્ત્રી૦ પોલી ઘૂઘરી ['ઊભવું'નું ભાવે
ઉભાવવું સ૦ક્રિ૦ 'ઊભવું'નું પ્રેરક. ઉભાવું અ૦ક્રિ૦
ઉભાળ વિ૦ ઉભેડું (૨) ઢાળપડતું (૩) સ્ત્રી૦ ચડાવ
ઉભેડું પું૦ ઉભડિયો; દહાડિયો; ઊભડ
ઉભેડું(-રું) વિ૦ ઊભું હોય એવું
ઉભેથા અ૦ +ઉભયથા
ઉભેરું વિ૦ ઉભેડું
ઉભેળવું સ૦ક્રિ૦ જુઓ ઉબેળવું (૨) ડાંગરની કરડ કરવી. ઉભેળાવવું સ૦ક્રિ૦(પ્રેરક). ઉભેળાવું અ૦ક્રિ૦(કર્મણિ)
ઉભેળો પું૦ કરડ; અર્ધી ખંડાયેલી ડાંગર
ઉમગાવવું સ૦ક્રિ૦ 'ઊમગવું'નું પ્રેરક
ઉમચાડો પું૦(કા.) દબાણમાંથી છૂટવાનો-સત્તાધારી સામે માથું ઊંચકવાનો પ્રયત્ન
ઉમટા(-ડા)વવું સ૦ક્રિ૦ 'ઊમટ(-ડ)વું'નું પ્રેરક
ઉમદા(-દું) વિ૦[अ.] સારું; શ્રેષ્ઠ (૨)ખાનદાન(૩) કીમતી. ૦ઈ સ્ત્રી૦ ઉમદા હોવું તે
ઉમ(-મ્મ)ર સ્ત્રી૦ ઉંમર; વય (૨)ઊમરો (ઘરનો). ૦દરાજ વિ૦ દીર્ઘાયુ. ૦લાયક વિ૦ પુખ્ત વયનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમરખ પું૦; સ્ત્રી૦ અભિલાષ; હોંશ

ઉમરડું ન૦ ઉમરડાનું ફળ. -ડો પું૦ એક ઝાડ; ઊમરો

ઉમરાવ પું૦ અમીર (૨) શ્રીમંત. ૦જાદી સ્ત્રી૦ ઉમરાવની પુત્રી. ૦જાદો પું૦ ઉમરાવનો પુત્ર

ઉમલાવવું સ૦ક્રિ૦ 'ઊમલવું'નું પ્રેરક

ઉમલેટિયા પું૦બ૦વ૦ ચૂંટલા (૨) કૂખમાં ગલી કરવી તે

ઉમળકો પું૦ વહાલ-હેતનો ઊભરો

ઉમંગ પું૦ ઉત્સાહ; હોંશ (૨) આનંદ; હર્ષ (૩) ખુશી; ઇચ્છા. ૦વું અ૦ક્રિ૦ ઉમંગમાં આવવું. -ગાવવું સ૦ક્રિ૦ (પ્રેરક), -ગાવું અ૦ક્રિ૦ (ભાવે). -ગી વિ૦ ઉમંગવાળું

ઉમા સ્ત્રી૦ [સં.] (સં.) પાર્વતી. ૦ધવ, ૦પતિ, -મેશ પું૦ (સં.) શંકર; મહાદેવ. ૦મહેશ્વર ન૦બ૦વ૦ ઉમા અને મહેશ્વર (૨) મરી ગયેલાંની પાછળ પરણેલાં જોડાંને અપાતું દાન. ૦મહેશ્વરી વિ૦ બેરંગી; ગંગાજમની

ઉમાડ(-ડિયું) ન૦, -ડો પું૦ ઉંબાડિયું; ખોરિયું

ઉમાર્ગ,-ર્ગ પું૦ જુઓ ઉન્માર્ગ

ઉમાલી વિ૦ ઉદાર; છૂટે હાથે ખરચનારું [માણસ] (૨) ઉમંગી

ઉમાસી વિ૦ ઉદાર (૨) હોશીલું

ઉમિયા સ્ત્રી૦ (સં.) ઉમા. ૦ધીશ, ૦વર પું૦ (સં.) ઉમાપતિ; [મહાદેવ

ઉમેદ સ્ત્રી૦ [ફા.] આશા (૨) ઇચ્છા; અભિલાષા. ૦વાર વિ૦ ઉમેદ રાખનારું (૨) પું૦ નોકરી માટે અરજદાર અથવા નવું કામ શીખનાર આદમી. ૦વારી સ્ત્રી૦ ઉમેદવારપણું

ઉમેરવું સ૦ ક્રિ૦ હોય તેમાં બીજું વધારવું (૨) મેળવવું (૩) ઉશ્કેરવું. -ણ ન૦ જુઓ ઉમેરણી (૨) અખરામણ. -ણી સ્ત્રી૦ ઉમેરવું તે; વધારો (૨) [લા.] વધારીને કહેવું-ઉશ્કેરવું તે. ઉમેરાવવું સ૦ક્રિ૦ (પ્રેરક) ઉમેરાવું અ૦ક્રિ૦ (કર્મણિ). ઉમેરો પું૦ વધારો (૨) મેળવણી; ભેળવવું તે

ઉમેશ પું૦ [સં.] (સં.) ઉમાપતિ; શંકર

ઉમેળવું અ૦ ક્રિ૦ આમળાને મૂળમાંથી ઉખેડી રાખવું. ઉમેળાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). ઉમેળાવું અ૦ક્રિ૦ (ભાવે)

ઉર ન૦ [સં.] હૃદય (૨) છાતી (૩) ધ્યાન; લક્ષ. ૦જ, -રોજ પું૦; ન૦ સ્તન (૨) [સં.] કામદેવ. ૦મંડલ (-ળ) ન૦ છાતીનો ભાગ (૨) સ્તનમંડળ. ૦માળ સ્ત્રી૦ છાતી સુધી ઝૂલે એવો હાર. ૦રાગ પું૦ હૃદયનો રાગ; પ્રેમ. ૦વલ્લી સ્ત્રી૦ ડૂંટીથી છાતી તરફ જતી વેલ જેવી રુવાંટી (૨) પેટ ઉપર વાટા પડે છે તે; ત્રિવલી. ૦સ્ત્ર ન૦ છાતીનું બખ્તર. ૦(-રઃ)સ્થલ(-ળ) ન૦ છાતીનો ભાગ. ૦હાર પું૦ ઉરમાળ

ઉરગ પું૦; ન૦ [સં.] પેટે ચાલે તે-સાપ. ૦પતિ પું૦ શેષનાગ. ૦લતા સ્ત્રી નાગરવેલ. -ગાદ પું૦ (સં.) ગરુડ

ઉરઝાવવું સ૦ ક્રિ૦ 'ઊરઝવું', 'ઊરઝવું'નું પ્રેરક

ઉરણિયું વિ૦ ઋણ વિનાનું; ઋણમુક્ત

ઉરદૂ સ્ત્રી૦ ઉર્દૂ

ઉરફે અ૦ બીજે નામે; કિંવા; ઉર્ફે

ઉરવર ન૦ કમળનું બીજ; કમળકાકડી

ઉરસ પું૦ ઓલિયાની મરણતિથિનો ઉત્સવ (૨) લગ્નનું [જમણ

ઉરસ્ત્ર ન૦ [સં.], ઉરઃસ્થલ(-ળ) ન૦ [સં.] જુઓ 'ઉર'માં

ઉરાઉર અ૦ (કા.) શ્વાસભેર; પૂરપાટ

ઉરાઉરી સ્ત્રી૦ + હરીફાઈ

ઉરાડવું સ૦ક્રિ૦ ઉડાડવું. ઉરાડાવવું સ૦ક્રિ૦ ઉડાડાવવું. [ઉરાડાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

ઉરાંગઉટાંગ પું૦ ઊભો ચાલી શકે તેવો એક જાતનો વાંદરો

ઉરિયાલ ન૦ એક જાતનું ઘેટું

ઉરુ વિ૦ [સં.] વિશાળ (૨) મોટું (૩) ઊંચું (૪) ઉમદા; કીમતી. ૦ચક્ષા વિ૦સ્ત્રી૦ વિશાળ ચક્ષુવાળી

ઉરૂબરૂ અ૦ + રૂબરૂ; સન્મુખ

ઉરોગામી વિ૦ [સં.] પેટે ચાલતું (૨) ન૦ પેટે ચાલતું પ્રાણી [(સર્પાદિ)

ઉરોગ્રહ, ઉરોઘાત પું૦ [સં.] છાતીનો એક રોગ

ઉરોજ પું૦; ન૦ [સં.] જુઓ ઉરજ

ઉરોદેશ પું૦ [સં.] પેટની ઉપરના ખાડાનો ભાગ

ઉરોનલ પું૦ [સં.] ઉરોદેશ આગળના શરીરની નળી

ઉરોભાગ પું૦ [સં.] ઉરોદેશ

ઉરોવંશ પું૦ [સં.] છાતીનો ભાગ

ઉરોસ્થિ ન૦ [સં.] છાતીનું હાડકું

ઉર્ણ ન૦ [સં.] જુઓ ઊર્ણ. ૦નાભ પું૦ કરોળિયો

ઉર્દૂ સ્ત્રી૦ [તુર્કી] એક ભાષા; હિંદુસ્તાની

ઉર્ફ(-ર્ફે) અ૦ [અ.] ઉરફે

ઉર્વશી સ્ત્રી૦ [સં.] (સં.) સ્વર્ગની એક અપ્સરા

ઉર્વારુ સ્ત્રી૦ [સં.] એક જાતની કાકડી

ઉર્વી સ્ત્રી૦ [સં.] પૃથ્વી (૨) જમીન

ઉર્સ ન૦ [અ.] જુઓ ઉરસ

ઉલગુલાંટ સ્ત્રી૦ ગુલાંટ; અવળી ગુલાંટ

ઉલટાણી સ્ત્રી૦ ચામડિયાનું એક ઓજાર

ઉલટાવવું સ૦ક્રિ૦ 'ઊલટવું'નું પ્રેરક

ઉલ(-લે)મા પું૦ [અ.] ઇસ્લામી પંડિત-શાસ્ત્રી

ઉલસાવવું સ૦ક્રિ૦ 'ઊલસવું'નું પ્રેરક

ઉલળાવવું સ૦ક્રિ૦ 'ઊલળવું'નું પ્રેરક

ઉલં(-લ્લં)ઘવું સ૦ક્રિ૦ ઓળંગવું (૨) અનાદર કરવો. ઉલં(-લ્લં)ઘાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ (કર્મણિ ને પ્રેરક)

ઉલંભડો પું૦ ઠપકો; મહેણું

ઉલાણ વિ૦ પાછળના ભાગમાં વધારે વજનવાળું; ઉલાળ

ઉલાળ વિ૦ ઊલળતું (૨) પું૦ ગાડા ઇત્યાદિના પાછળના ભાગમાં વધારે વજન હોવું તે. ૦વું સ૦ક્રિ૦ ઊલળે એમ કરવું (૨) ઉછાળવું (૩) અધવચ મૂકી દેવું (૪) બંધ કરવું; દેવાળું કાઢવું. -ળાવવું સ૦ક્રિ૦ (પ્રેરક) -ળાવું અ૦ક્રિ૦ (કર્મણિ). -ળાકૂંચી સ્ત્રી૦ બારણાનો ઉલાળો ઊંચો કરવાની કૂંચી-આંકડી. -ળિયો પું૦ ઉલાળવું તે (૨) જુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉલાળો (૩) સ્ત્રીઓનું એક ઘરેણું (૪) દેવાળું કાઢવું તે (૫) વિનાશ. -ળો પું૦ ઊભો આગળો (૨) વલણ; ઊથલો (૩) ઉછાળો; ઊભરો
ઉલાંચો પું૦ આંચકો; ધક્કો [ગોટીમડું (૨) એક રમત
ઉલાંટ સ્ત્રી૦ ઉલટાઈ જવું-ગુલાંટ ખાવી તે. ૦ગુલાંટ સ્ત્રી૦
ઉલૂક પું૦; ન૦ [સં.] ઘુવડ
ઉલૂખલ પું૦ જુઓ ઊખળ
ઉલૂપી સ્ત્રી૦[સં.](સં.) એક નાગકન્યા; અર્જુનની એક પત્ની
ઉલેખે અ૦ અલેખે; નકામું
ઉલેચ(-ચો) પું૦ રૂમાલ; ટાઢોડિયું (૨) ચંદરવો; છત
ઉલેચણી સ્ત્રી૦ નાનો ઉલેચણો. -ણિયો,-ણો પું૦ પાણી ઉલેચવાનું પાત્ર (૨) પાણી ઉલેચવાની એક યુક્તિ. -વું સ૦ક્રિ૦ થોડે થોડે બહાર કાઢવું (પ્રવાહી માટે). [ઉલેચાવવું સ૦ક્રિ૦ (પ્રેરક), ઉલેચાવું અ૦ક્રિ૦ (કર્મણિ)]
ઉલેચો પું૦ જુઓ ઉલેચ
ઉલેમા પું૦ જુઓ ઉલમા
ઉલે(-લ્લે)ર વિ૦ ઊંચા વધવાના વલણવાળું (૨) ઊંચું
ઉલ્કા સ્ત્રી૦ [સં] રેખાના આકારે પડતો તેજનો ઢગલો; આકાશનો અગ્નિ (૨) ખરતો તારો (૩) ખોરિયું (૪) જ્વાળામુખીમાંથી ઊડેલો અગ્નિ. ૦પાત પું૦ ઉલ્કાનું પડવું તે (૨) મહા અનર્થ-ઉત્પાત. ૦મુખ ન૦ જ્વાળામુખીનું મોં (૨) ખોરિયાનો બળતો છેડો (૩) પું૦ અગ્નિમુખી રાક્ષસ
ઉલ્ફત સ્ત્રી૦ [अ.] દોસ્તી; મહોબત
ઉલ્લર વિ૦ જુઓ ઉલેર
ઉલ્લસિત વિ૦ [સં.] હર્ષથી પ્રફુલ્લિત; ઉલ્લાસવાળું
ઉલ્લંઘન ન૦ [સં.] ઓળંગવું તે; અતિક્રમ (૨) અનાદર કરવો તે; વિરુદ્ધ જવું-ન માનવું તે (૩) અપરાધ
ઉલ્લંઘવું, ઉલ્લંઘાવવું, ઉલ્લંઘાવું જુઓ 'ઉલંઘવું'માં
ઉલ્લાદ,-વવું + જુઓ 'ઉલ્હાદ,-વવું'
ઉલ્લાપ પું૦ [સં.] વાણી (૨) કટાક્ષ કે તિરસ્કારનું વચન; વક્રોક્તિ (૩) ઘાંટો પાડીને બોલાવવું તે (૩) દુઃખ, ભય, શોક, માંદગી ઇત્યાદિથી સ્વરમાં પડતો ફરક; કાકુ. ૦ન ન૦ કથન
ઉલ્લાસ પું૦ [સં.] આનંદ (૨) પ્રકાશ; ભભકો (૩) પ્રકરણ (૪) [કા.શા.] એક અર્થાલંકાર-જેમાં એકના ગુણ અથવા દોષથી બીજાના ગુણ અથવા દોષ બતાવાય છે. ૦વું અ૦ ક્રિ૦ હરખાવું (૨) પ્રફુલ્લિત થવું (૩) પ્રકાશવું. -સી વિ૦, -સિની વિ૦ સ્ત્રી૦ આનંદી (૨) તેજસ્વી; ભપકાદાર
ઉલ્લુ વિ૦ મૂરખ; ગમાર
ઉલ્લેખ પું૦ [સં.] નિર્દેશ; કથન (૨) વર્ણન (૩) [કા.શા.] એક અલંકાર-જેમાં ઘણા જણ ઘણી રીતે એક જ જણને જુએ અથવા એક જણ ઘણે રૂપે જણાય તેવું વર્ણન હોય છે. ૦ક પું૦ ઉલ્લેખ કરનાર. ૦વું સ૦ ક્રિ૦ લખવું; કોતરવું (૨) ઉદ્દેશીને લખવું; નિર્દેશ કરવો (૩) વર્ણવવું.

[-ખાવવું સ૦ક્રિ૦ (પ્રેરક).-ખાવું અ૦ક્રિ૦ (કર્મણિ)]
ઉલ્લોલ વિ૦[સં.] રમતિયાળ (૨) લહેરી [મોજ કરાવવી
ઉલ્હાદ પું૦+ આહ્લાદ; ઉલ્લાસ.-વવું સ૦ક્રિ૦ રાજી કરવું;
ઉવટણ ન૦ લેપ કરવો-ચોળવું તે (૨) શરીરે ચોળવાનું એક સુગંધી દ્રવ્ય (૩) ઊટકવાના કામમાં આવતી વસ્તુ. -ણો પું૦ ઉવટણ તરીકે વપરાતું દ્રવ્ય (૨) ઉપરવટણો
ઉવાટ વિ૦ આડું; ખોટું (૨) સ્ત્રી૦ આડો રસ્તો; ખોટો રસ્તો
ઉવારો પું૦ + ઓવારો
ઉવેખ પું૦ ઉપેક્ષા; અનાદર. ૦ક વિ૦ ઉવેખનાર. ૦વું સ૦ ક્રિ૦ ઉપેક્ષા કરવી (૨) ઉખેડવું; ઉખાડવું (૩) તુચ્છકારવું (૪) ઉપર ફેંકવું.-ખાવવું સ૦ક્રિ૦, -ખાવું અ૦ક્રિ૦ 'ઉવેખવું'નાં અનુક્રમે પ્રેરક ને કર્મણિ
ઉશના પું૦ [સં.](સં.) અસુરોના ગુરુ-શુક્રાચાર્ય
ઉશાપ પું૦ શાપનું નિવારણ
ઉશીકું(-સું) ન૦ ઓશીકું
ઉશીનર પું૦ [સં.](સં.) પુરૂના વંશનો રાજા
ઉશી(-ષી)ર ન૦ [સં.] એક વનસ્પતિ; વીરણનો વાળો
ઉશીસું ન૦ ઓશીકું
ઉશે(-સે)ટવું સ૦ક્રિ૦(તિરસ્કારથી)ફેંકવું. ઉશે(-સે)ટાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦ અનુક્રમે કર્મણિ ને પ્રેરક
ઉશ્કેરવું સ૦ક્રિ૦ આવેશમાં આવે એમ કરવું; ઉત્તેજિત કરવું (૨) ભંભેરવું; ચડાવવું.-ણ ન૦,-ણી સ્ત્રી૦ ઉશ્કેરવું તે
ઉશ્કેરાટ પું૦ આવેશ; ઉશ્કેરણી. -વવું સ૦ક્રિ૦, -વું અ૦ક્રિ૦ 'ઉશ્કેરવું' નું પ્રેરક અને કર્મણિ
ઉશ્વાસ પું૦ + ઉચ્છ્વાસ
ઉષ ન૦ [સં.] ઉષા. ૦ર્બુધ વિ૦ મળસકે વહેલું ઊઠનારું. -ષઃકાલ(-ળ) પું૦ ઉષા-મળસકાનો સમય.-ષઃકાલીન વિ૦ ઉષઃકાળનું, -ને લગતું. -ષા સ્ત્રી૦ પરોઢ (૨) મળસકાનું અજવાળું (૩) સારી જમીન (૪) [સં.] ઓખા (૫) એક વૈદિક દેવતા
ઉષીર ન૦ [સં.] ઉશીર જુઓ
ઉષ્ટ્ર ન૦ [સં.] ઊંટ. -ષ્ટ્રિકા, -ષ્ટ્રી સ્ત્રી૦ ઊંટડી
ઉષ્ણ વિ૦ [સં.] ગરમ. ૦કટિબંધ પું૦ વિષુવવૃત્તથી ૨૩$\frac{૧}{૨}$ અંશ ઉત્તર અને ૨૩$\frac{૧}{૨}$ અંશ દક્ષિણ વચ્ચેનો ભાગ. ૦તા સ્ત્રી૦ ગરમી; ઊનાપણું. ૦તાનયન ન૦ ગરમી વહન કરવાની ક્રિયા. ૦તામાન ન૦ ઉષ્ણમાન. ૦તામાપક વિ૦ ઉષ્ણતા માપનારું (૨) ન૦ તેવું યંત્ર. ૦તાવહન ન૦ ગરમી વહન કરવી તે. ૦તાવાહક વિ૦ (૨) પું૦ ગરમી વહન કરનાર. ૦તાવાહી વિ૦ ઉષ્ણતાવાહક. ૦ત્વ ન૦. ૦માન ન૦ ગરમીનું માપ; 'ટેમ્પરેચર'.-ષ્ણાંશુ પું૦ સૂર્ય. -ષ્ણોદક ન૦ ઉષ્ણ પાણી.-ષ્ણૌષધિ(-ધી) સ્ત્રી૦ ગરમી આપે એવી દવા.
ઉષ્મા સ્ત્રી૦ [સં.] ગરમી (૨) હૂંફ (૩) વરાળ. ૦ક્ષર પું૦ (વ્યા.) શ, ષ, સ, ને હ એમાનો કોઈ પણ વ્યંજન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦ભેદ્ય વિ૦ પ્રકાશમાન ગરમી વહન કરવાના ગુણવાળું. **૦માન** ન૦ઉષ્ણમાન. **૦માપકયંત્ર** ન૦ ઉષ્મા માપનારું યંત્ર. **-ષ્માંક** પું૦ ગરમીનો આંક; 'કૅલરી'
ઉસપાવવું સ૦ક્રિ.૦ 'ઊસપવું'નું પ્રેરક
ઉસરડવું સ૦ક્રિ૦ એકઠું કરવુ (૨) એકઠું કરી નાંખી દેવું **ઉસરડાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક). **ઉસરડાવું** અ૦ ક્રિ૦ (કર્મણિ)
ઉસરડો પું૦ ઉસરડીને એકઠી કરેલી વસ્તુ (૨) કચ્ચરઘાણ
ઉસરણ ન૦ ઘટાડો
ઉસરાવવું સ૦ક્રિ૦ 'ઊસરવું'' નું પ્રેરક
ઉસવણ(-ણું) ન૦ ઊસનું-ખારવાળું પાણી
ઉસાર પું૦ + ઓસાર; ઓથ (૨) હઠવાનો અવકાશ
ઉસારવું સ૦ક્રિ૦ ઉપાડવું (૨) ઘસીને ઉસરડી લેવું. **ઉસારાવવું** સ૦ક્રિ૦(પ્રેરક). **ઉસારાવું** અ૦ક્રિ૦(કર્મણિ)
ઉસાસ પું૦ ઊંડો શ્વાસ
ઉસેટવું સ૦ક્રિ૦ ઉશેટવું; ફેંકી દેવું. **ઉસેટાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક). **ઉસેટાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)
ઉસેટ(-ડ)વું સ૦ક્રિ૦ જુઓ ઉસરડવું. **ઉસેટા(-ડા)વવું** સ૦ક્રિ૦ (પ્રેરક). **ઉસેટા(-ડા)વવું** અ૦ક્રિ૦ (કર્મણિ)
ઉસેવવું સ૦ક્રિ૦ સૂતર અથવા રેશમને રંગ ચડાવવા માટે પહેલાં ઊસના-ખારવાળા ઉકાળામાં બોળી રાખવું (૨) બાફ આપવો; ધોવું (૩) સેવવું; પરિશીલન કરવું. **ઉસેવાવવું** સ૦ક્રિ૦(પ્રેરક). **ઉસેવાવું** અ૦ક્રિ૦(કર્મણિ)
ઉસ્તવાર વિ૦ જબરું (૨) છાતીચલું (૩) દૃઢ. **-રી** સ્ત્રી૦ મજબૂતી; કૌવત (૨) દૃઢતા
ઉસ્તાદ વિ૦ [फ़ा.] કાબેલ; પહોંચેલું (૨) પું૦ ગુરુ (૩) વિદ્યાગુરુ; આચાય; તજ્જ્ઞ. **-દી** વિ૦ ઉસ્તાદની ઢબનું (૨) સ્ત્રી૦ ઉસ્તાદપણું; કાબેલિયત
ઉળૂખળો પું૦ ખાંડણિયો
ઉંકાર પું૦ 'ઉં' અક્ષર કે ઉચ્ચાર
ઉંદર પું૦ ઊંદર. **૦કણિયું**, **૦કણી** સ્ત્રી૦ ઉંદરિયું. **૦ક(-કા)ની**, **૦કરણી** સ્ત્રી૦ એક વનસ્પતિ. **૦વાઈ** સ્ત્રી૦, **-રિયું** ન૦ ઉંદર પકડવાનું પિંજરું [ગાંઠ
ઉંબળોટિયો પું૦ (કા.) પહેરેલા લૂગડાની પેડુ ઉપર વાળેલી
ઉંબર(-રો) પું૦ એક ઝાડ; ઉમરડો (૨) ઘરનો ઊમરો. **-રી** સ્ત્રી૦ ઉમરડો. **-રું** ન૦ ઉમરડું
ઉંબી સ્ત્રી૦ ઘઉં, જવ ઇત્યાદિ ધાન્યનું ડૂંડું
ઉંમર, **૦દરાજ**, **૦લાયક** જુઓ 'ઉમર'માં

ઊ

ઊ પું૦ [સં.] વર્ણમાળાનો છઠ્ઠો અક્ષર. **૦કાર** પું૦ ઊ અક્ષર અથવા ઉચ્ચાર. **૦કારાંત** વિ૦ છેડે ઊકારવાળું
ઊક(-પ)ટો પું૦ દુખતી આંખની એક દવા
ઊકડો પું૦ વરસૂંદ
ઊકણવું અ૦ક્રિ૦ નાસી જવું [યોગ્ય
ઊકન વિ૦ તૈયાર; હાજર (૨) [કા.] ઉમરલાયક; વિવાહને
ઊકલવું અ૦ક્રિ૦ ગૂંચ-ગાંઠનું ખૂલવું; ગૂંચ-ગાંઠ વિનાનું બનવું (૨) વંચાવું (૩) સૂઝવું; આવડવું
ઊકળવું અ૦ક્રિ૦ ગરમ થવું (૨) ગુસ્સે થવું
ઊખડવું અ૦ક્રિ૦ છૂટું પડવું; જુદું થવું (૨) જડમૂળથી નીકળી જવું (૩) [લા.] વંઠી જવું
ઊખડી સ્ત્રી૦ લાકડાનો ખલ (૨) ખારાટવાળી જમીન
ઊખડેલ વિ૦ વંઠેલ
ઊખત (કા.), **-દ** સ્ત્રી૦ નવાઈ; આશ્ચર્ય
ઊખર વિ૦ ખારાટવાળું (૨) સ્ત્રી૦ જેમાં કાંઈ પાકે નહિ એવી જમીન; ખારાટવાળી જમીન
ઊખળ(-ળી-ળું) ન૦ ખાંડણિયો (૨) ચાર બળદવાળા ગાડાના બે આગળના બળદનું ધૂંસરું [બોલવું
ઊખળવું અ૦ક્રિ૦ વળનું ઊકલી જવું; ઊબળવું (૨) ગુસ્સામાં
ઊખળી સ્ત્રી૦, **-ળું** ન૦ જુઓ ઊખળ
ઊખળો પું૦ ખાંડણિયો (૨) ઉદ્ધર છોકરો
ઊગટ સ્ત્રી૦ ઊભેલા ગાડી-ગાડાના પૈડાની આગળપાછળ મુકાતું અટકણ (૨) પીઠી કે તે ચોળવાની ક્રિયા
ઊગટો પું૦ (કા.) ઘોડાના તંગની વાધરી (૨) ઊકટો
ઊગમ પું૦ ઉગમ; ઊગવું તે (૨) મૂળ; ઉદ્ભવસ્થાન (૩) શરૂઆત (૪) સ્ત્રી૦ પૂર્વ દિશા (૫) ખંત; જાગૃતિ [ચીવટ
ઊગમદાસ્ત વિ૦ ખંતીલું (૨) કામગરું. **-તી** સ્ત્રી૦ ખંત;
ઊગર સ્ત્રી૦ ઉગાર; બચાવ (૨) બચત. **૦વું** અ૦ક્રિ૦ બચવું (૨) બાકી રહેવું. **-રાવું** અ૦ક્રિ૦ (ભાવે)
ઊગવવું સ૦ક્રિ૦ ઊગે એમ કરવું
ઊગવું અ૦ક્રિ૦ ફૂટવું (બીજમાંથી) (૨) ઉદય થવો (૩) સ્ફુરવું-ઉત્પન્ન થવું (૪) [લા.] ફળદાયી થવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઘડ વિ૦ ઉઘાડું; સ્પષ્ટ (૨) ન૦ સ્પષ્ટીકરણ; વિવરણ

ઊઘડવું અ૦ક્રિ૦ઉઘાડું થવું; ખૂલવું (૨)ખીલવું; પ્રફુલ્લ થવું (૩)સાફ-સ્પષ્ટ થવું; નીકળવું(૪)અર્થ સરવો; કલ્યાણ થવું

ઊઘડું વિ૦ ઊઘડ; ઉઘાડું

ઊઘરું વિ૦ ઘર કર્યા વિનાનું; કુંવારું [ફજેત થવું

ઊઘલવું અ૦ક્રિ૦ઉલકાવું(૨)પરણવા નીકળવું(૩)[કટાક્ષમાં]

ઊચક અ૦ ઉચ્ચક

ઊચકવું સ૦ ક્રિ૦ ઊંચું કરવું; માથે લેવું (૨)[લા.] ઠપકો આપવો; ધમકાવવું. ઊચકાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

ઊચકી સ્ત્રી૦ વાધણી; હેડકી

ઊચકું વિ૦ ઉછીનું લીધેલું (૨) નાદાર

ઊચકો પું૦ ઉચ્ચક લીધેલી-આપેલી રકમ

ઊચક્કો પું૦ પારકા માલ ઉપર ચોરની નજર રાખનારો આદમી (૨) ઠગ; બદમાશ માણસ (૩) છકેલો માણસ

ઊચડવું સ૦ક્રિ૦ ઉખાડવું. ઊચડાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

ઊચણવું સ૦ક્રિ૦છૂટું કરીને ગોઠવવું(રેશમના તાર ઇત્યાદિ)

ઊચણાવું અ૦ક્રિ૦ 'ઊચાણવું'નું કર્મણિ

ઊચમૂચ અ૦ અચમૂચ [(કર્મણિ)

ઊચરવું સ૦ક્રિ૦ ઉચ્ચારવું; બોલવું. ઊચરાવું અ૦ક્રિ૦

ઊચલ(-ળ)વું સ૦ક્રિ૦ઉપાડવું(૨)ઉચાળો લઈ જતા રહેવું. ઊચલા(-ળા)વું અ૦ક્રિ૦ (કર્મણિ) [અશાંતિ

ઊચલાઊચલ(-લી) સ્ત્રી૦ ઊંચકાઊચકી(૨)દોડાદોડી(૩)

ઊચવવું સ૦ક્રિ૦ધીરવું; આપવું. ઊચવાવું અ૦ક્રિ૦(કર્મણિ)

ઊચળવું, ઊચળાવું સ૦ક્રિ૦ જુઓ ઊચલવું

ઊચી જવું. અ૦ક્રિ૦ વસૂકવું; દૂધ દેતું બંધ થવું

ઊછરભાવ પું૦ ઊછરવાની-વૃદ્ધિ પામવાની શક્તિ

ઊછરવું અ૦ક્રિ૦ પાલનપોષણ ને સંભાળથી મોટા થવું

ઊછળવું અ૦ક્રિ૦ ઊંચે જવું-ફેંકાવું (૨) ઉછાળો મારવો (૩) છલંગ મારવી; કૂદવું (૪)છૂટે હાથે વપરાવું(લાકડી, તલવાર વગેરે ઇત્યાદિનું). ઊછળાવું અ૦ક્રિ૦ 'ઊછળવું' નું ભાવે

ઊછિયો પું૦ ઉછીની લીધેલી રકમ કે ઉછીની વસ્તુઓની ભરી આપવાની કિંમત

ઊજડ વિ૦ ઉજ્જડ; વેરાન. ૦નોમ સ્ત્રી૦ અષાડ સુદ ૯

ઊજડાવું અ૦ક્રિ૦ ઉજ્જડ થવું

ઊજડું ન૦ ભળભાંખળું; પ્રભાત

ઊજમ પું૦ હોંશ; ઉમંગ (૨) + ઉદ્યમ

ઊજમાવું અ૦ક્રિ૦ ઊજમમાં-ઉમંગમાં આવવું

ઊજ(-ઝ)રવું અ૦ક્રિ૦ (કા.) ઊછરવું

ઊજવવું સ૦ક્રિ૦ (વ્રતનું) ઉદ્યાપન કરવું (૨) ઉત્સવ કરવો (૩) ફજેત કરવું (કટાક્ષમાં) (૪) તજવું

ઊજવાવું અ૦ક્રિ૦ 'ઊજવવું'નું (કર્મણિ)

ઊજવું અ૦ક્રિ૦ દોડવું (કા.)

ઊજળું વિ૦ ધોળું (૨) ચકચકતું; તેજસ્વી (૩) નિષ્કલંક; નિર્મળ (૪) ઊંચ વર્ણનું (૫) રીતભાતે સુઘડ (૬) પૈસેટકે સુખી. ૦ટ્ટ, ૦ટ્ટાક વિ૦ એકદમ ઊજળું. -ળાઈ સ્ત્રી૦ ઉજાશ; ઉજ્જ્વળતા (૨) સ્વચ્છતા (૩) સંસ્કારિતા (૪) પૈસેટકે સુખી હોવાનો દેખાવ. -ળાટ પું૦, -ળામણ સ્ત્રી૦; ન૦, -ળાશ સ્ત્રી૦ ઊજળાપણું

ઊઝરવું અ૦ક્રિ૦(કા.)જુઓ ઊજરવું [અ૦ક્રિ૦(કર્મણિ)

ઊટ(-ડ)કવું સ૦ક્રિ૦માંજવું; અજવાળવું. ઊટ(-ડ)કાવું

ઊટણું ન૦ જુઓ ઉપટણું

ઊટવાવું અ૦ક્રિ૦ (ઊટણું) ચોળાવું

ઊટોકૂટો પું૦ અનાજને ખાંડ્યા, ઝાટક્યા પછી રહેલાં ફોતરાં

ઊઠ(-ઠું) વિ૦ સાડાત્રણ ગણું

ઊઠબેસ સ્ત્રી૦ ઊઠવું અને બેસવું તે(૨)એવી કસરત અથવા શિક્ષા (૩) વારે વારે ઊઠવું અને બેસવું તે (અજંપાથી કે અકળામણથી) [ઊભા થવું(૩)ખીલી આવવું

ઊઠવું અ૦ ક્રિ૦ ઊભા થવું (૨) જાગવું અને પથારી છોડી

ઊઠવેઠ સ્ત્રી૦ સેવાચાકરીમાં હાજર ને હાજર રહેવામાં પડતો શ્રમ (૨) આલપાલનો વેઠરૂપ શ્રમ

ઊઠાં ન૦ બ૦વ૦ સાડાત્રણના ગુણાકારવાળા ઘડિયા

ઊડ સ્ત્રી૦ ઊડવાની શક્તિ-ગતિ. ૦ઈ સ્ત્રી૦ પતંગ

ઊડકવું, ઊડકાવું અ૦ જુઓ ઊટકવું

ઊડણ વિ૦ ઊડે એવું (૨) ચેપી. ૦ખાટલી સ્ત્રી૦ ઊડે એવી ખાટલી; બલૂન. ૦ખિસકોલી સ્ત્રી૦ ઊડતી ખિસકોલી. ૦ઘો સ્ત્રી૦ ચંદનઘો. ૦ઘોડો પું૦ ઉડાણઘોડો. ૦દંડ પું૦ ઊડી શકે એવી જાદુઈ લાકડી. ૦દાવ પું૦ કુસ્તીનો એક દાવ. ૦પાવડી સ્ત્રી૦ (કા.) જે પહેરવાથી ઉડાય એવી જાદુઈ પાવડી. ૦માછલી સ્ત્રી૦ ઊડતી માછલી. ૦રોગ પું૦ ચેપી રોગ. ૦શેહ સ્ત્રી૦ જુઓ ઉડાનશેહ

ઊડઝૂડ અ૦ ઊંધું ઘાલીને; આડુંઅવળું; વિવેકવિચાર વિના. -ડિયું વિ૦ ઊડઝૂડ થતું કે કરનારું

ઊડમૂડ અ૦ એકાએક; છાનુંમાનું

ઊડસૂડ અ૦ (કા.) ભાન રાખ્યા વિના; ખબર આપ્યા વિના

ઊડવું અ૦ક્રિ૦ હવામાં અધ્ધર જવું (૨) જોરથી ચાલવું; દોડવું (૩) નાસી જવું (૪) ફીકું પડવું અને જતું રહેવું (રંગ ઇત્યાદિ) (૫) ખપી જવું (વસ્તુ, માલ ઇત્યાદિ)

ઊડાઊડ(-ડી) સ્ત્રી૦ ઉપરાછાપરી ઊડવું તે (૨) દોડાદોડ; ઘણી જ ઉતાવળ (૩) અવ્યવસ્થા; અંધાધૂંધી

ઊડિયા સ્ત્રી૦ ઉત્કલની ભાષા; ઉત્કલી

ઊડી સ્ત્રી૦ મલખંભની એક કસરત

ઊડેલ(-લું) વિ૦ ચંચળવૃત્તિનું (૨) ફાટેલું; વંઠેલું (૩) ઢોર પણ ન ખાય એવું બગડેલું

ઊઢ વિ૦ [સં.] પરણેલું (૨) લઈ જવાયેલું (૩) પું૦ પરણેલો માણસ. -ઢા વિ૦ સ્ત્રી૦ પરણેલી

ઊઢણું ન૦ ઉઢાણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊણુ વિ૦ ઊણું (૨) સ્ત્રી૦ ઊણપ. ૦પ(-મ) સ્ત્રી૦ ઓછપ; ખોટ(૨)અપૂર્ણતા(૩)ખોડ. ૦વું સ૦ક્રિ૦ વણાટમાં ઊણું હોય તે પૂરવું; તૂણવું. -ણાપણું ન૦ ઊણા હોવું તે. -ણા પેટનું વિ૦વાત પેટમાં ન રાખી શકે એવું.-ણાશ સ્ત્રી૦ ઊણાપણું. -ણું વિ૦ ઓછું ભરાયેલું; અપૂર્ણ

ઊતડવું સ૦ક્રિ૦જુઓ ઉતરડવું ઊતડાવું અ૦ક્રિ૦(કર્મણિ)

ઊતરચડ સ્ત્રી૦ ઊતરવું અને ચડવું તે

ઊતરતી ભાંજણી સ્ત્રી૦ગણિતની એક રીત;ભારે કિંમતની સંખ્યાને ઓછી કિંમતની સંખ્યાનું રૂપ આપવાની રીત

ઊતરતી શ્રેઢી સ્ત્રી૦ ગણિતની એક રીત; જે હારમાં એક પછી એક ઊતરતી સંખ્યાની રકમો મુકાય તે

ઊતરવું અ૦ક્રિ૦ નીચે આવવું (૨) ઓછું થવું; ઘટવું (૩) (આવેશ,અસર ઇત્યાદિનું)કમતી થવું અથવા શમવું(૪) પાર જવું (૩) બગડી જવું (૬) મુકામ કરવો (૭)બરાબર થવું (તોલમાં) (૮) તૈયાર થવું; બનવું; ઘડાવું (૯) ખરી પડવું (વાળનું) (૧૦) પસંદ પડવું-ઠસવું (મનમાં)

ઊતરાવું અ૦ક્રિ૦ ઊતરવાની ક્રિયા થવી ('ઊતરવું'નું ભાવે)

ઊતરી સ્ત્રી૦ ગળાનું એક ઘરેણું (૨) વિ૦ કોમળ (સ્વર)

ઊતરું અ૦ક્રિ૦ પાણી કે હવા લાગવાથી વાંકુંચૂકું થવું

ઊતળું વિ૦ ઊંડું નહિ એવું; છીછરું

ઊથડવું અ૦ક્રિ૦ ઉસ્કેરાવું(૨)ટિચાવું(૩)આડે માર્ગે જવું

ઊથમીજીરું ન૦ એક ઔષધિ

ઊથમું વિ૦+ઉત્તમ

ઊથલ વિ૦ અસ્થિર; ઊથલેલું. ૦પાથલ વિ૦ઊંધુંચતું(૨) ઊંધુંચતું થવું તે;પરિવર્તન. ૦ભે વિ૦ ભયથી ઊથલેલું-અસ્થિર. ૦(-લા)વું અ૦ક્રિ૦ ઊંધા થઈને પડવું; ઊંધું-ચતું-ઉપરતળે થવું. -લો પું૦ ઊંધાચતા થઈને બીજી બાજુ પર પડવું તે (૨) ગયેલો મંદવાડ પાછો આવે તે (૩) વલણ (કાવ્યમાં) (૪) સામો જવાબ

ઊથો પું૦ કોહવાણ; સળો [પરચૂરણ કામ

ઊથોફૂથો પું૦ નાની મોટી કચુંબર (૨) નકામી મહેનતનું

ઊદકવું અ૦ક્રિ૦ કૂદવું

ઊદબત્તી સ્ત્રી૦ ઉદબત્તી; અગરબત્તી

ઊદું વિ૦ ભૂરું; ભૂરાશ પડતું

ઊધ સ્ત્રી૦ (ગાડાનો) ધોરિયો

ઊધઈ સ્ત્રી૦ એક જીવડું-ઉધેઈ

ઊધડ વિ૦ભાવતાલ કે વજન કર્યા વગર એમનું એમ આપેલું-રાખેલું;ઉધ્ધડ -ડું વિ૦ઊધડ(૨)ન૦, -ડો પું૦ઊધડું કામ

ઊધર(-રા)વું અ૦ક્રિ૦ ઉધાર ખાતે લખાવું (૨) દૂર થવું; ટળવું (૩) જુઓ ઉદ્ધરવું

ઊધળવું અ૦ક્રિ૦ નાસી જવું; પોબારા ગણી જવા

ઊન વિ૦[સં.]ઊણું(૨)ઊણપવાળું. ૦તા સ્ત્રી૦જુઓ ઊણપ. ૦મ સ્ત્રી૦ જુઓ ઊણપ. ૦માસિક વિ૦ મહિનો પૂરો ન થયો હોય ત્યાર પહેલાં કરવાનું હોય એવું. ૦માસીસો પું૦ મૂએલાના માસીસા પહેલાં કરવાની એક ક્રિયા

ઊન સ્ત્રી૦;ન૦ઘેટાંના વાળ. -નોત્સાર પું૦ઊન કાપી લેવું તે

ઊનડ વિ૦ [ફા.] રખડતું (૨) કામચોર (૩) લુચ્ચું

ઊનવા પું૦ એક મૂત્રરોગ

ઊનવાનું અ૦ક્રિ૦ ઊના શ્વાસ નાંખવા(૨) ઝૂરવું [ઉષ્ણતા

ઊનું વિ૦ ગરમ (૨) તાવભર્યું. -નાઈ સ્ત્રી૦ ઊનું હોવું તે;

ઊપજ સ્ત્રી૦ પેદાશ(૨) આવક; મળતર (૩) નફો. ૦નીપજ સ્ત્રી૦ ઉત્પન્ન અને વૃદ્ધિ(૨) પેદાશ (૩) ચોખ્ખી આવક. ૦વેરો પું૦ આવકવેરો. ૦વું અ૦ક્રિ૦ ઉત્પન્ન થવું (૨) આવક થવી (૩) કિંમત તરીકે મળવું

ઊપટ સ્ત્રી૦ દેવું

ઊપટવું અ૦ક્રિ૦ ઝાંખું પડી જવું

ઊપટો પું૦ ઊકરો

ઊપડવું અ૦ક્રિ૦ ઊપસવું; ઊંચું થવું (૨) ઊચકાવું (૩) ચાલતું થવું (૪)એકાએક શરૂ થવું(દુઃખ, રોગ ઇત્યાદિનું)

ઊપણવું સ૦ક્રિ૦ (અનાજને) પવન નાખી ચોખ્ખું કરવું

ઊપણાવું અ૦ક્રિ૦ 'ઊપણવું'નું કર્મણિ [લાકડું

ઊપડું(-ણું) ન૦ખાટલાના માથા અથવા પાંગથ આગળનું

ઊપનવું અ૦ક્રિ૦ ઉત્પન્ન થવું (૨) જન્મવું(પ.)

ઊપસ(-સા)વું અ૦ક્રિ૦ બહાર નીકળવું; ઊંચું થવું (૨) ફૂલવું (૩) સોજો આવવો

ઊપળું ન૦ ઊપણું

ઊફણવું અ૦ક્રિ૦ ફૂલવું; વધવું(૨)મનમાં ફૂલવું.ઊફણાવું અ૦ક્રિ૦ ઊફણવાની ક્રિયા થવી (ભાવે)

ઊફરું વિ૦ જુઓ ઉપ(-ફ)રું

ઊબ સ્ત્રી૦ ફૂગ

ઊબક સ્ત્રી૦, -કો પું૦ બકારી; ઊલટી થવાનો ઉછાળો

ઊબટ(-ટું) વિ૦ ઉબાઈ-બગડી ગયેલું (૨) ખોરું

ઊબડું વિ૦ અધૂકડું; અધ્ધર બેઠેલું; ઉભડક

ઊબવું અ૦ક્રિ૦ જુઓ ઉબાવું

ઊબળ પું૦ ઊલટો વળ

ઊબ(-ભ)ળવું અ૦ક્રિ૦ (વળનું) ઊકલી જવું (૨)રૂઝ વળ્યા પછી અથવા મટવા આવ્યા પછી ફરી ઊપડવું

ઊભ,૦ટ વિ૦ જરાક ઊંચું હોય એવું; ઊભું

ઊભડ પું૦ મજૂર; દહાડિયો (૨)અસ્થિર વાસવાળો આદમી. ૦ભૈયું વિ૦ અસ્થિર; નક્કી કર્યા વિનાનું. ૦વેરો પું૦ બિન-ખેડૂત ઉપર લેવાતો કર

ઊભડું વિ૦ ઊભું [ઘરનો પરથાર; ઘરની બેસણી

ઊભણી સ્ત્રી૦ ઘરના પરથારથી મેડા લગીની ઊંચાઈ (૨)

ઊભર(-રા)વું અ૦ક્રિ૦ગરમીના જોશથી છલકાવું(૨)અતિ મોટી સંખ્યામાં ટોળે વળવું

ઊભરો પું૦ ઉભરણ; ઊભરાવું તે (૨) લાગણીનો ઉછાળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભવું અ૦ક્રિ૦ ઊભા રહેવું-થવું (૨) થંભવું (૩) ટકવું; સામે ઊભા રહેવું-ટક્કર ઝીલવી

ઊભળવું અ૦ક્રિ૦ઊબળવું [(૩)બેઠા વિના; નિરાંત વિના

ઊભાઊભ સ્ત્રી૦ ઊભા ને ઊભા રહેવું તે (૨)અ૦ઝપાટામાં

ઊભાબેડી સ્ત્રી૦ઊભા જ રહેવું પડે એવી બેડી;એક જેલશિક્ષા

ઊભું વિ૦ ઊભેલું (૨) ટટાર; સીધું

ઊમક સ્ત્રી૦ (ફા.) અભિમાન; ગર્વ; તોર

ઊમગવું અ૦ક્રિ૦ સ્ફુરવું; ઉત્પન્ન થવું

ઊમટ(-ડ)વું અ૦ ક્રિ૦ ઊલટભેર ધસવું; એકસામટા જથામાં આગળ આવવું (૨) પાકવું; ફળ ઊતરવું

ઊમડઘૂમડ વિ૦ ચંદરવા જેવું; આકારા જેવું

ઊમડવું અ૦ક્રિ૦ જુઓ ઊમટવું

ઊમણુ વિ૦ મણા વગરનું; સુંદર [બે ચાસ વચ્ચેની જગા

ઊમરો પું૦ ઉંબરો (ઘરનો) (૨) એક ફળઝાડ; ઉમરડો (૩)

ઊમલવું અ૦ ક્રિ૦ ખીલવું; વિકાસ પામવું (૨) [ઢોરનું] વિયાવાનું થવું (૩) પલળીને ભૂકો થવું (કળીચૂનાનું)

ઊરસ સ્ત્રી૦ મૂર્છા; ફેફરું (ફા.) [ફેફરવું

ઊરઝવું અ૦ ક્રિ૦ ઊપસવું; આગળ પડવું (૨) લટકવું;

ઊરઝાવું અ૦ક્રિ૦ સૂંઝાવું

ઊરવા પું૦ બદનામી [પું૦ એક રોગ; જાંઘનો લકવો

ઊરુ પું૦ [સં] જાંઘ. ૦ફલક ન૦ કેડનું હાડકું. ૦સ્તંભ

ઊરું ન૦ કોસ ખેંચવા માટે કરેલો ઢાળ; ઓલાણ

ઊર્જસ્વી વિ૦ [સં.] જબરું; બળવાન. -સ્વિતા સ્ત્રી૦

ઊર્જિત વિ૦ [સં.] જબરું; બળવાન (૨) ચડિયાતું; ઉમદા; સુંદર; ખાનદાન (૩) મહાન; ભવ્ય

ઊર્ણ ન૦ [સં.] ઊન (૨) તાર; તંતુ (૩) કરોળિયાનું જાળું. ૦નાભ(-ભિ) પું૦ કરોળિયો. -ર્ણા સ્ત્રી૦ ઊન (૨) આંખની ભમરો વચ્ચેની વાળની રેખા. -ર્ણાયુ વિ૦ ઊનનું (૨) પું૦ ઘેટો (૩) કરોળિયો

ઊર્ધ્વ વિ૦(૨) અ૦[સં.]ઊંચું; ઉપરનું;ગગન તરફનું(૨)સીધું; ટટાર (૩) ઊંચું કરેલું; ઉન્નત. ૦ગતિ સ્ત્રી૦ ઊંચે જવું તે; આકાશમાં ઊંચે ઊડવું તે. ૦ગામી વિ૦ ઊંચે જનારું (૨) [લા.] ઉન્નતિ તરફ જનારું. ૦દેહ પું૦; સ્ત્રી૦ મરણ પછી થનારો દેહ (૨) મરણ પછી કરવાની એક ક્રિયા. ૦દૃષ્ટિ વિ૦ મહત્ત્વાકાંક્ષી; મહેચ્છાવાળું (૨) સ્ત્રી૦ આકાશ તરફ જોવું તે. ૦પત્ર(-ત્રી) ન૦ જીવડાંનો એક પ્રકાર. ૦પંથ પું૦ સ્વર્ગનો માર્ગ. ૦પાણિ, ૦બાહુ વિ૦ ઊંચે કરેલા હાથવાળું. ૦પિંડ પું૦ મૂત્રપિંડ ઉપર આવેલો પિંડ; 'સુપ્રા-રેનલ કેપ્સ્યૂલ'. ૦પુંડ્ર પું૦ ઊભું ટીલું. ૦ભાગ પું૦ ઉપરનો કે આગળનો ભાગ. ૦રેત(-તા,૦સ) જેના વીર્યનું પતન થતું નથી એવું(૨)નિત્ય બ્રહ્મચર્ય પાળનારું.૦રોહણ ન૦ ઉપર-આકાશ તરફ ચડવું તે (૨) સ્વર્ગમાં જવું તે. ૦લોક પું૦ સ્વર્ગ; ઉપરની દુનિયા. ૦વાયુ પું૦ શરીરના ઊર્ધ્વભાગમાંનો વાયુ(૨)ઓડકાર. ૦શાખા સ્ત્રી૦ હાંસડીનું હાડકું. -ર્ધ્વાકાંક્ષી વિ૦ ઉચ્ચ આકાંક્ષાવાળું

ઊર્મિ સ્ત્રી૦ [સં.] તરંગ; મોજું (૨) પ્રવાહ (૩) લાગણીનો તરંગ-ઉછાળો (૪) સંગીતમાં એક અલંકાર. ૦કાવ્ય, ૦ગીત ન૦ ઊર્મિથી ભરેલું-રચાયેલું કાવ્ય કે ગીત; 'લીરિક'. ૦મત્, ૦માન વિ૦ ઊર્મિવાળું (૨) મોજાં જેવા વાંકાચૂંકા આકારનું (કેશ વિષે). ૦લ વિ૦લાગણી-પ્રધાન; તરંગવશ. ૦લગ્ન ન૦ ઊર્મિવશ થઈ-ઝટ કરી નંખાતું લગ્ન. ૦લા સ્ત્રી૦ (સં.) લક્ષ્મણની પત્નીનું નામ

ઊર્વ પું૦ [સં.] વાદળ (૨) પિતૃઓનો એક વર્ગ (૩) વડવાનલ (૪) સમુદ્ર

ઊલ સ્ત્રી૦ જીભ ઉપરનો મેલ

ઊલક સ્ત્રી૦ ઊલટી; ઓકવું તે

ઊલકું ન૦ ખાલી બુમરાણથી નાસભાગ ને ગભરાટ થવો તે

ઊલકો(-ખો) પું૦ નાળિયેરનો ગર્ભ કે છોતરા વિનાનો, એક કાણાવાળો, ખાલી ગોળો; હૂકાની કાચલી

ઊલટ વિ૦ ઊલટું; અવળું; પાછું. ૦પા(-પૂ)લટ વિ૦ અવળાસવળી; ઊલટસૂલટ (૨) અવ્યવસ્થિત (૩) સ્ત્રી૦ ઊલટપાલટ તપાસ (૪) અવ્યવસ્થા; ગોટાળો. ૦સૂલટ, -ટાસૂલટી વિ૦ અવળાસવળી (૨) ઊંધુંચતું; આડું-અવળું; તળે ઉપર એવું

ઊલટ સ્ત્રી૦હોંશ,ઉમંગ.૦ભ(-ભે)ર અ૦ઉમંગભેર;હોંશભેર

ઊલટવું અ૦ક્રિ૦ ઊલટથી કરવું(૨)ધસી આવવું(૩)હુમલો કરવો (૪) ઊંધું થઈ જવું (૫) ફરી થવું; પાછું થવું

ઊલટી સ્ત્રી૦ ઓકવું તે; વમન [વિપરીત

ઊલટું વિ૦ ઊંધું; અવળું (૨) વિરુદ્ધ; આડું (૩) સામું;

ઊલવું અ૦ક્રિ૦ (મોસમનું) ખલાસ થવું [ઊભરવું

ઊલસવું અ૦ક્રિ૦ જુઓ ઉલ્લાસવું (૨) એકાએક ઊભા થવું;

ઊલળવું અ૦ક્રિ૦નમી જવું; લળી પડવું(૨)ગાડાં ઇત્યાદિનું આગળથી ઊંચું થઈ જવું(૩)ઊલટાઈ જવું(૪) કૂદવું (૫) જતું રહેવું; નાશ પામવું (૬) [લા] હોંશભેર ધસવું-ઊંચા ને ઊંચા રહેવું

ઊલિયું ન૦ ઊલ ઉતારવાની ચીપ

ઊવટ સ્ત્રી૦ આપદા (૨) અડચણ; હેરાનગતિ; પીડા

ઊશિયું ન૦ દાતરડું

ઊષર વિ૦ (૨) સ્ત્રી૦ [સં.] જુઓ ઊખર

ઊષા સ્ત્રી૦ [સં.] જુઓ ઉષા

ઊષ્મા સ્ત્રી૦ [સં.], ૦ક્ષર પું૦, ૦ભેદ્ય વિ૦, ૦માપકયંત્ર ન૦, -ષ્માંક પું૦ જુઓ 'ઉષ્મા'માં

ઊસ પું૦ એક ક્ષાર (૨) સ્ત્રી૦ શેરડી

ઊસટ વિ૦ સટનું નહિ એવું; ભિન્ન

ઊસપવું સ૦ક્રિ૦ બહાર કાઢવું; ઉલેચવું; ખાલી કરવું (૨) સ્થાનમાંથી કાઢવું. ઊસપાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊસરપાટો પું૦ વિનાશ (૨) સંપૂર્ણ નિકંદન

ઊસરવું અ૦ક્રિ૦ ઓસરવું; ઓછું થવું (૨) ટળવું; જતા રહેવું (૩) નાશ પામવું; નિકંદન નીકળી જવું

ઊહ અ૦ મશ્કરી, ચેષ્ટા, તિરસ્કાર અને ગર્વસૂચક ધ્વનિ (૨) હુંપણાનો ઉદ્‌ગાર. ૦કારો પું૦ દીર્ઘ નિશ્વાસ; નિસાસો (૨) સાંભળું છું, ઠીક છે, સ્વીકારું છું ઇત્યાદિ દર્શાવનારો ધ્વનિ (૩) ગર્વનો અને અનાદર કે તુચ્છકારનો ઉદ્‌ગાર

ઊહ પું૦ [સં.] તર્ક; કલ્પના (૨) પરીક્ષણ (૩) અધ્યાહાર. –હાપોહ પું૦ ચર્ચા [એવો અવાજ

ઊંઆં અ૦ (૨) ન૦ (રવ૦) તરત જન્મેલા બાળકના રડવાનો

ઊંઊં અ૦ (૨) ન૦ (રવ૦) રડવાનો એવો અવાજ

ઊંકરાંટો પું૦ (કા.) મનમાં થતી ઉત્તેજનાનો અંકુર (૨) ટાઢિયા તાવમાં રોમાંચ સાથે થતો ઝમઝમાટ

ઊંકારો પું૦ જુઓ ઊંહકારો

ઊંગ(–જ)ણ ન૦ જુઓ ઊંજણ ['ઊંજવું'માં

ઊંગ(–જ)વું, ઊંગા(–જા)વું, ઊંગા(–જા)વવું જુઓ

ઊંઘ સ્ત્રી૦ નિદ્રા. ૦ટિયું, ૦ટ્ટુ, ૦રેટું વિ૦ ઊંઘમાં ભરાયેલું. ૦ણ સ્ત્રી૦ ઊંઘવું તે (૨) બહુ ઊંઘવાની ટેવ. ૦ણરોગ પું૦ એક જાતની મધમાખીઓથી ફેલાતો જીવલેણ રોગ. ૦ણશી વિ૦ ઊંઘ્યા કરવાની ટેવવાળું (૨) આળસુ; એદી. ૦વું અ૦ક્રિ૦ નિદ્રા લેવી (૨) આળસુ થઈને પડ્યા રહેવું (૩) અજાણમાં–અજ્ઞાનમાં રહ્યા કરવું. –ઘાડવું સ૦ક્રિ૦ ઊંઘે એમ કરવું (૨) પડતું મૂકવું; શાંત પાડવું. –ઘાવું અ૦ક્રિ૦ ઊંઘવાની ક્રિયા થવી. –ઘાળ, –ઘાળવું વિ૦ ઊંઘણશી; બહુ ઊંઘનારું (૨) સહેજસહેજમાં ઊંઘી જાય તેવું. –ઘેટું વિ૦ ઊંઘટિયું

ઊંચ વિ૦ ઉચ્ચ; ચઢિયાતું (૨) ઉમદા. ૦નીચ વિ૦ ઊંચું અને નીચું. ૦વર્ણી (–ર્ણું) વિ૦ ઉચ્ચવર્ણું. ૦ચું વિ૦ સપાટી ઉપરની ઊભી લંબાઈવાળું (૨) ઉચ્ચ; ચડિયાતું; ઉમદા (૩) અતિશય તાણેલ–લંબાવેલ (સૂર). –ચાઈ સ્ત્રી૦ ઊંચાપણું (૨) તેનું માપ. –ચાણ ન૦ ઊંચાઈ (૨) ઊંચી જગા; ટેકરી. –ચાપણું ન૦. –ચે અ૦ સપાટીથી ઉપર; ઊંચી જગાએ; ઊંચાણમાં; ઊંચી દિશામાં. –ચેરું વિ૦ ઊંચું દેખાતું; ઊંચું

ઊંચક(–કા)નું વિ૦ બહેરું (૨) થોડું સાંભળનારું (૩) સાંભળ્યું ન સાંભળ્યું કરનારું; બેદરકાર

ઊંચકવું સ૦ ક્રિ૦ નીચેથી ઊંચું કરવું; ઉપાડવું (૨) હાથ પર લેવું (૩) [લા.] ધમકાવવું. ઊંચકાવું અ૦ક્રિ૦, ઊંચકાવવું સ૦ક્રિ૦ 'ઊંચકવું'નું અનુક્રમે કર્મણિ અને પ્રેરક.

ઊંચકાનું જુઓ ઊંચકનું

ઊંચકામણ ન૦, –ણી સ્ત્રી૦ ઊંચકવાનું મહેનતાણું

ઊંજણ ન૦ ઊંજવું તે (૨) ઊંજવાનું દ્રવ્ય–તેલ, દિવેલ ઇત્યાદિ. –ણી સ્ત્રી૦ મંત્ર ભણીને કપડાના, સાવરણી ઇ૦ના છેડાથી રોગ કે ભૂતને દૂર કરવાની ક્રિયા (૨) તેલ ઊંજવાની કુપ્પી. –ણું ન૦ રાજકુમારી કે રાણીનો રસાલો. –વું સ૦ક્રિ૦ તેલ નાખવું–પૂરવું (૨) રોગ કે ભૂત કાઢવા ઊંજણી નાંખવી. ઊંજાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). ઊંજાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

ઊંટ ન૦ એક પ્રાણી. ૦ડી સ્ત્રી૦ સાંઢ; સાંઢણી; ઊંટની માદા (૨) સોનીનું ઓજાર. ૦ડો પું૦ ઊંટ (૨) જુઓ ઊંટિયો. ૦વૈદ(–દ્ય) પું૦ ઊંટનો–માણસની દવા કરવાને નાલાયક એવો, લેભાગુ વૈદ. ૦વૈદું ન૦ ઊંટવૈદનું કામ; રાક્ષસી ઉપચાર. –ટિયો વિ૦ ઊંટ જેવો ઊંચો (૨) પું૦ ઊંટ (૩) મંદબુદ્ધિ ને આળસુ માણસ (૪) ભારે વજન ઉપાડવાનું યંત્ર (૫) અડો

ઊંટકંટો પું૦ એક વનસ્પતિ

ઊંટિયા(–યું) જીરું ન૦ એક ઔષધિ

ઊંઠ વિ૦ ઊઠ; સાડાત્રણ; સાડાત્રણગણું

ઊંડણિયું વિ૦ ઊંડાણવાળું; ઊંડું [ગોળો–ચૂંક

ઊંડળ સ્ત્રી૦ બાથ (૨) બાથમાં ભરાય તેટલી વસ્તુ (૩) પેટનો

ઊંડળગૂંડળ ન૦ ગોળો; પિંડાળો (૨) પેટમાં ગોળો ચડવો–ચૂંક આવવી તે (૩) ઢંગધડા વગર બોલવું તે (૪) અ૦ અવળ-સવળ; ઢંગધડા વગર; ગોટાળો થાય એમ

ઊંડું વિ૦ સપાટીથી નીચે ઊતરતું (૨) અંદરથી લાંબું (૩) ગહન; ગંભીર (૪) ઘાડું; ગીચ. –ડાઈ સ્ત્રી૦ ઊંડાપણું; ગહનતા (૨) તેનું માપ. –ડાણ ન૦ જુઓ ઊંડાઈ (૨) નીચાણ. –ડાપણું ન૦ [૦વાઈ સ્ત્રી૦ જુઓ ઉંદર'માં

ઊંદર પું૦, ૦કણિયું, ૦કણી, ૦કની, ૦કરણી, ૦કાની,

ઊંધ સ્ત્રી૦ અડા અને માંચડાને સાંધતો ગાડાનો ભાગ; ઊધ

ઊંધાંધળું વિ૦ ઝાંખું (૨) ચૂંખડું (૩) [કા.] મૂર્ખ (૪) ઉડાઉ

ઊંધું વિ૦ અવળું; ઊલટું. –ધકરમું વિ૦ અક્કરમી (૨) ઊંધાં કામ કરનારું. –ધખોદિયું વિ૦ ઊંધાં કામ કરનારું. –ધાઈ સ્ત્રી૦, –ધાપણું ન૦. –ધિયું ન૦ અમુક રીતે બાફેલાં સીંગ કંદનું ખાણું. –ધીપૂતળીનું વિ૦ જેની કીકીમાં ઊંધું પ્રતિબિંબ પડતું હોય એવું (૨) [લા.] વિચિત્ર; અવળી જાતનું (માણસ). ૦ચ(–ચ્છ)તું વિ૦ ઊંધું અને ચત્તું; આડુંઅવળું

ઊંબાડિયું ન૦ ઉંબાડિયું; ઉમાડિયું; ખોયણું

ઊંબેલો પું૦ ઝાડાની હાજત થાય તે; ચૂંક

ઊંબેળવું સ૦ક્રિ૦ (કા.) આમળવું

ઊંહ અ૦ (રવ૦) દુઃખ, તુચ્છકાર કે અભિમાનનો ઉદ્‌ગાર. ૦કારો પું૦ ઊંહ એવો ઉદ્‌ગાર

ઊંહું અ૦ (રવ૦) ઇનકાર કે જીદ દર્શાવતો ઉદ્‌ગાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋ

ઋ પું૦ [સં.] વર્ણમાળાનો સાતમો અક્ષર. ૦કાર પું૦ ઋ અક્ષર કે ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે ઋકારવાળું

ઋક(-ચ,-ચા) સ્ત્રી૦ [સં.] ઋગ્વેદ (૨) વેદનો મંત્ર

ઋક્ષ પું૦; ન૦ [સં.] રીંછ (૨) નક્ષત્ર; તારો (૩) પૌરાણિક ભૂગોળના સાત પર્વતમાંનો એક. ૦પતિ, ૦રાજ પું૦ રીંછોનો રાજા(૨)ચંદ્ર. -ક્ષા પું૦બ૦વ૦ સપ્તર્ષિ(૨) સ્ત્રી૦ ઉત્તરદિશા. -ક્ષી સ્ત્રી૦ રીંછડી

ઋક્ષાંગ ન૦ એક ઔષધિ

ઋખિ પું૦ + ઋષિ; ગુરુ

ઋગ્વેદ પું૦[સં.](સં.) ચતુર્વેદમાંનો પહેલો વેદ. ૦સંહિતા સ્ત્રી૦ ઋગ્વેદની ઋચાઓનો વ્યવસ્થિત સંગ્રહ. -દી વિ૦ ઋગ્વેદને જાણનારું(૨)ઋગ્વેદ ભણનાર બ્રાહ્મણોના કુળમાં જન્મેલું (૩) પું૦ ઋગ્વેદી બ્રાહ્મણ

ઋચ(-ચા) સ્ત્રી૦ [સં.] જુઓ ઋક

ઋચીક પું૦ [સં.] (સં.) જમદગ્નિના પિતા

ઋજુ વિ૦[સં.]સરલ; સીધું(૨)અનુકૂળ; નરમ; ભલું. ૦તા સ્ત્રી૦. ૦યોધી વિ૦ સરળ રીતે-કૂડ વગર લડનારું

ઋજુજડ પું૦[સં.] આદિ જૈન તીર્થંકર ઋષભદેવનો સાધુ

ઋણ ન૦ [સં.] દેવું (૨)આભારનો ભાર (૩) વિ૦ ઋણાત્મક જુઓ [ગ., પ. વિ.]. ૦ત્રય ન૦ દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ; અથવા અતિથિઋણ, મનુષ્યઋણ અને ભૂતઋણ. ૦ભૃત વિ૦ ઋણવિદ્યુતથી ભરેલું (પ.વિ.). ૦મુક્ત વિ૦ ઋણ-દેવામાંથી છૂટું થયેલું. ૦મુક્તિ સ્ત્રી૦ ઋણમુક્ત થવું તે. ૦વિદ્યુત સ્ત્રી૦ ઋણ વીજળી (પ.વિ.). ૦સંબંધ પું૦પૂર્વ જન્મનો ઋણાનુબંધ. -ણાગ્ર પું૦; ન૦ઋણ છેડો(પ.વિ.).-ણાત્મક વિ૦'નેગેટિવ'(ગ.,પ.વિ.). -ણાનુબંધ પું૦ લેણાદેણી. -ણાંત પું૦ (વીજળીના) પ્રવાહનો ઋણ છેડો(પ.વિ.). -ણિયું -ણી વિ૦ઋણવાળું

ઋત ન૦ [સં.] સત્ય (૨) નક્કી અચળ નિયમ; દૈવી નિયમ (૩)પાણી. -તંભર પું૦સત્યને ટકાવી રાખનાર તે-ઈશ્વર. -તંભરા વિ૦સ્ત્રી૦ વિપર્યાસ વિનાની, સત્ય (પ્રજ્ઞા)

ઋતિ સ્ત્રી૦ [સં.] કલ્યાણ (૨) માર્ગ (૩) નિંદા(૪) સ્પર્ધા(૫) ગમન (૬) નરમેધનો અધિષ્ઠાતા દેવ

ઋતુ પું૦ [સં.] ઋતુકાલ (૨) અડકાવ; રજસ્રાવ (૩) સ્ત્રી૦ બે મહિનાનો નિયત કાળ (ષડ્ઋતુ શબ્દ જુઓ) (૪) મોસમ (૫) હવાપાણી. ૦કાલ(-ળ) પું૦ ગર્ભાધાનનો સમય. ૦ગામી વિ૦ ઋતુકાળે જ સંભોગ કરનારું. ૦દર્શન ન૦ અડકાવનું દેખાવું તે. ૦દાન ન૦ ગર્ભાધાન. ૦ધર્મ પું૦ ઋતુદર્શન. ૦પતિ પું૦ ઋતુરાજ; વસંત. ૦પર્ણ પું૦ (સં.) એક સૂર્યવંશી રાજા. ૦પાંડુ પું૦ એક રોગ. ૦પ્રાપ્તિ સ્ત્રી૦ ઋતુદર્શન. ૦ભેદ પું૦ ઋતુઓનું બદલાવું તે. ૦મતી વિ૦સ્ત્રી૦ રજસ્વલા. ૦રાજ પું૦ ઋતુઓમાં શ્રેષ્ઠ એવી ઋતુ-વસંત. ૦વર્ણન ન૦ઋતુઓનું વર્ણન. ૦શાંતિ સ્ત્રી૦ સ્ત્રી૦ પહેલી વાર ઋતુપ્રાપ્તિ થાય ત્યારે કરવાની વિધિ. ૦સંગ્રામ પું૦ સુરતસંગ્રામ; કામક્રીડા. ૦સ્નાતા વિ૦ સ્ત્રી૦ ઋતુસ્નાન કરી શુદ્ધ થયેલી. ૦સ્નાન ન૦ અડકાવ પછી (ચોથે દિવસે) નાહવું તે

ઋતે અ૦ [સં.] સિવાય; સિવાય કે

ઋત્વિજ પું૦ [સં.] યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ; પુરોહિત

ઋદ્ધિ સ્ત્રી૦ [સં.] વૃદ્ધિ; સમૃદ્ધિ (૨) આબાદી; ઉત્કર્ષ (૩) સિદ્ધિ (૪) [સં.] લક્ષ્મી; પાર્વતી

ઋવાદ પું૦ + બ્રહ્મરાક્ષસ

ઋષભ પું૦ [સં.] આખલો (૨) સ્વરસપ્તકમાંનો બીજો સ્વર (૩)ઉત્તમ; શ્રેષ્ઠ (સમાસમાં છેડે). ૦દેવ પું૦ (સં.) વિષ્ણુનો એક અવતાર (૨) જૈનોના એક તીર્થંકર

ઋષિ પું૦ [સં.] મંત્રદ્રષ્ટા (૨) મુનિ; તપસ્વી; સાધુ. ૦ઋણ ન૦ ઋષિઓ પ્રત્યેનું ઋણ. ૦કુમાર પું૦ ઋષિનો પુત્ર. ૦કુલ(-ળ) ન૦ ઋષિઓનો સમૂહ (૨) ઋષિનો આશ્રમ [જેમાં પ્રાચીનકાળમાં વિદ્યા અપાતી હતી] (૩) ઋષિનો વંશ. ૦તર્પણ ન૦ ઋષિઓની તૃપ્તિ માટે જળ આપવું તે ૦પંચમી સ્ત્રી૦ ભાદરવા સુદ પાંચમ; સામાપાંચમ. ૦પત્ની સ્ત્રી૦ઋષિની પત્ની. ૦યજ્ઞ પું૦ પંચમહાભૂતયજ્ઞમાંનો એક જેમાં જ્ઞાનદ્વારા ઋષિનું તર્પણ કરવાનું હોય છે. ૦લોક પું૦ સત્યલોકની નજીક કલ્પેલો ઋષિઓનો લોક.

ઋષ્યશૃંગ પું૦ [સં.] (સં.) એક ઋષિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ

એ પું૦ [સં.] વર્ણમાળાનો દસમો અક્ષર
એ સ૦ તે; પેલું (૨) વર અથવા વહુની સંજ્ઞા (હિંદુઓમાં) (૩) ત્રીજી અને સાતમી વિભક્તિનો પ્રત્યય [વ્યા.] (૪) વિ૦ પેલું (૫.) અ૦ 'અરે, ઓ, હે' આદિ સૂચક ઉદ્ગાર
એઈ સ્ત્રી૦+મર્યાદા; આમન્યા
એક વિ૦ [સં.] '૧' (૨) અજોડ; અદ્વિતીય (૩) અમુક; ચોક્કસ નહિ એવું (૪) સરખું; સમાન; ભેદરહિત (૫) સંખ્યાવાચક શબ્દને છેડે લાગતાં 'આશરે' 'શુમારે' અર્થ બતાવે. ઉદા૦ સોએક. ૦એક વિ૦ એકી સાથે એક (૨) એક પછી એક. ૦ત્વ ન૦, ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦ [ઑર્ડર' (ગ.)
એકકક્ષિક સમીકરણ ન૦ [સં.] 'ઇક્વેશન ઑફ ધી ફર્સ્ટ
એકકાલિક, એકકાલીન વિ૦ [સં.] સમકાલીન (૨) એકી સાથે બનતું (૩) માત્ર એક વાર બનતું
એકકેંદ્ર વિ૦ [સં.] એક કેંદ્રવાળું [શસ્ત્રવૈદનું એક શસ્ત્ર
એકખુરી વિ૦ [સં.] એક અખંડ ખરીવાળું (પ્રાણી) (૨) ન૦
એકગર્ભકોશી(-ષી) વિ૦ [સં.] એક જ ગર્ભકોશવાળું
એકઘાતપદી સ્ત્રી૦ [સં.] (ગ.) 'ધી ફર્સ્ટ ડિગ્રી ઍક્સ્પ્રેશન'
એકઘાત સમીકરણ ન૦ [સં.] (ગ.) સુરેખ સમીકરણ; 'લીનિયર ઇક્વેશન' [રાખીને
એક(-કે)ચક્રે અ૦ એક જ જણના હાથમાં બધી સત્તા
એકચક્ર વિ૦ [સં.] ચક્રવર્તી. -ક્રી વિ૦ એક પૈડાવાળું (૨) ચક્રવર્તી (૩) સ્ત્રી૦ એક પૈડાની સાઇકલ. -ક્રે અ૦ એકચક્રે
એકચિત્ત વિ૦ [સં.] તલ્લીન; ધ્યાનસ્થ (૨) ન૦ ધ્યાન
એકછત્ર વિ૦ [સં.] એક રાજાવાળું (૨) ન૦ કુલ અધિકાર એક જ હાથમાં હોય એવી શાસનપદ્ધતિ. -ત્રે અ૦ એક જ રાજાના અમલ તળે
એકજથ્થે(-થ્થે) અ૦ એક સાથે; એક ઠેકાણે
એકજાત વિ૦ એક જ જાતનું-વર્ગનું; સરખું. -તીય વિ૦ [સં.] એક વર્ગનું કે કુટુંબનું (૨) એક જ જાતિનું (નર કે માદા)
એકજીવ વિ૦ [સં.] મનમાં પરસ્પર ભેદભાવ વગરનું; એકરૂપ
એકટંગું, -ગિયું વિ૦ એકપગું (૨) લંગડું
એકટાણું ન૦ એક ટંક જમવું તે
એકઠું વિ૦ ભેગું (૨) અ૦ એક જગાએ-સાથે
એકડ વિ૦ કોઈની સાથે ભળે નહિ એવું [વર્ગ
એકડિયાં ન૦બ૦વ૦ એકડો બગડો શીખવાનો બાળપોથીનો
એકડો પું૦ એકનો સંજ્ઞાસૂચક આંકડો (૨) સહી (૩) કબૂલાત (૪) જ્ઞાતિનો ગોળ [એવું મકાન કે ઓસરી
એકઢાળિયું વિ૦ એક જ બાજુ ઢળતા છાપરાવાળું (૨) ન૦
એકતરફી વિ૦ એકપક્ષી; એક બાજુનું
એકતંત વિ૦ આગ્રહી (૨) પું૦ આગ્રહ. -તે અ૦ સાથે મળીને; એક રાગથી (૨) લાગુ રહીને; ખંત ને આગ્રહથી
એકતંત્ર વિ૦ [સં.] બધાની સંમતિવાળું (૨) તૂટ પડ્યા વિનાનું (૩) એક વ્યવસ્થા નીચેનું (૪) ન૦ એક સરખી વ્યવસ્થા તે (૫) સર્વાનુમતિ
એકતા સ્ત્રી૦ [સં.] સંપ; ઐક્ય [સ્ત્રી૦ એકતાન હોવું તે
એકતાન વિ૦ (૨) ન૦ [સં.] જુઓ એકચિત્ત. ૦ત્વ ન૦, ૦તા
એકતાર વિ૦ એક તારવાળું (૨) એકસરખું (૩) એકરસ (૪) એકચિત્ત. -રું વિ૦ એક તારવાળું (૨) એકસરખું. -રો પું૦ એક તારવાળો તંબૂરો
એકતાલ પું૦ [સં.] જેમાં એક જ તાલ આવે એવો રાગ (૨) સંગીતનો એક તાલ (૩) ઐક્ય (૪) વિ૦ એક તાલવાળું
એકતાળીસ વિ૦ ૪૧
એકતાળો પું૦ મણના એકતાળીસ શેર થાય એવું માપ
એકતી(-ત્રી)સ વિ૦ ૩૧ [એકત્ર કરેલું; એકઠું
એકત્ર અ૦ [સં.] એક જગાએ; સાથે (૨) એકંદર. -ત્રિત વિ૦
એકત્રીસ વિ૦ એકતીસ; ૩૧
એકત્વ ન૦ [સં.] એક હોવાપણું
એકથંભુ વિ૦ એક થાંભલાવાળું; એક થાંભલા ઉપર રચેલું
એકદમ અ૦ તાબડતોબ (૨) સાવ; તદ્દન
એકદલ(-ળ,-ળિયું) વિ૦ [સં.] એકસરખા દળનું
એકદસ્તી સ્ત્રી૦ કુસ્તીનો એક દાવ
એકદંડિયું વિ૦ એકથંભુ (૨) એકદંડાને લગતું
એકદંડી પું૦ [સં.] એક પ્રકારનો સંન્યાસી; હંસ
એકદંડો પું૦ મરતી વેળા થતો સાસ; એકદંડિયો શ્વાસ
એકદંત વિ૦ [સં.] એક દાંતવાળું (૨) પું૦ (સં.) ગણેશ (૩) એક દાંતવાળો હાથી
એકદા અ૦ [સં.] એક વખતે (૨) અગાઉના વખતમાં
એકદાણિયું ન૦ એકસરખા મણકાની કંઠી; મંગળસૂત્ર
એકદાણી વિ૦ બધા દાણા સરખા હોય તેવું (૨) એક કદનું; એકસરખું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકદિલ વિ૦ જેના દિલમાં જુદાઈ નથી એવું; એકજીવ. -લી સ્ત્રી૦ એકદિલ હોવું તે (૨) મનનો મેળ; સંપ

એકદૂધ વિ૦ એક જ દૂધ ધાવેલું; એક વંશનું

એકદૃષ્ટિ વિ૦ [સં.] એક આંખવાળું (૨) સ્ત્રી૦ તાકીને જોઈ રહેવું તે; સામસામી નજર થઈ જવી તે(૩)એક જ-સરખો હેતુ હોવો તે

એકદેશ પું૦ [સં.] એક સ્થળ અથવા જગા (૨) એક ભાગ અથવા વિભાગ;એક બાજુ(૩)એક આશય કે મહત્ત્વાકાંક્ષા. -શાબ્દજ્ઞ પું૦ એક ન્યાયદોષ; બે એકદેશી નિર્દેશો પરથી કાઢેલું નિગમન; 'ફૅલસી ઑફ પર્ટિક્યુલર પ્રેમિસીસ'

એકદેશી,૦ય વિ૦[સં.] એક જ દેશનું-વતનનું (૨)એક દેશ-ભાગને લાગુ પડતું; એકતરફી (૩) અધૂરું. -શિતા સ્ત્રી૦, ૦પણું ન૦. ૦સમાસ પું૦ ષષ્ઠીતત્પુરુષનો એક પ્રકાર

એકધર્મી વિ૦ [સં.] એક જ-સમાન ગુણધર્મ ધરાવનારું; એક જ જાતનું (૨) એક જ ધર્મનું

એકધા અ૦ [સં.] એક રીતે (૨) એક હાથે (૩) એકદમ; એક જ વખતે (૪) એક વખતે

એકધારું વિ૦ એકસરખું; ફેરફાર વિનાનું [એકાગ્રતા

એકધ્યાન વિ૦ [સં.] એકચિત્ત; ધ્યાનમાં એકાગ્ર (૨) ન૦

એકનસિયું,એકનસીલું વિ૦ જક્કી

એકનિશ્ચયી વિ૦[સં.] કરેલા નિશ્ચયને વળગી રહે તેવું; દૃઢ (૨) સરખા-સમાન નિશ્ચયવાળું

એકનિષ્ઠ વિ૦[સં.] એકનિષ્ઠાવાળું. -ષ્ઠા સ્ત્રી૦એકની જ ઉપર નિષ્ઠા-આસ્થા હોવી તે (૨) વફાદારી (૩) પ્રમાણિકતા

એકપક્ષી વિ૦ [સં.] એકતરફી [થતું હોય એમ

એકપગું વિ૦ એક પગવાળું. -ગે અ૦ અધીરું, તલપાપડ

એકપતિત્વ ન૦[સં.] એક જ પતિ હોવો તે(૨)પતિ પ્રત્યેની વફાદારી

એકપત્ની(૦ક)ત્વ ન૦ [સં.] એક જ પત્ની હોવી તે

એકપત્નીવ્રત ન૦ [સં.] એક જ પત્ની કરવનું વ્રત

એકપદી વિ૦ [સં.] એક પદવાળું; 'મોનોમિયલ' (ગ.) (૨) સ્ત્રી૦ કેડી; પગથી

એકપર્ણી વિ૦ [સં.] એક પર્ણ-પાંદડાવાળું

એકપાઠી વિ૦ [સં.] એક જ વખત વાંચવાથી અથવા સાંભળવાથી યાદ રાખી શકે એવું

એકપુષ્પી વિ૦[સં.]એક બીજકોશવાળું; 'યુનિલોક્યુલર'

એકપ્રાણ વિ૦ [સં.] એકજીવ

એકફસલી વિ૦ વરસમાં એક પાક આપે એવું

એકબારગી અ૦ એક રીતે;એક બાજુથી જોતાં(૨)એક વાર

એકબિંદુક વિ૦[સં.] એક બિંદુમાં મળતું; 'કૉનકરંટ'(ગ.)

એકબીજું અન્યોન્યવાચક સ૦ (કર્તા-વિભક્તિમાં વપરાતું નથી.) [વિચારવાળું

એકબુદ્ધિ વિ૦[સં.]એક જ પ્રકારની બુદ્ધિવાળું (૨)સરખા

એકભાવતા સ્ત્રી૦[સં.]એક-સમાન ભાવ કે ભાવના હોવી તે

એકભાવું વિ૦ એક જ ભાવનું; સરખી કિંમતનું

એકભુક્ત,એકભોજન વિ૦[સં.] એક ટંક ખાનારું (૨) ભેગું બેસીને ખાનારું (૩) ન૦ એક ટંક ખાવાનું વ્રત (૪) ભેગું બેસીને ખાવું તે

એકમ પું૦ ગણતરી વગેરે હેતુઓ માટે એક અને આખી પૂર્ણ માનેલી વસ્તુ અથવા સમૂહ; 'યુનિટ'(૨)એકડો (૩) સંખ્યાલેખનમાં જમણા હાથથી પહેલા સ્થાનનો આંકડો (૪)સ્ત્રી૦ પડવો

એક મગ(-ગા) અ૦ એક બાજુ

એકમજલી વિ૦ એક મજલા-માળવાળું

એકમત વિ૦[સં.]એક અભિપ્રાયવાળું;સર્વાનુમત(૨)સંમત. -તિયું વિ૦ એક જ મત કે તંતને વળગી રહેનારું;જિદ્દી. -તી સ્ત્રી૦ બધાનો સરખો મત હોવો તે

એકમન વિ૦[સં.] એકચિત્ત (૨) એક વિચારનું (૩) ન૦ એકમન હોવું તે; સંપ. -નું વિ૦ એકમનવાળું;સર્વત્ર સમાન ભાવવાળું

એકમય વિ૦[સં.] એકમાં લીન; એકરૂપ

એકમલ્લ પું૦ [સં.] જુઓ એકલમલ્લ

એકમાત્ર વિ૦ [સં.] એકનું એક; ફક્ત એક જ

એકમાર્ગી વિ૦[સં.] એક જ માર્ગને વળગી રહેનારું (૨) સરળ; સીધે માર્ગે જનારું

એકમુલકી વિ૦ એક જ દેશનું

એકમેક અ૦ પરસ્પર; માંહોમાંહે (૨) સ૦ એકબીજું. ૦તા સ્ત્રી૦ એકરૂપતા; એકમેક થવું તે

એક મેર અ૦ એક બાજુ

એકમેળ વિ૦ સંપીલું (૨) પરસ્પર મેળ ખાય એવું; સંવાદી (૩) પું૦ સંપ; સંવાદ; મેળ

એકર પું૦[ઇં.] ૪૮૪૦ ચોરસફૂટ જમીનનું માપ [સ્ત્રી૦

એકરસ વિ૦બરાબર મળી-પીગળી ગયેલું(૨)ગુલતાન. ૦તા

એકરંગ(-ગી) વિ૦[સં.] એક જ સરખા રંગનું (૨) મળતા સ્વભાવ કે વિચારવાળું [સંપ;સંવાદ

એકરાગ વિ૦ [સં.] જુઓ એકરંગી (૨) પું૦ એકમતી;

એકરાર પું૦,૦નામું ન૦ જુઓ 'ઇકરાર'માં

એકરાશ વિ૦ એક જાતનું; એકસરખું; સમાન ગુણવાળું (૨)જેમની મળતી રાશિ હોય એવું (૩) સ્ત્રી૦સરખાપણું; મળતાપણું (૪) સંપ [દેખાવનું;બહુરૂપીથી ઊલટું

એકરૂપ(-પી) વિ૦ [સં.] એક જ રૂપનું;અભેદ (૨) સરખા

એકલ વિ૦ એકલું. ૦ડો(-દો)કલ્લ વિ૦એકલું; સોબત-સંગાથ વિનાનું (અથવા એકાદ સંગાથવાળું). ૦તા સ્ત્રી૦ એકલાપણું. ૦પીઠું વિ૦ નિરાળું; એકલું. ૦પેટું વિ૦ આપસ્વાર્થી. ૦મલ્લ પું૦ અદ્વિતીય મલ્લ-કુસ્તીબાજ (૨) ઘણો જબરો માણસ (૩)એક્કો (૪) વિ૦અજોડ (૫) એક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગી. ૦મૂડિયું,૦મૂઢું વિ૦ સ્ત્રી, પુત્ર આદિ પરિવાર વિનાનું; એકલેએકલું. ૦વાયું વિ૦ એકલું; એકલદોકલ (૨) સ્ત્રી, પુત્રાદિ પરિવાર વિનાનું (૩) આશ્રય વગરનું. ૦વીર પું૦ એકલે હાથે ઝૂઝનાર વીર. ૦સૂરું વિ૦એકલું; સોબત વિનાનું (૨) એકલપેટું; સ્વાર્થી. ૦સૂરાપણું ન૦ એકલપેટાપણું. ૦હથ્થું વિ૦ જુઓ એકહથ્થું

એકલકંદો પું૦ એક વેલો; શતાવરી

એકલકૂદો પું૦ એકલંગા

એકલક્ષી વિ૦ [સં.] એક જ લક્ષ કે હેતુવાળું [ચીલો

એકલવાઈ સ્ત્રી૦ સોનીનું એક ઓજાર(૨)એક બાજુ ઊંચો

એકલંગા સ્ત્રી૦ કુસ્તીનો એક દાવ

એકલિયું ન૦ એકને સૂવાના માપનું ગોદડું

એકલિંગ વિ૦ [સં.](વ્યા.)એક જ લિંગ-જાતિ બતાવે એવું (૨) પું૦(સં.) મેવાડના રજપૂતોના કુલદેવ એવા મહાદેવ (૩) કુબેર. ૦જી પું૦ એકલિંગ મહાદેવ

એકલું વિ૦ કોઈના સાથ વિનાનું; એકાકી

એકલોહિયું વિ૦ એક લોહીવાળું-એક કુળમાં જન્મેલું

એકવચું વિ૦ (૨) અ૦ એકસાથે-એકબાજુએ હોય એવું (૩) સામટું; એક જથે (૪) ઓચિંતું

એકવચન ન૦ [સં.] ફરે નહિ એવું વચન(૨)[વ્યા.] એક જ વસ્તુનો બોધ કરે તે. -ની વિ૦ બોલ્યું પાળે એવું (૨) [વ્યા.] એકવચનવાળું

એકવટ વિ૦ વટવાળું; ટેકીલું

એકવડ વિ૦ એકવડું; એક પડવાળું. -ડિયું વિ૦નાજુક-નબળા બાંધાનું;સૂકલું. -ડું વિ૦એકવડિયું(૨)એક પડવાળું

એકવર્ણ વિ૦ [સં.] એક વર્ણનું-ન્યાતનું (૨) ન્યાતજાતના ભેદ વિનાનું (૩) એકરંગી (૪) એકસરખું. ૦સમીકરણ ન૦ 'સિમ્પલ ઇક્વેશન' (ગ.) [સમાનાર્થતા

એકવાક્ય ન૦[સં.] એકમતી. ૦તા સ્ત્રી૦ એકસરખાપણું;

એકવાદ પું૦ [સં.] એક જાતનું તબલું (૨) એકેશ્વરવાદ

એકવાર,-રે અ૦ એક, અમુક વખતે (૨) એક ફેરો. ૦કું વિ૦ એક વારનું; પહેલપ્રથમ. -રિયું વિ૦ એક વાર બને એવું;એક વખતનું (૨)એક વારના માપનું (૩) ન૦ એક વાર ખાંડેલી ડાંગર; કરડ

એકવિધ વિ૦ [સં.] એક પ્રકારનું

એકવીતનું વિ૦ એક જ વાર બને એવું (ન્યાતનું જમણ)

એકવીસ વિ૦૨૧. -સા પું૦બ૦વ૦૨૧×૧થી ૧૦નો ઘડિયો

એકવેણિ(-ણી) સ્ત્રી૦ [સં.] સાદો અંબોડો

એકવૃંદ ન૦ [સં.] ગળાનો એક રોગ(૨) એક ઢગલો-સમૂહ

એકશાસન ન૦[સં.] એકહથ્થું અમલ

એકશ્રુતિ વિ૦[સં.]ઉદાત્ત,અનુદાત્ત ઇત્યાદિ સ્વરોના વિભાગ કર્યા વિના જ ઉચ્ચારેલું-ઉચ્ચારાયેલું

એકસટ વિ૦ એક સટ-જથામાંનું (૨) પું૦ એક સટ

એકસઠ વિ૦ ૬૧

એકસત્તાક વિ૦ [સં.] એકહથ્થું સત્તાવાળું

એકસરખું વિ૦ સમાન; બધી રીતે સરખું

એકસરી વિ૦ એકસેરું (૨) સ્ત્રી૦ એવું કાટનું એક ઘરેણું

એકસંધિ વિ૦[સં.]સાંધા વિનાનું;એક આખામાંથી બનાવેલું

એકસંપ વિ૦એકસંપીવાળું(૨)પું૦ઐક્ય; સંપ(૩)બધાએ મળી એકસરખો વિચાર-નિશ્ચય કરવો તે. -પી સ્ત્રી૦ (૨) વિ૦ જુઓ એકસંપ. -પીલું વિ૦ એકસંપ

એકસાન વિ૦ એકસરખું; એકરૂપ

એકસૂત્ર ન૦ [સં.] ડાખલું; ડમરુ

એકસૂરું વિ૦ એક-સમાન સૂરવાળું

એકસેરું વિ૦ એક સેરવાળું

એકસો, -સેં વિ૦ ૧૦૦

એકસ્વરી વિ૦ [સં.] એક સ્વરવાળું; 'મોનોસિલેબિક'

એકહથ્થું(-થ્થું) વિ૦ એક જ હાથમાં હોય એવું

એકહરી પું૦ કુસ્તીનો એક દાવ

એકંદર વિ૦ બધું મળીને થતું; કુલ. -ર(-રે) અ૦ સામટી રીતે; બધી બાબતોનો વિચાર કરતાં

એકા પું૦બ૦વ૦ ૧×૧ થી ૧૦ નો ઘડિયો

એકાએક અ૦ઓચિંતું;એકદમ [૦તા સ્ત્રી૦, ૦પણું ન૦

એકાકાર વિ૦ [સં.] એક આકારવાળું; એકરૂપ(૨)સેળભેળ.

એકાકી વિ૦ [સં.]એકલું(૨) નિરાધાર. -કિતા સ્ત્રી૦એકાકી હોવું તે. -કિની વિ૦ સ્ત્રી૦ એકાકી [કાગડો

એકાક્ષ(-ક્ષી) વિ૦ [સં.] એક આંખવાળું(૨) કાણું(૩) પું૦

એકાક્ષર વિ૦ [સં.] એક અક્ષરવાળું (૨) પું૦ એક અક્ષર (૩) એવો ગૂઢ મંત્ર-ૐ. -રી વિ૦ એકાક્ષરવાળું

એકાક્ષી જુઓ એકાક્ષ [ચિત્તવાળું. ૦તા સ્ત્રી૦

એકાગ્ર વિ૦[સં.] એકલક્ષી(૨)તલ્લીન. ૦ચિત્ત વિ૦ એકાગ્ર

એકાચ્ વિ૦[સં.]એક સ્વરવાળું (વ્યા.)

એકાચાર પું૦ [સં.] એકસરખો આચાર; એકસરખું વર્તન

એકાણું(-ણું) વિ૦ ૯૧

એકાત્મ વિ૦ [સં.]પોતાના ઉપર જ આધાર રાખનારું;એકલું (૨) એક-સમાન આત્માવાળું. ૦તા સ્ત્રી૦, ૦ભાવ પું૦ આત્મૈક્ય. -ત્મિક વિ૦ પર્યાયિક (ગ.) [એક;વિરલ

એકાદ(-દું) વિ૦ કોઈ એક (૨) એક અથવા બે (૩)ભાગ્યે

એકાદશ વિ૦ [સં.] ૧૧. -શા સ્ત્રી૦ અગિયારમું (૨) અગિયારમાની ક્રિયા. -શી સ્ત્રી૦ અગિયારસ

એકાદું વિ૦ જુઓ એકાદ [ઇક્વૅલિટી (ગ.)

એકાધિક ગુણોત્તર પું૦ [સં.] 'રેશિયો ઑફ ગ્રેટર ઇન-

એકાનએક અ૦ એકાએક

એકાર્થ(-ર્થી) વિ૦[સં.] એકસરખા અર્થ કે આશયવાળું. -ર્થ નિર્દેશ પું૦ સમાન અર્થવાળા શબ્દો કહેવા તે

એકાવન વિ૦ ૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાવલિ(-લી) સ્ત્રી૦ [સં.] એકસરી(૨) એક અર્થાલંકાર-જેમાં પૂર્વપદો સાથે ઉત્તર પદોનું વિશેષણ રૂપે સ્થાપન કે નિષેધ દેખાડાય છે
એકાવળ હાર પું૦ એક ઘરેણું; એક સેરનો હાર
એકાશ(-સ)ણુ(-ણું) ન૦ એક ટંક ખાવું તે
એકા(-ક્યા)શી(-સી) વિ૦ ૮૧
એકાસણુ(-ણું) ન૦ એકાશણ
એકાસન ન૦ [સં.] એકસરખું આસન
એકાસૂધ અ૦ દરેકેદરેક; તમામ
એકાંક વિ૦[સં.]એક આંકડાવાળું(૨)એક અંકવાળું(નાટક) (૩) ન૦ એકમ; 'યુનિટ'. -કી વિ૦ એકાંક
એકાંગ વિ૦[સં.]એક અંગવાળું(૨)અપંગ; ખોડવાળું(૩) પું૦ અંગરક્ષક(૪) [સં.] બુધ નામનો ગ્રહ(૫) ન૦ એક અંગ અથવા ભાગ. ૦વાત પું૦એક અંગનું રહી જવું તે; પક્ષાઘાત. -ગી વિ૦ જુઓ એકાંગ(૨) એકતરફી(૩) એક વાતને પકડી રાખનારું; હઠીલું. -ગીપણું ન૦
એકાંડ ન૦ એક જાતનો ઘોડો
એકાંત વિ૦[સં.]કોઈના અવરજવર વિનાનું(૨) એકલું; એકાકી(૩)ખાનગી (૪) એક જ બાજુ અથવા વસ્તુને લગતું; અનેકાંતથી વિરુદ્ધ એવું(૫) ન૦; સ્ત્રી૦ જ્યાં કોઈ ન હોય એવી જગા. ૦વાદ પું૦ એક અમુક જ સાચું ને બીજું નહિ એવો આગ્રહ. ૦વાસ પું૦ એકાંતમાં રહેવું તે(૨) છૂપી રીતે રહેવું તે. -તિક વિ૦ એક જ હેતુ, માણસ કે સિદ્ધાંતને વળગી રહેનારું (૨) (સિદ્ધાંત જેવું) છેવટનું; 'ઍબ્સોલ્યૂટ'.-તિકત્વ ન૦ વ્યાઘાતવાળી બે વસ્તુમાંની એક ખરી અને બીજી ખોટી હોવી જોઈએ એ નિયમ(ન્યા.)
એકાંતર વિ૦ [સં.]વચમાં એક આંતરો પડે એવું (૨) દર ત્રીજે દિવસે આવતું. ૦પ્રમાણ ન૦ 'ઑલ્ટરનેન્ડો' (ગ.). ૦વૃત્તખંડ પું૦ 'ઑલ્ટરનેટ સેગમેન્ટ ઑફ એ સર્કલ' (ગ.). -રા(-રે) અ૦ એકને આંતરે; વચમાં એક મૂકી દઈને. -રિયું વિ૦ એકાંતર. -રિયો પું૦ એક એક દહાડાને આંતરે આવતો તાવ. -રું વિ૦ એકાંતર
એકાંતિક, ૦ત્વ [સં.] જુઓ 'એકાંત'માં
એકાંશ પું૦ [સં.] એક અંશ-ભાગ(૨)[ગ.] 'અલિકોટ પાર્ટ'
એકી વિ૦ બે વડે નિઃશેષ ન ભાગી શકાય એવી (સંખ્યા)(૨) સ્ત્રી૦ એકતા (૩)[લા.] પેશાબની હાજત (૪) વિ૦ એક જ. ૦કલમે અ૦ એકી સાથે. ૦ટશે(-સે) અ૦ એકી નજરે; ટગર ટગર. ૦વારે અ૦ એકે ઝપાટે; એકી વખતે
એકીકરણ ન૦[સં.] અનેકને એક કરવાં તે
એકીએકી સ્ત્રી૦ એક બાળરમત
એકીભવન ન૦,**એકીભાવ** પું૦ [સં.] અનેકનું એકરૂપ થવું તે
એકીભૂત વિ૦ [સં.] એકરૂપ બનેલું; એકત્રિત
એકુકું વિ૦ +એકએક (૨) એક પછી એક
એકે(-ક્કે) વિ૦ એક પણ [એક એમ
એકેક વિ૦ એકએક (૨) છૂટું; નોખું (૩) અ૦ એકી વખતે
એકેકું વિ૦ એક પછી એક
એકેચકવે અ૦ એકચકવે [વિ૦(૨)પું૦ તેમાં માનનાર
એકેશ્વરવાદ પું૦[સં.] ઈશ્વર એક જ છે એવો મત. -દી
એક્કે વિ૦ જુઓ એકે
એકોતેર વિ૦ ઇકોતેર; ૭૧
એકોદર વિ૦ [સં.] એક પેટનું; સહોદર
એકોદ્દિષ્ટ વિ૦ [સં.] એકને ઉદ્દેશાયેલું (શ્રાદ્ધ) [(ગ.)
એકોનગુણોત્તર પું૦[સં.]'રેશિયો ઑફ લેસ ઇનઇક્વૉલિટી'
એક્કો પું૦ રમવાનાં પાનાંમાંનું એક સંજ્ઞાવાળું પત્તું (૨) એક બળદ કે ઘોડાથી ખેંચાતું વાહન(૩)એકતા; સંપ(૪) [લા.] સૌથી બાહોશ અથવા કુશળ આદમી; શ્રેષ્ઠ પુરુષ
એક્યાશી(-સી) એકાશી; વિ૦ ૮૧ [જેવો માલ
એખરો પું૦એક ઔષધિ(૨)એનું ઝાડ(૩)[લા.]કચરાપૂંજા
એખલાસ પું૦ ઇખલાસ; દોસ્તી
એજન અ૦[અ.] એ જ; ઉપર પ્રમાણે
એજન્ટ પું૦[ઇં.]આડતિયો; મુનીમ(૨)પ્રતિનિધિ;મુખત્યાર. -ન્સી સ્ત્રી૦ આડત (૨) આડતની દુકાન (૩) સરકારી એજન્ટની હકૂમત નીચેનો (દેશી રાજ્યમાંનો) પ્રદેશ
એઝવું સ૦ ક્રિ૦ (કા.) સ્પર્શ કરવો
એટલું વિ૦ જણાવેલા માપ કે સંખ્યાનું. -લામાં અ૦ એટલા વખતમાં. -લે અ૦ અર્થાત્ (૨) તેથી; એ ઉપરથી
એઠ વિ૦ એઠું(૨)સ્ત્રી૦ એઠવાડ. ૦વાડ(-ડો) પું૦ખાવાપીવાથી થતો ગંદવાડ (એઠું વાસણ, છાંડણ વગેરે) (૨) કચરોપૂંજો; મલિનતા. -ઠું વિ૦ જમતાં વધેલું; ઉચ્છિષ્ટ (૨) ખાઈ પી કે અડીને બોટેલું કે બોટાય એવું (૩) એઠવાડથી ગંદું (૪) ન૦ એઠું કે તેવું થાય એવું અન્ન. -ઠું જૂઠું વિ૦ એઠું (૨) ન૦ છાંડણ; એઠવાડ
એડ(-ડી) સ્ત્રી૦ જુઓ એડી
એડવવું સ૦ક્રિ૦ અડકાડવું; જોડવું (૨) ઘાલવું; ઘુસાડવું
એડી સ્ત્રી૦ પાનીનો છેડો(૨) બૂટની એડી (૩) ત્યાં લગાડાતી ઘોડાને મારવાની આર-ચકરડી (૪) બીબું; સોનીનું એક ઓજાર. ૦દાર વિ૦ એડીવાળું [સ્નેહ
એડો વિ૦ પું૦ આડો; ઊંધો; ખરાબ (૨) પું૦ નેડો; અનિષ્ટ
એડ્વોકેટ પું૦ [ઇં] વકીલ; ધારાશાસ્ત્રી (૨) મોટો વકીલ
એઢી સ્ત્રી૦ જુઓ હેડ [માફક
એણ ન૦ [સં.] એક જાતનું કાળું હરણ. -ણી સ્ત્રી૦ એની
એણુપ સ્ત્રી૦ મકરરાશિ [અ૦ એ રીતે
એણી સ૦ પેલી; તે. (૨) સ્ત્રી૦ જુઓ 'એણ'માં. ૦પેર(-રે)
એણું ન૦ ઢોરનું વસૂકી જવું તે
એણે સ૦ 'એ'નું ત્રીજી વિભક્તિનું રૂપ (૨) વિ૦ +એ
એતદ્દાલ વિ૦ માફકસરનું (૨) સમશીતોષ્ણ (હવા, પ્રદેશ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઐતદ્દેશી,૦ય વિ૦ [सं.] એ દેશને લગતું
ઐત્તું વિ૦ + એટલું
ઐદી વિ૦ આળસુ; સુસ્ત. ૦ખાનું ન૦ આળસનું ઘર; [ઐદીનો અખાડો
ઐધાણ ન૦,–ણી સ્ત્રી૦ એંધાણ; સંજ્ઞા; નિશાની; ચિહ્ન
ઐન વિ૦ [अ.] ખરું; અસલ (૨) ખાસ; મુખ્ય (૩) સરસ; સુંદર (૪) [કા.] ઠીકઠીક; સામાન્ય રીતે સારું (૫) સ્ત્રી૦; ન૦ શોભા; આબરૂ; શાખ (૬) અણીનો વખત. ૦ઊપજ સ્ત્રી૦ ખાસ–જમીનની ઊપજ (૨) જમીનનું મહેસૂલ. ૦કરજ ન૦ ખરું–અસલ દેવું. ૦કિંમત સ્ત્રી૦ ખરી–મૂળ કિંમત. ૦ખરચ,૦ખર્ચ પું૦; ન૦ ખાસ ખરચ (૨) જમીન પાછળનું ખર્ચ. ૦ચોમાસું ન૦ ખરું–ભરચોમાસું. ૦જમા સ્ત્રી૦ જમીનમહેસૂલની આવક. ૦જમીન સ્ત્રી૦ ખાસ–વાવેતરવાળી જમીન. ૦જુવાની સ્ત્રી૦ ખરી–ભરજુવાની. ૦તક સ્ત્રી૦ ખરી તક. ૦લાવણી. સ્ત્રી૦ ખરી લાવણી. ૦વાવેતર ન૦ ખરું—અન્ન ઉત્પન્ન થાય એવું વાવેતર. ૦વેળા સ્ત્રી૦ ખરી–અણીની વેળા
ઐન ન૦ એક ઝાડ કે તેનું લાકડું
ઐનઘેન સ્ત્રી૦ છોકરાંની એક રમત
ઐનાયત સ્ત્રી૦ ઇનાયત; આપવું તે; બક્ષિશ
ઐપ્રિલ પું૦ [इं.] અંગ્રેજી વર્ષનો ચોથો મહિનો
ઐબ સ્ત્રી૦ [अ.] ખોડખાંપણ; ખામી (૨) દૂષણ; કલંક. ૦દાર,–બિયલ વિ૦ ઐબવાળું
ઐમ અ૦ એ રીતે; એ પ્રમાણે
ઐમન પું૦ સંગીતની એક રીતનું નામ
ઐમાન ન૦ જુઓ આમાન્ન
ઐરકા ન૦ [सं.] એક વનસ્પતિ
ઐરગેરિયા વિ૦ નામના કે વગર સરકારધારાની એવી– [ઇનામી (જમીન)
ઐરણ,–ણી સ્ત્રી૦ અમુક આકારનું લોખંડનું ગચિયું, જેના ઉપર સોની, લુહાર વગેરે ઘડવાનું ઘડે છે
ઐરણકાકડી સ્ત્રી૦ પપૈયાનું ઝાડ (૨) તેનું ફળ
ઐરમડી સ્ત્રી૦ એક ઝાડ. –ડું ન૦ ઐરમડીનું ફળ (૨) અંબોટમાં પહેરવાનું જાડું શણિયું; ચીકટો
ઐરવાદસ ન૦ એક જાતનું બીજ–ઔષધિ
ઐરંગ સ્ત્રી૦ [सं.] એક જાતની માછલી
ઐરંડો પું૦ દિવેલો. –ડમૂળ ન૦ દિવેલાનું મૂળ. –ડિયું ન૦ દિવેલ. –ડી સ્ત્રી૦ નાની જાતનો દિવેલો; દિવેલી
ઐરા પું૦બ૦વ૦ નહોર; પંજા (૨) સ્ત્રી૦પકડ (૩) કબજો; પહોંચ
ઐરાવું અ૦ ક્રિ૦ હેરાન થવું (૨) ચણિયારામાંથી ઊતરી જવું; હાલી જવું (૩) ઘેરાવું
ઐરિંગ ન૦ કાનની બૂટનું એક ઘરેણું
ઐરુ પું૦ સાપ. ૦ઝાંઝર(–રું) ન૦ સાપ વગેરે ઝેરી જાનવર
ઐરો પું૦ અવરજવર (૨) હવાડો
ઐરોમેરો પું૦ સોનારૂપાનો ભંગાર

ઐલચી પું૦ [तुर्की] એક રાજ્યનો બીજા રાજ્યમાં મોકલેલો પ્રતિનિધિ–વકીલ. ૦ખાતું ન૦ એનું ખાતું–કાર્યાલય
ઐલ(–ળ)ચી ન૦; સ્ત્રી૦ ઇલાયચી. ૦ડો(–દો)ડો પું૦ ઇલાયચીના દાણાનો પોપટો. –ચો પું૦ એક જાતની મોટી એલચી
ઐલ્તેમાસ સ્ત્રી૦ ઇલ્તિમાસ; વિનંતિ (૨) ફરમાશ
ઐલફેલ વિ૦ આડુંઅવળું; ગમે તેવું (૨) અવિચારી; ગાંડુંઘેલું (૩) અસભ્ય (૪) ન૦ નખરું; તોફાન (૫) અસંબદ્ધ–મિથ્યા પ્રલાપ
ઐલરવું અ૦ ક્રિ૦ (ઉપર તરી આવવાને અર્થે માખણનું છાશ [સાથે) મિશ્ર પ્રવાહી થઈ જવું
ઐલળવું અ૦ ક્રિ૦ એસરવું; પાણી છૂટવું (હાથ, સીહું ઇ૦માંથી)
ઐલા સ્ત્રી૦ [सं.] ઇલાયચીનો છોડ (૨) ઇલાયચી. ૦લતા સ્ત્રી૦ ઇલાયચીનો છોડ–વેલો
ઐલા સ્ત્રી૦ + ઇયળ (?)
ઐલાડું ન૦ વરસાદની હેલી
ઐલાયચી ન૦; સ્ત્રી૦ ઇલાયચી; એલચી
ઐલી વાર અ૦ આ વખતે (૨) ઓણ
ઐલોઘેલો પું૦ છોકરાંની એક રમત
ઐવ અ૦ [सं.] નિશ્ચિતપણે (૨) જ (૩) ફક્ત
ઐવડું વિ૦ એટલા કદનું (૨) એટલું બધું
ઐવમ્ અ૦ [सं.] આમ; આ રીતે
ઐવાન ન૦ [अ.] ખંડ; બેસવાઊઠવાનો ખંડ
ઐવું વિ૦ એ રીતનું–પ્રકારનું (૨) એના જેવું–સરખું. –વામાં અ૦ એટલામાં. –વે અ૦ એ વખતે
ઐશ સ્ત્રી૦ [अ.] મોજમજા; સુખચેન; રંગબાજી. ૦આરામ પું૦ ભોગવિલાસ; સુખચેન
ઐશિયા પું૦; ન૦ [इं.] (સં.) પૃથ્વીનો એક મોટો ખંડ. ૦ઈ [વિ૦ એશિયાનું
ઐષણ ન૦, –ણા સ્ત્રી૦ [सं.] ઇચ્છા; વાસના
ઐષણી સ્ત્રી૦ લોઢાની સળી; ઘા વગેરે તપાસવાનું શસ્ત્રવૈદ્યનું એક ઓજાર (૨) સોનીનાં નાનાં ત્રાજવાં
ઐસણું ન૦ સોનીની નાની સગડી
ઐસરવું અ૦ ક્રિ૦ એલળવું (૨) ઓસરવું; ઓછા થવું, સુકાવું (૩) પાછું વળવું; ઊતરી જવું
ઐસેસર પું૦ [इं.] ફોજદારી કોર્ટને સલાહ આપવા નિમાતો [પ્રજાજન
ઐસિડ પું૦; ન૦ [इं.] એક રસાયની તત્ત્વ; અમ્લ
ઐસોસિયેશન પું૦ [इं.] મંડળ
ઐસ્તેકબાલ પું૦ જુઓ ઇસ્તિકબાલ
ઐહ વિ૦ પેલું (૨) સ૦ એ; તે (પ.)
ઐહમક વિ૦ [अ.] મૂર્ખ
ઐહી સ૦ + એ (૨) વિ૦ + જે
ઐળચી ન૦; સ્ત્રી૦ જુઓ એલ(–ળ)ચી
ઐળિયો પું૦ કુંવારના પાઠાનો સૂકવેલો ગર્ભ; એક ઔષધિ
ઐળે,૦વેળે અ૦ ફોકટ; વૃથા (૨) વગર મહેનતે; સહેજમાં
ઐળેસેળે અ૦ [કા.] યુક્તિથી; ચાલાકીથી (?)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઍં અ૦ (રવ૦) ન સંભળાવાથી ફરી પૂછવા માટે કરવામાં આવતો અવાજ; હેં (૨) હાં, પછી! (૩) ધમકામણીનો અવાજ (૪) આશ્ચર્ય–ખેદસૂચક ઉદ્ગાર (૫) [ચ.] ત્યાં

ઍંઘો પું૦ વાણિયો (તુચ્છકારમાં)

ઍંચણિયો પું૦ પતંગ ખેંચનારો (૨) પતંગના પેચ થતાં રીતસર નહિ રમતાં ખેંચી પાડવાની ટેવવાળો માણસ

ઍંચવું સ૦ક્રિ૦ ઈચવું; નાખવું; ફેંકવું (લખોટી ઇ૦) (૨) ખેંચવું (પતંગ) (૩) હીંચવું

ઍંચઍંચા સ્ત્રી૦ ખેંચખેંચા (૨) ફેંકફેંકા (લખોટીઓની) (૩) હુંસાતુંસી

ઍંચાતાણું વિ૦ ટૂંકે સુધી દેખે એવું (૨) બાડું

ઍંજિન ન૦ [ઇં.] વેગ આપનારું યંત્ર; ઇંજિન

ઍંટ સ્ત્રી૦ મમત; જીદ (૨) આંટ; સાખ (૩) ટેક. ૦દાર વિ૦ ઍંટવાળું. ૦વું અ૦ક્રિ૦ ગર્વ કરવો (૨) જક કરવી. –ટાળ, –ટી વિ૦ જક્કી; આડું

ઍંધાણ ન૦, –ણી સ્ત્રી૦ એંધાણ

ઍંશી(–સી) વિ૦ ૮૦

ઐ

ઐ સ્ત્રી૦ [સં.] વર્ણમાળાનો અગિયારમો વર્ણ. ૦કાર પું૦ ઐ ઉચ્ચાર અથવા અક્ષર. ૦કારાંત વિ૦ છેડે ઐકારવાળું

ઐકમત્ય ન૦ [સં.] એકમતી

ઐકાગ્ર્ય ન૦ [સં.] એકાગ્રતા

ઐકાત્મ્ય ન૦ [સં.] એકાત્મપણું

કંટૂડિયો પું૦ બાળકને રમવાની કુલડી
કંટેવાળો પું૦ જુઓ કંટીવાળો [કાંટાસળિયો
કંટેસરી સ્ત્રી૦ ગળામાં નાંખવાનું એક ઘરેણું (૨) એક વનસ્પતિ;
કંટોડિયું ન૦ ઉકરડાનો–કચરોપૂંજો નાંખવાનો ખાડો (૨) અધણખાડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંટોલી સ્ત્રી૦જેને કંટોલાં-કંકોડાં લાગે છે તે વેલ.-લું(-ળું) ન૦ કંકોડું

કંટ્રાકટ,-ટ પું૦ કરારથી કરવાનું કામ; ઠેકો; 'કૉન્ટ્રૅક્ટ'. ૦ર,-ટી પું૦ કંટ્રાકટ રાખનાર; ઠેકેદાર

કંઠ પું૦[સં.] ગળું; ડોક (૨) હૈડિયો(૩)કંઠમાંથી નીકળતો અવાજ; સૂર; સાદ(૪) કાંઠો-કાંઠલો (ઘડા-લોટાનો) (૫) કિનારો. ૦ગ્રંથિ સ્ત્રી૦ કંઠમાં આવેલી એક ગ્રંથિ; 'થાયરોઇડ ગ્લૅન્ડ'. ૦દ્વાર ન૦ગળાનું બારણું.૦નાળ સ્ત્રી૦ગળાની નળી. ૦નીલક પું૦ મોટો દીવો; મશાલ. ૦પાશ પું૦ ગળામાં નાખવાનો દોરડાનો ગાળો-ફાંસો (૨) ગલપટ્ટો (૩) કંઠાશ્લેષ. ૦મણિ પું૦ કંઠીમાંનો મોટો હીરો(૨)હૈડિયો (૩)[લા.] અત્યંત પ્રિયજન. ૦મણિન્યાય પું૦ જુઓ કરકંકણન્યાય. ૦માધુર્ય ન૦ કંઠના અવાજની મધુરતા. ૦માળ સ્ત્રી૦ગળાનો એક રોગ. ૦સૂત્ર ન૦ કંઠી; મંગળસૂત્ર(૨) ગળામાં પહેરવાનું ઘરેણું. ૦સ્થ વિ૦ કંઠે-મોઢે-યાદ હોય તેવું (૨) કંઠસ્થાની (વ્યંજન). ૦સ્થાન ન૦ કંઠની જગા. ૦સ્થાની વિ૦કંઠમાંથી બોલાતો (વ્યંજન). -ઠાગ્ર પું૦; ન૦ કંઠનો આગળનો ભાગ(૨)અ૦મોઢે. -ઠાભરણ ન૦ કંઠનું ઘરેણું; ગળચવો; છડો. -ઠાવરોધ પું૦ કંઠ રૂંધાવો તે. -ઠાવરોધી વિ૦ કંઠ રૂંધે એવું. -ઠાશ્લેષ પું૦ કંઠે વળગવું-આલિંગન દેવું તે

કંઠાર(-ળ) સ્ત્રી૦ દરિયાનો કિનારો [[લા.] કતલ

કંઠાલ ન૦ [સં.] સૂરણ (૨) કોદાળી (૩) લડાઈ; યુદ્ધ (૪)

કંઠાળ સ્ત્રી૦જુઓ કંઠાર (૨) ઘોડા અથવા ગધેડા ઉપર માલ લાદવાની બેપાસિયા ગૂણ (૩)વાસણ ભરવાનો કોથળો (૪) કમઠાળ; ચીતળ (લાકડાની) [એવું; લૂખું

કંઠિયું વિ૦ ગળું પકડે એવું; ગળે ઊતરતાં વસમું લાગે

કંઠી સ્ત્રી૦ [સં.]ડોકનું એક ઘરેણું (૨) કંઠમાં પહેરવાની ગુરુએ બંધાવેલી માળા (૩) [અંગરખાના] ગળા આગળના ભાગ ઉપરનું શોભીતું સીવણ કે ભરતકામ. -ઠો પું૦ હાર; મોટા મણકાની માળા (૨) કંઠી ૩ જુઓ

કંઠ્ય વિ૦ [સં.] કંઠનું-સંબંધી (૨) કંઠસ્થાની

કંડ પું૦ કુંડ (૨) કૂવો ચણવાની વાંકી ઈંટ

કંડાર પું૦ (કા.) નકસી; કોતરણી (૨) આલેખ; ચિત્રકામ

કંડારવું સ૦ક્રિ૦ કોતરવું; નકસી કરવી [(૩)ફકરો

કંડિકા સ્ત્રી૦ [સં.] નાનું પ્રકરણ(૨)વેદની ઋચાઓનો સમૂહ

કંડિયો પું૦ કરંડિયો

કંડી પું૦ વાદી; સાપ પાળનારો મદારી

કંડી(-દી)લ ન૦ દીવો કરવાનો કાચનો પ્યાલો; હાંડી (૨) ફાનસ. -લિયું ન૦ દીવાદાંડી (૨) દીવાને પવન ન લાગે તેમ રાખવાને બનાવેલું નાનું માટીનું વાસણ

કંડુ(-ડૂ) સ્ત્રી૦ [સં.] ચળ; ખજવાળ (૨) ખસ; ખૂજળી

કંડૂયન ન૦ [સં.] ખજવાળવું તે

કંત પું૦ + કંથ

કંતરેહ પું૦ અણબનાવ; કુસંપ

કંતા સ્ત્રી૦ એક છંદ

કંતાઈ(-મણી) સ્ત્રી૦,-મણ ન૦કાંતવાનું મહેનતાણું

કંતાન ન૦ શણનું કપડું; શણિયું (૨) ગૂણપાટ; ટાટિયું

કંતામણ ન૦,-ણી સ્ત્રી૦ કંતાઈ [(૩) ઓછું થવું

કંતાવું અ૦ક્રિ૦'કાંતવું'નું કર્મણિ (૨) પાતળું થવું; સુકાવું

કંથ પું૦ કાન્ત; પિયુ (૨) પતિ; ભરથાર

કંથવો પું૦ કંથાધારી; વેરાગી; બાવો (૨) અત્યંત ગરીબ-નિર્ધન માણસ (૩) ચોમાસામાં થતું એક નાનું જીવડું

કંથા સ્ત્રી૦[સં.] ચીથરાંનું બનાવેલું વસ્ત્ર (૨) ગોદડી. ૦ધારી પું૦કંથા પહેરનારો; સાધુ; યોગી [એનું ફળ-બી

કંથાર ન૦,-રી સ્ત્રી૦,-રો પું૦ એક વનસ્પતિ.-રું ન૦

કંથાળ સ્ત્રી૦ જુઓ કંઠાળ ૨

કંદ પું૦;ન૦[સં.]જેમાં ખાવાનો ગર હોય તેવું મૂળ; સૂરણ, બટાટા ઇ૦(૨) મૂળ; કારણ (સમાસને અંતે) ઉદા૦આનંદકંદ. ૦મૂલ(-ળ) ન૦ કંદ તથા મૂળ (ખવાય તેવાં)

કંદર ન૦,-રા સ્ત્રી૦ [સં.] ગુફા; ખો; બખોલ

કંદર્પ પું૦ [સં.] કામદેવ

કંદીલ ન૦ [अ.],-લિયું ન૦ જુઓ 'કંડીલ'માં

કંદુક પું૦ [સં.] રમવાનો દડો; દડી

કંદો પું૦ બંદૂકનો હાથો; કુંદો

કંદોઈ પું૦ મીઠાઈ બનાવનાર તથા વેચનાર આદમી; સુખડિયો -યણ સ્ત્રી૦ કંદોઈની સ્ત્રી

કંદોરી સ્ત્રી૦ નાનો કંદોરો. -રો પું૦ કમરે પહેરવાનો કોઈપણ દોરો કે સેર (સૂતર, સોના રૂપા વગેરેનો) (૨) ભીંતમાં ચણેલી ઈંટની કિનારી (૩) આંકો; લીટો. -રાબંધ વિ૦ કંદોરો પહેરનાર-પુરુષ પૂરતું (નોતરું)

કંદ્રપ પું૦ + કંદર્પ; કામદેવ [-ઓચી (૩) નાગરમોથ

કંધ સ્ત્રી૦ સ્કંધ; ખભો (૨) ભાર વહેનાર પશુઓની ખાંધ

કંધર,-રા સ્ત્રી૦ [સં.] ડોક; ગરદન

કંધોડું ન૦ ખેડવા માટે અમુક શરતે ઢોર ભાડે રાખવું તે

કંધોતર પું૦ પાટવી પુત્ર

કંધોલું ન૦ કંધ; ખભો (૨) ખાંધ; ગરદન

કંપ પું૦ [સં.] કંપારો; ધ્રુજારો. ૦ન ન૦ કંપવું તે. ૦ના સ્ત્રી૦ કંપન (૨) કંપસહિત વાદ્ય વગાડવું તે. ૦માન વિ૦ ધ્રૂજતું; થરથરતું. ૦વા,૦વાયુ પું૦ જેને લીધે શરીર કે શરીરનો કોઈ ભાગ કંપે એવો એક રોગ

કંપની સ્ત્રી૦ [ઇં.] ટોળી; મંડળી (૨) ભાગીદારો મેળવીને કાઢેલી પેઢી કે મંડળી. ૦સરકાર સ્ત્રી૦(સં.)એક વખત હિંદનો રાજવહીવટ કરતી કંપની; 'ઈસ્ટ ઇન્ડિયા કંપની'

કંપવું અ૦ક્રિ૦ ધ્રૂજવું; થરથરવું (૨) બીવું; ડરવું

કંપાઉંડ ન૦ [ઇં.] ઘર કે મકાનની ચોતરફની આંતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધેલી જમીન; વાડો [આપનારો

કંપાઉંડર પું૦ [ઇં.] દાક્તર કહે તે દવા–દવાનું મિશ્રણ

કંપાણુ સ્ત્રી૦ એક જાતનો જોખવાનો કાંટો; ધાતુની તુલા. –ણી પું૦ કંપાણથી તોળવાજોખવાનો ધંધો કરનારો આદમી; તોલાટ

કંપાયમાન વિ૦ [સં.] ધ્રૂજતું; કાંપતું (૨) અસ્થિર; ચલિત

કંપારી સ્ત્રી૦, –રો પું૦ ધ્રુજારી; કમકમી (૨) કમકમાટી

કંપાસ પું૦ [ઇં.] હોકાયંત્ર (૨) વર્તુળ દોરવાનું યંત્ર

કંપિત વિ૦ [સં.] કંપેલું; કંપમાન

કંપીલો પું૦ એક ઔષધિ (ગડગૂમડની)

કંપુ સ્ત્રી; ન૦ ટોળી; જાથ (૨) ફોજની ટુકડી (૩) જુઓ કંપો

કંપો પું૦ પડાવ; કંપુ; છાવણી; 'કૅમ્પ'

કંપોઝીટર પું૦ [ઇં.] છાપખાનામાં બીબાં ગોઠવનારો માણસ

કંપ્ય વિ૦ [સં.] કંપિત થાય કે કરી શકાય એવું; ચલ

કંબલ પું૦ [સં.] કામળી (૨) ગાયબળદની ગોદડી—ગરદન નીચે લટકતી જાડી ચામડી

કંબા સ્ત્રી૦ વાંસની ચીપ (૨) સુતારનો ગજ [સંખ્યા

કંબુ પું૦; ન૦ [સં.] શંખ (૨) શંખની બંગડી (૩) દશ લાખની

કંબુ(–બો)જ પું૦ શંખ

કંબૂ વિ૦ [સં.] ચોટ્ટું; ઠગારું

કંબોઈ સ્ત્રી૦ એક વનસ્પતિ

કંબોજ પું૦ [સં.] શંખ

કંસ પું૦ [સં.] (સં.) કૃષ્ણનો મામો (૨) જુઓ કૌંસ

કંસાર પું૦ એક ખાવાની વાની

કંસારી સ્ત્રી૦ એક જીવડું

કંસારો પું૦ ધાતુનું વાસણ ઘડવા વેચવાનો ધંધો કરનારો પુરુષ. –રણ સ્ત્રી૦ કંસારાની સ્ત્રી

કંસીકરણ ન૦ કંસ–કૌંસમાં મૂકવું તે (ગ.)

કાઈ સ્ત્રી૦ કાયા; શરીર (૨) પાતળું પડ–આચ્છાદાન; આવરણ

કાઈલ સ્ત્રી૦ શેરડીનો રસ કાઢવાની મોટી કઢાઈ

કાઉ પું૦ કાગડો. ૦કા(–વા)ઉ અ૦ (રવ૦) ગરબડાટભર્યું અને ન સમજાય તેમ (૨) સ્ત્રી૦ એકસામટાં ઘણાં માણસો બોલાબોલી કરે તે

કાઉસગ્ગ પું૦ [પ્રાકૃત] શારીરિક વ્યાપારો છોડી એક આસને ધ્યાન કરવું તે; કાયોત્સર્ગ [જૈન]

કાક પું૦ [સં.] કાગડો. ૦તાલીય વિ૦ કાગનું તાડ પર બેસવું અને અકસ્માત્ તાડફળીનું પડવું થાય એવું; અણધાર્યું; ઓચિંતું. ૦તાલીયન્યાય પું૦ કાકતાલીય એવો ન્યાય. ૦દષ્ટિ સ્ત્રી૦ કાગડાના જેવી ચંચળ–છિદ્રાન્વેષી દષ્ટિ. ૦નાસા સ્ત્રી૦ એક ઔષધિ; નસોતર (૨) કાંગનું ઝાડ. ૦પક્ષ પું૦ વાળેલા વાળનો કાગડાની પાંખ જેવો ગુચ્છો; કાનછેરિયાં. ૦પત્ર(–દ) ન૦ કાગડાના પગના આકારનું ચિહ્‌ન; હંસપદ (૨) ચાર લઘુ માત્રા જેટલો સમય (સંગીત)

કાકચી સ્ત્રી૦ કાચકી. –ચું ન૦ કાચકું

કાકડ ન૦ ચીભડું

કાકડકૂંભો પું૦ છોકરાંની એક રમત

કાકડાશીં(–સીં)ગ સ્ત્રી૦ એક ઔષધિ

કાકડિયું ન૦ એક જાતનું રેશમ

કાકડી સ્ત્રી૦ આરિયું; ચીભડું (૨) ચીંથરાને વળ દઈ બનાવેલી દિવેટ. –ડો પું૦ ચીંથરાની મોટી કાકડી (૨) ગળાની બારીની આસપાસનો એક અવયવ; ચોળિયો (૩) પડજીભ

કાકફળ ન૦ કાકમારીનું ફળ

કાકબ પું૦ મહુડાંની રસી–ગોળ [શેરડીનો રસ

કાકમ પું૦ પ્રવાહી ગોળ જેવો થાય ત્યાં સુધી ઉકાળેલો

કાકમારી સ્ત્રી૦ એક વેલ

કાકર પું૦ દાંત; દંતૂશળ (સૂવરાદિ પ્રાણીના) (૨) કરવતનો દાંતો (૩) ચામડીમાં પડેલો કઠણ ચીરો (૪) ડળિયો (૫) કાંકરો (૬) સ્ત્રી૦ પીંજણને છેડે તાંતની નીચે રહેતી ચામડાની પટી. ૦ડી સ્ત્રી૦ ઘણા ઝીણા દાંતાની ધાર. ૦ણી સ્ત્રી૦ કાનસ; અતરડી. ૦વું સ૦ ક્રિ૦ કરવતના કાકર કાઢવા-તીક્ષ્ણ કરવા (૨) ઉશ્કેરવું; મમત પર ચડાવવું (૩) ધીરે ધીરે ખોતરી ખોતરીને ખાવું. –રિયા પું૦ બ૦ વ૦ લોટ ગોળની બનાવેલી એક વાની–ગોળીઓ. –રિયું વિ૦ કાંકરાવાળું. –રી સ્ત્રી૦ નાનો કાંકરો (૨) કરકર; રેતી (૩) નાના દાંતાવાળી ધાર

કાકરિયા કુંભાર પું૦ એક કલગીદાર પક્ષી

કાકલિયા પું૦ બ૦ વ૦ શીતળા; બળિયાકાકા

કાકલી વિ૦ [સં.] કોમળ ને મધુર

કાકલૂદી સ્ત્રી૦ દયા ઉપજાવે એવી આજીજી; કાલાવાલા. ૦વેડા પું૦ બ૦ વ૦ કાકલૂદીભર્યું વર્તન [(૨) એવી સ્ત્રી

કાકવંઝા,–ધ્યા [સં.] સ્ત્રી૦ એક જ વાર ફળનાર વનસ્પતિ

કાકવી સ્ત્રી૦ ગોળની રસી; કાકમ

કાકશિખંડ પું૦ [સં.] બાબરી

કાકા અ૦ (રવ૦) કાગડાની વાણીનો શબ્દ

કાકા પું૦ બ૦ વ૦ 'કાકો'નું માનવાચક રૂપ. ૦જી પું૦ સસરાના ભાઈ; કાકોસસરો (માનવાચક)

કાકાકૌવો પું૦ એક જાતનો પોપટ

કાકાપુરી વિ૦ તકલાદી; નિર્માલ્ય (૨) જારજ (૩) પું૦ ગુલામ

કાકાબળિયા પું૦ બ૦ વ૦ બળિયાકાકા; શીતળા

કાકાબાસી ન૦ એક જાતનું હલકું મોતી

કાકી સ્ત્રી૦ કાકાની સ્ત્રી (૨) વિ૦ [સં.] કાગડા જેવા ક્રૂર અવાજથી ગાનાર. ૦જી(–સાસુ) સ્ત્રી૦ કાકાજીની સ્ત્રી

કાકીડો પું૦ કાચંડો

કાકીસાસુ સ્ત્રી૦ કાકીજી

કાકુ પું૦ [સં.] દુઃખ, ભય, ક્રોધથી સ્વરમાં પડતો ફેર (૨) કરડાકીમાં કે વ્યંગમાં બોલવું તે

કાકુ પું૦ કીફા (ભાટિયા લોકોમાં)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાકુત્સ્થ પું૦ [સં.] (સં.) રામ [કાકાજી

કાકો પું૦બાપાનો ભાઈ(૨)[વ્યંગમાં]દુશ્મન.૦સસરો પું૦

કાકોદર, કાકોલ પું૦ [સં.] સાપ

કાકોલી વિ૦ [સં.] કાગડા જેવો (સ્વર)

કાખ, ૦લી સ્ત્રી૦ બગલ. ૦બલાઈ, ૦બિલાડી સ્ત્રી૦ બગલમાં થતું એક ગૂમડું; બામલી.–ખી સ્ત્રી૦અંગરખા કે કપડાની બગલની કરાખી. –ખું પું૦ કાખનો વાળ. –ખોલાઈ સ્ત્રી૦ કાખબલાઈ

કાખા સ્ત્રી૦નહતર(દાવામાં પ્રતિપક્ષને હરાવવા માટે આણેલી)

કાખાઈ સ્ત્રી૦ કાંસકી (ભીલોમાં)

કાગ પું૦ [સં.] કાગડો. ૦ડોળ વિ૦કદરૂપું. ૦ડોળિયું વિ૦ કાગડાના ડોળા જેવું;એકાક્ષી(૨)ન૦ એક રેચક વનસ્પતિ. ૦ણ સ્ત્રી૦ કાગડી. ૦માળ વિ૦ કાગડાના માળા જેવું; ખાખાવીખી. ૦માળો પું૦ કાગડાનો માળો. ૦વાશ સ્ત્રી૦ શ્રાદ્ધને દિવસે પિતૃનિમિત્તે કાગડાને બલિ નાખતી વખતનો ઉદ્ગાર (૨) એ બલિ. ૦વિદ્યા સ્ત્રી૦પશુપંખીની ભાષા સમજવાની વિદ્યા.–ગાનીંદર સ્ત્રી૦કાગડાના જેવી, ઝટ ઊડી જાય એવી ઊંઘ.–ગારોળ પું૦રોકકળ(૨)ગરબડાટ

કાગજ,–ઝ [અ.],–ળ પું૦ વાંસ,ઘાસ,ધાગા ઇ૦માંથી કરાતી લખવા વગેરેના કામની એક બનાવટ (૨) પત્ર; પત્રિકા

કાગડો પું૦કાક;એક કાળું પક્ષી.–ડાકામડી સ્ત્રી૦ઇતરાજી(૨) અણવિશ્વાસ. –ડાકેરી સ્ત્રી૦ આકડાનું ડોડવું.–ડાટોપી સ્ત્રી૦ કાગડા જેવી દેખાતી લાંબી પૂંછડીવાળી ટોપી. –ડાસાણશી(–સી) સ્ત્રી૦ ધાતુ ગાળવાની કુલડીને પકડવાની સાણસી –ડિયો પું૦ પતંગ; કનકવો. –ડી સ્ત્રી૦. કાગડાની માદા(૨)ગાડાની બે ઊધોની પિત્તળજડી અણી

કાગદી વિ૦[ફા.] પાતળી છાલવાળું (૨) તકલાદી (૩) પું૦ કાગળ બનાવનારો કારીગર (૪) કાગળ વેચનારો અથવા ચોપડા ઇ૦બાંધનારો વેપારી. ૦ચલણ ન૦ કાગળનું ચલણ

કાગળ પું૦ જુઓ કાગજ. ૦દાબણિયું ન૦ કાગળ દાબવાનું વજન–વસ્તુ. ૦પત્ર(–ત્તર) પું૦ ચિઠ્ઠીચપાટી કે ટપાલનો પત્ર. –ળિયું ન૦ કાગળનો કટકો (૨) કામકાજનો અગત્યનો દસ્તાવેજ (૩) ચલણી નોટ, લોન, હૂંડી અને શૅર જેવો–જેનાં નાણાં થાય તેવો કાગળ. –ળિયો પું૦ કાગળ લઈ જનારો કાસદ

કાગાનીંદર સ્ત્રી૦, કાગારોળ પું૦ જુઓ 'કાગ'માં

કાચ પું૦ રેતી અને ખારવાળી માટી ઓગાળીને બનાવાતો એક પદાર્થ (૨) દર્પણ (૩) પાસાદાર, ચળકતી મિશ્ર ધાતુ. ૦એળિયો પું૦ શુદ્ધ કરેલો એળિયો. ૦ઘર ન૦ કાચનું બનાવેલું ઘર. ૦મણિ પું૦ કાચ જેવો એક હલકો મણિ (૨) કાચ. ૦રસ પું૦ કાચનો રસ (૨) આંખના ડોળામાંનો કાચના રસ જેવો પદાર્થ. ૦લવણ ન૦ કાચ બનાવવામાં વપરાતો ક્ષાર. –ચિયોપથ્થર પું૦ જેમાંથી કાચમણિ નીકળે છે એ પથ્થર

કાચકી સ્ત્રી૦ કાકચી; એક વનસ્પતિ (૨) ગળાની બારી આગળ થતો એક રોગ (૩) સંકડામણ;મુશ્કેલી. –કું ન૦, –કો પું૦ કાચકીનું ફળ; કાકચું

કાચડ સ્ત્રી૦ ગૂમડાની આજુબાજુનો સૂજેલો ભાગ

કાચબી સ્ત્રી૦ કાચબાની માદા (૨) એક રોગ; કાચકી. –બો પું૦ એક જળચર પ્રાણી

કાચર સ્ત્રી૦ કરચ; કકડી. ૦કૂચર ન૦ પરચૂરણ ખાદ્ય વસ્તુઓ તે (૨) પરચૂરણ ભાંગીતૂટી વસ્તુઓનો સમૂહ.–રી સ્ત્રી૦ મીઠામાં આથેલી ફળની–શાકની કકડી; સુકવણી. –રું ન૦ ચીરિયું; કકડી

કાચલી સ્ત્રી૦ નાળિયેરનું ભાગેલું કોટલું (૨) શાકની—ખાસ કરીને કોઠમડાની સુકવણી. –લું ન૦ નદીના ભાઠાની એડેલી જમીન (૨) નાળિયેરનું ભાગેલું કોટલું (૩) [લા.] કોઈ પણ ભાંગેલું અર્ધગોળ જેવું કઠણ કોટલું. ઉદા૦ 'ઠીબ' (૪) એવો વાડકો

કાચંડી સ્ત્રી૦ કાચંડાની માદા

કાચં(–ચિં,–ચીં)ડો પું૦ એક પ્રાણી; કાકીડો

કાચું વિ૦ પાકેલું નહિ એવું (૨) બરાબર નહિ રંધાયેલું (૩) કુદરતી સ્થિતિમાં હોય એવું (૪) તકલાદી; મજબૂત નહિ એવું (૫) અનુભવ વગરનું;નાદાન (૬) અધૂરું; અપૂર્ણ (૭) પોચું; નરમ (૮) કામચલાઉ (૯) ન૦ કચાશ; અધૂરાપણું; કસર. ૦કુંવારું વિ૦ કાચી વયનું અને અવિવાહિત. ૦કોરું વિ૦ નહિ રાંધેલું અને લૂખું. ૦નચ વિ૦ સાવ કાચું. ૦પાકું વિ૦ કંઈક કાચું અને કંઈક પાકું એવું; અર્ધદગ્ધ. ૦પોચું વિ૦ અનુભવ અને હિંમત વગરનું; ભોળું;અકુશળ.–ચોકૂચો પું૦ છેવટનો બાકી રહેલો ભાગ

કાછ,૦ડો પું૦ જુઓ કાછડો

કાછઈ સ્ત્રી૦ ભાઠું

કાછડી સ્ત્રી૦ કાછડાની રીતે પાછળ ખોસેલો ધોતિયાનો એક ભાગ. ૦છૂટો વિ૦પું૦ વ્યભિચારી. –ડો પું૦ ધોતિયું કે સાલ્લો ઊંચો લઈ બે પગની વચ્ચેથી પાછળ ખોસવો તે; તે રીતે ખોસેલા વસ્ત્રનો ભાગ. –છું અ૦ક્રિ૦ + જુઓ કછવું

કાછર ન૦ એક જાતનું ઘાસ

કાછલી સ્ત્રી૦,–લું ન૦ (ચ.) જુઓ કાચલી,–લું

કાછિયો પું૦ શાક વેચવાનો ધંધો કરનાર આદમી (૨) એ જ્ઞાતિનો માણસ. –યણ સ્ત્રી૦ કાછિયાની સ્ત્રી

કાછો,૦ટો પું૦ જુઓ કછોટો. ૦ટી સ્ત્રી૦ જુઓ કછોટી

કાજ ન૦ કામ; કાર્ય. ૦કાર વિ૦ કામ કરે એવું; કાબેલ (૨)કામગરું. ૦ગરું વિ૦શાણપણવાળું;કાબેલ(૨)જુવાનજોધ; તરુણ(૩)ઘણું પ્યારું;માનીતું; લાડકું(૪)નાજુક; તકલાદી

કાજળ ન૦ મેશ (૨) આંખમાં આંજવાની મેશ. ૦કંકુ ન૦બ૦વ૦ (સૌભાગ્યવતીના શણગારનાં) કાજળ ને કંકુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦રાણી સ્ત્રી૦ કાજળી ત્રીજ. ૦લટોરી સ્ત્રી૦ એક પક્ષી. ૦વું અ૦ક્રિ૦ કાજળ-મેશ વળવી (૨) કજળી જવું; ઓલવાવું. -ળિયો પું૦ (કા.) ખોવાયેલી વસ્તુ શોધી આપવા કે બનેલો બનાવ જણાવવા બીજા માણસને બેસાડી તેલ કે શાહીના ટીપામાં બધું બતાવનાર આદમી

કાજળી સ્ત્રી૦ મેશ (૨) રાખનું પડ (૩) કાળી ફૂગ (૪) મેશ પાડવાનું કોડિયું (૫) ગાય પૂજવાનું સ્ત્રીઓનું એક વ્રત (શ્રાવણ માસમાં)(૬)[કા.] કાજળિયાની વિદ્યા.૦ગોકરણ ન૦ એક વનસ્પતિ. ૦ત્રીજ સ્ત્રી૦ શ્રાવણ વદ ત્રીજ

કાજા સ્ત્રી૦ કાર્ય; ફરજ. ૦ગરું વિ૦ કામગરું (૨) ફાયદાકારક

કાજી,-ઝી [અ.] પું૦ ઇસ્લામી ન્યાયાધીશ (૨) ઇસ્લામી વિદ્વાન-પંડિત. ૦જી પું૦ 'કાજી' [માનાર્થે]

કાજુ વિ૦ સારું; ખાસું (૨) વિનયી [સાકરિયા કાજુ

કાજુ પું૦ એક સૂકો મેવો. ૦કળિયા પું૦ બ૦વ૦ કાજુ (૨)

કાજે અ૦ માટે; વાસ્તે

કાજો પું૦ કચરો; પૂંજો

કાઝગી સ્ત્રી૦ લગામ

કાટ પું૦ ધાતુ પર લાગતો વિકાર-મેલ (૨) ઇમારતી લાકડું (૩) સામો દાવ; પ્રતિકાર (૪) નડતર; આડ (૫) નાશ; ઘાણ. ૦ફૂટ સ્ત્રી૦ તૂટેલોફૂટેલો સરસામાન; મકાન-બાંધકામનો માલ. ૦પીટિયો પું૦ ઇમારતી લાકડાંનો વેપારી. ૦માળ પું૦ જૂનુંનવું પરચૂરણ ઇમારતી લાકડું (વળીઓ, વાંસ ઇ૦)

કાટકૂટ સ્ત્રી૦ કાપવું અને કૂટવું-ખાંડવું ટીચવું તે

કાટકો પું૦ કડાકો; મોટી ગર્જના

કાટખૂણ,-ણો પું૦ નેવું અંશનો ખૂણો (૨) એ માપનું કડિયા-સુતારનું ઓજાર. ૦ચોખૂણ પું૦ ચાર કાટખૂણા-વાળો ચતુષ્કોણ. ૦ત્રિકોણ પું૦ કાટખૂણાવાળો ત્રિકોણ

કાટછાંટ સ્ત્રી૦ [હિં.] કાપકૂપ; સુધારોવધારો

કાટફળ ન૦ એક ફળ

કાટરડો પું૦ ઠરેલો કચરો; પ્રવાહી વસ્તુનો મેલ (૨) કટાઈ-બગડીને ખરાબ થઈ ગયેલો માલ

કાટલિયો પું૦ કાયટિયો; કાટ્ટી

કાટલું ન૦ વજન; અમુક નક્કી વજનનું તોલવાનું સાધન (૨) ઓછું આપવું-કરવું તે (૩) ઘડી-ટીપી મારી નાખવું તે (૪) ફાંસ; નડતર; બલા (૫) સુવાવડમાં સ્ત્રીઓને અપાતું ગુંદર વગેરેનું વસાણું. -લાંદાસ પું૦ વચમાં પડી કાટલું કરનાર-ઓછું આપનાર આદમી [કાટના રંગનું

કાટવું સ૦ક્રિ૦ કાપવું; છેદવું (૨) કરડવું (૩) છેતરવું (૪) વિ૦

કાટવો પું૦ એક ઔષધિ-વનસ્પતિ (૨) શોકનો કાટવો સાલ્લો

કાટાકાટ સ્ત્રી૦ કાપાકાપી (૨) કતલ (૩) અંટસ; અદાવત

કાટોડો પું૦ ચકમક (૨) જુઓ કાટરડો (૩) કાચી ધાતુમાંથી લોઢું કાઢી લીધા પછી ભઠ્ઠીમાં રહેતો અવશેષ

કાઠી સ્ત્રી૦ કાયટું (૨) પું૦ કાયટિયો

કાઠ વિ૦ ધૂર્ત; પહોંચેલ (૨) પું૦ કાષ્ઠ (૩) ઇમારતી કાટ (૪) કાઠડો (૫) હેડબેડીનું ચોકઠું; હેડ. ૦ગઢ પું૦ લાકડાંનો ગઢ

કાઠડી સ્ત્રી૦ નાનો કાઠડો. -ડું ન૦,-ડો પું૦ ઊંટાદિ જાનવરની પીઠ પર મુકાતું લાકડાનું આસન

કાડલો પું૦ કન્યાને આપવાનું ઘરેણું

કાઠાડલી સ્ત્રી૦ કાઠડા પર નાખવાની ધાબળી-ગોદડી

કાડાળુ વિ૦ કદાવર; કાઠા-બાંધાવાળું

કાઠિન્ય ન૦ [સં.] કઠિનતા (૨) કઠોરતા

કાઠિયાણી સ્ત્રી૦ કાઠી સ્ત્રી

કાઠિયાવાડ પું૦; ન૦ (સં.) ગુજરાતનો એક ભાગ. -ડી વિ૦ કાઠિયાવાડનું,-સંબંધી (૨) પું૦ કાઠિયાવાડનો રહીશ

કાઠિયો પું૦ ગાડાનો લાકડાનો સામાન-ખોખું

કાઠી વિ૦(૨) પું૦ કાઠિયાવાડની એક અસલી જાતનું (માણસ) (૩) સ્ત્રી૦ બાળવાનું લાકડું (૪) જમીનનું એક માપ (૪૦૦ કાઠી=વીઘું) (૫) લાકડી; દંડો; વાંસ (૬) કાઠું (શરીરનું)

કાઠું વિ૦ કઠણ; આકરું (૨) કઠોર (૩) કંજૂસ (૪) ખરાબ; માઠું (૫) ન૦ કલેવર; શરીરનો બાંધો (૬) ખોખું (ઢોલ, ડફ ઇત્યાદિનું); આકાર (૭) કાઠડો (૮) કોર ચોડવાની હોય એવું સાલ્લાનું કપડું

કાઢઘાલ સ્ત્રી૦ કાઢવું ને ઘાલવું તે [(૩) રદ કરવું

કાઢવું સ૦ક્રિ૦ બહાર ખેંચવું-લાવવું-મોકલવું (૨) દૂર કરવું

કાઢો પું૦ ઉકાળો; કાવો

કાણ,૦મોકાણ સ્ત્રી૦ મરણ પાછળ રોવું, કૂટવું અથવા લૌકિકે જવું તે. -ણિયત,-ણિયું વિ૦ કાણ કરનારું

કાણાંકોડી સ્ત્રી૦ છોકરાંની એક રમત

કાણીબગલું ન૦ એક જાતનું બગલું

કાણું વિ૦ વેહ—છિદ્રવાળું (૨) એક આંખવાળું (૨) ન૦ વેહ; છિદ્ર; બાકું. -ણિયું વિ૦ કાણું

કાત સ્ત્રી૦ પેઢુ (૨) તાકાત; કૌવત

કાતડી સ્ત્રી૦ ચામડી

કાતણ સ્ત્રી૦ કરોળિયા જેવું એક જીવડું

કાતણી સ્ત્રી૦ કાંતેલા સૂતરની કોકડી [કતરાતું; વાંકું

કાતર વિ૦ [સં.] બીકણ; કાયર (૨) દુઃખી; ભયભીત (૩)

કાતર સ્ત્રી૦ કાતરવાનું ઓજાર (૨) વાળ ખરી પડવાનો જાન-વરોનો એક રોગ (૩) કાતરના જેવી ધારવાળી પાતળી ઠીકરી, પતરું ઇ૦. ૦ણી સ્ત્રી૦ કાપવું તે; કાપવાની રીત (૨) કાતર (૩) કરસણ કાપી લીધા પછી ખળું કરતી વખતે બ્રાહ્મણોને જે ભાગ આપે છે તે. ૦વું સ૦ક્રિ૦ કાતરથી કાપવું (૨) કાપવું; કરડવું (૩) ઓછું કરવું (૪) ખોતરવું; ખણવું (૫) [લા.] ઘસાતું બોલવું. -રિયું ન૦ છેક છાપરાની નીચેનો નીચો મેડો (૨) લાકડાનું એક બેધારું અસ્ત્ર (૩) દીવાલ કોચવાનું ચોરનું એક ઓજાર (૪) બે ચૂડીની વચમાં પહે-રાતું પાતળી ચીપનું કંકણ (૫) બેનું (૬) કટાક્ષ; કરડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખે જોવું તે. -રી(-ળી) સ્ત્રી૦ જુઓ કાતળી

કાતરો પું૦ ચપટું, લાંબું ને વાંકું ફળ. ઉદા૦ આમલીનો કાતરો (૨) એને મળતા આકારનું એક દારૂખાનું (૩) એક જીવડો [એ ઊગતા અનાજના છોડ કાતરી ખાય છે] (૪) દાઢીની બંને બાજુ રખાતા વાળના લાંબા કાકડામાંનો પ્રત્યેક

કાતળ સ્ત્રી૦ અફવા; ગપ

કાતળિયો પું૦ એક જાતના ચોખા

કાતળી સ્ત્રી૦ પાતળી, ચપટી કકડી [કકડો

કાતણું ન૦જાડી ચીરી-ગાબચું(૨)ગંડેરી (૩) મોટો બેડોળ

કાતિલ વિ૦[अ.]કતલ કરનારું-કરે એવું(૨)ઘાતક(૩)મર્મવેધી

કાતી સ્ત્રી૦ છરી (૨) કરવતી (૩) [લા.] દગો

કાતું ન૦ બૂઠી છરી-પાળી [ન૦ નિકંદન

કાત્યાયન પું૦[सं.] (સં.) એક ઋષિ(૨)એક વૈયાકરણી(૩)

કાત્યાયની સ્ત્રી૦[सं.](સં.)દેવી-દુર્ગા (૨)યાજ્ઞવલ્ક્ય મુનિની પત્ની. ૦વ્રત ન૦ ઇચ્છેલો પતિ મેળવવા કન્યાઓ કાત્યાયની દેવીને ઉદ્દેશીને કરે છે તે વ્રત

કાથ પું૦; ન૦ સત્ત્વ; પાણી; દૈવત (૨) ન૦ કથન (૩) [કા.] અનખો; જીવતર (૪) સ્વાર્થ [ગડ; નજીવી તકરાર

કાથાકબલા પું૦બ૦વ૦કૂથલી;સાચાંજૂઠાં (૨) નકામી ભાંજ-

કાથિયું વિ૦ કાથાના રંગનું(૨)ન૦કાથીનું દોરડું(૩)કાથીની સાદડી (૪) કાથીનું બનાવેલું પગલૂછણિયું

કાથી સ્ત્રી૦ નાળિયેરનાં છોડાંના રેસા કે તેની દોરી

કાથો પું૦ ખેરની સાલનું સત્ત્વ (૨) કાથી. -થાગોળી સ્ત્રી૦ મસાલાવાળી કાથાની ગોળી.-થાદોરી સ્ત્રી૦કાથાની દોરી

કાદર વિ૦ શક્તિમાન [કીચડ

કાદવ,૦કીચડ પું૦ધૂળ-મટોડીમાં પાણી મળીને બનતો ગારો;

કાદોકદમી અ૦ અતિ પ્રાચીન કાળથી

કાદંબરી સ્ત્રી૦ [सं.]કોકિલા (૨) મેના (૩) [સં.] સરસ્વતી (૪) બાણકૃત સુપ્રસિદ્ધ કથા (૫) તે કથામાં આવતું એ નામનું મુખ્ય સ્ત્રીપાત્ર (૬) [લા.] નવલકથા

કાન પું૦ સાંભળવાની ઇંદ્રિય(૨)[લા.] લક્ષ; ધ્યાન (૩)નાકું; છિદ્ર. ૦કટ્ટું વિ૦ કપાયેલા કાનવાળું. ૦ક(૦ર)ડિયું ન૦ છોકરાંની એક રમત (૨) એક જાતનું ચામાચીડિયું. ૦કોચિયું ન૦ કાનમાં વેહ પાડવાનું ઓજાર. ૦કોચિયો પું૦કાન વીંધવાનો ધંધો કરનારો આદમી. ૦કોરણી સ્ત્રી૦ કાનમાંનો મેલ કાઢવાનું ઓજાર(૨) કાન કરડવા-છાની ઉશ્કેરણી કરવી તે. ૦ખજૂરો પું૦ ઘણા પગવાળો એક જીવડો. ૦ખોતરણી સ્ત્રી૦ મેલ કાઢવાની કાનકોરણી. ૦ચિમોરી ન૦ વાગોળ. ૦ચિમડિયું ન૦ વાગોળ (૨) ચામાચીડિયું. ૦છે(-શે)રિયાં ન૦ બ૦ વ૦ કાન ઉપરના વાળના ગુચ્છા; કાકપક્ષ. ૦ટોપી,૦ઢાંકણી સ્ત્રી૦ કાન ઢંકાય એવી ટોપી. ૦પટી(-ટ્ટી) સ્ત્રી૦કાનની કોર કે બૂટ. ૦પટો(-ટ્ટો) પું૦કાન ઢાંકવાનો પટ્ટો. ૦ફટો પું૦કાનમાં મોટું કુંડળ-કડું પહેરનાર સાધુ; ગોરખપંથી વેરાગી. ૦ફૂટું વિ૦બહેરું. ૦ફૂલિયાં ન૦ બ૦ વ૦ કાનભંભેરણી. ૦ફૂસિયું વિ૦ ચુગલખોર(૨)કાન ભંભેરનારું(૩)ન૦એવું માણસ કે એવી વાત કરવી તે. ૦ફોડિયું વિ૦ કાન ફોડે એવું(૨)ધ્યાન ખેંચવા ગરબડ કરનારું. ૦ભંભેરણી સ્ત્રી૦ કાન ભંભેરવા તે; કાંઈનું કાંઈ કહી ઊંધી દોરવણી કરવી તે. ૦મૂળિયું ન૦ કાનના મૂળમાં થતો એક રોગ. ૦શિયાળ ન૦ એક જીવડું. ૦શિયાં,૦શેરિયાં,૦સિયાં ન૦બ૦વ૦ કાનછેરિયાં. ૦શૂલ(-ળ) ન૦કાનનો દુખાવો. -ને(-નો) કાન અ૦ જુદા જુદા કાને થઈને(૨) ખુદ પોતાના કાનથી

કાનડી વિ૦ કર્ણાટકનું, -ને લગતું (૨) સ્ત્રી૦ કર્ણાટકી ભાષા

કાનડું ન૦ વણકરનું એક ઓજાર

કાનડો પું૦ એક રાગ

કાનન ન૦[सं.]વન; જંગલ [વચ્ચેનો પ્રદેશ

કાનમ સ્ત્રી૦ કાળી જમીન (૨) ન૦(સં.)વડોદરા અને ભરૂચ

કાનસ સ્ત્રી૦એક ઓજાર; અતરડી(૨)ઘરના મેડાની આગલી પાટડી ઉપર ગોઠવવામાં આવતો બીજો નાનો પાટડો

કાનસીલ(-ળ) પું૦ કાનનો બહાર પડતો ભાગ

કાનસૂરી સ્ત્રી૦કાનનો વળોટ; કાન રાખવાની સ્વાભાવિક રીત

કાની સ્ત્રી૦ ઊંચા લીધેલા કપડાની કોર

કાનીન વિ૦ [सं.] કન્યાનું, -ને લગતું

કાનુડો પું૦ (સં.) કહાનો; કૃષ્ણ

કાનું ન૦ એક વાજું

કાનૂગો પું૦ કાયદો જાણનાર પુરુષ

કાનૂન પું૦ [अ.] કાયદો; નિયમ (૨)ધારો; રિવાજ. ૦ભંગ પું૦ કાનૂનનો-કાયદાનો ભંગ. -ની વિ૦ કાનૂનને લગતું

કાને(-નો)કાન અ૦ જુઓ 'કાન'માં

કાનો પું૦ લિપિમાં'આ'નું 'ા' આવું ચિહ્ન (૨) વાસણની કોર. ૦કાન અ૦[વાસણના]કાના સુધી(૨)જુઓ 'કાન'માં. ૦માતર પું૦બ૦વ૦,૦માત્રા ન૦બ૦વ૦'ો'આવું ચિહ્ન

કાન્યકુબ્જ પું૦; ન૦ [सं.] (સં.) કનોજ

કાપ પું૦ કાપવું તે (૨) કાપવાથી પડતો આંકો; વાઢ;કાપો (૩) સ્ત્રીઓના કાનનું એક ઘરેણું (૪)કાપવાની-વેતરવાની રીત, ખૂબી. ૦કૂપ,-પાકૂપ(-પી) સ્ત્રી૦થોડુંઘણું કાપવું -ઘટાડવું તે (૨) સુધારોવધારો (૩) કરકસર

કાપટ્ય ન૦ [सं.] કપટ; કપટતા

કાપડ ન૦કોરું કપડું.-ડિયો પું૦કાપડ વેચનાર. -ડી વિ૦ કાપડનું,ને લગતું (૨) નાનું કાપડું. -ડું ન૦ સ્ત્રીઓને છાતીએ પહેરવાનું એક પ્રકારનું વસ્ત્ર; કાંચળી

કાપડી(-ડિયો) પું૦કાર્પટિક; સાધુસંન્યાસી

કાપણી સ્ત્રી૦કાપવાની રીત(૨)પાકેલા અનાજને કાપવું તે; લણણી (૩) પતરાં કાપવાનું ઓજાર; કાતર

કાપતું વિ૦ મોટી રકમમાં નાની સમાવીને ગણાતું (વ્યાજ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાપલી સ્ત્રી૦ કાગળ કે કપડાનો નાનો કકડો. –લો પું૦ કાગળ કે કપડાનો કકડો. –લાકૂપલી સ્ત્રી૦ કાપલા અને કાપલી

કાપવું સ૦ક્રિ૦ વાઢવું; વાઢી જુદું પાડવું (૨) ઘટાડવું (૩) દૂર કરવું; ફેંકવું (૪) [ગંજીફાની રમતમાં] રમાતી ભાતનું પત્તું ન હોય તો હુકમનું પાનું ઊતરવું

કાપાકાપ(–પી) સ્ત્રી૦ કતલ; ખૂનરેજી

કાપાકૂપ(–પી) સ્ત્રી૦ જુઓ 'કાપ'માં

કાપાલ(–લિક) પું૦ [સં.] જુઓ કપાલી ૧,૨

કાપુરુષ પું૦ [સં.] બાયલો માણસ (૨) અધમ–તુચ્છ માણસ

કાપો પું૦ આંકો; લીટો; છેકો (૨) ચીરો; કાપ

કાફર વિ૦ મુસલમાની ધર્મને નહિ માનનાર; નાસ્તિક; અધર્મી (૨) લુચ્ચું; હરામખોર (૩) જંગલી (૪) પું૦ આફ્રિકાનો ધર્મહીન જંગલી માણસ. –રી પું૦ એબિસીનિયાનો મૂળ વતની; હબસી (૨) સ્ત્રી૦ હબસણ

કાફલો પું૦ સમુદાય; સંઘ (૨) લડાયક વહાણનો સમૂહ

કાફિયો પું૦ અનુપ્રાસ [પૂરતું; જરૂર જેટલું

કાફી સ્ત્રી૦ એક રાગિણી (૨) [पो.] 'કૉફી' (૩) [अ.] વિ૦

કાબર સ્ત્રી૦ એક પંખી (૨) [લા.] કચકચિયણ સ્ત્રી. ૦કલહ સ્ત્રી૦ કાબરોનો કલહ (૨) [લા.] બોલાચાલી–ઝઘડો; કચકચાટ. ૦ચીતરું વિ૦ ચિત્રવિચિત્ર; તરેહવાર રંગનું. –રિયું, –રું વિ૦ રંગબેરંગી; કાબરચીતરું. –રી સ્ત્રી૦ કસૂંબીનું બી (૨) કાબરચીતરા ધોળા અને કાળા રંગની તલી

કાબસ પું૦ તેલનો કચરો [જાત્રાનું સ્થાન

કાબા પું૦ (સં.) મક્કામાં આવેલું મુસલમાનોનું એક

કાબિજ પું૦ [अ] કબજેદાર; માલિક

કાબુલ ન૦ [फा.] (સં.) અફઘાનિસ્તાનનો એક પ્રાંત (૨) અફઘાનિસ્તાનનું પાટનગર. ૦લી વિ૦ કાબુલનું–ને લગતું (૨) પું૦ કાબુલનો વતની; અફઘાન; પઠાણ

કાબૂ પું૦ [तुर्की] સત્તા; અખત્યાર (૨) અંકુશ (૩) કબજો (૪) વજન; વગ. ૦દાર વિ૦ કાબૂ ધરાવનારું

કાબેલ વિ૦ પહોંચેલું; હોશિયાર (૨) પ્રવીણ; બાહોશ. –લિયત સ્ત્રી૦ કાબેલ હોવાનો ગુણ. –લેબરદાશ(–સ) વિ૦ બરદાશ કરી શકાય–સહી શકાય એવું

કાબો પું૦ કચ્છ તરફ વસતી એક લુટારુ અને ચાંચિયા જાતનો આદમી; લૂંટારો

કાભા સ્ત્રી૦ કુભારજા

કામ પું૦ [સં.] ઇચ્છા; વાસના (૨) ચાર પુરુષાર્થોમાંનો એક (૩) ઇંદ્રિયસુખ; વિષયસુખ; મૈથુનેચ્છા (૪) કામદેવ; મદન (૫) એક છંદ. ૦કામી વિ૦ વિષયસુખની ઇચ્છાવાળું. ૦કેલિ(–લી). ૦ક્રીડા સ્ત્રી૦ સ્ત્રીપુરુષની કામવાસનાપ્રેરિત રમત (૨) સંભોગ; મૈથુન. ૦કુમાર, ૦કુંવર પું૦ (સં.) પ્રદ્યુમ્નનો કુંવર–અનિરુદ્ધ. ૦ગુણ પું૦ શબ્દાદિ પાંચ વિષય. ૦ચર, ૦ચાર(–રી) વિ૦ સ્વચ્છંદી (૨) પું૦ સ્વચ્છંદ (૩) સ્વચ્છંદી આદમી. ૦જિત્ વિ૦ વિષયવાસનાને જેણે જીતી છે એવું. ૦જ્વર પું૦ તીવ્ર વિષયવાસના; મૈથુનેચ્છારૂપી જ્વર–તાવ. ૦દ વિ૦ મનકામના પૂરી કરનારું (૨) પું૦ ઈશ્વર (૩) કાર્તિકસ્વામી. ૦દા વિ૦સ્ત્રી૦ કામદ (૨) સ્ત્રી૦ કામધેનુ (૩) નાગરવેલ. ૦દુઘા, ૦દુગ્ધા સ્ત્રી૦ કામધેનુ. ૦દૂતી સ્ત્રી૦ મદનદૂતી; કોયલ. ૦દૃષ્ટિ સ્ત્રી૦ વિષયવાસનાવાળી નજર ૦દેવ પું૦ કામવાસનાનો કલ્પિત દેવ; મદન. ૦ધુક, ૦ધેનુ સ્ત્રી૦ મનકામના પૂરી કરનારી એક કલ્પિત ગાય. ૦બાણ ન૦ કામદેવનું બાણ (અરવિંદ, અશોક, આમ્ર, નવમલ્લિકા અને નીલોત્પલ) (૨) નેત્રકટાક્ષ. ૦ભાવ પું૦ કામવાસના. ૦ભોગ પું૦ કામવાસના ભોગવવી–પૂરી કરવી તે. ૦મીમાંસા સ્ત્રી૦ કામશાસ્ત્ર (૨) એને લગતી તાત્ત્વિક ચર્ચા. ૦રૂપ વિ૦ ઇચ્છામાં આવે એવું રૂપ ધરનારું (૨) સુંદર; મોહક (૩) પું૦ (સં.) આસામ દેશના એક ભાગનું પ્રાચીન નામ. ૦રૂપી વિ૦ કામરૂપ. ૦લી વિ૦ સ્ત્રી૦ વિષયેચ્છાવાળી–કામી. ૦વશ વિ૦ કામવાસનાને વશ બનેલું. ૦વાસના સ્ત્રી૦ વિષયેચ્છા. ૦વિકાર પું૦ વિષયેચ્છાને લીધે થતો મનોવિકાર. ૦વિજ્ઞાન ન૦ કામવાસનાનું વિજ્ઞાન; કામશાસ્ત્ર. ૦વૃદ્ધિ સ્ત્રી૦ કામનું–વિષયેચ્છાનું વધવું તે. ૦શર પું૦; ન૦ કામબાણ. ૦શાસ્ત્ર ન૦ કામભોગનું શાસ્ત્ર. ૦સૂત્ર ન૦ (સં.) કામશાસ્ત્ર નિરૂપતો વાત્સ્યાયન મુનિએ રચેલો સૂત્રગ્રંથ. ૦હીણુ વિ૦ નપુંસક

કામ ન૦ કર્મ; કૃત્ય (૨) કર્તવ્ય (૩) વ્યવસાય; ધંધો (૪) જરૂર; ખપ; ઉપયોગ (૫) અ૦ કાજે માટે (પ.). ૦કરું વિ૦ કામ કરે એવું; કર્તવ્યનિષ્ઠ (૨) મહેનતુ. ૦કાજ ન૦ નાનું મોટું કોઈ પણ કામ; વ્યવસાય (૨) ધંધો; રોજગાર. ૦ગ(–ગી)રી સ્ત્રી૦ નોકરી; ચાકરી (૨) અધિકાર; સત્તા (૩) નોકરીને અંગે કરવાનું કામ. ૦ગરું વિ૦ કામમાં મચ્યું રહેનારું; ઉદ્યોગી. ૦ગાર વિ૦ કામ–મહેનત મજૂરી કરનાર (૨) પું૦ કામદાર; મજૂર. ૦ગીરી સ્ત્રી૦ કામગરી. ૦ચલાઉ વિ૦ કામ ચલાવવા પૂરતું જ હોય એવું (૨) કાયમીથી ઊલટું; હંગામી. ૦ચોર પું૦ પોતાને સોંપાયેલું કામ બરાબર નહિ કરનાર–હાડકાંનો આળો એવો આદમી (૨) કસબચોર. ૦ચોરી સ્ત્રી૦ કામચોરનું કર્મ. ૦જોગ(–ગું) વિ૦ કાર્યપૂરતું. ૦ધંધો પું૦ કામ અને ધંધો; વેપારરોજગાર. ૦સર અ૦ કામને માટે–અંગે. ૦સાધુ વિ૦ સ્વાર્થસાધુ; આપમતલબી (૨) પું૦ તેવો આદમી

કામઠું વિ૦ + કામી

કામઠ પું૦ કાચબો

કામઠિયો પું૦ તીર મારનારો પુરુષ; ધનુર્ધારી

કામઠી સ્ત્રી૦ નાનું કામઠું; સાદું ધનુષ્ય (૨) કામઠીવાળો માણસ; ભીલ. –ઠું ન૦ ધનુષ

કામઠકોટિયું વિ૦ કામઠાનું બનાવેલું (૨) બાંગું બાંગું થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલું (૩) ન૦ કામડાં બાંધીને બનાવેલું ઘર

કામડી(-ડું) વિ૦નબળા બાંધાનું; સુકલકડી (૨) કામકરંડું. -ડી સ્ત્રી૦, -ડું ન૦ વાંસની ચીપ

કામઢું વિ૦ જુઓ કામકરંડું

કામણ ન૦ વશીકરણ; મોહિની લગાડવી તે (૨)ઘંતરમંતર; ટુચકો. ૦ગારું વિ૦ કામણ કરે એવું; મોહક. ૦ટ્રૂમણ ન૦ કામણ અને બીજા ટુચકા; ઘંતરમંતર. ૦ટ્રૂમણિયું વિ૦ કામણટ્રૂમણ કરનારું. ૦વું સ૦ક્રિ૦ કામણ કરવું

કામતાઈ સ્ત્રી૦ + વિષયલંપટતા; કામીપણું

કામદ, કામદા વિ૦સ્ત્રી૦ [સં.] જુઓ 'કામ [સં.]'માં

કામદાની સ્ત્રી૦ [फा.] એક પ્રકારનું લૂગડું

કામદાર પું૦ [फा.] અમલદાર; આધકારી (૨) કારભારી; દીવાન (૩) કામ કરનાર-નોકરિયાત માણસ અથવા મજૂર. ૦પક્ષ પું૦કામ કરનારાઓ-મજૂરોનો પક્ષ. ૦સંઘ પું૦કામ કરનારાઓનો-કામદારોનો સંઘ. -રી સ્ત્રી૦કામદારપણું

કામદુઘા, ૦દુર્ગા, ૦દૂતી, ૦દેવ, ૦ધુક, ૦ધેનુ જુઓ 'કામ[સં.]'માં

કામના સ્ત્રી૦[સં.] વાસના; મનોભાવ (૨) ઇચ્છા; અભિલાષા

કામ(-મિ)ની સ્ત્રી૦ કામ-પ્રેમ-હેત રાખનારી સ્ત્રી (૨) સુંદરી [[સં.]'માં

કામરૂ પું૦ (સં.) કામરૂપ દેશ. ૦પ પું૦ [સં.] જુઓ 'કામ

કામલેટ સ્ત્રી૦એક જાતનું ઊનનું કપડું; કાંબલેટ [કમાવું

કામવું સ૦ક્રિ૦ ઇચ્છા કરવી (૨) મેળવવું; સંપાદન કરવું;

કામસ પું૦; સ્ત્રી૦ શેરડીના રસનો કચરો; ગોળનો મેલ

કામળ(-ળી)સ્ત્રી૦ઊનની ધાબળી.-ળિયો પું૦ચોમાસામાં થતો એક રૂવાંવાળો જીવડો.-ળો પું૦ધાબળો; મોટી કામળી

કામા સ્ત્રી૦ કામિની; સુંદર સ્ત્રી (૨) એક પારસી અટક

કામાક્ષી વિ૦સ્ત્રી૦[સં.]વિષયી આંખવાળી સ્ત્રી(૨)સ્ત્રી૦(સં.) તંત્રો પ્રમાણે દેવીની એક મૂર્તિ (૩) દુર્ગાનું એક નામ

કામાગ્નિ પું૦ [સં.] કામવાસનારૂપી અગ્નિ

કામાટી(-ઠી) વિ૦ એ નામની હિંદુ જ્ઞાતિનું (૨) પું૦ એ જ્ઞાતિનો માણસ (૩) ઝાડઝૂડ કરનાર નોકર; પટાવાળો. -ટ(-ઠ)ણ સ્ત્રી૦ કામાટીની સ્ત્રી

કામાતુર વિ૦ [સં.] વિષયેચ્છાથી આતુર બનેલું

કામાદાર પું૦ + કામદાર; કારભારી

કામાનલ(-ળ) પું૦ [સં.] કામરૂપી અનલ; કામાગ્નિ

કામાયુધ ન૦ [સં.] કામદેવનું આયુધ-બાણ

કામાર્ત(-ર્ત્ત) વિ૦ [સં.] કામવાસનાથી આર્ત-પીડિત

કામાર્થી વિ૦ [સં.] વિષયભોગ જેનો હેતુ છે એવું; કામી

કામાર્થું વિ૦ કામગરું; ઉદ્યોગી

કામાવેશ પું૦ [સં.] વિષયેચ્છાનો આવેશ-જુસ્સો

કામાસક્ત વિ૦[સં.] વિષયાસક્ત. -ક્તિ સ્ત્રી૦ વિષયાસક્તિ

કામાસન ન૦ [સં.] કામવાસનાને દબાવવાનું એક આસન

કામાસ્ત્ર ન૦ [સં.] કામનું અસ્ત્ર-બાણ

કામાંધ વિ૦[સં.] કામાવેશથી આંધળું બનેલું. ૦તા સ્ત્રી૦

કામિની સ્ત્રી૦ [સં.] જુઓ કામની (૨) વિ૦ સ્ત્રી૦ કામી

કામી વિ૦ [સં.] વિષયી; વિષયાસક્ત

કામુક વિ૦ [સં.] ઇચ્છુક (૨) વિષયી; કામી (૩) પું૦ યાર (૪) કામી પુરુષ. -કા વિ૦ સ્ત્રી૦ કામી (સ્ત્રી)

કામું ન૦ કામ; કાર્ય (૨) વ્યાપાર; ક્રિયા [વિ૦ કામુક

કામેચ્છા સ્ત્રી૦[સં.] કામની-વિષયભોગની ઇચ્છા. -ચ્છુ

કામેશ્વર પું૦[સં.]વિષયવાસના પર કાબૂ મેળવનાર પુરુષ(૨) [સં.]મહાદેવ; શિવ. -રી સ્ત્રી૦એવી સ્ત્રી (૨) [સં.] પાર્વતી

કામો પું૦ બહાદુરીનું કામ; પરાક્રમ (કા.) [રાગણી

કામોદ પું૦ [સં.] એક રાગ. -દી સ્ત્રી૦ દીપકની એક

કામોરો પું૦ કામદાર [કરેલું (૩) સુંદર

કામ્ય વિ૦ [સં.] ઇચ્છા કરવા યોગ્ય (૨) કામનાથી-ઇચ્છાથી

કાય સ્ત્રી૦[સં.] શરીર (૨) ન૦કાયફળ. ૦કષ્ટ ન૦કાયાનું કષ્ટ (૨) તપાદિથી દેહનું દમન કરવું તે (૩) શારીરિક કામ-મહેનત. ૦કષ્ટી વિ૦કાયકષ્ટ કરનારું. ૦સ્થ વિ૦ એ નામની જ્ઞાતિનું; કાયચ (૨) પું૦ એ જ્ઞાતિનો પુરુષ. ૦ચિકિત્સા સ્ત્રી૦ શરીરની ચિકિત્સા-વૈદકીય તપાસ અને સારવાર. ૦દંડ પું૦ દેહદમન. ૦રોગ પું૦ શારીરિક રોગ

કાયચ વિ૦ (૨) પું૦ + કાયસ્થ (જુઓ 'કાય'માં)

કાયટું ન૦ મરનારના અગિયારમાને દિવસે કરવામાં આવતી ક્રિયા કે જમણ. -ટિયો પું૦ કાયટું કરાવનાર બ્રાહ્મણ

કાયદો પું૦ [अ.] નિયમ; ધારો (૨) સરકારી કાનૂન (૩) ઘોડાના ચોકડા સાથે સંબંધ રાખતી દોરી, જે તેની ડોકની હાંસડીના આંકડામાં ભેરવાય છે. -દાપાલક વિ૦ કાયદા પાળનારું; કાયદા અનુસાર વર્તન રાખનારું. -દાબાજ વિ૦ કાયદાની ઝીણવટ જાણનાર; કાયદાની આવડવાળું. -દાભંગ પું૦કાયદો તોડવો તે.-દાશાસ્ત્રી પું૦કાયદાનો જાણકાર; ધારાશાસ્ત્રી.-દા(-દે)સર અ૦કાયદા મુજબ

કાયનાત સ્ત્રી૦ [अ.] પૂંજી; વિસાત

કાયપત્રી સ્ત્રી૦ એક વનસ્પતિ

કાયફળ ન૦ એક ઔષધિ-ફળ. -ળી સ્ત્રી૦ કાયફળનું ઝાડ

કાયમ વિ૦ [अ.] હમેશ માટેનું; સ્થાયી; કામચલાઉથી ઊલટું (૨) મંજૂર; બહાલ. ૦ખરડો પું૦ ખેતર તથા ખાતેદારને લગતી કાયમની વિગતવાળું તલાટીનું દફતર. ૦દાયમ, -મી વિ૦ હમેશ માટેનું; સ્થાયી; નિત્ય

કાયર(-રું) વિ૦ કામથી કંટાળી જાય એવું; આળસુ (૨) થાકી-કંટાળી ગયેલું (૩) નાહિંમત; ડરકણ; બાયલું

કાયલી વિ૦ માંદું; માંદલું (૨) મંદવાડથી કાયર બનેલું

કાયા સ્ત્રી૦ શરીર; કાય. ૦કષ્ટ ન૦, ૦કષ્ટિ સ્ત્રી૦ તપ; વ્રતાદિ અર્થે શરીરને કષ્ટ આપવું તે (૨) દુઃખ; પીડા. ૦પલટો પું૦ શરીરની ફેરબદલી; નવો અવતાર લેવો તે (૨) બાહ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાવની-વેશની ફેરબદલી

કાયાકૂટી સ્ત્રી૦ એક વનસ્પતિ

કાયિક વિ૦ [સં.] કાયા-શરીરને લગતું; શારીરિક

કાયો પું૦ એક જાતની પીળી માટી

કાર પું૦ [સં.] ક્રિયા; કાર્ય (૨) નામને અંતે 'કરનાર' એવા અર્થમાં. ઉદા૦ 'ચિત્રકાર' (૩) વર્ણને અંતે 'તે વર્ણ કે તેનો ઉચ્ચાર' એવા અર્થમાં. ઉદા૦ 'ટકાર' (૪) રવાનુકારી શબ્દને અંતે 'તે રવ' એવા અર્થમાં. ઉદા૦ 'ફુત્કાર' (૫) નિશ્ચય (૬) યત્ન (૭) સંબંધ; વ્યવહાર (૮) વકર; શાખ (૯) ગજું (૧૦) ફેરફાર. ૦ક વિ૦ કરનારું-કરાવનારું (સમાસને છેડે). ઉદા૦ 'સુખકારક' (૨) ન૦ (વ્યા.) વાક્યમાં નામ અને ક્રિયાપદ અથવા એની સાથે વિભક્તિનો સંબંધ ધરાવતા શબ્દો વચ્ચેનો સંબંધ (૩) પદવિન્યાસ. ૦ક-વિભક્તિ સ્ત્રી૦ છઠ્ઠી સિવાયની કોઈ પણ વિભક્તિ

કાર પું૦ [ફા.] કાર્ય; કામ (૨) કામકાજ; ધંધો. ૦કર્દગી, ૦કિર્દી સ્ત્રી૦ કારભાર દરમિયાનનો સમય (૨) અમલ દરમિયાનમાં કરેલું કામકાજ; વહીવટ. ૦કુન પું૦ ગુમાસ્તો; મહેતો. ૦કુની સ્ત્રી૦ કારકુનનું કામ. ૦ખાનદાર પું૦ કારખાનાનો માલિક. ૦ખાનદારી સ્ત્રી૦ કારખાનદારપણું. ૦ખાનું ન૦ જ્યાં હુન્નરઉદ્યોગનું કામ થતું હોય તે મકાન (૨) કોઈ પણ મોટા કામકાજનું ખાતું. ૦ચ(-ચો)બી સ્ત્રી૦ લાકડા ઉપરનું કોતરકામ (૨) એક જાતનું જરીનું ભરતકામ. ૦સાજ પું૦ કર્તા; કામકાજની વ્યવસ્થા કરનારો. ૦સાજી સ્ત્રી૦ કારસાજપણું (૨) [કામ સુધારવા માટે મૂકેલો] અવેજ; અનામત ફંડ. ૦સ્તાન ન૦ પ્રપંચ; લુચ્ચાઈનું કામ (૨) તોફાન; મસ્તી. ૦સ્તાની વિ૦ કારસ્તાન કરનારું કરાવનારું. -રોબાર પું૦ કારભાર. -રોબારમંડળી સ્ત્રી૦ કાર્યવાહક-સભા. -રોબારી વિ૦ કારોબારનું, -ને લગતું

કારખત સ્ત્રી૦ તસ્દી (કા) [(૪) કામમાં આવવાપણું

કારગત સ્ત્રી૦ શક્તિ; કૌવત (૨) વગ; ચલણ (૩) કામ; અર્થ

કારજ ન૦ કામ; કાર્ય (૨) વિવાહ કે મૃત્યુ સંબંધી (ખર્ચનો) પ્રસંગ-વરો. ૦કારી વિ૦ સેવાભાવી; પરોપકારી

કારડિયો પું૦ એ જાતનો એક રજપૂત

કારડો પું૦ + ક્યારડો (૨) કરવડો

કારણ ન૦ [સં.] કાર્યની ઉત્પત્તિ કે પ્રવૃત્તિનું મૂળ-બીજ; સબબ (૨) હેતુ; ઉદ્દેશ (૩) જરૂર; ગરજ (૪) ભૂત, પ્રેત, મૂઠ ઇત્યાદિથી જે વ્યથા થાય તે (૫) અ૦ કારણ કે. ૦કે અ૦ એટલા વાસ્તે કે; સબબ કે; કેમ કે. ૦અવતાર પું૦ અમુક નિશ્ચિત કાર્ય કરવાને સારુ ઈશ્વર જે અવતાર લે છે તે. ૦દેહ, ૦શરીર પું૦; ન૦ લિંગદેહ. ૦ભૂત, ૦રૂપ વિ૦ કારણ-સાધનરૂપ બનેલું. ૦માલા સ્ત્રી૦ એક અર્થાલંકાર (કા શા.). ૦વશાત્ અ૦ કારણને લીધે. ૦વાદ પું૦ કારણ વિના કાર્ય ન જ હોઈ શકે એવો વાદ-મત (૨) ફરિયાદ (૩) અપીલ. ૦વાદી વિ૦ કારણવાદમાં માનનારુ (૨) પું૦ ફરિયાદી. ૦સર અ૦ -ના કારણથી; ને લીધે. -ણોત્તર પું૦; ન૦ કારણ દર્શાવતો ઉત્તર (૨) પ્રતિવાદીનો રદિયો

કારણી વિ૦ સ્ત્રી૦ યોજનારી; કરનારી [એને લગતું

કારતક પું૦ વિક્રમ સંવતનો પહેલો મહિનો. -કી વિ૦ એનું,

કારતૂસ સ્ત્રી૦ [પો.] બંદૂક ઇ૦માં ભરી ફોડવાની ટોટી જેવી બનાવટ

કારદાન ન૦ [ફા.] + તદબીર; યુક્તિ (૨) કળા; યોજના

કારભાર પું૦ કારોબાર; વ્યવસ્થાનું કામ (૨) એકાદા મોટા કામનો વ્યવસાય. ૦ણ સ્ત્રી૦ કારભાર કરનારી સ્ત્રી (૨) કારભારીની સ્ત્રી. -રી પું૦ કારભાર કરનારો; વ્યવસ્થાપક; પ્રધાન. -રું ન૦ કારભારીનું કામ; પ્રધાનવટું

કારમું વિ૦ ક્રૂર સ્વરૂપવાળું; અદ્ભુત (૨) દૈવી; સુંદર (૩) ભયંકર

કારમોદક અ૦ એકદમ; ઓચિંતું (કા.)

કારવ પું૦ [સં.] કાગડો. -વી સ્ત્રી૦ કાગડી

કારવવું સ૦ ક્રિ૦ બીજા ક્રિ૦ સાથે વપરાતાં તેમાં ઇત્યાદિનો ભાવ ઉમેરે છે. ઉદા૦ જોઈકારવીને, કરીકારવીને

કારવહેવાર પું૦ કામકાજ અને રીતભાત; સામાજિક વહીવટ અને વ્યવહાર

કારવા પું૦ આબરૂ; પ્રતિષ્ઠા [કારેલી

કારવી સ્ત્રી૦ જુઓ 'કારવ'માં (૨) અશ્વગંધા (૩) મેથી (૪)

કારવો પું૦ એક તરેહનો નાચ-ફેરબો (૨) ફેરબા વખતે ગાવાનો રાગ (૩) અવસર; તક

કારસાજ પું૦, -જી સ્ત્રી૦ જુઓ 'કાર [ફા.]'માં

કારસિયો પું૦ હીંચકાની સાંકળ કે સળિયો ભરવવાનો આંકડો; કડું

કારસી સ્ત્રી૦ મોટો કાંટો; કંપાણ

કારસો પું૦ યુક્તિ; હિકમત (૨) બેત; પ્રબંધ (૩) મનસૂબો

કારસ્તાન ન૦, -ની વિ૦ જુઓ 'કાર[ફા.]'માં

કારંજ, -જો પું૦ [ફા.] ફુવારો (૨) ફુવારાવાળો બાગ

કારંડવ ન૦ [સં.] એક જળચર પક્ષી-બતક

કારંડવ્યૂહ પું૦ [સં.] (સં.) એક બૌદ્ધ સાધુ કે શાસ્ત્ર

કારાખડિયો પું૦ અશુભ ખબર-કાળોતરી લાવનારો માણસ

કારાગાર ન૦ [સં.] કેદખાનું. ૦વાસ પું૦ કારાગારમાં રહેવું તે

કારાગૃહ ન૦ [સં.] કારાગાર. ૦વાસ પું૦ કારાગારવાસ

કારાપારા પું૦ ચૂંથાચૂંથ (૨) વંકાઈને કોઈનું ભૂંડું બોલવું તે; જાણીજોઈને દોષ કાઢવા તે

કારાવાસ પું૦ [સં.] જુઓ કારાગારવાસ

કારિકા સ્ત્રી૦ [સં.] શ્લોકબદ્ધ વ્યાખ્યા કે વિવરણ (૨) નટી

કારિકા સ્ત્રી૦ ભોંયરીંગણી (૨) ઊંટડી; સાંઢણી

કારી વિ૦ [સં.] 'કરનાર, કરે એવું' એ અર્થમાં સમાસને અંતે. ઉદા૦ સુખકારી. -રિણી વિ૦ સ્ત્રી૦ કારી [તદબીર

કારી વિ૦ કારમું; દારુણ (૨) ઘાતક; મારક (૩) સ્ત્રી૦ યુક્તિ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારીગર પું૦ [फ़ा.] હાથની કારીગરીમાં પ્રવીણ માણસ (૨) યંત્રાદિ ચલાવી જાણનાર (૩) કોઈ પણ કળામાં કુશળ-હોશિયાર માણસ; ઉસ્તાદ

કારીગ(-ગી)રી સ્ત્રી૦ [फ़ा.] કારીગરનું કલાત્મક કામ; રચના (૨) કળાકૌશલ્ય; ચતુરાઈ; ઉસ્તાદી

કારીપા(-પે)રી સ્ત્રી૦ દ્વિઅર્થી બોલી; દ્વૈધીભાવ; કહેવું કંઈક ને કરવું કંઈક એવી વર્તણૂક (૨) જ્યાં એક જવાબ જોઈએ ત્યાં બે જવાબ આપવા તે (૩) જાણી જોઈને દોષ કાઢવો તે; કારાપારા

કારુ વિ૦ [सं.] કરનારું; બનાવનારું (૨) પું૦ કારીગર-શિલ્પી (૩) એ કામ કરનારી એક જાત

કારુણિક વિ૦ [सं.] કરુણાવાળું (૨) કરુણાજનક. ૦તા સ્ત્રી૦

કારુણ્ય ન૦ [सं.] કારુણિકતા; કરુણા

કારૂન પું૦ [अ.] (સં.) એક પ્રખ્યાત કંજૂસ ધનિક

કારેલી સ્ત્રી૦ કારેલાંનો વેલો. -લું ન૦ શાક તરીકે વપરાતું એક કડવું ફળ [દારૂનું ફીણ (૩) ફૂવો

કારોતર પું૦ દારૂ ગાળવાની વાંસની ચીપોની ચાળણી (૨)

કારોબાર [फ़ा.], ૦મંડળી, -રી જુઓ 'કાર [फ़ा.]'માં

કાર્ડ ન૦ [इं.] ટપાલનું પત્તું (૨) પોતાના નામનું પત્તું

કાર્તવીર્ય પું૦ [सं.] (સં.) કૃતવીર્યનો પુત્ર; સહસ્રાર્જુન

કાર્તાંતિક પું૦ [सं.] જોશી

કાર્તિક પું૦, -કી વિ૦ [सं.] જુઓ કારતક, -કી

કાર્તિકેય પું૦ [सं.] (સં.) મહાદેવનો પુત્ર

કાર્પટ ન૦ [सं.] જૂનો કાપલો; જીર્ણ વસ્ત્ર. -ટિક પું૦ કાપડી; સંન્યાસી; ચીંથરેહાલ યાત્રી; બાવો

કાર્પણ્ય ન૦ [सं.] કૃપણતા; દૈન્ય

કાર્બન પું૦ [इं.] એક રસાયણી તત્ત્વ

કાર્બોનિક વિ૦ [इं.] કાર્બનનું; તે સંબંધી-મિશ્રિત. ૦ઍસિડ ગૅસ પું૦ પ્રાણીમાંથી બહાર નીકળતો કાર્બોનિક વાયુ

કાર્મુક ન૦ [सं.] ધનુષ્ય (૨) વાંસ (૩) ધનરાશિ

કાર્ય ન૦ [सं.] કરવાનું હોય તે; કામકાજ (૨) પ્રયોજન; હેતુ (૩) કુંડળીમાંનું દશમું સ્થાન (૪) કારજ (૫) પાંચ અર્થપ્રકૃતિમાંની છેલ્લી (બીજ, બિંદુ, પતાકા, પ્રકાશ ને કાર્ય). ૦કર, ૦કારી વિ૦ કામકાજ કરનારું-કરે એવું (૨) અસરકારક ૦કર્તા(-ર્ત્તા) પું૦ કામ કરનારો, સંચાલક. ૦કારણભાવ પું૦ કાર્ય અને કારણ વચ્ચેનો સંબંધ. ૦કુશલ(-ળ) વિ૦ કાર્યનિપુણ. ૦(-ર્યાનુ)ક્રમ પું૦ કરવાનાં કાર્યોનો અનુક્રમ-નિયતક્રમ. ૦ક્ષમ વિ૦ કામમાં ધીરજ રાખે એવું (૨) કાર્ય કરી શકે એવું; પાવરધું. ૦ક્ષમતા સ્ત્રી૦. ૦ક્ષેત્ર ન૦ કામકાજનું ક્ષેત્ર. ૦ગ્રાહક, ૦ગ્રાહી વિ૦ કામગરું. ૦ગ્રાહકતા સ્ત્રી૦. ૦ગ્રાહિણી વિ૦સ્ત્રી૦ કામગરી. ૦દક્ષ વિ૦ કાર્યનિપુણ. ૦દક્ષતા સ્ત્રી૦. ૦નિપુણ વિ૦ કાર્યો કરવામાં હોશિયાર-પાવરધું; કામની આવડવાળું. ૦નિપુણતા સ્ત્રી૦. ૦પદ્ધતિ સ્ત્રી૦ કાર્ય-કામ કરવાની પદ્ધતિ. ૦પ્રકાશ પું૦ કથા, નાટ્ય વગેરેમાં કાર્યનું આગળ વધવું તે. ૦પ્રદેશ પું૦ કાર્યક્ષેત્ર. ૦પ્રયોજન ન૦ કાર્ય કે પ્રયોજન; મતલબ (૨) લગ્ન વગેરેનું કામ; રૂડો અવસર. ૦પ્રવણ વિ૦ કાર્યમાં લાગેલું. ૦પ્રવીણ વિ૦ કાર્યનિપુણ. ૦વાહક વિ૦ કારોબાર કરનારું (૨) પું૦ કારભારી. ૦વાહકસભા સ્ત્રી૦ કાર્યવાહકોનું મંડળ. ૦વાહી સ્ત્રી૦ કાર્ય ચલાવવાની રીત; 'પ્રોસીજર' (૨) કાર્યક્રમ. ૦વ્યવસ્થિતિ સ્ત્રી૦ કાર્યો કરવામાં વ્યવસ્થિતતા. ૦શક્તિ સ્ત્રી૦ કાર્ય કરવાની શક્તિ. ૦સરણિ(-ણી) સ્ત્રી૦ કાર્ય કરવાની સરણિ-પદ્ધતિ. ૦સંજ્ઞા સ્ત્રી૦ કોઈ બે ભાવની વચ્ચે અમુક સંબંધ, કાર્ય વગેરે બતાવવા નક્કી કરેલી સંજ્ઞાઓ (ન્યા.). ૦સાધક વિ૦ કાર્ય સાધે-પાર પાડે એવું. ૦સાધકસંખ્યા સ્ત્રી૦ મંડળનું કાર્ય કરવાને જરૂરી (સભ્યોની) ન.નામાં નાની સંખ્યા; 'કોરમ'. ૦સિદ્ધિ સ્ત્રી૦ કાર્યની સિદ્ધિ; કામ પાર પડવું તે. ૦સૂચિ(-ચી) સ્ત્રી૦ કામની યાદી. ૦સ્થાન ન૦ કાર્ય કરવાની જગા; કાર્યાલય. -ર્યાનુક્રમ પું૦ કાર્યક્રમ. -ર્યાર્થી વિ૦ કાંઈ કામ સારુ આવેલું; કામ કરવા કે કરાવવા ઇચ્છતું. -ર્યાલય ન૦ કામ કરવાની જગા; 'ઑફિસ'. -ર્યાવલિ(-લી) સ્ત્રી૦ કામની યાદી; કરવાનાં કાર્યો તે

કાલ સ્ત્રી૦ ચાલતા દિવસની આગળ કે પાછળનો દિવસ (૨) અ૦ ગઈ કાલે અથવા આવતી કાલે (૩) [લા.] હમણાં; થોડા દિવસ ઉપર કે પછી

કાલ [सं.], -ળ પું૦ સમય; વખત (૨) સમયનું માપ; વેળા (૩) મોત; નાશ (૪) મોસમ; ઋતુ (૫) જ્યાં ઠોકો ન આવે એવું માત્રાનું સ્થાન (સંગીત). ૦કા સ્ત્રી૦ (સં.) કાળકા. ૦કૂટ ન૦ હલાહલ ઝેર (૨) અફીણ (૩) સમુદ્રમંથનને અંતે નીકળેલું અને શિવે પીધેલું તે હલાહલ. ૦(-લાનુ)ક્રમ પું૦ વખતનું જવું-વહેવું તે (૨) કાળગણનાની ક્રમિકતા. ૦(-લાનુ)ક્રમદોષ પું૦ કાળની ક્રમગણનામાં કે સમજમાં દોષ; 'ઍનેક્રોનિઝમ'. ૦ક્રમણ ન૦ વખતનું જવું તે (૨) વખત કાઢવો-આળસમાં વિતાવવો તે. ૦ક્ષેપ પું૦, ૦ક્ષેપણ, ૦ખેપન ન૦ વખત ગુમાવવો તે; ઢીલ-વિલંબ કરવો તે. ૦ખંડ પું૦ પિત્ત પેદા કરનારો અને શિરાઓનું મેલું લોહી શુદ્ધ કરનારો એક મોટો માંસલ અવયવ; યકૃત. ૦ગ્રસ્ત વિ૦ કાળનો ગ્રાસ થઈ ગયેલું; જૂનું થયેલું; 'ઑબ્સોલીટ'. ૦(-ળ)ચક્ર ન૦ કાળનું ચક્ર-પૈડું (૨) [લા.] ભાગ્યનું ચક્ર; જિંદગીના વારાફેરા (૩) મોટી આફત. ૦(-ળ)ચિહ્ન ન૦ મોતની-વિનાશની નિશાની. ૦જ્ઞ વિ૦ કાલને-સમયની યોગ્યાયોગ્યતાને જાણનારું (૨) પું૦ જોશી. ૦(-ળ)જ્વર પું૦ કાળરૂપ જ્વર; મોત નિપજાવે એવો તાવ. ૦ત્રય ન૦ ત્રણે કાળનો-ભૂત, ભવિષ્ય અને વર્તમાનનો સમૂહ. ૦દોષ પું૦ સમયનો દોષ (૨) કાળવ્યુત્ક્રમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦ધર્મ પું૦સમયને યોગ્ય એવો ધર્મ; કર્તવ્ય કર્મનો માર્ગ (૨) સમયનો ધર્મ-ગુણ-નિયમ (૩) મોત; યમ. ૦નિદ્રા સ્ત્રી૦ મોતની નિદ્રા. ૦નિર્ણય પું૦ સમયનો નિર્ણય કરવો તે. ૦નેમિ પું૦(સં.) એક રાક્ષસ; રાવણનો મામો (૨) હિરણ્યકશિપુનો પુત્ર. ૦પાશ પું૦ યમનો ફાંસો. ૦(-ળ)પુરુષ પું૦ (સં.) યમરાજા. ૦(-ળ)બલ(-ળ) ન૦ સમયનું બળ. ૦બંધ પું૦ કાળપાશ. ૦માન ન૦ સમયનું માપ (૨) સમય-સંજોગોની યોગ્યાયોગ્યતાની ગણતરી (૩) ઋતુનું-વાતાવરણનું આકલન કરવું તે. ૦માપક વિ૦ સમયને માપે એવું (૨) ન૦ કાળમાપક યંત્ર. ૦(-ળ)યવન પું૦ (સં.) દાનવોનો એક રાજા. ૦(-ળ)રાત્રિ(-ત્રી) સ્ત્રી૦ઘોર અંધારી રાત (૨) કાળરૂપી રાત્રી; જગતના નાશની રાત્રી; બ્રહ્માની રાત (૩) કાળીના જન્મની રાત્રી (૪) ૭૭ વર્ષે આવતી આસો સુદ આઠમ કે શ્રાવણ વદ આઠમની રાત (૫) યમરાજાની બહેન. ૦વિપર્યાસ પું૦ કાલક્રમદોષ. ૦વિવર્ત પું૦ કાલનું ફરવું-બદલાવું તે; વારોફેરો. ૦વ્યુત્ક્રમ પું૦ કાલક્રમદોષ. ૦સિદ્ધ વિ૦ કાળની કસોટીએ ઊતરેલું.-લાગરુ પું૦;ન૦ કાળું અગરુ. -લાગ્નિ પું૦ કાલરૂપી અગ્નિ; પ્રલયાગ્નિ. -લાતિક્રમદોષ પું૦ કાલક્રમદોષ. -લાતીત વિ૦ કાલથી અતીત-પર (૨)વીતી ગયેલું (૩) જૂનું થઈ ગયેલું. -લાનુક્રમ પું૦ કાલક્રમ. -લાવધિ પું૦ કાલની અવધ; નક્કી કરેલો સમય.-લાંતરે અ૦ કાળાંતરે

કાલકલાઈ સ્ત્રી૦ બચપણ; નાનપણ

કાલચૂરી ન૦ એક પક્ષી

કાલબૂત ન૦ જોડાની અંદર ઠોકવાનો લાકડાનો પગનો ઘાટ (૨) ઘાટ; બીબું (૩) પાયો; ઓઠું (કજિયાનું)

કાલરી સ્ત્રી૦ ઘાસની ચોખંડી ચાકી-ગંજી

કાલવવું સ૦ક્રિ૦ પ્રવાહી સાથે મેળવી ઘૂંટવું

કાલાવાલા પું૦બ૦વ૦ કરગરવું તે; આજીજી

કાલિક વિ૦ [સં.] કાલ-સમયને મળતું

કાલિકા સ્ત્રી૦[સં.](કાળાં)વાદળાંનો સમૂહ (૨,[સં.]ચંડિકા; કાલી. ૦છંદ પું૦ એક છંદ [કવિ

કાલિ(-ળિ)દાસ પું૦[સં.](સં.)સંસ્કૃત ભાષાનો પ્રખ્યાત

કાલિમા સ્ત્રી૦[સં.] કાળપ (૨) અંધારું (૩) કલંક (૪) છાયા

કાલિય પું૦ [સં.] (સં.)શ્રીકૃષ્ણે નાથેલો કાળીનાગ

કાલિં(-લીં)ગડું ન૦ તડબૂચ

કાલિં(-લીં)ગડો પું૦ એક રાગ

કાલિંગી સ્ત્રી૦[સં.]એક જાતની કાકડી(૨)કલિંગ દેશની સ્ત્રી

કાલિંદી સ્ત્રી૦[સં.]યમુના નદી (૨) કૃષ્ણની એક પટરાણી

કાલી સ્ત્રી૦ [સં.] (સં.) કાળી; કાળકા [તત્કાલીન

કાલીન વિ૦[સં.](અમુક) સમય સંબંધી(સમાસમાં) ઉદા૦

કાલીપાટ પું૦ એક વેલો

કાલીયક ન૦ [સં.] કાલાગરુનું લાકડું (૨) એક જાતની હળદર (૩) પીળું ચંદન (૪) કાલાગરુ (૫) કેસર

કાલુ પું૦;સ્ત્રી૦ દરિયાઈ ખડક (૨) કાલુમાછલી. ૦માછલી સ્ત્રી૦ એક જાતની માછલી; મોતી બનાવનારી માછલી

કાલું વિ૦ બાળકની વાણી જેવું, ભાંગ્યુંતૂટ્યું અને મધુરું; તોતળું (૨)બાલિશ; અણસમજુ(૩)ન૦ કપાસનું જીંડવું

કાલાંઓબડાં ન૦બ૦વ૦ કાલી ને બોબડી-ભાંગીતૂટી વાણી;

કાલેરો પું૦ એક રાગ; કાલિંગડો

કાલ્પનિક વિ૦ [સં.] કલ્પનાથી ઉત્પન્ન થયેલું;સાચું નહિ

કાવ પું૦ હેતુ (૨) કામ

કાવડ(-ડી) સ્ત્રી૦ ખાંધે બોજો ઉપાડવાને બનાવેલી તુલા

કાવડિયું ન૦ પૈસો

કાવડિયો પું૦ કાવડ ઊંચકનારો

કાવડી સ્ત્રી૦ કાવડ. -ડું ન૦ કાવડનું લાકડું

કાવડું વિ૦ ધૂર્ત; ઠગારું (કા.)

કાવતરું ન૦છળ;પ્રપંચ;કારસ્તાન (૨) ગુપ્ત અને કપટપૂર્ણ યોજના. -રાખોર, -રાબાજ વિ૦કાવતરું કરનારું

કાવરાન ન૦ વધારે માલ ભરવાની વહાણની આંતરી ઉપર રાખવાનું પાટિયું

કાવરી(-લી) સ્ત્રી૦ કાચની બંગડી (સુ.)

કાવરું, ૦બાવરું વિ૦ બાવરું; બેબાકળું

કાવલી સ્ત્રી૦ કાવળી; બંગડી

કાવલું વિ૦ ઘણું નાજુક અને શોભીતું પણ તકલાદી

કાવશ ન૦ ખાલીપણું; શૂન્યતા

કાવળ ન૦ કપટ; પ્રપંચ [(૨) કાવરી

કાવળી સ્ત્રી૦ પાણી, દૂધ ઇત્યાદિ પર તરતું પાતળું પડ

કાવાદાની સ્ત્રી૦ કાવો કરવાનું વાસણ; કીટલી

કાવાદાવા પું૦બ૦વ૦ છળપ્રપંચ; કપટબાજી

કાવું ન૦ છાપરા ઉપરની નળિયાંની ઓળ(૨)[સુ.] ખાટલાની પાટીનો આંટો (૩) અ૦ક્રિ૦ કંટાળવું; કાયર થઈ જવું

કાવેરી પું૦[સં.] એક રાગ (૨) દક્ષિણ હિંદની એક નદી

કાવો પું૦ બુંદદાણાનો ઉકાળો (૨) ઉકાળો; કાઢો

કાવો પું૦ ઘોડાને ગોળ ચક્કર ફેરવવો તે (૨) છળ; પ્રપંચ

કાવ્ય ન૦ [સં.] કવિતામાં જે કલાત્મક રસનું તત્ત્વ હોય છે તે (૨) રસાત્મક વાક્ય કે પદબંધ (૩) પદ્ય; કવિતા. ૦કલા (-ળા) સ્ત્રી૦ કાવ્યની કળા. ૦કાર પું૦ કવિતા કરનાર; કવિ. ૦મય વિ૦ કાવ્યથી ઓતપ્રોત થયેલું. ૦મીમાંસા સ્ત્રી૦ કાવ્યશાસ્ત્ર (૨) કાવ્યની શાસ્ત્રીય રસચર્ચા. ૦રચના સ્ત્રી૦ કાવ્યની રચના. ૦રસ પું૦કાવ્યથી અનુભવાતો રસ. ૦રસિક વિ૦ કાવ્યમાં જેને રસ છે એવું. ૦શક્તિ સ્ત્રી૦ કાવ્યની શક્તિ (૨) કાવ્ય કરવાની આવડત-વિદ્યા. ૦શાસ્ત્ર કાવ્ય-કવિતાનું શાસ્ત્ર. ૦વ્યાનંદ પું૦ કાવ્યનો આનંદ

કાશ(-સ) પું૦; ન૦ [સં.] એક ઘાસ (૨) ન૦ એનું ફૂલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) પું૦ ખાંસી; ઉધરસ

કાશ(-સ) સ્ત્રી૦ આડખીલી; કાસળ [પડઘીવાળો લોટો

કાશંડી(-દી,-દ્રી) સ્ત્રી૦ (કાશીની બનાવટનો) મોટા પેટનો

કાશિયા ન૦ એક પક્ષી

કાશી સ્ત્રી૦ [સં.] (સં.) પ્રસિદ્ધ જાત્રાનું સ્થળ; વારાણસી

કાશ્મીર સ્ત્રી૦ [સં.] એક જાતનું ઊનનું કપડું (૨) ન૦ કેસર (૩) સુખડ (૪) પું૦; ન૦ (સં.) હિંદુસ્તાનની છેક ઉત્તરમાં આવેલો એક દેશ. -રી વિ૦ કાશ્મીરનું; કાશ્મીર સંબંધી (૨) સ્ત્રી૦ કાશ્મીરની ભાષા

કાશ્ય વિ૦ [સં.] કાશ ઘાસનું

કાશ્યપ પું૦ [સં.] (સં.) એક પ્રસિદ્ધ ઋષિ (૨) કણાદમુનિ. -પી સ્ત્રી૦ કશ્યપની કે કાશ્યપ કુળની સ્ત્રી (૨) પૃથ્વી

કાષાય વિ૦ [સં.] ભગવું (૨) ન૦ ભગવું વસ્ત્ર

કાષ્ઠ ન૦ [સં.] લાકડું (૨) કાડી; બળતણ. ૦ક સ્ત્રી૦ છોડવાઓનું નક્કર કાઠું બનાવનાર પદાર્થ (૨) અગરનું લાકડું. ૦કીટ પું૦ લાકડું કોરી ખાનાર કીડો. ૦કૂટ પું૦ એક પક્ષી; લક્કડખોદ. ૦ઘંટા સ્ત્રી૦ તોફાની પશુને ગળે બાંધવામાં આવતું લાકડું; ડેરો. ૦મય વિ૦ તદ્દન લાકડાનું; લાકડાથી ભરપૂર (૨) લાકડા જેવું; સુકલકડી (૩) [લા.] અસર-લાગણી વગરનું (૪) મજબૂત; કઠણ. ૦મૌન ન૦ લાકડાના જેવું મૌન. ૦વત્ વિ૦ (૨) અ૦ લાકડાના જેવું

કાષ્ઠા સ્ત્રી૦ [સં.] દિશા; પ્રદેશ (૨) હદ; સીમા (૩) એક નાનું કાલમાન

કાષ્ઠિક પું૦ [સં.] લાકડાં વહી જનારો; કઠિયારો

કાષ્ઠૌષધિ(-ધી) સ્ત્રી૦ [સં.] વનસ્પતિની દવા

કાસ પું૦ [સં.] જુઓ કાશ. ૦ડો પું૦ કાશ ઘાસ. ૦કંદ પું૦; ન૦ કાસ-હાંસાના રોગ પર વપરાતું એક કંદ-ઔષધિ

કાસદું ન૦ કાયદું

કાસદ પું૦ સંદેશો-કાગળ લાવનાર લઈ જનાર આદમી; ખેપિયો. -દિયું ન૦ કાસદું (૨) વિ૦ એ કામ કરનાર (કબૂતર). -દું ન૦ કાસદનું કામ

કાસની સ્ત્રી૦ એક વનસ્પતિ-ઔષધિ

કાસવાસ પું૦ શ્વાસ; દમ

કાસળ ન૦ આડખીલી; નડતર; પીડા

કાસાર પું૦; ન૦ [સં.] સરોવર; તળાવ

કાસયું ન૦ એક જાતનું ઘાસ

કાસીદોરિયો પું૦ એક જાતનું સુતરાઉ કાપડ

કાસૂંદ્રા સ્ત્રી૦, -દ્રો પું૦ એક વનસ્પતિ

કાહર પું૦ + કહાર; કાવડિયો [(૩) ગાયનું શીંગડું

કાહળ પું૦; ન૦ + રણશીંગું; તતૂડું (૨) મોટું ઢોલ (લશ્કરનું)

કાહિલી વિ૦ આળસુ; કાયર (૨) આજારી; માંદું (૩) સ્ત્રી૦ [फा.] આળસુપણું; કાયરતા (૪) માંદગી (૫) તજાગરમી

કાહીું વિ૦ ચિડાયેલું (૨) થાકેલું; કાયર (૩) આજારી; માંદું

કાળ પું૦ જુઓ કાલ અર્થ ૧થી ૪ (૫) દુકાળ (૬) ક્રોધ. ૦કરાળ વિ૦ કાળ જેવું ભયંકર (૨) મૃત્યુ. ૦કૂટ ન૦ કાલકૂટ. ૦ગળામણું વિ૦ કાળ ગાળવામાં સાધનભૂત એવું. ૦ચક્ર ન૦ કાલચક્ર. ૦ચંદ્ર પું૦ નુકસાનકારક-ઘાતક ગણાતી રાશિનો ચંદ્ર. ૦ચિહ્ન ન૦ કાલચિહ્ન. ૦ચોઘડિયું ન૦ નુકસાનકારક-ઘાતક ચોઘડિયું. ૦જીભું વિ૦ કાળ જેવી નુકસાનકારક-ઘાતક જીભવાળું. ૦જૂનું વિ૦ કાળ જેટલું અતિ જૂનું; પુરાણું. ૦જ્વર પું૦ કાલજ્વર; જીવલેણ તાવ. ૦ઝાળ વિ૦ કાળની ઝાળ જેવું. ૦નિદ્રા સ્ત્રી૦ કાલનિદ્રા (૨) ગાઢ નિદ્રા. ૦પુરુષ પું૦ (સં.) યમરાજ. ૦બળ ન૦ કાલબળ. ૦ભાતિ વિ૦ કાળ જેવું; યમસ્વરૂપ. ૦ભૈરવ પું૦ મહાદેવ. ૦મીંઢ વિ૦ ઘણું જ કાળું (૨) નિષ્ઠુર (૩) પું૦ એક જાતનો ઘણો કઠણ અને કાળો પથ્થર. ૦મુખું વિ૦ કાળના જેવા મોંવાળું. ૦મૂર્તિ(-ર્ત્તિ) વિ૦ કાળના જેવી મૂર્તિવાળું (૨) સ્ત્રી૦ શરીરધારી કાળ પોતે (૩) કાળના જેવી ભયંકર આકૃતિવાળો આદમી. ૦યવન પું૦ (સં.) કાલયવન. ૦યોગ પું૦ સમયનો યોગ; સંજોગ. ૦રાત્રિ(-ત્રી) સ્ત્રી૦ જુઓ કાલરાત્રિ. ૦વેળા સ્ત્રી૦ ભયંકર વખત (૨) સંધ્યાકાળ. ૦વેળિયો પું૦ છોકરાં ચોરી જનારો (૨) ધુતારો બાવો. ૦વ્યુત્ક્રમ પું૦ કાલવ્યુત્ક્રમ (૨) યોગ્ય કાળ વીતી જવો તે

કાળક સ્ત્રી૦ જુઓ કાળપ

કાળકા સ્ત્રી૦ (સં.) કાલિકા [એવું આકરું

કાળજ(-જું) ન૦ કલેજું. -જાતૂટ વિ૦ કાળજું તૂટી જાય

કાળજી સ્ત્રી૦ હૃદયપૂર્વક સંભાળ-ચિંતા; ચીવટ

કાળપ સ્ત્રી૦ કાળાપણું (૨) કલંક

કાળપૂંછ ન૦ કાળા પૂંછડાવાળું એક જાતનું હરણ. -છી,-છું વિ૦ કાળા પૂંછડાવાળું (૨) પૂંછડામાં અશુભ ચિહ્ન હોય એવું

કાળપેચક ન૦ એક પક્ષી

કાળવેરી વિ૦ કાળા રંગનું (ભેંસ ઇત્યાદિ)

કાળા પું૦ બ૦ વ૦ નઠારા લેખ; દુર્ભાગ્ય

કાળાગ્નિ પું૦ જુઓ કાલાગ્નિ

કાળાટ પું૦ કાળાપણું. -શ સ્ત્રી૦ કાળાટ (૨) સહેજ કાળાપણું

કાળાંજન ન૦ કાળું અંજન; સુરમો

કાળાંતરે અ૦ ઘણા લાંબા સમયના-યુગોના અંતર પછી (૨) કેટલોક કાળ વીત્યા પછી (૩) [લા.] કદી પણ

કાળાંધોળાં ન૦ બ૦ વ૦ કારસ્તાન; બદચાલ. (બ૦ વ૦માં વપરાય છે. જુઓ કાળુંધોળું)

કાળિયાર પું૦ હરણના ટોળાનો મુખી-કાળો નર

કાળિયું વિ૦ કાળા રંગનું (૨) ન૦ કાળી ગાંઠી (૩) અફીણ (૪) કાળિયો. -યો પું૦ કાળી તમાકુ. -યો સરસ પું૦ એક વનસ્પતિ-ઔષધિ

કાળિંગું ન૦ કાલિંગડું

કાળી વિ૦ સ્ત્રી૦ કાળા રંગની સ્ત્રી (૨) કાળી છાપવાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંજીફાના પત્તાની એક જાત (૩) [સં.] કાલિકા. ૦કૂટકી સ્ત્રી૦ એક વનસ્પતિ. ૦કંઠી,૦ગાંઠી સ્ત્રી૦ સ્ત્રીઓની કોટનું એક ઘરેણું. ૦ચૌદશ(-સ) સ્ત્રી૦ આસો વ૦ ૧૪. ૦જીરી સ્ત્રી૦ એક ઔષધિ-બીજ. ૦ટીલી સ્ત્રી૦ કલંક; લાંછન. ૦ધામણી સ્ત્રી૦ એક વનસ્પતિ. ૦નાગ પું૦ કાળો નાગ-સાપ (૨) જુઓ કાલિય. ૦પરજ સ્ત્રી૦ દૂબળા વગેરે કાળા રંગની જાતિ. ૦પહાડ,૦પાટ સ્ત્રી૦ એક વેલો. ૦રોટી સ્ત્રી૦ માલપૂઓ. ૦રોળી સ્ત્રી૦ રોળીકોળી-સાંજનો વખત

કાળું વિ૦ મેશના રંગનું (૨) [લા.] નઠારું; દુષ્ટ; અઘોર. ૦કટ વિ૦ સાવ કાળું. ૦ડિબાંગ વિ૦ અતિશય કાળું. ૦ધોળું ન૦ ખરાબ કામ. ૦બલ્લક વિ૦ કાળું કાળું ભૂત જેવું. ૦મેશ વિ૦ મેશ જેવું કાળું

કાળૂખડો પું૦ એક વનસ્પતિ

કાળોતરિયો પું૦ કાળોતરી લઈ જનારો ખેપિયો

કાળોતરી,કાળોત્રી સ્ત્રી૦ મરણના સમાચારની ચિઠ્ઠી. -રું વિ૦ કાળું. -રો પું૦ કાળો નાગ; ફણીધર

કાં અ૦ કેમ? ૦કે,૦જે અ૦ કેમ જે; કારણ કે. ૦તો અ૦ અથવા; અગર તો. ૦રે અ૦ કેમ રે (ઉદ્ગાર)

કાંઈ,૦ક જુઓ 'કંઈ,૦ક'

કાંઉં અ૦ + કેમ

કાંકચ પું૦,-ચ ન૦ એક વનસ્પતિ. -ચિયું ન૦ કાંકચનું ફળ

કાંકડું ન૦ એક પક્ષી

કાંકણ ન૦ કંકણ; બંગડી. ૦દોરો પું૦ કંકણદોરો. -ણી [સ્ત્રી૦ કંકણી; કાંગરાવાળું કંકણ

કાંકણું ન૦ + કાંગડું (૨) કાંગું

કાંકરી સ્ત્રી૦ ઝીણો કાંકરો (૨) રેતી; પથરી (૩) એ નામનો રોગ. -રાળું,-રિયું વિ૦ કાંકરીવાળું. -રિયાળું વિ૦ કાંકરીવાળું (૨) [લા.] ખૂંચે એવું. ૦ચાળો પું૦ કોઈના પર મશ્કરીમાં કાંકરી નાખવી તે. ૦દાવ પું૦ છોકરાંની એક રમત. -રો પું૦ ઝીણો પથ્થર (૨) કોઈ પણ કઠણ પદાર્થનો નાનો ગાંગડો (૩) કંટક; ફાંસ; નડતર (૪) શંકા; વહેમ; ખટકો; મનની લાગણી (૫) ખીલ (આંખમાં થતો)

કાંકળ સ્ત્રી૦, કાંકોલ(-ળ) પું૦ એક કાંટાકાંટાવાળી વનસ્પતિ

કાંક્ષા સ્ત્રી૦ [સં.] આકાંક્ષા; ઇચ્છા. -ક્ષિત વિ૦ ઇચ્છિત. -ક્ષી વિ૦ ઇચ્છા કરનારું (સમાસમાં અંતે. ઉદા૦ દર્શનકાંક્ષી)

કાંગ પું૦;સ્ત્રી૦ એક જાતનું ધાન્ય. ૦વો પું૦ તેની એક વાની

કાંગઠ પું૦ વણકરનું એક ઓજાર

કાંગડું ન૦ અનાજમાંનો ગાંગડુ દાણો; ડોળ

કાંગણિયું ન૦ એક જાતનું સુતરાઉ લૂગડું

કાંગરવું અ૦ ક્રિ૦ ગુસ્સે થવું; રીસે ભરાવું (કા.)

કાંગરી સ્ત્રી૦ દાંતા જેવી હાર-ભાત (૨) કોર; ધાર

કાંગરો પું૦ દાંતો (૨) શિખર (૩) કોટની કોરણ ઉપરનું એક ચણતર (૪) મોટા દાંતાની કાંગરી (૫) ભરત ભરવાની એક તરેહ. -રાદાર વિ૦ કાંગરાવાળું

કાંગલું વિ૦ જુઓ કાંગું

કાંગસી સ્ત્રી૦ એક વનસ્પતિ (૨) કાંસકી

કાંગારુ ન૦ [ઇં.] એક ચોપગું પ્રાણી

કાંગું વિ૦ નિર્માલ્ય; રાંક (૨) કાયર; રોતડું. ૦ગાઈ સ્ત્રી૦, -ગાવેડા પું૦ બ૦ વ૦ કાંગાપણું; કાંગાઈ

કાંચન ન૦ [સં.] સોનું (૨) ધન; દોલત. ૦ક પું૦ એક ફૂલ-ઝાડ (૨) એક ધાન્ય (૩) ન૦ હડતાલ; હરિતાલ. ૦ગિરિ પું૦ (સં.) મેરુ પર્વત. ૦છાલ સ્ત્રી૦ એક વેલી. ૦લતા સ્ત્રી૦ કાંચનછાલ. -ની વિ૦ સોનાનું; સોનેરી

કાંચનાર(-લ) પું૦ [સં.] એક ઝાડ

કાંચળી સ્ત્રી૦ કાપડું; કમખો (૨) સાપે ઉતારી દીધેલી ચામડી-ખોળ. -ળિયાપંથ પું૦ એક પંથ, જેમાં ધર્મને નામે વ્યભિચાર પોષાય છે. -ળિયો પું૦ સ્ત્રીપાઠ ભજવનારો ભવૈયો

કાંચિ(-ચી) સ્ત્રી૦ [સં.] ઘૂઘરીવાળો કંદોરો (૨) (સં.) દક્ષિણમાં આવેલું હિંદુઓનું એક પવિત્ર ધામ

કાંચોળાં ન૦ બ૦ વ૦ (કા.) આંતરડાં

કાંજી સ્ત્રી૦ રાબ (૨) લાહી (૩) ખેળ. ૦ખોરાક પું૦ ખોરાકમાં અતિ ખારી કાંજી મળે તે (એક જેલશિક્ષા)

કાં જે અ૦ કેમ જે; કારણ કે

કાંટ સ્ત્રી૦ (કા.) કાંટાવાળાં વૃક્ષોની ગીચ ઝાડી

કાંટાઅશે(-સા)ળિયો પું૦ એક વનસ્પતિ-ઔષધિ

કાંટારખું ન૦ કાંટાથી રક્ષનારું તે-પગરખું

કાંટાસરિ(-ળિ)યો પું૦ એક વનસ્પતિ (૨) શેળો

કાંટાળું વિ૦ કાંટાવાળું

કાંટિયું ન૦ મડદા ઉપર નાખવાનું કપડું (૨) કાંઠિયું;

કાંટિયો પું૦ સંડાસ; જાજરૂ (૨) અંટસ-વેર રાખનારો માણસ [સંડાસ

કાંટી સ્ત્રી૦ એક જાતની માછલી (૨) નાનો પાતળો કાંટો-કંટક. ૦વાળું વિ૦ નાના-પાતળા કાંટાવાળું

કાંઠું ન૦ બટનનું કાણું; નાકું (૨) દાગીનામાં ચૂની જડવાનું ઘર (૩) માલ આપવાલેવાની ગોઠવણ-કરાર; સોદો (૪) કઠોળનાં પાંદડાં ડાંખળાં ઇત્યાદિનો ભૂકો; ગોતર

કાંટો પું૦ કેટલીક વનસ્પતિ પર ઊગતો કઠણ અણીદાર સીધો કે વાંકો અંકુર; શૂળ (૨) એના જેવા આકારની કોઈ પણ વસ્તુ (ઘડિયાળનો કાંટો; વીંછીનો કાંટો-ડંખ; માછલીનો કાંટો-અણીદાર હાડકું; માછલી પકડવાનો કાંટો -ગલ ઇ૦) (૩) યુરોપી ઢબે જમતાં વપરાતું દાંતાળું, ચમચા ઘાટનું સાધન. ઉદા૦ છરીકાંટો (૪) તોલ કરવાનું યંત્ર; કંપાણ ઇ૦ (૫) નાકે પહેરવાનું સ્ત્રીઓનું એક ઘરેણું (૬) પોપટના ગળામાં થયો એક રોગ (૭) [લા.] રોમાંચ (૮) નડતર; ફાંસ (૯) અંટસ; કીનો (૧૦) વહેમ; શંકા (૧૧) જુસ્સો; પાણી (૧૨) ટેક; રમત

કાંઠલી સ્ત્રી૦ સ્ત્રીઓના કંઠનું એક ઘરેણું; હાંસડી (૨) વાણાનો તાર તાણામાં નાખવાનું વણકરનું એક ઓજાર; કાંઠલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઠલો પું૦ ગળાને બેસતો આવતો અંગરખાનો કાપ (૨) પોપટને કંઠે કાળું વર્તુલ હોય છે તે (૩) જુઓ કાંઠલી (૪) ઘડા, ગાગર વગેરેના પેટાની ઉપરનો-કંઠના ભાગનો ગોળ ભાગ; કાંઠો (૫) ઘાટ; કિનારો

કાંઠિયું ન૦,-યો પું૦,કાંઠી સ્ત્રી૦એક જાતનું બાજરૂ; કટણ

કાંઠો પું૦કિનારો; તટ; ઘાટ (૨) ઘડો, ગાગર, કૂવો ઇ૦ની છેક ઉપરનો વર્તુલાકાર ભાગ (૩) અંત; છેડો

કાંઠાકું વિ૦ કાંઠા સુધી ભરેલું; શગ વગરનું

કાંડ પું૦ [સં.] પ્રકરણ; વિભાગ (૨) છોડની બે ગાંઠ વચ્ચેનો ભાગ; પેરી (૩) ડાળી (૪) તીર

કાંડણી,-ની [સં.] સ્ત્રી૦ એક વનસ્પતિ

કાંડર ન૦ એક જાતની મધમાખી

કાંડરુહ વિ૦ [સં.] પેરાઈ કે ડાળીની ગાંઠના ભાગમાંથી ઊગતું [ઇ૦નો કાંડા આગળનો ભાગ

કાંડિયું ન૦ સ્ત્રીઓનું કાંડે પહેરવાનું ઘરેણું (૨) ખમીસ

કાંડી સ્ત્રી૦ દીવાસળી; દીવાસળીની પેટી (૨) કાંડું

કાંડું ન૦ જ્યાં હાથનો પંજો જોડાયેલો છે તે ભાગ. -ડાઘડિયાળ સ્ત્રી૦ કાંડે પહેરવાની ઘડિયાળ; 'રિસ્ટવૉચ'. -ડા(૦ના)છોડ વિ૦ગમે તેવું સખત પકડેલું કાંડું છોડાવી નાખે એવું; બળવાન (૨) કાંડાબળની રમત (૩) ચડસાચડસી; હુંસાતુંસી. -ડાબળ ન૦ કાંડાનું-હાથનું બળ. -ડાબળિયું વિ૦ કાંડાના બળવાળું; મજબૂત

કાંત વિ૦ [સં.] ઇચ્છિત; પ્રિય (૨)મજેનું; અનુકૂળ(૩)સુંદર; મનોહર (૪) પું૦પ્રીતમ (૫) વર; પતિ (૬)ચંદ્ર(૭) કીમતી પથ્થર; હીરો (સમાસમાં છેડે) ઉદા૦સૂર્યકાંત (૮) ઓસડ (૯)ન૦ કેસર(૧૦) કંકુ (૧૧)એક પ્રકારનું લોઢું. ૦પક્ષી ન૦ મોર. ૦પાષાણ પું૦ચકમકનો પથ્થર(૨)લોહચુંબક (૩)એક જાતનું-ખરું લોઢું. ૦લોહ ન૦ લોહચુંબક

કાંત સ્ત્રી૦ + ત્રાક. ૦વું સ૦ક્રિ૦ વળ દઈને તાર કાઢવો(૨) પાતળું કરવું;ઘટાડવું. ૦ણ ન૦ કાંતવું તે; કાંતવાની ક્રિયા

કાંતા સ્ત્રી૦ [સં.] પ્રિયા (૨) સુંદર સ્ત્રી (૩) પત્ની (૪) પૃથ્વી

કાંતાર ન૦[સં.] મોટું કે નિર્જન જંગલ (૨) દુર્ગમ માર્ગ

કાંતિ સ્ત્રી૦ [સં.] શોભા; સૌંદર્ય; મનોહરતા (૨) તેજ; નૂર; દીપ્તિ (૩) ચહેરાનું તેજ. ૦મતી વિ૦ સ્ત્રી૦ કાંતિવાળી. ૦માન વિ૦ કાંતિવાળું. ૦લોઢું ન૦ કલાઈ ચડાવેલું લોઢાનું પતરું (૨) લોહચુંબક.

કાં તો અ૦ અથવા; અગર તો

કાંદકું ન૦ ચમરખું [જડ (૩)[લા.]લાભ; ફાયદો

કાંદો પું૦ ડુંગળી (૨) કંદ; હરકોઈ વનસ્પતિના મૂળની ગાંઠ-

ખાકી(-ખી) વિ૦ [फा.] ખાખવાળું; રાખોડી ચોળનારું (૨) રાખોડિયા રંગનું (૩) ઘેરા પીળા રંગનું (૪)[લા.] ઐહિક

ખાખ સ્ત્રી૦ જુઓ ખાક

ખાખટી સ્ત્રી૦ એક પક્ષી

ખાખઠી સ્ત્રી૦ ખાકટી. -ઠું ન૦ ખાકટું; મરવો

ખાખણ ન૦ એક વનસ્પતિ

ખાખર પું૦ એક ઝાડ, જેનાં પાનનાં પતરાળાં થાય છે. -રી સ્ત્રી૦ નાનો ખાખરો (૨) રોટલી (૩) તંબાકુનાં સુકાઈ ગયેલાં પાતરાં; સૂકો. -રો પું૦ જુઓ ખાખર (૨) શેકીને કડક કરેલી રોટલી

ખાખરોટવું સ૦ક્રિ૦ (કા.) ખંખરોટવું; જરાતરા ચોપડવું

ખાખસૂસ અ૦ખસૂસ; ખચીત [પાયમાલી; ધૂળધાણી

ખાખાવીખી વિ૦ છિન્નભિન્ન (૨) દુ:ખી; હેરાન (૩) સ્ત્રી૦

ખાખી વિ૦ જુઓ ખાકી (૨) ખાલી; નિર્ધન (૩) ન૦ખાખી રંગનું લૂગડું. ૦બંગાલી(-ળી) વિ૦ ખાલી ખિસ્સે ફક્કડ થઈને ફરનારું. ૦બાવો પું૦ રાખ ચોળનારો બાવો

ખાચર વિ૦(૨) પું૦ કાઠી લોકોની એક જાતનું (માણસ)

ખાજ ન૦ ખાદ્ય (૨) ખાજું (૩) સ્ત્રી૦ ખૂજળી; ખંજવાળ

ખાજલી ન૦ નાનું ખાજું; એક ખાવાની વાની. -લું ન૦ ખાજું (૨) ચકરડું; ફૂંડાળું [ખંજવાળ

ખાજવું અ૦ક્રિ૦ ખંજવાળ ઉત્પન્ન કરવી. -વણી સ્ત્રી૦

ખાજાસરા પું૦ હીજડો; વ્યંઢળ

ખાજું ન૦ એક ખાવાની વાની

ખાટ સ્ત્રી૦ હીંડોળાખાટ (૨) ખાટવું તે; લાભ [કસાઈવાડો

ખાટકી પું૦ કસાઈ. ૦ખાનું ન૦ કતલખાનું. ૦વાડો પું૦

ખાટખટુંબો પું૦ એક વેલો. -બડું વિ૦ ખટમધુરું (૨) ન૦ ખાટખટુંબાનું ફળ [ખટુંબો

ખાટખટૂમડું વિ૦ જુઓ ખાટખટુંબડું. -ડો પું૦ ખાટ-

ખાટલી સ્ત્રી૦ નાનો ખાટલો; માંચી (૨) ઠાઠડી. -લો પું૦ સૂવાનો માંચો; ચારપાઈ (૨) [લા.] મંદવાડ (૩) પ્રસૂતિ. -લાવશ વિ૦ (સુવાવડ કે સખત માંદગીથી) પથારીવશ

ખાટવું સ૦ક્રિ૦ ફાયદો મેળવવો [વાતમાં રસ લેનાર

ખાટસવાદુ(-દિયું) વિ૦ પોતાના સંબંધ વિનાની નકામી

ખાટિયું ન૦ ખાટું, પ્રવાહી શાક (૨) કાચી કેરીને બાફીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવાતી પ્રવાહી વાની ['પેપરમિંટ'
ખાટીમીઠી સ્ત્રી૰ ખટમધુરી ખાવાની ચકતી કે ગોળી;
ખાટું વિ૰ખટાશવાળું(૨)કચવાયેલું; નારાજ. ૰ચરડ વિ૰ એકદમ ખાટું. –ટાઈ સ્ત્રી૰ જુઓ ખટાઈ
ખાટુંવડું ન૰છોકરાના લગનની નાત (લગ્નને આગલે દિવસે)
ખાટોડી સ્ત્રી૰ એક જાતની ખાટી ભાજી
ખાડ સ્ત્રી૰ખાડો; ખાઈ. –ડી સ્ત્રી૰ દરિયાની ભરતી પહોંચે ત્યાં સુધીનો નદીનો ભાગ (૨) જમીનમાં ગયેલો દરિયાનો સાંકડો પ્રવાહ (૩) ગટર
ખાડું ન૰ ભેંસોનું ટોળું
ખાડો પું૰ ખાધરો; જમીનમાં ખોદાણ (૨) ખોટ; નુકસાન. –ડાજાજરૂ ન૰ ખાડા ઉપર ગોઠવાતું ફરતું જાજરૂ.–ડાળું વિ૰ ખાડાવાળું. ૰ખડિયો,૰ખૈયો પું૰ ખાડો કે ખાધરો
ખાણ સ્ત્રી૰ ખનીજ પદાર્થો કાઢવા માટે ખોદેલો ખાડો (૨) અનાજ ભરવા માટે બનાવેલું ભોંયરું; ભંડાર(૩) ઉત્પત્તિ-સ્થાન (૪) ધારવાળી વસ્તુની ધારમાં પડેલો ખચકો (૫) ન૰ ઢોરને ખાવાનું અનાજ કે ગોતું.–ણિયો પું૰ખાણનો મજૂર
ખાણકી સ્ત્રી૰ એક જાતનો ઘડેલો પથ્થર [વાની કડીઓ
ખાણાં ન૰બ૰વ૰ બાળઉખાણા–સવાલ જવાબરૂપે બોલ-
ખાણી સ્ત્રી૰ ખાણ; ઉત્પત્તિસ્થાન (૨) ભંડાર
ખાણું ન૰ જમણ, ભોજન (૨) મિજબાની (૩) (ખાવા પીવામાં પળાતો) મરણનો શોક
ખાત વિ૰ [सं.] ખોદેલું. ૰મુરત,૰મુહૂર્ત ન૰ બાંધકામનો પાયો નાખવાનો મંગળ સમય કે તેનો વિધિ
ખાત સ્ત્રી૰ + ઉલ્લેખ; લખાણ; વર્ણન
ખાતમો પું૰ અંત; છેડો (૨) મોત
ખાતર ન૰ ખેતર સુધારવા સારુ તેમાં નખાતા છાણ, કાંપ, લીંડી વગેરે પદાર્થો; તેવો બીજો રસાયણી પદાર્થ. ૰ણી સ્ત્રી૰ છાણાંની ભરેલી ગાડી (૨) તેમાંથી છાણાં પડી જતાં રોકવા કરેલી આડ; પાંજરી. ૰પૂંજો પું૰ ખાતરમાં કામમાં આવે એવો પૂંજો; ઘાસ, છાણ, વાસીદું વગેરે કચરો
ખાતર ન૰ ચોરે ભીંતમાં પાડેલું બાકું (૨) ચોરી. ૰પડો, ૰પાડુ પું૰ ખાતર પાડનાર; ચોર. –રિયું ન૰ ઘર કોચવાનું ચોરનું હથિયાર. –રી પું૰ ચોર
ખાતર સ્ત્રી૰ ચાકરી; બરદાશ; સરભરા (૨) તરફદારી (૩) અ૰ માટે. ૰જમા,૰નિશા સ્ત્રી૰ ખાતરી; સાબિતી.૰દાર વિ૰ ચાકરી બરદાશ કરે એવું (૨) તરફદાર. ૰દારી સ્ત્રી૰ બરદાશ; ચાકરી (૨) તરફદારી; પક્ષ. ૰બરદાશ(–સ) સ્ત્રી૰ આગતાસ્વાગતા; સરભરા
ખાતરણી સ્ત્રી૰ જુઓ 'ખાતર ન૰'માં '
ખાતરવું સ૰ક્રિ૰જમીનમાં ખાતર નાખવું (૨) ગાળ ભાંડવી
ખાતરિયો પું૰ મેલી વિદ્યામાં પ્રવીણ માણસ;ભૂવાનો સાથી
ખાતરી સ્ત્રી૰ ભરોસો; પતીજ (૨) નિઃશંકપણું(૩)સાબિતી; પ્રમાણ (૪) પું૰ જુઓ 'ખાતર ન૰'માં. ૰દાર વિ૰ ખાતરીવાળું. ૰પૂર્વક,૰બંધ અ૰ ખાતરીથી
ખાતું ન૰આસામીવાર અથવા આવકખર્ચની જાતવાર જમે-ઉધારનો હિસાબ (૨) લેણાદેણીનું લખાણ(૩)વિષય;પ્રકરણ (૪) કામકાજની ફાળવણીનું અંગ. ઉદા. 'કેળવણીખાતું' 'ઇન્સાફખાતું'. –તાબંધી સ્ત્રી૰ જમીનમહેસૂલની રૈયતવારી પદ્ધતિ. –તાબાકી સ્ત્રી૰ ખાતે બાકી નીકળે તે. –તાવહી સ્ત્રી૰ ખાતાવાર હિસાબ નોંધવાનો ચોપડો–ચોપડી. –તાંપોતાં ન૰બ૰વ૰ હિસાબકિતાબ. ૰પત્રું ન૰ લેવડદેવડ (૨) લેણદેણને લગતું લખાણ [વાળો
ખાતેદાર પું૰સરકારના મહેસૂલી કે ખાનગી ચોપડે ખાતા-
ખાતુંપીતું વિ૰ ઠીક ઠીક ગુજરાનનાં સાધનવાળું
ખાતૂન સ્ત્રી૰ [तुर्की] મોટા ઘરની સ્ત્રી; બેગમ
ખાદી સ્ત્રી૰ હાથે કાંતેલા સૂતરનું હાથે વણેલું કાપડ. ૰કેન્દ્ર ન૰ખાદીકામ કરનારું મથક. ૰સેવક પું૰ખાદીકામ કરનાર સેવક. ૰ફેરી સ્ત્રી૰ખાદી વેચવા નીકળવું તે.૰ભંડાર પું૰ ખાદીની દુકાન
ખાદ્ય વિ૰ [सं.]ખવાય એવું; ખાવા યોગ્ય (૨) ન૰ ખાવાનું
ખાધ સ્ત્રી૰ ખોરાક; આહાર (૨) ખોટ; નુકસાન (૩) ખોડ; ખાંપણ. ૰ખોરાકી સ્ત્રી૰ ખાધાખોરાકી. ૰રું વિ૰ ખાઉધરું;ખાઉં ખાઉં કરનારું. ૰રો પું૰ ઊંડો ખાડો (૨)નુકસાન. –ધાખર્ચ(–રચ) ન૰,–ધાખાઈ,–ધાખોરાકી સ્ત્રી૰ભરણપોષણ માટે જરૂરી રકમ. –ધાગળો પું૰ સારું સારું ખાવાનો ભાવ (૨) ખાઉધરાવેડા
ખાધાવેધ પું૰; સ્ત્રી૰ શત્રુવટ; વેર
ખાધાળું વિ૰ ખોડ કે નુકસાનીવાળું
ખાધું સ૰ક્રિ૰ 'ખાવું'નું ભૂતકાળ. –ધેલ(–લું) ભૂ૰કૃ૰, –ધેલપીધેલ વિ૰ ખાધેપીધે સુખી (૨) માતેલું; હૃષ્ટપુષ્ટ
ખાન પું૰[फा.]શાહજાદા, અમીર; ગૃહસ્થ વગેરેને અપાતું મુસલમાની ઉપનામ. ૰ખાના,૰ખાનાન વિ૰ ખાનના ખાન–સૌથી મોટા ખાનનો ઇલકાબ ધરાવનાર. ૰દાન વિ૰ સારા ઘરનું; કુળવાન (૨) પ્રતિષ્ઠિત (૩) ન૰ કુટુંબ; કુળ. ૰દાની સ્ત્રી૰ ખાનદાનપણું; કુલીનતા (૨) સજ્જનતા. ૰બહાદુર વિ૰ 'ખાનબહાદુર'નો ઇલકાબ ધરાવનાર. ૰સાહેબ વિ૰ 'ખાનસાહેબ'નો ઇલકાબ ધરાવનાર. –નાઈ સ્ત્રી૰ખાનપણું (૨) ખાન તરીકે–ખાનની જેમ સત્તા દાખવવી તે
ખાનગી વિ૰[फा.]પોતીકું;અંગત(૨)જાહેર નહિ એવું; ગુપ્ત
ખાનપાન ન૰ [सं.] ખાવુંપીવું તે કે તેની વસ્તુ
ખાનસામા પું૰ [फा.] (મુસલમાન અને અંગ્રેજ ઘરમાં) રસોઈ વગેરેનો કારભારી [સત્યાનાશ
ખાનાખરાબ વિ૰ [फा.] સત્યાનાશ વાળનારું. –બી સ્ત્રી૰
ખાનાજંગી સ્ત્રી૰ [फा.] ઘરમાં–આપસઆપસમાં લડવું તે
ખાનાજાદ વિ૰ [फा.] ઘરમાં જન્મેલું અને ઊછરેલું (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પું૦ એવો ગુલામ; ગુલામનો છોકરો

ખાનાબાદ પું૦[फा.]એક આશીર્વાદ (ઘરકુટુંબ આબાદ હો)

ખાનાશુ(-સુ)મારી સ્ત્રી૦ [फा.] ઘરોની ગણતરી

ખાનિ સ્ત્રી૦ [सं.] ખાણ

ખાનું ન૦[फा.] ઘર; ઘરનો ભાગ; ખંડ (૨) ભંડાર; નિધિ (૩) પેટીપટારો કે મેજ, કબાટ વગેરેમાં વસ્તુ મૂકવા કરેલો વિભાગ (૪) લખાણ માટે અલગ પડાતો વિભાગ કે કોઠો

ખાનેઆબાદ વિ૦ પૈસેટકે-ખાધેપીધે સુખી ઘરનું. -દી સ્ત્રી૦ ખાનેઆબાદ હોવું તે; ઘરનું સુખ

ખાપ સ્ત્રી૦ દર્પણ (૨) અબરખની પતરી

ખાપડું ન૦ ઠીકરું (સુ.)

ખાપર ન૦ એક વનસ્પતિ [એક ઔષધ

ખાપરિયું ન૦ બાળકને આપવાનું એક ઔષધ (૨) આંખનું

ખાપરી સ્ત્રી૦ લીંટની પોપડી; ગૂંગું

ખાપરું વિ૦ ગાંજ્યું ન જાય એવું; બહુ જ પહોંચેલું; કપરું. -રો કોડિયો પું૦ એકબીજાથી ઠગાય નહિ એવા બે ધૂર્તોમાંનો એક (૨) સમાન હરીફ. -રો ઝવેરી પું૦ ચાંપાનેરનો એક પ્રાચીન, મહા કાબેલ અને ધૂર્ત ઝવેરી (૨) [લા.] મહા ઠગ (૩) હીરાનો હોશિયાર પારખ

ખાપવું સ૦ ક્રિ૦ ખાંપવું; થોડુંથોડું સોરવું

ખાબ પું૦ ઊંઘ (૨) સ્વપ્ન. ૦ગાહ સ્ત્રી૦ સૂવાની જગા

ખાબકવું અ૦ ક્રિ૦ (કા.) [પાણીમાં] ઊંચેથી પડવું (૨) [લા.] વચ્ચે બોલી ઊઠવું

ખાબડ ન૦ (પ.) ખાબડું. ૦ખૂબડ વિ૦ ખાડાખૈયાવાળું. -ડું ન૦ નાનું ખાબોચિયું

ખાબોચિયું ન૦ પાણીથી ભરેલો નાનો ખાડો [અધૂરું

ખામ પું૦ ટેકો; થાંભલો (૨) ખભો (૩) વિ૦ [फा.] કાચું;

ખામચી સ્ત્રી૦ ખામોશી (કા.)

ખામચું વિ૦ (કા.) કાળજીવાળું (૨) અ૦ કાળજીથી

ખામણિયું ન૦ વરત

ખામણું ન૦(પાણિયારા વગેરેમાં) વાસણ મૂકવા સારુ કરેલી બેસણી (૨) છજ્જરો ક્યારો [ઝાડનો] (૩) ખામું; કદ

ખામણો પું૦ખાનું; ખંડ (૨) ઠીંગણો માણસ (૩) ભડવો

ખામી સ્ત્રી૦[फा.] ખોડ; કસર (૨) ખોટ; ઘટ (૩)ભૂલ;દોષ

ખામુખા અ૦ ઇચ્છાએ કે અનિચ્છાએ; નાછૂટકે; અવશ્ય (૨) ખાસ કરીને (૩) જાણીજોઈને [ખાબડું

ખામું ન૦ આકાર; કદ (૨) અનુકૂળ જગા વા દિશા (૩)

ખામોશ(-શી) સ્ત્રી૦ [फा.] સબૂરી; ધીરજ

ખાયકી સ્ત્રી૦પેદાશ;મળતર(૨)કોઈનું છાનું ખાવું-મેળવવું તે

ખાયો પું૦ અંડ; વૃષણ

ખાર પું૦ [फा.] કાંટો

ખાર પું૦ ખારાશવાળો પદાર્થ; ક્ષાર (૨) વેર; દ્વેષ (૩) ઈર્ષા; અદેખાઈ. ૦પાટ પું૦ ન૦ ખારવાળી-જેમાં મીઠું પાકતું હોય એવી જમીન.૦પાટિયું વિ૦ખારપાટવાળું. ૦ભંજણું ન૦ ઢૂંગણ (૨) મોં સ્વાદિષ્ટ કરવાને જે કંઈ ખાવું તે

ખારવાં ન૦બ૦વ૦ વરસાદને અભાવે સુકાઈ જતી જાર-બાજરીના ખેંચી લાવેલા સાંઠા

ખારવું ન૦ ખોળિયું (તળાઈ, ગોદડાં ઇત્યાદિનું)

ખારવો પું૦ ખલાસી; વહાણ ચલાવનારો (૨) સંચારો (૩) ખારાટવાળો ગોળ. -વણ સ્ત્રી૦ ખારવાની સ્ત્રી

ખારસ્તી વિ૦ કઠણ દીલનું; ક્રૂર

ખારિયું વિ૦ ખારવાળું (૨) ખારીલું (૩) ન૦મીઠું ચડાવેલો ચીભડાનો કકડો (૪) ભૂખે મરવું તે; ભૂખ્યા રહેવું પડે તે

ખારી સ્ત્રી૦ ખારવાળી માટી (૨) ખારાશવાળી એક ભાજી

ખારી સ્ત્રી૦ [सं.] એક વજન (દોઢ મણ)

ખારીબ(-વ)લા ન૦ એક પક્ષી

ખારીલું વિ૦ દ્વેષીલું; વેરઝેર રાખનારું

ખારીવલા ન૦ જુઓ ખારીબલા

ખારું વિ૦ મીઠા જેવા સ્વાદનું. ૦અગર,૦ઊસ,૦દવ વિ૦ એકદમ ખારું. -રાઈ સ્ત્રી૦ખારાપણું.-રાટ પું૦ સહેજ-સાજ ખારાઈ. -રાશ સ્ત્રી૦ ખારાટ (૨) [લા.] અણબનાવ

ખારૂઈ સ્ત્રી૦ વિધવાને પહેરવાનું એક જાતનું વસ્ત્ર

ખારેક સ્ત્રી૦ સૂકવેલું ખજૂર. -કી વિ૦ ખારેક જેવું કે જેવડું

ખારો પું૦ એક ક્ષાર; સંચોરો; પાપડખાર

ખારોડ વિ૦ ક્ષારવાળું (જમીન ઇ૦ માટે)

ખારો પાટ પું૦ એક રમત; અગરપાટો (૨) ખારપાટ

ખારોલો ન૦ (ક.) મોળું લોહું [૦પો પું૦ ચામડિયો

ખાલ,૦ડી સ્ત્રી૦ ચામડી(૨) છાલ. ૦પી સ્ત્રી૦ ચામડિયણ.

ખાલવવું સ૦ક્રિ૦ ખાલી કરવું

ખાલસા વિ૦પોતાની કુલ માલિકીનું; આગવું (૨)સરકારના વહીવટનું; સરકારી(૩) [सं.] ગુરુ ગોવિંદસિંહે શીખોમાં જે નવું વિધાન પ્રવર્તાવ્યું તેને અનુસરનારું

ખાલિક પું૦ [अ.] સર્જનહાર

ખાલિસ વિ૦ [अ.] શુદ્ધ (૨) કૂડકપટ વિનાનું

ખાલી વિ૦ [अ.] ઠાલું (૨) નિર્ધન (૩) સ્ત્રી૦ લોહીનું ફરવું બંધ પડી જવાથી અંગ ઝણઝણે તે; ઝણઝણી (૪) સંગીતના તાલમાં તાળી ન આપતાં હાથ છૂટા પાડવા તે કે તેવું સ્થાન (૫) અ૦ અમથું; વ્યર્થ (૬) માત્ર; ફક્ત. ૦ખમ, ૦ખંખ વિ૦તદ્દન ખાલી; ઠાલુંઠમ.૦પીલી અ૦વગર કારણે; અમથું

ખાલું ન૦ જોડાનું ઉપલું ચામડું (૨) વાણાની કોકડી ભરવાનો નેતર કે બરુનો પોલો કકડો (૩) ખળાના અનાજ ઉપર ઢાંકવાનું ઘાસ (૪) ક્યારો (૫) પડતર રાખેલું ખેતર

ખાવટી સ્ત્રી૦ શાહુકાર કે ધણિયામાને ત્યાંથી ઉછીનું લેવાતું અનાજ (૨) જિવાઈ

ખાવડી સ્ત્રી૦ છોકરાંની રમત; નિસરણી

ખાવરું વિ૦ ખાઉધરું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાવં(-વિં)દ પું० [फ़ा.] માલિક; શેઠ (૨) પતિ (૩) ઈશ્વર

ખાવું સ०ક્રિ० અન્ન લેવું; જમવું (૨) વેઠવું; ખમવું (૩) વાપરવું; ભોગવવું (૪) લાગવું; ખરચ પડવું (૫) ક્રિયા કરવી (૬) વગર હક્કે લેવું; ચોરીછપીથી લેવું (૭) ન० પકવાન.

ખાવો પું० ખેતરમાં થતું ઊંડા મૂળનું એક ઘાસ

ખાશ સ્ત્રી० ખાવાની શક્તિ (૨) ખાવાનો જથ્થો

ખાસ વિ० [अ.] પોતીકું; અંગત (૨) વિશિષ્ટ; અસાધારણ (૩) ખરું; અસલ (૪) અમીરી. ०ખવાસ પું० બાદશાહનો અથવા અમીર ઉમરાવનો નોકર. ०ગત,०ગી વિ० પોતાનું; અંગત (૨) ખાનગી; ગુપ્ત (૩) અગત્યનું; મુદ્દાનું. ०દાન ન० પાનનો ડબ્બો; પાનદાની. ०દાર પું० સેવક; હજૂરિયો (૨) ઘોડાની ચાકરી કરનાર; અશ્વપાલ. ०નવીસ પું० ખાનગી લહિયો–મંત્રી; 'પ્રાઇવેટ સેક્રેટેરી'. ०બરદાર પું० સરદારનાં હથિયાર લઈ સાથે ફરનાર; અનુચર

ખાસડું ન० જૂતું; જોડો (૨) [લા.] ઠપકો. -ડકુટું,-ડકૂટું વિ० જેને ખાસડાં પડે–વારંવાર ઠપકો મળે એવું. -ડાટવું સ०ક્રિ० ખાસડે ખાસડે મારવું. -ડાં ન०બ०વ० [લા.] ઠપકો. -ડાંખાઉ વિ० ખાસડકુટું. -ડાંખોર વિ० ખાસડાં ખાવાની આદતવાળું; સખત ઠપકો મળે પણ સીધું ન ચાલે એવું. -ડાંબાજી સ્ત્રી० એકબીજા પર ખાસડાં ફેંકી ગમ્મત માનવી તે; ગધ્ધામસ્તી (૨) [લા.] અસભ્ય લડાઈ. -ડિયું વિ० ખાસડાના જેવું (૨) એક હલકી જાતનું (ઢેળું) -ડી સ્ત્રી० સ્ત્રીનું પગરખું [બીડું (પુષ્ટિમાર્ગીય)

ખાસાનું બીડું ન० ઠાકોરજી કે મહારાજ માટેનું ખાસ પાન-

ખાસાપીસી સ્ત્રી० [કા.] છાની છાની વાતો કરવી તે

ખાસામંડળી સ્ત્રી० અમીરઉમરાવોની મંડળી; શાહીમિજલસ

ખાસાંજળ ન० બ० વ० ઠાકોરજીના ઉપયોગનું ખાસ જળ (પુષ્ટિમાર્ગીય) [(૩) આદત

ખાસિયત સ્ત્રી० [अ.] સ્વભાવ; પ્રકૃતિ (૨) વિશિષ્ટ ગુણધર્મ

ખાસિયું ન० ગધાડા ઉપર લાદવાની બે પાસિયાંવાળી ગૂણ (૨) તેની નીચે મૂકેલી ગાદલી–ગોદડી; આછર

ખાસિયાં ન० બ०વ० (કા.) કાનમાં ખાસાપીસી કરવી તે

ખાસું વિ० રૂડું; મજેનું; સુંદર (૨) અ० વાહ; શાબાશ (૩) સુંદર ! બેશ ! બરાબર

ખાળ પું०; સ્ત્રી० મેલા પાણીના નિકાલ માટેનો નળ–નીક (૨) ખાળવાળી ચોકડી. ०કૂવો પું० ખાળનું પાણી જેમાં છોડાતું હોય તેવો ઊંડો ખાડો–કૂવો (૨) જાજરૂ માટે કરેલો કૂવો. ०કૂંડી સ્ત્રી० ખાળના મેલા પાણીની કૂંડી

ખાળવું સ०ક્રિ० અટકાવવું; રોકવું

ખાળાચાળા પું० (કા.) ખટપટ; દાવપેચ; પ્રપંચ

ખાળું ન० જમાની; બાંહેધરી (કા.) [મુકામ; વિસામો

ખાળો પું० અટકાવ; રોકાણ (૨) વાર; વિલંબ (૩) બંદર (૪)

ખાહૂલ પું० કફદોષથી ઊપજતો કોમળ, મધુર સ્વર

ખાં પું० મુસલમાન ગૃહસ્થ વા અમીરને બોલાવવાનો માનવાચક શબ્દ; ખાન (૨) ઉસ્તાદ; બૂજ જાણનાર

ખાંખડિયું વિ० ઉધરસવાળું; ઠાંસાથી પીડાતું (૨) ન० ઉધરસ; ઠાંસો [તેલ

ખાંખણ,०**તેલ** ન० શરીરે ચોળવાની એક ઔષધિ; વરખડીનું

ખાંખણી સ્ત્રી० ક્રોધવચન; ક્રોધભરી વાણી (૨) ક્રોધ (૩) [સુ.] ખખડે એવી સૂકી બદામ

ખાંખત(-દ) સ્ત્રી० ઊંડું, ઝીણું કુતૂહલ; ખણખોદ (૨) ચીવટભરી ખંત (૩) અણગમો; સૂગ. -તી વિ० ખાંખતવાળું

ખાંખનેલ ન० જુઓ ખાંખણ

ખાંખરેટવું સ०ક્રિ० ખાખરોટવું; થોડું થોડું ચોપડવું

ખાંખાં ન० બ० વ० (કા.) ફાંફાં

ખાંખાંખોળા પું० બ० વ० ખૂણેખાંચરે ખૂબ ખોળાખોળ કરવી તે. -ળુ વિ० ખાંખાંખોળા કરે એવું

ખાંગ પું० ખાંગડો; કૂકો (૨) અતિ ગરમીથી પીગળી ગયેલો ઈંટ કે નળિયાનો કડકો; કીટો. ०ડ,०ડકો પું० ઈંટનળિયાનો ભાગેલો કકડો (૨) જુઓ ખાંગ

ખાંગડિયું ન० ખાંગડામાં રહેતો જીવડો

ખાંગડી સ્ત્રી० નાનો ખાંગડો [કૂકો (રમવાનો)

ખાંગડો પું० સીપ, શંખલો, કોડી ઇત્યાદિ જીવડાંનું ઘર (૨)

ખાંગુ પું० જાણભેદુ; જાસૂસ (૨) ખાડો [ખાતું

ખાંગું વિ० કોરવંકું [રમતમાં પાસો કે કોડી] (૨) ન० (ટેબલનું)

ખાંચ સ્ત્રી० ખાંચો; નાનો ખાડો–કાપ (૨) સાંકડ; ગૂંચવણ (૩) ખોટ; તોટો (૪) આંચકો (૫) જમે ઉધારનો તાળો નહિ મળવો તે; વધઘટ. ०કો પું० ખાંચો (૨) આંચકો ०ખૂંચ સ્ત્રી० નાનીમોટી ખોડખાંપણ (૨) ઝીણવટ. ०ડ સ્ત્રી० ટેકરીની પડખેનો સાંકડો માર્ગ (૨) ખીણ. ०રો પું० નાનો ખણો; ખાંચો. -ચાખૂંચી સ્ત્રી० નાનો ખાડોએયો; ખૂણો–ખાંચરો (૨) ગલીકૂચી. -ચાળું વિ० ખાંચાવાળું -ચો પું० એકસરખી ધાર, સપાટી અથવા લીટીમાં પડતો ખાડો કે વાંક (૨) સાંકડો રસ્તો; ગલી (૩) ખૂણો (૪) [લા.] વાંધો; હરકત; અટકાવ [ખમચાવું; અટકવું

ખાંચવું સ०ક્રિ० ખેંચી રાખવું; પાછું હઠાવવું (૨) અ०ક્રિ०

ખાંજ ન० લંગડાપણું [એવી જગા; ભાઠાની જમીન

ખાંજણ સ્ત્રી० જ્યાં દરિયાનું પાણી આવી ભરાઈ રહેતું હોય

ખાંજરું ન० ખૂણો; ખૂણે પડતું–જાહેર નહિ તેવું સ્થળ (૨) કૂટણીનું ઘર; કૂટણખાનું (૩) [સુ.] અનાજ સંઘરવાની જગા; કોઠાર (૪) [કા.] માંસ

ખાંટ સ્ત્રી० એક જાતિ (૨) વિ० પક્કું; ધૂર્ત [ખાજું

ખાંડ સ્ત્રી० એક ગળ્યો પદાર્થ. ०ખાજું ન० ખાંડ પાયેલું

ખાંડકૂટ સ્ત્રી० ખાંડવું કૂટવું તે; ખાંડવા કરવાનું પરચૂરણ કામ (૨) [લા.] મૂંઝવણ; અકળામણ; અજંપો

ખાંડણિયું ન० સાંબેલું. -યો પું० અનાજ કે બીજી ચીજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાંડવા માટે બનાવેલું લાકડા કે પથ્થરનું સાધન–પાત્ર
ખાંડણી સ્ત્રી૦ ખાંડવાનું પાત્ર; નાનો ખાંડણિયો. ૦પરાઈ સ્ત્રી૦ખાંડણી ને પરાઈ.–ણું ન૦ ખાંડવું તે (૨) ખાંડવાની વસ્તુ; ખાંડવાનું કામ (૩) ખાંડવાનું સાધન; સાંબેલું
ખાંડવ ન૦ [सं.] (સં.) કુરુક્ષેત્ર પાસેનું એક વન, જેને અર્જુને બાળી મૂક્યું હતું [કરવા; નાશ કરવો
ખાંડવું સ૦ક્રિ૦ કચરવું; કૂટવું (૨) [લા.] કકડેકકડા–ચૂરેચૂરા
ખાંડિયું વિ૦ખંડિત થયેલું; ખોડખાંપણવાળું; ભાગલાં શીંગડાંનું (૨) ન૦ ભાગલાં શીંગડાંવાળું ઢોર (૩) ભેંસ, પાડું [એકવચનમાં વપરાય છે]
ખાંડી સ્ત્રી૦ ૨૦મણનું તોલ–માપ. ૦બંધ વિ૦ ખાંડીને હિસાબે મપાય એવું; પુષ્કળ (૨) અ૦ખાંડીને હિસાબે (૩) જથાબંધ
ખાંડુ વિ૦ ખંડિત; ખાણ પડેલું; ભાગેલું
ખાંડું ન૦સામાન્ય કે બેધારી તલવાર (૨) વરને બદલે એનું ખાંડુ લઈને ગયેલી જાન.–ડાજંગી સ્ત્રી૦તલવારનું યુદ્ધ–ઝપાઝપી.–ડાધર વિ૦ખાંડું ઝાલનાર અર્થાત્ વાપરી જાણનાર
ખાંડેરું ન૦ ઊંટ [વિ૦ ખાંતવાળું
ખાંત સ્ત્રી૦ખંત (૨) હોંશ; ઉમંગ (૩) લાલસા; તૃષ્ણા.–તીલું
ખાંધ સ્ત્રી૦ ખભો (૨) પશુની ગરદન (૩) ભાર વહેતાં પશુની ગરદન પર પડતું આંટણ.–ધિયો પું૦ ખાંધે ચડાવી લઈ જનારો; મુડદું ઊંચકનારો (૨) મદદ કરનારો; સાથી (૩) ખુશામતિયો. –ધી વિ૦ ખાંધવાળું (૨) પું૦ બળદ
ખાંધું ન૦ કાંધું; હપતો
ખાંપ વિ૦લાંબુંછટ થઈ ને પડેલું–સૂતેલું (૨) સ્ત્રી૦ ખોડ; ખામી (૩) લાંબાછટ થઈને પડવું–સૂવું તે; પ્રણામ
ખાંપ,૦ણ સ્ત્રી૦ ખોડ; એબ (૨) નુકસાન (૩) મુડદા ઉપર ઓઢાડવાનું કપડું; કફન (૪) દવાના ઉપયોગ માટે કોટલાવાળાં અમુક બિયાંમાંથી કાઢેલું તેલ
ખાંપવું સ૦ક્રિ૦ સોરવું; ખાંપા કાઢી નાખવા (૨) થોડું થોડું ખોદવું; પાવડાથી (ઢગલામાંથી લઈ) આમતેમ ફેરવવું
ખાંપો પું૦ કાપ્યા પછી રહેલું અણખોદાયેલું જડિયું (૨) ભાગેલી ડાંખળીનું થડને વળગી રહેલું ઠૂંઠું (૩) કોઈ પણ સપાટી ઉપર રહી ગયેલો કરચો; ખૂંપરો (૪) [લા.] રાભો
ખાંભ પું૦ થાંભલો. –ભી સ્ત્રી૦ પાળિયો; સ્મરણસ્તંભ (૨) ખોભણ; પાટિયાં બેસાડવા લાકડામાં પાડેલી ખાંચ. –ભો પું૦સીમાડાની હદ બતાવતો પથ્થર (૨) ખાંભી; પાળિયો
ખાંભું ન૦ ખાતરપૂંજો નાખવાનો ખાડો
ખાંસવું અ૦ક્રિ૦ ખાંસી ખાવી. ખાંસી સ્ત્રી૦ ઉધરસ; ઠાંસો
ખિચડિયું વિ૦ પંચરાઉ; ભેળસેળ (૨) ખીચડીના કામનું
ખિજવાટ પું૦ ખિજાવું તે; ગુસ્સો; ક્રોધ
ખિજ(–દ)મત સ્ત્રી૦ સેવાચાકરી; તહેનાત. ૦ગાર પું૦ સેવક; નોકર; ચાકર. ૦ગારી સ્ત્રી૦ખિદમતગારપણું; સેવા
ખિજાવું અ૦ક્રિ૦,–વવું સ૦ક્રિ૦ 'ખીજવું'નું કર્મણિ ને પ્રેરક
ખિડકી સ્ત્રી૦ [हिं.] બારી
ખિણ સ્ત્રી૦ + ક્ષણ
ખિતાબ પું૦ [अ.] ઇલકાબ ['ખિજમત'માં
ખિદમત સ્ત્રી૦ [अ.], ૦ગાર પું૦, ૦ગારી સ્ત્રી૦ જુઓ
ખિન્ન વિ૦ [सं.] દિલગીર; ગમગીન. ૦તા સ્ત્રી૦
ખિન્ની સ્ત્રી૦ રાયણ
ખિમા સ્ત્રી૦ ક્ષમા [જૈન]
ખિયાનત સ્ત્રી૦ [अ.] બેઈમાની
ખિરાજ સ્ત્રી૦ ખંડણી
ખિરોયું વિ૦ ન૦ દુધાળ ઢોર
ખિલકોડી સ્ત્રી૦ ખિસકોલી; ખિલોડી
ખિલખિલ અ૦ (રવ૦) ખિસકોલીનો રવ
ખિલ(–લ્લ)ત સ્ત્રી૦ માનનો પોશાક; સિરપાવ
ખિલવટ,–ણી સ્ત્રી૦ખિલવવું તે.–ટો પું૦ખીલવનારો
ખિલવત સ્ત્રી૦ એકાંત (૨) જુઓ ખલબત
ખિલાફ વિ૦ [अ.] વિરુદ્ધ. –ફી સ્ત્રી૦ વિરુદ્ધતા
ખિલાફત સ્ત્રી૦ જુઓ ખલીફાત
ખિલાવવું સ૦ક્રિ૦ ખીલે એમ કરવું. –ટ સ્ત્રી૦ ખિલવટ
ખિલાવું સ૦ક્રિ૦ ઊંચે અટકી રહેવું; ભરાઈ જવું; ટિંગાવું (૨) અ૦ક્રિ૦ 'ખીલવું'નું ભાવે ને કર્મણિ
ખિલોડી સ્ત્રી૦ ખિલકોડી
ખિલોણું ન૦ રમકડું
ખિલ્લત સ્ત્રી૦ જુઓ ખિલત
ખિસકોલી સ્ત્રી૦ એક જનાવર
ખિસિયાણું વિ૦ ખસિયાણું; ઝંખવાણું
ખિસ્સું,–સ્સાખર્ચ(–રચ),–સ્સાકાતરુ જુઓ 'ખીસું'માં
ખિંડ સ્ત્રી૦ [प्रा] ખીણ [હસવું તે (હાંસીમાં)
ખીખી અ૦ (રવ૦) એવો અવાજ કરીને (૨) સ્ત્રી૦ ખીખી
ખીચ વિ૦ ગીચ; ભરચક (૨) સ્ત્રી૦ ખીચડી
ખીચગાલ્લું ન૦ માલ ભરવાનું મોટું ગાડું; ખટારો
ખીચડી સ્ત્રી૦ એક ખાવાની વાની. ૦ખાઉ વિ૦ ખીચડી ખાનારું; હલકી પંક્તિનું. –ડું ન૦ ખીચડી (તુચ્છકારમાં) –ડો પું૦આખા મગ ને ચોખાની અથવા આખા ઘઉં ને દાળની ખીચડી (૨) ખીચડું (૩) [લા.] ગોટાળો; સેળભેળ તે
ખીચા(–ચો)ખીચ અ૦ ગીચોગીચ; ભરચક; ઠાંસી ઠાંસીને
ખીચી સ્ત્રી૦ખીચડી (બાળભાષા) (૨) જાર ચોખાનો બાફેલો લોટ
ખીચોખીચ અ૦ ખીચાખીચ [જેનાથી ખિજાય તે
ખીજ સ્ત્રી૦ ચીડ; ગુસ્સો (૨) ખીજવવા માટે પાડેલું નામ;
ખીજડો પું૦ એક વનસ્પતિ [અ૦ક્રિ૦ (કર્મણિ)
ખીજવવું સ૦ક્રિ૦ ખીજે એમ કરવું; ચીડવવું. ખીજવાવું
ખીજવું અ૦ક્રિ૦ ગુસ્સે થવું (૨) સ૦ક્રિ૦ ડાટવું; વઢવું
ખીણ સ્ત્રી૦ બે ટેકરીઓ વચ્ચે આવેલો સાંકડો માર્ગ (૨) પર્વતના બે ઊંચા ભાગ વચ્ચેનો પ્રદેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખીમણું ન૦ નંગની બેસણી

ખીમો પું૦ માંસનો છૂંદો

ખીર વિ૦ સારહીન; નકામું (૨) સ્ત્રી૦ દૂધભાતની એક વાની (૩) + ક્ષીર; દૂધ (૪) ન૦ એક પક્ષી. -રું ન૦ લોટ અને પાણીને અડવાળી કરેલો રગડો(પૂડા,ભજિયાં ઇ૦ બનાવવા) (૨) ખમીર ચડાવેલો આથો (જલેબી ઇ૦નો) (૩) એક જાતની કુમળી કાકડી(૪)એક જાતનું જાડું કાપડ.-રોદક ન૦ ક્ષીરોદક (૨) એક ધોળું રેશમી વસ્ત્ર

ખીલ પું૦ જુવાનીમાં મોં પર થતી ફોલ્લી(૨)આંખનાં પોપચાં પર થતી લોહીમાંસની ગડી(૩)ઘંટીનો ખીલડો. ૦ખીલમાંકડો પું૦ છોકરાંની એક રમત (૨)ખીલમાંકડાં. ૦ગોટીલો પું૦ છોકરાંની એક રમત (૨) ઘંટીનો ખીલડો. ૦ડો પું૦ ઘંટીના હેઠલા પડમાં વચ્ચોવચ આવેલી ખીલી, જેના પર ઉપલું પડ ફરે છે. ૦દટો પું૦ છોકરાંની એક રમત. ૦મા(-માં)કડાં ન૦બ૦વ૦ છોકરાંની એક રમત. ૦મા(-માં)કડી સ્ત્રી૦ ઘંટીના ઉપલા પડિયાની વચ્ચોવચનું લાકડું, જે ખીલડામાં પરોવાય છે(૨)ખીલડો અને માંકડી

ખીલવવું સ૦ક્રિ૦ ખીલે એમ કરવું. ખીલવાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

ખીલવું અ૦ક્રિ૦ ફૂલવું ફાલવું; વિકસવું (૨) શોભવું; દીપવું (૩) ખુશીમાં આવવું; ગમ્મતે ચડવું (૪) ચગવું; ઉશ્કેરાવું; વીફરવું (૫) સ૦ક્રિ૦ બખિયા દઈને સીવવું; ફાંટવું

ખીલી સ્ત્રી૦ નાનો ખીલો; ચૂંક. ૦ખટકો પું૦ ખીલી ખૂંચવા જેટલી પીડા; ઈજા; હરકત. ૦પસિયારાં ન૦બ૦વ૦ ખીલી અને પસિયારાં (કલ્લાં, સાંકળાંનાં)

ખીલો પું૦ ખૂંટો; મેખ. -લા ઉપાડ અ૦ જડમૂળથી; નિર્વંશ થાય એવી રીતે. -લાપાટી સ્ત્રી૦ પેચ પાડવાનું-સ્ક્રૂ બનાવવાનું ઓજાર. -લામૂળ ન૦ મુખ્ય મૂળિયું. -લારખું વિ૦ અમુક ખીલે જ બંધાવાની આદતવાળું (૨) બહાર ચરવા નહિ જતાં ઘેર ખીલે બાંધ્યું રહેવાની ટેવવાળું (૩) ઊપસેલા-ખીલા જેવા ઘાટનું

ખીશર પું૦ (કા.) મકરસંક્રાંત; ઉતરાણ

ખીસર સ્ત્રી૦ ઠંડીનો દિવસ

ખીસું ન૦ ગજવું. -સાકાતરુ વિ૦ ગજવાકાતરુ; ખીસું કાપીને ચોરનાર. -સાખરચ,-સાખર્ચ પું૦ સામાન્ય ખરચ માટે ખીસામાં રાખવાનું નાણું (૨) પસંદ પડતી બાબતમાં વાપરવા મળેલું-ખાસ ખરચનું નાણું

ખીંટી સ્ત્રી૦ નાનો ખીંટો. -ટડિ(-ળિ)યાળું વિ૦ અણીદાર (૨)આંકડીવાળું(૩)વાંકું વળેલું. -ટો પું૦ ખીલો; મેખ

ખુટાડવું સ૦ક્રિ૦ ખૂટે એમ કરવું; ઘટાડવું (૨)પૂરું કરવું

ખુટામણ સ્ત્રી૦ ખોટ; ઘટ (૨) [કા.] ફૂટ; દગો

ખુદ(-ર)દો પું૦ મોટા સિક્કાની કિંમતના નાના સિક્કા તે; પરચૂરણ (૨) [લા.] કકડેકકડા; ભૂકો

ખુડી અ૦ (રવ૦) બાળકને ઉધરસ ચડે ત્યારે વાંસે હાથ ફેરવતાં બોલાતો શબ્દ

ખુણિયાળું વિ૦ ખૂણાવાળું [ભાવે

ખુતાડવું સ૦ક્રિ૦, ખુતાવું અ૦ક્રિ૦ 'ખૂતવું'નું પ્રેરક ને

ખુદ વિ૦[फा.]અસલ; શુદ્ધ(૨)સ૦ પોતે; જાતે. ૦અખત્યારી સ્ત્રી૦ પોતાનો કાબૂ હોવો તે. ૦કાશ્તા(-સ્તા) વિ૦ જાતે ખેડેલું. ૦કુશી સ્ત્રી૦ આપઘાત. ૦ગરજી વિ૦ સ્વાર્થી; આપમતલબી (૨)સ્ત્રી૦ આપગરજીપણું. ૦પસંદગી સ્ત્રી૦ પોતે જ સારા એવો ભાવ; અહંકાર.-દી સ્ત્રી૦ હુંપણું; ગર્વ

ખુદા પું૦ [फा.] ઈશ્વર; પ્રભુ. ૦ઈ વિ૦ ઈશ્વરનું-ઈશ્વરને લગતું(૨)પવિત્ર (૩) કુદરતી; દૈવી (૪)[લા.] ભોળું (૫)સ્ત્રી૦ ઈશ્વરપણું (૬) સૃષ્ટિ. ૦તાલા પું૦ મહાન પ્રભુ. ૦પરસ્ત વિ૦ પ્રભુપરાયણ; આસ્તિક. ૦વંત(-દ) વિ૦ ઈશ્વરતુલ્ય (સાહેબ, અન્નદાતા ઇ૦ જેમ રાજારાણી કે માલિકને સંબોધનરૂપે). ૦હાફેજ શ૦પ્ર૦ પ્રભુ તમારું રક્ષણ કરો

ખુનકી સ્ત્રી૦ [फा.] ઘેન; તંદ્રા

ખુનામરકી સ્ત્રી૦ ખૂનરેજી; કાપાકાપી

ખુન્નસ સ્ત્રી૦; ન૦ ખૂનસ; ખૂન કરાવે એવી ઝેરી લાગણી; વેરઝેર. -સી વિ૦ ખુન્નસવાળું

ખુફિયા વિ૦ [अ.] ગુપ્ત; છૂપું

ખુબાફોડ ન૦ (સીપો ફોડી ખાનારું) એક પક્ષી

ખુમારી સ્ત્રી૦ [अ.] આંખમાં દેખાતો નશો; ઘેન; મસ્તી (૨) ધન, વૈભવ, ઓધ્ધા વગેરેનો ગર્વ

ખુમાવતી વિ૦ ક્ષમાવંત [અવાજ

ખુર [सं.],-રી સ્ત્રી૦ ખરી. ૦શબ્દ પું૦ (ચાલતાં)ખરીનો

ખુરખુર ન૦, -રાટ પું૦ (રવ૦) ખુર ખુર એવો અવાજ

ખુરચન ન૦ ઉખાડીને-ઉઝરડીને એકઠું કરેલું ખાવાનું; ખપોટી (૨) કચુંબર; કાચુંકોરું ખાવાનું. -ની સ્ત્રી૦ મોચીનું એક ઓજાર (ચામડું ઉઝરડવાનું)

ખુરજી સ્ત્રી૦ [फा.] (સવારીમાં સાથેનો સરસામાન રાખવાની ઘોડેસવારની) થેલી; ઝોળો

ખુરદો પું૦ [फा.] જુઓ ખુડદો. -દિયો પું૦ નાણાંનો ખુરદો-પરચૂરણ વેચનાર આદમી

ખુરબડો પું૦ એક જાતનો શંખલો

ખુરમું ન૦ [फा.] એક જાતની મીઠાઈ [સ્થાન

ખુરશી(-સી) સ્ત્રી૦ એક જાતનું આસન (૨) [લા.] માનનું

ખુરશેદ પું૦ [फा.] સૂરજ

ખુરસી સ્ત્રી૦ [फा.] જુઓ ખુરશી. -સું ન૦ માટીનું બેસણું; અંગીઠી મૂકવાની ઓટલી (૨) ખુરસી(તુચ્છકારમાં)

ખુરાસાની વિ૦ [फा.] ઈરાન દેશમાં આવેલા ખુરાસાન નામના પ્રદેશનું કે તેને લગતું. ૦અજમો પું૦ એક ઔષધિ

ખુરી સ્ત્રી૦ ખરી; ખુર [જગા

ખુલા(-લ્લા)ણ ન૦ હવા અજવાળાની છૂટવાળી ખુલ્લી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુલાવું અ૦ક્રિ૦,-વવું સ૦ ક્રિ૦ 'ખૂલવું'નું ભાવે ને પ્રેરક
ખુલાસો પું૦ [अ.] સ્પષ્ટીકરણ; ચોખવટ (૨) સાર; ભાવાર્થ (૩) નિકાલ; રસ્તો (૪) મોકળાશ -સાવાર અ૦ ખુલાસાસાથે
ખુલ્લું વિ૦ ઉઘાડું (૨) નિખાલસ; ચોખ્ખું (૩) સ્પષ્ટ (૪) નાગું; ઢાંકેલું નહિ તેવું (૫) છૂપું નહિ-જાહેર (૬) અસભ્ય (૭) અણઘેરાયેલું (૮) ઘેરું નહિ-આછું. -લ્લંખુલ્લા અ૦ ખુલ્લેખુલ્લી રીતે. -લ્લેખુલ્લું વિ૦ સાવ ખુલ્લું
ખુવાર વિ૦ અતિ દુખી; હેરાન (૨) પાયમાલ. -રી સ્ત્રી૦
ખુશ વિ૦ [फा.] આનંદી; હર્ષિત; પ્રસન્ન (૨) તંદુરસ્ત. ૦ખુશાલ વિ૦ તંદુરસ્ત તેમ જ ખુશ. ૦ખુશાલી સ્ત્રી૦ તંદુરસ્તી તેમ જ ખુશી. ૦દિલી સ્ત્રી૦ આનંદીપણું. ૦નવીસ વિ૦ સારા-સુંદર દસ્કત લખનારું. ૦નુમા વિ૦ સુંદર; રમણીય. ૦બખતી, ૦બખ્તી સ્ત્રી૦ સદ્ભાગ્ય (૨) ખુશાલીની ભેટ-બક્ષિસ. ૦બો (૦ઈ) સ્ત્રી૦ સુગંધી. ૦બોદાર વિ૦ સુગંધીદાર. ૦મિજાજ પું૦ સારો-આનંદી સ્વભાવ (૨) વિ૦ ખુશમિજાજી. ૦મિજાજી વિ૦ ખુશમિજાજવાળું; આનંદી (૨) સ્ત્રી૦ આનંદી હોવું તે. -શી સ્ત્રી૦ આનંદમગ્નતા; હર્ષ (૨) મરજી; ઇચ્છા; રુચિ (૩) વિ૦ ખુશ; રાજી
ખુશકી સ્ત્રી૦ [फा.] જમીનમાર્ગ
ખુશહાલ વિ૦,-લી સ્ત્રી૦ [फा.] જુઓ 'ખુશાલ'માં
ખુશામત,-દ [फा.] સ્ત્રી૦ સ્વાર્થ માટે કરેલાં હદ બહારનાં વખાણ; પળશી; હાજી હા. ૦(-દ)ખોર વિ૦ ખુશામતની ટેવવાળું; ખુશામતિયું. -તિયું વિ૦ ખુશામત કરનારું. -તિયો પું૦ ખુશામતિયો આદમી [તંદુરસ્ત.-લી સ્ત્રી૦
ખુશાલ વિ૦ ખુશ હાલતમાં હોય એવું; સુખી (૨) કુશળ;
ખુશી સ્ત્રી૦ (૨) વિ૦ [फा] જુઓ 'ખુશ'માં
ખુસરો વિ૦પું૦ બડમૂછો
ખુસિયો વિ૦પું૦ [अ.] ખસ્સી કરેલો (૨) પું૦ વૃષણ
ખૂખવો પું૦ (કા.) મરનાર પાછળ મુકાતી પોક; ઠૂઠવો
ખૂજલી(-ળી) સ્ત્રી૦ ચળ; વલૂર; ખંજવાળ (૨) ચામડીનો એક રોગ (૩) જે લાગવાથી ખંજવાળવું પડે તે; ખજૂરી
ખૂટ સ્ત્રી૦, ૦કો પું૦ ખોટ; ઘટ; ઓછપ [ખૂટડું
ખૂટડું ન૦ ખોરણું; ખોયણું. -ડો પું૦ અંગારો; લાળો (૨)
ખૂટલ વિ૦ (કા.) અપ્રામાણિક; ખોટાબોલું. -લાઈ સ્ત્રી૦
ખૂટવું અ૦ક્રિ૦ ઓછું થવું; ઘટવું (૨) પૂરું થવું (૩) [કા.] ખૂટલ થવું [વિશ્વાસઘાતી
ખૂટેલ(-લું) વિ૦ ખાલી થયેલ; કંગાલ; દેવાળિયું (૨) ફૂટેલું;
ખૂડ સ્ત્રી૦ (કા.) અગાસી; ધાબું
ખૂણ સ્ત્રી૦ ખૂણો; દિશા (૨) [म.] નિશાની; ચિહ્ન. -ણિયું વિ૦ ખૂણાવાળું. -ણેખાંચરે અ૦ કોઈ ખૂણામાં-ખૂણાપડતી અપરિચિત જગાએ [ખાંચો
ખૂણો પું૦ જ્યાં બે દિશા કે લીટી મળતી હોય તે જગા; કોણ;
ખૂત સ્ત્રી૦ હરકત; અડચણ; વાંધો (કા.)

ખૂતવું અ૦ક્રિ૦ જુઓ ખૂંતવું
ખૂદ(-ધ)રું ન૦ ખોતરણું; દ્વેષ ખાતર કાઢેલી ભૂલ; વાંધોવચકો
ખૂન ન૦ [फा.] લોહી (૨) ખૂનની-વેરની તરસ; ખૂનસ (૩) જીવથી મારી નાંખવું તે; હત્યા. ૦ખરાબો પું૦ મારફાડ. ૦ખાર વિ૦ લોહી રેડાય એવું (ઉદા૦ યુદ્ધ) (૨) ઘાતકી; ખૂની. ૦રેજી સ્ત્રી૦ લોહી રેડવું તે; કાપાકાપી; કતલ (૨) લોહી રેડાય એવી-ખૂનખાર મારામારી. -ની વિ૦ ખૂન કરે એવું; ઘાતકી (૨) ખૂન કરનારું; હત્યારું
ખૂનસ સ્ત્રી૦ ન૦ ખૂનની-વેરની તરસ; ખુન્નસ
ખૂપવું અ૦ક્રિ૦ ઊંડું ઊતરવું; ભોંકાવું (૨) કળી જવું; અંદર ઊતરી ચોટી જવું; ખૂંતવું (૩) સ૦ક્રિ૦ જમાવવું
ખૂબ વિ૦ [फा.] સારું; સુંદર (૨) ઘણું; પુષ્કળ. ૦સૂરત વિ૦ રૂપાળું; ફૂટડું. ૦સૂરતી સ્ત્રી૦ ફૂટડાપણું; સૌંદર્ય. -બી સ્ત્રી૦ ખાસ ગુણ; રહસ્ય (૨) મજા; લિજ્જત (૩) ચતુરાઈ (૪) સૌંદર્ય; ચમત્કાર (૫) ભલાઈ. -બીદાર વિ૦ ખૂબીવાળું
ખૂમચો પું૦ ઢળતા કાનાનો છાછર થાળ (૨) વેચવાની વસ્તુઓથી ભરેલો ખૂમચો (૩) એમાં ભરેલી વસ્તુ; ભેટની વસ્તુ. -ચાવાળો પું૦ ખૂમચામાં ભરેલી વસ્તુઓ વેચનારો
ખૂરપી સ્ત્રી૦ ખરપડી [(૩) દીપવું; શોભવું (રંગ)
ખૂલવું અ૦ ક્રિ૦ ખુલ્લું થવું; ઊઘડવું (૨) ખીલવું [ફૂલ]
ખૂશર સ્ત્રી૦ ન૦ એક પક્ષી; ચીબડી
ખૂંખારવું અ૦ક્રિ૦ ખૂંખૂં અવાજ કરવો (૨) [અમુક અવાજ કરી] ગળું સાફ કરવું (૩) હણહણવું (૪) પોતાની હાજરી, મરદાઈ કે બડાશ બતાવવા માટે અવાજ કરવો
ખૂંખારો પું૦ ખૂંખારવું તે (૨) ખૂંખારવાનો અવાજ
ખૂંખૂં ન૦ (રવ૦) [ખૂંખારવાનો કે ખાંસીનો] અવાજ
ખૂંચ, ૦ખાંચ સ્ત્રી૦ ખાંચ; ખૂણો; ખાંચો (૨) ખૂંચવાની અસર; ભોંક (૩) મનમાં ખૂંચવું તે; ખાર; દાઝ; વેર (૪) [કાયદાની] બારીકી (૫) ખોડખાંપણ; વાંધોવચકો
ખૂંચવવું સ૦ક્રિ૦ ખેંચીને લઈ લેવું [બહુધા 'લેવું' ક્રિ૦ સાથે]
ખૂંચવું અ૦ ક્રિ૦ નડવું; ભોંકાવું; (૨) મનમાં ખટકવું; દુખવું (૩) લપટાવું; બંધનમાં પડવું [પ્રેરક
ખૂંચાવવું સ૦ક્રિ૦ ખૂંચવી લેવું; ઝૂંટી લેવું (૨) 'ખૂંચવું'નું
ખૂંટ પું૦ આખલો; સાંઢ (૨) સ્ત્રી૦ જમીનની હદ બતાવતો પથ્થર; હદનું નિશાન (૩) અ૦ બરાબર માપસર; પૂરેપૂરું
ખૂંટડી સ્ત્રી૦ એક જંગલી ઝાડ (૨) પગની આંગળીઓ ઉપર વીંટીઓ પહેર્યા પછી તે નીકળી ન જાય તે માટે આગળ પહેરાતી હલકી કિંમતની વીંટી; ઠેસણિયું
ખૂંટડું ન૦ ખૂંટવાનું ઓજાર; ખૂંટણ (૨) [કા.] બળદ (૩) ખૂટડું; ખોરિયું [સુ.] (૪) [સુ.] ઝાડનું ઠૂંઠું; ખૂંટું
ખૂંટણ ન૦ ખૂંટવું તે (૨) ખૂંટવાનું ઓજાર; ચીપિયો
ખૂંટવું સ૦ ક્રિ૦ મૂળ સાથે ખેંચી-ટૂંપી કાઢવું; નિર્મૂળ કરવું; નિકંદન કાઢવું (૨) ચૂંટવું; ટૂંપવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખૂંટાઉ,ખૂંટિયું ન૦ બળતા લાકડાનો કકડો; ખોયણું

ખૂંટિયો પું૦ ખૂંટ; સાંઢ (કા.) (૨) [સુ.] બાજીગર; જાદુગર

ખૂંટી સ્ત્રી૦ ખીંટી (૨) લાકડાની મેખ (૩) કપાળની બે બાજુએથી વાળ ટૂંપાવીને કરાવેલો ખૂણો (૪) અંગરખાની કળી (૫) [તંતુવાદ્યમાં] તાર લપેટવાની ખીંટી. -ડું ન૦ ઝાડ કાપતાં રહેલું ઠૂંઠું; કરચો. -ટો પું૦ ખીલો (૨) ખૂંટું (૩) બંદરમાં વહાણો ઉપર લેવાતો કર (૪) ઘંટીનો ખીલડો [અંદર જઈ ચોંટી જવું

ખૂંતવું અ૦ ક્રિ૦ ખૂંપવું; કાદવમાં ઊતરી જવું; કળવું (૨)

ખૂંતા સ્ત્રી૦ મનઃશાંતિ; સુખસમાધાન (૨) દૃઢતા; ખંત (?)

ખૂંતાડવું સ૦ ક્રિ૦ 'ખંતવું'નું પ્રેરક [મરતી

ખૂંદણું ન૦ કૂદતા કૂદતા ફરવું તે (૨) ધમ્માચકડી; ધંગાણું;

ખૂંદવું સ૦ ક્રિ૦ પગ વડે ગદડવું; ગૂંદવું; કચરવું (૨) કૂદતા કૂદતા ગરબે રમવું (૩) હેરાન કરવું; વિતાડવું

ખૂંદાખૂંદ સ્ત્રી૦ ગૂંદાગૂંદ; ચગદાચગદી (૨) કૂદાકૂદ; ધમ્માચકડી

ખૂંદાવવું સ૦ ક્રિ૦ 'ખૂંદવું'નું પ્રેરક

ખૂંદાળવું અ૦ ક્રિ૦ ખાઈપીને મોજ કરવી

ખૂંધ સ્ત્રી૦ (પશુના) વાંસા પર હોતો ઢેકો (૨) વાંસો વળી જવાથી થતો ઢેકો (માણસને). -ધિયું,-ધું વિ૦ વાંસે ખૂંધવાળું (માણસ)

ખૂંપ પું૦ પરણવા જતાં વરને પહેરવાનો ફૂલનો એક શણગાર

ખૂંપડી સ્ત્રી૦ નાનો ખૂંપડો. -ડો પું૦ વરસાદથી બચવા મહુડાનાં પાંદડાંનો કરેલો છત્રીનો ઘાટ

ખૂંપરું ન૦ ખંપરો; ખાંપો

ખૂંપરો પું૦ (ઝાડ-છોડ કાપ્યા પછી રહેલું) જડિયું; ખાંપો (૨) ખીલો કે ખાંપો ભરાવાથી કપડામાં પડેલી ફાટ કે ચીરો (૩) હજામત કરતાં રહી ગયેલા ખાંપા જેવા વાળ

ખૂંપવું સ૦ ક્રિ૦ (૨) અ૦ ક્રિ૦ જુઓ ખૂપવું. ખૂંપ(-પા)-વવું સ૦ ક્રિ૦ (પ્રેરક) [ક્ષયતિથિ

ખે પું૦; સ્ત્રી૦ + ક્ષીણ થવું તે; ક્ષય (૨) નાશ. ૦તિથિ સ્ત્રી૦

ખેકડો પું૦ ખેંકડો; કાચબો

ખેચર વિ૦ [સં.] આકાશમાં ફરનારું (૨) ન૦ પક્ષી (૩) ભૂત-પ્રેતાદિ (૪) પું૦ તારા, ચંદ્ર, ગ્રહ ઇત્યાદિ (૫) દેવ. ૦દૃષ્ટિ સ્ત્રી૦ ઊડતી નજર (આકાશમાંથી નાંખેલી); 'બર્ડ્ઝ-આઈ-વ્યૂ'. -રી સ્ત્રી૦ દેવી; ભૂતડી; જોગણી (૨) પંખિણી; સમડી (૩) એક યોગમુદ્રા

ખેટ ન૦ [સં.] ખેડ; ગામડું (૨) પું૦; ન૦ શિકાર. ૦ક પું૦ શિકારી (૨) ન૦ વ્યસન; ચડસ (૩) વહેમ; વળગાટ (૪) નાનું ગામડું. ૦કી પું૦ શિકારી (૨) ખેડૂત

ખેટલી સ્ત્રી૦ સેંથી

ખેડ સ્ત્રી૦ ખેતી (૨) કાંટાવાળી એક વનસ્પતિ (૩) ન૦ ખેટ; ગામડું. ૦ણુ ન૦ ખેડવાની ક્રિયા (૨) વિ૦ ખેડનારું (ઉદા૦ 'દયખેડણુ'). ૦ણુહાર પું૦ ખેડૂત (૨) હાંકેડુ. ૦તર વિ૦ ખેડાય-ખેતી થાય એવું. ૦નાયો પું૦ ખેડૂત. ૦વું સ૦ ક્રિ૦ જમીનને હળ વડે ખોદી, ચાસીને પોચી કરવી (૨) [લા.] સુધારવું; કેળવવું (૩) [વેપારધંધો] કરવો (૪) [મુસાફરી] કરવી (૫) ચલાવવું; હાંકવું. ૦હક(-ક્ક) પું૦ ખેડવાનો હક્ક

ખેડાકંબોઈ સ્ત્રી૦ એક વનસ્પતિ

ખેડાણ વિ૦ ખેડેલું; ખેડાતું હોય એવું (૨) ન૦ ખેડેલી-ખેડાતી હોય એવી જમીન (૩) ખેતી

ખેડુ વિ૦ ખેડનારો (૨) પું૦ ખેડૂત

ખેડૂત પું૦ ખેડવાનો ધંધો કરનાર (૨) તે વર્ગનો આદમી

ખેડું ન૦ ગામડું (૨) ગેંડાની ઢાલ (૩) ભાલો

ખેડો પું૦ નટ

ખેત ન૦ ખેતી માટેનો જમીનનો ટુકડો. ૦ર ન૦ ખેત (૨) + ક્ષેત્ર. ૦રપાદર ન૦ સ્થાવર મિલકત. ૦રપાળ પું૦ ખેતરનું રક્ષણ કરનાર દેવ (૨) ગ્રામદેવતા. ૦રવા અ૦ એક ખેતર જેટલે અંતરે. ૦રાઈ સ્ત્રી૦ એક શેઢે-એક જથે આવેલાં ખેતરોનો સમૂહ; પાટ. ૦રાઉ(-ળુ) વિ૦ ખેતરનું-ને લગતું (૨) ખેતર વચ્ચે થઈને જતો (માર્ગ)

ખેતિથિ સ્ત્રી૦ 'ખે'માં જુઓ

ખેતી સ્ત્રી૦ જમીનમાં અનાજ વગેરે પકવવા માટે કરવાનું કામ. ૦કાર પું૦ ખેતી કરનાર; ખેડૂત. ૦વાડી સ્ત્રી૦ ખેતર અને શાકભાજી કે ફળફળાદિની વાડી (૨) ખેડૂતનો કામધંધો

ખેદ પું૦, ૦ના સ્ત્રી૦ [સં.] શોક; સંતાપ; દિલગીરી (૨) થાક. ૦યુક્ત,-દિત વિ૦ ખેદવાળું; ખેદથી ભરેલું

ખેદાનમેદાન વિ૦ તારાજ; પાયમાલ

ખેદીવ પું૦ [ઇં.] મિસરનો રાજા

ખેદો(-ધો) પું૦ કેડો; પીછો

ખેન ન૦ ક્ષયરોગ (૨) કંટાળો આપે-માથું ફેડાવે એવું માણસ કે કામ; નડતર; પીડા (૩) મુસીબત; વિપદ. ૦ખાટલો પું૦ ક્ષયરોગ (૨) માથાફોડિયું માણસ

ખેપ સ્ત્રી૦ ભાર લઈને કોઈ દૂરની જગાએ જઈ આવવું તે; આંટો; ફેરો (૨) લાંબી મુસાફરી; સફર (૩) ફેરાનું મહેનતાણું (૪) ધોબીને ધોવા આપેલાં લૂગડાંની ગાંસડી (૫) વેપારની વસ્તુનું એક દેશથી બીજે દેશ આવવું તે (૬) પછવાડે લાગવું તે; ખંત (૭) હપતો; વારો [ઝપાટાબંધ (જેમ કે દોડવું)

ખેપટ સ્ત્રી૦ ધૂળ; કચરો [કા.] (૨) અ૦ મૂઠીઓ વાળીને;

ખેપન ન૦ બહાર કાઢવું-નાખી દેવું તે (૨) દુઃખ; પીડા

ખેપાની વિ૦ તોફાની (૨) યુક્તિબાજ

ખેપિયો પું૦ દૂત; કાસદ

ખેપી વિ૦ આક્ષેપ કરનારું (૨) ચાનકવાળું

ખેમકુશળ વિ૦ (૨) ન૦ જુઓ ક્ષેમકુશળ

ખેમટા પું૦ (સંગીતમાં) એક તાલ (૨) એ તાલમાં ગવાતું ગાયન [નીકળતો પદાર્થ (૨) કાથો

ખેર ન૦ એક ઝાડ ૦સાર(-લ) પું૦ ખેરના લાકડામાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેર [ખૈ] અ૦ [अ.] ભલે;હશે; ફિકર નહિ(૨)સ્ત્રી૦ ખેરિયત

ખેરખટ અ૦ એકદમ; જોતજોતામાં (કા.)

ખેરખાહ વિ૦ [फा.] ભલું ચાહનારું; શુભેચ્છક. –હી સ્ત્રી૦

ખેરવવું સ૦ક્રિ૦ ખરી પડે એમ કરવું;ગેરવવું(૨)ખસેડવું; દૂર કરવું; કાઢી મૂકવું (૩) પજવવું; માથું ફોડાવવું

ખેરવેલ સ્ત્રી૦ એક વનસ્પતિ

ખેરસલ્લા સ્ત્રી૦ સમાધાન; સુખરૂપતા; સુલેહશાંતિ (૨) અ૦ ખેર, હશે, બન્યું, એવો મન વાળવાનો ઉદ્ગાર

ખેરસાર(–લ) પું૦ 'ખેર ન૦'માં જુઓ

ખેરંચો(–ટો) પું૦ રજ; ધૂળ

ખેરાત સ્ત્રી૦ [अ.] દાન; પુણ્ય; સખાવત. –તી વિ૦ ખેરાત માટે કાઢેલું; ધર્માદાનું (૨) ખેરાત કરે એવું

ખેરિયત સ્ત્રી૦ [अ.] સુખરૂપ-ક્ષેમકુશળ હોવું તે

ખેરિયું વિ૦ છિન્નભિન્ન થયેલું; વીખરાયેલું (૨) તરત બુઝાઈ જાય એવું (૩) [લા.] માલ વગરનું

ખેરી વિ૦ ખેરના લાકડામાંથી કાઢેલું (૨) ખેરના લાકડાનું બનાવેલું (૩) પું૦ ઘેટો (૪) એક પક્ષી (૫) સ્ત્રી૦ કંસારી (૬) લૂગડાંમાં-કામળમાં પડતી એક જીવાત (૭) ખેરો; રજ (૮) દાંત ઉપર બાઝતી પોપડી

ખેરીચો પું૦ પરચૂરણ ચીજોનો ડાબડો

ખેરીજ વિ૦ વધારાનું; અંદર આવી ગયેલું ન હોય તેવું (૨) અ૦ વિના; સિવાય; વધારામાં

ખેરું,૦ખેરું વિ૦ જુઓ ખેરિયું

ખેરો પું૦ગૂંથીને બનાવેલો દોરીઓનો જાળીદાર થેલો–ઝોળી (૨) ચોખાના લોટની વડી (૩) બાજ; સિંચાણો (૪) પોંખ પાડવાનો ડાંડિયો (૫) અડાયાંનો ભૂકો; ગોર (૬) ગેરો; ભૂકો (૭) ડાંગરના ડૂંડાનો એક રોગ [[લા.]રચના;લીલા

ખેલ પું૦ [सं.] રમત (૨) તમાસો; જોવાનું નાટક;ભવાઈ(૩)

ખેલખાના પું૦ લશ્કરનો અસબાબ (૨) અસ્તવ્યસ્ત પડેલો સામાન; ગોટાળો (૩) ખરાબી; પાયમાલી

ખેલણી સ્ત્રી૦ ઢીંગલી. –ણું (–વણું) ન૦ રમકડું;ખિલોણું

ખેલન ન૦ [सं.] ખેલવું–રમવું તે (૨) તમાસો; ખેલ. –ના સ્ત્રી૦ ખેલવું તે. –વણું ન૦ રમકડું; ખિલોણું

ખેલવું અ૦ક્રિ૦રમવું;ગેલગમ્મત કરવી (૨)યુક્તિ કે પ્રપંચથી કાર્ય કરવું. ખેલાડી વિ૦ રમતમાં કામ કાઢી લે એવું; ચતુર;મુત્સદ્દી (૨) પું૦ખેલ કરે–રમત રમે તે;નટ. ૦પણું ન૦. –ડુ વિ૦ ખેલાડીના સ્વભાવનું

ખેવ પું૦; સ્ત્રી૦ + (પ.) ક્ષણ; પળ; વેળા

ખેવટ(–ટિયો) પું૦ માર્ગદર્શક; નેતા (૨) સુકાની.–ટું ન૦ સુકાનીનું–હોડી હંકારવાનું કામ; વહાણવટું

ખેવડો પું૦ એક જાતનું ઘાસ

ખેવના સ્ત્રી૦ કાળજી; ચાનક; સંભાળ

ખેશ બિરાદર પું૦ સગુંવહાલું

ખેસ પું૦ ખભે નાખવાનું વસ્ત્ર; દુપટ્ટો

ખેસર પું૦ [सं.] ખચ્ચર

ખેસવવું સ૦ક્રિ૦ ખસેડવું ['ખેસી'માં

ખેસિયું ન૦ ખેસ તરીકે ચાલે એવું વસ્ત્ર; ખેસ (૨) જુઓ

ખેસી વિ૦ નજીકનું; અંતરનું. –સિયું ન૦ નજીકનું સગું

ખેહ સ્ત્રી૦ ધૂળ; રજ (૨) પું૦ ક્ષય

ખેળ સ્ત્રી૦ લાહી; આર; કાંજી

ખેળો પું૦નાટક કે ભવાઈમાં સ્ત્રીનો વેષ લેનાર પુરુષ; ભવૈયો

ખેંકડો પું૦ એકડો; કાચબો

ખેંખલી વિ૦ ખવાઈ–ખળખળી ગયેલું; અત્યંત અશક્ત

ખેંખેં અ૦ (૨) સ્ત્રી૦ (રવ૦) ઉધરસનો અવાજ

ખેંગાણું ન૦ (કા.) બદલો; ખંગ

ખેંચ સ્ત્રી૦ ખેંચાણ; તાણ(૨)આગ્રહ. ૦તાણ સ્ત્રી૦ ખેંચાખેંચ(૨)[લા.] આગ્રહ. ૦વું સ૦ક્રિ૦પોતા તરફ આણવું; આકર્ષવું; તાણવું (૨) કસવું; તંગ કરવું (૩) આગ્રહ કરવો; આગ્રહથી વળગી રહેવું (૪) શોષી લેવું; ચૂસવું. –ચંખેંચા સ્ત્રી૦ તાણંતાણા. –ચાખેંચ(–ચી) સ્ત્રી૦ તાણાતાણ (૨) આગ્રહ –ચાણ ન૦ જુઓ ખેંચ. –ચોટો પું૦ એકદમ ખેંચવાથી લાગતો આચકો

ખૈડ સ્ત્રી૦ પાણી ન પાવું–સુકાવા દેવું તે (૨) સુકવણું; સૂક (૩) દોરડીને વળ ચડાવવાનું ઓજાર. –ડિયું વિ૦ પાણી વિનાનું; નીક કે નહેર ઇત્યાદિથી જેને પાણી ન પવાતું હોય તેવું (ખેતર) (૨) ન૦ સુકવણું; ખરડિયું

ખો સ્ત્રી૦ [फा.] ટેવ; આદત [મૂળ; વંશ

ખો સ્ત્રી૦ વેર (૨)ખાઈ; ખીણ; કોતર (૩) એક રમત(૪) પું૦

ખોઈ સ્ત્રી૦બાળકને સુવાડવા માટે કરેલી કે બાંધેલી ઝોળી(૨) [કા.] ખોળો.–ઇયું ન૦ ઘોડિયાની ખોઈ; ખોયું (૨)ઘોડિયું

ખોખ ન૦ મોટા કદનું પણ ખાલી ખોખું હોય તે

ખોખરી સ્ત્રી૦ ડાંગર (વેપારીઓનો સંકેત)

ખોખરું વિ૦જાડો ને પોલો અવાજ નીકળે એવું(૨)અડધું-પડધું ભાંગેલું–ફૂટેલું.–રાટ પું૦ખોખરાપણું.–રાપણું ન૦

ખોખલી સ્ત્રી૦ ઘરડી શિયાળ(૨)પડી ગયેલા દાંતવાળી વૃદ્ધા. –લું વિ૦ ખખળી ગયેલું; વૃદ્ધ (૨) ઉધરસ ખાતું. –લો પું૦ ઉધરસ; ઠાંસો (૨) વૃદ્ધ–ખખળી ગયલો આદમી

ખોખાવું અ૦ક્રિ૦ ખો–વેર રાખવું

ખોખું ન૦અંદરથી પોલું ને સાર–ગર કાઢી લીધેલું જે કાંઈ હોય તે (૨) માલ કાઢી લીધો હોય તેવી ખાલી તકલાદી પેટી;હલકી બનાવટની પેટી(૩)કાગળ અને લૂગડું લાહીથી ચોપડી બનાવેલો પાઘડીનો આકાર; કકડાઓની બનાવેલી પાઘડી (૪) ભરપાઈ થઈ ગયેલો હૂંડીનો કાગળ (૫) નમૂનો; બીબું (૬) કાચું લખાણ; મુસદ્દો (૭) કલેવર; હાડપિંજર

ખોખો સ્ત્રી૦ એક રમત; ખો

ખોગીર ન૦[फा.] ઘોડા ઉપર મૂકવાની ઊનની ગાદી; જીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોચરું વિ૦ પોલું (૨) ખાંચાવાળું (૩) ન૦ કોતર; ખો (૪) જૂનો જમાનો. -રેલ વિ૦ ખાડાખૈયાવાળું

ખોચંડો પું૦ કઠેકાણું; ખૂણો [કરવી; ખોળવું

ખોજ સ્ત્રી૦ [अ.] તપાસ; શોધ; ખોળ. ૦વું સ૦ક્રિ૦ ખોજ

ખોજો વિ૦ હિંદુમાંથી મુસલમાન બનેલી એક જાતનું (૨) પું૦એ જાતિનો પુરુષ (૩) વ્યંઢળ; હિજડો; જનાનખાનામાં સ્ત્રીઓની તહેનાતમાં રહેનારો નપુંસક નોકર

ખોટ સ્ત્રી૦ ઘટ; ઓછાપણું; અપૂર્ણતા (૨) નુકસાન; ગેરલાભ (૩) ભૂલ; ચૂક (૪) નાની ભરતી (ઉધાનથી ઊલટા પ્રકારની)

ખોટક(-કા)વું અ૦ક્રિ૦ અટકવું; અચકાવું

ખોટકો પું૦ ખોટ; ઘટ [આળસુપણું

ખોટાઈ સ્ત્રી૦ જૂઠાપણું; અસત્યતા (૨) હરામીપણું;

ખોટાબોલું વિ૦ ખોટું બોલે તેવું; બોલીને ફરી જાય એવું

ખોટારવો પું૦ છાણાં બળી ગયા પછી રહેલો રાખનો ગોટો

ખોટારું વિ૦ જૂઠું (૨) ભૂંડું; ખોટું (૩) ન૦ જૂઠાણું (૪) તરકટ

ખોટારો પું૦ ઈંટનો કકડો (૨) અંગારો; લાળો (૩) નખરું

ખોટી અ૦ વિલંબ-ઢીલ થાય એમ; નકામું થોભી રહેવું પડે-વખત બગડે એમ (૨) સ્ત્રી૦ (સુ.) વાર; વિલંબ. ૦પો પું૦ ખોટી થવું તે; રોકાણ

ખોટીલું વિ૦ આખાં હાડકાનું; આળસુ (૨) ખોડવાળું (૩) ન૦ નિઃસંતાનને ઘણા વખત બાદ થયેલું બાળક

ખોટું વિ૦ જૂઠું; અસત્ય (૨) ભૂલચૂકવાળું (૩) ખરાબ; નઠારું (૪) ફરી જાય એવું; બેવફા

ખોડ સ્ત્રી૦ ટેવ; આદત (૨) શારીરિક ખામી (૩) કલંક; લાંછન (૪) ન૦ ખોડસું. ૦ખાંપણ સ્ત્રી૦ ખોડ કે ખામી

ખોડવું સ૦ ક્રિ૦ દાટવું (૨) રોપવું; ઊભું કરવું (૩) તોડવું; ભાંગવું [કા.] (૪) ખોડું કરવું

ખોડસું ન૦ મોટું લાકડું-ઠૂણકું; ઝાડનું જૂનું થડિયું

ખોડંગ(-ગા)વું, ખોડાવું અ૦ક્રિ૦ લંગડાવું

ખોડિયું વિ૦ ખોડવાળું; અપંગ. -યો પાડો પું૦ છોકરાની એક રમત [એક રમત

ખોડીખમચી સ્ત્રી૦ ખોડંગતાં ચાલીને રમવાની છોકરાંની

ખોડીબારું ન૦ ખેતરમાં જવા આવવા માટે બે પાંખિયાંવાળું લાકડું ઘાલી કરવામાં આવતો રસ્તો-છીંડું

ખોડીલું વિ૦ ખોડવાળું; ખોડિયું

ખોડું વિ૦ ખોડિયું (૨) લંગડું (૩) સ્વર વિનાનું (અક્ષર માટે)

ખોડો પું૦ માથાની ચામડી પર બાઝતો એક મેલ (૨) માથાની ચામડીનો એક રોગ (૩) સંહાર; નાશ

ખોણિયું ન૦ (કારીગરનો) કાટખૂણો (૨) ખોયણું

ખોતરણી સ્ત્રી૦ દાંત ખોતરવાની સળી (૨) ખરપડી (૩) કોતરવાનું ઓજાર; ટાંકણું (૪) કોતરણી; નકશીકામ. -ણું ન૦ ટાંકણું (૨) ખરપડી (૩) ખોતરવાનું સાધન (૪) ખૂધરું; દોષ

ખોતરવું સ૦ક્રિ૦ આછું આછું ખોદવું; ખણવું (૨) [લા.] પાયમાલ કરવું

ખોતરામણ ન૦ ખોતરવાનું મહેનતાણું

ખોતરું ન૦ બહાનું [કામ (૩) કોતરકામ

ખોદકામ ન૦ ખોદવાનું કામ (૨) કૂવા, તળાવ વગેરે ખોદવાનું

ખોદણી સ્ત્રી૦ [લા.] ખણખોદ; નિંદા; બદબોઈ

ખોદવું સ૦ક્રિ૦; અ૦ક્રિ૦ ભોંય ઉખાડવી; ખણવું (૨) કોતરવું નકસી પાડવી (૩) [લા.] ખોદણી કરવી

ખોદાઈ,-મણી સ્ત્રી૦,-મણ ન૦ ખોદવાનું મહેનતાણું

ખોદાખોદ સ્ત્રી૦ વારંવાર ખૂબ ખોદવું તે (૨) ખોદાણી

ખોદાણ ન૦ ખોદાવું કે ખોદવું તે; ખોદકામ (૨) પાણીના જોરથી ખોદાયેલી જમીન [ઢ; બેવકૂફ

ખોદું(-ધું) ન૦ લાકડાનો જાડો-ભારે કકડો (૨) વિ૦ મૂઢ;

ખોપ પું૦ નેતર; બરુ (૨) વાદળું (૩) [કા.] દેવું

ખોપડું ન૦ છાપરી; ખોરડું

ખોપરી સ્ત્રી૦ માથાનું પેટી જેવું હાડકું, જેમાં મગજ છે તે

ખોપી,૦લું વિ૦ ખટપટિયું

ખોફ પું૦ [अ.] ડર (૨) ગુસ્સો. ૦નાક વિ૦ ભયાનક

ખોબલો, ખોબો પું૦ બે હાથ છતા જોડવાથી બનતો પાત્રનો આકાર; પોશ (૨) તેમાં માય તેટલું માપ

ખોભ પું૦ + ક્ષોભ

ખોભણ(-ણી) સ્ત્રી૦ ખો; ગુફા (૨) કોતરની બે બાજુનો ખાંચો (૩) ખાડો (ખાસ ઠેસ, ચાંપ કે ઉલાળો અટકે એવો)

ખોભના સ્ત્રી૦ ખોડ; ખાંપણ

ખોભરણ સ્ત્રી૦ (કા.) ઢીલ; વિલંબ. -વું અ૦ક્રિ૦ ખોટી થવું; રાહ જોતા રહેવું; થોભવું [કા.]

ખોભળો પું૦ (કા.) સળંગ કઠણ પડ

ખોયણી સ્ત્રી૦ વઘાર [[લા.] ચાંદવું; ઉશ્કેરણી

ખોયણું ન૦ બળતું લાકડું કે સળેખડું (૨) જામગરી (૩)

ખોયલ ન૦ મોચીનું એક ઓજાર

ખોયાણ ન૦ ઊંડી ખો-ખોભણ

ખોયું ન૦ જુઓ ખોઇયું

ખોર વિ૦ [फा.] 'ખાનારું,-ની ટેવવાળું' એવા અર્થમાં નામને અંતે. ઉદા૦ હરામખોર; શરાબખોર

ખોરડ (પ.),-ડું ન૦ ઝૂંપડું; માટીની ભીંતનું નાનું ઘર

ખોરણ ન૦ હોલવાઈ ગયેલું જે હોય તે (૨) ખોરવાનું સાધન

ખોરણી સ્ત્રી૦ ખોરવું તે (૨) ઉશ્કેરણી (૩) ખોયણી

ખોરવું સ૦ક્રિ૦ (દેવતાને સતેજ કરવા કે બળતાને જલદી બળવા) ખંખેરવું-તળે ઉપર કરવું

ખોરસું ન૦ ત્રણ પાયાની ઘોડી; ત્રિપાઈ

ખોરંચે અ૦ ખૂણેખોચરે; નિકાલ ન થાય એવે ઠેકાણે

ખોરંચો પું૦ નડતર; અંતરાય

ખોરાક પું૦ ખાવાનો પદાર્થ (૨) [લા.] જેનાથી કોઈ વાતનો નિર્વાહ થાય તે. -કી સ્ત્રી૦ ખોરાક; ગુજરાનની વસ્તુ (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું ખરચ. -કીપોશાકી સ્ત્રી૦અન્નવસ્ત્ર (૨) તેનું ખરચ
ખોરિયું ન૦ ઉબાડિયું; ખોયણું [ચ.]
ખોરીઠ વિ૦ (ખાવામાં) જબરું (૨) ખાવાનું શોખીન
ખોરું વિ૦ જૂનું થવાથી બેસ્વાદ. -રાશ સ્ત્રી૦ ખોરાપણું
ખોલ સ્ત્રી૦ [फा.] ખામી; કસ્ચલી; પોલાણ(૨)ઉતરી ગયેલી જીર્ણ ચામડી (૩) સાપની કાંચળી (૪) ખોળી (૫) ગાદી તકિયા વગેરેનું ઉપલું પડ (૬) ન૦ ખોચલ [નાનું બચ્ચું
ખોલકો પું૦ ગધેડો. -કી સ્ત્રી૦ ગધેડી.-કું ન૦ ગધેડાનું
ખોલણહાર(-રું) વિ૦ખોલનાર [ઓજાર;પેચિયું
ખોલવણું ન૦ કંસારાનું એક ઓજાર (૨) સ્ક્રૂ ફેરવવાનું
ખોલવું સ૦ક્રિ૦ ઉઘાડવું (૨) કાઢવું; સ્થાપન કરવું
ખોલી સ્ત્રી૦ ખોળી (૨) ઓરડી (૩) ગધેડી. -લો પું૦ ગધેડો
ખોલું ન૦ ખીચડી વગેરેનો દાઝેલો પોપડો (ચ.)
ખોવડા(-રા)વવું સ૦ક્રિ૦ 'ખોવું'નું પ્રેરક. ખોવાવું અ૦ક્રિ૦ 'ખોવું'નું કર્મણિ. ખોવું સ૦ક્રિ૦ગુમાવવું (૨)ગેરલાભ થવો
ખોસવું સ૦ક્રિ૦ જોરથી દાખલ કરવું; ઘાલવું
ખોહ સ્ત્રી૦ ખો; કોતર; ખીણ
ખોહાણ પું૦નદીની ભેખડ [કા.] [(૩)મોટો મૂરખો
ખોહો પું૦ ખોસનારો(૨)લઠીંગો; લઠ્ઠ પણ આળસુ માણસ
ખોળ સ્ત્રી૦ જુઓ ખોલ ૧,૪. -ળિયું ન૦(તેને સ્થાને જુઓ)
ખોળ [ખો] પું૦ તેલી બીનો તેલ કાઢી લીધા બાદ રહેતો કૂચો (૨)સ્ત્રી૦ તપાસ; શોધ.-વું સ૦ક્રિ૦ શોધવું; તપાસ કરવી. -ળંખોળા,-ળાખોળ(-ળી) સ્ત્રી૦ શોધાશોધ

ખોળાઢંઢોળા પું૦બ૦વ૦ ખોળાખોળ; ખૂબ ઢૂંઢવું તે(?)
ખોળંબો(-ભો) પું૦ વિલંબ; ઢીલ
ખોળાધર પું૦ જામીન. -રી સ્ત્રી૦ જામીનગીરી
ખોળાભરણું ન૦ સીમંત; અધરણી [તપાસ
ખોળાંખંખોળાં,ખોળાંખાંખાં ન૦બ૦વ૦ ખૂબ બારીક
ખોળિયું ન૦ ગોદડાં વગેરે ભરવાનો ઓઢો(૨)શરીર; કલેવર
ખોળી સ્ત્રી૦ વસ્તુના રક્ષણ માટે છેડા ઉપર ગોઠવેલું ઢાંકણ
ખોળો પું૦ પલાંઠી મારી બેસતાં બંને જાંઘ ઉપરનો ઘૂંટણ લગીનો ભાગ (૨) એ ભાગ ઉપર રાખેલું કપડું-ઝોળી
ખોંખારવું અ૦ક્રિ૦જુઓ ખૂંખારવું. ખોંખારો પું૦ખૂંખારો
ખોંચ સ્ત્રી૦ ખાંચો; ખોભણ; ખાણ (૨) કસર; કમીના (૩) વાંધો; અડચણ (૪) મુશ્કેલી; ગૂંચવણ
ખ્યાત વિ૦ [सं.] પંકાયેલું; નામીચું (૨) સ્ત્રી૦ [પ.] ખ્યાતિ; કીર્તિ (૩) ન૦ કથન. -તિ સ્ત્રી૦ પ્રસિદ્ધિ; કીર્તિ (૨) પ્રતીતિ; જ્ઞાન. -પન ન૦ જાહેરાત (૨) કબૂલાત
ખ્યાલ પું૦ ખયાલ; તર્ક; વિચાર; કલ્પના (૨) છાલ; કેડો (૩) એક જાતનું ગાયન. ૦ટપ્પો પું૦ ખ્યાલ ને ટપ્પો; ગાયનનો એક પ્રકાર. -લિયો પું૦ ખ્યાલટપ્પા ગાનારો. -લી વિ૦ તરંગી (૨) ખ્યાલ-લાવણી જોડનારું
ખ્રિસ્ત પું૦ (સં.) જુઓ ઈસુ. -સ્તી વિ૦ ઈસુ સંબંધી; ઈસુના ધર્મનું (૨) પું૦ એ ધર્મ માનનારો માણસ
ખ્વાબ પું૦; ન૦[फा.] ખાબ; સ્વપ્ન. -બી વિ૦ સ્વપ્નનું; તે સંબંધી (૨) સ્વપ્ન રચ્યા કરનારું; સ્વપ્નશીલ

ગ

ગ પું૦ [सं.] કંઠસ્થાની ત્રીજો વ્યંજન(૨)ગંધાર સ્વરની સંજ્ઞા (૩)[સમાસને અંતે] 'જતું' 'ચાલતું' એવા અર્થમાં. ઉદા૦ ખગ; ઉરગ. ૦કાર પું૦ગ અક્ષર અથવા ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે ગકારવાળું. ૦ગ્ગુ ન૦ +,૦ગ્ગો પું૦ ગકાર
ગઈ 'જવું'નું ભૂતકાળનું સ્ત્રી૦રૂપ (૨)ગયેલી; વીતેલી. ૦કાલ(-લે) અ૦આજની પૂર્વેના દિવસે; કાલે (૨) [લા.] હમણાં જ. ૦ગુજરી સ્ત્રી૦ બની ગયેલી-ભૂતકાળની હકીકત
ગ(૦ડ)ગડવું અ૦ક્રિ૦(રવ૦)ગડગડ અવાજ કરવો; ગાજવું
ગ(૦ડ)ગડાટ પું૦ ગડગડ એવો અવાજ (૨) અ૦ સપાટાબંધ; વગર હરકતે. -વવું સ૦ક્રિ૦ ગડગડે એમ કરવું (૨) ઝપાટાબંધ-અટક્યા વગર કામ ચલાવવું
ગ(૦ણ)ગણવું અ૦ ક્રિ૦ (રવ૦) ગણગણ એવો અવાજ કરવો (૨) નાકમાં બોલવું (૩) સ૦ક્રિ૦ મનમાં બબડવું
ગ(૦ણ)ગણાટ પું૦ ગગણવું તે
ગગન ન૦ [सं.] આકાશ; આભલું. ૦ગામી વિ૦ ગગનમાં જનારું. ૦ગાંઠિયા પું૦ બ૦ વ૦ એક મીઠાઈ; ઘઉંના લોટના ચાસણી પાયેલા ગાંઠિયા. ૦ચર વિ૦ ગગનમાં ફરનારું (૨)ન૦પંખી, દેવ, ભૂતપિશાચ, નક્ષત્ર, ગ્રહ વગેરે. ૦ચુંબિત,૦ચુંબી વિ૦ આકાશને ચુંબતું; બહુ ઊંચું. ૦પટ પું૦ ગગનરૂપી પટ; આકાશનો વિસ્તાર. ૦ભેદી વિ૦ ગગનને ભેદે એવું મોટું (અવાજ કે નાદ.) ૦વિહાર પું૦ આકાશમાં વિહાર (૨) [લા.] બહુ ઊંચા ઊંચા ખ્યાલો કરવા તે. ૦વિહારી વિ૦ ગગનવિહાર કરનારું. ૦સ્પર્શી વિ૦ આકાશને અડે એવું; બહુ જ ઊંચું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગગરું વિ૦ ભભરું; દાણાદાર; કકરું
ગગરો પું૦ ધાતુનો ઘડો. -રી સ્ત્રી૦ નાનો ગગરો
ગ(૦ળ)ગળવું અ૦ક્રિ૦ ઢીલા થઈ જવું (પ્યારથી, ધમકીથી કે એવી કોઈ લાગણીથી) (૨) ફીકા પડી જવું
ગ(૦ળ)ગળું વિ૦ ઢીલું; દીન (૨) પાકવા ઉપર આવેલું
ગગો પું૦ છોકરો; દીકરો. -ગી સ્ત્રી૦ છોડી; દીકરી
ગચ અ૦ જુઓ ગચ્ચ (૨) પસંદ; માફક (૩) સ્ત્રી૦ [फा.] ચૂનો
ગચકડિયું ન૦ (ડૂબતાં) તરફડિયાં મારવાં તે
ગચકડું, ગચકિયું ન૦ ગચકડિયું (૨) ગચરકું
ગચન વિ૦ મસ્ત (૨) ભરાઈ-ઠંસાઈ ગયેલું
ગચરકું ન૦, -કો પું૦ ખાટો કે તીખો ઓડકાર. -કાવિકાર પું૦ ગચરકું ગળાઈ જવાથી થતો ચામડીનો એક રોગ
ગચાગચ વિ૦ ખીચોખીચ [(૨) [લા] આડ; નડતર
ગચિ(-ચ્ચિ)યું ન૦ઢેફું; ચોસલું (જેમ કે ઈંટ ચૂનો ઇ૦નું)
ગચેટો પું૦ ગઠ્ઠો [જુઓ ગચિયું
ગચ્ચ અ૦ ગચ; સજ્જડ; તૂટે છૂટે નહિ એવું. -ચ્ચિયું ન૦
ગચ્ચી(-ચ્છી) સ્ત્રી૦ માટી, ઈંટો, કાંકરા અને ચૂનો વગેરેનું બાઝી જવું તે. ઉદા૦ ચૂનાગચ્ચી (૨) અગાસી; ધાબું (૩) છોબંધ જમીન (૪) વર્ગ; ગચ્છ
ગચ્ચું ન૦ જુઓ ગચિયું [પદોનો સમુદાય
ગચ્છ પું૦ [सं.] સમુદાય; જથો (૨) [ગ.] શ્રેઢીમાં અમુક
ગચ્છવું અ૦ક્રિ૦ જવું. -ન્તી સ્ત્રી૦ નાસી જવું તે
ગચ્છી સ્ત્રી૦ જુઓ ગચ્ચી
ગજ પું૦ [सं.] હાથી (૨) [फा.,सं.] લંબાઈ ભરવાનું ચોવીસ તસુનું માપ (૩) બારણાની ભૂંગળ (૪) ધાતુનો નક્કર સળિયો (૫) બંદૂકની નાળમાં દારૂ ઠાંસવા માટે વપરાતો સળિયો (૫) તંતુવાદ્ય વગાડવા વપરાતું ધનુષ્ય જેવું સાધન. ૦કણ ન૦ એક જાતનું રેશમી કાપડ. ૦કર્ણ(-રણ) પું૦ હાથીનો કાન (૨) દરાજ; દાદર (૩) [सं.] ગણપતિ. ૦કરણી સ્ત્રી૦ એક વનસ્પતિ (૨) યોગીઓની એક ક્રિયા. ૦ગતિ સ્ત્રી૦ હાથીની ચાલ (૨) તેના જેવી ડોલતી ને મગરૂર ચાલ. ૦ગામ વિ૦ હાથી ઉપર સવારી કરનારું. ૦ગામા(-મિની) વિ૦ સ્ત્રી૦ ગજગતિથી ચાલનારી. ૦ગામી વિ૦ ગજગતિથી ચાલનારું. ૦ગાહ ન૦ હાથીની પીઠ પરનો ઓછાડ. ૦ગૌરી સ્ત્રી૦ હાથી પર બેસાડેલી ગૌરીની-પાર્વતીની મૂર્તિ. ૦ગ્રાહ પું૦ પક્ષ પાડીને દોરડું ખેંચવાની રસાકસીની રમત. ૦ઘંટ પું૦, ૦ઘંટા સ્ત્રી૦ હાથીને બાંધેલો લટકતો ઘંટ (એના આવવાની ખબર કરવા). ૦ચર્મ ન૦ હાથીનું ચામડું. ૦છાયા સ્ત્રી૦ શ્રાદ્ધ કરવાને સારો ગણાતો એક યોગ (જ્યો.). ૦દળ ન૦ હાથીનું લશ્કર. ૦દંત પું૦ હાથીનો દાંત; દંતૂશળ (૨) [सं.] ગણપતિ (૩) ખીંટી. ૦ધર પું૦ દરજી. ૦પતિ પું૦ હાથીઓનો માલિક (૨) ગજદળનો નાયક (૩) મોટો-ઉત્તમ હાથી. ૦પાળ પું૦ હાથીની માવજત કરનારો આદમી (૨) મહાવત, ૦પીપર સ્ત્રી૦ જુઓ કુંજરપીપર. ૦પુટ પું૦ ધાતુઓની ભસ્મ બનાવવા તેમને આંચ આપવા માટેની એક પ્રકારની ભઠ્ઠી. ૦બાડ, ૦શાલા(-ળા) સ્ત્રી૦ હાથીખાનું. ૦વક્ત્ર, ૦વદન, -ાનન પું૦ (सं.) ગણપતિ. -જિયાણી સ્ત્રી૦ ગજી પનાનું એક રેશમી કાપડ. -જિયું વિ૦ એક ગજ માપનું (૨) ન૦ જાડા સૂતરનું (બહુધા ગજી) કપડું. -જિયો પું૦ લોઢાનો સળિયો; ગજ. -જી વિ૦ ગજિયું (૨) સ્ત્રી૦ ગજિયાણી. -જેન્દ્ર પું૦ ઉત્તમ હાથી (૨) [सं.] ઐરાવત. -જેન્દ્રમોક્ષ પું૦ મગરના મોંમાંથી વિષ્ણુએ કરેલો ગજેન્દ્રનો છુટકારો (૨) તે નામનું એક સ્તોત્ર
ગજક ન૦ નશો કર્યા પછી ખવાતી તીખી કે મીઠી ચીજ
ગજપાંઉ ન૦ એક પક્ષી
ગજપુષ્પી સ્ત્રી૦ એક વેલ
ગજબ પું૦ [अ.] કેર (૨) મોટું દુઃખ (૩) આશ્ચર્ય. ૦નાક વિ૦ ગજબ કરનારું; કેર વર્તાવનારું. -બી વિ૦ ગજબવાળું
ગજર [फा.] પહોર પહોરને આંતરે ઘડિયાળાં વગાડવામાં આવે છે તે; ગજ્જર (૨) ચોઘડિયાં
ગજરું ન૦ કાંડે કે અંબોડે ઘાલવાનો ફૂલનો હાર (૨) કાંડે પહેરવાનું સ્ત્રીનું ઘરેણું; ગુજરી. -રો પું૦ ગજરું ૧ જુઓ
ગજ(-જા)વવું સ૦ક્રિ૦ ગાજે એમ કરવું
ગજવું ન૦ ખીસું. -વાકાતરુ પું૦ ખીસાકાતરુ; ખીસાચોર
ગજવેલ સ્ત્રી૦ ખરું લોઢું; પોલાદ (૨) એક જાતના ચોખા
ગજાર સ્ત્રી૦ (રસોડા કે ભંડાર તરીકે વપરાય એવો) મુખ્ય ઓરડાની બાજુનો ખંડ-ગોઝાર
ગજાવવું સ૦ક્રિ૦ જુઓ ગજવવું; 'ગાજવું'નું પ્રેરક
ગજિયાણી સ્ત્રી૦, ગજિયું વિ૦, ગજિયો પું૦, ગજી વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ 'ગજ'માં [વિ૦ ગજા વગરનું
ગજું ન૦ ગુંજાશ; શક્તિ. -જાદાર વિ૦ ગજાવાળું. -જાહીણ
ગજેન્દ્ર પું૦, ૦મોક્ષ પું૦ [फा.] જુઓ 'ગજ'માં
ગજ્જર પું૦ વડો સુતાર; મિસ્ત્રી (૨) વડો મુકાદમ (૩) અમુક વખત થયો એવું દર્શાવનારો ટકોરો; ગજર (૪) સમય; કાળ
ગઝનવી વિ૦ [फा.] ગિઝની નામના શહેરનું, -ને લગતું
ગઝલ સ્ત્રી૦ [अ.] એક ફારસી રાગ; રેખતો (૨) એ રાગનું કાવ્ય. -લિસ્તાન ન૦ ગઝલોનો સંગ્રહ
ગટ, ૦ગટ અ૦ (રવ૦) ગટગટ અવાજ થાય એમ. ૦ગટાવવું સ૦ ક્રિ૦ ગટ ગટ કરતા-ઝટ પી જવું
ગટક, ૦ગટક અ૦ (રવ૦) ગટગટ. -કાવવું સ૦ ક્રિ૦ ગટગટ પીવું કે ખાઈ જવું; ગળી જવું; ઓહિયાં કરવું
ગટપટ સ્ત્રી૦ (રવ૦) ધીમી-છાનીમાની વાત
ગટર સ્ત્રી૦ [इं.] ગંદું પાણી જવાની નીક-મોરી; ખાળ
ગટરપટર અ૦ (રવ૦) ગમે તેમ આડુંઅવળું
ગટાપરચા ન૦ [मलाया] એક વનસ્પતિ
ગટિયું વિ૦ ગટ્ટુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગટૂચી સ્ત્રી૦ એક વનસ્પતિ; ગડૂચી; ગળો

ગટ્ટ અ૦ (રવ૦) ગટ; ગટક

ગટ્ટી(-ટ્ટું) વિ૦ ઠીંગણું (૨) બટકું અને જાડું

ગઠડી સ્ત્રી૦ [हिं.] પોટલી; બચકી

ગઠન ન૦ ગાંઠવું-બાંધવું તે; એકત્રિત કરવું

ગઠિયું વિ૦ લુચ્ચું; પાકું. -યણ વિ૦સ્ત્રી૦ લુચ્ચી; પાકી

ગઠ્ઠો પું૦ ગાંગડો; ગચિયું; બાઝી ગયેલો જથો

ગડ ન૦ ગાંઠ (૨) ગૂમડું; ગોડ (૩) સ્ત્રી૦ ગડી (લૂગડાની). ૦ગચ્ચો પું૦ગડબડગોટો. ૦ગૂમડ ન૦નાનાં મોટાં ગૂમડાં (૨) તે થઈને થતો ચામડીનો રોગ. ૦ગૂંદી સ્ત્રી૦,૦ગૂંદો પું૦ ગડગૂંદાંનું ઝાડ. ૦ગૂંદું ન૦ એક ફળ; મોટું ગૂંદું

ગડગડ અ૦(રવ૦).૦વું,-ડાટ,-ડાવવું જુઓ 'ગગડવું'માં

ગડગડફ અ૦ (રવ૦) ગરડગફ; ઝટ; જોતજોતામાં

ગડદો પું૦ ઠોંસો; ધીબકો -દાગડદી સ્ત્રી૦ ગડદાથી મારામારી (૨) ભીડાભીડ. -દાપાટુ ન૦બ૦વ૦ ગડદા ને પાટુ (૨) હાથપગથી મારામાર. -દાપેચ વિ૦ ગડદાના મારથી છેક અધમૂઉં થઈ ગયેલું. -દામુક્કી સ્ત્રી૦ગડદા ને મુક્કીથી મારામારી. -દાટવું,-દાવવું સ૦ક્રિ૦ ગડદે ગડદે મારવું

ગડબ સ્ત્રી૦ ગડ; ગાંઠ; સોજો

ગડ(-ર)બડ સ્ત્રી૦ (રવ૦) ઘોંઘાટ (૨) અવ્યવસ્થા; ગોટાળો. ૦ગોટો પું૦ ગોટાળો; અવ્યવસ્થા. ૦વું અ૦ક્રિ૦ જુઓ ગબડવું. ૦સડ(-ર)બડ સ્ત્રી૦ ગડબડગોટો (૨) ધમાલ; ઘોંઘાટ. -ડાટ પું૦ ગરબડ. -ડિયું વિ૦ગરબડ કરે એવું; ધાંધલિયું (૨) ન૦ અડબડિયું; ગોથું

ગડબવું સ૦ક્રિ૦ દાબીને ભરવું; ઠાંસવું (૨) મારીને અધમૂઉં [કરવું

ગડમથલ સ્ત્રી૦ મહેનત; ફાંફાં; ધાલમેલ

ગડવું અ૦ક્રિ૦અંદર પેસવું-જવું (૨)ગબડવું (૩) ગડગડવું

ગડવેલ સ્ત્રી૦ એક વનસ્પતિ

ગડવો પું૦ ઘડાના જેવો ગોળ પડઘીદાર લોટો (૨) ગાડવો

ગડાકુ પું૦; સ્ત્રી૦ ગોળ કે કાકબ ભેળવી કરાતી તમાકુ

ગડારો પું૦ શેરડીનાં બીજ રાખવાનો ખાડો (૨) બે ચીલા વચ્ચેની જગા (૩) ઢોરના શરીરનો આગલા પાછલા પગ વચ્ચેનો ભાગ

ગડિયું ન૦ તમાકુનાં પાન આમળીને વાળેલી ઝૂડી (૨) ગડાકુનો ગોળો-નાનો ગડો(૩)ન૦[ફા.]પાલી કે માણાના સોળમા ભાગનું માપ

ગડિયો પું૦ જુઓ ઘડિયો

ગડી સ્ત્રી૦ ગાંઠ; આંટી (૨) ગેડ(૩) ગરેડીનો ખચકો (૪)પું૦ દક્ષણી ચાકર; ઘાટી. ૦બંધ વિ૦ ગડી સહિત; ગડીભેર

ગડુડુડુ અ૦ (રવ૦) (ગબડવાના જેવો અવાજ)

ગડૂચી સ્ત્રી૦ એક વનસ્પતિ; ગટૂચી; ગળો

ગડૂ(-ડે)ડવું અ૦ક્રિ૦(રવ૦)ગડૂડ એવો અવાજ કરવો;ગાજવું

ગડેડાટ અ૦ (૨) પું૦ (રવ૦) ગડગડાટ

ગડેરિયો પું૦ ભરવાડ; તેમની એક અટક

ગડો પું૦ કાંકરો; મોટો ગાંગડો (૨) હાંસલ; જકાત (ફા.)

ગઢ પું૦ કિલ્લો; પર્વત પરનો કોટ. ૦થાહર પું૦ + ગઢનું સ્થાન-સ્થળ. ૦પતિ પું૦ કિલ્લાનો માલિક. ૦વી પું૦ ગઢનો રખવાળ (૨) ચારણ. -ઢી વિ૦ ગઢમાં રહેનારું

ગઢવું ન૦ ઘડવું; માટલું (ગોળનું)

ગઢાણ ન૦જ્યાં એકલું ઘાસ થતું હોય એવી જમીન; બીડ

ગઢી સ્ત્રી૦ નાનું ગઢવું (૨) વિ૦ જુઓ 'ગઢ'માં

ગઢેરો પું૦ મોટેરો-મુખ્ય માણસ

ગણ પું૦[सं.] ટોળું; મંડળ(૨)જાત; વર્ગ(૩)શિવનો સેવક-સમુદાય(૪)છંદશાસ્ત્રમાં ત્રણ અક્ષરનો ખંડ (ઉદા૦ યગણ, મગણ ઇ૦). ૦ક પું૦ ગણતરી કરનાર માણસ (૨)જોશી. ૦ગાયક પું૦ સમૂહમાં ગાનાર; ગવૈયો (૨) ગવૈયાઓનું જૂથ. ૦તંત્ર ન૦જુઓ ગણરાજ્ય. ૦ધર પું૦વર્ગ અથવા સમૂહનો મુખી (૨)[જૈન] એક પ્રકારનો આચાર્ય, જે તીર્થંકરનો શિષ્ય હોય છે અને જે તેના ઉપદેશોનો સંગ્રહ અને પ્રચાર કરે છે. ૦નાથ પું૦ગણોનો ઉપરી; ગણપતિ (૨) શિવ. ૦નાયક પું૦(સં.) ગણપતિ (૨) શિવ. ૦પતિ પું૦(સં.) મહાદેવના નાના પુત્ર. ૦રાજ્ય ન૦ ગણતંત્ર; પ્રાચીન હિંદનું એક પ્રકારનું પ્રજાસત્તાક રાજ્ય. ૦સત્તાક વિ૦ રાજાની નહિ પણ પ્રજાના સમૂહોની-ગણની સત્તાવાળું. -ણાધિપ પું૦ગણોનો અધિપતિ (૨) ગણપતિ.-ણેશ પું૦(સં.)ગણપતિ.-ણેશચતુર્થી,-ણેશચોથ સ્ત્રી૦ ગણેશપૂજનનો દિવસ-ભાદરવા સુદ ચોથ

ગણ પું૦(પ.) ગુણ; પાડ

ગણકારવું સ૦ક્રિ૦ માનવું; દરકાર-મત કરવી

ગણકો પું૦ ગણક; જોષી

ગણગણ અ૦ (રવ૦). ૦વું,-ણાટ જુઓ 'ગગણવું'માં

ગણગોટી સ્ત્રી૦ એક ઝાડ

ગણતર વિ૦ગણી શકાય એવું; ગણ્યુંગાંઠ્યું (૨)ન૦જુઓ [ગણતરી

ગણતરી,ગણતી સ્ત્રી૦ ગણવું તે (૨) ગણવાની રીત (૩) ગણીને કાઢેલી સંખ્યા (૪) [લા.] માન; પ્રતિષ્ઠા

ગણન ન૦ [सं.] ગણવું તે. -ના સ્ત્રી૦ જુઓ ગણતરી. -નીય વિ૦ ગણવાયોગ્ય

ગણરવ પું૦ ગણગણ અવાજ

ગણવત,૦પટો જુઓ 'ગણોત'માં

ગણવું સ૦ક્રિ૦સંખ્યા કાઢવી(૨)હિસાબ કરવો(૩)લેખામાં [લેવું; માનવું

ગણસારો પું૦ અણસારો; અવાજથી ચેતવણી આપવી તે (૨)કોઈના જવા આવવાથી થતો ધીમો અવાજ

ગણાધિપ પું૦[सं.]જુઓ 'ગણ'માં

ગણિક પું૦ + ગણક; જોશી

ગણિકા સ્ત્રી૦[सं.]ગુણકા

ગણિત વિ૦[सं.] ગણેલું(૨)ન૦ ગણિતવિદ્યા. ૦પદ્ધતિ સ્ત્રી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણિતની પદ્ધતિ. ૦**પાટી** સ્ત્રી૦ હિસાબ ગણવાનું પાટિયું અથવા પથ્થરપાટી (૨) ગણિતનું કોષ્ટક; તૈયાર ગણતરીનું પત્રક. ૦**પાશ** પું૦'પરમ્યૂટેશન'(ગ.) ૦**પ્રમાણ** ન૦ 'એરિથમેટિકલ પ્રોપોર્શન'(ગ.). ૦**વિદ્યા** સ્ત્રી૦, ૦**શાસ્ત્ર** ન૦ ગણિતનું જ્ઞાન કે શાસ્ત્ર. ૦**શાસ્ત્રી** પું૦ ગણિતશાસ્ત્રનો વિદ્વાન. ૦**શ્રેઢી** (-ણી) સ્ત્રી૦ એવી શ્રેઢી કે જેનાં ક્રમવાર કોઈ પણ બે પદનો ફરક સરખો જ હોય [ગ.]. -**તી** પું૦ ગણિતશાસ્ત્રી

ગણિપિટક ન૦ [સં.] જૈન ધર્મગ્રંથોનો સમૂહ

ગણીકરણ ન૦ [સં.] ગણ-સમૂહ કરવા તે; 'ગ્રૂપિંગ' (ગ.)

ગણું વિ૦ -થી ગુણતાં આવે તેટલું (ઉદા૦ ચાર ગણું)

ગણેશ, ૦**ચતુર્થી** [સં.] ૦**ચોથ** સ્ત્રી૦ જુઓ 'ગણ'માં

ગણેશિયું ન૦, -**યો** પું૦ ખાતરપાડુનું એક હથિયાર

ગણોત સ્ત્રી૦; ન૦ ગણવત; સાંથ (૨) ગણોતનામું. ૦**નામું** ન૦ જમીનદાર અને ખેડૂત વચ્ચેનો સાંથનો કરાર-દસ્તાવેજ. ૦**પટો** (-ટ્ટો) પું૦ ગણોતનામું. -**તિયો** પું૦ ગણોતે રાખનાર-ખેડનાર; સાંથીડો

ગણ્ય વિ૦ [સં.] ગણનામાં લેવા જેવું; ગણનીય

ગણ્યુંગાંઠ્યું વિ૦ ગણતર; થોડુંક

ગત વિ૦ [સં.] ગયેલું (૨) મરી ગયેલું (૩) [સમાસને અંતે] '-માં આવેલું', '-નું', '-ને અંગેનું કે લગતું' એ અર્થમાં. ઉદા૦ વ્યક્તિગત (૪) સ્ત્રી૦ જુઓ ગતિ (૫) વાદ્ય પર વગાડવાની ચીજ (૬) અ૦ સુધી. ૦**ભર્તૃકા** સ્ત્રી૦ વિધવા. -**તાગત** વિ૦ ગયેલું અને આવેલું (૨) ન૦ અવરજવર; જન્મ ને મરણ. -**તાગતભેદ** પું૦ ઊલટ-સૂલટ બંને રીતે વાંચવાથી એક જ વંચાય એવો રચનાભેદ (કવિતા). -**તાગત સ્વસ્તિક પ્રબંધ** પું૦ એક ચિત્રકાવ્ય. -**તાનુગતિક** વિ૦ ચીલે ચાલનારું; ગાડરિયું. -**તાસુ** વિ૦ પ્રાણરહિત; મૃત. -**તાંક** પું૦ ગયો અંક

ગતકડું ન૦ નવાઈનો બનાવ (૨) ટોળ; મશ્કરી

ગતાગમ સ્ત્રી૦ સમજણ; જ્ઞાન

ગતાસુ, **ગતાંક** [સં.] જુઓ 'ગત'માં

ગતિ સ્ત્રી૦ [સં.] ચાલ (૨) ઝડપ (૩) પ્રવેશ; પ્રવેશ કરવાની બુદ્ધિ-શક્તિ (૪) સમજ; મતિ (૫) શક્તિ; બળ (૬) સ્થિતિ; દશા (૭) મૂઆ પછીની હાલત. ૦**ચક્ર** વિ૦ વેગ આપનારું, વેગનું બળ સંગૃહીત કરનારું અથવા વેગનું નિયમન કરનારું પૈડું. ૦**તંતુ** પું૦ 'એફેરન્ટ નર્વ' (શરીરશાસ્ત્ર). ૦**ભંગ** વિ૦ ભગ્ન ગતિવાળું; નિશ્ચેષ્ટ (૨) પું૦ ગતિનો ભંગ. ૦**મંત** વિ૦ ગતિવાળું; ચાલતું. ૦**માન** વિ૦ ગતિમંત (૨) ન૦ ગતિ-વેગનું પ્રમાણ. ૦**માર્ગ** પું૦ ગમન કરવાનો રસ્તો. ૦**શાસ્ત્ર** ન૦ 'ડાઇનૅમિક્સ' (ગ.) [એવું

ગતિયું વિ૦ સદ્ગત; ગતે ગયેલું (૨) યુક્તિથી કામ કાઢી લે

ગતીલું વિ૦ ચાલાક; પહોંચેલું

ગતેગતું ન૦ ખરચ થયું હોય તેટલું પાછું મેળવવું તે

ગત્યર્થક વિ૦ [સં.] (વ્યા.) ગતિના અર્થવાળું

ગદ સ્ત્રી૦; ન૦ (કા.) રમતમાં હારવું તે (૨) પું૦ છડીદાર; ચોબદાર

ગદ પું૦ [સં.] રોગ; માંદગી

ગદકું ન૦ બહાનું; મિષ

ગદગદ વિ૦ (૨) અ૦ જુઓ ગદ્ગદ

ગદગ(-બ)દિયાં ન૦બ૦વ૦ ખાનપાન, નાણાં, કે આનંદની રેલછેલ; ખદબદિયાં (૨) ગલીપચી થવી તે

ગદગદું વિ૦ પાણીપોચું (૨) કોહી ગયેલું

ગદડવું સ૦ક્રિ૦ (પગ વતી) દબાવવું (૨) [લા.] હેરાન કરવું

ગદબ સ્ત્રી૦ એક વનસ્પતિ

ગદબદ વિ૦ ખદબદ

ગદબદિયાં ન૦બ૦વ૦ જુઓ ગદગદિયાં

ગદલ સ્ત્રી૦ રુયેલ બંડી

ગદલું વિ૦ ગોલાયેલું; મેલું [સ૦ક્રિ૦ ધૂળવાળું કરવું

ગદવું અ૦ક્રિ૦ ટટાર-દૃઢ ઊભા રહેવું [કા.] (૨) દોડવું (૩)

ગદરવું સ૦ક્રિ૦ (કા.) ગદડવું

ગદા સ્ત્રી૦ [સં.] લડાઈનું એક હથિયાર. ૦**ધર** પું૦ ગદા ધારણ કરનાર (૨) [સં.] વિષ્ણુ. ૦**યુદ્ધ** ન૦ ગદા વડે થતું યુદ્ધ

ગદાઈ સ્ત્રી૦ [फा.] ગરીબી; ફકીરી

ગદારવું સ૦ક્રિ૦ ઊભું રાખવું; ટેકો દેવો (કા.)

ગદાવવું સ૦ક્રિ૦ દડ કે રેતીમાં દોડાવવું; થકવવું

ગદિયાણી સ્ત્રી૦ એક વનસ્પતિ; કાંસકી

ગદિયાણો પું૦ અડધા તોલાનું વજન

ગદૂક ન૦ હાડકામાંનો નરમ માવો; મજ્જા

ગદેલું ન૦ ગાદલું (૨) જાડી ગાદી [વિ૦ ગદ્ગદ થયેલું

ગદ્ગદ વિ૦ [સં.] ગળગળું (૨) અ૦ ગળગળા કંઠે. -**દિત**

ગદ્ય ન૦ [સં.] ગવાય નહિ એવું, પદ્યથી ઊલટું-સાદું લખાણ. ૦**કાર** પું૦ ગદ્ય લખનારો. ૦**કાવ્ય** ન૦ કાવ્યની શૈલીમાં લખેલું ગદ્ય. ૦**તા** સ્ત્રી૦ ગદ્યનો ગુણ (૨) [લા.] અરસિકતા. ૦**પદ્ય** ન૦ ગદ્ય અને પદ્ય. ૦**પદ્યાત્મક** વિ૦ જેમાં ગદ્યપદ્ય બંને હોય તેવું. ૦**બંધ** વિ૦ ગદ્યમાં લખેલું-રચેલું (૨) પું૦ ગદ્યમાં લખેલી સાહિત્યકૃતિ. -**દ્યાત્મક** વિ૦ ગદ્યવાળું

ગધા(-ધે)ડિયું ન૦ જે ચપટા અને મોટા લાકડામાં ગાડીના પૈડાના લઠ્ઠા ઘલાય છે તે [ગધેડો

ગધા(-ધે)ડું ન૦ એક પશુ. -**ડિયું** વિ૦ મૂર્ખ. -**ડો** પું૦ નર

ગધૈયો પું૦ એક પ્રાચીન સિક્કો

ગદ્ધો પું૦ ગધેડો (૨) [લા.] મૂર્ખ. -**દ્ધાઈ** સ્ત્રી૦ ગદ્ધાપણું; મૂર્ખતા. -**દ્ધાપચીશી** (-સી) સ્ત્રી૦ ૧૬ થી ૨૫ વર્ષ સુધીનો સમય, જ્યારે માણસમાં ગદ્ધાઈનું જોર હોય છે. -**દ્ધાપાડુ** સ્ત્રી૦; ન૦ ગદ્ધામસ્તી. -**દ્ધામજૂરી** સ્ત્રી૦ ગદ્ધાવૈતરું. -**દ્ધામસ્તી** સ્ત્રી૦ મૂર્ખાઈભર્યું અતિશય તોફાન; લાતંલાતા. -**દ્ધાવૈતરું** ન૦ સખત વૈતરું (૨) લાભ વગરની મહેનત. -**દ્ધી** સ્ત્રી૦ ગધેડી. -**દ્ધેવાન**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પું૦ ગધેડાંવાળો; કુંભાર (૨) [લા.] ગમાર આદમી
ગધ્ધૈયું ન૦ જાડી બેડોળ વસ્તુ (૨) એક પ્રાચીન સિક્કો; ગધૈયો (૩) દાણામાં પડતું એક જીવડું
ગનસન સ્ત્રી૦ ખૂબ ધીમે અવાજે થતી વાત. -ને અ૦ ગણસારાથી; કાનોકાન [વિ૦ ગનીમને લગતું
ગનીમ પું૦ [अ.] દુશ્મન (૨) મુસલમાન; મોગલ. -મી
ગનીમત સ્ત્રી૦ [अ.] ઈશ્વરકૃપા; સદ્ભાગ્ય
ગનેસને અ૦ ગનસને; જુઓ 'ગનસન'માં
ગપ સ્ત્રી૦ [फ़ा.] ઊડતી વાત; અફવા (૨) ખોટી વાત; ડિંગ. ૦ગોળો પું૦ ગપાટો. ૦સપ સ્ત્રી૦ ગપ્પાં
ગપગપ અ૦ ઉપરાઉપરી; એક પછી એક; ડબ ડબ
ગપતાળિયું ન૦ ચોરી (૨) આખામાંથી કાપીને કરેલો કકડો
ગપતાળીસ વિ૦ ('અધ્ધર અનિશ્ચિત સંખ્યા' એમ સૂચવે છે.) ઉદા૦ સાઠી ગપતાળીસ
ગપતાળું ન૦ કાપીને કરેલો કકડો
ગપસપ સ્ત્રી૦ ગપ્પાં [ઉપરી પડતો મુક્કીનો માર
ગપાગપ અ૦ ગપગપ. -પી સ્ત્રી૦ ગપની પરંપરા(૨)ઉપરા-
ગપાટો પું૦ગપ.-ટી વિ૦ગપાટા હાંકનારું;ગપ્પી [પ્રેરક
ગપાવું અ૦ક્રિ૦ચુપચાપ કે છાનામાના ઘૂસવું.-વવું સ૦ક્રિ૦
ગપાષ્ટક ન૦ ખોટા તડાકા; ગપ
ગપોડું ન૦, -ડો પું૦ ગપ્પું
ગપોલિયું ન૦ કશામાંથી છટકી જઈને ભરાઈ બેસવું તે (ખાસ કરીને નિશાળમાંથી) (૨) વ્યભિચાર
ગપ્પું ન૦ જુઓ ગપ. -પ્પી વિ૦ ગપ્પાં મારે એવું. -પ્પીદાસ પું૦ ગપ મારવાની આદતવાળો માણસ
ગફલત સ્ત્રી૦ [अ.] બેદરકારી; અસાવધતા (૨) ભૂલ. -તિયું,-તી વિ૦ ગફલત કરનારું
ગફલું વિ૦ સુંદર અને હૃષ્ટપુષ્ટ; ગભરુ
ગફા સ્ત્રી૦ + ગુફા
ગફૂર વિ૦ [अ.] દયાળુ
ગફ્ફો પું૦ ઉતાવળમાં ભરેલો મોટો કોળિયો-બૂકડો
ગબ અ૦ ઝટ; ચટ. ૦ગબ અ૦ ટપોટપ (૨) સ્ત્રી૦ બીજાની વાતચીતમાં વચ્ચે બોલવું તે
ગબડગંડ(-ડું) વિ૦ દાધારંગું; મૂર્ખ
ગબડગંદું વિ૦ ગંદું અને અવ્યવસ્થિત
ગબડવું અ૦ક્રિ૦ તળેઉપર થતા સરવું (૨) આળોટવું
ગબડી(-રડી) સ્ત્રી૦ એકદમ દોડી જવું તે
ગબ(-ભ)રુ વિ૦ જુઓ ગભરુ
ગબાગબ અ૦ ગબગબ; ટપોટપ (૨) સ્ત્રી૦ધોળાધોળ. -બી સ્ત્રી૦ મુક્કામુક્કી; બોલાબોલી
ગબાર સ્ત્રી૦ ખાડો (૨) બખોલ
ગબારો પું૦નાનું બલૂન(૨)હવાઈ;હવામાં ઊડે એવું દારૂખાનું
ગબી સ્ત્રી૦ લખોટી મોઈદંડાની રમતમાં કરાતો નાનો ખાડો

ગબો(-બ્બો) પું૦ મૂરખો; રાભો
ગબોગબ અ૦ ગબગબ; ઉપરાઉપરી
ગબોળો પું૦ ગપગોળો (૨) ભવાડો
ગબ્બર વિ૦ સંગીન (૨) પૈસાદાર (૩) જબરું (૪) [સં.] અંબાજી માતા પાસેનો એક ડુંગરો [ગબો
ગબ્બો પું૦મોટી ગબી(૨)શેરડીની ગાંઠ (૩) ધપ્પો (૪) રાભો;
ગભરાટ પું૦ ગભરામણ. ૦વું અ૦ક્રિ૦ + ગભરાવું. -ટિયું વિ૦ ગભરાટવાળું. -મણ સ્ત્રી૦ અકળામણ; મૂંઝવણ (૨) ભય. -વું અ૦ક્રિ૦ ગૂંચાવું; મૂંઝાવું; કષ્ટાવું (૨) બીવું
ગભરુ વિ૦ ગાભલા જેવું; ગોરું અને માંસલ(૨)નિર્દોષ;ભોળું
ગભસ્તિ પું૦; સ્ત્રી૦ [સં.] કિરણ
ગભા પું૦બ૦વ૦ ગગફા [રાખી કરેલી જગા
ગભા(-મા)ણ સ્ત્રી૦ ઢોરના નીરણ માટે, આડું લાકડું
ગભાણ ન૦ ગામના પાદર પરની ગોચર જમીન; ચરો
ગભાર(-રો) પું૦ મંદિરની અંદરનો ભાગ-ગર્ભાગાર
ગભીર વિ૦[સં.]ઊંડું(૨)ઘાડું(૩)જુઓ ગંભીર. ૦તા સ્ત્રી૦
ગમ સ્ત્રી૦ બાજુ (૨) મનનું વલણ (૩) ગતિ; પ્રવેશ(૪) સૂઝ
ગમ સ્ત્રી૦[अ.] શોક; દુઃખ (૨) ગમખારી. ૦ખાર વિ૦ગમ ખાઈ જાય એવું; સહનશીલ. ૦ખારી સ્ત્રી૦ખામોશી; ગમ ખાઈ જવી તે. ૦ગીન વિ૦ ખિન્ન; ઉદાસ. ૦ગીની સ્ત્રી૦ ગમગીનપણું. ૦ગુસાર વિ૦ દુઃખ દૂર કરનારું; દિલાસો આપનારું (૨) પું૦ મિત્ર [અંક છંદ
ગમક પું૦[સં.] સ્વરને કંપાવીને ગાવું તે (સંગીત) (૨)
ગમગત સ્ત્રી૦ જુઓ ગતાગમ [વિચાર કે નામરજીથી)
ગમચાં ન૦બ૦વ૦ બોલતાં બોલતાં અચકાવું તે (લાગણી
ગમત સ્ત્રી૦ વિનોદ; મજા; આનંદ. -તી વિ૦ વિનોદી (૨) આનંદી [૦શીલ વિ૦ 'કાઇનેટિક'
ગમન ન૦[સં.] જવું-ચાલવું તે(૨)ચાલ; ગતિ(૩)સ્ત્રીસંગ.
ગમવું અ૦ક્રિ૦મનને સારું લાગવું; ગોઠવું(૨)પસંદ પડવું
ગમા પું૦બ૦વ૦ શક્તિ(૨)શરીરના સાંધા [આડું લાકડું
ગમાણ સ્ત્રી૦ જુઓ ગભાણ સ્ત્રી૦.-ણિયું ન૦
ગમાનક ન૦ ગવાનિક; ગોગ્રાસ
ગમાર વિ૦ અણસમજુ; મૂર્ખ (૨) રેંચું; ગામડિયું
ગમી સ્ત્રી૦ દિલગીરી;ગમ (૨) અ૦ તરફ; ભણી
ગમો પું૦ ગમવું તે; રુચિ
ગમ્મત સ્ત્રી૦ જુઓ ગમત; ગંમત
ગમ્ય વિ૦[સં.] જવાય-પહોંચાય એવું કે જવા ધારેલું તેવું (૨) સમજાય એવું (૩) ઔષધિ ઇત્યાદિથી મટાડી શકાય તેવું; સાધ્ય. ૦માન વિ૦ જણાતું; સમજાતું
ગયવર પું૦ + મોટો હાથી. ગયંદ પું૦ + હાથી
ગયાવ(-વા)ળ પું૦ ગયાનો પંડો ['જવું'નું ભૂ૦ કૃ૦
ગયું 'જવું'નું ભૂતકાળનું રૂપ (૨) વિ૦ ગયેલું. -યેલું વિ૦
ગર પું૦ ફળની કે ઝાડના થડની અંદરનો ગર્ભ (૨) [લા.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનનો ભેદ; મર્મ
ગર પું૦[सं.] ઝેરી અઘાર; ગલ ['સોદાગર;' 'કારીગર'
ગર [फा.]'કરનાર' એવો અર્થ સૂચવતો ફારસી પ્રત્યય. ઉદા૦
ગરક વિ૦[अ.] ડૂબેલું (૨) મગ્ન; લીન. ૦બારી સ્રી૦ છટકવાની બારી. ૦વું અ૦ક્રિ૦ કળી–ખૂંપી જવું(૨)ડૂબી જવું (૩) મગ્ન–લીન થઈ જવું.–કાવ વિ૦ ગરક; મશગૂલ
ગરગટ પું૦ ગઠ્ઠો-ઠીંગણો આદમી
ગરગટિયું વિ૦ જૂનું ને જીર્ણ
ગરગડવું અ૦ક્રિ૦ ગડગડ અવાજ થવો (૨) ગબડવું
ગરગડિયું ન૦ ખરખડિયું; પાણીચું; રુખસત
ગરગડી સ્રી૦ ફરે તેવું નાનું પૈડું (૨) દોરાની ગરગડી; 'રીલ'
ગરગર અ૦ ઝપાટાબંધ; એક પછી એક ગરે એવી રીતે
ગરજ સ્રી૦ [अ.] ખપ; જરૂર (૨) સ્વાર્થ. ૦મતલબી વિ૦ સ્વાર્થી. ૦વંત,૦વાન,–જાઉ,–જિયું,–જી,–જીલું,–જુ વિ૦ ગરજવાળું. ૦સ્વાદી વિ૦ ગરજમતલબી
ગરજણ સ્રી૦ એક પંખી
ગરજનતેલ ન૦ ગર્જન નામના ઝાડમાંથી મળતું તેલ
ગરજવું અ૦ક્રિ૦ ગર્જના કરવી;ગાજવું(૨)મોટેથી બરાડવું; તડૂકવું [(૪) એક અણિયાળું હથિયાર
ગરજો પું૦ ફણગો; અંકુર(૨) કાંટો; ઊભો ખીલો(૩) ખૂંપરો
ગરડગપ(–ફ) અ૦ (રવ૦) ગડડગફ; ઝટ દઈને; અચાનક
ગરડવું સ૦ક્રિ૦ (અક્ષર)ઘૂંટવા;ખેંચવું(૨)અ૦ક્રિ૦ ગળામાં બોલવું(૩) અવાજ ખેંચવો
ગરડો પું૦ ઘૂંટવાના અક્ષરોનો કાગળ; ખરડો
ગરણ ન૦ એક ઝાડ
ગરણીજી સ્રી૦ જૈન સાધ્વી
ગરણું ન૦ એક જાતની ધાર્મિક ક્રિયા
ગરથ પું૦ નાણું; પૈસો [ફટાયેલું
ગરદ સ્રી૦ગર્દ;ધૂળ; (૨) (વ૦ભિડાયેલું; સાંકડમાં આવેલું;
ગરદન સ્રી૦ [फा] ડોકી; ગળચી; બોચી
ગરદા સ્રી૦ ધૂળ
ગરદી સ્રી૦ ગિરદી; ભીડ
ગરદો પું૦ તમાકુનાં પાંદડાંનો ભૂકો; જરદો
ગરનાળ સ્રી૦ છરાના ગોળા ભરવાની, ખાંડણી જેવી તોપ
ગરનાળું ન૦ પાણી આવવા જવા માટે બાંધેલો સાંકડો માર્ગ; નાળું ['ગડબડ'માં
ગરબડ,૦ગોટો,૦વું,૦સડ(–ર)બડ,–ડાટ,–ડિયું જુઓ
ગરબી સ્રી૦ સ્રીઓના રાગમાં ગાવાની એક જાતની કવિતા. ૦ભટ પું૦ ગરબીઓ ગાનારો; બૈરાંનો રાગ તાણનારો બ્રાહ્મણ (૨) [લા.] વિ૦ રાંડવું
ગરબો પું૦ નોરતામાં અથવા માતા વાવે છે તે પ્રસંગે કાણાંવાળી માટલી જેમાં ચાલુ ઘીનો દીવો રખાય છે તે (૨) દીવા કે માંડવડીની આસપાસ ફરતાં ફરતાં તાળીઓ પાડીને ગાવું તે (૩) મોટી ગરબી; રાસડો
ગરભ પું૦ ગર્ભ. ૦છાંટ સ્રી૦ છરા ભરેલો દારૂનો ગોળો (૨) ગરનાળ. ૦સુતરાઉ,૦સૂતર વિ૦ તાણામાં રેશમ અને વાણામાં સૂતરના વણાટવાળું [સ્વાદ થવું
ગરભાવું અ૦ક્રિ૦ ગર્ભાવું; ગરભ રહેવો (૨) બગડવું; બે-
ગરભોળું ન૦ મકાઈનો દૂધિયો ડોડો
ગરમ વિ૦ ઊનું (૨) શરીરમાં ઉષ્ણતા પેદા કરે—વધારે તેવું (૩) [લા.] જોસમાં કે ક્રોધમાં આવેલું. ૦મસાલો પું૦ તજ, લવિંગ ઇત્યાદિ ગરમ તેજાનાનો ભૂકો
ગરમડર સ્રી૦ બરદાસ; સેવાચાકરી
ગરમર સ્રી૦; ન૦ એક વનસ્પતિ
ગરમાગરમ વિ૦ ગરમગરમ; ઊનુંઊનું. –મી સ્રી૦ગરમા-ગરમ હોવું તે. ગરમાટો(–ચો) પું૦ ઉષ્ણતા; તપારો
ગરમાળો પું૦એક જાતનો છોડ. –ળાનો ગોળ પું૦ તેની સીંગમાંથી નીકળતો ગોળ જેવો રેચક પદાર્થ
ગરમી સ્રી૦ [फा.] ઉષ્ણતા; તાપ [ઓજાર
ગરમી સ્રી૦ માપસર આંક પાડવા માટેનું સુતારનું એક
ગરમું ન૦ તપેલી જેવો પડઘી વિનાનો કાંસાનો મોટો વાડકો
ગરમેલ સ્રી૦ એક વનસ્પતિ; ગરમર
ગરલ ન૦ [सं.] વિષ; ઝેર
ગરવું વિ૦ મોટું; મહાન; ગૌરવવાળું (૨) અ૦ક્રિ૦ ખરવું; પડવું (૩) ધીરે રહીને અંદર પેસવું; ગડવું
ગરાડ વિ૦ મોટું (૨) પું૦ ખાડો
ગરાડી વિ૦બંધાણી;ભાંગ, અફીણ કે ગાંજો વગેરેનો વ્યસની
ગરા(–રે)ડો પું૦ઇમારતનો પાયો નાંખવા માટે ખોદેલો ખાડો
ગરાશિ(–સિ)યો પું૦ ગરાસ ખાનારો (૨) ગરાસ ખાનારો રજપૂત; રાજવંશી ભાયાત (૩) કોઈ પણ રજપૂત.–યણ સ્રી૦ ગરાશિયાની સ્રી
ગરાસ પું૦ ગામનું રક્ષણ કરવાના બદલામાં કાઢી આપેલી જમીન અથવા ઊચક રકમ (૨) ગુજરાન માટે આપેલી જમીન (રાજવંશીઓને). ૦ણ(–ણી) સ્રી૦ ગરાસિયાની સ્રી (૨) ગરાસિયા જાતિની સ્રી. ૦દાર વિ૦ ગરાસ ધરાવ-નારું. ૦દારી સ્રી૦ ગરાસદારપણું. –સિયણ –સિયો સ્રી૦ જુઓ 'ગરાશિયો'માં [થઈ જવાની સિદ્ધિ
ગરિમા સ્રી૦ [सं.] મોટાઈ; પ્રૌઢતા (૨) ઇચ્છા પ્રમાણે ભારે
ગરિયો પું૦ ભમરડો (કા)
ગરિષ્ઠ વિ૦ [सं.] ભારેમાં ભારે (૨) સૌથી વધુ અગત્યનું
ગરીડું ન૦ છાણાનો ગોળો
ગરીબ વિ૦ [अ] નિર્ધન; કંગાલ (૨) બાપડું; દુઃખી (૩) [લા.] નમ્ર; સાલસ; રાંક. ૦ગ(–ગુ)રબું ન૦ ગરીબ અને કંગાલ માણસ. ૦ન(–નિ)વાજ વિ૦ ગરીબ પર રહેમ રાખે-ગરીબનું પોષણ કરે એવું. ૦પરવર વિ૦ ગરીબને પાળનારું. –બાઈ,–બી સ્રી૦ નિર્ધનતા; કંગાલિયત (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નમ્રતા; સાલસાઈ

ગરીયસી વિ૦ સ્ત્રી૦ [सं.] ગૌરવશાળી; મહાન

ગરુડ પું૦; ન૦ [सं.] એક પક્ષી (૨) [સં.] કશ્યપનો વિનતાથી થયેલો પુત્ર; વિષ્ણુનું વાહન. ૦ગામી પું૦ (સં.) વિષ્ણુ. ૦ધ્વજ પું૦ (સં.) ધ્વજ પર ગરુડના ચિહ્નવાળા વિષ્ણુ. ૦વ્યૂહ પું૦ એક જાતનો વ્યૂહ (યુદ્ધનો). –ડારૂઢ વિ૦ ગરુડ પર બેઠેલું. –ડાસન ન૦ ગરુડના જેવું એક યૌગિક આસન. –ડાસ્ત્ર ન૦ ગરુડનું (એક દિવ્ય) અસ્ત્ર

ગરુડપાચુ ન૦ એક જાતનું લીલમ

ગરુ(–રો)ડો પું૦ જુઓ ગરોડો

ગરૂર વિ૦ [अ.] મગરૂર. –રી મગરૂરી

ગરૂવું વિ૦ + ગરવું

ગરેડી સ્ત્રી૦ ગરગડી

ગરો પું૦ ચોમાસાના પાણીથી પડેલો ખાડો

ગરોડો પું૦ ઢેડનો ગોર

ગરોદર વિ૦ સ્ત્રી૦ ગર્ભિણી

ગરોળી સ્ત્રી૦ એક ઝેરી જનાવર

ગર્ગ, –ર્ગાચાર્ય પું૦ [सं.] (સં.) એક પ્રાચીન ઋષિ (૨) [યાદવોના પુરોહિત

ગર્જન ન૦, –ના સ્ત્રી૦ [सं.] ગર્જવું તે (૨) એથી થતો અવાજ

ગર્જવું અ૦ક્રિ૦ જુઓ ગરજવું. –ન્ત વિ૦ ગર્જતું

ગર્ત પું૦; ન૦ [सं.] ખાડો; ખાણ

ગર્થ પું૦ + ગરથ

ગર્દ સ્ત્રી૦ [फा.] ધૂળ; રજ

ગર્દભ પું૦ [सं.] ગધેડો. –ભી સ્ત્રી૦ ગધેડી

ગર્ધવ પું૦ ગર્દભ

ગર્ભ પું૦ [सं.] માના પેટમાં રહેલું જીવનું રૂપ (૨) ગર; અંદરનો માવો (૩) કોઈ પણ વસ્તુનો અંદરનો ભાગ (૪) નાટકની એક સંધિ. ૦કાલ(–ળ) પું૦ ગર્ભ ધારણ કરવાનો સમય (૨) ગર્ભ રહે ત્યારથી જન્મ થાય ત્યાં સુધીનો સમય (૩) નાટકની પાંચ સંધિમાંની મધ્ય તે, જ્યારે કથાની ફલપ્રાપ્તિનો નિશ્ચય નથી થતો–ગર્ભમાં છે. ૦કોશ(–ષ) પું૦ ગર્ભાશય. ૦ગૃહ ન૦ મકાનની અંદરનો ભાગ (૨) ગભાર. ૦ઘાતી વિ૦ ગર્ભનો ઘાત કરનારું; ગર્ભપાતી. ૦ચોર પું૦ ગર્ભમાંથી–જન્મથી ચોર. ૦જલ(–ળ) ન૦ ગર્ભ અને ઓર વચ્ચેનું પાણી. ૦જોગી પું૦ (સં.) શુકદેવ. ૦દ્વાર ન૦ મંદિરનો છેક અંદરનો ભાગ; ગભાર. ૦ધારણ ન૦ ગર્ભ ધારણ કરવો–રહેવો તે. ૦નાડી સ્ત્રી૦ ગર્ભાશયની એક નાડી, જેનાથી ગર્ભ ધારણ થાય છે. ૦પાત વિ૦ ગર્ભનું પાડવું–પડવું તે. ૦પાતી વિ૦ ગર્ભપાત કરનારું. ૦મંદિર ન૦ ગભાર. ૦યાતના સ્ત્રી૦ જીવને ગર્ભદશામાં પડતું દુઃખ. ૦વચન ન૦ ગર્ભયાતનામાંથી છટવા માટે જીવે ઈશ્વરને આપેલું વચન (હું તારી ભક્તિ કરીશ ઇ૦). ૦વ(–વં)તી વિ૦ સ્ત્રી૦ સગર્ભા (૨) સ્ત્રી૦ ગર્ભિણી. ૦વાસ પું૦ ગર્ભનો ઉદરમાં વાસ. ૦વિદ્યા સ્ત્રી૦ 'એમ્બ્રિયોલોજી.' ૦શ્રીમત્તા સ્ત્રી૦ ગર્ભશ્રીમંતાઈ. ૦શ્રીમંત વિ૦ ગર્ભથી–જન્મથી પૈસાદાર; શ્રીમંતને ઘેર જન્મેલું. ૦શ્રીમંતાઈ સ્ત્રી૦ ગર્ભશ્રીમંત હોવું તે. ૦સ્થાન ન૦ ગર્ભાશય. ૦સ્રાવ પું૦ ગર્ભનું સ્રવી–ગળી જવું તે; ગર્ભપાત

ગર્ભાગાર પું૦; ન૦ [सं.] ગર્ભાશય (૨) અંદરનો ખાનગી–સૂવાનો ઓરડો (૩) મંદિરનો ગભાર–અંદરનો મૂર્તિવાળો ભાગ

ગર્ભાત્મા પું૦ [सं.] ગર્ભમાંનો જીવ

ગર્ભાધાન ન૦ [सं.] ગર્ભ મૂકવો તે (૨) ગર્ભ ધારણ કરવું તે (૩) એ નામનો એક સંસ્કાર. ૦નિરોધ પું૦ ગર્ભાધાન થતું અટકાવવું તે; 'કૉન્ટ્રાસેપ્શન'

ગર્ભાશય ન૦ [सं.] સ્ત્રીશરીરમાં ગર્ભ રહેવાની જગા. ૦અર્બુદ ન૦ ગર્ભાશયની અંદર થતું ગૂમડું–ચાંદું. ૦ગ્રંથિ સ્ત્રી૦ ગર્ભાશયમાં થતી ગાંઠ. ૦ભ્રંશ પું૦ ગર્ભાશયનું પડી જવું–ઊંધું થઈ જવું તે ૦વક્રતા સ્ત્રી૦ ગર્ભાશયનું વાંકા વળી જવું તે. ૦વિવર્તન ન૦ ગર્ભાશયને ફેરવી નાખવું તે

ગર્ભાવું અ૦ક્રિ૦ જુઓ ગરભાવું

ગર્ભિણી સ્ત્રી૦ [सं.] સગર્ભા સ્ત્રી

ગર્ભિત વિ૦ [सं.] જેના ગર્ભમાં–ઊંડાણમાં કંઈ બીજી વસ્તુ, અર્થ કે ભાવ રહેલો હોય તેવું; છૂપું

ગર્વ પું૦ [सं.] અભિમાન; ગુમાન. –ર્વિત(–ષ્ઠ), –ર્વી, –ર્વીલું વિ૦ ગર્વવાળું; અભિમાની

ગર્હણ ન૦, –ણા સ્ત્રી૦ [सं.] નિંદા. –ણીય વિ૦ નિંદ્ય; [તિરસ્કરણીય

ગર્હા સ્ત્રી૦ [सं.] નિંદા. –ર્હિત વિ૦ નિંદિત. –ર્હ્ય વિ૦ નિંદ્ય

ગલ પું૦ માછલાં પકડવાનો આંકડો (૨) લાંચ; લાલચ (૩) બાતમી (૪) કૂવામાં પડેલી ચીજ કાઢવા માટેનો આંકડીઓનો ઝૂમખો; બિલાડી (૫) ઝેરી અઘાર–લાળ (૬) બત્તીનો મોગરો (૭) પિવાઈ ગયેલી–બળી ગયેલી ચલમમાંની ગડાકુ (૮) ગુલબાસ (૯) ગર; માવો [ચામડી

ગલકંબલ પું૦ [सं.] ગાય–બળદને ગળે લટકતી ગોદડી જેવી

ગલકી સ્ત્રી૦ શાકનો એક વેલો. –કું ન૦ ગલકીનું ફળ

ગલખોડ પું૦ નિવેડો; ઉકેલ; અંત

ગલખોડી સ્ત્રી૦ અછોડે કે ઢોરને ગાળિયે ઘાલેલો મોઈના આકારનો લાકડાનો કકડો

ગલગલામણી સ્ત્રી૦ એક બાળરમત (કા.)

ગલગલી સ્ત્રી૦, –લિયાં ન૦બ૦વ૦ ગલીપચી

ગલગંડ ન૦ ગળાનો એક રોગ

ગલડું વિ૦ (કા.) ઘરડું

ગલગોટો પું૦ એક ફૂલનો છોડ (૨) તેનું ફૂલ

ગલચશ્મ ન૦ એક પક્ષી

ગલ(–ળ)જીભી સ્ત્રી૦ એક વેલો

ગલઢેરો પું૦ (કા.) કાઠી ગરાસિયો

ગલત વિ૦ [अ.] ભૂલભરેલું; જૂઠું. –તી સ્ત્રી૦ ભૂલ; ચૂક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગલતંડા ન૰ જુઓ ગલગંડુ [કરે એવો કોઢ
ગલ(-ળ)તકોઢ,ગલત્કુષ્ઠ [સં.] પું૰ લોહી કે રસ ટપકયા
ગલથૂથી સ્ત્રી૰ જુઓ ગળથૂથી
ગલધાણી સ્ત્રી૰ ગોળ અને ધાણીની બનાવેલી એક વાની
ગલપાપડી સ્ત્રી૰ જુઓ ગોળપાપડી
ગલપટો(-પટ્ટો) પું૰ ગળે વીંટવાનો પટો; ગલૂબંધ
ગલબા પું૰બ૰વ૰ ફટાકા; ટેટા [ગપ
ગલબું ન૰ બૂમ; શોરબકોર (૨) ગલબો.-બો પું૰ગપાટો;
ગલબો પું૰ એક ફૂલઝાડ (૨) જુઓ 'ગલબું'માં
ગલમેંદી સ્ત્રી૰ એક વનસ્પતિ; મોટી મેંદી
ગલવિદ્રધિ પું૰ [સં.] ગળાનો એક રોગ
ગલશુંડી(-ડિકા) સ્ત્રી૰ [સં.] જીભનો પાછલો ભાગ;ગળાનો
કાકડો (૨) કાકડા ફૂલવાનો રોગ
ગલસ્તન પું૰; ન૰ [સં.] (બકરીના) ગળાનો આંચળ (૨)
[લા.] નકામી વસ્તુ. -ની સ્ત્રી૰ ગલસ્તનવાળી બકરી
ગલસ્થલ ન૰ [સં.] જુઓ ગળસ્થળ
ગલ(-ળ)હુતી સ્ત્રી૰ જુઓ ગળથૂથી
ગલિત વિ૰ [સં.] પડેલું; ટપકેલું (૨) ગળી ગયેલું
ગલી સ્ત્રી૰ સાંકડી વાટ-શેરી (૨) ગલીપચી. ૰કૂ(-કૂં)ચી
સ્ત્રી૰ ગલીઓમાંનો આડોઅવળો અને સાંકડો માર્ગ
ગલીગલી સ્ત્રી૰ ગલીપચી [ગંદવાડ
ગલીચ વિ૰ ગંદું-અતિ ગંદું. -ચી સ્ત્રી૰ ગલીચપણું;
ગલીચો પું૰ ગાલીચો [સળવળાટની મજેદાર અસર
ગલીપચી સ્ત્રી૰ શરીરના અમુક ભાગમાં સ્પર્શથી થતી
ગલૂડિયું ન૰ ભટોળિયું; ઘણું નાનું બચ્ચું
ગલૂબંદ(-ધ) પું૰ [फा.] ગલપટ્ટો
ગલેગંડ ન૰ એક પક્ષી
ગલેફ પું૰ ગાદીતકિયા વગેરેની ખોલ
ગલેશી સ્ત્રી૰ એક જાતનું ભજિયું
ગલેલી સ્ત્રી૰ તાડનાં ફળની અંદરનો ગર-ગર્ભ
ગલોટિયું ન૰ ગુલાંટ, ગોટીમડું
ગલોહું(-ફું) ન૰ ગાલ નીચેનો મોંની અંદરનો ભાગ
ગલોલ સ્ત્રી૰ ગોફણ જેવું ગલોલા ફેંકવાનું એક સાધન (૨)
તેના વડે ફેંકાનો ગલોલો. -લી સ્ત્રી૰ નાનો ગલોલો. -લો
પું૰ ગલોલ વડે મારવાનો ગોળ કાંકરો કે પથરો
ગલ્લ પું૰ [સં.] ગાલ. ૰સ્થલ(-ળ) ન૰ ગાલ; ગાલનો ભાગ
ગલ્લાંતલ્લાં ન૰બ૰વ૰ ગાંગાંતલ્લાં; બહાનાં; આનાકાની
ગલ્લો પું૰ નાણું રાખવાનું ઠામ-ખજાનો (૨) પરચૂરણ
વકરાનું નાણું નાખવાનું પાત્ર
ગવડા(-રા)વવું સ૰ ક્રિ૰ 'ગાવું'નું પ્રેરક
ગવન ન૰ એક જાતનો સાલ્લો (૨) + ગતિ; ચાલ
ગવરી સ્ત્રી૰ ગાય (૨) વિ૰ સ્ત્રી૰ ગોરી; ધોળી ને સહેજ
લાલ ધાબાવાળી (ગાય)

ગવરીકંદ પું૰ એક વનસ્પતિ
ગવર્નર પું૰ [इं.] ઇલાકાનો વડો હાકેમ. ૰જનરલ પું૰
વડો ગવર્નર [વેચનાર (મુંબઈમાં)
ગવલી(-ળી) પું૰ ગોવાળિયો (૨) ઢોર રાખનાર અને દૂધ
ગવંડર પું૰ [पो.] ગવર્નર
ગવાક્ષ પું૰ [સં.] બાકું; જાળિયું
ગવાડવું સ૰ક્રિ૰ ગવડાવવું [અજ
ગવાનિ(-ને)ક ન૰ જમતા પહેલાં ગાયને માટે જુદું કાઢેલું
ગવાર પું૰ એક વનસ્પતિ (૨) તેની શીંગ અને બીજ.
૰ફળી,૰શિં(-શીં,-સિં,-સીં)ગ સ્ત્રી૰ ગવારની સીંગ
ગવારા વિ૰ [फा.] કબૂલ કરેલું; ફાવતું [ચવું
ગવાવું અ૰ક્રિ૰ 'ગાવું'નું કર્મણિ (૨)[લા.] નિંદાવું; ફજેત
ગવાલંભ પું૰ [સં.] ગાયનો વધ (યજ્ઞ ઇ૰માં) [પુરાવો
ગવાહ પું૰ [फा.] સાક્ષી પૂરનાર; સાક્ષી. -હી સ્ત્રી૰ સાક્ષી;
ગવાળાં ન૰બ૰વ૰ ગ્રામ્ય જનો [ભરવાનો કોથળો
ગવાળો પું૰ સરસામાન વગેરેનો પરચૂરણ ઢગલો (૨) એ
ગવેન્દ્ર પું૰ [સં.] (સં.) વિષ્ણુ
ગવેષક વિ૰ [સં.] અન્વેષક.-ણ ન૰,-ણા સ્ત્રી૰ અન્વેષણ
ગવેહ સ્ત્રી૰ વેર; ખાર (કા.)
ગવૈયો પું૰ ગાનારો;ગાવામાં ઉસ્તાદ.-યણ સ્ત્રી૰ સ્ત્રી ગવૈયો
ગવ્ય ન૰ [સં.] ગાયમાંથી નીપજતું-દૂધ, દહીં, ઘી, છાણ,
મૂત્ર વગેરે
ગશ્ત(-સ્ત) સ્ત્રી૰ [फा.] રોન; ચોકી; પહેરો [ગૂઢ
ગહન વિ૰ [સં.] ઊંડું; ગાઢ (૨) દુર્ગમ; દુર્ભેદ્ય (૩)અકળ;
ગહેકવું અ૰ક્રિ૰ મહેકવું
ગહ્વર ન૰ [સં.] પહાડની અંદરની બખોલ; ગુફા
ગળ સ્ત્રી૰ જુઓ ગલ
ગળકબોળિયું વિ૰ ગળા સુધી ઊંડું (પાણી)
ગળકેરી સ્ત્રી૰ ગોળકેરી; ગોળમાં આથેલી કેરી
ગળકો પું૰ એક વાર ચાખેલી વસ્તુનો રહી ગયેલો સ્વાદ
(૨) રુચિ; ભાવ; ચસકો
ગળગળવું અ૰ક્રિ૰ ગળગળું થવું (૨) ગળવું; દદડવું
ગળગળું વિ૰ પાણીપોચું; ઢીલું (૨) દુઃખથી કે લાગણીથી
હૈયું વા કંઠ ભરાઈ જવાથી થાય એવું.-ળિયું વિ૰ ગળગળતું
ગળગોટો,-ટડો,-ટિયો વિ૰પું૰ ગોળમટોળ
ગળચકું ન૰ જુઓ ગચકડું
ગળચટું વિ૰ જરા ગળપણના સ્વાદવાળું
ગળચવાં ન૰બ૰વ૰ ગૂંચવાઈને બોલ જેવા ઊભા રહેવું
કે બોલતાં અચકાવું તે
ગળચવું સ૰ક્રિ૰ ગળા સુધી ઇચવું; ખૂબ ખાવું
ગળચવો પું૰ પુરુષનું ગળાનું એક ઘરેણું
ગળચિયું વિ૰ ગળા સુધી આવે એટલું (૨) ન૰ ગળચી(૩)
ડૂબતા માણસનું ઉપરનીચે આવવું તે; ડૂબકાં ખાવાં તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગળચી સ્ત્રી૦ ગળું; બોચી. -ચું ન૦ ગળું (તિરસ્કારમાં)
ગળજીભી સ્ત્રી૦ ગલજીભી; એક વનસ્પતિ
ગળણી સ્ત્રી૦ ગાળવાનું છિદ્રાળુ સાધન
ગળણું ન૦ પાણી ઇત્યાદિ ગાળવાનો કપડાનો કકડો
ગળતકોઢ પું૦ જુઓ ગલતકોઢ
ગળતી સ્ત્રી૦જેમાંથી ટીપે ટીપે પાણી ગળ્યા કરે એવું વાસણ; શિવલિંગ પર લટકાવાતું તેવું વાસણ
ગળથૂથી સ્ત્રી૦તરત જન્મેલા બાળકને આપવાનું ગોળ, ઘી તથા પાણીનું મિશ્રણ [તિ; અજનળની બળતરા
ગળધરી,ગળધાઈ,ગળધી સ્ત્રી૦પિત્તવિકારથી ગળું બળવું
ગળપણ ન૦ ગળ્યો સ્વાદ (૨) ગોળ ખાંડ જેવી ગળી વસ્તુ
ગળબંધ પું૦ ગળાનું એક ઘરેણું; ગળૂબંધ
ગળફો પું૦જે કફ મોંમાં આવતાં થૂંકીએ છીએ તે; બળખો
ગળમાણું ન૦ એક વાની-ગળ્યું પેય [વાડ જેવું સ્થાન
ગળવાઈ સ્ત્રી૦તૈયાર થયેલાં ગોળનાં માટલાં રાખવાનું ખળા-
ગળવું સ૦ક્રિ૦ ગળામાં ઉતારી જવું (૨) ગાળવું; શુદ્ધ કરવું (૩) અ૦ક્રિ૦ ઝમવું (૪) ઓગળવું (૫) ઢીલું થવું; પાકવું (૬) અંદર ઊતરી જવું; કળવું
ગળસૂણું ન૦ ગળું સૂજી આવવું તે
ગળસ્થળ ન૦ ગળાનો ભાગ
ગળહૂતી સ્ત્રી૦ જુઓ ગળથૂથી
ગળાટૂંપો પું૦ ગળું દબાવી મારી નાખવું તે
ગળાફાંસો પું૦ ગળે ફાંસો ખાવો-દેવો તે
ગળાબૂડ વિ૦ ગળું બૂડે એવું; ગળચિયું
ગળામણ ન૦ગાળવાની રીત કે મહેનતાણું (સોનું રૂપું ઇ૦) (૨)ગાળતાં નીકળેલો કચરો.-ણી સ્ત્રી૦ગાળવાનું મહેનતાણું
ગળાવવું સ૦ક્રિ૦ 'ગળવું', 'ગાળવું'નું પ્રેરક
ગળિયાગોટી સ્ત્રી૦ છોકરાંઓની એક રમત
ગળિયારો પું૦ ગળીથી કપડાં સૂતર વગેરે રંગનારો
ગળિયું વિ૦બેઠું ઊઠે નહિ એવું (૨)[લા.]નિર્માલ્ય કે જક્કી
ગળિયેલ વિ૦ ગળીના રંગનું; નીલું [ગોળી
ગળિયો પું૦કાંટાનો ભારો(૨) માટીનો પિંડો (૩) અફીણની
ગળી સ્ત્રી૦ એક વનસ્પતિ (૨) એના પાંદડાંમાંથી કઢાતો નીલો રંગ (૩) અવાજ; સૂર; ગળું
ગળું ન૦ શરીરનું એક અંગ (૨)અવાજ;સૂર. -ળૂબંધ પું૦ ગળાનું એક ઘરેણું. -ળેટૂંપો પું૦ગળાટૂંપો.-ળેપડુ વિ૦ પારકી વસ્તુ બથાવી પડનારું(૨)ખોટો આરોપ મૂકનારું
ગળેચી સ્ત્રી૦ ઢોરનો એક રોગ
ગળો સ્ત્રી૦ એક વેલ (ઔષધિ) (૨) પું૦ ટેવ; લત
ગળ્યું વિ૦ ગોળ સાકરના જેવા સ્વાદવાળું; મીઠું. ૦મધ, ૦સાકર વિ૦ મધ, સાકર જેવું બહુ ગળ્યું
ગહિરગંભીર વિ૦ગહન અને ગંભીર;ઊંડાણ ને ગંભીરતાવાળું
ગંગ સ્ત્રી૦ (સં.) ગંગા નદી (૨) પું૦(સં.)એક હિંદી કવિ

ગંગચીલ ન૦ એક પક્ષી
ગંગડી સ્ત્રી૦ એક ઝાડ
ગંગમેના સ્ત્રી૦ એક પક્ષી
ગંગરી સ્ત્રી૦કાશ્મીરમાં ઠંડીમાં ગળામાં રાખવાની એક સગડી
ગંગા સ્ત્રી૦[सं.](સં.) હિંદુઓની પવિત્ર નદી; ભાગીરથી(૨) [લા.] ગંગાજળ. ૦ગોળી સ્ત્રી૦ ગંગા જેવી પવિત્ર ગોળી (જે ગોળીમાંથી બોટેલે વાસણે જ કાઢીને પાણી પિવાય છે તેને એમ મશ્કરીમાં કહે છે). ૦જમની વિ૦બે બાજુ જુદા જુદા રંગવાળું(૨)જુદી જુદી ધાતુઓનું બનેલું. ૦જળ ન૦ ગંગા નદીનું પાણી. ૦જળિયું વિ૦ગંગાજળ જેવું. ૦જળી સ્ત્રી૦ ગંગાજળ રાખવાનું વાસણ (૨) તાંબાકૂંડી. ૦જણું વિ૦ ઘોડાની એક જાતનું. ૦ધર પું૦(સં.)શિવ. ૦પૂજન ન૦ગંગાયાત્રા કરી ઘેર ગંગા લાવે ત્યારે કરાતો પૂજનવિધિ -વરો. ૦વતરણ ન૦ ગંગાનો પૃથ્વી પર અવતાર થયો તે. ૦સ્નાન ન૦ ગંગા નદીનું (પવિત્ર) સ્નાન. ૦સ્વરૂપ વિ૦ પવિત્ર (વિધવાના નામ આગળ માનાર્થે વપરાતું ગં. સ્વ. વિશેષણ). -ગોદક ન૦ ગંગાજળ
ગંગેટી સ્ત્રી૦ એક ઝાડ
ગંગેડું ન૦ એક ઝાડ
ગંગેરી પાન ન૦ એક જાતનું ખાવાનું પાન [વનસ્પતિ
ગંગોત્રી સ્ત્રી૦ (સં.) ગંગા નદીનું મૂળ-એક તીર્થ(૨) એક
ગંજ પું૦ [फा.,सं.] ઢગલો (૨) એક જાતની એકબીજામાં બેસતી વસ્તુઓની ઉતરડ [(૪) ચડિયાતું
ગંજન ન૦ [सं.] જુલમ (૨) ચડિયાતાપણું (૩) વિ૦ જુલમી
ગંજવું સ૦ક્રિ૦ પીડવું; જુલમ કરવો
ગંજાવર વિ૦ [फा.] ઘણું મોટું
ગંજિયું ન૦ ગંજમાંનું એક પાત્ર; છાલિયું
ગંજી સ્ત્રી૦ ઘાસનો ઢગલો; ઓઘો
ગંજીફરાક ન૦ શરીરે ચપટ આવી રહે એવું ગૂંથેલું બદન
ગંજીફો પું૦ [फा.] રમવાનાં પાનાંનો જથો
ગંજેટી(-રી) વિ૦ ભાંગગાંજાનો વ્યસની
ગંઠણ જુઓ ગાંઠણ
ગંઠાઈ સ્ત્રી૦,-મણ ન૦ ગાંઠવાનું મહેનતાણું (૨)ગાંઠવાની રીત અથવા કળા. -મણી સ્ત્રી૦ ગાંઠવાનું મહેનતાણું
ગંઠાવવું સ૦ક્રિ૦ 'ગાંઠવું'નું પ્રેરકરૂપ
ગંઠાવું અ૦ક્રિ૦'ગાંઠવું'નું કર્મણિરૂપ(૨)[લા.]વધતું અટકવું
ગંઠિયું વિ૦ ઠગ; ધુતારું (૨) ખીસાકાતરુ
ગંઠીછોડ(-ડો) પું૦ ગાંઠે બાંધેલું છોડી લેનારો; ગંઠિયો
ગંઠેર ન૦ એક વનસ્પતિ
ગંઠો પું૦કોટે પહેરવાનું એક ગાંઠેલું ઘરેણું; કંઠો(૨)દાબીને બાંધેલી ગાંસડી(૩)આઠ ફૂટની લંબાઈનું માપ(૪)ગાંઠિયો
ગંઠોડો પું૦ સ્ત્રીના પગનું એક ઘરેણું (૨) હાથનું સોનાનું સાંકળું (૩) એક વનસ્પતિનું મૂળ; ઔષધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંડ પું૦ [सं.] લમણો (૨) ગાલ (૩) ગાલ ને લમણા ક ા
ચહેરાની એક બાજુ. ૦માળ સ્રી૦ કંઠમાળ. ૦સ્થલ(-ળ)
ન૦ (હાથીનો) લમણાનો ભાગ; કુંભસ્થળ (૨) ગાલ

ગંડક વિ૦ ગાંડું; ઘેલું (૨) પું૦ [सं.] ગેંડો [એક નદી

ગંડકી સ્રી૦ [सं.] (સં.) પટણા પાસે ગંગાને મળતી હિમાલયની

ગંડવો પું૦ ગાંડો આદમી (૨) ભડવો

ગંડિયું, ગંડું વિ૦ ગાંડિયું; ગાંડું

ગંડૂષ પું૦ [सं.] કોગળો

ગંડેરી સ્રી૦ છોલેલી શેરડીના કકડા

ગંદકી સ્રી૦, -વાડ પું૦; સ્રી૦, -વાડો પું૦ વાસ મારતો
કચરોપૂંજો અથવા મળમૂત્ર (૨) અસ્વચ્છતા

ગંદું વિ૦ ગંદકીવાળું; મેલું. ૦ગોબરું વિ૦ ગંદું. -દાઈ સ્રી૦

ગંધ પું૦; સ્રી૦ [सं.] સોડ; વાસ (૨) દુર્ગંધ (૩) સુગંધી પદાર્થ;
ચંદન (૪) તિલક; ચાંલ્લો (૫) [લા.] મિથ્યાભિમાન (૬)
અણગમો. ૦ગજ પું૦ સારામાં સારી જાતનો હાથી.
૦ઘાણ સ્રી૦ નઠારી વાસનું ચોપાસ ફેલાવું તે. ૦દ્રવ્ય ન૦
સુગંધી પદાથ. ૦પતંગ ન૦ એક પંખી. ૦પુષ્પ ન૦ બ૦ વ૦
ચંદન અને ફૂલ. ૦માદનગિરિ પું૦ (સં.) મેરુની પૂર્વે
આવેલો સુગંધીદાર જંગલોવાળો એક પર્વત. ૦વતી વિ૦
ગંધવાળી (૨) સ્રી૦ પૃથ્વી (૩) મદિરા (૪) નવમાલિકા (૫)
[સં.] મત્સ્યગંધા (૬) વાયુની નગરી. ૦વ(-વા)હ પું૦
વાયુ. ૦સાર પું૦ સુગંધીવાળી વસ્તુ; અત્તર (૨) સુખડ

ગંધક પું૦ [सं.] એક ખનિજ પદાર્થ. -કામ્લ પું૦ તેનો અમ્લ-
તેજાબ. -કાયિત વિ૦ 'સલ્ફાઇટ.' -કિત વિ૦ 'સલ્ફેટ'

ગંધના સ્રી૦ એક વનસ્પતિ

ગંધબરેડો પું૦ (ફા.) પત્તો; ખરખબર

ગંધબિરોઝો પું૦ એક વનસ્પતિ

ગંધર્વ પું૦ [सं.] સ્વર્ગનો ગવૈયો. ૦નગર ન૦ ગંધર્વોની
કાલ્પનિક નગરી (૨) [લા.] મૃગજળ. ૦લગ્ન ન૦, ૦વિવાહ
પું૦ વિવાહનો એક પ્રકાર, જેમાં વરકન્યા પોતાની મેળે
છાની રીતે પરણે છે. ૦વેદ પું૦ સંગીત વિષે ચર્ચા કરતો
એક ઉપવેદ; સંગીતશાસ્ત્ર

ગંધવા પું૦ સહવાસ; સોબત

ગંધાક્ષત [सं.] પું૦ બ૦ વ૦ ચંદન અને ચોખા

ગંધાણ ન૦ ગંધાતું હોય તે

ગંધાર પું૦ [सं.] (સં.) હિંદુસ્તાન અને ઈરાન વચ્ચે આવેલા
દેશનું પ્રાચીન નામ (હાલનું કંદહાર)

ગંધાવું અ૦ ક્રિ૦ ગંધ-બદબો મારવી (૨) કોવાવું

ગંધીલું વિ૦ વાસ મારતું (૨) [લા.] અદેખું (૩) કંકાસિયું

ગંભીર વિ૦ [सं.] ઊંડું (૨) અહોભાવ ને માન ઉપજાવે
તેવું; પ્રૌઢ (૩) પુખ્ત; ઠરેલ; વજનદાર (માણસ, વિચાર
વગેરે) (૪) ધીર; સહનશીલ (સ્વભાવ). ૦તા, -રાઈ સ્રી૦

ગંમત સ્રી૦ ગમ્મત

ગા સ્રી૦ ગાય

ગાઉ પું૦ અંતરનું એક પરિમાણ (દોઢેક માઈલ)

ગાગર સ્રી૦ સાંકડા મોંનું પાણી ભરવાનું વાસણ; અમુક
ઘાટનો ઘડો (૨) હળનો વચ્ચેનો જાડો ભાગ (ચ.). ૦બેડિયું
ન૦ બેત્રણ ગાગરોની ઉતરડ. -રિયો ભટ પું૦ માણભટ

ગાજ(-ઝ) પું૦; ન૦ જુઓ ગાઝ

ગાજ પું૦ બોરિયું ઘાલવાનું નાકું (૨) સ્રી૦ ગર્જના

ગાજર પું૦; ન૦ એક વનસ્પતિ તથા તેનું કંદ. -રિયું ન૦,
-રિયો પું૦ [લા.] મોટું ઊભું ટીલું

ગાજવીજ સ્રી૦ વાદળાંની ગર્જના અને વીજળી

ગાજવું અ૦ ક્રિ૦ ગરજવું (૨) [લા.] જાહેર થવું; નામના થવી

ગાજી, -ઝી [अ.] વિ૦ ધર્મને માટે લડનાર કે મરનાર વીર.
૦(-ઝી)મર્દ(-ર્દ) પું૦ બહાદુર લડવૈયો-પહેલવાન

ગાઝ ન૦ રેશમ, સૂતર કે તારની એક જાળીદાર કે પાતળા
પોતની બનાવટ; 'ગોઝ'

ગાઝી, ૦મર્દ(-ર્દ) [अ.] જુઓ 'ગાજી'માં

ગાઠવું અ૦ ક્રિ૦ ઠગાવું; છેતરાવું

ગાઢુઓ પું૦ + ગઢિયો

ગાઢું વિ૦ ઘસાયેલું; નબળું પડેલું (૨) હારેલું

ગાડર(-રું) ન૦ ઘેટું; મેંઢું. -રિયું વિ૦ ગાડરને લગતું (૨)
[લા.] ગાડરની જેમ-આંધળી રીતે અનુસરતું; ગતાનુગતિક

ગાડલી સ્રી૦ ગાલ્લી

ગાડવું સ૦ ક્રિ૦ ખાડો કરીને દાટવું

ગાડવો પું૦ ઘડા જેવું વાસણ (ઘી-તેલ ભરવાનું)

ગાડી સ્રી૦ એક વાહન. ૦ત(-વાન, -વાળો) પું૦ ગાડી
હાંકનાર. ૦ભાડું ન૦ ગાડીનું ભાડું; વાહનખર્ચ

ગાડું ન૦ એક વાહન. -ડાચીલો પું૦ ગાડાનો ચીલો.
-ડામાર્ગ, -ડાવ(-વા)ટ સ્રી૦ ગાડાંનો માર્ગ. -ડાખેડુ
પું૦ ગાડું ચલાવનારો; ગાડાનો હાંકેડુ

ગાઢ(-ઢું) વિ૦ [सं.] ઘટ્ટ; ઘાડું (૨) અત્યંત; ઘણું (અજ્ઞાન;
અંધારું) (૩) ભારે; ઘોર (નિદ્રા) [(૩) સરદારી

ગાણપત્ય પું૦ [सं.] ગણપતિનો પૂજક (૨) ન૦ ગણેશપૂજા

ગાણિતિક વિ૦ [सं.] ગણિતને લગતું

ગાણું ન૦ ગાવું તે (૨) ગાયન; ગીત

ગાત ન૦ +, ૦ર (પ.) જુઓ ગાત્ર

ગાતડી સ્રી૦ વગર સીવેલું કપડું ઓઢીને ગળે વાળેલી ગાંઠ

ગાત્ર ન૦ [सं.] શરીર (૨) શરીરનો અવયવ-ભાગ ૦ભંગ પું૦
ગાતર ઢીલાં થઈ જવાં તે. ૦શોષણ ન૦ ગાત્રો શોષાઈ-
સુકાઈ જવાં તે. ૦સૌષ્ઠવ ન૦ ગાત્રોની સુંદરતા. ૦વર્ણ પું૦
સંગીતમાં એક અલંકાર

ગાથા સ્રી૦ [सं.] કથા (૨) છંદબદ્ધ વાર્તા (૩) શ્લોક (ઉદા૦
બૌદ્ધ ગાથા) (૪) એક પ્રાકૃત ભાષા [જેવી) ગાદી

ગાદલું ન૦ ખૂબ રૂથી ભરેલું ગોદડું. -લી સ્રી૦ નાની (આસન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાદી સ્ત્રી૦ બેસવાના આપનું નાનું ગાદલું (૨) તખ્ત; સિંહાસન. ૦તકિયો પું૦ ગાદી અને તકિયો (૨) [લા.] આરામ અને સુખની સ્થિતિ. ૦નશીન વિ૦ ગાદીએ આવેલું; ગાદી પર બેઠેલું. ૦પતિ પું૦ રાજા (૨) ગાદીનો વારસ

ગાધ વિ૦ [સં.] છીછરું; ઊંડું નહિ તેવું; પાર કરી શકાય એવું

ગાધિ(-ધી) પું૦ [સં.] (સં.) વિશ્વામિત્રના પિતા. ૦સુત પું૦ (સં.) વિશ્વામિત્ર [તે (૨) [લા.] ચેનબાજી

ગાન ન૦ [સં.] ગાવું તે; ગાયન; ગીત. ૦તાન ન૦ ગાવું બજાવવું

ગાપ(-બ)ચી સ્ત્રી૦,-ચું ન૦ યુક્તિભેર કાઢી કે નીકળી જવું તે

ગાફ(-ફે)લ વિ૦ અસાવધ. ૦પણું ન૦,-લાઈ સ્ત્રી૦ ગાફેલી

ગાફેલિયત, ગાફેલી સ્ત્રી૦ ગાફલપણું; અસાવધાની

ગાબડી સ્ત્રી૦ કાણું (૨) નાનો ખાડો (ઉદા૦ ગાબડીદાર રૂપિયો) -ડું ન૦ બાકું; કાણું (૨) ખાડો (૩) [લા.] નુકસાન; ખોટ

ગાભ પું૦ ગર્ભ (પશુની માદાનો). ૦ણ ન૦ જુઓ ચિરોડી (૨) વિ૦ સ્ત્રી૦ ગાભણી. ૦ણી વિ૦ સ્ત્રી૦ ગર્ભવાળી (પશુની માદા). ૦રું વિ૦ ગભરાયેલું

ગાભશી સ્ત્રી૦ સોનીનું એક ઓજાર [વાદળનો જથો

ગાભલું વિ૦ નરમ; પોચું (૨) ન૦ પીંજેલા રૂનો પોલ (૩)

ગાભાચૂંથા પું૦ બ૦ વ૦ રદ્દી કાગળ કે કપડાંના ડૂચા-ગાભા

ગાભો પું૦ જેનાથી વસ્તુની અંદરનું પોલાણ પૂરવામાં આવે તે (૨) પાઘડીનું બોતાનું (૩) ઘરેણાંની અંદરનો તાંબાપિત્તળનો સળિયો (૪) અંદરનો ગર-ગરભ (૫) રદ્દી કપડું-ડૂચો

ગામ ન૦ માણસના વસવાટનું સ્થળ (બહુધા શહેરથી નાના પાયા પરનું) (૨) વતન; રહેઠાણ. ૦ઈ વિ૦ આખા ગામનું, -ને લગતું. ૦ગરાસ પું૦ રાજાએ બક્ષિસ આપેલી જમીન (૨) ગામ કે જમીનની આવકરૂપી આજીવિકા (૩) ગામ કે ગરાસ; માલમિલકત. ૦ગરાશિ(-સિ)યો પું૦ ગામગરાસવાળો. ૦ઠાણ ન૦ જેની પર ગામ વસ્યું હોય તે જમીન કે સ્થળ. ૦ઠી વિ૦ વિ૦ ગામડાનું, -ને લગતું (૨) [લા.] ગ્રામ્ય; ગામડિયું. ૦ડિયણ સ્ત્રી૦ ગામડિયા સ્ત્રી. ૦ડિયું વિ૦ ગામડાનું, -ને લગતું (૨) [લા.] તેવી રીતભાતનું; રોંચા જેવું; પ્રાકૃત. ૦ડિયો પું૦ ગામડાનો પ્રાકૃત માણસ. ૦ડું ન૦ નાનું ગામ. ૦(-મો)તરું ન૦ એક ગામ છોડી બીજે ગામ જવું-ગ્રામાંતર કરવું તે. ૦દેવી, ૦દેવતા સ્ત્રી૦ જુઓ ગ્રામદેવતા. ૦લોક પું૦ બ૦ વ૦ ગામની બધી વસ્તી-સમાજ. ૦વખો પું૦ ગામનો વિયોગ (૨) તેનું દુઃખ (૩) આખા ગામ સાથે લડાઈટંટો. ૦સ(-સા)રણી સ્ત્રી૦ આખા ગામને જમાડવું તે; ગામેરું

ગામાત વિ૦ જુઓ ગામઈ

ગામી પું૦ ગામનો માલિક (૨) મુખી (૩) માળી

ગામી વિ૦ [સં.] (સમાસને અંતે) 'જતું; પહોંચતું' એવા અર્થમાં. ઉદા૦ ક્ષેત્રગામી [રખવાળ

ગામેતી પું૦ ગામનો મુખ્ય માણસ; મુખી (૨) [ફા.] ગામનો

ગામેરું ન૦ (ચ.) આખા ગામને જમાડવું તે-મોટો વરો

ગામોટ વિ૦ ગામનું (૨) ગામડિયું (૩) પું૦ ગામનો ગોર. -ટી પું૦ ગામોટ. -ટું ન૦ ગામનું ગોરપદું

ગામોતર પું૦ ગામનો બહારવટિયો

ગામોતરું ન૦ જુઓ ગામતરું [કુમારિકાઓનું એક વ્રત

ગાય સ્ત્રી૦ દૂધ દેતું એક ચોપગું. ૦વ્રત ન૦ ગાય પૂજવાનું

ગાયક પું૦ [સં.] ગાનારો; ગવૈયો. -કા સ્ત્રી૦ ગાનારી

ગાયકવાડ પું૦ [સં.] વડોદરાના રાજાની અટક કે તે રાજા. -ડી વિ૦ ગાયકવાડને લગતું કે તેના જેવું

ગાયત્રી સ્ત્રી૦ [સં.] એક વૈદિક છંદ (૨) એક વૈદિક મંત્ર. ૦પુરશ્ચરણ ન૦ સવા લાખ ગાયત્રીનો વિધિપૂર્વક જપ

ગાયન ન૦ [સં.] ગાવું તે (૨) ગાવાની ચીજ. ૦વાદન ન૦ ગાવું બજાવવું તે. ૦શાસ્ત્ર ન૦ સંગીતશાસ્ત્ર

ગાયબ વિ૦ [अ.] ગેબ; અલોપ

ગાયબગલું ન૦ એક પક્ષી

ગાયમ પું૦ વહાણના પાછલા ભાગનો એક થાંભલો

ગાયિકા સ્ત્રી૦ [સં.] ગવૈયણ

ગાર સ્ત્રી૦ લીંપવા માટે બનાવેલો છાણમાટીનો ગારો (૨) વિ૦ [म.] ઘણું ઠંડું [મદદગાર)

ગાર વિ૦ [फा.] 'કરનાર' એવા અર્થનો તદ્ધિત પ્રત્યય (ઉદા૦

ગારત(-દ) વિ૦ [अ.] જેર; મૃત્યુવશ

ગારદી પું૦ પહેરેગીર; ચોકીદાર

ગારવો પું૦ + ગર્વ

ગારા પું૦ એક રાગ

ગારાળું વિ૦ ગારાવાળું

ગારિયું ન૦ ગૂંદીને ગાર કરવા છાણમાટીનો કરેલો ગોળો (૨) રાંધેલું અન્ન ઢાંકવાનું ટોપલા જેવું માટીનું ઠામ

ગારિયો પું૦ ગારો વહેનારો મજૂર

ગારુડતંત્ર ન૦ [સં.] મદારીની તંત્રવિદ્યા

ગારુડી પું૦ મદારી (૨) સાપનો મંત્ર જાણનાર (૩) જાદુગર. ૦વિદ્યા સ્ત્રી૦ ગારુડીની વિદ્યા [મ ટી (૩) કેલ

ગારો પું૦ કાદવ, કીચડ (૨) ચણતરમાં વાપરવા કરેલી તૈયાર

ગાર્ગી સ્ત્રી૦ [સં.] (સં.) ઉપનિષદોમાં પ્રસિદ્ધ એવી બ્રહ્મવાદિની સ્ત્રી [સંભાળીને હંકાવી જનાર

ગાર્ડ પું૦ [इं.] (લશ્કરી) પહેરેગીર; રક્ષક (૨) આગગાડીને

ગાર્ડી પું૦ [पो.] જુઓ ગારદી (૨) એક પારસી અટક

ગાર્હપત્ય પું૦ [સં.] (સં.) હિંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે ગૃહસ્થે રાખવાના ત્રણ અગ્નિમાંનો એક (૨) ન૦ જુઓ ગૃહસ્થી

ગાર્હમેધ પું૦ [સં.] ગૃહસ્થે રોજ કરવાના પાંચ મહા યજ્ઞો

ગાર્હસ્થ્ય ન૦ [સં.] ગૃહસ્થાશ્રમ (૨) જુઓ ગાર્હમેધ

ગાલ પું૦ માણસના મોંની બે બાજુનો ભાગ. ૦પચોરિ(-ળિ)યાં ન૦ બ૦ વ૦ કાકડા કે ચોરિયા ફૂલવા તે. ૦ફાડિયું ન૦ એક જાતની ફળદાર પૂરી. ૦મશૂ(-સૂ)રિયું ન૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાલ તળે રાખવાનું મશરૂનું કે કોઈ પણ નાનું ગોળ ઓશીકું. ૦માર વિ૦ બડાઈખોર; ગપાટા હાંકનારું

ગાલાવેલું વિ૦ અર્ધું ગાંડું; દાધારંગું

ગાલિ સ્ત્રી૦[सं.]ગાળ. ૦પ્રદાન ન૦ગાળ આપવી–ભાંડવી તે

ગાલીચો પું૦ [फा.] ઊનનું એક જાતનું પાથરણું

ગાલોહું ન૦ ગલોહું; ગાલનો અંદરનો ભાગ; ગલોફું

ગાલ્લી સ્ત્રી૦ નાનું ગાલ્લું (ભારનું કે વાહનનું) (૨) એક પરિમાણ; ત્રીસ મણનું માપ. –લ્લું ન૦ ગાડું

ગાવડકું ન૦ થૂવરનું પાંદડું

ગાવડી સ્ત્રી૦ ગાય

ગાવડોલ પું૦ મુખ્ય કૂવાસ્થંભ; 'ટોપ–માસ્ટ'

ગાવદી વિ૦ ગોજું; ગંદું (૨)અણસમજુ; મૂર્ખ (૩)જંગલી

ગાવલી સ્ત્રી૦ દલાલી; કમિશન

ગાવલું (કાઢવું) ન૦ માથે આવેલા કામમાંથી છટકવું તે

ગાવી પું૦ ગાવડોલ ઉપર ચડાવેલો સઢ

ગાવું સ૦ક્રિ૦(ગીત વગેરે)(૨)[લા.] વખાણ કરવાં(૩)એકની એક વાત વારંવાર કહેવી [ઘાસિયો

ગાશા,–શિયો [अ.]પું૦ ઘોડાની પીઠ ઉપર નાખવાની ઠળી;

ગાસ(–હ) પું૦ઘાણીની આસપાસનો બળદ નીચે વટાયેલો કચરો (૨) તુવેર, મગ ઇત્યાદિનાં ઝીણાં છોડાં

ગાળ પું૦ ગાળતાં નીકળેલો કચરો (૨) સ્ત્રી૦ અપશબ્દ. –ળંગાળા(–ળી),–ળાગાળી સ્ત્રી૦પરસ્પર ગાળો દેવી તે

ગાળવું સ૦ક્રિ૦ કચરો કાઢી શુદ્ધ કરવું (કૂવો, પાણી ઇ૦) (૨)આંચ દઈ ઓગાળવું (ધાતુ ઇ૦)(૩)શોષવું;ઓછું કરવું

ગાળિયું ન૦ ઢોરને બાંધવાનું ગાળાવાળું દોરડું (૨) [લા.] કામનો બોજો; જવાબદારી (૩) ગળણી (૪)જુઓ ગાળ ૧

ગાળી સ્ત્રી૦ગાલિ;ગાળ(૨)પર્વતો વચ્ચેનો સાંકડો માર્ગ;ખીણ

ગાળો પું૦ સરકાવી જવાય એવું નાકું; ફાંસો (૨) બૈરાંને પહેરવાનું એક જાતનું વસ્ત્ર (૩) અમુક સમય (૪) મોસમ ઉદા૦ ફરીગાળો (૫) ફેર; વટાવ (૬) ઘરનો વિભાગ; ખંડ (૭) પહોળાઈ; પનો (૮) અમુક જગા; પ્રદેશ (૯) દળણું ઓરવાનું ઘંટીનું મોં (૧૦)અંગડીનો વ્યાસ(૧૧)શરીરનો સાંધો (૧૨) મોટી ગાળી; ખીણ

ગાંગડુ વિ૦ન પલળે અને ન બફાય એવું (૨) પું૦ પલાળવા કે બાફવા છતાં નરમ ન થાય એવો દાણો

ગાંગડો પું૦ વસ્તુનો બાઝી ગયેલો નક્કર કકડો–કાંકરો (૨) નહિ ફાટેલું કપાસનું જીંડવું. –ડી સ્ત્રી૦ નાનો ગાંગડો

ગાંગરવું સ૦ક્રિ૦ બરાડવું (ઊંટનું)

ગાંગલું વિ૦ કાંગલું;નકામું (૨)ન૦ ગણગણાટ (૩) આનાકાની (૪) બડબડવું–ફરિયાદ કરવી તે

ગાંગાંતલ્લાં ન૦બ૦વ૦ જુઓ ગલ્લાંતલ્લાં

ગાંગું વિ૦ ગાંગલું; કાંગું; નમાલું; રાંક

ગાંગેય પું૦ [सं.] (સં.) ગંગાના પુત્ર–ભીષ્મ

ગાંગેરિયું ન૦ એક પક્ષી

ગાંગેરૂક ન૦ગોરખઆમલીનું બીજ [ગરીબ–રાંક માણસ

ગાંગો પું૦ ઘેર ઘેર ફરીને તેલ, દિવેલ વગેરે વેચનારો (૨)

ગાંગ્ય વિ૦ [सं.] ગંગાને લગતું

ગાંછો પું૦ વાંસફોડો

ગાંજવું સ૦ક્રિ૦ છેતરવું; ફોસલાવવું (૨) હરાવવું

ગાંજા–કસુ,૦ખોર(–રિયું) જુઓ 'ગાંજો'માં

ગાંજિ(–જી, –ડિ, –ડી)વધન્વા, ગાંજિ(–જી,–ડિ,–ડી)-વપાણિ પું૦ (સં.) અર્જુન

ગાંજો પું૦ એક છોડ અથવા તેની કળી(તેને ચલમમાં પીવાથી નશો ચડે છે). –જાકસુ,–જાખોર(–રિયું) વિ૦ ગંજેરી

ગાંઠ સ્ત્રી૦ આંટીવાળો બંધ; ગ્રંથિ (૨) ઝાડને જ્યાંથી ડાળાં ફૂટે છે તે ભાગ(૩)લાકડામાંનો ભમરાવાળો, ગંઠાઈ ગયેલો ભાગ (૪) મૂળનો ગઠ્ઠા જેવો ભાગ [જેને વાવવાથી ફણગો ફૂટે છે] (૫) શરીરમાં લોહી ગંઠાઈ જઈ બાઝેલી ગોળી (૬) એક રોગ; પ્લેગની ગાંઠ (૭) [લા.] અંટસ; કીનો (૮)સંપ. ૦(–ઠો)ગળફો પું૦ગાંઠ કે રૂનો ફોદો(સૂતરના તારમાંનો) (૨) ખટકો; સંશય. ૦ડી સ્ત્રી૦ ગાંસડી(૨)ધન; સંપત્તિ. ૦ડો પું૦ મોટી ગાંઠડી; ગાંસડો. ૦ણ ન૦ સાંધો (૨) બે તારને જોડતી ગાંઠ(૩)ગાંઠવાના દોરા(૪)ગાંઠવાની ઢબ–કળા. ૦દાર,–ઠાળું,–ઠિયું વિ૦ગાંઠવાળું. ૦નું વિ૦ ખાસ પોતાનું; પદરનું

ગાંઠવું સ૦ક્રિ૦ મણકા કે એવી વેહવાળી વસ્તુને દોરામાં પરોવી ગાંઠ વાળી એકબીજા સાથે ગૂંથવું (૨) દોરી, તાર વગેરેને એક બીજા સાથે ગાંઠ વાળીને બાંધવું (૩) તાબે રહી હુકમ માનવો; બદવું (૪) મેળવવું

ગાંઠાળું,ગાંઠિયું વિ૦ જુઓ 'ગાંઠ'માં

ગાંઠિયો પું૦ સૂકવેલી હળદરનો કાંકરો (૨) ચણાના લોટની એક તળેલી વાની (૩) મોટી ગાંઠ. ૦તાવ પું૦ગાંઠ નીકળીને આવતો તાવ. ૦વા પું૦ જેમાં શરીરમાં ગાંઠો બાઝી જાય છે એવો વા–એક રોગ

ગાંઠી સ્ત્રી૦ એક ઘરેણું [જુઓ 'ગાંઠ'માં

ગાંઠો પું૦મોટી ગાંઠ; પેરાઈ આગળનો ભાગ. ૦ગળફો પું૦

ગાંડ સ્ત્રી૦(અશિષ્ટ પ્રયોગ) ગુદા(૨)કશાયની બેસણી–બૂડું. ૦ગમચાં ન૦ બ૦ વ૦ ચામોઢિયાં; મરડાટ; આનાકાની. ૦ગુલામી સ્ત્રી૦ હલકા પ્રકારની ખુશામત

ગાંડછા સ્ત્રી૦, –પણ ન૦, ગાંડાઈ સ્ત્રી૦ ગાંડાપણું

ગાંડિયું વિ૦ ગાંડું; ગાંડા જેવું

ગાંડિ(–ડી)વ ન૦ [सं.] (સં.) અર્જુનનું ધનુષ્ય (૨) [લા.] કોઈ પણ ધનુષ્ય. ૦ધન્વા,૦પાણિ પું૦ (સં.) અર્જુન

ગાંડું,૦ઘેલું વિ૦ઘેલું; મગજનું ચસકેલું. ૦તૂર વિ૦છેક ગાંડું

ગાંદરું ન૦,–રો પું૦ ગામનાં ઢોર ઊભાં રહેવાની ભાગોળ પાસેની જગા (૨) ગામની ભાગોળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંદળું ન૦ (કા.) ડગળું (૨) કોઈ વસ્તુનો વચ્ચેનો સરખો ને જાડો ભાગ (૩) છૂટું પડેલું ડગળું (ખડક કે ભેખડનું)

ગાંધર્વ વિ૦ [સં.] ગંધર્વોને લગતું (૨) પું૦, ૦નગર ન૦, ૦લગ્ન ન૦, ૦વિવાહ પું૦ જુઓ 'ગંધર્વ'માં. -વી સ્ત્રી૦ ગાંધર્વ સ્ત્રી (૨) વિ૦ ગંધર્વનું,-ને લગતું

ગાંધાર પું૦ [સં.] સંગીતના સાત સ્વરમાંનો એક-'ગ' (૨) [સં.] જુઓ ગંધાર. -રી સ્ત્રી૦ (સં.) ગાંધાર દેશના રાજાની પુત્રી-ધૃતરાષ્ટ્રની પત્ની

ગાંધી પું૦ કરિયાણું વગેરે વેચનારો વેપારી (૨) એક અટક. -ધિયાટું(-ણું) ન૦ જુઓ ગાંધીવટું (૨) [લા.] ભેળસેળ; ગૂંચવાડો. ૦ટોપી સ્ત્રી૦ ખાદીની સફેદ લાંબી ટોપી. ૦વટું ન૦, ૦વટો પું૦ ગાંધીનો ધંધો (૨) [લા.] બધી બાબતોનું થોડું થોડું જ્ઞાન હોવું તે

ગાંતું ન૦ (રોગથી) ગંઠાઈ ગયેલો તુવેરનો દાણો (ચ.)

ગાંભીર્ય ન૦ [સં.] ગંભીરતા [-જી સ્ત્રી૦

ગાંયજો પું૦ વાળંદ (૨) [લા.] ટચાક માણસ. -જણ,

ગાંસડી સ્ત્રી૦ અનેક વસ્તુ એકઠી બાંધી કરેલો બોજો; પોટલી. -ડો પું૦ મોટી ગાંસડી; પોટલો [અલંકાર(સંગીત)

ગિટકીડી સ્ત્રી૦ સ્વરોને જલદી જલદી ઉચ્ચારાતાં ઊપજતો

ગિદરડું ન૦ (કા.) ઘેટાનું બચ્ચું

ગિદ્દડ વિ૦ સુસ્ત; ભારે (ઘણું ખાધાથી) (૨) ન૦ શિયાળ

ગિનતી સ્ત્રી૦ [હિં.] ગણતરી; હાજરી લેવી તે

ગિની સ્ત્રી૦ [ઇં.] જુઓ ગીની [રહેવું (૨) રિસાવું

ગિન્નાવું અ૦ ક્રિ૦ (પતંગનું) એક બાજુ નમતું-કતરાતું

ગિન્ની સ્ત્રી૦ ચક્કર ખાવું-ખવરાવવું તે

ગિર(-રિ)જા સ્ત્રી૦ (સં.) જુઓ ગિરિજા

ગિરદી સ્ત્રી૦ [फा.] ભીડ

ગિરદેશી સ્ત્રી૦ બલિહારી; ખૂબી

ગિરદો પું૦ નીચે ઠરેલો કે રહેલો કચરો

ગિર(-રિ)ધર,ગિર(-રિ)ધારી પું૦ (સં.) કૃષ્ણ

ગિરનાર પું૦ (સં.) કાઠિયાવાડનો એક પર્વત. -રો પું૦ ગિરનાર પાસે રહેતી બ્રાહ્મણની એક જાતનો આદમી

ગિરફતાર વિ૦ પકડાયેલું (૨) તલ્લીન. -રી સ્ત્રી૦ કેદ પકડાવું તે; બંધન (૨) તલ્લીનતા

ગિરમીટ સ્ત્રી૦ હિંદ બહાર સંસ્થાનોમાં મજૂરી માટે લઈ જવાતા મજૂરો પાસે કરાવી લેવાતું કરારપત્ર; 'એગ્રીમેન્ટ' (૨) ન૦ છેદ પાડવાનું એક ઓજાર. -ટિયું વિ૦ ગિરમીટનું-ને લગતું. -ટિયો પું૦ ગિરમીટથી બંધાયેલો મજૂર

ગિરવાવવું સ૦ ક્રિ૦ 'ગીરવવું'નું પ્રેરક

ગિરા સ્ત્રી૦ [સં.] વાણી (૨) ભાષા

ગિરિ પું૦ [સં.] પર્વત. ૦કંદર(-રા) સ્ત્રી૦ પર્વતની ગુફા. ૦જા સ્ત્રી૦ (સં.) પાર્વતી. ૦જાપતિ,૦જાવર પું૦ (સં.) મહાદેવ. ૦જાસુત પું૦ (સં.) ગણેશ. ૦તનયા સ્ત્રી૦ (સં.) પાર્વતી. ૦દુર્ગ પું૦ પહાડ ઉપરનો કિલ્લો. ૦ધર,૦ધારી પું૦(સં.)ગિરધર;કૃષ્ણ. ૦વ્રજ ન૦(સં.) મગધદેશનું રાજનગર. -રીશ પું૦ (સં.) મહાદેવ (૨) હિમાલય

ગિરેબાજ ન૦ [फा.] એક જાતનું કબૂતર

ગિરેબાન પું૦ [फा.] ગલપટો

ગિલતાન પું૦ મોભ વગેરેને ત્રિશૂલાકાર ટેકો મૂકવામાં આવે છે તે(૨)ફડેતાલ જડતાં માંડવીમાં પાટડી ઉપર મુકાતી બીજી બે ચીતરેલી પાટડીઓમાંની પહેલી

ગિલા(-લ્લા)ખોર વિ૦ [फा.] ચાડિયું; નિંદાખોર

ગિલ્લી સ્ત્રી૦ મોઈ(૨)ગડગૂમડ કે બીજા દરદને લીધે આવતો સોજો; વેળ. ૦દંડો પું૦ મોઈ ને દંડો કે તેની રમત

ગિલ્લેમાર ન૦ એક પક્ષી

ગિલ્લો પું૦ આળ;આક્ષેપ;નિંદા. -લ્લાખોર વિ૦ગિલાખોર

ગિસ્ત વિ૦ નિષ્ફળ; ફેગટ (૨) સ્ત્રી૦ ફોજ

ગી એક ફારસી તદ્ભવ તદ્ધિત પ્રત્યય. વિ૦ પરથી ભાવવાચક નામ બને છે. ઉદા૦માંદગી પસંદગી [ફિંગલાવું

ગીગલાવું અ૦ ક્રિ૦ અકળાવું; ગભરાવું (૨) ખુશ થવું;

ગીગો પું૦ નાનો છોકરો; કીકો. -ગી સ્ત્રી૦ નાની છોકરી;કીકી

ગીચ વિ૦ પાસે પાસે સંકડાઈને આવી રહેલું. -ચોગીચ અ૦ખીચોખીચ; ભી -ગરદી થાય તેમ(૨) વિ૦ખૂબ ગીચ

ગીત ન૦[સં.]ગાયન(૨)અવસર પર ગવાતું ગાણું. ૦ક ન૦ ગીત;નાનું ગીત.૦કાવ્ય ન૦કાવ્યના ગુણવાળું ગીત;'લિરિક'

ગીતા સ્ત્રી૦ [સં.] કેટલાક ધાર્મિક પદ્યગ્રંથોને આપવામાં આવેલું નામ.ઉદા૦'શિવગીતા' 'રામગીતા' 'ભગવદ્ગીતા'. પરંતુ ખાસ કરીને તે નામથી ભગવદ્ગીતા જ ઓળખાય છે. ૦કાર પું૦ ગીતા રચનાર; કૃષ્ણ. ૦જયંતી સ્ત્રી૦ ભગવદ્ગીતા કહેવાયાના દિવસનો ઉત્સવ (અક્રમાં. માગશર સુદ અગિયારશ). ૦જી સ્ત્રી૦ (સં.) ભગવદ્ગીતા. ૦જીવન ન૦ ગીતામાં ઉપદેશેલું આદર્શ જીવન

ગીતિ સ્ત્રી૦ [સં.] એક છંદ

ગીધ ન૦ એક મોટું માંસાહારી પક્ષી

ગીની સ્ત્રી૦ ગિની; સોનાનો એક બ્રિટિશ સિક્કો

ગીબત સ્ત્રી૦ [अ.] બદબોઈ; નિંદા (૨) આળ; તહોમત (૩) ચાડી. ૦ખોર વિ૦ ગીબત કરવાની ટેવવાળું

ગીબવું અ૦ક્રિ૦ ગડદા મારવા; ધીબવું

ગીબોગીબ અ૦ ધીબોધીબ; ઉપરાઉપરી

ગીર પું૦ (ગોસાંઈની એક જાતના નામને અંતે વપરાય છે)

ગીર [फा.] પ્રત્યયઃ 'વાળું', 'ઝાલનાર' એવા અર્થમાં નામને અંતે. ઉદા૦ જહાંગીર; દસ્તગીર

ગીરચાંડિયા ન૦ એક પક્ષી

ગીરજા ન૦ એક પક્ષી

ગીરણી સ્ત્રી૦ [म.] યંત્રથી ચાલતું કારખાનું; મિલ

ગીરદ સ્ત્રી૦ ધૂળ, રજકણ; રજોટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીરવવું સ૦ક્રિ૰ગીરો–ઘરેણે મૂકવું. ગીરવાવું અ૦ક્રિ૰ (કર્મણિ)

ગીરવી અ૦ ગીરવેલું; ઘરેણે. ૦દાર વિ૰ ગીરો રાખનાર

ગીરો અ૦ ગીરવી (૨) પું૰ ગીરવવું તે; દેવા પેટે આડમાં કાંઈમૂકવું તે. ૦ખત ન૰ ગીરો મૂકયાનું ખત–લખાણ

ગીર્વાણ પું૰ [સં.] દેવ; સુર. ૦ભાષા સ્ત્રી૰ સંસ્કૃત

ગીલી સ્ત્રી૰, ૦દંડો પું૰ જુઓ 'ગિલ્લી'માં

ગીસ સ્ત્રી૰ ચોરી

ગીસલું ન૰ જેંસલો (કા.)

ગુચપુચ(–છ) અ૦ ગુસપુસ; છાની રીતે; કોઈ સાંભળી ન જાય એમ (૨) સ્ત્રી૰ એમ કરેલી વાત

ગુચ્છ(–ચ્છો) પું૰ [સં.] ગોટો; કલગી (૨) વાળનો જથા–જુલકું. –ચ્છા(–ચ્છે)દાર વિ૰ ગુચ્છાવાળું

ગુજર સ્ત્રી૰ [ફા.] ગતિ; પ્રવેશ

ગુજરડું ન૰ ગણપતિ આગળ મૂકવાનું માટીનું વાસણ(૨) ગારાની ગાજર જેવી આકૃતિ, જે માંગલિક પ્રસંગે વેદી ઉપર મૂકવામાં આવે છે. –ડાંગોરમટી સ્ત્રી૰ ગુજરડું ને ગોરમટી; તે લાવવાનો લગ્નનો એક વિધિ

ગુજરવું અ૦ક્રિ૰ જવું; વહી જવું (૨) વીતવું; માથે આવી પડવું (૩) સ૦ક્રિ૰ જતું કરવું; દરગુજર કરવું

ગુજરાત પું૰;સ્ત્રી૰;ન૰(સં.)ગૂર્જરાત. ૦ણ સ્ત્રી૰ગુજરાતની રહેવાસી સ્ત્રી. –તી વિ૰ ગુજરાતનું,–ને લગતું (૨) સ્ત્રી૰ ગુજરાતી ભાષા (૩) પું૰ ગુજરાતનો રહેવાસી

ગુજરાન ન૰ [ફા.] નિર્વાહ; ગુજારો

ગુજરી સ્ત્રી૰ સ્ત્રીના હાથનું એક ઘરેણું (૨) શહેર–કસબામાં ભરાતું બજાર (૩) ભૈરવ રાગની એક રાગણી

ગુજરું ન૰ જુઓ ગુજરડું

ગુજારટોલ્લો પું૰ મોઈદંડાની એક રમત

ગુજારત સ્ત્રી૰ દરખાસ્ત કરવી–રૂબરૂ કરવું તે; સાક્ષી

ગુજારવું સ૦ક્રિ૰ નિર્ગમન કરવું; ગાળવું (૨) રજૂ કરવું; દાદ માગવી (૩) માથે નાખવું; વિતાડવું

ગુજારો પું૰ નિભાવ; નિર્વાહ; ગુજરાન

ગુજ્જર વિ૰ સુતાર, વાણિયા, અહીરો ને ક્ષત્રિયોનો એક ભેદ (૨) પું૰ એક જાતનો ગુંદર (૩) એક જાતનો બાવળ

ગુટકો પું૰ ઘણી ઓછી લંબાઈપહોળાઈની જાડી ચોપડી

ગુટપુ(–સુ)ટ અ૦ બરોબર ઓઢી કરીને (સૂવા માટે)

ગુટિકા,ગુટી સ્ત્રી૰ [સં.] ગોળી (દવાની)

ગુટીમાર ન૰ એક પક્ષી

ગુડ પું૰ [સં.] ગોળ

ગુડગુડ અ૦ (રવ૰) એવો અવાજ કરીને (૨) ધીરે ધીરે, ગબડતું હોય એમ (ભોટીલાં કે બાળક ચાલે એમ)

ગુડાકેશ પું૰ [સં.] (સં.) અર્જુન (૨) શિવ

ગુણ પું૰ [સં.] જાતિસ્વભાવ; મૂળ લક્ષણ; ધર્મ (૨) સદ્ગુણ (૩) પ્રકૃતિના ત્રણ ધર્મ–સત્ત્વ, રજ, તમ–તે (૪) [તે પરથી] ત્રણની સંખ્યા (૫) અસર; ફાયદો (૬) ઉપકાર (૭) પણછ (૮) દોરી; દોરો; દોરડું (૯) દોકડો; 'માર્ક' (૧૦) [વ્યા.] સ્વરોના બે ફેરફાર–ગુણ, વૃદ્ધિ–માંનો પ્રથમ (૧૧) [કા.શા.] કૃતિનું રસપ્રદ લક્ષણ (શૈલી, લાલિત્ય વગેરે) (૧૨) વિ૰ [સંખ્યાને અંતે સમાસમાં] ગણું. ૦ક પું૰ ગુણનાર અંક–સંખ્યા –રકમ [ગ.]. ૦કપ્રમાણ ન૰ 'જ્યોમેટ્રિકલ રેશિયો' [ગ.]. ૦કર,૦કારક,૦કારી વિ૰ ફાયદો કરે એવું. ૦ગાન ન૰ ગુણ ગાવા તે; વખાણ (૨) કથા; આખ્યાન. ૦ગ્રાહ્ય વિ૰ ગુણજ્ઞ (૨) સ્ત્રી૰ ખ્યાતિ. ૦ગ્રહણ ન૰ ગુણની બૂજ–કદર કરવી તે. ૦ગ્રામ ન૰ ગુણોનો સમૂહ. ૦ગ્રાહક,૦ગ્રાહી વિ૰ ગુણજ્ઞ. ૦ચિહ્ન ન૰ ગુણ્યાનું આવું (×) ચિહ્ન (ગ.). ૦ચોર પું૰ ગુણ જોયા છતાં તેની પિછાન નહિ કરનાર; ખળ. ૦જ્ઞ વિ૰ ગુણ જાણનારું; કદરદાન. ૦જ્ઞતા સ્ત્રી૰,૦જ્ઞપણું ન૰. ૦ત્રય ન૰ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણનો સમૂહ. ૦દોષ પું૰ ગુણ અને દોષ; સારાસાર. ૦ન ન૰ ગુણવું તે (ગ.). ૦ધર્મ પું૰ અમુક ગુણો ધરાવવાની સાથે પ્રાપ્ત થતો સ્વભાવ કે ધર્મ. ૦નિધિ પું૰ ગુણોનો નિધિ–ભંડાર. ૦નિંદક વિ૰ ગુણીને દોષ દેનારું. ૦પાડ પું૰ આભાર; ઉપકાર; સપાડું. ૦પૃથક્કરણ ન૰ 'ફેક્ટરાઇઝેશન' (ગ.). ૦ફલ(–ળ) ન૰ ગુણાકારથી આવતી રકમ; 'પ્રોડક્ટ' (ગ.). ૦વ(–વં)તી વિ૰ સ્ત્રી૰ ગુણવાળી. ૦વત્તા સ્ત્રી૰ ગુણવાળા હોવું તે (૨) ઉત્તમતા; શ્રેષ્ઠતા. ૦વંત(–તું) ગુણવાળું; સદ્ગુણી. ૦વાચક વિ૰ [વ્યા.] ગુણ બતાવનારું (વિશેષણ). ૦વાન વિ૰ ગુણવાળું. ૦વિગ્રહ પું૰ 'ફેક્ટરાઇઝેશન' (ગ.). ૦વિશેષણ ન૰ ગુણવાચક શબ્દ. ૦વિશ્લેષ પું૰ 'ફેક્ટરાઇઝેશન' (ગ.). ૦વૃદ્ધિવિધાન ન૰ સ્વરોનાં ગુણ કે વૃદ્ધિ કરવાની વિધિ–રીત (વ્યા.). ૦સ્થાન ન૰ (જૈન મતે) જ્ઞાનની –આત્માના વિકાસની ચૌદ ભૂમિકાઓમાંની દરેક

ગુણકા સ્ત્રી૰ ગણિકા; વેશ્યા

ગુણગુણ અ૦ (રવ૰) ગણગણ

ગુણવું સ૦ક્રિ૰ એક સંખ્યાને બીજી સંખ્યા જેટલીવાર વધારવી

ગુણાકાર પું૰ ગુણવું તે (૨) એથી આવતી રકમ

ગુણાઢ્ય વિ૰ [સં.] ગુણથી ભરપૂર

ગુણાતીત વિ૰ [સં.] સત્ત્વ વગેરે ત્રણ ગુણોને–તેમનાં કાર્યોને [ઓળંગી ગયેલું

ગુણાત્મ,૦ક વિ૰ [સં.] પ્રકૃતિના ગુણવાળું

ગુણાનુરાગ પું૰ [સં.] બીજાના ગુણો પ્રત્યે આસક્તિ કે આદર. –ગી વિ૰ ગુણાનુરાગવાળું

ગુણાનુવાદ પું૰ [સં.] ગુણગાન; સ્તુતિ

ગુણાન્વિત વિ૰ [સં.] ગુણવાળું; ગુણી

ગુણાવયવ પું૰ [સં.] 'ફેક્ટર' (ગ.)

ગુણાળું વિ૰ ગુણવાળું; સદ્ગુણી

ગુણાંક પું૰ [સં.] ગુણાકાર કરવાથી આવેલી રકમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણિત વિ૦ [સં.] ગુણેલું
ગુણિયલ વિ૦ સદ્‌ગુણી
ગુણી વિ૦ [સં.] સદ્‌ગુણી (૨) પું૦ ગુણવાન પુરુષ (૩) કલાકોવિદ (૪) જંતરમંતર જાણનાર. ૦જન પું૦; ન૦ કદરદાન, ચતુર માણસ (૨) સજ્જન [બનેલું-કરેલું
ગુણીભૂત વિ૦ [સં.] ગૌણ બનેલું (૨) ગુણરૂપ-ભૂષણરૂપ
ગુણોત્તર પું૦; ન૦ [સં.] 'રેશિયો' (ગ.)
ગુણોપેત વિ૦ [સં.] ગુણવાળું
ગુણ્ણું ન૦ ગુલ્લું; પાપડની કણકનો લૂઓ
ગુણ્ય વિ૦ [સં.] ગુણવાળું (૨) [ગ.] જેને ગુણવાનું હોય તે (રકમ);'મલ્ટિપ્લિકન્ડ'. -ણ્યાંક પું૦ ગુણ્ય આંકડો (ગ.)
ગુત્તો પું૦ એકહથ્થુ વેપાર; ઇજારો
ગુદસ્ત વિ૦ ગત; પાછલું (વરસ; સાલ)
ગુદા સ્ત્રી૦ [સં.] શરીરમાંથી વિષ્ટા નીકળવાનું દ્વાર. ૦વર્ત પું૦ ગુદાનો એક રોગ. ૦સ્થિ ન૦ માણસના શરીરમાં કરોડને છેડે આવેલું ત્રિકોણ હાડકું; 'કૉક્સિકસ'
ગુનકલી સ્ત્રી૦ માલકોશની એક રાગણી
ગુનો પું૦ [फा.] અપરાધ; વાંક; તકસીર. -નેગાર વિ૦ ગુનો કરનારું; અપરાધી. -નેગારી સ્ત્રી૦ ગુનેગારપણું
ગુપ વિ૦ + ગુપ્ત (પ.)
ગુપચુપ અ૦ ચુપચાપ; છાનુંમાનું
ગુપ્ત વિ૦ [સં.] છુપાવેલું; સંતાડેલું (ધન વગેરે) (૨) છાનું; ગૂઢ (વાત વગેરે). ૦તા,-પ્તાઈ સ્ત્રી૦ ગુપ્તપણું. ૦ચર પું૦ જાસૂસ. ૦ચર્યા સ્ત્રી૦ જુઓ અજ્ઞાતચર્યા. ૦દાન ન૦ છૂપું દાન. -પ્તા સ્ત્રી૦ એક પરકીયા નાયિકાનો ભેદ (પ્રેમીનાં પ્રેમ, આલિંગન વગેરે ગુપ્ત રાખે તે). -પ્તિ સ્ત્રી૦ રક્ષણ. -પ્તી સ્ત્રી૦ લાકડીની અંદર ગુપ્ત-છૂપું રહે એવું એક હથિયાર
ગુફા સ્ત્રી૦ પહાડની બખોલ-ઊંડું કોતર; ગુહા
ગુફત(-તે)ગો સ્ત્રી૦ [फा.] વાતચીત; મસલત; ગૂજ
ગુફતાર સ્ત્રી૦ [फा.] વાણી
ગુફતેગો સ્ત્રી૦ ગુફતગો
ગુબારો પું૦ જુઓ ગબારો
ગુમ વિ૦ [फा.] ખોવાયેલું. ૦રાહ વિ૦ રસ્તો ભૂલેલું
ગુમસૂમ અ૦ સૂમસામ; ગુપચુપ
ગુમાન ન૦ [फा.] અભિમાન; ગર્વ. -ની વિ૦ અભિમાની
ગુમાવડા(-રા)વવું સ૦ક્રિ૦ ખોવડાવવું
ગુમાવવું સ૦ ક્રિ૦ ખોવું (૨) ધૂળધાણી કરવું; ઉડાવી દેવું
ગુમાસ્તો પું૦ કારકુન; મહેતો. -સ્તાગીરી સ્ત્રી૦ ગુમાસ્તાનું કામ; મહેતાગીરી. -સ્તી સ્ત્રી૦ ગુમાસ્તાગીરી
ગુમ્મો પું૦ મુક્કી
ગુરખો પું૦ નેપાળદેશનો વતની
ગુરગુરવું અ૦ ક્રિ૦ (રવ૦) ગુરગુર એવો અવાજ કરવો
ગુરજ સ્ત્રી૦ ગદા; મુદ્‌ગર
ગુરથમાની વિ૦ મરહૂમ; સ્વર્ગવાસી
ગુરદો પું૦ લોઢાનો મગદળ (૨) [फा.] મૂત્રપિંડ; 'કિડની'
ગુરાબ ન૦ એક જાતનું વહાણ
ગુરુ વિ૦ [સં.] મોટું (૨) ભારે (૩) દીર્ઘ (૪) પું૦ શિક્ષક (પ) પુરોહિત; ગોર (૬) [સં.] એ નામનો ગ્રહ; બૃહસ્પતિ (૭) ગુરુવાર. ૦કૌંસ પું૦ [ ] આવો મોટો કૌંસ. ૦કિલ્લી સ્ત્રી૦ ગુરુકૂંચી. ૦કુલ(-ળ) ન૦ ગુરુને રહેવાનું ઠેકાણું, જ્યાં વિદ્યાર્થીઓને રાખીને તે શિક્ષણ આપે છે (૨) તે પદ્ધતિને અનુસરતી શિક્ષણસંસ્થા. ૦કૂંચી સ્ત્રી૦ અનેક તાળાંને લાગુ પડે એવી કૂંચી; 'માસ્ટર-કી' (૨) [લા.] ગમે તેવા સંજોગોમાંય કામ દે એવી યુક્તિ, ઉપાય, સાધન ઇ૦. ૦કોણ પું૦ કાટખૂણાથી મોટો ખૂણો; 'ઑબ્ટ્યૂસ ઍંગલ' [ગ.]. ૦ગમ સ્ત્રી૦ ગુરુ પાસેથી મેળવેલું જ્ઞાન. ૦ગમ્ય વિ૦ ગુરુ દ્વારા જ સમજાય એવું. ૦ચર્યા સ્ત્રી૦ ગુરુની સેવા. ૦જન પું૦; ન૦બ૦વ૦ વડીલવર્ગ (માબાપ,શિક્ષક ઇત્યાદિ). ૦તલ્પગ(-ગામી) વિ૦ ગુરુપત્ની સાથે સંભોગ કરનાર. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ ગુરુપણું (૨) મોટાઈ; ગૌરવ (૩) ભારેપણું. ૦ત્વકેંદ્ર ન૦ જે બિંદુથી વજનનું સમતોલપણું થતું હોય તે; 'સેન્ટર ઑફ ગ્રૅવિટી'. ૦ત્વમધ્યબિંદુ ન૦ જુઓ ગુરુત્વકેન્દ્ર. ૦ત્વરેખા(-ષા) સ્ત્રી૦ ગુરુત્વકેન્દ્રના આકર્ષણની લીટી યા દિશારેખા. ૦ત્વાકર્ષણ ન૦ ભારનું પૃથ્વીના કેન્દ્ર તરફ ખેંચાવું તે; 'ગ્રૅવિટેશન'. ૦દક્ષિણા સ્ત્રી૦ અભ્યાસ પૂરો કર્યા પછી ગુરુને આપવાની દક્ષિણા. ૦દ્રોહ પું૦ ગુરુનો દ્રોહ. ૦દ્રોહી વિ૦ ગુરુનો દ્રોહ કરનારું. ૦પત્ની સ્ત્રી૦ ગુરુની પત્ની. ૦પદ ન૦ ગુરુનું પદ-પદવી. ૦પૂજા સ્ત્રી૦ ગુરુની પૂજા-આદરમાન. ૦બંધુ પું૦ એક ગુરુનો શિષ્ય; સહાધ્યાયી. ૦ભક્તિ સ્ત્રી૦ ગુરુ પ્રત્યે ભક્તિ. ૦ભાઈ પું૦ ગુરુબંધુ. ૦ભાર પું૦ ગુરુ તરીકેની જવાબદારી. ૦મંત્ર પું૦ ગુરુએ આપેલો મંત્ર (૨) [લા.] છૂપી સલાહ; શિખવણી. ૦માન ન૦ વડીલ પ્રત્યેની અદબ (૨) રૂસણું; રૂસણાંનું કટાક્ષ. ૦મુખ વિ૦ ગુરુના મોંએથી મળેલું (૨) મનસ્વી નહિ પણ દીક્ષિત-ગુરુના બોધને અનુસરનારું (૩) ન૦ ગુરુનું મુખ. ૦મુખી વિ૦ ગુરુના મુખનું (૨) સ્ત્રી૦ શીખોમાં શરૂ થયેલી પંજાબની એક લિપિ. ૦રેખા સ્ત્રી૦ મહારેખા; (—) આવું વિરામચિહ્ન. ૦વાર પું૦ અઠવાડિયાનો એક દિવસ. ૦વારું વિ૦ ગુરુવારે આવતું-શરૂ થતું. -રૂપસદન ન૦ ગુરુ પાસે જવું તે (૨) ગુરુનાં ચરણોમાં પડવું-શિષ્ય બનવું તે
ગુર્જર વિ૦ [સં.] ગુજરાતનું (૨) પું૦ ગુજ્જર જાત (૩) ગુજરાત (૪) ગુજરાતનો વતની. -રી સ્ત્રી૦ ગુજરાતણ (૨) રબારણ; ગોવાળણી (૩) એક જૂનો ગુજરાતી રાસ (૪) રાગની એક ઢબ (પ) વિ૦ ગુર્જર-ગુજરાત દેશને લગતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલ ન૦[फा.] ફુલ(૨)ગુલાબનું ફૂલ(૩)[લા.] બત્તી ઉપરનો બળેલો ભાગ; મોગરો. ૦કંદ પું૦ગુલાબની પાંખડીઓ ને સાકરનો મુરબ્બો. ૦ખાર પું૦ આસમાની લાલ રંગ. ૦ખેરી વિ૦ ગુલખાર રંગનું. ૦ચશ્મ ન૦ એક પક્ષી. ૦છડી સ્ત્રી૦ એક ફૂલઝાડ(૨) તેનું ફૂલ(૩)ગુલાબનો ગોટો અથવા તોરો(૪) એક ઘરેણું. ૦છબુ પું૦;ન૦ એક ફૂલ-ઝાડ. ૦જાન વિ૦ ગુલાબના આત્મા જેવું; સુંદર; મોહક. ૦જા(-ઝા)ર પું૦ ગુલ બની વાડી; ફૂલવાડી(૨)વિ૦ મનોહર; સુંદર. ૦તરાશ સ્ત્રી૦બત્તીનો મોગરો કાપવાની કાતર. ૦તોર પું૦ એક ફૂલઝાડ. ૦તોરો પું૦ ગુલાબનો ગોટો–ગજરો(૨)એક ફૂલઝાડ. ૦દસ્ત પું૦ ફૂલનો ગોટો–તોરો. ૦દાન ન૦ ફૂલદાની. ૦દાવદી(-રી) સ્ત્રી૦ એક ફૂલઝાડ (૨) તેનું ફૂલ. ૦નાર ન૦ દાડમ. ૦બાસ ન૦એક ફૂલઝાડ (૨) તેનું ફૂલ. ૦મોર સ્ત્રી૦ એક ફૂલઝાડ(૨) એનું ફૂલ. ૦શન ન૦ ગુલિસ્તાન

ગુલગુલાટ પું૦ (ર૧૦)

ગુલગુલાંટિયો પું૦ છે.કરાંની એક રમત

ગુલછાય ન૦ એક વનસ્પતિ

ગુલતાન વિ૦ મશગૂલ; તલ્લીન

ગુલબંકી પું૦ એક છંદ [(૩) ગામગપાટો; તડાકો

ગુલબાન ન૦ શોરબકોર (૨) આનંદતા–ડહામશ્કરીના વાત

ગુલણું ન૦ ગપાટો; ગપગોળો

ગુલમહેરી સ્ત્રી૦ એક જળચર પક્ષી

ગુલશામ ન૦ એક વનસ્પતિ

ગુલંબી સ્ત્રી૦ એક વનસ્પતિ

ગુલાબ ન૦ [फा.] એક ફૂલઝાડ(૨) તેનું ફૂલ. ૦જળ ન૦ ગુલાબની ખુશબોવાળું પાણી. ૦જાંબુ ન૦ એક મીઠાઈ. ૦દાન ન૦ ૦દાની સ્ત્રી૦ગુલાબજળ છાંટવાની શિરોઈના આકારની ઝારી. -બી વિ૦ ગુલાબના રંગનું (૨)મીઠું; મજેદાર (દા૦ત૦ ઘ) (૩) સ્ત્રી૦ગુલાબના જેવો રાતો રંગ. -બી તૂશી સ્ત્રી૦ એક પક્ષી. -બી મેના સ્ત્રી૦એક પક્ષી

ગુલામ પું૦ [अ.] ખરીદ કરેલો ચાકર; લૂંડો (૨) [લા.] પરવશ–પરતંત્ર માણસ. ૦ખત ન૦ ગુલામ તરીકેના વેચાણનું લખત (૨) પરતંત્ર બનાવે એવું લખાણ–કરાર. ૦ગીરી સ્ત્રી૦ જુઓ ગુલામી. ૦ડી સ્ત્રી૦ ખરીદ કરેલી દાસી–લૂંડી. ૦દાર પું૦ ગુલામનો ધણિયામો.-મી સ્ત્રી૦ ગુલામપણું (૨) ઘણી હલકી તાબેદારી (૩) પરાધીનતા

ગુલાલ પું૦ ન૦ [फा.] એક રાતા રંગનો સહેજ સુગંધીદાર ભૂકો (આનંદોત્સવ, ખાસ કરીને હોળીના દિવસોમાં, એ ખૂબ વપરાય છે). **ગુલા(-લ્લા)લા** પું૦; ન૦એક ફૂલ

ગુલાંટ સ્ત્રી૦ ગોટીમડું (૨) [લા.] ઊલટું ફરી જવું તે.

ગુલિસ્તાન ન૦[फा.] ગુલશન; ફૂલવાડી; બાગ

ગુલ્ફ પું૦; સ્ત્રી૦ [सं.] ઘૂંટી; ઘૂંટણ (૨) ઢીંચણ

ગુલ્મ ન૦ [सं.] ગોળાનો રોગ (૨) ગાંઠ (૩) ઝુંડ; ઝાડી. -લ્મોદર ન૦ બરોળનો એક રોગ

ગુલ્લર ન૦ ઉમરડો; ગૂલર

ગુલ્લાલા પું૦ એક ફૂલ; જુઓ 'ગુલાલા'માં

ગુલ્લું ન૦ પાપડની કણકનો લૂઓ; ગૂલરું

ગુવરહારી સ્ત્રી૦ ગાવાની એક બાની ['ગવાર'માં

ગુવાર, ૦ફળી, ૦શિં(-શીં,-સિં,-સીં)ગ જુઓ

ગુસપુસ સ્ત્રી૦ ગુચપુચ; છાની વાતચીત–મસલત

ગુસલ ન૦,૦ખાનું ન૦ જુઓ 'ગુસ્લ'માં

ગુસ્તાખાના વિ૦ [फा.] અસભ્ય; બેઅદબીભર્યું

ગુસ્તાખી સ્ત્રી૦ [फा.] બેશરમી; અસભ્યતા

ગુસ્લ(-સલ) ન૦[अ.]સ્નાન.૦ખાનું ન૦નાહવાની ઓરડી

ગુસ્સો પું૦ [अ.] ક્રોધ

ગુહા સ્ત્રી૦ [सं.] ગુફા [(૩) છૂપી વાત

ગુહ્ય વિ૦ [सं.] છૂપું; છુપાવવા યોગ્ય (૨) ન૦ રહસ્ય; મમ

ગુહ્યક પું૦ [सं.] દેવોનો એક વગ; કુબેરનો અનુચર

ગુંગ(-ગું) વિ૦ [फा.] જુઓ 'ગૂંગું વિ૦'માં

ગુંજ પું૦,૦ન ૦ન [सं.] ગણગણાટ. ૦કર પું૦ ગુંજન કરનાર; ભ્રમર. ૦વું અ૦ક્રિ૦ ગણગણવું; ગુંજાર કરવો. -જાગુંજ સ્ત્રી૦ ભારે ગુંજારવ.-જાર(૦વ) પું૦ ગુંજવાનો અવાજ (૨) [લા.] અવ્યક્ત મધુર અવાજ

ગુંજ ન૦ છૂપી વાત; ભેદ (૨) સ્ત્રી૦ જુઓ ગુંજા (૩) ગાંઠ; આંટી. ૦વટ સ્ત્રી૦ છાની છાની વાત

ગુંજા સ્ત્રી૦[सं.] ચણોઠી કે તેનું ઝાડ(૨)ચણોઠી જેટલું વજન; રતી. ૦ફલ(-ળ) ન૦ ચણોઠી

ગુંજાશ સ્ત્રી૦ ગજું; તાકાત

ગુંજયત્વ ન૦,-તા સ્ત્રી૦[सं.] ગુંજન થઈ શકે એવું હોવું તે

ગુંઠન ન૦[सं.] ઢાંકવું–છુપાવવું તે(૨)ચોપડવું–લગાડવું તે

ગુંઠો પું૦ જમીનનું એક માપ (એકરનો ૪૦મો ભાગ)

ગુંડ,-ડો [हिं.] વિ૦ જબરદસ્તીનાં કામ કરનારું; બદમાશ; દાંડ (૨) પું૦ એવો આદમી. -ડાશાહી સ્ત્રી૦ ગુંડાઓનો અમલ. -ડાગીરી સ્ત્રી૦ ગુંડાપણું

ગુંદ,૦ર પું૦ કેટલાંક ઝાડમાંથી ઝરતો ચીકણો રસ (૨) ચોટાડવાના કામમાં આવતો તેવો બાવળનો રસ.૦રપાક પું૦ ગુંદર ભેળવીને બનાવેલું વસાણું(૨)એક મીઠાઈ(૩) [લા.] માર. ૦રિયું,-દિયું ન૦ પલાળેલો ગુંદર રાખવાનું પાત્ર

ગુંફ પું૦ [सं.] ગૂંથણ(૨)ઝૂમખું. ૦ના સ્ત્રી૦ગૂંથણી

ગુંફિત વિ૦ [सं.] ગૂંથેલું

ગુંબજ પું૦ ઘૂમટ

ગૂ ન૦[सं.]વિષ્ટા; મળ. ૦ખાઉ(-ડી,-ણ) સ્ત્રી૦અઘણખાડ

ગૂઈ સ્ત્રી૦ ગબી; બદી (૨) [કા.] અણચી

ગૂગળ પું૦ એક ડુંગરી ઝાડનો ગુંદર (તે દવાના તેમ જ ધૂપ કરવાના કામમાં આવે છે). -ળિયું વિ૦ ગૂગળને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગતું; ગૂગળવાળું (૨) ન૦ ગૂગળ રાખવાનું પાત્ર

ગૂગળી વિ૦(૨)પું૦ઓખામંડળના બ્રાહ્મણોની એક જાતનું

ગૂજ(-ઝ) સ્ત્રી૦ ગુપ્ત વાત; રહસ્ય(૨)બે બાજુ અણીવાળો (પાટિયાં જોડવાનો) ખીલો (૩) વિ૦ ગુહ્ય; ગુપ્ત

ગૂજરાત,૦ણ,-તી જુઓ 'ગુજરાત'માં

ગૂઝ સ્ત્રી૦ જુઓ ગુજ

ગૂડકી સ્ત્રી૦ સૂંઘણી; છીંકણી

ગૂડલું ન૦ ગુલ્લું

ગૂડવું સ૦ક્રિ૦ કાપવું; વાઢવું (૨) ઓઢવું [રિબામણી

ગૂડાલાકડી સ્ત્રી૦ ગોળલાકડી; એક પ્રકારની જૂની સજા-

ગૂડિયા પું૦ (કા.) ગાડાના પૈડાનો આરાવાળો વચલો ભાગ

ગૂડી સ્ત્રી૦ ઉત્સવને દિવસે ઊભો કરેલો ઝુંડો; માણેકથંભ. ૦પડવો પું૦ ચૈત્ર સુદ પડવો

ગૂડું વિ૦ લુચ્ચું; શઠ [(૩) બળ; શક્તિ; હાંજા

ગૂડો પું૦ મરનારને રોવા જવું તે; કાણ (૨) પગનો નળો

ગૂઢ વિ૦ [સં.] ગુહ્ય; છાનું (૨) ન સમજાય એવું; ગહન; ઇંદ્રિયાતીત;'મિસ્ટિક'.૦તા સ્ત્રી૦,૦પણું ન૦.૦મણિ પું૦ સંતાડેલી કાંકરી ખોળવાને મળતી એક પ્રાચીન રમત. ૦વાદ પું૦'મિસ્ટિસિઝમ.'૦વાદી વિ૦(૨)પું૦ગૂઢવાદમાં માનનાર. -ઢાક્ષર પું૦ ગૂઢ અક્ષર

ગૂણ સ્ત્રી૦ થેલો; કોથળો (૨) છાલકું (ગધેડા વગેરે ઉપરનું) (૩)ચાર મણનું માપ. ૦પાટ ન૦ શણ કે સૂતળીનું વણેલું તાપડું; ટાટિયું(૨) ન૦ બ૦ વ૦ તેનાં વસ્ત્ર કે તે પહેરવાની જેલશિક્ષા. -ણિયું ન૦ગૂણપાટનો બનાવેલો થેલો. -ણિયો પું૦ તાંબાનો ઘડો (૨) થેલો; ગૂણ (૩) અમુક વજનનું માપ (૪) પું૦ કાટખણો (કારીગરનો)

ગૂણસું વિ૦ જાડું અને ઠીંગણું [ચિહ્ન-ખાડો

ગૂથ વિ૦ રમાતચાળ (૨) કામી (૩) સ્ત્રી૦ ગૂમડું મટ્યે રહેતું

ગૂમડ(-ડું) ન૦ શરીરે ઊઠતો ફોલ્લો-ઢેટા જેવો ગઠ્ઠો

ગૂમૂતર ન૦ મળમૂત્ર

ગૂર સ્ત્રી૦ હાડકાંની અંદરનો ગર; 'મેરો'

ગૂરછી પું૦ એક જાતનું પુષ્કળ વાળવાળું ઠીંગણું કૂતરું

ગૂરા પું૦બ૦વ૦ પગ

ગૂર્જર વિ૦ (૨) પું૦,-રી સ્ત્રી૦ જુઓ 'ગુર્જર'માં

ગૂલર ન૦ગુલ્લર;ઉમરડો(૨)ઉમરડું (૩) કાનનું એક ઘરેણું. -રું ન૦ પાપડનો લૂઓ (૨) જુઓ ગુલર (૩) ઘોડિયે લટકાવવાનું એક લાકડાનું રમકડું. -રો પું૦ ઉમરડો

ગૂલી સ્ત્રી૦ ગળી (૨) જીવડાંએ બનાવેલું ઘોળું કે કાબરું ઘર

ગૂલું ન૦ એક પક્ષી

ગૂવાળણું,ગૂસૈણું ન૦ગૂ ઉસરડવાનું સાધન(ઠીકરું; પતરું)

ગૂંગણું વિ૦ નાકમાંથી બોલતું

ગૂંગળાવું અ૦ક્રિ૦ હવાની ખોટ કે અટકાયતને લીધે અમૂંઝાવું; શ્વાસ રૂંધાવો. -મણ ન૦; સ્ત્રી૦ ગૂંગળાવું તે. -વવું સ૦ક્રિ૦ 'ગૂંગળાવું'નું પ્રેરક

ગૂંગું વિ૦નાકમાંથી બોલતું; ગૂંગણું (૨)મૂંગું(૩)ન૦ નાકના મળનો બંધાઈગયેલો પોપડો. -ગાવેડા પું૦ બ૦ વ૦ ગૂંગાના જેવું વર્તન-ચાળા; ગૂંગાપણું (૨) કોઈ કામમાં ચીકાશ કર્યા કરવી તે (૩) વગર આવડ્યે કામમાં ચૂંથણાં કરવાં તે. -ગો પું૦(નાકમાંનું)ગૂંગું(૨)એક જાતનો જીવડો

ગૂંચ સ્ત્રી૦ (દોરા વગેરેનું) ગંઠાઈ જવું તે (૨) [લા.] આંટી-ઘૂંટી; મુશ્કેલી. ૦વણ(-ણી) સ્ત્રી૦ ગૂંચાઈ જવું તે (૨) જેમાંથી ઉકેલ કાઢવો મુશ્કેલ થઈ પડે એવી પરિસ્થિતિ. ૦વણિયું વિ૦ ગૂંચવણવાળું. ૦વવું સ૦ક્રિ૦ ગૂંચવણમાં નાંખવું. ૦વાડિયું વિ૦ગૂંચવાડાવાળું. ૦વાડો પું૦ જુઓ ગૂંચવણ ૦વાવું અ૦ક્રિ૦ગંઠાવું (દોરા વગેરેનું) (૨)[લા.] સપડાવું; ઉકેલ ન સૂઝવો (૩) [લા.] મૂંઝાવું; ગભરાવું. ૦(-છ)ળિયાળું વિ૦ ગૂંછળીવાળું. ૦(-છ)ળી સ્ત્રી૦ દોરાની અટેરીને કરેલી આંટી કે ગોળો. ૦(-છ)ળું ન૦ ગોળ આકારમાં વળેલું કે વીંટેલું હોય તે

ગૂંચાવું અ૦ક્રિ૦ જુઓ ગૂંચવાવું

ગૂંછળી,-ળિયાળું,-ળું જુઓ 'ગૂંચ'માં

ગૂંજિયું ન૦ ગજવું (૨) ઘુમાતો દેવતા

ગૂંજું(-ઝું) ન૦ ગજવું

ગૂંતો પું૦ ગૂંચ (૨) વાંધો; શંકા (૩) કલંક

ગૂંથ સ્ત્રી૦ (કા.) ગૂમડાં વગેરે રુઝાતાં ત્યાં ગાંઠ જેવું રહે તે

ગૂંથણ ન૦ ગૂંથવું તે (૨) ગૂંથવાનું કામ (૩)ગૂંથવાની કળા -ણિયાળું વિ૦ ગૂંથણવાળું; ગૂંથેલું.-ણી સ્ત્રી૦ ગૂંથણનું કામ (૨) ગૂંથવાની કળા કે આવડત (૩) ગૂંથામણી

ગૂંથવું સ૦ક્રિ૦ દોરો કે સેરને આંટી પાડી પાડીને સાંકળવું-જાળીદાર રચના કરવી.ગૂંથાવવું(પ્રેરક).ગૂંથાવું(કર્મણિ)

ગૂંથામણ ન૦,-ણી સ્ત્રી૦ ગૂંથવાનું મહેનતાણું

ગૂંદડો પું૦ એક ઘાસ

ગૂંદરવું સ૦ક્રિ૦ + જુઓ ગુજરવું સ૦ક્રિ૦

ગૂંદવડું ન૦ એક મીઠાઈ; ગુલાબજાંબુ

ગૂંદવું સ૦ક્રિ૦ પગ તળે કચરવું; ખૂંદવું (૨)દાબી મસળીને નરમ કરવું (૩) [લા.] મારવું; ઠોકવું

ગૂંદા(-દી)પાક પું૦ એક મીઠાઈ (૨) [લા.] માર

ગૂંદી સ્ત્રી૦ એક ઝાડ. -દું ન૦ ગૂંદીનું ફળ

ગૂંધ ન૦ એક પક્ષી

ગૃધ્ર ન૦ [સં.] ગીધ.-ધ્રી સ્ત્રી૦ ગીધડી [પડતું વાનું દર્દ

ગૃધ્રસી સ્ત્રી૦ [સં.] કમર અને તેની નીચેના ભાગમાં લાગુ

ગૃહ ન૦ [સં.] ઘર(૨)છાત્રાલય.૦ઉદ્યોગ પું૦ ફાલતુ સમયમાં ઘેર બેઠાં થઈ શકે તેવો ઉદ્યોગ (ઉદા૦ રેંટિયાનો ઉદ્યોગ). ૦કર્મ,૦કાર્ય ન૦ ઘરનું કામકાજ. ૦ગોધા સ્ત્રી૦ગરોળી. ૦દેવતા સ્ત્રી૦ ઘરની દેવી (૨) પું૦બ૦વ૦ ઘરના દેવો (કુલ ૪૫ છે). ૦પતિ પું૦ ગૃહસ્થ (૨) છાત્રો પર દેખરેખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખનાર શિક્ષક. ૦પતિત્વ ન૦. ૦પત્ની સ્ત્રી૦ ગૃહિણી. ૦પ્રવેશ પું૦ ઘરમાં વિધિપૂર્વક પ્રવેશ કરવો તે (૨) બીજાના ઘરમાં કે હદમાં રજા વિના પેસવું તે; 'ટ્રેસપાસ.' ૦બલિ પું૦ વૈશ્વદેવ. ૦મેધી પું૦ ગૃહસ્થ. ૦લક્ષ્મી સ્ત્રી૦ સુશીલ, સચ્ચરિત સ્ત્રી. ૦રાજ્ય ન૦ ગૃહ અને ગૃહની બાબતોમાંની હકૂમત. ૦વ્યવસ્થા સ્ત્રી૦ ઘરની વ્યવસ્થા; ઘરનું કામકાજ. ૦સચિવ પું૦ દેશની આંતર-વ્યવસ્થા સંભાળનાર પ્રધાન; 'હોમ-મેમ્બર'. ૦સંસાર પું૦ ઘરસંસાર; ઘરખટલો. ૦સંસ્કાર પું૦ ઘરમાંથી મળતો કે પડતો સંસ્કાર. ૦સ્થ પું૦ બ્રહ્મચર્યાશ્રમ પૂરો કરી ગૃહસ્થાશ્રમમાં દાખલ થયેલો માણસ (૨) સારો ખાનદાન માણસ; સજ્જન. ૦સ્થતા સ્ત્રી૦. ૦સ્થાણી સ્ત્રી૦ ગૃહસ્થની સ્ત્રી; ગૃહિણી (નર્મદ). ૦સ્થાઈ સ્ત્રી૦ ગૃહસ્થપણું. ૦સ્થાવટ પું૦;સ્ત્રી૦ ગૃહસ્થાઈ. ૦સ્થાશ્રમ પું૦બ્રહ્મચર્યાશ્રમ પછીનો બીજો આશ્રમ.૦સ્થાશ્રમી વિ૦ ગૃહસ્થાશ્રમમાં આવેલું-રહેલું. ૦સ્થી વિ૦ ગૃહસ્થને લગતું (૨) સ્ત્રી૦[हिं.] ગૃહસ્થાઈ; ગૃહસ્થાશ્રમનું કામકાજ વગેરે. -હાંગણુ ન૦ ઘરનું આંગણું. -હિણી સ્ત્રી૦ ગૃહસ્થની સ્ત્રી; ઘરધણિયાણી. -હી પું૦ ગૃહસ્થાશ્રમી (૨) ઘરધણી [પું૦ગ્રહણ કરનાર

ગૃહીત વિ૦ [सं.] ગ્રહણ કરેલું (૨) માની લીધેલું. ગ્રહીતા

ગૃહ્ય વિ૦ [सं.] ગૃહનું; ગૃહ સંબંધી [લગ

ગે સ્ત્રી૦ ઘરના છાપરામાં ને છતમાં આવતું એક લાકડું;

ગેગડું ન૦ લખોટીઓને બદલે રમતમાં વપરાતું એક ફળ

ગેડ સ્ત્રી૦ પેડ; ગડી (કપડાની) (૨) સળ (કાગળનો) (૩) [કા.] બંધન (૪)[લા.] મેળ બેસવો તે; સયુક્તિકતા

ગેડાં ન૦બ૦વ૦ તાડછાં

ગેડી સ્ત્રી૦ ગેડીદડાની રમતમાં વપરાતી છેડેથી વાંકી લાકડી. ૦દડો પું૦ ગેડી અને દડો કે તે વડે રમાતી રમત. ૦બાજ વિ૦ ગેડીદડામાં કુશળ (ખેલાડી). -ડો પું૦ ગેડી જેવી વળેલી મોટી લાકડી [બળદ

ગેણિયું,ગેણું ન૦ ઠીંગણો પણ વેગથી ચાલનાર એક જાતનો

ગેદળ ન૦ + ગજદળ

ગેન ન૦ પગની આંગળીનું એક ઘરેણું

ગેબ વિ૦ [अ.] ન દેખાય એવું; અદૃશ્ય (૨) ન૦ ગેબ હોય તે; અદૃષ્ટ. -બી વિ૦ ગુપ્ત; અદૃશ્ય; ગૂઢ

ગેમે અ૦(કા.) સમૃદ્ધિથી ભરપૂર; સર્વ પ્રકારે અનુકૂળ

ગેય વિ૦[सं.]ગવાય એવું કે ગાવા જેવું. ૦તા સ્ત્રી૦,૦ત્વ ન૦

ગેર પું૦ ગરેલો ભૂકો

ગેર (ગૈ) [फा.] 'નિષેધ,અભાવ, ખોટું' એવો અર્થ દર્શાવનાર પૂર્વગ. ૦આબરૂ સ્ત્રી૦અપકીર્તિ;બદનામી. ૦ઇન્સાફ પું૦ અન્યાય. ૦ઉપયોગ પું૦દુરુપયોગ. ૦કાયદે વિ૦(૨)અ૦ કાયદા વિના; કાયદાવિરુદ્ધ. ૦કાયદેપણું ન૦કાયદા વગર કે સામે હોવું તે. ૦કાયદેસર અ૦ગેરકાયદે;કાયદા પ્રમાણે નહિ. ૦ખુશી સ્ત્રી૦ નારાજી. ૦ફાયદો પું૦ ગેરલાભ. ૦બંદોબસ્ત પું૦ અવ્યવસ્થા. ૦મરજી સ્ત્રી૦ નારાજી. ૦માહિત(૦ગાર) વિ૦ અજાણ; બિનવાકેફ. ૦માહિતી (-તગારી) સ્ત્રી૦. ૦મુનાસ(-સિ)બ વિ૦ ગેરવાજબી. ૦રસ્તે અ૦ખોટી રીતે; બેકાયદે. ૦રીત સ્ત્રી૦ખોટી રીત. ૦લાભ પું૦ ખોટ; નુકસાન (૨) ખોટો લાભ. ૦વર્તણુક સ્ત્રી૦ખરાબ રીતભાત-વર્તન. ૦વલ્લે અ૦જ્યાંથી ન જડે એવી જગાએ; ખોટી જગાએ. ૦વહીવટ પું૦અવ્યવસ્થા; અંધેર. ૦વાજબી વિ૦ અયોગ્ય; અઘટિત. ૦વાટે અ૦ આડે-અનીતિને માર્ગે. ૦શિરસ્તો પું૦ ખોટી રીત. ૦સમજ(-જૂત,-જૂતી) સ્ત્રી૦ ખોટી સમજ. ૦સાવધ વિ૦ અસાવધ; ગાફેલ. ૦સોઈ સ્ત્રી૦ અગવડ; સોઈનો અભાવ. ૦હાજર વિ૦ હાજર નહિ તેવું. ૦હાજરી સ્ત્રી૦

ગેરત સ્ત્રી૦ [अ.] માન-આબરૂનું ભાન; લાજશરમ

ગેરવવું સ૦ક્રિ૦ પાડવું; ખંખેરવું

ગેરવો પું૦ ઘઉંના ખેતરમાં થતો એક રોગ

ગેરુ પું૦;ન૦ એક જાતની લાલ મટોડી (૨) જુઓ ગેરવો

ગેરુઓ(-વો) પું૦ ગેરુનો-ભગવો રંગ

ગેરો પું૦ ગરેલો ભૂકો; રજ [ગેલ કરવું

ગેલ સ્ત્રી૦લાડ(૨)લાડભર્યો ખેલ(૩)વાટ;રસ્તો. ૦વું અ૦ક્રિ૦

ગૅલન પું૦[इं.] પ્રવાહીનું વિલાયતી માપ (આશરે દશ શેર)

ગૅલરી સ્ત્રી૦ [इं.] એક પછી એક હાર ઊંચીઊંચી ગોઠવી હોય એવી બેઠક (નાટકશાળામાં હોય છે તેવી) (૨) છજું

ગૅલી સ્ત્રી૦[इं.](છાપખાનામાં) ગોઠવેલાં બીબાંના ચોકઠાને મૂકવાનું લંબચોરસ પતરું કે પાટિયું (૨) [લા.] ગૅલીપ્રૂફ. ૦પ્રૂફ ન૦ ગૅલીનાં બીબાં પરથી કઢાતું પ્રૂફ [એવો વાયુ

ગૅસ પું૦[इं.]વાયુરૂપી પદાર્થ (૨)કોલસામાંથી કઢાતો બળે

ગેસાળી સ્ત્રી૦ ઘૂળ [જેહુ(કા.)

ગેસુ પું૦ વાળની લટ; જુલફું (૨) ગેસુડી. ૦ડી સ્ત્રી૦ ઘૂળ;

ગેહ ન૦ [सं.] ઘર. ૦ગોધા સ્ત્રી૦ ગૃહગોધા; ગરોળી. ૦પતિ પું૦ ગૃહપતિ. ૦લક્ષ્મી પું૦ ગૃહલક્ષ્મી

ગેહવાલ ન૦ એક પક્ષી

ગેહિની સ્ત્રી૦[सं.] ગૃહિણી

ગેંગું વિ૦ સહેજમાં રડી પડે એવું

ગેંગાટ પું૦ ભારે શોક

ગેંધટ વિ૦ ચકચૂર; મસ્ત

ગેંડી સ્ત્રી૦ ગેંડાની માદા. -ડો પું૦ એક જંગલી જાનવર

ગેંદ સ્ત્રી૦ [हिं.] દડી (ખાસ કરીને ફૂલ કે રેશમની)

ગેંદલ વિ૦(કા.) મોટું; સમૃદ્ધ

ગૈ સ્ત્રી૦[सं.] ગાય (૨) ઇંદ્રિય (૩) વાણી (૪) પૃથ્વી (૫) આકાશ. ૦કર્ણ પું૦ ગાયનો કાન (૨) ખચ્ચર (૩) સાપ (૪) અંગૂઠાથી અનામિકા સુધીના વિસ્તારનું પ્રમાણ (૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જાતનો મૃગ(૬)ગાયના કાનના આકારમાં વાળેલો હાથ (૭)ન૦ એક ઘોળું ફૂલ (૮) [સં.] દક્ષિણમાં આવેલું શિવનું એક પ્રસિદ્ધ તીર્થ. ૦કર્ણાસ્થિ ન૦ ગાયના કાનના આકારનું હાડકું; 'સ્કેફોઇડ બોન'. ૦કર્ણી સ્રી૦ એક વનસ્પતિ; દુર્વા. ૦કશી સ્રી૦ ગોવધ. ૦કળઆઠમ સ્રી૦ શ્રાવણ વદ આઠમ; કૃષ્ણની જન્મતિથિ. ૦કળગાય સ્રી૦ ચોમાસામાં થતું એક લાલ અને સુંવાળું જીવડું; ઇંદ્રગોપ(૨)શિંગડાંવાળું એક જીવડું (તેને પરમેશ્વરની ગાય પણ કહે છે). ૦કળિયું ન૦ ગોકુળ (લાલિત્યવાચક) (૨) વિ૦ ગોકુળનું,-ને અંગેનું. ૦કળગાંડું વિ૦ગોકુળની ગોપી જેવું ગાંડું; સાવ ભાન વગરનું. ૦કળી પું૦ ગાયોનો ગોવાળ; રબારી(કા.).
૦કિ(-કી)લ ન૦ જુઓ ગોકીલ

ગોકીરો પું૦ શોરબકોર; ઘોંઘાટ

ગોકીલ ન૦ [સં.] હળ (૨) ખેતરમાં ઢેફાં ભાગવાનું મુસળ

ગોકુલ(-ળ) ન૦[સં.]ગાયોનું ટોળું (૨)[સં.] મથુરા પાસેનું, કૃષ્ણ જ્યાં ઊછર્યા હતા તે ગામ. ૦ચંદ,૦નાથ પું૦[સં.] કૃષ્ણ. ૦પુરી સ્રી૦ (સં.) ગોકુળ ગામ (૨) [લા.] બધી બાબતોમાં સુખી એવું કુટુંબ કે ગામ (૩) અતિ આનંદ.
-ળિયો રોગ પું૦ વિરહને લીધે થતો રોગ

ગોખ પું૦ છજું; ઝરૂખો (૨) ગોખલો

ગોખણ ન૦ગોખવું તે. ૦પટ્ટી સ્રી૦ગોખી પાડવું તે. -ણિયું વિ૦ ગોખી પાડનારું કે ગોખણપટ્ટીનું

ગોખર પું૦ [સં.] ગાયોમાં ઊછરેલો ગધેડો

ગોખરુ પું;ન૦ એક વનસ્પતિ (૨) એનું કાંટાવાળું બીજ (૩) એક તરેહની ફીત [સ્રી૦ નાનો ગોખલો

ગોખલો પું૦ ગોખ. -લિયું ન૦ મધપૂડાનું ખાનું. -લી

ગોખવું સ૦ક્રિ૦ (મોઢે કરવા) વારંવાર બોલવું

ગોખાટવું સ૦ક્રિ૦ ગોખ ગોખ કરવું

ગોખો પું૦ પક્ષીનો માળો

ગોગડું વિ૦ (કા.) અસ્પષ્ટ ઉચ્ચારવાળું; તોતડું

ગોગળો પું૦(કા.)હડપચીની નીચેનો ગળા તરફ લચી પડતો ભાગ (૨) ઊંટ મસ્તીમાં આવે ત્યારે મોંમાંથી જીભની પાછળથી તાળવાનો ભાગ બહાર કાઢે છે તે

ગોગું વિ૦ માલ વગરનું (૨) આવડ વગરનું

ગોગ્રાસ પું૦[સં.] જમતા પહેલાં ગાયને માટે જુદું કાઢેલું અન્ન; ગવાનિક [સ્રી૦. -રી સ્રી૦ ભિક્ષા

ગોચર વિ૦ [સં.] ઇંદ્રિયગમ્ય (૨) ન૦ ગૌચર; ચરો. ૦તા

ગોચલું ન૦ વર્તુલાકારમાં એકઠા થવું તે; ટોળું

ગોઘ્ન વિ૦[સં.] ગોહત્યારું; ગાય મારનાર

ગોજું વિ૦ ગંદું

ગોઝાર સ્રી૦ જુઓ ગજાર

ગોઝારું વિ૦ ગાયની હત્યા કરનાર; પાપી (૨) જ્યાં હત્યા થઈ હોય એવું; અપવિત્ર. -રો પું૦ ગોઘ્ન (૨) હત્યારો

ગોટ પું૦ઘૂંટડો(૨)ગોટો(ધુમાડાનો)(૩)બૈરાં તથા છોકરાંને હાથે પહેરવાનું એક ઘરેણું. (૪) બીજા રંગના કપડાને ઓટીને મૂકેલી કિનાર (જેમ કે, બનૂસ, સ્રીના કબજાને)

ગોટપીટ ન૦ (૨૧૦) અંગ્રેજી કે તે બોલવું તે (કટાક્ષમાં)

ગોટપો(-મો)ટ અ૦ જુઓ ગુટપુ(-મુ)ટ

ગોટલી સ્રી૦ નાનો ગોટલો (૨) ગોટલાની અંદરની મીજ (૩)[લા.]કામમાંથી ગપોલિયું. -લો પું૦ફળની અંદરનું કોટલાવાળું બીજ (૨) કઠણ માંસપિંડ

ગોટવવું સ૦ ક્રિ૦ 'ગોટાવું'નું પ્રેરક

ગોટાકોર સ્રી૦ ફૂલના ગોટા ગૂંથેલી કોર

ગોટાવું અ૦ક્રિ૦ ગોળ ગોળ ગોટા વળવા (૨) ધુમાવું (૩) ગૂંચાવું. -ળો પું૦ અવ્યવસ્થા (૨) ગૂંચવણ

ગોટિયું ન૦પાઘડીનું બોતાનું (૨) ખોયણું; ધુમાતું ઉમાડિયું

ગોટી સ્રી૦ ગોળી (૨) નાની ગાંઠ (૩) કસબ બળ્યા પછી રહેલી ધાતુની ગોળી

ગોટી(-ટી)મડું,ગોટીલું ન૦ ગુલાંટ

ગોટીલો પું૦ પીંજણની તાંતને થડકાવવાનું ઓજાર (૨) નક્કર ગોળો; દડો (૩) કાંઠલો (૪) કપડાંનો વણેલો સાટકો

ગોટો પું૦ ગોળો; પિંડો (૨) ફૂલનો તોરો; કલગી (૩) ગલગોટો (૪) વાદળા જેવો ગોળો (ધૂળ,ધુમાડાનો) (૫) ફળની અંદરની ગોળ ચીજ; ઉદા૦ નાળિયેરનો ગોટો (૬) [લા.] છબરડો; ગોટાળો. ૦પોટો પું૦ ગોળો; પિંડાળો

ગોઠ સ્રી૦ છાની-અંતરની વાતચીત; ગુંજ (૨) મિજબાની; ઉજાણી (૩) મશ્કરી; ટોળ (૪) મિત્રતા (૫) ભેટ (ખાસ કરીને હોળીના દિવસોમાં ગુલાલ ઇ૦ છાંટનારને અપાતી)

ગોઠ,૦ડું ન૦ ગામડું

ગોઠડી સ્રી૦ છાની-અંતરની વાતચીત (લાલિત્યવાચક)

ગોઠડું ન૦ ભેટ; ગોઠ (૨) ગામડું

ગોઠણ પું૦ ઘૂંટણ; ઢીંચણ (૨) સ્રી૦ ગોઠિયણ; સ્રી મિત્ર.

ગોઠણી સ્રી૦ઉતરડની બેસણી; ઈંઢોણી; સૂંથિયું (૨)ગોઠવણ. -વવું સ૦ક્રિ૦ વ્યવસ્થિત બંધબેસતું મૂકવું કે કરવું. -વણ(-ણી) સ્રી૦ ગોઠવવાની રીત; રચના (૨) સગવડ; બંદોબસ્ત

ગોઠવું અ૦ક્રિ૦ અનુકૂળ આવવું; ગમવું

ગોઠાઈ સ્રી૦ + લોંઠાઈ [ગોઠણ

ગોઠિયો પું૦ મિત્ર; દોસ્ત. -યણ સ્રી૦ સ્રીમિત્ર; સખી;

ગોઠી પું૦ જૈન દેરાસરનો નોકર-પૂજારી

ગોઠીમડી સ્રી૦ એક વનસ્પતિ; કોઠીમડી

ગોઠીમડું ન૦ કોઠીમડું (૨) ગોટીમડું [નિરાંત

ગોઠો પું૦ ઢોર બાંધવાનું સ્થળ(૨)પક્ષીનો માળો (૩) જંપ;

ગોડ [ગૉ] ન૦ શરીર ઉપર થતી ગાંઠ; ઢીમણું

ગોડ સ્રી૦ ગોડવું તે. ૦વું સ૦ક્રિ૦ ખોદવું

ગોડાઉન સ્રી૦;ન૦ [ઇં.] માલ ભરવાની વખાર; ગોદામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોડાકી સ્ત્રી૦ ચાલાકી; લુચ્ચાઈ

ગોડિયો પું૦ જાદુગર

ગોડી સ્ત્રી૦ એક રાગિણી; ગૌડી (૨) [ગ્રા.] મીઠાશ;મધુરતા

ગોડે અ૦ (ફા.) પેઠે; જેમ (૨) -ની સાથે-સોબતમાં

ગોત સ્ત્રી૦ શોધ; ખોળ (૨) + ન૦ ગોત્ર; કુળ

ગોતડી સ્ત્રી૦ ગળું

ગોતમ પું૦ [સં.] (સં.) એક ઋષિ; અહલ્યાના પતિ (૨) ન્યાયદર્શનના સંસ્થાપક ઋષિ. **-મી** સ્ત્રી૦(સં.)અહલ્યા

ગોતર ન૦ + ગોત્ર; કુળ. ૦જ પું૦;સ્ત્રી૦ગોત્રજ જુઓ. ૦હું ન૦ ગોતરજની પૂજા માટે આણેલી માટી અથવા વસ્તુ. **-રી** વિ૦ જુઓ ગોત્રી [ભૂકો (ઢોરનું ખાણ)

ગોતર [ગો] ન૦ કડેળની શિંગોનાં ફોતરાં અને પાંદડાંનો

ગોતવું સ૦ક્રિ૦ શોધવું; ખોળવું. **-વણ** સ્ત્રી૦ શોધ;ખોળ

ગોતાગોત સ્ત્રી૦ ખોળંખોળા

ગોતીત વિ૦ [સં.] અગોચર; ઇંદ્રિયાતીત

ગોતું ન૦ ઢોરને માટે બાફેલું ખાણ (૨) [લા.] ગમે તેમ રાંધેલું કે ટાઢું ને સ્વાદ વગરનું અન્ન

ગોત્ર ન૦[સં.] વંશ; કુલ; 'ટ્રાઈબ' (કોઈ ખાસ મુનિથી શરૂ થતું). ૦ગમન ન૦સગોત્ર સાથે લગ્ન કે શરીરસંબંધ. ૦જ વિ૦ ગોત્રમાં જન્મેલું (૨) પું૦;સ્ત્રી૦ કુલદેવતા; ગોતરજ. ૦પતિ પું૦ગોત્રનો મુખ્ય પુરુષ. ૦સમાસ પું૦જુદાં જુદાં ગોત્રોનું ભળવું તે. ૦સ્ખલન ન૦ ભૂલથી બીજાનું નામ બોલાઈ જવું તે.૦હા પું૦(સં.)ઇંદ્ર. **-ત્રી** વિ૦એક ગોત્રનું

ગોથ વિ૦ ચાર (સંકેતની ભાષામાં) (૨) સ્ત્રી૦ઊંધે માથે ફરી જવું તે; ગુલાંટ (પતંગની) (૩) ભૂલથાપ; ગોથું

ગોથણો પું૦ ધૂંસરી નાડવાનો ખીલો

ગોથપડી વિ૦ ચૌદ (વેપારીઓનો સંકેત)

ગોથાટવું સ૦ક્રિ૦ ગોથે ગોથે મારવું

ગોથાવું અ૦ક્રિ૦ ગોથાં ખાવાં; ગોથાં ખાતા રખડવું

ગોથિક [ઇં.] સ્ત્રી૦ પ્રાચીન ગૉથ લોકની ભાષા

ગોથું ન૦ માથું નીચે હોય તેવી શરીરની સ્થિતિ (૨) ગુલાંટ (૩) માથું મારવું તે (૪) [બ૦વ૦] નકામાં ફાંફાં (૫)[લા.] ભૂલથાપ [અંતરાય

ગોદ સ્ત્રી૦ ખોળો (૨) વારંવાર ટોકયા કરવું તે (૩) ડખલ;

ગોદડ વિ૦ ખડબચડું (૨) ગોસાંઈઓની એક જાત

ગોદડિયું વિ૦ ખડબચડું ને જાડું (૨) ગોદડીમાં હોઈ એ ને થતું-રાતનું (ગ્રહણ) (૩) ન૦ એક જાતનો શીતળાનો રોગ

ગોદડી સ્ત્રી૦ નાનું ગોદડું (૨) લૂગડાંના કકડા વગેરે ગોઠવીને કરાતું હલકું પાતળું ઓઢણ કે પાથરણું (૩)ગાયની ડોક નીચેની લબડતી જાડી ચામડી. **-ડું** ન૦રૂ ભરીને કરાતું મોટું ઓઢણ કે પાથરણું

ગોદવું સ૦ક્રિ૦ ખોદવું [કરવું; ટોકવું

ગોદાટવું સ૦ક્રિ૦ ગોદા મારવા (૨) [લા.] વારંવાર કહ્યા

ગોદાન ન૦[સં.]ગાયનું દાન(૨)કેશ કપાવવાનો સંસ્કાર-વિધિ

ગોદામ સ્ત્રી૦; ન૦ ગોડાઉન; ગોદી [(સંકેતમાં)

ગોદાવરી સ્ત્રી૦ [સં.] (સં.) દક્ષિણની એક નદી(૨)વિ૦બાર

ગોદાવવું સ૦ક્રિ૦ 'ગોદવું'નું પ્રેરક (૨) ગોદા મારવા (૩) [લા.] ટોકીને જાગ્રત કે સતેજ કરવું

ગોદી સ્ત્રી૦અંદર પાણી કઢાયઘલાય એવી સગવડવાળું,વહાણો બાંધવાનું અને ઊભાં રાખવાનું બંદર (૨) ગોડાઉન

ગોદો પું૦ મુક્કો; ઠોંસો (૨) [લા.] ખોટ; નુકસાન

ગોધણ ન૦ ગાયોનું ટોળું; ગોધન

ગોધન ન૦ [સં.] ગાયોરૂપી ધન-દોલત (૨) ગોધણ

ગોધરિયું વિ૦ ગોધરા તરફનું (લાકડું)

ગોધલિયું ન૦ નાનો બળદ; વાછરડો

ગોધાઈ સ્ત્રી૦ એક જાતની ભૂતડી

ગોધુલગન ન૦ ગોરજ-સમીસાંજનું લગ્ન

ગોધુ(-ધૂ)મ પું૦બ૦વ૦ [સં.] ઘઉં

ગોધું ન૦ જુઓ ગોધલિયું

ગોધૂમ પું૦બ૦વ૦ [સં.] ગોધુમ; ઘઉં

ગોધૂલિ(-ળિ)ક વિ૦ [સં.] ગોરજ--સમીસાંજનું (લગ્ન)

ગોધૂળિયું ન૦ ગોધુલગન

ગોધો પું૦ આખલો;ખસી નહિ કરેલો બળદ [તેવું ઘરેણું

ગોપ પું૦ (પુરુષનું) કોટનું એક ઘરેણું. ૦હાર પું૦(સ્ત્રીનું)

ગોપ પું૦[સં.] ગોવાળિયો. ૦કાવ્ય ન૦ ગ્રામજીવન વર્ણવતું કાવ્ય;'પૅસ્ટોરલ'. ૦જા સ્ત્રી૦ ગોપકન્યા; ગોપી

ગોપદ ન૦ [સં.] ગાયનું પગલું; ગોષ્પદ

ગોપન ન૦,**-ના** સ્ત્રી૦ [સં.] સંરક્ષણ (૨) ગુપ્ત રાખવું તે. **-નીય** વિ૦ ગોપ્ય;ગુપ્ત રાખવા યોગ્ય

ગોપવવું,ગોપવું સ૦ક્રિ૦ સંતાડવું; છુપાવવું

ગોપાલ(-ળ),૦ક પું૦[સં.] ગોવાળિયો (૨) રાજા(૩) [સં.] કૃષ્ણ. **-લિકા,-લી** સ્ત્રી૦ ગોપી (૨) એક વનસ્પતિ

ગોપાષ્ટમી સ્ત્રી૦ [સં.] કાર્તક સુદ ૮

ગોપી,-પિકા સ્ત્રી૦[સં.] ગોવાળણ (૨) વૃંદાવનની કૃષ્ણભક્ત ગોપી. ૦જન સ્ત્રી૦બ૦વ૦ ગોપીલોક

ગોપીચંદન ન૦ ટીલું કરવામાં વપરાતી એક પીળી માટી

ગોપુર ન૦[સં.] શહેરનો કે મંદિરનો દરવાજો (૨) મુખ્ય દ્વાર

ગોપ્તા પું૦[સં.] રક્ષક; વાલી

ગોપ્ય વિ૦[સં.] ગુપ્ત રાખવા યોગ્ય; ગોપનીય

ગોફ પું૦ કોટનું એક ઘરેણું (૨)હાથનું એક ઘરેણું (૩) રાસ રમતાંની સાથે હાથમાંનાં રંગબેરંગી દોરડાં ગૂંથાતાં જાય છે તે રમત

ગોફણ સ્ત્રી૦ગોળા-પથરા ફેંકવાનું જોતર જેવું સાધન.**-ણિયું** વિ૦ ગોફણના કામનું;કઠણ (પથ્થર).**-ણિયો** પું૦ગોફણમાં ફેંકવાનો ગોળો (૨) [લા.] લાડુ (વ્યંગમાં) [ઘરેણું

ગોફણુડો,ગોફણી સ્ત્રી૦ અંબોડે લટકાવવાનું સ્ત્રીઓનું એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોફણો પું૦ ગોફણી(૨)તુંગા પર જડેલો લાકડાનો એક ભાગ
ગોબર ન૦ (ગાયનું) છાણ (૨) છાણાંનો ભૂકો
ગોબરુ પું૦ એક જાતની શીતળા; ગોદડિયું
ગોબરું વિ૦ ગંદું (૨) ન૦ ગોબર
ગોબરો પું૦ ધૂંસરી બાંધવાની હળની દાંડી
ગોબો પું૦ પછડાયાથી ધાતુની બનેલી વસ્તુની સપાટીમાં પડેલો ખાડો. –બાવું અ૦ ક્રિ૦ ગોબો પડવો
ગોબ્રાહ્મણપ્રતિપાલ(–ળ) વિ૦ (૨) પું૦ [સં.] ગાય ને બ્રાહ્મણનો રક્ષક (રાજા)
ગોમ સ્ત્રી૦ ખોડ (ખાસ કરીને ઘોડાની) (૨) આનાકાની
ગોમટો પું૦ વણાટમાં જોગ પાડવા કરાતી રચના; રાચ
ગોમય(–ળ) ન૦ [સં.] ગાયનું છાણ
ગોમંડલ(–ળ) ન૦ [સં.] પૃથ્વીનો ગોળાકાર–ચક્ર
ગોમાયુ ન૦ [સં.] શિયાળ
ગોમાંસ ન૦ [સં.] ગાયનું માંસ
ગોમુખ ન૦[સં.]ગાયનું મોઢું (ખાસ કરીને પથ્થર વગેરેમાંથી બનાવેલું) (૨) એક જાતનું નગારું. –ખી સ્ત્રી૦ માળા જપવાની ગાયના મુખના આકારની કોથળી
ગોમૂત્ર ન૦ [સં.]ગાયનું મૂતર; ગૌમૂત્ર. –ત્રિકા સ્ત્રી૦ગાયના મૂતરની ધાર જેવી આકૃતિ (૨)એક પ્રકારનું ચિત્રકાવ્ય
ગોમેદ પું૦ [સં.]એક જાતનો હીરો; પોખરાજ [યજ્ઞ
ગોમેધ પું૦[સં.] જેમાં ગાયનો ભોગ આપવાનો હોય તેવો
ગોયણી સ્ત્રી૦ ગોરાણી (૨) સૌભાગ્યવતી સ્ત્રી (૩) વ્રત નિમિત્તે જમવા બોલાવેલી સૌભાગ્યવતી સ્ત્રી
ગોયરો સ્ત્રી૦ ગોરમાનું વ્રત
ગોર [ગો] પું૦ [ફા.] વિચાર; મનન
ગોર પું૦ (છાણાંનો) ભૂકો; ગોરો (૨) ઢોરનો સમૂહ
ગોર [ગો] પું૦પુરોહિત (૨) પંડો (૩)સ્ત્રી૦['ર'માં યશ્રુતિ] જુઓ ગોરમા. ૦પદું ન૦યજમાનવૃત્તિ; ગોરનું કામ
ગોરક્ષ વિ૦ [સં.] ગાયોનું રક્ષણ કરનારું (૨) ઇંદ્રિયોને કબજે રાખનારું. ૦ક પું૦ ગાયોનું રક્ષણ કરનાર; ગોવાળ. ૦ણ ન૦,–ક્ષા સ્ત્રી૦ગાયોનું રક્ષણ. ૦ણી વિ૦ગૌરક્ષણને લગતું
ગોરખ વિ૦ ઇંદ્રિયોને સ્વાધીન રાખનારું; સંયમી (૨)પું૦ શિવમાર્ગી સાધુઓનો એક પ્રકાર. ૦ધંધો પું૦ ગોરખપંથી રાખે છે એવું એક યંત્ર (૨) એકના એક કામનું નિરર્થક પુનરાવર્તન. ૦પંથ પું૦ ગોરખ સાધુઓનો પંથ. ૦પંથી વિ૦ ગોરખપંથનો અનુયાયી [ફળ
ગોરખઆમલી,ગોરખઆંબલી સ્ત્રી૦એક ઝાડ (૨) એનું
ગોરખગાંજો,ગોરખબુટ્ટી પું૦ એક વનસ્પતિ
ગોરખમૂંડી સ્ત્રી૦ એક વનસ્પતિ
ગોરજ સ્ત્રી૦ [સં.] ગાયોના ચાલવાથી ઊડતી રજ–ધૂળ(૨) [લા.] સમીસાંજ. ૦લગ્ન ન૦ સમીસાંજનું લગ્ન
ગોરજી પું૦ જૈન સાધુ–ધર્મોપદેશક

ગોરટ,–ટિયું,–ટું વિ૦ ગોરું; ગોરાટ
ગોરડ,–ડિયો બાવળ પું૦ એક વનસ્પતિ
ગોરણી સ્ત્રી૦ જુઓ ગોયણી
ગોરતો પું૦ સૌભાગ્યવતી સ્ત્રીઓને જમાડવાનું એક વ્રત
ગોરધન પું૦ (સં.) જુઓ ગોવર્ધન
ગોરપદું ન૦ જુઓ 'ગોર[ગો]'માં
ગોરબસરા ન૦ એક પક્ષી
ગોરમટી સ્ત્રી૦ લાલ–પીળી માટી; મરોડી [વ્રત
ગોરમા સ્ત્રી૦ગૌરી; પાર્વતી(૨)કુમારિકાઓનું ગૌરીપૂજાનું
ગોરલ વિ૦ વહાલું; પ્રિય
ગોરવ પું૦ વર અને એનાં સગાંનું ગૌરવ–માન વધારવા કન્યાપક્ષ તરફથી કરાતું જમણ
ગોરસ ન૦ [સં.] દૂધ, દહીં વગેરે (૨) તે રાખવાનું પાત્ર; ગોરસી. ૦ડું ન૦ જુઓ ગોરસું. ૦શાસ્ત્ર ન૦ 'ડેરીઇંગ'. ૦શાસ્ત્રી પું૦ગોરસશાસ્ત્રનો વિદ્વાન. –સિયું વિ૦ગોરસવાળું (૨) ન૦ જુઓ ગોરસ. –સી સ્ત્રી૦,–સું ન૦ દહીં દૂધ રાખવાનું માટીનું વાસણ; દોણી
ગોરંભ(–ભા)વું અ૦ક્રિ૦ઘનઘોર થવું (વાદળાંથી આકાશનું) (૨) ઘુમાવું (૩) સૂઝ ન પડવાથી ગૂંચવાવું. ગોરંભો પું૦ ગોરંભાવું તે; ગૂંચવણ (૨) ઘેરો(૩)વાદળાં ચડી આવવાં તે
ગોરાટ વિ૦ જુઓ ગોરટ [મારતી (માટી વા જમીન)
ગોરાટ(–ડુ) વિ૦ પોચી, રેતાળ અને લાલાશ વા પીળાશ
ગોરાણી સ્ત્રી૦ ગોરની સ્ત્રી (૨) ગુરુપત્ની કે સ્ત્રી ગુરુ
ગોરાંદે,ગોરી સ્ત્રી૦ ગોરા દેહવાળી સ્ત્રી
ગોરિયો પું૦ વાછડો (બહુધા ગોરો)
ગોરીલો પું૦ એક જાતનો મોટો વાંદરો
ગોરુચંદન ન૦ ગોરોચન
ગોરું વિ૦ સફેદ–ઊજળા રંગનું. –રાશ સ્ત્રી૦ ગૌરતા. ૦ભક(–ફાક) એકદમ ગોરું. –રો પું૦ ગોરી ચામડીનો પરદેશી (યુરોપ અમેરિકા વગેરે દેશોનો) માણસ
ગોરોચન ન૦,–ના [સં.] સ્ત્રી૦ ગાયના માથામાંથી મળતી કે તેના પિત્ત યા મૂત્રમાંથી બનાવાતી એક ઔષધિ
ગોલ પું૦[ઇં.] (ફૂટબોલ વગેરે રમતોમાં) પોયું
ગોલ(–ળ) વિ૦[સં.]વર્તુલના–દડાના આકારનું(૨)પું૦ ગોળ આકાર. –લક પું૦ ગોળો (૨) વિધવાને જારકર્મથી થયેલો પુત્ર(૩) ગોલો. –લા(–ળા)ર્ધ પું૦ અર્ધ ગોળ (૨) પૃથ્વીનો અર્ધો ગોળો. –લીય વિ૦ 'સ્ફેરિકલ' [ગ.]
ગોલક પું૦ પૈસા નાખવાનો ગલ્લો–પેટી (૨)ન૦ ઇંદ્રિયોનું અધિષ્ઠાન–જે દ્વારા તેનું કામ થાય છે તે જગા
ગોલણ,–વાડ જુઓ 'ગોલો'માં
ગોલમાલ પું૦ [હિં.] ગરબડગોટો; અવ્યવસ્થા
ગોલવું સ૦ ક્રિ૦ પગ વડે ખૂંદી નાંખવું
ગોલંદાજ પું૦ [ફા.] તોપચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોલાબારૂદ પું૦ દારુગોળો

ગોલા(-ળા)ર્ધ,ગોલીય [સં.] જુઓ 'ગોલ [સં.]'માં

ગોલો પું૦ એ નામની જ્ઞાતિનો માણસ (૨) જનાનખાનાનો નોકર (૩) ગંજીફાનું એક પત્તું. -લણ સ્ત્રી૦ ગોલાની સ્ત્રી; ગોલી.-લવાડ સ્ત્રી૦ ગોલાઓનો વાસ.-લાપો પું૦ ગોલાપણું; દાસત્વ.-લાં ન૦બ૦વ૦જનાનખાનાનાં હલકા દરજ્જાનાં દાસદાસી. -લી સ્ત્રી૦ ગોલણ (૨) વડારણ

ગોલોક પું૦ [સં.] (સં.) વિષ્ણુ વા કૃષ્ણનું નિવાસસ્થાન

ગોલ્લૈયો પું૦ વગર નોતરે જમતો ફરતો આદમી

ગોલ્લો પું૦ વાછડો (૨) માતાનો ચુસ્ત ભક્ત (૩) ગોલ્લૈયો (૪) ગંજીફાનો ગોલો-એક પાનું

ગોવધ પું૦ [સં.] ગાયનો વધ

ગોવરું ન૦ શીતળાની જાતનો એક રોગ; ગોબરુ

ગોવર્ધન પું૦ [સં.] (સં.) વૃંદાવનમાં આવેલો એક ડુંગર. ૦ધર,૦ધારી પું૦ (સં.) કૃષ્ણ

ગોવવું સ૦ક્રિ૦ ફસાવવું

ગોવંશ પું૦ [સં.] ગાયની ઓલાદ; બળદ

ગોવાગ(૦ર)ણ સ્ત્રી૦ ગોવા તરફની સ્ત્રી [ગોવાગણ

ગોવાગરું વિ૦ ગોવા તરફનું; ગોવાનું. -રણ સ્ત્રી૦ જુઓ

ગોવારું ન૦ ગાય-ઢોરનું ટોળું

ગોવાલ(-ળ)ણી સ્ત્રી૦ ગોવાળણ

ગોવાવું અ૦ક્રિ૦ વગોવાવું (૨) 'ગોવવું'નું કર્મણિ

ગોવાળ,-ળિયો,-ળો પું૦ ગાય-ઢોર ચરાવનારો. ૦ણ (-ણી) સ્ત્રી૦ગાય-ઢોર ચરાવનારી;ગોવાળની સ્ત્રી. ૦બકરી સ્ત્રી૦ છોકરાંની એક રમત. -ળી સ્ત્રી૦ ગોવાળનો ધંધો

ગોવાંદરું ન૦ ગોંદરું; પાદર

ગોવિંદ પું૦ [સં.] (સં.) કૃષ્ણ

ગોવૃંદ ન૦ [સં.] ગાયોનું ટોળું

ગોવ્રજ ન૦ [સં.] ગાયોને બાંધવાનો વાડો (૨) ગાયોને ચારવાની જગા (૩) ગાયોનું ટોળું

ગોશપેચ વિ૦ [फा.] કાન ઢાંકી દે તેવું (પાઘડી માટે)

ગોશા પું૦ [फा.] ખૂણો; એકાંતસ્થાન. ૦નશીની,-શેગીરી સ્ત્રી૦અલગ રહેવું તે;એકાંતવાસ [પ્રતિસ્પર્ધી-આજીવક

ગોશાલક પું૦ (સં.) મહાવીરનો એક સમકાલીન અને

ગોશાલા(-ળા) સ્ત્રી૦ [સં.] જુઓ ગૌશાળા

ગોશાસ્ત્ર ન૦ [સં.] ગોપાલનનું-ગોરક્ષાનું શાસ્ત્ર

ગોશીતલા સ્ત્રી૦ શીતલા

ગોશ્ત ન૦ [फा.] ગોસ; માંસ

ગોષ્ઠ પું૦ [સં.] ગાયોનો વાડો (૨) ભરવાડવાડો

ગોષ્ઠિ(-ષ્ઠી) સ્ત્રી૦[સં.]વાતચીત; ગોઠડી (૨) મસલત; છૂપી વાતચીત (૩) એક પ્રકારનું એકઅંકી નાટક. ૦વિનોદ પું૦ ગોષ્ઠિ અને વિનોદ

ગોષ્પ(-ષ્પા)દ ન૦ [સં.] ગાયનું પગલું

ગોસ (વ૦ જમણી બાજુનું (સુકાન ફેરવવા વિષે) (૨) ન૦ માંસ (૩) સઢની નાથનું દોરડું (૪) [अ.] શ્રેષ્ઠ પદવીનો પીર

ગોસંખ્ય પું૦ [સં.] ગોવાળ

ગોસાંઈ પું૦ એક જાતનો સાધુ-વૈરાગી (૨) મૂળ ગોસાંઈ પણ હાલ ગૃહસ્થીમાં રહેતી એક નાત.૦જી પું૦ગોસ્વામી. -ઇયણ સ્ત્રી૦ ગોસાંઈની સ્ત્રી

ગોસેવા સ્ત્રી૦ [સં.] ગાય ને તેના વંશની સેવા. -વક પું૦ ગોસેવા કરનાર

ગોસ્વામી પું૦ [સં.] વૈષ્ણવોના આચાર્ય (૨) એક અડક

ગોહ સ્ત્રી૦,૦ર પું૦ ગુફા

ગોહત્યા સ્ત્રી૦ [સં.] ગાયને મારી નાખવી તે (૨) તેનું પાપ. ૦રું વિ૦ ગોહત્યા કરનારું (૨) ગોઝારું

ગોહાવું અ૦ક્રિ૦ અંધારે અટવાવું; ગૂંચાવું

ગોહિલ પું૦ એ નામની જાતનો કે અડકનો ક્ષત્રિય. ૦વાડ પું૦; ન૦ (સં.) કાઠિયાવાડનો એક ભાગ

ગોળ વિ૦ (૨) પું૦ જુઓ ગોલ (૩) પું૦ પરસ્પર કન્યાની લેવડદેવડ માટે નક્કી કરેલું નાતીલાઓનું જૂથ;ઘોળ. ૦ગોળ વિ૦ અસ્પષ્ટ; ઉડાઉ. ૦મટોળ વિ૦ બરાબર ગોળ (૨) [લા.] હૃષ્ટપુષ્ટ. ૦લાકડી સ્ત્રી૦ ગુડાલાકડી. -ળાઈ સ્ત્રી૦ ગોળપણું. -ળાકાર વિ૦ ગોળ. -ળાકૃતિ વિ૦ ગોળાકાર (૨) સ્ત્રી૦ ગોળ આકૃતિ, -ળાર્ધ પું૦ ગોલાર્ધ

ગોળ [ગો] પું૦ શેરડીના રસને ઉકાળીને બનાવાતું એક ખાદ્ય. ૦કેરી સ્ત્રી૦ ગોળવાળું કેરીનું એક અથાણું. ૦ગોળ વિ૦ નરમ; પૂર્ણ રીતે ચડી ગયેલું (૨) [લા.] જેનું મન પીગળી ગયું હોય-પૂર્ણ રીતે અનુકૂળ થઈ ગયું હોય એવું. ૦ચું ન૦ જેમાં ગોળનું પ્રમાણ વધારે હોય એવું અથાણું. ૦ધાણા પું૦બ૦વ૦ ગોળ સાથે ભેળવેલા ધાણા (માંગલિક અવસરે વહેંચાય છે). ૦પાપડી સ્ત્રી૦ એક મીઠી વાની; સુખડી

ગોળમેજી વિ૦ ગોળ મેજને ફરતા બેસીને ભરાતી (પરિષદ)

ગોળવા પું૦ સ્ત્રીઓનાં હાથનાં સોનાનાં કડાં

ગોળવો પું૦ ગોફણ વડે ફેંકવાનો ગોળો (૨) ઢૂંકો અને ગોળ મોભિયાનો કકડો (૩) ગોળો; ગોળ આકૃતિ [માં

ગોળાઈ,ગોળાકાર,ગોળાકૃતિ,ગોળાર્ધ જુઓ 'ગોળ વિ૦'

ગોળિયા કેરી સ્ત્રી૦ એક જાતનું કેરીનું અથાણું

ગોળિયો પું૦ ગોળનું ખાલી માટલું

ગોળી સ્ત્રી૦ નાની ગોળ વસ્તુ (૨) દવાની ગોળી; ગુટિકા (૩) બંદૂક કે પિસ્તોલમાં ભરીને મારવાની સીસાની ગોળી (૪) પાણી ભરવાની માટલી (૫) દહીં વલોવવાનું ગોળ વાસણ (૬) અંદોહ. ૦ડું ન૦વલોવવાની ગોળી (૬). ૦બાર પું૦ બંદૂકમાંથી કે પિસ્તોલમાંથી ગોળી છોડવી તે

ગોળો પું૦ કોઈ પણ ગોળ વસ્તુ; પિંડો (૨) ગોફણથી મારવાનો પિંડો (૩) તોપથી મારવાનો સીસાનો પિંડો (૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી ભરવાની મોટી ગોળી (૫) પેટનો વાયુનો એક રોગ (૬)ગપગોળો. ૦પિં(-પીં)ડાળો પું૦ગોટાળો; સેળભેળ

ગોંગડો પું૦ જુઓ ગાંગડો

ગોંદરું ન૦ જુઓ ગાંદરું. -રો પું૦ જુઓ ગાંદરો

ગોંદળી સ્ત્રી૦ ગોળ, જાડું લાકડું

ગોંદો પું૦ રસોઈની બધી વાનીઓનો ખીચડો

ગોંધવું સ૦ક્રિ૦ બંધ જગામાં પૂરવું; કેદ કરવું

ગોંધળ પું૦ સેળભેળ; ખીચડો (૨) ગોટાળો

ગોંધિયારું વિ૦ ગોંધાઈ મરાય એવું બંધિયાર (૨) ન૦ઘોલકું

ગૌ સ્ત્રી૦ ગો; ગાય. ૦ગોટો પું૦ જુઓ ગોરોચન. ૦ગ્રાસ પું૦ જુઓ ગોગ્રાસ. ૦ચર ન૦ ગોચર; ચરો. ૦ચારણ વિ૦ (૨) પું૦ ગાયો ચારનાર. ૦દાન ન૦ ગાયનું દાન. ૦ધન ન૦ ગાયોરૂપી ધન. ૦બ્રાહ્મણપ્રતિપાલ(-ળ) વિ૦ ગાયો અને બ્રાહ્મણોનું પાલનપોષણ કરનાર (રાજા). ૦મુખ ન૦ ગાયનું મોં; ગોમુખ. ૦મુખિયું વિ૦ દેખીતું ગાયના મોં જેવું-દીન મુખવાળું. ૦મુખી સ્ત્રી૦ જુઓ ગોમુખી. ૦મુખું વિ૦ જુઓ ગૌમુખિયું. ૦મૂત્ર ન૦ ગાયનું મૂતર. ૦રક્ષણ ન૦, ૦રક્ષા સ્ત્રી૦ ગાયની રક્ષા. ૦શાલા(-ળા) સ્ત્રી૦ ગાયો રાખવાનું મકાન અથવા વાડો. ૦શીતળા પું૦(ગાયની)રસી મૂકીને કાઢેલા બળિયા

ગૌડ પું૦ [સં.] બંગાળાનો એક પ્રાચીન વિભાગ (૨) એક રાગ (૩) વિ૦ ગૌડ-બંગાળને લગતું. ૦મલ્લાર પું૦ મલાર રાગનો એક પ્રકાર. ૦સારંગ પું૦ સારંગ રાગનો એક પ્રકાર. ૦સારસ્વત વિ૦ (૨)પું૦ એ નામની બ્રાહ્મણોની એક જાત. -ડી સ્ત્રી૦ ગૌડ પ્રાંતની સ્ત્રી (૨) એક બોલી (૩) ગોળમાંથી કાઢેલો દારૂ (૪) એક રાગણી-ગોડી (૫) [કા. શા.] એક પ્રકારની કાવ્યરીતિ

ગૌડિયો પું૦ ગારુડી, મદારી

ગૌણ વિ૦ [સં.] મુખ્ય નહિ એવું. ૦ત્વ ન૦, ૦તા સ્ત્રી૦

ગૌતમ પું૦ [સં.] (સં.) બુદ્ધ ભગવાન (૨) ન્યાયદર્શનના સંસ્થાપક (૩) કૃપાચાર્ય. -મી સ્ત્રી૦ (સં.) કૃપી; દ્રોણાચાર્યની પત્ની (૨) ગોદાવરી નદીનું એક નામ

ગૌત્રા(-તરા)ટ ન૦ ત્રણ રાત પાળવાનું ગૌપૂજનનું સ્ત્રીઓનું એક વ્રત (ભાદરવા સુદમાં)

ગૌર વિ૦ [સં.] ગોરું. ૦વર્ણું વિ૦ ગોરા રંગનું (શરીર માટે). -રાંગ વિ૦ ગોરા અંગવાળું (૨) પું૦(સં.) ચૈતન્ય. -રાંગિની વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ ગોરી સ્ત્રી; યુરોપિયન સ્ત્રી

ગૌરવ ન૦ [સં.] ભાર; વજન (૨) મોટાઈ; મહત્તા (૩) આદર. ૦શાલી(-ળી) વિ૦ ગૌરવવાળું

ગૌરાંગ,-ગિની [સં.] જુઓ 'ગૌર'માં

ગૌરી સ્ત્રી૦[સં.] પાર્વતી(૨)આઠ વર્ષની બાળા(૩)સ્ત્રીઓના નામ સાથે માનાર્થે વપરાતો એક શબ્દ. ઉદા૦ 'વિમળાગૌરી'(૪) પું૦એક રાગ. ૦જ પું૦(સં.)કાર્તિકેય (૨)ન૦ અબરખ. ૦નંદન પું૦(સં.)ગણેશ. ૦પુત્ર પું૦(સં.) કાર્તિકેય(૨) ગણેશ. ૦પૂજન ન૦પાર્વતીની પૂજા(૨)એક વ્રત. ૦ફળ ન૦ એક ફળ. ૦શ પું૦(સં.)શિવ. ૦શિખર, ૦શંકર ન૦ (સં.) હિમાલયનું ઊંચામાં ઊંચું શિખર

ગૌહત્યા સ્ત્રી૦ જુઓ ગોહત્યા

ગ્યાસતેલ ન૦ ઘાસતેલ

ગ્રથન ન૦[સં.] જુઓ ગ્રંથન(૨)ઘાડું થઈ જવું-ગાંઠા પડી [જવા તે

ગ્રથલ વિ૦ ચકિત; આભું

ગ્રથવું સ૦ક્રિ૦ ગૂંથવું; ગાંઠવું (૨) રચવું; લખવું

ગ્રથિત વિ૦ [સં.] ગ્રથેલું

ગ્રસન ન૦ [સં.] ગ્રસવાની ક્રિયા

ગ્રસવું સ૦ક્રિ૦ પકડવું (૨) કોળિયો કરવો; ખાવું (૩) સૂર્ય-[ચંદ્રને રાહુએ ઘેરવું

ગ્રસિત વિ૦ [સં.] પકડાયેલું

ગ્રસ્ત વિ૦[સં.] ગ્રસાયેલું. -સ્તાસ્ત પું૦ ગ્રહણ છૂટ્યા પહેલાં સૂર્યચંદ્રનું આથમી જવું તે. -સ્તોદય પું૦ ગ્રહણની દશામાં સૂર્યચંદ્રનું ઊગવું તે

ગ્રહ પું૦ [સં.] (પ્રાચીન વ્યાખ્યા પ્રમાણે) સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એ નવમાંનો એક (૨)[અર્વાચીન વ્યાખ્યા પ્રમાણે] સૂર્યની આસપાસ ફરતો આકાશીય ગોળો (ઉદા૦ બુધ, શુક્ર, પૃથ્વી વગેરે)(૩) ગ્રહવું તે; ગ્રહણ(૪)પૂર્વગ્રહ (૫) ગીતના આરંભમાં જેનો પ્રયોગ થાય તે સ્વર. ૦ગણિત ન૦ ગ્રહોના ચલન ઇ૦નું ગણિત. ૦ણ ન૦ લેવું, પકડવું તે (૨) સમજ (૩) [જ્યો.] સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચંદ્રના આવવાથી કે સૂર્ય અને ચંદ્ર વચ્ચે પૃથ્વીના આવવાથી સૂર્ય અને ચંદ્રનું ઘેરાવું-ગ્રસાવું તે. ૦ણશીલ વિ૦ ગ્રહણ કરવાની આદતવાળું; 'રિસેપ્ટિવ'. ૦ણશીલતા સ્ત્રી૦. ૦દશા સ્ત્રી૦ગ્રહોની સ્થિતિ (૨) તેને કારણે થતી મનુષ્યની ભલી કે બૂરી અવસ્થા (૩) [લા.]દુર્દશા. ૦દાન ન૦ગ્રહની નઠારી અસર મટાડવા માટે અપાતું દાન. ૦નિરીક્ષા સ્ત્રી૦ગ્રહોનું નિરીક્ષણ. ૦પીડન ન૦, ૦પીડા સ્ત્રી૦ ગ્રહની અસરથી થતું દુઃખ. ૦બલ(-ળ) ન૦ ગ્રહનું જોર-સારી માઠી અસર. ૦ભાવ પું૦ ગ્રહથી થતી અસર; ગ્રહનું ફળ. ૦મખ પું૦ ગ્રહની શાંતિ અર્થે કરવાનો યજ્ઞ. ૦મંડલ(-ળ) ન૦ ગ્રહોનું મંડળ-માળા-ચક્ર. ૦યોગ પું૦ ગ્રહનો યોગ; સંજોગ. ૦રાજ પું૦સૂર્ય. ૦શાંતિ સ્ત્રી૦, ૦શાંતિ(-તે)ક ન૦ કોઈ પણ મંગળ કાર્યની શરૂઆતમાં ગ્રહોની માઠી અસર નિવારવા માટે કરાતી ધાર્મિક ક્રિયા. ૦સંગમ પું૦ ગ્રહોનો યોગ થવો-એકઠા થવું તે. -હેશ પું૦સૂર્ય

ગ્રહવું સ૦ક્રિ૦ લેવું; પકડવું(૨)સમજવું. -વાવું અ૦ક્રિ૦ [ગ્રહાવું (કર્મણિ)

ગ્રહશાંતિક ન૦, ગ્રહેશ પું૦ જુઓ 'ગ્રહ'માં

ગ્રંથ પું૦ [સં.] પુસ્તક (૨) [બત્રીસ અક્ષરનો બનેલો] અનુષ્ટુભ છંદનો શ્લોક (૩) બંધન. ૦કર્તા પું૦ પુસ્તક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચનાર. ૦કર્ત્રી સ્ત્રી૦ પુસ્તક રચનાર સ્ત્રી. ૦કાર પું૦ ગ્રંથકર્તા. ૦ન ન૦,૦ના સ્ત્રી૦ ગૂંથણ; ગંઠણ (૨) પુસ્તક રચવું -લખવું તે. ૦પાલ(-ળ) પું૦ પુસ્તકાલયમાં પુસ્તકોની રક્ષા અને આપવાલેવાની વ્યવસ્થા કરનાર. ૦માળા સ્ત્રી૦ ગ્રંથોની માળા. ૦સંગ્રહ પું૦ પુસ્તકાલય. ૦સાહેબ પું૦ (સં.) શીખ લોકોનો ધર્મગ્રંથ, ૦સ્થ વિ૦ ગ્રંથમાં આવતું. -થાલય ન૦ પુસ્તકાલય. -થાવલિ(-લી,-ળિ,-ળી) સ્ત્રી૦ ગ્રંથમાળા. -થાવલોકન ન૦ પુસ્તકના ગુણદોષનું અવલોકન. -થાર્પણ ન૦ ગ્રંથનું અર્પણ કરવામાં આવે છે તે. -થાંતર ન૦ બીજો ગ્રંથ (૨) ભાષાંતર [સંધિવા

ગ્રંથિ સ્ત્રી૦ ગાંઠ (૨) સાંધો. ૦લ વિ૦ ગ્રંથિવાળું. ૦વાત પું૦

ગ્રંથિત વિ૦ [સં.] ગ્રથિત; સંકળાયેલું

ગ્રામ ન૦[સં.] ગામ; ગામડું (૨) મૂર્છનાના આશ્રયરૂપ સ્વરસમૂહ. (૩) સમૂહ. ૦દેવતા પું૦બ૦વ૦ ગામનું રક્ષણ કરનાર દેવતા (૨) સ્ત્રી૦ ગામની ઇષ્ટ દેવતા. ૦પંચાયત સ્ત્રી૦,૦મંડળ ન૦ ગામનો વ્યવહાર ચલાવનાર પંચાયત. ૦વૃત્તિ સ્ત્રી૦ ગ્રામસંગઠનના કામમાં પડવા ને ફાવવામાં અનુકૂળ વૃત્તિ. ૦સંગઠન ન૦ ગામડાના આખા જીવનનું સંગઠનકામ. ૦સુધાર પું૦ ગામડાના આખા જીવનને સુધારવું તે. ૦સિંહ પું૦ કૂતરો. ૦સેવક પું૦ ગ્રામસેવા કરનાર. ૦સેવા સ્ત્રી૦ ગામડાંઓની સેવા. -માંતર ન૦ બીજું ગામ. -મીણ વિ૦ ગામડાંનું-ને લગતું (૨) પું૦ ગામડિયો (૩) કૂતરો (૪) કાગડો (૫) ભૂંડ; સૂવર

ગ્રામોફોન ન૦ [ઇં.] થાળી ચડાવીને વગાડવાનું એક વાજું

ગ્રામ્ય વિ૦ [સં.] જુઓ ગામડિયું. ૦તા સ્ત્રી૦

ગ્રાવા પું૦ [સં.] પથ્થર; ખડક. -વીય સ્ત્રી૦ એક ધાતુ; 'લીથિયમ' [ઘેરાયેલો ભાગ

ગ્રાસ પું૦ [સં.] કોળિયો (૨) ગ્રહણને લીધે સૂર્યચંદ્રનો

ગ્રાહ પું૦ [સં.] ગ્રહણ; પકડ (૨) મગર. -હા સ્ત્રી૦ મગરી

ગ્રાહક વિ૦ [સં.] ગ્રહણ કરનારું; સમજનારું (૨) પું૦ ઘરાક (૩) ગ્રહણ કરનાર. ૦ત્વ ન૦, ૦તા સ્ત્રી૦

ગ્રાહી વિ૦ [સં.] ગ્રહણ કરનારું (સમાસને અંતે). ઉદા૦ ગુણગ્રાહી (૨) ગુણમાં દસ્ત રોકનારું (૩) પું૦ એક છંદ

ગ્રાહ્ય વિ૦ [સં.] ગ્રહણ કરવા યોગ્ય. ૦તા સ્ત્રી૦

ગ્રીક વિ૦ [ઇં.] ગ્રીસ દેશનું (૨) પું૦ ગ્રીસનો વતની (૩) સ્ત્રી૦ ગ્રીસની ભાષા

ગ્રીવ પું૦ સંગીતનો એક અલંકાર

ગ્રીવા સ્ત્રી૦ [સં.] ગરદન; ડોક

ગ્રીષ્મ પું૦; સ્ત્રી૦ [સં.] (છ ઋતુમાંની) ગરમીની મોસમ (જેઠ અને અષાઢ)

ગ્લાન વિ૦ [સં.] થાકેલું (૨) ઉત્સાહ વિનાનું; ખિન્ન. -નિ સ્ત્રી૦ થાક (૨) અનુત્સાહ; ખિન્નતા (૩) ઘૃણા; અણગમો

ગ્લાસ પું૦ [ઇં.] કાચ (૨) કાચનો પ્યાલો (૩) ઊભો અને લાંબો કોઈ પણ પ્યાલો

ગ્વાલ પું૦ [હિં.] ગોવાળ. ૦ન સ્ત્રી૦ ગોવાળણ. -ળ પું૦ ગ્વાલ

ગ્વાલેરી વિ૦ ગ્વાલિયરનું (૨) સ્ત્રી૦ તે નામની ભાષા

ઘ

ઘ પું૦ [સં.] કંઠસ્થાની ચોથો વ્યંજન. ૦કાર પું૦ ઘ અક્ષર અથવા ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે ઘકારવાળું. ૦ઘુ+ ન૦ ઘકાર. ૦ઘો પું૦ ઘકાર (૨) ઠોઠ કે બેવકૂફ માણસ

ઘઉં પું૦બ૦વ૦ એક અનાજ. ૦લું વિ૦ ઘઉં જેવું (રંગમાં). ૦લો પું૦ એક જાતનો સુગંધી પદાર્થ (૨) એક ઘાસ. ૦વર્ણું વિ૦ ઘઉં જેવા રંગનું

ઘખવું સ૦ક્રિ૦ વઢવું ['ઘરઘર' અવાજ થવો

ઘઘરણું ન૦ નાતરું. -વું અ૦ક્રિ૦ નાતરે જવું (૨) ગળામાંથી

ઘઘો પું૦ ઝભ્ભો

ઘચ, ૦ક અ૦ (રવ૦)

ઘચ(-ચા)ઘચ અ૦ (રવ૦)

ઘચડ ઘચડ અ૦ (રવ૦)

ઘચ(૦ર)ડવું સ૦ક્રિ૦(રવ૦)'ઘચડ ઘચડ' થાય એમ જોરથી હીંચોળવું (૨) કચડવું; ભીડવું

ઘચ(૦ર)ડાઘચ(૦ર)ડ(-ડી) સ્ત્રી૦ ભીડાભીડ; કચડાકચડી (૨) જોરથી હીંચોળવાની ક્રિયા [ગચરકાવિકાર

ઘચરકું ન૦,-કો પું૦ જુઓ ગચરકું. -કાવિકાર જુઓ

ઘચરડવું સ૦ક્રિ૦ જુઓ ઘચડવું

ઘચરડાઘચરડ(-ડી) સ્ત્રી૦ જુઓ ઘચડાઘચડ

ઘચાઘચ અ૦ (રવ૦) જુઓ ઘચઘચ

ઘચૂમ પું૦ ઘચૂમલો; જૂથ. ૦લ વિ૦ ઘચૂમલાવાળું (૨) સ્ત્રી૦ ઘચૂમલો. ૦લો પું૦ જૂથ; ઝોલું (૨) ગૂંચવાડો; અવ્યવસ્થા

ઘચેટો પું૦ જુઓ ગચેટો

ઘટ સ્ત્રી૦ ઘટાડો (૨) ખોટ (૩) વિ૦ ઘટ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટ પું૦[સં.]ઘડો (૨)શરીર(૩)હૃદય; મન. ૦ક વિ૦ વસ્તુના અંશરૂપ(૨) યોજનારું;રચનારું(૩) પું૦વસ્તુનો અંગભૂત અવયવ; 'યુનિટ'. ૦કર્પર પું૦ઘડાનું ઠીકરું. ૦કાવયવ પું૦ અંગભૂત અવયવ.૦જ વિ૦ ઘડામાંથી જન્મેલું (૨) પું૦(સં.)અગસ્ત્ય મુનિ. ૦ના સ્ત્રી૦ રચના; બનાવટ (૨) બનાવ (૩) કારીગરી. ૦પાટ પું૦દૃઢ આસન. ૦માન વિ૦બનતું; થતું(૨)બને એવું;સંભવિત(૩) યોગ્ય; ઘટતું. ૦માળ સ્ત્રી૦રેંટમાં ગોઠવેલી ઘડાની હાર(૨)ક્રમ;પ્રણાલી. ૦સ્થાપન ન૦ નવા ઘરમાં વસતા પહેલાં ત્યાં પાણીનો ઘડો મૂકવાની ક્રિયા (૨)નવરાત્રિના દિવસોમાં ઘડા દ્વારા માતાજીની સ્થાપના કરવાની ક્રિયા. ૦સ્ફોટ પું૦ મડદાને બાળી ચિતા છાંટયા પછી છેલ્લી વાર તે તરફ મોં ફેરવી ઘડો ફોડી નાખવો તે (૨) [લા.] હંમેશ માટે સંબંધ તોડી નાખવો તે (૩) તોડ; નિકાલ (૪) છૂપી વાતનો ભેદ ભાગી નાખવો તે. –ટાકાશ ન૦ ઘડામાંનું આકાશ– ખાલી જગા. –ટાટોપ પું૦ ચારે બાજુ ઢંકાઈ જાય તેવી ઘટા (૨) તેવું ઢાંકણ (૩) આડંબર; ભપકો

ઘટક અ૦(રવ૦)પેય ગળતાં થતા અવાજની જેમ. ૦ઘટક અ૦(રવ૦). –કાવવું સ૦ક્રિ૦ઘટક ઘટક–ઝટ પી જવું. –કી સ્ત્રી૦ નાનો ઘૂંટડો

ઘટકો પું૦ (રવ૦) સણકો; ખટકો

ઘટવું અ૦ક્રિ૦ યોગ્ય હોવું; છાજવું (૨) ઓછું થવું. –તું વિ૦ યોગ્ય; વાજબી (૨) ખૂટતું; કમી [૦દાર વિ૦

ઘટા સ્ત્રી૦[સં.] જમાવ; ઝુંડ; સમૂહ (ઝાડ, વાદળાં વગેરેનો)

ઘટાડવું સ૦ક્રિ૦'ઘટવું'નું પ્રેરક. ઘટાડો પું૦ કમીપણું;ઘટ

ઘટારત વિ૦ યોગ્ય; ઘટતું [અર્થ ઘટાવવો)

ઘટાવવું સ૦ક્રિ૦ બેસતું કરવું; લાગુ પાડવું (ઉદા૦ શ્લોકનો

ઘટિત વિ૦ [સં.] યોગ્ય; ઉચિત

ઘટી(–ટિકા) સ્ત્રી૦[સં.] ઘડી; ૨૪ મિનિટ જેટલો વખત(૨) ઘડી માપવાનો વાડકો. ૦યંત્ર સ્ત્રી૦ ઘડી માપવાનું યંત્ર

ઘટોત્કચ પું૦ [સં.](સં.) ભીમસેનને હિડિંબાથી થયેલો પુત્ર

ઘટોદ્ભવ વિ૦ (૨) પું૦ [સં.] (સં.) જુઓ ઘટજ

ઘટ્ટ વિ૦ ઘાટું; ઘાડું. ૦પણું ન૦

ઘડઘડ અ૦(રવ૦). ૦વું અ૦ક્રિ૦ 'ઘડઘડ' એવો અવાજ થવો. –ડાટ પું૦ ઘડઘડ અવાજ

ઘડણ ન૦ ઘડતર (૨) વિ૦ ઘડનારું [રીત (૩) ઘડામણ

ઘડતર ન૦ ઘડીને–ટીપીટીપીને કરેલી બનાવટ (૨) ઘડવાની

ઘડપણ ન૦ વૃદ્ધાવસ્થા [વિચારોનું ડામાડોળપણું

ઘડભાંગ(–જ) સ્ત્રી૦ ઘડવું અને ભાંગવું તે (૨) [લા.]

ઘડમથલ સ્ત્રી૦ જુઓ ગડમથલ

ઘડમાંચી સ્ત્રી૦ પાણીની ગોળી મૂકવાની ઘોડી

ઘડવી સ્ત્રી૦ નાનું ટાંકું

ઘડવું સ૦ક્રિ૦ ઘાટ–આકાર આપવો (૨) બનાવવું; રચવું (૩) ગોઠવવું; સંકલના કરવી (૪) ટીપવું (૫) [લા.] કેળવીને તૈયાર કરવું (૬) મારવું (૭) ન૦ ગોળનો ગાડવો

ઘડવો પું૦ ઘડાના ઘાટનો લોટો

ઘડાઈ,–મણી સ્ત્રી૦, –મણ ન૦ ઘડવાનું મહેનતાણું

ઘડાબૂડ વિ૦ ઘડો બૂડે એટલું ઊંડું (પાણી)

ઘડાયેલું વિ૦ [લા.] અનુભવથી પાકું થયેલું

ઘડિયાળ સ્ત્રી૦; ન૦ વખત જણાવનારું યંત્ર (૨) કાંસાનો ગોળ સપાટ ઘંટ; ઝાલર. –ળી પું૦ ઘડિયાળો વેચનાર તથા દુરસ્ત કરનાર. –ળું ન૦ અમુક વખતને આંતરે વગાડાતી ઝાલર

ઘડિયું ન૦ તાડી ઝીલવાનો લાંબી ડોકનો ઘડો

ઘડિયો પું૦ આંકનો પાડો; ગડિયો

ઘડી સ્ત્રી૦ જુઓ ઘટી(૨)[લા.] ક્ષણ (૩) તક; પ્રસંગ. –ડિયું લગન ન૦ ગમે તે વખતે થતું અથવા વિવાહ અને લગ્ન બધું સાથે થાય તેવું લગ્ન (બહુધા બહુવચનમાં). ૦ઘડી અ૦ વારંવાર; હરઘડી. ૦તાળ, ૦સાધ અ૦ મરવાની અણી પર. ૦ભર અ૦ એક ઘડી સુધી; થોડી વાર

ઘડુડાટ પું૦ (રવ૦) ઘડડડ અવાજ

ઘડું ન૦ અનાજ કે પાણી ભરવાની મોટી કોઠી [કરવો

ઘડૂડ ઘડૂડ અ૦(રવ૦).ઘડૂડવું અ૦ક્રિ૦ઘડૂડ ઘડૂડ અવાજ

ઘડૂલી સ્ત્રી૦ નાનો ઘડૂલો. –લો(–લિયો) પું૦ ઘડો (કવિતામાં) (૨) ચોથું ચરણ ટૂંકાવેલો દૂહો

ઘડો પું૦ ધાતુ કે માટીનું પાણી ભરવાનું પાત્ર. ૦ઘાટ પું૦ નિકાલ; ફેંસલો. ૦લાડવો પું૦ મડદાને બાળ્યા પછી સ્મશાનમાં લાડવાવાળો ઘડો ભાગવો તે

ઘઢાણ ન૦ ગઢાણ–બીડનું ઊભું ઘાસ

ઘણ પું૦ મોટો ભારે હથોડો (૨) લાકડામાં થતો એક કીડો

ઘણઘણ અ૦ (રવ૦). –ણાટ પું૦ ઘણણણ અવાજ

ઘણણણ અ૦ (રવ૦) (ધાતુનો કે તેવો અવાજ)

ઘણાઘણ(–ણી) સ્ત્રી૦ ઘણો સ્નેહ; ગાઢ સંબંધ

ઘણું વિ૦ ખૂબ; પુષ્કળ. ૦ક વિ૦('ઘણું' થી જરાક ઓછું– અર્થ બતાવે છે). ૦કરીને,૦ખરું અ૦ બહુધા; મોટે ભાગે. ૦ય વિ૦('ઘણું'થી વધારે અર્થ બતાવે).–ણેરું વિ૦ઘણું(પ.)

ઘન વિ૦ [સં.] નક્કર (૨) ઘાડું; ગીચ (૩) ઘણું; પુષ્કળ (૪) [ગ.] લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈવાળું; 'ક્યૂબિક' (૫) પું૦ [ગ.] કોઈ સંખ્યાને તેનાથી જ બે વાર ગુણવાથી આવતો ગુણાકાર; 'ક્યૂબ' (૬) છ સરખી બાજુઓની આકૃતિ (૭) વેદપાઠનો એક પ્રકાર (૮) પું૦; ન૦ વાદળું. ૦કોણ પું૦ 'સૉલિડ ઍન્ગલ' [ગ.]. ૦ઘટા સ્ત્રી૦ વાદળાંની ઘટા. ૦ઘોર વિ૦ ગાઢું (જેમ કે, વાદળ) (૨) ભયાનક (જેમ કે, અવાજ, યુદ્ધ). ૦ચક્કર વિ૦ મગજનું ચસકેલું. ૦તા સ્ત્રી૦,૦ત્વ ન૦,૦પણું ન૦. ૦ધ્રુવ પું૦ 'ઍનોડ' (પ.વિ.). ૦પદી સ્ત્રી૦ 'ક્યૂબિક એક્સપ્રેશન' (ગ.). ૦પરવલય પું૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પેરૅબોલોઇડ'(ગ.). ૦ફલ(-ળ) ન૦ વસ્તુના કદનું માપ; 'વૉલ્યૂમ' [ગ.]. ૦ભૂમિતિ સ્ત્રી૦'સૉલિડ જ્યૉમેટ્રી' [ગ.]. ૦માન,૦માપ ન૦'ક્યૂબિક મેઝર.' ૦માળ સ્ત્રી૦વાદળાંની હાર-ઘટા. ૦મૂળ ન૦'ક્યૂબ રૂટ' (ગ.). ૦રસ પું૦પાણી (૨) ઉકાળીને કાઢેલું સત્ત્વ(૩)કપૂર. ૦રવ પું૦ વરસાદની ગર્જના; ગર્જના(૨)મોર. ૦વલ્લિકા સ્ત્રી૦વીજળી. ૦વાત ન૦એક નરક. ૦વાદ્ય ન૦ઘંટ, મંજીરા વગેરે નક્કર વાદ્ય. ૦શ્યામ વિ૦મેઘ જેવું કાળું(૨)પું૦(સં.)કૃષ્ણ. ૦સમી-કરણ ન૦ 'ક્યૂબિક ઇક્વેશન' [ગ.]. ૦સમુત્સાર પું૦ ઘનપરવલય (ગ.). ૦સાર પું૦ કપૂર (૨) પાણી(૩) પારો (૪)ચંદન. -નાક્ષર(-રી)પું૦એક છંદ.-નાતિપરવલય, -નાધિકોત્સાર પું૦(ગ.) 'હાઇપરબોલોઇડ.' -નિષ્ઠવિ૦ સૌથી ઘન-ગાઢ. -નીકરણ ન૦ ઘનરૂપ કરવું તે. -ની-ભવન ન૦ ઘનરૂપ થવું તે. -નીભૂત વિ૦ નક્કર કે ઘટ્ટ બનેલું. -નીય વિ૦ જુઓ ઘન [ગ.]

ઘનચૂરી સ્ત્રી૦ એક પક્ષી

ઘમકવું અ૦ક્રિ૦(રવ૦)ઘમ ઘમ અવાજ થવો(જેમકે ઘૂઘરાનો)

ઘમકાર(-રો),ઘમકો પું૦ (રવ૦) ઘમકવાનો અવાજ

ઘમકાવવું સ૦ક્રિ૦ 'ઘમકવું'નું પ્રેરક

ઘમઘમ અ૦(રવ૦). ૦વું અ૦ક્રિ૦ ઘમ ઘમ અવાજ થવો. -માટ પું૦ ઘમ ઘમ અવાજ. -માવવું સ૦ક્રિ૦ ઘમ ઘમ અવાજ થાય તેમ જોરથી મારવું

ઘમ(૦રડી)ચકરડી સ્ત્રી૦ છોકરાંની એક રમત

ઘમર ઘમર અ૦ (રવ૦) ગોળ ગોળ ગતિના અવાજ જેમ

ઘમવું સ૦ક્રિ૦ મારવું; ઘમઘમાવવું

ઘમસાણ ન૦ રમણભમણ; તોફાન (૨) ભયંકર યુદ્ધ (૩) વિનાશ (૪) લોકોનું ટોળું-ભીડ

ઘમંડ પું૦ અહંકાર; ગર્વ (૨) ખોટો દેખાવ; ડોળ. -ડી વિ૦ ઘમંડવાળું (૨) સ્ત્રી૦ અભિમાન; ગર્વ

ઘમાધમ અ૦(રવ૦)(૨)સ્ત્રી૦ ધમ્માચકડી; ધાંધલ; દોડાદોડ

ઘમ્મરઘંટી સ્ત્રી૦ મોટી ભારે ઘંટી

ઘમ્મરઘાઘરો પું૦ મોટો-ખૂબ ઘેરવાળો ઘાઘરો

ઘમ્મરવલોણું ન૦ મોટું ભારે વલોણું

ઘર ન૦(માણસ કે પશુપંખીનું)રહેવાનું ઠેકાણું;મકાન (૨) ગૃહ; એક કુટુંબનું નિવાસસ્થાન (૩) વસ્તુને રાખવાનું કે રહેવાનું ખોખું, ખાનું, ઘોડી; ઠેકાણું વગેરે. (ઉદા૦ 'ચશ્માંનું ઘર'; 'સોકટીનું ઘર') (૪) [જ્યો.] ગ્રહનું જે રાશિમાં સ્થાન હોય તે (૫) કુટુંબ (૬) કુળ. ૦આંગણું ન૦ઘરનું આંગણું(૨)[લા.] અતિ પરિચિત પાસેનું સ્થાન. ૦કાજ(-મ) ન૦ ઘરનું સાધારણ કામકાજ. ૦કૂકડી-(-ડિયું) વિ૦ઘરમાં ને ઘરમાં ભરાઈ રહેનારું. ૦કૂકડીપણું ન૦. ૦ખટલો પું૦ ઘરને લગતો સરસામાન; ઘરવાખરો (૨) સંસારવહેવારનું કામકાજ (૩) સ્ત્રી, છોકરાં વગેરે સમુદાય. ૦ખરચ,૦ખર્ચ પું૦; ન૦ ઘર ચલાવવામાં થતો ખરચ. ૦ખૂણિયું વિ૦ ઘરકૂકડિયું (૨) ઘરખૂણે પડી રહેલું; અપ્રસિદ્ધ (૩) ઘરગથ્થું. ૦ખૂણે અ૦ ઘરને ખૂણે; ખાનગીમાં. ૦ખોદુ વિ૦ ઘરનું જ બગાડનાર. ૦ખોયું વિ૦ ઘરનું ખુએ એવી બુદ્ધિવાળું. ૦ગતુ(-થુ-થ્થુ) વિ૦ જેની ઉત્પત્તિ કે વપરાશ ઘરમાં જ હોય તેવું (૨) વેચવા માટે નહિ કરેલું (૩) ખાનગી. ૦ગવું અ૦ક્રિ૦ ઘઘરવું; નાતરું કરવું. ૦ગોટી સ્ત્રી૦ ઘરમાં જમતી વખત પહેરવાનું વસ્ત્ર; અબોટિયું. ૦ઘર અ૦ઘેર ઘેર. ૦ગ(-ઘ)-રણું ન૦ નાતરું; ઘઘરણું. ૦ઘરાઉ વિ૦ માંહોમાંહેનું; ખાનગી. ૦ઘાલુ વિ૦ ઘર ઘાલે એવું-પોતાના જ ઘરને નુકસાન પહોંચાડનારું(૨)ખરચાળ (૩) દગાબાજ. ૦ચોળું ન૦ સ્ત્રીઓને પહેરવાનું એક રેશમી વસ્ત્ર. ૦જમાઈ પું૦ સસરાને ઘેર સંસાર માંડી રહેનારો જમાઈ. ૦ણી સ્ત્રી૦ ઘરૂણી; ગૃહિણી. ૦ધણિયાણી સ્ત્રી૦ ઘરધણીની પત્ની (૨) ઘરની માલિક; ઘરવાળી. ૦ધણી પું૦ ઘર ચલાવનારો મુખ્ય પુરુષ (૨) ઘરનો માલિક. ૦ધંધો પું૦ ઘરને લગતું કામકાજ. ૦ધાવડું વિ૦ વડીલોની પૂંજી પર જીવનારું (૨) નિરુદ્યમી. ૦ધોણી સ્ત્રી૦ ઘરનાં કપડાંલત્તાં ધોવાનું કામકાજ. ૦નું વિ૦ પોતીકું; પોતાના ઘર જેવું; ખાનગી. ૦પ્રવેશ પું૦ જુઓ ગૃહપ્રવેશ. ૦ફાડુ વિ૦ ઘર ફાડીને ચોરી કરનારું; ખાતર પાડનારું. ૦બાર ન૦ ઘર, રાચ-રચીલું, માલમિલકત વગેરે (૨) કુટુંબકબીલો. ૦બારી વિ૦ ઘરબારવાળું (૨) સંસારી. ૦બોળુ વિ૦ ઘરને બોળે-બેઆબરૂ કે પાયમાલ કરે એવું. ૦ભંગ પું૦(સ્ત્રી મરવાથી) ઘર ભંગાવું તે (૨) વિ૦તેવી દશામાં આવેલું. ૦ભાડું પું૦ ઘરનું ભાડું. ૦ભેદુ વિ૦ પોતાના ઘરનો ભેદ જાણનારું કે બહાર પાડી દઈ દગો દેનારું. ૦મેળે અ૦ માંહોમાંહે સમજીને (ત્રીજા પક્ષ પાસે ગયા વિના) (૨) મિત્રતાની રીતે. ૦મોઘુ વિ૦ ઘરકૂકડિયું. ૦મોયું વિ૦ઘર તરફ મોંવાળું કે વળેલું. ૦રખુ વિ૦ઘરની સંભાળ રાખે એવું. ૦વખરી સ્ત્રી૦ જુઓ ઘરવાખરો. ૦વખુ વિ૦ ઘરની ચાહનાવાળું; ઘરમોહ્યું. ૦વટ સ્ત્રી૦ એક ઘરનાં હોય તેવો ગાઢ સંબંધ (૨) વિ૦ઘર જેવા સંબંધવાળું. ૦વણાઉ વિ૦ઘેર વણેલું. ૦વલું વિ૦ ઘર પ્રત્યે મમતાવાળું. ૦વાખરો પું૦ ઘરને લગતો સરસામાન; રાચરચીલું. ૦વાસ પું૦ ઘર કરીને રહેવું તે; ગૃહસ્થાશ્રમ. ૦વાળી સ્ત્રી૦ઘરધણિયાણી. ૦વાળો પું૦ ઘરધણી. ૦વેરો પું૦ઘર ઉપર લેવાતો કર. ૦વૈદું ન૦ ગરગથ્થુ વૈદું. ૦સંસાર પું૦ ગૃહસ્થાશ્રમ (૨) સંસાર વહેવાર. ૦સંસારી વિ૦ ઘરસંસારવાળું; ગૃહસ્થાશ્રમી (૨) ઘરસંસારને લગતું. ૦સાડી સ્ત્રી૦ ઘરમાં પહેરવાની સાડી. ૦સાંતિક ન૦ જુઓ ગ્રહશાંતિક. ૦સૂત્ર ન૦ જુઓ ઘરસંસાર. ૦સેવા સ્ત્રી૦ ઘરનાં કામકાજ તથા ફરજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરેનું પાલન. -રાઉ વિ૦ઘરનું;ખાનગી;અંદર અંદરનું. -રેબારે અ૦ ઘરબારવાળું હોય તેમ (૨) ઘરમાં કર્તા-હર્તા–આપઅખત્યાર હોય તેમ. -રોઘર અ૦ ઘેરઘેર

ઘરકવું સ૦ક્રિ૦ઘૂરકવું;ખીજવું. -કિયું ન૦છાંછિયું;ઘુરકિયું

ઘરઘર અ૦ (રવ૦). ૦વું સ૦ક્રિ૦ (ગળામાંના જેવો) ઘરઘર અવાજ થવો. -રાટ પું૦ ઘરઘર અવાજ; ઘરઘરવું તે.

ઘરડ સ્ત્રી૦ ચીલો (૨) [લા.] ચાલુ પ્રણાલી કે રૂઢિ (૩) આમલીની સૂકી છાલ

ઘરડવું સ૦ક્રિ૦ ઘસડાતું ખેંચવું (૨)જોરથી વલૂરવું; ઘવડવું

ઘરડાપો પું૦ ઘડપણ (૨) [લા.] ઘરડાંના જેવું ડહાપણ; દોઢડહાપણ. -સું વિ૦ ઘરડું દેખાય એવું; ઘરડાંને યોગ્ય. -વું અ૦ક્રિ૦ ઘરડું થવું

ઘરડિયો પું૦ તળાતી વસ્તુ ફેરવવાનું લાકડાનું એક સાધન (૨) નાનું ઘાસ કાપવાનું એક જાતનું દાતરડું (૩) ધાર કાઢવાનો પથ્થર (૪) ગળામાં બોલતો શ્વાસ (ખાસ કરીને મરતા માણસનો) (૫) જુઓ 'ઘરડું'માં

ઘરડું વિ૦ પાકી ઉમ્મરે પહોંચેલું; મોટી વયનું (૨) પુરાણું; જૂનું (૩) પાકી ગયેલું; કઠણ. ૦ખખ વિ૦ સાવ ઘરડું–ખખળી ગયેલું. -ડિયું વિ૦ઘરડું; વૃદ્ધ. -ડિયો પું૦ ઘરડો–વડીલ માણસ. ૦ડચ્ચર વિ૦ સાવ ઘરડું (તિરસ્કારમાં). -ડેરું વિ૦ ઘરડું; વડીલ

ઘરણ ન૦ સૂર્યચંદ્રનું ગ્રહણ. ૦ઘેલું વિ૦ અર્ધું ગાંડું (ગર્ભવતી સ્ત્રીએ ગ્રહણ જોયું હોય તો તેનું બાળક ગાંડું થાય એવી માન્યતા પરથી)

ઘર(-રૂ)ણી સ્ત્રી૦ જુઓ ગૃહિણી

ઘરધન ન૦ ગીધની જાતનું એક પંખી

ઘરાક પું;ન૦ ખરીદનાર (૨) ખૂબી પિછાનનાર. -કી સ્ત્રી૦ ઘરાકપણું (૨) ખરીદનારાનો આવરો (૩) ખપત; ઉઠાવ

ઘરા(-રે)ણિયાત વિ૦ ઘરેણે લીધેલું કે આપેલું

ઘરું ન૦ કોઈ વસ્તુ રાખવાનું ખોખું–ઘર

ઘરૂણી સ્ત્રી૦ ઘરણી; ગૃહિણી [ઘસારાથી પડેલો ખાડો

ઘરેડ સ્ત્રી૦ જુઓ ઘરડ (૨) કૂવા પરના પથ્થર ઉપર દોરડાના

ઘરેડી સ્ત્રી૦ ગરગડી (૨) ઘરડ ઘરડ એમ બોલતો–મરતી વખતનો શ્વાસ; ઘરડિયો [ચીલો

ઘરેડો પું૦ મરતી વખતના શ્વાસથી થતો અવાજ (૨) ઘરડ;

ઘરેણાઉ વિ૦ ગીરો સંબંધી (૨) ગીરો રાખેલું

ઘરેણિયું,-યાત વિ૦ જુઓ ઘરાણિયાત [અલંકાર

ઘરેણું ન૦ દાગીનો. ૦ગાંઠું ન૦ ઘરેણું ને બીજો ગાંઠલો

ઘરેણે અ૦ આંટમાં–ગીરો આપેલું લીધેલું હોય તેમ

ઘરેરાટ પું૦ (રવ૦) ઘરર ઘરર અવાજ

ઘરોપું ન૦,-પો(-બો) પું૦ઘરના જેવો ગાઢ સંબંધ; ઘરવટ

ઘરોળી સ્ત્રી૦ ગરોળી [અસ્પષ્ટ

ઘર્ઘર વિ૦ [સં.] 'ઘર્ઘર' એવો અવાજ થાય–કરે એવું (૨)

ઘરોડ સ્ત્રી૦ + ઘરેડ; ચીલો

ઘર્મ પું૦ [સં.] ઘામ; ઉકળાટ; બફારો

ઘર્ષ પું૦ [સં.] ઘસારો. ૦ણ ન૦ ઘસાવું તે;ઘસારો(૨)[લા.] બોલાચાલી; તકરાર. ૦ણવાદ્ય ન૦ ઘર્ષણથી વાગતું વાદ્ય

ઘલાત સ્ત્રી૦ નુકસાની; ખોટ (૨) વસૂલ ન આપવું તે

ઘલાવું અ૦ક્રિ૦ 'ઘાલવું'નું કર્મણિ [ઘિલોડું

ઘલોડી સ્ત્રી૦ એક શાકનો વેલો;ઘિલોડી(૨)ગરોળી. -ડું ન૦

ઘવડવું અ૦ક્રિ૦ ખણવું; જોરથી વલૂરવું

ઘવાવું અ૦ક્રિ૦ ઘાયલ થવું

ઘસઘસ,-સાટ અ૦ (રવ૦) ગાઢ રીતે (ઊંઘવું તે)

ઘસડબોરો પું૦ લખ લખ કરવાની મહેનત

ઘસ(૦ર)ડવું સ૦ક્રિ૦ ઢસરડાતું ખેંચવું (૨) [લા.] ઝપાટાબંધ–ગમેતેમ લખવું

ઘસરકો પું૦ ખચકો; કાપો; આંકો

ઘસરડવું સ૦ક્રિ૦ જુઓ ઘસડવું

ઘસરડો પું૦ ઘસરકો; ઉઝરડો (૨) ઉસરડો; વેઠ

ઘસરપસર અ૦ ઘસડાતું પછડાતું; જેમ તેમ; પરાણે

ઘસવું સ૦ક્રિ૦ એક વસ્તુને બીજી વસ્તુ પર દાબીને જોરથી આમતેમ ખેંચવી (૨) ચોળવું; મસળવું (૩) માંજવું (૪) ઘસીને ધાર ચડાવવી કે ઓપ આપવો

ઘસાઘસ સ્ત્રી૦ ખૂબ ઘસવું તે (૨) [લા.] તકરાર; કજિયો

ઘસાર પું૦ ઘસારો.૦ણ ન૦ ઘસાવું તે; ઘસારો(૨)ઘસાવાથી પડેલી રજ (૩) ઘસાવાથી લાગતી ખોટ; નુકસાન (૪) ઘસારવું. ૦વું ન૦ ઘસીને પીવાનું ઓસડ. -વવું સ૦ક્રિ૦ 'ઘસવું'નું પ્રેરક. -વું અ૦ક્રિ૦ 'ઘસવું'નું કર્મણિ (૨) ઘસારો વેઠવો. -રો પું૦ જુઓ ઘસારણ ૧ થી ૩

ઘસિયું વિ૦ ગાંગડું નહિ–ભૂકા જેવું (મીઠું)

ઘસિયો પું૦ લોટ શેકીને કરાતી એક વાની (૨) ઘસવાનું કામ કરનાર માણસ. ઉદા૦ 'અકીકઘસિયો'

ઘસીટ સ્ત્રી૦ એક સ્વર પરથી બીજા સ્વર પર જતાં વચ્ચેનું અંતર નાદસ્વરથી પ્રકાશિત કરવું તે (સંગીત)

ઘસોટિયો પું૦ ખાવાની એક વાની

ઘંઘોલિયું ન૦ નકામું, ખરાબ ઘર–ઓરડું (૨)માથેમોઢે-ગોટપોટ ઓઢવું તે; ઘોઘો (૩) [લા.] ધૂળધાણી; વિનાશ

ઘંટ પું૦ ધાતુની (કાંસાની) ઊંધા પ્યાલાના આકારની કે જાડી લોઢી જેવી વગાડવાની વસ્તુ; ઝાલર (૨) એના પર વગાડેલો ટકોરો(૩)[લા.] પક્કો–ધૂર્ત; ઉસ્તાદ. ૦ડી સ્ત્રી૦ છેક નાનો ઘંટ; ટોકરી

ઘંટરવાળ પું૦ શિકારીનું વાદ્ય

ઘંટલો પું૦ ભરડવાની થાળા વિનાની ઘંટી

ઘંટા સ્ત્રી૦ [સં.] ઘંટ; ઘંટડી. ૦કર્ણ પું૦ (સં.) મહાદેવનો એક પ્રિય અનુચર. ૦કાર વિ૦ઘંટાના આકારનું. ૦ઘર ન૦ [હિં.] જાહેર ઉપયોગ માટે રખાતી મોટી ઘડિયાળનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર; 'ટાવર.' ૦પથ પું૦ રાજમાર્ગ; મુખ્ય રસ્તો. ૦રવ પું૦ ઘંટનો અવાજ–રણકો. ૦ળી સ્ત્રી૦ ઘૂઘરીઓની હાર

ઘંટાયો પું૦ થાળા વગરની છૂટી ઘંટી

ઘંટી સ્ત્રી૦દળવાનું સાધન(હાથનું કે યાંત્રિક). ૦ટંકારો પું૦ ઘંટી ટંકાતા જેવો અવાજ કરતું પક્ષી–લક્કડખોદ

ઘંટીચોર પું૦ ચાલાક ચોર (૨) ખીસાકાતરુ

ઘંડુ પું૦ [સં.] હાથીનો ઘંટ [(તુચ્છકારમાં)

ઘંટો પું૦ મોટો ઘંટ (૨) એનો ટકોરો (૩) મોટી ઘંટી

ઘંડ પું૦ [સં.] ભમરો

ઘા પું૦ ચોવીસ કાગળનો જથો (૨) ઝટકો; પ્રહાર; ચોટ(૩) કાપ; જખમ(૪)[લા.] મોટા દુઃખની ઊંડી અસર. ૦તેલ ન૦ ઘા ઉપર ચોપડવાનું તેલ. ૦પહાણ પું૦ઘા પર મૂક્યે રૂઝ લાવે એવો એક જાતનો પથ્થર. ૦બાજરિયું ન૦ ઘા પર કામ આવતી એક વનસ્પતિનું ડૂંડું

ઘાઈ સ્ત્રી૦ ઉતાવળ;દોડાદોડી(૨)ધાંધલ;ધમાલ(૩)ભીડ;ભરાવો

ઘાઘરો પું૦ચણિયો. –રાપાટ પું૦ઘાઘરાનું લૂગડું. –રિયો વિ૦ પું૦ હીજડો; રાંડવો. –રી સ્ત્રી૦ નાનો ઘાઘરો

ઘાટ પું૦ આકાર;દેખાવ(૨)બાંધેલો આરો;ઓવારો(૩)[સં.] સ્ત્રીઓને પહેરવાનું એક રેશમી વસ્ત્ર (૪) પહાડી રસ્તો (૫) સહ્યાદ્રિનો પહાડી પ્રદેશ (૬) [લા.] પ્રસંગ; લાગ (૭) યુક્તિપ્રયુક્તિથી કામ કાઢી લેવાની યોજના; તજવીજ (૮) રીત; લક્ષણ; શોભા. ૦દાર વિ૦ સારા ઘાટવાળું; રૂપાળું

ઘાટડી સ્ત્રી૦ રાતા રંગનું બાંધણીની ભાતનું સ્ત્રીઓને પહેરવાનું રેશમી વસ્ત્ર; ચૂંદડી (૨) ગાતડી

ઘાટપોત ન૦ એક જાતનું રેશમી કપડું

ઘાટી વિ૦ દખ્ખણના ઘાટમાં રહેતી એક જાતિનું (૨) પું૦ તે જાતનો માણસ. –ટણ સ્ત્રી૦ ઘાટીની સ્ત્રી

ઘાટીલું વિ૦ ઘાટદાર; રૂપાળું

ઘાડું(–ડ,–ડું) વિ૦ ઘટ્ટ; લચકાદાર (૨) ખીચોખીચ (૩) પુષ્કળ; ગાઢ (૪) કઠણ; સંગીન

ઘાડવું ન૦ ગોળ ભરવાનું માટલું. –વો પું૦ ગાડવો

ઘાડ(–ડું) વિ૦ જુઓ ઘાટું

ઘાણ પું૦ એક ફેરે રંધાય, તળાય કે કચરાય, ખંડાય એટલો જથો; આખા જથાનો ભાગ (૨) સંહાર; ખરાબી (૩) મોટો હથોડો; ઘણ (૪) લાકડું કોરી ખાનાર એક કીડો (૫) સ્ત્રી૦ગંધ; બદબો

ઘાણી સ્ત્રી૦ તેલી બી પીલવાનું યંત્ર

ઘાત પું૦ [સં.] ઝટકો; ઘા (૨) નાશ; ખૂન (૩) [ગ.] 'પાવર' (૪) 'ડિગ્રી ઑફ એન એક્સપ્રેશન' (૫) 'ઈન્વોલ્યૂશન' (૬) સ્ત્રી૦ અકાળ મૃત્યુની ઘાંટી. ૦ક વિ૦ મોત નિપજાવે એવું; નાશક (૨) [ગ.] 'મૉડ્યૂલસ'. ૦કી વિ૦ ખૂની (૨) ક્રૂર; નિર્દય. ૦ચંદ્ર પું૦ (જ્યો.) નુકસાન કરે તેવા ઘરનો ચંદ્ર. ૦તિથિ સ્ત્રી૦, ૦દિવસ પું૦ (જ્યો.) નુકસાન કરે એવી તિથિ. ૦નક્ષત્ર ન૦ (જ્યો.) નુકસાન કરે તેવું નક્ષત્ર. ૦પ્રકાશક પું૦ 'એક્સ્પોનન્ટ' (ગ.). ૦વાર પું૦ ઘાતતિથિ. ૦વિધિ પું૦; સ્ત્રી૦ (ગ.) 'ઈન્વોલ્યૂશન'. ૦સ્થાન ન૦ સ્મશાન (૨) કતલખાનું (૩) વધસ્થાન (૪) [જ્યો.] નુકસાન કરે તેવું ગ્રહાદિનું સ્થાન. –તારોહ પું૦ (ગ.) 'એસેન્ડિંગ ઑર્ડર'. ૦તાવરોહ પું૦ 'ડિસેન્ડિંગ ઑર્ડર' (ગ.). –તિની વિ૦ સ્ત્રી૦ હત્યારી; ઘાતકી. –તી વિ૦ હત્યા–ખૂન કરનારો (૨) પું૦ કસાઈ. –તુક વિ૦ ઘાતકી

ઘાતેલ,ઘાપહાણ,ઘાબાજરિયું જુઓ 'ઘા'માં

ઘાશીથ ન૦ એક છોડ

ઘામ પું૦ તાપ (૨) ઉકળાટ; બફારો (૩) પરસેવો

ઘામચ(–છ,–ટ) વિ૦ પસીનાથી ગંદું થયેલું(૨)ન૦ પરસેવો (૩) તડમાં થઈને વહાણમાં ભરાયેલું પાણી

ઘામતકૂંડી સ્ત્રી૦ વહાણમાં પેસતા ઘામચની કૂંડી

ઘામવું અ૦ક્રિ૦ ઘામ થવો

ઘાયક વિ૦ + ઘાતક

ઘાયડમલ(–લ્લ) વિ૦ પહેલવાન; શૂરવીર

ઘાયપાત પું૦ એક જાતનો રેસાદાર છોડ

ઘાયમારી સ્ત્રી૦ એક ઝાડ

ઘાયલ વિ૦ જખમી

ઘાયાંબૂડ્યાં,ઘાયાંપડ્યાયાં વિ૦ કમોતે મરેલાં (૨) ન૦બ૦ વ૦ ઘવાયા, બૂડવા વગેરેથી કમોતે મરેલાં માણસ

ઘાયો વિ૦ પું૦ ઘાયલ થયેલો(૨) ઘાયલ થવાથી મરી ગયેલો (૩) પું૦ કાગળનો ઘા (૪) દિલ પર અસર કરે એવું માર્મિક લખાણ [ઔષધ

ઘારણ ન૦ ઘોર નિદ્રા (૨) ઊંઘથી ઘોરવું તે(૩) ઊંઘ લાવે એવું

ઘારી સ્ત્રી૦ એક મીઠાઈ (૨) અડદ કે મગની દાળનું વડું (૩) ચોટલીની ચારે બાજુએ રાખેલા કેશનું ચકરડું(૪)પાણીમાં છરતી ઠીકરી મારવાથી પાણીમાં થતું ચકરડું

ઘારું ન૦રોગથી શરીરમાં પડેલું નારું(૨)[કા.]ઘેટીનું બચ્ચું

ઘાલ સ્ત્રી૦ સાથે જમવા બેઠેલાઓની હાર–ઓળ (૨) તેમનો આખો સમૂહ(૩)નુકસાન; ખાધ.૦ખાદ(–ધ) સ્ત્રી૦ જુઓ ઘલાત. ૦ઘુસેડ સ્ત્રી૦, ૦ઘૂસણ ન૦ કાઢઘાલ. ૦ણદાસ પું૦ લોકોનાં નાણાં ઘાલી જનારો; દેવાળિયો. ૦મેલ સ્ત્રી૦ કાઢઘાલ; ગડબડસડબડ (૨) પંચાત; ધમાલ (૩) ખટપટ; પ્રપંચ. ૦મેલિયું વિ૦ઘાલમેલ કરે એવું [ખાઈ જવાં

ઘાલવું સ૦ક્રિ૦ ખોસવું;અંદર મૂકવું(૨)પહેરવું(૩)[લા.]નાણાં

ઘાવ પું૦ ઘા; જખમ (૨) સમસ્યા

ઘાવર ન૦ ઝાકળ (સુ.)

ઘાવેડી વિ૦ ચતુર; ચંચળ (કા.)

ઘાસ ન૦ ખડ; ચાર(૨) સ્ત્રી૦ ઘસારો (૩) ખોટ; ઘટ. ૦ચારો પું૦ ઢોરનું ઘાસ, ચારો વગેરે. ૦દાણો પું૦ ઘાસ અને દાણો (પશુઓને ખવડાવાનો) (૨) ઘાસ અને દાણારૂપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપાતી ખંડણી. ૦પૂંજો પું૦ કચરોપૂંજો; વાસીદું
ઘાસણી સ્ત્રી૦ ક્ષયરોગ
ઘાસતેલ ન૦ ઘાસલેટ
ઘાસલેટ ન૦ બાળવાનું એક ખનીજ પ્રવાહી; ગ્યાસલેટ. -ટિયું વિ૦ [લા.] હલકા પ્રકારનું. -ટિયો પું૦ ઘાસલેટ વેચનારો (૨) [લા.] દારૂડિયો
ઘાસવું સ૦ક્રિ૦ જુઓ ઘસવું
ઘાસાળું વિ૦ ઘાસવાળું; ઘાસ ઊગેલું
ઘાસિયું વિ૦ જેમાં ઘાસ નીપજતું હોય તેવું (૨) ઘાસમાંથી ઉત્પન્ન થતું (૩) [લા.] સત્ત્વ વગરનું; હલકું (૪) ન૦ એક પક્ષી
ઘાસિયો પું૦ સાથરો; ઘાસનો પાથરો (૨) ઘાસ કાપનારો (૩) ઘોડાના જીન પર નાખવાની બનાત-કામળ
ઘાસે(-સો)ટિયું ન૦ ઘરમાં પહેરવાની (સામાન્ય) ચૂડી
ઘાંઘરડવું અ૦ક્રિ૦ (રવ૦) ભારે ઘાંટો કાઢીને—ખૂબ રોવું (૨) આરડવું (જેમ કે પાડીનું) (૩) [લા.] મોટે અવાજે બોલવું
ઘાંઘરી સ્ત્રી૦ એક જાતનું વાજું
ઘાંઘલું ન૦ ઓવારણું (ઉદા૦ ઘાંઘલાં લેવાં) (૨) ગાંડા જેવું આચરણ (ઉદા૦ ઘાંઘલાં કાઢવાં)
ઘાંઘું વિ૦ ઉતાવળું (૨) ગભરાયેલું
ઘાંચ સ્ત્રી૦ ચીલામાં પડેલો ખાડો; ખાડો (૨) ગૂંચ; મુશ્કેલી
ઘાંચી વિ૦ ઘાણી ચલાવી તેલ કાઢવાનો ને તે યા દૂધ વેચવાનો ધંધો કરતી ન્યાતનું (૨) પું૦ તે ન્યાતનો માણસ. -ચણ સ્ત્રી૦ ઘાંચી સ્ત્રી [ઘાંચી (રીસ કે તિરસ્કારમાં)
ઘાંચો પું૦ વાંસફોડો; ટોપલા, સાદડી વગેરે બનાવનાર (૨)
ઘાંટી સ્ત્રી૦ હૈડિયો (૨) અવાજ; સૂર (૩) બે પર્વતની કે ડુંગરાની વચ્ચેનો સાંકડો રસ્તો (૪) [લા.] મુશ્કેલીનો-બારીક સમય (૫) હરકત; અડચણ [કે મુશ્કેલીનો સમય
ઘાંટીઘૂંટી સ્ત્રી૦ આંટીઘૂંટીવાળો માર્ગ (૨) [લા.] મુશ્કેલી
ઘાંટો પું૦ સાદ (૨) મોટો સાદ; બૂમ (૩) ખિજાઈને કાઢેલો સાદ (૪) મોટી ઘાંટી-ડુંગરાળ રસ્તો. -ટાઘાંટ સ્ત્રી૦ બૂમાબૂમ
ઘાંસી સ્ત્રી૦ (કા.) બોરડી વગેરે કાંટાળી વનસ્પતિનો ઢગલો
ઘિમેલ સ્ત્રી૦ એક જાતનું લાલ રંગનું જીવડું
ઘિયાળ વિ૦, **ઘિયો** પું૦ જુઓ 'ઘી'માં
ઘિલેરી ન૦ એક પક્ષી
ઘિલોડી સ્ત્રી૦ જુઓ ઘલોડી. -ડું ન૦ ઘિલોડીનું ફળ-ઘલોડું
ઘિસાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦, 'ઘીસવું'નું કર્મણિ ને પ્રેરક
ઘિસોડી સ્ત્રી૦ તૂરિયાનો વેલો. -ડું ન૦ તૂરિયું
ઘિસ્સો પું૦ એકદમ જોરથી પડેલો ઘસરકો
ઘી ન૦ ઘૃત; તૂપ. **ઘિયાળ** વિ૦ વધારે ઘી આપે એવું (ઢોર-ગાયભેંસ). **ઘિયો** પું૦ ઘી વેચનારો. ૦**કાંટો** પું૦ જ્યાં ઘી જોખાતું, વેચાતું હોય એ જગા; ઘીનું બજાર. ૦**કેળાં** ન૦બ૦વ૦ ઘી અને કેળાં (૨) [લા.] ભારે લાભ. ૦**ગળણી** સ્ત્રી૦ ઘી વગેરે ગાળવાની ઝીણી ગળણી. ૦**ચોપડ** ન૦ ઘી ને તેવો ચીકટ પદાર્થ. ૦**તાવણી** સ્ત્રી૦ માખણ તાવવા માટેનું વાસણ. ૦**તેલું** ન૦ પોયણીના મૂળમાં થતી ગાંઠ (?)
ઘીચ વિ૦ જુઓ ગીચ. -ચોઘીચ વિ૦ ગીચોગીચ; ખીચોખીચ
ઘીમ પું૦ વહેમ; શંકા [કા.] (૨) સ્ત્રી૦ હોળી પછીને દિવસે કરવામાં આવતી એક ક્રિયા [ઘિસ્સો (૫) ગીસ
ઘીસ સ્ત્રી૦ રેન (૨) હોળીનો વરઘોડો (૩) માર; ઠોક (૪)
ઘીસરું ન૦ ધૂંસરું
ઘીસલું ન૦ જુઓ ગીસલું
ઘીસવું સ૦ક્રિ૦ ઘુમ્મા લગાવવા; ધીબવું; ઠોકવું
ઘીસાઘીસ સ્ત્રી૦ ઠોકંઠોકા (૨) કજિયો (૩) ધમાચકડી
ઘીંઘ,૦ર સ્ત્રી૦ મોટું, સેંકડોનું ટોળું
ઘીંસરું ન૦ જોંસલો; ઘીસરું
ઘુઘરવટ સ્ત્રી૦ ઘાઘરાના ઘેરની-નીચેની ઘૂઘરીઓવાળી ઝૂલ (૨) પું૦ ઝૂલ પર ઘૂઘરીઓની હાર હોય એવો ઘાઘરો
ઘુઘરાવવું સ૦ક્રિ૦ 'ઘૂઘરવું', 'ઘૂઘરાવું'નું પ્રેરક
ઘુઘવાવવું સ૦ક્રિ૦ 'ઘૂઘવવું'નું પ્રેરક
ઘુઘરિયાળું વિ૦ ઘૂઘરીઓવાળું
ઘુઘવાટ(-ટો), ઘુઘાટ પું૦ ઘૂઘવવું તે
ઘુઘાર પું૦ + ઘૂઘરો; ઘઘરી
ઘુરચો પું૦ જુઓ ઘુમ્મો
ઘુણ પું૦ [સં.] લાકડું કોરી ખાનારો એક કીડો. -ણાક્ષર પું૦ ઘુણના કોરવાથી લાકડામાં અથવા પોથીના પાનામાં પડેલો અક્ષર જેવો આકાર. -ણાક્ષરન્યાય પું૦ ઘુણાક્ષરની જેમ વગર ઇરાદે બનાવ બનવો તે
ઘુમડાવવું સ૦ક્રિ૦ 'ઘૂમડવું'નું પ્રેરક
ઘુમરડવું સ૦ક્રિ૦ ઘુમરડી ખવડાવવી
ઘુમરડિયો પું૦ ગોપીને વેશે ઘેર ઘેર ભિક્ષા માટે ફરતો સાધુ
ઘુમરડી સ્ત્રી૦ ચક્રાકારે ફરવું-નાચવું તે; ફૂદડી (૨) ફેર; ચક્કર (૩) પકડનારને ચુકાવી દેવા ઘૂમી જવું-ફરી જવું તે (૪) હીંચોળવું તે
ઘુમરાઈ સ્ત્રી૦ મગરૂરી; ગર્વ
ઘુમરાવવું સ૦ક્રિ૦ 'ઘૂમરાવું'નું પ્રેરક [ભાવે
ઘુમાવવું સ૦ક્રિ૦, **ઘુમાવું** અ૦ક્રિ૦ 'ઘૂમવું'નું પ્રેરક ને.
ઘુમ્મર સ્ત્રી૦ ચક્રવ્યૂહ
ઘુમ્મો પું૦ ગુમ્મો; ધીબકો; મુક્કો
ઘુરકાવવું સ૦ક્રિ૦ 'ઘૂરકવું'નું પ્રેરક
ઘુરકિયું ન૦ ઘૂરકવાનો અવાજ (૨) છાંછિયું; ગુસ્સાનો બોલ
ઘુરઘુર અ૦ [સં.] (રવ૦). -રાટ પું૦ ઘુરઘુર અવાજ
ઘુરવું અ૦ક્રિ૦ ઘૂરકવું; ભસવું
ઘુવડ પું૦; ન૦ રાત્રે જ દેખી શકતું એક પક્ષી
ઘુસણિયું વિ૦ ગમે તેમ કરીને ઘૂસનારું
ઘુસપુસ અ૦ (૨) સ્ત્રી૦ (રવ૦) માંહોમાંહે ગુપચુપ ધીમી વાતો કરવી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘુસાડવું સ૦ક્રિ૦ પેસાડવું; દાખલ કરવું (વગર રજાએ કે હક્કે)
ઘુસાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ઘસવું'નું ભાવે ને પ્રેરક
ઘુંમટ પું૦ દેરા અથવા મકાન ઉપરનું છત્રાકાર ધાબું; ગુંબજ (૨) ઘુંમટ નીચેનો દેરાનો અંદરનો ભાગ
ઘૂક ન૦[સં.] ઘુવડ [ઘૂઘરાની માળા
ઘૂઘર સ્ત્રી૦ ઘૂઘરી (પ.). ૦માળ સ્ત્રી૦ (બળદને કોટે બાંધવાની)
ઘૂઘરવું અ૦ક્રિ૦ ફૂલીને મોટા થવું; પાકવું (જેમ કે સેયડનું)
ઘૂઘરાવું અ૦ક્રિ૦ ગુસ્સાથી ડોળા કાઢવા
ઘૂઘરી સ્ત્રી૦ ધાતુના પતરાની પોલી ખણખણતી ગોળી (૨) સ્ત્રીઓના હાથનું ઘુઘરિયાળું એક ઘરેણું (૩) એક રમકડું; નાનો ઘૂઘરો (૪) બાફેલી જાર-બાજરી વગેરે. -રો પું૦ અંદર કાંકરા જેવી વસ્તુ ભરીને કરેલો ખખડે તેવો ધાતુ વગેરેનો પોલો ગોળો (૨) તેવું એક રમકડું (૩) એક મીઠાઈ (૪) ઘૂઘરીઓનો ઝૂમખો (૫) દાળ પાડવા માટે પલાળીને સૂકવેલું કઠોળ (૬) ચૂનો બનાવવા માટે પકવેલા મરડિયા [ગર્જવું
ઘૂઘવવું અ૦ક્રિ૦ (રવ૦) 'ઘૂઘૂ' એવો અવાજ કરવો (૨)
ઘૂઘવાવું અ૦ક્રિ૦ ઘૂ ઘૂ અવાજ થવો
ઘૂઘૂ અ૦ (રવ૦) (રેલગાડી, સમુદ્ર વગેરેનો એવો રવ)
ઘૂડ પું૦;ન૦ જુઓ ઘુંવડ
ઘૂણિયો પું૦ દેગડો
ઘૂનો પું૦ ખાઈ (કા.) [બેભાન
ઘૂમ અ૦ (તર્કમાં) ગરક-લીન (૨) [નશાથી] ચકચૂર-
ઘૂમચી સ્ત્રી૦ ઘુમરડી; ચક્રાકારે ફરી વળવું તે
ઘૂમચો પું૦ જથો; સમૂહ
ઘૂમટ પું૦ જુઓ ઘુંમટ. -ટી સ્ત્રી૦ ઘુંમટ જેવી નાની આકૃતિ (૨) [લા.] માથું અને પીઠ ન પલળે એવી ઘાસ કે વાંસની ચીપો વગેરેની બનાવેલી બોચલા જેવી છત્રી
ઘૂમટો પું૦ ઘૂંઘટ [અ૦ક્રિ૦ (કર્મણિ)
ઘૂમડવું સ૦ક્રિ૦ હીંચોળવું (૨) ચકરચકર ફેરવવું. ઘૂમડાવું
ઘૂમડી(-ણી) સ્ત્રી૦ ઘુમરડી. -ણ ન૦ ઘૂમવું કે હીંચવું તે
ઘૂમરાવું અ૦ક્રિ૦ રીસમાં મોં ચડવું; ધૂંધવાવું (૨) ઘૂમરી ખાવી (૩) વરસાદનું ચડી આવવું (૪) ડહોળાવું
ઘૂમરી સ્ત્રી૦ વમળ; ભમરો (૨) ઘૂમડી; ઘુમરડી
ઘૂમવું અ૦ક્રિ૦ ગોળ ફરવું (૨) રખડવું (૩) [લા.] મોટો કારભાર કરવો; મહાલવું (૪) મચ્યા રહેવું
ઘૂમાઘૂમ(-મી) સ્ત્રી૦ હરફર; દોડધામ
ઘૂરકવું અ૦ક્રિ૦ ઘુરઘુર કરવું (૨) જોરથી ભસવું (૩) [લા.] ગુસ્સામાં ઘાંટો પાડવો; તડૂકવું
ઘૂરકાઘૂરકી સ્ત્રી૦ સામસામે ઘૂરકવું તે
ઘૂરકાવું અ૦ક્રિ૦ ઘૂરકવાની ક્રિયા થવી
ઘૂર્ણાયમાન વિ૦ [સં.] ચક્રાકારે ઘૂમતું
ઘૂઘર,-રું ન૦,-રો પું૦ જુઓ 'ઘૂઘર'માં

ઘૂસ પું૦ ઉંદર; કોળ
ઘૂસણ ન૦ ઘૂસવું તે; વગર હકનો પ્રવેશ (૨) વિ૦ ઘૂસણિયું
ઘૂસવું અ૦ક્રિ૦ જોરથી કે ગમે તેમ કરી પેસી જવું
ઘૂસિકું ન૦ ઉંદરિયું
ઘૂસિયું મધ ન૦ એક જાતની ઝીણી માખોએ બનાવેલું મધ
ઘૂંઘટ(-ટો) પું૦ ઘૂમટો; સ્ત્રીઓ મોં પર કપડું ઢાંકે છે તે
ઘૂંટ પું૦ ઘૂંટડો (૨) ઘાંટો; કંઠ (૩) સ્ત્રી૦ (જીવનું) ઘૂંટાવું-ગૂંગળાવું તે. ૦ડો પું૦ ગળા વાટે એકી વખતે ઊતરી શકે તેટલો પ્રવાહી પદાર્થ
ઘૂંટણ,-ણિયું ન૦ ઢીંચણ [ફરી લખવું
ઘૂંટવું સ૦ક્રિ૦ લસોટવું; પીસવું (૨) લખેલા પર એનું એ
ઘૂંટાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦ 'ઘૂંટવું'નું કર્મણિ ને પ્રેરક
ચાળા પું૦બ૦વ૦ મશ્કરી ખાતર કોઈનું અનુકરણ-નકલ કરવી તે (૨) હાવભાવ; નખરાં; અંગચેષ્ટા (૩) અડપલાં; તોફાન. ૦ખોર વિ૦ ચાળા પાડવાની આદતવાળું ૦ચસકા પું૦બ૦વ૦ નખરાં; હાવભાવ (૨) આનાકાની. ૦ચંદેવાં ન૦બ૦વ૦ ચાળાચસકા. ૦લખણું વિ૦ ચાળાખોર (?)

ચાળી સ્ત્રી૦ બકરી. -ળું ન૦ બકરું (કા.)

ચાળીસ વિ૦'૪૦.' -સાં ન૦બ૦વ૦ ચાળીસ વર્ષે આવતાં ચશ્માં કે તેવી સ્થિતિ [(૩) ચિહ્ન; નિશાની

ચાળો પું૦ ચાળાનું એ૦વ૦ (૨) છાપરું ચાળનારો; સંચારો

ચાંઈ વિ૦ શરમિંદું (૨) સ્ત્રી૦ નાનો ચાંલ્લો

ચાંખડ વિ૦ (કા.) ગરીબ; દીન. -ડાઈ,-ડી સ્ત્રી૦ ગરીબી; નિર્ધનતા (૨) ગરીબાનો ઢોંગ

ચાંગળું ન૦ ચાર આંગળાંની અંજલિ

ચાંગી વિ૦ એ નામની ઊંચી જાતનું (ઘોડા માટે)

ચાંગેરી સ્ત્રી૦ એક છોડ [વસ્તુ. ઉદા૦ પાઘડીની ચાંચ

ચાંચ સ્ત્રી૦ પક્ષીઓનું અણિયાળું મોં (૨) તેના આકારની

ચાંચડ પું૦ એક જંતુ. ૦મારી સ્ત્રી૦ એક વનસ્પતિ (તેની ઉગ્ર વાસથી ચાંચડ નાસી જાય છે)

ચાંચલ્ય ન૦ [સં.] ચંચળતા

ચાંચવું ન૦ ચાંચવાળું, અનાજમાં પડતું એક જીવડું

ચાંચવો પું૦ જમીન ખોદવાનું હથિયાર; તીકમ

ચાંચિયું વિ૦ ચાંચવાળું; ચાંચના આકારનું [પહેરનારો

ચાંચિયો પું૦ દરિયાઈ લુટારો (૨) લાંબી ચાંચની પાઘડી

ચાંટ સ્ત્રી૦ તબલાની કિનારનો ભાગ

ચાંટી સ્ત્રી૦ (કા.) ચૂંટી (૨) ખાલી બડાશ

ચાંડાલ(-ળ) વિ૦ (૨) પું૦ [સં.] જુઓ ચંડાળ. -ળણ (-ણી) સ્ત્રી૦ ચંડાળણ

ચાંદ પું૦ ચાંદો (૨) ચંદ્રક; બિલ્લો. ૦બીજ, ૦રાત સ્ત્રી૦ સુદ બીજ [સ્ત્રી૦ ચાંદનીવાળી--અજવાળી રાત

ચાંદની સ્ત્રી૦ ચંદ્રનો પ્રકાશ; ચંદની (૨) ચંદરવો. ૦રાત

ચાંદરમંકોડું ન૦ ચાંદરડું ૩ જુઓ

ચાંદરડું(-ણું) ન૦ તારાઓનો ઝાંખો પ્રકાશ (૨) ચાંદની (૩) ઝીણા કાણામાંથી પડતું અજવાળાનું ચાંદું. -ણી વિ૦ ચાંદરણાવાળી (૨) સ્ત્રી૦ તારો (૩) ચાંદરણું

ચાંદરું વિ૦ ધોળા ચાંદાવાળું (૨) [લા.] નિરંકુશ; મસ્તાની

ચાંદલાવહેવાર પું૦ શુભ પ્રસંગે નાણાંની ભેટ આપવા લેવાનો વહેવાર-સંબંધ; ચાંલ્લાવહેવાર

ચાંદલિયો પું૦ ચાંદો (પ.)

ચાંદલી સ્ત્રી૦ (કા.) ઘોડીની એક જાત

ચાંદલો પું૦ ચાંલ્લો [અટકચાળું

ચાંદલું વિ૦ અડપલાંખોર; અટકચાળું (૨) ન૦ અડપલું;

ચાંદાયેલું વિ૦ કોહવાણ કે ગૂમડાંનાં ચાંદાંવાળું [રોગ)

ચાંદિયો વિ૦પું૦ ચામડી પર ચાંદાં પડી જાય એવો (વાનો

ચાંદી સ્ત્રી૦ એક ધાતુ; શુદ્ધ રૂપું (૨) એક ચેપી રોગ (૩) જ્યાંથી ખાલ ખસી ગઈ હોય કે ઊપસી હોય એવું ગોળ ચાંદું; ધારું. ૦કામ ન૦ ચાંદી ઉપરની નકશી

ચાંદું ન૦ ચાંદી ૩ જુઓ (૨) ચાંદાનો ડાઘ, ચાઠું (૩) [લા.] લાંછન; ડાઘ (૪) છિદ્ર; દોષ

ચાંદૂડિયાં ન૦બ૦વ૦ ચાંદવાં

ચાંદો પું૦ ચંદ્ર (૨) તેના જેવો ગોળ આકાર

ચાંદ્ર વિ૦ [સં.] ચંદ્રનું; ચંદ્રને લગતું. ૦માન ન૦ ચંદ્રની ગતિ પરથી કઢાતું સમયનું માપ. ૦માસ પું૦ ચંદ્રમાન પ્રમાણે ગણાતો માસ. ૦વર્ષ ન૦ ચંદ્રમાનથી ગણાતું વર્ષ. -દ્રાયણ ન૦ ચંદ્રની કળાની વધઘટ પ્રમાણે રોજ કોળિયો વધારતા ઘટાડતા જવાનું એક વ્રત

ચાંપ સ્ત્રી૦ કળ; પેચ; નાનો ઉલાળો (૨) પૈસાનું પાકીટ (સુ.) (૩) [લા.] દાબ; ધાક (૪) સાન; ચેતવણી (૫) કાળજી. ૦ણ(-ણી) સ્ત્રી૦ ચાંપવું-દાબવું તે (૨) ઉશ્કેરણી (૩) અંકુશ; દાબ. ૦ણિયું વિ૦ લાંચ આપવાની ટેવવાળું (૨) ન૦ બારણાના ચોકઠાનું ઉપલું લાકડું. ૦ણું ન૦ સાળમાં તાર ઊંચાનીચા કરવાની પાવડી

ચાંપતી સ્ત્રી૦ તાકીદ; ચેતવણી

ચાંપતું વિ૦ સખત; આકરું (૨) ઝટ અસર કરે તેવું

ચાંપલું વિ૦ દોઢડાહ્યું; ચિબાવલું. -લાવેડા પું૦બ૦વ૦ ચાંપલું વર્તન; દોઢડહાપણ -લાશ સ્ત્રી૦ [(૪) હાંસવું

ચાંપવું સ૦ક્રિ૦ દબાવવું (૨) દઝાડવું (૩) [લા.] લાંચ આપવી

ચાંપાચાંપી સ્ત્રી૦ વારંવાર દાબવું તે

ચાંપું ન૦ ફણસની પેશી (૨) નાકની નથમાંનો એક ભાગ (૩) માથાનું એક ઘરેણું (૪) ચંપાનું ફૂલ

ચાંપો પું૦+ચંપો. -પલિયો પું૦ ચંપો (લઘુતાવાચક)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાંભાં ન૦બ૦વ૦ ચાંદાં

ચાંલ્લાવહેવાર પું૦ જુઓ ચાંદલાવહેવાર

ચાંલ્લૈયો પું૦ ચાંલ્લો કરી ખાનારો ભિક્ષુક બ્રાહ્મણ (૨) મીનાકારીના ચાંલ્લા બનાવનાર (૩) વિ૦ પું૦ ચાંલ્લો આપીને વહોરેલો (વર)

ચાંલ્લો પું૦ કપાળે કરાતું (કંકુનું) ગોળ ટપકું (૨) તેની ઉપર ચોડવાની ટપકી(૩)શુભ પ્રસંગે અપાતી નાણાંની ભેટ

ચિકટાવવું સ૦ક્રિ૦ 'ચીકટાવું'નું પ્રેરક

ચિકન ન૦ ભરતકામ. ૦દોજ પું૦ ભરત ભરનારો

ચિકાખાઈ સ્ત્રી૦ જુઓ શિકાકાઈ

ચિકાર વિ૦ (૨) અ૦ જરા ખાલી ન હોય એવું; ભરપૂર

ચિકારડું ન૦ એક જંગલી જાનવર

ચિકારી ન૦ એક વાજિંત્ર

ચિકિત્સક વિ૦[સં.] ચિકિત્સા કરનારું (૨)પું૦ વૈદ્ય હકીમ. -નીય વિ૦ ચિકિત્સા કરવા યોગ્ય

ચિકિત્સા સ્ત્રી૦ [સં.] વૈદકનો ઉપચાર(૨) ગુણદોષ પારખવાની શક્તિ (૩) ટીકા; દોષદર્શન. ૦ખોર વિ૦ ટીકાખોર. ૦શાસ્ત્ર ન૦ રોગના ઉપચારનું શાસ્ત્ર

ચિકીર્ષા સ્ત્રી૦ [સં.] (કંઈ પણ) કરવાની ઇચ્છા

ચિકોટી સ્ત્રી૦ કાંડું

ચિકોડી સ્ત્રી૦મેથી ઉકાળેલું પાણી (સોનીકામમાં વપરાય છે)

ચિકોર વિ૦ ઉદ્ધત; બટકબોલું

ચિકોરવું સ૦ક્રિ૦ ટોકવું; ફરી ફરીને કહેવું

ચિકોરી સ્ત્રી૦ બુંદદાણા સાથે ભેગું દળવામાં આવતું એક છોડનું મૂળિયું (કૉફીને બદલે પણ ચાલે છે)

ચિખ(-ખ્ખ)લ પું૦ કાદવ

ચિગોટી સ્ત્રી૦ મોઢેમાથે ઓઢીને સૂવું તે

ચિચરવટી સ્ત્રી૦ જમીનનો સાંકડો અને લાંબો કકડો(૨) તીખી કે ઠંડી વસ્તુ ખાતાં કે પીતાં પડતો શેરડો(૩) ધ્રાસકો; ફાળ (૪) પ્રીતિનો જુસ્સો. -ટો પું૦ ધ્રાસકો; ફાળ (૨) ગૂંચવણ (૩) જમીનનો લાંબો કકડો

ચિચરકો પું૦ પિચકારી (૨) હીંચકો (૩) ચીચવો

ચિચવાવવું સ૦ક્રિ૦ ચીસ પડાવવી (૨) ટળવળાવવું

ચિચાડી સ્ત્રી૦ ચિચિયારી

ચિચાવવું સ૦ક્રિ૦ 'ચીચવું'નું પ્રેરક

ચિચિયારી સ્ત્રી૦ (દુઃખ કે ભયની) ચીસ; કિકિયારી

ચિચૂકો(-ડો) પું૦ આંબલીનો ઠળિયો

ચિચોટિયું ન૦ હૈડિયો

ચિચોડો પું૦ જુઓ ચિચૂકો (૨) કોલુ

ચિટનવીસ પું૦ જુઓ ચિટનીસ [કામ(૨)તેનું પદ

ચિટનીસ પું૦મંત્રી; અવલકારકુન. -સી સ્ત્રી૦ચિટનીસનું

ચિઠ્ઠી સ્ત્રી૦ થોડી મતલબનો નાનો કાગળ કે કાપલી (૨) કાળોતરી. ૦ચપાટી,૦પત્રી સ્ત્રી૦ કાગળપત્ર. ૦દોરો પું૦ ભૂતપિશાચનું વળગણ દૂર કરવા બાંધવામાં આવતો મંતરેલો દોરો કે ચિઠ્ઠી

ચિડકણું વિ૦ ચીડિયા સ્વભાવનું. ચિડાવું અ૦ક્રિ૦ ખીજવાવું; ગુસ્સે થવું. ચિડિયલ વિ૦ ચીડિયું

ચિડ્ડી સ્ત્રી૦ સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું લૂગડું (૨) ચકલી (૩) પહેરામણીમાંથી વરપક્ષને મળતો ભાગ

ચિઢાણું વિ૦ચીકટવાળું અને વાસ મારતું [ચિણગારી

ચિણ(-ન)ગી(-ગારી) સ્ત્રી૦ તણખો. -ગારો પું૦ મોટી

ચિત ન૦ [સં.] જ્ઞાન; ચેતના (૨) ચિત્ત (૩) ચૈતન્ય; જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ. ૦ચોર પું૦ ચિત્તચોર. ૦ડું ન૦ ચિત્ત (પ.)

ચિતણિયો પું૦ ધાતુ પર ઘાટ ચીતરનારો

ચિતરામણ ન૦ ચિત્ર (૨) ચીતરવાની ક્રિયા (૩) ચિતરામણી. -ણી સ્ત્રી૦ ચીતરવાનું મહેનતાણું

ચિતરાવવું સ૦ક્રિ૦ 'ચીતરવું'નું પ્રેરકરૂપ

ચિતા સ્ત્રી૦ [સં.] મડદું બાળવા ગોઠવેલી લાકડાની ચોકી; ચેહ. ૦રોહણ ન૦ ચિતા પર ચડવું,-માં પ્રવેશ કરવો તે

ચિતાક પું૦ ગળાનું એક ઘરેણું (ખેડાવાળમાં પહેરાય છે)

ચિતાર પું૦ ચિત્ર (૨) આબેહૂબ વર્ણન

ચિતારો પું૦ ચિત્રકામ કરનારો [અને પ્રેરક

ચિતાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ચીતવું'નું કર્મણિ

ચિતાળ સ્ત્રી૦ ચીરેલા લાકડાનો કકડો; ચીતળ; ફાચરો

ચિત્કાર પું૦ [સં.] ચીસ; ચીત્કાર

ચિત્ત ન૦ [સં.] અંતઃકરણ; મન. ૦ક્ષેપ પું૦ ચિત્તની અસ્વસ્થતા-અજંપો. ૦ક્ષોભ પું૦ ચિત્તનો ક્ષોભ. ૦ગત વિ૦ ચિત્તનું; ચિત્તની અંદર રહેલું. ૦ચોર પું૦ ચિત્ત ચોરી જનાર-વશ કરનાર. ૦ભ્રમ પું૦ ઉન્માદ(૨)ભ્રમ. ૦વૃત્તિ સ્ત્રી૦ ચિત્તની વૃત્તિ. ૦વેધક વિ૦ ચિત્તને વીંધી નાખે તેવું. ૦શુદ્ધિ સ્ત્રી૦ ચિત્તના મેલો-કામાદિ વિકારો તથા વૃત્તિઓની શુદ્ધિ-સફાઈ. ૦શાસ્ત્ર ન૦ માનસશાસ્ત્ર; 'સાઇકૉલૉજી.' -ત્તાકર્ષક વિ૦ ચિત્તને આકર્ષે એવું; મનોહર

ચિત્તો પું૦ એક જાતનો વાઘ

ચિત્ર ન૦ [સં.] ચીતરેલું તે; છબી (૨)જે અક્ષરોમાં જે પ્રશ્ન થયા હોય તે જ અક્ષરોથી તે પ્રશ્નનું ઉત્તર મળે એ કાવ્યની ખૂબી (કા.શા.). ૦ક પું૦ ચિતારો(૨)[ગ.] અજ્ઞાત ચિહ્ન; 'અનનોન સાઇન.' ૦કલા(-ળા) સ્ત્રી૦ ચિત્ર દોરવાની કળા. ૦કંઠ ન૦ કબૂતર. ૦કામ ન૦ ચિત્રનું કામ; ચિતારાનો ધંધો. ૦કાર પું૦ ચિત્ર દોરનારો. ૦કાવ્ય ન૦ ચિત્રના આકારમાં લખેલી કવિતા. ૦કૂટ પું૦ (સં.) પ્રયાગ નજીક આવેલો એક પર્વત. ૦ગુપ્ત પું૦(સં.)જીવોનાં કર્મો નોંધી રાખનાર યમરાજાનો સેવક. ૦ગ્રીવ ન૦ જુઓ ચિત્રકંઠ. ૦ણ ન૦ચીતરવું તે. ૦પટ પું૦;ન૦ જેના પર ચિત્ર દોર્યું હોય તે કપડું કે પાટિયું(૨) પડદો(૩)સિનેમાની 'ફિલ્મ.' ૦પદા પું૦એક છંદ. ૦ફલક ન૦ ચિત્ર કાઢવાનું પાટિયું-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફલક. ૦ભાનુ પું૦ સૂર્ય (૨) આકડો (૩) અગ્નિ (૪) એક વનસ્પતિ; ચીતરો. ૦મંજૂષા સ્ત્રી૦ ચિત્રોના સંગ્રહની વહી; 'આલ્બમ.' ૦લિપિ(-પી) સ્ત્રી૦ સાંકેતિક ચિત્રોની બનેલી લિપિ. ૦લેખા સ્ત્રી૦ તસવીર; છબી (૨) વિધાતા (૩) [સં.] ઓખાની સખી. ૦વત્ અ૦ ચિત્ર જેવું; સ્તબ્ધ. ૦વતી સ્ત્રી૦ ગાંધારગ્રામની એક મૂર્છના. ૦વાચન ન૦ ચિત્રને સમજવું કે સમજાવવું તે. ૦વિચિત્ર વિ૦ રંગબેરંગી (૨) વિચિત્ર; વિલક્ષણ. ૦વિદ્યા સ્ત્રી૦ ચિત્ર દોરવાની વિદ્યા-કળા. ૦શૈલી સ્ત્રી૦ ચિત્ર રજૂ કરી દે-ચિત્રની જેમ કામ કરે એવી લેખનની શૈલી. ૦શાલા(-ળા) સ્ત્રી૦ ચિત્રો કાઢવાનું અથવા કાઢતાં શીખવાનું સ્થાન

ચિત્રા સ્ત્રી૦ [સં.] ચૌદમું નક્ષત્ર (૨) એક છંદ (૩) ચિત્રવતી

ચિત્રાકાર વિ૦ [સં.] ચિત્રવત્; સ્તબ્ધ. ચિત્રાર્પિત વિ૦ [સં.] ચીતરેલું; ચિત્રમાં ઉતારેલું. ચિત્રાલય ન૦ [સં.] ચિત્રકળાનું સંગ્રહસ્થાન [વાહનની માતા

ચિત્રાંગદા સ્ત્રી૦ [સં.] (સં.) અર્જુનની એક પત્ની; બભ્રુ-

ચિત્રિણી સ્ત્રી૦ [સં.] ચતુર, સુંદર અને ગુણવાન સ્ત્રી (પદ્મિની ચિત્રિણી, હસ્તિની અને શંખિની એ ચાર પ્રકારમાંની)

ચિત્રિત વિ૦ [સં.] ચીતરેલું (૨) રંગબેરંગી; ચિત્રવિચિત્ર

ચિત્રો પું૦ જુઓ ચીતરો

ચિત્પાવન પું૦ [સં.] દક્ષિણી બ્રાહ્મણોનો એક ભેદ

ચિત્શક્તિ સ્ત્રી૦ [સં.] ચૈતન્ય. ચિત્સ્વરૂપ ન૦ [સં.] પરબ્રહ્મ

ચિથરિયું વિ૦ જુઓ ચીંથરેહાલ; ચીંથરિયું

ચિદાકાશ ન૦ [સં.] શુદ્ધ બ્રહ્મ. ચિદાત્મા પું૦ [સં.] ચૈતન્યસ્વરૂપ પરબ્રહ્મ. ચિદાભાસ પું૦ [સં.] જીવ

ચિદ્ઘન વિ૦ [સં.] જ્ઞાનથી ભરેલું; જ્ઞાનસ્વરૂપ (૨) પું૦ બ્રહ્મ

ચિદ્રૂપ વિ૦ [સં.] જ્ઞાનસ્વરૂપ

ચિદ્વિલાસ વિ૦ [સં.] જ્ઞાનમાં જ વિલાસ છે જેનો એવું (૨) પું૦ પરબ્રહ્મમાં રમણ (૩) ચિત્સ્વરૂપ ઈશ્વરની માયા-લીલા

ચિનગારી સ્ત્રી૦ જુઓ ચિણગારી. -રો પું૦ જુઓ ચિણગારો

ચિનાઈ વિ૦ ચીનમાં બનાવેલું; ચીન દેશનું (૨) સ્ત્રી૦ એક જાતની રેશમી સાડી. ૦સિં(-સીં)ગ સ્ત્રી૦ શેકેલી કે મીઠે પાસેલી મગફળી

ચિનાર પું૦ એક જાતનું ઝાડ [ને પ્રેરક

ચિનાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ચીનવું'નું કર્મણિ

ચિનીકબાલા પું૦ એક વનસ્પતિનાં બીજ-ઔષધિ

ચિન્મય વિ૦ [સં.] જ્ઞાનમય; બ્રહ્મમય (૨) ન૦ બ્રહ્મ

ચિન્માત્ર વિ૦ [સં.] જુઓ ચિન્મય (૨) ન૦ શુદ્ધ જ્ઞાન

ચિપાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ચીપવું'નું કર્મણિ ને પ્રેરક

ચિપાસિયું વિ૦ કંજૂસ

ચિબાવલું વિ૦ દોઢડાહ્યું. -લાશ સ્ત્રી૦ ચિબાવલાપણું

ચિબુક સ્ત્રી૦ [સં.] હડપચી; દાઢી

ચિબોળવું સ૦ક્રિ૦ જુઓ ચીબોળવું

ચિમરાજ ન૦ એક પક્ષી

ચિમળાવવું સ૦ક્રિ૦ 'ચીમળાવું', 'ચીમળવું'નું પ્રેરક

ચિમાવું અ૦ક્રિ૦ અમુક વસ્તુ પોતાની પાસે નહિ હોવાથી મનમાં બળવું કે શરમાવું (૨) તે મેળવવાની ઇચ્છાથી તાકી-તાકીને જોવું. -વવું સ૦ક્રિ૦ 'ચિમાવું'નું પ્રેરક

ચિમેડ(-મોડ) સ્ત્રી૦ એક વનસ્પતિ-ઔષધિ

ચિમોટી(-ડી) સ્ત્રી૦ ગળચી; ડોક; બોચી

ચિમોડ સ્ત્રી૦ જુઓ ચિમેડ

ચિમોડિયું ન૦ જિંગોડો (સુ.)

ચિમોડી સ્ત્રી૦ એક જાતના વેલાનાં બિયાં (૨) જુઓ ચિમોટી

ચિરુમડ વિ૦ જુઓ ચરુમડ

ચિર વિ૦ [સં.] લાંબું (સમય માટે) (૨) લાંબા વખતનું (૩) અ૦ લાંબા વખત સુધી. ૦કારિતા સ્ત્રી૦ ચિરકારીપણું. ૦કારી વિ૦ દીર્ઘસૂત્રી; ટાઢું; ધીમું. ૦કાલ(-ળ) પું૦ લાંબો સમય. ૦કાલીન વિ૦ લાંબા વખતનું જૂનું. ૦સ્થાયી વિ૦ દીર્ઘકાળ સુધી ટકી રહે એવું. ૦સ્મરણીય વિ૦ ચિરકાળ યાદ રાખવા યોગ્ય. -રંજીવ(-વી) વિ૦ લાંબા આવરદાવાળું (૨) પું૦ પુત્ર. -રંજીવિની વિ૦ સ્ત્રી૦ લાંબા આવરદાવાળી (૨) સ્ત્રી૦ પુત્રી. -રંતન વિ૦ ચિરકાલીન; જૂનું; પ્રાચીન. -રાયુ વિ૦ લાંબા આવરદાવાળું; દીર્ઘાયુ

ચિરાઈ,-મણી સ્ત્રી૦, -મણ ન૦ ચીરવાનું મહેનતાણું

ચિરાગ પું૦ [ફા.] દીવો; બત્તી (૨) શગ; દીવાની જ્યોત

ચિરાડો પું૦ ચીરો

ચિરામણ ન૦,-ણી સ્ત્રી૦ ચિરાઈ [પ્રેરક

ચિરાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦ 'ચીરવું'નું કર્મણિ અને

ચિરોડી પું૦ એક જાતનો પોચો પથ્થર

ચિલખત ન૦ બખતર

ચિલગોજા ન૦ [ફા.] એક મેવો-ફળ

ચિલ્લાવું અ૦ક્રિ૦ પીડાવું; દુઃખી થવું (૨) વેદનાથી બૂમો પાડવી

ચિ૦વડ વિ૦ જુઓ ચવડ

ચિષ્ટાં ન૦બ૦વ૦ નાળિયેરનાં છોતરાંના રેસા

ચિષ્ઠું વિ૦ સુકાઈ ને ચવડ થઈ ગયેલું

ચિહ્ન ન૦ [સં.] નિશાની (૨) [ગ.] 'સાઇન'. ૦નિરપેક્ષ વિ૦ 'ઍબ્સોલ્યૂટ' (ગ.). -હ્નાંતર ન૦ ચિહ્નોની ફેરફારી; ચેન્જ ઑફ 'સાઇન્સ' (ગ.). -હ્નિત વિ૦ ચિહ્નવાળું

ચિંગટ વિ૦ ચાપચીપિયું; ચીકણું

ચિંગું(-ગૂસ) વિ૦ બહુ કરકસરિયું; કંજૂસ (૨) મીંઢું

ચિંત(-તા) સ્ત્રી૦ ફિકર (૨) વિચાર

ચિંતક વિ૦ [સં.] ચિંતન કરનારું (૨) પું૦ વિચારક; ફિલસૂફ. -ન ન૦ વિચાર; મનન. -નશીલ વિ૦ ચિંતન કરવાના સ્વભાવવાળું. -નાત્મક વિ૦ વિચાર-મનનથી ભરેલું. -નીય વિ૦ ચિંતન કરવા જેવું. -વન ન૦ જુઓ ચિંતન. -વવું,-વું સ૦ક્રિ૦ મનન કરવું; વિચારવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિંતા સ્ત્રી૦ [સં.] ફિકર (૨) વિચાર. ૦શીલ વિ૦ ચિંતા
કરવાના સ્વભાવવાળું. ૦કુલ(-ળ) વિ૦ ચિંતાથી આકુળ
થયેલું-ગભરાયેલું.૦ચૂરણી વિ૦સ્ત્રી૦ચિંતાને ચૂર્ણ કરનારી.
૦તુર વિ૦ચિંતાથી વ્યાકુળ. ૦મણિ પું૦ચિંતવેલું આપે
તેવો મણિ.-તિત વિ૦વિચારેલું; ધારેલું-ત્ય વિ૦ચિંતનીય
ચી [तुर्की] 'વાળું'' એ અર્થનો નામને લાગતો પ્રત્યય ઉદા૦
મસાલચી [ચીકણું પાણી અથવા દૂધ
ચીક પું૦;સ્ત્રી૦ વનસ્પતિનાં ફળ, ડાંખળાં વગેરેમાંથી નીકળતું
ચીકટ વિ૦ ચીકણું (૨) તેલ ઇત્યાદિના પાસવાળું (૩) સ્ત્રી૦
ચીકાશ (૪) ચીકાશવાળી વસ્તુ (ઘી, તેલ વગેરે). -ટાવું
અ૦ક્રિ૦ ચીકટવાળું થવું; તેલ વગેરેથી ખરડાવું (૨)
ચીકટવાળો પદાર્થ ખાવામાં આવવાથી રોગ કે ગૂમડાનું
વીફરવું (૩) ચોંટવું. -હું વિ૦ ચીકટવાળું
ચીકટો પું૦ શણનું કપડું-સુગટો (૨) પચાસ વાર લાંબો
કસબી તાર (૩) એક જાતનું ઘાસ
ચીકણુ સ્ત્રી૦ એક જાતની કાકડી
ચીકણું વિ૦ ચોટી રહે તેવું (૨) [લા.] ચિંગૂસ; કંજૂસ
(૩) ચાપચીપિયું; દોઢડાહ્યું. -ણાઈ(-શ) સ્ત્રી૦ ચીકણા-
પણું. ૦લાટ વિ૦ અતિ ચીકણું
ચીકાર પું૦ 'ચી ચી' એવો અવાજ
ચીકાશ સ્ત્રી૦ ચીકણાઈ
ચીકી સ્ત્રી૦ એક મીઠાઈ
ચીકુ ન૦ એક ફળઝાડ (૨) એનું ફળ
ચીગચી સ્ત્રી૦ એક પક્ષી
ચીચવાડો પું૦ ચીસ; બુમાટો
ચીચવાવું અ૦ક્રિ૦ ટળવળવું
ચીચવું અ૦ક્રિ૦ ચીસ પાડવી; ચી ચી અવાજ કરવો
ચીચવો પું૦ અણીદાર ઊભા લાકડા પર એક આડી મૂકી
હીંચતા ગોળ ફરવાનું રમતનું સાધન
ચીચી અ૦ (૨વ૦)
ચીચુ ન૦ શેરડીના સાંઠાનો ટોચ તરફનો કુમળો ભાગ
ચીચો પું૦ કાંકો (૨) એક કાળો કઠણ પથ્થર
ચીજ,-ઝ [फा.]સ્ત્રી૦ વસ્તુ (૨) સરસ ગાયન
ચીટકી સ્ત્રી૦ ચપટી [નાની પટીની ચૂડી
ચીટિયું ન૦લાકડાની ચીપ-ચીપટ (૨) ઘરમાં પહેરવાની
ચીટું વિ૦ ચીકણું; ચીકટવાળું(૨)ન૦ ઘી તાવ્યા પછી નીચે
ઠરતો કચરો-છાશ ઇત્યાદિ; કીટું
ચીડ સ્ત્રી૦ગુસ્સો;રીસ(૨)સખત અણગમો. ૦વવું સ૦ક્રિ૦
ગુસ્સે કરવું; ખીજવવું. ૦વાવું અ૦ક્રિ૦ ચિડાવું. ૦વું
અ૦ક્રિ૦ ચિડાવું (૨) સ૦ક્રિ૦ ખીજવું. -ડિયું વિ૦
સહેજસાજમાં ચિડાઈ જતું (૨) ન૦ છાંછિયું; છણકો
ચીડિયું ન૦ [हिं.] ચકલું; પક્ષી
ચીણ સ્ત્રી૦સ્ત્રીઓની કોટનું એક જાતનું ઘરેણું(૨)ઘાઘરાના
નેફા આગળની કરચલીઓ (૩) પંખીઓનો ખોરાક; ચણ
(૪) માટી, મીઠું વગેરે ખોદવાનું એક હથિયાર
ચીણ(-ન)ગી સ્ત્રી૦ ચિણગારી. -ગો પું૦ ચિણગારો
ચીણ(-ન)માળા સ્ત્રી૦ જુઓ ચીનમાળા [વડે ખાવું
ચીણવું સ૦ક્રિ૦ ચીણ ભરવી (૨) કણે કણે ખાવું; ચાંચ
ચીણો પું૦ એક જાતનું અનાજ [૦ડું ન૦ ચિત્ત
ચીત વિ૦ પીઠ પર પડેલું; ચત્તું (કુસ્તીમાં) (૨) ન૦ ચિત્ત.
ચીતરવું સ૦ક્રિ૦ચિત્ર કાઢવું; આલેખવું (૨)જેમતેમ લખી
કાઢવું. ચીતરાવું અ૦ક્રિ૦ (કર્મણિ)
ચીતરી(-ળી) સ્ત્રી૦ સૂગ કે અણગમાની કંપારી
ચીતરો પું૦ એક વનસ્પતિ(૨)ચિત્તો; વાઘ જેવું ચટાપટા-
દાર પ્રાણી (૩) એક જાતનો સાપ [ક્રિ૦ (કર્મણિ)
ચીતવવું સ૦ક્રિ૦ ચિંતવવું (૨) ચીતવું. ચીતવાવું અ૦
ચીતવું સ૦ક્રિ૦ ધારવું; કલ્પવું (૨) ઇચ્છવું
ચીતળ સ્ત્રી૦ એક જાતનો સાપ; ચીતળો (૨) લાકડાનો
ફાચરો; ચિતાળ (૩) સ્ત્રીઓની કોટનું એક ઘરેણું (૪)
ચપટી પહોળી બંગડી; પાટલી (૫) ન૦ એક જાતનું હરણ
ચીતળો પું૦ એક જાતનો સાપ; ચીતરો
ચીત્કાર પું૦ [सं.] ચિત્કાર; ચીસ [ચીંથરેહાલ
ચીથડું,-રું ન૦ ચીંથરું.-રી સ્ત્રી૦ ચીંથરી. -રેહાલ વિ૦
ચીન પું૦[सं.](સં.) હિંદુસ્તાનની ઉત્તરે આવેલો એક દેશ
ચીનગી સ્ત્રી૦, -ગો પું૦ જુઓ 'ચીણગી'માં
ચીનમાળા સ્ત્રી૦ એક જાતનું કોટનું ઘરેણું
ચીનવું સ૦ક્રિ૦ ઓળખવું; જાણવું
ચીનાંશુક ન૦ [सं.] ચીનનું રેશમી કાપડ
ચીની વિ૦ ચીન દેશનું,-ને લગતું (૨) સ્ત્રી૦ એક જાતની
સફેદ માટી (૩) ચીન દેશની ભાષા. ૦કામ ન૦ ચીની
માટીનું કામ (૨) કાચનું કામ. ૦ખાનું ન૦ દારૂખાનું.
-નો પું૦ ચીન દેશનો વતની
ચીપ સ્ત્રી૦ લાંબી ચપટી પટી; ચીપટ (૨) પત્તાં ચીપવાની
વારી. ૦ટ સ્ત્રી૦ ચીપ; પટી
ચીપટી સ્ત્રી૦ ચપટી. -ટો પું૦ જરા મોટી ચપટી; ચપટો
ચીપડું ન૦ સુકાઈ ગયેલો આંખનો મેલ; ચીપડો. -ડો
પું૦ આંખનો મેલ; પીયો
ચીપણી સ્ત્રી૦,-ણું ન૦ પત્તાંની ચીપ (કંઈક તુચ્છકારમાં)
ચીપવું સ૦ક્રિ૦ દાબી ખેંચીને ચીપ બનાવવી (૨) સફાઈથી
ઠીક કરીને ગોઠવવું (જેમકે, ધોતિયાની પાટલી, ગંજીફાનાં
પાનાં, ઓઢવાની ઢબ ઇ૦) (૩) ગંજીફાનાં પત્તાંને છૂટાં
પાડવા ઉપરતળે કરવાં (૪) [વાતને] ચોળીને લાંબી કરવી
ચીપાચીપ સ્ત્રી૦ વારંવાર ચીપવાની ક્રિયા
ચીપાસોનું ન૦ પાટનું સોનું; ઊંચા ટચનું સોનું
ચીપિયો પું૦ દેવતા વગેરે ઝાલવાની પકડ; ચીમટો
ચીબડી(-રી) સ્ત્રી૦ એક પક્ષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીબું વિ૦ બેઠેલા-ચપટા નાકવાળું. -બડું વિ૦ચીબું;ચપટું
ચીભડી સ્રી૦એક વેલો. -ડું ન૦એનું ફળ [(૩)ચીપિયો
ચીમટી સ્રી૦ ચીપટી(૨)ચૂંટી. -ટો પું૦ચીપટો(૨)ચૂંટલો
ચીમડી સ્રી૦ કાપણી થઈ ગયા બાદ જુવાર બાજરીના
ખેતરમાં રહેલા કુમળા રોપ-છોડવા [કાચની નળી
ચીમની સ્રી૦[ઇં.]ધુમાડિયું(૨)ફાનસની બત્તીનું રક્ષણ કરનારી
ચીમળવું સ૦ક્રિ૦ ચીંબોળવું; આમળવું (કાન)
ચીમળાવું અ૦ક્રિ૦ કરમાવું (૨) મનમાં બળ્યા કરવું;
ઝૂરવું (૩) 'ચીમળવું'નું કર્મણિ [ઘાસ
ચીયો પું૦ એક કાળો કઠણ પથ્થર; ચીચો (૨) એક જાતનું
ચીર સ્રી૦ ચીરી (૨) ફાડ; તરડ (૩) [સં.] સ્રીઓનું એક
રેશમી વસ્ત્ર (૪) વલ્કલ. ૦ડાં ન૦બ૦વ૦ ગરાસિયા કે પટેલે
વેચી દીધેલા જમીનના નાનકડા કકડા. ૦પટોળું ન૦ ફાટેલું
કપડું (વ્યંગમાં). ૦વું સ૦ક્રિ૦ ફાડવું. -રાબંધ વિ૦
ઈંટો કે પથ્થરથી જડેલું. -રિયું ન૦ ફાડ; ચીરી (૨)
અથાણાનો કકડો. -રી સ્રી૦ ચીર; નાની પાતળી ફાડ-
કકડો. -રો પું૦ લાંબો પાતળો કકડો (ચીરીને પાડેલો)
(૨) ફાટ; તરડ; કાપ (૩) ઓવારો; ઘાટ
ચીલ સ્રી૦ વનસ્પતિમાંથી દૂઝતો ચીકણો રસ; ચીક (૨)એક
વનસ્પતિ (૩) એક પંખી; સમડી
ચીલચીલ ન૦ એક પક્ષી
ચીલો પું૦ ગાડાવાટ-ઘરડ (૨) [લા.] રિવાજ; રૂઢિ
ચીવટ સ્રી૦ કાળજી
ચીવર ન૦ [સં.] વસ્ત્ર; કપડું (૨) ફાટેલું કપડું; કંથા (૩)
ભિક્ષુઓનું અંગવસ્ત્ર. -રી પું૦ બૌદ્ધ ભિક્ષુ
ચીસ સ્રી૦ તીણી બૂમ; રાડ. ૦કાર પું૦, ૦રાણ ન૦,
-સાચીસ સ્રી૦ ઉપરાઉપરી ચીસો પાડવી તે
ચીસપટ્ટી સ્રી૦ સ્રીઓનું કોટનું એક ઘરેણું
ચીસું વિ૦ દોઢડાહ્યું; ચીકણું (૨) કંજૂસ
ચીંગડી સ્રી૦ વંદાની જાતનું એક જીવડું
ચીંચીં અ૦ (રવ૦)
ચીંડોરા ન૦ એક પક્ષી
ચીંથરું ન૦ ચીથરું; ફાટી ગયેલું કપડું કે ટુકડો. -રિયું
વિ૦ ફાટયાંતૂટયાં વસ્ત્ર પહેર્યાં હોય તેવું (૨) [લા.] માલ
વગરનું (૩) ન૦માલ વગરનું વસ્તુ કે લખાણ. -રી સ્રી૦
નાનું ચીંથરું; ચીંદરડી. -રેહાલ વિ૦ ફાટયાંતૂટયાં વસ્ત્ર
પહેર્યાં હોય એવું (૨) [લા.] છેક જ ગરીબ
ચીંદરડી સ્રી૦ લૂગડાની લાંબી પટી. -ડું ન૦ સાંકડો પણ
લાંબો લૂગડાનો કાપલો. -ડો પું૦ મોટી ચીંદરડી
ચીંદરી સ્રી૦ જુઓ ચીંદરડી
ચીંધવું સ૦ક્રિ૦ આંગળી કરીને દેખાડવું (૨) ફરમાવવું.
-ણું ન૦ ચીંધવું તે. ચીંધાવું[કર્મણિ], -વવું [પ્રેરક]
ચીંબોળવું સ૦ક્રિ૦ આમળવું; ચીમટી દેવી. ચીંબોળાવું
અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ અનુક્રમે કર્મણિ ને પ્રેરક
ચુકાદો પું૦ ફેંસલો
ચુકાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦'ચૂકવું'નું કર્મણિ ને પ્રેરક
ચુગલ વિ૦ ચુગલખોર (૨) સ્રી૦ પીઠ પાછળ કરેલી નિંદા.
૦ખોર વિ૦ ચુગલી કર્યા કરનારું. -લી સ્રી૦ ચુગલ.
-લીખોર વિ૦ચુગલખોર [પ્રેરક
ચુગાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ચૂગવું'નું કર્મણિ ને
ચુચવાવવું સ૦ક્રિ૦ 'ચૂચવવું'નું પ્રેરક
ચુચુ(-ચૂ)ક પું૦; ન૦ સ્તનની ડીંટડી
ચુડિયાલા(-ળા) પું૦ એક છંદ
ચુડેલ સ્રી૦ ડાકણ [અને પ્રેરક
ચુણાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ચૂણવું'નું કર્મણિ
ચુનવણી સ્રી૦ ચૂનાનું પાણી
ચુનંદા(-દું) વિ૦ [फ़ा.] ખાસ પસંદ કરેલું; ઉત્તમ
ચુનાઈ વિ૦ ચૂનાનું; ચૂના સંબંધી. -રું ન૦ ચૂનાનો દેલ
ભરવાનું તગારું. -રો પું૦ ચૂનો પકવનાર (૨)
ચૂનાથી ધોળનાર; કડિયો (૩) ચુનારાની ન્યાતનો માણસ.
-રણ,-રી સ્રી૦ ચુનારાની સ્રી. -ળયો પું૦ ચૂનો
ઘાલવાની ડબી. -ળું વિ૦ ચૂનો દીધેલું; ધોળેલું (૨)
ચૂનાનું(૩) ન૦ કડિયાનું એક ઓજાર-લેલું [પ્રેરક
ચુનાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ચૂનવું'નું કર્મણિ ને
ચુપ વિ૦ શાંત; મૂક (૨) અ૦ શાંત કે મૂક રહેવા સૂચવતો
ઉદ્ગાર. ૦કી,૦કીદી સ્રી૦ શાંતિ; મૌન. ૦ચાપ,-પાચુપ
અ૦ કંઈ પણ અવાજ કર્યા વિના; છાનામાના
ચુપાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ચૂપવું'નું ભાવે ને પ્રેરક
ચુબીના સ્રી૦ એક પ્રકારની હોડી
ચુમાવવું સ૦ક્રિ૦ 'ચૂમવું' 'ચુમાવું'નું પ્રેરક
ચુમાવું સ૦ક્રિ૦ ચિમાવું; મરજી વિરુદ્ધ શાંત થવું (૨)
મનમાં બળવું (૩) 'ચૂમવું'નું કર્મણિ
ચુરાડો પું૦ ઈંટોનો ભૂકો કે નાની કરચો (૨) ચૂરો
ચુરાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦ 'ચૂરવું'નું કર્મણિ ને પ્રેરક
ચુલબુલિયું વિ૦ રમતિયાળ; મોજીલું
ચુલેતરું ન૦ એક પક્ષી (૨) પાટલીને જડેલી ધારિયા ઘાટની
પાળી. -રો પું૦ કેરી કાપવાનું ઓજાર; સૂડો
ચુલ્લિકા સ્રી૦ [સં.] ચૂલો [વાનું રમકડું; ધાવણી
ચુસણિયું વિ૦ ચૂસવાના સ્વભાવવાળું (૨) બાળકને ચૂસ-
ચુસાડ(-વ)વું સ૦ક્રિ૦ 'ચૂસવું'નું પ્રેરક
ચુસાવું અ૦ક્રિ૦ 'ચસવું'નું કર્મણિ
ચુસ્ત વિ૦ [फ़ा.] આગ્રહી; દૃઢ (૨) તંગ; સક્કસ
ચુંગ(-ગા)લ સ્રી૦ [फ़ा.] પંજો (૨) [લા.] એની કે એવી
મજબૂત પકડ; સકંજો. ચુંગા સ્રી૦ પંજો; સકંજો
ચુંગી સ્રી૦તમાકુ પીવાની નળીના આકારની ચલમ(૨) દાણ
ચુંબક વિ૦[સં.] ચુંબન કરનારું (૨) પોતાની તરફ આકર્ષ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારું (૩) ન૦ ચુંબક વસ્તુ. ઉદા૦ લોહચુંબક (૪)કંજૂસ.
–ન ન૦ બચ્ચી. –વું સ૦ક્રિ૦ બચ્ચી કરવી

ચુંબિત વિ૦ [સં.]ચુંબેલું

ચુંઆળાં ન૦બ૦વ૦૪૪ વર્ષની ઉમ્મર થતાં આંખે ઝાંખપડવી
–નબળાઈ આવવી તે;ચૂંવાળાં. –ળીસ વિ૦'૪૪'ચૂંવાળીસ.
–ળું વિ૦ ૪૪ શેરનો મણ ગણાય તેવું; ચૂંવાળું (તોલ)

ચુંમોતેર વિ૦ '૭૪' ચૂંવોતેર

ચૂઆખોર પું૦ એક પક્ષી

ચૂઈ સ્ત્રી૦માછલાંની શ્વાસ લેવાની ઇંદ્રિય (૨)કેટલાંક પંખીની
ચાંચ નીચે લટકતી લાલ ચામડી

ચૂઓ(–વો) પું૦ ઉંદર

ચૂક સ્ત્રી૦ ભૂલ; કસૂર

ચૂકણુ પું૦ દરજી (ભાલમાં)

ચૂકતું વિ૦ ચૂકવી દીધેલું (ઉદા૦ દેવું)

ચૂકર પું૦+ચાકરનોય ચાકર

ચૂકવવું સ૦ક્રિ૦ભુલાવવું;ચુકાવવું(૨)પતાવવું(કજિયો,દેવું)

ચૂકવાવું અ૦ક્રિ૦ 'ચૂકવવું'નું કર્મણિ રૂપ

ચૂકવું સ૦ક્રિ૦ ચૂક–ગફલત કરવી; ભૂલવું

ચૂકો સ્ત્રી૦ એક જાતની ભાજી

ચૂગઠી સ્ત્રી૦ ચપટી (૨) એક ઘરેણું–જોટવું

ચૂગડો પું૦ મોતીના હારની પોટકી

ચૂગણી સ્ત્રી૦ પક્ષીઓનો ખોરાક

ચૂગવું સ૦ક્રિ૦ ચાંચ મારીને ખાવું

ચૂચવવું અ૦ક્રિ૦ ચૂચૂ અવાજ કરવો (પૈડા વગેરેએ)

ચૂટકી સ્ત્રી૦ ચપટી. –કો પું૦ ટૂંકું પણ અસરકારક ભાષણ
(૨) ટુચકો; જાદુ (૩) લહેજો; છાંટો

ચૂડ સ્ત્રી૦ આંટી; પકડ (સાપની) (૨) વિધવા પહેરે છે તે
ચૂડાના આકારનું ઘરેણું (૩) મોતી જડેલું હાથનું ઘરેણું
(છોકરાં માટે) (૪) [કા.] અંગરખા વગેરેમાં ભરાતી ઝીણી
કરચલી (૫) ચુડેલ (૬) ગઢની જાડી દીવાલ ઉપરની કાંગરા
અને બાકાંવાળી નાની દીવાલ

ચૂડ(–ડી)ગર પું૦ ચૂડી વહેરનાર–ઉતારનાર; મણિયાર

ચૂડલો પું૦ ચૂડો

ચૂડા સ્ત્રી૦ [સં.] ચોટલી(૨)મસ્તક (૩) શિખર; ટોચ.૦કરણ
ન૦ સોળ સંસ્કારમાંનો એક; મૂંડણ–વાળ ઉતારવા તે.
૦કર્મ ન૦ ચૂડાકરણ(૨)રાંધવાનું–ઐરાંનું કામ (તિરસ્કાર-
માં). ૦મણિ પું૦ મુગટમાં જડેલો મણિ

ચૂડાઉતાર વિ૦, ચડદાન ન૦ જુઓ 'ચૂડો'માં

ચૂડી સ્ત્રી૦ નાનો ચૂડો. ૦કરમ ન૦ પતિનું મરણ થતાં
સ્ત્રીના હાથની ચૂડીઓ ભાગવી તે. ૦ગર પું૦ચૂડગર

ચૂડો પું૦ સ્ત્રીઓના કાંડાનું એક ઘરેણું. –ડાઉતાર વિ૦
ચૂડી પેઠે એકએકથી એક નાનું હોય એવું. –ડાદાન ન૦
ધણીને રોગમાંથી બચાવી સ્ત્રીને ચૂડીઓ–સૌભાગ્ય
આપવું તે (વૈદ્ય માટે)

ચૂણ સ્ત્રી૦ખોરાકની શોધ (પક્ષીની) (૨)ચૂણી. ૦વું સ૦ક્રિ૦
જુઓ ચીણવું. –ણી સ્ત્રી૦ બાંયની કરચલી; ચીણ

ચૂત પું૦ [સં.] આંબો

ચૂથડો વિ૦પું૦(ક.) કંજૂસ [કાંકરી; મરડિયો

ચૂન પું૦(ક.)ખોરાક(૨)ચૂનો. ૦ખડી સ્ત્રી૦ચૂનો બનાવવાની

ચૂનચૂની સ્ત્રી૦ એક જાતની ખાંડ; બૂરું

ચૂનવું સ૦ક્રિ૦ વીણવું; ચૂંટવું (૨) પસંદ કરવું

ચૂનાગચ્ચી(–ચ્છી) સ્ત્રી૦ જુઓ 'ચૂનો'માં

ચૂની સ્ત્રી૦ હીરાકણી (૨) ચૂનીવાળી નાકની નાની જડ

ચૂનું ન૦ કઠોળ ભરડતાં પડેલો ઝીણો ભૂકો

ચૂનો પું૦મકાનાદિ ચણવામાં વપરાતો પથ્થર મરડ વગેરેનો
ભૂકો. –નાગચ્ચી(–ચ્છી) સ્ત્રી૦ ચૂનાના કેલની જમાવટ;
ચૂનાનું મજબૂત ચણતર કે તેની બનાવેલી અગાશી–ધાબું

ચૂપ,૦કી,૦ચાપ,–પાચૂપ અ૦ જુઓ 'ચુપ'માં

ચૂમવું સ૦ક્રિ૦ બચ્ચી કરવી. ચૂમી સ્ત્રી૦ બચ્ચી

ચૂયો પું૦ એક સુગંધીદાર પદાર્થ

ચૂર પું૦ ચૂરો; ભૂકો. ૦ણ ન૦ ભૂકો; ચૂરો (૨) ઔષધિનો
ભૂકો. ૦મું ન૦ ભોજનની એક વાની–છૂટો લાડુ. ૦વું
સ૦ક્રિ૦ ભૂકો કરવો. –રી સ્ત્રી૦ ચૂર. –રો પું૦ ભૂકો

ચૂર્ણ વ૦ [સં.] જુઓ ચૂરણ

ચૂર્ણિકા સ્ત્રી૦ [સં.] કવિતાનો ગદ્યમાં સમજાવેલો સાર

ચૂલ સ્ત્રી૦ રસોઈ માટે ખોદેલો મોટો ચૂલો; તમણ

ચૂલાવેરો પું૦ ચૂલા દીઠ લેવાતો કર [શગડી

ચૂલાશ(–સ)ગ(–ઘ)ડી સ્ત્રી૦ ચૂલાની પણ ગરજ સારે એવી

ચૂલિકા સ્ત્રી૦ [સં.] રંગભૂમિ ઉપર ન લવાય તેવા બનાવનું
નેપથ્યમાં ઊભેલાં પાત્રો દ્વારા સૂચન કરવું તે(નાટ્યશાસ્ત્ર)

ચૂલિકાપૈશાચી સ્ત્રી૦[સં.]અફઘાનિસ્તાન,નેપાળ, બાહ્લિક
વગેરે પ્રદેશોમાં બોલાતી એક પ્રાચીન પ્રાકૃત

ચલિયું ન૦ શાક સમારવાનો નાનો સૂડો

ચૂલી સ્ત્રી૦ નાનો ચૂલો કે ચૂલ. –લો પું૦રાંધવા વગેરે માટે
બળતણ ગોઠવવા કરાતી જગા કે ગોઠવણ

ચૂવાચંદન ન૦ એક જાતની સુખડ

ચૂવું અ૦ક્રિ૦ ટપકવું; ગળવું (છિદ્રમાંથી)

ચૂવો પું૦ ઉંદર; ચૂઓ (૨) પાણી ચૂએ એવું છાપરામાંનું
કાણું (૩) લાકડું કે કાચલી બાળતાં નીકળતો રસ

ચૂસ સ્ત્રી૦ ચૂસી ખાવું તે; 'એક્સ્પ્લોઇટેશન'

ચૂસણ ન૦ ચૂસ (૨) વિ૦ ચૂસનારું. ૦પદ્ધતિ સ્ત્રી૦
પારકું ચૂસી ખાવાની પદ્ધતિ; 'એક્સપ્લોઇટેશન.' –ણી
સ્ત્રી૦ ધાવણી (૨) ચૂસી ખાવું તે [કરવું

ચૂસવું સ૦ક્રિ૦ મોં વડે રસ ખેંચવો (૨) [લા.] નિઃસત્ત્વ

ચૂંક સ્ત્રી૦ પેટની આંકડી (૨) નાની ખીલી; રેખ. –કાવું
અ૦ક્રિ૦(પેટમાં) ચૂંક આવવી. ચૂંકાવવું સ૦ક્રિ૦[પ્રેરક]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૂંખડું(-ણું),ચૂંચ(-ધ)ણું વિ૦ (તેજથી અંજાઈ જાય તેવી) ઝીણી આંખોવાળું; મંદ દૃષ્ટિનું

ચૂંચાં અ૦ (રવ૦) થોડુંઘણું પણ બોલે-સામો જવાબ આપે તેમ (૨) ન૦ આનાકાની

ચૂંચિયાં ન૦બ૦વ૦ સ્તનની ડીંટડીઓ (૨) સ્તનો

ચૂંચી સ્ત્રી૦ સ્તનની ડીંટડી (૨) સ્તન

ચૂંચું ન૦(રવ૦)[ઉદા૦ ઉંદરનું ચૂંચું (૨)વિ૦જુઓ ચૂંખણું

ચૂંટ સ્ત્રી૦ ખંજવાળ; વલૂર. ૦ણી સ્ત્રી૦પસંદગી; 'ઇલેકશન'. ૦લી સ્ત્રી૦ ચૂંટી. ૦લો પું૦ મોટી ચૂંટી. ૦વું સ૦ક્રિ૦ તોડવું; ચૂંપવું; (૨) પસંદ કરવું. -ટાવવું સ૦ક્રિ૦, -ટાવું અ૦ક્રિ૦'ચૂંટવું'નું પ્રેરક ને કર્મણિ. -ટિયાટવું સ૦ક્રિ૦ બહુ ચૂંટીઓ ખણવી. -ટી સ્ત્રી૦ ચીમટી

ચૂંથ સ્ત્રી૦ ચૂંથારો-પીડા. ૦વું સ૦ક્રિ૦ ફેંદવું. -થાચૂંથ સ્ત્રી૦ ફરી ફરીને ચૂંથવું તે. -થાણ ન૦ ચૂંથાવું તે; ચૂંથારો. -થારો પું૦ ચૂંથાઈ ગયેલી વસ્તુ (૨) શરીરમાં થતું કળતર (૩) ચૂંથાચૂંથ (૪) હૃદય ચૂંથાતું હોય એવી પીડા; ગભરામણ. -થાવવું સ૦ક્રિ૦ 'ચૂંથવું'નું પ્રેરક. -થાવું અ૦ક્રિ૦ 'ચૂંથવું'નું કર્મણિરૂપ (૨) [શરીરમાં કે મનમાં] ચૂંથારો થવો. -થો પું૦ રોળાયેલો ચોળાયેલો ડૂચો [વિ૦ સ્ત્રી૦ ચૂંદડીવાળી

ચૂંદડી સ્ત્રી૦ એક જાતનું ભાતીગર રેશમી લૂગડું. -ડિયાળી

ચૂંધણું વિ૦ જુઓ ચૂંખડું

ચૂંધી સ્ત્રી૦ ખણખોદ; ટીકાખોર દૃષ્ટિ. ૦ખોર વિ૦ નકામી ખણખોદ કરવાના સ્વભાવનું

ચૂંપવું સ૦ક્રિ૦ (કા.)પ્રવાહી પદાર્થને જરા જરા લઈને પીવો

ચૂંવાળ પું૦ અમદાવાદ, પાટણ અને કડી વચ્ચેનો ૪૦ ગામોનો અમુક જથ:-પ્રદેશ

ચૂંવાળાં,-ળીસ,-ળું જુઓ 'ચુંમાળાં'માં

ચૂંવોતેર વિ૦ ચુંમોતેર (૭૪) [નાણાં ઉપાડવાની ચિઠ્ઠી

ચેક પું૦[ઇં.]એક જાતનું ચોકડી ભાતનું કાપડ(૨)બૅંકમાંથી

ચેકવું સ૦ક્રિ૦જુઓ ચેરવું. ચેકંચેકા, ચેકાચેક સ્ત્રી૦ ચેરાચેર

ચેટક પું૦ [સં.] દાસ; સેવક [જાદુગર

ચેટક ન૦ ભૂત; વળગણ(૨)જાદુ(૩)ચાનક; શિક્ષા. -કી પું૦

ચેટિકા,ચેટી સ્ત્રી૦ [સં.] દાસી; લોંડી

ચેડા પું૦બ૦વ૦ જુઓ ચેતા

ચેડાં ન૦બ૦વ૦ ગાંડાં (૨) અડપલાં; ચાંદવાં

ચેણુ ન૦ છછૂંદર

ચેત સ્ત્રી૦ ચેતના; જ્ઞાન(૨)હોશ; સુધ(૩)ન૦[સં.] ચિત્ત

ચેતન વિ૦[સં.] ચેતનાવાળું; સજીવ (૨) ન૦ ચૈતન્ય; જીવનશક્તિ; પ્રાણ(૩)હોશ; સુધ. ૦દેહ પું૦ સૂક્ષ્મ શરીર. ૦મય વિ૦ ચેતનથી ભરેલું. ૦પણું ન૦. ૦શાસ્ત્ર ન૦ માનસશાસ્ત્ર; ચિત્તશાસ્ત્ર. -ના સ્ત્રી૦ ચૈતન્ય; જીવનશક્તિ (૨) સમજશક્તિ

ચેતરડ વિ૦ હાધારંગું; ગાંડા જેવું

ચેતવણી સ્ત્રી૦ અગાઉથી આપેલી ખબર

ચેત(-તા)વવું સ૦ક્રિ૦ 'ચેતવવું'નું પ્રેરક

ચેતવું અ૦ક્રિ૦ સળગવું (૨) ઇશારતમાં સમજી જવું (૩) સાવધાન થવું; અગાઉથી જાણી જવું

ચેતા પું૦બ૦વ૦ ખબર-સૂચના-ચેતવણી

ચેતાવવું સ૦ક્રિ૦ જુઓ ચેતવવું

ચેદિ પું૦[સં.](સં.)બુંદેલખંડ પાસેના પ્રદેશનું પ્રાચીન નામ. ૦રાજ પું૦ (સં.) શિશુપાલ

ચેન ન૦ + ચિહ્ન; લક્ષણ. ૦આળો પું૦ નામનિશાન; ચિહ્ન. ૦કાં ન૦બ૦વ૦ ચાળા; બહાનાં (૨) ચિહ્ન

ચેન ન૦સુખ; આરામ(૨)ગમ્મત; મોજમજા. ૦બાજી સ્ત્રી૦ સુખચેન; મોજમજા

ચેનો પું૦ ઉત્કંઠા; લાલસા (૨) ફિકર; કાળજી

ચેપ પું૦ પરુ; રસી (૨) બીજાના રોગ કે સોબતની અસર (૩) દબાણ (૪) તંત; દુરાગ્રહ; ચીકણાશ. ૦નાશક વિ૦ રોગનો ચેપ નાશ કરનારું (દવા વગેરે); 'ડિસિન્ફેક્ટન્ટ'. ૦વું સ૦ક્રિ૦ દાબવું; નિચોવવું (૨) ઓસવું; રોપવું. -પી વિ૦ ચેપ લગાડે એવું (૨) ચીકણું; દુરાગ્રહી (૩) કંજાસ. -પુ વિ૦ કંજૂસ

ચેર ન૦ (કા.) લાકડાં

ચેરવું સ૦ક્રિ૦ છેકવું. -ચૂંથ સ્ત્રી૦ ચેરવું ને ચૂંથવું તે. -ભૂંસ સ્ત્રી૦ ચેરવું ને ભૂંસવું તે [ખૂબ ચેરવું તે

ચેરંચેર સ્ત્રી૦, -રા પું૦બ૦વ૦, ચેરાચેર સ્ત્રી૦ છેકાછેક;

ચેરીમેરી સ્ત્રી૦ બક્ષિસ

ચેરો પું૦ છેકો

ચેલ ન૦ [સં.] વસ્ત્ર; કપડાં [છોકરો

ચેલકી સ્ત્રી૦ છોડી (વહાલમાં). -કું ન૦છોકરું. -કો પું૦

ચેલિયું ન૦ તાજવાનું પલ્લું

ચેલિયો પું૦ (ક.) ફેડનો સૂતરનો કંદોરો

ચેલો પું૦ શિષ્ય. -લી સ્ત્રી૦ શિષ્યા

ચેવડો પું૦ એક ચવાણું [(પાન, સોપારી)

ચેવલી વિ૦ ચેવલ નામના કોંકણમાં આવેલા ગામનું

ચેવવું સ૦ક્રિ૦ શેકવું; ગરમ કરવું (બળતા રૂ કે મીણથી)

ચેષ્ટક વિ૦ [સં.] ચેષ્ટા કરનારું

ચેષ્ટન ન૦ [સં.] ચેષ્ટા કરવી તે (૨) ગતિ (૩) પ્રયત્ન

ચેષ્ટા [સં.], ૦ઈ સ્ત્રી૦ જુઓ ચાળા(૨) ઠઠ્ઠો; મશ્કરી. ૦ખોર વિ૦ ચેષ્ટક; ટીખળી; તોફાની. ૦ળી સ્ત્રી૦ઠેકડી; મશ્કરી

ચેસાંતરું વિ૦ ચમકી ગયેલું

ચેહ સ્ત્રી૦ ચિતા

ચેહાલક વિ૦ દૂરથી સંભળાય તેવો ઘન(સ્વર)[સંગીત]

ચેહેન ન૦ + ચિહ્ન

ચેં અ૦ (રવ૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેંગટ વિ૦ [મ.] ધીમું; ઢીલું (૨) ચીકણું; ચાપચીપિયું

ચેંચી સ્ત્રી૦ (સુ.) મકાનના મોભારાને છેડે કે છાપરાની ટોચે જડાતું ચાંચદાર લાકડું

ચેંચી સ્ત્રી૦ (રવ૦) ચેંચું કરવું તે (૨) [લા.] પતરાજી; [ગર્વ

ચેંચું અ૦ (૨) ન૦ (રવ૦) જુઓ ચૂંચાં

ચેંચેંપેંચેં અ૦ ખાનગી રીતે; માંહોમાંહે (૨) સ્ત્રી૦; ન૦ આનાકાની (૩) બડબડાટ

ચેંડલ ન૦ એક પક્ષી

ચેંડુ પું૦ [મ.] રમવાનો દડો

ચેંદુ પું૦ ચેંડુ (૨) હાથીદાંતનો મંજો

ચેંપેં અ૦ (૨) ન૦ જુઓ ચૂંચાં

ચેંબડી સ્ત્રી૦ ચીમડી (ચ.)

ચૈતન્ય ન૦ [સં.] ચેતના; ચેતનપણું (૨) સમજ; જ્ઞાન (૩) આત્મા (૪) પરમાત્મા (૫) બળ; પરાક્રમ (૬) પું૦(સં.) પ્રસિદ્ધ બંગાળી વૈષ્ણવ સંત ૦ઘન વિ૦ જ્ઞાનથી ભરેલું; જ્ઞાનસ્વરૂપ (૨) પું૦ બ્રહ્મ. ૦દાયી વિ૦ ચેતન કે બળ-પરાક્રમ આપનારું. ૦પ્રેરક વિ૦ ચેતન કે બળ-પરાક્રમ પ્રેરનારું. ૦વાદ પું૦ જડવાદથી ઊલટો—આત્મા છે એવો–વાદ

ચૈતર પું૦ ચૈત્ર માસ

ચૈત્ય ન૦ [સં.] હદ બતાવતો પથ્થર (૨) સ્મરણસ્તંભ; પાળિયો (૩) દેવાલય (૪) બુદ્ધદેવના અવશેષ ઉપર બાંધેલો મિનારો; બૌદ્ધ મંદિર (૫) દેરાસરમાંની મૂર્તિ (જૈન). ૦વંદન ન૦ ચૈત્ય–દેરાસરમાંની મૂર્તિને વંદન

ચૈત્ર પું૦ [સં.] વિક્રમ સંવતનો છઠ્ઠો માસ. –ત્રી વિ૦ ચૈત્રનું; ચૈત્રથી શરૂ થતું (૨) સ્ત્રી૦ ચૈત્રની પૂનમ

ચૈત્રરથ પું૦ [સં.] (સં.) કુબેરનો બાગ

ચૈયું ન૦ ખાટલાની દોરી–વાણ

ચૈલ ન૦ [સં.] ચેલ; વસ્ત્ર

ચો પું૦; સ્ત્રી૦ અક્ષરખો; ચડસ (૨) [સમાસની શરૂઆતમાં] 'ચાર' એવું બતાવતો પૂર્વંગ. ઉદા૦ 'ચોતરફ'

ચોક વિ૦ સ્થિર; વશ (૨) ચાર ગણું (આંકમાં. ઉદા૦ ચાર ચોક ૧૬) (૩) પું૦ઘર વચ્ચેની ચોખંડી છોબંધ ખુલ્લી જગા (૪) આંગણા આગળની ખુલ્લી જગા (૫) વસતી વચ્ચેની ખુલ્લી જગા (૬) બજાર; ગુજરી (૭) પળ; ક્ષણ (૮) ચાર કડીઓની ટૂક (૯) (પાસાની રમતમાં) ચારનો દાવ. ૦પ્રબંધ પું૦ એક ચિત્રકાવ્ય

ચોકઠું ન૦ બારી કે બારણાં બેસાડવા ચાર લાકડાં સાલવીને કરેલો ચોખંડો ઘાટ (૨) 'ફ્રેમ' (૩) શેરીનું ચકલું–ચોગાન (૪) [લા.] યુક્તિ; બાજી

ચોકડી સ્ત્રી૦ × આવી આકૃતિ (૨) ઓરડામાં (સામાન્ય રીતે તેના ખૂણામાં) પાણી ઢોળવા કરવામાં આવતું ખાળવાળું ઠાકચાઠામ (૩) ચારની ટોળી. ઉદા૦ ચંડાળચોકડી (૪) ચાર યુગનો સમુદાય.–ડિયું વિ૦ચોકડીઓવાળું; ચોકડી ભાતનું (૨) ન૦ તેવું સ્ત્રીનું વસ્ત્ર

ચોકઠું ન૦ કાનનું એક ઘરેણું (૨) ગાડા ઉપર માલ ભરવા મૂકવામાં આવતું લાકડાનું પાંજરું (૩) ઘોડાના મોંમાં રહેતો લગામનો લોઢાનો ભાગ (૪) [લા.] લગામ; અંકુશ; દાબ (૫) રેશમના ભરતની એક તરેહ (૬) ચારનો સમુદાય

ચોકલિયું વિ૦ ચાર કલ–માત્રાવાળું (પિંગળ)

ચોકવટી સ્ત્રી૦ ચાર રસ્તા મળતા હોય એવું સ્થળ–ચકલું

ચોકવું અ૦ક્રિ૦ ચોંકવું (૨) સ૦ક્રિ૦ માપવું (૩) ઊભું કરવું; રોપવું

ચોકસ વિ૦ ચોક્કસ; નક્કી; બરાબર (વસ્તુ) (૨) સાવધાન (૩) ખાતરીદાર (માણસ) (૪) અ૦ નક્કી; અવશ્ય. ૦પણું ન૦, –સાઈ સ્ત્રી૦ ખાતરી (૨) સાવધાની; ખબરદારી. –સી પું૦ સોનારૂપાનો કસ કાઢનાર (૨) સોનારૂપાનો ધંધો કરનાર (૩) સ્ત્રી૦ જુઓ ચોકસાઈ

ચોકાધર્મ પું૦ રસોઈના ચોકાના—ખાનપાનાદિના નિયમો વગેરે પાળવા તે કે તેટલામાં મનાતો ધર્મ

ચોકિયાત પું૦ ચોકી કરનાર; રખવાળ

ચોકિયું ન૦ ચાર બળદનું ગાડું

ચોકી સ્ત્રી૦ રખેવાળને રહેવાનું સ્થાન; 'ગેટ' (૨) રખેવાળી (૩) તપાસ; સંભાળ (૪) [જકાત લેવાનું] નાકું (૫) એક જાતનું ઘરેણું (૬) નાનો બાજઠ. ૦દાર પું૦ ચોકિયાત; રખેવાળ. ૦દારી સ્ત્રી૦ રખવાળી. ૦પહે(–હો)રો પું૦ ચોકી અને પહેરો; સખત જાપતો. ૦બંધ પું૦ એક ચિત્રકાવ્ય. ૦વાળો પું૦ ચોકિયાત

ચોકો પું૦ચાર ખૂણાવાળી જગા (૨) રસોઈ કરવા અબોટ કરેલી કે મરનારને સુવાડવા લીંપી તૈયાર કરેલી જગા

ચોકો(–ક્કો) પું૦ ચારની સંજ્ઞાવાળું ગંજીફાનું પત્તું

ચોક્કસ, ૦પણું જુઓ 'ચોકસ'માં

ચોખ વિ૦ ચોખ્ખું (૨) સ્ત્રી૦ ચોખ્ખાઈ (૩) [લા.] નિકાલ ૦ડિ(–લિ)યાત વિ૦ વટાળ વિનાનું. ૦ડિ(–લિ)યાવેડા પું૦બ૦વ૦ વટાળ બહુ પાળતા હોઈએ એમ બતાવવું તે. ૦ડિ(–લિ)યું વિ૦ ચોખલિયાત (૨) શુદ્ધિ કે નીતિનો અતિ આગ્રહ રાખનાર. ૦વટ સ્ત્રી૦ ચોખ્ખાઈ; પવિત્રતા (૨) સ્પષ્ટતા (૩) [લા.] નિકાલ; ખુલાસો

ચોખળું ન૦ ગામડાંનો સમુદાય (૨) પરગણું

ચોખંડ વિ૦ ચોખંડું (૨) પું૦ ચોખંડી આકૃતિ (૩) ચારે ખંડ (પૃથ્વીના). –ડું વિ૦ ચારખૂણિયું (૨) ચોરસ (૩) ચાર ખંડવાળું

ચોખા પું૦બ૦વ૦ એક અનાજ. ૦પૂર વિ૦ એક ચોખા જેટલું (માપ કે વજનમાં) (૨) [લા.] જરાક. ૦ભાર વિ૦ એક ચોખાના વજન જેટલું (૨)[લા.] જરાક. ૦વા વિ૦ ચોખા જેટલું (માપમાં). –ખો પું૦ ચોખાનો દાણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોખાની સ્ત્રી૦ એક જાતનું ભાતીગર લૂગડું

ચોખાસું વિ૦જુઓ ચોખલિયાત; વટાળ વિનાનું [કરવું

ચોખાળવું સ૦ક્રિ૦ સાફ કરવું (૨) ચોખ્ખું-ખુલ્લું-સ્પષ્ટ

ચોખિયાત વિ૦ ચોખડિયાત (?) ['ચોખ્ખું'માં

ચોખું વિ૦,-ખાઈ સ્ત્રી૦, ૦ચટ વિ૦, ૦ફૂલ વિ૦ જુઓ

ચોખૂણ(-ણિયું) વિ૦ ચાર ખૂણાવાળું

ચોખૂંટ વિ૦ ચારે દિશાની મર્યાદામાં આવતું—તમામ(૨) અ૦ ચારે ખૂણાઓમાં—ચારે બાજુ

ચોખ્ખું વિ૦ સ્વચ્છ (૨) ભેળ વગરનું (૩) સાચું; પ્રમાણિક (૪) ખુલ્લું; સ્પષ્ટ. -ખ્ખાઈ સ્ત્રી૦ સ્વચ્છતા; શુદ્ધતા (૨) પ્રામાણિકતા; નિખાલસતા. ૦ચટ વિ૦ બિલકુલ ચોખ્ખું. ૦ફૂલ વિ૦ ફૂલ જેવું-ખૂબ ચોખ્ખું

ચોગઠ સ્ત્રી૦ ચોરીની આસપાસ બાંધેલી દોરીની ગાંઠ (૨) ચારે છેડે ગંઠાવું તે; લગનની ગાંઠ

ચોગડો પું૦ ચારનો આંકડો; '૪'

ચોગણું વિ૦ ચાર ગણું [ચોગમ

ચોગમ(-રદમ) અ૦ચારે દિશામાં; ચોમેર. -માં અ૦+

ચોગાન ન૦ [फ़ा.] ખુલ્લી જગા; મેદાન

ચોગો પું૦ ઝભ્ભો [નગારાં

ચોઘડિયાં ન૦બ૦વ૦ ચાર ચાર ઘડીને આંતરે વગાડાતાં

ચોઘડિયું ન૦ ચાર ઘડી જેટલો વખત (૨) મુરત

ચોઘલો પું૦ ગામડાનો પટેલ (૨) નાતનો પટેલ

ચોચ ન૦ [सं.] વલ્કલ; છાલ [વિ૦ ચોજત્રાળું

ચોજ સ્ત્રી૦ (કા.) તર્ક; દલીલ; બુદ્ધિની સૂક્ષ્મતા. -જાળું

ચોજાવો પું૦જાવાથી આવતી ચાર તેજાનાની વસ્તુઓ-લવિંગ, ઇલાયચી, તજ અને જાયફળ (૨) ગરમ મસાલો; તેજાનો

ચોટ સ્ત્રી૦ આઘાત; પ્રહાર; મુક્કી (૨) દાવ; લાગ (૩) એક જાતનું જાદુ-મારણ; મૂઠ (૪) નિશાન (તીર, ગોળીનું). ૦દાર વિ૦ ચોટવાળું; તાકેડું

ચોટડું,-ડૂક વિ૦ ચોટી રહે-ખસે નહિ એવું

ચોટણું વિ૦ ચોટે એવું; ચીકણું (૨) ન૦ ચોટેલી વસ્તુ

ચોટલી સ્ત્રી૦ શિખા. -લો પું૦ વેણી; અંબોડો

ચોટવું સ૦ક્રિ૦ચીકાશને લીધે વળગવું(૨)[લા.]આગ્રહપૂર્વક વળગવું; અડ્ડો જમાવવો(૩)અ૦ક્રિ૦ બેસવું(તિરસ્કારમાં)

ચોટાડવું સ૦ક્રિ૦ 'ચોટવું'નું પ્રેરક રૂપ

ચોટી પું૦ ચોટ-નિશાન-તાકનાર (૨) સ્ત્રી૦ ચોટલી (૩) મરણને ત્રીજે દિવસે દિલાસો દેવાની એક વિધિ

ચોટ્ટું વિ૦ચોરી કરવાની ટેવવાળું (૨) લુચ્ચું. -ટ્ટાઈ સ્ત્રી૦

ચોડ સ્ત્રી૦ વસ્તુઓનો જથો; ચોડો(૨)વિ૦ પહોળું. -ડાઈ સ્ત્રી૦, -ડાણ ન૦ પહોળાઈ

ચોડણું ન૦ (કા.) ચોડવાનું તે (ચાંદલો, ટીલડી ઇ૦)

ચોડવવું સ૦ક્રિ૦ પકવવું; ચડવવું

ચોડવું સ૦ક્રિ૦ ચોટાડવું (૨) જડવું; બેસાડવું

ચોડાવવું સ૦ક્રિ૦ 'ચોડવું'નું પ્રેરક રૂપ

ચોડું વિ૦ પહોળું (૨) ચાર પડવાળું

ચોડો પું૦ એક ઉપર એક વસ્તુઓનો ખડકલો

ચોતરફ અ૦ ચારે બાજુ [ચોકી; ચાવડી

ચોતરો પું૦ [फ़ा.] મોટો ઓટલો; ચબૂતરો (૨) પોલીસ-

ચોતારું વિ૦ચાર તારવાળું.-રો પું૦ચોતારા વણાટનું કપડું

ચોતાલ(-ળ) વિ૦ ચાર તાલ-ઠોકવાળું (ગાયન) (૨)પું૦ સંગીતમાં એક તાલ. -લું(-ળું) વિ૦ ચોતાલ

ચોત્રીસ વિ૦ '૩૪'

ચોથ સ્ત્રી૦ પખવાડિયાની ચોથી તિથિ(૨)વદ ચોથે કરવાનું એક વ્રત (૩) જુઓ ચોથાઈ(૪) ન૦કલ્લાના પખિયારાનો નાનો ભાગ. -થાઈ સ્ત્રી૦ ચોથો ભાગ (૨)ખંડણી તરીકે આપવાનો મહેસૂલનો ચોથો ભાગ.-થિયું વિ૦ચોથે દિવસે આવતું (૨) ન૦ ચોથો ભાગ (૩) નાના બાળકના મરણ પાછળ ચોથે દિવસે કરાતી ક્રિયા કે ભોજન. -થું વિ૦ ક્રમમાં ત્રીજા પછીનું

ચોદ(-દિ)શ અ૦ ચારે દિશાઓમાં; ચોતરફ

ચોધરી પું૦મુખ્ય ગાડીત; સારથિ(૨)સીમનું રક્ષણ કરવા બદલ પસાયતું ખાનાર (૩) જંગલી ડુંગરાઓમાં વસતી એક કોમ -રો પું૦ પોલીસપટેલ; ગામનો પટેલ (૨) ચોધરી કોમનો પુરુષ

ચોધાર વિ૦ (૨) અ૦ પુષ્કળ (૩)વિ૦ ચોધારું. -રી સ્ત્રી૦ ચાર બાજુઓવાળી એક સીંગ. -રું વિ૦ ચાર ધારવાળું (૨) ન૦ ચાર ધારવાળું એક હથિયાર

ચોધારો પું૦ એક વનસ્પતિ

ચોપ સ્ત્રી૦ ખંત (૨) ઉત્સાહ (૩) જુઓ ચોબ

ચોપખે અ૦+ચારે બાજુએ

ચોપગ(-ગું) વિ૦ ચાર પગવાળું (૨) ન૦ જાનવર; પશુ

ચોપચીની સ્ત્રી૦ એક ઔષધિ [કે પાટિયું

ચોપ(-પા)ટ સ્ત્રી૦ સોગટાંની રમત (૨) તે રમવાનું કપડું

ચોપડ ન૦ (ચોપડવાનું) ઘી (૨) [ચો]વિ૦ ચાર પડવાળું

ચોપડવું સ૦ક્રિ૦ લગાડવું; લપેડવું [અપશબ્દ કહેવો

ચોપડાવવું સ૦ક્રિ૦ 'ચોપડવું'નું પ્રેરક રૂપ (૨) ગાળ કે

ચોપડી [ચો] સ્ત્રી૦ પુસ્તક. ૦ચુંબક વિ૦ ચોપડીઓમાં મશગૂલ રહેનાર. -ડું વિ૦ ચાર પડવાળું (૨) ન૦ ચાર પડવાળી રોટલી (૩) ચોપડી [તિરસ્કારમાં]. -ડો પું૦ હિસાબ લખવાની વહી

ચોપડું વિ૦ ચીકટું

ચોપણ સ્ત્રી૦ કળ; યુક્તિ (૨) ન૦ ભોંય ટીપવાનું લાકડું

ચોપન વિ૦ '૫૪'

ચોપવું સ૦ક્રિ૦ ખોસવું; રોપવું (૨) ટીપવું (૩)મારવું; ઠોકવું

ચોપાઈ સ્ત્રી૦ એક છંદ (૨) ચારપાઈ; ખાટલો

ચોપાટ સ્ત્રી૦ જુઓ ચોપટ (૨) સરખી સુધારેલી જમીન;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોગાન (૩) પરસાળ જેવો બેઠકનો ભાગ; ચોપાડ
ચોપાડ સ્ત્રી૦ પરસાળ [જાહેરનામું (૩) વર્તમાનપત્ર
ચોપાનિયું ન૦બે પાંચ પાનાનું પતાકડું; 'પેમ્ફ્લેટ'(૨)નાનકડું
ચોપાયા પું૦બ૦વ૦ એક છંદ
ચોપાયો પું૦ ખાટલો; ચારપાઈ
ચોપાસ અ૦ ચારે બાજુ [વાની એક રચના
ચોપાળી સ્ત્રી૦ ક્યારડામાં નાળાં કે ખાડામાંથી પાણી લાવ-
ચોપાળો પું૦ હીંડોળાખાટ
ચોફાળ પું૦ જાડી મોટી પિછોડી
ચોફૂલું ન૦ ચોકડી; × + * આવું ચિહ્ન
ચોફૂલો પું૦ પાનસોપારી વગેરે મૂકવાનો દાબડો
ચોફેર(-રી) અ૦ ચારે બાજુ
ચોબ સ્ત્રી૦ [ફા] નાની લાકડી; દંડૂકો (૨) છડી (૩) તંબૂનો વચલો વાંસ. ૦દાર પું૦ છડીદાર
ચોબગલું ન૦ એક જાતનો ટૂંકો ડગલો
ચોબડું સ૦ક્રિ૦ ડામવું (કા.) [આકૃતિ
ચોબંદી વિ૦ ચાર પડવાળું (૨) ન૦ ચાર પડવાળી કાગળની
ચોબાજુ(-જૂ) અ૦ ચોપાસ; ચારે બાજુ
ચોબિયા પું૦ કસુંબી રંગ ગળતો સુંવાળો પિંડો
ચોબો પું૦ મથુરા તરફનો બ્રાહ્મણ (૨) ઢોલ વગાડવાનો દંડૂકો (૩) ઢોલ ઉપર પડેલો દંડૂકાનો સોળ (૪) ચપકો; ડામ (૫) છૂંદણું
ચોબોલો પું૦ ચાર લીટીનો એક પદબંધ
ચોભીલું વિ૦ છોભીલું; ભોંઠું
ચોમગ અ૦ ચોપાસ; ચોમેર
ચોમટિયું વિ૦ ચારે છેડે પહેરેલું (વસ્ત્ર) [મહિના
ચોમાસુ વિ૦ ચોમાસામાં થતું. -સું ન૦ વરસાદના ચાર
ચોમુખ(-ખું) વિ૦ ચાર મોં, બારણાં કે બાજુઓવાળું
ચોમુખી સ્ત્રી૦ લાઠીની એક કસરત
ચોમેર અ૦ ચારે તરફ
ચોર પું૦ [સં.] ચોરી કરનાર માણસ; ડુંગો. ૦આંક પું૦ માલ ઉપર લખેલો મૂળ કિંમતનો છૂપો આંકડો. ૦કડી સ્ત્રી૦ છૂપી કડી-નાનો આંકડો. ૦ખલી સ્ત્રી૦ ઉપરથી દેખાય નહિ તેવો છૂપો ખાડો (પ્રાણીઓને ફસાવવાનો). ૦ખંડ પું૦, ૦ખાનું ન૦ છૂપું ખાનું. ૦ખીલી સ્ત્રી૦ છૂપી ખીલી-ચૂંક. ૦ખીસું, ૦ગજવું ન૦ છૂપું ગજવું. ૦ગલી સ્ત્રી૦ છૂપી ગલી. ૦ગાંઠ સ્ત્રી૦ ન સમજાય-ન છૂટે તેવી ગાંઠ. ૦દલાલ પું૦ ચોરનો દલાલ ૦દાનત, ૦દૃષ્ટિ, ૦નજર સ્ત્રી૦ ખોટી દાનત; અપ્રામાણિકતા. ૦ફાનસ ન૦ પ્રકાશ ગુપ્ત રાખી શકાય તેવું ફાનસ. ૦બજાર પું૦; સ્ત્રી૦; ન૦જ્યાં ચોરીનો માલ વેચાતો હોય તેવું બજાર. ૦બત્તી સ્ત્રી૦ચોરફાનસ. ૦બાતમી સ્ત્રી૦છૂપી-જાસૂસ દ્વારા મળેલી બાતમી. ૦બારી સ્ત્રી૦ છૂપી બારી. ૦રાહ સ્ત્રી૦ છૂપો રસ્તો. ૦વાડો પું૦ ચોરો રહેતા હોય એ લત્તો. ૦વિદ્યા સ્ત્રી૦ ચોરી કરવાની વિદ્યા
ચોરઆમલી ચોરઆંબલી સ્ત્રી૦ એક જાતની આંબલી
ચોરઆમળાં, ચોરઆંબળાં ન૦બ૦વ૦એક જાતનાં આમળાં
ચોરટું વિ૦ ચોરું. -ટાઈ સ્ત્રી૦ ચોટ્ટાઈ
ચોરણી સ્ત્રી૦ લેંઘી; સૂંથણી. -ણો પું૦ સાથળ આગળ ખૂલતો હોય એવો લેંઘો (૨) મોટી ચોરણી
ચોરવું સ૦ક્રિ૦ પારકાનું છૂપી રીતે લઈ જવું
ચોરસ પું૦ ચોરસ આકૃતિ (૨) વિ૦ 'સ્ક્વેર' (ગ.). -સાવવું સ૦ક્રિ૦ ચોરસ કરવું. -સી સ્ત્રી૦ ચોરસ આકારની તખતી (૨) સુતારનું એક ઓજાર (૩)સ્ત્રીઓનું ડોટનું ઘરેણું-ચોકી (૪)ચોખંડું છજું. -સું ન૦ ચોખંડો કકડો. -સો પું૦ જાડા કપડાનો ચોરસ કકડો
ચોરાઉ વિ૦ ચોરાયેલું
ચોરાચોર(-રી) સ્ત્રી૦ વાર વાર જ્યાં ત્યાં ચોરવું તે (૨) માંહોમાંહે અ-સપરસ ચોરી થયા કરવી તે
ચોરાણું(-ણું) વિ૦ '૯૪' [બધી નાતોનું જમણ
ચોરાશી(-સી) વિ૦ '૮૪' (૨) સ્ત્રી૦ બ્રાહ્મણોની ચોરાશી-
ચોરિયું વિ૦ લૂટનારું (વહાણોને). -યો પું૦ ચાંચિયો
ચોરી સ્ત્રી૦ ચોરવું અથવા ચોરાવું તે (૨) ચોરનો ધંધો. ૦ચપાટી સ્ત્રી૦ ચોરવું-છીનવી લેવું તે (૨) કોઈ જાતની ચોરી અથવા ગુનો. ૦છૂપી સ્ત્રી૦ ચોરી કે ગુપ્તતા
ચોરી [ચો] સ્ત્રી૦ માહ્યરું; વરકન્યા પરણવા બેસે છે તે મંડપ. ૦ફેરા પું૦બ૦વ૦ ચોરીમાં વરકન્યાને ફેરવાતા ફેરા
ચોરો પું૦ ગામમાં સહુને બેસવાની જગા (૨) પોલીસ-થાણું; 'ગેટ' (૩) મોટો ઓટલો
ચોલ સ્ત્રી૦ [સં.] મજીઠ (૨) પું૦ (સં.) કોરોમંડળ કિનારાના એક પ્રદેશનું પ્રાચીન નામ. -લૈયું વિ૦ ચોલ તરફ થતું (નાગરવેલનું પાન)
ચોલમોગરો પું૦ એક વનસ્પતિ
ચોવટ*પું૦; ન૦ ચકલું; બજાર; ખુલ્લી જગા (૨) પંચનો નિર્ણય-ચુકાદો (૩) અ૦ જુઓ ચીવટ (૪) સ્ત્રી૦ પંચાત; ચોળાચોળ. -ટિયણ વિ૦સ્ત્રી૦ દોઢડાહી. -ટિયું વિ૦ દોઢડાહ્યું (૨) ન૦ પંચનો ચુકાદો. -ટિયો પું૦ ચોરે બેસનારો; આગેવાન પુરુષ
ચોવટી સ્ત્રી૦ બુકાની
ચોવડું વિ૦ ચાર પડવાળું (૨) ચાર ગણું
ચોવાટ(-ટે) અ૦ ચોતરફ; બધી બાજુએ
ચોવાડ વિ૦ ચારે બાજુએ વાડવાળું (૨) પું૦; ન૦ તેવું ખેતર (૩) પું૦ ચોરાશીનું જમણ
ચોવાડો પું૦ ઢોર બકરાં ચરતાં હોય તે સ્થળ
ચોવિહાર સ્ત્રી૦ સૂર્યાસ્ત પછી નહિ જમવાનું વ્રત (જૈન)
ચોવીસ વિ૦ '૨૪'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોવું સ૦ક્રિ૦ ધોયવું; ઓસવું (કાદવમાં કે કપડામાં)
ચોસર સ્ત્રી૦ ચારની જોડ (બળદની)
ચોશિયું ન૦ રાઈના દાણા જેટલું વજન
ચોષ પું૦ [સં.] શોષ; દાહ (૨) સોજો (વૈદકમાં)
ચોષણ ન૦[સં.]ચોષવું તે. ૦અંબ પું૦ ચોષણ કરનારું યંત્ર
ચોષવું સ૦ક્રિ૦ ચૂસવું
ચોષ્ય વિ૦ ચૂસવા લાયક (૨) ન૦ ચૂસીને ખાવાનું ખાદ્ય
ચોસઠ વિ૦ '૬૪'
ચોસર વિ૦ ચોસેરું (૨) સ્ત્રી૦ ચારદોરીવાળો ગળચવો (૩) ચાર સેરનું ભરત-ગૂંથણ (૪) સોગટાં વડે રમાતી એક બાજી
ચોસલું ન૦ ગચિયું
ચોસિયું ન૦ સોળ મણનું વજન
ચોસેરું વિ૦ ચાર સેરવાળું
ચોહદ સ્ત્રી૦ ચારે હદ
ચોહાણ પું૦ જુઓ ચૌહાણ
ચોળ વિ૦(રાતું અને લાલ સાથે 'ખૂબ' એ અર્થમાં) (૨) સ્ત્રી૦ ચોળવાની ક્રિયા. ૦ચંચોળ સ્ત્રી૦ મનથી ચોળાચોળ
ચોળ(-ળાઈ,-ળી) [ચો] સ્ત્રી૦ ચોળાની સીંગ
ચોળવું સ૦ક્રિ૦ ઘસવું-મસળવું (૨)[લા.]ચૂંથવું; વારંવાર ઉથલાવવું; બગાડવું. ચોળંચોળા સ્ત્રી૦ ચોળાચોળ
ચોળા પું૦બ૦વ૦ એક કઠોળ. ૦ઈ, ૦ફળી,-ળી સ્ત્રી૦ ચોળ
ચોળાચોળ(-ળી) સ્ત્રી૦ વારંવાર ચોળવું-ચૂંથવું તે
ચોળિયા પું૦બ૦વ૦ ગળાના કાકડા (૨) એ ફૂલવાથી થતું દર્દ
ચોળિયું ન૦ કાઠિયાવાડી સ્ત્રીઓમાં વપરાતું લાલ કપડું
ચોળી સ્ત્રી૦ સ્ત્રીઓનો ટૂંકી બાંયનો કબજો (૨) [ચો]ચોળ. ૦ખંડ પું૦ ચોળીનું લૂગડું. ૦માર્ગ પું૦ કાંચળિયો પંથ; વામમાર્ગ. ૦માર્ગી વિ૦ (૨) પું૦ વામમાર્ગી
ચોળીરોટલો પું૦ [કા.] દૂધમાં ચોળેલો રોટલો

ચોળો પું૦ પ્રવાહીમાં ચોળીને કે ઉકાળીને બનાવેલું પેય (૨) વિચારોની ઘટભાંગ (૩) અંગરખાનો કોઠો
ચોંક સ્ત્રી૦ ચોંકવું તે. ૦વું અ૦ક્રિ૦ ભડકવું; ચમકવું
ચોંચલાં ન૦બ૦વ૦ નખરાં (૨) હાંસી; મશ્કરી
ચોંચલું વિ૦ ઉછાંછળું; તોફાની (૨) ચૂંખળું
ચોંટવું સ૦ક્રિ૦ ચોટવું; વળગવું. ચોંટાડવું સ૦ક્રિ૦ ચોટાડવું
ચોંટિયો પું૦, ચોંટી સ્ત્રી૦ ચૂંટી. ચોંટિયાટવું સ૦ક્રિ૦ ચૂંટિયાટવું
ચૌકું ન૦ બજાર
ચૌડ(-લ),૦કર્મ ન૦ [સં.] જુઓ ચૂડાકર્મ
ચૌદ વિ૦ '૧૪'. ૦મું વિ૦ ક્રમમાં ૧૩ પછી આવે એવું (૨) ન૦ માણસના મરણને ચૌદમે દિવસે કરાતો જમણવાર. ૦મું રત્ન(-તન) ન૦ અમૃત (૨) [લા.] માર; દંડ. ૦ભ(-ભુ)વન, ૦લોક પું૦બ૦વ૦ ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપોલોક, સત્યલોક વા બ્રહ્મલોક, અતલ, વિતલ, સતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ (૨) સમગ્ર બ્રહ્માંડ; આખું વિશ્વ. ૦રત્ન ન૦બ૦વ૦ સમુદ્રમંથનમાંથી નીકળેલાં ચૌદ રત્ન (લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા, ધન્વંતરી, ચંદ્રમા, કામદુઘા, ઐરાવત, રંભા, સાતમુખી ઘોડો, ઝેર, સારંગ ધનુષ, પાંચજન્ય શંખ, ને અમૃત). ૦વિદ્યા સ્ત્રી૦ પ્રાચીન ચૌદ વિદ્યાઓ—ચાર વેદ, છ વેદાંગ, ધર્મ, પુરાણ, ન્યાય ને મીમાંસા. ૦શ(-સ) સ્ત્રી૦ પખવાડિયાની ચૌદમી તિથિ
ચૌર પું૦ [સં.] ચોર. ૦તા,-રી સ્ત્રી૦, -ર્ય ન૦ ચોરી
ચૌલ,૦કર્મ ન૦ [સં.] જુઓ ચૌડ
ચૌહાણ પું૦ ચોહાણ; એ નામની રજપૂતશાખાનો પુરુષ
ચ્યવન પું૦ [સં.] (સં.) એક ઋષિ (૨) પતન; ભ્રષ્ટતા [ખામી (૩ સ્ખલન; ભૂલ
ચ્યવવું અ૦ક્રિ૦ પડવું; ચ્યુતિ થવી
ચ્યુત વિ૦ [સં.] પડેલું; ભ્રષ્ટ થયેલું. -તિ સ્ત્રી૦ પતન (૨)

છ

છ પું૦[સં.]તાલુસ્થાની બીજો વ્યંજન. ૦કાર પું૦ છ અક્ષર અથવા ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે છકારવાળું.
છ અ૦ (ર૦) 'છિ', 'છટ' એવો તિરસ્કારવાચક ઉદ્ગાર
છ વિ૦'૬'. ૦એક વિ૦આશરે છ. ૦કાય સ્ત્રી૦[જૈન] છ જાતના જીવ (પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય). ૦ખૂણ(-ણિયું) વિ૦ છ ખૂણાવાળું
છક અ૦ દિઙ્મૂઢ; ચકિત (૨) પું૦ છાક; તોર
છકછકાટ પું૦ ભભકો; ઠાઠ (૨) છાક; તોર
છકછૂંદું વિ૦ એકઠું કરી ચૂંથી નાખેલું
છકછોળ અ૦ (૨) સ્ત્રી૦ જુઓ છાકમછોળ [જથો
છકડી સ્ત્રી૦ છ કાગળની થોકડી. -ડું ન૦,-ડો પું૦ છનો
છકડો પું૦ શકટ; ગાડું; ખટારો (૨) જુઓ 'છકડી'માં
છકબૂક સ્ત્રી૦ (કા.) લૂંટફાટ
છકવું અ૦ક્રિ૦ બહેકી જવું; વંઠી જવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છકાઈ સ્ત્રી૦ ૭ ઉપવાસનું એક જૈન વ્રત
છકાય સ્ત્રી૦ જુઓ 'છ'માં
છકિયું ન૦ ૭ બળદ જોડેલું ગાડું
છક્કડ સ્ત્રી૦ તમાચ; ચપ્પડ (૨) ભૂલથાપ
છક્કલ સ્ત્રી૦ સોકટાં રમવાની એક રીત
છક્કો પું૦ ૭ ચિહ્નવાળું ગંજીફાનું પત્તું (૨) ૭ દાણાવાળો પાસો. ૦પંજો પું૦ સટ્ટાનો ખેલ કે ગંજીફાની એક રમત (૨) [લા.] દાવપેચ; દગલબાજી
છખૂણ,-ણિયું વિ૦ ૭ ખૂણા કે બાજુવાળું (ષટ્કોણ)
છગ પું૦ [સં.] બકરો; છાગ
છગડગ વિ૦ સગડગ; અસ્થિર; ઢચુપચુ
છગડો પું૦ છનો આંકડો
છગલ પું૦ [સં.] છગ; બકરો (૨) ન૦ ભૂરું વસ્ત્ર
છગાર સ્ત્રી૦ ટોચ; મથાળું
છગોલું સ્ત્રી૦ છગાર; ટોચ (ચ.)
છચોક અ૦ છડે ચોક; ખુલ્લી રીતે; જાહેરમાં
છચોર પું૦ જાણીતો ચોર
છછઈ સ્ત્રી૦ વાવેતર થાય તેવી દરિયાકાંઠાની જમીન
છ(૦ણ)છણવું અ૦ક્રિ૦ (રવ૦) છણછણ અવાજ કરવો (૨) ગગણવું (૩) ઊકળવું (પાણી) (૪) [લા.] ગુસ્સે થવું. છ(૦ણ)છણાટ પું૦ ખણખણાટ (૨) મિજાજ; ગુસ્સો
છછરું વિ૦ ઊંડું નહિ તેવું
છછું(-છૂં)દર(-રું) ન૦ ઉંદરના જેવું એક પ્રાણી (૨) એક જાતનું દારૂખાનું (૩) વિ૦ [લા.] અડપલાંખોર; તોફાની. -રી સ્ત્રી૦ છછુંદરની માદા
છછેકાઈ સ્ત્રી૦ સુઘડતા; ચોખ્ખાઈ
છછોરું વિ૦છોકરવાદ;બાળકબુદ્ધિનું;નાદાન.-રાઈ,-રી સ્ત્રી૦
છછ્છો પું૦ છકાર; છ અક્ષર
છજાવટી સ્ત્રી૦ છજા ઉપરનું નાનું છાપરું; વાછંટિયું. -વું સ૦ક્રિ૦ છજું કાઢી ઘરને શોભાવવું (૨) છાપરું બનાવવું; છાજ નંખાવવું. છજું ન૦ ઝરૂખો
છટ અ૦ ધુત્કારસૂચક ઉદ્ગાર; છીટ (૨) [કા.] સ્ત્રી૦ ગંધ ૦કારવું સ૦ક્રિ૦ છટ કહેવું; ધુત્કારવું 	[જવું; સટકવું
છટકવું અ૦ક્રિ૦ એકદમ છૂટવું-ખસવું (૨) [લા.] નાસી
છટકિયું ન૦ ઠંડક માટે રાખવામાં આવતો ભીનો રૂમાલ
છટકું ન૦ દાવપેચ; જાળ 	[૦દાર વિ૦ છટાવાળું
છટા સ્ત્રી૦ શોભા; કાંતિ (૨) રીત; ખૂબી (૩) જુઓ અર્ચા.
છટાછટ અ૦ (રવ૦)
છટારો પું૦ દુર્ગંધ
છટાંક ન૦ નવટાંક
છટેલ વિ૦ છકેલ; વંઠેલ
છઠ સ્ત્રી૦ પખવાડિયાની છઠ્ઠી તિથિ (૨) પું૦ એક સાથે ૭ ટંક ન ખાવાનું વ્રત (જૈન). -ઠિયાત પું૦ છઠનું વ્રત કરનારો (૨) [લા.] તેને અપાતું જમણ (જૈન). -ઠિયાતી સ્ત્રી૦ છઠનું વ્રત કરનાર સ્ત્રી (જૈન). -ઠિયું ન૦ છઠ્ઠીને દિવસે બાળકને ઓઢાડવામાં આવતુ લૂગડું. -ઠ્ઠી સ્ત્રી૦ બાળકના જન્મ પછીનો છઠ્ઠો દિવસ (૨) તે દિવસે કરવામાં આવતી ક્રિયા. -ઠ્ઠું વિ૦ ક્રમમાં પાંચ પછીનું
છડ પું૦ લાંબો બરુ (૨) ભાલાનો દાંડો (૩) વાંસ (૪) ઝાડની છાલ (૫) તાણ; પ્રવાહનું જોર (કા.) (૬) સ્ત્રી૦ છડવું તે
છડકવું સ૦ક્રિ૦ છાંટવું 	[ઠોકવું
છડવું સ૦ક્રિ૦ ખાંડીને છોડાં જુદાં કરવાં (૨) [લા.] મારવું;
છડા પું૦બ૦વ૦(કંકુના)થાપા મારવા તે(૨)સ્ત્રી કે બાળકનું પગનું એક ઘરેણું
છડાણ ન૦છડતાં નીકળેલો ભૂકો;કુશકી. -મણ ન૦છડવાનું મહેનતાણું (૨) છડાણ. -મણી સ્ત્રી૦ છડવાનું મહેનતાણું
છડિયાત વિ૦ જુઓ છડું
છડિયું ન૦ બેલગાડીમાં જનાર; મુસાફર; ઉતારુ
છડી સ્ત્રી૦ સીધી પાતળી સોટી (૨) રાજચિહ્ન તરીકે રાજા આગળ રખાતો દંડ (૩) ગુલછડીનું ફૂલ (૪) સળી ઉપર ફૂલ બાંધી કરેલો ગોટો-કલગી. ૦દાર,૦ધર,૦વાન વિ૦ છડી ઝાલનાર (૨) પું૦ નેકી પોકારનાર; ચોબદાર
છડીછાટ વિ૦ સ્ત્રી૦ છડેછડી
છડીલો પું૦ એક વનસ્પતિ
છડીસવારી સ્ત્રી૦છડા-સાથ કે રસાલા વગર એકલા જવું તે
છડું વિ૦ એકલું; સાથ વિનાનું (૨) [લા.] કુંવારું (૩) છોકરાં છૈયાં વિનાનું. ૦ડેછડું વિ૦ સાવ છડું
છડેચોક અ૦ ખુલ્લી રીતે; જાહેરમાં
છડો પું૦ મોતીનો કંઠો (૨) છંટકાવ (૩) 'છડા'નું એ૦વ૦
છણકછણક અ૦ (રવ૦)
છણકછોયું ન૦ (કા.) છણકો 	[તરછોડ
છણકપાટુ સ્ત્રી૦; ન૦ છણકો અને પાટુ (૨) [લા.] છણકો;
છણકવું,છણકારવું સ૦ક્રિ૦છણકો કરવો; ગુસ્સામાં બોલવું; તરછોડવું (૨) સૂપડા વડે ઝાટકવું
છણકારો પું૦ જુઓ ઝણકાર (૨) તોર; છણકો
છણકો પું૦ ગરમ તેલમાં પાણીનો છાંટો પડવાથી થતો અવાજ (૨) ગુસ્સાનો બોલ; ગુસ્સો (૩) તુચ્છકાર; તરછોડ. ૦છાકોટો પું૦ છણકો; ગુસ્સાનો બોલ; તરછોડ
છણછણ અ૦ (રવ૦). ૦વું,-ણાટ જુઓ 'છછણવું'માં
છણણણ અ૦ (રવ૦)
છણવું સ૦ક્રિ૦ બારીક કપડાથી ચાળવું કે ગાળવું (૨) [લા.] બારીક તપાસ કરવી (૩) ખણવું; નખથી વલૂરવું (૪) [લા.] દબાઈ ગયેલી વાતને ફરી ઉખેળવી-છેડવી. -ણી, છણાવટ સ્ત્રી૦ છણવું તે
છણુંવણું અ૦ (કા.) છિન્નભિન્ન
છત સ્ત્રી૦ હોવાપણું; હસ્તી (૨) પુષ્કળપણું; ભરતી (૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદરવો; વિતાન. ૦રાયું વિ૦ છતું; ખુલ્લું; ચહન.
૦વંત(-તું) વિ૦ છતવાળું; પુષ્કળ (૨) પૈસાદાર ૦વાડ સ્ત્રી૦ છત હોવી તે; પુષ્કળપણું. -તાળું વિ૦ છતવાળું
છતારું વિ૦ છ તારવાળું (૨) ન૦ છ તારવાળું એક વાદ્ય
છતાં અ૦ તોપણ. ૦ય અ૦ છતાં પણ [જાહેર
છતું વિ૦ જીવતું; વિદ્યમાન (૨) ચત્તું; સવળું (૩) ઉઘાડું;
છતું(-ત્તા,-ત્તું)પાટ વિ૦ ચત્તું; ચત્તુંપાટ
છત્તર ન૦ જુઓ છત્ર
છત્ર ન૦ [સં.] મોટી ભારે છત્રી (૨) રાજચિહ્ન તરીકે વપરાતી છત્રી (૩ [લા.] રક્ષણ કરનાર; પાલક. ૦ક વિ૦ છત્રીના આકારનું (૨) ન૦ બિલાડીનો ટોપ; કાગછત્તર. ૦છાયા સ્ત્રી૦ છત્રની છાયા (૨)આશ્રય. ૦ધર,૦ધારી પું૦ માથે છત્રવાળો; રાજા. ૦પતિ પું૦ રાજા; શહેનશાહ. ૦પલંગ પું૦ છપ્પરપલંગ. ૦પ્રબંધ,૦બંધ પું૦ છત્રના આકારમાં વંચાય એવી કાવ્યરચના. ૦ભંગ પું૦ રાજ્ય ખોવું તે (૨)પરતંત્રતા(૩)વિધવાપણું.-ત્રાકાર વિ૦ છત્રના આકારનું.-ત્રી સ્ત્રી૦તાપ તથા વરસાદથી બચવા માથે ઓઢવાનું એક સાધન(૨)ગાડી, પલંગ વગેરે પર હોતી છત-ઢાંકણ
છત્રીશ(-સ) વિ૦ '૩૬' -શી(-સી) સ્ત્રી૦ ૩૬નો સમૂહ. -શે(-સે)ક વિ૦ આશરે છત્રીશ
છદ્મ ન૦ [સં.] છળકપટ (૨) બનાવટ; ઢોંગ; બહાનું
છનછન અ૦ (રવ૦). -નિત વિ૦ છનછન કરતું
છનાછની સ્ત્રી૦ (રવ૦) પૈસાની રેલંછેલ
છન્ન વિ૦ [સં.] ઢંકાયેલું
છન્નુ(-ન્નું) વિ૦ '૯૬'
છપગું વિ૦ છ પગવાળું; છપાદ.-ગો વિ૦પું૦ વ્યભિચારી
છપડી સ્ત્રી૦ લુચ્ચાઈ; ઠગાઈ
છપડું વિ૦ છ પડવાળું [ન૦ નેવું વાસણ કે સિક્કો
છપતરું વિ૦ છાછરું (૨) ઘસાઈને પાતળું થઈ ગયેલું (૩)
છપ(-પ્પ)ય પું૦ છપ્પો
છપ(-પ્પ)ર ન૦ છાપરું. ૦ખાટ સ્ત્રી૦,૦પલંગ પું૦(મચ્છરદાની માટે) છત્રીવાળો પલંગ. ૦પગું વિ૦ ચાલતાં જેનું જમીન પર આખું પગલું પડે એવું (તે અભાગીનું ચિહ્ન મનાય છે). ૦બંધ વિ૦ છાપરાવાળું (૨) પું૦ છાપરું બાંધનારો કે છાનારો
છપવું અ૦ક્રિ૦ છુપાવું; સંતાવું. -વવું અ૦ક્રિ૦ (પ્રેરક)
છપાઈ(-મણ,-મણી) સ્ત્રી૦ છાપવાનું મહેનતાણું (૨) છાપ; છાપણી. -ણુ ન૦ છાપવાની ક્રિયા કે રીત. -ણુકામ ન૦ છાપકામ
છપાદ(-ગું) વિ૦ છ પગવાળું
છપાનિયું ન૦ છ પાનાનું પતાકડું; ચોપાનિયું
છપાવવું સ૦ક્રિ૦ 'છપવું', 'છાપવું'નું પ્રેરક
છપાવું અ૦ક્રિ૦'છાપવું'નું કર્મણિ(૨)છપવાની ક્રિયા થવી; 'છપવું'નું ભાવે (૩)[પતંગનું] એકદમ નીચે પડવું
છપ્પન વિ૦'૫૬.' ૦ભોગ પું૦ઠાકોરજીને ધરાવવાની છપ્પન પ્રકારની રસોઈ(૨) [લા.] દુનિયાના બધા ભોગવિલાસ. -નિયો પું૦વિ૦ સં. ૧૯૫૬માં પડેલો મોટો કાળ
છપ્પય પું૦ જુઓ છપ્પો
છપ્પર,૦ખાટ,૦પલંગ,૦પગું,૦બંધ જુઓ 'છપર'માં
છપ્પો પું૦ છ પદનો એક છંદ
છપ્પોસાત પું૦ પાસામાં છ ને તેની પો એમ સાત પડે તે
છબ,૦છબ,૦કછબક અ૦(રવ૦)પાણીમાં કાંઈ અફળાવાનો અવાજ. ૦છબવું અ૦ક્રિ૦ 'છબછબ' અવાજ થવો. ૦છબાવવું સ૦ક્રિ૦ 'છબછબ' કરવું(૨)તેમ કરતા કપડું ધોવું. ૦છબિયું ન૦'છબછબ' કરે એવું એક ખખડાવવાનું વાદ્ય. ૦છબું વિ૦ છછરું; માત્ર તળિયું ઢંકાય તેટલું
છબ(-બો)તરું વિ૦ છીછરું (૨) ગંદું; ચૂંથાયેલું (૩) ન૦ છપતરું; ઘસાયેલું પતરું (૪) ચૂંથાયેલો કાગળનો કકડો
છબદાર વિ૦ જુઓ છબીદાર
છબલીકાં ન૦બ૦વ૦ કાંસાં; છબછબિયાં
છબરડો પું૦ગોટાળો; અવ્યવસ્થા; કામ કે ફળને નાસે સીંકું
છબવું અ૦ક્રિ૦ પહોંચવું; અડકવું (૨) છુપાવું; છપવું
છબિ(-બી) સ્ત્રી૦ છવિ; તસવીર(૨)કાંતિ; સૌંદર્ય. ૦દાર વિ૦ઘાટીલું; સુંદર. -બીલું વિ૦મોહક છબીવાળું; રૂપાળું
છબોતરું વિ૦ (૨) ન૦ જુઓ છબતરું
છમ,૦કછમક અ૦(રવ૦).૦કલી સ્ત્રી૦(કા.)દહીં વલોવવાની ગોળી. ૦કલું ન૦અટકચાળું; ચાંદલું(૨)નાનકડું તોફાન. ૦કવું અ૦ક્રિ૦છમક છમક થવું. જેમકે, ઘૂઘરીનું(૨)ઠમકો કરીને ચાલવું. ૦કાટ(-ર) પું૦ છમકવું તે. ૦કારવું સ૦ક્રિ૦ છમ અવાજ કરવો (જેમ કે, ઊની વસ્તુ પાણીમાં બોળીને). ૦કારો પું૦ છમકારવાનો અવાજ. ૦કાવવું સ૦ક્રિ૦ધમકાવવું(૨)'છમકવું'નું પ્રેરક. ૦છમ અ૦એવો અવાજ કરીને(૨)[લા.]મદમાં. ૦છમતું વિ૦ છમછમાટ કરતું. ૦છમાટ પું૦'છમછમ' અવાજ (૨)[લા.] તોર; મદ. ૦છમિયાં ન૦બ૦વ૦ કાંસીજોડાં (૨) ઝાંઝરિયાં
છમછરી સ્ત્રી૦ જુઓ સંવત્સરી(૨) પજુસણનો છેલ્લો દિવસ
છમના સ્ત્રી૦ એક જાતની માછલી
છમાસિક વિ૦ છ મહિને થતું (ખાસ કરીને પરીક્ષા માટે)
છમાસી સ્ત્રી૦ મરણ પછી છ માસે કરાતી ક્રિયા [સોટી
છર પું૦ તોર; મદ (૨)મસ્તી; તાન(૩)અસ્ત્રો(૪)સ્ત્રી૦બરુની
છરતું વિ૦ આડું; ઢળતું (૨) ફતરાનું [સરરર
છરર,૦ર અ૦ વસ્તુ છરતી જતાં કે કપાતાં થતો અવાજ-
છરવં(-વિં)ગું વિ૦ છરવાળું; મદમસ્ત; અભિમાની
છરાયું(-યેલું) વિ૦મસ્તેલું; ફાટેલું.-વવું સ૦ક્રિ૦[પ્રેરક], -વું અ૦ક્રિ૦ તોર કે મસ્તીમાં આવવું; ફાટવું
છરી સ્ત્રી૦ પાળી; કાતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છરેલ વિ૦ છર-મદવાળું; છરાયેલું

છરો પું૦ મોટી છરી (૨) સાધો જમૈયો (૩) બંદૂકના બારમાં ઊડે એવા ખીલા, કાંકરા ઇ૦.-રાજાંટી સ્ત્રી૦'બૉલ-બેરિંગ'

છર્દિ સ્ત્રી૦ [સં.] અધઓક કે બકારીનો રોગ

છલ પું૦; ન૦ [સં.] છળ; છેતરપિંડી; કપટ (૨) ખોટો વેશ (૩) બહાનું. ૦ન ન૦,૦ના સ્ત્રી૦છળવું-છેતરવું તે. ૦બલ ન૦ છળકપટ; પ્રપંચ

છલક સ્ત્રી૦ છાલક (૨) પાણીનું બેડું (૩) અ૦ છાલક વાગતી હોય એમ. ૦છોઇયાં અ૦ છલકાતું હોય એમ -કાવું અ૦ક્રિ૦ (હાલવાથી) પ્રવાહી પદાર્થનું ઊછળી બહાર પડવું (૨) [લા.] અભિમાનથી ફુલાવું

છલર સ્ત્રી૦ ધ્રો; દૂર્વા

છલ(-ળ)વિછલ(-ળ) સ્ત્રી૦ છળકપટ; લુચ્ચાઈ

છલંગ સ્ત્રી૦ ઠેકડો; ફલંગ

છલા વિ૦ '૬' (સાંકેતિક)

છલા(-લો)છલ અ૦ છલકાય તેમ-છેક સુધી (ભરેલું)

છલાવું અ૦ક્રિ૦ છલકાવું

છલિ(-ળિ)ત વિ૦ [સં.] છેતરાયેલું (૨) છળેલું; ચમકેલું

છલી સ્ત્રી૦ ચામડીનો એક રોગ

છલૂડી સ્ત્રી૦ નાનું છાલિયું; નાની વાડકી

છલો(-લ્લો) પું૦ એક જાતની ઘૂઘરીઓની વીંટી (૨) લગ્ન વખતે પહેરવાની વીંટી (૩) પૂજાના સામાનની છાબડી

છલોછલ અ૦ જુઓ છલાછલ [જુઓ 'છલ્લો'

છલ્લા સ્ત્રી૦ કાનનો વેહ વધારવા ઘલાતી કડી(૨)પું૦બ૦વ૦

છલ્લાં ન૦બ૦વ૦ છલ્લા-વીંટીઓ. છલ્લો પું૦ જુઓ છલો (૧,૨ અર્થે બહુધા બ૦વ૦ તરીકે) [ચૂડી

છલ્લૈયું ન૦સાવ ઘસાઈ ગયેલું છલ્લું (૨)છાલ કે લાકડાની

છવાવું અ૦ક્રિ૦ ઢંકાવું; ઘેરાવું (૨) ફેલાવું

છવિ સ્ત્રી૦ [સં.] જુઓ છબી [એક ઘરેણું-જોટવાં

છવીટિયાં ન૦બ૦વ૦ સ્ત્રીઓના પગની આંગળીએ ઘાલવાનું

છવ્વીશ(-સ) વિ૦ '૨૬'

છસેં(-સો) પું૦બ૦વ૦ '૬૦૦'

છળ પું૦; ન૦ જુઓ છલ. ૦કપટ ન૦ પ્રપંચ; દગોફટકો. ૦કારી વિ૦ કપટી; દુઃખ દેનાર. ૦ના સ્ત્રી૦ છલના; છળ કરવું તે. ૦પ્રપંચ પું૦ દગોફટકો; છળકપટ. ૦ભેદ પું૦ છળપ્રપંચ. ૦વિછળ સ્ત્રી૦ છળકપટ; લુચ્ચાઈ. ૦વિદ્યા સ્ત્રી૦ ચતુરાઈથી છેતરી જવું તે

છળકો પું૦ પાણીની છોળ-છાલક [હબકવું

છળવું સ૦ક્રિ૦છેતરવું; ઠગવું (૨)અ૦ક્રિ૦બીકથી ચમકવું;

છળિત વિ૦ જુઓ છલિત

છળો પું૦ રગડો (દહીં વગેરેનો) [છણછણાટ

છંછણવું અ૦ક્રિ૦ જુઓ છણછણવું. છંછણાટ પું૦ જુઓ

છંછેડવું સ૦ક્રિ૦ છેડવું; ચીડવવું; સળી કરવી

છંટકાવ પું૦ છાંટવું તે [છાંટી ઓલવવું

છંટકોર પું૦ છંટકોરવું તે. ૦વું સ૦ક્રિ૦ છાંટવું (૨)પાણી

છંટાવ પું૦ છંટકાવ. ૦વું સ૦ક્રિ૦ 'છાંટવું'નું પ્રેરક

છંટાવું અ૦ક્રિ૦ 'છાંટવું'નું કર્મણિ (૨) છાંટા ઊડવા; છાંટાથી ભીંજાવું (૩) ગાભણું થવું (ગાય ભેંસ ઇત્યાદિનું)

છંડાવવું અ૦ક્રિ૦ 'છાંડવું'નું પ્રેરક [ઇન્સાફ થવો

છંડાવું અ૦ક્રિ૦'છાંડવું'નું કર્મણિ(૨)છણાવું; તપાસ થવી;

છંદ પું૦ [સં.] અક્ષર કે માત્રાના મેળ-નિયમથી બનેલી કવિતા; વૃત્ત (૨) લત; વ્યસન (૩) અમુક જાતની ચૂડીઓ. ૦(-દો)બદ્ધ વિ૦પદ્યરૂપે ગોઠવેલું-બનાવેલું. ૦(-દો)ભંગ પું૦ છંદ-વૃત્તનો ભંગ. ૦વૃત્ત ન૦છંદ કે વૃત્ત; કવિતાનું માપ અથવા રાગ. ૦(-દઃ)શાસ્ત્ર ન૦ વેદનાં છ અંગમાંનું એક (૨) પિંગળ. ૦શાસ્ત્રી સ્ત્રી૦ છંદશાસ્ત્ર જાણનાર. -દી,-દીલું વિ૦ મોજી; શોખીન (૨) અમુક લતવાળું. -દોવતી સ્ત્રી૦મધ્યા શ્રુતિનો એક અવાન્તર ભેદ(સંગીત)

છાક પું૦ નશો; કેફ (૨) તોર; મિજાજ (૩) સ્ત્રી૦ દુર્ગંધ. ૦ટ વિ૦ છાકટું. ૦ટાઈ સ્ત્રી૦, ૦ટાપણું ન૦. ૦ટું વિ૦દારૂ પીને ભાન ભૂલેલું. ૦ટો પું૦ દારૂડિયો [પુષ્કળતા

છાકમછોળ અ૦ છોળો ઉપર છોળો વાગે એમ (૨) સ્ત્રી૦

છાકવું અ૦ક્રિ૦ છલકાઈ-ફુલાઈ જવું (૨)બહેકી-વંઠી જવું

છાકોટો પું૦ ભારે છાકભર્યો છણકો-તિરસ્કાર; છાંછિયું

છાગ પું૦ છગ; બકરો

છાગળ પું૦બકરો(૨)સ્ત્રી૦ પાણી ભરવાની ચામડાની બતક

છાગળિયું વિ૦ ઉડાઉ (૨) ન૦ બતક (પ્રાયઃ બ૦વ૦માં)

છાગળિયો પું૦ ફાટવાળી ઘૂઘરી

છાછર સ્ત્રી૦ તાસક (૨) પાણીની સપાટી પર છરરર કરતું જાય એવી રીતે કાંઈ ફેંકવું તે (૩) વિ૦ છાછરું. -રુ(-રું) વિ૦ જુઓ છીછરું

છાજ ન૦ છાપરામાં ઘાસ, પાટિયાં કે વાંસ વગેરેનું કરાતું આચ્છાદન કે તે વસ્તુઓ (૨) અભરાઈ [(૩) અભરાઈ

છાજલી સ્ત્રી૦ છજા ઉપરની નાની અગાસી (૨) નાનું છજું

છાજવું સ૦ક્રિ૦ છાજથી ઢાંકવું; છાવું (૨) છવાઈ રહેવું (૩) લાયક હોવું (૪) સારું દેખાવું; શોભવું (૫) ઘણો વખત નભવું

છાજિયું ન૦ શોકના આવેશમાં છાતી કૂટવી તે

છાજું ન૦ છાજ નાંખી કરાતું એકઢાળિયું [કકડો

છાટ સ્ત્રી૦ ટાંકાની અંદરની છત (૨) પથ્થરનો લાંબોપહોળો

છાણ ન૦ ગાયભેંસનો મળ; ગોબર. -ણિયું વિ૦ છાણ જેવું; પોચું; દમ વગરનું (૨) છાણ ખાઈને રહેનારું (૩) ન૦ છાણમાટીનું બનાવેલું ટોપલું. -ણું ન૦ બાળવા માટે છાણને થાપીને સૂકવેલું ચકરડું

છાણવું સ૦ક્રિ૦ બારીક રીતે ચાળવું (૨) છણવું

છાત ન૦ (પ.) છત્ર; છત્રી

છાતરફ સ્ત્રી૦ મોટો ફૂદકો; ફાળ (ઘોડાની)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાતરવું સ૦ક્રિ૦ ખેંચવું; બહાર કાઢવું

છાતી સ્ત્રી૦ શરીરનો પેટ પરનો પહોળો ભાગ (૨) [લા.] હિંમત. ૦કઢું વિ૦ બહાદુર; પ્રાણવાન. ૦ચલું વિ૦ હિંમતવાન. ૦પૂર વિ૦ છાતી સુધી આવે એટલું. ૦ફાટ અ૦ છાતી ફાટી જાય એમ. ૦ભેર અ૦ હિંમતથી (૨) [ઊંચું ચડતાં] છાતી ભરાઈ આવે–દમ ચડે તેમ

છાત્ર પું૦ [સં.] વિદ્યાર્થી. ૦વૃત્તિ સ્ત્રી૦ જુઓ શિષ્યવૃત્તિ. –ત્રા સ્ત્રી૦ વિદ્યાર્થિની. –ત્રાલય ન૦ છાત્રોને રહેવાનું સ્થળ

છાદન ન૦ [સં.] ઢાંકવું કે ઓઢવું તે કે ઓઢવાનું

છાદિત વિ૦ [સં.] આચ્છાદિત; ઢંકાયેલું

છાનગપતિયાં ન૦ બ૦ વ૦ (કા.) છાની વાતો

છાનાછાની સ્ત્રી૦ છાની વાત; ગુફતેગો (૨) અ૦ છાની રીતે

છાનું વિ૦ ગુપ્ત (૨) મૂગું. ૦છપનું(–નું) વિ૦ કોઈ જાણે નહિ તેવું; ગુપ્ત. ૦માનું વિ૦ છાનુંછપનું (૨) ગુપચુપ

છાપ સ્ત્રી૦ એક વસ્તુ બીજા પર દબાવાથી તેની આકૃતિ પડે તે (૨) આકૃતિ પાડવાનો સિક્કો (૩) [લા.] મન ઉપર થયેલી અસર–અભિપ્રાય (૪) શેહ; દાબ (૫) છાપવાની સફાઈ. ૦ખાનું ન૦ છપાણ થતું હોય તે સ્થળ; મુદ્રણાલય. ૦ગર પું૦ છીપો. ૦જં(–યં)ત્ર પું૦ છાપવાનું યંત્ર

છાપટ સ્ત્રી૦ પાણીની છાલક; છોળ (૨) થાપટ; લપડાક

છાપણી સ્ત્રી૦ છાપવાની રીત કે તેની સફાઈ

છાપત સ્ત્રી૦ છાપ; શાખ; આબરૂ

છાપભૂલ સ્ત્રી૦ છાપવામાં થયેલી ભૂલ

છાપર સ્ત્રી૦ વાટવાનો મોટો ચપટો પથ્થર

છાપરું ન૦ મકાન પર કરેલું ઢાંકણ (૨) ઝૂંપડું. –રિયું વિ૦ છાપરાનું,–ને લગતું. –રિયો પું૦ ભાવનગર તરફની વાણિયાની એક જાતનો માણસ. –રી સ્ત્રી૦ નાનું છાપરું

છાપવું સ૦ક્રિ૦ બીબા વડે છાપ–આકૃતિ પાડવી

છાપું ન૦ વર્તમાનપત્ર (૨) બીબું (૩) ચામાચેણ

છાપેલ કાટલું ન૦ [લા.] પહોંચેલ. ખંધો માણસ

છાપો પું૦ ઓચિંતો હુમલો (૨) છાપ વડે કરેલું ચિહ્ન (૩) લગો; વેરો (૪) + બધાં છાપાં; 'ધિ પ્રેસ'

છાબ,૦**ડી** સ્ત્રી૦, –ડું ન૦ છાબડી; વાંસની છાછરી ટોપલી

છાયલ ન૦ એક જાતનો છાપેલો સાલ્લો

છાયા સ્ત્રી૦ [સં.] પડછાયો (૨) [લા.] આશ્રય; ઓથ (૩) અસર; છાપ. ૦કાવ્ય ન૦ બીજા કાવ્યની છાયાવાળું કાવ્ય. ૦ચિત્ર ન૦ કેવળ છાયા–ઓળારૂપે આલેખાયેલું ચિત્ર. ૦નટ પું૦ એક રાગ. ૦નુવાદ પું૦ મૂળની છાયા ઉતારતો અનુવાદ–ભાષાંતર. ૦પુરુષ પું૦ તડકામાં અથવા ચાંદરણામાં ઊભા રહીને પોતાની છાયા તરફ ઘણીવાર જોયા કર્યા પછી એકદમ આકાશમાં જોતાં ઊંચે જે પુરુષઆકૃતિ દેખાય છે તે. ૦યંત્ર ન૦ છાયા ઉપરથી વખત જાણવાનું યંત્ર; 'સન–ડાયલ' ૦લગ વિ૦ રાગને મનોહર બનાવવામાં બીજા રાગના સ્વરની છાયાવાળું. –યો પું૦ છાંયો; પડછાયો; ઓળો

છાર પું૦; સ્ત્રી૦ ઈંટવાહાનો ભૂકો (૨) ફૂગ (૩) ધૂળ (૪) રાખોડી (૫) છારી (૬) પું૦ મત્સર; અભિમાન

છારવું સ૦ક્રિ૦ બાળીને ખાખ કરવું (૨) છારું દબાવવું (૩) છમકારવું (૪) માંડી વાળવું; છાવરવું

છારા(–રોડિયા) વિ૦ (બ૦વ૦રૂપ) પિત્તવાળા, તીખા (ઓડકાર) (૨) પું૦બ૦વ૦ મરનારના તેરમાને દિવસે ચકલામાં પીળું ઓઢાડીને મુકાતા ત્રણ ઘડા

છારાં ન૦બ૦વ૦ છારા જાતિનાં માણસ (તુચ્છકારમાં)

છારિયું ન૦ સાંકડા મોંનાં વાસણ ઘસવા માટે વપરાતો કૂચડો

છારી સ્ત્રી૦ વસ્તુ પર બાઝતો આછો થર (૨) છારા જાતિની સ્ત્રી

છારું ન૦ ઈંટો, મટોડી અને ચૂનાવાળો ભૂકો

છારો પું૦ એ નામની એક જિપ્સી જેવી જાતનો પુરુષ

છારૈયા વિ૦ છારા (ઓડકાર) [વ૦ છારોડિયા

છારોડિયા વિ૦ (૨) પું૦બ૦વ૦ જુઓ છારા. –યાં ન૦બ૦

છાલ સ્ત્રી૦ ત્વચા (ઝાડની) (૨) પું૦ ખ્યાલ (૩) કેડો; પીછો

છાલક સ્ત્રી૦ પાણીની છોળ. ૦બાજી સ્ત્રી૦ સામસામી પાણીની છાલકો મારી ગભરાવવાની રમત

છાલકું વિ૦ છાછરું; ઊંડું (૨) [લા.] આછકલું; પાજી; હલકું (૩) ન૦ ગધેડા ઉપર નાખવાની બે પાસવાંવાળી ખુલ્લી ગૂણ (૪) ચાર મણનો સંતોલો. –કાપણું ન૦

છાલાં ન૦બ૦વ૦ ફોતરાં; છોડાં (૨) ચામડી પરનાં ભિંગડાં

છાલિયું ન૦ પહોળા મોંની વાડકી; છાલું. છાલી સ્ત્રી૦ નાની વાડકી (૨) ચૂડી. છાલું ન૦ ઘંટીમાંથી લોટ વાળવાનું નાળિયેરનું છોડું (૨) વાડકો (૩) 'છાલાં'નું એ૦વ૦

છાવણ ન૦ છાવાનું સાધન; છાજ

છાવણી સ્ત્રી૦ લશ્કરનો પડાવ કે મથક [ઢાંકપિછોડો કરવો

છાવર પું૦ ઢાંકણ (૨) [લા.] ઢાંકપિછોડો. ૦વું સ૦ક્રિ૦

છાવું સ૦ક્રિ૦ ઢાંકવું (૨) છાજ વડે ઢાંકવું

છાશ(–સ) સ્ત્રી૦ દહીં મથી કરાતું પ્રવાહી. –શિ(–સિ)યું વિ૦ છાશવાળું; છાશ જેવું (૨) [લા.] હલકી જાતનું (૩) ન૦ સંચાથી દૂધ પીલતાં છૂટું પડતું પ્રવાહી; 'સેપરેટ' (?)

છાસટિયો પું૦ પાણી પાઈને ઉગાડેલી જુવાર

છાસઠ વિ૦ '૬૬'

છાશી,–સી વિ૦ '૮૬'; છયાશી

છાંઈ સ્ત્રી૦ છાયા

છાંકુ(–કુ) વિ૦ તડાકિયું; ગપ્પી

છાંગળ પું૦ ઈંટના રસનો ગઠ્ઠો; કીટો

છાંછવું વિ૦ ઉછાંછળું; ઉદ્ધત (૨) ન૦ છાંછિયું; છણકો

છાંછળમાંછળ વિ૦ (૨) અ૦ ઉપરઉપરનું; ઉપલકિયું

છાંછળું વિ૦ ઉછાંછળું; છોકરવાદ (૨) આછકલું

છાંછિયું ન૦ રોષ કે તિરસ્કારયુક્ત ધુરકિયું કે છણકો

છાંછું વિ૦ ગંદું; મેલું (૨) વગર સમજ્યે માથું મારે એવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) મૂઠ (૪) ન૦ મંત્ર ભણીને મારેલી ફૂંક
છાંટ સ્ત્રી૦થોડા,ઝીણા ઝીણા છાંટા; ફરફર (૨) ઝડપ; ઉતાવળ (૩)ગપ્પું; બડાઈ(૪) ઉપર ઉપરથી કાપતાં પડેલા કકડા. ૦ણી સ્ત્રી૦ છાંટવું તે; છાંટવાની ક્રિયા. ૦ણું ન૦ (કંકું-કેસર વગેરેથી) છાંટવું તે(૨)[કપડામાં,-પર] છાંટાની ભાત
છાંટવું સ૦ક્રિ૦ વિખેરાઈને પડે એમ પ્રવાહીને નાખવું(૨) ઉપર ઉપરથી કાપવું (૩) [લા.] ગપ-બડાઈ હાંકવી
છાંટિયું ન૦ માત્ર છાંટા નાંખ્યે ચાલે એવું, દૂરના સગાના મરણનું સૂતક (૨)સ્ત્રીઓનું કોટનું એક ઘરેણું
છાંટી સ્ત્રી૦ નાનો છાંટો-ટીપું (૨) વરસાદની ઝીણી ફરફર
છાંડુ વિ૦ ગપ્પી; છાકુ
છાંટો પું૦ બુંદ; ટીપું(૨)[લા.]ડાઘ; કલંક. -ટાભાર વિ૦ છાંટા જેટલું-થોડું. ૦પાણી ન૦ [લા.] દારૂ
છાંડણ ન૦ છાંડવું તે (૨) છાંડેલું અન્ન 	[રહેવા દેવું
છાંડવું સ૦ક્રિ૦ તજવું(૨)ફારગતી આપવી(૩)ભાણામાં પડી
છાંડી(-ડેલી) વિ૦સ્ત્રી૦ ધણીએ તજેલી-ફારગતી આપેલી
છાંદસ વિ૦ [સં.] વેદ ભણેલું
છાંદવું સ૦ક્રિ૦ છાંદાથી થેપવું-જાડું લીંપવું છાંદો પું૦ છાણ-માટીનો લોંદો,જાડું લીંપણ(૨)જમવાની વાનીઓનો ભેગો ગૂંદો
છાંય,૦ડી સ્ત્રી૦, ૦ડો,-યો પું૦ છાયા
છિઃ અ૦ધિક્કાર કે તુચ્છકાર બતાવતો ઉદ્ગાર 	[મરતીખોર
છિછરવું,-કલું, વિ૦ આછકલું;ઉછાંછળું(૨)છોકરવાદ(૩)
છિટ,૦છિટ અ૦ (રવ૦) જુઓ છટ
છિટકોરવું સ૦ક્રિ૦ ઝારીથી પાણી છાંટવું; છંટકોરવું
છિણાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦'છીણવું'નું કર્મણિ ને પ્રેરક
છિદવું સ૦ક્રિ૦ + છેદવું
છિદ્ર ન૦ [સં.] કાણું; બાકું; નાકું (૨) [લા.] દોષ; ખામી. -દ્રાન્વેષણ ન૦બીજાના દોષ શોધવા તે. -દ્રાન્વેષી વિ૦ બીજાના દોષ શોધનારું. -દ્રાળુ વિ૦ છિદ્રવાળું. -દ્રિત વિ૦ છિદ્રવાળું; છિદ્ર પાડેલું
છિનવાવવું સ૦ક્રિ૦ 'છીનવવું'નું પ્રેરક
છિનાવડા(-રા)વવું સ૦ક્રિ૦ 'છિનાવવું'નું પ્રેરક
છિનાવવું સ૦ક્રિ૦ જુઓ છીનવવું(૨)'છીનવું'નું પ્રેરક
છિનાવાવું અ૦ક્રિ૦ 'છિનાવવું'નું કર્મણિ
છિનાવું અ૦ક્રિ૦ 'છીનવું'નું કર્મણિ
છિનાળ વિ૦ છિનાળવું (૨) સ્ત્રી૦ વ્યભિચારિણી; કુલટા. ૦વાડો પું૦ વેશ્યાવાડો; ખાંજરું. ૦વું વિ૦ વ્યભિચારી. -ળી સ્ત્રી૦,-ળું ન૦ જારકર્મ; વ્યભિચાર
છિન્ન વિ૦ [સં.] છેદેલું; જુદું પાડેલું. ૦ભિન્ન વિ૦ ભાંગીતૂટી ગયેલું(૨)અસ્તવ્યસ્ત ૦વ્રણ પું૦ કપાવાથી પડેલો જખમ
છિપકળી સ્ત્રી૦ એક જાતનો સાપ 	[ને પ્રેરક
છિપાવવું સ૦ક્રિ૦, છિપાવું અ૦ક્રિ૦ 'છીપવું'નું કર્મણિ
છિપેલી સ્ત્રી૦ છીપ

છિયાડી સ્ત્રી૦ પવનથી ઊડીને પડેલી ધૂળ. -ડો પું૦ પવનથી ઊડીને પડેલો કચરો
છિરકાવવું સ૦ક્રિ૦ 'છીરકવું'નું પ્રેરક
છિલાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦'છીલવું'નું કર્મણિ ને પ્રેરક
છિલેડું ન૦ છોડું; છોતરું; છીલટું
છિલ્લર ન૦ તૂટી ગયેલું તળાવ (૨) ખાબોચિયું
છી સ્ત્રી૦; ન૦ ગંદી વસ્તુ
છી,૦છી અ૦ (રવ૦) જુઓ છિઃ (૨) ગંદકીસૂચક ઉદ્ગાર
છીએ અ૦ક્રિ૦ 'હોવું'નું પ્રથમ પુરુષ બ૦વ૦ (વ૦કા૦)
છીછરવું અ૦ક્રિ૦ છીછરું થવું. છીછરું વિ૦ થોડી ઊંડાઈવાળું
છીટ અ૦ છિટ (૨) સ્ત્રી૦ સૂગ; અણગમો; છીત
છીડું ન૦ દોષ; બહારનું છીંડું
છીણવું સ૦ક્રિ૦ છણવું-ગાળવું (૨) છીણી ઉપર ઘસવું; છૂંદો પાડવો (૩) મોળવું; સમારવું (શાક)
છીણી સ્ત્રી૦ છીણવાનું સાધન (૨) લાકડાં ફાડવામાં વપરાતી લોઢાની ફાચર (૩) ધાતુ કાપવાનું લોઢાનું વીંધણું
છીત સ્ત્રી૦ છીટ; સૂગ (સુ.)
છીતરી સ્ત્રી૦ બે ઘર વચ્ચેનું નવેળિયું
છીતવું અ૦ક્રિ૦છીછરા પાણીમાં વહાણનું જમીન સાથે ચોંટવું
છીદરી સ્ત્રી૦ ટીપકી ટીપકીવાળો એક જાતનો સાલ્લો (૨) દાણાનું વેરાવું-દરેડો થવો તે
છીદરું વિ૦ છીછરું
છીનકી સ્ત્રી૦ છિનાળ 	[અ૦ક્રિ૦[કર્મણિ]
છીનવવું સ૦ક્રિ૦ ઝૂંટવી લેવું (૨)છેતરી લેવું. છીનવાવું
છીનવું સ૦ક્રિ૦ + કાપવું; છેદવું
છીપ સ્ત્રી૦ એક જાતની માછલીનું કોટલું-ઘર
છીપણી સ્ત્રી૦ પાણી છીપવું-છાંટવું તે. -ણું ન૦ પાણી છીપવાનું લોટી જેવું પાત્ર
છીપર સ્ત્રી૦ પથ્થરની છાટ; શિલા
છીપરું વિ૦ગંદું; ગોબું (૨) ન૦ (કા.) ધોબીની છાટ-પથરો
છીપવું અ૦ક્રિ૦ શમવું; શાંત થવું (તરસનું) (૨) સંતાવું; લપાવું (૩) સ૦ક્રિ૦સીપવું; છાંટવું(૪)લાંગરવું (વહાણને)
છીપો પું૦ કપડાં છાપનારો; છાપગર
છીબું ન૦ તપેલીનું ઢાંકણું; તાસક 	[અ૦ક્રિ૦ [કર્મણિ]
છીરકવું સ૦ક્રિ૦ છાંટવું; છંટકાવથી નવરાવવું. છીરકાવું
છીલડું ન૦ છિલેટું; છોડું; છોતરું
છીલવું સ૦ક્રિ૦ છોડાં કાઢવાં; છોલવું
છીં અ૦ (રવ૦) છીંકવાનો અવાજ. ૦ક સ્ત્રી૦ છીં કરીને જોરથી શ્વાસ બહાર ફેંકાવો તે. ૦કણી સ્ત્રી૦ સૂંઘવા માટે ઘૂંટીને તૈયાર કરેલી તમાકુ. ૦કવું અ૦ક્રિ૦ છીંક ખાવી
છીંકારડું ન૦ કાચંડા જેવું એક ઝેરી પ્રાણી, જેની છીંકનો વાયુ ઝેરી માનવામાં આવે છે (૨) એક જાતનું નાનું હરણ
છીંકારવું ન૦ એક જાતનું હરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીંકારું ન૦ છીંકારવું. -રી સ્ત્રી૦ છીંકારાની માદા (૨) હરણની ચીસ

છીંટ સ્ત્રી૦ એક જાતનું રંગિત, ભાતીગર કપડું

છીંટલો પું૦ કાંટાનો ભારો ઉપાડવાની બે પાંખિયાંવાળી લાકડી; છેંટલો

છીંડી સ્ત્રી૦ સાંકડી ગલી-નવેળિયું (૨) નાનું છીંડું. -ડું ન૦ વાડમાં રાખેલું બાકું-માર્ગ (૨) [લા.] દોષ (૩) બહાનું

છુકછુક અ૦ (રવ૦) એંજિનનો અવાજ. ૦ગાડી (બાળભાષામાં) રેલગાડી (૨) તેની બાળ-રમત

છુછકારવું સ૦ક્રિ૦ કરડવા કે પાછળ પડવા ઉશ્કેરવું (કૂતરાને)

છુછરલું વિ૦ છીછરું; ઉપર ઉપરનું. -લાપણું ન૦

છુટકારો પું૦ મુક્તિ; છૂટકો; અંત

છુટાવું અ૦ક્રિ૦ છૂટવાની ક્રિયા થવી; 'છૂટવું'નું ભાવે

છુટ્ટી સ્ત્રી૦ છૂટી; રજા (૨) નવરાશ.-ટ્ટું વિ૦ જુઓ છૂટું

છુપછુપામણ સ્ત્રી૦ સંતાકૂકડી જેવી એક રમત

છુપાડ(-વ)વું સ૦ક્રિ૦ સંતાડવું; ગુપ્ત રાખવું

છુપાયું વિ૦ છુપાયેલું; ગુપ્ત. -વવું સ૦ક્રિ૦ જુઓ છુપાડવું

છુપાવું અ૦ક્રિ૦ સંતાવું; છૂપવું

છુમ,૦છુમ અ૦ (રવ૦). ૦કાર, ૦કો પું૦ છુમ એવો રવ

છુરી(-રિકા) સ્ત્રી૦ [સં.] છૂરી; છરી

છુવડાવવું,છુવાડવું સ૦ક્રિ૦ 'છૂવું'નું પ્રેરક

છુવારી અજમોદ પું૦ એક વનસ્પતિ

છુવાવું અ૦ક્રિ૦ 'છૂવું'નું કર્મણિ

છું અ૦ક્રિ૦ 'હોવું'નું પ્રથમ પુરુષ એકવચન (વ૦કા૦)

છૂ ન૦ સરકી જવું-જતા રહેવું તે (૨) અ૦ (રવ૦) કૂતરાને કોઈની પાછળ પડવા ઉશ્કેરવાનો-છુછકારવાનો ઉદ્ગાર

છૂછ સ્ત્રી૦ એક છોડ

છૂટ સ્ત્રી૦ મોકળાશ (૨) રજા; પરવાનગી (૩) છોડી દીધેલી-જતી કરેલી રકમ (૪) છૂટાપણું; સ્વતંત્રતા. ૦ક વિ૦ છૂટું છૂટું. (૨) અ૦ જથાબંધ નહિ તેમ. ૦કબારી સ્ત્રી૦ નાસી છૂટવાની બારી-રસ્તો. ૦કબારો પું૦ છુટકારો; મુક્તિ. ૦કો પું૦ છુટકારો; મુક્તિ. ૦છાટ સ્ત્રી૦ છૂટ; મોકળાશ. ૦વું અ૦ક્રિ૦ બંધનમાંથી છૂટા થવું. -ટાછેડા પું૦બ૦વ૦ ફારગતી; લગ્નના બંધનમાંથી છુટકારો (૨) બાળકનો પ્રસવ. -ટાપણું ન૦. -ટી સ્ત્રી૦ જુઓ છુટ્ટી. -ટું વિ૦ બંધન વિનાનું (૨) ભભરું (૩) વચમાં અંતર હોય તેવું (૪) ન૦ પરચૂરણ (નાણાંનું). ૦છવાયું વિ૦ અલગ અલગ; વેરાયેલું; આછું

છૂતઅછૂત સ્ત્રી૦ [હિં.] અમુકને અડાય અમુકને ન અડાય એવી અસ્પૃશ્યતાની માન્યતા

છૂપવું અ૦ક્રિ૦ સંતાવું; છુપાવું. છૂપાછૂપ અ૦ છૂપી રીતે. છૂપું વિ૦ ગુપ્ત; છાનું

છૂમંતર ન૦ જાદુ; જંતરમંતરનો પ્રયોગ

છૂરી(-રિકા) સ્ત્રી૦ [સં.] છરી; છુરી

છૂવું સ૦ક્રિ૦ અડવું; છોવું [તારના છેડા

છૂંછાં ન૦બ૦વ૦ રૂંછાં; વણતાં કે બીજે કારણે રહી ગયેલા

છૂંછું ન૦ મોં (તિરસ્કારમાં) [ટપકું-ચાઠું કે આકૃતિ

છૂંદણી સ્ત્રી૦ છૂંદવું તે. -ણું ન૦ શરીર પર છૂંદીને પાડેલું

છૂંદવું સ૦ક્રિ૦ સોય કે તેવા અણીવાળા હથિયાર વડે ટોચવું (૨) બારીક કચરવું; છૂંદા જેવું બનાવવું

છૂંદાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'છૂંદવું'નું અનુક્રમે કર્મણિ ને પ્રેરક [અથાણું

છૂંદો પું૦ છૂંદીછૂંદીને બનાવેલો લોચો (૨) છીણેલી કેરીનું

છૂંશ સ્ત્રી૦ એક વનસ્પતિ

છે 'હોવું'નું ત્રી૦ પુ૦, વ૦ કા૦નું રૂપ

છેક અ૦ તદ્દન; સાવ (૨) પું૦ + અંત; હદ

છેકણી સ્ત્રી૦ છેકવું તે (૨) લખેલું છેકી નાખવાનું ઓજાર. -ણું ન૦ છેકવાનું સાધન. -વું સ૦ક્રિ૦ ચેરવું; લખેલું રદ છે એમ જણાવવાને ઉપર લીટો ખેંચવો (૨) લખેલું કાઢી નાંખવું-ભૂંસી નાંખવું. છેકાછેક(-કી) સ્ત્રી૦ જ્યાં ત્યાં છેકા-લીટા કરવા તે; ચેરાચેર

છેકાછેક અ૦ છેક; તદ્દન

છેકાનુપ્રાસ પું૦ [સં.] અનુપ્રાસનો એક પ્રકાર [(કા.શા.)

છેકાપહ્નુતિ સ્ત્રી૦ [સં.] અપહ્નુતિ અલંકારનો એક પ્રકાર

છેકો પું૦ છેકવા માટે દોરેલો લીટો

છેટાવું અ૦ક્રિ૦ જુઓ છેંટાવું

છેટી સ્ત્રી૦ નાની પોતડી

છેટું વિ૦ વેગળું; દૂર (૨) ન૦ બે જગા વચ્ચેનું અંતર

છેડ સ્ત્રી૦ વાદ્ય પર લેવાતો રાગનો આલાપ; જોડકામ (૨) [ચ.] હળમાં વચ્ચે હોતો લાંબો દાંડો

છેડ,૦ણી સ્ત્રી૦ ખીજવવું તે-પજવણી (૨) ખીજ

છેડતી સ્ત્રી૦ છિદ્ર; દોષ (૨) અડપલું; અટકચાળું

છેડલો પું૦ છેડો (લાલિત્યવાચક)

છેડવું સ૦ક્રિ૦ અટકચાળું કરવું; ખીજવવું

છેડાછેડ(-ડી) સ્ત્રી૦ વારંવાર છેડવુ તે, સતામણી [છે તે

છેડાછેડી સ્ત્રી૦ વરના જામા સાથે વહુની ઘાટડીની ગાંઠ બાંધે

છેડો પું૦ અંતનો ભાગ; અંત (૨) હદ; સીમા (૩) પાલવ (૪) છેડો વાળવો-મરણ પાછળ છેડો વાળીને રોવું તે. -ડાગાંઠણ(-ણું) ન૦ વરકન્યાના છેડા ગાંઠવાનું વસ્ત્ર -ડાછૂટકા પું૦બ૦વ૦ છૂટાછેડા; તલાક. -ડાબંધન, -ડાબાંધણ(-ણું) ન૦ જુઓ છેડાગાંઠણ

છેતરપિંડી,છેતરબાજી સ્ત્રી૦ છેતરામણી; ઠગાઈ

છેતરવું સ૦ક્રિ૦ ઠગવું; છળવું [એવું

છેતરામણ ન૦,-ણી સ્ત્રી૦ છેતરાવાપણું.-ણું વિ૦ છેતરી લે

છેતાળીસ વિ૦ '૪૬'; છેંતાળીસ

છેદ પું૦ [સં.] કાપો; ચીરો (૨) છિદ્ર (૩) [ગ.] છેદનારી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગનારી સંખ્યા (અપૂર્ણાંકમાં લીટી નીચે લખવામાં આવે છે તે) (૪) નાશ. ૦ક વિ૦ છેદનારું-કાપનારું (૨) [ગ.] ભાગનારું (૩) પું૦ જુઓ છેદ. ૦ગમ પું૦ છેદશુદ્ધિ; 'કલીઅરિંગ ઑફ ફ્રેક્શન' (ગ.). ૦ન ન૦ છેદવું-કાપવું તે. ૦નબિંદુ ન૦ જ્યાં બે અથવા વધારે લીટીઓ એક બીજીને કાપતી-મળતી હોય તે બિંદુ (ગ.). ૦નભેદન ન૦ પૂરેપૂરો નાશ. ૦નરેખા, ૦નલીટી સ્ત્રી૦ વર્તુલને છેદનારી લીટી; 'સીકન્ટ'. ૦વું સ૦ક્રિ૦ કાપવું (૨) છિદ્ર-કાણું પાડવું (૩) નિકંદન કાઢવું (૪) [ગ.] છેદરૂપે થઈને ભાગવું. ૦શુદ્ધિ સ્ત્રી૦,-દાપગમ પું૦ છેદ ઉડાડી દેવો તે; છેદગમ (ગ.)

છેબાં ન૦બ૦વ૦ છિદ્ર

છેર સ્ત્રી૦ જુઓ છેરંટો

છેરવું અ૦ક્રિ૦ પાતળું અઘવું

છેરંટો પું૦ છેરામણ; પાતળો ઝાડો (૨) ધૂળ; કચરો; ખેરંટો

છેરાટો પું. -મણ ન૦; સ્ત્રી૦ છેરવું તે; પાતળો ઝાડો

છેલ પું૦ વરણાગિયો માણસ. ૦કડી સ્ત્રી૦ પુરુષને કાને પહેરવાનું એક ઘરેણું. ૦કાંટો પું૦ સ્ત્રીને કાને પહેરવાનું એક ઘરેણું. ૦છબીલું વિ૦ મોહક ને રૂપાળું. ૦છટાકિયું વિ૦ છેલબટાઉ. ૦ડ(-ડો) પું૦ છેલ. ૦ડી(-ણ) સ્ત્રી૦ વરણાગિયણ સ્ત્રી. ૦બટાઉ પું૦ વરણાગિયો-લહેરી જવાન

છેલછેલ્લું વિ૦ છેલ્લામાં છેલ્લું

છેલપડી વિ૦ '૧૬' (વેપારીઓનો સંકેત)

છેલવહેલું, છેલવેલ્લું વિ૦ સૌથી છેલ્લું

છેલાઈ સ્ત્રી૦ છેલી; છેલપણું. -ણી પું૦ છેલ; સહેલાણી

છેલારવું સ૦ક્રિ૦ ચોરવું; લૂંટવું

છેલી સ્ત્રી૦ જુઓ છેલાઈ

છેલો પું૦ છોકરો: છૈયો

છેલ્લું વિ૦ છેવટનું

છેવટ ન૦ અંત; છેડો. -ટ(-ટે) અ૦ અંતે; છેડે

છેવાડું વિ૦ છેલ્લું; છેડા ઉપરનું

છેવાવું અ૦ક્રિ૦ મોડા આવવું-પડવું (૨) મોડા પડવાથી શરમાવું; છેલ્લા પડવું

છેહ પું૦ દગો; વિશ્વાસઘાત (૨) ત્યાગ (૩) છેવટ; અંત

છેંટલી સ્ત્રી૦ છાણ વીણવા કરવાની રદી તૂટીફૂટી ટોપલી (ચ.)

છેંટલો પું૦ જુઓ છીંટલો

છેંટાવવું સ૦ક્રિ૦ છેંટાય એમ કરવું; છેડવું

છેંટાવું અ૦ક્રિ૦ રિસાઈને અળગા ચાલવું; છેડાવું; છેટાવું

છેંતાળીસ વિ૦ '૪૬'; છેતાળીસ

છૈયું ન૦ છોકરું. -યો પું૦ છોકરો

છો સ્ત્રી૦ ચૂનાનો કેલ. ૦બંધ વિ૦ છોવાળું

છો [છો] અ૦ક્રિ૦ 'હોવું'નું બીજો પુરુષ બ૦વ૦, વર્તમાનનું રૂપ (૨) અ૦ ભલે [કરવાની સળી (૩) છો

છોઈ સ્ત્રી૦ સાંઠા ઉપરની પાતળી ચીપ; છાલ (૨) પતરાળાં

છોકરમત વિ૦ બાળક જેવી અલ્પ બુદ્ધિનું કે હઠીલું (૨) સ્ત્રી૦ બાળક જેવી હઠ

છોકરવાદ વિ૦ થોડી અક્કલનું; ઉછાંછળું; અવિવેકી (૨) સ્ત્રી૦ તેવું વર્તન. -દી સ્ત્રી૦ છોકરવાદપણું

છોકરિયું વિ૦ છોકરવાદ

છોકરી સ્ત્રી૦ સ્ત્રી જાતિનું છોકરું (૨) કન્યા; દીકરી

છોકરું ન૦ સંતાન; બાળક (૨) નાનો છોકરો કે છોકરી

છોકરો પું૦ નર જાતિનું છોકરું (૨) નાની વયનો-૧૬ વર્ષ સુધીનો માણસ (૨) દીકરો

છોગડ ન૦ એક પક્ષી

છોગલો પું૦ લૂગડાનો કકડો; અંગૂછો

છોગું ન૦ કલગીની જેમ ખોસેલો ઊડતો કે ઝૂલતો ફેંટા-ફાળિયાનો છેડો (૨) પાઘડીમાં ખોસેલો ફૂલનો તોરો. -ગાળ(-ળું) વિ૦ છોગાં રાખનારું; છેલછબીલું; ફક્કડ

છોછ સ્ત્રી૦ ચોખ્ખાઈ કે આચારની ચટ-તીવ્ર લાગણી; છોત

છોછત સ્ત્રી૦ જુઓ છોછ (૨) ખણખોદ

છોછું વિ૦ ઊણપવાળું; ઓછું (૨) અસહાય; એકલું

છોટાઘૂંઘ ન૦ એક પક્ષી

છોટું વિ૦ નાનું

છોડું [છો] ન૦ છોડિયું (૨) ભીંડીનું ફેલું; રેસાદાર એવી લટ (૩) પેંગડાનો ચામડાનો પટો

છોડ પું૦ રોપો; છોડવો

છોડ [છો] ન૦ સુકાઈને થયેલું છોડું (૩) સુકાઈ ગયેલો ગર્ભ

છોડણહાર વિ૦ (૨) પું૦ છોડાવનાર-મુક્ત કરનાર

છોડ(-ડા)વવું સ૦ક્રિ૦ બંધનમાંથી છૂટું કરાવવું

છોડવળગ સ્ત્રી૦ છોડવું ને વળગવું તે

છોડવું સ૦ક્રિ૦ છૂટું, અલગ કે મુક્ત કરવું (૨) તજવું

છોડવો પું૦ છોડ; રોપો [કકડો (ભૂકરી)

છોડિયું ન૦ છાલ કે તેનો કકડો (૨) લાકડાનો પાતળો

છોડી સ્ત્રી૦ છોકરી

છોડું ન૦ જુઓ છોડિયું (૨) જુઓ છોતરું

છોત સ્ત્રી૦ જુઓ છોછ

છોતરું ન૦ છોડું; ફોતરું; પડ

છોતે(-ત્તે)ર વિ૦ '૭૬'; છોંતેર

છોતો પું૦ વાસણ ધોવાનો કૂચડો (૨) છોયો

છો ને અ૦ ભલે ને [તે

છોભાવું અ૦ક્રિ૦ છોભા-ખસિયાણા પડવું. -ટ પું૦ છોભાવું

છોભીલું, છોભું વિ૦ ખસિયાણું; ઝંખવાણું; શરમિંદું

છોયલું ન૦ ચૂનાવાળી ઈંટ

છોયો પું૦ શેરડી વગેરેના સાંઠા ઉપરથી ઉતારેલી છાલ

છોર પું૦ છર; અસ્ત્રો

છોરવું સ૦ક્રિ૦ છોરિયા વડે ખોદવું

છોરિયું ન૦ લાંબા હાથા ને ફળવાળી કોદાળી (વાવેતરમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાસ કાઢવા માટે) [છોકરો

છોરી સ્ત્રી૦ છોકરી; છોડી. **-રુ(-રું)** ન૦ છોકરું. **-રો** પું૦

છોલ [છો] પું૦; સ્ત્રી૦ વનસ્પતિ ઉપરની ત્વચા; છાલ(સુ.)

છોલ પું૦; સ્ત્રી૦ [લાકડાની] છોલવાથી પડતી ભૂકરી; (ફળ, શાક ઇ૦ને) છોલતાં પડે તે. **૦ણી** સ્ત્રી૦ છોલવાનું ઓજાર (૨) છોલવાની રીત-આવડત

છોલદારી સ્ત્રી૦ નાનો તંબૂ

છોલવું સ૦ક્રિ૦ ઉપર ઉપરથી ઉખેડવું (૨) [ફળની] છાલ કાઢવી (૩) [લાકડું] ઘડવું [ઠપકો આપવો

છોલાટવું સ૦ક્રિ૦ ખૂબ છોલ છોલ કરવું (૨) [લા.] સખત

છોલાણું ન૦ છોબંધ કામ

છોલાવું અ૦ક્રિ૦ 'છોલવું'નું કર્મણિ

છોલાં ન૦બ૦વ૦ છાલાં; છોડાં

છોવડા(-રા)વવું સ૦ક્રિ૦ છો કરાવવી

છોવાવું અ૦ક્રિ૦ 'છોવું'નું કર્મણિ

છોવું સ૦ક્રિ૦ અડકવું; અડકીને અપવિત્ર કરવું (૨) [ઘર વગેરેને] છો કરવી (૩) અ૦ક્રિ૦ અડકવાથી અપવિત્ર થવું

છોહ પું૦ છેહ (૨) વિયોગ

છોળ સ્ત્રી૦ તરંગ; મોજું; છાલક. **૦વું** સ૦ક્રિ૦ (બાળકે) ધાવણની ઊલટી કરવી

છોંતેર વિ૦ '૭૬'; છોતેર

છ્યાશી(-સી) વિ૦ છાશી; '૮૬'

જ

જ પું૦ [सं.] તાલુસ્થાની ત્રીજો વ્યંજન (૨) સમાસને છેડે 'જન્મેલું, ઉત્પન્ન થયેલું" એવો અર્થ બતાવતો શબ્દ. ઉદા૦ 'વંશજ'. **૦કાર** પું૦ જ એવો અક્ષર કે ઉચ્ચાર. **૦કારાંત** વિ૦ છેડે જકારવાળું. **૦જો** પું૦ જકાર

જ અ૦ વાક્યના પદ પાછળ આવતાં તેને અંગે મહત્ત્વ, અનન્યતા, નિશ્ચય, ખાતરી વગેરે બતાવે છે. ઉદા૦ 'બાવીશ જ'; 'ત્યાં જ'

જઈફ વિ૦[अ.]વૃદ્ધ(૨)અશક્ત. **-ફી** સ્ત્રી૦ઘડપણ(૨)અશક્તિ

જક સ્ત્રી૦ જીદ; હઠ

જકડ સ્ત્રી૦જકડવું તે; પકડ; સકંજો.**૦વું** સ૦ક્રિ૦ ખેંચીને -ચસકે નહિ એમ બાંધવું-પકડવું. **૦જસ** અ૦ ખૂબ જકડીને; ચસકે નહિ એમ. **૦બંધ** અ૦જકડીને (બાંધવું)

જકાત સ્ત્રી૦ [अ.] નાકાવેરો; દાણ. **૦દાર** પું. જકાત લેનારો અમલદાર; નાકાદાર. **૦નામું** ન૦દાણ-જકાત-મહેસૂલના દરની યાદી. **-તી** વિ૦ જકાતનું,-ને લગતું (૨) જકાતને પાત્ર (૩) પું૦ જકાતદાર

જકિયું વિ૦ જક્કી; હઠીલું

જકુ(-ગુ) પું૦ મોઈદંડાની રમતનો એક દાવ

જક્કી વિ૦ જક કરનારું; જકિયું (૨) ન૦ એક પક્ષી

જક્ષ પું૦ જુઓ યક્ષ. **૦(-ક્ષિ)ણી** સ્ત્રી૦ જુઓ યક્ષણી

જખ સ્ત્રી૦ ('જખ મારવી'=પસ્તાવું; વાંકા રહીને ઠેકાણે આવવું એમ શ૦પ્ર૦માં)

જખમ પું૦ ઘા. **-માવું** અ૦ક્રિ૦ જખમી-ઘાયલ થવું. **-મી** વિ૦ [फ़ा.] જખમ થયો હોય એવું; ઘાયલ

જખવું સ૦ક્રિ૦ ખાઈ જવું

જખીરો પું૦ જથો; સમૂહ [જડસું

જખ્ખડ વિ૦ સહેલાઈથી ફાટેતૂટે નહિ એવું-મજબૂત(૨)

જગ ન૦ જગત (૨) સ્ત્રી૦ જગા (પ.). **૦કર્તા(-ર્ત્તા)** પું૦ જગતનો કરનાર-ઈશ્વર. **૦જાહેર**, **૦પ્રસિદ્ધ** વિ૦ જગમાં-બધે જાણીતું; સુપ્રસિદ્ધ. **૦જીવન** પું૦ જગતના જીવન-રૂપ-પરમેશ્વર. **૦ત્રય** ન૦ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણે જગ; જગત્ત્રય. **૦પતિ** પું૦ જગતનો પતિ-ઈશ્વર. **૦બત્રીશી(-સી)** સ્ત્રી૦ લોકવાયકા. **૦મોહન** વિ૦ (૨) પું૦ જગતને મોહ પમાડનાર (પ્રભુ). **૦મોહના** વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ જગમોહન(દુર્ગા). **૦રાય** પું૦ જગતનો રાજા-પ્રભુ

જગત ન૦ [सं.] સૃષ્ટિ; વિશ્વ (૨) દુનિયા; પૃથ્વી. **-ચ્ચક્ષુ** પું૦ જગતની આંખરૂપ સૂર્ય. **-ચ્છાક્ષી** પું૦ સૂર્ય (૨) પરમાત્મા. **૦(-જ્)જનની** સ્ત્રી૦ જગદંબા-દુર્ગા. **૦(-જ્)-જેતા** પું૦ જગત જીતનાર; આલમગીર. **૦જામ** પું૦ જગતને નિયમમાં રાખનાર-ઈશ્વર. **૦(-ત્)પ્રસિદ્ધ** વિ૦ જુઓ જગજાહેર. **૦ભવાડો** પું૦ જાહેરમાં ફજેતી થવી તે. **-તી** સ્ત્રી૦ જુઓ જગત (૨) એક છંદ. **-તીસુર** પું૦ ભૂદેવ; બ્રાહ્મણ. **-ત્ત્રય** ન૦ ત્રણે જગત-સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ. **-ત્પતિ** પું૦ જગતનો સ્વામી-પરમેશ્વર. **-ત્પ્રસિદ્ધ** પું૦ જગજાહેર. **-દંબા(-બિકા)** સ્ત્રી૦ જગતની માતા-દુર્ગા. **-દાત્મા** પું૦ જગતનો આત્મા-પરમેશ્વર. **-દાધાર** પું૦ જગતનો આધાર-પરમેશ્વર. **-દાભાસ** પું૦ જગતનો આભાસ માત્ર (સાચું નહિ). **-દીશ(-શ્વર)** પું૦ જગતનો ધણી-પરમેશ્વર. **-દુદ્ધાર** પું૦ જગતનો ઉદ્ધાર. **-દુદ્ધારક** વિ૦ જગદુદ્ધાર કરનાર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારણહાર. **-દેકવીર** પું૦ જગતમાં એક અજોડ વીર. **-દ્‌ગુરુ** પું૦ આખા જગતનો ગુરુ (૨) શાંકર મતના મુખ્ય આચાર્યની ઉપાધિ (૩) [સં.] મહાદેવ. **-દ્ધર** પું૦ જગતને ધારણ કરનાર-પરમેશ્વર. **-દ્ધાતુ** સ્ત્રી૦ જેમાંથી જગત ઉત્પન્ન થયું છે એ ધાતુ; મૂળતત્ત્વ. **-દ્ધાત્રી** સ્ત્રી૦ જગતની ધાત્રી-જગદંબા. **-દ્વંદનીય,-દ્વંદ્ય** વિ૦ આખા જગતને વંદન કરવા યોગ્ય. **-ન્નાથ** પું૦ જગતનો નાથ-પરમેશ્વર (૨) વિષ્ણુનો એક અવતાર (૩) જગન્નાથપુરીમાં આવેલી એ નામની મૂર્તિ (૪) [સં.] એક સંસ્કૃત કવિ. **-ન્નિયંતા** પું૦ જગતનો નિયંતા-પરમેશ્વર. **-ન્નિવાસ** પું૦ જગતમાં વ્યાપી રહેનાર કે જગતનો નિવાસ-આધારસ્થળ-ઈશ્વર. **-ન્નિંદ્ય** વિ૦ બધા વડે નિંદાતું કે નિંદાવા યોગ્ય. **-ન્માન્ય** વિ૦ સૌએ માન્ય કરવા યોગ્ય કે માન્ય કરેલું. **-ન્મિત્ર** પું૦ આખા જગતનો મિત્ર; વિશ્વબંધુ

જગણ પું૦ [સં.] 'જ' સંજ્ઞાથી ઓળખાતો બે લઘુ વચ્ચે એક ગુરુ એવા ત્રણ અક્ષરનો ગણ (છંદશાસ્ત્ર)

જગધી સ્ત્રી૦ (તિરસ્કારવાચક) છોકરી. **-ધું** ન૦ છોકરું. **-ધો** પું૦ છોકરો [પું૦ અતિ મુશ્કેલ કામ

જગન પું૦ યજ્ઞ (૨) [લા.] અતિ મુશ્કેલ કે મોટું કામ. ૦ભડાકો

જગન્નાથપુરી સ્ત્રી૦ [સં.] એક પ્રખ્યાત તીર્થસ્થળ. **-રિયું** વિ૦ ચુસ્ત સનાતની નહિ એવું; બૌદ્ધ અસરવાળું

જગન્નાથી સ્ત્રી૦ એક જાતનું ઝીણું સુતરાઉ કાપડ

જગબી ન૦ ઘાસ ઉગાડવા રાખેલી જમીન; બીડ

જગર ન૦ એક પક્ષી (૨) બખ્તર

જગા(-ગ્યા) સ્ત્રી૦ સ્થળ; ઠેકાણું (૨) ખાલી જગા (૩) સાધુ બાવાનો મઠ. **૦ધારી** વિ૦ જગા-મઠવાળું [ને ભાવે

જગાડ(-વ)વું સ૦ક્રિ૦, **જગાવું** અ૦ક્રિ૦ 'જાગવું'નું પ્રેરક

જગુ પું૦ જુઓ જકુ

જગો સ્ત્રી૦ જગા. **૦જગ** અ૦ ઠેરઠેર; બધી જગાએ; સર્વત્ર

જઘન સ્ત્રી૦; ન૦ [સં.] શરીરનો થાપાનો ભાગ (૨) જાંઘ (?). **-ન્ય** વિ૦ હલકું; કનિષ્ઠ (૨) અંતિમ; છેલ્લું (૩) પું૦ શૂદ્ર

જઘાત સ્ત્રી૦, **-તિયાં** ન૦બ૦વ૦ બાળકો તથા કુંવારાંના શ્રાદ્ધની તિથિ; ભાદરવા વદ તેરશ. **-તિયું** વિ૦ (૨) ન૦ બાળપણમાં અથવા કુંવારું મરી ગયેલું માણસ

જ(૦ડ)જ પું૦ [ઇં.] ન્યાયાધીશ

જજમાન પું૦ જુઓ યજમાન. **૦વૃત્તિ** સ્ત્રી૦, **-નિયું** વિ૦, **-નિયો** પું૦ જુઓ 'યજમાન'માં. **-ની** સ્ત્રી૦ જજમાનવૃત્તિ

જજિયાવેરો,જજિયો પું૦ મુસલમાની રાજ્યમાં પરધર્મીઓ પાસેથી લેવાતો માથાવેરો

જટ,૦લ વિ૦ હઠીલો; અનાડી

જટા સ્ત્રી૦ [સં.] બાવાઓ માથે રાખે છે તે કે તેવું કેશનું ઝુંડ (૨) અવ્યવસ્થિત લાંબા વાળ (૩) વડપીપરનાં લાંબાં લટકતાં મૂળિયાં (૩) વેદમંત્ર ભણવાનો-પાઠ કરવાનો ચારમાંનો એક પ્રકાર (પદ, ક્રમ, જટા અને ઘન). **૦જૂટ** પું૦ જટાનો ભારો. **૦ધર,૦ધારી** વિ૦ માથે જટા હોય એવું (૨) પું૦ જોગી; તપસ્વી (૩) [સં.] શિવ (૪) વડનું ઝાડ. **૦પાઠી** પું૦ પદ, ક્રમ અને જટા એટલે સુધીની વેદમંત્રોના પાઠ કરવાની રીતો જાણનાર. **૦માંસી** સ્ત્રી૦ એક વનસ્પતિ-ઔષધિ. **૦ળું** વિ૦ જટાવાળું

જટાયુ પું૦ [સં.] (સં.) રામાયણમાં આવતો એક ગૃધ્રરાજ

જટિ(-ટી) સ્ત્રી૦ જટા (૨) સમૂહ (૩) જટામાંસી. **-ટિત** વિ૦ બાઝી-અંદર અંદર ગૂંચવાઈ ગયેલું. **-ટિયું** ન૦ વાળની છૂટી કે ગૂંચવાયેલી લટ. **-ટિલ** વિ૦ જટાવાળું (૨) ગૂંચાયેલું; અટપટું (૩) પું૦ તપસ્વી (૪) બ્રહ્મચારી. **-ટિલતા** સ્ત્રી૦ અટપટાપણું

જઠર ન૦ [સં.] પેટ; હોજરી. **૦રસ** પું૦ જઠરમાં ઝમતો પાચક રસ; 'ગૅસ્ટ્રિક જ્યૂસ'. **-રાગ્નિ** પું૦ ખાધેલું પચાવનારો જઠરનો અગ્નિ—જઠરની શક્તિ

જડ વિ૦ [સં.] જીવ વિનાનું (૨) [લા.] લાગણી, બુદ્ધિ કે સ્ફૂર્તિ વિનાનું. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ,૦પણું** ન૦. **૦ત્વાકર્ષણ** ન૦ ગુરુત્વાકર્ષણ. **૦દેહ** પું૦ સ્થૂળ શરીર. **૦બુદ્ધિ** વિ૦ મંદ બુદ્ધિનું. **૦ભરત** વિ૦ અણસમજુ; મૂર્ખ (૨) પું૦ (સં.) એ નામનો એક યોગી. **૦રૂપ** વિ૦ જડ જેવું; મૂર્ખ; ડોઠ. **વાદ** પું૦ જગતનું મૂળ જડ પદાર્થમાં છે, ચેતન નહિ એવો વાદ; 'મટિરિયેલિઝમ'. **૦વાદી** વિ૦ જડવાદનું; ને લગતું (૨) જડવાદમાં માનનાર (૩) પું૦ એવો પુરુષ

જડ સ્ત્રી૦ જુઓ જડમૂળ (૨) ખીલી; મેખ (૩) સ્ત્રીઓનાં નાકનું એક ઘરેણું. **૦મૂળ,-ડિયું** ન૦ મુખ્ય મૂળિયું

જડજ પું૦ ન્યાયાધીશ; જજ

જડતર વિ૦ જડાવકામનું,-ને લગતું (૨) ન૦ જડવું તે; જડવાની રીત; જડાવકામ (૩) મળતર; પ્રાપ્તિ

જડતું વિ૦ બરાબર જડી શકાય એવું; બંધબેસતું

જડથું ન૦ અનેક મૂળવાળું મોટું મૂળાડિયું

જડબું ન૦ દાંતવાળો મોંનો નીચેનો ભાગ (૨) તે ભાગનું હાડકું; 'જો-બોન'. **-બા(-બાં)તોડ** વિ૦ ઉચ્ચાર કરતાં મુશ્કેલી પડે તેવું (૨) જડબું તોડી નાખે એવું; સચોટ. **-બા(-બાં)ફાડ** વિ૦ જુઓ જડબાંતોડ (૧)

જડબેસ(-સુ)લાક(-ખ) અ૦ સજ્જડ; મક્કમ

જડવું સ૦ક્રિ૦ સજ્જડ બેસાડવું-જોડવું (૨) અ૦ક્રિ૦ ખોવાઈ ગયેલું ફરી મળવું (૩) મળવું; પ્રાપ્ત થવું [જડસાપણું

જડસું વિ૦ શરીરે મોટું પણ અક્કલમાં ઓછું. **-સાઈ** સ્ત્રી૦

જડાઈ સ્ત્રી૦ જડવાની-બેસાડવાની રીત (૨) જડવાનું મહેનતાણું. **-ઉ(-વ)** વિ૦ જડેલું-બેસાડેલું. **-મણ(-ણી)** ન૦ જુઓ જડાઈ. **-વ** વિ૦ જડાઉ; જડિત (૨) પું૦;ન૦ જેમાં હીરામાણેક વગેરે જડ્યા હોય તેવો દાગીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જડિત(-ત્ર) વિ૦ જડેલું; બેસાડેલું

જડિમા પું૦; સ્ત્રી૦ [સં.] જડતા

જડિયું ન૦ મુખ્ય મૂળિયું; જડ

જડિયો પું૦હીરામાણેક વગેરે જડવાનું કામ કરનાર;પચ્ચીગર (૨) [કા.] બડવો [ગુણવાળી જડી

જડી સ્ત્રી૦ ઔષધિના ગુણવાળું મૂળિયું. **૦બુટ્ટી** સ્ત્રી૦ જાદુઈ

જડીભૂત વિ૦ [સં.] જડ; જડરૂપ બનેલું

જણ પું૦, ન૦ પુરુષ; વ્યક્તિ; આદમી. **૦દીઠ** અ૦ અક્કેક જણને; માણસદીઠ

જણતર ન૦ જણવું તે; પ્રસવ (૨) બાળક (૩) ઓલાદ

જણતી સ્ત્રી૦ જન્મ આપનારી મા

જણ(-ણા)વવું સ૦ક્રિ૦ 'જાણવું'નું પ્રેરક (૨) જણવાના કામમાં મદદ કરવી; પ્રસવ કરાવવો (૩) બતાવવું; દેખાડવું

જણવું સ૦ક્રિ૦(બચ્ચાને) જન્મ આપવો

જણસ સ્ત્રી૦વસ્તુ; ચીજ (૨) માલ; સોદો (૩) સિલક (૪) ઘરેણું (૫) અફીણ (૬) નવની સંજ્ઞા (સંકેતની ભાષામાં). **૦ભાવ** સ્ત્રી૦; ન૦ દરદાગીનો;કીમતી સરસામાન. **-સાઉ** વિ૦જણસ ઉપર આપવા લેવાનું અથવા આપેલું લીધેલું. **-સી** સ્ત્રી૦ રોકડ નાણું

જણાવવું સ૦ક્રિ૦ જુઓ જણવવું

જણાવું અ૦ક્રિ૦ 'જણવું' 'જાણવું'નું કર્મણિ (૨) દેખાવું

જણી સ્ત્રી૦ સ્ત્રી-વ્યક્તિ. **-ણું** ન૦ મનુષ્ય-વ્યક્તિ

જત અ૦ 'જત લખવાનું કે' એમ પત્રનો મજકૂર લખતાં શરૂઆતમાં લખાય છે

જતન ન૦, **-ના** સ્ત્રી૦ સંભાળ; સાચવણી [સાધન

જતરડું ન૦, **-ડો** પું૦ સોનારૂપાના તાર ખેંચવાનું એક

જતિ પું૦ જૈન સાધુ; ગોરજી(૨) જુઓ યતિ [(કાયદામાં)

જતીમતી સ્ત્રી૦દરેકની જુદી કે સામટી જે જવાબદારી તે

જતુ સ્ત્રી૦ [સં.] લાખ. **૦મણિ** પું૦ લાખું. **૦રસ** પું૦ જુઓ અળતો. **૦વર્ણ** વિ૦ લાખના રંગનું; લાલ

જત્રતત્ર અ૦ + યત્રતત્ર; જ્યાં ત્યાં

જત્રુ ન૦; સ્ત્રી૦ [સં.] ગળાની હાંસડી; કાંઠલો

જથરપ(-ર)થર વિ૦ આમતેમ ખસી ગયેલું; અવ્યવસ્થિત

જથા અ૦ યથા; જેવી રીતે

જથારથ વિ૦ +, **જથાર્થ** વિ૦ યથાર્થ; યોગ્ય

જથો(-ત્થો) પું૦ સમૂહ; સમુદાય. **-થા(-ત્થા)બંધ** અ૦ છૂટક નહિ પણ એકસામટું

જદ(-દ્ય)પિ અ૦ યદ્યપિ; જોકે

જદા અ૦ યદા; જે વખતે. **૦તદા** અ૦ કોઈ પણ સમયે

જદુ પું૦ (સં૦) યદુ. **૦નાથ,૦પતિ,૦રાય,૦વીર** પું૦ (સં૦) યાદવોના સ્વામી-કૃષ્ણ. **૦વંશ** પું૦ યાદવવંશ. **૦વંશી** વિ૦ યદુવંશનું

જદ્વાતદ્વા અ૦ યદ્વાતદ્વા; ગમે તેમ; બેફાક

જન પું૦ [સં.] માણસ (૨) જનતા; લોકોનો સમુદાય. **૦કથા** સ્ત્રી૦ લોકોમાં ચાલતી આવેલી કે ચાલતી વાત. **૦ચર્ચા** સ્ત્રી૦ લોકોમાં ચાલતી ચર્ચા-વાત. **૦પદ** પું; ન૦ દેશ. **૦પદધર્મ** પું૦ દેશાચાર; દેશની રૂઢિ. **૦પ્રિય** વિ૦ લોકપ્રિય. **૦પ્રવાહ** પું૦ લોકોનો પ્રવાહ-ટોળું (૨) [લા.] લોકાચાર; રૂઢિ. **૦બુદ્ધિ** સ્ત્રી૦ સામાન્ય માણસની બુદ્ધિ. **૦ભાષા** સ્ત્રી૦લોકભાષા (નવલરામ). **૦મંડલ(-ળ)** પું૦ જનસમુદાય. **૦લોક** પું૦ પૌરાણિક કલ્પના પ્રમાણેના સાત લોકમાંનો પાંચમો લોક (જુઓ લોક). **૦વાદ** પું૦ અફવા (૨) લોકોમાં અપકીર્તિ. **૦વાર્તા** સ્ત્રી૦ લોકવાર્તા; લોકકથા. **૦વિચાર** પું૦ લોકોનો-આમ વિચાર. **૦વિશેષભાવ** પું૦ માણસમાં કોઈ સરખું નથી એવો ભાવ; ઊંચનીચભાવ. **૦શ્રુતિ** સ્ત્રી૦ અફવા. **૦સમાજ** પું૦ જનતા; જનસમૂહ. **૦સમુદાય, ૦સમૂહ** પું૦ લોકોનો સમૂહ. **૦સામાન્યભાવ** પું૦ બધા મનુષ્યો સરખા છે એવો ભાવ; 'ઇક્વૉલિટી ઑફ મૅન'. **૦સુખવાદ** પું૦ 'યુટિલિટેરિયનિઝમ'. **૦સુખવાદી** વિ૦(૨) પું૦ જનસુખવાદમાં માનનાર. **૦સ્વભાવ** પું૦ માણસનો કે જનતાનો સ્વભાવ. **૦હિત** ન૦ લોકોનું હિત. **૦હિતકારી** વિ૦ જનહિત કરનારું. **૦હિતવાદ** પું૦ જુઓ જનસુખવાદ. **૦હિતવાદી** વિ૦ (૨) પું૦ જનહિતવાદમાં માનનાર. **-નેશ્વર** પું૦ રાજા. **-નોપયોગી** વિ૦ લોકોપયોગી

જનક વિ૦ [સં.] ઉત્પન્ન કરનાર (૨) પું૦ બાપ (૩) [સં.] સીતાજીના બાપનું નામ. **૦જા,૦તનયા** સ્ત્રી૦ (સં.) સીતા; જાનકી

જનતા સ્ત્રી૦ [સં.] બધા લોકોનો સમૂહ; આખો મનુષ્ય-સમાજ. **૦ધર્મ** પું૦ માનવસમાજ પ્રત્યેનો ધર્મ; 'હ્યુમૅનિટેરિયન ફેઇથ'. **૦સ્મિતા** સ્ત્રી૦ 'હ્યુમૅનિટેરિયનિઝમ'

જનન ન૦[સં.]ઉત્પન્ન કરવું તે; ઉત્પત્તિ; જન્મ. **૦નાળ** સ્ત્રી૦ ગર્ભમાં બાળકની દૂંટી સાથે જોડાયેલી રગોની લાંબી નળી; નાળ. **૦નિરોધ** પું૦, **૦મર્યાદા** સ્ત્રી૦ જુઓ સંતતિ-નિયમન. **-ની** સ્ત્રી૦ જન્મ આપનારી-માતા. **-નેંદ્રિય** સ્ત્રી૦ ગુહ્યેંદ્રિય

જનમ પું૦ જુઓ જન્મ. **૦કુંડળી** સ્ત્રી૦ જન્મ વખતના ગ્રહસંયોગનો બરાબર કાળ લઈને બનાવેલું બાર રાશિ-વાળું ચક્ર; જન્માક્ષર. **૦કેદ** સ્ત્રી૦ જિંદગી સુધીની કેદ. **૦કેદી** વિ૦(૨) પું૦ જન્મકેદ થઈ હોય એવું(કેદી). **૦ગાંઠ** સ્ત્રી૦ વરસગાંઠ; જન્મતિથિ. **૦ટીપ** સ્ત્રી૦ જનમકેદ. **૦ભોમકા** સ્ત્રી૦ (કા.) જુઓ જન્મભૂમિ. **૦વું** અ૦ક્રિ૦ જન્મવું; પેદા થવું. **-મારો** પું૦ જન્મથી મરણ લગીનો કાળ; ભવ. **-મોજનમ** અ૦ દરેક જન્મે; જન્મોજન્મ. **-મોતરી,-મોત્રી** સ્ત્રી૦ જન્મ પછી ઉત્તરોત્તર બનનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવ-લાભહાનિ જણાવતી જન્મકુંડળી પરથી જોશીએ બનાવેલી પત્રિકા

જનમેજય પું૦ [सं.] (સં.) પરીક્ષિતનો પુત્ર

જનયિત્રી સ્ત્રી૦ [सं.] જન્મ આપનારી-મા; જણતી

જનસપડી વિ૦ ૧૩ (વેપારીઓનો સંકેત)

જના,૦**કારી** સ્ત્રી૦ વ્યભિચાર; છિનાળું

જનાક(-ખ) સ્ત્રી૦ દમ; પ્રાણ; શક્તિ; બળ [(કા.) પ્રાણ; જીવ

જનાકારી સ્ત્રી૦ જુઓ જના

જનાખ સ્ત્રી૦ જુઓ જનાક. **-ખું** ન૦ જીવતર. **-ખો** પું૦

જનાજો પું૦ [अ.] મુસલમાનોમાં મડદું દાટવા લઈજવાની ખાટલી (૨) એની પાછળ જનારું સરઘસ

જના(૦**બા)દી** પું૦ હલકી કિંમતનો એક સિક્કો; પૈસો

જનાનખાનું ન૦ [फ़ा.] અંતઃપુર; રણવાસ

જનાનો પું૦ [फ़ा.] ઓઝલમાં રહેનારો સ્ત્રીસમુદાય. **-નાશાળા** સ્ત્રી૦ ઓઝલમાં રહેનારી સ્ત્રીઓ માટેની શાળા. **-ની** વિ૦ સ્ત્રીઓને લગતું; સ્ત્રીઓનું. ઉદા૦ 'જનાની જોડા' (૨) બાયલું; રાંડવું

જનાબ વિ૦ [अ.] મહેરબાન; કૃપાળુ (સંબોધન તરીકે). **-બેઆલી** વિ૦ મોટા મહેરબાન; પરમકૃપાળુ (સંબોધન)

જનાર્દન પું૦ [सं.] (સં.) વિષ્ણુ; કૃષ્ણ

જનાવર ન૦ જાનવર; પશુ (૨) [લા.] ચિત્ર; ભ્યા. ૦**ખાનું** ન૦ જનાવરોનું સંગ્રહસ્થાન; 'ઝૂ'

જનાવાદી પું૦ જુઓ જનાદી

જનિ(-ની) સ્ત્રી૦ [सं.] જન્મ (૨) સ્ત્રી (૩) માતા (૪) પત્ની (૫) દીકરાની વહુ. **જનિત** વિ૦ [सं.] જન્મેલું

જનેતા સ્ત્રી૦ જન્મ આપનારી-મા

જનેશ્વર પું૦ [सं.] 'જન'માં જુઓ

જનોઈ સ્ત્રી૦; ન૦ જુઓ યજ્ઞોપવીત. ૦**વઢ(-ઢો)** વિ૦ ધડ પર જનોઈ રહે છે તેની લીટીમાં વાઢતો (ઘા)

જનોપયોગી વિ૦ [सं.] 'જન'માં જુઓ

જન્નત ન૦ [अ.] સ્વર્ગ; જિન્નત. ૦**નશીન** વિ૦ જુઓ સ્વર્ગસ્થ

જન્મ પું૦ [सं.] જન્મવું-પેદા થવું તે (૨) જનમારો. ૦**કુંડલી (-ળી)**, ૦**કેદ**, ૦**કેદી**, ૦**ગાંઠ** જુઓ 'જનમ'માં. ૦**ચરિત્ર** ન૦ જીવનચરિત્ર. ૦**દીપ** સ્ત્રી૦ જનમકેદની સજા. ૦**તિથિ** સ્ત્રી૦, ૦**દિવસ** પું૦ જન્મનો દિવસ; જનમગાંઠ. ૦**નક્ષત્ર** ન૦ જે નક્ષત્રમાં જન્મ હોય તે. ૦**પત્રિકા**, ૦**પત્રી** સ્ત્રી૦ જનમોતરી. ૦**બુદ્ધિ** સ્ત્રી૦ જન્મ સાથે મળેલી બુદ્ધિ. ૦**ભાષા** સ્ત્રી૦ માતૃભાષા. ૦**ભૂમિ** સ્ત્રી૦ જ્યાં જન્મ થયો હોય તે સ્થાન કે દેશ; માતૃભૂમિ. ૦**ભૂભક્તિ** સ્ત્રી૦ જન્મભૂમિ વિષેની ભક્તિ (૨) દેશભક્તિ. ૦**વું** અ૦ક્રિ૦ જુઓ જનમવું. ૦**સિદ્ધ** વિ૦ જન્મથી જ પ્રાપ્ત થયેલું-મળેલું. ૦**સ્વભાવ** પું૦ પોતાનો સહજ સ્વભાવ. **-ન્માક્ષર** પું૦ બ૦ વ૦ જુઓ જનમકુંડળી. **-ન્મારો** પું૦ જુઓ જનમારો. **-ન્માષ્ટમી** સ્ત્રી૦ કૃષ્ણજન્મનો દિવસ; શ્રાવણ વદ આઠમ. **-ન્માંતર** ન૦ બીજો જન્મ. **-ન્માંધ** વિ૦ જન્મથી આંધળું. **-ન્મોજન્મ**, **-ન્મોત્રી(-તરી)** જુઓ 'જનમ'માં. **-ન્મોત્સવ** પું૦ જયંતી; જન્મદિવસનો ઉત્સવ

જન્મસારણ સ્ત્રી૦ જાંઘના સાંધાનો એક રોગ.

જન્ય વિ૦ [सं.]-થી જન્મેલું; પેદા થયેલું (સમાસને અંતે)

જપ પું૦ [सं.] નામ, મંત્ર ઇત્યાદિનું રટન. ૦**માલા(-ળા)** સ્ત્રી૦ જપ કરવાની માળા -બેરખો

જપત વિ૦ જપ્ત; ગુનાસર દંડરૂપે સરકારે કબજે કરેલું (૨) માગતા પેટે કબજે લીધેલું. **-તી** સ્ત્રી૦ જપ્તી; ગુનાના દંડરૂપે સરકારે કે માગતા પેટે કોઈએ લીધેલો કબજો (૨) ટાંચ

જપવું સ૦ક્રિ૦ જપ કરવો; રટવું

જપા ન૦ [सं.] એક ફૂલઝાડ કે તેનું ફૂલ

જપિયો પું૦ જપ કરનારો; ભક્ત; (૨) યજમાન માટે જપ કરનારો બ્રાહ્મણ

જપ્ત વિ૦, **-પ્તી** સ્ત્રી૦ જુઓ જપત,-તી

જફા સ્ત્રી૦ [फ़ा.] જુલમ; જબરદસ્તી

જબ અ૦ [हिं.] જ્યારે

જબર વિ૦ [फ़ा.] જુઓ જબ્બર. ૦**જ(-દ)સ્ત** વિ૦ જોરાવર; જબરું. ૦**જ(-દ)સ્તી** સ્ત્રી૦ બળાત્કાર; જુલમ. ૦**જંગ** વિ૦ ખૂબ જબરું ને હિંમતવાળું; યુદ્ધવીર. **-રાઈ -રી** સ્ત્રી૦ જબરજસ્તી. **-રું** વિ૦ જોરાવર; બળવાન (૨) [લા.] મુશ્કેલ. **-રૂત** પું૦ [अ.] જુઓ જબ્રૂત

જબાદ સ્ત્રી૦ (કા.) ઘોડાની એક જાત

જબાન, જબાં સ્ત્રી૦ [फ़ा.] જીભ (૨) બોલી; ભાષા

જબાની સ્ત્રી૦ જુઓ જુબાની

જબીરૂ ન૦ એક પક્ષી

જબ્બર વિ૦ જુઓ જબરું

જબ્રૂત પું૦ ઈશ્વરની પ્રૌઢતા; જબરૂત

જમ પું૦ જુઓ યમ. ૦**કિંકર** પું૦ જુઓ યમકિંકર. ૦**ડો** પું૦ જમ; જમદૂત. ૦**દંડ** પું૦ યમદંડ. ૦**દૂત** પું૦ યમદૂત. ૦**પુરી** સ્ત્રી૦ જમરાજાનું નગર

જમજમા સ્ત્રી૦ સ્વરોને જલદી જલદી ઉચ્ચારતાં ઊપજતો અલંકાર (સંગીત)

જમજોહર ન૦ એક પક્ષી [(૨) એનો દિવસ

જમણ ન૦ ભોજન (૨) નાતવરો. ૦**વાર** પું૦; સ્ત્રી૦ નાતવરો

જમણું વિ૦ પૂર્વાભિમુખ થતાં દક્ષિણ તરફનું

જમદગ્નિ પું૦ [सं.] (સં.) એક ઋષિ-પરશુરામના બાપ

જમના સ્ત્રી૦ (સં.) ગંગાને મળનારી એક નદી; કાલિંદી; યમુના. **-નોત્રી** સ્ત્રી૦ જમના નદીનું મૂળ

જમરૂખ ન૦ જામફળ. ૦**ડી, -ખી** સ્ત્રી૦ જમરૂખનું ઝાડ

જમલું વિ૦ + -ના સાથવાળું (૨) અ૦ સાથે

જમલો પું૦ + જુઓ જુમલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમવું સ૦ ક્રિ૦ ભોજન કરવું; ખાવું [માર્ચ)

જમશેદી નવરોજ પું૦[फा.] એક પારસી તહેવાર (૨૨મી

જમા વિ૦ [अ.] એકઠું થયેલું; એકઠું (૨) સ્ત્રી૦ આવક; ઊપજ; વસૂલ (૩) સરવાળો; જુમલો. **૦ઉધાર** ન૦ જમા અને ઉધાર; આવક–જાવકનો હિસાબ. **૦ખર્ચ (–રચ)** પું૦ ન૦ ઊપજ અને ખર્ચ. **૦ત** સ્ત્રી૦ (એક નાતના કે પંથના લોકોનો) સમુદાય; સમૂહ (૨) બાવાઓનો સમૂહ. **૦તી** વિ૦ જમાતનું,–ને લગતું. **૦દાર** પું૦ સિપાઈઓની નાની ટુકડીનો ઉપરી. **૦દારી** સ્ત્રી૦ જમાદારનું કામ–પદ. **૦નોંધ** સ્ત્રી૦ ખરીદનો માલ નોંધવાનો ચોપડો. **૦પાસું** ન૦, **૦બાજુ(–જૂ)** સ્ત્રી૦ ચોપડામાં ડાબું પાસું, જ્યાં જમા રકમ લખાય છે. **૦બંદી(–ધી)** સ્ત્રી૦ જમીન માપી જાત વગેરે તપાસી કરીને તેનું સરકાર-ભરત આકારવું તે; 'લૅન્ડ રેવન્યુ–સેટલમેન્ટ'. **૦વસૂલ** સ્ત્રા૦; ન૦ મહેસૂલની ઊપજ. **૦વહી** સ્ત્રી૦ જમાનોંધ

જમાઈ પું૦ દીકરીનો વર

જમાડવું સ૦ ક્રિ૦ 'જમવું'નું પ્રેરક રૂપ

જમાદિલ અવ્વલ પું૦ અરબી-મુસલમાની પાંચમો મહિનો

જમાદિલ આખર પું૦ અરબી-મુસલમાની છઠ્ઠો મહિનો

જમાન પું૦ જામીન. **૦ખત** ન૦ જામીનખત

જમાની સ્ત્રી૦ જામીનગીરી

જમાનો પું૦ [फा.] યુગ; લાંબો સમય (૨) દેશકાળની, આચારવિચારાદિની અમુક સ્થિતિ કે તેનો સમય. **–નાજૂનું** વિ૦ જમાનાઓથી ચાલતું આવેલું; પ્રાચીન

જમાલ પું૦ [अ.] સૌંદર્ય

જમાલગોટો પું૦ [हिं.] જુઓ નેપાળો

જમાવ પું૦ ભરાવો; ભીડ. **૦ટ** સ્ત્રી૦ બંધબેસતી મેળવણી–મિશ્રણ. **૦વું** સ૦ક્રિ૦ 'જામવું'નું પ્રેરક રૂપ

જમિયત સ્ત્રી૦ સમૂહ; મંડળ

જમીઝ ન૦ એક પક્ષી

જમીન સ્ત્રી૦ [फा.] ભોંય (૨) ખેતર તરીકે વપરાય તેવી જમીન (૩) ઘા રુઝાવાથી આવતી નવી ચામડી. **૦દાર** વિ૦ જમીનની માલિકીવાળો (૨) પું૦ જમીનનો માલિક (૩) લાટબંધ જમીનનો માલિક. **૦દારી** વિ૦ જમીનદારનું, -ને લગતું (૨) સ્ત્રી૦ જમીનદારપણું. **૦દારીપદ્ધતિ** સ્ત્રી૦ મહેસૂલ માટે સીધો ખેડૂત સાથે વ્યવહાર રાખવાને બદલે જમીનદાર પાસેથી જ મહેસૂલ લેવાની પદ્ધતિ. **૦દોસ્ત** વિ૦ (ભાંગીતોડી) જમીનસરસું કરેલું; પાયમાલ

જમૈયો પું૦ કટાર જેવું એક હથિયાર [જમોર કરનાર

જમોર પું૦ જૌહર; સામુદાયિક આત્મહત્યા. **–રિયો** પું૦

જમ્મર પું૦ મોટું દુઃખ

જય પું૦; સ્ત્રી૦ [सं.] જીત; ફતેહ. **૦કરી** સ્ત્રી૦ એક છંદ; જેકરી. **૦ઘોષ** પું૦, **૦ઘોષણા** સ્ત્રી૦ જય મળવાથી કરેલો પોકાર (૨) જય થયો છે એવું જણાવતો ઢંઢેરો. **૦જય** પું૦ જયજયકાર (૨) અ૦ (કોઈને સામા મળતાં કે છૂટા પડતાં બોલાતો શબ્દ). **૦જયકાર** પું૦ જીતની ખુશાલીનો પોકાર. **૦જયવંતી** સ્ત્રી૦ એક રાગિણી; જેજેવંતી. **૦પુરી** વિ૦ જયપુર શહેરનું, -તરફનું (૨) સ્ત્રી૦ રજપૂતાનાની એક પ્રાંતિક બોલી. **૦મંગલ(–ળ)** પું૦ રાજાને બેસવાનો હાથી; ઉત્તમ હાથી (૨) ન૦ જય અને મંગળ. **૦માળ** સ્ત્રી૦ વિજયના અભિનંદનાર્થે ગળામાં નાખવાનો ફૂલહાર. **૦શાલી(–ળી)** વિ૦ વિજયવંત; ફતેહમંદ. **૦શ્રી** પું૦ વિ૦ વિજયની દેવી (૨) એક રાગિણી. **૦સંહિતા** સ્ત્રી૦ જય ગાતું મહાકાવ્ય; 'એપિક'. **૦સ્તંભ** પું૦ ફતેહની યાદગીરીમાં ઊભો કરેલો સ્તંભ. **–યંતી** સ્ત્રી૦ મહાન વ્યક્તિનો જન્મદિવસ (૨) વિજયનો વાવટો. **–યા** સ્ત્રી૦ (સં.) દુર્ગા. **–યાચાર** પું૦ જય મળે એવો આચાર; જય પ્રસંગે કરાતો આચાર. **–યાજય** પું૦ જય ને અજય; હારજીત. **–યાનંદ** પું૦ વિજયનો આનંદ. **–યિની** વિ૦ સ્ત્રી૦ જય મેળવનારી. **–યી** વિ૦ જય મેળવનાર; વિજયી. **–યીપણું** ન૦. **–ય્ય** વિ૦ જીતવા જેવું કે જિતાય એવું

જર સ્ત્રી૦ ઓર; મેલી (૨) [फा.] જળો (૩) વિ૦ જીર્ણ; જર્જર

જર પું૦ [फा.] પૈસો; નાણું; સોનું (૨) કસબ (સોના–રૂપાના તાર) કે કસબનું વણતર. **૦કસ** પું૦ સોનારૂપાનો તાર; કસબ. **૦કસી** વિ૦ કસબી; કસબના ભરતવાળું. **૦કોસ** પું૦ જૂઠા –હલકા કસબ. **૦કોસી** વિ૦ જૂઠા–હલકા કસબવાળું. **૦ખરીદ** વિ૦ વેચાતી લીધેલી (વસ્તુ). **૦ખેજ** વિ૦ ફળદ્રુપ. **૦જરિયાન** ન૦ પૈસા, ઘરેણાં વગેરે કીમતી વસ્તુઓ (૨) કસબી ભરતકામ. **૦જોખમ** ન૦ પૈસા વગેરે જોખમની વસ્તુઓ. **૦દોજ** પું૦ કસબ ભરનારો. **૦દોજી** સ્ત્રી૦ કસબ ભરવાનું કામ–વિદ્યા; કસબી ભરતકામ

જરખ ન૦ ઝરખ; એક જંગલી પ્રાણી; ઘોરખોદિયો; તરસ

જરગો વિ૦ પું૦ (કા.) ઘરડો; ઠચરો

જરજરિયું વિ૦ જીર્ણ થઈ ગયેલું; ઘસાઈ ગયેલું

જરજરિયન ન૦ જુઓ 'જર'માં

જરઠ વિ૦ [सं.] વૃદ્ધ; ઘરડું (૨) કઠણ. **૦તા** સ્ત્રી૦

જરણ વિ૦[सं.]ઘરડું(૨)ન૦ જરણા. **–ણા** સ્ત્રી૦ વૃદ્ધાવસ્થા

જરથુષ્ટ્ર પું૦ [અવેસ્તા](સં.) પારસીઓના ધર્મસંસ્થાપક

જરથોસ્તી વિ૦ જરથુષ્ટ્રનું,–ને લગતું(૨)જરથુષ્ટ્રનું અનુયાયી (૩) પું૦ પારસી

જરદ વિ૦ પીળું; ઝાંખુંપીળું. **–દાલુ(–ળુ)** ન૦ એક સૂકો મેવો; આલૂ. **–દી** સ્ત્રી૦ [फा.] પીળો રંગ (૨) ઈંડાંમાંનો પીળો પદાર્થ. **–દો** પું૦ [फा.] તમાકુનો ભૂકો

જરબ પું૦ ત્રાસ; દહેશત; ધાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરવજર વિ૦ જરા; સહેજ (૨) અ૦ જરાતરા; સહેજસાજ

જરવાળિયું વિ૦ પાંખું (૨) જીર્ણ (કપડું)

જરવું અ૦ક્રિ૦ જીર્ણ થવું; ઘસાઈ જવું (૨) પચવું (૩) પાંખું કે છૂટું થવું

જરા સ્ત્રી૦ [सं.] વૃદ્ધાવસ્થા (૨) સાપની કાંચળી

જરા વિ૦ (૨) અ૦ [अ.] લગાર; થોડું. **૦એક, ૦ક** વિ૦ (૨) અ૦ થોડું; લગાર. **૦તરા** અ૦ થોડું–નહિ જેવું

જરાયત વિ૦ જિરાયત; વરસાદના પાણીથી થતું (ખેતી કે પાક માટે) (તેનાથી ઊલટું બાગાયત–કૂવાના પાણીથી થતું)

જરાયુ ન૦ [सं.] ગર્ભને વીંટળાયેલું પાતળું પડ; ઓર. **૦જ** વિ૦ જરાયુમાંથી જન્મતું (ઈંડામાંથી નહિ)

જરાસંધ પું૦ [सं.] મગધદેશનો રાજા; કંસનો સસરો

જરિત વિ૦ [सं.] જીર્ણ; ખખળી ગયેલું

જરિયાન વિ૦ જરીનું; કસબી (૨) ન૦ સોનારૂપાનાં ઘરેણાં

જરી સ્ત્રી૦ કસબ; કસબી માલ (૨) વિ૦ કસબ સાથે વણેલું; કસબી. **૦કામ** ન૦ કસબી ભરતકામ. **૦પટકો** પું૦ કસબી વાવટો (૨) પેશવાઈમાં લશ્કરી સરદારને કમરે બાંધવાનો કસબી પટકો [સહેજ; થોડુંક

જરી વિ૦ (૨) અ૦ જરા; થોડું; લગાર. **૦ક** વિ૦ (૨) અ૦

જરીપુરાણું વિ૦ જૂનું; ફાટીતૂટી ગયેલું

જરીફ સ્ત્રી૦ [अ.] જમીનમાપણીનું કામ (૨) પું૦ એ કામ કરનારો; મોજણીદાર (૩) વિ૦ વિનોદી; મશ્કરું (૪) બુદ્ધિવાન; સમજદાર. **૦ખરડો** પું૦ માપણીનું પત્રક

જરીમરી સ્ત્રી૦ કોગળિયું; કોલેરા

જરૂખો પું૦ જુઓ ઝરૂખો

જરૂર સ્ત્રી૦ [अ.] જરૂરત (૨) અ૦ અવશ્ય; અલબત્ત. **૦ત** સ્ત્રી૦ અગત્ય; આવશ્યકતા; હાજત. **-રિયાત** સ્ત્રી૦ જુઓ જરૂરત. **-રી** વિ૦ જરૂરનું; અગત્યનું

જરેજર અ૦ જરા પણ છોડ્યા વગર; બધું જ

જર્જર(-રિત) વિ૦ [सं.] જીર્ણ થઈ ગયેલું

જર્મન વિ૦ [इं.] જર્મની નામના દેશનું (૨) સ્ત્રી૦ ત્યાંની ભાષા

જર્મન સિલ્વર ન૦ [इं.] એક મિશ્ર ધાતુ

જલ(-ળ) ન૦ [सं.] પાણી. **૦કમલ** ન૦ કમળ. **૦ગરિયો** પું૦ મંદિરમાં ઠાકોરજીની પૂજા માટે પાણી લાવી આપનારો. **૦ક્રિયા** સ્ત્રી૦ જુઓ ઉદકક્રિયા. **૦ચર** વિ૦ પાણીમાં ચાલનારું (૨) ન૦ પાણીનું પ્રાણી. **૦જ** વિ૦ પાણીમાં ઉત્પન્ન થતું (૨) ન૦ કમળ (૩) શંખ. **૦(-ળ)-જલ(-ળ)બંબાકાર** અ૦ જુઓ જલમય. **૦(-ળ)જંતુ** પું૦; ન૦ પાણીનું જંતુ (૨) માછલું. **૦જા** સ્ત્રી૦ (સં.) લક્ષ્મી. **૦જાત** ન૦ કમળ; જલજ. **૦(-ળ)તરંગ** પું૦ પાણીનું મોજું (૨) ન૦ (ચલાણાંમાં પાણી ભરીને યોજાતું) એક વાદ્ય. **૦તાડન** ન૦ [ला.] પાણીને મારવા પેઠે ફોગટ ફાંફાં; અફળ પ્રયત્ન. **૦(-ળ)તુલા** સ્ત્રી૦ જળની મદદથી વજન કરવાનું ત્રાજવું; 'હાઈડ્રોસ્ટૅટિક બૅલન્સ.' **૦દ** પું૦ વાદળ; મેઘ. **૦દાગમ** પું૦ વર્ષાકાળ; ચોમાસું. **૦(-ળ)દાહ** પું૦ શબને બાળવાને બદલે પાણીમાં વહેતું મૂકવું તે. **૦(-ળ)દીક્ષા** સ્ત્રી૦ જળથી અપાતી ખ્રિસ્તી ધર્મની દીક્ષા; 'બૅપ્ટિઝમ'. **૦(-ળ)દેવતા** પું૦ બ૦ વ૦; સ્ત્રી૦ જળની દેવી; પાણીની પરી. **૦(-ળ)ધર** પું૦ મેઘ; વાદળ (૨) સમુદ્ર. **૦(૦નિ)ધિ** પું૦ સમુદ્ર. **૦(-ળ)નીલિ(૦કા)** સ્ત્રી૦ સેવાળ. **૦(-ળ)પતિ** પું૦ સમુદ્ર (૨) વરુણ **૦(-ળ)પાન** ન૦ પાણી પીવું તે. **૦(-ળ)પ્રપાત** પું૦ પાણીનો ધોધ. **૦(-ળ)-પ્રલય** પું૦ મોટી રેલના પૂરથી નાશ થવો તે. **૦(-ળ)-પ્રવાસ** પું૦ જળ ઉપર–વહાણમાં કરેલી મુસાફરી. **૦(-ળ)મય** વિ૦ બધે પાણી પાણી થઈ ગયું હોય એવું. **૦(-ળ)માર્ગ** પું૦ જળ ઉપર–વહાણમાં બેસીને જવાનો રસ્તો. **૦(-ળ)યંત્ર** ન૦ જળના જોરથી ચાલતું યંત્ર (૨) ફુવારો (૩) રેંટ. **૦(-ળ)યાત્રા** સ્ત્રી૦ જળપ્રવાસ (૨) એક તહેવાર, જ્યારે ઠાકોરજીને જલવિહાર કરાવવામાં આવે છે. **૦(-ળ)યાન** ન૦ જળ પર જવાનું વાહન; વહાણ; મછવો. **૦(-ળ)યુદ્ધ** ન૦ પાણી ઉપર–વહાણમાં રહીને કરેલું યુદ્ધ. **૦(-ળ)સમાધિ** સ્ત્રી૦ પાણીમાં કરેલો પ્રાણત્યાગ (સંન્યાસી માટે). **૦સ્થિતિશાસ્ત્ર** ન૦ 'હાઇડ્રોસ્ટૅટિક્સ'. **-લં(-ળં)દ(-ધ)ર** ન૦ એક ઉદરરોગ. **-લા(-ળા)-શય** ન૦ કૂવો, તળાવ વગેરે પાણીનું સ્થળ. **-લાંજલિ** સ્ત્રી૦ પાણીની અંજલિ (૨) પિતૃઓનું તર્પણ કરવા અપાતી જલાંજલિ. **-લો(-ળો)દર** ન૦ જુઓ જલંદર

જલદ વિ૦ ઉગ્ર; આકરું; તેજ [સત્વર

જલદી સ્ત્રી૦ [फा.] ઉતાવળ; ત્વરા (૨) અ૦ ઉતાવળથી;

જલસો પું૦ [फा.] આનંદ યા ઉત્સવનો મેળાવડો

જલા(-ળા)ખુ પું૦ એક જળચર પ્રાણી [ઝગાટ; ભપકો

જલાલ વિ૦ [अ.] ઝગઝગતું; ઉજ્જવળ. **-લી** સ્ત્રી૦ ઝગ-

જલેબ સ્ત્રી૦ ઠાઠમાઠ; ભભકો

જલેબી સ્ત્રી૦ એક મીઠાઈ

જલ્પ પું૦ [सं.] કથન; કહેવું તે (૨) બકવાદ; લવારો (૩) [न्या.] તત્ત્વનિર્ણયની ઇચ્છાથી નહિ પણ પરપક્ષ-ખંડન અને સ્વપક્ષ-સ્થાપનની ઇચ્છાએ કરેલો વાદ. **૦ક** લિ૦ બકવાદ–લવારો કરનારું. **૦વું** અ૦ ક્રિ૦ બબડવું–લવારો કરવો

જલ્લાદ પું૦ [अ.] ગરદન મારનાર; શિરચ્છેદ કરનાર (૨) કસાઈ. **૦ી** સ્ત્રી૦ જલ્લાદનું કામ; જલ્લાદપણું

જવ પું૦ યવ; એક ધાન્ય (૨) જવ જેટલી લંબાઈ અથવા વજનનું માપ (૩) અ૦ (પ.) જ્યારે. **૦ખાર** પું૦ જવનો ખાર–ક્ષાર [અલંકાર

જવ પું૦ [सं.] વેગ; ત્વરા; ઝપટ (૨) સંગીતમાં એક

જવઈ સ્ત્રી૦ + જિવાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવન પું૦ જુઓ યવન (૨) ખાટકી. **–ની** સ્ત્રી૦

જવની(–નિકા) સ્ત્રી૦ [સં.] પડદો; ચક

જવરઅવર સ્ત્રી૦ વારંવાર જવું આવવું તે; અવરજવર

જવલો પું૦ જવના આકારનો સોનાનો મણકો

જવલ્લું વિ૦ કોઈક જ; વિરલું. **–લ્લે** અ૦ કવચિત્; ભાગ્યે

જવવું અ૦ક્રિ૦ ઉત્પન્ન થવું (૨) જીવ પડવા

જવશીર પું૦ એક વનસ્પતિ

જવાન વિ૦ (૨) પું૦ [फा.] જુઓ જુવાન. **૦પઠ્ઠો** પું૦ મજબૂત બાંધાનો જવાન. **–ની** સ્ત્રી૦ જુવાની

જવાબ પું૦ [अ.] ઉત્તર. **૦દાર** વિ૦ જવાબદારીવાળું. **૦દારી** સ્ત્રી૦જવાબ દેવાનું જોખમ અથવા ફરજ;જુમ્મેદારી; જોખમદારી. **–બી** વિ૦ જેનો જવાબ માગેલો હોય એવું (૨) જેના જવાબનું ખર્ચ ભરેલું હોય એવું. **–બી હૂંડી** સ્ત્રી૦ સ્વીકારાયાનો જવાબ મળ્યા પછી જ જેનાં નાણાં ભરવાનાં હોય એવી હૂંડી

જવારણ ન૦ મેળવણ. **–વું** સ૦ક્રિ૦ આખરવું

જવારા પું૦બ૦વ૦ જવ વગેરેના નાના–તાજા ઊગેલા અંકુરો

જવાવું અ૦ક્રિ૦ જવાની ક્રિયા થવી; 'જવું'નું ભાવે

જવાસો પું૦ એક વનસ્પતિ

જવાહિર ન૦ [अ.] હીરામાણેક વગેરે ઝવેરાત. **૦ખાનું** ન૦ રત્નો વગેરે ઝવેરાત જેમાં રખાતું હોય તે જગા

જવાળી સ્ત્રી૦ અંગૂઠા ઉપરની જવના આકારની એક રેખા (૨) જવના જેવા સોનાના દાણાની માળા [વીરતા

જવાંમર્દ પું૦[फा.]બહાદુર; વીર. **–ર્દી** સ્ત્રી૦જવાંમર્દપણું;

જવું અ૦ક્રિ૦ ગતિ કરવી; ખસવું (૨) પાસેથી ખસવું; ઓછું થવું (૩) ઘટવું; નુકસાન થવું; નાશ પામવું (૪) વીતવું; પસાર થવું (૫) અન્ય ક્રિ૦ સાથે આવતાં તે ક્રિયા બરોબર યા ચોક્કસ થવાનો કે ચાલુ રહેવાનો ભાવ બતાવે. ઉદા૦ નાસી જવું; ખાઈ જવું; કરતા જવું વગેરે

જશ(–સ) પું૦ યશ; કીર્તિ. **૦નામી** વિ૦ કીર્ત્તિમંત. **૦વંત** વિ૦ જશવાળું; યશવંત

જશન ન૦ ઉત્સવનો કે આનંદનો દિવસ (પારસી)

જસત ન૦ એક ધાતુ

જસતા પું૦ બ૦ વ૦ ડાઘા

જસું વિ૦ જેવું; મળતું આવતું (પ.)

જહતી વિ૦ સ્ત્રી૦ [सं.] તજતી (લક્ષણા). **–ત્સ્વાર્થા** વિ૦ સ્ત્રી૦ (કા.શા.) જેમાં શબ્દના વાચ્યાર્થનો ત્યાગ થતો હોય તેવી(લક્ષણા)(૨)સ્ત્રી૦તેવી લક્ષણા. **–દજહલ્લક્ષણા** સ્ત્રી૦ જેમાં વાચ્યાર્થનો કેટલેક અંશે ત્યાગ તેમ જ કેટલેક અંશે તેનું ગ્રહણ થતું હોય તેવી લક્ષણા (કા.શા.)

જહન્નમ ન૦ [अ.] નરક; દોજખ

જહલ્લક્ષણા સ્ત્રી૦ [सं.] જુઓ જહત્સ્વાર્થા (કા.શા.)

જહાજ ન૦[अ.] મોટું વહાણ. **–જી** પું૦જહાજ ચલાવનારો

જહાન સ્ત્રી૦ [फा.] જહાં; દુનિયા; આલમ

જહાનમ ન૦ જહન્નમ; નરક

જહાલ વિ૦ ઉદ્દામ; આકળું

જહાં સ્ત્રી૦ [फा.] દુનિયા; જહાન. **૦ગીર** પું૦ દુનિયાનો જીતનારો (૨) [સં.] એક મોગલ બાદશાહ. **૦ગીરી** વિ૦ જહાંગીરનું,–ને લગતું (૨) [લા.] આપખુદ; જોહુકમીભર્યું (૩) સ્ત્રી૦ જોહુકમી;આપખુદી (૪) અમીરી. **૦દીદા** વિ૦ દુનિયાના અનુભવવાળું–ચાલાક. **૦પના(૦હ)** વિ૦ (૨) પું૦ જગતનું રક્ષણ કરનાર (બાદશાહ). **૦સોજ** વિ૦ દુનિયાને બાળનારું

જહીં અ૦ જ્યાં; જે ઠેકાણે

જહુ સ્ત્રી૦ + જેહુ

જહેજ ન૦ કન્યાદાન

જહેમત સ્ત્રી૦ મહેનત; શ્રમ [સ્ત્રી૦ (સં.) ગંગા નદી

જહ્નુ પું૦[सं.](સં.)એક પ્રાચીન રાજા. **૦કન્યા,૦જા,૦સુતા**

જળ ન૦ પાણી. **૦આગિયો** પું૦ એક વનસ્પતિ. **૦આમળું** ન૦ એક જાતનું ફળ. **૦કમળ** ન૦ જુઓ જલકમલ. **૦કીડો** પું૦ પાણીનો કીડો. **૦કૂકડી** સ્ત્રી૦ એક જળચર પક્ષી. **૦કૂંડું** ન૦ચંદ્રની આજુબાજુ આછાં પાણીભર્યાં વાદળાંને લીધે દેખાતું કૂંડાળું. **૦ક્રીડા, ૦કેલિ** સ્ત્રી૦ પાણીમાં ખેલવું તે. **૦ઘોડો** પું૦ એક પ્રાણી; 'હિપોપોટેમસ'. **૦ચક્કી** સ્ત્રી૦ પાણીના જોરથી ચાલતી ચક્કી. **૦ચર** વિ૦ (૨) ન૦ જલચર. **૦જળું** વિ૦ આંસુથી ભરાયેલું (લોચન). **૦જંતુ** પું૦; ન૦, **૦જં(–યં)ત્ર,૦જાત,૦જા(–ત્રા)ત્રા** જુઓ 'જલ'માં. **૦જાંબુચો** પું૦ નદીના કિનારા પર થતી એક વનસ્પતિ. **૦ઝીલણી** વિ૦ સ્ત્રી૦ (ભાદરવા સુદ અગિયારશ ?). **૦તરણ** પું૦ એક છંદ. **૦તરંગ** પું૦ (૨) ન૦, **૦તુલા, ૦દાહ,૦દીક્ષા** જુઓ 'જલ'માં. **૦દૂધી** સ્ત્રી૦ એક વનસ્પતિ. **૦દેવતા** જુઓ જલદેવતા. **૦ધમણ** સ્ત્રી૦ જળના બળથી ચાલતી ધમણ.**૦ધર,૦નીલિ(૦કા)** જુઓ 'જલ'માં. **૦નેવરી** સ્ત્રી૦ એક વનસ્પતિ. **૦પતિ,૦પાત્ર, ૦પાન** જુઓ 'જલ'માં. **૦પાલો** પું૦ પાણીમાં ઊગતો પાલો. **૦પ્રપાત** પું૦, **૦પ્રલય** પું૦, **૦પ્રવાસ** પું૦ જુઓ 'જલ'માં. **૦(૦જળ)બંબાકાર, ૦બંબોળ** વિ૦ (૨) અ૦ જલજલબંબાકાર; જલમય. **૦બિલાડી** સ્ત્રી૦ એક જળચર પ્રાણી. **૦મય** જુઓ જલમય. **૦માણસ** ન૦ જેનું નીચલું અર્ધું અંગ માછલી જેવું હોય છે તેવું પાતાળનાં પાણીમાં રહેતું મનાતું વેંતિયું માણસ. **૦માર્ગ,૦યંત્ર,૦યાત્રા, ૦યાન,૦યુદ્ધ** જુઓ 'જલ'માં. **૦વાસ** પું૦ પાણીમાં ડૂબી મરવું તે. **૦શાયી** વિ૦ પાણીમાં શયન કરનાર–ડૂબી જનાર. **૦સમાધ(–ધિ)** જુઓ જલસમાધિ. **૦સંપ્રદાયક** પું૦ જળદીક્ષા આપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

-નાર; 'બૅપ્ટિસ્ટ'. ૦સ્થિતિશાસ્ત્ર જુઓ જલસ્થિતિશાસ્ત્ર
જળજળવું અ૦ક્રિ૦ બળવું (૨) બળતરા થવી
જળણ ન૦ બળતણ; લાકડાં [કર્મણિ ને પ્રેરક
જળવાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'જાળવવું'નું અનુક્રમે
જળવું અ૦ક્રિ૦ બળવું; સળગવું
જળસ ન૦ ઝાડા વાટે પડતો પરુ જેવો ચીકણો પદાર્થ
જળસોઈ સ્ત્રી૦ (બાળવા કે દાટવાને બદલે) જળમાં સુવાડવું—ડુબાડવું તે (સંન્યાસીને)
જળંદ(-ધ)ર જુઓ જલંદર
જળાઉ વિ૦ બાળવાના કામનું (લાકડું)
જળાખુ પું૦ જુઓ જલાખુ
જળાગાર ન૦ પાણીનો હોજ, ટાંકી
જળાતિસાર પું૦ વારંવાર પેશાબ કરવો પડે તેવો એક રોગ
જળાધારી સ્ત્રી૦ જેમાં શિવલિંગ બેસાડવામાં આવે છે તે ક્યારા જેવો ઘાટ
જળાપો પું૦ બળાપો; કઢાપો
જળાભાસ પું૦ મૃગજળ
જળાશય જુઓ જલાશય
જળો સ્ત્રી૦ પાણીમાં રહેતો એક જીવડો (ખરાબ લોહી ચૂસી લેવા તેને ચામડી ઉપર વળગાડવામાં આવે છે.)
જળોજથા સ્ત્રી૦ સંસારની જંજાળ (૨) વિખેરી નાખવું તે
જળોદર ન૦ જુઓ જલંદર
જળોયું ન૦ ગૂમડું મટી ગયા પછી રહેલું ચાઠું (૨) મેડો જડતી વખતે પીઢો ઉપર પાટિયાં જડે છે ત્યારે તેની તડ પૂરવા નીચે મુકાતી પાતળી ચીપટ
જંઈ પું૦ દૈસો; દોઢિયું
જંખજાળ સ્ત્રી૦ ઓશિંજાળું; ગીચ ઝાડી [ઇલકાબ
જંગ પું૦ [फा.] મોટી લડાઈ; યુદ્ધ. ૦બહાદુર વિ૦ એક
જંગડિયો પું૦ સરકારી તિજોરીનાં નાણાં એક ગામથી બીજે ગામ લઈ જતી વખતે રક્ષક તરીકે જતો લશ્કરી સિપાઈ
જંગમ વિ૦ [सं.] એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસી શકે એવું (સ્થાવરથી ઊલટું) (૨) પું૦ એક પ્રકારનો શિવલિંગપૂજક જોગી
જંગમો પું૦ લાઠીની એક કસરત
જંગલ ન૦ [सं., फा.] વન. -લી વિ૦ જંગલનું; રાની (૨) [લા.] સંસ્કાર કે વિવેક વિનાનું (૩) ખેડયા વિના ઊગેલું. -લીજટ વિ૦ સાવ જંગલી; અણઘડ; રોંચું
જંગલો પું૦ એક રાગ
જંગાલ પું૦ તાંબાનો કાટ. -લી વિ૦ જંગાલનું,-ને લગતું
જંગી વિ૦ [फा.] જંગ-લડાઈને લગતું (૨) મોટું; જબરું (૩) સ્ત્રી૦ કિલ્લાની ભીંતમાંનું ત્રાંસું બાકું (૪) પું૦ લડવૈયો
જંગોટો પું૦ બાખી બાવાઓની ગોફણ જેવી લંગોટી
જંગોડો પું૦ જુઓ જિંગોડો. -ડી સ્ત્રી૦ નાનો જંગોડો

જંઘ(-ઘા) સ્ત્રી૦ જાંઘ; સાથળ
જંઘડિયાં ન૦બ૦વ૦ ચોઘડિયાંવાળા; ઢોલ-ડૂમકા વગાડનાર
જંઘા સ્ત્રી૦ [सं.] જંઘ; જાંઘ. ૦સારણ સ્ત્રી૦ જાંઘનો એક રોગ. ૦સ્થિ ન૦ જાંઘનું હાડકું
જંજાર સ્ત્રી૦ એક જાતની નાની તોપ
જંજાળ સ્ત્રી૦ ઉપાધિ; ખટપટ. -ળી વિ૦ જંજાળવાળું
જંજીર સ્ત્રી૦ નાની તોપ (૨) [फा.] સાંકળ (૩) બેડી (૪) ઘડિયાળની કમાન (૫) ઝાંઝર. -રું ન૦ સાંકળના જેવું ઘરેણું
જંજીરો પું૦ પાણીમાં બાંધેલો કિલ્લો (૨) ટાપુ; બેટ (૩) એક જાતની પૈડાંવાળી નાની તોપ (૪) હનુમાનની સાધનાનો મંત્ર; જંતર (૫) કસબી કિનાર
જંત પું૦ જંતુ
જંતર પું૦; ન૦ યંત્ર; તાંત્રિક આકૃતિ (૨) તેવી આકૃતિ કે અક્ષરવાળો કાગળ કે પતરું; તાવીજ (૩) જાદુ
જંતરડું ન૦ જુઓ જતરડું
જંતરમંતર પું૦; ન૦ જંતર અને મંત્ર [આપવી
જંતરવું સ૦ક્રિ૦ જંતર કરવું; (તાવીજને) જાદુઈ અસર
જંતુ પું૦; ન૦ નાનું જીવડું. ૦ઘ્ન, ૦નાશક વિ૦ જંતુઓનો નાશ કરે એવું. ૦વિદ્યા સ્ત્રી૦, ૦શાસ્ત્ર ન૦ 'બૅક્ટીરિયોલૉજી'
જંત્ર વિ૦ પ્રખર; તીવ્ર (૨) ન૦ જુઓ છાયાયંત્ર (૩) એક જાતનું તંતુવાદ્ય (૪) પું૦; ન૦ જુઓ જંતર
જંત્રી પું૦ જંત્ર વગાડનાર (૨) જાદુગર; ખેલાડી (૩) સ્ત્રી૦ અનુક્રમણિકા; સાંકળિયું (૪) જંતરવાનું તાવીજ (૫) તૈયાર ગણતરીનો કોઠો; કોષ્ટક
જંદો પું૦ ફક્કડ પુરુષ (ભવૈયાઓનો એક વેષ)
જંપ પું૦ શાંતિ; નિરાંત. ૦વું અ૦ક્રિ૦ નિરાંત વાળવી; શાંત પડવું. -પાવું અ૦ક્રિ૦ જંપવાની ક્રિયા થવી
જંબીર ન૦ એક વનસ્પતિ.
જંબીલ સ્ત્રી૦ [फा.] ખજૂરીનાં પાંદડાંની ગૂંથેલી ઝોળી
જંબુ(-બૂ) ન૦ [सं.] જાંબુ
જંબુ(-બૂ)ક પું૦; ન૦ [सं.] શિયાળ
જંબુ(-બૂ)ખંડ, જંબુ(-બૂ)દ્વીપ પું૦ [सं.] (સં.) (પૌરાણિક ભૂગોળ પ્રમાણે) મેરુ પર્વતની આજુબાજુ આવેલા સાત ખંડમાંનો એક (૨) [બૌદ્ધોની માન્યતા પ્રમાણે] ભારતવર્ષ
જંબૂર ન૦ ખીલા ખેંચી કાઢવાનું ઓજાર
જંબૂરિયો પું૦ નાનો છોકરો [મદદનીશ છોકરો
જંબૂરો પું૦ એક નાની તોપ [फा.] (૨) બાજીગરનો
જંબે જંબે અ૦ 'જય અંબે! જય અંબે!' એવો પોકાર
જાઆવ સ્ત્રી૦ જવું ને આવવું તે; આવજા
જાઈ વિ૦ સ્ત્રી૦ જણી; જણેલી (૨) સ્ત્રી૦ એક વેલ (૩) પુત્રી
જાક પું૦ (કા.) બળનો ધક્કો (૨) વજનનું દબાણ (૩) ઘસારો (૪) વ્યવહારનો બોજો (૫) ખર્ચનો ભાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાકડસીકડ,-લું વિ૦નબળા બાંધાનું;વારંવાર માંદું પડ્યા કરતું

જાકાર(-રો) પું૦ 'જાઓ' એવો ઉદ્ગાર; અસત્કાર

જાકીટ ન૦ એક પ્રકારનું પહેરવાનું વસ્ત્ર; વાસકોટ

જાગ પું૦ યાગ; યજ્ઞ (૨) સ્ત્રી૦ રજાદે (જવારા) (૩) જગા (૪) જાગૃતિ; જાગવું તે

જાગતું વિ૦ ઊંઘતું નહિ તેવું; જાગ્રત (૨) સાવધાન. **-તીજ્યોત** વિ૦સ્ત્રી૦ જેની જ્યોતિ–શક્તિ જાગ્રત હોય–તરત પારખું બતાવતી હોય તેવી (દેવી). **૦જોધ** વિ૦ તરત પારખું બતાવે - શિક્ષા કરે તેવું (દેવ, દેવી) [પું૦જાગરણ કરનારો

જાગરણ ન૦ [સં.] જાગવું તે; ઉજાગરો (૨) જાગૃતિ. **-ણિયો**

જાગરિત વિ૦ [સં.] જાગેલું; જાગ્રત. **-યો** પું૦ જાગરણિયો

જાગરૂક વિ૦ [સં] જાગતું (૨) સાવધ

જાગર્તિ સ્ત્રી૦ [સં.] જાગવું તે (૨) સાવધપણું

જાગવું અ૦ક્રિ૦ ઊંઘમાંથી ઊઠવું; જાગ્રત થવું (૨) જાગ્રત રહેવું (૩) જાગતા હોવું. **-વવું** સ૦ક્રિ૦+જગાડવું

જાગામીઠું વિ૦ થોડુંક જાગતું અને થોડુંક ઊંઘતું

જાગીર સ્ત્રી૦ [ફા.] સરકાર તરફથી બક્ષિસ તરીકે મળેલી જમીન કે ગામ. **૦દાર** વિ૦ જાગીર ધરાવનારું (૨) પું૦ જાગીરનો ધણી. **૦દારી** સ્ત્રી૦ જાગીરદારપણું. **-રી** વિ૦ જાગીરને લગતું (૨) સ્ત્રી૦ જાગીરદારી

જાગૃત વિ૦ જાગેલું; જાગતું; જાગ્રત. **૦તા** સ્ત્રી૦, **-તિ** સ્ત્રી૦ [સં.] જાગતાપણું (૨) [લા.] ચપળતા; ચેતન

જાગો વિ૦પું૦ જાગનારો (૨) પું૦ જાગીરદાર; પૈસાદાર

જાગ્રત વિ૦ [સં.] જાગતું (૨) હોશિયાર; સાવધ. **-દવસ્થા** સ્ત્રી૦ જાગૃતિની અવસ્થા [જુઓ 'યાચક'માં

જાચક પું૦, **૦વૃત્તિ** સ્ત્રી૦, **-ના** સ્ત્રી૦, **-વું** સ૦ક્રિ૦

જાચું વિ૦ કંટાળો આવે તેટલા કાલાવાલા કરનારું (૨) માગેલું.**-ચાવેડા** પું૦બ૦વ૦ માગણના જેવું વર્તન; દૈન્ય

જાચું વિ૦ અભિજાત; ઉત્તમ

જાજમ સ્ત્રી૦ પહોળું, જાડું પાથરણું

જાજરમાન વિ૦ જુઓ જાજ્વલ્યમાન (૨) તરત પારખું દેખાડે એવું (૩) કરડા મિજાજનું; રુઆબદાર

જાજરું વિ૦ તરત નાશ પામે એવું; બિચારું; પામર

જાજરૂ પું૦; ન૦ સંડાસ; પાયખાનું

જાજુલમાન વિ૦ + જાજરમાન

જાજ્વલંતી વિ૦ સ્ત્રી૦ [સં.] ચળકતી; જાજ્વલ્યમાન

જાજ્વલ્યમાન વિ૦[સં.] પ્રકાશથી ઝગઝગતું; દેદીપ્યમાન

જાટ વિ૦ રજપૂતોની એક જાતનું (૨) પું૦ તે જાતનો આદમી (૩) સ્ત્રી૦ ઘેટાબકરાના વાળ

જાડ સ્ત્રી૦, **૦પણ** ન૦, **-ડાઈ.-ડાશ** સ્ત્રી૦ જાડાપણું. **-ડિયું** વિ૦ જાડું, **૦મરું** વિ૦ જડ; મોભાગ્ર બુદ્ધિવાળું

જાડું વિ૦ દળદાર (૨) ચરબીથી ભરેલું (૩) ઘાટું (૪) તીણું નહિ એવું (૫) ખોખરું; ભારે (૬) [લા.] મંદ બુદ્ધિવાળું (૭) અશિષ્ટ; ગામડિયું. **૦બ(-ભ)મ** વિ૦ ખૂબ જાડું. **૦રે(-રો)ડ** વિ૦ રગડા જેવું જાડું-ઘટ

જાડેજો પું૦ રજપૂતોની એક જાતનો માણસ

જાડ્ય ન૦ [સં.] જડતા (બુદ્ધિની)

ઝાંઝવાં ન૦બ૦વ૦ મૃગજળ (૨) તેજથી કે આંસુથી આંખને પડતી ઝાંખપ. **-વાનું જળ, -વાનું નીર** ન૦ મૃગજળ

ઝાંઝી વિ૦ ઝાંઝવાળું; ઝટ ચિડાઈ જાય તેવું-ચીડિયું

ઝાંપ સ્ત્રી૦ ઝાંખ (૨) નાની છાબડી

ઝાંપડી સ્ત્રી૦ ભંગિયણ (૨) ભૂત થયેલી ભંગડી; મલિન ભૂત. **-ડો** સ્ત્રી૦ ભંગી (૨) ભૂત થયેલો ભંગી

ઝાંપલી સ્ત્રી૦ નાનો ઝાંપો

ઝાંપી સ્ત્રી૦ ઘાસ કે ખજૂરીની પાતરીનો દાબડો કે દાબડી

ઝાંપો પું૦ (શેરી, વાડા વગેરેનો) દરવાજો (૨) ગામની ભાગોળ

ઝાંબક પું૦ કપાળ, મોં અને ગળાની નસો ખેંચાય અને ફૂલે એવી રીતે ગાનાર

ઝાંય સ્ત્રી૦ પ્રતિબિંબ; પડછાયો (૨) ઝલક; તેજ

ઝાંસો પું૦ જુઓ જાસો; જાહો (૨) હઠ; ત્રાગું (૩) મહેણું. **-સાચિઠ્ઠી** સ્ત્રી૦ જુઓ જાસાચિઠ્ઠી

ઝાંહે અ૦ નકામું-ખરાબ થાય તેમ

ઝિકાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'ઝીકવું'નું કર્મણિ ને પ્રેરક

ઝિકાળો, -ળવો પું૦ ઈંટ-રોડાંનો ભૂકો [પ્રેરક

ઝિપાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'ઝીપવું'નું કર્મણિ ને

ઝિમેલ સ્ત્રી૦ જુઓ ઘિમેલ

ઝિયાણું, ઝિયા(-રા)યણું ન૦ પહેલી સુવાવડ પછી દીકરીને બાળક સાથે વળાવવી તે કે તે વેળાનું આણું કે કરાતી રીત

ઝિલણિયું વિ૦ (૨) ન૦ ઝીલનારું (?) [પ્રેરક

ઝિલાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'ઝીલવું'નું કર્મણિ ને

ઝિલ્લિ(-લ્લી) સ્ત્રી૦ [સં.] તમરું [તે

ઝિંદાદિલી સ્ત્રી૦ [फा.] હૃદય જીવતું જાગતું-ઉત્સાહિત હોવું

ઝીક સ્ત્રી૦ કસબી તારનું ભરત. **૦ચળક** સ્ત્રી૦ ભરવામાં વપરાતાં સોનારૂપાનાં તાર, ટીપકી વગેરે. **૦ટીકડી, ૦ટીકી** સ્ત્રી૦ ભરવામાં વપરાતી સોનારૂપાની ગોળ ટીપકી.

ઝીક સ્ત્રી૦ ઝીંક; ઝીંકવું તે-પછાડ. **૦ણ** ન૦ પજવણી; માથાઝીક. **૦ણું** ન૦ ઝીકવું-પછાડવું તે (૨) તારેતાર મેળવી સાંધવું તે; તૂણવું તે. **૦વું** સ૦ ક્રિ૦ જોરથી ફેંકવું-પછાડવું-અફાળવું (૨) પાડી નાખવું; હરાવવું

ઝીણ સ્ત્રી૦ જુઓ ઝેણ ૧,૨

ઝીણું વિ૦ બારીક (૨) ઝીણવટથી કામ કરનારું. **-ણવટ, -ણાશ** સ્ત્રી૦ બારીકી (૨) ચતુરાઈ; ડહાપણ

ઝીપટો પું૦ એક વનસ્પતિ-જેઠીમધ

ઝીપવું સ૦ક્રિ૦ અધ્ધર ઝીલી લેવું

ઝીમી સ્ત્રી૦ એક જાતની કાળી સાડી

ઝીરિયા સ્ત્રી૦ એક પક્ષી

ઝીલ સ્ત્રી૦ એક વનસ્પતિ (૨) સામો લણવાનું વાંસનું એક ઓજાર (૩) તંબૂરાનો તાર (૪) લાખેલી મોટી બરણી (૫) ઊંડા પાણીની જગા (૬) છોળ; છાલક

ઝીલણ ન૦ ઝીલવું તે (૨) ઝીલેલું તે (પ્રવાહી) (૩) સ્ત્રી૦ સાળાવેલી (મહેસાણા બાજુ)

ઝીલવું સ૦ક્રિ૦ પકડી લેવું; ઝીપવું (૨) એક જણનું બોલવું કે ગાવું બીજાએ ઉપાડી લેવું

ઝીલું ન૦ લટકતાં સૂપડાં બાંધી નીચેથી ઉપર (ખેતરમાં) પાણી ચડાવવાની એક રચના

ઝીલો પું૦ માટીનું મોટું વાસણ (અનાજ ભરવાનું)

ઝીંક, ૦ણ, ૦ણું જુઓ ઝીક, ૦ણ, ૦ણું [(પ્રેરક)

ઝીંકવું સ૦ક્રિ૦ જુઓ ઝીકવું. **ઝીંકાવું** (કર્મણિ). **ઝીંકાવવું**

ઝીંકો પું૦ જુઓ ઝિકાળવો

ઝીંઝરટો, -વટો પું૦ ઝીપટો; જેઠીમધ

ઝીંઝરું ન૦ (કા.) ચણાનો પોપટા સાથેનો છોડ

ઝીંઝવો પું૦ એક જાતનું ઘાસ

ઝીંઝો સ્ત્રી૦ એક ઝાડ (એનાં પાનાં બીડી વાળવામાં વપરાય છે)

ઝીંઝોટી સ્ત્રી૦ એક રાગિણી

ઝીંટ સ્ત્રી૦; ન૦ નકામી પીડા; લફરું. **૦વું** સ૦ક્રિ૦ વળગાડવું; બઝાડવું (૨) ખડકવું. **-ટાવવું** (પ્રેરક). **-ટાવું** (કર્મણિ). **-ટું** ન૦ ઝાંખરું (૨) જુઓ ઝીંટ

ઝીંથરકાં ન૦બ૦વ૦ (કા.) ઝીંથરાં

ઝીંથરાં ન૦બ૦વ૦ માથાના અવ્યવસ્થિત, અને છૂટા વાળ

ઝુકારવું સ૦ક્રિ૦ (ઊંટને) બેસાડવું. **ઝુકારાવવું** (પ્રેરક). **ઝુકારાવું** (કર્મણિ)

ઝુકાવવું સ૦ક્રિ૦ નમાવવું (૨) ઝંપલાવવું; ચાહોમ કરવું. **-વો** પું૦બ૦વ૦ ઝુકાવવું-ઝંપલાવવું તે

ઝુકાવું અ૦ક્રિ૦ ઝૂકવાની ક્રિયા થવી; 'ઝૂકવું'નું ભાવે

ઝુઝાર વિ૦પું૦ ઝૂઝનારો; લડવૈયો

ઝુઝાવવું સ૦ક્રિ૦ 'ઝૂઝવું'નું પ્રેરક (૨) હંફાવવું; થકવવું

ઝુઝાવું અ૦ક્રિ૦ 'ઝૂઝવું'નું ભાવે [ને પ્રેરક

ઝુડાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'ઝૂડવું'નું અનુક્રમે કર્મણિ

ઝુણઝુણ અ૦ (૨) ન૦ (રવ૦)

ઝુમખડું ન૦ તૂરિયાની જાતનું એક ફળ (૨) ઝૂમણું; સમૂહ

ઝુમાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'ઝૂમવું'નું ભાવે ને પ્રેરક

ઝુરાપો પું૦ ઝૂરણ; કલ્પાંત; વિયોગદુઃખ

ઝુરાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'ઝૂરવું'નું ભાવે ને પ્રેરક

ઝુલણિયું વિ૦ ઝૂલતું (૨) ન૦ એક ઝૂલતું ઘરેણું

ઝુલાવનહાર વિ૦ ઝુલાવનારું

ઝુલાવું અ૦ક્રિ, **-વવું** સ૦ક્રિ૦ 'ઝલવું'નું ભાવે ને પ્રેરક

ઝુસ્તી સ્ત્રી૦ લડાઈ; ટંટો

ઝુંડ ન૦ જૂથ; ટોળું

ઝુંડો પું૦ જુઓ ઝંડો. **-ડાધારી** વિ૦ જુઓ ઝંડાધારી

ઝુંબેશ સ્ત્રી૦ જોશપૂર્વકની ચળવળ-હિલચાલ

ઝુંમર ન૦ જુઓ ઝમરખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝૂકવું અ૰ક્રિ૰ નમવું; લચી પડવું; લટકવું [લડવું

ઝૂઝ સ્ત્રી૰ ઝૂઝવું તે. ૦વું અ૰ક્રિ૰ મચ્યા રહેવું (૨) જોરથી

ઝૂડ ન૰ મોટો મગર (૨) ચૂડ; મજબૂત પકડ (૩) એક જાતનું ભૂત–ઝોડ. ૦ઝાપટ ન૰ ઝાડઝૂડ; ઝાપટઝૂપટ. ૦વું સ૰ક્રિ૰ ધોકા કે બૂધા વડે ઠોકવું (૨) ઝાપટવું; ખંખેરવું. –ડિયું ન૰ જેનાથી ઝુડાય એવું સોટું–બૂધું. –ડિયો પું૰ ઝૂડવાનો દંડૂકો; ઝૂડિયું [સ્ત્રી૰ નાનો ઝૂડો; જૂડી

ઝૂડો પું૰ ઘણી ચીજોનો સાથે બાંધેલો જથો; જૂડો. –ડી

ઝૂપકી સ્ત્રી૰ ઝોકું; ડોલું

ઝૂમ વિ૰ ઘણું (૨) ઝૂમખાની પેઠે એકઠું થયેલું (૩) સ્ત્રી૰ કેફ; નશો (૪) ઝૂમવાની તાકાત; જોમ

ઝૂમ સ્ત્રી૰; પું૰ ઝૂમખું. ૦ખઝૂમખું, ૦ખું ન૰, ૦ખો પું૰ અનેક વસ્તુઓનો જથો; લૂમખો

ઝૂમણી સ્ત્રી૰ એક જાતનો હાર (એમાં વચમાં પાઈના આકારનું ચકતું હોય છે)

ઝૂમણું ન૰ એક જાતનું ઘરેણું [આતુરતાથી ટાંપી રહેવું

ઝૂમવું અ૰ક્રિ૰ જુઓ ઝઝૂમવું (૨) લટકવું; ટિંગાવું (૩)

ઝૂરણ ન૰ જુઓ ઝુરાપો [કલ્પાંતથી ક્ષીણ થવું

ઝૂરવું અ૰ક્રિ૰ –ને માટે તલસવું–કલ્પાંત કરવું (૨)

ઝૂલ સ્ત્રી૰ શોભા માટે રાખેલી ઝૂલતી કિનાર; ચીણવાળી કોર (૨) કવિતામાં (લાવણી ઇ૰માં) આવતો આંતરો

ઝૂલડી સ્ત્રી૰ ઝૂલતું રહે એવું બાળકનું ખૂલતું પહેરણ

ઝૂલણહાર વિ૰ ઝૂલનારું, હીંચકા ખાનારું

ઝૂલણા પું૰ એક છંદ [હાલરડું

ઝૂલણું ન૰ ઝૂલવું તે; હીંચકો (૨) પારણું (૩) ગાવાનું

ઝૂલતું વિ૰ ઝોલાં ખાતું; લટકતું. –વું અ૰ક્રિ૰ હીંડોળે કે પારણે હીંચવું (૨) લટકવું [ખાધ

ઝૂલો પું૰ જેમાં ઝૂલી શકાય તે; હીંચકો (૨) [લા.] નુકસાન;

ઝૂંક સ્ત્રી૰ (ચ.) એકાએક આંખમાં કાંઈ ઝપટાવું તે; ઝોક. –કાવું અ૰ક્રિ૰ ઝૂંક લાગવી. –કાવવું સ૰ક્રિ૰ (પ્રેરક)

ઝૂંટ સ્ત્રી૰ ઝૂંટવી લેવું તે. ૦(–ટા)વવું સ૰ક્રિ૰ 'ઝૂંટવું'નું પ્રેરક. ૦વું સ૰ક્રિ૰ ઝડપ મારી ખૂંચવી–પડાવી લેવું. –ટંઝૂંટા, –ટાઝૂંટ સ્ત્રી૰ સામસામે ઝૂંટ ચલાવવી તે. –ટાવું અ૰ક્રિ૰ 'ઝૂંટવું'નું કર્મણિ

ઝૂંપ(–પી) સ્ત્રી૰ ચિતા [છાપરું–ઘર

ઝૂંપડી સ્ત્રી૰, –ડું ન૰ ઘાસ, સાંઠી, છાજ વગેરેથી બનાવેલું

ઝૂંપી સ્ત્રી૰ ચિતા; ઝૂંપ

ઝૂંફ સ્ત્રી૰, ૦ણ ન૰ ઝૂંફવું–ઝોકાં ખાવાં તે

ઝૂંફવું અ૰ક્રિ૰ (સુ.) ઝોકાં ખાવાં. ઝૂંફાવવું (પ્રેરક)

ઝૂંસરી સ્ત્રી૰ ધૂંસરી. –રું ન૰ ધુરા; ધૂંસરું

ઝેણ સ્ત્રી૰ ઝીણ; ઝીણી રજોટી (૨) વરસાદની ફરફર; પાણીની છાંટ (૩) ક્રોધની ધ્રુજારી–કમકમી

ઝેબઝેબાં, ઝેબેઝેબ અ૰ (૨) ન૰ બ૰વ૰ પરસેવાના રેલા પર રેલા [તિની ધાર (ચ.)

ઝેર સ્ત્રી૰ ઊંચી જગા કે બેઠકની ધાર; ઘરની ઓટલી કે

ઝેર [ઝે] ન૰ વિષ (૨) ઈર્ષ્યા (૩) વેર (૪) ઝાંઝર (પ.) ૦કચૂરો(–લો) પું૰, ૦કચોલું, ૦કોચલું ન૰ એક કડવું બી–ઔષધિ. ૦કાજળી સ્ત્રી૰ પરસેવા વાટે બહાર આવતું શરીરમાંનું વિષ (૨) મરણવખતનો પરસેવો. ૦મહોરો પું૰ દંશના વિષને ચૂસી લે એવો સાપના તાળવામાં થતો એક ચપટો પદાર્થ

ઝેરકો પું૰ મોટો જથ્થો; સમૂહ (ચ.)

ઝેરણી સ્ત્રી૰ દહીં વલોવવાની નાની હાથ-રવાઈ

ઝેરવું સ૰ક્રિ૰ નાની રવાઈથી દહીં વલોવવું

ઝેરી, ૦લું વિ૰ ઝેર–વિષવાળું (૨) અદેખું; અંટસ રાખે એવું. ૦નાળિયેર ન૰ એક દરિયાઈ વનસ્પતિનું ફળ (જેના કોટલાનું સાધુનું કમંડળ બનાવાય છે.). ૦મા(–માં)ખ સ્ત્રી૰ એક જાતની માખ

ઝેરું ન૰ ઝાપટું

ઝોક પું૰; સ્ત્રી૰ વાંક; વલણ; ઝૂકવાપણું (૨) આંખમાં કંઈ ઝપટાવું તે; ઝૂંક (૩) નુકસાન (૪) (ગ.) સુરેખાનો ઢોળાવ–'ઇન્કલીનેશન'

ઝોક પું૰, ૦ડું ન૰ ગોષ્ઠ; ગાય ઘેટાં બકરાંનો વાડો.

ઝોકવું સ૰ક્રિ૰ એકદમ ફેંકવું; નાખવું (૨) અ૰ક્રિ૰ વળવું; ઝૂકવું (૩) યાહોમ કરીને પડવું (૪) ઊંઘમાં ઝોકાં ખાવાં

ઝોકંડા પું૰બ૰વ૰ ખૂબ ઈચીને તથા બીજી રીતે નિરંકુશ માણવું તે

ઝોકાર વિ૰ (કા.) ઝાકમઝોળ

ઝોકારવું સ૰ક્રિ૰ જુઓ ઝુકારવું (૨) ઝુકાવવું

ઝોકાવવું સ૰ક્રિ૰ જુઓ ઝુકાવવું

ઝોકાવું અ૰ક્રિ૰ એકદમ ફેંકાવું (૨) લટકવું; ઝૂલવું

ઝોકું ન૰ ઊંઘ કે ઘેનનું ડોલું [ખોટાં નમાવવાની યુક્તિ

ઝોકો પું૰ હેલો; હડસેલો (૨) આંખની ઝોક (૩) ત્રાજવાં

ઝોટ(–ટી, ૦ડી) સ્ત્રી૰, ૦ડું, –ડું ન૰ જોટડી; જુવાન ભેંસ

ઝોટિંગ પું૰ એક પ્રકારનું (મુસલમાનનું) ભૂત (૨) મેલું કે રખડતું ઢાંડ માણસ (૩) અરાજક દશા. ૦પાદશાહી સ્ત્રી૰ અંધાધૂંધીની રાજદશા [અડફટ; વળગાડ

ઝોડ ન૰ ઝૂડ; વળગણ. ૦ઝપટ સ્ત્રી૰ ભૂતપિશાચાદિની

ઝોબા(–ભા)વું; ઝોબો(–ભો) પું૰ જુઓ જોબાવું, જોબો

ઝોલ સ્ત્રી૰ ઝૂલવું તે; ઢીલાશને લીધે તારનું વચ્ચેથી ઝૂલી જવું તે [–ણો પું૰ મોટી ઝોલણી

ઝોલ(–ળ)ણી સ્ત્રી૰ ઝોળી–ખડિયો; ખાનાંવાળી કોથળી.

ઝોલવું અ૰ક્રિ૰ ઝૂલવું; ડોલવું (૨) ઝોકાં ખાવાં

ઝોલું [ઝો] ન૰ ઝુંડ; ટોળું

ઝોલું ન૰ ઝોકું; ડોલું. –લો પું૰ ઝૂલો; હિંડોળો (૨) હેલો; હીંચકાનો એક ઝોક (૩) ઝોલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝોળ સ્ત્રી૰ ઝાળ; જ્વાલા (૨) ન૰ (સુ.) ઝોડ; વળગણ
ઝોળણી સ્ત્રી૰, **–ણો** પું૰ જુઓ 'ઝોલણી' માં
ઝોળવું સ૰ક્રિ૰ ઝુલાવવું; હીંચોળવું (૨) આમતેમ હલાવી રગડી નાખવું–રોળવું
ઝોળાવો પું૰ ખાડાખૈયાવાળો જમીનનો ભાગ (૨) ઢોળાવ (૩) ઝૂલેલો–નીચો નમેલો ભાગ
ઝોળાશેક પું૰ ઔષધિથી ભરેલી કોથળી વડે કરેલો શેક
ઝોળી સ્ત્રી૰ કપડાના ચાર છેડા પકડીને ઝૂલતું પાત્રાકાર કરાય છે તે. ઉદા૰ 'શાકની, સાધુની ઝોળી' (૨) ઝૂલતી ઝલાતી થેલી (૩) બાળકની ખોઈ. **૰પોળી** સ્ત્રી૰ બાળકને નામકરણવિધિ કરતાં પારણામાં ઘાલી હીંચોળવાની ક્રિયા. **–ળો** પું૰ ઝોલો; નમી પડવું તે (૨) મોટી ઝોળી
ઝોંકવું સ૰ક્રિ૰ ઝોકવું, પટકવું. **ઝોંકો** પું૰ ઝોકો
ઝોંટ સ્ત્રી૰ ઝૂંટ; ઝડપ. **૰વું** સ૰ક્રિ૰ ઝૂંટવું; ખૂંચી લેવું
ઝોંસવું સ૰ક્રિ૰ રીસથી–અભાવથી આપવું કે નાંખવું કે મૂકવું–પટકવું (૨) ઠાંસીને ખાવું–ગળચવું

ટ

ટ પું૰ [સં.] મૂર્ધસ્થાની પહેલો વ્યંજન. **૰કાર** પું૰ ટ અક્ષર કે ઉચ્ચાર. **૰કારાંત** વિ૰ છેડે ટકારવાળું
ટઈ પડવું અ૰ક્રિ૰ ભરચક ભરાઈ જવું (ખસ, ફોલ્લા ઇ૰થી)
ટક અ૰(રવ૰). **૰ટક** અ૰(રવ૰)(૨) ટગર ટગર (૩) સ્ત્રી૰ જુઓ ટકટકાટ. **૰ટકાટ(–રો)** પું૰ ટક્ટક અવાજ (૨) કંટાળો આવે તેવો નકામો લવારો. **૰ટકિયું** વિ૰ ટકટક કર્યા કરતું
ટકવું સ૰ક્રિ૰ લાંબા વખત સુધી ચાલવું–નભવું (૨) એક સ્થળે લાંબો વખત થોભવું [પણું; મજબૂતાઈ; ટકવું તે
ટકાઉ વિ૰ ટકે–રહે તેવું; મજબૂત. **–વ, –વો** પું૰ (૨) ટકાઉ-
ટકો પું૰ ત્રણ પૈસા (૨) રૂપિયો; નાણું (૩) સેંકડાના પ્રમાણમાં ગણતરી; 'પરસેન્ટેજ' (૪) સાવ બોડું–કેશરહિત માથું
ટકોર સ્ત્રી૰ ટોક; ટોકણી (૨) વક્રોક્તિ; મરોડમાં બોલવું તે. **૰ખાનું** ન૰ ચોઘડિયાં વગાડનારને બેસવાની જગા
ટકોરવું સ૰ ક્રિ૰ ટકોરો મારવો (૨) ટોકવું; ગોદાટવું
ટકોરો પું૰ (રવ૰) રણકે એમ વાગતો ઠોક (૨) ઠોકનો રણકો. **–રી** સ્ત્રી૰ નાનો ટકોરો (૨) નાની ઘડિયાળ (મોગરી વડે વગાડવાની)
ટક્કર સ્ત્રી૰ ઠોકર; પ્રહાર (૨) સામનો
ટગ ટગ અ૰ ટગર ટગર
ટગમગ વિ૰ ડગુમગુ; ટગુમગુ (૨) અ૰ ટગર ટગર
ટગરટ(–મ)ગર અ૰ એકી નજરે; મીટ માંડીને
ટગલી સ્ત્રી૰ (કા.) પાતળી ઊંચી ડાળી
ટગુમગુ વિ૰ ડગુમગુ; ડોલતું (૨) અ૰ ટગુમગુ હોય એમ
ટચ વિ૰ ઊંચી જાતનું (૨) પું૰ સોનાના કસનો આંક (૩) અ૰ (રવ૰) ટચાકાનો અવાજ (૪) જરી વારમાં; ઝટ
ટચકડી સ્ત્રી૰ (રવ૰) ચપટી
ટચકાટવું સ૰ ક્રિ૰ ટચકો મારવો; ટચકાવવું
ટચકાર પું૰+(રવ૰) હાંકેડુનો ડચકારો
ટચકારી સ્ત્રી૰ (રવ૰) ટચકડી; ચપટી
ટચકાવવું સ૰ક્રિ૰ (રવ૰) ટચકો મારીને કાપવું
ટચકિયું ન૰ કસ્મરથી રહી જવું તે
ટચકું ન૰ ટેરવું (૨) ટાણુંટચકું; નાનો પ્રસંગ
ટચકો પું૰ (રવ૰) ઝટકો; ઘા (૨) તેનો અવાજ
ટચ ટચ અ૰ (રવ૰) ટચકાનો રવ
ટચરું વિ૰ અતિ ઘરડું–બુઢ્ઢું; ઠચરું (તુચ્છકારમાં)
ટચલી આંગળી સ્ત્રી૰ છેલ્લી, સૌથી ટૂંકી આંગળી
ટચાક વિ૰ ડોળી; આછકલું
ટચાક અ૰(રવ૰). **–ક્યો, –કો** પું૰ શરીરના સાંધાનો કડાકો
ટચૂકડું વિ૰ ઘણું નાનું
ટટવાણી સ્ત્રી૰ ટટ્ટુનું સ્ત્રીલિંગ; ટટ્ટુ જેવી નાની ઘોડી
ટટવું ન૰ નાનું ઠીંગણું ઘોડું (૨) ખચ્ચર
ટટળવું અ૰ક્રિ૰ ટળવળવું; પીડાવું; ઝૂરવું (૨) લટકી રહેવું
ટટળાટ પું૰ ટટળવાનું દુઃખ
ટટા(–ટ્ટા)ર વિ૰ બરાબર ઊભું; અક્કડ (૨) [લા.] સશક્ત
ટટ્ટી સ્ત્રી૰ કામઠાંનો કે વાંસની ચીપોનો પડદો (૨) વીરણનો બનાવેલો ચક (૩) [હિં.] જાજરૂ; સંડાસ
ટટ્ટુ પું૰; ન૰ ઠીંગણું ઘોડું (૨) નબળું ઘોડું
ટટ્ટો પું૰ ટ અક્ષર
ટડકાવવું સ૰ક્રિ૰ તડકાવવું; ધમકાવવું
ટડપડ સ્ત્રી૰, **–ડાટ** પું૰ ખાલી ડફાંસ–દોરતોરનો દેખાવ; શેખી
ટઢિયાળું વિ૰ ટાઢું; ટાઢ વાય એવું (૨) ન૰ એવું વાતાવરણ; ટાઢોડું (૩) ટાઢોડાવાળું સ્થાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટણુક વિ૦ જડ; ઠોઠ (૨) ભટકણ
ટણુકો પું૦ (સુ.) ખોટું લાગવું–રીસ ચડવી તે
ટણુચ સ્ત્રી૦ એક જાતનો ઊડણ સાપ; તણચ
ટન પું૦ [ઇં.] એક અંગ્રેજી તોલ (આશરે ૫૬ મણનું)
ટનટન અ૦ (રવ૦) (૨) ન૦ એવો ઘંટનો અવાજ
ટનનન અ૦ (રવ૦)
ટપ અ૦ (રવ૦) ટપકવાનો રવ (૨) ઝટ
ટપક,૦ટપક અ૦ (રવ૦) ટપકતું હોય એમ
ટપ(-બ)કલું વિ૦ ટપકાંવાળું
ટપકવું અ૦ક્રિ૦ ટીપે ટીપે નીચે પડવું; ચૂવું
ટપકાવવું સ૦ક્રિ૦ ટીપાં પાડવાં (૨) ટૂંકાણમાં લખવું; નોંધ કરી લેવી (૩) બીજામાંથી નકલ કરી લેવી
ટપ(-બ)કિયું ન૦ ટપ દઈને મરી જવું તે (૨) ટપકું
ટપકું ન૦ ટીપું (૨) નાનું ગોળ બિંદુ–ચિહ્ન. –કી સ્ત્રી૦ કપાળમાંનો નાનો ચાંલ્લો(૨) ટીલડી; મીનાકારી અબરખ કે સોનારૂપાની નાની ગોળ પતરી
ટપકો પું૦ જન્મપત્રિકા; જન્માક્ષર
ટપટપ અ૦(રવ૦)(૨) ઝટઝટ (૩) સ્ત્રી૦ બડબડાટ(અણગમાનો). ૦વું અ૦ક્રિ૦ ટપ ટપ અવાજ કરવો કે તેમ કરતું ટપકવું. –પાટ પું૦ ટપ ટપ એવો અવાજ (૨) બડબડાટ; ટપટપ(૩) ચપળતા. –પિયું વિ૦ ટપટપ–પાછળથી બડબડાટ કરનારું (૨) ન૦ જુઓ ટપટપી. –પી સ્ત્રી૦ અસ્ત્રો ચડાવવા માટેનો ચામડાનો કકડો
ટપલાબાજી સ્ત્રી૦ સામસામી ટપલાની મારામારી
ટપલી સ્ત્રી૦ધીમેથી મારેલી થપાટ [હાંલ્લાં ટીપવાનું ઓજાર
ટપલું વિ૦ બેસી ગયેલું–અકડાઈ ગયેલું (૨) ન૦ કુંભારનું
ટપલો પું૦ મોટી જોરની ટપલી (૨) કુંભારનું ટપલું
ટપવું સ૦ક્રિ૦ કૂદી જવું (૨) [લા.] વધવું–ચડિયાતા થવું
ટપસટપસ અ૦(રવ૦) જુઓ ટપૂસટપૂસ [ખાસડાં
ટપ(-પૂ)સિયાં ન૦બ૦વ૦ ફાટચાંતૂટચાં–ઘસાઈ ગયેલાં
ટપાટપ અ૦ઝટપટ(૨)સ્ત્રી૦,–પી સ્ત્રી૦બોલાબોલી;લડાલડી
ટપા(-પે)રવું સ૦ક્રિ૦ મારવું; ઠોકવું (૨) [લા.] વારંવાર કહેવું; ટકોર કરવી
ટપાલ સ્ત્રી૦ ડાક; પોસ્ટ. ૦ઑફિસ સ્ત્રી૦ ડાકઘર; પોસ્ટ-ઑફિસ. ૦ખર્ચ ન૦ ટપાલનું ખર્ચ. ૦વાળો પું૦ ટપાલ વહેંચનારો. –લી પું૦ ટપાલવાળો
ટપૂસ ટપૂસ અ૦ (રવ૦) ધીરે ધીરે; ઘસડાતું ઘસડાતું
ટપૂસિયાં ન૦બ૦વ૦ જુઓ ટપસિયાં (૨) દક્ષિણી ઘાટની સપાટ (૩) અનાજ ઝાટકતાં સૂપડાને મરાતો ઠોક
ટપૂસિયું વિ૦ ટપૂસ ટપૂસ કરતું(૨) ધીરે ધીરે ઘસડાતું જતું
ટપેરવું સ૦ક્રિ૦ જુઓ ટપારવું
ટપોટપ અ૦ એક પછી એક (૨) જલદીથી; તરત જ
ટપ્પો પું૦ અમુક લંબાઈનો આંતરો (૨) મુસાફરી; મજલ; વિસામો (૩) ઘોડા કે બળદનું વાહન (૪) ગપ્પું (૫) સંગીતનો એક પ્રકાર. –પ્પાવાળો પું૦ ટપ્પો ફેરવનારો–હાંકનારો [વાસણ
ટબ ન૦[ઇં.] ઘણું પહોળું લાકડાનું અથવા પતરાનું એક
ટબકલું ન૦ + ટપકું (૨) વિ૦ જુઓ ટપકલું
ટબકિયું ન૦ જુઓ ટપકિયું
ટબન ન૦ એક વનસ્પતિજન્ય પદાર્થ; ગટાપરચા
ટબાટોચ અ૦ ઠેઠ ટોચ સુધી; છલકાઈ જાય એમ [ઘચૂમલો
ટબારો પું૦ ઘરખર્ચ (૨) ઘરગથ્થુ સરસામાન (૩) અચો;
ટબુકડિયું ન૦ ઘીમાં કાલવેલો જલેબી કે લાડુનો ભૂકો
ટબૂકલું ન૦ ટાઢોડું
ટબૂડી સ્ત્રી૦ નાની લોટી; કસલી
ટબો પું૦ પાનાના હાંસિયામાં લખેલી ટીકા–અર્થ (જૈન)
ટમકવું અ૦ક્રિ૦ (કા.) ધીમો પ્રકાશ આપવો (૨) દૂરથી ઝીણો પ્રકાશ દેખાવો. ટમકું ન૦ (કા.) ટમકવું તે; દૂરથી દેખાતો ઝીણો પ્રકાશ [ઘોડાગાડી
ટમટમ સ્ત્રી૦; ન૦[હિં.] (ઉત્તર હિંદની) એક પ્રકારની
ટમટમવું અ૦ક્રિ૦ પડું પડું થઈ રહેવું (૨) આતુર થઈ જવું
ટમટમાટ પું૦ ટમટમવું તે; ઉતાવળ
ટમેટું ન૦,–ટો [ઇં] પું૦ એક શાકફળ ['ટળકવું'માં
ટર(-ળ)કવું અ૦ક્રિ૦(૨)વિ૦,–ચાવેડા પું૦બ૦વ૦ જુઓ
ટરકાવવું સ૦ક્રિ૦ ટડકાવવું (૨) 'ટરકવું'નું પ્રેરક
ટરપરવું અ૦ક્રિ૦ વસ્તુની લાલચથી ફાંફાં મારતા ઊભા રહેવું; આઘાપાછા થયા કરવું
ટલ્લો પું૦ ફેરો; આંટો; ધક્કો (૨) માથાનો ટકો
ટ(૦ળ)વળવું અ૦ક્રિ૦ વલખાં—તરફડિયાં મારવાં (૨) આતુરતાથી ઝંખવું—ઝૂરવું (૩) પીડાવું
ટશ(-સ) સ્ત્રી૦ મીટ; અનિમેષ નજર
ટશ(-સ)ર સ્ત્રી૦ આંખમાં દેખાતી ઝીણી લાલ રગ (૨) ટશિયો [તે; તેની રેખા
ટશિયો પું૦ ઉઝરડામાં કે ચીરામાંથી લોહી ઝમી આવવું
ટસ સ્ત્રી૦ જુઓ ટશ. ૦ટસ અ૦ ટગર ટગર; ટસે ને ટસે
ટસટસ અ૦ ફાટું ફાટું થઈ જાય તેમ. ૦વું અ૦ક્રિ તસતસવું; ફાટું ફાટું થઈ રહેવું. –સાટ પું૦ ટસટસવું તે
ટસર સ્ત્રી૦ જુઓ ટશર (૨) એક જાતનું રેશમ કે તેનું કપડું
ટસંજા સ્ત્રી૦ સંધ્યાકાળ; સમીસાંજ
ટહકારો પું૦ દુઃખને લીધે થતો ઉદ્ગાર
ટહટહ અ૦ એક નજરે; મીટ માંડીને
ટહુકો પું૦ કોયલ કે મોરનો બોલવાનો અવાજ (૨) કોઈને બોલાવવા દીધેલો લાંબો સાદ; ટૌકો (૩) ચાલતી વાતમાં હાજિયો પૂરવો તે; હુંકારો. –કવું અ૦ક્રિ૦ (મોર કે કોયલે) બોલવું. –કાર પું૦ (કોયલ કે મોરનો) ટહુકો
ટહેલ સ્ત્રી૦ માગવા જતાં જાચક રોજ સંભળાવે છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉક્તિ—કહેણ (૨) [લા.] એકનું એક વારંવાર કહેવું કે ધ્યાન પર નાંખવું તે. ૦ટકોરો પું૦ ટાંપું (૨) દેખરેખ. ૦ભટ(-ટ્ટ) પું૦ ટહેલ નાંખનારો ભિક્ષુક બ્રાહ્મણ. ૦વું અ૦ક્રિ૦ આંટા મારવા; આમતેમ ફરવું (૨) ગામમાં ટહેલ નાંખવી.-લિયો વિ૦ પું૦ (૨)પું૦ ટહેલ નાખનારો

ટળ વિ૦ ટળનારું; નાશવંત [બ૦વ૦ લાલચુવેડા

ટળકવું અ૦ક્રિ૦ લલચાવું (૨)વિ૦ લાલચુ.-વાવેડા પું૦

ટળવળવું અ૦ક્રિ૦ જુઓ ટવળવું.ટળવળાટ પું૦ટળવળવું તે

ટળવું અ૦ક્રિ૦ દૂર થવું; ખસવું; આઘા જવું

ટળિયેલ વિ૦ ચસકેલ; ચક્કર

ટંક પું૦ [સં.] છાપ મારેલો સિક્કો; ટકો (૨) પૈસાભાર; ટાંક (૩) સ્ત્રી૦ નક્કી વેળા- વખત (જેમ કે ખાવાનો કે દોહવાનો).૦શાળ સ્ત્રી૦ચલણી સિક્કા પાડવાનું કારખાનું. ૦શાળી પું૦ ટંકશાળનો ઉપરી; ટંકશાળવાળો

ટંકણખાર પું૦ એક જાતનો ક્ષાર

ટંકામણ ન૦, -ણી સ્ત્રી૦ ટાંકવાનું મહેનતાણું

ટંકાર [સં.], ૦વ પું૦ ધનુષ્યની પણછનો અવાજ.

ટંકારી વિ૦ ટંકાર કરે એવું [પ્રેરક

ટંકાવું અ૦ ક્રિ૦, -વવું સ૦ ક્રિ૦ 'ટાંકવું'નું કર્મણિ ને

ટંકિકા સ્ત્રી૦ શ્રીરાગની એક રાગણી

ટંકો પું૦ ચલણી સિક્કો; નાણું (૨) રૂપિયો

ટંકિત વિ૦ [સં.] ટાંકેલું

ટંકે(-કો)ટંક અ૦ દરેક ટંકે (૨) બરાબર નિયત સમયે; યોગ્ય વખતે જ (૩) ટોચ સુધી; છલોછલ

ટંગ સ્ત્રી૦ ટાંગો; પગ [કે આંટી (કુસ્તીમાં)

ટંગડી સ્ત્રી૦ ટંગ; ટાંગો; તંગડી (૨) ટાંગાથી મારેલી ઠોકર

ટંગાડ(-વ)વું સ૦ ક્રિ૦ લટકાવવું; ટાંગવું

ટંગાવું અ૦ ક્રિ૦ લટકાવું; 'ટાંગવું'નું કર્મણિ

ટંટો પું૦ કજિયો; તકરાર. -ટાખોર વિ૦ ટંટો-કરવાની આદતવાળું. ૦ફિસાદ પું૦ ટંટો-તકરાર [માણસ

ટંડેલ પું૦ વહાણનો મુખ્ય ખલાસી-સુકાની(૨)[લા.]ઊંચો

ટંપાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦'ટાંપવું'નું કર્મણિ ને પ્રેરક

ટાઇપરાઇટર ન૦[ઇં.] છાપ જેવા અક્ષરોમાં લખવાનું યંત્ર

ટાઇમટેબલ ન૦[ઇં.] સમયપત્રક(૨) રેલગાડીનું સમયપત્રક

ટાઈ સ્ત્રી૦ [ઇં.] જુઓ નેકટાઈ

ટાઉટાઉ અ૦ (રવ૦) (૨) ન૦ લવારો; બકવાદ

ટાકર સ્ત્રી૦ હલકો આઘાત-ટકોરી(૨)વિ૦(કા.)સાફ;ઉજ્જડ; વેરાન. ૦ડી સ્ત્રી૦ ટાકર (૨) કઠણ-રણકી જમીન

ટાચકટુચક વિ૦ છૂટુંછવાયું; પરચૂરણ

ટાચકાટુચકી સ્ત્રી૦ મંતરજંતરના ટુચકા કરવા તે

ટાચકો પું૦ ટચાકો; સાંધાનો કડાકો (૨) ઘોડિયે લટકાવવાનું છોકરાંને રમવાનું ઝૂમખું (૩) ખોટું લાગવું-રીસ ચડવી તે

ટાચકાટોળી સ્ત્રી૦ તડાકા મારનારાની મંડળી

ટાટ ન૦ શણની દોરીઓના વણાટનું જાડું કપડું (૨) પું૦ મોટી તાસકના ઘાટની છીછરી થાળી (૩)અ૦ સાવ; તદ્દન ઉદા૦ 'લૂખોટાટ' (૪) વિ૦ સજ્જડ; કડક; સક્કસ (૫) મસ્ત; ચકચૂર. ૦પટી(-ટ્ટી) સ્ત્રી૦ ટાટ (કપડું)

ટાટલું ન૦ વાસણ; ઠામ

ટાટિયું ન૦ ટાટનો કકડો (કપડું)

ટાટિયાં ન૦બ૦વ૦ ગાડાનાં પાંજરાં (૨) કામડાંનાં બારણાં

ટાટવું ન૦ ટટવું; હલકી જાતનું ઘોડું

ટાટું ન૦ કામડાંની ચીપોની ગૂંથેલી સાદડી, ભીંત કે ઝાંપો (૨) ટાટાંનું બનાવેલું ઝૂંપડું

ટાઢ સ્ત્રી૦ઠંડી. ૦ક સ્ત્રી૦ઠંડક (૨) [લા.] નિરાંત. ૦કિયું ન૦ ઠંડક માટે વપરાતું ભીનું કપડું કે પીણું (૨) પાણી ઠંડું થાય તેવું વાસણ. -ઢિયો(૦તાવ)પું૦ટાઢ વાઈને આવતો તાવ. -ઢી સ્ત્રી૦ મડદાની રાખ; વાની. -ઢીશિયળ -ઢીશીળી સ્ત્રી૦ શ્રાવણ સુદ કે વદ સાતમનો દિવસ; શીતળાસાતમ -ઢું વિ૦ શીતળ; ઠંડું (૨) વાસી (૩) [લા.] ધીમું; મંદ (૪) ઝટ ઉશ્કેરાય નહિ એવું; શાંત સ્વભાવનું. -ઢુંશીળું વિ૦ ટાઢું અને વાસી. -ઢુંહિમ વિ૦હિમ જેવું ટાઢું; ઘણું ઠંડું

ટાઢો પું૦ ટાઢો ડામ; અંદરથી બાળી મૂકે એવું મર્મવચન

ટાઢોડિયું ન૦ જુઓ ટાઢકિયું (૨) જુઓ ટાઢોડું

ટાઢોડું ન૦ ચાલુ વરસાદને લીધે હવામાં થયેલી શરદી

ટાણું ન૦ સારોનરસો પ્રસંગ-અવસર (૨) સંધિ; લાગ. ૦ટચકું ન૦ વારતહેવારનો પ્રસંગ-અવસર

ટાપટીપ સ્ત્રી૦ વ્યવસ્થા; સુઘડતા (૨) મરામત (૩) ઉપરનો ભભકો-શણગાર; ચાપચીપ. -પિયું વિ૦ ટાપટીપ-શણગાર કર્યા કરવાની ટેવવાળું

ટાપલી સ્ત્રી૦ ટપલી

ટાપશી(-સી) સ્ત્રી૦ ચાલતી વાતમાં પુરાતો હાજિયો

ટાપી સ્ત્રી૦ ટપલી (૨) છો બેસાડવા-ટીપવાનું ઓજાર

ટાપુ પું૦ બેટ; દ્વીપ

ટાપુવો પું૦ રોટલો

ટાબકો પું૦ બહુ વાચાળ માણસ [તાબોટો

ટાબોટો પું૦ હથેળી પર હથેળી અફાળી કરેલો અવાજ;

ટાભાટેભા પું૦બ૦વ૦ થાગડથીગડ. -ભી સ્ત્રી૦ ટાભાટેભા કરવા તે [નાનો ઘોડો

ટાયડી સ્ત્રી૦ નાની ઘોડી. -ડું ન૦ નાનું ઘોડું. -ડો પું૦

ટાયર ન૦[ઇં.] સાઇકલ, મોટર વગેરે વાહનને હોતી રબરની વાટ

ટાયલું ન૦ વગર જરૂરની દોઢડહાપણની અથવા આપવડાઈની વાત-વચન

ટારડી સ્ત્રી૦ (કા.) નાની-માલ વગરની ઘોડી

ટાલ સ્ત્રી૦ વાળ જતા રહ્યા હોય એવો માથાનો ભાગ; તાલ

ટાલકી સ્ત્રી૦ તાલકી; તાળવું. -કું ન૦ તાલકું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટાલી સ્ત્રી૦ અર્ધો રૂપિયો (વેપારીઓનો સંકેત) (૨) ચંદરવામાં સાંધેલા જુદા જુદા રંગના કકડા

ટાલું ન૦ જુઓ ટાલ [એક બાંધકામ

ટાવર ન૦ [इं.] ઊંચા મિનારા જેવું (બહુધા ઘડિયાળવાળું)

ટાળ સ્ત્રી૦ નિવારણ કરવું–ટાળવું તે. ૦ક વિ૦ ટાળનારું. ૦ણ,૦ણટોળણ ન૦ (ચળામણ, ઝટકામણ જેવો) ટાળી મૂકેલો નકામો ભાગ [ખરાબ છોડવું

ટાળવું સ૦ક્રિ૦ દૂર કરવું; નિવારવું (૨) સારું કાઢી લઈ

ટાળી અ૦ વિના; સિવાય

ટાળો પું૦ વાયદા કર્યા કરવા તે (૨) જુદાઈ–અંતર ગણવું –રાખવું તે (૩) ભેદ; ખેલ; ચમત્કાર (૪) સંજોગ; તાકડો

ટાંક પું૦ શેરનો ૭૨મો ભાગ (૨) મોતી તોળવાનું એક વજન–તોલ (૩) લખત; લખાણ(૪) સ્ત્રી૦ ઘડેલી કલમની અણી (૫) અણિયું; 'નિબ' (૬) ટંક; વેળા

ટાંકટ(-ર) વિ૦ લુચ્ચું; લફંગું; રંડીબાજ

ટાંકણી સ્ત્રી૦ કાગળ ઇત્યાદિમાં ખોસવાની માથાદાર ઝીણી સળી (૨) સુતારનું એક ઓજાર (૩) વારંવાર ટોકવું તે; ટોકણી [અવસર; ટાણું

ટાંકણું ન૦ ટાંકવાનું ઓજાર (૨) જોગ; પ્રસંગ (૩) રૂડો

ટાંકલી સ્ત્રી૦ નાનું ટાંકું (૨) ખોસવાની ટાંકણી (૩) પળી

ટાંકવું સ૦ક્રિ૦ ખણવું; કોતરવું (૨) ટાંકા ભરવા; સાંધવું (૩) સાથે જોડવું (૪) ઉતારો કરવો [બારી

ટાંકાબારી સ્ત્રી૦ કફોડી દશામાંથી છટકવાની-નીકળી જવાની

ટાંકી સ્ત્રી૦ પાણી ભરવાનો છોબંધ કે લોખંડનો કોઠો (૨) નાનું ટાંકું (પાણીનું) (૩) ચાંદીનો રોગ (૪) ટાંકવાની –કોતરવાની ક્રિયા (૫) [લા.] ફાયદો–અસર (દવાની)

ટાંકું ન૦ વરસાદનું પાણી ભરી મૂકવાને જમીનની અંદર બનાવેલો છોબંધ કોઠો (૨) [જમવા માટે] પાણીથી ઠારેલું ઘી (૩) તાકું; મોટો ગોખલો

ટાંકો પું૦ બખિયો; સીવણ [એક પ્રકાર

ટાંગ સ્ત્રી૦ ટાંગો; પગ. ૦તોલ સ્ત્રી૦ બેઠકની કસરતનો

ટાંગણ ન૦ ટટ્ટુ; નાનું ઘોડું (૨) ઘણું ઠીંગણું માણસ

ટાંગવું સ૦ક્રિ૦ લટકાવવું

ટાંગો પું૦ ટાંગ; ટાંટિયો (૨) ઘોડાગાડી; ટપ્પાગાડી. –ગાટોળી સ્ત્રી૦ ટાંટિયો અને હાથ ઝાલી લબડતું ઉપાડવું તે. –ગાતોડ સ્ત્રી૦ રખડપટ્ટી

ટાંચ સ્ત્રી૦ જપ્તી (૨) કલમની અણીનો ત્રાંસો કાપ (૩) ટચકો (૪) ઘટ; ખોટ. ૦ણ ન૦ ટૂંકી નોંધ. ૦ણી સ્ત્રી૦ ટાંચણ (૨) ટાંકણી. ૦પ સ્ત્રી૦ ઘટ; ઓછપ. ૦વું સ૦ક્રિ૦ ટાંકા મારવા (૨) ખોસવું; ઘોંચવું (૩) કલમની અણી કાપવી (૪) કરકસર કરવી; ખર્ચ કમી કરવું. –ચું વિ૦ ઊણું; ઓછું (૨) ન૦ ઊણપ; ઘટ

ટાંટિયો પું૦ પગ (તુચ્છકારમાં)

ટાંઠ સ્ત્રી૦ ટાંઠું; ધાડું

ટાંહર સ્ત્રી૦ તકરાર; કજિયો (૨) ધ્રુજારી; કંપ

ટાંડી સ્ત્રી૦ (કા.) દીવાસળી

ટાંડું ન૦ પોઠ; વણજાર (૨) ટોળું; ધાડું (૩) ટોચ; શિખર

ટાંડેમાંડે અ૦ લગોલગ; છેડે (?)

ટાંડો પું૦ (કા.) દેવતા; અગ્નિ (૨) ઢાંઢો; બળદ

ટાંપ સ્ત્રી૦;ન૦વાક્યમાં આવતું વિરામચિહ્ન(૨)પૂર્ણ વિરામ

ટાંપણી સ્ત્રી૦ટાંપી રહેવું તે.–વું સ૦ક્રિ૦તાકી–તલપી રહેવું

ટાંપાટરડું વિ૦ રાંટું; વળીને ઘાટ વિનાનું થઈ ગયેલું

ટાંપું ન૦ મળવા જવું તે (૨) ફેરો; આંટો. ૦ટૈયું ન૦ ફેરો–આંટો ખાવાનું કામ

ટાંભરવાયું વિ૦ (કા.) સહેજ ભીનાશવાળું

ટિકટિકી ન૦ એક પક્ષી [પ્રેરક

ટિકાવું અ૦ક્રિ૦, –વવું સ૦ ક્રિ૦ 'ટીકવું'નું કર્મણિ ને

ટિકા(-લા)યત વિ૦ પાટવી; વડું (૨) પું૦ પાટવી કુંવર

ટિકિટ સ્ત્રી૦ [इं.] પ્રવેશવા, જવા તથા મોકલવા કરવાના પરવાનાનો કાગળ કે પૂઠાનો કકડો. ૦માસ્તર પું૦ ટિકિટ આપનાર. ૦કલેક્ટર પું૦ ટિકિટ લેનાર કે તપાસનાર કામદાર

ટિક્કડ પું૦ તિક્કડ, જાડો રોટલો [ટીલડી

ટિક્કી સ્ત્રી૦ સફળતા (૨) લાગવગ; સિફારસ (૩) ટીપકી–

ટિક્કો પું૦ ચાંલ્લો; મોટું ટીલું (૨) ડામ; ડિંગો

ટિચકારી સ્ત્રી૦ મશ્કરી; મજાક; તોફાન. –રો પું૦ ટીચવાનો અવાજ (૨) મસ્તી; તોફાન

ટિચાવવું સ૦ક્રિ૦ 'ટીચવું'નું પ્રેરક. **ટિચાવું** અ૦ક્રિ૦ અફળાવું; કુટાવું(૨)નકામા ફેરા ખાવા(૩)'ટીચવું'નું કર્મણિ

ટિટિ(-ટ્ટિ)ભ પું૦ [सं.] ટિટોડો. –ભી સ્ત્રી૦ ટિટોડી

ટિટિયાણ ન૦,–રો પું૦ કકલાણ; કકળાટ; કંકાસ

ટિટોડી સ્ત્રી૦ એક પક્ષી. –ડો પું૦ ટિટોડીનો નર

ટિટોલી સ્ત્રી૦સૂકા તુવેરના દાણાનું ખૂબ પાણીવાળું શાક(સુ.)

ટિટ્ટિભ પું૦,–ભી સ્ત્રી૦ [सं.] જુઓ 'ટિટિભ'માં

ટિણુટિણી સ્ત્રી૦ (રવ૦) એક પક્ષીનો ધીમો અવાજ

ટિન ન૦ [इं.] એક ધાતુ–કલાઈ (૨) ટિનના પતરાનું વાસણ

ટિપણિયો પું૦ ટીપણું જોઈ ભવિષ્ય ભાખી ખાનારો

ટિપાઈ સ્ત્રી૦ ત્રિપાઈ

ટિપાવું અ૦ક્રિ૦, –વવું સ૦ક્રિ૦ 'ટીપવું''નું કર્મણિ ને પ્રેરક

ટિપ્પણ ન૦, –ણી(-ની) સ્ત્રી૦ [सं.] સમજૂતી માટે લખેલી નાની ટીકા (૨) ટાંચણ; ટૂંક નોંધ

ટિપ્પણી(-ની) સ્ત્રી૦ પાણીની તાણ પડવી તે (૨) સારી પેઠે ટીપવું–ટીપી બેસાડવું તે (૩) [सं.] જુઓ ટિપ્પણ

ટિપ્પો પું૦ લખોટી કે ભમરડા વડે રમતમાં બીજી લખોટી કે ભમરડાને મારવો તે (૨) ટપલો (૩) મહેણું

ટિફિનબૉક્સ સ્ત્રી૦ [इं.] નાસ્તો લાવવા લઈ જવામાં ફાવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવું એક પાત્ર
ટિલાયત વિ૦ (૨) પું૦ જુઓ ટિકાયત
ટિલોર ન૦ એક પક્ષી
ટિળક પું૦ [મ.] (સં.) લોકમાન્ય તિલક
ટિંગળાવું અ૦ક્રિ૦ ટિંગાવું. **ટિંગાટોળી** સ્ત્રી૦ જુઓ ટાંગાટોળી. **ટિંગાડ(-વ)વું** સ૦ક્રિ૦ 'ટિંગાવું'નું પ્રેરક
ટિંગાવું અ૦ક્રિ૦ ટંગાવું; લટકાવું
ટિંબ પું૦ અનુસ્વાર (૨) ટપકા જેવું-પૂર્ણવિરામનું ચિહ્ન
ટિંબરું ન૦,-**રવો** પું૦ એક ઝાડ. -**રવું** ન૦ તેનું ફળ
ટિંબો પું૦ ટેકરો; ટીંબો
ટીકડી સ્ત્રી૦ નાની ચપટી ચકતી
ટીકવું સ૦ક્રિ૦ તાકી તાકીને જોવું (૨) ટીકા કરવી
ટીકા સ્ત્રી૦[સં.] સમજૂતી આપવા કરેલું વિવરણ (૨) ગુણ-દોષની સમાલોચના (૩) નિંદા; વગોવણી. ૦**કાર** પું૦ ટીકા કરનાર; વિવેચક. ૦**ખોર** વિ૦ ટીકા-નિંદા કરવાની આદતવાળું
ટીકી સ્ત્રી૦ સોનેરી કે રૂપેરી ટપકી (૨) ઝીણો ચાંલ્લો; ટીલડી.
ટીકો પું૦ જુઓ ટિક્કો
ટીખળ ન૦ આનંદ ખાતર કરેલી મશ્કરી-મજાક-તોફાન.
ટીખળી વિ૦ ટીખળ કરે એવું; મશ્કરું
ટીચકું વિ૦ ઠીંગણું (૨) ન૦ નાકનું ટેરવું
ટીચવું સ૦ક્રિ૦ ઠોકવું; ટીપવું; છૂંદવું
ટીચો પું૦ ગોબો
ટીડું વિ૦ જિદ્દી
ટીપ સ્ત્રી૦ યાદી;નોંધ (૨) ઉઘરાણીનો કાગળ; લખણી (૩) કેદની સજા (૪) પાણીની તંગી; ટિપ્પણી (૫) ઘણો જ ઊંચો સૂર (ગાવામાં) (૬) થાબડી; ટીપણી
ટીપકી સ્ત્રી૦ સોનેરી કે રૂપેરી ટપકી
ટીપણી સ્ત્રી૦ જુઓ ટિપ્પણી
ટીપણું ન૦ પંચાંગ
ટીપરી સ્ત્રી૦ અર્ધા શેરનું માપિયું [બનાવવો
ટીપવું સ૦ક્રિ૦ કઠણ વસ્તુથી ઠોકવું (૨) ઘડીને આકાર
ટીપું ન૦ પ્રવાહીનું ટપકું
ટીબ ન૦ એક જાતનું ભરત [લાકડાનો કકડો
ટીબકું ન૦(કા.) થાંભલી ને પાટડા વચ્ચે મુકાતો ઘાટવાળો
ટીમ ન૦ગચિયું; ટીમલું [સગાંસંબંધીને અપાતું જમણ
ટીમણ ન૦ નાસ્તો (૨) ભાથું (૩) લગ્નને આગલે દિવસે
ટીમર સ્ત્રી૦ જુઓ ટીંબો [ઢીમચું
ટીમલું ન૦ ગચિયું (૨) (પાપડ ટીપવા માટે) લાકડાનું
ટીલડી સ્ત્રી૦ કપાળે ચોડવાની ટીપકી (૨) નાનો ચાંલ્લો (૩) મોરના પીંછાની આંખ-ચંદ્રક
ટીલવું વિ૦ ટીલાવાળું (૨) ન૦ બ્રાહ્મણ (તિરસ્કારમાં). -**વો**, **ટીલિયો** પું૦ ટીલું કરનારો; ટીલાવાળો

ટીલી સ્ત્રી૦ ટીલડી. -**લું** ન૦ તિલક. -**લો** પું૦ ઊભું ટીલું
ટીશી(-સી),-**સલી** સ્ત્રી૦અંકુર; કૂંપળ(૨)અણીદાર કળી (ફૂલની) (૩) ટોચ; શિખર (૪) શેખી; પતરાજી
ટીશી(-સી)ખોર વિ૦ શેખીખોર
ટીસા ન૦ એક પક્ષી
ટીસી,૦ખોર જુઓ ટીશી,૦ખોર
ટીસો પું૦ ગેડીદડાની એક રમત
ટીહો પું૦ જુઓ ડિંગો
ટીંગળાવું અ૦ક્રિ૦ ટિંગાવું; લટકવું. **ટીંગાટોળી** સ્ત્રી૦ ટિંગાટોળી; ટાંગાટોળી. **ટીંગાડ(-વ)વું** સ૦ક્રિ૦ જુઓ ટિંગાડવું. **ટીંગાવું** અ૦ક્રિ૦ જુઓ ટિંગાવું
ટીંટીં અ૦ (રવ૦)
ટીંડોરું ન૦ એક શાક-ફળ
ટીંબરું ન૦,-**રવો** પું૦;-**રવું** ન૦ જુઓ 'ટિંબરું'માં
ટીંબો પું૦ જુઓ ટિંબો
ટુક પું૦ ટુકડો (પ.)
ટુકડી સ્ત્રી૦ ટોળી
ટુકડો પું૦ નાનો ભાગ; કકડો (૨)[લા.] ખાવાનો કકડો. -**ડાખાઉ**,-**ડાખોર** વિ૦ ટુકડા માગીને જીવનારું; ભિખારી
ટુક્કલ સ્ત્રી૦;પું૦ મોટો પતંગ
ટુચકી સ્ત્રી૦ જુઓ ચપટી (૨) + નાનો તુક્કો; બૂઠું તીર
ટુચકો પું૦ રસ ઊપજે તેવી ટૂંકી વાત કે વાક્ય (૨) મંતર જંતરને લગતું નાનું વાક્ય કે પ્રયોગ (૩) અણસારો; સંકેત
ટુમટુમી સ્ત્રી૦ નાનું નગારું કે થાળી (ઢંઢેરો પીટવાને)
ટુવાલ પું૦ અંગૂછો [ટહુકો; ટહુકાર
ટુહૂ અ૦ (રવ૦) કોયલના ટહુકાની જેમ. ૦**ક(-કાર)** પું૦
ટુંકાર,-**રો** પું૦જુઓ તુંકાર. ૦**વું** સ૦ક્રિ૦ ટુંકારો કરવો
ટુંબો પું૦ ટોણો [સમૂહ; તૂક
ટૂક સ્ત્રી૦ ટોચ; શિખર (૨) કવિતાની અમુક કડીઓનો
ટૂટલું વિ૦ ઠૂંઠું; હાથની ખોડવાળું
ટૂથબ્રશ ન૦ [ઇં.] દાંત ઘસવાની પીંછી જેવી બનાવટ
ટૂમણ ન૦ મંતરમંતરનો ટુચકો (૨) ઓછપનું વાંકું પડવું-રીસ ચડવી તે (૩) કણક ગદડવાનું ઘી કે તેલ
ટૂવો પું૦ ખાડો; ગોબો (૨) ઊંડું દર; નારું (૩) ટપકું; બિંદુ (૪) પાણી ટોવું તે (તમાકુ વગેરેને)
ટૂંક સ્ત્રી૦ સ્વમાનની ટેક-લાગણી (૨) કવિતાની ટૂક (૩) વિ૦ ટૂંકું. ૦**ભંડોળિયું** વિ૦ ટૂંક-અલ્પ ભંડોળવાળું. -**કાક્ષરી(૦લિપિ)** સ્ત્રી૦ ટૂંકામાં-ઉતાવળે લખવાની લિપિ; "શૉર્ટહૅન્ડ". -**કાણ** ન૦ ટૂંકું કે ટૂંકાવવું તે. -**કાવવું** સ૦ક્રિ૦ ટૂંકું કરવું. -**કું** વિ૦ લાંબું; વિસ્તૃત નહિ એવું. ૦**કુંટચ** વિ૦ ખૂબ ટૂંકું
ટૂંટમૂંટ વિ૦ ભાગેલુંતૂટેલું
ટૂંટલું(-ળું) વિ૦ જુઓ ટૂટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૂંટિયું ન૦ ટોકડું વળીને સૂવું તે (૨) એક પ્રકારનો તાવ
ટૂંઠું(-ઠું) વિ૦ ટૂંટલું; ટૂંઠું (૨) ઉદ્ધત; અસભ્ય
ટૂંડી સ્ત્રી૦ કૂવાની અંદરની કૂંડી; કઠવો
ટૂંઠું વિ૦ જુઓ ટૂંઠું
ટૂંઠો પું૦ ટૂંટા હાથવાળો પુરુષ (૨) ઠગ
ટૂંપ,-પેટૂંપ વિ૦ સાંધામાંથી રહી ગયેલું; અકડાઈ ગયેલું
ટૂંપણ ન૦ મૂળમાંથી ચૂંટી નાખવું તે (૨) નીંદણ (૩) ખૂબ ગૂંદવું–મસળવું તે (૪) ટૂંપવાનું ઘી કે તેલ; ટૂમણ
ટૂંપણું ન૦ ટૂંપવું તે (૨) ટૂંપવાનું ઓજાર
ટૂંપવું સ૦ક્રિ૦ મૂળમાંથી ખેંચી નાખવું; ખૂંટવું (૨) રૂને કાલામાંથી ચૂંટી છૂટું કરવું (૩) [મહેણાંથી] પીંખી નાખવું; શરમિંદું કરવું (૪) મસળીને ગદડવું; કસણવું. ટૂંપાવવું (પ્રેરક). ટૂંપાવું અ૦ક્રિ૦ (કર્મણિ) (૨) ગળે ભીંસાવું　　[ટૂંપવાનું ઓજાર
ટૂંપિયો પું૦ ગળામાં પહેરવાનું એક ઘરેણું (૨) વાળ
ટૂંપો પું૦ હેડિયો (૨) ગળું દબાવવું તે; ફાંસો
ટૂંબો પું૦ ઠૂંબો; મહેણું; ટોણો　　[(૪)કવિતાનું ધ્રુવપદ
ટેક પું૦; સ્ત્રી૦ પણ; નિશ્ચય (૨) શાખ; આબરૂ (૩) ટેકો
ટેકણ ન૦ ટેકો; આધાર　　[પું૦ મોટી ટેકરી
ટેકરી સ્ત્રી૦ ઊંચી જગા (૨) ડુંગરી; નાનો પર્વત. -રો
ટેક(-કા)વવું સ૦ક્રિ૦ ટેકો–આધાર આપવો
ટેકવું અ૦ક્રિ૦ ટેકો–આધાર લેવો
ટેકાવવું સ૦ક્રિ૦ જુઓ ટેકવવું
ટેકી સ્ત્રી૦ નાનો ટેકો (૨) જુઓ ટીકી
ટેકી, ૦લું વિ૦ ટેક–વટવાળું. ૦પણું, ૦લાપણું ન૦
ટેકો પું૦ આધાર; આશ્રય (૨) આધારની વસ્તુ; થાંભલો
ટેચ સ્ત્રી૦ કચકચ; તકરાર (૨) અહંતા; ગર્વ
ટેટી સ્ત્રી૦ એક ફળ–સકરટેટી (૨) નાનો ટેટો–ફટાકડો
ટેઠું ન૦ બરુનું મૂળ (૨) પગની ઘૂંટી અને ઢીંચણ વચ્ચેનો માંસલ અવયવ
ટેટો પું૦ વડનું ફળ (૨) ફટાકડો
ટેઠવા પું૦બ૦વ૦ ઘૂઘરી; કઠોળનું બાફણું
ટેડું વિ૦ વળેલું; વાંકું; આડું (૨) [લા.] મિજાજી; આડું. -ડાઈ સ્ત્રી૦ ટેડાપણું (૨) [લા.] આડાઈ; ગર્વ
ટેનિસ [ઇં.] એક અંગ્રેજી રમત
ટેબલ ન૦ [ઇં.] મેજ
ટેભો પું૦ ટાંકો; સાંધો
ટેમ્પરેચર ન૦; સ્ત્રી૦[ઇં.] (તાવ કે હવાની) ગરમીનું માપ
ટેરવવું સ૦ક્રિ૦ ઠેરવવું; બેસતું કરવું (૨) ભલામણ કરવી
ટેરવું ન૦ પાતળો છેડો; અણી (૨) સ૦ક્રિ૦ હરાવવું
ટેરો પું૦ પડદો; અંતરપટ (૨) પથ્થર જેવી કઠણ ચીજ (૩) વડનો ટેટો　　[મોકલવો તે
ટેલિગ્રાફ પું૦ [ઇં.] વીજળીથી તાર મારફત સંદેશો
ટેલિફોન પું૦ [ઇં.] વીજળી દ્વારા દૂર વાત કરવાનું યંત્ર
ટેવ સ્ત્રી૦લત; ખો. ૦ડા(-રા)વવું સ૦ક્રિ૦ ટેવ પડાવવી
ટેવણી સ્ત્રી૦ (કા.) અનુમાન; અટકળ
ટેવવું સ૦ક્રિ૦ જોયાં કરવું (૨) ધારવું; અટકળ કરવી (૩) સહવાસ કરાવવો; પરિચયમાં લાવવું
ટેવાવું અ૦ક્રિ૦ ટેવ પડવી; પરિચિત થવું
ટેવાળવું સ૦ક્રિ૦ એકદમ જવું
ટેસ પું૦ સ્વાદ; લિજ્જત (ઉદા૦ દારૂનો ટેસ)
ટેસું વિ૦ પાકીને ફાટું ફાટું થઈ ગયેલું
ટૈં અ૦ થાકીને લોથપોથ　　[કરવું; ચિચવાવવું (ચ.)
ટૈંકાવવું સ૦ક્રિ૦ આશા આપી આપીને આતુર–અધીરું
ટૈંગરો પું૦ નારાજીથી કટાણું કરેલું મોઢું (૨) પતરાજી
ટૈંડું વિ૦ ટૈં–ઠું થઈ ગયેલું (૨) અફીણથી બેહાલ–ચકચૂર (૩) ન૦ અફીણિયો; દરિદ્રી (૪) એક ઔષધિ (૫) રજપૂત (તિરસ્કારમાં)
ટૈંટૈં અ૦ (રવ૦) (૨) સ્ત્રી૦ પતરાજી (૩) અણગમાનો બબડાટ
ટૈડ સ્ત્રી૦ (ચ.) મિજાજ; શેખી; ટેડાપણું
ટૈડકો પું૦ (ચ.) ગુસ્સો અને ખીજ; રીસ (૨) છણકો; ટણકો
ટોક,૦ણી સ્ત્રી૦,૦ણું ન૦ વારંવાર કહેવું–ઠપકો આપવો તે (૨) નજર લાગવી–ટોકાવું તે
ટોકડાર ન૦ એક પક્ષી
ટોકણી સ્ત્રી૦,-ણું ન૦ જુઓ 'ટોક'માં
ટોકરી સ્ત્રી૦ ઘંટડી. -રો પું૦ મોટી ટોકરી; ઘંટ
ટોકવું સ૦ક્રિ૦ વારંવાર કહેવું–પૂછવું–ઠપકો દેવો (૨) નજર લાગે એમ કહેવું
ટોકળો પું૦ મોટી જૂ　　[ટૂંબો
ટોચ સ્ત્રી૦ છેક ઉપરનો ભાગ; શિખર (૨) ભોંક (૩) મહેણું;
ટોચકી સ્ત્રી૦ નાનું ટોચકું. -કું ન૦ ટોચનો નાનો પાતળો કે ગોળ ભાગ　　[આપવો
ટોચવું સ૦ક્રિ૦ ભોંકવું (૨) [લા.] વારંવાર કહ્યા કરવું; ઠપકો
ટોચો પું૦ ગોદો; તેનો ઘા (૨) [લા.] મહેણું; ટૂંબો
ટોટી સ્ત્રી૦ કોઈ પણ વસ્તુ ઉપર બેસાડવાનો ખોળી જેવો ઘાટ (૨) કાનનું એક ઘરેણું　　[મોટો ટેટો
ટોટો પું૦ મોટી ટોટી (૨) ગળાનો હૈડિયો (૩) એક દારૂખાનું;
ટોડર પું૦ ડમરો; ડમરાની મંજરી (૨) કલગી
ટોડલો પું૦ જુઓ ટોલ્લો　　[વાર્ષિક રકમ
ટોડાગરાસ પું૦ ગરાસ પેટે સરકાર તરફથી ઊચક મળતી
ટોડી સ્ત્રી૦ એક રાગિણી (૨) ટોડા જાતના રજપૂતની સ્ત્રી
ટોડો પું૦ પગે પહેરવાનું એક ઘરેણું (૨) બંદૂક સળગાવવાની જાડી લાંબી જામગરી (૩) એક હજાર રૂપિયા કે તેની ભરેલી કોથળી (૪) ટોડાગરાસ (૫) ટોલ્લો (૬) મિનારો (૭) મોખરો; ભાગોળ　　[(૨) જાદુટોણાં
ટોણ(-ણું) ન૦, ટોણો પું૦ મહેણું; મર્મવચનનો ઠોક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોપ પું૦લોઢાની લશ્કરી ટોપી (૨) વરસાદ વખતે ઓઢવાની બનાતની ટોપી (૩) મોટી છત્રી (૪) રાંધવાનું મોટું તપેલું (૫) બિલાડીનો ટોપ

ટોપચું ન૦ સાહેબની ટોપી(૨)તે પહેરનારો (તિરસ્કારમાં)

ટોપરું ન૦ જુઓ કોપરું. **–રાપાક** પું૦ જુઓ કોપરાપાક

ટોપલી સ્ત્રી૦ વાંસ કે ઘાસ ઇ૦ની, પાત્ર જેવી બનાવટ. **–લો** પું૦ મોટી ટોપલી [ગોરો (૨) વેરાગી

ટોપી સ્ત્રી૦ માથાનો એક પહેરવેશ. **૦વાળો** પું૦ યુરોપિયન;

ટોપું ન૦ આંખની ભમર (૨) ટોપી (તુચ્છકારમાં)

ટોયલી સ્ત્રી૦ લોટી; કસલી. **-લું** ન૦ પહોળા મોંનું ઘીતેલ ભરવાનું વાસણ

ટોયું ન૦ દાણાનું માપિયું

ટોયો પું૦ બૂમો પાડી ખેતરમાંથી પંખી ઉડાડનારો

ટૉર્ચ સ્ત્રી૦ [ઇં.] મશાલની જેમ સાથે રાખી ફરાય એવી વીજળીની બત્તી

ટોલ પું૦ [ઇં.] કર; દાણ; વેરો (૨) એ લેવાનું સ્થળ; નાકું

ટોલ પું૦ [ફ.] ઘરેણું

ટોલકું ન૦[સુ.] લાકડાનો ફાડ્યા વિનાનો કકડો; ટોળી

ટોલકું [ટાં] ન૦ બોડું માથું; ટાલકું

ટોલો પું૦ ટોકળો; મોટી જૂ

ટોલ્લો પું૦ બારસાખના ઉપલા લાકડા આગળ રહેતો છેડો (૨) ટલ્લો; વાયદો (૩) ઉડાડવું–ઉછાળવું તે (૪) મોઈ ને દંડાનો ફટકો મારી ઉડાડવી તે કે તેથી થતો અવાજ

ટોવાવું અ૦ક્રિ૦ વગોવાવું; નિંદાવું (૨) ‘ટોવું’નું કર્મણિ

ટોવું સ૦ક્રિ૦ બૂમ પાડી પક્ષી ઉડાડવાં [ખેતર સાચવવા] (૨) ટીપે ટીપે પાણી પાડવું

ટોળ પું૦; સ્ત્રી; ન૦ હસવું આવે એવી ક્રિયા અથવા બોલ; મશ્કરીઠઠ્ઠો. **૦ટપ્પો** પું૦ મશ્કરીઠઠ્ઠાની વાત. **૦ટીખળ** ન૦ ટોળ અને ટીખળ. **૦બાજી** સ્ત્રી૦ ઠઠ્ઠામશ્કરી

ટોળક,–કિયો પું૦એ નામની બ્રાહ્મણની એક જાતનો માણસ

ટોળકી સ્ત્રી૦ ટોળી [વળવું; એકઠું થવું

ટોળવવું સ૦ક્રિ૦ ટોળે કરવું. **ટોળવાવું** અ૦ક્રિ૦ ટોળે

ટોળિયો પું૦ મશ્કરો; વિદૂષક

ટોળી સ્ત્રી૦ મંડળી (૨) (ચ.) જુઓ ટોલકું [સુ.]

ટોળું [ટો] વિ૦ મશ્કરું

ટોળું ન૦ સમુદાય; સમૂહ. **–ળાધર્મ** પું૦ પોતાના જ ટોળા-વર્ગ માટે લાગણી કે તે પૂરતી ધર્મભાવના. **–ળાધર્મી** વિ૦ ટોળાધર્મવાળું. **–ળાશાહી** સ્ત્રી૦ ટોળાની ગુંડાશાહી

ટોળો પું૦ ટોળું

ટોંચ સ્ત્રી૦ ટોંચવાથી પડેલો ખાડો (૨) ફાચર; ફાંસ (૩) મહેણું; ટાણું (૪) ઠપકો; ગોદ. **૦ણું** ન૦ ટોંચવાનું ઓજાર; ટાંકણું. **૦વું** સ૦ક્રિ૦ જુઓ ટોંચવું

ટૌકાર(૦વ) પું૦ જુઓ ટહુકાર

ટૌકો પું૦ જુઓ ટહુકો

ટ્રસ્ટ ન૦ [ઇં.] ન્યાસ; સુપરત (૨) સાચવણી અને વ્યવસ્થા માટે સુપરત કરેલો પારકો માલ. **–સ્ટી** પું૦ જેને ટ્રસ્ટ સોંપવામાં આવ્યું હોય તે

ટ્રંક સ્ત્રી૦ [ઇં.] મુસાફરીમાં ચાલે એવી પતરાની પેટી

ટ્રામ(૦ગાડી) સ્ત્રી૦ [ઇં.] (ઘોડાથી કે ઘણે ભાગે યાંત્રિક બળથી ચાલતું) એક વાહન

ટ્રૅક્ટર ન૦ [ઇં.] જમીન ખેડવા માટેનું યંત્ર

ટ્રેન સ્ત્રી૦ [ઇં.] રેલગાડી

ટૉલ્સ્ટૉય પું૦ [સં.] એક પ્રખ્યાત રશિયન સાહિત્યકાર

ઠ

ઠ પું૦ [સં.] મૂર્ધસ્થાની બીજો વ્યંજન. **૦કાર** પું૦ ઠ અક્ષર કે એનો ઉચ્ચાર. **૦કારાંત** વિ૦ છેડે ઠકારવાળું. **૦ક્કો** પું૦ ઠકાર

ઠકઠક અ૦ (રવ૦) ઠોકાવાનો રવ

ઠકરાઈ સ્ત્રી૦ ઠાકોરપણું (૨) શેઠાઈ; મોટાઈ. **–ણાં** ન૦ બ૦વ૦ ઠાકોરની સ્ત્રી (માનાર્થે). **–ણો** પું૦ ઠાકોર. **–ણી** સ્ત્રી૦ ઠાકોરની સ્ત્રી. **–ત** સ્ત્રી૦ જુઓ ઠકરાઈ(૨) ઠાકોરની હકૂમતની જાગીર–ગરાસ. **–તી** વિ૦ ઠકરાતને લગતું. **–ણું** ન૦ ઠાકોરનું ગામ કે નાનું રાજ્ય. **–ણાં** ન૦બ૦વ૦ જુઓ ઠકરાણાં

ઠક્કુર પું૦ [સં.] ઠાકોર

ઠગ વિ૦ ઠગનારું (૨) એ નામની લૂંટારાની એક જાતનું (૩) પું૦ એક જાતનો માણસ (૪) ઠગનાર. **૦ણું** વિ૦ ઠગારું; લુચ્ચું. **૦બાજી** સ્ત્રી૦ ઠગાઈ; પ્રપંચ. **૦વિદ્યા** સ્ત્રી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠગવાની વિદ્યા–કળા (૨) ઠગબાજી. ૦વું સ૦ક્રિ૦ ભોળવીને છેતરવું; ધૂતવું. ૦વેદા પું૦બ૦વ૦ ઠગ જેવું વર્તન; ઠગાઈ. ૦વૈદ પું૦ જુઠ્ઠો વૈદ. –ગાઈ સ્ત્રી૦ ઠગવાની ક્રિયા; ઠગબાજી. –ગારું વિ૦ ઠગે એવું. –ગી સ્ત્રી૦ ઠગાઈ; ઠગવિદ્યા [ઠંઠેરવું

ઠગઠગાવવું સ૦ક્રિ૦ ગોઠવાઈને વધુ માય તે માટે પાત્રને

ઠચરી સ્ત્રી૦ ડોસી. –રો પું૦ ડોસો. –રું વિ૦ અતિ વૃદ્ધ; ખખળી ગયેલું. (ત્રણે તિરસ્કારમાં વપરાય છે.)

ઠચ્ચર વિ૦ ઢચ્ચર; બહુ ઘરડું

ઠચૂક,૦ઠચૂક અ૦ (રવ૦) (મંદ ગતિ સૂચવે છે.)

ઠઠ સ્ત્રી૦ ભીડ; ગિરદી; જમાવ

ઠઠકારવું સ૦ક્રિ૦ (રવ૦) ઠપકો દેવો; ધધડાવવું

ઠ(૦ણ)ઠણવું અ૦ક્રિ૦ (રવ૦) ઠણઠણ એવો અવાજ થવો

ઠઠમ(–ર્ભે)ઠ સ્ત્રી૦ ચાકરી; બરદાશ; મહેમાનગીરી

ઠઠરવું અ૦ક્રિ૦ ઠાઠવાળું—દેખાવડું બનવું (૨) [ટાઢે] થરથરવું; ધ્રૂજવું [(૨) ખખળી જવું

ઠઠળવું અ૦ક્રિ૦ ન બફાતાં અફળાયા કરવું [દાણા માટે]

ઠઠાડવું સ૦ક્રિ૦ અડાડી–ઘુસાડી દેવું [ઠાઠમાઠ

ઠઠારવું સ૦ક્રિ૦ ઠાઠ કરવો; ખૂબ શણગારવું. ઠઠારો પું૦

ઠઠોરી(–ળી) સ્ત્રી૦ ઠંઠોળી; મજાક; મશ્કરી

ઠઠ્ઠો પું૦ જુઓ 'ઠ'માં (૨) મશ્કરી; ઠેકડી. –ઠ્ઠાખોર વિ૦ ઠઠ્ઠામશ્કરી કરવાની આદતવાળું. –ઠ્ઠાચિત્ર ન૦નર્મચિત્ર; 'કેરિકેચર'. –ઠ્ઠાબાજી,–ઠ્ઠામશ્કરી સ્ત્રી૦ ટોળટીખળ

ઠડ્યું વિ૦ (કા.) નિરર્થક રહી ગયેલું

ઠણક સ્ત્રી૦ (રવ૦) એવો અવાજ–રણકો (૨) પગનાં જોટવાં ઠણકે એવી ચાલ. ૦વું અ૦ક્રિ૦ ઠણક અવાજ થવો; રણકવું (૨) રણકે એમ ચાલવું (૩) રહી રહીને રોવું. –કારવું અ૦ક્રિ૦ ઠણક અવાજ કરવો (૨) ઠણકે એમ ચાલવું. –કારો પું૦ ઠણક અવાજ. –કો પું૦ ઠણકારો (૨) ઠમકો (૩) ટાઢની ધ્રુજારી; કંપ

ઠણઠણ અ૦ (રવ૦) (ખાલી વાસણના જેવો અવાજ.) ૦પાક પું૦ માર. ૦(૦ગો)પાળ પું૦ કંઈ પણ સાધન કે બુદ્ધિ વગરનો આદમી. ૦વું અ૦ ક્રિ૦ જુઓ ઠઠણવું. –ણાટ, ઠણત્કાર પું૦ ઠણઠણ એવો અવાજ

ઠપ અ૦(રવ૦). ૦ક(–કા)વું અ૦ક્રિ૦ ઠપ એવો અવાજ થવો (૨) પછડાવું; ઠોકાવું. ૦કાર પું૦ ઠપકવાનો અવાજ. ૦કારવું સ૦ક્રિ૦ ઠપકે એમ કરવું; પછાડવું (૨) ઠપકો દેવો (૩) મારવું

ઠપકો પું૦ દોષ બદલ ધમકાવવું–વઢવું તે કે તેનાં વેણ

ઠબ અ૦ (રવ૦) ઠબ એવો અવાજ; ઠપ. ૦ક(–કા)વું અ૦ક્રિ૦જુઓ ઠપકવું. ૦કાર પું૦જુઓ ઠપકાર. ૦કારવું સ૦ક્રિ૦ જુઓ ઠપકારવું. ૦ઠબાવવું સ૦ક્રિ૦ જુઓ ઠગઠગાવવું. ૦લાવું અ૦ક્રિ૦ કુટાવું; અફળાવું; ટિચાવું

ઠબવું અ૦ક્રિ૦ ઠોકવું; ઠબકવું

ઠમ અ૦(રવ૦)(ચાલ–ગતિને અંગે વપરાય છે.)

ઠમક સ્ત્રી૦(રવ૦)ચાલવાની છટા (૨) ઠમકતી ચાલ. ૦ઠમક અ૦(રવ૦)(૨)[લા.] વરણાગીમાં. ૦વું અ૦ક્રિ૦ ઠમક ઠમક એવો અવાજ થવો–કરવો (૨) તેવો અવાજ થાય તેમ ચાલવું. –કારો,–કો પું૦ ઠમકવું તે (૨) લટકો

ઠમઠમ અ૦(રવ૦). ૦વું અ૦ક્રિ૦ ઠમ ઠમ એવો અવાજ થવો–કરવો.–માટ પું૦ઠમઠમવું તે (૨) [લા.] ખાલી ભભકો

ઠમ(–વ)ણી સ્ત્રી૦ વાંચતી વખતે પુસ્તક મૂકવાની ઘોડી

ઠરઠરાવ પું૦ પાકો–છેલ્લો ઠરાવ

ઠરઠામ ન૦ ઠરીને રહેવાનું–નક્કી ઠેકાણું

ઠરઠેકાણું ન૦ જુઓ ઠરઠામ

ઠરડ સ્ત્રી૦ જુઓ ઠરડાટ. ૦વું સ૦ક્રિ૦ બે કે વધુ દોરાને ભેગો વળ દેવો–આમળવું. –ડાટ પું૦ વક્રતા; વાંકાપણું (૨) [લા.] મિજાજ; તોર. –ડાવું અ૦ક્રિ૦ વાંકું વળવું; મરડાવું (૨) 'ઠરડવું'નું કર્મણિ (૩) [લા.] વંકાવું; રિસાવું. –ડું વિ૦ ઠરડવાળું; વાંકું

ઠરવું અ૦ક્રિ૦ સ્થિર થવું (૨) જામવું; તળિયે બેસવું (૩) ઠંડું થવું (૪) ઠંડીથી જામી જવું (૫) નક્કી થવું (૬) શાંત થવું; તૃપ્ત થવું (૭) હોલાઈ જવું. –ણ ન૦ ઠરવું તે.

ઠરાવ પું૦ ઠરાવેલી–નક્કી કરેલી વાત (૨) નિશ્ચય

ઠરાવવું સ૦ક્રિ૦ 'ઠરવું'નું પ્રેરક

ઠરીઠામ અ૦ મૂળ—અસલ ઠેકાણે (૨) નિરાંતે

ઠરેલ વિ૦ પુખ્ત વિચારનું; ડાહ્યું; શાણું. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦

ઠલવવું સ૦ક્રિ૦ જુઓ ઠાલવવું

ઠલવાવું અ૦ક્રિ૦ 'ઠાલવવું'નું કર્મણિ

ઠવણી સ્ત્રી૦ જુઓ ઠમણી

ઠસ વિ૦ ઠાંસીને—સજ્જડ ભરેલું (૨) સજ્જડ; અક્કડ (૩) આશ્ચર્યચકિત (૪) અ૦ ઠસોઠસ (૫) (રવ૦)

ઠસક,–કો પું૦ ઠસ્સો; ભભકો; રોફ (૨) ઠમકો; લટકો. ૦બાજ વિ૦ ચાલાક; ચકોર (૨) પ્રકાશિત; શોભતું (૩) ઠસ્સાવાળું. –કાદાર વિ૦ ઠસકાવાળું

ઠસણિયું ન૦ અટકણ; ઠેસી. –યો પું૦ ઉલાળો; મોટી ઠેસ

ઠસવું અ૦ક્રિ૦ મનમાં ઊતરવું–સમજમાં આવવું

ઠસા(–સો)ઠસ અ૦ ઠાંસી ઠાંસીને ભરાયું હોય એમ

ઠસાવવું સ૦ક્રિ૦ 'ઠસવું'નું પ્રેરક

ઠસ્સો પું૦ ભભકો (૨) રોફ (૩) લટકો. –સ્સાદાર વિ૦ ઠસ્સાવાળું. –સ્સાબંધ અ૦ ઠસ્સામાં; ઠસ્સાભેર

ઠળક સ્ત્રી૦(રવ૦). ૦વું અ૦ક્રિ૦ ઠળક એવો અવાજ થવો

ઠળિયો પું૦ ફળનું કઠણ બી

ઠંગરાવું અ૦ક્રિ૦ જુઓ ઠીંગરાવું

ઠંઠેરવું સ૦ક્રિ૦ ખૂબ હલાવવું (૨) ખૂબ વઢવું—ઠપકો દેવો

ઠંઠેરવું સ૦ક્રિ૦ ઠાઠાં ભાગી નાંખવાં (૨) છેતરવું

CC-0: In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠંઠોળી સ્ત્રી૦ મજાક; હસણી

ઠંડ(-ડી) સ્ત્રી૦ ટાઢ (૨) શીતળતા (૩) શરદી

ઠંડક સ્ત્રી૦ શીતળતા (૨) [લા.] શાંતિ. **-કિયું** વિ૦ ઠંડક કરે એવું (૨) ન૦ ઠંડક કરે એવું ભીનું લૂગડું કે પીણું

ઠંડાઈ(-શ) સ્ત્રી૦ શીતળતા; ઠંડાપણું (૨) ઠંડકનું પીણું (૩) [લા.] ધીમાશ; સુસ્તી

ઠંડિલ ન૦ હવન કરવાની નાની ઓટલી; વેદિ

ઠંડી સ્ત્રી૦ જુઓ ઠંડ

ઠંડું વિ૦ટાઢું;શીતળ(૨) મંદ; સુસ્ત. **૦ગાર** વિ૦ ખૂબ ઠંડું

ઠંસાવું અ૦ક્રિ૦,**-વવું** સ૦ક્રિ૦ 'ઠાંસવું'નું કર્મણિ ને પ્રેરક

ઠા પું૦ સ્થિરતા (૨) ઠરઠેકાણું

ઠાકર પું૦ જુઓ ઠાકોર (૨) એક અડક. **૦ડી** સ્ત્રી૦ ઠાકરડાની સ્ત્રી. **૦ડો** પું૦ નાનો ઠાકોર (૨) એ નામની કોળી ધારાળાની એક જાતનો માણસ. **-રાં** ન૦બ૦વ૦ રજપૂત, ગરાશિયા, ભીલ વગેરે લોકો (૨) ઠકરાણાં. **-રિયો** પું૦ ઠાકોર (૨) વરણાગિયો (૩) એક જાતનો વીંછી. **-રી** સ્ત્રી૦ ઠાકોરની સ્ત્રી; ઠકરાણી [**૦જી** પું૦દેવની–વિષ્ણુની મૂર્તિ

ઠાકોર પું૦ ગામ કે ગરાસનો ધણી; નાનો રાજા (૨) ઠાકોરજી.

ઠાગલી સ્ત્રી૦ ઉડાડેલી મોઈને નીચે પડે તે પહેલાં ડંડો મારવો તે [ગાળવો તે

ઠાગાઠૈયા પું૦બ૦વ૦ કામ કરવાનો દેખાવ કરીને વખત

ઠાગું ન૦ ઠગાઈ; છળકપટ (૨) પીરસેલી થાળી; ભાણું

ઠાગો પું૦ છૂપી રીતે એકઠા થવા કરેલી સંતલસ (૨) ઠગાઈ (૩) જુઓ ઠાગલી

ઠાઠ,૦માઠ પું૦ ભપકો; શોભા

ઠાઠડી સ્ત્રી૦ શબને લઈ જવાની વાંસની એક બનાવટ

ઠાઠમાઠ પું૦ જુઓ ઠાઠ

ઠાઠિયું વિ૦ ઠાઠા જેવું–જીર્ણ થઈ ગયેલું; ખખળી ગયેલું (૨) ન૦તેવું વાહન [દેખાવ કરનારું; દાંભિક

ઠાઠી,૦લું વિ૦ ઠાઠવાળું; ભપકાદાર (૨) [લા.] બહારનો

ઠાઠું ન૦ હાડપિંજર (૨) છાતી અને થાપાનાં હાડકાં (બ૦વ૦માં) (૩) ખોખું; કોઈ પણ જીર્ણ થઈ ગયેલી વસ્તુ (૪) ભાગીતૂટી ઢાલ (૫) વરસાદની સખત ઠંડી; હીકળ (૬) બે વાર છડેલી બાજરીના ચોખ્ખા દાણા

ઠાણ ન૦ તબેલો (૨) ઘોડીની ગર્ભાવસ્થા (૩) સ્થાન; ઠામ (૪) સ્ત્રી૦ ટાપટીપ; નખરાં. **-ણિયો** પું૦ તબેલો સાફ કરનારો; રાવત (૨) ઊંચી જાતનો ઘોડો (૩) જાર (માણસ)

ઠાભ વિ૦ જાણીતું

ઠામ પું૦; ન૦ સ્થાન; ઠેકાણું (૨) ન૦ વાસણ. **૦ણું** ન૦ વાસણ. **૦પલટો,૦બદલો** પું૦ સ્થાનફેર; હવાફેર; રહેવાસૂવાની જગાનો ફેરફાર. **૦પાટલો** પું૦ ઠામ, પાટલા મૂકવા વગેરે ભોજનની તૈયારી (૨) ઠામપલટો (?)

ઠામ(-મૂ)કું અ૦ સાવ; તદ્દન

ઠામે(-મો)ઠામ અ૦ દરેક જગાએ; ઠરઠેર

ઠાયું વિ૦ ઠાવકું; ડાહ્યું

ઠાર પું૦; ન૦ ઓસ; ઝાકળ (૨) ટાઢી હવા; હીકળ (૩) ઠામ; ઠેકાણું [પ.] (૪) પું૦ સુતાર (૫) અ૦ ઠરે–મરે એમ. ઉદા૦ 'ઠાર મારવું–કરવું'

ઠારક વિ૦ ઠારે–શાંતિ પમાડે એવું (૨) સ્ત્રી૦ (કા.) સંતોષ; નિરાંત; ટાઢક. **-કો** પું૦ સંતોષ; શાંતિ

ઠારવું સ૦ક્રિ૦ ઠરે એમ કરવું

ઠારોઠાર અ૦ ઠેર ઠેર

ઠાલવવું સ૦ક્રિ૦ ખાલી કરવું

ઠાલિયું ન૦ કપાસ કાઢી લીધેલું કાલું

ઠાલું વિ૦ ખાલી; નહિ ભરેલું (૨) નકામું; ધંધા વિનાનું (૩) નહિ વાસેલું; ખુલ્લું (૪) અ૦ નાહક; ફોગટ. **૦માલું** વિ૦ તદ્દન ઠાલું–ખાલી

ઠાવકું વિ૦ગંભીર; ડાહ્યું; વિવેકી. **-કાઈ** સ્ત્રી૦, **-કાપણું** ન૦

ઠાંગરું(-લું) ન૦ પીરસેલું ભાણું

ઠાંગું વિ૦ ધૂર્ત (૨) ન૦ પીરસેલી થાળી; ઠાંગરું

ઠાંડું ન૦ ખીંટી; ખૂંટો

ઠાંસ સ્ત્રી૦ વણાટની ઘટતા (૨) ખાલી દમ; શેખી; બડાઈ (૩) લૂખી ઉધરસ; ઠાંસો. **૦વું** સ૦ક્રિ૦ ઠોંસવું; દાબીદાબીને ભરવું (૨) દાબી દાબીને ખાવુંપીવું (૩) મનમાં ઉતારવું; ઠસાવવું (૪) અ૦ક્રિ૦ ઉધરસ ખાવી. **-સી** સ્ત્રી૦ ખાંસી. **-સો** પું૦ લૂખી ઉધરસ (૨) ગોદો; મુક્કો; ઠોંસો

ઠિજાવું અ૦ક્રિ૦,**-વવું** સ૦ક્રિ૦ 'ઠીજવું'નું ભાવે ને પ્રેરક

ઠિઠિ(-ઠ્ઠિ)યારી સ્ત્રી૦ મશ્કરી; મજાક

ઠિઠોળી સ્ત્રી૦ મજાક; ઠંઠોળી

ઠિઠ્ઠિયારી સ્ત્રી૦ જુઓ ઠિઠિયારી

ઠિંગુજી,-શી વિ૦(૨) પું૦ વામન; ઠીંગણું (માણસ)

ઠીક વિ૦ સારું; યોગ્ય; જોઈએ તેવું (૨) સાધારણ (૩) અ૦ 'વારુ–સારુ' અર્થ બતાવતો ઉદ્ગાર. **૦ઠાક** અ૦ બરોબર ગોઠવેલું હોય તેમ. **-કઠીક** અ૦ જેવુંતેવું; કામચલાઉ

ઠીકરનાથ પું૦ ગોસાંઈની એક જાત

ઠીકરી સ્ત્રી૦ નાનું ઠીકરું [વાસણ

ઠીકરું ન૦ માટીના વાસણનો ભાગેલો કકડો (૨) [લા.] માટીનું

ઠીજવું અ૦ક્રિ૦ થીજવું; ઠરી જવું

ઠીઠિયું વિ૦ ભાંગ્યુંતૂટ્યું; જીર્ણ (૨) ન૦ તેવું ઘર

ઠીઠી અ૦ (રવ૦) (મોટેથી હસવાનો અવાજ)

ઠીઠું ન૦ ભાંગીતૂટી–જીર્ણ અને અવાવરુ ચીજ

ઠીબ સ્ત્રી૦ ભાંગેલા હાંલ્લાનો તળિયાનો ભાગ; મોટું ઠીકરું

ઠીબું ન૦માટીનું ઠામ. **-બકું(-લું)** ન૦ઠીબું (તિરસ્કારમાં)

ઠીલો પું૦ ઠળિયો

ઠીસરું ન૦ જુઓ ઠીસરો (૨) ઠીકું. **-રો** પું૦ મશ્કરી; ચેષ્ટા

ઠીંગણું વિ૦ પ્રમાણમાં ઓછી ઊંચાઈનું–ગઠું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠીંગરાવું અ૦ક્રિ૦ ખૂબ ઠંડી લાગવી-ઠરી જવું (૨) ઠરીને ચોસલું બાઝી જવું (૩) [લા.] ગંઠાઈ જવું-વધતા અટકી જવું. **ઠીંગરાવવું** (પ્રેરક)

ઠીંગાઠોળી સ્ત્રી૦ ઠઠ્ઠાબાજી; અડપલાં કરી મશ્કરી કરવી તે

ઠુઠવાવવું સ૦ક્રિ૦ 'ઠૂઠવાવું'નું પ્રેરક

ઠુંગો પું૦ જુઓ ઠૂંગણ

ઠૂઠવાવું અ૦ક્રિ૦ ટાઢથી અકડાઈ જવું-ધ્રૂજવું; ઠૂંઠવાવું

ઠૂઠવો પું૦ એકદમ મોટેથી રોઈ પડવું તે

ઠૂણકું ન૦ ઠીમચું; લાકડાની ભારે ગાંઠ

ઠૂમકી સ્ત્રી૦ (પતંગને મરાતો) ધીમો આંચકો

ઠૂમકો પું૦ જોરથી મારેલી ઠૂમકી

ઠૂમરી સ્ત્રી૦ એક તરેહની ગાયનપદ્ધતિ

ઠૂમરો પું૦ પથ્થરનો મણકો (૨) જારનું ભરડકું

ઠૂશ(-સ) સ્ત્રી૦ (રવ૦) દમ; અડદાળો (૨) વિ૦ નકામું; નબળું; નિઃસત્ત્વ

ઠૂસક(-કી) સ્ત્રી૦ (રવ૦) વાછૂટનો અવાજ

ઠૂસકું ન૦ ઠૂઠવો મૂકીને રોવું તે (૨) કટાક્ષનું વેણ

ઠૂંગણ ન૦,-ણી સ્ત્રી૦ કાચુંકોરું ખાવાનું (અફીણ ખાધા ઉપર)

ઠૂંગવું સ૦ક્રિ૦ ઠાંસીને ખાવું (૨) ઠૂંગણ કરવું. **ઠૂંગાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક). **ઠૂંગાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

ઠૂંગાર, ઠૂંગો પું૦ ઠૂંગણ　　　　[(પ્રેરક)

ઠૂંઠવાવું અ૦ક્રિ૦ જુઓ ઠૂઠવાવું. **ઠૂંઠવાવવું** સ૦ક્રિ૦

ઠૂંઠું વિ૦ આંગળાં વિનાના કે થોડાઘણા કપાઈગયેલા હાથવાળું (૨) ન૦ ડાળાં વગરનું ઝાડનું થડિયું (૩) બીડી પિવાઈ રહ્યા પછી રહેલો ભાગ (૪) [લા.] મૂળનું અપંગ રૂપાંતર

ઠૂંડી સ્ત્રી૦ હડપચી

ઠૂંબરો પું૦ જુઓ ઠૂમરો

ઠૂંમસું વિ૦ પ્રમાણમાં લંબાઈ કરતાં જાડાઈમાં વધુ એવું

ઠૂંશ(-સ) સ્ત્રી૦ ખોટો ગર્વ; ઠાંસ

ઠૂંસો(-સલો) પું૦ ગોદો; મુક્કો

ઠેક સ્ત્રી૦ ઠેકો; તાલ (૨) ફૂદકો; છલંગ; થેક

ઠેક,૦ડી સ્ત્રી૦ મશ્કરી. ૦ડિયું વિ૦ ઠેકડીક રનારું; મશ્કરું

ઠેકઠેકાણે અ૦ ઠેકાણે ઠેકાણે; જ્યાં ત્યાં

ઠેકડો પું૦ ફૂદકો; છલંગ; થેકડો　　　　[છાપવું (વસ્ત્ર)

ઠેકવું સ૦ક્રિ૦ ઠેકડો મારી ફૂદી જવું (૨) ઠોકવું (૩) બીબાથી

ઠેકાણું ન૦ રહેવાની જગા; મુકામ (૨) સ્થાન; સ્થળ (૩) [લા.] સ્થિરતા; દૃઢતા; નિશ્ચય (૪) ઢંગ; વ્યવસ્થા

ઠેકો પું૦ નરઘાં કે ડફ ઉપર જોરથી દેવાતો તાલ (૨) ઇજારો. -**કેદાર** પું૦ ઇજારદાર　　　　[પહોંચેલ; ભેદુ; ધૂર્ત

ઠેઠ અ૦ છેડા લગી. ૦નું વિ૦ છેવટ સુધીનું (૨) પૂરું

ઠેઠુ પું૦ વાટપાડુ; ચોરનો મળતિયો

ઠેપવું સ૦ક્રિ૦ અડાડવું (સુ.). **ઠેપાઠેપ** અ૦ અડોઅડ

ઠેબું ન૦ પગની ઠેસ; ઠોકર

ઠેર અ૦ ખરી જગાએ; અસલ ઠેકાણે (૨) ઠાર. ૦**ઠેર** અ૦ સ્થળે સ્થળે; જ્યાં ત્યાં

ઠેરવવું સ૦ક્રિ૦ નક્કી કરાવવું; ઠરાવવું (૨) સ્થિર કરવું; હાલી જાય નહિ એમ કરવું (૩) અટકાવવું; રોકવું

ઠેરવું અ૦ક્રિ૦ બનવું; થવું (૨) રહેવું; થોભવું

ઠેરાણું ન૦ ઠેકાણું; મુકામ

ઠેરાવ પું૦ ઠરાવ (સુ., પારસી)

ઠેરાવું અ૦ક્રિ૦ સ્થિર થવું (લખવામાં હાથનું) (૨) નક્કી થવું

ઠેલણગાડી સ્ત્રી૦ ઠેલીને ચલાવવાની ગાડી; ઠેલો (૨) ચાલણગાડી (૩) બાબાગાડી

ઠેલ(૦વ)વું સ૦ક્રિ૦ હડસેલવું; ધકેલવું　　　　[ઠેલવું તે

ઠેલંઠેલ(-લા), ઠેલાઠેલ સ્ત્રી૦ ઉપરાઉપરી-સામાસામી

ઠેલો પું૦ હડસેલો (૨) ઠેલીને લઈ જવાની ગાડી

ઠેશ(-સ) સ્ત્રી૦ ઠોકર (૨) હલકી લાત (૩) નાનું અટકણ -ઉલાળી (૪) નાની ફાચર. -**શી(-સી)** સ્ત્રી૦ ફાચર (૨) ઉલાળી. -**સિયું** ન૦ અટકણ; ઠેસ. -**સવું** સ૦ક્રિ૦ ઠોકર મારવી (૨) ન૦ પગની ઠોકર-લાત

ઠેં અ૦ સ્તબ્ધ; છક (૨) ધરાઈ ગયું હોય એમ (૩) લોથપોથ; થાકી ગયું હોય એમ; ટેં

ઠેંઠાણેઠેં અ૦ ઠેરના ઠેર; મૂળ ઠેકાણે; જ્યાંના ત્યાં

ઠોક પું૦; સ્ત્રી૦ પ્રહાર; ગડદો (૨) ઠપકો (૩) ટોણો

ઠોકઠાક સ્ત્રી૦ આમ તેમ ઠોકવું તે

ઠોકર સ્ત્રી૦ ઠેસ; ચાલવામાં પગનું વસ્તુ સાથે ટિચાવું તે (૨) [લા.] ભૂલ (૩) ખોટ. -**રવું** અ૦ક્રિ૦ ઠોકર ખાવી

ઠોકવું સ૦ક્રિ૦ એક વસ્તુને બીજી વસ્તુ સાથે જોરથી અફાળવી (૨) માર મારવો (૩) [લા.] ગપ મારવી

ઠોકંઠોકા સ્ત્રી૦ વારંવાર-ઉપરાઉપરી ઠોકવું તે (૨) તેની ગરબડ

ઠોકાટ પું૦ ઠોકો: ઠોકવું તે કે તેનો અવાજ. ૦વું સ૦ક્રિ૦ ખૂબ ઠોકવું; ઠોકારવું

ઠોકાઠોક સ્ત્રી૦ જુઓ ઠોકંઠોકા

ઠોકારવું સ૦ક્રિ૦ ઠોકીને બેસાડવું; ઠોકવું

ઠોકો પું૦ ઠોક; ફટકો (૨) તેનો અવાજ

ઠોઠ વિ૦ ઓછી અક્કલ-સમજવાળું; જડસું. ૦ડાઈ સ્ત્રી૦ (કા.) ઠોઠપણું. ૦ડું વિ૦ (કા.) ઠોઠ

ઠોઠા પું૦બ૦વ૦ બાફેલા આખા દાણા (ઘઉં, તુવેરના)

ઠોડિયું વિ૦ જુઓ ઠાઢિયું (૨) ન૦ કુલ્લાનું ફડાશિયું

ઠોઠું ન૦ જીર્ણ, કમતાકાત, રદ્દી વસ્તુ

ઠોણ સ્ત્રી૦ વાંધો; નુકસાન　　　　[માટીનું વાસણ

ઠોબરું(-લું) વિ૦ ઘાટ વિનાનું; કદરૂપું (૨) ન૦ ધાતુ અથવા

ઠોબારી વિ૦ મૂર્ખ; ઠોઠ

ઠોયો પું૦ ખાંપો; સપાટી પર નીકળેલો ઠોયો

ઠોર પું૦ એક મીઠાઈ (૨) ન૦ ઠામ; ઠેકાણું (૩) અ૦ +ઠેર; ઠાર. ૦**ખુવા** પું૦બ૦વ૦ માલમલીદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠોરમૂઠી સ્ત્રી૦ નાનાં છોકરાંની એક રમત

ઠોરવું સ૦ક્રિ૦ ઠોરમૂઠીની રમતમાં મૂઠી ઉપર મૂઠી માંડવી

ઠોલવું સ૦ક્રિ૦ ચૂંટી -તોડી ખાવું

ઠોલિ(-ળિ)યું વિ૦ જુઓ ઠોળિયું [પ્રેરક ને કર્મણિ

ઠોવું સ૦ક્રિ૦ રોકવું. **-વાવું** અ૦ક્રિ૦, **-વડાવવું** સ૦ક્રિ૦

ઠોળિયું વિ૦ મૂર્ખ; ઠોઠ (૨) ઢંગધડા વગરનું; અંટોળ-કાટલા જેવું (૩) ન૦ સ્ત્રીઓના કાનનું એક ઘરેણું-લોળિયું

ઠોળિયો પું૦ ઠઠ્ઠા કરનારો માણસ (૨) ઠોઠ-ઠોળિયો માણસ

ઠોંઠર સ્ત્રી૦ (ચ.) ઈશાનનો પવન [ભરવું

ઠોંસવું અ૦ક્રિ૦ઠાંસવું; ખાંસવું(૨)સ૦ક્રિ૦ ઠાંસવું; ગદડાને

ઠોંસો પું૦ જુઓ ઠાંસો. **-સાઠોકર** સ્ત્રી૦ ઠોંસા અને ઠોકર.

-સાબાજી સ્ત્રી૦ સામસામે ઠોંસા મારવા તે

ડ

ડ પું૦ [સં.] મૂર્ધસ્થાની ત્રીજો વ્યંજન. **૦કાર** પું૦ ડ અક્ષર કે એનો ઉચ્ચાર. **૦કારાંત** વિ૦ છેડે ડકારવાળું **૦ક્કો** પું૦ ડ અક્ષર

ડકડક અ૦ (રવ૦)

ડકારી સ્ત્રી૦ ઓડકાર (૨) વીણાનો અવાજ

ડક્કો પું૦ વહાણનો માલ ચડાવવા ઉતારવા બાંધેલો ઘાટ; 'ડોક' (૨) દરિયા કે નદીના પાણી સામે રક્ષણ માટે બાંધેલો બંધ. **-ક્કાવાળો** પું૦ ડક્કાનો માલિક

ડખલ સ્ત્રી૦ જુઓ દખલ. **-લિયું** વિ૦ જુઓ દખલિયું

ડખળિયું ન૦ શાક નાખીને કરેલી દાળ કે કઢી

ડખું ન૦ શાક વગેરે નાંખી કરેલી દાળ

ડખો પું૦ જુઓ ડખું (૨) [લા.] ગોટાળો; ખીચડો (૩) વાંધો; ઝઘડો. **-ખાડખ** સ્ત્રી૦ ડખલ; ડખો

ડખોળવું સ૦ ક્રિ૦ ડહોળી નાખવું

ડગ સ્ત્રી૦ ડગવું તે; અસ્થિરતા

ડગ,૦લું ન૦ પગલું (૨) તેનું અંતર

ડગડગ વિ૦ ડગમગ, ડગમગતું. **૦વું** અ૦ક્રિ૦ આમ તેમ ડોલવું-હાલવું (૨) [લા.] નિશ્ચયમાંથી ઢચુપચુ થવું-હાલવું. **-ગો** પું૦ મનનો ડગમગાટ (૨) દગદગો; શંકા; સંશય (૩) અવિશ્વાસ; વહેમ

ડગમગ,૦વું જુઓ ડગડગ,૦વું. **-ગાટ** પું૦ ડગડગવું તે

ડગર સ્ત્રી૦ વાટ; રાહ (૨) ઘરડ; ચીલો [ડોકરો; ડોસો

ડગરી સ્ત્રી૦ ડોકરી; ડોશી.**-રું** ન૦ ઘરડું; ડોસલું.**-રો** પું૦

ડગલી સ્ત્રી૦ નાનું ડગલું-અંગરખું (૨) નાનું પગલું-ડગલું.

ડગલું ન૦ જુઓ ડગ (૨) જાડું બદન

ડગલો પું૦ મોટો અંગરખો; કોટ

ડગવું અ૦ક્રિ૦ જુઓ ડગડગવું [કરવું

ડગળવું સ૦ક્રિ૦ જુઓ ચગળવું (૨) ઈચવું; જે તે ખાયા

ડગળાટવું સ૦ક્રિ૦ ડગળે ને ડગળે ખાવું; બચકાટવું

ડગળી સ્ત્રી૦ નાનું ડગળું (૨) ડાગળી; સમજશક્તિ

ડગળું ન૦ જાડો, મોટો કકડો અથવા ફાડિયું

ડગુમગુ વિ૦ (૨) અ૦ ડગમગ; અસ્થિર

ડઘાવું અ૦ક્રિ૦ ગભરાટથી સ્તબ્ધ થઈ જવું

ડઘો પું૦ બાયું; નરઘાંની જોડમાંનું નાનું

ડચ પું૦ [ઇં.] વલંદો

ડચ અ૦ (રવ૦) (૨) ન૦ જીભ થડકાવીને કરાતો નકાર-સૂચક અવાજ (૩) બળદ વગેરે હાંકતાં કરાતો અવાજ. **૦કારવું** સ૦ક્રિ૦ ડચ એવો અવાજ કરીને પ્રેરવું-હાંકવું. **૦કારી** સ્ત્રી૦, **૦કારો** પું૦ ડચ એવો અવાજ

ડચક અ૦(રવ૦). **-કિયું**, **-કું** ન૦ પાણીમાં ગૂંગળાતાં કે રડતાં કે મુશ્કેલીથી ગળતાં ગળાની બારીમાંથી થતો 'ડચક' એવો અવાજ

ડચકું ન૦ જુઓ ડચકિયું (૨) ચીર; કકડો (ડુંગળીનો).

ડચકો પું૦ ઓગળ્યા વગરનો કે બફાયા વગરનો ગાંગડો; લોંદો (૨) ડુંગળીનો કાકરો કે ટુકડો

ડચૂરો પું૦ ગળા કે છાતીમાં રૂંધામણ

ડચ્ચો પું૦ ડૂચો; ડટ્ટો

ડઝન વિ૦ [ઇં.] બાર (૨) ન૦ બારનો સમૂહ

ડટ(-ટ્ટ)ણ વિ૦ દટાયેલું; જમીનની અંદરનું (૨) ન૦ દટણ; ખાળકૂવો. **૦કૂવો**, **૦ખાળ** પું૦ ખાળકૂવો. **૦જાજરૂ** પું૦ ડટણકૂવા પર કરેલું જાજરૂ

ડટંતર ન૦ દુનિયા દટાઈ જાય એવો ઈશ્વરી કોપ; મહાવિનાશ

ડટ્ટણ વિ૦ (૨) ન૦ જુઓ ડટણ

ડટ્ટો પું૦ ડાટો; ડાટા તરીકે વાપરેલો ડૂચો

ડડળવું અ૦ક્રિ૦ દોદળું-અશક્ત થવું

ડઠ્ઠર વિ૦ લાગણી વગરનું; બુઠ્ઠું

ડઠ્ઠ વિ૦ મૂર્ખ [(સિંહે) ગર્જના કરવી

ડણુક સ્ત્રી૦ (કા.) સિંહની ગર્જના. **૦વું** અ૦ક્રિ૦ (કા.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડણું ન૦ જાડું ડફણું (૨) તોફાની ગાયભેંસના ગળામાં નખાતું લાકડું; ડેરો [ચણાના લોટનું એક રસાદાર શાક

ડપ(-બ)કા પું૦બ૦વ૦ દોહવાના અંતમાં કઢાતી સેરો(૨)

ડપ(-બ)કાણું,-મણ(-ણું) ન૦ દબડાવવું તે. -વવું સ૦ ક્રિ૦ દબડાવવું; ધમકાવવું

ડપ(-બ)કી સ્ત્રી૦ ડૂબકી. -કું ન૦ ડૂબકું; ડૂબકી(૨)ટપકું

ડપ(-બ)કો પું૦ પ્રવાહીનો મોટો છાંટો (૨) ધાબું; ડાઘો (૩) [લા.] વહેમ; શંકા (૪) ફાળ; ધ્રાસકો (૫) એકલા લોટનું જ કરેલું ભજિયું

ડપટ વિ૦ બેવડું; દોપટ(૨) સંતાડેલું. ૦વું સ૦ક્રિ૦ દપટવું; સંતાડવું (૨) લુચ્ચાઈથી હાથ કરી લેવું; દબાવી બેસવું

ડપેટો પું૦ ખૂબ જોરમાં દોડવું તે

ડપોટો પું૦ ખાંડ વગેરે ભરવાનો બે પડવાળો કોથળો

ડફ સ્ત્રી૦;ન૦ એક વાદ્ય (૨) અ૦(રવ૦) ઝટ

ડફડાવવું અ૦ક્રિ૦ હંકારવું[હોડીવાળાઓની બોલીમાં](૨) દબડાવવું; ધમકાવવું

ડફડું ન૦ નાનું ડફ (૨) ડફણું

ડફણું ન૦ નાનો, જાડો દંડૂકો-ધોકો. -ણાટવું સ૦ક્રિ૦ ખૂબ ડફણાવવું. -ણાવવું સ૦ક્રિ૦ ડફણા વડે મારવું

ડફલાવવું સ૦ક્રિ૦ હચમચાવી દેવું (૨) હેરાન કરવું

ડફાંસ સ્ત્રી૦ ખોટી બડાશ; ડંફાસ

ડફોળ વિ૦ જડસું; બેવકૂફ

ડફ્ફલ વિ૦ વાથી ફૂલી ગયેલું

ડબ અ૦(રવ૦) ડૂબવાનો અવાજ(૨)ટપ; ઝટ. ૦ડબ અ૦ (રવ૦) (૨) ઝટ ઝટ; એક પછી એક

ડબકચૂરી સ્ત્રી૦ એક પક્ષી

ડબકડોયાં ન૦બ૦વ૦ (રવ૦) પાણીમાં ડૂબકાં (૨) [માટલીમાં] પીધેલા વાસણની બોળાબોળ

ડબકવું અ૦ક્રિ૦ (રવ૦) ડૂબકાં ખાવાં

ડબકા પું૦બ૦વ૦ જુઓ ડપકા

ડબકાણું,-મણ(-ણું),-વવું જુઓ 'ડપકાણું'માં

ડબકી,-કું જુઓ 'ડપકી'માં. -કો જુઓ ડપકો. ૦ડોળ સ્ત્રી૦,૦ડોળો પું૦ (કા.) ડૂબકી મારવાની રમત

ડબગર પું૦ નગારાં પર ચામડાં મઢનારો: છત્રી ઇત્યાદિ પર રંગરોગાન કરનારો

ડબડબ અ૦ જુઓ 'ડબ'માં. -બાટ પું૦ પેટ ચડવું તે (૨) [કા.] કોઈ બોલતું હોય તેમાં વચ્ચે બોલ બોલ કરવું તે (૩) વગર કામે વધારાપડતું બોલવું તે(૪) મર્યાદા છોડીને સામું બોલવું તે. -બો પું૦ ડબડબાટ; પેટ ચડવું તે

ડબડી(-રી) સ્ત્રી૦ નાનું ડબડું [પું૦ મોટું ડબડું

ડબડું(-રું) ન૦ ચામડાનું કુલ્લું (ઘી-તેલ ભરવાનું). -ડો

ડબરી સ્ત્રી૦ જુઓ ડબડી [જુઓ ડબડું

ડબરું વિ૦ ફિક્કું; ડેફરાયેલું (૨) મંદ; જડ; સુસ્ત (૩) ન૦

ડબરો પું૦ તાંબાપિત્તળનો ડબો

ડબલરોટી સ્ત્રી૦ એક પ્રકારની દડા જેવી ફૂલતી રોટી; પાઉં

ડબલું ન૦ ચામડાનું કુલ્લું (૨)વગર પકવેલું હાંલ્લું;લોટું(૩) પતરાનું લોટું;'ટિનપાટ' [ડબડબાટ ૨ અને ૩

ડબાડબ અ૦(રવ૦) ડબડબ(આંસુ પાડવાં)(૨) સ્ત્રી૦જુઓ

ડબી(-બ્બી) સ્ત્રી૦ દાબડી

ડબીર પું૦ મહેતો; હિસાબ લખનારો

ડબું ન૦ કડછી

ડબૂક અ૦ (રવ૦)[ડૂબવાનો અવાજ]. ૦વું અ૦ક્રિ૦ડૂબકું મારવું. -કિયું ન૦ ડૂબતાનું ડૂબકું

ડબૂચો પું૦ ડૂચો

ડબૂસું ન૦, -સો પું૦ વહાણનો પાછળનો ભાગ

ડબો(-બ્બો) પું૦દાબડો(૨)રેલગાડીનો ડબો(૩)ઘડિયાળનો ડબ્બો (૪) એક જાતનું ફાનસ (૫) કોળિયો (૬) હરાયાં ઢોર પૂરવાનો વાડો

ડબોડબ અ૦ (રવ૦) જુઓ ડબડબ

ડબોવવું સ૦ક્રિ૦ ડુબાવવું; ઝબકોળવું

ડબોળવુ સ૦ક્રિ૦ જુઓ ડબોવવું (૨) અપવિત્ર કરવું

ડબ્બી સ્ત્રી૦ ડબી; દાબડી. -બ્બો પું૦ જુઓ ડબો

ડભાયણું ન૦ડામ દેવાનું ઓજાર-સાધન (૨) ભયનું ઠેકાણું

ડમક અ૦ (રવ૦)ડમરુનો રવ. ૦વું અ૦ક્રિ૦[ડમરુનું] વાગવું

ડમકો પું૦ડંકો(૨) [સુ.]ડૂચો. -કારો પું૦ ડંકાનો અવાજ

ડમખળ ન૦ તોરતાન; ધાંધલ; ધમાલ (સવારીની)

ડમડમ સ્ત્રી૦(રવ૦)ડંકાનો અવાજ(૨)ગરબડ;તોફાન(૩)ન૦ ડંકા જેવું એક લશ્કરી વાદ્ય. -માક પું૦ડમડમનો અવાજ

ડમડોળ વિ૦ ડામાડોળ; અસ્થિર (૨) અપૂર્ણ; અધૂરું

ડમણી સ્ત્રી૦,-ણું ન૦ડમણિયું(૨)નાની લાકડી(૩)શેરડીનો કકડો. -ણિયું ન૦ બે બળદની નાની ગાલ્લી

ડમર(-રી) સ્ત્રી૦ (કા.) જુઓ ડંમર

ડમરવું અ૦ક્રિ૦ વનસ્પતિનું ફાલવું-નવાં પાન આવવાં

ડમરાણ ન૦ (કા.) જુઓ ડંમર

ડમરુ ન૦ [સં.] એક વાદ્ય; ડાકલું

ડમરો પું૦ એક સુગંધીદાર વનસ્પતિ

ડમાક પું૦ રોફ; ભપકો: ઠાઠ, ૦દાર વિ૦ ડમાકવાળું

ડયાળ ન૦ એક પક્ષી

ડર પું૦ ભય; બીક. ૦કણ,૦કુ,૦પી,૦પોક વિ૦ બીકણ. ૦પ(-પા)વું,૦વું અ૦ક્રિ૦બીવું. -રામણી સ્ત્રી૦ધમકી: બીક: સતાવણી. -રામણું વિ૦ ડર લાગે એવું; ભયાનક (૨) ન૦ ડરામણી. -રાવવું સ૦ક્રિ૦ 'ડરવું'નું પ્રેરક (૨) દાટી-ધમકી દેખાડવી કે આપવી. -રુ વિ૦ ડરી ગયેલું છળી ગયેલું (૨) ડરકણ [ઊનની ગોદડી

ડલી(-ળી) સ્ત્રી૦ ઘોડાની પીઠ પર જીનની નીચે નાખવાની

ડવક ન૦ એક પક્ષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડવારો પું૰ (સુ.) ઘોંઘાટ; લવારો

ડસ પું૰ દંશ; વેરની લાગણી

ડસકડસક અ૰ (રવ૰) ડસકાં ખાતું હોય એમ (૨) રહી [રહીને

ડસકલું ન૰ ડસકું (લાલિત્યવાચક) (૨) બેડી; હેડ

ડસકલો પું૰ ભારે–વજનદાર બેડી

ડસકવું અ૰ ક્રિ૰ ડૂસકાં ખાવાં

ડસકું ન૰ જુઓ ડૂસકું

ડસડસવું અ૰ક્રિ૰ ડૂસકાંથી રૂંધાવું (૨) મનમાં અકળાઈ [રહેવું

ડસવું સ૰ ક્રિ૰ કરડવું; દંશ દેવો. **–ણ** ન૰ ડસવું તે

ડહેંકવું અ૰ ક્રિ૰ (કા.) ઊભરાવું; છલકાઈ જવું (?)

ડહાપણ ન૰ ડાહ્યાપણું; શાણપણ. ૰**ડાહ્યું** (**–હ્યલું**) વિ૰ દોઢડાહ્યું. ૰**દાર** વિ૰ ડહાપણવાળું

ડહોળવું સ૰ ક્રિ૰ (પ્રવાહીને) હલાવવું (૨) [લા.] ખૂબ કામોમાં પડવું (૩) [આંખ લાલ થાય ત્યાં સુધી] ચોળવી

ડહોળું વિ૰ ડહોળાયેલું. **–ળો** પું૰ ડહોળાયેલું પ્રવાહી (૨) અફીણનો રસ

ડળક ડળક અ૰ ફોરાં રૂપે એક પછી એક નીકળે એમ

ડળકવું અ૰ક્રિ૰ લલચાવું; દાઢ સળકવી

ડળવું અ૰ક્રિ૰ સડી જવું; ખોખાં થઈ જવાં (૨) લાલસામાં લીન થઈ જવું (૩) ભાગી પડવું–ઢગલો થઈ જવું

ડળી સ્ત્રી૰ જુઓ ડલી

ડળું ન૰ ડગળી; ફોડવું

ડંકવું અ૰ક્રિ૰ (કા.) પ્રાણ જવામાં વિલંબ થવો (૨)છેલ્લા શ્વાસ લેવા (૩) [જોડાનું] ડંખવું

ડંકાપલ્લવી સ્ત્રી૰ ડંકો વગાડી હુકમ આપવાની લશ્કરી [સાંકેતિક ભાષા

ડંકી સ્ત્રી૰ પાણી ખેંચવાનો પંપ

ડંકો પું૰ નગારું; ઢોલ (૨) ઘોડાની પીઠ ઉપર બે બાજુ લટકાવેલાં ઢોલ (૩) [કા.] ટકોરો (૪) [લા.] ફતેહનો અવાજ; ફતેહ

ડંખ પું૰ ચટકો; દંશ (૨) ધાનનો દાણો સડવાથી પડતું છિદ્ર (૩) આંકડો; ઝેરી કાંટો–અણી (૪) [લા.] કીનો; વેર. ૰**વું** સ૰ ક્રિ૰ દંશ દેવો; આંકડો મારવો; કરડવું (૨) જોડો ઘસાઈ પગને ઈજા થવી (૩) [લા.] મનમાં ખટકવું. **–ખાવું** અ૰ક્રિ૰ 'ડંખવું'નું કર્મણિ(૨) ધાનના દાણાને ડંખ લાગવો. **–ખીલું** વિ૰ ડંખવાળું

ડંગેલું ન૰ હાંડવો–એક વાની

ડંગોરિયું વિ૰ ડંગોરાથી કામ લે એવું; મારામારી કરે [એવું

ડંગોરું ન૰, **–રો** પું૰ જાડી ટૂંકી લાકડી; ધોકો

ડંડાશણ ન૰ મોરનાં પીંછાંનો બનાવેલો સાવરણો

ડંડી(–ડૂ)કો પું૰ નાનો; ડંડો; દંડૂકો

ડંડો પું૰ જાડી, ટૂંકી લાકડી; ડંગોરો. **–ડાટવું** સ૰ક્રિ૰ ડંડે ડંડે મારવું. **–ડાબાજી** સ્ત્રી૰ ડંડાથી મારામારી

ડંફાણ+, **–શ**, **–સ** સ્ત્રી૰ જુઓ ડફાંસ

ડંબક ન૰ (?)+ દંભ; ઢોંગ

ડંબર પું૰ [સં.] આડંબર

ડંબેલ્સ પું૰બ૰વ૰ [ઇં.] હાથની કસરતનું એક સાધન

ડંભારણ ન૰ ડભાયણું; ડાંભવાનું સાધન (૨) [લા.] મર્મમાં વાગે એવું કટાક્ષવચન

ડંભાવવું સ૰ક્રિ૰, **ડંભાવું** અ૰ક્રિ૰ 'ડાંભવું'નું પ્રેરક ને [કર્મણિ

ડંમર પું૰ (કા.) હવામાં ઊડતી ધૂળના ગોટાનો સમૂહ

ડાઈ સ્ત્રી૰ સુલેહ; સંધિ

ડાક સ્ત્રી૰ ટપાલ (૨) મુસાફરો, ટપાલ વગેરે લઈ જવા માટેની ટપ્પાઓની ગોઠવણ (૩) ડાકગાડી (૪) ન૰ ડાકલું. ૰**ગાડી** સ્ત્રી૰ ટપાલ લઈને જનારી ગાડી; 'મેલ'. ૰**ઘર** ન૰ ટપાલઓફિસ. ૰**ચોકી** સ્ત્રી૰ ડાકની સલામતી માટે રાખેલી ચોકી

ડાકડમાક પું૰ ઠાઠમાઠ; ભભકો

ડાકડમાળ પું૰ ઘરનો જૂનો પરચૂરણ સામાન

ડાકણ સ્ત્રી૰ એક જાતની ભૂતડી (૨) મેલી વિદ્યા જાણનારી સ્ત્રી (૩) જેની નજર લાગે એવી સ્ત્રી (૪) ગાજરનું ડીંટું અને અંદરનો કઠણ રેસો. ૰**કૂંડાળું**, ૰**કૂંડું** ન૰ ઉતારની આસપાસ કરેલું પાણીનું કૂંડાળું. ૰**કોઠો** પું૰ છોકરીઓ ધૂળની પાળ વડે સાત કોઠા પાડી જે રમત રમે છે તેમાંનો દરેક કોઠો. **–ણી** સ્ત્રી૰ ડાકણ; પિશાચણી. **–ણું** વિ૰ ડાકણ જેવું; ખાઈ જાય એવું

ડાકબંગલો પું૰ મુસાફરી કરતા સરકારી અમલદારોને ઊતરવાનો બંગલો; મુસાફરીબંગલો

ડાક(–ખ)લી સ્ત્રી૰, **–લું** ન૰ એક જાતનું વાદ્ય; ડુગડુગિયું. **–લિયો** પું૰ ડાખલું વગાડનારો–ભૂવાનો સાથી

ડાકાટી સ્ત્રી૰ ડાકો; ધાડ

ડાકિની સ્ત્રી૰ [સં.] ડાકણી

ડાકિયું વિ૰ જુઓ ડાકણું. **–યો** પું૰ ખાઉધરો માણસ

ડાકુ પું૰ [હિં.] લૂંટારો; ધાડપાડુ

ડાકું વિ૰ અપમાનિત; બટ્ટો લાગેલું

ડાકો પું૰ લૂંટારો; ધાડપાડુ (૨) ધાડ

ડાખલી સ્ત્રી૰, **–લિયો** પું૰, **–લું** ન૰ જુઓ 'ડાકલી'માં

ડાગવું અ૰ક્રિ૰ નોંધવું; લખી લેવું (કોર્ટમાં વપરાય છે)

ડાગળી સ્ત્રી૰ થીંગડી; ડગળી (૨) માથું; મગજ (૩) [લા.] સમજશક્તિ

ડાગળો પું૰ વિદૂષક; રંગલો (૨) ઠાટો; ડૂચો

ડાગોર સ્ત્રી૰ ગાવાની એક બાની

ડાઘ પું૰ (ગંદો દેખાય એવો) ડપકો (૨) [લા.] કલંક; બટ્ટો (૩)+ કીનો; ખાર. **–ઘાડૂઘી** સ્ત્રી૰ ડાઘા ડાઘા; ડાઘા પડીને થતી અસ્વચ્છતા. **–ઘી**,**–ઘિયું** વિ૰ ખારીલું; વેર રાખે એવું (૨) ફાડી ખાય તેવું; વિકરાળ. **–ઘિયો** પું૰ ડાઘિયો કૂતરો. **–ઘુ** પું૰ મડદાને બાળવા લઈ જનારો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાંધિયો. –ઘેલ વિ૦ ડાઘાવાળું (૨) ખારીલું(૩) બળેલું; દઝાયેલું. –ઘો પું૦ ડાઘ (૨) ડાઘિયો. –ઘોડૂઘો પું૦ ડાઘો (એકાદપણું બતાવવા)

ડાચું ન૦ જડબું (૨) મોં (તિરસ્કારમાં). –ચાકૂટ સ્ત્રી૦ નકામું બોલ બોલ કરવું તે–લવારો.–ચાકૂટિયું વિ૦ડાચાકૂટ કરે એવું. –ચાબળ ન૦ બોલવાનું જોર. –ચાબળિયું વિ૦ ડાચાબળવાળું; ડાચાકૂટ કરતાં થાકે નહિ તેવું

ડાટ પું૦ દાટ; ભારે નાશ; ખુવારી

ડાટણું ન૦ બારસાખની ઉપરનું લાકડું (૨) ડાટો

ડાટવું સ૦ક્રિ૦ દાટવું (૨) સંતાડવું (૩) ધમકાવવું

ડાટી સ્ત્રી૦ દાટી; ભીડ; ગિરદી (૨) ધમકી

ડાટો પું૦ દાટો; સાંકડા મોંના પાત્ર (બરણી, શીશી જેવું)નું મોં બંધ કરવાનું સાધન

ડાડવું અ૦ક્રિ૦ આજીજી કરવી

ડાડિયું ન૦, ડાડુ સ્ત્રી૦ આજીજી; વિનંતિ

ડાઢવું સ૦ક્રિ૦ (કા.) કટાક્ષ કરવો [તે

ડાફર સ્ત્રી૦,–રિયું ન૦ નકામું આમતેમ જોવું–બાલાં મારવાં

ડાફાડોળ સ્ત્રી૦ કશામાં વચ્ચે ડહાપણ ડહોળવું તે

ડાફું ન૦ કરડવા પહોળું કરેલું મોં

ડાફોરિ(–ળિ)યું ન૦ ડાફરિયું

ડાબકો પું૦ દાબવાથી થતો અવાજ (૨) દાબીને માટીથી લીંપવા જેવી સપાટી કરવી તે [દાબડી

ડાબડો(–લો) પું૦ જુઓ દાબડો.–ડી(–લી) સ્ત્રી૦ જુઓ

ડાબણિ(–રિ)યું ન૦દાબવાના કામમાં લેવાતું વજન; દાબવાનું યંત્ર(૨)બારસાખના ચોકઠા ઉપરનું દબાણ રાખનારું વજન (૩) એક પહોળા મોંનું વાસણ [હોય એવું

ડાબલિયાળ(–ળું) વિ૦ જેમાં દબાણ માટે 'સ્પ્રિંગ'–કમાન

ડાબલી,–લો જુઓ 'ડાબડો'માં

ડાબાજમણી(–ણું) અ૦ડાબી અને જમણી બંને બાજુએ (૨) વારાફરતી બંને બાજુએ (૩) ડાબાનું જમણું ને જમણાનું ડાબું થાય તેમ (૪)[લા.] પક્ષપાતથી

ડાબિયેળ વિ૦ જુઓ ડાબોડિયું

ડાબું વિ૦ જમણાની ઊલટું (૨)[લા.]અળખામણું;અળગું

ડાબેરી,ડાબો(–ભો)ડિયું,ડાબોડી વિ૦ ડાબે હાથે કામ કરવાની આદતવાળું [જાતનું ઘાસ

ડાભ,૦ડો પું૦ એક જાતનું ઘાસ–દર્ભ. ૦સળિયું ન૦ એક

ડાભો પું૦ એક જાતનું શાક

ડાભોડિયું વિ૦ જુઓ ડાબોડિયું

ડામ પું૦ ગરમ ગરમ વસ્તુ ચામડી ઉપર ચાંપી દેવી તે; ચપકો (૨) [લા.] કલંક; લાંછન (૩) કંઈ નહિ; ટીકો

ડામચી વિ૦+આડંબરી; દંભી; બહારની ટાપટીપવાળું

ડામચિયો પું૦ ગોદડાં વગેરે મૂકવાની ઘોડી(૨)ડાંસ;મચ્છર

ડામણ ન૦ ઘોડાંગધેડાં નાસી ન જાય તે માટે તેમના પગને જકડવાનું દોરડું (૨) રેંટિયાના પૈડાનાં પાંખિયાં બાંધવાની દોરી (૩) અંગરખાના છેડાનું ઓટણ (૪) [વહાણ જમણી તરફ વાળવા] સુકાન ડાબી તરફ ફેરવવું તે

ડામર પું૦ કોલટાર

ડામરેજ ન૦ રેલવેમાં આવેલો માલ વખતસર ન લેવા જવાથી ભરવી પડતી દંડની રકમ; 'ડેમરેજ'

ડામવું સ૦ક્રિ૦ ડામ દેવો(૨)ડામણ બાંધવું(૩)મહેણું મારવું

ડામાડોળ વિ૦ અસ્થિર; ડોલતું; ડગુમગુ

ડામીજ(–સ) વિ૦ ગુનેગાર તરીકે પંકાયેલું; બદમાશ

ડામેલ વિ૦ ડામેલું

ડાયરી સ્ત્રી૦ [इं.] રોજનીશી; તે નોંધવાની ચોપડી

ડાયરો પું૦ નાત; જમણ(રજપૂતોમાં) (૨) ઘરડા અને અનુભવી લોકોનો સમુદાય–રાવણું; દાયરો (૩) [કા.] અંગત માણસોનું મંડળ; કાઠી–ગરાસિયાનું મંડળ

ડાર ન૦ (કા.) ભૂંડનાં બચ્ચાંનું ટોળું (૨) પું૦ ડર; ધમકી. ૦વું સ૦ક્રિ૦ ડરાવવું; ધમકી દેવી(૨)મના કરવી; અટકાવવું. –રો પું૦ ધમકી; ઠપકો. –રોડફારો પું૦ (કા.) સામાને ધાક રહે એવી ચેષ્ટા

ડાલી સ્ત્રી૦ ટોપલી (૨) ભેટનાં ફૂલફળાદિની ટોપલી. –લું ન૦ ઢોરનો ખાણનો ભરેલો ટોપલો (૨) વાંસ કે ઘાસનો ઊભો કંડિયો [બાલરમત

ડાહી વિ૦ સ્ત્રી૦ 'ડાહ્યું'નું સ્ત્રી૦. ૦નો ઘોડો પું૦ એક

ડાહ્યલું વિ૦ દોઢડાહ્યું; ચાંપલું

ડાહ્યું વિ૦ડહાપણવાળું; સમજુ. ૦ડમ,૦ડમરું વિ૦ બહારથી ડાહ્યું અને ઠાવકું દેખાતું (૨) તદ્દન ડાહ્યું; શાણું

ડાળ સ્ત્રી૦; ન૦ ડાળું. ૦ખી સ્ત્રી૦, ૦ખું ન૦, –ળી સ્ત્રી૦ નાની ડાળ. –ળું ન૦ મુખ્ય થડનો ફાંટો; શાખા

ડાંક(–ખ) પું૦ લીલી, મોટી માખ (૨) નંગની નીચે તેનો પ્રકાશ વધે તે માટે મુકાતી ચકચકિત પતરી (૩) ધાતુના સાંધા પૂરવામાં વપરાતો પદાર્થ

ડાંખરું વિ૦ [સુ.] હિંમતબાજ; મરણિયું

ડાંખળી સ્ત્રી૦, –ળું ન૦ ડાળમાંથી ફૂટેલી નાની ડાળી

ડાંગ સ્ત્રી૦ લાંબી મજબૂત લાકડી. –ગાટવું સ૦ક્રિ૦ ડાંગે ડાંગે મારવું

ડાંગ(–ગે)ર સ્ત્રી૦ એક ધાન્ય, જેમાંથી ચોખા નીકળે છે

ડાંડું ન૦ (કા.) કઠણ ડાંખળી

ડાંડ,૦ગું વિ૦ છડું; બૈરીછોકરાં વિનાનું (૨) ડંડાથી કામ લેનાર; લાંઠ (૩) નાગું; લબાડ; લુચ્ચું. ૦ગાઈ,૦ગી, –ડાઈ સ્ત્રી૦ ડાંડપણું; નાગાઈ; લાંઠાઈ

ડાંડલી સ્ત્રી૦ ઝીણી ડાળી (૨) પાનની ડાંખળી (૩) નાનો હાથો. –ડલો પું૦ મોટી ડાંડલી (૨) ઘરેણાનો આંકડો (જેમકે વાળીનો)

ડાંડિયારાસ પું૦ ડાંડિયાથી રમવાનો રાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાંડિયું વિ૦ ડાંડાઈ કરનારું; ડાંડ (૨) ન૦ લૂગડાનો જરેલો ફાટેલો ભાગ વચ્ચેથી કાઢી નાખી બે છેડા સાંધી પહેરવા લાયક કરેલું કપડું [(૩) નાનો પાતળો દંડો

ડાંડિયો પું૦ ડાંડ આદમી (૨) દાંડી પીટનાર; રોન ફરનાર

ડાંડી સ્ત્રી૦ દાંડી; નાની લાકડી, હાથો કે દંડો (૨) જેને બે છેડે તાજવાનાં પલ્લાં બંધાય છે તે લાકડી (૩) ડાંડિયાથી વગાડવાનું એક વાદ્ય (૪) વહાણને નિશાની બતાવવા સારુ ઊંચી ટેકરી ઉપર રોપી રાખેલું લાકડું (૫) દીવાદાંડી (૬) સીધી કિનારી–ધાર (નાકની). -ડો પું૦ ટૂંકો દંડો (૨) હાથો (૩) ફણગો; ગરજો

ડાંફ સ્ત્રી૦, **ડાંફું** ન૦ (કા.) મોટું પગલું ભરવું તે

ડાંભવું સ૦ક્રિ૦ ડામવું; દઝાડવું

ડાંભો પું૦ એક જાતની વનસ્પતિ–ભાજી

ડાંહલો પું૦ ડાંડલો; વનસ્પતિનો અંકુર (૨) હાથો

ડાંસ સ્ત્રી૦ (કા.) માંદા માણસને એકાદ ચીજ ખાવાની રુચિ થવી તે [ડાંસ જેવી ફરકતી માંખ

ડાંસ પું૦ એક જાતનો મચ્છર.-**સિયા મા(-માં)ખ** સ્ત્રી૦

ડાંસું વિ૦ અપરિપક્વ સ્વાદવાળું (રાયણને માટે)

ડિપૉઝિટ ન૦ [ઇં.] બૅન્ક કે કોઈ પાસે મૂકેલી અનામત (૨) બાના તરીકે અપાતી રકમ [કર્મણિ

ડિફાવવું સ૦ક્રિ૦, **ડિફાવું** સ૦ક્રિ૦ 'ડીફવું'નું પ્રેરક ને

ડિમાક વિ૦ + દંભી; ડામકી

ડિલ ન૦ શરીર (૨) + દિલ; મન

ડિસેંબર પું૦ [ઇં.] ખ્રિસ્તી સનનો બારમો મહિનો

ડિંગ સ્ત્રી૦; ન૦ ખોટી–બનાવટી વાત; ગપ. ૦**મારુ** વિ૦ ડિંગ મારનારું; ગપ્પીદાસ

ડિંગરી સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ–ભાજી

ડિંગલું ન૦ ટોચનો ભાગ–કકડો; નવો દૂધભર્યો અંકુર (૨) થોરિયાનો કકડો (૩) [લા.] માથું (૪) [સુ.] સળી કે ડાંખળી જેવો લાકડાનો કકડો

ડિંગળ ન૦ ડિંગ; જૂઠો તડાકો (૨) પિંગળના ઠેકાણા વિનાનું લાંબું જોડકણું

ડિંગો પું૦ અંગૂઠો બતાવી ના કહેવું તે; ઠીકો

ડિંડિમ પું૦; ન૦ [સં.] એક જાતનું નાનું નગારું

ડિંભ ન૦ [સં.] નાનું છોકરું; બાળક (૨) બચ્ચું

ડીચકું ન૦ ડીંટું (૩) ટોચકું; ટેરવું (૩) નાનો ડીચકો. -**કો** પું૦ ઊપસી આવેલો ગાંઠ જેવો ભાગ; ગાંઠિયો

ડીચી સ્ત્રી૦ નાનું ડીંટું (૨) નાનું ટોચકું (૩) ડીટી

ડીચું ન૦ જુઓ ડીચકું

ડીચો પું૦ એક જાતનું પક્ષી

ડીટ,૦ડી,–ટી સ્ત્રી૦ સ્તનનું ટોચકું; ડીંટડી. -**ટિયું** ન૦ નાનું ડીંટું (૨) ડીંટિયું; રીંગણું. -**ટું** ન૦ જેનાથી ફળ શાખાને વળગી રહે છે તે ભાગ; ડીંટું

ડીફવું સ૦ક્રિ૦ ડીફાથી મારવું(૨) મહા મુશ્કેલીમાં પૂરું કરવું

ડીફું ન૦ નાની જાડી લાકડી; ડફણી (૨) [સુ.] લાકડાનું ડીમચું; ટોલકું

ડીબું ન૦ ગાંઠ; ઢેકો; ઢીમણું

ડીબો પુ૦ ડૂમો (૨) મોટો લખોટો

ડીમચું ન૦ લાકડાનું ઠૂંઠકું; ઢીમચું

ડીરિયો પું૦ [ચ.] એ નામનું એક ઝાડ

ડીંચી, -ચું જુઓ ડાચી–ચું

ડીંટ,૦ડી,–ટી સ્ત્રી૦ ડીટ; સ્તનનું ટોચકું; ડીંટી

ડીંટ, -ટું ન૦ (ફળનું)-ડીટું. ૦**ડું** ન૦ ડીંટું; અગ્ર ભાગ; ટોચકું. ૦**રડી** સ્ત્રી૦ નાનું ડીંટું (૨) ડીંટડી. ૦**વું** સ૦ક્રિ૦ ડીંટામાંથી તોડવું (૨) [ફળને લાગી રહેલી] ડાંખળી–પાંખડી તોડી નાખવી. -**ટિયું** ન૦ જુઓ ડીટિયું

ડીંડવાણું ન૦ ગેરવહીવટ; અવ્યવસ્થા; અંધેર

ડીંડવું ન૦ સાવાવાળું ફળ; ડોડવું

ડુકાવવું સ૦ક્રિ૦,**ડુકાવું** અ૦ક્રિ૦ 'ડૂકવું'નું પ્રેરક ને ભાવે

ડુક્કર ન૦ એક પશુ–ભૂંડ [-ગી સ્ત્રી૦ નાનું ડાકલું

ડુગડુગ અ૦ (રવ૦) ડાખલાનો અવાજ. -**ગિયું** ન૦ ડાકલું.

ડુચાવું અ૦ક્રિ૦,-**વવું** સ૦ક્રિ૦ 'ડૂચવું'નું કર્મણિ ને પ્રેરક

ડુબડુબા અ૦ ડૂબું ડૂબું; ડૂબવાની અણી પર

ડુબડુબી સ્ત્રી૦ એક પક્ષી

ડુબાડ(-વ)વું સ૦ક્રિ૦ 'ડૂબવું'નું પ્રેરક

ડુબાડૂબ વિ૦ ડુબડુબા થઈ રહેલું (૨) સ્ત્રી૦ વારંવાર ડૂબવું ને બહાર આવવું તે. **ડુબામણું** વિ૦ ડૂબી જવાય એવું. **ડુબાવવું** સ૦ક્રિ૦,**ડુબાવું** અ૦ક્રિ૦'ડૂબવું'નું પ્રેરક ને ભાવે

ડુબાસ પું૦ વહાણનો દલાલ–મારફતિયો

ડુબાસી ન૦ એક પક્ષી

ડુમકલાસ ન૦ ભારે વજનના ઊંચકવાનું યંત્ર

ડુમકાગડો પું૦ કાગડા જેવું એક પંખી

ડુમડુમ અ૦ (રવ૦) [ઢોલકનો અવાજ]

ડુમાસ ન૦ એક જાતનું કાપડ

ડુલાવવું સ૦ક્રિ૦,**ડુલાવું** અ૦ક્રિ૦ 'ડૂલવું'નું પ્રેરક ને ભાવે

ડુંગર, -રો પું૦ નાનો પર્વત(૨) મોટો ઢગ. ૦**વટ** વિ૦ પહાડી; ડુંગરાળ(૨) પું૦ ડુંગરમાંનો રસ્તો. -**રાળ** વિ૦ જેમાં ઠેકઠેકાણે ડુંગરા હોય એવું. -**રી** વિ૦ ડુંગરમાં થતું–નીપજતું(૨) ડુંગરને લગતું(૩) સ્ત્રી૦ નાનો ડુંગર; ટેકરી

ડુંગળી સ્ત્રી૦ એક શાક–કંદ; ડૂંગળી

ડુંગો(-ઘો) પું૦ ડૂંગો; ચોર; ઠૂંગો (૨) માટીનો હુક્કો

ડૂકરો પું૦ ડુક્કરનો નર–ભૂંડ. -**રી** સ્ત્રી૦ તેની માદા

ડૂકવું અ૦ક્રિ૦ થાકવું(૨) રહી જવું; બંધ પડવું (૩) આવક ખટી જવી (૪) હારવું (૫) ભુલાવામાં પડવું

ડૂઘો પું૦ ટૂંકા દાંડાની એક મોટી કડછી (દૂધપાક વગેરે પીરસવાના કામમાં વપરાતી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૂચવું સ૦ક્રિ૦ હોઠ અડકાડી પીવું (૨) મોટે કોળિયે ખાવું; ઠાંસીને ખાવું (૩) ડૂચો–દાટો દેવો

ડૂચો પું૦ નકામા કાગળ કે કાપડનો પિંડો (૨) એનો દાટો (૩) મોટો કોળિયો (૪) [લા.] અસંસ્કારી માણસ; રાભો

ડૂબકાં ન૦બ૦વ૦ ડબૂકિયાં. –કી સ્ત્રી૦,–કું ન૦ પાણીમાં પેસવું–ડૂબવું તે

ડૂબવું અ૦ક્રિ૦ પાણીની અંદર જવું (૨) ડૂબીને મરણ પામવું (૩) [લા.] દેવાળું કાઢવું (૪) લીન થઈ જવું

ડૂબાડૂબ વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ ડુબાડૂબ

ડૂમકો પું૦ નાનું ઢોલ; નગારું

ડૂમચી સ્ત્રી૦ સાજ ખસી ન જાય એ માટે ઘોડાની પૂંછડીમાં ભરાવાતી દોરી (૨) ઘોડાનો થાપો

ડૂમી વિ૦ મીંઢું; કપટી

ડૂમો પું૦ લાગણીના આવેશથી છાતીમાં ભરાતો ડચૂરો

ડૂર ન૦ પરાળ; ડાંગરનું ઘાસ

ડૂરી સ્ત્રી૦ એક જાતનું પક્ષી

ડૂલ વિ૦ ડૂલેલું (૨) ન૦ એક કાનનું ઘરેણું (૩) એક ઘાસ

ડૂલવું અ૦ક્રિ૦ ડૂબવું; ગરક થવું (૨) ખુવાર થવું; દેવું કાઢવું (૩) કાંઈ વિસાતમાં ન હોવું

ડૂવો પું૦ રગડો (૨) નીચે ઠરેલો કચરો (૩) ડૂચો

ડૂશ સ્ત્રી૦ અડદાવો; ડૂરા

ડૂસકું ન૦ રડતાં રહી રહીને જોરથી ખેંચાતો શ્વાસ

ડૂંખ સ્ત્રી૦ કૂંપળ; આગળ ફૂટતો ભાગ

ડૂંખરાવવું સ૦ક્રિ૦ વઢવું; ધમકાવવું [ફુંજરાવું

ડૂંગળાવું અ૦ક્રિ૦ (છોડ, વેલા કે ફળનું) વધતાં અટકવું;

ડૂંગળી સ્ત્રી૦ જુઓ ડુંગળી

ડૂંગો(–ઘો) પું૦ જુઓ ડુંગો

ડૂંટી સ્ત્રી૦ દૂંટી; નાભિ. –ટાળું વિ૦ ડૂંટાવાળું. –ટો પું૦ મોટી દૂંટી (૨) ડૂંટા જેવો ઊપસી આવેલો ભાગ

ડૂંડી સ્ત્રી૦ જાહેરાત કરવા વગાડવાની નાની નગારી કે થાળી

ડૂંડું ન૦ કણનો ડોડો–કણસલું

ડૂંડો પું૦ નમૂનો; ફરમો (૨) ડૂંટો (૩) મોટું ડૂંડું

ડૂંભારણું ન૦ ઊંબાડિયું; સળગતી સળી [પડી જવું

ડેફરાવું અ૦ક્રિ૦ પેટ ઊપસવું (૨) ફેફર ચડવી (૨) ફીકા

ડેફરું ન૦ મોટું ઊપસેલું પેટ

ડેબું ન૦ કમરની નીચેનો પીઠનો ભાગ

ડેમી વિ૦[ઇં.] (છાપવાના) કાગળનું એક કદ [રવાઈ ફરે છે

ડેર પું૦ વલોણાની ગોળીના કાંઠા પરનું લાકડું, જેમાં રહી

ડેરાવું અ૦ક્રિ૦ (આંખોનું) ઊંઘથી ઘેરાવું

ડેરો પું૦ તંબૂ (૨) [લા.] પડાવ (૩) તોફાની ઢોરને ગળે બાંધેલું લાકડું

ડેલી સ્ત્રી૦ ખડકી; પડાળી (૨) પોલીસચોકી

ડેલું ન૦ મોટાં પહોળાં બારણાંવાળું મકાન (૨) મકાનનો ખડકી જેવો મોટો દરવાજો (૩) [ચ.] રાંપના દાંડાની લાંબી વળી. –લો પું૦ ડેલું ૧,૨ જુઓ

ડેહકાણી પું૦ ગામડિયો; રાભો

ડેંડવું ન૦ પાણીનો નાનો સાપ (૨) જુઓ 'ડેંડું'માં

ડેંડું ન૦(રવ૦) દેડકાનો અવાજ. –ડવું અ૦ક્રિ૦ડેંડું કરવું

ડેંઘું ન૦ જુઓ ડિંગો

ડોઈ સ્ત્રી૦ લાંબા દાંડાનું એક વાસણ

ડોક સ્ત્રી૦ ગળું; કોટ; ગરદન

ડોકર ન૦ એક જાતનું પક્ષી [ડોસો

ડોકરું વિ૦ (તુચ્છકારમાં) ઘરડું. –રી સ્ત્રી૦ ડોસી. –રો પું૦

ડોકવું અ૦ક્રિ૦ ડોકું કાઢીને જોવું; ડોકિયું કરવું

ડોક(–ખ)લી સ્ત્રી૦ (ઘી–તેલ કાઢવાની) પળી

ડોકાબારી સ્ત્રી૦ મોટા દરવાજામાં રાખેલી નાની બારી

ડોકા(૦વ)વું અ૦ક્રિ૦ ડોકું બહાર કાઢીને જોવું

ડોકિયું ન૦ ડોકું બહાર કાઢીને કે લંબાવીને જોવું તે

ડોકી સ્ત્રી૦ ડોક. –કું ન૦ માથું (૨) ડોકિયું

ડોકો પું૦ કડબનો સાંઠો

ડોખલ સ્ત્રી૦ નાના બાળકોનું ટોળું; ભૂંજરવાડ

ડોખલી સ્ત્રી૦ ડોકલી; પળી

ડોઘલી સ્ત્રી૦ નાનું ડોઘલું; ઢોચકી. –લું ન૦ પહોળા મોંનો ઊભા ઘાટનો ઘડો; ઢોચકું (૨) વિ૦ ડોઘું

ડોઘું વિ૦ સાબડબોથું; બોથડ; ડોઘલું

ડોચકું ન૦ ડોકું; માથું (૨) ટોચકું; ટોચ [(તિરસ્કારમાં)

ડોઝું ન૦ ડોઝરું (૨) જુઓ ઝાભ. –ઝરું ન૦ પેટ; હોજરું

ડોટી સ્ત્રી૦ એક જાતનું જાડું કાપડ

ડોટો પું૦ ફટકો; દડાને ગેડીનો માર

ડોડ પું૦ મરડાટ; રીસ (૨) મોટી મોટી ઇચ્છા; કોડ

ડોડકું ન૦ એક જાતનું શાકફળ

ડોડલો પું૦ ડોડો (લાલિત્યવાચક)

ડોડવું ન૦ ફળ અથવા કણસલાવાળો ગોટો; ડોડો (૨) જીંડવું; કાલું (૩) એક જાતનું ડોડકા જેવું ફળ. –વો પું૦ ફળ, ફૂલ કે કણસલાવાળો વગર ખીલેલો ગોટો–ડોડો

ડોડળવું ન૦ ફૂલી ગયેલું આંખનું પોપચું

ડોડાવું, ડોડાળું જુઓ 'ડોડો'માં

ડોડી સ્ત્રી૦ એક વનસ્પતિ–વેલો. –ડું ન૦ ડોડીનું ફળ

ડોડો પું૦ ફળફૂલના ગર્ભવાળો નવો ફૂટતો ગોટો (૨) દાણા ભરેલું મકાઈનું ડૂંડું. –ડાવું અ૦ક્રિ૦ ડોડો આવવો; કણસલું નીકળવું. –ડાળું વિ૦ ડોડાવાળું

ડોઢી સ્ત્રી૦ પહેરાવાળાને બેસવા કાઢેલી પડાળી–ડેલી

ડોબરું ન૦ ભાગેલું–ફૂટેલું માટીનું વાસણ (૨) રાનીપરજનું એક વાદ્ય [–બો પું૦ મૂર્ખ; મંદબુદ્ધિ માણસ

ડોબું વિ૦ કંઈ ન સમજે એવું; સાવ બોથડ (૨) ન૦ ભેંશ.

ડોયણું ન૦ ડોરણું; ખોઈ બાંધવાનું ઘોડિયાનું આડું લાકડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોયો પું૦ નાળિયેરને કોતરીને કરેલું વાસણ (૨) નાળિયેરનું ખોખું, જેમાં હૂકાનો મેર ઘલાય છે (૩) ડોઈ (૪) મોટો ખીલો; ગરજો

ડોરણું ન૦ બોરિયું (૨) ડોયણું [કૂવાથંભ

ડોલ સ્ત્રી૦ બાલદી; પાણીનું એક વાસણ (૨) પું૦ વહાણનો

ડોલકાચં(-ચિં,-ચી)ડો પું૦ રાતા ગળાનો કાચંડો

ડોલકાઠી સ્ત્રી૦ વહાણના ડોલની કાઠી (?)

ડોલચી સ્ત્રી૦ નાની ડોલ (૨) ચામડાની ડોલ (૩) પું૦ ડોલ વડે વહાણમાંથી પાણી ઉલેચનાર

ડોલચું ન૦ ડોલ (૨) ચામડાની ડોલ

ડોલણ(-ણિયું) વિ૦ ડોલતું; અસ્થિર

ડોલન ન૦ ડોલવાની ક્રિયા (૨) તાલ અને ધ્વનિ ઇ૦થી ડોલાવે એવો શબ્દાલંકાર; 'રીધમ'. ૦શૈલી સ્ત્રી૦ ડોલન જેની મુખ્ય વસ્તુ છે એવી શૈલી

ડોલડોલા પું૦બ૦વ૦ આમતેમ ડોલવું-ઝૂલવું તે

ડૉલર પું૦ [ઇં.] અમેરિકાનો સોનાનો સિક્કો

ડોલર(-રિયો) પું૦ એક ફૂલઝાડ; બટમોગરો

ડોલવું અ૦ક્રિ૦ ઝૂલવું; આમતેમ હાલવું

ડોલું ન૦ ઝોકું (૨) ગોથું; છક્કડ

ડોલો પું૦ તાબૂત; તાજિયો (૨) મ્યાનો; પાલખી

ડોવું સ૦ક્રિ૦ હલાવી ભેળવી દેવું; ફીણવું. ડોવાવું અ૦ક્રિ૦ (કર્મણિ). ડોવડાવવું (પ્રેરક)

ડોશી(-સી) સ્ત્રી૦ ઘરડી સ્ત્રી [કરાતી ક્રિયા

ડોસલાં ન૦બ૦વ૦ પારસીઓમાં મરી ગયેલા માટે દરવર્ષે

ડોસી સ્ત્રી૦ ડોશી. -સું ન૦ ઘરડું-નમાલું માણસ. -સું ડગરું ન૦ ઘરડું-વૃદ્ધ માણસ. -સો પું૦ ઘરડો માણસ

ડોહ પું૦ ઊંડા પાણીનો ખાડો; ધરો [મહુડાનું બી

ડોળ પું૦ કઠોળ ભરડતાં આખો રહી ગયેલો દાણો (૨)

ડોળ,૦વા પું૦બ૦વ૦ ધાણીમાં ફૂટ્યા વગર રહી ગયેલા દાણા

ડોળ [ડો] પું૦; ન૦ આકાર; ઘાટ (૨) બહારનો દેખાવ; ઢોંગ. ૦ઘાલુ વિ૦ ડોળી; દંભી. ૦ડ(-દ)માક પું૦ ભભકો; ઠાઠ. ૦દાર વિ૦ ઘાટીલું; દેખાવડું [ચાળવાની ચાળણી

ડોળચાળણી સ્ત્રી૦ (ભરડ્યા પછી ડોળ જુદા કાઢવાની) દાળ

ડોળવવું [ડો] સ૦ક્રિ૦ આકાર કરવો; ઘાટ લાવવો

ડોળવા પું૦બ૦વ૦ જુઓ 'ડોળ'માં

ડોળવું ન૦ નાનું લાકડું-બળતણ

ડોળિયું ન૦ મહુડાના ડોળનું તેલ

ડોળિયું [ડો] ન૦ રૂપરેખા; નમૂનો; મુસદ્દો

ડોળિયો વિ૦પું૦ લાંબા શીંગડાવાળો (બળદ)

ડોળિયો પું૦ ડોળી ઊંચકનાર; ભોઈ

ડોળી [ડો] વિ૦ ડોળઘાલું; દંભી

ડોળી સ્ત્રી૦ ઝૂલતી ઝોળી; માંચી (૨) માઠી ખબર; મોકાણ

ડોળો પું૦ આંખનો કાચ-ગોળો (૨) આંખ (૩) [લા.] નજર; ધ્યાન (૪) દોહદ (૫) પહેલું આણું (૬) મોરના પીંછાનો ચાંલ્લો

ડોંચવું સ૦ક્રિ૦ (કા.) ખેંચવું; ખેંચીને અટકાવવું (૨) ટોકવું

ક્રૂકૂટ સ્ત્રી૦ [ઇં.] કૂકાથી રમાતી એક અંગ્રેજી બાજી-રમત

ડ્રાંઉં,૦ડ્રાંઉં અ૦ (રવ૦) દેડકાનો અવાજ

ઢ

ઢ પું૦ [સં] મૂર્ધસ્થાની ચોથો વ્યંજન (૨) ઠોઠ માણસ. ૦કાર પું૦ ઢ અક્ષર કે એનો ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે ઢકારવાળું. ૦ઢ્ઢો પું૦ ઢકાર (૨) ઠોઠ માણસ

ઢકેલ સ્ત્રી૦ કુસ્તીમાં એક દાવ

ઢગ પું૦ ઢગલો ગંજ. ૦(૦લા)બાજી સ્ત્રી૦ પત્તાંની એક

ઢગરું ન૦,-રો પું૦ ફૂલો; ધગડો

ઢગરો પું૦ હલકા પગારનો સિપાઈ (૨) જુઓ 'ઢગરું'માં

ઢગલો પું૦ પુંજ; ખડકલો. -લાબંધ વિ૦ (૨) અ૦ ઘણું; પુષ્કળ. -લી સ્ત્રી૦ નાનો ઢગલો. -લેઢગલા પું૦બ૦વ૦ ઢગલા ને ઢગલા; અતિ-બહુ હોવું તે

ઢગો પું૦ બળદિયો (૨) મૂર્ખ-બેવકૂફ આદમી

ઢચક ઢચક અ૦ (રવ૦)

ઢચરો પું૦ ડોકરો. -રી સ્ત્રી૦ ડોકરી

ઢચુપચુ વિ૦ અનિશ્ચિત; ડગુમગુ

ઢચૂક,૦ઢચૂક અ૦ (રવ૦)

ઢચ્ચર વિ૦ બહુ ઘરડું; ખોખા જેવું-જીર્ણ ['ઢણઢણ'માં

ઢ(૦ણ)ઢણવું,ઢ(૦ણ)ઢણાવવું,ઢ(૦ણ)ઢણાટ જુઓ

ઢઢ્ઢો પું૦ જુઓ 'ઢ'માં (૨) પતંગ વચ્ચેનો ઊભો સળિયો

ઢણક(-કા)વું અ૦ક્રિ૦ વગર કામે રખડવું; રઝળવું

ઢણકો પું૦ (સુ.) ઊંઘનું ઝોકું

ઢણઢણ અ૦ (રવ૦). ૦વું અ૦ક્રિ૦ ઢણઢણ એમ વાગવું (૨) જોશથી બધું એકસાથે હાલી ઊઠવું; ધણધણવું. -ણાટ પું૦ ઢણઢણ અવાજ. -ણાવવું સ૦ક્રિ૦ (પ્રેરક)

ઢફ અ૦ (રવ૦) [પડવાનો અવાજ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢપ સ્ત્રી૦ + ઢબ [૦દાર વિ૦ ઢબવાળું (૨) છટાદાર

ઢબ સ્ત્રી૦ રીત; પદ્ધતિ. ૦છબ સ્ત્રી૦ રીતભાત; પદ્ધતિ; છટા.

ઢબ અ૦(રવ૦) (૨) શૂન્ય; ધબ. ૦ઢબવું અ૦ક્રિ૦ એવો અવાજ કરવો (ઉદા૦ તરવામાં). ૦ઢબિયાં ન૦બ૦વ૦ ઢબઢબ કરવું તે. ૦વું અ૦ક્રિ૦ ઢબઢબ એવો અવાજ કરવો (૨) ડૂબવું; બૂડી જવું (૩) ધબી જવું; મરી જવું

ઢબુ(-બૂડી) સ્ત્રી૦ ઢીંગલી

ઢબુ(-બ્બુ) પું૦ જુઓ ઢબુવો

ઢબુકાવવું સ૦ક્રિ૦ 'ઢબૂકવું'નું પ્રેરક

ઢબુડા(-રા)વવું સ૦ક્રિ૦, ઢબુડા(-રા)વું અ૦ક્રિ૦ 'ઢબૂડવું'નું પ્રેરક ને કર્મણિ

ઢબુવો પું૦ બેવડિયો પૈસો (૨) જુઓ ઢબો [ખાવાં

ઢબૂકવું અ૦ક્રિ૦ (રવ૦) ઢોલનું વાગવું (૨) પાણીમાં ડૂબકાં

ઢબૂડ(-ર)વું સ૦ક્રિ૦ બરાબર ઓઢાડીને સુવાડવું (૨) થાબડવું (વહાલમાં) (૩) ધીબવું; મારવું

ઢબૂડી સ્ત્રી૦ ઢીંગલી; ઢબુ

ઢબૂરવું સ૦ક્રિ૦ જુઓ ઢબૂડવું

ઢબૂલો પું૦ ઢીંગલો (૨) ઠોઠ-મોટ આદમી [આદમી

ઢબો(-બ્બો) પું૦ બેવકૂફ આદમી (૨) બાયલો-નામર્દ

ઢમક,૦ઢમક અ૦ (રવ૦) ઢોલનો અવાજ. ૦વું અ૦ક્રિ૦ ઢમઢમ થવું. -કારો,-કો પું૦ ઢોલનો અવાજ

ઢમઢમ અ૦ (રવ૦) ઢોલનો અવાજ

ઢમઢોલ વિ૦ ઢોલ જેવું ફૂલેલું

ઢમાક અ૦ (૨) પું૦ (રવ૦) ઢોલનો અવાજ

ઢરડકો પું૦ (રવ૦) ઢરડવાનો અવાજ (૨) જુઓ ઢેડકો

ઢરડવું સ૦ક્રિ૦ ઢસડવું; ઘસડવું (૨) ઢેડકો મૂકવો

ઢરડો પું૦ ઢસરડો; વેઠ; અરસિક વૈતરું

ઢસ(૦ર)ડવું સ૦ક્રિ૦ જમીન સાથે ખેંચવું; ઘસડવું (૨) [લા.] વેઠ ઉતારવી

ઢસ(૦ર)ડો પું૦ ઢસડવાથી થયેલો ઘસરકો (૨) જુઓ ઢરડો

ઢસલું(-ળું) વિ૦ આળસુ; સુસ્ત (૨) કાચા કાનનું-ભોળું

ઢસું ન૦ દડ; ઝીણી રેતી

ઢસોર વિ૦ નઠોર; લાગણીહીન (૨) એદી; આળસુ

ઢળકવું અ૦ક્રિ૦ ઢળવું; નમતું રહેવું (૨) નમતું રહેવાથી સુંદર દેખાવું

ઢળવું અ૦ક્રિ૦ આડું થવું; એક બાજુ નમવું (૨) પ્રવાહી પદાર્થનું બહાર નીકળી જવું (૩) બીબામાં રેડાઈ તે ઘાટના થવું (૪) [લા.] નિશ્ચયમાંથી ડગવું

ઢળાવવું સ૦ક્રિ૦ 'ઢળવું' અને 'ઢાળવું'નું પ્રેરક

ઢળાવું અ૦ક્રિ૦ 'ઢાળવું'નું કર્મણિ ને 'ઢળવું'નું ભાવે

ઢગિયાં ન૦બ૦વ૦ સાડાપાંચના આંક

ઢળિયું ન૦ ઢેફું (૨) રોડું

ઢજ્યા અ૦ ('મૂઆ' જેમ મા છોકરાને કહે છે)

ઢંકાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ઢાંકવું'નું કર્મણિ ને પ્રેરક

ઢંગ પું૦ વર્તન; રીતભાત (૨) ચેનચાળા; ઢાળો. ૦ઢાળ પું૦ ઢંગધડો; ઠેકાણું (૨) ઘાટ; આકાર. ૦ધડો પું૦ ઠેકાણું; વિશ્વાસ પડે એવું વર્તન

ઢંઢા(-ઢે)ર વિ૦ ગંજાવર; મોટું

ઢંઢેરો પું૦ જાહેરનામું (૨) સરકારી જાહેરનામું

ઢંઢોળવું સ૦ક્રિ૦ (જગાડવા માટે) ખૂબ હલાવવું

ઢાકઢોળ પું૦ ડોળ; ઘાટ

ઢાકળો પુ૦ રીતભાત; ઢંગ (૨) ડહાપણ; સમજદારી (૩) વિવેક; નમ્રતા; લાજ (૪) ઢંગ; ભલીવાર

ઢાકોઢું(-ઢૂં)બો,ઢાકોઢૂમો પું૦ વધેલું ખાવાનું કે ઘરમાં ઉઘાડું હોય તે તપાસી કરીને ઢાંકવું-બંધ કરવું તે

ઢાચલું ન૦ ભડકું (રાનીપરજ લોકોનું)

ઢાઢી પું૦ એક જાતનો માગણ (૨) શરણાઈ વગાડનારો

ઢાલ સ્ત્રી૦ [સં.] પ્રહાર-ઝટકો ઝીલવાનું ચામડાનું એક સાધન (૨) [લા.] રક્ષક વસ્તુ. ૦ગર પું૦ ઢાલ બનાવનાર

ઢાળ પું૦ ઢોળાવ; ઉતાર (૨) રીત; ઢબ; ઢંગ (૩) ગાવાની ઢબ (૪) સંબંધ; ઘરોબો (૫) ખેતરના પાકનો અંદાજ. ૦કી સ્ત્રી૦ ધાતુને ગાળીને પાડેલી લગડી. ૦કો પું૦ મોટી ઢાળકી (૨) ઢંગ; વર્તણૂક (૩) કામકાજની સફાઈ-આવડ; ભલીવાર (૪) સમજણ. ૦ણી સ્ત્રી૦ કાપણી (૨) ધાતુ ઢાળવાની ક્રિયા કે રીત (૩) બીબાં ઢાળવાની આવડત. ૦દાર વિ૦ઢાળ-ઢોળાવવાળું. ૦વું સ૦ક્રિ૦ નીચે નાખવું; પાથરવું (૨) ટીપાં રૂપે પાડવું; ગેરવવું (૩) પાકની કાપણી કરવી (૪) તેનો અંદાજ કાઢવો (૫) ગાળીને ઢાળકી પાડવી; બીબામાં રેડવું (૬) ન૦ કોળી વગેરેનાં બૈરાં સાલ્લા ઉપર જે લૂગડું બાંધે છે તે. -ળિયું વિ૦ ઢાળદાર (૨) ન૦ ઢાળકી (૩) ઢાળવાળું ખેતર કે જમીન (૪) એક જ ઢાળ-બાજુવાળું છાપરું (૫) ઢાળદાર મેજ. -ળિયો પું૦ કાપણી કરનારો માણસ (૨) ખેતરમાં પાણી લઈ જવાનો બાંધેલો ઢાળદાર માર્ગ (૩) ઢાળેલો પાસલો -ઘાટ. -ળો પું૦ આરામ; વિશ્રાંતિ (૨) ઢંગ; રીત-ભાત (૩) પદ્ધતિ; ઢબ

ઢાંકણ ન૦ ઢાંકણું (૨) સંરક્ષણ (૩) ઢાંકવું તે. -ણિયું વિ૦ ઢાંકે એવું (૨) ન૦ જુઓ ઢાંકણું. -ણી સ્ત્રી૦ નાનું ઢાંકણું (ખાસ કરીને હાંલ્લીનું) (૨) ઘૂંટણ ઉપરનું હાડકું. -ણું ન૦ વસ્તુને ઢાંકવા તેને બેસતો કરેલો કાંઈ પણ ઘાટ (૨) ઢાંકનારું કાંઈ પણ

ઢાંકણિયો પું૦ જેના પૂછડાના ગુચ્છાની અંદર ધોળા વાળ હોય એવો બળદ

ઢાંકપછેડો,ઢાંકપિછોડો પું૦ દોષ છુપાવવાની યુક્તિ-બહાનું (૨) ટપલાબાજીની એક છોકરાંની રમત

ઢાંકવું સ૦ ક્રિ૦ કશા વડે વસ્તુને આવરવી-તેની ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકવું કે પાથરવું (૨) સંતાડવું; ગુપ્ત રાખવું
ઢાંકેલઢૂંકેલ વિ૦ ઢાંકેલુંઢબૂરેલું; ગુપ્ત રાખેલું
ઢાંકોઢું(-ઢૂં)બો,ઢાંકોઢૂંબો પું૦ જુઓ ઢાકોઢુંબો
ઢાંક્યું વિ૦ ઢાંકેલું; ગુપ્ત (૨) ન૦ ઘેર પહોંચાડેલું પિરસણ. ૦બીક્યું વિ૦અંતરની ગુપ્ત ચિંતાથી બળી રહેલું-દુઃખી
ઢાંગરું ન૦ મોટી જાડી કાકડી; આરિયું
ઢાંઢું ન૦ મરી ગયેલું ઢોર
ઢાંઢો પું૦ મોટો બળદ
ઢિગાર પું૦ ઢગ; ઢગલો [કર્મણિ
ઢિચાવવું સ૦ક્રિ૦; ઢિચાવું અ૦ક્રિ૦ 'ઢીચવું'નું પ્રેરક ને
ઢિબાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦ 'ઢીબવું'નું કર્મણિ ને પ્રેરક
ઢિમડિયો પું૦ જુઓ ઢીમડો
ઢિંગલી સ્ત્રી૦, -લું ન૦, -લો પું૦ જુઓ 'ઢીંગલી'માં
ઢીક સ્ત્રી૦, ૦ણું વિ૦ જુઓ 'ઢીંક'માં
ઢીકલી સ્ત્રી૦ પથરા મારવાનું તોપ જેવું એક પ્રાચીન યંત્ર
ઢીકો પું૦, -કાપાટુ સ્ત્રી૦; ન૦ જુઓ ઢીંકો,-કાપાટુ
ઢીચ વિ૦ મજબૂત; દૃઢ
ઢીચવું સ૦ક્રિ૦ જુઓ ઢીંચવું
ઢીબ પું૦ મોટો પથરો (૨) અ૦ [રવ૦] ધીબ. ૦વું સ૦ક્રિ૦ ધીબવું; માર મારવો
ઢીમ સ્ત્રી૦; ન૦ સોનાની લગડી
ઢીમચું(-સું) ન૦ ડીમચું (૨) માટીની જાડી કોઠી (૩) [લા.] ગઠ્ઠું છોકરું (૪) માથું
ઢીમડું(-ણું) ન૦ જુઓ ઢીમણું
ઢીમડો પું૦ એક વનસ્પતિ
ઢીમણું ન૦ ગાંઠ જેવો કઠણ સોજો (૨) જેના ઉપર મૂકીને છૂંદાય તેવો લાકડાનો કકડો
ઢીમર પું૦ માછી (૨) ખારવો
ઢીમસું ન૦ જુઓ ઢીમચું
ઢીમું ન૦ ઢીંગણું; ગૂમડું
ઢીલ સ્ત્રી૦ વાર; વિલંબ (૨) તંગથી ઊલટું-શિથિલ હોવાપણું (૩) [લા.] બેદરકારી. ૦ગંડું વિ૦ બીકણ; બાયલું
ઢીલું વિ૦ શિથિલ; તંગ ન હોય એવું (૨) કઠણ નહિ એવું; પોચું (૩) [લા.] હિંમત વિનાનું (૪) કમજોર (૫) સુસ્ત; ધીરું; મંદ. ૦ઢસ વિ૦ સાવ ઢીલું
ઢીંક સ્ત્રી૦ ધીબકો; ધપ્પો. ૦ણી સ્ત્રી૦પૈંવા ખાંડવાની ખાંડણી
ઢીંકણું વિ૦ ફલાણું; અમુક [ખોદેલો ખાડો
ઢીંકવો પું૦ નદી કે તળાવના સૂકા તળિયામાં પાણી માટે
ઢીંકૂડી સ્ત્રી૦ નાનો ઢીંકવો
ઢીંકો પું૦ ઢીકો; મુક્કી; ગડદો; ઠોંસો. -કાપાટુ ન૦બ૦વ૦ ધીબકા અને લાતોથી કરેલી મારામારી; મસ્તી
ઢીંગઢીંગી સ્ત્રી૦ એક જાતનું વાદ્ય-નગારું
ઢીંગલી સ્ત્રી૦ નારીરૂપની પૂતળી. -લું ન૦ પૂતળું-રમકડું. -લો પું૦ નરરૂપની પૂતળી
ઢીંચ સ્ત્રી૦ પીવાનું અકરાંતિયાપણું
ઢીંચણ પું૦ઘૂંટણ; પગનો ઢાંકણીવાળો સાંધો-ભાગ. ૦પૂર વિ૦ઢીંચણ સુધી આવે એટલું. -ણિયું વિ૦ ઢીંચણ જેટલું ઊંચું (૨) જેનું પૂંછડું ઢીંચણે અડતું હોય એવું (૩) ન૦ ઢીંચણ નીચે મૂકવાનું ટેકણ (૪) ઢીંચણ; ઘૂંટણિયું
ઢીંચવું સ૦ક્રિ૦હદથી વધારે પીવું (૨) પીવું (તિરસ્કારમાં). ઢીંચાવવું (પ્રેરક). ઢીંચાવું (કર્મણિ)
ઢીંચાં ન૦બ૦વ૦ સાડાચારનો આંક; ઢૂંચાં
ઢુકાવવું સ૦ક્રિ૦,ઢુકાવું અ૦ક્રિ૦ 'ઢૂંકવું'નું પ્રેરક ને ભાવે
ઢૂકડું વિ૦ ઢૂંકડું; નજીક
ઢૂકવું અ૦ક્રિ૦ નજીક જવું; ઢૂંકવું
ઢૂવો પું૦ રણમાં રેતી ઊડીને થતો ઢગલો (૨) ઝાડી
ઢૂસ વિ૦ નકામું; રદ્દી (૨) સ્ત્રી૦ ઠૂસ; દમ
ઢૂંકઢૂંકાં અ૦ પાસે; બહુ પાસે
ઢૂંકડું વિ૦ ઢૂકડું; નજીક; દૂર નહિ એવું [(કર્મણિ)
ઢૂંકવું અ૦ક્રિ૦ ઢૂકવું; નજીક જવું. ઢૂંકાવવું (પ્રેરક). ઢૂંકાવું
ઢૂંકું વિ૦ જુઓ ઢૂંકડું; ઢૂકડું
ઢૂંગલું ન૦ રોપાની આસપાસ કરાતી વાડ
ઢૂંગવું સ૦ક્રિ૦ખાવું. ઢૂંગાવવું (પ્રેરક). ઢૂંગાવું (કર્મણિ)
ઢૂંગું ન૦ (રમતમાં) બે પક્ષમાંનો એક (૨) ઘાસ કે ચારાનો ભારો (સુ.)
ઢૂંચાં ન૦બ૦વ૦ ઢીંચાં
ઢૂંઢણી સ્ત્રી૦ એક રમત [(કર્મણિ)
ઢૂંઢવું સ૦ક્રિ૦ શોધવું, ખોળવું. ઢૂંઢાવવું (પ્રેરક). ઢૂંઢાવું
ઢૂંઢ(-ણ)સું ન૦ કણસલામાંથી બાજરીના દાણા કાઢી લીધા પછી રહેતું ફોતરું; ઢૂંઢું [આદમી
ઢૂંઢિયો પું૦ જૈન ધર્મનો એક સંપ્રદાય (૨) એ સંપ્રદાયનો
ઢૂંઢી સ્ત્રી૦ એક રમત; ઘંટીખીલડો
ઢૂંઢું(-ણસું,-સું) ન૦ જુઓ ઢૂંઢસું
ઢૂંસો પું૦ ઘઉંનો જાડો મોટો ભાખરો (૪) જાડો કામળો
ઢેક વિ૦ ઢેંક; છેલ્લું (રમતમાં વપરાય છે)
ઢેગબગલો પું૦ એક પક્ષી
ઢેકલી સ્ત્રી૦ નાનો ઢેકો-ગાંઠ (૨) નાની ટેકરી
ઢેકલો(-વો) પું૦ મોટી ઢેકલી; ઢેકો; ખૂંધ
ઢેકવો પું૦ ઢેકલો (૨) કૂવામાંથી પાણી ખેંચવાનું એક યંત્ર
ઢેકાઢળિયા,ઢેકાઢૈયા પું૦બ૦વ૦ ઊંચીનીચી જમીન; ખાડા ટેકરા
ઢેકૂટ સ્ત્રી૦ માથાકૂટ; કડાકૂટ
ઢેકૂડી સ્ત્રી૦ જુઓ ઢીંકૂડી
ઢેકો પું૦ ઊપસેલો ભાગ; ટેકરો (૨) [શા. પ્ર.માં] હાડકું
ઢેખલો,ઢેખાળો પું૦ ઈંટનો કકડો; રોડું. ઢેખાળી સ્ત્રી૦ નાનો ઢેખાળો (૨) ઈંટનો ભૂકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢેડ(-ઢ) પું૦ એ નામની એક અંત્યજ જાતનો આદમી. ૦ગુજરાતી સ્ત્રી૦ અંગ્રેજી મિશ્રણવાળી ગુજરાતી. ૦ણ સ્ત્રી૦ ઢેડની કે ઢેડ જાતની સ્ત્રી. ૦ફજેતી સ્ત્રી૦, ૦ફજેતો પું૦ જાહેર ફજેતી; ખરાબમાં ખરાબ ફજેતી. ૦વાડો પું૦ ઢેડ લોકોનો લત્તો (૨) [લા.] ગંદી–અસ્વચ્છ જગા; ગંદકી. -ડા(-ઢા)ઉ વિ૦ ઢેડનું,-ને લગતું (૨) ઢેડનું વણેલું. -ડિ(-ઢિ)યું વિ૦ ઢેડાઉ. -ડિ(-ઢિ)યો પું૦ ઢેડ. -ડી,-ઢ(-ય)ડી સ્ત્રી૦ઢેડણ.-ડું વિ૦ઢેડાઉ(૨)ન૦એંઠવાડ લૂંટી ખાનારું હલકી વર્ણનું ટોળું. -ડો પું૦ ઢેડ

ઢેપલી સ્ત્રી૦ નાનું–ચપટું ઢેફું; થેપલી. -લું ન૦ રોડું; ઢેપું (૨) ચોસલું; દગડું

ઢેપું(-ફું) ન૦ જુઓ ઢેપલું [નીકળેલું (સંઘ માટે)

ઢેબરું ન૦ એક ખાવાની વાની. -રિયું વિ૦ ઢેબરાં બાંધીને

ઢેખો પું૦ સોજો; ગડબ; ઢેકો (૨) ઢેસલો

ઢેમણો પું૦ એક વનસ્પતિ–ઔષધિ

ઢેર પું૦ ઢગલો. -રી સ્ત્રી૦ ઢગલી

ઢેલ,૦ડી સ્ત્રી૦ મોરની માદા

ઢેસકું ન૦ એક ઘરેણું (૨) જાડો રોટલો (૩) પોદળો

ઢેસરો(-લો,-ળો) પું૦ પોદળો

ઢેંક વિ૦ ઢેક (૨) તદ્દન હલકી કોટિનું

ઢેંગી વિ૦ આળસુ; એદી

ઢેંચલો પું૦ એક પંખી. -લી સ્ત્રી૦ તેની માદા

ઢેંચવો પું૦ એક પંખી [અવાજ સાથેની વાછૂટ

ઢૈડ ન૦ (રવ૦) વાછૂટનો અવાજ. ૦કું ન૦, ૦કો પું૦ઢૈડ

ઢૈયું ન૦ મોટું ઢેફું

ઢૈયો પું૦ ઢગલો; ટેકરો [ગોટલા ચડે એવું દર્દ

ઢોકળિયું વિ૦ વચમાંથી જાડું (વેલણ) (૨) ન૦ પગમાં

ઢોકળી સ્ત્રી૦ એક ખાવાની બનાવટ

ઢોકળું ન૦ એક ખાવાની બનાવટ

ઢોચકી સ્ત્રી૦ નાનું ઢોચકું

ઢોચકું ન૦ સાંકડા મોંનો માટીનો ઘડો (૨) [લા.] માથું

ઢોટો(-ઢો) પું૦ વાણો ભરવાની કોકડી

ઢોર ન૦ પશુ; ગાય, ભેંસ વગેરે ચોપગું પ્રાણી. ૦ઢાંક, ૦ઢાંક(-ખ)ર ન૦બ૦વ૦ ઢોર વગેરેનો સમૂહ. ૦માર પું૦ ઢોરને પડે એવો સખત માર. ૦શાઈ વિ૦ ઢોરના જેવું

ઢોરો પું૦ ઊપસેલી જમીન; ટેકરો

ઢોલ પું૦;ન૦ [સં.] એક વાદ્ય; નગારું. ૦ક ન૦, ૦કી સ્ત્રી૦ નાનું ઢોલ; પખાજ. ૦કું ન૦ ઢોલ. ૦વગાડુ વિ૦ ઢોલકી વગાડનાર; બીજા આગળ કોઈનાં ગુણગાન કર્યા કરનારું

ઢોલ પું૦ + ઢોલિયો

ઢોલડી(-ણ,-ણી) સ્ત્રી૦ નાનો ખાટલો; પલંગડી

ઢોલણ પું૦ પહેરવાનું લૂગડું (૨) સ્ત્રી૦ ઢોલડી

ઢોલિયો પું૦ ખાટલો; પલંગ

ઢોલી પું૦ ઢોલ વગાડનારો

ઢોલો પું૦ વર; ધણી (૨) જાડો, એદી, મૂર્ખ માણસ

ઢોળ પું૦ ઓપ; ધાતુને રસવી તે

ઢોળનાંખ સ્ત્રી૦ ઢોળવું નાખવું તે

ઢોળફોડ સ્ત્રી૦ ઢોળવું ફોડવું તે

ઢોળવું સ૦ક્રિ૦ રેડવું (૨) પંખો નાંખવો (૩) ગબડાવવું (૪) ન૦ બેસણી વગરનું વાસણ (૫) [લા.] બંને બાજુ ઢળી પડે તેવો માણસ. -વી સ્ત્રી૦ નાનું ઢોળવું (વાસણ)

ઢોળાણ ન૦, ઢોળાવ,ઢોળો પું૦ ઢાળ

ઢોંગ પું૦ ખોટો દેખાવ; દંભ. -ગી વિ૦ ઢોંગથી ભરેલું; દંભી

ઢોંચ વિ૦ જીર્ણ; ખખળી ગયેલું [ખાણ

ઢોંચરું વિ૦ ગોતા જેવું; બેસ્વાદ (૨) ન૦ ગોતું; ઢોરનું

ઢોંડફોડો પું૦ પથ્થર ફોડનારો; સલાટ

ઢોંડો પું૦ પથ્થર; પહાણો (૨) [લા.] મૂર્ખ–જડસો આદમી

ઢોંણું ન૦ જુઓ ડોયણું

ઢૌઓ(-વો) પું૦ બૈરીને કબજે ન રાખી શકે એવો પુરુષ; ભડવો; નામર્દ આદમી. -આ(-વા)પણું ન૦

ણ

ણ [સં.] ટ વર્ગનો–મૂર્ધસ્થાની અનુનાસિક (આ અક્ષરથી શરૂ થતો શબ્દ ભાષામાં નથી). ૦કાર પું૦ ણ અક્ષર કે ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે ણકારવાળું

ણુ(-ણું) ન૦ બનાવતો કૃત્પ્રત્યય. જુઓ અણ (આ પ્રત્યય અંતે અ સિવાયના સ્વરવાળા ધાતુને લાગે છે.) ઉદા૦ ખાણું; પીણું; લેણદેણ

ણુક કૃત્પ્રત્યય. સ્ત્રી૦ બનાવે છે. ઉદા૦ વર્તણૂક; નિમણૂક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત

ત પું૦ [सं.] દંતસ્થાની પહેલો વ્યંજન. ૦કાર પું૦ ત અક્ષર કે ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે તકારવાળું. ૦ત્તો પું૦ તકાર

તક સ્ત્રી૦ અનુકૂળ વખત–પ્રસંગ; લાગ

તક(–ગ)તક(–ગ) અ૦ તકતકે એમ. ૦વું અ૦ ક્રિ૦ ચકચકવું; તેજ મારવું

તક(–ખ)તી સ્ત્રી૦ કાચ કે ધાતુની ચાર ખૂણાવાળી ચકતી (૨) એક ઘરેણું. –તો પું૦ મોટી તકતી (૨) અરીસો

તકદીર ન૦ [अ.] નસીબ; કિસ્મત

તકબ્બુર ન૦ [अ.] હુંપદ; ગર્વ

તકમરિયાં ન૦બ૦વ૦ એક જાતનાં બિયાં–ઔષધિ

તકરાર સ્ત્રી૦ [अ.] ઝઘડો; કજિયો; ટંટો (૨) વાંધો; ખાંચો. –રિયું વિ૦ તકરાર કરવાની ટેવવાળું (૨) તકરારવાળું–તકરાર કરવી પડે તેવું. –રી વિ૦ જુઓ તકરારિયું (૨) તકરારને લગતું; તકરારનો વિષય બનેલું

તકલા(–લે)દી વિ૦ મજબૂત અને ટકાઉ નહિ તેવું; નાજુક

તકલીફ સ્ત્રી૦ [अ.] તસ્દી; કષ્ટ

તકલેદી વિ૦ જુઓ તકલાદી

તકસીમ સ્ત્રી૦ [अ.] વહેંચણી. ૦દાર વિ૦ ભાગીદાર

તકસીર સ્ત્રી૦ [अ.] ભૂલ; કસૂર. ૦વાર વિ૦ તકસીરવાળું

તકાજો (–દો) પું૦ [अ.] તગાદો; ચાંપતી ઉઘરાણી

તકાવવું સ૦ ક્રિ૦ જુઓ તકાસવું (૨) [નિશાન] 'તાકવું'-નું પ્રેરક [આવતાં નાણાં

તકા(–ગા)વી સ્ત્રી૦ [अ.] સરકાર તરફથી ખેડૂતને ધીરવામાં

તકાસવું સ૦ ક્રિ૦ લાલચથી તાકીને જોવું (૨) ઇચ્છવું

તકિયો પું૦ [फा.] પાછળ અઢેલવાનું મોટું ઓશીકું (૨) ફકીરને રહેવાનું સ્થાન

તકે(–કો)તક અ૦ સંધિ ઉપર જ; બરાબર વખતે

તકેદારી સ્ત્રી૦ ચાંપ; જાપતો; દેખરેખ

તકોતક અ૦ તકેતક; બરોબર તાકડે

તકોબરી સ્ત્રી૦ તકબ્બુર; અહંકાર; અભિમાન [તકતો

તક્તી(–ખ્તી) સ્ત્રી૦ જુઓ તકતી. –ક્તો(–ખ્તો) પું૦ જુઓ

તક્ર સ્ત્રી૦; ન૦ [सं.] છાશ. ૦પ્રમેહ પું૦ પેશાબનો એક રોગ

તક્ષક પું૦ [सं.] (નાટકનો) સૂત્રધાર (૨) સુતાર (૩) [सं.] નાગલોકનો એક આગેવાન, સર્પસત્ર વખતે આસ્તીકે જેને બચાવ્યો હતો (૪) દેવોનો શિલ્પશાસ્ત્રી

તક્ષશિલા સ્ત્રી૦ [सं.] (સં.) પંજાબનું એક પ્રાચીન નગર (પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્યાપીઠની જગા)

તખત ન૦ તખ્ત; સિંહાસન; રાજગાદી

તખતી સ્ત્રી૦ જુઓ તકતી. –તો પું૦ જુઓ તકતો (૨) મંચ; રંગભૂમિ; 'પ્લૅટફૉર્મ'

તખલ્લુસ ન૦ [अ.] ઉપનામ [બેઠેલું

તખ્ત ન૦ [फा.] જુઓ તખત. ૦નશીન વિ૦ તખત ઉપર

તખ્તી સ્ત્રી૦, –ખ્તો પું૦ [अ.] જુઓ 'તક્તી'માં. –ખ્તે-તાઊસ ન૦ શાહજહાંનું મયૂરાસન. –ખ્તેશ પું૦ રાજા

તગડ સ્ત્રી૦ દોડધામ (૨) રગડપટ્ટી; અથડામણ

તગ(–ગે)ડવું સ૦ક્રિ૦ ખૂબ દોડાવવું (૨) થકવવું–રખડાવવું

તગડિયું વિ૦ ત્રણ સેરોના ભરતવાળું

તગડું વિ૦ ખૂબ જાડું; હૃષ્ટપુષ્ટ

તગડો પું૦ ૩–ત્રણની સંજ્ઞા

તગણ પું૦ [सं.] બે ગુરુ પછી એક લઘુ માત્રાવાળો ગણ

તગણું વિ૦ ત્રણ ગણું

તગતગ અ૦ જુઓ તકતક. ૦વું અ૦ક્રિ૦ જુઓ તકતકવું

તગર સ્ત્રી૦; ન૦ [सं.] એક વનસ્પતિ (સુગંધ માટે તથા ઔષધિમાં ખપ આવે છે.) ૦ગંઠોડા પું૦બ૦વ૦

તગવું અ૦ક્રિ૦ તગતગવું; ચકચકવું

તગાદો પું૦ ચાંપતી ઉઘરાણી; તકાજો

તગારું ન૦ છાબડા ઘાટનું લોઢાનું એક પાત્ર

તગાવી સ્ત્રી૦ જુઓ તકાવી

તગેડવું સ૦ક્રિ૦ જુઓ તગડવું. તગેડો પું૦ જુઓ તગડ

તજ સ્ત્રી૦; ન૦ એક તેજાનો

તજગરો પું૦ તપાસ (૨) હિસાબની તપાસ

તજવીજ સ્ત્રી૦ [अ.] તપાસ; શોધ (૨) યુક્તિ; કરામત (૩) કોશિશ; પ્રયત્ન (૪) ચોકસી; સંભાળ. ૦દાર પું૦ તજવીજ –તપાસ રાખનાર અમલદાર. ૦દારી સ્ત્રી૦ તજવીજ-દારનું કામ–પદ. –જિયું વિ૦ તજવીજ કરનારું; સર્વ પ્રકારની તજવીજની શક્તિવાળું

તજવું સ૦ક્રિ૦ છોડવું; ત્યજવું

તજાગરમી સ્ત્રી૦ ચામડીનો એક રોગ

તજ્જન્ય વિ૦ [सं.] તેમાંથી ઉત્પન્ન થયેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તજ્જ્ઞ વિ૦ [સં.] (અમુક વિષયનો) જાણકાર; વિદ્વાન; તદ્વિદ

તટ પું૦ [સં.] કિનારો; કાંઠો. ૦સ્થ વિ૦ નિષ્પક્ષ (૨) પક્ષપાતરહિત; નિરપેક્ષ. ૦સ્થેશ્વરવાદી પું૦ ઈશ્વર તટસ્થ છે એવા વાદમાં માનનાર. -ટિની સ્ત્રી૦ નદી

તડ સ્ત્રી૦ ફાટ; ચીરો (૨) ન૦ પક્ષ; ભાગલો (૩) રણમાં આવેલી ઝાડપાણીવાળી જગા. (૩) અ૦ (રવ૦)

તડક સ્ત્રી૦ (પાકેલા અંગમાં) તતડાટ; સણકો; ઝાટકો (૨) ફાટ; તડ. ૦વું અ૦ક્રિ૦ તડ-ફાટ પડવી (૨) ડરવું; ગભરાવું. -કાવવું સ૦ક્રિ૦ 'તડકવું'નું પ્રેરક (૨) (તારને) ગરમ કરી ખેંચીને સીધું કરવું

તડકું ન૦ (સુ.) તડકો

તડકો પું૦ તાપ; સૂર્યનો ગરમ પ્રકાશ. ૦છાંયડો, ૦છાંયો, ૦શીળો પું૦ તડકો અને છાંયડો (૨) છોકરાંની એક રમત (૩) [લા.] સુખદુઃખ. -કીછાંયડી સ્ત્રી૦ જુઓ તડકો-છાંયડો ૧,૩

તડઘેલ્લ વિ૦ ગાંડું

તડજોડ સ્ત્રી૦ તડો વચ્ચે સમાધાન-સલાહસંપ

તડતડ અ૦ (રવ૦) ફાટવાનો અવાજ (૨) ઝટ ઝટ. ૦વું અ૦ક્રિ૦ તડતડ અવાજ થવો (૨) ફાટું ફાટું થવું; તસ-તસવું (૩) [લા.] ગુસ્સાથી બોલવું. -ડાટ પું૦ તડતડવાનો અવાજ (૨) અ૦ ઝપાટાબંધ. -ડિયું વિ૦ તડતડ અવાજ કરે એવું (૨) ન૦ બળતાં તડતડ અવાજ કરે એવું લાકડું. -ડિયો પું૦ દેવતાની ચિનગારી (૨) એક દારૂખાનું (૩) એક જીવડું (૪) તડતડ થઈને પડતી ફાટ

તડ ને ફ(-ભ)ડ શ૦પ્ર૦ જુઓ તડફડ

તડપડાટ પું૦ જુઓ ટડપડ (૨) ચાલાકી; ચપળતા

તડપવું અ૦ક્રિ૦ જુઓ તલપવું

તડફ(-ભ)ડ અ૦ લાગલું જ; ઝટ (૨) મોઢામોઢ; ખુલ્લેખુલ્લું

તડ(-ર)ફડવું અ૦ક્રિ૦ તડફડિયાં મારવાં (૨) હાંફવું (૩) [લા.] વ્યર્થ પ્રયત્ન કરવો—ફાંફાં મારવાં. તડ(-ર)ફડાટ પું૦ તડફડવું તે. તડ(-ર)ફડિયાં ન૦બ૦વ૦ દુઃખમાં હાથપગના પછાડા (૨) વલખાં; ફાંફાં

તડફવું અ૦ક્રિ૦ તડફડવું

તડ(-ર)બૂચ ન૦ એક ફળ. -ચી સ્ત્રી૦ તડબૂચનો વેલો

તડભડ અ૦ જુઓ તડફડ

તડવી પું૦ તડ-પક્ષનો આગેવાન

તડવું અ૦ક્રિ૦ મારવા કે ઝઘડવા માટે સામે ધસવું

તડંગ ન૦ તરવારનું મ્યાન (૨) અ૦ (રવ૦) તડિંગ

તડં(-ડિં)ગધૂમ અ૦ (રવ૦) ઢોલકનો અવાજ

તડંતડા સ્ત્રી૦ તડાતડી; બોલાબોલી (૨) મારામારી

તડાક અ૦ (રવ૦) તૂટવાનો અવાજ (૨) એકદમ; તરત જ. ૦ભડાક અ૦ જુઓ તડફડ

તડાકો પું૦ જૂઠી વાત-ગપ (૨) એકાએક ધસારો કે વૃદ્ધિ યા લાભ. -કાખોર, -કિયું, -કી વિ૦ તડાકા મારનારં-તેવી ટેવવાળું. -કીદાસ પું૦ તડાકી-ગપ્પી માણસ

તડાગ ન૦ [સં.] તળાવ

તડાઝીક સ્ત્રી૦ તડાપીટ; મારપીટ

તડા(-ડો)તડ અ૦ (રવ૦) ઝટઝટ; ઉપરાઉપરી

તડાતડ(-ડી) સ્ત્રી૦ તડંતડા; બોલાબોલી; મારામારી (૨) ચડાચડી; સ્પર્ધા (૩) ઉતાવળ; ધમાચકડી

તડાતૂમ અ૦ ફૂલીને તૂટું તૂટું થાય-તસતસે એમ

તડાપીટ સ્ત્રી૦ ખૂબ મારપીટ [ઉતાવળ; ત્વરા

તડામાર અ૦ ધમધોકાર; ઝપાટાબંધ. -ર(-રી) સ્ત્રી૦

તડિત સ્ત્રી૦ [સં.] વીજળી

તડિયું વિ૦ તટ પર આવેલું

તડિંગ અ૦ (રવ૦). ૦ધૂમ અ૦ (રવ૦) જુઓ તડંગધૂમ

તડિંગો વિ૦પું૦ જાડો-હૃષ્ટપુષ્ટ

તડી સ્ત્રી૦ ઝડી; દરોડો (૨) મારની ઝડી [ભાવે

તડુકાવવું સ૦ક્રિ૦, તડુકાવું અ૦ક્રિ૦ 'તડૂકવું'નું પ્રેરક ને

તડુસાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'તડૂસવું'નું કર્મણિ ને પ્રેરક

તડૂકવું અ૦ક્રિ૦ (રવ૦) ઘાંટો કાઢવો; ગર્જવું

તડૂકો પું૦ તડૂકવાનો અવાજ

તડૂશ તડૂશ અ૦ ધીમે ધીમે; રહી રહીને

તડૂસવું સ૦ક્રિ૦ મારવું (૨) ખૂબ ખાવું

તડેડાટ પું૦ (૨) અ૦ જુઓ તડતડાટ

તડેમંકોડે અ૦ એકપગે; આતુરતાથી

તડોતડ અ૦ જુઓ તડાતડ

તડોવડ(-ડી) સ્ત્રી૦ + સરખાપણું; સમાનતા

તણખ(-છ) સ્ત્રી૦ બળતરા સાથે સણકાની વેદના. (૨) ભેંસ બળદની એક ખોડ-લંગડાપણું. -ખિ(-છિ)યો પું૦ તણછને લીધે લંગડો બળદ [તણખલું; સળી

તણ(-ર)ખલું ન૦ તરણું; ઘાસની સળી. -લી સ્ત્રી૦ નાનું

તણખી સ્ત્રી૦ નાનો તણખો

તણખો પું૦ દેવતાની ચિનગારી કે અંગારો

તણછ સ્ત્રી૦ એક જાતનું લાકડું. (૨) એક જાતનો ઊડણ સાપ (૩) જુઓ તણખ. -છાવું અ૦ક્રિ૦ અવયવ તણાવો (૨) લંગડાવું (૩) સણકા નાખવા. -છિયું વિ૦ તણખ-સણકા નાખતું. -છિયો પું૦ જુઓ તણખિયો

તણાવો પું૦ રથની સાંગી નીચેનો દોર [રાશ-દોરી

તણી સ્ત્રી૦ કુંડાળામાં ફરે તે માટે બળદની નાથે બાંધેલી

તણું, -ણી, -ણો છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય (પ.)

તત્ સ૦ [સં.] તે. -તકાલ, -તક્ષણ, -તએવ અ૦ તે જ વખતે; તરત જ (પ.)

તતડવું અ૦ક્રિ૦ (રવ૦) જુઓ તડતડવું. તતડાટ પું૦ તતડવું તે. તતડાવવું સ૦ક્રિ૦ (પ્રેરક) (૨) [લા.] ધમકાવવું

તતડિયું વિ૦ બળતાં તડતડિયા ઊડે એવું (લાકડું, કોલસો ઇ૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તતડિયો પું૰ તણખો; તડતડિયો
તતથેઈ અ૰ ભવાઈના તાનનો બોલ; તાતાથેઈ
તતબીર સ્ત્રી૰ + તદબીર
તતઃ અ૰ [सं.] પછી; તો પછી. **૰કિંવાદ** પું૰ વસ્તુ કે ઘટનાનું, તતઃકિં–પછી શું, એમ પૂછી, આગળનું આગળ પરિણામ કે નિષ્પત્તિ શોધવી તે
તતૂડી સ્ત્રી૰(ર૰૦) નાનું તતૂડું. **–ડું** ન૰એક જાતનું રણશિંગું
તત્કાલ(–ળ) અ૰ [सं.] તે જ વખતે; તરત જ
તત્કાલીન વિ૰ [सं.] તે સમયનું
તત્ક્ષણ અ૰ [सं.] તે જ ક્ષણે; તાબડતોબ; તતક્ષણ
તત્ત્વ ન૰ [सं.] સાર; રહસ્ય (૨) મૂળ અસલ રૂપ. **૰ગ્રાહિણી** વિ૰સ્ત્રી૰, **૰ગ્રાહી** વિ૰ તત્ત્વ ગ્રહણ કરનારું. **૰ચિંતન** ન૰ તત્ત્વ વિષે વિચાર કરવો તે. **૰જ્ઞ** વિ૰ તત્ત્વને જાણનારું (૨) પું૰ ફિલસૂફ. **૰જ્ઞાન** ન૰ તત્ત્વ સંબંધી જ્ઞાન; ફિલસૂફી. **૰જ્ઞાની** વિ૰(૨) પું૰ તત્ત્વજ્ઞ. **૰તઃ** અ૰ તત્ત્વની દૃષ્ટિએ; ખરી રીતે. **૰દર્શન** ન૰ તત્ત્વજ્ઞાન; ફિલસૂફી. **૰દર્શી** વિ૰ (૨) પું૰તત્ત્વ જોનાર પુરુષ. **૰દૃષ્ટિ** સ્ત્રી૰ તત્ત્વ તરફ વળેલી–તત્ત્વગ્રાહી દૃષ્ટિ. **૰નિર્ણય** પું૰ તત્ત્વનો નિર્ણય; ફિલસૂફી. **૰નિષ્ઠ** વિ૰ તત્ત્વમાં નિષ્ઠા–આસ્થાવાળું. **૰નિષ્ઠા** સ્ત્રી૰ તત્ત્વ પરની આસ્થા. **૰ન્યાસ** પું૰ વિષ્ણુપૂજાની એક વિધિ. **૰મીમાંસા** સ્ત્રી૰ 'મેટાફિઝિક્સ'. **૰વેત્તા** પું૰તત્ત્વજ્ઞાની; ફિલસૂફ. **૰શાસ્ત્રી** પું૰ ફિલસૂફ. **–ત્ત્વાર્થ** પું૰ મૂળ સત્ય; ખરું તત્ત્વ [યજુર્વેદનું એક મહાવાક્ય
તત્ત્વમસિ શ૰પ્ર૰[सं.] 'તે (મૂળ તત્ત્વ–બ્રહ્મ) તું જ છે' એવું
તત્પદ ન૰ [सं.] તે–બ્રહ્મનું પદ; પરમપદ; મોક્ષ
તત્પદાર્થ પું૰ [सं.] બ્રહ્મ; પરમાત્મા
તત્પર વિ૰ [सं.] બરાબર પરોવાયેલું; એકધ્યાન (૨) તૈયાર; સજ્જ (માણસ). **૰તા** સ્ત્રી૰. **–રાયણ** વિ૰ તત્પર
તત્પુરુષ પું૰ [सं.] પરમાત્મા (૨) [વ્યા.] સમાસના ચાર મુખ્ય પ્રકારમાંનો એક, જેમાં પૂર્વપદ ઉત્તરપદ સાથે વિભક્તિના સંબંધથી જોડાય છે
તત્ર અ૰ [सं.] ત્યાં. **૰ત્ય** વિ૰ ત્યાંનું–ત્યાં જન્મેલું કે ત્યાંનું વાસી. **૰સ્થ** વિ૰ ત્યાં રહેતું કે આવેલું; ત્યાંનું. **–ત્રાપિ** અ૰ ત્યાં પણ
તતવાદ્ય ન૰ [सं.] જુઓ તંતુવાદ્ય
તત્સમ વિ૰ [सं.] મૂળ પ્રમાણેનું (૨) મૂળ ભાષામાં અને પ્રાકૃતમાં સરખો એવો (શબ્દ)
તથા અ૰ [सं.] અને (૨) તે પ્રમાણે; તેમ. **૰ગત** વિ૰ પરમપદે પહોંચેલું (૨) પું૰ (સં.) બુદ્ધ (૩) જ્ઞાની. **૰પિ** અ૰તોપણ. **૰ભૂત** વિ૰તે પ્રમાણે બનેલું. **૰સ્તુ** શ૰પ્ર૰ 'તેમ થાઓ'; 'એવું હો'. **–થ્ય** વિ૰ (૨)ન૰સત્ય; સાચું
તથા સ્ત્રી૰ સ્પૃહા; તમા (૨) વિસ્તાર; લંબાણ
તદનંતર અ૰ [सं.] ત્યાર પછી; તે પછી
તદનુરૂપ વિ૰ [सं.] તેના જેવું; તેના રૂપનું
તદનુસાર અ૰ [सं.] તે પ્રમાણે
તદપિ અ૰ [सं.] તોપણ
તદબીર સ્ત્રી૰ [अ.] યુક્તિ
તદર્થે અ૰ [सं.] તેને માટે; તેને ખાતર
તદંતર્ગત વિ૰ [सं.] તેમાં આવેલું–સમાયેલું
તદા અ૰ [सं.] ત્યારે [લીન
તદાકાર વિ૰ [सं.] તેના જ આકારનું; તદ્રૂપ (૨) તન્મય;
તદાકાળ અ૰ + તે વખતે
તદુપરાંત, તદુપરિ [सं.] અ૰ તે ઉપરાંત; વિશેષમાં; વળી
તદેવતા સ્ત્રી૰ [सं.] એ જ હોયા કરવું તે; 'મોનોટોની'
તદૈક્ય ન૰ [सं.] તાદાત્મ્ય; એકતા [વાળું; તત્પર
તદ્ગત વિ૰ [सं.] તેને લગતું; તેમાં સમાતું (૨) તેમાં ચિત્ત-
તદ્ગુણ વિ૰ [सं.] તે કે તેના ગુણવાળું (૨) પું૰ તેનો ગુણ (૩) એક અર્થાલંકાર, જેમાં વસ્તુ પોતાના ગુણ-ધર્મ છોડી પાસેની બીજી ઉત્તમ વસ્તુના ગુણધર્મ લેતી વર્ણવાય છે (કા. શા.)
તદ્દન અ૰ બિલકુલ; છેક (૨) નર્યું
તદ્ધિત પું૰ [सं.] (વ્યા.) મૂળ નામ, સર્વનામ, વિશેષણ કે અવ્યયને લાગીને નવો શબ્દ બનાવતો પ્રત્યય (૨) વિ૰તે પ્રત્યયો લાગીને બનેલું. **–તાંત** વિ૰ છેડે તદ્ધિતવાળું
તદ્ભવ વિ૰ [सं.] તેમાંથી થતું–જન્મતું (૨) મૂળ ભાષા-માંથી પ્રાકૃતમાં આવેલો અપભ્રંશ (શબ્દ)
તદ્ભિન્ન વિ૰ [सं.] તેનાથી ભિન્ન
તદ્રૂપ વિ૰ [सं.] તેના જેવું; તદાકાર. **૰તા** સ્ત્રી૰
તદ્વત્ અ૰ [सं.] તેની જેમ
તન પું૰ પુત્ર; દીકરો (૨)ન૰ [फा.] શરીર; દેહ. **૰મનધન** ન૰બ૰વ૰ સર્વસ્વ; બધી શક્તિ, સાધન વગેરે
તનક વિ૰ થોડું (૨) નાનું; નાજુક
તનખ સ્ત્રી૰ જુઓ તણખ [ગુસ્સે થવું
તનખાવવું સ૰ક્રિ૰ પજવવું; હેરાન કરવું (૨) -ની ઉપર
તનખો પું૰ [फा.] પગાર
તનત્રાણ ન૰ બખ્તર
તનબદન વિ૰ જીવજાન; અતિ પ્રિય (૨) વિશ્વાસુ; વફાદાર
તનમન અ૰ ખૂબ આતુરતાથી–અધીરાઈથી. **–નાટ** પું૰ આવેશ; ગુસ્સો; અધીરાઈ
તનમનિયું ન૰ એક જાતનું ફૂલ (૨) કાનનું એક ઘરેણું
તનય પું૰ [सं.] પુત્ર. **–યા** સ્ત્રી૰ પુત્રી
તનહા વિ૰ તન્હા; એકલું (૨) અ૰ ફક્ત
તનિયો પું૰ વાઘો; અંગરખું; ઝભલું
તની પું૰ દોરો; તાર (૨) જાદુમંત્ર; તાંતરમંતર
તનુ વિ૰ [सं.] કૃશ; પાતળું (૨) થોડું (૩) નાનું (૪) સુંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તનુ(-નૂ) સ્ત્રી૦;ન૦ [सं.] શરીર. ૦જ પું૦ પુત્ર. ૦જા સ્ત્રી૦ પુત્રી. ૦રુહ પું૦ વાળ; રોમ

તનોડો પું૦ સ્ત્રીને કાને પહેરવાનું એક ઘરેણું

તન્મય વિ૦ [सं.] એકાગ્ર; લીન. ૦તા સ્ત્રી૦

તન્માત્ર વિ૦ [सं.] માત્ર એ જ; શુદ્ધ (૨) અ૦ તલમાત્ર; સહેજસાજ (૩) ન૦ પંચ મહાભૂતોનું શુદ્ધ-સૂક્ષ્મ રૂપ.

તન્માત્રા સ્ત્રી૦ જુઓ તન્માત્ર

તન્વંગી,તન્વી સ્ત્રી૦ [सं.] નાજુક સુકુમાર સ્ત્રી

તન્હા વિ૦ [फा.] જુઓ તનહા

તપ ન૦ [सं.] ઇંદ્રિયદમન; તપસ્યા (૨) સ્ત્રી૦ તપત. ૦ગચ્છ પું૦ જૈન સાધુઓનો એક વર્ગ. ૦ત સ્ત્રી૦ ગરમી; સહેજસાજ તાવ. ૦ન ન૦ તપવું તે (૨) તાપ; ગરમી (૩) પું૦ સૂર્ય (૪) એક નરક. ૦નચ્છદ ન૦ સૂર્યમુખી ફૂલઝાડ. ૦(-પો)લોક પું૦ સાત લોકમાંનો છઠ્ઠો-તપસ્વીઓનો લોક. ૦(-પા)વવું સ૦ ક્રિ૦ 'તપવું'નું પ્રેરક. ૦વું અ૦ક્રિ૦ ઊનું-ગરમ થવું (૨) તપ કરવું.(૩) [લા.] લાંબો વખત રાહ જોતા ઊભા રહેવું; ખોટી થવું (૪) ગુસ્સે થવું. ૦શ્ચર્યા સ્ત્રી૦ તપ કરવું તે; તપસ્યા. ૦સી(-સ્વી) વિ૦ (૨) પું૦ તપ કરનાર

તપખીર સ્ત્રી૦ છીંકણી (૨) કંદનો-શિંગોડાંનો લોટ. -રિયું,-રી વિ૦ તપખીરના રંગનું

તપ(-ફ)સીલ સ્ત્રી૦ વિગત; જુદી જુદી હકીકતનો ફોડ. ૦વાર અ૦ વિગતવાર

તપસ્યા સ્ત્રી૦ [सं.] તપ; તપશ્ચર્યા

તપસ્વી વિ૦(૨) પું૦ [सं.] જુઓ 'તપ'માં.-સ્વિતા સ્ત્રી૦. -સ્વિની વિ૦ સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ 'તપસ્વી'નું સ્ત્રીલિંગ

તપાડ(-વ)વું સ૦ક્રિ૦ 'તપવું' નું પ્રેરક

તપાસ,૦ણી સ્ત્રી૦ તપાસવું તે. ૦નીશ વિ૦ તપાસનાર. ૦રાવવું સ૦ક્રિ૦ તપાસાવવું. ૦વું સ૦ક્રિ૦ શોધવું; ખોળવું (૨) ચોકસી કરવી. ઊંડા ઊતરીને જોવું (૩) સંભાળવું; તજવીજ રાખવી. ૦સમિતિ સ્ત્રી૦ તપાસ કરનાર સમિતિ

તપિત વિ૦ [सं.] જુઓ તપ્ત

તપિયું વિ૦ તપ કરનારું; તપસ્વી

તપી પું૦ તપસ્વી [તપેલી

તપેલી સ્ત્રી૦ પહોળા મોંનું એક વાસણ. -લું ન૦ મોટી

તપેશરી વિ૦ (૨) પું૦ જુઓ તપસ્વી

તપો [सं.] (સમાસમાં પૂર્વપદે ઘોષવ્યંજન પૂર્વે). ૦ધન વિ૦ [सं.] તપ એ જ જેનું ધન છે એવું (૨) બ્રાહ્મણોની એ નામની જાતનું (૩) પું૦ તપસ્વી (૪) તપોધન જ્ઞાતિનો બ્રાહ્મણ. ૦બલ(-ળ) ન૦ તપનું બળ; તપનો પ્રભાવ. ૦ભૂમિ(-મી) સ્ત્રી૦ તપથી પવિત્ર થયેલી ભૂમિ; તપોવન. ૦લોક પું૦ જુઓ 'તપ'માં તપલોક. ૦વન ન૦ તપસ્વીનું નિવાસસ્થાન. ૦વૃદ્ધ વિ૦ તપને કારણે શ્રેષ્ઠ

તપ્ત વિ૦ [सं.] તપેલું કે તપાવેલું. ૦મુદ્રા સ્ત્રી૦ વિષ્ણુનાં આયુધોની છાપો તપાવીને દીધેલા ડામ

ત(૦ર)ફડવું અ૦ક્રિ૦ જુઓ તડફડવું [ચોરી

તફડંચી,-બાજી સ્ત્રી૦ પારકાના માલ કે કૃતિની ઉચાપત;

ત(૦ર)ફડાટ પું૦ જુઓ તડફડાટ

તફડાવવું સ૦ક્રિ૦ તફડંચી કરવી; ચોરી જવું

તફરકે અ૦ ચોરાઈ, વેરાઈ કે ઉચાપત થયું હોય એમ

તફસીલ [अ.], ૦વાર જુઓ 'તપસીલ'માં

તફારીક વિ૦ [अ.] વધારાનું; ફાલતું

તફાવત પું૦ [अ.] ફરક; ઓછાવત્તાપણું

તફો પું૦ જથો; વિભાગ

તબક સ્ત્રી૦ [अ.] રકાબી; તાસક; છીબું (૨) માળ; મજલો. ૦ચો પું૦ નાનો થાળ; થાળી. ૦ડી સ્ત્રી૦ નાની તબક-રકાબી. ૦ડું ન૦ એક જાતનું છીછરું વાસણ [આવવો

તબકવું અ૦ક્રિ૦ (કા.) ગાઢ અંધકારમાં આછો પ્રકાશ

તબક્કો પું૦ મજલો; માળ (૨) સ્થિતિ; દશા (૩) પાયરી; ધોરણ (૪) વિભાગ; ખંડ

તબડક,૦તોઈ અ૦(રવ૦)[ઘોડાની દોડનો અવાજ]. -કી સ્ત્રી૦ ઘોડાની દોડનો પગરવ (૨) દોડ. -કો પું૦ ઝપાટો; સપાટો; વેગ [દબડાવવું; ધમકાવવું

તબડાવવું સ૦ક્રિ૦ (રવ૦) દોડાવવું (૨) ખદખદાવવું (૩)

તબડૂક વિ૦ ભોટ; કમઅક્કલ

તબદીલ વિ૦ [अ.] બદલાયેલું; ફરેલું

તબલચી પું૦ [फा.] તબલાં-નરઘાં વગાડનાર

તબલી સ્ત્રી૦ વાદ્યના તુંબડા ઉપરનો સપાટ લાકડાનો ભાગ

તબલીધ સ્ત્રી૦ [अ.] શુદ્ધિ; ધર્માંતર

તબલું ન૦ એક વાદ્ય; નરઘું

તબરૂક પું૦ દરગાહ, ધર્મકથા વગેરેમાં વહેંચાતો પ્રસાદ

તબિયત સ્ત્રી૦ [अ.] મનની સ્થિતિ-મિજાજ (૨) શરીરની હાલત (તંદુરસ્તી કે માંદગી બાબતની). -તી વિ૦ તરંગી; ઠેકાણા વગરનું; ધૂની [(૨) સ્ત્રી૦ વૈદું

તબીબ પું૦ [अ.] વૈદ્ય; હકીમ. -બી વિ૦ તબીબને લગતું

તબેલો પું૦ ઘોડો, બળદ ઇ૦ કે ગાડી રાખવાનું ડેલું કે મકાન

તબો પું૦ (ચ.) ચલમનો તવો

તબ્બલ ન૦ તાલકું; માથું

તમ ન૦ [सं.] અંધારું (૨) તમોગુણ (૩) પ્રત્યય. વિ૦ને લાગતાં 'સૌમાં શ્રેષ્ઠ' એમ અર્થ બતાવે. ઉદા૦ ગુરુતમ

તમ સ૦ તમે (પ.)

તમક પું૦ [सं.] દમના રોગનો એક પ્રકાર. ૦શ્વાસ પું૦ બહુ ઉતાવળો અને ગૂંચવાતો શ્વાસોચ્છ્વાસ

તમ(-મે)ણ સ્ત્રી૦ ભોંય ખોદીને કરેલો ચૂલો

તમણું વિ૦ ત્રણ ગણું; ત્રમણું

તમતમવું અ૦ક્રિ૦ (રવ૦) (તમરાનો અવાજ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમતમું વિ૰બહુ તીખું. -માટ વિ૰તમતમું(૨)પું૰તીખાશ
તમન્ના સ્ત્રી૰ [अ.] ઇચ્છા; આતુરતા
તમર(-રિયું) ન૰ એક જાતનું બાળવાનું લાકડું
તમરી સ્ત્રી૰ તમ્મર
તમરું ન૰ રાતે તીણા અવાજથી બોલતું એક જીવડું
તમસ ન૰ [सं.] અંધારું (૨) અજ્ઞાન (૩) તમોગુણ
તમંચો પું૰ [तुर्की] પિસ્તોલ
તમા સ્ત્રી૰ [अ.] પરવા; દરકાર (૨) કમીના; ખોટ
તમાકુ સ્ત્રી૰ તંબાકુ
તમાચો પું૰ [फा.] થપ્પડ; લપડાક
તમામ વિ૰ (૨) અ૰ [अ.] બધું; સંપૂર્ણ
તમામી સ્ત્રી૰ તમામ-પૂર્ણપણે રેશમ ને કસબની સાડી
તમારિ પું૰ (સં.) સૂર્ય. ૰તનયા સ્ત્રી૰(સં.) યમુના નદી
તમાલ પું૰[सं.]એક ઝાડ. ૰પત્ર ન૰ તમાલવૃક્ષનું પાંદડું. ૰પત્રી સ્ત્રી૰ તમાલપત્ર
તમાશો(-સો) પું૰ [अ.] ઘણા લોકો જોવા મળે એવો ખેલ કે રમત. -શ(-સ)ગીર,-શ(-સ)બીન પું૰તમાશો જોનાર; પ્રેક્ષક (૨) તમાસો કરનાર. -શ(-સ)ગીરી, -શ(-સ)બીની સ્ત્રી૰ તમાશગીરનું કામ
તમિસ્ત્ર ન૰ [सं.] અંધકાર
તમે(-મો) બીજો પુરુષ સ૰ (બ૰વ૰)
તમેણ સ્ત્રી૰ જુઓ તમણ
તમોગુણ પું૰[सं.] પ્રકૃતિનો એક ગુણ(૨) ક્રોધ; આકળો સ્વભાવ. -ણી વિ૰ તમોગુણવાળું
તમ્મર સ્ત્રી૰ આંખે આવતાં ચક્કર-અંધારાં
તર વિ૰ [फ़ा.] રસકસથી ભરેલું; તાજું (૨) ધરાયેલું; તૃપ્ત (૩) પૈસાદાર (૪) મસ્ત; ચકચૂર
તર સ્ત્રી૰ દહીંદૂધ પરની મલાઈની પોપડી(૨)નાની ખાડી
તર સ્ત્રી૰ [सं.] પહોળી હોડી; તરાપો
તર પ્રત્યય. ક્રિ૰ને લાગતાં ન૰ બનાવે છે. ઉદા૰ ઘડતર; ભણતર (૨) [सं., फ़ा.] વિ૰ને લાગતાં 'તેથી અધિક-વિશેષ' અર્થ સૂચવે. ઉદા૰ અધિકતર; બદતર
તરક.૰ડો પું૰, ૰ડી સ્ત્રી૰ મુસલમાન (તિરસ્કારમાં)
તરકચો પું૰ ટપકું (૨) ફુવારો
તરકટ ન૰ પ્રપંચ; કાવતરું. ૰ખોર વિ૰ તરકટ કરવાની આદતવાળું. -ટી(-ટિયું) વિ૰ તરકટ કરે એવું પ્રપંચી
તરકડિયો પું૰ ખેલફેલ બોલનારો; ભાંડ; વિદૂષક
તરકડી,તરકડો જુઓ 'તરક'માં
તરકવું અ૰ક્રિ૰ તર્ક કરવો; અટકળ કરવી
તરકસ ન૰ તીરનો ભાથો
તરકારી સ્ત્રી૰ શાકભાજી; ભાજીપાલો(૨)ખાવા યોગ્ય માંસ
તરકીબ સ્ત્રી૰[अ.] યુક્તિ
તરકોશી ન૰ ત્રણ થાંભલાનું વહાણ
તરખડ સ્ત્રી૰ માવજત; સંભાળ (૨) ભાંજગડ; પંચાત
તરખલી સ્ત્રી૰ તણખલી. -લું ન૰ તણખલું
તરખૂણિયું વિ૰ ત્રણ ખૂણાવાળું
તરગાળી સ્ત્રી૰ તરગાળાની સ્ત્રી [માણસ
તરગાળો પું૰ ગાવા નાચવાનો ધંધો કરનાર એક ન્યાતનો
તરઘટ પું૰ ઊમરો; તળવટ
તરઘાયો પું૰ પહોળા મોંનો જબરો દેગ (૨) મોટું પહોળું ઢોલ (૩) [લા.] મોટી બેડોળ આકારની વસ્તુ
તરછ સ્ત્રી૰ મદ; અહંકાર
તરછટ અ૰ છેક; સાવ; તદ્દન
તરછોડ પું૰; સ્ત્રી૰ જોરથી વીંઝવાથી-તરછોડવાથી થતી અસર(૨) તિરસ્કાર;છિત્કાર. ૰વું સ૰ક્રિ૰જોરથીઆંચકો મારવો (૨) તિરસ્કારપૂર્વક કાઢી મૂકવું (૩) તુચ્છકારવું; ધિક્કારવું. -ડો પું૰ તરછોડ [ઢબ; તર્જ
તરજ પું૰ ત્રાસ; ભય (૨) જોર; આવેશ (૩) સ્ત્રી૰ ગાવાની
તરજાત વિ૰ હલકી જાતનું (૨) સ્ત્રી૰ હલકી જાત
તરજુમો પું૰[अ.]ભાષાંતર. -મિયું વિ૰ ભાષાની છટા કે ભાવ વિનાનું, માત્ર શાબ્દિક સમાનતાવાળું (ભાષાંતર)
તરડ સ્ત્રી૰ તડ; ફાટ; ચીરો. ૰(-ડા)વું અ૰ક્રિ૰ તરડ પડવી; ફાટવું (૨) વાંકું-ત્રાંસું થવું (૩) વંકાઈને વિરુદ્ધ ચાલવું. -ડાટ પું૰ તરડાવું-ફાટવું તે (૨) અભિમાન; મરડાટ. -ડિયા ગુવાર પું૰બ૰વ૰ અડાઉ ગુવાર
તરણ ન૰[सं.] તરવાની ક્રિયા (૨) તરવાનું સાધન; હોડી. ૰તારણ વિ૰ (૨) પું૰ તારણતરણ; ઉદ્ધારનાર
તરણ ન૰ + તૃણ; તરણું
તરણિ પું૰ [सं.] સૂરજ. ૰તનયા સ્ત્રી૰ (સં.) યમુના નદી
તરણિ(-ણી) સ્ત્રી૰ [सं.] તરવાનું સાધન; ત્રાપો; હોડી
તરણું ન૰ તૃણ; તરખલું
તરણોપાય પું૰ [सं.] તરી જવાનો-બચવાનો ઉપાય
તરત અ૰ એકદમ; ઝટ. ૰બુદ્ધિ વિ૰ હાજરજવાબી બુદ્ધિ-વાળું (૨) સ્ત્રી૰ શીઘ્ર કામ દે એવી-સમયસૂચક બુદ્ધિ
તરતપાસ સ્ત્રી૰ બારીક તપાસ-શોધ
તરતમ વિ૰ ઓછુંવત્તું
તરતત્ત્વ ન૰ તારતમ્ય; સાર; મુખ્ય અર્થ
તરતી સ્ત્રી૰ એક વનસ્પતિ
તરતીબ સ્ત્રી૰ [फ़ा.] આચાર, રીતભાત વગેરેનું શિક્ષણ (૨) વ્યવસ્થા; ગોઠવણ (૩) સંભાળ; માવજત
તરધારું વિ૰ ત્રણ ધારવાળું (૨) ત્રણ સરખા ભાગમાં બનેલું
તરપંખું વિ૰ ત્રણ પાંખિયાં-પાંખડીઓવાળું [ક્રિયા
તરપં(-પિં)ડી સ્ત્રી૰મરનારની વરશીને દિવસે કરાતી શ્રાદ્ધ-
તરપલું વિ૰ દૂબળું; પાતળું
તરપિંડી સ્ત્રી૰ જુઓ તરપંડી
તરપે(-ભે)ટ સ્ત્રી૰ જુઓ તરભેટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ સ્ત્રી૦ [अ.] બાજુ; પક્ષ (૨) તંતુવાદ્યના મુખ્ય તારની નીચે, રણકવા માટે રખાતા તારનો સમૂહ કે પ્રત્યેક તાર (૩)અ૦બાજુ; ભણી. ૦દાર વિ૦તરફેણ કરતું; પક્ષવાળું. ૦દારી સ્ત્રી૦ પક્ષપાત; ઉપરાણું –ફી વિ૦ (સમાસમાં) તરફનું. ઉદા૦ એકતરફી

તરફડવું, તરફડાટ, તરફડિયું, જુઓ 'તડફડવું'માં

તરફણ સ્ત્રી૦ દાણા વાવવાનું એક ઓજાર; ત્રણ દાંતાનો નાનો વાવણિયો

તરફાળ સ્ત્રી૦ ત્રણ ફાળવાળી પિછોડી

તરફીટ સ્ત્રી૦ ઝીક

તરફેણ સ્ત્રી૦ બાજુ; પક્ષ (૨) તરફદારી

તરફોડવું સ૦ ક્રિ૦ છણકા–છાકોટા કરવા

તરફોડો પું૦ છણકો; છાકોટો; ધુતકાર

તરબડવું અ૦ક્રિ૦ ખદખદવું (૨) લડવું; કજિયો કરવો

તરબતર [फ़ा.] ખૂબ તર; પ્રવાહીથી ભરેલું; તરબોળ

તરબિયત સ્ત્રી૦ [अ.] તાલીમ; કેળવણી

તરબૂચ ન૦, –ચી સ્ત્રી૦ જુઓ 'તડબૂચ'માં

તરબોળ વિ૦ તદ્દન પલળી ગયેલું

તરભડ સ્ત્રી૦ બોલાબોલી; તકરાર. ૦વું અ૦ક્રિ૦ આવેશપૂર્વક બોલવું; કજિયો કરવો [સ્ત્રી૦નાનું તરભાણું

તરભાણું ન૦ધર્મવિધિમાં વપરાતી તાંબાની તાસક. –ણી

તરભેટ(–ટો) પું૦ ત્રણ ગામના સીમાડા કે રસ્તા ભેગા થતા હોય એવી જગા; ત્રિભેટો

તરમરિયું ન૦ જુઓ તનમનિયું

તરમરી સ્ત્રી૦ એક જાતનું ઘરેણું

તરલ વિ૦ [सं.] ચપલ; અસ્થિર (૨) પું૦ હારનું વચ્ચેનું રત્ન. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦. ૦નયન પું૦ એક છંદ. –લિત વિ૦ તરલ થયેલું; અસ્થિર

તરવર અ૦ત્વરાથી તળે ઉપર–સળવળ થતું હોય એમ. ૦વું અ૦ ક્રિ૦ ઉપર તળે થવું; સળવળવું (૨) ત્વરાથી અધીરા થવું. –રાટ પું૦ ધમપછાડ; અધીરાઈ; ચંચળતા. –રિયું વિ૦ ચંચળ; ચપળ; અધીરું

તરવંક ન૦ વક્રતા

તરવાડી પું૦ ત્રવાડી; ત્રિવેદી; એક અટક

તરવાડો પું૦ ખજૂરાં છેદનારો; તાડી કાઢનારો

તરવાયો પું૦ ત્રણ પાયાની ઘોડી; માંચી

તર(–લ)વાર સ્ત્રી૦ સમશેર; ખડગ.–રી(–રિયો) વિ૦પું૦ સહેજ સહેજમાં તરવાર ખેંચે એવો (૨) તરવાર વાપરી જાણનારો; યોદ્ધો

તરવારડી સ્ત્રી૦ એક વનસ્પતિ

તરવાવું અ૦ક્રિ૦ કાચો ગર્ભ પડવો (ઢોર માટે)

તરવું સ૦ક્રિ૦ ઓળંગવું; પાર કરવું (૨) અ૦ક્રિ૦ ડૂબ્યા વિના પાણીમાં ઉપર રહેવું કે ખસવું (૩) [લા.] બચવું

તરશ(–સ) સ્ત્રી૦ પાણી પીવાની ઇચ્છા; પ્યાસ (૨) [લા.] તીવ્ર ઇચ્છા. –શ્યું(–સ્યું) વિ૦ તરસવાળું; પ્યાસું

તરસ સ્ત્રી૦ જુઓ તરશ (૨) ન૦ એક જંગલી જાનવર —જરખ (૩) પું૦ ક્રોધ [એક ઘરેણું

તરસતિયું ન૦ અઘરણિયાત સ્ત્રીએ પહેરવાનું માથાનું

તરસ(–સા)વું અ૦ક્રિ૦ તલસવું; આતુર રહેવું

તરસાડ સ્ત્રી૦ તાડનાં પાંદડાં; ઝાવલી

તરસાવવું સ૦ક્રિ૦ ઝુરાવવું; તલસાવવું

તરસાવું અ૦ક્રિ૦ જુઓ તરસવું

તરસાળું ન૦ તળિયું; છેડો (૨) અંદાજ

તરસાળો પું૦ અંદાજ; તળિયાનો શુમાર–અંત

તરસાંજી સ્ત્રી૦ (સુ.) સાંજ

તરસ્યું વિ૦ જુઓ તરશ્યું

તરંગ પું૦[सं.] પાણીની લહેર; મોજું (૨) કલ્પના; બુટ્ટો. ૦વતી વિ૦ સ્ત્રી૦ તરંગ–મોજાંવાળી. –ગિણી સ્ત્રી૦ નદી. –ગિત વિ૦ લહેરો ખાતું; હાલતું. –ગી વિ૦ મનના તરંગ પ્રમાણે વર્તનારું(૨) તરંગો–કલ્પનાઓ કર્યા કરનારું

તરંતરા અ૦ તરબતર; ખૂબ તર (૨) સ્ત્રી૦ ખૂબ તરવું તે

તરાઈ સ્ત્રી૦ [हिं.] પહાડની તળેટીનો પ્રદેશ

તરાડ પું૦ લાગ; જોગ (૨) સ્ત્રી૦ ફાટ; ચીરો

તરાણા, તરાનો [फ़ा.] પું૦ એક તરેહનું ગાયન

તરાપ સ્ત્રી૦ છલંગ (૨) એકદમ મારેલી ઝૂંટ

તરાપો પું૦ વાંસ કે લાકડાંને એકબીજાની સાથે બાંધીને બનાવેલો પાણીમાં તરે તેવો પાટ જેવો ઘાટ; ત્રાપો

તરામણું વિ૦ તરીને જવું પડે એટલું(૨) તરી શકાય તેટલું

તરિ(–રી) સ્ત્રી૦ [सं.] હોડી

તરિયાતોરણ ન૦ જેમાં કસબના તાર હોય એવું તોરણ

તરિયું વિ૦ ત્રણ જાતનું (૨) ત્રીજું [દાણો

તરિયો પું૦ એકાંતરિયો તાવ (૨) ચોખામાં રહેલો ડાંગરનો

તરિંગ ન૦(કા.) ઘોડાનું ડેબું–પલાણની પાછળ ખુલ્લો રહેતો પીઠનો ભાગ

તરી સ્ત્રી૦ તર; મલાઈ (૨) કાંપ (૩) ઉપર તરતી કોઈ પોપડી–થર (૪) વિ૦ ત્રણ ગણું (આંકમાં) (૫) [सं.] હોડી; તરિ (૬) [फ़ा.] જળમાર્ગ

તરીકે અ૦ –ની માફક; પ્રમાણે; પેઠે

તરીકો પું૦ [अ.] રસ્તો; માર્ગ (૨) રીત

તરીમતરાક સ્ત્રી૦ ધામધૂમ

તરીર અ૦ અનુક્રમે

તરી(–રે)લું ન૦ વધારાનું ધૂંસરું (બે જોડ બળદ સાથે જોડાતી વખતે નંખાતું) (૨) [લા.] ઘરસંસારનો બોજો

તરુ ન૦ [सं.] ઝાડ. ૦વર ન૦ મોટું ઝાડ

તરુણ વિ૦ [सं.] જુવાન (૨) પું૦ જુવાન પુરુષ. –ણાઈ, –ણાવસ્થા સ્ત્રી૦ જુવાની. –ણી વિ૦ સ્ત્રી૦ યુવાનીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવેલી(૨) સ્ત્રી૦ યુવાન સ્ત્રી; યૌવના [આવેશ
તરેરાટ પું૦ ઘાંટો તરડાઈ જાય એવી બૂમ (૨) ક્રોધનો
તરેરી સ્ત્રી૦ ગુસ્સાના આવેશની ધ્રુજારી. –રું વિ૦ તરેરીથી ભરેલું; કોપાયમાન
તરેલું ન૦ જુઓ તરીલું [ભાતભાતનું; વિવિધ (૨) વિચિત્ર
તરેહ સ્ત્રી૦ રીત; પ્રકાર (૨) ભાત; જાત. ૦દા(–વા)ર વિ૦
તરો પું૦ (કા.) માર્ગ; મોકળાશ
તરોદત(–દ) સ્ત્રી૦ કળા; હિકમત
તરોપણું ન૦ સુતારનું એક ઓજાર
તરોપો પું૦ (સુ.) નાળિયેર [સમજૂતી; ત્રેવડ
તરોવડ વિ૦ સરખેસરખું; સમોવડ (૨) સ્ત્રી૦ ખુલાસો;
તરોવું અ૦ક્રિ૦ તરવાનું
તર્ક પું૦ [સં.] અનુમાન; કલ્પના (૨) વિચારપ્રક્રિયા (૩) સંભવિત ખુલાસો; 'હાઇપોથેસીસ' (૪) તર્કશાસ્ત્ર; ન્યાયશાસ્ત્ર. **૦દોષ** પું૦ વિચારદોષ; વિચારપ્રક્રિયાનો દોષ. **૦પ્રામાણ્ય** ન૦ તર્ક–વિચારપ્રક્રિયામાં પ્રમાણબુદ્ધિ. **૦પ્રામાણ્યવાદ** પું૦ 'રૅશનલિઝમ'. **૦પ્રામાણ્યવાદી** વિ૦ (૨) પું૦ 'રૅશનલિસ્ટ'. **૦બાજ** વિ૦ તર્કમાં કુશળ. **૦વાદ** પું૦ તર્કને આધારે સ્થાપેલો વાદ. **૦વિતર્ક** પું૦ ઊહાપોહ (૨) ગમે તેમ વિચાર દોડાવ્યા કરવા તે. **૦શક્તિ** સ્ત્રી૦ તર્ક કરવાની શક્તિ. **૦શાસ્ત્ર** ન૦ ન્યાયશાસ્ત્ર; 'લૉજિક'. **૦શાસ્ત્રી** પું૦ તર્કશાસ્ત્રનો વિદ્વાન. **૦શુદ્ધ** વિ૦ તર્કદોષ વિનાનું. **૦સરણિ(–ણી)** સ્ત્રી૦ તર્કોની પરંપરા. **૦સિદ્ધ** વિ૦ તર્કથી પુરવાર થયેલું. **–ર્કિત** વિ૦ તર્ક કરેલું. **–ર્કી** વિ૦ તર્ક કરનાર
તર્જ સ્ત્રી૦ [અ.] તરજ; ગાવાની ઢબ [તિરસ્કાર
તર્જન ન૦,–ના સ્ત્રી૦ [સં.] ઠપકો; ધમકી (૨) તરછોડ;
તર્જની સ્ત્રી૦ [સં.] અંગૂઠા પાસેની આંગળી [ધુતકારવું
તર્જવું સ૦ક્રિ૦ ઠપકો આપવો; ધમકાવવું (૨) તરછોડવું;
તર્પણ ન૦ [સં.] તૃપ્તિ (૨) જુઓ જલાંજલિ. –ણીય વિ૦ તૃપ્ત કરી શકાય કે કરવા યોગ્ય. **૦વું** સ૦ક્રિ૦ તૃપ્ત કરવું
તર્પિત વિ૦ [સં.] તૃપ્ત થયેલું [ચામડી ઉપરનો ડાઘો
તલ પું૦ એક તેલી બી કે તેનો છોડ; તિલ (૨) એને મળતો
તલ(–ળ) ન૦ [સં.] તળિયું (૨) નીચેનો પ્રદેશ; તળેટી (૩) સપાટી. ઉદા૦ 'ભૂતલ'
તલક અ૦ [હિં.] સુધી; લગી
તલકછાંયડો પું૦ એક રમત
તલખ વિ૦ તીવ્ર; તીખું; તેજ (૨) સ્ત્રી૦ ઝંખના; ઇંતેજારી (૩) વ્યાકુળતા (૪) તરસ. **૦વલખ** અ૦ પાણી ન મળવાથી અસ્વસ્થ. **૦વું** અ૦ક્રિ૦ તલસવું; ઝંખવું. **–ખાં** ન૦બ૦વ૦ ઝંખના; પ્રાપ્તિ માટેની વ્યાકુળતા
તલપ સ્ત્રી૦ કૂદકો; છલંગ (૨) તલબ; ઉત્કટ ઇચ્છા; તાલાવેલી. **૦વું** અ૦ક્રિ૦ એકદમ કૂદકો–તલપ મારવી. **૦(–ફ)વું** અ૦ક્રિ૦ આતુરતાથી ટમટમવું; તલસવું
તલપાપડ વિ૦ આતુર; અધીરું
તલપૂર વિ૦ તલ જેટલું (૨) સહેજ પણ
તલફવું અ૦ક્રિ૦ જુઓ 'તલપ'માં
તલબ સ્ત્રી૦ [અ.] ઉત્કટ ઇચ્છા; તલપ
તલબાવળ પું૦ એક વનસ્પતિ
તલભાર,તલમાત્ર વિ૦ તલ જેટલું; સહેજ; તલપૂર
તલમીજ પું૦ [અ.] શિષ્ય [તળવટ
તલવટ પું૦ તલની બનાવેલી એક મીઠાઈ (૨) ઉંબરો;
તલવણી સ્ત્રી૦ એક વનસ્પતિ
તલવાર સ્ત્રી૦ જુઓ તરવાર
તલસરું ન૦ તલ ખંખેરી લીધા પછીનો તલનો છોડ (૨) જેમાં તલ થાય છે તે શીંગ
તલસવલસ અ૦ જુઓ તલખવલખ
તલસવું અ૦ક્રિ૦ અતિ આતુર હોવું; આતુરતાથી તરફડવું
તલસાટ પું૦ આતુરતા; તરફડાટ
તલસાંકળી સ્ત્રી૦ તલની બનાવેલી એક વાની
તલસ્પર્શ પું૦ [સં.] તળિયાનો સ્પર્શ (૨) સપાટીનો સ્પર્શ. **–ર્શિતા** સ્ત્રી૦. **–ર્શી** વિ૦ તલસ્પર્શ કરતું (૨) મૌલિક
તલા(–લ્લા)ક સ્ત્રી૦ [અ.] છૂટાછેડા; ફારગતી
તલાટી પું૦ મહેસૂલ વસૂલ કરનાર સરકારી મહેતો
તલાટું ન૦ તલાટીનું કામકાજ કે પદ
તલાતલ ન૦ [સં.] સાત પાતાળમાંનું એક
તલાબત સ્ત્રી૦ બરાબરી; સ્પર્ધા
તલાલીન વિ૦ [સં.] તળિયે જઈ બેઠેલું (૨) તલ્લીન
તલા(–ળા)વ ન૦ એક જળાશય; નાનું સરોવર. **૦ડી** સ્ત્રી૦, **૦ડું** ન૦ નાનું તળાવ
તલાશ સ્ત્રી૦ [ફા.] શોધ; તપાસ [ગાંઠ
તલી સ્ત્રી૦ ઝીણા તલ (૨) શેરડીનો એક રોગ (૩) બરોળની
તલો પું૦ પાઘડીનો કસબી છેડો
તલ્પ ન૦ [સં.] શય્યા; પથારી
તલ્લાક સ્ત્રી૦ જુઓ તલાક
તલ્લીન વિ૦ [સં.] ગરક; લીન; એકાકાર. **૦તા** સ્ત્રી૦
તવ સ૦ (પ.) તારું [સં.] (૨) અ૦ (પ.) ત્યારે
તવખીર ન૦ એક વનસ્પતિ
તવન ન૦ સ્તવન (જૈન)
તવર ન૦ એક વનસ્પતિ
તવરવું અ૦ક્રિ૦ જુઓ તરવરવું
તવંગર વિ૦ [ફા.] પૈસાદાર; તાલેવંત
તવાઈ સ્ત્રી૦ કમબખ્તી; આફત; ધાડ (૨) તાકીદ; ધમકી
તવાજો પું૦ પરોણાચાકરી
તવારાં અ૦+તે વારે–વખતે [લખનારો
તવારીખ સ્ત્રી૦ [અ.] ઇતિહાસ. **૦નવીસ** પું૦ ઇતિહાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તવાવું અ૦ક્રિ૦ 'તાવવું'નું કર્મણિ [સાધન; તાવેથો
તવેથો પું૦ રસોઈમાં ઉપર તળે કરવાનું કે ઉથલાવવાનું એક
તવો પું૦રોટલા શેકવાનું એક પાત્ર;મોટી લોઢી (૨) ચલમમાં
સૂકવાની ગોળ ચપટી ઠીકરી. -વી સ્ત્રી૦ નાનો તવો; લોઢી
તશરીફ સ્ત્રી૦[अ.] મોટાઈ; મહિમા; શ્રેષ્ઠતા (મોટા માણસને,
પધારો એમ કહેવામાં વપરાય છે)
તસ સ્ત્રી૦ ન દેખાય એવી બારીક ફાટ
તસકો પું૦ વસકો; તુચ્છકાર (૨) ઠોક; ઠપકો
તસતસવું અ૦ક્રિ૦ (રવ૦) ભચડાવું; તણાવું; ટસટસવું
તસતસાટ પું૦ ટસટસાટ
તસબી(-વી) સ્ત્રી૦ [अ.] (જપવાની) માળા; બેરખો
તસમો પું૦ [फा.] ચામડાનો પટો; તંગ
તસર સ્ત્રી૦ રંગની તીણી રેખા (૨) ન૦ ટસર; કપડું
તસલ્લમાત વિ૦ વચગાળાનું; ઉપલકિયું (૨) તાબાનું (૩)
સ્ત્રી૦ કબજો; ભોગવટો
તસલ્લી સ્ત્રી૦ [अ.] આશ્વાસન; ભરોસો; વિશ્વાસ
તસવી સ્ત્રી૦ જુઓ તસબી
તસવીર સ્ત્રી૦[अ.]છબી; ચિત્ર [રાતી રેખા; તસર; ટશિયો
તસિયો પું૦ તરડ; ફાટ (૨) લીટી; આંકો (૩) (આંખમાં)
તસુ પું૦; સ્ત્રી૦ ઇંચ
તસું અ૦ (પ.) તેવું
તસોતસ અ૦ તસતસે એમ; તંગ [ચોરનું કામ; ચોરી
તસ્કર પું૦ [सं.] ચોર. ૦વું સ૦ક્રિ૦ ચોરવું. -રી સ્ત્રી૦
તસ્ત,૦રું,-સ્તાનું ન૦ મળમૂત્ર ઝીલવાનું વાસણ (૨)
કોગળા વગેરેનું પાણી ઝીલવાનું વાસણ
તસ્દી સ્ત્રી૦ [अ.] શ્રમ; મહેનત [કોલકરાર-લેખ
તહ પું૦;સ્ત્રી૦; ન૦[फा.]સુલેહ; સંધિ. ૦નામું ન૦સુલેહનો
તહકીમ વિ૦ ચોક્કસ; નક્કી [તે; મોકૂફી
તહકુબ અ૦ મોકૂફ; મુલતવી. -બી સ્ત્રી૦ તહકુબ રાખવું
તહસીલ સ્ત્રી૦ ન૦ [अ.] જમીનમહેસૂલ (૨) તાલુકો.
૦દાર પું૦ તાલુકાનું મહેસૂલ વસૂલ કરનાર અમલદાર;
મહાલકારી. ૦દારી સ્ત્રી૦ તહસીલદારનું કામ કે પદ.
૦નામું ન૦ જમાબંધીનો ચોપડો
તહાં(-હીં) અ૦ (પ.) ત્યાં; ત્યહાં [ચાકરી; તાબેદારી
તહેનાત સ્ત્રી૦ સેવાચાકરી કરવા માટેની હાજરી (૨) સેવા-
તહેવાર પું૦ ટાણું; ખુશાલીનો દિવસ
તહોમત ન૦ આરોપ; આળ. ૦દાર વિ૦ આરોપી.
૦નામું ન૦ આરોપ મૂક્યા બાબતનું લખાણ
તળ ન૦ જુઓ તલ (૨) મૂળ (૩) પાયો (૪) જન્મસ્થાન.
૦ઘટ પું૦ ઊમરો; ઉંબર. ૦જમીન સ્ત્રી૦ તળિયાની
જમીન. ૦ઘર વિ૦ દેવાદાર (૨) [લા.] દબાયેલું-ઓશિ-
યાળું (૩) પું૦ વસવાયો (૪) સાંથી; ખેડૂત. ૦પદ ન૦
ગામતળની જમીન (૨) અસલ-મૂળ જગા (૩) સપાટ
જમીન (૪) જેનું પૂરું મહેસૂલ લેવાતું હોય એવી-
ખાલસા જમીન. ૦પદું વિ૦ સ્થાનિક; મૂળ વતનનું
(૨) ગામઠી; દેશી. ૦વટ સ્ત્રી૦ પગનાં તળિયાંનું તળવાવું
તે (૨) તળિયું (૩) જમીનની સપાટી; તળાવટ (૪) ઊમ-
રાનું ઘડેલું લાકડું (૫) છાપરાના મોભને ટેકવવા સામ-
સામી ભીંતો પર ગોઠવીને રખાતું આડું લાકડું
તળવાવું અ૦ક્રિ૦ વધારેપડતા ઘસારાથી કે તાપથી પગનાં
તળિયાંનું આળું થવું
તળવું સ૦ક્રિ૦ કકડાવેલા ઘીતેલમાં પકવવું (૨) ન૦ તળિયું
તળાઈ સ્ત્રી૦ ખૂબ રૂ ભરેલું ગાદલું (૨) પું૦તાડનું (નર) ઝાડ
તળાતળ ન૦ જુઓ તલાતલ
તળાતાંદળા પું૦બ૦વ૦ શેકેલા ચોખા-મમરા (૨) અ૦
છૂટેછૂટું; લગારે વળગણ ન રહે એમ
તળાવ ન૦, ૦ડી સ્ત્રી૦, ૦ડું ન૦ જુઓ 'તલાવ'માં
તળાવટ સ્ત્રી૦ ઢોંગ; યુક્તિ (૨) જમીન કે તેની સપાટીનો પ્રકાર
તળાવિયો પું૦ એક જાતનો કોળી
તળાવો પું૦ ગાડાની પીંજણી તળેની આડી
તળાંસવું સ૦ક્રિ૦ ધીમે ધીમે ચાંપવું; ચંપી કરવી
તળિયું ન૦ છેક નીચેનો ભાગ; તળ (૨) પગનું તળિયું (૩)
તડબૂચ. -યાઝટ,-યાઝાટક અ૦ તળિયું ખુલ્લું થઈ
જાય તેમ; ખુલ્લેખુલ્લું; પૂરેપૂરું ખુવાર. -યારું ન૦ તળિયું
તળી સ્ત્રી૦ જોડામાં પગના તળિયાને અડીને રહેતી
ચામડાની પટી; સખતળી
તળું ન૦ જુઓ તળિયું. -ળે અ૦ નીચે; તળિયે
તળેટી સ્ત્રી૦ પર્વતની આજુબાજુનો નીચાણનો પ્રદેશ
તજ્યુંતાવ્યું વિ૦ તળેલું અને તાવેલું (૨) [લા.] અભડાય
નહિ એવું-શુદ્ધ
તંઈ અ૦ (કા.) જુઓ તૈંયે; તોપછી; ત્યારે
તંગ વિ૦ [फा.] ભિડાતું; ચપસીને આવી રહેતું (૨) તાણેલું;
કસેલું (૩) છૂટ વગરનું (નાણાં કે વેપારની બાબતમાં) (૪)
કાયર; કંટાળેલું (૫) પું૦ ઘોડાનું જીન ખસી ન જાય તે
માટે પેટને કસીને બાંધેલો પટો
તંગડી સ્ત્રી૦ ટંગડી; ટાંટિયો (૨) ટૂંકી ચોરણી-લેંઘી
તંગલ ન૦; સ્ત્રી૦ છોકરાંને કાને પહેરવાનું કુંડળ
તંગાશ સ્ત્રી૦ તંગી; અછત
તંગિયો પું૦ તંગડી; નાની સૂંથણી
તંગી સ્ત્રી૦ [फा.] તાણ; ન્યૂનતા; અછત
તંઝીમ સ્ત્રી૦ [अ.] એકસૂત્ર કરવું તે; સંગઠન
તંદુલ પું૦ [सं.] તંદુલ; ચોખા [(૪) મમત; જિદ
તંત પું૦ તંતુ (૨) ચર્ચા; વાદવિવાદ; પંચાત (૩) જાલ; કેડો
તંતની સ્ત્રી૦ જુઓ તુનતુની
તંતરવું સ૦ક્રિ૦ છેતરવું; ધૂતી લેવું; ભોળવવું
તંતુ પું૦ [सं.] તાર; તાંતણો; રેસો કે પાતળી નસ. ૦કીટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પું૦ રેશમનો કીડો. ૦ચક્ર ન૦ તંતુનું જાળું. ૦માર્ગ પું૦ તંતુ જેવો બારીક માર્ગ. ૦વાદ્ય ન૦ તંતુથી વાગતું વાજિંત્ર. –તે(–તો)તંત અ૦ એક કેડે બીજું એમ; લગાતાર (૨) બરોબર; પૂરેપૂરું

તંત્ર ન૦ [સં.] (હિંદુઓનાં એક પ્રકારનાં શાસ્ત્રો (તેમાં મંત્રો, પ્રયોગો અને ક્રિયાઓ ઉપર વધુ ભાર મૂકેલો છે.) (૨) વ્યવસ્થા; પ્રબંધ (૩) તેની યોજનાપૂર્વક ગોઠવણ; આયોજન (૪) [ન્યા.] સિદ્ધાંત. ૦નિષ્ઠ વિ૦ તંત્ર–વ્યવસ્થાને વફાદાર. ૦નિષ્ઠા સ્ત્રી૦ તંત્ર–વ્યવસ્થા પ્રત્યે વફાદારી. –ત્રી પું૦ તંત્ર ચલાવનાર; અધિપતિ (૨) છાપાનો સંપાદક (૩) સ્ત્રી૦ તંતુવાદ્યનો તાર (૪) ધનુષ્યની દોરી; પણછ (૫) એક તંતુવાદ્ય

તંદુરસ્ત વિ૦ નીરોગી; સ્વસ્થ. –સ્તી સ્ત્રી૦ આરોગ્ય

તંદુલ પું૦ ચોખા; તાંદુલ; તંડુલ

તંદોડો પું૦ સ્ત્રીના કાનનું એક ઘરેણું [વિ૦ તંદ્રાવાળું

તંદ્રા સ્ત્રી૦ [સં.] આળસ; સુસ્તી; ઘેન (નિદ્રાનાં). ૦લુ(–ળુ)

તંનૂર પું૦ [અ.] ચૂલો [વ્યસનની ચીજ છે

તંબાકુ,–ક્રૂ [फा.] સ્ત્રી૦ એક વનસ્પતિ, જેનાં પાંદડાં એક

તંબૂ પું૦ [फा.] દોરડાં અને થાંભલાને ટેકે તાણેલું છત્રી ઘાટનું લૂગડાનું ઘર [સ્ત્રી૦ નાનો તંબૂરો

તંબૂરો પું૦ એક તંતુવાદ્ય. –રાપેટી સ્ત્રી૦ સૂરપેટી. –રી

તંબોળ પું૦ નાગરવેલનું પાન (૨) તેની બીડી–બીડું (૩) ઘાડો લાલ રંગ (૪) ગળાનો એક રોગ. ૦ણ સ્ત્રી૦ તંબોળીની સ્ત્રી. –ળિયું વિ૦ તંબોળ કે તંબોળીને લગતું.–ળિયો ક્ષય પું૦ એક જાતનો ક્ષયરોગ. –ળિયો સાપ પું૦ નાગરવેલનાં પાનમાં થતો એક કીડો. –ળી પું૦ પાનસોપારી વેચનારો (૨) તે ધંધો કરનારી ન્યાતનો માણસ

તઃ [સં.] નામને લાગતાં 'માંથી' 'ની દૃષ્ટિએ' એવા અર્થનું અ૦ બનાવે. ઉદા૦ મૂલતઃ, તત્ત્વતઃ

તા [સં.] ભાવવાચક નામ (સ્ત્રી૦) બનાવતો પ્રત્યય

તા પું૦ એક કાગળ; તાવ [फा.] (૨) તાપ; ગરમી

તાઈ પું૦ મુસલમાનની એક નાત; પીંજારો; વણકર (૨) સ્ત્રી૦ એક વસ્ત્ર

તાઉ વિ૦ ગરમ–આકળા મિજાજનું

તાઊસ પું૦ મોર (૨) ન૦ એક છેડે મોરનો આકાર હોય એવું વાદ્ય. ૦બાજ વિ૦ તાઊસ વગાડી જાણનાર. –સી વિ૦ મોરના રંગનું (૨) તાઊસબાજ

તાક સ્ત્રી૦ [म.] છાશ

તાક સ્ત્રી૦ નેમ; ચોટ (૨) પું૦ લાગ; તાકડો. ૦ડો પું૦ તાક; લાગ (૨) તાગડો; દોરો. ૦ણિયું વિ૦ તાકેડુ. ૦વું સ૦ ક્રિ૦ એકી નજરે જોયા કરવું (૨) નિશાન બાંધવું (૩) ઇચ્છવું

તાક(–કા)ત સ્ત્રી૦ [अ.] શક્તિ; સામર્થ્ય; મગદૂર

તાકીદ સ્ત્રી૦ [अ.] ઉતાવળ (૨) ચેતવણી; ધમકી

તાકું ન૦ ગોખલો; હાટિયું

તાકેડુ વિ૦ તાક્યું નિશાન પાડનાર

તાકો પું૦ [अ.] ફાડ્યા વિનાનું લાંબું એકસરખું લૂગડું; થાન

તાકોડી વિ૦ જુઓ તાકેડું

તાગ પું૦ છેડો; અંત; નિવેડો (૨) પરણીને વિદાય થતા વર તરફથી ભાગોળે કન્યાપક્ષના ભાટબ્રાહ્મણોને અપાતી દક્ષિણા

તાગડધિન્ના પું૦ બ૦ વ૦ મોજમજા; ચેનબાજી

તાગડો પું૦ ત્રાગડો, તાંતણો; (૨) તાકડો; લાગ

તાગવું અ૦ ક્રિ૦ તાગ કાઢવો; માપ કાઢવું (૨) પરવારવું; છૂટા થવું (૩) સ૦ ક્રિ૦ ત્યાગવું; છોડી દેવું

તાગિયો પું૦ રેશમને તાણનાર–સુધારનાર કારીગર

તાછ સ્ત્રી૦ પથ્થર ટાંકતાં પડતો કચરો–છોલ (૨) [દાગીનાને] છોલતાં પડતી કરચો (૩) ઓપ; ચકચકાટ. ૦(–સ)વું સ૦ ક્રિ૦ ટાંકણાથી છોલવું; છોલીને ચકચકતું કરવું

તાછું ન૦ જુઓ તાસું

તાછિયું ન૦ કલમ જેવો ત્રાંસો કાપેલો સાંઠાનો ટુકડો (સુ.)

તાજ પું૦ ત્યાગ (પ.)

તાજ પું૦ [फा.] મુગટ; રાજમુગટ (૨) ગંજીફાનું તેવા ચિહ્નવાળું પાનું. ૦ખાનું ન૦ સંડાસ. ૦પોશી સ્ત્રી૦ તાજ પહેરવાની–ગાદીએ આવવાની ક્રિયા. ૦મહાલ પું૦ (સં.) આગ્રાની સુપ્રસિદ્ધ ઇમારત [તંદુરસ્તી

તાજગી સ્ત્રી૦ [फा.] તાજાપણું (૨) તેજ; સ્ફૂર્તિ (૩)

તાજણ સ્ત્રી૦ ઘોડી

તાજણો પું૦ સાટકો; ચાબુક [હોય તેવું

તાજમ સ્ત્રી૦ જુઓ તાજીમ. –મી વિ૦ માન–મોટાઈ આપેલી

તાજવું ન૦ ત્રાજવું (૨) સ૦ ક્રિ૦ +(પ) તજવું

તાજા(–જે)કલમ સ્ત્રી૦ [फा.] (તા. ક.) મુખ્ય લખાણ પૂરું થયા પછી તેની નીચે ઉમેરેલું લખાણ

તાજાતવાના વિ૦ [फा.] તાજું અને શક્તિમાન

તાજિયો પું૦ [अ.] તાબૂત

તાજિર પું૦ [अ.] વેપારી

તાજી વિ૦ [फा.] અરબી–ઉત્તમ પ્રકારનો (ઘોડો)

તાજીમ સ્ત્રી૦ [अ.] વિવેક; અદબ; માન આપવાની રીત

તાજુબ વિ૦ [अ.] આશ્ચર્યચકિત; દંગ.–બી સ્ત્રી૦ આશ્ચર્ય

તાજું વિ૦ નવું; તરતનું (૨) થાક ઊતરી જઈને સ્ફૂર્તિમાં આવેલું (૩) પૈસાથી ભરેલું; તર. ૦તમ વિ૦ એકદમ તાજું –જેકલમ સ્ત્રી૦ જુઓ તાજાકલમ.–જેતર વિ૦ તાજેતાજું; તરતનું. –જેતરમાં અ૦ હમણાં જ; થોડા વખત પર

તાજૂડી સ્ત્રી૦ જુઓ ત્રાજૂડી

તાજેસ ન૦ પ્રાયશ્ચિત્ત

તાટ વિ૦ તંગ; સક્કસ; અક્કડ (૨) પું૦ ટાટ; છાજરી મોટી થાળી (૩) ન૦ શણનું કપડું; ગૂણપાટ

તાટસ્થ્ય ન૦ [સં.] તટસ્થપણું

તાટી સ્ત્રી૦ કામડાંનો પડદો; ટટ્ટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાડું ન૦ વાંસ-ઘાસની નાની ચટાઈ કે પડદો

તાડ પું૦ એક જાતનું ઝાડ (૨) તાડો; તતડાટ. ૦ગોળ પું૦ તાડીનો બનાવાતો ગોળ. ૦ગોળો પું૦ તાડનું ફળ. ૦છું,૦પત્ર ન૦ તાડનું પાંદડું. ૦પત્રી સ્ત્રી૦ તાડનાં પાનનું છાજ (૨) વરસાદમાં રક્ષણ કરે એવી શણની એક મોદ. -ડિયું ન૦ તાડના પાનનો કકડો (૨) રેંટિયાનું પાંખિયું. -ડિયો પું૦ તાડનું ઝાડ. -ડી સ્ત્રી૦ તાડ-ખજૂરાં વગેરેનો કેફી રસ

તાડકવું અ૦ક્રિ૦ તડૂકવું (?)

તાડકા સ્ત્રી૦ [સં.] (સં.) એક રાક્ષસી-રાવણની બહેન

તાડગોળ,તાડગોળો,તાડછું(-પત્ર) જુઓ 'તાડ'માં

તાડન ન૦ [સં.] તાડવું તે; માર. -નીય વિ૦ મારને યોગ્ય

તાડપત્ર,-ત્રી સ્ત્રી૦ જુઓ 'તાડ'માં

તાડવું સ૦ક્રિ૦ મારવું (૨) જુઓ ત્રાડવું

તાડિયું,-યો,તાડી જુઓ 'તાડ'માં

તાડુકાવવું સ૦ક્રિ૦, **તાડુકાવું** અ૦ક્રિ૦ 'તાડૂકવું'નું પ્રેરક ને કર્મણિ

તાડૂકવું અ૦ક્રિ૦ તડૂકવું; ત્રાડવું. **તાડૂકો** પું૦ તડૂકો; ત્રાડ

તાડો પું૦ સોજાને લીધે ચામડી તણાઈ થતી પીડા; તતડાટ (૨) જૂનો ઝઘડો (૩) આગ્રહ; હઠ

તાણ સ્ત્રી૦ શરીરની-રગોની ખેંચ (૨) તંગી; અછત (૩) આગ્રહ; ખેંચ (૪) ન૦ પાણીના વહેણનું જોર. ૦વું સ૦ક્રિ૦ ખેંચવું (૨) ઘસડવું. -ણંતાણ(-ણા),-ણાતાણ સ્ત્રી૦ ખેંચખેંચા. -ણિયો પું૦ ધાતુના તાર તાણનારો (૨) છાપરા કઠેરા ઇત્યાદિને તાણી ઝાલવા મુકાતો સળિયો (સ્થાપત્યમાં); 'બ્રેકેટ'. -ણીતૂ(-તો)શી (૦ને, -સી, -સીને) અ૦ ખૂબ ખેંચીને; મારીમચડીને; મુસીબતથી

તાણ(-ણું) વિ૦ '૯૩'; ત્રાણું

તાણી સ્ત્રી૦ જુઓ તાણો (૨) વણવા માટે તૈયાર કરેલો તાણો (પવાયત સાંધ સાથેનો). -ણો પું૦ વણવા માટે તાણેલા લાંબા-ઊભા તાર (આડા તાર તે વાણો). -ણોવાણો પું૦ તાણો અને વાણો

તાત પું૦ [સં.] પિતા; બાપ (૨) (ખાસ કરીને હાથ નીચેનાં માણસો, શિષ્યો કે બાળકો માટે) વહાલનું એક સંબોધન

તાતા પું૦ (રવ૦) રોટલો (બાળકોની ભાષામાં)

તાતાથેઈ અ૦ (રવ૦) (૨) સ્ત્રી૦, **તાતાથૈયા** અ૦ (૨) પું૦ બ૦વ૦ નાચવાના તાનનો એક બોલ; તતથેઈ (૩) નાના બાળકને ઊભું થતાં શીખવતાં વપરાતો શબ્દ

તાતું વિ૦ ખૂબ ગરમ-તપેલું (૨) આકળા સ્વભાવનું; ગરમ મિજાજનું (૩) તરતનું; તાજું (૪) તેજસ્વી

તાતુંમાતું વિ૦ ભરેલું-પુષ્ટ [પૂરતું (૨) તરતનું

તાત્કાલિ(-ળિ)ક વિ૦ [સં.] તે કાળ-સમય સંબંધી કે તે

તાત્પર્ય ન૦ [સં.] ભાવાર્થ; મતલબ; સાર (૨) હેતુ; ધારણા

તાત્ત્વિક વિ૦ [સં.] તત્ત્વને લગતું (૨) યથાર્થ

તાથેઈ અ૦ જુઓ તાતાથેઈ

તાદર્થ્ય ન૦ [સં.] 'તેને માટે હોવાપણું" બતાવતો ચોથી વિભક્તિનો અર્થ [વ્યા.] (૨) હેતુ; ધારણા

તાદાત્મ્ય ન૦ [સં.] સમાનતા; એકતા

તાદૃશ વિ૦ [સં.] તેના જેવું જ; આબેહૂબ. ૦તા સ્ત્રી૦

તાન સ્ત્રી૦; ન૦ [સં.] ગાયનમાં લેવાતા પલટા; આલાપ (૨) ધૂન; લેહ; લગની (૩) મસ્તી; તોફાન. ૦પૂરો પું૦ ગાયનમાં તાન પૂરતું વાદ્ય; તંબૂરો

તાનારીરી સ્ત્રી૦ ગાયનની એક તરેહ; તરાણા

તાનાબાજી સ્ત્રી૦ તાના મારવા તે

તાનો પું૦ [અ.] ટોણો; મહેણું (૨) ક્રોધ

તાપ પું૦ [સં.] તડકો (૨) ગરમી; આંચ (૩) જ્વર; તાવ (૪) કરપ; ધાક (૫) દુઃખ; સંતાપ. ૦ટ વિ૦ તેજ; ગરમ મિજાજનો (ઘોડો). ૦(-પો)ડિયું ન૦ જુઓ તાપોડિયું. ૦ણી સ્ત્રી૦,૦ણું ન૦ તાપવા માટે ફૂસ વગેરેનો લગાડેલો અગ્નિ. ૦ત્રય પું૦ આધિ, વ્યાધિ અને ઉપાધિ અથવા આધ્યાત્મિક, આધિભૌતિક, અને આધિદૈવિક એ ત્રણ જાતનાં દુઃખ-સંતાપ

તાપડું ન૦ શણનું જાડું કપડું

તાપવું અ૦ક્રિ૦ અગ્નિથી ટાઢ ઉડાવવી

તાપસ વિ૦ [સં.] તપ કરનાર (૨) પું૦ તપસ્વી. **-સી** સ્ત્રી૦

તાપી સ્ત્રી૦ [સં.] (સં.) ગુજરાતની પ્રખ્યાત નદી

તાપોટો પું૦ સખત તાપ; કહારો (૨) તાપને લીધે થતો ફોલ્લો. -ડિયું ન૦ તાપોટો ૨; તાપડિયું

તાફતો પું૦ [ફા.] એક જાતનું રેશમી કાપડ

તાબડતોબ અ૦ તરત જ; જરા પણ વિલંબ વગર

તાબૂત પું૦; ન૦ [અ.] મડદા-પેટી; જનાજો; ખાસ કરીને ઇસ્લામી શહીદ હુસેનની યાદગીરીમાં મહોરમના દિવસોમાં કબર જેવા ઘાટ કાઢે છે તે; તાજિયો

તાબે અ૦ [અ.] તાબામાં; કબજામાં. ૦દાર વિ૦ હુકમમાં રહેનારું (૨) પરાધીન. ૦દારી સ્ત્રી૦ તાબેદારપણું.

તાબો પું૦ કબજો; હવાલો

તાબોટો પું૦ જુઓ ટાબોટો

તામજાન પું૦ [હિં.] એક જાતની પાલખી કે ખુરશીઘાટની ડોળી

તામડી સ્ત્રી૦ જુઓ તાંબડી. -ડો પું૦ જુઓ તાંબડો

તામરસ પું૦ [સં.] એક છંદ

તામસ વિ૦ [સં.] તમોગુણને લગતું (૨) અંધારું; તમસનું બનેલું (૩) પું૦ ગરમ મિજાજ; ગુસ્સો. -સિક વિ૦ ક્રોધી; તામસી. **-સી** વિ૦ ક્રોધી (૨) સ્ત્રી૦ દુર્ગાનું એક નામ. **-સી વિદ્યા** સ્ત્રી૦ ઊંઘમાં નાખવાની વિદ્યા

તામિસ્ર ન૦ [સં.] ઘોર અંધારવાળું એક નરક

તામિલ સ્ત્રી૦ તામિલનાડ પ્રાંતની ભાષા. ૦નાડ(-ડુ) પું૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(સં.) મદ્રાસ આસપાસનો તામિલભાષાભાષી પ્રદેશ

તામીલ સ્ત્રી॰ [अ.] હુકમનો અમલ; આજ્ઞાંકિતપણું

તામ્ર ન॰ [सं.] તાંબું. **૰કાર,૰કૂટ** પું॰ તાંબા ઉપર કામ કરનારો; કંસારો. **૰પટ(-ત્ર)** પું॰; ન॰ તાંબાનું પતરું (૨) તેના પર લખેલો લેખ. **૰ભસ્મ** સ્ત્રી॰ તાંબાની ભસ્મ –એક ઔષધિ. **૰વર્ણ** વિ॰ તાંબાના રંગનું–લાલચોળ. **૰વર્ણું** વિ॰ તાંબાના રંગનું

તાયફો પું॰ [अ.] ટોળી; સમૂહ; મંડળ (૨) ગાવાબજાવવાનું કામ કરનાર રામજણી અને તેના સાથીઓનો સમૂહ. **–ફાવેડા** પું॰બ॰વ॰ જુઓ ઝોકંડા (૨) ઉડાઉપણું; વહી ગયેલા જેવું વર્તન. **–ફાવાળો** પું॰ હિંદુસ્તાન અને અફઘાનિસ્તાનની વચ્ચેના ભાગમાં રહેતા તાયફાનો આદમી

તાયલું સ॰ તારું (પ.)

તાર પું॰ (ઘાનો) ના; એક કાગળ

તાર પું॰ [फा.] તંતુ; દોરો; રેસો (૨) [सं.] ધાતુનો ખેંચીને બનાવેલો તાર (૩) તાર મારફતનો સંદેશો (૪) [લા.] કેફની ખુમારી (૫) એક લગન; તલ્લીનતા. **૰ઑફિસ** સ્ત્રી॰ તારથી સંદેશો લેવામોકલવાનું કાર્યાલય. **૰કસ** પું॰ ધાતુના તાર ખેંચનારો (૨) સોનાચાંદીનો કસબ કરનારો. **૰કસબ** પું॰ સોનાચાંદીના તાર તથા કસબ. **૰કસબવાળો** પું॰ તારકસબનો ધંધો કરનાર. **૰કીટ** પું॰ એક જાતનો વાળા જેવો કીડો. **૰ઘર** ન॰ તારઑફિસ. **૰દાન** ન॰ તંતુવાદ્યનો ખૂંટીએ વીંટેલો તાર કાણામાં થઈને જે પટી ઉપરથી પસાર થાય છે તે પટી. **૰માસ્તર** પું॰ તારના સાંચા પર સંદેશા લેવામોકલવાનું કામ કરનાર અધિકારી. **૰વાળો** પું॰ તારનો સંદેશો પહોંચાડનારો

તાર વિ॰ [सं.] ઉત્તમ (૨) તીણો કે ઊંચો (સ્વર) (૨) પું॰ કિનારો; સામો કાંઠો (૩) અંત; છેડો; મુક્તિ (૪) તરી શકાય તેવી સ્થિતિ (પાણીની). **૰તર** વિ॰ તાર સ્વરથી ચડતું. **૰તમ** વિ॰ વધુમાં વધુ તાર (સ્વર)

તારક વિ॰ [सं.] તારનાર; ઉદ્ધાર કરનાર (૨) પું॰ તારો (૩) (સં.) એક રાક્ષસ. **૰તોડી** સ્ત્રી॰ એક રાગ. **૰મત્સ્ય** પું॰; સ્ત્રી॰; ન॰ એક જાતની માછલી. **–કા** સ્ત્રી॰ તારો. **–કિત** વિ॰ તારાઓથી ભરેલું–ખચેલું

તારક્ષ પું॰ + તાર્ક્ષ્ય; ગરુડ

તારણ ન॰ [सं.] પાર ઉતારવું તે; ઉદ્ધાર (૨) તારવી કાઢેલું તે; સાર; તાત્પર્ય (૩) કરજ કરવામાં મૂકવી પડતી માલની કે રોકડની અનામત (૪) વસ્તુ તારવી કાઢ્યા પછી રહેતું પ્રવાહી. (૫) વિ॰, **૰તરણ,૰હાર** વિ॰ (૨) પું॰ ઉદ્ધારક

તારતમ્ય ન॰ [सं.] ભાવાર્થ; સારાંશ (૨) ઓછાવત્તાપણું; ફેર (૩) ગુણ, પ્રમાણ વગેરેનો પરસ્પર મેળ

તારલો,-લિયો પું॰ (પ.) તારો [લાલિત્યવાચક]

તારવવું સ॰ક્રિ॰ દબાઈ ગયેલી વસ્તુને ઊંચી આણવી (૨) ઉપર ઉપરથી લઈ લેવું (૩) છૂટું કરી પાણી સોંસરું કાઢી લેવું–બોળી કાઢવું (૪) જમા ઉધારનો આંકડો ખાતાવાર નક્કી કરવો (૫) નફોતોટો કાઢવો. **–ણી** સ્ત્રી॰ (હિસાબ) તારવવો તે [બચાવવું

તારવું સ॰ક્રિ॰ તરે એમ કરવું; ઉદ્ધારવું; ઉગારવું; ડૂબતું

તારા સ્ત્રી॰ [सं.] આકાશમાં ઝબૂકતો ગોળો; તારો અથવા ગ્રહ (૨) [સં.] વાલીની સ્ત્રી. **૰કૃતિ** વિ॰ તારાની આકૃતિવાળું. **૰ટપકી** સ્ત્રી॰ ચાંલ્લા તરીકે કે ભરતમાં વપરાતી ધાતુની ચકચકિત ટીપકી. **૰પતિ,૰પીડ** પું॰ ચંદ્ર. **૰મતિ** સ્ત્રી॰ (સં.) એક સતી; રાજા હરિશ્ચંદ્રની પત્ની. **૰મંડલ (–ળ)** ન॰ બધા તારાઓનો સમૂહ (૨) એક જાતનું દારૂખાનું. **૰મૈત્રક,૰મૈત્રી,૰લગ્ન** ન॰ સ્ત્રી॰ આંખેઆંખ મળવી તે; નેત્રપલ્લવી (૨) તેનાથી થયેલી પ્રીતિ. **૰સ્નાન** ન॰ મળસકે તારા અદૃશ્ય ન થાય તે પહેલાં કરાતું આકાશ નીચે સ્નાન. **–રિકા** સ્ત્રી॰ તારો

તારાજ વિ॰ [फा.] ખેદાનમેદાન; જમીનદોસ્ત; ફના

તારિકા સ્ત્રી॰ તારો

તારીખ સ્ત્રી॰ [अ.] એક આખો દિવસ (ઈસ્વી કે મુસલમાની મહિનામાં). **–ખિયું** ન॰ તારીખનો સિક્કો (૨) તારીખ જાણવા કરેલી યોજના; 'કૅલેન્ડર'

તારીજ સ્ત્રી॰ [अ.] જમાઉધારનું તારણ

તારીફ સ્ત્રી॰ [अ.] વખાણ; પ્રશંસા

તારીમારી સ્ત્રી॰ અધમ પ્રકારની ગાળાગાળી; મમ્મોચમ્ચો

તારુણી સ્ત્રી॰ [सं.] તરુણી; જુવાન સ્ત્રી.

તારુણ્ય ન॰ [सं.] તરુણાવસ્થા; જુવાની

તારું સ॰ (બીજો પુરુષ એ॰વ॰, છઠ્ઠી વિભક્તિ)

તારો પું॰ આકાશમાં ઝબૂકતો ગોળો (૨) આંખની કીકી (૩) હોશિયાર તરનારો [તદ્દન છિન્નભિન્ન

તારોતાર અ॰ તાંતણેતાંતણા છૂટા થાય તેમ (૨) [લા.]

તાર્કિક વિ॰ [सं.] તર્કને લગતું (૨) પું॰ તર્કશાસ્ત્રી

તાર્ક્ષ્ય પું॰ [सं.] (સં.) ગરુડ

તાર્તીયીક વિ॰ [सं.] તૃતીયને લગતું; ત્રીજું

તાલ પું॰ [सं.] ગાયનના ઠેકનું માપ (૨) મજા; રંગ; રસ (૩) લાગ; યોગ્ય સમય (૪) તાડ (૫) કાંસીજોડ (૬) યુક્તિ; ખેલ; પ્રપંચ. **૰ઘટના** સ્ત્રી॰ તાલની ઘટના. **૰પ્રદાન** ન॰ તાલ આપવો તે. **૰બદ્ધ,૰બંધ** વિ॰ (૨) અ॰ પદ્ધતિસર (૨) સંગીતમાં તાલ પ્રમાણે. **૰મેળ** પું॰ તાલનું મળવું તે. **૰વાદન** ન॰ વાદ્ય પર તાલ વગાડવો તે. **૰સંચો** પું॰ યુક્તિપ્રયુક્તિ

તાલ સ્ત્રી॰ માથાની ટાલ. **૰કી** સ્ત્રી॰ તાળવું; તાલકું (૨) છોકરાંની એક જાતની ટોપી. **૰કું** ન॰ માથાનો વચલો અને સૌથી ઉપરનો ભાગ; ટાલકું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાલમેલ સ્ત્રી૦ ટાપટીપ; અચ્છી તરેહથી કરેલી ગોઠવણ(૨) ઉપર ઉપરનો ભપકો-સફાઈ. -લિયું વિ૦ તાલમેલવાળું

તાલવ્ય વિ૦ [સં.] જુઓ તાલુસ્થાની

તાલાવેલી સ્ત્રી૦ આતુરતા; ચટપટી;ઘાલાવેલી

તાલિબ વિ૦ [અ.] ઇચ્છનારા; ઇચ્છા રાખનાર

તાલીમ સ્ત્રી [અ.] કેળવણી; શિક્ષણ (૨) અંગકસરતનું શિક્ષણ (૩) શિસ્ત. ૦ખાનું ન૦ તાલીમ આપવાનું સ્થાન. ૦બદ્ધ વિ૦ તાલીમથી વ્યવસ્થિત થયેલું. ૦બદ્ધતા સ્ત્રી૦. ૦બાજ વિ૦ કસરત જાણનારો; કસરતી (૨) ધૂર્ત; ખેલાડી. ૦બાજી સ્ત્રી૦ ઠગબાજી; ધૂર્તતા

તાલીશ(-સ)પત્ર ન૦ [સં.] એક વનસ્પતિ

તાલુ સ્ત્રી૦;ન૦ [સં.] તાળવું. ૦પાક પું૦ તાળવાનો કોઈ ભાગ પાકવો તે. ૦મૂલ(-ળ) ન૦ તાળવાના મૂળનો ભાગ. ૦સ્થાન ન૦ તાળવાનો પ્રદેશ. ૦સ્થાની વિ૦ તાલુસ્થાનમાંથી ઉચ્ચારાતું; તાલવ્ય

તાલુક પું૦ સંબંધ; લાગતુંવળગતું (૨) માલમિલકત; ગરાસ (૩) તાલુકો. ૦દાર પું૦ નાના ગરાસનો ધણી (૨) તાલુકાનો-ગામનો વહીવટ કરનાર સરકારી અમલદાર. ૦દારી વિ૦ તાલુકદારને લગતું (૨) સ્ત્રી૦ તાલુકદારનું કામ કે પદ. -કો પું૦ જિલ્લાનો નાનો ભાગ; પરગણું

તાલું ન૦ કાપડામાં મુકાતો એક કસબી કકડો

તાલે ન૦ [અ.] નસીબ; પ્રારબ્ધ. ૦વર,૦વંત.વાન વિ૦ નસીબદાર; ભાગ્યશાળી (૨) પૈસાદાર; તવંગર

તાવ પું૦ એક રોગ (૨) એક કાગળ; તા [કઢાયું

તાવડી સ્ત્રી૦ પેણી; કઢાઈ. -ડો પું૦ ખૂબ મોટી પેણી;

તાવણ(-ણી) સ્ત્રી૦ તાવવાની-કકડાવીને શુદ્ધ કરવાની ક્રિયા (૨) [લા.] કસોટી

તાવતરિયો પું૦ તાવ વગેરે રોગ

તાવદાન ન૦ બારીનો કાચ (૨) કાગળો રાખવાની ખાનાંવાળી પેટી (૩) ખુરસીઘાટની પાલખી

તાવરણું વિ૦ તામસી; આકળા સ્વભાવનું

તાવરસું ન૦ નવી ખેડાયેલી જમીનનું પ્રથમ વર્ષ (૨) વિ૦ પ્રથમ ખેડનું (ખેતર)

તાવલું વિ૦ તાવવાળું (માણસ)

તાવલી સ્ત્રી૦થોડો ધીમો તાવ; ધીકડી [(૩) [લા.] કસવું

તાવવું સ૦ક્રિ૦ શુદ્ધ કરવા માટે ખૂબ તપાવવું (૨) ઓગાળવું

તાવિત વિ૦ તાવેલું; શુદ્ધ (૨) કલદાર (નાણું)

તાવી સ્ત્રી૦ નાનો તવો; લોઢી

તાવીજ ન૦ [અ.] મંતરજંતરનો દોરો અથવા માદળિયું

તાવેથો પું૦ જુઓ તવેથો

તાસ પું૦ (ઘડિયાળ) ઝાલર (૨) [મ.] કલાક (૩) જુઓ તાસતો (૪) ઓપ; ઓપવાળો કસબ (૫) સ્વાદ; મજા; રંગ (૬) સ૦ (પ.) તેનું (૭) સ્ત્રી૦ [અ.] તાસક; તાટ

તાસક સ્ત્રી૦[ફા.]ધાતુના પતરાની છાછરી થાળી. ૦ડી,-કી સ્ત્રી૦ નાની તાસક; તબકડી

તાસતો પું૦ [ફા.] એક જાતનું રેશમી કાપડ

તાસતોપીજન ન૦ છોકરાંની એક રમત

તાસવું સ૦ક્રિ૦ જુઓ તાછવું [તાલ; ઘાટ; મજા

તાસીર સ્ત્રી૦ [અ.] છાપ; અસર (૨) રૂપ; ઘાટ. -રો પું૦

તાસુબી સ્ત્રી૦ ધર્માંધતા

તાસું ન૦ એક જાતનું નગારું

તાળ પું૦; સ્ત્રી૦ ઝાંઝ; મંજીરા [માથાનું તાલકું

તાળવું ન૦ મોંની બખોલનો ઉપલો ઘુંમટ જેવો ભાગ (૨)

તાળાકૂંચી સ્ત્રી૦ તાળું અને કૂંચી (૨) છોકરાંની એક રમત

તાળાખોલામણી સ્ત્રી૦ કરજે રૂપિયા આપવા પેટીનું તાળું ખોલવાને નામે લેવાતો શરાફી લાગો [કે સાથી માટે)

તાળિયું વિ૦ તાળી પાડી વેગળું રહે એવું (સગું, મિત્ર

તાળી સ્ત્રી૦ બે હાથ અફાળી કરાતો અવાજ યા સંગીતનો અપાતો તાલ [એક કળવાળી બનાવટ

તાળું ન૦ બારણાં, પેટી વગેરે બંધ કરવા માટે વપરાતી

તાળોબંદ(-ધ) પું૦ ખાનાં પાડી કરેલી હિસાબની રજૂઆત

તાળો પું૦ મળતું-બંધબેસતું હોવાપણું (૨) હિસાબ ખરો છે કે ખોટો તેની તપાસ

તાળોટા પું૦બ૦વ૦ વાહવાહની તાળીઓ (૨) તાબોટા

તાંડવ,૦નૃત્ય ન૦ [સં.] શિવનું નૃત્ય

તાંત સ્ત્રી૦ચીકણા પદાર્થનો તંતુ; ચીકણો તાર (૨)આંત્રની બનાવેલી (પીંજણની) દોરી (૩)એક જાતનો જડાવ દાગીનો

તાંતણો પું૦ તંતુ; તાર; દોરો

તાંતરડી સ્ત્રી૦ દોરડી જેવું-સુકલકડી અને બેડોળ શરીર

તાંતરવું સ૦ક્રિ૦તંતરવું; વશ કરવું (૨) તંતુ વડે જાળું કરવું

તાંતો પું૦ તાંતણો; તાર (૨) પંક્તિ; હાર (૩) બેસેરી વણેલી દોરીને ઉભેળી તેમાં ત્રીજી સેર મેળવવી તે

તાંત્રિક વિ૦ [સં.] તંત્રશાસ્ત્રને લગતું (૨) પું૦ મંત્રતંત્રાદિ જાણનારો (૩) તંત્રશાસ્ત્રને માનનારો

તાંદળજો પું૦ એક જાતની વનસ્પતિ-ભાજી

તાંદળા પું૦બ૦વ૦ કાંગ, બાવટો, કોદરા વગેરેમાંથી છડીને કાઢેલા દાણા (૨) ભરડેલાં મરી

તાંદુલ પું૦બ૦વ૦ તંદુલ; ચોખા (૨) તાંદળા

તાંબડ ન૦ તરભાણું

તાંબડ(-ડું) વિ૦ તાંબાના રંગનું; સહેજ રાતું

તાંબડી સ્ત્રી૦ નાનો તાંબડો; વટલોઈ. -ડો પું૦ પાણી ભરવાનું મોટું વાસણ

તાંબું ન૦ આછા રાતા રંગની એક ધાતુ. -બાકૂંડી સ્ત્રી૦ નાહવાનું પાણી લેવા વપરાતું તાંબાપીતળનું પહોળા મોંનું એક વાસણ. -બાનાણું ન૦ તાંબાનો સિક્કો. -બામહોર સ્ત્રી૦તાંબાની સીલ. -બારાય સ્ત્રી૦રેણવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાંબાની રજની મેળવણી. -બિયો પું૦ તાંબાનો લોટો, વાડકો કે સિક્કો [સ્ત્રી૦ નાગરવેલ

તાંબૂલ ન૦ [સં.] નાગરવેલનું પાન (૨) પાનબીડું. -લી

તાંસળિયું ન૦ એક જાતનું ઝીણું રેશમ

તાંસળી સ્ત્રી૦ નાનું તાંસળું. -ળું,તાંસિયું ન૦,તાંસિયો પું૦ કાંસાનો પહોળો મોટો વાડકો

તાંહાં અ૦ + (પ.) ત્યાં [યુક્તિ કે ચાલાકી

તિકડમ ન૦ (જેલમાં) ચોરી; નિયમ ઇ૦માંથી છટકવાની

તિક્કડ પું૦ જાડો રોટલો; ટિક્કડ

તિક્ત વિ૦ [સં.] તીખું (૨) કડવું (૩) ન૦ મરી

તિખારો પું૦ તણખો

તિગ્માંશુ પું૦ [સં.] (સં.) સૂર્ય

તિજોરર પું૦ કોષાધ્યક્ષ; ખજાનચી; 'ટ્રેઝરર'

તિજોરી·સ્ત્રી૦નાણાં, કીમતી માલમતા ઇ૦રાખવાની લોખંડની મજબૂત પેટી. ૦કારકુન પું૦ સરકારી તિજોરીનો કારકુન

તિતાલી(-લિયું) વિ૦ ઉછાંછળું; છોકરવાદ; નાદાન

તિતિક્ષા સ્ત્રી૦ [સં.] સુખદુઃખ આદિ દ્વંદ્વોનું ધીરજથી સહન; સહનશીલતા. -ક્ષુ વિ૦ તિતિક્ષાવાળું

તિત્તિર ન૦ [સં.] તેતર પક્ષી

તિથિ સ્ત્રી૦ [સં.] હિંદુ મહિનાનો દિવસ; મિતિ (૨) સંવત્સરીનો દિવસ. ૦ક્ષય પું૦ તિથિનો ક્ષય-ગણતરીમાં ન આવવું તે (બે સૂર્યોદયમાં ત્રણ તિથિઓ આવે ત્યારે જે તિથિ સૂર્યના ઉદયકાળમાં ન આવે તેનો ક્ષય ગણાય છે.) ૦પત્ર ન૦ જેમાં તિથિઓની વિગત લખેલી હોય એવો કાગળ કે ચોપડી; પંચાંગ. ૦વૃદ્ધિ સ્ત્રી૦ તિથિનો વધારો (જે તિથિમાં બે સૂર્યોદય આવે તે તિથિ બે વાર ગણાય છે.)

તિબ્બતી વિ૦ [હિં.] તિબ્બત-ટિબેટ દેશનું

તિબેટ પું૦ [સં.] ટિબેટ; હિમાલયની ઉત્તરનો એક દેશ

તિમંગળ. તિમિંગલ(-ળ) [સં.] પું૦ મગરમચ્છ

તિમિર વિ૦ [સં.] અંધારું (૨) ન૦ અંધકાર

તિરકસ,-સિયું વિ૦ ત્રાંસું; તીરછું (૨) ન૦ ભીંતમાં આડી-વાંકી ઈંટો મૂકીને બનાવેલું નાનું જાળિયું

તિરસ્કરણીય વિ૦ [સં૦] તિરસ્કારને પાત્ર

તિરસ્કરિણી સ્ત્રી૦ [સં.] પડદો; ચક; કનાત

તિરસ્કાર પું૦ [સં.] તુચ્છકાર; અનાદર; ધિક્કાર. ૦પૂર્વક અ૦ તિરસ્કારથી. ૦વાચક વિ૦ તિરસ્કાર દર્શાવનારું. ૦વું સ૦ક્રિ૦ તિરસ્કાર કરવો

તિરસ્ક્રિયા સ્ત્રી૦ [સં.] તિરસ્કારવું તે; તિરસ્કાર; અનાદર

તિરસ્કૃત વિ૦ [સં.] તરછોડી કાઢેલું

તિરોધાન ન૦ [સં.] અદૃશ્ય થવું તે (૨) આચ્છાદન

તિરોભાવ પું૦ [સં.] અદૃશ્યતા

તિરોભૂત,તિરોહિત વિ૦ [સં.] અદૃશ્ય (૨) ઢંકાયેલું

તિર્યક્ વિ૦ (૨) અ૦ [સં.] વાંકું; ત્રાંસું. -ગ્યોનિ સ્ત્રી૦ પશુ, પક્ષી વગેરે જીવો. -ગ્રેખા સ્ત્રી૦ આડી લીટી; 'ટ્રાન્સવર્સલ' (ગ.)

તિર્યંક(-ચ) ન૦ [સં.] મનુષ્યથી હલકી જાતનાં પ્રાણી

તિલ પું૦ [સં.] જુઓ તલ. ૦પર્ણ ન૦ 'ટર્પેન્ટાઈન'. ૦પૂર,૦પ્રાય,૦માત્ર વિ૦ જુઓ તલપૂર, તલમાત્ર

તિલક ન૦ [સં.] ટીલું. -કા સ્ત્રી૦ એક છંદ-વૃત્ત. ૦કામોદ પું૦ એક રાગ. -કાલક પું૦ શરીર પર થતો તલ. -કિયું ન૦ તિલક-ટીલું કરવાનું બીબું. ૦પંચાંગ ન૦ તિલક મહારાજે શરૂ કરેલું પંચાંગ

તિલવાડો પું૦ એક તાલ (સંગીત)

તિલસ્માત પું૦ ચમત્કાર; અચંબાની વાત

તિલંગ પું૦ એક રાગ

તિલાટ વિ૦ ગાદીનું વારસ

તિલાણો પું૦ જેમાં ત, લ, ન, મ, ૬, ર એવા કોમળ અને રણકો કરતા અક્ષર કે કોમળ સ્વરો વારે વારે આવ્યા કરે તેવું ગાયન

તિલાંજલિ સ્ત્રી૦ [સં.] જુઓ તિલોદક (૨) રુખસદ

તિલોત્તમા સ્ત્રી૦ [સં.] એક અપ્સરા

તિલોદક ન૦ [સં] મૂએલાંને અર્પાતાં તલ અને પાણી

તિષ્ય ન૦ [સં.] આઠમું-પુષ્ય નક્ષત્ર. ૦યુગ પું૦કલિયુગ

તિસમારખાં વિ૦ ગરમ મિજાજનું (૨) બડાઈખોર (૩) પું૦ મોટાં પરાક્રમોની બડાશો મારનાર આદમી

તિસ્રજાતિ સ્ત્રી૦ [સં.] ત્રણ કે તૃતીયાંશ માત્રાના ખંડવાળા તાલની જાતિ

તિહારી સ્ત્રી૦ એક જાતનું પક્ષી

તિહાં અ૦ (પ) ત્યાં; ત્યહાં

તિંતુડો પું૦ આખા ચણાનું પાણીવાળું શાક (સુ.)

તીકમ પું૦ જમીન ખોદવાનું એક ઓજાર

તીક્ષ્ણ વિ૦ [સં.] બારીક ધારવાળું (૨) આકરું; તીખું (ભાષણ) (૩) ચકોર; ચપળ; કુશાગ્ર બુદ્ધિનું. ૦તા સ્ત્રી૦

તીખું વિ૦ ધમધમાટ; જીભ ચચરે એવું (૨) પાણીવાળું; તેજ; જલદ (૩) ઉગ્ર; ગરમ મિજાજનું (૪) ન૦ ખરું લોઢું; પોલાદ. -ખટ વિ૦તીખા સ્વાદનું (૨) ન૦ તીખાશ આવે એવો મસાલો.-ખાટ પું૦ તીખો સ્વાદ (૨) [લા.] સ્વભાવની ઉગ્રતા. -ખાશ સ્ત્રી૦ તીખાપણું. -ખાં ન૦બ૦વ૦ મરચાં (૨) મરી. -ખી સ્ત્રી૦(કા.) ઘોડીની એક જાત. ૦તમ(૦તમું) વિ૦ ખૂબ તીખું

તીટ ન૦ મેશ; કાજળ

તીડ ન૦ એક જાતનો પાંખાળો જીવ [પણ તીવ્ર (સૂર)

તીણું વિ૦ઝીણી ધારવાળું(૨) ઝીણી અણીવાળું (૩) સૂક્ષ્મ

તીત વિ૦ આકરું; સખત (તડકાના સંબંધમાં)

તીતી સ્ત્રી૦ ચકલી; પંખી (બાળભાષામાં). ૦ઘોડો પું૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જાતનું પાંખાળું જીવડું

તીનપાંચ સ્ત્રી૦ ટડપડ; શેખી; મિજાજ

તીર ન૦ [સં.] કાંઠો કિનારો (૨) [સં.,ફા.] બાણ (૩) [ફા.] પારસી ચોથો મહિનો (૪) [લા.] (છાપરાનો) ઊભો ટેકો. ૦કશ પું૦ બાણનો ભાથો. ૦ગર [ફા.] બાણ બનાવનારો

તીરછું વિ૦ વાંકું; આડું; કતરાતું

તીરથ ન૦,૦વાસી વિ૦ જુઓ તીર્થ,૦વાસી

તીરવા અ૦ બાણ જાય એટલે અંતરે (૨) બાણ જેટલું લાંબું કે ઊંચું. -વો પું૦ તીર જઈ શકે તેટલું અંતર

તીરંદાજ વિ૦ [ફા.] તીર મારવામાં કુશળ; નિશાનબાજ. -જી સ્ત્રી૦ તીરંદાજપણું

તીરંબાજ વિ૦ તીર મારવામાં કુશળ. -જી સ્ત્રી૦ તીર મારવાની વિદ્યા (૨) અપરાધીને થોડો જમીનમાં દાટીને તીરથી મારવાની એક ક્રૂર શિક્ષા

તીરી સ્ત્રી૦ ત્રણની સંજ્ઞાનું ગંજીફાનું પત્તું

તીર્થ ન૦ [સં.] ઘાટ; પાર ઊતરવાનો માર્ગ (૨) પવિત્ર-જાત્રાની જગા. ૦ગામી વિ૦ તીર્થયાત્રી. ૦યાત્રા સ્ત્રી૦. તીર્થોની યાત્રા. ૦રાજ પું૦(સં.) તીર્થોમાં શ્રેષ્ઠ-પ્રયાગ. ૦(૦સ્વ)રૂપ વિ૦ (૨) પું૦ પૂજ્ય; પવિત્ર (વડીલોને માટે પત્રમાં વપરાતો માનસૂચક શબ્દ). ૦વાસી વિ૦ તીર્થસ્થાનમાં રહેનારું. ૦સેવી વિ૦ તીર્થોની યાત્રા કરનારું. -ર્થંકર પું૦ જૈનધર્મનો પ્રવર્તક (તે ૨૪ છે). -ર્થિક પું૦ તીર્થયાત્રી(૨)સંપ્રદાયનો પ્રવર્તક; તીર્થંકર

તીવ્ર વિ૦ [સં.] તીક્ષ્ણ (૨) આકરું; સખત. ૦તા સ્ત્રી૦ -વ્રા સ્ત્રી૦ દીપ્તા શ્રુતિનો એક અવાંતર ભેદ (સંગીત)

તીસ વિ૦ ત્રીસ; ૩૦

તુ અ૦ [સં.] કિંતુ; પરંતુ

તુક(-ખ)મ ન૦ બીજ (૨) વીર્ય (૩) વંશ; કુળ

તુકમરિયાં ન૦બ૦વ૦ જુઓ તકમરિયાં

તુક્કલ સ્ત્રી૦ ટુક્કલ; મોટી પતંગ

તુક્કો પું૦ નાની વાત; ટુચકો (૨) મનનો તરંગ (૩) બુઠ્ઠું તીર; માથે ઇંગોરું ઘાલેલું તીર

તુખમ ન૦ જુઓ તુકમ

તુચ્છ વિ૦ [સં.] તુચ્છકારને પાત્ર (૨) નજીવું; માલ વગરનું (૩)અતિ અલ્પ. ૦કાર,૦કારો પું૦ અનાદર; તિરસ્કાર. ૦કારવું સ૦ક્રિ૦ તુચ્છકાર કરવો

તુજ સ૦ (પ.). તારું. ૦ને સ૦ (પ.) તને

તુણા(-ના)વવું સ૦ક્રિ૦, **તુણા(-ના)વું** અ૦ ક્રિ૦ 'તૂણ(-ન)વું'નું પ્રેરક ને કર્મણિ

તુણિ(-નિ)યાટ(-ર) પું૦ જુઓ તુનિયાટ

તુતંગ ન૦ બનાવટી વાત; તૂત; તરકટ

તુનતુની સ્ત્રી૦ એક પક્ષી (૨) એક વાદ્ય

તુનારો પું૦ તૂણવાનું કામ કરનારો; તુનિયાટ

તુનાવવું સ૦ક્રિ૦, **તુનાવું** અ૦ક્રિ૦ જુઓ 'તુણાવવું'માં

તુનિયાટ પું૦તુનારો (૨) પરચૂરણ વેપાર કરનારો આદમી

તુના સ્ત્રી૦ એક જાતની માછલી

તુફંગ સ્ત્રી૦ [ફા.] બંદૂક

તુફેલ સ્ત્રી૦ [અ.] વસીલો; આશરો

તુમાખી વિ૦ મિજાજી (૨) સ્ત્રી૦ તુમાખીપણું. ૦પણું ન૦

તુમાન સ્ત્રી૦ ચોરણો; મોટી ઢીલી સુરવાળ

તુમાર પું૦ બે પક્ષ વચ્ચેનો લાંબો પત્રવ્યવહાર. -રી વિ૦ તુમારને લગતું [(યુદ્ધ) (૩) ન૦ ઘોંઘાટ; ધાંધલ

તુમુલ વિ૦ [સં.] ઘોંઘાટ અને ધમાચકડીવાળું (૨) દારુણ

તુરક પું૦ એ નામની જાતનો માણસ; તુર્કસ્તાનનો રહેવાસી

તુર(-રં)ગ પું૦ [સં.] ઘોડો

તુર(-રં)ત અ૦ તરત

તુરબત સ્ત્રી૦ [અ.] ઘોર; કબર

તુરંગ [પો.], ૦ખાનું ન૦ કેદખાનું; જેલ

તુરંગ પું૦ [સં.] ઘોડો (૨) [લા.] વિચાર. ૦ખાનું ન૦ ઘોડાનો તબેલો. ૦મ પું૦ ઘોડો

તુરંત અ૦ તરત [સાળવીનું એક ઓજાર; તૂરી

તુરાઈ સ્ત્રી૦ ફૂંકીને વગાડવાનું એક વાદ્ય; શરણાઈ (૨)

તુરાની વિ૦ તુરાન દેશનું

તુરિ(-રી) સ્ત્રી૦ [સં.] જુઓ તૂરી ૨ અર્થ (૨) પું૦ ઘોડો

તુરીય વિ૦ [સં.] ચોથું (૨) ન૦ ચોથો ભાગ (૩) જુઓ તુર્યાવસ્થા. ૦પદ ન૦ તુર્યાવસ્થાનું પદ. -યાતીત વિ૦ ચોથી અવસ્થાને પસાર કરી ગયેલું (૨) પું૦ બ્રહ્મ. -યાવસ્થા સ્ત્રી૦ જુઓ તુર્યાવસ્થા

તુર્ક પું૦[ફા.] જુઓ તુરક. ૦સ્તાન પું૦; ન૦ તુર્ક લોકોનો દેશ. -ર્કી વિ૦ તુર્કનું,-ને લગતું (૨) ન૦ તુર્કસ્તાન. -ર્કીચાલ સ્ત્રી૦ ઘોડાની એક ચાલ

તુર્ય વિ૦ [સં.] જુઓ તુરીય. -ર્યા,-ર્યાવસ્થા સ્ત્રી૦ ચોથી અવસ્થા (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યા) જેમાં સમસ્ત ભેદજ્ઞાનનો નાશ થઈ આત્મા બ્રહ્મ બની જાય છે (વેદાંત)

તુલના સ્ત્રી૦ [સં.] સરખામણી. ૦ત્મક વિ૦ 'કમ્પૅરેટિવ'. ૦વાચક વિ૦ તુલના બતાવનારું. -વું સ૦ક્રિ૦+તોલવું

તુલ(-ળ)સી સ્ત્રી૦ [સં.] એક વનસ્પતિ (૨)તુશી. ૦ક્યારો પું૦ તુલસીનો ક્યારો. ૦પત્ર ન૦ તુલસીનું પાંદડું. ૦પાટિયાં ન૦બ૦વ૦ તુશીપાટિયાં. ૦વિવાહ પું૦તુલસીને વિષ્ણુ સાથે પરણાવવાની ક્રિયા (કારતક સુદ ૧૧)

તુલા સ્ત્રી૦ [સં.] ત્રાજવું; કાંટો (૨) સાતમી રાશિ (૩) [લા.] તુલના; સમાનતા (૪) તુલાદાન. ૦દાન ન૦ પોતાની ભારોભાર વસ્તુનું દાન. ૦સંપાત પું૦ સૂર્યને તુલા રાશિમાં આવવાનો કાળ (ત્યારે દિવસરાત સરખાં થાય છે). -લિત વિ૦ તોળાયેલું; બરોબરીનું

તુલ્ય વિ૦ [સં.] સરખું. ૦જાતિ વિ૦ મળતી-સરખી જાતિનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુવ(-વે)ર સ્ત્રી૦ [સં.] એક કઠોળ (૨) એનો છોડવો
તુશી સ્ત્રી૦ સ્ત્રીઓનું એક ઘરેણું. ૦(-સી)**પાદિયાં** ન૦બ૦વ૦ સ્ત્રીઓની કોટનું એક ઘરેણું
તુષ પું૦; ન૦ [સં.] ડાંગર-ચોખા ઉપરનું ફોતરું
તુષમાન વિ૦ તુષ્યમાન
તુષાર ન૦[સં.] હિમ; બરફ (૨) ઓસ; ઝાકળ. ૦**કાલ(-ળ)** પું૦ શિયાળો. ૦**ગિરી**,૦**પર્વત** પું૦ (સં.) હિમાલય
તુષિત ન૦ [સં.] (સં.) એક સ્વર્ગ
તુષ્ટ વિ૦ [સં.] સંતુષ્ટ; પ્રસન્ન થયેલું. **-ષ્ટિ** સ્ત્રી૦ સંતોષ; તૃપ્તિ; પ્રસન્નતા. **-ષ્ટિદાયક,-ષ્ટિપ્રદ** વિ૦ તુષ્ટિ આપનારું
તુષ્યમાન વિ૦ [સં.] તુષમાન; સંતુષ્ટ; પ્રસન્ન થયેલું
તુહિન વિ૦[સં.] શીતળ(૨) ન૦ હિમ; બરફ (૩) ઝાકળ. **-નાચલ(-ળ)** પું૦ (સં.) હિમાલય
તુળસી.૦**ક્યારો**.૦**પત્ર**.૦**વિવાહ** જુઓ 'તુલસી'માં
તું સ૦ (બીજો પુરુષ એ૦વ૦). ૦**કાર(-રો)** પું૦ તું કહીને બોલાવવું તે;હુંકારો. ૦**કારવું** સ૦ક્રિ૦તુંકારો કરવો; તુચ્છકારવું. ૦**તાં** ન૦બ૦વ૦ તું તું-તુંકારો કરવો તે
તુંગ વિ૦ [સં.] ઊંચું (૨) પું૦ પર્વત (૩) ટોચ; શિખર. ૦**ભદ્રા** સ્ત્રી૦ (સં.) એક નદી. **-ગા** પું૦ એક છંદ. **-ગોત્તુંગ** વિ૦ ઉત્તરોત્તર ઊંચું.
તુંચું વિ૦ જાડું; ભરાઉ; સ્થૂલ (૨) ન૦ ચવડા ઉપરનો હળનો જાડો ભાગ (૩) ફૂલેલું પેટ
તુંડ,-ડું,-દ,-દું વિ૦ચડાઉ-તુમાખી;ઉદ્ધત.૦(-દ)**મિજાજ** પું૦ ચડાઉ-ગરમ મિજાજ. ૦(-દ) **મિજાજી** વિ૦ તુંડ મિજાજવાળું. **-ડા(-દા)ઈ** સ્ત્રી૦ ઉદ્ધતાઈ; તુમાખી. **-ડા(-દા)ઈખોર** વિ૦ તુંડાઈની આદતવાળું
તુંડ ન૦[સં.] મુખ;મોં (૨) ચાંચ (૩) સૂંઢ. **-ડી** પું૦ગણપતિ
તુંતાં ન૦બ૦વ૦ જુઓ 'તું'માં [જુઓ 'તુંડ' વિ૦માં
તુંદ [ફા.], ૦**મિજાજ**,૦**મિજાજી**,**-દાઈ,-દાઈખોર,-દું**
તુંદ ન૦ [સં.] ફાંદ; ફૂલેલું પેટ
તુંબ [સં.] ૦**ડું** ન૦ તુંબડીનું ફળ (૨) તેનું બનાવેલું પાણી ભરવાનું પાત્ર (૩) [લા.] માથું (તિરસ્કારમાં). ૦**ડી** વિ૦ તુંબડા જેવું ગળું ફુલાવી ગાનાર. ૦**ડી** સ્ત્રી૦ એક વેલો (૨) નાનું તુંબડું. ૦**ર** એક જાતનું તંતુવાદ્ય
તુંબ(-બુ)રુ પું૦ [સં.] (સં.) એ નામનો એક ગંધર્વ
તુંબિ(-બી) સ્ત્રી૦ [સં.] તુંબડીનો વેલો (૨) વાદ્યનું તુંબડું. ૦**પાત્ર** ન૦ તુંબડાનું બનાવેલું પાણી ભરવાનું પાત્ર. ૦**ફલ(-ળ)**ન૦તુંબડું. **-બું** ન૦(તંબૂરાનું) તૂંબડું (પ.)
તુંબુરુ પું૦ [સં.] (સં.) જુઓ તુંબરુ
તૂઈ સ્ત્રી૦ તોઈ; કીત (૨) એક જાતનું પંખી
તૂક સ્ત્રી૦ કવિતાની કડી
તૂટ સ્ત્રી૦ તૂટી જવું તે; ભંગાણ (૨) અણબનાવ; વિરોધ (૩) ખોટ; તંગી. ૦**ક** વિ૦ છૂટું પડી ગયેલું (૨) ખંડિત; અપૂર્ણ (૩) અ૦ છૂટક; કકડે કકડે. ૦**ફાટ** સ્ત્રી૦ ફાટફૂટ; અણબનાવ (૨) ફાટ. ૦**ફૂટ** વિ૦ ભાંગ્યુંતૂટ્યું. ૦**વું** અ૦ક્રિ૦ ભાગવું (૨) [લા.] દેવાળું કાઢવું (૩) ભંગાણ પડવું; નાસભાગ થવી
તૂટીચાર વિ૦ નિર્બળ; અશક્ત (૨) પું૦ પાસાની રમતમાં એક દાવ (૩) અણબનાવ
તૂઠવું અ૦ક્રિ૦ પ્રસન્ન થવું; ત્રૂઠવું
તૂણ ન૦ [સં.] તીર રાખવાનું ખોખું; ભાથો
તૂણ(-ન)વું સ૦ ક્રિ૦ કપડામાં જ્યાંથી દોરા ઘસાઈ-તણાઈ ગયા હોય ત્યાં દોરા ભરી લેવા
તૂણિયો પું૦ તૂણવાનું કામ કરનારો; તુણિયાર
તૂત ન૦ બનાવટી વાત; જૂઠાણું; ગપ (૨) તરકટ; પ્રપંચ; જાળ (૩) ચેષ્ટા; નખરાં [અગાસી
તૂતક સ્ત્રી; ન૦ વહાણના ઉપલા ભાગમાં કરેલી સપાટી-
તૂતિયો પું૦ કાવતરાખોર; તરકટી આદમી
તૂતી સ્ત્રી૦ [ફા.] પોપટ કે તેની માદા (૨) મેના
તૂતૂ અ૦ (રવ૦) કૂતરાને બોલાવવા માટે વપરાતો ઉદ્ગાર (૨) ન૦ કૂતરું (બાળભાષામાં)
તૂતેતૂત ન૦ તૂત પર તૂતની પરંપરા
તૂનવું સ૦ક્રિ૦ જુઓ તૂણવું
તૂની સ્ત્રી૦ એક પંખી
તૂપ ન૦ [સં.] ઘી
તૂમડી સ્ત્રી૦, **-ડું** ન૦ 'તુંબ'માં 'તુંબડી,-ડું' જુઓ
તૂર ન૦; સ્ત્રી૦ સીમળો, આકડો, ડોડી ઇ૦નાં ડૂંડાંનો બારીક રૂ જેવો પદાર્થ (૨) [સં.] સ્ત્રી૦ શરણાઈ; તુરાઈ (૩) ન૦ એક વાદ્ય (દૂબળા લોકનું)
તૂરા પું૦બ૦વ૦ તોરા; છોગાં (૨) તુવેરના દાણા
તૂરાટ પું૦, **-શ** સ્ત્રી૦ તૂરાપણું
તૂરાવાળો પું૦ તૂરો ગાનારો
તૂરિયું ન૦ એક શાક-ફળ
તૂરી સ્ત્રી૦ એક વાદ્ય; તુરાઈ (૨) સાળવીનો કાંઠલો કે કૂચડો (૨) બે છેડે અણીવાળો ખીલો (૪) પું૦ ઘોડો
તૂરું વિ૦ આંબળાના જેવા સ્વાદનું
તૂરો પું૦ તોરો (૨) એક જાતનું શૃંગારી ગાયન
તૂર્ય ન૦ [સં.] એક જાતનું વાદ્ય
તૂલ ન૦ [સં.] કરસણ; મોલ (૨) રૂ
તૂલું(-ળું) વિ૦ નિષ્કપટી; ભોળું
તૂંબડી સ્ત્રી૦ તુંબડી. **-ડું** ન૦ તુંબડું (જુઓ 'તુંબ'માં)
તૃણ ન૦ [સં.] તરણું; ઘાસ; ખડ. ૦**વત્** અ૦ તરણા જેવું; હલકું; લેખા વગરનું. ૦**સાથરો** પું૦ ઘાસની બનાવેલી પથારી
તૃતીય વિ૦[સં.] ત્રીજું.૦**મ** ન૦જુઓ ઇદંતૃતીયમ્. **-યા** વિ૦ સ્ત્રી૦ ત્રીજી (૨) સ્ત્રી૦ ત્રીજ. **-યાંશ** પું૦ ત્રીજો અંશ-ભાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૃપ્ત વિ૦ [સં.] ધરાયેલું; સંતુષ્ટ. –પ્તિ સ્ત્રી૦ ધરાયાપણું; સંતોષ. –પ્તિદાયક વિ૦ તૃપ્તિ આપનારું

તૃષા સ્ત્રી૦ [સં.] તરસ; પ્યાસ (૨) [લા.] તીવ્ર ઇચ્છા–આકાંક્ષા. ૦તુર,૦ર્ત (–ર્ત્ત) વિ૦ તરસથી પીડાતું; તરસ્યું. ૦લુ(–ળુ),–ષિત વિ૦ તરસ્યું

તૃષ્ણા સ્ત્રી૦ [સં.] તૃષા; તરસ (૨) ઇચ્છા; કામના. ૦ક્ષય પું૦ તૃષ્ણાનો ક્ષય. ૦લુ(–ળુ) વિ૦ તૃષ્ણાવાળું

તે સ૦ (ત્રીજો પુરુષ એ૦વ૦) (૨) વિ૦ એ

તેખ,૦ડ સ્ત્રી૦ તજવીજ; ખોજ (૨) ખંત (૩) ત્રેવડ; કરકસર (૪) જુઓ તેખડું [કરાયેલું કન્યાનું સાટું

તેખડું(–ણું) ન૦ ત્રણની ટોળી-સમૂહ (૩) ત્રણ જણ વચ્ચે

તેગ(–ગા) સ્ત્રી૦ [ફા.] નાની તલવાર; કટાર

તેગાર પું૦ ધન; વિત્ત [સ્ફૂર્તિવાળું

તેજ વિ૦ [ફા.] તીક્ષ્ણ (૨) ઉગ્ર; આકરું; તીખું (૩) ચપળ;

તેજ ન૦ [સં.] પ્રકાશ (૨) પ્રભાવ; પરાક્રમ (૩) પંચમહાભૂતોમાંનું અગ્નિતત્ત્વ. ૦દાર પું૦ તેજસ્વી

તેજણ સ્ત્રી૦ ચપળ ઘોડી

તેજબળ ન૦ એક છોડ

તેજસ્ત્વ ન૦ [સં.] તેજનો ગુણ

તેજસ્વી વિ૦ [સં.] પ્રકાશવાળું (૨) પ્રભાવશાળી; પરાક્રમી. –સ્વિતા સ્ત્રી૦ તેજસ્વીપણું. –સ્વિની વિ૦સ્ત્રી૦ તેજસ્વી (૨) સ્ત્રી૦ તેજસ્વી સ્ત્રી (૩) ચાંદની રાત

તેજઃપુંજ પું૦ [સં.] પ્રકાશનો સમૂહ-ઢગલો

તેજાનો પું૦ [ફા.] તજ, લવિંગ વગેરે ગરમ મસાલો

તેજાબ પું૦ [ફા.] ઍસિડ

તેજાળ(–ળું) વિ૦ તેજવાળું

તેજિત વિ૦ [સં.] તેજયુક્ત (૨) ઉત્તેજિત. –ષ્ઠ વિ૦ તેજસ્વી

તેજી સ્ત્રી૦ [ફા.] તેજસ્વિતા; ચળકાટ (૨) ભાવ–કિંમતમાં વધારો (૩) હોંશ; ઉત્સાહ; સ્ફૂર્તિ (૪) ચડતી; આબાદી (૫) પું૦ ઘોડો; તેજ સ્વભાવનો ઘોડો (૬) વિ૦ તેજ. ૦મંદી સ્ત્રી૦ ભાવની ચડઊતર. ૦લું વિ૦ તેજ

તેજો [સં.] (સમાસના પૂર્વપદે, ઘોષવ્યંજનાદિ શબ્દ પહેલાંનું અંગ). ૦ભંગ પું૦ તેજ–માનપ્રતિષ્ઠાનો ભંગ. ૦મય વિ૦ તેજસ્વી; તેજથી ભરેલું. ૦મંડલ(–ળ) ન૦ તેજનું કૂંડાળું. ૦મૂર્તિ(–ર્ત્તિ) વિ૦ તેજની મૂર્તિ જેવું (૨) પું૦ સૂર્ય. ૦રાશિ પું૦ તેજનો રાશિ; તેજઃપુંજ. ૦રૂપ ન૦ બ્રહ્મ. ૦વધ પું૦ તેજોભંગ

તેટલું વિ૦ કદ, સંખ્યા વગેરેમાં અમુક જેટલું–અમુક બરાબર. –લે અ૦ તેટલામાં; તે વખતે (૨) તેટલાથી. –લામાં અ૦ તેટલા વખતમાં; દરમિયાન

તેડ સ્ત્રી૦ તટ; કાંઠો (૨) બાજુ; તરફ

તેડવું સ૦ક્રિ૦ નોતરવું (૨) [બાળકને] ઊંચકવું–કેડે બેસાડવું

તેડાગર વિ૦ તેડી લાવનાર; તેડાં કરનાર

તેડાતેડ સ્ત્રી૦ ઉપરાઉપરી–ખૂબ વાર તેડવું તે

તેડાવવું સ૦ ક્રિ૦ 'તેડવું'નું પ્રેરક (૨) નોતરવું; બોલાવવું

તેડું ન૦ નોતરું. ૦હકારું ન૦ હોંકારીને બોલાવવું તે

તેણી સ૦ (ત્રીજો પુરુષ એ૦વ૦નું સ્ત્રી૦ રૂપ. બહુધા પારસીઓમાં વપરાય છે). ૦ગમ,૦મેર અ૦ તે તરફ; તે બાજુ. ૦વાર અ૦ તે વખતે

તેણે સ૦ ('તે'ની ત્રીજી વિભક્તિનું એ૦વ૦)

તેતર,૦ડો પું૦ એક જાતનું પક્ષી

તેત્રીસ વિ૦ '૩૩'

તેથી,૦કરીને અ૦ માટે; તે કારણે; તેટલા સારુ

તેનાવું અ૦ ક્રિ૦ પાકવું; તૈયાર થવું

તેનું સ૦ ('તે'નું છઠ્ઠી વિભક્તિનું એ૦વ૦)

તેપન વિ૦ '૫૩'; ત્રેપન

તેમ અ૦ તે રીતે-પ્રમાણે

તેમણે અ૦ ('તે'નું ત્રીજી વિભક્તિનું બ૦વ૦)

તેમનું સ૦ ('તે'નું છઠ્ઠી વિભક્તિનું બ૦વ૦)

તેર વિ૦ '૧૩'. ૦મું વિ૦ ક્રમમાં બાર પછીનું (૨) ન૦ માણસના મૃત્યુનો તેરમો દિવસ કે તે દિવસે કરાતો વરો. ૦શ(–સ) સ્ત્રી૦ પખવાડિયાની તેરમી તિથિ

તેરીખ સ્ત્રી૦ વ્યાજ ગણવાનો દિવસ (૨) વ્યાજનો દર

તેરીજ સ્ત્રી૦ જુઓ તારીજ

તેરીમેરી સ્ત્રી૦ [હિં.] ગાળાગાળી; તારીમારી

તેરો પું૦ તેરની સાલનો દુકાળ

તેલ ન૦ તલ વગેરેમાંથી કઢાતો ચીકણો પ્રવાહી પદાર્થ (૨) તેલમાં કાઢેલું સત્ત્વ (૩) [લા.] અડદાળો; દમ. ૦ણ સ્ત્રી૦ તેલીની સ્ત્રી; ઘાંચણ. ૦દાણા પું૦બ૦વ૦ તેલી બીયાં. –લાળું વિ૦ તેલવાળું; તેલથી ચીકણું બનેલું

તેલ(–લુ)ગુ સ્ત્રી૦ તેલંગણના લોકોની ભાષા

તેલગણ પું૦ (સં.) ઓરિસાથી દક્ષિણના સમુદ્રકિનારા પરના પ્રદેશનું પ્રાચીન નામ; આંધ્ર દેશ

તેલાં ન૦બ૦વ૦ નવરાતરના દિવસમાં તેલની કરી પાળી કરવાનું ત્રણ ઉપવાસનું વ્રત

તેલિયું વિ૦ તેલવાળું; તેલથી ચીકણું. –યા ચક્કી સ્ત્રી૦ તેલ કાઢવાની ચક્કી–મિલ. –યા બાવા ન૦ એક જાતનું પંખી. –યો રાજા પું૦ તેલથી નાહનાર–તેલથી તરબોળ વસ્ત્રો પહેરનાર અને તેલમાં જોઈ ગુજરેલી વાત કહેનારો–તાંત્રિક

તેલી વિ૦ તેલવાળું; તેલિયું (૨) પું૦ ઘાંચી (૩) એક અટક

તેલુગુ સ્ત્રી૦ જુઓ તેલગુ

તેલું ન૦ જુઓ તેલાં (૨) ત્રણનું ઝૂમખું [સરખું

તેવડું વિ૦ તેના જેવડું. –તેવડું વિ૦ તેવડું તેવડું; સરખે-

તેવરો પું૦ સંગીતનો એક તાલ

તે વાર(–રે) અ૦ તે સમયે–પ્રસંગે; ત્યારે

તેવું વિ૦ અમુકને મળતું; અમુક જેવું. –વામાં અ૦ તે વખતે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–વે અ૦ તે સમયે; ત્યારે (પ.)
તેસઠ વિ૦ '૬૩'; ત્રેસઠ
તેહ સ૦ (પ.) તે
તેં સ૦ ('તું'નું ત્રીજી વિભક્તિ, એ૦વ૦)
તેંગળ પું૦; ન૦ એક ઘરેણું
તેંતાળીસ વિ૦ '૪૩'
તેંસઠ વિ૦ '૬૩'; તેસઠ
તૈજસ વિ૦[સં.] તેજ સંબંધી(૨)તેજનું બનેલું(૩) તેજસ્વી
તૈયાર વિ૦ [અ.] રજૂ કરવા કે ઉપયોગમાં લેવા યોગ્ય; પરિપૂર્ણતાએ પહોંચેલું (૨) સજ્જ; તત્પર. **–રી** સ્ત્રી૦
તૈલ ન૦ [સં.] તેલ. –લાભ્યંગ પું૦ શરીરે તેલ ચોળવું તે. –લી વિ૦ તેલવાળું (૨) ચીકટું (૩) પું૦ તેલી; ઘાંચી
તૈલંગ(૦ણ) પું૦ [સં.] તેલંગણ; પ્રાચીન તૈલંગદેશ
તૈલંગી વિ૦ તૈલંગ દેશને લગતું
તૈંયે અ૦ (કા.) તંઈ; ત્યારે; તો પછી
તો અ૦ ('જો' સાથે કે એકલું, શરતી વાક્યમાં વપરાય છે). ૦પછી અ૦ તો; ત્યારે
તોઈ સ્ત્રી૦ તૂઈ; કસબની કિનારી [કોશ; હળપૂણી
તોક સ્ત્રી૦ ગળામાં નાખવાની વજનદાર બેડી [અ.] (૨)
તોકવું સ૦ક્રિ૦ [હિં.] ઊંચકવું
તોકલ પું૦ ઈશ્વર પરની આસ્થા
તોકીર સ્ત્રી૦ [અ.] આબરૂ; ઇજ્જત
તોખમ ન૦ + જુઓ તુખમ
તોખાર પું૦ ઘોડો [સ્ત્રી૦ તોછડાપણું
તોછડું વિ૦ અસભ્ય; ઉદ્ધત; (૨) ટૂંકું; ઓછું. –ડાઈ
તોજી સ્ત્રી૦ વિઘોટી; સાંથ [ફા.] (૨) સાર; સત્ત્વ
તોટક પું૦ એક છંદ
તોટાવું અ૦ક્રિ૦ ખૂટી પડવું; તોટો પડવો
તોટો પું૦ ખોટ; નુકસાન (૨) હરડિયો
તોડ પું૦ નિકાલ; ફડચો; ફેંસલો (૨) સ્ત્રી૦ પગના માંસલ ભાગમાં થતી પીડા. ૦જોડ સ્ત્રી૦ તડજોડ; સમાધાન. ૦ફોડ સ્ત્રી૦ તોડવું ફોડવું તે
તોડવું સ૦ક્રિ૦ ચૂંટવું; છૂટું પાડવું(૨) ફોડવું; ભાંગવું (૩) [લા.] ભંગ કરવો (વચન, મિત્રતા, સંબંધ ઇત્યાદિનો). –ણહાર વિ૦ તોડનારું [સાંકળું (છોકરીનું)
તોડી સ્ત્રી૦ એક રાગિણી–ટોડી (૨) નાનો તોડો–પગનું
તોડેમંકોડે અ૦ એકપગે
તોડો પું૦ ટોડો; પગનું સાંકળું (૨) પૂણીઓ કાંતતાં પડેલો ફેદો (૩) હજાર રૂપિયાની થેલી (૪) ટોલ્લો (૫) મિનારો; શિખર; કાંગરો (૬) બંદૂકની જામગરી
તોતડા(–ળા)વું અ૦ક્રિ૦ બોલતાં જીભ ચોટવી
તોતડું વિ૦ બોલતાં તોતડાતું. –ડાપણું ન૦
તોતરંગી સ્ત્રી૦ એક જાતનું પક્ષી
તોતલું(–ળું) વિ૦ તોતડું; અડધા અને કાલા બોલ બોલતું
તોતળાવું અ૦ક્રિ૦ જુઓ તોતડાવું
તોતળું વિ૦ જુઓ તોતડું, તોતલું
તોતાચશ્મી સ્ત્રી૦ [ફા.] પોપટની આંખની જેમ ફરી બેસવું તે; બદલાઈ જવું–સંબંધ તોડી નાખવો તે
તોતિંગ વિ૦ (કા.) બહુ મોટા કદનું
તોતેર વિ૦ '૭૩'; તોંતેર
તોતો પું૦ [ફા.] પોપટ
તોદરી સ્ત્રી૦ દીવાલ પર ઊગતું એક જાતનું ફૂલ
તોપ સ્ત્રી૦ [તુર્કી] દારૂગોળો ફેંકવાનું સાધન (૨) [લા.] મોટી ગપ. ૦ખાનું ન૦ તોપ તથા એનો સરંજામ રાખવાની જગા (૨) તોપ અને એનો સરંજામ. ૦ચી પું૦ તોપ ફોડનારો માણસ; ગોલંદાજ (૨) [લા.] ગપ્પી માણસ. ૦ગોળો પું૦તોપનો ગોળો (૨)[લા.] મોટી ગપ
તોપણ અ૦ છતાં
તોફા વિ૦સર્વોત્તમ; સરસ; કીમતી [તોફાન કરનારું
તોફાન ન૦મસ્તી; ધાંધલ(૨) લડાઈ; મારામારી. –ની વિ૦
તોફારી વિ૦ ભેળસેળિયું; પરચૂરણ
તોબરો પું૦ [ફા.] ઘોડાને ચંદી ખવડાવવાની ચામડાની કોથળી (૨) [લા.] રીસથી ચડેલું મોં
તોબા અ૦ (૨) સ્ત્રી૦ [અ.] 'હવે હદ થઈ' એવો અર્થ બતાવતો ત્રાસ કે કંટાળાનો ઉદ્ગાર. ૦ખત ન૦ બળજોરીથી લખાવેલું ખત
તોમર ન૦ [સં.] ભાલા જેવું એક આયુધ (૨) એક છંદ
તોય ન૦ [સં.] પાણી; જળ. ૦જ ન૦ પોયણું; કમળ. ૦દ(–ધર) પું૦;ન૦ વાદળ. ૦(૦નિ)ધિ પું૦ સમુદ્ર
તોર પું૦ મિજાજ; અહંકાર [અ.] (૨) સ્ત્રી૦તર; મલાઈ
તોરણ ન૦ [સં.] મુખ્ય દરવાજો; કમાનવાળો દરવાજો (૨) શોભા માટે બંધાતો કાગળ, પાન વગેરેનો હાર. ૦ઘોડો પું૦ વરનો ઘોડો તોરણે આવે ત્યારે આરોટને અપાતો એક લાગો [તોરાત
તોરત ન૦ યહૂદીઓનું ધર્મપુસ્તક; બાઇબલનો 'જૂનો કરાર';
તોરાવાળો પું૦ લાવણી ગાનારો; તુરાવાળો (૨) માથે તોરાવાળો માણસ [રીસ; ઝાંઝ
તોરી [તો] વિ૦ તોરવાળું; મિજાજી (૨) સ્ત્રી૦ મિજાજ (૩)
તોરી સ્ત્રી૦ કંસારીના જેવું એક જીવડું(૨) પું૦ તુરી; ઘોડો
તોરું વિ૦ તારું (પ.)
તોરો પું૦ છોગું; પાલવ; શિરપેચ (૨) પાઘડીનો કસબ(૩) ફૂલનો ગોટો–કલગી (૪) લાવણીનો એક ભેદ; તુરો
તોરો[તો] પું૦ તોર; મિજાજ; દમામ
તોરોબગલો પું૦ એક પક્ષી
તોલ પું૦;ન૦ [સં.] વજન (૨) વજન કરવાનું કાટલું (૩) [લા.] ભારબોજ; પ્રતિષ્ઠા. ૦દાર વિ૦ વજનદાર; ભારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોલકું ન૦ તોલું; માથું
તોલકી સ્ત્રી૦ રાંધવાનું માટીનું વાસણ (૨) સ્મશાનમાં લઈ જવાની દેવતાની હાંલ્લી. **-કું** ન૦ નાનું માટીનું વાસણ; હાલ્લું (૨) ભિક્ષાપાત્ર
તોલન ન૦, ૦ના સ્ત્રી૦ + તોળવું તે (૨) તુલના; સરખામણી
તોલા(-ળા)ટ પું૦ તોળનારો; તોળવાનું કામ કરનારો
તોલું ન૦ દશ શેર વજન (૨) ઘીનું પાટૂડું
તોલું,-લકું (તૉ) ન૦ માથું
તોલે અ૦ સરખામણીમાં
તોલો પું૦ રૂપિયાભાર
તોશાખાનું ન૦ ભંડાર; સામાન મૂકવાની જગ્યા
તોષ પું૦ [સં.] સંતોષ. ૦વું સ૦ક્રિ૦ સંતોખવું
તોસ્તાન ન૦ કોઈ પણ મોટી-તોતિંગ ચીજ કે ઘટના
તોસદાન ન૦ દારૂગોળો રાખવાની સિપાઈની ખલેચી (૨) દફતર; જોસ્તાન [(૩) તુલના-વિચાર-કિંમત કરવી
તોળવું સ૦ક્રિ૦ જોખવું; વજન કરવું (૨) ઉપાડવું; ઊંચકવું
તોળા પું૦ તુલા
તોળાટ પું૦ જુઓ તોલાટ. **-મણ** ન૦, **-મણી** સ્ત્રી૦ તોળવા-જોખવાનું મહેનતાણું
તૌંતેર વિ૦ '૭૩'-તોતેર
તૌરાત ન૦ [હિબ્રૂ] જુઓ તોરત
તૌહીદ સ્ત્રી૦ [અ.] (ઈશ્વરનું) એકપણું
ત્યક્ત વિ૦ [સં.] તજાયેલું. **-ક્તા** વિ૦સ્ત્રી૦ તજાયેલી (૨) સ્ત્રી૦ પતિએ જેને તજી હોય એવી સ્ત્રી
ત્યમ અ૦ (પ.) તેમ; તે પ્રમાણે
ત્યહાં અ૦ (પ.) ત્યાં
ત્યાગ પું૦ લગ્નાદિ પ્રસંગે અપાતો બારોટનો લાગો
ત્યાગ પું૦ [સં.] તજવાની ક્રિયા (૨) સંન્યાસ (૩) દાન. ૦પ્રધાન વિ૦ ત્યાગ જેમાં પ્રધાન છે તેવું. ૦મૂર્તિ સ્ત્રી૦ ત્યાગની મૂર્તિરૂપ માણસ (૨) હિંદુ વિધવા. ૦વું સ૦ક્રિ૦ ત્યાગ કરવો; તજવું. ૦શીલ વિ૦ દાનશીલ. **-ગી** વિ૦ ત્યાગ કરનારું (૨) પું૦ સંન્યાસી (૩) દાતા
ત્યાજ્ય વિ૦ [સં.] તજવા યોગ્ય કે તજી શકાય તેવું
ત્યારે અ૦ તે વખતે (૨) તે સ્થિતિમાં; તો પછી
ત્યાશી(-સી) વિ૦ '૮૩'
ત્યાં અ૦ તે ઠેકાણે (૨) તે સંજોગોમાં. ૦સુધી,૦લગી અ૦ તે સ્થાન, સમય કે સંજોગ સુધી
ત્રગણું વિ૦ ત્રણ ગણું [છાંટો
ત્રચકો પું૦ (કા.) પ્રવાહીનો હાથ પડે તેવો જોરથી ઊડેલો
ત્ર(-ઠ) પું૦ + તટ
ત્રણ વિ૦ '૩'. ૦પગી સ્ત્રી૦ બે જણે પોતાનો એકેક પગ સાથે બાંધી દોડવાની રમત. **-ણેક** વિ૦ આશરે ત્રણ
ત્રપત્રપતું વિ૦ તરબોળ; ટપકતું; ત્રસત્રસતું
ત્રપા સ્ત્રી૦ [સં.] લજ્જા; શરમ [સ્ત્રી૦ ઝડી
ત્રમઝટ,ત્રમઝીક અ૦ પુષ્કળ; ધોધમાર (વરસવું) (૨)
ત્રમણું વિ૦ તમણું; ત્રગણું
ત્રય વિ૦ [સં.] ત્રણ (૨) ન૦ ત્રણનો સમૂહ. **-યાનન** પું૦ (સં.) ત્રણ મુખવાળા-દત્તાત્રેય. **-યી** સ્ત્રી૦ ત્રણનું જૂથ (૨) ઋક, સામ અને યજુર એ ત્રણ વેદનો સમૂહ. **-યોદશ** વિ૦ '૧૩'. **-યોદશા(-શી)** સ્ત્રી૦ તેરશ
ત્રવડું ન૦ જુઓ ત્રિભેટો
ત્રવાડી પું૦ ત્રિવેદી; એક અટક
ત્રસ વિ૦ [સં.] જંગમ; ચલ (૨) ન૦ વન (૩) ત્રસ પ્રાણીઓનો સમૂહ [નિરાંત; જંપ
ત્રસકો પું૦ છાંટો; ડબકો (૨) ફાટ; ચીરો (૩) નિસાસો (૪)
ત્રસત્રસવું અ૦ક્રિ૦ (કા.) ઝરવું; નીતરવું; વરસવું
ત્રસરેણુ ન૦ [સં.] અણુ; પ્રકાશમાં ઊડતું દેખાતું રજકણ
ત્રસિંગ પું૦ (કા.) સિંહ
ત્રસ્ત વિ૦ [સં.] ડરેલું; ભડકેલું (૨) બીકણ
ત્રંબક પું૦ [સં.] જુઓ ત્ર્યંબક
ત્રંબાળું વિ૦ ત્રંબકનું (૨) તાંબાનું (૩) ન૦ મહાદેવે જનકને આપેલું અને રામે ભાગેલું ધનુષ્ય (૪) એક જાતનું વાદ્ય
ત્રાક સ્ત્રી૦ જેના પર સૂતર કંતાય છે તે સોયો
ત્રાગ,૦ડો પું૦ તાગડો; તાંતણો
ત્રાગડું ન૦તળેલી વસ્તુ પેણીમાંથી કાઢવાનું એક ઓજાર;સોયો
ત્રાગડો પું૦ તાંતણો; તંતુ (૨) જનોઈ (૩) વળ દેવાની ફરકડી
ત્રાગવું સ૦ક્રિ૦ (કા.) ત્રાગું કરવું (૨) તાગ લેવો .
ત્રાગું ન૦ બીજાને ઠેકાણે લાવવા પોતાના ઉપર કરેલી જબરદસ્તી (૨) હઠ; જીદ. **-ગાળું** વિ૦ ત્રાગું કરનારું
ત્રાગો પું૦ જુઓ ત્રાગડો
ત્રાજવું ન૦ જુઓ ત્રાજૂડું
ત્રાજૂડું ન૦જોખવાનું બે પલ્લાંવાળું સાધન; ત્રાજવું(૨)શરીર ઉપર છૂંદાવેલું છૂંદણું.**-ડી** સ્ત્રી૦ નાનાં ત્રાજવાં
ત્રાટક પું૦ [સં.] તાકીને એક જ સ્થાને જોઈ ચિત્ત એકાગ્ર કરવાની યોગની એક ક્રિયા
ત્રાટકવું અ૦ક્રિ૦(કા.)અણધાર્યો ધસારો કરવો; છાપો મારવો
ત્રાટી સ્ત્રી૦, **-ટું** ન૦ તાટું; કામઠાનો પડદો; ટટ્ટી
ત્રાડ સ્ત્રી૦ મોટી બૂમ; ગર્જના. ૦ન ન૦ ત્રાડવું તે
ત્રાડવું અ૦ક્રિ૦ ગર્જના કરવી
ત્રાડો પું૦ જુઓ તાડો
ત્રાણ ન૦ [સં.] રક્ષણ; બચાવ (૨) શરણ
ત્રાણુ(-ણું) વિ૦ તાણું-'૯૩'
ત્રાતા પું૦ [સં.] રક્ષણ કરનાર; બચાવનાર
ત્રાપડ સ્ત્રી૦ (કા.) અકરાંતિયાપણું
ત્રાપો પું૦ જુઓ તરાપો
ત્રાયમાણ(-ન) ન૦ [સં] એક વનસ્પતિ-વેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રાસ પું૦ [સં.] જુલમ (૨) પજવણી; કંટાળો (૩) કમકમાટી (૪) ધાક; બીક. **૦દાયક,૦દાયી** વિ૦ ત્રાસ આપનારું. **૦વાદ** પું૦ ત્રાસ ફેલાય એમ કરવાથી ફવાય છે એવો રાજકીય મત, 'ટેરરિઝમ'. **૦વાદી** પું૦તે મતમાં માનનાર. **૦વું** અ૦ક્રિ૦ ત્રાસ પામવું; કંટાળવું (૨) બીવું

ત્રાસું વિ૦ તિરકસ; વાંકું; ત્રાંસું

ત્રાહિ અ૦ (૨) સ્ત્રી૦ [સં.] 'રક્ષણ કરો-બચાવો' એવો ઉદ્ગાર. **૦મામ્** શ૦પ્ર૦ 'મારું રક્ષણ કરો' એવો ઉદ્ગાર

ત્રાહિત વિ૦ અજાણ્યું (૨) તટસ્થ (૩) પું૦ ત્રાહિત આદમી

ત્રાહ્ય અ૦ (૨) સ્ત્રી૦ જુઓ ત્રાહિ

ત્રાંબટ વિ૦ તાંબાનું (૨) ન૦ તાંબાનું પાત્ર; ત્રાંસ

ત્રાંસ પું૦ ત્રાંસાપણું; વાંક (૨) ફાંસ; ફાંસો (૩) વજન; કાટલું (૪) તાંબાની રકાબી; તાસક. **-સિયો** પું૦ જુઓ ત્રાંસ (૨) જુઓ તાંસિયો. **-સું** વિ૦ વાંકું; કતરાતું

ત્રિ વિ૦ [સં.] ત્રણ. **૦ક** ન૦ ત્રણનો સમુદાય. **૦કટુ** ન૦ સૂંઠ મરી અને પીપરનું ચૂર્ણ. **૦ક્રમ** પું૦(સં.) જુઓ ત્રિવિક્રમ

ત્રિકાલ(-ળ) પું૦ [સં.] ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળ (૨) સવાર, બપોર અને સાંજ એ ત્રણે સમય. **૦જ્ઞ(-જ્ઞાની)** વિ૦ ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળનું જ્ઞાન ધરાવનારું. **૦દર્શી** વિ૦ ત્રણ કાળ જોઈ શકનારું; ત્રિકાળજ્ઞાની. **-લાબાધ(-ધિત)** વિ૦ ત્રણે કાલથી અબાધ એવું; કાલાતીત

ત્રિકાંડ વિ૦ [સં.] ત્રણ કાંડ-વિભાગવાળું

ત્રિકૂટ વિ૦ [સં.] ત્રણ શિખરવાળું. **-ટાચળ** પું૦ (સં.) લંકામાં આવેલો એક પર્વત

ત્રિકોણ પું૦[સં.] ત્રણ ખૂણાવાળી આકૃતિ. **૦મિતિ** સ્ત્રી૦ ત્રિકોણનું ગણિત; 'ટ્રિગોનોમેટ્રી' (ગ.). **-ણાકાર, -ણાકૃતિ** વિ૦ ત્રિકોણના આકારનું

ત્રિખૂણિયું વિ૦ ત્રણ ખણાવાળું; ત્રિકોણાકાર

ત્રિગણ પું૦ [સં.] સંસારી જીવનના ત્રણ પુરુષાર્થ: ધર્મ, અર્થ અને કામ; ત્રિવર્ગ

ત્રિગર્ત પું૦ [સં.](સં.) પંજાબના એક પ્રદેશનું પ્રાચીન નામ

ત્રિગુણ વિ૦ [સં.] ત્રણ ગણું; ત્રેવડું (૨) પું૦બ૦વ૦ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો. **-ણા** સ્ત્રી૦ માયા (વેદાંતમાં). **-ણાત્મક,-ણી** વિ૦ ત્રિગુણનું બનેલું

ત્રિઘાતપદી સ્ત્રી૦ [સં.] 'ક્યૂબિક એક્સ્પ્રેશન' (ગ.)

ત્રિજગત ન૦, **ત્રિજગતી** સ્ત્રી૦ [સં.] ત્રણે દુનિયા (સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ) [કરનારી રાક્ષસી

ત્રિજટા સ્ત્રી૦ [સં.] (સં.) અશોકવનમાં સીતાની ચોકી

ત્રિજ્યા સ્ત્રી૦ [સં.] 'રેડિયસ'(ગ.). **૦કોણ** પું૦'રેડિયન'(ગ.)

ત્રિતાપ પું૦બ૦વ૦ [સં.] જુઓ તાપત્રય

ત્રિતાલ પું૦ [સં.] સંગીતનો એક તાલ

ત્રિદશ પું૦ [સં.] દેવ

ત્રિદંડ પું૦; ન૦ [સં.] વાગ્દંડ, મનોદંડ અને કાયાદંડ એ ત્રણ સંયમ ધારણ કર્યાની નિશાનીરૂપ સંન્યાસીનો દંડ. **-ડી** પું૦ ત્રિદંડ ધારણ કરનાર; સંન્યાસી

ત્રિદોષ પું૦[સં.]વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષના પ્રકોપથી થતો રોગ; સનેપાત. **૦જ** વિ૦ ત્રિદોષમાંથી થયેલું

ત્રિદશ પું૦ [સં.] (સં.) ત્રણ આંખવાળા-શિવ

ત્રિધા અ૦ [સં.] ત્રણ પ્રકારે; ત્રેધા

ત્રિનયન,ત્રિનેત્ર પું૦ [સં.] (સં.) મહાદેવ [શ્રાદ્ધ

ત્રિપક્ષી ન૦ ત્રણ પખવાડિયાં બાદ મરનાર પાછળ કરવાનું

ત્રિપથ પું૦બ૦વ૦ [સં.] સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ (૨) ન૦ ત્રણ રસ્તા જ્યાં મળે એ સ્થળ. **૦ગા** સ્ત્રી૦ (સં.) ગંગા

ત્રિપદા સ્ત્રી૦ [સં.] એક છંદ

ત્રિપદી સ્ત્રી૦ [સં.] ત્રણ પાયાની ઘોડી; ત્રિપાઈ (૨) એક છંદ (૩) હાથીનું પલાણ બાંધવાનું દોરડું (૪) વિ૦ ત્રણ પગ કે પદવાળું

ત્રિપરિમાણ ન૦ [સં.] 'થ્રી ડાઇમેન્શન્સ' (ગ.)

ત્રિપાઈ સ્ત્રી૦ ત્રણ પાયાની ઘોડી; ટિપાઈ

ત્રિપાઠી પું૦ વેદનો પાઠ કરવાની સંહિતા, પદ અને ક્રમ એ ત્રણે રીતો જાણનારો બ્રાહ્મણ (૨) એક અડક

ત્રિપાદ વિ૦ [સં.] ત્રણ પગવાળું

ત્રિપિટક પું૦ [સં.] સુત્ત, વિનય અને અભિધમ્મ એ ત્રણ પ્રકારના બૌદ્ધ ગ્રંથોનો સમૂહ

ત્રિપુટ વિ૦ [સં.] ત્રણ પુટવાળું. **-ટી** સ્ત્રી૦ ત્રણનો સમૂહ

ત્રિપુર ન૦ [સં.] મયે રાક્ષસો માટે આકાશ, અંતરિક્ષ અને પૃથ્વી ઉપર બાંધેલાં સોના, ચાંદી અને લોખંડનાં ત્રણ શહેર (૨) પું૦ (સં.) શિવે મારેલો એક રાક્ષસ. **-રારિ** પું૦ (સં.) શિવ

ત્રિપુંડ,-ડ્ર(૦ક) [સં.] ન૦ ત્રણ લીટીનું તિલક

ત્રિફલા(-ળા) સ્ત્રી૦ [સં.] હરડાં, બહેડાં ને આમળાંનું ચૂર્ણ

ત્રિફળું વિ૦ ત્રણ ફળ-પાનાંવાળું [એક છંદ

ત્રિભંગ(-ગી) વિ૦ [સં.] ત્રણ ઠેકાણે વળેલું (૨) પું૦

ત્રિભાગવું સ૦ક્રિ૦ ત્રણ સરખા ભાગ કરવા

ત્રિભાજક વિ૦ ત્રિભાગનારું (૨) 'ટ્રાઇસેક્ટર' (ગ.)

ત્રિભુજ પું૦; ન૦ [સં.] ત્રિકોણ

ત્રિભુવન ન૦ [સં.] સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણે ભુવન લોક. **૦પતિ** પું૦ (સં.) શિવ (૨) ઇંદ્ર

ત્રિભેટો પું૦ જ્યાં ત્રણ રસ્તા મળે તે જગા; ત્રિપથ

ત્રિભોમ સ્ત્રી૦ ત્રિભુવન; સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ

ત્રિભોમું ન૦ + ત્રીજો માળ

ત્રિમૂર્તિ(-ર્ત્તિ) સ્ત્રી૦ [સં.] બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું ત્રિક

ત્રિયા સ્ત્રી૦ સ્ત્રી. **૦રાજ્ય** ન૦ સ્ત્રીઓનું રાજ (જુઓ કામરૂ)

ત્રિયામા સ્ત્રી૦ [સં.] રાત્રી [ત્રણ રંગવાળો રાષ્ટ્રધ્વજ

ત્રિરંગી વિ૦ ત્રણ રંગનું (૨) પું૦ સફેદ, લીલો અને લાલ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિરાશિ સ્ત્રી૦ [સં.] આપેલી ત્રણ સંખ્યા ઉપરથી ચોથી સંખ્યા કાઢવાની રીત (ગ.)

ત્રિલિંગી વિ૦ [વ્યા.] ત્રણ લિંગવાળું (વિશેષણ)

ત્રિલોક પું૦ [સં.] ત્રિભુવન. ૦નાથ પું૦ ઇંદ્ર (૨) શિવ

ત્રિલોચન પું૦ [સં.] (સં.) શિવ

ત્રિવટ પું૦ ત્રિતાલ

ત્રિવર્ગ પું૦ [સં.] ત્રણનો સમૂહ: ધર્મ, અર્થ અને કામ (૨) ક્ષય, સ્થિતિ અને વૃદ્ધિ (૩) સંગીતમાં એક અલંકાર

ત્રિવર્ણ પું૦ [સં.] સંગીતમાં એક અલંકાર. **-ર્ણી** વિ૦ ત્રણ રંગનું; ત્રિરંગી

ત્રિવલિ(-લી) સ્ત્રી૦ [સં.] પેટ ઉપર પડતી ત્રણ વલિ-વાટા

ત્રિવિક્રમ પું૦ [સં.] (સં.) વિષ્ણુ

ત્રિવિધ વિ૦ [સં.] ત્રણ પ્રકારનું

ત્રિવેણિ(-ણી) સ્ત્રી૦ [સં.] ગંગા, યમુના અને સરસ્વતી (૨) તેમનો જ્યાં સંગમ થાય છે તે ધામ-પ્રયાગ (૩) ઈડા, પિંગલા અને સુષુમ્ણા એ ત્રણ નાડીઓનો સમુદાય (૪) શ્રી રાગની એક રાગણી. ૦સંગમ પું૦ જુઓ ત્રિવેણિ ૧ અને ૨

ત્રિવેદી પું૦ [સં.] ત્રણ વેદ જાણનારો (૨) એક અડક; તરવાડી

ત્રિશંકુ પું૦ [સં.] (સં.) અયોધ્યાનો રાજા; હરિશ્ચંદ્રનો બાપ

ત્રિશિખ ન૦ [સં.] ત્રિશૂલ (૨) [ત્રણ ટોચવાળો] તાજ; મુગટ; કલગી (૩) કોણી અને ખભા વચ્ચેનો હાથનો એક સ્નાયુ; 'ટ્રાઇસેપ' [મારેલો એક રાક્ષસ

ત્રિશિર ન૦ [સં.] જુઓ ત્રિશિખ ૧,૨. **-રા** પું૦ (સં.) રામે

ત્રિશૂલ(-ળ) ન૦ [સં.] ત્રણ અણીઓ-ફળાંવાળું એક હથિયાર. ૦પાણ(-ણિ) પું૦ (સં.) હાથમાં ત્રિશૂલવાળા-શિવ

ત્રિષ્ટુભ પું૦ [સં.] એક છંદ

ત્રિસંધ્યા સ્ત્રી૦ સવાર; બપોર અને સાંજ એ ત્રણે સમયનો સંધિકાળ કે તે વેળા કરાતો સંધ્યાવિધિ

ત્રિસેંથિયા પું૦ એક ઘરેણું-દામણી

ત્રિસ્થલી(-ળી) સ્ત્રી૦ [સં.] કાશી, પ્રયાગ, ગયા એ ત્રણ ધામ

ત્રિસ્વર વિ૦ [સં.] ત્રણ સ્વરવાળું

ત્રીજ સ્ત્રી૦ પખવાડિયાની ત્રીજી તિથિ

ત્રીજું વિ૦ ક્રમમાં બીજા પછીનું

ત્રીઠ સ્ત્રી૦ પીડા; દુઃખ

ત્રીશ(-સ) વિ૦ તીસ; '૩૦'

ત્રુટ સ્ત્રી૦ ત્રુટી. ૦વું અ૦ક્રિ૦ તૂટવું. **-ટિ(-ટી)** સ્ત્રી૦ [સં.] ઊણપ; ખામી; દોષ. **-ટો** પું૦ તોટો; ખોટ

ત્રુઠાવવું સ૦ક્રિ૦ 'ત્રૂઠવું'નું પ્રેરક

ત્રૂઈ સ્ત્રી૦ ફૂંકીને વગાડવાનું એક વાદ્ય

ત્રૂઠવું અ૦ક્રિ૦ તૂઠવું; પ્રસન્ન થવું

ત્રેખડ સ્ત્રી૦ (૨) ન૦ જુઓ તેખડ. **-ડ(-ડું)** ન૦ જુઓ તેખડું

ત્રેતા, ૦યુગ પું૦ [સં.] ચાર યુગો પૈકીનો બીજો યુગ

ત્રેધા સ્ત્રી૦ દમ; જોર (૨) અ૦ [સં.] ત્રણ રીતે

ત્રેપન વિ૦ '૫૩'-તેપન

ત્રેલું ન૦ ત્રણ લાંઘણનો સમૂહ

ત્રેવટી વિ૦ સ્ત્રી૦ ત્રણ કઠોળની ભેગી (દાળ)

ત્રેવડ સ્ત્રી૦ કરકસર (૨) તજવીજ; ગોઠવણ. ૦વું સ૦ક્રિ૦ ત્રેવડ કરવી (૨) વિસાતમાં લેવું; ત્રણ ત્રણ વાર-બરાબર વિચારવું. **-ડિયું** વિ૦ ત્રેવડવાળું. **-ડિયો** પું૦ ત્રેવડથી યોજના-ગોઠવણ કરનારો આદમી [જાતનું

ત્રેવડું વિ૦ ત્રણ પડવાળું (૨) ત્રણ ગણું; તેવડું (૩) ત્રણ

ત્રેહેક(-કા)વું અ૦ક્રિ૦ + ફાટું ફાટું થવું; જોર કરવું (૨) ચેન ન પડવું. **ત્રેહેકત** સ્ત્રી૦ + અજંપો; ચેન ન પડવું તે

ત્રૈકાલિક વિ૦ [સં,] ત્રિકાલનું, -ને લગતું

ત્રૈગુણ્ય ન૦ [સં.] માયાના ત્રણ ગુણોનો સમૂહ

ત્રૈત ન૦ ત્રણનો સમૂહ; ત્રિક

ત્રૈમાસિક વિ૦ [સં.] ત્રણ ત્રણ મહિને આવતું-થતું (૨) ન૦ દર ત્રીજે મહિને નીકળતું છાપું

ત્રૈરાશિક ન૦ [સં.] જુઓ ત્રિરાશિ

ત્રૈલોક્ય ન૦ [સં.] ત્રિલોક-ત્રણ લોકનો સમુદાય

ત્રૈવર્ણિક વિ૦ [સં.] બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણનું, -ને લગતું

ત્રોટક ન૦ [સં.] નાટકનો એક પ્રકાર

ત્રોટી સ્ત્રી૦ કમ્મરનો પટો (૨) કાનનું એક ઘરેણું

ત્રોડવું સ૦ક્રિ૦ તોડવું

ત્રોતારું વિ૦ ત્રણતારવાળું. **-રી** સ્ત્રી૦ ત્રણ તારવાળું વાદ્ય

ત્રોફવું સ૦ક્રિ૦ (છૂંદણું) છૂંદવું

ત્રોફો પું૦ સોપારીનો ડોડો [પાત થવો (પશુનો)

ત્રોવું અ૦ક્રિ૦ શરીરે કૃશ-દૂબળા થવું (૨) તરવાવું; ગર્ભ-

ત્ર્યહિક વિ૦ [સં.] ત્રણ ત્રણ દિવસે પ્રકટ થતું (પત્ર)

ત્ર્યંબક પું૦ [સં.] (સં.) ત્રણ નેત્રવાળા-શિવ

ત્વક(-ગ) સ્ત્રી૦ [સં.] ચામડી; ત્વચા. **-ગિંદ્રિય** સ્ત્રી૦ સ્પર્શેંદ્રિય; ચામડી. **-ઙ્‌મય** વિ૦ ત્વચાનું બનેલું

ત્વચા સ્ત્રી૦ [સં.] ચામડી. ૦કોશ(-ષ) પું૦ ત્વચાનો કોશ. ૦રોગ પું૦ ચામડીનો રોગ. **-ચાંકુર** પું૦ ત્વચાનો અંકુર

ત્વદીય વિ૦ [સં.] તારું

ત્વન્મય વિ૦ [સં.] તારાથી પરિપૂર્ણ

ત્વરા સ્ત્રી૦ [સં.] ઉતાવળ; ઝડપ. **-રિત** વિ૦ ત્વરાવાળું

ત્વષ્ટા પું૦ [સં.] (સં.) દેવોનો શિલ્પી; વિશ્વકર્મા (૨) બ્રહ્મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થ

થ પું૦ [સં.] તાલુસ્થાની બીજો વ્યંજન. ૦કાર પું૦ થ અક્ષર કે તેનો ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે થકારવાળું

થક(-કા)વવું સ૦ક્રિ૦ 'થાકવું'નું પ્રેરક

થકવું અ૦ક્રિ૦ + થાકવું

થકાવવું અ૦ક્રિ૦ જુઓ થકવવું

થકિત વિ૦ ચકિત; દિઙ્મૂઢ

થકી અ૦ (પ.) જુઓ થી

થકું અ૦ –ને લીધે; –ની વતી

થડ ન૦ ઝાડનો મૂળ જાડો ભાગ, જેમાંથી ડાળાં પાંખડાં ફૂટે છે (૨) [લા.] વંશવૃક્ષનું થડ (૩) [ભરત કે ગીતમાં] મંડાણ (૪) ઉત્પત્તિસ્થાન; પ્રારંભસ્થાન (૫) અ૦ (રવ૦)

થડક સ્ત્રી૦ બીક; ધ્રુજારી (૨) બોલતાં જીભ ચોટવી તે. ૦(-કા)વું અ૦ક્રિ૦ બોલતાં જીભ ચોટવી કે ધ્રૂજવી; થડકા સાથે ઉચ્ચારણ થવું (૨) ધડકવું; ભયથી કંપવું (૩) ઊછળવું; ધબકવું. –કાટ પું૦ થડકવું તે. –કાર(-રો) પું૦ થડ એવો અવાજ (૨) થડકો. –કો પું૦ થડકારો (૨) બોલવામાં અક્ષર પર પડતું જોર

થડથડવું અ૦ક્રિ૦ (રવ૦) થડથડ અવાજ થવો (૨) ધ્રૂજવું

થડથડાટ પું૦ (રવ૦) થડથડવાની ક્રિયા

થડમાં અ૦ નજીક

થડાથડ અ૦ (રવ૦) અથડાવાનો અવાજ

થડિયું ન૦ થડ કે થડનો મૂળ આગળનો ભાગ

થડી સ્ત્રી૦ થપ્પી; ગંજ

થડું ન૦ જુઓ થડિયું

થડોથડ અ૦ અડોઅડ (૨) [રવ૦] જુઓ થડાથડ

થથડાવવું સ૦ક્રિ૦ ધમકાવવું; ધધડાવવું

થથરડો પું૦ જાડો લેપ–થર; થથેડો

થ(૦ર)થરવું અ૦ક્રિ૦ કંપવું; ધ્રૂજવું. (૨) [લા.] બીવું; ત્રાસવું. થ(૦ર)થરાટ પું૦ થથરવું તે. થ(૦ર)થરાવવું સ૦ક્રિ૦ 'થ(૦ર)થરવું'નું પ્રેરક [પું૦જુઓ થથરડો

થથેડવું સ૦ક્રિ૦ જાડો થર થાય એમ લપેડવું. થથે(-થૈ)ડો

થથૈયો પું૦ (રવ૦) નાચનારો

થથ્થો પું૦ થકાર

થનક,૦થનક અ૦ (રવ૦) નાચવાનો અવાજ

થનગન,૦થનગન અ૦ (રવ૦) નાચવાનો અવાજ. ૦વું અ૦ક્રિ૦ થનગન નાચવું કે ચાલવું. –નાટ પું૦ થનગન ચાલવું તે (૨) જુસ્સો; તાન; થનથનાટ

થનથન અ૦ (રવ૦) નાચવાનો અવાજ. ૦વું અ૦ક્રિ૦ થનથન નાચવું.–નાટ પું૦ જુસ્સો; તાન; થનગનાટ

થપડાક,થપાટ સ્ત્રી૦ લપડાક; તમાચો

થપેલી સ્ત્રી૦ થાપીને કરેલી જાડી પૂરી.–લો પું૦ થાપીને બનાવેલો રોટલો [કરેલી ચીજ–ઘાટ

થપોડું(-ળિયું,-ળું) ન૦,–ળી સ્ત્રી૦ હાથથી થાપીને

થપ્પડ સ્ત્રી૦ તમાચો; થપડાક [સ્ત્રી૦ એક રમત

થપ્પી સ્ત્રી૦ એક ઉપર એક ગોઠવીને કરેલો ગંજ. ૦ઘોડી

થબડાક અ૦ (રવ૦) દોડવાનો અવાજ

થબથબવું અ૦ક્રિ૦ (રવ૦)

થમણી સ્ત્રી૦ થાપણ; મૂડી

થયું અ૦ક્રિ૦ 'થવું'નું ભૂ૦કા૦ (૨) અ૦ બસ

થર પું૦ પડ; વળું (૨) એકસરખું બાઝેલું કે ચોપડેલું તે; પોપડો (૩) ચડતી ઊતરતી ચૂડીઓનો જથો

થરક સ્ત્રી૦ બીક; ધાક (૨) કંપારી; ધ્રુજારી. ૦વું અ૦ક્રિ૦ ભયથી કંપવું [ચૂડીઓ–થર

થરકાંકણ ન૦બ૦વ૦ લગ્ન વખતે કન્યા પહેરે છે તે

થરથર અ૦ ધ્રૂજે–કંપે એમ. ૦વું,–રાટ–રાવવું જુઓ 'થથરવું'માં. –રાટી,–રી સ્ત્રી૦ થરથરાટ; કંપ

થરથરી સ્ત્રી૦ કબૂતરની એક જાત (૨) જુઓ 'થરથર'માં

થરપવું અ૦ક્રિ૦ (કા.) તૃપ્તિ પામવું; ધરાવું

થરપાનેતર ન૦ થર અને પાનેતર

થરમો પું૦ એક જાતનું કપડું; દપોટો

થરમોમિટર ન૦ [ઇં.] ગરમીમાપક યંત્ર

થરમોસ ન૦ [ઇં.] પોતાની અંદરની વસ્તુની ગરમી ઠંડી સાચવી રાખે એવી એક કાચની શીશી જેવી બનાવટ

થરવું સ૦ક્રિ૦ થર ચડાવવો (૨) ખાણમાં અનાજ ન બગડે એ માટે નીચે અને ચોમેર જુવારબાજરીના પૂળા ભરી લેવા (૩) [જહના] છેડાને ટીપીને નીકળી ન જાય એવો કરવો

થરી સ્ત્રી૦ કાચી કોઠીના પડની નીચેની સામસામી બાજુએ હોય છે તે ઊંડો કાપો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થરેરવું અ૦ક્રિ૦થરથરવું; ત્રાસવું. થરેરી સ્ત્રી૦થરથરાટ;ત્રાસ
થવું અ૦ક્રિ૦ હોવું; બનવું [૦વટ ન૦ જમીનમાર્ગ
થળ ન૦ જુઓ સ્થળ. ૦ચર વિ૦(૨)ન૦ જુઓ સ્થળચર.
થળવું અ૦ક્રિ૦ જમીનતળ પર રેતી ફરી વળવી
થળી સ્ત્રી૦ સોની-કંસારાનું એક ઓજાર(૨) જુઓ સ્થળી
થંભ પું૦ સ્તંભ; થાંભલો. ૦ન ન૦ થંભવું તે. ૦વું અ૦ક્રિ૦ થોભવું (૨) વિસામો ખાવો
થાક પું૦ શ્રમ; થાકવું તે. ૦લો પું૦ આરામ; વિસામો. ૦વું અ૦ક્રિ૦ કામ કર્યાને લીધે શિથિલ થવું (૨) [લા.] કંટાળવું; હારવું. –ક્યુંપાક્યું વિ૦ ઘણું થાકી ગયેલું
થાગડથી(–થીં)ગડ ન૦ જુઓ થીંગડથાગડ
થાટ પું૦ રાગને ઉત્પન્ન કરવાની શક્તિવાળો સ્વરસમુદાય (સંગીત) [થાણદારનું કામ–હોદ્દો
થાણદાર પું૦ થાણાનો અમલદાર(૨) ફોજદાર. –રી સ્ત્રી૦
થાણું ન૦પડાળ; કેન્દ્ર(૨) પોલીસચોકી; દેવડી (૩) ખામણું (વાવવા માટે). –ણેદાર પું૦ થાણદાર
થાથડવું સ૦ક્રિ૦ થથેડવું. થાથડો પું૦ થથેડો
થાથાથાબડી સ્ત્રી૦ થાબડી-પંપાળીને શાંત રાખવું તે (૨) [લા.] આળપંપાળ; પટામણી [સ્થાન; રહેઠાણ
થાન ન૦ તાકો (૨) સ્તન (૩) સ્થાન (૪) નાકું. ૦ક ન૦
થાનેલો પું૦ (કા.) સ્તન; ધાઈ
થાપ સ્ત્રી૦ થાપટ (૨) ભૂલથાપ; ધાપ; છેતરપિંડી (૩) થેપ; રસ્થડ (૪) નરઘાંનો વચલો કાળો ભાગ કે તેના પર વગાડાતો ઠોકો (૫) + ઠરાવ [થાબડથાબડ
થાપટ સ્ત્રી૦ હાથના પંજાનો પ્રહાર. ૦થાપટ અ૦ જુઓ
થાપડી સ્ત્રી૦ ટીપવા માટેનું કડિયાનું એક ઓજાર(૨) થપેલી (૩)થાપટ
થાપડો પું૦ હોડીમાં માલ કે જાનવર ચડાવવાનું પાટિયું(૨) હોડી (૩) એક જાડી પૂરી (૪) [થોરનો] ફાફડો(૫) જાડો થેપ
થાપણ સ્ત્રી૦ મૂડી; પૂંજી (૨) લીંપણ. ૦હાર વિ૦ સ્થાપનાર
થાપન ન૦ સ્થાપન; સ્થાપવું તે. –ના સ્ત્રી૦ સ્થાપના
થાપવું સ૦ક્રિ૦ સ્થાપવું (૨) થેપ–રસ્થડ કરવો (૩) પહોળા હાથે દાબી દાબીને ચપટો આકાર ઘડવો (૪) + થાબડવું
થાપી સ્ત્રી૦ જુઓ થાપડી
થાપેડું ન૦કમ્મરે વીંટવાનું જાડું કપડું [પંજાની છાપ
થાપો પું૦ પૂંઠનો ભાગ; ઢગરો(૨) મોભારિયું (૩) કંકુવાળા
થાબડથાબડ અ૦ ધીરે ધીરે થાબડીને; થાપટથાપટ [ચાંપવું
થાબડવું સ૦ક્રિ૦ ધીમે હાથે ઠોકવું; પંપાળવું–હળવે હળવે
થાબડી સ્ત્રી૦ થાબડવાની ક્રિયા (૨) જુઓ થાપડી
થાલ પું૦(કા.)રકમ વ્યાજે લેતાં આડમાં મુકાતી માલમિલકત
થાવર વિ૦ જુઓ સ્થાવર
થાળ પું૦; સ્ત્રી૦ મોટી થાળી (૨) ઠાકોરજીના નૈવેદનો થાળ (૩) એ ધરાવતી વખતનું સ્તોત્રગાન

થાળી સ્ત્રી૦ એક વાસણ (૨) ગ્રામોફોનની થાળી. થાળીવાજું ન૦ 'ગ્રામોફોન'
થાળું ન૦ ઘંટીનું ચોકઠું (૨) કૂવાના મોં ઉપર ચણીને બનાવેલી જગા (૩) મૂળના ગાંઠાવાળો થડિયાનો ભાગ
થાળો પું૦ મોટી થાળી; ખૂમચો
થાંથું વિ૦ મંદ; સુસ્ત (૨) મેલું; ગંદું
થાંદલો પું૦ ફાંદ (૨) ઢોરનું બાવલું
થાંભલો પું૦ લાકડાનો ઊભો ટેકો; સ્તંભ. –લી સ્ત્રી૦ નાનો થાંભલો [ચાર દહીંથરાં ઉતારે છે તે
થાંભો પું૦ સ્તંભ(૨) વરકન્યાને સ્નાન કરાવતાં ચારે બાજુ
થિજાવવું સ૦ક્રિ૦,થિજાવું અ૦ક્રિ૦'થીજવું'નું પ્રેરક ને ભાવે
થિગડિયું વિ૦ થીંગડાંવાળું; થીંગડિયું
થિયોસોફી સ્ત્રી૦ [ઇં.] ઈશ્વર સંબંધી એક જ્ઞાનદૃષ્ટિ–તત્ત્વવિચાર. –ફિસ્ટ પું૦ તેમાં માનનાર વ્યક્તિ
થિરથિરા સ્ત્રી૦ એક પક્ષી
થી ત્રીજી અને પાંચમી વિભક્તિનો પ્રત્યય
થીગડથાગડ ન૦ જુઓ થીંગડથાગડ
થીગડી સ્ત્રી૦ થીંગડી. –ડું ન૦ થીંગડું
થીગણ ન૦ ગાર થાબડી દુરસ્ત કરવું તે
થીજવું અ૦ક્રિ૦ ઠરી જવું; જામવું
થીનું વિ૦થીજેલું; ઘટ્ટ [સ્થાવર;અચળ અને અમર
થીર વિ૦ સ્થિર. ૦તા સ્ત્રી૦સ્થિરતા. ૦થાવર વિ૦સ્થિરઅને
થીરથૂમડું ન૦ કણસલાનો જથો
થીવર વિ૦ સ્થવિર; વૃદ્ધ (જૈન)
થીંગડું ન૦ ફાટેલી જગા પર મૂકેલો બીજો કકડો. –ડથાગડ ન૦ ઊખડેલા કે ફાટેલાની દુરસ્તી (૨) [લા.] જેવો તેવો–કામચલાઉ ઉપાય. –ડામારુ વિ૦ થીંગડાં મારી ચલાવી લેનારું. –ડિયું વિ૦ થિગડિયું. –ડી સ્ત્રી૦ નાનું થીંગડું
થુત્કાર પું૦ [સં.] થૂ અવાજ (૨) [લા.] ફિટકાર
થુવેર પું૦;સ્ત્રી૦,–રિયો પું૦ થોરિયો; થૂવર [(રમતમાં)
થૂ,૦થૂ અ૦ (રવ૦) થૂંકવાનો અવાજ. ૦ઈ સ્ત્રી૦વિરામ
થૂથો પું૦ કૂચો (૨) રૂંછું
થૂમડું ન૦ જુઓ થીરથૂમડું [ફૂલોની રુવાંટી
થૂલ ન૦ બાજરી વગેરેનાં કણસલાં ઉપર થતી નાનાં
થૂલિયું ન૦, –યો પું૦ બાળકની જીભ પર થતો એક રોગ
થૂલી સ્ત્રી૦ ઘઉં વગેરેના ભરડેલા કકડા કે તેની વાની
થૂલું ન૦ લોટને ચાળવાથી નીકળેલો છાલાં વગેરેનો ભૂકો
થૂવર પું૦; સ્ત્રી૦ એક કાંટાળી વનસ્પતિ; થુવેર
થૂળ વિ૦ સ્થૂળ
થૂંક ન૦ થૂ કરી મોંમાંથી ફેંકાતી લાળ. ૦દાની સ્ત્રી૦ થૂંક વગેરે ઝીલવાનું પાત્ર. ૦વું સ૦ક્રિ૦ થૂંક બહાર ફેંકવું
થેઈ,૦થેઈ અ૦[રવ૦]નાચવાનો અવાજ(૨) બાળકને ઊભું કરતાં બોલાતો ઉદ્ગાર. ૦કાર પું૦ નાચના તાનનો ધ્વનિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થેક,-ગી સ્ત્રી૦ એક છોડના મૂળમાંથી મળતો જુવાર જેવો ખાવાનો પદાર્થ (૨) કૂદકો. ૦ડો. પું૦ કૂદકો; ઠેકડો. ૦વું અ૦ક્રિ૦ થેક–છલંગ મારવી (૨) સ૦ક્રિ૦ ઠેકવું; -ને કૂદી પાર કરવું

થેપ સ્ત્રી૦ જાડું લીંપણ; જાડો લેપ. ૦ડો પું૦ જાડો થેપ (૨) ઊખડેલા લેપનું પોડું; પોપડો (૩) લાદમાટીનું કુંભારનું કૂંડું. ૦ણી સ્ત્રી૦ થેપવાની ક્રિયા કે રીત. ૦લી સ્ત્રી૦ લોંદાને થેપીને બનાવેલી થપોલી. ૦લું ન૦ થેપીને બનાવેલી ચીજ; થપોલું. ૦વું સ૦ક્રિ૦ જાડું લીપવું; થેપ કરવો (૨) લોંદાને ધીમે દબાવી દબાવીને ઘાટ કરવો

થેપાડું ન૦ ધોતિયું

થેબડી સ્ત્રી૦ છાછરી વાડકી (૨) થપોલી

થેભો પું૦ થોભિયો (૨) થાંભલો; ટેકો [(બૌદ્ધ)

થેર પું૦ સ્થવિર; વૃદ્ધ (બૌદ્ધ). -રી સ્ત્રી૦ સ્થવિરા; ભિક્ષુણી

થેરું અ૦ ભણી; તરફ

થેલી સ્ત્રી૦ કોથળી. -લો પું૦ મોટી થેલી; કોથળો

થેલું ન૦ ટોળું; ઝોલું

થૈકાર પું૦ [સં.] થેઈકાર

થોક પું૦;સ્ત્રી૦ જથો; ઢૂંડો; ખરકલો. ૦ડી સ્ત્રી૦ નાનો ખરકલો. ૦ડો પું૦ મોટો ખરકલો. ૦બંધ વિ૦ જથાબંધ; પુષ્કળ. -કેથોક(-કે) અ૦ થોકબંધ; જથાબંધ

થોડું વિ૦ અલ્પ ('ઘણું'થી ઊલટું). -ડાબોલું વિ૦ થોડું બોલનારું. ૦ક વિ૦ જરાક; થોડું. ૦ઘણું વિ૦ થોડુંક; ઓછુંવત્તું. -ડે થોડે અ૦ ધીમે ધીમે. -ડેરું વિ૦(પ.) થોડું

થોથ સ્ત્રી૦ પોચ; કણ વગરની ડાંગર

થોથડી સ્ત્રી૦ અંગારામાં શેકેલી નાની બાટી

થોથર સ્ત્રી૦ મોં પરનો સોજો અથવા ફિક્કાશ

થોથવાવું અ૦ક્રિ૦ તોતડાવું

થોથારિયું ન૦ નકામું પુસ્તક; થોથું

થોથું ન૦ પોલો સળેલો કણ (૨) ફાટેલુંતૂટેલું કે લખાણની દૃષ્ટિએ નકામું પુસ્તક (૩) બૂઠું તીર

થોથો પું૦ (સુ.) પાંદડાં વગરનું કેળનું થડ

થોભ પું૦ અટકવાપણું; અંત. ૦ણ સ્ત્રી૦; ન૦ ટેકણ; અઠિંગણ. ૦વું અ૦ક્રિ૦ કોઈ ક્રિયા કરતા અટકવું; વિરામવું (૨) રાહ જોતા ઊભા રહેવું; ખોટી થવું (૩) વિરામ પામવું; થોભ આવવો

થોભા(-ભિયા) પું૦બ૦વ૦ મૂછના બન્ને છેડા આગળ ગાલના ભાગ ઉપર વધારેલા વાળના ગુચ્છા (૨) સ્ત્રીઓનાં કલ્લાંનાં ટેકણ [જાતનો થોર

થોર(-રિયો) પું૦ એક કાંટાળી વનસ્પતિ. -રી સ્ત્રી૦ એક

થોરો પું૦ ઢંગ [સ્ત્રી૦ થોડોઘણો માર–ધમકી

થોલ પું૦ લાગ; અનુકૂળ સમય (૨) સ્ત્રી૦ ધોલ. ૦થાપટ

થોલિયું ન૦ એક પાત્ર–બોઘરણું

થોલો પું૦ શરીરનો લબડી પડેલો ભાગ

થોંટ સ્ત્રી૦ જોરથી મારેલી થપ્પડ

દ

દ પું૦ [સં.] તાલુસ્થાની ત્રીજો વ્યંજન (૨) વિ૦ (સમાસને અંતે) 'આપનાર' એ અર્થમાં. ઉદા૦ 'સુખદ'. ૦કાર પું૦ દ અક્ષર કે તેનો ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે દકારવાળું.

દઈ,૦રાત સ્ત્રી૦ 'જાણે' સાથે શ૦પ્ર૦માં 'કોણ જાણે, દૈવ જાણે' એ અર્થમાં વપરાય છે [૦તા સ્ત્રી૦

દક્ષ વિ૦ [સં.] ચતુર; પ્રવીણ (૨) પું૦ (સં.) ઉમાના પિતા.

દક્ષ(-ક્ષિ,-ખ)ણા સ્ત્રી૦ જુઓ દક્ષિણા

દક્ષ(-ક્ષિ,-ખ)ણી વિ૦ જુઓ દક્ષિણી

દક્ષિણ વિ૦ [સં.] જમણું (૨) સ્ત્રી૦ પૂર્વ દિશા તરફ મોં રાખતાં જમણા હાથ તરફની દિશા (૩) પું૦ દક્ષિણ દિશામાં આવેલો દેશ (૪) ત્રણ અગ્નિમાંનો એક. ૦ધ્રુવ પું૦ ઉત્તરધ્રુવ જેવો દક્ષિણમાં આવેલો ધ્રુવવત્ તારો. ૦વૃત્ત ન૦ 'એન્ટાર્ટિક સર્કલ'; દક્ષિણ ધ્રુવથી ૨૩॥° સુધીનો વર્તુલ પ્રદેશ. -ણાચલ પું૦(સં.) દક્ષિણ દિશામાં કલ્પેલો પર્વત–મલયાચલ. -ણાપથ પું૦ દક્ષિણ દિશાનો પ્રદેશ; દખ્ખણ. -ણાભિમુખ વિ૦ દક્ષિણ દિશા તરફનું. -ણાયન ન૦ સૂર્યનું કર્ક રાશિમાં જવું તે (૨) કર્ક સંક્રાંતિથી મકરસંક્રાંતિ સુધીનો સમય. -ણાર્ધ પું૦ પૃથ્વીના ગોળાનો દક્ષિણ તરફનો ભાગ. -ણી વિ૦ દક્ષિણનું, -ને લગતું (૨) પું૦ દક્ષિણ દેશનો રહેવાસી; મહારાષ્ટ્રી. -ણોત્તર વિ૦ ઉત્તરથી દક્ષિણ સુધી જતું

દક્ષિ(-ખ)ણા સ્ત્રી૦ [સં.] ધાર્મિક ક્રિયાને અંતે બ્રાહ્મણોને અપાતું દાન

દખ ન૦ જુઓ દુઃખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દખણા સ્ત્રી૰ જુઓ દક્ષિણા

દખણાતું(-દું) વિ૰ દક્ષિણ તરફનું (૨) જમણી બાજુનું

દખણી વિ૰ (૨) પું૰ જુઓ દક્ષિણી

દખમું ન૰ પારસીઓનાં શબને ઠેકાણે પાડવાનું સ્થળ

દખલ઼ સ્ત્રી૰ જુઓ ડખલ. ૦ગીરી સ્ત્રી૰ દખલ કરવી તે. -લિયું વિ૰ દખલ કરનારું; દખલ કરે એવું; પંચાતિયું

દખિયું વિ૰ જુઓ દુખિયું

દખ્ખણ સ્ત્રી૰ જુઓ દક્ષિણ (૨) પું૰ દક્ષિણ દિશામાં આવેલો દેશ; મહારાષ્ટ્ર

દગડ પું૰ [म.] પથ્થર; પહાણો. -ડાચોથ સ્ત્રી૰ ભાદરવા સુદ ચોથ; ગણેશચોથ. -ડી સ્ત્રી૰ નાનું દગડું. -ડું ન૰ ઢેફું; ગચિયું (૨) બારોટિયાના થાંભલાની ઉપરનું આધારરૂપ નાનું લાકડું કે પથ્થરનું ચોસલું. -ડો પું૰ પથરો (૨) મોટું ઢેફું [હરામખોરી; લુચ્ચાઈ

દગડ(-ડું) વિ૰ દગલબાજ; લુચ્ચું. -ડાઈ સ્ત્રી૰ (કામની)

દગદગો પું૰ [फा.] શક; વહેમ; વસવસો

દગલબાજ વિ૰, -જી સ્ત્રી૰ જુઓ દગાબાજ, -જી

દગો પું૰ છળ; કપટ (૨) વિશ્વાસઘાત. ૦ફટકો પું૰ છળકપટ; કાંઈ પણ દગો. -ગાખોર, -ગાબાજ વિ૰ [फा.] દગો કરનારું. -ગાખોરી, -ગાબાજી સ્ત્રી૰ [फा.] દગો કરવો તે. -ગાળું વિ૰ દગાવાળું

દગ્ધ વિ૰ [सं.] બળેલું; દાઝેલું

દઝાડવું સ૰ક્રિ૰ 'દાઝવું'નું પ્રેરક

દઝાડો(-પો) પું૰ બળતરા; ઊંડો સંતાપ

દઝોડિયું વિ૰ અડધુંપડધું બળેલું (૨) ન૰ ખોયણું

દટણ, ૦ફૂવો, ૦ખાડ, ૦જાજરૂ વિ૰ (૨) ન૰ જુઓ 'ડટણ'માં

દટવું અ૰ક્રિ૰ જુઓ દટાવું

દટંતર ન૰ જુઓ ડટંતર [કર્મણિ

દટાવવું સ૰ક્રિ૰, દટાવું અ૰ક્રિ૰ 'દાટવું'નું પ્રેરક અને

દફન વિ૰ દટાયેલું; ડટણ (૨) ન૰ દટાવાથી થતો નાશ; ડટંતર

દફી સ્ત્રી૰ સખત ભીડ [ઘાટીલા દાટા જેવી આકૃતિનું સાધન

દફો પું૰ ડફો; ડાટો (૨) મોન્ટેસોરી બાલમંદિરમાં વપરાતા

દડ પું૰ ઝીણી ધૂળ (૨) ન૰ પોચી રેતાળ જમીન (૩) ખેતરમાં ઘાસ વગેરે ઊગવાથી ઢંકાઈ ગયેલો ખાડો

દડકો પું૰ લચકો; લોંદો (૨) પોદળો

દડઘો પું૰ ઘાણું જાડું અને ભારે વાસણ

દડદડ અ૰ (રવ૰) પાણી પડવાનો એવો અવાજ (૨) ખળખળ (આંસુ). ૦વું અ૰ક્રિ૰ દડદડ પડવું (પ્રવાહીનું). -ડાટ પું૰ દડદડ-અટક્યા વગર પડવું તે (૨) અ૰ દડદડ. -ડી વિ૰ સ્ત્રી૰ ઢીલી (દાળ)

દડબ સ્ત્રી૰ દડબું (૨) જુઓ ગડબ

દડબડ, ૦દડબડ અ૰ (રવ૰) દોડવાનો અવાજ. ૦વું અ૰ક્રિ૰ દડબડ દોડવું. -ડાટ પું૰ દડબડ અવાજ (૨) અ૰ દડબડ. -ડી સ્ત્રી૰ ઉતાવળી દોટ [નાનું દડબલું

દડબલું ન૰ લાદમાટીની નાની કોઠી. -લી સ્ત્રી૰ (કા.)

દડબવું સ૰ક્રિ૰ દાબીને-ઠાંસીને ભરવું

દડબું ન૰ ઢેફું; ચોસલું [અ૰ અટક્યા-વિસામો લીધા વિના

દડમજલ સ્ત્રી૰ કોઈ જગાએ અટક્યા વગરની મજલ (૨)

દડવડવું અ૰ક્રિ૰ ગબડવું (૨) દડબડ દોડવું

દડવું સ૰ક્રિ૰ (ખળાની જમીનને) ટીપી લીંપીને સરખીસાફ કરવી (૨) અ૰ક્રિ૰ દોડવું; વહેવું (૩) ગબડવું

દડિયો પું૰ પડિયો [૦માર સ્ત્રી૰ મારદડીની રમત

દડી સ્ત્રી૰ નાનો દડો (૨) ચીંથરાં લપેટી બનાવાતી દડી.

દડુકાવવું સ૰ક્રિ૰ દડૂકવું (૨) 'દડૂકવું'નું પ્રેરક

દડુકાવું અ૰ક્રિ૰ 'દડૂકવું'નું કર્મણિ [દડૂક કરવો

દડૂક, ૦દડૂક અ૰ (રવ૰). ૦વું સ૰ક્રિ૰ (હુક્કો) દડૂક-

દડૂલી સ્ત્રી૰ ધાણી વગેરે શેકતાં હલાવવાનું નાનું ઓજાર (૨) [પ.] નાનો દડૂલો; દડી. -લો પું૰ રમવાનો દડો (પ.)

દડો પું૰ ગોળાકાર ચીજ (ખાસ કરીને રમવાની તે)

દણું ન૰ જુઓ ડણું; ડેરો [આવવું

દતવું સ૰ક્રિ૰ આપવું; દેવું (૨) દાન લઈ આવવું; રળી

દત્ત વિ૰ [सं.] આપેલું (૨) પું૰ (સં.) દત્તાત્રેય (૩) ન૰ પૂર્વજન્મમાં કરેલું પુણ્યદાન. ૦ક પું૰ શાસ્ત્રવિધિ પ્રમાણે પોતાનો કરેલો બીજાનો પુત્ર. ૦કપત્ર ન૰ પુત્ર દત્તક લીધાનું કરારનામું. ૦વિધાન ન૰ દત્તક લેવાની ક્રિયા. -ત્તાત્રેય પું૰ (સં.) એક ઋષિ-વિષ્ણુના ચોવીસ અવતારમાંના એક

દદડવું અ૰ક્રિ૰ (રવ૰) રેલા ચાલવા; દડદડવું [ડંકો

દદામું ન૰ લડાઈમાં લશ્કરને મોખરે વાગતું નગારું; મોટો

દદૂડો પું૰ ઊંચેથી પડતી મોટી ધાર. -ડી સ્ત્રી૰ નાનો દદૂડો. -ડવું અ૰ક્રિ૰ દદૂડો પડવો

દદ્રુ સ્ત્રી૰ [सं.] ચામડીનો એક રોગ-દરાજ

દદ્દો પું૰ દ અક્ષર [દહીં વલોવવું તે

દધિ ન૰ [सं.] દહીં. ૦જાત ન૰ માખણ. ૦મંથન ન૰

દધિ પું૰ ઉદધિ-સમુદ્ર. ૦જા(-સુતા) સ્ત્રી૰ (સં.) સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલી-લક્ષ્મી [આપનાર પ્રસિદ્ધ ઋષિ

દધીચ(-ચિ) પું૰ [सं.] (સં.) વજ્ર બનાવવા પોતાનાં હાડકાં

દન પું૰ + દિન; દિવસ [પું૰ દાનવ; દૈત્ય

દનુ સ્ત્રી૰ [सं.] (સં.) રાક્ષસોની માતા-કશ્યપની સ્ત્રી. ૦જ

દનેદન અ૰ + પ્રતિદિન [રોજિંદું વર્તમાનપત્ર

દનૈયું ન૰ કાચો રોજમેળ (૨) દહાડિયું (૩) તેનો રોજ (૪)

દપકામણ ન૰ ડપકામણ; ધમકી [છુપાયેલું; દટાયેલું

દપટ વિ૰ બમણું; પુષ્કળ; ભરચક (૨) જમીનની અંદર

દપ(-પે)ટવું, દપટાવવું સ૰ક્રિ૰ લુચ્ચાઈથી સંતાડી રાખવું (૨) જમીનમાં દાટી રાખવું (૩) સંઘરી મૂકવું

દપે(-પો)ટો પું૰ કીમતી લૂગડાં બાંધવાનો કકડો (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીમતી લૂગડાંનો ગાંસડો [નાવવું; દાટવું

દફણાવવું સ૦ ક્રિ૦ ડફડાવવું; હંકારવું (હોડી) (૨) દફ-

દફતર ન૦ [फा.] કામકાજનાં કાગળિયાં, ચોપડા વગેરે (૨) કાર્યાલય (૩) વિદ્યાર્થીની ચોપડીઓ રાખવાની થેલી; પાકીટ. ૦ખાનું ન૦ દફતરો રાખવાની જગા. ૦દાર પું૦ દફતરી કામ કરનારાઓનો ઉપરી અમલદાર (૨) જમાબંદીનો વહીવટદાર. -દારી સ્ત્રી૦ દફતરનું પદ કે કામ. -રી વિ૦ દફતરનું,-ને લગતું (૨) પું૦ દફતર લખનારો કે રાખનારો (૩) એક અટક

દફન ન૦ મુડદાને દાટવું તે. -નાવવું સ૦ ક્રિ૦ દાટી દેવું

દફે વિ૦ વિખેરી નાખેલું; નાશ કરેલું (૨) માંડી વાળેલું; પતાવેલું (૩) સ્ત્રી૦ [अ.] વાર. ઉદા૦ બે દફે

દફેદાર પું૦ [फा.] લશ્કરની નાની ટુકડીનો ઉપરી. -રી સ્ત્રી૦ દફેદારનું કામકાજ કે પદ

દબડી સ્ત્રી૦ નાનું દબડું. -ડું ન૦ ઠેકું; ચોસલું

દબડાવવું સ૦ક્રિ૦ ધમકાવવું

દબદબો પું૦ [फा.] ઠાઠમાઠ; ભપકો; દમામ

દબવું અ૦ ક્રિ૦ દબાવું (૨) નરમ થવું; નમવું-તાબે થવું

દબાણ ન૦ દબાવવું તે; ભાર; વજન (૨) [ला.] દાબ; અંકુશની અસર. -મણ ન૦, -મણી સ્ત્રી૦ દબાવવાનું મહેનતાણું (૨) દબાણ; વજન. -યેલ(-લું) વિ૦ જુઓ દબેલ. -વવું સ૦ક્રિ૦,-વું અ૦ક્રિ૦ 'દાબવું'નું પ્રેરક ને કર્મણિ. -વો પું૦ દાબ; દબાણ [ઓશિયાળું

દબેલ(-લું) વિ૦ દબી ગયેલું (૨) આભાર તળે આવેલું;

દબોટો પું૦ એક જાતની ખાંડ

દમ પું૦ [फा.] શ્વાસ (૨) શ્વાસનો એક રોગ (૩) પ્રાણ-વાયુ; જીવ (૪) [ला.] સત્ત્વ; શક્તિ; પાણી (૫) ધમકી; સજાની શેહ. ૦કસી સ્ત્રી૦ શ્વાસ રૂંધવો તે

દમ પું૦ [सं.] ઇંદ્રિયોને દમવી-તાબે રાખવી તે; દમન (મુમુક્ષુની ષટ્સંપત્તિમાંની એક). ૦ક વિ૦ દમન કરનારું

દમક સ્ત્રી૦ ધમક; ઝળક; તેજ. ૦દાર. વિ૦ દમકવાળું. ૦વું અ૦ક્રિ૦ ચમકવું

દમકવું અ૦ક્રિ૦ [રવ૦] (નગારું) વાગવું; ધ્રમકવું

દમગોટીલો પું૦ છોકરાંની એક રમત

દમડી સ્ત્રી૦ પૈસાનો ચોથો ભાગ

દમડો પું૦ દમ; જીવ (૨) જુઓ દમડી

દમણ પું૦; ન૦ એક વનસ્પતિ-ઔષધિ (૨) ન૦ (સં.) પોર્ટુગીઝ તાબાનું ગુજરાતનું એક બંદર (૩)+દમન

દમદમાટ પું૦ દબદબો; ઠાઠમાઠ (૨) અ૦ ઠાઠથી

દમદાટી સ્ત્રી૦ ધમકી ને ડરામણી

દમન ન૦ [सं.] દમવું-પીડવું તે (૨) દબાવવું-કાબૂમાં રાખવું તે. ૦નીતિ સ્ત્રી૦ દબાવીને-ગમે તેમ પીડીને વશ કરવાની નીતિ

દમ પર દમ અ૦ વારેવારે; ઉપરાઉપરી (૨) પું૦બ૦વ૦ ચલમના ઉપરાઉપરી-ઘણા દમ

દમબદમ અ૦ [फा.] દરેક શ્વાસની સાથે-ક્ષણે ક્ષણે

દમબાજ વિ૦ દમદાટીથી કામ કઢાવી લેનાર. -જી સ્ત્રી૦ દમ ભરાવવાની-ધમકી આપવાની યુક્તિ

દમભર અ૦ ખૂબ ઉતાવળથી; દમ ભીડીને; દમભેર

દમયંતી સ્ત્રી૦ [सं.] (સં.) નળરાજાની સ્ત્રી; એક સતી

દમલું(-લેલ) વિ૦ દમના રોગવાળું; દમિયલ

દમવું સ૦ક્રિ૦ (મનને) દબાવવું-કાબૂમાં રાખવું (૨) દુઃખ દેવું; પીડવું [દંભી

દમાક(-ગ) પું૦; ન૦ [अ.] રોફ; ભપકો. -કી(-ગી) વિ૦

દમામ પું૦ દબદબો; ભપકો; રોફ. -મી વિ૦ દમામવાળું

દમામા પું૦ [फा.] એક રણવાદ્ય; ઢોલ; નોબત

દમિય(-યે)લ વિ૦ જુઓ દમલું

દમોદમ અ૦ સરસાઈથી; હરીફાઈથી

દમ્ય વિ૦ [सं.] દમવા યોગ્ય કે દમી શકાય એવું

દયા સ્ત્રી૦ [सं.] કૃપા; કરુણા. ૦ધર્મ પું૦ પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવ. ૦ધર્મી વિ૦ (૨) પું૦ દયાધર્મવાળો. ૦નિધિ પું૦ દયાનો ભંડાર-ઈશ્વર. ૦ભાવ પું૦ દયાનો ભાવ; રહેમનજર. ૦મણું વિ૦ દયા ઊપજે એવું. ૦મય વિ૦ દયાથી ભરપૂર. ૦ર્દ્ર દયાથી પીગળી ગયેલું. ૦લ, ૦લુ(-વંત,-વાન,-ળ,-ળુ) વિ૦ દયાવાળું; કૃપાળુ. ૦લુ(-ળુ)તા સ્ત્રી૦, ૦ળુપણું ન૦. ૦વતી સ્ત્રી૦ કરુણા શ્રુતિનો એક અવાંતર ભેદ; ઋષભની એક શ્રુતિનું નામ.

દયાળ ન૦ એક પક્ષી [પત્ની

દયિત વિ૦ [सं.] પ્રિય (૨) પું૦ વલ્લભ; પ્રીતમ. -તા સ્ત્રી૦

દર ન૦ [फा.] બારણું; દરવાજો

દર પું૦ ભાવ; કિંમત (૨) જ્યાં ઊસ-ખાર થાય છે તે જગા (૩) અ૦ દરેક. ઉદા૦ 'દર પેઢીએ' [કાણું-છિદ્ર

દર ન૦ [सं.] ન૦ કોઈ પ્રાણીએ જમીનમાં રહેવાને કરેલું

દરકાર સ્ત્રી૦ [फा.] પરવા; કાળજી; તમા

દરખત ન૦ [हिं.] દરખ્ત; ઝાડ

દરખાસ્ત [फा.] સ્ત્રી૦ નમ્રતાથી કહેવું તે; અરજી (૨) મંજૂરી માટે રજૂ થતી સૂચના; પ્રસ્તાવ

દરખ્ત ન૦ [फा.] જુઓ દરખત

દરગાહ સ્ત્રી૦ [फा.] પીરની કબરની જગા

દરગુજર વિ૦ [फा.] માફ કરેલું; સાંખી લીધેલું

દરઘા સ્ત્રી૦ જુઓ દરગાહ [સ્ત્રી૦ દરજીની સ્ત્રી

દરજી પું૦ [फा.] લૂગડાં સીવવાનો ધંધો કરનારો. -જણ

દરજ્જો(-જ્જો) પું૦ [फा.] પાયરી; કોટી; હોદ્દો; અધિકાર

દરદ ન૦ દર્દ; દુઃખ; પીડા. -દી વિ૦ દરદવાળું; માંદું

દરદાગીનો પું૦ પૈસોટકો અને ઘરેણુંગાંઠું

દરદાવો પું૦ હક્ક; અધિકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરપવું અ૦ક્રિ૦ દર્પ-ગર્વ કરવો; અભિમાનથી ફુલાવું
દરબલી સ્ત્રી૦ નાનું ભોંયરું
દરબાન પું૦ [फा.] દરવાન
દરબાર પું૦; સ્ત્રી૦ [फा.] રાજસભા-કચેરી (૨) પું૦ ઠાકોર; રાજા. ૦ગઢ પું૦ રાજાનો મહેલ. ૦સાહેબ પું૦ (સં.) શીખ ધર્મગ્રંથ. -રી વિ૦ દરબારનું;-ને લગતું (૨) પું૦ દરબારનો રાજપુરુષ. -રી કાનડો પું૦ એક રાગ
દરભ પું૦ જુઓ દર્ભ [બ્રાહ્મણ
દરભિયો પું૦ હલકી મનાતી વર્ણોની મરણક્રિયા કરાવનાર
દરમાયો પું૦ માસિક પગાર
દરમિયાન [फा.], દરમ્યાન અ૦ અમુક સમયની અંદર. ૦ગિરી સ્ત્રી૦ મારફત; વચ્ચે હોવાપણું
દરરોજ અ૦ હરરોજ; રોજ; હંમેશ
દરવાજો પું૦ [फा.] મોટું બારણું કે ફાટક
દરવાણી(-ન) પું૦ દરવાજો સાચવનારો; દ્વારપાળ
દરવેશ પું૦ [फा.] ફકીર
દરશ (પ.). ૦ન ન૦ જુઓ દર્શન [એક ઘરેણું
દરશણિ(-નિ)યું ન૦ સ્ત્રીઓ અને બાળકોને કાંડે પહેરવાનું
દરશ(-સ)વું અ૦ક્રિ૦ (પ.) દેખાવું
દરાખ સ્ત્રી૦ દ્રાક્ષ
દરાજ સ્ત્રી૦ ચામડીનો એક રોગ (૨) લાકડામાં ખોભણ પાડવાનો સુતારનો રંદો. -જિયું વિ૦ દરાજના રોગવાળું
દરાજ,-ઝ [फा.] વિ૦ દીર્ઘ; લાંબું
દરિ(-રી) સ્ત્રી૦ [सं.] જુઓ દરી
દરિદ્ર વિ૦ [सं.] ગરીબ; કંગાળ (૨) એદી (૩) સ્ત્રી૦; ન૦ + દારિદ્ર; દળદર. ૦તા સ્ત્રી૦, ૦(-દ્રી)પણું ન૦ ૦દ્રી વિ૦ જુઓ દરિદ્ર [રેશમી કાપડ
દરિયાઈ વિ૦ [फा.] દરિયાનું,-ને લગતું (૨) સ્ત્રી૦ એક જાતનું
દરિયાફ(-ફત) સ્ત્રી૦ દર્યાફ; વિવેક; વિચાર. -ફી સ્ત્રી૦ તપાસ; તજવીજ [દિલી
દરિયાવ. ૦દિલ. ૦દીલી જુઓ દરિયો, દરિયાદિલ, દરિયા-
દરિયો પું૦ સમુદ્ર. -યામહેલ પું૦ દરિયાકિનારે બાંધેલો મહેલ. -યાદિલ વિ૦ દરિયા જેવા ઉદાર દિલવાળું. -યાદિલી સ્ત્રી૦. -યાસારંગ પું૦ કુશળ વહાણવટી
દરી સ્ત્રી૦ [सं.] ગુફા; દરિ
દરીખાન પું૦ ઘણાં બારણાંવાળો મહેલ-બંગલો
દરેક વિ૦ હરેક [અ૦ક્રિ૦ દદડવું
દરેડવું સ૦ક્રિ૦ વાવવા માટે દાણાનો દરેડો કરવો (૨)
દરેડો પું૦ ધારા; રેલો
દરો, ૦ઈ સ્ત્રી૦ એક વનસ્પતિ-ધરો. ૦આઠમ સ્ત્રી૦ ભાદરવા સુદ આઠમ (જ્યારે સ્ત્રીઓ દરોની પૂજા કરે છે.); ધરોઆઠમ
દરોગો પું૦ તપાસ રાખનારો અમલદાર; દારોગો
દરોડો(-રો) પું૦ ધાડ
દરોબસ્ત વિ૦ [फा.] અખંડ; સંપૂર્ણ; ખોડખાંપણ વિનાનું
દરોરો પું૦ જુઓ દરોડો [દર્દવાળું
દર્દ ન૦ [फा.] જુઓ દરદ (૨) લાગણી; પ્રેમ. -ર્દી વિ૦
દર્દુર પું૦ [सं.] દેડકો
દર્પ પું૦ [सं.] ગર્વ; અહંકાર. ૦વું અ૦ક્રિ૦ જુઓ દરપવું. -ર્પિણી વિ૦ સ્ત્રી૦ દર્પવાળી. -ર્પિત,-ર્પી વિ૦ દર્પવાળું; અહંકારી [પું૦ એક ચિત્રકાવ્ય
દર્પણ ન૦; સ્ત્રી૦ [सं.] બાપ; ચાટલું; આરસો. ૦પ્રબંધ
દર્ભ પું૦ [सं.] એક વનસ્પતિ-દરભ. -ર્ભાસન ન૦ દર્ભનું બનાવેલું આસન [દરિયાફી
દર્યાફ,-ફત [फा.] સ્ત્રી૦ જુઓ દરિયાફ. -ફી સ્ત્રી૦ જુઓ
દર્શ પું૦ [सं.] દેખાવ
દર્શક વિ૦ [सं.] દેખાડનારું (૨) જોનારું
દર્શણી સ્ત્રી૦ એક પક્ષી
દર્શન ન૦ [सं.] જોવાની ક્રિયા (૨) ભક્તિભાવથી જોવાની ક્રિયા (૩) દેખાવ (૪) શાસ્ત્ર (ષડ્દર્શન) (૫) [જૈન] ભાવ; શ્રદ્ધા. ૦કોણ પું૦ દૃષ્ટિબિંદુ. ૦શાસ્ત્ર ન૦ ફિલસૂફી. -નાતુર વિ૦ દર્શન કરવા માટે આતુર. -નાર્થિની વિ૦ સ્ત્રી૦, -નાર્થી વિ૦ દર્શનની ઇચ્છાવાળું. -નિકા સ્ત્રી૦ દર્શનશાસ્ત્ર (લાલિત્યવાચક)
દર્શનિયું ન૦ જુઓ દરશણિયું [શિકારવાની (હૂંડી)
દર્શની વિ૦ પ્રગટ; ખુલ્લું; દેખીતું (૨) વિ૦ સ્ત્રી૦ જોતાંવેંત
દર્શનીય વિ૦ [सं.] દેખવા યોગ્ય; સુંદર
દર્શનેંદ્રિય સ્ત્રી૦ [सं.] આંખ
દર્શવું અ૦ક્રિ૦ + દેખાવું; દરશવું
દર્શંત વિ૦ પ્રગટ; ખુલ્લું (૨) સુંદર
દર્શાવવું સ૦ક્રિ૦ દેખાડવું; બતાવવું
દર્શિત વિ૦ [सं.] દેખાડેલું
દર્શી વિ૦ [सं.] (સમાસને અંતે વપરાય છે) જોનારું (૨) બતાવનારું. -ર્શિની વિ૦ સ્ત્રી૦ 'દર્શી'નું સ્ત્રીલિંગ
દલ(-ળ) ન૦ [सं.] પાંદડું (૨) ફૂલની પાંખડી (૩) સૈન્ય (૪) જાડાશ; ઘનતા (૫) પું૦ એક છંદ. ૦પતિ પું૦ સેનાપતિ
દલ ન૦ + દિલ; મન [દલન કરવું
દલન ન૦ [सं.] દળી નાંખવું-ચૂરેચૂરા કરવા તે. -વું સ૦ક્રિ૦
દલવાડી પું૦ ઈંટો પકવનાર [ચામડું
દલવાડું ન૦ (મરેલા ઢોરના બદલામાં) ચમારને ત્યાંથી મળતું
દલાડ(-ર)વું સ૦ક્રિ૦ ધીરજ આપવી; મન વળાવવું (૨) વીંઢારવું (૩) નભાવવું
દલાલ પું૦ [अ.] સાટું ગોઠવી આપનાર; મારફતિયો (૨) ભડવો; ફૂટણો. ૦ણ સ્ત્રી૦ ભડવણ; ફૂટણી. -લિયું વિ૦ દલાલી કરનારું; દલાલી પર જીવનારું (૨) દલાલીનું,-ને લગતું. -લિયો પું૦ દલાલ; મારફતિયો. -લી સ્ત્રી૦ દલાલનું કામ; મારફત (૨) દલાલ તરીકેનું મહેનતાણું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હકસાઈ. -લું ન૦ દલાલનું કામ [પું૦ દલિતોનો ઉદ્ધાર
દલિત વિ૦ [સં.] દબાયેલું; કચરાયેલું; પીડિત. -તોદ્ધાર
દલીલ સ્ત્રી૦[अ.](વાતના ટેકામાં દર્શાવેલો) સબબ. ૦બાજી
સ્ત્રી૦ સામસામી દલીલોની ફેંકાફેંકી
દહલો પું૦ થાપણ; પૂંજી
દવ પું૦ [સં.] વન (૨) દાવાનળ (૩) [લા.] સંતાપ
દવરામણ ન૦ દવરાવવાનું મહેનતાણું [('દાવું'નું પ્રેરક)
દવરાવવું સ૦ક્રિ૦ નર દેખાડવો; આધાન કરાવવું (પશુમાં)
દવલું વિ૦ અળખામણું; અણમાનીતું
દવા પું૦ + ખરાબ વા; વાવર
દવા [अ.], ૦ઈ [फा.] સ્ત્રી૦ ઓસડ; ઔષધ. ૦ખાનું ન૦
ઔષધાલય. ૦દારૂ,૦પાણી ન૦ ઓસડવેસડ. ૦વાળો
પું૦ દવાઓ વેચનારો; 'કેમિસ્ટ'
દવાઈ સ્ત્રી૦ + દુવાઈ
દવાડ પું૦ દવ; દાવાનળ. -ડિયું વિ૦ અર્ધદગ્ધ; દઝાડિયું
દવાત પું૦[अ.](શાહીનો)ખડિયો.-તી પું૦ લહિયો;કારકુન
દવાવું અ૦ક્રિ૦ (સુ.) ફીકું પડવું; સુકાવું; ચીમળાવું
દવે પું૦ બ્રાહ્મણોની એક અડક
દવેખ પું૦ ઉદ્વેગ; બળાપો
દશ [સં.], -સ વિ૦ '૧૦'. ૦(-સ)ઊઠણ ન૦ સ્ત્રીને બાળક
સાંપડ્યા પછીથી દસમે દિવસે કરાવાતી શુદ્ધિ. ૦ક પું૦
દસકો; દશનો જથો. ૦(-સ)કો પું૦ દશક (૨) દશ
વર્ષનો સમય. ૦કંઠ,૦કંધ(૦ર).૦ગ્રીવ,૦વર પું૦
(સં.) દશ માથાવાળો-રાવણ. ૦દિશ(-શા) સ્ત્રી૦ ચાર
દિશા, ચાર ખૂણા, આકાશ તથા પાતાળ એમ દશ
દિશાઓનો સમૂહ. ૦ધા અ૦ દસ રીતે
દશ(-સ) સ્ત્રી૦ + દિશ; દિશા (પ.)
દશન પું૦ [સં.] દાંત. ૦પંક્તિ સ્ત્રી૦ દાંતની હાર. ૦વસન
ન૦ હોઠ. -નાવલિ(-લી) સ્ત્રી૦ દાંતની હાર
દશ(-સ)પગી સ્ત્રી૦ એક જાતની માછલી
દશભુજ પું૦ [સં.] દશ બાજુઓવાળી આકૃતિ [તિથિ
દશમ વિ૦ દશમું [સં.] (૨) સ્ત્રી૦ પખવાડિયાની દશમી
દશમી સ્ત્રી૦ દશમ [સં.] (૨) દૂધે બાંધીને બનાવેલી રોટલી
દશ(-સ)મું વિ૦ ક્રમમાં નવમાની પછી આવતું (૨) ન૦
મરણ પછી દશમે દિવસે કરવાની ક્રિયા
દશ(-સ)મૂલ(-ળ) ન૦બ૦વ૦ [સં.] ઔષધમાં વપરાતાં
દશ જાતનાં મૂળિયાં
દશમોડ વિ૦ દિઙ્મૂઢ; ગભરાયેલું
દશરથ પું૦ [સં.] (સં.) રામના પિતા-અયોધ્યાના રાજા
દશ(-શે,-સ,-સે)રા પું૦; સ્ત્રી૦ આસો સુદ દશમ;
વિજયાદશમી [[લા.] માથું
દશ(-સ)શેરી સ્ત્રી૦, -રો પું૦ દશ સેરનું કાટલું (૨)
દશહરા ન૦[સં.]જેઠ સુદ પડવાનું ગંગાજન્મનું પર્વ(૨)દશેરા

દશા(-સા) પું૦બ૦વ૦ એ નામની પેટા નાતના લોકો.
ઉદા૦ 'દશાલાડ'
દશા સ્ત્રી૦ગાડી ઊંજવા પૈડામાં ઘલાતી તેલવાળી ચીંદરડી
(૨) કપડાની આંતરી (૩) દશમાની ક્રિયાવિધિ; દશાહ
દશા સ્ત્રી૦[સં.]સ્થિતિ;હાલત (૨) મનુષ્યના નસીબ પર સારી
માઠી અસર કરનારી ગ્રહાદિકની સ્થિતિ (૩) પડતી હાલત
દશાનન પું૦ [સં.] (સં.) રાવણ
દશાવતાર પું૦બ૦વ૦[સં.] વિષ્ણુના દશ અવતાર (મત્સ્ય,
કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ
અને કલ્કિ) [દશમું
દશાહ પું૦ [સં.] મરણ પછી દશમો દિવસ કે તેની ક્રિયા;
દશાંગ વિ૦ [સં.] દશ અંગવાળું
દશાંશ પું૦ [સં.] દશમો ભાગ (૨) વિ૦ (૩) ન૦ (ગ.)
દશકથી ગણાતું (અપૂર્ણાંક). ૦અપૂર્ણાંક ન૦ 'ડેસિમલ
ફ્રેક્શન'(ગ.). ૦પદ્ધતિ સ્ત્રી૦ 'ડેસિમલ સિસ્ટમ' (ગ.).
૦બિંદુ ન૦ દશાંશ ચિહ્ન-ટપકું (ગ.).
દશી સ્ત્રી૦ કપડાની આંતરી; દશા [ચડતીપડતી
દશી(-સી) સ્ત્રી૦ દશ વર્ષનો સમય. ૦વીશી(-સી) સ્ત્રી૦
દશે(-સ,-સે)રા પું૦ જુઓ દશરા [અપાતાં દશ જમણ
દશૈ(-સૈ)યાં ન૦બ૦વ૦ લગ્ન પછી વરવહુને સાસરા તરફથી
દશોદિશ અ૦ બધી દિશામાં; સર્વત્ર [દસૂંદી
દશોં(-સોં)દ સ્ત્રી૦ દશમો ભાગ; દસૂંદ. -દી પું૦ જુઓ
દસ,૦ઊઠણ,૦કો, ૦દિશ(-શા), જુઓ 'દશ'માં. ૦પગી
જુઓ દશપગી.૦મું જુઓ દશમું. ૦મૂળ જુઓ દશમૂલ.
૦શેરી(-રો) જુઓ દશશેરી
દસકત પું૦ દસ્કત; અક્ષર; હરફ (૨) અક્ષરની લખાવટ
(હાથની) (૩) સહી. ૦શિક્ષક પું૦ સારા અક્ષર કાઢતાં
શીખવનાર શિક્ષક (૨) [લા.] 'કોપી-બૂક'
દસક્રોઈ પું૦ (સં.) અમદાવાદ પાસેનો તાલુકો [પ્રદેશ
દશક્રોઈ સ્ત્રી૦ મુખ્ય શહેરની આજુબાજુનો વીશેક માઈલનો
દસ(-સે)રા પું૦; સ્ત્રી૦ જુઓ દશેરા
દસિયાટ સ્ત્રી૦ જુઓ દશી; આંતરી
દસી,૦વીસી જુઓ 'દશી(-સી)માં
દસૂં(-સોં)દ સ્ત્રી૦ દસમો ભાગ; દશોંદ. -દી પું૦ દશોંદી;
દસમો ભાગ ઉઘરાવનાર (૨) બારોટ; ભાટ
દસેરા પું૦;સ્ત્રી૦ જુઓ દશરા
દસોંદ,-દી જુઓ 'દસૂંદ'માં
દસૈયાં પું૦બ૦વ૦ જુઓ દશૈયાં
દસ્કત,૦શિક્ષક પું૦ જુઓ 'દસકત'માં
દસ્ત પું૦ [फा.] હાથ (૨) સત્તા; અધિકાર (૩) ઝાડો;
રેચ. ૦કારી સ્ત્રી૦ હાથની કારીગરી. ૦ગીર વિ૦ હાથ
ઝાલનાર-સહાયક. ૦દરાજી સ્ત્રી૦ સતામણી. ૦બસ્તા
વિ૦ અનુચર; સેવક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દસ્તમલ ન૰ એક પક્ષી [માન વગેરેમાં) (૨) ભાણું
દસ્તરખાન ન૰[फा.] ભાણું મૂકવામાટેનું પાથરણું (મુસલ-
દસ્તરાજી સ્ત્રી૰ પારકાની સીમમાં પ્રવેશ કરવો તે (એક ગુનો)
દસ્તાન ન૰ [फा.] રજસ્રાવ; અડકાવ
દસ્તાના [फा.] પું૰બ૰વ૰ હાથનાં મોજાં
દસ્તાનું ન૰ ઝાડો ઝીલવાનું વાસણ; 'બેડ-પૅન'
દસ્તાવેજ પું૰ [फा.] લેણદેણ વગેરે સંબંધી લખત (૨) આધારભૂત એવું કોઈ પણ લખત.–જી વિ૰ દસ્તાવેજનું, -ને લગતું (૨) લેખી
દસ્તૂર પું૰ [फा.] રિવાજ; ધારો (૨) દાપું; કર (૩) પારસીઓનો ગોર. –રી વિ૰ દસ્તૂરને લગતું (૨) સ્ત્રી૰ હકસાઈ; દાપું; સુખડી (૩) દસ્તૂરપદું
દસ્તો પું૰ [फा.] ખાંડણીનો દાંડો; પરાઈ (૨) હાથો (૩) ચોવીસ કાગળની થોકડી; ઘા [જાતનો માણસ
દસ્યુ પું૰ [सं.] ચોર; લૂંટારો (૨) અનાર્ય લોકોની એક
દસ્સો પું૰ દસની સંજ્ઞાનું ગંજીફાનું પાનું [ક્રિયા
દહન ન૰[सं.] દહવું–બાળવું તે.૰**ક્રિયા** સ્ત્રી૰(શબ)બાળવાની
દહર ન૰ જમાનો (૨) જગત (૩) [सं.] નરક
દહવું સ૰ક્રિ૰ બાળવું
દહાડાવાળી વિ૰ સ્ત્રી૰ સગર્ભા
દહાડિયું વિ૰(૨) ન૰,–યો પું૰ રોજે કામ કરનારું માણસ
દહાડી સ્ત્રી૰ રોજિંદું મહેનતાણું (૨) અ૰ રોજ. ૰**દહાડી** અ૰ રોજરોજ. –**ડું** ન૰ અટકાવનો દિવસ
દહાડો પું૰ દિવસ; વાર; તારીખ; તિથિ (૨) મરનાર પાછળ કરવામાં આવતું જમણ (૩) [લા.] ભાગ્ય; સિતારો. ૰**પાણી** ન૰બ૰વ૰ મરનાર પાછળ જમણ
દહીં ન૰ દૂધ જમાવતાં થાય તે. ૰**ત(–થ)રું** ન૰ એક જાતની જાડી, પોચી પૂરી. ૰**દૂધિયું** વિ૰ દૂધ દહીં બંનેમાં પગ રાખનારું; બંને પક્ષ સાચવવા ઇચ્છનારું. ૰**દૂધિયાપણું** ન૰. ૰**વડું** ન૰ દહીંમાં પલાળેલું વડું
દહેશત સ્ત્રી૰ બીક; ભય. ૰**ખોર** વિ૰ બીકણ; ભડકણ
દળ ન૰ જુઓ દલ (૨) એક મીઠાઈ. ૰**દાર** વિ૰ દળવાળું; જાડું (૨) ભારે
દળણું ન૰ દળવાની વસ્તુ–અનાજ
દળદર ન૰ દરિદ્રતા; ગરીબી (૨) આળસ; એદીપણું. ૰**ખાનું** ન૰, ૰**વાડો** પું૰ ઘોલકા જેવું–દળદરનું ઘર કે એવાં ઘરનો પ્રદેશ; 'સ્લમ'. –**રી** વિ૰ દળદરવાળું
દળદ્રી વિ૰ દળદરી; દરિદ્રી
દળવાદળ ન૰ તોફાનનું વાદળ (૨) લશ્કર; સૈન્ય
દળવું સ૰ક્રિ૰ પીસવું; ઘંટીમાં નાંખી ભૂકો કરવો (અનાજ ઇ૰નો). **દળાઈ**,–**મણી** સ્ત્રી૰,–**મણ** ન૰ દળવાનું મહેનતાણું
દંગ વિ૰ દિંગ; ચકિત
દંગડી સ્ત્રી૰ ઘાસ વેચવાની લાટી; ઘાસ–બજાર
દંગલ પું૰; ન૰[फा.] ટંટો; તકરાર (૨) કુસ્તી (૩) કુસ્તીની હરીફાઈ (૪) અખાડો
દંગો પું૰ તોફાન; બખેડો; હુલ્લડ (૨) બંડ; ફિતૂર.–**ગાખોર**, –**ગાબાજ** વિ૰ બખેડાખોર; બંડખોર. ૰**ફિસાદ** પું૰ લડાઈટંટો; હુલ્લડ; ફિતૂર
દંડ પું૰ [सं.] હાથમાં ઝાલવાની લાકડી (૨) વેત્ર; છડી (૩) શિક્ષા; સજા (૪) શિક્ષા તરીકે લેવાનું નાણું (૫) જુઓ ભુજદંડ (૬) એક જાતની કસરત (૭) ચાર હાથની લંબાઈ જેટલું માપ. ૰**ક** પું૰ દંડૂકો; લાકડી (૨) ન૰ (સં.) નર્મદા અને ગોદાવરી વચ્ચે આવેલું એક પ્રાચીન વન (૩) એક છંદ. ૰**ન** ન૰ દંડ–શિક્ષા કરવી તે. ૰**નાયક** પું૰ ન્યાયાધીશ (૨) પોલીસનો વડો અમલદાર (૩) સેનાપતિ. ૰**નિકા** સ્ત્રી૰ ડાંગ; લાકડી. ૰**નીતિ** સ્ત્રી૰ જુઓ રાજનીતિ (૨) ન્યાયવહીવટ. ૰**પાલ** પું૰ વડો ન્યાયાધીશ (૨) દરવાન. ૰**પ્રણામ** પું૰ દંડવત પ્રણામ. ૰**ફેરાઈ** સ્ત્રી૰ દંડનાં નાણાંની ઊપજ. ૰**વત્** અ૰ દંડની પેઠે લાંબા પડીને. –**વત** વિ૰ (૨) પું૰ સાષ્ટાંગ નમસ્કાર. ૰**વું** સ૰ક્રિ૰ શિક્ષા–સજા કરવી (૨) દંડ કરવો. ૰**શાસ્ત્ર** ન૰ દંડ–શિક્ષા કરવાનું શાસ્ત્ર; 'પીનૉલૉજી'
દંડાતોડ વિ૰ દંડાને તોડી નાખે એવું (૨) પું૰ દંડા–લાકડીથી પતાવેલો ઝઘડો [કરેલી મારામારી
દંડાબાજ વિ૰ દંડાબાજીની ટેવવાળું. –**જી** સ્ત્રી૰ લાઠીથી
દંડાબેડી સ્ત્રી૰ વચ્ચે દંડાવાળી પગની બેડી (એક જેલશિક્ષા)
દંડિત વિ૰ [सं.] દંડાયેલું
દંડિયું વિ૰ જુઓ એકદંડિયું
દંડિયો પું૰ ચોકડી ભાતનો એક પ્રકારનો સાલ્લો
દંડી પું૰ [सं.] દંડધારી સંન્યાસી (૨) પું૰ (સં.) એક પ્રસિદ્ધ સંસ્કૃત કવિ
દંડી(–ડૂ)કો પું૰ જાડી ટૂંકી લાકડી; ધોકો
દંડીલું વિ૰ ઉદ્ધત; દાંડ
દંડૂકો પું૰ જુઓ દંડીકો
દંડેરો પું૰ દાંડી પીટીને કરાતી જાહેરાત; નગરપડો
દંડેલ(–લું) વિ૰ દંડિત (૨) ઉદ્ધત
દંડો પું૰ ટૂંકી જાડી લાકડી; ડંડો (૨) મોઈ સાથેનો દંડો
દંડ્ય વિ૰ [सं.] દંડ–શિક્ષાને પાત્ર
દંત પું૰ [सं.] દાંત. ૰**કથા** સ્ત્રી૰ મુખપરંપરાથી ચાલતી આવેલી વાર્તા. ૰**ક્ષત** ન૰ દાંત બેસવાથી પડેલો ઘા. ૰**ગરગડી** સ્ત્રી૰ દાંતાવાળી ગરગડી; 'કૉગ–વ્હીલ'. ૰**ઘાત** પું૰ બચકું. ૰**ધાવન** ન૰ દાતણ; દાંત સાફ કરવા તે. ૰**પત્ર** ન૰ કાનનું એક ઘરેણું. ૰**મંજન** ન૰ દાંત માંજવાની ભૂકી–ઔષધિ. ૰**વિદ્યા** સ્ત્રી૰ દાંત વિષેનું જ્ઞાન. ૰**રું** વિ૰ હોઠ બહાર દેખાતા દાંતવાળું; દાંતરું. ૰**વૈદ્ય** પું૰ દાંતનો વૈદ્ય. ૰**સ્થાન** ન૰ દાંતની જગા. ૰**સ્થાની** વિ૰ દાંતની

૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદદથી બોલાતું; દંત્ય

દંતારો પું૦ હાથીદાંતનું કામ કરનારો [કોટલું

દંતાસળી સ્ત્રી૦ દાંતના કે દંતૂશળના ઘાટનું એક જીવડાતું

દંતાળ ન૦ પંજેટી; ખેતીનું એક ઓજાર (૨) પું૦ (હળ દંતાળી ઇ૦નો) દાંતો. **-ળી** સ્ત્રી૦ પંજેટી

દંતાળું વિ૦ દાંતા-ફળાંવાળું (૨) દંતલું; દાંતરું

દંતિયો પું૦ દાંતિયો; કાંસકો (૨) ખરેરો

દંતી વિ૦ [સં.] દંતસ્થાની (૨) દાંતવાળું (૩) સ્ત્રી૦ દંતી-બીજ (૪) પું૦ હાથી. **૦બીજ** ન૦ જમાલગોટાનાં બી

દંતૂડી સ્ત્રી૦ ફૂટતો નાનો દાંત (૨) નાનકડો રૂપાળો દાંત

દંતૂશ(૦ળ,-સળ) પું૦ હાથીનો દાંત

દંતૈયું ન૦ જુઓ દાંતિયું

દંત્ય વિ૦[સં.] દાંત સંબંધી (૨) દંતસ્થાની. **-ત્યૌષ્ઠ્ય** વિ૦ દાંત અને હોઠ બંનેની મદદથી ઉચ્ચારાતું. ઉદા૦ 'વ.'

દંદૂડી સ્ત્રી૦,**-ડો** પું૦ જુઓ દદૂડી, દદૂડો

દંપતી ન૦બ૦વ૦ [સં.] વરવહુ; સ્ત્રીપુરુષનું જોડું [ઢોંગી

દંભ પું૦ [સં.] ડોળ; ઢોંગ. **-ભિયું,-ભી** વિ૦ દંભવાળું;

દંશ પું૦ [સં.] ડંખ; સાપ વગેરે ઝેરી જીવજંતુનું કરડવું તે (૨) [લા.] કીનો; વેર. **૦કોશ(-ષ)** પું૦ ડંખનું કોચલું. **૦વું** સ૦ક્રિ૦ દંશ દેવો; કરડવું. **-શિત** વિ૦ દંશ દેવા-યેલું. **-શી** વિ૦ દંશવાળું (૨) સ્ત્રી૦ એક જાતની માખ. **-શીલું** વિ૦ દંશી; ઝેરીલું

દંષ્ટ્રા સ્ત્રી૦ [સં.] મોટા દાંત; દાઢ

દા પું૦ દાવ (૨) [સં.] 'દ'નું સ્ત્રી૦. ઉદા૦ સુખદા

દાઇયણ,દાઇયાણી,દાઈ સ્ત્રી૦ સુયાણી; પ્રસવ કરાવનારી બાઈ (૨) ધાવ [કોઈ પણ કારણથી થયેલો વેરવી

દાઈદુશ્મન પું૦ વારસામાં ભાગીદાર અને દુશ્મન (૨)

દાઉદખાની વિ૦ એ નામની જાતના (ઘઉં કે ચોખા)

દાઉદી સ્ત્રી૦ એક ફૂલઝાડ; ગુલદાવરી (૨) વિ૦ મુસલ-માન કે વહોરાની એક જાતનું (૩) એ નામની જાતના (ઘઉં)

દાક્તર પું૦ યુરોપીય વૈદક પ્રમાણે દવા કરનાર. **-રી** વિ૦ દાક્તરનું,-ને લગતું (૨) સ્ત્રી૦ દાક્તરની વિદ્યા કે ધંધો

દાક્ષાયણી સ્ત્રી૦ [સં.] (સં.) દક્ષની કન્યા (૨) એક નક્ષત્ર (૩) પાર્વતી

દાક્ષિણ વિ૦[સં.] દક્ષિણાને લગતું (૨) દક્ષિણ દિશા સંબંધી

દાક્ષિણાત્ય વિ૦ [સં.] દક્ષિણમાં આવેલું (૨) પું૦ દક્ષિણ દેશનો વતની

દાક્ષિણ્ય ન૦ [સં.] સભ્યતા; વિવેક

દાખડો પું૦ મહેનતમજૂરી; તકલીફ; શ્રમ

દાખલ વિ૦ અંદર ગયેલું-પેઠેલું (૨) અ૦ બદલ; માટે; પેટે; તરીકે [(૩) પુરાવો; પ્રમાણ

દાખલો પું૦ દૃષ્ટાંત; ઉદાહરણ (૨) અનુભવ; પાઠ; શિક્ષા

દાખવવું,દાખવું સ૦ક્રિ૦ દેખાડવું; બતાવવું; ધ્યાન પર લાવવું; કહેવું (૨) અ૦ક્રિ૦ દુઃખ કરવું; અસર બતાવવી

દાગવું સ૦ક્રિ૦ [હિં.] સળગાવવું; પલીતો ચાંપી ફોડવું

દાગીનો પું૦ ઘરેણું (૨) રકમ; નંગ

દાઘ પું૦ [फा.] જુઓ ડાઘ [વખતની અંજલિ

દાઘ પું૦ [સં.] બળવું તે; દહન. **-ઘાંજલિ** સ્ત્રી૦ અગ્નિદાહ

દાઝ સ્ત્રી૦ લાગણી; અનુકંપા (૨) ચીડ; ગુસ્સો (૩) દ્વેષ; વેર (૪) દાઝેલો-બળેલો ભાગ (ખોરાકમાં). **૦ણું** ન૦ દઝાવાય એવું જમીનનું તપવું તે. **૦વું** અ૦ક્રિ૦ ઊનું ચંપાવાની અસર થવી (૨) બળવું; સળગવું (૩) [રસોઈનું] અતિ તાપથી બળવું (૪) [લા.] મનમાં દાઝ હોવી કે ચડવી; દાઝે બળવું (જુઓ દાઝ). **-ઝીલું** વિ૦ અદેખું; દ્વેષીલું; કીનાખોર

દાટ વિ૦ ભરચક; પુષ્કળ (૨) પું૦ જુઓ ડાટ

દાટવું સ૦ક્રિ૦ જુઓ ડાટવું

દાટી સ્ત્રી૦ ભીડ; ગિરદી (૨) ધમકી

દાટો પું૦ ડાટો [-મી સ્ત્રી૦ દાડમનું ઝાડ

દાડમ ન૦ એક ફળ. **૦કળી** સ્ત્રી૦ દાડમનો દાણો. **૦ડી,**

દાડિમ ન૦ [સં.] દાડમ. **૦કળી** સ્ત્રી૦ દાડમકળી

દાઢ સ્ત્રી૦ ચપટા માથાનો ચાવવાનો દાંત

દાઢવું અ૦ક્રિ૦ (કા.) દાઢ-દાંત બેસાડવો; બચકું ભરવું (૨) કટાક્ષમાં બોલવું

દાઢા પું૦બ૦વ૦ લોઢાના દાંતા (કરબડીના)

દાઢી સ્ત્રી૦ હડપચી કે ત્યાં ઊગતા વાળ. **-ઢું** ન૦ દાઢીના વાળ (તુચ્છકારમાં). **-ઢા(-ઢિયા)ળો** વિ૦ પું૦ દાઢી-વાળો-મરદ

દાણ ન૦ જકાત; હાંસલ; ટોલ (૨) ન૦ [કા.] વાર. **૦ચોકી** સ્ત્રી૦ જકાતઘર; ટોલ લેવાની જગા. **૦ચોરી** સ્ત્રી૦ દાણ ભરવાનું ચુકાવવું તે. **૦લીલા** સ્ત્રી૦ ગોપીઓ પાસે દાણ લેવાની કૃષ્ણે કરેલી લીલા

દાણાદાર વિ૦ દાણાદાણાવાળું; કણકીદાર

દાણાપીઠ સ્ત્રી૦ દાણાબજાર; કણપીઠ [મોટી કોડીઓ

દાણિયા પું૦બ૦વ૦(કા.)સોગટાંબાજી વગેરે રમતમાં વપરાતી

દાણિયું ન૦ સૌભાગ્યવતીનું કોટનું એક ઘરેણું (૨) અરધું અનાજ અને અરધાં ફોતરાંવાળું ઢોરનું ખાણ

દાણિયો પું૦ દાણી

દાણી વિ૦ દાણનું હકદાર (૨) પું૦ દાણ ઉઘરાવનારો

દાણો પું૦ અનાજ; ધાન્ય (૨) અનાજનો કણ (૩) એના જેવો કોઈ પણ કણ (૪) સોગટાંબાજી વગેરે રમતમાં પાસા કે કોડીથી દાવ નાખતાં પડેલો અંક. **૦દૂણી** પું૦ અનાજ વગેરે ખોરાકનો સામાન. **૦પાણી** પું૦; ન૦ ખાવાપીવાનું સાધન (૨) અન્નજળ; નસીબ

દાતણ ન૦ દાંત સાફ કરવા માટે આવળ બાવળ ઇ૦ની સોટીનો કકડો. **૦પાણી** ન૦ દાતણ અને પાણી (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વડે દાંત મોઢું સાફ કરવું તે. -ણિયો પું૦ દાતણ વેચનારો [ઓજાર

દાતરડી સ્ત્રી૦ નાનું દાતરડું. -ડું ન૦ ઘાસ કાપવાનું એક

દાતા(૦ર) [સં.] વિ૦ આપનારું (૨) દાન કરનારું; ઉદાર (૩) પું૦ દાન આપનારો પુરુષ. -તૃત્વ ન૦ દાતાપણું. -ત્રી વિ૦ સ્ત્રી૦ દેનારી (૨) સ્ત્રી૦ દાતા સ્ત્રી

દાથરિયું ન૦ માટીનું એક ઠામ-વાસણ

દાથરી સ્ત્રી૦ માટીની થાળી (૨) તોબરો; દાથરો

દાથરો પું૦ રસોઈમાં વરાળથી બાફવા વાસણમાં વસ્તુને અધ્ધર રાખવા કરાતું ઘાસ વગેરેનું પડ (૨) ચડેલું મોં; તોબરો

દાદ સ્ત્રી૦ [फा.] ફરિયાદ; અરજ (૨) ઇન્સાફ. ૦ખાહ પું૦ દાદ માગનારો. ૦ગર પું૦ દાદ સાંભળનારો; ન્યાયાધીશ. ૦ફરિયાદ સ્ત્રી૦ કોઈ પણ જાતની ફરિયાદ. -દી વિ૦ દાદ માગનાર; ફરિયાદી

દાદકામ પું૦ એક પક્ષી

દાદર પું૦ દાદરો; નિસરણી (૨) સ્ત્રી૦ દરાજ. ૦બારી સ્ત્રી૦ દાદરનું નાનું બારણું (૨) જીનો. -રો પું૦ નિસરણી (૨) નિસરણી ઉપરનું બારણું (૩) એક જાતનો તાલ

દાદાગીરી સ્ત્રી૦ જબરદસ્તી; બળજોરી; ગુંડાગીરી

દાદી સ્ત્રી૦ મા કે બાપની મા; વડિયાઈ (૨) વિ૦ જુઓ 'દાદ'માં

દાદુપંથી વિ૦ દાદુ નામના સંતના પંથનું (અનુયાયી)

દાદુર પું૦ [સં.] દેડકો

દાદો પું૦ બાપનો કે માનો બાપ; વડવો

દાધવું અ૦ક્રિ૦ દાઝવું; બળવું

દાધાબળ્યું વિ૦ અદેખું (૨) રડતી સૂરતવાળું

દાધારંગું વિ૦ અદેખું (૨) ગાંડિયું

દાન [फा.] પ્રત્યય. નામને લાગતાં 'તે રાખનાર-ધારણ કરનાર' કે 'તે જાણનાર' એવા અર્થનું વિ૦ બનાવે. ઉદા૦ 'ગુલાબદાન'; 'કદરદાન'

દાન ન૦ [સં.] આપવું તે (૨) ધર્મબુદ્ધિથી, પુણ્યાર્થે આપવું તે (૩) રમતનો આપવાનો દાવ; વારો (૪) હાથીના લમણામાંથી ઝરતો મદ. ૦દક્ષિણા સ્ત્રી૦ દાન અને દક્ષિણા. ૦ધર્મ પું૦ દાન કરવાનો ધર્મ. ૦પત્ર ન૦ બક્ષિસપત્ર; દાનનું લખાણ. ૦વીર પું૦ દાન કરવામાં શૂરો માણસ; દાનેશરી. ૦શાલી(-ળી), ૦શીલ વિ૦ દાન કરવાની ટેવવાળો; સખી

દાનત સ્ત્રી૦ મનનું વલણ; વૃત્તિ

દાનવ પું૦ [સં.] રાક્ષસ. -વી સ્ત્રી૦ દાનવ સ્ત્રી; રાક્ષસી (૨) વિ૦ દાનવને લગતું; રાક્ષસી

દાનસ્તુ વિ૦ સારી દાનતવાળું (૨) પ્રામાણિક (૩) ડાહ્યું; સમજુ. -સ્તાઈ સ્ત્રી૦ દાનસ્તાપણું

દાનાઈ સ્ત્રી૦ [फा.] દાનાપણું; ડહાપણ; વિવેક (૨) ભલમનસાઈ (૩) પ્રામાણિકતા; ઈમાનદારી. -વ વિ૦ ડાહ્યું; વિવેકી; સમજુ (૨) ઉદાર [સમજુ; વિવેકી

દાનિશ સ્ત્રી૦ [फा.] ડહાપણ; વિવેક. ૦મંદ વિ૦ ડાહ્યું;

દાનિયત સ્ત્રી૦ દાનાપણું; ડહાપણ; અક્કલમંદી

દાની વિ૦ [સં.] દાન આપનારું; સખી; ઉદાર. -નેશ(-સ)રી પું૦ દાનવીર; મોટો દાની માણસ

દાનો વિ૦ પું૦ ડાહ્યો; સમજુ; વિવેકી

દાન્ત વિ૦ [સં.] વશ કરેલું; કાબૂમાં આણેલું (૨) સંયમી

દાપું ન૦ હકનું માગણું; લાગો

દાબ પું૦ દબાણ; આગ્રહ (૨) અંકુશ; ધાક

દાબડદીબડ અ૦ છૂપું છૂપું

દાબડી સ્ત્રી૦ નાનો દાબડો; ડબી. -ડિયું વિ૦ દાબડા જેવું અંધિયાર. -ડો પું૦ ઢાંકણવાળું એક જાતનું ધાતુનું પાત્ર; ડબો

દાબણ ન૦ દબાણ; ભાર (૨) દમન; સખતી; અંકુશ. -ણિયું ન૦ કાંઈ દાબવા માટેનું વજન (૨) કોઠી પરનું માટીનું ઢાંકણું [કરવી; અંકુશમાં રાખવું

દાબવું સ૦ક્રિ૦ દબાવવું; ચગદવું; ચાંપવું (૨) [લા.] સખતી

દાબો પું૦ ધૂળનો ઢગલો

દાભ પું૦ એક વનસ્પતિ-દર્ભ

દાભોળિયું ન૦ જુઓ ડાભોડિયું

દામ પું૦ [फा.] પૈસો; ધન (૨) કિંમત; મૂલ્ય

દામ ન૦ [સં.] જુઓ દામણ ૧ (૨) સ્ત્રી૦ માળા

દામણ ન૦ ઘોડાં-ગધેડાંના પગ બાંધવાનું દોરડું (૨) સ્ત્રી૦ (વહાણની) ડાબી બાજુ

દામણી સ્ત્રી૦ સ્ત્રીઓના કપાળનું એક ઘરેણું; બંધી

દામણું વિ૦ ઓશિયાળું; પરવશ (૨) દયામણું; ગરીબ (૩) ન૦ નેતરું; જાડી દોરી

દામતાઈ સ્ત્રી૦ + ધનવાનપણું

દામદૂપટ ન૦ ધીરેલાથી બમણું લેવું તે

દામન ન૦ [फा.] છેડો; પાલવ (૨) અંગરખા વગેરેની ચાળ

દામિની સ્ત્રી૦ [સં.] વીજળી (૨) દામણી

દામી વિ૦ [फा.] દામવાળો; પૈસાદાર

દામી સ્ત્રી૦; ન૦ સમોવડિયું; બરોબરિયું; જોડિયું

દામોદર પું૦ [સં.] (સં.) કૃષ્ણ

દાય પું૦ [સં.] વડીલોપાર્જિત મિલકતમાંનો ભાગ. ૦ભાગ પું૦ વારસ તરીકેનો દાયનો ભાગ [સુખદાયક

દાયક વિ૦ [સં.] (પ્રાયઃ સમાસને અંતે) આપનાર. ઉદા૦

દાયકો પું૦ દસકો

દાયજો પું૦ સ્ત્રીધન

દાયણ સ્ત્રી૦ સુયાણી; દાઈ

દાયતું ન૦ દાયજામાં આપેલું તે (ખાસ કરીને ખેતર)

દાયરો પું૦ સમુદાય, ટોળું (૨) ડાયરો; રાવણું

દાયા સ્ત્રી૦ [फा.] જુઓ દાઈ

દાયી વિ૦ [સં.] 'આપનાર' એવા અર્થમાં સમાસને અંતે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદા. સુખદાયી. -યિની વિ૦ સ્ત્રી૦
દાર વિ૦[फा.]'વાળુ' અર્થમાં શબ્દને છેડે. ઉદા૦ દાવાદાર
દાર [सं.], -રા સ્ત્રી૦ પત્ની. ૦પણું ન૦
દારક પું૦[सं.] બાળક, વત્સ; પુત્ર
દારવું સ૦ક્રિ૦ ચીરવું; ફાડવું
દારિદ્ર(-દ્ર્ય) ન૦[सं.] દરિદ્રતા; ગરીબાઈ
દારુ ન૦[सं.]દેવદારનું ઝાડ (૨) લાકડું
દારુણ વિ૦ [सं.] નિર્દય; કઠોર (૨) ભયાનક; તુમુલ (૩) તીવ્ર; સખત (દર્દ)
દારુહળદર સ્ત્રી૦ એક વનસ્પતિ-ઔષધિ
દારૂ પું૦ [फा.] મદિરા (૨) બંદૂક, દારૂખાના વગેરેમાં ફોડાતું ગંધક અને કોલસા વગેરેનું મિશ્રણ. ૦ખાનું ન૦ આતસબાજીની ચીજ. ૦ગોળો પું૦ દારૂ, ગોળા વગેરે યુદ્ધનો સામાન. ૦ડિયો પું૦ દારૂનો વ્યસની. ૦નિષેધ પું૦ દારૂ પીવાનો નિષેધ; દારૂબંધી. ૦નિષેધક વિ૦ દારૂનિષેધ કરનારું-કરાવનારું (વસ્તુ કે માણસ). ૦બંધી સ્ત્રી૦ દારૂની બંધી; 'પ્રોહીબિશન'. ૦બાજ વિ૦ શરાબખોર;દારૂડિયો. ૦બાજી સ્ત્રી૦ શરાબખોરી; દારૂડિયાપણું (૨) દારૂની મિજલસ
દારૂડી સ્ત્રી૦ એક વનસ્પતિ (૨) એક પક્ષી
દારો પું૦ મોઈ કે બોલને વાગેલો ટોલ્લો
દારોગો પું૦ [तुर्की] જુઓ દરોગો
દાર્શનિક વિ૦[सं.]દર્શનશાસ્ત્રને લગતું (૨) પ્રત્યક્ષ (પુરાવો) (૩) પું૦ દર્શનશાસ્ત્ર જાણનાર
દાર્ષ્ટાન્તિક વિ૦ [सं.] દૃષ્ટાંત સંબંધી, -ને લગતું
દાલચીઠી સ્ત્રી૦ એક પક્ષી
દાલચીની સ્ત્રી૦ તેજાનાની એક વસ્તુ-તજ
દાલાન પું૦ [फा.] ઘરનો મોટો ઓરડો (૨) ચોક; આંગણું
દાવ પું૦ [फा.] રમતમાં આવતો વારો; દા (૨) પાસામાં પડતા દાણા (૩) લાગ; અનુકૂળ વખત (૪) યુક્તિ; પેચ. ૦પેચ પું૦ યુક્તિપ્રયુક્તિ
દાવડી સ્ત્રી૦ દોરી
દાવડું ન૦ રેંટ (પાણી ખેંચવાનો)
દાવત સ્ત્રી૦ [अ.] નોતરું; ઇજન
દાવદી સ્ત્રી૦ જુઓ ગુલદાવરી; દાઊદી
દાવાઅરજી સ્ત્રી૦ ફરિયાદનામું
દાવાગીર પું૦ [फा.] દાવો કરનારો; ફરિયાદી
દાવાગ્નિ પું૦ [सं.] દવ; વનમાં એની મેળે સળગતો અગ્નિ
દાવાદળ ન૦ વાવાઝોડું
દાવાદાર પું૦ [फा.] દાવાવાળો; ફરિયાદી
દાવાનલ(-ળ) પું૦ [सं.] દાવાગ્નિ
દાવું અ૦ક્રિ૦ (પશુને) નરનો સમાગમ થવો
દાવો પું૦ હક; માલિકી (૨) હક મેળવવા સારુ સરકારમાં [ફરિયાદ
દાશમિક વિ૦ [सं.] જુઓ દશાંશ
દાશરથિ પું૦ [सं.] (સં.) દશરથના પુત્ર-રામ
દાશાર્હ પું૦ [सं.] (સં.) શ્રીકૃષ્ણ
દાસ પું૦[सं.]સેવક (૨) સ્ત્રી૦ (પ.)દાસ્ય; સેવા. ૦તણુ ન૦ +, ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦દાસપણું; દાસત્વ. -સાનુદાસ પું૦ દાસનો દાસ; અત્યંત નમ્ર સેવક. -સી સ્ત્રી૦ સેવિકા; નોકરડી;લૂંડી. -સીપુત્ર,-સેય પું૦દાસીને પેટે થયેલો પુત્ર
દાસોલા પું૦બ૦વ૦ (કા.) હલકાં દાસપણાનાં કામ
દાસ્તાન સ્ત્રી૦ [फा.] વર્ણન; અહેવાલ (૨) ન૦ સંઘરો (૩) અનાજ સંઘરવાનો ભંડાર
દાસ્ય ન૦ [सं.] દાસપણું
દાહ પું૦ [सं.] બળવું તે; બળતરા; અગન. ૦ક વિ૦ દાહ કરનારું. ૦કતા સ્ત્રી૦, ૦કત્વ ન૦. ૦જ્વર પું૦ એક જાતનો તાવ. -હાત્મક વિ૦ દાહક ગુણવાળું
દાહિમા,-મો પું૦ રજપૂતોની એક જાત કે તેની અડક
દાહ્ય વિ૦ [सं.] બાળવા જેવું (૨) સળગી ઊઠે એવું
દાળ સ્ત્રી૦ કઠોળનું દળ-ફાડિયું (૨) એની (પ્રવાહી કે ભભરી) બનાવેલી એક વાની (૩) ઈંડાની જરદી (૪) ગડગૂમડ પર વળતું પડ-છોડું. ૦રોટી સ્ત્રી૦ દાળ અને રોટી (૨)[લા.] નિર્વાહ; પોષણ. -ળિયા પું૦બ૦વ૦ (છોડાં વગરના) શેકેલા ચણા. -ળિયું વિ૦ દાળખાઉ; દાળનું સવાદિયું. -ળિયો પું૦ દાળ વેચનારો (૨) 'દાળિયા'નું એ૦વ૦
દાળોવાટો પું૦ (કા.) દાટ; મહાવિનાશ
દાંડ વિ૦ (૨) પું૦, ૦ગાઈ, ૦ગી, -ડાઈ સ્ત્રી૦ જુઓ 'ડાંડ'માં
દાંડિયો પું૦, -યારાસ પું૦ જુઓ 'ડાંડિયો'માં
દાંડી સ્ત્રી૦ જુઓ ડાંડી (૨) તંતુવાદ્યનો તુંબડા સાથેનો લાંબો દાંડો. -ડો પું૦ જુઓ ડાંડો
દાંત પું૦ દંત (૨) દાંતો (૩) વેર; કીનો. ૦રું(-ળું) વિ૦ હોઠ બહાર નીકળેલા દાંતવાળું. -તાળું વિ૦ દાંતાવાળું. -તિયું વિ૦ દાંતાવાળું (૨) ન૦ દાંત દેખાડી કરડવા ધાવું તે (૩) છાંછિયું (૪) પાક લણી લીધા પછી ઊગેલો ફણગો. -તિયો પું૦ એક બાજુ દાંતાવાળો કાંસકો
દાંતી સ્ત્રી૦ દાંતાની વચમાંના અંતરને ઓછું કરવા તુવેરની દાળ ડાંગર વગેરે ઘાલી સજ્જડ કરેલી કાંસકી (લીખ વગેરે કાઢવા સારુ) (૨) નવા દાંત ફૂટતા હોય ત્યારે બાળકને પહેરાવાતું ઘરેણું, જેમાં વાઘનખ, ઘુવડનો પગ વગેરે હોય છે (૩) ધારિયું (૪) ખેડૂતનું એક વાવણીનું ઓજાર; ચાઓળ (૫) તડ; ફાટ (૬) ઘસરકાને લીધે થયેલો કે દાંતથી મૂકેલો દોરા પરનો કાપ (૭) એક જાતની વનસ્પતિ. ૦મૂળ ન૦ એ વનસ્પતિનું મૂળ
દાંતો પું૦ કાકર; દાંત (૨) ખચકો; ખસરકો (૩) વેર
દાંદરું ન૦ ચામડીનો એક રોગ
દાંપત્ય ન૦ [सं.] દંપતીપણું; લગ્નસંબંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાંભિક વિ૦ [સં.] દંભી; ડોળી; ઢોંગી

દાંભો પું૦ એક જાતની ભાજી

દિક(-ગ) સ્ત્રી૦ [સં.] દિશા. **–ક્કાલ(-ળ)** પું૦ દિશા અને કાળ. **–ક્પાલ(-ળ)** પું૦ દિશાનો રક્ષક દેવ. **–ક્પ્રાંત** પું૦ દિશાને છેડે આવેલો પ્રદેશ. **–ગંત** પું૦ દિશાનો અંત; ક્ષિતિજ (૨) દૂરનું સ્થાન. **–ગંતર** ન૦ દિશાઓનો ગાળો (૨) બીજી દિશા. **–ગંતરેખા(-ષા)** સ્ત્રી૦ ક્ષિતિજ. **–ગંબર** વિ૦ દિશાઓરૂપી વસ્ત્રવાળું; નગ્ન (૨) એ નામના એક જૈન સંપ્રદાયનું (૩) પું૦ દિગંબર સંપ્રદાયનો માણસ. **–ગંબરતા** સ્ત્રી૦ નગ્નતા. **–ગંબરી** વિ૦ દિગંબર સંપ્રદાયને લગતું. **–ગંશ** પું૦ અયનવૃત્તનો ૩૬૦મો ભાગ (ખ.). **–ગ્ગજ** પું૦ દરેક દિશાના દિક્પાળ સાથે કલ્પવામાં આવેલો હાથી (ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ અને સુપ્રતીક એ આઠ દિગ્ગજો છે). **–ગ્દર્શન** ન૦ દિશાનું દર્શન; સૂચન; ઝાંખી. **–ગ્દાહ** પું૦ ક્ષિતિજ પર દેખાતી આગના જેવી લાલાશ. **–ગ્મૂ(-ઙ્મૂ)ઢ** વિ૦ ચકિત; છક. **–ગ્વિજય** પું૦ ચારે દિશાઓમાં વિજય; સંપૂર્ણ વિજય. **–ગ્વિજયી** વિ૦ (૨) પું૦ દિગ્વિજય કરનારું. **–ગ્વ્યાપકત્વ** ન૦ દિગ્વ્યાપીપણું. **–ગ્વ્યાપી** વિ૦ બધી દિશાઓમાં વ્યાપેલું

દિકામાળી સ્ત્રી૦ એક વનસ્પતિના ફૂલના ડોડાનો રસ, જે ઓસડ તરીકે વપરાય છે

દિક્કત સ્ત્રી૦ [અ.] મુશ્કેલી; હરકત (૨) અંદેશો; શક (૩) આનાકાની

દિગર વિ૦ [ફા.] દીગર; બીજું; વિશેષ (૨) અ૦ 'બીજું લખવાનું કે' એ અર્થમાં પત્રની શરૂઆતમાં વપરાતો શબ્દ

દિગ્ધ વિ૦ [સં.] લેપાયેલું; ચોપડાયેલું

દિતવાર પું૦ આદિત્યવાર; રવિવાર

દિતિ સ્ત્રી૦ [સં.] (સં.) દૈત્યોની માતા–કશ્યપની સ્ત્રી

દિદૃક્ષા સ્ત્રી૦ [સં.] જોવાની ઇચ્છા

દિન પું૦ [સં.] દિવસ. **૦કર** પું૦ સૂર્ય. **૦ચર્યા** સ્ત્રી૦ રોજનું કામકાજ. **૦પતિ, ૦નાથ, ૦મણિ** પું૦ સૂર્ય. **૦માન** પું૦;ન૦ દિવસનું માપ (૨) ગ્રહ. **૦રાત** અ૦ દિવસે અને રાત્રે. **–નારંભ** પું૦ પ્રભાત; પરોઢિયું. **–નાવસાન** ન૦, **–નાંત** પું૦ સંધ્યાકાળ. **–નેશ** પું૦ સૂર્ય. **–નોદિન** અ૦ દિને દિને; પ્રતિદિન

દિપાવડું વિ૦ દીપાવે એવું; શોભીતું; સુંદર

દિમાક,-ગ [અ.] પું૦ મગજ; બુદ્ધિ (૨) ગર્વ; અભિમાન

દિમે(-વે)ટી સ્ત્રી૦ એક જાતનું ઝીણી બુટ્ટીઓવાળું કાપડ

દિય(-યે)ર પું૦ વરનો નાનો ભાઈ. **૦વટું** ન૦ દિયર સાથે નાતરું. **–રિયો** પું૦ દિયર (વહાલમાં)

દિયોર પું૦ દિયર (૨) [ઉ. ગુજરાત] સાળો

દિલ ન૦ [ફા.] હૃદય; મન; ચિત્ત. **૦કશ(-સ)** વિ૦ મનને આકર્ષે એવું. **૦ગાર** વિ૦ હેતાળ; પ્રેમાળ. **૦ગારી** સ્ત્રી૦ પ્રેમ; હેત. **૦ગીર** વિ૦ નાખુશ, અપ્રસન્ન. **૦ગીરી** સ્ત્રી૦ નાખુશી. **૦ચમન** વિ૦ દિલ ખુશ થાય એવું (૨) ન૦ આનંદ. **૦ચસ્પ** વિ૦ સારું લાગે–ગમે એવું. **૦ચસ્પી** સ્ત્રી૦ દિલચસ્પપણું. **૦દર્દ** ન૦ દિલનું આંતરિક દર્દ. **૦દાર** વિ૦ પ્રાણપ્રિય (૨) ઉદાર (૩) પું૦ આશક (૪) ગાઢ મિત્ર (૫) સ્ત્રી૦ માશૂક. **૦દારી** સ્ત્રી૦ દિલદારપણું. **૦પસંદ, ૦પિઝીર** વિ૦ મનને ગમે તેવું. **૦ફરેબ** વિ૦ મનને ઠગે એવું. **૦બર** વિ૦ દિલનું હરણ કરનારું (૨) સ્ત્રી૦ માશૂક. **૦બરી** સ્ત્રી૦ દિલબરપણું; પ્રેમ. **૦રૂબા** સ્ત્રી૦ ન૦ એક તંતુવાદ્ય. **૦સોજ** વિ૦ લાગણીવાળું; સમભાવી. **૦સોજી** સ્ત્રી૦ કોઈનું દુઃખ જોઈ દિલમાં થતી લાગણી; સમભાવ; હમદર્દી. **–લાવર** વિ૦ મોટા મનનું; ઉદાર (૨) બહાદુર; વીર. **–લાવરી** સ્ત્રી૦ મનની મોટાઈ; ઉદારતા (૨) બહાદુરી. **–લાસો** પું૦ ધીરજ; આશ્વાસન

દિલીપ પું૦ [સં.] (સં.) એક સૂર્યવંશી રાજા–રઘુનો પિતા

દિલેર વિ૦ [ફા.] બહાદુર; હિંમતવાન. **–રી** સ્ત્રી૦ બહાદુરી

દિલોજાન વિ૦ [ફા.] પ્રાણપ્રિય. **–ની** સ્ત્રી૦ દિલોજાનપણું

દિલ્લગી સ્ત્રી૦ [હિં.] દિલચસ્પી (૨) મનોરંજન; વિનોદ

દિલ્લી(-લ્હી) ન૦;સ્ત્રી૦(સં.) હિંદનું પાટનગર. **૦વાન** પું૦ ત્યાંનો રહીશ [**–યો** પું૦ મશાલચી; મશાલવાળો

દિવ(-વે)ટિયું ન૦ ફાનસમાં દિવેટ પકડી રાખનાર આંકડો.

દિવડિયું ન૦ દીવાનું કોડિયું મૂકવાની ભીંતમાં જડેલી બેઠક. **–યો** પું૦ (પ.) દીવો

દિવસ પું૦ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય; રાતથી ઊલટો તે (૨) એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો સમય. **–સાનુદિવસ** અ૦ દિવસે દિવસે

દિવંગત વિ૦ [સં.] પરલોકવાસી; મરણ પામેલું

દિવા અ૦ [સં.] દિવસે; દિવસ દરમિયાન. **૦કર** પું૦ સૂર્ય. **૦રાત** અ૦ દિવસે અને રાત્રે. **૦સ્વપ્ન** ન૦ દિવસે આવતું સ્વપ્ન; કલ્પના; મનોરાજ્ય

દિવાસો પું૦ અષાડ વદ અમાસનું પર્વ

દિવાળી સ્ત્રી૦ આસો વદ અમાસ; દીપોત્સવી

દિવાળીનો ઘોલ્લો પું૦ એક પક્ષી; ખંજન

દિવાંધ પું૦ [સં.] ઘુવડ [જુઓ 'દિવટિયું'માં

દિવેટ સ્ત્રી૦ દીવાની વાટ; બત્તી. **–ટિયું** ન૦, **–ટિયો** પું૦

દિવેટી સ્ત્રી૦ જુઓ દિમેટી

દિવેલ ન૦ એરંડિયું. **–લિયું** વિ૦ દિવેલવાળું; ચીકણું (૨) દિવેલ પીધું હોય એવું (મોં કે માણસ) (૩) ન૦ દિવેલ ભરવાનું પાત્ર; ધાતુનું કોડિયું (૪) જાનવરની ખરીથી પડેલો કોડિયા જેવો ખાડો. **–લી** સ્ત્રી૦ જેમાંથી દિવેલ નીકળે છે એ બીજ–મીજ. **–લો** પું૦ એરંડો

દિવ્ય વિ૦ [સં.] દૈવી; અદ્ભુત (૨) પ્રકાશમાન; સુંદર (૩) ન૦(પ્રાચીન કાળમાં) માણસ અપરાધી છે કે નહિ તે નક્કી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા પાણી કે અગ્નિ વડે કરવામાં આવતી પરીક્ષા. ૦ગણ પું૦દેવદૂત.૦ચક્ષુ વિ૦દિવ્ય ચક્ષુવાળું (૨)ન૦જ્ઞાનચક્ષુ. ૦જ્ઞાન ન૦ દૈવી જ્ઞાન. ૦તા સ્ત્રી૦. –વ્યા વિ૦સ્ત્રી૦. –વ્યાંગના સ્ત્રી૦ અપ્સરા. –વ્યાંબર ન૦ દિવ્ય વસ્ત્ર

દિશ,–શા સ્ત્રી૦ [સં.] બાજુ; તરફ; પડખું (૨) પૂર્વ વગેરે ચાર કે ખૂણા ને આકાશ પાતાળ સાથે દશ દિશામાંની દરેક (૩) [લા.] માર્ગ; રસ્તો. ૦દિશ અ૦બધી દિશાઓમાં. –શાવિજય પું૦દિગ્વિજય. –શાશૂલ(–ળ) ન૦જ્યોતિષ પ્રમાણે અમુક દિશાઓમાં જવા માટે અશુભ ગણાતા દિવસો કે વાર. –શેદિશ,–શોદિશ અ૦ દરેક દિશામાં

દિષ્ટ વિ૦ [સં.] દર્શાવેલું (૨) ન૦ હેતુ; લક્ષ્ય (૩) નસીબ

દિષ્ટિ સ્ત્રી૦ [સં.] સૂચના; આજ્ઞા (૨) સદ્ભાગ્ય (૩) નસીબ. –ષ્ટ્યા અ૦ સદ્ભાગ્યે

દિંગ વિ૦ દંગ; ચકિત; છક

દિંડી સ્ત્રી૦ એક જાતનું વાદ્ય (૨) એક રાગ

દી પું૦ દિવસ (કા.) (૨) [લા.] દશાનો ગ્રહ

દીકરી સ્ત્રી૦ પુત્રી. –રો પું૦ પુત્ર

દીક્ષા સ્ત્રી૦ [સં.] ગુરુ પાસેથી વ્રત, નિયમ કે મંત્ર લેવો તે (૨) યજ્ઞયાગાદિ શરૂ કરતાં તેનો વિધિપૂર્વક સંકલ્પ કરવો તે. –ક્ષિત વિ૦ દીક્ષા લીધી હોય એવું (૨) પું૦ યજ્ઞ કરનાર (૩) બ્રાહ્મણની એક અડક

દીગર વિ૦ (૨) અ૦ [फा.] જુઓ દિગર

દીઠ અ૦ પરત્વે. ઉદા૦ 'જણ દીઠ'

દીઠું સ૦ક્રિ૦ 'દેખવું'નું ભૂ૦કા૦. –ઠેલ(–લું) ભૂ૦કૃ૦

દીદાર પું૦બ૦વ૦ [फा.],–રી સ્ત્રી૦+ચહેરો; સ્વરૂપ; કાંતિ

દીધ (પ.) જુઓ દીધું

દીધવાન વિ૦ આપ્યું હોય તેને મળતું; આપ્યું હોય કે કરેલું હોય તે જ જાતનું (૨) જૂનું; પરંપરાથી ચાલતું આવેલું

દીધું સ૦ક્રિ૦ 'દેવું'નું ભૂ૦ કા૦. –ધેલ(–લું) ભૂ૦કૃ૦

દીન વિ૦ (૨) પું૦ [સં.] ગરીબ (૨) રંક; લાચાર. ૦તા સ્ત્રી૦,૦ત્વ ન૦. ૦દયાળ વિ૦ ગરીબ પર દયા કરનારું. ૦બંધુ પું૦ગરીબનો બેલી. ૦વત્સલ વિ૦ગરીબ પર વહાલ –મમતા રાખનારું. ૦(–ના)નાથ પું૦ગરીબનો બેલી પ્રભુ

દીન ન૦;પું૦[अ.] મુસલમાની ધર્મ–મજહબ (૨) કોઈ પણ ધર્મ. ૦દાર વિ૦ દીનવાળું; તે પાળનારું. ૦દારી સ્ત્રી૦ દીનદારપણું; ધર્મપાલન. ૦પરસ્ત વિ૦ દીન પર આસ્થાવાળું; ધર્મિષ્ઠ. ૦પરસ્તી સ્ત્રી૦ દીનપરસ્ત હોવું તે. –ની વિ૦ ધર્મને લગતું. –નેબરહક પું૦ સત્ય ઉપર રચાયેલો ધર્મ; સાચો ધર્મ [સિક્કો

દીનાર પુ૦ [सं.,फा.] અઢી રૂપિયાની કિંમતનો એક પ્રાચીન

દીપ પું૦ + દ્વિપ; હાથી

દીપ પું૦ [સં.] દીવો; દીપક. ૦ક વિ૦ ઉત્તેજક; સતેજ કરનારું (૨) દીપાવનારું (૩) પું૦ દીપ; દીવો (૪) જુઓ દીપકલ્યાણ, ૦કલ્યાણ પું૦ એક રાગ. ૦માલા સ્ત્રી૦ દીવાઓની હારમાળા (૨) દીપમાળ. ૦માળ સ્ત્રી૦ મંદિર આગળ દીવાઓ ગોઠવી કરેલો મિનારો

દીપચંદી પું૦ સંગીતનો એક તાલ

દીપડવેલ સ્ત્રી૦ એક જાતની વેલ

દીપડો પું૦ વાઘની જાતનું એક પ્રાણી. –ડી સ્ત્રી૦ દીપડાની માદા. –ડું ન૦ નાનો દીપડો [–ઉત્તેજવું તે

દીપન વિ૦ [સં.] દીપક; ઉત્તેજક (૨) ન૦ સતેજ કરવું

દીપ(–પા)વવું સ૦ક્રિ૦ દીપે એમ કરવું

દીપવું અ૦ક્રિ૦ પ્રકાશવું; ચળકવું (૨) શોભવું

દીપાવલિ(–લી) સ્ત્રી૦ [સં.] દીવાઓની હાર (૨) દિવાળી

દીપાવવું સ૦ક્રિ૦ દીપવવું; 'દીપવું'નું પ્રેરક

દીપિકા સ્ત્રી૦ [સં.] દીવી (૨) મશાલ

દીપોચ્છવ,દીપોત્સવ [સં.] પું૦, **દીપોત્સવી** સ્ત્રી૦ દિવાળી

દીપ્ત વિ૦ [સં.] સળગાવેલું (૨) પ્રકાશિત; તેજસ્વી. ૦તા સ્ત્રી૦. –પ્તા સ્ત્રી૦ (સંગીત) શ્રુતિના પાંચ પ્રકારોમાંનો એક (દીપ્તા, આયતા, મૃદુ, કરુણા ને મધ્યા)

દીપ્તિ સ્ત્રી૦ [સં] પ્રકાશ; પ્રભા. ૦માન વિ૦ દીપ્તિવાળું

દીબાચો પું૦ [फा.] પ્રસ્તાવના

દીબો પું૦ ડૂમો; છાતી ભરાઈ આવવી તે

દીયમાન વિ૦ [સં.] દેવાતું; અપાતું

દીર્ઘ વિ૦ [સં.] લાંબું. ૦ગોળ પું૦ લંબગોળ; 'ઇલિપ્સોઇડ' (ગ.). ૦જીવી વિ૦ લાંબું જીવનારું. ૦દર્શિતા સ્ત્રી૦ દીર્ઘદર્શીપણું. ૦દર્શી વિ૦ દૂરદર્શી; અગમબુદ્ધિ. ૦દષ્ટિ સ્ત્રી૦ (૨) વિ૦ અગમબુદ્ધિ. ૦દ્વેષી વિ૦ દીર્ઘકાળ સુધી જેનો દ્વેષ ટકે એવું. ૦બાહુ વિ૦ લાંબા હાથવાળું. ૦વર્તુલ, ૦વૃત્ત ન૦ લંબગોળ; 'ઇલિપ્સ' (ગ.). ૦સૂત્ર(–ત્રી) વિ૦ નાહક લંબાણ કરનારું; ઝટ પાર ન આણે એવું; ચીકણું. ૦સૂત્રતા સ્ત્રી૦, ૦સૂત્રીપણું ન૦. –ર્ઘાયુ(૦ષ્ય) વિ૦ લાંબા આયુષ્યવાળું (૨) ન૦ લાંબો આવરદા. –ર્ઘાયુષી વિ૦ લાંબા આવરદાવાળું

દીર્ઘિકા સ્ત્રી૦ [સં.] જળાશય (૨) લાંબા આકારનું તળાવ

દીવટ સ્ત્રી૦ દિવેટ

દીવડું ન૦ કણકના લોચાનું બનાવેલું દીવાનું કોડિયું (૨) દીવી (૩) દીવો. –ડો પું૦ દીવડામાં કરેલો દીવો (૨) દીવો

દીવાદાંડી સ્ત્રી૦ જતાં આવતાં વહાણને ચેતવવા માટે સમુદ્રમાં ખડક ઉપર બાંધેલો દીવાવાળો મિનારો

દીવાન પું૦ [अ.] વજીર; પ્રધાન (૨) રાજસભા; કચેરી (૩) મોટો ઓરડો; ખંડ (૪) પ્રકરણ. ૦ખાનું ન૦ મુલાકાત માટેનો ખાસ ઓરડો; બેઠક. ૦ગીરી સ્ત્રી૦ દીવાનનું કામ કે પદ. –ની વિ૦ લેણદેણના ઇન્સાફને લગતું. –નેઆમ પું૦;સ્ત્રી૦;ન૦ આમવર્ગના લોકોની રાજસભાને મળવાનું દીવાનખાનું (૨) [લા.] આમસભા. –નેખાસ પું૦;સ્ત્રી૦;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન૦ અમીર ઉમરાવોની રાજસભાને મળવાનું દીવાનખાનું (૨) [લા.] અમીરઉમરાવોના પ્રતિનિધિઓની રાજસભા

દીવાની સ્ત્રી૦ દીવાનાપણું; ગાંડાઈ [ઇસ્પિતાલ

દીવાનું વિ૦[फा.] ગાંડું; ઘેલું. **-નાશાળા** સ્ત્રી૦ ગાંડાની

દીવાબત્તી સ્ત્રી૦ દીવા વગેરે [દીવી; 'વાલ્સીટ'

દીવાલ સ્ત્રી૦ ભીંત. **૦ગીરી** સ્ત્રી૦ ભીંતે ટંગાવાય તેવી

દીવાવખત પું૦; સ્ત્રી૦ દીવા કરવાનો વખત; સમીસાંજ

દીવાસળી સ્ત્રી૦અગ્નિ પ્રગટાવવાની, છેડે રસાયનવાળી સળી

દીવી સ્ત્રી૦ દીવો મૂકવાની ઘોડી

દીવો પું૦ પ્રકાશ આપનારી એક બનાવટ; દીપ

દીશ પું૦ + સૂર્ય. **દીશ(-સ)** પું૦ + દિવસ

દીસવું અ૦ક્રિ૦ દેખાવું (૨) [લા.] ભાસવું; સૂઝવું

દીંટ,-ટિયું,-ટું ન૦ જુઓ 'ડીંટ'માં

દીંડલું ન૦ જુઓ ડીંડવું (૨) જુઓ દીંડું

દીંડું ન૦ થોર વગેરેનો દૂધભર્યો કકડો

દુઆ(-વા) સ્ત્રી૦ [अ.] આશીર્વાદ. **૦ગીર** વિ૦આશીર્વાદ લેનારું. **-આગો** વિ૦ આશીર્વાદ દેનારું

દુકાન સ્ત્રી૦ વસ્તુઓ વેચવા વેપારી જ્યાં બેસે તે જગા. **૦દાર** પું૦ દુકાનવાળો-વેપારી. **૦દારી** સ્ત્રી૦દુકાનદારનું કામ-આવડત [જેટલા વજનનું

દુકાની સ્ત્રી૦ બે પાઈ (૨) બુકાની. **૦ભાર** વિ૦ બે પાઈ

દુકાળ પું૦ અનાજ ઘાસ વગેરેની તંગીનો સમય (૨) કોઈ પણ વસ્તુની તંગી. **-ળિયું** વિ૦ દુકાળ વેઠતું; ભૂખે મરતું. **-ળી** સ્ત્રી૦ દુકાળ ઉપર દુકાળ

દુકૂલ ન૦ [सं.] બારીક રેશમી વસ્ત્ર

દુખ ન૦ દુઃખ. **૦ડું** ન૦ દુઃખ (૨) ઓવારણું. **૦ણાં** ન૦બ૦વ૦ ઓવારણાં. **૦ણી** વિ૦ સ્ત્રી૦ દુઃખિની. **૦ણું** ન૦ દુખવું તે (૨) પ્રસવ થતા પહેલાં પેટમાં થતો દુખાવો (૩) ઓવારણું. **૦દાયક,૦દાયી,૦દેણ** વિ૦ દુઃખ દેનારું; દુઃખદ. **૦ભંજક,૦ભંજી** વિ૦ દુઃખ ભાગનારું-દૂર કરનારું. **૦વટું** ન૦, **૦વટો** પું૦ શોકની સ્થિતિ (૨) દિલાસો આપવા જવું તે. **૦શૂરું** વિ૦ દુઃખથી હારે નહિ એવું

દુખણખાઈ સ્ત્રી૦ એક જીવડું

દુખવવું સ૦ક્રિ૦ જુઓ દુખાવવું

દુખવું અ૦ક્રિ૦ દુઃખ થવું; પીડા-વેદના થવી

દુખાડવું સ૦ક્રિ૦ 'દુખવું'નું પ્રેરક; દુખાવવું (૨) ગૂમડું કે ઘા ઇ૦ દુખાય એમ કરવું

દુખાવ(-વો) પું૦ દુખવું તે; પીડા; વેદના

દુખાવવું સ૦ક્રિ૦ 'દુખવું'નું પ્રેરક

દુખાવું અ૦ક્રિ૦ દુખ પામવું; દુખવું

દુખાળું,દુખિયારું,દુખિયું,દુખી વિ૦ દુખથી પીડાતું

દુગદુગી સ્ત્રી૦સ્ત્રીના કાનનું એક ઘરેણું (૨)મદારીનું ડુગડુગિયું

દુગન સ્ત્રી૦[हिं.] ગાવાવગાડવાની બેવડી ઝડપ (૨) વિ૦ બેવડી ઝડપવાળું

દુગ્ધ ન૦ [सं.] દૂધ. **૦જ** વિ૦ દૂધમાંથી ઉત્પન્ન થતું-બનતું. **૦વાહિની** સ્ત્રી૦ દૂધની નસ-રગ. **૦શાલા(-ળા)** સ્ત્રી૦, **-ગ્ધાલય** ન૦ દૂધ અને તેની વસ્તુઓનું કામ જ્યાં થતું હોય તે જગા; 'ડેરી'

દુગ્ધા સ્ત્રી૦ પીડા; આપદા; જંજાળ

દુઝાણું, ૦વાઝાણું ન૦ દૂધ દેતું-દૂઝણું ઢોર

દુઝાવવું સ૦ક્રિ૦ 'દૂઝવું'નું પ્રેરક રૂપ

દુણાવવું સ૦ક્રિ૦ 'દૂણવું' 'દુણાવું'નું પ્રેરક [કર્મણિ

દુણાવું અ૦ક્રિ૦ (ખાવા પીવાનું) દાઝવું; બળવું(૨)'દૂણવું'નું

દુદેલા સ્ત્રી૦ એક પક્ષી

દુધારો પું૦ દૂધનો વેપારી; દૂધવાળો

દુધાળ(-ળું) વિ૦ દૂધવાળું; દૂધ આપે એવું (ઢોર)

દુધાળી સોનકી સ્ત્રી૦ એક વનસ્પતિ

દુધેલ વિ૦ જુઓ દુધાળ [વાની (સુ.)

દુધેલી સ્ત્રી૦ એક વનસ્પતિ (૨) દૂધ ને શેરડીના રસની એક

દુનિયા સ્ત્રી૦ [अ.] સૃષ્ટિ; જગત; સંસાર. **૦ઈ** વિ૦ દુનિયાનું; સંસારી. **૦દાર** વિ૦ સંસારવ્યવહારમાં પડેલું; તેની જંજાળવાળું. **૦દારી** સ્ત્રી૦ દુનિયાનો વ્યવહાર

દુન્યવી વિ૦ [अ.] દુનિયાનું; સંસારી

દુપટ્ટો પું૦ ખેસ

દુપ્પટ વિ૦ જુઓ દૂપટ

દુબારા અ૦ [हिं.] બીજી વખત; ફરીથી

દુભાગવું સ૦ક્રિ૦ બેએ ભાગવું; અડધું કરવું. **દુભાગાવવું** (પ્રેરક). **દુભાગાવું** (કર્મણિ)

દુભાવવું સ૦ક્રિ૦ દૂભવવું [**-વો** પું૦ જુઓ દૂભણ

દુભાવું અ૦ક્રિ૦ દૂભવું; મનમાં બળવું: દુઃખી-નારાજ થવું.

દુભાષિયો પું૦ બે ભાષા જાણનારો (૨) એક ભાષાની મતલબ બીજીમાં બોલી સમજાવનારો

દુમ સ્ત્રી૦ [फा.] પૂંછડી

દુમકલાસ ન૦ જુઓ ડુમકલાસ

દુમચી સ્ત્રી૦ ઘોડા ઉપરનો સાજ તંગ રહે માટે ખેંચી બાંધવાનો પટો(૨)અફીણ, ગડાકુ રાખવાની ચામડાની કોથળી

દુમદુમ અ૦ (રવ૦) નગારાનો અવાજ

દુમાર(-રો) પું૦ બે બાજુનો મારો (૨) ધર્મસંકટ

દુમાવવું સ૦ક્રિ૦ 'દૂમવું'નું પ્રેરક

દુમાવું અ૦ક્રિ૦ દૂમો ભરાવો; ગૂંગળાવું (૨) દુભાવું; નારાજ થવું; મનમાં ને મનમાં સંતાપવું (૩) 'દૂમવું'નું કર્મણિ

દુમાસ ન૦ એક જાતનું કાપડ

દુમીલો પું૦ એક છંદ [અધિકારમાં ઊતરતું

દુય્યમ વિ૦ દૂય્યમ; દ્વિતીય; બીજું (૨) બીજી પંક્તિનું;

દુર્ અ૦ [सं.] 'નઠારું, મુશ્કેલ' એવો અર્થ બતાવનારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપસર્ગ. ઉદા૰ 'દુરભિમાન', 'દુર્ગમ' [દુરભિમાનવાળું

દુરભિમાન ન૰ [સં.] ખોટું–ખરાબ અભિમાન.–ની વિ૰

દુરવસ્થા સ્ત્રી૰ [સં.] ખરાબ અવસ્થા

દુરસ્ત વિ૰ જેવું જોઈએ એવું (૨) ઠીકઠાક કરેલું; સમારેલું (૩) ખરું; વાજબી. –તી સ્ત્રી૰ સમારવું–સુધારવું તે

દુરંગી વિ૰ બે રંગવાળું; દોરંગી

દુરંશ પું૰ [સં.] ખરાબ–દુષ્ટ અંશ

દુરંત વિ૰ [સં.] અનંત; અપાર (૨) અંતે ખરાબ પરિણમતું (૩) દુર્જય (૪) અકળ; અગમ્ય

દુરાગ્રહ પું૰ [સં.] ખોટો આગ્રહ.–હી વિ૰ દુરાગ્રહવાળું

દુરાચરણ ન૰ [સં.] ખરાબ આચરણ. –ણી વિ૰ દુરાચરણવાળું [દુરાચાર કરનારું

દુરાચાર પું૰ [સં.] ખોટો–અનીતિયુક્ત આચાર.–રી વિ૰

દુરાત્મા વિ૰ (૨) પું૰ [સં.] દુષ્ટ; પાપી

દુરારાધ્ય વિ૰ [સં.] મુશ્કેલીથી પ્રસન્ન કરી શકાય એવું

દુરાશા સ્ત્રી૰ [સં.] દુષ્ટ આશા–ઇચ્છા (૨) ફળીભૂત ન થઈ શકે તેવી આશા [જીતી ન શકાય એવું

દુરાસદ,દુરાસાધ્ય વિ૰ [સં.] દુષ્પ્રાપ (૨) દુ:સાધ્ય (૩)

દુરિજન વિ૰ (૨) પું૰ + દુર્જન

દુરિત વિ૰ [સં.] મુશ્કેલ (૨) પાપી (૩) ન૰ પાપકર્મ

દુરુક્તિ સ્ત્રી૰ [સં.] કુવેણ; ખરાબ વચન

દુર્ગ પું૰ [સં.] કિલ્લો. ૰પતિ પું૰ કિલ્લાનો માલિક. ૰પાલ,૰રક્ષક પું૰ કિલ્લાનું રક્ષણ કરનાર; કિલ્લેદાર

દુર્ગતિ સ્ત્રી૰ [સં.] નઠારી ગતિ

દુર્ગમ(–મ્ય) વિ૰ [સં.] મુશ્કેલીથી જઈ શકાય તેવું (૨) મુશ્કેલીથી સમજી શકાય એવું

દુર્ગંધ સ્ત્રી૰ [સં.] ખરાબ વાસ. –ધી વિ૰ ખરાબ વાસવાળું; ગંધાતું (૨) સ્ત્રી૰ દુર્ગંધ

દુર્ગા સ્ત્રી૰ [સં.] (સં.) પાર્વતી. ૰ચકલી,૰ચલ્લી સ્ત્રી૰ એક જાતની ચકલી. ૰પૂજા સ્ત્રી૰ દુર્ગાની પૂજા.૰ષ્ટમી સ્ત્રી૰ આસો અને ચૈત્ર સુદ આઠમ. –ગેંશ પું૰ (સં.) શિવ

દુર્ગુણ પું૰ [સં.] દોષ; ખરાબ ગુણ –ણી વિ૰ દુર્ગુણવાળું

દુર્ઘટ [સં.] મુશ્કેલીથી પાર પડે–બને એવું; અશક્ય

દુર્ઘર્ષ પું૰ [સં.] અથડાઅથડી; હરીફાઈ

દુર્જન પું૰ [સં.] દુષ્ટ–ખરાબ માણસ

દુર્જય વિ૰ [સં.] જીતવું મુશ્કેલ

દુર્જર વિ૰ [સં.] પચવું મુશ્કેલ

દુર્દમ(–મ્ય) વિ૰ [સં.] કાબૂમાં રાખવું મુશ્કેલ

દુર્દર્શ વિ૰ [સં.] મુશ્કેલીથી જોઈ શકાય એવું

દુર્દશા સ્ત્રી૰ [સં.] ખરાબ–માઠી દશા

દુર્દાન્ત વિ૰ [સં.] જુઓ દુર્દમ (૨) ગર્વિષ્ઠ

દુર્દિન પું૰ [સં.] ખરાબ દહાડો (૨) વાદળાં, વરસાદ કે વંટોળવાળો દિવસ [દુર્ભાગી

દુર્દૈવ(–વ્ય) ન૰ [સં.] કમનસીબ; દુર્ભાગ્ય. –વી વિ૰

દુર્ધર્ષ વિ૰ [સં.] ઉગ્ર; પ્રચંડ (૨) પાસે ન જઈ શકાય તેવું (૩) જીતી ન શકાય એવું

દુર્નિવાર(–ર્ય) વિ૰ [સં.] નિવારવું મુશ્કેલ; અનિવાર્ય

દુર્બલ(–ળ) વિ૰ [સં.] કમજોર; દૂબળું (૨) [લા.] ગરીબ; રાંક. ૰તા સ્ત્રી૰. –લાસ્થિ ન૰ છોકરાંનો એક રોગ; 'રિકેટ્સ'

દુર્બુદ્ધિ વિ૰ [સં.] ખરાબ બુદ્ધિવાળું (૨) સ્ત્રી૰ ખરાબ–દુષ્ટ બુદ્ધિ [સલાહ. –ધ્ય વિ૰ દુર્બોધ

દુર્બોધ વિ૰ [સં.] સમજવું મુશ્કેલ (૨) પું૰ ખરાબ ઉપદેશ–

દુર્બ્રાહ્મણ ન૰ [સં.] ખરાબ બ્રાહ્મણ

દુર્ભક્ષ્ય ન૰ [સં.] ન ખાવા યોગ્ય–નિષિદ્ધ ખોરાક (૨) વિ૰ મુશ્કેલીથી ખાઈ શકાય એવું

દુર્ભગ વિ૰ [સં.] કમનસીબ; દુર્ભાગી

દુર્ભર વિ૰ [સં.] વજનદાર; ઊંચકતાં ફાવે નહિ તેવું (૨) ભરવામાં મુશ્કેલ (૩) ન૰ પેટ [કમનસીબ

દુર્ભાગી વિ૰ કમભાગી. –ગ્ય વિ૰ [સં.] દુર્ભાગી (૨) ન૰

દુર્ભાવના સ્ત્રી૰ [સં.] દુષ્ટ ભાવના–વિચાર

દુર્ભિક્ષ પું૰ [સં.] દુકાળ

દુર્ભેદ્ય વિ૰ [સં.] ભેદી ન શકાય તેવું; મજબૂત

દુર્મતિ વિ૰ (૨) સ્ત્રી૰ [સં.] જુઓ દુર્બુદ્ધિ

દુર્મિત્ર પું૰ [સં] દુષ્ટ કે ખરાબ મિત્ર

દુર્મિલ(–ળ) વિ૰ દુર્લભ

દુર્મુખ વિ૰ [સં.] કદરૂપા મોંવાળું (૨) ગાળો ભાંડતું

દુર્મેધ વિ૰ [સં.] મેધા–બુદ્ધિ વગરનું; મૂર્ખ

દુર્યોધન વિ૰ [સં.] જીતવું મુશ્કેલ; અજીત (૨) પું૰ (સં.) ધૃતરાષ્ટ્રનો મોટો પુત્ર

દુર્લક્ષ ન૰ [સં.] બેદરકારી; ઉપેક્ષા (૨) વિ૰ લક્ષ વગરનું. –ક્ષ્ય વિ૰ મુશ્કેલીથી જોઈ શકાતું; લગભગ અદૃશ્ય

દુર્લભ વિ૰ [સં.] મળવું મુશ્કેલ. ૰તા સ્ત્રી૰ [બોલનારું

દુર્વચન ન૰ [સં.] ખરાબ વેણ–બોલ; ગાળ. –ની વિ૰ દુર્વચન

દુર્વાક્ય ન૰ [સં.] જુઓ દુર્વચન

દુર્વાસ સ્ત્રી૰ દુર્ગંધ

દુર્વાસના સ્ત્રી૰ [સં.] દુષ્ટ–ખરાબ વાસના [પ્રસિદ્ધ છે.)

દુર્વાસા પું૰ [સં.] (સં.) એક ઋષિ (તે તેમના ક્રોધ માટે

દુર્વિકાર પું૰ [સં.] ખરાબ–દુષ્ટ વિકાર. –રી વિ૰

દુર્વિનીત વિ૰ [સં.] ખરાબ વર્તનવાળું; અવિનયી; ઉદ્ધત

દુર્વિપાક પું૰ [સં.] ખરાબ પરિણામ

દુર્વિલસિત ન૰ [સં.] દુષ્ટ વિલાસ; ખરાબ વર્તન

દુર્વિષય પું૰ [સં.] ખરાબ વિષયવાસના

દુર્વૃત્તિ સ્ત્રી૰ [સં.] દુર્વાસના; ખરાબ વૃત્તિ

દુર્વ્યસન ન૰ [સં.] ખરાબ વ્યસન. –ની વિ૰ દુર્વ્યસનવાળું

દુલહન સ્ત્રી૰ [હિં.] જુઓ દુલ્હિન

દુલાઈ સ્ત્રી૰ કીમતી રજાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુલારો પું૦ લાડકો દીકરો. –રી સ્ત્રી૦ લાડીલી દીકરી
દુલાવવું સ૦ક્રિ૦, દુલાવું અ૦ક્રિ૦ 'દૂલવું'નું પ્રેરક ને ભાવે
દુલીચો પું૦ ચંદરવો (કે ગાલીચો ?)
દુલ્હા પું૦ [हिं.] વર; પતિ. –લ્હિન સ્ત્રી૦ નવી વહુ
દુવા સ્ત્રી૦ આશિષ; દુઆ. ૦ગીર વિ૦ જુઓ દુઆગીર
દુવાઈ સ્ત્રી૦ જાહેરનામું (૨) આણ
દુવાર ન૦ + દ્વાર
દુવિધા સ્ત્રી૦ અનિશ્ચય; ડામાડોળપણું
દુશાલો પું૦ [फ़ा.] કીમતી બેવડી શાલ
દુશ્ચરિત,–ત્ર ન૦ [सं.] દુરાચરણ (૨) ખરાબ ચરિત્ર–જીવન
દુશ્ચિહ્ન ન૦ [सं.] ખરાબ ચિહ્ન; અપશુકન
દુશ્ચિંતા સ્ત્રી૦ [सं.] ખોટી ચિંતા
દુશ્મન પું૦ [फ़ा.] શત્રુ. ૦દાવો પું૦ દુશ્મનાવટ. ૦નાઈ, –નાવટ,–ની સ્ત્રી૦ શત્રુવટ; અદાવત
દુશ્વાર વિ૦ [फ़ा.] મુશ્કેલ; અઘરું
દુષ્કર વિ૦ [सं.] કરવું મુશ્કેલ; અઘરું. –ર્મ ન૦ દુરાચરણ
દુષ્કાલ(–ળ) પું૦ [सं.] જુઓ દુકાળ. ૦નિવારણ ન૦ દુકાળનું દુઃખનિવારણ; 'ફૅમિન–રિલીફ'
દુષ્કૃત ન૦ [सं.] દુષ્કર્મ
દુષ્ટ વિ૦ [सं.] નઠારું; અધમ; પાપી (૨) દોષવાળું. ૦તા સ્ત્રી૦. ૦બુદ્ધિ સ્ત્રી૦ બદદાનત; પાપી બુદ્ધિ (૨) વિ૦ દુષ્ટબુદ્ધિવાળું. –ષ્ટા વિ૦સ્ત્રી૦ દુષ્ટનું સ્ત્રીલિંગ. –ષ્ટાત્મા પું૦ દુષ્ટ માણસ; દુષ્ટબુદ્ધિ
દુષ્પથ પું૦ [सं.] કુપથ; કુમાર્ગ
દુષ્પરિણામ ન૦ [सं.] ખરાબ પરિણામ
દુષ્પ્રાપ વિ૦ [सं.] દુર્લભ
દુસ્તર વિ૦ [सं.] મુશ્કેલીથી તરાય–ઓળંગાય એવું
દુસ્ત્યજ,દુસ્ત્યાજ્ય વિ૦ [सं.] મુશ્કેલીથી તજાય એવું
દુષ્પ્રજ્ઞ વિ૦ [सं.] દુર્મેધ; કમ પ્રજ્ઞાવાળું; મૂર્ખ
દુષ્પ્રેક્ષ્ય વિ૦ [सं.] જોવું મુશ્કેલ; દુર્દર્શ
દુહવું સ૦ક્રિ૦ + દોહવું
દુહાઈ સ્ત્રી૦ આણ; દુવાઈ [પત્ની
દુહાગી વિ૦ દુર્ભાગી; દુખિયું. –ગણ,–ગા સ્ત્રી૦ અણમાનીતી
દુહિતા સ્ત્રી૦ [सं.] દીકરી. –તર પું૦ દૌહિત્ર; દીકરીનો દીકરો
દુહો પું૦ દોહરો
દુંદ સ્ત્રી૦ પેટની ફાંદ. ૦લ,–દાળ(–ળું),–દી વિ૦ દુંદવાળું. –દાળો પું૦ (સં.) દુંદવાળા દેવ–ગણેશ
દુંદુભિ સ્ત્રી૦; ન૦ [सं.] એક જાતનું નગારું; ભેરી
દુઃખ ન૦ [सं.] વ્યથા; પીડા; કષ્ટ. ૦કર,૦કારક,૦કારી વિ૦ દુઃખ કરનારું. ૦કર્તા(–ર્ત્તા) વિ૦ (૨) પું૦ દુઃખ કરનાર. ૦દ,૦દાયક,૦દાયી,૦પ્રદ વિ૦ દુઃખ દેનારું. ૦પરિણામક વિ૦ દુઃખમાં પરિણમતું (નાટક). ૦ભંજક(–ન), ૦ભંજી વિ૦ દુઃખ દૂર કરનારું. ૦મય વિ૦ દુઃખથી ભરેલું. ૦મયતા સ્ત્રી૦. ૦વાદ પું૦ "પૅસિમિઝમ". ૦શરું વિ૦ જુઓ દુખશરું. ૦હર(–ર્તા) વિ૦ (૨) પું૦ દુઃખ હરી લેનારું. ૦હારિણી વિ૦ સ્ત્રી૦,૦હારી વિ૦ દુઃખહર. –ખારિ પું૦ દુઃખનો દુશ્મન–દૂર કરનાર. –ખાર્ત વિ૦ દુઃખથી પીડિત. –ખિની વિ૦ સ્ત્રી૦ દુઃખી (સ્ત્રી). –ખિત વિ૦ દુઃખથી પીડાયેલું; દુઃખી. –ખી વિ૦ જુઓ દુખી
દુઃશાસન પું૦ [सं.] (સં.) દુર્યોધનનો એક નાનો ભાઈ
દુઃશીલ વિ૦ [सं.] ખરાબ શીલવાળું
દુઃસહ વિ૦ [सं.] સહેવું મુશ્કેલ
દુઃસંસ્કાર પું૦ [सं.] ખરાબ–દુષ્ટ સંસ્કાર
દુઃસાધ્ય વિ૦ [सं.] કરવું મુશ્કેલ (૨) ન મટી શકે તેવું (રોગ માટે)
દુઃસ્થિતિ સ્ત્રી૦ [सं.] ખરાબ–કફોડી સ્થિતિ
દુઃસ્વપ્ન ન૦ [सं.] ખરાબ–અશુભ સ્વપ્ન
દુઃસ્વર પું૦ [सं.] ખરાબ કંઠ–સૂર
દૂ વિ૦ બે (સમાસમાં); બમણું (આંકમાં). ૦ગણ(–ન) સ્ત્રી૦ જુઓ દૂગન. ૦જું વિ૦ બીજું. ૦ણું વિ૦ બમણું
દૂઓ પું૦ બેની નિશાનીવાળું ગંજીફાનું પત્તું કે તેવો પાસો
દૂકડ ન૦ નરદું
દૂકૃત ન૦ + દુષ્કૃત
દૂગણ(–ન) સ્ત્રી૦, દૂજું વિ૦ જુઓ 'દૂ'માં
દૂઝણ સ્ત્રી૦ દૂધ આપતી ગાય ભેંસ. –ણું(–તું) વિ૦ દૂધ આપતું (ઢોર માટે)
દૂઝવું અ૦ક્રિ૦ દૂધ દેવું (૨) ઝરવું; નીગળવું
દૂડદમંગળ વિ૦ (કા.) જબરદસ્ત; પ્રચંડ
દૂણ સ્ત્રી૦ દૂણાવું તે; દૂણાયાની અસર. ૦વું સ૦ક્રિ૦ સંતાપવું; સતાવવું. –ણું વિ૦ મન બાળે–નાખુશ કરે તેવું (૨) ન૦ નારાજી કે તેનું કારણ (૩) જુઓ 'દૂ'માં. –ણો પું૦ બળવું–ચોટવું તે
દૂત,૦ક પું૦ [सं.] સંદેશો પહોંચાડનારો (૨) બાતમીદાર; જાસૂસ. ૦ત્વ, ૦પણું ન૦. –તિકા,–તી સ્ત્રી૦ સંદેશો પહોંચાડનાર સ્ત્રી (૨) આશકમાશૂક વચ્ચેના છાના સંદેશા પહોંચાડનારી કે તેમનો મેળાપ કરાવી આપનારી સ્ત્રી
દૂતું વિ૦ લુચ્ચું; ધૂર્ત
દૂદડા પું૦બ૦વ૦ નાના જોડા
દૂધ ન૦ સ્તન કે આંચળમાંથી નીકળતું ધોળું પ્રવાહી (૨) કેટલીક વનસ્પતિમાંથી નીકળતો એવો ધોળો રસ. ૦હાર પું૦ આઇસક્રીમ. ૦નો સંચો પું૦ દૂધ પીલી મલાઈ કાઢવાનું યંત્ર. ૦પાક પું૦ દૂધ અને ચોખાની એક વાની. ૦પાણી ન૦ તેલમાં પાપડિયો ખારો તથા પાણી નાખી કરેલું દૂધ જેવું દેખાતું પ્રવાહી (શાકમાં છાંટવા). ૦પીતું વિ૦ દૂધમાં મોં ડુબાડી મારી નાખેલું (બાળક). ૦ભાઈ પું૦ બાપ જુદા ને એક જ મા હોય એવો ભાઈ (આંગળિયાત). ૦મલ(–લ્લ) પું૦ જેને દૂધનો આહાર છે એવો મલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) વિ૦ પુષ્ટ; મજબૂત (૩) દૂધ પીને જીવનારું. ૦મોગર પું૦ દૂધમાં ઘઉંનો લોટ બાફી કરાતી એક વાની (સુ.). ૦રાજ ન૦ એક પક્ષી. ૦વાળી સ્ત્રી૦ દૂધ વેચનારી સ્ત્રી. ૦વાળો પું૦ દૂધ વેચનારો; દૂધનો વેપારી. –ધાધારી વિ૦. ફક્ત દૂધ પર જીવનારું

દૂધિયા વિ૦ પું૦બ૦વ૦ દૂધના જેવા સફેદ (દાંત) (૨) ધાવણા બાળકને ફૂટેલા (દાંત). ૦લટોરા ન૦ એક પક્ષી. –યું વિ૦ જુઓ દુધાળ (૨) ન૦ દૂધી (૩) બદામ ઇ૦ને ઘૂંટીને દૂધ જેવું પાણી કઢાય છે તે. –યો વછનાગ પું૦ એક ઔષધિ [પાક

દૂધી સ્ત્રી૦ એક વનસ્પતિ–શાક. ૦પાક પું૦ દૂધીનો બનાવેલો

દૂપટ વિ૦ બેવડું; બે ગણું [દુર્બળતા

દૂબળું વિ૦ દુર્બલ; કમજોર.–ળાઈ સ્ત્રી૦ દૂબળાપણું;

દૂબળો પું૦ ભીલને મળતી એક જાતનો આદમી (૨) અર્ધ ગુલામ જેવો (સુરત તરફ) ખેડૂતનો નોકર. –ળી સ્ત્રી૦ દૂબળાની કે તે જાતની સ્ત્રી [અ૦ક્રિ૦ દુભાવું

દૂભણ સ્ત્રી૦ મન દુભાવું તે. –વવું સ૦ક્રિ૦ દુભાવવું. –વું

દૂમરી સ્ત્રી૦ એક પક્ષી

દૂમવું સ૦ક્રિ૦ દમવું; પીડવું

દૂમો પું૦ જુઓ ડૂમો

દૂયમ વિ૦ [फ़ा.] જુઓ દુય્યમ

દૂર વિ૦ [सं.,फ़ा.] વેગળું; આઘું (૨) અ૦ વેગળે; આઘે. ૦અંદેશ વિ૦ દૂરઅંદેશો રાખનારું; દૂરંદેશ. ૦અંદેશી સ્ત્રી૦ દૂરંદેશપણું; દૂરંદેશી. ૦અંદેશો પું૦ ભાવીનો વિચાર પ્રથમથી જ કરી રાખવો તે; અગમચેતી; દૂરંદેશો. ૦ગામી વિ૦ દૂર સુધી જાય એવું. ૦તા સ્ત્રી૦. ૦દર્શક-યંત્ર ન૦ દૂરની વસ્તુ જોઈ શકાય એવું યંત્ર; દૂરબીન. ૦દર્શિતા સ્ત્રી૦. ૦દર્શી વિ૦ દૂરદષ્ટિવાળું. ૦દૃષ્ટિ સ્ત્રી૦ દૂર સુધી જતી નજર–દૂરંદેશી. ૦બીન ન૦ [फ़ा.] દૂર-દર્શકયંત્ર. ૦બીની સ્ત્રી૦ દૂર સુધી જોવું તે. ૦વર્તી વિ૦ દૂર–આઘું રહેલું. ૦સ્થ વિ૦ દૂર; આઘું; દૂરવર્તી

દૂરંદેશ વિ૦ [फ़ा.], –શી સ્ત્રી૦ –શો પું૦ જુઓ 'દૂર'માં દૂરઅંદેશ,–શી,–શો

દૂરાકૃષ્ટ વિ૦ [सं.] તાણીતોશીને કરેલું કે સાધેલું; અસહજ

દૂરાપાસ્ત વિ૦ [सं.] દૂર ફેંકી દીધેલું; રદ કરેલું; તિરસ્કૃત

દૂરી સ્ત્રી૦ દૂઓ; બેની સંજ્ઞાવાળું પત્તું (ગંજીફામાં)

દૂર્વા સ્ત્રી૦ [सं.] એક ઘાસ–દરો. ૦ષ્ટમી સ્ત્રી૦ જુઓ દરોઆઠમ

દૂલ ન૦ બૈરાં–છોકરાંના કાનનું એક ઘરેણું

દૂલરી સ્ત્રી૦ બે સેરનું સ્ત્રીનું કોટનું એક ઘરેણું

દૂલવું અ૦ક્રિ૦ જુઓ ડૂલવું

દૂલહો વિ૦ [પ્રાકૃત] દુર્લભ (જૈન)

દૂવો પું૦ જુઓ દૂઓ

દૂષક વિ૦ [सं.] દોષ કાઢનારું; છિદ્ર શોધનારું (૨) દોષ ઉત્પન્ન કરનારું; દોષ લગાડનારું. –ણ ન૦ દોષ; ખોડખાંપણ.–ણું સ૦ક્રિ૦ દોષિત કરવું. દૂષિત વિ૦ [सं.] દોષ–દૂષણવાળું

દૂસરું વિ૦ [हिं.] બીજું

દૂંટી સ્ત્રી૦ જુઓ ડૂંટી. –ટો પું૦ જુઓ ડૂંટો

દૂંડિયો પું૦ જુઓ ડાંડિયો

દૂંડું ન૦ જુઓ ડૂંડું. દૂંડો પું૦ જુઓ ડૂંડો

દૃક(–ગ) સ્ત્રી૦ [सं.] દૃષ્ટિ; નજર (૨) આંખ (૩) બેની સંજ્ઞા. –ગંચલ(–ળ) પું૦ આંખનો ખૂણો.–ગ્ગોચર વિ૦ દૃષ્ટિગોચર

દૃઢ વિ૦ [सं.] સ્થિર; મજબૂત. ૦તા સ્ત્રી૦. ૦ભાજક પું૦ બે કે વધારે આંકડાનો મોટામાં મોટો સાધારણ અવયવ (ગ.). –ઢાવવું સ૦ક્રિ૦ દૃઢ કરવું

દૃઢીભૂત વિ૦ [सं.] મજબૂત બનેલું

દૃશ(–ષ)દ પું૦ [सं.] પથરો

દૃશ્ય વિ૦ [सं.] જોવા જેવું (૨) દેખાય એવું (૩) ન૦ દેખાવ. ૦માન વિ૦ દેખાતું હોય એવું

દૃષદ પું૦ [सं.] જુઓ દૃશદ.

દૃષ્ટ વિ૦ [सं.] જોયેલું; દેખેલું (૨) સ્ત્રી૦ (પ.) દૃષ્ટિ

દૃષ્ટાંત ન૦ [सं.] ઉદાહરણ; દાખલો. ૦કથા સ્ત્રી૦ દૃષ્ટાંત તરીકે કહેલી કથા; 'પેરેબલ'. ૦ભૂત,૦રૂપ વિ૦ ઉદાહરણરૂપ; ધડો લેવા જેવું

દૃષ્ટિ સ્ત્રી૦ [सं.] નજર (૨) જોવાની શક્તિ (૩) [લા.] ધ્યાન; લક્ષ (૪) જુઓ દૃષ્ટિકોણ. ૦કોણ પું૦ વસ્તુને નિહાળવાની–વિચારવાની રીત કે માર્ગ. ૦ક્ષેપ પું૦ દૃષ્ટિપાત. ૦ગોચર વિ૦ નજરે પડે એવું; દૃષ્ટિ પહોંચી શકે એવું. ૦દોષ પું૦ આંખની ખોડ (૨) નજરચૂકથી રહી ગયેલી ખામી (૩) આંખ વડે થયેલો દોષ–અપરાધ. ૦પથ પું૦ જુઓ દૃષ્ટિમર્યાદા. ૦પાત પું૦ નજર પડવી–જોવું તે. ૦પૂત વિ૦ આંખથી જોયેલું–તપાસી લીધેલું. ૦પ્રદેશ પું૦ દૃષ્ટિમાં આવતો–દૃષ્ટિમર્યાદા સુધીનો બધો વિસ્તાર. ૦ફેર પું૦ દૃષ્ટિભેદ. ૦બિંદુ ન૦ દૃષ્ટિકોણ. ૦ભેદ પું૦ દૃષ્ટિનો–દૃષ્ટિકોણનો ભેદ કે ફરક. ૦મર્યાદા સ્ત્રી૦ જ્યાં સુધી આંખ જોઈ શકે તે હદ (૨) ક્ષિતિજ. ૦વાદ પું૦ નજરે દેખાય એ જ સાચું એવો વાદ. ૦વિદ્યા સ્ત્રી૦, ૦શાસ્ત્ર ન૦ દૃષ્ટિનું શાસ્ત્ર; 'ઑપ્ટિક્સ'. ૦સીમા સ્ત્રી૦ જુઓ દૃષ્ટિમર્યાદા. –ષ્ટ્યાદષ્ટ સ્ત્રી૦ દૃષ્ટિ સામે દૃષ્ટિ

દેકારો પું૦ (રવ૦) દે દે–માર માર એવો પોકાર

દેખણહાર વિ૦ જોનારું; દેખનારું.–રો વિ૦પું૦ જોનારો

દેખત અ૦ જોતાંવેંત. –દેખે અ૦ જોતજોતામાં.–તું વિ૦ જોતું; આંધળું નહિ એવું (૨) સમજુ; વિચારી

દેખરેખ સ્ત્રી સંભાળ; તપાસ

દેખવું સ૦ક્રિ૦ જોવું [દેખાતું

દેખંતું વિ૦ શોભીતું; દેખાવડું (૨) દેખવા પૂરતું; ઉપરથી

દેખા સ્ત્રી૦ દેખાવું–પ્રત્યક્ષ જણાવું તે. ૦ડ પું૦ દેખાડો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦ડવું સ૦ક્રિ૦ 'દેખવું'નું પ્રેરક. ૦ડો પું૦ સામાને બતાવવા પૂરતો દેખાવ–ડોળ (૨) દેખાડવું–બતાવવું તે. ૦દેખી સ્ત્રી૦ સામાનું જોઈને વાદેવાદ કરવું તે; અનુકરણ (૨) અ૦ જોઈ જોઈને; વાદેવાદ. ૦વ પું૦ દેખાવું તે; દૃશ્ય (૨) આકાર; આકૃતિ (૩) [લા.] જૂઠો દેખાવ; ડોળ. ૦વટ સ્ત્રી૦ દેખાડો; શોભા. ૦વડું વિ૦ સુંદર; રૂપાળું. ૦વું અ૦ક્રિ૦ જણાવું; નજરે પડવું; સૂઝવું ('દેખવું' નું કર્મણિ). –ખીતું વિ૦ પ્રત્યક્ષ; ખુલ્લું; સ્પષ્ટ (૨) માત્ર બહારથી જ દેખાતું; વાસ્તવિક નહિ એવું

દેગ પું૦ [ફા.] મોટો દેગડો (૨) સ્ત્રી૦ દેગડી; તાંબાનું એક વાસણ. ૦ડી સ્ત્રી૦ દેગ ૨ જુઓ. ૦ડું ન૦ નાનો દેગ; દેગડો. ૦ડો પું૦ ધાતુનું એક મોટું વાસણ; હાંડો

દેજ સ્ત્રી૦; ન૦ કન્યાને વરપક્ષ તરફથી આપવાની લૂગડાં વગેરેની ભેટ કે જમણ (૨) [સુ.] કન્યાનું શુલ્ક

દેડકી સ્ત્રી૦ દેડકાની માદા. –કું ન૦ ભીનાશમાં રહેતું એક પ્રાણી; મેડક.–કો પું૦ નર દેડકું

દેણ ન૦ દેવું; કરજ (૨) સરકારભરણું (૩) ઉપકારનું દબાણ (૪) વિ૦ દેનારું (સમાસને અંતે). ઉદા૦ દુખદેણ. ૦ગી સ્ત્રી૦ [મ.] બક્ષિસ (૨) દાન. ૦દાર,–ણિયાત વિ૦ દેવાદાર. –ણું ન૦ જુઓ દેણ

દેદાર પું૦ દીદાર; દેખાવ

દેદીપ્યમાન વિ૦ [સં.] દીપતું; ઝગઝગતું

દેન સ્ત્રી૦તાકાત;મગદૂર(૨)+ગાય(૩)ન૦દહન;અગ્નિસંસ્કાર

દેય વિ૦ [સં.] આપવા યોગ્ય કે આપી શકાય એવું

દેર પું૦ દિયર (૨) સ્ત્રી૦ [ફા.] ઢીલ; વાર

દેરડી સ્ત્રી૦ ઉતરડ (૨) નાનું મંદિર–દેરું

દેરાણી સ્ત્રી૦ દિયરની વહુ

દેરાસર ન૦ ઘરમાં દેવ રાખવાની જગા (૨) જૈન દેવમંદિર. –રી વિ૦ દેરાસરમાં રહી નિયમિત દેવપૂજા કરનારું

દેરીડો પું૦ (પ) દિયર (લાડમાં)

દેરું ન૦ દેવદેવીનું સ્થાન–મંદિર. –રી સ્ત્રી૦ નાનું દેરું

દેવ પું૦ [સં.] દેવતા; સુર; સ્વર્ગમાં રહેતું દિવ્ય સત્ત્વ (૨)ભગવાન; પરમેશ્વર (૩)સ્વામી; શેઠ; રાજા (આદર ને શ્રેષ્ઠત્વ સૂચક). ૦ઊઠી અગિયારશ(–સ) સ્ત્રી૦ કારતક સુદ અગિયારશ. ૦ઋ(–ર)ણ ન૦મનુષ્યનું દેવો પ્રત્યેનું ઋણ. ૦કન્યા ન૦ દેવની કન્યા. (૨) [લા.] અતિ રૂપ-ગુણવાળી કન્યા. ૦કથા સ્ત્રી૦ કોઈ દેવની ધાર્મિક કથાવાર્તા. ૦કપાસ પું૦ એક જાતનો કપાસ. ૦કલ્પ વિ૦ દેવ જેવું. ૦ગિરા સ્ત્રી૦આકાશવાણી. ૦ગિરિ પું૦ (સં.) એક પર્વત. ૦ઘર ન૦ દેરાસર;દેવમંદિર. ૦ચકલી,૦ચકલી સ્ત્રી૦એક જાતની ચકલી. ૦જા સ્ત્રી૦ દેવની દીકરી. ૦તરશ્યો(–સ્યો) પું૦ એક પક્ષી-ચાતક. ૦તરુ ન૦ સ્વર્ગનાં પાંચ વૃક્ષોમાંનું દરેક (મંદાર, પારિજાત, સંતાન, કલ્પ અને હરિચંદન) (૨) જેની નીચે ગામના લોકો ભેગા મળતા હોય તે ઝાડ. ૦તા પું૦ દેવ (૨) અગ્નિ (૩) સ્ત્રી૦ દેવી (૪) દેવત્વ. ૦તાઈ વિ૦ દૈવી; અલૌકિક. ૦દર્શન ન૦ દેવનું દર્શન. ૦દાર(–રુ) ન૦ એક જાતનું ઝાડ કે તેનું લાકડું. ૦દારી વિ૦ દેવદારનું બનાવેલું. ૦દાસી સ્ત્રી૦ દેવને અર્પણ કરેલી સ્ત્રી (મદ્રાસ તરફ આવી એક પ્રથા છે). ૦દિવાળી સ્ત્રી૦ કારતક સુદ પૂનમનું પર્વ. ૦દૂત પું૦ દેવનો દૂત. ૦નદી સ્ત્રી૦ ગંગા. ૦નાગરી વિ૦(૨)સ્ત્રી૦સંસ્કૃત અથવા બાળબોધ લિપિ. ૦પોઢી અગિયારશ(–સ) સ્ત્રી૦ અષાડ સુદ અગિયારશનું પર્વ. ૦ભાગ પું૦ દેવયજ્ઞ તરીકે દેવોને અર્પવાનો ભાગ. ૦ભાષા સ્ત્રી૦ સંસ્કૃત ભાષા. ૦ભૂમિ(–મી) સ્ત્રી૦ સ્વર્ગ. ૦મંદિર ન૦ દેવસ્થાન. ૦મુનિ પું૦(સં.) નારદ. ૦યજ્ઞ પું૦હોમ વગેરે (પંચ યજ્ઞોમાંનો એક). ૦યાત્રા સ્ત્રી૦ સ્વર્ગયાત્રા. ૦યાન ન૦ સ્વર્ગનો રથ; સ્વર્ગીય વાહન. ૦યાની સ્ત્રી૦ (સં.) શુક્રાચાર્યની પુત્રી–યયાતિની પત્ની (૨) એક નક્ષત્ર. ૦રાજ પું૦(સં.) ઇંદ્ર. ૦ર્ષિ પું૦(સં.) નારદ (૨) દેવોના ઋષિ કે દેવ જેવા ઋષિ (અત્રિ, મરીચિ વગેરે). ૦લાં ન૦બ૦વ૦ (સુ.) ઘરના દેવસ્થાનની મૂર્તિઓ. ૦લી સ્ત્રી૦ જુઓ દેવચકલી. ૦લોક પું૦ દેવોનો લોક–સ્વર્ગ. ૦વર પું૦ દેવોમાં શ્રેષ્ઠ દેવ. ૦વાણી સ્ત્રી૦ આકાશવાણી. ૦શયની એકાદશી સ્ત્રી૦ જુઓ 'દેવપોઢી અગિયારસ'. ૦સેવા સ્ત્રી૦ દેવની–મૂર્તિની પૂજા વગેરે. ૦સ્થલ(–ળ),૦સ્થાન ન૦ મંદિર

દેવડ સ્ત્રી૦ આપવું તે;આપવાનો વહીવટ (લેવડ સાથે વપરાય છે). –ડા(–રા)વવું સ૦ક્રિ૦ 'દેવું'નું પ્રેરક

દેવડી સ્ત્રી૦ દ્વારપાળને બેસવાની જગા (૨) ચોકી; ચબૂતરો (૩) સાધુ; સંન્યાસી અથવા સતીને જ્યાં દાટ્યાં–બાળ્યાં હોય ત્યાં કરેલું નાનું દેરા જેવું ચણતર

દેવર પું૦ [સં.] દિયર. –રિયો પું૦ દેવર (વહાલમાં)

દેવરાવવું સ૦ક્રિ૦ જુઓ દેવડાવવું

દેવળ ન૦ દેરું (ખાસ કરીને ખ્રિસ્તી લોકોનું)

દેવાજ્ઞા સ્ત્રી૦ [સં.] મરણ (શ૦ પ્ર૦ માં)

દેવાડવું સ૦ક્રિ૦ દેવડાવવું; અપાવવું ('દેવું'નું પ્રેરક)

દેવાતણ(–ન) ન૦ દેવપણું

દેવાદાર વિ૦ કરજદાર; માથે દેવું હોય એવું

દેવાધિદેવ પું૦ [સં.] દેવોના પણ દેવ–પરમેશ્વર

દેવાનાંપ્રિય વિ૦[સં.]દેવોને પ્રિય એવું (અશોકનો ઇલકાબ)

દેવાર્ચન ન૦,–ના સ્ત્રી૦ [સં.] દેવનું અર્ચન-પૂજા

દેવાલય ન૦ [સં.] દેવમંદિર; દેરું

દેવાવું અ૦ક્રિ૦ 'દેવું'નું કર્મણિ

દેવાળિયું વિ૦દેવાળું કાઢનારું;નાદાર. –યો પું૦તેવો માણસ

દેવાળું ન૦ દેવું આપવાની અશક્તિ; નાદારી

દેવાંગના સ્ત્રી૦ [સં.] દેવની સ્ત્રી; દેવી (૨) અપ્સરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવાંગી વિ૦ [સં.] દેવના જેવા અંગવાળું
દેવાંશી વિ૦ [સં.] દેવના અંશવાળું
દેવી સ્ત્રી૦ [સં.] દેવની સ્ત્રી; દેવતા; દિવ્ય શક્તિ; માતા (૨) રાણી (સંબોધનમાં) (૩) સ્ત્રીના નામને અંતે લગાડાતો ગૌરવવાચક શબ્દ. ઉદા૦ ઉષાદેવી. (૪)સ્ત્રી (ગૌરવવાચક)
દેવું સ૦ક્રિ૦ આપવું (૨) બંધ કરવું (૩) ન૦ કરજ
દેવેશ પું૦ [સં.] દેવોનો ઈશ; દેવાધિદેવ
દેશ પું૦ [સં.] રાષ્ટ્ર (૨) વિભાગ (૩) વતન (૪) ક્ષેત્ર; પ્રદેશ. **૦કાલ(-ળ)** પું૦ દેશ અને કાળ (૨) ચાલતો રીતરિવાજ. **૦જ** વિ૦દેશ્ય. **૦દાઝ** સ્ત્રી૦ દેશની લાગણી. **૦દ્રોહ** પું૦દેશ પ્રત્યે બેવફાઈ. **૦દ્રોહી** વિ૦દેશદ્રોહ કરનારું. **૦ધર્મ** પું૦ દેશનો કે દેશ પ્રત્યેનો ધર્મ. **૦નિકાલ** પું૦ દેશમાંથી કાઢી મૂકવું તે. **૦પતિ** પું૦ રાજા. **૦પાર** અ૦ દેશની બહાર (દેશનિકાલ.). **૦પ્રેમ** પું૦ દેશને માટે પ્રેમ. **૦પ્રેમી** વિ૦ દેશપ્રેમવાળું. **૦બંધુ, ૦બાંધવ** પું૦ દેશભાઈ. **૦ભક્ત** પું૦ દેશભક્તિવાળો. **૦ભક્તિ** સ્ત્રી૦ દેશ પ્રત્યેની ભક્તિ. **૦ભાઈ** પું૦ પોતાના દેશનો માણસ. **૦વટો** પું૦ પરદેશમાં વાસ (૨) દેશાટન. **૦વ્યવહાર** પું૦ જુઓ દેશધર્મ. **૦સેવક** પું૦ દેશસેવા કરનાર. **૦સેવા** સ્ત્રી૦ દેશની સેવા. **૦સ્થ** પું૦ મહારાષ્ટ્રી બ્રાહ્મણની એક જાત
દેશના સ્ત્રી૦ [સં.] બોધ; ઉપદેશ
દેશા(-સા)ઈ પું૦ એક અટક (૨) રાજ્યને કરેલી સેવા બદલ મળેલી બક્ષિસનો માલિક; વતનદાર (૩) રબારી માટેનો માનવાચક શબ્દ. **૦ગીરી** સ્ત્રી૦, **૦વટું** ન૦ દેશાઈનું પદ કે હક (૨) તેની રૂએ સરકારમાંથી મળતું લવાજમ
દેશાખ પું૦ એક રાગ. **-ખી** સ્ત્રી૦ [સં.] એક રાગણી
દેશાચાર પું૦ [સં.] દેશનો આચાર-રૂઢિ
દેશાટન ન૦ [સં.] જુદા જુદા દેશમાં ફરવું તે
દેશા(-સા)ણ સ્ત્રી૦ દેશાઈની સ્ત્રી
દેશાનુરાગી વિ૦ [સં.] દેશપ્રેમી [દેશાભિમાનવાળો
દેશાભિમાન ન૦[સં.] પોતાના દેશનું અભિમાન. **-ની** વિ૦
દેશાવર પું૦ [સં.] પરદેશ
દેશાસ્મિતા સ્ત્રી૦ [સં.] દેશાભિમાન
દેશાંતર ન૦ [સં.] દેશાવર
દેશી વિ૦[સં.]દેશનું,-ને લગતું(૨)સ્વદેશી(૩)પું૦ સ્વદેશનો રહીશ (૪) સ્ત્રી૦ એક રાગિણી (૫) પ્રાકૃત ભાષાનો એક પ્રકાર (૬) સંગીતના બે પ્રકારોમાંનો એક (૭) સંસ્કૃત નહિ પણ પ્રાકૃત છંદ કે પદ્યરચના. **૦જન** પું૦ + દેશનો માણસ; દેશભાઈ. **૦ય** વિ૦ દેશનું (૨) સ્થાનિક
દેશે(-શો)દેશ અ૦ બધા દેશોમાં (૨) સર્વસ્થળે
દેશોન્નતિ સ્ત્રી૦ [સં.] દેશની ઉન્નતિ-ચડતી
દેશ્ય વિ૦ [સં.] સ્થાનિક; પ્રાંતિક (૨) દેશી; દેશના મૂળ-વતનીઓનું વા એમની ભાષામાંથી આવેલું
દેસ પું૦ એક રાગ [જુઓ દેશાણ
દેસાઈ,૦ગીરી,૦વટું ન૦ જુઓ 'દેશાઈ'માં. **-ણ** સ્ત્રી૦
દેહ ન૦ [फ़ा.] ગામડું; દેહાત
દેહ પું૦;સ્ત્રી૦[સં.]શરીર;કાયા. **૦ત્યાગ** પું૦દેહનો ત્યાગ-મરણ. **૦દમન** ન૦ દેહનું દમન; શારીરિક તપસ્યા. **૦દર્શી** વિ૦ દેહને જ જોઈ રહેનારું. **૦દશા** સ્ત્રી૦ દેહની સ્થિતિ. **૦દંડ** પું૦ શરીરને કષ્ટ આપવું તે (૨) શારીરિક શિક્ષા; શરીરનો અવયવ કાપી નાખવાની શિક્ષા. **૦ધર્મ** પું૦ શરીરના ગુણધર્મ. **૦ધર્મવિદ્યા** સ્ત્રી૦ દેહધર્મની વિદ્યા; 'ફીઝિયોલોજી. **૦ધારણ** ન૦ દેહ ધારણ કરવો તે (૨) દેહ ટકાવી રાખવો-જીવવું તે. **૦ધારી** વિ૦ જેને દેહ હોય એવું; શરીરી. **૦પાત** પું૦ દેહનું પડવું તે; મરણ. **૦બંધ** પું૦ શરીરનું કાઠું. **૦માની** વિ૦ દેહના અભિમાન-વાળું. **૦યાત્રા** સ્ત્રી૦ શરીરનિર્વાહ; ગુજરાન (૨) મરણ. **૦રખુ** વિ૦ શરીરની જ વધારે ફિકર કર્યા કરનારું (૨) જાતરખું;સ્વાર્થી. **૦લગ્ન** ન૦ શરીર પૂરતું લગ્ન;આત્માનું-સ્નેહલગ્ન નહિ તે. **૦વાદ** પું૦ દેહ પરમ તત્વ છે એવો વાદ. **૦વાદી** વિ૦ દેહવાદમાં માનતું. **૦વિદ્યા** સ્ત્રી૦ જુઓ દેહધર્મવિદ્યા. **૦સ્વભાવ** પું૦ દેહનો સ્વભાવ-ગુણ. **-હાત્મવાદ** પું૦ શરીરથી ભિન્ન કોઈ આત્મા નથી, શરીર એ જ આત્મા છે એવો મત; જડવાદ. **-હાત્મવાદી** વિ૦ દેહાત્મવાદનું,-ને લગતું (૨) પું૦ દેહાત્મવાદમાં માનનારો આદમી. **-હાધ્યાસ** પું૦દેહને વિષે અધ્યાસ-દેહાભિમાન. **-હાભિમાન** ન૦ દેહનું અભિમાન. **-હાભિ-માની** વિ૦ દેહાભિમાનવાળું. **-હાંત** પું૦ દેહનો અંત; મૃત્યુ. **-હાંતદંડ** પું૦ મોતની શિક્ષા. **-હાંતર** ન૦ બીજો દેહ. **-હી** વિ૦ શરીરવાળું (૨) પું૦ આત્મા. **-હોત્સર્ગ** પું૦ દેહત્યાગ; મૃત્યુ
દેહલિ(-લી) સ્ત્રી૦ [સં.] ઉંબરો. **૦દીપકન્યાય** પું૦ ઉંબરા પર મૂકેલો દીવો જેમ બંને બાજુ પ્રકાશ આપે તેમ બંને બાજુને એકસાથે લાગુ પાડવું તે
દેહવટ અ૦ બધી દિશામાં (૨)સ્ફેતડે [ગામડાનો રહીશ
દેહાત સ્ત્રી૦ [हिं.] ગામડું. **-તી** વિ૦ ગામડાનું (૨) પું૦
દેંડવું ન૦ ડેંડવું; પાણીનો સાપ
દૈત્ય પું૦ [સં.] રાક્ષસ
દૈનિક વિ૦ [સં.] રોજનું (૨) ન૦ રોજ નીકળતું છાપું
દૈન્ય ન૦ [સં.] દીનતા
દૈવ વિ૦ [સં.] દેવ-દેવતાને લગતું (૨) ન૦ નસીબ. **૦ગતિ** સ્ત્રી૦ નસીબની ગતિ-ઘટના. **૦ઘટના** સ્ત્રી૦ નસીબની ઘટના-જોગ. **૦જો(-યો)ગ** પું૦ નસીબનો જોગ-સંયોગ. **૦જ્ઞ** પું૦ નસીબને જાણનારો-જોશી. **૦ત** ન૦ દેવત્વ; તેજ (૨) સત્વ; સાર. **૦વાદ** પું૦ પુરુષાર્થવાદથી વિરુદ્ધ વાદ. **-વાધીન** વિ૦ દૈવને-નસીબને અધીન. **-વિક,**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

-વી વિ૦ દેવ સંબંધી; દેવતાઈ (૨) અલૌકિક (૩) આકસ્મિક. -વ્ય ન૦ [સં.] દૈવ; નસીબ
દૈશિક વિ૦ [સં.] દેશનું,-ને લગતું (૨) પ્રાંતિક (૩) પું૦ ગુરુ (૪) ભોમિયો; જાણકાર
દૈહિક વિ૦ [સં.] દેહનું,-ને લગતું [રૂપ
દો [દા, કાંઈક યશ્રુતિ] આપો ('દેવું'નું આજ્ઞાર્થ, બ૦વ૦
દો વિ૦ [ફ઼ા.] બે. ૦અમલી વિ૦ બે અમલવાળું. ૦આબ પું૦ બે નદીઓ વચ્ચેનો પ્રદેશ [ગુણ;'માર્ક'
દોકડો પું૦ રૂપિયાનો સોમો ભાગ(૨) બાર ટકા વ્યાજ(૩)
દોખવું સ૦ક્રિ૦ + દુઃખ આપવું
દોગાની સ્ત્રી૦ જૂઠો આરોપ (૨) અપકીર્તિ
દોગોદીલો પું૦ છોકરાંની એક રમત
દોજખ ન૦ [ફ઼ા.] નરક
દોટ સ્ત્રી૦ દોડવાની ક્રિયા. -ટંદોટા,-ટાદોટ સ્ત્રી૦ દોડાદોડ
દોટવું અ૦ક્રિ૦ લોટવું; આળોટવું; ગબડવું
દોટી સ્ત્રી૦ એક જાતનું કાપડ (૨) કન્યાના બાપને વેવાઈ તરફથી મળતી બક્ષિસ
દોઠું ન૦ જાડી પૂરી [દોડાદોડ; ધમાચકડી
દોડ સ્ત્રી૦ દોડવાની ક્રિયા કે ઝડપ. ૦ધામ,૦માર સ્ત્રી૦
દોડકી સ્ત્રી૦ તૂરિયાની જાતની એક વેલ. -કું ન૦ તેનું ફળ
દોડવું અ૦ક્રિ૦ નાસવું; ઝડપથી ફ઼દતે પગલે હીંડવું- ધસતા ચાલવું [વારંવાર દોડવું તે
દોડંદોડા, દોડાદોડ(-ડી) સ્ત્રી૦ દોડધામ; અહીં તહીં
દોડી સ્ત્રી૦ જુઓ ડોડી. -ડું ન૦ ડોડું
દોડો પું૦ જુઓ ડોડો
દોઢ વિ૦ એક ને અડધું-'૧॥' (૨) સ્ત્રી૦ દોઢવવું તે. ૦ચાતુરી સ્ત્રી૦ અતિ-વધારેપડતી ચાલાકી. ૦ડહાપણ ન૦ વધારેપડતું ડહાપણ; ચિબાવલાપણું. ૦ડાહ્યું વિ૦ વધારેપડતું ડહાપણ કરનારું (૨) ન૦ દોઢડહાપણ કે તેવી વાત. ૦પગું વિ૦ લંગડું. ૦વવું સ૦ક્રિ૦ દોઢ ગણું કરવું. ૦વું સ૦ક્રિ૦ સીવવું; દોરવવું (૨) દોઢવવું. ૦સો પું૦ '૧૫૦'. -ઢા પું૦બ૦વ૦, -ઢાં ન૦બ૦વ૦ દોઢના આંક
દોઢિયું વિ૦ દોઢું (૨) ન૦ દોઢ પને સીવેલું વસ્ત્ર (૩) પૈસો; કાવડિયું (૪) જેમાં પ્રાસ દોઢવાય છે એવું ગીત. -યાં ન૦બ૦વ૦ [લા.] પૈસો; ધન
દોઢી સ્ત્રી૦ ડેલડી; માંડવી
દોઢું વિ૦ દોઢ ગણું [મોટી દોણી
દોણી સ્ત્રી૦ હાંલ્લી (દૂધ, દહીં વગેરે ભરવાની). -ણું ન૦
દોત પું૦ + દવાત; ખડિયો
દોતવું અ૦ક્રિ૦ [સુ.] શોભવું; સુંદર દેખાવું
દોતું વિ૦ + સુંદર [લખનાર; મહેતો
દોતિયો પું૦ દવાતી; અરજીઓ લખી આપનારો (૨) નામું
દોથાથાળી સ્ત્રી૦ (કા.) ખૂબ ખાવું તે
દોથો પું૦ ખોબો; મૂઠો
દોદરું (-ળું) વિ૦ જીર્ણ; નબળું (૨) ખોખરું
દોદશ અ૦ બધી બાજુએ; આમતેમ
દોદળું વિ૦ જુઓ દોદરું
દોધક પું૦ [સં.] એક છંદ
દોધારું વિ૦ બે ધારવાળું
દોપટ વિ૦ બેવડું; બમણું; દૂપટ
દોપિસ્તાં ન૦બ૦વ૦ અક્ષર ઘૂંટવાનું જાડું પૂંઠું
દોબડું ન૦ એક જાતનું વાજિંત્ર
દોમદોમ અ૦ પુષ્કળ; અતિશય
દોર [દો] પું૦ અમલ;સત્તા (૨) દમામ;ભભકો. ૦તોર પું૦ રોફ અને તુમાખી. ૦દમામ પું૦ દોર અને દમામ
દોર પું૦ [સં.] જાડું દોરડું (૨) પતંગની દોરી. ૦ડી સ્ત્રી૦ પાતળું દોરડું; દોરી. ૦ડું ન૦ દોર; રેસાદાર વસ્તુને વળ દઈ કરાતી બનાવટ. ૦ડો પું૦ દોરો (૨) મંત્રેલો દોરો
દોરવણી સ્ત્રી૦ દોરવવું તે (૨) શિખવણી
દોરવવું સ૦ક્રિ૦ હાથ ઝાલી ચલાવવું; રસ્તો બતાવવો (૨) દોરા ભરવા; સીવવું
દોરવું સ૦ક્રિ૦ જુઓ દોરવવું (૨) આંકવું (લીંટી)
દોરંગી વિ૦ બેરંગવાળું (૨) [લા.] મનસ્વી; ચંચળ
દોરિયું ન૦ એક જાતનું વસ્ત્ર
દોરિયો પું૦ પાણી ખેંચવાનું એક વાસણ (૨) એક જાતનું કાપડ (૩) લાંબો પાતળો વાંસ (૪) ગળાનું એક ઘરેણું
દોરી સ્ત્રી૦ રસી; દોરડી (૨) પતંગની પાતળી દોરી. ૦સંચાર (-રો) પું૦ દોરી ખેંચવાથી હાલતાં ચાલતાં પૂતળાંને નચાવવાં તે (૨) [લા.] પાછળ રહીને યુક્તિપ્રયુક્તિ કરવી તે. ૦સંચો પું૦ પાછળથી દોરી ખેંચવાનો સંચો-યુક્તિ; દોરીસંચારો. ૦છ(-છં)ટ અ૦ સીધી લીટીમાં
દોરૂખ સ્ત્રી૦ લાઠીની એક કસરત
દોરો પું૦ દોરડો; સીવવા વગેરે માટેનો પાતળો દોર (૨) ગળાનું એક ઘરેણું (૩) કંદોરો (૪) મંતરેલો દોરો. -રાચિઠ્ઠી સ્ત્રી૦ મંતરેલા દોરા ચિઠ્ઠી વગેરે. -રાટવું સ૦ક્રિ૦ દોરા ભરવા; સીવવું. ૦ધાગો પું૦ મંતરેલો દોરો
દોલ પું૦ [સં.] ઝૂલો; હીંચકો (૨) સ્ત્રી૦ તંગી; ભીડ
દોલત સ્ત્રી૦ [ફ઼ા.] પૈસો; પૂંજી. ૦જાદો પું૦ ધનવાનનો પુત્ર. ૦મંદ,૦વાન વિ૦ પૈસાદાર
દોલન ન૦ [સં.] જુઓ ડોલન (૨) ખોયું; દોલ
દોલસોલ સ્ત્રી૦ ગરીબાઈ; નિર્ધનતા
દોલા સ્ત્રી૦ [સં.] હીંચકો (૨) પાલખી; ડોળી. ૦યંત્ર ન૦ ઘડામાં પ્રવાહી ભરી તેની અંદર ઔષધિની પોટલી લટકતી રાખી ઔષધિ તૈયાર કરવાની રચના. ૦યમાન વિ૦ જુઓ ડોલાયમાન. -લિકા સ્ત્રી૦ જુઓ દોલા
દોલાબ પું૦ [ફ઼ા.] ભીંતમાંનું કબાટ; ભંડારિયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોલાયમાન,દોલાયંત્ર,દોલિકા [સં.] જુઓ 'દોલા'માં

દોલું વિ૦ ભોળું (૨) ઉદાર જીવનું; સખી

દોલોત્સવ પું૦ [સં.] વૈષ્ણવ મંદિરનો હિંડોળાનો ઉત્સવ

દોવડા(-રા)વવું સ૦ક્રિ૦, **દોવાવું** અ૦ક્રિ૦ 'દોહવું'નું પ્રેરક ને કર્મણિ

દોશી પું૦ કાપડ વેચનારો ફેરિયો(૨)એક અડક.૦વાણિયો [પું૦ કાપડિયો; દોશી

દોષ પું૦ [સં.] ભૂલ; ચૂક (૨) ખોડખાંપણ; ખામી (૩) ગુનો; વાંક (૪) લાંછન (૫) પાપ. **૦ગ્રાહી** વિ૦ દોષનું જ ગ્રહણ કરનારું. **૦દર્શી** વિ૦ (પારકાના) દોષ જોનારું-ખોળનારું. **૦દૃષ્ટિ** સ્ત્રી૦ (પારકાના) દોષ જોવા તે. **૦પક્ષ** પું૦ દોષવાળો પક્ષ. **૦મય** વિ૦ દોષથી ભરેલું. **-ષાકર** પું૦ દોષનો આકર-ખાણ. **-ષારોપ** પું૦,**-ષારોપણ** ન૦ માથે દોષ ચડાવવો તે. **-ષાર્હ** વિ૦ દોષ દેવા લાયક; દોષપાત્ર. **-ષિત,-ષી** વિ૦ દોષવાળું; અપરાધી (૨) પાપી. **-ષૈકદૃષ્ટિ** વિ૦ ફક્ત દોષ જ જોવાની દૃષ્ટિવાળું

દોષા સ્ત્રી૦ [સં.] રાત્રિ (૨) અ૦ રાતે. **૦કર** પું૦ (સં.)ચંદ્ર

દોસ્ત પું૦ [ફા.], **૦દાર** પું૦ મિત્ર; ભાઈબંધ. **૦દારી, -સ્તી** સ્ત્રી૦ મિત્રાચારી; ભાઈબંધી

દોસ્તી અ૦ (સુ.) માટે; વાસ્તે; ખાતર

દોહદ પું૦; ન૦ [સં.] ગર્ભિણી સ્ત્રીને થતો અભિલાષ (૨) તીવ્ર ઇચ્છા. **૦વતી** સ્ત્રી૦ દોહદવાળી-સગર્ભા સ્ત્રી

દોહન ન૦ [સં.] દોહવું તે

દોહરો પું૦ એક છંદ

દોહલ ન૦+દુઃખ; દોહ્યલું

દોહવું સ૦ક્રિ૦ ઢોરનું દૂધ કાઢવું (૨) [લા.] સાર ખેંચવો

દોહિતર પું૦ મૂએલા માણસ પાછળ વહેંચવામાં આવતા દૂધના લાડુ (૨) દોહિત્ર

દોહિત્ર પું૦ દીકરીનો દીકરો; દૌહિત્ર

દોહ્યલું વિ૦ અઘરું; મુશ્કેલ (૨) ન૦ દુઃખ; સંકટ

દોંગું વિ૦ ધૂર્ત; લુચ્ચું (૨) બેઅદબ; ઉદ્ધત (૩) માંસલ; જાડું.**-ગાઈ** સ્ત્રી૦,**-ગાપણું** ન૦ લુચ્ચાઈ; ધૂર્તતા

દૌરાત્મ્ય ન૦ [સં.] દુરાત્માપણું; દુષ્ટતા; દુર્જનતા

દૌરો પું૦ [અ.] ચારે તરફ ચક્કર લગાવવું તે; પ્રવાસ

દૌર્જન્ય ન૦ [સં.] દુર્જનતા

દૌર્બલ્ય ન૦ [સં.] દુર્બળતા

દૌર્ભાગ્ય ન૦ [સં.] કમનસીબી; દુર્દૈવ [(૩) નિરાશા

દૌર્મનસ્ય ન૦ [સં.] મનની ખરાબ દશા (૨) શોક; ખેદ

દૌવારિક પું૦ [સં.] દરવાન [દીકરીની દીકરી

દૌહિત્ર પું૦ [સં.] દીકરીનો દીકરો; દોહિત્ર.**-ત્રી** સ્ત્રી૦

દ્યાવાપૃથિવી ન૦બ૦વ૦ [સં.] દ્યૌ અને પૃથ્વી

દ્યુતિ સ્ત્રી૦ [સં.] તેજ; કાંતિ. **૦મંત** વિ૦ તેજસ્વી

દ્યુલોક પું૦ [સં.] સ્વર્ગ

દ્યૂત ન૦ [સં.] જુગટું; જુગાર. **૦વિદ** પું૦ દ્યૂત જાણનાર

દ્યો સ્ત્રી૦ [સં.] જુઓ દ્યૌ

દ્યોત પું૦ [સં.] દ્યુતિ; તેજ; પ્રકાશ. **૦ક** વિ૦ પ્રકાશ કરનારું (૨) દર્શાવનારું; સ્પષ્ટ કરનારું. **૦ન** ન૦ પ્રકાશન (૨) દર્શાવવું તે; સ્પષ્ટ કરવું તે

દ્યૌ સ્ત્રી૦ [સં.] આકાશ (૨) સ્વર્ગ

દ્રમકવું અ૦ક્રિ૦ (રવ૦)+ દમકવું (ઢોલનો અવાજ)

દ્રમ્મ પું૦ [સં.] એક પ્રાચીન સિક્કો; નિષ્કનો સોળમો ભાગ

દ્રવ પું૦ [સં.] દ્રવવું તે (૨) ગળેલો રસ; પ્રવાહી. **૦સ્થિતિશાસ્ત્ર** ન૦ 'હાઈડ્રોસ્ટેટિક્સ'(ગ.). **૦ગતિશાસ્ત્ર** ન૦ 'હાઈડ્રોડિનેમિક્સ' (ગ.). **૦વું** અ૦ક્રિ૦ પીગળવું; ઓગળવું (૨)ઝરવું; ગળવું (૩) [લા.] ગદ્ગદ થવું (દિલનું)

દ્રવિડ પું૦ [સં.] (સં.) દક્ષિણના એક દેશનું પ્રાચીન નામ કે ત્યાંનો વતની. **-ડી** વિ૦ દ્રવિડ દેશનું

દ્રવિત વિ૦ [સં.] દ્રવેલું

દ્રવીકરણ ન૦ [સં.] પ્રવાહીરૂપ થાય એમ કરવું તે

દ્રવીભવન ન૦,**દ્રવીભાવ** પું૦ [સં.] દ્રવરૂપ થવું તે

દ્રવીભૂત વિ૦ [સં.] દ્રવેલું; દ્રવિત થયેલું

દ્રવ્ય ન૦ [સં.] પૈસો; નાણું (૨) વસ્તુ; પદાર્થ (૩) [ન્યા.] મૂળ તત્ત્વ. **૦યજ્ઞ** પું૦ દ્રવ્યના દાનરૂપી યજ્ઞ. **૦વાચક** વિ૦ [વ્યા.] સોનું, ગોળ જેવાં દ્રવ્યોનું વાચક (નામ). **૦વાન** વિ૦ ધનવાન. **-વ્યાર્થી** વિ૦ ધનની ઇચ્છા-વાસનાવાળું

દ્રષ્ટવ્ય વિ૦ [સં.] જોવા યોગ્ય

દ્રષ્ટા પું૦ [સં.] જોનારો (૨) પ્રકૃતિના સાક્ષીરૂપ આત્મા

દ્રહ પું૦ [સં.] ધરો; હ્રદ

દ્રાક્ષ,-ક્ષા સ્ત્રી૦ [સં.] એક જાતનું ફળ. **૦લતા** સ્ત્રી૦ દ્રાક્ષની વેલ. **૦પાક** પું૦ અંદર અને બહાર રસ સ્ફુરતો હોય એવો અર્થપરિપાક-અર્થનું ગાંભીર્ય ને પરિપક્વતા (કા.શા.). **-ક્ષારસ** પું૦ દ્રાક્ષનો રસ. **-ક્ષાસવ** પું૦ દ્રાક્ષનો આસવ

દ્રામ ન૦+ધન; દોલત

દ્રાવ પું૦ [સં.] જુઓ દ્રાવણ. **૦ક** વિ૦ ઓગાળી નાખે એવું (૨) ન૦ ધાતુઓ વગેરેનો ઝટ રસ બને એ માટે એની સાથે ભેળવવાનો એક પદાર્થ. **૦ણ** ન૦ દ્રવાવેલું-પ્રવાહીરૂપ બનાવેલું તે

દ્રાવિડ વિ૦ [સં.] દક્ષિણમાં પૂર્વ કિનારે આવેલા દ્રવિડદેશનું (૨)પું૦એ દેશનો આદમી(૩)દક્ષિણના બ્રાહ્મણોની પાંચ જાતિમાંની એકનો માણસ (દ્રાવિડ,કર્ણાટ,ગુર્જર,મહારાષ્ટ્ર અને તૈલંગ). **-ડી પ્રાણાયામ** પું૦ બિનજરૂરી લંબાણ

દ્રુત વિ૦ [સં.] ગળેલું; ઝરેલું; ટપકેલું (૨) ઉતાવળું; ઝડપવાળું. **૦વિલંબિત** ન૦ એક છંદ. **૦સંગીતતાલ** પું૦ સંગીતનો એક તાલ. **-તાણુલય** પું૦ સંગીતનો ૦। માત્રાનો એક લય

દ્રુપદ પું૦ [સં.] (સં.) પાંચાલ દેશનો રાજા-દ્રૌપદીનો પિતા

દ્રુમ ન૦ [સં.] ઝાડ. **૦તળાઈ** સ્ત્રી૦+ ઝાડનાં પાનની પથારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રો સ્ત્રી૦ એક વનસ્પતિ-દરો
દ્રોડ સ્ત્રી૦+દોડ; દોટ. -ડાવવું સ૦ક્રિ૦+દોડાવવું
દ્રોણ પું૦ [સં.] (સં.) પાંડવકૌરવોના ગુરુ (૨) પું૦; ન૦ એક માપ (એક કે ચાર આઢક જેટલું) (૩) દડિયો
દ્રોણિ(-ણી) સ્ત્રી૦ [સં.] હોજ; કૂંડી
દ્રોહ પું૦ [સં.] દગો; બેવફાઈ (૨) ઈર્ષા; વેર; દ્વેષ. -હી વિ૦ [દ્રોહ કરનારું
દ્રૌણાયન(-નિ) પું૦ [સં.] (સં.) અશ્વત્થામા
દ્રૌપદી સ્ત્રી૦ [સં.] (સં.) દ્રુપદ રાજાની પુત્રી; પાંડવોની પત્ની
દ્વય વિ૦ [સં.] બે
દ્વંદ્વ પું૦ [સં.] જુઓ દ્વંદ્વસમાસ (૨) ન૦ બેનું જોડું (૩) જુઓ દ્વંદ્વયુદ્ધ (૪) ઝઘડો; બખેડો. ૦ભાવ પું૦ અણબનાવ; દુશ્મનાવટ. ૦યુદ્ધ ન૦ બે જણ વચ્ચેનું યુદ્ધ. ૦સમાસ પું૦ (વ્યા.) 'રામલક્ષ્મણ', 'માબાપ' એવો બે કે વધારે શબ્દોનો સમાસ. -દ્વાતીત વિ૦ સુખદુઃખ, પાપપુણ્ય ઇત્યાદિ દ્વંદ્વોને તરી ગયેલું. -દ્વી વિ૦ દ્વંદ્વમાંનું એક (૨) પ્રતિસ્પર્ધી
દ્વાદશ વિ૦ [સં.] '૧૨'-બાર. -શા સ્ત્રી૦; ન૦ (મરનારનું) [બારમું. -શી સ્ત્રી૦ બારશ
દ્વાપર પું૦ [સં.] ચાર યુગોમાંનો ત્રીજો યુગ
દ્વાર ન૦ [સં.] બારણું. ૦(-રિ)કા સ્ત્રી૦; ન૦ (સં.) એક તીર્થ-કૃષ્ણની રાજધાની. ૦(-રિ)કાનાથ, ૦કેશ પું૦ (સં.) કૃષ્ણ
દ્વારપાલ(-ળ) પું૦ [સં.] દરવાન. -લિકા સ્ત્રી૦ સ્ત્રી- [દ્વારપાલ (૨) દ્વારપાલની સ્ત્રી
દ્વારા અ૦ [સં.] મારફતે
દ્વારામતી, દ્વારિકા સ્ત્રી૦ (સં.) દ્વારકા
દ્વિ વિ૦ [સં.] બે. ૦અર્થી વિ૦ બે અર્થવાળું
દ્વિકક્ષિક વિ૦ [સં.] બીજી કક્ષાનું. ૦સમીકરણ ન૦ 'ઇક્વેશન ઑફ ધી સેકન્ડ ઑર્ડર' (ગ.)
દ્વિકર્મક વિ૦ [સં.] (વ્યા.) બે કર્મવાળું (ક્રિ૦)
દ્વિગુ પું૦ [સં.] કર્મધારય સમાસનો એક પ્રકાર. ઉદા૦ ત્રિભુવન [(વ્યા.)
દ્વિગુણ વિ૦ [સં.] બમણું; બેવડું. -ણિત વિ૦ બેથી ગુણેલું; બમણું
દ્વિઘાત વિ૦ [સં.] 'ક્વૉડ્રૅટિક' (ગ.). ૦પદી સ્ત્રી૦ ક્વૉડ્રૅટિક [એક્સ્પ્રેશન' (ગ.)
દ્વિજ વિ૦ [સં.] બે વાર જન્મેલું (૨) પું૦ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય (૩) દાંત (૪) ન૦ પંખી; અંડજ. ૦ન્મા પું૦ દ્વિજ; બ્રાહ્મણ. ૦રાજ પું૦ ઉત્તમ દ્વિજ (૨) [સં.] ગરુડ
દ્વિતલ વિ૦ [સં.] (ગ.) 'ડાઇહેડ્રલ'. ૦કોણ પું૦ તેવો ખૂણો (ગ.)
દ્વિતાલ પું૦ [સં.] સંગીતનો એક તાલ
દ્વિતીય વિ૦ [સં.] બીજું. ૦તાલ પું૦ સંગીતનો એક તાલ. ૦પદી સ્ત્રી૦ 'ક્વૉડ્રૅટિક એક્સ્પ્રેશન' (ગ.). -યા વિ૦ સ્ત્રી૦ બીજી (૨) સ્ત્રી૦ બીજ (તિથિ)
દ્વિદલ(-ળ) [સં.] વિ૦ બે દલ-ફાડવાળું (૨) ન૦ કઠોળ
દ્વિધર્મી વિ૦ બે ગુણ-ધર્મવાળું
દ્વિધા અ૦ [સં.] બે રીતે
દ્વિપ પું૦ [સં.] હાથી
દ્વિપક્ષી વિ૦ બે પાંખવાળું
દ્વિપદ વિ૦ [સં.] બે પગવાળું; દ્વિપાદ (૨) 'બાયનૉમિયલ' (ગ.). ૦સમીકરણ ન૦ 'બાયનૉમિયલ ઇક્વેશન' (ગ.). ૦સિદ્ધાંત પું૦ 'બાયનૉમિયલ થિયોરમ' (ગ.). -દી સ્ત્રી૦ એક પ્રાકૃત છંદ (૨) 'બાયનૉમિયલ એક્સ્પ્રેશન' (ગ.)
દ્વિપાદ વિ૦ [સં.] જુઓ દ્વિપદ
દ્વિભાજક વિ૦ (૨) પું૦ [સં.] દુભાગનાર; 'બાયસેક્ટર' (ગ.)
દ્વિભાજન ન૦ [સં.] દુભાગવું તે (ગ.)
દ્વિરદ પું૦ [સં.] હાથી
દ્વિરુક્ત વિ૦ [સં.] બે વાર કહેવાયેલું. -ક્તિ સ્ત્રી૦ બે વાર [કહેવું તે
દ્વિરેફ પું૦ [સં.] ભ્રમર
દ્વિર્ભાવ પું૦ [સં.] વર્ણનું બેવડાવું તે (વ્યા.)
દ્વિસ્વર વિ૦ [સં.] બે સ્વરવાળું
દ્વિવચન ન૦ [સં.] બેનો બોધ કરે એવું વચન [વ્યા.]
દ્વિવર્ગાત્મક વિ૦ [સં.] 'બાઇક્વૉડ્રૅટિક' (ગ.)
દ્વિવિધ વિ૦ [સં.] બે પ્રકારનું
દ્વીપ પું૦ [સં.] બેટ; ટાપુ. ૦કલ્પ પું૦ જેની ત્રણ બાજુએ પાણી હોય તેવો જમીનનો ભાગ. ૦સમૂહ પું૦ ટાપુઓનો સમૂહ; 'આર્કિપેલેગો'
દ્વીપી પું૦ [સં.] વાઘ; ચિત્તો
દ્વીભૂત વિ૦ [સં.] બેવડાયેલું. ૦બિંદુ ન૦ 'ડબલ પૉઇન્ટ' (ગ.)
દ્વે વિ૦+દ્વય; બે
દ્વેષ પું૦ [સં.] ઈર્ષા; વેર (૨) અપ્રિયતા; તિરસ્કાર. ૦ભાવ પું૦ દ્વેષની લાગણી. -ષી વિ૦ દ્વેષવાળું. -ષ્ટા પું૦ દ્વેષ કરનારો; દુશ્મન. -ષ્ય વિ૦ દ્વેષ કરવા યોગ્ય (૨) ન૦ ન ગમતું; અપ્રિય
દ્વૈત ન૦ [સં.] બેપણું; ભિન્નતા. ૦બુદ્ધિ સ્ત્રી૦, ૦ભાવ પું૦ ઈશ્વર અને જગત વચ્ચે દ્વૈતની બુદ્ધિ-ભાન. ૦મત પું૦; ન૦, ૦વાદ પું૦ ઈશ્વર અને સૃષ્ટિ એ બે જુદાં છે એવો મત. ૦વન (સં.) એક જંગલ (પૌરાણિક). ૦વાદી વિ૦ દ્વૈતવાદને લગતું (૨) દ્વૈતવાદને માનનારું (૩) પું૦ દ્વૈતવાદમાં માનનારો. -તાદ્વૈત ન૦ દ્વૈત કે અદ્વૈત; ભેદભાવ. -તીયીક વિ૦ દ્વિતીયને લગતું; બીજું
દ્વૈત્રિજ્ય ન૦ [સં.] 'સેક્ટર' (ગ.)
દ્વૈધાસ્પર્શ પું૦ [સં.] 'ડબલ કૉન્ટૅક્ટ' (ગ.)
દ્વૈધીભાવ પું૦ [સં.] ભેદભાવ; દ્વૈત (૨) અનિશ્ચય; સંશય (૩) બહાર અને અંદર જુદો ભાવ રાખવો તે
દ્વૈપાયન પું૦ [સં.] (સં.) મહાભારતના કર્તા-વેદવ્યાસ
દ્વૈમાસિક વિ૦ [સં.] દર બે માસે આવતું, બનતું (૨) ન૦ દર બે માસે પ્રગટ થતું છાપું
દ્વયણુક ન૦ [સં.] બે અણુનો બનેલો એક મોટો અણુ
દ્વયર્થ, -ર્થી વિ૦ [સં.] બે અર્થવાળું (૨) અસ્પષ્ટ. ૦તા સ્ત્રી૦ દ્વિઅર્થીપણું; અસ્પષ્ટતા
દ્વયર્ધ વિ૦ [સં.] બે અર્ધવાળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ

ધ પું૰ [સં.] દંતસ્થાની ચોથો વ્યંજન (૨) ધૈવત સ્વરની સંજ્ઞા. ૦કાર પું૰ ધ અક્ષર અથવા ઉચ્ચાર. -કારાંત વિ૰ છેડે ધકારવાળું. ૦ક્ષુ ન૰+, ૦દ્દો પું૰ ધ અક્ષર

ધક(-ખ) સ્ત્રી૰ તરસ (૨) ધગશ; જોશ (૩) ત્વરા (૪) ધ્યાન. ૦મક(-ખ) સ્ત્રી૰ ઉતાવળ [(૨) ભીડ

ધકાધકી સ્ત્રી૰ ધક્કાધક્કી; સામાસામી ધક્કા મારવા તે

ધકારવું સ૰ક્રિ૰ ઉતાવળ કરવી; ધકાવવું

ધકાવવું સ૰ક્રિ૰ ધકેલવું (૨) તડામાર આગળ ચલાવવું

ધકેલવું સ૰ક્રિ૰ ધક્કો મારવો; હડસેલવું

ધકેલિયું વિ૰ ગમે તેમ ધકેલી મૂકેલું-અપ્રમાણિત

ધકોડો પું૰ બુઠ્ઠું તીર

ધક્કંધક્કા, ધક્કાધક્કી સ્ત્રી૰ જુઓ ધકાધકી

ધક્કામુક્કી સ્ત્રી૰ ધક્કા અને મુક્કાથી મારામારી

ધક્કો પું૰ હડસેલો (૨) નુકસાન (૩) ફેરો (૪) ડક્કો: માલ ચડાવવા ઉતારવાની જગા

ધખ સ્ત્રી૰ જુઓ ધક

ધખણ વિ૰ (કા.) ઝટ ખિજાઈ જાય એવું

ધખધખવું અ૰ક્રિ૰ ધખવું; સમસમવું

ધખમખ સ્ત્રી૰ ધકમક; ઉતાવળ

ધખે(-ગ)વું અ૰ક્રિ૰ ધીકવું (૨) [લા.] ગુસ્સે થવું (૩) સ૰ક્રિ૰ ઠપકો આપવો [મનમાં ઘૂમ્યા કરવું તે

ધખારો પું૰ બાફ; ગરમી; તપારો (૨) [લા.] ઝંખના;

ધગડમલ પું૰ ધીંગડમલ [થાપો (૨) લંગોટિયો બાવો

ધગડું ન૰ પટાવાળો (તિરસ્કારમાં) (૨) ફૂલો.-ડો પું૰ ફૂલો;

ધગધગ અ૰ (જોરથી સળગવું કે ગરમ થવું સૂચવે છે). ૦વું અ૰ક્રિ૰ જોશથી બળવું (૨) ખૂબ ગરમ થવું

ધગવું અ૰ક્રિ૰ જુઓ ધખવું

ધગશ સ્ત્રી૰ દાઝ; ઉત્સાહ

ધગા સ્ત્રી૰ તાપ; ગરમી. ૦રી સ્ત્રી૰ થોડી ગરમી (૨) ધીકડી. -શું ન૰ (સુ.) ધીકડી [આકૃતિ

ધજ વિ૰ શ્રેષ્ઠ (૨) મજબૂત (૩) જોશીલું (૪) સ્ત્રી૰ ચાલ (૫)

ધજા સ્ત્રી૰ વાવટો; નિશાન. ૦ગરો પું૰ ધજા પકડનારો (૨) ધજાનો દંડ. ૦પતાકા સ્ત્રી૰ ધજા અને પતાકા

ધટી(-ટ્ટી) સ્ત્રી૰ [સં.] લંગોટી [(રવ૦)

ધડ ન૰ માથા વિનાનું શરીર (૨) [લા.] મૂળ પાયો (૩) અ૰

ધડક સ્ત્રી૰ હૃદયનો કંપ (૨) બીક (૩) અ૰ (રવ૦). ૦ણ વિ૰ બીકણ. ૦ધડક અ૰ (રવ૦). ૦વું અ૰ક્રિ૰ ધબકવું. -કાર(-રો) પું૰ ધબકારો

ધડકી સ્ત્રી૰ ધાબળી; નાનું આસન

ધડઝીબ અ૰ (રવ૦) ઓચિંતું

ધડધડ અ૰ (રવ૦) ધારા પડે કે લાકડી ઇ૰ ઉપરાઉપરી ને જોરથી પડે તેનો અવાજ. ૦વું અ૰ક્રિ૰ એકદમ તૂટી પડવું. -ડાટ પું૰ ધડધડ અવાજ (૨) અ૰ ઝપાટાભેર

ધડબડ ૦ધડબડ અ૰ (રવ૦) (દોડવાનો અવાજ)

ધડંધડ અ૰ (રવ૦). -ડા સ્ત્રી૰ મારામારી. -ડાકા પું૰ બ૰વ૰ ધડંધડ થતા ધડાકા

ધડાકો પું૰ (રવ૦) મોટો અવાજ; ભડાકો (૨) સાંભળનાર ચોંકે એવી વાત (૩) કાળનો ઝપાટો. -કાબંધ અ૰ ધડાકા સાથે (૨) સપાટામાં; એકદમ. -કાભડાકા પું૰ બ૰વ૰ ધડાકા અને ભડાકા

ધડાધડ અ૰ (રવ૦) 'તડાતડ, ઉપરાછાપરી, ઝપાટામાં' સૂચવતો અવાજ. -ડી સ્ત્રી૰ ધડંધડા (૨) ધમાલ

ધડાપીટ સ્ત્રી૰ (કા.) જોરથી છાતી કૂટવી તે

ધડાબંધી વિ૰ (કા.) વ્યવસ્થિત

ધડી સ્ત્રી૰ ધડો; સંતોલો (૨) અડસટ્ટો

ધડીમ, ૦ધડીમ અ૰(રવ૦) ધડધડ. ૦લો પું૰ ધડાપીટ

ધડુકાવું અ૰ક્રિ૰, -વવું સ૰ક્રિ૰ 'ધડૂકવું'નું ભાવે ને પ્રેરક

ધડુસાવું અ૰ક્રિ૰, -વવું સ૰ક્રિ૰ 'ધડૂસવું'નું કર્મણિ ને પ્રેરક

ધડૂકવું અ૰ક્રિ૰ ગાજવું (૨) ઘાંટા કાઢવા [ચોકાવવું

ધડૂસ, ૦ધડૂસ અ૰(રવ૦). ૦વું સ૰ક્રિ૰ ધડૂસ ધડૂસ મારવું;

ધડો પું૰ ત્રાજવાનું સમતોલપણું ન હોવું તે (૨) તેનું સમતોલપણું લાવવા મુકાતો ભાર (૩) બોધ (૪) નિયમ; ઠેકાણું; ધોરણ

ધણ સ્ત્રી૰ (ભારેવાઈ) સ્ત્રી (૨) ન૰ (ગાયોનું) ટોળું. ૦ખૂંટ પું૰ ધણમાં રાખેલો આખલો

ધણ, ૦ધણ અ૰ (રવ૦) પોલી વસ્તુનો અવાજ. ૦ણવું અ૰ક્રિ૰ જુઓ ધણધણવું ૧,૨. ૦ધણવું અ૰ક્રિ૰ ધણધણ થવું (૨) કંપવું (૩) જોશમાં બળવું. ૦ણાટ પું૰ ધણધણ એવો અવાજ. ૦ધણાટી સ્ત્રી૰ ધણધણવું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધણિયાણી સ્ત્રી૦ વહુ (૨) માલિક સ્ત્રી. -ણું વિ૦ માલિક-વાળું (૨) માલકીનું. -પું ન૦ ધણીપણું. -મો પું૦ દૂબળાનો ધણી

ધણી પું૦ માલિક (૨) પતિ. ૦જોગ વિ૦,-ગી વિ૦સ્ત્રી૦ વેચાણ લેનારને જ મળે એવી (હૂંડી). ૦ધોરી પું૦ માલિક (૨) રક્ષક. ૦પણું(-તું,-હું) ન૦. ૦રણી પું૦ કુલ માલિક. ૦રણું વિ૦ ધણી વિનાનું

ધણેણવું અ૦ક્રિ૦(ર૦) ધણધણવું

ધણેણાટી, ધણેણી સ્ત્રી૦ (કા.) ધણધણાટી

ધત અ૦ (ર૦) તુચ્છકારદર્શક ઉદ્ગાર

ધતવું અ૦ક્રિ૦ ધૂતવું

ધતિંગ ન૦ તોફાન (૨) ઢોંગ; ખાલી ધામધૂમ

ધતૂરો પું૦ એક વનસ્પતિ; ધંતૂરો

ધધડાવવું સ૦ક્રિ૦ (ર૦) ખૂબ ઠપકો આપવો

ધધણાવવું સ૦ક્રિ૦ (ર૦) ધણધણે એમ કરવું

ધધૂડો પું૦ (ર૦) મોટો-જબરો દદૂડો

ધન ન૦ [सं.] દોલત; પૈસો (૨) એક રાશિનું નામ (૩) વિ૦ (ગ. અને વિ.) 'પૉઝિટિવ'. ૦ગર પું૦ એ નામની ભરવાડની જાત કે તેનો આદમી. ૦તેરશ(-સ) સ્ત્રી૦ આસો વદ તેરસ. ૦દ પું૦(સં.)કુબેર. ૦ધાન્ય ન૦ ધન અને ધાન્ય. ૦પતિ,૦પાલ પું૦ (સં.) કુબેર. ૦રેખા સ્ત્રી૦ ધન બતાવનારી હસ્તરેખા. ૦વંત,૦વાન વિ૦ ધન-વાળું. ૦સંપત્તિ સ્ત્રી૦ ધન અને સંપત્તિ

ધન અ૦ ધન્ય (પ.). ૦ધન અ૦ (પ.) ધન્ય ધન્ય

ધનંજય પું૦ [सं.] (સં.) અર્જુન

ધનં(-ને)તર વિ૦ બહુ શ્રીમંત (૨) બહુ લાગવગવાળું

ધનાક્ષરી પું૦ [सं.] એક છંદ

ધનાઢ્ય વિ૦ [सं.] ધનવાન

ધનાત્મક વિ૦ [सं.] ધન;'પૉઝિટિવ' (ગ. અને પ. વિ.)

ધનાધ્યક્ષ પું૦ [सं.] કોષાધ્યક્ષ; ખજાનચી

ધનારક(-ખ),ધનાર્ક [सं.] પું૦ ધનરાશિનો સૂર્ય

ધનાધિપતિ પું૦ [सं.] ધનવાન માણસ

ધનાશ(-સ)રી સ્ત્રી૦ એક રાગણી

ધનિક વિ૦ [सं.] ધનવાન. ૦ર વિ૦ + ધનિક

ધનિષ્ઠા સ્ત્રી૦ [सं.] એક નક્ષત્ર

ધની વિ૦ [सं.] ધનવાન

ધનુ ન૦[सं.]કામઠું; ચાપ. ૦રાકાર વિ૦ ધનુષના આકારનું. ૦ર્જ્યા સ્ત્રી૦ ધનુષની દોરી. ૦ર્ધર,૦ર્ધારી પું૦ બાણા-વળી. ૦ર્માસ પું૦ સૂર્ય ધનસંક્રાંતિમાં હોય તે મહિનો. ૦ર્વિદ્યા સ્ત્રી૦ ધનુષ્ય વાપરવાની વિદ્યા. ૦ર્વેદ પું૦ ધનુર્વિદ્યા; એક ઉપવેદ. ૦ષ(-ષ્ય) ન૦ કામઠું.ષ(-ષ્ય)-૦બંધ એક ચિત્રકાવ્ય. ૦ષ્કંસ પું૦ {| આવો કૌંસ

ધનુર,-ર્વા,-ર્વાત પું૦ એક રોગ

ધનેડું(-રું) ન૦ દાણામાં સડો કરનારું એક જીવડું; કિલ્લું

ધનેતર વિ૦ જુઓ ધનંતર

ધનેશ(-શ્વર) પું૦ [सं.] (સં.) કુબેર

ધન્ય વિ૦ [सं.] ભાગ્યશાળી (૨) વખાણવા યોગ્ય (૩) કૃતાર્થ (૪) અ૦ શાબાશ; વાહવાહ. ૦તા સ્ત્રી૦. ૦ભાગ્ય ન૦ અહોભાગ્ય; સુભાગ્ય. ૦વાદ પું૦ શાબાશી. -ન્યા વિ૦સ્ત્રી૦ સુખી; સુભાગી (૨) સ્ત્રી૦ આયા; 'નર્સ'. -ન્યાશ્રી સ્ત્રી૦ દીપકની એક રાગણી

ધન્વંતરિ પું૦ [सं.] (સં.) દેવોના વૈદ્ય

ધન્વી પું૦ [सं.] બાણાવળી

ધપરી સ્ત્રી૦ એક પક્ષી

ધપવું અ૦ક્રિ૦ આગળ ધસવું

ધપાધપ(-પી),ધપ્પંધપ્પા,ધપ્પાધપ્પી સ્ત્રી૦ ધપ્પાથી મારામારી

ધપ્પા(-બ્બા)બાજી સ્ત્રી૦ ધપ્પંધપ્પા કરવી તે

ધપ્પો(-બ્બો) પું૦ મુક્કો; થાપટ

ધફો પું૦ ઢગલો

ધબ અ૦ (ર૦) કાંઈ પડવાનો અવાજ

ધબક સ્ત્રી૦ ધબકારો. ૦ધબક અ૦ (ર૦). ૦વું અ૦ક્રિ૦ ધડકવું. -કારો પું૦ ધડકારો

ધબડધબડ અ૦ (ર૦) ધડબડ ધડબડ

ધબડકો પું૦એકદમ બધું નકામું થવું, મીડું વળવું કે છબરડો વળવો તે

ધબડાવું અ૦ક્રિ૦ છેતરાવું

ધબધબ અ૦ (ર૦). ૦વું અ૦ક્રિ૦ ધબધબ અવાજ કરવો. -બાટ પું૦ ધબધબ અવાજ. -બાવવું સ૦ક્રિ૦ ખૂબ રેડવું. -બો પું૦ ધોધ

ધબવું અ૦ક્રિ૦ (ર૦) પડવું (૨) [લા.] દેવાળું કાઢવું (૩) મરી જવું

ધબાકો પું૦ (ર૦) મોટો અવાજ

ધબાધબી સ્ત્રી૦ (ર૦) મારામારી

ધબાય નમઃ ન૦ (શ૦પ્ર૦) મીડું; શૂન્યતા; ધબડકો

ધબા(-મા)લું ન૦ મોટું બેડોળ પાવડું

ધબે(-બો)ડવું સ૦ક્રિ૦ (ર૦) હાથથી મારવું (૨) છેતરવું

ધબોધબ અ૦ (ર૦) ઉપરાઉપરી

ધબોલું વિ૦ ધબ્બલ. -લાં ન૦બ૦વ૦ મેદથી શરીર ખૂબ વધવું તે

ધબોવવું સ૦ક્રિ૦ (ર૦) ધીબવું; ધોયેલો કાઢી નાંખવો

ધબ્બલ વિ૦ શરીરે ખૂબ જાડું (૨) બેવકૂફ. ૦ચંદ,૦શા પું૦ જાડો એદી માણસ

ધબ્બો પું૦ જુઓ ધપ્પો. -બ્બાબાજી સ્ત્રી૦ ધપ્પાબાજી

ધમ અ૦ (ર૦) (૨) ન૦ નગારું

ધમક સ્ત્રી૦ (ર૦) જોશ (૨) તેજ (૩) ભપકો. ૦વું અ૦ક્રિ૦ ગાજવું (૨) કંપવું (૩) પ્રકાશવું. -કાર(-રો) પું૦ ધમ ધમ થવું તે (૨) ધમક; જોશ.-કામણી સ્ત્રી૦ ધમકી. -કાવવું સ૦ક્રિ૦ ધમકી આપવી; ડરાવવું (૨) ધધડાવવું. -કી સ્ત્રી૦ ડર. -કો પું૦ ધીબકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધમચકડ સ્ત્રી૦ (રવ૦) ધમાલ (૨) તોફાન; ઉધમાત

ધમણ સ્ત્રી૦ પવન ફૂંકવાનું એક સાધન (૨) બગીનો ઓઢો. ૦વું સ૦ક્રિ૦ ધમણ ચલાવવી (૨) [લા.] ઉશ્કેરવું

ધમધમ અ૦ (રવ૦). ૦વું અ૦ક્રિ૦ ધમધમ થવું (૨) કંપવું (૩) બહુ ગરમ થવું. **–માટ** પું૦ (રવ૦) ધમધમ અવાજ (૨) રોફ; દોર (૩) દમામ (૪) તીખાશ. **–માવવું** સ૦ક્રિ૦ 'ધમધમવું'નું પ્રેરક (૨) ધમકાવવું (૩) જોશથી કામ ચલાવવું

ધમધોકાર અ૦ (રવ૦) પૂર જોશમાં; સપાટાબંધ

ધમનિ(–ની) સ્ત્રી૦ [સં.] ફૂંકણી; ભૂંગળી (૨) નસ; 'આર્ટરી'

ધમપછાડ સ્ત્રી૦, **–ડા** પું૦બ૦વ૦ તોફાન અને અધીરાઈ

ધમપાંચશેરી સ્ત્રી૦ રોફૂટ; કઢાપો

ધમરું વિ૦ ધોળું [અ૦ક્રિ૦ ધમરોળ કરવો

ધમરોળ પું૦ ભારે રોકકળ (૨) ધમાધમ; શોરબકોર. ૦વું

ધમલો પું૦ જુઓ ધમપાંચશેરી

ધમવું સ૦ક્રિ૦ ધમણ ચલાવવી (૨) દેવતાને પવન નાંખવો (૩) અગ્નિથી બરાબર તપાવવું (૪) ધૂતવું; ચોરવું

ધમાકો પું૦ (કા.) જુઓ ધમચકડ

ધમ(–મ્મા)ચકડી સ્ત્રી૦ જુઓ ધમચકડ

ધમા(–મ્મા)ધમ(–મી) સ્ત્રી૦ (રવ૦) (૨) મારામારી; ગરબડ

ધમાર પું૦ એક જાતનો તાલ

ધમારવું સ૦ક્રિ૦ નવડાવવું (પશુને) [મૂકે એવું

ધમાલ સ્ત્રી૦ ધાંધળ; ધમાચકડી. **–લિયું** વિ૦ ધમાલ કરી

ધમાલું ન૦ મોટું બેડોળ પાઘડું; ધબાલું

ધમાસો પું૦ એક વનસ્પતિ

ધમેલું ન૦ તગારું

ધમ્માચકડી સ્ત્રી૦ ધમાચકડી; ધમચકડ

ધમ્માધમ(–મી) સ્ત્રી૦ જુઓ ધમાધમ; ધમાધમી

ધમ્મામુક્કી સ્ત્રી૦ ધમાધમ ને મુક્કામુક્કી

ધમ્મિલ(–લ્લ) પું૦ [સં.] ફૂલ ઇત્યાદિ સાથે ગૂંથેલો અંબોડો

ધર વિ૦ [સં.] ધારણ કરનારું (સમાસને અંતે) ઉદા૦ મણિધર

ધર સ્ત્રી૦ ધૂંસરી; ધુરા (૨) બળદ જોડાતો થાય ત્યારથી ગણાતું તેનું વર્ષ (૩) શરૂઆત. ૦ખમ વિ૦ ધર–ધુરા ખમે એવું; મજબૂત (૨) પ્રવીણ

ધરખવું અ૦ક્રિ૦ હિંમત હારવી

ધરછોડ સ્ત્રી૦ લેમૂક; બાંધછોડ

ધરણ સ્ત્રી૦ ગાવાની રીત; ઢાળ [(૪) સ્ત્રી૦ (પ.) ધરણી

ધરણ ન૦ [સં.] ધરવું તે (૨) નદીનો બાંધ (૩) ૧/૩ તોલો

ધરણિ(–ણી) સ્ત્રી૦ [સં.] પૃથ્વી (૨) જમીન; ભોંય. ૦ધર પું૦ (સં.) શેષનાગ (૨) વિષ્ણુ. ૦પતિ, **–ણીશ** પું૦ રાજા

ધરણું ન૦ ત્રાગું [પું૦ ધરતી ડોલવી તે; ભૂકંપ

ધરતી સ્ત્રી૦ પૃથ્વી (૨) જમીન. ૦માતા સ્ત્રી૦ પૃથ્વી. ૦કંપ

ધરદહાડો પું૦ પહેલો દિવસ (૨) પહેલાંના જેવી જ સ્થિતિ

ધરપકડ સ્ત્રી૦ કાયદાથી પકડવું તે કે પકડાપકડી

ધરપચ સ્ત્રી૦ ખોટી ધાસ્તી (૨) પતરાજ

ધરપત સ્ત્રી૦ ધરાવાપણું; સંતોષ (૨) ધીરજ

ધરફો પું૦ એક જાતનું ઘાસ

ધરબવું સ૦ક્રિ૦ ધરવવું (૨) ઠાંસવું

ધર(–રા)બોળ ન૦ પ્રલય; સત્યાનાશ

ધરમ પું૦ જુઓ ધર્મ. ૦ધક્કો પું૦ નકામો ફેરો. ૦શાળા સ્ત્રી૦ ધર્મશાળા. **–માળુ** વિ૦ ધર્મવાળું; ધર્મી

ધરમૂળ ન૦ છેક શરૂઆત; તદ્દન પ્રારંભ [કરવું

ધરવ પું૦ (કા.) ધર્વ; સંતોષ. ૦વું સ૦ક્રિ૦ સંતોષવું; તૃપ્ત

ધરવું સ૦ક્રિ૦ સાહવું; પકડવું (૨) પહેરવું (૩) ધારણ કરવું (વેષ, રૂપ, જન્મ ઇ૦) (૪) પાસે મૂકવું; –ની આગળ રજૂ કરવું

ધરા સ્ત્રી૦ [સં.] પૃથ્વી. ૦સુર પું૦ ભૂસુર; બ્રાહ્મણ. ૦તલ(–ળ) ન૦ પૃથ્વીનું તળ; સપાટી. ૦ધર પું૦ જુઓ ધરણીધર. ૦બોળ ન૦ ધરબોળ; પ્રલય

ધરાધર સ્ત્રી૦ શરૂઆત (૨) અ૦ ધરાર (૩) પું૦ જુઓ 'ધરા'માં. **–રી** અ૦ સાથે; જોડે (૨) ધરાર (૩) સુધ્ધાં; પણ

ધરાર અ૦ અલબત; અવશ્ય (૨) સાવ; તદ્દન

ધરાર(–ળ) પું૦ વાહનમાં ધૂંસરી આગળ વધારે ભાર હોવાપણું ('ઉલાળ'થી ઊલટું) (૨) આગેવાન

ધરાવવું સ૦ક્રિ૦ 'ધરવું' અને 'ધરાવું'નું પ્રેરક (૨) નૈવેદ્ય કરવું

ધરાવું અ૦ક્રિ૦ તૃપ્ત થવું; સંતોષ પામવો

ધરાળ પું૦ જુઓ ધરાર

ધરિત્રી સ્ત્રી૦ [સં.] પૃથ્વી

ધરી સ્ત્રી૦ વાહનની લઠ્ઠી; આંસ (૨) પૃથ્વી કે ખગોળની ધરી–ઉત્તર દક્ષિણ સાંધતી કલ્પિત સુરેખા

ધરુ ન૦ ઉખાડીને રોપવા માટે ઉછેરેલો રોપો. ૦વાડિયું ન૦ ધરુનું ખેતર

ધરો પું૦ ઊંડો ખાડો (ખાસ કરીને પાણીનો) (૨) જેની બે બાજુ પૈડાં પરોવાય છે તે ગાડાની આડી (૩) સ્ત્રી૦ એક જાતનું ઘાસ; દૂર્વા. ૦આઠમ સ્ત્રી૦ જુઓ દરોઆઠમ

ધર્મ પું૦ [સં.] નીતિ, સદાચાર વિષેનું તથા મરણ, સાંપરાય, ઈશ્વરાદિ ગૂઢ તત્ત્વો વિષેનું જ્ઞાન, શ્રદ્ધા કે માન્યતા (૨) શાસ્ત્રોક્ત વિધિનિષેધ–આચાર (૩) પુણ્ય; દાન (૪) ફરજ; કર્તવ્ય (૫) ચાર પુરુષાર્થોમાંનો એક (૬) ગુણ; લક્ષણ; સ્વભાવ (૭) [સં.] જુઓ ધર્મરાજ. ૦ઔદાર્ય ન૦ ધર્મ વચ્ચે વા ધર્મના વિષયોમાં ઉદારતા. ૦કર્મ, ૦કાર્ય ન૦ ધર્મયુક્ત–ધર્મનું કામ. ૦કારણ ન૦ સમાજવ્યવસ્થામાં ધર્મને અંગેની બાબતોની વ્યવસ્થા વગેરે; ધર્મસંગ્રહ. ૦ક્રિયા સ્ત્રી૦ ધર્મસંબંધી વિધિ. ૦કૃત્ય ન૦ ધર્મકર્મ. ૦ક્ષેત્ર ન૦ પવિત્ર સ્થળ–ધામ. ૦ગુરુ પું૦ ધર્મની દીક્ષા દેનાર કે તે ઉપદેશનાર ગુરુ. ૦ગોપ્તા પું૦ ધર્મનું રક્ષણ કરનાર. ૦ગ્રંથ પું૦ જેમાં ધર્મનિરૂપણ હોય તેવો ગ્રંથ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦ચક્રપ્રવર્તન ન૦ધર્મનો પ્રચાર; તેનું સામ્રાજ્ય પ્રવર્તાવવું તે. ૦ચર્યા સ્ત્રી૦ ધર્માચરણ. ૦ચારિણી વિ૦ સ્ત્રી૦ ધર્મ પ્રમાણે ચાલનારી (પત્ની). ૦ચારી વિ૦ ધર્મ પ્રમાણે ચાલનારું. ૦ચુસ્ત વિ૦ ધર્મની બાબતમાં ભારે આગ્રહી. ૦જાગૃતિ સ્ત્રી૦ ધર્મની બાબતોમાં જાગૃતિ. ૦જિજ્ઞાસા સ્ત્રી૦ ધર્મનું સાચું સ્વરૂપ સમજવાની જિજ્ઞાસા. ૦જીવી વિ૦ ધર્મ પ્રમાણે જીવન ગુજારનાર; ધર્મનિષ્ઠ. ૦જ્ઞ વિ૦ ધર્મને-ધર્મશાસ્ત્રને જાણનારું. ૦ઝનૂની વિ૦ ધાર્મિક બાબતોમાં ઝનૂનવાળું; 'બિગટેડ'. ૦ઠગ પું૦ ધર્મને નામે ઠગનાર. ૦દાન ન૦ ધર્મ સમજી કરેલું દાન. ૦દારા સ્ત્રી૦ ધર્મપત્ની. ૦દ્વેષ પું૦ ધર્મ ધર્મ વચ્ચેનો દ્વેષ; સાંપ્રદાયિક વિદ્વેષ. ૦ધુરંધર વિ૦ પું૦ ધર્મની બાબતમાં અગ્રેસર. ૦ધ્વજ પું૦ ધર્મની ધ્વજા (૨) [લા.] ધર્મને નામે પાખંડ કરનાર. ૦નિષ્ઠ વિ૦ ધર્મ પર આસ્થાવાળું. ૦નિષ્ઠા સ્ત્રી૦ ધર્મ વિષેની આસ્થા. ૦પત્ની સ્ત્રી૦ ધર્મ પ્રમાણે-વિધિપૂર્વક થયેલી પત્ની. ૦પ(-પં)થ પું૦ ધર્મને અનુકૂળ રસ્તો. ૦પરાયણ વિ૦ ધર્મનિષ્ઠ. ૦પરિવર્તન ન૦ ધર્મ બદલવો તે; ધર્માંતર. ૦પુત્ર પું૦ (વિષયને વશ થઈને નહિ પણ) ધર્મ સમજી ઉત્પન્ન કરેલો પુત્ર (૨) જન્મથી નહિ પણ ધર્મથી માનેલો પુત્ર. ૦પુસ્તક ન૦ ધર્મગ્રંથ. ૦પ્રવર્તક પું૦ ધર્મ પ્રવર્તાવનાર. ૦પ્રાપ્ત વિ૦ ધર્મને રસ્તે મેળવેલું-મળેલું. ૦બહાર વિ૦ ધાર્મિક સંપ્રદાયથી બહિષ્કૃત. ૦બંધુ પું૦ પોતાના ધર્મનો માણસ (૨) ધર્મ સમજીને માનેલો ભાઈ. ૦બુદ્ધિ સ્ત્રી૦ ધર્મની સમજ; ધર્મદૃષ્ટિ; ધર્માધર્મની વિવેકશક્તિ. ૦ભગિની સ્ત્રી૦ પોતાના ધર્મની સ્ત્રી (૨) ધર્મ સમજીને માનેલી બહેન. ૦ભાઈ પું૦ જુઓ ધર્મબંધુ. ૦ભાવના સ્ત્રી૦ ધર્મની ભાવના; ધર્મબુદ્ધિ. ૦ભીરુ વિ૦ ધર્મથી ડરીને વર્તનાર; પાપભીરુ. ૦ભીરુતા સ્ત્રી૦. ૦ભૂમિ(-મી) સ્ત્રી૦ પવિત્ર ભૂમિ. ૦ભૃત વિ૦ ધર્મિષ્ઠ; સદ્ગુણી (૨) પું૦ [સં.] એક ઋષિ. ૦ભ્રષ્ટ વિ૦ ધર્મમાંથી ચળેલું-પતિત. ૦મહામાત્ર પું૦ ધર્મના રક્ષક અને પ્રચારક. ૦મીમાંસા સ્ત્રી૦ ધર્મઅધર્મની ચર્ચા. ૦યુદ્ધ ન૦ ધર્મ ખાતર કરેલું યુદ્ધ (૨) યુદ્ધના નિયમો અનુસાર કરેલું યુદ્ધ. ૦રાજ(-જા) પું૦ (સં.) યમ (૨) યુધિષ્ઠિર. ૦રાજ્ય ન૦ ધર્મથી ચાલતું રાજ્ય. ૦લાભ પું૦ ભિક્ષા માગનાર સાધુનો 'ધર્મનો લાભ થાઓ' એવો આશીર્વાદ (જૈન) (૨) ધાર્મિકતાની પ્રાપ્તિ-ધાર્મિકતાનો ગુણ વધવો તે. ૦લોપ પું૦ ધર્મનો લોપ; અધર્મ. ૦વક્તા પું૦ ધર્મપ્રચારક; ધાર્મિક પ્રવચન આપનાર. ૦વત્સલ વિ૦ ધર્મ વિષે પ્રેમવાળું. ૦વાસના સ્ત્રી૦ ધર્મલાભની ઇચ્છા; ધર્મજિજ્ઞાસા. ૦વિદ વિ૦ ધર્મનાં તત્ત્વોને જાણનારું. ૦વિધિ પું૦; સ્ત્રી૦ ધર્મની વિધિ; ધર્મક્રિયા. ૦વીર પું૦ ધર્મકાર્યમાં વીર (૨) શહીદ (૩) [કા.શા.] ધર્મનિષ્ઠા અથવા સદ્ગુણમાંથી ઉપજતો વીરરસ. ૦વૃત્તિ સ્ત્રી૦ ધર્મની વૃત્તિ; ધર્મ પ્રત્યે વલણ. ૦વેત્તા પું૦ ધર્મવિદ. ૦વ્યવસ્થાપક પું૦ ધર્મનો વ્યવસ્થાપક. ૦વ્યાપ્તિ સ્ત્રી૦ (પદની) ધર્મો ઉપર વ્યાપ્તિ-ધર્મોના વાચક હોવાપણું (ન્યા.). ૦શાસ્ત્ર ન૦ ધર્મનું જ્ઞાન આપનાર શાસ્ત્ર. ૦શાળા સ્ત્રી૦ મુસાફરખાનું; સરાઈ. ૦શીલ વિ૦ ધર્મિષ્ઠ. ૦સભા, ૦સમાજ પું૦ ધર્મના ધોરણ પર રચાયેલો સમાજ કે મંડળ; જેવો કે, આર્યસમાજ. ૦સંકટ ન૦ જેમાં ધર્મઅધર્મની સૂઝ ન પડે એવો કઠણ પ્રસંગ. ૦સંઘ પું૦ ધર્મના પ્રેરક બળથી સંગઠિત થયેલો કે ઘડાયેલો સંઘ. ૦સુધારો પું૦ ધર્મમાં સુધારો; 'રેફર્મેશન'. ૦સ્થ પું૦ (બૌદ્ધ) ન્યાયાધીશ. ૦સ્વાતંત્ર્ય ન૦ પોતપોતાનો ધર્મ આચરવાનું સ્વાતંત્ર્ય; ધર્મની બાબતમાં સ્વતંત્રતા. –ર્માચરણ ન૦ ધર્મને અનુસરીને ચાલવું તે. –ર્માચાર્ય પું૦ ધર્મગુરુ (૨) સંપ્રદાયના આચાર્ય. –ર્માતુ વિ૦ ધર્માદા. –ર્માત્મા વિ૦ (૨) પું૦ ધર્મિષ્ઠ માણસ. –ર્માદા વિ૦ દાનમાં આપેલું (૨) ધર્માદાને અંગેનું. –ર્માદો પું૦ દાન; સખાવત. –ર્માધિકાર પું૦ ધર્મની બાબતોમાં સત્તા. –ર્માધિકારી પું૦ ધર્માધિકારવાળો. –ર્માધિપત્ય ન૦ ધર્મની બાબતોમાં આધિપત્ય. –ર્માધ્યક્ષ પું૦ ધર્મની બાબતોનો અધ્યક્ષ; ધર્માચાર્ય (૨) ન્યાયાધીશ. –ર્માનુષ્ઠાન ન૦ ધર્માચરણ. –ર્માભિમાન ન૦ ધર્મ માટેનું અભિમાન. –ર્મારણ્ય ન૦ પવિત્ર વન. –ર્માલય ન૦ મંદિર (૨) મઠ. –ર્માવેશ પું૦ ધર્મનો આવેશ-ઝનૂન. –ર્માસન ન૦ ન્યાયાસન. –ર્માળુ વિ૦ ધર્મિષ્ઠ. –ર્માંતર ન૦ ધર્મ બદલવો તે; એક ધર્મ છોડી બીજા ધર્મમાં જવું તે. –ર્માંધ વિ૦ ધર્મની બાબતોમાં અવિચારી આગ્રહવાળું. –ર્માંધતા સ્ત્રી૦. –ર્માંધપણું ન૦. –ર્મિષ્ઠ વિ૦ ધર્મ પ્રમાણે ચાલનાર. –ર્મિષ્ઠતા સ્ત્રી૦. –ર્મી વિ૦ અમુક ધર્મ કે ગુણવાળું (૨) ધર્મિષ્ઠ (૩) ધર્મને લગતું (બહુધા સમાસને અંતે. ઉદા૦ ઇસ્લામધર્મી). –ર્મીલું વિ૦ ધર્મિષ્ઠ. –ર્મોદ્ધારણ ન૦ ધર્મનો ઉદ્ધાર કરવો તે. –ર્મોપદેશ પું૦ ધર્મનો ઉપદેશ. –ર્મોપદેશક પું૦ ધર્મોપદેશ કરનાર. –ર્મ્ય વિ૦ ધર્મને અનુસરતું

ધર્વ પું૦ ધરવ; તૃપ્તિ; સંતોષ

ધર્ષવું અ૦ક્રિ૦ ચડી આવવું; ધસી આવવું

ધલવલવું અ૦ક્રિ૦ ટળવળવું

ધવ પું૦ [સં.] પતિ

ધવ સ્ત્રી૦ ધવત; પુષ્ટિ; તેજ (૨) ધરવ; સંતોષ (૩) અ૦ [ઉતાવળે

ધવડા(-રા)વવું સ૦ક્રિ૦ 'ધાવવું'નું પ્રેરક; ધવાડવું

ધવત સ્ત્રી૦ ધવ; તેજ

ધવરાવવું સ૦ક્રિ૦ જુઓ ધવડાવવું

ધવરી સ્ત્રી૦ એક પક્ષી

ધવલ(-ળ) વિ૦ [સં.] ધોળું (૨) નિર્મળ; શુદ્ધ. –લતા સ્ત્રી૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦મંગલ(-ળ) ન૦બ૦વ૦ જુઓ ધોળમંગળ. **-લિત** વિ૦ ધોળું કરાયેલું

ધશા સ્ત્રી૦ સારી દશા (૨) તંદુરસ્તી

ધવાડવું સ૦ક્રિ૦ ધવડાવવું

ધસકો પું૦ ધાસકો [કરવી

ધસમસ સ્ત્રી૦ દોડધામ; ઉતાવળ. **૦વું** અ૦ક્રિ૦ ધસમસ

ધસવું અ૦ક્રિ૦ જોરથી આગળ જવું

ધસારો(-વડો) પું૦ ધસવું તે; હલ્લો

ધંતર ન૦ જાદુ (૨) ધૂતી લેવાની કળા. **૦મંતર** ન૦ ધંતર અને મંતર. **૦વું** સ૦ક્રિ૦ ધૂતવું; છેતરવું

ધંતૂરો પું૦ એક વનસ્પતિ; ધતૂરો. **-રી** સ્ત્રી૦ ધંતુરો, ગાંજો, તમાકુ ઇત્યાદિ પીવાની ચલમ

ધંધ પું૦ તોફાન; ધમસાણ (૨)+દ્વંદ્વની ઉપાધિ (?)

ધંધાદાર વિ૦ ધંધાવાળું (૨) ઉદ્યોગી (૩) પું૦ વેપારી (૪) કારીગર; કસબી. **-રી** વિ૦ ધંધાદાર (૨) સ્ત્રી૦ ધંધો; ઉદ્યમ

ધંધાભાઈ પું૦ એકસરખો ધંધો કરનાર માણસ

ધંધાર્થી(-થુ) વિ૦ ધંધાદારી; ઉદ્યોગી

ધંધેરવું સ૦ક્રિ૦ ઢંઢોળવું

ધંધો પું૦ ઉદ્યમ; રોજગાર; પ્રવૃત્તિ (૨) વેપાર. **૦પાણી** ન૦ બ૦વ૦ ધંધો વગેરે. **૦રોજગાર** પું૦ ધંધો ને રોજગાર

ધંધોળવું સ૦ક્રિ૦+(માથું) ધુણાવવું (ના પાડવા માટે)

ધા પું૦; સ્ત્રી૦ મદદ માટેનો પોકાર (૨) [કા.] હાય (૩) [સં.] 'પ્રકારે, રીતે' અર્થમાં શબ્દને અંતે. ઉદા૦ અનેકધા

ધાઈ સ્ત્રી૦ સ્તન; થાન

ધાક પું૦; સ્ત્રી૦ ડર; બીક (૨) અંકુશ (૩) બહેરાપણું

ધાગડિયાં ન૦બ૦વ૦, **-યો** પું૦ તોફાન; મસ્તી; ઉધમાત

ધાગડી સ્ત્રી૦ ધાગાની ગોદડી; ધાગી

ધાગવું અ૦ક્રિ૦ ધાકમાં હોવું

ધાગી સ્ત્રી૦ ધાગડી. **-ગો** પું૦ જૂનું ફાટેલું લૂગડું (૨) દોરો

ધાટી સ્ત્રી૦ રીત; ઢબ; શૈલી

ધાડ સ્ત્રી૦ લૂંટારાની ટોળીનો હુમલો-હલ્લો (૨) દરોડો (૩) [લા.] ઉતાવળ. **૦(-ડા)ધાડ** સ્ત્રી૦ ખૂબ ઉતાવળ; દોડાદોડી. **૦પાડુ** પું૦ ધાડ પાડનારો; લૂંટારો. **-ડાંખોરી** સ્ત્રી૦ ધાડ પાડવાનો ધંધો. **-ડાંશાહી** સ્ત્રી૦ ધાડાંઓનું રાજ્ય. **-ડિયું** ન૦ જુઓ ધાડું. **-ડું** ન૦ મોટું ટોળું

ધાણુક ન૦ +, **ધાણા** પું૦બ૦વ૦ એક મસાલો

ધાણિયું વિ૦ થોડા કસ-વાકવાળું (અનાજ; ગુંદર)

ધાણિયો પું૦ રજાઈ

ધાણી સ્ત્રી૦ શેકવાથી ફૂટેલા અનાજના દાણા

ધાત સ્ત્રી૦ ધાતુ; વીર્ય; શુક્ર (૨) કોઠો; કોષ્ટક

ધાતકાર વિ૦ ઝાતકાર; ઝગઝગતું (૨) પું૦ ઘુમરાણ

ધાતવું અ૦ક્રિ૦ ફાવવું; અનુકૂળ આવવું

ધાતા પું૦ [સં.] બ્રહ્મા; સરજનહાર

ધાતુ પું૦ [સં.] ક્રિયાપદનું મૂળ રૂપ (૨) સ્ત્રી૦ ખનિજ દ્રવ્ય (૩) શરીરનાં સાત દ્રવ્યમાંનું દરેક (રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર) (૪) વીર્ય. **૦કસ** પું૦ ધાતુનો કસ જોનાર; ચોકસી. **૦ક્રિયા** સ્ત્રી૦ ધાતુઓને શુદ્ધ કરવાની વિદ્યા. **૦ક્ષય** પું૦ વીર્યનો ઘટાડો; એક રોગ. **૦ઘડો** પું૦ ધાતુ ઘડનાર કારીગર. **૦પાઠ** પું૦ ક્રિયાપદોનાં મૂળ રૂપોની યાદી. **૦પાત્ર** ન૦ ધાતુનું વાસણ. **૦પુષ્ટિ** સ્ત્રી૦ વીર્યની પુષ્ટિ. **૦વાદી** પું૦ ધાતુઓ વિષે જ્ઞાન ધરાવનારો (૨) કીમિયાગર. **૦વિકાર** પું૦ વીર્યનો વિકાર; એક રોગ. **૦સાધિત** વિ૦ ધાતુ પરથી બનાવેલું (વ્યા.). **-ત્વર્થ** પું૦ મૂળ ધાતુ પરથી નીકળતો અર્થ; મૂળ શબ્દાર્થ

ધાત્રી સ્ત્રી૦ [સં.] દાઈ; ધાવ. **૦ફલ(-ળ)** ન૦ આમળું

ધાન ન૦ અનાજ; ધાન્ય. **૦ભૂઉં** વિ૦ ધાનને માટે વલખાં મારતું; ભૂખે મરતું (૨) કંજૂસ. **૦વેચુ** વિ૦ ધાન વેચી પૈસા ઘડનારું. **-ના** પું૦ બ૦વ૦ ધાન વગેરેનું-ખાવાપીવાનું સુખ. **-નિયું** વિ૦ રાંધેલું અનાજ ખાનારું (૨) ન૦ ગરસું; ધાન રાખવાનું વાસણ

ધાની પું૦ એક રાગ

ધાન્ય ન૦ [સં.] અનાજ [ફરેબ (૩) [લા.] ચોરી

ધાપ સ્ત્રી૦ ઉતાવળમાં થયેલી ભૂલ (૨) થાપ; છેતરપિંડી;

ધાપલાં ન૦બ૦વ૦ અલાવડાં; રિઝવણ

ધાબડધિં(-ધીં)ગું વિ૦ લઠ્ઠ; પુષ્ટ; જોરાવર (૨) તોફાની

ધાબડવું સ૦ક્રિ૦ છેતરવું; ઠગી લેવું

ધાબળ(-ળી) સ્ત્રી૦ પાતળો ધાબળો; કામળી. **-ળો** પું૦ જાડા ઊનનું બનૂસ; કામળો

ધાબું ન૦ (છાપરાને ઠેકાણે કરેલી) અગાસી (૨) ડાઘો (૩) ફાંદો; છટકું (૪) દૂધનું બેડું. **-બાવાળો** પું૦ દૂધનું બેડું ઊંચકનારો કે છો ટીપનારો મજૂર. **-બાવાળી** સ્ત્રી૦

ધાબો પું૦ ચૂનો, પંપોયા ઇ૦ના સ્થડને ટીપવો તે કે તેનો કૂઓ

ધામ ન૦ [સં.] રહેવાનું સ્થળ; ઘર (૨) દેવસ્થાન; તીર્થ

ધામણ સ્ત્રી૦ એક જાતનો જાડો સાપ

ધામણી સ્ત્રી૦ જાડી-જબરી ભેંસ [વિ૦ ધામધૂમવાળું

ધામધૂમ(-મી) સ્ત્રી૦ ભારે તૈયારી; એની ધમાલ. **-મિયું**

ધામરોણું ન૦ ધામણ; એક જાતનો સાપ

ધામી વિ૦ ધામવાળું

ધામેણું ન૦ પહેલા આણામાં કન્યાને અપાતો દાયજો

ધામો પું૦ લાંબા વખત માટેનો પડાવ

ધામોડો પું૦ (કા.) [દૂધ દોહવાના] અવાજની રમઝટ

ધાર સ્ત્રી૦ [સં.] હથિયાર કે ઓજારની તીણી કોર (૨) પ્રવાહી પદાર્થની પાતળી ધારા-શેડ (૩) કોરણ; છેડો

ધારક વિ૦ [સં.] ધારણ કરનારું

ધારણ સ્ત્રી૦ [સં.] ટેકો; આધાર (૨) ધીરજ; આશ્વાસન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) પાટડો; ભારવટિયો (૪) સંતોલો (૫) ન૦ ધરવાની ક્રિયા (૬) આધારભૂત હોવું તે

ધારણા સ્ત્રી૦ [સં.] મનસૂબો (૨) કલ્પના (૩) યાદશક્તિ (૪) ધારણ કરવું–ધરવું તે. ૦શક્તિ સ્ત્રી૦ યાદશક્તિ [તે

ધારણાગત સ્ત્રી૦ માલની કિંમતમાં છૂટ આપવી–ઓછું લેવું

ધારણાંપારણાં ન૦બ૦વ૦ એકાંતરે જમવાનું વ્રત

ધારણિયો પું૦ થાંભલો (૨) પાટડો

ધારદાર વિ૦ ધારવાળું

ધારવવું સ૦ક્રિ૦ ઝાટકવું (ધાર પાડતાં પવન નાંખીને)

ધારવું સ૦ક્રિ૦ માનવું (૨) ઇચ્છવું (૩) અટકળ કરવી

ધારા સ્ત્રી૦ [સં.] પરંપરા; હાર (૨) પ્રવાહીની ધાર–શેડ (૩) વૃષ્ટિ. ૦યંત્ર ન૦ ફુવારો

ધારાધોરણ ન૦ [સં.] જુઓ 'ધારો'માં

ધારાવાઈ,–ડી સ્ત્રી૦ ભૂતપ્રેતને રોકવા કરેલું પાણીનું અથવા દૂધનું ફૂંડાળું (૨) ઝારી

ધારાસાર પું૦ [સં.] મુસળધાર પડવું તે

ધારાળું વિ૦ ધારવાળું

ધારાળો પું૦ ઠાકરડો. –ળી સ્ત્રી૦ ધારાળાની સ્ત્રી

ધારિણી સ્ત્રી૦ [સં.] પૃથ્વી

ધારિયા પું૦બ૦વ૦ ખેડૂતને ખેતીના ખર્ચ માટે આપેલા પૈસા

ધારિયું ન૦ એક હથિયાર (૨) એક જાતનું કાપડ

ધારિષ્ટ ન૦ સહનશક્તિ; દૃઢતા ['વેશધારી'

ધારી વિ૦ [સં.] (સમાસને અંતે) ધારણ કરનારું. ઉદા૦

ધારો પું૦ રિવાજ; પ્રથા (૨) કાયદો.–રાધોરણ ન૦ [સં.] કાયદા, નિયમો વગેરે.–રાપોથી સ્ત્રી૦ કાયદાની ચોપડી. –રાશાસ્ત્ર ન૦ ધારાઓ–કાયદાઓનું શાસ્ત્ર. –રાશાસ્ત્રી પું૦ કાયદાનો પંડિત; વકીલ. –રાસભા સ્ત્રી૦ કાયદા ઘડનારી સભા

ધારોડી સ્ત્રી૦ પાણીનો પ્રવાહ.–ડો પું૦ (કા.) ધોધ જેવી ધાર

ધારોષ્ણ વિ૦ [સં.] તરતનું દોહેલું; શેડકઢું [પુત્ર; કૌરવ

ધાર્તરાષ્ટ્ર પું૦ [સં.] એક જાતનો હંસ (૨) [સં.] ધૃતરાષ્ટ્રનો

ધાર્મિક વિ૦ [સં.] ધર્મને લગતું (૨) ધર્મનિષ્ઠ. ૦તા સ્ત્રી૦

ધાર્યું વિ૦ ધારેલું (૨) ન૦ ધારણા; સંકલ્પ

ધાર્ષ્ટ્ય ન૦ [સં.] ધૃષ્ટતા

ધાલાવેલી સ્ત્રી૦ તાલાવેલી; ઉત્કટ અધીરાઈ [દૂધભાઈ

ધાવ સ્ત્રી૦ બાળકને ધવડાવવા રાખેલી સ્ત્રી. ૦ભાઈ પું૦

ધાવ પું૦ ધા; 'ધાઓ' એમ મદદ માટે પોકાર

ધાવડી સ્ત્રી૦ એક ઝાડ. –ડો પું૦ એક ઝાડ

ધાવણ ન૦ માનું દૂધ.–ણી સ્ત્રી૦ ધાવણા બાળકને ધાવવાનું રમકડું; ચૂસણી. –ણું વિ૦ ધાવતું; ધાવણ પર રહેતું (૨) તે ઉંમરનું (૩) ન૦ ધાવતું બાળક

ધાવન ન૦ [સં.] ધાવું–દોડવું તે

ધાવરી સ્ત્રી૦ એક વનસ્પતિ–ઔષધ

ધાવરું ન૦ હાથમાંનો સોજો (૨) ભયને વખતે વાગતું રણશિંગું

ધાવવું સ૦ક્રિ૦ (બચ્ચાએ) સ્ત્રી કે માદાનું દૂધ પીવું

ધાવિત વિ૦ [સં.] દોડેલું; નાઠેલું

ધાવું અ૦ક્રિ૦ દોડવું; મદદે દોડવું (૨) એકદમ રોગ વ્યાપવો (શ૦ પ્ર૦ માં. ઉદા૦ ધનુર્વા, શીળસ) (૩) + ધ્યાવું (૪) વિ૦ + સરખું; બરોબર

ધાશ(–સ)કો પું૦ ધ્રાસકો; ફાળ

ધાસ્તી સ્ત્રી૦ ડર; દહેશત. ૦ભર્યું વિ૦ ધાસ્તીવાળું

ધાંખ,૦ડી સ્ત્રી૦ ઝંખના; આતુરતા. ૦ના સ્ત્રી૦ ઝંખના; (૨) ધ્યાન; કાળજી. ૦વું સ૦ક્રિ૦ ઝંખવું (૨) નિહાળીને જોવું. –ખો પું૦ કાળજી; ચિંતા (૨) વહેમ; શંકા

ધાંગલું ન૦ કમાડે જડેલું આડું પાટિયું; બૂહો

ધાંગો પું૦ છાંટો; નાનો લોંદો (૨) રેસો; સહેજ અંશ

ધાંધલ(–ળ) સ્ત્રી૦; ન૦ ગરબડ, ધમાલ; તોફાન. ૦ખોર, –લિ(–ળિ)યું વિ૦ ધાંધલ કરનારું

ધાંસ સ્ત્રી૦ (કા.) સૂકી ખાંસી; ઠાંસો

ધિક્ અ૦ [સં.] ધિક્કારવાચક ઉદ્ગાર; ફટ

ધિકધિકાવવું સ૦ક્રિ૦ ખૂબ ધિકાવવું

ધિકાવવું સ૦ક્રિ૦ ખૂબ ગરમ કરવું (૨) જોરથી સળગાવવું

ધિક્કાર પું૦ [સં.] ફિટકાર.૦ક વિ૦ ધિક્કારનાર.૦પાત્ર વિ૦ ધિક્કારને લાયક. ૦વું સ૦ક્રિ૦ ધિક્કાર કરવો

ધિણોજો પું૦ અદેખો માણસ (૨) ઠગ

ધિણોવું અ૦ક્રિ૦ ગાયને ગર્ભ રહેવો [ને કર્મણિ

ધિબાવવું સ૦ક્રિ૦, **ધિબાવું** અ૦ક્રિ૦ 'ધીબવું'નું પ્રેરક

ધિરાવું અ૦ક્રિ૦,–વવું સ૦ક્રિ૦ 'ધીરવું'નું કર્મણિ ને પ્રેરક

ધિનકટ,૦ધિન્નાં અ૦ (રવ૦) (તબલાંનો)

ધિંગડમલ(–લ્લ) પું૦ જોરાવર ને ખડતલ માણસ

ધિંગાઈ સ્ત્રી૦ ધિંગાપણું (૨) ધિંગાણું. –ણું ન૦ તોફાન; જોશમાં મચેલી લડાઈ. **–મસ્તી** સ્ત્રી૦ મસ્તી; તોફાન

ધિંગું વિ૦ જાડું; મજબૂત; લઠ્ઠ

ધી સ્ત્રી૦ (ક.) છોકરી; દીકરી

ધી સ્ત્રી૦ [સં.] બુદ્ધિ. ૦મંત,૦માન વિ૦ બુદ્ધિમાન

ધીકડી સ્ત્રી૦, –ડું ન૦ સહેજ ગરમી; ઝીણો તાવ

ધીકતું વિ૦ ધગધગતું (૨) [લા.] જોશભેર ચાલતું; આબાદ

ધીકધીકતું વિ૦ ધગધગતું; ખૂબ ગરમ

ધીકવું અ૦ક્રિ૦ ધગધગવું (૨) [લા.] આબાદીમાં હોવું

ધીજ સ્ત્રી૦ આકરી પરીક્ષા; દિવ્ય

ધીટ વિ૦ [સં.] સહનશીલ (૨) નીડર. ૦તા સ્ત્રી૦,૦પણું ન૦

ધીબ અ૦ (રવ૦) (૨) સ્ત્રી૦ ધીબવું તે. ૦કારો પું૦ ધીબ એવો અવાજ. ૦કો પું૦ મુક્કો; ગડદો. ૦વું સ૦ક્રિ૦ ધીબ ધીબ મારવું. –બા(–બો)ધીબ અ૦ (રવ૦)

ધીમ(–વ)ર પું૦ ઢીમર; માછી

ધીમું વિ૦ મંદ (૨) ઉગ્ર નહિ એવું; શાંત. **–માશ** સ્ત્રી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમાપણું. -મે અ૦ ધીરે; આસ્તે; હળવે

ધીર વિ૦ [સં.] ધૈર્યવાન; અડગ; નિશ્ચયી (૨) ગંભીર; ઠરેલ (૩) સ્ત્રી૦ ધીરજ (૪) ભરોસો; પતીજ. ૦ગંહું વિ૦ ડરપોક (૨) ઠેકાણા વિનાનું; ચંચળ. ૦ગંભીર વિ૦ શાંત અને નિશ્ચયી. ૦જ સ્ત્રી૦ આકળું કે ઉતાવળું ન થવાનો ભાવ (૨) ધૈર્ય; હિંમત. ૦જવાન વિ૦ધીરજવાળું. ૦તા સ્ત્રી૦ધીર હોવું તે;ધીરજ. ૦પણું ન૦.૦પ્રશાંત વિ૦ ધીર અને પ્રશાંત (૨) પું૦ નાયકનો એક પ્રકાર.૦લલિત વિ૦ ધીર અને લલિત (૨) પું૦ નાયકનો એક પ્રકાર

ધીરધાર સ્ત્રી૦ વ્યાજે નાણાં આપવાં તે; લેવડદેવડ

ધીરપ સ્ત્રી૦ વેપારમાં શાખ (૨) ધીરજ

ધીરવું સ૦ક્રિ૦ ભરોંસો રાખવો (૨) ભરોંસે સોંપવું (૩) ઉછીનું કે વ્યાજે આપવું

ધીરા વિ૦ સ્ત્રી૦ [સં.] 'ધીર'નું સ્ત્રીલિંગ (૨) સ્ત્રી૦ નાયિકાનો એક પ્રકાર. ૦ધીરા સ્ત્રી૦ ઘડીમાં ધીરા અને ઘડીમાં અધીરા સ્વભાવની નાયિકા

ધીરું વિ૦ ધીમું (૨) ધીર. -રે(૦થી,૦ધીરે) અ૦ ધીમે ધીમે કે ધીરતાથી. -રાશ સ્ત્રી૦ ધીરાપણું

ધીરો પું૦ ટેકો; થાંભલો

ધીરોદાત્ત વિ૦ [સં.] ધીર અને ઉદાત્ત (૨) પું૦ એક પ્રકારનો નાયક

ધીરોદ્ધત વિ૦[સં.] ધીર અને ઉદ્ધત (૨) પું૦ એક પ્રકારનો [નાયક

ધીવર પું૦ [સં.] ધીમર; ઢીમર

ધીશ પું૦ [સં.] વિદ્વાન; ભારે બુદ્ધિમાન

ધીંગાણું ન૦ જુઓ ધિંગાણું. -મસ્તી સ્ત્રી૦ ધિંગામસ્તી

ધીંગું વિ૦ જુઓ ધિંગું

ધુક્કડ ન૦ નરઘું

ધુજારી સ્ત્રી૦, -રો પું૦ કંપારો; ધ્રુજારી

ધુજાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ધૂજવું'નું ભાવે ને પ્રેરક

ધુડકાવવું સ૦ક્રિ૦ તુચ્છકારવું (૨) ઠપકો આપવો

ધુણાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'ધૂણવું'નું ભાવે ને પ્રેરક

ધુત વિ૦ [સં.] તુચ્છકારેલું; તરછોડેલું (૨) અ૦ તિરસ્કારવાચક ઉદ્ગાર. ૦કારવું સ૦ક્રિ૦ તુચ્છકારવું; તિરસ્કારવું.

ધુતાઈ સ્ત્રી૦ ઠગાઈ; ધૂર્તતા. -રણ સ્ત્રી૦ ઠગારી સ્ત્રી. -રપાટણ વિ૦ ઠગનું ભરેલું (૨) ન૦ ઠગનું ગામ. -રી સ્ત્રી૦ ધુતારણ. -રું વિ૦ ઠગારું. -રો પું૦ ઠગ

ધુતાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦'ધૂતવું'નું કર્મણિ ને પ્રેરક

ધુન સ્ત્રી૦ [સં.] ગાનધારા; સૂરનો ગુંજારવ; ધૂન

ધુનિ સ્ત્રી૦ [સં.] નદી (૨) જુઓ ધુન

ધુપેલ ન૦ માથામાં નાખવાનું એક જાતનું તેલ. -લિયું વિ૦ ધુપેલ જેવું (૨) ન૦ ધુપેલ રાખવાનું ચલાણું. -લિયો,-લી પું૦ ધુપેલ વેચનાર

ધુમાડી સ્ત્રી૦ ધૂણી. -ડિયું ન૦ ધુમાડી નીકળવા કરેલો માર્ગ (૨) વિ૦ ધુમાડો જેમાંથી નીકળે એવું (ઘાસતેલ). -ડો પું૦ ધુમાડી; ધૂણી

ધુમાર પું૦ સંગીતનો એક તાલ-ધમાર

ધુમાલી પું૦ સંગીતનો એક તાલ

ધુમાવું અ૦ક્રિ૦બળતાં ધુમાડો થવો (૨) ધૂંધવાવું. ધુમાવવું [(પ્રેરક)

ધુમાળું વિ૦ ધુમાડીવાળું

ધુમ્મસ ન૦ ધૂમસ

ધુર ન૦ [સં.] ધૂંસરું (૨) આગલો ભાગ. -રંધર વિ૦ બોજો વહેનારું (૨) શ્રેષ્ઠ (૩) પું૦ બોજો વહેનાર પશુ (૪) અગ્રેસર. -રા સ્ત્રી૦ ધૂંસરી. -રીણ પું૦ મહત્ત્વની જવાબદારી ઉઠાવનાર (૨) અગ્રેસર. -ર્ય વિ૦ (૨) પું૦ જુઓ ધુરંધર. -ર્યપદ ન૦ અગ્રસ્થાન

ધુસળમુસળ ન૦ વરને પોંખતાં વપરાતી વસ્તુઓ

ધુસકો પું૦ ધ્રુસકો; ભેંકડો

ધુસમુસ અ૦ દોડાદોડ કરતાં

ધુળાડો પું૦ જુઓ ધૂળકોટ

ધુળેટી સ્ત્રી૦ હોળી પછીનો દિવસ

ધુંગું ન૦ ઝરડાં ઝાંખરાંનું જાળું

ધુંબો પું૦ ગડદો; મુક્કો

ધૂખળ વિ૦ ધૂળથી ઝાંખું થયેલું (૨) ન૦ ધૂળકોટ

ધૂખળું ન૦ હુમલો; ધસારો

ધૂજ સ્ત્રી૦ ધ્રૂજ; કંપારી. ૦વું અ૦ક્રિ૦ કાંપવું; ધ્રૂજવું

ધૂડ સ્ત્રી૦ (કા.) ધૂળ. -ડિયું,-ડી વિ૦ (કા.) ધૂળવાળું (૨) પાટી પર ધૂળ નાંખી કામ લેવાતું તે જમાનાની (શાળા)

ધૂણવું અ૦ક્રિ૦ આવેશમાં આવીને હાલવું

ધૂણી સ્ત્રી૦ ધુમાડી (૨) જોગી બાવાઓની આગળનો અખંડ [અગ્નિ

ધૂતવું સ૦ક્રિ૦ ઠગવું

ધૂતી સ્ત્રી૦ એક પક્ષી

ધૂતો પું૦ + ધૂર્ત

ધૂધૂ અ૦ (રવ૦) (૨) ન૦ નગારું

ધૂન(-નિ) સ્ત્રી૦ [સં.] લહે (૨) તરંગ (૩) સૂરનો ગુંજારવ

ધૂની વિ૦ ધૂનવાળું (૨) તરંગી

ધૂપ પું૦ [સં.] સુગંધી દ્રવ્ય (૨) પું૦; સ્ત્રી૦ [હિં.] તડકો. ૦છત્રી સ્ત્રી૦ તડકાની છત્રી. ૦ડું ન૦ ધુપેલ. ૦દાન ન૦, ૦દાની સ્ત્રી૦,૦ધારણું ન૦ ધૂપ કરવાનું પાત્ર; ધૂપિયું.૦વું સ૦ક્રિ૦ ધૂપ કરવો (૨) ધૂપ દેવો. ૦સળી સ્ત્રી૦ અગરબત્તી. -પિયું ન૦ ધૂપદાન

ધૂપછાંવ સ્ત્રી૦ [હિં.] એક રમત (૨) એક પ્રકારનું રંગીન [કપડું

ધૂમ અ૦ (રવ૦) ધમ [ધમાલ. ૦ધામ સ્ત્રી૦ ધામધૂમ

ધૂમ વિ૦ (૨) અ૦ પુષ્કળ; સખત; આવેશભેર (૩) સ્ત્રી૦ શોર;

ધૂમ પું૦ [સં.] ધુમાડો. ૦કેતુ પું૦ પૂંછડિયો તારો. ૦માર્ગ પું૦ યજ્ઞયાગાદિનો માર્ગ (૨) ધુમાડિયું

ધૂમર(-સ) સ્ત્રી૦; ન૦ ધુમ્મસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂમ્ર પું૦[સં.] ધુમાડો (૨) વિ૦ ધુમાડાવાળું (૩) ધુમાડાના રંગનું. ૦પાન ન૦ ધુમાડો ખેંચવો તે (૨) બીડી પીવી તે. ૦લોચન વિ૦ લાલ આંખવાળું (૨) ન૦ કબૂતર

ધૂર્જટિ પું૦ [સં.] (સં.) શંકર

ધૂર્ત વિ૦ [સં.] લુચ્ચું (૨) કાબેલ (૩) પું૦ ઠગ. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦, વિદ્યા સ્ત્રી૦, -ર્તાઈ સ્ત્રી૦

ધૂલિ(-લી) સ્ત્રી૦ [સં.] ધૂળ

ધૂસર વિ૦ [સં.] ધૂળના રંગનું

ધૂળ સ્ત્રી૦ મરોડીનો ઝીણો ભૂકો; જેહુ (૨) રસ્તાની રજ. ૦ક(-કો)ટ પું૦વંટોળિયો;ધૂળનું ઊંચે ઊડવું તે.૦ધમાસ ન૦, ૦ધમાસો પું૦ માલ વગરની વાત. ૦ધાણી સ્ત્રી૦ ખરાબી; બરબાદી. ૦ધોયું વિ૦ ધૂળે છવાયેલું (૨) ધૂળ ધોનારું. ૦ધોયો પું૦ સોના ચાંદીની રજ શોધવા ધૂળ ધોનાર. ૦(-ળી)પડવો પું૦ ધુળેટી; હોળી પછીનો દિવસ. -ળી શાળા સ્ત્રી૦ ધૂડી નિશાળ

ધૂંઆપૂંઆ અ૦ આવેશ કે ગુસ્સાથી બેબાકળું; ધૂંવાંપૂંવાં

ધૂંખાળવું સ૦ક્રિ૦ ખૂબ ધોવું. ધૂંખાળાવવું (પ્રેરક). ધૂંખાળાવું (કર્મણિ) [અંધારું

ધૂંધ સ્ત્રી૦ ઝાંખ. ૦કાર પું૦; ન૦ વંટોળિયાથી થયેલું

ધૂંધવાટ પું૦ ધુમાવું તે (૨) [લા.] દબાઈ રહેલો ક્રોધ

ધૂંધવાવું અ૦ક્રિ૦ ધુમાવું; ગોટાવું (૨) [લા.] મનમાં ગુસ્સે થવું–અકળાવું. ધૂંધવાવવું (પ્રેરક)

ધૂંધવું અ૦ક્રિ૦ (પ.) ધૂંધવાવું

ધૂંધળકું ન૦ ઝાંખું અજવાળું [ઝાંખો પ્રકાશ

ધૂંધળવું વિ૦ ધૂમસવાળું; ઝાંખું (૨) ન૦ સવારસાંજનો

ધૂંધળાવું અ૦ક્રિ૦ (ધુમાડાથી) ઝાંખું પડવું; અંધરાવું

ધૂંધળું વિ૦ (૨) ન૦ જુઓ ધૂંધળવું

ધૂંધી વિ૦ લીન; ગરક

ધૂંવાડો પું૦ ધુમાડો

ધૂંવાંપૂંવાં અ૦ જુઓ ધૂંઆપૂંઆ

ધૂંવો પું૦ ધૂંવાડો; ધુમાડો

ધૂંશ(-સ) પું૦ તડકો (૨) સ્ત્રી૦ રમઝટ

ધૂંસરી સ્ત્રી૦, -રું ન૦, -ળ ન૦ ઝૂંસરી; ધુરા

ધૂંસો પું૦ જાડો કામળો

ધૃત વિ૦ [સં.] ધારણ કરેલું (૨) ઝાલી રાખેલું. ૦રાષ્ટ્ર પું૦ (સં.) કૌરવોના બાપ. -તિ સ્ત્રી૦ સ્થિરતા (૨) ધૈર્ય

ધૃષ્ટ વિ૦ [સં.] હિંમતવાન (૨) બેશરમ; ઉદ્ધત. ૦તા સ્ત્રી૦ હિંમત (૨) બેશરમી; ઉદ્ધતાઈ. ૦દ્યુમ્ન પું૦ (સં.) દ્રૌપદીનો ભાઈ

ધેડી સ્ત્રી૦ કન્યા

ધેણુ(-ન) સ્ત્રી૦ પહેલી વાર ગર્ભવતી થયેલી સ્ત્રી

ધેણાવું અ૦ક્રિ૦ (ગાય ભેંસનું) ઋતુમતી થવું

ધેન સ્ત્રી૦ ગાય (૨) જુઓ ધેણ

ધેનુક પું૦ સંગીતનો એક થાટ

ધેરવાવું સ૦ક્રિ૦ ઢોરને પાણી પાવું (?) [ધૈર્યવાળું

ધૈર્ય ન૦ [સં.] હિંમત (૨) ધીરજ (૩) સ્વસ્થતા. ૦વાન વિ૦

ધૈવત પું૦ [સં.] સંગીતના સ્વરસપ્તકમાંનો છઠ્ઠો સ્વર 'ધ'

ધો પું૦ પ્રવાહ (૨) પું૦; સ્ત્રી૦ ધોવાણ

ધોકડી સ્ત્રી૦, -ડું ન૦ રૂની મોટી ગાંસડી (૨) કાયા (૩) ધોવાનો ધોકો; ધોકણું. -ણુપાક પું૦ ધોકણાનો માર. -ણુાટવું પું૦ ધોકણે ધોકણે મારવું. -ણી સ્ત્રી૦ નાનું ધોકણું

ધોક(૦ર)ણું ન૦ ધોવાનો ધોકો

ધોકલો પું૦ ધક્કો

ધોકારાબંધ અ૦ ઝપાટાભેર

ધોકારે અ૦ ઝપાટાભેર [(૩) અ૦ક્રિ૦ ઉતાવળે ચાલવું

ધોકાવવું સ૦ક્રિ૦ જોશભેર ચલાવવું; ધકાવવું (૨) ધોકાટવું

ધોકો પું૦ જાડી લાકડી (૨) ગડદો (૩) નુકસાન (૪) ધોખો; દગો. -કાપાક પું૦ ધોકાનો માર. -કાટવું સ૦ક્રિ૦ ધોકે ધોકે મારવું

ધોખ પું૦ ઢગલો [જોતા ઊભા રહેવું

ધોખવું અ૦ક્રિ૦ ભૂખ્યા તરસ્યા રહેવું (૨) ઝૂરવું; વાટ

ધોખો પું૦ રોષ (૨) નુકસાન (૩) ચિંતા (૪) દગો

ધોગવું ન૦ બૂહો; ધાંગવું

ધોણ ન૦, -ણી સ્ત્રી૦ ધો; ધોવું તે; ધોવાણ

ધોત વિ૦ ધૌત; સ્વચ્છ (૨) સફેદ

ધોતપનોત વિ૦ ઉદાર (૨) અ૦ સત્યાનાશ

ધોતલી સ્ત્રી૦ નાનું ધોતિયું

ધોતાળ વિ૦ ઉદાર (૨) ખરચાળ; ઉડાઉ

ધોતિયું ન૦ થેપાડું [ધોતિયાંની જોડ

ધોતી સ્ત્રી૦ ધોતલી (૨) જુઓ ધૌતી. ૦જોટો(-ડો) પું૦

ધોધ, ૦ડો(-વો) પું૦ ઊંચેથી જોરથી પડતો પાણીનો પ્રવાહ. ૦માર અ૦ પુષ્કળ; મોટી ધારાઓમાં

ધોનારવું સ૦ક્રિ૦ મારવું; ઝાપટવું

ધોપો પું૦ દમ (ચલમ વગેરેનો ?)

ધોબી પું૦ કપડાં ધોવાનો ધંધો કરનારો. -બણ સ્ત્રી૦. ૦કાણું ન૦ ધોકાણું. ૦ખાનું ન૦ ધોબીકામ કરવાનું સ્થાન. ૦ઘટ્ટો, ૦ઘાટ પું૦ ધોબીને કપડાં ધોવાની જગા

ધોબીન ન૦ એક પક્ષી

ધોબું વિ૦ ડોઠ; કમઅક્કલ (૨) ન૦ ઈંટ; રોડું

ધોબો પું૦ ડોઠ માણસ (૨) ખોબો; અંજલિ (૩) ખોબાના આકારનું ચાંદીનું પાત્ર

ધોમ પું૦ સૂર્ય (૨) સખત તડકો (૩) ક્રોધ

ધોમરા ન૦ એક પક્ષી

ધોયલો પું૦ અડદનો લાડુ

ધોયેલું વિ૦ 'ધોવું'નું કૃદંત [પદ્ધતિ

ધોરણ ન૦ [સં.] વલણ (૨) વર્ગ (૩) પ્રમાણ (૪) વહીવટ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોરિંધર વિ૦ + ધુરંધર
ધોરિયો પું૦ બે બળદની વચ્ચે રહેતું ગાડાનું લાકડું; ઊધ (૨) પાણીની નીક; ઢાળિયો (૩) બળદ (૪) ધોરો
ધોરી વિ૦ મુખ્ય; સરિયામ; મોટું (૨) પું૦ ધોરી બળદ (૩) દીકરો. ૦ડો પું૦ મોટો-ધોરી બળદ
ધોરો પું૦ અગાસીની પાળ; ઓટલાનો તકિયો (૨) ઝાડની ચોતરફ કરાતો માટીનો ઓટલો (૩) ખેતરની પાળ
ધોલ સ્ત્રી૦ તમાચો. ૦ધક્કો પું૦ ધોલ અને ધક્કો. ૦ધાપટ સ્ત્રી૦જુઓ થોલથાપટ. -લાટવું સ૦ક્રિ૦ધોલે ધોલે મારવું
ધોલા(-વા)ઈ સ્ત્રી૦ [હિં.] જુઓ ધોવાઈ
ધોવડા(-રા)મણ ન૦ ધોવાઈ (૨) ધોતાં વધેલું પાણી; નિગાળ. -ણી સ્ત્રી૦ ધોવાઈ
ધોવડા(-રા)વવું સ૦ક્રિ૦ 'ધોવું'નું પ્રેરક
ધોવણ ન૦ ધો; ધોણ (૨) ધોવડામણ (૩) ધોવાની ક્રિયા
ધોવાઈ સ્ત્રી૦ ધોવાનું મહેનતાણું
ધોવાણ ન૦ (પાણીથી માટીનું) ધોવાઈ જવું તે
ધોવું સ૦ક્રિ૦ પાણીથી સાફ કરવું. ધોવાવું (કર્મણિ)
ધોસો પું૦ જુઓ ધૂંસો
ધોળ પું૦; ન૦ ગીતનો એક પ્રકાર. ૦મંગળ ન૦બ૦વ૦ ધોળ અને મંગળ; લગ્નવખતનાં ગીતો
ધોળકું ન૦ ધોળવું તે (૨) [શ૦પ્ર૦માં] (કટાક્ષમાં) સફળતા; બહાદુરી [સ્ત્રી૦ ધોળવાનું મહેનતાણું
ધોળવું સ૦ક્રિ૦ ચૂનો લગાડવો (૨) ન૦જાડી છાશ. ધોળાઈ
ધોળું વિ૦ સફેદ; ઊજળું. -ળાશ સ્ત્રી૦ ધોળાપણું. -ળાં ન૦બ૦વ૦ પળિયાં. -ળિયો વિ૦પું૦ ધોળો (બળદ, કૂતરો વગેરે) (૨) પું૦ નિર્ધન માણસ. ૦ધબ વિ૦ સાવ સફેદ. ૦ફક(-ગ) વિ૦ એકદમ ધોળું
ધોળેશરી સ્ત્રી૦ રૂની દેવી
ધોંસરી સ્ત્રી૦, -રું ન૦ ધૂંસરી
ધોંસાં ન૦બ૦વ૦ (કા') ગપ્પાં
ધૌત વિ૦ [સં.] ધોયેલું (૨) સ્વચ્છ; શુભ્ર [કપડાની પટ્ટી
ધૌતિ(-તી) સ્ત્રી૦ [સં.] હઠયોગની એક ક્રિયા કે તે કરવાની
ધૌર્ત્ય ન૦ [સં.] ધૂર્તતા
ધ્યાત વિ૦ [સં.] ધ્યાન ધરાયેલું. -તા પું૦ ધ્યાન ધરનાર
ધ્યાન ન૦ [સં.] ચિંતન (૨) લક્ષ; એકાગ્રતા (૩) યોગનાં આઠ અંગોમાંનું એક. ૦બહેરું વિ૦ ધ્યાનની એકાગ્રતાને લીધે બહેરું. ૦મંત્ર પું૦ ધ્યાનનો મંત્ર; 'મોટો'. ૦માર્ગ પું૦ જેમાં ધ્યાન મુખ્ય સાધન છે એવો સાધનાનો માર્ગ. ૦યોગ પું૦ ધ્યાન જેનું મુખ્ય અંગ છે તે યોગ. ૦સ્થ વિ૦ ધ્યાનમાં બેઠેલું. -નાનંદ પું૦ ધ્યાનનો આનંદ. -નાસન ન૦ ધ્યાન માટે અનુકૂળ આસન. -ની વિ૦ ચિંતનશીલ (૨) ધ્યાન ધરનારું. -નું સ૦ક્રિ૦ ચિંતવવું; ધ્યાન કરવું

ધ્યેય વિ૦ [સં.] ધ્યાન કરવા યોગ્ય; ચિંતનીય (૨) ન૦ આદર્શ; લક્ષ્ય; નેમ. ૦વાદ પું૦ ધ્યેય-આદર્શ પરથી, નહિ કે વ્યવહાર પરથી, કર્મ ધર્મ વિચારનારો વાદ; 'આઇડિઍલિઝમ'. ૦વાદી વિ૦(૨)પું૦ ધ્યેયવાદમાં માનનાર
ધ્રાગણું ન૦ બૂહો; ધોગવું
ધ્રાણું સ૦ક્રિ૦ અધરકવું
ધ્રાશ(-સ)કો પું૦ ધાસકો; ફાળ
ધ્રાંગો પું૦ છાંટો; ટીપું
ધ્રાંઠ ન૦ એક જાતનું ઘાસ
ધ્રાંશ સ્ત્રી૦ ઉધરસ
ધ્રુજાટ પું૦, -રી સ્ત્રી૦ કંપારી; ધ્રુજારી. -રો પું૦ ધ્રુજારો. -વવું સ૦ક્રિ૦, -વું અ૦ક્રિ૦ 'ધ્રૂજવું'નું પ્રેરક ને ભાવે
ધ્રુ(૦વ)પદ પું૦ ગાયનનો એક પ્રકાર (૨) પદની પ્રથમ કડી; ટેક (૩) એક જાતનો તાલ. -દિયો પું૦ ધ્રુપદ ગાનારો
ધ્રુવ વિ૦ [સં.] સ્થિર; નિશ્ચળ (૨) નિશ્ચિત (૩) પું૦ પૃથ્વી જે કલ્પિત આંસ પર ફરે છે તે ઉત્તર અને દક્ષિણ તરફના બે છેડામાંનો પ્રત્યેક (૪) તે છેડાના સ્થાન પાસેનો તારો (૫) [સં.] ઉત્તાનપાદનો પુત્ર-પ્રખ્યાત વિષ્ણુભક્ત. ૦કા સ્ત્રી૦ જુઓ ધ્રુવપદ. ૦કાંટો પું૦ હોકાયંત્ર. ૦તાલ પું૦ સંગીતનો એક તાલ. ૦પદ ન૦ અચળ પદ-ધામ (૨) જુઓ ધ્રુપદ. ૦પદિયો પું૦ જુઓ ધ્રુપદિયો. ૦મત્સ્ય ન૦ ધ્રુવ અને તેની પાસેના છ મળીને સાત તારાઓનું ઝૂમખું. ૦વૃત્ત ન૦ ઉત્તર દક્ષિણ ધ્રુવ પાસેનો પ્રદેશ
ધ્રુસકો પું૦ ભેંકડો; ધ્રુસકો [કંપવું; થરથરવું
ધ્રૂજ સ્ત્રી૦ ધ્રુજારી. ૦વવું સ૦ક્રિ૦ ધ્રુજાવવું. ૦વું અ૦ક્રિ૦
ધ્રો સ્ત્રી૦ ધરો; દુર્વા
ધ્રોડવું સ૦ક્રિ૦ + દોડવું
ધ્રોપટ અ૦ (કા.) પાધરું; સીધેસીધું
ધ્રોલિયું ન૦ છાશ ભરવાનું મોટું વાસણ
ધ્વજ પું૦ [સં.] ધજા; વાવટો. ૦પટ પું૦ ધજાનું કપડું. ૦ધર પું૦ ધજા ધરનારો. ૦યષ્ટિ સ્ત્રી૦ ધજાની લાકડી. ૦વંદન ન૦ ધ્વજને વંદવું તે કે તેનો વિધિ. -જારોપણ ન૦ વાવટો ચડાવવો તે
ધ્વનન ન૦ [સં.] અસ્પષ્ટ અવાજ; ગણગણાટ (૨) વ્યંજના
ધ્વનિ પું૦ [સં.] અવાજ (૨) વ્યંજના. ૦કાવ્ય ન૦ વ્યંગ્યાર્થ-પ્રધાન કાવ્ય. ૦ત વિ૦ અવાજવાળું (૨) વ્યંજનાવાળું (૩) ન૦ કવિ ખબરદારે રચેલો એક છંદ. ૦વર્ધક ન૦ ધ્વનિને વધારનારું એક યંત્ર; 'મેગાફોન'. ૦શાસ્ત્ર ન૦ સ્વરનું શાસ્ત્ર
ધ્વસ્ત વિ૦ [સં.] ઉખાડી નાખેલું; રંજાડેલું
ધ્વંસ પું૦ [સં.] વિનાશ
ધ્વાંક્ષ પું૦ [સં.] કાગડો
ધ્વાંત ન૦ [સં.] અંધારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન

ન પું૦ [સં.] દંતસ્થાની અનુનાસિક વ્યંજન (૨) અ૦ નહિ. **૦કાર** પું૦ન અક્ષર કે ઉચ્ચાર (૨) ના. **૦કારાત્મક** વિ૦ નકારવાળું; નિષેધક. **૦કારાંત** વિ૦ છેડે નકારવાળું. **૦નનું** ન૦+,**૦ન્નો** પું૦ નકાર

નઇડે અ૦ નજીક (૨) પાડે; મોઢે

નઇડો પું૦ ભીલની એક જાતનો માણસ

નઈ સ્ત્રી૦ દૂધી

નકટી સ્ત્રી૦ એક વનસ્પતિ

નકટું વિ૦ નાક વિનાનું (૨) [લા.] બેશરમ

નકતી સ્ત્રી૦ એક પક્ષી

નકતો પું૦ અજબ તર્ક; બુટ્ટો (૨) નુકતો (૩) એક પક્ષી

નકર અ૦ (કા.) નહિ તો; નીકર

નકરામણ ન૦ હૂંડી ન શીકરાતાં આપવી પડતી નુકસાની

નકરી સ્ત્રી૦ એક પક્ષી [લફરાં વિનાનું

નકરું વિ૦ નર્યું; સાવ (૨) મહેસૂલમાંથી મુક્ત (૩) જંજાળ કે

નકલ સ્ત્રી૦ ઊંટની નાથ

નકલ સ્ત્રી૦ મૂળ ઉપરથી ઉતારેલું બીજું લખાણ (૨) અનુકરણ (૩) જોડી કાઢેલી વાર્તા. **૦ખોર**, **૦બાજ** વિ૦ નકલ કરનાર; મશ્કરો; વેષધારી. **-લિયું** વિ૦ નકલી. **-લિયો** પું૦ નકલ કરનાર કારકુન (૨) વેશધારી; મશ્કરો. **-લી** વિ૦ બનાવટી; કૃત્રિમ (૨) પું૦ વેશધારી; મશ્કરો

નકલંક(-કું) વિ૦ [સં.] કલંક વિનાનું; શુદ્ધ

નકલનોર ન૦ એક પક્ષી

નકવેસર ન૦ નાકની વાળી; નથ

નકશી સ્ત્રી૦ [અ.] કોતરકામ. **૦કામ** ન૦ નકશી. **૦ગર** પું૦ કોતરકામ કરનાર. **૦દાર** વિ૦ નકશીવાળું

નકશો પું૦ [અ.] જગા કે પ્રદેશનો માપસર આલેખ

નંકસ પું; સ્ત્રી૦ શાખ; પ્રતિષ્ઠા (૨) જોર; પાણી

નકામું વિ૦ ઉપયોગ વિનાનું (૨) અ૦ નિરર્થક; વિના કારણ

નકાર,-રાત્મક,-રાંત [સં.] જુઓ 'ન'માં. **૦વું** સ૦ક્રિ૦ ના પાડવી (૨) [હૂંડી] ના શિકારવી. **-રી** સ્ત્રી૦ નકારવું તે

નકા(-ક્કા)રું વિ૦ નઠારું (૨) જિદ્દી

નકાસ પું૦ કસાઈવાડો (૨) ફાંસી દેવાની જગા

નકાળજું વિ૦ બેફિકર

નકીબ પું૦ [અ.] છડીદાર; ચોબદાર

૪૩

નકીર વિ૦ શાણું (૨) ગરીબ (૩) પું૦ દેવદૂત (૪) સ્ત્રી૦ લીટી

નકુલ(-ળ) પું૦ [સં.] નોળિયો (૨) [સં.] સૌથી નાનો પાંડવ

નકૂચો પું૦ વાળેલો આંકડો. **-ચી** સ્ત્રી૦ નાનો નકૂચો

નકો પું૦ નાક

નકો(-ક્કો)રડો વિ૦ પું૦ કશું ખાધા વિનાનો (ઉપવાસ)

નક્ક(-ક્કૂ)ર વિ૦ પોલું નહિ તેવું; સંગીન

નક્કારું વિ૦ જુઓ નકારું [ખચીત

નક્કી વિ૦ [અ.] ચોક્કસ; ખાતરીવાળું (૨) અ૦ જરૂર;

નક્કૂર વિ૦ જુઓ નક્કર

નક્કોરડો વિ૦ પું૦ જુઓ નકોરડો

નક્ર પું૦ [સં.] મગર

નક્ષત્ર ન૦ [સં.] તારાનું ઝૂમખું; કૃત્તિકા, રોહિણી, મૃગશીર્ષ વગેરે ૨૭માંનું દરેક (૨) ૨૭ની સંજ્ઞા. **૦નાથ**, **૦પતિ** પું૦ ચંદ્ર. **૦નેમિ** પું૦ ધ્રુવતારો (૨) ચંદ્ર (૩) [સ્ત્રી.] રેવતી નક્ષત્ર. **૦માલા(-ળા)** સ્ત્રી૦ ૨૭ નક્ષત્રોની માળા-હાર. **૦યોગ** પું૦ ચંદ્રની સાથે નક્ષત્રનો સંબંધ

નક્ષત્રી વિ૦ સ્ત્રી૦ ક્ષત્રિય વિનાની. **-ત્રું** વિ૦ ક્ષત્રિય વગરનું

નખ પું૦ [સં.] હાથપગનાં આંગળાંના ટેરવા પરનું હાડકું (૨) પશુપંખીને હોતો નહોર (૩) ન૦ વીસની સંજ્ઞા. **૦ક્ષત** ન૦ નખથી થયેલું ક્ષત. **૦ચિત્ર** ન૦ નખથી કોતરેલું ચિત્ર. **૦ભર** વિ૦ બહુ જ નાનું. **૦ર** પું૦ નખ

નખતેલ ન૦ ટરપેંટાઇન તેલ

નખરું ન૦ લટકું; શૃંગારિક ચેષ્ટા. **-રાળું**, **-રાંખોર**, **-રાંબાજ** વિ૦ નખરાં કરનાર

નખલાકોર સ્ત્રી૦ નખભાતની કોર

નખલિયું ન૦, **નખલી** સ્ત્રી૦ સ્ત્રીઓનું કાનનું એક ઘરેણું

નખલેખ પું૦ નખે કોતરેલું લખાણ. **૦ક** પું૦ નખે કોતરનાર

નખલો પું૦ નખના આકારનો ચાંલ્લો (૨) ચહેરો (૩) નખથી કાંતેલું રેશમ (૪) સુતારનું એક ઓજાર (૫) નખનો ઉઝરડો (૬) નખલી

નખશિખ અ૦ [સં.] પગથી માથા સુધી

નખાઘાત પું૦ [સં.] જુઓ નખક્ષત

નખાવવું સ૦ક્રિ૦, **નખાવું** અ૦ક્રિ 'નાખવું' નું પ્રેરક ને કર્મણિ [શિંગ (૩) નખનો ઉઝરડો

નખિયું ન૦ નખ કાપવાનું એક ઓજાર (૨) નસ ઉતારેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નખી વિ૰ અણીદાર નખવાળું (૨) સ્ત્રી૰ મઢેલો નખ (૩) વાદ્યના તાર વગાડવાની તારની એક વીંટી (૪) નખિયું

નખેતર વિ૰ અશુભ; નખેદ (૨) ન૰+નક્ષત્ર

નખેદ વિ૰ અશુભ

નખોદ ન૰,૰**પાટી** સ્ત્રી૰ વંશનો ઉચ્છેદ (૨) સત્યાનાશ. ૰**ણ(-ણી)** સ્ત્રી૰ નખોદિયા સ્ત્રી. **-દિયું** વિ૰ વિનાશકારક (૨) વાંઝિયું (૩) ન૰ નિર્વંશ થયેલાનું ધન

નખોરિયું ન૰ નખનો ઉઝરડો [(સં.) હિમાલય

નગ પું૰ [સં.] પર્વત (૨) સાતની સંજ્ઞા. ૰**પતિ** પું૰

નગણ પું૰ [સં.] ત્રણ લઘુ અક્ષરવાળો ગણ (છંદશાસ્ત્ર)

નગ(-ગુ)ણું વિ૰ ઉપકાર ભૂલી જનાર; કૃતઘ્ન

નગદ(-દી) વિ૰ રોકડું (૨) કીમતી (૩) ભારે; સંગીન

નગર ન૰ [સં.] શહેર. ૰**કીર્તન** ન૰ શહેરમાં ગાતા ગાતા ફરવું તે. ૰**ચર્ચા** સ્ત્રી૰ લોકવાયકા. ૰**નારી** સ્ત્રી૰ વેશ્યા. ૰**પડો** પું૰ નગરમાં દાંડી પિટાવવી તે. ૰**પ્રદક્ષિણા** સ્ત્રી૰ નગરની પ્રદક્ષિણા. ૰**શેઠ**, ૰**શ્રેષ્ઠી** પું૰ નગરનો આગેવાન શેઠ

નગરચો પું૰ એક રમત

નગરિયું ન૰ એક જાતનો સાલ્લો

નગરી સ્ત્રી૰ [સં.] શહેર (૨) વિ૰ નગરનું; શહેરી

નગ(-ગુ)રું વિ૰ નગણું (૨) બેશરમ (૩) ગુરુ વિનાનું

નગાધિરાજ પું૰ [સં.] હિમાલય [વગાડનાર

નગારું ન૰ ઢોલ. **-રખાનું** ન૰ ટકોરખાનું. **-રચી** પું૰ નગારું

નગીન ન૰ [फा.] રત્ન. ૰**ગર** પું૰ રત્ન જડનાર. **-નો** પું૰ નગીન; રત્ન (૨) ચતુર માણસ

નગુણું વિ૰ જુઓ નગણું

નગુરું વિ૰ જુઓ નગરું

નગોડ સ્ત્રી૰ એક વનસ્પતિ

નગ્ન વિ૰ [સં.] નાગું (૨) ઉઘાડું (૩) બેશરમ. ૰**ચર્યા** સ્ત્રી૰ નગ્નાવસ્થામાં રહેવું તે. **-ગ્નાવસ્થા** સ્ત્રી૰ નાગાપણું

નઘરોળ વિ૰ નઠોર; જડ (૨) બેફિકરું

નઘોરું વિ૰ + જુઓ નગણું

નચ(-ચા)વવું સ૰ક્રિ૰ 'નાચવું'નું પ્રેરક

નચિકેત(-તા) પું૰ [સં.] (સં) યમરાજા પાસેથી બ્રહ્મવિદ્યા શીખી લાવનાર બ્રાહ્મણકુમાર (૨) અગ્નિ

નચિંત વિ૰ બેફિકર. ૰**તા** સ્ત્રી૰, ૰**પણું** ન૰ બેફિકરાઈ. **-તે** અ૰ નચિંતતાપૂર્વક

નચૂકો પું૰ જુઓ નકૂચો. **-કી** સ્ત્રી૰ જુઓ નકૂચી

નછરું વિ૰ અલગ; જુદું

નછૂટકે અ૰ નાછૂટકે; ન ચાલ્યે; લાચારીથી

નછોરવું વિ૰ છોકરાં વિનાનું; વાંઝિયું (૨) નાદાન

નજદીક અ૰ [फा.] પાસે; નજીક

નજર સ્ત્રી૰ [अ.] દૃષ્ટિ (૨) લક્ષ. ૰**કેદ** સ્ત્રી૰ નજર આગળથી ખસે નહિ તેટલા પૂરતી કેદ. ૰**ચૂક** સ્ત્રી૰ ધ્યાન બહાર રહેલી ભૂલ; સરતચૂક. ૰**ચોર** પું૰ નજર ચુકાવનાર. ૰**ચોરી** સ્ત્રી૰. ૰**બક્ષી** સ્ત્રી૰ રહેમનજર કરવી તે. ૰**બંધી** સ્ત્રી૰ જાદુથી લોકોની આંખને ભુલાવામાં નાખવી તે. ૰**બાગ** પું૰ મકાન પાસેનો બાગ. ૰**બાજ** વિ૰ સાવધાન; ચોમેર નજર રાખનાર (૨) પું૰ જાસૂસ. ૰**વેગ** પું૰ નજર જેવો વેગ. ૰**વેગું** વિ૰ નજરવેગવાળું; ખૂબ ત્વરિત. **-રા(-રો)-નજર** અ૰ દેખતાં; આંખ સામે; પ્રત્યક્ષ. **-રિયું** ન૰ નજર ન લાગવા માટે કરાતું ગાલ પરનું મેશનું ટપકું કે માદળિયું વગેરે ટુચકો

નજર સ્ત્રી૰, **-રાણું** ન૰, **-રાણો** પું૰ ભેટ, બક્ષિસ

નજલો(-ળો) પું૰ [फा.] એક રોગ

નજાકત સ્ત્રી૰ [अ.] નાજુકાઈ

નજિસ વિ૰ [अ.] ગંદું (૨) નીચ; હલકું

નજીક અ૰ નજદીક; પાસે

નજીવું વિ૰ માલ વિનાનું (૨) સહેજ

નજૂમ પું૰ [अ.] જ્યોતિષવિદ્યા. **-મી** વિ૰ જ્યોતિષને લગતું (૨) પું૰ જોશી

નજેવું વિ૰ નજીવું; નહિવત્

નઞ્ અ૰ [સં.] [व्या.] નકારવાચક સંજ્ઞા. ૰**તત્પુરુષ** પું૰ તત્પુરુષ સમાસની એક જાત. ઉદા૰ અહિત; નચિંત. ૰**બહુવ્રીહિ** પું૰ બહુવ્રીહિ સમાસની એક જાત. ઉદા૰ અબુદ્ધિ; અણજાણ

નટ પું૰ [સં.] વેશ ભજવનાર (૨) દોરડા પર નાચનાર (૩) એક રાગ. ૰**ખટ** વિ૰ ખટનટ; ખટપટી; ધૂર્ત. ૰**ડી** સ્ત્રી૰ નટી. ૰**ન** ન૰ નટવું તે (૨) અભિનય. ૰**નાગર** પું૰ કુશળ નટ (૨) [સં.] કૃષ્ણ. ૰**નારાયણ** પું૰ એક રાગ. ૰**ભૈરવી** સ્ત્રી૰ જુઓ સિંધભૈરવી. ૰**રાજ** પું૰ (સં.) શિવ. ૰**વર** પું૰ ઉત્તમ નટ (૨) [સં.] કૃષ્ણ. ૰**વાઈ** સ્ત્રી૰ નટનો ધંધો (૨) આકાશચલ્લીની રમત. ૰**વિદ્યા** સ્ત્રી૰ નટની વિદ્યા. ૰**વી** સ્ત્રી૰ નટી. ૰**વું** સ૰ક્રિ૰ નાચવું (૨) [નાટકમાં] ભાગ ભજવવો. ૰**વો** પું૰ જુઓ નટ. **-ટાઈ** સ્ત્રી૰ નટપણું; નટવિદ્યા. **-ટી** સ્ત્રી૰ નટની કે નટ સ્ત્રી (૨) સૂત્રધારની સ્ત્રી. **-ટેશ્વર** પું૰ (સં.) શિવ

નઠારું વિ૰ ખરાબ; ગંદું

નઠોર વિ૰ શિખામણ ન લાગે એવું; નફ્ટ. ૰**પણું** ન૰

નડ ન૰ [સં.] એક જાતનું બરુ

નડ સ્ત્રી૰ હરકત; વિઘ્ન. ૰**તર** સ્ત્રી૰; ન૰ હરકત; વિઘ્ન (૨) ન૰ વળગણ. ૰**તી** સ્ત્રી૰ નડતર. ૰**વું** સ૰ક્રિ૰ હરકત કરવી; પીડવું. **-ડાવ** પું૰ નડતર

નણદલ સ્ત્રી૰ નણંદ. ૰**વીર** પું૰ પતિ

નણદી સ્ત્રી૰ નણંદ. **-દોઈ** પું૰ નણંદનો વર

નણંદ સ્ત્રી૰ વરની બહેન

નત વિ૰ [સં.] નમેલું (૨) ન૰, ૰**તાંશ** પું૰ આકાશીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિરોબિંદુથી મપાતું અંતર; 'ઝેનિથ ડિસ્ટન્સ' (ગ.)
નતવાળિયો પું૦ મરનારની પાછળ વરસ સુધી રોજ જમાડાતો બ્રાહ્મણ
નતિ સ્ત્રી૦ [સં.] નમસ્કાર (૨) નમવાની ક્રિયા
નતીજો પું૦ [અ.] પરિણામ; ફળ
નત્રવાયુ પું૦ 'નાઇટ્રોજન' (પ. વિ.)
નથ્થુ વિ૦ (કા.) ધાક વગરનું; નિરંકુશ
નથ, ૦ડી(-ણી,-ની) સ્ત્રી૦ નાકની વાળી; વેસર
નથી અ૦ક્રિ૦ છે નહિ (સર્વ પુરુષ અને વચનમાં 'છે'નું નકારવાચક રૂપ)
નદ પું૦ [સં.] મોટી નદી
નદવું અ૦ક્રિ૦ નાદ કરવો
નદાત(-તિયું) વિ૦ લીધેલું પાછું ન આપનાર; નાદાર
નદારત, -દ [फा.] અ૦ પાસે નથી; કાંઈ જ નહિ
નદાવા અ૦ હવે હક-દાવો ન રહ્યો એ રીતે
નદી સ્ત્રી૦ [સં.] પર્વત કે સરોવરમાંથી વહેતો મોટો કુદરતી જળપ્રવાહ; સરિતા. **૦નાળું** ન૦ નાનકડી નદી કે વહેળો. **૦માતૃક** વિ૦ નદીના પાણીથી પોષાયેલો (દેશ). **૦વ્યાઘ્રન્યાય** પું૦ આમ જાય તો નદીમાં ડૂબી મરે અને બીજી બાજુ જાય તો વાઘના પંજામાં સપડાય તેવો ન્યાય (બંને રીતે છૂટકો ન મળે તેવી સ્થિતિ)
નધડકું વિ૦ નીડર; સાહસિક (૨) ઉદ્ધત
નધણિયું,-યાતું વિ૦ ધણી વિનાનું (૨) નવારસું
નનડવું સ૦ક્રિ૦ કનડવું; પજવવું
નનામી સ્ત્રી૦ ઠાઠડી
નનામું વિ૦ નામ વિનાનું (૨) લખનારની સહી વિનાનું
નનાંગડું વિ૦ નાના કાઠા-બાંધાનું
નનૈયો પું૦ નકાર
નન્નુ ન૦ +, **-ન્નો** પું૦ નકાર
નપગું વિ૦ પગ વગરનું; લંગડું (૨) [લા.] પાયા વિનાનું; [ઉટાંગ
નપા(૦વ)ટ વિ૦ નઠારું [(૩) શઊર વિનાનું
નપાણિયું વિ૦ પાણી વિનાનું (૨) પાણી પાયા વિના ઊછરેલું
નપાવટ વિ૦ જુઓ નપાટ
નપાયું વિ૦ પાયા વિનાનું; નપગું
નપાસ વિ૦ પાસ નહિ થયેલું; નાપાસ
નપુંસક વિ૦ [સં.] નાન્યતર જાતિનું (વ્યા.) (૨) પુરુષત્વ વિનાનું (૩) પું૦ હીજડો. **૦ત્વ** ન૦
નફ(-ફિ)કરું વિ૦ બેફિકર, નિશ્ચિંત
નફટ વિ૦ બેશરમ; નફ્ફટ. **-ટાઈ** સ્ત્રી૦ બેશરમી
નફર પું૦ [अ.] ચાકર; ગુલામ
નફરખંદું(-ધું) વિ૦ નફ્ફટ અને ખંધું
નફરત સ્ત્રી૦ [अ.] તિરસ્કાર; ઘૃણા
નફરાન પું૦ [फा.] જુઓ નફર
નફસ પું૦ મનની ઇચ્છા (૨) દમ; શ્વાસોચ્છ્વાસ. **-સાની** વિ૦ [अ.] સ્વાર્થ સંબંધી. **-સાનિયત** સ્ત્રી૦ [अ.] સ્વાર્થ; મમતા (૨) અહંકાર
નફિકરું વિ૦ નફકરું; બેફિકર
નફેરી સ્ત્રી૦ એક વાદ્ય-ઢોલ
નફો પું૦ ફાયદો. **-ફાખોરી** સ્ત્રી૦ [फा.] નફો જ તાકવો તે
નફ્ફટ વિ૦ જુઓ નફટ
નબત્તર વિ૦ નઠારું; નીચ
નબહું વિ૦ બદે નહિ એવું; ઉદ્ધત; નિરંકુશ
નબળું વિ૦ અશક્ત; કમજોર. **-ળાઈ** સ્ત્રી૦ અશક્તિ; કમજોરી. **૦પાતળું** વિ૦ સારું ખોટું-જેવું હોય એવું (૨) કમજોર; દુર્બળ
નબંધી વિ૦ બંધન વગરનું; નિરંકુશ. **૦નાત** સ્ત્રી૦ કશા ધારા-ધોરણ કે દાળા વગરની નાત. **૦વેજા** સ્ત્રી૦ નબંધી ટોળી
નબાપું વિ૦ બાપ વિનાનું
નબીરો પું૦ [फा.] દીકરા કે દીકરીનું સંતાન
નબ્ઝ સ્ત્રી૦ [अ.] નાડી
નબોજું વિ૦ બોજ-વક્કર વિનાનું
નભ ન૦ [સં.] આકાશ. **૦ગંગા** સ્ત્રી૦ જુઓ આકાશગંગા. **૦પત્ર** ન૦ [લા.] આકાશકુસુમ; અસંભવિત વસ્તુ. **૦(-ભો)મંડલ(-ળ)** ન૦ જુઓ આકાશ-મંડળ. **૦માસ** પું૦ શ્રાવણ માસ
નભરમું વિ૦ ખરાબ; બેસ્વાદ (૨) બેડોળ (૩) ભ્રમ વિનાનું
નભરેચવું અ૦ક્રિ૦ હલકું પાડવું [ચલાઉ થવું
નભવું અ૦ક્રિ૦ ટકવું (૨) પોષાવું; નિર્વાહ થવો (૩) કામ-
નભસંગમ પું૦; ન૦ પંખી; પક્ષી
નભસ્તલ ન૦ [સં.] નભ; આકાશ
નભાવ પું૦ નિભાવ; પોષણ; ગુજારો. **૦ણી** સ્ત્રી૦ નભાવવું તે. **૦વું** સ૦ક્રિ૦ 'નભવું'નું પ્રેરક
નમક ન૦ [फा.] નિમક; મીઠું; લૂણ
નમણ ન૦ નમવું તે (૨) દેવપૂજાનું પાણી. **-ણી** સ્ત્રી૦ બળદ નીચું જોઈ રહે માટે તેને આગલે પગે ને શિંગડે બાંધેલી દોરી. **-ણું** વિ૦ નમેલું (૨) વાંકું (૩) [લા.] સુંદર વળાંક-વાળું (નાક) (૪) ન૦ નમન (૫) જુઓ નમતું. **-તું** વિ૦ નીચે વળતું-ઢળતું (૨) ઢીલું (૩) નમ્ર; વિવેકી (૪) ન૦ નમવું-પાછા પડવું તે
નમદો પું૦ [हिं.] દબાવી કરાતું જાડું ઊની કાપડ
નમન ન૦ [સં.] નમસ્કાર. **૦તા(૦ઈ)** સ્ત્રી૦ નમ્રતા; નરમાશ
નમયંતું વિ૦ + નમેલું; નમતું
નમવું સ૦ક્રિ૦ નીચા વળવું (૨) નમસ્કાર કરવા (૩) નમ્ર થવું (૪) [લા.] તાબે થવું; શરણે જવું
નમઃ અ૦ [સં.] 'નમન હો'. **-મસ્કાર** પું૦ નમન; વંદન. **-મસ્કૃત** વિ૦ નમસ્કાર કરાયેલું. **-મસ્કૃતિ, -મસ્ક્રિયા**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી૦ નમસ્કાર; પ્રણામ [કરનાર; ભક્ત
નમાજ,-ઝ [फा.] સ્ત્રી૦ બંદગી. -જી(-ઝી) વિ૦ બંદગી
નમાયું વિ૦ મા વિનાનું. -બાપું વિ૦ વિ૦ માબાપ વિનાનું
નમાર પું૦ નીવાર; ખેડ્યા વિના ઊગેલી ડાંગર
નમારમૂંડું વિ૦ નવરું(૨)નિરંકુશ(૩)કુટુંબપરિવાર વિનાનું
નમાલું વિ૦ નકામું; શહૂર વિનાનું
નમિત વિ૦ [सं.] નમેલું
નમૂછિયું વિ૦ મૂછ વિનાનું
નમૂનો પું૦ [फा.] વાનગી (૨) જેના ઉપરથી નકલ કરવાની હોય તે મૂળ પ્રત કે વસ્તુ. -ના(-ને)દાર વિ૦ ઉત્તમ. ૦નિશાની સ્ત્રી૦ પુરાવા પેટે આપેલું પરિશિષ્ટ
નમેરું વિ૦ નિર્દય [નમસ્કાર હો
નમો અ૦ [सं.] નમઃ જુઓ. ૦નમઃ અ૦ (વારંવાર)
નમ્યું વિ૦ નમેલું (૨) ન૦ નમતું
નમ્ર વિ૦ [सं.] વિનયી; સાલસ. ૦તા સ્ત્રી૦,૦પણું ન૦
નય પું૦ [सं.] સદ્વર્તન (૨) રાજનીતિ (૩) દાર્શનિક મત-સિદ્ધાંત. ૦જ્ઞ પું૦ નયને જાણનાર. ૦વ્યવહાર પું૦ નયનો વ્યવહાર. ૦શાસ્ત્ર ન૦ નીતિશાસ્ત્ર (૨) રાજનીતિશાસ્ત્ર
નયણ ન૦ નયન (પ.)
નયણું વિ૦ નરણો-ખાલી (કોઠો) (ચ.)
નયન ન૦[सं.] આંખ. ૦ગોચર વિ૦દેખાય એવું;દૃષ્ટિગોચર. ૦પથ પું૦ જુઓ દૃષ્ટિપથ. ૦વિષય પું૦ કોઈ પણ દૃશ્ય પદાર્થ (૨) ક્ષિતિજ; દૃષ્ટિમર્યાદા. -નામૃત સ્ત્રી૦ કૃપાદૃષ્ટિ
નયાબત સ્ત્રી૦ મુખત્યારી
નર પું૦[सं.]પુરુષવાચક પ્રાણી(૨)મનુષ્ય(૩) ચણિયારામાં ફરતો કમાડનો ખીલો (૪) [સં.] એક ઋષિ. ૦કેસરી પું૦ સિંહ જેવો વીર પુરુષ. ૦જાતિ સ્ત્રી૦ પુરુષવર્ગ (૨) પુંલ્લિંગ (વ્યા.). ૦ત્વ ન૦. ૦દેવ, ૦(-રા)ધીશ, ૦નાથ, ૦પતિ, ૦પાલ પું૦ રાજા. ૦નારાયણ પું૦ નર અને નારાયણ. ૦પશુ પું૦ પશુ જેવો માણસ. ૦ફૂલ ન૦ પુંકેસર-વાળું ફૂલ. ૦મા(-માં)ખ પું૦ માખોનો નર. ૦માદા ન૦ બ૦વ૦ નર અને માદા (૨) બરહવાંની જોડી. ૦મેધ પું૦ જેમાં માણસને હોમવામાં આવે એવો યજ્ઞ ૦લોક પું૦ મનુષ્યલોક; આ દુનિયા
નરક ન૦ [सं.] દોજખ (૨) વિષ્ટા (૩) પું૦ (સં.) નરકાસુર. ૦કુંડ પું૦ નરકરૂપી કુંડ. ૦ચતુર્દશી સ્ત્રી૦ કાળીચૌદશ. ૦વાસ પું૦ નરકમાં વાસ. -કાતીત વિ૦ નરક જેને માટે નથી જ એવું. -કાસુર પું૦ (સં.) એક રાક્ષસ
નરખ સ્ત્રી૦ તપાસ (૨) દર; ભાવ. ૦વું સ૦ક્રિ૦ + નીરખવું
નરગિસ, નરગેશ ન૦ એક વનસ્પતિ; નર્ગિસ
નરગોટો પું૦ હૈડિયો
નરઘું ન૦ સંગીતમાં તાલ આપવા માટેનું વાદ્ય-તબલું
નરઝી સ્ત્રી૦ એક પક્ષી
નરડી સ્ત્રી૦,-ડો પું૦ ગળું (૨) શ્વાસનળી
નરણું વિ૦ નયણું; ખાધા વિનાનું (૨) એકલું
નરતું વિ૦ નઠારું; ખરાબ
નરદમ વિ૦ શુદ્ધ; એકજ જાતનું (૨) અ૦ તદ્દન
નરપલું વિ૦ પાતળું; દૂબળું (૨) અટકચાળું
નરભે વિ૦ + નિર્ભય
નરમ વિ૦ સુંવાળું; મુલાયમ (૨) નમ્ર; સાલસ (૩) પોચું; ઢીલું (૪) નબળું; કમજોર. ૦ઘેંશ વિ૦ઘેંશ જેવું-સાવ ઢીલું કે નબળું. -માઈ, -માશ સ્ત્રી૦ નરમપણું; નમ્રતા
નરમો પું૦ એક જાતનો કપાસ
નરવા પું૦જુઓ નરવો૧,૨. ૦દાર પું૦નરવાની જમીનવાળો
નરવી વિ૦સ્ત્રી૦ કુંવારી.-વો પું૦કુંવારો [માણસ
નરવું વિ૦ નર્યું; નીરોગી (૨) અ૦નરદમ.-વો પું૦નીરોગી
નરવો પું૦ કાયમી જમાબંધીવાળી જમીન (૨) જમીનનો વંશપરંપરાનો વહીવટ (૩) જુઓ 'નરવી' તથા નરવું' માં
નરસ,-સું વિ૦ રસ વિનાનું (૨) નઠારું. ૦કર વિ૦ નઠારું. -સાઈ સ્ત્રી૦,-સાપણું ન૦
નરસિંહ પું૦ [सं.] રાજા (૨) સિંહ જેવો બહાદુર પુરુષ (૩) નરસિંહાવતાર. -હાવતાર પું૦ જુઓ નૃસિંહાવતાર
નરસું વિ૦ જુઓ નરસ
નરહરિ પું૦ [सं.] જુઓ નૃસિંહ
નરાજ સ્ત્રી૦ કોશ (ખોદવાની)
નરાટો પું૦ માણસ
નરા-(રે)ણી સ્ત્રી૦ નખ કાપવાનું ઓજાર
નરાતાળ અ૦ નરદમ
નરાધમ પું૦ [सं.] અધમ-નીચ આદમી
નરાધિપ પું૦ [सं.] રાજા
નરી સ્ત્રી૦ એક પક્ષી
નરું(-ર્યું) વિ૦ તંદુરસ્ત; નીરોગી (૨) અ૦ જુઓ નરદમ
નરેડાટ વિ૦ વેરાન
નરેણી સ્ત્રી૦ જુઓ નરાણી
નરેનરું(-ર્યું) વિ૦ નરદમ [પુરુષ (૨) રાજા
નરેશ, નરેંદ્ર પું૦ [सं.] રાજા. નરોત્તમ પું૦ [सं.] ઉત્તમ
નર્ગિસ ન૦ [अ.] એક ફૂલ કે તેનું ફૂલઝાડ
નર્ત પું૦, ૦ન ન૦ [सं.] નાચ. ૦ક પું૦ નાચનારો (૨) નટ. ૦કી, -ર્તિકા સ્ત્રી૦ નટી
નર્મ ન૦ [सं.] રમત (૨) આનંદ, વિનોદ (૩) ઠઠ્ઠામશ્કરી. ૦ગોષ્ઠિ(-ષ્ઠી) સ્ત્રી૦ ગેલ, ગમત કે મજાકની વાત. ૦ચિત્ર ન૦ નર્મસૂચક ચિત્ર; 'કારટૂન-કૅરિકેચર'. ૦દ વિ૦ નર્મ-આનંદ આપનાર (૨) [સં.] નર્મદાશંકર કવિ. ૦દા સ્ત્રી૦ આનંદ આપનારી (૨) [સં.] એક નદી. ૦વૃત્ત ન૦ એક વૃત્ત
નર્યું વિ૦ (૨) અ૦ જુઓ નરું; નરદમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નર્સ સ્ત્રી૦ [ઇં.] માંદાની સારવારનું કામ કરનાર બાઈ

નલ(-ળ) પું૦ [સં.] એક જાતનું નેતર (૨) પેટમાંનું મોટું આંતરડું (૩) માટી કે ધાતુનો ગોળ પોલો લાંબો ઘાટ (૪)[સં.] નળ રાજા–દમયંતીનો પતિ (૫) સેતુ બાંધનારો રામની સેનાનો એક વાનર નાયક. **-લા(-ળા)કાર** વિ૦ નળના આકારનું. **-લા(-ળા)સ્થિ** ન૦ નળાનું હાડકું

નલિકા સ્ત્રી૦ [સં.] નળી. ૦મુખ ન૦ નળીનું મોં. ૦યંત્ર ન૦ દૂરબીન

નલિન ન૦ [સં.] કમળ

નલિની સ્ત્રી૦ [સં.] કમળનો છોડ (૨) કમળનો સમૂહ (૩) કમળવાળું તળાવ. ૦પત્ર ન૦ કમળનું પાન

નવ અ૦ નહિ (પ.)

નવ (૧) વિ૦ [સં.] નવું. **૦કુમુદેશ્વર** પું૦ ચંદ્ર. **૦છકડી** સ્ત્રી૦ યુક્તિ. **૦છંદું** વિ૦ નવા નવા છંદ કરનારું; પહોંચેલું. **૦જ(-જુ)વાન** વિ૦ યુવાનીમાં પ્રવેશ કરનાર (૨) પું૦ ઊગતો જુવાન; નૌજવાન. **૦જીવન** ન૦ નવું જીવન. **૦જોબન** ન૦ નવી જુવાની. **૦જોબના** સ્ત્રી૦ નવજુવાન સ્ત્રી. **૦તર(-રું)** વિ૦ નવું; નવીન. **૦તરતા,૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦ નવાપણું

નવ (૨) વિ૦ [સં.] '૯'. **૦કૂકી** સ્ત્રી૦ નવ કૂકીઓથી રમાતી એક બાજી. **૦કોણ** વિ૦ (૨) પું૦ નવ ખૂણાવાળી (આકૃતિ). **૦ખંડ** પું૦બ૦વ૦ પૌરાણિક ભૂગોળ પ્રમાણે પૃથ્વીના ૯ ખંડ [ઇલાવૃત્ત, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિંપુરુષ, કેતુમાલ, રમ્યક, ભારત, હિરણ્મય ને ઉત્તરકુરુ. બીજા મતે–ભરત, વર્ત, રામ, દ્રામાલા, કેતુમાલ, હિરે, વિધિવસ, મહિ ને સુવર્ણ] (૨) આખી પૃથ્વી. **૦ઘરું** ન૦ નવ ગ્રહનાં નંગ જેમાં બેસાડેલાં છે એવું ઘરેણું (૨) કસબી મોળિયું. **૦ચંડી** સ્ત્રી૦ નવ દુર્ગાઓ (૨) તેમની સ્તુતિ, પૂજન, હોમ ઇત્યાદિ. **૦ટાંક** વિ૦ શેરના આઠમા ભાગ જેટલું (૨) ન૦ નવટાંકિયું. **૦ટાંકિયું** ન૦, **૦ટાંકી** સ્ત્રી૦ નવટાંકનું માપ કે કાટલું. **૦ડો** પું૦ નવનો આંકડો–૯

નવકાર પું૦ જુઓ નોકાર. **નવકારવળી** સ્ત્રી૦ જુઓ નોકારવળી. **નવકારશી(-સી)** સ્ત્રી૦ જુઓ નોકારશી

નવજોત સ્ત્રી૦ પારસીઓનો કસ્તી પહેરવાનો સંસ્કાર

નવટાંક, -કિયું, -કી જુઓ 'નવ (૨)'માં

નવડા(-રા)વવું સ૦ ક્રિ૦ 'નાહવું'નું પ્રેરક (૨) [લા.] ઠગવું; ખાડામાં ઉતારવું

નવતર(-રું), નવતેરું વિ૦ + જુઓ 'નવ( )'માં

નવત્સું વિ૦ વત્સ–બાળક કે વાછડા વગરનું

નવધર્મી વિ૦ (૨) પું૦ [સં.] નવો ધર્મ સ્વીકારનાર

નવધા અ૦ [સં.] નવ પ્રકારે. **૦ભક્તિ** સ્ત્રી૦ નવ પ્રકારની ભક્તિ (શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, સખ્ય, દાસ્ય અને આત્મનિવેદન)

નવનવું વિ૦ અવનવું

નવનાગ(-ગે)લી સ્ત્રી૦ એક રમત

નવનિધ,-ધિ [સં.] સ્ત્રી૦બ૦વ૦ કુબેરના નવ ભંડાર (૨) [લા.] [સર્વ પ્રકારની સમૃદ્ધિ

નવનીત ન૦ [સં.] માખણ

નવનેજા પું૦બ૦વ૦; સ્ત્રી૦; **-જાં** ન૦બ૦વ૦ મહામુશ્કેલી

નવપલ્લવ પું૦ [સં.] નવાં પાનવાળી ડાળી; કૂંપળ. **૦વું** અ૦ક્રિ૦ નવપલ્લવિત થવું. **-વિત** વિ૦ નવપલ્લવવાળું

નવબિંદુવૃત્ત ન૦ [સં.] 'નાઇન-પૉઇંટ સર્કલ' (ગ.)

નવભુજ ન૦ [સં.] જુઓ નવકોણ

નવમતવાદી પું૦ [સં.] કોઈ નવા મત કે વાદવાળો

નવમલ્લિકા, નવમાલિકા સ્ત્રી૦ [સં.] જૂઈ

નવમી સ્ત્રી૦ [સં.] નોમ (૨) વિ૦સ્ત્રી૦ 'નવમું'નું સ્ત્રી૦

નવમું વિ૦ ક્રમમાં આઠમા પછીનું

નવયુવક પું૦ [સં.] નવજુવાન

નવયૌવન ન૦ [સં.] નવી જુવાની (૨) વિ૦ નવજુવાન. **-ના** સ્ત્રી૦ નવયૌવનવાળી સ્ત્રી

નવરચના સ્ત્રી૦ [સં.] નવેસર રચવું તે; પુનર્ઘટના

નવરત્ન ન૦બ૦વ૦ [સં.] નવ પ્રકારનાં રત્નો (હીરો, માણેક, મોતી, પાનું, પોખરાજ, ગોમેદ, લસણિયો, પરવાળું, નીલમ) (૨) [લા.] ભોજરાજાના દરબારના નવ પંડિતો (કાલિદાસ, ધન્વંતરી, ક્ષપણક, અમર, શંકુ, વેતાલ, ઘટકર્પર, વરાહમિહિર, વરરુચિ)

નવરસ પું૦બ૦વ૦ [સં.] કા.શા.માં વર્ણવેલા નવ રસ– શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્ભુત, શાંત

નવરંગ વિ૦ [સં.] નવા રંગવાળું (૨) મોહક (૩) ન૦ એક પક્ષી. **-ગી** વિ૦ નવા રંગનું (૨) વિવિધ રંગવાળું (૩) છેલછબીલું

નવરાત(૦ર) સ્ત્રી૦ ચૈત્ર તથા આસો માસના શુક્લ પક્ષની નવ તિથિઓ (દશેરા પહેલાંનાં નોરતાં ખાસ કરીને)

નવરાત્ર ન૦બ૦વ૦, **-ત્રિ(-ત્રી)** સ્ત્રી૦ [સં.] નવરાત; નોરતાં

નવરાવવું સ૦ક્રિ૦ જુઓ નવડાવવું

નવરું વિ૦ કામ વગરનું (૨) કામથી ફારગ. **-રાઈ(-શ)** [સ્ત્રી૦ ફુરસદ

નવરોજ પું૦ [फा.] વસંત ઋતુનો સરખાં દિવસ અને રાતવાળો દિવસ (૨) પારસીઓનું બેસતું વર્ષ

નવલ વિ૦ નવલું; આશ્ચર્યકારક (૨) સ્ત્રી૦ તેવી બીના (૩) નવલકથા. **૦કથા** સ્ત્રી૦ ગદ્યમાં લખેલી કલ્પિત વાર્તા. **૦કથાકાર,૦કાર** પું૦ નવલકથાનો લેખક. **૦કિશોર** પું૦ (સં.) કૃષ્ણ

નવલખ વિ૦ નવ લાખની કિંમતનું (૨) અગણિત (૩) [અમૂલ્ય

નવલખું વિ૦ નવ લાખની પૂંજી કે આવકવાળું (૨) પૈસાદાર

નવલનિચોર વિ૦ નવાં નવાં વસ્ત્રો પહેરનાર

નવલવાદી વિ૦ નવમતવાદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવલશા હીરજી પું૦ [લા.] શેઠાઈનો ડોળ કરનાર; પોતાળ

નવલિકા સ્ત્રી૦ નાની નવલકથા

નવલું વિ૦ નવું

નવલોહિયું,-યાળ વિ૦ નવા-ચડતા લોહીનું; જુવાન

નવવધૂ સ્ત્રી૦ [સં.] નવી પરણેલી સ્ત્રી

નવશિક્ષણ નં૦ [સં.] નવું-અર્વાચીન યુગનું શિક્ષણ

નવશાહ પું૦ નૌશાહ; વરરાજા [શિખાઉ

નવશિખાઉ વિ૦ તાજેતર શીખવું શરૂ કર્યું હોય તેવું;

નવશેકું વિ૦ જરાક ગરમ; કોકરવરણું

નવશ્રાદ્ધ ન૦ [સં.] મરણ પછી ત્રીજે, પાંચમે, સાતમે, નવમે અને અગિયારમે દિવસે થતું શ્રાદ્ધ

નવસ ન૦ [म.] નીમ; માનતા; આધા

નવસર વિ૦ નવ સેરનું; નવસેરું

નવસાર પું૦ ધાતુઓ ગાળવાનો એક ખાર

નવસેરું વિ૦ નવ સેરનું; નવસર

નવસેં(-સો) પું૦ '૯૦૦'

નવસ્ત્રું વિ૦ વસ્ત્ર વગરનું; નાગું

નવહથ્થું વિ૦ નવ હાથ લાંબું

નવાઈ સ્ત્રી૦ નવીનતા (૨) અચરજ

નવાજવું સ૦ક્રિ૦ વધાવવું (૨) ભેટ આપવા

નવાજિશ સ્ત્રી૦ [फ़ा.] કૃપા (૨) બક્ષિસ

નવાજૂની સ્ત્રી૦ નવા-જાણવા જેવા સમાચાર (૨) ઊથલપાથલ; ભારે ફેરફાર.. **-નું** વિ૦ જુઓ નવુંજૂનું

નવાડવું સ૦ક્રિ૦ નવડાવવું

નવાણ ન૦ જળાશય

નવા(-વ્વા)ણ(-ણું) વિ૦ '૯૯'

નવાબ પું૦ સૂબો; મુસલમાન રાજા (૨) એક ઇલકાબ. **૦શાહી** સ્ત્રી૦ નવાબની સત્તા (૨) આપખુદી. **-બી** વિ૦ નવાબ સંબંધી (૨) સ્ત્રી૦ નવાબશાહી

નવાર પું૦ જુઓ નીવાર

નવારસ(-સુ,-સું,-સિયું) વિ૦ વારસ વગરનું

નવાલો પું૦ [अ.] કોળિયો

નવાંકુર પું૦ [સં.] નવો ફૂટેલો અંકુર

નવીજૂની સ્ત્રી૦ જુઓ નવાજૂની

નવીન વિ૦ [સં.] નવું

નવીસંદો પું૦ [फ़ा.] લેખક (૨) લહિયો; કારકુન

નવું વિ૦ તરતનું (૨) બદલાયેલું (૩) શરૂ થતું. **૦જૂનું** વિ૦ નવું અને જૂનું; આગળપાછળનું (૨) નવાજૂનીવાળું. **૦નક્કોર** વિ૦ તદ્દન નવું. **૦નોરું,૦સવું** વિ૦ તરતનું (૨) અપરિચિત

નવેણ સ્ત્રી૦ રસોડું; નાહ્યાધોયા વગર જ્યાં જઈ ન શકાય એવી જગા (૨) કોઈને અડકાય નહિ એવી જમતાં પહેલાંની સોળી હાલત. **-ણિયું** વિ૦ સ્વચ્છ; નવેણને લગતું (૨) ન૦ નવેણમાં પહેરવાનું કપડું. **-ણિયો** પું૦ રાંધનારો; પીરસનારો

નવેલી સ્ત્રી૦ નવવધૂ

નવેલો પું૦ નહિયું

નવેસર,૦થી અ૦ફરીથી શરૂ કરીને [(૨)પાણી જવાની નીક

નવેળિયું,નવેળું ન૦ઘર પાછળની છીંડી.**નવેળી** સ્ત્રી૦નવેળું

નવેન્દુ ન૦ [સં.] બીજનો ચંદ્રમા

નવેંબર પું૦ [इं.] ઈ૦ સ૦ નો ૧૧મો માસ

નવોઢા સ્ત્રી૦ [સં.] નવવધૂ (૨) નાયિકાનો એક પ્રકાર

નવ્ય વિ૦ [સં.] નવું

નવ્યાશી(-સી) વિ૦ '૮૯'; નેવ્યાશી(-સી)

નવ્વાણ(-ણું) વિ૦ '૯૯'; નવાણ

નવ્વો પું૦ નવ આંકવાળું પત્તું કે પાસો [નશીન)

નશીન વિ૦ [फ़ा.] બેઠેલું; આરૂઢ (સમાસમાં. ઉદા૦ તખ્ત-

નશો પું૦ [फ़ा.] કેફી ચીજથી ચડતો કેફ. **-શાખોર,-શાબાજ** વિ૦ નશામાં ચકચૂર રહેનારું. **-શાખોરી, શાબાજી** સ્ત્રી૦ વ્યસનમાં ચકચૂર રહેવું તે

નશ્વર વિ૦ [સં.] નાશ પામે તેવું. **૦તા** સ્ત્રી૦ નશ્વરપણું

નષ્ટ વિ૦ [સં.] નાશ પામેલું (૨) ખરાબ; નીચ. **-ષ્ટાત્મા** વિ૦ આત્માને વિષે ભાન વગરનું. **-ષ્ટાર્તવ** પું૦ સ્ત્રીઓનો એક રોગ

નસ સ્ત્રી૦ રગ; રસવાહિની (૨) રેસો

નસકારી વિ૦ સ્ત્રી૦ + નઠારી(?) [નાકનું કાણું (૨) નાક

નસકોરી સ્ત્રી૦ નસકોરામાંની કુમળી ચામડી. **-રું** ન૦

નસલ સ્ત્રી૦ મૂળ; ઉત્પત્તિસ્થાન (૨) વંશ (૩) પત્તો; નિશાની

નસવાણ વિ૦ અશક્ત; નંખાઈ ગયેલું

નસવું અ૦ક્રિ૦ જોરથી હાંકવાથી બળદની ગરદનનું સૂજવું

નસંક ન૦ + નાક સાફ કરવું તે [પણું; નખોદ

નસંતાન વિ૦ સંતાન વગરનું; વાંઝિયું (૨) ન૦ નિર્વંશ-

નસાડવું સ૦ક્રિ૦ 'નાસવું'નું પ્રેરક

નસાણું ન૦ જુઓ નાસરડું

નસાવવું સ૦ક્રિ૦ + નસાડવું. **-ન** વિ૦ નસાડનારું [પ્રેરક

નસિકાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'નસીકવું'નું કર્મણિ ને

નસિયત સ્ત્રી૦ નસીહત; શિખામણ (૨) સજા

નસિયું વિ૦ હઠીલું; રગિયું

નસી(-સે)કવું સ૦ક્રિ૦ નાક સાફ કરવું

નસીબ ન૦ [अ.] ભાગ્ય. **૦દાર** વિ૦ ભાગ્યશાળી. **૦વાદી** વિ૦ (૨) પું૦ નસીબ પર આધાર રાખી બેસી રહેનારું; દૈવવાદી

નસીલું વિ૦ જુઓ નસિયું

નસીહત સ્ત્રી૦ [अ.] જુઓ નસિયત

નસેકવું સ૦ક્રિ૦ જુઓ નસીકવું

નસેસલો પું૦ મડદું ઉપાડી જનાર (પારસીઓમાં)

નસો પું૦ બદબો; ગંદકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નસોતર ન૦ એક ઔષધિ

નસ્તર ન૦ વાઢકાપ (૨) વાઢકાપ કરવાનું હથિયાર

નહણુક અ૦ (ચ.) સાવ; તદ્દન; બિલકુલ [તેવી (સ્રી)

નહાતીધોતી વિ૦સ્રી૦ અટકાવ આવતો થયો હોય

નહાર ન૦ વરુ (૨) પું૦ [अ.] દિવસ

નહારી સ્રી૦ [हिं.] સવારનો નાસ્તો

નહિ(-હીં) અ૦ [सं.] ના. ૦તર અ૦ નહિ તો. **-હિવત્** અ૦ નહિ જેવું કે જેટલું; નજીવું; જરાતરા

નહિયું ન૦ નખને લગતી ચામડીનો ભાગ

નહીં,૦તર જુઓ 'નહિ'માં

નહુષ પું૦ [सं.] (સં.) યયાતિનો પિતા

નહેર સ્રી૦ સરોવર કે મોટી નદીમાંથી ખોદેલો મોટો કાંસ. **-રિયું** ન૦ નાની નહેર (૨) નાળું; વહેળો. **-રી** સ્રી૦ નહેરથી પીતી જમીન. **-રું** ન૦ વહેળો; વાંઘું; નાળું

નહેરી સ્રી૦ માથામાં નાંખવાનું તેલ [ન હતું

નહોતું અ૦ક્રિ૦ 'ન હોવું'નું ત્રીજો પુ૦,એ૦વ૦, ભૂ૦કા૦;

ન હોય અ૦ક્રિ૦' ન હોવું'નું વિધ્યર્થ [નખનો ઉઝરડો

નહોર પું૦ પંજાનો નખ (૨) નખનો ઉઝરડો. **-રિયું** ન૦

નહોરા પું૦બ૦વ૦ કાલાવાલા; આજીજી

નળ પું૦ જુઓ નલ. ૦વાયુ પું૦ આંતરડાનો વાયુ.

નળવાવું અ૦ક્રિ૦ અશક્ત બની જવું

નળાકાર વિ૦ નળ જેવા આકારનું

નળિકા સ્રી૦ જુઓ નલિકા [માટીની બનાવટ

નળિયું ન૦ કવલું; છાપરું ઢાંકવાની પરનાળા જેવી

નળી સ્રી૦ ભૂંગળી (૨) ચાડું (૩) પવાલી

નળો પું૦ મોટી નળી (૨) ઘૂંટણથી પાટલી સુધીનો લાંબો અવયવ કે તેનું હાડકું (૩) પેઢુથી છાતી સુધીનો ભાગ (૪) ધાતુની મોટી નળાકાર કોઠી કે પવાલું

નળોકડી સ્રી૦ નેળ

નંકાવું અ૦ક્રિ૦ ફૂટવું; નંદાવું

નંખાવવું સ૦ક્રિ૦ 'નાંખવું'નું પ્રેરક

નંખાવું અ૦ક્રિ૦ 'નાંખવું'નું કર્મણિ રૂપ (૨) [લા.] દુર્બલ થઈ જવું (૩) ઓકવું

નંગ ન૦ એક વસ્તુ (૨) પહેલ પાડેલો હીરો (૩) [લા.] મૂર્ખ માણસ (૪) લુચ્ચો-ખંધો માણસ. ૦દાર, **-ગિયું** વિ૦ નંગવાળું; નંગ જડેલું

નંદ પું૦ + વાણિયો (૨) નંદન; દીકરો

નંદ પું૦ [सं.] આનંદ (૨) (સં.) કૃષ્ણને ઉછેરનાર ગોકુલનો મુખી (૩) મગધનો એક પ્રાચીન રાજવંશ (૪) સંગીતનો એક અલંકાર. ૦નંદન પું૦ (સં.) કૃષ્ણ

નંદન ન૦ [सं.] (સં.) ઇંદ્રનું ઉપવન (૨) પું૦ દીકરો (૩) એક છંદ (૪) વિ૦ આનંદ આપનાર. ૦વન ન૦ (સં.) ઇંદ્રનું ઉપવન

નંદવવું સ૦ક્રિ૦ ભાગવું (ખાસ કરીને કાચની વસ્તુને)

નંદવાવું અ૦ક્રિ૦ ભાગવું (ખાસ કરીને કાચની વસ્તુનું)

નંદવું સ૦ક્રિ૦ નંદવવું (૨)નિંદવું (૩)અ૦ક્રિ૦ આનંદવું

નંદા સ્રી૦ [सं.] આનંદ (૨) નણંદ (૩) દુર્ગા (૪) પડવો, અગિયારશ, કે છઠ (૫) ગાંધાર ગ્રામની એક મૂર્ચ્છના

નંદાવું અ૦ક્રિ૦ જુઓ નંદવાવું

નંદિ(-દી) પું૦ [सं.] (સં.) શિવનો પોઠિયો

નંદિની સ્રી૦ [सं.] છોકરી

નંદૂલિયો પું૦ (સં.) + શ્રીકૃષ્ણ (પ.)

નંબર પું૦[इं.] અંક; આંકડો; ક્રમાંક. ૦વાર અ૦ ક્રમસર

ના અ૦[सं.] નહિ (૨) સ્રી૦ નકાર(૩) [फा.] નામ ને વિ૦ની આગળ વપરાતો નકારસૂચક ઉપસર્ગ. ઉદા૦ નાઇલાજ

નાઆવડત સ્રી૦ બિનઆવડત [વાયુ; નત્રવાયુ

નાઇટ્રોજન પું૦ [इं.] હવામાં મોટા પ્રમાણમાં હોતો એક

નાઇત્તેફાકી સ્રી૦ મતભેદ (૨) અણબનાવ

નાઇલાજ વિ૦ [फा.] ઇલાજ વગરનું; લાચાર

નાઈ(-વી) પું૦ વાળંદ; હજામ

નાઉમેદ વિ૦ [फा.] નિરાશ. **-દી** સ્રી૦ નિરાશા

નાક ન૦ [सं.] અક વગરનું સ્થળ-સ્વર્ગ

નાક ન૦ નાસિકા (૨) [લા.] આબરૂ(૩)કોઈપણ વર્ગની મુખ્ય વસ્તુ. ૦કટ્ટું વિ૦ કપાયેલા નાકવાળું (૨) બેશરમ. ૦છીંકણી સ્રી૦ એક વનસ્પતિ. ૦ફૂળી સ્રી૦ નાકનું એક જૂનું ઘરેણું. ૦લિસોટી,૦લીટી સ્રી૦ માફી માગવા માટે જમીન ઉપર નાક ઘસવું તે

નાકબૂલ વિ૦ [फा.] નામંજૂર

નાકસૂર ન૦ નાકનો એક રોગ

નાકાર(-રો) પું૦[सं.] નકાર. **-રવું** સ૦ક્રિ૦ નકારવું

નાકાં ન૦બ૦વ૦ દાળચોખાના ઝીણા કટકા

નાકુળું વિ૦ કુળ વગરનું; કળહીણ

નાકું ન૦ કાણું (૨) જકાત લેવાનું થાણું (૩)જ્યાં ઘણા રસ્તા મળતા હોય તેવું સ્થળ (૪) રસ્તાનો છેડો કે પ્રવેશદ્વાર (૫) [લા.] ગામમાં પેસવા બદલ અપાતો કર. **-કેદાર** પું૦ નાકાવાળો; થાણદાર. **-કેદારી** સ્રી૦ થાણદારપણું. **-કેબંધી** સ્રી૦ નાકે નાકે ચોકી મૂકી દેવી તે; ઘેરો

નાકેશ પું૦ [सं.] ઇંદ્ર

નાકેસ વિ૦ અપૂર્ણ; અધૂરું [કમજોરી

નાકૌવત વિ૦[फा.] અશક્ત; કમજોર. **-તી** સ્રી૦ અશક્તિ;

નાક્ષત્ર,-ત્રિક વિ૦ [सं.] નક્ષત્રને લગતું (૨) પું૦ ચાંદ્રમાસ; ચંદ્ર ૨૭ નક્ષત્રોમાં થઈને પસાર થાય તેટલો સમય. **-ત્રી** વિ૦ નક્ષત્રને લગતું

નાખવું સ૦ક્રિ૦ જુઓ નાંખવું

નાખુદા પું૦ [फा.] ટંડેલ

નાખુશ વિ૦ [फा.] નારાજ. **-શી** સ્રી૦ નારાજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખોરી સ્ત્રી૰ નસકોરી. **–રું** ન૰ નાક; નસકોરું

નાગ પું૰ [સં.] ફેણવાળો સાપ (૨) પાતાળમાં રહેતો એક જાતનો કાલ્પનિક સર્પ; એક ઉપદેવ(૩)હાથી(૪)શક લોકોની એક શાખાનો માણસ. **૰કન્યા** સ્ત્રી૰નાગની કન્યા(૨) પરમ સુંદર સ્ત્રી. **૰કેસર** ન૰ એક વનસ્પતિ; કબાબચીની. **૰ખડિયો** પું૰ એક વનસ્પતિ. **૰ચંપો** પું૰ એક જાતનો ચંપો. **૰ડમણ** સ્ત્રી૰ એક વનસ્પતિ. **૰ણ(–ણી)** સ્ત્રી૰ સાપણ (૨) હાથણી (૩) એક ઘરેણું. **૰દમન** ન૰ (કૃષ્ણે કરેલું કાલિય) નાગનું દમન. **૰દંત** પું૰ ભીંતમાં મારેલો ખીલો (૨) ટોલ્લો. **૰દંતી** સ્ત્રી૰ એક વનસ્પતિ. **૰દાવનો** પું૰ નાગડમણ. **૰દેવતા** પું૰ નાગરૂપી દેવતા. **૰પંચમી** સ્ત્રી૰ શ્રાવણ માસની પાંચમ. **૰પાશ** પું૰ નાગના ગૂંચળા જેવો ફાંસો (૨) એક પ્રકારની વ્યૂહરચના (૩) ગાળો; સરકિયું (૪) વરુણનું આયુધ. **૰પાશપ્રબંધ** પું૰ એક ચિત્રકાવ્ય. **૰પાશી** વિ૰ નાગપાશ સંબંધી. **૰પાંચમ** સ્ત્રી૰ જુઓ નાગપંચમી. **૰પુષ્પ** ન૰ નાગચંપો. **૰રસ** પું૰ અમૃત. **૰રાજ** પું૰ શેષનાગ. **૰લોક** પું૰ પાતાળ

નાગડું વિ૰ જુઓ નાગું (૨) નાજુક; નબળું. **–ડો** પું૰ બાવો (તિરસ્કારમાં) (૨) લુચ્ચો માણસ

નાગ(૰ર)ણું ન૰ વાસણ ઊંચકવા કરાતો એક ગાળો (૨) દામણું (૩) હળને ધૂંસરી બાંધવાનું દોરડું

નાગર વિ૰ [સં.] નગરનું (૨) સભ્ય (૩) ચતુર (૪) બ્રાહ્મણોની એ નામની ન્યાતનું (૫) પું૰ એ ન્યાતનો માણસ (૬) (વ્યંગમાં) ઢેડ કે ભંગી (૭) સ્ત્રી૰ સૂંઠ. **૰અપભ્રંશ** સ્ત્રી૰ અપભ્રંશનો એક પ્રકાર. **૰ડી,૰ણ,–રાણી** સ્ત્રી૰ નાગરની સ્ત્રી. **૰તા** ન૰નાગરપણું (૨)લખાણની પ્રૌઢિ;'એલિગન્સ'. **૰પણું** ન૰, **૰વટ** સ્ત્રી૰; ન૰ નાગરપણું

નાગરણું ન૰ જુઓ નાગણું

નાગરમોથ સ્ત્રી૰ એક વનસ્પતિ

નાગરવેલ(–લી) સ્ત્રી૰ એક વેલ (તેનાં પાન મુખવાસમાં ખવાય છે.)

નાગરાણી સ્ત્રી૰ જુઓ 'નાગર'માં

નાગરિક વિ૰ [સં.] શહેરનું (૨) પું૰ શહેરી; શહેરમાં રહેનાર કે ત્યાંનો પ્રજાજન; 'સિટિઝન'. **૰તા** સ્ત્રી૰

નાગરી વિ૰ નગરનું (૨) નાગર સંબંધી (૩) સ્ત્રી૰ [સં.] શહેરી સ્ત્રી (૪) નાગરણ (૫) દેવનાગરી લિપિ

નાગલી સ્ત્રી૰ બાવટા જેવું એક અનાજ

નાગળ ન૰ લંગર (૨) હળને ધૂંસરી બાંધવાની રાશ

નાગાસ્ત્ર ન૰ [સં.] સર્પાસ્ત્ર

નાગું વિ૰ ઉઘાડું; નગ્ન (૨) [લા.] બેશરમ (૩) લુચ્ચું. **–ગાઈ** સ્ત્રી૰ નફટાઈ (૨) લુચ્ચાઈ. **૰ટાટ** વિ૰સાવ નાગું; અસભ્ય. **૰પૂગું** વિ૰ તદ્દન નાગું–ઉઘાડું

નાગેશ(–શ્વર) પું૰ [સં.] શેષનાગ

નેક વિ૦ [फा.] પ્રામાણિક; સાચું; ન્યાયી (૨) નીતિમાન (૩) ધાર્મિક (૪) સ્ત્રી૦ નેકી; ન્યાયીપણું (૫) પું૦ હદ; પ્રમાણ (૬) ભાવ; દર. ૦નજર સ્ત્રી૦ ચોખ્ખી દાનત. ૦નામ(૦દાર) વિ૦ નેકી માટે પ્રખ્યાત; ભારે પ્રખ્યાત (૨) એક માનવાચક શબ્દ કે ઇલકાબ. ૦નામી સ્ત્રી૦ કીર્તિ; ખ્યાતિ. -કી સ્ત્રી૦ પ્રામાણિકપણું; ઈમાનદારી (૨) ભલાઈ; સજ્જનતા (૩) સદાચાર; સદ્‌વર્તન (૪) સ્તુતિનાં વચન; છડી પોકારવી તે. -કીદાર પું૦ નેકી પોકારનાર; છડીદાર [એક પટ્ટી

નેકટાઈ પું૦ સ્ત્રી૦ [ઇં.] યુરોપી પહેરવેશમાં ગળે બંધાતી

નેકો પું૦ નિયમ; વ્યવસ્થા (૨) ધારો (૩) હદ; પ્રમાણ

નેખમ પું૦ (કા.) ઊંડો દાટેલો ખીલો

નેગ પું૦ + સ્નેહ

નેગવું સ૦ક્રિ૦ જમવું

નેગિયો પું૦ દૂત; કાસદ

નેચો પું૦ [फा.] જુઓ નેળચો

નેજણું ન૦ છાપરાની પાંખ-મોતિયાનો ટેકો

નેજારા પું૦બ૦વ૦ નિજારા; કટાક્ષ

નેજાળું વિ૦ નેજાવાળું [(૩) ભાલો

નેજું ન૦, -જો પું૦ [फा.] વાવટો; નિશાન (૨) બરછી

નેટ અ૦ નક્કી

નેટવું અ૦ક્રિ૦ + મટવું; ટળવું.

નેટાં ન૦બ૦વ૦, નેટી સ્ત્રી૦ ખણખોદ; બારીક તપાસ

નેઠવું અ૦ક્રિ૦ હઠવું; હારી જવું

નેઠો પું૦ છેડો; અંત

નેડું વિ૦ પાસેનું. -ડે અ૦ પાસે

નેડો પું૦ નેહ; પ્રેમ

નેણ ન૦ + નેન; નયન (પ.)

નેતર ન૦ એક જાતનો વેલો અને તેની સોટી; વેતસ

નેતરું ન૦ વલોણાનું દોરડું

નેતા પું૦ [સં.] આગેવાન

નેતિ અ૦ [સં.] એ નહિ (૨) એટલું બસ નહિ [સાધન

નેતી સ્ત્રી૦ [સં.] હઠયોગની નાક માટેની એક ક્રિયા કે તેનું

નેત્ર ન૦ [સં.] આંખ. ૦પલ્લવી સ્ત્રી૦ આંખનો અણસારો. ૦વિદ્યા સ્ત્રી૦ આંખ વિષેની વિદ્યા. ૦વૈદ(-દ્ય) પું૦ આંખનો વૈદ. ૦સમસ્યા સ્ત્રી૦ નેત્રપલ્લવી; આંખથી સમસ્યામાં કહેવું તે. -ત્રાંજન ન૦ આંખનું આંજણ. -ત્રાંબુ ન૦ આંસુ

નેત્રી સ્ત્રી૦ સ્ત્રી-નેતા [સં.] (૨) વિ૦ નેત્રવાળું

નેન ન૦ નેણ; નયન; નેત્ર (પ.)

નેનકલાક ન૦ એક જાતનું સુતરાઉ કાપડ

નેનસૂક ન૦ ઝીણા વણાટનું સુતરાઉ કપડું

નેપથ્ય ન૦ [સં.] રંગભૂમિનો પડદો (૨) તેની પાછળનો ભાગ, જ્યાં રહી નટો કપડાં બદલે છે (૩) વસ્ત્ર; પોશાક

નેપાળો પું૦ રેચક બીવાળી એક વનસ્પતિ

નેપુર ન૦ નૂપુર; ઝાંઝર [કે સુરવાલની ખોલ

નેફો પું૦ [फा.] જેમાં નાડું ઘાલવામાં આવે છે તે ચણિયા

નેમ સ્ત્રી૦ નિશાન (૨) આશય; હેતુ (૩)જુઓ નીમ; નિયમ

નેમિ(-મી) સ્ત્રી૦ [સં.] કૂવા ઉપરની ગરગડી (૨) પૈડાનો પરિઘ. ૦નાથ પું૦ (સં.) એક જૈન તીર્થંકર

નેરું વિ૦ + ન્યારું (૨) અ૦ પાસે; નજીક; ઓરું

નેવ(-વું) ન૦ નળિયું (૨) છાપરાના છેડા ઉપરનાં નળિયાં જેમાંથી પાણી બહાર પડે છે તે (૩) તેમાંથી પડતું પાણી

નેવકું અ૦ (કા.) બિલકુલ; ઠામૂકું; સાવ

નેવર ન૦ ઝાંઝર

નેવલ(-ળ) સ્ત્રી૦ બેડી (૨) એક ઘરેણું

નેવાણી સ્ત્રી૦ નેવાં પડે તે જગા

નેવુ(-વું) વિ૦ '૯૦'

નેવું ન૦ જુઓ નેવ (૨) નેવુ

નેવ્યાશી(-સી) વિ૦ નવ્યાશી(-સી); '૮૯'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેષ્ટ વિ૦ [सं.] અનિષ્ટ

નેસ વિ૦ અપશુકનિયું (૨) કમનસીબ (૩) દળદરી; કંજૂસ

નેસ,૦ડો પું૦ ભરવાડોએ જંગલમાં બાંધેલાં ઝૂંપડાંનું ગામ (૨) ભરવાડનું ઝૂંપડું

નેસ્તનાબૂદ વિ૦ [फ़ा.] જડમૂળથી નાશ પામેલું

નેસ્તી પું૦ મોદી

નેહ પું૦ પ્રેમ; સ્નેહ. **-હી** વિ૦ સ્નેહી

નેહ [નૈ] સ્ત્રી૦ હૂકાની નળી

નેહરી સ્ત્રી૦ જુઓ નહેરી

નેહારી સ્ત્રી૦ નારતો; નહારી [પું૦ હૂકાનો મેર

નેળ સ્ત્રી૦ સાંકડી ગલી-નળી (૨) હૂકાની નળી. **૦ચો**

નૈગમ પું૦ [सं.] વાણિયો; વેપારી (૨) વેદ સમજાવનાર (૩) નાગરિક (૪) ઉપાય (૫) ઉપનિષદ

નૈપુણ્ય ન૦ [सं.] નિપુણતા

નૈમિત્તિક વિ૦ [सं.] ખાસ નિમિત્તને કારણે કરવાનું કે કરેલું (કર્મનો એક પ્રકાર) (૨) પ્રાસંગિક; આગંતુક (૩) ન૦ નિમિત્તને લઈને થતું કાર્ય

નૈમિષ વિ૦ [सं.] ક્ષણિક (૨) ન૦ (સં.) એક અરણ્યનું નામ

નૈયત સ્ત્રી૦ દાનત; વૃત્તિ [જાણનાર

નૈયાયિક વિ૦ [सं.] ન્યાયને લગતું (૨) પું૦ ન્યાયશાસ્ત્ર

નૈયું ન૦ જુઓ નહિયું

નૈરાશ્ય ન૦ [सं.] નિરાશા

નૈર્ઋત્ય વિ૦ [सं.] પશ્ચિમ અને દક્ષિણ દિશા વચ્ચેનું (૨) સ્ત્રી૦ એ દિશા કે ખૂણો. **૦કોણ** પું૦

નૈર્ગુણ્ય ન૦ [सं.] નિર્ગુણતા; ગુણાતીતપણું

નૈર્ઘૃણ્ય ન૦ [सं.] નિર્ઘૃણ હોવું તે; ક્રૂરતા

નૈવેદ,-દ્ય [सं.] ન૦ પ્રસાદ; દેવને ધરાવેલી ખાવાની વસ્તુ

નૈષધ પું૦ [सं.] (સં.) નળરાજા

નૈષ્કર્મ્ય ન૦ [सं.] નિષ્કર્મપણું

નૈષ્કિક વિ૦ [सं.] નિષ્કનું બનાવેલું; નિષ્કથી ખરીદેલું

નૈષ્ઠિક વિ૦ [सं.] નિષ્ઠાવાળું

નૈષ્ફલ્ય ન૦ [सं.] નિષ્ફળતા

નૈસર્ગિક વિ૦ [सं.] કુદરતી

નૈસ્તેજ્ય ન૦ [सं.] નિસ્તેજતા

નોક(-ખ) વિ૦ સુંદર (૨) પું૦; સ્ત્રી૦ [फ़ा.] અણી; છેડો (૩) ટેક; વટ (૪) છટા (૫) ઘાટ; મોખરો; મુખવટો. **૦દાર** વિ૦ નોકવાળું

નોકર પું૦ [फ़ा.] ચાકર; સેવક. **૦ડી** સ્ત્રી૦ સ્ત્રી-નોકર યા નોકરની સ્ત્રી. **૦શાહી** સ્ત્રી૦ નોકરોથી ચાલતું-નોકરોની કુલ સત્તાવાળું રાજતંત્ર; 'બ્યુરૉક્રસી'. **-રાણી** સ્ત્રી૦ નોકરડી. **-રિયાટ(-ત)** વિ૦ નોકરી કરનારું (૨) પરાધીન. **-રી** સ્ત્રી૦ ચાકરી; સેવા

નોકાર, ૦મંત્ર પું૦ જૈનોને જપવાનો એક મંત્ર; નવકાર; નોકાર. **૦વળી** સ્ત્રી૦ નોકાર કરવાની માળા. **૦શી(-સી)** સ્ત્રી૦ જૈનોને જમાડવા તે

નોકું વિ૦+સુંદર; નોક

નોખ,૦દાર જુઓ 'નોક'માં

નોખું વિ૦ જુદું [કરવું

નોગરવું અ૦ક્રિ૦ (ચ.) બળદને હળ જોડી ખેડવા તૈયાર

નોઝણાસાંકળ સ્ત્રી૦ કમાડને બારસાખ સાથે જોડનારી સાંકળ [દોરડું; સેલો

નોઝણું ન૦ દોહતી વખતે ગાયને પાછલે પગે બાંધવાનું

નોટ સ્ત્રી૦ [ઇં.] સિક્કાને ઠેકાણે વપરાતો ચલણી કાગળ (૨) નોંધ (૩) ચિઠ્ઠી (૪) કોરા કાગળની બાંધેલી વહી; નોંધપોથી. **૦બુક** સ્ત્રી૦ કોરા કાગળની બાંધેલી વહી

નોટિસ સ્ત્રી૦ [ઇં.] ચેતવણી; પૂર્વ ખબર (૨) તે દેતું કાગળિયું

નોતર સ્ત્રી૦ નોતરેલાં મહેમાનોનો સમૂહ. **૦વું** સ૦ક્રિ૦ આમંત્રણ કરવું. **-રિયો** પું૦ નોતરાં દેવાનું કામ કરનાર. **-રું** ન૦ આમંત્રણ

નોધડિયો પું૦ છોકરો. **નોંધડી** સ્ત્રી૦ નાંધલી; છોકરી

નોધલિયું વિ૦ નાંધલું; નાનું. **નોધલું** ન૦ બાળક

નોધારું વિ૦ આધાર વગરનું

નોબત સ્ત્રી૦ [अ.] મોટું નગારું. **૦ખાનું** ન૦ ટકોરખાનું

નોમ સ્ત્રી૦ નવમી તિથિ

નોર ન૦ ભાડું; નૂર (૨) પું૦ વ્યવસ્થા

નોરતું ન૦ નવરાત્રિમાંનો દરેક દિવસ

નોરો પું૦ આજીજી

નોલકોલ ન૦ એક શાક

નોહાર સ્ત્રી૦ ગાવાની એક બાની

નોળ પું૦ નોળિયો (૨) નોર; નૂર

નોળવું સ૦ક્રિ૦ ગોરસાને કૂચાથી ઘસીને સાફ કરવું

નોળવેલ સ્ત્રી૦ એક વનસ્પતિ

નોળિયો પું૦ એક નાનું ચોપગું પ્રાણી [કાવતરું

નોળીકર્મ ન૦ પેટના નળ હલાવવાની યોગની એક ક્રિયા (૨)

નોળીનોમ સ્ત્રી૦ શ્રાવણ સુદ નોમ

નોળું ન૦ એક જાતનું સાપોલિયું (૨) ગોરસાં ધોવાનો કૂચો

નોંજણું ન૦ (કા.) જુઓ શેલાયું

નોંધ સ્ત્રી૦ ટાંચણ (૨) ટિપ્પણી (૩) આપેલો માલ જેમાં વિગત સાથે નોંધાય છે તે ચોપડી (૪) મોટા થાંભલાને ટેકો આપવા સાકટીઓ સાથે જડેલા ખીલા. **૦ણી** સ્ત્રી૦ નોંધવાની ક્રિયા. **૦ણીકામદાર** પું૦ નોંધણી કરનાર અમલદાર. **૦ણીદાર** પું૦ નોંધણી કરનાર. **૦પોથી,૦વહી** સ્ત્રી૦ નોંધ કરવાની ચોપડી. **૦વું** સ૦ક્રિ૦ નોંધ કરવી. **-ધાઈ** સ્ત્રી૦ નોંધણી કરવાની ફી

નોંધલું વિ૦ નાંધલું; નાનું

નોંધવું,નોંધાઈ જુઓ 'નોંધ'માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૌ સ્ત્રી૦;ન૦ [સં.] નૌકા. **૦ચાલન** ન૦ નૌકા ચલાવવી તે. **૦દંડ** પું૦જુઓ નૌકાદંડ. **૦પતિ** પું૦જુઓ નૌકાપતિ. **૦યાન** ન૦વહાણવટું; નૌકાગમન. **૦સાધ્ય** વિ૦ નૌકાથી જઈ શકાય એવું (૨) જેમાં નૌકા ચાલી શકે એવું; નાવ્ય. **૦સૈન્ય** ન૦ જુઓ નૌકાસૈન્ય

નૌકા સ્ત્રી૦ [સં.] હોડી. **૦ગમન** ન૦ નૌકાની સફર. **૦ગૃહ** ન૦નૌકારૂપી ઘર. **૦દંડ** પું૦ હલેસું. **૦ધિપતિ** પું૦નૌકાનો કે નૌકાખાતાનો અધિપતિ. **૦પતિ** પું૦જહાજનો ઉપરી. **૦બળ** ન૦ નૌકાસૈન્યનું બળ. **૦ફોજ** સ્ત્રી૦ નૌકાસૈન્ય. **૦શાસ્ત્ર** ન૦વહાણવટાનું શાસ્ત્ર. **૦સૈન્ય** ન૦દરિયાઈ લશ્કર

નૌકાર,૦મંત્ર,૦વળી,૦શી(-સી) સ્ત્રી૦જુઓ 'નોકાર'માં

નૌજવાન પું૦ [ફા.] નવયુવક

નૌતમ વિ૦ નૂતન

નૌશાહ પું૦ [ફા.] વરરાજા

નૌસાધ્ય વિ૦ (સં.) જુઓ 'નૌ'માં; 'નૅવિગેબલ'

ન્યક્કાર પું૦ [સં.] અપમાન

ન્યગ્રોધ પું૦ [સં.] વડ

ન્યર્બુદ ન૦ [સં.] દશ અર્બુદ–અબજ જેવડી સંખ્યા

ન્યસ્ત વિ૦[સં.] ફેંકેલું (૨) ન્યાસ–થાપણ તરીકે મૂકેલું (૩) દોરેલું; ચીતરેલું

ન્યાત સ્ત્રી૦ જ્ઞાતિ. **૦જાત** સ્ત્રી૦ ન્યાત અને જાત. **-તીલું** વિ૦ ન્યાતનું (૨) ન૦ ન્યાતનું માણસ. **-તીલો** પું૦ ન્યાતનો માણસ. **-તું** ન૦ સગપણ; નાતો

ન્યામત સ્ત્રી૦ ધનદોલત (૨) સુખ (૩) દુર્લભ ચીજ

ન્યાય પું૦ [સં.] ઇનસાફ (૨) ધારો (૩) દૃષ્ટાંત; કહેવત ઉદા૦ કાકતાલીયન્યાય (૪) પ્રમાણ દ્વારા વસ્તુની પરીક્ષા (૫) ન્યાયશાસ્ત્ર–દર્શન. **૦ખાતું** ન૦ ઇનસાફખાતું. **૦દર્શન** ન૦ ષડ્દર્શનમાંનું એક; ગૌતમ ઋષિએ પ્રવર્તાવેલું પ્રમાણશાસ્ત્ર. **૦મંત્રી** પું૦ ન્યાયખાતાનો મંત્રી. **૦મંદિર** ન૦ અદાલત;કચેરી;'હાઈ કોર્ટ'. **૦વૃત્તિ** સ્ત્રી૦ ન્યાય તોળવાની દાનત (૨) ન્યાયપૂર્વક વર્તવું તે. **૦શાસ્ત્ર** ન૦ જુઓ ન્યાયદર્શન. **૦શ્રેણિ(-ણી)** સ્ત્રી૦ન્યાયપરંપરા(૨)'સોરાઈટીસ'(ન્યા.). **૦સભા** સ્ત્રી૦કચેરી; અદાલત (૨)'અપીલેટ–સુપ્રીમ કોર્ટ'. **-યાધિકારી, -યાધીશ** પું૦ ન્યાય આપનાર અમલદાર;'જજ'. **-યાધીશી** સ્ત્રી૦ન્યાયમંદિર. **-યાસન** ન૦ ન્યાયાધીશને બેસવાનું સ્થાન. **-યી,-ય્ય** વિ૦ બરાબર ન્યાય આપે એવું (૨) વાજબી

ન્યારું વિ૦ જુદું (૨) અજાયબ

ન્યાલ વિ૦ નિહાલ; કૃતાર્થ (૨) પૈસાદાર

ન્યાળવું સ૦ક્રિ૦ નિહાળવું (પ.)

ન્યાસ પું૦ [સં.] મૂકવું તે (૨) ચિહ્ન (૩) વિશ્વાસ ઉપર સાચવવા આપવું તે; થાપણ (૪) ત્યાગ (૫) મંત્ર અને વિધિ સહિત શરીરનાં જુદાં જુદાં અંગોને દેવતાઓને સોંપવાં તે–એક ધર્મવિધિ. **૦સ્વર** પું૦(સંગીત) ગીતની સમાપ્તિનો સ્વર

ન્યાં અ૦ (કા.) ત્યાં

ન્યૂન વિ૦ [સં.] ઓછું; ઊણું (૨) સ્ત્રી૦ (પ.) ન્યૂનતા. **૦તા** સ્ત્રી૦. **૦નિગમન** ન૦ અવયવો કરતાં ન્યૂન પ્રદેશવાળું નિગમન (ન્યા.). **૦પણું** ન૦, **૦સ્વેદ** પું૦ એક રોગ

ન્યૂનાધિક વિ૦ [સં.] ઓછુંવત્તું

ન્યૂસપેપર ન૦ [ઇં.] વર્તમાનપત્ર; છાપું

ન્યોછાવર વિ૦ [હિં.] કુરબાન કરેલું; ખેરાત

પ

પ પું૦[સં.] પહેલો ઓષ્ઠ્ય વ્યંજન (૨) સંગીતમાં પંચમ સ્વરની સંજ્ઞા. **૦કાર** પું૦ પ અક્ષર કે ઉચ્ચાર. **૦કારાંત** વિ૦ છેડે પકારવાળું

પઈ સ્ત્રી૦ છાપખાનાનાં નકામાં થયેલાં બીબાં

પકડ સ્ત્રી૦ પકડવું તે (૨) પકડવાની શક્તિ કે તેનું ઓજાર. **૦દાવ** પું૦ એક રમત. **૦વું** સ૦ક્રિ૦ ઝાલવું (૨) ગુનેગાર માની કેદ કરવું; 'ઍરેસ્ટ'. **૦હુકમ** પું૦ પકડવાનો સરકારી હુકમ; 'વૉરંટ'. **-ડાપકડી** સ્ત્રી૦ ઉપરાઉપરી ધરપકડ

પક(-કા)વવું સ૦ક્રિ૦ રાંધવું (૨) માટી ઇ૦ ના વાસણને ભઠ્ઠીમાં નાખી તપાવવું (૩) પાકે એમ કરવું

પકવાન ન૦ જુઓ પકવાન્ન

પકવાસી સ્ત્રી૦ મેડાનાં પાટિયાંની નીચે રહેતી સાંધ પર જડાતી લાકડાની કે લોઢાની ચીપ

પકવાસો પું૦ વાંસની કામડી (૨) છાપરાના સાકટા ઉપર જડવાની ચીપ (૩) જળોયું

પકાવવું સ૦ક્રિ૦ 'પાકવું'નું પ્રેરક; પકવવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પકોડી સ્ત્રી૦ [हिं.] તળેલી એક વાની

પક્કું વિ૦ માહિતગાર; છેતરાય નહિ તેવું (૨) ખંધું (૩) પૂરેપૂરું (૪) પાકું; દૃઢ. **-ક્કાઈ** સ્ત્રી૦ ખંધાઈ; લુચ્ચાઈ

પક્વ વિ૦ [सं.] પાકું (૨) રંધાયેલું. **૦તા** સ્ત્રી૦. **-ક્વાન્ન** ન૦ તળીને બનાવેલી મીઠાઈ.**-ક્વાશય** પું૦; ન૦ હોજરી

પક્ષ પું૦ [सं.] તરફેણ; બાજુ (૨) તડ; ભાગ (૩) તકરારના પક્ષની એક બાજુ (૪) પક્ષપાત (૫) પખવાડિયું (૬) સાધ્ય જેને વિષે સિદ્ધ કરવાનું હોય તે [ન્યા.] (૭) સ્ત્રી૦ પાંખ. **૦કાર** વિ૦ (૨) પું૦ પક્ષ કરનાર. **૦ગત** વિ૦ પક્ષને લગતું. **૦(-ક્ષા)ઘાત** પું૦ અડધા અંગનું રહી જવું તે; લકવો. **૦ધર્મતા** સ્ત્રી૦ પક્ષ ઉપર સાધન-હેતુનું હોવું તે(ન્યા.).**૦પદ** ન૦ નિગમનનું ઉદ્દેશપદ; 'માઈનોર ટર્મ' (ન્યા.). **૦પાત** પું૦ વગ; તરફદારી. **૦પાતી** વિ૦ વગિયું;એકતરફી.**૦મત** પું૦ એક પક્ષનો અભિપ્રાય **૦મંત્ર** પું૦ પક્ષવાદ; વકીલાત. **૦મંત્રી** પું૦ વકીલ. **૦રાગ** પું૦ એક પક્ષ તરફ રાગ-આસક્તિ. **૦વાદ** પું૦ વકીલાત (૨) એકતરફી નિવેદન-કથન. **૦વાદી** પું૦ વકીલ. **-ક્ષાઘાત** પું૦ લકવો. **-ક્ષાપક્ષ** પું૦, **-ક્ષાપક્ષી** સ્ત્રી૦ પક્ષ પડી જવા તે; ભેદભાવની લાગણી (૨) તરફદારી; પક્ષપાત. **-ક્ષાભિમાન** ન૦ પક્ષનું અભિમાન. **-ક્ષાભિમાની** વિ૦ પક્ષાભિમાનવાળું. **-ક્ષાંધ** વિ૦ પક્ષની બહાર ન જોઈ શકનારું. **-ક્ષિણી** સ્ત્રી૦ પક્ષીની માદા. **-ક્ષી** ન૦ પંખી. **-ક્ષીય** વિ૦ અમુક પક્ષનું. **-ક્ષીરાજ** પું૦ (સં.) ગરુડ. **-ક્ષોત્પાત** પું૦ એક પક્ષ તરફ ઢળી પડ્યા વગર બન્ને પક્ષનો નભાવ કરવો તે

પક્ષ્મ ન૦ [सं.] પાંપણ

પખણ અ૦ (સુ.) પેઠે

પખ(-ગ)તું વિ૦ પહોળું; મગતું; તંગ નહિ એવું

પખપખા સ્ત્રી૦+પક્ષાપક્ષી [તે વગાડનારો

પખવાજ સ્ત્રી૦ પખાજ; મૃદંગ જેવું એક વાદ્ય. **-જી** પું૦

પખવાડિક વિ૦ પંદર દિવસે થતું; પખવાડિયાનું (૨) ન૦ પંદર દિવસે પ્રસિદ્ધ થતું છાપું

પખવાડું(-ડિયું) ન૦ પંદર દિવસનો કાળ; પક્ષ

પખવાની સ્ત્રી૦ કાનના વેહમાં ખોસાતી ભૂંગળી

પખાજ સ્ત્રી૦ જુઓ પખવાજ. **-જી** પું૦ પખવાજી

પખાલ સ્ત્રી૦ પાણી ભરી લાવવાની ચામડાની ગૂણ કે થેલી (૨) ફૂલ વગેરે ઉપાડી લઈ સંધ્યાકાળે દેવસ્થાન ધોવું તે (૩) પખાળવું તે; પ્રક્ષાલન. **૦ચી** પું૦ પખાલવાળો; પખાલ વડે પાણી ભરી લાવનાર કે છાંટનાર. **૦ણ** સ્ત્રી૦ પખાલીની સ્ત્રી કે સ્ત્રી-પખાલચી. **-લી** પું૦ પખાલચી

પખાળવું સ૦ક્રિ૦ પાણીથી ધોવું [ચણિયારું

પખિ(-ખિ)યારું ન૦ ખીલી ઘાલવાનું નાકું (ઘરેણામાં)(૨)

પખું ન૦ પક્ષ (૨) ઓથ

પખે અ૦ સિવાય; પાખે

પખોડવું સ૦ક્રિ૦ + પહોળું કરવું (૨) પછાડવું

પગ પું૦ પ્રાણીનો ચાલવાનો અવયવ (તે આખો કે માત્ર ચાપવું યા ઘૂંટણ નીચેનો ભાગ પણ 'પગ' કહેવાય છે.) (૨) [લા.] અવરજવર (૩) મૂળ. **૦ઉપાડો** પું૦ ઝપાટાબંધ ચાલવું તે. **૦ચંપી** સ્ત્રી૦ પગ દબાવવા તે. **૦તોડ** સ્ત્રી૦ નકામા આંટાફેરા. **૦દોડ** સ્ત્રી૦ પગનો શ્રમ. **૦(-ડ,-ર)થાર** પું૦થોડાં પગથિયાં પછી આવતું પહોળું પગથિયું. **૦થારિયું** ન૦ મોટું પહોળું પગથિયું. **૦થિયું** ન૦ ચડવાઊતરવા માટે કે સીડીમાં પગ માંડવા જોગી કરાતી રચના. **૦થી** સ્ત્રી૦ જુઓ પગરવટ (૨) માર્ગની બાજુએ રાહદારી માટે રાખેલો રસ્તો; 'ફૂટપાથ.' **૦દંડી** સ્ત્રી૦ પગથી; કેડી. **૦દંડો** પું૦ ટેકા વગર થોડુંઘણું હરવુંફરવું તે (૨) થોડોઘણો મદદગાર (૩) જંગલમાં પડેલી પગથી-પગરસ્તો. **૦પાળું** વિ૦ પગે ચાલતું. **૦પેસારો** પું૦ પગ માંડવો-ઘૂસવું તે (૨) [લા.] અવરજવર; પરિચય; લાગવગ. **૦ભર** વિ૦ બીજાના આશ્રય વગર ટકી રહે તેવું [સ્ત્રી૦ તેનો ધંધો

પગ(-ઘ)ડબંદ(-ધ) પું૦ પાઘડી બાંધનાર. **-દી(-ધી)**

પગતું વિ૦ જુઓ પખતું; ખૂલતું

પગર પું૦ ઢગલો (૨) ખળું કરવા કરેલો ડૂંડાંનો ઢગલો કે તે પર બળદ ફેરવવા તે (૩) [ક.] પરસેવો

પગરખું ન૦ ખાસડું

પગરણ ન૦ સારું ટાણું (૨) આરંભ. **-ણિયું** વિ૦ પગરણ વખતનું [જવરઅવર

પગરવ,-વો પું૦ પગનો—ચાલવાનો અવાજ (૨) [લા.]

પગરવટ સ્ત્રી૦ અવરજવરથી પડેલો શેરડો (૨) પગના ઘસારાની નિશાની. **-ટો** પું૦અવરજવર(પરિચયને કારણે) (૨) જુઓ પગરવટ

પગરસ્તો પું૦ પગપાળાને ચાલવાની કેડી [પદક

પગલાં ન૦બ૦વ૦ દેવ સંત ઇ૦નાં પૂજા માટેનાં પગલાં-તેનું

પગલી સ્ત્રી૦ પગલાંની હાર-પંક્તિ (૨) નાનાં નાનાં પગલાં

પગલુછ(-સ)ણિયું ન૦ પગ લૂછવા બારણા પર મુકાતી કાથી કે તારની બનાવટ

પગલું ન૦ પગના તળિયાની છાપ-આકૃતિ (૨) ડગલું (૩) એક ઘરેણું (૪) [લા.] ચાંપતો ઉપાય

પગવાટ સ્ત્રી૦ પગથી (૨) સ્થળમાર્ગ; ખુશકી

પગાર પું૦[पो.] વેતન; દરમાયો. **૦દાર** વિ૦ પગાર લઈને કામ કરનારો. **૦પત્રક** ન૦ પગારની આકારણીનું પત્રક

પગી પું૦પગલું પારખી ચોરની ભાળ કાઢનાર(૨) ચોકિયાત

પગેપડણું ન૦ સાસુ વગેરેને પગે પડતાં વહુએ મૂકેલી ભેટ

પગેરું ન૦ ચોરનું પગલું

પગેલાગણું ન૦ નમસ્કાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગો પું૦ પૂતળી ભાતનું સ્ત્રીઓને પહેરવાનું લાલ કપડું

પગોડા ન૦ [पो.] બૌદ્ધ મંદિર

પઘડબંદ(-ધ)પું૦,-દી(-ધી)સ્ત્રી૦ જુઓ 'પગડબંદ'માં

પઘડું ન૦(કા.)સોગટાબાજીમાં દાવ આવતાં બેસતી સોગટી; પો (૨) તે દાવમાં એક ઘર વધારાનું ચળાય છે તે

પચક અ૦ (રવ૦) પચ એવા અવાજ સાથે (૨) જલદી; ઓચિંતું. ૦ડી સ્ત્રી૦ નાની પિચકારી

પચકણ વિ૦ પોચું; પોચકણ; ડરપોક

પચખાણ ન૦ પ્રતિજ્ઞા; વ્રત (જૈન)

પચનક ન૦ એક પક્ષીનું નામ

પચપચ અ૦ (રવ૦) [દબાવાથી પ્રવાહીનો અવાજ.] ૦વું અ૦ક્રિ૦ પચપચ અવાજ થવો (૨) પચપચું થવું. -ચું વિ૦ પચપચ થાય એવું; ગદગદું

પચરકવું અ૦ક્રિ૦ધાર છૂટવી [-કો પું૦ પાણીની શેડ

પચરકી સ્ત્રી૦પાણીની શેડ.-કિયું વિ૦ પચરકે એવું ઢીલું.

પચરંગ,-ગિયું,-ગી વિ૦ પાંચ રંગવાળું [મગ્ન થવું

પચવું સ૦ક્રિ૦ હજમ થવું (૨) [લા.] નિરાંતે ભોગવવું (૩)

પચારવું સ૦ક્રિ૦ વારે વારે કહેવું; ટોકવું (૨) ટોણારૂપે કહી બતાવવું (૩) [સુ.] નજર લાગે એમ ટોકવું

પચાવ(-વો) પું૦ પચવું તે

પચાસ વિ૦ '૫૦'

પચીશ(-સ) વિ૦'૨૫'. -શી(-સી) સ્ત્રી૦પચ્ચીશી(-સી)

પચુસણ ન૦ + પજુસણ; પર્યુષણ

પચ્ચી સ્ત્રી૦ વીંટીમાં નંગ બેસાડવાનું કાંગરાવાળું ખીમાણું. ૦ગર પું૦ પચ્ચી કરનાર; જડિયો

પચ્ચીશી(-સી) સ્ત્રી૦ પચીશી; પચીસનો સમૂહ

પચ્છમ વિ૦ + પશ્ચિમ (૨) પાછળનું. ૦બુદ્ધિ, ૦બૂધિયું વિ૦ જેને પાછળથી બુદ્ધિ સૂઝે તેવું

પછડાવું અ૦ક્રિ૦ અફળાવું; કુટાવું. -ટ પું૦ પછડાવું તે

પછતાવ(-વો) સ્ત્રી૦ જુઓ પસ્તાવ

પછવાડી અ૦ પાછળ. -ડું વિ૦ છેવાડું (૨) ન૦ પાછળનો ભાગ; પૂંઠ (૩) કેડો. -ડે અ૦ પાછળ; પૂંઠે (૨) છેડે; અંતે

પછાટ(-ડ) સ્ત્રી૦ પછડાવું તે; પછાડો.

પછાડવું સ૦ક્રિ૦ જોરથી અફાળવું-પટકવું

પછાડી સ્ત્રી૦ ઘોડાના પાછલા પગ બાંધવાનું દોરડું (૨) પછાડ (૩) અ૦ જુઓ પછવાડી.

પછાડું ન૦ પછવાડું; પાછળનો ભાગ

પછાડો પું૦ પછાડ

પછાત વિ૦ પાછળનું; પાછળ રહી ગયેલું (૨) અ૦ પાછળ. ૦વર્ગ પું૦ સંસ્કારમાં પાછળ રહી ગયેલો લોકસમૂહ

પછી,-છે + અ૦પાછળ; પાછળથી. ૦ત સ્ત્રી૦ઘરની પાછલી ભીંત. ૦તિયું ન૦ પાંજરીવાળા ગાડાનું પાછલું પાટિયું

પછેડી સ્ત્રી૦ પિછોડી; ઓઢવાની જાડી ચાદર. ૦વા વિ૦ પછેડી જેટલું (દૂર) (૨) પછેડી પલળે તેટલો (વરસાદ). -ડો પું૦ મોટી પછેડી (૨) સંતાનના જન્મ કે લગ્ન પ્રસંગે આપવામાં આવતું કીમતી વસ્ત્ર કે અવેજ

પજવણી સ્ત્રી૦, -ણું ન૦ પજવવું તે; હલાકી

પજવવું સ૦ક્રિ૦ ત્રાસ આપવો; હેરાન કરવું

પજાવો પું૦ [फा.] કુંભારની ભઠ્ઠી

પજુસણ ન૦ પર્યુષણ; ભગવાન મહાવીરની જયંતી સમયનું જૈન પર્વ (૨) શ્રાવણ વદ બારસથી ભાદરવા સુદ ચોથ સુધીના જૈનોના તહેવાર

પટ ન૦ [सं.] વસ્ત્ર.(૨)પું૦ ખાનાં ચીતરેલું પાટિયું કે કપડું (શેતરંજ વગેરે રમવા માટે) (૩) પડદો (૪) નદીની પહોળાઈ (૫) વિસ્તાર (૬) સાંકડો અને લાંબો પટો (જમીનનો) (૭) ચીતરવા માટેનું પાટિયું કે કપડું; ફલક

પટ પું૦ પાસ; પુટ (૨) પાસ; અસર (૩) [રવ૦] અ૦ ઝટ

પટક સ્ત્રી૦ પટકવું તે; ઝીક. ૦વું સ૦ક્રિ૦ પછડાતું ફેંકવું

પટકાવવું સ૦ક્રિ૦ શોખથી પહેરવું (૨) 'પટકવું'નું પ્રેરક

પટકૂળ ન૦ રેશમી વસ્ત્ર; ઊંચી જાતનું સુંદર વસ્ત્ર

પટકો પું૦ લૂગડાનો ટૂંકો કકડો (૨) છોગલો (૩) કાછો

પટણી વિ૦ પાટણ ગામનું

પટપટ અ૦ (રવ૦) જલદી (૨) સ્ત્રી૦ બોલ બોલ કરવું તે. ૦વું સ૦ક્રિ૦ પટપટ કરવી. -ટાટ(-રો) પું૦ પટપટ કરવી તે (૨) પટપટાવવું તે. -ટાવવું સ૦ક્રિ૦ પટપટ હલાવવું (પૂંછડી).-ટિયું વિ૦ લવરીખોર (૨) ન૦ લાકડાનું રમકડું (૩) હજામનું ટપટપિયું

પટરાણી સ્ત્રી૦ રાજાની મુખ્ય રાણી [ટોળું; જથ્થો

પટલ પું૦ [सं.] પડદો; ઢાંકણ (૨) આંખનું પડળ (૩)

પટલ પું૦ (ગ્રામ્ય) જુઓ પટેલ. -લાઈ સ્ત્રી૦ પટેલનો અધિકાર કે કામ; પટેલાઈ. -લાણી સ્ત્રી૦ પટેલની સ્ત્રી

પટવારી પું૦ [हिं.] તલાટી

પટવો પું૦ રેશમની દોરીઓની ગૂંથણીનું અને સોનારૂપાના દાગીનાને ગાંઠવાનું કામ કરનારો

પટહ પું૦ [सं.] પડઘમ (૨) નગારી

પટંતર ન૦, -રો પું૦ અંતરપટ (૨) જુદાઈ

પટા પું૦બ૦વ૦ તરવાર કે લાકડીના દાવ. ૦બાજ વિ૦ પટા ખેલી જાણનાર. ૦બાજી સ્ત્રી૦ પટાબાજપણું (૨) દાવપેચ

પટાઈ ન૦ એક પક્ષી

પટાઉ વિ૦ પટાવી-ફોસલાવી જાય એવું

પટાક પું૦ ઘોડાનો તંગ (૨) અ૦ (રવ૦) (૩) તરત

પટાકડી સ્ત્રી૦ (રવ૦) ચપટી (૨) પિસ્તોલ

પટાકો પું૦ ફટાકો (૨) તમાચ

પટાટો પું૦ બટાકો

પટાદાર વિ૦ પટાપટાવાળું (૨) પું૦ પટેથી-અમુક વર્ષની બાંધણીથી (જમીન ઇ૦) રાખનાર (૩) જમીનદાર (૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટાવાળો. -રી સ્ત્રી૦ પટાદારપણું

પટાપટ અ૦(રવ૦) એક પછી એક; જલદી; પટોપટ

પટાપટી સ્ત્રી૦ બોલાબોલી (૨) આડાઅવળા લિસોટા

પટામણી સ્ત્રી૦ ફોસલામણી. -ણું વિ૦ ફોસલાવનારું (૨) ન૦ પટામણી

પટારી સ્ત્રી૦ પેટી. -રો પું૦ મોટી પેટી

પટાવત પું૦ રાજસેવા બજાવવા બદલ ગામગરાસ ભોગવનાર

પટાવવું સ૦ક્રિ૦ ફોસલાવવું; યુક્તિપ્રયુક્તિથી સમજાવી લેવું

પટાવાળો પું૦ નોકર; ચપરાસી

પટિયાં ન૦બ૦વ૦ ઓળીને પાડેલા સફાઈદાર વાળના પટા

પટી(-ટ્ટી) સ્ત્રી૦ પાતળી વસ્તુનો ચીપ જેવો લાંબો કટકો (૨) ગડગૂમડ કે કાગળ પર ચોડવાનો નાનો ટુકડો

પટુ વિ૦ [સં.] ચાલાક. ૦ડાઈ સ્ત્રી૦, ૦ડાવેડા પું૦બ૦વ૦ પટુડાપણું. ૦ડું વિ૦ મીઠુંમીઠું બોલી રંજિત કરનાર; પટાઉ. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ ચાલાકી; હોશિયારી

પટુઈ સ્ત્રી૦ (કા.) ઘોડીની એક જાત

પટેલ પું૦ અમુક જથ્થાનો કે સંઘનો વડો (૨) ગામનો મુખી (૩) પાટીદાર (૪) એક અટક.-લાઈ,-લી સ્ત્રી૦ પટલાઈ. -લિયો પું૦ પટેલ ૧,૨,૩ જુઓ

પટો(-ટ્ટો) પું૦ સનદ; દસ્તાવેજ (૨) લૂગડાનો કે ચામડાનો લાંબો ચીરો (૩) કમરબંધ (૪) રંગનો લાંબો પહોળો લીટો (૫) ચપરાસની નિશાની તરીકે રાખવાનો પટો

પટોધર વિ૦ સ્ત્રી૦ + પટરાણી

પટોપટ અ૦ (રવ૦) પટાપટ; એક પછી એક; જલદી

પટોળ ન૦ એક ઔષધિ

પટોળી સ્ત્રી૦,-ળું ન૦ એક જાતનું રેશમી કપડું

પટ્ટ ન૦ [સં.] રાજગાદી; સિંહાસન (૨) વિ૦ મુખ્ય

પટ્ટણ,-ન [સં.] ન૦ શહેર; પત્તન

પટ્ટાભિષેક પું૦ [સં.] રાજ્યાભિષેક

પટ્ટાળું વિ૦ પટ્ટાવાળું. **પટ્ટી** સ્ત્રી૦ જુઓ પટી

પટ્ટી(-ટ્ટી)શ(-સ) ન૦ [સં.] એક જાતનું પ્રાચીન હથિયાર

પટ્ટુ પું૦; ન૦ ઊનનું એક જાતનું વસ્ત્ર

પટ્ટો પું૦ જુઓ પટો

પઠણ ન૦ + પરઠણ; કબૂલાત

પઠન ન૦[સં.] ભણતર. -વું સ૦ક્રિ પાઠ કરવો; વાંચવું; ભણવું

પઠાણ પું૦ એ નામની મુસલમાન જાતનો આદમી (૨) વહાણની પીઠ (૩) નમતાં પીઢિયાંને ટેકો દેવા આડો નખાતો મોભ

પઠિત વિ૦ [સં.] પઠાયેલું; પઢાયેલું

પઠે,૦મ અ૦ + પેઠે (પ.)

પઠ્ઠું વિ૦ અલમસ્ત; પહેલવાન; પરિપુષ્ટ

પડ ન૦ થર (૨) ઢાંકણ; આચ્છાદન (૩) ગડી (૪) પડિયું

પડઉત્તર પું૦; ન૦ પ્રત્યુત્તર; જવાબનો જવાબ

પડ(-ડિ)કમણું ન૦ પાપની માફીની પ્રાર્થના જૈનો આચાર્ય પાસે ભણી જાય છે તે વિધિ.-વું અ૦ક્રિ૦ પડકમણું કરવું

પડકાર,-રો પું૦ મોટેથી સંબોધન; આહ્વાન. ૦વું સ૦ક્રિ૦ પડકાર કરવો

પડખવું અ૦ક્રિ૦+વાટ જોવી [પડખે રહેનાર; સોબતી

પડખું ન૦ પાસું (૨) પક્ષ (૩) મદદ.-ખિયું વિ૦ (૨) ન૦

પડગી(-ઘી) સ્ત્રી૦ વાસણની કે લાડુની બેસણી

પડગોરવ ન૦ ગોરવના બદલામાં આપેલું સામું જમણ

પડઘમ સ્ત્રી૦ ઢોલ જેવું વાદ્ય (૨) તાંબાનું મધ્યમ કદનું નળાકાર વાસણ. ૦ચી પું૦ પડઘમ વગાડનાર

પડઘી સ્ત્રી૦ જુઓ પડગી

પડઘો,-છંદ(-દો) પું૦ સામો અવાજ; પ્રતિઘોષ; પરછંદો

પડછાતી સ્ત્રી૦ ઘોડાની છાતીના રક્ષણ માટે હાંસડીની નીચે મૂકવામાં આવતી પડછીની ગાદી

પડછાયો પું૦ ઓળો (૨) પ્રતિબિંબ

પડછી સ્ત્રી૦ એક જાતનું ઊની કાપડ; નમદો

પડછું ન૦ પાંદડું; શેરડીની ટોચ ઉપરનું આચ્છાદન

પડછો પું૦ સરખામણી

પડજીભ સ્ત્રી૦ ગળાનો કાકડો

પડણ ન૦ નમસ્કાર

પડતર વિ૦ નફો ચડાવ્યા વિનાનું (૨) ખેડયા વિનાનું (૩) વેચાયા વગર પડી રહેલું (૪) ખુલ્લું; ઇમારત વિનાનું

પડતલી સ્ત્રી૦ ગડાકુ ભરવાની ચામડાની કોથળી

પડતાળવું સ૦ક્રિ૦ ખોદીને તળે ઉપર કરવું (૨) પછાડવું (૩) સરખાવવું

પડતાળી સ્ત્રી૦ + પતરાળી; પતરાળું

પડતાળો પું૦ ઉપરાઉપરી માગણી

પડતી સ્ત્રી૦ પતન; અવદશા; પડન

પડતું વિ૦ નબળું; માઠું (૨) 'તે તરફ જતું-ઝૂકતું" એ અર્થમાં શબ્દની સાથે. ઉદા૦ વધારેપડતું; પીળાશપડતું (૩) ન૦ ભૂસકો. -તો પું૦ ભૂસકો

પડ(-ર)થાર પું૦ નીચી પહોળી ઓટલી (૨) સીડી ઇ૦માં વચ્ચે વચ્ચે વિસામાને માટે રાખેલું પહોળું પગથિયું (૩) છોબંધ ભોંયતળિયું

પડદી સ્ત્રી૦ નાનો પડદો (૨) બિલ્લાનો કે પાટિયાંનો આંતરો

પડદું ન૦ લૂગડે બાંધેલું ઘાસ

પડ(-ર)દો પું૦ આંતરો (૨) કાનનો ઢોલ (૩) ઓઝલ (૪) ગુપ્ત વાત (૫) અંગરખાનો પડદો (૬) તંતુવાદ્ય પર સ્વરોનાં સ્થાન બતાવવા બંધાતો આંતરો.-**દેનશીન, -દેપોશ** વિ૦ પડદા-ઓઝલમાં રહેનારું

પડધારા સ્ત્રી૦ (કા.) ડુંગરની બાજુ

પડન ન૦ પડવું તે; પતન; પડતી

પડપડ અ૦ (રવ૦). ૦વું અ૦ક્રિ૦ પડપડ અવાજ કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–હાટ પું૦ પડપડ અવાજ (૨) પપડાટ.–ડિયાં ન૦બ૦વ૦ પાતળા ઝાડાથી થતો અવાજ. –ડી સ્ત્રી૦ દોટ

પડપું ન૦ અત્યંત શુષ્ક પદાર્થ

પડપૂછ સ્ત્રી૦ પૂછપરછ

પડભીંત સ્ત્રી૦ એક ભીંત ચણીને અંતર મૂકી ચણેલી બીજી ભીંત. –તિયું ન૦ આગળ ભીંત ચણી લઈ પાછળ રાખેલો ગુપ્ત ખંડ (૨) સંચ (૩) વિ૦ ભીંત અને પડભીંતની વચ્ચેના ગાળાનું

પડવડું વિ૦ + સ્પષ્ટ [(૨) જુઓ ઢીંચણિયું ૩

પડવા(–વૈ)ચો પું૦ પાયા તળે મૂકવાનો લાકડાનો કકડો

પડવાહ પું૦ ધાન ઊપણવા માટે પિછોડીની ઝાપટનો વાયુ

પડવું અ૦ક્રિ૦ પતન થવું; નીચે ગરવું કે ગબડવું–ગતિ થવી (૨) જવું; પળવું (૩) થવું; બનવું; નીપજવું (૪) લાંબા થવું; સૂવું (૫) કિંમત બેસવી; મૂલ્ય હોવું (૬) અન્ય ક્રિયાપદ જોડે લાગતાં અવશ્યતા કે ફરજનો ભાવ ઉમેરે છે. ઉદા૦ જવું પડશે. અથવા અણધાર્યાપણાનો ભાવ દર્શાવે છે. ઉદા૦ દુઃખ આવી પડ્યું

પડવો પું૦ પખવાડિયાની પહેલી તિથિ; પ્રતિપદા

પડ(–ર)સાળ સ્ત્રી૦ ઘરનો આગલો ખંડ

પડ(–ર)સૂદી સ્ત્રી૦ ઘઉંનો ધોળો લોટ; મેંદો

પડહ પું૦ + પટહ

પડળ ન૦ આંખને છાવરી લેતું પડ–છારી

પડા પું૦બ૦વ૦ થાપા; હાથા

પડાઈ સ્ત્રી૦ નાની ધજા (૨)[કા.]પતંગ [નાનું વહાણ

પડાઉ વિ૦પડાવી લીધેલું(૨) વેચાયા વગર પડી રહેલું(૩) ન૦

પડાક અ૦ (રવ૦) એકદમ

પડા(–ડી)દાર પું૦ દાંડી પીટનાર

પડાપડ(–ડી) સ્ત્રી૦ સ્પર્ધાથી ધસવું તે; ઉપરાઉપરી પડવું તે

પડારો પું૦ (કા.) વડાઈ; શેખી; અભિમાન

પડાવ પું૦ મુકામ; છાવણી

પડાવવું સ૦ક્રિ 'પડવું' 'પાડવું'નું પ્રેરક (૨) ઝૂંટવી–છીનવી લેવું; મરજી વિરુદ્ધ લેવું–મેળવવું

પડાળ ન૦ છાપરાના બે ઢોળાવમાંનો એક. –ળી સ્ત્રી૦ અડાળી

પડિયાણ વિ૦ પડતર

પડિયું ન૦ ઘંટીનું પડ

પડિયો પું૦ પાંદડાનો વાટકો; દડિયો

પડી,૦કી સ્ત્રી૦ નાનું પડીકું. ૦કું ન૦ વસ્તુને પાનમાં કે કાગળમાં લપેટી કરેલું બાંધણ.–કો પું૦ મોટું પડીકું કે ઝૂડો

પડી સ્ત્રી૦ દાંડી; ઢોલ. ૦દાર પું૦ દાંડી પીટનાર. –ડો પું૦ ઢોલ (૨) ઢંઢેરો (૩) જુઓ 'પડી'માં

પડીપથારી સ્ત્રી૦ ધામો; પડ્યોપાથર્યો વાસ કે પડાવ

પડોપાંદડી સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ

પડોશ પું૦ પાડોશ. ૦ણ સ્ત્રી૦ પાડોશણ. –શી પું૦ પાડોશી

પડ્યુંપાથર્યું વિ૦ ધામો નાંખીને પડેલું; નિરાંત કરીને રહેલું

પઢ પું૦ વડો ભેરુ; આગેવાન (રમતમાં)

પઢતમૂર્ખ વિ૦ [म.] ભણેલું પણ મૂર્ખ–વ્યવહારજ્ઞાનશૂન્ય

પઢવું સ૦ક્રિ૦ ભણવું

પઢિયાર પું૦ પ્રતિહાર (૨) એક અડક [સિક્કો

પણ ન૦ [સં.] પ્રતિજ્ઞા; ટેક; વચન; નેમ (૨) એક પ્રાચીન

પણ અ૦ પરંતુ (વિરોધવાચક ઉભયાન્વયી) (૨) વળી; ઉપરાંત; સુધ્ધાં (૩) ન૦. જુઓ 'પણું'. ઉદા૦ ગાંડપણ

પણ(–ન)ઘટ પું૦ પાણીનો ઘાટ; જળાશય

પણછ સ્ત્રી૦ ધનુષની દોરી

પણતર ન૦ (સુ.) જુઓ. પરણેતર

પણવ પું૦ એક જાતનું વાજિંત્ર; નાનું નગારું

પણી સ્ત્રી૦ ભાજીની ઝૂડી

પણું ન૦ ભાવવાચક નામ બનાવતો એક પ્રત્યય. ઉદા૦ માણસપણું; સારાપણું; કહેવાપણું

પણે અ૦ પેલે ઠેકાણે

પણો પું૦ રેતી અને ધૂળવાળો દડ

પણ્ય+, –ણ્ય [સં.] ન૦ વેચવાની ચીજ; વેપારી માલ–વસ્તુ

પત સ્ત્રી૦ આબરૂ–ટેક (૨) વિશ્વાસ (૩) ગળતો કોઢ

પતકાળું ન૦ કોળું

પતજડી સ્ત્રી૦ પાનખર ઋતુ

પતન ન૦ [સં.] પડવું તે. ૦કોણ પું૦ વસ્તુ ઉપર કિરણ પડતાં તેની સપાટી સાથે કિરણ જે ખૂણો કરે છે તે; 'એન્ગલ ઑફ ઇન્સિડન્સ'

પત(–ત્ત)રવેલિયું ન૦ અળવીનું પાન

પતરાજ(–જી) સ્ત્રી૦ બડાઈ. ૦ખોર વિ૦ બડાઈખોર

પતરાવળ(–ળી) સ્ત્રી૦ પત્રાવળ; પતરાળાંની હાર (૨) પતરાળું

પતરાળી સ્ત્રી૦ પત્રાળી; પતરાવળ (૨) ભાણું; પિરસણ. –ળું ન૦ પત્રાળું; પાંદડાંનો કરેલો થાળી જેવો આકાર

પતરી સ્ત્રી૦ ધાતુનો નાનો પાતળો કકડો

પતરું ન૦ ધાતુનો પાતળો મોટો સપાટ ઘાટ (૨) મોટી કથરોટ

પત(–તા)વવું સ૦ક્રિ૦ પતે એમ કરવું

પતવાળ(–ળી) સ્ત્રી૦ જુઓ પતરાવળ

પતવું અ૦ક્રિ૦ ખતમ–પૂરું થવું (૨) તોડ આવવો

પતળવું અ૦ક્રિ૦ ગુસ્સે થવું (૨) ફરી જવું (૩) પીગળવું

પતંગ પું૦ [સં.] પતંગિયું (૨) કનકવો (૩) એક જાતનું લાકડું જેમાંથી ગુલાલ બને છે. ૦ખ઼ ન૦ એક પક્ષી. –ગિયું ન૦ ફૂદું [દર્શનના પ્રવર્તક ઋષિ

પતંજલિ પું૦ [સં.] (સં.) મહાભાષ્યના લેખક કે યોગ-

પતાકડું ન૦ કાગળનો નાનો ટુકડો

પતાકા સ્ત્રી૦ [સં.] નાની ધજા (૨) નાટકમાં આવતી આડકથા

પતાવટ સ્ત્રી૦ પતાવવું તે; તોડ

પતાસું ન૦ ખાંડની પૈતા જેવી એક બનાવટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિ પું૦ [સં.] ધણી. ૦પરાયણા વિ૦સ્ત્રી૦ પતિને પરાયણ એવી. ૦વ્રત ન૦ પતિભક્તિ; શિયળ. ૦વ્રતા વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ સતી; પતિવ્રત પાળનાર સ્ત્રી

પતિત વિ૦ [સં.] પડેલું (૨) પાપી. ૦પાવન વિ૦ પાપીને પાવન કરનાર. ૦પાવનત્વ ન૦

પતિયાર પું૦ વિશ્વાસ (૨) આબરૂ

પતિયલ,પતિયું વિ૦ પતના રોગવાળું

પતીકું ન૦ પૈતું; કાતળી [પડવી; ખાતરી થવી

પતીજ સ્ત્રી૦ આબરૂ (૨) વિશ્વાસ. ૦વું અ૦ક્રિ૦ પતીજ

પતીરું ન૦ ધોળું બકરીનું બચ્ચું

પતેડિયું ન૦ (સુ.) પત્તરવેલિયું

પતેતી સ્ત્રી૦ પારસીઓના બેસતા વર્ષનો તહેવાર

પતેલી સ્ત્રી૦ તપેલી. -લું ન૦ તપેલું

પત્તન ન૦ [સં.] શહેર; પટ્ટન [ન૦ જુઓ પતરવેલિયું

પત્તર ન૦ પતરાળું;ભાણું(૨)ભિક્ષાપાત્ર.૦વડિયું,૦વેલિયું

પત્તર સ્ત્રી૦ આબરૂ

પત્તિ પું૦ [સં.] પગપાળો સિપાઈ

પત્તું ન૦ પાંદડું (૨) કાગળનું જાડું પાન (૩) ગંજીફાનું પાનું

પત્તો પું૦ ઠામઠેકાણું (૨) ભાળ; ખબર

પત્ની સ્ત્રી૦ [સં.] વહુ. ૦પરાયણ વિ૦ પત્ની પ્રત્યેના ધર્મમાં-પતિધર્મમાં સાચો નિષ્ઠાવાન. ૦પરાયણતા સ્ત્રી૦. ૦વ્રત ન૦ પત્નીને વફાદાર રહેવાનું વ્રત

પત્ર પું૦;ન૦ [સં.] ચિઠ્ઠી; કાગળ(૨)ન૦ પાંદડું (૩) છાપું. ૦ક ન૦ ટીપ-ચાદીના કાગળોની નોટ. ૦કાર પું૦ છાપાનો તંત્રી, માલિક કે તેમાં લખવાના ધંધાવાળો; 'જર્નૅલિસ્ટ'. ૦કારિત્વ ન૦ પત્રકારનું કામ; 'જર્નૅલિઝમ'. ૦ચ્છેદ્ય ન૦ એક જાતનું સ્ત્રીઓને કપાળે ચોડવાનું તિલક. ૦પદ્ધતિ સ્ત્રી૦ પત્ર લખવાની પદ્ધતિ (૨) તે નિરૂપનાર ગ્રંથ. ૦લેખક પું૦ (છાપામાં) પત્ર લખનાર; 'કૉરસ્પૉન્ડન્ટ'. ૦લેખા સ્ત્રી૦ સ્ત્રીઓએ કપાળે દોરેલાં ચિત્ર. ૦વ્યવહાર પું૦ કાગળપત્ર લખવા તે; 'કૉરસ્પૉન્ડન્સ' (૨) કાગળપત્રનો વહેવાર કે સંબંધ. -ત્રાવલિ(-લી) સ્ત્રી૦ પત્રલેખા (૨) પત્રાળી. -ત્રાવળ(-ળી) સ્ત્રી૦, -ળું ન૦ પતરાવળ. -ત્રાળી સ્ત્રી૦ પતરાળી. -ત્રાળું ન૦ પતરાળું. -ત્રિકા સ્ત્રી૦ ચિઠ્ઠી; પત્ર (૨) નાનું છાપું. -ત્રી સ્ત્રી૦ ખપેટી (૨) પત્રિકા (૩) વિ૦ પત્રવાળું (સમાસમાં). ઉદા૦ ખબરપત્રી

પથ પું૦ [સં.] રસ્તો [પાથરણું

પથરણું ન૦ પાથરણું (૨) કાણે આવનારને બેસવાનું

પથરાણ સ્ત્રી૦ માટી વગેરે પાથરીને કરેલી ઊંચી જમીન (૨) ન૦પાથરી મૂકેલી વસ્તુઓ. -ટ પું૦ પથાર; ફેલાવો. -વવું સ૦ક્રિ૦, -વું અ૦ક્રિ૦'પાથરવું'નું પ્રેરક ને કર્મણિ

પથરી સ્ત્રી૦ કાંકરી; નાનો પથ્થર (૨) મૂત્રમાર્ગનો એક રોગ.-રો પું૦ પથ્થર (૨)[લા.] જડ કે લાગણીહીન માણસ

પથાણું ન૦ પાથરણું.-ર(-રો) પું૦ મોટી પથારી (૨) વિસ્તાર; ફેલાવો.-રી સ્ત્રી૦ બિસ્તરો (૨) [લા.] મુકામ (૩) માંદગી. -રીવશ વિ૦ માંદગીથી ખાટલાવશ

પથિક પું૦ [સં.] વટેમાર્ગુ

પથીરો પું૦ પથાર; ફેલાવો

પથ્થર પું૦ પથરો; પાષાણ. ૦પાટી સ્ત્રી૦ સ્લેટ; પથ્થરની લખવાની પાટી. ૦પેન સ્ત્રી૦ પથ્થરની પેન. ૦ફોડો પું૦ પથ્થર ફોડનાર મજૂર.-રિયું વિ૦ પથ્થરનું બનાવેલું (૨) પથ્થર જેવું કઠણ (૩) ન૦ પથ્થરનું વાસણ.-રિયો પું૦ પથ્થરનો વાટકો [(૩) કરી; પરહેજી

પથ્ય વિ૦ [સં.] અનુકૂળ; હિતકર (૨) ન૦ પથ્ય ખોરાક

પદ પું૦ [સં.] પગ (૨) ન૦દરજ્જો (૩) [વ્યા.] અર્થવાળો શબ્દ(૪) [ગ.] 'ટર્મ' (૫) 'રૂટ'; મૂળ (૬) કવિતાની કડી(૭) ઉત્તરક્રિયા કે વ્રતને અંગે અપાતું વસ્તુનું દાન,૦ક ન૦ચાંદ (૨) સિક્કો. ૦ચ્છેદ પું૦વાક્યના શબ્દનો વર્ગ ઠરાવવો તે (૨) પદનું વ્યાકરણ. ૦ચ્યુત વિ૦ પદભ્રષ્ટ. ૦જ્ઞ પું૦ પદને જાણનાર; વૈયાકરણ. ૦ટિપ્પણ ન૦, ૦ટિપ્પણી(-ની) સ્ત્રી૦ લખાણમાં નીચે આપેલી નોંધ; 'ફૂટનોટ'. ૦પાઠ પું૦(વેદનો) પદો છૂટાં પાડીને અન્વય કરવો તે. ૦પીડન ન૦ પગચંપી. ૦બંધ પું૦, બંધન ન૦ પદોમાં સળંગ કાવ્યની રચના. ૦ભ્રષ્ટ વિ૦ પદ પરથી-અધિકારથી દૂર થયેલું. ૦રજ સ્ત્રી૦ પગની ધૂળ. ૦લાલિત્ય ન૦ કવિતામાં પદોનું લાલિત્ય-માધુર્ય. ૦વિચાર પું૦ (વ્યા.) પદનો વિચાર; 'સિન્ટેક્સ'. ૦વિન્યાસ પું૦ (વ્યા.) વાક્યમાં પદોની રચના-ગોઠવણી; 'એક્સિડન્સ'

પદડી સ્ત્રી૦ ચામડાનો નાનો વાટવો

પદમણી સ્ત્રી૦+જુઓ પદ્મિની (પ.)

પદર પું૦ પાલવ; લૂગડાનો છેડો (૨) સ્ત્રી૦ [લા.] શરણ. ૦નું વિ૦ પોતાનું; ગાંઠનું (ધન)

પદરખાનું ન૦ ભઠિયારખાનું

પદવિ(-વી) સ્ત્રી૦ [સં.] દરજ્જો (૨) ઉપાધિ; ઇલકાબ. ૦દાન ન૦ પદવી આપવાની વિધિ કે ક્રિયા.૦દાનસમારંભ પું૦ તેનો ઉત્સવ; 'કૉન્વોકેશન'. ૦ધર,૦ધારી વિ૦ પદવી ધારણ કરનાર

પદાતિ(-તી) [સં.] પગપાળો (૨) પાયદળનો સિપાઈ

પદારથ પું૦ પદાર્થ (પ.)

પદારોહણ ન૦ [સં.] પદ પર આરૂઢ થવું તે

પદાર્થ પું૦ [સં.] શબ્દાર્થ (૨) ચીજ; વસ્તુ (૩) તત્ત્વ. ૦પાઠ પું૦ પ્રત્યક્ષ પદાર્થ દ્વારા બોધ.૦વિજ્ઞાન ન૦ ભૌતિક પદાર્થના ગુણધર્મની મીમાંસા કરતું શાસ્ત્ર; 'ફીઝિક્સ'

પદાવલિ(-લી) સ્ત્રી૦ [સં.] પદો-કાવ્યોનો સંગ્રહ

પદાવવું સ૦ક્રિ૦ 'પાદવું'નું પ્રેરક (૨) [લા.] ડૂચ કાઢવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્રી ન૦ [સં.] 'એક્સ્પ્રેશન' (ગ.)

પદે(-દો)ડવું સ૦ક્રિ૦ ખદેડવું; ખૂબ થાકી જાય ત્યાં સુધી દોડાવવું (૨) વાપરીને બગાડવું

પદ્ધત સ્ત્રી૦ પદ્ધતિ; રીત

પદ્ધતિ સ્ત્રી૦ [સં.] રીત(૨)કોઈ પણ કામ કરવાની વ્યવસ્થિત કે શાસ્ત્રશુદ્ધ રીત અથવા ક્રમ કે તે નિરૂપતો ગ્રંથ. ૦કાર પું૦ પદ્ધતિ રચનાર કે શોધનાર

પદ્મ ન૦ [સં.] કમળ; રાતું કમળ (૨) હાથીની સૂંઢ અને કુંભસ્થળ ઉપરની રંગદાર છાંટ (3) હજાર અબજ (૪) વિષ્ણુનું એક આયુધ (૫) શરીરનાં ષટ્ચક્રોમાંનું એક (૬) આંગળીનાં ટેરવાં કે પગનાં તળિયાં ઉપરનું એક સામુદ્રિક ચિહ્ન-આકૃતિ (૭) કુબેરના નવ નિધિઓમાંનો એક. ૦ગર્ભ,૦નાભ પું૦(સં.)વિષ્ણુ. ૦બંધ પું૦ કમળના આકારનું એક ચિત્રકાવ્ય. ૦રાગ પું૦ માણેક. -દ્મા સ્ત્રી૦(સં.) લક્ષ્મી. -દ્માકાર વિ૦ પદ્મના આકારનું(૨) પું૦ સંગીતમાં એક અલંકાર.-દ્માલય પું૦(સં.) બ્રહ્મા. -દ્માલયા સ્ત્રી૦(સં.) લક્ષ્મી.-દ્માવતી સ્ત્રી૦ એક છંદ. -દ્માસન ન૦ યોગનાં ચોરાશી આસનોમાંનું એક

પદ્મિની સ્ત્રી૦ [સં.] કમળનો છોડ (૨) કમળની તલાવડી (3) કામશાસ્ત્રમાં ગણાવેલી ચારમાંની ઉત્તમ પ્રકારની સ્ત્રી

પદ્ય ન૦ [સં.] કવિતા (૨) છંદબદ્ધ શબ્દરચના. ૦કાર પું૦ પદ્યનો લેખક. ૦બંધ પું૦ પદ્યમાં કરેલી રચના. ૦રીતિ સ્ત્રી૦ પદ્યની રીત-શૈલી. -દ્યાત્મક વિ૦ પદ્યમાં રચેલું

પધરામણી સ્ત્રી૦ પધારવું કે પધરાવવું તે

પધરાવવું સ૦ક્રિ૦ માનથી તેડી આણવું કે પહોંચાડવું (૨) [લા.] (ન ખપતી વસ્તુ) બીજાને બઝાડી દેવી

પધારવું અ૦ક્રિ૦ આવવું કે જવું (માન કે કટાક્ષમાં)

પધ્ધરી પું૦ એક છંદ

પનઘટ પું૦ [હિં.] જુઓ પણઘટ

પનડો પું૦ સ્ત્રીઓનું કાનનું એક ઘરેણું

પનાઈ સ્ત્રી૦ હોડી

પનારો પું૦ ફરજિયાત સહવાસ; કોઈની સાથે પાનું પડવું તે

પનાહ સ્ત્રી૦ [फा.] રક્ષણ. ૦ગાહ સ્ત્રી૦ સુરક્ષિત મુકામ

પનિયા(-હા)રી [હિં.] જુઓ પાણિયારી

પનિયું ન૦+પગરખું [પદાર્થ

પનીર ન૦ [फा.] દહીંમાંથી પાણી કાઢી લઈ બનાવેલો ખાદ્ય

પનું ન૦ કેરી વગેરેનું કરાતું ખટમધુરું પ્રવાહી-પીણું

પનો પું૦ કાપડની પહોળાઈ. -નાદાર વિ૦ મોટા પનાવાળું

પનોતી સ્ત્રી૦ શનિની દશા;પડતી દશા (૨) જુઓ 'પનોતું'માં

પનોતું વિ૦ શુભ; મંગળકારી (૨) સુખી; વંશવિસ્તારવાળું (3) છોકરાં વિનાનાને ઘણે વર્ષે થયેલું (સંતાન). -તી સ્ત્રી૦ ભાગ્યશાળી સ્ત્રી;જેનું એકે છોકરું મરી નથી ગયું તેવી સ્ત્રી

પન્નગ પું૦ [સં.] સાપ. ૦રાય પું૦ (સં.) શેષ

પપડાટ પું૦(રવ૦)પડપડાટ;(તુમાખીભેર) પડપડ બોલવું તે

પપનસ ન૦ [पो.?] એક ફળ

પપલા(-ળા)મણ સ્ત્રી૦ લાડ

પપલા(-ળા)વવું સ૦ક્રિ૦ પપળામણ કરવી; પંપાળવું

પપીતો પું૦એક વેલાનું બી(મરકી વખતે લોકો હાથે બાંધે છે)

પપૂલી સ્ત્રી૦ નાના છોકરાની પેશાબની ઇંદ્રી

પપૈયું ન૦ એક ફળ.-યો પું૦ તેનું ઝાડ

પપૈયો પું૦ બપૈયો;ચાતક(૨)દાઝવાથી થતો પાણીથી ભરેલો ફોલ્લો(3) સતારના છમાંનો છેલ્લો તાર(૪)જુઓ 'પપૈયું'માં

પપ્પો પું૦ 'પ' અક્ષર કે ઉચ્ચાર

પબડી સ્ત્રી૦ કમળનો છોડ (૨) કમળની તળાવડી

પબેડો પું૦ (કા.) ગપ (૨) લાકડીનો છૂટો ઘા

પમરવું અ૦ક્રિ૦ મઘમઘવું; સુવાસ પસરવી

પમરાટ પું૦ મહેક; ખુશબો

પમાડ(-વ)વું સ૦ક્રિ૦ 'પામવું' નું પ્રેરક

પય ન૦ [સં.] પાણી (૨) દૂધ

પયગંબર પું૦ માણસ માટે ઈશ્વરનો સંદેશો લઈ આવનાર; નબી.-રી વિ૦ પયગંબરને લગતું (૨) પયગંબરે કહેલું (3) સ્ત્રી૦ પયગંબરનું કામ

પયગામ પું૦ [फा.] સંદેશો (૨) ઈશ્વરી સંદેશો

પયું ન૦ ઓલાણ (કૂવાનું)

પયોદ પું૦ [સં.]વાદળ.પયોધર પું૦ [સં.]સ્તન(૨)વાદળ

પયો(૦નિ)ધિ પું૦ [સં.] દરિયો

પર અ૦ ઉપર

પર વિ૦ [સં.] પારકું (૨) અન્ય: બીજું (3) દૂર; અતીત (૪) પછીનું; ઉત્તર (૫) શ્રેષ્ઠ. ૦ત્વ ન૦ પર-અતીત હોવું તે (૨) શ્રેષ્ઠત્વ

પર ન૦ [फा.] પીંછું [પ્રદક્ષિણા કરવા નીકળેલું

પરકમ્મા સ્ત્રી૦ પરિક્રમણા; પ્રદક્ષિણા. ૦વાસી વિ૦ લાંબી

પરકર પું૦+પરિકર; ઢગલી (૨) કંદોરો [એક સિદ્ધિ

પરકાયપ્રવેશ પું૦ [સં.] બીજાના શરીરમાં પેસવું તે-

પરકાર પું૦[फा.] વર્તુલ દોરવાનો કંપાસ(૨)હોકાયંત્ર (?)

પરકીય વિ૦ [સં.] બીજાનું; પારકું.-યા સ્ત્રી૦ પારકાની સ્ત્રી (૨) ત્રણ પ્રકારની નાયિકાઓમાંની બીજી

પરખ સ્ત્રી૦ પરીક્ષા. ૦ણ વિ૦ પરખનારું. ૦વું સ૦ક્રિ૦ પારખવું; પરીક્ષા કરવી.-ખામણી સ્ત્રી૦ પારખવાનું મહેનતાણું (૨) પારખવાની આવડત.-ખાવું અ૦ક્રિ૦ ઓળખવું; 'પ(-પા)રખવું'નું કર્મણિ(૨)[લા.] યોગ્ય વર તરીકે ગણાવું-ઝડપાવું.-ખિયો પું૦ પરખ કરનાર; પારેખ

પરખાણ ન૦ સઢ બાંધવાનું આડું લાકડું; પરબાણ (?)

પરગજુ વિ૦ પરોપકારી. ૦પણું ન૦

પરગણું ન૦ તાલુકો

પરગલ વિ૦ દૃઢ; મજબૂત (?)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરગામ ન૦ બીજું ગામ. **–મી** વિ૦ બીજા ગામનો રહેવાસી

પરચક્ર ન૦ [સં.] પરદેશી અમલ; પરાધીનતા

પરચૂટ(–ર)ણ વિ૦ જુદું જુદું; ફુટકળ (૨) ન૦ ખુરદો. **–ણિયું** વિ૦ પરચૂરણ(૨)[લા.]ખાસ મહત્ત્વનું નહિ–ફાલતુ

પરચો(–તો) પું૦ પ્રતાપ; ચમત્કાર

પરછંડ વિ૦ પ્રચંડ; કદાવર; હૃષ્ટપુષ્ટ

પરછંદો પું૦ પડઘો; પડછંદો

પરજ પું૦ તરવારની મૂઠ આગળનો ટોપલી જેવો ભાગ(૨) ઢાલની મૂઠ–પકડ (૩) સ્ત્રી૦ પ્રજા; જાત; વર્ગ

પરજ પું૦[સં.] એક રાગ [‘સ્વજન’થી ઊલટું તે

પરજન પું૦ [સં.] પારકું–સંબંધી નહિ એવું માણસ;

પરજળવું અ૦ક્રિ૦ ચેતવું; બળવું

પરજંક(–ગ) પું૦ (પ.) જુઓ પર્યંક

પરજાળવું સ૦ક્રિ૦ પ્રજાળવું; સળગાવવું; બાળવું (પ.)

પરજિયો પું૦ રાજિયો (૨) પરજ રાગ

પરઠ(૦ણ) સ્ત્રી૦ કબૂલાત; કરાર (૨) વર કે કન્યાની પહેરામણી તરીકે ઠરાવેલી રકમ [થવું (૩)પકડવું(૪) જાણવું

પરઠવું સ૦ક્રિ૦ નક્કી કરવું; ઠરાવવું; કરાર કરવો (૨) વિદાય

પરઠો પું૦ ઠરાવ; પરઠણ

પરડ સ્ત્રી૦ માથાફોડ (૨) લપ; પીડા

પરડકું(–વું) ન૦ સાપોલિયું

પરડો,–ડિયો પું૦ બાવળની શિંગ. **–ડી** સ્ત્રી૦ કુમળો પરડો

પરણ ન૦ પરણવું તે; લગ્ન. **૦વું** સ૦ક્રિ લગ્ન કરવું

પરણામી પું૦ એક પંથ (૨) એ પંથનો અનુયાયી

પરણા(–ણૈ)યું ન૦ શકોરું; માટીનું પ્યાલું

પરણિયત વિ૦ પરણેલું (૨) સ્ત્રી૦ પરણેતર; પત્ની

પરણેત(૦ર) ન૦ પરણવું તે; લગન (૨) સ્ત્રી; પત્ની

પરણૈયું ન૦ જુઓ પરણાયું

પરણ્યો પું૦ પરણનારો; ધણી

પરત અ૦ પાછું (૨) સ્ત્રી૦ ઝીણી ભૂકી; ભસ્મ

પરતમ વિ૦ [સં.] સૌથી પર એવું; શ્રેષ્ઠ

પરતવું સ૦ક્રિ૦ લસોટવું; ઘૂંટવું

પરતંત્ર વિ૦[સં.] પરવશ; પરાધીન. **૦તા** સ્ત્રી૦,**૦પણું** ન૦

પરતી સ્ત્રી૦ રેશમ કે સૂતરની આંટીઓ ઉતારવાની ફાળકી

પરતીત સ્ત્રી૦ પ્રતીતિ; વિશ્વાસ (પ.)

પરતો પું૦ જુઓ પરચો

પરત્ર અ૦ [સં.] પરલોકમાં [અ૦ વિષે; સંબંધમાં

પરત્વ નં૦ [સં.] જુઓ ‘પર’માં. (૨) અ૦ પરત્વે. **–ત્વે**

પરથાર પું૦ જુઓ પડથાર

પરદાદો પું૦ દાદાનો બાપ; પ્રપિતામહ

પરદાર(–રા) સ્ત્રી૦ [સં.] પારકાની સ્ત્રી. **૦ગમન** ન૦ વ્યભિચાર. **૦ગામી** વિ૦ વ્યભિચારી

પરદુઃખ ન૦ [સં.] પારકાનું દુઃખ. **૦ભંજન(૦હાર)** વિ૦ બીજાનું દુઃખ દૂર કરનાર

પરદેશ પું૦ [સં.] પારકો દેશ. **–શી** વિ૦ પારકા દેશનું

પરદો પું૦ [ફા.] જુઓ પડદો

પરધન ન૦ [સં.] પારકું ધન

પરધર્મ પું૦ [સં.] બીજાનો ધર્મ (૨) બીજો–જુદો ધર્મ; સ્વધર્મ નહિ તે. **–ર્મી** વિ૦ જુદો ધર્મ પાળનારું; ભિન્નધર્મી

પરધાન ન૦ વિવાહ પહેલાં વરને શ્રીફળ, લગનપત્રી અને પીતાંબર આપવાનો વિધિ

પરનાત સ્ત્રી૦ બીજી નાત. **–તી,–તીલું** વિ૦ બીજી નાતનું

પરનાર સ્ત્રી૦ બીજાની સ્ત્રી

પરનાળ સ્ત્રી૦, **–ળું** ન૦ નેવાંનું પાણી ઝીલવા તથા જવા માટે કરેલી ધાતુ કે લાકડાની નીક (૨) ઘંટીનો ખીલડો રાખવાની ભૂંગળી

પરનાળિકા સ્ત્રી૦ જુઓ પ્રણાલિકા

પરપારેંઠ અ૦ ગેરહાજરીમાં; બીજાની મારફતે

પરપુરુષ પું૦[સં.] પતિ સિવાયનો બીજો પુરુષ [હૂંડી

પરપેંઠ સ્ત્રી૦ પેંઠ ગુમ થવાથી ફરીથી (ત્રીજી વાર) લખાયેલી

પરપોટો પું૦ હવાથી પ્રવાહીમાં થતો ફુક્કો–બુદ્બુદ. **–ટિયું** વિ૦ પરપોટા જેવું; ક્ષણભંગુર. **–ટી** સ્ત્રી૦ નાનો પરપોટો

પરપ્રકાશી વિ૦ [સં.] બીજાના પ્રકાશથી પ્રકાશનારું

પરબ સ્ત્રી૦ રસ્તામાં મુસાફરને પાણી પાવાની ધર્માદા જગા. **૦(–વ)ડી** સ્ત્રી૦ પંખીઓને દાણા નાખવા એક થાંભલા પર કરેલું સાર્વજનિક મકાન

પરબા(–મા)ણ ન૦ સઢ બાંધવાનું આડું લાકડું

પરબા(–ભા)રું અ૦ બારોબાર

પરબિયો પું૦ પરબ ઉપર પાણી પાનારો

પરબીડિયું ન૦ (કાગળ બીડવાની) કાગળની કોથળી; લખોટો

પરબીડો પું૦ મોટું પરબીડિયું

પરબ્રહ્મ ન૦ [સં.] પરમતત્ત્વ; પરમાત્મા

પરભવ પું૦ [સં.] બીજો અવતાર

પરભવવું અ૦ક્રિ૦ વિજયી થવું; ફાવવું (૨) ઉત્પન્ન થવું (૩) સ૦ક્રિ૦ પજવવું; દૂભવવું (૪) થકવવું; કાયર કરવું

પરભા(–વા) સ્ત્રી૦ દરકાર; ગરજ

પરભાતિયું. ન જુઓ પ્રભાતિયું

પરભારું(–ર્યું) વિ૦ બહારનું (૨) અ૦ પરબારું; બારોબાર

પરભાષા સ્ત્રી૦ [સં.] બીજાની બોલી

પરભુ વિ૦ (૨) પું૦ એ નામની (મહારાષ્ટ્રી) જાતનું; પ્રભુ

પરભૃત પું૦ [સં.] નરકોકિલ. **–તા(–તિકા)** સ્ત્રી૦ કોયલ

પરભોગી વિ૦ બીજા વડે ભોગવાતું. ઉદા. ‘ચંપો પરભોગી છે’

પરમ વિ૦ [સં.] ઉત્તમ (૨) ગઈ કાલ પહેલાંનું કે આવતી કાલ પછીનું. **૦ગતિ** સ્ત્રી૦ ઉત્તમ ગતિ–મોક્ષ. **૦દહાડો** પું૦ ગઈ કાલ પહેલાંનો કે આવતી કાલ પછીનો દિવસ. **૦પદ** ન૦ મોક્ષ; મુક્તિ. **૦પુરુષ** પું૦ પરમાત્મા. **૦હંસ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પું૦ સંન્યાસીઓના ચાર પ્રકારમાંથી સૌથી શ્રેષ્ઠ પ્રકાર (કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ) [વૃત્તિ–ઉદારતા
પરમતસહિષ્ણુતા સ્ત્રી૦[સં.]બીજાના મતને સહન કરવાની
પરમાટી સ્ત્રી૦ માંસ
પરમાણ વિ૦ સાર્થક; પ્રમાણ (૨) અ૦ નિશ્ચે; નક્કી(૩) ન૦ જુઓ પરબાણ. ૦વું સ૦ક્રિ૦ સાચું માનવું
પરમાણુ પું૦; ન૦ [સં.] વધુ વિભાગ થઈ શકે નહિ તેવો ઝીણામાં ઝીણો અણુ. ૦વાદ પું૦ પરમાણુથી જગતની ઉત્પત્તિ થઈ છે તેવો ન્યાયવૈશેષિકનો સિદ્ધાંત
પરમાણું ન૦ પ્રમાણ; માપ (૨) પુરાવો; દાખલો
પરમાત્મતત્ત્વ ન૦ [સં.] પરમતત્ત્વ; પરબ્રહ્મ
પરમાત્મા પું૦ [સં.] પરમેશ્વર
પરમાનંદ પું૦ [સં.] પરમ–શ્રેષ્ઠ આનંદ (૨) પરબ્રહ્મ
પરમાર વિ૦ (૨) પું૦ રજપૂતની એક જાતનું
પરમારથ પું૦ પરમાર્થ; પરોપકાર. ૦**પુરાણ** ન૦ વિક્રમ રાજાના પરોપકારની વાતોનો સંગ્રહ; સિંહાસનબત્રીસી. –થી(–થુ) વિ૦ જુઓ પરમાર્થી
પરમાર્થ પું૦ [સં.] ઉત્તમ પુરુષાર્થ–મોક્ષ (૨) પરમ તત્ત્વ (૩)પરોપકાર. ૦**તઃ** અ૦ પરમ તત્ત્વની રીતે;આધ્યાત્મિક દૃષ્ટિએ. ૦**બુદ્ધિ** સ્ત્રી૦ પરમાર્થ સાધવાની બુદ્ધિ.૦**શાસ્ત્ર** ન૦ મોક્ષપ્રાપ્તિનું શાસ્ત્ર. –**ર્થી** (–**ર્થુ**) વિ૦ પરોપકારી
પરમિતિ સ્ત્રી૦ [સં.] 'પેરીમીટર' (ગ.)
પરમિયો પું૦ એક રોગ–પ્રમેહ
પરમેશ,–શ્વર પું૦ [સં.]પરમાત્મા(૨) શિવ. –**શ્વરી** સ્ત્રી૦ (૨) વિ૦ જુઓ ઈશ્વરી [અર્હન્ત (જૈન)
પરમેષ્ઠી પું૦ [સં.] બ્રહ્મા (૨) વિષ્ણુ (૩) શિવ (૪)
પરમોત્કર્ષ પું૦ [સં.] મોટામાં મોટો અભ્યુદય–ચડતી
પરમોદવું સ૦ક્રિ૦ સમજાવીને ખુશ કરવું
પરરાજ્ય ન૦ [સં.] બીજું રાજ્ય (૨) વિદેશીનો અમલ
પરલક્ષી વિ૦ [સં.] બીજાને લક્ષ કરતું; 'ઑબ્જેક્ટિવ'
પરલી સ્ત્રી૦ ગરોળી; પરવલ્લી
પરલોક પું૦ [સં.] મૃત્યુ પછીનો સ્વર્ગ વગેરે બીજો લોક. ૦**વાસ** પું૦ મૃત્યુ. ૦**વાસી** વિ૦ મરણ પામેલું;મરહૂમ
પરવ ન૦ પર્વ; તહેવાર
પરવડવું અ૦ક્રિ૦ પાલવવું; પોસાવું
પરવડી સ્ત્રી૦ જુઓ પરબડી
પરવરદિગાર પું૦ [फा.] પાલનહાર (૨) પરમેશ્વર
પરવરવું અ૦ક્રિ૦ જવું
પરવરશ(–શી) સ્ત્રી૦ પાલનપોષણ; બરદાસ
પરવરું વિ૦ + વીંટળાયેલું
પરવલય પું૦ [સં.] 'પૅરૅબોલા' (ગ.)
પરવલ્લી સ્ત્રી૦ (સુ.) પલવડી; પરલી; ગરોળી
પરવશ વિ૦ [સં.] પરાધીન. ૦**તા** સ્ત્રી૦, ૦**પણું** ન૦
પરવળ ન૦ એક શાક
પરવા સ્ત્રી૦ [फा.] દરકાર (૨) ગરજ
પરવાજ સ્ત્રી૦ [फा.] ઊડવું તે
પરવાડ સ્ત્રી૦ ગામનો છેવાડાનો ભાગ
પરવાનગી સ્ત્રી૦ [फा.] રજા [(૩) [લા.] છૂટ
પરવાનો પું૦ [फा.] રજાનો લેખી હુકમ (૨) પતંગિયું
પરવાર પું૦+જુઓ પરિવાર [નવરું થવું
પરવાર પું૦; સ્ત્રી૦ નવરાશ. ૦**વું** અ૦ક્રિ૦ કામ આટોપી
પરવારી સ્ત્રી૦ એક ભરવાડ જેવી જાત
પરવાળું ન૦ જુઓ પ્રવાલ. –**ળી** વિ૦ પરવાળાનું
પરવિષયક વિ૦ [સં.] બીજાને લગતું
પરવાંટો પું૦ સૂતર ઉતારવાનો ફાળકો [અવતાર
પરશુ સ્ત્રી૦;ન૦ [સં.]કુહાડી.૦**રામ** પું૦(સં.)વિષ્ણુનો છઠ્ઠો
પરસન વિ૦+ પ્રસન્ન (પ.)
પરસ પું૦+સ્પર્શ. ૦**વું** સ૦ક્રિ૦ અડકવું; સ્પર્શ કરવો (પ.)
પરસંગ પું૦ ખાટલો (૨) દોરીને ત્રણસેરી કરવી તે(૩) [પ.] પ્રસંગ (૪) ન૦ ત્રણ માઈલ
પરસાદ પું૦ જુઓ પ્રસાદ. –**દિયું** વિ૦ પ્રસાદ ખાવાનો ગમતો હોય તેવું (૨) પ્રસાદ ખાવા પૂરતી જ દેવ ઉપર જેની આસ્થા હોય એવું. –**દી** સ્ત્રી૦ જુઓ પ્રસાદી
પરસાળ સ્ત્રી૦ જુઓ પડસાળ
પરસાળિયો પું૦+પરસાળ
પરસૂદી સ્ત્રી૦ પસૂંદી; મેંદો
પરસેવવું અ૦ક્રિ૦ પરસેવાવાળું થવું
પરસેવા સ્ત્રી૦ [સં.] બીજાની સેવા (૨) તાબેદારી; ચાકરી
પરસેવો પું૦ ચામડીનાં છિદ્રોમાંથી નીકળતું પાણી
પરસ્ત વિ૦ [फा.] (સમાસમાં)પૂજક;ભક્ત. ઉદા. ખુદાપરસ્ત
પરસ્તાર પું૦[फा.]સેવક;ગુલામ(૨)માંદાની ચાકરી કરનાર
પરસ્તી સ્ત્રી૦[फा.]પૂજા,ભક્તિ(૨)પ્રશંસા(૩)પળશી;ખુશામત
પરસ્ત્રી સ્ત્રી૦ [સં.] બીજાની સ્ત્રી
પરસ્પર અ૦ [સં.] એકબીજાને; અરસપરસ. ૦**વિરોધી** વિ૦ પરસ્પર વિરોધવાળું. –**રાવલંબી** વિ૦ પરસ્પર અવલંબન રાખતું. –**રાશ્રિત** વિ૦ પરસ્પર આશરો રાખતું. –**રાશ્રિતત્વ** ન૦ પરસ્પર આશ્રિત હોવાપણું. –**રોપમા** સ્ત્રી૦ ઉપમાનો એક પ્રકાર જેમાં ઉપમાન અને ઉપમેયને એકબીજાની ઉપમા આપવામાં આવે છે (કા. શા.)
પરસ્પર્શી વિ૦ [સં.] બીજાને લાગુ પડતું; પરલક્ષી (૨) બીજાને અસર કરે તેવું [બે પ્રકારમાંનો એક
પરસ્મૈપદ ન૦ [સં.] સંસ્કૃતમાં ધાતુઓનાં રૂપો કરવાના
પરસ્વરૂપજન્ય વિ૦ [સં.] પરલક્ષી; 'ઑબ્જેક્ટિવ'
પરહ સ્ત્રી૦ પરોઢિયે ગોચરમાં ચરવું તે; પસ(–હ)ર
પરહરવું સ૦ક્રિ૦ પરિહરવું; તજવું
પરહેજ વિ૦ બંધનમાં પડેલું;કેદી(૨)કરી–પરહેજી પાળનારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩)પરહેજગાર(૪)સ્રી૦[फा.]કરી(૫)સંયમ;નઠારાં કામોથી દૂર રહેવું તે. ૦ગાર વિ૦ નઠારાં કામોથી દૂર રહેનાર; સંયમી. –જી સ્રી૦ કેદ (૨) કરી

પરંતુ અ૦ [सं.] પણ

પરંદું ન૦ [फा.] પરિંદું; પક્ષી

પરંપરા સ્રી૦ [सं.] હાર; શ્રેણી (૨) ઘણા કાળથી ચાલતો આવેલો રિવાજ. ૦ગત,–રિત,–રીણ વિ૦ પરંપરાથી ચાલતું આવેલું

પરા વિ૦સ્રી૦[सं.] શ્રેષ્ઠ; ઉત્તમ; પર (૨) સ્રી૦ વાણીનાં (પરા, પશ્યંતી, મધ્યમા, વૈખરી) ચાર રૂપમાંનું પ્રથમ

પરાઈ સ્રી૦ ખાંડણીનો દસ્તો (૨) [सु.] નરાજ

પરાકાષ્ઠા સ્રી૦[सं.] છેવટની હદ

પરાકોટિ(–ટી) સ્રી૦ [सं.] છેલ્લી હદ

પરાક્ચેતન ન૦ [सं.] પર–પરોક્ષ ચેતન; બ્રહ્મ

પરાક્રમ ન૦ [सं.] બહાદુરી; શૂરાતન. –મી વિ૦ બહાદુર; પરાક્રમ કરનારું [ટોચની પરાગની થેલી

પરાગ પું૦ [सं.] ફૂલમાંની રજ. ૦કોશ(–ષ) પું૦ પુંકેસરની

પરાગતિ સ્રી૦ [सं.] પાછા જવું તે (૨) મરણ. ૦ક વિ૦ પાછી ગતિ કરનારું; પ્રગતિક નહિ એવું; 'રીએક્શનરી'

પરાગંદે વિ૦ [फा.] જમીન છોડી નાસી ગયેલું

પરાઙ્મુખ વિ૦ [सं.] વિમુખ. ૦તા સ્રી૦

પરાજ સ્રી૦ ઊભા કાનાની મોટી થાળી

પરાજય પું૦ [सं.] હાર. **પરાજિત** વિ૦ [सं.] હારેલું

પરાજુ ન૦ વીસ વીઘાં [બકરાના વાળની દોરી

પરાટ સ્રી૦ ગધેડા ઉપર તંગ ભીડવાના કામમાં આવતી

પરાણી સ્રી૦ નાનો પરાણો

પરાણે અ૦ બળાત્કારે

પરાણો પું૦ આરવાળી લાંબી લાકડી; પરોણો

પરાત(–શ) સ્રી૦ છાશ ઉપરનું પાણી (૨) પરાજ

પરાત્પર વિ૦[सं.] પરથી પણ પર; શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ

પરાધીન વિ૦ [सं.] પરતંત્ર. ૦તા સ્રી૦, ૦પણું ન૦

પરાન્ન ન૦ [सं.] પારકું અન્ન

પરાપૂર્વ પું૦ બહુ જૂનો સમય

પરાભવ પું૦ [सं.] પરાજય. ૦વું સ૦ક્રિ૦ હરાવવું

પરાભૂત વિ૦ [सं.] હારેલું

પરામર્શ પું૦ [सं.] સ્પર્શ (૨) પકડવું–ખેંચવું તે (૩) બળાત્કાર (૪) વિચાર; ઊહાપોહ (૫) અનુમાન (૬) સ્મૃતિ

પરામૃષ્ટ વિ૦ [सं.] સ્પર્શ કરાયેલું

પરાયણ વિ૦ [सं.] લીન. ૦તા સ્રી૦

પરાયતન ન૦ [सं.] પારકું ઘર (૨) પરમપદ; મુક્તિ

પરાયું વિ૦ પારકું

પરાર અ૦ ગયે કે આવતે ત્રીજે વર્ષ

પરાર્થ વિ૦ [सं.] બીજાને માટે હોય તેવું (૨) પું૦ પરોપકાર; સ્વાર્થથી ઊલટું તે.–ર્થાનુમાન ન૦, ·ર્થાનુમિતિ સ્રી૦ પોતે અનુમાન કર્યા પછી બીજાને સમજાવવા અમુક રીતે વાક્યો રચી કરી બતાવેલું અનુમાન

પરાર્ધ વિ૦ [सं.] સંખ્યાવાચનમાં છેલ્લી સંખ્યા (એકડા ઉપર સત્તર મીંડાંવાળો અંક)

પરાવર વિ૦ [सं.] જુઓ પરાત્પર

પરાવર્ત પું૦ [सं.] વિનિમય; બદલો (૨) પરાવર્તન. ૦ન ન૦ પાછું ફરવું તે. ૦નકોણ પું૦ દર્શક વસ્તુ પર પડતું કિરણ પાછું ફરતાં પતનકોણથી વિરુદ્ધ દિશામાં ખૂણો કરે છે તે; 'એન્ગલ ઑફ રિફ્લેક્શન'.–ર્તિત વિ૦ પાછું ફેરવેલું; પલટાવેલું. –ર્તી વિ૦ પાછું ફરતું–વળતું

પરાવલંબન ન૦ [सं.] પારકા ઉપર આધાર રાખવો તે

પરાવલંબી વિ૦ [सं.] પારકા પર આધાર રાખનારું

પરાવિદ્યા સ્રી૦ [सं.] શ્રેષ્ઠ વિદ્યા; બ્રહ્મવિદ્યા

પરાવૃત્ત વિ૦ [सं.] પાછું ફરેલું (૨) કંટાળેલું; વિમુખ.–ત્તિ સ્રી૦ જુઓ પરાવર્ત

પરાશ સ્રી૦ જુઓ પરાત [સ્મૃતિના પ્રવર્તક

પરાશર પું૦ [सं.] (સં.) વ્યાસના પિતા અને પરાશર-

પરાસ્ત વિ૦ [सं.] હારેલું [(૩) દૂર કરાયેલું; નિરસ્કૃત

પરાહત વિ૦ [सं.] હલ્લો કરાયેલું; આક્રાંત (૨) ઘવાયેલું

પરાળ ન૦ ડાંગર વગેરે અનાજનું પોલું ઘાસ–ખરસલું

પરાંગના સ્રી૦ [सं.] પારકી સ્રી

પરાંત વિ૦ પુરાંત; બાકી રહેલું; શેષ

પરાંતવું અ૦ક્રિ૦ કામ પૂરું કરવું; પરવારવું

પરિ [सं.] એક ઉપસર્ગ. 'ચારે તરફનું', 'પરિપૂર્ણ' એવો અર્થ બતાવે. ઉદા૦ પરિક્રમ; પરિગણના

પરિ સ્રી૦ + પેર; પ્રકાર

પરિકર પું૦ [सं.] કમરબંધ (૨) પરિજન (૩) વૃંદ; સમૂહ (૪) સાભિપ્રાય વિશેષણો સાથેનું કથન–એક અર્થાલંકાર (કા. શા.) (૫) નાટકના વસ્તુમાં આગામી બનાવોનું ગર્ભિત સૂચન

પરિકલ્પના સ્રી૦ [सं.] ઠરાવ–નિર્ણય કરવો તે

પરિકેંદ્ર ન૦ [सं.] 'સર્કમસેન્ટર' (ગ.)

પરિક્રમ પું૦ [सं.] પરિક્રમણ (૨) અનુક્રમ. ૦ણ ન૦, –મા સ્રી૦ પ્રદક્ષિણા (૨) આમતેમ ફરવું તે

પરિક્લેશ પું૦ [सं.] થાક; દુઃખ

પરિખા સ્રી૦ કિલ્લાની આસપાસ કરેલી પાણીની ખાઈ

પરિગણન ન૦, –ના સ્રી૦ [सं.] પૂરી ગણતરી

પરિગ્રહ પું૦ [सं.] સ્વીકાર; અંગીકાર (૨) ધન માલમતા વગેરેનો સંગ્રહ (૩) પત્ની (૪) પરિજન; પરિવાર. –હી વિ૦ પરિગ્રહવાળું [ભોગળ જેવું એક આયુધ

પરિઘ પું૦ [सं.] વર્તુળનો ઘેરાવો (૨) આગળો; ભોગળ (૩)

પરિચય પું૦ [सं.] ઓળખાણ (૨) સહવાસ (૩) મહાવરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦પદ્ધતિ સ્ત્રી૦ (સીધા પરિચયથી ભાષાજ્ઞાન આપવાની) એક શિક્ષણપદ્ધતિ

પરિચર પું૦ [સં.] સેવક. ૦ણ નo,-ર્યા સ્ત્રી૦ સેવા; ચાકરી

પરિચારક પું૦ [સં.] સેવક. પરિચારિકા(-ણી) સ્ત્રી૦ દાસી

પરિચિત વિ૦ [સં.] ઓળખીતું [(૩) સુમેય (ગ.)

પરિચ્છિન્ન વિ૦ [સં.] મર્યાદિત (૨) વિભક્ત; જુદું પાડેલું

પરિચ્છેદ પું૦ [સં.] ભાગ (૨) સીમા. ૦ક વિ૦ પરિચ્છેદ કરનારું

પરિજન પું૦; ન૦ [સં.] નોકર

પરિજીર્ણ વિ૦ [સં.] અતિ જીર્ણ-જર્જરિત

પરિજ્ઞાન ન૦ [સં.] પૂર્ણ કે સૂક્ષ્મ જ્ઞાન

પરિણત વિ૦ [સં.] પરિણતિ પામેલું. -તિ સ્ત્રી૦ ઝૂકવું-નમવું તે (૨) જુઓ પરિણામ. -મવું અ૦ક્રિ૦ પરિણામ પામવું; ફલિત થવું; નીપજવું

પરિણય પું૦, ૦ન ન૦ [સં.] લગ્ન

પરિણામ પું૦; ન૦ [સં.] અંત; ફળ; નતીજો (૨) રૂપાંતર; વિકાર (૩) પરિપક્વતા; પુખ્તતા (૪) એક અર્થાલંકાર જેમાં ઉપમાન ઉપમેય સાથે એકરૂપ થઈને કોઈ કાર્ય કરે છે (કા.શા.). ૦દર્શી વિ૦ પરિણામ વિચારીને કામ કરનારું; દૂરદર્શી. ૦વાદ પું૦ જગતની ઉત્પત્તિ, નાશ વગેરે સત્ય પરિણામરૂપ માનનાર મત; સાંખ્યમત. -મી વિ૦ પરિણમતું; ફલિત; પરિણામરૂપે નીપજતું

પરિણીત વિ૦ [સં.] પરણેલું

પરિતપ્ત વિ૦ [સં.] પરિતાપ પામેલું

પરિતર્પવું સ૦ક્રિ૦ બરાબર સંતોખવું [પરિતાપવાળું

પરિતાપ પું૦ [સં.] તાપ; સંતાપ -પિત વિ૦ સંતપ્ત. -પી વિ૦

પરિતુષ્ટ વિ૦ [સં.] સંતોષ પામેલું

પરિતૃપ્ત વિ૦ [સં.] પરિતૃપ્તિ પામેલું. -પ્તિ સ્ત્રી૦ સંતોષ

પરિતોષ પું૦ [સં.] સંતોષ

પરિત્યક્ત વિ૦ [સં.] છોડી દીધેલું [કરવો; તજવું

પરિત્યાગ પું૦ [સં.] છોડી દેવું તે. ૦વું સ૦ક્રિ૦ પરિત્યાગ

પરિત્રાણ ન૦ [સં.] સંરક્ષણ

પરિદેવના સ્ત્રી૦ [સં.] શોક

પરિધાન ન૦ [સં.] પહેરવું તે (૨) વસ્ત્ર

પરિધિ પું૦ [સં.] વર્તુળનો ઘેરાવો (૨) સૂર્યચંદ્રની આસપાસ દેખાતું તેજનું કૂંડાળું (૩) ચોમેર ફરતી વાડ (૪) જુઓ નીચોચ્ચવૃત્ત

પરિનિર્વાણ ન૦ [સં.] મોક્ષ

પરિન્યાસ પું૦ [સં.] કાવ્યમાં જ્યાં કોઈ વિશેષ અર્થ પૂરો થાય તે સ્થળ (૨) નાટકમાં મુખ્ય કથાની મૂલભૂત ઘટનાનું સંકેતથી સૂચન કરવું તે

પરિપક્વ વિ૦ [સં.] પૂરેપૂરું પાકેલું. ૦તા સ્ત્રી૦

પરિપત્ર પું૦; ન૦ [સં.] લાગતાંવળગતાંની જાણ માટે ફેરવેલો પત્ર; 'સર્ક્યુલર'

૪૭

પરિપંથી પું૦ [સં.] શત્રુ (૨) વાટપાડુ; લુટારો

પરિપાક પું૦ [સં.] પરિણામ; ફળ (૨) પરિપક્વ થવું તે

પરિપાટ પું૦ [સં.] પરિપાટી; પ્રથા; રિવાજ; ધારો

પરિપાટિ(-ટી) સ્ત્રી૦ [સં.] શૈલી; રીતિ (૨) ધારો; પ્રથા; નિયમ (૩) ક્રમ; શ્રેણી [પડવી તે

પરિપાણિક પું૦ [સં.] ગાયનના તાલના કાળની પછી તાલી

પરિપાલન ન૦, -ના સ્ત્રી૦ [સં.] પાલન; રક્ષણ

પરિપુષ્ટ વિ૦ [સં.] સારી રીતે પોષણ-વૃદ્ધિ પામેલું

પરિપુષ્ટિ સ્ત્રી૦ [સં.] પરિપુષ્ટપણું

પરિપૂત વિ૦ [સં.] સર્વથા પવિત્ર

પરિપૂર્ણ,-રિત વિ૦ [સં.] ભરપૂર. ૦તા સ્ત્રી૦

પરિપૂર્તિ સ્ત્રી૦ [સં.] પરિપૂર્ણતા

પરિપોષ પું૦ [સં.] પરિપુષ્ટ થવું કે કરવું તે; પરિપુષ્ટિ. ૦વું સ૦ક્રિ૦ સારી રીતે પોષવું

પરિપ્રશ્ન પું૦ [સં.] ફરી ફરીને પૂછવું તે

પરિબળ ન૦ જોર

પરિબ્રહ્મ ન૦ (પ.) પરબ્રહ્મ; પરમાત્મા

પરિભવ પું૦ [સં.] તિરસ્કાર (૨) પરાભવ

પરિભાષણ ન૦ [સં.] વાર્તાલાપ; સંભાષણ (૨) નિંદા; ફિટકાર

પરિભાષા સ્ત્રી૦ [સં.] કોઈ પણ શાસ્ત્રની સાંકેતિક સંજ્ઞાઓ કે શબ્દો [ગતિમાં ફરવું તે

પરિભ્રમણ ન૦ [સં.] ફરવું-ટહેલવું તે; ભ્રમણ (૨) ગોળ

પરિમલ(-ળ) પું૦ [સં.] સુગંધ. ૦વું અ૦ક્રિ૦ પીમળવું. -લિત વિ૦ સુગંધીદાર

પરિમાર્જન ન૦ [સં.] ધોવું-માંજવું તે

પરિમાણ ન૦ [સં.] માપ. ૦વાચક વિ૦ પરિમાણ બતાવનારું

પરિમિત વિ૦ [સં.] અલ્પ; મર્યાદિત (૨) અંદાજસર; માપેલું. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦. -તિ સ્ત્રી૦ માપ; તોલ (૨) સીમા; મર્યાદા (૩) 'પેરીમીટર' (ગ.)

પરિમેય વિ૦ [સં.] માપી શકાય તેવું; મર્યાદિત (૨) માપવા યોગ્ય (૩) ન૦ માન; 'મેગ્નિટ્યુડ' (ગ.)

પરિયટ પું૦ ધોબી

પરિયાણ ન૦ (પ) પ્રયાણ (૨) ઢીલ; વિલંબ (?)

પરિયો પું૦ પૂર્વજ (૨) વંશજ

પરિરક્ષિત વિ૦ [સં.] બધી બાજુએથી રક્ષાયેલું

પરિરંભ પું૦, ૦ણ ન૦ [સં.] આલિંગન

પરિવર્ત(-ર્ત્ત) પું૦ [સં.] યુગ કે કાળનો અંત (૨) ફેરફાર; કે ક્રાંતિ (૩) ગોળ ફરવું તે. -ર્તક વિ૦ (૨) પું૦ ફેરફાર-ક્રાંતિ કરનાર (૩) ગોળ ફરનાર કે ફેરવનાર. -ર્તન ન૦ જુઓ પરિવર્ત (૨) 'ઇન્વર્ઝન' (ગ.). -ર્તનવાદ પું૦ પરિવર્તન-ક્રાંતિ આવશ્યક તેમ જ કાર્યસાધક છે એવો વાદ. -ર્તી વિ૦ બદલાતું

પરિ(-રી)વાદ પું૦ [સં.] જૂઠી નિંદા. -દી વિ૦ પરિવાદ કરનારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિ(–રી)વાર પું૦ [સં.] કુટુંબકબીલો

પરિ(–રી)વાહ પું૦[સં.] છલકાઈને જવું તે (૨) વધારાનું પાણી બહાર નીકળવાનો માર્ગ

પરિવૃઢ પું૦ [સં.] અધિપતિ; માલેક

પરિવૃત વિ૦ [સં.] વીંટાયેલું

પરિવૃત્ત ન૦ [સં.] આલિંગન (૨)'સર્કમ્સ્ક્રાઈબ્ડ સર્કલ' (ગ.) (૩) વિ૦ ચારે બાજુથી વીંટળાયેલું.–ત્તિ સ્ત્રી૦ ગોળ ફરવું તે (૨) પાછા ફરવું તે (૩) વીંટળાઈ વળવું તે (૪) અદલોબદલો; વિનિમય (૫) એક અર્થાલંકાર, જેમાં એક વસ્તુનો બીજી હીન, સમાન કે ઉત્તમ વસ્તુ સાથે અદલોબદલો વર્ણવ્યો હોય છે (કા.શા.)

પરિવેશ(–ષ) પું૦ [સં.] તેજનું કૂંડાળું; 'હેલો'

પરિવેષ્ટન ન૦ [સં.] ઢાંકણ; આચ્છાદન

પરિવેષ્ટિત વિ૦ વીંટળાયેલું (૨) ઢંકાયેલું

પરિવ્રજિત વિ૦[સં.]પરિવ્રજ્યા લીધી હોય તેવું

પરિવ્રજ્યા સ્ત્રી૦ [સં.] સંન્યાસ [સંન્યાસિની

પરિવ્રાજક પું૦ [સં.] સંન્યાસી.પરિવ્રાજિકા સ્ત્રી૦[સં.]

પરિશિષ્ટ ન૦[સં.] પુરવણી (ગ્રંથ કે લેખની); 'એપેન્ડિક્સ'

પરિશીલક વિ૦[સં.]પરિશીલન કરનારું

પરિશીલન ન૦[સં.] અનુશીલન;દીર્ઘ સેવન (૨) આલિંગન

પરિશીલિત વિ૦ [સં.] પરિશીલન કરાયેલું

પરિશુદ્ધ વિ૦ [સં.] પૂર્ણપણે શુદ્ધ. –દ્ધિ સ્ત્રી૦પૂર્ણ શુદ્ધિ

પરિશેષ વિ૦ [સં.] બાકી રહેલું; અવશિષ્ટ. ૦ઉપપત્તિ સ્ત્રી૦ 'પ્રૂફ બાય એક્ઝોશન' (ગ.)

પરિશોધ પું૦ [સં.] ખૂબ શોધ

પરિશ્રમ પું૦ [સં.] મહેનત [સભ્ય

પરિષદ સ્ત્રી૦[સં.] સભા (૨) પું૦ સભાસદ; મહા સભાનો

પરિ(–રી)ષહ પું૦ [સં.] જુઓ પરીષહ

પરિષ્કાર પું૦ [સં.] અલંકાર; શણગાર (૨) સંસ્કાર

પરિષ્વજવું સ૦ક્રિ ભેટવું

પરિસમાપ્ત વિ૦ [સં.] સંપૂર્ણ. –પ્તિ સ્ત્રી૦ સંપૂર્ણતા

પરિસર પું૦ [સં.] આજુબાજુનો–પડોશનો પ્રદેશ

પરિસરણ ન૦ [સં.] ટહેલવું તે; ભ્રમણ

પરિસંખ્યા સ્ત્રી૦[સં.] ગણના; ગણતરી (૨) આશરો; અડસટ્ટો(૩)સરવાળો(૪)એક અર્થાલંકાર;અન્યત્ર નિષેધપૂર્વક પ્રસ્તુતમાં અમુક ધર્મનો કે સ્વરૂપનો નિર્દેશ (કા.શા.) (૫) જેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય એ સિવાય બીજું નહિ એવું વિશિષ્ટ કથન (મીમાંસામાં વિધિ અને નિયમ બંનેની એ વિરોધી છે)

પરિસીમા સ્ત્રી૦ [સં.] હદ

પરિસ્તરણ ન૦ [સં.] આચ્છાદન; ઓઢણ

પરિ(–રે)સ્તાન ન૦ [ફા.] પરીઓનો મુલક (૨) [લા.] સુંદર સ્ત્રી–પુરુષોની જમાવટ

પરિસ્થિતિ સ્ત્રી૦ [સં.] આજુબાજુની સ્થિતિ–સંજોગ

પરિસ્ફુટ વિ૦ [સં.] તદ્દન સ્ફુટ; સ્પષ્ટ દેખાય એવું

પરિસ્વેદ પું૦ [સં.] પરસેવો

પરિહરવું સ૦ક્રિ૦ છોડવું; તજવું

પરિહસિત વિ૦ [સં.] પરિહાસ પામેલું

પરિહાર પું૦ [સં.] ત્યાગ. –ર્ય વિ૦ ટાળી શકાય એવું

પરિહાસ પું૦ [સં.] મશ્કરી

પરિહૃત વિ૦ [સં.] દૂર કરાયેલું; ત્યજાયેલું (૨) લઈ લેવાયેલું

પરિંદું ન૦ પરંદું; પક્ષી

પરી સ્ત્રી૦ [ફા.] પાંખોવાળી દેવતાઈ સુંદરી. ૦કથા સ્ત્રી૦ પરીઓ જેમાં આવતી હોય એવી–અદ્ભુત કથા

પરીક્ષક પું૦[સં.] પરીક્ષા કરનાર. –ણ ન૦ પરીક્ષા. –વું સ૦ક્રિ૦ પરીક્ષા કરવી

પરીક્ષા સ્ત્રી૦ [સં.] તપાસ; કસોટી. ૦પત્ર(૦ક) જુઓ પ્રશ્નપત્રક. –ક્ષિત વિ૦ પારખેલું; તપાસેલું (૨) પું૦(સં.) અભિમન્યુનો પુત્ર અને અર્જુનનો પૌત્ર. –ક્ષ્ય વિ૦ પરીક્ષા કરવા યોગ્ય કે પરીક્ષા કરવા માટેનું

પરીખ વિ૦ જુઓ પારેખ

પરીઘરો પું૦ પરિગ્રહ

પરીવાહ પું૦ [સં.] જુઓ પરિવાહ

પરીષ ન૦ + પુરીષ; વિષ્ટા (પ.)

પરીષહ [સં.], **પરીસો** પું૦ ટાઢ, તડકો, ભૂખ, તરસ વગેરે બાવીસ વિપત્તિઓમાંની પ્રત્યેક કે તે સહેવી તે (જૈન)

પરુ ન૦ પાચ

પરુષ વિ૦ [સં.] કઠોર. ૦તા સ્ત્રી૦

પરું વિ૦ અળગું (૨) ન૦ શહેર બહારનો વસવાટ–ઉપનગર (૩) અ૦ દૂર; અલગ

પરૂ(–રો)ણો પું૦ મહેમાન; અતિથિ. –ણાગત, –ણાચાકરી સ્ત્રી૦, –ણાચાર પું૦ મહેમાનગીરી; આતિથ્ય. –ણી સ્ત્રી૦ સ્ત્રી૦ મહેમાન

પરે સ્ત્રી૦ મળસકાનું અજવાળું (૨) અ૦ પેઠે; પેરે; પ્રકારે (૩) પણે; પેલે ઠેકાણે (૪) [પ.] પર; ઉપર

પરેજ વિ૦(૨)સ્ત્રી૦,૦ગાર વિ૦,–જી સ્ત્રી૦ જુઓ 'પરહેજ'માં

પરેડ સ્ત્રી૦ [ઈં.] કવાયત

પરેશ પું૦ [સં.] પરમેશ્વર

પરેશાન વિ૦ [ફા.] હેરાન (૨) વ્યાકુલ; ઉદ્વિગ્ન (૩) ધૂર્ત; ખંધું; ચતુર. –ની સ્ત્રી૦ મુસીબત; હેરાનગત (૨) વ્યાકુલતા; ઉદ્વેગ

પરેસાઉ વિ૦ વ્યભિચારી (?)

પરેસ્તાન ન૦ જુઓ પરિસ્તાન ['ઇન્ડિરેક્ટ પ્રૂફ' (ગ.)

પરોક્ષ વિ૦ [સં.] અપ્રત્યક્ષ; ગેરહાજર. ૦ઉપપત્તિ સ્ત્રી૦

પરોગ પું૦ અંત; આખર

પરોઢ પું૦; ન૦ પ્રભાત; સવાર. –ઢિયું ન૦ મળસકું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરોણો પું૦ મહેમાન (૨)પરાણો; આરવાળી લાંબી લાકડી. -ણાગત,-ણાચાકરી,-ણાચાર જુઓ 'પરૂણા'માં. -ણી સ્ત્રી૦ જુઓ પરૂણી (૨) આરવાળી નાની લાકડી (૩) સોયમાં પરોવેલો દોરો

પરોત પું૦ પુરોહિત; ગોર

પરોપકાર પું૦ [સં.] પારકાનું ભલું કરવું તે. -રિતા સ્ત્રી૦ પરોપકાર કરવાનો ગુણ. -રી વિ૦ પરોપકાર કરનારું.

પરોપકૃતિ સ્ત્રી૦ [સં.] પરોપકાર [સ્ત્રી૦

પરોપજીવી વિ૦ [સં.] બીજાને આધારે જીવનારું. -વિતા

પરોવવું સ૦ક્રિ૦ વેહવાળી વસ્તુને દોરા ઉપર ચડાવવી કે તેમાં દોરો ઘાલવો; પોરવવું (૨) [લા.] જોડવું; લગાડવું

પર્જન્ય પું૦ [સં.] વરસાદ

પર્ણ ન૦ [સં.] પાંદડું. ૦કુટિ(-ટી) સ્ત્રી૦ ઝૂંપડી. ૦શય્યા સ્ત્રી૦ પાંદડાંની પથારી. ૦શાલા(-ળા) સ્ત્રી૦ ઝૂંપડી

પર્દેનશીન,પર્દેપોશ [ફા.] વિ૦ પડદામાં રહેનાર

પર્યટન ન૦ [સં.] મુસાફરી [અંતિમ; અંતવાળું

પર્યવસાન ન૦ [સં.] અંત. -થી વિ૦, -યિની વિ૦ સ્ત્રી૦

પર્યવસ્થા સ્ત્રી૦ [સં.] વિરોધ; પ્રતિકાર

પર્યંક પું૦ [સં.] પલંગ

પર્યંત પું૦[સં.]ચોગરદમ ફરતી હદ;ઘેર(૨)અંત;છેવટ(૩) અ૦ સુધી; લગી. -તે અ૦ છેવટે; આખરે

પર્યાકુલ(-ળ) વિ૦ [સં.] આકુળવ્યાકુળ

પર્યાપ્ત વિ૦ [સં.] પૂરતું (૨) સંપૂર્ણ (૩) પ્રચુર; પુષ્કળ (૪) સમર્થ (૫) મર્યાદિત. ૦તા સ્ત્રી૦, -પ્તિ સ્ત્રી૦ પર્યાપ્તપણું

પર્યાય પું૦ [સં.] સમાનાર્થ શબ્દ (૨) રીત; રસ્તો (૩) યુક્તિ; બહાનું (૪) પ્રકાર (૫) ક્રમ; અનુક્રમ (૬) પદાર્થનો ગુણ કે ધર્મ (૭) એક અર્થાલંકાર, જેમાં એક વસ્તુ ક્રમથી અનેક વસ્તુઓમાં કે અનેક વસ્તુઓ ક્રમથી એક વસ્તુમાં હોવાનું વર્ણન કરવામાં આવે છે(કા.શા.)(૭)'આઈડેન્ટિટી' (ગ.). ૦ચિહ્ન ન૦ પર્યાયની (=) આવી નિશાની. -યિક વિ૦ એકાત્મિક; 'આઈડેન્ટિકલ' (૨) એકરૂપ; 'કોન્ગ્રુઅન્ટ' (ગ.). -યોક્ત ન૦ એક અર્થાલંકાર, જેમાં કહેવાની વાતનો ઉલ્લેખ સ્ફુટ રૂપે કરવાને બદલે આડકતરી રીતે કરેલો હોય છે. (કા. શા.)

પર્યાલોચન ન૦,-ના સ્ત્રી૦[સં.]સંપૂર્ણ આલોચન;સમીક્ષા

પર્યુપાસના સ્ત્રી૦ [સં.] સેવા

પર્યુષણ ન૦ [સં.] જુઓ પજુસણ

પર્યેષક પું૦[સં.] પર્યેષણા કરનાર; શોધક. ૦તા સ્ત્રી૦. -ણ ન૦, -ણા સ્ત્રી૦ અન્વેષણ; આલોચના; તત્ત્વચિંતન

પર્વ ન૦[સં.] ગ્રંથનો ભાગ (૨) આઠમ, ચૌદશ, પૂનમ અને અમાસ એમાંની એક તિથિ (૩) પવિત્ર દિવસ (૪) તહેવાર (૫) સાંઠાનો એક ગાંઠાથી બીજા ગાંઠા સુધીનો ભાગ. ૦ણી સ્ત્રી૦ પવિત્ર દિવસ

પર્વત પું૦ [સં.] પહાડ. ૦રાજ પું૦ [સં.] હિમાલય

પર્હેજ,૦ગાર,-જી [ફા.] જુઓ 'પરહેજ'માં

પલ ન૦ [સં.] માંસ (૨) ચાર તોલા જેટલું માપ (૩) સ્ત્રી૦ પળ; ક્ષણ વાર. ૦ક સ્ત્રી૦ પળ; ક્ષણ

પલક સ્ત્રી૦ [ફા.] આંખનો પલકારો. ૦દરિયાવ પું૦ ઘડીકમાં રેલમછેલ કરી દે એવો વરસાદ (૨) પરમેશ્વર. ૦વું અ૦ક્રિ૦ મીંચાવું ને ઊઘડવું (૨) આંખ પલકવાની જેમ ગતિ હોવી કે થવી (૩) ઝબૂકવું; રહી રહીને પ્રકાશવું (૪) ચળવું; અસ્થિર થવું. -કારો,-કો પું૦ આંખનું પલકવું તે (૨) ઝબકારો (૩) અણસારો; ઇશારો

પલટણ(-ન) સ્ત્રી૦ લશ્કરની ટુકડી. -ણિ(-નિ)યો પું૦ લશ્કરનો સિપાઈ [ઊથલપાથલ

પલટવું સ૦ક્રિ૦ બદલવું. પલટાપલટી સ્ત્રી૦ ફેરફાર;

પલટી સ્ત્રી૦, -ટો પું૦ ફેરબદલી(૨) ગાતાં સ્વરને ઉતારવો અને ચડાવવો તે (૩) ઊથલો (૪) પટાબાજીનો એક દાવ

પલપલવું અ૦ક્રિ૦ ચળકવું; ચમક ચમક થવું

પલપૈતૃક ન૦ [સં.] શ્રાદ્ધમાં અપાતો માંસપિંડ

પલવટ સ્ત્રી૦ કેડ બાંધવી તે કે તેનું કપડું (જેવું ભીલો બાંધે છે) (૨) પાલવ કે નીચે લટકતો છેડો; તેને કેડે કે છાતીએ તાણી બાંધવો તે

પલવડી સ્ત્રી૦ (સુ.) પલ્લી; ઘરોળી

પલવવું સ૦ક્રિ૦ રાજી કરવું; રીઝવવું

પલવાડ સ્ત્રી૦ વાડ

પલવાવું અ૦ક્રિ૦ 'પાલવવું'નું કર્મણિ

પલવું અ૦ક્રિ૦ + પળવું; જવું [પીગળવું (મન)

પલળવું અ૦ક્રિ૦ ભીનું થવું (૨) [લા.] પોચું થવું;

પલંગ પું૦ [ફા.] મોટો ખાટલો. ૦ડી સ્ત્રી૦ નાનો પલંગ; ઢોલણી. ૦પોશ ન૦ પથારી ઉપર પાથરવાનો ઓછાડ

પલાણ ન૦ ઘોડાની પીઠ ઉપર નાખવાનો સામાન (૨) સવારી. ૦વું અ૦ક્રિ૦ સવારી કરવી (૨) ઘોડાની પીઠ ઉપર સામાન કસવો

પલાણો પું૦ છાપતી વખતે બીબાં બરાબર બેસાડવા તેમના ઉપર મૂકી ઠોકવાનો લાકડાનો કકડો

પલાયન ન૦ [સં.] નાસી જવું તે. -માન વિ૦ નાસી જતું

પલાયિત વિ૦ [સં.] નાઠેલું; દોડી ગયેલું [એક વાની

પલાવ પું૦ [ફા.] ભાતમાં દાળ ને માંસ નાખી બનાવેલી

પલાવટ સ્ત્રી૦ ભીલની એક જાત

પલાવન ન૦ પળાવવું-પાલન કરાવવું તે

પલાશ પું૦[સં.]ખાખરો.૦પાપડો પું૦જુઓ પિતપાપડો

પલાશવેલ સ્ત્રી એક વનસ્પતિ [એક રાગણી

પલાશી પું૦ [સં.] રાક્ષસ (૨) ઝાડ (૩) સ્ત્રી૦ દીપકની

પલા(-ળા)વું અ૦ક્રિ૦+જવું; પલવું [પહોંચાડવી

પલાળવું સ૦ક્રિ૦ ભીંજવવું (૨) [લા.] મન પર અસર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પલાળિયું ન૦ નહાતી વખતે પલાળવા બદલાતું પંચિયું

પલાકું(-ખું) ન૦ આંકના પાડાનો પ્રશ્ન. **-ખી** સ્ત્રી૦ આંકના પાડામાંની દરેક હાર. 'પલાંકું(-ખું)' ન૦ પલાખું

પલાંડિયો વિ૦પું૦ પાણીમાં પલાંઠીભેર મારવાનો (કૂદકો)

પલાંઠી સ્ત્રી૦ પગ વાળીને ચપટ બેસવાની એક રીત

પલાંઠો પું૦ મોટી પલાંઠી

પલાંડુ સ્ત્રી૦ [સં.] ડુંગળી; કાંદો

પલિત વિ૦ [સં.] પળિયાંવાળું

પલીત પું૦; ન૦ ભૂતપ્રેત

પલીતો પું૦ [फा.] જામગરી [બારીક (કાપડ)

પલૂર ન૦ લીલી કુમળી ડુંગળી કે લસણ (૨) વિ૦ બહુ

પલેવણ ન૦ + જીવજંતુના રક્ષણાર્થે લૂગડાં, રજોહરણ વગેરેને પહોળાં કરી તપાસવાં-ખંખેરવાં તે (જૈન)

પલોટ સ્ત્રી૦ અનુભવ; કેળવણી; તાલીમ

પલો(-ળો)ટવું સ૦ક્રિ૦ કેળવી સવારી લાયક કરવું (૨) ચંપી કરવી; દબાવવું (૩) [લા.] કામકાજમાં જોડી પાવરધું કરવું

પલ્લવ પું૦; ન૦ [સં.] કૂંપળ (૨) પાંદડું (૩) અળતો; લાખનો રંગ (૪) પાલવ; વિસ્તાર (૫) પું૦ એક બૌધકાલીન લોક-પ્રજા. **૦ગ્રાહી** વિ૦ ઉપરચોટિયું; ઊંડું નહિ તેવું (જ્ઞાન). **-વાલેખન** ન૦ પત્ર વેલ વગેરેનું આલેખન. **૦વું** અ૦ક્રિ૦ પલ્લવિત થવું; પાંગરવું; નવાં પાન આવવાં; પાલવવું. **-વિત** વિ૦ નવાં પાનના ફાલથી લેલૂર થઈ રહેલું. **-વી** વિ૦ પલ્લવોવાળું [વૃક્ષ] (૨) સ્ત્રી૦ ચલનવલનથી કરેલા ઇશારા. ઉદા૦ કરપલ્લવી; નેત્રપલ્લવી

પલ્લાઉ વિ૦ જેને મોટું પલ્લું આપવું પડતું હોય તે

પલ્લી સ્ત્રી૦ [સં.] નાનું ગામડું (૨) ગરોળી

પલ્લી સ્ત્રી૦ માંડવી; ગરબાની કોડિયાં મૂકવાની દીવી

પલ્લું ન૦ [फा.] ત્રાજવાનું એક છાબડું

પલ્લું ન૦ વર તરફથી કન્યાને અપાતું સ્ત્રીધન

પલ્લો પું૦ પાલવ (૨) મજલ; ટપ્પો; છેટું

પલ્વલ ન૦ [સં.] તળાવડું

પવઈ સ્ત્રી૦ પાવઈ; પવૈયો

પવન પું૦ [સં.] વહેતો વાયુ. **૦કુમાર** પું૦ હનૂમાન (૨) ભીમ. **૦ચક્કી** સ્ત્રી૦ પવનથી ચાલતું ચકવાળું યંત્ર. **૦પાવડી** સ્ત્રી૦ જેથી આકાશમાં ઊડી શકાય એવી જાદુઈ પાવડી. **૦વેગી** વિ૦ પવન જેટલા વેગવાળું. **૦સુત** પું૦ (સં.) હનૂમાન (૨) ભીમ. **-નાશન** વિ૦ પવન ખાઈને જીવનારું. **-નાસ્ત્ર** ન૦ પવનનું અસ્ત્ર

પવમાન પું૦ [સં.] પવન (૨) ગાર્હપત્ય અગ્નિ

પવાડી સ્ત્રી૦ અભરાઈ

પવાડો પું૦ [म.] વીરનું પ્રશસ્તિ-કાવ્ય (૨) [કટાક્ષમાં] નિંદાત્મક કાવ્ય (૩) નિંદા; આક્ષેપ

પવા(૦ય)ત સ્ત્રી૦ સૂતર અને કાપડને પાવામાં આવતી કાંજી (૨) ખેતર વગેરેમાં પાણી પાવું તે

પવાલી સ્ત્રી૦ પાવલું (૨) ઊંચું નળાકાર વાસણ. **-લું** ન૦ પાણી પીવા માટેનું નાનું વાસણ; જામ (૨) મોટું નળાકાર વાસણ (૩) અનાજ માપવાની નાની પાલી

પવિ સ્ત્રી૦ [સં.] ઇંદ્રનું આયુધ-વજ્ર

પવિત્ર વિ૦ [સં.] શુદ્ધ; પાવન. **૦પણું** ન૦. **૦તા, -ત્રાઈ** સ્ત્રી૦. **-ત્રાસન** ન૦ પવિત્ર (દર્ભનું) આસન

પવિત્રા પું૦ [म.] લાઠી, લેજીમ, કુસ્તી વગેરેના દાવની તૈયારીનું આગળ પગ કરીને ઊભવાનું આસન

પવિત્રાં અગિયારશ(-સ) સ્ત્રી૦ શ્રાવણ સુદ અગિયારશ

પવિત્રાં બારશ(-સ) સ્ત્રી૦ શ્રાવણ સુદ બારસ

પવિત્રિત વિ૦ [સં.] પવિત્ર-શુદ્ધ કરાયેલું

પવિત્રી સ્ત્રી૦ દર્ભની વીંટી (૨) પવિત્ર શબ્દો પાડેલી કે ભરેલી રેશમી પટ્ટી [ઘાલવાની મોતીની સેર

પવિત્રું ન૦ ઠાકોરજીને ધરાવેલી રેશમની માળા (૨) કોટે

પવૈયો પું૦ પાવૈયો; હીજડો

પશમ સ્ત્રી૦ રુવાંટી; વાળ (૨) હિમાલયમાં થતા એક જાતના બકરાના વાળ (જેનું ગરમ કાપડ બને છે) **-મી** [फा.] પશમનું; પશમવાળું. **-મીનો** પું૦ [फा.] પશમનું બનેલું કાપડ

પશુ ન૦ [સં.] જાનવર; ચોપગું પ્રાણી. **૦જન્ય** વિ૦ પશુમાંથી નીપજતું. **૦ડું** ન૦ બચ્ચું; નાનું બાળક. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦. **૦ધર્મ** ન૦ પશુને છાજે એવો હીન-અમાનવ ધર્મ. **૦પતાકા(૦સ્ત્ર)** ન૦ શંકરનું એક દિવ્ય અસ્ત્ર; પાશુપત. **૦પતિ, ૦પાલ(-ળ)** પું૦ મહાદેવ (૨) ગોવાળ. **૦બલિ** પું૦ યજ્ઞમાં પશુનું બલિદાન. **૦માર** પું૦ પશુને પડે એવો માર; ઢોરમાર. **૦યજ્ઞ, ૦યાગ** પું૦ પશુ વડે કરાતો યજ્ઞ. **૦વૃત્તિ** સ્ત્રી૦ પશુતા; પાશવતા. **૦વૈદ્યક** ન૦ પશુઓ માટેનું વૈદું. **૦શાસ્ત્ર** ન૦ પશુનું-તેના પાલન વગેરેનું શાસ્ત્ર; 'ઝૂઓલોજી'. **૦સામાન્ય** વિ૦ પશુઓમાં પણ મળી આવતું [પશ્ચાત્તાપ

પશેમાન વિ૦ [फा.] પસ્તાયેલું; શરમાયેલું. **-ની** સ્ત્રી૦ ખેદ;

પશ્ચાત્ અ૦ [સં.] પછી. **-ત્તપ્ત** વિ૦ પશ્ચાત્તાપ કરતું. **-ત્તાપ** પું૦ પસ્તાવો. **-દ્ભૂમિ** સ્ત્રી૦ ચિત્રની પાછળની ભૂમિકા, જે તેને ઉઠાવ, છટા વગેરે અર્પે છે; 'બૅકગ્રાઉન્ડ'

પશ્ચિમ વિ૦ [સં.] આથમણું (૨) પાછળનું; પાછલું (૩) સ્ત્રી૦ આથમણી દિશા (૪) ન૦ યુરોપ, અમેરિકા વગેરે પશ્ચિમનો પ્રદેશ. **૦દક્ષિણ** વિ૦ પશ્ચિમ અને દક્ષિણની વચ્ચેનું-નૈર્ઋત્ય. **૦બુદ્ધિ** વિ૦ પાછળથી જેને ઉકેલ સૂઝે છે તેવું. **૦હિંદી** સ્ત્રી૦ હિંદીની એક પ્રાંતિક બોલી. **-માભિમુખ** વિ૦ પશ્ચિમ બાજુએ મોંવાળું. **-મી** વિ૦ પશ્ચિમનું,-ને લગતું. **-મોત્તર** વિ૦ પશ્ચિમ અને ઉત્તર વચ્ચેનું; વાયવ્ય

પશ્યંતી સ્ત્રી૦ [સં.] વાણીની બીજી સ્થિતિ (જુઓ 'પરા')

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પસ સ્ત્રી૦ (ફા.) પસલો; પોશ; ખોબો

પસતાગિયો પું૦ પસ્તાગિયો; કાછિયો

પસ(-હ)ર ન૦ મળસકે ઢોરને ચરવા લઈ જવાં તે; પરહ

પસરવું અ૦ક્રિ૦ પ્રસરવું; ફેલાવું

પસલી સ્ત્રી૦ પોશ (૨) એક આચમનનું જળ રહે એવો હાથના પહોંચાનો આકાર (૩) વીંટી (૪) ભાઈની બહેનને ભેટ. --લો પું૦ ખોબો

પસવાવવું સ૦ક્રિ૦પંપાળવું [સ્ત્રી૦પસંદ કરવું તે;રુચિ

પસંદ વિ૦ [फा.] ગમતું (૨) ચૂંટી કાઢેલું; સ્વીકારેલું. ૦ગી

પસાય પું૦ પ્રસાદ; કૃપા (૨) રાજી થઈને આપેલી બક્ષિસ

પસાયતું ન૦ બક્ષિસ તરીકેની જમીન

પસાર વિ૦ [फो.] (બહુધા વિધેય વિ૦ તરીકે વપરાય છે.) વટાવેલું; આરપાર ગયેલું (૨) [કસોટીમાં]પાર ઊતરેલું(૩) સ્ત્રી૦ આંટા મારવા તે (જમ્યા પછી કે ચોકી કરતાં)

પસાર પું૦ પ્રસાર; ફેલાવો; પ્રચાર(૨)પ્રવેશ; પેસારો. ૦વું સ૦ક્રિ૦ ફેલાવવું (૨) લંબાવવું. -રો પું૦ પસાર; ફેલાવ

પસિયારું ન૦ જુઓ પખિયારું

પસીનો પું૦[हिं.] પરસેવો

પસૂંદી સ્ત્રી૦ પરસૂદી; મેંદો

પસોપેશ સ્ત્રી૦[फा.] વિચાર; મૂંઝવણ

પસ્તાગિયો પું૦ પસતાગિયો; કાછિયો

પસ્તાનું ન૦ બહારગામ જવા ઊપડવું તે (૨) મુહૂર્ત સાચવવા પોતાને ઘેરથી નીકળી બીજાને ઘેર વાસ કરવો તે

પસ્તાવું અ૦ક્રિ૦ પસ્તાવો કરવો. -વો પું૦ ભૂલ કે દોષને માટે પાછળથી થતો ખેદ; પશ્ચાત્તાપ

પસ્તાળ સ્ત્રી૦ ઉપરાઉપરી ઝોક; વાણીના પ્રહાર

પસ્તી સ્ત્રી૦ નકામા-રદ્દી કાગળ (૨) જુઓ પસ્તું ૨

પસ્તું ન૦ એક સૂકો મેવો; પિસ્તું (૨) ઉપરાણું

પહર ન૦ જુઓ પસર; પરહ

પહાડ પું૦ ડુંગર; પર્વત. -ડી વિ૦ પહાડનું (૨) [લા.] કદાવર; મજબૂત (૩) સ્ત્રી૦ નાનો પહાડ (૪) પહાડોની હાર (૫) એક રાગિણી

પહાણ(-ણો) પું૦ પથ્થર

પહાણવું સ૦ક્રિ૦ રંગવા માટે (કોરું કપડું) ધોવું

પહાણી ન૦[म.]તપાસણી. ૦પત્રક ન૦જેમાં ખેતર,તેમાંનાં ઝાડ અને પાકની નોંધ લેવાય છે તે તલાટીનું પત્રક

પહિરાવવું સ૦ક્રિ૦ + બક્ષવું; ભેટ આપવી

પહેરણ ન૦ કુડતું; બદન (૨) પહેરવું તે કે તેની રીત. -ણું ન૦ ઘાઘરાને બદલે કમ્મરે વીંટવાનું વસ્ત્ર (૨) પહેરવાનું વસ્ત્ર (૩) પહેરવાની રીત. -વું સ૦ક્રિ૦ શરીર ઉપર ધારણ કરવું (૨) અંદર દાખલ કરવું (ઉદા૦અફીણ પહેરવું). -વેશ પું૦ કપડાં પહેરવાની રીત (૨) પોશાક

પહેરામણી સ્ત્રી૦ કન્યાના બાપ તરફથી તથા તેનાં સગાંને અપાતી બક્ષિસ

પહેરો પું૦ તપાસ; જાપતો; ચોકી (૨) સંભાળ; હવાલો. -રેગીર પું૦ પહેરો ભરનાર; ચોકીદાર; સંત્રી

પહેલ પું૦ પાસો. ૦દાર વિ૦ પાસાદાર. ૦વાન પું૦ મલ્લ; કુસ્તીબાજ (૨) બહાદુર; શૂરવીર. ૦વી સ્ત્રી૦ ઈરાનની પ્રાચીન ભાષા

પહેલ સ્ત્રી૦ પ્રારંભ; આગેવાની. ૦વહેલું વિ૦ પહેલી જ વારનું; સૌથી પ્રથમ (૨) અ૦ શરૂઆતમાં જ; સૌથી અગાઉ. ૦વાડો પું૦ (કા.) પ્રારંભ; શરૂઆત. ૦વારકું વિ૦ પહેલી વારનું. ૦વેતરી વિ૦ સ્ત્રી૦ પહેલા વેતરની (ગાય ભેંસ ઇ૦). -લાં અ૦ અગાઉ; પૂર્વે. -લું વિ૦ પ્રથમ (૨) પહેલા દરજ્જાનું; મુખ્ય (૩) અ૦ સૌથી આગળ

પહો(-હોં)ચ સ્ત્રી૦ પહોંચવું તે (૨) પાવતી; રસીદ (૩) [લા.] સમજશક્તિ; અક્કલ (૩) શક્તિ; સામર્થ્ય. ૦બુક સ્ત્રી૦ પાવતી આપવાના કાગળોની બાંધેલી વહી. ૦વું અ૦ક્રિ૦ (ધારેલે ઠેકાણે) જવું; પૂગવું (૨) (મોકલેલી વસ્તુનું) મળવું (૩) ટકવું; જારી રહેવું (૪) સ૦ક્રિ૦ (સરખામણીમાં કે સ્પર્ધામાં) બરાબર થવું. -ચાડવું સ૦ક્રિ૦ 'પહો(-હોં)ચવું'નું પ્રેરક. -ચેલું વિં૦ [લા.] ન છેતરાય તેવું; પક્કું

પહોતવું અ૦ક્રિ૦ + પહોંચવું

પહોર પું૦ પ્રહર; ત્રણ કલાક. -રો પું૦ પહેરો; ચોકી

પહોળિયું ન૦ મુંબઈગરો રૂપિયો

પહોળું વિ૦ ચોડું; પનાદાર (૨) ખૂલતું; મોકળું (૩) બીડેલું-બંધ નહિ તેવું; ખુલ્લું. -ળાઈ(-શ) સ્ત્રી૦

પહોંચ,૦બુક,૦વું,-ચાડવું,-ચેલું જુઓ 'પહોચ'માં

પહોંચી સ્ત્રી૦પહોંચાનું એક ઘરેણું. -ચો પું૦ હાથનું કાંડું

પળ સ્ત્રી૦ ઘડીનો સાઠમો ભાગ; ૨૪ સેકંડ (૨) ક્ષણ

પળકવું અ૦ક્રિ૦ ખાવાની લાલચથી મોંમાં પાણી છૂટવું (૨) ખાવાની આશાએ આવવું-પેધવું

પળકો પું૦ ચમકારો

પળત વિ૦ પળાતું (જમીન માટે)

પળવું અ૦ક્રિ૦ પલવું; જવું (૨) બરદાશ થવી; પોષણ થવું (૩) અનુકૂળ આવવું (૪) વાળ ધોળા થઈ જવા (૫) પ્રકટ થવું (૬) સ૦ક્રિ૦ (વચન) પાળવું (૭) તાબામાં હોવું (જમીન)

પળશી(-સી) સ્ત્રી૦ ખુશામત; મન મેળવવાની મહેનત

પળા સ્ત્રી૦ પાલન; સેવાચાકરી (૨) પાલવવું પડે તેવું (બાળક, ઘરડું વગેરે) (૩) કંટાળો આપે એવું કામ

પળાવવું સ૦ક્રિ૦ 'પાળવું', 'પળવું'નું પ્રેરક

પળાવું અ૦ક્રિ૦ 'પાળવું'નું કર્મણિ (૨) + જુઓ પલાવું

પળિયું ન૦ ધોળો થયેલો વાળ.-યે(-યો)લ વિ૦પળિયાંવાળું

પળી સ્ત્રી૦ કુલ્લા કે બરણીમાંથી ઘીતેલ કાઢવાનું એક લોઢાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધન. -ળો પું૦ મોટી પળી

પળોજણ સ્ત્રી૦ (કા.) પરવરશી; ઊઠવેઠ (૨) ઉપાધિ; ચિંતા

પળોટવું સ૦ક્રિ૦ જુઓ પલોટવું

પંક પું૦ [સં.] કાદવ. **૦જ** ન૦ કમળ

પંકાવું અ૦ક્રિ૦ પ્રખ્યાત થવું; વખણાવું

પંકિલ વિ૦ [સં.] કાદવવાળું. **૦તા** સ્ત્રી૦

પંક્તિ સ્ત્રી૦ [સં.] લીટી (૨) હાર; પંગત. **૦ચર** ન૦ એક પક્ષીનું નામ. **૦ભેદ** પું૦ જમવા એક પંગતે-અડીને ન બેસાય તેવો ભેદ (૨) [લા.] પીરસવામાં વહેરોઆંતરો

પંખ સ્ત્રી૦ (પ.) પાંખ. **૦(-ખિ)ણી** સ્ત્રી૦ માદા પક્ષી; પક્ષિણી. **૦વા** પું૦ પક્ષાઘાત; લકવો. **-ખા** સ્ત્રી૦ પાંખ (૨) ન૦ કબૂતરની એક જાતનું નામ. **-ખાબાંય** સ્ત્રી૦ પંખા જેવી બાંય. **-ખાળ(-ળું)** વિ૦ પાંખવાળું (૨) [લા.] ઝડપથી દોડે એવું. **-ખાળી** સ્ત્રી૦ ડાંગરની ત્રણ પાંખાંવાળી એક જાત. **-ખી, -ખેરું** ન૦ પક્ષી

પંખો પું૦ વીંજણો

પંગત સ્ત્રી૦ જમવા બેઠેલાંની હાર; પંક્તિ

પંગુ, ૦લ વિ૦ [સં.] પાંગળું. **૦પણું** ન૦

પંગોચું ન૦ (સુ.) એક વાની-ઘઉં મેથીનું વડું

પંચ વિ૦ [સં.] પાંચ (૨) ન૦ કોઈ વાતનો તોડ લાવવા માટે નિમાયેલા પાંચ કે તેથી વધારે માણસો (૩) પું૦ તેમાંનો એક. **૦ઈંટાળી** સ્ત્રી૦ ઈંટાળીની જાહેર શિક્ષા. **૦ક(૦કું)** ન૦ પાંચનો સમુદાય (૨) ધનિષ્ઠાના ઉત્તરાર્ધથી રેવતીના અંત લગી આવતાં પાંચ નક્ષત્રો. **૦કણકી** સ્ત્રી૦ (કા.) જુદી જુદી જાતનાં અનાજનું મિશ્રણ. **૦કલ્યાણી** વિ૦ ચાર પગ અને કપાળ એ પાંચ ધોળાં હોય એવા શુભ ચિહ્નવાળું (ઢોર માટે). **૦કાર** પું૦ વણકરનું એક ઓજાર. **૦કેશ** પું૦બ૦વ૦ શરીરના પાંચ ભાગના વાળ (માથું, ઉપલો હોઠ, બે બગલ અને ગુહ્યેંદ્રિય). **૦કોણ** વિ૦ પાંચ ખૂણાવાળું (૨) પું૦ પાંચ ખૂણાવાળી આકૃતિ. **૦કોષ** પું૦બ૦વ૦ આત્માનાં શારીરિક પાંચ [અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય] આવરણમાંનું દરેક. **૦કોશી** સ્ત્રી૦ મોટા તીર્થની આસપાસની પાંચ કોશની જમીન. **૦ક્યાસ** પું૦ પંચથી જાહેર તપાસ. **૦ગવ્ય** ન૦ ગાયનાં દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણ. **૦ચામર** પું૦ નારાચ છંદ. **૦તીર્થી** સ્ત્રી૦ પંચકોશીનાં તીર્થનો સમૂહ. **૦ત્વ** ન૦ મૃત્યુ (શરીરનાં પાંચ મહાભૂત છૂટાં થઈ જવાં તે). **૦નામું** ન૦ પંચ સમક્ષ કરેલી તપાસણીની નોંધ. **૦પાત્ર** ન૦ (સંધ્યા વગેરેમાં વપરાતું) પ્યાલું. **૦પાપ** ન૦બ૦વ૦ પાંચ મહા પાપો-બ્રહ્મહત્યા સુરાપાન, ગુરુતલ્પગમન, ચોરી, અને આ પાપ કરનારનો સંગ. **૦પ્રાણ** પું૦બ૦વ૦ પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પાંચ શરીરના પ્રાણો. **૦બાણ** પું૦ કામદેવ (અરવિંદ, અશોક, નવમાલિકા, આંબામોર અને નીલોત્પલ એ પાંચ પુષ્પ જેનાં બાણ છે તે). **૦ભદ્ર** પું૦ કાળજું, મોં, પીઠ, પડખું અને કેડ આગળ ભમરો હોય તેવો ઘોડો. **૦ભાગ** પું૦ રસોઈ માટે કાઢેલા સીધામાંથી બ્રાહ્મણને આપવા કાઢેલો ભાગ (લોટ, ચોખા, દાળ, ઘી અને મીઠું). **૦ભૂત** ન૦બ૦વ૦ આકાશ, વાયુ, અગ્નિ, પાણી અને પૃથ્વી એ પાંચ મહાભૂત. **૦મ** વિ૦ પાંચમું (૨) પાંચમી-નિષાદ વગેરે જંગલી લોકોની જાતનું-વર્ણનું ગણાતું (૩) પું૦ સ્વરસપ્તકમાંનો પાંચમો પ સ્વર (૪) પંચમ વર્ણનો માણસ (પ) એક રાગ. **૦મકાર** પું૦બ૦વ૦ વામમાર્ગીઓની 'મ'થી શરૂ થતી પાંચ વસ્તુઓ (મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન). **૦મસંવાદી** પું૦ પંચમ રાગ કાઢનારો (૨) વાદી સ્વરથી પાંચમો સ્વર. **૦મહાયજ્ઞ** પું૦બ૦વ૦ પાંચ મુખ્ય યજ્ઞો-દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, નૃયજ્ઞ. **૦માસી** સ્ત્રી૦; ન૦ પહેલી વારની ગર્ભવતી સ્ત્રીને પાંચમે માસે કરવામાં આવતો સંસ્કાર. **૦મી** વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ પાંચમ (૩) પાંચમી વિભક્તિ. **૦મુખ** પું૦ [સં.] મહાદેવ. **૦મુખી** વિ૦ પાંચ મોંવાળું. **૦રસ** પું૦ આદુ, ફુદીનો વગેરે પાંચ ચીજનો છમકારેલો રસ. **૦રંગી** વિ૦ પાંચ રંગવાળું; પાંચવર્ણું. **૦રાઉ** વિ૦ પરચૂરણ (વેચાણ) (૨) ચાર પાંચ જાતના મિશ્રણવાળું. **૦રાશિ** સ્ત્રી૦ ન૦ બેવડી ત્રિરાશિ. **૦વક્ત્ર** પું૦ (સં.) મહાદેવ. **૦વટી** સ્ત્રી૦ (સં.) ગોદાવરીને કિનારે આવેલું એક સ્થાન (૨) પીપળો, બીલી, વડ, આંબલી અને અશોક એ પાંચ ઝાડનો સમૂહ (૩) જ્યાં પાંચ રસ્તા મળતા હોય એવું મોટું ચકલું. **૦વદન** પું૦ (સં.) મહાદેવ. **૦વર્ણું** વિ૦ પચરંગી (૨) રંગબેરંગી. **૦વાણી** સ્ત્રી૦ લોકવાયકા. **૦વર્તમાન** ન૦બ૦વ૦ નિષ્કામ, નિર્લોલ, નિઃસ્વાદ, નિર્માન અને નિર્મોહ-આ સૂક્ષ્મ પંચવર્તમાન કહેવાય છે; માંસ, મદિરા, ચોરી, વ્યભિચાર અને વટાળથી દૂર રહેવું તે-આ સ્થૂળ પંચવર્તમાન ગણાય છે. **૦વાયકા** સ્ત્રી૦ લોકવાયકા. **૦વાયુ** પું૦બ૦વ૦ પંચપ્રાણ. **૦વીશ** વિ૦ પચીશ. **૦શર** પું૦ કામદેવ (જુઓ પંચબાણ). **૦સત્તા** સ્ત્રી૦ પંચની સત્તા. **૦સ્વરી** વિ૦ પાંચ સ્વરવાળું. **૦હથ્થું** વિ૦ પાંચ હાથના માપનું. **-ચાગ્નિ** પું૦બ૦વ૦ ગાર્હપત્ય, આહવનીય, દક્ષિણ, સભ્ય અને આવસથ્ય એ પાંચ અગ્નિ (૨) ચાર બાજુ ચાર ધૂણીનો અને પાંચમો માથે સૂર્યનો તાપ

પંચાજીરી સ્ત્રી૦ સૂંઠ, ખસખસ, અજમો, કોપરું અને સવા એ ભૂકામાં ખાંડ મેળવીને કરેલું મિશ્રણ

પંચાણું(-ણું) વિ૦ '૯૫'

પંચાત સ્ત્રી૦ તકરારનો નિવેડો લાવવા નીમેલી પાંચ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધુ માણસોની મંડળી (૨) તેણે કરેલી તપાસ (૩) તેણે આપેલો ફેંસલો-નિકાલ (૪) ઊહાપોહ; ભાંજગડ (૫) ગૂંચવાડો; મુશ્કેલી. ૦ખોર વિ૦ ભાંજગડ કર્યા કરનારું. ૦નામું ન૦ પંચાતે કરેલા ઠરાવ કે ફેંસલાનો લેખ (૨) પંચાત કરવાની સત્તા આપનારો લેખ. -તિયું વિ૦ પંચાતવાળું; ગૂંચવણવાળું (કામ કે વસ્તુ) (૨) પાંચ જણે-પંચાતે મળીને કરવા જેવું (૩) પંચાતખોર (માણસ). -તિયો પું૦ પંચાત કરનારમાંનો એક. -તી સ્ત્રી૦ ભાંજગડ; ગૂંચવાડો; મુશ્કેલી

પંચાનન પું૦ [સં.] શિવ (૨) સિંહ

પંચાનલ પું૦ [સં.] જુઓ 'પંચાગ્નિ' ૨ અર્થ

પંચામૃત ન૦ [સં.] દૂધ, દહીં, ઘી, મધ અને ખાંડનું મિશ્રણ

પંચાયત સ્ત્રી૦ પંચાત કરનારી મંડળી (૨) કોમનું કારોબારી મંડળ (૩) ભાંજગડ

પંચાયતન ન૦ [સં.] ઉપાસ્ય પાંચ દેવની મૂર્તિઓનો સમૂહ (૨) ગણપતિ, દેવી, સૂર્ય, વિષ્ણુ અને શિવ એ પાંચ દેવનો સમૂહ

પંચાવન વિ૦ '૫૫' [સમૂહ

પંચાશ વિ૦ + પચાસ. -શિકા સ્ત્રી૦ પચાસ શ્લોકોનો

પંચાશી(-સી) વિ૦ '૮૫'

પંચાળ પું૦ લુહાર

પંચાંગ વિ૦ [સં.] પાંચ અંગવાળું (૨) ન૦ ટીપણું

પંચિયું ન૦ ટૂંકું ધોતિયું

પંચી સ્ત્રી૦ મશ્કરી; મજાક (૨) ન૦ નાકે પહેરવાની જડચૂની-કાંટો (જેમાં પાંચ રંગનાં રત્ન જડ્યાં હોય)

પંચીકરણ ન૦ [સં.] સૃષ્ટિની ઉત્પત્તિ માટે પંચમહાભૂતનું વિશિષ્ટ મિશ્રણ (૨) એ દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિની હકીકત

પંચોતેર વિ૦ '૭૫'

પંજર ન૦ [સં.] પાંજરું

પંજરી સ્ત્રી૦ જુઓ પંચાજીરી

પંજાબી વિ૦ [फा.] પંજાબનું (૨) [લા.] (પંજાબના વતની જેવું) કદાવર (૩) પું૦ સંગીતમાં એક તાલ (૪) સ્ત્રી૦ પંજાબી બોલી-ભાષા [(પંજેટીથી) એકઠું કરવું

પંજેટી સ્ત્રી૦ ખેતીનું એક ઓજાર-ખંપાળી. -ટવું સ૦ક્રિ૦

પંજેલવું સ૦ક્રિ૦ (સુ.) સરકાથી ઊંચકીને ફેંકવું (૨) [લા.] મહેનત લઈને આટોપવું

પંજેળો પું૦ ભવાડો; ફજેતી

પંજો પું૦ [फा.] પાંચ આંગળાં અને હથેળીથી બનેલો અવયવ (૨) પશુનો નહોરવાળો અવયવ (૩) પાંચના આંકવાળું પત્તું કે પાસો

પંઝેટવું સ૦ક્રિ૦ વેઠવું; નિભાવવું

પંડ પું૦ શરીર (૨) પોતાની જાત (૩) પાંડુ રોગ (૪) પિંડ. ૦રોગિયું,૦રોગી વિ૦ પાંડુ રોગવાળું

પંડા સ્ત્રી૦ [સં.] વિદ્યા; જ્ઞાન (૨) ડહાપણ; સમજ

પંડાણી સ્ત્રી૦ ગોરાણી

પંડિત પું૦ [સં.] શાસ્ત્રમાં નિષ્ણાત પુરુષ (૨) વિદ્વાન; સાક્ષર. ૦પણું ન૦. ૦માની,-તંમન્ય વિ૦ પોતાને પંડિત માનનાર. -તા સ્ત્રી૦ વિદુષી સ્ત્રી. -તાઈ સ્ત્રી૦ વિદ્વત્તા; સાક્ષરતા. -તાણી સ્ત્રી૦ પંડિત કે પંડિતની સ્ત્રી. -તિયું વિ૦ પંડિતના જેવું

પંડો પું૦ [हिं.] (તીર્થનો) ગોર

પંડોપંડ અ૦ જાતે જ

પંડોળું ન૦ એક શાક [પુરોહિત

પંડ્યો પું૦ ગામઠી નિશાળનો બ્રાહ્મણ મહેતાજી (૨) ગોર;

પંતિયાળું વિ૦ ઘણા જણનું સહિયારું (૨) ન૦ સહિયારો વેપાર કે વહીવટ. -ળો પું૦ ભાગિયો

પંતુજી પું૦ માત્ર છોકરાં ભણાવી જાણનાર; મહેતાજી (૨) [લા.] વેદિયો માણસ

પંથ પું૦ પથ; માર્ગ (૨) ધર્મનો સંપ્રદાય. ૦ક પું૦ મુસાફર (૨) દૂત; કાસદ (૩) [કા.] પ્રદેશ; દેશનો અમુક વિભાગ

પંથવર પું૦ પહેલી વાર પરણતો વર

પંથા પું૦ [સં.] રસ્તો

પંથી પું૦ મુસાફર. ૦દાન ન૦ મરનાર પાછળ પંથી બ્રાહ્મણને અપાતું દાન. ૦વેશ વિ૦ પંથીના વેશવાળું

પંદર વિ૦ '૧૫'. ૦મું વિ૦ ક્રમમાં ચૌદ પછીનું (૨) ન૦ મરણ પછીનો પંદરમો દિવસ

પંપ પું૦ [इं.] પાણી ખેંચવાનું યંત્ર; ડંકી

પંપાળવું સ૦ક્રિ૦ વહાલથી હાથ ફેરવવો (૨) [લા.] અયોગ્ય લાડ લડાવવાં (૩) અત્યંત કાળજીથી સંભાળ્યા કરવું

પંપોટો પું૦ ઈંટનો કકડો

પા વિ૦ ચોથા ભાગનું (૨) સ્ત્રી૦ બાજુ

પાઈ સ્ત્રી૦ તાંબાનો એક સિક્કો; પૈસાનો ત્રીજો ભાગ

પાઉડર પું૦; ન૦ [इं.] ભૂકો; ચૂર્ણ (૨) દંતમંજન (૩) ચામડી પર લગાવવાનો સુગંધીદાર ભૂકો

પાઉંડ પું૦ [इं.] એ નામનો સોનાનો અંગ્રેજી સિક્કો (૨) લગભગ આડત્રીસ રૂપિયાભારનું એક અંગ્રેજી તોલ; રતલ

પાક વિ૦ + પાકું; ઘીમાં પકવેલું (રસોઈ માટે) [શીલવાન

પાક વિ૦ [फा.] પવિત્ર (૨) પ્રમાણિક. ૦દામન વિ૦ પવિત્ર;

પાક પું૦ [સં.] પરિપક્વતા (૨) નીપજ (૩) ખેતીની નીપજ (૪) દૂધ, ઘી, ચાસણી વગેરેમાં રાંધી-પકવી બનાવવામાં આવેલો ખાવાનો પદાર્થ (૫) પાકવું તે (ગૂમડું) (૬) રસોઈ; પકવવું તે (૭) [કા. શા.] અર્થની પરિપક્વતા; હૃદયંગમ અર્થગાંભીર્ય. ૦શાસ્ત્ર ન૦ રસોઈનું શાસ્ત્ર. ૦શાલા(-ળા) સ્ત્રી૦ રસોડું

પાકચટ વિ૦ પૂરેપૂરું પાકેલું

પાકટ વિ૦ પાકું; પુખ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાકણું વિ૦ પાકી ઊઠે એવું

પાકવું અ૦ક્રિ૦ પરિપક્વ થવું (૨) [લા.] ઉત્પન્ન થવું; નીપજવું (૩) અંદર પરુ પેદા થઈ પોચું થવું (૪) ધોળા થઈ જવું (વાળનું) (૫) [લા.] પાકી ગયું હોય તેમ દુખવું (૬) ઠરાવેલો વખત આવવો; મુદત થવી (હૂંડી)

પાકાઈ સ્ત્રી૦ પક્કાઈ

પાકારિ પું૦ [સં.] (સં.) પાક નામના રાક્ષસનો અરિ–ઇંદ્ર

પાકી સ્ત્રી૦ કામધંધો બંધ રાખવો તે; હડતાળ

પાકીટ ન૦ પૈસા રાખવાની ખીસામાં મુકાય તેવી (ચામડાની) એક બનાવટ (૨) તેવી વસ્તુઓ મુકાય એવી મોટી બનાવટ

પાકું વિ૦ પરિપક્વ (૨) પુખ્ત (૩) મિષ્ટાન્નવાળું (જમણ); તે બની શકે એવું -(સીધું) (૪) સ્પર્શથી બોટાય નહિ એવું–ઘીથી પકવેલું (૫) [લા.] છેતરાય નહિ તેવું; પહોંચેલ (૬) દૃઢ; અડગ. ૦ઘંટ વિ૦ ભારે પહોંચેલ

પાકોળી સ્ત્રી૦ એક પક્ષી

પાક્ષિક વિ૦ [સં.] પખવાડિયાનું–ને લગતું (૨) એક બાજુનું –પક્ષનું (૩) ન૦ પખવાડિયે નીકળતું છાપું

પાખ સ્ત્રી૦ પક્ષ; સહાયતા. ૦હું ન૦ પક્ષ

પાખર સ્ત્રી૦ ઘોડા કે હાથી પર નાંખવાનું બખતર (૨) ફૂલની ચાદર (૩) ઘોડા ઉપર નાખવાની સોનારૂપાનાં ફૂલોની બનાવેલી ઝૂલ (૪) ઘોડા ઉપર કસવાનો સામાન; ડળી. ૦વું સ૦ક્રિ૦ પાખર પહેરાવવી. -રિયું વિ૦ પાખરવાળું. –રી વિ૦ પાખરિયું: પાખરવાળું (૨) પું૦ ઘોડેસવાર –રું વિ૦ પાખરવાળું

પાખલિ અ૦ + આજુબાજુ

પાખંડ ન૦ [સં.] ઢોંગ. –ડી વિ૦ ઢોંગી

પાખાડો પું૦ બૂમ; બરાડો

પાખી(–ખે) અ૦ સિવાય

પાખો પું૦ કંટેવાળો

પાગ પું૦ પગ [પ.] (૨) પાજ; પાળ (૩) + પાઘડી

પાગઠું ન૦ પેંગડું; પાગડું (૨) પાખડું

પાગ, ૦ડી, ૦ડીપનો, ૦ડું + જુઓ 'પાઘ, ૦ડી' માં

પાગડું ન૦ પાગઠું; પેંગડું

પાગર સ્ત્રી૦ પવન પડી જવાથી હોડીને દોરડાં વડે ખેંચવી તે (૨) હોડી ખેંચવાનું દોરડું (૩) તે બાંધવાનો સુકાન પાસેનો ખીલો–અંકોડો [પગરણ; સારું ટાણું

પાગરણ ન૦ પથારીનો સામાન (૨) શોભા; શણગાર (૩)

પાગલ વિ૦ [સં.] ગાંડું. ૦ખાનું ન૦ ગાંડાંને રાખવાનું સ્થાન

પાગલદાણા પું૦બ૦વ૦ એક જાતનું સાંકળું

પાગલાગણું ન૦ જુઓ પગેલાગણું

પાગલોપા વિ૦ બહુ જ થાકી ગયેલું

પા(૦ય)ગા સ્ત્રી૦ ઘોડાર (૨) લશ્કરી ઘોડેસવારની ટુકડી

પાગિયો પું૦ સલાહકાર; મદદગાર (૨) ચૂડી ઉપર ચીપ બેસાડવાની ફૂદડીવાળી રેખ (૩) ખેપિયો; કાસદ

પાઘ સ્ત્રી૦ પાઘડી (પ.) (૨) પું૦ મોટી પાઘડી

પાઘડી સ્ત્રી૦ માથાનો એક પહેરવેશ. ૦બંધ વિ૦ પુરુષો પૂરતું (નોતરું). ૦પનો પું૦ પાઘડીના જેવો વિસ્તાર (લંબાઈમાં વધારે પણ પહોળાઈમાં ઓછો). –ડું ન૦ પાઘડી (તિરસ્કારમાં). –ડો પું૦ મોટું પાઘડું

પાચ ન૦ પરુ; ગૂમડામાંથી નીકળતી રસી

પાચક વિ૦ [સં.] પાચનક્રિયાને મદદ કરનારું; પચાવનારું

પાચન ન૦ [સં.] હજમ કરવું–પચવું–પચાવવું તે (૨) જઠરાગ્નિ. ૦ક્રિયા સ્ત્રી૦ પચવાની ક્રિયા. ૦રસ પું૦ પચવામાં મદદ કરનાર રસ. ૦શક્તિ સ્ત્રી૦ ખાધેલું પચાવવાની શક્તિ

પાચવું અ૦ક્રિ૦ + રંધાવું

પાચ્ય વિ૦ [સં.] પચી શકે કે પકાવી શકાય એવું

પાછટવું સ૦ક્રિ૦ પછાડવું

પાછ(–છો)તર વિ૦ મોસમના પાછલા ભાગનું

પાછલું વિ૦ પાછળનું (૨) પૂર્વનું; પહેલાંનું

પાછળ અ૦ પછવાડે

પાછું વિ૦ પાછળનું (૨) અ૦ પાછળ (૩) વળી; ફરીથી

પાછેવાવું અ૦ક્રિ૦ પાછું પડવું (?)

પાછોટિયું ન૦ જુઓ પછીતિયું (૨) કપડાની અંદરનું ખીસું

પાછોતર(–રું) વિ૦ મોસમના પાછલા ભાગનું; પાછતર

પાછોવું ન૦ (કા.) પાછા વળવું તે

પાછોવાડિયું વિ૦ ગામના છેવાડાના ભાગનું [કપડું

પાજ સ્ત્રી૦ પાળ; સેતુ (૨) એક જાતનું ઝીણા પોતનું રેશમી

પાજણી સ્ત્રી૦ જુઓ પાંજણી

પાજી વિ૦ હલકું; નીચ (૨) કંજૂસ

પાટ પું૦ મોટું તામ્રપત્ર (૨) બાજઠ; મોટો પાટલો (૩) આખું થાન; તાકો (૪) જમીનનો લાંબો પટ (૫) બેથી વધારે નંગનો સામટો વણાટ (૬) પગ દઈને ચાલવા માટે માન ખાતર વાટમાં પાથરવામાં આવતાં કપડાં (૭) ધેણને પહેરવાનો ફાળ (૮) સ્ત્રી૦ બહુ માણસ બેસી શકે તેવી પાટિયાંની ઊંચી બેઠક (૯) ઢોરને પાણી પાવાની નાની તળાવડી (૧૦) ગડિયો બોલી જવો તે (૧૧) લાંબો લંબચોરસ કકડો; લાટો (૧૨) ન૦ રાજગાદી

પાટકવું સ૦ક્રિ૦ પટકવું; પછાડવું [ભારવટિયો

પાટડી સ્ત્રી૦ નાનો પાટડો. –ડો પું૦ વહેરેલો પાસાદાર

પાટઘાય(–ઘો) પું૦ + રાજપાટ કે રાજાને ઘા–ધોકો

પાટણ ન૦ જુઓ પટ્ટણ

પાટનગર ન૦ રાજધાની

પાટરડી સ્ત્રી૦ (કા.) માટીનું નાનું વાસણ; દોણી [પાટલિ

પાટલ વિ૦ [સં.] પાટલના ફૂલના રંગનું; લાલ (૨) ન૦ જુઓ

પાટલાઘો સ્ત્રી૦ એક પ્રકારની ઘો

પાટલાસાસુ સ્ત્રી૦ મોટી સાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાટલિ ન૦ [સં.] પાટલ; એક ફૂલઝાડ

પાટલી સ્ત્રી૦ સાંકડી પાટ; બાંક (૨) નાનો પાટલો (૩) ચૂંટીથી આંગળાં સુધીનો ભાગ (૪) એક પ્રકારનું ઘરેણું (૫) કપડાની ચારપાંચ આંગળ પહોળી ગેડ

પાટલૂન ન૦ યુરોપી ઘાટનો ચોરણો

પાટલો પું૦ ભોંયથી ત્રણ ચાર આંગળ ઊંચું લાકડાનું આસન (૨) જાડી મોટી લગડી (રૂપાની)

પાટવ ન૦ [સં.] ચતુરાઈ; કુશળતા (૨) ચાલાકી; ચંચળતા

પાટવણ વિ૦સ્ત્રી૦ પાટવીની સ્ત્રી

પાટવી વિ૦ સૌથી મોટો (૨) ગાદીનો વારસ

પાટંબર ન૦ એક જાતનું રેશમી વસ્ત્ર

પાટિયાની સ્ત્રી૦ ઘઉંની સેવ (પુષ્ટિમાર્ગીય)

પાટિયાં ન૦બ૦વ૦ સ્ત્રીઓનું કોટનું એક ઘરેણું

પાટિયું ન૦ લાકડાને કે પથ્થરને વહેરીને પાડેલાં પાતળાં પડમાંનું એક (૨) લખવા માટે કરેલું કાળું પાટિયું (નિશાળમાં) (૩) છાતીની પેટી પરનાં હાડકાંમાંનું એક

પાટિયો પું૦ પહોળા મોંનું માટીનું કે ધાતુનું એક ઠામ

પાટી સ્ત્રી૦ સ્લેટ (૨) સૂતર કે રેશમની વણેલી કે ગૂંથેલી સાંકડી પટ્ટી (૩) લોઢાની તેવી પાટી (૪) ટોપલો (૫) ગામમાં ગરાસદારનો હિસ્સો; નાનો વાંટો (૬) હારબંધ એક માલકીનાં ખેતર (૭) પ્રસંગ; બનાવ (૮) ઘોડાને ફેરવતાં કઢાવાતી દોટ (૯) ટોળી; ટુકડી; 'પાર્ટી'

પાટીગણિત ન૦ [સં.] અંકગણિત

પાટીદાર પું૦ જમીનદાર; વતનદાર (૨) એ નામની ખેડૂત જાતિનો માણસ. **-રિયું** વિ૦ પાટીદારનું કે તેને લગતું

પાટીવાળો પું૦ રેલવેની સડક પર કામ કરનાર રેલવેના નોકરોની ટુકડીનો માણસ; 'ગેંગમેન' (૨) [મુંબઈમાં] પાટી-ટોપલાવાળો હેલકરી

પાટુ સ્ત્રી૦;ન૦ લાત

પાટૂડી સ્ત્રી૦, **-ડું** ન૦ પાટિયાના ઘાટનું નાનું માટીનું વાસણ (૨) છાશમાં ચણાનો લોટ ઉકાળીને કરેલાં ઢોકળાં

પાટો પું૦ પાટીના આકારનો લૂગડાનો ચીરો (૨) જેના ઉપર આગગાડી દોડે છે તે લોઢાનો પાટો (૩) ચીલો

પાટોડી સ્ત્રી૦ જુઓ પાટૂડી

પાટોધર વિ૦ પાટવી

પાટોપાટ અ૦ હારોહાર; સળંગ

પાઠ પું૦ [સં.] ભણી જવું-બોલી જવું તે (૨) ધાર્મિક ગ્રંથ કે સ્તોત્ર વગેરેનું રોજનું વાચન (૩) પાઠ્યપુસ્તકનો એકાદ દિવસમાં પઢી શકાય તેવો વિભાગ (૪) શબ્દ કે વાક્યોનો ક્રમ કે યોજના (૫) બોધ; શીખ (૬) નાટકના પાત્રનું કામ. **૦ક** પું૦ વાચક (૨) અધ્યાપક (૩) ધર્મોપદેશક (૪) વેદ-શાસ્ત્ર ભણનારો (૫) બ્રાહ્મણની એક અટક. **૦પૂજા** સ્ત્રી૦ પાઠ, પૂજા વગેરે નિત્યકર્મ. **૦શાલા(-ળા)** સ્ત્રી૦ નિશાળ (૨) ઊંચા પ્રકારના શિક્ષણની શાળા; મહાવિદ્યાલય (૩) સંસ્કૃત શીખવવાની શાળા. **૦ફેર,૦ભેદ** પું૦ પાઠાંતર. **૦માલા(-ળા)** સ્ત્રી૦ વસ્તુને ક્રમિક પાઠોરૂપે ગોઠવીને આપતું પુસ્તક. **-ઠાંતર** ન૦ ગ્રંથની બીજી પ્રતમાં મળી આવતું ભિન્ન લખાણ. **-ઠિકા** સ્ત્રી૦ પાઠ કરનાર સ્ત્રી. **-ઠી** પું૦પાઠ કરનાર [ગ્રંથનો] (૨) ભણેલો

પાઠવવું સ૦ક્રિ૦ મોકલવું

પાઠું ન૦ પીઠ ઉપર થતું ગૂમડું (૨) કૂવામાંથી માટી કાઢવાની દોરડે બાંધેલી ટોપલી (૩) કોલુમાં પીલ્યા બાદ રહેલો શેરડીનો કૂચો (૪) કુંવારનું પાન

પાઠ્ય વિ૦ [સં.] ભણવાનું (૨) નિશાળમાં ચાલતું. **૦પુસ્તક** ન૦ નિશાળમાં ચાલતી ચોપડી; 'ટેક્સ્ટ-બુક'

પાડ પું૦ ઉપકાર (૨) [સુ.] સોનીની કામ કરવાની જગા

પાડ(-ડા)પ(-પા)ડોશ પું૦ એક જ મહોલ્લાનો કે પાસે પાસેનો વાસ-વસતી. **-શી** પું૦ પાડપડોશમાં રહેનાર

પાડરું ન૦ પાડું

પાડવું સ૦ક્રિ૦ પડે એમ કરવું

પાડસી સ્ત્રી૦ બડાશ

પાડળ ન૦ જુઓ પાટલ [પાડપડોશી

પાડાપ(-પા)ડોશ પું૦ જુઓ પાડપડોશ. **-શી** પું૦ જુઓ

પાડામૂ(-મૂં)ડિયું વિ૦માત્ર પાડા મૂંડી જાણે તેવું;મૂંડવા-માં અણઘડ (૨) [લા.] અણઘડ

પાડીલું વિ૦ પાડની કદર કરનારું; કૃતજ્ઞ [થઈ જાય તે

પાડૂચલો પું૦ સ્ત્રી સગર્ભા થવાથી તેનું ધાવણું બાળક નબળું

પાડું ન૦ ભેંસનું બચ્ચું. **-ડાખાર** પું૦ બે પાડા વચ્ચે હોય છે તેવું પાકું વેર. **-ડી** સ્ત્રી૦ ભેંસનું માદાબચ્ચું. **-ડો** પું૦ ભેંસનું નરબચ્ચું કે તેનો નર

પાડો પું૦ તાંબા વગેરે હલકી ધાતુનો ભેગ (સોનામાં) (૨) આંકનો ગડિયો (૩) જુઓ 'પાડી'માં [નજીકનું

પાડો પું૦ મહોલ્લો. **૦વાડિયું** વિ૦ મહોલ્લા પાસેનું;

પાડો ['પા'માં હ શ્રુતિ] પું૦ (સુ.) ધારો; રૂઢિ; સંપ્રદાય

પાડોશ,૦ણ,-શી જુઓ પડોશ,૦ણ,-શી

પાઢીહારું વિ૦ અનામત મૂકેલું

પાણ સ્ત્રી૦ ['ણ'માં યશ્રુતિ] ચોથો ભાગ; ચોથો ભાગ દર્શાવનારી કાના જેવી ઊભી લીટી [(પ.)પાણિ;હાથ

પાણ ન૦ખેતરના પાકને પાણી પાવું તે(૨) કાંજી; પવાત (૩)

પાણકંદો પું૦ એક વનસ્પતિ

પાણકોરું ન૦ ગજિયા જેવું કપડું

પાણત ન૦ ખેતરમાં પાણી પાવું તે; પાણ. **-તિયો, -તી** પું૦ ખેતરમાં પાણી વાળનારો

પાણ(-ન)બાજરિયું ન૦ ઘાબાજરિયું [તે; લગ્ન

પાણિ પું૦[સં.]હાથ. **૦ગ્રહણ** ન૦ (લગ્નમાં) હાથ ઝાલવો

પાણિનિ પું૦ (સં.) પ્રસિદ્ધ સંસ્કૃત વૈયાકરણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણિયારી સ્ત્રી૦ પાણી ભરનારી. –રું ન૦ ઘરમાં પાણીનાં વાસણ રાખવાની જગા (૨) પાણી ભરવાનું કામ (૩) [કા.] નવાણ; જળાશય

પાણી ન૦ જળ (૨) જળ જેવું કોઈ પ્રવાહી (૩) [લા.] ધાર; વાઢ (૪) નૂર; તેજ (૫) શૂરાતન; પોરસ (૬) ટેક; વટ; આબરૂ (૭) ઢોળ; સોનારૂપાનો રસ. **૦ચક્કી** સ્ત્રી૦ પાણીથી ચાલનારી ચક્કી. **૦ચું** વિ૦ પાણીથી ભરેલું (૨) ન૦ પાણીથી ભરેલું નાળિયેર (૩) [લા.] રુખસદ; બરતરફી. **૦છલું** વિ૦ શરમિંદું; લજ્જાગ્રસ્ત (૨) પાણીચું; પાણીથી ભરેલું (૩) ન૦ નાળિયેર. **૦ઝૂલ** સ્ત્રી૦ નાસ્તા કે ભોજન પછી પાણી પીવું તે. **૦ઢાળ** પું૦ નદીનું પાણી વહી જવાનો ઢાળ; 'વૉટરશેડ'. **૦દાર** વિ૦ પાણીવાળું; તેજ. **૦પંથું** વિ૦ પાણીના જેવી ગતિવાળું; ત્વરિત. **૦પાટલો** પું૦ ઠામપાટલો ૧. **૦પોચું** વિ૦ જેમાં થોડું પાણી રહ્યું હોય તેવું; ગદગદું. **૦ફેર**, **૦બદલો** પું૦ પાણી બદલવું–સ્થાનાંતર કરવું તે (તંદુરસ્તી સુધારવા). **૦મઠું** ન૦(કા.)જેમાં પાણી થોડું ઓછું પડ્યું હોય એવું રાંધણું. **૦શેરડો** પું૦પાણી જવા માટેની પાળ

પાત પું૦ [સં.] પતન. **૦ક** ન૦ પાપ **૦કી** વિ૦ પાપી. **૦કોચ્ચારણ** ન૦ પાદરી આગળ પાપ કબૂલવાની કૅથલિક વિધિ; 'કન્ફેશન'

પાતર સ્ત્રી૦[फा.] ગણિકા; વેશ્યા [ન૦+ભિક્ષાપાત્ર પાતાળ

પાતર સ્ત્રી૦ ખાટલામાં વાણની ચાર ચાર સેરની પાંતી (૨)

પાતરું ન૦ પાંદડું (૨) પતરવેલિયું (૩) એનું ભજિયું. –રવાડિયું ન૦ પતરવેલિયું. –રી સ્ત્રી૦ મગ, મઠ ઇ૦નાં પાંદડાંનો ભૂકો (૨) પાંદડે બાંધેલું ફૂલનું પડીકું

પાતળ સ્ત્રી૦ પત્રાળું (૨) પીરસેલું ભાણું (૩) ન૦ ભિક્ષાપાત્ર

પાતળું વિ૦ જાડું નહિ એવું. –ળપેટુ વિ૦ પાતળા પેટવાળું; થોડું ખાનાર (૨) દુંદ વગરનું. –ળભાજી સ્ત્રી૦ [म.] છૂટા પાણીવાળું શાક. –ળાઈ સ્ત્રી૦પાતળાપણું.–ળિયો પું૦ પાતળો પણ નીરોગી, દેખાવડો પુરુષ

પાતંજલ વિ૦ [સં.] પતંજલિએ રચેલું

પાતા પું૦ [સં.] રક્ષણહાર

પાતાલ(–ળ) ન૦ [સં.] પુરાણાનુસાર પૃથ્વીની નીચે આવેલા સાત લોકમાંનો છેલ્લો; નાગલોક (૨) પૃથ્વીનું બહુ ઊંડું તળ (૩) [લા.] અતિ ઊંડું સ્થાન-જગા. –ળકૂવો પું૦ અથાગ પાણીવાળો કૂવો. –ળજંત્રી વિ૦ ઊંડી મસલત–સલાહ કે યુક્તિવાળું (૨) ગમે તેમ કરીને કામ પાર પાડી આપે એવું (૩) છૂપી બાતમીઓ ગમે ત્યાંથી ખોળી લાવનારું. –ળટેડકી સ્ત્રી૦ ખટપટી સ્ત્રી. –ળપાણી ન૦ પાતાળ ફોડીને કાઢેલું પાણી; અખૂટ પાણી. **૦યંત્ર** ન૦ દવા પકવવાનું એક યંત્ર–યોજના, જેથી જમીન નીચેથી આંચ મળે. –ળિયું વિ૦ પાતાળ સુધીનું (૨) પાતાળનું–ને લગતું

પાતિક ન૦ + પાતક (પ.)

પાતિવ્રત્ય ન૦ [સં.] પતિવ્રતાનો ધર્મ; પતિવ્રતાપણું

પાતી સ્ત્રી૦ [हिं.] પત્ર; ચિઠ્ઠી

પાતું ન૦ પાંદડું

પાતેલી સ્ત્રી૦ [म.] પતેલી; તપેલી. –લું ન૦ તપેલું

પાત્ર વિ૦ [સં.] યોગ્ય; લાયક (સમાસમાં). દા.ત. દાનપાત્ર, વિશ્વાસપાત્ર (૨) ન૦ વાસણ (૩) નદીના બે કાંઠા વચ્ચેનો ભાગ (૪) નાટકમાં વેશ લેનાર (૫) કથા કે વાતમાં આવતી વ્યક્તિ (૬) અધિકારી, લાયક પુરુષ. **૦તા** સ્ત્રી૦ યોગ્યતા; લાયકાત (૨) કથા ઇ૦ના પાત્રનો ગુણ; 'કૅરેક્ટર'

પાથરણ(–ણું) ન૦ નીચે પાથરવા માટેનું જાડું મોટું કપડું; શેતરંજી; જાજમ (૨) ખરખરો કરવા આવેલાં માટે પાથરેલું કપડું; પથરણું

પાથરવું સ૦ક્રિ૦ ફેલાવવું; બિછાવવું

પાથરો પું૦ કાપણી કરીને આડો નાખેલો પાક

પાથેય ન૦ [સં.] ભાતું [ડરપોક

પાદ ન૦પાદવું તે; વાછૂટ. **૦ણુ** વિ૦ વાછૂટ કરનારું (૨) [લા.]

પાદ પું૦ [સં.] પગ (૨) ચોથો ભાગ (૩) કવિતાની કડી; ચરણ. **૦પ** ન૦ વૃક્ષ. **૦પીઠ** ન૦ ઊંચે આસને બેઠેલાને પગ મૂકવાની પાટલી. **૦પૂરણ** ન૦, **૦પૂર્તિ** સ્ત્રી૦ અધૂરો શ્લોક પૂરો કરી આપવો તે

પાદર ન૦ ભાગોળ આગળનું મેદાન [કે પાદરી સ્ત્રી

પાદરી પું૦[पो.] ખ્રિસ્તી ધર્મોપદેશક. –રણ સ્ત્રી૦ પાદરીની

પાદવું અ૦ક્રિ૦ વાછૂટ કરવી

પાદશાહ પું૦ [फा.] બાદશાહ; સમ્રાટ. **૦જાદી** સ્ત્રી૦ પાદશાહની કુંવરી. **૦જાદો** પું૦ પાદશાહનો કુંવર. –હી વિ૦ પાદશાહનું (૨) સ્ત્રી૦ પાદશાહનું રાજ્ય

પાદાકુલક પું૦ [સં.] એક માત્રાવૃત્ત

પાદાકુળ પું૦ એક છંદ

પાદાક્રાંત વિ૦ [સં.] પગ નીચે કરેલું (આક્રાંત જુઓ)

પાદુકા સ્ત્રી૦ [સં.] પાવડી; ચાખડી

પાદોદક ન૦ [સં.] ચરણામૃત

પાદ્ય ન૦ [સં.] પગ ધોવાનું પાણી

પાધર વિ૦ વસ્તી કે વનસ્પતિ વિનાનું; સપાટ; ઉજ્જડ (૨) ખુલ્લું; મેદાન જેવું (૩) પું૦ + ગામ બહારનો રસ્તો; સીધો સપાટ ખુલ્લો રાજમાર્ગ

પાધરું વિ૦ આડુંઅવળું નહિ પણ સીધું (૨) સીધે માર્ગે જનારું; પાંસરું (૩) અ૦ બારોબાર (૪) વગર વિલંબે; તરત. **૦દોર** વિ૦ પાંસરું; સીધું

પાન ન૦ [સં.] પીવું તે

પાન ન૦ પાંદડું (૨) પૃષ્ઠ (પુસ્તકનું). **૦ખર** સ્ત્રી૦ જેમાં પાન ખરે છે એ ઋતુ; મહાફાગણ. **૦ડી** સ્ત્રી૦ નાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમળાં પાંદડાં (૨) પાંદડાંની નાની નાની કકડીઓ (૩) સ્ત્રીઓનું કાનનું એક ઘરેણું. ૦ડું ન૦ પાંદડું. ૦દાન-(-નિયું) ન૦, ૦દાની સ્ત્રી૦ ખાવાનાં પાન તથા તેનો સામાન મૂકવાનું પાત્ર. ૦પટી(-ટ્ટી),૦બીડી સ્ત્રી૦, ૦બીડું ન૦ પાનનું બીડું; તાંબૂલ. ૦ફૂલિયું વિ૦ ફૂલની પાંખડી જેવું; કોમળ કે હલકું. ૦સોપારી સ્ત્રી૦; ન૦ પાન તથા સોપારી; મુખવાસ (૨) [લા.] સિપાઈસપરાંને નાની બક્ષિશ (૩) કોઈના માનમાં કરાતો સમારંભ

પાનકોવો ન૦ એક જાતનું પક્ષી

પાન(-નો)ડ સ્ત્રી૦ જુવાર બાજરી વગેરેનું લાંબું પાંદડું

પાનબાજરિયું ન૦ જુઓ પાણબાજરિયું

પાનિયું ન૦ પાનું; પૃષ્ઠ (૨) [લા.] નસીબનું પાનિયું-ભાગ્ય

પાની સ્ત્રી૦ પગનું તળિયું. ૦ઢક વિ૦ પાનીને ઢાંકે એવડું

પાનું ન૦ પાંદડું (૨) પૃષ્ઠ (૩) ગંજીફાનું પત્તું (૪) ચપ્પુ કે છરીનું ફળ (૫) લીલા રંગનું એક રત્ન (૬) [લા.] જિંદગી-ભરનો સંબંધ (બહુધા બ૦વ૦માં) (૭) નસીબનું પાનિયું

પાનેતર ન૦ કન્યાને પરણતી વખતે પહેરવાનું ધોળું વસ્ત્ર

પાનો પું૦ વાત્સલ્યથી માની છાતીમાં દૂધ ઊભરાઈ આવવું તે (૨) [લા.] પોરસ; જુસ્સો; ધૈર્ય

પાનોડ સ્ત્રી૦ જુઓ પાનડ

પાનોલી સ્ત્રી૦ એક પ્રકારની વાની

પાન્ય સ્ત્રી૦ પાણીમાં થતી એક વેલ (૨) દોરડું ભાગતાં જેમ જેમ વળ આવે તેમ તેમ ઉમેરાતા રેસા; ફેલું (૩) [લા.] ફેલું; પલીતો (ઉશ્કેરણીનો)

પાપ ન૦ [સં.] ધર્મવિરુદ્ધ કૃત્ય; દુષ્કૃત (૨) [લા.] કપટ (૩) [લા.] અણગમતી વ્યક્તિ. ૦કર્મી વિ૦ પાપી. ૦ગ્રહ પું૦ પીડા કરનાર ગ્રહ. ૦છૂટું વિ૦ કપટરહિત. ૦ણી સ્ત્રી૦ પાપી સ્ત્રી. ૦બુદ્ધિ વિ૦ પાપી બુદ્ધિવાળું (૨) સ્ત્રી૦ પાપી બુદ્ધિ. ૦ભીરુ વિ૦ પાપથી ડરનારું. ૦ભીરુતા સ્ત્રી૦. ૦યોનિ વિ૦ પાપના ફળરૂપ યોનિમાં જન્મેલું; નીચ જન્મનું. ૦લજ્જા સ્ત્રી૦ પાપની શરમ; પાપ કરતાં ઊપજતી શરમ. ૦સ્વીકાર પું૦ જુઓ પાતકોચ્ચારણ

પાપડ પું૦ એક ખાવાની વાની. ૦ખાર,-ડિયોખાર પું૦ પાપડમાં વપરાતો એક ખાર; સંચોરો. ૦પાદું વિ૦ નિર્બળ; કૌવત વિનાનું. ૦પેડું વિ૦ પાતળું; છીછરું. ૦પૌંઆ પું૦ બ૦વ૦ પાપડ અને પૌંઆની એક વાની. -ડી સ્ત્રી૦ વાલની શિંગ (૨) ચોખાના લોટની પાપડ જેવી વાની

પાપા પું૦ રોટલી; તાતા (બાળભાષામાં) (૨) અ૦ (૨વ૦) બાળકને પગલાં મંડાવવાનો ઉદ્ગાર

પાપાચરણ ન૦ [સં.] પાપકર્મ; દુરાચાર

પાપાત્મા પું૦ [સં.] પાપી; દુષ્ટાત્મા

પાપી વિ૦ [સં.] પાપ કરનારું. -પિયું વિ૦ પાપી. -પિષ્ઠ વિ૦ અત્યંત પાપી. -પિની(-ણી) વિ૦ સ્ત્રી૦

પાપોશ ન૦ [फा.] પગરખું

પાબંદ વિ૦ [फा.] બંધાયેલું; પરવશ

પામણહાર વિ૦ પામનારું

પામતું વિ૦ (દિવેલ) પામી શકે તેવું ગોઠવેલું (દીવા માટે) (૨) પૈસે ટકે પહોંચતું [૦તા સ્ત્રી૦, ૦પણું ન૦

પામર વિ૦ [સં.] કંગાલ; રાંક (૨) તુચ્છ; સાંકડા મનનું.

પામરી સ્ત્રી૦ ઉપરણો; દુપટ્ટો (ઊન કે રેશમનો)

પામવું સ૦ક્રિ૦ પ્રાપ્ત કરવું (૨) સમજવું; કળી જવું

પામા સ્ત્રી૦ [સં.] ખસ

પાય પું૦ [फा.] પગ. ૦ક પું૦ પગપાળો સિપાઈ. ૦કાસ્ત પું૦ પોતાના ગામની પોતીકી કે પારકી જમીન ઉપરાંત બીજા ગામની જમીન ખેડનાર ખેડૂત. ૦કિસ્ત વિ૦ વેરાન; ખેદાનમેદાન. ૦ખાનું ન૦ જાજરૂ. ૦ગા સ્ત્રી૦ ઘોડાર; ઘોડેસવારની ટુકડી. ૦ચો પું૦ સુરવાળની એક ટાંગ. ૦જામો પું૦ સુરવાળ. ૦તખ્ત ન૦ રાજધાની; પાટનગર. ૦દળ ન૦ પગપાળું લશ્કર. ૦(-યા)દાર વિ૦ પાયા-વાળું; આધારવાળું. ૦પોશ સ્ત્રી૦ પાપોશ; ખાસડું. ૦બોસી સ્ત્રી૦ કદમબોસી; પગ ચૂમવા તે. ૦માલ વિ૦ છેક દુર્દશામાં આવી પડેલું; ખુવાર. ૦માલી વિ૦ ખુવારી; ભારે દુર્દશા. ૦વંદન ન૦ પગે લાગવું તે

પાયદસ્ત સ્ત્રી૦ પારસીની મરણયાત્રા [એક જાતની કેરી

પાયરી સ્ત્રી૦ પગથિયું (૨) દરજ્જો; પદવી (૩) [पो.]

પાયલ ન૦ [फा.] ઝાંઝર

પાયલી સ્ત્રી૦ અનાજ માપવાનું વાસણ (ચાર શેર) (૨) પાવલી; ચારઆની (ગ્રામ્ય). -લું ન૦ પાયલી; પાવલી

પાયસ પું૦, -સાન્ન ન૦ [સં.] દૂધપાક; ખીર

પાયસો પું૦ (કા.) પડોશ (૨) પાયજામાની બાંય; પાયચો

પાયાકુલક પું૦ એક છંદ; પાદાકુલક

પાયો પું૦ [फा.] ખુરશી, ખાટલા, ટેબલ ઇ૦નો પગ (૨) ઘોકણું (૩) જે મૂળ ચણતર ઉપર ઇમારત ઊભી કરવામાં આવે છે તે (૪) જે બાજુ ઉપર ત્રિકોણ ઊભો રહે છે તે બાજુ (૫) સુખડી બનાવવા માટે કરેલો ઘીગોળનો પાક (૬) [લા.] આધાર; મૂળ

પાર પું૦ [સં.] છેડો અંત (૨) હદ; સીમા (૩) કાંઠો; તીર (૪) [લા.] ઊંડો મર્મ; ભેદ (૫) મંદિરનું આંગણું (૬) આશરો; શરણું (૭) ચાલીને ઊતરી શકાય તેવો નદી કે ખાડીનો પાણીવાળો ભાગ

પાર પું૦ કરસણ કાપીને સુકાવા માટે કરેલા નાના ઢગલા

પાર ['ર'માં યશ્રુતિ] સ્ત્રી૦ બરણી; લાખેલું માટલું

પારકું વિ૦ બીજાનું. -કાપણું ન૦ પારકાનું છે તેવો ખ્યાલ

પારખ સ્ત્રી૦ પારેખ (૨) પું૦ જુઓ પારેખ. ૦વું સ૦ક્રિ૦ પરીક્ષા કરવી. -ખંદું, -ખુ વિ૦ પરીક્ષક; કદર કરનાર. -ખું ન૦ પરીક્ષા (૨) પરતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારણિયું ન૦ જુઓ પારણું ૧ (લાલિત્યવાચક)

પારણું ન૦ બાળકને સુવાડવાની કઠેરાવાળી નાની હિંડોળા-ખાટ; તેવું ઘોડિયું; પાળણું (૨) વ્રત કે ઉપવાસની સમાપ્તિએ કરવામાં આવતું ભોજન

પારતંત્ર્ય ન૦ [સં.] પરતંત્રતા

પારત્રિક વિ૦ [સં.] પરલોકનું; પારલૌકિક

પારદ પું૦ [સં.] પારો. ૦યંત્ર ન૦ 'બૅરોમિટર'

પારદર્શક વિ૦ [સં.] જેની આરપાર દેખાય એવું. ૦તા સ્ત્રી૦

પારદર્શી વિ૦ [સં.] પાર–મર્મ કે અંતિમ હદ સુધીનું પામનારું; દીર્ઘ ને ઊંડી દૃષ્ટિવાળું

પારદેશીય વિ૦ [સં.] પરદેશ સંબંધી

પારધી પું૦ શિકારી

પારમાર્થિક વિ૦ [સં.] પરમાર્થ સંબંધી; જેનાથી પરમાર્થ પ્રાપ્ત થાય એવું (૨) વાસ્તવિક (ભ્રમ કે પ્રતીતિરૂપ નહિ)

પારમિતા સ્ત્રી૦ [સં.] કોઈ ગુણ કે જ્ઞાનની પ્રાપ્તિમાં પાર પામવું તે; તેની સિદ્ધિ. (આવી પારમિતાઓ તે દાન, શીલ, ક્ષાંતિ, વીર્ય, ધ્યાન, પ્રજ્ઞા; ઉપરાંત સત્ય, અધિષ્ઠાન, મૈત્રી, ઉપેક્ષા–આ ગુણોની ગણાય છે.)

પારલૌકિક વિ૦ [સં.] પરલોકને લગતું

પારવવું સ૦ક્રિ૦ ચાસમાંથી વધારાના છોડને ખેંચી કાઢવા

પારવું વિ૦ આછું; છૂટું; અલગ અલગ; પારવેલું [ઝાડની ટોચ

પારસ પું૦ [સં.,ફા.] (સં.) ઈરાન

પારસ પું૦ જુઓ પાવસ(૨) પારસમણિ (૩) સ્ત્રી૦(?) ઊંચા

પારસખસ સ્ત્રી૦ મોટા ફોલ્લાવાળી ખસ

પારસજાંબુ ન૦ મોટા કદનું જાંબુ

પારસણ સ્ત્રી૦ પારસી સ્ત્રી

પારસનાથ જુઓ પાર્શ્વનાથ

પારસપીપળો પું૦ પીપળાની જાતનું એક મોટું વૃક્ષ

પારસમણિ પું૦ સ્પર્શથી લોઢાને સોનું બનાવનાર મણિ

પારસલ ન૦ પાર્સલ; પોટકું (ટપાલ કે રેલવે મારફતનું)

પારસાત અ૦ પાસેથી (ખતપત્તરમાં વેચનારના નામ પાછળ મુકાય છે)

પારસાલ સ્ત્રી૦ ગઈ સાલ

પારસિ(–સી)ક પું૦ [સં.] પારસ દેશ; ઈરાન (૨) તેનો વતની (૩) પારસી (૪) ઈરાનનો ઘોડો

પારસી વિ૦ [ફા.] પારસીઓને લગતું (૨) પું૦ ઈરાનથી હિંદમાં આવી વસેલો જરથોસ્તી કે તેનો વંશજ (૩) સ્ત્રી૦ સાંકેતિક બોલી

પારસીક પું૦ [સં.] જુઓ પારસિક

પારસીશાઈ વિ૦ પારસીની પદ્ધતિનું

પારસો પું૦ બાવલામાં દૂધનો ભરાવ. ૦લું અ૦ક્રિ૦ પારસો મૂકવો; દૂધ છોડવું [માહિતગાર

પારંગત વિ૦ [સં.] અધ્યયનમાં પાર ઊતરેલું (૨) પૂરેપૂરું

પારંપરિક વિ૦ [સં.] પરંપરાગત

પારંપર્ય ન૦ [સં.] પરંપરા; પરંપરાનો ક્રમ (૨) કુલક્રમ; પરંપરાથી ચાલતી આવેલી રીત

પારાપ(–વ)ત પું૦ [સં.] કબૂતર

પારાયણ ન૦ [સં.] (આખું) વાંચી જવું તે (૨) નિયત સમયમાં વેદ કે પુરાણનો સમગ્ર પાઠ (૩) [લા.] કંટાળો ઉપજાવે તેવું લાંબું વિવેચન

પારાવત પું૦ [સં.] પારાપત; કબૂતર

પારાવાર વિ૦ અપાર; પુષ્કળ (૨) [સં.] પું૦ દરિયો

પારાશર પું૦ [સં.] (સં.) પરાશરના પુત્ર–વ્યાસમુનિ

પારાશીશી સ્ત્રી૦ 'થરમૉમિટર'

પારિજાત ન૦ [સં.] સમુદ્રમંથન કરતાં નીકળેલાં પાંચ દેવવૃક્ષો-માંનું એક; તેનું ફૂલ (૨) શારી કે હારસિંગારનું ઝાડ; તેનું ફૂલ (૩) [સં.] એક તારો. ૦ક ન૦ જુઓ પારિજાત ૧,૨

પારિતોષિક ન૦ [સં.] ઇનામ [શિક્ષા; સજા

પારિપત્ય ન૦ [સં.] હુમલો કરીને હરાવવું તે; હાર (૨)

પારિપાર્શ્વ(–ર્શ્વિ)ક પું૦ [સં.] સૂત્રધારને સહાયતા કરનારો નટ

પારિભાષિક વિ૦ [સં.] પરિભાષા સંબંધી. ૦તા સ્ત્રી૦ પારિભાષિક હોવું તે; 'ટૅક્નિકૅલિટી'

પારિયો પું૦ દીકરો (૨) પાણીનું પૂર; પારી

પારી સ્ત્રી૦ પથ્થર તોડવાની તરાજ (૨) દીકરો (૩) [સં.] પાણીનું પૂર

પારુષ્ય ન૦ [સં.] કઠોરતા

પારેખ પું૦ (સિક્કા જવેરાત વગેરેની) પરીક્ષા કરી જાણનાર

પારેટ(–ડ) વિ૦ વિયાયા પછી દૂઝવાની મુદતનો લગભગ અર્ધો ભાગ જેને વીત્યો હોય એવું દૂઝણું (ઢોર); બાખડું

પારેવું(–વડું) ન૦ કબૂતર. –વો પું૦ નર કબૂતર

પારો પું૦ એક ખનીજ પ્રવાહી ધાતુ (૨) માળાનો મણકો (૩) તંબૂરો સુરેલ બનાવવા રખાતો તારને ભરવેલો મણકો (૪) સ્ત્રીઓનું એક ઘરેણું (૫) બંદૂકની ગોળી કે છરો (૬) અવાળુ (૭) પાર્ષદ; સ્વામીનારાયણ સંપ્રદાયનો એક કોટિનો સેવક

પારોઠ વિ૦ અવાવરુ પડી રહેવાથી કહણ–ખરડ થઈ ગયેલું (૨) પાણી કે ભેજમાં રહેવાથી બોદાઈ જઈ પોચું થઈ ગયેલું

પારોપાર અ૦ આરપાર

પાર્થ પું૦ [સં.] (સં.) પૃથાનો પુત્ર; અર્જુન

પાર્થક્ય ન૦ [સં.] પૃથક્તા; અલગ અલગ હોવું તે

પાર્થિવ વિ૦ [સં.] પૃથ્વી (મહાભૂત)નું (૨) માટીનું (૩) નશ્વર (૪) પું૦ રાજા (૫) માટીના મહાદેવ. ૦પૂજા સ્ત્રી૦ પાર્થિવેશ્વરની પૂજા. –વેશ્વર પું૦ માટીના મહાદેવ

પાર્લમેંટ સ્ત્રી૦ [ઇં.] ઇંગ્લંડની રાજસભા [ઉપરનું

પાર્વણ,–ણિક વિ૦ [સં.] દ્વાદશી, અમાવાસ્યા વગેરે પર્વ

પાર્વતી સ્ત્રી૦ [સં.] (સં.) હિમાલયની પુત્રી, મહાદેવની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ની (૨) વિ૦ પર્વતનું,-ને લગતું

પાર્શ્વ વિ૦ [સં.] પાસેનું; પડખાનું [નાથ

પાર્શ્વનાથ પું૦ [સં.] જૈનોના તેવીસમા તીર્થંકર; પારસ-

પાર્ષદ પું૦ [સં.] દેવનો સેવક

પાર્સલ ન૦ [ઇં.] જુઓ પારસલ

પાલ(-ળ) વિ૦ [સં.] 'પાળનારું, પાળક' એ અર્થમાં સમાસને અંતે. ઉદા૦ ગોપાલ(-ળ)

પાલ પું૦ નાનો તંબૂ કે તેની કનાત (૨) [સુ.] કેટલીક જગાના પાણી પર તરતી દેખાતી ચીકાશ તે

પાલક વિ૦ (૨) પું૦ [સં.] ઉછેરીને મોટું કરનાર (૨) રક્ષક. **૦તાત** પું૦ (જનક નહિ પણ) પાલક તાત. જેમ-કે, કૃષ્ણના નંદ

પાલક(-ખ) સ્ત્રી૦ ચોમાસામાં થતી એક ભાજી

પાલખ સ્ત્રી૦ કડિયા વગેરે કારીગરોને ઊંચે કામ કરવા માટે કરેલો વાંસવળીઓનો આધાર

પાલખી સ્ત્રી૦ સુખપાલ. **-ખો** પું૦ દેવનું સુખાસન-નાનું સિંહાસન (૨) ઝૂલતી પાલખ (૩) અઢેલીને બેસાય એવો મોટો પાટલો-બાજઠ

પાલટવું સ૦ક્રિ૦ પલટવું. **પાલટો** પું૦ પલટો

પાલડું ન૦ ત્રાજવાનું પલ્લું

પાલ(-ળ)ણું ન૦ બાળકનું પારણું

પાલન ન૦ [સં.] પાળવું તે. **૦પોષણ** ન૦ પાળવું અને પોષવું તે. **૦હાર** પું૦ પાળનારો

પાલર ન૦ વરસાદનું પાણી

પાલવ પું૦ પહેરેલા સાલ્લાનો લટકતો છેડો (૨) દુપટ્ટા પાઘડીનો કસબી છેડો (૩) [લા.] આશરો; શરણ. **૦ગાંઠણું** ન૦ જુઓ છેડાગાંઠણ

પાલવવું સ૦ક્રિ૦ ઉછેરવું; નિભાવવું (૨) પરવડવું; પોસાવું (૩) અ૦ક્રિ૦ પલ્લવવું [લખાયેલા છે

પાલિ સ્ત્રી૦ એક પ્રાચીન ભાષા, જેમાં બૌદ્ધ ગ્રંથો

પાલિત વિ૦ [સં.] પાળેલું; રક્ષિત

પાલિયું વિ૦ ઝાડપાલાના અને લીલના કોહવાણવાળું (૨) [સુ.] પાલવાળું (જુઓ પાલ પું૦ સુ.)

પાલી સ્ત્રી૦ કાઠિયાવાડનું અનાજનું એક માપ; તેનું વાસણ (૨) [મુંબઈમાં] ચાર શેરનું માપ (૩) ઝીણાં પાંદડાં

પાલીસ સ્ત્રી૦ બૂટ, કબાટ, વાસણ વગેરે વસ્તુઓ પર ચળકી લાવવા ચોપડાતું દ્રવ્ય કે તે ક્રિયા કે તે ચળકી

પાલું ન૦ ખપરડાનો કે માટીનો અનાજ ભરવાનો કોઠલો (૨) વરસાદમાં માટીની ભીંત ધોવાઈ ન જાય માટે આડું રાખેલું કરાંઠીનું ટાટું (૩) વાંસની ચીપોનું ટાટું (૪) પ્યાલું; પવાલું

પાલૂદો પું૦ [ફા.] મુસલમાનોની એક ખાવાની વાની; ફાલૂદો

પાલો પું૦ ઢોરને ખાવાનાં પાંદડાં (૨) પાણી પીવાનું વાસણ (૩) ગાડીગાડા ઉપરની ખપરડાંની છત્રી (૪) વાદળમાંથી પડતો કરો

પાલોરિયું ન૦ થોરિયા-કાંટાનું ઝૂમખું-ઝરડું

પાલોરું ન૦, **-રો** પું૦ સગર્ભાને આવતું પાતળું ધાવણ

પાલોવું અ૦ક્રિ૦ + પાલવવું; પલ્લવવું

પાવઈ સ્ત્રી૦ જુઓ પવઈ, પાવૈ

પાવક વિ૦ [સં.] પાવન કરનાર (૨) પું૦ અગ્નિ

પાવટ સ્ત્રી૦ ઢોર જઈ શકે તેવો ઢાળપડતો આરો

પાવઠડું ન૦ પગથિયું (૨) પેંગડું

પાવઠું ન૦ [સુ.] (સોનીનું) તાર ખેંચવાનું ઓજાર

પાવઠો પું૦ કૂવા ઉપરના મંડાણના પાયારૂપ બે લાકડાં કે પથ્થર પૈકી એક

પાવડિયું ન૦ લાંબા હાથાનો લાકડાનો પાવડો

પાવડિયો પું૦ ભવૈયાઓના ટોળામાં ઝાડુ, પાણી વગેરેનું કામ કરનારો (૨) એક ધાર્મિક પંથ

પાવડી સ્ત્રી૦ જોડાને ઠેકાણે પહેરવાનો એક ઘાટ; પાદુકા; ચાખડી (૨) પાવડિયું (૩) દંડ પીલવાનું સાધન

પાવડું ન૦ પેંગડું

પાવડો પું૦ માટી કચરો વગેરે ઉસરડવાનું કે ભરવાનું એક સાધન (૨) ગાડીના એંજિનનો ખરપડો

પાવતી સ્ત્રી૦ રસીદ; પહોંચ

પાવન વિ૦ [સં.] પવિત્ર; શુદ્ધ (૨) શુદ્ધ કરનારું (૩) ન૦ પવિત્રતા; શુદ્ધિ. **૦કારિણી** વિ૦સ્ત્રી૦, **૦કારી** વિ૦ પવિત્ર કરનારું. **૦પાદ** વિ૦ પાવન કરે એવાં પગલાંવાળું

પાવરધું વિ૦ કુશળ

પાવરી સ્ત્રી૦ દોણી

પાવરો પું૦ તોબરો

પાવલિયો પું૦ પગ (લાલિત્યવાચક)

પાવલી સ્ત્રી૦ પાવલું; ચારઆની

પાવલું ન૦ ચારઆની (૨) પગ (૩) ચંપલ

પાવલોપા પું૦ બાળકને પગ ઉપર ઝુલાવવું તે

પાવવું સ૦ક્રિ૦ મેળવવું

પાવસ ન૦ ચોમાસું (૨) વરસાદ

પાવળું ન૦ નાની પળી

પાવિત્ર્ય ન૦ [સં.] પવિત્રતા

પાવું સ૦ક્રિ૦ પિવડાવવું (૨) [हिं.] મેળવવું; પાવવું

પાવૈ સ્ત્રી૦, **૦યો** પું૦ હીજડો; નપુંસક

પાવો પું૦ એક જાતની વાંસળી

પાશ પું૦ [સં.] ફાંસો; ગાળો (૨) પશુપક્ષીઓને ફસાવ-વાનું શિકારીનું સાધન (૩) [સં.] વરુણનું આયુધ (૪) [લા.] ફસાવવાની યુક્તિ

પાશવ(-વી) વિ૦ [સં.] પશુનું; પશુના જેવું

પાશા પું૦ [तुर्की] હાકેમ (૨) તુર્કસ્તાનનો ઊંચા દરજ્જાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમલદાર [રખાતું વજન

પાશં(-સં)ગ પું૦ ત્રાજવાનો ધડો કાઢવા એક તરફ

પાશિયું ન૦ રાંપડી

પાશુપત પું૦[સં.] એક પ્રાચીન શૈવ સંપ્રદાય (૨) તેનો અનુયાયી (૩) ન૦ શંકરના તેજનું દિવ્ય અસ્ત્ર

પાશેર પું૦ શેરનો ચોથો ભાગ. **-રી** સ્ત્રી૦ પાશેરનું માપિયું કે વજન. **-રો** પું૦ પાશેર વજનનું કાટલું

પાશ્ચાત્ય વિ૦ [સં.] પશ્ચિમનું

પાષાણ પું૦ [સં.] પથ્થર. **૦ભેદ** પું૦ એક વનસ્પતિ

પાસ વિ૦ [ઇં.] ફતેહમંદ; સફળ (૨) મંજૂર; પસંદ (૩) પું૦ મંજૂરીની ચિઠ્ઠી. **૦પોર્ટ** પું૦ દેશાંતર જવા માટેનો પરવાનો. **૦બુક** સ્ત્રી૦ બેંક સાથેની લેવડદેવડની નોંધની ખાતેદારને મળતી ચોપડી

પાસ પું૦ રંગ; સોબતની અસર (૨) સ્ત્રી૦ બાજુ; પાસું.

પાસલો પું૦ પાશ; જાળ (૨) પાસાના આકારનો ધાતુ વગેરેનો લંબચોરસ કકડો (૩) સોનીનું એક ઓજાર

પાસવાન પું૦ હજૂરિયો; નોકર [વગેરેનો પાસ દેવો

પાસવું સ૦ક્રિ૦ રંગ બેસાડવા સારુ પ્રથમ ખટાશ

પાસંગ પું૦ [फा.] જુઓ પાશંગ [તાર બનાવનારો

પાસાતાણિયો પું૦ સોનારૂપાના પાસલાને ખેંચી ખેંચી

પાસાબંડી સ્ત્રી૦ બે બાજુ કસો બાંધવાની બંડી

પાસાશૂળ ન૦ પડખામાં ફૂટતું શૂળ (૨) [લા.] હંમેશની નજીકની ઉપાધિ કે નડતર

પાસિયું ન૦ દાતરડું

પાસું ન૦ પડખું; બાજુ (૨) પક્ષ

પાસે અ૦ નજીક (૨) તાબામાં; કબજામાં (૩) સામે; આગળ

પાસો પું૦ ચોપટ રમવામાં વપરાતા અંક પાડેલા લંબ-ચોરસ કકડામાંનો એક (૨) ધાતુનો તેવો પાસલો

પાહિ,૦પાહિ શ૦પ્ર૦ [સં.] 'રક્ષણ કરો' એવો ઉદ્ગાર

પાહો પું૦ ઝાડકવું તે

પાળ સ્ત્રી૦ તળાવ કે સરોવરનો કિનારો (૨) પાણી વહી જતું અટકાવવા કરેલી આડ (૩) ન૦ ગાયોના ટોળામાં ભળીને આવતું ધાડપાડુઓનું ટોળું

પાળણું ન૦ પાલણું; પારણું

પાળવું સ૦ક્રિ૦ રક્ષણ કરવું (૨) ભરણપોષણ કરવું (૩) પોષવું અને કેળવવું (૪) ભંગ ન કરવો,-ની પ્રમાણે વર્તવું (વચન, આજ્ઞા, વ્રત) [સમુદાય

પાળિયું ન૦ પાળ બાંધી એક ધોરિયા વડે પવાતા કયારાનો

પાળિયો પું૦ સ્મારક તરીકે ઊભો કરેલો પથરો; ખાંભી

પાળી સ્ત્રી૦ છરી (૨) વારો (૩) પાકી

પાળું વિ૦ (૨) ન૦ પગે ચાલનારું. **-ળો** પું૦ પગપાળો મુસાફર (૨) પેદળ, મુલકી કે લશ્કરી સિપાઈ

પાંઉ પું૦; ન૦ [पो.], **૦રોટી** સ્ત્રી૦ ડબલરોટી

પાંકડ(-ડુ) વિ૦ ગાભણું થવાની ઉમ્મર છતાં ન થયું હોય એવું (ઢોર)

પાંકવું સ૦ક્રિ૦ ઇચ્છવું; ધારવું

પાંખ સ્ત્રી૦ પક્ષીનો ઊડવાનો અવયવ (૨) લશ્કરની બે બાજુમાંની એક (૩) છાપરાનો બે તરફનો બહારપડતો ભાગ (૪) [લા.] આશ્રય; પડખું. **૦ડી** સ્ત્રી૦ ફળી ખીલતાં છૂટા પડતા અવયવોમાંનો દરેક

પાંખડું ન૦ ડાળની બાજુએથી ફૂટતી નાની ડાળી(૨)[લા.] કુટુંબની શાખા (૩) પાંખ જેવો અવયવ (માછલાં વગેરેનો)

પાંખાળી સ્ત્રી૦ (કા.) ઘોડીની એક જાત

પાંખાળું વિ૦ પાંખવાળું (૨) દાંતાવાળું (૩) ડાળીવાળું

પાંખિયું ન૦ પક્ષ; તડ (૨) ડાળી; શાખા (૩) દેશી તાળાનો કે કલ્લાનો એક બાજુનો નાનો છૂટો પડતો ભાગ (૪) કાતરનું પાનું

પાંખું વિ૦છૂટું; આછું(૨)ન૦ ચપ્પુનું પાનું. **-ખાપણું** ન૦

પાંગત(-થ) સ્ત્રી૦ પથારી કે ખાટલાનો પગ તરફનો ભાગ

પાંગરણ ન૦પોતડી;પંચિયું(૨)ચોળી(૩)ઓઢવાનું વસ્ત્ર;પછેડી

પાંગરવું અ૦ક્રિ૦ અંકુર ફૂટવા

પાંગરું ન૦,**પાંગરો** પું૦ પારણાને કે ખોઇયાને અધ્ધર ઝીલી રાખનાર દોરી (૨) ત્રાજવાની સેર (૩) ગોફણની બે બાજુની દોરી (૪) સુકાન તરફનો વહાણનો છેડો

પાંગળું વિ૦ પગે અપંગ (૨)[લા.] અશક્ત; નિર્બળ (૩) [લા.] આધાર-ટેકા વિનાનું

પાંગુ વિ૦ પાંગળું (૨) ન૦ ઢોર

પાંગોહું ન૦ ખભાથી કોણી સુધીનો હાથનો ભાગ (૨) હાલવા ચાલવાના અવયવોના સાંધા-મૂળ

પાંચ વિ૦ '૫'. **૦ડો** પું૦ પાંચનો આંકડો-૫. **૦પટો** પું૦ પટાદાર મશરૂ. **૦ભૌતિક** વિ૦ પાંચ મહાભૂત સંબંધી,-નું બનેલું. **૦મ** સ્ત્રી૦ પખવાડિયાની પાંચમી તિથિ

પાંચજન્ય પું૦ [સં.] (સં.) કૃષ્ણનો શંખ

પાંચમણવું સ૦ક્રિ૦ ખળામાં તૈયાર થયેલા દાણાને વધારે સાફ કરવા ઊપણવું

પાંચશેરી સ્ત્રી૦,**-રો** પું૦ પાંચ શેરનું કાટલું [પુત્રી-દ્રૌપદી

પાંચાલી(-ળી) સ્ત્રી૦ [સં.] (સં.) પંચાલ દેશના રાજાની

પાંચા પું૦બ૦વ૦ પાંચનો ગડિયો. **-ચિયા** પું૦બ૦વ૦ રાસનો પાંચ ઠેકાવાળો પ્રકાર. **-ચું** વિ૦ પાંચ ગણું. ઉદા૦ એક પાંચું પાંચ

પાંજણ સ્ત્રી૦ નિયત સમયે જેનું સેવન કર્યા વિના ન ચાલે તેવી ટેવ; બંધાણ (૨) સૂતરને પાવાની કાંજી કે તે પાવાની ક્રિયા

પાંજર ન૦ પાદર

પાંજરું ન૦ પશુપક્ષીને પૂરી રાખવા બનાવેલું સળિયાનું ઘર (૨) તેવો કોઈ પણ ઘાટ (૩) પાંજરી. **-રાપોળ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્રી૦ અશક્ત કે ઘરડાં ઢોરને રાખવાનું ધર્માદા સ્થાન. ૦રાં ન૦બ૦વ૦ જુઓ કાંધાંપાંજરાં. -રિયું વિ૦પાંજરીવાળું. -રી સ્રી૦ કરાંઠી ગૂંથીને કરેલી ગાડાની વાડ

પાંડરું વિ૦ પાંડુર; ધોળું; ફિક્કું

પાંડવ પું૦ [સં.] (સં.) પાંડુનો દીકરો

પાંડિત્ય ન૦ [સં.] પંડિતાઈ

પાંડુ વિ૦ [સં.] ફીકું (૨) પું૦ (સં.) પાંડવોના પિતા. ૦ર વિ૦ ફીકું; ધોળું. ૦રતા સ્રી૦

પાંત સ્રી૦ હાર; પંગત

પાંતી સ્રી૦ પક્ષ; બાજુ (૨) રીત; માર્ગ (૩) ભાગ; હિસ્સો (૪) પરિમાણના વિભાગ પાડીને હિસાબ ગણવાની ગણિતની એક રીત

પાંત્રીશ(-સ) વિ૦ '૩૫' [કારનો (પિંડ)

પાંથ પું૦ [સં.] મુસાફર. ૦ક વિ૦ મરનારને અપાતો

પાંથી સ્રી૦ સેંથી

પાંદડી સ્રી૦ જુઓ પાનડી. -ડું ન૦ પર્ણ

પાંપણ સ્રી૦ પોપચાંની કિનારી ઉપરના વાળ. -ણિયું ન૦ (કા.) આંસુ (૨) ઘઉંના ખેતરના બે શેઢા, જ્યાં ઘઉં સહેજ આછા ઊગે છે [ન૦બ૦વ૦ દુર્બળ પ્રયત્ન

પાંપલું(-ળું) વિ૦ નિર્બળ; પોચું (૨) બાયલું; કાયર. -ળાં

પાંશ(-સ)રું વિ૦ સીધું; ડાહ્યું; પાધરું. ૦દોર વિ૦ સીધુંદોર; આડાઈ વગરનું

પાંશુ(-સુ) સ્રી૦ [સં.] ધૂળ. ૦લ વિ૦ ધૂળવાળું

પાંસઠ વિ૦ '૬૫'

પાંસરું,૦દોર જુઓ 'પાંશરું'માં

પાંસળી સ્રી૦ છાતીના માળાનાં બંને બાજુનાં હાડકાંમાંનું દરેક. -ળું ન૦ જુઓ પાંસળી

પાંસુ,૦લ [સં.] જુઓ 'પાંશુ'માં

પિક પું૦ [સં.] કોકિલ; કોયલનો નર

પિક સ્રી૦ (રવ૦ ?) થૂંક; પીક (૨) પાનનું થૂંક કે તેની પિચકારી. ૦દાની સ્રી૦ થૂંકદાની

પિકેટિંગ ન૦ [ઇં.] પહેરો; ચોકી

પિખાડો પું૦ (સુ) વગોવણી; લોકમાં વાત થવી તે

પિગળાવવું સ૦ક્રિ૦ 'પીગળવું'નું પ્રેરક

પિચકારી સ્રી૦ પાણીની સેડ (૨) સેડ છોડવાનું ભૂંગળી જેવું એક સાધન

પિચોટી સ્રી૦ આંબોઈ

પિચ્છ ન૦ [સં.] પીંછું

પિછવાઈ સ્રી૦ એક જાતનું કપડું [ઓળખવું

પિછાણ(-ન) સ્રી૦ માહિતી (૨) ઓળખાણ. ૦વું સ૦ક્રિ૦

પિછોડી સ્રી૦ જુઓ પછેડી. -ડો પું૦ જુઓ પછેડો

પિછોળિયું ન૦ તીવ્ર ડંશવાળું એક ઊડતું ઝીણું જંતુ

પિટાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'પીટવું'નું પ્રેરક ને કર્મણિ

પિતંફોડી સ્રી૦ એક પક્ષી

પિતપાપડો પું૦ ખાખરાની શિંગ; પલાશપાપડો

પિતર પું૦ પિતૃ; મૃત પૂર્વજ

પિતવાડો પું૦ કૂવાના પાણીથી જ્યાં દરવર્ષે શિયાળુ ઉનાળુ વાવેતર થતું હોય તેવું ખેતર

પિત(-ત્ત)ળિયું ન૦ પિત્તળનું નાનું વાસણ; છાલિયું

પિતા પું૦ [સં.] બાપ. ૦જી,૦શ્રી પું૦ (માનાર્થે). ૦મહ પું૦ દાદા (૨) બ્રહ્મા. ૦મહી સ્રી૦ દાદી. -તુ પું૦ (પ.) પિતા; બાપ

પિતૃ પું૦ [સં.] બાપ (૨) પું૦બ૦વ૦ પૂર્વજો; મરી ગયેલા બાપદાદાઓ. ૦ઋણ ન૦ પિતૃઓ પ્રત્યેનું દેવું (જુઓ ઋણત્રય). ૦ઘાત પું૦ પિતાનો વધ. ૦ઘાતક, ૦ઘાતી વિ૦ પિતૃઘાત કરનારું. ૦તર્પણ ન૦ પિતૃઓનું તર્પણ કરવા આપેલી જલાંજલિ; પિતૃયજ્ઞ (૨) તર્જની અને અંગૂઠા વચ્ચેનો મધ્યભાગ. ૦દેવ પું૦ પિતરો (૨) વિ૦ પિતાને દેવ તરીકે પૂજનાર. ૦પક્ષ પું૦ શ્રાદ્ધપક્ષ (ભાદરવાનું કૃષ્ણપક્ષ) (૨) બાપ તરફનાં સગાંસંબંધી. ૦ભક્તિ સ્રી૦ પિતા પ્રત્યેનો ભક્તિભાવ. ૦ભૂમિ સ્રી૦ વતન; સ્વદેશ (સરખાવો માતૃભૂમિ). ૦યજ્ઞ પું૦ પિતૃતર્પણ (૨) પાંચ મહાયજ્ઞોમાંનો એક. ૦લોક પું૦ મરણ પામેલા પિતૃઓ રહે છે એ સ્થાન. ૦વ્ય વિ૦ પિતા સંબંધી (૨) પું૦ પિત્રાઈ (૩) કાકો. ૦હત્યા સ્રી૦ જુઓ પિતૃવધ

પિત્ત ન૦ [સં.] કલેજામાં પેદા થતો રસ, જે આંતરડામાં ઊતરી ખોરાકને પચાવે છે (૨) વૈદક પ્રમાણે શરીરની ત્રણ ધાતુઓમાંની એક (કફ, પિત્ત અને વાયુ). ૦જ્વર પું૦ પિત્તપ્રકોપથી થતો જ્વર. ૦પાપડો પું૦ પિતપાપડો (૨) પિત્તજ્વરને મટાડનારું એક જાતનું ઘાસ. ૦પ્રકૃતિ વિ૦ શરીરમાં પિત્તના પ્રાધાન્યવાળું (૨) સ્રી૦ પિત્તનું પ્રાધાન્ય (૩) [લા.] આકળો-ગરમ મિજાજ. -ત્તાશય ન૦ શરીરનું પિત્તનું અવયવ. -ત્તો પું૦ પિત્ત (૨) [લા.] ક્રોધની તીવ્ર લાગણી

પિત્તળ ન૦ તાંબા અને જસતની મિશ્ર ધાતુ. -ળિયું ન૦ છાલિયું; પિતળિયું

પિત્રાઈ પું૦ કાકાનાં છોકરાં; સાતમી પેઢી સુધીમાં એક બાપનો વંશજ (૨) વિ૦ પિતા સંબંધી. -ણ વિ૦સ્રી૦ પિત્રાઈને ત્યાં જન્મેલી. -ણ(-ણી) સ્રી૦ પિત્રાઈની વહુ

પિત્રી પું૦ મરણ પામેલો પૂર્વજ; પિતર

પિન સ્રી૦ [ઇં.] ટાંકણી (૨) સ્રીઓ વેણી કે સાલ્લો સંકેલવામાં વાપરે છે તે બનાવટ [પું૦ (સં.) શિવ

પિનાક ન૦ [સં.] (સં.) શિવનું ધનુષ. ૦પાણ(-ણિ),-કી

પિપરમીટ સ્રી૦ જુઓ ખાટીમીઠી

પિપાસા સ્રી૦ [સં.] તરસ. -સુ વિ૦ તરસ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિપીલિકા સ્ત્રી૦ [સં.] કીડી
પિપૂડી સ્ત્રી૦ ફૂંકીને વગાડવાની ભૂંગળી; પીપી
પિપ્પલ પું૦ [સં.] પીપળો
પિબંતું વિ૦+પીતું (વર્તમાન કૃ૦)
પિમળાટ પું૦ સુવાસ
પિમળાવવું સ૦ક્રિ૦ 'પીમળવું'નું પ્રેરક રૂપ
પિય(-યે)ર ન૦ સ્ત્રીનાં માબાપનું ઘર. **પિયરપનોતી** વિ૦ સ્ત્રી૦ પિયરમાં ભાઈભાંડુવાળી. **-રિયું** ન૦ પિયરનું સગું
પિયળ સ્ત્રી૦ પીયળ; કપાળમાં કરેલી કંકુની અર્ચા
પિયાજ ન૦ [फा.] કાંદો; ડુંગળી
પિયાણું ન૦ પ્રયાણ
પિયાનો પું૦ [इं.] એક વિદેશી વાજિંત્ર
પિયારું વિ૦+પારકું; પરાયું
પિયાવો પું૦ પાણી પાવાનું ખર્ચ
પિયુ પું૦ પતિ
પિયેર ન૦ જુઓ પિયર. **-રિયું** ન૦ જુઓ પિયરિયું
પિરસણ ન૦ પીરસવું તે (૨) પીરસેલું ભાણું (૩) નાતવરાને અંગે ઘેર ભાણું પીરસવું તે. **-ણી** સ્ત્રી૦ પીરસવું તે. **-ણું** ન૦ પીરસવાનું પાત્ર કે ચીજ
પિરસાવવું સ૦ક્રિ૦ 'પીરસવું'નું પ્રેરક
પિરામિડ પું૦[इं.] પ્રાચીન મિસરી રાજાના મૃતદેહ ઉપર બંધાયેલી મોટી શંકુ આકારની સમાધિ-કબર (૨) શંકુ આકાર
પિરિ સ્ત્રી૦+પેર; પ્રકાર
પિરોજ,-જી(-જું) જુઓ 'પીરોજ'માં
પિલાઈ સ્ત્રી૦ પીલવું તે (૨) તેનું મહેનતાણું. **-મણ** ન૦, **-મણી** સ્ત્રી૦ પીલવાનું મહેનતાણું
પિલાવવું સ૦ક્રિ૦, **પિલાવું** અ૦ક્રિ૦ 'પીલવું'નું પ્રેરક ને કર્મણિ
પિલોડિયું ન૦ જુવારબાજરીનો પીલો
પિલ્લું ન૦ વીંટીને કરેલો દડો-ગોટો
પિવડાવવું સ૦ક્રિ૦, **પિવાવું** અ૦ક્રિ૦ 'પીવું'નું પ્રેરક ને કર્મણિ
પિશંગ વિ૦ [સં.] બદામી રંગનું
પિશાચ પું૦; ન૦ [સં.] અવગતિયો જીવ; પ્રેત (૨) ભૂતપ્રેત જેવી એક હીન યોનિ. **૦ણી,-ચી** સ્ત્રી૦ પિશાચ સ્ત્રી
પિશિત ન૦ [સં.] માંસ
પિશુન વિ૦ [સં.] કઠોર (૨) નીચ (૩) ચાડિયું. **૦તા** સ્ત્રી૦
પિષ્ટ વિ૦ [સં.] કૂટેલું; પીસેલું (૨) પું૦ ભૂકો; લોટ. **૦પશુ** પું૦; ન૦ પશુને બદલે લોટની કણકના પિંડનું બળિદાન. **૦પેષણ** ન૦ પુનરુક્તિ
પિસર પું૦ [फा.] છોકરો; દીકરો [કર્મણિ
પિસાવવું સ૦ક્રિ૦, **પિસાવું** અ૦ક્રિ૦ 'પીસવું'નું પ્રેરક ને
પિસ્તાળીસ વિ૦ '૪૫'
પિસ્તું ન૦ [फा.] પસ્તું; એક મેવો
પિસ્તોલ સ્ત્રી૦ [પો.] નાની બંદૂક; તમંચો

પિહિત વિ૦ [સં.] બંધ કરેલું (૨) ઢાંકેલું; છુપાવેલું
પિહિરણ ન૦+પોશાક
પિહેર ન૦+પિયેર [કર્મણિ
પિળાવવું સ૦ક્રિ૦, **પિળાવું** અ૦ક્રિ૦ 'પીળવું'નું પ્રેરક ને
પિંગલ(-ળ) વિ૦ [સં.] લાલાશપડતા પીળા રંગનું (૨) ન૦ છંદશાસ્ત્ર (૩) [લા.] અત્યંત વિસ્તાર. **૦કાર** પું૦ પિંગલ બનાવનાર. **-લા(-ળા)** સ્ત્રી૦ હઠયોગમાં માનેલી ત્રણ પ્રધાન નાડીઓમાંની એક (ઇંડા, પિંગળા, અને સુષુમ્ણા) (૨) વિ૦સ્ત્રી૦ લાલાશપડતા પીળા રંગની. **-ળાક્ષી** વિ૦સ્ત્રી૦ ક્રોધે પિંગળ આંખવાળી. **-ળું** વિ૦ જુઓ પિંગલ
પિંગાણી સ્ત્રી૦ ધુપેલની વાડકી
પિંજર ન૦ [સં.] પંજર; પાંજરું
પિંડ પું૦ [સં.] ગોળો (૨) પિતૃઓને નિમિત્તે લોટ કે ભાતનો વાળેલો ગોળો (૩) શરીર. **૦દાન** ન૦ શ્રાદ્ધમાં પિંડ અર્પણ કરવો તે. **૦લું** ન૦ જુઓ પિંડું. **૦લો** પું૦ પિંડો [(તુચ્છકારમાં)
પિંડાર(-રો) પું૦ [સં.] ભરવાડ. **-રિયો** પું૦ પિંડાર
પિંડી સ્ત્રી૦ પગના નળાની પાછળનો માંસનો લોચો (૨) શિવલિંગ [ગોટો (કણક, માટી, દોરા ઇ૦નો)
પિંડું ન૦ પિલ્લું. **-ડો** પું૦ વીંટેલો કે વાળેલો ગોળો-
પિંઢોળિયું, પિંઢોરી વિ૦ (૨) ન૦ પીંઢેરી; માટીની ભીંતોનું (ઘર) [પિપૂડીનો રવ
પી અ૦ તિરસ્કારાર્થે કે ઉદ્ગાર; હુરિયો (૨) (રવ૦)
પીઉ વિ૦ (સમાસને અંતે) પીનારું
પીક ન૦ પાક; મોલ (૨) સ્ત્રી૦ જુઓ પિક (૩) તેની પિચકારી
પીખવું સ૦ક્રિ૦ (સુ.) વગોવણી કરવી; નિંદવું
પીગળવું અ૦ક્રિ૦ ઓગળવું; પ્રવાહી થવું (૨) [લા.] (દયાથી) ઢીલું-નરમ થવું
પીછ ન૦ પિચ્છ; પીછું. **-છી** સ્ત્રી૦ વાળ, પીંછાં કે તેવી બીજી વસ્તુની હાથાવાળી બનાવટ (માંખો ઉરાડવાની, ચીતરવાની, ઘરેણાં ધોવાની વગેરે). **-છીઊંજણી** સ્ત્રી૦ જુઓ પીંછીઊંજણી. **-છું** ન૦ પીછ (૨) તેની કલમ
પીછેહઠ સ્ત્રી૦ [हिं.] પાછા હઠવું કે પડવું તે; હાર
પીછો ન૦ કેડો; પૂંઠ
પીટવું સ૦ક્રિ૦ ખૂબ મારવું (૨) મૂએલાની પાછળ કૂટવું (૩) ઠોકવું; વગાડવું (દાંડી). **-ણી** સ્ત્રી૦ પીટવું તે; માર (૨) કૂટવું તે. **પીટ્યું** વિ૦ મૂઉં (સ્ત્રીઓ ગાળ તરીકે બોલે છે) [બજાર (૩) બજારભાવ
પીઠ ન૦ [સં.] (દેવ, આચાર્યાદિનું) સ્થાનક (૨) સ્ત્રી૦
પીઠ સ્ત્રી૦ વાંસો. **૦બળ** ન૦ પાછળ રહીને જોર દેતું બળ. **૦મર્દ(-ર્દ)** પું૦+નાયકને મદદ કરનાર
પીઠલું ન૦ [म.] ચણાના લોટની એક વાની
પીઠિકા સ્ત્રી૦ [સં.] બાજઠ (૨) મૂર્તિ કે થાંભલાની બેઠક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધાર (૩) વંશાવલિ (૪) ભૂમિકા (૫) પ્રકરણ; ખંડ

પીઠી સ્ત્રી૦ લગ્ન પ્રસંગે વરકન્યાને શરીરે ચોળવાનો પીળો સુગંધી પદાર્થ

પીઠું ન૦ બજાર કે દુકાન (ખાસ કરીને લાકડાંનું અને દારૂતાડીનું) (૨) અડદની વાટેલી દાળનું ખીરું (૩) અડદ, ચણા કે ચોળાના લોટનું ખીરું (૪) પીઠલું

પીડ સ્ત્રી૦ પીડા; દુઃખ (૨) ચૂંક; આંકડી (૩) વેણ; પ્રસવ-વેદના (૪) દાંતે મૂકવાના રંગની લૂગદી

પીડક વિ૦ [सं.] પીડા કરનાર

પીડન ન૦ [सं.] પીડા (૨) પીડવું-પકડવું કે દાબવું તે

પીડવું સ૦ક્રિ૦ દુઃખ દેવું (૨) પકડવું; ઝાલવું (૩) ચાંપવું; દાબવું. **પીડાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

પીડા સ્ત્રી૦ [सं.] દુઃખ (૨) નડતર. **૦કારક, ૦કારી** વિ૦ પીડા કરનારું. **૦હરણી** વિ૦સ્ત્રી૦ પીડા હરનારી. **૦શામક** વિ૦ પીડા શાંત કરનાર. **-ડિત** વિ૦ પીડા પામેલું

પીઢ વિ૦ મોટી ઉંમરનું; ઠરેલ (૨) સ્ત્રી૦ જેના ઉપર મેડાનાં પાટિયાં જડવામાં આવે છે તે લાંબાં લાકડાં-વળા. **-ઢિયું** ન૦ પીઢ (૨) દાઢનો દાંત (૩) અવાળું; પેઢું

પીણું ન૦ પીવાની વસ્તુ; પેય

પીત ન૦ પાણી પાઈને ઉછેરેલો મોલ (૨) વિ૦ [सं.] પીળું

પીતળ ન૦ જુઓ પિત્તળ

પીતાંબર ન૦ [सं.] પીળું કે કોઈ પણ રેશમી અબોટિયું (૨) વિ૦ પીળાં વસ્ત્રવાળું. **-રી** સ્ત્રી૦ નાનું પીતાંબર

પીતું ન૦ લખોટી નાખનારને ઊભા રહેવાનું કૂંડાળું (૨) કાતળી. **-તો** પું૦ પાતળો કકડો; કાતળી

પીથ ન૦, **પીથા** સ્ત્રી૦ એક પક્ષી

પીધું સ૦ક્રિ૦ 'પીવું'નું ભૂતકાળનું રૂપ. **-ધેલ(-લું)** તેનું ભૂ૦કૃ૦ (૨) વિ૦ દારૂના નશાવાળું; છાકટું

પીન વિ૦ [सं.] જાડું; પુષ્ટ; માતું

પીનસ ન૦ [सं.] સખત સળેખમ

પીપ ન૦ [हिं.] ગૂમડાનું પરુ

પીપ ન૦ લાકડાનું કે ધાતુનું નળાકાર વાસણ

પીપર સ્ત્રી૦ એક વસાણાની ચીજ-વનસ્પતિની સીંગ. **-રી(-ળી)મૂળ** ન૦ પીપરના છોડનાં મૂળ; ગંઠોડા

પીપર(-ળ) સ્ત્રી૦ પીપળાની જાતનું એક ઝાડ

પીપળ(-ળો) પું૦ એક ઝાડ; અશ્વત્થ

પીપળી સ્ત્રી૦ નાનો પીપળો

પીપળીમૂળ ન૦ જુઓ પીપરીમૂળ

પીપળો પું૦ જુઓ પીપળ

પીપિયો પું૦ બૂમ; ચીસ (૨) તંગીની બૂમ

પીપી અ૦ (રવ૦) (૨) સ્ત્રી૦ ફૂંકીને વગાડવાની ભૂંગળી; (ગાજર કે પાંદડાંની) પિપૂડી

પીમળ સ્ત્રી૦ સુગંધ. **૦વું** અ૦ક્રિ૦ સુગંધ ફેલાવી

પીયળ સ્ત્રી૦ કપાળમાં કરેલી કંકુની અર્ચા; પિયળ

પીયૂષ ન૦ [सं.] અમૃત

પીયો પું૦ આંખને ખૂણે બાઝતો ચીકણો પદાર્થ

પીર પું૦ [फा.] મુસલમાનોમાં પવિત્ર ગણાતો પુરુષ. **૦જાદો** પું૦ પીરનો છોકરો. **૦મર્દ** પું૦ ઘરડો માણસ. **-રાઈ** સ્ત્રી૦ પીરપણું. **-રાનપીર** પું૦ પીરનો પીર; મોટો પીર

પીરસવું સ૦ક્રિ૦ જમવા માટે ભાણામાં મૂકવું. **પીરસાવું** [અ૦ક્રિ૦ કર્મણિ

પીરોજ પું૦ [फा.] એક રત્ન. **-જી(-જું)** વિ૦ પીરોજના રંગનું; આસમાની

પીલવું સ૦ક્રિ૦ દબાઈ-કચરાઈ નિચોવાય એમ કરવું (૨) [લા.] દુઃખ દેવું; કનડવું (૩) લોઢવું (કપાસ) (૪) અ૦ક્રિ૦ [સુ.] પીલા નીકળવા; પાંગરવું

પીલવો પું૦ એક ઝાડ

પીલુ પું૦ [सं.] એક ઝાડ; પીલુડી (૨) એક રાગ (૩) પીલુડું. **૦ડી** સ્ત્રી૦ પીલુ ઝાડ. **૦ડું** ન૦ તેનું ફળ

પીલું ન૦ મરઘીનું બચ્ચું

પીલો પું૦ થડ કે મૂળમાંથી ફૂટેલો ફણગો

પીવું સ૦ક્રિ૦ પ્રવાહી પેટમાં લેવું (૨) પ્રવાહીને પોતામાં શમાવવું કે શોષવું (૩) [ધૂમ્રપાન] કરવું

પીશવી સ્ત્રી૦ [म.] થેલી

પીશવી સ્ત્રી૦ મુસલમાન સ્ત્રીનો સુરવાળ; પેશવાજ

પીસણી સ્ત્રી૦ ઘંટી (૨) ચીપવાનો વારો-દાવ [(ગંજીફાને)

પીસવું સ૦ક્રિ૦ દળવું (૨) લસોટવું; ઘૂંટવું (૩) ચીપવું

પીસ(-હ)વો પું૦ સિસોટી

પીહર ન૦ + પિયર. **-રિયું** ન૦ + પિયરિયું

પીળ સ્ત્રી૦ પીયળ

પીળું વિ૦ હળદરના રંગનું; પીત. **-ળક** સ્ત્રી૦ પીળાશ; ફીકાશ. **-ળચટું** વિ૦ આછું પીળું. **-ળવું** સ૦ક્રિ૦ કંકુથી રંગવું (૨) પીળું કરવું. **-ળાશ** સ્ત્રી૦ પીળાપણું. **-ળિયું** ન૦ લગ્નપ્રસંગે કન્યાને પહેરવાનું હળદરથી રંગેલું પીળું વસ્ત્ર (૨) પીળી-કાંઈક કાચી ઈંટ. **૦ધમ્મક** વિ૦ + ધમકદાર પીળું. **૦પચ** વિ૦ સાવ પીળું-ફીકું

પીંખવું સ૦ક્રિ૦ વિખેરી નાખવું (૨) ચૂંટી નાખવું. **-ણી** સ્ત્રી૦, **-ણું** ન૦ પીંખવું તે; ચૂંથણું. **પીંખાવું** અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'પીંખવું'નું કર્મણિ ને પ્રેરક

પીંગળું વિ૦ પીળચટું; માંજરું

પીંછ ન૦ પીંછું; પીછ. **-છાળું** વિ૦ પીંછાંવાળું. **-છી** સ્ત્રી૦ જુઓ પીછી. **-છીઊંજણી** સ્ત્રી૦ પીંછીથી કરાતી ઊંજણી (જુઓ ઊંજણી ૧). **-છું** ન૦ જુઓ 'પીછ'માં

પીંજણ સ્ત્રી૦ પીંજવાનું સાધન (૨) ન૦ પીંજવું તે (૩) [લા.] (વાતને) નકામું ચૂંથવું-લંબાવવું તે (૪) પગનું એક ઘરેણું. **-ણી** સ્ત્રી૦ પીંજણ (૨) પીંજવું તે (૩) પૈડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરનું ઢાંકણ (રથનાં પૈડાં પર હોય છે તે)

પીંજરું ન૦ પિંજર; પાંજરું. **-રાગાડી** સ્ત્રી૦ પીંજરાવાળી ગાડી [કરવું

પીંજવું સ૦ક્રિ૦ રૂના રેસા છૂટા પાડવા (૨) [લા.] પીંજણ

પીંજામણ ન૦, **-ણી** સ્ત્રી૦ પીંજવાની મજૂરી

પીંજારો પું૦ પીંજવાનું કામ કરનારો. **-રણ** સ્ત્રી૦ પીંજારાની વહુ (૨) પીંજવાનું કામ કરતી સ્ત્રી. **-રી** સ્ત્રી૦ પીંજારણ (૨) એક જાતનું પક્ષી

પીંજાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'પીંજવું'નું કર્મણિ ને પ્રેરક

પીંડાર(-રો) પું૦ પિંડાર; આહીર; ભરવાડ

પીંહાળો પું૦ પિંડો

પીંઢારો પું૦ એક પ્રસિદ્ધ લૂંટારુની જાતનો માણસ

પીંઢેરી વિ૦ માટીની ભીંતોવાળું

પુકાર પું૦ પોકાર; બૂમ. **૦વું** સ૦ક્રિ૦ પોકારવું (૨) પોકારીને કહેવું; જાહેર કરવું [સ્ત્રી૦

પુખ્ત વિ૦ [फा.] પાકું; પાકટ; ઠરેલ. **૦પણું** ન૦, **-ખ્તાઈ**

પુગાડવું સ૦ક્રિ૦ પહોંચાડવું; 'પૂગવું'નું પ્રેરક

પુગાવું અ૦ક્રિ૦ 'પૂગવું'નું ભાવે [કરેલો મૃદુ ઉચ્ચાર

પુચકારી સ્ત્રી૦ (રવ૦) બાળકને શાંત કરવા ઓઠ વચ્ચેથી

પુચ્છ ન૦ [सं.] પૂંછડી

પુછડિયું વિ૦ પૂંછડીવાળું. **-યો તારો** પું૦ ધૂમકેતુ

પુછાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'પૂછવું'નું કર્મણિ ને પ્રેરક

પુટ પું૦ [सं.] પડિયો (૨) પડિયા જેવો કોઈ પણ ઘાટ (૩) આચ્છાદન; ઢાંકણ (૪) કુલડી કે શકોરામાં ધાતુ કે ઓષધ મૂકી ઉપર ઢાંકણ કે બીજું શકોરું મૂકી કપડછાણ કરી કરેલો ઘાટ; સંપુટ (૫) તેને ભઠ્ઠીમાં મૂકી ઓષધને આપેલી આંચ (૬) પટ; પાસ. **૦પાક** પું૦ પુટમાં મૂકી ભઠ્ઠીમાં ઔષધિ–ધાતુ પકવવી તે

પુઠેવાળ વિ૦ પાછલી વયમાં જન્મેલું; પૂંઠેવાળ

પુઢે અ૦ [म.] (પ.) આગળ; મોખરે

પુણચવદું વિ૦ફરી-ફેરવીને બોલેલું; અસત્ય; વાંકું; પોણચવદું

પુણ્ય વિ૦ [सं.] પવિત્ર (૨) પુણ્ય પ્રાપ્ત થાય એવું (૩) ધર્મ્ય (૪) ન૦ સત્કર્મ (૫) તેનું ફળ. **૦કર્મ** ન૦ સત્કર્મ. **૦કાલ(-ળ)** પું૦ પવિત્ર સમય. **૦તિથિ** સ્ત્રી૦ (મહાપુરુષના) મરણની તિથિ કે તેની ઉજવણી. **૦દર્શી** વિ૦ પુણ્ય વિષે જેની દૃષ્ટિ છે એવું. **૦દાન** ન૦ ધર્મદાન. **૦પ્રકોપ** પું૦ (પાપ કે અન્યાય સામે) ધર્મબુદ્ધિને લીધે ઊપજેલો ક્રોધ. **૦વરો** પું૦ પુણ્યદાનનું ખરચ. **૦વાન** વિ૦ પુણ્યદાન કરનારું; ધર્મિષ્ઠ. **૦શાલી(-ળી)** વિ૦ પુણ્યવાન (૨) પૂર્વજન્મનાં સુકૃતવાળું. **૦શ્લોક** વિ૦ રૂડી કીર્તિવાળું (૨) જેનું નામ દેવાથી પુણ્ય થાય તેવું (૩) પું૦ તેવો માણસ. **-ણ્યાત્મા** વિ૦(૨) પું૦ પવિત્ર મનનું (માણસ). **-ણ્યાહ** ન૦ 'દિવસ માંગલિક હો,' એવું આશીર્વચન. **-ણ્યાહવાચન** ન૦ પુણ્યકાર્યને આરંભે બ્રાહ્મણોને મુખે ત્રણ વાર 'પુણ્યાહ' એમ કહેવરાવવું તે

પુતળિયું ન૦ પૂતળીની છાપવાળી સોનામહોર

પુત્ર પું૦ [सं.] દીકરો. **૦ક** પું૦ પુત્ર (વહાલમાં). **૦વતી** વિ૦ સ્ત્રી૦ પુત્રવાળી. **૦વધૂ** સ્ત્રી૦ પુત્રની વહુ. **૦વાસના** સ્ત્રી૦ જુઓ પુત્રૈષણા. **-ત્રાયિત** વિ૦ પુત્ર મેળવવાની વાસનાવાળું. **-ત્રિકા, -ત્રી** સ્ત્રી૦ દીકરી. **-ત્રિણી** વિ૦ સ્ત્રી૦ પુત્રવતી. **-ત્રીજ** પું૦ પુત્રીનો પુત્ર; દૌહિત્ર. **-ત્રેષ્ટિ** સ્ત્રી૦ પુત્રની કામનાથી કરેલો યજ્ઞ. **-ત્રૈષણા** સ્ત્રી૦ પુત્રપ્રાપ્તિની તીવ્ર કામના–વાસના

પુદ્ગલ ન૦ [सं.] પરમાણુ (૨) શરીર (બૌદ્ધ) (૩) આત્મા

પુનમિયું વિ૦ પૂનમને લગતું (૨) પૂનમથી શરૂ થતું (૩) દર પૂનમે જાત્રાએ જનારું

પુનર્ અ૦ [सं.] ફરીથી (૨) સમાસમાં પૂર્વપદ તરીકે 'ફરીનું', 'ફરી થતું' એવા અર્થમાં. **-રપિ** અ૦ ફરીને; વળી. **-રવલોકન** ન૦ ફરી જોઈ જવું તે. **-રાવર્તન** ન૦ પાછા કે ફરી આવવું તે (૨) ફરી વાંચી–જોઈ જવું તે (૩) એકની એક વાત ફરી કરવી તે. **-રાવર્તી** વિ૦ પાછું ફરનારું; ફરી ફરી આવનારું. **-રાવૃત્ત** વિ૦ ફરીનું પાછું આવેલું (૨) ગોખેલું; વારંવાર યાદ કરેલું. **-રાવૃત્તિ** સ્ત્રી૦ પુનરાવર્તન (૨) બીજી વારની આવૃત્તિ (પુસ્તકની). **-રુક્તિ** સ્ત્રી૦ એકની એક વાત ફરીને કહેવી તે. **-રુત્થાન** ન૦ ફરીથી ઊભા થવું તે. **-રુત્પત્તિ** સ્ત્રી૦ ફરીથી ઉત્પન્ન થવું તે. **-રુદ્ધાર** પું૦ જુઓ જીર્ણોદ્ધાર (૨) મુક્તિ (૩) ફરીથી જન્મ. **-રુદ્વાહ** પું૦ પુનર્વિવાહ. **-ર્ઘટના** સ્ત્રી૦ ફરીથી બાંધવું, ગોઠવવું, ઘડવું કે રચવું તે. **-ર્જન્મ** પું૦ ફરી જન્મવું તે; નવો જન્મ. **-ર્લગ્ન** ન૦ જુઓ પુનર્વિવાહ. **-ર્વસુ** પું૦ સાતમું નક્ષત્ર. **-ર્વિવાહ** પું૦ ફરીથી લગ્ન કરવું તે (૨) વિધવાવિવાહ

પુનઃ અ૦ [सं.] જુઓ પુનર્

પુનિત વિ૦ [सं.] પવિત્ર

પુર ન૦ [सं.] શહેર. **૦જન** પું૦ શહેરનો માણસ; શહેરી. **૦પતિ** પું૦ રાજા. **૦વધૂ** સ્ત્રી. નગરની યુવાન સ્ત્રી

પુર વિ૦ [फा.] પૂર; ભરેલું (સમાસમાં પૂર્વપદ તરીકે આવે છે.) **૦ખૂન** વિ૦ સુકલકડી નહિ–લોહીથી ભરાવદાર. **૦જોર(-શ,-સ)** વિ૦ (૨) અ૦ પૂરા જોર કે જોશવાળું. **૦બહાર** વિ૦ (૨) અ૦ પૂરી શોભાસહિત

પુરજો પું૦ ડક્કો (૨) [फा.] કકડો; કુરચો [ભાગનો વતની

પુરબિ(-વિ)યો [हिं.], **પુરભૈયો** પું૦ ઉત્તર હિંદના પૂર્વ

પુરવણી સ્ત્રી૦ પૂર્તિ; પરિશિષ્ટ (૨) ઉત્તેજન; ઉશ્કેરણી

પુરવાર વિ૦ સાબિત. **-રી** સ્ત્રી૦ સાબિતી

પુરવિયો પું૦ જુઓ પુરબિયો; પુરભૈયો

પુરવીદાણા પું૦બ૦વ૦ એક જાતનો તેજાનો; મોટી ઇલાયચી

પુરશ્ચરણ ન૦ [सं.] અમુક મંત્રનો સકામ જપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરસીસ સ્ત્રી૦ પૂછપરછ; તલાસ

પુરસ્કરણ ન૦ [સં.] આગળ કરવું-પ્રાધાન્ય આપવું તે

પુરસ્કર્તા પું૦ [સં.] આગળ કે રજૂ કરનાર; પ્રવર્તક

પુરસ્કાર ન૦ [સં.] પુરસ્કરણ (૨) માન; પૂજા (૩) ઇનામ

પુરસ્ત્વ ન૦ [સં.] અગ્રેસરપણું

પુરંદર પું૦ [સં.] (સં.) ઇંદ્ર

પુરંધ્રિ(-ધ્રી) સ્ત્રી૦ [સં.] પતિપુત્રવાળી સુખી સ્ત્રી

પુરઃસર વિ૦ [સં.] આગળ ચાલનાર (૨) અ૦ (સમાસને છેડે) સાથે-પૂર્વક. ઉદા૦ હેતુપુરઃસર

પુરાણ વિ૦ [સં.] પ્રાચીન (૨) ન૦ પ્રાચીન દેવકથા અને મનુષ્યકથા જેમાં આપેલી હોય એવું પુસ્તક (વેદવ્યાસે લખેલાં કુલ ૧૮ છે). ૦કાર પું૦ પુરાણના બનાવનાર. ૦પ્રિય વિ૦ જૂનાને પસંદ કરનાર. ૦વાર્તા વિ૦ પુરાણની કથા. -ણી પું૦ પુરાણ વાંચી સંભળાવનાર (૨) પુરાણ રચનાર. -ણું વિ૦ પ્રાચીન

પુરાત વિ૦ પહેલાંનું; જૂનું; પુરાતન

પુરાતત્ત્વ ન૦ [સં.] પુરાતન કાળની બાબત

પુરાતન વિ૦ [સં.] પ્રાચીન

પુરારિ પું૦ [સં.] (સં.) શિવ; ત્રિપુરારિ

પુરાવવું સ૦ક્રિ૦ 'પૂરવું'નું પ્રેરક

પુરાવિદ પું૦ [સં.] પુરાતત્ત્વનો શોધક

પુરાવું અ૦ક્રિ૦ 'પૂરવું'નું કર્મણિ

પુરાવો પું૦ સાબિતી

પુરાંત વિ૦ જુઓ પરાંત

પુરી સ્ત્રી૦ [સં.] નગરી

પુરીષ ન૦ [સં.] વિષ્ટા; નરક

પુરુ પું૦ [સં.] (સં.) યયાતિ અને શર્મિષ્ઠાનો પુત્ર

પુરુષ પું૦ [સં.] નર; મરદ (૨) વર; પતિ (૩) આત્મા (૪) બોલનાર, સાંભળનાર કે તે સિવાયની વ્યક્તિ-એ ત્રણ પૈકી એક (વ્યા.). ૦કાર પું૦ પુરુષાર્થ; ઉદ્યોગ. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦ મરદાઈ; પુરુષપણું. ૦પાત્ર ન૦ નાટકનું નરપાત્ર. ૦પ્રયત્ન પું૦ માણસથી થઈ શકતી મહેનત. ૦વાચક વિ૦ પહેલો, બીજો અને ત્રીજો પુરુષ બતાવનાર (વ્યા.). -ષાતન ન૦ મરદાઈ. -ષાર્થ પું૦ ઉદ્યોગ; મહેનત (૨) ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ દરેક. **-ષાર્થવાદ** પું૦ પુરુષાર્થ પર શ્રદ્ધા રાખનારો મત (નસીબવાદથી વિરુદ્ધ). -ષાર્થી વિ૦ ઉદ્યોગી. **-ષોત્તમ** પું૦ વિષ્ણુ ભગવાન. **-ષોત્તમ માસ** પું૦ (સૌર અને ચાંદ્ર વર્ષોનો મેળ બેસાડવા દર ૩૨ ચાંદ્રમાસ, ૧૬ દિવસ અને ૪ ઘડીએ ઉમેરાતો) અધિકમાસ

પુરુહૂત પું૦ [સં.] ઇંદ્ર

પુરોગ પું૦ [સં.] ઉપસર્ગની જેમ શબ્દની પૂર્વે લગાડાતો શબ્દ; પૂર્વગ. ઉદા૦ પ્ર, અભિ (વ્યા.)

પુરોગામી વિ૦ [સં.] પૂર્વે-આગળ થયેલું કે જતું (૨) પું૦ પુરોગામી તે (વસ્તુ કે માણસ)

પુરોડાશ પું૦ [સં.] યજ્ઞને માટે બનાવેલો ચોખાના લોટનો રોટલો (૨) હવિ (૩) હોમતાં બાકી રહેલો હવિ-પ્રસાદ

પુરોહિત પું૦ [સં.] યજ્ઞયાગાદિ કર્મો કરાવનાર ગોર

પુર્ખ પું૦ + પુરુષ

પુલ પું૦ [ફા.] સેતુ

પુલક ન૦ [સં.] રોમ; રુવાંટું. ૦વું અ૦ક્રિ૦ પુલકિત-રોમાંચિત થવું. -કિત વિ૦ રોમાંચિત

પુલહ પું૦ [સં.] સપ્તર્ષિમાંનો એક ઋષિ કે તારો

પુલાવ પું૦ એક મસાલાદાર મુસલમાની વાની; પલાવ

પુલિન પું૦;ન૦ [સં.] ભાઠું; નદીનો કાંઠો (૨) નદીના પ્રવાહની વચ્ચે તરી આવેલો રેતીનો બેટ

પુલોમા પું૦ [સં.] (સં.) એક રાક્ષસ; ઇંદ્રનો સસરો

પુશ્તો સ્ત્રી૦ સરહદ પ્રાંતની ભાષા

પુષ્કર ન૦ [સં.] નીલ કમળ (૨) પાણી (૩) [સં.] તે નામનું અજમેર પ્રાંતમાં આવેલું તીર્થ (૪) દુકાળ લાવનાર મેઘ-મેઘાધિપ. **-રાવર્તક** પું૦ (સં.) પ્રલય કે કલ્પને અંતે વરસતો મેઘ. -રિણી સ્ત્રી૦ તળાવડી (૨) હાથણી (૩) કમળની વેલ

પુષ્કળ વિ૦ ખૂબ; મસ

પુષ્ટ વિ૦ [સં.] પોષાયેલું; જાડું. **-ષ્ટિ** સ્ત્રી૦ પોષણ (૨) સમર્થન (૩) ઉત્તેજન (૪) ભગવાનની કૃપા. **-ષ્ટિકારક** વિ૦ પૌષ્ટિક. **-ષ્ટિપત્ર** ન૦ કાગળ ઉપર લખતાં નીચે મુકાતું જાડું પૂઠું. **-ષ્ટિપંથ** પું૦, **-ષ્ટિમાર્ગ** પું૦ વલ્લભાચાર્યે ચલાવેલો વૈષ્ણવ ભક્તિમાર્ગ. **-ષ્ટિસૃષ્ટિ** સ્ત્રી૦ પુષ્ટિમાર્ગીય જનતા. **-ષ્ટીકરણ** ન૦ પુષ્ટ કરવું તે

પુષ્પ ન૦ [સં.] ફૂલ. ૦ક ન૦ (સં.) રાવણનું વિમાન. ૦ધન્વા પું૦ કામદેવ (જુઓ પંચબાણ). ૦રાગ પું૦ પોખરાજ. ૦વૃષ્ટિ સ્ત્રી૦ ફૂલોનો વરસાદ. **-ષ્પાંજલિ(-લી)** સ્ત્રી૦ ખોબો ભરીને ફૂલ (૨) [લા.] માર. **-ષ્પિત** વિ૦, **-ષ્પિતા** વિ૦ સ્ત્રી૦ ફૂલથી છવાયેલું (૨) પુષ્પરૂપ. **-ષ્પિતાગ્રા** પું૦ એક છંદ

પુષ્ય ન૦ [સં.] આઠમું નક્ષત્ર

પુસ્તક ન૦ [સં.] ચોપડી; ગ્રંથ. **૦શાલા(-ળા)** સ્ત્રી૦ પુસ્તકો રાખવાનું સ્થાન; ગ્રંથાલય. **૦સમિતિ** સ્ત્રી૦ પાઠ્ય પુસ્તકો તથા નવાં પ્રકાશનો યોજનારી તેમજ પુસ્તકોનું પરીક્ષણ કરનારી (વિદ્યાપીઠની) સમિતિ. **-કાલય** ન૦ પુસ્તકશાળા. **-કિયું** વિ૦ પુસ્તકથી મેળવેલું (ગુરુ મારફતે કે અનુભવથી નહિ) (૨) પુસ્તકમાં જ રાખેલું-જીવનમાં નહિ ઉતારેલું. **-કી** વિ૦ પુસ્તકનું,-ને લગતું

પુસ્તી સ્ત્રી૦ પસ્તી (૨) મજબૂતી માટે કરેલું ચણતર કે પ્લાસ્ટર (ઘરના પાયા વગેરે આગળ) [હાથણી; ડક્કો

પુસ્તો પું૦ પાણીનો ધક્કો ઝીલે તેવું બાંધકામ કે ચણતર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુંકેસર ન૦ [સં.] ફૂલની અંદરનો નર બીજવાળો રેસો
પુંજ પું૦ [સં.] ઢગલો
પુંડરીક ન૦ [સં.] ધોળું કમળ. **–કાક્ષ** પું૦ (સં.) વિષ્ણુ
પુંડ્ર પું૦; ન૦ [સં.] ચંદન વગેરેનું તિલક
પુંલિં(–લ્લિં)ગ ન૦ [સં.] નરજાતિ (વ્યા.)
પુંશ્ચલી સ્ત્રી૦ [સં.] વંઠેલ સ્ત્રી
પુંસવન ન૦ [સં.] પુત્રપ્રજા ઉત્પન્ન કરવા માટે ગર્ભાધાનથી ચોથે મહિને કરવાનો સંસ્કાર
પુંસ્ત્વ ન૦ [સં.] પુરુષાતન; મરદાઈ
પૂ ન૦ (રવ૦) પેશાબ (બાળભાષામાં) (૨) અ૦ હુરિયો. **૦કાર** પું૦ તિરસ્કારનો ધ્વનિ [તેનું ઝાડ
પૂગ પું૦ [સં.] સમૂહ; ઢગલો (૨) મંડળ (૩) સોપારી કે
પૂગવું અ૦ક્રિ૦ પહોંચવું
પૂગીફલ(–ળ) ન૦ [સં.] સોપારી; પૂગ
પૂછ, ૦ડું ન૦ પુચ્છ; પૂંછડું. **૦ડી** સ્ત્રી૦ પૂંછડી
પૂછગા(–પા)છ, પૂછપરછ સ્ત્રી૦, **પૂછપુછારણ** ન૦ (માહિતી ખાતર) પૂછવું કરવું તે
પૂછવું સ૦ક્રિ૦ સવાલ કરવો. **૦ગાછવું** સ૦ક્રિ૦ પૂછવું કરવું; પૂછીને બરોબર તપાસ કરવી [જણને પૂછવું તે
પૂછા સ્ત્રી૦ તપાસ. **૦પૂછ(–છી)** સ્ત્રી૦ વારંવાર કે અનેક
પૂજક પું૦ (૨) વિ૦ [સં.] પૂજા કરનાર. **–ન** ન૦ પૂજા (૨) સંમાન; સત્કાર. **–નિક** વિ૦ પૂજાને પાત્ર. **–ની** વિ૦+પૂજનીય. **–નીય** વિ૦ પૂજ્ય
પૂજવું સ૦ક્રિ૦ પૂજા કરવી (૨) સેવવું; ભજવું
પૂજા સ્ત્રી૦ [સં.] પૂજન; આરાધના; ઉપાસના (૨) પૂજનની સાધનસામગ્રી (૩) [લા.] માર. **૦પાત્રી** સ્ત્રી૦ પૂજા (૨) પૂજાપો (૩) [લા.] માર. **૦પો** પું૦ પૂજાનો સામાન. **૦રણ, ૦રિણી** સ્ત્રી૦ પૂજા કરનાર સ્ત્રી. **૦રી** પું૦ પૂજા કરનાર પુરુષ. **૦ર્હ** વિ૦ પૂજ્ય. **૦વવું** સ૦ક્રિ૦ 'પૂજવું'નું પ્રેરક. **૦વું** અ૦ક્રિ૦ 'પૂજવું'નું કર્મણિ (૨) સત્કાર પામવો. **–જિત** વિ૦ પૂજાયેલું. **–જ્ય** વિ૦ પૂજવા યોગ્ય (૨) વડીલ (૩) [લા.] જમાઈ કે બનેવી
પૂજ્યારાધે(–ધ્ય) વિ૦ પૂજ્ય અને આરાધ્ય (પત્રની ભાષામાં વડીલને ઉદ્દેશી વપરાય છે)
પૂઠ સ્ત્રી૦ પૂંઠ; શરીરનો પાછલો ભાગ (૨) થાપો (૩) [લા.] કેડો; પીછો. **૦રખું** ન૦ જુઓ પૂંઘિયું. **૦ળ** અ૦ પાછળ. **–ઠિયું** ન૦ પૈડાનો ઘેર જે કકડાઓનો બને છે તેમાંનો દરેક (૨) પાછોટિયું (૩) થાપો. **–ઠું** ન૦ કઠોળ ઉપરનું છોડું (૨) ચોપડીનું ઢાંકણ (૩) થાપો (૪) મૂળનું બંધારણ કે તેની મજબૂતી (શરીરનું). **–ઠે** અ૦ પાછળ [(૨) મધપૂડો
પૂડલો, પૂડો પું૦ લોટ કે દાળના ખીરાની તળેલી પોળી
પૂણવું અ૦ક્રિ૦ ફળવું (માઠી રીતે); નડવું; ખુવાર કરવું
પૂણિયું ન૦ (ચ.) ઘાસ કે ચાર બાંધવાનું લૂગડું; ચારિયું
પૂણી સ્ત્રી૦ કાંતવા માટે પીંજેલા રૂનો વણીને બનાવેલો લાંબો ગોળ આકાર
પૂત પું૦ પુત્ર (૨) વિ૦ [સં.] પવિત્ર
પૂતના સ્ત્રી૦ [સં.] (સં.) કંસે બાળક કૃષ્ણને મારવા મોકલેલી રાક્ષસી; બકાસુરની બહેન
પૂતનીકરણ ન૦ [સં.] કોહી જવું–ગંધાઈ ઊઠવું તે
પૂતળવિધાન ન૦ શબ મળ્યું ન હોય અથવા ભ્રષ્ટ થયું હોય ત્યારે મરનારની સદ્ગતિ માટે અડદના લોટનું પૂતળું કરી વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરવો તે
પૂતળી સ્ત્રી૦ માટી, ધાતુ વગેરેનો બનાવેલો સ્ત્રીનો ઘાટ (૨) આંખની કીકી (૩) [લા.] ખૂબસૂરત સ્ત્રી
પૂતળું ન૦ ધાતુ, પથ્થર, માટી, લાકડું વગેરેની બનાવેલી આકૃતિ–મૂર્તિ
પૂતીકરણ ન૦ [સં.] જુઓ પૂતનીકરણ
પૂન ન૦ પૂંજ; મીંડું (૨) અનુસ્વાર (?)
પૂનમ સ્ત્રી૦ પૂર્ણ ચંદ્ર ઊગવાની તિથિ; પૂર્ણિમા
પૂપ ન૦ પીપ; પરુ
પૂમ સ્ત્રી૦ રૂ પીંજતાં ઊડતી ઝીણી રજ–રુવાંટી (૨) કાપડ ઉપરની રુવાંટી. **૦ડી** સ્ત્રી૦ છોડને વળગી રહેલું રૂ (૨) નાનું પૂમડું. **૦ડું** ન૦ રૂનો બહુ નાનો પિંડ (૨) વચ્ચેથી થોડો ઊભો ભાગ વણીને બનાવેલી પૂમડાની વાટ (૩) ફૂલ
પૂર વિ૦ પૂરેપૂરું; સંપૂર્ણ (૨) ન૦ નવા પાણીનું નદીનાળાંમાં જોસબંધ આવવું તે (૩) પૂરણપોળી ઇ૦નું પૂરણ (૪) અ૦ નામને અંતે 'જેટલું–ના માપે', 'સુધી, પર્યંત' એવા અર્થમાં. ઉદા૦ ચોખાપૂર; વાંસપૂર
પૂરક વિ૦ [સં.] (ખૂટતું) પૂરું કરનાર (૨) પું૦ પ્રાણાયામમાં શ્વાસ અંદર ખેંચવાની ક્રિયા (૩) પૂરક આંકડો કે રકમ (ગ.). **૦તા** સ્ત્રી૦ ખૂટતું પૂરું કરવું તે. **૦કોણ** પું૦ 'સપ્લીમેંટરી ઍંગલ' (ગ.)
પૂરણ વિ૦ [સં.] પૂરનાર; પૂર્ણ કરનાર (૨) ન૦ પૂરવું–ભરવું તે
પૂરણ વિ૦ (પ.) પૂર્ણ (૨) સર્વવ્યાપી (૩) ન૦ પૂરવાની કે પૂરેલી વસ્તુ (ઉદા૦ પોળીનું પૂરણ; જમીનનું પૂરણ). **૦પોળી** સ્ત્રી૦ પૂરણ ભરીને બનાવેલી રોટલી; વેડમી. **–ણી** સ્ત્રી૦ પૂરવું તે (૨) પૂરવાની વસ્તુ (ઈંટ–રોડાં વગેરે) (૩) વધારાનું કથન; પૂર્તિ (૪) ઉશ્કેરણી. **–ત** સ્ત્રી૦ પહેરામણીનો અધૂરો અવેજ પૂરો કરનારી રકમ. **–તું** વિ૦ જોઈએ તેટલું
પૂરપાટ અ૦ પૂરા–અત્યંત વેગથી [ચલાવેલી કવિતા
પૂરવછાયો પું૦ પહેલાંની કડીની છાયા લઈ આગળ
પૂરવવું અ૦ક્રિ૦ પરવડવું; માફક આવવું
પૂરવું સ૦ક્રિ૦ ભરવું; ભરી કાઢવું (૨) ગોંધવું; અટકાયતમાં રાખવું (૩) પૂરું પાડવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરિયા સ્ત્રી૦ એક રાગિણી

પૂરી સ્ત્રી૦ એક તળેલી વાની

પૂરુષ પું૦ [સં.] જુઓ પુરુષ

પૂરું વિ૦ જુઓ પૂર્ણ. **૦પાધરું** વિ૦ પૂરું અને પાધરું

પૂરેપૂરું વિ૦ સંપૂર્ણ

પૂર્ણ વિ૦ [સં.] ઊણું, ખંડિત, ઓછું કે અધૂરું નહિ એવું; પૂરું (૨) સમાપ્ત (૩) ન૦ મીડું; શૂન્ય (૦). **૦તા** સ્ત્રી૦. **૦માસી** સ્ત્રી૦ પૂનમ. **૦વિરામ** ન૦ લખાણમાં વાક્ય પૂરું થયાનું સ્થાન બતાવનાર (.) ચિહ્ન (વ્યા.). **–ર્ણાહુતિ** સ્ત્રી૦ યજ્ઞની સમાપ્તિએ આપેલી આહુતિ (૨) કોઈ પણ કાર્યની સમાપ્તિની ક્રિયા (૩) સમાપ્તિ. **–ર્ણાંક** પું૦ (અપૂર્ણાંકથી ઊલટો) પૂરો અંક. **–ર્ણાંગ** ન૦ આખું અંગ. **–ર્ણિમા** સ્ત્રી૦ પૂનમ. **–ર્ણોપમા** સ્ત્રી૦ ઉપમેય, ઉપમાન, સાધારણ ધર્મ અને ઉપમાવાચક એ બધાં અપાયાં હોય એવી–પૂર્ણ ઉપમા

પૂર્તિ(–ત્તિ) સ્ત્રી૦ [સં.] ઉમેરણ; વધારો

પૂર્વ વિ૦ [સં.] પ્રાચીન (૨) આગળનું; આગલું (૩) ઉગમણું (૪) સ્ત્રી૦ સૂર્યની ઊગવાની દિશા (૫) ન૦ (જૈન) અંગ પૂર્વેના ચૌદ (લુપ્ત) પ્રાચીન ગ્રંથોમાંનો દરેક. **૦ક** વિ૦ સમાસને અંતે 'સહિત', 'થી' એવો અર્થ બતાવે છે. ઉદા૦ શ્રદ્ધાપૂર્વક. **૦કાલીન** વિ૦ પ્રાચીન. **૦ગ** વિ૦ પુરોગ; આગળ જનાર (૨) શબ્દની આગળ આવનાર ઉપસર્ગ જેવો શબ્દ. (ઉદા૦ કુ, પુનર્, કમ, બિન વગેરે). **૦ગામી** વિ૦ પુરોગામી; આગળ–પહેલાં જનાર (૨) પૂર્વે લઈ જનાર. **૦ગ્રહ** પું૦ પહેલેથી જ બંધાયેલો અભિપ્રાય. **૦છાયો** પું૦ કાવ્યને અંતે આવતું વલણ; ઊથલો. **૦જ** પું૦ વડવો; પિતૃ. **૦જન્મ** પું૦ આ જન્મ પહેલાંનો જન્મ. **૦જિયું** ન૦ પૂર્વજોની તૃપ્તિ ખાતર કારતક માસમાં કરાતી ક્રિયા. **૦જ્ઞાન** ન૦ પહેલેથી જાણવું કે જાણેલું તે. **૦તૈયારી** સ્ત્રી૦ આગળથી કરેલી કે કરવાની તૈયારી. **૦દક્ષિણ** વિ૦ પૂર્વ અને દક્ષિણ દિશા વચ્ચેનું (અગ્નિ ખૂણાનું). **૦નિપાત** પું૦ સમાસમાં શબ્દનું અનિયમિત રીતે આગળ આવવું તે (વ્યા.). **૦પક્ષ** પું૦ ચર્ચા કે નિર્ણય માટે કોઈ શાસ્ત્રીય વિષયની બાબતમાં રજૂ કરેલો પક્ષ કે પ્રશ્ન (૨) અદાલતમાં વાદીએ રજૂ કરેલી વાત. **૦પક્ષી** પું૦ પૂર્વપક્ષ રજૂ કરનાર. **૦પદ** ન૦ સમાસ કે વાક્યનું પ્રથમ અંગ. **૦પીઠિકા**, **૦ભૂમિકા** સ્ત્રી૦ ભૂમિકા; ઉપોદ્ઘાત. **૦મીમાંસા** સ્ત્રી૦ જૈમિનિ મુનિએ રચેલું કર્મકાંડપ્રધાન દર્શન (જુઓ ષડ્દર્શન). **૦રંગ** પું૦ નાટકની શરૂઆતમાં વિઘ્નોની શાંતિ માટે નટોએ કરેલ સંગીત, સ્તુતિ વગેરે (કા.શા.). **૦વત્** અ૦ પહેલાંની જેમ. **૦શરત** સ્ત્રી૦ કશું થતા કે કરતા પહેલાંની આવશ્યકતા; પહેલેથી હોવી જોઈતી શરત; 'પ્રીરેક્વિઝીટ'. **૦સિદ્ધ** વિ૦ પહેલાં સિદ્ધ થયેલું. **૦હિંદી** સ્ત્રી૦ અયોધ્યા અને તેના દક્ષિણ પ્રદેશની ભાષા. **–ર્વાપર** વિ૦ આગલુંપાછલું (૨) અ૦ આગળપાછળ. **–ર્વા ફાલ્ગુની** સ્ત્રી૦ અગિયારમું નક્ષત્ર. **–ર્વા ભાદ્રપદા** સ્ત્રી૦ પચીસમું નક્ષત્ર. **–ર્વાભિમુખ** વિ૦ પૂર્વ તરફના મોંનું. **–ર્વાર્ધ** પું૦; ન૦ આગલો અડધો ભાગ. **–ર્વાલાપ** પું૦ ઉપોદ્ઘાત; પ્રસ્તાવના. **–ર્વાવસ્થા** સ્ત્રી૦ ઘડપણ પહેલાંનું જીવન. **–ર્વાશ્રમ** પું૦ સંન્યાસ પહેલાંનું જીવન. **–ર્વાષાઢા** સ્ત્રી૦ વીસમું નક્ષત્ર. **–ર્વાંગ** ન૦ પ્રથમ અંગ–ભાગ. **–ર્વે** અ૦ પહેલાં. **–ર્વોક્ત** વિ૦ પહેલાં કહેવાયેલું. **–ર્વોત્તર** વિ૦ પૂર્વ અને ઉત્તર દિશા વચ્ચેનું (ઈશાન ખૂણાનું). **–ર્વોપાર્જન** ન૦ પૂર્વની કરેલી કમાણી (૨) પૂર્વજન્મના સંસ્કાર વગેરે. **–ર્વોપાર્જિત** વિ૦ પૂર્વે કે પૂર્વજન્મમાં કમાયેલું

પૂર્વી સ્ત્રી૦ [સં.] એક રાગિણી

પૂષા પું૦ [સં.] સૂર્ય

પૂળાછૂટ વિ૦ અમુક રૂપિયા બદલ અમુક મુદત માટે જમીન પાછી આપવી એવું (ગીરો)

પૂળિયું ન૦ નાનો પૂળો. **પૂળી** સ્ત્રી૦ ઘાસની ઝૂડી

પૂળો પું૦ ઘાસ કે કડબનું મોટું પૂળિયું

પૂંખ સ્ત્રી૦ છાપરાનો બે બાજુ બહાર પડતો ભાગ–પાંખ. **૦ડું** ન૦ પાંખડું; નાની ડાળી. **૦લું** ન૦ તીરનો પીછાંવાળો છેડો

પૂંખવું સ૦ક્રિ૦ પોંખણાં વડે વરકન્યાને વધાવવાં. **પૂંખાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક). **પૂંખાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

પૂંછ, ૦ડું ન૦ પૂછડું. **૦ડિયું** વિ૦ પૂંછડીવાળું. **૦ડી** સ્ત્રી૦ પૂંછડી; પુચ્છ. **૦લેલ** વિ૦ ગળિયો; થાકીને બેસી પડેલો (બળદ)

પૂંજ સ્ત્રી૦; ન૦ મીડું; અનુસ્વાર

પૂંજણી સ્ત્રી૦ ભીંડી કે સૂતરની સાવરણી (૨) સાવરણી

પૂંજી સ્ત્રી૦ દોલત

પૂંજું ન૦ (સુ.) ડાંગરનું પરાળ

પૂંજો પું૦ કચરો; વાસીદું

પૂંઠ, ૦રખું, ૦ળ, –ઠિયું, –ઠું, –ઠે જુઓ 'પૂઠ'માં

પૂંઠેવાળ વિ૦ જુઓ પુઠેવાળ

પૂંઢિયું ન૦ કોસ હાંકનારને પૂંઠના ભાગ ઉપર બાંધવાનો ચામડાનો કકડો; પૂંઠરખું (૨) ધોતિયાની વચમાં મારેલું લાંબું મોટું થીંગડું (૩) ડાંહિયું ધોતિયું

પૂંપરો પું૦ દીકરો

પૂંભડી સ્ત્રી૦ જુઓ પૂમડી. **–ડું** ન૦ જુઓ પૂમડું

પૃચ્છક વિ૦ (૨) પું૦ [સં.] પૂછનાર માણસ. **૦બુદ્ધિ** સ્ત્રી૦ પ્રશ્ન કરીને જાણવાની ઇચ્છા; જિજ્ઞાસા

પૃચ્છા સ્ત્રી૦ [સં.] પ્રશ્ન; તપાસ

પૃતના સ્ત્રી૦ [સં.] ફોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથક્ અ૦ [સં.] અલગ; છૂટું. –**ક્કરણ** ન૦ ઘટક તત્ત્વો જુદાં પાડવાં તે. –**ક્કારક** વિ૦ છૂટું પાડનારું. –**ક્કૃતિ** સ્ત્રી૦ પૃથક્કરણ. ૦**ક્રિયા** સ્ત્રી૦ પૃથક્ કરવાની રીત. –**ક્ત્વા** સ્ત્રી૦, –**ક્ત્વ** ન૦ ભિન્નતા. ૦**શિક્ષણ** ન૦ એકેક વિદ્યાર્થીને છૂટો છૂટો ભણાવવો તે (સમૂહશિક્ષણથી ઊલટું). –**ગ્જન** પું૦ ઇતર સામાન્ય માણસ (૨) નીચ કે મૂર્ખ માણસ. –**ગ્વેણી** પું૦ સંગીતમાં એક અલંકાર

પૃથા સ્ત્રી૦ [સં.] (સં.) કુંતી [(૩) જમીન

પૃથિવી સ્ત્રી૦ [સં.] પૃથ્વી ગ્રહ (૨) પંચમહાભૂતોમાંનું એક

પૃથુ, ૦**લ** વિ૦ [સં.] પહોળું; વિસ્તીર્ણ

પૃથ્વી પું૦ એક છંદ [૦**શ** પું૦ રાજા

પૃથ્વી સ્ત્રી૦ [સં.] જુઓ પૃથિવી. ૦**નાથ**,૦**પતિ**,૦**પાલ**,

પૃષોદરાદિસમાસ પું૦ [સં.] નિયમવિરુદ્ધ સમાસનો એક વર્ગ. ઉદા૦ 'અશ્વત્થામા'

પૃષ્ઠ ન૦ [સં.] પીઠ; વાંસો (૨) [ગ્રંથનું] પાન (૩) સપાટી. ૦**ફળ** ન૦ આકૃતિની સપાટીનું ક્ષેત્રફળ. ૦**ભાગ** પું૦ આકૃતિની સપાટીનો ભાગ (૨) પાછલો ભાગ. ૦**વંશ** પું૦ કરોડરજ્જુ. ૦**વંશી** વિ૦ પૃષ્ઠવંશવાળું (૨) ન૦ તેવું પ્રાણી; 'વર્ટેબ્રેટ'

પેક વિ૦ પક્કું; હોશિયાર

પેકાન ન૦ બાણનું ફળ [જોવું

પેખણુ ન૦ પેખવું તે. –**ણું** ન૦ તમાશો. –**વું** સ૦ક્રિ૦

પેગંબર પું૦ જુઓ પયગંબર

પેગામ પું૦ પયગામ; સંદેશ. –**મી** પું૦ દૂત

પેચ પું૦ [ફા.] આંટો; વળ (૨) વળવાળી ખીલી; સ્ક્રૂ (૩) [લા.] યુક્તિ; તદબીર; પ્રપંચ (૪) ફંદો; જાળ; મુશ્કેલી (૫) પતંગની દોરીઓનો કટાવ. ૦**દાર** વિ૦ યુક્તિબાજ. –**ચિયું** વિ૦ પેચ ખોલવા તથા બેસાડવાનું સાધન. –**ચી**(૦**લું**) વિ૦ યુક્તિબાજ

પેજ સ્ત્રી૦ ચોખાની કાંજી (૨) પવાત. ૦**ખાતું** ન૦ કપડાંને જયાં પવાત કરવામાં આવે છે તે ખાતું

પેજાર સ્ત્રી૦, –**રું** ન૦ પેંજાર; મોજડી; પગરખું

પેજારી સ્ત્રી૦ (સુ.) ઘરમાં ભોંયતળિયે પાછળ આવેલો છાપરાવાળો ચોક

પેટ ન૦ જઠર (૨) જઠર વગેરે ભાગોની શરીરની આખી અખોલ (૩) [લા.] આજીવિકા (૪) ગર્ભાશય (૫) પોતાનું સંતાન; પોતાનો આખો વેલો–વંશ (૬) અંતર; મન (૭) કોઈ વસ્તુનો અંદરનો ભાગ; પેઠું. ૦**ખાઈ** સ્ત્રી૦ ખાધાખરચી; ખોરાકી. ૦**પૂર** વિ૦ પેટ ભરાય એટલું. ૦**બળ્યું** વિ૦ અંદરથી અકળાયેલું–દાઝેલું. ૦**બેસણું** ન૦ વારંવાર જુલાબ થવો તે; ઝાડો. ૦**ભરું** વિ૦ પેટ ભરવાની જ કાળજીવાળું (૨) એકલપેટું (૩) પેટિયું. ૦**વરો** પું૦ ખોરાકીખર્ચ [સળગવું

પેટ(–ટા)વવું સ૦ક્રિ૦ સળગાવવું. **પેટ(–ટા)વું** અ૦ક્રિ૦

પેટારો પું૦ પટારો

પેટાવવું, **પેટાવું** જુઓ 'પેટવવું'માં

પેટાળ ન૦ પેટ; અંદરનો ભાગ

પેટિયું વિ૦ પેટપૂર અન્ન બદલ નોકરી કરનારું (૨) ન૦ પેટનું ખર્ચ; રોજનું ખાવાનું (૩) પગાર પેટે આપેલું પેટપૂર અન્ન (૪) પગાર; રોજ

પેટી સ્ત્રી૦ કાંઈ મૂકવા માટે કરાતી એક બનાવટ (૨) છાતીને પેટીના જેવું રક્ષણ આપે એવો એક જાતનો કબજો. ૦**જાજરૂ** ન૦ પેટી જેવી, જાજરૂ માટેની સવડની બનાવટ; 'કોમોડ'

પેટું ન૦ કોઈ પણ ચીજનો વચ્ચેથી પોલો કે દુંદની પેઠે ઊપસેલો ભાગ (૨) મોટી ચીજની અંદર સમાતો ભાગ–અંશ (૩) સમાસના પૂર્વપદ તરીકે, 'ગૌણ', 'અંદર સમાતું' એવા અર્થમાં (૪) (તિરસ્કારમાં) પેટી. –**ટાખાતું** ન૦ પેટામાં આવેલું–ગૌણ ખાતું. –**ટાખાનું** ન૦ મુખ્ય ખાનાના પેટામાં આવેલું તે. –**ટાજાતિ** સ્ત્રી૦ મોટી જાતિનો એક ફાંટો. –**ટાજ્ઞાતિ** સ્ત્રી૦ મુખ્ય જ્ઞાતિનો એક ભાગ. –**ટાનિયમ** પું૦ મુખ્યના ભાગ તરીકે આવતો–ગૌણ નિયમ; 'બાઈ-લૉ'. –**ટાપંથ** પું૦ સંપ્રદાયનો ફાંટો. –**ટાબાબત** સ્ત્રી૦ પેટામાં જણાવેલી બાબત (૨) ગૌણ બાબત. –**ટા**(૦**વિ**)**ભાગ** પું૦ ભાગનો ભાગ. –**ટાભાગિયો** પું૦ મોટા ભાગીદારોનો હિસ્સેદાર. –**ટારકમ** સ્ત્રી૦ મુખ્યના પેટામાં આવેલી રકમ. –**ટાસમિતિ** સ્ત્રી૦ મોટી સમિતિએ નીમેલી નાની સમિતિ. –**ટાંફોડ** વિ૦ જુઓ કાપતું; કાપી (વ્યાજ)

પેટ્ટુ વિ૦ સ્વાર્થી

પેટે અ૦ બાબતમાં (૨) સાટે; બદલામાં

પેટ્રોલ ન૦ [ઇં.] (મોટરમાં વપરાતું) એક ખનિજ તેલ

પેઠ,–**ઠે** અ૦ રીતે; માફક

પેડુ(–**ડુ**) ન૦ દૂંટીની નીચેનો પેટનો ભાગ

પેડું ન૦ ટોળું (૨) ભવૈયાનું ટોળું (૩) ન૦ (કા.) દૂધ કે દહીં ભરવાનું માટીનું વાસણ (૪) એક જાતનું ઘાસ

પેડો પું૦ રાંધવાનું માટીનું મોટું વાસણ

પેઢલી સ્ત્રી૦ છાજલી; 'શેલ્ફ'

પેઢવું સ૦ક્રિ૦ ફળવું (૨) ન૦ પેઢું; અવાળું

પેઢી સ્ત્રી૦ શરાફની દુકાન (૨) વેપારીની કોઠી (૩) વંશપરંપરાનું પગથિયું. ૦**આગત** વિ૦ પેઢીઉતાર આવેલું. ૦**ઉતાર** વિ૦ પેઢી દર પેઢી ચાલતું આવેલું (૨) અ૦ પેઢી દર પેઢી. ૦**નામું** ન૦ વંશવૃક્ષ. ૦**પંચક** ન૦ વંશનો નાશ કરનાર

પેઢુ ન૦ જુઓ પેડુ

પેઢું ન૦ દાંતનાં મૂળ ઢાંકતો ભાગ; અવાળુ

પેણી સ્ત્રી૦ તાવડી. –**ણો** પું૦ મોટી પેણી

પૈદ સ્ત્રી૦ વાસંચાર; પાદ (?)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેદળ ન૦ પાયદળ (૨) અ૦ પગે ચાલીને (૩) વિ૦ પગે ચાલનારું; પગપાળું

પેદા વિ૦ [फा.] ઉત્પન્ન (૨) કમાયેલું; મેળવેલું. ૦શ સ્ત્રી૦ ઉત્પન્ન; ઊપજ [મળવાથી ફાવવું

પેધવું અ૦ક્રિ૦ પેંધવું; ટેવાવું; આદત પડવી (૨) લાગ

પેધું વિ૦ પેંધું; પેધેલું (૨) ન૦ પેંધવું તે; ટેવ

પેન સ્ત્રી૦ [इं.] પથ્થરપેન (૨) અંદર શાહી ભરી રખાય એવી એક જાતની કલમ 'ફાઉન્ટન-પેન'

પેનસિલ સ્ત્રી૦ [इं.] સીસાપેન; પેન્સિલ

પેની સ્ત્રી૦ [इं.] તાંબાનો અંગ્રેજી ચલણી સિક્કો

પેન્શન ન૦ [इं.] નોકરી બદલ, તેમાંથી નિવૃત્ત થયે મળતો બેઠો પગાર. ૦ર પું૦ પેન્શન મેળવનાર

પેન્સ પું૦ [इं.] પેની

પેન્સિલ સ્ત્રી૦ [इं.] સીસાપેન

પેપડી સ્ત્રી૦ પીપરનું ફળ

પેપડું વિ૦ જુઓ પેપું

પેપર ન૦ [इं.] વર્તમાનપત્ર; છાપું

પેપલી સ્ત્રી૦ કોકડું વળેલી ચોખાની પાપડી

પેપું વિ૦ સ્ફૂર્તિ વગરનું; ઢીલું; પોચું

પેપો પું૦ પીપળાનું ફળ

પેમલું વિ૦ જુઓ પોમલું

પેમાએશ સ્ત્રી૦ જમીન-માપણી

પેય વિ૦ [सं.] પીવા યોગ્ય; પીવાનું (૨)ન૦ પી શકાય એવું ખાદ્ય (૩) પીણું (ચા, કૉફી વગેરે) [પું૦ પગ

પેર [પે] સ્ત્રી૦પ્રકાર; રીત (૨) ખબર (૩) તદબીર (૪) [हिं.]

પેર સ્ત્રી૦ પેરાઈ (૨) ન૦ પેરુ; જામફળ [દરજ્જો

પેરવી સ્ત્રી૦ [फा.] તજવીજ; ગોઠવણ; યુક્તિ(૨) પ્રયત્ન(૩)

પેરવું સ૦ક્રિ૦ વાવવું [વચ્ચેનો ભાગ

પેરાઈ, પેરી સ્ત્રી૦, **પેરિયું, પેરું** ન૦ સાંઠાની બે ગાંઠ

પેરુ ન૦ જામફળ; પેર (૨) [इं.] (સં.) દક્ષિણ અમેરિકાનો એક દેશ

પેરે અ૦ પ્રકારે (૨) પેઠે

પેરા [इं.], **–રો** પું૦ ફકરો; કંડિકા

પેલ, ૦લું ન૦ પીંજેલા રૂની થેપલી; પોલવું

પેલું વિ૦ (૨) સ૦ સામે આંગળીથી બતાવેલું; ઓલ્યું (૩) આવતા પરમ દિવસ પછીનો કે ગયાની પૂર્વનો (દિવસ)

પેશ(–શો) પું૦ ધંધો

પેશ અ૦ [फा.] આગળ; ઉપરી અધિકારી તરફ (૨) આગળ; ઠેઠ. **૦કદમી** સ્ત્રી૦ સામે લેવા જવું તે. **૦કશ** પું૦, **૦કશી** સ્ત્રી૦ખંડણી. **૦કાર** પું૦ કારભારી; શિરસ્તેદાર (૨) ખવાસ; હજૂરિયો. **૦ગા** સ્ત્રી૦ આંગણું (૨) આંગણાં કે તખ્ત ઉપર પાથરેલું પાથરણું **૦ગી** સ્ત્રી૦ કામ પેટે આગળથી આપેલું લવાજમ; બાનું. **૦દસ્તી** સ્ત્રી૦ આગળ થઈને કરેલું અનુચિત કામ–જબરદસ્તી

પેશવા પું૦ [फा.] પેશ્વા; આગેવાન (૨) સતારાના મરાઠા રાજાઓનું વંશપરંપરાગત પ્રધાનવટું ધરાવનાર બ્રાહ્મણ (૩) મુખ્ય પ્રધાન. ૦ઈ વિ૦ પેશવાને લગતું (૨) સ્ત્રી૦ પેશવાઓનું પ્રધાનવટું–અમલ (૩) પેશવાઓનો રાજ્યકાળ કે તેમનું સામ્રાજ્ય

પેશવાજ પું૦ [फा.] બીબીઓનો એક ઘેરદાર જામો

પેશાની સ્ત્રી૦ [फा.] નસીબ

પેશાબ પું૦ [फा.] મૂતર. ૦ખાનું મુતરડી

પેશી સ્ત્રી૦[सं.] માંસનો લોચો; 'ટિશ્યુ' (૨)[ફણસ, ખજૂર જેવાં] ફળના ગરનો પિંડ

પેશી સ્ત્રી૦[फा.] કેસની સુનાવણી; આગળ કેસ ચાલવો તે

પેશીનગોઈ સ્ત્રી૦ [फा.] ભવિષ્યવાણી

પેશો પું૦ [फा.] પેશ; ધંધો; કસબ

પેશ્તર વિ. [फा.] પેસ્તર; આગામી

પેશ્વા, ૦ઈ [फा.] જુઓ 'પેશવા'માં

પેસનીકળ સ્ત્રી૦પેસવું અને નીકળવું તે (૨) [ला.] કારભાર

પેસવું અ૦ક્રિ૦ દાખલ થવું; પ્રવેશ કરવો. **પેસાડવું** સ૦ક્રિ૦ (પ્રેરક) [ગાઢ સંબંધ

પેસાર(–રો) પું૦ દાખલ થવું તે; પ્રવેશ (૨) પરિચય;

પેસેન્જર સ્ત્રી૦ [इं.] ઉતારુઓ લાવતી લઈ જતી રેલગાડી (એ સામાન્ય રીતે દરેક સ્ટેશને ઊભી રહે છે.) (૨) વાહનનો મુસાફર

પેસ્તર વિ૦ પેશ્તર; આગામી

પેળ પું૦ વૃષણ

પેં અ૦ (પ.) સરખામણીમાં; મુકાબલે (૨) ઉપર

પેંગડું ન૦ ઘોડેસવાર જેમાં પગ રાખે છે તે–કડું; રકાબ

પેંજાર સ્ત્રી૦,**–રું** ન૦ પૈજાર; પગરખું [આવે છે તે

પેંઠ સ્ત્રી૦હૂંડી ગેરવલ્લે પડ્યાથી બીજી વાર લખી આપવામાં

પેંડો પું૦ પિંડ; (માટીનો) લોંદો (૨) દૂધના માવાની બનાવેલી એક મીઠાઈ

પેંતરો પું૦ કુસ્તી વગેરેની શરૂઆતમાં આગલા પગને જરા વાળીને અને પાછલા પગને ટટાર રાખી ઊભા રહેવું તે; પવિત્રા (૨) યુક્તિ; પ્રપંચ

પેંતાન ન૦ ડોળ [પેંધું

પેંધવું અ૦ક્રિ૦ જુઓ પેધવું. **પેંધું** વિ૦ (૨) ન૦ જુઓ

પૈ ન૦ + પૈડું

પૈકી અ૦ –માંનું; –માંથી

પૈડું ન૦ ચક્ર; ચાક

પૈતામહક વિ૦ [सं.] પિતામહને લગતું

પૈતું ન૦ પાતળો કકડો; કાતળી

પૈતૃક વિ૦ [सं.] બાપીકું; વારસામાં મળેલું

પૈશાચ વિ૦ [सं.] રાક્ષસી (૨) પું૦ લગ્નના આઠ પ્રકારો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંનો એક (જેમાં સૂતેલી, મદ્યપાનથી વિહ્વલ બનેલી કે ઉન્મત્ત કન્યા સાથે સંભોગ કરી લગ્ન કરવામાં આવે છે)

પૈશાચિક વિ૦ [સં.] પૈશાચી [પ્રકાર

પૈશાચી વિ૦ રાક્ષસી (૨) સ્ત્રી૦ [સં.] પ્રાકૃત ભાષાનો એક

પૈશુન(-ન્ય) ન૦ [સં.] પિશુનતા

પૈસાદાર વિ૦ ધનવાન

પૈસો પું૦ એક તાંબાનો સિક્કો; આનાનો ચોથો ભાગ (૨) [લા.] દોલત; ધન. ૦ટકો પું૦ ધન; પૂંજી

પો સ્ત્રી૦ પાસાના દાવમાં એકનો દાવ (૨) કોડીઓના દાવમાં ૧૦, ૨૫ અને ૩૦ જેવા દાણા કે તે પડે ત્યારે લેવાનો એક વધુ દાણો (૩) ચોપટમાં પહેલું ખાનું

પો (હશ્રુતિ) પું૦ પોહ; પરોઢિયું

પોઈ સ્ત્રી૦ એક વેલ

પોઈસ અ૦ 'વાટમાંથી ખસી જાઓ' એવું જણાવનારો ઉદ્ગાર (૨) [સુ.] માત; સીધુંદોર કરેલું

પોક સ્ત્રી૦ બૂમ પાડીને રડવું તે. ૦રાણ ન૦ પોકાપોકનો અવાજ. ૦રાવવું સ૦ક્રિ૦ પોકારે એમ કરવું. ૦શ્રાદ્ધ ન૦ જાણે કોઈ મરી ગયું હોય એમ મોટેથી પોક મૂકીને રડવું તે

પોકળ વિ૦ પોલું (૨) ખોટું. ૦તા સ્ત્રી૦

પોકળી સ્ત્રી૦ ખાલી જગા

પોકંડી ન૦ એક પક્ષી

પોકાર પું૦ બૂમ (૨) ફરિયાદ. ૦ણ ન૦ પોકારવું તે. ૦વું સ૦ક્રિ૦મોટે ઘાંટે-બૂમ પાડીને બોલવું કે કોઈને બોલાવવું

પોકેપોક અ૦ પોકે પોકે; ખૂબ પોકો પાડીને

પોખરાજ પું૦ પીળા રંગનું એક રત્ન

પોખરો પું૦ (કા.) જાજરૂ કે મુતરડીની બેઠક

પોખવું સ૦ક્રિ૦ + પોંખવું (પ.)

પોગળ ન૦ ભોપાળું

પોગળી સ્ત્રી૦ ગાંસડી

પોચ સ્ત્રી૦ દાણા વગરનું ખોખું (ડાંગરનું). ૦કણ વિ૦ પોચું; બીકણ; પચકણ. ૦કું ન૦ છાણનો લોંદો. ૦ટ(-ડ) વિ૦ પોચું. ૦રડું ન૦ બીજ ન થયું હોય અથવા અંદર મરી ગયું હોય એવી સીંગ

પોચું વિ૦ નરમ; દબાયું દબાય એવું (૨) નબળું; ઢીલું; કઠણથી ઊલટું (૩) [લા.] બીકણ; પોચકણ

પોટકી(-લી) સ્ત્રી૦ નાની ગાંસડી. -કું(-લું) ન૦ ગાંસડી

પોટલિયું વિ૦ પોટલીના ઘાટનું (૨) પોટલામાં વીંટેલું. -યો પું૦ ઘોડાના સામાન સાથે રહી શકે તેવી ચપટા ઘાટની ચામડાની મસક (૨) સોના કે રૂપાંનો લંબગોળ મણકો

પોટલી, -લું જુઓ 'પોટકી'માં. -લો પું૦ મોટું પોટલું

પોટાશ(-સ) પું૦ [ઇં.] એક રાસાયનિક દ્રવ્ય-ક્ષાર

પોટીસ સ્ત્રી૦ ગડગૂમડ પકવવા માટે ઘઉંના લોટ વગેરેની ગરમ લૂગદી

પોટો પું૦ ફાનસનો ગોળો (૨) ચકલીનું બચ્ચું (૩) એક જાતના ઘઉંનો દાણો

પોઠ સ્ત્રી૦ પ્રાણીની પીઠ પર નખાય તેવી બેવડી ગૂણ (૨) વણજાર (૩) પોઠિયો. -ઠિયો પું૦ પોઠ ઉપાડનાર બળદ (૨)મહાદેવનો નંદી.-ઠી પું૦ પોઠનો બળદ (૨) વણજારો

પોડું ન૦ લીંપણના જાડા થરનો કકડો

પોઢણ ન૦ શયન. -વું અ૦ક્રિ૦ સૂવું

પોઢાડવું સ૦ક્રિ૦ 'પોઢવું'નું પ્રેરક

પોણ ન૦ + પણ; પ્રતિજ્ઞા

પોણચવડું વિ૦ પુણચવડું; વાંકું; અસત્ય

પોણા પું૦બ૦વ૦પોણાના આંક.-ણિયું વિ૦પોણા ભાગનું. -ણિયો વિ૦પું૦ [લા.] બાયલો; રાંડવો. -ણીસો વિ૦ સોમાં પા ઓછો; '૯૯॥'. -ણું વિ૦ આખામાં પા ઓછું; '૦॥।'. -ણોસો વિ૦ પંચોતેર

પોત ન૦ કસ ખોલવી તે (૨) પોતાનું ખરું સ્વરૂપ

પોત ન૦ [સં.] બાળક; બચ્ચું (૨) કપડું (૩) પું૦ મછવો (૪) [લા.] વસ્ત્રનો વણાટ (૫) મરનારનાં નજીકનાં સગાંનો શોક મુકાવવા બીજાં સગાં વસ્ત્ર કે તેની કિંમત આપે છે તે. ૦જ વિ૦ પોત-બચ્ચારૂપે અવતરતું (અંડજ નહિ). ૦ડી સ્ત્રી૦ ધોતી. -તારો પું૦ ભીનું પોતું (૨) પોતું ફેરવવું તે. -તિયું ન૦ નાનું ધોતિયું. -તી સ્ત્રી૦ ધોતી. -તું ન૦ પાણીમાં ભીંજવેલો લૂગડાનો કકડો (૨) ચૂનામાં કે રંગમાં ભીંજવેલો કૂચડો

પોતદાર પું૦ [હિં.] ખજાનચી

પોતનીસ પું૦ [હિં.] ખજાનાનો હિસાબનીસ

પોતપોતે સ૦ પોતે પોતે; દરેક જાતે

પોતરો પું૦ પૌત્ર [અહંભાવ

પોતાપણું ન૦ આત્મીયભાવ (૨) વ્યક્તિત્વ (૩) અસ્મિતા;

પોતીકું વિ૦ પોતાનું; સ્વકીય [ભરણું (૩) પોયું

પોતું ન૦ જુઓ 'પોત'માં (૨) સરકારી ખજાનામાં મહેસૂલનું

પોતે સ૦ જાતે; પંડે [ફોલ્લીઓ નીકળી આવે છે

પોથકી સ્ત્રી૦એક નેત્રરોગ, જેમાં પોપચાંના અંદરના ભાગમાં

પોથાળવું અ૦ક્રિ૦ (કા.) પલાયન કરવું

પોથી સ્ત્રી૦ પોઈની વેલ (૨) પોઈના રંગમાં કે અળતામાં બોળી રાખેલું રૂનું પોલ (૩) લાંબાં છૂટાં પાનાંનું પુસ્તક. -થું ન૦ મોટી પોથી-પુસ્તક (તુચ્છકારમાં)

પોદળો પું૦ છાણનો લોંદો (એક વારનો-એકસાથે કરેલો)

પોપ ન૦ ફણગો (૨) પડ; થર [વડો ધર્માધિકારી

પોપ પું૦ [ઇં.] રોમમાં રહેતો રોમન કૅથલિક સંપ્રદાયનો

પોપચું ન૦ આંખનું પાંપણવાળું ઢાંકણ (૨) ખસખસનો દાણા બાઝ્યા વગરનો દોડો (૩) દાણા બાઝ્યા વગરની શિંગ (૪) પોપડી

પોપટ પું૦ લીલા જેવા રંગનું એક પક્ષી; શુક. -ટિયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિ૦ પોપટના જેવા રંગનું કે તેના નાકના આકારનું. –ટી વિ૦ પોપટિયું (૨) સ્ત્રી૦ પોપટની માદા

પોપટી સ્ત્રી૦ એક છોડ-વેલો (૨) [ચ.] દિવેલામાં પડતો એક રોગ. –ડું ન૦ પોપટીનું ફળ-દાણો

પોપટો પું૦ ચણાની શિંગ

પોપડી સ્ત્રી૦ નાનો પોપડો–પડ. –ડું ન૦ નાનો પોપડો (૨) માત્ર ઘાસ ઊગે તેવી જમીન. –ડો પું૦ઊપસેલું, ઊખડેલું કે લાગેલું પડ (૨) માત્ર ઘાસ ઊગે તેવી જમીન

પોપલાં ન૦બ૦વ૦ અશક્તિનાં ફાંફાં. –લું વિ૦ પોચું; કાંઈ સહન કરી શકે નહિ તેવું (૨) લડાવેલું; લાડકું કરી નાખેલું (૩) નકામાં ફાંફાં મારતું

પોપાગાળું વિ૦ પોપલું

પોપું વિ૦ કાંગું; પોચું (૨) ન૦ કાંગાપણું; પોચાપણું

પોપૈયું ન૦(કા.) એક ફળ; પપૈયું.–યો પું૦તેનું ઝાડ;પપૈયો

પોપો પું૦ કાજળનું ટપકું; નજરિયું (૨) અજાણ્યો ચોર (બાળકને કહેવામાં)

પોબાર પું૦બ૦વ૦ ત્રણ પાસાની રમતમાં ૭, ૭ અને એક, એમ કુલ તેર દાણાનો દાવ (૨) ફતેહ

પોબારા ગણવા શ૦પ્ર૦ નાસી જવું

પોમચો પું૦ સ્ત્રીઓનું એક જાતનું લૂગડું

પોમલું વિ૦ હરખઘેલું (૨) પોપલું

પોમાવું અ૦ક્રિ૦ હરખાઈ જવું

પોયણ(–ણી) સ્ત્રી૦ કમળની વેલ. –ણું ન૦ કમળ; રાત્રે ખીલતું કમળ [ગણાય તે મુકરર કરેલી હદ

પોયું ન૦ ગેડીદડાની રમતમાં જ્યાં દડો પહોંચાડવાથી જીત

પોર ન૦ પરું; ગામ પાસેની નાની વસાહત

પોર ['પો'માં હશ્રુતિ] અ૦ ગયે વર્ષે કે આવતે વર્ષે

પોરવવું સ૦ક્રિ૦ પરોવવું (દોરાનું)

પોરસ પું૦ ખુશાલીનો ઉકરાંટો (૨) શૂરાતન; પાણી. **–સાવવું** સ૦ક્રિ૦ 'પોરસાવું'નું પ્રેરક. **–સાવું** અ૦ક્રિ૦ આનંદથી ઊભરાવું (૨) જુસ્સો ચડવો. **–સીલું** વિ૦ પોરસવાળું; શૂર; પાણીદાર

પોરિયું ન૦ છોકરું. –યો પું૦ છોકરો. **પોરી** સ્ત્રી૦ છોકરી

પોરૂકું વિ૦ પોરનું; ગઈ સાલનું

પોરો પું૦ પાણીમાં થતો એક બારીક જીવ (૨) અવસર; સમો (૩) કૂવામાંથી પાણી કાઢવાનું લાંબા ઘાટનું પહોળા મોંનું વાસણ

પોર્ટુગીઝ સ્ત્રી૦ [ઇં.] પોર્ટુગલ દેશની ભાષા (૨) પું૦ તે દેશનો વતની (૩) વિ૦ તે દેશ કે વતનીને લગતું

પોલ [પો] પું૦પીંજેલું રૂ (૨) ન૦ પોચું ગોદડું (૩) પોલવું

પોલ સ્ત્રી૦;ન૦ પોલાણ (૨) [લા.] મિથ્યા દેખાવ; જૂઠાણું (૩) અંધાધૂંધી; ગોટાળો. ૦કાર(–રું) ન૦બાકું. ૦કારવું સ૦ક્રિ૦ કોરી કાઢવું; બાકું પાડવું. ૦કારિયું ન૦ બાકું

પોલકું ન૦ સ્ત્રીઓ કે બાળકોનું એક જાતનું બદન

પોલરું ન૦ શેરડીની આંખ (૨) પગની પોલી કડલી

પોલંપોલ ન૦ સાવ પોલ હોવું તે (જુઓ પોલ)

પોલવું ન૦ રૂની નાની થેપલી

પોલાણ ન૦ પોલાપણું; પોલો ભાગ [(૨)[લા.] મજબૂત

પોલાદ ન૦ ખરું–તીખું લોઢું; ગજવેલ. –દી વિ૦પોલાદનું

પોલાર ન૦ પોલ; કાણું. ૦વું સ૦ક્રિ૦ કોરવું; કાણું પાડવું. –રિયું ન૦પોલારવાનું ઓજાર (સોનીનું).–રું,–ળ વિ૦પોલું

પોલિસી સ્ત્રી૦ [ઇં.] વીમાખત

પોલીસ પું૦ [ઇં.] સિપાઈ (૨) સ્ત્રી૦ પોલીસની ફોજ. **૦કોર્ટ** સ્ત્રી૦ નાના નાના ગુનાની ફોજદારી અદાલત. **૦ચોકી** સ્ત્રી૦ પોલીસની ચોકી. **૦પટેલ** પું૦ ગામની પોલીસવ્યવસ્થાનો સત્તાધીશ; મુખી [દેખાવનું

પોલું વિ૦ વચ્ચે પોલાણવાળું–ખાલી (૨) [લા.] મિથ્યા

પો(૦વ)વું સ૦ ક્રિ૦ પરોવવું (૨) ગબીમાં નાંખવું

પોશ પું૦; સ્ત્રી૦ ખોબો [સ્ત્રી૦ પોશાળ; અપાસરો

પોશધ પું૦ શ્રાવકે કરવાનું એક વ્રત; પૌષધ. **૦શાળા**

પોશાક પું૦ [फा.] પહેરવેશ; લેબાસ (૨) પહેરવાનાં વસ્ત્ર. –કી સ્ત્રી૦ લૂગડાંલત્તાં કે તેનું ખરચ

પોશાગીર પું૦ પહેલવાન (૨) ફાંકડો થઈ ફરનારો (૩) ઠગ

પોશાલય ન૦; **પોશાળ** સ્ત્રી૦ જુઓ પોશધશાળા

પોશિંદું વિ૦ આશરો–ઉત્તેજન આપનાર; મુરબ્બી(૨)ગુપ્ત

પોષ(–સ) પું૦ [સં.] વિક્રમ સંવતનો ત્રીજો મહિનો; પૌષ

પોષક વિ૦ [સં.] પોષણ કરનાર. ૦તા સ્ત્રી૦. ૦વાયુ પું૦ પ્રાણવાયુ; 'ઑક્સિજન'. [ન૦ પોષક વસ્તુ

પોષણ ન૦ [સં.] પોષવું તે (૨) ગુજરાન; નભાવ. **–ણિયું**

પોષ(–સ)વું સ૦ક્રિ૦ ખવરાવી પિવરાવી જતન કરવું (૨) [લા.] ઉત્તેજન–મદદ આપવી.

પોષા(–સા)વું અ૦ક્રિ૦ 'પોષવું'નું કર્મણિ (૨) પાલવવું; પરવડવું (૩) માગણી થવી; ખપવું

પોષિત વિ૦ [સં.] પોષાયેલું; પોષાતું

પોષ્ય વિ૦ [સં.] પોષવા યોગ્ય

પોષી(–સી) વિ૦ પોષ માસનું

પોસ પું૦ દિવાળીની બક્ષિશ (૨) પોષ મહિનો

પોસ,૦દોડો પું૦ ખસખસનું ખાલી જીંડવું

પોસવું સ૦ક્રિ૦ જુઓ પોષવું [મોટું

પોસાણ ન૦ પોષાવું તે (૨) માગણી; ખપત.–તું વિ૦પુષ્ટ;

પોસાવું અ૦ક્રિ૦ જુઓ પોષાવું

પોસી વિ૦ જુઓ પોષી

પોસો પું૦ પોશધ; શ્રાવકનું એક વ્રત

પોસ્ટ સ્ત્રી૦ [ઇં.] ડાક; ટપાલ. **૦ઑફિસ** સ્ત્રી૦ ટપાલ-ઑફિસ; ડાકઘર. **૦મૅન** પું૦ ટપાલી

પોસ્તી વિ૦ નશો આણવા પોસના દોડા ઉકાળીને પીનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) આળસુ; એદી (૩) પોચું; નરમ

પોહ [પો] પું૦ મોટું પરોઢિયું; પો

પોહ (રવ૦) અ૦ઢોરને પાણી પીવાને ઉચ્ચારાતો ઉદ્ગાર

પોહાલ ['લ'માં યશ્રુતિ] સ્ત્રી૦ નવી ખેડાયેલી જમીન

પોળ સ્ત્રી૦ દરવાજો (૨) દરવાજાવાળો મહોલ્લો (૩) શેરી

પોળવું અ૦ક્રિ૦ (ધરાયાના ઘેનથી ઢોરનું) સ્થિર થઈ જવું

પોળિયો પું૦ દરવાન

પોળી સ્ત્રી૦ પાતળી અને પોચી રોટલી (૨) પૂરણપોળી

પોંક(-ખ) પું૦ દૂધ ભરાયેલાં કણસલાંને ભૂંજીને કાઢેલા કણ

પોંક(-ખ)ણું ન૦ પોંખવામાં વપરાતાં–ધૂંસળ, મુસળ, રવૈયો અને ત્રાક–એ ચારમાંનું દરેક (૨) પોંખવાની ક્રિયા. **-વું** સ૦ક્રિ૦ પોંખણા વડે વરકન્યાને વધાવવાં (૨) પાણી સીંચીને વધાવવું (૩) + પાણી મૂકી પ્રતિજ્ઞા કરવી–સંકલ્પ કરવો

પોંકિયું ન૦ લીલું કણસલું (જેનો પોંક પડાય છે)

પૌગંડ વિ૦ [સં.] બાળવયનું કે બાળક જેવું (૨) ન૦ બાલ્યાવસ્થા. **૦પણું** ન૦, **૦વય** સ્ત્રી૦;ન૦. **-ડાવસ્થા** સ્ત્રી૦ બાલ્યાવસ્થા

પૌત્ર પું૦ [સં.] દીકરાનો દીકરો. **-ત્રી** સ્ત્રી૦ દીકરાની દીકરી

પૌનઃપુન્ય ન૦ [સં.] પુનઃ પુનઃ થવું તે

પૌર પું૦ [સં.] શહેરી

પૌરવી સ્ત્રી૦ મધ્યગ્રામની એક મૂર્ચ્છના

પૌરસ્ત્ય વિ૦ [સં.] પૂર્વનું

પૌરાણિક વિ૦ [સં.] પુરાણને લગતું (૨) પું૦ પુરાણી

પૌરુષ વિ૦ [સં.] પુરુષનું (૨) ન૦ પુરુષત્વ (૩) પુરુષાતન. **-ષેય** વિ૦ પુરુષનું; પુરુષને છાજતું (૨) પુરુષે રચેલું

પૌર્ણમાસી, પૌર્ણિમા સ્ત્રી૦ [સં.] પૂર્ણિમા

પૌર્વાપર્ય ન૦ [સં.] પૂર્વાપર હોવાપણું; ક્રમ

પૌલસ્ત્ય પું૦ [સં.] (સં.) રાવણ, કુબેર કે વિભીષણ (૨) વિ૦ પુલસ્ત્ય ઋષિનું

પૌષ પું૦ [સં.] પોષ માસ

પૌષધ ન૦ [સં.] પોશધ. **૦શાળા** સ્ત્રી૦ પોશધશાળા

પૌષ્ટિક વિ૦ [સં.] પુષ્ટિ આપનાર [ચપટા દાણા

પૌંઆ(-વા) પું૦બ૦વ૦ શેકેલી ડાંગરને ખાંડીને કાઢેલા

પ્યાજ ન૦ પિયાજ; ડુંગળી. **-જી** વિ૦ ડુંગળીના રંગનું

પ્યાદીમાત સ્ત્રી૦ પ્યાદાથી બાદશાહને આંતરવાનો શેતરંજનો એક દાવ

પ્યાદું ન૦ શેતરંજમાં પેદળ સિપાઈનું મહોરું (૨) પેદળ સિપાઈ. **-દેમાત** વિ૦ પ્યાદે હરાવેલું (શેતરંજમાં)

પ્યાર પું૦ પ્રેમ. **-રી** સ્ત્રી૦ વહાલી સ્ત્રી. **-રું** વિ૦ વહાલું (૨)+સ્નિગ્ધ; ચીકણું. **-રો** પું૦ વહાલો પુરુષ

પ્યાલી સ્ત્રી૦ નાનું પવાલું. **-લું** પું૦ પવાલું. **-લો** પું૦ મોટું પવાલું; પાલો

પ્યાસ સ્ત્રી૦ [હિં.] તરસ. **-સી, -સું** વિ૦ તરસ્યું

પ્રકટ વિ૦ [સં.] પ્રગટ; ખુલ્લું (૨) પ્રત્યક્ષ (૩) અ૦ ખુલ્લી રીતે. **-ટિત** વિ૦ પ્રકટ થયેલ; પ્રકાશિત. **-ટીકરણ** ન૦ ગૂઢ રહેલું સ્પષ્ટ કરવું તે

પ્રકર પું૦ [સં.] સમૂહ; ઢગલો

પ્રકરણ ન૦ [સં.] પ્રસંગ; વિષય (૨) ગ્રંથનો વિભાગ; અધ્યાય (૩) કોઈ બાબત ઉપરનો સંપૂર્ણ વ્યવહાર–મામલો (૪) કશું કરવાનું ખાસ વિધાન કરતું વચન (૫) [કા.શા.] કવિકલ્પિત વસ્તુવાળું દશઅંકી નાટક

પ્રકરી સ્ત્રી૦ [સં.] નાટકમાંની ઉપકથા (કા.શા.)

પ્રકર્ષ પું૦ [સં.] અત્યંતતા (૨) ઉત્તમપણું; શ્રેષ્ઠતા

પ્રકંપ પું૦ [સં.] અત્યંત કંપ

પ્રકાર પું૦ [સં.] ભેદ; જાત (૨) રીત; તરેહ

પ્રકાશ પું૦ [સં.] અજવાળું (૨) પ્રસિદ્ધિ; પ્રાગટ્ય (૩) સંગીતમાં એક અલંકાર. **૦ક** વિ૦ પ્રકાશ કરનારું (૨) પ્રસિદ્ધ કરનાર. **૦ન** ન૦ પ્રકાશિત કરવું તે (૨) પ્રસિદ્ધ કરેલો ગ્રંથ. **૦નમંદિર** ન૦ પુસ્તકો પ્રસિદ્ધ કરનાર સંસ્થા. **૦માન** વિ૦ પ્રકાશતું. **૦વિજ્ઞાન** ન૦ પ્રકાશનું વિજ્ઞાન–શાસ્ત્ર. **૦વું** અ૦ક્રિ૦ ચળકવું (૨) સ૦ક્રિ૦ પ્રસિદ્ધ કરવું. **૦લેખન** ન૦ ફોટોગ્રાફી. **-શિત** વિ૦ પ્રકાશવાળું (૨) છપાવી પ્રસિદ્ધ કરેલું

પ્રકીર્ણ વિ૦ [સં.] વેરાયેલું; છૂટુંછવાયું (૨) પરચૂરણ

પ્રકૃત વિ૦ [સં.] પ્રસ્તુત; જેની વાત ચાલુ હોય તેવું (૨) અવિકૃત; મૂળ સ્થિતિનું

પ્રકૃતિ સ્ત્રી૦ [સં.] કુદરત (૨) ધર્મ; પ્રધાન ગુણ (૩) તબિયત (૪) સ્વભાવ; મિજાજ (૫) અમાત્યવર્ગ (૬) પ્રજા (૭) પુરુષથી ભિન્ન એવું જગતનું મૂળ ઉપાદાન (૮) જેને રૂપાખ્યાનના પ્રત્યયો લાગે છે તે (વ્યા.). **૦કોપ** પું૦ પ્રજાનો કોપ. **૦જન્ય** વિ૦ સહજ; કુદરતી. **૦ધર્મી** વિ૦ કુદરતના કાયદા પ્રમાણે ચાલતું; નૈસર્ગિક. **૦વિન્યાસ** પું૦ પ્રકૃતિના રૂપમાં ગોઠવવું તે (ન્યા.). **૦સિદ્ધ** વિ૦ સ્વભાવસિદ્ધ. **૦સ્થ** વિ૦ સ્વભાવમાં જ રહેલું

પ્રકૃષ્ટ વિ૦ [સં.] ઉત્કૃષ્ટ; ઉત્તમ (૨) પ્રબળ; અતિશય

પ્રકોપ પું૦ [સં.] ગુસ્સો; ક્ષોભ (૨) પ્રબળતા

પ્રકોપિત વિ૦ [સં.] ગુસ્સાવાળું કે ગુસ્સે કરાયેલું

પ્રક્રમ પું૦ પગલું (૨) શરૂઆત (૩) ક્રમ; વ્યવસ્થા. **૦ભંગ** પું૦ શરૂ કરેલા ક્રમને ન જાળવવો તે (સાહિત્યમાં એક દોષ)

પ્રક્રિયા સ્ત્રી૦ [સં.] કાર્યપ્રણાલી; પદ્ધતિ; રીત (૨) અનુષ્ઠાન; ક્રિયા (૩) પ્રકરણ; ખંડ (૪) શબ્દ જોડવા–બનાવવાની રીત (વ્યા.) [પખાળેલું; ધોયેલું

પ્રક્ષાલન ન૦ [સં.] ધોવું તે. **પ્રક્ષાલિત** વિ૦ [સં.]

પ્રક્ષિપ્ત વિ૦ [સં.] નાખેલું; ફેંકેલું (૨) પાછળથી ઉમેરાયેલું

પ્રક્ષીણ વિ૦ [સં.] ક્ષીણ (૨) નાશ પામેલું

પ્રક્ષેપ પું૦ [સં.] નાખવું–ફેંકવું તે. (૨) પાછળથી ઉમેરવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ઉમેરેલું તે. ૦ક પું૦ પ્રક્ષેપ કરનાર. ૦ણ ન૦ પ્રક્ષેપ

પ્રક્ષોભ પું૦, ૦ણ ન૦ [સં.] ખળભળાટ

પ્રખદા સ્ત્રી૦ પરિષદ; સભા (જૈન.)

પ્રખર વિ૦ [સં.] ઉગ્ર; તીક્ષ્ણ

પ્રખ્યાત વિ૦ [સં.] પ્રસિદ્ધ. **–તિ** સ્ત્રી૦ પ્રસિદ્ધિ

પ્રખ્યાપન ન૦ [સં.] જાહેર કરવું તે (૨) જણાવવું તે

પ્રગટ વિ૦ (૨) અ૦ જુઓ પ્રકટ. **૦વું** અ૦ક્રિ૦ પ્રગટ થવું જન્મવું (૨) સળગવું (૩) સ૦ક્રિ૦ સળગાવવું. **–ટાવવું** સ૦ક્રિ૦ 'પ્રગટવું'નું પ્રેરક

પ્રગતિ સ્ત્રી૦ [સં.] આગળ વધવું તે; ઉન્નતિ. **૦કર** વિ૦ પ્રગતિ કરનારું; પ્રાગતિક. **૦માન** વિ૦ પ્રગતિ કરનાર. **૦વાદ** પું૦ જગતમાં બધે પ્રગતિ થાય છે એવી માન્યતા. **૦વાદી** વિ૦ (૨) પું૦ પ્રગતિવાદમાં માનનાર. **૦શીલ** વિ૦ પ્રગતિ કરતું

પ્રગલ્ભ વિ૦[સં.] પ્રૌઢ; ગંભીર (૨) ઉંમરે પહોંચેલું; પુખ્ત (૩) નિર્ભય; નીડર (૪) નિર્લજ્જ; ધૃષ્ટ (૫) ઉદ્ધત; અભિમાની. **૦તા** સ્ત્રી૦. **–લ્ભા** સ્ત્રી૦ પ્રૌઢા (નાયિકાનો પ્રકાર)

પ્રગાઢ વિ૦ [સં.] બહુ ગાઢ

પ્રચય પું૦ [સં.] ઢગલો; સમૂહ (૨) વૃદ્ધિ; ઉપચય

પ્રચરવું અ૦ક્રિ૦ પ્રચાર પામવું

પ્રચરિત વિ૦ [સં.] પ્રચાર પામેલું

પ્રચલિત વિ૦ [સં.] ચાલતું આવેલું; ચાલુ

પ્રચંડ વિ૦ [સં.] ભયંકર (૨) કદાવર

પ્રચાર પું૦ [સં.] ફેલાવો (૨) વહીવટ; રૂઢિ. **૦ક** પું૦ પ્રચાર કરનાર. **૦કાર્ય** ન૦ (ખબરો કે વિચારોનો) પ્રચાર કરવાનું કામ. **૦ણા** સ્ત્રી૦ પ્રચાર કરવો તે. **–રિત** વિ૦ પ્રચાર કરાયેલું

પ્રચાલક પું૦ [સં.] ચલાવનાર (૨) આરંભક

પ્રચુર વિ૦ [સં.] ખૂબ; પુષ્કળ. **૦તા** સ્ત્રી૦

પ્રચ્છન્ન વિ૦ [સં.] ઢાંકેલું (૨) અણછતું

પ્રચ્છાદન ન૦ [સં.] ઢાંકવું તે; છુપાવવું તે (૨) ઉપરણું (૩) ચાદર (પથારીની). **પ્રચ્છાદિત** વિ૦[સં.] ઢાંકેલું; છુપાવેલું

પ્રચ્યુત વિ૦, **–તિ** સ્ત્રી૦ [સં.] જુઓ ચ્યુત,–તિ

પ્રજનન ન૦ [સં.] ગર્ભાધાન કરવું તે (૨) જન્મ આપવો–પ્રસવ થવો તે (૩) સંતતિ. **૦શાસ્ત્ર** ન૦ 'યુજેનિક્સ'

પ્રજવાળવું સ૦ક્રિ૦ સળગાવવું (૨) દીપાવવું

પ્રજળવું અ૦ક્રિ૦ સળગવું

પ્રજા સ્ત્રી૦[સં.]જનતા; લોકસમૂહ (૨) એક સંસ્કૃતિ ને ઐક્યભાવવાળો લોકસમૂહ; એક રાષ્ટ્રની જનતા (૩) માનવવંશશાસ્ત્રની રીતે એક સરખો લોકસમૂહ (૪) રૈયત (૫) સંતતિ. **૦કીય** વિ૦ પ્રજાનું,–ને લગતું. **૦ક્ષોભ** પું૦ પ્રજાનો ખળભળાટ. **૦ગીત** ન૦ રાષ્ટ્રગીત. **૦જીવન** ન૦ સમગ્ર પ્રજાનું જીવન. **૦તંત્ર** ન૦ પ્રજાસત્તાક રાજ્યતંત્ર; 'રિપબ્લિક'. **૦ત્વ** ન૦ એક પ્રજા હોવાનો ભાવ. **૦ધીન** વિ૦ પ્રજાને આધીન. **૦પતિ** પું૦ સૃષ્ટિની ઉત્પત્તિનો અધિષ્ઠાતા દેવ–બ્રહ્મા (૨) રાજા (૩) [લા.] કુંભાર (૪) સૂર્યમાળાનો એક દૂરનો ગ્રહ; 'યુરેનસ'. **૦પાલ(–ળ)ક** પું૦ રાજા. **૦પાલન** ન૦ પ્રજાનું પાલન. **૦ભાવ** પું૦ રાષ્ટ્રીયતા. **૦વતી** સ્ત્રી૦ સંતાનવાળી સ્ત્રી. **૦શાહી** સ્ત્રી૦ લોકશાસન; 'ડેમોક્રસી'. **૦સત્તાક** વિ૦ પ્રજાના વહીવટવાળું. **૦સ્મિતા** સ્ત્રી૦ પ્રજા તરીકેનું અભિમાન–ગૌરવ. **૦સ્મિતાવાદ** પું૦ રાષ્ટ્રવાદ; 'નેશનલિઝમ'

પ્રજાળવું સ૦ક્રિ૦ સળગાવવું; પ્રજવાળવું

પ્રજેશ પું૦ [સં.] (સં.) પ્રજાપતિ; બ્રહ્મા

પ્રજોત્પત્તિ સ્ત્રી૦ [સં.] સંતાનની ઉત્પત્તિ

પ્રજોત્પાદક વિ૦ [સં.] સંતાન ઉપજાવે એવું

પ્રજોત્પાદન ન૦[સં.] પ્રજા ઉત્પન્ન કરવી તે

પ્રજ્ઞ વિ૦ (૨) પું૦ [સં.] ઊંડું જ્ઞાન ધરાવનાર; જ્ઞાની. **૦તા** સ્ત્રી૦. **–જ્ઞા** સ્ત્રી૦ બુદ્ધિ. **–જ્ઞાચક્ષુ** વિ૦ અંધ (૨) ન૦ જ્ઞાનરૂપ નેત્ર

પ્રજ્વલમાન વિ૦ [સં.] પ્રજળતું; પ્રકાશમાન

પ્રજ્વલિત વિ૦ [સં.] પ્રજળતું; પ્રદીપ્ત

પ્રજ્વળવું અ૦ક્રિ૦ જુઓ પ્રજળવું

પ્રજ્વાળવું સ૦ક્રિ૦ જુઓ પ્રજવાળવું; પ્રજાળવું

પ્રણ ન૦ + પણ; હોડ

પ્રણત વિ૦ [સં.] પ્રણામ કરતું; ભક્ત (૨) નમ્ર; વિનયી. **૦પાળ** વિ૦ (૨) પું૦ પ્રણત જન–ભક્તજનને પાળનાર–રક્ષનાર (પ્રભુ) [કરવા

પ્રણમન ન૦ [સં.] નમન. **–વું** સ૦ક્રિ૦ નમવું; નમસ્કાર

પ્રણય પું૦ [સં.] પ્રેમ (સ્ત્રીપુરુષનો). **–યિની** સ્ત્રી૦ પ્રેમ કરનારી કે પ્રેમનું પાત્ર થયેલી સ્ત્રી (૨) પત્ની. **–યી** વિ૦ પ્રેમ કરનાર કે પ્રેમનું પાત્ર થયેલો પુરુષ (૨) પું૦ પતિ (૩) પ્રણયી પુરુષ

પ્રણવ પું૦ [સં.] ૐકાર

પ્રણામ પું૦ [સં.] નમસ્કાર. **૦વું** સ૦ક્રિ૦ પ્રણામ કરવા; નમવું

પ્રણાલ પું૦; **–લિકા, –લી** સ્ત્રી૦ [સં.] રૂઢિ; પદ્ધતિ

પ્રણિધાન ન૦[સં.] સમાધિ; ધ્યાન (૨) ભક્તિ; ઉપાસના (૩) કર્મફલત્યાગ

પ્રણિધિ પું૦ [સં.] છૂપો જાસૂસ

પ્રણિપત સ્ત્રી૦ [સં.] કાલાવાલા; આજીજી

પ્રણિપાત પું૦ [સં.] પગે પડવું તે

પ્રણીત વિ૦ [સં.] રચેલું. **પ્રણેતા** પું૦ [સં.] રચનાર.

પ્રત સ્ત્રી૦ ગ્રંથની નકલ (૨) મૂળ લખાણ

પ્રતપવું અ૦ ક્રિ૦ ખૂબ તપવું

પ્રતાપ પું૦ [સં.] સામર્થ્ય; પ્રભાવ (૨) તેજ; કાંતિ (૩) રુઆબ. **૦વાન,૦શાળી, –પી** વિ૦ પ્રતાપવાળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતારણા સ્ત્રી૦ [સં.] છેતરપિંડી
પ્રતિ સ્ત્રી૦ જુઓ પ્રત (૨) પ્રકાર; વર્ગ; જાત
પ્રતિ અ૦ [સં.] તરફ (૨) નીચેના અર્થમાં વપરાતો એક ઉપસર્ગ. વિરુદ્ધ, વિપરીત (ઉદા૦ પ્રતિકાર); સામે (ઉદા૦ પ્રત્યક્ષ); બદલામાં (ઉદા૦ પ્રત્યુપકાર); હરેક; દરેક (ઉદા૦ પ્રત્યેક; પ્રતિક્ષણ); સમાન; સદૃશ (ઉદા૦ પ્રતિકૃતિ)
પ્રતિઉત્તર પું૦ પ્રત્યુત્તર
પ્રતિકરણ ન૦ [સં.] પ્રતિકાર
પ્રતિ(-તી)કાર પું૦ [સં.] વિરોધ (૨) બદલો (૩) ઉપાય; ઇલાજ. ૦ક વિ૦ પ્રતિકાર કરનારું [પ્રતિકૃતિ; 'પૅરડી'
પ્રતિકાવ્ય ન૦ [સં.] ઉપહાસ કરવા કરાતી મૂળ કાવ્યની
પ્રતિકૂલ (-ળ) વિ૦ [સં.] અનુકૂળ નહિ તેવું; વિરુદ્ધ; ઊલટું. ૦તા સ્ત્રી૦.
પ્રતિકૃતિ સ્ત્રી૦ [સં.] છબી (૨) નકલ.
પ્રતિકોણ પું૦ [સં.] 'ઑપોઝિટ ઍન્ગલ' (ગ.)
પ્રતિક્રમણ ન૦ [સં.] જુઓ પડકમણું ['રીઍક્શન'
પ્રતિક્રિયા સ્ત્રી૦ [સં.] ઉપાય (૨) વિરોધી ક્રિયા-ગતિ;
પ્રતિક્ષણ અ૦ [સં.] પળે પળે [પ્રગતિથી સામું
પ્રતિગામી વિ૦ [સં.] સામી કે પાછી ગતિ કરનારું;
પ્રતિગ્રહ પું૦ [સં.] દાન લેવું તે (૨) સ્વીકાર. -હી વિ૦ દાન લેનાર [પ્રત્યાઘાત (૩) રુકાવટ
પ્રતિઘાત પું૦ [સં.] (માર્યા) સામું મારવું તે (૨) જુઓ
પ્રતિઘોર પું૦ પડઘો; પ્રતિઘોષ
પ્રતિઘોષ પું૦ [સં.] પડઘો. -ષિત વિ૦ પ્રતિઘોષવાળું
પ્રતિચિત્ર ન૦ [સં.] 'ફોટોગ્રાફ'
પ્રતિચ્છંદ પું૦ [સં.] પડછાયારૂપ આકૃતિ
પ્રતિચ્છાયા સ્ત્રી૦ [સં.] પડછાયો; પ્રતિબિંબ
પ્રતિજ્ઞા સ્ત્રી૦ [સં.] પણ; નિયમ (૨) શપથ (૩) પંચાવયવ વાક્યમાંનું પહેલું-જેમાં સાધ્યનો પક્ષ ઉપર નિર્દેશ કરવામાં આવે છે (ન્યા.). ૦પત્ર પું૦; ન૦ પ્રતિજ્ઞાનો લેખ. ૦બદ્ધ વિ૦ પ્રતિજ્ઞાથી બંધાયેલું. ૦ભંગી વિ૦ પ્રતિજ્ઞાનો ભંગ કરનાર. -જ્ઞાંતર ન૦ એક નિગ્રહસ્થાન; વાદીએ કરેલા દૂષણનો ઉદ્ધાર કરવા પોતાની પ્રતિજ્ઞા બદલવી તે (ન્યા.)
પ્રતિતાલ પું૦ [સં.] એક પ્રકારનો તાલ (સંગીત)
પ્રતિદિન, પ્રતિદિવસ અ૦ [સં.] દરરોજ
પ્રતિધ્વનિ પું૦ [સં.] પડઘો
પ્રતિનમસ્કાર પું૦ [સં.] નમસ્કાર સામેથી ઝીલવો તે
પ્રતિનાયક પું૦ [સં.] નાટક કે વાર્તામાં નાયકનો સામાવાળિયો
પ્રતિનિધિ પું૦ [સં.] ને બદલે,-ના તરફથી કામ કરવા નિયુક્ત કરેલો માણસ. ૦ત્વ ન૦ પ્રતિનિધિપદ (૨) પ્રતિનિધિ ચૂંટવાનો અધિકાર
પ્રતિપક્ષ પું૦ [સં.] સામેનો પક્ષ (૨) શત્રુ; સામાવાળિયો (૩) પ્રતિવાદી. -ક્ષી પું૦ પ્રતિપક્ષનો માણસ; સામાવાળિયો
પ્રતિપત્તિ સ્ત્રી૦ [સં.] પ્રાપ્તિ (૨) પ્રતીતિ; જ્ઞાન (૩) સંમતિ; સ્વીકાર (૪) નિશ્ચય; ખાતરી (૫) પ્રતિપાદન; નિરૂપણ
પ્રતિપદ(-દા) સ્ત્રી૦ [સં.] પડવો; એકમ
પ્રતિપન્ન વિ૦ [સં.] જાણેલું (૨) સ્વીકારેલું (૩) મળેલું (૪) શરણાગત (૫) સાબિત કરેલું (૬) સંમાન-પ્રતિષ્ઠા પામેલું
પ્રતિપાદક વિ૦ [સં.] પ્રતિપાદન કરનારું. -ન ન૦ પ્રમાણો આપી પુરવાર કરવું તે [પ્રતિપાદન કરનારી
પ્રતિપાદિત વિ૦ [સં.] પ્રતિપાદન કરેલું. -ની વિ૦ સ્ત્રી૦
પ્રતિપાદ્ય વિ૦ [સં.] જેનું પ્રતિપાદન કરવાનું હોય તે
પ્રતિપાલક પું૦ [સં.] ભરણપોષણ કરનાર; રક્ષણ કરનાર
પ્રતિપાલન ન૦, -ના સ્ત્રી૦ [સં.] ભરણપોષણ; રક્ષણ
પ્રતિપાળ પું૦ પ્રતિપાલક (૨) સ્ત્રી૦ સંભાળ; રક્ષણ. ૦ક પું૦ જુઓ પ્રતિપાલક. ૦વું સ૦ક્રિ૦ જુઓ પાળવું
પ્રતિપ્રશ્ન પું૦ [સં.] સામો પ્રશ્ન; પ્રશ્ન સામે કરેલો પ્રશ્ન
પ્રતિપ્રસવ પું૦ [સં.] અપવાદનો અપવાદ
પ્રતિપ્રિય ન૦ [સં.] રૂડો બદલો; પ્રત્યુપકાર
પ્રતિફલ(-ળ) પું૦ [સં.] પ્રતિફલન (૨) સામો બદલો. -લક પું૦ પ્રતિબિંબ ફેંકે તેવું ફલક; 'રિફ્લેક્ટર'. -લન ન૦ પ્રતિબિંબ (૨) પ્રતિક્રિયા; સામેથી બદલો. -લિત વિ૦ પ્રતિબિંબિત [(૩) 'કૉન્જ્યુગેટ' (ગ.)
પ્રતિબદ્ધ વિ૦ [સં.] બંધાયેલું (૨) પ્રતિબંધ-રુકાવટવાળું
પ્રતિબંધ પું૦ [સં.] વિઘ્ન; વાંધો; રુકાવટ. ૦ક વિ૦ રોકનારું
પ્રતિબિંબ ન૦ [સં.] પડછાયો; ચળકતી સપાટીમાં પડતી પ્રતિચ્છાયા. ૦વું સ૦ક્રિ૦ -નું પ્રતિબિંબ ઝીલવું-ગ્રહણ કરવું. -બિત વિ૦ જેનું પ્રતિબિંબ પડ્યું હોય એવું
પ્રતિબોધ પું૦ [સં.] જાગૃતિ (૨) જ્ઞાન; સમજણ (૩) બોધ; ઉપદેશ (૪) સ્મરણ; યાદ આપવું તે. ૦વું સ૦ક્રિ૦ ઉપદેશ આપવો; સમજાવવું
પ્રતિભા સ્ત્રી૦ [સં.] કાંતિ; તેજ (૨) માનસિક શક્તિની ઝળક -છટા (૩) કલ્પના, સર્જન અને શોધખોળના ક્ષેત્રમાં નવું નવું તેજ બતાવનારી અસાધારણ ઈશ્વરદત્ત બુદ્ધિ-શક્તિ. ૦ન ન૦ ભાન; સૂઝ (૨) તરતબુદ્ધિ (૩) પ્રતિભા (૪) સ્પષ્ટ થવું તે. ૦વાન, ૦શાળી વિ૦ પ્રતિભાવાળું
પ્રતિભાગ પું૦ [સં.] ભાગ; અંશ (આવક કે ઊપજનો)
પ્રતિભાસ પું૦ [સં.] આભાસ
પ્રતિમધ્યમ પું૦ [સં.] તીવ્રતર મ સ્વર (સંગીત)
પ્રતિમલ્લ પું૦ [સં.] પ્રતિપક્ષી મલ્લ
પ્રતિમા સ્ત્રી૦ [સં.] મૂર્તિ. ૦ન ન૦ પ્રતિમા (૨) પ્રતિબિંબ (૩) દૃષ્ટાંત (૪) 'ઍન્ટિલૉગેરિધમ' (ગ.). ૦વિધાન ન૦ પ્રતિમા બનાવવી તે. ૦લેખન ન૦ પ્રતિમા જોઈ ને કરેલું આલેખન; 'મૉડેલ ડ્રૉઈંગ'
પ્રતિમુખ ન૦ [સં.] નાટકના વસ્તુનો પાંચમાંનો એક સંધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિરોધ પું૦[સં.]અટકાવ;રોકાણ. ૦ક,–ધી વિ૦ રોકનારું

પ્રતિલિપિ સ્ત્રી૦,**પ્રતિલેખ** પું૦[સં.] નકલ [સાથેનું (લગ્ન)

પ્રતિલોમ વિ૦ [સં.] ઊલટા ક્રમનું (૨) ઉપલા વર્ણની સ્ત્રી

પ્રતિવમન નં૦ [સં.] પરાવર્તન

પ્રતિવર્ષ અ૦ [સં.] દર વરસે

પ્રતિવાદ પું૦ [સં.] વિરોધ; ખંડન (૨) ઉત્તર; જવાબ. ૦ણ,–દિની સ્ત્રી૦ પ્રતિવાદી સ્ત્રી. –દી પું૦ દાવામાં બચાવપક્ષનો માણસ

પ્રતિવાય પું૦ જુઓ પ્રત્યવાય

પ્રતિવારણ ન૦ [સં.] નિવારણ

પ્રતિવિધાન ન૦ [સં.] ઉપાય; ઇલાજ

પ્રતિશબ્દ પું૦ [સં.] પડઘો

પ્રતિશોધ પું૦,૦ન ન૦ [સં.] બદલો લેવો–વેર વાળવું તે

પ્રતિષેધ પું૦ [સં.] નિષેધ; મના

પ્રતિષ્ઠા સ્ત્રી૦[સં.] આબરૂ(૨)[મૂર્તિની]વિધિપૂર્વક સ્થાપના (૩) સ્થિરતા; મજબૂતી. ૦ન ન૦સ્થાન; સ્થળ.૦પક પું૦ પ્રતિષ્ઠા કરનાર. –ષ્ઠિત વિ૦ પ્રતિષ્ઠાવાળું; આબરૂદાર (૨) સ્થિર; જામેલું

પ્રતિસંપ્રસારણ ન૦ [સં.] સંપ્રસારણથી ઊલટું તે(વ્યા.)

પ્રતિસંબંધી વિ૦ [સં.] વિરુદ્ધ [થિયરમ' (ગ.)

પ્રતિસિદ્ધાંત પું૦[સં.] સિદ્ધાંતથી ઊલટો સિદ્ધાંત;'કોન્વર્સ

પ્રતિસ્પર્ધા સ્ત્રી૦ [સં] હરીફાઈ. –ર્ધી પું૦ હરીફ

પ્રતિહત વિ૦ [સં.] પ્રતિઘાત–પ્રતિબંધ પામેલું

પ્રતિ(–તી)હાર પું [સં.] દ્વારપાળ. –રી સ્ત્રી૦ સ્ત્રી દરવાન. –રું ન૦ પ્રતિહારનું કામ

પ્રતિહિંસા સ્ત્રી૦ [સં.] હિંસા સામે હિંસા

પ્રતીક ન૦ [સં.] પ્રતિમા; મૂર્તિ (૨) ચિહ્ન; નિશાન

પ્રતીકાર,૦ક વિ૦ [સં.] જુઓ 'પ્રતિકાર'માં

પ્રતીક્ષા સ્ત્રી૦ [સં.] વાટ જોવી તે

પ્રતીચી સ્ત્રી૦ [સં.] પશ્ચિમ દિશા

પ્રતીત વિ૦ [સં.] સ્પષ્ટ; જણાયેલું.–ત(–તિ)સ્ત્રી૦ ભરોંસો; વિશ્વાસ; પતીજ (૨) ખાતરી (૩) સમજ; જ્ઞાન

પ્રતીપ વિ૦[સં.] વિરુદ્ધ; ઊલટું (૨) પું૦ એક અર્થાલંકાર જેમાં ઉપમાનને ઉપમેય સમાન જણાવી તેનો તિરસ્કાર કરવામાં આવે છે (કા.શા.). ૦ગામી વિ૦ ઊલટું જનાર

પ્રતીહાર, –રી,–રું જુઓ 'પ્રતિહાર'માં

પ્રત્યક્(–ગ્) વિ૦ [સં.] પાછું ફરેલું; વિમુખ થયેલું (૨) અંતર્મુખ; અંદર વળેલું (૩) અંતર્વર્તી; આંતર (૪) પશ્ચિમ. –ક્ચેતન પું૦ જીવાત્મા (૨) પરમાત્મા

પ્રત્યક્ષ વિ૦ [સં.] નજર સામેનું (૨) સ્પષ્ટ; ખુલ્લું (૩) ઇંદ્રિયગ્રાહ્ય (૪)ચક્ષુર્ગ્રાહ્ય (૫) ન૦ ઇંદ્રિયો દ્વારા થતું જ્ઞાન (૬) તેનું સાધન–પ્રમાણ. ૦યોગ્યતા સ્ત્રી૦ પ્રત્યક્ષ થવાની યોગ્યતા. ૦વાદ પું૦ પ્રત્યક્ષપ્રમાણને જ સત્ય માનનારો વાદ;'પૉઝિટિવિઝમ'.૦વાદી વિ૦(૨) પું૦'પૉઝિટિવિસ્ટ'. –ક્ષીકરણ ન૦ પ્રત્યક્ષ કરવું કે કરાવવું તે

પ્રત્યગ્દર્શી વિ૦ [સં.] અંતર્મુખ ચક્ષુવાળું

પ્રત્યગ્ર વિ૦ [સં.] તાજું; નૂતન; યુવાન (૨) શુદ્ધ

પ્રત્યપકાર પું૦ [સં.] અપકાર સામે કરાતો અપકાર

પ્રત્યભિજ્ઞા સ્ત્રી૦ [સં.] ઓળખ (૨) સદૃશ વસ્તુ દેખીને પહેલાં દેખેલી વસ્તુનું સ્મરણ થઈ આવવું તે. ૦ન ન૦ જુઓ પ્રત્યભિજ્ઞા (૨) ઓળખાણની નિશાની; અભિજ્ઞાન

પ્રત્યભિનંદન ન૦ [સં.] અભિનંદનની વસ્તુ કે વાતથી સામેથી રાજી થવું તે કે તે બતાવવા કાંઈ આપવું તે

પ્રત્યય પું૦ [સં.] વિશ્વાસ; ભરોંસો (૨) ખાતરી; નિશ્ચય (૩) કારણ; હેતુ (૪) અનુભવજન્ય જ્ઞાન (૫) રૂપો કે સાધિત શબ્દો બનાવવા શબ્દને અંતે લગાડવામાં આવે છે તે (વ્યા.). ૦રહિતા વિ૦ સ્ત્રી૦ જેમાં પ્રત્યય કે પૂર્વગ નથી એવી (ભાષા). ૦સાધિત વિ૦ પ્રત્યયોથી સધાતો (શબ્દ). ૦લુપ્તા વિ૦ સ્ત્રી૦ જેમાં પ્રત્યયો લોપ પામ્યા છે એવી (ભાષા). –યાત્મિકા વિ૦ સ્ત્રી૦ જેમાં પ્રત્યય છે એવી (ભાષા)

પ્રત્યવાય પું૦ [સં.] વિઘ્ન; નડતર (૨) પાપ; દોષ

પ્રત્યંગ પું૦ [સં.] શરીરનું ગૌણ અંગ–કપાળ, કાન જેવું (૨) ખાલી (સંગીત)

પ્રત્યંચા સ્ત્રી૦ [સં.] પણછ [ઉપેક્ષા (૩) ઠપકો

પ્રત્યાખ્યાન ન૦ [સં.] પરિત્યાગ; અસ્વીકાર; નિરાકરણ (૨)

પ્રત્યાગમન ન૦ [સં.] પાછા આવવું તે [(૨)પડઘો

પ્રત્યાઘાત પું૦ [સં.] સામો આઘાત કે ધક્કો;'રી–ઍક્શન'

પ્રત્યાત્મા પું૦દરેક આત્મા–વ્યક્તિ

પ્રત્યારોપ પું૦ [સં.] સામું આળ. ૦ણ ન૦ સામેનામાં આરોપવું તે (૨) પ્રત્યારોપ કરવો તે

પ્રત્યાસન્ન વિ૦ [સં.] પાસેનું; નજીકનું

પ્રત્યાહાર પું૦ [સં.] અષ્ટાંગયોગનું એક અંગ–વિષય-માત્રમાંથી ઇંદ્રિયોને પાછી હઠાવી એક જગાએ સ્થિર કરવી તે [(૩) ઊલટી રીતે

પ્રત્યુત અ૦ [સં.] કિંવા; બીજી રીતે (૨) નીકર; નહિ તો

પ્રત્યુત્તર પું૦ [સં.] સામો જવાબ; જવાબનો જવાબ

પ્રત્યુત્પન્ન વિ૦ [સં.] યોગ્ય સમયે તરત જ ઉત્પન્ન થયેલું

પ્રત્યુપકાર પું૦ [સં.] ઉપકારના બદલામાં સામો ઉપકાર

પ્રત્યે અ૦ તરફ

પ્રત્યેક વિ૦ [સં.] દરેક

પ્રથમ વિ૦ [સં.] પહેલું (૨) અ૦શરૂઆતમાં (૩) પહેલેથી; અગાઉથી. ૦તઃ અ૦ મૂળમાં; શરૂઆતમાં.–મા વિ૦સ્ત્રી૦ પહેલી (વિભક્તિ). –માશ્રમ પું૦ બ્રહ્મચર્યાશ્રમ

પ્રથા સ્ત્રી૦[સં.] ધારો; વહીવટ(૨)રીત. –થિત વિ૦ પ્રખ્યાત

પ્રથીનાથ પું૦ પૃથ્વીનાથ; રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રદ વિ૦ [સં.] 'આપનાર' એ અર્થમાં સમાસમાં નામને છેડે. ઉદા૦ 'ફલપ્રદ'

પ્રદક્ષિણા સ્ત્રી૦ [સં.] કોઈ પણ વસ્તુ કે વ્યક્તિને જમણી બાજૂ રાખી તેની આસપાસ ફરવું તે

પ્રદર પું૦; ન૦ [સં.] સ્ત્રીઓનો એક રોગ

પ્રદર્શક વિ૦ [સં.] બતાવનારું. **-ન** ન૦ નિરૂપણ (૨) હુન્નર, વિદ્યા, કળા વગેરેનાં દૃશ્યોને જાહેરમાં જોવા મૂકવાની પ્રાસંગિક યોજના. **પ્રદર્શિત** વિ૦ [સં.] બતાવેલું

પ્રદાતા પું૦ [સં.] આપનાર; દાતા. **-ન** ન૦ આપવું તે. **-યક** વિ૦(સમાસને છેડે) આપનાર. ઉદા૦ બુદ્ધિપ્રદાયક

પ્રદિગ્ધ વિ૦ [સં.] ખરડાયેલું

પ્રદીપ પું૦ [સં.] દીવો. **૦ક** વિ૦ ઉત્તેજિત કરનાર (૨) સળગાવનાર. **-પ્ત** વિ૦ સળગેલું (૨) ઉત્તેજિત

પ્રહૃષ્ટ વિ૦ [સં.] ઘણું હૃષ્ટ

પ્રદેશ પું૦ [સં.] દેશ; મુલક; ભૂમિ (૨) મોટા દેશનો એક ભાગ

પ્રદોષ પું૦ [સં.] સંધ્યાકાળ (૨) તેરશે કરવાનું શિવનું વ્રત

પ્રદ્યુમ્ન પું૦ [સં.] (સં.) કૃષ્ણનો પુત્ર; કામદેવનો અવતાર

પ્રધાન વિ૦ [સં.] મુખ્ય (૨) પું૦ વજીર; કારભારી. **૦પદ(-દું)**, **૦વટું** ન૦ પ્રધાનનો હોદ્દો; વજીરાઈ

પ્રધ્વંસ ન૦ [સં.] નાશ; ઉચ્છેદ. **૦કાં** વિ૦ પ્રધ્વંસ કરનાર

પ્રનાલિકા, પ્રનાલી સ્ત્રી૦ [સં.] પ્રણાલિકા

પ્રપત્તિ સ્ત્રી૦ [સં.] શરણ લેવું તે; પ્રણિધાન. **૦યોગ** પું૦ ઈશ્વરપ્રણિધાન દ્વારા સધાતો યોગ. **-ન્ન** વિ૦ શરણાગત; પ્રપત્તિવાળું. **-ન્નાત્મા** વિ૦(૨) પું૦ પ્રપન્ન આત્માવાળું; ભક્ત; ખુદાપરસ્ત

પ્રપંચ પું૦ [સં.] વિસ્તાર (૨) માયાનો વિસ્તાર; સંસાર (૩) સાંસારિક માયા (૪) છળકપટ. **૦વાદ** પું૦ 'મટીરિયલિઝમ'. **-ચી** વિ૦ પ્રપંચથી ભરેલું; કપટી

પ્રપા સ્ત્રી૦ [સં.] પરબ

પ્રપાત પું૦ [સં.] ધોધ (૨) ભૂસકો

પ્રપાઠક પું૦ [સં.] (વેદનું) પ્રકરણ; અધ્યાય; ગ્રંથનો ભાગ

પ્રપિતા પું૦ [સં.] દાદો; વડવો [બાપની દાદી

પ્રપિતામહ પું૦ [સં.] બાપનો દાદો; પરદાદો. **-હી** સ્ત્રી૦

પ્રપુત્ર પું૦ [સં.] દીકરાનો દીકરો; પૌત્ર

પ્રપૌત્ર પું૦ [સં.] પૌત્રનો પુત્ર. **-ત્રી** સ્ત્રી૦ પૌત્રની પુત્રી

પ્રફુલ્લ,-લ્લિત વિ૦ [સં.] ખીલેલું (૨) આનંદ પામેલું. **૦વું** અ૦ક્રિ૦ પ્રફુલ્લ થવું

પ્રબલ(-ળ) વિ૦ [સં.] બળવાન (૨) અત્યંત (૩) ન૦ ભારે બલ

પ્રબંધ પું૦ [સં.] ઇતિહાસ અને દંતકથાથી મિશ્રિત લેખ (ઉદા૦ ભોજપ્રબંધ) (૨) ચિત્રકાવ્ય (ઉદા૦ છત્રપ્રબંધ, સમુદ્રપ્રબંધ) (૩) ગોઠવણ; બંદોબસ્ત. **૦ન** ન૦ રચના; ગોઠવણ. **૦સમિતિ** સ્ત્રી૦ વ્યવસ્થા કરનારી સમિતિ

પ્રબુદ્ધ વિ૦ [સં.] જાગેલું (૨) જ્ઞાની; સમજુ

પ્રબોધ પું૦ [સં.] જાગૃતિ (૨) જ્ઞાન (૩) ઉપદેશ. **૦ક** વિ૦ પ્રબોધ કરનારું. **૦કાલ(-ળ)** પું૦ સવાર; જાગવાનો સમય. **૦ન** ન૦ ઉપદેશ; પ્રવચન. **૦(-ધિ)ની** સ્ત્રી૦ દેવઊઠી એકાદશી. **૦વું** સ૦ક્રિ૦ બોલાવવું; હાંક મારવી (૨) બોધ આપવો

પ્રભવ પું૦ [સં.] ઉત્પત્તિ; જન્મ. **૦વું** અ૦ક્રિ૦ ઉત્પન્ન થવું

પ્રભા સ્ત્રી૦ [સં.] તેજ; કાંતિ (૨) દમામ. **૦કર** પું૦ સૂર્ય. **૦મંડળ(-લ)** ન૦ તેજનું કૂંડાળું

પ્રભાત ન૦ [સં.] સવાર (૨) પું૦ એક રાગ. **૦ફેરી** સ્ત્રી૦ પ્રભાતનું નગરકીર્તન કે તે કરનારી મંડળી. **-તિયું** ન૦ સવારમાં ગાવાનું પદ

પ્રભાવ પું૦ [સં.] શક્તિ (૨) પ્રતાપ; તેજ (૩) દમામ રુઆબ (૪) અસર; ગુણ. **૦ક, ૦શાળી** વિ૦ પ્રભાવવાળું. **-વિત** વિ૦ પ્રભાવની અસરમાં આવેલું (૨) પ્રભાવવાળું

પ્રભુ પું૦ [સં.] પરમેશ્વર (૨) માલિક; સ્વામી. **૦તા** સ્ત્રી૦ માલિકી (૨) ગૌરવ (૩) પરમેશ્વરપણું; દેવત્વ. **૦ત્વ** ન૦ માલિકી (૨) કાબૂ. **૦મય** વિ૦ પ્રભુથી પરિપૂર્ણ, ઓતપ્રોત; તેની ભક્તિથી તરબોળ

પ્રભૃતિ અ૦ [સં.] વગેરે; ઇત્યાદિ

પ્રભેદ પું૦ [સં.] ભિન્નતા; તફાવત (૨) ભેદ; પ્રકાર (૩) ભિન્ન કરવું-જુદું પાડવું તે

પ્રમત્ત વિ૦ [સં.] પ્રમાદી; ગાફેલ. **૦તા** સ્ત્રી૦

પ્રમથ પું૦ [સં.] શિવનો એક ગણ. **૦વું** સ૦ક્રિ૦ વલોવવું (૨) પીડવું (૩) મારી નાખવું; નાશ કરવો. **૦ન** ન૦ વલોવવું તે (૨) પીડવું તે (૩) વધ; નાશ

પ્રમદ પું૦ [સં.] હર્ષ; આનંદ. **૦વન** ન૦ રણવાસનો બાગ. **-દા** સ્ત્રી૦ જુવાન, સુંદર સ્ત્રી

પ્રમા સ્ત્રી૦ [સં.] યથાર્થ જ્ઞાન (૨) માપ

પ્રમાણ ન૦ [સં.] યથાર્થ જ્ઞાનનું સાધન (૨) પુરાવો; સાબિતી (૩) માપ; ધોરણ (૪) ગુણોત્તર (ગ.) (૫) અ૦ (૫.) નક્કી (૬) વિ૦ પ્રમાણભૂત; સત્ય; માન્ય કરવા યોગ્ય. **૦તા** સ્ત્રી૦. **૦ગ્રંથ** પું૦ પ્રમાણરૂપ મનાતો ગ્રંથ. **૦પત્ર** ન૦ પદવી, યોગ્યતા વગેરેનું ખાતરીપત્રક; 'સર્ટિફિકેટ'. **૦બદ્ધ** વિ૦ માપ, મેળ કે ધોરણ પ્રમાણેનું. **૦ભૂત** વિ૦ વિશ્વાસપાત્ર; માન્ય રાખવું પડે એવું. **૦વાન** વિ૦ પ્રમાણવાળું. **૦વું** સ૦ક્રિ૦ જાણવું (૨) પ્રમાણભૂત માનવું; કબૂલ રાખવું (૩) પુરવાર કરવું. **૦શાસ્ત્ર** ન૦ યથાર્થ જ્ઞાનના સાધનનું શાસ્ત્ર; ન્યાયશાસ્ત્ર. **૦સર** વિ૦ (૨) અ૦ માપસર. **-ણિક** વિ૦ પ્રામાણિક; સાચું; ઈમાનદાર. **-ણિકતા** સ્ત્રી૦, **-ણિકપણું** ન૦. **-ણિકા** સ્ત્રી૦ એક છંદ. **-ણે** અ૦ પેઠે; અનુસાર

પ્રમાતા સ્ત્રી૦ [સં.] માની મા (૨) પું૦ પ્રમાણો દ્વારા જ્ઞાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાપ્ત કરનાર (૩) જ્ઞાનનો કર્તા–આત્મા; જ્ઞાનનો દ્રષ્ટા–સાક્ષી. **૦મહ** પું૦ માનો દાદો. **૦મહી** સ્ત્રી૦ માની દાદી

પ્રમાદ પું૦[સં.] ગફલત (૨) આળસ.–**દી** વિ૦ પ્રમાદવાળું

પ્રમાર્જન ન૦ [સં.] વાળવુંઝૂડવું કે માંજીને સાફ કરવું તે

પ્રમિત વિ૦ [સં.] સાબિત; સિદ્ધ (૨) પરિમિત; અલ્પ (૩) પ્રમાણો દ્વારા જેનું જ્ઞાન થયું હોય તે (૪) [સમાસને અંતે]-ના માપનું – જેટલું

પ્રમુખ પું૦ [સં.] સભાપતિ; અધ્યક્ષ (૨) આગેવાન. **૦સ્થાન,૦પદ** ન૦ પ્રમુખની જગા

પ્રમુદિત વિ૦ [સં.] ખૂબ રાજી થયેલું–મુદિત

પ્રમેય વિ૦ [સં.] પ્રમાણનો વિષય થઈ શકે તેવું; જાણી શકાય તેવું (૨) માપી શકાય તેવું (૩) સિદ્ધ કરી શકાય તેવું (૪) ન૦ પ્રમાણ દ્વારા જેનું જ્ઞાન કરવાનું હોય તે (૫) સિદ્ધ કરવાની વસ્તુ; સિદ્ધાંત; 'થિયરમ' (ગ.)

પ્રમેહ પું૦ [સં.] એક રોગ–પરમિયો

પ્રમોદ પું૦ [સં.] આનંદ. **૦વું** સ૦ક્રિ૦ આનંદ આપવો. –**દી** વિ૦ આનંદી; હર્ષયુક્ત (૨) સ્ત્રી૦ (કા.) બપોરના નાસ્તાની એક વાની [વાન; ઉત્સાહી

પ્રયત વિ૦ [સં.] સંયમી (૨) શુદ્ધ; પવિત્ર (૩) પ્રયત્ન-

પ્રયત્ન પું૦ [સં.] પ્રયાસ; કોશિશ (૨) [વ્યા.] વર્ણના ઉચ્ચારણનો પ્રયત્ન. **૦બંધ** પું૦ શબ્દોના ઉચ્ચારણ પરથી કરાતી પદ્યરચના. **૦વાન** વિ૦ પ્રયત્ન કરનારું. **૦શીલ** વિ૦ પ્રયત્નમાં મચ્યું રહેનાર

પ્રયાણ ન૦ [સં.] જવું તે; પ્રસ્થાન

પ્રયાસ પું૦ [સં.] શ્રમ; મહેનત [વિશિષ્ટ યુક્તિ

પ્રયુક્ત વિ૦[સં.] યોજાયેલું; કરાયેલું; પ્રયોજિત.–**ક્તિ** સ્ત્રી૦

પ્રયુત વિ૦ [સં.] દસ લાખ

પ્રયોક્તા પું૦ [સં.] પ્રયોગ કરનાર

પ્રયોગ પું૦[સં.] ઉપયોગ; વાપર (૨) જારણ, મારણ વગેરે તાંત્રિક ઉપચાર (૩) સાધના; અનુષ્ઠાન (૪) અખતરો (૫) [વ્યા.] ક્રિયાનાથના અન્વયે ક્રિયાપદની યોજના. ઉદા૦ કર્મણિપ્રયોગ (૬) ધારો; કાનૂન (૭) [નાટક] ભજવવું તે. **૦બંધ** પું૦ નાટકના રૂપમાં લખાણ. **૦વિદ** પું૦ નાટ્યપ્રયોગ જાણનાર. **૦શાલા(–ળા)** સ્ત્રી૦ વૈજ્ઞાનિક પ્રયોગો કરવાની જગા; 'લૅબોરેટરી'. **૦સિદ્ધ** વિ૦ પ્રયોગથી સિદ્ધ કરેલું

પ્રયોજક પું૦ [સં.] પ્રેરક (૨) લેખક. –**ન** ન૦ સબબ; હેતુ (૨) ઉપયોગ; જરૂર. –**ના** સ્ત્રી૦ ઝીણવટથી યોજના કરવી તે. –**વું** સ૦ક્રિ૦ પ્રયોજિત કરવું

પ્રયોજિત વિ૦ [સં.] યોજેલું; ગોઠવેલું (૨) કામમાં લીધેલું; પ્રયોગમાં આણેલું

પ્રયોજ્ય વિ૦ [સં.] કામમાં લેવા યોગ્ય; આચરવા યોગ્ય (૨) કામમાં નિયુક્ત–પ્રેરિત કરવા યોગ્ય

પ્રરૂઢ વિ૦ [સં.] ઉત્પન્ન થયેલું (૨) વધી ગયેલું

પ્રરોચના સ્ત્રી૦[સં.] રુચિ કરાવવી તે;ઉત્તેજના (૨) આગળ આવનાર વસ્તુનું રુચિ ઉત્પન્ન થાય તેવી રીતે વર્ણન(નાટકમાં)

પ્રરોહ પું૦ [સં.] અંકુર; ફણગો

પ્રલપવું અ૦ક્રિ૦ પ્રલાપ કરવો

પ્રલય પું૦ [સં.] વિનાશ (૨) કલ્પને અંતે જગતનો લય

પ્રલંબ વિ૦ [સં.] નીચે લબડતું (૨) લાંબું. –**બાવું** અ૦ક્રિ૦ ખૂબ લંબાવું [તે (૨) વિલાપ

પ્રલાપ પું૦ [સં.] આવેશમાં મોટેથી અસંબદ્ધ બોલવું

પ્રલોભક વિ૦[સં.] ભારે લોભાવનારું. –**ન** ન૦ ભારે લાલચ

પ્રલે(–લ્લે) પું૦ + પ્રલય

પ્રવક્તા પું૦[સં.] પ્રવચન કરનાર. –**ચન** ન૦ વ્યાખ્યાન

પ્રવણ વિ૦ [સં.] ઢળતું; નમેલું (૨) નમ્ર (૩) અભિમુખ; ઉન્મુખ (૪) આસક્ત; રત

પ્રવદવું સ૦ક્રિ૦ વદવું; બોલવું [શ્રેષ્ઠ પુરુષ(૪)અગરુ

પ્રવર વિ૦[સં.] શ્રેષ્ઠ; મુખ્ય(૨) ન૦ગોત્ર(૩) ગોત્રમાં થયેલ

પ્રવર્ત(–ર્ત્ત)ક વિ૦ [સં.] પ્રેરક; પ્રવૃત્ત કરનાર (૨) પું૦ પ્રવર્તાવનાર (૩) સંસ્થાપક. –**ન** ન૦ પ્રચાર; પ્રસાર. –**ના** સ્ત્રી૦ પ્રવર્તવું તે (૨) પ્રવૃત્ત થવું તે. –**માન** વિ૦ પ્રવર્તતું; ફેલાતું

પ્રવર્તવું અ૦ક્રિ૦ ફેલાવું

પ્રવર્ત્તક,–ન,–ના,–માન જુઓ 'પ્રવર્તક'માં

પ્રવર્ષણ ન૦[સં.] પ્રવર્ષવું તે. –**વું** અ૦ક્રિ૦જોરથી વરસવું

પ્રવાત પું૦[સં.] પવનનો ઝપાટો

પ્રવાદ પું૦ [સં.] પરસ્પર વાતચીત (૨) લોકોમાં ચાલેલી વાત (૩) બદનામી (૪) વાદ્ય વગાડવું તે

પ્રવાલ(–ળ) ન૦ [સં.] સમુદ્રમાં એક જાતનાં જીવડાંએ બનાવેલું ઘર; પરવાળું. –**લી(–ળી)** વિ૦ પ્રવાલનું કે તેના જેવું (૨) ગુલાબી રંગનું

પ્રવાસ પું૦ [સં.] મુસાફરી. –**સી** પું૦ મુસાફર

પ્રવાહ પું૦ [સં.] વહેણ. **૦પતિત** વિ૦ પ્રવાહમાં પડેલું. –**હિત** વિ૦ વહેતા પ્રવાહરૂપ. –**હી** વિ૦ રેલો ચાલે એવું (૨) ન૦ તેવી વસ્તુ. –**હોત્થ** વિ૦ પ્રવાહમાંથી પ્રગટતું; પ્રવાહને લગતું [પરવાળાંની ડાંખળી

પ્રવાળ ન૦ પ્રવાલ. –**ળી** વિ૦ જુઓ પ્રવાલી (૨) સ્ત્રી૦

પ્રવિષ્ટ વિ૦ [સં.] પેઠેલું

પ્રવીણ વિ૦ [સં.] કુશળ. **૦તા** સ્ત્રી૦, **૦પણું** ન૦

પ્રવૃત્ત વિ૦ [સં.] ચાલુ; વર્તમાન (૨) પ્રવૃત્તિમાં મચેલું

પ્રવૃત્તિ સ્ત્રી૦ [સં.] ઉદ્યોગ; વ્યવસાય (૨) હિલચાલ (૩) સાંસારિક વિષયોમાં મચ્યા રહેવું તે. **૦ધર્મ** પું૦ પ્રવૃત્તિ-માર્ગ. **૦માર્ગ** પું૦ સાંસારિક પ્રવૃત્તિનો માર્ગ (૨) ઈશ્વરપ્રીત્યર્થે પ્રવૃત્તિ કરીને મોક્ષ પામવાનો માર્ગ

પ્રવૃદ્ધ વિ૦ [સં.] વધેલું. –**દ્ધિ** સ્ત્રી૦ વધારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ પું૦ [સં.] દાખલ થવું તે (૨) નાટકમાં અંકનો પેટાવિભાગ. **૦ક** વિ૦ પ્રવેશ કરાવનારું કે કરનારું (૨) પું૦ નાટકમાં તે સ્થળ, જ્યાં વચ્ચે બની ગયેલી પણ રંગભૂમિ ઉપર ન આણેલી વાત કોઈ પાત્ર વાર્તાલાપ દ્વારા જણાવી દે છે. **૦દ્વાર** ન૦ દાખલ થવાનો દરવાજો કે બારણું. **૦વું** અ૦ક્રિ૦ પ્રવેશ કરવો; દાખલ થવું. **૦ન** ન૦ પ્રવેશ કરવો તે. **-શિકા** સ્ત્રી૦ કોઈ પણ વિષયમાં પ્રવેશ કરાવનારી ચોપડી [સ્ત્રી૦ [સં.] સંન્યાસ

પ્રવ્રજિત વિ૦ [સં.] પ્રવ્રજ્યા લીધી હોય તેવું. **પ્રવ્રજ્યા**

પ્રશમ પું૦[સં.] ઉપશમ; શાંતિ (૨) નિવૃત્તિ; નાશ. **૦ન** ન૦ શાંત કરવું-શમાવવું તે. **-મિત** વિ૦ શાંત કરેલું કે થયેલું

પ્રશસ્ત વિ૦ [સં.] વખણાયેલું; ઉત્તમ (૨) વિહિત. **-સ્તિ** સ્ત્રી૦ પ્રશંસા; વાહવાહ (૨) પ્રશંસાની કવિતા કે લેખ. **-સ્ય** વિ૦ વખાણવા લાયક

પ્રશંસક વિ૦[સં.] વખાણનાર. **-નીય** વિ૦ જુઓ પ્રશસ્ય. **-વું** સ૦ક્રિ૦ વખાણવું. **પ્રશંસા** સ્ત્રી૦ [સં.] વખાણ

પ્રશાખા સ્ત્રી૦ [સં.] નાની શાખા. **-ખી** વિ૦ પ્રશાખાઓવાળું

પ્રશાંત વિ૦ [સં.] ખૂબ શાંત. **-તિ** સ્ત્રી૦ ખૂબ શાંતિ

પ્રશ્ન પું૦;ન૦ [સં.] સવાલ (૨) બાબત; જાણવા વિચારવાની કે ચર્ચવાની વસ્તુ; 'પ્રોબ્લેમ'. **૦કાર** પું૦ પ્રશ્ન પૂછનાર. **૦પત્ર** પું૦;ન૦ સવાલપત્રક. **૦પરંપરા** સ્ત્રી૦ ઉપરાઉપરી પ્રશ્નો પૂછવા તે. **૦માલા(-ળા)** સ્ત્રી૦ પ્રશ્નાવલિ. **૦વિરામ** ન૦ લખાણમાં (?) આવું પ્રશ્નસૂચક વિરામચિહ્ન. **-શ્નાર્થ** વિ૦(વ્યા.) પ્રશ્નવાચક (૨) પું૦ વાક્યની પ્રશ્નસૂચક-પ્રશ્નનો અર્થ નીકળે એવી રચના (૩) સમસ્યા પૂછવાની ને તેનો ઉત્તર આપવાની એક રમત. **-શ્નાર્થક** વિ૦ પ્રશ્નાર્થ. **-શ્નાવલિ(-લી,-ળિ,-ળી)** સ્ત્રી૦ પ્રશ્નમાળા; પ્રશ્નોની હાર. **-શ્નોતરી** સ્ત્રી૦ જન્મલગ્નને અભાવે પ્રશ્નના મુહૂર્ત પરથી ગણતરી કરી કરેલી જન્મોતરી. **-શ્નોત્તર** વિ૦ સવાલ જવાબના રૂપમાં લખાયેલું (૨) પું૦બ૦વ૦ સવાલો ને જવાબો. **-શ્નોત્તરી** સ્ત્રી૦ સવાલજવાબરૂપે થતું વિવેચન

પ્રશ્વાસ પું૦ [સં.] હાંફ [મુદ્દાને લગતું

પ્રસક્ત વિ૦ [સં.] વળગેલું (૨) આસક્ત (૩) પ્રસ્તુત;

પ્રસન્ન વિ૦ [સં.] ખુશ; આનંદી (૨) સંતુષ્ટ (૩) સરળ; અર્થ તરત સમજાય તેવું (૪) નિર્મળ; પારદર્શક. **૦તા** સ્ત્રી૦

પ્રસર પું૦ [સં.] પ્રસાર; ફેલાવો. **૦ણ** ન૦ પ્રસરવું-ફેલાવું તે. **૦વું** અ૦ક્રિ૦ ફેલાવું

પ્રસવ પું૦ [સં.] જન્મ આપવો તે (૨) જન્મ; ઉત્પત્તિ. **૦વું** સ૦ક્રિ૦ જણવું (૨) અ૦ક્રિ૦ જન્મવું

પ્રસવ્યા સ્ત્રી૦ [સં.] ઊલટી પ્રદક્ષિણા (?)

પ્રસંખ્યાન ન૦[સં.](યોગમાં)સારું જ્ઞાન-વિવેક; વિવેકખ્યાતિ

પ્રસંગ પું૦ [સં.] જુઓ અવસર (૨) સહવાસ; સંગ (૩) પ્રકરણ; વિષય. **૦ભૂત** વિ૦ પ્રસંગને લગતું; પ્રસ્તુત. **૦સેવી** વિ૦ લાગ સાધી લે તેવું. **૦વશાત્** અ૦ પ્રસંગને લીધે; પ્રસંગોપાત્ત. **-ગાવધાન** ન૦ સમયસૂચકતા. **-ગાંતરતા** સ્ત્રી૦ વિષયાંતર થવું તે. **-ગોચિત** વિ૦ પ્રસંગને યોગ્ય. **-ગોપાત્ત** અ૦ પ્રસંગે; પ્રસંગ આવ્યેથી

પ્રસાદ પું૦ [સં.] પ્રસન્નતા (૨) મહેરબાની (૩) નિર્મળતા (૪) પરસાદ (૫) સાંભળવાની સાથે જ ભાવ સ્ફુરે અને હૃદયમાં ઊતરી જાય તેવો કાવ્યનો એક ગુણ (૬) સંગીતમાં એક અલંકાર. **૦ક** વિ૦ પ્રસન્ન કરનારું (૨) પ્રસાદ કરનારું. **-દાત્મક** વિ૦ નિર્મળ (૨) પ્રસાદગુણવાળું. **-દી** સ્ત્રી૦ દેવને ધરાવેલી સામગ્રી (૨) દેવ, ગુરુએ પ્રસન્ન થઈ આપેલી ચીજ (૩) [લા.] માર

પ્રસાધન ન૦ [સં.] શણગાર કે તે સજવાની સાધનસામગ્રી; 'ટૉઇલેટ' (૨) સાધવું કે ઠીક કરવું તે

પ્રસાર પું૦ [સં.] ફેલાવો. **૦ક** વિ૦ ફેલાવનારું. **૦ણ** ન૦ જુઓ પ્રસરણ. **૦વું** સ૦ક્રિ૦ પ્રસરે એમ કરવું. **-રિત** વિ૦ ફેલાવેલું. **-રી** પું૦ ફેલાવનાર (૨) શરીરને ફેલાવી ગાનાર

પ્રસિદ્ધ વિ૦ [સં.] વિખ્યાત; જાહેર (૨) પ્રકાશિત; બહાર પાડેલું (પુસ્તક). **૦કર્તા(-ર્ત્તા)** પું૦ પ્રસિદ્ધ કરનાર. **-દ્ધિ** સ્ત્રી૦ ખ્યાતિ (૨) છપાવી પ્રસિદ્ધ કરવું તે; પ્રકાશન. **-દ્ધિપત્ર** ન૦ જાહેરખબર

પ્રસુપ્ત વિ૦ [સં.] સુપ્ત; સૂતેલું (૨) ઘસઘસાટ ઊંઘેલું

પ્રસૂત વિ૦ [સં.] જણેલું; જન્મેલું (૨) ન૦ સંતાન; પ્રજા. **-તા** સ્ત્રી૦ જેને તરતમાં પ્રસવ થયો હોય એવી સ્ત્રી. **-તિ** સ્ત્રી૦ પ્રસવ (૨) સુવાવડ (૩) સંતતિ. **-તિકાલ(-ળ)** પું૦ સુવાવડનો સમય. **-તિગૃહ** ન૦ સુવાવડ માટેનું સ્થાન -દવાખાનું. **-તિજ્વર** પું૦ સુવાવડીનો તાવ. **-તિશાસ્ત્ર** ન૦ સુવાવડનું શાસ્ત્ર

પ્રસૂન ન૦ [સં.] કળી (૨) ફૂલ (૩) ફળ

પ્રસ્તર પું૦ [સં.] તૃણ, પર્ણ વગેરેની પથારી (૨) પથારી (૩) પથ્થર (૪) દર્ભનો કલ્લો (૫) સપાટી; સપાટ તળ

પ્રસ્તાર પું૦ [સં.] અમુક માત્રા અથવા વર્ણના છંદનાં શક્ય રૂપોનો કોઠો (૨) પ્રસ્તર (૩) ફેલાવ; વિસ્તાર

પ્રસ્તાવ પું૦ [સં.] આરંભ (૨) પ્રસંગ; બાબત (૩) દરખાસ્ત. **૦ક** વિ૦ (૨) પું૦ દરખાસ્ત મૂકનાર. **૦ના** સ્ત્રી૦ ઉપોદ્‌ઘાત; આમુખ (૨) નાટકના વાસ્તવિક આરંભની પૂર્વે તે વિષે માહિતી આપનારો સૂત્રધાર વગેરેનો પ્રવેશ. **-વિક** વિ૦ જુઓ પ્રાસ્તાવિક

પ્રસ્તુત વિ૦ [સં.] કહેવામાં આવેલું; ચર્ચાતું (૨) ન૦ જેને વિષે કહેવાનું કે કહેવાતું હોય તે (૩) ટાણું

પ્રસ્થાન ન૦ [સં.] પ્રવાસે જવા ઊપડવું તે; પ્રયાણ (૨) જુઓ પસ્તાનું (૩) માર્ગ. **૦ત્રય** ન૦, **૦ત્રયી** સ્ત્રી૦ વેદધર્મના પાયારૂપ ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ભગવદ્‌ગીતા- એ ત્રણ. **૦બિંદુ** ન૦ ઊપડવાનું-શરૂઆત કરવાનું સ્થળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–પિત વિ૦ સ્થાપિત કરેલું; સિદ્ધ કરેલું

પ્રસ્નવ પું૦ [સં.] ધારા; પ્રવાહ (જેમ કે દૂધનો)

પ્રસ્ફુરિત વિ૦ [સં.] પ્રગટ જણાઈ આવતું (૨) ધ્રૂજતું; કંપતું

પ્રસ્રવ પું૦, ૦ણ ન૦, પ્રસ્રાવ પું૦ [સં.] સ્રવવું તે (૨) ધારા; વહેણ (૩) સ્તન કે આંચળમાંથી સ્રવતું દૂધ

પ્રસ્વાપન વિ૦ [સં.] નિદ્રા આણનારું (૨) ન૦ તેવું અસ્ત્ર

પ્રસ્વેદ પું૦ [સં.] પરસેવો

પ્રહર પું૦ [સં.] ત્રણ કલાક; પહોર. –રી પું૦ પહેરેગીર

પ્રહરણ ન૦ [સં.] પ્રહાર કરવો તે (૨) શસ્ત્રાસ્ત્ર

પ્રહરવું સ૦ક્રિ૦ ઘા કરવો; મારવું [છંદ

પ્રહર્ષ પું૦ [સં.] અતિ આનંદ. ૦(–ર્ષિ)ણી સ્ત્રી૦ એક

પ્રહસન ન૦ [સં.] દુર્ગુણની ફજેતી કરનારું એક કે બે અંકનું હાસ્યરસપ્રધાન નાટક

પ્રહસ્ત પું૦ [સં.] (સં.) રાવણનો એક સેનાપતિ (૨) આંગળીઓ ફેલાવી હોય એવો હાથનો પંજો

પ્રહાણ ન૦ [સં.] નાશ; હાનિ

પ્રહાર પું૦ [સં.] ઘા [વિષ્ણુભક્ત

પ્રહ્લાદ પું૦ [સં.] (સં.) હિરણ્યકશિપુનો પુત્ર–પ્રસિદ્ધ

પ્રાક્(–ગ્) અ૦ [સં.] પહેલાં; અગાઉ

પ્રાકટ્ય ન૦ [સં.] પ્રગટવું તે; અવતાર (૨) પ્રસિદ્ધિ (પુસ્તકની)

પ્રાકાર પું૦ [સં.] કોટ; કિલ્લો. ૦બંધ પું૦ એક છંદ

પ્રાકૃત વિ૦ [સં.] જુઓ પ્રાકૃતિક (૨) સામાન્ય વર્ગનું; મામૂલી (૩) સામાન્ય જનસમુદાયને લગતું (૪) અશિષ્ટ; સંસ્કાર વિનાનું (૫) સ્ત્રી૦; ન૦ સંસ્કૃત ઉપરથી ઊપજેલી એક પ્રાચીન લોકભાષા (૬) સંસ્કૃત પરથી અપભ્રંશ થઈને આવેલી કોઈ (પ્રાચીન અર્વાચીન) ભાષા. –તિક વિ૦ કુદરતને લગતું; ભૌતિક (૨) સ્વાભાવિક (૩) લૌકિક

પ્રાક્તન વિ૦ [સં.] પૂર્વજન્મનું (૨) ન૦ [પ્ર.] ભાગ્ય; દૈવ

પ્રાગ્ અ૦ [સં.] જુઓ પ્રાક્

પ્રાગડ સ્ત્રી૦ મળસકું; પરોઢિયું

પ્રાગલ્ભ્ય ન૦ [સં.] પ્રગલ્ભતા

પ્રાગટ્ય ન૦ જુઓ પ્રાકટ્ય

પ્રાગતિક વિ૦ [સં.] પ્રગતિ કરનાર; પ્રગતિશીલ

પ્રાઘુણ પું૦ [સં.] પરોણો; મહેમાન

પ્રાચી સ્ત્રી૦ [સં.] પૂર્વ દિશા

પ્રાચીન વિ૦ [સં.] જૂનું. ૦તા સ્ત્રી૦. ૦પંથી વિ૦ (૨) પું૦ જૂનાનું આગ્રહી; 'ઑર્થોડૉક્સ'

પ્રાચ્ય વિ૦ [સં.] પૂર્વનું

પ્રાજાપત્ય વિ૦ [સં.] પ્રજાપતિ સંબંધી (૨) પું૦ વિવાહના આઠ પ્રકારોમાંનો એક, જેમાં કન્યાનો પિતા વર પાસેથી કાંઈ પણ લીધા વિના, બંને ધર્મપૂર્વક આચરણ કરી સુખી થાય એ ઇચ્છાથી જ, કન્યા આપે છે

પ્રાજું વિ૦ + મોટું (૨) ઊંચું

પ્રાજે પું૦ + પરાજય

પ્રાજ્ઞ વિ૦ [સં.] બુદ્ધિશાળી; ચતુર (૨) જ્ઞાતા; પિછાણનાર

પ્રાણ પું૦ [સં.] શ્વાસ; શ્વાસનો વાયુ (૨) જીવ (૩) જીવનશક્તિ; બળ. ૦ઘાત પું૦ વધ. ૦ઘાતક વિ૦ જીવલેણ. ૦ઘોષ પું૦ નાદ; કાન રૂંધતાં સંભળાતો શરીરમાં પ્રાણચલનનો ઘોષ. ૦જીવન વિ૦ પ્રાણને જીવનરૂપ (૨) પું૦ પ્રીતમ; પતિ. ૦ધારણ ન૦ જીવ ટકાવી રાખવો તે. ૦ધારી વિ૦ પ્રાણ ધારણ કરનારું (૨) પું૦; ન૦ માણસ (૩) પ્રાણી. ૦નાથ પું૦ પ્રાણનો નાથ; પતિ. ૦પણ ન૦ પ્રાણ હોડમાં મૂકવા તે. ૦પણે અ૦ જાનને જોખમે. ૦પથારી સ્ત્રી૦ પ્રાણ પાથરવા તે; પ્રાણાર્પણ. ૦પૂર્ણ વિ૦ પ્રાણથી ભરેલું; ચૈતન્યવાળું. ૦પ્યારું વિ૦ પ્રાણસમાન પ્રિય. ૦પ્રતિષ્ઠા સ્ત્રી૦ પ્રાણ ફૂંકવો તે (૨) મૂર્તિની સ્થાપના કરતા પહેલાં મંત્રો દ્વારા તેમાં પ્રાણનો આરોપ કરવો તે. ૦પ્રદ વિ૦ પ્રાણ આપનાર. ૦પ્રિય વિ૦ પ્રાણપ્યારું. ૦પ્રિયા સ્ત્રી૦ પ્રાણ સમાન પ્રિય સ્ત્રી. ૦મયકોશ(–ષ) જીવના પાંચ કોષોમાંનો બીજો (જુઓ આનંદમયકોશ). ૦યાત્રા સ્ત્રી૦ જીવન. ૦વલ્લભ પું૦ પ્રાણ સમાન વહાલો પુરુષ. ૦વલ્લભા સ્ત્રી૦ પ્રાણ સમાન વહાલી સ્ત્રી. ૦વંત વિ૦ પ્રાણવાળું. ૦વાયુ પું૦ 'ઑક્સિજન'. ૦વિધાન ન૦ સજીવન કરવું તે. ૦વિનિમય પું૦ 'મેસ્મેરિઝમ'. ૦સખા પું૦ પ્રાણપ્રિય મિત્ર. ૦હારક,૦હારી વિ૦ જીવ લેનારું. –ણાયામ પું૦ યોગનાં આઠ અંગમાંનું એક. –ણાર્પણ ન૦ જીવ આપવો તે. –ણાંત પું૦ મૃત્યુ. –ણાંતક વિ૦ મૃત્યુ ઉપજાવનાર. –ણિજ વિ૦ 'ઑર્ગેનિક' (પ. વિ.). –ણિત વિ૦ પ્રાણયુક્ત. –ણિયો પું૦ પ્રાણી; જીવ (પ.). –ણી ન૦ જીવ. –ણીવિદ્યા સ્ત્રી૦ 'ઝૂઑલૉજી'. –ણેશ પું૦ પ્રાણનાથ. –ણેશ્વરી સ્ત્રી૦ પ્રાણની માલિક; પ્રાણપ્રિયા

પ્રાત પું૦; ન૦ સવાર. –તઃકર્મ ન૦ [સં.] સ્નાન, સંધ્યા વગેરે સવારે કરવાનું કર્મ. –તઃકાળ પું૦ સવાર. –તઃસંધ્યા સ્ત્રી૦ [સં.] સવારની સંધ્યા. –તઃસામગ્રી સ્ત્રી૦ [સં.] પ્રાતઃકર્મ પરવારવાની સામગ્રી. –તઃસ્નાન ન૦ [સં.] સવારનું સ્નાન [મૂળ સ્વરૂપ (વ્યા.)

પ્રાતિપદિક ન૦ [સં.] વિભક્તિ લાગ્યા પહેલાંનું નામનું

પ્રાતિશાખ્ય ન૦ [સં.] વેદની જુદી જુદી શાખાઓના, ઉચ્ચારણ વગેરેના નિયમોને લગતો વ્યાકરણગ્રંથ

પ્રાથમિક વિ૦ [સં.] આરંભનું (૨) આરંભ દશાનું

પ્રાદિ વિ૦ [સં.] (વ્યા.) આદિમાં 'પ્ર' વગેરે ઉપસર્ગવાળું. ૦બહુવ્રીહિ પું૦ બહુવ્રીહિ સમાસનો એક પ્રકાર. ઉદા૦ 'વિધવા'. ૦સમાસ પું૦ તત્પુરુષ સમાસનો એક પ્રકાર. ઉદા૦ અતીન્દ્રિય

પ્રાદુર્ભાવ પું૦ [સં.] ઉત્પત્તિ; પ્રગટ થવું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાદુર્ભૂત વિ૦ [સં.] પ્રાદુર્ભાવ પામેલું; પ્રગટેલું
પ્રાદેશિક વિ૦ [સં.] પ્રદેશનું; પ્રદેશ સંબંધી
પ્રાધાન્ય ન૦ [સં.] પ્રધાનપણું; મુખ્યત્વ
પ્રાપંચિક વિ૦ [સં.] પ્રપંચ સંબંધી; સંસારવહેવારને લગતું
પ્રાપ્ત વિ૦ [સં.] મેળવાયેલું કે મળેલું (૨) ઉપસ્થિત; રજૂ. ૦કામ વિ૦ જેની કામના પૂર્ણ થઈ છે એવું. ૦કાલ(-ળ) વિ૦ જેનો યોગ્ય સમય પ્રાપ્ત થયો છે તેવું. ૦વ્ય વિ૦ ન૦ (૨) પ્રાપ્ત કરવા યોગ્ય. -પ્તિ સ્ત્રી૦ લાભ (૨) શક્તિ
પ્રાપ્ય વિ૦ [સં.] લભ્ય; મળે એવું
પ્રાબલ્ય ન૦ [સં.] પ્રબળપણું; જોર
પ્રામાણિક વિ૦ [સં.] પ્રમાણો દ્વારા સાબિત થયેલું (૨) પ્રમાણભૂત; વિશ્વાસપાત્ર (૩) સાચું; ઈમાનદાર; પ્રમાણિક. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦
પ્રામાણ્ય ન૦ [સં.] પ્રમાણભૂત-માન્ય હોવાપણું (૨) પ્રમાણ; પુરાવો. ૦બુદ્ધિ સ્ત્રી૦ (અમુક ગ્રંથ કે વચન) પ્રામાણિક છે એવી બુદ્ધિ
પ્રાય વિ૦ [સં.] લગભગ સરખું (સમાસને અંતે). ઉદા૦ મૃતપ્રાય (૨) અ૦ જુઓ પ્રાયઃ
પ્રાયશઃ અ૦ [સં.] મોટે ભાગે; ઘણુંખરું
પ્રાયશ્ચિત્ત ન૦ [સં.] પાપના નિવારણ માટેનું તપ
પ્રાયઃ અ૦ [સં.] બહુધા; મોટે ભાગે (૨) બધી રીતે
પ્રાયોગિક વિ૦ [સં.] પ્રયોગને લગતું, તે સંબંધી (૨) પ્રયોગ કરી શકાય એવું [માટે તૈયાર થઈ બેસવું તે
પ્રાયોપવેશન ન૦ [સં.] અન્નજળનો ત્યાગ કરી મરવા
પ્રારબ્ધ વિ૦ [સં.] શરૂ કરેલું (૨) ન૦ નસીબ. ૦વાદ પું૦ દૈવવાદ. ૦વાદી વિ૦ (૨) પું૦ દૈવવાદી
પ્રારંભ પું૦ [સં.] શરૂઆત. ૦ક વિ૦ પ્રારંભ કરનારું (૨) પું૦ નવો પ્રારંભ કરનાર; 'પાયોનિયર'. ૦શૂર(-રું) વિ૦ શરૂઆતમાં જ ખૂબ ઉત્સાહ બતાવનાર. -ભિક વિ૦ પ્રારંભનું; પ્રાથમિક
પ્રાર્થન ન૦ [સં.] પ્રાર્થના કરવી તે. -ના સ્ત્રી૦ અરજ (૨) ઈશ્વરસ્તુતિ. -ના સમાજ પું૦; સ્ત્રી૦ એક અર્વાચીન ધર્મસમાજ. -ના સમાજી વિ૦(૨)પું૦ પ્રાર્થના સમાજનું કે તેનો અનુયાયી. -યિતા પું૦ પ્રાર્થના-માગણી કરનાર; પ્રાર્થનાર. -વું અ૦ક્રિ૦ પ્રાર્થના કરવી; વીનવવું; માગવું
પ્રાર્થિત વિ૦ [સં.] અરજ કરીને માગેલું
પ્રાવરણ ન૦ [સં.] ઢાંકણ
પ્રાવીણ્ય ન૦ [સં.] કુશળતા
પ્રાવૃષ પું૦ [સં.] ચોમાસું; અષાડ-શ્રાવણની વર્ષાઋતુ
પ્રાવેશિક વિ૦ [સં.] પ્રવેશ કરવામાં સાધનરૂપ
પ્રાશ પું૦; ૦ન ન૦ [સં.] અશન; ખાવું તે. ૦વું સ૦ક્રિ૦ ખાવું
પ્રાશંસિક વિ૦ [સં.] પ્રશંસાને લગતું
પ્રાસ પું૦ કવિતાની તૂકને અંતે અક્ષર મળતા આવવા તે
પ્રાસ પું૦ [સં.] ભાલો [નહિ પણ કોઈક વખતનું
પ્રાસંગિક વિ૦ [સં.] પ્રસ્તુત; પ્રસંગને અનુકૂળ (૨) વારંવાર
પ્રાસાદ પું૦ [સં.] મહેલ
પ્રાસાદિક વિ૦ [સં.] પ્રસાદગુણવાળું (૨) અનુગ્રહરૂપ; કલ્યાણકારી (૩) ઈશ્વરની કૃપાથી મળેલું
પ્રાસાનુપ્રાસ પું૦ પ્રાસ અને અનુપ્રાસ. -સી વિ૦ પ્રાસાનુપ્રાસવાળું [પ્રાવેશિક (૨) પ્રસ્તુત
પ્રાસ્તાવિક વિ૦ [સં.] પ્રસ્તાવનાને લગતું; પ્રસ્તાવનારૂપ;
પ્રાહુણો પું૦ + મહેમાન
પ્રાંગણ ન૦ [સં.] આંગણું
પ્રાંજલિ વિ૦ [સં.] અંજલિ-હાથ જોડ્યા હોય એવું
પ્રાંત પું૦ [સં.] છેડો (૨) દેશનો વિભાગ; જિલ્લાઓ મળી બનતો વિભાગ. ૦ક પું૦ એક નવો શોધાયેલો ગ્રહ; 'પ્લૂટો'. -તિક, -તીય વિ૦ પ્રાંતને લગતું. -તીયતા સ્ત્રી૦, -તીયત્વ ન૦ પોતાના પ્રાંતનો જ વિચાર કરવાની સંકુચિતતા. -ત્ય વિ૦ પ્રાંતનું; પ્રાંતિક
પ્રિય વિ૦ [સં.] વહાલું; ગમતું (૨) પું૦ પિયુ; કાંત (૩) ન૦ હિત; કલ્યાણ (૪) મિષ્ટ વચન. ૦કર વિ૦ હિતકર. ૦જન પું૦ પ્રેમપાત્ર માણસ. ૦તમ વિ૦ સૌથી વધારે વહાલું (૨) પું૦ કાન્ત; પ્રીતમ (૩) પતિ. ૦તમા સ્ત્રી૦ કાંતા; પ્રિયા (૨) પત્ની. ૦દર્શન વિ૦ જોતાં પ્રિય લાગે એવું (૨) ન૦ પ્રિયજનનું દર્શન. ૦દર્શી વિ૦ સર્વ પ્રત્યે પ્રેમથી જોનાર (૨) પું૦ (સં.) અશોકરાજા. -યંવદા સ્ત્રી૦ પ્રિય બોલનારી (૨) પું૦; સ્ત્રી૦ એક છંદ. -યા સ્ત્રી૦ વહાલી સ્ત્રી
પ્રિયંગુ સ્ત્રી૦ [સં.] એક વેલ
પ્રીછ સ્ત્રી૦ ઓળખ. ૦વવું સ૦ક્રિ૦ સમજાવવું. ૦વું સ૦ક્રિ૦ ઓળખવું (૨) સમજવું; જાણવું. [વિ૦ પ્રેમાળ
પ્રીત સ્ત્રી૦ પ્રીતિ; પ્રેમ. ૦મ પું૦ પ્રિયતમ (૨) પ્રભુ. -તાળ
પ્રીતિ સ્ત્રી૦ [સં.] પ્રેમ (૨) મૃદુ શ્રુતિનો એક પ્રકાર. ૦દાન ન૦ પ્રેમનું દાન કે પ્રીતિથી ભેટ કે કાંઈક આપવું તે. ૦ભોજન ન૦ (વર્ણ કે નાતની સૂગ વિનાનું) સામુદાયિક ભોજન [માં થતો વધારો
પ્રીમિયમ ન૦ [ઇં.] વીમાનો હપ્તો (૨) શેરની મૂળ કિંમત-
પ્રૂફ ન૦ [ઇં.] ગોઠવાયેલાં બીબાંની શુદ્ધિ તપાસવા લેવાતી અજમાયશની છાપ કે તેનો કાગળ
પ્રૅક્ટિસ સ્ત્રી૦ [ઇં.] વકીલાત કે દાક્તરીનું કામકાજ
પ્રેક્ષક પું૦ [સં.] જોનારો (૨) પરિષદ, સભા વગેરેમાં માત્ર જોવા સાંભળવા આવનાર. -ણીય વિ૦ જોવા જેવું. -ણીયક ન૦ જોવા જેવું દૃશ્ય; તમાશો. -વું સ૦ક્રિ૦ જોવું.
પ્રેક્ષાગાર, પ્રેક્ષાગૃહ ન૦ [સં.] નાટકશાળા; 'થિયેટર'
પ્રેત ન૦ [સં.] શબ (૨) સપિંડીકરણ પર્યંત મરનારને મળતું એક કલ્પિત શરીર (૩) અવગતિયો જીવ (૪) પિશાચ જેવી એક યોનિ. ૦કર્મ, ૦કાર્ય ન૦ મરેલાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દહનથી માંડીને સપિંડીકરણ સુધી કરવામાં આવતું કર્મ. ૦દહન ન૦ શબને બાળવું તે. ૦ભૂમિ(-મી) સ્ત્રી૦ સ્મશાન. ૦ભોજન ન૦ પ્રેતને ધરાવાતું ભોજન (૨) બારમું; મરણ પાછળ કરાતી નાત. ૦લોક પું૦ પ્રેતોને રહેવાનો લોક. -તાવાહન ન૦ પ્રેતને બોલાવવું તે

પ્રેમ પું૦ [સં.] પ્રીતિ (૨) રુચિ. ૦દા સ્ત્રી૦ જુઓ પ્રમદા. ૦ધર્મ પું૦ પ્રેમનો ધર્મ; અહિંસાધર્મ. ૦પત્ર ન૦, ૦પત્રિકા સ્ત્રી૦ પ્રેમ દર્શાવતો કે પ્રેમીનો પત્ર. ૦પાશ પું૦ પ્રેમરૂપી બંધન. ૦બળ ન૦ પ્રેમનું બળ; અહિંસાબળ. ૦ભક્તિ સ્ત્રી૦ પ્રેમલક્ષણા ભક્તિ. ૦રસ પું૦ પ્રેમરૂપી રસ. ૦લ(-ળ) વિ૦ પ્રેમવાળું. ૦લક્ષણાભક્તિ સ્ત્રી૦ નવધા ભક્તિનો એક પ્રકાર; શ્રેષ્ઠ ભક્તિ. ૦શૌર્ય ન૦ પ્રેમ અને શૌર્ય; 'શિવલ્રી'. ૦ળતા સ્ત્રી૦. -માનંદ પું૦ પ્રેમ અને આનંદ (૨) પ્રેમનો આનંદ (૩) બ્રહ્માનંદ. -માનંદી વિ૦ પ્રેમાનંદ માણનારું. -માર્દ્ર વિ૦ પ્રેમથી ભીંજાયેલું. -માસ્પદ ન૦ પ્રેમનું સ્થાન; પ્રેમપાત્ર. -માળ વિ૦ હેતાળ; વહાલસોયું. -માંશી વિ૦ પ્રેમના અંશવાળું; પ્રેમી. -મી વિ૦ પ્રેમવાળું; પ્રેમ કરનારું

પ્રેય ન૦ [સં.] ઐહિક-પાર્થિવ સુખ. ૦સી સ્ત્રી૦ પ્રિય સ્ત્રી (૨) વિ૦સ્ત્રી૦ વધારે પ્રિય; અતિપ્રિય

પ્રેરક વિ૦ [સં.] પ્રેરણા, ગતિ કે ઉત્તેજન આપનારું (૨) [વ્યા.] બીજાના તરફની પ્રેરણા બતાવનારું (ક્રિ૦નું રૂપ). -ણા સ્ત્રી૦ પ્રેરવું તે (૨) પ્રોત્સાહન (૩) આદેશ; આજ્ઞા (૪) ખાનગી સલાહ. -વું સ૦ક્રિ૦ મોકલવું (૨) ગતિ, પ્રોત્સાહન, આજ્ઞા કે ખાનગી સલાહ આપવી.

પ્રેરિત વિ૦ [સં.] પ્રેરાયેલું

પ્રેષણા સ્ત્રી૦ [સં.] મોકલવું તે. પ્રેષિત વિ૦ [સં.] મોકલેલું

પ્રેષ્ઠ વિ૦ [સં.] વહાલામાં વહાલું

પ્રેષ્ય વિ૦ [સં.] મોકલવા લાયક (૨) પું૦ નોકર; દાસ

પ્રેસ ન૦ [ઇં.] દાબવાનું યંત્ર (૩) રૂ વગેરેને દાબી ગાંસડીઓ બાંધવાનો સંચો (૩) છાપવાનું યંત્ર (૪) છાપખાનું (૫) [લા.] છાપાં

પ્રેંખ પું૦ [સં.] ઝૂલો; આંદોલન (૨) સંગીતનો એક અલંકાર. ૦ણ ન૦ ઝૂલો; આંદોલન. -ખિત વિ૦ ડોલતું; આંદોલનયુક્ત (૨) ન૦ સંગીતનો એક અલંકાર

પ્રોક્ત વિ૦, -ક્તા વિ૦સ્ત્રી૦ [સં.] ઉક્ત; બોલાયેલું

પ્રોક્ષણ ન૦ [સં.] પવિત્ર કરવા મંત્રપૂર્વક પાણી છાંટવું તે

પ્રોગ્રામ ન૦;પું૦ [ઇં.] કાર્યક્રમ

પ્રોચ્છ્રિત વિ૦ [સં.] ઊંચું

પ્રોજ્જ્વલ વિ૦ [સં.] પૂર્ણ ઉજ્જ્વલ; બરોબર પ્રકાશ મારતું

પ્રોટીન ન૦ [ઇં.] ખાદ્યનું માંસપોષક એક અંગ

પ્રોઢું વિ૦ + પ્રૌઢ

પ્રોત્સાહક વિ૦ [સં.] પ્રોત્સાહન આપતું. -ન ન૦ ખૂબ ઉત્સાહ-ઉત્તેજન આપવું તે

પ્રોત્સાહિત વિ૦ [સં.] પ્રોત્સાહન પામેલું

પ્રોવું સ૦ક્રિ૦ પરોવવું (પ.)

પ્રોષિત વિ૦ [સં.] વિદેશ ગયેલું. ૦પતિકા, ૦ભર્તૃકા સ્ત્રી૦ જેનો પતિ વિદેશ ગયો હોય તેવી (નાયિકા). ૦પત્નીક વિ૦ જેની પત્ની વિદેશ ગઈ હોય એવો (પુરુષ)

પ્રૌઢ વિ૦ [સં.] પુખ્ત; આધેડ (૨) ગંભીર (૩) વિશાળ; ભવ્ય (૪) પ્રૌઢિવાળું. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦. -ઢા સ્ત્રી૦ ત્રીસથી પંચાવન વરસની નાયિકા; પ્રગલ્ભા. -ઢિ સ્ત્રી૦ પ્રૌઢપણું (૨) વિચાર અને ભાષાની પ્રૌઢતા (૩) ચમત્કારિક, સંક્ષેપ કે વિસ્તારવાળું અને સાભિપ્રાય લખાણ. -ઢું વિ૦ પ્રૌઢ (૨) અત્યંત

પ્લવંગ પું૦ [સં.] વાંદરો. ૦મ પું૦ વાંદરો (૨) એક છંદ

પ્લાવિત વિ૦ [સં.] ડુબાડેલું; તરબોળ

પ્લાસ્ટ(-સ્ત)ર ન૦ [ઇં.] ચણતર ઉપર લગાવવાનો ચૂના વગેરેનો લેપ (૨) ઔષધનો લેપ (૩) તેવા લેપવાળી પટ્ટી

પ્લીહા સ્ત્રી૦ [સં.] બરોળ

પ્લુત વિ૦ [સં.] દીર્ઘ સ્વરથી દોઢા લાંબા ઉચ્ચારનું (૨) ડૂબેલું; તરબોળ. -તિ સ્ત્રી૦ કૂદકો (૨) પૂર (૩) ઘોડાની એક ચાલ (૪) સ્વર ત્રણ માત્રા સુધી લંબાવવો તે

પ્લેગ પું૦ [ઇં.] એક ચેપી રોગ; મરકી; મહામારી

પ્લૅટફૉર્મ ન૦ [ઇં.] સ્ટેશન પરનો લાંબો ઓટલો, જેના પર રહીને રેલગાડીમાં ચડઊતર થાય છે (૨) વ્યાસપીઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ

ફ પુંં૦ [સં.] ઔષ્ઠ્ય વ્યંજન. ૦કાર પુંં૦ ફ અક્ષર કે તેનો ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે ફકારવાળું

ફઈ,૦બા સ્ત્રી૦ ફોઈ; બાપની બહેન. ૦જી સ્ત્રી૦ ફોઇજી

ફઉડી સ્ત્રી૦ જુઓ ફાલુ

ફકત અ૦ [अ.] ફક્ત; માત્ર; કેવળ

ફક(-ગ)દંડ વિ૦ ઉડાઉ (૨) લુચ્ચું (૩) બેફિકરું

ફકરો પુંં૦ કંડિકા; પેરા [કર્મણિ

ફકાડ(-વ)વું સ૦ક્રિ૦, ફકાવું અ૦ક્રિ૦ 'ફાકવું'નું પ્રેરક ને

ફકીર પુંં૦ [अ.] ત્યાગી; વૈરાગી (મુસલમાન). ૦ણ,-રાણી સ્ત્રી૦ ફકીરની કે ફકીર સ્ત્રી. ૦ફકરું ન૦ માગણ; બાવા જેવું માગણ. -રી સ્ત્રી૦ ફકીરપણું

ફકોડો પુંં૦ ફાકો; કોળિયો

ફક્કડ વિ૦ લોકલાજની પરવા વિનાનું; સ્વચ્છંદી (૨) વરણાગિયું; છેલ (૩) સુંદર (૪) ઉડાઉ; બેફિકરું (૫) રંગલો (ભવાઈમાં). -ડાઈ સ્ત્રી૦

ફક્કફક્કા પુંં૦બ૦વ૦ ખાઈપી ઉડાવી દેવું તે (૨) ખાલીપણું

ફક્ત અ૦ ફકત; માત્ર; કેવળ

ફગ(-હ)ફગ(-હ) અ૦ (રવ૦) છૂટથી; પુષ્કળ

ફગફગવું અ૦ક્રિ૦ ફરફરવું; હવામાં ઊડવું (૨) રખડવું; રઝળવું (૩) ફફડવું

ફગદંડ વિ૦ જુઓ ફકદંડ

ફગર સ્ત્રી૦ પરાગ (૨) ફાલ; ઢગ (૩) ફૂલોની મંજરી

ફગ(-ગા)વવું સ૦ક્રિ૦ છેતરવું (૨) ખોટું સમજાવવું (૩) 'ફગવું'નું પ્રેરક (૪) ફેંકવું; ઉરોટવું [ન રહેવું; છકવું

ફગવું અ૦ક્રિ૦ વાંકું બોલવું; બોલીને ફરી જવું (૨) નિયંત્રણમાં

ફગવો પુંં૦ જુઓ ઘેરૈયો

ફગાવવું સ૦ક્રિ૦ જુઓ ફગવવું

ફગેરો પુંં૦ પજવણી (૨) ઉઘાડી ફજેતી

ફગોટ(-ળ)વું સ૦ક્રિ૦ ફગવવું; ફેંકી દેવું

ફગોળિયું વિ૦ ધારણા વિના ફેંકેલું [જવાનો રવ

ફચ,૦ફચ અ૦ (રવ૦) ભોંકાયાનો કે એકદમ ફસકી ફાટી

ફજર સ્ત્રી૦ મળસકું [(૩) આબાદી

ફજલ વિ૦ સુખી; આનંદી (૨) સ્ત્રી૦ [अ.] કૃપા; મહેરબાની

ફજેટવું સ૦ક્રિ૦ (ચ.) ફેંકવું

ફજેત વિ૦ ફજેતીવાળું; બદનામ. ૦ખોર વિ૦ નઠોર; નફટ; ફજેતીનું બેફિકર (૨) બીજાની ફજેતી કરવાની કુટેવવાળું. -તી સ્ત્રી૦ ભવાડો (૨) બદનામી; અપકીર્તિ. -તો પુંં૦ ફજેતી (૨) કેરીના ગોટલા, છોતરાં વગેરે ધોઈ કરેલી કઢી

ફટ અ૦ (રવ૦) તિરસ્કારનો ઉદ્ગાર (૨) કશું ફાટવાનો કે ફફડવાનો અવાજ

ફટક અ૦ (રવ૦) [ફફડવાનો રવ] (૨) સ્ત્રી૦ બીક; ચમક (૩) અનાજ ઊપણવાની ચાદર; ફડકિયું. ૦ફટક અ૦ (રવ૦)

ફટક સ્ત્રી૦ સ્ફટિક; બિલોર

ફટકડી સ્ત્રી૦ એક જાતનો ખાર

ફટક દેવાળિયો પુંં૦ પાકો દેવાળિયો

ફટકવું અ૦ક્રિ૦ ખસવું; ચસકવું (ડાગળી, બુદ્ધિનું) (૨) વંઠી જવું (૩) ઊડી જવું (રંગનું) (૪) બીજી વાત પર ઊતરી પડવું

ફટકાર(-વ)વું સ૦ક્રિ૦ મારવું; ચાબુક-સોટીથી મારવું

ફટકારું વિ૦ ઘેલું; દીવાનું; બેફામ (૨) ચોંકેલું (૩) ખુલ્લું

ફટકારો પુંં૦ ફટકો કે તેનો અવાજ (૨) ચિત્તભ્રમ (૩) ધ્રાસકો

ફટકાવવું સ૦ક્રિ૦ જુઓ ફટકારવું

ફટકાસાળ સ્ત્રી૦ ફટકો મારી વાણાનો કાંઠલો ફેંકાય એવી યોજનાવાળી સાળ

ફટકિયું વિ૦ ઝટ ફૂટી જાય તેવું (૨) માથે જોખમ ન રાખે તેવું; ફરી જાય તેવું (દલાલ) (૩) (રવ૦) અવાજ કરતું (૪) ન૦ આખું એક બારણું

ફટકી સ્ત્રી૦ ફટાકડી (૨) એક પક્ષી (૩) પારધીની જાળ

ફટકો પુંં૦ ચાબુક કે સોટીનો પ્રહાર (૨) ટુવાલ; અંગૂછો (૩) [લા.] ખોટ; હાનિ; શિક્ષા લાગે એવો ધોકો

ફટફટ અ૦ (રવ૦) ફટાકડા વગેરેનો અવાજ (૨) ધિક્ ધિક્ (૩) ઝટ ઝટ; વગર વિચારે. -ટી સ્ત્રી૦ 'મોટરસાઇકલ'

ફટ(-ટા)વવું સ૦ક્રિ૦ જુઓ ફટાવવું

ફટાક અ૦ (રવ૦) ફટ દઈને ખૂલે એમ

ફટાકડી સ્ત્રી૦ પાણી લાગવાથી 'ફટ' અવાજ કરતું એક છોડનું દીંડવું (૨) બંદૂકડી (૩) ટચાકડી

ફટાકડો પુંં૦ ટેટો; એક જાતનું દારૂખાનું

ફટાકિયો પુંં૦ ફટાકડો (૨) એક છોડ

ફટાકો પુંં૦ ફટાકિયો; ફટાકડો [આડંબર; દમામ

ફટાટોપ પુંં૦ [સં.] ઊંચી કરેલી ફેણ [સાપની] (૨) ફૂંફાડો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફટાડવું સ૦ક્રિ૦ વધારેપડતી છૂટ આપીને બહેકાવવું; ફટાવવું
ફટાણું ન૦ ભૂંડું-બીભત્સ ગીત કે બોલ
ફટા(-ટો)ફટ અ૦ (રવ૦) ફટફટ; ઝપાટાબંધ; ઉપરાઉપરી
ફટાબાર વિ૦ તદ્દન ખુલ્લું-ઉઘાડું; ફટાર
ફટાયો પું૦ વારસાનો ભાગ લઈ ભાઈથી જુદો પડેલો ઠાકોર
ફટાર વિ૦ તદ્દન ખુલ્લું; ફટાબાર (૨) ફાટેલું; નફફટ. ૦વું સ૦ક્રિ૦ (ડોળા કે આંખ) ફાડવી. -રી સ્ત્રી૦ બડાઈ. -રું વિ૦ ફટાર [પક્ષમાં લેવું
ફટાવવું સ૦ક્રિ૦ ફટાડવું (૨) ફોડવું; સમજાવી પોતાના
ફટૈયો પું૦ જુઓ ફટાયો
ફટો વિ૦પું૦ વીંધાયેલા કાનવાળો (બાવાનો સંપ્રદાય)
ફટોફટ અ૦ (રવ૦) જુઓ ફટાફટ
ફટોર વિ૦ (સુ.) ફાટેલું; ફટકેલ [તૂટી પડેલી કેરી
ફટોર(-ળ) વિ૦ પોચું ને મીઠું (સોપારી) (૨) ન૦ પવનથી
ફડ ન૦ દારૂ ગાળવાનું સ્થાન-ભઠ્ઠી (૨) બજાર (૩) થાણું (૪) ગાનાર-નાચનારનું ટોળું (૫) એક પક્ષનું ટોળું (લાવણી ગાવામાં) (૬) અ૦ (રવ૦) (૭) ઉતાવળથી
ફડક સ્ત્રી૦ (રવ૦) ફટક; બીક (૨) પહેરેલા કપડાનો ઝૂલતો છેડો. ૦વું સ૦ક્રિ૦ ફડકથી ઝાટકવું. -કાર(-વ)વું સ૦ક્રિ૦ ફટકારવું (૨) સબડકા મારીને ખાવું. -કિયું ન૦ છૂટો છેડો; ફડક (૨) દાણા ઊપણવા ચાદર પકડીને કરેલો પંખો; ફટક -કો પું૦ કપડાની ફડકનો અવાજ (૨) ખેતરમાં અનાજ ઓરવાનું ઓજાર (૩) સબડકો (૪) ફડક (૫) ધ્રાસકો; ફાળ
ફડચ(-શ) સ્ત્રી૦ ચીરી; કડકો
ફડચો પું૦ નિકાલ; તોડ (૨) દેવાની પતાવટ
ફડદું ન૦ ફાંસ; વાંધો [ખાતાનો અમલદાર
ફડનવીસ પું૦ સરકારી દફતરનો મુખ્ય અમલદાર; હિસાબી
ફડનીસ પું૦ જુઓ ફડનવીસ. -સી સ્ત્રી૦ ફડનીસનું કામ-હોદ્દો (૨) સરકારી દફતરોનો ઓરડો
ફડફડ અ૦(રવ૦) ઊડવાનો, ફૂટવાનો કે ધબકવાનો અવાજ (૨) ઉપરાઉપરી (૩) ધબકારો; ઊછળવું તે (હૃદયનું) (૪) ધાંધલ; ઉતાવળ. ૦વું અ૦ક્રિ૦ ફડફડ અવાજ થવો (હવાથી ઊડવાથી) (૨) [બીકથી] ધ્રૂજવું; કંપવું (૩) ગુસ્સામાં બોલવું (૪) પૂંઠે ગુસ્સામાં બડબડવું. -ડાટ પું૦ ફફડવું તે (૨) [લા.] પતરાજી; તોર
ફડફોજદાર પું૦ થાણદાર
ફડબખતર, ફડબખ્તર વિ૦ ઉઘાડું; ખુલ્લું
ફડશ સ્ત્રી૦, -શિયું ન૦ જુઓ ફડચ; ચીરી
ફડાકી સ્ત્રી૦ (રવ૦) ગપ (૨) બડાઈ. -કિયું વિ૦ ગપ્પીદાસ (૨)બડાઈખોર. ૦દાસ પું૦ ફડાકિયું માણસ. -કો પું૦ ટોટો; ફટાકડો (૨) ધ્રાસકો; બીક (૩) જુઓ ફડાકી (૪) ફડાક એવો અવાજ
ફડાફડ અ૦ (રવ૦) ઉપરાઉપરી
ફડાવવું સ૦ક્રિ૦, **ફડાવું** અ૦ક્રિ૦'ફાડવું'નું પ્રેરક ને કર્મણિ
ફડાશિયું ન૦ ફડશિયું; ચીરી
ફડાંભેર અ૦ પગનાં ચાપવાંને આધારે (બેસવું)
ફડિયો પું૦ દાણા વેચનાર; કણિયો (૨) દારૂ ગાળનારો
ફડેતાળ સ્ત્રી૦ પાટિયાંની પદ્ધી
ફણગર પું૦ ફણધર; સાપ; નાગ [ફણગાવાળું
ફણગી સ્ત્રી૦ નાનો ફણગો. -ગો પું૦અંકુર. -ગાળું વિ૦
ફણ(-ણા)ધર પું૦ [સં.] નાગ (૨) મહાદેવ
ફણસ ન૦ એક ફળ. -સી સ્ત્રી૦ફણસનું ઝાડ; તેનું લાકડું
ફણસવો પું૦ અંકુર
ફણસી સ્ત્રી૦ એક શાકની શિંગ (૨) જુઓ 'ફણસ'માં
ફણા સ્ત્રી૦ [સં.] સાપની ફેણ. ૦ધર પું૦ જુઓ ફણધર
ફણી સ્ત્રી૦ કાંસકી (૨) સાળનો લાંબી કાંસકી જેવો એક ભાગ જેમાં તાણાના તાર પરોવાય છે
ફણી પું૦ [સં.] સાપ. ૦શ, ૦ન્દ્ર પું૦શેષનાગ (૨) મોટો નાગ
ફણો પું૦ ચાપવું
ફતવાખોર વિ૦ [फा.] ઢોંગી; પાખંડી [હુકમ
ફતવો પું૦ ઢોંગ (૨) મુસલમાની ધર્મશાસ્ત્રનો હુકમ (૩)
ફતે(૦હ)મારી સ્ત્રી૦ એક જાતનું નાનું વહાણ
ફતેહ સ્ત્રી૦ જીત; સફળતા. ૦મંદ વિ૦ વિજયી; સફળ. ૦મંદી સ્ત્રી૦ જીત; જય. ૦મારી સ્ત્રી૦ જુઓ ફતેમારી
ફદડક ફદડક અ૦ (રવ૦) જોરથી દોડતા ઘોડાનો અવાજ
ફદફદ અ૦ (રવ૦) ફદફદવાનો અવાજ (૨) પોચું અને ગદગદી ગયેલું. ૦વું અ૦ક્રિ૦કોહીને, અથાઈને કે ખટાઈને ગદગદ થવું (૨) પરુ ભરાઈને ફૂટવાની તૈયારીમાં આવવું (૩) ખદખદવું. -દાટ પું૦ ફદફદવું તે
ફદિયું ન૦ પૈસો (૨) ચાર પાઈ(મુંબઈ)(૩) નાની ગળી ભાખરી
ફના વિ૦[अ.] નાશ પામેલું;પાયમાલ.૦ફાતિયા પું૦બ૦વ૦ સમૂળગો નાશ. ૦ફિલશેહ પું૦ ગુરુના ધ્યાનમાં લીન થઈ જવું તે. ૦ફિલ્લા પું૦ ઈશ્વરમાં લીન થઈ જવું તે
ફનો પું૦ લંગરનાં દોરડાં વગેરે રાખવાનો વહાણનો આગળનો ભાગ [ફડફડાટ
ફફડવું અ૦ક્રિ૦ જુઓ ફડફડવું. **ફફડાટ** પું૦ જુઓ
ફફળાવવું સ૦ક્રિ૦ (રવ૦) રેડવું
ફફૈયો, ફફોલો પું૦ ફોલ્લો
ફફો પું૦ ફકાર
ફરક પું૦ ફેર; તફાવત
ફરકડી સ્ત્રી૦ કાંતવાની ફીરકી (૨) ફરણી (૩) ખોડીબારું કે ત્યાં મુકાતું ચકરડું. -ડો પું૦ મોટી ફરકડી (૨) ફૂદડી ખાવી તે; ત્વરિત ફેરો
ફરકવું અ૦ક્રિ૦ ધ્રૂજવું (૨) દેખાવું (૩) ખસવું
ફરકાટ,-રો પું૦ ફુંજારો (૨) હાલચાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરકી સ્રી૦ ફીરકી [કરવું પડે એવું

ફરજ સ્રી૦ કર્તવ્ય. -જિયાત વિ૦ ફરજરૂપ; ફરજ તરીકે

ફરજંદ ન૦ [फा.] સંતાન

ફરજંદારી સ્રી૦ [फा.] પેઢી દર પેઢી ઊતરતી હક્કદારી

ફરણી સ્રી૦ ત્રાકની ચકરડી

ફરતારામ પું૦ ફર્યા કરતો-સહેલાણી માણસ

ફરતું વિ૦ ચારે તરફ આવેલું (૨) ચાલતું; ગતિવાળું

ફરદ ન૦ જોડમાંનું એક

ફરફર સ્રી૦ વરસાદની ઝીણી છાંટ (૨) અ૦ પવનમાં ઊડતું હોય એમ. ૦વું અ૦ ક્રિ૦ હાલવું; ફરકવું. -રિયું વિ૦ ફરફરે એવું (૨) ન૦ કાગળિયું (૩) કાનનું એક ઘરેણું

ફરબે વિ૦ [फा.] પુષ્ટ; તાજું (૨) ચરબીદાર

ફરમાન ન૦ [फा.] હુકમ (૨) સનદ. ૦બરદાર વિ૦ તાબેદાર. -વવું સ૦ ક્રિ૦ હુકમ કરવો. -શ(-સ) સ્રી૦ હુકમ; ઉપરીની સૂચના (૨) ભલામણ. -સી(-સુ) વિ૦ ભલામણથી મળેલું; હુકમ પ્રમાણે તૈયાર કરેલું (૨) નમૂનેદાર

ફરમો પું૦ બીબું-નમૂનો (૨) છાપવાને માટે ગોઠવીને તૈયાર કરેલ બીબાંનું ચોકઠું [કરવી (૩) બદલાવું

ફરવું અ૦ ક્રિ૦ આમતેમ કે ગોળ ગોળ ચાલવું (૨) ગતિ

ફરશી(-સી) સ્રી૦ સુતારનું એક ઓજાર (૨) કુહાડીના ઘાટનું એક હથિયાર [જમીન.

ફરસ સ્રી૦ છાટ; તખતી. ૦બંધી સ્રી૦ પથ્થર બેસાડેલી

ફરસાટ પું૦ ફરસો સ્વાદ. -ણ ન૦ કોઈ પણ ફરસી વાની

ફરસી સ્રી૦ જુઓ ફરશી

ફરસીબ સ્રી૦ આજ્ઞા; કાનૂન; ધારો [સ્વાદનું.

ફરસું વિ૦ ચણા, વટાણા વગેરે કઠોળ ખાતાં લાગતા

ફરહંગ પું૦ [फा.] શબ્દાર્થકોશ [(૩) ગોથું

ફરંગડી સ્રી૦ (કા૦) ફેર; ચકરી (૨) પાણીનું વમળ; ઘૂમરી

ફરંદું વિ૦ પહોંચેલું; કાબેલ (૨) હરાયું

ફરાક ન૦ છોકરીઓને પહેરવાનું એક વસ્ત્ર; 'ફ્રૉક'

ફરાગત સ્રી૦ [अ.] નવરાશ; ફુરસદ (૨) વિ૦ નવરું; ફારગ; છૂટું

ફરામોશી(-સી) સ્રી૦ [फा.] ભુલકણાપણું

ફરાવી ન૦ શિયાળ જેવું એક પ્રાણી

ફરાશી સ્રી૦ ઊંચી જાતનું લોખંડ

ફરાસ પું૦ દીવાબત્તી તથા સાફસૂફનું કામ કરનાર ચાકર કે પટાવાળો. ૦ખાનું ન૦ પાથરણાં, દીવા વગેરે સામાન મૂકવાનો ઓરડો

ફરાળ ન૦ ઉપવાસનો ખાસ ખોરાક; ફલાહાર

ફરિયાદ સ્રી૦ અરજી (૨) જુલમ કે અન્યાય સામેનો પોકાર (૩) દાવો. ૦ણ સ્રી૦ ફરિયાદ કરનાર સ્રી. -દી પું૦ ફરિયાદ કરનાર પુરુષ; વાદી (૨) સ્રી૦ ફરિયાદ

ફરી, ૦થી(-ને) અ૦ પુનઃ; પાછું; વળી બીજી વાર

ફરેડી સ્રી૦ ઉઘાડવાસ થઈ શકે એવી ચીપોવાળી બારી (૨) લશ્કરની કવાયત પછી કરવામાં આવતા બંદૂકના બાર

ફરેબ પું૦; સ્રી૦ [फा.] દગો; ધોખો; ઠગબાજી. -બી વિ૦ દગલબાજ

ફરેસુકાસ અ૦ ખલાસ; પાયમાલ

ફરેલ(-લું) વિ૦ બદલાયેલું (૨) અનુભવી (૩) મિજાજી; અવિચારી

ફરો પું૦ સોળ પાલીનું માપ

ફરોદસ્ત પું૦ સંગીતનો એક તાલ

ફર્નિચર ન૦ [इं.] ખુરશી ટેબલ વગેરે જેવું રાચરચીલું

ફર્શ સ્રી૦ [फा.] જુઓ ફરસ

ફલ(-ળ) ન૦ [सं.] વનસ્પતિનું ફળ (૨) પરિણામ (૩) ફાયદો (૪) પાનું (હથિયાર કે ઓજારનું) (૫) [ग.] 'ફંક્શન'. ૦જ્યોતિષ ન૦ ભવિષ્ય જોવાનું જ્યોતિષનું અંગ. ૦ત્યાગ પું૦ (કર્મના) ફળનો ત્યાગ. ૦દ, ૦દાયક, ૦દાતા વિ૦ ફળદાયી. ૦દાયિત્વ ન૦ ફળદાયીપણું. ૦દાયી વિ૦ ફળ દેનારું (૨) ફાયદાકારક. -લન ન૦ ફળવું તે (૨) પાક (૩) પરિણામ. ૦પ્રદ વિ૦ ફળદાયી. ૦વત્ વિ૦ ફળવાળું; સફળ. ૦શ્રુતિ સ્રી૦ કર્મનું ફળ જણાવનારું કથન. ૦સિદ્ધિ સ્રી૦ પરિણામ; ફળની પ્રાપ્તિ

ફલક ન૦ [अ.] આસમાન (૨) સ્વર્ગ

ફલક ન૦ [सं.] સપાટ પાટિયું (૨) પાનું (૩) થર; પડ; સપાટી (૪) બાણનું ફળું. ૦દંતી ન૦ એક જાનવર. ૦યંત્ર ન૦ ભાસ્કરાચાર્યે યોજેલું ખગોળશાસ્ત્રનું એક યંત્ર

ફલફૂડી વિ૦ ભોળું; વખાણથી ફુલાઈ જાય તેવું (૨) સ્રી૦ દોલત (ગુપ્ત ભાષામાં)

ફલંગ સ્રી૦ ફાળ; કૂદકો

ફલાગમ પું૦ [सं.] ફલનો આગમ; ફળ આવવું તે

ફલાણું વિ૦ અમુક. ૦ઢીકણું વિ૦ આ ને તે

ફલાદેશ પું૦ [सं.] ફળ કહેવું તે (જ્યો.)

ફલાભિસંધિ સ્રી૦ [सं.] (કર્મના) ફળનો ઉદ્દેશ કે હેતુ

ફલાલીન સ્રી૦; ન૦ એક જાતનું ઊનનું કાપડ

ફલાસક્તિ સ્રી૦ [सं.] (કર્મના) ફળમાં આસક્તિ

ફલા(-ળા)હાર પું૦ [सं.] ફળનો ખોરાક (૨) ફરાળ. -રી વિ૦ ફળાહાર કરનારું

ફલિત વિ૦ [सं.] ફળેલું; નીપજેલું (૨) ન૦ (ગ.) ફળ; 'રિઝલ્ટ'. -તાર્થ પું૦ પરિણામ (૨) ઉત્પન્ન થતો અર્થ

ફલી(-ળી)ભૂત વિ૦ [सं.] સાર્થક (૨) ફળવાળું

ફલેચ્છા સ્રી૦ [सं.] (કર્મના) ફળની ઇચ્છા

ફલોન્મુખ વિ૦ [सं.] ફળ દેવાને ઉન્મુખ-તૈયાર (કર્મ)

ફલ્ગુ વિ૦ [सं.] તુચ્છ (૨) સુંદર (૩) પું૦ વસંત (૪) ગુલાલ (૫) સ્રી૦ (સં.) ગયાક્ષેત્ર પાસેની નદી

ફલ્ગુન પું૦ [सं.] જુઓ ફાલ્ગુન. -ની સ્રી૦ એક નક્ષત્ર

ફલ્લું વિ૦ પહોળું; વલ્લું (૨) નિખાલસ

ફશ(-સ) સ્રી૦ પરાજય; હાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફસ સ્ત્રી૦ નસ; નાડી (૨) ['સ'માં યશ્રુતિ] જુઓ ફશ

ફસકવું અ૦ક્રિ૦ છટકવું; નાહિંમત થવું (૨) તૂટી પડવું.

ફસકી સ્ત્રી૦ ફસ; હાર

ફસડાવું અ૦ક્રિ૦ (ચ.) તૂટી પડવું; ફાંસાઈ જવું

ફસલ સ્ત્રી૦ મોસમ (૨) પાક. -લી વિ૦ [फा.] મોસમનું

ફસ(-સા)વું અ૦ક્રિ૦ સપડાવું; ભરાવું (૨) ઠગાવું. ફસામણ(-ણી) સ્ત્રી૦ ફસાવું તે. ફસાવવું સ૦ક્રિ૦ 'ફસવું'નું પ્રેરક

ફહફહ અ૦ (રવ૦) જુઓ ફગફગ

ફળ ન૦ ફલ. ૦ઝાડ ન૦ ખાઈ શકાય એવાં ફળ આપનાર ઝાડ. ૦દાયક,૦દાયી વિ૦ જુઓ ફલદાયક. ૦દ્રુ(-દ્રૂ)પ વિ૦ રસાળ; સારો પાક-ફળ આપે એવું. ૦દ્રુ(-દ્રૂ)પતા સ્ત્રી૦. ૦વંત,૦વાન વિ૦ ફળવાળું. ૦વું અ૦ક્રિ૦ ફળ આવવાં (૨) સિદ્ધ થવું. ૦સિદ્ધિ, -ળાહાર, -ળાહારી જુઓ 'ફલ'માં. -ળાઉ વિ૦ ફળ આપતું

ફળિયું ન૦ મહોલ્લો (૨) પાનું; ફળ

ફળિયેલ વિ૦+ ફળાઉ (૨) ફળેલું

ફળી સ્ત્રી૦ નાનું ફળિયું (૨) લાકડી (૩) શિંગ

ફળીભૂત વિ૦ જુઓ ફલીભૂત

ફળું ન૦ ફળ; પાનું (૨) મેલડી વગેરે દેવીઓના સ્થાનમાં [રખાતું તેમનું નિશાન

ફંગોળવું સ૦ક્રિ૦(કા.)ફગોળવું(૨)ઘુમાવવું. ફંગોળિયું વિ૦ જુઓ ફગોળિયું. ફંગોળો પું૦મોટો હીંચકો;તેનું આંદોલન

ફંટાયું ન૦ બહારવટું

ફંટાવું અ૦ક્રિ૦ દિશા બદલવી (૨) ફાંટા પડવા

ફંડ ન૦ [इं.] ઉઘરાણું; ફાળો; ટીપ

ફંદ(-દો) પું૦ફાંદો; કાવતરું (૨) જાળ (૩)[લા.]દુર્વ્યસન. -દી(૦લું) વિ૦ ફંદવાળું; કપટી (૨) ઢોંગી (૩) દુર્વ્યસની

ફંફેરો પું૦ (કા.) ફજેતો; ખાનગી વાત જાહેર થવી તે

ફંફોસવું સ૦ક્રિ૦ બારીકાઈથી તપાસવું; ખોળવું

ફંફોળા પું૦બ૦વ૦ ફંફોળવું તે; શોધ; ખોળ; તપાસ

ફાઈલ સ્ત્રી૦ [इं.] કાગળો કે ચોપાનિયાં એકઠાં કરી રાખવાનું સાધન કે તેમાં એકઠાં કરી રાખેલ કાગળો કે ચોપાનિયાંનો સમૂહ

ફાક સ્ત્રી૦ રાખ (૨) ભૂકી (૩) ફાકો

ફાકડો પું૦ ફાકો (૨) ખાવાનું ન મળવાથી થતું અનશન; ફાકા

ફાકતા ન૦ એક પક્ષી

ફાકવું સ૦ક્રિ૦ ઉછાળીને મોંમાં નાખવું; ફાકો મારવો

ફાકા પું૦બ૦વ૦ [अ.] તંગી; હાડમારી (૨) અનશન

ફાકી સ્ત્રી૦ નાનો ફાકો (૨) દવાનું ચૂર્ણ

ફાકો પું૦ ફાકવું કે ફાકેલું તે; બુકો

ફાગ પું૦વસંત(૨)હોળીનાં શૃંગારી ગીતો કે બોલાતા અપશબ્દ

ફાગણ પું૦ વિક્રમ સંવતનો પાંચમો મહિનો. -ણિયું વિ૦ ફાગણ માસને લગતું (૨) ન૦ઝીણા પોતનું સ્ત્રીનું એક વસ્ત્ર

ફાચર સ્ત્રી૦ લાકડાની નાની ચીર; ફાંસ (૨) સુતારનું એક ઓજાર (૩) [લા.] નડતર. -રું વિ૦ પહોળું; છીછરું (૨) રાંટું (૩) ન૦ ફાચર. -રો પું૦ લાકડાનો કકડો; ચીતળ

ફાજલ વિ૦ વધેલું (૨) ફાલતુ

ફાજેલ વિ૦ વિદ્યાવાન (૨) ડાહ્યું

ફાટ સ્ત્રી૦ ફાટવું તે (૨) તરડ (૩) [લા.] ભેદ; ફૂટ. ૦ક પું૦ સ્ત્રી૦ ઝાંપો; દરવાજો (૨) બાકું. ૦કવાળો પું૦ રેલવેની ફાટક સાચવનાર. ૦ફૂટ સ્ત્રી૦ [લા.] વિરોધ; કુસંપ; ભેદ. ૦વું અ૦ક્રિ૦ તૂટવું; ફાટ પડવી (૨) છકી જવું (૩) ખૂબ દુખવું (અંગ). -ટંફાટા,-ટાફાટ સ્ત્રી૦ ઉપરાઉપરી ફાટવું તે (૨) ફાટફૂટ. -ટુ(-ટ્યું) વિ૦ ફાટેલું (૨) અસભ્ય (૩) ઉદ્ધત. -ટુ(-ટ્યું)તૂટું(-ટ્યું) વિ૦ ફાટેલું ને તૂટેલું (૨) જૂનું. -ટેલ(-લું) વિ૦ ફાટું

ફાડ સ્ત્રી૦ ચીરી. ૦ચું ન૦ ચીરિયું. ૦વું સ૦ક્રિ૦ ચીરવું; તોડવું. -ડિયું ન૦ ચીરી; ફડશ

ફાણું ન૦ (સુ.) બાકું (પ્રાયઃ દીવાલની અંદરનું)

ફાતડો પું૦ ભવૈયો

ફાતિયા પું૦બ૦વ૦ પાયમાલી

ફાતિયો પું૦ મરેલા પાછળ ભણવાનો કુરાનનો અધ્યાય

ફાનસ ન૦ બત્તી; દીવો

ફાની વિ૦ [अ.] નાશવંત. ૦પણું ન૦

ફાફડો પું૦ એક જાતના થોરનું પહોળું પાન; થાપડો (૨) એક જાતની પહોળી શીંગ. -ડાશિં(-શીં,-સિં,-સીં)ગ સ્ત્રી૦ એક જાતની પહોળી શીંગ

ફામ સ્ત્રી૦ ફોમ; સ્મરણ; યાદ

ફાયદો પું૦ લાભ. -દાકારક, -દાકારી, -દેમંદ વિ૦ [લાભદાયક

ફાયો પું૦ અત્તરમાં બોળેલું પૂમડું

ફારક,-ગ વિ૦ છૂટું; મુક્ત (૨) નવરું. -ગત વિ૦ ફારક (૨) સ્ત્રી૦ ફારગતી. -ગતી સ્ત્રી૦ છુટકારો; મુક્તિ

ફારમ ન૦ તપસીલ ભરવાનો આંકેલો કે ખાનાંવાળો કાગળ

ફારસ ન૦ પ્રહસન; ગમ્મત (૨) હસવા જેવું કાર્ય

ફારસ પું૦ [फा.] (સં.) પારસ; ઈરાન. -સી વિ૦ ઈરાની (૨) સ્ત્રી૦ ફારસી ભાષા

ફાલ પું૦ પાક (૨) [લા.] અતિશયતા

ફાલતુ વિ૦ પરચૂરણ (૨) વધારાનું; નકામું

ફાલવું અ૦ક્રિ૦ પ્રફુલ્લ થવું; ખીલવું (૨) વધવું; પુષ્ટ થવું

ફાલ(-ળ)સી સ્ત્રી૦ ફાલસાંનું ઝાડ. -સું ન૦ એક ફળ

ફાલુ ન૦ એક જાતનું શિયાળ

ફાલૂદો પું૦ [फा.] મુસલમાનોની એક વાની; પાલૂદો

ફાલ્ગુન પું૦ [सं.] ફાગણ. -ની વિ૦ ફાગણને લગતું (૨) સ્ત્રી૦ એક નક્ષત્ર

ફાવવું અ૦ક્રિ૦ ગોઠવું; અનુકૂળ આવવું (૨) સફળ થવું; લાગ ખાવો. -ટ સ્ત્રી૦ (સુ.) ફાવવું-ગોઠવું તે

ફાસફૂસ સ્ત્રી૦ નકામો રદ્દી માલ. -સિયું વિ૦ નકામું;નબળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફાસલો પું૦ સમય, અંતર, કે વિસ્તારનો ફરક
ફાસ્ટ પું૦ [ઇં.] રેલવે ઉતારુઓની ઝડપી ગાડી [ચીરો
ફાળ સ્ત્રી૦ ફલંગ (૨) ધ્રાસકો (૩) કપડાનો લાંબો ટુકડો-
ફાળકી સ્ત્રી૦ નાનો ફાળકો (૨) [લા.] દોરાની આંટી. -કું ન૦ દોરા ઉતારવાનો ફાળકો-પરવીંટો. -કો પું૦ ફાળકું (૨) ચગડોળ
ફાળકો પું૦ સ્ટીમરમાં ત્રીજા વર્ગના ઉતારુઓને બેસવાની એક જગા. (એનાં પાટિયાં ઉપાડી લેવાથી સ્ટીમરના છેક નીચેના ભાગ સુધીની જગા ખુલ્લી થાય છે)
ફાળવવું સ૦ક્રિ૦ વહેંચવું. -ણી સ્ત્રી૦ વહેંચણી
ફાળવું ન૦ (ચ.) વાવણિયાના દાંતાની અણીએ લગાડેલું લોઢું
ફાળસી, ફાળસું જુઓ ફાલસી
ફાળિયું ન૦ ફેંટો (૨) પંચિયું
ફાળી સ્ત્રી૦ સાડી (૨) લાંબો લૂગડાનો ફાળ
ફાળું ન૦ જુઓ ફાળકું
ફાળો પું૦ હિસ્સો (૨) વહેંચણી (૩) ટીપ
ફાંક સ્ત્રી૦ ચીર; ફાટ [બટાઉપણું
ફાંકડું વિ૦ રસિક (૨) ફક્કડ. -ડાઈ સ્ત્રી૦ વરણાગી; છેલ-
ફાંકવું સ૦ક્રિ૦ ઓટવું; ફાંક ભરવી
ફાંકું ન૦ જાદુ (૨) લીટો (૩) છિદ્ર
ફાંકો પું૦ તોર; અભિમાન
ફાંગ સ્ત્રી૦ એક છોડ
ફાંગડું(-ફું) ન૦ પ્રપંચ; જાળ
ફાંગું વિ૦ આંખે ત્રાંસું જોનાર; બાડું
ફાંટ પું૦ [સં.] દવાને પલાળી રાખી બનાવેલું પેય
ફાંટ સ્ત્રી૦ પહેરેલા લૂગડાનો છેડો કે તેની કરી લેવાતી કામચલાઉ ઝોળી જેવું તે (૨) ફાંક કે તે ભરી લેવી તે-ફાંટિયો (૩) ખાઈ; પરિખા. ૦વવું સ૦ક્રિ૦ દોરવવું; કાચા દોરા ભરી લેવા (બખિયા દેવા કે ઓટવા)
ફાંટિયો પું૦ (કા.) આછો દોરો ભરવો તે; ટાંકો
ફાંટું ન૦ ફાંટો; શાખા (૨) વિ૦ ફાટેલું
ફાંટો પું૦ શાખા; ભાગ (૨) ફીનો (૩) તરંગ
ફાંદ સ્ત્રી૦ પેટનો ઝૂલતો ભાગ (૨) એક વેલો
ફાંદો પું૦ ફંદ; પ્રપંચ; જાળ [('ખાવું' સાથે)
ફાંફરડવું સ૦ક્રિ૦ કરડી ખાવું; પીંખી નાંખવું (બહુધા
ફાંફળ ન૦ (કા.) ખુલ્લી જગા; ફાસલો
ફાંફાં ન૦બ૦વ૦ ડાફરિયાં (૨) વલખાં; મિથ્યા પ્રયત્ન
ફાંસ સ્ત્રી૦ લાકડાની ઝીણી કરચ; ફાચર (૨) [લા.] આડખીલી (૩) ગાળો [યુક્તિપૂર્ણ રચના; ફાંદો
ફાંસલો પું૦ ડાળખું (૨) શિકાર પકડવા ગોઠવાતી એક
ફાંસવું સ૦ક્રિ૦ ગાળો ઘાલવો (૨) ફાંસો નાંખવો (૩) તોડવું; ઉતરડી નાખવું (૪) ખોદવું; ખેડવું
ફાંસિયું વિ૦ કપટી; ફસાવે એવું (૨) ફાંસો દઈ મારે એવું
ફાંસિયો પું૦ ફાંસો દઈ મારનાર; જલ્લાદ
ફાંસી સ્ત્રી૦ ફાંસો દઈ મારી નાંખવાની શિક્ષા કે યુક્તિ. ૦ઓ(-ગ)રો પું૦ ફાંસિયો. ૦ખોલી સ્ત્રી૦ ફાંસીના કેદી માટેની જેલની ઓરડી
ફાંસુ અ૦ અમસ્તું; ફોગટ
ફાંસું વિ૦ ફાંસિયું; કપટી
ફાંસો પું૦ ફાંદો (૨) દોરડાનો ગાળો
ફાંસોટિયું ન૦ ફાંટ; ઝોળી (૨) કક્ષામાં આવે એટલો જથો
ફિકર સ્ત્રી૦ ચિંતા; કાળજી. ૦મંદ વિ૦ ફિકરવાળું. ૦મંદી સ્ત્રી૦ કાળજી [પણું. ૦ફચ(-સ) વિ૦ સાવ ફિક્કું
ફિક્કું વિ૦ નિસ્તેજ (૨) નીરસ; મોળું. -ક્કાશ સ્ત્રી૦ ફિક્કા-
ફિટકાર પું૦ ધિક્કાર; અનાદર. ૦વું સ૦ક્રિ૦ ફિટકાર કરવો
ફિટફિટ અ૦ ફટફટ, ધિક્ધિક્ (૨) સ્ત્રી૦ ધિક્કાર
ફિટાડ(-વ)વું સ૦ક્રિ૦ 'ફીટવું'નું પ્રેરક
ફિડલ સ્ત્રી૦ [ઇં.] એક વિદેશી તંતુવાદ્ય [ને પ્રેરક
ફિણાવવું સ૦ક્રિ૦, **ફિણાવું** અ૦ક્રિ૦ 'ફીણવું'નું કર્મણિ
ફિતનો પું૦ [अ.] જુઓ ફિતૂર
ફિતૂર ન૦ ફેલ; ઢોંગ (૨) બળવો; દંગો (૩) તોફાન. -રી વિ૦ ફિતૂરવાળું; તે કરનારું
ફિદવી પું૦ [अ.] ચાકર; દાસ
ફિદા વિ૦ [अ.] ખૂબ ખુશ (૨) અતિ આસક્ત
ફિનાઈલ ન૦ [ઇં.] ખાળ ઇ૦ માટે જંતુનાશક એક દવા
ફિબાદ સ્ત્રી૦ નકામી વાતો; બડબડાટ
ફિબાદી વિ૦ વાતોડિયું; બબડાટિયું
ફિયો પું૦ બરોળ; પ્લીહા
ફિરકો પું૦ [अ.] કોમ (૨) ટોળી; વર્ગ (૩) એક રાષ્ટ્રની પ્રજા
ફિરદોસ સ્ત્રી૦ [अ.] સ્વર્ગ. -સી પું૦ (સં.) એક ફારસી કવિ
ફિરસ્તો પું૦ દેવદૂત (૨) પેગંબર
ફિરંગી પું૦ [फा.] પોર્ટુગલ દેશનો વતની (૨) ગોરો
ફિરાવન વિ૦ મિજાજી; હઠીલું; માથાનું ફરેલું
ફિલસૂફ પું૦ તત્ત્વજ્ઞાની. -ફી સ્ત્રી૦ તત્ત્વજ્ઞાન
ફિશિ(-સિ)યારી સ્ત્રી૦ બડાઈ; પતરાજી. ૦ખોર વિ૦ બડાઈખોર [તોફાની (૨) બળવાખોર
ફિસાદ સ્ત્રી૦ તોફાન (૨) હુલ્લડ; બળવો. ૦ખોર,-દી વિ૦
ફિસિયારી, ૦**ખોર** જુઓ 'ફિશિયારી'માં
ફિસોટો પું૦ ફીણનો લોચો
ફી સ્ત્રી૦ [ઇં.] લવાજમ (૨) મહેનતાણું; દસ્તૂરી
ફીક,-કાશ સ્ત્રી૦ ફિક્કાશ; મોળાશ. -કું વિ૦ ફિક્કું. -કુંફચ(-સ) વિ૦ સાવ ફીકું
ફીટણ વિ૦ નાશવંત (૨) ન૦ નાશ. -વવું સ૦ક્રિ૦ ફિટાડવું (૨) ફોડવું; લાંચ આપી ખસેડવું. -વું અ૦ક્રિ૦ ટળવું; મટવું (૨) પતવું (૩) સામે થવું
ફીણ ન૦ પ્રવાહી પર થતો ધોળો પદાર્થ. ૦વું સ૦ક્રિ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાહીને ખૂબ ઘૂમડવું

ફીત સ્ત્રી૦ [પો.?] ગૂંથેલી કોર

ફીકું ન૦ (કા.) અનાજનું ફોતરું-ખોખું

ફીરકી સ્ત્રી૦ ચકરડી (૨) નાની ફાળકી

ફીલ પું૦ [फ़ा.] હાથી

ફીસી સ્ત્રી૦ બડાઈ; ફિસિયારી [જાય એવું

ફીસું વિ૦ ફિક્કું (૨) ઢીલું; ઓછા જોરવાળું; ઝટ ફસકી

ફીંડલું ન૦ પિલ્લું

ફીંદવું સ૦ક્રિ૦ ફેંદવું; વેરણછેરણ કરી નાખવું (૨) ઢીલું કરી નાખવું; ચૂંથવું (૩) દબાવવું; કચરવું. ફીંદાવવું સ૦ક્રિ૦ [પ્રેરક]. ફીંદાવું અ૦ક્રિ૦ [કર્મણિ]

ફુઈ સ્ત્રી૦ (સુ.) ફોઈ

ફુઓ પું૦ ફોઈનો વર. -આજી પું૦ (માનાર્થે) ફુઓ (૨) ફુઆસસરા. -ઓસસરો પું૦ પત્નીનો કે પતિનો ફુઓ

ફુક્કો પું૦ મૂત્રાશય (૨) પરપોટો (૩) ફૂલકો

ફુગારો પું૦ ફુક્કો (૨) ફોલ્લો

ફુગાવવું સ૦ક્રિ૦, ફુગાવું અ૦ક્રિ૦ 'ફૂગવું'નું પ્રેરક ને ભાવે

ફુજૂલ વિ૦ [अ.] વધારેનું (૨) નકામું

ફુટકળ વિ૦ ફાલતુ; પરચૂરણ (૨) નકામું

ફુત્કાર પું૦ [सं.] ફૂંફાડો. ૦વું સ૦ક્રિ૦ ફૂંફાડો મારવો

ફુદીનો પું૦ એક વનસ્પતિ

ફુદેડો પું૦ ફૂદડો; ઊડતો વંદો (૨) એક જાતનું ઘાસ

ફુંફુસ ન૦ [सं.] ફેફસું [ગુસ્સાનો આવેશ

ફુફવાટો(-ડો) પું૦ ફૂંફવાડો; જોસથી મારેલી ફૂંક (૨) [લા.]

ફુમતિયાળું વિ૦ ફૂમતાવાળું

ફુરકત સ્ત્રી૦ [अ.] વિયોગ; છૂટા પડવું તે

ફુરચો પું૦ કડકો [વહાણો હેરવવાનું મથક

ફુરજો પું૦ [अ.] બંદર પરનું જકાત લેવાનું મથક (૨)

ફુરસદ સ્ત્રી૦ નવરાશ

ફુલવણી સ્ત્રી૦ ફૂલવવું તે

ફુલારો પું૦, -શ સ્ત્રી૦ બડાઈ; પતરાજી. -વટ સ્ત્રી૦ ફુલાવવું તે. -વવું સ૦ક્રિ૦ 'ફૂલવું'નું પ્રેરક. -વું અ૦ક્રિ૦ 'ફૂલવું'નું ભાવે

ફુલેકું ન૦ વરઘોડો

ફુલેલ ન૦ સુગંધીદાર તેલ [જુઓ ફુલ્લી, ફિલેવર

ફુલેવર વિ૦ ફૂલની ભાતવાળું (૨) ન૦ તેવું કપડું (૩)

ફુલ્લ વિ૦ [सं.] ફૂલેલું (૨) ખીલેલું (૩) ઊઘડેલું

ફુલ્લસ પું૦ નાણું

ફુલ્લી સ્ત્રી૦ જુઓ ફિલેવર

ફુવારો પું૦ પાણી ઊડતું પડે એવી રચના (૨) ઝરો

ફુંગરાવવું સ૦ક્રિ૦ ગમે તેમ ભરવીને ઉશ્કેરવું; બહેકાવવું

ફૂ અ૦ (રવ૦) ફૂંફાડાનો એવો અવાજ

ફૂગ સ્ત્રી૦ ઊબ. ૦વવું. સ૦ક્રિ૦ ફુગાવવું. ૦વું અ૦ક્રિ૦ ઊબ વળવી (૨) ફૂલવું (૩) બહેકવું

ફૂટ પું૦ [इं.] બાર ઇંચનું માપ કે તેવડી પટ્ટી

ફૂટ સ્ત્રી૦ ફૂટવું તે (૨) ફાટ (૩) ભંગાણ; કુસંપ (૪) ન૦ સક્કરટેટી જેવું ફળ; ચીભડું

ફૂટડું વિ૦ સુંદર; રૂપાળું [પર હોતી પગથી

ફૂટપાથ પું૦ [इं.] પગે જનારા માટે શહેરી રસ્તાની બાજુ

ફૂટબૉલ પું૦ [इं.] હવા ભરેલો મોટો દડો કે એથી રમવાની અંગ્રેજી રમત

ફૂટવું અ૦ક્રિ૦ ઊગવું; પલ્લવિત થવું (૨) તૂટવું; ભાગી જવું (૩) જોરથી ફાટવું (૪) ખુલ્લું થવું; ઉઘાડું પડી જવું (૫) ફરી જવું; દગો દેવો

ફૂટાફૂટ સ્ત્રી૦ ઉપરાઉપરી ફૂટવું તે (૨) ફુસંપ (૩) ભંગાણ

ફૂણગી સ્ત્રી૦ ઝીણી કૂંપળી (૨) નાનો પરપોટો [ચિહ્ન

ફૂદડી સ્ત્રી૦ ગોળ ગોળ ફરવું તે (૨) તારાના કે ફૂલના (*) જેવું

ફૂદડો પું૦ જુઓ ફુદેડો

ફૂદું ન૦ પાંખોવાળું નાનું જીવડું (૨) પતંગિયું [ફૂમતું

ફૂમકું(-તું) ન૦ ફોગું; કલગી. -તી સ્ત્રી૦ એક ઘરેણું (૨) નાનું

ફૂર્તિ સ્ત્રી૦ સ્ફુર્તિ; જાગૃતિ (૨) ઉત્સાહ. ૦લું વિ૦ ફૂર્તિવાળું

ફૂલ ન૦ પુષ્પ; તેના આકારની વસ્તુ (૨) આંખનો રોગ (૩) કાતરેલી સોપારી (૪) એક ઘરેણું (૫) ફૂલકોબી (૬) સ્ત્રી૦ પતરાજી; ગર્વ. ૦ક(૦ર)ણી સ્ત્રી૦ એક જાતનું દારૂખાનું. ૦કો પું૦ નાની ફુલાવેલી રોટલી (૨) કોઈ પણ વસ્તુનું ફૂલવું તે (૩) ફુલાવીને રમવાની રબરની ટોટી; ફુક્કો. ૦કોબી(૦જ) સ્ત્રી૦ એક શાક; ફૂલ. ૦ખર, ૦ગર ન૦, ૦ખરણી સ્ત્રી૦ ફૂલકણી. ૦ખંડી સ્ત્રી૦ એક જાતનું દારૂખાનું. ૦ગજરો પું૦ ફૂલની કલગી. ૦ગૂંથણિયું વિ૦ એકમેકમાં સંકળાયેલું. ૦ગૂંથણી સ્ત્રી૦ ફૂલ ગૂંથવાં તે (૨) [લા.] વસ્તુની બંધબેસતી સંકલના. ૦ચુંગી સ્ત્રી૦ એક પક્ષી. ૦છોડ પું૦ ફૂલ માટે ઉછેરાતો છોડ. ૦ઝાડ ન૦ ફૂલને જ માટે ઉગાડાતું ઝાડ કે છોડ. ૦ડું ન૦ ફૂલ (૨) ધાણીનો દાણો. ૦ણજી(-શી) વિ૦ (૨) પું૦ વખાણ કર્યાથી ફુલાઈ જાય તેવું. ૦ડોલ પું૦ એક ઉત્સવ. ૦તોડો પું૦ સ્ત્રીનું એક ઘરેણું. ૦દાન ન૦ ફૂલ મૂકવાનું પાત્ર. ૦દારૂ પું૦ સખત દારૂ (૨) દારૂનો અર્ક; મદ્યાર્ક. ૦ધાર વિ૦ પ્રમાણિક (૨) શાખવાળું. ૦ફટાક-(-કિયું) વિ૦ વરણાગિયું (૨) નાજુક; તકલાદી. -ફૂલું વિ૦ ફૂલની જેમ ખીલેલું; કોમળ. ૦બરડો પું૦ એક જાતની સોપારી. ૦બાગ પું૦ ફૂલનો બાગ. ૦માલ સ્ત્રી૦ ફૂલની માળા (૨) ઘોડીની એક જાત. ૦લતા સ્ત્રી૦ ફૂલ માટે ઉછેરાતી લતા. ૦વડી સ્ત્રી૦ ચણાના લોટની એક જાતની વડી. ૦વવું સ૦ક્રિ૦ ફુલાવવું. ૦વાડી સ્ત્રી૦ ફૂલઝાડની વાડી. ૦વેલ સ્ત્રી૦ ફૂલલતા. ૦વું અ૦ક્રિ૦ ઊપસવું (૨) પલ્લવિત થવું; ખીલવું (૩) [લા.] હરખાવું (૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખડાઈ મારવી (૫) બહેકવું. ૦વુંફાલવું અ૦ક્રિ૦ બરાબર ખીલવું ને વધવું. ૦સાંકળું ન૦ ફૂલની ભાતવાળું સાંકળું. ૦સૂંઘણું ન૦ નાક [(૪) મથાળું

ફૂલિયું વિ૦ ખીલેલું (૨) ન૦ એક વનસ્પતિ (૩) નાનું પ્યાલું

ફૂલી સ્ત્રી૦ સેંથાનું એક ઘરેણું

ફૂલું ન૦ આંખનો એક રોગ

ફૂલ્સકેપ પું૦ [ઇં.] અમુક વિશિષ્ટ કદનો કાગળ

ફૂવડ વિ૦ આળસુ (૨) ગંદું. ૦તા,-ડાઈ સ્ત્રી૦

ફૂસ સ્ત્રી૦ ફશ (૨) વિ૦ રદ્દી (૩) અ૦ (રવ૦) થાક કે પરાજયનો ફુત્કાર (૪) ન૦ ઘાસ (સૂકું); ખડ. ૦ફાસ, ૦ફૂસિયું,-સિયું વિ૦ હલકું; નિર્માલ્ય; ફાસફૂસિયું

ફૂં અ૦ (રવ૦) એવો અવાજ; ફૂ

ફૂંક સ્ત્રી૦ મોંથી પવન ફેંકવો તે (૨) પ્રાણ. ૦ણી સ્ત્રી૦ ફૂંકવાની રીત કે ભૂંગળી- ૦વું સ૦ક્રિ૦ ફૂંક મારવી (૨) ફૂંકીને વગાડવું (૩) [લા.] દેવાળું કાઢવું (૪) પંપાળવું

ફૂંકાર,-રો પું૦ ફૂંક. ૦વું સ૦ક્રિ૦ મોંમાં પાણી ભરી ફૂંકથી છાંટવું (૨) ફૂંક કે ફૂંફાડો મારવો

ફૂંગર સ્ત્રી૦ નસકોરું

ફૂંદોટો પું૦ ફિસોટો

ફૂંફવવું અ૦ક્રિ૦ ફૂંફાડો મારવો

ફૂંફવાટો(-ડો), ફૂંફાટો(-ડો) પું૦ ફુફવાટો

ફેકન સ્ત્રી૦ મગદળની જોડીની એક કસરત

ફેજ પું૦ [અ.] ખરાબી; દુર્દશા (૨) શિક્ષા (૩) સ્ત્રી૦ એક જાતની મુસલમાની ટોપી

ફેટન સ્ત્રી૦ [ઇં.] બગી [(૨) અદા કરવું; વાળવું

ફેડણ વિ૦ ફેડનારું. -ણું સ૦ક્રિ૦ દૂર કરવું; ટાળવું; મટાડવું

ફેણ [ફે] સ્ત્રી૦ ફણા (૨) ત્રાંબાના કોડિયા ઉપરની જીભ

ફેણ(-ન) ન૦ [સં.] ફીણ. -નિલ વિ૦ ફીણવાળું

ફેણીની સ્ત્રી૦ સૂતરફેણી (પુષ્ટિમાર્ગીય)

ફેફર સ્ત્રી૦ થોથર. -રાવું અ૦ક્રિ૦ ફેફર આવવી

ફેફરી સ્ત્રી૦, -રું ન૦ વાઈ

ફેફસું ન૦ શરીરનું હવા લેવા કાઢવાનું અંગ

ફેબ્રુઆરી પું૦ [ઇં.] ઈસ્વી સનનો બીજો માસ

ફેર પું૦ તફાવત (૨) તમ્મર (૩) પેચ (૪) ઘેરાવો (૫) લૂગડાની ફડક (૬) અ૦ ફરીથી. ૦કૂંડાળું ન૦ ચક્કર (૨) ગૂંચવાડો. ૦ણી સ્ત્રી૦ ફેરી (૨) રખડપટ્ટી. ૦તપાસ સ્ત્રી૦ ફરીથી તપાસ. ૦પાળી સ્ત્રી૦ ફેરફાર (૨) વારાફરતી જુદો પાક ઉગાડવો તે. ૦ફટક અ૦ આડુંઅવળું ભમતું હોય એમ. ૦ફરક વિ૦ ઊલટું; ઊંધું (૨) અ૦ ગમે તેમ. ૦ફાર પું૦ ફરક; તફાવત (૨) સુધારો (૩) બદલી. ૦બદલ વિ૦ ફેરબદલીવાળું. ૦બદલી સ્ત્રી૦, ૦બદલો પું૦ અરસપરસ ફેરફાર; અદલાબદલી. ૦વણી સ્ત્રી૦ ફેરવવું તે. ૦વવું સ૦ક્રિ૦ 'ફરવું'નું પ્રેરક. ૦વાદી વિ૦ ફેરવવાના વિચારનું (૨) પું૦ તેવો આદમી. ૦વાફેરવ સ્ત્રી૦ ઉપરાઉપરી ફેરવવું તે

ફેરવો પું૦ (કા.) હાથે પહેરવાનો વેઢ

ફેરાવો પું૦ ફેર; ઘેરાવો (૨) ચક્કર

ફેરિયો પું૦ ફેરી કરનાર

ફેરિસ્ત સ્ત્રી૦ યાદી; ટીપ

ફેરી સ્ત્રી૦ ચક્કર; આંટો (૨) વખત; વાર (૩) કોઈ પણ વસ્તુ વેચવા માટે ફરવું તે. -રો પું૦ આંટો (૨) વારો (૩) ચક્કર

ફેલ પું૦ ઢોંગ. ૦ખોર વિ૦ ઢોંગી. ૦જામિ(-મી)ન પું૦ સારી ચાલચલગતનો જામીન [અ૦ક્રિ૦ પ્રસરવું (૨) વધવું

ફેલાવ(-વો) પું૦ વિસ્તાર; પ્રસાર (૨) વૃદ્ધિ; પ્રગતિ. -વું

ફેલી વિ૦ ફેલ કરનારું [(૩) મુશ્કેલી; ગૂંચ

ફેલું ન૦ (દોરડું ભાગતાં મુકાતી) તારની લટ (૨) ફાંસ

ફેશન સ્ત્રી૦ [ઇં.] આચારવિચારમાં અમુક ખાસ વલણ-ઝોક

ફેસલ વિ૦ [અ.] છેવટનું (૨) નિકાલ થયેલું; ફેંસલ

ફેસલો પું૦ [અ.] નિકાલ; ફેંસલો; અંત

ફેસવું સ૦ક્રિ૦ તોડવું (૨) ઉતારી પાડવું; નીચે આણવું

ફેસ્તો પું૦ (સુ.) ફેજ; ફજેતો [નધણિયાતું

ફેળ અ૦ (કા.) ચારે બાજુથી ખુલ્લું (૨) રક્ષણ વગરનું;

ફેં અ૦ (રવ૦) થાકની હાંફનો અવાજ (૨) સ્ત્રી૦ હાહાકાર

ફેંકવું સ૦ક્રિ૦ નાંખવું (૨) [લા.] ગપ મારવી.

ફેંકફેંકા, ફેંકાફેંક(-કી) સ્ત્રી૦ સામાસામી ફેંકવું તે

ફેંકારવું સ૦ક્રિ૦ ફેંકવું (?)

ફેંટ સ્ત્રી૦ કમરની આજુબાજુનો લૂગડાનો બંધ

ફેંટો પું૦ માથે બાંધવાનું લૂગડું; ફાળિયું (૨) તાડ અને તરસાડનાં પાંદડાંની વચલી નસ (૩) ઠગાઈ

ફેંદવું સ૦ક્રિ૦ ચૂંથવું (૨) વિખેરી નાખવું. ફેંદફેંદા, ફેંદાફેંદ(-દી) સ્ત્રી૦ ચૂંથાચૂંથ; વારંવાર ફેંદવું તે

ફેંદાવું અ૦ક્રિ૦ 'ફેંદવું'નું કર્મણિ

ફેંફાટ અ૦ પૂરપાટ (૨) બેફાટ (૩) ચારેગમ

ફેંફેં અ૦ જુઓ ફેં

ફેંસલ,-લો જુઓ 'ફેસલ'માં

ફેંસવું સ૦ક્રિ૦ જુઓ ફેસવું

ફૈડકો પું૦ ફટકો; લૂગડાની ઝપટ (૨) ઉતાવળે જવુંઆવવું તે; ધૂમાધૂમ (૩) ખેડૂતનું એક ઓજાર

ફૈણા સ્ત્રી૦ દરદનું શમવું તે

ફૈઃઇયાત વિ૦ ફોઈનું,-ને લગતું. -રું વિ૦ ફોઈ તરફનું (૨) ન૦ ફોઈએ આપેલી બક્ષિશ

ફોઈ,૦બા સ્ત્રી૦ બાપની બહેન. ૦જી સ્ત્રી૦ [માનાર્થે] ફોઈ (૨) ફોઈસાસુ. ૦સાસુ સ્ત્રી૦ પતિ કે પત્નીની ફોઈ

ફોક વિ૦ ફોગટ; રદ. ૦(-ગ)ટ વિ૦ (૨) અ૦ નકામું; વ્યર્થ. ૦(-ગ)ટિયું વિ૦ મફતિયું (૨) નકામું

ફોકિયત સ્ત્રી૦ [અ.] ગર્વ; અહંકાર

ફોકો પું૦ ભરવાડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફોગટ, -ટિયું જુઓ 'ફોક'માં
ફોજ સ્ત્રી૦ [फा.] સેના. ૦ખાતું ન૦લશ્કરી ખાતું. ૦દાર પું૦ એક પોલીસ અમલદાર. ૦દારી વિ૦ કાયદાથી શિક્ષાપાત્ર ગુના સંબંધી; 'ક્રિમિનલ' (૨) સ્ત્રી૦ ફોજદાર-નું કામ કે પદ (૩) ફોજદારી અદાલત
ફોટ પું૦ + સ્ફોટ; જોરથી ફૂટવું તે
ફોટો,૦ગ્રાફ પું૦ [इं.] છબી. ૦ગ્રાફર પું૦ છબી પાડનાર કે તેનો ધંધાદારી. ૦ગ્રાફી સ્ત્રી૦ છબી પાડવાની કળા
ફોડ પું૦; સ્ત્રી૦ ફોડવું તે (૨) વિગત (૩) નિકાલ (૪) વહેંચણી. ૦ણી સ્ત્રી૦ ફોડવાની ક્રિયા (૨) વઘાર. ૦લી સ્ત્રી૦ ફોલ્લી. ૦લો પું૦ ફોલ્લો. ૦વું સ૦ક્રિ૦ ફૂટે એમ કરવું (જુઓ ફૂટવું) (૨) ન૦ કકડો (૩) દહીંનું ખડબું
ફોડચી સ્ત્રી૦ (સુ.) ઝેરી સાપની એક જાત
ફોત સ્ત્રી૦ એક જાતની પોચી ડાંગર
ફોત વિ૦ [अ.] કતલ કરેલું; મારેલું [કાગળનો ટુકડો
ફોતરી સ્ત્રી૦ ભિંગડું; પોપડી. -રું ન૦ છોતરું (૨)
ફોદું વિ૦પોચું; ખાલી ફૂલેલું. -દો પું૦લોચો(દૂધદહીંઇ૦નો)
ફોન પું૦ [इं.] ટેલિફોન
ફોનોગ્રાફ ન૦ [इं.] જુઓ ગ્રામોફોન
ફોફળ ન૦ સોપારી. -ળી સ્ત્રી૦ સોપારીનું ઝાડ

ફોફળિયું ન૦ એક જાતનું સ્ત્રીઓનું વસ્ત્ર [સીંગનું ફોતરું
ફોફું ન૦ ખાલી ફૂલેલું-શક્તિ વગરનું માણસ (૨) [કા.]
ફોફૈયો પું૦ પાણીથી ભરેલો ફોલ્લો
ફોમ સ્ત્રી૦ ફામ; યાદ
ફોર [अ.],૦મ સ્ત્રી૦ સુગંધ; સુવાસ(૨)[લા.] આબરૂ.૦વવું સ૦ક્રિ૦'ફોરવું'નું પ્રેરક. ૦વું અ૦ક્રિ૦ સુવાસ ફેલાવવી
ફોરન અ૦ [अ.] ઝટપટ; જલદી
ફોરાઈ સ્ત્રી૦ સ્ફૂર્તિ; ચંચળાઈ; ચાલાકી
ફોરું વિ૦ ચંચળ; ચાલાક [ફો] (૨) ન૦ છાંટો; ટપકું
ફોલ પું૦ ફોલીને કાઢેલું તે (૨) કચૂકા કાઢી નાખેલી આંબલી. ૦વું સ૦ક્રિ૦ છોડાં વગેરે કાઢી ચોખ્ખું કરવું. -લાઈ-(-મણી) સ્ત્રી૦, -લામણ ન૦ ફોલવાની મજૂરી
ફોલ્લી સ્ત્રી૦ નાનો ફોલ્લો. -લ્લો પું૦ ગૂમડું (૨) ઝરેળો
ફોશી વિ૦ બાયલું; ઢીલું
ફોસલામણ(-ણી) સ્ત્રી૦ પટામણ (૨) છેતરામણ.-ણું વિ૦ (૨) ન૦ પટામણું [(પ્રેરક)
ફોસલાવું અ૦ક્રિ૦ છેતરાવું; પટાવું. ફોસલાવવું સ૦ક્રિ૦
ફોસ્ફરસ પું૦ [इं.]હવા લાગતાં સળગી ઊઠે એવું એક રસાયન (દીવાસળીમાં વપરાય છે.)
ફ્રેંચ વિ૦ [इं.] ફ્રાન્સ દેશનું (૨) સ્ત્રી૦ ફ્રાન્સની ભાષા

બ

બ પું૦ [सं.] ત્રીજો ઓષ્ઠ્ય વ્યંજન. ૦કાર પું૦ બ અક્ષર કે ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે બકારવાળું
બક પું૦ [सं.] બગ; બગલો (૨) [સં.] કૃષ્ણે મારેલો એક રાક્ષસ. ૦(-ગ)ધ્યાન ન૦ બગલા જેવું દંભી ધ્યાન -ધ્યાનનો ઢોંગ; ધૂર્તતા. ૦(-ગ)ધ્યાની વિ૦ ધૂર્ત
બકડિયું ન૦ એક વાસણ [હાચાકૂટ; બકવાટ
બકબક સ્ત્રી૦, -કાટ(-ટો,-રો) પું૦ નકામો લવારો-
બકબકિયું વિ૦ બકબક કરનારું [બકરાનો નર
બકરી સ્ત્રી૦બકરાની માદા. -રું ન૦એક ચોપગું.-રો પું૦
બકરી ઈદ સ્ત્રી૦ મુસલમાનોનો એક કુરબાનીનો તહેવાર
બકવા,૦ટ(-દ) પું૦ બકબકાટ; લવારો. -વું સ૦ક્રિ૦ નકામો લવારો કરવો (૨) બોલવું (તિરસ્કારમાં)
બકવૃત્તિ સ્ત્રી૦ [सं.] બકધ્યાનીની દંભી સ્વાર્થસાધુ વૃત્તિ
બકાઈ સ્ત્રી૦ બગાસું

બકાત વિ૦ વાપરતાં વધેલું; બાકી બચેલું; બચત
બકાન ન૦ એક વનસ્પતિ
બકારી સ્ત્રી૦ ઊલટીનો ઊબકો-ઉકરાંટો
બકા(-ખા)રો પું૦ બૂમ; બરકો (૨) બકવાદ
બકાલ પું૦ કાછિયો (૨) વાણિયો (તુચ્છકારમાં). ૦વેડા પું૦ બ૦વ૦ હલકા પ્રકારના વાણિયાવેડા. -લાપીઠ સ્ત્રી૦ શાકબજાર. -લી પું૦ બકાલ; કાછિયો.-લું ન૦ લીલોતરી; શાક (૨) બકાલનો ધંધો
બકી સ્ત્રી૦ [सं.] બગલી (૨) (સં.) પૂતના
બકુલ ન૦, -લી સ્ત્રી૦ [सं.] બોરસલીનું ઝાડ (૨) તેનું ફૂલ
બકૂડી સ્ત્રી૦ છોકરી. -ડો પું૦ છોકરો (લાડમાં)
બકોર પું૦ ઘોંઘાટ; કોલાહલ. ૦વું સ૦ક્રિ૦ બૂમ પાડી બોલાવવું
બક્ષવું સ૦ક્રિ૦ ભેટ તરીકે આપવું (૨) આપવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બક્ષિશ(-સ) સ્ત્રી૦ [फा.] ભેટ. ૦પત્ર ન૦ બક્ષિસ આપ્યા બાબતનું લખાણ-દસ્તાવેજ [નાગરોમાં એક અટક
બક્ષી પું૦ [फा.] લશ્કરને પગાર આપનાર અમલદાર (૨)
બખડિયું ન૦ (ગ.) જુઓ બકડિયું
બખતર ન૦ લોઢાનો પોશાક; કવચ; બખ્તર. -રિયો પું૦ બખતર પહેરેલો યોદ્ધો
બખતાવર વિ૦ [फा.] બખ્તાવર; ભાગ્યશાળી; સુખી
બખર સ્ત્રી૦; ન૦ વૃત્તાંત (૨) ઇતિહાસ; તવારીખ
બખરવું અ૦ક્રિ૦ સાલવું; લાગવું (૨) પચવું; ભોગવી શકાવું
બખાબખી સ્ત્રી૦ લડાલડી; ટંટો (૨) બખેડો; ફિસાદ
બખારું ન૦ બાકોરું; કાણું; ગાબડું
બખારો(-ળો) પું૦ બકારો; મોટો ધાંટો; બુમાટો; હોહા
બખિયો પું૦ આંટી દઈને ભરેલો દોરાનો ટાંકો
બખીલ વિ૦ [अ.] કંજૂસ (૨) કંગાલ. ૦પણું ન૦, ૦તા, -લાઈ સ્ત્રી૦ કંજૂસાઈ (૨) કંગાલિયત
બખું ન૦ બાકોરું; બખું (ચ.)
બખેડો પું૦ મારામારી; ટંટો
બખોલ સ્ત્રી૦ બાકું-પોલાણ (ઝાડ, પહાડ, જમીન વગેરેમાં)
બખ્ત ન૦ [फा.] નસીબ
બખ્તતીતર ન૦ એક પક્ષી
બખ્તર,-રિયો જુઓ 'બખતર'
બખ્તાવર વિ૦ [फा.] જુઓ બખતાવર
બગ પું૦ બક; બગલો [હોવો કે થવો
બગડવું અ૦ક્રિ૦ ખરાબ થવું (૨) ભ્રષ્ટ થવું (૩) અણબનાવ
બગડિયું વિ૦ જોડીવાળું; જોડીનું (૨) બંને બાજુ ઢળી પડે તેવું (૩) ન૦ એક જાતની રાંપડી
બગડિયો પું૦ બે સેરો જુદા ડાંને અને બે તારીને ભરેલો ખાટલો
બગડો પું૦ બેનો આંકડો
બગદો પું૦ કચરો; પૂંજો
બગધ્યાન,-ની વિ૦ જુઓ 'બકધ્યાન'માં
બગબગું ન૦ ભળભાંખળું; મળસકું
બગભગત પું૦ બગલા જેવો દંભી ભગત
બગરી સ્ત્રી૦,-રું ન૦ ઘી તાવવાથી તરી આવતો કચરો (૨) ઘીતેલનો રગડો
બગલ સ્ત્રી૦ [फा.] ખભા તળેનો હાથના મૂળ આગળનો ખાડો. ૦ગીર વિ૦ આલિંગન આપનારું. ૦ગીરી સ્ત્રી૦ આલિંગન. ૦થેલી સ્ત્રી૦ ખભા પર ભેરવતાં બગલ નીચે લટકતી રહે તેવી થેલી. ૦બચ્ચું વિ૦ બગલમાં સમાઈ રહે તેવું; ઠીંગણું; નકું. ૦મો પું૦ લાઠીની એક કસરત. -લિયો પું૦ ગમે ત્યારે ગમે તેવું કામ દે એવો માણસ
બગલદાણા પું૦બ૦વ૦ છૂટી કડીઓનાં સાંકળાં
બગલી સ્ત્રી૦ મગદળજોડીની કે મલખંભની એક કસરત
બગલી સ્ત્રી૦ બગલાની માદા. -લું ન૦ એક પંખી. -લો પું૦ નરબગલું; બક
બગવા પું૦ કાનનો મેલ (બ૦વ૦ રૂપમાં વપરાય છે)
બગા,૦ઈ સ્ત્રી૦ ઢોર કે કૂતરાં ઉપર બેસતી એક જાતની માખ (૨) કાનનો એક રોગ
બગાડ,-ડો પું૦ નુકસાન; ખરાબી (૨) વિકાર; સડો (૩) અણબનાવ (૪) ભ્રષ્ટતા. ૦વું સ૦ક્રિ૦ બગાડ કરવો
બગાવત સ્ત્રી૦ [म.] ચીવટ; નિષ્ઠા (૨) [अ.] બંડ
બગાસું ન૦ ઊંઘ ભરાતાં કે કંટાળાને વખતે દીર્ઘ શ્વાસ લેતાં મોં ફાડવું તે
બગી સ્ત્રી૦ એક જાતની ઘોડાગાડી (૨) નજર (૩) ઉચ્ચારનું સ્થાન; મોં. ૦ખાનું ન૦ ઘોડા કે ગાડીઓ રાખવાનો તબેલો
બગીચો પું૦ બાગ
બગું ન૦ બાકું; બખું [(૨) દીવાલમાં પડેલું બાકું
બગો પું૦ ગળીના રંગનો સાલ્લો (શોકને પ્રસંગે પહેરવાનો)
બગ્ગો પું૦ (પ.) બગલો [(૪) મારામાર
બ(૦ડ)ઘડાટી સ્ત્રી૦ (કા.) ઝમઝટ (૨) હેકારો (૩) ધમાલ
બઘાર વિ૦ હૈયાસૂનું; બેબાકળું
બચકબચક અ૦ (રવ૦) ધાવવાનો અવાજ
બચકલા પું૦ જેને તેને બચકાં ભરે એવો એક વાયુરોગ
બચકંબચકા,બચકાબચકી સ્ત્રી૦સામસામે બચકાં ભરવાં તે
બચકાટવું સ૦ક્રિ૦ બચકે બચકે ખાવું કે કરડવું
બચકારો પું૦ (રવ૦) બચબચ અવાજ (જેમ કે, અમુક લોક ખાતાં કરે છે)
બચકી સ્ત્રી૦ નાની પોટલી [ટુકડો (૩) પોટકું
બચકું ન૦ કરડવું તે; ડાકું (૨) બચકામાં માય એટલો
બચકો પું૦ મોટી બચકી; પોટલું [કરવું કે હાંકવું
બચકોરવું સ૦ક્રિ૦ ઓળવું (૨) ઢોરને બચકારા વડે શાંત
બચકોરું ન૦ ડૂબકી
બચગી સ્ત્રી૦ [फा.] બાળપણ
બચત વિ૦ બચેલું; વધેલું (૨) સ્ત્રી૦ બચેલું-વધેલું તે (૩) બચાવેલી રકમ. ૦ખાતું ન૦ બચત પૈસાનું ખાતું
બચપણ ન૦ બાળપણ [બચબચ અવાજ
બચબચ અ૦ (રવ૦) ધાવવાનો અવાજ. -ચાટ પું૦
બચરવાળ વિ૦ છોકરાંછૈયાંવાળું; વસ્તારી
બચવું અ૦ક્રિ૦ ઊગરવું (૨) વધવું; સિલક રહેવું
બચાઈ સ્ત્રી૦ બચત; ઉગારો. -ઉ વિ૦ બચત કરનારું
બચારવું સ૦ક્રિ૦ બચકોરવું (હાંકતાં)
બચારું વિ૦ જુઓ બીચારું
બચાવ પું૦ સંરક્ષણ (૨) ઉગારો; બચત. ૦પક્ષ પું૦ બચાવ કરનારો પક્ષ; પ્રતિવાદીનો પક્ષ. -વો પું૦+બચાવ
બચી સ્ત્રી૦ છોકરી; દીકરી
બચી(-ચ્ચી) સ્ત્રી૦ ચુંબન
બચુ પું૦; સ્ત્રી૦ છોકરા કે છોકરીને માટે લાડવાચક શબ્દ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચેરી સ્ત્રી૦ (સુ.) કૂથલી; નિંદા
બચોળિયું ન૦ નાનું બાળક; બચ્ચું
બચ્ચાંકચ્ચાં ન૦બ૦વ૦ નાનાં છોકરાં; છૈયાંછોકરાં
બચ્ચી સ્ત્રી૦ બચી; ચુંબન
બચ્ચું ન૦ [ફા.] બાળક (પ્રાયઃ પશુનું). –ચ્ચો પું૦ છોકરો (૨) [લા.] માણસ–'એની માનો દીકરો,' એવો ભાવ બતાવે છે. ઉદા૦ બચ્ચો હોય તે હવે આવે. –ચ્ચાજી પું૦ (બચ્ચો ૨ અર્થમાં. સંબોધનમાં પ્રાયઃ વપરાય છે)
બચ્છડ વિ૦ બરછટ; ખરબચડું. ૦પણું ન૦
બજર પું૦; સ્ત્રી૦ તમાકુ; છીંકણી
બજરબટુ(–ટ્ટુ) ન૦ પોયણીનું ફળ(૨)રીંછના મોંમાં ઘાલીને કાઢી લીધેલો કાળો મણકો (નજર ન લાગે માટે બાળકને કોટે બાંધવાનો) [એક પ્રકારની દંડની કસરત
બજરંગ(–ગી) પું૦ [हिं.] (સં.) હનૂમાન. ૦દંડ પું૦
બજરિયું ન૦ બજર–છીંકણીની ડાબલી
બજ(–જા)વણી સ્ત્રી૦ અમલમાં મૂકવું–મુકાવું તે
બજવું અ૦ક્રિ૦ અમલમાં આવવું–મુકાવું (૨) [हिं.] વાગવું (વાદ્યનું; કલાકનું). –વૈયો પું૦ કુશળ વાદ્ય વગાડનારો
બજાક(–ખ) વિ૦ બેવકૂફ
બજાજ પું૦ કાપડિયો. –જી સ્ત્રી૦ વેચવાની ચતુરાઈ (૨) વેચનાર અને ખરીદનાર વચ્ચેની રકઝક
બજાણિયો પું૦ નટ; દોરડાં ઉપર નાચનાર
બજાર પું૦; સ્ત્રી૦; ન૦ ચૌટું; હાટ (૨) ગુજરી (૩) ભાવ; દર (૪) ખપત; ખરીદ. ૦ગપ સ્ત્રી૦ બજારમાં ચાલતી–જાહેર ઊડતી વાત. ૦ણ સ્ત્રી૦ દુકાનદાર વેશ્યા. ૦પૂતળી સ્ત્રી૦ બની ઠનીને ફર્યા કરનારી સ્ત્રી. ૦ભાવ પું૦ બજારમાં ચાલતો ભાવ. –રી વિ૦ બજારનું, –ને લગતું. –રુ વિ૦ બજારનું; સાધારણ; હલકું (૨) બજારમાં ચાલતું; ઊડતું; સત્તાવાર નહિ એવું (૩) સ્ત્રી૦ દુકાનદાર વેશ્યા; બજારણ
બજાવણી સ્ત્રી૦જુઓ બજવણી. –વું સ૦ક્રિ૦'બજવું'નું પ્રેરક
બજીદ વિ૦ [ફા.] આગ્રહી; હઠીલું
બજોટો પું૦ લોટો
બજોડો પું૦ હાથનું એક ઘરેણું
બઝ ન૦ એક પક્ષી [ગળે ઓઢાડવું
બઝાડવું સ૦ક્રિ૦ 'બાઝવું'નું પ્રેરક (૨) [લા.] માથે નાખવું;
બઝૂ(–ઝો)ડવું સ૦ક્રિ૦ ઉપરાઉપરી સારી પેઠે મારવું
બટ વિ૦ ભરાવદાર (૨) નક્કર; ઘટ (૩) પું૦; ન૦ ઠીંગણું, મજબૂત ટટ્ટુ (૪) ન૦ ઊંચામાં ઊંચી જાતનું લોઢું (૫) અ૦ સાવ; તદ્દન
બટક વિ૦ બરડ (૨) ખરાબોલું; તીખું; કડક. ૦ણ(–ણું) વિ૦ બરડ (૨) કરડકણું. ૦બોલું વિ૦ ટીખળ કરનાર; વિનોદી (૨) રોકડું પરખાવી દેનારું–કહી દેનારું
બટકવું અ૦ક્રિ૦ ભાંગી જવું (૨) ખરી જવું. બટકાવું અ૦ક્રિ૦ ફાંસાઈ જવું (૨) ફડ ફડ ફાટી જવું (કપડા માટે)
બટકી સ્ત્રી૦ ઠીંગણી, ભરાવદાર સ્ત્રી (૨) ચાકરડી; લૂંડી (૩) રખાત; વેશ્યા
બટકું ન૦ બચકું; ડાકું (૨) કડકો (૩) વિ૦ ઠીંગણું; બટુક
બટણ પું૦ એક પક્ષી [દાબવાની બોરિયા જેવી કળ
બટન ન૦ [ઇં.] બોરિયું; બુતાન (૨) વીજળી ચલાવવા
બટમોગરો પું૦ ઘણી પાંખડીઓવાળો મોગરો
બટવો પું૦ વાટવો (૨) બેઠા ઘાટનો લોટો
બટહજારી સ્ત્રી૦ એક ફૂલઝાડ
બટા ન૦ એક પક્ષી
બટાઉ વિ૦ ઉડાઉ (૨) છેલ; રંડીબાજ [અથાણું
બટાકિયું ન૦ એક જાતનું ખોટું મોતી (૨) કેરીનું એક
બટાકીદાસ પું૦ નાનો ગાંડિયા જેવો માણસ
બટાકો(–ટો) પું૦ એક કંદ
બટાવું અ૦ક્રિ૦ (અનાજ કે ખાવાનું) ઘણો વખત પડી રહેવાથી વાસ મારવી–પાછું વળવું
બટાશિયાં ન૦બ૦વ૦ દાણાનાં ખોખાં
બટુ પું૦ [સં.] નાનો છોકરો. ૦ક પું૦ જનોઈ દીધા વગરનો છોકરો (૨) ઠીંગણો માણસ
બટેર ન૦ એક પક્ષી [વાડકો
બટેરું ન૦ મોટું કોડિયું; રામપાતર. –રો પું૦ માટીનો
બટ્ટો પું૦ આળ; તહોમત (૨) ડાઘ; લાંછન (૩) શીશો (દારૂનો)
બડ વિ૦ મોટું (૨) બરડ
બડઘડાટી સ્ત્રી૦ (કા.) જુઓ બધડાટી [તુવેર ઇ૦નાં)
બડઘા પું૦બ૦વ૦ મોલ કાપી લીધા બાદ રહેલાં ઠૂંઠાં (કપાસ,
બડઘો પું૦ જાડો લકુ માણસ
બડજંગી વિ૦ બહાદુર
બડદ ન૦ (કા.) સારો લાભ
બડકું ન૦ છણકો; તરછોડી નાખવું તે
બડફો પું૦ (સુ.) જાડી બુદ્ધિનો, અડબંગ માણસ
બડબડ સ્ત્રી૦ (૨) અ૦ બકબક; લવલવ. ૦વું અ૦ક્રિ૦ બબડવું; બડબડ કરવું (૨) અણગમાને કારણે મનમાં ગણગણવું (૩) [સુ.] વઢવું. –ડાટ પું૦ બડબડવું તે; બબડાટ. –ડાટિયું વિ૦ બબડાટિયું; બડબડાટ કરનારું. –ડિયું વિ૦ બડબડ કરનારું
બડબડો પું૦ (ચ.) ફદફદતો ગંદવાડો
બડબવું સ૦ક્રિ૦ મારવું; ઝાપટવું (૨) દબાવવું; ગડબવું (૩) કણસલાં ઉપર બૂધાં મારી દાણા છૂટા પાડવા
બડભાગી વિ૦ મહા ભાગ્યશાળી
બડમૂછિયો, બડમૂછો વિ૦પું૦ મૂછો વગરનો
બડવું સ૦ક્રિ૦ સૂતર ડરડવું
બ(૦ર)ડવું ન૦ મિજાગરું
બડવો વિ૦પું૦ માથું મૂંડાવેલો; કદરૂપો (૨) પું૦ જેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનોઈ દેવામાં આવતું હોય તેવો છોકરો (૩) છોલેલી શેરડી કે સાંઠાનો કકડો

બડહંસ સ્ત્રી૦ મેઘરાગની એક રાગણી [હાંકનાર

બડાઈ સ્ત્રી૦ મોટાઈ (૨) મગરૂરી (૩) ફૂલ. ૦ખોર વિ૦ બડાઈ

બડાફેંગ સ્ત્રી૦ એક પક્ષી

બડાબૂટ અ૦ ભડાભૂટ; વેરણછેરણ; અવ્યવસ્થિત

બડાશ સ્ત્રી૦ બડાઈ; ફૂલ

બડીકો પું૦ (કા.) દંડૂકો; દાંડિયો

બડું વિ૦ મોટું; ભારે. -ડીકંજર સ્ત્રી૦ [हिं.] મળસકું

બડૂકો પું૦ કઠણ વસ્તુ ભાગતાં-ચાવતાં થતો અવાજ

બડેજાવ વિ૦ મહાન; શ્રીમંત (૨) અ૦ ઘણું જીવો, ચડતી કળા થાઓ, એવો ઉદ્ગાર

બડેરી સ્ત્રી૦ બડાશ

બઢતી સ્ત્રી૦ [हिं.] આબાદી; વૃદ્ધિ (૨) પગારમાં વધારો

બઢવું અ૦ક્રિ૦ બઢતી થવી [ગપગોળો

બણગું ન૦ રણશિંગું (૨) હુલ્લડ (૩) [લા.] વખાણ

બણબણ અ૦ (રવ૦) (૨) ન૦ બણબણાટ. ૦વું અ૦ક્રિ૦ બણબણાટ કરવો. -ણાટ પું૦ બણબણ અવાજ (માખો ઇ૦નો)

બણવું અ૦ ક્રિ૦ બનવું. ૦ઠણવું જુઓ બનવુંઠનવું

બતક ન૦; સ્ત્રી૦ [फा.] એક પક્ષી (૨) બતકના આકારનું પાણી રાખવાનું પાત્ર. -કી સ્ત્રી૦ નાની બેઠા ઘાટની કુલ્લી

બતાડ(-વ)વું સ૦ક્રિ૦ દેખાડવું

બતાવું વિ૦ બેધારું

બતેલો પું૦ [पो.] એક જાતનું વહાણ

બત્તી સ્ત્રી૦ દિવેટ (૨) દીવો (૩) [લા.] ઉશ્કેરણી; ઉત્તેજન

બત્તો પું૦ દસ્તો (ખલ વગેરેનો)

બત્રીશ(-સ) વિ૦ '૩૨'. ૦લક્ષ(-ખ)ણું વિ૦ સંપૂર્ણ માણસનાં બત્રીસ લક્ષણવાળું (૨) [લા.] લુચ્ચું; પેક. -શી(-સી) સ્ત્રી૦ બત્રીસ દાંત (૨) બત્રીસ વસ્તુઓનો સમૂહ (૩) સ્વાદિષ્ટ ભોજન. -સું ન૦ બત્રીસ વસાણાંનું ચૂર્ણ (સુવાવડીનું)

બથ સ્ત્રી૦ (કા.) બાથ

બથવો પું૦ ચીલની ભાજી [લગતું,-ના ગુણવાળું

બથામણી સ્ત્રી૦ પચાવી પડવું તે. -ણિયું વિ૦ બથામણીને

બથાવવું સ૦ક્રિ૦ થકવી નાખવું (૨) પચાવી પડવું

બથ્થંબથ્થા સ્ત્રી૦ બાથમાં પકડી પકડીને લડવું તે; બાથંબાથા

બદ સ્ત્રી૦ જાંઘના ખૂણામાં થતું ગરમીનું એક દરદ (૨) પાંચનો સંકેત (વેપારીઓનો)

બદ વિ૦ [फा.] ખરાબ; હીન (સમાસમાં પૂર્વપદ તરીકે વપરાય છે). ૦કામ ન૦ ખરાબ કામ (૨) વ્યભિચાર. ૦કાર વિ૦ ખરાબ; દુષ્ટ. ૦ખસલત સ્ત્રી૦ ખરાબ ચાલચલગત (૨) વિ૦ બદખસલતવાળું. ૦ગોઈ સ્ત્રી૦ નિંદા; કૂથલી. ૦ચલન ન૦ ખરાબ ચાલચલગત; દુરાચરણ. ૦ચાલ સ્ત્રી૦ દુરાચરણ (૨) વિ૦ દુરાચરણી. ૦જબાન, ૦જબાં વિ૦ ગાળો બોલનારું (૨) સ્ત્રી૦ ગાળ. ૦દાનત સ્ત્રી૦ હરામ દાનત; બેઈમાની. ૦દુઆ(-વા) સ્ત્રી૦ શાપ. ૦નક્ષી સ્ત્રી૦ બદનામી. ૦નજર સ્ત્રી૦ કુદૃષ્ટિ. ૦નસીબ વિ૦ ભાગ્યહીન; અભાગિયું (૨) ન૦ દુર્ભાગ્ય. ૦નસીબી સ્ત્રી૦ દુર્ભાગ્ય. ૦નામ વિ૦ બદનામી પામેલું (૨) ન૦ અપકીર્તિ; બદનામી. ૦નામી સ્ત્રી૦ બટ્ટો; લાંછન; નામોશી

બદન ન૦ [फा.] શરીર (૨) કુડતું; પહેરણ

બદનું ન૦, -નો પું૦ પાણીનું ફૂંડું કે કુલડું (કડિયાકામનું) (૨) જાજરૂમાં લઈ જવાનું ડબલું

બદફેલ વિ૦ [फा.] દુરાચારી; અનીતિમાન. -લી સ્ત્રી૦ અનીતિ; દુરાચરણ [દુર્ભાગ્ય (૨) હરામખોરી

બદબખ્ત વિ૦ [फा.] કમનસીબ; અભાગિયું. -ખ્તી સ્ત્રી૦

બદબો, ૦ઈ સ્ત્રી૦ [फा.] દુર્ગંધ (૨) બદનામી

બદમાશ(-સ) વિ૦ [फा.] કાળાં કર્મ કરનાર; લુચ્ચું; દુરાચારી. -શી(-સી) સ્ત્રી૦ નીચતા; લુચ્ચાઈ (૨) દુરાચાર; વ્યભિચાર

બદર ન૦ [सं.] બોર. -રિ,-રિકા સ્ત્રી૦ બોરડી. -રિકાશ્રમ પું૦ (સં.) હિમાલયમાં અલકનંદાને તીરે આવેલું એક તીર્થ; ત્યાં આવેલો નરનારાયણનો આશ્રમ. -રી સ્ત્રી૦ બોરડી (૨) કપાસનો છોડ; વેણ. -રીનાથ,-રીનારાયણ પું૦ (સં.) બદરિકાશ્રમના દેવ કે તેમનું ધામ

બદરસ્તો પું૦ ખરાબ રસ્તો; કુમાર્ગ

બદરંજ ન૦ એક જાતનું લિંબુ

બદલ અ૦ [अ.] સાટે; અવેજમાં. ૦વું સ૦ક્રિ૦ ફેરફાર કરવો; -ને બદલે બીજું આપવું-લેવું. -લી સ્ત્રી૦ બદલાવું કે બદલવું તે; ફેરફાર. -લે અ૦ બદલ. -લો પું૦ સાટું; અવેજ (૨) ફેરફાર

બદલું અ૦ક્રિ૦ ગાંઠવું; હુકમ માનવો; મચક દેવી

બદશિ(-સિ)કલ વિ૦ વરવું; બેડોળ

બદસલાહ સ્ત્રી૦ [फा.] ખરાબ કે ખોટી સલાહ

બદસૂરત વિ૦ [फा.] વરવું; કદરૂપું

બદહજમી સ્ત્રી૦ [फा.] અપચો

બદહવા સ્ત્રી૦ [फा.] ખરાબ-બગડેલી હવા

બદામ સ્ત્રી૦ એક સૂકો મેવો (૨) હિસાબમાં એક હલકું ચલણ. ૦ડી સ્ત્રી૦ બદામનું ઝાડ. -મિયું વિ૦ બદામી રંગનું. -મી વિ૦ ભૂખરું લાલ (૨) બદામનું; બદામ સંબંધી (૩) સ્ત્રી૦ બદામડી

બદિયાન ન૦ બદન; કુડતું [નિંદા

બદી સ્ત્રી૦ ગબી (૨) [फा.] દુરાચરણ; અનીતિ (૩) કુટેવ (૪)

બદુ વિ૦ માલ વગરનું; ગંડુ

બદૂડું ન૦ (કા.) ગાયનું નાનું બચ્ચું

બદ્ધ વિ૦ [सं.] બાંધેલું (૨) બંધાયેલું; બંધનમાં પડેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધિર વિ૰ [સં.] બહેરું. ૦તા સ્ત્રી૰

બધું વિ૰ સઘળું; સર્વ. -ધે અ૰ સઘળે ઠેકાણે; સર્વત્ર

બનડી સ્ત્રી૰ નવી વહુ. -ડો પું૰ નવશાહ; વરરાજા (૨) વિવાહમાં ગાવાનું ગીત

બનત સ્ત્રી૰ મેળ; સ્નેહ; બનતું આવવું તે

બનફ્શા ન૰ [फा.] દવા માટે વપરાતું એક ઘાસ

બનવા ન૰ એક પક્ષી

બનવું અ૰ક્રિ૰ થવું (૨) બનાવ-મેળ હોવો (૩) [લા.] ફજેતી થવી; ચાટ પડવું (૪) ઠાઠ કરવો (૫) રંગમાં આવવું (નશાના). ૦ઠનવું અ૰ક્રિ૰ શણગાર સજી ઠાઠ કરવો

બનસરાહ ન૰ એક પક્ષી

બનાત સ્ત્રી૰ એક જાતનું ઊનનું કપડું

બનારસ ન૰ એક પક્ષી (૨) [સં.] કાશી; વારાણસી. -સી વિ૰ બનારસનું કે તેને લગતું

બનાવ પું૰ બીના; પ્રસંગ; મેળ; ઘટના (૨) સ્નેહ

બનાવટ સ્ત્રી૰ બનાવવાની રીત; ઘડતર; રચના (૨) તરકટ (૩) ફજેતી; મશ્કરી. -ટી વિ૰ કૃત્રિમ; ખોટું; જૂઠું

બનાં સ્ત્રી૰ લાજ (૨) ઇજ્જત

બનૂ(-ન્નૂ)સ ન૰ ઊનનો જાડો ધાબળો [કે તેની કસરત

બનેટી સ્ત્રી૰ બંને છેડે મોટા લખોટાવાળાં માથાંની લાકડી

બનેવી પું૰ બહેનનો વર

બનો પું૰ બનડો

બન્નૂસ ન૰ જુઓ બનૂસ

બન્ને(-ન્નો) વિ૰ બેઉ જણ

બપડું વિ૰ બે પડવાળું (૨) ન૰ લાકડાનું ગોળ રમકડું

બપૈયો પું૰ ચાતક

બપોર પું૰ મધ્યાહ્ન. -રા પું૰બ૰વ૰ (કા.) બપોરનું ભોજન. -રિયું વિ૰ બપોરનું (૨) ન૰ બપોરે ખીલતું એક ફૂલ (૩) બપોરે કરવાનું કામ (૪) બપોર સુધી કામ કરનારું માણસ (૫) આતશબાજીની એક બનાવટ. -રિયો પું૰ બપોરિયા ફૂલનો છોડ (૨) એક જાતનું દારૂખાનું. -રી વિ૰ બપોરનું

બફાણું ન૰ કોઈ પણ બાફેલી વસ્તુ (૨) બાફેલી કેરીનું અથાણું. -રો પું૰ ઘામ; બાફ. -વવું સ૰ક્રિ૰ 'બાફવું'નું પ્રેરક. -વું અ૰ક્રિ૰ 'બાફવું'નું કર્મણિ (૨) ઘામથી અકળાવું [જુઓ 'બડબડવું'માં

બબડ સ્ત્રી૰ બબડવું તે; બડબડાટ ૦વું, -ડાટ, -ડાટિયું

બબરચી પું૰ રસોઇયો (મુસલમાન કે ગોરાનો). ૦ખાનું ન૰ બબરચીનું રસોડું (૨) [લા.] ગંદકી

બબીલા ન૰ એક પક્ષી

બબૂચક વિ૰ મૂર્ખ

બબ્બે વિ૰ બેબે

બબ્બો પું૰ બ અક્ષર; બકાર

બમ, ૦બમ અ૰ (રવ૰) (શિવદર્શન કરતાં બોલાય છે)

બમડસ વિ૰ ઠાંસી ઠાંસીને ભરેલું (૨) બોખરું

બમણખેપો પું૰ બમણું કરવું-થવું તે

બમણવું અ૰ક્રિ૰ (રવ૰) પાંખોનો ગણગણાટ કરવો (૨) તેવી રીતે આજુબાજુ ઊડ્યા કરવું-ભમવું

બમણાટ પું૰ બમણવું તે

બમણું વિ૰ બેગણું; બેવડું

બયાન ન૰ [अ.] વર્ણન

બર પું૰ [फा.] પનો (૨) જાત (૩) માલ (૪) અ૰ પ્રમાણે (૫) વિ૰ સફળ; પૂરતું (૬) જોઈતું; યોગ્ય

બરક પું૰ [फा.] ઊંટના વાળ [ભરપૂરતા

બરકત સ્ત્રી૰ [अ.] ફાયદો; લાભ (૨) ફતેહ; સિદ્ધિ (૩)

બરકમદાર પું૰ જેલનો ઉપરી

બરકવું સ૰ક્રિ૰ બૂમ પાડીને બોલાવવું

બરકંદાજ પું૰ [फा.] બંદૂકચી

બરકી સ્ત્રી૰ રૂની ગાંસડી

બરકો પું૰ બૂમ; ઘાંટો; બરકવું તે

બરખાસ્ત વિ૰ [फा.] વીખરાયેલું; વિસર્જિત

બરછટ વિ૰ કઠણ અને ખરબચડું. ૦પણું ન૰

બરછી સ્ત્રી૰ ભાલા જેવું એક હથિયાર. -છો પું૰ ભાલો (૨) ઊભો સીધો સાંઠો (૩) તેવી કોઈ પણ વસ્તુ

બરજાત વિ૰ કજાત; હલકા બીજનું

બરજોરી સ્ત્રી૰ બળજોરી; જબરજસ્તી

બરડ વિ૰ ઝટ ભાંગી જાય તેવું (૨) [ચ.] પાણીની તાણવાળું (વરસ). ૦પણું ન૰

બરડકબોલું વિ૰ રોકડું પરખાવી દે તેવું; બટકબોલું

બરડવું ન૰ મજાગરું

બરડો પું૰ પીઠ; વાંસો (૨) સોપારીની એક જાત

બરણી સ્ત્રી૰ એક જાતનું પાત્ર (મોટે ભાગે નળાકાર)

બરતરફ વિ૰ [फा.] કાઢી મૂકેલું (નોકરી ઉપરથી). -ફી સ્ત્રી૰ નોકરી ઉપરથી રુખસદ મળવી તે

બરદ ન૰+ બિરદ. -દિયો પું૰ બિરદવાળો

બરદાશ(-સ,-સ્ત) સ્ત્રી૰ સંભાળ; તજવીજ; ચાકરી

બરફ પું૰; ન૰જામી ગયેલું પાણી. ૦ગાડી સ્ત્રી૰ બરફ પર ચાલે એવી ખાસ પ્રકારની ગાડી; 'સ્લેજ' [ચૂરમું

બરફી સ્ત્રી૰ એક મીઠાઈ. ૦ચૂરમું ન૰ ચોસલાં પાડી ઠારેલું

બરબાદ વિ૰ [फा.] રદ; નકામું (૨) પાયમાલ

બરબાદી સ્ત્રી૰ [फा.] ખરાબી; પાયમાલી

બરમો પું૰ એક સુતારી ઓજાર

બરલવું અ૰ક્રિ૰ ઊંઘમાં બડબડવું

બરવા પું૰ એક રાગ

બરહક,-ક્ક વિ૰ [फा.] સાચું

બરહટ વિ૰ (ચ.) બરછટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરાક સ્ત્રી૦ સિપાઈઓને રહેવાની ઓરડીઓની લાંબી હાર (૨) [લા.] માણસોને-કેદીઓને ગોંધવાનું મકાન

બરાગળ સ્ત્રી૦ ઝીણો તાવ [પું૦ બરાડ

બરાડ સ્ત્રી૦ ત્રાડ; બૂમ. ૦વું અ૦ક્રિ૦ બરાડ પાડવી. -ડો

બરાત સ્ત્રી૦ [हिं.] વરની જાન (૨)વરઘોડો. -તી પું૦જાનૈયો

બરા(-રો)બર વિ૦ (૨) અ૦ સમાન; સરખું (૩) ખરું; વાજબી (૪) જોઈએ તેવું; ભૂલચૂક વિનાનું. -રિયું વિ૦ સમોવડિયું; સરખેસરખું. -રિયો પું૦ સમોવડિયો. -રી સ્ત્રી૦ સમાનતા

બરાસ ન૦ કપૂરમાં મસાલો નાખી બનાવેલો એક સુગંધીદાર પદાર્થ (૨) પથ્થરનું કે કડિયાકામનું એક માપ

બરિયાન સ્ત્રી૦; ન૦ જામગરી જેવી સળગતી વસ્તુ

બરી સ્ત્રી૦ અંગરખાનો એક ભાગ (૨) ખરેટું

બરુ પું૦; ન૦ નેતરની જાતનું ઘાસ

બરો પું૦ તોર; મગરૂરી (૨) ચામોદી; પતરાજી (૩) ઘણા તાવને લીધે ઓઠના ખૂણા આગળ થતી ઝીણી ફોલ્લીઓ

બરોડું ન૦ બરુ (૨) જુવારબાજરીનું સરોડું

બરોબર [फा.]. -રિયું, -રિયો, -રી જુઓ 'બરાબર'માં

બરોળ સ્ત્રી૦પેટને ડાબે પડખે આવેલો એક અવયવ; પ્લીહા

બર્જક,-ખ [अ.]ન૦ મરણ અને કયામત વચ્ચેનો ગાળો

બર્બજ ન૦ એ નામનું એક ઘાસ

બર્બત ન૦ [फा.] એક તંતુવાદ્ય [જાતનો માણસ

બર્બર ન૦[सं.]મૂર્ખ;અસંસ્કારી (૨) પું૦ અનાર્યોની એક

બર્મી વિ૦ બ્રહ્મદેશનું (૨) સ્ત્રી૦ ત્યાંની ભાષા

બર્હી પું૦ [सं.] મોર

બલ(-ળ) ન૦ [सं.] જોર; શક્તિ (૨) લશ્કર. ૦દાયી,૦પ્રદ વિ૦ બળ આપનારું. ૦વતી વિ૦સ્ત્રી૦ બળવાળી. ૦વંત, ૦વાન વિ૦ બળવાળું. ૦હીન વિ૦ બળ વગરનું

બલકે અ૦ [फा.] બલ્કે, એટલું જ નહિ પણ

બલગમ પું૦; ન૦ [अ.] ગળફો; કફ

બલગરી સ્ત્રી૦ સ્ત્રીઓનું ગળાનું ઘરેણું

બલ જાવું અ૦ક્રિ૦ [हिं.] વારી જવું

બલદાણા પું૦ એક વનસ્પતિ અને તેનાં બીજ

બલમ સ્ત્રી૦ બાફેલી ડાંગર

બલવણ ન૦ જુઓ બિડલવણ

બલવવું સ૦ક્રિ૦ બળવાળું કરવું; પોષવું; વધારવું

બલા સ્ત્રી૦ [अ.] પીડા કરતું વળગણ-ભૂત (૨) [લા.] તેવું માણસ (૩) દુઃખ; મુસીબત

બલાઈ સ્ત્રી૦ ગાંહનો એક રોગ (૨) એક વાની

બલાક પું૦ [सं.] બગલો. -કા સ્ત્રી૦ બગલી

બલા(-ળા)ત્કાર પું૦ [सं.] બળજોરી; જોરજુલમ (૨) સ્ત્રી પર અત્યાચાર [પ્રમાણ

બલા(-ળા)બલ(-ળ) ન૦ [सं.] શક્તિ અને અશક્તિનું

બલારાત સ્ત્રી૦ દઈરાત (શ૦પ્ર૦ માં વપરાય છે. ઉદા૦ મારે દઈરાત-બલારાત ત્યાં જાય છે.)

બલાલ વિ૦ હલકું; નીચ [આવી પીડા થાય છે

બલાસ સ્ત્રી૦ એક રોગ, જેમાં ગળામાં તથા ફેફસાંમાં સોજા

બલાહક પું૦ [सं.] મેઘ; વાદળ

બલિ(-ળિ) પું૦ [सं.] ભોગ; દેવને માટે કાઢેલો ભાગ (૨) [સં.] પ્રહ્‌લાદનો પૌત્ર-દાનવોનો રાજા. ૦દાન ન૦ બલિ-ભોગ આપવો તે; ત્યાગ; કુરબાની

બલિ(-લી)વર્દ પું૦ [सं.] બળદ

બલિષ્ઠ વિ૦ [सं.] સૌથી બળવાન

બલિહારી સ્ત્રી૦ ખૂબી (૨) વાહવાહ

બલીયસી વિ૦સ્ત્રી૦ [सं.] વધારે બળવાન

બલીવર્દ પું૦ [सं.] બળદ

બલૂચ(-ચી) વિ૦ બલૂચિસ્તાનનું (૨) પું૦ ત્યાંનો રહેવાસી.

બલૂચિસ્તાન ન૦ [फा.] (સં.) સિંધ અને અફઘાનિસ્તાન પાસેનો એક મુલક [વિમાન

બલૂન ન૦[इं.] વાયુથી આકાશમાં ઊડતી એક બનાવટ (૨)

બલેકું વિ૦ (પ.) બળવાળું; જોરાવર

બલેસ(-સા)ન ન૦ એક જાતનો છોડ કે તેનું ફળ

બલૈ(-લૌ,-લ્લૈ)યું ન૦ ચૂડી

બલ્કે અ૦ [फा.] જુઓ બલકે

બલ્ય વિ૦ [सं.] બળવાન; વીર્યવાન (૨) બળપ્રદ

બલ્લૈયું ન૦ બલૈયું; ચૂડી

બવાડું ન૦ નવી ખેડાયેલી જમીનનું બીજું વરસ

બવારું વિ૦ (કા.) બેવડું

બવાસીર ન૦ [अ.] મસાને લગતો રોગ; હરસ

બશરા ન૦ એક પક્ષી

બશીન ન૦ એક પક્ષી [બશેર વજનનું કાટલું

બશેર વિ૦ બેશેર જેટલા માપનું. -રિયો પું૦,-રી સ્ત્રી૦

બસ અ૦ [फा.] થયું; પૂરતું (૨)ભાર-નિશ્ચય જણાવતો શબ્દ

બસ સ્ત્રી૦ [इं.] એક વાહન-મોટરનો ખટારો

બસળાં ન૦બ૦વ૦ નાનાં છોકરાં

બસી સ્ત્રી૦ [पा.] રકાબી

બસૂરું વિ૦ બેસૂરું (ખોટો શબ્દપ્રયોગ)

બસે(-સો) પું૦ '૨૦૦'

બસ્તિ સ્ત્રી૦[सं.] નાભિની નીચેનો ભાગ; પેડુ (૨) મૂત્રાશય (૩) ગુદા વાટે પાણી ચડાવવાની પિચકારી. ૦પ્રદેશ પું૦ બસ્તિવાળો શરીરનો ભાગ

બસ્તો પું૦ [फा.] ગાંસડી

બહરું વિ૦ (ચ.) બેવડું [(૩) [લા.] આનંદિત કરવું

બહલાવવું સ૦ક્રિ૦ મજબૂત કરવું; ખીલવવું (૨) ફેલાવવું

બહવવું સ૦ક્રિ૦ બહાવવું; વહેવડાવવું

બહાઉ પું૦ (સુ.) બાઉ; હાઉ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાદુર વિ૦ [फा.] શૂરવીર; હિંમતવાન. **–રી** સ્ત્રી૦ પરાક્રમ;

બહાનું ન૦ [फा.] મિષ; ખોટું કારણ

બહાર પું૦; સ્ત્રી૦ [फा.] ભભકો; રંગ; શોભા (૨) આનંદ; મજા (૩) પું૦ એક રાગ

બહાર અ૦ અંદર નહિ. **૦કોટ** પું૦ કોટ બહારનો ભાગ. **૦ચલી** સ્ત્રી૦ વ્યભિચારિણી. **૦વટિયો** પું૦ રાજાથી નારાજ થઈ તેને સતાવવા કાયદા તોડનારો કે પ્રજાને રંજાડવા નીકળેલો માણસ (૨) બહાર રહી લૂંટફાટ કરનારો; લૂંટારો. **૦વટું** ન૦, **૦વટો** પું૦ બહારવટિયાનું કામ. **૦વાસ** પું૦ ગામ કે ઘર વિનાનું રહેઠાણ કે જગા. **૦વાસિયો** પું૦ ગામ બહાર રહેનારો–ભંગી

બહારણિયો પું૦ ધૂળધોયો (?)

બહા(–હો)રવું સ૦ક્રિ૦ ઝાડુ કાઢવું

બહાલ વિ૦ [फा.] મંજૂર; કાયમ (૨) પ્રસન્ન; સ્વસ્થ. **–લી** સ્ત્રી૦ મંજૂરી; કાયમ રાખવું તે (૨) વિ૦ કાયમી

બહાવવું સ૦ક્રિ૦ ફેલાવવું; પસારવું

બહિર્ અ૦ [सं.] બહાર [પ્રાયઃ સમાસમાં]. **–રંગ** વિ૦ બહારનું; અંતરંગ નહિ તેવું (૨) ન૦ કોઈ પણ વિધિનો પ્રારંભનો ભાગ (૩) બહારનો અવયવ; બહારનું સ્વરૂપ. **–રિન્દ્રિય** સ્ત્રી૦ બહારની (પાંચ) ઇંદ્રિય. **–ગોળ** વિ૦ બહારપડતી ગોળ સપાટીવાળું; 'કોન્વેક્સ'. **–ર્દષ્ટિ** સ્ત્રી૦ બાહ્યદૃષ્ટિ (અંતરદૃષ્ટિથી ઊલટું). **–ર્ભૂત** વિ૦ બહાર થયેલું; બહિષ્કૃત. **–ર્મુખ** વિ૦ વિમુખ; પરાઙ્મુખ (૨) બાહ્ય વિષયોમાં આસક્ત. **–ર્લાપિકા** સ્ત્રી૦ એક જાતનો ઉખાણો, જેના જવાબનો શબ્દ તેની પોતાની અંદર સમાયેલો ન હોય (અંતર્લાપિકાથી ઊલટું). **–ર્વૃત્ત** ન૦ 'એસ્ક્રાઇબ્ડ સર્કલ' (ગ.). **–ષ્કાર** પું૦ અસ્વીકાર; ત્યાગ (૨) નાત કે મહાજન કે કોઈ સંઘની બહાર મૂકવું તે. **–ષ્કૃત** વિ૦ બહિષ્કાર પામેલું. **–ષ્કેંદ્ર** ન૦ 'એક્સ–સેન્ટર' (ગ.). **–ષ્કોણ** પું૦ 'એક્સ્ટર્નલ–એન્ગલ' (ગ.)

બહિસ્ત ન૦ જન્નત; સ્વર્ગ

બહિઃસ્થિત વિ૦ [सं.] બહાર ઊભેલું

બહિઃસ્વરૂપ ન૦ [सं.] બાહ્ય સ્વરૂપ

બહુ વિ૦ (૨) અ૦ [सं.] ખૂબ (સંખ્યા કે માપમાં). **૦કો(–ખૂ)ણ** વિ૦ (ગ.) અનેક કોણવાળું (૨) પું૦ તેવી આકૃતિ; 'પૉલિગૉન'. **૦ખૂણિયું** વિ૦ બહુકોણ. **૦ગંધા** સ્ત્રી૦ પીળી જૂઈ (૨) ચંપાની કળી (૩) શાહજીરું. **૦ત્વ** ન૦. **૦ચર(–રા,–રાજી,–રી)** (સં.) એક દેવી. **૦ધા** અ૦ અનેક રીતે (૨) ઘણું કરીને. **૦નામી** વિ૦ અનેક નામોવાળું (૨) પું૦ (સં.) ઈશ્વર. **૦પત્નીત્વ** ન૦ અનેક પત્નીઓ હોવી તે. **૦પત્રી** વિ૦ (૨) ન૦ ઘણાં પાનવાળું. **૦પદ** વિ૦ ઘણા પગવાળું. **૦ફળી** વિ૦ બહુ વાર ફળનારું (૨) સ્ત્રી૦ એક છોડ. **૦બોલું** વિ૦ વાચાળ (૨) દોઢડાહ્યું. **૦મત** પું૦; ન૦ મોટા ભાગનો મત. **૦મતી** સ્ત્રી૦ બહુમત (૨) એક પક્ષ કરતાં બીજાના મતની સંખ્યાની વિશેષતા. **૦માન** ન૦ આદર; સંમાન. **૦માન્ય** વિ૦ ઘણા લોકોએ કબૂલ કરેલું. **૦મૂલું, ૦મૂલ્ય** વિ૦ ભારે કિંમતનું. **૦રત્ના** વિ૦ સ્ત્રી૦ ઘણાં રત્નોવાળી. **૦રંગી** વિ૦ ઘણા રંગવાળું. **૦રૂપી** વિ૦ ઘણાં રૂપવાળું (૨) પું૦ અનેક વેશ ધારણ કરનારો. **૦લ** વિ૦ ઘણું; અધિક. **૦લતા** સ્ત્રી૦. **૦વચન** ન૦ એકથી વધારેને માટે વપરાતું વચન (વ્યા.). **૦વિધ** વિ૦ અનેક પ્રકારનું. **૦વ્રીહિ** પું૦ જેમાં પૂર્વપદ વિશેષણ હોય અને ઉત્તરપદ વિશેષ્ય હોય તેમ જ આખું સમસ્તપદ પાછું અન્યપદનું વિશેષણ હોય તેવો સમાસ (વ્યા.). **૦શાસન** ન૦ ઘણા જણની સત્તાથી ચાલતું રાજતંત્ર. **૦શ્રુત** વિ૦ વિદ્વાન. **૦સૂત્રી** વિ૦ સુતર નહિ એવું; ગૂંચવાયેલું 'કૉમ્પ્લેક્સ'

બહેક સ્ત્રી૦ સુગંધ. **૦વું** અ૦ક્રિ૦ મઘમઘવું; મહેકવું (૨) ફાટવું; છકી જવું; વંઠી જવું; **–કાટ** પું૦ બહેકવું તે. **–કાવવું** સ૦ક્રિ૦ 'બહેકવું'નું પ્રેરક

બહેડું ન૦ એક ફળ. **–ડો** પું૦ બહેડાનું ઝાડ

બહેડો પું૦ જુઓ 'બહેડું'માં (૨) [ચ.] કાદવકીચડ

બહેતર વિ૦ [फा.] ઠીક; સારું; વધારે સારું

બહેન સ્ત્રી૦ એક માતા પિતાની કે કાકા, મામા, માસી વગેરેની દીકરી (૨) કોઈ પણ સ્ત્રી (૨) સ્ત્રીના નામ અંતેનો આદરવાચક અનુગ. **૦જી** સ્ત્રી૦ [માનાર્થે] બહેન. **૦પણાં** ન૦બ૦વ૦ (સ્ત્રીઓની) મિત્રાચારી. **૦પણી** સ્ત્રી૦ સાહેલી; સ્ત્રી મિત્ર. **–નાં(–ની)** સ્ત્રી૦ બહેન (પ્યારદર્શક)

બહેર સ્ત્રી૦ બહેરાટ (૨) ચેતન ન હોવું તે. **–રાટ, –રાશ** પું૦ બહેરાપણું. **–રું** વિ૦ ન સાંભળી શકે તેવું; ઓછું સાંભળનારું (૨) ખખડવામાં કસરવાળો (રૂપિયો) (૩) [સુ.] ધમધમાટની કસરવાળી (વાની)

બહોત, –તાળ વિ૦ પુષ્કળ; વધારે

બહોરવું સ૦ક્રિ૦ બહારવું; ઝાડુ કાઢવું

બહોળું વિ૦ મોટું; વિસ્તારવાળું

બળ ન૦ બલ; જોર (૨) લશ્કર. **૦કટ** વિ૦ બળવાન. **૦જબરાઈ, ૦જબરી, ૦જોરી** સ્ત્રી૦ જબરદસ્તી. **૦તુલા** સ્ત્રી૦ બળની સમતોલ ગોઠવણી. **૦દાયી** વિ૦ બલદાયી. **૦ભંગ** પું૦ બળનો ભંગ (૨) વિ૦ બળનું ભાંગલું. **૦વતી** વિ૦સ્ત્રી૦ બળવાળી. **૦વંત, ૦વાન** વિ૦ બળવાળું; સબળ. **૦હીણ(–ન)** વિ૦ બળ વગરનું; નિર્બળ

બળખો પું૦ ગળફો

બળણ ન૦ બળવું તે. **–તણ** ન૦ બાળવાનાં લાકડાં. **–તર** સ્ત્રી૦ + બળતરા. **–તરા** સ્ત્રી૦ દાઝવાથી થતી પીડા (૨) મનમાં થતી તેવી લાગણી. **–તું** વિ૦ સળગતું (૨) ન૦ સળગતી વસ્તુ (૩) બળતરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળદ,-દિયો પું૦ બળદ (૨) [લા.] મૂર્ખ; ગમાર. ૦ગાડી
સ્ત્રી૦ બેલગાડી

બળપારી વિ૦ ઘણું મજબૂત [દઝાડે એવું(૨)પીડાતું

બળબળ સ્ત્રી૦ ચિંતા (૨) દાઝ (૩) ઈર્ષા. ૦તું વિ૦ બાળે-

બળબિંબ ન૦ એક જાતનું ફળ [કરવી

બળવું અ૦ક્રિ૦ સળગવું (૨) બળતરા થવી (૩) [લા.]ઈર્ષા

બળવો પું૦ બંડ. **-વાખોર** વિ૦ બંડખોર

બળાત્કાર જુઓ બલાત્કાર. **બળાબળ** જુઓ બલાબલ

બળાપો પું૦ કઢાપો; સંતાપ

બળિ પું૦ જુઓ બલિ

બળિયા, ૦**કાકા** પું૦બ૦વ૦ સૈયડ (૨) એના દેવ

બળિયું વિ૦ જોરાવર

બળિયેલ વિ૦ અદેખું

બળી સ્ત્રી૦ કરાંટાની કરાતી એક વાની

બળૂકું વિ૦ બળવાળું

બળેવ સ્ત્રી૦ શ્રાવણી પૂર્ણિમા

બળોતિયું ન૦ જુઓ બાળોતિયું

બળ્યુંજળ્યું વિ૦ગુસ્સે થયેલું (૨) સંતાપ પામેલું(૩)અદેખું

બંકું વિ૦ વાંકું; અટપટું

બંકેરાવ પું૦, **બંકો** વિ૦પું૦ છેલબટાઉ

બંખારવું સ૦ક્રિ૦ બૂમ પાડવી

બંખારો પું૦ ઘાંટો; ઘુમાટો (૨) એક જાતનો ખાર

બંગ સ્ત્રી૦ કલાઈ(૨) બંગભસ્મ (૩) પું૦ સીસાનો એક
ક્ષાર. ૦**ભસ્મ** સ્ત્રી૦ કલાઈની ભસ્મ

બંગ પું૦ (સં.) બંગાળ પ્રાંત. ૦**ભંગ** પું૦ બંગાળાના
ભાગલા કરેલા તે. **-ગીય** વિ૦ બંગાળનું

બંગ પું૦ રીત; તરેહ (૨) તર્ક; બુટ્ટી (૩) નમૂનો; ભાત (૪)
વિ૦ નાગું; નિર્લજ્જ

બંગડી સ્ત્રી૦સ્ત્રીઓનું કાંડે પહેરવાનું કાચનું કે ધાતુનું ઘરેણું.
૦**ખાર** પું૦ એક જાતનો ક્ષાર [જાતનું મકાન

બંગલી સ્ત્રી૦ નાનો બંગલો. **-લો** પું૦ એક વિશિષ્ટ

બંગાળી વિ૦ બંગાળનું (૨) સ્ત્રી૦ બંગાળની ભાષા

બંગાળું ન૦ એક જાતનો ઘાઘરાપાટ

બંગી સ્ત્રી૦ નાની ટીલડી; ટપકી

બંટ(-ટિયો) પું૦ ડાંગર સાથે ઊગતું એક હલકું અનાજ

બંટી સ્ત્રી૦ એક જાતનું અનાજ

બંઠ વિ૦ બૂઠું (૨) અક્કલ વગરનું

બંઠસ વિ૦ બમઠસ; દાબી દાબીને ભરેલું (૨) કર્કશ

બંડ ન૦ હુલ્લડ; બળવો. ૦**ખોર** વિ૦ બંડ કરનારું

બંડિયું ન૦ બદન; પહેરણ. **બંડી** સ્ત્રી૦ એક જાતનું બદન

બંડિયો પું૦ બંડ કરનાર

બંદગી સ્ત્રી૦ [फा.] પ્રાર્થના; ઇબાદત

બંદર ન૦ [फा.] દરિયા કે નદીને કિનારે આવેલું વહાણોની
આવજા થઈ શકે તેવું સ્થાન (૨) તેવા સ્થાનવાળું ગામ.
-રી વિ૦ બંદરને લગતું(૨)ન૦ એક જાતનું ઝીણું કાપડ

બંદલો પું૦ બનડો

બંદવો પું૦ કેદી

બંદિ(-દી) પું૦ [सं.] કેદી (૨) બંધી; મના

બંદી,૦**જન** પું૦ વખાણ કરનાર; ચારણ

બંદી સ્ત્રી૦[सं.] બાંદી; ગુલામડી; બળાત્કારે પકડી આણેલી
સ્ત્રી (૨) સ્ત્રી૦ બંધી; મના [પું૦ કેદી.

બંદી પું૦[सं.,फा.]કેદી. ૦**ખાનું** ન૦કેદખાનું; તુરંગ. ૦**વાન**

બંદૂ(-ધૂ)ક સ્ત્રી૦ [अ.] દારૂથી ગોળી મારવાનું એક શસ્ત્ર.
૦**ચી** પું૦ બંદૂકવાળો. **-કિયું** વિ૦ બંદૂકના જેવું.
-કિયો પું૦ બંદૂકવાળો; સિપાઈ

બંદેગાર પું૦ સેવક; ચાકર; ગુલામ

બંદેનવાજ વિ૦[फा.]સેવક ઉપર કૃપા કરનાર(એક સંબોધન)

બંદો પું૦ [फा.] સેવક; દાસ (૨) પોતે (બડાઈ બતાવવા
વપરાય છે)

બંદોબસ્ત પું૦ [फा.] વ્યવસ્થા; તજવીજ (૨) જાપતો

બંધ વિ૦ વાસેલું; ઉઘાડું નહિ તેવું (૨) અટકેલું; ચાલુ
નહિ તેવું (૩) નામને અંતે સમાસમાં 'સાથે, સહિત',
'વાળું', '-પ્રમાણે, ક્રમથી' એવા અર્થમાં. ઉદા૦
થોકબંધ; ઝપાટાબંધ; હથિયારબંધ

બંધ પું૦ [सं.] બાંધવું તે કે તેનું સાધન (૨)તેની ગાંઠ
-પકડ (૩) બંધન; કેદ (૪)રચના; ગૂંથણી (૫) પાળ
(૬)મુદ્રા(યોગ)(૭)પ્રતિબંધ;અટકાવ. ૦ક વિ૦બંધનકારક

બંધકી સ્ત્રી૦ [सं.] વેશ્યા

બંધકોશ(-ષ) પું૦ કબજિયાત

બંધણી સ્ત્રી૦ કરાર (૨) પાટો

બંધન ન૦ [सं.] અટકાવ; પ્રતિબંધ (૨)કેદ (૩) બાંધનારી
વસ્તુ; તેની પકડ-ગાંઠ. ૦**કારક**,૦**કારી** વિ૦ બંધનકારક.
૦**મુક્ત** વિ૦ બંધનમાંથી છૂટેલું

બંધપેશાબ પું૦ પેશાબ બંધ થઈ જવાનો રોગ

બંધબેસતું વિ૦ બેસતું; ગોઠતું (૨) માફક; અનુકૂળ. **-વું**
અ૦ક્રિ૦ બંધબેસતું થવું (૨) કામમાં આવવું; ઠેકાણે પડવું

બંધવ,-વો પું૦ ભાઈ

બંધાણ ન૦ બંધારણ (પેટે બાંધવાનું) (૨) બાંધવાની વસ્તુ;
તેની ગાંઠ-પકડ (૩) પ્રતિબંધ; અટકાવ (૪) વ્યસન.
-ણી વિ૦ વ્યસની [રીત (૩) કરાર

બંધામણ ન૦,**-ણી** સ્ત્રી૦ બાંધવાની મજૂરી (૨)બાંધવાની

બંધારણ ન૦ બાંધણી; રચના (૨) વ્યસન; આદત (૩) પેટે
બાંધવાની ઔષધની થેપ (૪) ધારાધોરણ; 'કોન્સ્ટીટ્યુશન'

બંધારો પું૦ રંગવાનો ભાગ જુદો બાંધી જુદા જુદા રંગ કર-
નાર;બાંધણીગર (૨) રેશમી કપડાં ધોઈ કુંદી કરી આપનાર
(૩) તમાકુના પડા બાંધનાર (૪)[સુ.] પાણીનો બાંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધાવું અ૦ક્રિ૦,-**વવું** સ૦ક્રિ૦ 'બાંધવું'નું કર્મણિ ને પ્રેરક
બંધિયાર વિ૦ હવા અજવાળા વગરનું (સ્થાન) (૨) વહેતું નહિ તેવું (પાણી). ૦**ખાનું** ન૦ બંદીખાનું; કેદ જેવી જગા
બંધિયો પું૦ બાંધવાનું દોરડું [દામણી
બંધી સ્ત્રી૦ મના (૨) પરેજી (૩) પાકી (૪) કરાર (૫) [ચ.]
બંધુ પું૦ [સં.] ભાઈ (૨) સગો. ૦**કૃત્ય** ન૦ ભાઈચારાનું કામ; મિત્રકાર્ય. ૦**જન** પું૦ સગો; કુટુંબી. ૦**તા** સ્ત્રી૦, ૦**ત્વ** ન૦ બંધુત્વ (૨) ભાઈચારો; મિત્રતા. ૦**ભાવ** પું૦ ભાઈના જેટલી પ્રીતિ. ૦**વર્ગ** પું૦ સગાંસંબંધી. ૦**હીન** વિ૦ સગાંસંબંધી વિનાનું
બંધુર વિ૦ [સં.] રમ્ય; મનોહર [જુઓ 'બંદૂક'માં
બંધૂક સ્ત્રી૦, ૦**ચી** પું૦, -**કિયું** વિ૦, -**કિયો** પું૦
બંધે વિ૦ + બંને; બેઉ
બંને વિ૦ બન્ને; બેઉ [નો તે ભાગ (૪) ડંકો
બંબ વિ૦ મોટું; કદાવર (૨) પું૦ બાવળ (૩) બાંયું; મૃદંગ-
બંબેબંબ વિ૦ જૂડેજૂડું; અંધેર
બંબો પું૦ પાણી કાઢવાનું યંત્ર (૨) આગ ઓલવવા માટે પાણી ફેંકવાનું યંત્ર (૩) પાણી ગરમ કરવાનું એક પ્રકારનું વાસણ (૪) પાણીનો મોટો નળ. -**બાખાનું** ન૦ આગનો બંબો રાખવાનું સ્થળ. -**બાવાળો** પું૦ બંબો લઈ આગ ઓલવનાર માણસ
બંસરી સ્ત્રી૦ વાંસળી; વેણુ
બંસી સ્ત્રી૦ બંસરી; વાંસળી. ૦**ધર** પું૦ (સં.) શ્રીકૃષ્ણ. ૦**બ(-વ)ટ** પું૦ (સં.) ગોકુળનો એક પ્રખ્યાત વડ
બા સ્ત્રી૦ મા (૨) વડીલ સ્ત્રીના નામ પાછળ લગાડાતો શબ્દ (૩) અ૦ વહાલનો એક ઉદ્ગાર. ૦**ઘેલું** વિ૦ માઘેલું
બાઇસ પું૦ [અ.] કારણ; બાયસ (૨) [સુ.] ખોટું બહાનું
બાઇસિકલ સ્ત્રી૦ [ઇં.] બે પૈડાંની સાઇકલ; પાયગાડી
બાઈ સ્ત્રી૦ સ્ત્રીઓનાં નામ પાછળ લગાડાતો માનસૂચક શબ્દ (૨) સાસુ (૩) નોકરડી. ૦**કલ્યાણી** વિ૦ બાયલું; નમાલું (૨) સ્ત્રી૦ ભીખ (૩) આજીજી; કાલાવાલા. ૦**જી** સ્ત્રી૦ સાસુ ૦(-**ય**)**ડી** સ્ત્રી૦ સ્ત્રી (૨) પત્ની. ૦**માણસ** ન૦ બૈરું
બાઉ,૦**વો** પું૦ લાડવો (બાળભાષા)
બાઉ ['બા'માં હશ્રુતિ] પું૦ (સુ.) બહાઉ; હાઉ
બાઉ(-વ)લું ન૦ આંચળવાળો અવયવ
બાકરી સ્ત્રી૦ મમતભર્યું વેર
બાકસ ન૦ પેટી (દીવાસળી કે સાબુની)
બાકળા પું૦બ૦વ૦ આખું બાફેલું કઠોળ
બાકાત વિ૦ જુઓ બકાત
બાકી વિ૦ [અ.] ખૂટતું (૨) વધેલું (૩) સ્ત્રી૦ સિલક (૪) અ૦ નહિ તો. ૦**તાકી** વિ૦ બાકી રહેલું (૨) સ્ત્રી૦ માગતું; લહેણું
બાકું(-ખું,-કારું) ન૦ કાણું
બાખડવું અ૦ક્રિ૦ આખડવું; વઢવું; કજિયો કરવો
બાખડું વિ૦ વિયાયાને ઘણો વખત થઈ ગયો હોય તેવું (ઢોર) [નિખાલસ
બાખાબોલું વિ૦ આખાબોલું; તડ ને ફડ કહી દેનારું;
બાખું વિ૦ બાંકું; રંગીલું (૨) ન૦ બાકું
બાગ પું૦ [फा.] બગીચો. ૦**વાન** પું૦ માળી. -**ગાયત** સ્ત્રી૦ બગીચામાં થતી ખેતી; શાકભાજી (૨) વિ૦ કૂવાના પાણીથી થતી (ખેતી). -**ગાયતી** વિ૦ ફળફૂલનાં ઝાડ ઉછેરવા લાયક (જમીન)
બાગડોર સ્ત્રી૦ [हिं.] લગામ
બાગેસરી પું૦ વાગેશ્રી રાગ કે તેનું ગીત [માણસ
બાઘડ(-ડું) વિ૦ બાઘું (૨) બિહામણું. -**ડો** પું૦ તેવો
બાઘું વિ૦ મૂઢ; ગતાગમ વિનાનું. -**ઘાઈ** સ્ત્રી૦ બાઘાપણું. -**ઘાં** ન૦બ૦વ૦ બાલાં; ફાંફાં
બાચકો પું૦ મૂઠી કે કલ્લો યા તેમાં આવે તેટલું તે (૨) પાંચે આંગળાં વડે ભરેલો ચીમટો-વલૂરો
બાજ પું૦ [ा.] એક શિકારી પક્ષી; શકરો (૨) [લા.] ઘોડો (૩) નામને લાગતાં 'વાળું', 'અનુરક્ત' વગેરે અર્થો બતાવતો પ્રત્યય. ઉદા૦ ઠગલબાજ; રંડીબાજ
બાજ પું૦ સતારનો પહેલો તાર, જેના પર આંગળીઓ રાખી વગાડવામાં આવે છે (૨) સ્ત્રી૦; ન૦ પતરાળું
બાજખેડાવાળ પું૦ ખેડાવાળ બ્રાહ્મણનો એક ભેદ
બાજઠ પું૦ ચાર પાયાવાળું એક જાતનું આસન
બાજરી સ્ત્રી૦ એક અનાજ. -**રિયું** ન૦ બાજરીનું ડૂંડું (૨) એક ઘરેણું. -**રિયો** પું૦ બાજરીના લોટનો કંસાર (૨) બાજરીને છાશમાં રાંધી બનાવેલી એક વાની. -**રો** પું૦ મોટા દાણાની બાજરી
બાજંદ પું૦ (સં.) બલખ બુખારાનો એક ખાન (તેનું વહાલું ઊંટ મરી જતાં તે ફકીર થઈ ગયેલો)
બાજંદું વિ૦ ધૂર્ત; દોંગું; પહોંચેલું. -**દાઈ** સ્ત્રી૦ બાજંદાપણું. -**દાવેડા** પું૦બ૦વ૦ ધૂર્તતા; દોંગાઈ
બાજિયાકાર પું૦ ભવાડો; ફજેતો
બાજી સ્ત્રી૦ [फा.] જે પાટિયા કે કપડા ઉપર રમત મંડાય તે (૨) સોગટાં કે ગંજીફાની રમત (૩) હાથ (ગંજીફામાં) (૪) યુક્તિ; પ્રપંચ. ૦**ગર** પું૦ મદારી; જાદુગર. ૦**ગરી** બાજીગરપણું (૨) ખેલ; તમાસો (૩) યુક્તિ પ્રયુક્તિ; પ્રપંચ
બાજુ,-જૂ [फा.] સ્ત્રી૦ છેડો; અંત (૨) દિશા; પાસું; પડખું (૩) પક્ષ; તરફેણ. ૦(-**જૂ**)**બંધ** પું૦ હાથનું એક ઘરેણું
બાજે વિ૦ એકાદું; ગમે તે કોઈ એક
બાજોઠ પું૦ બાજઠ. -**ઠી** સ્ત્રી૦ નાનો બાજઠ
બાજોઠિયું ન૦ એક વનસ્પતિ
બાઝવું સ૦ક્રિ૦ વળગવું (૨) અ૦ક્રિ૦ લડવું; ટંટો કરવો
બાઝંબાઝા(-ઝી),બાઝાબાઝ(-ઝી) સ્ત્રી૦ લડાઈ; ટંટો
બાટ પું૦ બાફેલો લોટ; કંસાર (૨) ન૦ કાટલાનો સટ; બાંટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાટલી સ્ત્રી૦ શીશી. **–લો** પું૦ શીશો

બાટાચૂર અ૦ ખૂબ [ભાખરી

બાટી સ્ત્રી૦ છાણાંની આંચથી શેકેલો કણકનો ગોળો કે જાડી

બાડું ન૦ નીઘલ્યા વિનાનો જારબાજરીનો સાંઠો

બાઠું વિ૦ (સુ.) બાંઠ; ઠીંગણું; વામન

બાડું વિ૦ ત્રાંસા ડોળાવાળું કે નજરવાળું

બાઢુ(–ઢુ)વું વિ૦+બાપડું; રાંક [મીંડું; શૂન્યતા (વ્યંગમાં)

બાઢમ્ અ૦ [સં.] ભલે; ઠીક (૨)+બંધ. **–મ** ન૦ [લા.]

બાઢુવું વિ૦ જુઓ બાડુવું

બાણ ન૦ [સં.] તીર (૨) એક આતશબાજી (૩) લંબગોળ પથ્થર (શિવલિંગ) (૪) જ્યાં ભરતીનું પાણી આવતું હોય તે ખાડીની જમીન (૫) ખેતરની હદ બતાવવા દાટેલો પથ્થર કે બીજી વસ્તુ (૬) પગલું (૭) [સં.] બાણાસુર. **–ણાકાર** વિ૦ બાણના ફળના આકારનું. **–ણાસુર** પું૦ (સં.) એક રાક્ષસ; ઓખાનો પિતા. **–ણાવળી** પું૦ બાણ મારવામાં હોશિયાર યોદ્ધો

બાણવું અ૦ક્રિ૦ સાટું કે કબાલો કરવો

બાણી સ્ત્રી૦ ઠરાવેલી મુદત (૨) શરત; કબૂલાત (૩) શુકનમાં અપાતી ભેટ (૪) એક જાતનું કાપડ

બાણુ(–ણું) વિ૦ '૯૨'

બાતમી સ્ત્રી૦ સમાચાર; ભાળ. ૦દાર વિ૦ (૨) પું૦ ખબર લાવનાર. ૦ખાતું ન૦ બાતમી મેળવનારું ખાતું

બાતલ વિ૦ રદ; નકામું (૨) કાઢી મૂકેલું

બાતી સ્ત્રી૦ [हिं.] બત્તી

બાતેન વિ૦ ગુપ્ત; છાનું

બાથ સ્ત્રી૦ બે હાથ પહોળા કરી દીધેલી પકડ (૨) ટક્કર

બાથંબાથા(–થી) સ્ત્રી૦ સામાસામી બાઝવું તે

બાથોડિયું ન૦ વલખાં (૨) પ્રયત્ન

બાદ વિ૦ [अ.] બાતલ; કમ (૨) અ૦ પછી. ૦બાકી સ્ત્રી૦ બાદ કરવાની રીત (ગ.) (૨) બાદ કરતાં રહેલી રકમ

બાદરાયણ પું૦ [સં.] (સં.) વેદવ્યાસ. ૦સંબંધ પું૦ બે વસ્તુમાં મેળ કે સંબંધ ન હોવા છતાં, તાણીતૂશીને બેસાડેલો કે બતાવેલો તે

બાદલું વિ૦ નકલી; ઢોળ ચડાવેલું (૨) તકલાદી (૩) ન૦ [फा.] કસબનું ગૂંછળું

બાદશાહ પું૦ [फा.] રાજાધિરાજ; સમ્રાટ. **–હી** વિ૦ બાદશાહનું, –ને લગતું (૨) બાદશાહને શોભે એવું (૩) સ્ત્રી૦ બાદશાહનું રાજ્ય; સામ્રાજ્ય

બાદિયાન ન૦ એક બી-વસાણું

બાદી સ્ત્રી૦ [फा.] અપચો; બદહજમી (૨) પેટમાં થતો વાયુ. ૦બવાસીર, ૦હરસ પું૦ આંધળા હરસ

બાધ પું૦ [સં.] અડચણ; પ્રતિબંધ (૨) વિરોધ; વાંધો (૩) દોષ; પાપ (૪) પીડા; ઉપદ્રવ. ૦ક, ૦કર્તા, ૦કારક વિ૦ બાધ કરનારું

બાઝવું સ૦ક્રિ૦ બાઝવું; લડવું

બાધા સ્ત્રી૦ [સં.] માનતા; આખડી (૨) પીડા; દુઃખ (૩) વિઘ્ન. **–ધિત** વિ૦ પીડિત (૨) અસંગત ઠરેલું; રદ કરાયેલું

બાધું વિ૦ (પ.) બધું; આખું

બાધેભારે અ૦ મોઘમ; નામનિર્દેશ વગર

બાન વિ૦ જામીન તરીકેનું; સાટાનું (૨) ન૦ બાનું (૩) જામીન

બાન [फा.] નામને લાગતાં 'વાન, વાળું' અર્થ બતાવતો પ્રત્યય. ઉદા૦ મહેરબાન

બાનક સ્ત્રી૦ રચના; ઇબારત

બાનડી સ્ત્રી૦ લૂંડી

બાનાખત ન૦ બાનામાં આપેલા પૈસાનું ખત

બાની સ્ત્રી૦ બોલવા લખવાની છટા (૨) વાણી (૩) બાનડી

બાનુ(–નૂ) સ્ત્રી૦ સારા ઘરની સ્ત્રી; સન્નારી

બાનું ન૦ સોદાના સાટા પેટે અગાઉથી અપાયેલું નાણું

બાનૂ સ્ત્રી૦ [फा.] જુઓ બાનુ

બાપ પું૦ પિતા. ૦કમી વિ૦ બાપની કમાઈ ઉપર આધાર રાખનારું. ૦જન્મારે(–રામાં) અ૦ [લા.] આખી જિંદગી દરમિયાન; કદી પણ. ૦જી પું૦ જુઓ બાપુ ૨. ૦ડું વિ૦ ગરીબ; રાંકડું; દયામણું. ૦દાદા પું૦બ૦વ૦ પૂર્વજો. ૦લા(–લિયા) અ૦ 'ઓ રે ! બાપ રે !' અર્થનો ઉદ્ગાર. ૦વખું વિ૦ બાપનો પક્ષ લેનારું (૨) બાપને જ વળગનારું. **–પા** પું૦ (માનાર્થે બ૦વ૦) જુઓ બાપુ. **–પી(–પૂ)કું** વિ૦ બાપાનું; વારસામાં મળેલું. **–પુ** પું૦ બાપ (૨) વડીલ પ્રત્યે માનવાચક કે નાના પ્રત્યે વહાલસૂચક ઉદ્ગાર. **–પૂડિયું, –પૂડું** વિ૦ બાપડું (૨) વહાલું. **–પો** પું૦ બાપ

બાફ પું૦; સ્ત્રી૦ બફારો (૨) પરસેવો (૩) વરાળ. ૦ણું ન૦ બાફવું તે (૨) બાફેલી વસ્તુ (૩) ગોતું (૪) કેરીનું શાક (૫) [લા.] સ્વાદ વગરનો ખોરાક. ૦લો પું૦ બાફેલી કેરીનો રસ. ૦વું સ૦ક્રિ૦ પાણીમાં ઉકાળીને રાંધવું (૨) [લા.] ચૂંથી નાખવું; બગાડી મૂકવું; ગોટો વાળવો

બાફલી સ્ત્રી૦ જંગલી ગાજર

બાબ પું૦ [अ.] પ્રકરણ; ભાગ (૨) વિષય; મુદ્દો; બાબત

બાબચુંબૂબલું વિ૦ (કા.) નમાલું

બાબત સ્ત્રી૦ [फा.] વિષય; મુદ્દો; કામ (૨) વિગત (૩) અ૦ વિષે; બાબતમાં; બાબે. ૦તી સ્ત્રી૦ દલાલી; વટાવ (૨) ખળીમાં વસવાયાંને લાગા તરીકે અપાય છે તે

બાબરાં ન૦બ૦વ૦ માથાના વીંખાયેલા વાળ. **–રિયું** વિ૦ બાબરાંવાળું. **–રી** સ્ત્રી૦ માથા ઉપર વાળનો ગુચ્છો (૨) ટોપીની કોરની ઝૂલ. **–રું** વિ૦ બાબરિયું; બાબરાંવાળું

બાબરિયાવાડ ન૦ (સં.) સૌરાષ્ટ્રનો એક ભાગ

બાબવારી સ્ત્રી૦ [फा.] વર્ગીકરણ

બાબસ્તા વિ૦ વાબસ્તું; સંબંધી; સગું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબા પું૦ એક જાતનો ભીલ (૨) રોટલો; બાબો (બાળભાષા)

બાબા પું૦ [फा.] સંત સાધુ, વૃદ્ધ કે બાળક માટે વપરાતો આદરસૂચક શબ્દ. ૦ગાડી સ્ત્રી૦ નાનાં છોકરાંની ગાડી. ૦વાક્ય ન૦ વેદવાક્ય જેવું સ્વતઃસિદ્ધ વાક્ય. ૦શાહી વિ૦ હલકું; નકામું (૨) વિ૦ પું૦ વડોદરા રાજ્યમાં પહેલાં ચાલતો (સિક્કો)

બાબિલોન પું૦ (સં.) એક પ્રાચીન પ્રદેશ

બાબુ પું૦ બંગાળી માટે કે ઉપરી અમલદાર માટે વપરાતો શબ્દ. ૦ગીરી સ્ત્રી૦ બાબુ–મોટા માણસ જેવું વર્તન

બાબે અ૦ [फा.] બાબતમાં; વિષે

બાબો પું૦ તાતા; રોટલો (બાળભાષા)

બામ ન૦ એક જાતનો વેલો (૨) [हिं.] વામ (૩) સર્પાકાર માછલી (૪) પું૦ [इं.] દુખાવો મટાડવા ચોપડાતો મલમ

બામણ પું૦ બ્રાહ્મણ (ગ્રામ્ય રૂપ). –ણો પું૦ બામણ (બહુધા તિરસ્કારમાં) [હોય તે

બામણિયું ન૦ જે શેરડીના બીના કકડાની આંખો મોટી

બામણી સ્ત્રી૦ એક જીવડું (૨) એક જાતનો સાપ (૩) બ્રાહ્મણી (ઘણુંખરું તિરસ્કારમાં)

બામદાદ ન૦ [फा.] સવાર

બામલાઈ, બામલી સ્ત્રી૦ બગલમાં થતી ગાંઠ

બામરી સ્ત્રી૦ ડાકણ

બામાસી સ્ત્રી૦ માસી (માનવાચક)

બારુબુ પું૦ [इं.] વાંસ; બાંબુ

બાયડ વિ૦ બહિષ્કૃત

બાયડી સ્ત્રી૦ બાઈડી; સ્ત્રી (૨) પત્ની

બાયલું વિ૦ નામર્દ; બીકણ; બૈરીને વશ. –લાઈ સ્ત્રી૦. –લાવેડા પું૦બ૦વ૦ બાયલા જેવું વર્તન

બાયસ પું૦ સબબ; બાઇસ

બાયું ન૦ નરઘાંની જોડમાંનું નાનું [આંગણું (૪) ડેલી

બાર પું૦ બંદૂક વગેરેનો અવાજ (૨) ન૦ બારણું (૩)

બાર વિ૦ '૧૨'. ૦પેજી વિ૦ બાર પૃષ્ઠવાળું. ૦માસી વિ૦ બાર માસનું (૨) સ્ત્રી૦ બારે માસ ફૂલ આપતો એક છોડ. ૦મું વિ૦ ક્રમમાં અગિયાર પછીનું (૨) ન૦ મરનારનો બારમો દિવસ કે તે દિવસે કરાતી ક્રિયા–વરો. –મો ચંદ્રમા પું૦ [લા.] અણબનાવ; વિરોધ. ૦શ(–સ) સ્ત્રી૦ બારમી તિથિ; દ્વાદશી

બારકસ ન૦ માલ લઈ જનાર વહાણ [માફીજમીન

બારખલી(–ળી) વિ૦ ઓછી આંકણીનું–મહેસૂલનું (૨) સ્ત્રી૦

બારગાહ સ્ત્રી૦ [फा.] દરબાર; મોટા માણસની હજૂર

બારગીર પું૦ [फा.] ઘોડેસવાર સૈનિક (શિલેદારથી ઊલટો–જેનો ઘોડો, સામાન વગેરે માલિક પૂરાં પાડે છે)

બારડ પું૦, –ડી સ્ત્રી૦ નેતરું

બારણું ન૦ દ્વાર; દરવાજો

બારદાન ન૦ [फा.] જેમાં માલ ભર્યો હોય તે ખાલી બાંધણ કે તેનું તોલ

બારનીશ(–સ) પું૦ બારનીશીનું કામ કરનારો કારકુન. –શી(–સી) સ્ત્રી૦ કાગળોની આવકજાવક નોંધવાની ચોપડી (૨) તે નોંધવાનું કામ [બાર વિ૦ માં

બારપેજી, બારમાસી, બારમું, બારશ(–સ) જુઓ

બારશીં(–સીં)ગું ન૦ એક જાતનું હરણ

બારસાખ સ્ત્રી૦ બારણાનું ચોકઠું

બારસીંગું ન૦ જુઓ બારશીંગું [બનાવેલાં પદ

બારાક્ષરી, બારાખડી સ્ત્રી૦ દરેક વ્યંજનમાં બાર સ્વર ઉમેરી–

બારિયો પું૦ એક જાતનો ભીલ

બારિસ્ટર પું૦ વિલાયતની પદવીવાળો વકીલ. –રી સ્ત્રી૦ બારિસ્ટરનો ધંધો કે કામકાજ

બારી સ્ત્રી૦ નાનું બારણું (૨) [લા.] છટકવાનું બારું; બહાનું

બારીક વિ૦ [फा.] ઝીણું; સૂક્ષ્મ (૨) [લા.] કટોકટીનું; અગત્યનું. –કાઈ, –કી સ્ત્રી૦ બારીકપણું; ઝીણવટ

બારીગર વિ૦ લુચ્ચું; ખટપટી; ઉડાઉગીર

બારું ન૦ બંદરમાં પેસવાનો માર્ગ (૨) બારણું; રસ્તો (૩) છટકવાની બારી; બહાનું [શિંગડું

બારૂત પું૦ [फा.] ફોડવાનો દારૂ. ૦દાન ન૦ દારૂ રાખવાનું

બારેવાટ અ૦ અસ્તવ્યસ્ત; ઠેકાણા કે ઢંગધડા વગર (૨) બારે રસ્તે; બધી રીતે

બારૈયો પું૦ બાર હાથનો સાકટો (૨) બહાર રખડતો રહી ચોરી કે લૂંટ કરનાર (૩) ઠાકરડાની એક જાત (૪) ઝાડુ દેનાર તથા સંડાસ વાળનાર–ભંગી

બારોટ પું૦ એ નામની એક જાત કે તેમની અટક (૨) પું૦ ભાટચારણ માટે વપરાતો એક માનવાચક શબ્દ

બારોત્રા ન૦ બાર ટકા કરતાં વધારે વ્યાજ; ઘણું ભારે વ્યાજ

બારોબાર અ૦ પરભારું; લાગલું જ. –રિયું વિ૦ બારોબાર–પૂછ્યા વિનાનું [થયેલો ફોલ્લો

બાલ પું૦ [सं.] વાળ. ૦તોડ(–ડો) પું૦ વાળ તૂટવાથી

બાલ(–ળ) વિ૦ [सं.] નાનું (૨) છોકરવાદ (૩) પું૦ છોકરો (૪) ન૦ બાળક. ૦ક ન૦ નાનું છોકરું (૨) પું૦ છોકરો. ૦કબુદ્ધિ વિ૦ બાળકબુદ્ધિ. ૦ગોપાલ પું૦ ગોવાળનો છોકરો (૨) [सं.] શ્રીકૃષ્ણ. ૦બુદ્ધિ વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ છોકરમત (૩) બાળકની કાચી બુદ્ધિ. ૦ભાવ પું૦ બાલપણું. ૦માનસ ન૦ બાળકનું માનસ–મનોવ્યાપાર વગેરે; 'ચાઈલ્ડ-સાઇકૉલૉજી'. ૦માસિક ન૦ બાલોપયોગી માસિક. ૦વાર્તા સ્ત્રી૦ બાળકો માટેની વાર્તા. ૦વ્યાકરણ ન૦ બાલોપયોગી વ્યાકરણ. ૦શાલા(–ળા) સ્ત્રી૦ બાળમંદિર. ૦શિક્ષણ ન૦ બાળકોનું–બાળબુદ્ધિને અનુરૂપ શિક્ષણ. ૦સખા પું૦ બાલસ્નેહી (૨) બાળકોનો મિત્ર. ૦સાહિત્ય ન૦ બાળકને યોગ્ય–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલોપયોગી સાહિત્ય
બાલછડ ન૦ જુઓ જટામાંસી
બાલટી(-દી) સ્ત્રી૦ [हिं.] ડોલ
બાલમ પું૦ [हिं.] વહાલમ; આશક (૨) પતિ. ૦પેચ પું૦ ફાંકડા દેખાવા પાઘડી ઉપર રાખેલો વાંકો પેચ-આંટો
બાલા(-ળા) સ્ત્રી૦ [સં.] છોકરી (૨) ૧૬ વર્ષની અંદરની સ્ત્રી
બાલાજી પું૦ કૃષ્ણના બાળ સ્વરૂપની મૂર્તિ
બાલાતપ પું૦ [સં.] સવારનો તાપ
બાલાતંગ પું૦ [फा.] જીનને ખેંચી બાંધવાનો પટો
બાલાબર ન૦ [फा.] એક જાતનું અંગરખું
બાલાર્ક પું૦ [સં.] બાળસૂર્ય; ઊગતો સૂર્ય
બાલાશ(-શી) સ્ત્રી૦ સંભાળ; બરદાસ્ત
બાલા(-ળા)શ્રમ પું૦;ન૦ [સં.] બાળકો માટેનો આશ્રમ
બાલાં ન૦બ૦વ૦ ડાકુરિયાં; ફાંફાં (૨) આલાંબાલાં; બહાનાં
બાલિકા સ્ત્રી૦ [સં.] બાળા; છોકરી
બાલિશ વિ૦ [સં.] છોકરવાદ; નાદાન; બેસમજ. ૦તા સ્ત્રી૦
બાલેશરી સ્ત્રી૦ જુઓ બોરસલ્લી
બાલેંદુ પું૦ [સં.] બાળ ચંદ્ર; બીજનો ચંદ્રમા
બાલોદ્યાન પું૦ [સં.] બાળકોને ખેલવાનું ઉદ્યાન-બગીચો
બાલ્ય ન૦, -બાલ્યાવસ્થા સ્ત્રી૦ [સં.] બાળપણ
બાલ્લું ન૦ ખોટા કસબનું ગૂંચળું
બાવચી સ્ત્રી૦ એક વનસ્પતિ [સ્ત્રી
બાવચો પું૦ એ નામની જાતનો પુરુષ. -ચણ સ્ત્રી૦ તેની
બાવટો પું૦ એક અનાજ
બાવડું ન૦ ખભા અને કોણી વચ્ચેનો ભાગ
બાવણ સ્ત્રી૦ બાવી ('બાવો' નું સ્ત્રી૦)
બાવન વિ૦ '૫૨'. ૦વીર વિ૦ બહાદુર; બળવાન. -નાચંદન ન૦ એક જાતની સુખડ. -ની સ્ત્રી૦ બાવનનો સમુદાય (૨) ગૂજરાતી મૂળાક્ષરો (૩) શરૂઆતમાં ક્રમસર ગૂજરાતી મૂળાક્ષરોવાળા બાવન શ્લોકનો સમૂહ
બાવરું વિ૦ બેબાકળું
બાવલું ન૦ પૂતળું (૨) બાઉલું; અડણ
બાવળ, -ળિયો પું૦ એક કાંટાવાળું વૃક્ષ. ૦કાંટ સ્ત્રી૦ બાવળી. -ળી સ્ત્રી૦ અનેક બાવળોવાળી જગા કે બાવળનું જંગલ [ધોળા રંગનો ઘોડો
બાવળો વિ૦ (ક્ષ.) કાળા અને ધોળા અથવા લાલ અને
બાવી સ્ત્રી૦ સાધુડી; બાવાની સ્ત્રી
બાવીશ(-સ) વિ૦ ૨૨
બાવું ન૦ કરોળિયાનું જાળું
બાવો પું૦ સાધુ (૨) બાપ
બાવોબકરો પું૦ સુકાન ફેરવવાનો દાંડો; વીણો
બાષ્કલ(-ળ) વિ૦ [સં.] ફરંદ; વંઠેલ (૨) ખાઉધરું
બાષ્પ ન૦ [સં.] બાફ; વરાળ (૨) ધુમ્મસ (૩) આંસુ
બાષ્પીભવન ન૦ [સં.] વરાળ થવી તે
બાસ સ્ત્રી૦ [हिं.] વાસ; ગંધ (૨) દુર્ગંધ
બાસટી,૦લ સ્ત્રી૦ બેસવાની લાંબી પાટલી
બાસઠ વિ૦ ૬૨
બાસા પું૦ સાર; તત્ત્વ
બાસું(-સૂ)દી સ્ત્રી૦ ઉકાળીને કરાતી દૂધની એક વાની
બાસ્તો પું૦ [ા.] એક જાતનું સુતરાઉ કાપડ
બાહી(-હે)ર અ૦+બહાર [૦બલ(-ળ) ન૦ હાથનું જોર
બાહુ પું૦ [સં.] બાવડું (૨) હાથ (૩) [ગ.] આકૃતિની બાજૂ.
બાહુક પું૦ [સં.] વાંદરો (૨) ગઢિયો-વરવો-બિહામણો માણસ (૩) કર્કોટકે કરડ્યા પછી નળે ધારણ કરેલું નામ
બાહુલ્ય ન૦ [સં.] બહુપણું
બાહેર અ૦+ બાહીર; બહાર [હોશિયારી
બાહોશ વિ૦ [फा.] ચાલાક; હોશિયાર. -શી સ્ત્રી૦ ચાલાકી;
બાહ્ય વિ૦ [સં.] બહારનું ૦ગોળ વિ૦ જુઓ બહિર્ગોળ. ૦ત્વ ન૦. -હ્યાચાર પું૦ બહારનો આચાર. -હ્યાંતર અ૦ બહાર અને અંદર. -હ્યાંતર્લાપિકા સ્ત્રી૦ બહિર્લાપિકા અને અંતર્લાપિકા બંને હોય તેવો ઉખાણો (જુઓ: બહિર્લાપિકા) -હ્યોપચાર પું૦ બહારનો ઉપચાર
બાળ વિ૦ (૨) પું૦; ન૦ જુઓ બાલ(-ળ). ૦ઉછેર પું૦ બાળકોને ઉછેરવાં તે. ૦ક પું૦; ન૦ બાલક. ૦કબુદ્ધિ સ્ત્રી૦ અપરિપક્વ બુદ્ધિ; અણસમજુપણું. ૦કી સ્ત્રી૦ નાની છોકરી. ૦કુંવારું વિ૦ નાનપણથી કુંવારું. ૦કેળવણી સ્ત્રી૦ બાળકોની કેળવણી. ૦ક્રીડા સ્ત્રી૦, ૦ખેલ પું૦ બાળકની રમત. ૦ગોપાળ ન૦ બ૦ વ૦ છોકરાંછૈયાં. ૦નિશાળ સ્ત્રી૦ બાળમંદિર. ૦પ સ્ત્રી૦ બાળક પર અમીદૃષ્ટિ. ૦પણ(-ણું) ન૦ બચપણ; નાનપણ ૦પોથી સ્ત્રી૦ બાળકને વાંચતાં શીખવવા માટેનું પ્રથમ પુસ્તક (૨) [લા.] કોઈપણ વિષયનું પ્રાથમિક જ્ઞાન આપનાર પુસ્તક. ૦બચ્ચાં ન૦બ૦વ૦ છોકરાંછૈયાં. ૦બુદ્ધિ વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ બાલબુદ્ધિ. ૦બોધ વિ૦ બાળકોને બોધ આપવા જેવું (૨) ઝટ સમજાય તેવું (૩) સ્ત્રી૦ દેવનાગરી લિપિ. ૦બોધી વિ૦ ઝટ સમજાય તેવું; સહેલું (૨) દેવનાગરીમાં લખેલું. ૦બ્રહ્મચારી પું૦ બાળપણથી બ્રહ્મચર્ય પાળનારો. ૦ભાવ પું૦ બાળપણું. ૦ભાષા સ્ત્રી૦ બાળકની ભાષા. ૦ભોગ પું૦ સવારની પૂજા પછી ઠાકોરજીને ધરાવાતી પ્રસાદી. ૦મરણ ન૦ બાળકઅવસ્થામાં મરણ. ૦મંદિર ન૦ બાળકોને તાલીમ આપવાની શાળા. ૦માસિક ન૦ બાલમાસિક. ૦મિત્ર પું૦ બાળકોનો મિત્ર (૨) બાળપણથી થયેલો કે બાળપણમાંનો મિત્ર. ૦રંડ(-ડા) વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ બાલવિધવા. ૦રંડાપો પું૦ નાનપણમાં પ્રાપ્ત થયેલું વિધવાપણું. ૦રાજા પું૦ રાજપદને પામેલો બાળક. ૦લગ્ન ન૦ બાળપણમાં થતું લગ્ન. ૦લીલા સ્ત્રી૦ નાનપણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની રમતગમત. ૦વધૂ સ્ત્રી૦ બાળક ઉંમરની વહુ. ૦વર્ગ પું૦ બાળકોને શીખવવાનો વર્ગ. ૦વાર્તા સ્ત્રી૦ બાલવાર્તા. ૦વિધવા સ્ત્રી૦ બાળપણમાં થયેલી વિધવા. ૦વિવાહ પું૦ બાળલગ્ન. ૦વૈદ(-દ્ય) પું૦ નાનાં છોકરાંનો વૈદ. ૦શાળા સ્ત્રી૦ બાલમંદિર. ૦શિક્ષક પું૦ બાળકનો શિક્ષક. ૦સખા પું૦ બાલસખા. ૦સહિયર સ્ત્રી૦ બાળપણની અથવા બાળપણથી થયેલી સહિયર. ૦સંગાથી, ૦સંઘાતી વિ૦ (૨) પું૦ બાળપણથી સાથે હોય એવું; બાળસખા. ૦સ્નેહ પું૦ નાનપણમાં બંધાયેલો પરસ્પર સ્નેહ. ૦સ્નેહી પું૦ બાળપણનો સ્નેહી. ૦હઠ સ્ત્રી૦ બાળકની કે બાળકના જેવી હઠ

બાળવું સ૦ક્રિ૦ બળે એમ કરવું; લગાડવું

બાળા સ્ત્રી૦ જુઓ બાલા [હોવાપણું

બાળાપણ ન૦ બાળકપણું; અજ્ઞાનતા (૨) બાળા-કુમારી

બાળાબંધ પું૦ બાળકનો ફેંટો

બાળારાજા પું૦ બાળક માટે વપરાય છે

બાળાવર પું૦ બાળક ઉંમરનો વર

બાળી સ્ત્રી૦ બાળા (પ્રેમવાચક)

બાળુંભોળું વિ૦ બાળક જેવું અણસમજુ ને ભોળું

બાળોરું વિ૦ જુવાન; નાની ઉંમરનું [કરે તે માટે)

બાળોતિયું ન૦ બાળક નીચે રખાતું કપડું (ઝાડો પેશાબ

બાંક,૦ડો પું૦ બેસવાની પાટલી

બાંકવું સ૦ક્રિ૦ + બકવું

બાંકું વિ૦ [हिं.] છેલ; ફાંકડું (૨) ટેડું; વિચિત્ર મિજાજનું (૩) સાહસિક (૪) નાજુક (કામ). -કાઈ સ્ત્રી૦ બાંકાપણું. -કેરાવ,-કેલાલ પું૦ છેલબટાઉ [પોકાર

બાંગ સ્ત્રી૦ [फ़ा.] નમાજનો સમય સૂચવવા મુલ્લાંએ કરેલો

બાંગડ વિ૦ લુચ્ચું; ખંધું (૨) સાહસિક

બાંગરું ન૦ (ચ.) તલના છોડનું સૂકું રાડું; બાળવાનું તલસરું

બાંગી પું૦ [फ़ा.] બાંગ પોકારનાર મુલ્લાં

બાંઠું વિ૦ (સુ.) જૂઠા પડી ગયેલા હાથવાળું; ટૂંટલું

બાંગો પું૦ પાણી વહેવાની કાવડ (૨) મોઈદંડાનો છટ્ટો દાવ

બાંઘ(-ઘે)ડવું,બાંઘાટવું અ૦ક્રિ૦ આરડવું

બાંટ ન૦ સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું રેશમી વસ્ત્ર (૨) [हिं.] બાટ; કાટલાંનો સટ (૩) કાંટા; ખૂંપરા (૪) પું૦ એક મીઠી વાની; બાટ

બાંટવું ન૦ એક ઝાડવું (૨) સ૦ક્રિ૦ [हिं.] વહેંચવું

બાંડું વિ૦ બરાબર ન વધેલું; કણસલાં બંધાયેલ નહિ તેવું (૨) ન૦ થોડા વરસાદને લીધે તેવો રહેલો જુવારબાજરીનો છોડ

ભળવું અ૦ક્રિ૦ભેગું મળી જવું (૨) અમુકના જેવા હોવું (૩)
ભળામણ(-ણી) સ્ત્રી૦ ભલામણ (૨) સોંપણ
ભળાવવું સ૦ક્રિ૦ ભલામણ કરવી (૨) સોંપવું (૩) ઢોરને ગોવારામાં હળતું કરવું [પાણીની લહેર
ભંગ પું૦ [સં.] ભાંગી પડવું તે (૨) નાશ (૩) વિઘ્ન (૪) સ્ત્રી૦
ભંગ સ્ત્રી૦ [હિં.] ભાંગ. ૦ડ વિ૦ ભાંગનો વ્યસની. ૦ડખાનું ન૦ ભાંગનું પીઠું. -ગી વિ૦ ભંગડ
ભંગડો પું૦ ભંગિયો. -ડી સ્ત્રી૦ ભંગિયાની સ્ત્રી
ભંગાણ ન૦ ભંગ (૨) તૂટ
ભંગાર પું૦ ભાગેલાં વાસણ કે બીજો સરસામાન. -રો પું૦ ભંગાર ખરીદી લેનાર
ભંગિ(-ગી) સ્ત્રી૦ [સં.] વ્યંગ; વાચાની ચાતુરી (૨) અંગોનો મરોડ; હાવભાવ (૩) પગથિયું [સ્ત્રી૦ ભંગડી
ભંગિયો પું૦ બહારવાનું કામ કરનારો અંત્યજ. -યણ
ભંગી વિ૦ ભંગડ (૨) પું૦ ભંગિયો (૩) સ્ત્રી૦ જુઓ ભંગિ. ૦જંગી વિ૦ ભંગડ (૨) ઢંગધડા વગરનું
ભંગુર વિ૦ [સં.] ભાગી જાય એવું (૨) નાશવંત; અસ્થાયી
ભંગોરું ન૦ એક જાતનું ઘાસ
ભંજક વિ૦ [સં.] ભાંગનાર; ટાળનાર. -ન ન૦ ભાંગવું તે (૨) નાશ. -વું સ૦ક્રિ૦ ભાંગવું (પ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભંજાડ પું૦ ભાંગફોડ; વિનાશ [ચોંટી જાય છે)
ભંટ(-ઠ) ન૦ ઘાસ પર થતું એક કાંટાળું બીજ (એ લૂગડે
ભંડક ન૦ ભોંયરું (૨) સ્ટીમરમાં ફાળકાની ફરતે આવેલી ત્રીજા વર્ગના મુસાફરોની જગા. -કિયું ન૦ નાનું ભોંયરું
ભંડાર પું૦ ધનધાન્ય વગેરે ભરી રાખવાની જગા (૨) ખજાનો; સંગ્રહ (૩) વહાણના તૂતકની નીચેનો ભાગ (૪) દુકાન. જેમ કે, ખાદીભંડાર, સ્વદેશી ભંડાર. ૦વું સ૦ક્રિ૦ ભંડારમાં મૂકવું (૨) છુપાવવું. -રિયું ન૦ ભીંતમાં બારણાવાળો ગોખલો (૨) ગાડા નીચેની પેટી જેવી ગોઠવણ (૩) ઘરમાં ઓરડાની પાછળનો નાનો ખંડ. -રી પું૦ ખજાનચી (૨) કોઠારી (૩) તાડી અને દારૂ ગાળવાનો ધંધો કરનારી એક જાતનો માણસ (૪) એક અટક. -રો પું૦ ગામ કે નાતના તમામ માણસોને અપાતું જમણ (૨) સાધુઓનું જમણ
ભંડોળ ન૦ ભેગી કરેલી કોઈ પણ મૂડી. -ળિયું વિ૦ ખજાનાને કે ભંડોળને લગતું (૨) સૌના વાપરતું; મિશ્ર. -ળિયો પું૦ ભંડોળવાળો માણસ
ભંપાડું વિ૦ પાડા જેવું જાડું
ભંપોલ(-ળ) વિ૦ અંદરથી પોલું; બોદું
ભંભલી સ્ત્રી૦ (કા.) સાંકડા મોંની બદામના ઘાટની બતક
ભંભારવ પું૦ [સં.] ગાય, બળદનો અવાજ (૨) મોટો પોલો લાગતો અવાજ [ખોટી ઉશ્કેરણી
ભંભેરવું સ૦ક્રિ૦ ભંભેરણી કરવી. -ણી સ્ત્રી૦ સાચાંજૂઠાં;
ભંભો પું૦ પાણી રાખવાનું માટીનું વાસણ
ભંભોળવું અ૦ક્રિ૦ શોધવું; ફાંફાં મારવાં
ભા સ્ત્રી૦ [સં.] કાંતિ; તેજ
ભા પું૦ વડીલ માટે સંબોધન (૨) દાદા, બાપ કે મોટાભાઈ
ભાઈ પું૦ માજણ્યો; સહોદર (૨) કાકા, મામા, માસી વગેરેનો દીકરો (૩) કોઈ પણ માણસ માટે વિવેકયુક્ત સંબોધન. ૦બાપા પું૦બ૦વ૦ 'ભાઈ, બાપા' એવી નમ્ર વિનવણી ને આજીજી-સૂચક શબ્દો. ૦ચારો પું૦ ભાઈ જેવો સ્નેહ; દોસ્તી. ૦દાવો પું૦ ભાઈ તરીકેનો હક કે સંબંધ. ૦જી પું૦ જેઠ. ૦બીજ સ્ત્રી૦ કારતક સુદ બીજ. ૦ભાંડુ ન૦બ૦વ૦ એક માબાપનાં છોકરાં. ૦બંધ પું૦ મિત્ર. ૦બંધી સ્ત્રી૦ મિત્રાચારી. ૦લો પું૦ ભાઈ (લાડમાં). ૦શ્રી પું૦બ૦વ૦ (લખાણમાં) વિવેકનું સંબોધન
ભાએ(-ય,-યે)ગ ન૦ + ભાગ્ય
ભાકડ વિ૦ વાંઝિયું (૨) દૂધ દેતું બંધ થયેલું; ઊચી ગયેલું. ૦કથા સ્ત્રી૦ અશક્ય વાત [કઠણ રોટલી
ભાખર(-રો) પું૦ મોટો જાડો રોટલો. -રી સ્ત્રી૦ જાડી
ભાખવું સ૦ક્રિ૦ બોલવું (૨) ભવિષ્ય કહેવું
ભાખા સ્ત્રી૦ + ભાષા
ભાગ પું૦ [સં.] અંશ; હિસ્સો (૨) ભાગાકાર (ગ.). ૦ચિહ્ન ન૦ ભાગાકારનું (÷) ચિહ્ન (ગ.). ૦બટાઈ સ્ત્રી૦ મહેસૂલ તરીકે ખેતીની ઊપજનો ભાગ આપવો તે. ૦લું વિ૦ ભાંગેલું; તૂટેલું (૨) ખોખરું; ફાટવાળું (માટીનું વાસણ). ૦લો પું૦ ભાગ; ટુકડો
ભાગલો પું૦ માતાના નૈવેદ્યનો થાળ [પુરાણોમાંનું એક
ભાગવત વિ૦ [સં.] ભગવાનને લગતું (૨) ન૦ (સં.) અઢાર
ભાગવું અ૦ક્રિ૦ ભાંગવું; તૂટવું; કકડા થવા (૨) નાસવું (૩) દેવાળું કાઢવું (૪) સ૦ક્રિ૦ કકડા કરવા; તોડવું (૫) ભાગ કરવા (ગ.) (૬) વણવું (દોરડું)
ભાગળ સ્ત્રી૦ જુઓ ભાગોળ. -ળિયો પું૦ દુકાનદાર
ભાગાકાર પું૦ [સં.] ભાગવું તે કે તેથી આવતી રકમ (ગ.)
ભાગાડ પું૦ ઢોરનો હાડકાંવાળો ભાગ (પૂંઠનો ?)
ભાગાનુબંધ ન૦ [સં.] પૂર્ણાંક સહિત અપૂર્ણાંક આંકડો (ગ.)
ભાગાભાગ(-ગી) સ્ત્રી૦ નાસાનાસ [પું૦ ભાગીદાર
ભાગિયું વિ૦ ભાગીદાર. -યણ સ્ત્રી૦ ભાગીદાર સ્ત્રી. -યો
ભાગીદાર પું૦ ભાગવાળો; હિસ્સેદાર (૨) ગોઠિયો; સાથી. -રી સ્ત્રી૦ ભાગીદારપણું; પંતિયાળું
ભાગીરથી સ્ત્રી૦ [સં.] (સં.) ગંગા નદી [મહેનતનું
ભાગુ વિ૦ મહેનતથી કંટાળનારું; આળસુ (૨) મુશ્કેલ;
ભાગું અ૦ -ને કારણે; લીધે. ઉદા૦ દુઃખ ભાગા ડરો નહિ
ભાગેડુ પું૦ નાસી જનાર
ભાગોવડ વિ૦ વચલા વાંધાનું [(૩) બજાર; ચકલું
ભાગોળ સ્ત્રી૦ શહેરના કોટનો દરવાજો (૨) ગામનું પાદર
ભાગ્ય ન૦ [સં.] નસીબ. ૦વશાત્ અ૦ નસીબજોગે. ૦વંત, ૦વાન, ૦શાળી વિ૦ નસીબદાર. ૦હીન વિ૦ કમનસીબ [નહિ એવું; તૂટક
ભાગ્યુંતૂટ્યું વિ૦ ભાંગેલુંતૂટેલું (૨) સળંગ કે અટક્યા વગર
ભાગ્યે અ૦ [સં.] કદાચ; ક્વચિત્
ભાચરો પું૦ એક માટીનું વાસણ
ભાજક પું૦ [સં.] ભાગનાર સંખ્યા (ગ.)
ભાજન ન૦ [સં.] પાત્ર (સમાસને અંતે). ઉદા૦ દયાભાજન
ભાજવું અ૦ક્રિ૦ (૨) સ૦ક્રિ૦ જુઓ ભાંજવું
ભાજી સ્ત્રી૦ શાક લાયક કુમળા છોડ. ૦ખાઉ વિ૦ ભાજી ખાનારું (૨) [લા.] તાકાત વગરનું. ૦પાલો પું૦ ભાજી, પાલો વગેરે. ૦મૂળા પું૦બ૦વ૦ મૂળો અને તેવી ભાજી (૨) [લા.] તુચ્છ-હલકી વસ્તુ
ભાજ્ય વિ૦ [સં.] ભાગી શકાય તેવું (૨) ન૦ ભાગવાની રકમ
ભાટ પું૦ રાજાઓનાં ગુણગાન ગાનાર એક જ્ઞાતિનો માણસ. ૦ડી(-ણ) સ્ત્રી૦ ભાટની સ્ત્રી. ૦વેડા પું૦બ૦વ૦ ભાટની પેઠે અતિશયોક્તિથી વખાણ કરવાં તે. -ટાઈ સ્ત્રી૦ ભાટનું કામ-પદ (૨) ભાટવેડા
ભાટિયો પું૦ ભાટિયા જ્ઞાતિનો માણસ (૨) દૂધ વેચનાર; ઘાંચી (૩) કાછિયો (ગામડામાં). -યણ સ્ત્રી૦ ભાટિયાની કે ભાટિયા જ્ઞાતિની સ્ત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઠ સ્ત્રી૦, -ઠું ન૦ ચામડી છોલાઈ પડેલું ચાંદું

ભાઠું ન૦ નદીકાંઠાની રેતાળ જમીન(૨) છીછરા પાણીવાળી જગા (૩) શેરડીનો મૂળવાળો કકડો (૪) જુઓ 'ભાઠ'માં

ભાઠેલો પું૦ અનાવિલ બ્રાહ્મણમો એક પેટાભાગ

ભાડ સ્ત્રી૦ અનાજ શેકવાની ભઠ્ઠી (૨) ભાડભૂંજાનું કલેડું (૩) મોટો કૂવો (૪) વેશ્યાઓની દલાલી કે ભડવાઈની કમાઈ. ૦ભૂંજણ સ્ત્રી૦ ભાડભૂંજાની સ્ત્રી. ૦ભૂંજો પું૦ ભઠ્ઠીથી ધાણીચણા ઇ૦ શેકવાનો ધંધો કરનાર

ભાડવાત પું૦ ભાડે રહેનાર; ભાડૂત

ભાડાખત ન૦, ભાડાચિઠ્ઠી સ્ત્રી૦ ભાડા સંબંધી દસ્તાવેજ

ભાડિયો પું૦ અનાજ શેકવાનું કાણાંવાળું હાંલ્લું

ભાડું ન૦ કોઈ પણ વસ્તુ વાપર્યા બદલ આપવાનું નાણું. -ડૂત પું૦ જુઓ ભાડવાત. -ડૂતી વિ૦ ભાડે રાખેલું (૨) પૈસા ખાતર કામ કરતું; 'મર્સિનરી'

ભાણ પું૦ સૂર્ય (૨) નાટકનો એક પ્રકાર, જેમાં એક પાત્ર જ રંગભૂમિ પર આવે છે

ભાણાવહેવાર પું૦ સાથે બેસી જમવાનો સંબંધ; રોટી-વહેવાર

ભાણિયો પું૦ ભાણેજ. ભાણી સ્ત્રી૦ ભાણેજી

ભાણું ન૦ પીરસેલી થાળી

ભાણેજ પું૦ ભાણો; બહેનનો દીકરો. ૦વહુ સ્ત્રી૦ ભાણેજની વહુ. -જાં ન૦બ૦વ૦ બહેનનાં છોકરાં. -જી સ્ત્રી૦ બહેનની છોકરી; ભાણી. ભાણો પું૦ ભાણેજ

ભાત પું૦ રાંધેલા ચોખા (૨) પું૦; ન૦ ડાંગર (૩) સ્ત્રી૦ વેલબુટ્ટીવાળી છાપ (૪) રીત; પ્રકાર. ૦લું ન૦ (કા) ગરમ રોટલો, દૂધ, ઘી વગેરેનું સવારનું ભોજન. -તિયું ન૦ ભાત કાઢવાનો તાવેથો કે ઝારો (૨) ભાત ઓસાવવાનો કાણાંવાળો ટોપલો (૩) એક પક્ષી. -તીગર(-ળ), -તીલું વિ૦ રંગબેરંગી; ભાતભાતનું; તરેહવાર. -તું(-થું) ન૦ મુસાફરીમાં સાથે લીધેલું ખાવાનું (૨) ભથ્થું

ભાથિયો, ભાથી પું૦ બહાદુર લડવૈયો

ભાથું ન૦ જુઓ ભાતું (૨) ભાથો; બાણ રાખવાની કોથળી

ભાથો પું૦ બાણ રાખવાની કોથળી (૨) ધમણ (૩) રાંધવાનો સામાન રાખવાની થેલી

ભાદરવો પું૦ વિક્રમ સંવતનો અગિયારમો માસ

ભાદ્રપદ પું૦ [સં.] ભાદરવો. -દા સ્ત્રી૦ પચીસમું અને છવ્વીસમું નક્ષત્ર (પૂર્વા અને ઉત્તરા)

ભાન ન૦ [સં.] શુદ્ધિ; હોશ; (૨) સ્મરણ (૩) સમજ; અક્કલ (૪) કલ્પના; ભાસ (૫) સાવચેતી; કાળજી. ૦ભૂલું વિ૦ ભાન ભૂલેલું

ભાબાપાપણું ન૦ (કા.) ભાઈબાપા કરવા તે

ભાનુ પું૦ [સં.] સૂર્ય

ભાભી સ્ત્રી૦ ભાઈની સ્ત્રી. ૦જી સ્ત્રી૦ ભાઈજીની પત્ની; જેઠાણી (૨) ભાભી (માનાર્થે)

ભાભુ સ્ત્રી૦ બાપની મા (૨) ભાભી (૩) મોટા કાકાની વહુ

ભાભો પું૦ કણબી (૨) જડસો [સ્ત્રી૦ ભામા

ભામ પું૦ ચામડાં ઉપરનો વેરો (૨) + ભ્રમ [પ.] (૩)

ભામટો પું૦ રખડેલ; ઉઠાઉગીર; ભમનો ચોર

ભામણાં ન૦બ૦વ૦ ઓવારણાં

ભામા સ્ત્રી૦ [સં.] ભામિની

ભામાં ન૦બ૦વ૦ ફાંફાં (૨) પાખંડ (૩) ભ્રમણા; વહેમ

ભામિની સ્ત્રી૦ [સં.] સ્ત્રી (૨) રૂપાળી જુવાન સ્ત્રી (૩) કામાતુર અથવા ક્રુદ્ધ સ્ત્રી

ભામું ન૦ ખોટો વહેમ; ગાંડપણ. -મો પું૦ ભ્રમણા; મોહ

ભાય(-યે)ગ ન૦ + ભાગ્ય (પ)

ભાયડો પું૦ પુરુષ (૨) પતિ

ભાયાત પું૦ પિત્રાઈ (૨) રાજાનો પિત્રાઈ. -તી વિ૦ ભાયાતને લગતું

ભાયો પું૦ ભાઈ (લાડમાં)

ભાર પું૦ [સં.] વજન (૨) ચોવીસ મણનું વજન (૩) ૨૦૨૧૭૪૦૦૦ની સંખ્યા (૪) વીસ તોલાનું વજન (૫) બાળકના પેટનો એક રોગ (૬) [લા.] જવાબદારી (૭) વિસ્તાર (૮) વજન; વક્કર; વટ. ૦ખમું વિ૦ ભાર ખમી શકે તેવું. ૦ખાનું ન૦ ભાર ભરવાનું વાહન (૨) માલગાડી. ૦ગોળી સ્ત્રી૦ બાળકોને રહેતા ભારની એક ઔષધિ

ભારજા સ્ત્રી૦ ભાર્યા

ભારઝલું વિ૦ ભારેખમ; પુખ્ત; પીઢ

ભાર(-રો)ટિયું ન૦, -યો પું૦ ભારવટિયો; મોભ; પાટડો

ભારણ ન૦ દમાણ; વજન (૨) ભારવું-રાખમાં દાબવું તે (૩) વશીકરણ; જાદુ

ભારત પું૦; ન૦ [સં.] હિંદુસ્તાન (૨) ન૦ (૩) વિ૦ જુઓ મહાભારત. ૦બળિયા પું૦બ૦વ૦ ખૂબ જોરથી નીકળેલા બળિયા. ૦વર્ષ પું૦; ન૦ હિંદ; ભારત

ભારતી સ્ત્રી૦ [સં.] વાણી; સરસ્વતી (૨) સંન્યાસીઓના દસ વર્ગોમાંનો એક (૩) ભારત માતા

ભારતીય વિ૦ [સં.] ભારતવર્ષનું કે તેને લગતું

ભારથી વિ૦ બહાદુર (૨) ગોસાંઈની એક અટક; જુઓ ભારતી ૨

ભારદોરી સ્ત્રી૦ ગર્ભસ્રાવ ન થાય તે માટે ગર્ભિણીની કેડે બંધાતી મંતરેલી નાડાછડી

ભારદ્વાજ પું૦ [સં.] (સં.) અગસ્ત્ય ઋષિ (૨) દ્રોણાચાર્ય (૩) સપ્તર્ષિમાંના એક (૪) પું૦ ભરદ્વાજના વંશમાં ઉત્પન્ન થયેલો (૫) એક પક્ષી

ભારબરદારી વિ૦ ભાર વહેનારું (૨) સ્ત્રી૦ ભાર વહેવો તે

ભારબોજ પું૦ ભાર; વજન (૨) [લા.] જવાબદારી (૩) વક્કર

ભારવક્કર પું૦ ભારબોજ; વજન; વક્કર; મોભો

ભારવટ(-ટિયો) પું૦ જુઓ ભારટિયો

ભારવું સ૦ક્રિ૦ રાખમાં દાબી રાખવું (૨) વશીકરણ કરવું; મોહિત કરવું

ભારંડ ન૦ [સં.] એક પક્ષી

ભારી વિ૦ ભારે (૨) સ્ત્રી૦ મોટી જૂડી કે નાનો ભારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારે વિ૦ વજનદાર (૨) મુશ્કેલ (૩) કીમતી (૪) અ૦ અતિ; ખૂબ. ૦ખમ વિ૦ આબરૂદાર; શોભાવાળું (૨) ગંભીર (૩) મોટાઈના ડોળવાળું. ૦વાઈ સ્ત્રી૦ સગર્ભા

ભારો પું૦ ઘાસ લાકડાં વગેરેને એકત્રિત બાંધતાં થતો બોજ; ઝૂડો; મોટું વજન (૨) ખુલ્લા સદનો છેડો. ૦ટિયું ન૦, ૦ટિયો પું૦ જુઓ ભારટિયો. ૦રી સ્ત્રી૦ લાકડાની ભારી. ૦ભાર અ૦ સરખે વજને (૨) પૂરેપૂરું; ભરપૂર [ભૃગુના વંશમાં ઉત્પન્ન થયેલો

ભાર્ગવ પું૦ [સં.] (સં.) પરશુરામ (૨) શુક્રાચાર્ય (૩) પું૦

ભાર્યા સ્ત્રી૦ [સં.] પત્ની

ભાલ ન૦ ભાઠાની જમીન (૨) કપાળ [સં.] (૩) પું૦ પાટડો (૪) સંગીતમાં એક અલંકાર (૫) પું૦; ન૦ ધોળકાની આજુબાજુનો પ્રદેશ

ભાલદાર પું૦ મોટા માણસની આગળ ચાલનારો ચોપદાર

ભાલિ(-ળિ)યો પું૦ ગાગર

ભાલુ ન૦ [સં.] રીંછ (૨) ફાલુ [કે તેનું પાનું

ભાલું ન૦, -લો પું૦ એક હથિયાર. -લોડું ન૦ તીર

ભાવ પું૦ [સં.] અસ્તિત્વ (૨) પ્રકૃતિ; સ્વભાવ (૩) ઇરાદો; મતલબ (૪) વૃત્તિ; લાગણી (૫) તાત્પર્ય; અભિપ્રાય (૬) ચેષ્ટા; અભિનય (૭) હેત; પ્રીતિ; ગમો (૮) આસ્થા (૯) કિંમત; દર (૧૦) આર્ય ! પૂજ્ય ! (નાટકમાં સંબોધન) (૧૧) સ્થિતિ; સ્વરૂપ. ૦ગંભીર વિ૦ ગંભીર ભાવોવાળું. ૦ગ્રાહી વિ૦ તાત્પર્યને ગ્રહણ કરનારું. ૦ગીત ન૦ ભાવ વ્યક્ત કરતું-ભાવપ્રધાન ગીત. ૦જ સ્ત્રી૦ ભાવ; હેત. ૦પ્રધાન વિ૦ ભાવ જેમાં પ્રધાન છે એવું. ૦ભીનું વિ૦ ભાવથી ગળગળું; ભાવમય. ૦રૂપ વિ૦અસ્તિવાચક; 'પોઝિટિવ'. ૦વાચક (વ્યા.) ભાવ બતાવનારું (નામ). ૦શૂન્ય વિ૦ ભાવ વગરનું; શુષ્ક

ભાવટ(-ઠ) સ્ત્રી૦ ઉપાધિ; જંજાળ (૨) વિચાર

ભાવત(-ન)બીજ સ્ત્રી૦ + જુઓ ભાઈબીજ [ગમતું

ભાવન ન૦ ભાવના; ધ્યાન [સં.] (૨) મહેણું (૩) વિ૦ ભાવતું;

ભાવના સ્ત્રી૦ [સં.] કલ્પના; ધારણા (૨) આસ્થા (૩) અભિલાષા; કામના; લાગણી (૪) પટ; પુટ (૫) અનુશીલન; ધ્યાન; ચિંતન. ૦પ્રધાન વિ૦ સ્વભાવે વિશેષ લાગણીવાળું કે લાગણીભરેલું. ૦વાદી પું૦ ભાવનાનું જીવનદૃષ્ટિમાં મહત્ત્વ માનનાર; 'આઈડિયલિસ્ટ'

ભાવવું અ૦ક્રિ૦ ગમવું (જીભને) (૨) પસંદ પડવું

ભાવસાર પું૦ (લૂગડાં છાપવાનો ધંધો કરનાર) એક જ્ઞાતિનો માણસ. ૦ણ ભાવસારની કે તે જ્ઞાતિની સ્ત્રી

ભાવાત્મક વિ૦ [સં.] સત્ય (૨) અસ્તિવાચક

ભાવાનુવાદ પું૦ [સં.] શબ્દશઃ નહિ પરંતુ તાત્પર્યસૂચક અનુવાદ [ભાવ આરોપવો તે

ભાવાભાસ પું૦ [સં.] લાગણી, વૃત્તિનો આભાસ-અસ્થાને

ભાવારોપણ ન૦ [સં.] ભાવનું આરોપણ; ભાવાભાસ

ભાવાર્થ પું૦ [સં.] મતલબ; તાત્પર્ય

ભાવિ(-વી) વિ૦ [સં.] ભવિષ્યમાં થનારું (૨) ન૦ ભવિષ્ય

ભાવિક વિ૦ [સં.] આસ્થાવાળું (૨) મર્મજ્ઞ; ભાવુક

ભાવિત વિ૦ [સં.] ભાવિક; ભાવનાવાળું. -તાત્મા પું૦ સ્થિર પ્રજ્ઞાવાળો; સ્થિતપ્રજ્ઞ

ભાવી [સં.] જુઓ ભાવિ

ભાવુક વિ૦ [સં.] થવાની તૈયારીમાં હોય તેવું (૨) વિચારશીલ (૩) રસજ્ઞ; સહૃદય (૪) પું૦ બનેવી (નાટકમાં)

ભાવેપ્રયોગ પું૦ [સં.] જેમાં ક્રિયાપદનો ભાવ એ જ કર્તા હોય તેવો પ્રયોગ (વ્યા.) [વ્યાખ્યાન

ભાષક પું૦ [સં.] બોલનાર; વક્તા. -ણ ન૦ બોલવું તે (૨)

ભાષા સ્ત્રી૦ [સં.] બોલી; વાણી; જબાન (૨) વ્રજભાષા. ૦કવિ પું૦ વ્રજભાષાનો કવિ. ૦દોષ પું૦ ભાષાના પ્રયોગમાં કે તેની અર્થવાહિતામાં દોષ. ૦પ્રયોગ પું૦ ભાષાનો પ્રયોગ -ઉપયોગ. ૦ફેર પું૦ ભાષાનો ફેરફાર (૨) વિ૦ ભાષાના ફેરકવાળું. ૦રૂઢિ સ્ત્રી૦ ભાષામાં રૂઢ થયેલો શબ્દપ્રયોગ. ૦લક્ષી વિ૦ અર્થના નહિ પણ ભાષાના લક્ષવાળું. ૦શાસ્ત્ર ન૦ ભાષાનું શાસ્ત્ર; 'ફાઇલોલૉજી'. ૦શાસ્ત્રી પું૦ ભાષાશાસ્ત્ર જાણનાર. ૦શાસ્ત્રીય વિ૦ ભાષાશાસ્ત્ર સંબંધી. -ષાંતર ન૦ અનુવાદ; તરજુમો. -ષાંતરકાર પું૦ અનુવાદક. -ષિત વિ૦ બોલેલું. -ષી વિ૦ બોલનાર (સમાસમાં ઉત્તરપદ તરીકે). ઉદા૦ 'પરભાષા-ભાષી'

ભાષ્ય ન૦ [સં.] વિસ્તૃત વિવરણ. ૦કાર પું૦ ભાષ્ય રચનાર

ભાસ પું૦ [સં.] આભાસ; ખ્યાલ (૨) ઝાંખો પ્રકાશ. ૦માન વિ૦ ભાસતું. ૦વું અ૦ક્રિ૦ દેખાવું (૨) સમજાવું; લાગવું (૩) પ્રકાશવું

ભાસુર વિ૦ [સં.] દેદીપ્યમાન (૨) ભયંકર

ભાસુરી સ્ત્રી૦ એક જાતની માંખ (જેના ડંખથી ઘોડાં-કૂતરાં મરી જાય છે) [ગણિતી અને ખગોળશાસ્ત્રી

ભાસ્કર પું૦ [સં.] સૂર્ય. -રાચાર્ય પું૦ (સં.) પ્રસિદ્ધ

ભાસ્વર વિ૦ [સં.] ઝળકતું, તેજસ્વી (૨) પું૦ સૂર્ય (૩) દિવસ

ભાળ સ્ત્રી૦ પત્તો; ખબર (૨) સંભાળ. ૦વણ(-ણી) સ્ત્રી૦ સુપરત. ૦વવું સ૦ક્રિ૦ ભાળ રાખવા સોંપવું (૨) સિફારસ કરવી. ૦વું સ૦ક્રિ૦ જોવું; અવલોકવું

ભાળિયો પું૦ ભાલિયો; ગાગર

ભાળું અ૦ ઠીક; વારુ

ભાં અ૦ (રવ૦) ગાયનો કે મોટરના જેવો અવાજ

ભાંખવું સ૦ક્રિ૦ + ભાખવું

ભાંખોડ સ્ત્રી૦, -ડિયું ન૦ ઘૂંટણિયું; ઢીંચણ [પીણું

ભાંગ સ્ત્રી૦ ગાંજાની કળીઓ તથા પાંદડાં (૨) તેનું બનાવેલું

ભાંગણું(-રું) વિ૦ ખાંડતાં ભૂકો થઈ જાય તેવું (ચોખા)

ભાંગતોડ, ભાંગફોડ સ્ત્રી૦ ભાંગવું અને તોડવું ફોડવું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાંગરું વિ૦ જુઓ ભાંગલું [અને બિયાંનો ભૂકો

ભાંગરો પું૦એક વનસ્પતિ(૨) ગાંજાનાં પાકટ પાન, કળીઓ

ભાંગવું અ૦ક્રિ૦ કકડા થવા (૨) સ૦ક્રિ૦ કકડા કરવા; તોડવું. **ભાંગ્યુંતૂટયું** વિ૦ જુઓ ભાગ્યુંતૂટયું

ભાંજગ(-ઘ)ડ સ્ત્રી૦ તકરાર (૨) પંચાત. **-ડિયું** વિ૦ ગૂંચવણભરેલું; ગોટાળાભરેલું (૨) ભાંજગડ કરનારું

ભાંજણી સ્ત્રી૦ વહેંચણી (૨) ભાગ; હિસ્સો (૩) મોટામાંથી નાના અને નાનામાંથી મોટા પરિમાણમાં રકમને ફેરવવાની રીત (ગ.) (૪) દોરડું ભાગવાની ક્રિયા

ભાંજવું જુઓ ભાગવું ૧, ૪, ૫

ભાંડ વિ૦ અસભ્ય; નિર્લજ્જ (૨) [સં.] પું૦ મશ્કરો (૩) બીભત્સ બોલ, ચાળા વગેરેથી હસાવી ખેલ કરનારી જાતનો માણસ (૪) ન૦ વાસણ

ભાંડણ ન૦ ગાળાગાળ; ભાંડવું તે (૨) વિ૦ ભાંડણવાળું; ભાંડતું. **-ણું** ન૦ ભાંડણ [આપવો

ભાંડવું સ૦ક્રિ૦ ગાળ દેવી (૨) બદગોઈ કરવી (૩) ઠપકો

ભાંડભાંડા, ભાંડાભાંડ(-ડા) સ્ત્રી૦ સામાસામી ભાંડવું તે

ભાંડુ ન૦ ભાઈબહેન [તાંબડી

ભાંડું ન૦ વાસણ. **-ડો** પું૦ બોઘરણું; પહોળા મોઢાની

ભાંભ(-ભે)ર સ્ત્રી૦ કપાળ કે ઓઠના વાળ ખૂંટી કઢાવવા તે

ભાંભરભોળું વિ૦ સાવ ભોળું [ખોખરા સાદવાળું

ભાંભરું(-ળું) વિ૦ ખારું (૨) સ્વાદ વગરનું (૩) ભારે-

ભાંભરવું અ૦ક્રિ૦ ગાયનું બરાડવું

ભાંભળું વિ૦ જુઓ ભાંભરું

ભાંભેર સ્ત્રી૦ જુઓ ભાંભર

ભિક્ષા સ્ત્રી૦ [સં.] ભીખ (૨) ભિક્ષામાં મળેલી વસ્તુ. **૦ટન** ન૦ ભિક્ષાને માટે ફરવું તે. **૦ન્ન** ન૦ ભીખી આણેલું અન્ન. **૦પાત્ર** ન૦ ભીખ માગવાનું વાસણ. **૦ર્થી** વિ૦ ભિક્ષા માગનારું. **૦વૃત્તિ** સ્ત્રી૦ ભિક્ષાથી ચલાવેલું ગુજરાન

ભિક્ષુ,૦ક પું૦ [સં.] માગણ (૨) ભિક્ષા ઉપર નભનાર (૩) બૌદ્ધ સાધુ. **૦કી,૦ણી** સ્ત્રી૦ સ્ત્રી ભિક્ષુ. **૦ત્વ** ન૦

ભિખાડ(-વ)વું સ૦ક્રિ૦ 'ભીખવું'નું પ્રેરક

ભિખારી વિ૦ (૨) પું૦ ભીખ માગનાર. **-રચોટ** વિ૦ ભિખારી જેવું (૨) ભૂખડું. **-રણ** સ્ત્રી૦ માગણ સ્ત્રી. **-રવું** વિ૦ (૨) ન૦ ભિખારી (તુચ્છકારમાં). **-ર(-રી)-વેડા** પું૦બ૦વ૦ ભિખારીના જેવું વર્તન. **-રું** વિ૦ (૨) ન૦ ભિખારી (તુચ્છકારમાં). **-વવું** સ૦ક્રિ૦ જુઓ ભિખાડવું. **-વું** અ૦ક્રિ૦ 'ભીખવું'નું કર્મણિ

ભિખ્ખુ પું૦ [પાલી] બૌદ્ધ સાધુ-ભિક્ષુક [કર્મણિ

ભિજાવવું સ૦ક્રિ૦, **ભિજાવું** અ૦ક્રિ૦ 'ભીજવું'નું પ્રેરક ને

ભિડાવવું સ૦ક્રિ૦ 'ભીડવું'નું પ્રેરક (૨) ગૂંચવાડામાં નાખવું; ગભરાવવું (૩) અંટસ પડાવવો (૪) ધમકાવવું

ભિડાવું અ૦ક્રિ૦ 'ભીડવું'નું કર્મણિ (૨) ભીડમાં આવવું (૩) સંકડાવું; દબાવું

ભિતરિયો પું૦ મંદિરમાં છેક મૂર્તિ પાસે રહેનારો સેવક

ભિત્તિ સ્ત્રી૦[સં.] ભીંત. **૦ચિત્ર** ન૦ ભીંત પરનું ચિત્ર;'ફ્રેસ્કો'

ભિનાવું અ૦ક્રિ૦(સુ.) પલળવું; ભીંજાવું.**-વવું** સ૦ક્રિ૦(પ્રેરક)

ભિન્ન વિ૦ [સં.] જુદું; ફેરવાળું (૨) ભાંગેલું. **૦તા** સ્ત્રી૦ જુદાપણું. **૦ભાવ** પું૦ જુદાઈ. **૦રુચિ** વિ૦ જુદી રુચિવાળું. **-ન્નાંગ** ન૦ 'મૅન્ટિસા' (ગ.)

ભિયા પું૦ જુઓ ભયા

ભિલામું ન૦, **-મો** પું૦ એક બી

ભિલ્લુ પું૦ ભીરુ; રમતનો સાથી

ભિષક(-ગ,-જ) પું૦ [સં.] વૈદ્ય

ભિસ્તી પું૦ પખાલી

ભિંગડું ન૦ છાલ કે ચામડીનું કઠણ છોડું; ભીંગડું

ભિંગારો પું૦ ભમરો. **-રી** સ્ત્રી૦ ભમરી

ભિંડ(-ડિ)માળ સ્ત્રી૦, **ભિંદિપાલ** પું૦ [સં.] ગોફણ

ભીખ સ્ત્રી૦ ભીખવું તે (૨) ભીખીને મેળવેલી વસ્તુ. **૦વું** સ૦ક્રિ૦ ખેરાત માગવી (૨) અ૦ક્રિ૦ ભિખારી થવું

ભીછરું વિ૦ ભૂંડના જેવા બરડ અને ઊભા (વાળ)

ભીજવવું સ૦ક્રિ૦ ભીનું કરવું; પલાળવું

ભીજવું અ૦ક્રિ૦ ભીંજવું; ભીનું થવું; પલળવું

ભીડ સ્ત્રી૦ ગિરદી (૨) તંગી (૩) પું૦ ભીડો. **૦વું** સ૦ક્રિ૦ વાસવું; બંધ કરવું (૨) કસવું; બાંધવું (૩) દબાવવું; ભેટવું (૪) અ૦ક્રિ૦ + ભડવું; ઝૂઝવું. **-ડંભીડા, -ડાભીડ** સ્ત્રી૦ કચડાકચડી; ખૂબ ગિરદી (૨) લડાઈ. **-ડો** પું૦ લાકડું ભીડવા માટેનું સુથારનું એક ઓજાર

ભીત વિ૦ [સં.] ભય પામેલું

ભીતર ન૦ અંદરનો ભાગ (૨) દિલ; હૈયું (૩) અ૦ અંદર

ભીતરા વિ૦ ખેડાવાળ બ્રાહ્મણનો એક ભેદ

ભીતિ સ્ત્રી૦ [સં.] બીક

ભીતો પું૦ ભીંતમાં કે તેને અડીને ગોઠવેલો થાંભલો

ભીનવવું સ૦ક્રિ૦ ભીંજવવું (સુ.) [ભૂમિ; 'માર્શ'

ભીનાશ સ્ત્રી૦ ભીનાપણું. **૦ભૂમિ** સ્ત્રી૦ ભીનાશવાળી

ભીનું વિ૦ પલળેલું. **૦ભદડક** વિ૦ સાવ ભીનું

ભીનેવાન વિ૦ પાકે રંગે હોય એવું; શ્યામ

ભીમ વિ૦ [સં.] ભયંકર; વિકરાળ (૨) પું૦ (સં.) પાંચ પાંડવોમાંનો બીજો. **૦અગિયારશ(-સ)** સ્ત્રી૦ જેઠ સુદ અગિયારશ; નિર્જળા એકાદશી [ઉરાડે છે તે

ભીમડાં ન૦બ૦વ૦ બાળક મોં બીડી હોઠ ફફડાવી થૂંક

ભીમપલાસ(-સી) પું૦ એક રાગ

ભીમા સ્ત્રી૦ [સં.] (સં.) દુર્ગા

ભીરયા સ્ત્રી૦ બીક; ભય

ભીરિરી સ્ત્રી૦ એક પક્ષી

ભીરુ વિ૦ [સં.] બીકણ. **૦તા** સ્ત્રી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીરુ પું૦ ભિલ્લુ; ભેરુ
ભીલ પું૦ એક રાની પ્રજાનો માણસ. ૦ડી સ્ત્રી૦ ભીલ જાતિની સ્ત્રી. -લી વિ૦ ભીલનું કે ભીલ સંબંધી
ભીલું ન૦ [લા.]+ધૂળધાણી
ભીષણ વિ૦ [સં.] ભયંકર [ગંગાના પુત્ર
ભીષ્મ વિ૦ [સં.] ભયંકર (૨) પું૦ (સં.) શાંતનુ અને
ભીંગડું ન૦ ભિંગડું; છોડું
ભીંછાં ન૦બ૦વ૦ (કા.) [કપાવવાના થયેલા] મોટા વાળ
ભીંજાવું અ૦ક્રિ૦ ભીંજવું; પલળવું. -વવું સ૦ક્રિ૦ (પ્રેરક)
ભીંડી સ્ત્રી૦ એક છોડ (૨) એની છાલના કઢાતા રેસા
ભીંડો પું૦ એક શાક કે તેનો છોડ
ભીંત સ્ત્રી૦ દીવાલ. ૦રડી સ્ત્રી૦ ભીંત(પ.માં લાલિત્યવાચક). -તિયું ન૦ નાની પાતળી ભીંત
ભીંતરારિયો પું૦ એક વનસ્પતિ [કોમળ વાળ
ભીંભર સ્ત્રી૦ (કા.) ચોટલાની આજુબાજુના ઝીણા
ભીંસ સ્ત્રી૦ ભીંસાવું તે; દબાણ; ધક્કો. ૦વું સ૦ક્રિ૦ દાબવું; પીલવું (૨) ભેટવું; ચાંપવું. -સાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). -સાવું અ૦ક્રિ૦ (કર્મણિ)
ભુક્ત વિ૦ [સં.] ખાધેલું (૨) ભોગવેલું. ૦વું સ૦ક્રિ૦ ખાવું; જમવું; ભોગવવું (પ.). -ક્તાવવું સ૦ક્રિ૦ તેનું પ્રેરક. -ક્તિ સ્ત્રી૦ ભોગ; સંસારસુખ (૨) ભોજન
ભુખાળવું વિ૦ ખાઉધરું
ભુજ પું૦ [સં.] ખભાથી કોણી સુધીનો ભાગ (૨) હાથ (૩) બાજુ (ગ.) (૪) 'ઑર્ડિનેટ' (ગ.) (૫) કાટખૂણ ત્રિકોણની કર્ણ સિવાયની એક બાજુ(ગ.)(૬)બેની સંજ્ઞા. ૦દંડ પું૦ દંડ જેવો હાથ. ૦બલ(-ળ) ન૦ બાહુબળ
ભુજંગ,૦મ પું૦ [સં.] સાપ (૨) સ્ત્રીનો યાર. -ગી(૦પ્રયાત) પું૦ એક છંદ ['એક્સિસ ઑફ વાય' (ગ.)
ભુજા સ્ત્રી૦ [સં.] ભુજ; હાથ. ૦ક્ષ પું૦ આલેખનો એક અક્ષ;
ભુટ્ટો(-ઠ્ઠો) પું૦ મકાઈદોડો. -ટ્ટા(-ઠ્ઠા)ચોર પું૦ હલકી ચોરીઓ કરનાર
ભુડ(-ર)કસ સ્ત્રી૦ જુઓ ભરકૂચ
ભુડકાવવું સ૦ક્રિ૦ 'ભૂડકવું'નું પ્રેરક
ભુપાલી પું૦ એક રાગ
ભુયંગ પું૦+ભુજંગ
ભુરકસ સ્ત્રી૦ જુઓ ભુડકસ
ભુરકાવવું સ૦ક્રિ૦ 'ભૂરકવું'નું પ્રેરક
ભુરૂત ન૦ એક પક્ષી
ભુલકણું વિ૦ ભૂલી જવાની ટેવવાળું
ભુલવણ(-ણી) સ્ત્રી૦ ભુલાવવું-ભૂલવું તે; ભ્રમ
ભુલભુલામણી સ્ત્રી૦ભૂલા પડી જવાય તેવી અટપટી રચના
ભુલામણું વિ૦ ભુલકણું [કર્મણિ
ભુલાવવું સ૦ક્રિ૦, ભુલાવું અ૦ક્રિ૦ 'ભૂલવું'નું પ્રેરક ને

૫૬

ભુલાવો પું૦ ભુલવણી; ભ્રમ
ભુવ સ્ત્રી૦ [સં.] ભૂમિ (પ.) [મૃત્યુ, પાતાળ)
ભુવન ન૦ [સં.] જગત; લોક. ૦ત્રય ન૦ ત્રણલોક (સ્વર્ગ,
ભુવર,-ર્લોક પું૦ [સં.] ભૂલોક અને સૂર્ય વચ્ચેનો લોક
ભુશંડી સ્ત્રી૦ એક અસ્ત્ર ['ભૂસવું'નું કર્મણિ ને પ્રેરક
ભુસાડવું સ૦ક્રિ૦ જુઓ ભૂંસાડવું. ભુસાવું, -વવું
ભુસ્કો પું૦ કૂદકો; ભૂસકો
ભુંગળ,-ળી,-ળું જુઓ 'ભૂંગળ'માં
ભુંડ ન૦ જુઓ ભૂંડ [હાલવું તે; ધરતીકંપ
ભૂ સ્ત્રી૦ [સં.] પૃથ્વી (૨) એકની સંજ્ઞા. ૦કંપ પું૦ પૃથ્વીનું
ભૂ ન૦ (બાળભાષામાં) પાણી
ભૂકરી સ્ત્રી૦,-રો પું૦ જેરો; ભૂકો [પું૦ ચૂરો; ચૂર્ણ
ભૂકી સ્ત્રી૦ બારીક ભૂકો. -કેભૂકા પું૦બ૦વ૦ ચૂરેચૂરા. -કો
ભૂખ સ્ત્રી૦ ક્ષુધા (૨) [લા.] ઇચ્છા. ૦ડીબારશ(-સ) વિ૦ ખાઉં ખાઉંની દાનતવાળું (૨) કંગાલ. ૦ડું વિ૦ ભૂખ્યું (૨) કંગાલ (૩) તંગીમાં આવેલું. ૦મરો પું૦ ભૂખથી ચીમળાવું કે મરવું પડે તે કે તેવી દશા
ભૂખર વિ૦ ઊખર; વેરાન;ઉજ્જડ(૨)પું૦ઉત્તર તરફનો વાયુ
ભૂખરું વિ૦ રાખોડિયું; ફીકું (૨) ભૂખરને લગતું
ભૂખ્યું વિ૦ જેને ભૂખ લાગી હોય તેવું (૨) [લા.] લાલચુ (૩) ગરીબ. ૦પાખ્યું વિ૦ ભૂખ્યું; સાવ ભૂખ્યું
ભૂગર્ભવિદ્યા સ્ત્રી૦ [સં.] ભૂસ્તરવિદ્યા
ભૂગોળ પું૦ [સં.] પૃથ્વીનો ગોળો (૨) સ્ત્રી૦ ભૂગોળવિદ્યા. ૦વિદ્યા સ્ત્રી૦ પૃથ્વીના તળ, ઊપજ, પ્રાણી, લોક, કુદરતી કે રાજકીય વિભાગ, આબોહવા, વસ્તી વગેરે હકીકતનું શાસ્ત્ર. ૦વેત્તા પું૦ ભૂગોળનો ખાસ વિદ્વાન [પ્રાણી
ભૂચર વિ૦ [સં.] પૃથ્વી ઉપર ફરનાર (૨) ન૦ પૃથ્વી પરનું
ભૂચંપો પું૦ ચંપાની એક જાત
ભૂચિયું વિ૦ બરડ
ભૂડ(-ર)કવું અ૦ક્રિ૦ ભડકવું (૨) સ૦ક્રિ૦ છેતરવું (૩) મંત્રમુગ્ધ કરવું. ભૂડ(-ર)કાવું અ૦ક્રિ૦ [કર્મણિ]
ભૂત વિ૦ [સં.] થઈ ગયેલું; વીતેલું (૨) 'થયેલું; બનેલું' એ અર્થમાં સમાસને અંતે ('ઉદા૦ અંગભૂત; પ્રમાણભૂત') (૩) ન૦ પંચમહાભૂતોમાંનું એક (૪) પ્રાણી (૫) પ્રેત; પિશાચ. ૦કાલ(-ળ) પું૦ ગયેલો વખત. (૨) [વ્યા.] ક્રિ૦નો ભૂતકાળ. ૦કાલીન વિ૦ ભૂતકાળનું, -ને લગતું. ૦કૃદંત ન૦ [વ્યા.] ભૂતકાળના અર્થનું કૃદંત. ૦ખાનું ન૦ પિશાચોનું સ્થાન. ૦ગ્રસ્ત વિ૦ જેને ભૂત વળગ્યું હોય તેવું. ૦દયા સ્ત્રી૦ સર્વ જીવો પ્રત્યેની દયા; જીવદયા. ૦પલીત ન૦ પ્રેત (૨) બેડોળ માણસ. ૦પૂર્વ વિ૦ પહેલાં થયેલું (૨) માજી. ૦બલિ(-ળિ) પું૦ પ્રાણીઓને નિત્ય આપવાનો બલિ. ૦યજ્ઞ પું૦ પાંચ યજ્ઞોમાંનો એક; ભૂતબલિ. ૦યોનિ સ્ત્રી૦ ભૂતપ્રેતની જાતિ (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂતમાત્રનું ઉત્પત્તિસ્થાન. ૦વિદ્યા સ્ત્રી૦ પ્રેત વિષેની વિદ્યા
ભૂતલ(-ળ) ન૦[સં.] પૃથ્વીની સપાટી. ૦વિદ્યા સ્ત્રી૦ ભૂતળની ભૌતિક સ્થિતિ સંબંધી વિદ્યા. ૦વેત્તા પું૦ તે વિદ્યા જાણનાર
ભૂતાર્થ પું૦ [સં.] સત્ય; સાચી બીના
ભૂતાવળ(-ળી) સ્ત્રી૦ ભૂતોનું ટોળું
ભૂતાળું વિ૦ ભૂતવાળું
ભૂતિ સ્ત્રી૦ [સં.] અસ્તિત્વ (૨) ઉત્પત્તિ (૩) આબાદી; સમૃદ્ધિ (૪) ભલું; કલ્યાણ (૫) ઐશ્વર્ય
ભૂદેવ પું૦ [સં.] બ્રાહ્મણ; ભૂસુર [(૫) [સં.] શિવ
ભૂધર પું૦ [સં.] પર્વત (૨) રાજા (૩) નાગ (૪) (સં.) કૃષ્ણ
ભૂપ પું૦ [સં.] રાજા (૨) એક રાગ. ૦કલ્યાણ પું૦ કલ્યાણ રાગનો એક પ્રકાર. ૦તિ, -પાલ(-ળ) પું૦ રાજા
ભૂપૃષ્ઠ ન૦ [સં.] જુઓ ભૂતલ. ૦વિદ્યા સ્ત્રી૦ ભૂતલવિદ્યા
ભૂમધ્યરેખા(-ષા) સ્ત્રી૦ [સં.] વિષુવવૃત્ત [સમુદ્ર
ભૂમધ્યસમુદ્ર પું૦ [સં.] (સં.) યુરોપ આફ્રિકા વચ્ચેનો
ભૂમંડલ(-ળ) ન૦ [સં.] આખી પૃથ્વી
ભૂમા પું૦ [સં.] અનંતતા; વિશાળતા
ભૂમિ(-મી) સ્ત્રી૦ [સં.] પૃથ્વી (૨) જમીન (૩) દેશ; પ્રદેશ (૪)+માળ; મેડો. -મિકા સ્ત્રી૦ જમીન (૨) સ્થળ (૩) પાયરી (૪) મૂળ; ઊગમ (૫) નાટકનું પાત્ર કે તેનો ભાગ કે શણગાર (૬) પ્રસ્તાવના. ૦તલ(-ળ) ન૦ ભૂતલ. ૦દાહ પું૦ દફન; દાટવું તે. -મિયું વિ૦ ભૂમિનું, -ને લગતું
ભૂમિતિ સ્ત્રી૦ [સં.] રેખાગણિત. ૦ક્ષેત્ર ન૦ ભૂમિતિની આકૃતિ. ૦રચના સ્ત્રી૦ ભૂમિતિની રચના. ૦શ્રેઢી સ્ત્રી૦ જુઓ ઉત્તરશ્રેઢી
ભૂમિષ્ઠ વિ૦ [સં.] ભૂમિ પર પડેલું
ભૂયોદર્શન ન૦ [સં.] અનેક વાર દેખાવું તે
ભૂર વિ૦ મૂર્ખ (૨) લુચ્ચું
ભૂર(-રિ) વિ૦ ઘણું; વધારે
ભૂરકવું, ભૂરકાવું જુઓ 'ભૂડકવું'માં
ભૂરકી સ્ત્રી૦ મંતરેલી ભસ્મ (૨) જાદુમંત્ર (૩) મોહિની
ભૂરચના સ્ત્રી૦ [સં.] પૃથ્વીની રચના
ભૂરશી(-સી) સ્ત્રી૦ બાંધી રકમની દક્ષિણા (૨) લાંચ
ભૂરાટ, -શ સ્ત્રી૦ ભૂરાપણું. ૦ણ ન૦ (ભીંત લીંપવાની) ધોળી રતાશપડતી માટી. -હું(-શું) ન૦ ભૂરી માટી
ભૂરિ વિ૦ [સં.] ભૂર; ખૂબ; પુષ્કળ
ભૂરું(-રિયું) વિ૦ આસમાની રંગનું (૨) ગોરું. -રા(-રું)-કોળું ન૦ કંટાળું; કોળાના જેવું ધોળું ફળ. ૦ભટ(-ટાક) વિ૦ એકદમ ભૂરું [ભૂર્જની છાલ
ભૂર્જ ન૦ [સં.] એક વૃક્ષ. ૦પત્ર ન૦ કાગળ તરીકે વપરાતી
ભૂર્લોક પું૦ [સં.] ભૂલોક
ભૂલ સ્ત્રી૦ ચૂક; ખામી; ગફલત (૨) છેતરાવું તે (૩) વિસ્મૃતિ (૪) ગેરસમજ. ૦ચૂક સ્ત્રી૦ ભૂલ. ૦ણ ન૦ ભૂલવું તે. ૦થાપ સ્ત્રી૦ ભૂલ; ગફલત (૨) છેતરામણ. ૦વવું સ૦ક્રિ૦ ભૂલમાં નાંખવું; ભૂલ પાડવી; ભુલાવવું. ૦વું અ૦ક્રિ૦ ભૂલ કરવી. -લું વિ૦ ભૂલેલું (૨) આડે રસ્તે ચડેલું (૩) ભુલકણું
ભૂલોક પું૦ [સં.] મૃત્યુલોક; પૃથ્વી
ભૂવિદ્યા સ્ત્રી૦ [સં.] પૃથ્વી સંબંધી વિદ્યા
ભૂવો પું૦ પાણીથી પડેલો ઊંડો ખાડો (૨) ભૂત કાઢનાર (૩) એક જીવડો [લાંબી પટી
ભૂશલાકા, ભૂશિર સ્ત્રી૦ [સં.] દરિયામાં ગયેલી જમીનની
ભૂષણ ન૦ [સં.] શોભા (૨) ઘરેણું
ભૂષા સ્ત્રી૦ [સં.] ભૂષણ. -ષિત વિ૦ શણગારેલું
ભૂસકો પું૦ ભુસકો; ફૂદકો; ઊંચેથી નીચે પડવું તે
ભૂસડવું, ભૂસવું સ૦ક્રિ૦ ભૂંસાડવું; ભૂંસવું
ભૂસુર પું૦ [સં.] બ્રાહ્મણ
ભૂસું ન૦ થૂલું (૨) ચવાણાનું એક મિશ્રણ
ભૂસ્તરવિદ્યા સ્ત્રી૦, ભૂસ્તરશાસ્ત્ર ન૦ પૃથ્વીના પડ સંબંધી વિદ્યા. ભૂસ્તરવેત્તા, ભૂસ્તરશાસ્ત્રી પું૦ તે જાણનાર
ભૂંઆં ન૦બ૦વ૦ પાણી
ભૂંક સ્ત્રી૦ ભૂંકવું તે. ૦વું અ૦ક્રિ૦ ગધેડાનું ભોં ભોં કરવું
ભૂંગરા પું૦ બ૦ વ૦ શેકેલા ઘઉં, ચણા વગેરે
ભૂંગરેટ સ્ત્રી૦ ગરમ રાખ
ભૂંગળ સ્ત્રી૦; ન૦ બારણું બંધ રાખવાનો લાંબો આડો દંડો (૨) એક વાજિંત્ર. ૦ભટિયું ન૦ ટીપણું (૨) લાંબું લખાણ. ૦ભટિયો પું૦ હાથ જોનાર બ્રાહ્મણ. -ળિયો પું૦ ભૂંગળ વગાડનાર (૨) એક ઔષધિ. -ળી સ્ત્રી૦ પોલી નળી (૨) ફૂંકણી (૩) ખોળી (૪) દાક્તરની, કાનમાં ઘાલી તપાસવાની નળી. -ળું ન૦ નળાકાર કોઈ પણ ઘાટ (૨) નળાકાર ધુમાડિયું
ભૂંજર સ્ત્રી૦ ભૂંડણ ને તેનાં બચ્ચાં (૨) નાનાં છોકરાંનું ધાડું. ૦વાડ સ્ત્રી૦, ૦વાડો પું૦ જુઓ ભૂંજર (૨) [લા.] ગંદવાડ [અ૦ક્રિ૦ (કર્મણિ)
ભૂંજવું સ૦ક્રિ૦ શેકવું. ભૂંજાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). ભૂંજાવું
ભૂંડ, ૦કું ન૦ ડુક્કર; સૂવર. ૦ણ(-ણી) સ્ત્રી૦ ભૂંડની માદા
ભૂંડમશેળિયું વિ૦ ઝેરીલું (૨) કપટી; લુચ્ચું
ભૂંડું વિ૦ ખરાબ (૨) દ્વેષી (૩) બીભત્સ. -ડાઈ(-શ) સ્ત્રી૦ ભૂંડાપણું (૨) અણબનાવ. -ડાબોલું વિ૦ ભૂંડું બોલનાર. -ડાળું ન૦ ગાળ (૨) ગંદી ચેષ્ટા કે વ્યભિચાર
ભૂંભૂં અ૦ (રવ૦) એવો અવાજ
ભૂંભવવું સ૦ક્રિ૦ ભૂંભૂં અવાજ કરવો
ભૂંસવું સ૦ક્રિ૦ ભૂસવું; કાઢી નાખવું. ભૂંસાડવું સ૦ક્રિ૦ ભૂંસવું. ભૂંસાવવું સ૦ક્રિ૦, ભૂંસાવું અ૦ક્રિ૦ 'ભૂંસવું'નું પ્રેરક ને કર્મણિ
ભૃકુટિ(-ટી) સ્ત્રી૦ [સં.] ભમ્મર
ભૃગુ પું૦ [સં.] એક ઋષિ (૨) શુક્ર (૩) જમદગ્નિ. ૦લાંછન પું૦ (સં.) કૃષ્ણ. ૦વાર પું૦ શુક્રવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૃત્ય પું૦ [સં.] નોકર

ભૃંગ પું૦ [સં.] ભમરો (૨) એક પક્ષી (૩) ભૃંગાર

ભૃંગાર પું૦; ન૦ [સં.] સોનાનું ઝારી-કે લોટા જેવું વાસણ

ભૃંગી સ્ત્રી૦ [સં.] ભમરી (૨) ભૃંગપક્ષીની માદા (૩) એક ઝેરી વનસ્પતિ; અતિવિષા (૪) પું૦ (સં.) શિવનો એક ગણ

ભે પું૦ ભય (૨) જોખમ. ૦**ઊથલ** વિ૦ ઊથલભે; ભયથી ઊથલેલું–વ્યગ્ર. ૦**કાર** વિ૦ ભયંકર; ભેંકાર (પ.)

ભેખ પું૦; સ્ત્રી૦ વેષ (૨) સંન્યાસનો વેષ; સંન્યાસની દીક્ષા (૩) ભેખડ; કરાડ. ૦**ધારી** વિ૦ ભેખ ધારણ કરનાર. ૦**વટો** પું૦ ભેખ; સંન્યાસ

ભેખડ સ્ત્રી૦ ઢેકું (૨) ઝઝૂમતો ટેકરાનો ખૂણો; કરાડ (૩) નાણાંનો ઢગલો. –**ડાવવું** સ૦ક્રિ૦ 'ભેખડાવું'નું પ્રેરક. –**ડાવું** અ૦ક્રિ૦ભેખડનું ઢસડાઈ પડવું (૨) ભટકાવું; અથડાવું

ભેગ પું૦ મિશ્રણ. ૦**વડું** વિ૦ ભેગું. –**ગાભેગું** અ૦ સાથે સાથે. –**ગું** વિ૦ એકઠું; સાથે (૨) મિશ્ર

ભેચક વિ૦ + ગાભરું; આભું

ભેચો પું૦ જુઓ ભેંચો

ભેજ પું૦ ભીનાશ.

ભેજવું સ૦ક્રિ૦ [હિં.] મોકલવું

ભેજું ન૦ મગજ. –**જાગેબ** વિ૦ ગેબ થયેલા ભેજાવાળું; ચસકેલું

ભેટ સ્ત્રી૦ મેળાપ; મુલાકાત (૨) બક્ષિસ (૩) [ફા.] કમ્મરે તાણી બાંધેલું કપડું. ૦**વું** સ૦ક્રિ૦ આલિંગન આપવું (૨) મુલાકાત થવી (૩) લડવા માટે ભેગા થવું. –**ટંભેટા**, –**ટાભેટી** સ્ત્રી૦ ઉપરાછાપરી કે સામસામા ભેટવું તે. –**ટાડ-(–વ)વું** સ૦ક્રિ૦ 'ભેટવું'નું પ્રેરક. –**ટામણ** ન૦, –**ટામણી** સ્ત્રી૦ ભેટો; મેળાપ (૨) તે પ્રસંગે આપેલી ભેટ. –**ટાવું** અ૦ક્રિ૦ 'ભેટવું'નું કર્મણિ. –**ટિયો** પું૦ ભેટ કરાવનારો (૨) મંદિરનો ભટિયો. –**ટો** પું૦ મેળાપ (૨) આલિંગન

ભેડ ન૦ [સં.] ઘેટું

ભેડ [લે] અ૦ (રવ૦) મારવાનો અવાજ

ભેડવવું સ૦ક્રિ૦ (કા.) શરતમાં ઉતારવું

ભેડિયો પું૦ વરુ; ભેડનો કાળ

ભેડો પું૦ (કા.) ભેખડ

ભેણું ન૦ ઘી તાવવાનું માટીનું વાસણ

ભેદ પું૦ [સં.] તફાવત; જુદાપણું (૨) પ્રકાર (૩) છાની વાત (૪) છળભેદ (૫) ફૂટ પાડવી તે (૬) ચીરો; બારું. ૦**ક** વિ૦ ભેદનારું (૨) રેચક. ૦**દૃષ્ટિ** સ્ત્રી૦ ભેદભાવ; જુદાપણું. ૦**ન** ન૦ ભેદવું તે. ૦**બુદ્ધિ** સ્ત્રી૦ જુઓ ભેદ-દૃષ્ટિ. ૦**ભાવ** પું૦ જુદાપણું; અંતર (૨) કપટ. ૦**વું** સ૦ક્રિ૦ છેદ પાડવો; તોડવું. –**દિયો** પું૦ ભેદ–રહસ્ય જાણનાર માણસ. –**દુ** પું૦ ભેદ–રહસ્ય જાણનાર (૨) જાસૂસ (૩) ફૂટ પડાવનાર

ભેભટ સ્ત્રી૦ ઊની રાખ; ભડસાળ

ભેર સ્ત્રી૦ મદદ; વહાર (૨) [સં.] ભેરી

ભેર [લે] શબ્દને લગતાં–'તે સાથે, સહિત' એ અર્થનું અ૦ બનાવે. ઉદા૦ હોંસભેર. કેટલીક જગાએ 'માત્ર તે સાથે' એવો અર્થ પણ થાય છે. ઉદા૦ પોતિયાભેર

ભેરવ વિ૦ ભૈરવ સંબંધી (૨) ભયંકર (૩) પું૦ શિવનું એક સ્વરૂપ (૪) ચીબડી (૫) એક રાગ. ૦**જપ** પું૦ મોક્ષ માટે જપ કરતાં કરતાં પર્વત ઉપરથી પડતું મૂકવું તે (૨) [લા.] કોઈ કામમાં આંધળિયાં કરી પડવું તે. –**વી** સ્ત્રી૦ એક રાગિણી

ભેરવવું સ૦ક્રિ ભરવવું; વળગાડવું (૨) ભંભેરવું; ભમાવવું

ભેરવાવું અ૦ક્રિ૦ 'ભેરવવું'નું કર્મણિ (૨) ગૂંચવાઈ જવું; સંડોવાવું

ભેરિ(–રી) સ્ત્રી૦ [સં.] નોબત; નગારું; ભેર

ભેરુ પુ૦ સાથી; ભિલ્લુ; ભીરુ

ભેલા(–ળા)ડ પું૦ બગાડ; નુકસાન. ૦**વું** સ૦ક્રિ૦ બગાડવું; [વણસાડવું

ભેવ પું૦ + ભેદ; મર્મ

ભેષજ ન૦ [સં.] ઓસડ

ભેળ પું૦ ભેગ; મિશ્રણ (૨) ભેલાડ; બગાડ (૩) ભંગાણ; તૂટ (૪) સ્ત્રી૦ એક ચવાણું (મુંબઈ). ૦**વણ** ન૦, ૦**વણી** સ્ત્રી૦ મેળવણી; મિશ્રણ. ૦**વવું** સ૦ક્રિ૦ મેળવવું; મિશ્ર કરવું (૨) સામેલ કરવું. ૦**વું** સ૦ક્રિ૦ સામેલ રાખવું (૨) મેળવવું; મિશ્રિત કરવું (૩) ભેલાડવું. ૦**સેળ** વિ૦ એકઠું; મિશ્રિત (૨) સ્ત્રી૦ મિશ્રણ. ૦**સેળિયું** વિ૦ ભેળસેળવાળું. –**ળાડ**, –**ળાડવું** જુઓ 'ભેલાડ'માં. –**ળામણ** ન૦, –**ળામણી** સ્ત્રી૦ ભેળવવાની વસ્તુ (૨) ભેળવવું તે (૩) ભેળવવાનું મહેનતાણું. –**ળી** સ્ત્રી૦ ખીચડી (પુષ્ટિમાર્ગીય). –**ળીસાડો** પું૦ (કા.) ભેળો વસવાટ (૨) સમાગમ; પરસ્પર સારો સંબંધ. –**ળું** વિ૦ (૨) અ૦ ભેગું; સાથે

ભેં ન૦ (૨) અ૦ (રવ૦) રડવાનો અવાજ. ૦**કડો**, ૦**કાર** પું૦ લાંબે સાદે રડવું તે કે તેનો સાદ. ૦**કવું** અ૦ક્રિ૦ ભેંકડો મૂકવો; ભેં ભેં કરવું. ૦**ભેં** અ૦ ભેં

ભેંકાર વિ૦ + ભેકાર; ભયંકર (૨) જુઓ 'ભેં'માં

ભેંચો પું૦ છૂંદાયેલો લોચો; માંસનો લોચો (૨) ભરચકપણું; ભરાવો (૩) [લા.] કસ; દમ

ભેંશ(–સ) સ્ત્રી૦ દૂધ દેનારું એક ઢોર; ડોબું. ૦**મૂઢું** વિ૦ ડોબામૂઢ; મંદબુદ્ધિ. –**સર** પું૦ પાડો. –**સલું** વિ૦ (કા.) નમાલું; પાડા જેવું ઠંડું. –**સલો** પું૦ બે ચીલાની વચમાંનો ઊંચો ભાગ. –**સાસણ** પું૦ મોટો પાડો. –**સાસુર** પું૦ ભયંકર માણસ (૨) (સં.) પાડાના આકારનો એક રાક્ષસ. –**સાસૂર** પું૦ ભેંસ જેવો જાડો સૂર. –**સું** ન૦ ભેંસનું આખું ચામડું

ભેંસો પું૦ દબાણ; ભીંસ; પડખાથી જોર દેવું તે

ભેંસોગૂગળ પું૦ એક જાતનો ગૂગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૈડ સ્ત્રી૦ (ચ.) કોસની વરત અને બળદના દોરડાને સાંધવાની લાકડાની મેખ [ભૈયાની ઢબનું

ભૈયો પું૦ ભાઈ (૨) ઉત્તરહિંદનો વતની. –યાશાઈ વિ૦

ભૈરવ વિ૦ (૨) પું૦ [સં.] જુઓ ભેરવ. ૦ઘાટી સ્ત્રી૦ ઊંચા શિખરની ભયંકર કરાડનું સ્થાન. ૦જપ પું૦ જુઓ ભેરવજપ. –વી સ્ત્રી૦ ભૈરવી રાગિણી (૨) (સં.) દુર્ગાનું એક સ્વરૂપ

ભો [ભો] પું૦ ભય

ભો અ૦ [સં.] ઓ! એ! (સંબોધનનો ઉદ્ગાર)

ભોઈ પું૦ પાલખી ઉપાડવાનો ધંધો કરનાર

ભોકવું સ૦ક્રિ૦ ઘોંચવું; ભોંકવું

ભોકારું ન૦ ભોપાળું; પોગળ

ભોક્તા પું૦ [સં.] ભોગવનાર. –કતૃત્વ ન૦ ભોક્તાપણું

ભોગ પું૦[સં.] ભોગવવું તે (૨) ભોગવવાની સામગ્રી (૩) દેવને ધરાવવાનો પ્રસાદ (૪)[લા.] માઠી દશા (૫) બલિદાન. ૦જોગે અ૦ દૈવયોગે; સંજોગવશાત્; કદાચ. ૦ણી સ્ત્રી૦ + ભોગ કરનારી કે લેનારી સ્ત્રી. ૦વટો પું૦ ઉપયોગ; માલિકી. ૦વવું સ૦ક્રિ૦ ઉપભોગ કરવો (૨) સહન કરવું. ૦વિલાસ પું૦ અમનચમન

ભોગળ સ્ત્રી૦ ભૂંગળ

ભોગિયો પું૦ ભોગી પુરુષ; ભોગવનાર

ભોગી વિ૦ [સં.] ભોગવનાર (૨) પું૦ ભોગિયો (૩) આશક; પ્રીતમ (૪) ભમરો (૫) સાપ. –ગીંદ્ર પું૦ (સં.) શેષનાગ

ભોગ્ય વિ૦ [સં.] ભોગવવા લાયક (૨) ન૦ ધન; પૂંજી

ભોજ પું૦ [સં.] યાદવોની એક જાતનો માણસ (૨) [સં.] એક દાનવીર પ્રાચીન રાજા. ૦પતિ પું૦ (સં.) કંસ

ભોજક પું૦ [સં.] ભોગવનાર (૨) જૈન મંદિરનો ગવૈયો

ભોજન ન૦ [સં.] જમણ. ૦ગૃહ,–નાલય ન૦, ૦શાલા (–ળા) સ્ત્રી૦ જમવાનું સ્થાન (૨) વીશી. ૦દક્ષિણા સ્ત્રી૦ જમાડયા પછી આપવામાં આવતી દક્ષિણા

ભોજનીય વિ૦ [સં.] ખાવા કે ભોગવવા યોગ્ય

ભોજપત્ર ન૦ જુઓ ભૂર્જપત્ર

ભોજપરું ન૦(કા.) અસલ ભોજપરા ગામની બનાવટનો ફેંટો

ભોજપુરી સ્ત્રી૦ બિહારના એક ભાગની બોલી

ભોજલું ન૦ માંકડું

ભોજાઈ સ્ત્રી૦ ભાભી

ભોજી વિ૦[સં.] ખાનાર (સમાસમાં છેડે). ઉદા૦ 'માંસભોજી'. –જ્ય વિ૦ ભોજનીય (૨) ન૦ ખાવા કે ભોગવવાની વસ્તુ

ભોટ વિ૦ (૨) પું૦ મૂઢ; બેવકૂફ

ભોટવો પું૦ માટીનો ચંબુ

ભોટંગડી સ્ત્રી૦ એક વનસ્પતિ

ભોટીલું ન૦ કુરકુરિયું [ભોંઠપ

ભોઠું વિ૦ જુઓ ભોંઠું. –ઠપ સ્ત્રી૦,–ઠામણ ન૦ જુઓ

ભોડ વિ૦(ચ.) પાકવા પર આવેલી–સાખ જેવી (આમલી)

ભોડું ન૦ માથું

ભોથું ન૦ મૂળિયાંનો ઝૂડો (દાભ, શેરડી વગેરેનાં)

ભોપાળું ન૦ પોલ; પોકળ (૨) ઢોંગ

ભોપો પું૦ ભરડો; શિવનો પૂજારી

ભોમ પું૦ જુઓ ભૌમ ૩,૪. ૦વા(૦સ)ર પું૦ મંગળવાર

ભોમ,૦કા સ્ત્રી૦ ભૂમિ

ભોમિયું વિ૦ જાણકાર. –યણ સ્ત્રી૦ જાણકાર સ્ત્રી. –યો પું૦ જાણકાર માણસ (૨) વાટ બતાવનાર

ભોર પું૦; સ્ત્રી૦ પરોઢિયું (૨) પું૦ જુઓ ભોળ (૩) અ૦ ભોરંભોર. –રંભોર અ૦ સમાપ્ત; ખલાસ

ભોર [ભો] પું૦ ઘાસના પૂળાથી ભરેલું ગાડું

ભોરા ન૦ એક પક્ષી

ભોરિંગ પું૦ મોટો નાગ

ભોરિંગડી સ્ત્રી૦ એક વનસ્પતિ

ભોરો પું૦ + ભમરો

ભોલ વિ૦ પોલું; ફૂલેલું

ભોલુ પું૦ વાંદરો

ભોહ ન૦ ઈંઢોણી (વેલાની)

ભોળ પું૦ તમ્મર (૨) તમ્મરથી આવતી ઊલટી

ભોળું, –ળિયું વિ૦ કપટમાં ન સમજે તેવું; સાલસ. ૦ભટ, ૦ભટાક, ૦ભાળું વિ૦ સાવ ભોળું. –ળપ સ્ત્રી૦, –ળપણ ન૦, –ળાઈ સ્ત્રી૦ ભોળાપણું. –ળવણી સ્ત્રી૦ ભોળવવું તે. –ળવવું સ૦ક્રિ૦ ભરમાવવું. –ળાનાથ પું૦ (સં.) મહાદેવ. –ળિયો પું૦ એક જાતનો ભિખારી

ભોં સ્ત્રી૦ ભોંય (૨) ન૦ (રવ૦) (૩) અ૦ (રવ૦) ભૂંગળ કે ગાયના બરાડવાનો અવાજ [ભોંકવું

ભોંક ન૦ છિદ્ર; કાણું (૨) ભોંકાવાની અસર. ૦વું અ૦ક્રિ૦

ભોંકોળું ન૦ ભોંયકોળું [શરમિંદાપણું; નીચાજોણું

ભોંઠું વિ૦ ભોંઠપવાળું. –ઠપ સ્ત્રી૦,–ઠામણ ન૦ શરમ;

ભોંણ ન૦ (કા.) દર

ભોંણિયું ન૦ બાંયું

ભોંય સ્ત્રી૦ જમીન. ૦આમલી, ૦આંબલી સ્ત્રી૦ એક વનસ્પતિ. ૦આવળ પું૦;સ્ત્રી૦ એક વનસ્પતિ. ૦ઈંકડ સ્ત્રી૦ એક વનસ્પતિ. ૦કંદ પું૦ એક વનસ્પતિ અને એનો કંદ. ૦કાંસકી સ્ત્રી૦ એક વનસ્પતિ. ૦કોળું ન૦ ભોંકોળું; એક જાતનું કોળું. ૦ચંપો પું૦ એક જાતનો ચંપો. ૦તરવડ સ્ત્રી૦ સોનામુખી. ૦તળિયું ન૦ ઘરનો છેક નીચેનો ભાગ. ૦ભાઠું ન૦ ભોંય કે ભાઠું; જમીન. ૦ભાડું ન૦ (૨) જમીનનું ભાડું કે મહેસૂલ (૨) સ્મશાનમાં બાળવાની જગાનું ભાડું. ૦રસો પું૦ લીંબણના પોપડાનો રસ. ૦રીંગણી સ્ત્રી૦ એક વનસ્પતિ. ૦રું ન૦ જમીનની અંદર કરેલું ઘર. ૦શિં(–શી,–સિં,–સીં)ગ સ્ત્રી૦ મગફળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૌગોલિક વિ૦ [સં.] ભૂગોળ સંબંધી

ભૌડું ન૦ આબુનો ભીલ

ભૌતિક વિ૦ [સં.] પંચમહાભૂત સંબંધી-તેમનું બનેલું; સ્થૂળ; જડ (૨) ભૂતયોનિ સંબંધી. **૦વિદ્યા** સ્ત્રી૦ ભૂતપ્રેત સંબંધી વિદ્યા (૨) ભૌતિકશાસ્ત્ર. **૦શાસ્ત્ર** ન૦ ભૌતિક પદાર્થોને લગતું શાસ્ત્ર; 'ફીઝિક્સ'. **૦શાસ્ત્રી** પું૦ ભૌતિકશાસ્ત્ર જાણનાર

ભૌમ વિ૦[સં.]પૃથ્વી સંબંધી (૨) મંગળનું (૩) પું૦ મંગળગ્રહ (૪) મંગળવાર (૫) સાટોડીનો છોડ. **૦વા(૦સ)ર** પું૦ મંગળવાર

ભૌમિતિક વિ૦ [સં.] ભૂમિતિનું, ભૂમિતિને અંગેનું

ભ્રમ પું૦[સં.] સંદેહ (૨) ભ્રાન્તિ (૩) ગોળ ફરવું તે. **૦ણ** ન૦ ફરવું-રખડવું-તે(૨) ભ્રમ ૩ જુઓ. **૦ણા** સ્ત્રી૦ભ્રમ;ભ્રાંતિ

ભ્રમર પું૦ [સં.] ભમરો

ભ્રમિત વિ૦ [સં.] ભ્રમ પામેલું; ભ્રમમાં પડેલું

ભ્રષ્ટ વિ૦ [સં.] ઊંચેથી પડેલું (૨) પાપી; દુરાચારી (૩) અપવિત્ર થયેલું. **૦તા** સ્ત્રી૦. **-ષ્ટાચાર** પું૦ દુરાચાર;પાપ

ભ્રંશ(-સ) પું૦ [સં.] નીચે પડવું તે; અધઃપાત

ભ્રાત,-તા [સં.] પું૦ ભાઈ. **-તૃજાયા** સ્ત્રી૦ ભાભી. **-તૃતા** સ્ત્રી૦, **-તૃત્વ** ન૦, **-તૃભાવ** પું૦ ભાઈચારો

ભ્રામક વિ૦ [સં.] ભ્રમમાં નાંખે એવું

ભ્રામરી સ્ત્રી૦ [સં.] (સં.) પાર્વતી

ભ્રાંત વિ૦[સં.] ભ્રમિત; ભ્રાંતિવાળું. **-ત(-તિ)** સ્ત્રી૦ભ્રમ; મોહ; ખોટો ખ્યાલ; ખોટું જ્ઞાન(૨)શક; અંદેશો **-તિકર, -તિકારક** વિ૦ ભ્રાંતિ ઉપજાવનારું. **-તિમત** પું૦ એક અલંકાર, જેમાં બે વસ્તુ વચ્ચેના સામ્યને લીધે એક બીજામાં ભ્રાંતિ થાય છે

ભ્રૂ સ્ત્રી૦; ન૦, **૦કુટિ(-ટી)** સ્ત્રી૦ [સં.] ભવું; ભમ્મર

ભ્રૂણ પું૦ [સં.] કાચો ગર્ભ. **૦હત્યા** સ્ત્રી૦ ગર્ભની હત્યા; ગર્ભપાત કે ગર્ભનાશ કરવો તે (એક મહાપાપ)

ભ્રૂભંગ, ભ્રૂવિકાર પું૦ [સં.] ભવાં ચડાવવાં તે

મ

મ પું૦[સં.] પવર્ગનો અનુનાસિક. **૦કાર** પું૦ મ અક્ષર કે ઉચ્ચાર. **૦કારાંત** વિ૦ છેડે મકારવાળું

મ પું૦સંગીતના મધ્યમ સ્વરનો સંકેત (૨) અ૦+મા; નહિ૦

મઉ વિ૦ ઘણા દિવસનું ભૂખ્યું; ભૂખથી ટળવળતું (૨) પોચું (૩) કંજૂસ (૪) પું૦ ભૂખ્યા અને દુઃખી લોકોનું ટોળું. **૦ડાવેડા** પું૦બ૦વ૦ ભિખારીવેડા. **૦ડું** વિ૦ મઉ; ભૂખ્યું

મકતબ સ્ત્રી૦ [अ.] નિશાળ

મકતો પું૦ [अ.] ગઝલની છેલ્લી ટૂંક

મક(-ગ)દૂર સ્ત્રી૦ [अ.] જુઓ મગદૂર

મકનું વિ૦ મસ્ત; મનસ્વી

મકબરો પું૦ [अ.] કબરસ્તાન (૨) રોજો

મકર પું૦ મક્કર; છળકપટ; ફેલ. **૦કુદી** સ્ત્રી૦ ચરબી; તોફાન. **૦જના** સ્ત્રી૦ સ્ત્રીચરિત્ર; સ્ત્રીઓનો પ્રપંચ. **૦બાજ** વિ૦ કાવતરાખોર; દગાબાજ

મકર પું૦ [સં.] મગરમચ્છ (૨) જુઓ મગર (૩) દશમી રાશિ. **૦ક** સ્ત્રી૦ એક જાતની માછલી. **૦કેતન, ૦કેતુ, ૦ધ્વજ** પું૦ (સં.) કામદેવ. **૦રાશિ** સ્ત્રી૦ મકર; દશમી રાશિ. **૦સંક્રમણ** ન૦, **૦સંક્રાંતિ** સ્ત્રી૦ સૂર્યનું મકરરાશિમાં જવું તે; ઉત્તરાયણ

મકરકુદી,મકરજના,મકરબાજ જુઓ 'મકર'માં

મકરબો પું૦ જુઓ મકબરો

મકરવો પું૦ શેરડીનો ટુકડો; ગંડેરી; બડવો

મકરંદ પું૦[સં.] ફૂલનું મધ (૨) ફૂલની રજ (૩) ભમરો (૪) [કોકિલ

મકરાકર પું૦ [સં.] સમુદ્ર

મકરાકૃત વિ૦ [સં.] માછલીના આકારનું

મકરાણી પું૦ સિંધની વાયવ્યે આવેલા મકરાણ દેશનો [રહેવાસી

મકરાર્ક પું૦ [સં.] મકરરાશિનો સૂર્ય

મકરી સ્ત્રી૦ [સં.] મગરની માદા; મગરી

મકલાવું અ૦ક્રિ૦ મલકાવું; સ્મિત કરવું (૨) ખૂબ હરખાવું

મકવાણો પું૦ એ નામની જાત કે અટકનો માણસ

મકસદ સ્ત્રી૦ [अ.] મુરાદ; ધારણા

મકસૂદ અ૦ [अ.] જાણીજોઈને; હેતુપુરઃસર

મકાઈ સ્ત્રી૦ એક અનાજ

મકાત સ્ત્રી૦ દાણ; જકાત (૨) ઇજારો. **-તી** પું૦ દાણી (૨) [ઇજારદાર

મકાન ન૦ [अ.] ઘર; ઇમારત

મકાર પું૦ [સં.] મણની સંજ્ઞા (વેપારીઓમાં) (૨) જુઓ ['મ'માં

મકોડી,-ડો પું૦ જુઓ 'મંકોડી'માં

મક્કમ વિ૦ દૃઢ. **૦તા** સ્ત્રી૦, **૦પણું** ન૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મક્કર પું૦ મકર; છળ

મક્કલ ન૦ [सं.] પ્રસૂતાનો એક રોગ [(અરબસ્તાનમાં)

મક્કા ન૦ [अ.] (સં.) મહમદ પેગંબરનું જન્મસ્થાન

મક્ષિ(-ક્ષી)કા સ્ત્રી૦ [सं.] માખ

મખ પું૦ [सं.] યજ્ઞ [મખમલનું (૨) મખમલ જેવું

મખમલ ન૦; સ્ત્રી૦ [अ.] એક જાતનું રેશમી કાપડ. **-લી** વિ૦

મખમૂર પું૦ [अ.] દારૂ પી ગાંડો બનેલો

મખાંતર ન૦ નિમિત્ત; બહાનું

મખિયરડું ન૦ ઘોડાની આંખ પર માંખીઓ બેસતી અટકાવવાની લટકતી દોરીઓવાળી પટી

મખ્ખીચૂસ વિ૦ [हिं.] કંજૂસ [(૪) અ૦ ભણી; તરફ

મગ પું૦ એક કઠોળ (૨) [प.] માર્ગ (૩) સ્ત્રી૦ બાજુ; તરફ

મગજ પું૦ ચણાના લોટની એક મીઠાઈ (૨) ખોપરીની અંદરનો નરમ ભાગ; ભેજું (૩) ફળની મીજ. **૦મારી** સ્ત્રી૦ માથાફોડ. **-જિયું** ન૦ મગજને પુષ્ટિ આપનાર એક વસાણું

મગજી સ્ત્રી૦ [फ़ा.] જુઓ મુગજી. **૦દાર** વિ૦ મગજીવાળું

મગડો પું૦ ગુલબાસનું બી

મગણ પું૦ [सं.] ત્રણ ગુરુ અક્ષરનો ગણ

મગતરું ન૦ મચ્છર; ડાંસ

મગતું વિ૦ મોકળું; પહોળું

મગદળ પું૦ મગના લોટનો લાડુ (૨) ન૦ મગદળિયો. **૦વું** સ૦ક્રિ૦ કચડી નાંખવું. **-ળિયું** વિ૦ મગદળવાળું (૨) મગદળ ભાવતો હોય તેવું (૩) ન૦ મગદળિયો. **-ળિયો** પું૦ કસરત માટે હાથથી ફેરવવાની લાકડાની બનાવટ

મગદૂર સ્ત્રી૦ મકદૂર; તાકાત (૨) હિંમત

મગન વિ૦ રાજી; મગ્ન

મગફળી સ્ત્રી૦ તેલી બીની એક શીંગ

મગમાળા સ્ત્રી૦ મગ જેવડા સોનાના મણકાની માળા

મગર અ૦ [फ़ा.] પરંતુ

મગર પું૦ એક જળચર પ્રાણી. **૦મચ્છ** પું૦ એક જાતનો મોટો મત્સ્ય-માછલું. **૦મસ્ત** વિ૦ હૃષ્ટપુષ્ટ; જોરાવર

મગરિબ સ્ત્રી૦ [अ.] સંધ્યાકાળ (૨) સાંજની નમાજ

મગરિયું ન૦ છાપરા ઉપર જવાનું બાકું

મગરી સ્ત્રી૦ મગરની માદા

મગરી સ્ત્રી૦ ડુંગરી. **-રો** પું૦ ડુંગરો

મગરૂબ,-ર [अ.] વિ૦ અભિમાની. **-બી,-રી** સ્ત્રી૦ અભિમાન

મગા સ્ત્રી૦ જગા

મગાવવું સ૦ક્રિ૦, 'માગવું'નું પ્રેરક (૨) મંગાવવું

મગાવું અ૦ક્રિ૦ 'માગવું'નું કર્મણિ [સુતરાઉ લૂગડું

મગિયું વિ૦ મગ જેવડું (૨) ન૦ સ્ત્રીઓનું એક જાતનું

મગી સ્ત્રી૦ એક વનસ્પતિ (૨) ઝીણા દાણાના મગ

મગોડું ન૦ મગનું ગોતર

મગ્ન વિ૦ [सं.] તલ્લીન; ગરક થયેલું (૨) મગન; રાજી

મઘમઘવું અ૦ક્રિ૦ ખુશબો ફેલાવવી; મહેકવું.

મઘમઘાટ પું૦ મઘમઘવું તે

મઘવા પું૦ [सं.] ઇંદ્ર

મઘા સ્ત્રી૦ [सं.] દસમું નક્ષત્ર

મચક સ્ત્રી૦ પાછું હઠવું-ડગવું તે

મચકણિયું ન૦ કોકરવું

મચકો પું૦ લટકો; લહેકો. **-કાળું** વિ૦ લટકાળું

મચકોડ પું૦ ઠેલો; હડસેલો (૨) તિરસ્કાર (૩) સ્ત્રી૦ મચડાવું, અમળાવું કે ઊતરી જવું તે. **૦વું** સ૦ક્રિ૦ મરડવું; આંબળવું

મચડવું સ૦ક્રિ૦ મરડવું; આમળવું (૨) મસળવું

મચમચાવવું સ૦ક્રિ૦ મટમટાવવું (૨) છંછેડાવવું

મચવું અ૦ક્રિ૦ સમાઈ જવું (૨) તલ્લીન થઈ જવું; મંડવું (૩) જામવું; જોસમાં આવવું

મચાણ પું૦ એક રોગ

મચિયેર સ્ત્રી૦ દરિયાકિનારે ઊગતો એક છોડ

મચોડવું સ૦ક્રિ૦ (સુ.) મચકોડવું; મરડવું [મત્સ્યાવતાર

મચ્છ પું૦; ન૦ [सं.] માછલું (૨) મેઘધનુષ્ય (૩) જુઓ

મચ્છર પું૦ ડાંસ (૨) મત્સર; ગુમાન. **૦દાની** સ્ત્રી૦ મચ્છરને અટકાવવા કરાતી જાળીદાર કપડાની બનાવટ

મચ્છરિયો પું૦ એક પક્ષી

મચ્છા મિ દોકડો શ૦પ્ર૦ [જૈન] જુઓ મિચ્છા મિ દુક્કડમ્

મચ્છી સ્ત્રી૦ માછલી. **૦ખાનું** ન૦ મચ્છીબજાર (૨) મચ્છીમારનું રહેઠાણ. **૦બજાર** ન૦ માછલીઓનું બજાર (૨) [લા.] ખૂબ કોલાહલનું સ્થાન. **૦માર** પું૦ માછી. **૦વાઘ** પું૦ એક પક્ષી [કરવું તે

મછણ(-ન) ન૦ જમ્યા પછી મોં સાફ કરવું તે-આચમન

મછરાળ વિ૦ મચ્છરવાળું; ગુમાની (૨) મચ્છરોથી ભરપૂર

મછરું ન૦ મચ્છર; ડાંસ

મછવો પું૦ હોડી

મજ સ૦ મુજ; મારું [હેવાલ; બીના; હકીકત

મજકૂર વિ૦ [अ.] સદર; આગળ જણાવેલું (૨) પું૦

મજદૂર પું૦ [फ़ा.] જુઓ મજૂર

મજનૂ વિ૦ પ્રેમઘેલું

મજબૂત વિ૦ [अ.] દૃઢ; નક્કર; જબરું. **-તી** સ્ત્રી૦ મજબૂતપણું

મજબૂર વિ૦ [अ] નિરુપાય; લાચાર

મજમલે અ૦ એકંદરે

મજમુ(-મૂ) વિ૦ મજિયારું. **૦દાર** પું૦ પરગણાનો હિસાબ રાખનારો અમલદાર; હિસાબ તપાસનાર (૨) ભાગીદાર. **૦દારી** સ્ત્રી૦ મજમુદારનું કામ અને હોદ્દો

મજમૂન પું૦ [अ.] વિષય; બીના

મજરે અ૦ પેટે; સાટે

મજરો પું૦ મુજરો; સલામ (૨) બદલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજલ સ્ત્રી૦ એક દિવસની મુસાફરી જેટલું અંતર (૨) મજલ પૂરી થાય તે ઠેકાણું; મુકામ (૩) મુસાફરી; ટપ્પો

મજલિસ સ્ત્રી૦ [अ.] મિજલસ (૨) સભા; મંડળી

મજલૂમ પું૦ [अ.] જુલમથી પીડિત–તેનું ભોગ બનેલ

મજલો પું૦ માળ; મેડો

મજહબ પું૦ [अ.] ધર્મ; પંથ. **–બી** વિ૦ મજહબનું

મજા(–ઝા) સ્ત્રી૦ આનંદ; લહેર. **૦દારી** વિ૦ મજેદારી. **૦નું** વિ૦ આનંદ પડે એવું; મનોહર; ખાસું

મજાક સ્ત્રી૦ [अ.] મશ્કરી. **–કી** વિ૦ મશ્કરીખોર

મજાગરું ન૦ બરડવું

મજાત અ૦ (સુ.) સુધ્ધાં; પણ

મજારવાડો પું૦ કબરસ્તાન

મજાલ સ્ત્રી૦ [अ.] મગદૂર

મજિયારું વિ૦ સહિયારું; પંતિયાળું (૨) ન૦ ભાગિયાભાગ; ભાગીદારી. **–રો** પું૦ સંયુક્ત વહીવટ

મજિયો પું૦ એક જાતનો પથ્થર

મજીઠ સ્ત્રી૦ એક વનસ્પતિનું મૂળિયું. **–ઠિયું** વિ૦ મજીઠના રંગનું; પાકા લાલ રંગનું

મજૂર પું૦ રોજિંદા દામ લઈ મહેનત કરનાર; શ્રમજીવી. **૦મહાજન** ન૦, **૦સંઘ** પું૦ મજૂરોનું મંડળ; 'ટ્રેડયુનિયન'. **૦ણ** સ્ત્રી૦ મજૂરી કરનાર સ્ત્રી. **–રી** સ્ત્રી૦ વૈતરું; મહેનત (૨) તેના બદલામાં મળતું નાણું

મજૂસ સ્ત્રી૦ મોટી પેટી; પટારો

મજે,–ઝે [फा.] સ્ત્રી૦ મઝા. **૦દાર** વિ૦ મજેનું. **૦દારી** સ્ત્રી૦ મજા. **૦નું** વિ૦ મજાનું. **–જો(–ઝો)** સ્ત્રી૦ મજા

મજ્જન ન૦ [सं.] ડૂબકી (૨) સ્નાન

મજ્જા સ્ત્રી૦ [सं.] હાડકામાંનો માવો

મઝધાર સ્ત્રી૦ [हिं.] પ્રવાહની મધ્ય ધારા–ભરધારા

મઝલું વિ૦ વચલું; મધ્યનું

મઝા સ્ત્રી૦ [फा.] **૦દારી,૦નું** જુઓ 'મજા'માં. **–ઝે,–ઝેદાર,–ઝેદારી,–ઝેનું,–ઝો** જુઓ 'મજે'માં

મટ સ્ત્રી૦ જંપ; નિરાંત (૨) મટકો; ચાળો (૩) મટકું. **૦ક** સ્ત્રી૦ મટકો; ચાળો. **૦કાવવું** સ૦ક્રિ૦ આંખ મટમટાવી વાત કરવી. **૦કું** ન૦ આંખનો પલકારો (૨) જુઓ 'મટકી'માં. **૦કો** પું૦ ચાળો; હાવભાવ; ચેષ્ટા. **૦મટાવવું** સ૦ક્રિ૦ આંખના પલકારા મારવા

મટકી સ્ત્રી૦, **–કું** ન૦ માટલી; હાંલ્લી

મટન ન૦ [इं.] માંસ (ઘેટાંબકરાંનું)

મટર ન૦ [हिं.] એક કઠોળ–વટાણા

મટવું અ૦ક્રિ૦ દૂર થવું; ટળવું (૨) રોગમુક્ત થવું; સાજું થવું

મટુકી સ્ત્રી૦ મટકી (લાલિત્યવાચક)

મટોડી સ્ત્રી૦ માટી. **–ડું** ન૦ માટી, કચરો વગેરે રદ્દી–કચરું

મઠ પું૦ એક કઠોળ. **–ઠિયું** ન૦ તેના લોટનો પાપડ

મઠ પું૦ [सं.] સાધુનો આશ્રમ (૨) વિદ્યાનું મથક. **–ઠાધિકારી,–ઠાધિપતિ, –ઠાધ્યક્ષ** પું૦ મઠનો વડો

મઠતાલ પું૦ એક તાલ (સંગીત)

મઠા(–ઠે)રવું સ૦ક્રિ૦ ગૂંદવું (૨) ટીપીને કે રંદો ફેરવીને ઘાટદાર બનાવવું (૩) ટાપટીપ કરવી (૪) મારવું; ટીપવું (૫) તૃપ્તિથી સ્વાદપૂર્વક ખાવું

મઠાણો પું૦ મઠારવાનું સોનીનું ઓજાર (સુ.)

મઠિયું ન૦ જુઓ 'મઠ'માં

મઠેરવું સ૦ક્રિ૦ જુઓ મઠારવું. **–ણી** સ્ત્રી૦ મઠેરવું તે (૨) રંદો (૩) સોનીનું એક ઓજાર [એક વાની

મઠો પું૦ દહીં ભાગીને બનાવેલી જાડી છાશ (૨) તેની

મડદું ન૦ મુડદું; શબ. **–દાલ** વિ૦ જુઓ મુડદાલ [ઉપરી

મડઘો પું૦ મોટો મલ્લ; જાડો હૃષ્ટપુષ્ટ માણસ (૨) કાસદોનો

મડપ પું૦ એક ભાજી

મડમ સ્ત્રી૦ યુરોપિયન–ગોરી સ્ત્રી

મડાગાંઠ સ્ત્રી૦ સખત ગાંઠ

મડિયાં ન૦બ૦વ૦ મરડીને ઘાલવાનાં પોલાં કલ્લાં

મડું ન૦ મડદું [(૩) પોળ (૪) માતાનું સ્થાન

મઢ પું૦ દરબારગઢનો આગલો ઊંચો મેડાદાર ભાગ (૨) દેલું

મઢવું સ૦ક્રિ૦ લપેટી કે આવરીને જડી દેવું

મઢી, –ઢૂડી(–લી) સ્ત્રી૦ કુટિર; છાપરી

મણ પું૦ ચાળીસ શેરનું તોલ

મણકો પું૦ વેહવાળા ગોળ દાણા (૨) અંકોડો

મણા સ્ત્રી૦ ઊણપ; ખામી; ખોટ

મણારાજ પું૦ (કા.) જુઓ માણારાજ

મણિ પું૦ [सं.] કીમતી પથરો; રત્ન. **૦કર્ણિકા,૦કર્ણી** સ્ત્રી૦(સં.) કાશીનો એક ગંગાઘાટ. **૦કાર** પું૦ ઝવેરી. **૦ધર** પું૦ નાગ. **૦બંધ** પું૦ કાંડું (૨) એક છંદ. **૦મહોત્સવ** પું૦ હીરક મહોત્સવ. **૦મંડપ** પું૦ શેષનાગને રહેવાનું સ્થાન (૨) મણિ જડેલો મંડપ; અતિ સુશોભિત સ્થાન

મણિયાર પું૦ મનિયાર; બંગડીઓ બનાવનાર એક જાતનો માણસ. **–રું** ન૦ મણિયારનો ધંધો

મણીકું ન૦ નાનો મણીકો. **–કો** પું૦ મણનું કાટલું કે માપ

મત્ વિ૦ [सं.] નામને લાગતાં 'વાળું" એવા અર્થમાં. ઉદા૦ 'નીતિમત્'

મત સ્ત્રી૦+મતિ; બુદ્ધિ (૨) અ૦ [हिं.] મા; નહિ

મત પું૦; ન૦ [सं.] અભિપ્રાય; (૨) સંપ્રદાય (૩) હઠ; મમત (૪) અનુમતિ; 'વોટ'. **૦દાર** પું૦ મત આપવાના અધિકારવાળો. **૦દારમંડળ** ન૦ મતદારોનું મંડળ; ચૂંટણી માટે મતદારોનો નક્કી કરાતો તફો–સમૂહ. **૦પત્ર** પું૦; ન૦ મત લખવાનો કાગળ. **૦પેટી** સ્ત્રી૦ ચૂંટણીમાં મતપત્ર નાંખવાની પેટી. **૦ફેર, ૦ભેદ** પું૦ મત ભિન્ન હોવા તે. **૦મતાંતર** પું૦; ન૦ મતોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિન્નતા; મતભેદ. ૦મતાંતરક્ષમા સ્ત્રી૦ મતાંતરક્ષમા. ૦વાદ પું૦ પોતાનાજ મત વિષેનો આગ્રહ. ૦વાદી વિ૦ પોતાના મતનું આગ્રહી

મતલબ સ્ત્રી૦[अ.] હેતુ;આશય (૨) ભાવ; તાત્પર્ય. –બિયું, –બી સ્વાર્થી; પોતાની મતલબ સાધનારું

મતવાલું વિ૦ માતેલું; મદમસ્ત (૨) નશામાં ચકચૂર; છાકટું

મતસરવણી સ્ત્રી૦ અષાડ વદ અગિયારશથી શ્રાવણ સુદ ત્રીજ સુધીનું છોકરીઓનું એક વ્રત; મસવણી

મતંગ,૦જ પું૦ માતંગ; હાથી

મતા સ્ત્રી૦ [अ.] માલમિલકત; દોલત. ૦દાર પું૦ [फा.] ગામમાંથી સરકારને ભરણું ભરાય તેની સહીસાખ કરનારો. ૦દારી સ્ત્રી૦ મતાદારપણું

મતાગ્રહ પું૦[सं.] મતની જીદ–આગ્રહ. –હી વિ૦ પોતાના મતનો આગ્રહ રાખનાર

મતાધિકાર પું૦[सं.] મત આપવાનો અધિકાર. –રી વિ૦ [મતાધિકારવાળું

મતાભિમાન ન૦ [सं.] પોતાના મત માટેનું અભિમાન. –ની વિ૦ મતાભિમાનવાળું

મતારો પું૦ ડોસો કે ખાધેલપીધેલ ડોસો

મતાલો પું૦ આળસના કસમોડા

મતાંતર ન૦; પું૦ [सं.] અન્ય મત–પંથ. ૦ક્ષમા સ્ત્રી૦ અન્ય મતો માટે સહિષ્ણુતા; 'ટોલરેશન'. ૦સહિષ્ણુ વિ૦ મતાંતર સહન કરનાર. ૦સહિષ્ણુતા સ્ત્રી૦ મતાંતરક્ષમા

મતાંધ વિ૦[सं.]પોતાના મત પાછળ અંધ બનેલું.૦તા સ્ત્રી૦

મતિ સ્ત્રી૦[सं.] બુદ્ધિ. ૦ભ્રમ પું૦જુઓ બુદ્ધિભ્રમ. ૦મંદ વિ૦ મંદ મતિનું. ૦માન વિ૦ બુદ્ધિમાન

મતિયું વિ૦ પોતાના મતને છોડે નહિ તેવું; હઠીલું

મતી વિ૦સ્ત્રી૦ [सं.] 'મત્'નું સ્ત્રી૦રૂપ (જુઓ 'મત્')

મતી સ્ત્રી૦ વણાટમાં કપડાનો પનો સરખો તણાઈને રહેવા માટે આરવાળી લાકડીની રખાતી યોજના

મતીરું ન૦ ચીભડું

મતીલું વિ૦ મતિયું; હઠીલું

મતું ન૦ શાખ કે કબૂલાતની સહી

મત્કુણ પું૦ [सं.] માકણ

મત્ત વિ૦ [सं.] મદ ચડ્યો હોય તેવું; ઉન્મત્ત; ગાંડું; મસ્ત. ૦ગયંદ પું૦ એક છંદ. ૦મયૂર પું૦ એક છંદ.

મત્વર્થક વિ૦ [सं.] (વ્યા.) 'મત્–વાળું'ના અર્થનું

મત્સર પું૦ [सं.] ઈર્ષા; અદેખાઈ (૨) મચ્છર; ગુમાન. –રી વિ૦ મત્સરવાળું. –રીકૃતા સ્ત્રી૦ ષડ્જગ્રામની એક મૂર્ચ્છના (સંગીત)

મત્સ્ય ન૦ [सं.] માછલું. ૦ગંધા સ્ત્રી૦ (સં.) સત્યવતી; શાંતનુની પત્ની. ૦રંગ સ્ત્રી૦ એક પક્ષી. –ત્સ્યાવતાર પું૦ વિષ્ણુનો પહેલો અવતાર

મથક ન૦ મુખ્ય સ્થાન

મથન ન૦ [सं.] વલોવવું તે (૨) માથાકૂટ; ગડમથલ; મહેનત. –નાચલ(–ળ) પું૦ (સં.) મંદર પર્વત (સમુદ્રમંથનનો રવૈયો). –ની સ્ત્રી૦ વલોણાની ગોળી. –વું સ૦ક્રિ૦ વલોવવું (૨) અ૦ક્રિ૦ મહેનત કરવી

મથામણ સ્ત્રી૦ મથન (૨) મહેનત. –ણ સ્ત્રી૦ વારંવાર કે અનેકે મથામણ કરવી તે

મથાળી સ્ત્રી૦ પાઘડી. –ળું ન૦ ટોચ (૨)લખાણનું માથું–શીર્ષક(૩) પાઘડી

મથિત વિ૦[सं.] વલોવેલું.–તાર્થ પું૦નવનીત; નિચોડ;સાર

મથુ(–થૂ)રા સ્ત્રી૦; ન૦ [सं.] (સં.) હિંદુઓનું એક તીર્થ

મથોટી સ્ત્રી૦ ઢોરનાં શિંગડાંનો મૂળમાંનો ભાગ. –ડું વિ૦ (૨) ન૦ માણસની ઊંચાઈ જેટલું (ઊંડાણ) (૩) તેટલું માપ. –મથ અ૦ માથા સુધી પૂરું ભરેલું

મદ પું૦[सं.] કેફ; કેફની ખુમારી (૨) ગર્વ; તોર (૩) હાથીના ગંડસ્થળમાંથી ઝરતો રસ.૦કલ વિ૦મદથી ઉન્મત્ત બનેલું. ૦ગળ પું૦ હાથી. ૦ગળતો વિ૦ પું૦ ગંડસ્થળમાંથી મદ ઝરતો હોય તેવો (હાથી). ૦ઘેઘટ પું૦ મદોન્મત્ત. ૦ઝર વિ૦ મદગળતો. ૦મત્ત,૦માતું વિ૦ મદથી મસ્ત બનેલું. ૦મસ્ત વિ૦ મદમાં મસ્ત; મદમત્ત. ૦લેખા પું૦ એક છંદ. ૦લોલ વિ૦ મદમાતું. ૦વિકાર પું૦ કેફની ખુમારી; ઉન્મત્તતા (૨) મદ ઝરવો તે

મદઈ પું૦ દુશ્મન; મૂદઈ

મદદ સ્ત્રી૦[अ.] સહાયતા. ૦ગાર,૦નીશ,–દિયું વિ૦ મદદ કરનાર

મદન પું૦ [सं.] કામ; કામદેવ. ૦ગ્રહા પું૦ એક છંદ. ૦ચોર પું૦ એક પક્ષી. ૦ફળ ન૦ મીંઢળ. ૦બાણ ન૦ કામદેવનું બાણ (૨) એક સુગંધીદાર ફૂલ. ૦ભેર ન૦, ૦ભેરિ(–રી) સ્ત્રી૦ એક લાંબું રણશિંગું

મદનિયું ન૦ (કા.) હાથીનું બચ્ચું

મદમત્ત,મદમસ્ત,મદમાતું જુઓ 'મદ'માં

મદરેસા સ્ત્રી૦ નિશાળ (મુસલમાની)

મદલેખા, મદલોલ, મદવિકાર જુઓ 'મદ'માં

મદવું અ૦ક્રિ૦ મદ–અહંકાર કરવો

મદંતી સ્ત્રી૦ [सं.] કરુણા શ્રુતિનો એક અવાંતર ભેદ

મદાર પું૦ [अ.] આધાર; ભરોસો

મદારમુખ પું૦ [सं.] (સં.) કુક્કરમુખા–નારદ

મદારત સ્ત્રી૦ પરોણાચાકરી

મદારી પું૦ રીંછ, માંકડાં કે સાપ કેળવી ખેલ કરી બતાવનાર

મદાંધ વિ૦[सं.] મદથી અંધ બનેલું

મદિયો પું૦ (ચ.) આંબા કે કપાસને મધ જેવો પદાર્થ લાગવાનો રોગ

મદિરા સ્ત્રી૦[सं.] દારૂ. ૦ક્ષી વિ૦ સ્ત્રી૦ મોહક આંખવાળી

મદી વિ૦ મદવાળું; મત્ત

મદીના ન૦ [अ.] (સં.) અરબસ્તાનનું એક શહેર, જ્યાં મહંમદ પેગંબરની કબર છે

મદોન્મત્ત વિ૦ [सं.] મદથી ઉન્મત્ત બનેલું

મદ્ગુ ન૦ [सं.] એક દરિયાઈ પક્ષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદ્દેનજર સ્ત્રી૦ [અ.] નજરમાં કે ધ્યાનમાં લેવા જેવું તે

મદ્ય ન૦ [સં.] મદિરા; દારૂ. ૦**નિષેધ** પું૦ દારૂનિષેધ. ૦**નિષેધક** વિ૦ મદ્યનિષેધ કરનારું. ૦**પ(-પી)** પું૦ દારૂડિયો. ૦**પા** વિ૦સ્ત્રી૦ દારૂ પીનારી. ૦**પાન** ન૦ દારૂ પીવો તે. ૦**પાની** વિ૦ મદ્યપાન કરનાર. **-ઘાર્ક** પું૦ મદ્યનો અર્ક; 'આલ્કોહોલ'

મદ્રાસી વિ૦ મદ્રાસનું (૨) પું૦ મદ્રાસ તરફના પ્રદેશનો રહેવાસી (૩) ન૦ એક જાતનું લાલ કાપડ

મધ અ૦ મધ્યમાં; વચ્ચે (પ.). ૦**રાત** સ્ત્રી૦ અરધી રાત

મધ ન૦ મધમાખીઓએ એકઠો કરેલો ફૂલનો રસ. ૦**પૂડો** પું૦ મધમાખીઓનું ઘર. ૦**માખ(-ખી)** સ્ત્રી૦ મધ બનાવનારી માખી. ૦**લાળ** સ્ત્રી૦ લાલચ

મધલો વિ૦ પું૦ હૃષ્ટપુષ્ટ; જાડો (૨) પું૦ એક પક્ષી

મધિયો પું૦ (સુ.) જુઓ મદિયો

મધુ વિ૦ [સં.] મીઠું; ગળ્યું (૨) ન૦ મધ (૩) પું૦ દારૂ (૪) વસંત (૫) અશોક વૃક્ષ (૬) એક છંદ (૭) ચૈત્રમાસ. ૦**કર** પું૦ ભમરો (૨) મધમાખ. ૦**કરશાસ્ત્રી** પું૦ મધમાખનું શાસ્ત્ર જાણનાર; 'એપિયરિસ્ટ.' ૦**કરવૃત્તિ** સ્ત્રી૦ મધુકરના જેવી સારું સારું વીણી સંગ્રહ કરવાની વૃત્તિ. ૦**કરી** સ્ત્રી૦ ભમરી; મધમાખ (૨) માધુકરી. ૦**ગંધિ(-ધી)** વિ૦ મધની ગંધવાળું; સુગંધીદાર. ૦**પ** પું૦ ભમરો (૨) મધમાખ (૩) દારૂડિયો. ૦**પર્ક** પું૦ દહીં, ઘી, પાણી, મધ અને ખાંડ એ પાંચનું મિશ્રણ (સત્કાર, પૂજનમાં વપરાતું). ૦**પાન** ન૦ મદ્યપાન. ૦**પુર** ન૦ (સં.) મથુરા નગરી. ૦**પ્રમેહ** પું૦ પેશાબમાં સાકર જવાનો રોગ. ૦**ભાર** પું૦ એક છંદ. ૦**મક્ષિકા** સ્ત્રી૦ મધમાખી. ૦**માધ** સ્ત્રી૦ મેઘરાગની એક રાગણી. ૦**માસ** પું૦ ચૈત્ર મહિનો. ૦**મેહ** પું૦ જુઓ મધુપ્રમેહ. ૦**રવું** વિ૦ મધુર રવવાળું. ૦**લિહ** પું૦ મધમાખ. ૦**વન** ન૦ (સં.) વૃંદાવન. ૦**સૂદન** પું૦ (સં.) મધુ દૈત્યને મારનાર-કૃષ્ણ

મધુયા ન૦ એક પક્ષી

મધુર વિ૦ [સં.] મધુરું; ગળ્યું (૨) મીઠું; પ્રિય (૩) સુંદર; મનોરંજક (૪) શાંત; સૌમ્ય. ૦**ગંધી** વિ૦ મધુર ગંધવાળું. ૦**તા** સ્ત્રી૦. **-રા** સ્ત્રી૦ સાકર (૨) જેઠીમધ (૩) મીઠી કાકડી (૪) સુવા. **-રું** વિ૦ જુઓ મધુર

મધુલિહ, મધુવન, મધુસૂદન જુઓ 'મધુ'માં

મધ્યે અ૦+મધ્યે. **-ધ્યોમધ્ય** સ૦ વચ્ચોવચ; વચ્ચે

મધ્ય વિ૦ [સં.] વચ્ચેનું (૨) ન૦ વચલો ભાગ (૩) પું૦ મધ્યમસર અવાજ કે સ્વર (સંગીત. જુઓ મંદ્ર). ૦**કાલ(-ળ)** પું૦ મધ્યયુગ. ૦**કાલીન** વિ૦ મધ્યયુગનું. ૦**ગા** સ્ત્રી૦ 'મીડિયન' (ગ.). ૦**ગુણક** પું૦ઘાતક; 'મોડ્યુલસ' (ગ.). ૦**ધન** ન૦ ચયશ્રેઢીના પહેલા અને છેલ્લા પદની સરેરાશ (ગ.). ૦**બિંદુ** ન૦ કેન્દ્ર. ૦**મ** વિ૦ વચલું (૨) મધ્યમસરનું (૩) પું૦ સંગીતના સ્વરસપ્તકમાંનો ચોથો સૂર-મ (૪) ન૦ 'મીન' (ગ.). ૦**મપદ** ન૦ વચલું પદ. ૦**મપદલોપી** પું૦ જેનું મધ્યમ પદ લોપાય છે એ સમાસ; ઉદા૦ પર્ણ(નિર્મિત)શાલા. ૦**મમાર્ગ** પું૦ બુદ્ધે બતાવેલો સાધનાનો મધ્યમ માર્ગ (૨) કોઈ બાજુના અતિપણા વગરનો-વચલો, સોનેરી માર્ગ. ૦**મમાર્ગી** વિ૦મધ્યમમાર્ગનું કે તે પસંદ કરનાર (૨)મવાલ પક્ષનું; 'લિબરલ-મોડરેટ'. ૦**મસર** અ૦મધ્યમ રીતે; મર્યાદિત પ્રમાણમાં. ૦**મા** સ્ત્રી૦ વચલી આંગળી (૨) મધ્યમિકા (૩) વાણીની ત્રીજી સ્થિતિ (જુઓ પરા) (૪)નાયિકાનો એક પ્રકાર. ૦**માન** ન૦ સરાસરી; સરેરાશ; સમમિતિ, 'એવરેજ' (ગ.). ૦**મિકા** વિ૦ સ્ત્રી૦ રજસ્વલા થવા લાગેલી કન્યા. ૦**રાત્ર(-ત્રિ,-ત્રી)** સ્ત્રી૦ મધરાત. ૦**રેખા(-પા)** સ્ત્રી૦ વિષુવવૃત્ત. ૦**લય** સ્ત્રી૦ સંગીતનો એક લય. ૦**વર્તી** વિ૦ મધ્યસ્થ. ૦**સ્થ** વિ૦ વચમાં આવેલું (૨) તટસ્થ (૩) બે પક્ષનું સમાધાન કરનાર કે ન્યાય તોળનાર. ૦**સ્થતા, ૦સ્થી** સ્ત્રી૦ મધ્યસ્થ હોવું તે. **-ધ્યા** વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ શ્રુતિના પાંચ પ્રકારમાંનો એક (દીપ્તા, આયતા, મૃદુ, કરુણા, મધ્યા) (૩) વચલી આંગળી (૪) જુઓ મધ્યમિકા (૫) મુગ્ધા અને પ્રૌઢાની વચ્ચેની સ્ત્રી કે નાયિકા. **-ધ્યાન(-હ્ન)** પું૦ બપોર. **-ધ્યે** અ૦ વચ્ચે; મધ્યમાં (૨) માં; અંદર

મધ્વાચાર્ય પું૦ [સં.] (સં.) વેદાંતસૂત્રના એક ભાષ્યકાર

મન ન૦ [સં.] સંકલ્પવિકલ્પ વગેરે કરનારી ઇંદ્રિય (૨) દિલ (૩) ઇચ્છા. ૦**ઉકાળો** પું૦ ઉદ્વેગ; જીવઉકાળો. ૦**કામના** સ્ત્રી૦ મનની ઇચ્છા. ૦**ગમતું** વિ૦ મનને ગમતું. ૦**ગમાડો** પું૦ મનોરંજન; મનરમાડો. ૦**ગમો** પું૦ મનની રુચિ. ૦**દુરસ્ત** વિ૦ આરોગ્યપૂર્ણ મનવાળું; સ્વસ્થચિત્ત. ૦**ન** ન૦ ચિંતન (૨) તર્કવિતર્ક. ૦**નશીલ** વિ૦ ચિંતન કરવાના સ્વભાવવાળું. ૦**નીય** વિ૦ મનન કરવા જેવું. ૦**પતીજ** વિ૦ સંતોષકારક. ૦**પસંદ** વિ૦ મનને ગમતું. ૦**ફેર** વિ૦ જરાક ફેરવાળું (૨) પું૦ અકળાયેલું, થાકેલું મન બીજે ફેરવવું તે. ૦**ભર** વિ૦ સાચા મનનું. ૦**ભંગ** વિ૦ નિરાશ (૨) પું૦ નિરાશા. ૦**ભાવતું, ૦ભાવિત** વિ૦ મનપસંદ. ૦**માનતું, ૦માન્યું** વિ૦ મન માને તેવું કે તેટલું; યથેચ્છ. ૦**મુખ** વિ૦ મનસ્વી; ગુરુમુખથી ઊલટું. ૦**મેળાપી** વિ૦ મળતાવડું. ૦**મોજી** વિ૦ મનસ્વી; તરંગી. ૦**મોદ** પું૦ આનંદ. ૦**મોહન** વિ૦ મોહ પમાડે તેવું. ૦**રમાડો** પું૦ મનનો આનંદ. ૦**રંજન** વિ૦ મનને આનંદ આપનાર (૨) ન૦ મનોરંજન. ૦**વાંછિત** વિ૦ જુઓ મનોવાંછિત

મનખો પું૦ મનુષ્ય તરીકેની જિંદગી. **-ખાદેહ** પું૦;સ્ત્રી૦ મનુષ્યનું શરીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનવણિયું વિ૦ મનને મનાવવા જેવું
મનવર સ્ત્રી૦ પરોણાચાકરી
મન(-ના)વવું સ૦ક્રિ૦ માને તેમ કરવું
મનવાર સ્ત્રી૦ લશ્કરી વહાણ
મનવેગી વિ૦ મનના જેટલા વેગવાળું; ખૂબ ત્વરિત
મનવો પું૦ (પ.) મનુષ્ય (૨) મન
મનસબ પું૦ પદવી; દરજ્જો. **૦દાર** પું૦ લશ્કરની ટુકડીનો અમલદાર. **૦દારી,-બી** સ્ત્રી૦ મનસબદારનું કામ કે હોદ્દો
મનસા સ્ત્રી૦ + મનીષા; ઇચ્છા
મનસા અ૦ [સં.] મનથી. **-સિજ** પું૦ [સં.] કામદેવ
મનસૂબો પું૦ [અ.] વિચાર; ધારણ; ઇરાદો
મનસૂર પું૦ [અ.] (સં.) 'અનલહક' બોલવા માટે દેહાંત-દંડ પામનાર મુસલમાન સંત
મનસ્વી વિ૦, **-સ્વિની** વિ૦ સ્ત્રી૦ [સં.] સ્વચ્છંદી; તરંગી (૨) ઉદાર-શ્રેષ્ઠ ચિત્તવાળું (૩) ધીર-સ્થિર ચિત્તવાળું (૪) માની. **-સ્વિતા** સ્ત્રી૦ મનસ્વીપણું
મનહર વિ૦ મનોહર (૨) પું૦ એક છંદ
મનઃપૂત વિ૦ [સં.] મન વડે વિચારી જોયેલું; અંતઃકરણે [કબૂલ રાખેલું
મનઃશિલ પું૦ [સં.] એક ખનિજ પદાર્થ
મનઃસ્વાસ્થ્ય ન૦ [સં.] મનની સ્વસ્થતા
મના [અ.], **૦ઈ** સ્ત્રી૦ બંધી; નિષેધ. **૦ઈહુકમ** પું૦ મનાઈ કરતો કે જણાવનારો હુકમ
મનાતીત વિ૦ મનથી પર એવું (૨) ન૦ મનથી પર રહેલું તત્ત્વ
મનામ(-વ)ણું ન૦ મનાવવું તે
મનાવવું સ૦ક્રિ૦, **મનાવું** અ૦ક્રિ૦ 'માનવું'નું પ્રેરક અને કર્મણિ
મનિયાર,-રું જુઓ 'મણિયાર'માં
મની સ્ત્રી૦ મીની; બિલાડી
મનીઑર્ડર પું૦ [ઇં.] ટપાલઑફિસ મારફતે મોકલાતાં [નાણાંની હૂંડી
મનીષા સ્ત્રી૦ [સં.] ઇચ્છા (૨) બુદ્ધિ; જ્ઞાન. **-ષી** વિ૦ બુદ્ધિમાન (૨) પું૦ ડાહ્યો પુરુષ; વિદ્વાન
મનુ પું૦ [સં.] (સં.) વિવસ્વતના પુત્ર-આદિમાનવ; માનવકુળના ઉત્પાદક (૨) બ્રહ્માના ૧૪ પુત્રમાંના દરેક, જેમનાથી મન્વંતર ગણાય છે. **૦કુલ** ન૦ માનવકુટુંબ; મનુષ્યજાતિ. **૦જ** પું૦ મનુષ્ય. **૦સંહિતા, ૦સ્મૃતિ** સ્ત્રી૦ મનુએ રચેલી સ્મૃતિ
મનુષ્ય પું૦; ન૦ [સં.] માણસ. **૦જાતિ** સ્ત્રી૦ માણસજાત. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦ માણસાઈ. **૦યજ્ઞ** પું૦ અતિથિસત્કાર; નૃયજ્ઞ. **૦લોક** પું૦ મૃત્યુલોક; પૃથ્વી. **૦વિજ્ઞાન** ન૦ મનુષ્ય વિષેનું વિજ્ઞાન; 'ઍન્થ્રોપૉલૉજી'. **-ષ્યાહારી** વિ૦ મનુષ્યનો આહાર કરનારું. **-ષ્યેતર** વિ૦ મનુષ્યથી જુદું
મનુહાર પું૦ મનામણી; પ્રાર્થના. **-રી** વિ૦ મનામણી કરનારું
મને સ૦ 'હું'નું બીજી કે ચોથી વિભક્તિ, એક વચન
મનો [સં.] સમાસમાં ઘોષવ્યંજન પૂર્વેનું સંસ્કૃતરૂપ. **૦ગત** વિ૦ મનમાં રહેલું (૨) ન૦ વિચાર; અભિપ્રાય. **૦ગતિ** સ્ત્રી૦ મનની ઇચ્છા (૨) મનની ગતિ-વેગ. **૦ગમ** વિ૦ મનપસંદ. **૦ગમતા** સ્ત્રી૦. **૦ગ્રહ** પું૦ મનનું બંધાઈ ગયેલું વલણ. **૦ગ્રાહ્ય** વિ૦ મનને ગમે તેવું (૨) બુદ્ધિગ્રાહ્ય. **૦જ** વિ૦ મનમાં ઉત્પન્ન થયેલું (૨) પું૦ કામદેવ. **૦જ્ઞ** વિ૦ મનપસંદ; સુંદર. **૦દ્વાર** ન૦ મનનું બારણું; સુપ્ત ચિત્તમાંથી સંસ્કારોને જાગ્રત થવાનો દરવાજો; 'મૉનિટર'. **૦ધર્મ** પું૦ મનનો ધર્મ. **૦ધર્મવિદ્યા** સ્ત્રી૦ માનસશાસ્ત્ર. **૦નાશ** પું૦ મનનો-તર્કવિતર્કાદિનો નાશ; ચિત્તવૃત્તિનિરોધ. **૦નિગ્રહ** પું૦ મનનો સંયમ. **૦બળ** ન૦ માનસિક બળ; મનનું બળ. **૦ભવ** પું૦ મનોજ; કામદેવ. **૦ભંગ** પું૦ નિરાશા. **૦ભાવ** પું૦ મનની વૃત્તિ. **૦ભૂ** પું૦ મનોભવ; કામદેવ. **૦મય** વિ૦ માનસિક; મન સંબંધી. **૦મયકોશ(-ષ)** પું૦ પાંચ કોશ પૈકી ત્રીજો (જુઓ આનંદમયકોશ). **૦મયી** વિ૦ સ્ત્રી૦ 'મનોમય'નું સ્ત્રીલિંગ. **૦મંથન** ન૦ મનમાં ચાલતું મંથન. **૦મૂર્તિ(-ર્ત્તિ)** સ્ત્રી૦ ધ્યાનમૂર્તિ **૦યત્ન** પું૦; ન૦ મનની મહેનત (૨) અભ્યાસપાઠ (ખાસ કરીને ગણિતમાં). **૦રચના** સ્ત્રી૦ માનસિક બંધારણ. **૦રથ** પું૦ મનની ધારણા; મુરાદ. **૦રમ** વિ૦ મનોરંજક. **૦રમા** સ્ત્રી૦ સુંદર સ્ત્રી (૨) પીળી જૂઈ (૩) ગોરોચન. **૦રંજક** વિ૦ મનને આનંદ આપનાર. **૦રંજન** ન૦ આનંદ. **૦રાગ** પું૦ મનનો આનંદ. **૦રાજ્ય** ન૦ કલ્પનાવિહાર; શેખચલ્લીના તરંગ. **૦વાંછા** સ્ત્રી૦ મનની ઇચ્છા. **૦વાંછિત** વિ૦ મનથી ઇચ્છેલું. **૦વિકાર** પું૦ ભાવ; લાગણી. **૦વૃત્તિ** સ્ત્રી૦ મનની વૃત્તિ. **૦વેગ** પું૦ મનનો આવેશ. **૦વેધક** વિ૦ મનને વીંધનારું; મન પર ભારે અસર કરનારું. **૦વ્યથા** સ્ત્રી૦ માનસિક વેદના. **૦હર(-રું)** વિ૦ મોહક; સુંદર. **૦હારી** વિ૦ મનોહર (૨) સ્ત્રી૦ મનુહાર
મન્મથ પું૦ [સં.] કામદેવ
મન્ય વિ૦ [સં.] સમાસને અંતે, 'આભાસવાળું', 'માનતું' એવા અર્થમાં. દા૦ત૦ 'પંડિતંમન્ય'
મન્યુ પું૦ [સં.] કોપ; ગુસ્સો
મન્વંતર પું૦ [સં.] એક મનુની કારકિર્દીનો સમય; ૩૦૬,૭૨૦,૦૦૦ વર્ષ (જુઓ મનુ)
મપારો પું૦ જોખો (૨) ફડિયો
મપાવવું સ૦ક્રિ૦, **મપાવું** અ૦ક્રિ૦ 'માપવું'નું પ્રેરક ને [કર્મણિ
મફત અ૦ વગરપૈસે. **-તિયું** વિ૦ મફતનું; ફોગટિયું (૨) મફત લેનાર-વાપરનાર
મફલર ન૦ [ઇં.] ગલપટા જેવું વિલાયતી ઢબનું વસ્ત્ર
મફર સ્ત્રી૦ મનને ખુશ કરનાર દવા
મબલક,-ગ [અ.] વિ૦ અતિશય; પુષ્કળ
મબારખી સ્ત્રી૦ નાનાં છોકરાં તથા ઢોરને થતો એક રોગ
મભમ વિ૦ મોઘમ; અસ્પષ્ટ
મમ પું૦બ૦વ૦ ચાવણું (બાળભાષામાં)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મમ સ૦ [સં.] મારું. ૦ત પું૦ હઠ; દુરાગ્રહ (૨) ચડસ. ૦તા સ્ત્રી૦ જુઓ મમત્વ. ૦તાળુ વિ૦ હેતાળ; માયાળુ. ૦તી(૦લું) વિ૦ હઠીલું; આગ્રહી. ૦ત્વ ન૦ પોતાપણું (૨) હેત; સ્નેહ (૩) હઠ; દુરાગ્રહ

મમઈ સ્ત્રી૦ માની મા

મમરો પું૦ ચોખાની ધાણીનો દાણો (૨) ઉશ્કેરણી; ફડદું

મમળાવવું સ૦ક્રિ૦ ઓગાળવા માટે મોંમાં આમતેમ ફેરવવું

મમાવો પું૦ માનો બાપ

મમી સ્ત્રી૦; ન૦ [ઇં.] સંઘરી રાખેલું મડદું (મિસર)

મમૂલા ન૦ એક પક્ષી [(મા બહેન સમાણી) ગાળ

મમ્મો પું૦ મ અક્ષર. ૦ચચ્ચો પું૦ મ અને ચથી શરૂ થતી

મય પું૦ [સં.] (સં.) દાનવોનો શિલ્પી (૨) નામને લાગતાં '-થી ભરપૂર', '-નું બનેલું', 'તે-રૂપ' એવા અર્થનું વિ૦ બનાવે. ઉદા૦ સુખમય

મયગલ પું૦ જુઓ મેગલ

મયણ પું૦ + મદન; કામદેવ

મયણું ન૦ + મરણ

મયંક પું૦ મૃગાંક; ચંદ્ર

મયા સ્ત્રી૦ દયા; કૃપા (૨) માયા; સ્નેહ

મયાળ પું૦ એક વેલો

મયૂખ ન૦ [સં.] કિરણ

મયૂર પું૦[સં.] મોર. ૦દંડ પું૦દંડની કસરતનો એક પ્રકાર. ૦ધ્વજ પું૦ (સં.) એક પૌરાણિક રાજા. -રી સ્ત્રી૦ઢેલ

મર(૦ને) અ૦ હશે; છોને; ભલે

મરકડો પું૦ મરકવું તે; સ્મિત

મરકત ન૦ [સં.] લીલમ

મરકલડું, મરકલું ન૦ મંદ હાસ્ય

મરકવું અ૦ક્રિ૦ (કા.) સ્મિત કરવું

મરકી સ્ત્રી૦ મહામારી; ઘણા લોક મરે તેવો રોગ; કોગળિયું, પ્લેગ વગેરે (૨) એક મીઠાઈ

મરખ સ્ત્રી૦ પરખાણ ખેંચવાની નાની દોરી

મરગ પું૦ + મૃગ. -ગાનેણી વિ૦ + મૃગનયની

મરઘી સ્ત્રી૦ કૂકડી. -ઘું ન૦ કૂકડું. -ઘો પું૦ કૂકડો

મરચી સ્ત્રી૦ મરચાંનો છોડ (૨) કાનનું એક ઘરેણું. -ચું ન૦ મરચીની તીખી શિંગ (૨) [લા.] મરચા જેવું નાનું પણ તીખું માણસ

મરજ પું૦ [અ.] રોગ; વાવડ

મરજાદ સ્ત્રી૦ મર્યાદા; અદબ; સભ્યતા (૨) જુઓ મરજાદી. ૦વેલ સ્ત્રી૦ દરિયાકિનારે થતી એક વેલ.-દા સ્ત્રી૦ મર્યાદા; સભ્યતા. -દી વિ૦ પુષ્ટિમાર્ગના આચાર પ્રમાણે ચાલનારું (૨) સ્ત્રી૦ પુષ્ટિમાર્ગની આચાર-પ્રણાલી

મરજી સ્ત્રી૦ [અ.] ઇચ્છા; ખુશી. -જિયાત વિ૦ મરજી પર આધાર રાખતું; મરજી હોય તો કરવાનું; ફરજિયાતથી ઊલટું

મરજીવો પું૦ દરિયામાંથી મોતી કાઢનાર(૨)[લા.] મરણિયો

મરંડ પું૦; સ્ત્રી૦ જુઓ મરડાટ. ૦વું સ૦ક્રિ૦ વાંકું વાળવું; આમળવું. -ડાટ પું૦ વક્રતા; રીસ (૨) ગર્વ (૩) લટકો; ચાળો. -ડાવું અ૦ક્રિ૦ 'મરડવું'નું કર્મણિ (૨) વંકાવું; રિસાવું (૩) લટકા કરવા. -ડાશિ (-શી,-સિં,-સી)ગ સ્ત્રી૦ આમળાવાળી એક શીંગ

મરડ પું૦; સ્ત્રી૦ મરડિયો (૨) મરડિયા (પદાર્થવાચક નામ). -ડિયો પું૦ એક જાતનો કાંકરો, જેને પકવ્યાથી ચૂનો બને છે [પડે છે

મરડો પું૦ એક રોગ જેમાં ઝાડા વાટે આમ તથા લોહી

મરણ ન૦ [સં.] મોત; મૃત્યુ (૨) નાશ; ખુવારી; અંત. ૦કાલ(-ળ) પું૦ મરવાનો સમય. ૦ઘાત સ્ત્રી૦ મરણ થાય એવો પ્રસંગ. ૦તોલ વિ૦ મરી જાય તેવું-તેટલું. ૦ધર્મા વિ૦ મર્ત્ય; નાશવંત. ૦પથારી સ્ત્રી૦ મરણની દહેશતવાળો મંદવાડ કે તેવી દશા. ૦પોક સ્ત્રી૦ મરણ થતાં સગો તરત મૂકે છે તે પોક. ૦લાકડાં ન૦બ૦વ૦ શબને બાળવાનાં લાકડાં. ૦શીલ વિ૦ મરણ પામે તેવું; મર્ત્ય. -ણાગત સ્ત્રી૦ મરણકાળ (૨) અ૦ જીવને જોખમે. -ણાભિમુખ,-ણોન્મુખ વિ૦ દેહ છોડવાની તૈયારીમાં હોય તેવું. -ણાંત વિ૦ (૨) અ૦ મરણ સુધીનું. -ણિયું વિ૦ જીવ પર આવ્યું હોય એવું; મોતની પરવા વિનાનું. -ણીય વિ૦ મર્ત્ય. -ણું ન૦ મરણ

મરત ન૦ + મૃત્યુ. ૦ક ન૦ + મૃતક; મડદું

મરતબો પું૦ [અ.] દરજ્જો; મોભો

મરદ પું૦ મર્દ; પુરુષ (૨) વીર પુરુષ (૩) વિ૦ બહાદુર; વીર. -દાઈ, -દાનગી સ્ત્રી૦ પુરુષાતન (૨) વીરતા. -દાના,-દાની વિ૦ મરદને લગતું; મરદ માટેનું; મરદને છાજે એવું. -દા(-દુ)મી, -દી સ્ત્રી૦ મરદાઈ

મરદવું સ૦ક્રિ૦ જુઓ મર્દવું

મરમ પું૦ મર્મ (પ.). -મી વિ૦ મર્મ જાણનાર

મરમ્મત સ્ત્રી૦ [અ.] મરામત; જીર્ણોદ્ધાર; સમારકામ

મરફો પું૦ એક જાતનું વાજું

મરવું અ૦ક્રિ૦ મરણ પામવું; નાશ પામવું (૨) ખુવાર થવું; હાનિ ભોગવવી (૩) [ધાતુની] ભસ્મ થવી (૪) (પ્રવાહી કે ફળનું દૂધ) અંદર ઊતરી કે શોષાઈ કે સમાઈ જવું (૫) ટળવું; દૂર ખસવું કે જવું (તુચ્છકારમાં)

મરવો પું૦ નાની કાચી કેરી (૨) એક છોડ

મરશિયો પું૦ [અ.] રાજિયો

મરહઠા પું૦ એક છંદ

મરહબા અ૦ [અ.] ભલે પધાર્યા

મરહમ પું૦ [અ.] મલમ; લેપ

મરહૂમ વિ૦ [અ.] મરણ પામેલું; સ્વર્ગસ્થ

મરા(-રે)ઠી વિ૦ મહારાષ્ટ્રનું (૨) સ્ત્રી૦ મહારાષ્ટ્રની ભાષા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

-ઠણ સ્ત્રી૦ મરાઠા સ્ત્રી. -ઠો પું૦ મહારાષ્ટ્રનો રહેવાસી
મરામત સ્ત્રી૦ જુઓ મરમ્મત. -તી વિ૦ મરામત કરાવવી પડે તેવું (૨) પું૦ મરામત કરનાર માણસ
મરાલ(-ળ) પું૦ [સં.] હંસ. -લા,-લી(-ળી) સ્ત્રી૦ હંસી
મરિયું ન૦ મરી (૨) [લા.] મરી જેવું તીખું-ક્રોધી માણસ
મરી ન૦ એક તેજાનો. ૦મસાલો પું૦ ગરમ મસાલો (૨) [લા.] અતિશયોક્તિ
મરીચકંકોલ ન૦ એક છોડ [સ્ત્રી૦ કિરણ
મરીચિ પું૦ [સં.] (સં.) દશ પ્રજાપતિમાંના એક (૨)
મરીચિકા સ્ત્રી૦ [સં.] મૃગજળ
મરીચી પું૦ [સં.] સૂર્ય
મરીનો પું૦ એક જાતના ઊનનું કાપડ (૨) એ ઊન પેદા કરનાર ઘેટાની જાત [(૨) મારવાડ
મરુ,૦દેશ પું૦, ૦ભૂમિ(-મી),૦સ્થલી સ્ત્રી૦ [સં.] રણ
મરુડી સ્ત્રી૦ ઝાડની બખોલમાં બનાવેલો ગોખલો
મરુત પું૦ [સં.] પવન
મરૂડિયો પું૦ જુઓ મનિયાર
મરૂઢ ન૦ એક છોડ
મરૂદ સ્ત્રી૦ દરિયામાં પાણીની ઊંડાઈ તથા તળિયાની જમીન પારખવાનું સીસાનું દોરી બાંધેલું સાધન
મરૂવો પું૦ એક છોડ
મરે અ૦ (પ.) મર; ભલે; છોને
મરેઠી સ્ત્રી૦ એક વનસ્પતિ
મરેઠી,-ઠણ,-ઠો જુઓ 'મરાઠી'માં
મરો પું૦ મોત (૨) મોતના જેવું દુઃખ; હેરાનગતિ
મરોડ પું૦ વાંક; વલણ; (અક્ષરનો) આકાર (૨) જુઓ મરડાટ. ૦દાર વિ૦ મરોડવાળો (અક્ષર). ૦વું સ૦ક્રિ૦ જુઓ મરડવું. -ડી સ્ત્રી૦ બૂચ ઉઘાડવાનો સ્ક્રૂ
મર્કટ પું૦ [સં.] વાંદરો
મર્ત્ય વિ૦ [સં.] નાશવંત; મરવાના નસીબવાળું (૨) પું૦ માણસ. ૦ત્વ ન૦. ૦લોક પું૦ મૃત્યુલોક
મર્દ પું૦ [ફા.] જુઓ મરદ
મર્દન ન૦ [સં.] ચોળવું તે (૨) દમન; નાશ. -વું સ૦ક્રિ૦ મર્દન કરવું ['મરદ'માં
મર્દાઈ,-નગી,-ના,-ની,-મી,મર્દો,મર્દુમી [ફા.] જુઓ
મર્મ પું૦ [સં.] છૂપી વાત; ભેદ (૨) રહસ્ય; તાત્પર્ય (૩) મર્મસ્થાન. ૦ખાર પું૦ એક ક્ષાર (?). ૦ગ્રાહી વિ૦ રહસ્યનું ગ્રહણ કરનારું. ૦જ્ઞ વિ૦ મર્મ જાણનાર; ચતુર. ૦ભેદ પું૦, ૦ભેદન ન૦ બીજાની છૂપી વાતો બહાર પાડવી તે. ૦ભેદી વિ૦ મર્મસ્થાનને ભેદનાર. ૦વચન ન૦ મહેણું. ૦વિદ પું૦ મર્મજ્ઞ. ૦વેધક, ૦વેધી વિ૦ મર્મભેદી. ૦વેધકતા,૦વેધિતા સ્ત્રી૦. ૦સ્થલ(-ળ),૦સ્થાન ન૦ જ્યાં ઈજા થવાથી મૃત્યુ થાય તેવો શરીરનો કોમળ ભાગ

મર્મર વિ૦ (રવ૦) મર્મર અવાજ કરતું (૨) પું૦ [સં.] અવાજ (પાંદડાં વગેરેનો). -રંત વિ૦ મર્મર કરતું. -રાટ પું૦ મર્મર અવાજ
મર્માળ(-ળું) વિ૦ મર્મવાળું
મર્યાદ, -દા [સં.] સ્ત્રી૦ હદ (૨) અદબ; વિવેક. ૦વેલ સ્ત્રી૦ મરજાદવેલ. ૦(-દા)શીલ વિ૦ વિનયી; અદબવાળું. -દિત વિ૦ મર્યાદાવાળું [મલ્લયુદ્ધ
મલ(-લ્લ) પું૦ કુસ્તીબાજ; પહેલવાન. ૦કુસ્તી સ્ત્રી૦
મલ(-ળ) પું૦ [સં.] મેલ (૨) વિષ્ટા
મલકટ પું૦ કાંચળીનો છાતી ઉપરનો ભાગ
મલકવું અ૦ક્રિ૦ મલકાવું; મંદ મંદ હસવું [મલકવું
મલકાટ પું૦ મંદ સ્મિત (૨) હર્ષ; આનંદ. -વું અ૦ક્રિ૦
મલકૂડું વિ૦ સહેજમાં મલકાઈ જાય તેવું (૨) મળગૂગળું (૩) ન૦ દોણી
મલકૂત પું૦ [અ.] દેવલોક [થાંભલો
મલખમ, મલખંભ પું૦ કસરત માટેનો લાકડાનો લીસો
મલચક્ર ન૦ [સં.] મલ-પાપરૂપ શરીરનું કલ્પિત ચક્ર
મલત્યાગ પું૦ [સં.] ઝાડે ફરવું તે
મલપતું વિ૦ ઉમંગમાં ઠાઠથી ધીમે ધીમે ચાલતું
મલબારી વિ૦ મલબાર પ્રાંતનું
મલમ પું૦ ગડગૂમડ ઉપર ચોપડવાનું ઓષધ. ૦પટી(-ટ્ટી) સ્ત્રી૦, પટો(-ટ્ટો) પું૦ મલમવાળી લૂગડાની પટી કે પટો
મલમલ ન૦; સ્ત્રી૦ એક જાતનું બારીક કાપડ. -લી વિ૦ મલમલના પોતનું; ઘણું બારીક
મલ(-ળ)માસ પું૦ [સં.] અધિક માસ
મલય, ૦ગિરિ, ૦પર્વત પું૦ [સં.] (સં.) દક્ષિણમાં આવેલો ચંદનનાં જંગલવાળો પર્વત. -યાગરુ ન૦ સારાંમાં સારી સુખડ. -યાચલ(-ળ), -યાદ્રિ પું૦ (સં.) મલયગિરિ. -યાનિલ પું૦ મલયપર્વતમાંથી આવતો પવન [સાફ આવવો તે
મલ(-ળ)શુદ્ધિ સ્ત્રી૦ [સં.] ઝાડે ફરવા જવું કે ઝાડો
મલયાલમ સ્ત્રી૦ કેરળપ્રાંતની ભાષા
મલંગ વિ૦ [હિં.] મસ્ત (ફકીર) [કરાતો ભાગ; 'ક્રીમ'
મલાઈ સ્ત્રી૦ દૂધની તર (૨) વધારે ઘી-તત્ત્વવાળો, દૂધનો જુદો
મલાખું વિ૦ બાડું
મલાજો પું૦ જુઓ મુલાજો
મલામણી સ્ત્રી૦ મલાવવું તે (?)
મલાર પું૦ એક રાગ. -રી સ્ત્રી૦ મેઘરાગની એક રાગણી
મલાવડાં ન૦બ૦વ૦ મીઠું મીઠું બોલી સારું લગાડવું તે. -ડો પું૦ મલાવો
મલા(-ળા)વરોધ પું૦ [સં.] બંધકોષ
મલાવવું સ૦ક્રિ૦ બહલાવવું, દીપાવવું (૨) લંબાવવું; અતિશયોક્તિ કરવી. **મલાવો** પું૦ મલાવવું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલા(-ળા)શય ન૦ [સં.] શરીરમાં મળને રહેવાનું સ્થાન
મલિક પું૦ [અ.] રાજા. **-કા** સ્ત્રી૦ રાણી; રાજકર્ત્રી
મલિન વિ૦ [સં.] મેલું. **૦તા** સ્ત્રી૦ [માર
મલીદો પું૦ [फा.] ચૂરમું (૨) સત્ત્વવાળો ખોરાક (૩) [લા.]
મલીર ન૦ (કા.) ઝીણા પોતનું અને કાળા રંગનું કાઠિયાણીનું ઓઢણું
મલૂક વિ૦ [अ.] ઉત્તમ
મલેક પું૦ મુસલમાનોની એક જાતનો માણસ
મલેરિયા પું૦ [इं.] મચ્છર કરડી આવતો-ટાઢિયો તાવ
મલોખું ન૦ રેંટિયાની માળ ન ખસી જાય માટે બે ઢીંગલીની વચ્ચે ઘલાતી સળીઓમાંની દરેક
મલો(-ળો)ત્સર્ગ પું૦ [સં.] મળત્યાગ
મલ્લ વિ૦ [સં.] મજબૂત અને કસરતી (૨) પું૦ પહેલવાન (૩) બૌદ્ધકાલીન એક પ્રજા. **૦યુદ્ધ** ન૦ કુસ્તી. **૦રંગ** પું૦ અખાડો. **૦વિદ્યા** સ્ત્રી૦ કુસ્તીની કળા અને શાસ્ત્ર
મલ્લિકા સ્ત્રી૦ [સં.] એક વેલ અને તેનું ફૂલ (૨) એક છંદ. **૦ક્ષ** પું૦ હંસની એક જાત
મવડાવવું, મવાડવું સ૦ક્રિ૦ માય તેમ કરવું; સમાવવું
મવાલી પું૦ [फा.] કંગાળ; ભિખારી (૨) ગુંડો
મશ(-સ) ન૦ મિષ; બહાનું
મશક સ્ત્રી૦ [સં.] પાણી ભરવાની ચામડાની કોથળી
મશકલું વિ૦ ચિડાયેલું
મશગૂલ વિ૦ [अ.] નિમગ્ન; લીન [કપડું
મશરૂ પું૦ [अ.] રેશમ તથા સૂતરનું ઘણા રંગના પટાવાળું
મશહૂર વિ૦ [अ.] પ્રખ્યાત
મશાગત સ્ત્રી૦ મહેનત (૨) રોજ; મજૂરી
મશાલ સ્ત્રી૦ [अ.] લાકડી ઉપર ચીંથરાં વીંટેલો સળગાવવાનો કાકડો. **૦ચી, -લી** પું૦ મસાલ ધરનારો
મશિ(-સી)યાઈ વિ૦ માસીનું કે માસી તરફનું
મશી પું૦ (ચ.) ગવારમાં પડતો રોગ
મશી(-સી) સ્ત્રી૦ [સં.] કાજળ; મેશ (૨) દાંત ઘસવાનો કે કાળા કરવાનો ભૂકો [એક ખાસ બંદૂક
મશીનગન સ્ત્રી૦ [इं.] યંત્રથી ઝપાટાભેર ગોળીઓ વરસાવતી
મશ્કરી સ્ત્રી૦ મજાક; ઠઠ્ઠો; ટોળ. **૦ખોર** વિ૦ મશ્કરીમાં રાચનારું. **-રો** પું૦ મશ્કરી કરનારો (૨) વિદૂષક; રંગલો
મસ વિ૦ પુષ્કળ (૨) ન૦ મશ; મિષ (૩) પું૦ મસો
મસકલો પું૦ (સુ.) ઓપવાનું લોઢાનું ઓજાર
મસકો પું૦ [फा.] માખણ (૨) [લા.] ખુશામત
મસનદ સ્ત્રી૦ [अ.] ગાદી; તખ્ત. **૦નશીન** વિ૦ ગાદીએ બેઠેલું
મસનવી સ્ત્રી૦ [अ.] કાવ્યનો એક પ્રકાર
મસમસવું અ૦ક્રિ૦ મઘમઘવું; ફોરવું
મસરકો પું૦ કરડાગીનો બોલ; નર્મવચન
મસલત સ્ત્રી૦ સાથે મળીને થતી વિચારણા; સંતલસ; સલાહ. **-તિયો** પું૦ સલાહ આપનાર
મસવણી સ્ત્રી૦ મતસરવણી; ગૌરીપૂજન [કર
મસવાડી સ્ત્રી૦ ભરવાડ પાસેથી ઢોર ચરાવવા બદલ લેવાતો
મસવાડું ન૦ ઘરની પાછળનો વાડાનો ભાગ
મસવાડો પું૦ ગામનું પછવાડું; લાગોળ (૨) મહિનો
મસળવું સ૦ક્રિ૦ ચોળવું; ગદડવું
મસાણ ન૦ સ્મશાન. **-ણિયું** વિ૦ મસાણનું (૨) સ્મશાનમાં જઈ આવેલું (૩) [લા.] કંગાળ; અપશુકનિયું. **-ણિયો** પું૦ મડદા સાથે સ્મશાનમાં ગયેલો માણસ (૨) મસાણનો ભંગી. **-ણી** વિ૦ મસાણિયું; કંગાળ (૨) પું૦ બાળતી કે દાટતી વખતે ધાર્મિક ક્રિયા કરાવનાર (૩) મરણક્રિયા માટેનો સામાન વેચનાર (૪) એક પારસી અડક
મસાત સ્ત્રી૦ ખેડવાની જમીનની માપણી (૨) મહેસૂલ
મસાલો પું૦ રસોઈ ધમધમાટવાળી કે સ્વાદિષ્ઠ કરવા નાખવાનો તેજાનો (૨) કોઈ ચીજ બનાવવા જોઈતી સામગ્રી. **-લા(-લે)દાર** વિ૦ મસાલાવાળું
મસિ(-સી) સ્ત્રી૦ [સં.] જુઓ મશી
મસિયાઈ, મસિયેણ વિ૦ જુઓ મશિયાઈ
મસી સ્ત્રી૦ ઝાડ તથા વેલા પર થતો એક જીવ (૨) શેરડીનો એક રોગ (૩) [સં.] જુઓ મશી (૪) પું૦ જુઓ મસીહ
મસી(-સ્જિ)દ સ્ત્રી૦ મુસલમાનોનું બંદગી કરવાનું જાહેર મકાન; નિમાજ પઢવાનું સ્થાન
મસીહ(-હા) પું૦ [अ.] ઈસા મસીહ
મસુ(-સૂ)ર સ્ત્રી૦ [સં.] એક જાતની દાળ
મસૂદો પું૦ ખરડો; 'ડ્રાફ્ટ'
મસો પું૦ ચામડી ઉપર બાઝેલી ગોળ ગાંઠ (૨) અર્શ; હરસ
મસોડા પું૦ બ૦વ૦ મસવાડા; ગર્ભના મહિના (ચ. ગ્રામ્ય)
મસોતું ન૦ ચૂલા ઉપરનાં ગરમ વાસણ પકડવા વપરાતું ચીંથરું
મસ્કતી વિ૦ [फा.] મસ્કત બંદરનું
મસ્જિદ સ્ત્રી૦ [अ.] જુઓ મસીદ [સ્ત્રી૦ મસ્તપણું; મસ્તી
મસ્ત, -સ્તાન વિ૦ [फा.] મદમાતું; ઉન્મત્ત; ચકચૂર. **-સ્તાઈ**
મસ્તક ન૦ [સં.] માથું
મસ્તાઈ, -ન(-નું) [फा.] જુઓ 'મસ્ત'માં
મસ્તિક(-ષ્ક) ન૦ [સં.] માથું (૨) મગજ. **૦વિદ્યા** સ્ત્રી૦ માથાના ઘાટ પરથી અંતઃકરણની લાગણીઓ પારખવાની વિદ્યા; 'ફ્રેનોલોજી'
મસ્તી સ્ત્રી૦ [फा.] તોફાન (૨) મસ્ત હાલત. **૦ખોર** વિ૦ તોફાની [[ગો.] વહાણનો કૂવાસ્તંભ
મસ્તૂલ સ્ત્રી૦; ન૦ સાળમાં વપરાતી રેશમની કોકડી (૨) પું૦
મસ્નદ સ્ત્રી૦ [अ.] મસનદ; પાટ; ગાદી; સિંહાસન
મસ્લહત સ્ત્રી૦ [अ.] મસલત; સલાહ આપવી લેવી તે
મહકૂબ વિ૦ મોકૂફ; મુલતવી. **-બી** સ્ત્રી૦ મહકૂબપણું
મહત વિ૦ [સં.] મોટું. **-તી** વિ૦સ્ત્રી૦ મોટી (૨) સ્ત્રી૦ મહત્તા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) એક જાતની વીણા. -ત્તા સ્ત્રી૦, -ત્વ ન૦ મોટાપણું; મહિમા (૨) અગત્ય; પ્રતિષ્ઠા. -ત્વાકાંક્ષા સ્ત્રી૦ મહાકાંક્ષા; મોટાઈ મેળવવાની ઇચ્છા. -ત્વાકાંક્ષી વિ૦ મહત્ત્વાકાંક્ષાવાળું. -ત્વૈષણા સ્ત્રી૦ મહત્ત્વાકાંક્ષા [દારૂખાનું

મહ(-હે)તાબ પું૦ [ફા.] ચંદ્ર (૨) સ્ત્રી૦ ચાંદની (૩) એક

મહ(-હે)બૂબ વિ૦ [અ.] પ્રિય [મહંમદનું; તેનું અનુયાયી

મહ(-હં)મદ પું૦ (સં.) ઇસ્લામના પેગંબર. -દી વિ૦

મહર્લોક પું૦ [સં.] ઉપરના સાત લોકમાંનો ચોથો લોક

મહર્ષિ પું૦ [સં.] મોટો ઋષિ

મહંત પું૦ મોટો સાધુ; મહાધિકારી -તાઈ સ્ત્રી૦ મહંતપણું

મહંમદ, મહંમદી પું૦ [અ.] જુઓ 'મહમદ'માં

મહા પું૦ માઘ-માહ મહિનો

મહા વિ૦ [સં.] (સમાસમાં) મોટું (કર્મધારય અને બહુવ્રીહિ સમાસ તથા કેટલાક અનિયમિત શબ્દોના આદિમાં આવતું 'મહત્'નું રૂપ). ૦કવિ પું૦ મોટો કવિ. ૦કાય વિ૦ મોટા શરીરવાળું. ૦કાલ(-ળ) પું૦ (સં.) મહાદેવ. ૦કાલી(-ળી) સ્ત્રી૦ (સં.) ભયંકર સ્વરૂપવાળી દુર્ગા. ૦કાલે(-ળે)શ્વર પું૦ (સં.) બાર જ્યોતિર્લિંગમાંનું એક. ૦કાવ્ય ન૦ મોટું કાવ્ય. ૦કાંક્ષી વિ૦ મહત્ત્વાકાંક્ષી. ૦જન ન૦ મોટો પ્રતિષ્ઠિત માણસ કે ગામના તેવાઓનું મંડળ (૨) સરખા ધંધાદારીઓનું મંડળ કે સંઘ. ૦જનિયું વિ૦ મહાજનને લગતું (૨) ધણી વગરનું; રખડાઉ. ૦જની સ્ત્રી૦ નાગરી લિપિનો રજપૂતાનામાં વપરાતો એક પ્રકાર. ૦તલ(-ળ) ન૦ સાતમાંનું પાંચમું પાતાળ. ૦ત્મતા સ્ત્રી૦ મહાત્માપણું. ૦ત્મા વિ૦ મહાન આત્માવાળું (૨) પું૦ તેવો પુરુષ; સંત. ૦દશા સ્ત્રી૦ મુખ્ય ગ્રહની અસર. ૦દેવ પું૦ (સં.) શિવ. ૦દ્વાર ન૦ મુખ્ય દરવાજો. ૦ન વિ૦ મોટું; મહત્. ૦નુભાવ વિ૦ મોટા મનનું; ઉદાર; મહાશય (૨) પું૦ તેવો પુરુષ (૩) તે નામનો એક ધર્મ-સંપ્રદાય. ૦ભાવિતા સ્ત્રી૦. ૦પદ્મ ન૦ સો અબજ (૨) ધોળું કમળ. ૦પાતક ન૦ મોટું પાપ (બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી, ગુરુપત્ની સાથે વ્યભિચાર, અને એ ચાર સાથે સંગ, એ પાંચ). ૦પાતકી વિ૦ મહાપાતક કરનાર. ૦પૂજા સ્ત્રી૦ ખાસ પ્રસંગે કરાતી મોટી પૂજા. ૦પ્રજ્ઞ વિ૦ મહાનુભાવ; મહાપુરુષ. ૦પ્રભુ(૦જી) પું૦ (સં.) વલ્લભાચાર્ય. ૦પ્રલય પું૦ ચારસો બત્રીસ કરોડ વર્ષોને અંતે મનાતો સૃષ્ટિનો સમૂળગો નાશ. ૦પ્રસાદ પું૦ દેવનું નૈવેદ્ય (૨) જગન્નાથજીને ચડેલો ભાત. ૦પ્રસ્થાન ન૦ મૃત્યુ. ૦પ્રાણ વિ૦ (વ્યા.) જેનો ઉચ્ચાર કરતાં વધારે પ્રાણ વપરાય છે તે-કવર્ગ વગેરે દરેક વર્ગનો બીજો અને ચોથો વ્યંજન, તથા શ, ષ, સ અને હ. ૦પ્રાણત્વ ન૦. ૦બલા સ્ત્રી૦ એક વનસ્પતિ. ૦બોધિ પું૦ [સં.] ભગવાન બુદ્ધ (૨) શ્રેષ્ઠ જ્ઞાન. ૦ભાગ વિ૦ ભાગ્યશાળી (૨) સદાચારી. ૦ભારત વિ૦ બહુ મોટું અને મુશ્કેલ (૨) ન૦ (સં.) તે નામનું પ્રસિદ્ધ મહાકાવ્ય. ૦ભાવ વિ૦ મોટા ભાવ કે ભાવનાવાળું. ૦ભિનિષ્ક્રમણ ન૦ મહાન ત્યાગ કે સંન્યાસ (બુદ્ધનો). ૦ભૂત ન૦ મૂળતત્ત્વ; પંચમહાભૂતમાંનું દરેક. ૦મતિ વિ૦ બુદ્ધિશાળી (૨) ઉદાર ચિત્તવાળું. ૦મન વિ૦ મોટા-ઉદાર મનવાળું. ૦મહોપાધ્યાય પું૦ બહુ મોટા ઉપાધ્યાય (૨) અંગ્રેજી રાજ્ય તરફથી સંસ્કૃતના પંડિતને મળતો એક ઇલકાબ. ૦મંત્રી પું૦ પ્રધાન મંત્રી. ૦માત્ર પું૦ વડો અમાત્ય (૨) વિદ્યાપીઠનો મંત્રી; 'રજિસ્ટ્રાર' (૩) મહાવત. ૦માયા સ્ત્રી૦ (સં.) જગતની કારણભૂત અવિદ્યાની અધિષ્ઠાત્રી; દુર્ગા (૨) બુદ્ધ ભગવાનની માતાનું નામ (૩) લક્ષ્મી (૪) સ્ત્રી૦ જેનાથી ભૌતિક જગત સત્ય જણાય છે તે માયા. ૦મારી સ્ત્રી૦ મરકી; કોલેરા. ૦યાન પું૦ એક બૌદ્ધ સંપ્રદાય. ૦રજત ન૦ સોનું. ૦રથી પું૦ એકલો દશ હજાર યોદ્ધાઓ સામે લડી શકે તેવો પરાક્રમી લડવૈયો. ૦રાજ સ્ત્રી૦ મોટો રાજા; સમ્રાટ (૨) વૈષ્ણવોના આચાર્ય (૩) બ્રાહ્મણ, સંત, રાજા વગેરેના સંબોધન તરીકે વપરાય છે (૪) બ્રાહ્મણ રસોઇયો. ૦રાજા(-યા) પું૦ સમ્રાટ. ૦રાજાધિરાજ પું૦ સર્વોપરી સમ્રાટ. ૦રાણી સ્ત્રી૦ વડી રાણી. ૦રાત્રિ(-ત્રી) સ્ત્રી૦ શિવરાત્રી; મહા વદ ૧૪ની રાત્રી (૨) મહાપ્રલયની રાત્રી; કાળરાત્રી (૩) મધરાત પછી બે મુહૂર્તનો સમય. ૦રાષ્ટ્ર પું૦; ન૦ (સં.) ગુજરાતની દક્ષિણે અને કર્ણાટકની ઉત્તરે આવેલો અરબી સમુદ્રના કિનારા પરનો પ્રદેશ. ૦રાષ્ટ્રી વિ૦ મહારાષ્ટ્રનું, -ને લગતું (૨) પું૦ મહારાષ્ટ્રનો રહેવાસી (૩) સ્ત્રી૦ મહારાષ્ટ્રની પ્રાકૃત ભાષા. ૦રેખા સ્ત્રી૦ (—) આવું વિરામચિહ્ન (વ્યા.). ૦રૂપક ન૦ 'એલેગરી'. ૦રૌરવ ન૦ એક નરકનું નામ; રૌરવથીય ભયંકર નરક. ૦લક્ષ્મી સ્ત્રી૦ નારાયણની શક્તિ (૨) અપાર સંપત્તિ (૩) એક છંદ. ૦લય ન૦ મહેલ (૨) પવિત્ર ધામ; મંદિર (૩) ભાદરવા વદમાં કરવાનું મોટું શ્રાદ્ધ (૪) મોટો વિનાશ. ૦વજ્ર પું૦ સંગીતમાં એક અલંકાર. ૦વાક્ય ન૦ 'તત્ત્વમસિ' વગેરે જેવું બ્રહ્મપ્રતિપાદક ઉપનિષદનું વાક્ય. ૦વિદ્યાલય ન૦ ઊંચો અભ્યાસ કરવાની વડી શાળા; કૉલેજ. ૦વીર પું૦ મોટો પરાક્રમી પુરુષ (૨) [સં.] ચોવીસમા જૈન તીર્થંકર (૩) હનુમાન (૪) ગરુડ. ૦વ્યથા સ્ત્રી૦ ભારે વેદના. ૦વ્રત ન૦ મોટું-ખૂબ કઠણ વ્રત (૨) જીવનની અનિવાર્ય ફરજ. ૦વિરામ ન૦ (:) આવું મહાવિરામનું ચિહ્ન (વ્યા.); 'કોલન'. ૦શય વિ૦ ઉચ્ચ આશયવાળું; સજ્જન (૨) પું૦ તેવો માણસ (૩) જી જેવું એક માનવાચક. ઉદા૦ માસ્તર મહાશય. ૦શયી વિ૦ મહાશય. ૦શંકુ ન૦ દસ મહાપદ્મ (સંખ્યા).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦શાળા સ્ત્રી૦ 'કૉલેજ', ૦સભા સ્ત્રી૦ મોટી વિશાળ સભા (૨) 'કૉંગ્રેસ'. ૦સમિતિ સ્ત્રી૦ મોટી સમિતિ (૨) 'ઑલ ઇંડિયા કૉંગ્રેસ કમિટી'. ૦સંસ્કૃત ન૦ વેદનું સંસ્કૃત. ૦સ્થવિર પું૦ ૨૦ વર્ષ જૂનો બૌદ્ધ ભિક્ષુ

મહાણો પું૦ ભાર; વક્કર

મહાર પું૦ [મ.] એક અંત્યજ જાતનો માણસ-ભંગી

મહારત પું૦ [અ.] માહેરપણું; ઉસ્તાદી; આવડત

મહાલ પું૦[અ.] તાલુકો; પરગણાનો એક ભાગ.૦ક(-કા)રી પું૦ મહાલનો વહીવટદાર

મહાવત પું૦ હાથીનો હાંકનાર [વહીવટ

મહાવરો પું૦ [અ.] અભ્યાસ; ટેવ (૨) શિરસ્તો; ચાલુ

મહાસબો પું૦ હિસાબ

મહાસરટી સ્ત્રી૦પૃથ્વી પરથી નાબૂદ થયેલું એક મોટું પ્રાણી

મહાંત વિ૦ + મોટું; મહાન

મહિ(-હી) સ્ત્રી૦[સં.]પૃથ્વી.૦તલ(-ળ)ન૦પૃથ્વીની સપાટી. ૦ધર પું૦પર્વત. ૦નાથ,૦પતિ, ૦પાલ(-ળ) પું૦ રાજા

મહિનો પું૦ માસ; વરસના બાર ભાગમાંનો એક કે તેટલો સમય. -ના પું૦બ૦વ૦[લા.] ગર્ભ રહેવો તે (૨) કાવ્યનો એક પ્રકાર. -નાદાર પું૦ માસિક પગારે નોકરી કરનાર

મહિમા પું૦[સં.] પ્રતાપ; યશ (૨) સ્ત્રી૦ મોટું સ્વરૂપ લેવાની યોગની એક સિદ્ધિ. ૦વાન વિ૦ મહિમાવાળું

મહિયર ન૦ પિયર [કરનાર સ્ત્રી

મહિયારી સ્ત્રી૦ ભરવાડણ; ગોપી (૨) ગોત્રજની પૂજા

મહિલા સ્ત્રી૦ [સં.] સ્ત્રી (૨) રાણી. ૦વિદ્યાલય ન૦ સ્ત્રીઓની પાઠશાળા

મહિષ પું૦ [સં.] પાડો. -ષાસુર પું૦ (સં.) એક રાક્ષસ; ભેંસાસુર. -ષી સ્ત્રી૦ ભેંસ (૨) પટરાણી; રાણી

મહી સ્ત્રી૦ ગાય (૨) [સં.] ગુજરાતની એક મોટી નદી (૩) ન૦ દહીં; મહીડું. ૦ડું ન૦ દહીં

મહી, ૦તલ(-ળ), ૦ધર, ૦નાથ, ૦પતિ, ૦પાલ જુઓ 'મહિ'માં. ૦દીપ પું૦એક છંદ. ૦સુર પું૦ભૂસુર; બ્રાહ્મણ

મહીરું ન૦ મહિયર.

મહીં અ૦અંદર. ૦મહીં અ૦ વચ્ચે વચ્ચે; કોક કોક વાર

મહુડી સ્ત્રી૦ નાનો મહુડો (૨) દારૂ. -ડું ન૦ મહુડાનું ફૂલ. -ડો પું૦ એક ઝાડ

મહુરત ન૦ મુહૂર્ત

મહુવર સ્ત્રી૦ મદારીની વાંસળી [પું૦ મહેક

મહેક સ્ત્રી૦ ફોરમ; સુગંધ. ૦વું અ૦ક્રિ૦ ફોરવું. -કાટ

મહેચ્છ વિ૦ [સં.] મહેચ્છાવાળું; મહાકાંક્ષી. -ચ્છા સ્ત્રી૦ મોટી ઇચ્છા; મહાકાંક્ષા [મહેણાં; મર્મવચન

મહેણું ન૦ટોણો; મર્મવચન. -ણાંટૂ(-ટો)ણાં ન૦બ૦વ૦

મહેતર પું૦ ઢેડનો મુખી (૨) ઝાડુ મારનાર ભંગી. ૦ણ સ્ત્રી૦ મહેતરાણી. -રાઈ સ્ત્રી૦ મહેતરનું કામ કે હોદ્દો. -રાણી સ્ત્રી૦ મહેતરની કે તે જાતિની સ્ત્રી

મહેતલ સ્ત્રી૦ મુદત; સમય

મહેતો પું૦ શિક્ષક (૨) કારકુન; ગુમાસ્તો; વાણોતર. -તાગીરી સ્ત્રી૦ મહેતાનું કામ. -તાજી પું૦ મહેતો (માનાર્થે). -તી સ્ત્રી૦ શિક્ષિકા (૨) મહેતાજીની સ્ત્રી. -તીજી સ્ત્રી૦ મહેતી (માનાર્થક)

મહેતાબ પું૦ ચંદ્ર [પગાર. -તુ વિ૦ ઉદ્યમી; ઉદ્યોગી

મહેનત સ્ત્રી૦ શ્રમ. -તાણું ન૦ મહેનતનો બદલો; રોજી;

મહેફિલ સ્ત્રી૦ મિજલસ (૨) ઉજાણી

મહેબૂબ વિ૦ જુઓ મહબૂબ [ચાકરી

મહેમાન પું૦ પરોણો. ૦ગીરી, ૦દારી, -ની સ્ત્રી૦પરોણા-

મહેર સ્ત્રી૦કૃપા;દયા.૦બાન વિ૦કૃપાળુ;માયાળુ.૦બાની સ્ત્રી૦

મહેરમ વિ૦ વહાલું; મનથી માનેલું [વિ૦ મહેરાબવાળું

મહેરાબ પું૦કમાનના આકારનું ચણતર. ૦દાર,-બી(-વી)

મહેરાણ, મહેરામણ પું૦ સમુદ્ર

મહેરો પું૦ પાલખી ઊંચકનાર; ભોઈ

મહે(-હો)લ પું૦ -લાત સ્ત્રી૦ રાજમહેલ

મહે(-હો)લ્લો પું૦ ફળિયું; શેરી. -લ્લાદાર પું૦ મહેલ્લાવાળો; મહેલ્લાનો ઇજારદાર

મહેશ(-શ્વર) પું૦ [સં.] મહાદેવ

મહેશ્વાસ પું૦ [સં.] મોટો બાણાવળી-યોદ્ધો

મહેસૂલ સ્ત્રી૦ જમીન ઉપરનો કર (૨) જકાત; દાણ (૩) રાજ્યની કુલ આવક. -લી વિ૦ મહેસૂલને લગતું

મહેંદ્ર પું૦ [સં.] (સં.) ઇંદ્ર

મહોકા ન૦ એક પક્ષી

મહોચ્છવ, મહોત્સવ [સં.] પું૦ મોટો ઉત્સવ

મહોદધિ પું૦ [સં.] મહાસાગર

મહોદય વિ૦ (૨) પું૦ [સં.] મહાનુભાવ; મહાશય

મહોબત સ્ત્રી૦ પિછાન; દોસ્તી (૨) પ્રેમ; પ્યાર. -તી વિ૦ મહોબતવાળું; પ્રેમી

મહોર સ્ત્રી૦ ગીની (૨) છાપ; સિક્કો (૩) ચલણી સિક્કો (ઉદા૦ રૂપામહોર.). ૦દાર સ્ત્રી૦ બેગમ; સ્ત્રી

મહોરું ન૦ શેતરંજનું સોગટું. -રો પું૦ સાપના તાળવામાં થતો ગોળ ચપટો પદાર્થ (૨) ઘસીને ચળકાટ આપવો તે (૩) જેથી ચળકાટ અપાય તે (૪) અસ્તાઈની કડી (૫) નગારું વગાડવાની એક રીત (૬) કુસ્તીની શરૂઆતમાં આમતેમ ફરવું તે (૭) તરવારનો ઘા

મહોલ, -લાત જુઓ 'મહેલ'માં

મહોલ્લો, -લ્લાદાર જુઓ 'મહેલ્લો'માં

મળ પું૦ મેલ; કચરો (૨) પેટમાંનો કચરો; વિષ્ટા

મળકું વિ૦ જરા મોળું

મળગૂગળું વિ૦ મળકું; જરા મોળું (૨) ગંદું; મેલું

મળણ ન૦ મળવું તે; મેળાપ; સ્નેહ. -તર ન૦ નફો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમાણી. -તાવડું વિ૦ મિલનસાર. -તાવશેક પું૦ ગ્રહ મળતા આવવા તે; મેળ (પતિપત્ની માટે). -તિયું વિ૦ સાથે મળી કામ કરનાર; સાથી. (૨) અમુક પક્ષમાં મળી ગયેલું; પક્ષકાર. -તિયણ, -તી સ્ત્રી૦ મળતિયા સ્ત્રી

મળમાસ પું૦ જુઓ મલમાસ

મળવિકાર પું૦ બંધકોશથી થયેલો રોગ

મળવું અ૦ક્રિ૦ જોડાવું; ભેગા થવું; ભળવું(૨) એકરૂપ બનવું; સંપ કરવો (૩) મુલાકાત થવી; એકઠા થવું (૪) સમાન હોવું (૫) મેળ હોવો (૬) પ્રાપ્ત થવું (૭) જડવું; હાથ લાગવું

મળશુદ્ધિ સ્ત્રી૦ જુઓ મલશુદ્ધિ

મળસકું ન૦ પરોઢિયું

મળાવડો પું૦ મલાવવું તે; મલાવડો

મળાવરોધ પું૦ જુઓ મલાવરોધ

મળાશય ન૦ જુઓ મલાશય

મળિયાગર(-રુ) પું૦ જુઓ મલયાગરુ

મળોત્સર્ગ પું૦ જુઓ મલોત્સર્ગ

મળી સ્ત્રી૦ પૈડાંમાં ઊંજેલા દિવેલ તથા ચીંથરાનો થતો મેલ(૨)હનૂમાનની મૂર્તિ ઉપરનો તેલ અને સિંદૂરનો મેલ

મંકોડો પું૦ એક જંતુ. -ડી સ્ત્રી૦ નાનો મંકોડો

મંગ(૦રો) પું૦ ડુંગરો; ટેકરો

મંગણ(-ન) પું૦ જુઓ માગણ

મંગરો પું૦ ડુંગરો; ટેકરો; મંગ

મંગલ(-ળ) વિ૦ [સં.] શુભ; કલ્યાણકારક (૨)પું૦ એ નામનો ગ્રહ (૩) મંગળવાર (૪) ન૦ કલ્યાણ; સુખ (૫) ખુશાલીનો અવસર (૭) આશીર્વાદ કે ખુશાલીનું ગીત (૭) ગ્રંથને આરંભે કરાતી સ્તુતિ. ૦કારક,૦કારી વિ૦ મંગળ કરનારું; શુભ. -લા(-ળા)ચરણ ન૦ ગ્રંથ કે કોઈ કામને આરંભે કરાતી ઈશ્વરસ્તુતિ (૨) [લા.] શરૂઆત. -લા(-ળા)ષ્ટક ન૦ લગ્ન વગેરે પ્રસંગે અંતે બોલાતા આશીર્વાદના આઠ શ્લોક. -ળફેરા પું૦બ૦વ૦ પરણી ઊઠી વરવહુ ચોરીની આસપાસ ચાર વાર ફરે છે તે. -ળમય વિ૦ મંગળકારી; કલ્યાણકારી. -ળમૂર્તિ-(-ર્ત્તિ) સ્ત્રી૦ જેનું દર્શનસ્મરણાદિ મંગળકારી છે તે (૨) [સં.] ગણપતિ. -ળવાર પું૦ અઠવાડિયાનો ત્રીજો વાર. -ળવારું વિ૦ મંગળવારે આવતું કે શરૂ થતું. -ળસૂત્ર ન૦ લગ્ન વખતે વર તરફથી કન્યાના ગળામાં દોરો પહેરાવાય છે તે, જેને કન્યા ધણીની હયાતી સુધી પહેરી રાખે છે (૨) સ્ત્રીના ગળાનું એક ઘરેણું. -ળા સ્ત્રી૦ વૈષ્ણવ મંદિરમાં ઠાકોરજીનાં પ્રભાતનાં પહેલાં દર્શન (૨) [સં.] દુર્ગા (૩) હળદર (૪) દૂર્વા

મંગાવવું સ૦ક્રિ૦ લાવવાને કહેવું, લખવું ઇ૦; મગાવવું

મંગાળો પું૦ પથ્થર ગોઠવીને કરેલો કામચલાઉ ચૂલો

મંચ,૦ક પું૦ [સં.] પલંગ (૨) માંચડો; 'હાયસ' (૩) ખેતરમાં બાંધેલો માળો

મંછા સ્ત્રી૦ મનીષા; ઇચ્છા; ઉમેદ; વિચાર. ૦ભૂત ન૦ પોતાની ઇચ્છારૂપી ભૂત; બલા પેઠે વળગેલી ઇચ્છા કે વિચાર

મંજન ન૦ [સં.] માંજવું તે (૨) દાંત ઘસવાનો ભૂકો (૩) દાંતે પીડ-રંગની લૂગદી મૂકવી તે

મંજરિ(-રી) સ્ત્રી૦ [સં.] મોર; ફૂલની કળીઓનું ઝૂમખું-ડાળખી (૨) કૂંપળ. -રિત,-રિયાળું વિ૦ મંજરીવાળું

મંજાર પું૦ માંજાર; બિલાડો. -રી સ્ત્રી૦ બિલાડી; માંજરી

મંજિલ સ્ત્રી૦ [अ.] મકાન. ૦ગાહ સ્ત્રી૦ ઉતારો; ધર્મશાળા

મંજિષ્ઠ સ્ત્રી૦ [સં.] મજીઠ [જોડાં; કરતાલ

મંજીર ન૦ [સં.] ઝાંઝર; નૂપુર. -રા પું૦બ૦વ૦ કાંસી-

મંજુ વિ૦ [સં.] કોમળ; મધુર. ૦કેશ (-શી) વિ૦ સુંદર વાળવાળું. ૦ભાષિણી વિ૦સ્ત્રી૦ મધુર બોલનારી (૨) સ્ત્રી૦ એક છંદ. ૦ભાષી, ૦વાદી વિ૦ મધુર બોલનારું. ૦લ વિ૦ મંજુ [બહાલી; હા પાડવી તે

મંજૂર વિ૦ [अ.] કબૂલ; માન્ય; બહાલ. -રી સ્ત્રી૦

મંજૂષા સ્ત્રી૦ [સં.] પેટી; મજૂસ

મંજો પું૦ રમવાનો લખોટો

મંઠતાલ પું૦ મઠતાલ; એક તાલ (સંગીત)

મંડ પું૦; ન૦ [સં.] ભાતનું જાડું ઓસામણ

મંડન ન૦ [સં.] શણગાર (૨) [મતનું] સ્થાપન

મંડપ પું૦ [સં.] માંડવો

મંડલ(-ળ) ન૦ [સં.] ગોળ ઘેરાવ; કૂંડાળું (૨) ટોળું; સંઘ (૩) પ્રદેશ; પ્રાંત (૪) બાર રાજ્યોનો સમૂહ (૫) ઋગ્વેદના દશ ખંડમાંનો દરેક. -લા(-ળા)કાર વિ૦ ચક્રાકાર; ગોળ. -લિ(-લી,-ળિ,-ળી)ક પું૦ સામંત; ખંડિયો રાજા. -લી(-ળી) સ્ત્રી૦ ટોળી; મંડળ. -લે(-ળે)-શ(-શ્વર) પું૦ એક મંડલ-૧૨ રાજ્યોનો અધિપતિ

મંડવું અ૦ક્રિ૦ ખંતથી વળગવું; લાગવું; મચવું ['મંડલ'માં

મંડળ,-ળાકાર,-ળિ(-ળી)ક,-ળી, -ળેશ(-શ્વર) જુઓ

મંડાઈ,-મણી સ્ત્રી૦,**-મણ** ન૦ નાણું ધીરનાર વ્યાજ ઉપરાંત ચોપડામાં ખાતું પાડવા બદલ બક્ષિસ લે છે તે. -ણ ન૦ આરંભ; પાયો(૨) કૂવા પરનાં જે લાકડાં સાથે ચાક હોય છે તે.-વવું સ૦ક્રિ૦, -વું અ૦ક્રિ૦ 'માંડવું'નું પ્રેરક ને કર્મણિ

મંડિત વિ૦ [સં.] શણગારેલું

મંડીલ ન૦ જુઓ મંદીલ

મંડૂક પું૦ [સં.] દેડકો. ૦પ્લુતિ સ્ત્રી૦ દેડકાનો કૂદકો (૨) વ્યાકરણમાં કેટલાંક સૂત્ર વચ્ચે મૂકી દઈ ત્યાર-પછીના સૂત્રમાંથી પદ લેવું તે

મંડૂર ન૦ [સં.] લોઢાનો કાટ; એક રસાયણ

મંતર પું૦ મંત્ર. ૦વું સ૦ક્રિ૦ મંત્રથી કાબૂમાં લેવું કે અસર કરવી (૨) ભરમાવવું; શીખવી રાખવું

મંતવ્ય વિ૦ [સં.] મનન કરવા યોગ્ય (૨) ન૦ મત; માન્યતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંત્ર પું૦ [સં.] દેવ કે કોઈ શક્તિ સાધ્ય કરવાનો ગૂઢ શબ્દ કે શબ્દો (૨) મંત્રણા. **૦ણા** સ્ત્રી૦ ખાનગી મસલત. **૦મુગ્ધ** વિ૦ મંત્રથી મોહ પામેલું કે બીજા કશાથી તેના જેવી અસર પામેલું. **૦શાસ્ત્ર** ન૦ મંત્રો તથા તેમના વિધિનું શાસ્ત્ર. **૦શાળા** સ્ત્રી૦ મંત્રણા કરવાનો ખંડ. **૦સાધન** ન૦ મંત્ર સાધવો તે. **૦સિદ્ધિ** સ્ત્રી૦ મંત્ર સિદ્ધ થવો–મંત્રની કાર્યસાધક શક્તિ પ્રાપ્ત કરવી તે. **–ત્રિત્વ** ન૦ મંત્રીપણું. **–ત્રી** પું૦ સલાહકાર; પ્રધાન (૨) પ્રધાન કાર્યકર્તા; સંસ્થાનું તંત્ર સંભાળનાર;'સેક્રેટરી'. **–ત્રીપદ** ન૦ મંત્રીનો હોદ્દો. **–ત્રીવટ** સ્ત્રી૦ મંત્રીનું કામ. **–ત્રીશ(–શ્વર)** પું૦ પ્રધાન મંત્રી

મંથન ન૦ [સં.] વલોવવું કે વલોવાવું તે (૨) [લા.] ઊથલપાથલ; ગડમથલ. **૦કાલ(–ળ)** પું૦ મંથનનો સમય. **૦શાલા(–ળા)** સ્ત્રી૦ વલોણું કરવાની જગા. **–ની** સ્ત્રી૦ મથની; ગોળી

મંથર વિ૦ [સં.] મંદ; સુસ્ત; જડ

મંથાચલ(–ળ) પું૦ [સં.] (સં.) મંદરાચળ

મંદ [ફા.] પ્રત્યય. નામને લાગતાં 'વાળું' એવો અર્થ બતાવે. ઉદા૦ અક્કલમંદ; ફતેહમંદ

મંદ વિ૦ [સં.] ધીમું; ધીરું; થોડું. **૦ગતિ** વિ૦ ધીમી ગતિવાળું (૨) સ્ત્રી૦ ધીમી ગતિ. **૦ગામી** વિ૦ મંદગતિથી જનારું. **૦તા** સ્ત્રી૦. **૦બુદ્ધિ** વિ૦ કમઅક્કલ; મૂર્ખ (૨) સ્ત્રી૦ જડતા; મૂર્ખતા. **૦ભાગી** વિ૦ કમનસીબ. **૦ભાગ્ય** વિ૦ મંદભાગી (૨) ન૦ દુર્ભાગ્ય. **૦મતિ** વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ મંદબુદ્ધિ. **૦હાસ્ય** ન૦ સ્મિત; જરાક મલકાઈને હસવું તે [મંથનનો રવૈયો)

મંદરાચલ(–ળ) પું૦ [સં.] એક પૌરાણિક પર્વત (સમુદ્ર-

મંદવાડ પું૦ બીમારી; રોગ. **–ડિયું** વિ૦ રોગી; માંદું ને માંદું રહેતું. **–ર** પું૦ મંદવાડિયો વાર–શનિવાર

મંદા વિ૦સ્ત્રી૦ [સં.] મૃદુ શ્રુતિનો એક પ્રકાર

મંદાકિની સ્ત્રી૦ [સં.] (સં.) ગંગા (૨) આકાશગંગા

મંદાક્રાંતા પું૦ [સં.] એક છંદ

મંદાક્ષ વિ૦[સં.]નબળી આંખોવાળું (૨) ન૦ શરમ; લાજ

મંદાગ્નિ પું૦ [સં.] પાચનશક્તિની મંદતા

મંદાર ન૦ [સં.] સ્વર્ગનાં પાંચ વૃક્ષોમાંનું એક; તેનું ફૂલ

મંદિર ન૦ [સં.]દેવાલય (૨) ઘર (૩) વિદ્યાનું ધામ. **૦પ્રવેશ** પું૦ મંદિરમાં પ્રવેશવાની છૂટ. **–રિયું** ન૦ મંદિર (પ.)

મંદી સ્ત્રી૦ મંદતા; કમીપણું (૨) ભાવની પડતી

મંદીલ ન૦ [અ.] કસબી બારીક વણાટની પાઘડી કે ફેંટો

મંદું વિ૦ મંદ

મંદ્ર વિ૦ [સં.] ધીમો; ગંભીર (સૂર) (૨) સંગીતના ત્રણ પ્રકારના સ્વરોમાંનો એક. **૦તા** સ્ત્રી૦. **૦મધ્ય** પું૦ સ્વરોની અમુક જાતની ગૂંથણી–એકવર્ણાલંકાર (સંગીત). **–દ્રાદિ** પું૦ એક વર્ણાલંકાર (સંગીત)

મંમાયા સ્ત્રી૦ માતા; દેવી

મા અ૦ [સં.] ના; નહિ.

મા સ્ત્રી૦ માતા; બા. **૦ઈ** સ્ત્રી૦ મા. **૦ઈકાંગલું** વિ૦ માવડિયું (૨) બાયલું; નબળું. **૦ઘેલું** વિ૦ મા પાછળ ઘેલું ઘેલું થાય એવું. **૦જી** સ્ત્રી૦ દાદી (૨) અંબા માતા કે કોઈ દેવી (૩) વૃદ્ધ સ્ત્રીનું માનવાચક સંબોધન

માઆઝમા વિ૦ મોટું; મહાન

માઈલ પું૦ [ઈં.] બાવનસો એંશી ફૂટ જેટલું અંતર

માકડ(–ણ) પું૦ એક જીવડું; માંકડ. **–ડિ(–ણિ)યું** વિ૦ માકણવાળું (૨) ન૦ માકણ ભરાઈ રહે તેવું કાણાંવાળું પાટિયું

માકૂલ વિ૦ [અ.] યોગ્ય

માકો પું૦ ભાંગરો [વપરાય છે.

માક્ષિ(–ક્ષી)ક ન૦ [સં.] મધ (૨) એક ઉપધાતુ–ઔષધિમાં

માખ(–ખી) સ્ત્રી૦ એક ઊડતું જીવડું

માખણ ન૦ દહીં વલોવવાથી નીકળતું સત્ત્વ; નવનીત. **૦ચોર** પું૦ (સં.) શ્રીકૃષ્ણ. **–ણિયું** વિ૦ માખણ ભેળવેલું (ચૂનો) (૨) માખણ જેવું નરમ (૩) [લા.] ખુશામતિયું

માખળ પું૦ ખળીમાં આણેલા પાકનો સરકારી ભાગ માટે કાઢવામાં આવતો અંદાજ

માખી સ્ત્રી૦ માખ. **૦ઘોયું** ન૦ ભમરડાની એક રમત. **૦વાઘ** પું૦ માખી પકડનારો જીવડો. **–ખો** પું૦ મોટી લીલી માખ

માગ પું૦ રસ્તો (૨) જગા; આસન (૩) અંતર; મોકળાશ

માગ સ્ત્રી૦ માંગ; માગણી; ખપત (૨) ઉઘરાણી. **૦ણ** પું૦ માગનાર; ભિખારી (૨) ન૦ માગવું તે. **૦ણિયાત** વિ૦ ભિખારી. **૦ણી** સ્ત્રી૦ માગવું તે (૨) માગ; ખપત. **૦ણું** ન૦ માગણી; માગવું તે (૨) લેણું (૩) પર હદમાંથી આરોપી કે ગુનેગારને કોર્ટમાં હાજર કરવાની માગણી; 'એક્સ્ટ્રેડિશન'. **૦તું** વિ૦ માગણી કરતું (૨) ન૦ લેણું

માગધ પું૦ [સં.] વંશની કીર્તિ ગાનાર; વહીવંચો

માગધી વિ૦ [સં.] મગધ દેશનું (૨) સ્ત્રી૦ એની ભાષા; ચારમાંની એક પ્રાકૃત

માગરણું ન૦ વરને પીઠી ચોળવી તે

માગવું સ૦ક્રિ૦ આપવા માટે કહેવું (૨) પાછું આપવા કહેવું

માગશર પું૦ વિક્રમ સંવતનો બીજો મહિનો [મેળવીને

માગીતાગી(૦ને) અ૦ આમથી તેમથી–ગમે તેમ કરીને

માગું ન૦ માગણી (બહુધા લગ્નવિષયક)

માઘ પું૦[સં.]માહ; વિક્રમ સંવતનો ચોથો મહિનો. **૦મેળો** પું૦ પ્રયાગમાં માઘમાં ભરાતો એક મોટો મેળો. **૦વટો** પું૦, **૦સ્નાન** ન૦ પોષ સુદ પૂનમથી મહા સુદ પૂનમ સુધી સૂર્યોદય પહેલાં સ્નાન કરવાનું એક વ્રત

માછણ સ્ત્રી૦ માછીની સ્ત્રી

માછલી સ્ત્રી૦, **–લું** ન૦ એક જળચર પ્રાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માછી પું૦ માછીમાર (૨) ખલાસી. ૦**માર** પું૦ માછલાં પકડવાનો ધંધો કરનાર
માજણ્યું વિ૦ એક માનું; સહોદર; માજાયું
માજન ન૦ હદ; અંકુશ [વેલો કેફી પદાર્થ
માજમ સ્ત્રી૦ ભાંગના સત્ત્વમાં બીજાં વસાણાં નાખી બના-
માજરવેલ સ્ત્રી૦ એક જાતની ડાંગર
માજરો પું૦ હકીકત; વર્ણન
માજલ ન૦ એક પંખી
માજવું સ૦ક્રિ૦ જુઓ માંજવું
માજાયું વિ૦ માજણ્યું. −ઈ સ્ત્રી૦ બહેન. −યો પું૦ ભાઈ
માજી વિ૦ [अ.] પૂર્વેનું; અગાઉ થઈ ગયેલું (૨) મરહૂમ (૩) સ્ત્રી૦ જુઓ 'મા'માં
માજુફળ ન૦ માયું. −ળી સ્ત્રી૦ માજુફળનો છોડ
માજુમી વિ૦ માજમનું બંધાણી
માજૂર વિ૦ [अ.] આંધળું
માઝમ વિ૦ મધ્યમ; મધ્ય
માઝર સ્ત્રી૦ (સુ.) સખતળી; માંજર
માઝા સ્ત્રી૦ મર્યાદા [સારુ (૨) તેથી; તે કારણે
માટ અ૦ (પ.) માટે. −ટે, −ટે કરી(૦ને) અ૦ વાસ્તે;
માટ ન૦ માટલું (૨) ખોરાકમાં વપરાયેલું માંસ. ૦**રિયો** વિ૦પું૦ થાળું બાંધ્યા વિનાનો (કૂવો)
માટલી સ્ત્રી૦ નાનું માટલું. −**લું** ન૦ માટીનું એક વાસણ
માટી વિ૦ જોરાવર (૨) પું૦ માંટી; ધણી (૩) મરદ (૪) સ્ત્રી૦ મરોડી (૫) માંસ. ૦**ડો** પું૦ પુરુષ (૨) ધણી
માટે, ૦કરી(૦ને) અ૦ જુઓ 'માટ' અ૦ માં
માઠ સ્ત્રી૦ એક ભાજી
માઠી સ્ત્રી૦ હાથનું એક ઘરેણું [−ઠેરું વિ૦ મોડું; લગાર
માઠું વિ૦ ખરાબ; ભૂંડું; અશુભ (૨) [લા.] કંઈક ઓછું.
માડ ન૦ નાળિયેરી
માડ ન૦ ['મા'માં હશ્રુતિ] [illegible] ઊંચે [illegible] બાંધી બનાવેલું રન્નાદેવનું સ્થાન; [illegible] મંડપ (૨) પું૦ જુઓ માઢ
માડણ ન૦ [illegible] (૨) ગામને પાદરે પાણી ભરેલો ખાડો (જેમાં ભેંસો પડી રહે છે)
માડા પું૦ જુવાર અને ઘઉંની મિશ્રિત, હાથે ઘડેલી રોટલી
માડી સ્ત્રી૦ મા (૨) માતા; દેવી (ભક્તિમાં). ૦**જાયો** પું૦ માનો બેટો; બચ્ચો; બહાદુર માણસ
માડું પું૦ (ક.) માઢું; માણસ
માડો પું૦ રોટલાનો પોપડો; રોટલીનું પડ (૨) પૂડો (૩) ઘણી મોટી અને પાતળી રોટલી (૪) ફૂલકો
માઢ પું૦ મહેલ; મેડીવાળું સુંદર મકાન (૨) વાસ; મહોલ્લો (૩) માડ; એક રાગ. ૦**મેડી** સ્ત્રી૦ દરવાજા પર બાંધેલી મેડી
માઢુઆં(−ઢાં) ન૦બ૦વ૦ લાડકાં બાળક
માઢું ન૦ (ક.) માડું; માણસ

માણ સ્ત્રી૦ ગાગર (૨) ખમીર; ખટાશ (૩) ઉતરડ (૪) ન૦ મોવણ (૫) હદ; સીમા (૬) કેફ; મીણો (૭) માણવું તે; મોજ
માણકમાઉ વિ૦ કંઈ કમાતું ન હોય તેવું (૨) આળસુ; સુરત
માણકી સ્ત્રી૦ એક જાતની ઘોડી
માણભટ(−ટ્ટ) પું૦ માણ ખખડાવી કથા કહેનાર વ્યાસ
માણ માણ(−ણે) અ૦ + માંડ માંડ; જેમ તેમ કરીને; પરાણે (૨) મંદ મંદ; ધીરે ધીરે
માણવક પું૦ [सं.] મશ્કરો; વિદૂષક (૨) એક છંદ
માણવું સ૦ક્રિ૦ અનુભવવું; ભોગવવું (૨) અ૦ક્રિ૦ રાજી થવું; મજા કરવી [ગુણ કે વર્તન
માણસ પું૦;ન૦ મનુષ્ય. −**સાઈ** સ્ત્રી૦ માણસને યોગ્ય
માણારાજ પું૦ મોટું માણસ; વહાલું માણસ(લોકગીતમાં)
માણિક્ય ન૦ [सं.] માણેક
માણિયો પું૦ ગાડવો; ઘડો (૨) એક મણ પ્રવાહી માય એવું પાત્ર (૩) મણનું કાટલું; મણીકો
માણી સ્ત્રી૦ બાર મણનું તોલ
માણીગર પું૦ રસિક; ભોગી
માણીતલ ન૦ વિશ્રાંતિસ્થાન
માણું ન૦ (કા.) અનાજ ભરવાની નવ શેરના માપની પાલી (૨) વિ૦ તેટલા માપનું (અનાજ)
માણેક ન૦ રાતો મણિ. ૦**જમાની** સ્ત્રી૦ ધણી આપે તો આપું એવી શરતે કરેલી જમાની. ૦**ઠારી** સ્ત્રી૦ શરદ પૂનમ. ૦**થંભ** પું૦ વિજયસ્તંભ. ૦**નોતરું** ન૦ માનને ખાતર આપેલું નામનું નોતરું
માણો પું૦ આનંદ; ભોગ (૨) એક માપ
માત સ્ત્રી૦ માતા. ૦**પિતા** ન૦બ૦વ૦ માબાપ [થયેલું
માત ['મા'માં હશ્રુતિ] વિ૦ [अ.] હારી ગયેલું; જોર વિનાનું
માતબર વિ૦ તાલેવાન; શ્રીમંત. −**રી** સ્ત્રી૦ ધનાઢ્યતા
માતમ ન૦ [फा.] શોક; રડાકૂટ [ચરબી વધવી
માતવું અ૦ક્રિ૦ ફાલવું; હૃષ્ટપુષ્ટ થવું (૨) મસ્તીમાં આવવું;
માતરિશ્વા પું૦ [सं.] પવન
માતરું ન૦ પેશાબ (જૈન)
માતલિ પું૦[सं.](સં.) ઇંદ્રનો સારથિ [વાહનવાળી દેવી
માતંગ પું૦ [सं.] હાથી. −**ગી** સ્ત્રી૦ હાથણી (૨) હાથીના
માતા સ્ત્રી૦ [सं.] જનની (૨) દેવી (૩) શીતળામાતા. ૦**જી** સ્ત્રી૦ માતા (માનવાચક). ૦**પિતા** ન૦બ૦વ૦ માતપિતા. ૦**મહ** પું૦ માનો બાપ. ૦**મહી** સ્ત્રી૦ માની મા
માતુ સ્ત્રી૦ મા. ૦**લ** પું૦ [सं.] મામો. ૦**લી** વિ૦ મામાનું (૨) સ્ત્રી૦ મામી. ૦**શ્રી** સ્ત્રી૦ મા (માનસૂચક)
માતું,૦તાતું વિ૦ માતેલું
માતૃ સ્ત્રી૦ [सं.] માતા. ૦**ક** વિ૦ મા સંબંધી. ૦**કા** સ્ત્રી૦ મા (૨) ગૂઢ શક્તિવાળી કેટલીક આકૃતિઓનું નામ. ૦**ઘાત** પું૦ માનો વધ. ૦**ઘાતી** વિ૦ માનો વધ કરનારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦ત્વ ન૦ માતા તરીકેનો ધર્મ; માતાપણું. ૦દેવ વિ૦ માતાને દેવ તરીકે પૂજનાર. ૦દેશ પું૦ જન્મભૂમિ. ૦પક્ષ પું૦ મા તરફનાં સગાંવહાલાં. ૦ભાષા સ્ત્રી૦ સ્વભાષા. ૦ભૂમિ(-મી) સ્ત્રી૦ જન્મભૂમિ

માત્ર નામને લાગતાં 'તે બધું; સઘળું' એવો સમગ્રતા-વાચક અર્થ બનાવે છે. ઉદા૦માણસમાત્ર (૨) અ૦ ફક્ત; કેવળ (૩) વિ૦ [સં.] બહુવ્રીહિ સમાસમાં ઉત્તરપદ તરીકે '-માપ કે પ્રમાણનું' એ અર્થમાં. ઉદા૦ અંગુલીમાત્ર; રજમાત્ર

માત્રા સ્ત્રી૦ [સં.] બારાખડીમાં ઉપર મુકાતું (`) આવું ચિહ્ન (૨) કાવ્ય કે સંગીતમાં સમયની ગણનાનો એકમ (૩) ધાતુની ભસ્મ; રસાયણ (૪) માપ; પ્રમાણ. ૦કવિતા સ્ત્રી૦ માત્રામેળવાળી કવિતા. ૦છંદ,૦બંધ પું૦ માત્રામેળ છંદ. ૦મેળ વિ૦ જેમાં ઓછી વધારે માત્રા ઉપર પદબંધનો આધાર હોય તેવું. ૦વૃત્ત ન૦ માત્રાછંદ. ૦સમક પું૦ સરખી માત્રાના છંદોનો વર્ગ. -ત્રિક વિ૦ માત્રાને લગતું (૨) માત્રામેળવાળું

માત્સર્ય ન૦ [સં.] બીજાનું સુખ દેખી બળવું તે; ઈર્ષા

માત્સ્યન્યાય પું૦ [સં.] મોટું માછલું નાનાને ખાય એ ન્યાય

માથું ન૦ શરીરનો ખોપરીવાળો ભાગ (૨) ધડની ઉપરનો ભાગ; ડોકું (૩) કોઈ પણ વસ્તુના મથાળાનો ભાગ; ટોચ (૪) [લા.] મગજ; બુદ્ધિ. -થાઉતાર વિ૦ દરકાર કે લક્ષ વિનાનું (૨) અ૦ બેદરકારીથી. -થાઓળ સ્ત્રી૦ સંયુક્ત કુટુંબમાં જેઠ, દિયેર વગેરે પાસેથી ખોરાકી-પોશાકી માગવાનો વિધવાનો હક. -થાકૂટ સ્ત્રી૦ ભાંજ-ગડ; પંચાત (૨) નકામી મહેનત; પીડા. -થાકૂટિયું વિ૦ માથાકૂટ કરાવે એવું. -થાઝીક સ્ત્રી૦ માથાકૂટ. -થાઝીકિયું વિ૦ માથાકૂટિયું. -થાતૂટ વિ૦ માથું તૂટે એટલો સખત (પ્રયત્ન). -થાતોડ સ્ત્રી૦ માથાકૂટ. -થાતોડિયુ વિ૦ માથાકૂટિયું -થાદીઠ અ૦ જણ દીઠ; દરેક માણસે. -થાફરેલ(-લું) વિ૦ મિજાજી; ક્રોધી; માથાનું ફરેલું. -થાફોડ સ્ત્રી૦ માથાકૂટ. -થાફોડિયું વિ૦ માથાકૂટિયું. -થાબંધણું,-થાબાંધણ(-ણું) ન૦ માથે બાંધવાનું કપડું. -થાબૂડ વિ૦ માથા સુધી બૂડી જવાય એટલું ઊંડું. -થાબોળ અ૦ માથું અને શરીર પલાળીને. -થાભારે વિ૦ મોટી નામના કે હોદ્દાવાળું; પ્રતિષ્ઠિત. -થામાર વિ૦ માથામાં મારે એવું; ગાંજ્યું ન જાય એવું; વસમું. -થામેલી વિ૦સ્ત્રી૦ અભડાયેલી; અટકાવવાળી. -થાવટી સ્ત્રી૦ સાલ્લો ન બગડે માટે તેના માથા ઉપરના ભાગ નીચે સીવેલો અસ્તરનો કકડો (૨) માથાના તેલના કપડા પર પડેલા ડાઘા (૩)આબરૂ. -થાવહોણું વિ૦ ઢંગધડાવગરનું. -થાવાઢ વિ૦ માથું વાઢે એવું; કારમું. -થાવેરો પું૦ માથા દીઠ લેવાતો કર. -થોડું ન૦ માથું ડૂબે તેટલું ઊંડાણ

માદ પું૦ [સં.] કેફ (૨) મદ; અહંકાર. ૦ક વિ૦ કેફી

માદર સ્ત્રી૦ [फा.] મા. ૦જબાન, ૦જબાં સ્ત્રી૦ માતૃભાષા

માદરપાટ પું૦ એક જાતનું સુતરાઉ કાપડ

માદરી વિ૦ [फा.] માનું,-ને લગતું

માદલ(-ળ) ન૦ + એક વાદ્ય [જેવો કે ચપટો ઘાટ

માદળિયું ન૦ દોરો, ચિઠ્ઠી કે તાવીજવાળો ધાતુનો નળી

માદણું ન૦ ભેંસનું પાણીના ખાડામાં પડી આળોટવું તે

માદા સ્ત્રી૦ [फ़ा.] પશુ કે પંખીમાં સ્ત્રીજાત (૨) બરડવાની જોડમાં ખાડાવાળું બરડવું

માધવ પું૦ [સં.] (સં.) વિષ્ણુ; શ્રીકૃષ્ણ (૨) વૈશાખ માસ. -વિકા સ્ત્રી૦ માધવી વેલ. -વી સ્ત્રી૦ એક ફૂલવેલ (૨) પૃથ્વીમાતા (૩) વિ૦ વૈશાખ માસનું; વસંતઋતુનું

માધુકરી સ્ત્રી૦ [સં.] ઘેર ઘેર ફરી ભિક્ષા માગવી તે

માધુરી સ્ત્રી૦ મહેસૂલ ભરાઈ ન શકાતું હોવાથી જમીન સરકારને પાછી સોંપવી તે [મધુરતા

માધુરી સ્ત્રી૦ [સં.] માધુર્ય; મીઠાશ (૨) ભલાઈ. -ર્ય ન૦

માધ્યમ વિ૦ [સં.] વચલું (૨) ન૦ સંચાર કે વિનિમય વગેરે માટે વચ્ચે વાપરવાનું સાધન કે વાહન; 'મીડિયમ'. -મિક વિ૦ વચલું; મધ્યમાં આવેલું

માધ્યસ્થ વિ૦ [સં.] તટસ્થ; પક્ષપાત વિનાનું (૨) ન૦ માધ્યસ્થ્ય. -સ્થી સ્ત્રી૦, -સ્થ્ય ન૦ માધ્યસ્થપણું

માધ્વ પું૦ [સં.] મધ્વાચાર્યનો અનુયાયી

માન ન૦ [સં.] આબરૂ; પ્રતિષ્ઠા (૨) સદ્ભાવ; આદર (૩) અભિમાન (૪) તોલ; માપ (૫) 'લોગેરીધમ' (ગ). ૦અકરામ ન૦ ખિતાબ વગેરેથી ગૌરવ આપવું તે. ૦ક(-કા)રી પું૦ માનને લાયક પુરુષ. ૦ચિત્ર ન૦ પ્રદેશના માપસર ઉપસાવીને કરેલો નકશો; 'રિલીફ-મૅપ'. ૦દ વિ૦ માનપ્રદ; માન આપતું (૨) વેતન લીધા વગર કામ કરનારું; 'ઑનરરી'. ૦ની સ્ત્રી૦ + જુઓ માનિની. ૦નીય વિ૦ માનને યોગ્ય; માન્ય. ૦પત્ર ન૦ વખાણ કે ધન્યવાદનો જાહેર રીતે અર્પણ થનો લેખ. ૦પાન ન૦ માન; આદર (૨) આબરૂ; પ્રતિષ્ઠા. ૦બુદ્ધિ સ્ત્રી૦ માનઆબરૂની લાગણી-ભાવના. ૦ભંગ પું૦ અપમાન (૨) વિ૦ અપમાનિત. ૦ભોગ પું૦ શીરો (પુષ્ટિમાર્ગીય). ૦મરતબો પું૦ મોભો; પ્રતિષ્ઠા. ૦મર્યાદા સ્ત્રી૦ અદબ; વિવેક. ૦વતી વિ૦સ્ત્રી૦ માનવાળી (૨) સ્ત્રી૦ પ્રિય ઉપર રિસાયેલી પ્રિયા. ૦વંતું વિ૦ માનયુક્ત; માનભર્યું

માનણહાર વિ૦ માનનારું (પ.)

માનત(-તા) સ્ત્રી૦ બાધા; આખડી

માનભાવ પું૦ [મ.] મહારાષ્ટ્રનો એક સંપ્રદાય; મહાનુભાવ. -વી વિ૦ માનભાવનું,-ને અનુસરતું કે લગતું

માનવ વિ૦ [સં.] મનુ સંબંધી (૨) પું૦ માણસ. ૦જાતિ સ્ત્રી૦મનુષ્યજાતિ. ૦દોષદર્શી વિ૦ માનવી દોષ-અપૂર્ણતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ જોવાની ટેવવાળું કે તેનું ટીકાશીલ; 'સિનિકલ'.
૦ધર્મશાસ્ત્ર ન૦મનુસ્મૃતિ. **૦બંધુ** પું૦માનવ સંબંધથી ભાઈ; મનુષ્ય. **૦બંધુત્વ** ન૦ સૌ માણસ ભાઈ છીએ એવી ભાવના. **૦શાસ્ત્ર** પું૦ 'એન્થ્રોપૉલૉજી'. **૦હિતવાદ** પું૦ 'હ્યુમૅનિઝમ'. **–વી** વિ૦ મનુષ્ય સંબંધી (૨) પું૦માણસ

માનવું સ૦ક્રિ૦ કબૂલ કરવું; સ્વીકારવું (૨) માન આપવું; ગણવું; લેખવું (૩) માનતા રાખવી

માનવ્ય ન૦ [સં.] માનવજાતિ (૨) માનવતા

માનશુકન પું૦બ૦વ૦ અપશુકન; ખરાબ ચિહ્ન

માનસ વિ૦ [સં.] મન સંબંધી (૨) ન૦ મન (૩) [સં.] માનસસર. **૦પુત્ર** પું૦ (સં.) બ્રહ્માએ મનથી ઉત્પન્ન કરેલો પુત્ર. જેમ કે, નારદ. **૦પૂજા** સ્ત્રી૦ બાહ્ય પૂજાપા વગર મનની કલ્પનાથી–કલ્પિત સામગ્રીથી કરાતી દેવપૂજા. **૦પૃથક્કરણશાસ્ત્ર** ન૦ સુપ્ત માનસ–ચિત્તનું શાસ્ત્ર; 'સાઈકોઍનેલિસિસ'. **૦પૃથક્કરણશાસ્ત્રી** પું૦ તેનો જાણકાર. **૦શાસ્ત્ર** ન૦ મનની વૃત્તિઓ, ગુણધર્મ, ક્રિયાઓ તથા સ્વરૂપનું શાસ્ત્ર; 'સાઈકોલૉજી.'. **૦શાસ્ત્રી** પું૦ માનસશાસ્ત્ર જાણનાર

માનસર(–રોવર), માનસસર ન૦ [સં.] (સં.) કૈલાસ શિખર પાસેનું પ્રસિદ્ધ સરોવર

માનસિક વિ૦ [સં.] મન સંબંધી [(માનસી રાજ્ય)

માનસી વિ૦સ્ત્રી૦ [સં.] મન વડે કરેલી (૨) વિ૦ કલ્પિત

માનહાનિ સ્ત્રી૦ [સં.] માનભંગ; અપમાન

માનાર્થક વિ૦ [સં.] માનના અર્થવાળું; માનવાચક (વ્યા.)

માનિત વિ૦ [સં.] માન પામેલું; માન્ય. **–તા** સ્ત્રી૦, **–ત્વ** ન૦ ગર્વ; અભિમાન (૨) સંમાન; આદર. **–ની** વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ માન માગતી કે અભિમાની સ્ત્રી

માની વિ૦ [સં.] અહંકારી (૨) ગૌરવયુક્ત

માનીતું વિ૦ ઘણું વહાલું; ખાસ પ્રેમપાત્ર

માનીપાત પું૦ માનવા જેવો જવાબ

માનુની સ્ત્રી૦ + માનિની

માનુભાવ વિ૦ + જુઓ મહાનુભાવ

માનુષ વિ૦ [સં.] મનુષ્ય સંબંધી (૨) પું૦ માણસ. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦. **–ષી** વિ૦ માણસ સંબંધી (૨) સ્ત્રી૦ નારી

માન્ય વિ૦ [સં.] માનનીય; શિષ્ટ (૨) કબૂલ કરવા યોગ્ય (૩) સ્વીકારેલું. **૦તા** સ્ત્રી૦ માન્ય હોવું તે

માપ ન૦ લંબાઈ, પહોળાઈ, વજન વગેરેનું પ્રમાણ (૨) [લા.] પ્રતિષ્ઠા; ભાર (૩) હદ; ગજું. **૦ક** વિ૦ માપનારું. **૦કરણ** ન૦ ક્ષેત્ર માપવાનું ગણિત; 'મેન્સ્યુરેશન'. **૦ણહાર** વિ૦ માપનાર. **૦ણી** સ્ત્રી૦ માપવું તે; માપવાનું કામ. **૦ણીકામદાર** પું૦ મોજણીદાર; જમીન માપનાર. **૦ણીખાતું** ન૦ જમીનની માપણી કરનાર સરકારી ખાતું. **૦ન** ન૦ માપવું તે. **૦પટી(–ટ્ટી)** સ્ત્રી૦ માપવાની પટ્ટી; ફૂટપટ્ટી. **૦લું** ન૦ ઓરવાનું કામ કરતા ખેડૂતને ઘેરથી જતું ભાતું (૨) માપવાનું પાત્ર. **૦વું** સ૦ક્રિ૦ માપ કાઢવું; ભરીને ગણતરી કરવી (૨) [લા.] પગે ચાલતા જવું

માપિયું, માપું ન૦ માપવાનું વાસણ કે સાધન

માફ વિ૦ ક્ષમા કરેલું; જવા દીધેલું

માફક વિ૦ અનુકૂળ; રુચતું (૨) અ૦ પેઠે; પ્રમાણે. **૦સર** અ૦ પ્રમાણસર; યથાસ્થિત

માફી સ્ત્રી૦ ક્ષમા (૨) જતું કરવું તે; મુક્તિ. **૦જમીન** સ્ત્રી૦ જેના ઉપર સરકારનો લાગો ન હોય તેવી જમીન. **૦પાત્ર** પું૦; ન૦ માફી માગતો કે આપતો પત્ર

માફો પું૦ રથ

માબર ન૦ બંદૂકનો દારૂ રાખવાનો ડબો

માબાપ ન૦બ૦વ૦ મા અને બાપ [(૪) મમત; ટેક

મામ સ્ત્રી૦ માયા; મમતા (૨) નવાઈ; તાજુબી (૩) ધૈર્ય; દૃઢતા

મામ ન૦ મમ; ખાવાનું

મામણમૂંડો પું૦ એક ધોળો જીવડો

મામફળ ન૦ મામફળીનું ફળ. **–ળી** સ્ત્રી૦ એક છોડ

મામલત સ્ત્રી૦ માલમતા; પૂંજી; વિસાત (૨) મામલતદારનું કામ. **૦દાર** પું૦ તાલુકાની વસૂલાત સંબંધી કામ કરનાર અમલદાર. **૦દારી** સ્ત્રી૦ મામલતદારનું કામ કે હોદ્દો

મામલો પું૦ કટોકટીનો સમય [(માનવાચક)

મામા પું૦ મામો (માનાર્થે). **૦જી** પું૦ મામા (૨) મામોજી

મામી સ્ત્રી૦ મામાની વહુ. **૦જી** મામી (માનાર્થે) (૨) મામીસાસુ. **૦સાસુ** સ્ત્રી૦ પતિ કે પત્નીની મામી

મામૂલ ન૦ [अ.] રિવાજ. **–લી** વિ૦ સામાન્ય; સાધારણ

મામેજવો પું૦ એક છોડ

મામેરું ન૦ મોસાળું [પત્નીનો મામો

મામો પું૦ માનો ભાઈ. **૦જી(–સસરો)** પું૦ પતિ કે

માયકાંક(–ગ)લું વિ૦ નમાલું; બાયલું

માયનો પું૦ અર્થ; હેતુ; ઇરાદો

માયફળ ન૦ જુઓ માજુફળ. **–ળી** સ્ત્રી૦ માજુફળી

માયલું વિ૦ + મારું

માયા સ્ત્રી૦ ભાંગ. **૦પાણી** ન૦ ભાંગનું પાણી

માયા સ્ત્રી૦ [સં.] જેનાથી બ્રહ્માંડ રચાયું છે કે ભાસમાન થાય છે તે આદિશક્તિ–અવિદ્યા (૨) છળ; પ્રપંચ; ઇંદ્રજાળ (૩) [લા.] મમતા; સ્નેહ (૪) મમતાનો કોઈ પણ વિષય (૫) ધન; દોલત (૬) [સં.] લક્ષ્મી (૭) બુદ્ધની માતા. **૦મય** વિ૦ માયાથી ભરેલું. **૦મૃગ** પું૦; ન૦ બનાવટી મૃગ. **૦મોસો** પું૦ (જૈન) કપટથી જૂઠું બોલવું તે. **૦વલું** વિ૦ (કા.) માયાળુ. **૦વાદ** પું૦ બ્રહ્મથી ભિન્ન જગતનો અનુભવ માયા–ભ્રમ છે એવો વાદ (વેદાંત). **૦વી** વિ૦ જુઓ માયિક. **૦ળુ** વિ૦ સ્નેહાળ; હેતાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયિક વિ૦ [સં.] માયાથી ઊપજેલું; મિથ્યા (૨) માયાવી; પ્રપંચથી ભરેલું

માયું ન૦ માજુફળ

માયો પું૦ [અ.] પૂંજી; ધનનો જમાવ

માર પું૦ [સં.] મારવું તે; તાડન (૨) મરણ; મૃત્યુ (૩) [લા.] મારો; વિપુલતા (૪) કામદેવ (૫) [બૌદ્ધ] આસુરી સંપત્તિઓની અધ્યક્ષ કલ્પેલી શક્તિ; સેતાન. ૦ક વિ૦ મારનારું; નાશ કરનારું. ૦કણું, ૦કું + વિ૦ મારવાની ટેવવાળું. ૦કૂટ સ્ત્રી૦ મારપીટ. ૦કો પું૦ મારો; વિપુલતા. ૦ખાઉ વિ૦ માર ખાયા કરે તેવું. ૦ઝપાટ, ૦ઝૂડ સ્ત્રી૦ મારવું અને ઝૂડવું તે. ૦ણ ન૦ મારવાનો તાંત્રિક પ્રયોગ (૨) મારવું તે. ૦દડી સ્ત્રી૦ દડીથી રમવાની એક રમત. ૦પછાડ, ૦પીટ સ્ત્રી૦ મારવું અને પછાડવું તે

મારકો પું૦ નિશાન (૨) વેચાઉ માલ પર હોતી છાપ (૩) જુઓ 'માર'માં

મારગ પું૦ માર્ગ. -ગી વિ૦ જુઓ માર્ગી

મારફત અ૦ દ્વારા; વચમાં રાખીને (૨) સ્ત્રી૦ આડતિયા કે દલાલની મારફત કામ કરવાની રીત (૩) દલાલી; હકસાઈ. -તિયણ સ્ત્રી૦ મારફત કરનાર સ્ત્રી (૨) મારફતિયાની વહુ. -તિયું વિ૦ મારફતથી થયેલું-કરવાનું. -તિયો પું૦ વચમાં રહીને સોદા ગોઠવી આપનારો; દલાલ

મારફાડ સ્ત્રી૦ મારપીટ

મારફો પું૦ એક સુતારી ઓજાર-લાકડાની કાનસ

મારમાર ન૦ વારે વારે મારવું તે (૨) અ૦ પુષ્કળ જોરથી (૩) મુશ્કેલીથી

મારવણ ન૦ ધાતુ વગેરે મારવી તે

મારવા પું૦ એક રાગ; માલવ

મારવાડ પું૦ (સં.) રજપૂતાનામાં આવેલો એક પ્રદેશ. ૦ણ સ્ત્રી૦ મારવાડી સ્ત્રી. -ડી વિ૦ મારવાડનું (૨) પું૦ મારવાડનો રહેવાસી (૩) સ્ત્રી૦ મારવાડની ભાષા

મારવું સ૦ક્રિ૦ પ્રહાર કરવો; ઠોકવું (૨) હાર કરવું (૩) [લા.] ધાતુની ભસ્મ કરવી (૪) તફડાવવું; ચોરવું (૫) રોકવું; રોધવું; બંધ કરવું [બાકાં; મોખા

મારા પું૦બ૦વ૦નિશાન મારવા કિલ્લાની દીવાલમાં રખાતાં

મારામાર(-રી) સ્ત્રી૦ લડાઈ; ધિંગાણું

મારિફત સ્ત્રી૦ [અ.] પરમેશ્વરને ઓળખવો તે

મારીચ પું૦ [સં.] એક રાક્ષસ (એણે સીતાહરણમાં મદદ કરવા કનકમૃગનું રૂપ લીધું હતું)

મારીતારી સ્ત્રી૦ ગાળાગાળી (૨) નિંદા

મારુ વિ૦ [સમાસમાં અંતે] મારી નાખે-વીંધી નાખે તેવું. ઉદા૦ વાઘમારુ (૨) પું૦ મરુ; મારવાડ (૩) એક રાગ

મારુત પું૦ [સં.] પવન. -તિ પું૦ હનુમાન

મારું સ૦ 'હું'ની છઠ્ઠી વિ૦નું એ૦વ૦

મારો પું૦ મારી નાખનારો; જલ્લાદ (૨) ઉપરાઉપરી પ્રહાર (૩) [લા.] રમઝટ; વિપુલતા [ન૦ એક પુરાણ

માર્કંડ(-ડેય) પું૦ [સં.] (સં.) એક ઋષિ. -ડેયપુરાણ

માર્ગ પું૦ [સં.] રસ્તો (૨) રૂઢિ (૩) મત; સંપ્રદાય (૪) સંગીતનો એક પ્રકાર; જૂનું ને શિષ્ટ સંગીત. ૦દર્શક વિ૦ રસ્તો બતાવનાર. ૦દર્શન ન૦ માર્ગ બતાવવો તે. ૦દર્શિકા સ્ત્રી૦ માર્ગ દર્શાવનાર-પ્રવેશ કરાવનાર પુસ્તક. ૦દ્રષ્ટા પું૦ માર્ગ જોયો હોય તેવો માણસ. ૦શિર, ૦શીર્ષ પું૦ માગશર. ૦સ્તંભ પું૦ માર્ગદર્શક સ્તંભ કે ચિહ્ન કે વસ્તુ; 'માઈલ-સ્ટોન'. ૦સ્થ વિ૦ માર્ગમાં ઊભેલું (૨) પું૦ વટેમાર્ગુ. -ર્ગી વિ૦ માર્ગનું-પંથનું અનુયાયી (સમાસમાં અંતે) ઉદા૦ 'શિવમાર્ગી' (૨) એ નામના કાઠિયાવાડના એક પંથનું (૩) માર્ગ નામના સંગીત-પ્રકારને લગતું (૪) પું૦ મુસાફર (૫) માર્ગી પંથનો અનુયાયી (૬) સ્ત્રી૦ મધ્યમ ગ્રામની એક મૂર્ચ્છના. -ર્ગોપદેશક પું૦ માર્ગ બતાવનાર. -ર્ગોપદેશિકા સ્ત્રી૦ જુઓ માર્ગદર્શિકા

માર્ચ પું૦ [ઇં.] ખ્રિસ્તી સંવતનો ત્રીજો મહિનો

માર્જન ન૦ [સં.] સાફ કરવું તે (૨) શુદ્ધ કરવા મંત્ર ભણી પાણી છાંટવું તે. -ની સ્ત્રી૦ સાવરણી (૨) એક શ્રુતિ

માર્જાર પું૦ [સં.] બિલાડો. -રી સ્ત્રી૦ બિલાડી

માર્જિત વિ૦ [સં.] માર્જન કરેલું

માર્તંડ પું૦ [સં.] સૂર્ય

માર્દવ ન૦ [સં.] મૃદુતા [૦પણું ન૦

માર્મિક વિ૦ [સં.] મર્મજ્ઞ (૨) મર્મભેદી. ૦તા સ્ત્રી૦,

માલ પું૦ [અ.] સામાન (૨) વિસાત; પૂંજી (૩) [લા.] સત્ત્વ; દમ (૪) ગાંજો

માલ પું૦ [સં.] ઊંચાણનો પ્રદેશ

માલકા સ્ત્રી૦ રાણી

માલકાલેરો પું૦ એક રાગ

માલકાંક(-ગ)ણી સ્ત્રી૦ એક બી [માલકીનો હક

માલ(-લિ)કી સ્ત્રી૦ માલિકપણું; સત્તા. ૦હક(-ક્ક) પું૦

માલકું વિ૦ બાડું; ત્રાંસું

માલકોશ પું૦ એક રાગ

માલ(-ળ)ખું ન૦ સળિયા કે દોરામાં પરોવી રાખેલો કાગળો તથા ચિઠ્ઠીઓનો સમૂહ (૨) બાવટાનું ઘાસ

માલગાડી સ્ત્રી૦ ભારખાનું [ઉઘરાવી આપેલી મહેસૂલ

માલગુજારી સ્ત્રી૦ [ફા.] જમીનમહેસૂલ (૨) જમીનદારે

માલજાદી સ્ત્રી૦ [ફા.] દલાલણ; વેશ્યા

માલજામિ(-મી)ન પું૦ [અ.] સારાખોટા માલ માટેનો જામીન

માલડો પું૦ (કા.) ગોદડાં ભરી રાખવાનો મોટો કોથળો

માલ(-ળ)ણ સ્ત્રી૦ માળીની સ્ત્રી; માળીનો ધંધો કરનાર સ્ત્રી (૨) નાકમાં થતી ફોલ્લી

માલતિ(-તી) સ્ત્રી૦ [સં.] એક વેલ (૨) એક છંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલદાર વિ૦ [ફા.] ધનવાન; તવંગર
માલધણી, માલધારી પું૦ માલિક
માલપાણી ન૦બ૦વ૦ મિષ્ટાન્ન; ભારે જમણ
માલપૂઓ(-ડો) પું૦ ગળ્યો પૂડો
માલમ(-મી) પું૦ વહાણમાંના માલનો હિસાબ રાખનાર (૨) વહાણનો દોરનાર; 'પાઈલટ'
માલમતા સ્ત્રી૦ સ્થાવર અને જંગમ મિલકત
માલમલીદો પું૦ ભારે મિષ્ટાન્ન
માલમસ્ત વિ૦ ધનદોલતના મદમાં છકી ગયેલું કે તેમાં જ સુખ માનનાર
માલમિલકત સ્ત્રી૦ જુઓ માલમતા
માલમી પું૦ માલમ. ૦**હોકો** પું૦ હોકાયંત્ર
માલવ પું૦ [સં.] એક રાગ (૨) માળવા દેશ. ૦**શ્રી, -વી** સ્ત્રી૦ શ્રીરાગની એક રાગણી
માલવું ન૦ છાશ ભરવાની દોણી
માલશ્રી પું૦ [સં.] એક રાગ
માલા સ્ત્રી૦ [સં.] માળા; મણકા વગેરે પરોવી કરેલો હાર (૨) જપમાળા (૩) કોઈ પણ વસ્તુની એને મળતી એકત્રિત સંકલના. ઉદા૦ ગ્રંથમાલા. ૦**કાર** પું૦ માળી. ૦**નુમાન** ન૦ એક અનુમાનનું સાધ્ય તે બીજા અનુમાનનું સાધન બની એક જ પક્ષ વિષેની અનુમાનપરંપરા (ન્યા.)
માલાફૂલ સ્ત્રી૦ (કા.) આપવડાઈ; શેખી
માલાળું વિ૦ માલ-સત્ત્વવાળું; માલદાર
માલિક પું૦[અ.]માલેક; સ્વામી; શેઠ(૨)પરમેશ્વર. **-કી** સ્ત્રી૦ માલકી
માલિકા સ્ત્રી૦ માળા
માલિની સ્ત્રી૦ [સં.] એક છંદ
માલિન્ય ન૦ [સં.] મલિનતા
માલિય(-યા)ત ન૦ [અ.] ઊંચી જાતનો બાગાયત તૂલ
માલિશ(-સ) સ્ત્રી૦ [ફા.] ચોળવું, રગડવું, ચાંપવું તે
માલુકાર પું૦ વણકર; ઢેઢ
માલુવા સ્ત્રી૦ એક વેલ
માલૂમ વિ૦ [અ.] જાણીતું
માલેક પું૦ જુઓ માલિક
માલેતુજા(-જ્જા)ર ન૦ વેપારીઓનો વડો; મોટો વેપારી (૨) વિ૦ ખૂબ પૈસાદાર
માલોપમા સ્ત્રી૦ [સં.] ઉપમાનો એક પ્રકાર, જેમાં એક ઉપમેયને અનેક ઉપમાનો સાથે સરખાવાય છે (કા.શા.)
માલ્યભારા,-રિણી સ્ત્રી૦ [સં.] એક વૃત્ત
માવ પું૦ પતિ; વહાલમ. ૦**જી,-વો** પું૦ (સં.) માધવ; શ્રીકૃષ્ણ
માવજત સ્ત્રી૦ બરદાસ; સંભાળ
માવઠું ન૦ કઋતુનો વરસાદ
માવડી સ્ત્રી૦ મા. **-ડિયું** વિ૦ જુઓ માવડીમુખું. **-ડિયો** પું૦ માના જ કહ્યામાં રહેનાર દીકરો. ૦**મુખું** વિ૦ માની સોડમાં કે માના કહ્યામાં જ રહેનારું (૨) બીકણ; બાયલું

માવ(-વી)તર ન૦બ૦વ૦ માબાપ
માવાદાર વિ૦ માવાવાળું
માવાલ વિ૦ (કા.) માવડિયું
માવીતર ન૦બ૦વ૦ માવતર; માબાપ (૨) [કા.] પિયર?
માવું અ૦ક્રિ૦ સમાવું; બરાબર આવી રહેવું-ગોઠવાઈ જવું
માવો પું૦ દૂધ બાળી કરાતો ઘટ્ટ પદાર્થ (૨) ગર (જેમ કે ફળનો), કે તેના જેવું કાંઈ પણ (૩) સત્ત્વ (૪) જુઓ 'માવ'માં
માશી(-સી) સ્ત્રી૦ માની બહેન. ૦**જી** સ્ત્રી૦ માસી(માનાર્થક) (૨) માશીસાસુ. ૦**સાસુ** સ્ત્રી૦ પતિ કે પત્નીની માસી
માશૂક સ્ત્રી૦ [અ.] પ્રિયા
માષ પું૦ [સં.] અડદ. **-ષાન્ન** ન૦ અડદનું ભોજન
માસ પું૦ [સં.] મહિનો
માસલો પું૦ નમૂનો (૨) ઘાટ
માસાજી પું૦ માસો કે માસોસસરો (માનાર્થક)
માસિક વિ૦ [સં.] માસને લગતું (૨) ન૦ માસિક પત્ર. ૦**પત્ર** ન૦ દર મહિને પ્રગટ થતું પત્ર-સામયિક
માસિયો પું૦ મરણ પામેલાનું એક વરસ સુધી દર માસે કરવામાં આવતું શ્રાદ્ધ (૨) એક પ્રેતભોજન
માસી,૦જી,૦સાસુ સ્ત્રી૦ જુઓ 'માશી'માં
માસીસો પું૦ જુઓ માસિયો
માસો પું૦ માસીનો પતિ (૨) તોલાનો બારમો ભાગ. ૦**જી,૦સસરો** પું૦ વર કે વહુનો માસો
માસ્તર પું૦ મહેતાજી; શિક્ષક (૨) અમલદાર (પોસ્ટ, રેલવે, મિલ ઇ૦ માં)
માહ પું૦ માઘ માસ (૨) [ફા.] માસ. ૦**વારી** વિ૦ મહિનાનું; મહિનાવાર
માહાત્મિક વિ૦ [સં.] મહાત્માનું; મહાત્મા સંબંધી,-જેવું
માહાત્મ્ય ન૦ [સં.] મહિમા; મહત્ત્વ
માહિત વિ૦ વાકેફ. ૦**ગાર** વિ૦ વાકેફગાર; જાણીતું. ૦**ગારી** સ્ત્રી૦ વાકેફગારી. **-તી** સ્ત્રી૦ વાકેફગારી; જાણ (૨) ખબર
માહી સ્ત્રી૦ [ફા.] માછલી. ૦**ગીર** પું૦ માછી. ૦**મરાતબ** વિ૦ બાદશાહી વખતમાં અમીરોની એક પદવી
માહે અ૦ અમુક 'મહિનો' એ અર્થમાં. ઉદા૦ માહે ફાગણ
માહેર વિ૦ માહિતગાર
માહેશ્વર વિ૦ [સં.] મહેશ્વરનું,-ને લગતું (૨) મહેશ્વરનું પૂજક. **-રી** સ્ત્રી૦ (સં.) પાર્વતી
માહ્યરું ન૦ લગ્નવિધિ કરવાનો મંડપ
માળ પું૦ મેડો; મજલો (૨) [સં.] ઉત્તર ગુજરાતનો એક પ્રદેશ (૩) સ્ત્રી૦ માળા (૪) રેંટિયાના ચક્કર અને ત્રાક ઉપર ફરતી દોરી
માળખું ન૦ જુઓ માલખું
માળણ સ્ત્રી૦ જુઓ માલણ
માળવા પું૦ (સં.) મધ્યહિંદુસ્તાનમાં આવેલો એક પ્રદેશ. **-વી** વિ૦ માળવાનું (૨) સ્ત્રી૦ માળવાની પ્રાંતિક બોલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માળવું સ૰ક્રિ૰ છાજવું; સેડવું (છાપરું)

માળા સ્ત્રી૰ જુઓ માલા [નજીક કરેલો નાનો માળ

માળિયું ન૰ માળ; મેડો (૨) સરસામાન રાખવા છાપરા

માળિંગું ન૰ વાડો કે ભીંતો વિનાનું છાપરું

માળી પું૰ ફૂલઝાડ ઉછેરનાર (૨) ફૂલ વેચનાર

માળું વિ૰ (કા.) વહાલમાં કે નિરર્થક, નામ સાથે વપરાય છે

માળો પું૰ પંખીનું ઘર (૨) ઘણાં કુટુંબો રહી શકે એવું ઘણા માળવાળું મકાન (૩) ખેતરનો માંચડો

માં સાતમી વિભક્તિનો પ્રત્યય [વનસ્પતિ

માંકડ(-ણ) પું૰ માકણ; માકડ. **૰મારી** સ્ત્રી૰ એક

માંકડમુખું વિ૰ માંકડાના જેવા લાલ મોંનું

માંકડમૂછું વિ૰ ભૂરી મૂછોવાળું

માંકડિ(-ણિ)યું ન૰ જુઓ માકડિયું

માંકડી સ્ત્રી૰ માંકડાની માદા (૨) ઘંટીના ઉપલા પડમાં બેસાડેલો લાકડાનો કકડો (૩) ઢોર બાંધવાના દોરડાના ગાળામાંની મોઈ (૪) ભૂરી ભેંશ (૫) માંકડીફૂકડી (૬) ચામડીનો એક રોગ (૭) ઘોડીની એક જાત. **૰ફૂકડી** સ્ત્રી૰ એક જીવડું, જેનું સૂતર અડ્યેથી ફોલ્લા થાય છે. **–ડું** ન૰ લાલ મોંનું વાંદરું. **–ડો** પું૰ લાલ મોંનો વાંદરો

માંકણ, **૰મારી,** જુઓ 'માંકડ'માં. **–ણિયું** ન૰ જુઓ માંકડિયું

માંગ વિ૰ આઠ (વેપારી સંકેત) (૨) સ્ત્રી૰ માગ; માગણી (૩) સેંથો (૪) ચોટલાની લમણા તરફની લટો; લમણા આગળ પાડેલાં પટિયાં (૫) પું૰ મધ્ય પ્રાંતની એક હરિજન જાતનો માણસ

માંગપડી વિ૰ '૧૮' (વેપારી સંકેત) [શુભ; કલ્યાણ

માંગલિ(-ળિ)ક વિ૰ [સં.] શુભ. **માંગલ્ય** ન૰ [સં.]

માંચડો પું૰ માંચો; ઊંચી બેઠક; તખ્ત; પાટ (૨) ગાડાની ધરી ઉપરનો પાટલો (૩) સોકટાંની બાજીમાંનું ફૂલ. **–ડી** સ્ત્રી૰ નાનો માંચડો [**–ચો** પું૰ જુઓ માંચડો

માંચી સ્ત્રી૰ ખાટલી (૨) નાનો માંચો; આસન જેવી બેઠક.

માંજર સ્ત્રી૰ તુલસી, ડમરા ઇ૰ની બિયાંવાળી ડાંખળી; મંજરી (૨) જોડાની સખતળી (૩) ચંપલની સીવણીમાં પગ તળે રહેતું પાતળું પડ (૪) મરઘાના માથા ઉપરની કલગી

માંજરું વિ૰ ભૂરી કીકીવાળું

માંજવું સ૰ક્રિ૰ ઘસીને સાફ કરવું (વાસણ)

માંજાર પું૰ બિલાડો. **–રી** સ્ત્રી૰ બિલાડી. **–રીનો ટોપ** પું૰ બિલાડીનો ટોપ; એક વનસ્પતિ

માંજી પું૰ કાશ્મીરનો હોડીવાળો

માંજો પું૰ કાચ પાયેલો દોર (પતંગનો)

માંઝલ ન૰ એક ઘાસ

માંટી પું૰ માટી; ધણી (૨) મરદ [ગોઠવેલી ઉતરડો

માંડ અ૰ માંડ માંડ (૨) પું૰ એક રાગ (૩) શોભા માટે

માંડણ ન૰ જુઓ માડણ [તે; ગોઠવણી

માંડણી સ્ત્રી૰ માળની ઊંચાઈ; ઊભણી (૨) મંડાણ કરવું

માંડછાંડ સ્ત્રી૰ (કા.) ઘરના રાચરચીલાની શોભે તેવી ગોઠવણી (૨) નામુંઠામું નક્કી કરી લખી લેવું તે

માંડ માંડ અ૰ માણ માણ; જેમ તેમ કરીને; મહા મુશ્કેલીએ

માંડલિ(-ળિ)ક વિ૰ [સં.] મંડળનું (૨) મંડળમાંનું; ખંડિયું (૩) પું૰ ખંડિયો રાજા; સામંત

માંડલિયું ન૰ ગુસ્સાવાળી નજર

માંડવ પું૰ વરપક્ષને પહેરામણી આપવાનો છેલ્લો વિધિ (૨) સ્ત્રી૰ નવરાત્રીની માંડવી

માંડવાળ સ્ત્રી૰ માંડી વાળવું તે; તોડ; સમાધાન

માંડવિયો પું૰ કન્યાપક્ષનો માણસ

માંડવી સ્ત્રી૰ ઘર આગળની ઊંચી બેઠક (૨) રવેશી (૩) નવરાત્રીમાં દીવા મૂકવા માટે બનાવેલી મંડપ જેવી રચના (૪) જકાત લેવાની જગ્યા (૫) ચકલું; બજાર (૬) ભોંયશિંગ [નોંધવું (૪) યોજવું; સ્થાપવું

માંડવું સ૰ક્રિ૰ શરૂ કરવું (૨) ગોઠવવું–મૂકવું (૩) લખવું;

માંડવો પું૰ મંડપ; ચંદરવો બાંધી બનાવેલી બેઠક કે સ્થાન. **–વાખર્ચ(–રચ)** પું૰ લગ્નની એક બાબત; કન્યાપક્ષનું માંડવો બાંધવાને અંગેનું ખર્ચ. **–વામહુરત,–વામુરત** ન૰ કન્યાને ત્યાં લગ્નમંડપ બાંધતાં શરૂમાં કરાતો વિધિ કે તેનું મુહૂર્ત

માંડળિક વિ૰ (૨) પું૰ જુઓ માંડલિક

માંડા પું૰બ૰વ૰ કણકીકોરમાની એક વાની

માંત્રિક પું૰ [સં.] યંત્રવિદ્યા જાણનાર

માંદગી સ્ત્રી૰ [फा.] બીમારી

માંદું વિ૰ [फा.] બીમાર; રોગી. **૰સાજું** વિ૰ (૨) ન૰ નરમ ગરમ તબિયતવાળું (માણસ)

માંદ્ય ન૰ [સં.] મંદતા (૨) બીમારી [રાજા

માંધાતા પું૰ [સં.] (સં.) એક મહાપ્રતાપી સૂર્યવંશી

માંસ ન૰ [સં.] શરીરની સાત ધાતુમાંની એક. **૰જ** ન૰ મેદ; ચરબી. **૰પેશી** સ્ત્રી૰ માંસનો લોચો; 'ટિશ્યૂ'. **૰લ** વિ૰ માંસવાળું; જાડું; ભરાવદાર. **–સાહાર** પું૰ માંસનો ખોરાક. **–સાહારી** વિ૰ માંસ ખાનારું

માંહી(–હે,–હ્ય) અ૰ અંદર. **–હેલું** વિ૰ અંદરનું. **–હો(–હ્ય)માંહે(–હ્ય)** અ૰ અંદર અંદર. **–હ્યલી** કોર, **–હ્યલી પા** અ૰ અંદરની બાજુ

મિકાડો પું૰ (સં.) જાપાનનો શહેનશાહ

મિચકારો પું૰ મીંચવું–મીંચાવું તે

મિચામણાં ન૰બ૰વ૰ મીંચામણાં; આંખો વારેવારે ઉઘાડવી અને બંધ કરવી તે (૨) તેના વડે ઇશારો કરવો તે

મિચાવવું સ૰ક્રિ૰, **મિચાવું** અ૰ક્રિ૰ 'મીચવું'નું પ્રેરક ને કર્મણિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિચ્છા મિ દુક્કડમ શ૦ પ્ર૦ (પ્રાકૃત) 'મારાં દુષ્કૃત મિથ્યા થાઓ' (પરસ્પર માફી માગવા જૈનોમાં વપરાયછે.)

મિજબા(-મા)ન પું૦ મહેમાનગીરી કરનાર. **-ની** સ્ત્રી૦ ઉજાણી (૨) મહેમાની

મિજરાફ ન૦ તંતુવાદ્ય વગાડવાની નખી

મિજલસ સ્ત્રી૦ ગમ્મતનો મેળાવડો (૨) મજલિસ; સભા. **-સિયો** પું૦ મિજલસમાં ભાગ લેનાર. **-સી** પું૦ મિજલસિયો (૨) વિ૦ મિજલસનું [છે તે; બરડવું

મિજાગરું ન૦ જેને લીધે બારણું વસાય છે તથા ઊઘડે

મિજાજ પું૦ [અ.] ગુસ્સો (૨) અભિમાન (૩) તબિયત; પ્રકૃતિ. **-જી** વિ૦ મિજાજવાળું

મિટાવવું સ૦ક્રિ૦, **મિટાવું** અ૦ક્રિ૦ 'મીટવું'નું પ્રેરક ને ભાવે

મિટ્ટી સ્ત્રી૦ [હિં.] માટી [(ઢોરે) દૂધ ન મૂકવું

મિણાવું અ૦ક્રિ૦ મીણો ચડવો (૨) પાનો ખેંચી લેવો;

મિત વિ૦ [સં.] પરિમિત; પ્રમાણસર. **૦વાદી**, **૦ભાષી** વિ૦ પ્રમાણસર બોલનારું. **૦વ્યય** પું૦ યોગ્ય ખર્ચ; કરકસર. **-તાક્ષર** વિ૦ સંક્ષિપ્ત; ટૂંકું (૨) પદ્યમાં લખેલું. **-તાક્ષરતા** સ્ત્રી૦. **-તાક્ષરી** વિ૦ મિતાક્ષર (૨) સ્ત્રી૦ પ્રસ્તાવનારૂપે બે બોલ. **-તાહાર** પું૦ પ્રમાણસર-પોષણ માટે જોઈએ તેટલો ખોરાક. **-તાહારી** વિ૦ મિતાહાર કરનારું

મિતિ સ્ત્રી૦ [સં.] તિથિ; તારીખ (૨) માપ

મિત્ર પું૦ [સં.] પું૦ ભાઈબંધ (૨) સૂર્ય. **૦કાર્ય**, **૦કૃત્ય** ન૦ મિત્ર તરીકે કરેલું કામ. **૦જન** ન૦ મિત્ર. **૦જા**, **૦તનયા** સ્ત્રી૦ (સં.) યમુના નદી. **૦તા** સ્ત્રી૦ દોસ્તી; ભાઈબંધી. **૦દ્રોહ** પું૦ મિત્રનો દ્રોહ. **૦દ્રોહી** વિ૦ મિત્રદ્રોહ કરનારું. **૦ભાવ** પું૦ મિત્રાચારી. **૦મંડળ** ન૦ મિત્રોનું મંડળ. **૦રાજ્ય** ન૦ મિત્રનું કે મિત્રાચારી રાખનાર રાજ્ય. **૦વિંદા** સ્ત્રી૦ (સં.) કૃષ્ણની આઠ પટરાણીઓમાંની એક. **-ત્રાઈ** સ્ત્રી૦ મિત્રતા. **-ત્રાચાર** પું૦ મિત્રાચારી. **-ત્રાચારી** સ્ત્રી૦ ભાઈબંધી; દોસ્તી

મિથઃશિષ્યા સ્ત્રી૦ [સં.] ગુપ્ત શિષ્યા-પત્ની

મિથુન ન૦ [સં.] જોડું; જોડ (૨) મૈથુન (૩) સ્ત્રી૦ ત્રીજી રાશિ. **-ની** વિ૦ જુઓ મૈથુની

મિથ્યા વિ૦ (૨) અ૦ અસત્ય; અવાસ્તવિક (૩) ફોગટ. **૦ત્વ** ન૦ મિથ્યાપણું. **૦ચાર** પું૦ મિથ્યા આચાર (૨) દંભ. **૦ચારી** વિ૦ મિથ્યા આચરણવાળું (૨) દંભી. **૦દૃષ્ટિ** સ્ત્રી૦ ખોટી સમજ. **૦પવાદ** પું૦ ખોટું તહોમત. **૦પવાદી** વિ૦ તહોમત મૂકનાર. **૦બુદ્ધિ** સ્ત્રી૦ ભ્રાંતિ. **૦ભાષી** વિ૦ જૂઠું બોલનારું. **૦ભિમાન** ન૦ ખોટું અભિમાન. **૦ભિમાની** વિ૦ મિથ્યાભિમાન કરનારું. **૦રોપ** પું૦ ખોટો આરોપ. **૦વાદ** પું૦ જૂઠાણું. **૦વાદી** વિ૦ જૂઠું બોલનારું [ખતમાં વપરાય છે)

મિનહ્ન વિ૦ ચાલુ ('માહે મિનહૂન' એટલે ચાલુ માસ, એમ

મિનાકસો પું૦ ખાર; દ્વેષ; કીનો

મિનાર(-રો) પું૦ થાંભલાના આકારનું એક જાતનું બાંધકામ

મિનિટ સ્ત્રી૦ [ઇં.] કલાકનો સાઠમો ભાગ

મિનોઈ વિ૦ પરલોક સંબંધી

મિન્નતજારી સ્ત્રી૦ આજીજી; કાલાવાલા

મિયાઉં ન૦ (રવ૦) બિલાડીનો અવાજ; મ્યાઉં

મિયાણો પું૦ એ નામની એક જાતનો માણસ

મિયાન ન૦ તલવાર વગેરેનું ઘર

મિયાં પું૦ મુસલમાન ગૃહસ્થ (૨) તેનું સંબોધન

મિરજાન ન૦ માળાનો એક ભાગ

મિરાત સ્ત્રી૦ પૂંજી; દોલત

મિલ સ્ત્રી૦ [ઇં.] યંત્રથી ચાલતું કારખાનું (બહુધા મોટું). **૦મજૂર** પું૦ મિલમાં કામ કરતો મજૂર

મિલકત સ્ત્રી૦ [અ.] ધનમાલ વગેરે; પૂંજી

મિલન ન૦ [સં.] મુલાકાત; મિલાપ; મળવું તે. **૦સાર** વિ૦ મળતાવડું. **૦સારી** સ્ત્રી૦ મળતાવડાપણું

મિલમાલિ(-લે)ક પું૦ મિલનો માલિક

મિલાપ પું૦ મેળાપ; મેળ [મેળવું-મિશ્ર કરવું

મિલાવટ સ્ત્રી૦ મેળવણી; મિશ્રણ. **-વું** સ૦ક્રિ૦ મેળવવું;

મિલિત વિ૦ [સં.] મળેલું; એકઠું થયેલું [લીન; મગ્ન

મિલિંદ પું૦ [સં.] ભમરો. **-દાયમાન** વિ૦ આસક્ત;

મિશ્ર વિ૦ [સં.] ભેળસેળવાળું; મિશ્રિત; એકઠું (૨) પું૦ માન આપવા યોગ્ય પુરુષના નામને અંતે લાગે છે. ઉદા૦ મંડનમિશ્ર. **૦જાતિ** સ્ત્રી૦ સાત કે સપ્તમાંશ માત્રાના ખંડવાળા તાલની જાતિ. **૦ણ** ન૦ મેળવણી; ઉમેરો (૨) મેળવણીથી થયેલી વસ્તુ (૩) 'એલિગેશન' (ગ.). **૦ધાતુ** સ્ત્રી૦ મિશ્રણવાળી ધાતુ (૨) બે ધાતુઓના મિશ્રણથી બનેલી ધાતુ. **૦પદી** પું૦ 'કોમ્પાઉંડ એક્સપ્રેશન' (ગ.). **૦રાશિ** પું૦ 'કોમ્પાઉંડ ક્વૉન્ટિટી' (ગ.). **૦વાક્ય** ન૦ (વ્યા.) એક મુખ્ય ને બીજાં એક કે અનેક ગૌણ વાક્યોવાળું મોટું વાક્ય. **-શ્રિત** વિ૦ મિશ્ર

મિષ ન૦ [સં.] બહાનું; મશ

મિષ્ટ વિ૦ [સં.] મીઠું; મધુર. **૦તા** સ્ત્રી૦, **૦પણું** ન૦. **-ષ્ટાન્ન** ન૦ ગળી ને પૌષ્ટિક વાની

મિશન ન૦ [ઇં.] પ્રચારનું, જીવનધ્યેય જેવી મહત્તાવાળું લક્ષ્ય (૨) ખ્રિસ્તી ધર્મપ્રચારકનું તેવું કામ કે તેનું ધામ. **૦રી** વિ૦ મિશનને લગતું (૨) પું૦ મિશનનો કે મિશનવાળો માણસ [-રી વિ૦ મિસરનું

મિસર ન૦ (સં.) આફ્રિકાનો એક પ્રસિદ્ધ દેશ; ઇજિપ્ત.

મિસરી સ્ત્રી૦ સાકર (૨) વિ૦ જુઓ 'મિસર'માં

મિસરો પું૦ [અ.] કવિતાની તૂક

મિસલ સ્ત્રી૦ રીત; તરેહ. **૦સર** અ૦ રીતસર

મિસાલ સ્ત્રી૦ [અ.] ઉદાહરણ; દૃષ્ટાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિસી(-સ્સી) સ્રી૦ [ફ़ा.] દાંત કાળા રંગવાની ભૂકી

મિસ્કાલ પું૦ [अ.] હીરામોતીનો એક તોલ-વજન

મિસ્કીન વિ૦ [अ.] મુફલિસ; ગરીબ

મિસ્ત્રી પું૦ હોશિયાર કારીગર (ખાસ કરીને સુતાર, કડિયો)

મિહમેજ સ્રી૦[अ.] ઘોડેસવારના બૂટની એડીએ લગાડાતું ઘોડાને ગોદાવવાનું એક સાધન; 'સ્પર'

મિહિર પું૦ [सं.] સૂર્ય

મિહિરામણ પું૦ + મહેરામણ; સમુદ્ર

મિહીણું ન૦ + મહેણું

મીચવું સ૦ક્રિ૦ મીંચવું; બીડવું; બંધ કરવું

મીજ સ્રી૦ મીંજ; બિયાંનો ગર

મીજાન ન૦ [अ.] અંદાજ; માપ. ૦સર અ૦ માપસર

મીટ સ્રી૦ નજર; અનિમેષ દૃષ્ટિ. **-ટામીટ** સ્રી૦ સામસામી મંડાયેલી નજર

મીટવું અ૦ક્રિ૦ [हिं.] ભૂંસાઈ જવું; નાબૂદ થવું (૨) મટવું

મીઠું વિ૦ મધુર (૨) ગળ્યું (૩) ન૦ લવણ; નિમક. **-ઠડાં** ન૦બ૦વ૦ વહાલનાં આલિંગન (૨) દુખણાં; ઓવારણાં. **-ઠડું** વિ૦ (પ.) મીઠું (૨) મીઠું મીઠું બોલનારું (૩) ન૦ જુઓ મીઠડાં. **-ઠાઈ** સ્રી૦ સુખડિયાને ત્યાં વેચાતી વા એવી કોઈ પણ ગળી વાની (૨) મીઠાશ; મધુરતા. **-ઠાઈવાળો** પું૦ મીઠાઈ વેચનાર; સુખડિયો. **-ઠાચરું** વિ૦ ગળી વસ્તુઓ ખાનારું. **-ઠાણ** ન૦ જુઓ ગળપણ. **-ઠાબોલું** વિ૦ મીઠું બોલનારું. **-ઠાશ** સ્રી૦ મીઠાપણું. **-ઠી** સ્રી૦ બચ્ચી (૨) સ્નેહાલિંગન. ૦દરાખ વિ૦ દ્રાક્ષ જેવું મીઠું. **-ઠો ભાત** પું૦ બિરંજ. **-ઠો લીમડો,-ઠો લીંબડો** પું૦ એક વનસ્પતિ, જેનાં પાન કઢીમાં નાખે છે

મીંઢો પું૦ મઢો; હૃષ્ટપુષ્ટ માણસ (૨) કાસદ; ખેપિયો (૩) મુખી; અગ્રેસર

મીઢિયો વિ૦પું૦ વળેલાં શિંગડાંવાળો (બળદ, બકરો)

મીડું ન૦ શૂન્ય; બિંદુ; ટપકું [કાંડે બાંધે છે)

મીંઢળ ન૦ મીંઢળ; એક ફળ (લગ્ન જેવી ક્રિયાઓ વખતે

મીઢી,૦આવળ સ્રી૦ સોનામુખી

મીણ ન૦ મધપૂડો જેનો બનેલો હોય છે તે ચીકણો પદાર્થ. ૦કપ્પડ,૦કાપડ ન૦ પાણી ન શોષે તે સારુ મીણ કે એવો પદાર્થ ચડાવીને બનાવેલું એક જાતનું કાપડ; મીણિયું. ૦બત્તી સ્રી૦ જેમાં વાટ ઘાલેલી હોય એવી મીણ જેવા પદાર્થની બનાવટ

મીણાકારી વિ૦ (૨) સ્રી૦ + જુઓ મીનાકારી

મીણિયું વિ૦ મીણવાળું (૨) જુઓ 'મીણ'માં (૩) ન૦ મીણકપ્પડ [(૨) કેફ ચડે તેવો ઝેરી પદાર્થ

મીણું,-ણિયું વિ૦ નશામાં પડેલું. **-ણો** પું૦ કેફ; નશો

મીન સ્રી૦ [सं.] બારમી રાશિ (૨) ન૦ માછલું. ૦કેતન પું૦ (સં.) મકરકેતુ; કામદેવ. ૦મેખ(-ષ) સ્રી૦ વાંધો; હરકત (૨) વધારોઘટાડો; ઓછાવત્તાપણું (૩) અ૦ ઓછુંવત્તું હોય તેમ

મીનડી સ્રી૦ મીંદડી; બિલાડી. **-ડું** ન૦ બિલાડું

મીનાકારી વિ૦ [फ़ा.] ભાતવાળું (૨) સ્રી૦ સોનાચાંદી પર રંગીન કામ-કારીગરી

મીની સ્રી૦ મીનડી; બિલાડી

મીનો પું૦ સોનાચાંદી પરનું રંગિત ચિત્રકામ; મીનાકારી

મીમાંસા સ્રી૦ [सं.] વિચારણા; તપાસ; સમાલોચના (૨) જૈમિનિપ્રણીત પૂર્વમીમાંસાદર્શન. **-સક** પું૦ મીમાંસા કરનાર (૨) મીમાંસાદર્શન જાણનાર કે માનનાર

મીર પું૦ [फ़ा.] અમીર (૨) એ નામની એક જાતિનો માણસ. ૦અદલ પું૦ ન્યાયાધીશ

મીરજા પું૦ [फ़ा.] મુસલમાનોનો એક ખિતાબ; અમીર; ઉમરાવ (૨) મુસલમાનોની એક જાતનો માણસ

મીરાસ સ્રી૦ [अ.] વારસો. **-સી** સ્રી૦ વારસામાં મળેલી દોલત (૨) એક મુસલમાની માગણ જાતનો માણસ

મીલ સ્રી૦ પ્રતિપક્ષ; વિરોધી જમાવટ (તકરાર કે ટંટામાં)

મીલન ન૦ [सं.] બંધ કરવું-બીડવું તે

મીલિત વિ૦ [सं.] બંધ કરેલું-બીડેલું

મીંચવું સ૦ક્રિ૦ જુઓ મીચવું. **મીંચાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક). **મીંચાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

મીંચામણાં ન૦બ૦વ૦ જુઓ મિચામણાં

મીંજ સ્રી૦ જુઓ મીજ

મીંડ સ્રી૦ (સંગીત) એક શ્રુતિ યા સ્વર ઉપરથી બીજી શ્રુતિ યા સ્વર પર જવાનો એક મધુર પ્રકાર; ઘસીટ

મીંડલો(-ળો) પું૦ કપાળ ઉપર ગૂંથેલી ચોટલાની લટ

મીંડું ન૦ જુઓ મીડું

મીંઢળ ન૦ જુઓ મીઢળ

મીંઢું વિ૦ મનમાં સમજે પણ બહાર દેખાવા ન દે તેવું (૨) ખંધું; ધૂર્ત. **-ઢાઈ** સ્રી૦, **-ઢાપણું** ન૦ મીંઢું હોવું તે

મીંઢી,૦આવળ સ્રી૦ જુઓ મીઢી [-ડો પું૦ બિલાડો

મીંદડી સ્રી૦ મીનડી; બિલાડી. **-ડું** ન૦ મીનડું; બિલાડું.

મુક(-ગ)ટો પું૦ જુઓ મુગટો

મુકદ્દમ પું૦ [अ.] જુઓ મુકાદમ. **-મી** સ્રી૦ મુકાદમી

મુકદ્દમો પું૦ [अ.] દાવો

મુકદ્દર ન૦ [अ.] નસીબ

મુકનો પું૦ બુરખો [પૂર્ણ સ્વાતંત્ર્ય

મુકમ્મલ વિ૦ [अ.] પૂરેપૂરું; સંપૂર્ણ. ૦આઝાદી સ્રી૦

મુકરર વિ૦ નિયત; નક્કી કરેલું

મુકરવું,મુકરી જવું અ૦ક્રિ૦ નામુકર થવું; કહીને ફરી જવું

મુકરી સ્રી૦ [हिं.] પ્રાયઃ ચાર ચરણની કવિતાનો એક પ્રકાર, જેમાં ત્રણ ચરણનો અર્થ છેલ્લા ચરણથી મુકરી જાય છે

મુકાણ ન૦ મૂકવું તે

૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુકાદમ પું૦ નાયક; જમાદાર. **-મી** સ્ત્રી૦ મુકાદમનું કામ
મુકાબલ, મુકાબિલ [अ.] વિ૦ મુકાબલામાં આવતું. **-લો**
પું૦[अ.] સરખામણી (૨) સામસામી ભેટ
મુકામ પું૦ [अ.] રહેઠાણ (૨) પડાવ; ઉતારો
મુકાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'મૂકવું'નું કર્મણિ ને પ્રેરક
મુકુટ પું૦ [सं.] જુઓ મુગુટ
મુકુર પું૦ [सं.] આયનો
મુકુલ ન૦ [सं.] ખીલતી કળી. **-લિત** વિ૦ કળીઓવાળું
(૨) અડધું ઊઘડેલું, અડધું બંધ
મુકુંદ પું૦ [सं.] (સં.) વિષ્ણુ
મુક્કર વિ૦ મુકરર; ઠરાવેલું (૨) અ૦ જરૂર; ખચીત
મુક્કી સ્ત્રી૦ ઠોંસો. **-ક્કાટવું** સ૦ક્રિ૦ મુક્કે મુક્કે મારવું
-ક્કો પું૦ ઠોંસો; ગડદો
મુક્ત વિ૦ [सं.] બંધનરહિત; છૂટું (૨) મુક્તિ પામેલું.
૦ક ન૦ એક અસ્ત્ર(૨) પૂર્ણ અર્થવાળો સ્વતંત્ર શ્લોક.
૦કંઠ વિ૦ જોરથી કે બેધડક બોલનારું કે ગાનારું.
૦વ્યાપાર પું૦ અબાધિત વ્યાપાર; 'ફ્રી ટ્રેડ'. **૦હસ્ત**
વિ૦ છૂટે હાથે દાન કરનારું
મુક્તા,૦ફલ(-ળ) ન૦[सं.]મોતી. **૦વલિ(-લી,-ળિ,-ળી)**
સ્ત્રી૦, **૦હાર** પું૦ મોતીનો હાર
મુક્તિ સ્ત્રી૦[सं.] મોક્ષ(૨) છુટકારો. **૦પદ** ન૦ મુક્તાવસ્થા;
મોક્ષ. **૦પુરી** સ્ત્રી૦ જ્યાં જવાથી મુક્તિ મળે તેવી નગરી
(દ્વારકા, અયોધ્યા, મથુરા વગેરે). **૦ફોજ** સ્ત્રી૦ લશ્કરી
ઢબે સંગઠિત કરવામાં આવેલું એક ખ્રિસ્તી મિશન.
૦માર્ગ પું૦ મુક્તિનો માર્ગ
મુખ ન૦[सं.] મોં (૨)ચહેરો (૩) આગલો કે ઉપરનો ભાગ
(૪) નાટકનું મૂળ કારણ કે બીજ; એક સંધિ (કા.શા.).
૦કમલ(-ળ) ન૦ મુખરૂપી કમળ. **૦કળા** સ્ત્રી૦ મોંની
શિક્કલ, શોભા, છટા ઇ૦. **૦ચંદ્ર** પું૦ મુખરૂપી ચંદ્ર.
૦ચિત્ર ન૦ ગ્રંથ સામયિક વગેરેનું પ્રારંભમાં મુકાતું
ચિત્ર. **૦જ(-જુ)બાની** સ્ત્રી૦ મોઢાની સાક્ષી. **૦પટ** ન૦;
પું૦ ઘૂમટો. **૦પત્ર** ન૦ અમુક મંડળનું છાપું. **૦પરીક્ષા**
સ્ત્રી૦ લેખિત નહિ પણ મૌખિક પરીક્ષા. **૦પાક** પું૦
મોંનો એક રોગ. **૦પાઠ** પું૦ ગોખવું-યાદ કરવું તે; મોઢે
બોલવાનું તે. **૦પૃષ્ઠ** ન૦ ગ્રંથ કે સામયિકના પૂઠાનું પાનું.
૦બંધ પું૦ પ્રસ્તાવના. **૦ભંગ** વિ૦ પડી ગયેલા -નૂર
વગરના, હતાશ મોંવાળું. **૦મુદ્રા** સ્ત્રી૦ ચહેરો; મોંનો
દેખાવ. **૦ર(-રિત)** વિ૦ ખખડતું; અવાજ કરતું (૨)
વાચાળ. **૦રતા** સ્ત્રી૦. **૦વાચન** ન૦ ઉચ્ચાર કરીને
વાંચવું તે. **૦વાદ્ય** ન૦ ફૂંકીને વગાડવાનું વાદ્ય.
૦વાસ પું૦ જમ્યા પછી મોં સુવાસિત કરવા ખાવાની
વસ્તુ. **૦સંધિ** પું૦ જેમાં બીજનું ફલિત થવા તરફ
વલણ વર્ણવાય છે (નાટકનો એક સંધિ.) **૦સામુદ્રિક**
પું૦ચહેરા ઉપરથી ચારિત્ર્ય જોવાની વિદ્યા; 'ફીજિયોગ્નૉમી'
મુખતાદ ન૦ વાર્ષિક શ્રાદ્ધ (પારસીઓમાં)
મુખતેસર વિ૦ ટૂંકું; સંક્ષિપ્ત
મુખત્યાર વિ૦ પોતાની મરજીમાં આવે તેમ કરવાને સત્તા
અપાયેલું (૨) પું૦ એલચી; વકીલ; પ્રતિનિધિ. **૦નામું**
ન૦ પોતા તરફથી કામ કરવાની સત્તા આપનારું લખાણ.
૦વારસ પું૦ મુખત્યારીથી નીમેલો વારસ. **-રી** સ્ત્રી૦
સદર પરવાનગી; કુલ સત્તા
મુખારવિંદ ન૦ [सं.] મુખકમળ; કમળ જેવું સુંદર મોં
મુખિયું ન૦ છાલકાંનાં મોં સીવવાની સૂતળી (૨) વિ૦
મુખ્ય. **-યો** પું૦ મુખ્ય માણસ (૨) ઠાકોરજીની સેવાપૂજા
કરનારાઓનો મુખી
મુખી પું૦ અગ્રેસર; નાયક (૨) ગામનો વડો
મુખોમુખ અ૦ મોઢામોઢ
મુખ્ય વિ૦ [सं.] પ્રધાન; પહેલું. **૦તઃ** અ૦ ખાસ કરીને.
૦ત્વે, ૦ત્વે કરીને અ૦ વિશેષે કરીને; ઘણું કરીને.
-ખ્યાર્થ પું૦ પ્રધાન અર્થ
મુગજી સ્ત્રી૦ બીજા રંગની ઝીણી પાતળી કિનાર; મગજી
મુગટ પું૦ પાઘડી પર સજવાનો એક શણગાર(૨) રાજાનો
મુગટ; તાજ [એક રેશમી વસ્ત્ર; મુકટો
મુગટી સ્ત્રી૦ નાનો મુગટો. **-ટો** પું૦ અબોટમાં પહેરવાનું
મુગલ વિ૦ (૨) પું૦ [तुर्की] જુઓ મોગલ. **-લાઈ** વિ૦
મુગલ સંબંધી (૨) સ્ત્રી૦ મુગલનો અમલ-રાજ્ય (૩)
[લા.] ઠાઠમાઠ; ભપકો (૪) સ્વેચ્છાચારી રાજ્ય; અંધાધૂંધી
કે જુલમ. **-લાણી** સ્ત્રી૦ મુગલ સ્ત્રી; મોગલાણી
મુગાસાડી સ્ત્રી૦સ્ત્રીઓને અબોટમાં પહેરવાનું એક રેશમી વસ્ત્ર
મુગ્ધ વિ૦ [सं.] મોહ પામેલું (૨) અણસમજુ; અજ્ઞ (૩)
સાલસ; નિષ્પાપ (૪) સુંદર; મોહક. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ**
ન૦. **-ગ્ધા** સ્ત્રી૦ જેને જુવાની તરતની ફૂટી હોય તેવી
સ્ત્રી (૨) કાવ્યમાં ત્રણ પ્રકારની નાયિકામાંની એક (મુગ્ધા,
મધ્યા અને પ્રૌઢા). **-ગ્ધાપણું** ન૦ [પ્રાચીન રાજા
મુચ(-ચુ)કુંદ પું૦ [सं.] એક ફૂલઝાડ (૨) [સં.] એક
મુચરકો પું૦ જામીનખત (ગુનેગારનું)
મુચુકુંદ પું૦ [सं.] જુઓ મુચકુંદ
મુછાળો વિ૦પું૦ મૂછવાળો મરદ
મુજ સ૦(પ.)મારું (૨) 'હું'ના અર્થમાં વિભક્તિના પ્રત્યય
સાથે પણ વપરાય છે. ઉદા૦ મુજને, મુજથી
મુજબ અ૦ પ્રમાણે; પેઠે
મુજરે અ૦ મજરે; વળતરમાં
મુજરો પું૦ સલામ; મજરો [(૩) ખોતરણાં
મુજહામત સ્ત્રી૦ અટકાવ; પ્રતિબંધ (૨) ચર્ચા; વિવેચન
મુજાખો પું૦ હિસાબ; ગણના; મહત્ત્વ
મુજાફત વિ૦ બમણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુજાવર પું૦ પૂજારી જેવો કબરનો રખેવાળ
મુઝવણ સ્ત્રી૦ મૂંઝવણી; અકળામણ; બેચેની
મુઝાર અ૦ + મોઝાર
મુઝારી સ્ત્રી૦, **-રો** પું૦ ત્રિદોષ (૨) ગભરામણ; અકળામણ (૩) કોડિયા જેવો એક ઘાટ
મુઝાવું અ૦ક્રિ૦ ગૂંગળાવું (૨) ગભરાવું; અકળાવું
મુઠ્ઠી સ્ત્રી૦ આંગળાં હાથેળી સાથે વાળવાથી થતો ઘાટ. **૦ભર** વિ૦ મુઠ્ઠીમાં માય તેટલું (૨) થોડું. **-ઠ્ઠો** પું૦ મોટી મુઠ્ઠી; બાચકો
મુડદારશિંગ(-શીંગ,-સિંગ,-સીંગ) સ્ત્રી૦ જુઓ મરડાશીંગ
મુડદાલ વિ૦ મુડદા જેવું (૨) નિર્બળ; નિર્માલ્ય (૩) મડદાનું (માંસ)
મુડદું ન૦ મડદું; શબ
મુતરડી સ્ત્રી૦ મૂતરવાની જગ્યા; પેશાબખાનું. **મુતરાણું** વિ૦ મૂતરવાની હાજતવાળું. **મુતરાવવું** સ૦ક્રિ૦ 'મૂતરવું'નું પ્રેરકરૂપ. **મુતરાળું** વિ૦ મૂતરવાળું. **મુતરિયું** ન૦ મૂતરવાનું વાસણ (૨) બળદનો મૂતરવાવાળો ભાગ
મુતલક(-ગ) અ૦ [अ.] બિલકુલ; તદ્દન
મુતવલ્લી પું૦ [अ.] નિયામક; વ્યવસ્થાપક
મુતાબિક વિ૦ [अ.] અનુકૂળ (૨) અ૦ અનુસાર; પ્રમાણે
મુતારો પું૦ + ડંગોરો
મુતાલિક પું૦ નાયબ દીવાન
મુત્સદ્દી પું૦ [अ.] હિસાબ રાખનાર; મુનીમ (૨) રાજદ્વારી પુરુષ; રાજનીતિમાં પ્રવીણ (૩) [લા.] ખટપટિયો; દાવપેચ જાણનાર. **૦પણું** ન૦
મુદ(-દા) સ્ત્રી૦ [सं.] આનંદ
મુદત સ્ત્રી૦ મુદ્દત; સમય (૨) મુકરર કરેલો સમય. **-તિયું,-તી** વિ૦ મુદત ઠરાવી હોય તેવું. **-તિયો તાવ** પું૦ અમુક મુદતે ઊતરતો એવો એક તાવ; 'ટાઈફૉઈડ'
મુદમાતું, મુદિત [सं.] વિ૦ આનંદિત
મુદિતા સ્ત્રી૦ [सं.] મુદા; આનંદ (૨) એક પ્રકારની નાયિકા
મુદ્ગર પું૦ [सं.] મગદળ (૨) એક પ્રાચીન હથિયાર
મુદ્દત સ્ત્રી૦ [अ.] જુઓ મુદત
મુદ્દલ ન૦ મૂળ થાપણ; મૂડી (૨) અ૦ સાવ; તદ્દન
મુદ્દામ વિ૦ ઘણા વખતનું; ચાલુ (૨) અ૦ વિશેષે કરીને; ખાસ (૩) નિઃસંદેહ; નક્કી (૪) સાફ; ખુલ્લું
મુદ્દામાલ પું૦ પુરાવા તરીકેનો માલ; મૂળ માલ [પાયો
મુદ્દો પું૦ પુરાવો; પ્રમાણ (૨) મહત્ત્વની બાબત (૩) મૂળ;
મુદ્રક પું૦ [सं.] છાપનાર. **-ણ** ન૦ છાપવું તે. **-ણયંત્ર** ન૦ છાપવાનું યંત્ર. **-ણાલય** ન૦ છાપખાનું
મુદ્રા સ્ત્રી૦ [सं.] છાપ; મહોર (૨) વીંટી (૩) સિક્કો (નાણું) (૪) ગોસાંઈઓની કાનની કડી (૫) છાતીએ કે હાથે મારેલો ડામ કે છાપું (૬) મુખાકૃતિ; ચહેરાનો દેખાવ (૭) અમુક પ્રકારનો અંગવિન્યાસ (હઠયોગ) (૮) સંધ્યા વખતે હાથ કે આંગળાંનો બનાવાતો આકાર. **૦ક્ષર** પું૦ અક્ષરનું બીબું. **૦યંત્ર** ન૦ જુઓ મુદ્રણયંત્ર. **૦લેખ** પું૦ અગ્રલેખ (૨) આદર્શસૂચક વાક્ય; 'મોટો'. **૦લેખન** ન૦ ટાઇપરાઇટરથી લખવું તે. **-દ્રાંકિત** વિ૦ છાપેલું. **-દ્રાંકન** ન૦ મુદ્રાંકિત થવું તે; છાપકામ. **-દ્રિકા** સ્ત્રી૦ મુદ્રા; વીંટી (૨) સિક્કો. **-દ્રિત** વિ૦ છાપેલું
મુનક્કા સ્ત્રી૦ એક પ્રકારની મોટી સૂકી દ્રાક્ષ
મુનશી પું૦ [अ.] લેખક; ગ્રંથકાર (૨) લહિયો; લખવાનું કામ કરનાર (૩) ફારસી, અરબી કે ઉર્દૂનો શિક્ષક
મુનસફ પું૦ દીવાની કજિયા સાંભળી ન્યાય આપનાર. **-ફી** સ્ત્રી૦ મુનસફનું કામ (૨) અધિકાર; સત્તા
મુનાસબ, મુનાસિબ [अ.] વિ૦ યોગ્ય; વાજબી
મુનિ પું૦ [सं.] ઋષિ; તપસ્વી (૨) મુનિવ્રત ધારણ કરનાર સાધુ (૩) સાતની સંજ્ઞા. **૦વર** પું૦ મોટો મુનિ. **૦વ્રત** ન૦ મૌન વ્રત. **૦શેખર** પું૦ એક છંદ [કામ કે હોદ્દો
મુનીમ પું૦ પેઢીનો મુખ્ય ગુમાસ્તો. **૦ગીરી** સ્ત્રી૦ મુનીમનું
મુનીશ્વર, મુનીંદ્ર પું૦ [सं.] શ્રેષ્ઠ મુનિ
મુફતી પું૦ [अ.] મુસલમાન પંચાતિયો
મુફલિસ વિ૦ [अ.] ગરીબ; બેહાલ. **-સી** સ્ત્રી૦ ગરીબી
મુફસ્સિલ ન૦ પાટનગર સિવાયનો પ્રદેશ; મોફસલ
મુફાસલો પું૦ અંતર; છેટું; ફાસલો
મુફત વિ૦ [फ़ा.] મફત [સ્ત્રી૦ અભિનંદન; ધન્યવાદ
મુબારક વિ૦ આબાદ; ભાગ્યશાળી; શુભ; ધન્ય. **૦બાદી**
મુમકિન વિ૦ [अ.] શક્ય; સંભવિત [માણસ; મોમનો
મુમનો પું૦ મુસલમાન થયેલી એક મૂળ હિંદુ જાતનો
મુમાનિયત સ્ત્રી૦ [अ.] મના; પ્રતિબંધ
મુમુક્ષા સ્ત્રી૦ [सं.] મોક્ષની ઇચ્છા. **-ક્ષુ** વિ૦ મોક્ષની ઇચ્છાવાળું [તૈયારીમાં હોય એવું
મુમૂર્ષા સ્ત્રી૦ [सं.] મરવાની ઇચ્છા. **-ર્ષુ** વિ૦ મરવાની
મુરઘાબી સ્ત્રી૦ [फ़ा.] જળકૂકડી
મુરઘી સ્ત્રી૦ મરઘી. **-ઘો** પું૦ મરઘો
મુરજ પું૦ [सं.] એક જાતનું ઢોલ
મુરત ન૦ મુહૂર્ત–શુભ સમય
મુરતિયો પું૦ વરરાજા; કન્યા માટે શોધાતો કે શોધેલો વર
મુરબ્બી વિ૦ [अ.] વડીલ (૨) કદરદાન; આશ્રય આપનારું
મુરબ્બો પું૦ [अ.] ચાસણીમાં રાખેલો કેરી વગેરે ફળનો પાક
મુરલી સ્ત્રી૦ [सं.] વાંસળી; મોરલી. **૦ધર** પું૦ (સં.) શ્રીકૃષ્ણ
મુરલી સ્ત્રી૦ દેવદાસી
મુરવત, મુરવ્વત [अ.] સ્ત્રી૦ જુઓ મુરાતબ
મુરશિદ પું૦ [अ.] ગુરુ; ધર્મોપદેશક
મુરાતબ સ્ત્રી૦ આબરૂ; પ્રતિષ્ઠા; માન
મુરાદ સ્ત્રી૦ [अ.] ઉમેદ
મુરારિ પું૦ (સં.) વિષ્ણુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુરીદ પું૦ [अ.] શિષ્ય. -દી સ્ત્રી૦ શિષ્યપણું

મુલક પું૦ દેશ; પ્રદેશ. ૦ગીર પું૦ દેશને જીતનાર; દેશનો વડો. ૦ગીરી સ્ત્રી૦ દેશ જીતવો તે (૨) દેશના વડાએ વસૂલાત તેમ જ બંદોબસ્ત માટે મુલકમાં ફરવું તે (૩) દેશાટન; મુસાફરી.-ક્રી વિ૦ [फा.] મુલકને લગતું; દીવાની; વસૂલાતી

મુલતવી વિ૦ મોકૂફ [બોલી

મુલતાની વિ૦ મુલતાનનું (૨) સ્ત્રી૦ એક રાગિણી (૩) એક

મુલવણી સ્ત્રી૦ મૂલવવું તે. મુલવાવવું 'મૂલવવું'નું પ્રેરક

મુલાકાત સ્ત્રી૦ [अ.] મેળાપ. -તી વિ૦ તેને અંગેનું

મુલાખું વિ૦ મલોખું; બાડું

મુલાજો પું૦ જુઓ મલાજો

મુલામ વિ૦ સરસ; સુંદર

મુલામ(-મો) પું૦ ઢોળ

મુલાયમ વિ૦ નરમ; સુંવાળું

મુલ્કમશહૂર વિ૦ જગવિખ્યાત; આખા દેશમાં મશહૂર

મુલ્લા(-લ્લાં) પું૦ [अ.] મુસલમાનોનો આચાર્ય કે પુરોહિત

મુલ્લો પું૦ પૂંજી

મુવાજેબ પું૦ બદલો; મહેનતાણું

મુવાડું ન૦ નાનું ગામડું; પરું

મુવાળો પું૦ વાળ; મોવાળો [પડતો (વરસાદ)

મુશ(-સ)ળ ન૦ સાંબેલું. ૦ધાર વિ૦ જાડી ધારમાં જોરથી

મુશાયરો પું૦ કવિઓની પરિષદ

મુશ્ક સ્ત્રી૦ મુશ્કી (૨) [फा.] કસ્તુરી

મુશ્કિલ વિ૦ [अ.] જુઓ મુશ્કેલ

મુશ્કેટાટ વિ૦ વાંસા પાછળ હાથ બાંધેલા હોય એવું

મુશ્કેલ વિ૦ અઘરું; કઠણ; દુષ્કર. -લી સ્ત્રી૦ મુસીબત

મુશ્ફિક વિ૦ [अ.] દોસ્ત; મિત્ર

મુષક પું૦ [सं.] ઉંદર

મુષ્ટિ સ્ત્રી૦ [सं.] મૂઠી. ૦ક પું૦ (સં.) કંસનો એક મલ્લ. ૦પાત પું૦ મૂઠીની મારામારી. ૦યુદ્ધ ન૦ મૂઠીથી લડવું તે

મુસદ્દી વિ૦ (૨) પું૦ જુઓ મુત્સદ્દી. ૦પણું ન૦

મુસદ્દો પું૦ ખરડો; કાચું લખાણ (૨) ઊંડા અર્થવાળી શૈલીનું લખાણ

મુસરીચી સ્ત્રી૦;ન૦ એક પંખી [મુસળસ્નાન

મુસલ(-ળ) ન૦ [सं.] મુશળ; સાંબેલું. ૦સ્નાન ન૦ જુઓ

મુસલમાન પું૦ [फा.] ઇસ્લામનો અનુયાયી. -ની વિ૦ તેનું કે તેને લગતું (૨) સ્ત્રી૦ મુસલમાન સ્ત્રી [મુસલમાન

મુસલ્લો પું૦ નમાજ પઢવાની ચટાઈ (૨) [તુચ્છકારમાં]

મુસળ ન૦ મુશળ; સાંબેલું. ૦ખંડી પું૦ ચોખા (૨) ખાંડવું તે. ૦ધાર વિ૦ જુઓ મુશળધાર. ૦સ્નાન ન૦ જેવું તેવું નાહી લેવું તે. -ળું ન૦ મુસળ

મુસાફર પું૦ વટેમાર્ગુ. ૦ખાનું ન૦ પ્રવાસીઓને પડાવ નાખવાનું સ્થાન; ધર્મશાળા. -રી સ્ત્રી૦ પ્રવાસ; પર્યટન. -રી બંગલો પું૦ સવારીમાં ફરતા અમલદારો માટે રખાતો સરકારી બંગલો; ડાકબંગલો

મુસાર(-રો) પું૦ પગાર. -રિયું વિ૦ પગારદાર; ભાડૂતી

મુસાહિ(-હે)બ પું૦ [अ.] સાથે રહેનાર; સાથી

મુસીબત સ્ત્રી૦ [अ.] અડચણ; તકલીફ (૨) વિપત્તિ; સંકટ

મુસ્કાવું અ૦ક્રિ૦ મલકાવું; મંદ હાસ્ય-સ્મિત કરવું (૨) રાચવું; રાજી થવું

મુસ્તકીન વિ૦ મક્કમ; મજબૂત; મુસ્તાક

મુસ્તનદ વિ૦ [अ.] આધારભૂત; માનવા લાયક

મુસ્તાક વિ૦ આતુર (૨) દૃઢ; મક્કમ

મુસ્લિમ વિ૦[अ.]ઇસ્લામનું અનુયાયી (૨) પું૦ મુસલમાન

મુહતમિમ પું૦ [अ.] બંદોબસ્ત કરનાર; વ્યવસ્થાપક

મુહાજિર પું૦ [अ.] હિજરત કરનાર; બીજે દેશ જઈ રહેનાર

મુહૂર્ત ન૦ [सं.] બે ઘડી જેટલો સમય; ૪૮ મિનિટ (૨) કોઈ કામ શરૂ કરવાનો શુભ સમય; મુરત

મુંજ ન૦ [सं.] દાભ જેવું એક ઘાસ (૨) [સં.] એક પ્રસિદ્ધ પ્રાચીન રાજા. ૦બંધ પું૦ મુંજનો કંદોરો (જનોઈ દેતી વખતે પહેરાવે છે). ૦બંધન ન૦ જનોઈ દેવાનો વિધિ. -જિયો પું૦ તરતમાં જનોઈ દીધેલો બ્રહ્મચારી

મુંડ ન૦ [सं.] માથું. ૦ક પું૦ મૂંડેલા માથાવાળો સાધુ (૨) સ્ત્રી૦; ન૦ એ નામનું ઉપનિષદ. ૦ન ન૦ માથું મૂંડાવવું તે. ૦માળા સ્ત્રી૦ માથાંની કે ખોપરીઓની માળા. -ડી વિ૦ બોડાવેલા માથાવાળું (૨) પું૦ હજામ (૩) સંન્યાસી [મુંબઈનું (૨) કલદાર (રૂપિયો)

મુંબઈ સ્ત્રી૦ (સં.) એ નામની નગરી. ૦ગરું વિ૦

મુંબ(-મા)ઈ સ્ત્રી૦ કચ્ચર વાગેલા માટેની એક ઓવાધ

મૂઉં વિ૦ મૂએલું; મરેલું (૨) ક્રોધ કે વહાલમાં અપાતું વિશેષણ -ઉદ્ગાર.-ઈ વિ૦સ્ત્રી૦.-એલું વિ૦ મરેલું.-ઓ વિ૦પું૦

મૂક વિ૦ [सं.] મૂગું. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦, ૦ભાવ પું૦ મૂગાપણું. ૦વાચન ન૦ મનમાં વાંચવું તે (૨) ચિઠ્ઠી કે પાટિયા પરની આજ્ઞા વાંચી બાળક તે પ્રમાણે કરવું તે

મૂકવવું સ૦ક્રિ૦ મૂકે એમ કરવું; મેલાવવું; છોડાવવું

મૂકવું સ૦ક્રિ૦ છોડવું; તજવું; મુક્ત કરવું (૨) [અમુક સ્થાને] રાખવું કે ગોઠવવું; મેલવું

મૂગડી સ્ત્રી૦ સ્ત્રીઓનું કાનનું એક ઘરેણું

મૂગડું વિ૦ મૂંગું (કાંઈક તુચ્છકારમાં)

મૂગણી સ્ત્રી૦ ભાતની બનાવેલી પૂરી જેવી વાની

મૂગું વિ૦ મૂક; બોલી ન શકે તેવું; અવાચક (૨) શાંત

મૂછ સ્ત્રી૦ ઉપલા હોઠ ઉપર ઊગતા વાળ

મૂજી વિ૦ [अ.] કંજૂસ (૨) અક્કલ કે હોંસ વગરનું; જડ

મૂઠ સ્ત્રી૦ મૂઠી (૨) જ્યાંથી તરવાર વગેરે પકડાય છે તે હાથો (૩) પીડા કરવાનો કે મારી નાખવાનો એક તાંત્રિક પ્રયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी

(૪) ગિલ્લીદંડાની રમતમાં એક દાવ. –ઠિયું ન૦ કણકને મૂઠી વડે વાળી બનાવેલી એક વાની. –ઠી સ્ત્રી૦ જુઓ મુઠ્ઠી –ઠો પું૦ મોટી મૂઠી

મૂડી સ્ત્રી૦ પૂંજી; ધન (૨) વેપારઉદ્યોગમાં રોકાતી થાપણ–દ્રવ્ય. ૦દાર વિ૦ (૨) પું૦ મૂડીવાળો; પૈસાદાર. ૦વાદ પું૦, ૦શાહી સ્ત્રી૦ મૂડીદારોની સત્તા; 'કૅપિટૅલિઝમ'.

મૂડો પું૦ સો મણનું વજન (૨) ઘાણીનું ભારવાળું ગોળ ખાતું (૩) સરકટ કે નેતરની એક જાતની ગોળ ખુરસી કે માંચી જેવું આસન

મૂઢ વિ૦ [સં.] મૂર્ખ; ઠોઠ (૨) સ્તબ્ધ; નિશ્ચેષ્ટ (૩) મોહવશ; વિવેકરહિત; મોહમાં પડેલું. ૦ગર્ભ પું૦ બગડેલો ગર્ભ, જેથી ગર્ભસ્રાવ થાય કે પ્રસવમાં વિઘ્ન આવે. ૦ગ્રાહ પું૦ મૂઢતામાં પકડી રાખેલી માન્યતા. ૦તા સ્ત્રી૦. ૦મતિ વિ૦ બેવકૂફ; મૂર્ખ. –ઢાગ્રહ પું૦ મૂઢતાભેર રખાતો આગ્રહ; મૂઢગ્રાહ; 'ડૉગ્મૅટિઝમ'. –ઢાત્મા પું૦ મૂઢ પુરુષ

મૂતર ન૦ મૂત્ર; પેશાબ. ૦વું અ૦ક્રિ૦ પેશાબ કરવો. ૦ગદો પું૦ મૂતરના ભેજની ગંદકી. –રાવું અ૦ક્રિ૦ 'મૂતરવું'નું ભાવે

મૂત્ર ન૦ [સં.] મૂતર; પેશાબ. ૦કૃચ્છ્ર ન૦ પીડા સાથે પેશાબ થવાનો રોગ. ૦પરીક્ષા સ્ત્રી૦ મૂત્રની પરીક્ષા. ૦પિંડ પું૦ શુદ્ધ લોહી તથા મૂત્રને જુદાં પાડનાર અવયવ; 'કિડની'. ૦રોગ પું૦ પેશાબનો રોગ. ૦લ, ૦વર્ધક વિ૦ વધારે મૂત્ર કરાવે તેવું. –ત્રાશય પું૦; ન૦ મૂત્રને એકઠું થવાની જગા; ફુક્કો; 'બ્લૅડર'. –ત્રોત્સર્ગ પું૦ પેશાબ કરવો તે

મૂદઈ ન૦ શત્રુ; પ્રતિપક્ષી; મદઈ

મૂનિયું ન૦ જુઓ મોનિયું [કકડો

મૂમતી સ્ત્રી૦ જૈન યતિઓ મોં ઉપર બાંધે છે તે લૂગડાનો

મૂરકી સ્ત્રી૦ સ્વરોને જલદી જલદી ઉચ્ચારતાં ઊપજતો એક અલંકાર (સંગીત)

મૂરખ વિ૦ (૨) પું૦ મૂર્ખ. –ખું વિ૦ મૂરખ

મૂરછી સ્ત્રી૦ મૂર્ચ્છા; બેહોશી (૨) એક રોગ

મૂરઝાવું અ૦ક્રિ૦ [હિં.] કરમાવું; ચીમળાવું

મૂરત સ્ત્રી૦ મૂર્તિ (પ.) [૦તા,–ર્ખાઈ સ્ત્રી૦, ૦ત્વ ન૦

મૂર્ખ વિ૦ (૨) પું૦ [સં.] અભણ; બેવકૂફ; અક્કલહીન.

મૂર્ચ્છ(–ર્છ)ક વિ૦ [સં.] મૂર્ચ્છા પમાડનાર

મૂર્ચ્છ(–ર્છ)ના સ્ત્રી૦ [સં.] મૂર્ચ્છા (૨) સાત સ્વરોનો ક્રમસર આરોહઅવરોહ – થાટ (૩) રાગપ્રતિપાદક–વાદી સ્વરને તેની જોડેના સ્વર સુધી લઈ જવો તે; તેને કંપાવવો તે (સંગીત)

મૂર્ચ્છા(–ર્છા) સ્ત્રી૦ [સં.] બેશુદ્ધિ. ૦ઈ સ્ત્રી૦ બહાઈ; મૂર્છામાં આવી છાંટવું તે. ૦વું અ૦ક્રિ૦ મૂર્ચ્છામાં પડવું. –ર્ચ્છા(–ર્છા)ગત વિ૦ મૂર્ચ્છિત. –ર્ચ્છિ(–ર્છિ)ત વિ૦ મૂર્ચ્છા પામેલું

મૂર્ત વિ૦ [સં.] મૂર્તિમાન; સાકાર. ૦ત્વ ન૦

મૂર્તિ(–ર્ત્તિ) સ્ત્રી૦ [સં.] પ્રતિમા; આકૃતિ (દેવદેવીની) (૨) સાધુ; વ્યક્તિ. ૦કાર પું૦ ઘડનાર; શિલ્પી. ૦પૂજક વિ૦ મૂર્તિને પૂજનાર. ૦પૂજા સ્ત્રી૦ મૂર્તિની પૂજા. ૦ભંજક વિ૦ મૂર્તિને ભાગનાર. ૦મતી વિ૦સ્ત્રી૦, ૦મંત, ૦માન વિ૦ શરીરવાળું; સાક્ષાત્; મૂર્ત. ૦શાસ્ત્ર ન૦ મૂર્તિઓ બનાવવાનું શાસ્ત્ર; શિલ્પ

મૂર્ધન્ય વિ૦ [સં.] મૂર્ધસ્થાનથી ઉચ્ચારાતું (૨) માથાને લગતું (૩) [લા.] મુખ્ય (૪) પું૦ મૂર્ધસ્થાની વર્ણ. ૦તર વિ૦ વધારે મૂર્ધન્ય [મૂર્ધસ્થાનનું

મૂર્ધસ્થાન ન૦ [સં.] તાળવાની વચ્ચેનો ભાગ. –ની વિ૦

મૂર્ધા પું૦ [સં.] માથું (૨) દાંતના મૂળ અને તાળવાની વચ્ચેનો ભાગ (વ્યા.)

મૂલ(–લ્ય) ન૦ કિંમત

મૂલ(–ળ) ન૦ [સં.] વનસ્પતિની જડ (૨) પાયો; મંડાણ (૩) નદીનું ઉત્પત્તિસ્થાન (૪) [લા.] મૂળ કારણ (૫) ૧૯મું નક્ષત્ર (૬) 'રૂટ' (મૂલવિધિમાં) [ગ.]. –લક (બહુવ્રીહિ સમાસને અંતે) મૂળવાળું. ઉદા૦ દંતકથામૂલક. –લકારણ ન૦ મુખ્ય કારણ. –લકેન્દ્ર ન૦ 'રૅડિકલ સૅન્ટર' (ગ.). –લકોણ પું૦ કાટખૂણો (ગ.). ૦ગત વિ૦ મૂળમાં રહેલું. ૦ગું વિ૦ (૨) અ૦ જુઓ મૂળગું. ૦ગ્રંથ પું૦ અસલ ગ્રંથ (જેનાં ભાષાંતર, ટીકા વગેરે થયાં હોય). ૦ચિહ્ન ન૦ (√) આવું સંખ્યાનું મૂળ સૂચવતું ચિહ્ન; 'રૅડિકલ સાઈન' (ગ.). –લજ વિ૦ મૂલ નક્ષત્રમાં જન્મેલું. ૦તત્ત્વ ન૦ પાંચ મહાભૂતોમાંનું એક (૨) કોઈ ચીજનું મૂળ–પ્રાથમિક ઘટક તત્ત્વ (૩) ન૦બ૦વ૦ શાસ્ત્ર કે કળાના પ્રાથમિક સિદ્ધાંતો. ૦તાલ પું૦ ત્રિતાલ. –લદ વિ૦ જેનું મૂળ બરાબર નીકળે એવી (રકમ); 'રૅશનલ' (ગ.). ૦પુરુષ પું૦ વંશનો આદિપુરુષ (૨) કુટુંબનો મુખ્ય માણસ. ૦પ્રકૃતિ સ્ત્રી૦ પ્રકૃતિ; જગતનું આદિકારણ (સાંખ્ય). ૦પ્રત સ્ત્રી૦ છાપવાનું મૂળ લખાણ; 'પ્રેસકૉપી'. ૦ભૂત વિ૦ મૂળરૂપ; મૂળનું. –લવિધિ પું૦ 'ઇવોલ્યુશન' [ગ.] (૨) મૂળ નક્ષત્રમાં જન્મેલા બાળક તથા તેનાં માબાપ ઉપર કરવામાં આવતો વિધિ

મૂલદાર વિ૦ મૂલ્યવાન; કીમતી

મૂલપડી વિ૦ પંદર (વેપારી સંકેત)

મૂલવવું સ૦ક્રિ૦ મૂલ્ય નક્કી કરવું (૨) ખરીદવું (૩) આંકવું; કદર કરવી. **મૂલવાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

મૂલાક્ષ પું૦ [સં.] 'રૅડિકલ ઍક્સિસ' (ગ.)

મૂલા(–ળા)ક્ષર પું૦ [સં.] જુઓ મૂળાક્ષર

મૂલાજ્ઞાન ન૦ [સં.] મૂળ–દેહનઃ કારણરૂપ અજ્ઞાન

મૂલા(–ળા)ધાર પું૦ [સં.] મૂળ આધાર (૨) ન૦ ગુદા અને ઉપસ્થની વચમાં આવેલું ચક્ર (યોગ)

મૂલ્ય ન૦ [સં.] કિંમત. ૦વાન વિ૦ કીમતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂષક, મૂષિક પું૦ [સં.] ઉંદર. **મૂષિકા** સ્ત્રી૦ ઉંદરડી

મૂસ સ્ત્રી૦ ધાતુ ગાળવાની કુલડી (૨) બીબું

મૂસળી સ્ત્રી૦ એક મૂળ (૨) પરાઈ

મૂસા પું૦ [अ.] (સં.) યહૂદી ધર્મનો પ્રવર્તક

મૂળ વિ૦ અસલ; પહેલાંનું; મૂળભૂત (૨) ન૦ જુઓ મૂલ. ૦કારણ, ૦ગત જુઓ 'મૂલ'માં. ૦ગું વિ૦(૨) અ૦ મૂળ; અસલ (૩) તમામ; બધું. ૦ગેથું અ૦ + મૂળથી. ૦ગ્રંથ, ૦તત્ત્વ, ૦તાલ, ૦પુરુષ, ૦પ્રકૃતિ, ૦પ્રત, ૦ભૂત જુઓ 'મૂલ'માં. –ળાક્ષર પું૦ વર્ણમાળાના મૂળ અક્ષરો. –ળાદિયું, –ળાડું ન૦ મૂળ. –ળાધાર જુઓ મૂલાધાર. –ળિયું ન૦ મૂળ; જડ. –ળી સ્ત્રી૦ મૂળના ઝીણા ઝીણા ફણગા (૨) [પ.] મૂળ. –ળો પું૦ શાકમાં વપરાતું એક મૂળ

મૂંગાસાડી સ્ત્રી૦ જુઓ મુગાસાડી

મૂંગું વિ૦ મૂગું; મૂક

મૂંજી વિ૦ જુઓ મૂજી [વાછડો

મૂંઝડો પું૦ મોઢે કાળા અને શરીરે ધોળા વાળવાળો

મૂંઝવણ(–ણી) સ્ત્રી૦ અકળામણ; ગભરામણ; વ્યગ્રતા; ઉચાટ. –વું સ૦ક્રિ૦ મૂંઝવણ કરવી; મૂંઝાવવું

મૂંઝારી, –રો જુઓ 'મુઝારી'માં

મૂંઝાવું અ૦ક્રિ૦ જુઓ મુઝાવું. –વવું સ૦ક્રિ૦(પ્રેરક)

મૂંડકા(–કી) સ્ત્રી૦ બોડી સ્ત્રી

મૂંડકી સ્ત્રી૦ (કા.) ઘોડા કે ઊંટના પલાણના કાઠાના આગલા ભાગનું માથું (૨) જુઓ મૂંડકા

મૂંડણ ન૦ જુઓ મુંડન

મૂંડવું સ૦ક્રિ૦ મુંડન કરવું; બોડવું (૨) [લા.] છેતરવું; ધૂતવું (૩) ચેલો બનાવવો. **મૂંડામણ** ન૦ મૂંડવાનું મહેનતાણું. **મૂંડાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક). **મૂંડાવું** અ૦ક્રિ૦ (કર્મણિ). **મૂંડિયો** પુ૦ મુંડી; સંન્યાસી

મૂંડી સ્ત્રી૦ મૂંડકી; બોડી સ્ત્રી (૨) માથું; જણ. –ડું વિ૦ બોડાવેલું. –ડો પું૦ બોડું માથું (૨) બોડા માથાવાળો માણસ; મૂંડિયો [ભાગ

મૂંદર પું૦ (કા.) ભેંસના આગલા બે પગ વચ્ચે લબડતો

મૃગ પું૦ [સં.] પશુ (૨) હરણ (૩) ન૦ મૃગશીર્ષ; પાંચમું નક્ષત્ર. ૦ચર્મ ન૦ હરણનું ચામડું. ૦ચર્યા સ્ત્રી૦ મૃગની પેઠે નિષ્પાપ જીવન ગાળવું તે (ભક્ત માટે). ૦જલ-(–ળ) ન૦ રેતાળ જમીન ઉપર સૂર્યનાં કિરણ પડવાથી દૂરથી દેખાતો પાણી જેવો આભાસ. ૦તૃષ્ણા સ્ત્રી૦ મૃગજળ. ૦નયની વિ૦સ્ત્રી૦ મૃગ જેવાં નયનોવાળી. ૦નાભિ સ્ત્રી૦ કસ્તુરી. ૦પતિ પું૦ સિંહ. ૦મદ પું૦ કસ્તૂરી. ૦યા સ્ત્રી૦ શિકાર. ૦રાજ પું૦ મૃગપતિ; સિંહ. ૦લાંછન પું૦ (સં.) ચંદ્ર (૨) ન૦ મૃગનું ચિહ્ન. ૦લિયું ન૦ (પ.) નાનું મૃગ (૨) હરણનું બચ્ચું. ૦લી સ્ત્રી૦ હરણી. ૦લું ન૦ હરણું. ૦લો પું૦ હરણ. ૦લોચના(–ની) વિ૦ સ્ત્રી૦ જુઓ મૃગનયની. ૦શિર, ૦શીર્ષ ન૦ જુઓ મૃગ ૩. –ગાજિન ન૦ મૃગચર્મ. –ગાનેણી વિ૦સ્ત્રી૦ + મૃગનયની. –ગાંક પું૦ (સં.) ચંદ્ર. –ગી સ્ત્રી૦ હરણી. –ગેંદ્ર પું૦ સિંહ [કમળનો છોડ

મૃણાલ પું૦; ન૦ [સં.] કમળનો તંતુ. –લિની, –લી સ્ત્રી૦

મૃણ્મ(–ન્મ)ય વિ૦ [સં.] માટીનું

મૃત વિ૦ [સં.] મરણ પામેલું (૨) ન૦ મૃત્યુ; મરણ. ૦ક વિ૦ મરનાર સંબંધી (૨) ન૦ શબ (૩) મરણનું સૂતક. ૦કસેજા સ્ત્રી૦ + તેરમાને દિવસે અપાતું ખાટલા પથારી ઇ૦નું દાન; સજ્જા. ૦પ્રાય વિ૦ મરવાની અણી ઉપર આવેલું; લગભગ મૃત. ૦સંજીવની વિ૦ સ્ત્રી૦ મૂએલાંને જીવતાં કરનારી (૨) સ્ત્રી૦ તેવી વિદ્યા

મૃત્તિકા સ્ત્રી૦ [સં.] માટી

મૃત્યુ ન૦ [સં.] મરણ. ૦દંડ પું૦ મોતની શિક્ષા; દેહદંડ. ૦પત્ર ન૦ વસિયતનામું. ૦મય વિ૦ મૃત્યુથી ભરપૂર. ૦લેખ પું૦ વસિયતનામું. ૦લોક પું૦ પૃથ્વી. ૦શય્યા સ્ત્રી૦ મરણપથારી. –ત્યુંજય વિ૦ મૃત્યુને જીતનારું; અમર (૨) પું૦ (સં.) મહાદેવ [એક વાદ્ય

મૃદંગ ન૦ [સં.] બંને બાજુ વગાડાય તેવું તબલા જેવું

મૃદુ વિ૦ [સં.] કોમળ; સુંવાળું (૨) મધુર (૩) વિ૦સ્ત્રી૦ શ્રુતિના પાંચ પ્રકારોમાંનો એક. ૦તા સ્ત્રી૦. ૦લ વિ૦ મૃદુ

મૃધ ન૦ [સં.] યુદ્ધ

મૃન્મય વિ૦ મૃણ્મય; માટીનું બનાવેલું

મૃષા અ૦ [સં.] ખોટી રીતે (૨) નકામું; વ્યર્થ. ૦વાદ પું૦ જૂઠું; અસત્ય. ૦વાદી પું૦ જૂઠું બોલનાર

મે પું૦ [इं.] ઈસ્વી સનનો પાંચમો મહિનો

મેકર ન૦ (કા.) કસબી શેલું

મેક્ષણ ન૦ [સં.] લાંબા ચાટવો

મેખ સ્ત્રી૦ + મેષ રાશિ

મેખ સ્ત્રી૦ [फ़ा.] ખીલી (૨) ફાચર. ૦ચું ન૦, ૦દીવી સ્ત્રી૦ બે બાજુએ ચાડાંવાળી ભોંયમાં દાટવાની દીવી

મેખલા(–ળા) સ્ત્રી૦ [સં.] કંદોરો; કટીમેખલા (ખાસ કરીને સ્ત્રીની) (૨) ફરતી વર્તુલાકાર રેખા કે મર્યાદા. –ળ ન૦ લડાઈનું એક હથિયાર (૨) કંદોરો

મેખા સ્ત્રી૦ + જુઓ મેખલા ૨

મેખિયું વિ૦ અફીણી (૨) ન૦ અફીણ. **મેખી** વિ૦ (૨) પું૦ અફીણી. **મેખું** ન૦ અફીણ

મેગની સ્ત્રી૦ ઘેટાંની લીંડીઓ

મેગળ પું૦ હાથી

મેઘ પું૦ [સં.] વરસાદ (૨) વાદળ (૩) એક રાગ (૪) એક છંદ. ૦ગર્જના સ્ત્રી૦ વાદળાંનો ગડગડાટ. ૦ચાપ, ૦ધનુ(૦ષ, ૦ષ્ય) ન૦ ઇંદ્રધનુષ. ૦નાદ પું૦ મેઘગર્જના (૨) [સં.] રાવણનો પુત્ર ઇંદ્રજિત. ૦મલાર પું૦ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાગ. ૦રવો પું૦ આંબા વગેરેના મોરમાંથી ઝીણી મધુની છાંટ વરસે છે તે (૨) ઝીણું ઝાકળ જેવું પડતું વાદળ (?). ૦રાજા પું૦ ઇંદ્ર (૨) વરસાદ. ૦લ(–લી) વિ૦સ્ત્રી૦ વાદળવાળી. –ઘાડંબર પું૦; ન૦ ઘોરંભો; વાદળાંની જમાવટ (૨)ગર્જના; ગડગડાટ (૩) છત્રીવાળી અંબાડી. –ઘાધિપ પું૦ પુષ્કરાવર્તક વગેરે મેઘના અધિપતિઓમાંનો એક [(૨) મેખચું

મેચકું ન૦ નાનું પૂતળા જેવું છોકરું (તિરસ્કારમાં)

મેજ સ્ત્રી૦; ન૦ [फा.] ટેબલ. ૦બાન પું૦, ૦બાની સ્ત્રી૦ જુઓ મિજબાન,–ની [ન૦ મેજર ૧ જુઓ

મેજર પું૦ ઘણી સહીઓવાળી અરજી (૨)પુરાવો. ૦નામું

મૅજિસ્ટ્રેટ પું૦ [इं.] ન્યાયાધીશ

મેટવું સ૦ક્રિ૦ + મટાડવું; નાબૂદ કરવું

મેડક પું૦ મેંડક; દેડકો. –કી સ્ત્રી૦ દેડકી

મૅટ્રિક વિ૦ [इं.] મહાવિદ્યાલયમાં દાખલ થવા જેટલું ભણેલ; વિનીત (૨) ન૦; સ્ત્રી૦ તે કક્ષાનું ભણતર

મેડી સ્ત્રી૦ નાનો માળ. –ડો પું૦ માળ

મેઢ પું૦ લાકડામાં પડતો એક જીવ

મેતે અ૦ મેળે; જાતે (ચ.)

મેથંબો પું૦ (સુ.) કેરીનું એક અથાણું

મેથિયા પું૦બ૦વ૦ ડાંગરમાં મેથી જેવા એક જાતના દાણા હોય છે તે [વિ૦ મેથી ભરેલું

મેથિયું ન૦ મેથીનો મસાલો ભરીબનાવેલું અથાણું (૨)

મેથી સ્ત્રી૦ એક બી કે તેની ભાજી. ૦પાક પું૦ મેથીના લાડુ (૨) [લા.] માર

મેદ પું૦ [सं.]ચરબી. ૦ચ્છેદ પું૦ મેદ ઊતરવો તે. ૦સ્વી વિ૦ ચરબીવાળું (૨) મજબૂત; જાડું

મેદની સ્ત્રી૦ મેદિની; દુનિયા (૨) ભીડ; જમાવ; ટોળું

મેદાન ન૦ [फा.] ખુલ્લી સપાટ જમીન.–ની વિ૦ મેદાનમાં રમાતી (રમત)

મેદિની સ્ત્રી૦ [सं.] પૃથ્વી; દુનિયા

મેદી સ્ત્રી૦ એક વનસ્પતિ; મેંદી

મેદુર વિ૦ [सं.] મેદવાળું; ભરાવદાર; ભરચક

મેદો પું૦ [फा.] ધોયેલા ઘઉંનો લોટ; મેંદો

મેધ પું૦[सं.] યજ્ઞ (૨) બલિ; ભોગ [વિ૦બુદ્ધિમાન;પંડિત

મેધા સ્ત્રી૦[सं.]બુદ્ધિ (૨) યાદશક્તિ. ૦વિની વિ૦સ્ત્રી૦,૦વી

મેધ્ય વિ૦[सं.]યજ્ઞનું;યજ્ઞમાં હોમવાનું(૨)પવિત્ર(૩)પું૦બકરો

મેના સ્ત્રી૦ એક પક્ષી; સારિકા

મેનો પું૦ જુઓ મ્યાનો

મેમણ પું૦ એક મુસલમાન જાતનો માણસ

મેમનો પું૦ નાકનું એક ઘરેણું

મેર પું૦ માળાનો શરૂઆતનો મોટો મણકો (૨) શિરોમણિ; મુગટ (૩) જેના ઉપર ચલમ રહે છે તે હુક્કાનો ડોયો (૪) તાંબાનું એક મોટું વાસણ (૫) એક જીવડું (૬) સોરઠમાં વસતી એક જાતિ (૭) [सं.] (પ.) મેરુ પર્વત

મેર [મેં] સ્ત્રી૦ બાજુ; દિશા

મેરમેરા(–રૈ)યું ન૦ દિવાળીમાં છોકરાં ઊંબાડિયા જેવો, હાથમાં ઝાલવાના ડોયાવાળો દીવો કરે છે તે

મેરાઈ પું૦ દરજી

મેરા(–રિ,–રૈ)યું ન૦ જુઓ મેરમેરાયું

મેરી સ્ત્રી૦ નારી; સ્ત્રી

મેરુ પું૦ મિત્ર; સોબતી (૨) તાંબાનું એક મોટું વાસણ (૩) હુક્કાનો મેર (૪) [सं.] માળાનો મેર (૫) [सं.] એક પર્વત (સોનાનો), જેને આધારે પૃથ્વી રહે છે તથા ગ્રહો વગેરે જેની આસપાસ ફરે છે એમ મનાય છે. ૦દંડ પું૦ કરોડ

મેરૈયું ન૦ જુઓ મેરાયું [મેળાપ

મેલ(–ળ) પું૦; જુઓ થાટ (સંગીત) (૨) [सं.] મિલન;

મેલ પું૦;સ્ત્રી૦ [इं.], ૦ગાડી સ્ત્રી૦ ડાકગાડી; ટપાલ લઈને જતી ઝડપી ટ્રેન

મેલ [મેં] પું૦ કચરો; ગંદકી; મેલું તે. ૦ખાઉ વિ૦ મેલ ઢાંકી શકે એવી જાતનું. ૦ડી સ્ત્રી૦ ચંડાળ ભૂતડી (૨) એક દેવી. ૦પણુ ન૦ મેલાપણું

મેલન ન૦ [सं.] મિલન; એકત્ર થવું તે

મેલવું સ૦ક્રિ૦ મૂકવું.–ણ ન૦ મેલવું તે [ડગલું; કદમ

મેલાણ ન૦ મુકામ; પડાવ (૨) છુટકારો; મુક્તિ (૩)

મેલાવું અ૦ક્રિ૦,–વવું સ૦ક્રિ૦ 'મેલવું'નું કર્મણિ ને પ્રેરક

મેલી સ્ત્રી૦ ઓર; જરાયુ. ૦વિદ્યા સ્ત્રી૦ ભૂતપલીત વશ કરવાની કે મારણજારણ કરવાની વિદ્યા. –લું વિ૦ ગંદું (૨) કપટી (૩) ન૦ મળમૂત્રાદિ (૪) ભૂતપ્રેત વગેરે

મેલો(–ળો) પું૦ મેળાપ; મેલ.

મેવલો,–લિયો પું૦ વરસાદ (૨) મેઘસ્તુતિનું ગીત

મેવાડી સ્ત્રી૦ રાજસ્થાનની એક પ્રાંતિક બોલી (૨) વિ૦ મેવાડનું,–તે સંબંધી. –ડો પું૦ મેવાડથી આવીને વસેલો (બ્રાહ્મણ, વાણિયો કે સુતાર) (૨) એક રાગ

મેવાત(–સ) પું૦ ચોરલૂંટારાના વસવાટવાળો જંગલી પ્રદેશ (૨) મહીકાંઠાનો પ્રદેશ. –તી(–સી) વિ૦ મેવાસનું

મેવાળો પું૦ એકઠું થવું–કરવું તે.

મેવો પું૦ [फा.] લીલાં કે સૂકાં ફળ

મેશ(–સ) સ્ત્રી૦ કાજળ

મેશરી વિ૦ વાણિયાની એક જાતનું

મેશી વિ૦ કંજૂસ [ભરવાડ

મેષ પું૦ [सं.] ઘેટો (૨) પહેલી રાશિ. ૦પાલ(–ળ) પું૦

મેષોન્મેષ પું૦ [सं.] આંખ પટપટાવવી તે; પલકારો

મેસ સ્ત્રી૦ મેશ; કાજળ

મેસૂર પું૦ એક મીઠાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેહ(-હુ)લો પું૰ વરસાદ; મેવલો

મેળ પું૰ રોજનો આવકખરચનો હિસાબ (૨) જરૂર; અગત્ય (૩) બનાવ; સંપ (૪) એકઠા થવું તે (૫) મેલ; થાટ. ૦વણ ન૰ મિશ્રણ (૨) અખરામણ. ૦વણી સ્ત્રી૰ મેળવવું-ઉમેરવું તે (૨) મેળવવાની ચીજ; ઉમેરણ (૩) તુલના; મુકાબલો. ૦વવું સ૰ક્રિ૰ એકઠું કરવું; મિશ્ર કરવું (૨) પ્રાપ્ત કરવું (૩) સરખાવી જોવું (૪) આખરવું (૫)વાદ્યને સૂરમાં આણવું-તેના તાર વગેરે બરોબર ગોઠવવા

મેળા સ્ત્રી૰ સ્ત્રી; મહિલા

મેળાપ પું૰ મળવું-એકઠા થવું તે; સમાગમ (૨) [લા.] સદ્ભાવ; બનાવ. -પી પું૰ બેઠકઊઠકવાળો માણસ; મિત્ર. -વડો પું૰ જમાવ; ટોળું (૨) સભા; મિજલસ; પરિષદ. -વો પું૰ મેળાવડો (૨) મેળાપ; મુલાકાત

મેળે અ૰ જાતે; પોતે (૨) પોતાની રાજીખુશીથી

મેળો પું૰ મેળાપ; ભેટો (૨) ઘણાં માણસનું એકઠા થવું તે (ઉત્સવ, યાત્રા વગેરે નિમિત્તે)

મેં સ૰ 'હું'નું ત્રીજી વિભક્તિનું એકવચન (૨) + માં

મેંડક પું૰ મેડક; દેડકો. -કી સ્ત્રી૰ દેડકી

મેંઢી સ્ત્રી૰ ઘેટી. -ઢું ન૰ ઘેટું. -ઢો પું૰ ઘેટો

મેંદાલકડી સ્ત્રી૰ એક ઔષધિ

મેંદી સ્ત્રી૰ મેદી; એક વનસ્પતિ

મેંદો પું૰ જુઓ મેદો

મૈત્રી સ્ત્રી૰ [સં.] ભાઈબંધી

મૈનાક પું૰ [સં.] (સં.) એક પૌરાણિક પર્વત

મૈથડ ન૰ ઊંટનું ટોળું [પાસેના) એક ભાગની બોલી

મૈથિલી સ્ત્રી૰ [સં.] (સં.) સીતા (૨) બિહારના (દરભંગા

મૈથુન ન૰ [સં.] નરમાદાનો સંભોગ. -ની વિ૰ મૈથુનથી ઉત્પન્ન થયેલું (૨) મૈથુન સંબંધી

મૈયત સ્ત્રી૰ [અ.] મરણ (૨) મોકાણ (૩) વિ૰ મરણ પામેલું. ૦ખર્ચ(-રચ) પું૰;ન૰ મરનાર પાછળ કરાતું ખર્ચ

મૈયા સ્ત્રી૰ માતા

મોઆજિમ પું૰ પ્રતિષ્ઠિત; આબરૂદાર

મોઈ સ્ત્રી૰ મોઈદાંડાની રમતમાં નાનો લાકડાનો કકડો

મોકમ વિ૰ + મોહકમ; સખત

મોકલવું સ૰ક્રિ૰ રવાના કરવું (૨) પહોંચાડવું

મોકલામણી સ્ત્રી૰ મોકલવાની ક્રિયા કે મહેનતાણું

મોકળું વિ૰ મોકળાશવાળું (૨) ખુલ્લું (૩) [લા.] નિખાલસ (૪) ઉદાર. -ળાણ(-શ) સ્ત્રી૰ જગાની છૂટ

મોકાણ સ્ત્રી૰ મરણના સમાચાર (૨) મરનાર પાછળ શોક કરવા ભેગું થવું તે (૩) [લા.] પીડા; આફત

મોકાસદાર પું૰ રસ્તે જનારા પાસેથી લેવાનો કર વસૂલ કરનાર [સ્ત્રી૰ મોકૂફ રાખવું તે

મોકૂફ વિ૰ [અ.] બંધ પાડેલું; રહેવા દીધેલું; મુલતવી. -ફી

મોકો પું૰ [અ.] પ્રસંગ; લાગ

મોક્ષ પું૰ [સં.] મુક્તિ; છુટકારો. ૦કાલ(-ળ) પું૰ (ગ્રહણ) છૂટવાનો સમય. ૦દ્વાર ન૰ મોક્ષનું દ્વાર. ૦પદ ન૰ મુક્તિ; મોક્ષ. ૦પુરી સ્ત્રી૰ મોક્ષ આપનારી નગરી. -ક્ષાર્થી પું૰ (૨) વિ૰ મુમુક્ષુ [વાંસ

મોખ પું૰ મોકો; પ્રસંગ; લાગ; અનુકૂળતા (૨) તંબૂનો

મોખરો પું૰ આગળનો ભાગ; બહારપડતો ભાગ

મોખા પું૰બ૰વ૰ જુઓ મારા

મોગ પું૰;સ્ત્રી૰ બન્ને લમણા ઉપરની લટો (૨) પું૰ મગ

મોગર વિ૰ છોડાં કાઢી નાખેલી (દાળ)

મોગરી સ્ત્રી૰ એક જાતનું શાક (૨) હથોડી જેવું લાકડાનું ખાંડવાનું કે ઘંટ વગાડવાનું ઓજાર

મોગરેલ ન૰ મોગરાનું તેલ

મોગરો પું૰ એક ફૂલઝાડ (૨) મોટી મોગરી-હથોડી (૩) નાના ઘૂમટ કે શિખર જેવો આકાર; કાંગરો (૪) એક ઘરેણું (૫) દીવાની વાટનો ઉપરનો બળી ગયેલો છેડો (૬) એક શાક

મોગ(-ઘ)લ વિ૰(૨)પું૰ મોંગોલિયાના મુસલમાનની એક જાત; મુગલ. -લાઈ,-લાણી જુઓ મુગલાઈ,-ણી

મોઘ વિ૰ [સં.] નકામું; વ્યર્થ; નિષ્ફળ

મોઘમ વિ૰ (૨) અ૰ સામાન્ય; અસ્પષ્ટ; અનિશ્ચિત

મોઘલ,-લાઈ,-લાણી જુઓ 'મોગલ'માં

મોઘું વિ૰ મોંઘું; વધારે કિંમત આપવી પડે તેવું (૨) [લા.] અતિપ્રિય (૩) દુર્લભ. -ઘવારી,-ઘાઈ,-ઘારત સ્ત્રી૰ મોંઘું હોવું કે મળવું તે. -ઘેરું વિ૰ (લાલિત્યવાચક) મોઘું

મોચક વિ૰ [સં.] મુક્ત કરનાર. -ન ન૰ મુક્ત કરવું તે (૨) પતરાજી; ખાલી ભપકો; દંભ (૩) વિ૰ મોચક

મોચણ સ્ત્રી૰ મોચીની સ્ત્રી

મોચમ પું૰ ખેતરમાં ખેડ્યા વગર બાકી રહેલી જગ્યા

મોચરસ પું૰ [સં.] એક ઝાડનો ગુંદર

મોચવવું સ૰ક્રિ૰ કરમોડાય કે અંબળાઈ જાય તેમ કરવું

મોચવું સ૰ક્રિ૰ છોડવું; મુક્ત કરવું (૨) ટાળવું; દૂર કરવું

મોચી પું૰ પગરખાં સીવવાનો ધંધો કરનાર

મોજ સ્ત્રી૰ [અ.] આનંદ (૨) મરજી

મોજડી સ્ત્રી૰ નાજુક કે કસબી પગરખું. -ડું ન૰ પગરખું

મોજણી સ્ત્રી૰ માપણી (જમીનની). ૦દાર પું૰ તે કરનાર

મોજમજા સ્ત્રી૰ આનંદ; સુખચેન

મોજવું સ૰ક્રિ૰ માપવું (૨) જાણવું; સમજવું

મોજશોખ પું૰ ભોગવિલાસ

મોજબંધ પું૰ મોજાંને બાંધવાનું સાધન [મનસ્વી

મોજી [ફા.], ૦લું વિ૰ આનંદી; લહેરી; વિલાસી (૨)

મોજું ન૰ પાણીનો તરંગ (૨) [ફા.] હાથપગનું ગૂંથેલું ઢાંકણ

મોજૂદ વિ૰ [અ.] હાજર; તૈયાર

મોજે અ૰ સ્થાને; ગામે. ઉદા૰ મોજે કડોદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોજેજો પું० ચમત્કાર; અદ્ભુત બનાવ
મોજો પું० [फा.] જુઓ મોજું [નો ટુકડો
મોજો પું० રેલમાં તણાઈ આવેલો કાંપ (૨) વાંટો; જમીન-
મોઝાર અ० (પ.) માં; મધ્યે
મોઝિન પું० મસીદમાં બાંગ પોકારનાર
મોટ સ્ત્રી० [हिं.] પોટલું; ગાંસડી
મોટપ,-મ સ્ત્રી० મોટાપણું; પ્રતિષ્ઠા; આબરૂ. -પણું ન० મોટાઈ (૨) મોટી ઉમ્મર. -મોટું વિ० મોટું મોટું
મોટર [इं.], ૦ગાડી સ્ત્રી० પેટ્રોલથી ચાલતી ગાડી-એક યાંત્રિક વાહન. ૦બસ સ્ત્રી० જુઓ બસ. ૦સાઇકલ સ્ત્રી० પેટ્રોલથી ચાલતી સાઇકલ; ફટફટી
મોટલિયો પું० વેતરો; મોટિયો [પોટલું
મોટલી સ્ત્રી०,-લું ન० + અનાજ ભરવાનો કોથળો (૨)
મોટવડાઈ સ્ત્રી० + મોટાઓ પ્રત્યેનું માન
મોટાઈ,-શ સ્ત્રી० જુઓ મોટપ. ૦ખોર વિ० મોટાઈ મેળવવા કે દાખવવાની આદતવાળુ
મોટિયું ન० અનાજનો થેલો; મોટલું
મોટિયાર પું० મોટો કે જુવાન છોકરો
મોટિયો પું० ભાર ઊંચકનારો; વેતરો; મોટલિયો
મોટું વિ० નાનાથી ઊલટું (૨) [લા.] ઉદાર; સખી (૩) પ્રતિષ્ઠિત; આબરૂદાર. -ટેથી અ० મોટે અવાજે. -ટેરું વિ० મોટું; વડીલ. -ટોપૈસો પું० દોઢ પૈસો
મોઠી સ્ત્રી० ભોજન. ૦દાસ પું० ખાવાપીવાનો શોખી
મોડ [મો] પું० લગ્ન વગેરે શુભ પ્રસંગે સ્ત્રીને માથે મુકાતો સુથાડિયાની સળીઓ વગેરેનો એક ઘાટ (૨) [લા.] જોખમદારી; ભાર (૩) વિલંબ; મોડું
મોડ પું० મરડાટ; ગર્વ (૨) જીદ; ટેક (૩) હાવભાવ; નખરાં (૪) ઢબ; મરોડ; ઇબારત (૫) ખેતરમાં ભાગી પડેલાં કણસલાં
મોડછી સ્ત્રી० કોલેરા; મૂરછી
મોડબંધો વિ० મોડ બાંધનાર; બહાદુર (૨) પું० વરરાજા
મોડવું સ०ક્રિ० મરડવું; મરડી-તોડી નાખવું
મોડામોડ અ० વરણાગીમાં-મરડાતું હોય એમ
મોડી સ્ત્રી० મરાઠી ભાષાની હાથે લખવામાં વપરાતી લિપિ
મોડું વિ० મુકરર વખત પછીનું; અસૂરું (૨) ન० વેળા વટી જવી તે (૩) ઢીલ; કાળક્ષેપ
મોઢ પું० (મોઢેરાનો રહીશ) બ્રાહ્મણ, વાણિયા, સુતાર તથા ઘાંચીમાં એ નામની પેટા-ન્યાતનો માણસ
મોઢવું ન० છાણાં કે ઘાસનો ઢગલો [એમ
મોઢામોઢ અ० રૂબરૂ; સમક્ષ (૨) એક મોઢેથી બીજે મોઢે
મોઢિયું ન० મોઢાનો-સૌથી ઉપરનો ભાગ (૨) ફાનસમાં બત્તી જેમાં રહે છે તે ભાગ (૩) રેંટિયામાં ત્રાક તથા ચમરખાં જ્યાં રહે છે તે ચોકઠું (૪) પશુના મોં ઉપર બાંધવામાં આવતી જાળી
મોઢું ન० મોં; મુખ. -ઢો પું० મોઢિયું
મો(૦વ)ણુ ન० મોવું તે કે તે માટે વપરાતું ચીકટ
મોણુવેલ સ્ત્રી० એક ઘરેણું
મોત ન० [अ.] મૃત્યુ [પાટિયું
મોતિયું ન०છાપરાંનાં નેવ તરફ સાકટાંના છેડાઓમાં ઘાલેલું
મોતિયો પું० એક જાતનો મોગરો (૨) આંખની કીકી ઉપર થતું પડ (૩) હોંસ; હિંમત
મોતી ન० છીપમાંથી નીકળતી એક દરિયાઈ પેદાશ. ૦ચૂર પું०કળીના લાડુ. ૦ચૂરમું ન० મોતીચૂર બનાવવાનું ચૂરમું
મોતીદામ પું० એક છંદ
મોથ સ્ત્રી० ચીડ નામના ઘાસનો કંદ
મોદ પું० [सं.] આનંદ. ૦ક પું०લાડુ (૨) એક છંદ. ૦ન ન० આનંદ. ૦વું અ०ક્રિ० ખુશી થવું; રાચવું; આનંદવું
મોદ ['દ'માં યશ્રુતિ] સ્ત્રી०, -દિયું ન० જાડી મોટી ચાદર
મોદી પું० અનાજ, ઘી, મસાલો વગેરેનો વેપારી; નેસ્તી (૨) કોઠારી; ભંડારી. ૦ખાનું ન० મોદીની દુકાન (૨) દાણાનો કોઠાર (૩) લશ્કરને ખોરાકીપોશાકી પૂરી પાડનાર ખાતું
મોનલ ન० એક પક્ષી
મોનિટર પું० [इं.] વડો વિદ્યાર્થી
મોનિયું ન० ઉપરચોટિયું આમંત્રણ [આદમી
મોપલો પું० મલબારમાં વસતી મુસલમાનોની એક જાતનો
મોફસલ ન० જુઓ મુફસીલ
મોબેદ પું० પારસીઓનો ધર્મક્રિયા કરાવનાર ગોર (૨) ભક્તિ કરનાર (૩) સ્ત્રી० ભક્તિ કરવાનું સ્થાન
મોભ પું० છાપરાના ટેકારૂપ મુખ્ય આડું લાકડું
મોભણ સ્ત્રી० કુટુંબની મુખ્ય સ્ત્રી [વાળું
મોભાગ્ર ન०મોભનો છેડો.૦બુદ્ધિ વિ०તેના જેવી-બૂઠી બુદ્ધિ-
મોભાદાર વિ० વજનદાર; પ્રતિષ્ઠિત
મોભારિયું ન० મોભ ઉપર ઢાંકવાનું મોટું નળિયું [મોભ
મોભારો પું० છાપરાનો મોભવાળો ભાગ. મોભિયું ન०
મોભી પું० ઘરનો વડો માણસ
મોભો પું० આબરૂ; પ્રતિષ્ઠા; ઇજ્જત
મોમ ન० [फा.] મીણ. ૦બત્તી સ્ત્રી० મીણબત્તી
મોમનો પું० મુમનો; મુસલમાનોની એક જાતનો માણસ
મોયરું ન० જુઓ માહ્યરું [ઉદા० ઘરમોયું
મોયું [મો,હશ્રુતિ] વિ० નામને અંતે 'મોંવાળુ" એમ અર્થ.
મોયલું વિ० (કા.) આગલા ભાગનું
મોર પું० એક પક્ષી; મયૂર
મોર [મો] પું० આંબા, આંબલી વગેરેનાં ફૂલ-મંજરી (૨) ઘોડાના માથાનો એક શણગાર [મોખરે
મોર [મો,હશ્રુતિ ને 'ર'માં યશ્રુતિ] અ० આગળ; પૂર્વે;
મોરખાઈ સ્ત્રી० ચોરેલો માલ (ઢોર વગેરે) પાછો લાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવાની દલાલી. -યો પુંં૰ તે ખાનાર માણસ
મોરચંગ પુંં૰ [हिं.] એક વાજું
મોરચી સ્ત્રી૰ મૂરછી; મોડછી
મોરચો પુંં૰ [फा.] લશ્કરની મોખરાની વ્યૂહરચના (૨) બુરજ ઉપર જ્યાં તોપ ગોઠવવામાં આવે છે તે ભાગ. **-ચાબંધ** વિ૰ મોરચા બાંધેલું (૨) મોરચા સાથે
મોરડ ન૰ દૂધી વગેરેનાં ભજિયાં
મોરડી સ્ત્રી૰ ઢેલ (૨) [મો, હશ્રુતિ] જુઓ મોરડો
મોરડો પુંં૰ પશુને મોઢે બાંધવાનું દોરડાનું ગાળિયું
મોરથૂથુ ન૰ એક ઝેરી ઔષધ
મોરધ્વજ પુંં૰ (સં.) જુઓ મયૂરધ્વજ
મોરબુટ્ટી સ્ત્રી૰ મોરના બુટ્ટાવાળી રેશમી સાડી
મોરમોર અ૰(ખાદ્ય) મોંમાં ઘાલતાં છૂટેછૂટું થઈ જાય એમ
મોરલી સ્ત્રી૰ મુરલી; વાંસળી
મોરલો પુંં૰ મોર (લાલિત્યવાચક)
મોરવણ ન૰ છાણાંનો ગોર (૨) અખરામણ
મોરવવું સ૰ક્રિ૰ આખરવું (૨) ટોચ પરથી છોલી નાખવું
મોરવાયો પુંં૰ ટોચનો ભાગ
મોરવી સ્ત્રી૰ એક જાતનું કાપડ
મોરવું અ૰ક્રિ૰ (ઝાડને) મોર આવવો
મોરવેલ સ્ત્રી૰ એક વનસ્પતિ
મોરશિખા સ્ત્રી૰ એક વનસ્પતિ
મોરસ સ્ત્રી૰ દાણાદાર ખાંડ (૨) એક જાતની ભાજી
મોરસો પુંં૰ ખેડાણમાં ઢાળપડતી ટેકરી
મોરંધી સ્ત્રી૰ એક પક્ષી
મોરાખી વિ૰ શરમ રાખીને કહેલી વાત (૨) પુંં૰ જુઓ [મોરાપી
મોરાણી વિ૰ મુખ્ય; મોરનું
મોરાપી પુંં૰ બાતમીદાર (૨) ગુનેગારને શોધી કાઢનાર
મોરિયું ન૰ એક પ્રકારની પાઘડી
મોરિયો પુંં૰ ઘડો (૨) સામા જેવું એક અણખેડ્યું ધાન્ય
મોરી સ્ત્રી૰ ખાળ; ગંદા પાણીની નીક; ગટર
મોરી [મો, હશ્રુતિ] સ્ત્રી૰ જુઓ મોરડી-મોરડો
મોરું વિ૰ [મો, હશ્રુતિ] આગળ પડતું; મોર-મોખરેનું (૨) ન૰ (રૂપ ગુણ વગેરેમાં) મોરું માણસ (૩) મૂર્તિ; નંગ
મોરું સ૰ [हिं.] મારું (પ.)
મોરે અ૰ મોર; આગળ
મોરો પુંં૰ + દંતૂસળ વડે હુમલો
મોલ પુંં૰ પાક
મોલડી સ્ત્રી૰ એક ઘાસ
મોલ્હડું ન૰ માથાનો એક પોશાક
મોલદ વિ૰ [अ.] બીજા દેશનું પણ અરબસ્તાનમાં ઊછરેલું (૨) આરબ બાપથી હિંદની સ્ત્રીને થયેલી (પ્રજા)
મોલવી પુંં૰ [अ.] મુસલમાન વિદ્વાન (૨) મુસલમાની કાયદા પ્રમાણે ન્યાય આપનાર
મોલેરી સ્ત્રી૰ એક ઘાસ
મોલેસલામ પુંં૰ એક જાતનો મુસલમાન
મોલો પુંં૰ (ચ.) જુવારનો રોગ
મોલ્લું ન૰ ભૂતને બોલાવતી વખતે વગાડાતું નગારું
મોલ્લો પુંં૰ શંકુના આકારનો ફટાકડો
મોવડ પુંં૰ મોખરો; અગ્ર ભાગ (૨) [કા.] ઘોડાને મોઢા ઉપર પહેરાવવાનું ઘરેણું (૩) અ૰ (કા.) આગળ
મોવડી વિ૰આગળનું; મોખરાનું (૨) પુંં૰અગ્રેસર;આગેવાન
મોવણ ન૰ જુઓ મોણ
મોવાસો પુંં૰ ઢોરના મોંમાં થતો એક રોગ
મોવાળ પુંં૰ ઘરવટ; ઘરોબો; દોસ્તી
મોવાળો પુંં૰ મુવાળો; વાળ
મોવું સ૰ક્રિ૰ કરમોવવું; ચીકટવાળું કરવું
મોસમ સ્ત્રી૰ ઋતુ. **-મી** વિ૰ મોસમનું
મોસર સ્ત્રી૰ (કા.) ફૂટતી મૂછ
મોસરિયું ન૰ (કા.) બુકાની
મોસલ પુંં૰ સરકારના હુકમથી તેડવા આવેલો ને તાકીદ [કરનાર બેલિફ (?)
મોસંબી સ્ત્રી૰ [पो.] એક ફળ
મોસાળ ન૰ માનું પિયેર. **૦સાસરી** સ્ત્રી૰,**૦સાસરું** ન૰ પતિ કે પત્નીનું મોસાળ. **-ળિયું** ન૰મોસાળપક્ષનું માણસ. **-ળું** ન૰ માબાપ તરફથી છોકરીને સીમંત વખતે અને તેનાં છોકરાંને જનોઈ કે લગ્ન વખતે જે રીત આપવામાં આવે છે તે (૨) મોસાળમાં ગાવાનું ગીત
મોસિયાત વિ૰ (સુ.) જુઓ મસિયાઈ
મોહ પુંં૰ [सं.] અજ્ઞાન; ભ્રમ (૨) મૂર્છા; બેહોશી (૩) આસક્તિ; પ્યાર. **૦ક** વિ૰ મોહ પમાડનારું. **૦કતા** સ્ત્રી૰ મોહકપણું. **૦કૂપ** પુંં૰ મોહરૂપી કૂપ. **૦જાળ** સ્ત્રી૰ મોહની જાળ. **૦ન** વિ૰ મોહક (૨) ન૰ મોહવું તે (૩) વશીકરણ;કામણ;એક અભિચાર(૪)[સં.]કૃષ્ણ. **૦નમાળા** સ્ત્રી૰ અમુક કદના સોનાના મણકાની ગળે પહેરવાની માળા. **૦નાસ્ત્ર** ન૰બેહોશ કરી નાખે એવું અસ્ત્ર. **૦નિદ્રા** સ્ત્રી૰ મોહરૂપી નિદ્રા. **૦નિયું** ન૰એક પ્રકારની સાડી. **૦ની** સ્ત્રી૰ મોહ; ભૂરકી(૨) [સં.]મોહિની;એક અપ્સરા. **૦નીય** ન૰ કર્મ (જૈન). **૦ફંદ** પુંં૰મોહરૂપી ફંદ. **૦બાણ** ન૰ મોહનું બાણ. **૦મંત્ર** પુંં૰ મોહ પમાડે એવો મંત્ર
મોહકમ વિ૰ મોકમ; દૃઢ; સખત (૨) ઘણું; પુષ્કળ
મોહતાજ વિ૰ ગરીબ; ગરજુ
મોહરમ પુંં૰હિજરી સનનો પહેલો મહિનો(જેમાં તાજિયાનો [તહેવાર આવે છે)
મોહવું અ૰ક્રિ૰ મોહ પામવું (૨) સ૰ક્રિ૰ મોહ પમાડવું
મોહાંધ વિ૰ [सं.] મોહથી અંધ બનેલું
મોહિત વિ૰ [सं.] મોહ પામેલું
મોહિની સ્ત્રી૰[सं.]જુઓ મોહની (૨) મોહ પમાડે તેવી

CC-0: In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી (૩) વૈશાખ સુદ અગિયારસ

મોળ સ્ત્રી૦ શરીરમાં વાયુનું જોર થવાથી મોઢામાં લાળ છૂટે તે (૨) ઊઢણ (૩) કીડિયારું (૪) મંદી (૫) ચણતરનું ઈંટપથ્થરનું પડ

મોળપ સ્ત્રી૦ મોળાપણું

મોળવું સ૦ક્રિ૦ સમારવું (શાક)

મોળાઈ વિ૦ મોસાળનું; મામાનું

મોળાશ સ્ત્રી૦ મોળપ; મોળાપણું

મોળિયું ન૦ કાપડાની બાંયે ચોડાતો (કસબી) પટો (૨) શોકમાં પહેરવાનો સાલ્લો (૩) કસબી ફેંટો

મોળી સ્ત્રી૦ સળી જેવી મીઠા વિનાની લાંબી સેવ

મોળું વિ૦ ફિક્કું; સ્વાદ વગરનું (૨) [લા.] ઢીલું; પોચું. **૦મચ** વિ૦ સાવ મોળું

મોં ન૦ મુખ. **૦જો(૦ય)ણું** સ્ત્રી૦ પહેલી વાર વર કે કન્યાને મોં જોઈને ભેટ આપવી તે. **૦જોવું** વિ૦ એકનું એક; લાડકું. **૦જોરી** સ્ત્રી૦ બોલાચાલી; તકરાર. **૦બદલો** પું૦ કંઈ કર્યા કે આપ્યાના અવેજમાં મળે તે (૨) જમીન ખરીદનારને વેચનારે મોઢામોઢ રહી સરકારમાં તેની નોંધ કરાવવી તે. **૦બળવું** વિ૦ બળ્યા મોંનું; મૂઉં. **૦માગ્યું** વિ૦ માગે એટલું; ખૂબ. **૦માથું** ન૦ [લા.] મોં કે માથું; કશાના ઢંગ કે રૂપરંગ વિષે કાંઈ સાધાર જાણ કે પતો. **૦માર** વિ૦ બોલવે નીડર અને પ્રભાવશાળી. **૦રખું** વિ૦ વિનયી; શરમાળ (૨) પક્ષપાતી; એકતરફી

મોંસૂઝણું ન૦ પરોઢિયું

મોંધું,-ધવારી,-ધાઈ,-ધારત જુઓ 'મોઘું'માં

મૌખિક વિ૦ [સં.] મુખનું; મુખને લગતું

મૌક્તિક ન૦ [સં.] મોતી

મૌગ્ધ્ય ન૦ [સં.] મુગ્ધતા

મૌન ન૦ [સં.] ન બોલવું તે. **૦ધારી** વિ૦ મૌન ધારણ કરનારું. **૦વ્રત** ન૦મૌન રહેવાનું વ્રત. **–ની** વિ૦મૌનધારી

મૌર્ખ્ય ન૦ [સં.] મૂર્ખતા

મૌર્ય પું૦ [સં.] એક પ્રાચીન હિંદુ રાજવંશ

મૌર્વી સ્ત્રી૦ [સં.] પણછ

મૌલા પું૦ [અ.] ધણી; માલિક

મૌલાના પું૦ [फा.] મોટો મોલવી

મૌલિ ન૦ [સં.] માથું (૨) ટોચ (૩) છોગું; કલગી

મૌલિક વિ૦[સં.]મૂળ; મુખ્ય; 'ઑરિજિનલ'. **૦તા** સ્ત્રી૦

મૌલી વિ૦ [સં.] મૌલિ-મુગટવાળું

મૌલ્ય ન૦ [સં.] મૂલ્ય

મૌંજી સ્ત્રી૦ [સં.] મુંજનો કંદોરો

મ્યાઉં ન૦ (રવ૦) મિયાંઉ; બિલાડીનો અવાજ

મ્યાન ન૦ ધારવાળા હથિયારનું ઘર; મિયાન

મ્યાનો પું૦ એક જાતની પાલખી; મેનો [ખાતું

મ્યુનિસિપાલિટી સ્ત્રી૦ [ઇં.] શહેર કે કસબાનું સુધરાઈ-

મ્લાન સ્ત્રી૦ [સં.] કરમાયેલું; ખિન્ન. **–નિ** સ્ત્રી૦ નિસ્તેજતા; ગ્લાનિ

મ્લેચ્છ પું૦ [સં.] આર્યોની સંસ્કૃતિથી ભિન્ન સંસ્કૃતિનો માણસ. **–ચ્છાઈ** સ્ત્રી૦

ય

ય પું૦ [સં.] ચાર અર્ધસ્વરોમાં પહેલો. **૦કાર** પું૦ ય અક્ષર કે તેનો ઉચ્ચાર. **૦કારશ્રુતિ, ૦શ્રુતિ** સ્ત્રી૦ ઉચ્ચારણમાં યકાર સંભળાવો તે. જેમ કે, 'આંખ' ના 'ખ' માં. **૦કારાંત** વિ૦ છેડે યવાળું

યં પદને અંતે લાગતાં 'પણ, અપિ; વળી' નો અર્થ બતાવે. ઉદા૦ તમેય; મકાનેય (૨) પ્રશ્નાર્થક સ૦ને લાગતાં અનિશ્ચિતાર્થક ઘણાપણાનો ભાવ બતાવે. ઉદા૦ કેવુંય, કેટલુંય. ચે 'ય' જેમ જ અર્થ સૂચવે, કાંઈક વિશેષ માત્રાથી

યકીન ન૦ [અ.] વિશ્વાસ

યકૃત ન૦ [સં.] કાળજું; 'લીવર'

યક્ષ પું૦ એક દેવયોનિ; કુબેરનો અનુચર. **૦કર્દમ** પું૦ કેસર, સુખડ, કસ્તૂરી અને કપૂર મેળવીને બનાવેલો સુગંધીદાર અંગલેપ. **૦(–ક્ષિ)ણી** સ્ત્રી૦ યક્ષ સ્ત્રી; યક્ષની સ્ત્રી. **૦રાજ** પું૦(સં.) કુબેર. **૦રાત્રિ(–ત્રી)** સ્ત્રી૦દિવાળી

યક્ષ્મ(–ક્ષ્મા) પું૦ [સં.] ક્ષયરોગ. **–ક્ષ્મી** વિ૦ ક્ષયવાળું

યખ પું૦ [फा.] બરફ

યગણ પું૦ [સં.] પહેલો લઘુ અને બીજો તથા ત્રીજો ગુરુ અક્ષર હોય એવો ગણ (પિંગળ)

યજદાં પું૦ [फा.] પરમેશ્વર (પારસી)

યજન ન૦ [સં.] યજ્ઞ કરવો તે (૨) પૂજન

યજમાન પું૦ [સં.] યજ્ઞ કરનાર (૨) ગોર કે બ્રાહ્મણને દક્ષિણા આપી ધાર્મિક ક્રિયા કરાવનાર (૩) આશ્રય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપનાર; દાતા. ૦વૃત્તિ સ્ત્રી૦ યજમાનનાં દાનદક્ષિણા વડે આજીવિકા કરવી તે. –નિયું વિ૦ યજમાનવૃત્તિવાળું. –નિયો પું૦ જેને પેઢી દર પેઢીથી યજમાનવૃત્તિ ચાલતી આવી હોય તેવો બ્રાહ્મણ

યજવું સ૦ક્રિ૦ પૂજા કરવી (૨) યજ્ઞ કરવો

યજુર, –ર્વેદ પું૦ [સં.] (સં.) ચાર વેદમાંનો એક. **–ર્વેદી** વિ૦ યજુર્વેદનું (૨) પું૦ યજુર્વેદ ભણેલો કે યજુર્વેદ પ્રમાણે ક્રિયાઓ કરનારો બ્રાહ્મણ

યજ્ઞ પું૦ [સં.] એક વેદોક્ત કર્મ; યાગ (૨) સેવાર્થે કરેલું કર્મ. **૦કુંડ** પું૦ યજ્ઞની વેદી. **૦ક્રિયા** સ્ત્રી૦ યજ્ઞનો વિધિ. **૦દ્રવ્ય** ન૦ યજ્ઞમાં વપરાતો પદાર્થ. **૦પશુ** પું૦; ન૦ યજ્ઞમાં હોમવાનું પશુ. **૦પુરુષ** પું૦ (સં.) વિષ્ણુ. **૦ભાગ** પું૦ યજ્ઞના બળિદાનનો ભાગ. **૦ભૂમિ(–મી)** સ્ત્રી૦ યજ્ઞ કરવાનું સ્થાન. **૦યાગ** પું૦ હોમહવન. **૦વાટ** પું૦;સ્ત્રી૦ યજ્ઞ માટે તૈયાર કરેલી કે આંતરેલી જમીન. **૦વૃક્ષ** ન૦ જેનું લાકડું યજ્ઞમાં વપરાય છે તે ઝાડ. **૦વેદિ-(–દી)** સ્ત્રી૦ યજ્ઞની વેદી. **૦શાલા(–ળા)** સ્ત્રી૦ યજ્ઞ કરવાનો ઓરડો. **૦શિષ્ટાશી** વિ૦ યજ્ઞ કરતાં શેષ રહેલું ખાનાર. **–જ્ઞોપવીત** ન૦ ઉપવીત; જનોઈ

યઙન્ત વિ૦ [સં.] ક્રિયાની આવૃત્તિ કે તીવ્રતા બતાવનારું (રૂપ) [વ્યા.]. ઉદા૦ લાતાટવું

યતમાન વિ૦ [સં.] યત્ન કરતું; મથતું; પ્રયત્નશીલ

યતિ પું૦ [સં.] જિતેંદ્રિય પુરુષ; સંન્યાસી (૨) જૈન સાધુ (૩) સ્ત્રી૦ છંદમાં આવતો વિરામ (૪) વાક્યમાં આવતી ટાંપ. **૦ભંગ** પું૦ યોગ્ય સ્થાને યતિ ન હોવી તે. **૦લગ્ન** પું૦ સંગીતમાં એક તાલ

યતી પું૦ [સં.] યતિ; સંયમી

યતીમ ન૦ [અ.] અનાથ બાળ. **૦ખાનું** ન૦ અનાથાશ્રમ

યત્કિંચિત્ અ૦ [સં.] જરા પણ

યત્ન પું૦ [સં.] પ્રયત્ન; મહેનત; ઉદ્યોગ. **૦પૂર્વક** અ૦ મહેનત લઈને. **૦શીલ** વિ૦ યત્ન કરતું રહેનારું

યત્ર અ૦ [સં.] જ્યાં. **૦તત્ર** અ૦ જ્યાંત્યાં; ઠેકઠેકાણે

યથા અ૦ [સં.] જેવી રીતે; જે પ્રમાણે (૨) અવ્યયીભાવ સમાસમાં–'ની પ્રમાણે', 'અનુસાર' એવા અર્થમાં. **૦ઋતુ** અ૦ ઋતુ પ્રમાણે. **૦કામ** અ૦ ઇચ્છા પ્રમાણે. **૦ક્રમ** અ૦ ક્રમ પ્રમાણે. **૦કાલ(–ળ)** અ૦ સમય અનુસાર; યોગ્ય વખતે. **૦જ્ઞાન** અ૦ જુઓ યથામતિ. **૦તથ** અ૦ જેમ હોય તેમ; સાચેસાચું. **૦દર્શન** ન૦ 'પર્સ્પેક્ટિવ' (ચિત્રકળા). **૦નુરૂપ** અ૦ યોગ્ય રીતે. **૦ન્યાય** અ૦ ન્યાય પ્રમાણે; યથાયોગ્ય. **૦પૂર્વ** અ૦ પહેલાંની પેઠે. **૦પૂર્વવાદી** વિ૦ પહેલાં જેમ હતું એમ હોવું જોઈએ એવા મતનું. **૦પ્રસંગ** અ૦ પ્રસંગ પ્રમાણે. **૦બુદ્ધિ,૦મતિ** અ૦ બુદ્ધિ અનુસાર. **૦યુક્ત,૦યોગ્ય** અ૦ યોગ્ય હોય તેમ. **૦રુચિ** અ૦ રુચિ પ્રમાણે. **૦ર્થ** વિ૦ સાચું; ખરું; વાસ્તવિક (૨) અ૦ વાસ્તવિક રીતે. **૦ર્થતા** સ્ત્રી૦ સાચાપણું; ખરાપણું. **૦ર્થદર્શન** ન૦ પ્રત્યક્ષ-ઇંદ્રિયોથી દેખાય તે; 'રીઆલિઝમ'. **૦ર્થદર્શી** વિ૦ યથાર્થ દર્શનવાળું; 'રીઆલિસ્ટિક'. **૦ર્થવાદી** વિ૦ (૨) પું૦ ખરું બોલનાર; સત્યવાદી. **૦વકાશ** અ૦ ફુરસદ હોય તે પ્રમાણે. **૦વિધિ** અ૦ વિધિ પ્રમાણે. **૦શક્ય** અ૦ શક્યતા પ્રમાણે; બનતા સુધી. **૦શક્તિ** અ૦ શક્તિ પ્રમાણે. **૦શાસ્ત્ર** અ૦ શાસ્ત્ર પ્રમાણે. **૦શ્રુત** અ૦ સાંભળ્યા પ્રમાણે. **૦સાંગ** અ૦ યથાર્થ રીતે. **૦સ્થાન** અ૦ યોગ્ય સ્થાને; સ્થાન પ્રમાણે. **૦સ્થિત** વિ૦ (૨) અ૦ તાદૃશ; હોય એવું; બરાબર; યોગ્ય. **–થેચ્છ(–ષ્ટ)** વિ૦ મરજી મુજબનું (૨) અ૦ ઇચ્છા પ્રમાણે. **–થોક્ત** વિ૦ કહ્યા પ્રમાણેનું. **–થોચિત** વિ૦ યોગ્ય

યદપિ અ૦ [સં.] જોકે; યદ્યપિ

યદા અ૦ [સં.] જ્યારે

યદિ અ૦ [સં.] જો

યદુ પું૦ [સં.] (સં.) યયાતિ અને દેવયાનીનો પુત્ર અને યાદવોનો પૂર્વજ. **૦નંદન, ૦વર** પું૦ (સં.) કૃષ્ણ

યદચ્છા સ્ત્રી૦ [સં.] સ્વેચ્છા (૨) અકસ્માત

યદ્યપિ અ૦ [સં.] જોકે; યદપિ

યદ્વાતદ્વા અ૦ [સં.] ગમે તેમ; એલફેલ

યમ પું૦ [સં.] નિગ્રહ; સંયમ (૨) અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને અસ્તેય એ પાંચ (૩) [સં.] મૃત્યુનો દેવ. **૦ક** પું૦ ભિન્ન અર્થના સમાન શબ્દોની પુનરાવૃત્તિ–એક શબ્દાલંકાર (કા. શા.) (૨) પ્રાસ; 'રાઈમ'. **૦કિત** વિ૦ યમકવાળું. **૦કિંકર** પું૦ યમનો દૂત. **૦દંડ** પું૦ યમે કરેલી શિક્ષા. **૦દૂત** પું૦ યમનો નોકર. **૦દ્વિતીયા** સ્ત્રી૦ ભાઈબીજ. **૦ન** પું૦ કલ્યાણ રાગનો એક ભેદ (૨) ન૦ સંયમ; નિગ્રહ. **૦નકલ્યાણ** પું૦ કલ્યાણ રાગનો એક પ્રકાર. **૦પાશ** પું૦ યમનો ફાંસો. **૦પુરુષ** પું૦ યમનો માણસ–દૂત. **૦રાત્રિ(–ત્રી)** સ્ત્રી૦ મૃત્યુરૂપી રાત્રી. **૦લ** ન૦ જોડકું

યમી વિ૦ (૨) પું૦ [સં.] સંયમી (૩) સ્ત્રી૦ (સં.) યમુના [નદી

યયાતિ પું૦ [સં.] (સં.) એક ચંદ્રવંશી રાજા

યવ પું૦ [સં.] જવ. **૦ક્ષાર,૦જ** પું૦ જવખાર

યવન પું૦ [સં.] (પ્રાચીન) યુનાન દેશનો રહેવાસી (૨) આર્યસંસ્કૃતિ બહારનો માણસ; મ્લેચ્છ. **–નિકા** સ્ત્રી૦ જવનિકા; પડદો (૨) યવની. **–ની** સ્ત્રી૦ યવનની કે યવન સ્ત્રી

યવાગૂ સ્ત્રી૦ [સં.] ઓસામણ (૨) રાબ; કાંજી

યશ પું૦ [સં.] કીર્તિ (૨) [લા.] ફતેહ; સિદ્ધિ. **૦સ્વિની** વિ૦ સ્ત્રી૦, **૦સ્વી** વિ૦ નામાંકિત (૨) ફતેહમંદ. **–શઃશરીર** ન૦ યશરૂપી શરીર. **–શાળું** વિ૦ યશવાળું. **–શોગાન** ન૦ યશનું ગાન; યશ ગાવો તે. **–શોદા** સ્ત્રી૦ (સં.) શ્રીકૃષ્ણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉછેરનાર નંદની પત્ની. **-શોલાભ** પું૦ યશનો લાભ

યશદ ન૦ [सं.] એક ખનિજ ધાતુ

યશ્રુતિ સ્ત્રી૦ [सं.] જુઓ 'ય'માં

યષ્ટિ,૦કા,-ષ્ટી સ્ત્રી૦ [सं.] લાકડી

યહૂદી વિ૦ (૨) પું૦ [फा.] પાલેસ્ટાઈનનો મૂળ વતની; મૂસા પેગંબરનો અનુયાયી

યંત્ર ન૦ [सं.] સંચો (૨) જુઓ જંતર. **૦ક** ન૦ ઘા વગેરે પર બંધાતો પાટો (૨) સંઘાડો (૩) પું૦ જુઓ યંત્રજ્ઞ. **૦જ્ઞ** પું૦ યંત્રવિદ્યા જાણનાર; 'મિકેનિક'. **૦ગતિ** સ્ત્રી૦ યંત્રની ગતિ (૨) યંત્રવત્ સતત ગતિ. **૦ણા** સ્ત્રી૦ ક્લેશ; વેદના (૨) નિયંત્રણ. **૦બળ** ન૦ યાંત્રિક બળ. **૦રચના** સ્ત્રી૦ યંત્રની રચના; યંત્રની ગોઠવણી. **૦વત્** અ૦ યંત્રની પેઠે; એકધારું. **૦વિદ્યા** સ્ત્રી૦ યંત્રોની વિદ્યા. **૦શાસ્ત્ર** ન૦ યંત્રોનું શાસ્ત્ર; 'મિકેનિક્સ'. **૦શાસ્ત્રી** પું૦ યંત્રજ્ઞ. **-ત્રિત** વિ૦ નિયંત્રિત. **-ત્રોદ્યોગ** પું૦ યંત્રો દ્વારા થતો કારખાનાંનો ધંધોરોજગાર. **-ત્રોદ્યોગવાદ** પું૦ યંત્રોદ્યોગો વધવાથી દેશની આબાદી છે એવો વાદ; 'ઇન્ડસ્ટ્રિયલિઝમ'

યા અ૦ [फा.] હે! (૨) અથવા; યાને

યાકૂત ન૦ [अ.] માણેક; એક રત્ન. **-તી** સ્ત્રી૦ ભાંગના ઘીમાં મસાલા ભેળવી બનાવેલો માદક પાક

યાગ પું૦ [सं.] યજ્ઞ

યાચક પું૦ [सं.] માગણ. **-ના** સ્ત્રી૦ વિનંતિ; પ્રાર્થના (૨) માગણી; ભીખ. **-વું** સ૦ક્રિ૦ યાચના કરવી

યાચિત વિ૦ [सं.] માગેલું

યાજન ન૦ [सं.] યજ્ઞ કરાવવો તે; પુરોહિતપણું

યાજ્ઞવલ્ક્ય પું૦ [सं.] (સં.) એક પ્રાચીન ઋષિ–સ્મૃતિકાર

યાજ્ઞસેની સ્ત્રી [सं.] (સં.) દ્રૌપદી [કરાવનાર

યાજ્ઞિક વિ૦ [सं.] યજ્ઞ સંબંધી (૨) પું૦ યજ્ઞ કરનાર કે

યાજ્ય વિ૦ [सं.] યજ્ઞમાં હોમવાનું; યજ્ઞ સંબંધી

યાતના સ્ત્રી૦ [सं.] દુઃખ; કષ્ટ; પીડા

યાતુધાન પું૦ [सं.] રાક્ષસ

યાત્રા સ્ત્રી૦ [सं.] જુઓ જાત્રા. **૦ળુ** પું૦ યાત્રા કરનારો. **-ત્રી** વિ૦ યાત્રા કરનારું (૨) પું૦ યાત્રાળુ

યાતૃ સ્ત્રી૦ [सं.] દેરાણી

યાથાતથ્ય ન૦ [सं.] સત્ય

યાથાત્મ્ય ન૦ [सं.] તત્ત્વ; સ્વરૂપ

યાથાર્થ્ય ન૦ [सं.] યથાર્થપણું

યાદ સ્ત્રી૦ [फा.] સ્મરણ (૨) યાદી; ટાંચણ. **૦ગાર** વિ૦ યાદ કરાવે તેવું (સ્મારક) (૨) યાદ રહી જાય એવું. **૦ગીરી** સ્ત્રી૦ યાદદાસ્ત; સ્મરણ (૨) સંભારણું; સ્મારક. **૦દાસ્ત(-સ્તી)** સ્ત્રી૦ સ્મરણશક્તિ

યાદવ પું૦ [सं.] યદુનો વંશજ (૨) [સં.] કૃષ્ણ. **-વા-સ્થળી,-વી** સ્ત્રી૦ યાદવોની અંદર અંદરની લડાઈ અને કતલ (૨) [લા.] અંદર અંદરની લડાઈ [ચોપડી

યાદી સ્ત્રી૦ [फा.] ટીપ; વિગતવાર ટાંચણ (૨) તે નોંધવાની

યાદચ્છિક વિ૦ [सं.] મરજિયાત; ઐચ્છિક (૨) અણચિંતવ્યું; આકસ્મિક

યાદૃશ વિ૦ [सं.] જેવું; જેના જેવું

યાદોગણ પું૦ જીવજંતુનો સમુદાય (?)

યાન ન૦ [सं.] વાહન (૨) શત્રુ સામે આક્રમણ

યાને અ૦ અથવા; યા

યામ પું૦ [सं.] ત્રણ કલાક; પહોર

યામમત્સ્ય ન૦ [सं.] દક્ષિણનો એક તારાસમૂહ

યામિની સ્ત્રી૦ [सं.] રાત્રી

યામ્ય વિ૦ [सं.] યમ સંબંધી (૨) દક્ષિણ દિશાનું. **-મ્યોત્તર** વિ૦ દક્ષિણમાંથી ઉત્તરમાં જતું

યાર પું૦ [फा.] દોસ્ત (૨) આશક; જાર. **૦બાજ** વિ૦ કામુક; વિષયી. **૦બાજી** સ્ત્રી૦ મિત્રાચારી; દોસ્તી (૨) જારકર્મ. **-રી** સ્ત્રી૦ દોસ્તી; પ્યાર (૨) સ્ત્રીપુરુષનો અનુચિત પ્રેમ કે સંબંધ (૩) સઢ છૂટો મૂકવાનો દોર (૪) મદદ. **-રું** ન૦ યારકર્મ (?)

યાલ(-ળ) સ્ત્રી૦ [तुर्की] સિંહની ગરદન પરના વાળ

યાવક પું૦;ન૦ [सं.] અળતો [સુધી; હમેશને માટે

યાવચ્ચંદ્રદિવાકરૌ અ૦ [सं.] સૂર્ય અને ચંદ્ર હોય ત્યાં

યાવજ્જીવન અ૦ [सं.] આખી જિંદગી સુધી

યાવત્ અ૦ [सं.] જ્યાં સુધી

યાવની વિ૦સ્ત્રી૦ [सं.] યવનની

યાહોમ અ૦ કુરબાનીનો પોકાર

યાળ સ્ત્રી૦ યાલ [પું૦ યંત્રશાસ્ત્રી

યાંત્રિક વિ૦ [सं.] યંત્રનું; યંત્ર સંબંધી; યંત્ર જેવું (૨)

યુક્ત વિ૦ [सं.] જોડાયેલું (૨) યોગ્ય; ઘટતું (૩) [સમાસને અંતે] 'વાળું' અર્થમાં. ઉદા૦ અપમાનયુક્ત. **-ક્તાક્ષર** પું૦ જોડાક્ષર. **-ક્તાત્મા** પું૦ યુક્ત આત્માવાળો–યોગી. **-ક્તાયુક્ત** વિ૦ સારુંનરસું; યોગ્યાયોગ્ય

યુક્તિ સ્ત્રી૦ [सं.] તદબીર; કરામત (૨) ન્યાય; તર્ક (૩) હેતુનું યુક્તિપૂર્વક સાંકેતિક કે ગર્ભિત સૂચન (કા. શા.). **૦પ્રામાણ્યવાદ** પું૦ તર્કથી જે સૂઝે તે જ ખરું માનવાનો વાદ; બુદ્ધિવાદ; 'રૅશનલિઝમ'. **૦પ્રામાણ્યવાદી** પું૦ યુક્તિપ્રામાણ્યવાદમાં માનનાર. **૦બાજ,૦માન** વિ૦ ચતુર; હોશિયાર (૨) શોધક; કરામતી

યુગ પું૦ [सं.] પૌરાણિક રીતે પાડેલા કાળના લાંબા ચાર વિભાગોમાંનો દરેક (સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ) (૨) [લા.] જમાનો (૩) યુગલ; યુગ્મ. **૦ધર્મ** પું૦ યુગનો પ્રધાન ધર્મ. **૦પદ્** અ૦ એકીસાથે. **૦પ્રવર્તક** વિ૦ (૨) પું૦ યુગ પ્રવર્તાવનાર; યુગ બદલનાર (૩) જેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાન પુરુષાર્થથી જગતમાં યુગાંતર થાય તે (પુરુષ). ૦લ ન૦ જોડું. -ગાચાર પું૦ યુગનો ખાસ આચાર; યુગધર્મ. -ગાંતર ન૦ બીજો યુગ; બીજો જમાનો

યુગ્મ ન૦ [સં.] જોડું. ૦ક ન૦ યુગ્મ; જોડું. ૦કોણ પું૦ 'ઑલ્ટર્નેટ ઍન્ગલ' (ગ.)

યુત વિ૦ [સં.] યુક્ત; સહિત. -તિ સ્ત્રી૦ યોગ; મિલન; મેલાપ

યુધિષ્ઠિર પું૦ [સં.] (સં.) પાંચ પાંડવોમાં સૌથી મોટો

યુદ્ધ ન૦ [સં.] લડાઈ; સંગ્રામ. ૦નિષેધ પું૦ યુદ્ધનો સર્વથા નિષેધ. ૦વાદ પું૦ યુદ્ધ સારી કે આવશ્યક વસ્તુ છે અને માન્ય છે એવો વાદ; 'મિલિટેરિઝમ'. ૦વાંછુ વિ૦ યુદ્ધની ઇચ્છા રાખનાર. ૦વિદ્યા સ્ત્રી૦ લડવાની કળા અને શાસ્ત્ર. ૦વિશ્રાંતિ સ્ત્રી૦ થોડા સમય માટે યુદ્ધની મોકૂફી. ૦શાસ્ત્ર ન૦ યુદ્ધનું શાસ્ત્ર

યુનાન પું૦ [फा.] (સં.) ગ્રીસ. -ની વિ૦ યુનાનનું

યુનિવર્સિટી સ્ત્રી૦ [इं.] વિદ્યાપીઠ; વિશ્વવિદ્યાલય

યુરોપ પું૦ [इं.] (સં.) પૃથ્વીના પાંચ ખંડમાંનો એક. -પિયન વિ૦ યુરોપીય (૨) પું૦ યુરોપનો રહેવાસી. -પીય વિ૦ યુરોપનું [સંગઠિત સમૂહ કે સંસ્થા

યુવક પું૦ [સં.] યુવાન. ૦મંડળ ન૦, ૦સંઘ પું૦ યુવકોનો

યુવતી સ્ત્રી૦ [સં.] જુવાન સ્ત્રી

યુવરાજ પું૦ [સં.] પાટવી કુંવર. -જ્ઞી સ્ત્રી૦ પાટવી કુંવરની સ્ત્રી

યુવા પું૦ [સં.] યુવાન. ૦ન વિ૦ યુવાવસ્થામાં આવેલું (૨) પું૦ તેવો પુરુષ. ૦વસ્થા સ્ત્રી૦ બાલ્યાવસ્થા; જુવાની

યૂકા સ્ત્રી૦ [સં.] જૂ

યૂથ ન૦ [સં.] ટોળું

યૂપ પું૦ [સં.] યજ્ઞના પશુને બાંધવાનો થાંભલો

યે જુઓ 'ય'માં

યેન કેન પ્રકારેણ શ૦પ્ર૦ [સં.] ગમે તે પ્રકારે; ગમે તેમ કરીને

યોગ પું૦ [સં.] મેળાપ; સંગમ (૨) ઉપાય; ઇલાજ (૩) પરમાત્મા સાથે સંબંધ કરવાનો ઉપાય (૪) ચિત્તવૃત્તિનો નિરોધ (૫) યોગદર્શન (૬) અવસર; પ્રસંગ; લાગ (૭) સૂર્ય કે ચંદ્રના અમુક સ્થાનમાં આવવાથી થતા ૨૭ વિશિષ્ટ અવસરમાંનો દરેક (જ્યો.) (૮) વ્યુત્પત્તિ (વ્યા.) (૯) મન, વાણી અને કાયાની પ્રવૃત્તિ (જૈન). ૦ક્ષેમ પું૦; ન૦ જે વસ્તુ ન હોય તે મેળવવી અને હોય તેનું રક્ષણ કરવું તે (૨) કુશળતા; આબાદી. ૦ચિહ્ન ન૦ વત્તાની (+) આવી નિશાની (ગ.). ૦દર્શન ન૦ પતંજલિ-પ્રણીત યોગશાસ્ત્ર. ૦દશા સ્ત્રી૦ ધ્યાનાવસ્થા. ૦નિદ્રા સ્ત્રી૦ અર્ધી નિદ્રા અને અર્ધી સમાધિની સ્થિતિ (૨) બે યુગના અંતમાં વિષ્ણુની નિદ્રા (૩) [સં.] દુર્ગા. ૦પ્રમાણ ન૦ 'કામ્પોનેન્ડો' (ગ.). ૦બલ(-ળ) ન૦ યોગથી પ્રાપ્ત થતી શક્તિ. ૦ભ્રષ્ટ વિ૦ યોગમાંથી ચળેલું. ૦માયા સ્ત્રી૦ યોગની જાદુઈ શક્તિ (૨) સૃષ્ટિની ઉત્પત્તિ કરનારી ઈશ્વરની શક્તિ (૩) [સં.] દુર્ગા. ૦રૂઢ વિ૦ [વ્યા.] યોગ-રૂઢિથી પ્રાપ્ત થયેલા અર્થવાળો શબ્દ (ઉદા૦ પંકજ). ૦રૂઢિ સ્ત્રી૦ શબ્દની ત્રણ પ્રકારની અર્થબોધક વૃત્તિ-શક્તિમાંની એક, (યોગ, રૂઢિ અને યોગરૂઢિ), જેમાં યોગ-વ્યુત્પત્તિ-તેમ જ રૂઢિ બંનેથી શબ્દનો અર્થ નક્કી થાય છે (વ્યા). ૦વિયોગચિહ્ન ન૦ વત્તાઓછાનું (±) આવું ચિહ્ન (ગ.). ૦વિયોગપ્રમાણ ન૦ 'કોમ્પોનેન્ડો' અને 'ડિવીડેન્ડો' (ગ.) ૦શાસ્ત્ર ન૦ યોગનું નિરૂપણ કરનારું શાસ્ત્ર. ૦સમાધિ સ્ત્રી૦ પૂર્ણ ધ્યાનમાં જીવનું લીન થઈ જવું તે. ૦સાધના સ્ત્રી૦ યોગની સાધના. ૦સ્થ વિ૦ યોગમાં સ્થિર થયેલું. -ગાનુયોગે અ૦ જુઓ જોગાનજોગ. -ગાભ્યાસ પું૦ યોગનો અભ્યાસ. -ગાયોગ પું૦ અનુકૂળ અને પ્રતિકૂળ સંજોગ. -ગારૂઢ વિ૦ યોગમાં સ્થિર થયેલું. -ગાર્થ પું૦ (વ્યા.) શબ્દનો યોગ અથવા વ્યુત્પત્તિ પરથી થતો અર્થ. -ગાસન ન૦ યોગાભ્યાસને અનુકૂળ આસન-શરીરની બેઠક (૨) તેવાં યોગનાં ૮૪ આસનોમાંનું દરેક. -ગિની સ્ત્રી૦ યોગાભ્યાસ કરનારી સ્ત્રી; તાપસી (૨) દુર્ગા અને શિવની તહેનાતમાં રહેતી આઠ ઉપદેવીઓમાંની દરેક. -ગી પું૦ યોગસાધના કરનાર; તપસ્વી. -ગીરાજ, -ગીશ્વર, -ગીંદ્ર, -ગેશ્વર, -ગેન્દ્ર પું૦ યોગીઓમાં શ્રેષ્ઠ (૨) [સં.] મહાદેવ

યોગ્ય વિ૦ [સં.] છાજતું; ઘટતું; લાયક. ૦તા સ્ત્રી૦ યોગ્ય હોવું તે (૨) ધારેલો અર્થ કહેવાનું સામર્થ્ય (ન્યાય). -ગ્યાયોગ્ય વિ૦ યોગ્ય અને અયોગ્ય

યોજક વિ૦ (૨) પું૦ [સં.] યોજના કરનાર. ૦તા સ્ત્રી૦ યોજવાની શક્તિ [(સં.) મત્સ્યગંધા

યોજન પું૦ [સં.] ચાર ગાઉ. ૦ગંધા સ્ત્રી૦ કસ્તૂરી (૨)

યોજના સ્ત્રી૦ [સં.] ગોઠવણ; વ્યવસ્થા (૨) કાર્ય પરત્વે રીત, વસ્તુ, ઉદ્દેશ વગેરેનો પહેલેથી કરેલો વિચારસંકલના-દિ તે. -નીય વિ૦ યોજવા યોગ્ય કે યોજી શકાય એવું

યોજવું સ૦ક્રિ૦ જોડે સાંધવું; જોડવું (૨) યોજના કરવી; રચવું; ગોઠવવું (૩) નીમવું

યોદ્ધો, યોધ [સં.] પું૦ લડવૈયો

યોનિ(-ની) સ્ત્રી૦ [સં.] સ્ત્રીની જનનેંદ્રિય (૨) ઉત્પત્તિસ્થાન; આદિકારણ (૩) દેવ, મનુષ્ય, પશુ વગેરે જેવી જીવની જાત

યોષિત, -તા સ્ત્રી૦ [સં.] જુવાન સ્ત્રી [યોગાર્થવાળું

યૌગિક વિ૦ [સં.] યોગ સંબંધી (૨) [વ્યા.] વ્યુત્પત્તિસિદ્ધ;

યૌન વિ૦ [સં.] યોની સંબંધી; યોનિમાંથી જન્મેલું

યૌવન ન૦ [સં.] જુવાની. ૦વેશ(-ષ) વિ૦ જુવાન. -ના સ્ત્રી૦ યુવતી (અશુદ્ધ શબ્દરચના)

યૌવરાજ્ય ન૦ [સં.] યુવરાજની પદવી કે સ્થાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર

ર પું૦ [સં.] ચાર અર્ધસ્વરોમાંનો બીજો. ૦કાર પું૦ ર અક્ષર કે ઉચ્ચાર. ૦કારાંત વિ૦ છેડે રકારવાળું

રકઝક સ્ત્રી૦ ખેંચાખેંચી; તકરાર

રકબો પું૦[अ.] ખેતરની આસપાસની ખેડ્યા વિનાની જગા

રકમ સ્ત્રી૦[अ.] ચીજ (૨) દાગીનો; ઘરેણું (૩) મોટી સંખ્યામાં નાણું (૪) સંખ્યા (ગ.) (૫) ગણિતનો હિસાબ મંડાવે છે તે લખાણ. ૦બંધ વિ૦ જથાબંધ (૨) અ૦ એકજુમલે; સામટું (૩) રકમવાર; એક પછી એક

રકાન પું૦ ધારો; કાનૂન

રકાબ પું૦[अ.] પેંગડું. ૦દાર પું૦ ખિજમતગાર

રકા(-કે)બી સ્ત્રી૦ [फ़ा.] નાનું, છીછરું એક વાસણ

રકીબ વિ૦[अ.]પોતાની જ માશૂકને ચાહનાર બીજો (આશક)

રકેબી સ્ત્રી૦ જુઓ રકાબી

રક્ત વિ૦ [સં.] લાલ (૨) અનુરાગવાળું (૩) ન૦ લોહી. ૦કણ પું૦લોહીમાં હોતો (રાતો ને ધોળો) સૂક્ષ્મ અણુ; 'કૉર્પસલ'. ૦કોઢ પું૦ લોહીવાળી રસી ઝર્યા કરે તેવો એક કોઢ. ૦ક્ષય પું૦ લોહી સુકાતું જાય એવો રોગ. ૦ચંદન ન૦ રાતા રંગની સુખડ. ૦પાત પું૦ લોહીનું પડવું-વહેવું તે. ૦પાતી વિ૦ રક્તપાતવાળું. ૦પિત્ત ન૦ જુઓ રક્તકોઢ. ૦પ્રમેહ પું૦ પેશાબમાં લોહી આવે એવો એક રોગ. ૦બીજ પું૦ (સં.) [પોતાનું] લોહી જ્યાં પડે ત્યાંથી ફરી ફરીને ઉત્પન્ન થાય એવો એક રાક્ષસ (૨) પું૦ માકણ. ૦મેહ પું૦ રક્તપ્રમેહ. ૦વાહિની સ્ત્રી૦ રક્ત વહેનારી નસ. ૦વિકાર પું૦ લોહીનો બગાડ. ૦સ્રાવ પું૦ લોહીનું વહેવું તે (૨) ઝાડા વાટે લોહીનું જવું તે-એક રોગ. -ક્તા સ્ત્રી૦ મધ્યા શ્રુતિનો એક અવાંતર ભેદ

રક્તાતિસાર પું૦ લોહીના ઝાડા થાય એવો એક રોગ

રક્તાશય ન૦ ફેફસાં, હૃદય, કાળજું વગેરે લોહીનાં આશયોમાંનું દરેક

રક્તિ સ્ત્રી૦[સં.] રાગ; આસક્તિ. ૦મા પું૦;સ્ત્રી૦ લાલાશ. ૦માન વિ૦ સાંભળનાર ખુશ થાય તેવો (કંઠ)

રક્ષક વિ૦(૨) પું૦ [સં.] રક્ષણ કરનાર. -ણ ન૦ રખવાળી; બચાવ; પાલન. -ણાત્મક વિ૦ રક્ષણ પર ધ્યાનવાળું; 'ડિફેન્સિવ; પ્રોટેક્ટિવ'. -વું સ૦ક્રિ૦ રક્ષણ કરવું

રક્ષા સ્ત્રી૦ [સં.] રક્ષણ (૨) રાખડી (૩) રાખોડી. ૦બંધન ન૦ રાખડી બાંધવાની ક્રિયા (શ્રાવણી પૂર્ણિમાને દિવસે)

રક્ષિત વિ૦ [સં.] રક્ષાયેલું. -ણી સ્ત્રી૦ રક્ષક સ્ત્રી

રખ વિ૦ ત્રણ (વેપારી સંકેત) (૨) પું૦ જૈન યતિ

રખડ,૦પટ્ટી,૦પાટ સ્ત્રી૦, ૦પાટો પું૦ રખડવું તે; ફેરા; ધક્કા. ૦વું અ૦ક્રિ૦ રઝળવું; નકામા ફેરા ખાવા (૨) [લા.] ઠેકાણે ન પડવું (૩) અધવચથી વણસી જવું. -ડાઉ વિ૦ ભટકતું; રખડતું (૨) હરાયું.-ડાટ પું૦ રખડપટ્ટી. -ડામણ ન૦, -ડામણી સ્ત્રી૦ અથડામણ; નકામી રખડપટ્ટી. -ડુ,-ડેલ વિ૦ જુઓ રખડાઉ

રખતી સ્ત્રી૦ માન; શરમ

રખ(-ખા)પત સ્ત્રી૦ પત-આબરૂ સાચવવી તે [પડવું તે

રખરખ ન૦ તલપવું-તલસવું તે (૨) [માંદગીથી] ચેન ન

રખરખડી સ્ત્રી૦ અશુભ ટાળવા ખાતર બાળકના કપાળમાં ચોપડવા ગામની સીમા ઉપરથી લીધેલી રાખ કે ધૂળ

રખરખવું અ૦ક્રિ૦ રખરખ કરવું (૨)અ૦ક્રિ૦ (કા.) ધીકવું

રખ(-ખે)વાળ પું૦ રક્ષક; ચોકીદાર. ૦ણ સ્ત્રી૦ રખેવાળની કે રખેવાળ સ્ત્રી. -ળી સ્ત્રી૦, -ળું ન૦ રક્ષણ; ચોકી (૨) તે બદલ અપાતું મહેનતાણું

રખાત સ્ત્રી૦ વગર પરણ્યે રાખેલી સ્ત્રી

રખાપત સ્ત્રી૦ જુઓ રખપત

રખાવટ સ્ત્રી૦ કોઈનું માન સાચવવું તે (૨) તરફદારી

રખાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦'રાખવું'નું કર્મણિ ને પ્રેરક

રખી, ૦(-ખે)સર પું૦ ભંગી

રખું વિ૦ 'રાખનાર; રક્ષનાર, સાચવનાર; સંભાળનાર' એવા અર્થમાં નામને અંતે. ઉદા૦ ઘરરખું; દેહરખું

રખે,૦ને અ૦ કદાચ; કદાપિ

રખેવાળો,-ળી,-ળું ન૦ જુઓ 'રખેવાળ'માં

રખેસર પું૦ રખીસર; ભંગી

રખેળવું સ૦ક્રિ૦ રાખવાળું કરવું; રાખ ભેળવવી

રખો,૦પિયો પું૦ ગામ કે ખેતરની ચોકી કરનાર. ૦પું, ૦લું ન૦ જુઓ રખવાળું

રખોટવું સ૦ક્રિ૦ રખેળવું (૨) આંકો-નિશાન દોરવું

રખોપિયો, રખોપું(-લું) જુઓ 'રખો'માં

રખ્યા સ્ત્રી૦ રાખ; ભસ્મ

રગ સ્ત્રી૦ નસ (૨) [લા.] મનોવૃત્તિ; વલણ (૩) હઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રગડ પું૦ બટાકાના કકડા, ચણા, દાળ વગેરેની એક વાની (૨) સ્ત્રી૦ માલિસ; રગડવું તે (૩) સખત મહેનત. ૦દગડ અ૦ જેમ તેમ કરીને; જેમ તેમ. ૦પટ્ટી સ્ત્રી૦ ખૂબ રગડવું તે. ૦મલ્લ(-લ્લ) પું૦ કસરતી જુવાન. ૦વું સ૦ક્રિ૦ ઘૂંટવું (૨) ચોળવું (૩) [લા.] ખૂબ મહેનત કરાવવી; હેરાન કરવું. -હાટ પું૦ વૈતરું; સખત મજૂરી. -ડો પું૦ જાડો પ્રવાહી પદાર્થ (૨) પ્રવાહી નીચે ઠરતો કચરો; કાંપ (૩) [હિં.] ખટપટ; ઝઘડો; પંચાત

રગણ પું૦ [સં.] વચલો લઘુ અને પહેલો ત્રીજો ગુરુ એવા ત્રણ અક્ષરનો ગણ (પિંગળ)

રગત ન૦ રક્ત; લોહી. ૦પીતિયું વિ૦ પતનું રોગી. ૦રોટી સ્ત્રી૦ લશ્કરી નોકરી. ૦રોયડો પું૦ એક વનસ્પતિ

રગદોળવું સ૦ક્રિ૦ ધૂળમાં રગડવું; ખરડાય એમ કરવું

રગરગ સ્ત્રી૦ કાલાવાલા. ૦વું અ૦ક્રિ૦ કરગરવું; કાલાવાલા કરવા. -ગાવવું સ૦ક્રિ૦ 'રગરગવું'નું પ્રેરક (૨) આશા આપી દુઃખી કરવું (૩) ટેંકાવવું; વલખાં મરાવવાં

રગવું અ૦ક્રિ૦ જુઓ રગરગવું

રગશિયું વિ૦ ધીરું; ધીમું; સુસ્ત [વાળું

રગિયું,રગીલું વિ૦ હઠીલું (૨) અમુક રગ-મનના વલણ-

રઘવાટ પું૦ ઉતાવળનો ગભરાટ; બાવરાપણું. -ટિયણ વિ૦સ્ત્રી૦ રઘવાટ કરનારી. -ટિયાપણું,-યાપણું ન૦. -ટિયાવેડા, -યાવેડા પું૦બ૦વ૦ રઘવાટિયાપણું. -ટિયું, -યું વિ૦ રઘવાટ કરનારું.

રઘુ પું૦[સં.](સં.) એક સૂર્યવંશી રાજા-રામના પ્રપિતામહ. ૦નંદન, ૦નાથ, ૦પતિ, ૦વીર પું૦ (સં.) રામચંદ્ર

રચન ન૦, -ના સ્ત્રી૦[સં.] રચવું-બનાવવું તે (૨) ગોઠવણ; વ્યવસ્થા. -નાત્મક વિ૦ જેમાં કાંઈક નવું રચવાનું હોય તેવું. -યિતા પું૦ રચનાર. -વું સ૦ક્રિ૦ રચના કરવી; બનાવવું. **રચામણી** સ્ત્રી૦ રચવાનું મહેનતાણું

રચિત વિ૦ [સં.] રચેલું

રચેલુંપચેલું, રચ્યુંપચ્યું વિ૦ રત; તલ્લીન; મશગૂલ

રજ વિ૦ થોડું; જરાક (૨) સ્ત્રી૦ [સં.] અણુ; ધૂળનો કણ (૩) ધૂળ; કસ્તર (૪) ન૦ સ્ત્રીનો માસિક અટકાવ. ૦કણ સ્ત્રી૦; પું૦ ધૂળનો કણ. ૦માત્ર વિ૦ રજ જેટલું; જરાક જ

રજક ન૦ દાણોપાણી; અન્નજળ (૨) પું૦ [સં.] ધોબી

રજકો પું૦ મેથીની જાતનું ઘાસ

રજત વિ૦ [સં.] રૂપાનું (૨) ધોળાશપડતું (૩) ન૦ રૂપું. ૦મહોત્સવ પું૦ પચાસ વર્ષ પૂરાં થતાં ઊજવાતો ઉત્સવ

રજનિ(-ની) સ્ત્રી૦[સં.] રાત્રી. ૦કર પું૦ ચંદ્ર. ૦ચર પું૦ નિશાચર. ૦નાથ, ૦પતિ પું૦ ચંદ્ર

રજની સ્ત્રી૦ મૂર્ચ્છનાનો એક પ્રકાર

રજપૂત પું૦ રજપૂતાનાના ક્ષત્રિય રાજવંશનો આદમી. ૦વટ સ્ત્રી૦ રજપૂતનો ધર્મ-ટેક. -તાઈ સ્ત્રી૦ રજપૂતપણું. -તાણી સ્ત્રી૦ રજપૂત સ્ત્રી. -તી સ્ત્રી૦ રજપૂતપણું

રજબ પું૦ [અ.] હિજરી સનનો સાતમો મહિનો

રજવાડી વિ૦ રજવાડાનું. -ડું ન૦ દેશી રાજ્ય. -ડો પું૦ દેશી રાજ્ય (૨) રજપૂતો રહેતા હોય તે પ્રાંત-સંસ્થાન (૩) રાજાનો મહેલ

રજસ પું૦ [સં.] જુઓ રજોગુણ (૨) જુઓ રજ ૪. -સ્વલા(-ળા) સ્ત્રી૦ અટકાવવાળી સ્ત્રી

રજા સ્ત્રી૦ પરવાનગી; સંમતિ (૨) છૂટી (૩) રુખસદ. ૦અરજી સ્ત્રી૦ રજાની અરજી. ૦ચિઠ્ઠી સ્ત્રી૦ રજા આપતી કે માગતી ચિઠ્ઠી. ૦મંદી સ્ત્રી૦ રજા; અનુજ્ઞા; અવિરોધ

રજાઈ સ્ત્રી૦ થોડા રૂની ઓઢવાની ગોદડી

રજાકજા સ્ત્રી૦ માંદગી (૨) અણધારી આફત (૩) મૃત્યુ

રજાળ સ્ત્રી૦(સુ.)પ્રકાશ; અજવાળું. -ળિયું ન૦છાપરામાંથી રજાળ આવે તે માટે મુકાતું ખાસ નળિયું કે બાકું

રજાળુ વિ૦ નીચ; હલકટ; બેશરમ (૨) હલકી જાતનું, ઝટ કજળાઈ જાય તેવું (લાકડું કે કોયલો)

રજિયું ન૦ રેતદાની

રજિસ્ટર ન૦ [ઇં.] પત્રક; નોંધપત્રક

રજી સ્ત્રી૦ રેતી. [રજૂ કરવું કે થવું તે

રજૂ વિ૦ નજર સામે રાખેલું; હાજર કરેલું. ૦આત સ્ત્રી૦

રજોગુણ પું૦[સં.]પ્રકૃતિના ત્રણ ગુણોમાંનો બીજો(પ્રવૃત્તિનો હેતુભૂત ગુણ) (૨) [લા.] ક્રોધ; તામસ. -ણી વિ૦ રજોગુણવાળું (૨) તામસી [ને ધૂળ ખાવી

રજોટી સ્ત્રી૦ ઝીણી ધૂળ. -ટાવું અ૦ક્રિ૦ (કપડું) રોળાવું

રજોઠિયું ન૦ માળિયું; કાતરિયું

રજો(૦ય)ણો પું૦ જૈન સાધુની પૂંજણી-ઓઘો

રજોદર્શન ન૦ [સં.] પહેલી વાર રજસ્વલા થવું તે

રજોયણો પું૦ જુઓ રજોણો

રજ્જુ સ્ત્રી૦ [સં.] દોરી; દોરડું

રઝળવું અ૦ક્રિ૦ નકામા કે કામધંધા વગર રખડવું-ભટકવું

રઝળાટ પું૦ રઝળવું તે

રટણ,-ન [સં.] ન૦, -ણા,-ના [સં.] સ્ત્રી૦ રટવું તે. -વું સ૦ક્રિ૦ વારે વારે યાદ કરવું-બોલવું

રડ્ડુ(-લ) વિ૦ તદ્દન નકામું [રોતલ

રડકણું, રડકું (કા.) વિ૦ જરાકમાં કે વારંવાર રડ્યા કરતું;

રડતીસૂરત વિ૦ રડતા-ઉદાસી ચહેરાનું

રડબ(-વ)ડવું અ૦ક્રિ૦ રખડવું; રઝળવું

રડવડ સ્ત્રી૦ રડવડવું તે. ૦વું અ૦ક્રિ૦ રડબડવું; રખડવું

રડવું અ૦ક્રિ૦ રુદન કરવું

રડાકૂટ સ્ત્રી૦, -ટો પું૦ રોવું કૂટવું-શોક કરવો તે (૨) બળાપો; કંકાસ (૩) [લા.] નિષ્ફળ મહેનત

રડાપીટ સ્ત્રી૦ રડાકૂટ; રોકકળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રડારડ સ્ત્રી૦ ઉપરાઉપરી વા અનેક જણ એકીસાથે રડે તે

રડારોળ સ્ત્રી૦ પોકેપોક મૂકીને રડવું તે

રડ્યું વિ૦ (અણગમો બતાવતાં સ્ત્રીઓ વાપરે છે)

રડ્યુંખડ્યું વિ૦ વિખૂટું-ભૂલું પડેલું (૨) ભાગ્યે કોઈક (૩) વેરાયેલું; વીખરાયેલું

રઢ સ્ત્રી૦ લગની (૨) હઠ; આગ્રહ

રઢિયાર વિ૦ રેઢિયાળ; નધણિયાતું; રખડાઉ (ઢોર)

રઢિયાળું વિ૦ સુંદર; મોહક

રણ ન૦ રેતીનું મેદાન કે પ્રદેશ (૨) રાન; વગડો (૩) ઋણ; દેવું. **૦છોડ** વિ૦ દેવામાંથી છોડાવનાર (૨) પું૦ (સં.) શ્રીકૃષ્ણ. **૦છોડજી, ૦છોડરાય** પું૦ શ્રીકૃષ્ણ (૨) ડાકોરના કૃષ્ણ. **૦વગડો** પું૦ વેરાન નિર્જન જેવો પ્રદેશ. **૦વાસો** પું૦ રણવગડામાં રહેઠાણ; વનવાસ

રણ ન૦ [સં.] યુદ્ધ (૨) લડાઈનું મેદાન. **૦ક્ષેત્ર** ન૦ રણભૂમિ. **૦ગીત** ન૦ લડાઈનું ગીત. **૦ગોળીટો** પું૦ (કા.) મુસ્કેટાટ બાંધી શત્રુને દડા પેઠે ગબડાવવો કે બાંધવો તે. **૦જંગ** પું૦ મોટું યુદ્ધ; સખત ઝપાઝપી. **૦જિત** વિ૦ યુદ્ધમાં જીતનાર. **૦ઝીક** સ્ત્રી૦ યુદ્ધનો ઝપાટો કે શસ્ત્રાસ્ત્રની ઝડી. **૦તૂર** ન૦ લડાઈનું વાજું; તુરાઈ. **૦થં(-સ્તં)ભ** પું૦ યુદ્ધમાં મેળવેલી જીતનો સ્મરણસ્તંભ. **૦ધીર(-રું)** વિ૦ યુદ્ધમાં ધીર-અડગ. **૦ધ્વજ** પું૦ યુદ્ધનો વાવટો. **૦બંકો** પું૦રણશૂરો. **૦ભૂમિ(-મી)** સ્ત્રી૦ લડાઈનું મેદાન. **૦રંગ** પું૦લડાઈનો રસ-ઉત્સાહ (૨) યુદ્ધ કે તેનું મેદાન. **૦વટ** સ્ત્રી૦ રણક્ષેત્રમાં યોદ્ધાનો ધર્મ-ટેક. **૦વાટ** સ્ત્રી૦ રણક્ષેત્રનો રસ્તો (૨) બહારવટું. **૦વાદ્ય** ન૦ લડાઈનું વાજું. **૦શિંગડું,૦શિંગું** ન૦ યુદ્ધમાં વગાડવાનું તતૂડું. **૦શૂર(-રું)** વિ૦ યુદ્ધમાં બહાદુર. **૦સંગ્રામ** પું૦ મોટું યુદ્ધ (૨) રણભૂમિ. **૦સ્તંભ** પું૦ રણથંભ. **૦હાક** સ્ત્રી૦ લડાઈની કિકિયારી-હાકલ કે ગર્જના [બોલવું

રણકવું સ૦ક્રિ૦ રણકારો થવો-કરવો (૨) [કા.] પાડાનું

રણકાર(-રો), રણકો પું૦ (રવ૦) ધાતુની વસ્તુ ખખડવાનો અવાજ (૨) તે અવાજ થઈ ગયા બાદ નીકળ્યા કરતો કંપતો-ગૂંજતો સૂર

રણકું વિ૦ ધૂળ વગરનું; ચોખ્ખી કઠણ સપાટીવાળું

રણઝણ અ૦ (રવ૦) (૨) સ્ત્રી૦ રણઝણાટ; ખણખણાટ (નૂપુરનો). **૦વું** અ૦ક્રિ૦ (નૂપુર વગેરેનું) ઝણઝણવું-ખણખણવું. **-ણાટ** પું૦ રણઝણવાનો અવાજ

રણત્કાર પું૦ [સં.] રણકો [અવાજ

રણરણવું અ૦ક્રિ૦(રવ૦) હવા વીંધી જોરથી થતી ગતિનો

રણરણાટ પું૦ રણરણવું તે

રણવાસ પું૦ રાણીઓને રહેવાનું સ્થાન; અંતઃપુર

રણાંગણ ન૦ [સં.] રણભૂમિ

રણિત વિ૦ [સં.] રણકાર કરતું

રણિયું, રણી વિ૦ દેવાદાર; રણવાળું

રણી સ્ત્રી૦ સોનાનો કકડો (ઘરેણું કરવા આપેલો)

રણો પું૦ એ નામની એક જાતનો માણસ

રત સ્ત્રી૦ [પ.] ઋતુ (૨) વિ૦ [સં.] લીન (૩) આસક્ત

રતન ન૦ રત્ન(૨)આંખની કીકી.**૦જોત** સ્ત્રી૦એક વનસ્પતિ. **-નાગર** પું૦જુઓ રત્નાકર.**-નાળું** વિ૦તેજસ્વી;રત્નાળું

રતનકાષ્ઠ ન૦ એક છોડ

રતબાવળિયો પું૦ બાવળની એક જાત [વજન

રતલ પું૦ સાડી આડત્રીસ રૂપિયાભાર જેટલું એક અંગ્રેજી

રતવા પું૦ ચામડીનો એક રોગ

રતાશ સ્ત્રી૦ લાલાશ

રતાળુ ન૦ એક કંદ

રતાંજ(-દ)લી(-ળી) સ્ત્રી૦ રાતી સુખડ

રતાંધળું વિ૦ રાતે ન દેખે તેવું

રતિ સ્ત્રી૦ [સં.] આસક્તિ; અનુરાગ (૨) પ્રીતિ; આનંદ (૩) કામક્રીડા; સંભોગ (૪) [સં.] કામદેવની સ્ત્રી. **૦નાથ, ૦પતિ** પું૦ (સં.) કામદેવ

રતિકા સ્ત્રી૦ મૃદુ શ્રુતિનો એક પ્રકાર

રતી સ્ત્રી૦ ચનોઠી (૨) ચનોઠી જેટલું કદ કે વજન. **૦પૂર, ૦ભાર** વિ૦ રતિ જેટલું (૨) જરાક

રતુંબડું,રતૂમડું વિ૦ લાલાશપડતું

રતોવ(-રા)ઈ અ૦ રાતે ને રાતે

રત્ન ન૦[સં.] કીમતી પથ્થર (મણિ વગેરે) (૨) દરેક જાતિમાં ઉત્કૃષ્ટ વસ્તુ (૩) સમુદ્ર વલોવતાં નીકળેલી ૧૪ વસ્તુઓમાંની દરેક (લક્ષ્મી; કૌસ્તુભ; પારિજાતક; સુરા; ધન્વંતરી; ચંદ્રમા; કામદુઘા; ઐરાવત; રંભા વગેરે દેવાંગનાઓ; ઉચ્ચૈઃશ્રવા; અમૃત; સારંગધનુષ; પાંચજન્ય શંખ અને હલાહલ). **૦કરા** પું૦ એક છંદ. **૦ગર્ભા** સ્ત્રી૦ પૃથ્વી. **૦ચિંતામણિ** પું૦ ચિંતામણિ. **૦જડિત** વિ૦ રત્નોથી જડેલું. **-ત્નાકર** પું૦ રત્નોની ખાણ; સમુદ્ર. **-ત્નાળું** વિ૦ રત્નવાળું

રથ પું૦ [સં.] ઉપર ઘુમ્મટ જેવા છત્રવાળું એક વાહન (૨)લડાઈની ગાડી. **૦કાર, ૦ઘડો** પું૦ રથ બનાવનાર; સુતાર. **૦જા(-યા)ત્રા** સ્ત્રી૦ અષાડ સુદ બીજનો તહેવાર, જ્યારે દેવને રથમાં બેસાડી ફેરવે છે. **-થી** પું૦ રથમાં બેસી લડનાર યોદ્ધો (૨) એક હજાર યોદ્ધાઓ સાથે એકલો લડનાર યોદ્ધો

રથોદ્ધતા સ્ત્રી૦ [સં.] એક છંદ

રથ્થડ પું૦ માટી અને છાણનું જાડું લીંપણ

રથ્યા સ્ત્રી૦ [સં.] ધોરી રસ્તો; રાજમાર્ગ

રદ(૦ન) પું૦ [સં.] દાંત

રદ વિ૦નકામું; બાતલ કરેલું. **૦બદલ(-લી)** સ્ત્રી૦એક રદ કરી બીજું પસંદ કરવું કે બદલવું તે.**૦બાતલ** વિ૦નકામું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રદ્દિયો પું૰ કહેલી વાતને રદ કરે તેવો સામો જવાબ

રદીફ સ્ત્રી૰ [अ.] ગઝલમાં દરેક બેતની પાછળ વારંવાર આવતો શબ્દ

રદ્દી વિ૰ રદ; નકામું

રનવન વિ૰ અસ્તવ્યસ્ત; છૂટુંછવાયું

રનોડી વિ૰ રાની; જંગલી

રન્નાદે સ્ત્રી૰ (સં.) સૂર્યની પત્ની (૨) ટોપલીમાં જવારા વાવીને દેવી બેસાડે છે તે (જનોઈ કે લગ્ન વખતે)

રપા(-પે)ટી સ્ત્રી૰ આંટો; ફેરો (૨) લાંબી દોડ; ગબરડી (૩) રપેટવું-થકવવું તે

રપેટવું સ૰ક્રિ૰ ખૂબ જોસથી દોડાવવું (૨) ખૂબ મહેનત કરાવી થકવવું. **રપેટી** સ્ત્રી૰, **-ટો** પું૰ જુઓ રપાટી

રફત સ્ત્રી૰ પ્રીતિ; સ્નેહ (૨) મહાવરો

રફતે રફતે અ૰ [फ़ा.] ધીરે ધીરે; થોડે થોડે

રફાઈ સ્ત્રી૰ ઉન્નતિ; ઉત્કર્ષ (૨) [જ્ઞાનોન્મુખ થવા] આત્મ-બલિદાન (૩) મુસલમાન ફકીર ચપ્પુ, સોયો વગેરે શરીરમાં ભોંકે છે તે

રફીક પું૰ [अ.] ભાઈબંધ

રફુ વિ૰ નાઠેલું; પલાયન કરી ગયેલું. ૦**ચક્કર** વિ૰ પલાયન કરી ગયેલું (૨) ન૰ શત્રુએ કરેલું નુકસાન (૩) પ્રપંચ; કાવતરું [૦**ગરી** સ્ત્રી૰ તૂણવાનો ધંધો

રફૂ પું૰ [अ.] તૂણવાનું કામ. ૦**ગર** પું૰ તૂણનાર; તૂણિયો.

રફેદફે અ૰ ખરાબખસ્ત; ફનાફાતિયા; અસ્તવ્યસ્ત

રબ પું૰ પરમેશ્વર

રબડી સ્ત્રી૰ [हिं.] બાસૂદી

રબર ન૰ [इं.] એક ઝાડના રસનો બનતો પદાર્થ

રબાબ ન૰ એક તંતુવાદ્ય; રવાબ

રબારી પું૰ ભરવાડ.**-રણ** સ્ત્રી૰ ભરવાડણ

રબી(-વી) પું૰ [अ.] વસંતઋતુ કે ત્યારનો રબીપાક. ૦**પાક** પું૰ શિયાળુ પાક. ૦**ઉલઅવલ** પું૰ હિજરી સનનો ત્રીજો મહિનો. ૦**ઉલઆખર** પું૰ હિજરી સનનો ચોથો મહિનો

રભસ પું૰ [सं.] ઉતાવળ; વેગ

રમકઝમક સ્ત્રી૰ ઝાંઝર રૂમઝૂમ ઠમકે તેમ લટકાથી ચાલવું તે

રમકડું ન૰ નાનાં છોકરાંને રમવાની વસ્તુ

રમખાણ ન૰ મારફાડ; તોફાન; ધિંગાણું.**-ણિયું** વિ૰ રમખાણ મચાવે તેવું

રમચિ(-જિ)યું ન૰ રમચી પલાળવાનું લાકડાનું ખામણું (સુતારનું)

રમચી(-જી) સ્ત્રી૰ સોનાગેરુ; એક જાતની લાલ માટી

રમજાન પું૰ [अ.] હિજરી સનનો નવમો માસ. **-નિયું** વિ૰ રમજાન માસમાં ઉપવાસ કરનારું

રમજિયું, રમજી જુઓ રમચિયું, રમચી

રમઝટ સ્ત્રી૰ તડામાર; ઝડી

રમઝમ સ્ત્રી૰ (રવ૰) નૂપુરનો અવાજ (૨) અ૰ રૂમઝૂમ. ૦**વું** અ૰ક્રિ૰ રમઝમ અવાજ થવો. **-માટ** પું૰ ઉતાવળી ચાલથી થતો ઝાંઝરનો અવાજ

રમણ પું૰ [सं.] કાંત; પતિ (૨) ન૰ વિલાસ; ક્રીડા

રમણબુઝારું ન૰ માટીનું જાડું ઢાંકણું (૨) [લા.] તેના જેવું બેડોળ, ઢંગધડા વિનાનું કાંઈ પણ

રમણભમણ અ૰ અસ્તવ્યસ્ત; વેરણખેરણ

રમણા,-ણી સ્ત્રી૰ [सं.] સ્ત્રી (૨) સુંદર સ્ત્રી

રમણીક,-ય [सं.] વિ૰ સુંદર; મનોહર. **-યતા** સ્ત્રી૰

રમણું ન૰ ખુલ્લી જગા; ચોગાન (૨) બારસાખનો એક ભાગ (૩) ક્રીડા

રમત સ્ત્રી૰ ખેલ; ક્રીડા; ગમ્મત (૨) રમવાની રીત (ગિલ્લી-દંડો, શેતરંજ વગેરે). ૦**ગમત** સ્ત્રી૰ જુદી જુદી જાતની રમતો; ખેલ; ક્રીડા. ૦**રોળિયું**, ૦**રોળું** ન૰ નકામી રખડપટ્ટી; ૦**વાત** સ્ત્રી૰ સાવ સહેલી, રમત જેવી વસ્તુ કે કામ; રમતાં રમતાં સધાય એવું તે. **-તારામ** પું૰ એક ઠેકાણે ટકીને ન રહેનાર; બધે રખડ્યા કરનાર. **-તિયાળ,-તીલું** વિ૰ રમતમાં જ ચિત્તવાળું. **-તું** વિ૰ 'રમવું'નું વ૰કૃ૰ (૨) છૂટું; બંધનરહિત (૩) મોકળું; ખુલ્લું (૪) ઢીલું; તંગ નહિ એવું

રમમાણ વિ૰ [सं.] રમી રહેલું; આનંદ માનતું; લીન

રમરમ પું૰ (રવ૰) એવો અવાજ (૨) જીભ ઉપર થતો રવરવાટ (૩) અ૰ એવો અવાજ થાય તેમ (૪) જીભ ઉપર રવરવે તેમ. ૦**વું** અ૰ક્રિ૰ રમરમ અવાજ કરવો (૨) જીભ ઉપર રવરવાટ કરવો. **-માટ** પું૰ રમરમવું તે. **-માવવું** સ૰ક્રિ૰ 'રમરમવું'નું પ્રેરક (૨) જોરથી મારવું

રમવું અ૰ક્રિ૰ ખેલવું (૨) આનંદ માનવો (૩) કામક્રીડા કરવી

રમસ્તળ, રમસ્તાન ન૰ રમખાણ; તોફાન

રમલ(-ળ) પું૰ [सं.] પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૨) તેના પાંચ ધાતુના પાસા. **-લી(-ળી)** પું૰ રમળ ફેંકી ભવિષ્ય કહેનાર [(સં.) વિષ્ણુ, પ્રભુ

રમા સ્ત્રી૰ [सं.] સુંદર સ્ત્રી (૨) [સં.] લક્ષ્મી. ૦**પતિ** પું૰

રમાડવું સ૰ક્રિ૰ 'રમવું'નું પ્રેરક (૨) [લા.] પટાવવું ફોસલાવવું; છેતરવું

રમાડો પું૰ ગમ્મત; વિનોદ; આનંદ

રમૂજ સ્ત્રી૰ [अ.] મન ખુશ થાય તેવી ગમ્મત (૨) મશ્કરી; વિનોદ. ૦**દાર** વિ૰ રમૂજવાળું. **-જી** વિ૰ ગમતી; વિનોદી

રમ્ય વિ૰ [सं.] રમણીય. **-મ્યા** સ્ત્રી૰ રાત્રિ (૨) મધ્યા શ્રુતિનો એક અવાંતર ભેદ

રયણ(-ણી,-ની) સ્ત્રી૰ + રજની; રાત્રી [અસર

રવ પું૰ [ફા.] તાન; ઉમંગ (૨) સ્ત્રી૰ (ફા.) ગરમી; ગરમીની

રવ પું૰ [सं.] અવાજ

રવઈ સ્ત્રી૰ નાનો રવૈયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રવડવું અ૦ક્રિ૦ આથડવું; રખડવું

રવ(-વ્વ)દ સ્ત્રી૦; ન૦ (કા.) હોડ; શરત

રવરવ અ૦ રવરવે તેમ. ૦વું અ૦ક્રિ૦ ચચરવું. **-વાટ** પું૦ રવરવવું તે; ચચરાટ

રવલીપંચક વિ૦ દાધારંગું; ઘેલું(૨)ઉધમાતિયું;વતીપાતિયું

રવવું અ૦ક્રિ૦ અવાજ કરવો [અગિયારા ગણવા તે

રવંડા પું૦બ૦વ૦('પકડવું' જોડે શ૦પ્ર૦માં) ચાલતી પકડવી,

રવા વિ૦ [फा.] યોગ્ય; ઘટિત

રવાજ પું૦ એક તંતુવાદ્ય

રવાડો પું૦ ખોટી આદત; છંદ (૨) એક છંદ (?)

રવાદાર વિ૦ દાણાદાર (૨) સંબંધી; હિતૈષી

રવાદાર વિ૦ [फा.] યોગ્ય તરીકે સ્વીકારનાર-કબૂલ રાખનાર. **૦ગી, -રી** સ્ત્રી૦ તરફદારી (૨) સોંપેલી ચીજમાંથી થોડું કાઢી લેવું તે

રવાનગી સ્ત્રી૦ [फा.] વિદાયગીરી (૨) તે વખતે આપેલી ભેટ (૩) પરગામ મોકલવું તે

રવાના(-ને) અ૦[अ.] મોકલેલું; વિદાય કરેલું. **-નાચિઠ્ઠી** સ્ત્રી૦ માલ બહાર લઈ જવાની પાવતી

રવાનુકારી વિ૦[सं.] અવાજના અનુકરણથી બનતો (શબ્દ)

રવાને અ૦ જુઓ રવાના

રવાબ પું૦ શિરસ્તો; ધારો (૨) રબાબ

રવાલ સ્ત્રી૦ ઘોડા તથા બળદની એક પ્રકારની ચાલ. **૦દાર** વિ૦ રવાલમાં ચાલનાર

રવાશ સ્ત્રી૦ (કા.) કારમી ચીસ

રવિ પું૦ [सं.] સૂર્ય (૨) રવિવાર. **૦વાર** પું૦ અઠવાડિયાનો પહેલો દિવસ. **૦વારું** વિ૦ રવિવારે આવતું કે શરૂ થતું

રવી વિ૦ જુઓ રબી

રવેશ પું૦ માળનો બહારપડતો ભાગ; ઝરૂખો (૨) રિવાજ; ધારો. **-શી** સ્ત્રી૦ અડાળી; મકાનનો રવેશ નીચેનો પરસાળ પહેલાંનો ભાગ (ચ.)

રવેળા વિ૦સ્ત્રી૦ નવરી અને ઘેર ઘેર ભટકતી (સ્ત્રી)

રવૈયું ન૦ ઘણું નાનું વેંગણ (૨) ઉપરથી થોડું ચીરી, મસાલો ભરી કરેલું-ભરતનું શાક

રવૈયો પું૦ દહીં વલોવવાનો વાંસ (૨) શિરસ્તો

રવો પું૦ દાણાદાર લોટ (૨) ધાતુનો રસ જામી જઈ બનેલો દાણો (૩) ગોળની ચાકી

રવ્વદ સ્ત્રી૦; ન૦ (કા.) જુઓ રવદ

રશ(-સ)ના સ્ત્રી૦ [सं.] જીભ (૨) દોરડું (૩) લગામ; રાશ (૪) મેખળા; કંદોરો

રશ્મિ પું૦; ન૦ [सं.] કિરણ (૨) લગામ; રાશ

રસ પું૦ [सं.] જીભથી માલૂમ પડતો સ્વાદ (૨) શરીરની સાત ધાતુઓમાંની પ્રથમ; અન્નનું પ્રથમ રૂપાંતર (૩) કાવ્ય જોવા સાંભળવાથી સ્થાયી ભાવોનો ઉદ્રેક થતાં થતો અલૌકિક આનંદ (૪) પ્રીતિ; આનંદ (૫) મમત; સરસાઈ (૬) દ્રવ; પ્રવાહી (૭) વનસ્પતિ કે ફળનો પ્રવાહી (૮) સાર; સત્ત્વ (૯) પારો (૧૦) પારા, ધાતુઓ વગેરેની ભસ્મ. **૦કપૂર** ન૦ સફેદ રંગની એક ઉપધાતુ (વૈદક) (૨) પારો મારીને કરેલું એક રસાયન. **૦કસ** પું૦ સાર; સત્વ; કસ. **૦ક્ષતિ** સ્ત્રી૦ રસની ક્ષતિ-ભંગ. **૦ઘેલું** વિ૦ ભાવ કે આનંદથી કે તે માટે ઘેલું બનેલું. **૦જ** ન૦ આથો, દહીં ઇ૦ માં જન્મતો જીવનો પ્રકાર. **૦જ્ઞ** વિ૦ રસ ઓળખનાર-સમજનાર (૨) પું૦ તેવો માણસ (૩) રસાયની વૈદ્ય. **૦જ્ઞતા** સ્ત્રી૦, **૦જ્ઞત્વ** ન૦. **૦જ્ઞાન** ન૦ રસનું જ્ઞાન-સમજ. **૦ણિયો** પું૦ ઢોળ ચડાવનાર; રસનાર. **૦દાર** વિ૦ રસવાળું. **૦દૃષ્ટિ** સ્ત્રી૦ રસની-કાવ્યાનંદની દૃષ્ટિ. **૦ધર** પું૦ મેઘ. **૦ના** સ્ત્રી૦ જુઓ રશના. **૦નિષ્પત્તિ** સ્ત્રી૦ રસની ઉત્પત્તિ. **૦નેંદ્રિય** સ્ત્રી૦ જીભ. **૦પોચણી** સ્ત્રી૦ બાળકોને થતું એક જાતના ઝાડાનું દર્દ. **૦બસ** વિ૦ રસથી પરિપૂર્ણ. **૦બસવું** અ૦ક્રિ૦ રસબસ થવું. **૦બીજ** ન૦ રસનિષ્પત્તિનું બીજ. **૦બુદ્ધિ** સ્ત્રી૦ રસ સમજવાની શક્તિ-ભાવના; રસજ્ઞતા; 'એસ્થેટિક સેન્સ'. **૦બોળ** વિ૦ રસબસ. **૦ભર્યું** વિ૦ રસથી ભરેલું. **૦ભંગ** પું૦ રસમાં ભંગ પડવો તે; રસક્ષતિ. **૦ભેર** અ૦ રસપૂર્વક; હોંશભેર. **૦મય** વિ૦ રસરૂપ; રસથી પરિપૂર્ણ. **૦મીમાંસા** સ્ત્રી૦ રસનાં અંગો લક્ષણાદિનું નિરૂપણ. **૦રાજ** પું૦ શૃંગારરસ (૨) પારો (૩) (સં.) કામદેવ. **૦વતી** વિ૦ સ્ત્રી૦ રસપૂર્ણ; રસભરી (૨) સ્ત્રી૦ જીભ. **૦વંતી** સ્ત્રી૦ એક ઓષધિ. **૦વાદ** પું૦ ઈર્ષા; સરસાઈ. **૦વાહિની** સ્ત્રી૦ અન્નના રસને લઈ જનારી નાડી. **૦વાહિની** વિ૦સ્ત્રી૦, **૦વાહી** વિ૦ રસનું વહન કરતું; રસિક. **૦વિકાર** પું૦ એક રોગ. **૦વૃત્તિ** સ્ત્રી૦ જુઓ રસબુદ્ધિ. **૦શાસ્ત્ર** ન૦ રસાયનશાસ્ત્ર (૨) કાવ્યાદિ કલાના રસનું શાસ્ત્ર; રસમીમાંસા. **૦શાલા(-ળા)** સ્ત્રી૦ રસાયની પ્રયોગશાળા; 'કેમિકલ લૅબોરેટરી'. **૦સિંદૂર** ન૦ પારાનું એક રસાયન

રસદ સ્ત્રી૦ [फा.] પાકનો હિસ્સો (૨) લશ્કરની ખોરાકી કે તેની સામગ્રી

રસમ સ્ત્રી૦ રિવાજ

રસવટ સ્ત્રી૦ વેર; અદાવત

રસવું સ૦ક્રિ૦ ઢોળ-ઓપ ચડાવવો (૨) સુશોભિત કરવું

રસળવું અ૦ક્રિ૦ રઝળવું; ઢીલ કરવા નકામા આમતેમ ફર્યા કરવું [કાઢવો તે

રસળાગી(-જી) સ્ત્રી૦, **-ટ** પું૦ રસળવું તે; નકામો વખત

રસા સ્ત્રી૦ [सं.] પૃથ્વી [જેવી સ્પર્ધા

રસાકશી(-સી) સ્ત્રી૦ ચડસપૂર્વક ખેંચાખેંચી; ગજગ્રાહ

રસાતલ(-ળ) ન૦ [सं.] પાંચમું પાતાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસાત્મક વિ૦ [સં.] રસવાળું (૨) પ્રવાહી
રસાત્મા પું૦ [સં.] રસસ્વરૂપ ઈશ્વર
રસાદાર વિ૦ રસાવાળું
રસાભાસ પું૦ [સં.] કાવ્યમાં અનુચિત વિષય કે સ્થાનને લક્ષીને ઉપજાવેલો રસ(જેમકે,ગુરુપત્નીસાથેના વ્યભિચારનો)
રસાયણ,-ન [સં.] ન૦ ધાતુ, પારા વગેરેની ભસ્મવાળી ઔષધિ (૨) જરા અને વ્યાધિ દૂર કરનાર ઔષધ (૩) રસાયનવિદ્યા. ૦(-ન)વિદ્યા સ્ત્રી૦ ધાતુ, પારો વગેરે મારવાની કે તાંબુ વગેરે હલકી ધાતુઓનું સોનું બનાવવાની વિદ્યા (૨) રસાયણશાસ્ત્ર. ૦(-ન)શાસ્ત્ર ન૦ ભૌતિક પદાર્થોનાં તત્ત્વો તથા તેમનાં પરિવર્તનનાં પરિણામોની ચર્ચા કરતું શાસ્ત્ર;'કેમિસ્ટ્રી'(૨)રસાયનવિદ્યા. -ણી(-ની) વિ૦ રસાયણ સંબંધી (૨) પું૦ રસાયનશાસ્ત્રી
રસાલ પું૦ [સં.] આંબો (૨) વિ૦ જુઓ રસાળ
રસાલદાર પું૦ ઘોડેસવાર ટુકડીનો નાયક; રિસાલદાર
રસાલો પું૦ ઘોડેસવાર પલટન (૨) અમલદાર કે શ્રીમંતનાં પરિજન, પરિવાર વગેરે
રસાવહ વિ૦ [સં.] રસ ઉત્પન્ન કરે એવું
રસાસ્વાદ પું૦ [સં.] રસ ચાખવો તે
રસાળ સ્ત્રી૦ કૂવાના પાણીના માપનો આંક
રસાળ(-ળું) વિ૦ રસવાળું (૨) ફળદ્રુપ
રસિક વિ૦ [સં.] રસવાળું; રસપૂર્ણ (૨) રસિયું; ભાવુક; રસજ્ઞ (૩) પું૦ તેવો માણસ. ૦તા સ્ત્રી૦. -કા સ્ત્રી૦ રસજ્ઞ સ્ત્રી (૨) રસીલી સ્ત્રી (૩) જીભ [ગાજતું (૪) રસેલું
રસિત વિ૦ [સં.] ચાખેલું (૨) રસયુક્ત (૩) અવાજ કરતું;
રસિયું વિ૦ રસે ઊભરાતું; રસ માણવાને ઉત્સુક (૨) રસ અનુભવનારું (૩) રસે ચડનારું; ચડસીલું. -યણ વિ૦સ્ત્રી૦. -યોજી પું૦ (સં.) કૃષ્ણ
રસી સ્ત્રી૦ પરુ; તેના જેવું પાણી (૨) રોગના જંતુઓની બનાવેલી દવા (જેને સોયવાળી પિચકારી વડે શરીરમાં દાખલ કરે છે) (૩) દોરડી
રસીદ સ્ત્રી૦ [फा.] પહોંચ; પાવતી
રસીલું વિ૦ રસ ભોગવવા ઉત્સુક; રસિયું (૨) છબીલું; સુંદર (૩) રસથી ભરેલું; સ્વાદિષ્ટ
રસૂલ પું૦ [अ.] પેગંબર. -લેખુદા પું૦ ખુદાનો પેગંબર
રસેંદ્રિય સ્ત્રી૦ [સં.] જીભ
રસેશ(-શ્વર) પું૦ [સં.] (સં.) શ્રીકૃષ્ણ
રસો પું૦ અથાણું, શાક, મુરબ્બા વગેરેનો મસાલાવાળો જાડો રસ (૨) જાડું દોરડું [સ્ત્રી-રસોઇયો
રસોઇયો પું૦ રસોઈનો ધંધો કરનારો પુરુષ. -યણ સ્ત્રી૦
રસોઈ સ્ત્રી૦ રાંધણું (૨) રાંધેલું અન્ન; ભોજન. ૦પાણી ન૦ ભોજન કે તેને લગતું કામ. -ડું ન૦ રસોઈ કરવાની જગા
રસોળી સ્ત્રી૦ શરીરની સપાટી ઉપર ઊપસી આવેલી ગાંઠ

રસ્તો પું૦ માર્ગ; રાહ [(૨) મર્મ; તત્ત્વ
રહસ ન૦ [સં.] એકાંત; નિર્જનસ્થાન. -સ્ય ન૦ છૂપો ભેદ
રહાણ સ્ત્રી૦ (ચ.) સવારનો હળવો તાપ
રહાવટ સ્ત્રી૦ પતિપત્નીએ ઘર માંડીને રહેવું તે
રહિત વિ૦ [સં.] વગરનું
રહીમ વિ૦ [अ.] કૃપાળુ (૨) પું૦ પરમેશ્વર
રહીશ વિ૦ રહેવાસી [મુકામ
રહેઠાણ ન૦, **રહેણાક** પું૦; સ્ત્રી૦; ન૦ રહેવાનું સ્થાન; વાસ;
રહેણી સ્ત્રી૦ રહેવાની રીત. ૦કરણી સ્ત્રી૦ વર્તન; રીતભાત
રહેમ,૦ત સ્ત્રી૦ કૃપા; મહેરબાની. ૦દિલ વિ૦ કૃપાળુ. ૦દિલી સ્ત્રી૦ કૃપાળુતા. ૦નજર,-મિયત સ્ત્રી૦ કૃપાદૃષ્ટિ
રહેવર પું૦ ભોમિયો; રાહબર
રહેવાશી(-સી) વિ૦ રહીશ; રહેનારું; -સ પું૦ રહેઠાણ (૨) રહેવું-વસવું તે
રહેવું અ૦ક્રિ૦ વસવું (૨) ટકવું; ઠરવું (૩) માવું; સમાવું (૪) અટકવું; થોભવું (૫) બાકી હોવું (૬) જીવવું; જીવતા રહેવું (૭) હોવું (બીજા શબ્દો સાથે. ઉદા૦ ઠીક રહેવું) (૮) બીજા ક્રિ૦ સાથે 'તે ક્રિયા પૂરી કરવી' એ અર્થમાં. ઉદા૦ તે બોલી રહ્યો (૯) [हिं.] બીજા ક્રિ૦ સાથે 'તે ક્રિયા ચાલુ હોવી' એ અર્થમાં. ઉદા૦ હું વિચારી રહ્યો છું કે હવે મારે શું કરવું
રહેંટ પું૦ જુઓ રેંટ
રહેંસવું સ૦ક્રિ૦ રેંસવું; ચીરી નાખવું; કતલ કરવું
રહ્યું અ૦ ('રહેવું'નું ભૂ૦કૃ૦ રૂપ) નકારવાચક વાક્ય પછી, 'તો ભલે એટલે થોભતું,' 'ભલે, એટલે વાત અટકે' એવા ભાવનો ઉદ્ગાર. ઉદા૦ ના આવો તો રહ્યું. ૦સહ્યું વિ૦ બાકી બચેલું
રળતર ન૦ કમાણી. **રળવું** સ૦ક્રિ૦ કમાવું
રળાઉ વિ૦ રળતું; કમાતું (૨) નફો થાય તેવું
રળિયાત વિ૦ ખુશી; પ્રસન્ન
રળિયામણું વિ૦ સુંદર
રળી સ્ત્રી૦ ખુશી; હરખ (૨) હોંસ; કોડ. ૦રાશે અ૦ વગર તકરારે; સીધી રીતે; ખુશીથી
રળો પું૦ કમાણી
રંક વિ૦ [સં.] ગરીબ
રંગ પું૦ [સં.,फा.] લાલ, પીળો વગેરે વર્ણ કે તેની ભૂકી કે પ્રવાહી (૨) [લા.] પટ; અસર (૩) આનંદ; મસ્તી; તાન (૪) કેફ; નશો (૫) પ્રીતિ; સ્નેહ (૬) આબરૂ; વટ (૭) રંગભૂમિ (૮) રણાંગણ. ૦કામ ન૦ રંગવાનું કામ. ૦ડ વિ૦ વિષયી; કામાસક્ત (૨) વ્યસની (૩) પું૦ + તરુણ, બાંકો અને સાહસિક રજપૂત. ૦ડખાનું ન૦ વ્યસની લોકોને એકઠા થવાની જગ્યા. ૦ણું ન૦ રંગવાનું કામ (૨) રંગવાની પીછી. ૦ત વિ૦ રંગેલું (૨) સુશોભિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦તાળી સ્ત્રી૦ હરખના ઊભરાની તાળી. ૦દા સ્ત્રી૦ ફટકડી. ૦દાર વિ૦ [फा.] રંગવાળું; રંગિત. ૦દ્વેષ પું૦ જુદા રંગના લોકો પ્રત્યેનો દ્વેષ. ૦દ્વેષી વિ૦ રંગદ્વેષવાળું. ૦નાશક વિ૦ રંગ દૂર કરનારું. ૦પંચમી સ્ત્રી૦ વસંત-પંચમી. ૦પાણી ન૦ કેફી પીણું. ૦બાજી સ્ત્રી૦ [फा.] મોજમઝા (૨) ગંજીફાની એક રમત. ૦બેરંગી વિ૦ વિવિધ રંગનું. ૦ભૂમિ(-મી) સ્ત્રી૦ જેના ઉપર નાટક થાય છે તે ઊંચી જગા (૨) નાટકશાળા. ૦ભેદ પું૦ જુદા વર્ણના લોકો પ્રત્યે ભેદભાવ. ૦ભેર અ૦ હરખભેર; ઉલ્લાસથી. ૦ભોગ પું૦ વિષયભોગ. ૦મહેલ પું૦ ભોગવિલાસ માટે બાંધેલું સુંદર મકાન (૨) મહેલનો મુખ્ય-બેઠકનો ખંડ; દીવાનખાનું. ૦મંડપ પું૦ ઉત્સવ નિમિત્તે શણગારેલો મંડપ (૨) રંગભૂમિ (૩) દેવમંદિરનો ખુલ્લો ચોક; ચાચર. ૦રસ પું૦ ભોગવિલાસ; પ્રેમરસ (૨) કંકુનો રંગ. ૦રસિયું વિ૦ ભોગવિલાસ કરનારું; વિલાસી. ૦રાગ પું૦ ગાનતાન; મોજમઝા. ૦રાતું વિ૦ રંગીલું. ૦રૂપ ન૦ ઘાટ; દેખાવ; સુંદરતા. ૦રેજ પું૦ [फा.] કપડાં રંગનાર. ૦રોળ પું૦ અતિ આનંદ (૨) વિ૦ રંગથી તરબોળ-રોળાયેલું. ૦લો પું૦ મસ્કરો; વિદૂષક; હસાવનારો (ભવાઈ કે નાટકમાં). ૦વું સ૦ક્રિ૦ રંગ ચડાવવો. ૦શાલા(-ળા) સ્ત્રી૦ નાટકશાળા (૨) રંગવાનું કારખાનું

રંગરૂટ પું૦ લશ્કરમાં નવો ભરતી થનાર

રંગાઈ સ્ત્રી૦ રંગામણી (૨) રંગવાની સફાઈ કે કળા

રંગાટ પું૦ રંગવાનું કામ અને કળા. ૦કામ ન૦ રંગવાનું કામ. -ટિયું વિ૦ રંગાટ સંબંધી. -ટી સ્ત્રી૦ રંગાટ (૨) રંગરેજ (૩) રંગવાનું કારખાનું. -ડું ન૦ રંગ ઓગાળવાનું કૂંડું. -મણ ન૦,-મણી સ્ત્રી૦ રંગવાની મજૂરી. -રો પું૦ રંગરેજ

રંગિત વિ૦ રંગેલું; રંગત

રંગી વિ૦ રંગનું શોખીન (૨) [સમાસમાં છેડે] રંગવાળું. ઉદા૦ 'બહુરંગી' (૩) સ્ત્રી૦ એક જાતની લાલ માટી

રંગીન વિ૦ [फा.] રંગેલું; રંગિત

રંગીભંગી વિ૦ વ્યસની (૨) રંગરસિયું; વિલાસી

રંગીલું વિ૦ આનંદી; મોજી; રસિયું (૨) સુંદર; ખૂબસૂરત

રંગેચંગે અ૦ વિના તકરારે; હસતે મને; ખુશીથી

રંગેડું ન૦ જુઓ રંગાડું

રંગોળી સ્ત્રી૦ જમીન પર રંગ પૂરી પાડેલી ભાત. -ળિયું ન૦ રંગોળી પૂરવાનું સાધન (૨) રમચી પલાળવાનું ખામણું (૩) કંકાવટી

રંચ વિ૦ રજ; જરા; થોડું (૨) તુચ્છ; હલકું. ૦ક વિ૦ [થોડું; લગાર

રંજ સ્ત્રી૦ [फा.] દુઃખ; ખેદ; દિલગીરી

રંજક વિ૦ રંચક; રજ (૨) સ્ત્રી૦ બંદૂકના કાન પર મૂકેલો દારૂ (૩) [લા.] પલીતો; ઉશ્કેરણી

રંજક વિ૦ [સં.] ખુશ કરે તેવું [સમાસને છેડે.] ઉદા૦ મનોરંજક (૨) પું૦ રંગનાર; રંગરેજ (૩) ન૦ હિંગળોક. ૦ત્વ ન૦. -ન ન૦ ખુશ કરવું તે (૨) રંગવું તે. -ની સ્ત્રી૦ મધ્યાશ્રુતિનો એક અવાંતર ભેદ. -વું સ૦ક્રિ૦ ખુશ કરવું (૨) રંગવું

રંજવું અ૦ક્રિ૦ રંજ થવી; દુઃખ પામવું (૨) સ૦ક્રિ૦ પીડવું; કનડવું (૩) જુઓ 'રંજક'માં

રંજાડ પું૦;સ્ત્રી૦ બગાડ; નુકસાન (૨) તોફાન; મસ્તી (૩) કનડગત; સંતાપ; ક્લેશ. ૦વું સ૦ક્રિ૦ રંજાડ કરવી; રંજવું

રંજિત વિ૦ [સં.] રંગિત (૨) પ્રસન્ન; આનંદિત (૩) આસક્ત; અનુરક્ત (૪) પું૦ સંગીતમાં એક અલંકાર

રંજીદા વિ૦ [फा.] રંજ પામેલું; દુઃખિત; ખિન્ન

રંડ વિ૦ [સં.] વાંઝિયું; વિફળ. ૦વો પું૦ રાંડેલો; વિધુર (૨) બાયલો; નામરદ; રાંડવો

રંડા સ્ત્રી૦[સં.]રાંડ; રંડી (એક ગાળ). ૦પો પું૦વિધવાપણું. ૦વવું સ૦ક્રિ૦, ૦વું અ૦ક્રિ૦ 'રાંડવું'નું પ્રેરક ને કર્મણિ

રંડી સ્ત્રી૦ વેશ્યા. ૦બાજ વિ૦ વેશ્યાના છંદમાં પડેલું; વ્યભિચારી. ૦બાજી સ્ત્રી૦ રંડીબાજપણું

રંતિદેવ પું૦ [સં.] (સં.) પ્રસિદ્ધ દાની ચંદ્રવંશી રાજા

રંદવું સ૦ક્રિ૦ રંદો મારી સાફ કરવું. **રંદામણ** ન૦, -ણી સ્ત્રી૦ રંદો ફેરવંવાની મજૂરી (૨) રંદો ફેરવવાની રીત-સફાઈ [સુતારી ઓજાર

રંદો(-ધો) પું૦ [फा.] લાકડું છોલી લીસું કરવાનું એક

રંધવારી સ્ત્રી૦ રસોઇયણ. -રો પું૦ રસોઇયો

રંધામણ ન૦,-ણી સ્ત્રી૦ રાંધવાની મજૂરી (૨)રાંધવાની રીત

રંધાવવું સ૦ક્રિ૦ 'રાંધવું'નું પ્રેરક. **રંધાવું** અ૦ક્રિ૦ 'રાંધવું'નું કર્મણિ(૨) [લા.] કામ સિદ્ધ થવું; ફાવવું; લાભવું

રંધો પું૦ જુઓ રંદો

રંધ્ર ન૦ [સં.] છિદ્ર; કાણું (૨) [લા.] દોષ

રંભણ(-ન) ન૦ ચુંબન (૨) આલિંગન

રંભા સ્ત્રી૦ [સં.] એક અપ્સરા (૨) સુંદર સ્ત્રી (૩) કેળ. ૦ફળ ન૦ કેળું. -ભોરુ વિ૦સ્ત્રી૦ કેળ જેવી સાથળવાળી સુંદર (સ્ત્રી) [રાવ; ફરિયાદ

રા પું૦ રાજા (૨) ઈશ્વર (૩) સ્ત્રી૦ ધન; લક્ષ્મી (૪)

રાકા સ્ત્રી૦ [સં.] પૂનમની રાત. ૦પતિ પું૦ પૂર્ણિમાનો ચંદ્ર

રાઈ સ્ત્રી૦ એક જાતનાં મસાલાનાં બી (૨) જુઓ રાવતી. ૦(-ય)તી કેરી સ્ત્રી૦ રાઈ ચડાવેલી કેરી. ૦(-ય)તું ન૦ રાઈ ચડાવેલા દહીમાં ફળની બારીક કચુંબર નાખી બનાવેલી વાની. ૦મીઠું ન૦ નજર ઉતારવા રાઈમીઠું ઉતારી અગ્નિમાં નાંખવાં તે

રાઈરોગ પું૦બ૦વ૦ જુઓ રોગરાઈ

રાઊત પું૦ વીર પુરુષ; બહાદુર; રાવત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાઊસ વિ૦ યોગ્ય

રાકિમ પું૦ [અ.] લખનારો

રાક્ષસ પું૦ [સં.] દાનવ; દૈત્ય; અસુર. **૦ગણ** પું૦ રાક્ષસના સ્વભાવવાળાં–કૃત્તિકા, અશ્લેષા, મઘા, ચિત્રા, વિશાખા, જ્યેષ્ઠા, મૂળ, ધનિષ્ઠા અને શતતારા–નક્ષત્રોનો સમૂહ. **૦ણી** સ્ત્રી૦ રાક્ષસી. **–સી** વિ૦ રાક્ષસનું (૨) રાક્ષસના જેવું; ગંજાવર; વિકરાળ; ક્રૂર (૩) સ્ત્રી૦ રાક્ષસ સ્ત્રી; રાક્ષસની સ્ત્રી

રાખ સ્ત્રી૦ રાખોડી (૨) રખાત (૩) રાખવું તે

રાખડી સ્ત્રી૦ અનિષ્ટથી બચવા કાંડે બાંધવામાં આવતો દોરો (બળેવને દિવસે) (૨) ગર્ભિણીને પાંચમે કે સાતમે મહિને નણંદ બાંધે છે તે દોરો

રાખણહાર(–રું) વિ૦ રાખનારું; રક્ષણ કરનારું

રાખપત સ્ત્રી૦ કોઈની જતી આબરૂ સાચવવી તે; રખપત

રાખરખાવટ સ્ત્રી૦ પક્ષપાત; રખાવટ (૨) અન્યોન્ય મદદ કરવાનો વ્યવહાર

રાખવું સ૦ક્રિ૦ રક્ષણ કરવું; પાળવું; બચાવવું; સંભાળવું (૨) ખરીદવું; કબજે લેવું (૩) ઉપયોગ માટે પાસે રહેવા–હોવા દેવું (૪) હોવા દેવું; રહેવા દેવું (૫) આડા સંબંધ માટે પોતાનું કરવું (પરસ્ત્રીને કે પરપુરુષને)

રાખેલી વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ રખાત; આડા વહેવાર માટે રાખેલી સ્ત્રી. **–લો** વિ૦ પું૦ (૨) પું૦ આડા વહેવાર માટે રાખેલો પુરુષ

રાખોડી સ્ત્રી૦,**–ડો** પું૦ રાખ; ભસ્મ. **–ડિયું** વિ૦ રાખોડીના [રંગનું

રાગ પું૦ [સં.] મોહ; મમતા; આસક્તિ (૨) ગમો; મેળ; બનતી (૩) ક્રોધ; ગુસ્સો (૪) લાલ રંગ (૫) મનોરંજન થાય તેવી ગાવાની રીત. સંગીતમાં મુખ્ય ૭ ગણાય છે (જુઓ ખટરાગ) (૬) અવાજ; સૂર. **૦કવિતા** સ્ત્રી૦ જુઓ ગીતકવિતા. **૦ડો** પું૦ લાંબો સાદ (ગાવાનો કે રડવાનો). **૦(–ગિ)ણી** સ્ત્રી૦ રાગની સ્ત્રી (દરેક રાગની ૭ મનાય છે). **૦દારી** સ્ત્રી૦ રાગયુક્ત હોવું તે; ગેયતા. **૦મય, –ગાત્મક** વિ૦ રાગવાળું. **–ગિણી** સ્ત્રી૦ જુઓ રાગણી. **–ગી** વિ૦ રંગેલું (૨) લાલ (૩) સંસારસુખમાં આસક્તિવાળું (૪) પ્રેમી; અનુરક્ત (૫) ક્રોધી. **–ગોટવું** અ૦ક્રિ૦ રાગડો તાણ્યા કરવો (૨) ફરી ફરી ગાયા કરવું. **–ગોટો** પું૦ રાગડો

રાઘવ પું૦ [સં.] રઘુનો વંશજ (૨) [સં.] રામ

રાઘુ પું૦ પોપટ જેવું એક પક્ષી

રાઘો વિ૦પું૦ દાધારંગો

રાચ ન૦ ઓજાર (૨) રાચરચીલું (૩) વાસણ (૪) પું૦ સાળમાં જેના વતી તાણો ઊંચોનીચો થાય છે તે, દોરીથી ગૂંથેલી બનાવટ. **૦રચીલું** ન૦ ઘરનો સરસામાન

રાચવું અ૦ ક્રિ૦ રાજી થવું (૨) શોભવું

રાજ પું૦ [फा.] ભેદ; રહસ્ય

રાજ પું૦ રાજા (૨) ન૦ રાજ્ય (૩) [સં.] સમાસમાં પૂર્વપદનું સંસ્કૃત રૂપ. **૦કદૈવક** ન૦ રાજ્યનો તથા ઈશ્વરી કોપ; આસમાનીસુલતાની. **૦કન્યા** સ્ત્રી૦ રાજકુંવરી. **૦કવિ** પું૦ રાજાનો માનીતો અને આશ્રિત કવિ. **૦કાજ** પું૦ રાજ્યને લગતું કામકાજ (૨) રાજનીતિ. **૦કારણ** ન૦ રાજ-વહીવટ; 'પૉલિટિક્સ'. **૦કારણી** વિ૦ રાજકારણને લગતું (૨) પું૦ રાજકારણમાં ભાગ લેનાર માણસ. **૦કારભાર** પું૦ રાજકાજ. **૦કારભારી** પું૦ પ્રધાન; વજીર (૨) મુત્સદ્દી. **૦કીય** વિ૦ રાજા કે રાજ્ય સંબંધી. **૦કુમાર** પું૦ રાજાનો દીકરો. **૦કુમારી** સ્ત્રી૦ રાજાની દીકરી. **૦કુલ(–ળ)** ન૦ રાજાનું કુટુંબ. **૦કુંવર** પું૦ રાજકુમાર. **૦કુંવરી** સ્ત્રી૦ રાજકુમારી. **૦ગઢ** પું૦ રાજાના મહેલની આસપાસનો કિલ્લો. **૦ગર** પું૦ એક જાતનો બ્રાહ્મણ. **૦ગાદી** સ્ત્રી૦ રાજાનું સિંહાસન. **૦ગુરુ** પું૦ રાજાનો ગોર. **૦ગુહ્ય** ન૦ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગુહ્ય (૨) રાજ્યની ગુપ્ત વાત. **૦ગોર** પું૦ જુઓ રાજગુરુ (૨) રાજગર. **૦ચિહ્ન** ન૦ મુગટ, છત્ર, ચામર, દંડ વગેરે રાજાનાં ચિહ્ન (૨) ભવિષ્યમાં રાજા થશે એવું સૂચવતાં કેટલાંક સામુદ્રિક ચિહ્ન (૩) રાજાના સિક્કાની છાપ. **૦તિલક** ન૦ રાજ્યાભિષેક વખતે રાજાને કરવામાં આવતું ટીલું. **૦ત્વ** ન૦ રાજાપણું. **૦દરબાર** પું૦ રાજાને રહેવાનું અને દરબાર ભરવાનું મોટું મકાન. **૦દરબારી** વિ૦ રાજા કે રાજ્ય સંબંધી. **૦દંડ** પું૦ રાજાનો દંડ; એક રાજચિહ્ન (૨) રાજાએ કરેલી શિક્ષા (૩) રાજાની સત્તા. **૦દૂત** પું૦ રાજાનો એલચી. **૦દ્રોહ** પું૦ રાજા કે રાજ્યનો દ્રોહ. **૦દ્રોહી** વિ૦ (૨) પું૦ રાજદ્રોહ કરનાર. **૦દ્વાર** ન૦ રાજાના મહેલનો દરવાજો (૨) રાજદરબાર. **૦દ્વારી** વિ૦ રાજા કે રાજ્ય સંબંધી; રાજકીય. **૦ધર્મ** પું૦ રાજાનો ધર્મ. **૦ધાની** સ્ત્રી૦ રાજા રહેતો હોય તે મુખ્ય શહેર; પાટનગર. **૦ન** પું૦ રાજા (સંબોધન). **૦નગર** ન૦ રાજધાની; મુખ્ય શહેર. **૦નિષ્ઠા** સ્ત્રી૦ રાજા કે રાજ્ય પ્રત્યે નિષ્ઠા. **૦નીતિ** સ્ત્રી૦ રાજશાસનની નીતિ કે વિદ્યા. **૦ન્ય** પું૦ ક્ષત્રિય; રાજકુટુંબનો માણસ. **૦ન્યા** સ્ત્રી૦ ક્ષત્રિયાણી; રાજકુટુંબની સ્ત્રી. **૦પખું** ન૦ રાજાનું રક્ષણ. **૦પદ** ન૦ રાજાની પદવી. **૦(–જ્ય)પ્રકરણ** ન૦ રાજકારણ. **૦(–જ્ય)-પ્રકરણી** વિ૦ રાજપ્રકરણને લગતું; રાજકારણી. **૦પાટ** ન૦ રાજગાદી. **૦પુત્ર** પું૦ રાજકુમાર. **૦પુત્રી** સ્ત્રી૦ રાજકુમારી. **૦પુરુષ** પું૦ રાજાનો નોકર કે અમલદાર. **૦(–જ્ય)બંધારણ** ન૦ રાજ્યનું બંધારણ. **૦બીજ** વિ૦ રાજાના વંશમાં જન્મેલું (૨) ન૦ તેવું માણસ. **૦ભક્ત** વિ૦ (૨) પું૦ રાજાનો ભક્ત. **૦ભક્તિ** સ્ત્રી૦ રાજા પ્રત્યેની ભક્તિ. **૦ભવન** ન૦ રાજાનો મહેલ. **૦ભોગ** પું૦ વૈષ્ણવ મંદિરમાં બપોરનો એક ભોગ તથા દર્શન. **૦મહેલ,૦મંદિર** પું૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાનો મહેલ. **૦મંત્રી** પું૦ રાજાનો મંત્રી. **૦માતા** સ્ત્રી૦ રાજાની મા. **૦માન્ય** વિ૦ રાજાએ માનેલું; પ્રતિષ્ઠિત (૨) રાજ્યબંધારણથી માન્ય; 'કૉન્સ્ટિટ્યૂશનલ'. **૦માર્ગ** પું૦ ધોરી રસ્તો. **૦મુદ્રા** સ્ત્રી૦ રાજાની મહોર. **૦મેધ** પું૦ રાજાનો વધ. **૦યક્ષ્મા** પું૦ રાજરોગ; ક્ષય. **૦યોગ** પું૦ પતંજલિએ વર્ણવેલો અષ્ટાંગયોગ (૨) રાજા થાય તેવો ગ્રહોનો યોગ (જન્મકુંડળીમાં). **૦રક્ષક** પું૦ રાજાની સગીર અવસ્થામાં તેના તરફથી રાજ ચલાવનાર અધિકારી; 'રીજન્ટ'. **૦રઢ** સ્ત્રી૦ રાજાની રઢ. **૦રાજેશ્વર** પું૦ (સં.) રાજાઓનો રાજા; મહારાજાધિરાજ. **૦રીત(-તિ)** સ્ત્રી૦ રાજાના દરબારની રીતભાત. **૦રેખ** સ્ત્રી૦ રાજાના હાથ-પગ ઉપરની રેખા; રાજચિહ્ન. **૦રોગ** પું૦ ક્ષય. **૦ર્ષિ** પું૦ ક્ષત્રિય વંશનો ઋષિ (૨) ઋષિના જેવા આચારવાળો રાજા. **૦લક્ષણ** ન૦ રાજચિહ્ન. **૦લક્ષ્મી** સ્ત્રી૦ રાજાની સમૃદ્ધિ. **૦લેખ** પું૦ રાજાનો લેખ–ઢંઢેરો–આજ્ઞાપત્ર. **૦વટ** સ્ત્રી૦ રાજાપણાની વટ–ટેક (૨) રાજદરબારી રીતભાત. **૦વટું** ન૦ જુઓ રાજવટ (૨) રાજાનું કામકાજ–રાજાપણું. **૦વણ** સ્ત્રી૦ રાણી (૨) રાણી જેવી ભાગ્યશાળી સ્ત્રી. **૦વણું** ન૦ રાજા પાસેના દરબારી હજૂરિયા વગેરે; રાજાની કચેરી. **૦વંશ** પું૦ રાજાનું કુળ. **૦વંશી** વિ૦ રાજવંશનું; ખાનદાન. **૦વિદ્યા** સ્ત્રી૦ રાજનીતિ (૨) સર્વ વિદ્યાઓમાં ઉત્તમ વિદ્યા. **૦વી** પું૦ રાજા (૨) રાજા જેવો ભાગ્યશાળી માણસ. **૦વૈદ(-દ્ય)** પું૦ રાજાનો વૈદ્ય. **૦વૈભવ** પું૦ રાજાનો વૈભવ. **૦શાસન** ન૦ રાજાની આજ્ઞા (૨) રાજ્ય ચલાવવું તે (૩) રાજા મારફતે ચાલતો રાજવહીવટ; 'મોનર્કી'. **૦શાહી** સ્ત્રી૦ રાજાની મરજી પ્રમાણે ચાલતું રાજ્ય. **૦સત્તા** સ્ત્રી૦ રાજાની સત્તા (૨) રાજ્ય ચલાવનાર સત્તા. **૦સત્તાક** વિ૦ જેમાં રાજાની સત્તા ચાલતી હોય તે. **૦સભા** સ્ત્રી૦ રાજાની સભા (૨) રાજાઓનો દરબાર (૩) ખાસ વર્ગના લોકોના પ્રતિનિધિઓની ધારાસભા; 'કાઉન્સિલ ઑફ સ્ટેટ.' **૦સૂય** પું૦ સર્વોપરી રાજા વડે પોતાના રાજ્યાભિષેક વખતે કરાતો એક યજ્ઞ. **૦સ્થાન** ન૦ દેશીરાજ્ય (૨) [સં.] રજપૂતાના. **૦સ્થાની** વિ૦ રાજસ્થાનનું (૨) સ્ત્રી૦ રાજસ્થાનની ભાષા. **૦હત્યા** સ્ત્રી૦ રાજાનો વધ કે તેથી લાગતું પાપ. **૦હંસ** પું૦ લાલ ચાંચ અને પગવાળો એક જાતનો હંસ

રાજગરી સ્ત્રી૦ ડુંગળી

રાજગરો પું૦ એક જાતનું ફરાળનું અનાજ

રાજત ન૦ [સં.] રૂપું

રાજન ન૦ એક ઝાડમાંથી નીકળતો રસ; બેરજો (૨) [સં.] રાજા

રાજવું અ૦ક્રિ૦ પ્રકાશવું; શોભવું

રાજસ(-સી) વિ૦ [સં.] રજોગુણવાળું કે તેને લગતું

રાજા પું૦ [સં.] રાજય કરનાર આદમી (૨) રાજાની સંજ્ઞાનું પત્તું (ગંજીફામાં). **૦જ્ઞા** સ્ત્રી૦ રાજાનો હુકમ. **૦ધિરાજ** પું૦ રાજાઓનો રાજા; મહારાજા

રાજિ(-જી) સ્ત્રી૦ [સં.] હાર; ઓળ; પંક્તિ

રાજિત વિ૦ [સં.] ચકચકતું; શોભતું

રાજિયો પું૦ રાજા (પ.) (૨) મરેલાને ઉદ્દેશી કૂટતી વખતે ગાવાનું ગીત; મરસિયો

રાજી સ્ત્રી૦ [સં.] જુઓ રાજિ

રાજી વિ૦ [अ.] ખુશ (૨) સંમત. **૦ખુશી** સ્ત્રી૦ કુશળતા; સહીસલામતી (૨) સ્વેચ્છા; હોંસ. **૦નામું** ન૦ નોકરીમાંથી છૂટા થવાની અથવા દાવા વગેરેમાં કોઈ પણ બાબતમાંથી હઠી જવાની રાજીખુશી દર્શાવતું લખાણ. **૦પો** પું૦ રાજીપણું; ખુશી. **૦રજામં(-વં)દી** સ્ત્રી૦ પૂરેપૂરી રાજીખુશી (દસ્તાવેજમાં) [આંખોવાળું

રાજીવ ન૦ [સં.] કમળ. **૦લોચન** વિ૦ કમળ જેવી

રાજેશ્વર, રાજેંદ્ર પું૦ [સં.] રાજાધિરાજ

રાજ્ય ન૦ [સં.] રાજાની હકૂમતનો પ્રદેશ (૨) સત્તા; ચલણ. **૦કર્તા(-ર્ત્તા)** પું૦ રાજ્ય કરનાર; રાજા. **૦કર્ત્રી** વિ૦ સ્ત્રી૦ રાજ્ય કરનારી; રાણી. **૦કૌશલ(-લ્ય)** ન૦ રાજ્ય ચલાવવાની કુશળતા. **૦ક્રાંતિ** સ્ત્રી૦ રાજ્ય કે રાજસત્તાની ઊથલપાથલ. **૦તંત્ર** ન૦ રાજ્યનું તંત્ર. **૦તંત્રી** પું૦ રાજ્યતંત્ર ચલાવનાર. **૦ધુરા** સ્ત્રી૦ રાજ્યની જવાબદારી. **૦નીતિ** સ્ત્રી૦ રાજ્ય ચલાવવાની વિદ્યા; દંડનીતિ. **૦પ્રકરણ** ન૦ રાજકારણ. **૦પ્રકરણી** વિ૦ રાજ્યપ્રકરણ સંબંધી. **૦બંધારણ** ન૦ રાજતંત્રનું બંધારણ–તે ચલાવવાનાં ધારાધોરણ કે તેનો કાયદો. **૦ભ્રષ્ટ** વિ૦ રાજગાદી ઉપરથી ઉઠાડી મૂકેલું. **૦શાસ્ત્ર** ન૦ રાજ્ય સંબંધી શાસ્ત્ર; 'પૉલિટિક્સ'. **૦સભા** સ્ત્રી૦ જુઓ રાજસભા. **૦શ્રી** વિ૦ રાજલક્ષ્મીવાળું; રાજાના જેવા વૈભવવાળું. **–જ્યાધિકાર** પું૦ રાજ્ય પરનો અધિકાર. **–જ્યાભિષેક** પું૦ રાજગાદી ઉપર બેસાડવો તે કે તેનો વિધિ. **–જ્યારોહણ** ન૦ રાજ્ય ઉપર બેસવું તે. **–જ્યાસન** ન૦ રાજગાદી

રાજ્ઞી સ્ત્રી૦ [સં.] રાણી

રાઠોડ પું૦ રજપૂતોની એક જાતનો આદમી [રઢ

રાડ સ્ત્રી૦ ચીસ; બૂમ (૨) કજિયો (૩) ફરિયાદ (૪) આસક્તિ;

રાડારૂડી સ્ત્રી૦ એક વનસ્પતિ

રાડું ન૦ જુવાર, બાજરી કે સરકટનો સાંઠો (૨) તીર (૩) બરુ (૪) કડિયાનું એક ઓજાર

રાડો પું૦ સાંઠો; જુવારબાજરીનો છોડ

રાઢ સ્ત્રી૦ શેરડીનાં સૂકાં પાન (સુ.)

રાણી સ્ત્રી૦ રાજાની સ્ત્રી (૨) રાણીની સંજ્ઞાનું ગંજીફાનું પાનું. **૦જાઈ** સ્ત્રી૦ રાણીની દીકરી. **૦જાયું** ન૦ રાણીનું છોકરું. **૦જાયો** પું૦ રાણીનો દીકરો. **૦વાસ** પું૦ જુઓ રણવાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણીપ સ્ત્રી૦ રાજીખુશી; રાજીપો (૨) સલાહ; સંપ

રાણું વિ૦ બુઝાયેલું (દીવા માટે). ૦ઘબ વિ૦ સાવ રાણું; તદ્દન અંધારું

રાણો પું૦ રજપૂત રાજા

રાત પું૦ વાળંદ (વાળંદનું માનવાચક સંબોધન)

રાત સ્ત્રી૦ રાત્રિ. ૦દહાડો, ૦દિવસ અ૦ રાત્રે ને દિવસે; હંમેશાં. ૦પાળી સ્ત્રી૦ રાતની પાળી; રાતે પણ કામ ચાલવું તે. ૦રાજા પું૦ ઘુવડ. ૦લડી સ્ત્રી૦ રાત (લાલિત્ય-વાચક). ૦વરત અ૦ રાતે (૨) ગમે તે વખતે. ૦વાસો પું૦રાતે ક્યાંક મુકામ કરવો કે ખેતરમાં ચોકી માટે રહેવું તે

રાતડ સ્ત્રી૦ લાલાશ (૨) રાતડિયો (૩) ગાજર (૪) ન૦ સુંવાળી; ખડખડિયાં. -ડિયું ન૦ ગાજર. -ડિયો પું૦ રાતી જુવાર; રાતડ

રાતડું ન૦ એક ઘાસ [લેવાનું સીધું

રાતબ સ્ત્રી૦ [फा.] રોજ નિયમિત પૂરું પાડવાનું કે

રાતબ(-મ) સ્ત્રી૦ [સુ.] વિદ્યાર્થીને ઘર માટે અપાતું લેસન

રાતવું સ૦ક્રિ૦ સાથે રાતવાસો રહેવું (સ્ત્રીપુરુષે)

રાતું વિ૦ લાલ રંગનું (૨) આસક્ત; રત (સમાસને છેડે. ઉદા૦ રંગરાતું). ૦ચટક,૦ચોળ વિ૦ ખૂબ રાતું. ૦પીળું વિ૦ (લા.) ઉશ્કેરાયેલું; આકળું; છંછેડાયેલું. ૦માતું વિ૦ હૃષ્ટપુષ્ટ ને આનંદતું

રાતોરાત અ૦ રાત્રે ને રાત્રે; રતોવઈ

રાત્રિ(-ત્રી) સ્ત્રી૦ [सं.] સૂર્ય આથમે ને ઊગે તેની વચ્ચેનો સમય; રાત. ૦ચર્યા સ્ત્રી૦ રાત્રે ફરવું તે (૨) રાતે કરવાની ક્રિયા. ૦શાલા(-ળા) સ્ત્રી૦ રાતે કામ કરતી નિશાળ (ધંધાદારી મોટા માટે) [પરમ અનુરાગિણી

રાધા(-ધિકા) સ્ત્રી૦[सं.] (સં.) એક ગોપકન્યા; શ્રીકૃષ્ણની

રાન સ્ત્રી૦ [फा.] જાંઘ

રાન ન૦ જંગલ (૨) ઉજ્જડ પ્રદેશ. ૦ટી(-વી,-વું) વિ૦ જંગલી (૨) અસભ્ય (૩) ગમાર (૪) વનેરું. -ની વિ૦ જંગલી. -નીપરજ સ્ત્રી૦સુરત જિલ્લામાં વસતી એક જાત

રાપતો પું૦ + રાબેતો; રિવાજ

રાફ,૦ડો પું૦ સાપ કે ઉંદરનું દર (૨) કીડી, ઊધઈ વગેરેનું ઉપર પોચી માટીના ઢગલાવાળું દર

રાબ સ્ત્રી૦ ભરડકું; કાંજી; ઘેંશ. ૦ડ સ્ત્રી૦ રાબ જેવો કાદવ (૨) વિ૦ જાડી બુદ્ધિનું; ગમાર. ૦ડિયું વિ૦ રાબ જેવું; ઢીલું. ૦ડી સ્ત્રી૦ રાબ. ૦ડું ન૦ રાબ (૨) વિ૦ રાબડિયું

રાબેતો પું૦ ધારો; રિવાજ

રાબું વિ૦ ગામડિયું; અણઘડ

રામ પું૦ જીવ; દમ; હોશ (૨) આનો (વ્યાજ) (૩) વ૦ કૃ૦ને અંતે લાગતાં 'તે ક્રિયા કરવાની ટેવવાળું-મસ્ત માણસ' એવો અર્થ સૂચવે છે. ઉદા૦ ભમતારામ (૪) [सं.] (સં.) દશરથ રાજાના પુત્ર; વિષ્ણુનો અવતાર (૫) [સં.] પરશુરામ (૬) [સં.] બળરામ. ૦કલી(-ળી) સ્ત્રી૦ એક રાગણી. ૦કહાણી સ્ત્રી૦વીતકકથા; દુઃખની કહાણી. ૦કી સ્ત્રી૦ બાવી; સાધુની બાયડી. ૦ગલોલો પું૦ હૃષ્ટપુષ્ટ માણસ; ચિંતા વગરનો માણસ. ૦ગોવાળિયો પું૦ નાગો નાગો ફરતો નાનો છોકરો. ૦જણી(-ની) સ્ત્રી૦ નાચનારી; ગણિકા. ૦ઠાઠિયું ન૦ ભાગીતૂટી જૂની વસ્તુ. ૦ડોળી સ્ત્રી૦ ઠાઠડી. ૦ઢોલ પું૦ મોટું નગારું. ૦દાસિયું વિ૦ ગરીબ; કંગાલ; દીન; દુઃખી. ૦દુવાઈ સ્ત્રી૦ રામની આણ. ૦દૂત પું૦ વાનર (૨) [સં.] હનુમાન. ૦ધૂન સ્ત્રી૦ રામનામની ધૂન-જોરથી જપ કે લહે. ૦નવમી સ્ત્રી૦ ચૈત્ર સુદ નોમ; રામચંદ્રજીનો જન્મદિવસ. ૦નામ ન૦ રામનું નામ. ૦નામિયું ન૦ રામનામવાળું ગળાનું એક ઘરેણું. ૦નોમ સ્ત્રી૦ જુઓ રામનવમી. ૦પગલું ન૦ રામનાં પગલાંવાળું મીનાકારી ઘરેણું. ૦પાત્ર(-તર) ન૦ બટેરું; શકોરું. ૦ફળ ન૦ એક ફળ. ૦બાણ ન૦ કદી નિષ્ફળ ન જાય તેવું રામનું બાણ (૨) વિ૦ નિષ્ફળ ન નીવડે તેવું; અમોઘ. ૦રસ પું૦ મીઠું (૨) રામની ભક્તિનો રસ. ૦રાજ(-જ્ય) ન૦ રામચંદ્રજીનું રાજ્ય (૨) તેના જેવું ન્યાયથી ચલાવાતું સુખી રાજ્ય. ૦રામ પું૦ બ૦વ૦ નમસ્કારનો એક બોલ (મેળાપ કે વિદાય વેળાનો). ૦રામિયું વિ૦ (કા.) 'રામરામ' નમસ્કાર. ૦રોટી સ્ત્રી૦ રાંધેલા અન્નની ભિક્ષા (૨) માલપૂઓ

રામગંગા સ્ત્રી૦ એક પક્ષી

રામશ્રી પું૦ એક રાગ

રામણ સ્ત્રી૦ પીડા; આપદા; રામાયણ [દીવો લે છે તે

રામણદીવો(-વડો) પું૦ વરઘોડામાં વરની મા મંગળનો

રામા સ્ત્રી૦ [सं.] સ્ત્રી (૨) સુંદર સ્ત્રી

રામાનુજ પું૦ [सं.] (સં.) વિશિષ્ટાદ્વૈતના પ્રવર્તક પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય. -જી વિ૦ એમના સંપ્રદાયનું,-ને લગતું

રામાયણ ન૦ [सं.] રામની જીવનકથા (૨) [લા.] લાંબી વાત; ટાયલું (૩) સ્ત્રી૦ મુશ્કેલ કામ; રામણ

રામિશગર પું૦[फा.] ગાનાર; વગાડનાર. -રી સ્ત્રી૦તેનો ધંધો

રામી પું૦ માળી

રામૈયું ન૦ રામપાત્ર; શકોરું

રામૈયો વિ૦પું૦ (૨) પું૦ સૂંઢ વિનાનો કોસ

રામોશી(-સી) પું૦ પહેરેગીર; ચોકિયાત (૨) સિપાઈ;પટાવાળો(૩)એક જંગલી જાતનો માણસ (પશ્ચિમ સહ્યાદ્રિમાં)

રાય સ્ત્રી૦ [फा.] ધારણા; અભિપ્રાય

રાય પું૦ રાજા (૨) ધનવાન માણસ (૩) કેટલાંક વિશેષનામોના અંતમાં આવે છે. ઉદા૦ કલ્યાણરાય. ૦આમળું, ૦આંબળું ન૦ મોટું આમળું. ૦કો પું૦ રબારી. ૦ચંપો પું૦ એક જાતનો ચંપો અને એનું ફૂલ. ૦જગ પું૦ રાજસૂય યજ્ઞ (૨) [લા.] મોટો કોઈ પણ સમારંભ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦જાદી સ્ત્રી૦ રાજકુંવરી. **૦જાદું** વિ૦ રાયજાદા જેવું (૨) ઉત્તમ પ્રકારનું. **૦જાદો** પું૦ રાજકુંવર

રાયકવાળ પું૦ બ્રાહ્મણોની એક જાતનો આદમી

રાયણ સ્ત્રી૦ એક ઝાડ અને તેનું ફળ. **૦કોકડી** સ્ત્રી૦ સૂકવેલું રાયણું. **૦માળા** સ્ત્રી૦ રાયણ જેવા સોનાના મણકાની માળા. **-ણું** ન૦ રાયણનું ફળ

રાયત સ્ત્રી૦ રાહત; આસાએશ (૨) પક્ષપાત; વગ

રાયત ન૦ [अ.] લશ્કરનો વાવટો

રાયતું,-તીફેરી જુઓ 'રાઈતું'માં

રાયવર પું૦ વરરાજા (લગ્નગીતમાં)

રાય(-વ)લું વિ૦ આપ નામદારનું (૨) ન૦ ગોદડું

રાલ(-ળ) સ્ત્રી૦ [सं.] જુઓ રાળ

રાવ પું૦ રાય (૨) રાવજી ૧ જુઓ (૩) સ્ત્રી૦ ફરિયાદ (૪) સહાયતા માટેની આજીજી (૫) ચાડી

રાવજી પું૦ બારોટને બોલાવવાનો માનાર્થ શબ્દ (૨) મુસલમાની ધર્મનો એક ફાંટો; તેનો અનુયાયી

રાવટી(-ઠી) સ્ત્રી૦ ગોળ છજું; અગાશી (૨) [हिं.] નાનો તંબૂ

રાવણ પું૦ [सं.] (સં.) દશ માથાંવાળો લંકાનો રાજા (૨) વિ૦ ચીસો પાડતું. **૦ચિતા** સ્ત્રી૦ સતત બળતી ચિતા. **૦રાજ(-જ્ય)** ન૦ રાવણનું રાજ્ય (૨) [લા.] અધર્મ અને અન્યાયપૂર્ણ-રાક્ષસી રાજ્ય. (રામરાજ્યથી ઊલટું)

રાવણહથ્થો પું૦ ભરથરીનું તંતુવાદ્ય

રાવણિ પું૦ [सं.] (સં.) ઇંદ્રજિત

રાવણિયો પું૦ ગામનો ચોકીદાર; ગામના ચોરાનો હવાલદાર

રાવણું ન૦ રજપૂત ઠાકોરોની મિજલસ (૨) ગામની નાત કે પંચ ભેગું થવું તે (૩) સિપાઈઓને રહેવાનું ઠેકાણું

રાવત વિ૦ બાહોશ; ચાલાક (૨) શૂરવીર (૩) પું૦ ઘોડાવાળો (૪) ઘોડેસવાર યોદ્ધો

રાવતા સ્ત્રી૦ રાજાની રીત; રાવ-રાજાપણું

રાવતી સ્ત્રી૦ ઘરેણામાં વપરાતું રેણ [રજવાડો

રાવલું વિ૦ (૨) ન૦ જુઓ રાયલું (૩) રાવળું; રાજદરબાર;

રાવળ પું૦ (કા.) કુળની વંશાવળીના ચોપડા લખી રાખવાનો ધંધો કરનાર (૨) બ્રાહ્મણોમાં એક અટક

રાવળકાહી ન૦ એક પક્ષી

રાવળિયો પું૦ એ નામની જાતિનો આદમી

રાવળું ન૦ રાવણું (૨) રાજદરબાર; રજવાડો (૩) જનાનખાનું (૪) વિ૦ રાયલું; રાવલું

રાશ સ્ત્રી૦ દોરડું (૧૬ હાથનું) (૨) લગામ, અછોડો (૩) ભાગીદારી (૪) વ્યાજમુદ્દલ (૫) સરાસરી (૬) રાશિ; રાશિથી મળતી જાતિ, ગુણ, સ્વભાવ વગેરે (૭) [फा.]? પું૦ ઢગલો. **૦વા** વિ૦ રાશ જેટલું (સોળ હાથ)

રાશિ પું૦ [सं.] ઢગલો (૨) ગણિતનો આંકડો (૩) સ્ત્રી૦ નક્ષત્રનાં બાર ઝૂમખાંમાંનું પ્રત્યેક (મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન) **૦ચક્ર** ન૦ રાશિમંડળ. **૦નામ** ન૦ રાશિ પ્રમાણે પડેલું નામ

રાશી વિ૦ [अ.] ખરાબ

રાષ્ટ્ર ન૦ [सं.] દેશ; રાજ્ય. **૦ગીત** ન૦ રાષ્ટ્રનું ગીત. **૦ધર્મ** પું૦ પ્રજાનો રાષ્ટ્ર પ્રત્યેનો ધર્મ. **૦ધ્વજ** પું૦ રાષ્ટ્રનો વાવટો. **૦પૂજા** સ્ત્રી૦ રાષ્ટ્રવાદ; રાષ્ટ્રની એકાંતિક પૂજા. **૦ભાષા** સ્ત્રી૦ આખા રાષ્ટ્રમાં ચાલે એવી ભાષા. **૦માન્ય** વિ૦ રાષ્ટ્રે માન્ય કરેલું. **૦વાદ** પું૦ રાષ્ટ્ર એક સ્વતંત્ર ઘટક છે માટે તેનું હિત સાધવું એવો વાદ; રાષ્ટ્રપૂજા; 'નૅશનલિઝમ'. **૦સંઘ** પું૦ રાષ્ટ્રોનો સંઘ; 'લીગ ઑફ નેશન્સ'. **-ષ્ટ્રિ(-ષ્ટ્રી)ય** વિ૦ રાષ્ટ્રનું, -ને લગતું. **-ષ્ટ્રિ(-ષ્ટ્રી)યતા** સ્ત્રી૦. **-ષ્ટ્રોપયોગી** વિ૦ રાષ્ટ્રને ઉપયોગી; રાષ્ટ્રનું હિતકર

રાસ પું૦ (૨) સ્ત્રી૦ જુઓ રાશ (૩) સ્ત્રી૦ [अ.] ભૂશિર (૪) પું૦ [सं.] ગાતાં ગાતાં ગોળાકારે ફરતાં કરાતો નાચ કે તેમાં ગવાય એવું ગીત. **૦ક્રીડા** સ્ત્રી૦ જુઓ રાસલીલા. **૦ડી** સ્ત્રી૦ દોરી (૨) ગળે પહેરવાની રૂપાની સાંકળી કે દોરો. **૦ડો** પું૦ એક જાતનો ગરબો (બનેલો બનાવ વર્ણવતો). **૦મંડલ(-ળ)** ન૦, **૦મંડલી(-ળી)** સ્ત્રી૦ રાસ રમનારાઓનું મંડળ. **૦લીલા** સ્ત્રી૦ શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે કરેલી રાસની ક્રીડા

રાસભ પું૦ [सं.] ગધેડો. **-ભી** સ્ત્રી૦ ગધેડી

રાસૂંદું વિ૦ સંધ્યાકાળે નહિ પણ રાત્રિના પાછલા ભાગમાં દેખી શકે એવું (૨) આંધળું

રાસેશ્વર પું૦ [सं.] (સં.) શ્રીકૃષ્ણ. **-રી** સ્ત્રી૦ (સં.) રાધા

રાસો પું૦ એક પ્રકારનું વીરરસનું કાવ્ય

રાસ્ત વિ૦ [फा.] વાજબી; યોગ્ય; સાચું (૨) સરખું; સપાટ. **-સ્તી** વિ૦ રાસ્ત (૨) સ્ત્રી૦ રાસ્તપણું; ઈમાનદારી

રાસ્ના સ્ત્રી૦ [सं.] એક વનસ્પતિ-ઔષધિ

રાહ પું૦ [फा.] રસ્તો (૨) સ્ત્રી૦ રીત; તરેહ; ચાલ (૩) વાટ; પ્રતીક્ષા. **૦દાર** વિ૦ રસ્તે ચાલતું (૨) પું૦ દોરનાર; રાહબર. **૦દારી** પું૦ વટેમાર્ગુ (૨) સ્ત્રી૦ રસ્તા ઉપરથી લઈ જવાતા માલ ઉપર લેવાનો કર; તેની રજાચિઠ્ઠી (૩) રાહબરી. **૦બર** પું૦ ભોમિયો. **૦બરી** સ્ત્રી૦ ભોમિયા થવું-હોવું તે. **૦રસમ** સ્ત્રી૦ રિવાજ; દસ્તૂર [દિલસોજી-મદદ

રાહત સ્ત્રી૦ [अ.] સુખ; આરામ; વિસામો; દુઃખમાં

રાહુ પું૦ [सं.] (સં.) પુરાણાનુસાર નવ ગ્રહમાંનો એક; સૂર્યચંદ્રને ગ્રહણ વખતે ગ્રસનાર પીડાકારી ગ્રહ

રાહુડો પું૦ એક ઘાસ

રાળ પું૦ અમેરિકામાં ચાલતો એક સિક્કો; 'ડૉલર' (૨) સ્ત્રી૦ ઝટ સળગી ઊઠે તેવો એક વૃક્ષમાંથી મળતો પદાર્થ

રાળવું સ૦ક્રિ૦ લીસું કરવું (૨) અંદર અંદર પતાવવું (૩) સ૦ક્રિ૦ રાળવાળું કરવું; રાળ ભરવી (૪) [કા.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બકવાદ કરવો [માગણી

રાંક,-કું વિ૦ ગરીબ; સાલસ. ૦દાવો પું૦ રાંક માણસની

રાંગ સ્ત્રી૦ કોટની દીવાલની બાજુ (૨) સવારી

રાંગડો(-ળો),રાંગો વિ૦પું૦ ધીરે ચાલનારો

રાંઝણુ(-ણી) સ્ત્રી૦ પગનો એક રોગ [રાંટવાળું

રાંટ સ્ત્રી૦ વાંક; વલણ (૨) અણબનાવ; વિરોધ. **-ટું** વિ૦

રાંડ સ્ત્રી૦ રાંડેલી; વિધવા (૨) વેશ્યા. ૦બાજ વિ૦ રંડીબાજ ૦વું અ૦ક્રિ૦ વિધુર કે વિધવા થવું (૨) વિ૦ બાયલું. ૦વો પું૦ બાયલો; નામર્દ. **-ડીકૂંડી** સ્ત્રી૦ રાંડીરાંડ. **-ડીછાંડી** સ્ત્રી૦ રાંડેલી અથવા પતિએ તજેલી સ્ત્રી. **-ડીરાંડ** સ્ત્રી૦ વિધવા (૨) નિરાશ્રિત વિધવા. **-ડેલી** વિ૦સ્ત્રી૦ વિધવા

રાંઢવું ન૦ દોરડું

રાંદેર(-લ) સ્ત્રી૦ (સં.) રન્નાદે

રાંધણ ન૦ રાંધવાનું કામ. ૦છઠ સ્ત્રી૦ શ્રાવણ સુદ કે વદ છઠ. **-ણિયું** ન૦ રસોડું. **-ણિયો** પું૦ રસોઇયો. **-ણી** સ્ત્રી૦ રસોડું (૨) રાંધવાની રીત. **-ણું** ન૦ રાંધવાની ક્રિયા (૨) રાંધેલી રસોઈ (૩) રાંધવાની રીત. **-વું** સ૦ક્રિ૦ ખોરાક પકાવવો (૨) [લા.] સાધવું; ફળ મેળવવું

રાંપ પું૦ મોટી રાંપડી. ૦ડી સ્ત્રી૦ કરસણમાં ઊગેલું નકામું ઘાસ કાઢી નાંખવાનું ખેતીનું ઓજાર. ૦(૦લ)વું સ૦ક્રિ૦ રાંપડી ફેરવવી

રાંપી સ્ત્રી૦ મોચીનું એક ઓજાર

રાંભો પું૦ ખોદવાનું એક ઓજાર (૨) રાભો

રિકાબ,૦દાર પું૦ જુઓ રકાબ, રકાબદાર

રિકાબી સ્ત્રી૦ [फा.] રકાબી; છીબા જેવું એક પાત્ર

રિક્ત વિ૦ [सं.] ખાલી; શૂન્ય. **-ક્તા(૦તિથિ)** સ્ત્રી૦ ચોથ, નોમ ને ચૌદશમાંની દરેક તિથિ

રિકથ ન૦ [सं.] વારસો [ગાડી

રિક્ષા(૦ગાડી) સ્ત્રી૦ [इं.]માણસથી ખેંચાતી નાની, બે પૈડાંની

રિખબ પું૦ [हिं.] ઋષભસ્વર

રિખવદેવ પું૦ (સં.) ઋષભદેવ-આદિ જૈન તીર્થંકર

રિઝવટ(-ણ) સ્ત્રી૦ રીઝવવું તે; રીઝવવાની કળા

રિઝામણું ન૦ રીઝવવું તે કે તે માટે અપાતી વસ્તુ

રિઝાવવું સ૦ક્રિ૦ રીઝવવું. **રિઝાવું** અ૦ક્રિ૦ રીઝવું

રિણાવટ પું૦+ દરિયો

રિદ્ધિ સ્ત્રી૦ ઋદ્ધિ; સમૃદ્ધિ. ૦સિદ્ધિ સ્ત્રી૦ રિદ્ધિ અને સિદ્ધિ

રિપુ પું૦ [सं.] શત્રુ

રિપોર્ટ પું૦ [इं.] સવિસ્તર હેવાલ

રિબામણ(-ણી) સ્ત્રી૦ રિબાવાની પીડા. **રિબાવવું** સ૦ક્રિ૦, **રિબાવું** અ૦ક્રિ૦ 'રીબવું'નું પ્રેરક ને કર્મણિ

રિયાસત સ્ત્રી૦ [अ.] રાજ્ય, હકૂમત (૨) જાગીર (૩) દેશી રાજ્ય

રિવાજ પું૦ ચાલ; ધારો [એવી કળવાળી પિસ્તોલ

રિવોલ્વર સ્ત્રી૦ [इं.] એક વખત ભર્યે અનેક બાર કરી શકાય

રિશ્તેદાર વિ૦ [फा.] સગું; સંબંધી. **-રી** સ્ત્રી૦ સગપણ

રિશ્વત સ્ત્રી૦ [अ.] લાંચ; રુશવત. ૦ખોર,**-તી** વિ૦ લાંચિયું

રિષ્ટ વિ૦ [सं.] નષ્ટ; બરબાદ (૨) પાપજનક (૩) અમંગળ કરનારું (૪) ન૦ અશુભ; અમંગળ (૫) નાશ (૬) પાપ

રિસામણી સ્ત્રી૦ એક જાતનો છોડ (૨) રિસાવું તે. **-ણું** વિ૦ જરાકમાં રિસાઈ જાય એવું (૨) ન૦ રીસ

રિસાવું અ૦ક્રિ૦ ક્રોધથી નારાજ થવું; ક્રોધે ભરાવું. **-વવું** સ૦ક્રિ૦ [પ્રેરક]. **-ળ(૦વું)** વિ૦ રિસામણું

રિસીવર પું૦ [इं.] સગીરની કે કજિયાની મિલકતની વ્યવસ્થા માટે નિમાતો સરકારી અમલદાર

રી પું૦ ઋષભ સ્વરની સંજ્ઞા

રીખણું ન૦ રીખવું-ઘૂંટણિયે ચાલવું તે (બાળકનું). **-વું** અ૦ક્રિ૦ રખડવું; ભટકવું (૨) ઘૂંટણિયે ચાલવું (બાળકનું)

રીઝ સ્ત્રી૦ ખુશી; આનંદ. ૦વવું સ૦ક્રિ૦ રીઝે એમ કરવું. ૦વું અ૦ક્રિ૦ ખુશ થવું; સંતુષ્ટ થવું [બૂમાબૂમ; હોકારા

રીડ સ્ત્રી૦ રાડ; બૂમ; પોકાર. **-ડિયારમણ** સ્ત્રી૦ (કા.)

રીઢું વિ૦ વપરાઈને મજબૂત થયેલું (૨) દુઃખ વેઠી કઠણ થયેલું (૩) નઘરોળ; સુધરે નહિ એવું (ગુનેગાર)

રીત સ્ત્રી૦ જુઓ રીતિ (૨) કરકરિયાવર. ૦ભાત સ્ત્રી૦ ચાલચલણ; વર્તણૂક (૨) કરકરિયાવર. ૦રિવાજ પું૦બ૦વ૦ રીત અને રિવાજ. ૦સર અ૦ રીત પ્રમાણે. **-તિ** સ્ત્રી૦ [सं.] રીત; પ્રકાર; તરેહ (૨) પદ્ધતિ; રૂઢિ; ધારો (૩) શૈલી (કા.શા.). **-તે** અ૦+ તરીકે. **-ત્યા** અ૦ રીતથી

રીધ સ્ત્રી૦ + રિદ્ધિ

રીબવું સ૦ક્રિ૦ ખૂબ દુઃખ આપવું

રીમ ન૦ [इं.] વીસ ઘા (કાગળ)

રીર સ્ત્રી૦ + રાડ; બૂમ [કરવી

રીસ સ્ત્રી૦ રિસાવું તે; રોષ; ગુસ્સો. ૦વું અ૦ક્રિ૦+ રીસ

રીંગણી સ્ત્રી૦ રીંગણાનો છોડ. **-ણ,-ણું** ન૦ એક શાક

રીંગવું અ૦ક્રિ૦ (સુ.) પસાર થવું; નીકળવું. **રીંગાડવું** અ૦ક્રિ૦ (પ્રેરક)

રીંછ ન૦ એક રાની હિંસ્ર પ્રાણી. ૦સુતા સ્ત્રી૦ (સં.) જાંબુવતી (કૃષ્ણની એક રાણી). ૦ડી સ્ત્રી૦ રીંછની માદા. ૦ડું ન૦ રીંછનું બચ્ચું

રુઆબ પું૦ જુઓ રોફ. ૦દાર વિ૦ રુઆબવાળું

રુકાર પું૦ હા; સ્વીકાર

રુકાવટ સ્ત્રી૦ [हिं.] રોકાણ

રુક્કો પું૦ ટૂંકી ચિઠ્ઠી

રુક્માંગદ પું૦ [सं.] (સં.) એક વિષ્ણુભક્ત

રુક્મિણી સ્ત્રી૦ [सं.] (સં.) શ્રીકૃષ્ણનાં પટરાણી

રુક્મી [सं.], **રુકમૈયો** પું૦ (સં.) રુક્મિણીનો ભાઈ

રુખ પું૦ [फा.] ગાલ (૨) ચહેરો; શિકલ

રુક્ષ વિ૦ [सं.] રૂક્ષ; લૂખું; શુષ્ક (૨) કઠોર. ૦તા સ્ત્રી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રુખસત(-દ) સ્ત્રી૦ [अ.] બરતરફી; રજા

રુગેલ ન૦ એક પંખી

રુગ્ણ વિ૦ [सं.] માંદું. **-ગ્ણાલય** ન૦ દવાખાનું

રુચવું અ૦ક્રિ૦ ગમવું

રુચિ સ્ત્રી૦ [सं.] ઇચ્છા; ભાવ. **૦કર** વિ૦ રુચિ ઉત્પન્ન કરે તેવું (૨) ગમે એવું; સુંદર. **૦કરતા** સ્ત્રી૦. **૦ભંગ** પું૦ રસવૃત્તિને ન ગમવું તે. **૦ર** વિ૦ તેજસ્વી; સુંદર; મનોહર (૨) રુચિ થાય એવું. **૦રા** સ્ત્રી૦ એક છંદ

રુજ(-જા) સ્ત્રી૦ [सं.] પીડા; રોગ

રુઝાવું અ૦ક્રિ૦ 'રૂઝવું'નું ભાવે; ઘા પુરાઈ ઉપર નવી ચામડી આવવી. **-વવું** સ૦ક્રિ૦ 'રૂઝવું'નું પ્રેરક

રુદન ન૦ [सं.] રડવું તે; રોદણું

રુદિત ન૦ [सं.] રુદન (૨) વિ૦ રડેલું

રુદ્ધ વિ૦ [सं.] રોકાયેલું; રૂંધાયેલું

રુદ્ર વિ૦ [सं.] ભયંકર; ભયાનક (૨) પું૦ (સં.) મહાદેવ (૩) એ નામનાં અગિયાર દેવોમાંનો દરેક. **૦તાલ** પું૦ સંગીતનો એક તાલ. **-દ્રાક્ષ** પું૦;સ્ત્રી૦ એક વૃક્ષ અને તેનું બી. **-દ્રાણી** સ્ત્રી૦ (સં.) પાર્વતી. **-દ્રાવતાર** પું૦ રુદ્રનો અવતાર; રુદ્ર જેવું ક્રોધી રૂપ. **-દ્રી** સ્ત્રી૦ શિવની સ્તુતિનું વૈદિક સૂક્ત કે તેનો અગિયાર વાર પાઠ

રુધિર ન૦ [सं.] લોહી. **૦વાહિની** સ્ત્રી૦ લોહીની નસ. **-રાભિસરણ** ન૦ શરીરમાં રુધિરનું ફરવું તે

રુબાબ ન૦ એક જાતની સારંગી; રબાબ

રુબાયત સ્ત્રી૦ ચોપાઈ (અરબી, ફારસી કે ઉર્દૂ)

રુમલાવવું સ૦ક્રિ૦ 'રૂમલાવું'નું પ્રેરક

રુમાડો પું૦ બૂમાબૂમ; શોરબકોર

રુમાવવું સ૦ક્રિ૦, **રુમાવું** અ૦ક્રિ૦ 'રૂમવું'નું પ્રેરક ને કર્મણિ

રુવાન ન૦ શબ

રુવાંટી સ્ત્રી૦ કુમળા અને ઝીણા વાળ. **-ટું** ન૦ રૂંવું

રુયેલ(-લું) વિ૦ રૂથી ભરેલું

રુરુદિષા સ્ત્રી૦ [सं.] રડવાની ઇચ્છા; રોતલપણું

રુશનાઈ સ્ત્રી૦ રોશનાઈ; શાહી

રુશવત, ૦ખોર જુઓ રિશ્વત, ૦ખોર

રુષ્ટ વિ૦ [सं.] ગુસ્સે થયેલું

રુસવા વિ૦[फ़ा.] ફજેત; બદનામ. **૦ઈ** સ્ત્રી૦ ફજેતી; બદનામી

રુંડ ન૦[सं.] માથું; ડોકું (૨) વિ૦ બોડું; અપંગ. **૦મુંડ** વિ૦ ગોળ-મટોળ. **૦માળ** સ્ત્રી૦ માણસના માથાની ખોપરીઓનો હાર

રુંધન ન૦ [सं.] રોકવું, રોકાવું કે ગૂંગળાવું તે

રૂ ન૦ બી કાઢી લીધેલો કપાસ. **૦ઇયો** પું૦ પીંજારો

રૂએ અ૦ પ્રમાણે; -ને આધારે કે ક્રમે

રૂકવું સ૦ક્રિ૦ + રોકવું

રૂક્ષ વિ૦ [सं.] જુઓ રુક્ષ. **૦તા** સ્ત્રી૦

રૂખ સ્ત્રી૦ જુઓ રુખ (૨) અટકળ (૩) વિચાર; અભિપ્રાય (૪) બજારનું વલણ; ભાવતાલ (૫) યોગ્ય પ્રસંગ; મોખ

રૂખ, ૦ડું ન૦ એક નાનું ઝાડ-છોડ

રૂખડો પું૦ એક છોડ

રૂચકું ન૦ રૂંછું

રૂઝ સ્ત્રી૦ રુઝાવું તે. **૦વું** અ૦ક્રિ૦ રુઝાવું

રૂઠવું અ૦ક્રિ૦ કોપવું

રૂડપ સ્ત્રી૦ રૂપાળાપણું; સુંદરતા (૨) સારાપણું (૩) [ભલાપણું

રૂડું વિ૦ સારું; ઉત્તમ; સુંદર. **-ડેરું** વિ૦ રૂડું (લાલિત્યવાચક)

રૂઢ વિ૦ [सं.] ઘણા કાળથી પ્રચાર કે વપરાશમાં હોવાથી દૃઢ થયેલું. **-ઢાચાર** પું૦ રૂઢ બની ગયેલો આચાર. **-ઢાર્થ** પું૦ શબ્દનો રૂઢ અર્થ (યોગાર્થથી ઊલટો.) **-ઢિ** સ્ત્રી૦ રૂઢ થયેલી રીતિ કે રિવાજ (૨) તે કારણથી શબ્દનો અમુક અર્થ બોધ કરાવવાની શક્તિ (જુઓ યોગરૂઢિ). **-ઢિપ્રયોગ** પું૦ ભાષામાં રૂઢ એવો શબ્દપ્રયોગ. **૦સ્થ** વિ૦ રૂઢ (૨) મૂળ રૂપમાં ચાલતો આવતો સાધિત નહિ એવો (શબ્દ)

રૂત ન૦ (કા.) રૂ

રૂતવું અ૦ક્રિ૦ (કા.) મંડવું; અડપવું

રૂપ ન૦ [सं.] આકાર; દેખાવ; સ્વરૂપ (૨) સૌંદર્ય (૩) વેશ (૪) રૂપક; નાટક (૫) વાક્યમાં વાપરવા પ્રત્યય વગેરે લગાડીને તૈયાર કરેલો શબ્દ-પદ (વ્યા.) (૬) વિ૦ (સમાસને અંતે) સરખું; સમાન (ઉદા૦ દુઃખરૂપ). **૦ક** ન૦ એક પ્રકારનું નાટક (૨) એક અર્થાલંકાર, જેમાં ઉપમેયને ઉપમાન સાથે તદ્રૂપ કે અભિન્ન બતાવી વર્ણન કરેલું હોય છે. (કા. શા.) (૩) સંગીતનો એક તાલ (૪) ગાયન (સંગીત) (૫) પું૦ રૂપ-નાટક કરનાર; નટ. **૦કભંજની** સ્ત્રી૦ રૂપકના અવયવોને છૂટો પાડનારો આલાપ. **૦ચોકી** સ્ત્રી૦ દેવળ ઉપર નાના ઘૂમટથી કરાતો ચોરસ. **૦જીવા, ૦જીવિની** સ્ત્રી૦ વેશ્યા. **૦ણ** ન૦ રૂપ ભજવવું તે; અભિનય. **૦બંધ** પું૦ લઘુગુરુના આધારે જે છંદ રચાય તે. **૦માળી** પું૦ એક છંદ. **૦રેખા** સ્ત્રી૦ માત્ર રૂપ બતાવનારી રેખા (૨) આછો ખ્યાલ; ટૂંકું બ્યાન. **૦વતી** વિ૦ સ્ત્રી૦ રૂપાળી. **-પાખ્યાન** ન૦(વ્યા.) ધાતુનાં રૂપો બનાવવાં તે. **-પાસ્સહોર** સ્ત્રી૦ રૂપિયો. **-પાળું** વિ૦ સુંદર. **-પાંખુરી** સ્ત્રી૦ (ગાયના) પગની રૂપાની ઝાંઝરી. **-પાંતર** ન૦ રૂપમાં ફેરફાર; અન્ય રૂપ. **-પાંદે** સ્ત્રી૦ રૂપાળા દેહવાળી સ્ત્રી

રૂપિયો પું૦ સોળ આનાની કિંમતનો રૂપાનો સિક્કો

રૂપું ન૦ એક ધાતુ. **-પેરી** વિ૦ રૂપાનું; રૂપા જેવું. **-પૈડી** સ્ત્રી૦ રૂપિયો (તિરસ્કારમાં)

રૂબરૂ અ૦ [फ़ा.] સમક્ષ

રૂબલ પું૦ [इं.] રશિયાનો રૂપિયા જેવો સિક્કો

રૂમ ન૦ [अ.] (સં.) યુરોપી તુર્કસ્તાન

રૂમઝૂમ અ૦ (રવ૦) ઝાંઝર કે વરસાદનો અવાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂમડી સ્ત્રી૦ શરીરમાંથી લોહી ખેંચી કાઢવાની નળી
રૂમલાવું અ૦ક્રિ૦ રૂમવા પર ચડવું; ગાંડપણથી રૂમવું (ઢોરનું)
રૂમવું અ૦ક્રિ૦ જોરથી ઘૂમવું (યુદ્ધમાં) (૨) ભટકવું; ફરવું (૩) સ૦ક્રિ૦ હેરાન કરવું
રૂમશામ ન૦ (સં.) તુર્કસ્તાન
રૂમાલ પું૦ [फा.] (હાથમાં લૂછવાનો) લૂગડાનો કકડો. -લી સ્ત્રી૦ નાનો રૂમાલ કે લૂગડાનો કકડો(૨) મુસલમાન સ્ત્રીઓનું ઘરમાં માથે ઓઢવાનું નાનું ઓઢણું
રૂમાલી સ્ત્રી૦મગદળજોડીની એક કસરત (૨)જુઓ 'રૂમાલ'માં
રૂમેમસ્તકી સ્ત્રી૦ એક ઔષધિ-એક જાતનો ગુંદર
રૂવું ન૦ રૂંવું; શરીર ઉપરનો નાનો વાળ; રોમ; રુવાંટું
રૂવો પું૦ ચણિયારાની અણી જેમાં ફરતી રહે છે તે ખાડાવાળો લોઢાનો ટુકડો (૨) ઘંટીનું ઉપલું પડ જેની પર ફરે છે તે ખીલો
રૂસણું ન૦ રિસાવું તે. -વું અ૦ક્રિ૦ + રિસાવું
રૂહ પું૦;ન૦ [अ.] આત્મા;જીવાત્મા. -હાની વિ૦જીવાત્મા કે આત્મા સંબંધી
રૂંગું ન૦ રુદન
રૂંછડું,રૂંછું ન૦ ટૂંકો વાળ કે તાંતણો
રૂંધ સ્ત્રી૦, ૦ણ(-ન) ન૦ રૂંધાવું તે; રોકાણ; પ્રતિબંધ(૨) આંટી; અકળામણ. ૦વું સ૦ક્રિ૦ રોકવું (૨)ગૂંગળાવવું. -ધામણ સ્ત્રી૦ રૂંધાવું તે; ગૂંગળામણ. -ધાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). -ધાવું અ૦ક્રિ૦ (કર્મણિ) [દોડવું તે
રૂંબ સ્ત્રી૦, રૂંબાડો પું૦ (કા.) કોઈની પાછળ આતુરતાથી
રૂંવાડું, રૂંવું ન૦ રુવાંટું; રૂવું
રૂંહલું ન૦+રોષ; રીસ
રે અ૦ એ! ઓ! [સંબોધનનો ઉદ્ગાર] (૨) કવિતામાં પાદપૂર્તિ માટે નિરર્થક મુકાય છે
રેકેટ ન૦ [इं.] ટેનિસનું બૅટ
રેખ સ્ત્રી૦રેખા(૨) દાંતે જડાવેલી સોનાની ટપકી (૩)નાની ખીલી (૪) અ૦ (પ.) જરાયે. ૦વું અ૦ક્રિ૦ રેખા દોરવી
રેખતો પું૦ [फा.] ફારસી અને ઉર્દૂ કવિતાનો એક ઢાળ
રેખા સ્ત્રી૦ [सं.] લીટી; આંકો. ૦કંસ પું૦ ઉપર રેખા દોરી કરાતો કંસ (ગ.). ૦ગણિત ન૦ ભૂમિતિ. ૦ચિત્ર ન૦ રેખાઓથી દોરેલું ચિત્ર (૨) કોઈના જીવનનું ટૂંકું નિરૂપણ; 'સ્કેચ'. ૦ચિત્રણ ન૦ રેખાથી જ ચિત્ર દોરવું તે
રેખાંશ પું૦ [सं.] ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાંથી પસાર થતી પૃથ્વીના ગોળા ઉપરની લીટી; તે ૩૬૦ છે. 'લૉન્જીટ્યુડ'. ૦વૃત્ત ન૦ રેખાંશનું વર્તુળ ['જ્યૉમેટ્રિકલ પ્રૂફ'(ગ.)
રેખિક વિ૦ [सं.] 'જ્યૉમેટ્રિકલ' (ગ.). ૦ઉપપત્તિ સ્ત્રી૦
રેખીલું વિ૦ સુરેખ; સ્પષ્ટ
રેગી સ્ત્રી૦ એક પંખી
રેચ પું૦ [सं.] જુલાબ. ૦ક વિ૦ જુલાબ કરે એવું
રેચકું ન૦ બેની લડવાડમાં ત્રીજાની ઉશ્કેરણી
રેજ અ૦ તાબે; જેર
રેજી વિ૦ રેજાવાળું (પાસાની રમતમાં) (૨)સ્ત્રી૦નાનો રેજો
રેજું ન૦ પાસાની રમતમાં એક એક દાણાનું જોડકું (૨) ફેંટાનું છોગું (૩) ભાલા ઉપરનો વાવટો [કાપડનો કકડો
રેજો પું૦ [फा.] કાંચળીમાં વપરાતો સુતરાઉ કે રેશમી
રેજો પું૦ ધાતુ ગાળવાની કુલડી
રેટો પું૦ નાની પાઘડી
રેડ વિ૦ જાડું રગડા જેવું; રોડ (૨) સ્ત્રી૦ પૂંઠ; કેડો
રેડબેડ અ૦ (કા.) રગડાની જેમ
રેડવવું સ૦ક્રિ૦ રોડવવું; નિભાવી લેવું; ગબડાવવું
રેડવું સ૦ક્રિ૦ પ્રવાહીની ધાર કરવી
રેડવો પું૦ એક જાતનું ગાડું
રેડિયમ ન૦ [इं.] વિદ્યુતશક્તિવાળી એક વિરલ ધાતુ
રેડિયો પું૦ [इं.] તાર વગર, અવાજ દૂર સંભળાવવાનું કે સાંભળવાનું યંત્ર કે તે ક્રિયા
રેડી સ્ત્રી૦ (કા.) એક જાતની ઘોડી
રેડો પું૦ વાછડો; રેંડલો [નમાલું
રેઢિયાળ વિ૦ રઢિયાર; રખડતું; ધણી વિનાનું (૨) નકામું;
રેઢિયું વિ૦ જાડું; ઘટ્ટ
રેઢું વિ૦ રખડતું; સંભાળ વિનાનું (૨) ગાઢું; રેઢિયું
રેણ સ્ત્રી૦ + રાત્રિ (૨) રેણુ; રજ [દેવું
રેણ ન૦ ધાતુની સાંધ કરવાનું ઝારણ. ૦વું સ૦ક્રિ૦ રેણ
રેણી સ્ત્રી૦ + રેણ; રાત્રિ
રેણુ પું૦;સ્ત્રી૦ [सं.] ધૂળ; રજ [ઔષધિ
રેણુક સ્ત્રી૦ એક વનસ્પતિ-ઔષધિ. ૦બીજ ન૦ એક
રેણુકા સ્ત્રી૦ [सं.] (સં.) પરશુરામની માતા
રેત ન૦ [सं.] વીર્ય [ભભરાવવાની રેત રાખવાનું પાત્ર
રેત સ્ત્રી૦ ઝીણી રેતી. ૦દાની સ્ત્રી૦લખાણની શાહી સૂકવવા
રેતડી સ્ત્રી૦ નાની કાનસ. -ડો પું૦ મોટી કાનસ
રેતલ પું૦ એક પક્ષી
રેતવી વિ૦ રેતાળ [રેતી નીકળે એવો કૂવો
રેતવો પું૦ (કા.) ઝીણી રેતી જેવી ધૂળ (૨) ખોદતાં બહુ
રેતાળ વિ૦ રેતીવાળું
રેતિયું ન૦ રેતદાની (૨) વિ૦ રેતીનું
રેતી સ્ત્રી૦ પથ્થરનો ઝીણો ભૂકો; વાલુકા. ૦કાગળ પું૦ રેતી કે કાચની ભૂકી ચોટાડેલો કાગળ
રેથળ પું૦ કાંકરેટનો રસ્થડ
રેન સ્ત્રી૦ રાત (૨) લગામ (?)
રેપ સ્ત્રી૦ આરોહની મીંડ (સંગીત)
રેફ પું૦ [सं.] અક્ષર ઉપર કરાતું ર્નું (ˆ) આવું ચિહ્ન
રેકુ પું૦ બાતમીદાર; જાસૂસ
રેકું સ્ત્રી૦ (કા.) રૈતવાનો ઢગલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેબઝેબ અ૰ પરસેવાથી નીતરતું
રેલ સ્ત્રી૰ પૂર (૨) [લા.] પુષ્કળતા. ૰(૰મ)છેલ સ્ત્રી૰ રેલીને છલકાઈ જવું તે (૨) [લા.] પુષ્કળતા. ૰વું અ૰ક્રિ૰ રેલ આવવી; જોસથી વહેવું (૨) જવું; પરવરવું (૩) સ૰ક્રિ૰ જોરથી રેડવું (૪) ઢોળવું (૫) રેલમાં તાણી જવું; દૂર કરવું. ૰સંકટ ન૰ પાણીની રેલથી ઊપજેલું સંકટ
રેલ સ્ત્રી૰[ઇં.] રેલવેનો પાટો. ૰ગાડી સ્ત્રી૰ આગગાડી. ૰ભાડું ન૰ રેલવેની ટિકિટનું ખર્ચ. ૰વે સ્ત્રી૰ આગગાડીનો માર્ગ
રેલવું ન૰ એક જાતનો પાણીનો સાપ (૨) ક્રિ૰ જુઓ 'રેલ'માં
રેલારેલ સ્ત્રી૰ રેલમછેલ
રેલાવું અ૰ક્રિ૰ ઢોળાવું; રેલો ચાલવો
રેલિયું વિ૰ રેલા નીકળતા હોય તેવું (૨) પૂરમાં તણાઈ આવેલું; રેલનું (૩) ન૰ પૂરમાં તણાયેલું લાકડું
રેલો પું૰ નાનો પ્રવાહ
રેહલું ન૰ જુઓ રેંલ્લું [(૨) [લા.] બેહાલ; ફજેતી
રેવડી સ્ત્રી૰ ખાંડની ચાસણી અને તલની એક બનાવટ
રેવણ ન૰ રેવવું તે; રેણ; ઝારણ (?)
રેવતાચળ પું૰ (સં.) રૈવત; ગિરનાર
રેવ(-વં)ત પું૰ ઘોડો
રેવતી સ્ત્રી૰ તુવેરની દાળ (૨) [સં.] સત્તાવીસમું નક્ષત્ર
રેવવું સ૰ક્રિ૰ ઝારવું; રેણવું
રેવંચી સ્ત્રી૰ એક વનસ્પતિનો ગુંદર–એક ઔષધિ
રેવંત પું૰ રેવત; ઘોડો
રેવા(૰જી) સ્ત્રી૰[સં.](સં.) નર્મદા નદી
રેવાલ(-ળ) સ્ત્રી૰(કા.) ઊછળે નહિ છતાં વેગવાળી એવી ઘોડાની ચાલ; રવાલ
રેશ વિ૰(૨) અ૰ જરા; લગાર (૩) ન૰ રજ
રેશમ ન૰ એમ જાતના કીડાની લાળના તંતુ (૨) સ્ત્રી૰ (કા.) એક જાતની ઘોડી. ૰ડી સ્ત્રી૰ એક ઘાસ. –મી વિ૰ રેશમનું
રેષા સ્ત્રી૰ [સં.] રેખા; લીટી [(માત્ર ગણવામાં)
રેસ વિ૰ રેશ, જરા (૨) સ્ત્રી૰ આનાનો પચીસમો ભાગ
રેસાદાર વિ૰ રેસાવાળું [પ્રતિનિધિ
રેસિડેન્ટ પું૰[ઇં.] દેશી રાજ્યોમાં રખાતો અંગ્રેજી સત્તાનો
રેસો પું૰ તંતુ (વનસ્પતિ, ફળ વગેરેનો)
રેળ સ્ત્રી૰ વાંચવા માટે પુસ્તક મૂકવાની ઘોડી
રેળવું સ૰ક્રિ૰ (લડવામાંથી) છૂટું પાડવું; સમાધાન કરવું
રેંકડી(-ળી) સ્ત્રી૰ નાની બળદગાડી (૨) ભારની નાની લારી
રેંકડો પું૰ રેંકડી (૨) ભેંકડો; બાંધડવું તે
રેંકવું અ૰ક્રિ૰ ગાયભેંસનું બાંધડવું
રેંકળી સ્ત્રી૰, –ળો પું૰ જુઓ રેંકડી
રેંચકો પું૰ કાદવ. –ચો પું૰ (ચ.) કાદવકીચડ
રેંચિયુંપેંચિયું, રેંજીપેંજી વિ૰ નમાલું (૨) ઉત્સાહ વગરનું
રેંટ પું૰ કૂવામાંથી પાણી કાઢવાના ઢોચકાંવાળા ચક્રની યોજના (૨) ગિલ્લીદંડાનો બીજો દાવ. ૰માળ સ્ત્રી૰ રેંટનાં ઢોચકાંની ફરતી હાર; ઘટમાળ [જન્મતિથિ)
રેંટિયાબારશ(-સ) સ્ત્રી૰ ભાદરવા વદ બારશ (ગાંધીજીની
રેંટિયો પું૰ હાથે સૂતર કાંતવાનું ચક્રનું એક સાધન.
રેંટુડો પું૰ રેંટ
રેંટો પું૰ ઉપવસ્ત્ર; પછેડી (૨) કસબી ફેંટો
રેંડ સ્ત્રી૰ વાછડી (?). ૰ડી, –હલી સ્ત્રી૰ વાછરડી. ૰લો, –હલો પું૰ રેડો; વાછરડો. –હલું ન૰ રેંડલો; વાછડું
રેંસવું સ૰ક્રિ૰ જુઓ રહેંસવું
રૈયત સ્ત્રી૰ [અ.] પ્રજા. ૰વારી વિ૰ (૨) સ્ત્રી૰ બારોબાર ખેડૂત પાસેથી મહેસૂલ ઉઘરાવવી તે (જમીનદારીથી ઊલટું)
રૈવત, ૰ક, ૰ગિરિ પું૰ [સં.] (સં.) ગિરનાર પર્વત
રો પું૰ હદ; શુમાર
રોક વિ૰ રોકડું (૨) સ્ત્રી૰ રોકણી [રડારોળ
રોકકળ સ્ત્રી૰, –ગાટ પું૰ રોવું ને કકળવું તે; રોકૂટ;
રોકટોક સ્ત્રી૰ રોકવું કે ટોકવું તે; કશો પણ વાંધો કે વિરોધ
રોકડ વિ૰ રોકડું (૨) સ્ત્રી૰ રોકડા પૈસા. ૰મેળ પું૰ રોકડેથી આપ્યા લીધાના હિસાબની ચોપડી. –ડિયું વિ૰ રોકડ વહેવાર કરનારું (૨) હાજરજવાબી. –ડી સ્ત્રી૰ દિવસના સાધારણ સમય ઉપરાંત સવારમાં જે વધુ કામ કરે તે કે તેની રોકડી મજૂરી. –ડું વિ૰ ઉધાર ન રાખેલું પણ તરત આપેલું (નાણું) (૨) કાંઈ પણ છુપાવ્યા વિના તરત કહેલું (કથન) (૩) તેવું નાણું (૪) [લા.] તેવો જવાબ
રોકણી(-ત) સ્ત્રી૰ રોકવું તે; રોકાણ
રોકવું સ૰ક્રિ૰ અટકાવવું; આંતરવું (૨) કામે વળગાડવું; નોકરીમાં રાખવું (૩) વેપારધંધામાં નાખવું (નાણું)
રોકાણ ન૰ રોકવું કે રોકાવું તે (૨) અટકાયત. –ત સ્ત્રી૰ (કા.) રોકડું નાણું. –રોક વિ૰ જુઓ રોક. –વટ સ્ત્રી૰ રોકાણ; રુકાવટ
રોકું વિ૰ અમુકના જેવું; સમાન; મળતું
રોકૂટ સ્ત્રી૰ રોવું અને કૂટવું તે; રડારોળ
રોખ પું૰ ઇચ્છા; આકાંક્ષા (૨) દમામ; રોફ
રોખડી સ્ત્રી૰ સુતારનું એક ઓજાર
રોખણું ન૰ બખેડો; ફિસાદ
રોખું વિ૰ અમુક જેટલી કિંમતનું (૨) ન૰ બળતણ; લાકડાં
રોગ પું૰ [સં.] શરીરનો વિકાર; તંદુરસ્તીમાં બગાડો; વ્યાધિ. ૰ચાળો પું૰ રોગનો ફેલાવો. ૰દોગ પું૰, ૰રાઈ સ્ત્રી૰; ન૰ રોગ, વળગાડ વગેરેની પીડા. ૰શય્યા સ્ત્રી૰ રોગીની પથારી (૨) [લા.] મંદવાડ; ખાટલો
રોગાન પું૰ તેલ, મીણ, લાખ વગેરેનું એક જાતનું મિશ્રણ (લાકડાં, લૂગડાં વગેરે ઉપર ચડાવે છે). –ની વિ૰ રોગાન ચડાવેલું (૨) પું૰ રોગાન ચડાવનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગિયું,રોગિષ્ઠ, રોગી [સં.],રોગીલું વિ૦માંદું; રોગવાળું
રોગું વિ૦ (કા.) નકરું; કેવળ; માત્ર; નર્યું
રોગો પું૦ ચૂનો
રોચક વિ૦ [સં.] રુચિ કરાવે તેવું; ગમતું
રોચ(-ત)ડી સ્ત્રી૦ અણચી; અંચઈ
રોચન ન૦ [સં.] રુચવું તે (૨) ભપકો; મનોહર દેખાવ (૩) રોચના. -ના સ્ત્રી૦ લાલસા; ઇચ્છા (૨) સુંદર સ્ત્રી (૩) ગોરોચન
રોચિ ન૦;સ્ત્રી૦ [સં.] પ્રભા; તેજ
રોચું વિ૦ કરચલીઓ પડી ગઈ હોય એવું (૨) રોંચું
રોજ પું૦ [फा.] દિવસ (૨) એક દિવસથી મજૂરી (૩) અ૦ હંમેશ. ૦ગાર પું૦ ગુજરાત માટે કરવાનો ધંધો, નોકરી કે ઉદ્યમ. ૦ગારી સ્ત્રી૦ રોજગાર; કામધંધો. ૦દાર પું૦ દહાડિયો.૦નામું ન૦જુઓ રોજમેળ.૦નીશી સ્ત્રી૦ દરરોજના કામની નોંધપોથી; ડાયરી. ૦મેળ પું૦ દરરોજનો હિસાબ (૨) રોજનો હિસાબ (૩) રોજનો હિસાબ લખવાનો ચોપડો. ૦રોજ,-જંદા અ૦ હંમેશ. -જિંદાર વિ૦(૨) પું૦ રોજથી કામ કરનાર. -જિંદારી સ્ત્રી૦ રોજગાર (૨) રોજની મજૂરી (૩) કમાણી. -જિંદું વિ૦ રોજનું. -જી સ્ત્રી૦ રોજગાર (૨) ગુજરાન (૩) રોજની આવક; પેદાશ [મુસલમાનનો દિવસનો ઉપવાસ
રોજો પું૦[अ.] મોટા અને ધાર્મિક મુસલમાનની કબર(૨)
રોઝ ન૦ ઘોડાને મળતું એક જંગલી પશુ. ૦ડી સ્ત્રી૦ રોઝની માદા. ૦ડું ન૦ રોઝ. -ઝી સ્ત્રી૦ (કા.) એક જાતની ઘોડી
રોટલી સ્ત્રી૦ ઘઉંના લોટની પાતળી ગોળ વાની. -લો પું૦ હાથે થાપીને બનાવેલી જાડી ભાખરી (૨) [લા.] આજીવિકા [જમાડવાનો સંબંધ
રોટી સ્ત્રી૦ રોટલી(૨) પાંઉરોટી. ૦વહેવાર પું૦ જમવા
રોઠું વિ૦બરાબર પાકતા પહેલાં સુકાઈને ચીમળાઈ ગયેલું બેરવાદ(સોપારી)(૨)[લા.] ન૦ અસંસ્કારી જડ માણસ
રોઠો પું૦ રઝ
રોડ વિ૦ રેઢ; ગાઢું(જાડું સાથે વપરાય છે)(૨) પું૦(સુ.) ચડાવ; ઊંચાણવાળો રસ્તો(૩) પું૦[इं.] રસ્તો; માર્ગ
રોડવવું અ૦ક્રિ૦ (કા.) નભાવવું; ગાડું ગબડાવવું
રોડા(-લા) પું૦ એક છંદ
રોડા પું૦બ૦વ૦ દોટ; ગબરડી. -ડી સ્ત્રી૦ દોટ; રોડા
રોડું ન૦ ઈંટનો કકડો
રોઢું ન૦ મોટું છાણું (૨) રોડું
રોઢો પું૦મોટું છાણું(૨)[કા.] ત્રીજા પહોરનું ભોજન; રોંઢો
રોણ ન૦બખેડો; ફિસાદ; તોફાન(૨)સ્ત્રી૦રાતની ચોકી; રોન
રોણું ન૦ રુદન
રોતડ,-ડું,-લ વિ૦ ઝટ રોઈ પડે એવું
રોતડી સ્ત્રી૦ જુઓ રોચડી
રોદડું(-ણું) ન૦ વીતકની કથની (૨) રુદન
રોદન ન૦ [સં.] રુદન
રોદો પું૦ ખાડો
રોધ પું૦[સં.] અટકાવ. ૦ક વિ૦ રોધ કરનારું. ૦ન ન૦ રોધવું તે. ૦વું સ૦ક્રિ૦ રોકવું; અટકાવવું
રોન સ્ત્રી૦ રાતની ચોકી માટે ફરવું તે
રોનક સ્ત્રી૦ [अ.] તેજ; ભપકો. ૦દાર વિ૦ રોનકવાળું
રોપ પું૦ રોપો; છોડ. ૦ણ ન૦[સં.] રોપવું તે. ૦ણહાર વિ૦ રોપનાર. ૦ણી સ્ત્રી૦ રોપણ; વાવણી. ૦વું સ૦ક્રિ૦ વાવવું (૨) ખોડવું. -પાણ ન૦ રોપણ
રોપિત વિ૦ [સં.] રોપેલું
રોપીટ સ્ત્રી૦ રોકૂટ; રોવું ને છાતી પીટવી તે
રોપો પું૦ જુઓ રોપ
રોફ(-બ) પું૦ રુઆબ; ભપકો; દબદબો (૨) પ્રતાપ; તેજ; દાબ. ૦દાર વિ૦ રોફવાળું. -ફી(-બી) વિ૦ રોફવાળું
રોબડ વિ૦ જડ; મૂર્ખ; અરસિક
રોબડી સ્ત્રી૦ એક ઘરેણું
રોબ,૦દાર,-બી જુઓ 'રોફ'માં
રોમ પું૦;ન૦ [સં.] રુવાંટું; રૂવું; શરીર ઉપરના વાળ. ૦કૂપ,૦ગર્ત પું૦ રોમવાળું ચામડીનું છિદ્ર. ૦શત્રુ પું૦ હજામ. ૦હર્ષ પું૦ રોમાંચ. ૦હર્ષણ ન૦ રોમાંચ(૨) વિ૦ રોમાંચ કરે એવું
રોમંથ પું૦ [સં.] વાગોળવું તે
રોમાવલિ(-લી,-ળિ,-ળી) સ્ત્રી૦ [સં.] રુવાંટીની હાર
રોમાંચ પું૦ [સં.] (લાગણીથી) શરીર ઉપરનાં રૂંવાં ઊભાં થવાં તે. -ચિત વિ૦ રોમાંચ થયો હોય તેવું
રોયણ સ્ત્રી૦ (સં.) રોહિણી (૨) ન૦ + રુદન
રૉયલ વિ૦ [इं.] એક ખાસ કદનો (છાપવાનો કાગળ)
રોયલી સ્ત્રી૦ નાનું લંગર (મછવાનું)
રોયું વિ૦ પીટ્યું; રડ્યું (સ્ત્રીઓની ગાળ)
રોલ પું૦ (વહાણમાં બેસતાં આવતાં) ચક્કર; તમ્મર (૨) એક જાતનું રેશમી કાપડ
રોલ પું૦ [इं.] આંકણી. ૦ર પું૦ ગબડે તેવો ગોળ ઘાટ (જેમ કે, છાપખાનાનો; જમીન દાબવાનો)
રોલ(-ળા) પું૦ એક છંદ
રોલું વિ૦ બાઘું; મૂર્ખ; મૂઢ [અ૦ક્રિ૦ [ભાવે]
રોવું અ૦ક્રિ૦ રડવું. -વડાવવું સ૦ક્રિ૦ [પ્રેરક]. -વાવું
રોશન વિ૦ [फा.] ચળકતું(૨) જાહેર. -નાઈ, -ની સ્ત્રી૦ (ઘણા દીવાઓનો) સામટો પ્રકાશ (૨) રુશનાઈ
રોષ પું૦ [સં.] ગુસ્સો. ૦વવું સ૦ક્રિ૦ રોષ ચડાવવો; ગુસ્સે કરવું. -ષાવું અ૦ક્રિ૦ રોષ ચડવો; ગુસ્સે થવું. -ષિત વિ૦ રોષવાળું
રોહ પું૦ [સં.] કળી (૨) અંકુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોહ ન૦ એક ઘાસ. **૦ડો** પું૦ એક ઝાડ (૨) એક ઘાસ. **૦ણી** સ્ત્રી૦ એક વનસ્પતિ

રોહિણી સ્ત્રી૦ [સં.] (સં.) ચોથું નક્ષત્ર (૨) વીજળી (૩) [સં.] બળરામની માતા (૪) [સં.] ચંદ્રની પટરાણી (૫) આયતા શ્રુતિનો એક પ્રકાર [-તાશ્વ પું૦ અગ્નિ

રોહિત વિ૦ [સં.] રાતું (૨) પું૦ (સં.) હરિશ્ચંદ્ર રાજાનો પુત્ર.

રોળ પું૦ અધઓક; મરકી (૨) ગભરાટ; શોરબકોર (૩) ગજબ; દાટ; પાયમાલી (૪) મોટો જથો (૫) કલહ

રોળવવું સ૦ક્રિ૦ રોળે એમ કરવું

રોળવાવું અ૦ક્રિ૦ ચિડાવું; ખિજાવું

રોળવું સ૦ક્રિ૦ ચોળવું; મસળવું (૨) રગદોળવું; મેલું કરવું (૩) [લા.] કચરી મારી નાખવું

રોળા પું૦ એક છંદ; રોલા

રોળાકોળી વિ૦સ્ત્રી૦ સાંજની (વખત)

રોળું વિ૦ અંધારાવાળું (૨) મેલું; રોળાયેલું

રોળો પું૦ ભાંજગડ (૨) ઘોંઘાટ; બૂમ (૩) કમાઈ

રોંક(-ખ)ણી સ્ત્રી૦ રંધો. **-વું** સ૦ક્રિ૦ રંધો ફેરવવો; સાફ કરવું [ટાંકણું

રોંખણું ન૦ પથ્થર, લાકડા વગેરે પર આંકો પાડવાનું ઓજાર;

રોંખવું સ૦ક્રિ૦ જુઓ 'રોંકણી'માં; રોંકવું [જડસો

રોંચું વિ૦ ગામડિયું; જંગલી; અસભ્ય. **-ચો** પું૦ રાભો;

રોંઢું ન૦ ત્રીજો પહોર; સમીસાંજનો વખત. **-ઢો** પું૦ ત્રીજા પહોરનું જમણ (૨) વાળુ (૩) રોંઢું

રૌદ્ર વિ૦ રુદ્ર સંબંધી (૨) ભયંકર; ઉગ્ર (૩) પું૦ રૌદ્રપણું; રુદ્રતા (૪) કાવ્યના નવ રસમાંનો એક. **-દ્રી** સ્ત્રી૦ દીપ્તા શ્રુતિનો એક અવાંતર ભેદ

રૌપ્ય વિ૦ [સં.] રૂપાનું (૨) રૂપા જેવું

રૌરવ ન૦ [સં.] એક નરક

લ

લ પું૦ [સં.] ચાર અર્ધસ્વરોમાંનો ત્રીજો. **૦કાર** પું૦ લ અક્ષર કે તેનો ઉચ્ચાર. **૦કારાંત** વિ૦ છેડે લકારવાળું

લઉઓ પું૦ રાજાની પાસે રહેતો મસ્કરો; લૌવો

લકડધકડ અ૦ લક્કડધક્કડ; ધમધોકાર; સપાટાબંધ

લક(-ક્ક)ડિયું વિ૦ લાકડાનું (૨) કઠણ (૩) ઝાડને પણ બાળી દે એવું (હીમ) (૪) ન૦ જુઓ કડોડું (૫) ગડાકુ બનાવવાનું લાકડાનું ખામણાવાળું ગચિયું. **-ચોદાન** પું૦ એક રમત

લકવો પું૦ શરીરનું એકાદ અંગ રહી જવાનો રોગ; પક્ષાઘાત

લકીર સ્ત્રી૦ [હિં.] લીટી; રેખા

લકું(-ક્કું)બો પું૦ કોળિયો; લાડવો; ફાયદો (કટાક્ષમાં)

લક્કટી સ્ત્રી૦ લાકડી

લક્કંદરું વિ૦ રંડીબાજ; વંઠેલ

લક્કડ ન૦ લાકડું (બહુધા સમાસમાં વપરાય છે). **૦કામ** ન૦ લાકડાનું કામ; સુતારીકામ. **૦કોટ** પું૦ લાકડાનો કોટ કે આંતરો (૨) વહાણમાંથી જ્યાં લાકડાં ઊતરે છે તે ડક્કો. **૦ખોદ** પું૦ એક પક્ષી. **૦ધક્કડ** અ૦ જુઓ લકડધકડ. **૦પીઠ** સ્ત્રી૦ લાટી; લાકડાનું પીઠું. **૦ફોડો** પું૦ લાકડાં ફાડનારો. **૦શી(-સી)** વિ૦ લાકડા જેવું કઠણ. **-ડિયું** વિ૦ (૨) ન૦ જુઓ લકડિયું

લક્કી ન૦ એક જાતનું કબૂતર

લક્ષ પું૦ [સં.] લાખની સંખ્યા (૨) ન૦ ધ્યાન (૩) ઉદ્દેશ (૪) [તાકવાનું] નિશાન. **૦ક** વિ૦ સૂચક; લક્ષ ખેંચે એવું. **૦ણ** ન૦ ચિહ્ન; નિશાની (૨) ગુણ; બીજી વસ્તુથી જુદો પાડનાર ખાસ ધર્મ (૩) તેવા ધર્મનું કથન; વ્યાખ્યા [ન્યા.] (૪) ઢંગ; આચરણ. **૦ણવંતું** વિ૦ સુલક્ષણું (૨) [કટાક્ષમાં] નઠારાં લક્ષણવાળું. **૦ણા** સ્ત્રી૦ લક્ષ્યાર્થનો બોધ કરાવનાર શબ્દની શક્તિ (વ્યા.). **૦ધા** અ૦ લાખ રીતે. **૦વસા** અ૦ અવશ્ય; જરૂર. **૦વું** સ૦ક્રિ૦ તાકવું (૨) તાકીને બેસવું (૩) અટકળ કરવી (૪) શોધી કાઢવું; જોઈ જવું. **૦(-ક્ષ્ય)વેધી** વિ૦ ધારેલું નિશાન પાડનાર. **-ક્ષાધિપતિ** પું૦ લાખ રૂપિયાની પૂંજીવાળો. **-ક્ષાલક્ષ** ન૦ + લક્ષ્ય. **-ક્ષાવધિ** અ૦ લાખે લેખાં હોય તેમ. **-ક્ષિત** વિ૦ દેખાડેલું (૨) દેખેલું (૩) લક્ષણાથી જાણેલું (વ્યા.). **-ક્ષી** વિ૦ લક્ષવાળું; લક્ષતું (સામાન્ય રીતે સમાસને અંતે. ઉદા૦ 'એકલક્ષી')

લક્ષ્મણ પું૦ [સં.] (સં.) રામનો નાનો ભાઈ; સુમિત્રાનો પુત્ર

લક્ષ્મણા સ્ત્રી૦ (સં.) કૃષ્ણની આઠ પટરાણીઓમાંની એક

લક્ષ્મી સ્ત્રી૦ [સં.] (સં.) વિષ્ણુની પત્ની; ધનની અધિષ્ઠાત્રી દેવી; ચૌદ રત્નમાંનું એક (૨) સ્ત્રી૦ ધન; દોલત. **૦કાંત**, **૦નાથ**,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦વર પું૦ (સં.) વિષ્ણુ. ૦તાલ પું૦ એક જાતનો તાલ (સંગીત). ૦ધર પું૦ એક છંદ. ૦પૂજન ન૦; ૦પૂજા સ્ત્રી૦ આસો વદ તેરસને દિવસે કરાતી લક્ષ્મીની પૂજા. ૦વંત(-તું),૦વાન વિ૦ પૈસાદાર

લક્ષ્ય વિ૦ [સં.] લક્ષ આપવા જેવું (૨) તાકવાનું; તાકી શકાય તેવું (૩) ન૦ ધ્યેય (૪) લક્ષ; હેતુ (૫) નિશાન (તાકવાનું) (૬) લક્ષ્યાર્થ (૭) જેનું લક્ષણ બાંધવાનું હોય તે (ન્યા.). ૦બિંદુ ન૦ લક્ષ્ય; ધ્યેય. ૦વેધ પું૦ ધારેલા નિશાનને તોડી પાડવું તે. ૦વેધિત્વ ન૦ લક્ષવેધીપણું. ૦વેધી વિ૦ જુઓ લક્ષવેધી. -ક્ષ્યાર્થ પું૦ મુખ્યાર્થનો બાધ થયે તેનો સંબંધી એવો જે બીજો અર્થ લેવો પડે છે તે (ન્યા.)

લખ વિ૦ લક્ષ; લાખ (પ.) (૨) લક્ષ્ય, દશ્ય (જગત માટે) (૩) સ્ત્રી૦ લત; છંદ (૪) લક્ષ્મી. ૦ચોરાશી સ્ત્રી૦ ચોરાસી લાખ જન્મનું ચક્ર

લખ(-ખ્ખ)ણ ન૦ + લક્ષણ; ચિહ્ન

લખણી ન૦ ટીપ; યાદી (દાન કે ઉઘરાણાની). -ણું ન૦ લખવાનું વતરણું; લેખણ (૨) લખાણી; -ત ન૦ કરાર; સહી સાથેનું લખાણ (૨) નસીબના લેખ

લખપતિ પું૦ લક્ષાધિપતિ

લખલખ વિ૦ ચળકતું; સ્વચ્છ (૨) અ૦ લખલખે એમ. ૦વું અ૦ક્રિ૦ ફાટવું; પીડા થવી (૨) ચકચકવું; ઝળકવું (૩) લખલખ એવો અવાજ થવો (પાણી ઊછળવાથી; કૂતરું પાણી પીએ ત્યારે) (૪) લવલવવું. -ખાટ પું૦ ઝગઝગાટ (૨) લવારો (૩) સણકો; પીડા (૪) ધાસ્તી; ડર (૫) ઘોંઘાટ; ધમાલ. -ખાટો પું૦ લખલખાટ; ઝગઝગાટ

લખલૂટ વિ૦ પુષ્કળ; બેશુમાર [જેવું

લખવું સ૦ક્રિ૦ લખાણ કરવું (૨) આલેખવું (૩) અવલોકવું;

લખંલખા સ્ત્રી૦ ઉપરાઉપરી કે સામસામી લખવું તે

લખાઈ સ્ત્રી૦ લખવાનું મહેનતાણું. -ણ ન૦ લખવું તે (૨) લખેલું તે. -પટ્ટી સ્ત્રી૦ લખંલખા કરવું તે. -મણ ન૦, -મણી સ્ત્રી૦ લખવાનું મહેનતાણું; લખાઈ

લખારો પું૦ લવારો; નકામી ટકટક

લખાલખ સ્ત્રી૦ જુઓ લખંલખા [લવારો

લખાવટ સ્ત્રી૦ લખાણ (૨) લખવાની ઢબ (૩) ધાસ્તી (૪)

લખિતંગ વિ૦ (પત્ર) લખનાર; જુઓ લિખિતંગ

લખી સ્ત્રી૦ (કા.) ઘોડીની એક જાત

લખેશરી વિ૦ તાલેવંત (૨) પું૦ લખપતિ

લખોટવું સ૦ક્રિ૦ લાખ ચડાવવી (માટીના વાસણને)

લખોટી સ્ત્રી૦ કાચ કે પથ્થરની નાની ગોળી. -ટો પું૦ મોટી લખોટી [બીડો (૨) જુઓ 'લખોટી'માં

લખોટો પું૦ અગત્યના કે સરકારી કાગળોનો સીલબંધ

લખ્ખણ ન૦ જુઓ લખણ; લક્ષણ

લખ્યા લેખ પું૦બ૦વ૦ નસીબ; વિધિ

લખ્યાં ન૦બ૦વ૦ લખત; દસ્તાવેજ [અ૦ + લગી

લગ સ્ત્રી૦ ટેકણ; ટેકો (મોભનો) (૨) સૂતરની આંટી (૩)

લગડ ન૦ એક પક્ષી

લગડી સ્ત્રી૦ સોના કે ચાંદીની પાટ

લગડું ન૦ ગધેડાનું છાલકું કે ચોકઠું (૨) બોજો

લગણ પું૦ બોજો (૨) અ૦ લગી; સુધી

લગત વિ૦ લગતું; નજીકનું (૨) સ્ત્રી૦ સંબંધ; ઘરોબો (૩) અ૦ પાસે; જોડે; લાગીને. -તી સ્ત્રી૦ વગ; શરમ. -તું વિ૦ સંબંધી; લાગુ પડતું; નજીકનું

લગદી સ્ત્રી૦ લૂગદી

લગન ન૦ જુઓ લગ્ન (૨) સ્ત્રી૦ [હિં.] લગની. ૦ગાળો પું૦ લગનની મોસમ. ૦ઘડી સ્ત્રી૦ લગનની મુખ્ય ક્રિયા કરવાની ઘડી-મુરત તે. ૦પડો પું૦ વરના તરફથી કન્યાને ત્યાં લગ્નનો શુભ દિવસ લખી, મોકલાતું કંકુનું પડીકું. ૦સરા સ્ત્રી૦ લગનગાળો. -નિયો પું૦ વરને તેડવા જનારો કન્યા તરફનો સગો. -ની સ્ત્રી૦ રટ; લહે; લત

લગભગ અ૦ પાસે; અડોઅડ (૨) આશરે

લગરીક વિ૦ (૨) અ૦ + લગીરેક

લગલગ ન૦ એક પંખી

લગવાડ સ્ત્રી૦ સંબંધ; પ્રીતિ

લગવું ન૦ નક્કી કરેલા ભાવે દરરોજ અમુક વસ્તુ લેવી તે (૨) સ૦ક્રિ૦ (પ.) લાગવું; વળગવું (૩) પહોંચવું

લગાડવું સ૦ક્રિ૦ ['લાગવું'નું પ્રેરક] અડકાડવું (૨) ચોપડવું (૩) વળગાડવું; લાગુ કરવું (૪) સળગાવવું

લગાતાર અ૦ [હિં.] સતત; લાગલાગટ

લગામ સ્ત્રી૦ [ફા.] ઘોડાના મોંનું લોઢાનું ચોકઠું (૨) તેને બાંધેલી હાંકનારના હાથમાં રહેતી દોરી

લગાર, -રેક વિ૦ થોડું (૨) અ૦ થોડા વખત માટે

લગાવ પું૦ મીણ

લગાવવું સ૦ક્રિ૦ જુઓ લગાડવું ૧,૨,૩ (૨) મારવું; ઠોકવું

લગી અ૦ લગણ; સુધી

લગીર,-રેક જુઓ લગાર

લગે અ૦ લાગ્યા! ફાવ્યા! હં! (એક ઉત્તેજનનો ઉદ્ગાર) (૨) + લગી. ૦લગે અ૦ લગે ૧ જુઓ

લગોલગ અ૦ છેક પાસે; અડીને (૨) લગભગ; પાસે

લગ્ગુ અ૦ જુઓ લગોલગ (૨) વિ૦ છિનાળવું; પરસ્ત્રી પાછળ ફર્યા કરનાર

લગ્ન વિ૦ [સં.] લાગેલું; વળગેલું (૨) લીન; આસક્ત (૩) ન૦ જેટલો સમય પૃથ્વી એક રાશિમાં રહે તેટલો વખત (૪) કોઈ શુભ કાર્ય કરવાનું મુહૂર્ત (૫) પરણવાનું મુહૂર્ત (૬) પરણવું તે; વિવાહ. ૦કાર્ય ન૦ લગ્નનું કામકાજ. ૦કાલ(-ળ) પું૦ લગ્ન કે બીજા શુભ કાર્યનું મુહૂર્ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦કું(-કૂં)ડળી સ્ત્રી૦ જન્મસમયે કયો ગ્રહ કઈ રાશિમાં હતો તે બતાવનાર કુંડળી; જન્મકુંડળી. **૦તિથિ** સ્ત્રી૦ લગ્નનો દિવસ. **૦નક્ષત્ર** ન૦ લગ્ન માટે શુભ નક્ષત્ર. **૦મંડપ** પું૦ લગ્ન માટે તૈયાર કરેલો મંડપ. **૦મુહૂર્ત** ન૦ લગ્નકાળ. **૦વેળા** સ્ત્રી૦ લગ્નકાળ. **-ગ્નોત્સવ** પું૦ લગ્નનો ઉત્સવ-ઉજવણી

લઘરવઘર વિ૦ (કા.) ચીંથરેહાલ [લઘરવઘર

લઘરા પું૦બ૦વ૦ લૂગડાના ડૂચા; ચીંથરાં. **લઘરિયું** વિ૦

લઘિમા સ્ત્રી૦ [સં.] લઘુપણું (૨) આઠ સિદ્ધિઓમાંની એક

લઘુ વિ૦ [સં.] નાનું (૨) હલકું (૩) સહેલું (૪) હ્રસ્વ; એક માત્રાનું (૫) પું૦ હસ્ત, પુષ્ય અને અશ્વિની નક્ષત્રોનું નામ. **૦કથા** સ્ત્રી૦ નાની વાર્તા; સાહિત્યકૃતિનો એક પ્રકાર. **૦કંસ** પું૦ ( ) આવો કૌંસ. **૦કોણ** પું૦ 'એક્યૂટ એન્ગલ' (ગ.). **૦જન** પું૦ (ગુરુજનનો વિપર્યાય) નાનો કે હલકો માણસ. **૦તમ** વિ૦ સૌથી નાનું (૨) પું૦ અમુક રકમોમાંની દરેકથી જેને શેષ વિના ભાગી શકાય એવી નાનામાં નાની રકમ (ગ.). **૦તમ સમચ્છેદ** પું૦ અમુક અપૂર્ણાંક રકમોના દરેકના છેદથી બરાબર ભાગી શકાય એવી નાનામાં નાની સંખ્યા (ગ.). **૦તમ સાધારણ અવયવી, ૦તમ સાધારણ ભાજ્ય** પું૦ જુઓ લઘુતમ. **૦તા** સ્ત્રી૦. **૦તાવાચક** વિ૦ લઘુતા બતાવનાર. **૦તાઈ** સ્ત્રી૦ + લઘુતા. **૦ત્વ** ન૦. **૦પ્રયત્ન** વિ૦ થોડા પ્રયત્નથી ઉચ્ચારાય તેવો (વર્ણ) (૨) આળસુ. **૦રેખા** સ્ત્રી૦ (—) આવું એક વિરામચિહ્ન. **૦લાઘવતા, ૦લાઘવી** સ્ત્રી૦ ચાલાકી; પેચ; યુક્તિ. **૦લિપિ** સ્ત્રી૦ બોલેલું જલદી લખી શકાય તેવી ટૂંકા સંકેતોવાળી લિપિ; 'શૉર્ટહેન્ડ'. **૦લેખન** ન૦ લઘુલિપિમાં લખવું તે. **૦વયી** વિ૦ નાની-ઓછી ઉમ્મરનું. **૦વાર્તા** સ્ત્રી૦ લઘુકથા. **૦શંકા** સ્ત્રી૦ પેશાબની હાજત. **૦શેખર** પું૦ સંગીતનો એક તાલ

લઘૂકરણ ન૦ [સં.] લઘુ-ઓછું કે ટૂંકું કરવું તે (૨) હલકું પાડવું કે તિરસ્કાર કરવો તે

લચક સ્ત્રી૦ મચકોડ (૨) લચકાતી ચાલ

લચકલચક અ૦ લચકે ને લચકે; મોટેમોટે કોળિયે; ઉતાવળથી

લચકવું અ૦ક્રિ૦ લચી જવું (૨) કરમોડાવું; સાંધામાંથી ઊતરી જવું (૩) મદથી ચાલતાં કમ્મરેથી જરા મરડાવું

લચકો પું૦ લોચો

લચડવું સ૦ક્રિ૦ ચોપડવું; લપેડવું

લચપચ અ૦ પ્રવાહીથી તરબોળ અને લોંદા જેવું હોય તેમ. **૦વું** અ૦ક્રિ૦ લચપચ થવું

લચલચવું અ૦ક્રિ૦ જુઓ લચકવું

લચવું અ૦ક્રિ૦ ભારથી નમી જવું

લચં(-ચાં)ડ વિ૦ માથાફોડિયું (૨) ન૦ પીડા; લપ

લચ્છ પું૦ લચ્છો ૧ જુઓ (૨) સ્ત્રી૦ + લાછ; લક્ષ્મી

લચ્છન ન૦ + લક્ષણ [એક ઘરેણું

લચ્છો પું૦ માંજો; પાયેલા દોરની આંટી (૨) પગનાં આંગળાંનું

લછ સ્ત્રી૦ + લચ્છ; લક્ષ્મી (૨) ન૦ લક્ષ; ધ્યાન

લજવવું સ૦ક્રિ૦ લાજે તેમ કરવું; લજાવવું

લજાડ(-વ)વું સ૦ક્રિ૦ 'લાજવું'નું પ્રેરક

લજામણી સ્ત્રી૦ એક છોડ (અડવાથી તેનાં પાન સંકોચાઈ જાય છે). **-ણું** વિ૦ લાજ પમાડે તેવું; લાજ આવે તેવું

લજાવવું સ૦ક્રિ૦ જુઓ લજાડવું

લજ્જત સ્ત્રી૦ [अ.] મજા; લિજ્જત

લજ્જા સ્ત્રી૦ [સં.] શરમ (૨) અપકીર્તિ. **૦ન્વિત** વિ૦ શરમિંદું. **૦યમાન** વિ૦ લજ્જા પામતું; શરમવાળું. **૦ળુ(-ળુ)** વિ૦ લજ્જાશીલ; શરમાળ. **૦વતી** વિ૦ સ્ત્રી૦ શરમવાળી. **૦વાન, ૦શીલ** વિ૦ શરમવાળું. **-જ્જિત** વિ૦ લજ્જા પામેલું; શરમાયેલું

લટ સ્ત્રી૦ થોડા વાળની સેર (૨) વડની મૂળી (૩) થોડા દોરાની આંટી (૪) મોતીની સેર

લટક સ્ત્રી૦ લચકાવું તે; મચકોડ (૨) લટકો (૩) છટા; ખૂબી; શૈલી. **૦છટક** સ્ત્રી૦ છટા; ખૂબી. **૦ણ(-ણિયું)** વિ૦ લટકતું; ઝૂલતું (૨) ન૦ કાનનું એક લટકતું રહેતું ઘરેણું. **૦ણિયાળું** વિ૦ લચકાતું; લચકવાળું. **૦વું** અ૦ક્રિ૦ ઝૂલવું; લબડવું; ટંગાવું (૨) [લા.] આધાર રહિત થવું; વચ્ચે રખડી જવું. **૦સલામ** સ્ત્રી૦ ખરા દિલથી ન કરેલી, ખાલી સલામ. **-કાળું** વિ૦ લટકાવાળું (૨) લટકા કરનારું. **-કિત** વિ૦ લટકાળું; લટકાવાળું. **-કું** ન૦ લટકો; નખરું. **-કો** પું૦ શરીરનો મોહક હાવભાવ-ચાળો; નખરું. **-કોઝટકો** પું૦ સહેજસાજ નવરાશનો સમય (૨) અ૦ દૈવયોગે; અણધાર્યું. **-કોમટકો** પું૦ આંખ અને શરીરનો ચાળો; નખરું

લટપટ વિ૦ ચંચળ; ચપળ (૨) સ્ત્રી૦ ચંચળતા; ચપળતા (૩) મેળ; સંબંધ (૪) ઘાલમેલ (૫) અ૦ ઝટપટ; જલદી. **-ટિયું** વિ૦ ચપળ; ચંચળ (૨) ન૦ હજામની અસ્ત્રો ઘસવાની ચામડાની પટ્ટી

લટર સ્ત્રી૦ લટ; શાખા (૨) લટાર; આંટો

લટવું અ૦ક્રિ૦ નમી પડવું

લટાક સ્ત્રી૦ લટક (?)

લટાકો પું૦ (કા.) પંચાત

લટાર સ્ત્રી૦ આંટો; ફેરો; ચક્કર

લટિયર વિ૦ (કા.) શોખીન; ભભકાદાર

લટિયું ન૦ વાળ; લટ (જરા તુચ્છકારદર્શક)

લટી સ્ત્રી૦ [हिं.] વેશ્યા; રંડી (૨) ગપ; જૂઠી વાત

લટૂરી સ્ત્રી૦ વાળનું એક ઘરેણું

લટોઝટો અ૦ ઉતાવળે (૨) સહેજસાજ

લટોરો પું૦ લટર (૨) ડાળોનું ઝુંડ (૩) એક પંખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લટુ વિ૦ નરમઘેંશ (૨) પરવશ (૩) સ્તબ્ધ (૪) પું૦ ભમરડો

લઠ(-ઠ્ઠ) વિ૦ જાડું અને મજબૂત (૨) પું૦ ડંગોરો. **-ઠિયું** વિ૦ લઠ્ઠ (૨) ન૦ ગાડાનો નીચલો ભાગ જેમાં લઠ્ઠો રહે છે. **-ઠિં(-ઠીં)ગું** વિ૦ લઠ; મજબૂત (૨) લુચ્ચું. **-ઠ્ઠી** સ્ત્રી૦ નાનો લઠ્ઠો. **-ઠ્ઠું** વિ૦ લઠ્ઠ. **-ઠ્ઠો** પું૦ ગાડી કે ગાડાનાં પૈડાંની લોઢાની ધરી-લઠ્ઠ દાંડો હોય છે તે

લડકણુ(-ણું) વિ૦ ટંટાખોર; લડવાના સ્વભાવનું

લડત સ્ત્રી૦ લડાઈ [ડિયું; અડબડિયું

લડથડવું અ૦ક્રિ૦ લડથડિયું ખાવું. **લડથડિયું** ન૦ લથ-

લડધું વિ૦ લઠ્ઠ; અલમસ્ત (૨) ન૦ છોકરું

લડબડવું અ૦ક્રિ૦ લડબડિયું ખાવું. **લડબડિયું** ન૦ ઠોકર ખાઈ લથડી પડવું તે

લડવા(-વે)ડ સ્ત્રી૦ ઝઘડો; કજિયો; વઢવાડ

લડવું સ૦ક્રિ૦ ઠપકો દેવો (૨) અ૦ક્રિ૦ સામસામે વાદ-વિવાદ, ટંટો, બોલાબોલી, મારામારી કે યુદ્ધ-લડાઈ કરવી (૩) [લા.] અણબનાવ થવો. **-વૈયો** પું૦ યોદ્ધો

લડસડ અ૦ (૨વ૦) લહેરમાં કે મદમાં અડબડિયાંવાળી ગતિએ. **૦વું** અ૦ક્રિ૦ લડસડ ચાલવું

લડંલડા(-ડી) સ્ત્રી૦ લડાલડ [વિ૦ લડકણું

લડાઈ સ્ત્રી૦ યુદ્ધ; જંગ (૨) ટંટો; ઝઘડો. **૦ખોર,-ક(-કુ)**

લડાક(-કુ) વિ૦ લાડકું (૨) જુઓ 'લડાઈ'માં. **-મણી** સ્ત્રી૦ લાડ લડાવવું તે [લડકણું

લડાયક વિ૦ લડી શકે તેવું (૨) લડાઈના ખપનું (૩)

લડાલડ(-ડી) સ્ત્રી૦ લડાઈ; ટંટો; લડંલડા

લડાવવું સ૦ક્રિ૦ 'લડવું'નું પ્રેરક (૨) લાડ કરવાં

લડાવું અ૦ક્રિ૦ 'લડવું'નું કર્મણિ ને ભાવે [દોરાની લટ

લડી સ્ત્રી૦ એક જાતની વસ્તુઓની પંક્તિ કે માળા (૨)

લડું ન૦ તાર વીંટવાનું સોનીનું ઓજાર (૨) દોરાની આંટી

લડુ પું૦ [સં.] લાડુ

લઢણ સ્ત્રી૦ લત; ટેવ (૨) પદ્ધતિ

લણણી સ્ત્રી૦ લણવાની ક્રિયા [[લા.] ફળ મેળવવું

લણવું સ૦ક્રિ૦ કણસલાં કાપી લેવાં; પાક ઊતરવો (૨)

લત સ્ત્રી૦ લગની (૨) ટેવ; વ્યસન

લતા સ્ત્રી૦ [સં.] વેલ. **૦કુંજ** સ્ત્રી૦ વેલનો માંડવો. **૦ગૃહ** ન૦, **૦મંડપ** પું૦ લતાઓનો માંડવો

લતાડ સ્ત્રી૦;પું૦ લાત; પાટુ (૨) ફેરવી તોળવું તે; ફરી જવું તે (૩) ગોથ; ગોથું (૪) પું૦ ઉપવાસ કે થાકથી લોથ થવું તે-સુરતી. **૦વું** અ૦ક્રિ૦ ખરાબ કરવું; માઠી હાલતમાં આણવું; નુકસાન કરવું

લતિકા સ્ત્રી૦ [સં.] લતા

લતીફ વિ૦ [अ.] સદ્ગુણી; સારું; સરસ. **-ફો** પું૦ હસવું આવે એવી વાતચીત; ટોળટપ્પો

લત્તા સ્ત્રી૦ લાત. **૦પ્રહાર** પું૦ લાત કે લાતો મારવી તે

લત્તો પું૦ [फा.] શહેરનો ભાગ; મહોલ્લો; ફળિયું

લથડપથડ અ૦ પાણીથી ભીંજાઈને તરબોળ હોય તેમ (૨) ઢીલું લબડતું હોય તેમ

લથડવું અ૦ક્રિ૦ ઠોકરથી ગોથું ખાવું (૨) બોલતાં અચકાવું (૩) દૂબળા પડી જવું (માંદગીથી)

લથડિયું ન૦ ગોથું; અડબડિયું

લથબથ અ૦ એકબીજાને જોરથી વળગ્યાં હોય તેમ

લથરપથર અ૦ ઢીલું લબડતું હોય એમ; લથડપથડ

લદબદ અ૦ પ્રવાહીથી ભરપૂર લચકા જેવું હોય તેમ (૨) ઢીલા પદાર્થમાં પડી ખરડાયેલું હોય એમ (૩) લીન; ચકચૂર

લદાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'લાદવું'નું કર્મણિ ને પ્રેરક

લપ સ્ત્રી૦ પીડા; ઉપાધિ; લફરું (૨) અ૦ જલદી; ચટ

લપકલપક અ૦ (૨વ૦) લબકલબક; રહી રહીને વેદના થાય એમ (જેમ કે, ગૂમડું પાકવાની)

લપકવું અ૦ક્રિ૦ લપકારા થવા-મારવા

લપ(-બ)કારો પું૦ જીભને લબૂક લબૂક બહાર કાઢવી તે (૨) વેદનાથી કે ભયથી કોઈ પણ અવયવનું લબૂકલબૂક થવું તે (૩) તોછડાઈથી વધારેપડતું બોલવું તે; લપકો

લપ(-બ)કાવવું સ૦ક્રિ૦ બિવરાવવું [જુઓ

લપ(-બ)કો પું૦ ગંદા પદાર્થનો લચકો (૨) લપકારો ૨,૩

લપકોઝપકો પું૦ ઝટોઝટ, સહેજસાજમાં બનવું તે

લપછપ સ્ત્રી૦ ઘાલમેલ; કાવતરું

લપટ સ્ત્રી૦ ઝડપ; ઝપટ (૨) અડફટ (૩) પેચ; ફાંદો (૪) ગંધ; મહેક (૫) વિ૦ તલ્લીન; મશગૂલ; લપટાયેલું. **૦ઝપટ** સ્ત્રી૦ ઓચિંતી ઝૂંટ મારવી તે

લપટવું અ૦ક્રિ૦ લપસવું; સરકવું (કા.)

લપટાવવું સ૦ક્રિ૦ 'લપટવું', 'લપટાવું'નું પ્રેરક. **લપટાવું** અ૦ક્રિ૦ ચીકટમાં ખરડાવું (૨) લલચાવું; ફસાવું

લપડું વિ૦ સજ્જડ નહિ તેવું; ઢીલું (૨) લાલચુ

લપડાક સ્ત્રી૦ લપ્પડ; તમાચો [જાડો લેપ; લપેડો

લપરડવું સ૦ક્રિ૦ લપેડવું; લપરડો કરવો. **લપરડો** પું૦

લપલપ સ્ત્રી૦ બકબક; લવારો (૨) અ૦ ચપચપ; ઝડપથી (૩) લબૂકલબૂક. **-પાટ** પું૦; સ્ત્રી૦ લવારો; બકવાટ (૨) ઉતાવળ; ધાંધળ. **-પિયું** વિ૦ લપલપાટ કરનારું

લપ(-પા)વું અ૦ક્રિ૦ સંતાવું

લપસણું વિ૦ લપસી પડાય એવું (૨) ન૦ લપસી પડાય એવી જગ્યા. **-વું** અ૦ક્રિ૦ ખસી પડવું; સરી જવું

લપસિંદર ન૦ નકામી લાંબી વાત [ભુસટિયો

લપાટ સ્ત્રી૦ થપાટ; લપડાક. **-ટિયો** પું૦ લપડાક મારનાર -

લપાવું અ૦ક્રિ૦ સંતાવું; લપવું (૨) સોડમાં ભરાવું; અડોઅડ દબીને ગોઠવાવું

લપિયું વિ૦ વાતોડિયું (૨) માથાઝીકિયું

લપૂડું વિ૦ લપલપિયું; વાતોડિયું (૨) પેટમાં વાત ન રહે તેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લપેટ સ્ત્રી૰ મગદળ-જોડીની એક કસરત. ૦**વું** સ૰ક્રિ૰ વીંટવું (૨) [લા.] સંડોવવું [વણાટનું કપડું

લપેટો પું૰ ઢાંકણ; આવરણ (૨) ખૂબ કસબવાળું રેશમી

લપેડવું સ૰ક્રિ૰ જુઓ લપરડવું

લપેડો પું૰ લપરડો; જાડો લેપ

લપ્પટ વિ૰ બરોબર સજ્જડ ચોંટેલું. **લપ્પડ** સ્ત્રી૰ લપડાક

લપ્પનછપ્પન સ્ત્રી૰;ન૰ પંચાત; છૂપી ઘાલમેલ (૨) દોઢડહાપણ; તીનપાંચ. **–નિયું** વિ૰ લપ્પનછપ્પન કરનારું

લપ્પાદાર વિ૰ લપ્પાની કોરવાળું (૨) ખબ જરીવાળું

લપ્પી વિ૰ જુઓ લપિયું

લપ્પો પું૰ ભરચક કસબવાળો લપેટો

લફડખંધું વિ૰ લેંધું-હાથારંગું પણ સ્વભાવે ધૂર્ત

લફડ(–ર)ફફડ(–ર) અ૰ લબડતું, આમતેમ ઊડ્યા કરતું તથા પગે અંટવાતું હોય તેમ

લફડ(–ર)વું અ૰ક્રિ૰ લફડફફડ થવું

લફરું ન૰ લીંટનો લબકો (૨) [લા.] પીડા; ઉપાધિ

લફંગું વિ૰ કપટી; દગલબાજ (૨) લંપટ; વ્યભિચારી (૩) નફ્ફટ; નિર્લજ્જ. **–ગાઈ** સ્ત્રી૰, **–ગાવેડા** પું૰બ૰વ૰ લફંગાપણું

લફ્(–વ્)જ પું૰ [फ़ा.] શબ્દ

લબ પું૰ [फ़ा.] હોઠ (૨) સ્ત્રી૰ લાળ

લબ અ૰ (રવ૰) (૨) લપ; જલદી. ૦**કલબક** અ૰ જુઓ લપકલપક. ૦**કારો** પું૰ જુઓ લપકારો. ૦**કાવવું** સ૰ક્રિ૰ જુઓ લપકાવવું. ૦**કો** પું૰ જુઓ લપકો

લબડધક્કે અ૰ દમથી; ધમકાવીને; બળાત્કારે

લબડવું અ૰ક્રિ૰ જુઓ લટકવું

લબ(–બો)તરું વિ૰ નબળું; ક્ષીણ (૨) નરમ; પોચું

લબદાવું અ૰ક્રિ૰ પ્રવાહીથી તરબોળ થવું કે ખરડાવું (૨) [લા.] સંડોવાવું; ફસાવું

લબલબ અ૰ (રવ૰) એવો અવાજ થાય તેમ (જેમ કે, કૂતરાના ચાટવાનો) (૨) ઉતાવળે (૩) લબુલબુ. **–બાટ** પું૰ લબલબ અવાજ

લબાચિયું વિ૰ ચીંથરેહાલ; ચીંથરિયું

લબાચો પું૰ મેલાં ફાટેલાં લૂગડાંનો જથો (૨) ભાંગ્યાતૂટ્યા સરસામાનનો જથો (૩) ઘરવખરો (તિરસ્કારમાં ને બહુધા બ૰વ૰માં) [સ્ત્રી૰ જૂઠાણું

લબાડ(–ડી) વિ૰ જૂઠું બોલવાની ટેવવાળું. **–ડાઈ, –ડી**

લબુલબુ, લબૂકલબૂક અ૰ બીકથી લપલપ થાય તેમ

લબૂકિયું ન૰, **લબૂકો** પું૰ બીકથી લબુલબુ થવું તે

લબોચું ન૰ મોં; ડાચું (તુચ્છકારદર્શક). **–ચો** પું૰ તમાચો

લબોતરું વિ૰ જુઓ લબતરું

લબ્ધ વિ૰ [सं.] મળેલું. **–બ્ધા** સ્ત્રી૰ જુઓ વિપ્રલબ્ધા (૨) દુગ્ધા; પીડા; બૈરીછોકરાંની જંજાળ. **–બ્ધિ** સ્ત્રી૰ પ્રાપ્તિ (૨) 'રીઝલ્ટ' (ગ.)

લબ્બેક અ૰ 'સેવામાં હાજર છું', 'જી સાહેબ' એવા અર્થનો ઉદ્ગાર

લભ્ય વિ૰ [सं.] મળી શકે એવું

લમણું ન૰, **–ણો** પું૰ ગાલની ઉપરનો કાન આગળનો માથાનો ભાગ. **–ણા(–ણાં)ઝીક** સ્ત્રી૰ જુઓ માથાઝીક. **–ણા(–ણાં)તોડ** વિ૰ (૨) સ્ત્રી૰ માથાફોડ

લય પું૰ [सं.] નાશ પ્રલય (૨) લીનતા; એકતાર થઈ જવું તે (૩) વિરામ; વિશ્રામ (સંગીતમાં) (૪) નૃત્ય, ગીત અને વાદ્યની સમતા (સંગીતમાં) (૫) કોઈ સ્વર કાઢવામાં લાગતો સમય (દ્રુત, મધ્ય અને વિલંબિત) (૬) ગાવાનો ઢંગ; સ્વર કાઢવાનો ઢંગ. ૦**વાદ્ય** ન૰ લય પ્રકટ કરવા માટેનું વાદ્ય. જેમ કે, તબલું

લયાકત સ્ત્રી૰ લાયકી; યોગ્યતા [ફિટકાર; કદુવા

લયાનત સ્ત્રી૰ લ્યાનત; લાનત; શરમ; નામોશી (૨) ધિક્કાર;

લલક સ્ત્રી૰ લાલસા (૨) લાડ; લાલન. ૦**વું** સ૰ક્રિ૰ લાલસા કરવી (૨) ઝૂલવું; લટકવું (૩)+ જુઓ લળકવું. **–કાયમાન** વિ૰ લલકતું

લલકાર પું૰ લલકારવું તે (૨) લલકારેલું ગાન. ૦**વું** સ૰ક્રિ૰ લાંબે સ્વરે ગાવું (૨) બૂમ પાડવી

લલચાવું અ૰ક્રિ૰ લાલચમાં ફસાવું (૨) મોહિત થવું; લુબ્ધ થવું (૩) લાલસા કરવી. **–વવું** સ૰ક્રિ૰ (પ્રેરક)

લલના સ્ત્રી૰ [सं.] સુંદર સ્ત્રી [માળા–હાર

લલંતિકા સ્ત્રી૰ [सं.] નાભી સુધી પહોંચે એવી લાંબી

લલાટ ન૰ [सं.] કપાળ. ૦**રેખા** સ્ત્રી૰ વિધાતાએ લલાટે લખેલા નસીબના લેખ. **–ટિકા** સ્ત્રી૰ કપાળનું એક ઘરેણું

લલામ વિ૰ [सं.] સુંદર; રમણીય (૨) ન૰ કપાળનું એક ઘરેણું

લલિત વિ૰ [सं.] મનોહર; સુંદર (૨) પ્રિય; ગમે એવું (૩) નાજુક; કોમળ (૪) પું૰ એક છંદ (૫) એક રાગ. ૦**કલા(–ળા)** સ્ત્રી૰ 'ફાઈન આર્ટ'; મન અને કલ્પનાના શ્રમ પર મુખ્ય આધાર રાખનાર કલા–ચિત્રકળા, સંગીત જેવી. ૦**તિલકા** પું૰ એક છંદ. ૦**સ્વર** પું૰ એક અલંકાર (સંગીત). **–તા** સ્ત્રી૰ જુવાન સુંદર સ્ત્રી

લલુતા સ્ત્રી૰ જુઓ લોલુપતા

લલેડું ન૰ (રવ૰) એક પંખી

લલોપતાં ન૰બ૰વ૰ સવાસલાં; ખુશામત

લલ્લો પું૰ લકાર

લવ વિ૰ [सं.] થોડું (૨) પું૰ અંશ (૩) નિમેષનો છઠ્ઠો ભાગ (૪) લવારો (૫) ચાંટ તથા થાપની વચ્ચેનો તબલાનો ભાગ (૬) [सं.] રામનો પુત્ર

લવચીક વિ૰ [सं.] ભાગે નહિ પણ વળે એવું નરમ

લવણ ન૰ [सं.] મીઠું

લવથવ સ્ત્રી૰ (કા.) મીઠાશ કે વિવેકભરી વાણી

લવરી સ્ત્રી૰ લવારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લવલવ સ્ત્રી૦ લવારો; બકબકાટ (૨) અ૦ લવલવ કરે તેમ. ૦વું અ૦ક્રિ૦ લવલવ કરવું. -વાટ(-રો) પું૦ લવારો

લવલી સ્ત્રી૦ [સં.] એક વેલી [પું૦ બહુ જ થોડો અંશ

લવલેશ વિ૦ [સં.] થોડું (૨) અ૦ જરાપણ; તલમાત્ર (૩)

લવવું અ૦ક્રિ૦ લવારો કરવો

લવંગ ન૦ [સં.] લવિંગ; એક તેજાનો. -ગિયું વિ૦ લવંગ જેવું કે જેવડું (૨) ન૦ કાનનું એક ઘરેણું

લવં(-વિં)ત્રી સ્ત્રી૦ લવરી

લવાજણ સ્ત્રી૦ વિવેક અને મીઠાશ (વાણીમાં)

લવાજમ ન૦ અમુક મુદતે આપવાની રકમ (જેમ કે, પગારની, વર્તમાનપત્રની)

લવાદ પું૦ પંચ (૨) પંચાતિયો. ૦નામું ન૦ જુઓ પંચાતનામું. -દી વિ૦ લવાદ સંબંધી (૨) સ્ત્રી૦ લવાદનું કામ

લવાર પું૦ (ગ્રામ્ય) લુહાર. -રિયાં ન૦બ૦વ૦ લુહારનું કામ કરતી જિપ્સી જેવી એક જાત

લવારું ન૦ બકરીનું બચ્ચું (૨) ધાવણું બાળક

લવારો પું૦ લવરી; બકવાટ

લવિંગ ન૦ લવંગ. ૦લતા પું૦ એક છંદ. -ગિયું વિ૦ (૨) ન૦ જુઓ લવંગિયું. -ગી સ્ત્રી૦ લવિંગનો છોડ

લવિંત્રી સ્ત્રી૦ લવરી; લવંત્રી

લવૂરો પું૦, -રિયું ન૦ નખ કે નોરથી ભરેલો ઉઝરડો

લ૦ઝ પું૦ શબ્દ; લફ્જ

લ૦વો પું૦ જીભનો લોળો

લશ્કર ન૦ [फा.] સૈન્ય. -રી વિ૦ લશ્કરનું,-ને લગતું

લસણ ન૦ એક કંદ. -ણિયું વિ૦ લસણવાળું (૨) લસણ જેવું. -ણિયો પું૦ લસણની નાની કળી જેટલો તપખીરિયા રંગનો એક મણિ

લસત વિ૦ [સં.] લસતું હોય એવું

લસબસ અ૦ (રસમાં) તરબોળ હોય તેમ

લસરક લસરક અ૦ ઝપાટાબંધ; લસરકાભેર

લસરકો પું૦ ઝપાટાથી ખેંચવું કે ઘસડવું તે; ઘસરકો; ઉઝરડો

લસલસ અ૦ લસલસતું હોય એમ. ૦વું અ૦ક્રિ૦ ચળકવું; તેજ મારવું (૨) ઘી તેલથી તરબોળ હોવું (૩) આનંદમાં ખેલવું કે નાચવું. -સાટ અ૦ ઘસઘસાટ [લપસવું

લસવું અ૦ક્રિ૦ ચળકવું; શોભવું (૨) રમવું; નાચવું (૩)

લસંતી વિ૦સ્ત્રી૦ [સં.] શોભતી; ચળકતી

લસોટવું સ૦ક્રિ૦ લસરકે ઘૂંટવું-વાટવું

લહકવું અ૦ક્રિ૦ લહેકવું (પ.)

લહર(-રા)વું અ૦ક્રિ૦ લહરીઓ ઊઠવી

લહરિ(-રી) સ્ત્રી૦ [સં.] તરંગ; મોજું

લહાણ ન૦ લાભ; નફો. -ણી સ્ત્રી૦ ખુશાલીને પ્રસંગે ભેટની વહેંચણી. -ણું ન૦ શુભાશુભ પ્રસંગે નાતીલા વગેરેમાં કરાતી વહેંચણી

લહાવ(-વો) પું૦ જુઓ લહાવો

લહાવું સ૦ક્રિ૦ લહાણી કરવી (૨) અ૦ક્રિ૦ દાઝવું

લહાવો પું૦ આનંદનો ઉપભોગ (૨) ઓરતો; ઓરિયો

લહિયો પું૦ લખવાનું કામ કરનારો માણસ

લહે સ્ત્રી૦ લગની; તાન (૨) લહેજત; આનંદ

લહેકવું અ૦ક્રિ૦ લેંકવું; ઝૂલવું (૨) લહેકાથી ચાલવું, બોલવું વગેરે જેવી ક્રિયા કરવી (૩) ફરફરવું

લહેકો પું૦ શરીરનો મોહક ચાળો કે મરોડ (૨) વર્ણ લંબાવીને કે રાગડો તાણીને બોલવું તે [લહેજતવાળું

લહેજત સ્ત્રી૦ લજ્જત; મજા (૨) રસ; સ્વાદ. ૦દાર વિ૦

લહેજો પું૦ [अ.] પળ; ક્ષણ

લહેર સ્ત્રી૦ તરંગ; મોજું (પાણી, પવન કે વિચારનું) (૨) ઊંઘ કે કેફની અસર (૩) લીલાલહેર (૪) મજા; ચમન. ૦વું અ૦ક્રિ૦ તરંગ ઊઠવો; મોજાંની લહરી ચાલવી. -રિયું ન૦ મોજાંની ભાતનો સાલ્લો (૨) સ્ત્રીઓનું કોટનું એક ઘરેણું (૩) ઝોકું. -રી વિ૦ આનંદી (૨) તરંગી (૩) ઇશ્કી (૪) ઉડાઉ (૫) સ્ત્રી૦ લહેર; મોજું

લહેવું સ૦ક્રિ૦ ધ્યાનપૂર્વક સાંભળવું (૨) ગણવું; માનવું; સમજવું; પિછાનવું (૩) ભાળવું (૪) પ્રાપ્ત કરવું; મેળવવું

લળકવું અ૦ક્રિ૦ ચમકારા મારવા; ચળકવું (૨) ઉમંગથી ડોલતાં ડોલતાં આવવું (૩) લાલસા કરવી

લળવું અ૦ક્રિ૦ નમવું (૨) પ્રેમથી ઉમળકામાં આવવું (૩) જુઓ લળકવું [(૩) સ્ત્રી૦ લંકા (પ.)

લંક વિ૦ પૈસાદાર (૨) પું૦ પાતળી કમ્મરનો લાંક; મરોડ

લંકા સ્ત્રી૦ [સં.] (સં.) રાવણની નગરી (૨) સિલોન. ૦લીલા સ્ત્રી૦ (લંકાની પેઠે) બાળી મૂકવું તે. -કેશ પું૦ (સં.) રાવણ

લંગડ,-ડું વિ૦ લૂલું; ખોડું; પાંગળું. ૦ખાં પું૦ લંગડો માણસ (જરાક મજાકમાં). -ડાવું અ૦ક્રિ૦ લંગડા ચાલવું. -ડી(૦ઘોડા) સ્ત્રી૦ એક રમત

લંગડા કેરી સ્ત્રી૦ લંગડો કહેવાતી કેરીની એક જાત.

લંગર ન૦ [फा.] વહાણ થોભાવી રાખવા જમીનમાં ભરાય તેમ નાખવાનું વાંકા અંકોડાવાળું એક સાધન (૨) સદાવ્રત; લંગરખાનું (૩) સ્ત્રીઓનું પગનું એક ઘરેણું (૪) એક છેડે વજન બાંધેલી દોરી; લંગીસ (૫) [લા.] લાંબી હાર; લંગાર. ૦ખાનું ન૦ લંગર ૨ જુઓ. ૦વા ન૦ એક છેડે વજન બાંધેલી દોરી (૨) અ૦ લંગર જાય તેટલું. ૦વાર વિ૦ લંગરેલું. ૦વું સ૦ક્રિ૦ લંગારવું; લંગર નાખી વહાણ થોભાવવું (૨) એકને બીજું વળગાડી સાંકળ કે હાર કરવી (૩) [લા.] ફાંદામાં નાખવું. -રિયું ન૦ ઝાંઝર. -રી સ્ત્રી૦ નાનું ઝાંઝર

લંગાર સ્ત્રી૦ લંગર; લાંબી હાર; પંક્તિ (૨) સાંકળ. ૦વું સ૦ક્રિ૦ જુઓ લંગરવું

લંગાવું અ૦ક્રિ૦ લંગડાવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લંગીસ ન૦ પતંગના દિવસોમાં રમાતું લંગર

લંગૂર ન૦ લંગૂલ; પૂંછડું. **-ર(-રિયો)** પું૦ વાંદરો. **૦વા** પું૦ કેડો; પીછો

લંગૂલ ન૦ લાંગૂલ; પૂંછડી

લંગોટ પું૦ લંગોટી જેવી લાંબી પટીવાળું તથા લંગોટીની પેઠ પહેરાતું શરૂઆતમાં ત્રિકોણ કકડાવાળું એક વસ્ત્ર. **૦બંધ** વિ૦ લંગોટ પહેરેલું (૨) બ્રહ્મચારી. **-ટિયું** વિ૦ લંગોટી પહેરતું; નાની ઉંમરનું. **-ટિયો** પું૦ બાળપણનો મિત્ર (૨) બાવો. **-ટી** સ્ત્રી૦ માત્ર ઇંદ્રી ઢંકાય તેમ કમ્મરે બાંધેલી પટી કે દોરી સાથે ખેંચીને બાંધવાની લૂગડાની પટી. **-ટો** પું૦ જુઓ લંગોટિયો

લંઘન ન૦ [સં.] જુઓ ઉલ્લંઘન (૨) લાંઘણ. **-નીય** વિ૦ ઓળંગી કે ઉથાપી શકાય એવું. **-વું** સ૦ક્રિ૦ જુઓ ઉલ્લંઘવું (૨) લાંઘવું

લંઘી સ્ત્રી૦ રાજિયા ગાઈ કૂટાવનારી સ્ત્રી(૨) જુઓ વડારણ

લંઘો પું૦ શરણાઈ વગાડવાનો ધંધો કરનાર

લંઘોરુ સ્ત્રી૦ + સુંદર જાંઘવાળી-રૂપાળી સ્ત્રી

લંઘ્ય વિ૦ [સં.] જુઓ લંઘનીય

લંઠ(-ઠ) વિ૦ + લાંઠ; બદમાશ

લંપ ન૦ જુઓ લાંપડું [૦તા,-ટાઈ સ્ત્રી૦

લંપટ વિ૦ લપટાઈ લટ્ટુ બની ગયેલું (૨) વ્યભિચારી; વિષયી.

લંબ વિ૦ (૨) પું૦ [સં.] 'પર્પેન્ડિક્યુલર' [ગ.] (૩) વિ૦ લાંબું (૪) પું૦ ઓળંબો (૫) દરિયાનું પાણી માપવાની દોરી. **૦ક** પું૦ લંબ (ગ) (૨) પરિચ્છેદ; અધ્યાય. **૦કર્ણ** વિ૦ લાંબા કાનવાળું (૨) પું૦ ગધેડો. **૦ગોળ** વિ૦ (૨) પું૦ અંડાકાર; 'ઇલિપ્સોઇડ' (ગ.). **૦ચોરસ** વિ૦ (૨) પું૦ 'રેક્ટેન્ગલ' (ગ.). **૦ન** ન૦ લટકવું તે (૨) આલંબન; આશ્રય. **૦રેખા** સ્ત્રી૦ લંબ લીટી (ગ) (૨) ઓળંબાની લીટી. **૦વર્તુલ(-ળ)** ન૦ જુઓ લંબવૃત્ત. **૦વું** સ૦ક્રિ૦ લટકવું; વળગવું. **૦વૃત્ત** ન૦ 'ઇલિપ્સ' (ગ.). **૦સંગમ** પું૦ 'ઑર્થોસેન્ટર' (ગ.) **૦સ્તની** વિ૦સ્ત્રી૦ લાંબાં સ્તનવાળી. **-બાઈ** સ્ત્રી૦ લાંબાપણું કે તેનું માપ. **-બાણ** ન૦લાંબાપણું; દૂરતા (૨) લંબાવવું તે. **-બાવવું** સ૦ક્રિ૦ 'લંબાવું'નું પ્રેરક. **-બાવું** અ૦ક્રિ૦ લાંબું થવું (૨) ઘણો વખત ચાલવું [પું૦ તેવું માણસ

લંબૂશ(-સ) વિ૦ સાધારણથી વધારે લાંબું કે ઊંચું (૨)

લંબોચાઈ સ્ત્રી૦ સીધી-લંબ પ્રમાણે ઊંચાઈ

લંબોદર વિ૦ [સં.] ફાંદાળું (૨) પું૦ (સં.) ગણપતિ

લા સ્ત્રી૦ + લાય; જવાળા

લા [અ.] નકારદર્શક પૂર્વગ. ઉદા૦ લાઇલાજ [પણું; લાચારી

લાઇલાજ વિ૦ [અ.] નિરુપાય; લાચાર. **-જી** સ્ત્રી૦ નિરુપાય-

લા ઇલાહ ઇલ્લલ્લાહ મુહંમદુર્રસૂલુલ્લાહ શ૦ પ્ર૦ [અ.] 'ઈશ્વર એક છે ને મહંમદ એના રસૂલ છે' એ કલમો

લાઓલાદ વિ૦ [અ.] વાંઝિયું

લાકડ ન૦ જુઓ લક્કડ. **૦કામ** ન૦ લક્કડકામ. **૦કૂકડ** ન૦ લાકડાના ટુકડા વગેરે પરચૂરણ સામાન. **૦શી(-સી)** વિ૦ જુઓ લક્કડશી. **-ડિયું** વિ૦ લાકડાનું,-ના જેવું (૨) ડંડાબાજ; લાકડીથી કામ લેતું (૩) ન૦ જુઓ લક્કડિયું. **-ડી** સ્ત્રી૦ સોટી; લાઠી. **-ડું** ન૦ ઝાડનાં સૂકાં થડ, ડાળ વગેરે (૨) [લા.] આડખીલી; નડતર; ગોદ (૩) બળતણ

લાક્ષણિક વિ૦ [સં.] લક્ષણા સંબંધી; લક્ષણાથી સૂચિત થતું (૨) લક્ષણ સંબંધી; લક્ષણ સૂચવનારું; આખા વર્ગનું સૂચક. **૦તા** સ્ત્રી૦

લાક્ષા સ્ત્રી૦ [સં.] લાખ. **૦(-ખા)ગૃહ** ન૦ લાખનું બનાવેલું ઘર. **૦રસ** પું૦ લાખનો રસ; અળતો

લાખ પું૦ સો હજાર (૨) સ્ત્રી૦ ખાખરો, પીપળો, બોરડી વગેરે પર થતા કીડાઓએ બનાવેલો એક પદાર્થ. **૦લાખેણું** વિ૦ ખૂબ લાખેણું. **૦પસાય** પું૦ (૨) સ્ત્રી૦ એક ગામ, એક હાથી ને લાખ રૂપિયા કે બીજી કોઈ લાખ વસ્તુઓનો રાજાએ આપેલો સરપાવ (૨) [લા.] મોટામાં મોટો સરપાવ. **૦પંચોતરી** પું૦ વધારીને વાત કહેનાર; લબાડી

લાખવું સ૦ક્રિ૦ લાખવાળું કરવું; લાખ ચડાવવી

લાખાગૃહ ન૦ જુઓ લાક્ષાગૃહ [કંકણ

લાખિયું વિ૦ લાખનું બનાવેલું કે લાખેલું (૨) ન૦ લાખનું

લાખી વિ૦ લાખ જેવા રંગવાળું (૨) લાખનું બનાવેલું (૩) ધનવાન; ઉદાર (૪) અસંખ્ય

લાખું ન૦ શરીર ઉપરનું જન્મથી પડેલું ચાઠું [કીમતી

લાખેણું વિ૦ પ્રતિષ્ઠિત; આબરૂદાર; સુલક્ષણું (૨) લાખ રૂપિયાનું;

લાખો પું૦ (પ.) સુલક્ષણવંતો, લાખેણો માણસ

લાખોટવું સ૦ક્રિ૦ લાખવું. **લાખોટું** વિ૦ લાખેલું

લાગ પું૦ તાકડો; દાવ; પ્રસંગ (૨) આધાર; ટેકણ (૩) યુક્તિ

લાગટ અ૦ સતત; ચાલુ; લગાતાર

લાગટું ન૦ ગાઢો સંબંધ (૨) પરાયાં સ્ત્રીપુરુષનો સંબંધ

લાગણી સ્ત્રી૦ મનની વૃત્તિ કે ભાવ (૨) દયા; સમભાવ. **૦પ્રધાન** વિ૦ વિચાર કે તર્ક નહિ પણ લાગણી જેમાં મુખ્ય હોય તેવું; ભાવપ્રધાન

લાગત સ્ત્રી૦ થયેલું ખર્ચ; મૂળ કિંમત (૨) દાણ; જકાત

લાગતુંવળગતું વિ૦ કુટુંબી કે કોઈ બીજી રીતે સંબંધી

લાગભાગ પું૦ સંબંધી તરીકેનો હિસ્સો

લાગલાગટ અ૦ સતત; ચાલુ; લાગટ

લાગલું અ૦ તરત જ

લાગવગ સ્ત્રી૦ લાગ અને વગ; વગવસીલો

લાગવું સ૦ક્રિ૦ સંબંધ કે સ્પર્શ થવો (૨) અથડાવું; ઝપટાવું; વાગવું (૩) વળગવું; બાઝવું; મચ્યા રહેવું (૪) દેખાવું; ભાસવું (૫) કિમ્મત પડવી (૬) લાગુ પડવું (૭) લાગણી કે અસર થવી (૮) સ્ત્રી કે પુરુષનો ખરાબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધ બાંધવો (૯) અ૰ક્રિ૰ સળગવું

લાગુ વિ૰ સંબંધ હોય તેવું; વળગેલું; લાગેલું (૨) બંધબેસતું; અનુકૂલ આવતું (૩) અ૰ ચાલુ; જારી

લાગો પું૰ દાપું; હકસાઈ (૨) કર; વેરો (૩) સંબંધ; સગપણ (૪) પીછો; કેડો

લાઘવ ન૰ [સં.] લઘુતા (૨) ચપળતા; કુશળતા (૩) નાનમ (૪) ક્ષુલ્લકપણું (૫) તર્કનો એક ગુણ–થોડાથી ઘણાનો ખુલાસો થવો તે(તેથી ઊલટો ગૌરવદોષ છે) [ન્યા.]

લાચાર વિ૰ [फा.] નિરુપાય; વિવશ (૨) ગરીબ; દીન. **-રી** સ્ત્રી૰ લાચારપણું; વિવશતા

લાછ સ્ત્રી૰+લક્ષ્મી; લચ્છ. **૰વર** પું૰પૈસાદાર પતિ(૨)[સં.] શ્રીકૃષ્ણ. **-છાકુંવર** પું૰ ધનવાનનો પુત્ર (૨) લાછવર

લાછાં ન૰બ૰વ૰ પગને તળિયે તેમ જ હથેળીમાં લીમડાનાં પાનથી છાશ છાંટી, તાવેથાથી ઝડપથી વારંવાર ડામવું તે

લાછો પું૰ હીરની મોટી આંટી

લાજ સ્ત્રી૰ લજ્જા; શરમ (૨) મર્યાદા; મલાજો. **૰લજામણી** સ્ત્રી૰ શરમ; સંકોચ (૨) લજામણી. **૰વું** સ૰ક્રિ૰ શરમાવું

લાજમ વિ૰ જુઓ લાજિમ

લાજા સ્ત્રી૰ [સં.] ડાંગરની ધાણી. **૰હોમ** પું૰ લગ્નના વિધિ દરમ્યાન વરકન્યા વેદીમાં ડાંગર હોમે છે તે

લાજાળી સ્ત્રી૰ જુઓ લજામણી. **-ળું** વિ૰ શરમાળ

લાજિમ વિ૰ [अ.] લાજમ; ઘટિત; છાજે એવું

લાજુલાડી વિ૰ શરમાળ (૨) સ્ત્રી૰ શરમાળ છોકરી

લાટ પું૰[સં.](સં.) ભરૂચ આસપાસના પ્રદેશનું પ્રાચીન નામ

લાટ ['ટ'માં યશ્રુતિ]પું૰લાટો; મોજો; તરંગ(૨) સ્ત્રી૰ ઘાણીનું ઊભું લાકડું(૩) ધરી(જેમ કે, ગાડાની, રેંટિયા કે ચરખાની)

લાટ પું૰ જથો (૨) મોટો સાહેબ–સત્તાધીશ. **૰બંધ** અ૰ જથાબંધ. **૰સાહેબ** પું૰ મોટો સાહેબ; 'લૉર્ડ'

લાટાનુપ્રાસ પું૰ [સં.] ભિન્ન અન્વયવાળા સમાન અર્થના સમાન શબ્દોની આવૃત્તિ; એક શબ્દાલંકાર (કા.શા.)

લાટી સ્ત્રી૰ લાકડાંનું પીઠું [લાંબો ટુકડો

લાટો પું૰ લાટ; મોજો; તરંગ (૨) સાબુ કે કોઈ ધાતુનો

લાઠી સ્ત્રી૰ જાડી લાકડી; ડાંગ. **૰બાજ** વિ૰ લાઠી ચલાવવામાં કુશળ. **૰બાજી** સ્ત્રી૰

લાડ ન૰ હસાવી ખેલાવી રાજી રાખવું તે (૨) તેવું વર્તન કે ચેષ્ટા. **૰કવાયું** વિ૰ જુઓ લાડવાયું. **૰કાલાડુ** પું૰બ૰વ૰ જનોઈ કે લગ્ન વખતે સગાં તરફથી જે મીઠાઈ કે નાણું ભેટ આપવામાં આવે છે તે. **૰કું** વિ૰ જુઓ લાડવાયું. **૰ઘેલું** વિ૰ ઘણા લાડથી વહી ગયેલું. **૰ણું(-લું)** વિ૰ જુઓ લાડવાયું. **૰લાડુ** પું૰બ૰વ૰ જુઓ લાડકાલાડુ. **૰લું** વિ૰ લાડણું; લાડકવાયું. **૰વણ** સ્ત્રી૰માનીતી સ્ત્રી. **૰વાયું** વિ૰ લાડમાં ઊછરેલું; વહાલું. **૰વું** અ૰ક્રિ૰ લાડ કરવાં (૨) લાડમાં રિસાવું

લાડવો પું૰ લાડુ

લાડસઘેલું વિ૰ જુઓ લાડઘેલું

લાડાલાડ સ્ત્રી૰ લાડમાં રિસાવું તે

લાડિયું વિ૰ લાડવાયું (૨) ન૰ લાડવાયું છોકરું

લાડી સ્ત્રી૰ કન્યા (૨) નવી પરણેલી વહુ

લાડીલું વિ૰ (૨) ન૰ જુઓ લાડિયું

લાડુ પું૰ મોદક; એક મીઠી વાની (૨) પિંડો; ગોળો

લાડો પું૰ વર (૨) લાડવાયો છોકરો [જોડણી નહિ)

લાણી સ્ત્રી૰ કાપણી; લણણી ('લહાણી' અર્થમાં આ

લાત સ્ત્રી૰ પગથી કરેલો આઘાત; પાટુ. **-તંલાતા** સ્ત્રી૰ સામસામી લાત મારવી તે. **-તાટવું** સ૰ક્રિ૰ લાતે લાતે મારવું

લાતી સ્ત્રી૰ બંદર ઉપરની વખાર; કોઠી

લાદ સ્ત્રી૰ ઘોડાગધેડાનું છાણ [ભરવો; ખડકવું

લાદવું સ૰ક્રિ૰ (ઊંટ, ગધેડાં વગેરેની પીઠ પર) સામાન

લાદી સ્ત્રી૰ પથ્થરની પાતળી અને નાની તખતી (૨) ફરસબંધી

લાદે(-દો)ડો પું૰ ધોબીના પોઠિયા પર લાદેલો ગાંસડો (૨) મોટો ભાર [સાથે વહાણનું ચોંટી જવું

લાધવું સ૰ક્રિ૰ પ્રાપ્ત થવું; મળવું (૨) અ૰ક્રિ૰ જમીન

લાનત સ્ત્રી૰ [अ.] લયાનત; લ્યાનત; શરમ

લાપ(-પો)ટ સ્ત્રી૰ તમાચો. **૰ઝાપ(-પો)ટ** સ્ત્રી૰ જુઓ ધોલધાપટ. **-ટિયું** ન૰ લાપોટિયું; ગાલ સૂજી આવી થતું ગૂમડું. **-ટિયો** પું૰ લાપોટિયો; ઘુસટિયો

લાપન ન૰ અન્વય પાડી અર્થ કહેવો તે

લાપરવા વિ૰ [फा.] બેપરવા. **૰ઈ** સ્ત્રી૰ બેપરવાઈ

લાપશી(-સી) સ્ત્રી૰ ઘઉંની એક મીઠી વાની [લાંપી

લાપી(-બી) સ્ત્રી૰ સફેદો અને બેલતેલની બનાવેલી લૂગદી;

લાપોટ, ૰ઝાપોટ,-ટિયું, -ટિયો જુઓ 'લાપટ'માં

લાફો પું૰ તમાચો(૨)ઉડાઉ માણસ(૩) બારીબારણાં બંધ કરવાનો લાકડાનો આડો કકડો; ભૂંગળ(૪)નોંધ ૪ જુઓ. **-ફાલાફ(-ફી)** સ્ત્રી૰, **-ફાવેડા** પું૰બ૰વ૰ ઉડાઉપણું

લાબડી સ્ત્રી૰ એક પંખી–લાવરી

લાબરું વિ૰ સુકોમળ; નાજુક

લાબી સ્ત્રી૰ જુઓ લાપી; લાંબી

લાબું ન૰ કુંવારનું પાન

લાભ પું૰[સં.] ફાયદો. **૰કર(-ર્તા)**, **૰કારક**, **૰કારી** વિ૰ લાભ કરે તેવું. **૰દાયી**, **૰પ્રદ** વિ૰ લાભ આપનારું. **૰વું** સ૰ક્રિ૰ મળવું; પ્રાપ્ત થવું; ખાટવું. **-ભાલાભ** પું૰ નફો અને નુકસાન. **-ભોજી** પું૰ તોલતાં તોલાટ 'એક'ને બદલે બોલે છે. **-ભોજીલાભ** પું૰ તોલતાં પ્રથમ ધારણ વખતે બોલાતો શબ્દ (૨) ઉડાઉપણું

લામણદીવો પું૰ જુઓ રામણદીવો

લામા પું૰[इं.] ટિબેટનો વડો બૌદ્ધ આચાર્ય [કપડું

લાય(-હ) સ્ત્રી૰ આગ(૨) બળતરા (૩) એક જાતનું રેશમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાયક વિ૦ યોગ્ય (૨) લાયકાતવાળું (૩) અનુકૂળ. –કાત, –કી સ્ત્રી૦ યોગ્યતા; પાત્રતા [કરનારું
લાયરી સ્ત્રી૦ પતરાજી; શેખી; ડંફાસ. ૦ખોર વિ૦ લાયરી
લાયલોપા સ્ત્રી૦ મુશ્કેલી; ત્રાસ
લાર સ્ત્રી૦ લાંબી હાર. –રોલાર અ૦ હારબંધ
લારણી સ્ત્રી૦ (સુ.) રોજ લેવાના દૂધની બાંધણી–ઠરાવ
લારી સ્ત્રી૦ રેલના પાટા પર ઠેલીને ચલાવવાની ગાડી (૨) માલ વહી જવાની ગાડી (હાથની કે મોટર)
લારું ન૦ ઝાંખરું; લફરું (૨) ધાડું; ટોળું
લાલ વિ૦ રાતા રંગનું (૨) પું૦ છેલ; રંગીલો; બાંકો (૩) છોકરો; પુત્ર (૪) સ્ત્રી૦ માણેક [फा.] (૫) + લાલસા (૬) ન૦ એક પક્ષી. ૦કસ્તૂરી સ્ત્રી૦ એક પક્ષી. ૦ઘૂમ, ૦ચટક, ૦ચબક, ૦ચોળ વિ૦ખૂબ લાલ. ૦જી પું૦(સં.) કૃષ્ણના બાળસ્વરૂપની મૂર્તિ (૨) ગોસાંઈજીનો પુત્ર. ૦પાણી સ્ત્રી૦ [લા.] દારૂ. ૦બાઈ સ્ત્રી૦ આગ; લાય. ૦મતિયા ન૦ એક પંખી. ૦મલાલ વિ૦ ખૂબ લાલ (૨) [લા.] ફાંકડું; મનોરંજક. ૦શિર ન૦ એક પંખી
લાલચ સ્ત્રી૦ લલચાવું તે; લાલસા; લોભ (૨) લાલચમાં નાખે તેવી વસ્તુ; લાંચ. –ચુ વિ૦ લાલચવાળું; લોભી
લાલન ન૦ [सं.] લાડ લડાવવાં તે. ૦પાલન ન૦, –પાલ સ્ત્રી૦ લાડમાં ઊછરવું તે [શિર જુઓ 'લાલ'માં
લાલપાણી, લાલબાઈ, લાલમતિયા, લાલમલાલ, લાલ-
લાલસા સ્ત્રી૦ [सं.] ઉત્કટ ઇચ્છા; તૃષ્ણા. –સી વિ૦ લાલચુ
લાલા પું૦ લહેરી; છેલ; ફક્કડ (૨) ઉત્તરમાં અમુક જાતિના લોકના નામ પૂર્વે આદરનો શબ્દ. જેમ કે, લાલા લજપતરાય (૩) ન૦ એક ફૂલ–ગુલાલા. ૦ઈ સ્ત્રી૦ છેલાઈ; રંગીલાપણું. ૦જી પું૦ છેલ; ફક્કડ. ૦તાણ સ્ત્રી૦ અપમાન; નામોશી
લાલા સ્ત્રી૦ [सं.] લાળ. ૦મેહ પું૦ એક પ્રકારનો પ્રમેહ. ૦યિત વિ૦ સ્વાદથી મોંમાં પાણીવાળું (૨) આતુર; ઉત્કટ
લાલાશ સ્ત્રી૦ લાલી; રતાશ
લાલિત્ય ન૦ [सं.] લલિતપણું
લાલિમા સ્ત્રી૦ લાલાશ
લાલિયો પું૦ ઢેડ [સુ.] (૨) લાલ કૂતરો કે બળદ. –યા ઇંગ્લિશ ન૦ બબરચીનું ભાંગ્યુંતૂટ્યું અંગ્રેજી (સુ.)
લાલી સ્ત્રી૦ રતાશ (૨) ઘંટની જીભ–લોલક
લાલો પું૦લાલ; ફાંકડો [સંગીતનો એક તાલ
લાવણી સ્ત્રી૦ એક રાગ કે ઢાળ; લલકારાય એવી કવિતા (૨)
લાવણીપત્રક ન૦ સરકારી લેણાનું આસામીવાર પત્રક
લાવણ્ય ન૦[सं.] સૌંદર્ય. ૦મય વિ૦, ૦મયી વિ૦સ્ત્રી૦ સુંદર
લાવરી સ્ત્રી૦ એક પંખી
લાવરું ન૦ કૂતરાનું ભસવું તે (૨) કૂતરાનું કરડવું તે
લાવલશ્કર ન૦ સરંજામ સાથેનું મોટું લશ્કર

લાવવું સ૦ક્રિ૦ લઈ આવવું; આણવું
લાવા પું૦ [इं.] જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ
લાશ(–સ) વિ૦ [तुर्की] બરબાદ; પાયમાલ (૨) સ્ત્રી૦ મડદું
લાસરિયું વિ૦ રસળાજીવાળું; ઠામઠેકાણા વિનાનું. –યા-પણું ન૦, –યાવેડા પું૦બ૦વ૦ રસળાજી
લાસાની વિ૦[अ.] અજોડ; અદ્વિતીય [અનાજ
લાસુ વિ૦ લૂખું; ઘી કે ચીકટ વિનાનું (૨)ન૦ કઠોળ સિવાયનું
લાસ્ય ન૦ [सं.] સંગીત સાથેનું નૃત્ય
લાહ સ્ત્રી૦ જુઓ લાય
લાહી સ્ત્રી૦ ઘઉંના લોટની ખેળ
લાળ સ્ત્રી૦ મોઢાનો ચીકણો પ્રવાહી. –ળિયું વિ૦ ઘણી લાળ પડતી હોય તેવું (છોકરું) (૨) લાળથી બદન પલળે નહિ તે માટે બાળકને ગળે બંધાતું કપડું (૩) કણ ભરાતું કણસલું (૪) રાંધેલા વાસી અન્નમાં થતા લાળ જેવા જંતુ
લાળી સ્ત્રી૦ કાનની નીચે લબડતી ચામડી (૨) લાલી; ઘંટની જીભ (૩) બૂમ (પશુપંખી–ખાસ કરીને શિયાળની)
લાળો પું૦ અંગારો
લાંક પું૦ લંક; કમળનો વાંક–મરોડ
લાંગ પું૦ વટાણા જેવું એક કઠોળ
લાંગર ન૦ લંગર. ૦વું સ૦ક્રિ૦ જુઓ લંગારવું
લાંગુ(–ગૂ)લ ન૦ [सं.] પૂંછડું
લાંઘ,૦ણ ન૦ લાંઘો; ઉપવાસ. ૦ણું ન૦ હેતુ સાધવા લાંઘણ લઈ બેસવું તે (કોઈની સામે). ૦વું અ૦ક્રિ૦ લાંઘો કરવો. –ઘો પું૦ લાંઘણ; ઉપવાસ (૨) લાંઘણું (૩) લાંબી મોટી ફાળ; મોટું ડગલું
લાંઘણી સ્ત્રી૦ ગાડીના ધૂંસરા નીચે મૂકવાની ઘોડી
લાંચ સ્ત્રી૦ અમલદાર કે સત્તાધારીને છૂપી રીતે અપાતી કે લેવાતી અઘટિત રકમ. ૦ખાઉ, ૦ખોર વિ૦ લાંચિયું
લાંચવું અ૦ક્રિ૦ લચી, નમી જવું (૨) સ૦ક્રિ૦ લાંચ આપવી
લાંચિયું વિ૦ લાંચ લેનારું; લાંચખાઉ
લાંચું વિ૦ કમી; ઓછું [લાગવું કે લગાડવું તે
લાંછન ન૦ [सं.] ડાઘ; કલંક (૨) ચિહ્ન. –ના સ્ત્રી૦ લાંછન
લાંછિત વિ૦ [सं.] લાંછનવાળું
લાંછું ન૦ જુઓ લાંછન
લાંઝો પું૦ વાંધો; હરકત
લાંઠ, –ઠિયું વિ૦ લોંઠ; ખંધું; શઠ (૨) ગાંઠે નહિ તેવું; તોફાની. –ઠાઈ સ્ત્રી૦ લુચ્ચાઈ; શઠતા
લાંપ,૦ડું ન૦ સૂકું કે ચિમળાયેલું નાનું ઘાસ
લાંપી(–બી) સ્ત્રી૦ જુઓ લાપી
લાંબ(–બી) સ્ત્રી૦ યાદદાસ્ત (૨) સ્મૃતિ; ફામ
લાંબટં(–ટાં)ગિયું વિ૦ શરીરના પ્રમાણમાં લાંબા ટાંગાવાળું
લાંબડી સ્ત્રી૦ એક વનસ્પતિ
લાંબભાત પું૦ (સુ.) આગલા વર્ષના ડાંગરના છોડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંબી સ્ત્રી૦ જુઓ લાંબ (૨) લાંપી; લાબી
લાંબાટૂંકી સ્ત્રી૦ એલફેલ (૨) તકરાર; પંચાત [ઘણું લાંબું
લાંબું વિ૦લંબાઈ, સમય વગેરેમાં ઘણું. ૦લચ(૦ક) વિ૦
લાંભ વિ૦ અડાઉ
લાંભકું, લાંભું ન૦ વિભાગ; હિસ્સો (૨) ભાગિયાઓના ભાગ વહેંચવા નાખવામાં આવતી ચિઠ્ઠી
લિખિત વિ૦ [સં.] લખેલું (૨) ન૦ લખ્યા લેખ. **-તંગ** વિ૦ 'લખનાર' એ અર્થમાં કાગળ લખવામાં વાપરે છે; લખિતંગ (સંક્ષેપ-લિ૦)
લિચ્છવી પું૦ (સં.) એક બૌદ્ધકાલીન લોક પ્રજા
લિજ્જત, ૦દાર જુઓ 'લહેજત' માં
લિપિ(-પી) સ્ત્રી૦ [સં.] ભાષાના વર્ણો લખવાની રીત
લિપ્ત વિ૦[સં.] લીંપાયેલું; ખરડાયેલું (૨) આસક્ત; ફસેલું
લિપ્સા સ્ત્રી૦ [સં.] મેળવવાની ઇચ્છા (૨) લાલસા; કામના
લિબાસ પું૦ [अ] લેબાસ; પોશાક
લિમિટેડ વિ૦[इं.] કાયદાથી સહિયારું (જેમ કે, કંપની)
લિલવટ ન૦ નિલવટ; કપાળ
લિલાઉ [પો.]. **-મ** ન૦ હરાજી
લિસોટી સ્ત્રી૦ નાની લીટી કે ઉઝરડો. **-ટો** પું૦ મોટી લિસોટી
લિહાજ પું૦ [अ.] વિવેક; અદબ
લિંગ ન૦ [સં.] ચિહ્ન (૨) જાતિ [વ્યા.] (૩) સાધન; હેતુ (ન્યા.) (૪) મહાદેવની મૂર્તિ (૫) પુરુષની ઇંદ્રી (૬) લિંગદેહ. **૦દેહ** પું૦ જીવાત્માનું સૂક્ષ્મ શરીર. **-ગાનુશાસન** ન૦ વ્યાકરણમાં જાતિના નિયમો. **-ગાયત** પું૦ એ નામના શૈવ સંપ્રદાયનો આદમી. **-ગી** વિ૦ લિંગવાળું
લિંબણ સ્ત્રી૦ લિંબુનું ઝાડ; લિંબોઈ
લિંબુ ન૦ લીંબુ; એક ખાટું ફળ. **૦ડી, -બોઈ** સ્ત્રી૦ લીંબોઈ; લિંબણ [(૨) લીમડાનું ફળ
લિંબોળી સ્ત્રી૦ લીંબોળી; પહોળા મોંનું એક મોટું વાસણ
લીક સ્ત્રી૦ લીટી (૨) હદ
લીખ સ્ત્રી૦ જૂ નામના જંતુનાં ઈંડાં. **-ખિયું** ન૦ લીખ કાઢવાની ઝીણા દાંતાની કાંસકી [કે તેનું ફળ
લીચી સ્ત્રી૦ પૂર્વ હિંદમાં થતું એ નામનું એક ફળઝાડ
લીજે, -જીએ (પ.) 'લેવું'નું વિધ્યર્થરૂપ
લીટી સ્ત્રી૦ પહોળાઈ વગરની રેખા (૨) હાર; ઓળ (૩) પદ; કડી (૪) લીક; હદ. **-ટો** પું૦ જાડી લીટી (૨) છેકો
લીદ સ્ત્રી૦ લાદ
લીધરું વિ૦ લબાચિયું; ચીથરિયું
લીધે અ૦ તેથી; તેટલા માટે; કારણે [ભૂ૦કૃ૦
લીધું સ૦ક્રિ૦ 'લેવું'નું ભૂ૦કા૦ (૨) લીધેલું. **-ધેલ(-લું)**
લીન વિ૦[સં.] લય પામેલું (૨) ગરક; તલ્લીન
લીપણ ન૦ લીંપણ; જમીન ઉપર કરેલો છાણમાટીનો લેપ. **-વું** સ૦ક્રિ૦ લીંપવું; છાણમાટીની ગારનો લેપ કરવો

લીમડી સ્ત્રી૦ નાનો લીમડો (૨) લીમડાની જાતનું કોઈ પણ નાનું ઝાડ (જેમ કે, મીઠી લીમડી). **-ડો** પું૦ એક ઝાડ
લીરો પું૦(કા.) લૂગડાનો લાંબો કકડો; ચીરો
લીલ સ્ત્રી૦ બંધિયાર પાણીમાં કે તેવી જગામાં થતી લીલી ચીકણી વનસ્પતિ (૨) ઊલ. **૦છોયું** વિ૦ લીલું (૨) લીલા છાલનું. **૦ઝામું** ન૦ વાગવાથી થયેલું લીલું ચાઠું
લીલમ ન૦ લીલા રંગનું એક રત્ન. **૦લીલું** વિ૦ એકદમ લીલું; લીલમના જેવું લીલું
લીલવણ ન૦, **-ણી** સ્ત્રી૦ લીલું શાક; લીલોતરી
લીલવય ન૦;સ્ત્રી૦ બાળપણ; કાચી ઉંમર
લીલવો પું૦ લીલા કઠોળનો દાણો
લીલા સ્ત્રી૦ [સં.] ક્રીડા; ખેલ (૨) અદ્ભુત ખેલ (૩) અવતારે કરેલાં કામ (૪) તેનું નાટક
લીલાગર સ્ત્રી૦ ભાંગ
લીલાણ ન૦ લીલોતરીવાળો પ્રદેશ
લીલામું ન૦ જુઓ લીલઝામું
લીલાલહેર સ્ત્રી૦ આનંદ; સુખ (૨) આબાદી
લીલાવતાર પું૦[સં.]લીલા ખાતર વિષ્ણુએ લીધેલો અવતાર
લીલાવતી સ્ત્રી૦[સં.] એક છંદ (૨) એક રાગિણી (૩) [સં.] પ્રસિદ્ધ ગણિતી ભાસ્કરાચાર્યની પુત્રી કે તેનું ગણિત
લીલાશ સ્ત્રી૦ લીલાપણું
લીલાંપાણી ન૦બ૦વ૦ ઘૂંટેલી ભાંગનું પેય
લીલીઘોડી સ્ત્રી૦ ભાંગ (૨) ભાંગનો કેફ [ઘાસ
લીલી ચા સ્ત્રી૦ ઉકાળીને ચા પેઠે પેય તરીકે પિવાતું એક
લીલીપીઠ સ્ત્રી૦ શાકબજાર
લીલીપેપો પું૦ બીજાની નાસીપાસીથી ખુશ થઈ અંગૂઠો ઊંચો કરી તેને ચીડવવું તે
લીલીસૂકી સ્ત્રી૦ સુખ અને દુઃખ; ચડતીપડતી
લીલું વિ૦ કાચી કેરીના રંગનું (૨) ભીનું (૩) રસવાળું; તાજું (૪) ખૂબ પૈસાદાર. **૦કચ** વિ૦ એકદમ લીલું ને રસથી ભરેલું. **૦છમ** વિ૦ ખૂબ લીલું. **૦પીળું** વિ૦ખૂબ ક્રોધાયમાન. **-લેરું** વિ૦ લીલું (લાલિત્યવાચક). **-લોતરી** સ્ત્રી૦ તાજી લીલી વનસ્પતિ (૨) ભાજીપાલો; તાજું શાક
લીશરા ન૦ એક પક્ષી [વિ૦ સાવ લીસું
લીસું વિ૦ ખરબચડું નહિ તેવું; સુંવાળું; સરકણું. **૦લસ**
લીહ(-હી) સ્ત્રી૦ લીટી (૨) હદ
લીંટ ન૦ નાકનો ચીકણો મળ. **-ટિયું** વિ૦ વારે વારે લીંટ આવ્યા કરતું હોય તેવું
લીંડી સ્ત્રી૦ ગોળીના આકારની અઘાર (ઉંદર-બકરી વગેરેની). **૦પીપર** સ્ત્રી૦ લાંબી પીપર. **-ડું** ન૦ ગરગોલા જેવો કઠણ મળ (ઊંટ, ગધેડાં વગેરેનો) [સ૦ક્રિ૦ જુઓ લીપવું
લીંપણ, ૦ગૂંપણ ન૦ જુઓ લીપણ. **-વું** (૦ગૂંપવું)
લીંબડી, -ડો જુઓ 'લીમડી'માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીંબણ સ્ત્રી૦ જુઓ લિંબણ
લીંબુ, ૦ડી, -બોઈ જુઓ 'લિંબુ'માં
લીંબોળી સ્ત્રી૦ જુઓ લિંબોળી [ડાહ્યો પુરુષ
લુકમાન પું૦[अ.] (સં.) કુરાનમાં વર્ણવેલો એક વિદ્વાન-
લુગ(-ગા)ત ન૦ [अ.] શબ્દકોશ; લુગાત
લુગાઈ સ્ત્રી૦ [हिं.] સ્ત્રી; બૈરી
લુગાત સ્ત્રી૦ [अ.] જુઓ લુગત
લુચ્ચું વિ૦ કપટી; ઢોંગું (૨) ખંધું; પક્કું (૩) વ્યભિચારી. **-ચ્ચાઈ** સ્ત્રી૦ લુચ્ચાપણું
લુછણિયું ન૦ લૂછવાનું કપડું ઇત્યાદિ જે હોય તે (૨) અંગૂછો
લુછાવવું સ૦ક્રિ૦, **લુછાવું** અ૦ક્રિ૦ 'લૂછવું'નું પ્રેરક ને કર્મણિ
લુટણિયું વિ૦ લૂંટ પાડનારું; લૂંટી જાય તેવું
લુટાઉ વિ૦ લૂંટવું (૨) નધણિયાતું. **-રુ(-રો)** પું૦ લૂંટનારો; ધાડપાડુ. **-વું** અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'લૂંટવું'નું કર્મણિ ને પ્રેરક [પ્રેરક
લુઠવું અ૦ક્રિ૦ જુઓ 'લૂઠવું'. **લુઠાવવું** સ૦ક્રિ૦ 'લુઠવું', 'લૂઠવું'નું
લુણારી સ્ત્રી૦ વરને માથે લૂણ ઉતારનારી
લુપ્ત વિ૦ [सं.] લોપાયેલું; નાશ પામેલું. **-પ્તોપમા** સ્ત્રી૦ (ઉપમાન, ઉપમેય, સામાન્ય ધર્મ અને વાચક શબ્દ એ ચાર અંગમાંથી) ખૂટતા અંગવાળી ઉપમા
લુબ્ધ વિ૦ [सं.] લોભિયું; લાલચુ (૨) લોભાયેલું; મોહિત. **૦ક** પું૦ શિકારી. **-બ્ધા** સ્ત્રી૦ લોભ; આતુરતા. **-બ્ધાઈ** સ્ત્રી૦ લુબ્ધતા. **-બ્ધાવું** અ૦ક્રિ૦ લોભાવું; લલચાવું
લુભવું અ૦ક્રિ૦ + લોભાવું; લુબ્ધાવું
લુશ(-સ)લુશ(-સ) અ૦ વગર ચાવ્યે; ઝટ ઝટ (ખાવું તે)
લુહાર પું૦ લોઢું ઘડવાનો ધંધો કરનાર જ્ઞાતિનો આદમી
લુંગી સ્ત્રી૦ હજામત કરાવતી વખતે ખોળામાં પાથરવાનો કકડો (૨) કાછડી વાળ્યા વગર કેડે વીંટવાનું વસ્ત્ર
લુંચન ન૦ [सं.] વાળ ચૂંપી નાખવા તે
લુંચિત વિ૦ [सं.] લુંચન કરેલું
લુંચી સ્ત્રી૦ દોડતાં દોડતાં એકદમ પાછા ફરવું તે
લૂ સ્ત્રી૦ ઉનાળાના ગરમ પવનનો ઝપાટો (૨) તેનાથી થતો રોગ
લૂઈ સ્ત્રી૦ સેવાળ
લૂઓ પું૦ વણવા માટે લીધેલો કણકનો નાનો ગોળો
લૂક(-ખ) સ્ત્રી૦ જુઓ લૂ
લૂખરી સ્ત્રી૦ ખૂજલી
લૂખસ સ્ત્રી૦ ચામડીનો એક રોગ; ખૂજલી
લૂખિયું ન૦ માટીની ચુંગી [**૦પા(-પૂ)ખું** વિ૦ લૂખું
લૂખું વિ૦ ચીકટ વિનાનું (૨) રસ વિનાનું (૩) નિર્ધન; ખાલી.
લૂગડું ન૦ વસ્ત્ર (૨) સાલ્લો. **-ડાંબોળ** અ૦ પહેરેલાં લૂગડાં પણ પલાળીને (૨) ન૦ તેવું સ્નાન. **-ડાંલત્તાં** ન૦બ૦વ૦ લૂગડાં ને તેવી બીજી વસ્તુઓ [પાવાનો લોંદો
લૂગદી સ્ત્રી૦ પ્રવાહી સાથે ઘૂંટીને બનાવેલો લોંદો (૨) દોર

લૂછણું ન૦ લુછણિયું. **-વું** સ૦ક્રિ૦ લૂગડું ઘસી સાફ કરવું; લોહવું (૨) કોઈને ઘસવું, લગાડવું કે ચોટાડવું
લૂટ સ્ત્રી૦ લૂટવું તે (૨) લૂંટેલો માલ. **૦ફાટ** સ્ત્રી૦ લૂટવું તે. **૦વું** સ૦ક્રિ૦ બળાત્કારે હરી લેવું; ઝૂંટવી લેવું. **-ટાલૂટ** સ્ત્રી૦ ઉપરાઉપરી કે અનેક સ્થળે લૂટફાટ મચી રહેવી તે
લૂઠવું અ૦ક્રિ૦ લુઠવું; ગબડવું; આળોટવું
લૂણ ન૦ મીઠું; નિમક. **૦ચાં** ન૦બ૦વ૦ મીઠું ચડાવેલાં ચીરિયાં. **૦પાણી** ન૦ મીઠાવાળું પાણી (રોટલા ઘડવાનું). **૦હરામ** વિ૦ નિમકહરામ. **૦હરામી** સ્ત્રી૦ નિમકહરામી. **૦હલાલ** વિ૦ નિમકહલાલ. **૦હલાલી** સ્ત્રી૦ નિમકહલાલી
લૂણી સ્ત્રી૦ એક ભાજી (૨) આટાપાટાની રમતમાં જીતના ચિહ્નરૂપે પાટ બહાર આવતાં લવાતી ધૂળની ચપટી (૩) આટાપાટામાંની આડી કરાતી પાટડી. **૦પાટ** પું૦ જુઓ આટાપાટા [વળતી છારી
લૂણો પું૦ ભીનાશથી ઈંટ, છો વગેરે ખવાઈને ઉપર
લૂમ સ્ત્રી૦ ફળનું ઝૂમખું; લૂંબ. **૦ખું** ન૦, **૦ખો** પું૦ ઝૂમખું; મોટી લૂમ. **૦ઝૂમ** સ્ત્રી૦ લૂમખું (૨) અ૦ ભપકાબંધ. **૦ઝૂમવું** અ૦ક્રિ૦ લૂમખાંભેર લટકવું. **૦વું** અ૦ક્રિ૦ લટકવું (૨) નમી જવું (૩) ખૂબ પ્રયત્ન કરવો
લૂલરી સ્ત્રી૦ + દાસી [(કા.) ગરમી લાગવી; સુકાવું
લૂલવવું સ૦ક્રિ૦ (કા.) લૂલે એમ કરવું. **લૂલવું** અ૦ક્રિ૦
લૂલી સ્ત્રી૦ જીભ; લોલા
લૂલું વિ૦ લંગડું; ખોડું (૨) અપંગ; અશક્ત; નિર્બળ
લૂંટ સ્ત્રી૦ જુઓ લૂટ. **૦ણિયું** વિ૦ જુઓ લુટણિયું. **૦ફાટ** સ્ત્રી૦ જુઓ લૂટફાટ. **૦વું** સ૦ક્રિ૦ જુઓ લૂટવું. **-ટાઉ** વિ૦ જુઓ લુટાઉ. **-ટારુ(-રો)** પું૦ જુઓ લુટારુ. **-ટાલૂંટ** સ્ત્રી૦ જુઓ લૂટાલૂટ. **-ટાવું**, **-ટાવવું** જુઓ લુટાવું, -વવું
લૂંઠ વિ૦ જબરું; લાંઠ (૨) પું૦ લોંઠો
લૂંઠવું અ૦ક્રિ૦ જુઓ લૂઠવું. **લૂંઠાવવું** સ૦ક્રિ૦ [પ્રેરક]
લૂંડાઈ સ્ત્રી૦ લૂંડાપણું
લૂંડી સ્ત્રી૦ દાસી; ગુલામડી. **-ડો** પું૦ દાસ; ગુલામ
લૂંબ સ્ત્રી૦ જુઓ લૂમ. **૦વું** અ૦ક્રિ૦ જુઓ લૂમવું
લેકિન અ૦ [फा.] પણ; પરંતુ; તથાપિ
લેખ પું૦ [सं.] લખેલું તે; લખાણ (જેમ કે શિલાલેખ; વિધિના લેખ) (૨) ખત; કરારનું લખાણ (૩) ટૂંકો નિબંધ. **૦ક** પું૦ લહિયો (૨) ગ્રંથ કે લેખ લખનાર. **૦ણ(-ણી,-ની)** સ્ત્રી૦ કલમ. **૦ણવઢ** વિ૦ કલમના કાપ જેમ વાઢતો (ઘા). **૦ન** ન૦ લખવું તે. **૦નકલા(-ળા)** સ્ત્રી૦ લખવાની કળા. **૦નપદ્ધતિ** સ્ત્રી૦ લખવાની રીત; ઇબારત. **૦નપીઠ** સ્ત્રી૦ લખવાનું ટેબલ. **૦નસામગ્રી** સ્ત્રી૦ લખવાનો સામાન. **૦ની** સ્ત્રી૦ જુઓ લેખણ. **૦પત્ર** પું૦; ન૦ કરાર; દસ્તાવેજ. **૦વવું**, **૦વું** સ૦ક્રિ૦ હિસાબમાં લેવું; ગણકારવું. **-ખા** સ્ત્રી૦ લીટી; રેખા. **-ખાવટિયો**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પું૰ જોશી; ગણક (૨) ચોપડા લખનારો.-**ખિકા** સ્ત્રી૰ સ્ત્રી લેખક. -**ખિત** વિ૰ લખેલું; લેખી. -**ખિની** સ્ત્રી૰ લેખણ. -**ખિતવાર**,-**ખી** વિ૰ લખાણના રૂપમાં હોય એવું (૨) અ૰ લખીને. -**ખું** ન૰ મોંએ ગણાય એવો ટૂંકો સહેલો હિસાબ (૨) ગણતરી; હિસાબ (૩) [લા.] ગજું. -**ખે** અ૰ હિસાબે; પ્રમાણે (૨) પ્રીત્યર્થે; વાસ્તે; ખાતે. -**ખ્ય** વિ૰ લખવા યોગ્ય કે લખી શકાય એવું

લેજીમ સ્ત્રી૰ કસરતનું એક સાધન

લેટવું અ૰ક્રિ૰ લોટવું; આળોટવું (૨) આડા પડવું; સૂવું

લૅટિન સ્ત્રી૰ [ઇં.] પ્રાચીન રોમની ભાષા

લેણ વિ૰ 'લેનાર' એ અર્થમાં શબ્દને છેડે (ઉદા૰ જીવલેણ) (૨) ન૰ લેણું; લેવાનું તે (૩) સ્ત્રી૰ જુઓ લેંડ. ૦**દાર** પું૰ લેણાવાળો. ૦**દેણ** સ્ત્રી૰ લેવડદેવડનો સંબંધ (૨) લેણાદેણી. -**ણાદેણી** સ્ત્રી૰ પૂર્વજન્મનું માગતું આપવાનું કે લેવાનું હોય તેવો સંબંધ; ઋણાનુબંધ (૨) લેવડદેવડનો સંબંધ. -**ણિયાટ** પું૰ લેણદાર; લેણાવાળો. -**ણું** ન૰ આપેલું પાછું લેવાનું તે (૨) ઋણાનુબંધ જેવો સારો સંબંધ

લેતાણ સ્ત્રી૰ લેમેલ; હાયવોય; ગભરામણ

લેપ પું૰ [સં.] ઢીલા પદાર્થનો પાતળો થર; ખરડ (૨) ખરડ કરવાનો ઢીલો પદાર્થ. (૩) લેપાવું તે; આસક્તિ. ૦**ક** પું૰ લેપ કરનારો. ૦**ડી** સ્ત્રી૰ દરદ ઉપર લગાડવાની કે મૂકવાની લૂગદી

લેપડુ વિ૰ લઈ પડે એવું; ગળેપડુ [તે; ખાપટ

લેપડું ન૰ મોઈ ન ઊડવાથી તેને ભોંય સરસો ડંડો મારવો

લેપડો પું૰ પોપડો; થર

લેપન ન૰ [સં.] લેપ કરવો તે (૨) જુઓ લેપ ૩

લેપવું સ૰ક્રિ૰ ચોપડવું; થથેડવું (૨) વળગવું; ચોટવું (૩) ઢાંકવું

લેપાવું અ૰ક્રિ૰ 'લેપવું'નું કર્મણિ (૨) આસક્ત થવું; રાગમાં પડવું

લેફો પું૰ વળગેલો કાદવનો લોંદો (પગ, જોડા વગેરેને)

લેબાસ પું૰ લિબાસ; પોશાક; પહેરવેશ

લેભાગુ વિ૰ લઈને નાસી જનારું (૨) અહીંતહીંથી પારકું લઈને પોતાનું બતાવનારું [મૂંઝવણ

લેમૂક સ્ત્રી૰ લેવું ને મૂકવું-છોડવું તે; બાંધછોડ (૨) લેમેલ;

લેમેલ સ્ત્રી૰ વારંવાર લેવું અને મૂકવું તે (ઉતાવળના ગભરાટમાં) (૨) મરવાની તૈયારી; ભોંયે લેવાનો વખત (૩) તેવો ગભરાટ કે મૂંઝવણ

લેરખડું વિ૰ લહેરી; આનંદી (૨) ન૰ લેરખું (લાલિત્યવાચક)

લેરખું ન૰ જુઓ લૂમખું

લેલતુલકાદર સ્ત્રી૰ એક પવિત્ર રાત્રિ, જ્યારે ભક્તિ કરવામાં આવે તો તેનું પુણ્ય ૧૦૦૦ મહિનાની ભક્તિ જેટલું ગણાય છે

લેલાર વિ૰ ઘણું; અતિશય

લેલી સ્ત્રી૰ લેલું નામક પંખીની માદા

લેલીમજનું વિ૰ બેહાલ; દુર્બળ

લેલું ન૰ કોલ પાથરવાનું કડિયાનું ઓજાર (૨) એક પંખી

લેલૂ(-લૂં)ટ વિ૰ લેવાલૂંટવાની છૂટ હોય એવું; નધણિયાતું (૨) લખલૂટ; અતિશય

લેલૂર વિ૰ ઊંઘે ઘેરાયેલું (૨) જુઓ લેલાર

લેલૂશ સ્ત્રી૰ ઉતાવળ

લેલૂંટ વિ૰ જુઓ લેલૂટ

લેલો પું૰ લેલું (૨) લેલીનો નર [નાનાં માછલાં

લેવટા(-ટી) સ્ત્રી૰ એક નાની માછલી. -**ટાં** ન૰બ૰વ૰

લેવડ સ્ત્રી૰ ઉધાર લેવાનો વ્યવહાર. ૦**દેવડ** સ્ત્રી૰ ઉછીનું લેવાઆપવાનો સંબંધ. ૦**વાયું** વિ૰ તેડાવવાની ટેવવાળું (બાળક). -**ડાવવું** સ૰ક્રિ૰ 'લેવું'નું પ્રેરક (૨) ધમકાવવું; ઠપકારવું [ઊંચાઈ

લેવલ ન૰ [ઇં.] સપાટી; સમતલતા (૨) (સપાટીથી ગણતાં)

લેવાણ ન૰ લેવું તે; લેણું [જાતનો સંબંધ

લેવાદેવા પું૰; સ્ત્રી૰ આપવાલેવાનો કે બીજી કોઈ પણ

લેવાલ ન૰ ખરીદ (શેરબજારમાં વપરાય છે).-**લી** સ્ત્રી૰ ખરીદી

લેવાવું અ૰ક્રિ૰ 'લેવું'નું કર્મણિ (૨) [શરીરનું] સુકાવું; ફિક્કું પડવું (૩) ખસિયાણા પડવું; શરમાવું

લેવું સ૰ક્રિ૰ ગ્રહણ કરવું; સ્વીકારવું (૨) ખરીદવું (૩) ધમકાવવું. ૦**દેવું** ન૰ જુઓ લેણદેણ

લેશ વિ૰ [સં.] જરાક (૨) પું૰ અણુ; બહુ જ થોડો ભાગ (૩) એક અર્થાલંકાર, જેમાં ગુણને દોષરૂપ અને દોષને ગુણરૂપ વર્ણવ્યો હોય છે (કા. શા.). ૦**માત્ર** વિ૰ બહુ જ થોડું (૨) અ૰ જરાક પણ

લેસ સ્ત્રી૰ [ઇં.] જરીની કિનાર

લેસન ન૰ [ઇં.] ઘેરથી તૈયાર કરી લાવવાનાં પાઠ કે ભણતર

લેહુ ન૰ એક પંખી

લેહ્ય વિ૰ [સં.] ચાટવા યોગ્ય; ચટાય એવું (૨) ન૰ ચાટણ

લેંકવું સ૰ક્રિ૰ લહેકવું; ઝૂલવું

લેંઘાવું સ૰ક્રિ૰ જરાક ખોડાવું; લંગાવું

લેંઘી સ્ત્રી૰ બાળકની સૂંથણી

લેંઘું વિ૰ જરાક ગાંડા જેવું; દાધારંગું

લેંઘો પું૰ મોટું સૂંથણું; ચોરણો

લેંચી સ્ત્રી૰ પાતળી મોટી રોટલી

લેંડ સ્ત્રી૰ લેણ; ગિલ્લીદંડાની રમતમાં વકટ પછીનો દાવ; રેંટ

લોઈ સ્ત્રી૰ + લૂઓ; પિંડ (?)

લોક પું૰ [સં.] જનતા; જનસમૂહ (૨) વર્ગ; જાતિ (૩) કર્મફળ ભોગવવાનાં માનેલાં જુદાં જુદાં સ્થાન કે જગત (ઉદા૰ સ્વર્ગલોક; બ્રહ્મલોક). ૦**કથા** સ્ત્રી૰ લોકોમાં પ્રચલિત વાત (૨) દંતકથા. ૦**કલ્યાણ** ન૰ લોકોનું ભલું. ૦**કવિતા** સ્ત્રી૰ લોકોમાં પ્રચલિત કવિતા. ૦**ચર્ચા** સ્ત્રી૰ લોકોમાં ચાલતી વાત. ૦**જીવન** ન૰ લોકનું-સમાજનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન. ૦ડિયાં ન૦બ૦વ૦ લોકો (પ.). ૦ત્રય ન૦ ત્રિભુવન (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ). ૦ધર્મ પું૦ લોકોમાં પ્રચલિત ધાર્મિક માન્યતા અને આચાર. ૦નાયક પું૦ લોકોનો નાયક; આગેવાન. ૦પાલ(-ળ) પું૦ જુઓ દિક્‌પાલ. ૦પ્રિય વિ૦ લોકોને પ્રિય. ૦પ્રિયતા સ્ત્રી૦. ૦ભોગ્ય વિ૦ આમ લોકોને રસ પડે એવું. ૦મત પું૦ લોકોનો મત. ૦માનસ ન૦ લોકનું સમૂહગત માનસ; 'માસ-માઈન્ડ'. ૦માન્ય વિ૦ લોકોમાં માન પામેલું; લોકોએ સ્વીકારેલું (૨) પું૦ (સં.) તિલક મહારાજ. ૦લજ્જા સ્ત્રી૦ લોકલાજ. ૦લાગણી સ્ત્રી૦ લોકોની લાગણી. ૦લાજ સ્ત્રી૦ લોકોમાં નઠારું કહેવાવાનો ડર. ૦વંદ્ય વિ૦ લોકોને વંદનીય. ૦વાયકા સ્ત્રી૦ લોકોમાં ચાલતી વાત; અફવા. ૦વાર્તા સ્ત્રી૦ જુઓ લોકકથા. ૦વૃત્ત ન૦ લોકજીવન; સમગ્ર સમાજજીવન. ૦શાસન ન૦, ૦શાહી સ્ત્રી૦ લોકો દ્વારા ચાલતું રાજ્ય; 'ડેમોક્રસી'. ૦શિક્ષણ ન૦ જનસમૂહની કેળવણી. ૦સત્તા સ્ત્રી૦ લોકોની સત્તા. ૦સત્તાક વિ૦ લોકસત્તાવાળું; પ્રજાસત્તાક. ૦સત્તાવાદ પું૦ લોકશાસનનો વાદ; 'ડેમોક્રસી'. ૦સત્તાવાદી વિ૦ (૨) પું૦ લોકસત્તાવાદમાં માનનાર. ૦સંગીત ન૦ (શાસ્ત્રથી અનિયંત્રિત એવું) આમ પ્રજાનું સંગીત. ૦સંગ્રહ પું૦ લોકહિત; લોકકલ્યાણ. ૦સાક્ષર પું૦ સામાન્ય જનસમૂહને માટે લખનારો સાક્ષર. ૦સાહિત્ય ન૦ લોકોમાં પ્રચલિત કથાવાર્તા કે કવિતારૂપી સાહિત્ય. ૦સુલભ વિ૦ લોકોને સુલભ. ૦સેવક પું૦ પ્રજાસેવક; લોક-સેવા કરનાર. ૦સેવા સ્ત્રી૦ લોકોની, જાહેર જનતાની સેવા (૨) આમવર્ગના લોકોની સેવા. ૦હિત ન૦ લોકોનું હિત

લોકલ સ્ત્રી૦ [ઇં.] ધીમી ગતિએ ને ઘણાં સ્થાનોએ ઊભી રહેતી ટ્રેન (૨) મોટા શહેરના ભાગો ને પરાંમાં દોડતી ટ્રેન. ૦બોર્ડ ન૦ જિલ્લા કે તાલુકામાં જ્યાં સુધરાઈ નથી હોતી ત્યાંની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા

લોકાઈ સ્ત્રી૦ પરાયાપણું; પારકા માણસ જેવો વ્યવહાર

લોકાચાર પું૦ [સં.] લોકમાં ચાલતો વ્યવહાર કે રૂઢિ

લોકાપવાદ પું૦ [સં.] લોકમાં નઠારું કહેવાવું તે-વગોણું

લોકાયત વિ૦ (૨) પું૦ [સં.] નાસ્તિક (૩) ન૦ ચાર્વાક દર્શન. ૦વાદ પું૦ નાસ્તિકવાદ

લોકાલોક વિ૦ સામાન્ય લોક જેવું; ખાસ સંબંધ વગરનું

લોકાંતર ન૦ [સં.] પરલોક. -રિત વિ૦ લોકાંતરને લગતું

લોકિ(-કી)ક પું૦; ન૦ લૌકિક; ખરખરો

લોકિયું વિ૦ લૌકિક; પ્રાકૃત; સામાન્ય લોકનું

લોકેટ ન૦ [ઇં.] નાની ડાબડીના ઘાટનું એક ઘરેણું

લોકોક્તિ સ્ત્રી૦ [સં.] કહેવત

લોકોત્તર વિ૦ [સં.] અલૌકિક; અસાધારણ

લોકોપકાર પું૦ [સં.] લોકોનું ભલું; સાર્વજનિક કલ્યાણ

લોખંડ ન૦ લોઢું. -ડી વિ૦ લોખંડનું બનાવેલું (૨) ઘણું મજબૂત

લોચ પું૦ માથાના વાળ પોતાને હાથે ટૂંપી કાઢવા તે (જૈન). ૦ન ન૦ લુંચન; ટૂંપી નાંખવું તે (૨) છીનવી લેવું તે

લોચ ન૦ [સં.] આંસુ

લોચક ન૦ [સં.] લોચો; ગોળો; પિંડ (૨) સુતારનું એક ઓજાર (૩) કાજળ (૪) સાપની કાંચળી [(૫.) લોચન

લોચન ન૦ [સં.] આંખ (૨) જુઓ 'લોચ'માં. -નિયું ન૦

લોચના સ્ત્રી૦ લોચવું તે; ઝંખના; તલસાટ. -વું અ૦ક્રિ૦ લોથવું; બેચેનીથી આમતેમ આળોટવું (૨) તલસવું

લોચો પું૦ લોંદો; લચકો (૨) ડૂચો; ડબૂચો (૩) [લા.] ગરબડ; ગોટાળો (૪) વાંધો; તકરાર

લોટ પું૦ બારીક ભૂકો; આટો

લોટકું ન૦ ચડવો; લોટું

લોટણ વિ૦ લોટતી-ગુલાંટ ખાતી (પતંગ). -ણ(-ન) ન૦ લોટવું-આળોટવું તે (૨) એક જાતનું કબૂતર. -ણિયું વિ૦ લોટયા કરે તેવું

લોટપોટ વિ૦ લોથપોથ (૨) ગોટપોટ

લોટરી સ્ત્રી૦ [ઇં.] ટિકિટો વેચી ખરીદનારાઓમાંથી જેને નસીબે આવે તેને ઇનામો આપવાની શરતે કરાતી એક પ્રકારની દ્યૂત-વ્યવસ્થા [ગુલાંટ ખાવી

લોટવું અ૦ક્રિ૦ લેટવું; આળોટવું (૨) સૂવું (૩) ગબડવું;

લોટાવવું સ૦ક્રિ૦ 'લોટવું'નું પ્રેરક (૨) + લસોટાવવું

લોટિયું વિ૦ લોટાના તળિયા જેવું; બોડુંરોડું (૨) ન૦ ઘંટીમાંથી લોટ વાળવાનું લૂગડું. -યો પું૦ વહોરો ૧

લોટી સ્ત્રી૦ નાનો લોટો. -ટું ન૦ નાનો માટીનો ઘડો; માટીનું લોટા જેવું વાસણ (૨) [લા.] માથું. -ટો પું૦ જુઓ કળશિયો

લોડાવવું સ૦ક્રિ૦ ધુમાવવું; ડોલાવવું

લોઢ પું૦ પાણીનું મોજું (૨) હિંડોળો (૩) તાપથી ઓગળીને બાઝેલો માટીનો ગઠ્ઠો; લોઢાનો લઠ્ઠો (૪) [લા.] વાંધો; તકરાર. ૦વું સ૦ક્રિ૦ ચરખાથી પીલવું (કપાસને). -ઢાં ન૦બ૦વ૦ લોઢાનાં ઓજારો. -ઢી સ્ત્રી૦ લોઢાની તવી (૨) વિ૦ લોઢાનું, -ના જેવું (ઉદા૦ લોઢી પનોતી). -ઢું ન૦ એક ધાતુ; લોખંડ

લોઢિયો પું૦ (ચ.) કરબડીના દાઢા જેમાં ઘાલે છે તે લાકડું

લોથ સ્ત્રી૦ લાશ; મડદું (૨) [લા.] ઉપાધિ; પીડા (૩) વિ૦ તદ્દન થાકી ગયેલું (૪) મૂર્ખ; ઠોઠ (૫) નરસું; નકામું. ૦પોથ વિ૦ તદ્દન થાકી ગયેલું. ૦વું અ૦ક્રિ૦ બેચેનીમાં આમતેમ આળોટવું; લોચવું

લોથડી સ્ત્રી૦ ભૂંગરેટમાં શેકેલી ભાખરી

લોથારવું સ૦ક્રિ૦ (કા.) મારવું; ઘોકાવવું [બચકું

લોથિયું વિ૦ માલ વગરનું; નકામું (૨) [લો] ન૦ કૂતરાનું

લોથો પું૦ (કા.) જુવારનું કણસલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોદરિયું મરચું ન૦ એક જાતનું મરચું
લોદવું સ૦ક્રિ૦ ગૂંદીને લોંદા જેવું બનાવવું
લોધ(૦ર) પું૦; ન૦ [સં.] એક જાતનું ઝાડ
લોધર પું૦ બાટ; પુષ્કળ તેલ નાંખીને બાફેલો લોટ (૨) લોધ
લોધવું સ૦ક્રિ૦ લોથવું; બેચેની થવી
લોધી સ્ત્રી૦ પઠાણોની એક જાતિ
લોધો પું૦ લાંબો અને મજબૂત બાંધાનો માણસ (૨) ઘાસ વેચતી એ નામની એક જાતનો માણસ
લોધ્ર પું૦; ન૦ [સં.] લોધ્ર ઝાડ
લોન સ્ત્રી૦ [ઇં.] અમુક શરતે લેવાતી ઉછીતી કે વ્યાજુકી રકમ
લોપ પું૦ [સં.] લુપ્ત થવું તે; નાશ પામવું તે (૨) દેખાતા બંધ થવું તે. ૦ક વિ૦ લોપ કરનારું
લોપડચોપડ વિ૦ ખૂબ ઘી કે તેલવાળું (૨) [લા.] અતિશયોક્તિવાળું (૩) ન૦ ચીકટ; ઘી, તેલ વગેરે (૪) [લા.] અતિશયોક્તિ (૫) ખુશામત
લોપવું સ૦ક્રિ૦ ઉલ્લંઘવું; ન માનવું
લોપરી સ્ત્રી૦ લેપડી; થપોલી
લોપા,૦મુદ્રા સ્ત્રી૦ [સં.] (સં.) અગસ્ત્ય ઋષિની પત્ની
લોબ સ્ત્રી૦ યાદદારતી; લાંબ
લોબડી(-રી) સ્ત્રી૦ બારીક ઊનની કામળી કે ઓઢણી
લોબાન પું૦ એક વૃક્ષનો ગુંદર (ધૂપ કે ઔષધિ)
લોભ પું૦ [સં.] લાલચ; તૃષ્ણા. ૦ક વિ૦ લોભાવનારું. ૦ન વિ૦જુઓ લોભામણું (૨) ન૦ પ્રલોભન. **-ભામણું** વિ૦ લલચાવે તેવું. **-ભાવનહાર(-રી)** વિ૦ લોભાવનારું. **-ભાવવું** સ૦ક્રિ૦ 'લોભાવું'નું પ્રેરક. **-ભાવું** અ૦ક્રિ૦ લોભમાં પડવું; લલચાવું. **-ભિત** વિ૦ લોભાયેલું. **-ભિયું**, **-ભી** વિ૦ લોભવાળું
લોમ પું૦;ન૦ [સં.] વાળ; રૂંવું; રોમ. ૦ડી સ્ત્રી૦ જુઓ લોબડી. ૦**વિલોમ** વિ૦ ઊલટુંસૂલટું (૨) અનિશ્ચિત. ૦શ વિ૦ ખૂબ તેમ જ મોટાં લોમવાળું
લોલ વિ૦ [સં.] ચંચળ (૨) સુંદર (૩) આતુર (૪) ન૦ ગરબાની લીટીને છેડે આવતો શબ્દ. ૦ક ન૦ લટકતી અને ઝૂલતી વસ્તુ (જેમ કે ઘંટ કે ઘડિયાળમાં) (૨) કાનનું એક ઘરેણું. ૦ણી સ્ત્રી૦ લટકાળી ચાલવાળી સ્ત્રી. ૦વું અ૦ક્રિ૦ લોલ થવું; હાલવું (૨) શોભવું [આંખવાળી (સ્ત્રી)
લોલા સ્ત્રી૦ [સં.] જીભ (૨) વીજળી. ૦ક્ષી વિ૦સ્ત્રી૦ ચંચળ
લોલિત વિ૦ [સં.] હાલતું; ઝૂલતું
લોલીન વિ૦ + તલ્લીન
લોલુપ વિ૦ [સં.] લલુતાવાળું; તૃષ્ણાતુર. ૦તા સ્ત્રી૦
લોલો અ૦ (રવ૦) હાલરડાનો એક અવાજ (૨) પું૦ (જીભનો) લોલતો સ્નાયુ; લોળો
લોવડા(-રા)વવું સ૦ક્રિ૦ 'લોહવું'નું પ્રેરક
લોવણિયું ન૦ લોહવાનું સાધન
લોવા ન૦ એક પંખી
લોવાવું અ૦ક્રિ૦ 'લોહવું'નું કર્મણિ
લોષ્ટ ન૦ [સં.] માટીનું ઢેફું
લોહ ન૦ [સં.] લોઢું. ૦કાટ પું૦ લોઢાનો કાટ. ૦ચુંબક ન૦ લોઢાને આકર્ષવાના ગુણવાળું એક દ્રવ્ય. ૦ચુંબકત્વ ન૦ લોઢાને આકર્ષવાનો ગુણ; 'મૅગ્નેટિઝમ'
લોહર પું૦ રાબો; જડસો; મૂર્ખ. **-રિયું** વિ૦ લોહર જેવું
લોહવું સ૦ક્રિ૦ લૂછવું
લોહિત વિ૦ [સં.] લાલ; રાતું
લોહિયાળ(-ળું) વિ૦ લોહીવાળું
લોહિયું ન૦ (સુ.) તાવડી; કઢાઈ
લોહી ન૦ રુધિર; ખૂન (૨) [લા.] કુળ. ૦ચૂતું વિ૦ લોહી ચૂતું હોય એવું; લોહીલુહાણ. ૦તરસ્યું વિ૦ સામાનું લોહી રેડીને જ જેની દાઝ શમે એવું. ૦ચૂઉં વિ૦ લોહી વગરનું; સુકલકડી. ૦લુ(-લો)હાણ વિ૦ લોહીના રેલાથી ખરડાઈ ગયેલું
લોળિયું ન૦ સ્ત્રીઓનું કાનની બૂટનું એક ઘરેણું
લોળો પું૦ જીભ; જીભનું ટેરવું; લોલો
લોંકડી સ્ત્રી૦ એક નાનું ચોપગું પ્રાણી
લોંઠ વિ૦ જુઓ લાંઠ. ૦કું વિ૦ પૈસાદાર; માતબર (૨) લાંઠ. **-ઠાઈ** સ્ત્રી૦ લાંઠપણું. **-ઠિયું** વિ૦ જુઓ લાંઠિયું. **-ઠું** વિ૦ જુઓ લોંઠકું (૨) ન૦ (સુ.) છોકરું. **-ઠો** પું૦ લાંઠ માણસ (૨) યાર; રાખેલો
લોંડી સ્ત્રી૦ [હિં.] લૂંડી. **-ડો** પું૦ લૂંડો
લોંદો પું૦ ચીકણા નરમ પદાર્થનો લોચો
લોંબડ(-રી) સ્ત્રી૦ જુઓ લોબરી
લૌકિક વિ૦ [સં.] લોકોમાં ચાલતું (૨) આ લોકનું; દુન્યવી (૩) ન૦ લોકાચાર (૪) ખરખરો; લોકીક. ૦તા સ્ત્રી૦. **-કી** વિ૦સ્ત્રી૦
લૌલ્ય ન૦ [સં.] લોલુપતા
લૌવો પું૦ લઉઓ; વિદૂષક; રાજાનો મશ્કરો
લ્યાનત સ્ત્રી૦ લયાનત; શરમ; ફિટકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ

વ પું૦ [સં.] ચાર અર્ધસ્વરોમાંનો ચોથો. **૦કાર** પું૦ વ અક્ષર કે તેનો ઉચ્ચાર. **૦કારાંત** વિ૦ છેડે વકારવાળું

વ અ૦ [फा.] અને

વકટ પું૦ ગિલ્લીદંડાની રમતમાં પહેલો દાવ

વકફ વિ૦ સાર્વજનિક [ફરી જવું; વાંકું બોલવું

વકરવું અ૦ક્રિ૦ બગડવું; વીફરવું (૨) બહેકવું; ફાટવું (૩)

વકરી સ્ત્રી૦, **-રો** પું૦ વેચાણ (૨) વેચાણનું નાણું (૩) વેચાયેલો માલ [એમ કરવું; વિફરાવવું

વકારવું અ૦ક્રિ૦ (પ.) વકરવું; વીફરવું (૨) સ૦ક્રિ૦ વકરે

વકાલત સ્ત્રી૦ [अ.] વકીલનું કામ. **૦નામું** ન૦ અસીલ તરફથી વકીલાત કરવાની સત્તાનો લેખ

વકાસવું સ૦ક્રિ૦ (મોં) પહોળું કરવું-ફાડવું

વકી સ્ત્રી૦ સંભવ (૨) આશા; ઉમેદ

વકીલ પું૦ [अ.] સનંદી કાયદાશાસ્ત્રી (૨) એલચી; પ્રતિનિધિ. **-લાત** સ્ત્રી૦, **-લાતનામું** ન૦ જુઓ વકાલત, ૦નામું

વકુલાભરણ પું૦ સંગીતમાં એક થાટ

વકૂફ સ્ત્રી૦ સમજ; અક્કલ; ડહાપણ

વકોપવું અ૦ક્રિ૦ (કા.) વિશેષ કોપવું

વક્કર પું૦ મોભો; વજન (૨) ઢંગ; લાયકી

વક્તવ્ય વિ૦ [સં.] બોલવા જેવું (૨) ન૦ કથન; ભાષણ

વક્તા પું૦ [સં.] બોલનાર; ભાષણ કે કથા કરનાર. **-ક્તૃતા** સ્ત્રી૦, **-ક્તૃત્વ** ન૦ બોલવાની છટા. **-ક્તૃત્વશક્તિ** સ્ત્રી૦ છટાદાર બોલવાની શક્તિ

વક્ત્ર ન૦ [સં.] મુખ (૨) એક છંદ

વક્ત્રી સ્ત્રી૦ [સં.] 'વક્તા'નું સ્ત્રીલિંગ

વક્ર વિ૦ [સ.] વાંકું. **૦જડ** પું૦ મહાવીરસ્વામીનો સાધુ. **૦તા** સ્ત્રી૦. **૦તુંડ** પું૦ (સં.) ગણપતિ (૨) પોપટ. **૦દૃષ્ટિ** સ્ત્રી૦ આડી નજર (૨) ક્રોધની કે દ્વેષની નજર (૩) વિ૦ તેવી નજરવાળું. **૦ભાવ** પું૦ વાંકાપણું (૨) છળકપટ. **-ક્રી** વિ૦ વાંકી ડોકે ગાનારું. **-ક્રીભવન** ન૦ (કિરણોનું) વાંકા થવું તે. **-ક્રીભાવ** પું૦ વાંક (૨) અપ્રમાણિકતા; આડાપણું. **-ક્રીય** વિ૦ 'કર્વિલીનિયર' (ગ.). **-ક્રોક્તિ** સ્ત્રી૦ કટાક્ષનું વચન (૨) વાંકો બોલ (૩) એક કાવ્યાલંકાર, જેમાં કાકુ કે શ્લેષથી વાક્યનો જુદો જ અર્થ કરવામાં આવે છે (કા.શા.)

વક્ષ, ૦સ્થલ(-ળ), -ક્ષઃસ્થલ(-ળ) ન૦ [સં.] છાતી

વક્ષ્યમાણ વિ૦ [સં.] કહેવાતું; તરત જ કહેવામાં આવનારું

વખ ન૦ + વિષ. **-ખિયું** વિ૦ ઝેરવાળું

વખત પું૦ કાળ; સમય (૨) તક (૩) માઠી હાલત (૪) નવરાશ. **૦બેવખત** અ૦ ગમે ત્યારે; અવારનવાર. **૦સર** અ૦ યોગ્ય વખતે. **-તે** અ૦ કદાચ; સંભવતઃ. **-તોવખત** અ૦ વારંવાર [ભાગ

વખદલો પું૦ વાણાના દોષથી થતો કપડાનો નુકસાનીવાળો

વખવખ સ્ત્રી૦ વખવખવું તે. **૦વું** અ૦ક્રિ૦ વલખાં મારવાં (૨) ખાઉં ખાઉં કરવું; તલપવું. **-ખાટ, -ખો** પું૦ વખવખ

વખવાદ પું૦ + દ્વેષ; ઝેર (૨) ટંટો; કજિયો; વિખવાદ

વખાણ ન૦ પ્રશંસા. **૦વું** સ૦ક્રિ૦ પ્રશંસા કરવી (૨) + વિગતથી કહેવું; વર્ણવવું [વખારનો નોકર

વખાર સ્ત્રી૦ કોઠાર. **-રિયો, -રી** પું૦ વખારવાળો (૨)

વખું ન૦ પક્ષ (૨) ઓથ (૩) વગ (૪) વિ૦ નામને લાગતાં '-ના વલણ, લગની કે પક્ષનું'. ઉદા૦ બાપવખું

વખુંભર અ૦ (કા.) બહુ જોરથી (વાવું-ફૂંકાવું)

વખૂટું વિ૦ જુઓ વછૂટું; વિખૂટું

વખો પું૦ ભૂખમરાનું સંકટ (૨) સંકટ

વખોડણું ન૦ ખોડ; દોષ (૨) નિંદા. **-વું** સ૦ક્રિ૦ વગોવવું; ખોડ કાઢવી; નિંદા કરવી

વખોરો પું૦ ટેબલ કે કબાટનું ખાનું (૨) પાનપેટી

વગ પું૦; સ્ત્રી૦ જુઓ વગવસીલો (૨) તક; અવસર (૩) પક્ષ; તરફેણ (૪) જગા; સવડ

વગડવું અ૦ક્રિ૦ વાગવું; અવાજ કરવો

વગડાઉ વિ૦ જંગલી. **વગડો** પું૦ જંગલ [ફાંફાં

વગદાપણું ન૦ વગદાં વીણવાં તે. **વગદાં** ન૦બ૦વ૦

વગર અ૦ વિના. **૦મફતનું, ૦ફાંસુ** અ૦ ફાંસુ; નકામું; મફતનું

વગવસીલો પું૦ મોટાની સાથેનો સંબંધ તથા તેની ઓથ

વગસગ સ્ત્રી૦ વગવસીલો (૨) સમાવેશ થાય તેવી જગા; સગવડ

વગળ પું૦; ન૦ ભેગ (૨) ભ્રષ્ટતા; વર્ણસંકરતા (૩) કપટ. **૦વંશી** વિ૦ વર્ણસંકર ['વગડવું'નું પ્રેરક

વગડાવું અ૦ક્રિ૦ 'વગાડવું'નું કર્મણિ. **-વવું** સ૦ ક્રિ૦

વગાડવું સ૦ક્રિ૦ વગડે એમ કરવું; બજાવવું (૨) વાગે-લાગે એમ કરવું [કરનારું (૩) ન૦ તરફદારી; પક્ષપાત

વગિયું, વગીલું વિ૦ ઓળખીતું; વગવાળું (૨) પક્ષપાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગુ અ૦ જથે; બાજુ [(પ્રેરક)
વગૂતવું અ૦ક્રિ૦ ભરાવું; ગૂંચાવું. **વગુતાવવું** સ૦ક્રિ૦
વગૂતું વિ૦ રખડેલ
વગેરે અ૦ [अ.] અને બીજા; ઇત્યાદિ
વગો પું૦ લત્તો; ભાગ
વગોણું,–વણું ન૦, **–વણી** સ્ત્રી૦ વગોણું; નિંદા; ફજેતી. **–વવું** સ૦ક્રિ૦ નિંદા કરવી; ફજેતી કરવી
વઘરડું ન૦ રાતી સાઠી જેવી ડાંગર (૨) ચળામણ; બગદો
વઘરણું ન૦ હરકત; વિઘ્ન [સળવા માંડવું તે
વઘરો પું૦ ટંટો; અણબનાવ (૨) વિઘ્ન (૩) બગડવું કે
વઘળવું અ૦ક્રિ૦ ઝરવું
વઘાર પું૦ ઘી કે તેલમાં મરચાં, રાઈ, હિંગ વગેરે કકડાવી દાળ કઢી વગેરેમાં છમકારવું તે (૨) [લા.] મમરો; ટુચકો; ઉશ્કેરણી. ૦ણી સ્ત્રી૦ હિંગ. ૦વું સ૦ક્રિ૦ વઘાર કરવો. **–રિયું** વિ૦ વઘાર દીધેલું
વચ ન૦ [सं.] વચન; બોલવું તે
વચ સ્ત્રી૦ વચ્ચે હોવું તે; મધ્યસ્થતા (૨) અ૦ + વચ્ચે
વચકલું ન૦ વાંધો; વાંકું [વચ્ચેથી છટકી જવું
વચક(–કા)વું અ૦ક્રિ૦ માઠું લાગવું; રિસાવું; છેડાવું (૨)
વચકળવું અ૦ક્રિ૦ નરમ કે ઓછું થવું (૨) ખસી કે સરી જવું
વચકાવું અ૦ક્રિ૦ જુઓ વચકવું [વાંધો (૩) વહેમ
વચકું ન૦ વિઘ્ન; વચકલું. **–કો** પું૦ માઠું લાગવું તે (૨)
વચગાળો પું૦ વચ્ચેનો ભાગ
વચડવું સ૦ક્રિ૦ વલૂરવું
વચન ન૦ [सं.] વેણ; કથન; વાક્ય (૨) પ્રતિજ્ઞા; કોલ (૩) સંખ્યા (વ્યા.). **–નિકા** સ્ત્રી૦ અવતરણ; પ્રમાણ કે સૂક્તિ તરીકે ટાંકેલું તે. **–ની** વિ૦ વચન પાળનારું; સત્યવાદી. **–નીય** વિ૦ કહેવા કે બોલવા જેવું (૨) નિંદ્ય (૩) ન૦ લોકાપવાદ; લાંછન
વચમાં અ૦ વચ્ચે
વચરમાવું અ૦ક્રિ૦ કરમાવું; ચીમળાવું
વચલું વિ૦ વચમાંનું; મધ્યેનું
વચવચ સ્ત્રી૦,**–ચાટ** પું૦ વચમાં ઉદ્ધતાઈથી બડબડવું તે. **–ચિયું** વિ૦ વચવચાટ કરનારું
વચળવું અ૦ક્રિ૦ હરકત નડવી; ભંગાણ પડવું; કચળવું (૨) ચસકી જવું; ખસવું (૩) વ્યભિચારી થવું
વચાંળવું સ૦ક્રિ૦ ખંજવાળવું; વચડવું
વચાળ સ્ત્રી૦, **–ળું** ન૦ વચ્ચેની ખાલી જગા (૨) બાકું
વચાળો પું૦ જુઓ વંચાલો
વચેટ વિ૦ વચલું
વચ્ચે અ૦ વચમાં. **–ચ્ચોવચ** અ૦ બરાબર વચ્ચે
વચ્છ(–છ) પું૦; ન૦ વાછરડું
વચ્છ(–છ)નાગ પું૦ એક ઝેરી કંદ
વછ સ્ત્રી૦ વસ્તુ; ચીજ; જણસ (ચ.) (૨) જુઓ વચ્છ
વછનાગ પું૦ જુઓ વચ્છનાગ
વછિયાત પું૦ મોટા વેપારી તરફથી પરદેશ માલ ખરીદનાર કે વેચનાર આડતિયો. **–તી** વિ૦ વછિયાતને લગતું
વછૂટવું અ૦ક્રિ૦ છૂટવું (૨) છૂટીને ઊડવું (૩) [સુ.] જણવું; છૂટકો થવો. **વછુટાવું** અ૦ક્રિ૦ (ભાવે)
વછૂટું વિ૦ વિખૂટું; જુદું પડેલું
વછેરી સ્ત્રી૦ નાની ઘોડી. **–રું** ન૦ ઘોડીનું બચ્ચું. **–રો** પું૦ નાનો ઘોડો (૨) વાછડો (તરતમાં ખસી કરેલો)
વછો પું૦ વિયોગ(૨) ભેદ; ફાટફૂટ. ૦ડવું સ૦ક્રિ૦વળગેલું છૂટું કરવું. વછૂટે એમ કરવું. ૦યું વિ૦વિખૂટું પડેલું
વજ સ્ત્રી૦; ન૦ એક વનસ્પતિ
વજદ પું૦ આનંદની મસ્તી
વજન ન૦ ભાર(૨) તોલ (૩) [લા.] દબાણ; વગ(૪)મોભો; માન(૫)વિધેય વિ૦(સુ.)ઓછું;થોડું.૦દારવિ૦વજનવાળું
વજરકઠા વિ૦ જરા ધોળા (ઘઉં)
વજરબટ્ટુ(–ટ્ટું) ન૦ એક ઝાડ અને તેનું બી; બજરબટ્ટું (રીંછના મોંમાં ઘાલી છોકરાંને કોટે બાંધે છે)
વજા સ્ત્રી૦ સમજ; બુદ્ધિ (૨) વૃત્તિ; વલણ (૩) ફાંફાં (?)
વજાડવું સ૦ક્રિ૦ વગાડવું. **વજાવણહાર** પું૦ + બજાવનાર.
વજીફદાર વિ૦ (૨) પું૦ વજીફાવાળો; જાગીરદાર
વજીફો પું૦ [अ.] ઇનામમાં મળેલી જમીન
વજીર પું૦ [अ.] પ્રધાન. **–રાઈ(–ત)**,**–રી** સ્ત્રી૦,**–રું** ન૦ વજીરનો ઓધ્ધો, કારકિર્દી કે અમલ [ધોવાં તે
વજૂ ન૦ [अ.] (નિમાજ પઢતા પહેલાં) હાથ, પગ, મોં વગેરે
વજૂદ ન૦ [अ.] ખરાપણું; વાસ્તવિકતા
વજે સ્ત્રી૦ પાકેલા અનાજમાં હિસ્સો પાડીને લેવાતી મહેસૂલ;ગણોત. **૦દાર** સ્ત્રી૦ મગદળ જોડીની એક કસરત. **૦વળતિયું** ન૦ ભાડું જમે થાય અને વ્યાજ ખાતે મંડાય તેવી શરતવાળું ખાતું. **૦વેરા** પું૦બ૦વ૦ મહેસૂલ, ગણોત ને બીજા વેરા
વજ્જર ન૦ + ઇંદ્રનું આયુધ–વજ્ર
વજ્ર ન૦ [सं.] દધિચિ ઋષિનાં હાડકાંનું બનેલું ઇંદ્રનું આયુધ (૨) વીજળી (૩) ફૂલની દાંડી. **૦કાય** વિ૦ વજ્ર જેવી કઠણ કાયાવાળું. **૦દંતી** સ્ત્રી૦ એક વનસ્પતિ. **૦પાત** પું૦ વીજળીનું પડવું. **૦બાહુ** વિ૦ વજ્ર જેવા બાહુવાળું. **૦મય** વિ૦ કઠણ; કઠોર; દુર્ભેદ્ય. **૦લેપ** પું૦ કદી ઊખડે નહિ તેવો લેપ; મસાલા ભેળવેલો તેવો ચૂનો કે તેનો લેપ (૨) વિ૦ તેના જેવું સજ્જડ. **–જ્રાઘાત** પું૦ વજ્ર કે વીજળીનો આઘાત (૨) તેના જેવી અણધારી આફત. **–જ્રિકા** સ્ત્રી૦ દીપ્તા શ્રુતિનો એક અવાંતર ભેદ. **–જ્રી** પું૦ (સં.) ઇંદ્ર
વટ પું૦ [सं.] વડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વટ વિ૦ મુખ્ય;બધા માટેનું (૨) સ્ત્રી૦ ધીરધાર કરવી તે(૩) ધીરધાર થતી હોય તે બજાર (૪) ટેક; પણ (૫) આબરૂ

વટક સ્ત્રી૦;પું૦ ઉપરામણી; વધારાની રકમ (૨) નુકસાની; વળતર (૩) બદલો; વેર

વટકવું અ૦ક્રિ૦ રીસમાં ખસી જવું-હઠી જવું; વંકાવું

વટલ(-લા)વું અ૦ક્રિ૦ હલકી મનાતી જાતિ કે ધર્મમાં જવું

વટલું વિ૦ નરસું; પાજી

વટલોઈ સ્ત્રી૦ તાંબડી

વટવટવું અ૦ક્રિ૦ (કા.) ખાઉં ખાઉં કરવું

વટવું સ૦ક્રિ૦ઓળંગવું; પસાર કરવું (૨) અ૦ક્રિ૦ (વેળાનું) પસાર થઈ જવું (૩) (પાણીનું) પાછું હઠવું; ઓસરવું (૪) નાસી જવું [પૂજા કરાય છે તે દેવતા

વટસાવિત્રી સ્ત્રી૦[સં.] જેઠ પૂર્ણિમાએ વડની નીચે જેની

વટહુકમ પું૦ મુખ્ય કે સર્વને લાગુ પડતો હુકમ

વટંતર વિ૦ ઘરેણિયાત [કલમ; વતરણું

વટા(-ટે)ણું ન૦ ધૂળિયા પાટી ઉપર લખવાની લાકડાની

વટાણો પું૦ એ નામના કઠોળનો દાણો

વટાવ પું૦ છૂટ; મુદ્દલમાંથી કાંઈ કારણથી જે ઓછું લેવાય અથવા કાપી અપાય તે(૨)મોટા સિક્કાનું પરચૂરણ લેતાં જે ઓછું આવે તે(૩)વેચાણ ઉપરનું વળતર. ૦વું સ૦ક્રિ૦ મોટા સિક્કાનું પરચૂરણ નાણું લેવું(૨)હૂંડી, નોટ વગેરેનાં નાણાં કરવાં(૩) પસાર કરવું; ઓળંગવું (૪) 'વટવું' તથા 'વાટવું'નું પ્રેરક.-વું અ૦ક્રિ૦'વટવું' તથા 'વાટવું'નું કર્મણિ

વટાળ,-ળો પું૦વટલાવાપણું;ભ્રષ્ટતા. ૦વું સ૦ક્રિ૦વટલાવવું

વટિકા સ્ત્રી૦ [સં.] ગોળી; વટી

વટિયું,વટી વિ૦ વટ-ટેકવાળું

વટી સ્ત્રી૦ [સં.] ગોળી

વટીક અ૦ પણ; સુધ્ધાં

વટુક પું૦[સં.] બટુક; છોકરો [લાગે છે. ઉદા૦પ્રધાનવટું

વટું ન૦ 'તેનો ધંધો કે કામકાજ' એ અર્થમાં નામને અંતે

વટ્ટકાર; વટ્ટકો પું૦ ઢંગ; આવડ; અક્કલ (૨) વગો પાડવું તે

વટેણું ન૦ જુઓ વટાણું

વટેમાર્ગુ પું૦ મુસાફર

વટેશરી સ્ત્રી૦ વાટખર્ચ (૨) ભાતું

વડ પું૦ એક ઝાડ (૨) વિ૦ વડું (સમાસમાં વપરાતું રૂપ)

વડગૂંદો પું૦ એક ઝાડ

વડચકું ન૦ (કા.) બચકું

વડપણ(-ણું) ન૦ મોટાપણું

વડભેરું પું૦ રમનારાની ટોળીનો આગેવાન

વડવા સ્ત્રી૦ [સં.] ઘોડી

વડવાઈ સ્ત્રી૦ વડની ડાળમાંથી ફૂટીને લબડતું મૂળ [પક્ષી

વડવાગ(-ગો)ળ સ્ત્રી૦, **વડવાગળું** ન૦ રાત્રે ઊડતું એક

વડવાગ્નિ,વડવાનલ(-ળ) પું૦[સં.] સમુદ્રમાં રહેલો અગ્નિ

વડવીર પું૦ વડો-મોટો ભાઈ

વડવો પું૦ પૂર્વજ (૨) બાપ અથવા માનો બાપ

વડસસરો પું૦ સાસુ કે સસરાનો બાપ

વડસાસુ સ્ત્રી૦ સાસુ કે સસરાની મા [આજાનબાહુ

વડહથ્થ વિ૦ બળવાન; મજબૂત (૨) મોટા હાથવાળો;

વડાઈ સ્ત્રી૦ મોટાઈ; કીર્તિ (૨) અભિમાન; પતરાજ

વડાગરું વિ૦ દરિયાકિનારે ખાડાઓમાં પાણી સૂકવીને બનાવેલું ગાંગડાદાર (મીઠું) [વિદારનાર; મારનાર

વડારણ સ્ત્રી૦ ગોલી; ખવાસણ; રાણીની દાસી (૨) વિ૦+

વડિયાઈ સ્ત્રી૦ બાપ અથવા માની મા

વડિયું વિ૦ પ્રતિસ્પર્ધી; પ્રતિપક્ષી

વડી સ્ત્રી૦ ચોળાની દાળની એક બનાવટ

વડીલ વિ૦ (કુટુંબમાં) પૂજ્ય; મોટું; મુરબ્બી(૨)પું૦તેવો માણસ(૩) પૂર્વજ. -લોપાર્જિત વિ૦ બાપદાદાએ રળેલું

વડું વિ૦ મોટું (૨) ન૦ અડદની દાળની એક વાની

વડે અ૦ વતી; થી

વડેરું વિ૦ વડીલ; મોટું

વઢકણ(-ણું),વઢકારું વિ૦ કજિયાખોર

વઢવાડ સ્ત્રી૦ કજિયો; તકરાર; લડાઈ. -ડિયું વિ૦વઢકણું

વઢવું અ૦ક્રિ૦ તકરાર કરવી (૨) મારામારી કરવી (૩) સ૦ક્રિ૦ ઠપકો આપવો

વઢવેડ સ્ત્રી૦ જુઓ વઢવાડ

વઢાવઢ(-ઢી) સ્ત્રી૦ સામસામું વઢવું તે [નું પ્રેરક

વઢાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦'વઢવું' 'વાઢવું'નું કર્મણિ

વઢિયારી વિ૦સ્ત્રી૦ વઢિયાર તરફની-સરસ (ભેંસ)

વણ ન૦ કપાસ, કપાસનો છોડ કે કપાસનું ખેતર (૨) અ૦ (પ.) વિના [મજૂરી

વણકર પું૦ વણવાનો ધંધો કરનાર. -રી સ્ત્રી૦ વણવાની

વણછો પું૦ ઝાડની છાયા (નીચેના રોપ પરની)

વણજ પું૦વેપાર; ધંધો (૨) સ્ત્રી૦ વેપારની વસ્તુ;'કૉમોડિટી'

વણજાર સ્ત્રી૦ વણજારાની પોઠ કે કાફલો. -રી સ્ત્રી૦ વણજારાની સ્ત્રી. -રું ન૦ વણજારાનો ધંધો. -રો પું૦બળદોની પીઠ ઉપર માલ ભરી દેશપરદેશ લઈ જનાર વેપારી

વણતર ન૦ વણવું તે (૨) વણાટ; પોત; કુમાશ

વણપરો પું૦ (કા.) વાપર; ઉપયોગ

વણલોભી વિ૦ લોભરહિત

વણવું સ૦ક્રિ૦ આમળવું; ભાગવું (દોરડું)(૨) સાળ વડે કપડું બનાવવું (૩) વેલણ વડે રોટલી વગેરે કરવું

વણસવું અ૦ક્રિ૦ બગડવું; ખરાબ થવું (૨)નાશ પામવું

વણસાડ પું૦ બગાડ; નાશ. ૦વું સ૦ક્રિ૦'વણસવું'નું પ્રેરક

વણાઈ સ્ત્રી૦ વણવાનું મહેનતાણું (૨) વણવાની રીત

વણાટ પું૦ વણતર; કુમાશ; પોત. ૦કામ ન૦વણવાનું કામ

વણિક પું૦[સં.] વાણિયો (૨)વેપારી. ૦પુત્ર પું૦વાણિયાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરો; વાણિયો. ૰વૃત્તિ સ્ત્રી૰ જુઓ વાણિયાવિદ્યા (૨) વેપાર વડે આજીવિકા ચલાવવી તે
વણિયર ન૰ એક નાનું ચોપગું પ્રાણી
વત(૰ર)ડવું સ૰ક્રિ૰ નખથી ખણવું કે ફાડી નાંખવું
વત્ [સં.] નામને લાગતાં '–ની પેઠે, –ની જેમ' અર્થ બતાવે છે. ઉદા૰ આત્મવત્(૨) ['વાન'નું મૂળ સં. રૂપ. સ્ત્રી૰ વતી] નામને લાગતાં 'વાળું' અર્થ બતાવે છે. ઉદા૰ ફલવત્
વતન ન૰ [અ.] મૂળ ગામ કે દેશ (૨) ઇનામ દાખલ સરકાર તરફથી મળેલી જાગીર. ૰દાર વિ૰ (૨) પું૰ જાગીરદાર. ૰દારી સ્ત્રી૰ જાગીરદારી. –ની વિ૰ (૨) પું૰ મૂળ રહીશ
વતરડવું સ૰ક્રિ૰ જુઓ વતડવું
વતરણું ન૰ કલમ; વટાણું [અભાવ
વતરેક અ૰+વતરોગ જુઓ (૨) પું૰ વ્યતિરેક; ભેદ;
વતરોગ(–ગે) અ૰ વિના; વગર
વતાગરો પું૰ વેતરો; મજૂર
વતાડવું સ૰ક્રિ૰ જુઓ વિતાડવું
વતાવવું સ૰ક્રિ૰ વિતાડવું; પજવવું (૨) છેડવું
વતી અ૰ વડે (૨) માટે; બદલે (૩) વિ૰સ્ત્રી૰ [સં.] (જુઓ 'વત્'માં). ઉદા૰ 'લાવણ્યવતી'
વતીગણ ન૰ જુઓ વતેસર
વતીપાત પું૰ જુઓ વ્યતીપાત. –તિયું જુઓ વ્યતીપાતિયું
વતું ન૰ હજામત
વતે અ૰ વડે; થી
વતેસર વિ૰ વિસ્તારવાળું (૨) ન૰ નકામું લંબાણ; ટાયલું
વત્તું વિ૰ વધારે
વત્રેક વિ૰+શ્રેષ્ઠ (૨) અ૰ વિના; વતરેક
વત્સ પું૰; ન૰ [સં.] બાળક (૨) ન૰ વાછરડું
વત્સર પું૰ [સં.] વર્ષ
વત્સરાજ પું૰ [સં.](સં.) અર્જુનથી પચીસમો રાજા; ઉદયન
વત્સલ વિ૰ [સં.] માયાળુ; સ્નેહાળ. ૰તા સ્ત્રી૰ વાત્સલ્ય
વત્સા સ્ત્રી૰ [સં.] પુત્રી
વદ(–દ્ય) અ૰ વદિ; કૃષ્ણપક્ષમાં (૨) સ્ત્રી૰ કૃષ્ણપક્ષ
વદતોવ્યાઘાત પું૰ [સં.] પોતે બોલેલી વાતથી વિરુદ્ધ બોલવું તે
વદન ન૰ [સં.] મુખ.
વદવું સ૰ક્રિ૰ બોલવું (૨) અ૰ક્રિ૰ મંજૂર થવું
વદાડ(–ર) પું૰ વાયદો [વિદાયગીરી
વદાય વિ૰ (૨) સ્ત્રી૰ જુઓ વિદાય. ૰ગીરી સ્ત્રી૰ જુઓ
વદિ અ૰ [સં.] કૃષ્ણપક્ષમાં; વદ
વદિતા સ્ત્રી૰+સૂર; અવાજ
વદી(–દ્યા) સ્ત્રી૰ વધ; એકમનો અંક દશકમાં, દશકનો સોમાં, એમ જે ઉમેરવામાં આવે છે તે (ગ.)
વદ્ય અ૰ (૨) સ્ત્રી૰ [સં.] જુઓ વદ
વદ્યા સ્ત્રી૰ જુઓ વદી

વધાન ન૰ પાખંડ; કપટ
વધ પું૰ [સં.] કાપીને મારી નાખવું તે (૨) 'મલ્ટિપલ' (ગ.)
વધ ['ધ'માં યશ્રુતિ] સ્ત્રી૰ વધારો. ૰ઘટ સ્ત્રી૰ વત્તું ઓછું થવું તે
વધરાવળ સ્ત્રી૰ વૃષણનો એક રોગ
વધવું અ૰ક્રિ૰ સંખ્યા, કદ, માપ, ગુણ, કશામાં પણ વધારો થવો; મોટા થવું (૨) બચવું; બાકી રહેવું (૩) આગળ જવું; ટપવું; પ્રગતિ કરવી
વધાઈ(–મણી) સ્ત્રી૰ ખુશીના સમાચાર (૨) ખુશખબર લાવનારને અપાતી ભેટ [વધામણી
વધામણું ન૰ મંગળકાર્ય નિમિત્તે થાતાનું પૂજન (૨)
વધારણ વિ૰ વધારનારું (પ.) [કરવી; બાકી રાખવું
વધારવું સ૰ક્રિ૰ વધારો કરવો (૨) વિસ્તારવું (૩) બચત
વધારે વિ૰ અધિક; વિશેષ. ૰પડતું વિ૰ જોઈએ કે ઘટે તેથી વધારે (માત્રા, કદ, મર્યાદા વગેરેમાં)
વધારો પું૰ ઉમેરો; વૃદ્ધિ (૨) નફો (૩) બાકી; સિલક (૪) સાંધણ; પુરવણી
વધાવવું સ૰ક્રિ૰ ભક્તિથી અથવા આશીર્વાદ દેતાં ફૂલ-ચોખા નાખવા (૨) હર્ષભેર આવકાર આપવો
વધાવો પું૰ વધાવવાની સામગ્રી (૨) એકી (હાણ જોતાં) (૩) વર કે કન્યાને મોકલવાની ભેટ
વધુ વિ૰ વધારે. ૰પડતું વિ૰ વધારેપડતું
વધૂ સ્ત્રી૰ [સં.] વહુ; જુવાન પત્ની (૨) છોકરાની વહુ
વધેરવું સ૰ક્રિ૰ બલિદાન આપવું (૨) ફોડવું (૩) કાપવું
વધૈયો પું૰ વધામણી ખાનારો માણસ
વધ્ય વિ૰ [સં.] વધ કરવા યોગ્ય
વન ન૰ [સં.] જંગલ. ૰કવિતા સ્ત્રી૰ વન્ય અને ગ્રામ્ય જીવન વિષેની કવિતા; ગોપકાવ્ય; 'પેસ્ટોરલ'. ૰ફૂળ ન૰ વલ્કલ. ૰કોકિલ પું૰ એક પંખી. ૰ચર વિ૰ વનમાં રહેનારું; જંગલી (૨) પું૰ તેવું માણસ કે પ્રાણી (૩) વાંદરો. ૰જ્યોત્સ્ના, ૰જ્યોત્સ્ની સ્ત્રી૰ જાઈ જેવી એક વેલ. ૰દેવતા પું૰ બ૰વ૰; સ્ત્રી૰, ૰દેવી સ્ત્રી૰ વનની અધિષ્ઠાતા દેવ કે દેવી. ૰પક વિ૰ વનમાં પાકેલું. ૰પુષ્પ ન૰ વનમાં થતું–રાની પુષ્પ. ૰પ્રિયા સ્ત્રી૰ કોયલ. ૰ભોજન ન૰ ગામ બહાર રમ્ય જગાએ કરેલી ઉજાણી. ૰માલા(–ળા) સ્ત્રી૰ વનનાં ફૂલની માળા (૨) ઘૂંટણ લગી પહોંચે તેવો ફૂલનો હાર (શ્રીકૃષ્ણનો). ૰માલી(–ળી) પું૰ (સં.) શ્રીકૃષ્ણ. ૰રાઈ સ્ત્રી૰ જુઓ વનરાજી. ૰રાજ પું૰ સિંહ. ૰રાજિ(–જી) સ્ત્રી૰ ઝાડોની લાંબી હાર (૨) લાંબો જંગલનો પ્રદેશ (૩) જંગલમાંનો પગરસ્તો. ૰લતા સ્ત્રી૰ એક જંગલી વેલ. ૰વાસ પું૰ વનમાં વસવું તે. ૰વાસી વિ૰ વનમાં વસનારું. ૰વેલી સ્ત્રી૰ જંગલી વેલ (૨) અપદ્યાગદ્યની એક નવી રચના. ૰શ્રી સ્ત્રી૰ જંગલની શોભા. ૰સ્થલી(–ળી) સ્ત્રી૰ અરણ્યનો પ્રદેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનરડો પું૦(કા.) દુઃખ; વિટંબણા (૨) બગાડો (૩) ઝઘડો; વાદ; વાંધો (૪) ફજેતો
વનવાગળું ન૦, વનવાગોળ સ્ત્રી૦ જુઓ વડવાગળું
વનસરાહ ન૦ એક પંખી
વનસ્પતિ સ્ત્રી૦ [સં.] ઝાડ, છોડ વગેરે. ૦નાથ પું૦ ચંદ્ર. ૦વિદ્યા સ્ત્રી૦, ૦શાસ્ત્ર ન૦ 'બૉટની'
વના સ્ત્રી૦ વનિતા (૨) અ૦ વિના; સિવાય
વનારવું સ૦ક્રિ૦ (કા.) કાપવું; સમારવું
વનિકા સ્ત્રી૦ [સં.] ઉપવન; નાનકડું વન
વનિતા સ્ત્રી૦ [સં.] સ્ત્રી. ૦વિશ્રામ પું૦ સ્ત્રીઓને શિક્ષણ આપવાની સંસ્થાનું એક નામ [ભાનવતું)
વતું વિ૦ 'વિનાનું' એવા અર્થમાં નામને લાગે છે (ઉદા૦
વનેખા પું૦બ૦વ૦ પીડા; મુસ્કેલી; વખા
વનેચર વિ૦ (૨) પું૦ [સં.] વનચર; જંગલી
વનેરુ વિ૦ રખડેલ; જંગલી [એવી મુસ્કેલી; વનરડો
વનૈડવું સ૦ક્રિ૦ બગાડી નાખવું. વનૈડો પું૦ કાર્ય બગડે
વનો પું૦ + વિવેક; વિનય (૨) + બનો; વર કે અણવર
વન્ય વિ૦ [સં.] જંગલનું [હર્ષોદ્ગાર
વન્સ મોર પું૦ [ઇં.] 'એક વાર ફરીથી' એવા અર્થનો નાટકી
વપત સ્ત્રી૦ વિપત્તિ
વપન ન૦ [સં.] વાળ કપાવવા કે હજામત કરાવવી તે
વપરાટ પું૦ વપરાશ. -શું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'વાપરવું'નું કર્મણિ ને પ્રેરક. -શ સ્ત્રી૦ વાપર; ઉપયોગ
વપલો પું૦ કૌતુક
વપા સ્ત્રી૦ [સં.] ચરબી; મેદ
વપુ ન૦ [સં.] શરીર
વફા સ્ત્રી૦ [અ.] વચનને વળગી રહેવું તે; પ્રામાણિકપણું (૨) ભક્તિ; શ્રદ્ધા; વિશ્વાસ. ૦ઈ સ્ત્રી૦ વફાદારી. ૦દાર વિ૦ વચનને વળગી રહેનારું (૨) વિશ્વાસુ (૩) સ્વામીભક્ત. ૦દારી સ્ત્રી૦ વચનને વળગી રહેવું તે (૨) સ્વામીભક્તિ (૩) નિષ્ઠા (૪) રાજભક્તિ
વભૂટ(-ઠ)ણ ન૦ પીડા; આપદા [વજન
વભો પું૦ વૈભવ; સાહેબી (૨) મર્યાદા; અદબ (૩) પ્રતિષ્ઠા;
વમન ન૦ [સં.] ઊલટી
વમળ ન૦ વહેતા પાણીમાં થતું કૂંડાળું-ભમરો
વમાસણ જુઓ વિમાસણ. -વું જુઓ વિમાસવું
વમિ(-મી) સ્ત્રી૦ [સં.] વમન; ઊલટી
વમેલ(-લું) વિ૦ ઓકી કાઢેલું (૨) સન્માર્ગથી ભ્રષ્ટ થયેલું
વય ન૦; સ્ત્રી૦ [સં.] ઉમ્મર
વયણ ન૦ + વચન; બોલ
વયસ્ય પું૦ [સં.] મિત્ર. -સ્યા સ્ત્રી૦ સખી
વયાતીત વિ૦ ઉમ્મર વીતી ગયેલું; વૃદ્ધ.
વયોવૃદ્ધ વિ૦ [સં.] ઘરડું; વડીલ

૬૫

વર વિ૦ [સં.] ઉત્તમ (૨) પું૦ વરરાજા (૩) પતિ (૪) વરદાન (૫) નામને લાગતાં 'શ્રેષ્ઠ, ઉત્તમ' એવા અર્થમાં. ઉદા૦ પંડિતવર. ૦કન્યા ન૦બ૦વ૦ પરણનાર પુરુષ ને સ્ત્રી
વરક(-ખ) પું૦ [અ.] સોનાચાંદીનું છેક પાતળું પતરું
વરખ પું૦ જુઓ વરક (૨) વર્ષ (૩) સ્ત્રી૦ વૃષભ રાશિ
વરખડી સ્ત્રી૦, -ડો પું૦ એક ઝાડ
વરખવું અ૦ક્રિ૦ + વરસવું
વરખાસન ન૦ + જુઓ વર્ષાસન
વરખી હરતાળ સ્ત્રી૦ પીળી હરતાલ
વરઘેર સ્ત્રી૦ કન્યાપક્ષ તરફથી વરને સામે તેડવા જતા થોડા લોક (જે દાપું પડાવવા જાનને રોકી રાખે છે)
વરઘેલી વિ૦સ્ત્રી૦ પતિપ્રેમમાં ઘેલી બનેલી
વરઘોડો પું૦ પરણવા જતા વરની સવારી (૨) [લા.] ફજેતી. -ડિયાં ન૦બ૦વ૦ નવ દંપતી [ચ.] (૨) લગ્નના વરઘોડામાં જતાં બાળકો (૩) નાસ્તો કરવા વર જોડે જતાં જાનનાં છોકરાં
વરચવું અ૦ક્રિ૦ કંટાળવું [અને ગુસ્સામાં કંઈ કરવું તે
વરચસ પું૦ ઠપકો આપનારને ઓશિયાળું કરવા રીસમાં
વરજવું સ૦ક્રિ૦ તજવું; વર્જવું
વરજંગ પું૦ + મોટી લડાઈ-જંગ
વરજોગ વિ૦સ્ત્રી૦ પરણવા લાયક
વરજોખો પું૦ ઉચાટ; ફિકર (૨) ફજેતી
વરટ પું૦ [સં.] હંસ. ૦પતિ પું૦ હંસોનો નાયક. -ટા સ્ત્રી૦ હંસણી. -ટાપતિ પું૦ હંસણીઓનો સ્વામી
વરડવું સ૦ક્રિ૦ ઉઝરડવું (૨) વર્ગ પાડવા [ચિહ્ન
વરડુ ન૦ વ્યંજન સાથે જોડાતું ઉ-ઊકારનું (ુ , ૂ) આવું
વરડું ન૦ ફૂટેલો-ઊગેલો કઠોળનો દાણો
વરણ પું૦ વર્ણ; અક્ષર (૨) રંગ (૩) સ્ત્રી૦ જાતિ; નાત (૪) [લા.] ગણતી; લેખું (૫) ન૦ પાણી
વરણાગી સ્ત્રી૦ ટાપટીપ; છેલાઈ; ભપકો. -ગિયું વિ૦ વરણાગી કરનારું [પેટાનાતો હોવી તે
વરણાવરણી સ્ત્રી૦ ન્યાતજાતના ભેદ; પાર વગરની નાતો
વર(-રે)ણી સ્ત્રી૦ ક્રિયાકર્મ કરાવવા બ્રાહ્મણને પસંદ કરી તેનું પૂજન કરવું તે (૨) પસંદગી (૩) [લા.] ગણતી; લેખું (૫) ન૦ પાણી
વરણો પું૦ એક વનસ્પતિ [(૩) ન૦ + વ્રત; બાધા; નિયમ
વરત પું૦; સ્ત્રી૦ કોસ ખેંચવાનો દોર (૨) સ્ત્રી૦ ઢોરની ચરાઈ
વરતણિયો પું૦ રાવણિયો; ગામનો રખવાળ (૨) ચોરી શોધી આપનાર; પગી (૩) ભોમિયો; વળાવો
વરતલો પું૦ કાપલો; બળોતિયું
વરતવું અ૦ક્રિ૦ વર્તવું; ચાલવું (૨) બનવું; થવું (૩) સ૦ક્રિ૦ પારખવું; ઓળખવું (૪) પ્રાપ્ત થવું
વરતારો પું૦ ભવિષ્યકથન (૨) જોષી
વરતિક(-યો) પું૦ શ્રાવકોનો જતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરતું વિ૦+વર; શ્રેષ્ઠ
વરદ વિ૦,–દા વિ૦સ્ત્રી૦ [સં.] વરદાન દેનાર; કૃપાળુ. –**દાન** ન૦ દેવદેવી કે સંતે પ્રસન્ન થઈ આશા પૂરી પાડવા આપેલું વચન. –**દાયક,–દાયી** વિ૦ વરદ
વરદી સ્ત્રી૦ ખબર; કહેણ (૨) હુકમ
વરધ સ્ત્રી૦ (પ્રાયઃ લગ્નના) મુહૂર્તની આડે રહેલા દિવસોમાંનો દરેક (૨) લગ્ન પૂર્વની એક મંગળ વિધિ
વરધસાંકળી સ્ત્રી૦ જેનાં છોકરાં જીવતાં ન હોય તે સ્ત્રી પોતાના નવા અવતરેલા બાળકના ગળામાં, જેનું એક પણ બાળક ન મરી ગયું હોય તેવી સ્ત્રી પાસેથી લઈને ઘાલે છે તે સાંકળી
વરધસુંવાળું ન૦ જુઓ વૃદ્ધિસૂતક
વરપક્ષ પું૦ વરનાં સગાંવહાલાં
વરમ પું૦ [अ.] સોજો
વરમાળ(–ળા) સ્ત્રી૦ સ્વયંવરમાં કન્યા પસંદ કરેલા વરને પહેરાવે છે તે માળા (૨) પરણતી વખતે વરકન્યાના કંઠમાં નંખાતી સૂતરની માળા
વરરાજા પું૦ પરણવા જતો વર
વરવધૂ(–હુ) ન૦બ૦વ૦ [સં.] વર અને વહુ; પતિપત્ની
વરવું સ૦ક્રિ૦ વરણી કરવી (૨) વર તરીકે પસંદ કરવું (૩) પસંદ કરવું (૪) અ૦ક્રિ૦ ખપવું; વપરાવું, ખર્ચાવું
વરવું વિ૦ બેડોળ (૨) નરસું; નઠારું. ૦**વરાક** વિ૦ ખૂબ વરવું
વરવેશ વિ૦ [સં.] કીમતી પોશાકવાળું; ધનાઢ્ય
વરશી(–સી) સ્ત્રી૦ મરનારની પહેલી વાર્ષિક તિથિએ કરવામાં આવતી ક્રિયા
વરષાશન ન૦ જુઓ વર્ષાસન
વરસ ન૦ વર્ષ. ૦**ગાંઠ** સ્ત્રી૦ જન્મદિવસ. ૦**વળોટ** (કા.), ૦**વંટોળ** (ચ.) અ૦ આશરે એક વર્ષ જેટલી મુદતે
વરસવું અ૦ક્રિ૦ વરસાદ પડવો (૨) વરસાદ જેમ પડવું કે રેડાવું (૩) સ૦ક્રિ૦ વરસાદની જેમ છૂટથી આપવું કે વેરવું [મોટા જથામાં પડવું તે
વરસાણુ ન૦ વર્ષાસન
વરસાદ પું૦ વાદળમાંથી પાણીનું પડવું તે (૨) ઉપરથી
વરસું(–સૂં)ડી સ્ત્રી૦ બળદની ગરદનનો એક રોગ (૨) કંઠમાળ
વરસૂંદ સ્ત્રી૦ વર્ષે વર્ષે મળતી બાંધી રકમ; વર્ષાસન
વરસોવરસ અ૦ દર વર્ષે
વરસોળી સ્ત્રી૦ રસોળી
વરંગો પું૦ ઢોરને થતો એક રોગ
વરંડ(–ડો) પું૦ [સં.] ઓસરી; પડાળી [(સં.) શિવ
વરાક વિ૦ [સં.] કંગાલ; બિચારું (૨) અધમ (૩) પું૦
વરાટી સ્ત્રી૦ કોડી [મધ્યપ્રાંત જોડેનો એક પ્રાંત
વરાડ પું૦; સ્ત્રી૦ ભાગ; હિસ્સો (૨) પું; ન૦ (સં.)
વરા(–રે)ડું ન૦ એક દોરડું
વરાણિયે અ૦ વડે; થી [ખજાનચીને લખેલો રુક્કો
વરાત સ્ત્રી૦ લગ્નની જાન (૨) [फा.] રૂપિયા આપવા

વરાધ સ્ત્રી૦ નાનાં છોકરાંને થતો એક રોગ (૨) તે રોગ ઉપર અપાતી એક વનસ્પતિ
વરાધવાવળી સ્ત્રી૦ બાળકોના પેટનો એક રોગ
વરાધે અ૦ બહાને; મિષે
વરાપ સ્ત્રી૦ ફુરસદ; નવરાશ (૨) તલપ; આતુરતા (૩) વરસાદ આવી ગયા બાદ થોડા દિવસ ઉઘાડ નીકળતાં પાણી ચુસાઈ જાય છે તેવી જમીનની સ્થિતિ. –**પિયું** ન૦ કોરી ડાંગેર વાવીને કરેલું ધરુ
વરામ ન૦ (કા.) મર્મસ્થાન
વરારોહા સ્ત્રી૦ [સં.] જુઓ નિતંબવતી
વરાસન ન૦ [સં.] ઉત્તમ આસન–બેઠક
વરાહ પું૦ [સં.] ડુક્કર; સૂવર (૨) વિષ્ણુનો ત્રીજો અવતાર. ૦**કલ્પ** પું૦ જેમાં વરાહ અવતાર થયો હતો તે કલ્પ
વરાહમિહિર પું૦ [સં.] (સં.) પ્રાચીન ગણિતી ને ખગોળશાસ્ત્રી
વરાળ સ્ત્રી૦ પાણી ગરમ થતાં તેનું વાયુરૂપે થતું રૂપાંતર (૨) [લા.] બળતરા; દાઝ; જુસ્સો. ૦**યંત્ર** ન૦ વરાળથી ચાલતો સંચો. –**ળિયું** વિ૦ વરાળવાળું (૨) જેમાંથી વરાળ નીકળતી હોય તેવું (૩) વરાળથી કરેલું (૪) ન૦ વરાળ છટકવાનું બારું
વરાં અ૦ + વેળા; વખત. ઉદા૦ લાખવરાં
વરાંગ વિ૦ [સં.] સુંદર અવયવોવાળું (૨) ન૦ માથું. ૦**ના, –ગી** સ્ત્રી૦ સુંદર અંગવાળી સ્ત્રી [ભૂલવું
વરાંસવું અ૦ક્રિ૦ પસ્તાવું; અફસોસ કરવો (૨) ભરોંસે
વરાંસો પું૦ ભરોંસો (૨) પસ્તાવો; અફસોસ
વરિયાળી સ્ત્રી૦ મુખવાસ તરીકે વપરાતું એક બી
વરિષ્ઠ વિ૦ [સં.] સર્વોત્તમ
વરી સ્ત્રી૦ કાંગ જેવું એક ધાન્ય
વરીડો પું૦ જુઓ વીરડો
વરુ પું૦; ન૦ એક ચોપગું હિંસ્ર પ્રાણી
વરુણ પું૦ [સં.] પાણીનો અધિષ્ઠાતા દેવ; પશ્ચિમ દિશાનો દિક્પાલ (૨) સૂર્યમાળાનો એક ગ્રહ; 'નેપ્ચ્યૂન'
વરૂડ ન૦ પલાળીને ઉગાડેલી ડાંગર. –**ડિયું** વિ૦ પાણીમાં ડાંગર પલાળીને બનાવેલું
વરૂણી સ્ત્રી૦ જુઓ વરણી
વરે અ૦ વેરે; સાથે
વરે(–રો,–રોં)ઠી સ્ત્રી૦ વર તરફથી અપાતું લગ્નની ખુશાલીનું જમણ (૨) જનોઈ દીધા બાદ અપાતું જમણ
વરેડું ન૦ વરાડું; રાંઢવું; દોરડું
વરેણ્ય વિ૦ [સં.] પસંદ કરવા યોગ્ય (૨) પ્રધાન; શ્રેષ્ઠ
વરેરો પું૦ (કા.) તીક્ષ્ણ હથિયારનો ઊંડો ઘા
વરો પું૦ નાત જમાડવી તે (૨) વપરાશ; ખરચ [રોલર
વરોટો પું૦ રસ્તા બનાવવામાં વપરાતો મોટો ગોળ પથ્થર;
વરો(–રોં)ઠી સ્ત્રી૦ જુઓ વરેઠી
વરોલ પું૦ [સં.] ભમરો. –**લા** સ્ત્રી૦ ભમરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરોલ(-ળ) ન૦ વાંઝિયાપણું

વરોળવું સ૦ક્રિ૦ + વલોવવું

વરોઠી સ્ત્રી૦ જુઓ વરેઠી

વર્ગ પું૦ [સં.] મોટા સમુદાયનો એક ભાગ (૨) જાત પ્રમાણે પાડેલા જથામાંનો દરેક (૩) શ્રેણી; કોટિ (૪) શાળામાં શ્રેણીવાર વિદ્યાર્થીઓને ભણવા બેસવાનો ઓરડો (૫) 'સ્કવૅર' (ગ.). ૦પદી પું૦ 'ક્વૉડ્રૂટિક ઇક્વેશન' (ગ.). ૦પદ્ધતિ સ્ત્રી૦ કક્ષાવાર વિદ્યાર્થીઓના વર્ગ પાડી ભણાવવાની પદ્ધતિ. ૦ફેર પું૦ વર્ગ બદલવો તે. ૦મૂલ(-ળ) ન૦ 'સ્કવૅર રૂટ' (ગ.). ૦વારી સ્ત્રી૦ વર્ગવાર ગોઠવણી; વર્ગીકરણ. ૦વિગ્રહ પું૦ સમાજના વર્ગો વર્ગો વચ્ચે હિતવિરોધને કારણે વિગ્રહ; 'કલાસ-વૉર'. ૦વિગ્રહવાદ પું૦ વર્ગવિગ્રહમાં માન્યતાનો વાદ. ૦વ્યવસ્થા સ્ત્રી૦ શાળાના વર્ગની વ્યવસ્થા. ૦શિક્ષક પું૦ નિશાળના વર્ગનો શિક્ષક. ૦શિક્ષણ ન૦ વર્ગમાં (શાળામાં) મળતું કે અપાતું શિક્ષણ. ૦સત્તાક વિ૦ અમુક વર્ગ કે સમૂહની જ સત્તાવાળું 'ઑલિગાર્કિક'. -ર્ગાત્મક વિ૦ 'ક્વૉડ્રૂટિક' (ગ.). -ર્ગાભિમાન ન૦ પોતાના વર્ગનું અભિમાન-તેના હિતાહિત વિષેની અસ્મિતા. -ર્ગાભિમાની વિ૦ વર્ગાભિમાનવાળું; 'કલાસ-કૉન્શિયસ'. -ર્ગાવર્ગી સ્ત્રી૦ ઉપલા વર્ગનો અધિકારી રજા ઉપર જતાં નીચેના વર્ગમાંથી કામચલાઉ નિમણૂક કરવી તે. -ર્ગી(૦ય) વિ૦ વર્ગનું; વર્ગ સંબંધી (૨) એક જ વર્ગનું. -ર્ગીકરણ ન૦ વર્ગ પાડવા તે

વર્ચસ ન૦ [સં.] દીપ્તિ; તેજ (૨) બળ; પરાક્રમ (૩) વીર્ય. ૦સ્વિની વિ૦સ્ત્રી૦, -સ્વી વિ૦ તેજસ્વી; વીર્યવાન

વર્જ પું૦, ૦ન ન૦ [સં.] વર્જવું તે. ૦નીય વિ૦ તજવા યોગ્ય. ૦વું સ૦ક્રિ૦ તજવું; છોડી દેવું. -ર્જિત વિ૦ તજેલું; છોડી દીધેલું. -ર્જ્ય વિ૦ વર્જનીય

વર્ણ પું૦ [સં.] રંગ (૨) અક્ષર (૩) રૂપ (૪) પ્રકાર (૫) પું૦;સ્ત્રી૦ હિંદુ સમાજના ચાર વિભાગમાંનો દરેક (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર). ૦ધર્મ પું૦ દરેક વર્ણનો ધર્મ. ૦ન ન૦ બ્યાન (૨) પ્રશંસા. ૦નકવિતા સ્ત્રી૦ વર્ણનપ્રધાન કવિતા. ૦નાત્મક વિ૦ વર્ણનરૂપ. ૦નીય વિ૦ વર્ણવવા યોગ્ય. ૦ભેદ પું૦ વર્ણો વચ્ચેનો ભેદ. ૦મંડળ ન૦ સૂર્યની આસપાસનું લાલ રંગનું બાષ્પીય કૂંડાળું; 'ક્રોમોસ્ફિયર'. ૦માલા(-ળા) સ્ત્રી૦ ભાષાના મૂળાક્ષરો. ૦યતિ પું૦ ચોતાલ. ૦વવું સ૦ક્રિ૦ વર્ણન કરવું (૨) વખાણવું. ૦વાઘેશ્વરી પું૦ એક છંદ. ૦વિચાર પું૦ જુઓ શબ્દવિચાર. ૦વિપર્યય પું૦ શબ્દોમાં વર્ણો ઊલટસૂલટ થઈ જવા તે (નિરુક્ત). ૦વું સ૦ક્રિ૦ જુઓ વર્ણવવું. ૦વૃત્ત ન૦ (માત્રાવૃત્તથી ઊલટું) વર્ણોની સંખ્યા ઉપરથી નિયત થયેલો છંદ. ૦વ્યત્યાસ પું૦ અક્ષર બદલાઈ જવા -ઊલટસૂલટ થઈ જવા તે. ૦વ્યવસ્થા સ્ત્રી૦ વર્ણોની વ્યવસ્થા. ૦શ્રુતિ સ્ત્રી૦ 'સિલેબલ'. ૦સગાઈ સ્ત્રી૦ સજાતીય વર્ણોનું આવર્તન; વર્ણાનુપ્રાસ (૨) પ્રાસ બેસવો કે બેસાડવો તે. ૦સંકર વિ૦ ભિન્ન વર્ણનાં સ્ત્રીપુરુષથી ઉત્પન્ન થયેલું (૨) વ્યભિચારથી ઉત્પન્ન થયેલું (૩) પું૦ તેવો માણસ. ૦સ્થાન ન૦ વર્ણો જ્યાંથી બોલાય છે તે સ્થાન. -ર્ણાચાર પું૦ ભિન્ન ભિન્ન વર્ણના આચાર કે ધર્મ. -ર્ણાનુક્રમ પું૦ મૂળાક્ષર પ્રમાણેનો ક્રમ (૨) વર્ણાનુક્રમણિકા. -ર્ણાનુક્રમણિકા, -ર્ણાનુક્રમણી સ્ત્રી૦ મૂળાક્ષર પ્રમાણે ગોઠવેલું સાંકળિયું. -ર્ણાનુપ્રાસ પું૦ સજાતીય વર્ણોનું આવર્તન; એક શબ્દાલંકાર (કા.શા.).-ર્ણાલંકાર પું૦ જુઓ શબ્દાલંકાર. -ર્ણાવર્ણ પું૦, -ર્ણી સ્ત્રી૦ અનેક વર્ણના લોકોનો શંભુમેળો. -ર્ણાશ્રમ પું૦ જાતિવાર અને આશ્રમવાર વિભાગ અને તેમનાં કર્તવ્યોની વ્યવસ્થા. -ર્ણાંતર વિ૦ ભિન્ન વર્ણનું (૨) ન૦ ભિન્ન વર્ણ.-ર્ણિત વિ૦ વર્ણવેલું. -ર્ણી પું૦ ઉચ્ચારક્રિયાનું એકમ; 'સિલેબલ' (૨) વિ૦ વર્ણી કે વર્ણને લગતું. -ર્ણું વિ૦ (સમાસને અંતે લાગતાં) '-ના વર્ણ-રંગવાળું,' ઉદા૦ ઘઉંવર્ણું. -ર્ણોચ્ચાર પું૦ વર્ણોનું ઉચ્ચારણ

વર્ણ્ય વિ૦ [સં.] વર્ણનીય (૨) જેનું વર્ણન કરવાનું છે તેવું

વર્તણૂક સ્ત્રી૦ વર્તવાની રીત; ચાલચલગત; રીતભાત

વર્તન ન૦ [સં.] આચરણ; રીતભાત. ૦હામી સ્ત્રી૦ સારી ચાલચલગત માટે જામીન

વર્તમાન વિ૦ [સં.] ચાલુ (૨) આધુનિક (૩) પું૦બ૦વ૦ સમાચાર. ૦કાળ પું૦ ચાલુ સમય (૨) [વ્યા.] ક્રિ૦નો એક-વર્તમાન-કાળ. ૦કૃદંત ન૦ (વ્યા.) ક્રિ૦ નુંએક કૃદંત. ૦પત્ર ન૦ છાપું

વર્તવું અ૦ક્રિ૦ આચરણ કરવું; ચાલવું (૨) થવું; હોવું (૩) ગુજરાન ચલાવવું (૪) સ૦ક્રિ૦ પારખવું; જોવું

વર્તાવ પું૦ વર્તણૂક; રીતભાત

વર્તી વિ૦ [સં.] (સમાસને અંતે) હોતું. ઉદા૦ મધ્યવર્તી

વર્તુલ(-ળ) [સં.] ન૦ ગોળ કૂંડાળું; 'સર્કલ' (ગ.). ૦પાદ પું૦ 'ક્વૉડ્રન્ટ' (ગ.). -લા(-ળા)કાર વિ૦ ગોળ આકારનું; 'સરક્યુલર' (ગ.) (૨) પું૦ ગોળ આકૃતિ

વર્ધક વિ૦ [સં.] વધારનારું (પ્રાય સમાસને અંતે). -ન ન૦ વધવું તે (૨) આબાદી (૩) કાપવું તે. -માન વિ૦ વધતું જતું; આબાદ થતું (૨) પું૦ (સં.) વિષ્ણુ (૩) (સં.) ૨૪મા તીર્થંકર; મહાવીર

વર્ધિત વિ૦ [સં.] વધેલું. -ષ્ણુ વિ૦ વધતું; સમૃદ્ધ થતું

વર્મ ન૦ [સં.] કવચ

વર્ય વિ૦ [સં.] પ્રધાન; શ્રેષ્ઠ (સમાસને અંતે)

વર્ષ ન૦ [સં.] બાર માસનો સમય. ૦ફળ ન૦ વર્ષ દરમ્યાન બનનાર બનાવોનો વરતારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષણ ન૦ [સં.] વરસવું તે [સ૦ક્રિ૦ (પ્રેરક)
વર્ષવું અ૦ક્રિ૦ (૨) સ૦ક્રિ૦ જુઓ વરસવું. **વર્ષાવવું**
વર્ષા સ્ત્રી૦ [સં.] વરસાદની ઋતુ–શ્રાવણ અને ભાદરવો
વર્ષાસન ન૦(રાજ્ય તરફથી)ગુજરાન માટે મળતી વાર્ષિક રકમ
વર્ષોવર્ષ અ૦ દર વર્ષે; પ્રતિવર્ષ
વલફૂડું વિ૦ બહુ જ લાલચુ
વલખવું અ૦ક્રિ૦ વલખાં મારવાં. **વલખાં** ન૦બ૦વ૦ ફાંફાં
વલ(–ળ)ણ ન૦ વૃત્તિ; મનનું વળવું તે (૨) [રસ્તા કે નદીનો] વાંક (૩) કવિતામાં આવતો ઊથલો (૪) જુવારના ગીચ ચાસમાંથી ઉખેડી લીધેલા છોડ (૫) નફાતોટાની ઉપરામણી (૬) મરોડ. ૦દાર વિ૦ મરોડદાર
વલદદાણિયાં ન૦બ૦વ૦ જુઓ વળતદાણિયાં
વલદે અ૦ [फा.] ('નો દીકરો' 'બિન' એ અર્થ બતાવે છે)
વલન ન૦ [સં.] વળવું તે; વલણ
વલય ન૦ [સં.] કંકણ; કડું
વલવલ સ્ત્રી૦ વધારેપડતી ચંચળતા (બોલવા, બેસવા, ઊઠવામાં); ઘડી સખણા ન રહેવું તે (૨) વગર પૂછ્યે બોલબોલ કરવું તે; ચિબાવલાવેડા. ૦વું અ૦ક્રિ૦ બોલબોલ કરવું (૨) રોતાં રોતાં બોલવું; વિલાપ કરવો (૩) વલખાં મારવાં. **–લાટ** પું૦ વલોપાત; હાયવોય (૨) સળવળાટ. **–લિયું** વિ૦ વલોપાત કરતું (૨) વલવલ કર્યા કરતું; બહુબોલું
વલંદો પું૦ હોલંડનો રહેવાસી
વલંબાવું અ૦ક્રિ૦ રોકાવું; ગૂંથાવું
વલારવું સ૦ક્રિ૦ (સુ.) જુઓ પારવવું
વલિત વિ૦ [સં.] વળેલું; વાંકું (૨) કરચલી પડેલું (શરીર). ૦પલિત વિ૦ ઘરડું; વળિયાંપળિયાંવાળું
વલી પું૦ [अ.] પીર; ઓલિયો
વલુરાવું અ૦ક્રિ૦,–વવું સ૦ક્રિ૦'વલૂરવું'નું કર્મણિ ને પ્રેરક
વલૂર સ્ત્રી૦ ચળ; ખણજ. **–રિયું** ન૦, **–રો** પું૦ નહોર કે નખનો ઉઝરડો; લવૂરો. ૦વું સ૦ક્રિ૦ ખણવું; ઉતરડવું
વલૂં(–ળૂં)દ(–ધ)વું સ૦ક્રિ૦ મંડવું (૨) પેંધવું; પળકવું (૩) સ૦ક્રિ૦ વળગવું. **વલૂં(–ળૂં)દું(–ધું)** વિ૦ પેંધેલું
વલે સ્ત્રી૦ હાલ; દશા (૨) ભૂંડા હાલ (૩) ઉપાય
વલો પું૦ ઝંખના
વલોણું ન૦ વલોવવું તે (૨) વલોવવાની ગોળી (૩) રવૈયો. **–ણાવાર** પું૦ વલોવવાનો દિવસ. **–ણાવારે** અ૦ [લા.] આખોઘડીએ; વારે વારે. **–ણી** સ્ત્રી૦ રવાઈ; નાનું વલોણું
વલોપાત પું૦અધીરાઈનું આકળાપણું (૨) આક્રંદ; કલ્પાંત. **–તિયું** વિ૦ વલોપાત કરનારું
વલોવવું સ૦ક્રિ૦ માખણ કાઢવા દહીંને વાંસ વડે ઘૂમડવું (૨) [લા.] ચર્ચવું; ચૂંથવું. **–ણું** ન૦ વલોવવાનું સાધન. **–ડા(–રા)વવું** [પ્રેરક]. **વલોવાવું** [કર્મણિ]
વલ્ક ન૦ [સં.] ઝાડની છાલ. ૦લ ન૦ વલ્ક કે તેનું વસ્ત્ર
વલ્મિ(–લ્મી)ક પું૦; ન૦ [સં.] રાફડો
વલ્લભ વિ૦ [સં.] વહાલું (૨) પું૦ પ્રિય; પતિ (૩) [સં.] વલ્લભાચાર્ય. ૦પંથ, ૦મત, ૦સંપ્રદાય પું૦ પુષ્ટિમાર્ગ. **–ભા** સ્ત્રી૦ પ્રિયા; પત્ની. **–ભી** વિ૦ વલ્લભ સંપ્રદાયનું
વલ્લરિ(–રી) સ્ત્રી૦ [સં.] વેલ
વલ્લવ પું૦ [સં.] ગોવાળિયો (૨) રસોઇયો (૩) [સં.] ગુપ્તવાસનું ભીમનું નામ [એમ; ચૂકતે
વલ્લંખખ્ખા(–લ્લા) અ૦ કોઈનું માગતું લહેણું રહ્યું નહિ
વલ્લાવવું સ૦ક્રિ૦ પતાવવું; વાળી દેવું; વલ્લંખલ્લા કરવું
વલ્લિ(–લ્લી) સ્ત્રી૦ [સં.] વેલ
વલ્લું વિ૦ પહોળું; ચોડું (૨) રાંઢું; ફંટાતું (૩) [કા.] હેતવાળું; મમતાવાળું; વખું (ઉદા૦ માવલ્લું; ઘરવલ્લું)
વવટા(–ડા)વું અ૦ક્રિ૦ પવનમાં ઝૂલીને સુકાવું
વવડા(–રા)વવું સ૦ક્રિ૦ 'વાવવું'નું પ્રેરક
વવરજવું સ૦ક્રિ૦ તજવું; છોડવું (૨) કામ લાગવું; ખપ આવવું (૩) રૂઢિથી કે પરંપરાથી નક્કી થવું [પ્રેરક
વવરાવું અ૦ક્રિ૦. **–વવું** સ૦ક્રિ૦ 'વાવરવું'નું કર્મણિ ને
વવાણું અ૦ક્રિ૦ 'વાવવું'નું કર્મણિ [(૨) સળવળાટ
વવળવું અ૦ક્રિ૦ ખરજ આવવી. **વવળાટ** પું૦ ચળ; ખણજ
વવ્વો પું૦ વકાર (૨) વિવેક
વશ વિ૦ [સં.] તાબે; શરણે (૨) મુગ્ધ (૩) પું૦ કાબૂ; નિયમન. ૦કરણું વિ૦ વશ કરનારું. ૦વર્તિની વિ૦સ્ત્રી૦, ૦વર્તી વિ૦ તાબે રહેનારું [(૪) નણંદ
વશા સ્ત્રી૦ [સં.] વાંઝણી સ્ત્રી (૨) હાથણી (૩) સ્ત્રી; પત્ની
વશાત્ અ૦ [સં.] (સમાસમાં, નામને અંતે) 'ને લીધે' એવા અર્થમાં. ઉદા૦ દૈવવશાત્
વશિત્વ ન૦ [સં.] તાબેદારી (૨) યોગની આઠ સિદ્ધિઓમાંની એક–સર્વને વશ કરવાની શક્તિ
વશિયર પું૦ નાગ [કુલગુરુ
વશિ(–સિ)ષ્ઠ પું૦ [સં.] એક પ્રસિદ્ધ વૈદિક ઋષિ; રઘુવંશના
વશીકરણ ન૦ [સં.] વશ કરવું તે (૨) વશ કરવાનો મંત્ર; જાદુ; એક અભિચાર
વશીકાર વિ૦ [સં.] વશ કરનારું (૨) પું૦ કાબૂ; સંયમ
વશેક + વિ૦ વિશેષ (૨) પું૦ સારો મેળ
વશ્ય વિ૦ [સં.] વશ કરાય તેવું (૨) તાબે; અધીન
વષટ્કાર પું૦ [સં.] દેવને આહુતિ આપતી વખતે 'વષટ્' એમ બોલવું તે
વષ્ટા(–સટા)ળિયો પું૦ વિષ્ટિનું કામ કરનાર પુરુષ
વષ્ટિ સ્ત્રી૦ જુઓ વિષ્ટિ. ૦દાર વિ૦ વિષ્ટિ કરનાર
વસટાળી સ્ત્રી૦ જુઓ વસટાળું. **–ળિયો** પું૦ વષ્ટાળિયો. **–ળું** ન૦ વિષ્ટિનું કામ; રિસાયેલાને મનાવવાનું કામ (૨) ફૂટણીપણું (૩) માગું (કન્યાનું). **–ળો** પું૦ વસટાળું કરનારો (૨) ભડવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસતિ(-તી) સ્ત્રી૰ [સં.] વસવું તે; વસ્તી (૨) વાસ; રહેઠાણ (૩) લોકસંખ્યા (૪) બાળબચ્ચાંનો ભરાવો (૫) વસેલી જગા. **૰ગણતરી** સ્ત્રી૰ વસતિની ગણતરી. **૰ગૃહ** ન૰ શાળામાં ભણતા વિદ્યાર્થીઓને રહેવાનું સ્થાન; છાત્રાલય. **૰પત્રક** ન૰ માણસોની સંખ્યાની ગણતરીની નોંધ. **૰વાડી** સ્ત્રી૰ બાળબચ્ચાં; કુટુંબકબીલો

વસતેવ પું૰ (સુ.) અગ્નિ

વસન ન૰ [સં.] વસ્ત્ર

વસમું વિ૰ મુશ્કેલ; (૨) કપરું (૩) માઠું

વસલો પું૰ [अ.] ભાગ; જમીનનો ટુકડો

વસલ્લો પું૰ બારદાન (૨) જુઓ વખલ્લો

વસવસો પું૰ [अ.] અંદેશો; વહેમ

વસવાટ પું૰ વસવું તે. **-યું** ન૰, **-યો** પું૰ ગામ તરફથી પસાયતાં આપી વસાવેલા હજામ, ધોબી, વગેરે કારીગર

વસવાસ સ્ત્રી૰ ચડસાચડસી [દિલમાં ઊતરવું

વસવું અ૰ક્રિ૰ રહેવું; મુકામ કરવો (૨) મનમાં ઠસવું;

વસળકું ન૰ વાંધો

વસંત પું૰;સ્ત્રી૰ [સં.] ફાગણચૈત્ર માસની ઋતુ; ઋતુરાજ (૨) એક રાગ (૩) વર તરફથી કન્યાને અપાતી ભેટ. **૰ક** પું૰ વિદૂષક. **૰તિલક** પું૰; ન૰ એક ફૂલ (૨) વસંતતિલકા. **૰તિલકા** સ્ત્રી૰ એક છંદ. **૰પંચમી** સ્ત્રી૰ માઘ સુદિ પંચમી. **૰પૂજા** સ્ત્રી૰ વસંતઋતુ બેસતાં થતું પૂજન કે ઉત્સવ. **૰સખા** પું૰ કામદેવ. **-તિયું** ન૰ વસંતઋતુમાં સ્ત્રીઓ પહેરે છે તે કસૂંબાની છાંટવાળું ધોળું વસ્ત્ર. **-તી** વિ૰ વસંત સંબંધી (૨) પીળું. **-તોત્સવ** પું૰ વસંતઋતુનો ઉત્સવ

વસા સ્ત્રી૰ [સં.] મેદ (૨) ચરબી

વસાઈ સ્ત્રી૰ ખેતરની મીઠી જમીન

વસાડ(-વ)વું સ૰ક્રિ૰ 'વસવું'નું પ્રેરક [ની ચીજ

વસાણું ન૰ ઔષધિઓ નાખી બનાવેલો પાક(૨)ગાંધિયાટા-

વસાત સ્ત્રી૰ વિસાત; માલ; પૂંજી (૨) હિસાબ; ગણતરી

વસામેહ પું૰ [સં.] એક પ્રકારનો મૂત્રરોગ

વસાવવું સ૰ક્રિ૰ 'વસવું' તથા 'વાસવું'નું પ્રેરક

વસાવું અ૰ક્રિ૰ 'વસવું'નું ભાવે (૨) 'વાસવું'નું કર્મણિ (૩) રખેવાળું કે તેનું મહેનતાણું. **-વો** પું૰ રખો; રખેવાળ

વસાહત સ્ત્રી૰ મૂળસ્થાનેથી બીજે કરાતો વાસ કે તેનું સ્થાન (૨) સંસ્થાન; 'કોલોની'. **-તી** વિ૰ વસાહતને લગતું (૨) વસાહત કરી રહેનાર

વસિયત સ્ત્રી૰ વારસો (૨) વસિયતનામું. **૰નામું** ન૰ વીલ; વારસા વિષેનું લખાણ

વસિયાણું ન૰ વસવાટ; વસવાનું સ્થાન

વસિષ્ઠ પું૰ [સં.] (સં.) જુઓ વશિષ્ઠ

વસી પું૰ [अ.] વહીવટ કરનાર; ગામનો બંદોબસ્ત કરનાર

વસીલો પું૰ [अ.] મોટા સાથે સંબંધ; તેમની લાગવગ કે મદદ

વસુ ન૰ [સં.] સોનું (૨) પું૰; સ્ત્રી૰ ધન; દોલત (૩) પું૰ સૂર્ય (૪) આઠ દેવોના એક મંડળમાંનો દરેક (૫) વિ૰ આઠ (સંકેત). **૰દેવ** પું૰ (સં.) શ્રીકૃષ્ણના પિતા. **૰ધા** સ્ત્રી૰ પૃથ્વી. **૰ધાધિપતિ, ૰ધેશ** પું૰ રાજા. **૰મતી, -સુંધરા** સ્ત્રી૰ પૃથ્વી

વસૂકવું અ૰ક્રિ૰ (ગાયભેંસ) દૂધ દેતી બંધ થવી

વસૂલ ન૰ [अ.] માગતા પેટે ચકતે થયેલી રકમ (૨) આમદાની (૩) મહેસૂલ (૪) અ૰ ચૂકતે થાય કે થયેલું હોય તેમ. **૰દાર** વિ૰ (૨) પું૰ આવક અથવા મહેસૂલ ઉઘરાવનાર. **૰બાકી** સ્ત્રી૰ વસૂલ કરવાની બાકી રહેલી મહેસૂલ (૨) મંજૂર કરેલા ખર્ચમાંથી ખર્ચાયેલી, ખર્ચવાની અને બાકી રહેલી રકમની વિગત. **-લાત** સ્ત્રી૰ વસૂલ કરવાની સાંથ; મહેસૂલ (૨) વસૂલ કરવું કે લેવું તે. **-લાતી** વિ૰ વસૂલાત સંબંધી

વસો પું૰ વીઘાનો વીસમો ભાગ (૨) સવાપાંચ હાથ (૩) સો કે વીસનો અનુક્રમે સોમો કે વીસમો અંશ (૪) આબરૂ

વસ્ત(-સ્તા) સ્ત્રી૰ + વસ્તુ

વસ્તાર પું૰ વિસ્તાર (૨) બહોળું કુટુંબ. **૰ણ** વિ૰ સ્ત્રી૰, **-રી** વિ૰ બહોળા કુટુંબવાળું [વસ્તિવાળો ભાગ

વસ્તિ પું૰ [સં.] પેડુ; મૂત્રાશય; બસ્તિ. **૰પ્રદેશ** પું૰

વસ્તી સ્ત્રી૰ જુઓ વસતી. **૰ગણતરી, ૰ગૃહ, ૰પત્રક** જુઓ 'વસતિ(-તી)'માં

વસ્તુ સ્ત્રી૰ [સં.] પદાર્થ; ચીજ (૨) સત્ય; સાર (૩) ન૰ નાટક કે કથાનો વિષય; 'પ્લોટ'. **૰ચિત્રલિપિ** સ્ત્રી૰ કહેવાની વસ્તુનું આખું ચિત્ર દોરીને લખવાની પ્રાચીન પદ્ધતિ. **૰તા** સ્ત્રી૰ ખરાપણું; સાચ. **૰તઃ** અ૰ ખરી રીતે; સાચું જોતાં. **૰નિર્દેશ** પું૰ ગ્રંથના વિષયનું કે વાર્તાનું સૂચન (૨) લક્ષણમાં આવી જતા ધર્મો ઉપરાંત જેમાં વસ્તુ વિષે નવા ધર્મનું કથન હોય તેવો નિર્દેશ કે કથન (ન્યા.). **૰પણું** ન૰ વસ્તુતા; સત્યતા. **૰પાઠ** પું૰ પદાર્થપાઠ. **૰સંકલના** સ્ત્રી૰ કથા કે નાટકના વસ્તુની યોજના-ગૂંથણી

વસ્ત્ર ન૰ [સં.] કપડું. **૰પરિધાન** ન૰ કપડાં પહેરવાં તે. **૰લોચન** ન૰ લૂગડાં વગેરે સર્વ ચોરાઈ કે લૂંટાઈ જવું તે. **૰સ્વાવલંબન** ન૰ વસ્ત્રની બાબતમાં સ્વાવલંબન-જાતે કાંતી પીંજી પોતાની કપડાની જરૂર પૂરી કરી લેવી તે. **-સ્ત્રાલંકાર** પું૰બ૰વ૰ વસ્ત્રો અને આભૂષણો

વસ્લ પું૰ [अ.] મેળાપ; સમાગમ (૨) સંબંધ

વહદત સ્ત્રી૰ [अ.] ઐક્ય; પરમેશ્વરનું એકપણું

વહન ન૰ [સં.] વાહન (૨) ઉપાડવું-ઊંચકવું તે; ઊંચકીને લઈ જવું તે (૩) વહેવું તે (પાણીનું) [વહેવું (૩) જવું

વહવું સ૰ક્રિ૰ વહન કરવું; વહેવું (૨) અ૰ક્રિ૰ પ્રવાહરૂપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહવાવું અ૦ક્રિ૦ છેતરાવું; 'વાહવું'નું કર્મણિ

વહાણ ન૦ નાવ; મોટો મછવો. **૦વટી** પું૦ ખારવો; નાવિક (૨) દરિયાઈ વેપારી (૩) વહાણનો માલિક; ઉપરી. **૦વટું** ન૦ દરિયામાં વહાણ ફેરવવાં તે (૨) વહાણો વડે વેપાર કરવો તે (૩) દરિયાની મુસાફરી. **૦વિદ્યા** સ્ત્રી૦ નાવ ચલાવવાની કળા.**-ણિયું** ન૦વહાણને તળિયે બાઝતી છીપ

વહાણઈ સ્ત્રી૦ + પાવડી

વહાણું ન૦ પ્રભાત. **-ણેલું** ન૦ (પ.) વહાણું

વહાબી પું૦ શેખ અબ્દુલ વહાબનો અનુયાયી (મુસલમાની ધર્મના એક ફાંટાનો)

વહાર સ્ત્રી૦ સહાયતા; મદદ [વારે વારે વહારું આવે એવું

વહારું ન૦(સુ.)હઠ; રઢ (૨) મનનું વળું; વેળ. **-રુંખોર** વિ૦

વહાલ ન૦ પ્રીતિ. **૦પ** સ્ત્રી૦, **૦પણ(-ણું)** ન૦ પ્રેમ. **૦મ** પું૦ પ્રિયતમ; પતિ. **૦સોયું** વિ૦ વહાલમાં ઊછરેલું; લાડકવાયું. **-લું** વિ૦ પ્રિય. **-લેશરી** વિ૦ હિતેચ્છુ. **-લી** સ્ત્રી૦ પ્રિયા. **-લો** પું૦ પ્રિયતમ. **-લોવહાલી** ન૦બ૦વ૦ આશક ને માશૂક

વહાવું અ૦ક્રિ૦ + છેતરાવું; વહવાવું (૨) ખેંચાવું

વહી સ્ત્રી૦ નામાનો ચોપડો (૨) વંશાવળીની ચોપડી (૩) ચોપડી (કોરી કે લખેલી) (૪) ખુદાનો સંદેશો. **૦પૂજન** ન૦, **૦પૂજા** સ્ત્રી૦ દિવાળીને દિવસે કરાતું ચોપડાઓનું પૂજન

વહીવટ પું૦ કારભાર; બંદોબસ્ત (૨) પદ્ધતિ; શિરસ્તો (૩) લેવડદેવડ; પ્રસંગ; સંબંધ. **૦દાર** પું૦ કારભારી (૨) મામલતદાર (ગાયકવાડીમાં). **૦દારી** સ્ત્રી૦ વહીવટદારનું કામ કે ઓધ્ધો. **-ટી** વિ૦ વહીવટને લગતું

વહીવંચો પું૦ પેઢીનામું રાખનાર ભાટ

વહુ સ્ત્રી૦ પત્ની (૨) છોકરાની સ્ત્રી. **૦ઘેલું** વિ૦ વહુ પાછળ ગાંડું; વહુવખું. **૦વર** સ્ત્રી૦ નવોઢા સ્ત્રી (૨) ન૦ લગ્નનો વરઘોડો (૩) ન૦બ૦વ૦ ધણીધણિયાણી; નવું પરણેલું જોડું. **૦વારુ** સ્ત્રી૦ જુવાન માનીતી વહુ

વહેણ(-ન) ન૦ પ્રવાહ

વહેમ પું૦ શક; સંદેહ (૨) ભ્રમ; ખોટી માન્યતા. **-માવું** અ૦ક્રિ૦ વહેમ લાવવો; વહેમમાં પડવું. **-મી(૦લું)** વિ૦ વહેમવાળું; વહેમથી ભરેલું

વહેર પું૦ વહેરતાં પડેલો ભૂકો (૨) ફાટ; ચીરો. **૦ણ** ન૦ કરવત (૨) વહેરવાનું તે (૩) વહેરવાની મજૂરી. **૦ણિયું** વિ૦ ચાબખા દઈને બોલવાની ટેવવાળું (૨) ન૦ કરવત. **૦લિયો** પું૦ વહેરનારો. **૦વું** સ૦ક્રિ૦ કરવત વડે કાપવું. **-રાઈ(-મણી)** સ્ત્રી૦, **-રામણ** ન૦ વહેરવાની મજૂરી. **-રો(૦આંતરો, ૦વંચો)** પું૦ ભેદ; આંતરો; તફાવત

વહેરી(-રાઈ) સ્ત્રી૦ (સં.) એક માતા-દેવી

વહેલ [હે; 'લ'માં યશ્રુતિ] સ્ત્રી૦ રથ; વાહન

વહેલ સ્ત્રી૦ [ઇં.] એક મોટું જળચર પ્રાણી

વહેલું વિ૦ ઉતાવળું; જલદી. **૦મોડું** વિ૦ વખતસર નહિ તેવું; વહેલું કે મોડું (૨) અ૦ વહેલું કે મોડું એમ (૩) ગમે ત્યારે; સગવડે

વહેવડા(-રા)મણ ન૦, **-ણી** સ્ત્રી૦ ઊંચકી જવાની મજૂરી

વહેવડા(-રા)વવું સ૦ક્રિ૦ 'વહેવું'નું પ્રેરક

વહેવાર પું૦ વ્યવહાર; સંબંધ; ઘરવટ (૨) ધીરધાર કે લેવડદેવડનું કામ (૩) વર્તણૂક; વર્તન (૪) આચાર; આચરણ (૫) દુનિયાદારીના સંબંધ કે કામકાજ (૬) રૂઢિ; વહીવટ. **-રિયું** વિ૦ વહેવારને લગતું (૨) વહેવારીકું. **-રિયો** પું૦ લેવડદેવડમાં ચોખવટવાળો (૨) વહેવારે ચાલનારો (૩) સાહુકાર. **-રીકું** વિ૦ મધ્યમ; કામ સરે તેવું. **-રુ** વિ૦ મધ્યમ; સાધારણ (૨) વહેવારમાં ચાલી શકે તેવું; આચારમાં ઉતારી શકાય તેવું; વ્યવહારુ

વહેવું સ૦ક્રિ૦ ઊંચકવું (૨) ખમવું; વેઠવું (૩) અ૦ક્રિ૦ પ્રવાહરૂપે સરવું (૪) ઘસડાવું (૫) જતું રહેવું; વીતવું (૬) વંઠી જવું ('જવું' ક્રિ૦ સાથે) [નાનો વહેળો

વહેળો પું૦ નાનો પ્રવાહ (૨) વહેણનો ખાડો. **-ળિયું** ન૦

વહેંચણ(-ણી) સ્ત્રી૦ વહેંચવું કે ભાગ કરવા તે (૨) હિસ્સો (૩) નફાનો હિસ્સો; 'ડિવિડંડ'. **-વું** સ૦ક્રિ૦ હિસ્સા પાડવા (૨) દરેકને ભાગ પ્રમાણે આપવું

વહોણું વિ૦ જુઓ વનું; વિહોણું

વહોરત સ્ત્રી૦ વહોરેલું તે; ખરીદ (૨) જોખમ (૩) ભિક્ષા; ભિક્ષામાં મળેલું તે. **-તિયો** પું૦ ખરીદનાર (૨) યતિ; શ્રમણ. **-વું** સ૦ક્રિ૦ ખરીદ કરવું (૨) સંઘરવું (૩) માગી લાવવું (૪) માથે લેવું (જોખમ)

વહોરો પું૦ લોટિયો; શિયા મુસલમાનની એક જાતનો આદમી (૨) મુસલમાનોની એક જમાત (૩) એક અટક. **-રવાડ** સ્ત્રી૦ વહોરાઓનો લત્તો. **-રાશાઈ** વિ૦ વહોરાનું; વહોરાની પદ્ધતિનું

વહોલિ(-ળિ)યું ન૦ વહેળિયું; નાનો વહેળો

વહ્નિ પું૦ [સં.] અગ્નિ [ગાભરું

વહ્યુંવહ્યું વિ૦ અહીંતહીં નિષ્ફળ પ્રયત્ન કરતું (૨) બાવરું;

વળ પું૦ આમળો; આંટો (૨) યુક્તિ; કરામત (૩) દાવ; લાગ (૪) અંટસ; કીનો (૫) મમત; આગ્રહ (૬) [કા.] છાણાના થર ઉપર થર ગોઠવી ખડકેલી લાંબી હાર (૨) વેળ; ગાંઠ. **૦કવળ** પું૦; સ્ત્રી૦; ન૦ અનુકૂળતા અને પ્રતિકૂળતા (૨) ઘાટ અને દાવપેચ

વળકો પું૦ બફાવા પર આવવું તે (૨) શાંત પડવું તે

વળગણ ન૦ નિસબત; સંબંધ (૨) [ભૂતપ્રેતનું] વળગવું તે (૩) ભૂતપ્રેત (૪) વળગેલું કામ કે માણસ (૫) આડો સંબંધ. **-ણી** સ્ત્રી૦ કપડાં નાખવાનો આડો વાંસ. **-ણું** વિ૦ વળગે તેવું (૨) ન૦ વળગણી. **-વું** અ૦ક્રિ૦ બાઝવું; લપેટાવું (૨) આગ્રહથી મંડવું (૩) ટંટો કરવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળગાઝૂમ(-મી) સ્ત્રી૦ ખેંચાખેંચી
વળગાટ(-ડ) પું૦ ભૂત કે કાંઈ વળગવું તે (૨) ભૂતપ્રેત.
-ડવું સ૦ક્રિ૦ 'વળગવું''નું પ્રેરક (૨) માથે નાખવું
વળણ,૦દાર વિ૦ જુઓ 'વલણ'માં
વળતદાણિયાં ન૦બ૦વ૦ લેણા પેટે, દાણા કે ગણોતમાંથી વાળી લેવાની શરતે, કબજે રાખેલી જમીન કે તેનું લખત
વળતભાવ પું૦ તબિયત સુધારા પર આવવા લાગવી તે
વળતર ન૦ બદલા તરીકે જે કંઈ મજરે આપવાનું હોય તે
વળતા(-તાં) અ૦ (પ.) જુઓ વળતી
વળતી અ૦ પછી (૨) વધારામાં; વળી
વળદાર વિ૦ વળવાળું [ખણજ આવવી; સળવળવું
વળવળ સ્ત્રી૦ ખણજ; ચળ; સળવળાટ. ૦વું અ૦ક્રિ૦
વળવું અ૦ક્રિ૦ વાંકું થવું; મરડાવું (૨) પાછા ફરવું (૩) મનનું વલણ થવું (૪) કસાવું (૫) સુધરવું (૬) બંધાવું (અંબોડો; લાડુ) (૭) ફાયદો થવો; સરવું
વળાકો પું૦ વલણ [-ણી સ્ત્રી૦ વાળવાની મજૂરી
વળામણ ન૦વાળવાની મજૂરી (૨) વાળતાં નીકળેલો કચરો.
વળામણું ન૦ વળાવવું તે; વિદાય ['વાળવું''નું પ્રેરક
વળાવવું સ૦ક્રિ૦વિદાય કરવું;માર્ગે પાડી આવવું(૨)'વળવું',
વળાવિયો પું૦ ભોમિયો (૨) વાટમાં સંભાળ રાખનાર
વળાવું ન૦ ભોમિયાનું કામ (૨) તેનું મહેનતાણું (૩) અ૦ક્રિ૦ 'વાળવું''નું કર્મણિ. -યો પું૦ જુઓ વળાવિયો
વળાંક પું૦ (રસ્તાનું) વળવું તે; મરડાટ (૨) વળોક; મરોડ
વળિયાચંપુ વિ૦ (૨) પું૦ કપાળ ઉપર શિંગડાંના મૂળની સીધી લીટીમાં ભમરો હોય તેવો (બળદ)
વળિયાંપળિયાં ન૦બ૦વ૦ વળેલાં અંગ ને પળિયાં; ઘડપણ
વળિયું ન૦આંટણ; ચાઠું; આંકો (૨) પરસેવાનો ડાઘ; વળુ (૩)ઘોડા વગેરેની પીઠ ઉપર મુકાતી ગાદી (૪) થર;પોપડો
વળી સ્ત્રી૦ પાતળો લાંબો સોટો (૨) લાકડીને છેડે જડાતી ખોળી (૩) અ૦ વધારામાં; ઉપરાંત
વળુ ન૦ મંડળ; સમુદાય; પક્ષ (૨) જમીનનું પડ (૩) ખોળો (૪) પરસેવાનો ડાઘ; વળિયું (૫) વલણ (૬) શરીરનો બાંધો (૭) અસ્તર (૮) પાણીનાં જમીનમાં વહેતાં વહેણ (૯) મનનો તરંગ; વેળ
વળૂંકો પું૦ શિક્ષણ; કેળવણી; તાલીમ [જુઓ વલૂંદું
વળૂંદ(-ધ) સ૦ક્રિ૦ જુઓ વલૂંદવું. વળૂંદું(-ધું) વિ૦
વળૂંભવું અ૦ક્રિ૦ વીંટાવું
વળો પું૦ જાડી મોટી વળી
વળોક પું૦ ઘાટ; મરોડ (૨) રીતભાત; વિવેક
વળોટ પું૦ જુઓ વળૂંકો (૨) વળોક; મરોડ
વળોટવું સ૦ક્રિ૦ ઉલ્લંઘવું; ઓળંગવું (૨) ચડિયાતા થવું
વંક વિ૦[સં.] વાંકું (૨) પું૦ આડું વલણ. ૦વેળામણું વિ૦ વાંકુંચૂકું. -કાઈ સ્ત્રી૦ વાંકાઈ; આડાઈ. -કાવું અ૦ક્રિ૦ રિસાવું; આડા થવું (૨) વાંકા થવું; વાંક આવવો
વંગ સ્ત્રી૦ [સં.] કલાઈ
વંચક વિ૦(૨) પું૦ [સં.] ધૂર્ત; ઠગ. -ન ન૦ ઠગવું તે (૨) ઠગાવું તે. -ના સ્ત્રી૦ ઠગાઈ (૨) ભ્રમ
વંચવું અ૦ક્રિ૦ બચવું
વં..ડવું સ૦ક્રિ૦ + વંચાવવું
વંચાર ન૦ કમર
વંચાલો(-ળો) પું૦ ન વપરાતો ખૂણો; વચાળો
વંચાવવું સ૦ક્રિ૦ 'વંચવું''નું તેમ જ 'વાંચવું''નું પ્રેરક
વંચાવું અ૦ક્રિ૦ 'વાંચવું''નું કર્મણિ (૨) નિંદા થવી
વંચાળો પું૦ જુઓ વંચાલો
વંચિત વિ૦[સં.] છેતરાયેલું (૨) વિમુખ; હીન
વંજી સ્ત્રી૦ ખપાટિયાંની ભારી
વંઝા સ્ત્રી૦ વંધ્યા; વાંઝણી સ્ત્રી. ૦પો પું૦ વાંઝિયાપણું
વંઝી સ્ત્રી૦ વાંસની ખપાટ
વંટોળ(-ળિયો) પું૦ કૂંડાળાં કરતો જોરમાં વાતો પવન
વંઠ પું૦ શરીરમાં વાયુના ગોળા આવવા તે [જવું
વંઠવું અ૦ક્રિ૦હાથથી જવું; હદ બહાર જવું (૨) ફાટવું; વહી
વંડી સ્ત્રી૦ખુલ્લી જમીનની આસપાસની નાની ભીંત. -ડો પું૦મોટી વંડી (૨) તેના વડે આંતરેલું મોટું સ્થાન (૩) પોળ
વંત(-તું) વિ૦'વાળું'' અર્થમાં નામને છેડે. ઉદા૦ માનવંત
વંતર ન૦ ભૂત. -રી સ્ત્રી૦ ભૂતડી
વંતાક ન૦ રીંગણું. ૦ડી સ્ત્રી૦ રીંગણી
વંતું વિ૦ જુઓ વંત [આશારહિત
વંતાશ વિ૦ આશાઓનું જેણે વમન કર્યું છે એવો;
વંદન ન૦, -ના સ્ત્રી૦ [સં.] નમસ્કાર; પ્રણામ. -નીય વિ૦ વંદન કરવા યોગ્ય. -વું સ૦ક્રિ૦ પ્રણામ કરવો
વંદિત વિ૦, -તા વિ૦સ્ત્રી૦ [સં.] પૂજ્ય; આદરણીય
વંદેમાતરમ્ શ૦પ્ર૦ [સં.] ભારત માતાને વંદું છું (એક જયઘોષણા) (૨) નમસ્કાર કહેવાનો એક પ્રયોગ
વંદો પું૦ એક જીવડું
વંદ્ય વિ૦ [સં.] જુઓ વંદનીય [-ધ્યા સ્ત્રી૦ વાંઝણી
વંધ્ય વિ૦[સં.] વાંઝિયું; નિષ્ફળ. ૦ત્વ ન૦ વાંઝિયાપણું.
વંશ પું૦ [સં.] પુત્રપૌત્રાદિકનો ક્રમ; કુળ (૨) ઓલાદ (૩) વાંસ (૪) વાંસળી; પાવો. ૦કર, ૦કારી વિ૦ વંશ રાખનાર; વંશપરંપરા આગળ ચલાવનાર(પુત્ર). ૦જ વિ૦ વંશમાં ઉત્પન્ન થયેલું (૨) પું૦ સંતાન;વારસદાર. ૦પત પું૦ વંશનો એકનો એક બાળક (૨) સ્ત્રી૦ + વંશની પ્રતિષ્ઠા. ૦પરંપરા સ્ત્રી૦ પેઢીનો ક્રમ (૨) અ૦ પેઢીના ક્રમથી. ૦વિસ્તાર પું૦ વંશ વધારવો કે આગળ ચલાવવો તે. ૦વૃક્ષ ન૦ વંશવિસ્તારનું ઝાડ; પેઢીનામું;. ૦સ્થ પું૦એક છંદ. -શાવળિ(-ળી) સ્ત્રી૦ પેઢીનામું; વંશવૃક્ષ. -શી વિ૦ વંશનું (૨) સ્ત્રી૦ બંસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વા અ૦ [સં.] અથવા; કે; યા

વા પું૦પવન; વાયુ (૨) તરંગ; ફાંટો (૩) શરીર પર ગડગૂમડ નીકળવાનો, માથામાં કે કાનમાં ચસકા નાંખવાનો, કે સાંધા રહી જવાનો રોગ (૪) જીવ; પ્રાણ (૫) [લા.] રોગ કે વિચારનું મોજું (૬) અ૦ 'જેટલે અંતરે કે જેટલું' એ અર્થમાં નામને લાગે છે (ઉદા૦ ખેતરવા; રાશવા)

વાઈ સ્ત્રી૦ મૃગી; ફેફરું; 'હિસ્ટીરિયા' [+ વાયલ; ગાંડું

વાઉ સ્ત્રી૦ પગમાં પડતી ફાટ; વેઢ (૨) વિ૦ વાયલ. ૦લું વિ૦

વાએ(-યે)ક ન૦ + વાયક; વાક્ય (પ.)

વાએ(-ય,-યે)જ પું૦ ઉપદેશક (૨) સ્ત્રી૦ ઉપદેશ

વાક પું૦ કસ; સત્ત્વ (૨) લોટ બંધાય એવી તેની ચીકાશ

વાક સ્ત્રી૦ [સં.] વાચા; વાણી

વાકડવું વિ૦ સહેજ કડવું (૨) હઠીલું

વાકુંબો પું૦ છોડને ફૂટતો નકામો ફણગો

વાકેફ,૦ગાર વિ૦ જાણીતું (૨) પ્રવીણ. ૦ગારી સ્ત્રી૦માહિતી

વાક્ચાતુરી સ્ત્રી૦, **વાક્ચાતુર્ય** ન૦[સં.] બોલવાની ચતુરતા

વાક્છલ(-ળ) ન૦ [સં.] બીજાએ કહેલી વાતને શબ્દનો અભિપ્રેતથી જુદો અર્થ કરી ઉડાવી દેવી તે

વાક્પટુ વિ૦ [સં.] બોલવામાં ચતુર. ૦તા સ્ત્રી૦

વાક્પ્રચાર પું૦ [સં.] ભાષામાં રૂઢ શબ્દપ્રયોગ; 'ઈડિયમ'

વાક્ય ન૦[સં.] પૂર્ણ અર્થ બતાવતો શબ્દસમૂહ (૨) વચન; કથન. ૦**પૂર્તિ** સ્ત્રી૦ અધૂરું વાક્ય પૂરું કરવું તે કે તેમ કરનાર શબ્દ કે શબ્દો. ૦**રચના** સ્ત્રી૦ વાક્યની રચના; 'સિન્ટેક્સ'. ૦**વિચાર**, ૦**વિન્યાસ** પું૦ વાક્યની રચનાનું વિવેચન (વ્યા.) [એમાં વાક્યપૃથક્કરણ ને પદવિન્યાસ બંને આવે છે]. **-ક્યાર્થ** પું૦ વાક્યનો અર્થ

વાક્સંયમ પું૦ [સં.] વાણીનો સંયમ [બાજુની નસો

વાખ પું૦ તાડછાંના દોરા જેવા રેસા (૨) [સુ.] શીંગની

વાખદ ન૦ આંખનો એક રોગ

વાખરો પું૦ ઘરગથ્થુ સરસામાન (પ્રાયઃ 'ઘર' સાથે આવે છે)

વાખો પું૦ જુઓ વખો (૨) મરકી

વાગ સ્ત્રી૦ [સં.] વાક; વાણી [(૨) + લગામ

વાગ સ્ત્રી૦લૂગડાં ઘરેણાંથી સજાયેલી સીમંતિની(નાગરોમાં)

વાગડિયું વિ૦ વાગડ દેશનું (૨) ન૦ સ્ત્રીઓનું એક વસ્ત્ર

વાગલું(-ળું) ન૦ વાગોળ

વાગલાં ન૦બ૦વ૦ વાંગલાં; વલખાં

વાગવું અ૦ક્રિ૦ અવાજ નીકળવો (વાદ્યનો) (૨) ઈજા થવી; જખમાવું (૩) (અમુક કલાકનો) સમય થવો

વાગળું ન૦ વાગલું; વાગોળ

વાગાડંબર પું૦[સં.] શબ્દોનો આડંબર (૨) નકામો પ્રલાપ

વાગિંદ્રિય સ્ત્રી૦ [સં.] બોલવાની ઇંદ્રિય; જીભ

વાગીશ પું૦ [સં.] બૃહસ્પતિ. **-શ્વરી** સ્ત્રી૦ સરસ્વતી

વાગેશ્રી પું૦ એક રાગ—માલકોશની રાગણી

વાગોલ(-ળ) સ્ત્રી; ન૦ વડવાગોળ (૨) ઓગાળ. ૦વું સ૦ક્રિ૦ ખાધેલું મોંમાં લાવી ફરી ચાવવું (ઢોરે)

વાગ્ગેયકાર પું૦ [સં.] ગવૈયો

વાગ્જાલ(-ળ) સ્ત્રી૦ [સં.] ખાલી શબ્દોનો આડંબર

વાગ્દાન ન૦ [સં.] 'કન્યા આપીશ' એમ કહેવું તે; સગાઈ

વાગ્બાણ ન૦ [સં.] મહેણું [ઉપયોગ

વાગ્યજ્ઞ પું૦ [સં.] વાણીથી ચલાવેલો યજ્ઞ; વાણીનો સેવાર્થે

વાગ્યુદ્ધ ન૦ [સં.] માત્ર શાબ્દિક યુદ્ધ (૨) ગરમાગરમ ચર્ચા

વાગ્વિદગ્ધ વિ૦ [સં.] બોલવામાં ચતુર; વાક્પટુ

વાગ્વિલાસ પું૦ [સં.] આનંદપૂર્વક પરસ્પર સંભાષણ (૨) કંઈ તત્ત્વપ્રાપ્તિ વિનાનો વાગ્વ્યાપાર [તે

વાગ્વ્યાપાર પું૦ [સં.] બોલવાની ઢબ (૨) વાણી વિસ્તારવી

વાગ્યે અ૦ક્રિ૦ વાગતાં; વાગે ત્યારે

વાઘ પું૦ એક હિંસ્ર પ્રાણી; શેર ૦ણ સ્ત્રી૦ વાઘની માદા. ૦ણદાવ પું૦, ૦ણદોરી સ્ત્રી૦ વાઘબકરી; એક બાજી. ૦પટોળી, ૦બકરી સ્ત્રી૦ એક બાજી. ૦બારશ(-સ) સ્ત્રી૦ આસો વદિ બારશ. ૦મારુ વિ૦ વાઘનો મારનાર; બહાદુર (૨) ખોટી બડાશ હાંકનાર [કે વાઘરી સ્ત્રી

વાઘરી પું૦એ નામની જાતનો આદમી. **-રણ** સ્ત્રી૦વાઘરીની

વાઘલો પું૦ વાઘ

વાઘાંબર ન૦ વસ્ત્ર કે આસન માટે તૈયાર કરેલું વાઘનું ચામડું

વાઘિયો પું૦ ઘોડાની લગામના બે છેડામાંનો દરેક

વાઘેર પું૦ કાઠી લોકની એક જાતનો આદમી

વાઘેલો પું૦ રજપૂતોની એક જાતનો આદમી

વાઘેશ્વરી સ્ત્રી૦ (સં.) વાઘ ઉપર સવારી કરનાર; કાલિકા

વાઘો પું૦ ડગલો; પોશાક (૨) ગાંસડી

વાઙ્મય ન૦ [સં.] સાહિત્ય [શક્તિ

વાચ(-ચા) સ્ત્રી૦ [સં.] વાણી; ભાષા; બોલી (૨) બોલવાની

વાચક વિ૦ [સં.] બોલતું (૨) [સમાસને છેડે] દર્શક; બોધક (૩) પું૦ વાંચનાર (૪) (અર્થ દર્શાવનાર) શબ્દ. ૦તા સ્ત્રી૦ અર્થવાહિતા; શબ્દની વાચક શક્તિ. ૦વર્ગ પું૦ વાંચનારાઓનો વર્ગ; વાચક જનતા

વાચન ન૦ [સં.] વાંચવું તે (૨) વાંચવાની ઢબ (૩) ધારાસભામાં ચર્ચા માટે બિલ આવવું તે; 'રીડિંગ'. ૦માળા સ્ત્રી૦ વર્ગોમાં ચલાવવા તૈયાર કરેલી ચોપડીઓની શ્રેણી. **-ના** સ્ત્રી૦ પુસ્તકનું મૂળ લખાણ; પાઠ; 'ટેક્સ્ટ'. **-નાલય** ન૦ છાપાં વગેરે વાંચવા માટે રખાતાં હોય તે સ્થાન

વાચસિક વિ૦ [સં.] જુઓ વાચિક

વાચસ્પતિ પું૦ [સં.] બૃહસ્પતિ; દેવોના ગુરુ

વાચા સ્ત્રી૦ [સં.] વાણી; બોલી. ૦લ(-ળ) વિ૦ બહુબોલું. **-ચિક** વિ૦ વાચા સંબંધી; વાચાનું

વાચો પું૦ બે હોઠથી થયેલો ખૂણો

વાચ્ય વિ૦ [સં.] બોલવા જેવું (૨) કહેવા ધારેલું. **-ચ્યાર્થ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પું૦ શબ્દની અભિધાશક્તિથી નીકળતો મૂળ અર્થ

વાછ(-છં)ટ સ્રી૦ પવનથી ઊડેલા વરસાદના છાંટા. **-ટિયું** ન૦ વાછંટ અટકાવવા બારી-બારણાં પર કરેલું છજું

વાછ(૦ર)ડી સ્રી૦ ગાયનું માદા બચ્ચું. **-ડું** ન૦ વાછરું. **-ડો** પું૦ ગાયનું નર બચ્ચું. **વાછરું** ન૦ ગાયનું બચ્ચું

વાછલ વિ૦ વત્સલ; વહાલું; લાડકું (૨) ન૦ વહાલ; વાત્સલ્ય

વાછંટ સ્રી૦, **-ટિયું** ન૦ જુઓ 'વાછટ'માં

વાછૂટ સ્રી૦ ગુદા વાટે પવન નીકળવો તે

વાજ વિ૦ કંટાળેલું (૨) હારેલું (૩) સ્રી૦ ઉપદેશ; વાયેજ (૪) તોબા; પીડા; કંટાળો

વાજ પું૦ [સં.] યજ્ઞ (૨) સંગ્રામ (૩) બાણનું પીછું (૪) વેગ; તાન (૫) ન૦ બળ (૬) ઘી (૭) અન્ન

વાજણ સ્રી૦ ઉમદા જાતની ઘોડી

વાજબી વિ૦ યોગ્ય. ૦પણું ન૦

વાજવું અ૦ક્રિ૦ વાગવું (વાદ્યનું)

વાજાપેટી સ્રી૦ હાર્મોનિયમ; પેટી

વાજિ(-જિં)ત્ર ન૦ વાજું; વાદ્ય. ૦શાળા સ્રી૦ વાજું વગાડતાં શીખવનારી શાળા [(૨) પું૦ ખુદા

વાજિબુલવજૂદ વિ૦[અ.] પોતાની મેળે હયાતીમાં આવેલું

વાજિયા વિ૦(૨) પું૦બ૦વ૦ પાણી પાઈને પકવેલા (ઘઉં)

વાજિંત્ર,૦શાળા જુઓ 'વાજિંત્ર'માં

વાજી પું૦[સં.] ઘોડો (૨) બાણ (૩) અરડૂસાનું ઝાડ. **૦કરણ** ન૦ વીર્યવર્ધક ઔષધપ્રયોગ. **૦વિદ્યા** સ્રી૦ જાદુ; કામણ

વાજું ન૦ વાદ્ય; વા, ધા ને ઘસરકો કે એ ત્રણ પૈકી કોઈથી ધ્વનિ નીકળે તેવું સાધન (૨) (એકસરખા લક્ષણવાળા લોકનું) મંડળ

વાજોવાજ અ૦ (કા.) સપાટાબંધ

વા(૦વા)ઝોડું ન૦ પવનનું તોફાન

વાટ સ્રી૦ [સં.] રસ્તો (૨) પ્રતીક્ષા; રાહ (૩) દિવેટ (૪) પૈડા ઉપર ચડાવવામાં આવતો લોઢાનો પાટો. **૦કૂટિયો** પું૦ (કા.) મુસાફરોને લૂંટનાર. **૦ખર્ચ(-રચ)** પું૦; ન૦, **૦ખર્ચી(-રચી)** સ્રી૦ મુસાફરીનો ખર્ચ (૨) મુસાફરી દરમિયાન ખરચવાની રકમ. **૦પાડુ** પું૦ વાટકૂટિયો (૨) નવો રસ્તો કાઢનાર; પહેલ કરનાર. **૦માર(-રુ)** વિ૦(૨) પું૦ વાટકૂટિયો [મોટું છાલું

વાટ(-ડ)કી સ્રી૦ છાલી. **-કું** ન૦ નાનું છાલું. **-કો** પું૦

વાટણિયો પું૦ વાટવાનો ગોળ પથરો

વાટણી સ્રી૦ વહેંચણી

વાટણો પું૦ જુઓ વાટણિયો

વાટપાડુ, વાટમાર(-રુ) જુઓ 'વાટ'માં

વાટલા પું૦બ૦વ૦ ભાગેલા ચોખા

વાટવું સ૦ક્રિ૦ ભૂકો કરવો; કચરવું; લસોટવું (૨) વહેંચવું

વાટવો પું૦ પાનસોપારી કે પૈસા વગેરે રાખવાની ઘણાં પડવાળી એક પ્રકારની કોથળી

વાટસરુ વિ૦ (૨) પું૦ વટેમાર્ગુ; મુસાફર

વાટાઘાટ સ્રી૦ ભાંજગડ; પંચાત

વાટિકા સ્રી૦ [સં.] બગીચો; વાડી

વાટી સ્રી૦ કાચલી (૨) વાડકી

વાટું ન૦ બોઘરણાના ઘાટનું વાસણ

વાટેરુ પું૦ મુસાફર [(૩) ચૂનાની ગોળ કિનાર

વાટો પું૦ ગોળ લાંબો વીંટો (૨) [પેટ પરની] કરચલી

વાડ સ્રી૦ જમીનની આજુબાજુ કાંટા વગેરેથી કરેલી આડ (૨) મહોલ્લો; લત્તો

વાડકી, -કું, -કો પું૦ જુઓ 'વાટકી'માં

વાડચકલી સ્રી૦ એક પંખી

વાડવ પું૦ [સં.] બ્રાહ્મણ

વાડાબંધી સ્રી૦ અલગ અલગ વાડામાં બંધાવું તે-જુદાઈ; પક્ષાપક્ષી (૨) વિ૦ વાડામાં બંધાયેલું એવું

વાડિ(-ઢિ)યું ન૦ ખજૂર ભરવાનો સાદડીનો થેલો

વાડી સ્રી૦ બાગ; બગીચો (૨) ફૂલ ગૂંથીને કરેલો શણગાર (૩) નાતવરા માટે બાંધેલી વચ્ચે ચોકવાળી જગા (૪) ચોમેર ફરતાં મકાનોવાળી, પોળ જેવી જગા. **૦પડું** ન૦ કૂવાની આજુબાજુની જમીન. **૦વજીફો** પું૦ જાગીર, ખેતર વગેરે (૨)[લા.] સમૃદ્ધિ. **૦વસ્તાર** પું૦ કુટુંબકબીલો

વાડો પું૦ પછવાડે આંતરેલી ખુલ્લી જગા (૨) બકરાંઘેટાં પૂરવાની જગા (૩) મહોલ્લો (૪) સંડાસ (૫) [લા.] તડ; પક્ષ. **૦લિયું** ન૦ ઝાડની આસપાસ કરેલી નાની વાડ

વાઢ પું૦ કાપ; જખમ (૨) ધાર (૩) શેરડીનું ખેતર કે વાવેતર (૪) શેરડી પીલવાનો સંચો (૫) ચૂંક (૬) કાપણી. **૦કાપ** સ્રી૦ ચીરવું કે કાપવું તે (દાક્તરે શરીરને). **૦કૂટિયો** પું૦ વાઢકાપ કરનારો (દાક્તર) (૨) ભાંજગડિયો. **૦ણી** સ્રી૦ કાપણી (સુ.). **૦વું** સ૦ક્રિ૦ કાપવું

વાઢાળો પું૦ (કા.) સરાણિયો

વાઢિયું ન૦ ખજૂર ભરવાનો સાદડીનો થેલો; વાડિયું

વાઢિયો પું૦ ઉત્કટ ઇચ્છા; ગળકો (૨) ચડસ

વાઢી સ્રી૦ ઘી ભરવાનું પ્રાયઃ નાળચાવાળું માટીનું વાસણ

વાઢો પું૦ સુતાર [કે ખજૂરીનાં પાંદડાંની દોરી

વાણ સ્રી૦ બોલી; વાણી (પ.) (૨) તંગી; કસર (૩) ન૦ ભીંડીની

વાણિજ્ય ન૦ [સં.] વેપાર

વાણિયો પું૦ એ નામની નાતનો આદમી (૨) એક જીવડું. **-યણ** સ્રી૦ વાણિયા કોમની કે વાણિયાની સ્રી. **-યાઈ** સ્રી૦ વાણિયાપણું (૨)[લા.] શૂરાતનનો અભાવ; વાણિયાવિદ્યા (૩) વિ૦ વાણિયાશાઈ. **-યાગત** સ્રી૦ વાણિયાવેડા. **-યાવિદ્યા** સ્રી૦ વાણિયાની રીત કે વર્તન (લુચ્ચાઈ, કરકસર, વખત વરતીને કામ લેવું, લાભહાનિ પ્રથમ વિચારવાં વગેરે). **-યાવેડા** પું૦બ૦વ૦ વાણિયાની રીત (જુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયાવિદ્યા). **-યાશાઈ** વિ૦ વાણિયાનું,-ને લગતું; વાણિયા જેવું

વાણી સ્ત્રી૦ [સં.] સરસ્વતી (૨) વચન; બોલી (૩) વાચા (૪) વાગિંદ્રિય; જીભ (૫) સ્વર; સૂર. **૦વિવેક** પું૦ વાણીનો વિવેક; વિચારપૂર્વક બોલવું તે. **૦શૂરું** વિ૦ બોલવે શૂરું

વાણો પું૦ વણતાં નંખાતા આડા દોરા. **૦તાણો** પું૦ વાણો અને તાણો

વાણોતર પું૦ ગુમાસ્તો

વાત પું૦ [સં.] પવન (૨) શરીરની ત્રણ ધાતુઓમાંની એક (જુઓ પિત્ત). **૦ગુલ્મ** ન૦ ગડ-પાઠાનો રોગ. **૦જ્વર** પું૦ વાતપ્રકોપથી થયેલો જ્વર. **૦પ્રકોપ** પું૦ વાયુવિકાર. **૦હર** વિ૦ વાતવિકાર દૂર કરે તેવું

વાત સ્ત્રી૦ વાર્તા; કથા (૨) હકીકત; બીના (૩) લોકમાં ચાલતી વાત; ગપાટો. **૦ગરું** વિ૦ વાતોનું રસિયું; વાતોડું. **૦ચીત** સ્ત્રી૦ સંભાષણ (૨) ગપ્પાં [તેવી તરડ

વાતડ સ્ત્રી૦ લાંબી લાંબી વાત; ટાયલું (૨) વા પેસી શકે

વાતાયન ન૦ [સં.] બારી

વાતાવરણ ન૦ [સં.] પૃથ્વીને વીંટળાઈને રહેલું વાયુનું આવરણ (૨) [લા.] પરિસ્થિતિ; આજુબાજુની નૈતિક કે માનસિક પરિસ્થિતિ

વાતાવર્ત પું૦ [સં.] વંટોળિયો

વાતી સ્ત્રી૦ દિવેટ (૨) અગરબત્તી

વાતુ(-તૂ)લ વિ૦ [સં.] વાયુવાળું; વાયડું (શરીર) (૨) વાના રોગવાળું (૩) પું૦ વાયુનો ગોટો; વંટોળિયો [ટેવવાળું

વાતૂ(-તો)ડિયું, વાતૂ(-તો)ડું વિ૦ ઘણી વાતો કરવાની

વાત્સલ્ય ન૦ [સં.] મમતા; પ્રેમ (મોટાનો નાના પ્રત્યે)

વાત્સ્યાયન પું૦ [સં.] (સં.) ન્યાયભાષ્ય તથા કામસૂત્રના લેખકોનું નામ

વાદ પું૦ [સં.] ચર્ચા; શાસ્ત્રાર્થ (૨) ભાંજગડ; તકરાર (૩) ચડસાચડસી (૪) જ્ઞાન વિજ્ઞાનના કોઈ વિષયમાં કાઢેલું અનુમાન કે તારણ; 'થીઅરી'. દા૦ત૦ વિકાસવાદ. **૦ગ્રસ્ત** વિ૦ સંશયયુક્ત; ચર્ચાસ્પદ

વાદણ સ્ત્રી૦ 'વાદી'નું સ્ત્રીલિંગ [વગાડવાની કળા

વાદન ન૦ [સં.] વગાડવું તે. **૦કલા(-ળા)** સ્ત્રી૦ વાજિંત્ર

વાદવિવાદ પું૦ [સં.] ચર્ચા; સામસામા સવાલજવાબ

વાદળ ન૦ આકાશમાં એકઠો થયેલો વરાળનો સમૂહ, જે વરસાદરૂપે નીચે પડે છે. **-ળિયું** વિ૦ ચસકેલું; ગાંડું (૨) વાદળી ૨ જુઓ. **-ળી** વિ૦ વાદળી રંગનું (૨) વાદળાંમાં થઈને આવતો (સખત તાપ) (૩) સ્ત્રી૦ નાનું વાદળ (૪) પાણી ચૂસી રાખે તેવી એક દરિયાઈ જાનવરની કે તેવી કૃત્રિમ પેદાશ. **-ળું** ન૦ વાદળ

વાદાવાદી સ્ત્રી૦ વાદવિવાદની ખેંચાખેંચી

વાદિત વિ૦ [સં.] વગાડાયેલું. **-ત્ર** ન૦ વાજિંત્ર; વાજું

વાદી વિ૦ [સં.] વદનાર; બોલનાર (સમાસને અંતે). ઉદા૦ સત્યવાદી (૨) [સમાસને છેડે] વાદમાં માનનારું. ઉદા૦ (વેદાંતવાદી) (૩) ગાવાવગાડવામાં જે સ્વરથી સપ્તક બાંધવામાં આવે છે તે (સ્વર) [સંગીત] (૪) પું૦ રાગનો પ્રધાન સ્વર (૫) વાદ કરનાર (૬) ફરિયાદી (૭) મદારી

વાદીગર પું૦ મદારી; ખેલાડી

વાદીલું વિ૦ મમતી; વાદે ચડી જાય તેવું

વાદોવાદ અ૦ સ્પર્ધામાં; વાદે વાદે [વાની કળા

વાદ્ય ન૦ [સં.] વાજું. **૦કલા(-ળા)** સ્ત્રી૦ વાજું વગાડ-

વાધણ(-ણી) સ્ત્રી૦ હેડકી; અટકડી

વાધર(-રી) સ્ત્રી૦ ચામડાની સાંકડી પટી કે દોરી

વાધવું અ૦ક્રિ૦ (પ.) વધવું; ધપવું

વાધૂકું વિ૦ (કા.) કારણ વિના વચ્ચે આવતું

વાન પું૦ વર્ણ; રંગ (૨) સ્ત્રી૦ ટાઢથી ફાટેલી ચામડી (૩) ન૦ શરીરનો બાંધો [છે. ઉદા૦ વેગવાન

વાન વિ૦ [સં.] શબ્દને છેડે 'વાળું'ના અર્થમાં લાગે

વાનગી સ્ત્રી૦ નમૂનો (૨) નવાઈની ચીજ

વાનપ્રસ્થ વિ૦ [સં.] વાનપ્રસ્થાશ્રમમાં ગયેલું (૨) વૃદ્ધાવસ્થાને કારણે પેન્શન લઈ નોકરીમાંથી છૂટું થયેલું (૩) પું૦ વાનપ્રસ્થાશ્રમ. **-સ્થાશ્રમ** પું૦,**-સ્થ્ય** ન૦ ગૃહસ્થાશ્રમ પછીનો ત્રીજો આશ્રમ, જેમાં માણસ વનમાં રહી સંન્યાસની તૈયારી કરે છે

વાનર પું૦ [સં.] વાંદરો; કપિ. **૦ચેષ્ટા** સ્ત્રી૦ [લા.] અડપલાં. **૦સેના** સ્ત્રી૦, **૦સૈન્ય** ન૦ (રામની) વાંદરાંની સેના (૨) [લા.] છોકરાંઓની સેના કે સંઘ

વાનવું વિ૦ જંગલી; રાનવું

વાની સ્ત્રી૦ એક જાતની મીઠી જુવાર (૨) જણસ; ચીજ; પ્રકાર (જમણની) (૩) મડદાની રાખ

વાનીર ન૦ [સં.] પાણીમાં થતું બરુ જેવું ઘાસ

વાનું ન૦ વસ્તુ; ચીજ; જણસ

વાનો પું૦ એક જાતનો સુગંધીદાર પદાર્થ (૨) લેપ; પીઠી

વાન્તિ સ્ત્રી૦ [સં.] વાંતિ; ઊલટી [લેવું (૨) ખર્ચવું

વાપર પું૦ વાપરવું તે; વપરાશ. **૦વું** સ૦ક્રિ૦ ઉપયોગમાં

વાપસ અ૦ [फा.] પાછું

વાપિ(-પી) સ્ત્રી૦ [સં.] વાવ

વાફો પું૦ વાડીમાં ધરુ કરવા તૈયાર કરેલો ક્યારો

વાબસ્તું વિ૦ [फा.] સગું; સંબંધી; ઓળખીતું

વાબારું ન૦ જાળિયું; બાકું

વામ પું૦; સ્ત્રી૦ બે હાથ પહોળા કરતાં છાતી સાથે થતી લંબાઈનું માપ (૨) સ્ત્રી૦ (પ.) વામા. **-મિયાં** ન૦બ૦વ૦ (સુ.) તરવામાં વામ ભરવી તે **-મિયો તારો** પું૦ વામ ભરીને તરવાની રીત

વામ વિ૦ [સં.] સુંદર (૨) ડાબું (૩) ઊલટું; પ્રતિકૂળ (૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધમ; નીચ. ૦કુક્ષિ સ્ત્રી૦ જમ્યા બાદ ડાબે પડખે સૂવું તે. ૦તા સ્ત્રી૦ અધમતા (૨) હઠ; આડાઈ. ૦દેવ પું૦ (સં.) એક ઋષિ. ૦માર્ગ પું૦ તંત્રમાર્ગ; શાક્ત સંપ્રદાય. ૦માર્ગી વિ૦ વામમાર્ગનું; દેવીભક્ત
વામણું વિ૦ વામન; ઠીંગણું; નીચું
વામન વિ૦ [સં.] ઠીંગણું (૨) પું૦ (સં.) બલિને છળવા થયેલો વિષ્ણુનો પાંચમો અવતાર (૩) પું૦ ઠીંગણો (૪) [લા.] લુચ્ચો. ૦દ્વાદશી સ્ત્રી૦ ભાદરવા સુદિ બારશ. -નાવતાર પું૦ વામનરૂપે વિષ્ણુનો પાંચમો અવતાર
વામવું સ૦ક્રિ૦ (ભાર ઓછો કરવા) ફેંકી દેવું; કમી કરવું (૨) ઓછું કરવું; મટાડવું (૩) મનની વાત કહી દેવી (૪) ઊલટી કરવી (૫) તજવું (૬) અ૦ક્રિ૦ ઓછું થવું; ઘટવું
વામા સ્ત્રી૦ [સં.] નારી (૨) સુંદર સ્ત્રી (૩) [સં.] લક્ષ્મી (૪) [સં.] સરસ્વતી
વામાચાર પું૦ [સં.] વામમાર્ગ. -રી વિ૦ વામમાર્ગી
વામાટામા પું૦બ૦વ૦ અનિશ્ચયમાં વખત ગાળવો તે; આનાકાની; ગલ્લાંતલ્લાં
વામાંગ ન૦ [સં.] ડાબું અંગ-પડખું
વામિયાં,વામિયો તારો જુઓ 'વામ પું૦;સ્ત્રી૦'માં
વામોરુ(-રૂ) સ્ત્રી૦ [સં.] સુંદર સાથળવાળી-રૂપાળી સ્ત્રી
વાય પું૦ (પ.) વાયુ (૨) સ્ત્રી૦ ['વા'માં હશ્રુતિ] જીત
વાયક ન૦ (પ.) વેણ; વાક્ય. -કા સ્ત્રી૦ વાત; ગપ; અફવા
વાય(-યે)જ પું૦ (૨) સ્ત્રી૦ જુઓ વાએજ
વાયજ(-જી) સ્ત્રી૦ ઉપદેશ; વ્યાખ્યાન
વાયડાઈ સ્ત્રી૦ વાયડાપણું. **વાયડું** વિ૦ પેટમાં વાયુ ઉત્પન્ન કરે તેવું (૨) [લા.] વિચિત્ર સ્વભાવનું (૩) હઠીલું
વાયણું ન૦ (સીમંતિનીને અપાતું) ખુશાલીનું જમણ
વાયદો પું૦ મુદત; અવધિ (૨) મુદત પર કરવાનું કામ. -દાચિઠ્ઠી સ્ત્રી૦ અમુક મુદતે પૈસા આપવાની કબૂલાતનું લખાણ. -દાસર અ૦ વાયદા પ્રમાણે-મુદતસર
વાયન ન૦ [સં.] સૂપડામાં ફળ, કંકુ અને કાંસકી મૂકી બ્રાહ્મણને દાનમાં આપવું તે. ૦દાન ન૦ વાયનનું દાન. ૦દિન ન૦ વાયન આપવાનો દિવસ; શ્રાવણી અમાસ
વાયરું ન૦ વરસાદ વિનાનું (૨) ન૦ ખરડિયું; કોરું ચોમાસું
વાયરો પું૦ પવન
વાયલ ન૦ એક જાતનું સ્ત્રીઓનું વસ્ત્ર
વાયલ(-લી) વિ૦ તરંગી; દૃઢતા વિનાનું
વાયવડિંગ સ્ત્રી૦;ન૦ વાવડિંગ; મરી જેવાં ઔષધિનાં બી
વાયવી વિ૦સ્ત્રી૦ [સં.] વાયુ સંબંધી (૨) વાયવ્ય (ખૂણો). -વ્ય વિ૦ ઉત્તર-પશ્ચિમ ખૂણાને લગતું(૨)સ્ત્રી૦ઉત્તર અને પશ્ચિમ વચ્ચેનો ખૂણો. -વ્યાસ્ત્ર ન૦ પવનાસ્ત્ર; વાય્વસ્ત્ર
વાયસ પું૦ [સં.] કાગડો
વાયુ પું૦ [સં.] પવન (૨) બાદી. ૦કોણ પું૦ વાયવ્ય ખૂણો. ૦ગોળો પું૦ વાયુનો એક રોગ. ૦ચક્ર ન૦ પૃથ્વી આસપાસનું વાયુમંડલ; વાતાવરણ. ૦ચક્રશાસ્ત્ર ન૦ વાતાવરણમાં થનારા ફેરફારો જાણવાનું શાસ્ત્ર. ૦ચક્રશાસ્ત્રી પું૦ વાયુચક્રશાસ્ત્ર જાણનાર. ૦ચર ન૦ પક્ષી. ૦પુત્ર પું૦ (સં.) હનુમાન (૨) ભીમ. ૦પુરાણ ન૦ (સં.) અઢારમાંનું એક પુરાણ. ૦ભક્ષી વિ૦ વાયુનું ભક્ષણ કરી જીવનારું. ૦મંડળ ન૦ વાતાવરણ. ૦વેગ પું૦ પવનનો વેગ. ૦વેગી વિ૦ પવનવેગી. ૦સુત પું૦ (સં.) જુઓ વાયુપુત્ર
વાયું ન૦ પવન લાગે નહિ એવું દીવો મૂકવાનું માટીનું [ફાનસ
વાય્વસ્ત્ર ન૦ [સં.] વાયુનું અસ્ત્ર; પવનાસ્ત્ર
વાર ['વા'માં જરા હશ્રુતિ] પું૦ત્રણ ફૂટ જેટલું માપ;'યાર્ડ'
વાર અ૦ નામને અંતે 'પ્રમાણે, અનુસાર' એવા અર્થમાં. ઉદા૦ ક્રમવાર; ગોત્રવાર (૨) [ફા.] 'વાળુ' અર્થમાં નામને લાગતો પ્રત્યય. ઉદા૦ ઉમેદવાર
વાર પું૦ [સં.] અઠવાડિયાનો દરેક દિવસ (૨) સ્ત્રી૦ વખત; સમય (૩) વખત; ફેરો. ઉદા૦ પાંચ વાર (૪) [લા.] ઢીલ; વિલંબ (૫) ન૦ (પ.) વારિ; પાણી. ૦કવાર પું૦ સારો નરસો દહાડો. ૦તહેવાર પું૦ અવસર; સારો-ઉત્સવનો દિવસ. ૦પરવ(-બ) ન૦ સારો વાર કે પર્વ; વારતહેવાર
વારકરી પું૦ [મ.] (સં.) મહારાષ્ટ્રનો એક ભક્તિસંપ્રદાય કે તેનો અનુયાયી
વારણ પું૦ [સં.] હાથી (૨) ન૦ વારવું-અટકાવવું તે (૩) નિવારવું-દૂર કરવું તે. -ણી સ્ત્રી૦ હાથણી
વારણું ન૦ ઓવારણું
વારતહેવાર,વારપરવ(-બ) જુઓ 'વાર' [સં.]માં
વારવું સ૦ક્રિ૦ અટકાવવું; મના કરવી (૨) + ઓવારવું (૩) [આરતી] ઉતારવી
વારસ પું૦ મરનારની મિલકતનો હકદાર. ૦નામું ન૦ વસિયતનામું. -સાઈ સ્ત્રી૦ વારસો. -સાગત વિ૦ વારસામાં ઊતરેલું. -સાહક(-ક્ક) પું૦ વારસાનો હક. -સું ન૦ (સુ) વારસો. -સો પું૦ વારસને મળેલી મરનારની મિલકત
વારંટ ન૦વૉરંટ; ગુનેગારને પકડવાનો સરકારી હુકમ
વારંવાર અ૦ [સં.] વારેઘડીએ; ફરી ફરીને; વારે વારે
વારાણસી સ્ત્રી૦ [સં.] (સં.) કાશી
વારાફરતી અ૦ વારા પ્રમાણે; એક પછી એક
વારાફેરા પું૦બ૦વ૦ વારંવાર આવવું જવું તે
વારાંગના સ્ત્રી૦ [સં.] ગણિકા; વેશ્યા
વારિ ન૦ [સં.] પાણી; નીર. ૦જ વિ૦ પાણીમાં ઉત્પન્ન થયેલું (૨) ન૦ કમળ. ૦જા સ્ત્રી૦ (સં.) લક્ષ્મી. ૦દ પું૦ સંગીતમાં એક અલંકાર (૨) ન૦ વાદળું; મેઘ. ૦ધિ પું૦ સમુદ્ર [લેવાનો અવસર
વારી પું૦ ઘોડો (૨) સ્ત્રી૦ વારો; ક્રમ; પાળી (૩) બદલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારુણ વિ૦ [સં.] વરુણને લગતું (૨) ન૦ પાણી. **-ણી** સ્ત્રી૦ મદિરા (૨) પશ્ચિમ દિશા

વારુ અ૦ ઠીક (૨) વિ૦ સારું; સુંદર

વારેઘડીએ અ૦ વારંવાર

વારેદાર વિ૦ વારાવાળું (૨) કર ઉઘરાવનારું

વારો પું૦ વારી; ક્રમ; પાળી (૨) અણોજો; પાકી

વારોવાર અ૦ બીજે અઠવાડિયે તે જ દિવસે (૨)+વારંવાર

વારોવારિયું વિ૦ વાર પ્રમાણે દિવસો ગણીને કાઢવામાં આવતું (વ્યાજ)

વાર્તા,-ર્ત્તા [સં.] સ્ત્રી૦ વાત; કથા (૨) બીના; હકીકત; સમાચાર. **૦કાર** પું૦ વાર્તા-કથા રચનાર કે કહેનાર

વાર્તિ(-ર્ત્તિ)ક ન૦ વિવેચનવાળી ટીકા (૨) પું૦ બાતમીદાર; દૂત. **૦કાર** પું૦. વાર્તિક રચનાર

વાર્ત્તા સ્ત્રી૦ [સં.] જુઓ વાર્તા

વાર્ત્તિક ન૦, **૦કાર** પું૦ [સં.] જુઓ 'વાર્તિક'માં

વાર્દ્ધ(-ર્ધ)ક(-ક્ય) ન૦ [સં.] વૃદ્ધાવસ્થા

વાર્નિશ પું૦ [ઇં.] લાકડાને પાલીસ કરવાનું દ્રવ્ય-એક પ્રવાહી બનાવટ

વાર્ષિક વિ૦ [સં.] વરસે વરસે આવતું કે થતું (૨) વરસ સંબંધી (૩) ન૦ દર વરસે પ્રકટ થતું પત્ર

વાર્ષ્ણેય પું૦ [સં.] (સં.) વૃષ્ણિકુળના-શ્રીકૃષ્ણ

વાલ પું૦ ત્રણ રતી જેટલું તોલ (૨) પું૦બ૦વ૦ એક કઠોળ. **૦પાપડી** સ્ત્રી૦ વાલની સીંગ

વાલરા સ્ત્રી૦ જે જમીન ઉપર વાવણી કર્યા અગાઉ આગલા પાકનાં ઠૂંઠાં બાળે છે તે

વાલિ(-લી) પું૦ [સં.] (સં.) સુગ્રીવનો મોટો ભાઈ. **૦સુત** પું૦ (સં.) અંગદ [આધારે લટકે છે તે

વાલિયા પું૦બ૦વ૦ પારણું કે ત્રાજવાં જે દોરીઓને

વાલી,૦સુત જુઓ 'વાલિ'માં

વાલી પું૦ [અ.] રક્ષક; પાલક. **૦ઘોડો** પું૦ ઘોડી ઉપર દોરવા રાખેલો મજબૂત, ખાનદાન ઘોડો

વાલુકા સ્ત્રી૦ [સં.] રેતી. **૦યંત્ર** ન૦ કલાક જાણવાની રેતી ભરેલી શીશી (૨) વૈદકમાં ઔષધ બનાવવાનું એક યંત્ર

વાલોળ સ્ત્રી૦ એક શીંગ-શાક. **-ળિયો** પું૦ વાલોળનો વેલો

વાલ્મિ(-લ્મી)કિ પું૦ [સં.] (સં.) રામાયણ રચનાર ઋષિ

વાવ સ્ત્રી૦ અંદર ઊતરવાનાં પગથિયાંવાળો કૂવો

વાવટો પું૦ ધજા

વાવડ,-ર પું૦ ભાળ; પત્તો; સમાચાર (૨) રોગનું ફેલાવું તે. **૦વું** સ૦ક્રિ૦ (કા.) વાવડ-ખબર મળવા

વાવડિંગ ન૦ જુઓ વાયવડિંગ

વાવણી સ્ત્રી૦ વાવવું તે. **-ણિયો** પું૦ બીજ ઓરવાનું સાધન

વાવર પું૦ વાપર; વપરાશ (૨) જુઓ વાવડ. **૦વું** સ૦ક્રિ૦ વાપરવું; ખર્ચવું

વાવલવું સ૦ક્રિ૦ ઊપણવું [આપેલી જમીન; પસાયતું

વાવલાં ન૦બ૦વ૦ વલખાં (૨) [સુ.] નોકરીના બદલામાં

વાવલિયો પું૦ વાયરો (લાલિત્યવાચક)

વાવલું ન૦ પસાયતું (૨) આંખમાં પડેલું ઝીણું ફૂલ

વાવવું સ૦ક્રિ૦ ઉગાડવા માટે જમીનમાં બી કે રોપા નાખવા

વાવંટોળ પું૦ વંટોળિયાનું તોફાન

વાવા અ૦ (બાળભાષામાં) સારું; મજેનું (૨) સ્ત્રી૦ ઝભલું

વાવાઝોડું ન૦ વાવંટોળ [વાદળી (૨) [લા.] સંકટ

વાવાદળ ન૦ જોસથી વાતો પવન અને વાદળ; તોફાની

વાવું અ૦ક્રિ૦ (પવનનું) ફૂંકાવું (૨) [શરીરને ટાઢની] અસર થવી (૩) વિયાવું (૪) સ૦ક્રિ૦ (ફૂંકીને) વગાડવું; બજાવવું

વાવેતર ન૦ વાવવું તે (૨) વાવેલું તે (૩) વાવેલી જમીન

વાશ સ્ત્રી૦ કાગવાશ

વાસ પું૦ [સં.] વસવાટ (૨) મુકામ; ઘર; સ્થાન (૩) પોળ; મહોલ્લો (૪) સ્ત્રી૦ ગંધ (૫) દુર્ગંધ (૬) ન૦ વસ્ત્ર; લૂગડું

વાસકસજ્જા સ્ત્રી૦ [સં.] જુઓ વાસરશય્યા

વાસકૂ(-કો)ટ પું૦; ન૦ બાંડિયો કબજો

વાસણ ન૦ પાત્ર; ઠામ. **૦કૂસણ** ન૦ રાંધવા વગેરેનાં વાસણ

વાસના સ્ત્રી૦ [સં.] પૂર્વના સંસ્કારોથી દૃઢ થયેલી કામના (૨) વાસ; ગંધ

વાસર પું૦ [સં.] દિવસ; વાર. **૦મણિ** પું૦ સૂર્ય

વાસરશય્યા સ્ત્રી૦ પતિના આગમનની રાહ જોઈ પોતાનું શરીર તથા શયનગૃહ સજાવીને તૈયાર થયેલી નાયિકા

વાસરી સ્ત્રી૦ ડાયરી; રોજનીશી

વાસવ પું૦ [સં.] ઇંદ્ર. **-વી** સ્ત્રી૦ ઇંદ્રાણી

વાસવું સ૦ક્રિ૦ બંધ કરવું (૨) વગાડવું; વાવું (૩) વસે એમ કરવું; વસાવવું (૪) અ૦ક્રિ૦ વાસવાળું થવું; મહેકવું

વાસંતિક વિ૦ [સં.] વસંતઋતુનું,-ને લગતું (૨) પું૦ વિદૂષક (૩) નટ [એક વેલ

વાસંતી વિ૦ [સં.] વસંતઋતુનું.-ને લગતું (૨) સ્ત્રી૦

વાસિત વિ૦ [સં.] સુવાસિત કરેલું (૨) વસ્ત્રો વડે આચ્છાદિત થયેલું (૩) વાસ પુરાયેલું

વાસિની વિ૦સ્ત્રી૦, **વાસી** વિ૦ [સં.] (બહુધા સમાસને છેડે) રહેનારું (ઉદા૦ નગરવાસી)

વાસી વિ૦ આગલા દિવસનું; બગડી ગયેલું

વાસીદું ન૦ ઢોરનું છાણ, મૂતર વગેરે કચરો; પૂંજો

વાસીવિકાર પું૦ (સગર્ભાને સવારે થતી) ઊલટી

વાસુ,૦પિયો,૦પી પું૦ ખેતરમાં રાતવાસો રહી ચોકી કરનાર

વાસુકિ પું૦ [સં.] (સં.) નાગોનો રાજા

વાસુદેવ પું૦ [સં.] (સં.) શ્રીકૃષ્ણ

વાસુપિયો,વાસુપી પું૦ જુઓ વાસુ

વાસેલ વિ૦ પડતર રાખેલું (ખેતર)

વાસો પું૦ વાસ કરવો તે (૨) મુકામ (૩) વાસર; દહાડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ખાસ કરીને પ્રસવ થયાનો) [રહેનાર
વાસોતી(-પી) પું૦ વાસુ; ચોકી કરવા ખેતરમાં રાતવાસો
વાસ્તવ ન૦[સં.] જુઓ વાસ્તવિકતા. **૦દર્શી** વિ૦ યથાર્થ-દર્શી; વસ્તુતાએ હોય તે જોનારું-કલ્પના કે ભાવનાથી દોરાઈને નહિ; 'રિયલિસ્ટ'. **-વ(-વિક)** વિ૦ ખરેખરું (૨)વાજબી.**-વિકતા** સ્ત્રી૦સાચી હકીકત (૨)વાજબીપણું
વાસ્તવ્ય વિ૦ [સં.] વસવા યોગ્ય (૨) પું૦ રહેવાસી (૩) ન૦ મુકામ; રહેઠાણ
વાસ્તુ ન૦ [સં.] ઘર બાંધવાની જગા (૨) ઘર (૩) વાસ્તુપૂજન. **૦દેવતા** સ્ત્રી૦; પું૦બ૦વ૦ વાસ્તુક્રિયાના અધિષ્ઠાતા દેવ. **૦પૂજન** ન૦, **૦પૂજા**, **૦શાંતિ** સ્ત્રી૦ નવા ઘરમાં રહેવા જતાં કરાતી શાંતિક્રિયા. **૦વિદ્યા** સ્ત્રી૦ મકાન બાંધવાની વિદ્યા; સ્થાપત્ય
વાસ્તે અ૦ કાજે; અર્થે
વાહ અ૦[फा.]'કેવું સારું, શાબાશ !' એવા અર્થનો ઉદ્ગાર
વાહક વિ૦[સં.] વહેનારું; ઊંચકનારું; ખેંચનારું;લઈજનારું
વાહન ન૦ [સં.] જમીન પર આવજા માટે વપરાતું સાધન (ગાડી, પશુ ઇ૦) (૨) વિચાર, લાગણી કે કાર્ય પ્રગટ કરવા માટે વપરાતું સાધન; માધ્યમ. **૦ખરચ,૦ખર્ચ** ન૦ વાહનનું ખર્ચ
વાહવાહ સ્ત્રી૦ કીર્તિ (૨) અ૦ જુઓ વાહ
વાહવું સ૦ક્રિ૦ સમજાવવું પટાવવું; છેતરવું (૨) વ્યતીત કરવું; ગાળવું; વહે એમ કરવું [(૪) નસ
વાહિની વિ૦સ્ત્રી૦ [સં.] વહેનારી (૨) સ્ત્રી૦ નદી (૩) સેના
વાહિયાત વિ૦ વ્યર્થ; નકામું (૨) ખરાબ; હલકું
વાહી વિ૦ [સં.] વહેનારું; ઊંચકનારું (પ્રાયઃ સમાસને અંતે)
વાહેલ(-લું) વિ૦ ભ્રમિત થયેલું; ગૂંચવાયેલું
વાહ્ય વિ૦ [સં.] વહી શકાય એવું; હલકું
વાળ પું૦ કેશ. **૦છો** પું૦ વાળ (તુચ્છકારમાં)
વાળઘોળ સ્ત્રી૦ (કા.) રીતભાત (૨) આવડત (૩) સાચવણી
વાળણ ન૦ ઉતાર; અસર ધોઈ નાંખવાની શક્તિવાળું તે
વાળવું સ૦ક્રિ૦ વાંકું કરવું; નમાવવું (૨) વાળીને આકાર કરવો કે ગોઠવવું (જેમ કે, લાડુ, બીડી, ગેડ, અંબોડો) (૩) પાછું ફેરવવું (૪) કચરો કાઢવો
વાળંદ પું૦ હજામ; નાવી. **૦ણ,૦દાણી** સ્ત્રી૦ વાળંદની સ્ત્રી
વાળાકૂંચી સ્ત્રી૦ દાગીના ધોવાની પીંછી
વાળાગરણું વિ૦ સેળભેળ કરેલું (૨) બાદલું
વાળિયો પું૦ અનાજ ઊપણતાં રહેલો કચરો
વાળી સ્ત્રી૦ નથ (૨) કડી
વાળુ સ્ત્રી૦ વેળુ; રેતી; કાંકરી (૨) ન૦ રાત્રિભોજન
વાળું વિ૦ '-ના સંબંધનું','-ની માલિકીનું', '-ના ધંધાનું' વગેરે અર્થોમાં નામને અંતે. ઉદા૦ ઘરવાળો, ગાડીવાળો, ગાદીવાળો, દૂધવાળો

વાળો પું૦ ધાતુનો લાંબો પાતળો તાર (૨) એક રોગ
વાંક પું૦ અપરાધ; ખામી; દોષ (૨) વક્રતા; રાંટ (૩) સ્ત્રીઓનું હાથનું એક ઘરેણું. **૦ડવેલું** વિ૦ વેલા જેવું વાંકું (૨) ન૦ કોણીનું એક ઘરેણું. **૦ડિયું** વિ૦ વાંકું (લાલિત્ય-વાચક). **૦ડું** વાંકું (૨) ન૦ વાંક; સ્ત્રીઓનું એક ઘરેણું (૩)વાંકું ૬. **૦સાથિયો** પું૦ વાંકાં પાંખાંવાળો સાથિયો
વાંકડો પું૦(સુ.)વરને આપવાની પરઠણ [ફરી જનારું
વાંકાઈ(-શ)સ્ત્રી૦વાંકાપણું(૨)આડાઈ.**-બોલું** વિ૦બોલીને
વાંકું વિ૦ વક્ર; સીધું નહિ એવું; ટેડું (૨) [લા.] સરળ નહિ એવું; કુટિલ (૩) અવળું; ખોટું; ઊંધું (૪) વિરુદ્ધ; સામે થયેલું (૫) ન૦ વાંધો; ગેરસમજ; અણબનાવ(૬) વાંકું તે; વક્રતા. **૦ચૂકું** વિ૦ વાંકું; આડુંઅવળું. **૦ટેડ** વિ૦ સાવ વાંકું. **૦વસમું** વિ૦આડુંતેડું;રીસ ચડે તેવું
વાંગલાં ન૦બ૦વ૦ વલખાં; વાગલાં
વાંગળી સ્ત્રી૦ (કા.) ઘોડીની એક જાત
વાંગીભાત પું૦ [म.] રીંગણ ને ભાતની એક વાની
વાંઘું ન૦ કોતર
વાંઘો પું૦ વર્ગ; જાત
વાંચન ન૦ વાચન; વાંચવું તે (૨) વાંચવાની ઢબ (૩) અભ્યાસ. **૦માળા** સ્ત્રી૦ જુઓ વાચનમાળા. **-નાલય** ન૦ જુઓ વાચનાલય. **-વું** સ૦ક્રિ૦લખેલું મનમાં કે મોટેથી ઉકેલવું (૨) [લા.] ભાખવું (૩) ઇચ્છવું
વાંછના,વાંછા સ્ત્રી૦ [સં.] ઇચ્છા. **વાંછવું** સ૦ક્રિ૦ ઇચ્છવું
વાંછિત વિ૦ [સં.] ઇચ્છેલું
વાંઝ,૦ણી સ્ત્રી૦સંતતિ ન થતી હોય તેવી સ્ત્રી; વંધ્યા. **૦ણું** વિ૦ જુઓ વાંઝિયું. **-ઝિયાબારું** વિ૦ વાંઝિયાનું; બિન-વારસી (૨) ન૦એકનો એક છોકરો. **-ઝિયામહેણું** ન૦ વાંઝિયા હોવાનું મહેણું; વાંઝિયાપણાની ખોડ.**-ઝિયું** વિ૦ સંતતિ ન થતી હોય તેવું (૨) ફળ કે લાભ ન થતો હોય તેવું
વાંઝરું ન૦ (સુ) રાની જાતનું જાંબુ
વાંઝો પું૦ વણકર
વાંટ પું૦હિસ્સો; ભાગ. **૦ણી** સ્ત્રી૦વહેંચણી. **૦વું** સ૦ક્રિ૦ વાટવું; વહેંચવું. **-ટો** પું૦ વાંટ (૨) ગરાસ કે નરવાની જમીનનો ટુકડો
વાંઢ સ્ત્રી૦ (કા.) ચારાને માટે ઘાસપાણીવાળી જગા (૨) દુકાળને કારણે પરમુલક જતાં દુધાળાં પશુનું ધણ
વાંઢી વિ૦ સ્ત્રી૦ વરના અભાવે પરણ્યા વિનાની. **-ઢો** વિ૦ પું૦ કન્યા ન મળવાથી કુંવારો રહેલો
વાંત વિ૦[સં.] ઓકેલું
વાંત અ૦ (સુ.) જુઓ વેંત. ઉદા૦ આવતાંવાંત
વાંતરવું સ૦ક્રિ૦ ઝીણું ઝીણું કાતરવું કે કરડીને કાપી નાંખવું
વાંતરી સ્ત્રી૦ જુઓ આંતરી અર્થ ૩
વાંતિ સ્ત્રી૦ [સં.] ઊલટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંદર સ્ત્રી૦ ઘોડીની એક જાત (કા.) (૨) પું૦ વાંદરું. ૦ફૂંચી સ્ત્રી૦ ચાકી વગેરે ફેરવવાનું ઓજાર. ૦ચેષ્ટા સ્ત્રી૦ વાંદરા જેવી ચેષ્ટા; અડપલાં. ૦નકલ સ્ત્રી૦ વાંદરાની પેઠે નકલ કરવી તે. ૦(-રા)વેડા પું૦બ૦વ૦ વાંદરા જેવી ચેષ્ટાઓ કરવી તે. -રી સ્ત્રી૦ વાંદરાની માદા. -રું ન૦ વાનર–એક ચોપગું પ્રાણી. -રો પું૦ નર વાનર (૨) ચાંપ; ઘોડો (૩) તાળાનો ખીલો; ઉલાળો (૪)એક પ્રકારનું દારૂખાનું (૫) ભાર ઉપાડવાનું એક યંત્ર

વાંદવું સ૦ક્રિ૦ + વંદવું

વાંદો પું૦ વંદો; એક જીવડો (૨) અમુક ઝાડના થડ કે ડાળમાંથી નીકળતો બીજી જાતનો નકામો ફણગો

વાંધર વિ૦પું૦ સારી રીતે ખસી ન કરવાથી વધી ગયેલા વૃષણવાળો (આખલો)

વાંધાખોરિયું વિ૦ વાંધાવચકા કાઢ્યા કરનારું; ચામઠું

વાંધો પું૦હરકત; અડચણ(૨)વિરોધ; તકરાર.૦વચકો પું૦ ભૂલચૂક; ખોડખાંપણ; કંઈ ને કંઈ છિદ્ર કે વિરોધનું કારણ

વાંફળ વિ૦ વાયલ (૨) ફોગટ; માલ વગરનું (૩) વિવેક વિના બોલે કે વાવરે તેવું. -ળાઈ સ્ત્રી૦ વાંફળપણું (૨) ઉડાઉપણું [અવાજ(૨)[કા.]જુઓ વામ

વાંભ સ્ત્રી૦ વાછરડાં કે ઢોરને વાળીને એકઠાં કરવા કરાતો

વાંસ પું૦ એક ઝાડ (૨) તેનો સોટો (૩) કડિયાનું ઈંટો છોલવાનું ઓજાર (૪) સાત આઠ હાથ જેટલું માપ. ૦કપૂર ન૦ વંશલોચન; વાંસનો કપૂર જેવો રસ. ૦જાળ અ૦ વાંસપૂર (ઊંડું).૦ડો પું૦ વાંસનો સોટો.૦ફોડણ, ૦ફોડી સ્ત્રી૦ વાંસફોડાની સ્ત્રી(૨) વાંસફોડાનું કામ કરનારી સ્ત્રી.૦ફોડો પું૦વાંસની ચીપટો ઉતારી છાબડાં બનાવનારો

વાંસણી(-ળી) સ્ત્રી૦ રૂપિયા ભરવાની સાંકડી લાંબી કોથળી

વાંસલડી સ્ત્રી૦ વાંસળી; બંસી (લાલિત્યવાચક)

વાંસલો પું૦ લાકડાં છોલવાનું સુતારી ઓજાર [વાંસણી

વાંસળી સ્ત્રી૦ બંસી; ફૂંકીને વગાડવાનું નળી જેવું વાદ્ય (૨)

વાંસામોર અ૦ એકની પાછળ એક

વાંસિયું વિ૦ વાંસ સંબંધી (૨) વાંસ જેટલું લાંબું

વાંસી સ્ત્રી૦ દાતરડા જેવું ફળ બેસાડેલો લાંબો વાંસ

વાંસે અ૦ પૂંઠે; પછવાડે. **વાંસો** પું૦ બરડો; પીઠ

વાંસોડ ન૦ વાંસનું વન (૨) વાંસનું પીઠું

વિ [સં.] ઉપસર્ગ. જુદાઈ, વિરોધ કે ઊલટાપણું બતાવે. ઉદા૦ વિયોગ, વિરોધ; પુષ્કળપણું કે વિશેષતા બતાવે. ઉદા૦ વિવેક, વિનાશ (૨) બહુવ્રીહિસમાસમાં 'વગરનું' 'વિગત' એવા અર્થમાં આવે. ઉદા૦ વિધવા

વિકટ વિ૦ [સં.] મુશ્કેલ (૨) દુર્ગમ (૩) વિકરાળ; ભીષણ

વિકરણ ન૦ [સં.] જુદું પાડવું તે (૨) સંસ્કૃતના એક ગણના ધાતુને બીજા ગણના ધાતુથી જુદો પાડનાર પ્રત્યય

વિકરાલ(-ળ) વિ૦ [સં.] ડરામણું; ભયાનક

વિકર્ણ પું૦ [સં.] (સં.) કર્ણનો પુત્ર (૨) (સં.) દુર્યોધનનો ભાઈ (૩) 'ડાયેગોલન' (ગ.)

વિકર્મ ન૦ [સં.] નિષિદ્ધકર્મ

વિકલ(-ળ) વિ૦ [સં.] વિહ્વળ; વ્યાકુળ (૨) ખંડિત; અપૂર્ણ (૩) અસમર્થ (૪) પું૦ વિકળા; કળાનો સાઠમો ભાગ. ૦તા સ્ત્રી૦ આતુરતા; બાવરાપણું

વિકલન ન૦ [સં.] (સંકલનથી ઊલટું) છૂટું પાડી નાખવું તે (૨) 'ડિસ્ટ્રિબ્યૂશન' (ગ.). ૦નિયમ પું૦ 'લૉ ઑફ ડિસ્ટ્રિબ્યૂશન' (ગ.)

વિકલા(-ળા) સ્ત્રી૦ [સં.] કળાનો સાઠમો ભાગ; ક્ષણથી પણ થોડો વખત (૨) રજસ્વળા (૩) એક અંશનો ૩૬૦૦ મો ભાગ (ગ.)

વિકલ્પ પું૦[સં.] તર્કવિતર્ક (૨)અનિશ્ચય; સંદેહ(૩) ચાલી શકે તેવી ઘણી વસ્તુઓમાંથી ગમે તે એક લેવાની છૂટ હોવી તે; તેવી વસ્તુ (વ્યા.) (૪) વિપરીત કે વિરુદ્ધ કલ્પના કે વિચાર

વિકસવું અ૦ક્રિ૦ ખીલવું. વિકસાવવું (પ્રેરક). **વિકસાવું** (ભાવે). **વિકસિત** વિ૦ [સં.] ખીલેલું

વિકળ, ૦તા જુઓ 'વિકલ'માં

વિકળા સ્ત્રી૦ જુઓ વિકલા

વિકંસીકરણ ન૦ કૌંસ છોડી નાખવા તે (ગ.)

વિકાર પું૦ [સં.] ફેરફાર; પરિવર્તન (૨) શારીરિક કે માનસિક બગાડ (૩) 'વેરિયેશન' (ગ.). ૦ક વિ૦ વિકાર કે ફેરફાર કરનારું. ૦વશ વિ૦ વિકારને વશ થયેલું

વિકારવું સ૦ક્રિ૦ અવાજ કરવો; બોલાવવું [તેવું

વિકારી વિ૦ [સં.] વિકારવાળું (૨) વિકાર કે ફેરફાર થઈ શકે

વિકારોત્તેજક વિ૦ [સં.] વિકારને ઉત્તેજિત કરનારું

વિકાશ(-સ)વું અ૦ક્રિ૦ ખીલવું (૨) સ૦ક્રિ૦ પહોળું કરવું

વિકાસ પું૦ [સં.] ખીલવું તે (૨) ઉત્ક્રાંતિ. ૦ન ન૦ ખીલવું તે; વધવું તે. ૦વાદ પું૦ જુઓ ઉત્ક્રાંતિવાદ. ૦વાદી પું૦ વિકાસવાદમાં માનનાર. ૦વું અ૦ક્રિ૦ (૨) સ૦ક્રિ૦ જુઓ વિકાશવું. -સી વિ૦ ખીલતું; વિકસતું (૨) ખૂલતું; પહોળું

વિકીર્ણ વિ૦ [સં.] વીખરાયેલું; વેરાયેલું

વિકૃત વિ૦[સં.]વિકાર પામેલું. -તિ સ્ત્રી૦ વિકાર. -તિકાવ્ય ન૦ 'પૅરડી'. -તિચિત્ર ન૦ 'કાર્ટૂન; કૅરિકેચર'

વિકૃષ્ટ વિ૦ [સં.] ખેંચાયેલું; આકૃષ્ટ

વિક્તિ સ્ત્રી૦ [સં.] વિવેક; સારાસારનો ભેદ

વિક્રમ પું૦[સં.]પરાક્રમ (૨) [સં.] ઉજ્જનનો એક પ્રસિદ્ધ રાજા; વિક્રમસંવત પ્રવર્તાવનાર (૩) ન૦ પગલું. ૦સંવત પું૦વિક્રમ રાજાથી ચાલેલો સંવત્સર(વિ૦સં૦). -માદિત્ય પું૦ (સં.) જુઓ વિક્રમ

વિક્રય પું૦ [સં.] વેચાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિક્રાંત વિ૦ [સં.] પરાક્રમી (૨) વિકરાળ; ડરામણું
વિક્રિયા સ્ત્રી૦ [સં.] વિકાર
વિક્લવ વિ૦ [સં.] દુઃખી; ખિન્ન (૨) ગભરાયેલું
વિક્ષિપ્ત વિ૦ [સં.] વિક્ષેપ પામેલું (૨) વેરાયેલું
વિક્ષુબ્ધ વિ૦[સં.] વિક્ષોભ પામેલું [મૂંઝવણ(૪)વેરવું તે
વિક્ષેપ પું૦[સં.]અડચણ(૨)વાર; વિલંબ (૩) અસ્થિરતા;
વિક્ષોભ પું૦ [સં.] ખળભળાટ; ક્ષોભ
વિખ ન૦ વિષ; ઝેર. ૦ણું ન૦+શત્રુતા
વિખરાવવું સ૦ક્રિ૦ વિખેરાવવું; 'વીખર(-રા)વું'નું પ્રેરક
વિખવાણ સ્ત્રી૦ ઝેરી બોલ; મહેણું
વિખવાદ પું૦ઝેર પેદા થાય તેવી બોલચાલ; તકરાર; કજિયો
વિખાણ સ્ત્રી૦;ન૦+વખાણ. ૦વું સ૦ક્રિ૦+વખાણવું
વિખિયા સ્ત્રી૦+વૈરી; રાંડ; કુલટા (તિરસ્કારમાં)
વિખૂટું વિ૦ વછૂટું; જુદું; સાથમાંથી છૂટું પડી ગયેલું
વિખે અ૦+વિષે
વિખેરવું સ૦ક્રિ૦ વેરવું; છૂટું કરી નાખવું. **વિખેરાવવું** (પ્રેરક). **વિખેરાવું** (કર્મણિ) [-તિ સ્ત્રી૦ પ્રસિદ્ધિ
વિખ્યાત વિ૦ [સં.] પ્રસિદ્ધ (૨) સ્પષ્ટ કહેલું-જણાવેલું.
વિખ્યાપન ન૦ [સં.] જાહેરાત
વિગડન ન૦ [સં.] સંગઠનથી ઊલટું તે; વિઘટન
વિગત વિ૦ [સં.] ગત; અતીત(૨)મૃત [વિસ્તારપૂર્વક
વિગત સ્ત્રી૦ બીના; બાબત. ૦વાર અ૦ દરેક વિગત સાથે;
વિગતિ સ્ત્રી૦ [સં.] અધોગતિ; અવગતિ
વિગતેચ્છ વિ૦ [સં.] ઇચ્છારહિત; નિષ્કામ [ગયેલું
વિગલિત વિ૦ [સં.] પડી ગયેલું (૨) ગળી ગયેલું (૩) ટપકી
વિગુણ વિ૦ [સં.] ગુણરહિત
વિગ્રહ પું૦ [સં.] યુદ્ધ; સંગ્રામ(૨)શરીર(૩)સમાસના અવયવો છૂટા પાડવા તે (વ્યા.). ૦રેખા સ્ત્રી૦ લઘુરેખા; (-) આવું વિરામચિહ્ન (વ્યા.). ૦વાન વિ૦ શરીરધારી
વિઘટન ન૦ [સં.] છૂટું પાડવું તે (૨) તોડીફોડી નાખવું તે
વિઘટિત વિ૦ [સં.] જુદું પડેલું (૨) તોડીફોડી નાંખેલું
વિઘટ્ટન ન૦ [સં.] વિઘટન (૨) અથડાવું કે પછડાવું તે
વિઘરાવવું સ૦ક્રિ૦ 'વીઘરવું'નું પ્રેરક
વિઘાત પું૦ [સં.] આઘાત; પ્રહાર (૨) નાશ; સંહાર (૩) વિઘ્ન; બાધા. ૦ક વિ૦ વિઘાત કરનારું. ૦કત્વ ન૦
વિઘોટી સ્ત્રી૦ દર વીઘે ભરવાની મહેસૂલ
વિઘ્ન ન૦[સં.] હરકત; સંકટ; મુશ્કેલી. ૦કર્તા(-ર્ત્તા) પું૦, ૦કારી વિ૦ (૨) પું૦ વિઘ્ન કરનાર. ૦નાશક(-ન) વિ૦ (૨) પું૦ વિઘ્ન દૂર કરનાર (ગણપતિ). ૦સંતોષી વિ૦ વિઘ્ન કરવામાં રાજી થનારું. ૦હર(-ર્તા,-ર્ત્તા) વિ૦ વિઘ્ન દૂર કરનારું. -ઘ્નિત વિ૦ વિઘ્નમાં આવી પડેલું; અંતરાયેલું; અટકાયેલું
વિઘ્ર વિ૦ + વ્યગ્ર; આવરું
વિચક્ષણ વિ૦ [સં.] ચતુર; બુદ્ધિમાન; વિદ્વાન. ૦તા સ્ત્રી૦
વિચરવું અ૦ક્રિ૦ જવું; પ્રવાસ કરવો
વિચલ(-ળ), -લિત વિ૦ [સં.] અસ્થિર; હાલતું
વિચાર પું૦ [સં.] મનથી ચિંતવવું તે; મનન કરવું તે (૨) અભિપ્રાય (૩) ઉદ્દેશ; આશય (૪) કલ્પના; મનસૂબો (૫) ચિંતા. ૦ક પું૦ વિચાર કરનાર; ચિંતનશીલ પુરુષ. ૦ણા સ્ત્રી૦ વિચાર કરવો તે. ૦દોષ પું૦ વિચારપદ્ધતિ કે તેની સરણીનો દોષ; વિચાર કરવામાં થતી ભૂલ. ૦પદ્ધતિ સ્ત્રી૦ વિચાર કરવાની રીત. ૦વંત, ૦વાન વિ૦ વિચાર કરનારું; વિચારવાળું. ૦વિનિમય પું૦ વિચારોની આપલે. ૦વું સ૦ક્રિ૦ વિચાર કરવો. ૦શક્તિ સ્ત્રી૦ વિચાર કરવાની શક્તિ. ૦શીલ વિ૦વિચાર કરે તેવું;વિચારવાન. ૦શ્રેણિ(-ણી) સ્ત્રી૦ વિચારની પરંપરા. ૦સરણિ(-ણી) સ્ત્રી૦ વિચારની સરણી-તેની પદ્ધતિ, ક્રમબદ્ધતા વગેરે. ૦સૃષ્ટિ સ્ત્રી૦ વ્યક્તિના સમગ્ર વિચારોનો સમૂહ. -રિત વિ૦ વિચારેલું. -રી વિ૦ વિચારયુક્ત; વિચારવાન
વિચિ(-ચી) સ્ત્રી૦ [સં.] મોજું; તરંગ
વિચિત્ર વિ૦ [સં.] તરેહવાર; વિલક્ષણ (૨) અદ્ભુત; નવાઈ પમાડતું ૦તા સ્ત્રી૦. ૦વીર્ય પું૦ (સં.) ધૃતરાષ્ટ્ર અને પાંડુનો પિતા. -ત્રિત વિ૦ વિચિત્ર; નવાઈ ભરેલું
વિચી સ્ત્રી૦ [સં.] વિચિ; મોજું
વિચેતન વિ૦ [સં.] અચેતન; બેહોશ
વિચેષ્ટા સ્ત્રી૦ [સં.] ચેષ્ટા
વિચોવિચ અ૦ બરાબર વચ્ચે; વચ્ચોવચ
વિચ્છિત્તિ સ્ત્રી૦[સં.]સ્ત્રીનો એક વિલાસ;(અંગત સૌંદર્યની મગરૂરીથી) શણગાર ઇ૦માંઅ મુક લાપરવાઈ દેખાડવી તે
વિચ્છિન્ન વિ૦ [સં.] વિચ્છેદ પામેલું
વિચ્છેદ પું૦ [સં.] કાપ; છેદ (૨) વિભાગ (૩) વિયોગ (૪) નાશ. ૦ન ન૦ વિચ્છેદ કરવો તે
વિચ્યુત વિ૦ [સં.] ચ્યુત થયેલું [વીછળેલું પાણી
વિછળાવવું સ૦ક્રિ૦ 'વીછળવું'નું પ્રેરક. **વિછળામણ** ન૦
વિછોહ પું૦ (પ.) વિયોગ; જુદાઈ. -હી વિ૦ વિયોગી
વિજન વિ૦ [સં.] માણસના અવરજવર વિનાનું; એકાંત; વેરાન (૨) ન૦ વિજન જગા. ૦તા સ્ત્રી૦
વિજય પું૦ [સં.] ફતેહ. ૦ડંકો પું૦ વિજય સૂચવતો ડંકો. ૦ધ્વજ,૦વાવટો પું૦ વિજયસૂચક વાવટો. ૦યાત્રા સ્ત્રી૦ વિજયની ઉજવણીની યાત્રા. ૦સ્તંભ પું૦ વિજયની યાદગીરી માટે ઊભો કરેલો સ્તંભ. -યા સ્ત્રી૦ (સં.) પાર્વતી (૨) ભાંગ. -યાદશમી સ્ત્રી૦ દસરા; આસો સુદ ૧૦. -યિની વિ૦ સ્ત્રી૦, -યી વિ૦ ફતેહમંદ
વિજાતિ સ્ત્રી૦ [સં.] ભિન્ન જાતિ. -તીય વિ૦ બીજી જાતનું
વિજાપરો પું૦ છૂટકો; નિકાલ
વિજારી સ્ત્રી૦ વ્યભિચાર (૨) લુચ્ચાઈ (૩) હાથચાલાકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજાવું અ૰ક્રિ૰,-વવું સ૰ક્રિ૰ 'વીજવું'નું કર્મણિ ને પ્રેરક
વિજિગીષા સ્ત્રી૰[સં.]જીતવાની ઇચ્છા.-ષુવિ૰જીતવા ઇચ્છનાર
વિજીત વિ૰ [સં.] જિતાયેલું; હારેલું
વિજૃંભણ ન૰ [સં.] બગાસું (૨) ખીલવું તે (૩)રમત; ક્રીડા
વિજેતા પું૰ [સં.] વિજય મેળવનાર
વિજોગ પું૰ વિયોગ; છૂટું પડવું તે. ૦ણ(-ણી) વિ૰સ્ત્રી૰ વિરહિણી. -ગિયું,-ગી વિ૰ વિયોગી; વિરહી
વિજ્ઞપ્તિ સ્ત્રી૰ [સં.] વિનંતી
વિજ્ઞાત વિ૰ [સં.] સારી રીતે જાણેલું
વિજ્ઞાન ન૰[સં.] સવિશેષ જ્ઞાન; શાસ્ત્રીય જ્ઞાન (૨) અનુભવજ્ઞાન(૩)બ્રહ્મજ્ઞાન; તત્ત્વજ્ઞાન. ૦મય વિ૰વિજ્ઞાનથી ભરેલું; વિજ્ઞાનનું બનેલું. ૦મયકોશ(-ષ) પું૰ જીવના પાંચ કોશોમાંનો એક (જુઓ આનંદમયકોશ). ૦વાદ પું૰ પદાર્થમાત્ર મનોમય છે, એટલે વિજ્ઞાન એ જ તત્ત્વ છે એવો બૌદ્ધ તત્ત્વજ્ઞાનનો એક સિદ્ધાંત. ૦વાદી વિ૰ (૨) પું૰ વિજ્ઞાનવાદ માનનાર. ૦શાસ્ત્રી પું૰ વૈજ્ઞાનિક; 'સાયન્ટિસ્ટ'. -નિક,-ની વિ૰ (૨) પું૰ જુઓ વૈજ્ઞાનિક
વિજ્ઞાપક વિ૰ [સં.] જાહેર કરનારું (૨) ન૰ જાહેરખબર (૩) માહિતી આપનાર પુસ્તક કે ચોપાનિયું. -ન ન૰,-ના સ્ત્રી૰નિવેદન; વિનંતિ. **વિજ્ઞાપિત** વિ૰[સં.] નિવેદિત કરેલું
વિટ(-શ) પું૰ [સં.] વૈશ્ય
વિટ પું૰[સં.] કામુક; લંપટ(૨) યાર(૩)વેશ્યાનો અનુચર; ભડવો(૪) નાટકમાં નાયકનાયિકાનો વિદૂષક જેવો સાથી
વિટપ પું૰ [સં.] ડાળી
વિટલ વિ૰ + મૂર્ખ; અણસમજુ
વિટંગા સ્ત્રી૰ + છિનાળ; કુલટા (૨) કાબેલ સ્ત્રી
વિટંબ પું૰ +,૦ણા સ્ત્રી૰ દુઃખ; સંતાપ; મુશ્કેલી
વિટામિન ન૰ [ઇં.] ખોરાકમાં હોતું એક પ્રાણદાયી તત્ત્વ
વિટ્પ્રકોપ પું૰[સં.] વૈશ્યવૃત્તિની પ્રબળતા; મૂડીદારોની સત્તા
વિટ્વરાહ પું૰ [સં.] ડુક્કર
વિઠ્ઠલ પું૰ [સં.] (સં.) કૃષ્ણ; વિષ્ણુ
વિડંગ પું૰;સ્ત્રી૰;ન૰ [સં.] વાવડિંગ
વિડંબક વિ૰ (૨) પું૰ [સં.] વિડંબના કરનાર. -ન ન૰, -ના સ્ત્રી૰ અનુકરણ (૨) ઉપહાસ; મશ્કરી (૩) છળ (૪) મુશ્કેલી; પીડા [ચીરવું (૩) શમાવવું
વિડારણ ન૰ વિડારવું તે. -વું સ૰ક્રિ૰ મારી નાખવું (૨)
વિણ અ૰ વિના (પ.)
વિણામણ ન૰,-ણી સ્ત્રી૰ વીણવું તે(૨)અનાજમાંથી વીણી કાઢેલો નકામો ભાગ (૩) વીણવાની મજૂરી [પ્રેરક
વિણાવું અ૰ક્રિ૰,-વવું સ૰ક્રિ૰ 'વીણવું'નું કર્મણિ ને
વિતથ વિ૰ [સં.] અસત્ય; મિથ્યા
વિતરણ ન૰ [સં.] અર્પણ; દાન. -વું સ૰ક્રિ૰ આપવું
વિતર્ક પું૰[સં.] એક તર્ક પછીનો બીજો તર્ક (૨) સંદેહ; શક (૩) તર્કવિતર્ક; વિચાર
વિતલ(-ળ) ન૰ [સં.] સાત પાતાળમાંનું બીજું
વિતંડા સ્ત્રી૰,૦વાદ પું૰ [સં.] ખોટો બકવાદ; નકામી માથાઝીક (૨) પોતાનો પક્ષ જ ન હોય અને માત્ર સામા પક્ષનું ખંડન જ કર્યા કરવું તે (ન્યા.). -ડી વિ૰વિતંડાવાળું
વિતાડવું સ૰ક્રિ૰ દુઃખ દેવું; પજવવું; વતાડવું
વિતાડ(-વ)વું સ૰ક્રિ૰ પસાર કરવું
વિતાન પું૰; ન૰ [સં.] ચંદરવો; છત
વિતાલ વિ૰ [સં.] બેતાલું
વિતાવવું સ૰ક્રિ૰ વિતાડવું; પસાર કરવું
વિત્ત ન૰ [સં.] દ્રવ્ય (૨) શક્તિ (૩) સાર
વિદગ્ધ વિ૰ [સં.]બળીને ભસ્મ થયેલું (૨) પરિપક્વ(૩) વિદ્વાન (૪) ચતુર; પક્કું. ૦તા સ્ત્રી૰. -ગ્ધા સ્ત્રી૰ ચતુર સ્ત્રી
વિદર્ભ પું૰ [સં.] (સં.) એક દેશ; આધુનિક વરાડ
વિદલ(-ળ) વિ૰ [સં.] વિકસિત; ખીલેલું (૨) દળ વિનાનું (૩) ન૰ કઠોળ અને દહીં અથવા દહીંની વાની
વિદાય વિ૰ વદાય; વળાવેલું; મોકલેલું (૨) સ્ત્રી૰ રજા; છૂટા પડવું તે. ૦બોલ પું૰ વિદાય લેતાં કે આપતાં બોલાતો શબ્દ. ૦ગીરી સ્ત્રી૰ રજા આપવી તે; વળાવવું તે
વિદારક પું૰ [સં.] વિદારણ કરનાર. -ણ ન૰ વિદારવું તે. -વું સ૰ક્રિ૰ ચીરવું; કકડા કરી નાખવા (૨) મારી નાખવું [વિદારીનું કંદ
વિદારી સ્ત્રી૰ એક વેલો(૨) [સં.] એક રોગ. ૦કંદ પું૰
વિદિત વિ૰ [સં.] જાણમાં આવેલું
વિદુર પું૰ [સં.](સં.) ધૃતરાષ્ટ્ર તથા પાંડુનો નાનો ભાઈ. ૦વેડા પું૰બ૰વ૰ દીનતા દેખાડ્યા કરવી તે
વિદુષી વિ૰ સ્ત્રી૰ [સં.] પંડિતા
વિદૂર વિ૰ [સં.] ખૂબ દૂર (૨) [સં.] એ નામનો પર્વત કે શહેર જ્યાંથી પૂર્વે વૈદૂર્ય મળતો. ૦તા સ્ત્રી૰. ૦મણિ પું૰ વૈદૂર્ય; એક મણિ [મિત્ર. ૦પણું ન૰
વિદૂષક પું૰ [સં.] મસ્કરો; રંગલો (૨) નાટકમાં નાયકનો
વિદેશ પું૰ [સં.] પરદેશ. -શી વિ૰ (૨) પું૰ પરદેશી. -શીય વિ૰ પરદેશી (૨) પરદેશથી આવેલું; 'એક્ઝોટિક'
વિદેહ વિ૰[સં.] અશરીરી(૨)મૃત(૩)કૈવલ્ય પામેલું; માયાપાશથી મુક્ત થયેલું. ૦મુક્ત વિ૰ મુક્તિ પામેલું. ૦મુક્તિ સ્ત્રી૰ મરણ બાદ પ્રાપ્ત થતી મુક્તિ (જીવનમુક્તિથી ઊલટું). -હી વિ૰ જુઓ વિદેહ
વિદ્યમાન વિ૰ [સં.] હયાત (૨) હાજર
વિદ્યા સ્ત્રી૰ [સં.] જ્ઞાન (૨) તેનું શાસ્ત્ર કે કળા. ઉદા૰ 'સમાજવિદ્યા' (૩) વિજ્ઞાન; 'સાયન્સ'. ૦ગુરુ પું૰ વિદ્યા શીખવનાર ગુરુ. ૦દાન ન૰ વિદ્યાનું દાન. ૦ધર પું૰ એક દેવયોનિનો દેવ. ૦ધરી સ્ત્રી૰વિદ્યાધરવર્ગની સ્ત્રી. ૦ધિકારી પું૰ કેળવણીખાતાનો ઉપરી. ૦નંદ પું૰ જ્ઞાનપ્રાપ્તિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદ. ૦નિધિ પું૦ વિદ્યાનો ભંડાર (૨) વિદ્યાસમિતિનો પ્રમુખ. ૦પીઠ સ્ત્રી૦ વિદ્યાનું ધામ; 'યુનિવર્સિટી'. ૦ભ્યાસ પું૦ ભણતર; કેળવણી. ૦મંદિર ન૦ શાળા. ૦મૃત ન૦ વિદ્યારૂપી અમૃત. ૦ર્થિની સ્ત્રી૦, ૦ર્થી પું૦ ભણનાર; અભ્યાસી. ૦લય ન૦શાળા. ૦વંત વિ૦વિદ્વાન. ૦સમિતિ સ્ત્રી૦ વિદ્યાપીઠમાં કોઈ પણ વિદ્યાના અભ્યાસ સંબંધી વિચાર કરવા નીમેલું મંડળ. ૦વિહીન વિ૦ કેળવણી વિનાનું. ૦વ્યાસંગી વિ૦ (૨) પું૦ વિદ્યાના વ્યાસંગવાળો

વિદ્યુત સ્ત્રી૦ [સં.] વીજળી. –ત્પાત પું૦ વીજળી પડવી તે. –દણુ પું૦ 'ઇલેક્ટ્રોન'. –દ્યંત્ર ન૦ વીજળીને બળે ચાલતું યંત્ર. –દ્વેગી વિ૦ વીજળીના વેગવાળું; અતિ ત્વરિત. –ન્મય વિ૦ વિદ્યુતથી પરિપૂર્ણ (૨) [લા.] ઉત્તેજિત; તેજ થયેલું. –ન્માલા(–ળા) પું૦ એક છંદ. –લ્લતા,–લ્લેખા સ્ત્રી૦ વીજળીની વાંકીચૂંકી રેખા

વિદ્યોત્તેજક વિ૦ [સં.] વિદ્યાને ઉત્તેજન આપનારું

વિદ્રાવણ ન૦ [સં.] ઓગાળવું–પ્રવાહી કરવું તે

વિદ્રુમ ન૦ [સં.] પરવાળું (૨) કૂંપળ

વિદ્વજ્જન પું૦ [સં.] વિદ્વાન માણસ

વિદ્વત્તા સ્ત્રી૦ [સં.] પંડિતાઈ; જ્ઞાન

વિદ્વત્સંન્યાસ સ્ત્રી૦ [સં.] પૂર્ણજ્ઞાનીનો સંન્યાસ

વિદ્વદ્‌ભોગ્ય વિ૦ વિદ્વાનોને જ રસ પડે એવું

વિદ્વાન વિ૦ (૨) પું૦ [સં.] જ્ઞાનવાન; પંડિત; જ્ઞાની

વિદ્વેષ પું૦ [સં.] દ્વેષ; શત્રુતા. ૦ણ ન૦ શત્રુતા કરાવવી તે; એક અભિચાર. –ષિતા સ્ત્રી૦. –ષી વિ૦ વિદ્વેષવાળું

વિધર્મ(–ર્મી) વિ૦ [સં.] વિરોધી કે ભિન્ન ધર્મવાળું

વિધ વિ૦[સં.] (સમાસને અંતે) રીતનું. ઉદા૦ બહુવિધ (૨) અ૦ + પ્રમાણે; રીતે [૦વિવાહ પું૦ તેનું પુનર્લગ્ન

વિધવા સ્ત્રી૦ [સં.] જેનો પતિ મરી ગયો હોય તેવી સ્ત્રી.

વિધવિધ વિ૦ બહુ પ્રકારનું; વિવિધ

વિધા સ્ત્રી૦ [સં.] પ્રકાર [પ્રારબ્ધની અધિષ્ઠાત્રી દેવી

વિધાતા પું૦[સં.]બ્રહ્મા (૨) સ્ત્રી૦ વિધાત્રી. –ત્રી સ્ત્રી૦

વિધાન ન૦ [સં.] વિધિ; રીત (૨) શાસ્ત્રાજ્ઞા (૩) ક્રિયા (૪) સેવા (૫) ઉપાય (૬) હાથીને માટે કરેલો લાડુ

વિધાયક વિ૦ [સં.] રચનાત્મક (૨) પું૦ વ્યવસ્થા કરનાર (૩) રચનાર (૪) આજ્ઞા કરનાર (૫) [પ્રાણવિનિમયનો] પ્રયોગ કરનાર

વિધિ પું૦ [સં.] (સં.) બ્રહ્મા (૨) ભાગ્યદેવતા (૩) આજ્ઞા; શાસ્ત્રાજ્ઞા (૪) સંસ્કાર (૫) પું૦;સ્ત્રી૦ ક્રિયા (૬) ક્રિયાનો ક્રમ કે પદ્ધતિ. ૦નિષેધ પું૦ અમુક કરવા ન કરવા માટેની શાસ્ત્રાજ્ઞા. ૦પદ ન૦ વિધેય; 'પ્રેડિકેટ' (વ્યા.). ૦પૂરક વિ૦ ક્રિયાપૂરક (વ્યા.). ૦રૂપ વિ૦ અમુક કરવાની આજ્ઞાવાળું; આજ્ઞા તરીકે હોનારું

વિધુ પું૦ [સં.] ચંદ્રમા. ૦વાર પું૦ સોમવાર

૬૭

વિધુર પું૦ [સં.] જેની પત્ની મરી ગઈ હોય એવો પુરુષ (૨) વિ૦ વ્યાકુળ (૩) વિયોગી. –રા વિ૦સ્ત્રી૦ પ્રિયના વિયોગથી પીડિત. –રું વિ૦ વિધુર

વિધેય વિ૦ [સં.] કરવા યોગ્ય (૨) અધીન; આજ્ઞાધારક (૩) ન૦ વાક્યમાં ઉદ્દેશ્યને વિષે જે કંઈ કહ્યું હોય તે (વ્યા.) (૪) પું૦ (પ્રાણવિનિમયનો) જેના પર પ્રયોગ કરાય છે તે. ૦પૂરણ ન૦ જુઓ વિધેયવર્ધક. ૦વર્ધક વિ૦ વિધેયના અર્થમાં વધારો કરનાર (૨)ન૦ તેવું પદ(વ્યા.)

વિદ્ધ વિ૦ [સં.] વીંધાયેલું

વિધ્યર્થ પું૦[સં.] શાસ્ત્રાજ્ઞા, પ્રેરણા, ઉપદેશ, ફરજનો અર્થ બતાવતું ક્રિયાપદનું રૂપ (વ્યા.). ૦ક વિ૦ વિધ્યર્થનું,–વાળું

વિધ્વસ્ત વિ૦[સં.] નાશ પામેલું. **વિધ્વંસ** પું૦[સં.]નાશ

વિન અ૦ + વિણ; વિના (પ.)

વિનત વિ૦ [સં.] નમ્ર (૨) નમી ગયેલું

વિનતા સ્ત્રી૦ + વનિતા (૨) [સં.] (સં.) ગરુડની માતા

વિનતિ સ્ત્રી૦ [સં.] વિનંતી (૨) નમ્રતા

વિનમ્ર વિ૦ [સં.] વિશેષ નમ્ર

વિનય પું૦ [સં.] નમ્રતા (૨) સભ્યતા. ૦મંદિર ન૦ માધ્યમિક કેળવણી આપનારી શાળા [પ્રેરક

વિનવણી સ્ત્રી૦ વીનવવું તે. **વિનવાવવું** સ૦ક્રિ૦'વીનવવું'નું

વિનશન ન૦[સં.] નાશ. –વું અ૦ક્રિ૦ (પ.) નાશ પામવું

વિનશ્વર વિ૦ [સં.] નશ્વર; ક્ષણભંગુર

વિનષ્ટ સ્ત્રી૦[સં.] નાશ પામેલું. –ષ્ટિ સ્ત્રી૦ વિનાશ;પાયમાલી

વિનંતિ(–તી) સ્ત્રી૦ અરજી; આજીજી. ૦પત્ર ન૦ વિનંતી કરતો પત્ર કે લખાણ

વિના અ૦ [સં.] સિવાય; વગર

વિનાણ ન૦ + વિજ્ઞાન (૨) જાદુ

વિનાયક પું૦ [સં.] (સં.) ગણપતિ

વિનાશ પું૦ [સં.] નાશ. ૦ક વિ૦ નાશ કરનાર. ૦ન ન૦ નાશ કરવો તે. –શિની વિ૦સ્ત્રી૦, –શી વિ૦ નાશ કરનારું (૨) નાશ પામે તેવું

વિનિપાત પું૦ [સં.] અવનતિ; પડતી; વિનાશ

વિનિમય પું૦ [સં.] અદલોબદલો; આપલે

વિનિયોગ પું૦ [સં.] ઉપયોગ; પ્રયોગ (૨) નિમણૂક (૩) વિઘ્ન

વિનિર્મિત વિ૦ [સં.] નિર્માણ થયેલું

વિનિંદક વિ૦[સં.]નિંદા કરનારું (૨) અવગણતું; તુચ્છકારતું

વિનીત વિ૦ [સં.] સૌમ્ય; વિવેકી (૨) સુશિક્ષિત (૩) નરમપક્ષનું (૪) વિનયમંદિરનો અભ્યાસક્રમ પાર કરી ગયેલું. ૦તા સ્ત્રી૦ સૌમ્યતા; નમ્રતા (૨) સુશિક્ષિતતા

વિને પું૦ + વિનય

વિનોક્તિ સ્ત્રી૦ [સં.] 'વિના'નો જેમાં રસિક પ્રયોગ કરાય છે એવો એક અલંકાર (કા.શા.)

વિનોદ પું૦ [સં.] મોજ; આનંદ (૨) મશ્કરી; મજાક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

-દિની વિ૦સ્ત્રી૦,-દી વિ૦વિનોદ કરનારું કે કરી શકે એવું
વિન્યસ્ત વિ૦ [સં.] ગોઠવાયેલું (૨) મુકાયેલું
વિન્યાસ પું૦ [સં.] ગોઠવણ (૨) મૂકવું તે [દુશ્મન
વિપક્ષ વિ૦[સં.]સામા પક્ષનું; વિરોધી(૨)પું૦સામાવાળિયો;
વિપત(ત્તિ,-દ-દા) સ્ત્રી૦ [સં.] દુઃખ; આફત (૨) મુશ્કેલી
વિપથ પું૦[સં.]કુમાર્ગ. ૦ગામી વિ૦(૨)પું૦કુમાર્ગે જનાર
વિપદ(-દા) સ્ત્રી૦ [સં.] વિપત્તિ
વિપરિણામ પું૦; ન૦ [સં.] ફેરફાર; પલટો
વિપરીત વિ૦ [સં.] ઊલટું; વિરોધી; અવળું. ૦કરણ ન૦ ઊલટું કરવું તે. ૦કોણ પું૦ 'રિફ્લેક્સ ઍન્ગલ' (ગ.). ૦તા સ્ત્રી૦. ૦લક્ષણા સ્ત્રી૦ જહલ્લક્ષણાનો એક પ્રકાર; આમાં વાચ્યાર્થને છોડી તેની સાથે સંબંધ રાખતો તેનાથી બિલકુલ વિપરીત અર્થ સમજવાનો હોય છે (કા.શા.)
વિપર્યય,વિપર્યાસ પું૦ [સં.] ઊલટપૂલટ થઈ જવું તે(૨) મિથ્યાજ્ઞાન; હોય તેનાથી ઊલટું જ સમજવું તે (૩) ગરબડ; અવ્યવસ્થા (૪) નાશ
વિપલ(-ળ) સ્ત્રી૦ [સં.] પળનો ૬૦ મો ભાગ
વિપાક પું૦ [સં.] પરિપક્વતા (૨) પરિણામ; ફળ [નામ
વિપાશા સ્ત્રી૦ [સં.] (સં.) પંજાબની બિયાસ નદીનું પ્રાચીન
વિપિન ન૦ [સં.] જંગલ [૦લું અ૦ક્રિ૦ વિપુલ થવું
વિપુલ વિ૦ [સં.] વિશાળ (૨) પુષ્કળ (૩) ગાઢ. ૦તા સ્ત્રી૦.
વિપ્ર પું૦ [સં.] બ્રાહ્મણ. ૦કર્મ ન૦ બ્રાહ્મણનું નિત્યકર્મ
વિપ્રતિપત્તિ સ્ત્રી૦ [સં.] ઝઘડો; મતભેદ
વિપ્રયોગ પું૦ [સં] વિયોગ.
વિપ્રલબ્ધ વિ૦ [સં.] છેતરાયેલું (૨) નાસીપાસ થયેલું. -બ્ધા સ્ત્રી૦ નાયકે સંકેત ન સાચવ્યાથી નાસીપાસ થયેલી નાયિકા [વિ૦ ધૂર્ત; કપટી; ઠગારું
વિપ્રલંભ પું૦ [સં.] વિરહ; વિયોગ (૨) છળ; ઠગાઈ. -ભી
વિપ્રિય વિ૦ (૨) ન૦ [સં.] જુઓ અપ્રિય
વિપ્લવ પું૦ [સં.] બળવો; અંધાધૂંધી (૨) વિપત્તિ (૩) વિનાશ (૪) ડૂબી જઈ નાશ પામવું તે. ૦કારી વિ૦વિપ્લવ કરનારું. ૦વાદી વિ૦ બળવો જરૂરી છે એમ માનનારું; 'રૅવોલ્યુશનિસ્ટ'. વિપ્લાવક વિ૦ [સં.] વિપ્લવકારી
વિફરાવવું સ૦ક્રિ૦ 'વીફરવું'નું પ્રેરક
વિફલ(-ળ) વિ૦ [સં.] નિષ્ફળ. ૦તા સ્ત્રી૦ નિષ્ફળતા
વિબુધ પું૦ [સં.] જ્ઞાની; પંડિત (૨) દેવ. -દ્ધ વિ૦ જાગેલું; જગાડેલું (૨) પ્રવીણ; ચતુર (૩) ભાનમાં આવેલું
વિબોધ પું૦ [સં.] જાગવું તે (૨) ભાનમાં આવવું તે (૩) જ્ઞાન. ૦ન ન૦ જગાડવું તે (૨) જ્ઞાન આપવું તે
વિભક્ત વિ૦ [સં.] વિભાગ કરેલું (૨) જુદું પડેલું કે પાડેલું. ૦તા સ્ત્રી૦ જુદાપણું. -ક્તિ સ્ત્રી૦ નામનો ક્રિયા સાથે સંબંધ દેખાડનાર પ્રત્યય (વ્યા.)
વિભવ પું૦ [સં.] વૈભવ (૨) નિર્વાણ; વિનાશ. ૦તૃષ્ણા સ્ત્રી૦ ત્રણ તૃષ્ણાઓમાંની એક; વિનાશની તૃષ્ણા (બૌદ્ધ)
વિભળ વિ૦ + વિહ્વળ; વ્યાકુળ [સૂર્ય
વિભા સ્ત્રી૦ [સં.] પ્રકાશ (૨) શોભા (૩) કિરણ. ૦કર પું૦
વિભાગ પું૦ [સં.] ભાગ (૨) હિસ્સો. ૦ણી સ્ત્રી૦ વિભાગ કરવા તે. ૦વું સ૦ક્રિ૦ ભાગવું; ભાગ કરવા. -ગી(૦ય) વિ૦ વિભાગનું,-ને લગતું. -જકધર્મ પું૦ જુદો પાડનાર ધર્મ. -જન ન૦ ભાગ પાડવા તે; હિસ્સા પાડવા તે. -જ્ય વિ૦ ભાગી શકાય કે ભાગવા જેવું
વિભાવ પું૦ [સં.] સ્થાયી ભાવોને ઉત્પન્ન કરનાર કે ઉદ્દીપ્ત કરનાર વસ્તુ (કા.શા.) (૨) બાહ્ય ઉપાધિથી નીપજતો વિપરીત ભાવ (જૈન). ૦ન ન૦ અવધારણ (૨) ચિંતન (૩) કલ્પના. ૦ના સ્ત્રી૦ [સં.] જુઓ વિભાવન (૨) એક અર્થાલંકાર,જેમાં કારણ વિના કાર્યની ઉત્પત્તિ વર્ણવવામાં આવી હોય છે. (કા. શા.)
વિભાવરી સ્ત્રી૦ [સં.] રાત્રી
વિભાસવું અ૦ક્રિ૦ પ્રકાશવું; શોભવું. -સાવવું સ૦ક્રિ૦ (પ્રેરક)
વિભાષા સ્ત્રી૦ [સં.] આ કે તે; વિકલ્પ
વિભિન્ન વિ૦ [સં.] ભિન્ન; પૃથક; જુદું. ૦તા સ્ત્રી૦. ૦જાતિ વિ૦ જુદી જુદી જાતનું
વિભીષિકા સ્ત્રી૦ [સં.] ભય; ડર
વિભુ વિ૦ [સં.] સર્વવ્યાપી; નિત્ય; અચલ (૨) શક્તિમાન; સમર્થ (૩) મહાન; શ્રેષ્ઠ. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦
વિભૂતિ સ્ત્રી૦ [સં.] સંપત્તિ; ઐશ્વર્ય (૨) દિવ્ય કે અલૌકિક શક્તિ (૩) ભસ્મ (૪) મહત્તા (૫) સામર્થ્ય. ૦પૂજા સ્ત્રી૦ વિભૂતિમાનની પૂજા. ૦માન વિ૦ વિભૂતિવાળું
વિભૂષણ ન૦[સં.]આભૂષણ. **વિભૂષિત** વિ૦[સં.]શણગારેલું
વિભેદ પું૦[સં.]જુદું પાડવું તે (૨) ભેદ; ફરક (૩) શત્રુવટ(૪) જુદા જુદા અનેક ભેદમાંનો દરેક. ૦ક વિ૦ વિભેદ કરનારું
વિભ્રમ પું૦ [સં.] વિલાસયુક્ત હાવભાવ (૨) સંશય (૩) ભ્રાંતિ (૪) ભમવું-ઘૂમવું તે (૫) ગભરાટ (ઉતાવળનો)
વિભ્રાંત વિ૦ [સં.] ભ્રમિત થયેલું (૨) ભમતું-ઘૂમતું (૩) ગભરાયેલું. -તિ સ્ત્રી૦ ભ્રાંતિ; ગભરાટ; ગૂંચવણ
વિમત્સર વિ૦ [સં.] મત્સર-ઈર્ષા વગરનું; અદેખું નહિ એવું
વિમનસ(-સ્ક) વિ૦[સં.] ઉદાસ; ખિન્ન (૨) વ્યગ્ર; અસ્થિર
વિમર્દવું સ૦ક્રિ૦ દબાવવું; પીલવું; દળવું (૨) મર્દન કરવું; ઘસવું (૩) નાશ કરવો (૪) મારી નાખવું
વિમર્શ(-ર્ષ) [સં.] પું૦ વિચાર; આલોચન; સમીક્ષા (૨) અસંતોષ; અધીરતા (૩) સંશય (૪) આણધાર્યા બનાવ કે આપત્તિથી નાટકના વસ્તુના ફલિત થતા જતા વિકાસમાં થતો ફેરફાર; નાટકના પાંચ સંધિઓમાંનો એક
વિમર્શન ન૦ [સં.] જુઓ વિમર્શ અર્થ ૧ થી ૩
વિમલ(-ળ) વિ૦ [સં.] નિર્મળ. ૦તા સ્ત્રી૦
વિમાન ન૦ [સં.] આકાશમાં ફરી શકે તેવું વાહન. -ની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિ૦ વિમાનવાળું કે તે સંબંધી (૨) પું૦ વિમાનમાં ફરનાર (૩) વિમાન ચલાવવામાં કુશળ માણસ

વિમાસણ સ્ત્રી૦ વિમાસવું તે; પસ્તાવો (૨) ઊંડો વિચાર; ચિંતન. **–વું** અ૦ક્રિ૦ પસ્તાવું; પાછળથી ચિંતા કરવી (૨) વિચારવું; વિચારમાં પડવું [સ્ત્રી૦છુટકારો; મુક્તિ

વિમુક્ત વિ૦ [સં.] સ્વતંત્ર; મુક્ત (૨) તજેલું; છોડેલું. **–ક્તિ**

વિમુખ વિ૦ [સં.] મોં ફેરવી લીધું હોય તેવું; પરાઙ્મુખ; નિવૃત્ત (૨) પ્રતિકૂળ; વિરુદ્ધ. **૦તા** સ્ત્રી૦

વિમુગ્ધ વિ૦[સં.] મોહિત; આસક્ત (૨) ભ્રાંત (૩) ગભરાયેલું

વિમૂઢ વિ૦ [સં.] મૂઢ બની ગયેલું [મુક્તિ; છૂટકો

વિમોક્ષ પું૦ [સં.] મોક્ષ; મુક્તિ. **વિમોચન** ન૦ [સં.]

વિમોહા વિ૦સ્ત્રી૦ [સં.] મોહ પામેલી (૨) પું૦ એક છંદ

વિયત ન૦ [સં.] આકાશ. **–તિ** ન૦ પક્ષી

વિયાજણ ન૦ (કા.) વિયાવું તે; પ્રસૂતિ. **વિયાવું** અ૦ક્રિ૦ પ્રસવ થવો (પશુને) **વિયાણ** ન૦ (સમાસને છેડે) વિયાવું તે

વિયુક્ત વિ૦ [સં.] જુદું પડેલું

વિયોગ પું૦ [સં.] જુદા પડવું તે (૨) વિરહ. **૦ચિહ્ન** ન૦ બાદબાકીનું (–) આવું ચિહ્ન (ગ.). **૦પ્રમાણ** ન૦ 'ડિવિડેન્ડો' (ગ.). **–ગિની** વિ૦સ્ત્રી૦ વિરહિણી (૨) સ્ત્રી૦ એક છંદ; વૈતાલીય. **–ગી** વિ૦ વિરહી. **–જક** વિ૦ છૂટું પાડનાર (૨) બાદ કરવાની રકમ (ગ.). **–જન** ન૦ છૂટું પાડવું તે (૨) બાદબાકી (ગ.). **–જ્ય** વિ૦ છૂટું પાડવા યોગ્ય (૨) જેમાંથી બાદ કરવાનું હોય તે (ગ.)

વિરક્ત વિ૦ [સં.] અનુરાગ કે સ્પૃહા વિનાનું. **–ક્તિ** સ્ત્રી૦

વિરચન ન૦ [સં.] રચના. **–વું** સ૦ક્રિ૦ રચવું

વિરચિત વિ૦ [સં.] રચેલું

વિરજ વિ૦ [સં.] રજ વિનાનું; સ્વચ્છ

વિરણ(૦વાળો) પું૦ [સં.] એક સુગંધીદાર મૂળ; વીરણ

વિરતિ સ્ત્રી૦ [સં.] વૈરાગ્ય; વિરક્તિ (૨) વિરામ; નિવૃત્તિ

વિરથ વિ૦ [સં.] રથ વિનાનું

વિરમવું અ૦ક્રિ૦ અટકવું; થોભવું [નિર્જન. **૦તા** સ્ત્રી૦

વિરલ [સં.], **–લું** વિ૦ દુર્લભ (૨) આછુંઆછું (૩) અલ્પ (૪)

વિરવણ ન૦ જુઓ વિરણ

વિરસ વિ૦ [સં.] સ્વાદ વિનાનું (૨) રસ વિનાનું (૩) વિષણ્ણ (૪) પું૦ રસભંગ. **૦તા** સ્ત્રી૦

વિરહ પું૦ [સં.] પ્રિયજનનો વિયોગ. **૦કાવ્ય** ન૦ વિરહ ઉપર લખેલું કાવ્ય. **૦જ્વર** પું૦ વિરહથી થયેલો જ્વર કે દુઃખ. **–હાગ્નિ** પું૦ વિરહરૂપી અગ્નિ. **–હાતુર** વિ૦ વિરહથી વ્યાકુળ બનેલું. **–હાનલ(–ળ)** પું૦ જુઓ વિરહાગ્નિ. **–હિણી** વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ પ્રિયના વિરહવાળી. **–હિત** વિ૦ વિનાનું. **–હી** વિ૦ (૨) પું૦ વિરહવાળો

વિરંચિ પું૦ [સં.] બ્રહ્મા [પું૦ સાધુ; સંન્યાસી

વિરાગ પું૦ [સં.] વૈરાગ્ય. **–ગી** વિ૦ વૈરાગ્યયુક્ત (૨)

વિરાજમાન વિ૦ [સં.] પ્રકાશમાન (બેઠેલું કે હાજર એ અર્થમાં માન બતાવવા વપરાય છે)

વિરાજવું અ૦ક્રિ૦ પ્રકાશવું; શોભવું (જુઓ વિરાજમાન)

વિરાજિત વિ૦[સં.] સુશોભિત; પ્રકાશિત (જુઓ વિરાજમાન)

વિરાટ વિ૦ [સં.] મોટું; ભવ્ય; અતિ વિશાળ (૨) પું૦ (સં.) જેને ત્યાં પાંડવો અજ્ઞાતવાસ રહ્યા હતા તે મત્સ્યદેશનો રાજા (૩) ન૦ બ્રહ્માંડ

વિરામ પું૦ [સં.] વિરામવું તે (૨) આરામ; વિસામો (૩) અંત; અવસાન. **૦ચિહ્ન** ન૦ થોભવાની નિશાની (વાંચતાં). **૦વું** અ૦ક્રિ૦ અટકવું; થોભવું; બંધ પડવું; અંત આવવો

વિરાવ પું૦ [સં.] ધ્વનિ

વિરુદ્ધ વિ૦ [સં.] ઊલટું; પ્રતિકૂલ. **૦તા** સ્ત્રી૦

વિરૂપ વિ૦ [સં.] કદરૂપું. **૦તા** સ્ત્રી૦. **–પાક્ષ** પું૦ (સં.) શિવ

વિરેચન ન૦ [સં.] જુલાબ; દસ્ત; દવાથી પેટ સાફ કરવું તે

વિરોચન પું૦ [સં.] (સં.) પ્રહ્‍લાદનો પુત્ર ને બલિનો બાપ

વિરોધ પું૦ [સં.] વિરુદ્ધતા (૨) દ્વેષ; શત્રુવટ (૩) કજિયો; તકરાર. **૦ભક્તિ** સ્ત્રી૦ વિરોધભાવથી થતી ભક્તિ. (દા.ત. રાવણની રામ માટે). **૦વું** સ૦ક્રિ૦ વિરોધ કરવો; સામા થવું; ઘેરી લેવું. **–ધાભાસ** પું૦ માત્ર દેખીતો વિરોધ (૨) તેવા વર્ણનવાળો એક અર્થાલંકાર (કા.શા.). **–ધાભાસી** વિ૦ વિરોધાભાસવાળું. **–ધિની** વિ૦ સ્ત્રી૦, **–ધી** વિ૦ વિરોધ કરનારું; વેરી; શત્રુ (૨) વિરુદ્ધ; ઊલટું (૩) પું૦ દુશ્મન; સામાવાળિયો

વિરોપણ ન૦ [સં.] રોપવું તે (૨) લાવીને મૂકવું–ગોઠવવું તે

વિલક્ષણ વિ૦ [સં.] વિચિત્ર; અદ્‍ભુત; અસાધારણ. **૦તા** સ્ત્રી૦

વિલપન ન૦ [સં.] વિલાપ. **–વું** અ૦ક્રિ૦ વિલાપ કરવો

વિલય પું૦; **૦ન** ન૦ [સં.] ઓગળી જવું તે (૨) લય; નાશ

વિલસવું અ૦ક્રિ૦ ઝળકવું (૨) ક્રીડા કરવી; આનંદ કરવો (૩) સ૦ક્રિ૦ માણવું [ચેષ્ટા; નખરું

વિલસિત વિ૦ [સં.] ઝળકતું; ચમકતું (૨) ન૦ વિલાસ;

વિલંબ પું૦ [સં.] ઢીલ; વાર. **૦ત્રિતાલ** પું૦ એક તાલ (સંગીત.). **૦દ્રુતલય** સ્ત્રી૦ સંગીતમાં લયનો એક પ્રકાર. **૦ન** ન૦ લટકવું તે (૨) ઢીલ; વાર. **૦મધ્યલય** સ્ત્રી૦ સંગીતમાં લયનો એક પ્રકાર. **૦લય** સ્ત્રી૦ સંગીતમાં લયનો એક પ્રકાર. **–બિત** વિ૦ લટકતું (૨) વિલંબ થયો હોય એવું (૩) ધીમું. **–બી** વિ૦ લટકતું (૨) ધીમું

વિલાગવું સ૦ક્રિ૦ + વળગવું [કરવો તે

વિલાપ પું૦ [સં.] રોવું તે; રુદન; આક્રંદ. **૦ન** ન૦ વિલાપ

વિલાયત સ્ત્રી૦; ન૦ [અ.] વતન (૨) તુર્કોનો અસલ દેશ (૩) ગોરા લોકોનો દેશ (૪) ઇંગ્લંડ. **–તી** વિ૦ વિલાયતનું કે ત્યાં બનેલું

વિલાવું અ૦ક્રિ૦ કરમાવું (૨) પીગળવું (૩) વિલય થવો; નાશ પામવું. **–વવું** સ૦ક્રિ૦ (પ્રેરક)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિલાસ પું૰ [સં.] ખેલ; ક્રીડા (૨) ચેનબાજી; મોજ (૩) શૃંગારચેષ્ટા; મોહક હાવભાવ (૪) શૃંગારક્રીડા. **૰વતી** વિ૰સ્ત્રી૰ વિલાસવાળી. **૰વું** અ૰ક્રિ૰ વિલાસ કરવો (૨) ચળકવું. **-સિકા** સ્ત્રી૰ એક પ્રકારનો એકઅંકી નાટક. **-સિની** સ્ત્રી૰ વિલાસવતી સ્ત્રી (૨) વેશ્યા. **-સી** વિ૰ (૨) પું૰ કામાસક્ત; વિષયી (૩) ચેનબાજી ઉડાવનાર

વિલીન વિ૰ [સં.] લીન થઈ ગયેલું (૨) લય પામેલું (૩) ઓગળી ગયેલું

વિલુપ્ત વિ૰ [સં.] લુપ્ત થઈ ગયેલું (૨) ઝૂંટવી લીધેલું

વિલુબ્ધ વિ૰ [સં.] લોભાયેલું (૨) આસક્ત [પદાર્થ

વિલેપ પું૰, **૰ન** ન૰ [સં.] લેપ કરવો તે (૨) લેપ કરવાનો

વિલોકણી સ્ત્રી૰+જોવાની ઢબ (૨) તપાસણી

વિલોકન ન૰ [સં.] જોવું તે (૨) નજર. **-વું** સ૰ક્રિ૰ જોવું (૨) તપાસવું [જુઓ વિલોકવું

વિલોચન ન૰ [સં.] આંખ (૨) જોવું તે. **-વું** સ૰ક્રિ૰

વિલોપન ન૰ [સં.] લોપાવું-ભૂંસાવું તે

વિલોમ વિ૰ [સં.] વિપરીત; ઊલટું. **૰ક્રિયા** સ્ત્રી૰ 'મેથડ ઑફ ઇન્વર્ઝન' (ગ.). **૰જ(-જાત)** વિ૰ ઉચ્ચ જાતિની સ્ત્રીને ઊતરતી જાતિના પુરુષથી ઉત્પન્ન થયેલું

વિલોલ વિ૰ [સં.] ચંચળ (૨) સુંદર. **૰તા** સ્ત્રી૰ [દેવું

વિલોવું અ૰ક્રિ૰ આઉને સંકોચી દૂધ ખેંચી લેવું-ઉડાડી

વિવક્ષા સ્ત્રી૰ [સં.] કહેવાની ઇચ્છા (૨) તાત્પર્ય; ઇરાદો. **-ક્ષિત** વિ૰ કહેવા ધારેલું [ઇલાજ; માર્ગ

વિવર ન૰ [સં.] દર; છિદ્ર (૨) ગુફા (૩) પું૰ [સુ.] ઉપાય;

વિવરણ ન૰ [સં.] સ્પષ્ટીકરણ; વિવેચન

વિવર્જિત વિ૰ [સં.] ત્યજાયેલું; વરજાયેલું [જાતિનું

વિવર્ણ વિ૰ [સં.] ફીકું; રંગ વિનાનું (૨) કદરૂપું (૩) નીચ

વિવર્ત પું૰ [સં.] રૂપાંતર (૨) ભ્રમ; મિથ્યાભાસ (૩) ચક્રાકાર ફરવું તે. **૰ન** ન૰ પરિવર્તન (૨) પરિભ્રમણ (૩) ચક્રાકાર ફરવું તે. **૰વાદ** પું૰ જગત એ બ્રહ્મનું પરિણામ નથી, પરંતુ મિથ્યાભાસ છે એવો વેદાંતનો સિદ્ધાંત. **૰વું** અ૰ક્રિ૰ ગોળ ફરવું. **-ર્તિત** વિ૰ વિવર્તન પામેલું (૨) મચકોડાઈ ગયેલું

વિવર્ધમાન વિ૰ [સં.] વધતું જતું; વર્ધમાન

વિવર્ધિત વિ૰ [સં.] વધેલું; વિસ્તાર પામેલું

વિવશ વિ૰ [સં.] પરાધીન (૨) વ્યાકુળ. **૰તા** સ્ત્રી૰

વિવસ્વાન પું૰ [સં.] સૂર્ય

વિવાડો પું૰ (કા.) લગનસરા [કે રાચતું; વેવાતું

વિવાતું વિ૰ વિવાહવાળું; વિવાહની ધામધૂમમાં મચેલું

વિવાદ પું૰ [સં.] ચર્ચા (૨) ઝઘડો (૩) મતભેદ (૪) અદાલતમાં ચાલતો ઝઘડો કે દાવો. **-દિત** વિ૰ વિવાદયુક્ત; ચર્ચાસ્પદ; તકરારી. **-દી** વિ૰ (૨) પું૰ વિવાદ, ઝઘડો કે દાવો કરનાર (૩) વિ૰ વાદીસંવાદી સાથે નહિ ભળતો (સ્વર)

વિવાર પું૰ [સં.] અક્ષરોના ઉચ્ચારણમાં ગળાનું પહોળું થવું તે; વર્ણનો એક બાહ્ય પ્રયત્ન (વ્યા.)

વિવાસન ન૰ [સં.] દેશનિકાલ કરવું તે; દેશવટો

વિવાહ પું૰ [સં.] વેવિશાળ (૨) લગ્ન. **૰પત્રી** સ્ત્રી૰ કંકોત્રી. **૰વાજન** ન૰ વિવાહ કે તેવો ધામધૂમવાળો અવસર. **-હિત** વિ૰, **-હિતા** વિ૰સ્ત્રી૰ પરણેલું

વિવિક્ત વિ૰ [સં.] અલગ; જુદું (૨) એકાંત (૩) નિર્મલ

વિવિદિષા સ્ત્રી૰ [સં.] જાણવાની ઇચ્છા; જિજ્ઞાસા. **૰સંન્યાસ** પું૰ જિજ્ઞાસુએ જ્ઞાનપ્રાપ્તિ માટે લીધેલો સંન્યાસ

વિવિધ વિ૰ [સં.] અનેક પ્રકારનું. **૰તા** સ્ત્રી૰ વિવિધ હોવાપણું (૨) વૈચિત્ર્ય. **૰રંગી** વિ૰ વિવિધ રંગવાળું

વિવૃત વિ૰ [સં.] ઉઘાડું; ખુલ્લું (૨) વિસ્તૃત (૩) આભ્યંતર પ્રયત્નના ચાર પ્રકારમાંનો એક (વ્યા.) (સ્પૃષ્ટ, ઈષત્સ્પૃષ્ટ, સંવૃત ને વિવૃત)

વિવેક પું૰ [સં.] જુઓ વિવેકબુદ્ધિ (૨) સભ્યતા (૩) કરકસર. **૰ખ્યાતિ** સ્ત્રી૰ જુઓ પ્રસંખ્યાન. **૰બુદ્ધિ** સ્ત્રી૰ સારાસાર છૂટા પાડવાની બુદ્ધિ. **-કી** વિ૰ વિવેકવાળું; સમજુ; સભ્ય (૨) વિચારવાન; જ્ઞાની

વિવેચક વિ૰ (૨) પું૰ [સં.] વિવેચન કરનાર. **૰ત્વ** ન૰. **-ન** ન૰ સ્પષ્ટીકરણ (૨) ટીકા; ગુણદોષ જુદા પાડી બતાવવા તે. **-નકાર** પું૰ વિવેચક. **-નશાસ્ત્ર** ન૰ ગુણદોષની ચર્ચાનું શાસ્ત્ર. **-ના** સ્ત્રી૰ વિવેચન. **-વું** સ૰ક્રિ૰ વિવેચન-સમાલોચના કરવી

વિવેચિત વિ૰ [સં.] વિવેચન કરાયેલું [૰તા સ્ત્રી૰

વિશદ વિ૰ [સં.] નિર્મળ (૨) સ્પષ્ટ; સરળ (૩) શ્વેત.

વિશમવું સ૰ક્રિ૰ શમવું; વિરામવું; લય પામવું

વિશલ્ય વિ૰ [સં.] શલ્યરહિત; સાજું. **૰કરણી** સ્ત્રી૰ મૃતસંજીવની જેવી એક ઔષધિ

વિશાખા સ્ત્રી૰ [સં.] નાની ડાળી (૨) ન૰ સોળમું નક્ષત્ર

વિશારણ ન૰ [સં.] મારી નાખવું-વિશીર્ણ કરવું તે

વિશારદ વિ૰ [સં.] નિપુણ; ચતુર (૨) પંડિત; વિદ્વાન. **૰તા** સ્ત્રી૰

વિશાલ,-ળ,-ળું વિ૰ [સં.] મોટું વિસ્તીર્ણ. **૰(-ળ)તા** સ્ત્રી૰. **-લા** સ્ત્રી૰ ગાંધારગ્રામની એક મૂર્ચ્છના

વિશાંપતિ પું૰ [સં.] રાજા

વિશિખ વિ૰ [સં.] શિખા-ચોટલી વિનાનું (૨) ન૰ બાણ

વિશિષ્ટ વિ૰ [સં.] વિશેષતાવાળું; અસાધારણ; વિલક્ષણ. **૰તા** સ્ત્રી૰. **-ષ્ટાદ્વૈત** ન૰ રામાનુજે પ્રવર્તાવેલો વેદાન્તનો સિદ્ધાંત

વિશીર્ણ વિ૰ [સં.] ભાંગીતૂટી ગયેલું; જીર્ણ

વિશુદ્ધ વિ૰ [સં.] પવિત્ર (૨) નિર્મળ. **૰તા** સ્ત્રી૰. **૰મૂલ્ય** ન૰ 'ઍબ્સોલ્યૂટ વૅલ્યુ' (ગ.). **-દ્ધિ** સ્ત્રી૰ વિશુદ્ધતા

વિશૃંખલ(-ળ) વિ૰ [સં.] બંધન વિનાનું; સ્વચ્છંદી

વિશે(-ષે) અ૰ સંબંધી

વિશેક વિ૰+જુઓ વિશેષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ વિ૦ [સં.] વધારે (૨) ખાસ; અસાધારણ (૩) પું૦ તફાવત (૪) અસાધારણ ધર્મ (૫) સંગીતમાં એક અલંકાર. **૦ક** વિ૦ વિશેષતા કરતું (૨) પું૦ એક છંદ. **૦ણ** ન૦ નામનો ગુણ કે સંખ્યા બતાવનાર શબ્દ (વ્યા.). **૦ણવાક્ય** ન૦ વિશેષણરૂપ ગૌણ વાક્ય. **૦ણવિભક્તિ** સ્ત્રી૦ છઠ્ઠી વિભક્તિ. **૦ણસમાસ** પું૦ કર્મધારય સમાસનો એક પ્રકાર. ઉદા૦ 'સ્નાતાનુલિપ્ત'. **૦તઃ** અ૦ મુખ્યત્વે કરીને; ખાસ કરીને. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦ વધારેપણું (૨) તફાવત (૩) ઉત્કૃષ્ટતા; અસાધારણતા. **૦નામ** ન૦ (વ્યા.) વસ્તુ, માણસ આદિનું ખાસ નામ તે. **-ષોક્તિ** સ્ત્રી૦ એક અલંકાર જેમાં સામાન્ય આવશ્યક કારણો મોજૂદ હોવા છતાં કાર્ય પરિણમતું નથી. **-ષ્ય** ન૦ વિશેષણથી જેનો ગુણ કે વધારો બતાવાયો હોય તેવો શબ્દ (વ્યા.)

વિશોધન ન૦ [સં.] સાફ કરવું તે; ધોઈ નાખવું તે

વિશોધિત વિ૦ [સં.] વિશુદ્ધ થયેલું

વિશ્ર(-સ્ર)બ્ધ વિ૦ [સં.] વિશ્વાસુ (૨) સ્થિર

વિશ્રમવું અ૦ક્રિ૦ વિશ્રામ કરવો (૨) અટકવું

વિશ્રંભ પું૦ [સં.] વિશ્વાસ (૨) રહસ્ય; ખાનગી વાત. **૦કથા** સ્ત્રી૦ ખાનગી વાત. **-ભિણી** વિ૦સ્ત્રી૦ વિશ્રંભ રાખતી

વિશ્રામ પું૦ [સં.] વિસામો; આરામ (૨) આરામ લેવાનું સ્થાન. **૦વાર** પું૦ આરામદિન; 'સેબાથ'

વિશ્રાંત વિ૦ [સં.] થાકી ગયેલું. **-તિ** સ્ત્રી૦ વિશ્રામ

વિશ્રી વિ૦ [સં.] શોભાહીન; કુરૂપ; બેહૂદું (૨) સ્ત્રી૦ કુરૂપતા; શોભાહીનતા

વિશ્રુત વિ૦ [સં.] પ્રખ્યાત (૨) જાણેલું; સાંભળેલું

વિશ્લિષ્ટ વિ૦ [સં.] છૂટું પડેલું; પાડેલું

વિશ્લેષ પું૦, **૦ણ** ન૦ [સં.] છૂટું પડવું કે પાડવું તે (૨) વિયોગ. **૦ક** વિ૦ (૨) પું૦ જુદું પાડનાર

વિશ્વ ન૦ [સં.] જગત; સૃષ્ટિ (૨) વિ૦ સમગ્ર; વિરાટ. **૦કર્મા** પું૦ [સં.] દેવોનો શિલ્પશાસ્ત્રી (૨) ઈશ્વર (૩) સુતાર. **૦જનીન** વિ૦ સમસ્ત વિશ્વનું,-ને લગતું (૨) ભૂતમાત્ર પ્રત્યેનું. **૦જિત** વિ૦ વિશ્વને જીતનારું. **૦તંત્ર** ન૦ જગતનું તંત્ર-વ્યવસ્થા. **૦નાથ** પું૦ જગતનો સ્વામી; પરમેશ્વર (૨) [સં.] કાશીમાં આવેલું શિવનું જ્યોતિર્લિંગ (૩) [સં.] મહાદેવ. **૦દૃષ્ટિ** સ્ત્રી૦ વિશાળ -વ્યાપક દૃષ્ટિ. **૦મૂર્તિ** પું૦ પરમાત્મા. **૦રૂપ** વિ૦ સર્વવ્યાપી (૨) પું૦ [સં.] વિષ્ણુ. **૦વિદ્યાલય** ન૦ વિદ્યાપીઠ. **૦વ્યાપી** વિ૦ આખા જગતમાં વ્યાપી રહેલું. **૦શાંતિ** સ્ત્રી૦ સકલ જગતની શાંતિ

વિશ્વસનીય વિ૦ [સં.] વિશ્વાસ કરવા લાયક. **૦તા** સ્ત્રી૦

વિશ્વસ્ત વિ૦ [સં.] વિશ્વાસુ; વિશ્વસનીય

વિશ્વંભર વિ૦ [સં.] આખા જગતનું પોષણ કરનાર (૨) સર્વવ્યાપી (૩) પું૦ (સં.) વિષ્ણુ. **-રા** વિ૦સ્ત્રી૦ વિશ્વનું પોષણ કરનારી (૨) સ્ત્રી૦ પૃથ્વી. **-રી** વિ૦સ્ત્રી૦ વિશ્વંભરા

વિશ્વાત્મા પું૦ [સં.] વિશ્વનો આત્મા-પરમેશ્વર

વિશ્વાધાર પું૦ [સં.] વિશ્વનો આધાર-ઈશ્વર

વિશ્વામિત્ર પું૦ [સં.] (સં.) એક પ્રસિદ્ધ ઋષિ

વિશ્વાસ પું૦ [સં.] ભરોંસો; ખાતરી (૨) શ્રદ્ધા; પ્રતીતિ. **૦ઘાત** પું૦ કોઈએ મૂકેલો વિશ્વાસ તોડવો તે; વિશ્વાસ આપીને અવળું કરવું તે; દગલબાજી. **૦ઘાતી** વિ૦ (૨) પું૦ વિશ્વાસઘાત કરનાર. **૦પાત્ર** વિ૦ વિશ્વસનીય. **-સી** વિ૦ જુઓ વિશ્વાસુ (૨) પું૦ ઈસુ ખ્રિસ્ત વિષે વિશ્વાસ-શ્રદ્ધા રાખનાર; ખ્રિસ્તી. **-સુ** વિ૦ વિશ્વાસ રાખનાર (૨) વિશ્વાસપાત્ર; વિશ્વાસ રાખવા યોગ્ય

વિશ્વેદેવ પું૦બ૦વ૦ [સં.] વસુ, ક્રતુ વગેરે દશ દેવો

વિશ્વેશ પું૦ [સં.] પરમેશ્વર. **-શ્વર** પું૦ વિશ્વેશ (૨) [સં.] કાશીના મહાદેવ. **-શ્વરી** સ્ત્રી૦ જગદંબા

વિષ ન૦ [સં.] ઝેર. **૦ખાપરો** પું૦ એક વનસ્પતિ. **૦ઘ્ન** વિ૦ વિષહર; ઝેર દૂર કરનાર. **૦ધર** પું૦ સાપ; નાગ. **૦ધારી** પું૦ (સં.) શિવ. **૦વૃક્ષ** ન૦ ઝેરી ઝાડ. **૦હર** વિ૦ વિષઘ્ન (ઔષધિ કે મંત્ર) [સ્ત્રી૦

વિષણ્ણ વિ૦ [સં.] ઉદાસ; ખિન્ન (૨) ફીકું; નિસ્તેજ. **૦તા**

વિષમ વિ૦ [સં.] અસમાન; ખાડાટેકરાવાળું (૨) મુશ્કેલ (૩) પ્રતિકૂળ (૪) દારુણ (૫) એકી (સંખ્યા) (૬) ન૦ એક અલંકાર, જેમાં કાર્યકારણ વચ્ચે અસાધારણ યા મેળ ન ખાય એવો સંબંધ હોય છે. **૦અપૂર્ણાંક** પું૦ છેદ જેટલા કે તેથી મોટા અંશવાળો અપૂર્ણાંક. **૦ઘાત** વિ૦ વિષમ ઘાતવાળો (પદી) [ગ.]. **૦ત્રિકોણ** પું૦ ત્રણે અસમાન બાજુવાળો ત્રિકોણ (ગ.). **૦જ્વર** પું૦ રહી રહીને આવતો તાવ. **૦તા** સ્ત્રી૦

વિષય પું૦ [સં.] ઇંદ્રિયગ્રાહ્ય પદાર્થ (૨) ભોગ્ય પદાર્થ; ભોગનું સાધન (૩) કામભોગ (૪) વિચાર માટે કે ભણવા માટેનું વસ્તુ (૫) પ્રકરણ; મજકૂર; મુદ્દો (૬) ઉદ્દેશ; હેતુ (૭) દેશ. **૦ભોગ** પું૦ વિષયો ભોગવવા તે; કામભોગ. **૦લંપટ** વિ૦ વિષયભોગમાં લંપટ. **૦લંપટતા** સ્ત્રી૦. **૦વાસના** સ્ત્રી૦ વિષયભોગની વાસના. **૦વિકાર** પું૦ વિષયને લીધે થતો વિકાર (૨) કામરૂપી વિકાર. **૦વિચારિણી** વિ૦ સભામાં રજૂ કરવાના ઠરાવ વિચારી કાઢનારી (સમિતિ). **૦સુખ** ન૦ વિષયભોગનું સુખ. **૦સેવન** ન૦ વિષયભોગનું સેવન. **-યા** સ્ત્રી૦ સ્ત્રી (૨) વિષયમાં રાચનારી સ્ત્રી; વિખિયા. **-યાતીત** વિ૦ વિષયવાસનાને તરી ગયેલું; ઇંદ્રિયાતીત. **-યાત્મક** વિ૦ વિષયોને લગતું. **-યાસક્ત** વિ૦ જુઓ વિષયલંપટ. **-યાસક્તિ** સ્ત્રી૦ વિષયસુખમાં આસક્તિ. **-યાંતર** ન૦ વિષયનો ફેરફાર; પ્રસ્તુત વિષયમાંથી અન્ય વિષયમાં ઊતરી જવું તે. **-યાંધ** વિ૦ વિષયભોગમાં અંધ બનેલું. **-યી** વિ૦ વિષયાસક્ત; કામી (૨) વિષયનું,-ને લગતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષવૃક્ષ, વિષહર [સં.] જુઓ 'વિષ'માં
વિષાણ ન૦ [સં.] શિંગડું
વિષાદ પું૦ [સં.] ખેદ; દિલગીરી (૨) નિરાશા; અનુત્સાહ. **-દી** વિ૦ વિષાદયુક્ત [કે અંટસવાળું
વિષાલુ વિ૦ [સં.] ઝેરી (૨) [લા.] ઝેરીલું; ખાર કે ઈર્ષ્યા
વિષુવ ન૦ [સં.] ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત્ત જે બે બિંદુઓમાં મળે છે તે દરેક; મેષ અને તુલામાં સંક્રાંતિ, જ્યારે દિવસરાત સરખાં હોય છે. ૦રેખા સ્ત્રી૦, ૦વૃત્ત ન૦ પૃથ્વીની ધરીની મધ્યમાં કાટખૂણે કલ્પેલું વર્તુળ; 'ઇક્વેટર'. **-વાંશ** પું૦ ભૂગોળના રેખાંશ જેવું ખગોળનું એક માપ; 'રાઇટ એસેન્શન' (ગ.)
વિષૂ(-સૂ)ચિકા સ્ત્રી૦ [સં.] કોગળિયું; કૉલેરા
વિષે અ૦ વિશે; માં (૨) બાબત
વિષ્કંભક પું૦ [સં.] આગલી કથાનો સાર તથા આવનાર વસ્તુનું સૂચન કરતો નાટકનો ઉપોદ્ઘાત-અવતરણ
વિષ્ટર પું૦ [સં.] દર્ભાસન
વિષ્ટા સ્ત્રી૦ [સં.] મળ; નરક
વિષ્ટિ સ્ત્રી૦ [સં.] સમાધાનીની વાટાઘાટ
વિષ્ણુ પું૦ [સં.] (સં.) ત્રિમૂર્તિમાં સૃષ્ટિનું પાલન કરનાર સ્વરૂપ (૨) વિ૦ વિભુ; સર્વવ્યાપી. ૦તેજ ન૦ વિષ્ણુનું ઐશ્વર્ય (૨)ઘી. ૦પદ ન૦ આકાશ (૨) વૈકુંઠ. ૦પુરાણ ન૦(સં.) અઢારમાંનું એક પુરાણ. ૦માર્ગ પું૦ વૈષ્ણવ સંપ્રદાય. ૦માર્ગી વિ૦ વિષ્ણુમાર્ગનું કે તેને લાગતું
વિસરાવવું સ૦ક્રિ૦'વીસરવું'નું પ્રેરક.**વિસરાળ** વિ૦ભુલકણું
વિસદૃશ વિ૦ [સં.] સદૃશ નહિ એવું; અસમાન
વિસર્ગ પું૦ [સં.] દાન(૨) ત્યાગ (૩) હકાર જેવો ઉચ્ચાર કરવાનું (:) આવું ચિહ્ન (વ્યા.)
વિસર્જન ન૦ [સં.] છોડી દેવું તે (૨) વિદાય થવું કે કરવું તે (૩) સમાપ્તિ. **-નીય** વિ૦ વિસર્જન કરી શકાય કે કરવા જેવું. **-વું** સ૦ક્રિ૦ વિસર્જન કરવું
વિસર્જિત વિ૦ [સં.] વિસર્જન કરાયેલું
વિસર્પી વિ૦ [સં.] સરતું; ખસતું [અસંગતિ; વિસંવાદ
વિસંગત વિ૦ [સં.] અસંગત; વિસંવાદી. **-તિ** સ્ત્રી૦
વિસંવાદ પું૦ [સં.] અસંગતિ (૨) વિરોધ. **-દી** વિ૦ વિસંવાદયુક્ત (૨) વિવાદી (સ્વર) [સંગીત]
વિસાત સ્ત્રી૦ વસાત; કિંમત; મહત્ત્વ (૨)[લા.] ગજું; દમ (૩) ગણતરી; લેખું; હિસાબ [ખવડાવવો
વિસામવું સ૦ક્રિ૦ વિસામો કરાવવો-આપવો (૨)વિસામો
વિસામો પું૦ થાક ખાવો તે; વિશ્રાંતિ (૨) વિસામો લેવાની જગા [ભૂલી જવું
વિસાર,-રો પું૦ વીસરી જવું તે; વિસ્મરણ. ૦વું સ૦ક્રિ૦
વિસૂચિકા સ્ત્રી૦ [સં.] જુઓ વિષૂચિકા
વિસ્તત વિ૦ [સં.] વિસ્તૃત

વિસૃષ્ટિ સ્ત્રી૦ [સં.] સૃષ્ટિ (૨) તજી દેવું તે; છોડવું તે (૩) આપવું તે; ન્યાસ
વિસ્ખલન ન૦ [સં.] ભૂલ
વિસ્ખલિત વિ૦ [સં.] ભૂલભરેલું. ૦તા સ્ત્રી૦
વિસ્તરણ ન૦[સં.] વિસ્તાર. **-વું** અ૦ક્રિ૦ વિસ્તાર પામવું
વિસ્તાર પું૦ [સં.] ફેલાવો (૨) વધારો (૩) વિશાળતા (૪) [લા.]બહોળો પરિવાર કે કુટુંબ. ૦પૂર્વક અ૦વિસ્તારથી; લંબાણથી. ૦વું સ૦ક્રિ૦ વિસ્તાર કરવો; લંબાવવું
વિસ્તીર્ણ વિ૦ [સં.] વિસ્તારવાળું. ૦તા સ્ત્રી૦
વિસ્તૃત વિ૦ [સં.] વિસ્તારવાળું. **-તિ** સ્ત્રી૦ વિસ્તાર
વિસ્ફોટક પું૦ [સં.] ચામડીનો એક રોગ
વિસ્મય પું૦[સં.]આશ્ચર્ય; અચંબો. ૦કારક,૦કારી વિ૦ વિસ્મય પમાડે તેવું
વિસ્મરણ ન૦ [સં.] ભૂલી જવું તે. **-વું** સ૦ક્રિ૦ ભૂલવું
વિસ્મિત વિ૦ [સં.] વિસ્મય પામેલું
વિસ્મૃત વિ૦ [સં.] ભૂલી જવાયેલું. **-તિ** સ્ત્રી૦ વિસ્મરણ
વિસ્રબ્ધ વિ૦ [સં.] જુઓ વિશ્રબ્ધ
વિસ્રંભ પું૦ [સં.] જુઓ વિશ્રંભ
વિહગ ન૦ [સં.] પક્ષી; વિહંગ
વિહરવું અ૦ક્રિ૦ ફરવું (૨) વિહાર કરવો
વિહંગ ન૦ [સં.] પક્ષી; વિહગ. ૦દૃષ્ટિ સ્ત્રી૦ પક્ષીની પેઠે બધી પરિસ્થિતિને એકીસાથે ઉપરથી જોઈ લેવી તે. ૦મ ન૦વિહંગ.**-ગાવલોકન** ન૦વિહંગદૃષ્ટિથી કરેલું નિરીક્ષણ
વિહાણવું અ૦ક્રિ૦ વીતવું; ગુજરવું
વિહાર પું૦ [સં.] ક્રીડા (૨) આનંદમાં હરવુંફરવું તે (૩) ભ્રમણ (૪) [બૌદ્ધ] મઠ. **-રિણી** વિ૦સ્ત્રી૦, **-રી** વિ૦ વિહાર કરનાર
વિહાસવું અ૦ક્રિ૦ સ્મિત કરવું; મંદમંદ હસવું
વિહિત વિ૦ [સં.] મુકાયેલું (૨) [શાસ્ત્ર] ફરમાવેલું
વિહીન વિ૦ [સં.] વિનાનું
વિહોણું વિ૦ વિહીન; વિનાનું
વિહ્વલ(-ળ) વિ૦ [સં.] બાવરું; આતુર. ૦તા સ્ત્રી૦
વિળાલો પું૦ બાવરો કે બેવકૂફ માણસ
વિંધ્ય પું૦ [સં.] (સં.) દક્ષિણાપથ ને ઉત્તરાપથ વચ્ચેની પર્વતમાળા.**-ધ્યાટવી** સ્ત્રી૦ વિંધ્યપર્વતનું મોટું જંગલ
વીખર(-રા)વું અ૦ક્રિ૦ વેરાવું; છૂટા પડી જવું
વીગત સ્ત્રી૦, ૦વાર અ૦ જુઓ 'વિગત'માં
વીઘર(-રા)વું અ૦ક્રિ૦ ઓગળી જવું (૨) વેરાઈ જવું (૩) ગાભરા બની જવું; મૂંઝાવું (૪) હતાશ થવું
વીઘું ન૦, **-ઘો** પું૦ જમીનનું એક માપ (૪૦ ગુંઠા)
વીચ(-ચે) અ૦ + વચ્ચે [સ્ત્રી૦ તરંગોની હાર
વીચિ(-ચી) પું૦;સ્ત્રી૦ [સં.] તરંગ; મોજું. ૦માલા(-ળા)
વીચે અ૦ + જુઓ વીચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીછડ(-ર)વું અ૦ક્રિ૦+જુદા પડવું; વિયોગ થવો
વીછળવું સ૦ક્રિ૦ પાણી રેડી હલાવી સાફ કરવું
વીછળાવું અ૦ક્રિ૦ 'વીછળવું'નું કર્મણિ
વીછી(-છુ) પું૦ એક ઝેરી પ્રાણી; વીંછી [ઘરેણું
વીછુવા પું૦બ૦વ૦ (સ્ત્રીઓનું) પગને અંગૂઠે પહેરવાનું
વીજ,૦ળી સ્ત્રી૦ વિદ્યુત
વીજણવારા પું૦બ૦વ૦ પંખો નાખવો તે
વીજણો પું૦ પંખો [સ૦ક્રિ૦ પંખો નાખવો
વીજન ન૦ [સં.] પંખાથી પવન નાખવો તે (ર) પંખો. **-વું**
વીજળી સ્ત્રી૦ વીજ; વિદ્યુત. **૦કોઠો** પું૦ (કા.) એક રમત. **૦ઘર** ન૦ વીજળી જ્યાં ઉત્પન્ન થાય કે જ્યાંથી બધે મોકલાય તે સ્થાન; 'પાવર-સ્ટેશન'
વીણ સ્ત્રી૦ પ્રસવની પીડા; વેણ
વીણવું સ૦ક્રિ૦ ચૂંટવું (ર) પસંદ કરવું (૩) [અનાજમાંથી કાંકરા વગેરે] ઉપાડી લેવું; દૂર કરવું
વીણા સ્ત્રી૦[સં.] બીન; એક તંતુવાદ્ય. **૦કાવ્ય** ન૦ 'લિરિક'. **૦ધર, ૦પાણિ** પું૦ (સં.) નારદ
વીણો પું૦ સુકાન ફેરવવાનો દાંડો
વીત વિ૦ [સં.] જતું રહેલું (ર) છોડી દીધેલું. **૦ક** ન૦; સ્ત્રી૦ વીતેલું તે (ર) સંકટ. **૦તૃષ્ણ** વિ૦ તૃષ્ણા વિનાનું. **૦રાગ(-ગી)** વિ૦ રાગ-આસક્તિ વિનાનું. **૦લોભ** વિ૦ લોભરહિત. **૦વું** અ૦ક્રિ૦ ગુજરવું; પસાર થઈ જવું (ર) દુઃખ પડવું
વીથિ(-થી) સ્ત્રી૦ [સં.] માર્ગ; રસ્તો
વીનવવું સ૦ક્રિ૦ વિનંતિ કરવી
વીફરવું અ૦ક્રિ૦ વકરવું; ગુસ્સે થવું; ઉશ્કેરાવું
વી. પી. ન૦ [ઇં.] આંકેલ દામ આપ્યે મળે એવું ટપાલમાં આવતું પાર્સલ, બુકપોસ્ટ ઇ૦
વીમો પું૦ વસ્તુ કે જિંદગીને નુકસાન પહોંચતાં તે બદલ પૈસાથી થતી ભરપાઈ (ર) તેનો કરાર (૩) તે પેટે ભરવાનો હપતો. **-માકંપની** સ્ત્રી૦ વીમો ઉતારનાર મંડળી. **-માખત** ન૦, **-માચિઠ્ઠી** સ્ત્રી૦ વીમાનું ખત. **-માદલાલ** પું૦ વીમાનો દલાલ
વીર વિ૦ [સં.] શૂર; પરાક્રમી (ર) પું૦ તેવો પુરુષ (૩) વીરો; ભાઈ (૪) એક ભૂત (૫) વીરરસ (૬) [સં.] મહાવીર. **૦કવિતા** સ્ત્રી૦ વીરરસપ્રધાન કવિતા. **૦કાવ્ય** ન૦ વીરરસથી ભરેલું કાવ્ય. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦ શૂરવીરતા; પરાક્રમ. **૦પત્ની** સ્ત્રી૦ વીર કે વીરની પત્ની. **૦પસલી** સ્ત્રી૦ શ્રાવણી પૂર્ણિમાને દિવસે ભાઈ તરફથી બહેનને અપાતી ભેટ. **૦પ્રભુ** પું૦ (સં.) મહાવીર સ્વામી. **૦ભદ્ર** પું૦ (સં.) શિવનો એક ગણ. **૦ભૂમિ** સ્ત્રી૦ વીરોની જન્મદાતા ભૂમિ. **૦રસ** પું૦ કાવ્યના નવ રસોમાંનો એક (જુઓ રસ). **૦વૃત્ત** ન૦ એક છંદ (નર્મદકૃત). **૦શૈવ** પું૦ જુઓ લિંગાયત. **૦શ્રી** સ્ત્રી૦ શૂરવીરની કીર્તિ અથવા તેજ. **૦સાજ** પું૦ શૂરવીરનો પોશાક અથવા સામગ્રી. **૦હાક** સ્ત્રી૦ યુદ્ધપ્રસંગે યોદ્ધાની ભયંકર ચીસ
વીરડો પું૦ નદી કે તળાવના સૂકા ભાગમાં ખોદેલો ખાડો
વીરજ ન૦+વીર્ય
વીરણ(૦વાળો) પું૦ [સં.] જુઓ વિરણ
વીરા સ્ત્રી૦ [સં.] એક સુગંધી પદાર્થ
વીરાધિવીર વિ૦ [સં.] વીરોમાં શ્રેષ્ઠ; વીરતમ
વીરાસન ન૦ [સં.] (યોગનું) એક આસન-બેસવાની રીત
વીરાંગના સ્ત્રી૦ [સં.] વીર-બહાદુર સ્ત્રી
વીરી સ્ત્રી૦ બહેન
વીરુધ(-ધા) સ્ત્રી૦ [સં.] એક વેલ
વીરો પું૦ ભાઈ
વીર્ય ન૦ [સં.] શુક્ર; ધાતુ (ર) વીરતા; બળ; પરાક્રમ. **૦રક્ષા** સ્ત્રી૦ વીર્ય ચળતું સાચવવું તે. **૦પાત** પું૦ વીર્યસ્રાવ. **૦વંત,૦વાન** વિ૦ પરાક્રમી; બળવાન. **૦સંગ્રહ** પું૦ વીર્યનો સંગ્રહ; વીર્યરક્ષા. **૦સ્રાવ** પું૦ વીર્ય ઝરી જવું-ખરવું તે. **૦હીન** વિ૦ નામર્દ; નિર્બળ
વીલ ન૦ [ઇં.] વસિયતનામું
વીલ સ્ત્રી૦ જુઓ વીળ; ભરતી (ર) ન૦ એક પક્ષી. **-લાં** ન૦બ૦વ૦ વીલ પક્ષીઓ (ટોળામાં જ ફરવાથી બ૦વ૦ માં બોલાય છે)
વીલ(-લિયું) ન૦ અડધો રૂપિયો (સંકેતની ભાષામાં)
વીલું વિ૦ શરમિંદું; ભોંઠું (ર) રઝળતું; છૂટું
વીશ(-સ),-શી(-સી) સ્ત્રી૦ જુઓ 'વીસ'માં
વીશી સ્ત્રી૦ નાણું આપવાથી તૈયાર રસોઈ મળે તે જગા
વીસ વિ૦ '૨૦'; વીશ. **૦નખી** સ્ત્રી૦ સ્ત્રી; પત્ની. **-સી** વીશી; વીસનો સમૂહ (ર) વણાટમાં તાણાના તારની એક ગણતરી [થાક, ઉલરણ વગેરેનું)
વીસમવું અ૦ક્રિ૦ ઠંડું થવું; વિશમવું (ગરમી, ગુસ્સો,
વીસરભોળું વિ૦ વિસરાળ; ભુલકણું
વીસરવું સ૦ક્રિ૦ ભૂલી જવું. **વીસરાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)
વીળ સ્ત્રી૦ [સ.] ભરતી
વીંખવું સ૦ક્રિ૦ જુઓ પીંખવું
વીંચવું સ૦ક્રિ૦ (કા.) મીંચવું
વીંછિયો પું૦ એક ઘરેણું [વૃશ્ચિક રાશિ
વીંછી(-છુ) પું૦ એક ઝેરી જંતુ; વીછી. **૦ડો** પું૦
વીંછુવા પું૦ બ૦વ૦ જુઓ વીછુવા
વીંજ(-ધ)ણું ન૦ એક સુતારી ઓજાર
વીંજણો પું૦ વીજણો; પંખો
વીંઝવું સ૦ક્રિ૦ હવામાં જોરથી ઘુમાવવું (ર)+વીંધવું
વીંટણિયો પું૦ દોરાની ગરગડી
વીંટલી સ્ત્રી૦ સ્ત્રીઓનું નાકનું એક ઘરેણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીંટલો પું૦ જુઓ વીંટો (૨) જુઓ વીંટલી

વીંટવું સ૦ક્રિ૦ લપેટવું. **વીંટાવું** અ૦ક્રિ૦ (કર્મણિ). **વીંટાવવું** (પ્રેરક) [પું૦ વીંટો

વીંટાળવું સ૦ક્રિ૦ લપેટવું; ગોળ વીંટવું. **વીંટાળો**

વીંટી સ્ત્રી૦ આંગળી ઉપર પહેરવાનું ગોળ ઘરેણું

વીંટો પું૦ વીંટાળેલો ગોળ આકાર (૨) પથારીનો વીંટો

વીંઢારવું સ૦ક્રિ૦પાલવવું (૨) અગવડ વેઠીને સાથે રાખવું

વીંધ ન૦ વેહ; કાણું; નાકું. **૦ણહાર** વિ૦ વીંધનાર. **૦ણી** સ્ત્રી૦ છિદ્ર પાડવાનું ઓજાર. **૦ણું** ન૦ જુઓ વીંજણું. **૦વું** સ૦ક્રિ૦ વીંધ પાડવું (૨) કોચવું; ભોંકવું. **-ધારો** પું૦ વીંધનારો (મોતી કે કાન)

વીંધાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'વીંધવું'નું કર્મણિ ને પ્રેરક

વૂઠવું સ૦ક્રિ૦ (પ.) વરસવું

વૂઢવું અ૦ક્રિ૦ + જવું

વૃક ન૦ [સં.] વરુ. **-કોદર** પું૦ (સં.) ભીમ

વૃક્ષ ન૦ [સં.] ઝાડ. **૦પ્રબંધ** પું૦ એક ચિત્રકાવ્ય. **૦વાટિકા** સ્ત્રી૦ બગીચો. **-ક્ષારોપણ** ન૦ ઝાડ રોપવું તે

વૃજિન ન૦ [સં.] પીડા; દુઃખ (૨) પાપ

વૃત્ત ન૦ [સં.] વર્તન (૨) અક્ષરમેળ છંદ (૩) વર્તુળ (૪) સમાચાર. **૦ખંડ** પું૦ વર્તુળનો ભાગ; 'સેગ્મેન્ટ' (ગ.). **૦પત્ર** ન૦ છાપું; વર્તમાનપત્ર. **૦વિવેચક** પું૦ પત્રકાર. **૦વિવેચન** ન૦ બનેલા બનાવોનું વિવેચન; 'જર્નાલિઝમ'. **-ત્તાકાર** વિ૦ ગોળ આકારનું. **-ત્તાર્ધ** પું૦ અર્ધગોળ; 'સેમિસર્કલ' (ગ.). **-ત્તાંત** પું૦; ન૦ હકીકત; વર્ણન (૨) ખબર

વૃત્તિ સ્ત્રી૦ [સં.] ચિત્તમાં ઊઠતો વિચાર; ચિત્તનો વ્યાપાર (૨) મનનું વલણ (૩) સ્વભાવ; પ્રકૃતિ (૪) વર્તન (૫) વ્યાખ્યા; ટીકા (૬) ભિન્ન રસોમાં ઉપયોગી માનેલી વર્ણન કરવાની શૈલી (કૌશિકી, સાત્વતી, આરભટી અને ભારતી) (૭) ધંધો (૮) આજીવિકા (૯) ટીકા; સમજૂતી (૧૦) શબ્દની અર્થ બતાવવાની શક્તિ (વ્યા.). **૦ચ્છેદ** પું૦ નોકરીધંધાનું છૂટી જવું તે. **૦ત્યનુપ્રાસ** પું૦ એક શબ્દાલંકાર; સમાન વર્ણ કે વર્ણોની આવૃત્તિ (કા.શા.)

વૃત્ર પું૦ [સં.] (સં.) એક રાક્ષસ, જેને ઇંદ્રે મારેલો

વૃથા અ૦ [સં.] ફોગટ; નિષ્ફળ

વૃદ્ધ વિ૦ [સં.] ઘરડું (૨) વડીલ. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦. **૦બાલિકાવિવાહ** પું૦, **૦બાળલગ્ન** ન૦ મોટી ઉંમરના જોડે નાની બાળાનું લગ્ન. **૦વાક્ય** ન૦ વૃદ્ધનું વાક્ય; વડીલનું અનુભવપૂર્ણ બોધવાક્ય. **-દ્ધા** વિ૦સ્ત્રી૦ ઘરડી થયેલી (૨) સ્ત્રી૦ ડોસી. **-દ્ધાઈ** સ્ત્રી૦ વૃદ્ધત્વ. **-દ્ધાચાર** પું૦ રૂઢિ (૨) વડીલોનો આચાર કે રીતિ. **-દ્ધાવસ્થા** સ્ત્રી૦ ઘડપણ

વૃદ્ધિ સ્ત્રી૦ [સં.] વધારો (૨) આબાદી (૩) [વ્યા.] સંસ્કૃતમાં થતો એક ફેરફાર. **૦શ્રાદ્ધ** ન૦ જુઓ નાંદીમુખ. **૦શીલ** વિ૦ વૃદ્ધિ પામવાના સ્વભાવવાળું. **૦સૂતક** ન૦ બાળકના જન્મથી લાગેલું સૂતક. **-દ્ધિંગત** વિ૦ વધી ગયેલું; વિસ્તાર પામેલું

વૃશ્ચિક પું૦ [સં.] વીંછી (૨) આઠમી રાશિ. **-કી** સ્ત્રી૦ વીંછણ

વૃષ પું૦ [સં.] આખલો. **૦કેતુ** પું૦ (સં.) શિવ

વૃષણ પું૦; ન૦ [સં.] અંડ; ગોળી

વૃષભ પું૦ [સં.] આખલો; પોઠિયો. **૦ધ્વજ** પું૦ (સં.) શિવ

વૃષલ પું૦ [સં.] શૂદ્ર (૨) નીચ, પાપી માણસ. **-લી** સ્ત્રી૦ કુલટા (૨) શૂદ્રા [છૂટો મૂકવો તે

વૃષોત્સર્ગ પું૦ [સં.] કોઈ ધાર્મિક ક્રિયા વખતે આખલો

વૃષ્ટિ સ્ત્રી૦ [સં.] વરસાદ [ન૦ વૃષ્ણિનું કુળ

વૃષ્ણિ પું૦ [સં.] (સં.) શ્રીકૃષ્ણનો એક પૂર્વજ. **૦કુલ(-ળ)**

વૃંત ન૦ [સં.] દીંટું

વૃંદ ન૦ [સં.] ટોળું. **૦ચારી** વિ૦ ટોળામાં ફરનારું. **૦સંગીત** ન૦ બધાએ સાથે કરવાનું સંગીત. **૦વાદન** ન૦ એક સાથે અનેક વાદ્યોનું વાદન

વૃંદા સ્ત્રી૦ [સં.] તુલસી (૨) [સં.] રાધિકા

વૃંદારક પું૦ [સં] કોઈ પણ વર્ગનો મુખ્ય

વૃંદાવન ન૦ [સં.] (સં.) ગોકુળ નજીક આવેલું વન. **-નીય** વિ૦ વૃંદાવનનું, -ને અંગેનું

વેઉ(-વ) પું૦ એક વેલ

વેકરો પું૦ (કા.) કાંકરાવાળી જાડી રેતી

વેકવું અ૦ક્રિ૦ (સુ.) વેગવું; ઉતાવળ કરવી (૨) સ૦ક્રિ૦ વેચવું (ઉત્તર ગુજરાતમાં)

વેકળો પું૦ નાનો વહેળો; વોકળો

વેકૂર સ્ત્રી૦ (કા.) ઝીણી કાંકરીઓવાળી રેતી

વેખલ(-ળ) વિ૦ સ્વમાન વિનાનું; ખડખડ હસી પડે તેવું (૨) અસભ્ય; નિર્લજ્જ

વેખવું અ૦ક્રિ૦ ચકિત થવું (૨) સ૦ક્રિ૦ જોવું; તપાસવું

વેખળ વિ૦ જુઓ વેખલ

વેખંડ સ્ત્રી૦ એક ઔષધિ

વેગ પું૦ [સં.] ગતિ; ઝડપ (૨) જુસ્સો; જોસ (૩) ચસકો; સણકો (૪) ત્રાસ; તાપ. **૦વતી** વિ૦સ્ત્રી૦, **૦વાન** વિ૦ વેગવાળું. **૦વું** અ૦ક્રિ૦ (સુ.) વેકવું; ઉતાવળ કરવી

વેગરવું સ૦ક્રિ૦ વેઠવું (૨) નિભાવવું [-ગે અ૦ આઘે

વેગળું વિ૦ દૂર (૨) જુદું; અલગ. **-ળાઈ** સ્ત્રી૦ વેગળાપણું.

વેગી(૦લું) વિ૦ [સં.] વેગવાળું

વેગુ પું૦ મૂર્ખ; ઠોઠ

વેચવાલી સ્ત્રી૦ વેચવાની માગણી (શેર ઇત્યાદિની)

વેચવું સ૦ક્રિ૦ કિંમત લઈને આપવું

વેચાઉ વિ૦ વેચવાનું હોય એવું

વેચાણ ન૦ વેચવું તે (૨) વેચાવું તે. **૦ખત** ન૦ વેચાતું આપ્યાનું લખાણ. **૦નકરી** વિ૦સ્ત્રી૦ કરથી મુક્ત (જમીન). **૦સલામતી** વિ૦સ્ત્રી૦ જાગીરદારે સલામી દાખલ ભરવાનું મહેસૂલ જ આપવું પડતું હોય તેવી (જમીન). **-ણિયું**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિ૦ ખરીદેલું (૨) વેચી શકાય તેવું. -તું વિ૦ કિંમત આપીને લીધેલું કે આપેલું

વેજા સ્ત્રી૦ નિશાન; નેજા (૨) વિપત્તિ (૩) પ્રજા

વેજાળું પું૦ પાણી અટકાવવાનો બંધ

વેજાં ન૦બ૦વ૦ વલખાં; ફાંફાં

વેજું ન૦ વણિયર (૨) [કા.] ખાદીનો તાકો

વેઠ સ્ત્રી૦ વગર દામનું વૈતરું (૨) ફરજિયાત વૈતરું (૩) [લા.] ભાર; પીડા; ઉપાધિ. **૦વું** સ૦ક્રિ૦ સહન કરવું (૨) નિભાવવું. **-ડિયાવાડ** સ્ત્રી૦ ગમે તેમ કરી નાંખવું તે; કમને કરેલું કામ. **-ડિયો** પું૦ વેઠ કરનારો (૨) વગર પૈસાનો નોકર

વેડફવું સ૦ક્રિ૦ નકામું ખરચી નાખવું; ઉડાવી દેવું

વેડમી સ્ત્રી૦ પૂરણપોળી

વેડલો પું૦ જુઓ વેલ્લો

વેડવું સ૦ક્રિ૦ વેડી વડે તોડવું–ઉતારવું (ફળ)

વેડવો પું૦ તળાવ કે નદીમાં પાણી માટે ખોદેલો ખાડો

વેડા પું૦બ૦વ૦ '-ના જેવું વર્તન' એ અર્થમાં શબ્દને અંતે (ઉદા૦ બાયલાવેડા)

વેડાંગ પું૦ અશ્વ; ઘોડો [વેડવાની)

વેડી સ્ત્રી૦ છેડે જાળીદાર ઝોળીવાળી લાંબી લાકડી (આંબા

વેડૂર વિ૦ સુંદર; ફાંકડું

વેડો પું૦ વેડનારો [વધારે આંટાવાળી વાળાની વીંટી

વેઢ પું૦ આંગળી ઉપરનો સાંધા આગળનો કાપો (૨) બેથી

વેઢવવું સ૦ક્રિ૦ મુકાબલો કરવો

વેઢીગાળો પું૦ એક વનસ્પતિ [લાકડાની ગાંઠ

વેઢો પું૦ આંગળી ઉપરનો સાંધા આગળનો કાપો (૨)

વેણ(-ન) પું૦ [સં.] (સં.) જુઓ વેન રાજા

વેણ [વે] સ્ત્રી૦ કપાસનો છોડ; વણ (૨) પ્રસવની પીડા; વીણ (૩) ન૦ વચન (૪) સ્ત્રી૦ વેણી (પ.)

વેણાચૂંટા પું૦બ૦વ૦ ભૂખથી થતું દુઃખ (૨) ગભરામણ

વેણિ(-ણી) સ્ત્રી૦ [સં.] ચોટલો (૨) અંબોડે બાંધવાનો ફૂલનો ગજરો (૩) કમાડમાં જડેલી લાંબી ચીપ. **૦કમાડ** ન૦ વેણીબંધ કમાડ. **૦બંધ** વિ૦ વેણી જડેલી હોય એવું (કમાડ). **૦સંગમ** પું૦ ત્રિવેણીસંગમ

વેણુ પું૦ સંગીતમાં એક અલંકાર

વેણુ,૦કા સ્ત્રી૦ [સં.] વાંસળી. **૦નાદ** પું૦ વાંસળાનો અવાજ

વેણું ન૦ પાણીની ગાડી

વેત પું૦ ઘાટ; મોખ (૨) તજવીજ; ત્રેવડ

વેતન ન૦ [સં.] પગાર. **-નિયો** પું૦ પગારદાર

વેતર ન૦ એક એક વારનું જણતર (ઢોરનું)

વેતરણ સ્ત્રી૦ વેતરવું તે (૨) જોઈતી ગોઠવણ; તજવીજ (૩) [લા.] શિક્ષા. **-વું** સ૦ક્રિ૦ શરીરને બેસતું આવે તેમ લૂગડું કાતરવું (૨) [લા.] બગાડવું; ઊંધું મારવું

વેતસ પું૦; ન૦ [સં.] નેતર. **૦(-સી)વૃત્તિ** સ્ત્રી૦ નેતરની જેમ (બળિયા આગળ) નમી જવા છતાં સ્થિતિસ્થાપક રહેવાની વૃત્તિ

વેતા પું૦બ૦વ૦ ભલીવાર; ડહાપણ; આવડ

વેતાલ(-ળ) પું૦ [સં.] એક જાતનો ભૂત (૨) મૃત શરીરમાં પેઠેલો ભૂત (૩) ભૂતનો રાજા (૪) દ્વારપાળ. **૦ગૃહ** ન૦ તાર વિના સંદેશા મોકલવાના–'વાયરલેસ' યંત્રનું મથક

વેત્તા પું૦ [સં.] જાણનાર

વેત્ર ન૦ [સં.] નેતર (૨) છડી. **૦ધર** પું૦ છડીદાર; દ્વારપાળ. **૦ધારક** પું૦ જુઓ વેત્રધર. **-ત્રાસન** ન૦ નેતરની ખુરસી

વેદ પું૦ [સં.] જ્ઞાન (૨) શાસ્ત્રીય જ્ઞાન (૩) આર્યોનું સૌથી પ્રાચીન ધર્મપુસ્તક (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વ-વેદ) (૪) ચારની સંજ્ઞા. **૦ન** ન૦ જાણવું તે; જ્ઞાન (૨) અનુભવવું તે; લાગણી. **૦ના** સ્ત્રી૦ જુઓ વેદન (૨) પીડા. **૦પાઠી** પું૦ વેદનો પાઠ કરનાર–વેદ ભણેલો બ્રાહ્મણ. **૦પુરુષ** પું૦ વેદશાસ્ત્ર જાણનાર બ્રાહ્મણ (૨) ગોરપદું કરવાનો અધિકારી (નાગરોમાં). **૦મંત્ર** પું૦ વેદનો મંત્ર. **૦માર્ગી** વિ૦ વેદોના સિદ્ધાંતને અનુસરનાર; વેદને પ્રમાણભૂત માનનાર. **૦મૂર્તિ(-ર્ત્તિ)** પું૦ વેદમાં પારંગત બ્રાહ્મણ. **૦વચન, ૦વાક્ય** ન૦ વેદનું વચન (૨) તેના જેટલું પ્રમાણભૂત વચન. **૦વિદ** પું૦ વેદ જાણનાર. **૦વિહિત** વિ૦ વેદે ફરમાવેલું; વેદમાં કહેલું. **૦વું** સ૦ક્રિ૦ જાણવું. **૦વ્યાસ** પું૦ (સં.) જુઓ વ્યાસ. **-દાંગ** ન૦ વેદનાં છ અંગો (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ, જ્યોતિષ)

વેદાંત પું૦,ન૦ [સં.] વેદોનો અંતિમ ભાગ–ઉપનિષદ (૨) ન૦ વેદાંતદર્શન. **૦દર્શન** ન૦ બાદરાયણ વ્યાસે રચેલાં બ્રહ્મસૂત્ર; છ વૈદિક દર્શનોમાંનું એક–ઉત્તર મીમાંસા. **-તી** વિ૦ વેદાંતનું; વેદાંત સંબંધી (૨) પું૦ વેદાંતમતને માનનાર [કે કુંડ; વેદી

વેદિ,૦કા સ્ત્રી૦ [સં.] હોમ વગેરે માટે તૈયાર કરેલી ઓટલી

વેદિયું વિ૦ વેદ ભણેલું (૨) [લા.] ભણેલું પણ ગણેલું નહિ

વેદી સ્ત્રી૦ [સં.] જુઓ વેદિ

વેદોક્ત વિ૦ [સં.] વેદોમાં કહેલું

વેદ્ય વિ૦ [સં.] જાણવાનું; જાણવા યોગ્ય

વેધ પું૦ [સં.] છિદ્ર; વેહ (૨) દોષ; બાધ (૩) જખમ (૪) વેધન (૫) ગ્રહો વગેરે આકાશીય પદાર્થોની ગતિ, સમય વગેરેનું નિરીક્ષણ (૬) સુતાર કે કડિયાના કામમાં શાસ્ત્રીય દોષ (૭) સૂર્યગ્રહણ પૂર્વે ચાર પ્રહર અને ચંદ્રગ્રહણ પૂર્વે ત્રણ પ્રહરનો સૂતકનો સમય (૮) [લા.] ખાર; દ્વેષ (૯) 'કોઑર્ડિનેટ ઑફ ઝેડ' (ગ.). **૦ણુ** ન૦ વેધન; વીંધવું તે. **૦ન** ન૦ વીંધવું તે (૨) વીંધવાનું ઓજાર. **૦ની** સ્ત્રી૦ રત્ન, મોતી વગેરેને છેદ પાડવાનું ઓજાર (૨) અંકુશ. **૦લો** પું૦ કાનના ઉપલા વેહનું ઘરેણું. **૦વું** સ૦ક્રિ૦ વેધ પાડવો (૨) વીંધવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦શાલા(-ળા) સ્ત્રી૦ ગ્રહાદિકની ગતિ વગેરે નીરખવાનું સ્થાન; 'ઑબ્ઝર્વેટરી'
વેધા પું૦ [સં.] (સં.) બ્રહ્મા
વેધાક્ષ પું૦ [સં.] 'ઍક્સિસ ઑફ ઝેડ' (ગ.)
વેધી વિ૦ [સં.] વીંધનારું; વીંધી નાખે તેવું (૨) વેધવાળું
વેધુ વિ૦ વીંધનારું (૨) [કા.] દુશ્મન થઈ પાછળ પડેલું
વેન ન૦ વહેવું તે; વહન (૨) વાહન (૩) લંગાર; હાર (૪) વજ્રો
વેન પું૦ [સં.] (સં.)વેણ; એક પ્રાચીન રાજા; મનુનો પૌત્ર
વેપથુ પું૦ [સં.] કંપ; થરથરાટ
વેપલો પું૦ વેપાર (તિરસ્કારમાં)
વેપાર પું૦ માલ વેચવાસાટવાનો ધંધો. ૦વણજ પું૦ વેપારધંધો. ૦શાઈ વિ૦ વેપારની પદ્ધતિને લગતું; વેપારી જેવું. -રી પું૦ વેપાર કરનાર
વેભાઈ પું૦ દ્રવ્ય
વેર અ૦ (સુ.) લગી; સુધી
વેર [વે] ન૦ શત્રુવટ; વૈર (૨) દ્વેષ; ઝેર. ૦ણ વિ૦સ્ત્રી૦ વેરભાવ રાખનારી. ૦ભાવ પું૦ શત્રુવટ; દ્વેષ.૦વાયું વિ૦ (કા.) વેરી. ૦ી પું૦ વેરી [વિ૦ અસ્તવ્યસ્ત
વેરણ ન૦વેરવું તે (૨) જુઓ 'વેર' ન૦માં. ૦છે(-છે)રણ
વેરવું સ૦ક્રિ૦ છૂટુંછૂટું કે વીખરાતું પડે એમ કરવું (૨) પાથરવું (૩) [લા.] ખૂબ ખર્ચવું [બાવો; સાધુ
વેરાગ પું૦ વૈરાગ્ય. ૦ણ સ્ત્રી૦ સાધુડી; બાવી. -ગી પું૦
વેરાડી પું૦ એક રાગ
વેરાન વિ૦ ઉજ્જડ
વેરી વિ૦ વેર રાખનારું (૨) પું૦ દુશ્મન; શત્રુ
વેરે અ૦ જોડે; સાથે (લગ્ન) (૨) + પેઠે
વેરો પું૦ કર; જકાત [ઊગતી વનસ્પતિ
વેલ(-લી) સ્ત્રી૦ લતા; લાંબી ને પથરાતી કે ઊંચે ચડતી
વેલડી સ્ત્રી૦ એક છોડ (?) (૨) વેલ (પ.)
વેલણ ન૦ રોટલી વગેરે વણવાનો દંડીકો. ૦ની સ્ત્રી૦ પાપડ (પુષ્ટિમાર્ગીય). -ણિયું વિ૦વેલણ જેવું (૨) ન૦નાનું વેલણ
વેલંતરો પું૦ એક ઝાડ
વેલા સ્ત્રી૦[સં.] જુઓ વેળા (૨) મર્યાદા (૩)સમુદ્રનો કિનારો (૪) વાણી. ૦વલિ(-લી) સ્ત્રી૦ સમુદ્રનો રેતાળ પટ
વેલાંટી સ્ત્રી૦ હ્રસ્વ ઇ કે દીર્ઘ ઈનાં ચિહ્નો (િ ી) કે તેના માથાનો ચંદ્રાકાર ભાગ [કડી(૩)અર્ધો રૂપિયો; વીલિયું
વેલિયું વિ૦ વેવલું; ઢંગ વગરનું (૨) ન૦ કાનમાં ઘાલવાની
વેલિયો પું૦ જુઓ વેલ્લો [વેલો
વેલી સ્ત્રી૦ વેલ; લતા. -લો પું૦ મોટી વેલ (૨) વંશનો
વેલુ(-ળુ) સ્ત્રી૦ રેતી
વેલ્લો પું૦ સ્ત્રીના કાનનું એક ઘરેણું
વેવ સ્ત્રી૦ એક વેલ; વેઉ
વેવલું વિ૦ ઢંગ વગરનું; ઢાધારંગું (૨) વાત બોલી નાખે તેવું; લપૂડું (૩) વિહ્વળ. -લાઈ સ્ત્રી૦ વેવલાપણું -લાં ન૦બ૦વ૦ ફાંફાં; વલખાં
વેવાઈ પું૦ પુત્ર કે પુત્રીનો સસરો. ૦વટ ન૦ વેવાઈપક્ષનું સગુંસંબંધી. -ણ સ્ત્રી૦ વેવાઈની સ્ત્રી
વેવાતું વિ૦ વિવાતું; વિવાહના કામમાં આનંદથી મચેલું
વેવિશાળ ન૦વિવાહ; સગપણ. -ળિયો પું૦વિવાહ ગોઠવનારો
વેશ(-ષ) પું૦ [સં.] પોશાક; પહેરવેશ (૨) રૂપ; સોંગ (૩) સોહાગણના ચિહ્નરૂપ શણગાર. ૦ધર પું૦ વેશ ધરનાર; નટ (૨) ઠગ; વેષધારી. ૦ધારી વિ૦ વેષ લેનાર (૨) ઢોંગી; લુચ્ચું (૩) પું૦ ઠગ; લુચ્ચો. -શાં(-ષાં)તર ન૦ બીજો વેશ; વેશબદલો; રૂપાંતર
વેશવાળ ન૦ વેવિશાળ
વેશ્મ ન૦ [સં.] ઘર; મહેલ [લત્તો
વેશ્યા સ્ત્રી૦ [સં.] ગણિકા; પાતર. ૦વાડ સ્ત્રી૦ વેશ્યાઓનો
વેષ, ૦ધર, ૦ધારી, -ષાંતર [સં.] જુઓ 'વેશ'માં
વેષ્ટન ન૦ [સં.] વીંટાળવું તે (૨) વીંટેલું તે; ઢાંકણ; બાંધણ
વેષ્ટિત વિ૦ [સં.] વીંટેલું; ઢાંકેલું
વેસણ ન૦ ચણાનો લોટ (૨) તેનું ખીરું
વેસર પું૦;ન૦ [સં.] ખચ્ચર
વેસર(-રી) સ્ત્રી૦ નથ; વાળી
વેહ પું૦ વીંધ; શાર (૨) નાકું (૩) દર
વેળ [વે] સ્ત્રી૦ તાણ; આંકડી(૨) ગડગૂમડ કે ઘાના દર્દને લીધે સાંધાના મૂળમાં બાઝતી ગાંઠ(૩)મનનો તરંગ;વણું
વેળ સ્ત્રી૦ વેળા; વખત (૨) વીળ; ભરતી
વેળા સ્ત્રી૦વેલા; સમય; વખત (૨) વિલંબ; વાર (૩) [લા.] ખાસ ટાણું; પ્રસંગ (૪) મુશ્કેલી કે આપદાનો પ્રસંગ
વેળિયું ન૦ એક ઘરેણું; વેલિયું
વેળુ સ્ત્રી૦ વેલુ; રેતી
વેળું ન૦ (કા.) વેળા (૨) ફુરસદ; નવરાશ
વેળોવેળ અ૦ બરાબર વેળાએ; તે જ વખતે (૨) વખતસર
વેંગણ(-ણું) ન૦ વંતાક; રીંગણું.-ણી સ્ત્રી૦ વંતાકનો છોડ
વેંઢલું, વેંઢારવું સ૦ક્રિ૦ જુઓ વીંઢારવું
વેંત સ્ત્રી૦ હથેળીના અંગૂઠાના ટેરવાથી તે ટચલી આંગળીના ટેરવા સુધીનું લાંબામાં લાંબું અંતર(૨) અ૦ક્રિયાના વ૦કૃ૦ ના રૂપને લાગતાં, 'તે ક્રિયા થવાની સાથેસાથ, તરતોતરત' એવો અર્થ બતાવે છે. ઉદા૦ જતાંવેંત. -તિયું વિ૦ વેંત જેવડું (૨) ન૦ પાતાળમાં હોતું મનાતું વેંતિયું માણસ
વૈકલ વિ૦ વાયલ; ઘેલું; મૂર્ખ
વૈકલ્પિક વિ૦ [સં.] વિકલ્પવાળું (૨) અનિશ્ચિત; શંકાસ્પદ
વૈકલ્ય ન૦ [સં.] વ્યાકુળતા; ગભરાટ (૨) વિકળતા; અંગહીનતા (૩) અપૂર્ણતા; ખામી
વૈકુંઠ ન૦ [સં.] વિષ્ણુનું ધામ. ૦ધામો પું૦ એક છંદ. ૦નાથ, ૦પતિ, ૦રાય પું૦(સં.)વિષ્ણુ. ૦વાસ પું૦ વૈકુંઠમાં વાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) મૃત્યુ. ૦વાસી વિ૦ વૈકુંઠમાં વસતું (૨) મરી ગયેલું
વૈખરી સ્ત્રી૦ [સં.] વાણીની ચોથી કોટી; સ્પષ્ટ ઉચ્ચારાયેલી વાણી (પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી) (૨) ધડધડાટ ધાણી ફૂટે તેમ બોલાતી વાણી (૩) વાણી
વૈખાનસ વિ૦ [સં.] વાનપ્રસ્થને લગતું (૨) પું૦ વાનપ્રસ્થ. ૦વ્રત ન૦ વાનપ્રસ્થને ઘટતું વ્રત (૨) વાનપ્રસ્થ્ય
વૈચિત્ર્ય ન૦ [સં.] વિચિત્રતા
વૈજયંત પું૦ [સં.] ઇંદ્રનો મહેલ (૨) ઇંદ્રની ધ્વજા (૩) ધ્વજ. -તિક પું૦ ધ્વજા પકડનારો. -તી સ્ત્રી૦ ધ્વજા (૨) કાળી તુલસી (૩) પાંચ રંગની ઘૂંટણ સુધી પહોંચે તેવી માળા (શ્રીકૃષ્ણની) (૪) માળા
વૈજ્ઞાનિક વિ૦ [સં.] વિજ્ઞાન સંબંધી (૨) પું૦ વિજ્ઞાનશાસ્ત્રી
વૈઠ પું૦ (ચ.) હાથપગની ચામડી ફાટવાથી પડતો ચીરો
વૈઢું ન૦ (ચ.) જુઓ વરડું
વૈણવ ન૦ [સં.] વાંસડો
વૈતનિક વિ૦ [સં.] વેતનથી કામ કરનારું (૨) પું૦ મજૂર
વૈતરણિ(-ણી) સ્ત્રી૦ [સં.] યમપુરીમાં જતાં આવતી કલ્પિત પૌરાણિક નદી
વૈતરું ન૦ થાક લાગે કે કંટાળો ઊપજે તેવું કામ (૨) વેઠ (૩) મહેનતાણું. -રો પું૦ વૈતરું કરનાર; મજૂર
વૈતાન વિ૦ [સં.] યજ્ઞનું; યજ્ઞ સંબંધી
વૈતાલ(-ળ) પું૦ જુઓ વેતાલ
વૈતાલિક પું૦ [સં.] સવારમાં સ્તુતિનાં ગાન કરી રાજાને ઉઠાડનાર; માગધ; ચારણ (૨) વેતાલ સાધ્યો હોય તેવો જાદુગર
વૈતાલી(-ળી)ય પું૦ [સં.] એક છંદ
વૈતાળ પું૦ જુઓ વેતાળ; વેતાલ
વૈતાળીય પું૦ જુઓ વૈતાલીય
વૈતૃષ્ણ્ય ન૦ [સં.] તૃષ્ણાનો અભાવ; તૃષ્ણારહિત હોવું તે
વૈદ(-દ્ય) પું૦ રોગ જાણી દવા કરનાર. ૦ક ન૦ રોગનાં નિદાન, ચિકિત્સા વગેરેનું શાસ્ત્ર. ૦કીય વિ૦ વૈદક સંબંધી ૦રાજ પું૦ વૈદ (માનાર્થે). -દણ સ્ત્રી૦ વૈદાણી
વૈદગ્ધ(-ગ્ધ્ય) ન૦ [સં.] વિદગ્ધતા; ચતુરતા
વૈદર્ભ પું૦ [સં.] (સં.) વિદર્ભ દેશનો રાજા; દમયંતીનો પિતા. -ર્ભી સ્ત્રી૦ (સં.) દમયંતી
વૈદવારું ન૦ ઔષધોપચાર કરવા તે
વૈદાણી સ્ત્રી૦ વૈદની કે વૈદું કરતી સ્ત્રી
વૈદિક વિ૦ [સં.] વેદોને લગતું (૨) વેદોમાં કહેલું (૩) વેદ જાણતું (૪) પું૦ વેદનો પંડિત
વૈદુષ્ય ન૦ [સં.] પંડિતાઈ
વૈદું ન૦ વૈદનો ધંધો
વૈદૂર્ય ન૦ [સં.] એક નીલ રંગનો મણિ
વૈદેહી સ્ત્રી૦ [સં.] (સં.) સીતા
વૈદ્ય, ૦ક, ૦કીય [સં.] જુઓ 'વૈદ'માં
વૈદ્યુત વિ૦ [સં.] વિદ્યુતને લગતું [કે બરોબર
વૈધ વિ૦ [સં.] ધારાધોરણ અનુસારનું (૨) વિધિ પ્રમાણે શુદ્ધ
વૈધરત ન૦ વૈધૃત; સત્તાવીસમો યોગ (જ્યોતિષમાં)
વૈધર્મ્ય ન૦ [સં.] ભિન્ન કે વિરુદ્ધ ધર્મવાળા હોવાપણું (૨) નાસ્તિકતા
વૈધવ્ય ન૦ [સં.] વિધવાપણું; રંડાપો
વૈધૃત ન૦, -તિ સ્ત્રી૦ [સં.] જુઓ વૈધરત
વૈનીતક ન૦ [સં.] પાલખી
વૈપરીત્ય ન૦ [સં.] વિપરીતતા
વૈપુલ્ય ન૦ [સં.] વિપુલતા
વૈભવ પું૦ [સં.] વિભવ. -વી વિ૦ વૈભવવાળું
વૈભોગ પું૦ [સં.] વૈભવ; સાહેબી; ઠાઠ
વૈમત્ય ન૦ [સં.] ભિન્ન મત થવો તે
વૈમનસ્ય ન૦ [સં.] વેર; દ્વેષ (૨) નિરુત્સાહ; ખિન્નતા
વૈમાન ન૦ + જુઓ વિમાન
વૈમાનિક વિ૦ (૨) પું૦ [સં.] જુઓ વિમાની
વૈમુખ્ય ન૦ [સં.] વિમુખતા
વૈયક્તિક વિ૦ [સં.] વ્યક્તિને લગતું કે તેને અંગેનું
વૈયાકરણ(-ણી) વિ૦ [સં.] વ્યાકરણ સંબંધી (૨) પું૦ વ્યાકરણશાસ્ત્રી
વૈર ન૦ [સં.] વેર. ૦ભાવ પું૦ વેરભાવ
વૈરલ્ય ન૦ [સં.] વિરલતા (૨) ખોટ; ઊણપ
વૈરાગ પું૦, -ગ્ય પું૦; ન૦ [સં.] સંસાર ઉપરની આસક્તિનો અભાવ; વિરક્તિ. -ગી વિ૦ વૈરાગ્યયુક્ત (૨) પું૦ બાવો; સાધુ
વૈરાટ વિ૦ [સં.] વિરાટ સંબંધી (૨) વિશાળ; વિસ્તૃત
વૈરી વિ૦ (૨) પું૦ [સં.] વેરી
વૈરૂપ્ય ન૦ [સં.] વિરૂપતા
વૈલક્ષણ્ય ન૦ [સં.] વિલક્ષણતા [વિકતા; કૃત્રિમતા
વૈલક્ષ્ય ન૦ [સં.] ગભરાટ; ગૂંચવણનો ભાવ (૨) અસ્વાભા-
વૈવર્ણ્ય ન૦ [સં.] વિવર્ણ થવું કે હોવું તે; ફીકાશ
વૈવર્ત ન૦ [સં.] ફેર; રૂપાન્તર
વૈવસ્વત પું૦ [સં.] જુઓ મનુ (૨) યમ
વૈવાહિક વિ૦ [સં.] વિવાહ સંબંધી
વૈવિધ્ય ન૦ [સં.] વિવિધતા [સંભળાવનાર
વૈશંપાયન પું૦ [સં.] જનમેજયને મહાભારતની કથા
વૈશાખ પું૦ [સં.] વિક્રમસંવતનો સાતમો મહિનો. -ખી વિ૦ વૈશાખ માસમાં આવતું કે થતું (૨) સ્ત્રી૦ એક માખ
વૈશાલ્ય ન૦ [સં.] વિશાળતા
વૈશિક પું૦ [સં.] વેશ્યા સાથે સંબંધ રાખનાર નાયક
વૈશિષ્ટ્ય ન૦ [સં.] વિશિષ્ટતા
વૈશેષિક વિ૦ [સં.] વૈશેષિક મતનું (૨) પું૦ વૈશેષિક મતનું અનુયાયી (૩) ન૦ વૈશેષિક દર્શન. ૦દર્શન ન૦ ૭ વૈદિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શનોમાંનું કણાદ મુનિએ પ્રવર્તાવેલું દર્શન

વૈશ્ય પું૰ [સં.] ચાર વર્ણોમાંનો ત્રીજો–ખેતી, ગોરક્ષા અને વેપાર કરનારો વર્ણ. **૦કર્મ** ન૰ વૈશ્યનું કર્મ કે ધંધો. **૦પ્રકોપ** પું૰ જુઓ વિટ્પ્રકોપ. **૦વૃત્તિ** સ્ત્રી૰ વૈશ્યનો ધંધો (૨) વૈશ્યનો સ્વભાવ; દરેક કામમાં પોતાને થતાં હાનિલાભ જોવાની વૃત્તિ. **–શ્યાણી** સ્ત્રી૰ વૈશ્ય સ્ત્રી

વૈશ્રવણ પું૰ [સં.] (સં.) કુબેર

વૈશ્વદેવ પું૰ [સં.] રોજ જમતા પહેલાં દેવોને અપાતો બલિ. **–વિયું** ન૰ વૈશ્વદેવ જેમાં કરવામાં આવે તે વેદી

વૈશ્વાનર પું૰ [સં.] જઠરાગ્નિ (૨) અગ્નિ (૩) પરમેશ્વર

વૈશ્વાસિક વિ૰ [સં.] વિશ્વાસુ; ભરોસાદાર

વૈષમ્ય ન૰ [સં.] વિષમતા

વૈષયિક વિ૰ [સં.] વિષય સંબંધી

વૈષ્ણવ વિ૰ [સં.] વિષ્ણુ સંબંધી (૨) વિષ્ણુની ઉપાસના કરનારું (૩) પું૰ તેવો માણસ. **–વી** વિ૰સ્ત્રી૰ (૨) સ્ત્રી૰ વૈષ્ણવ સ્ત્રી (૩) [સં.] લક્ષ્મી

વૈસ્વર્ય ન૰ [સં.] ઘાંટા કે સાદનું વિસ્વર થવું–બગડવું તે

વૈહાસિક પું૰ [સં.] મશ્કરો; ભાંડ

વોકળો પું૰ નાનો વહેળો; વાંકળો; નાળું

વોકાબ ન૰ એક પક્ષી

વોડકી સ્ત્રી૰, **–કું** ન૰ જુવાન ભેંસ અથવા ગાય; જોટડું

વોણ ન૰ સીમમાં પાણી ભરાઈ રહેલો લાંબો ખાડો

વોરંટ ન૰ [ઇં.] વારંટ; ધરપકડ કરવાનો સરકારી પરવાનો

વૉર્ડર પું૰ [ઇં.] કેદીઓનો મુકાદમ (જેલભાષા)

વોલા(–ળા)મણું વિ૰ વાંકું

વોસરાવવું સ૰ક્રિ૰ તજવું; છોડી દેવું

વોહ પું૰ જોરથી વહેતો પ્રવાહ

વોળામણ(–ણું) વિ૰ વાંકું (૨) ન૰ વાંક

વોળાવવું સ૰ક્રિ૰ વળાવવું; વિદાય કરવું

વોળાવિયો પું૰ વળાવનારો; ભોમિયો

વોંકળો પું૰ જુઓ વોકળો

વૌષટ્ અ૰ [સં.] પિતૃઓને બલિ આપતાં કરાતો ઉદ્ગાર. **૦કાર** પું૰ તેનો ઉચ્ચાર કે અવાજ

વ્યક્ત વિ૰ [સં.] સ્પષ્ટ; ખુલ્લું

વ્યક્તિ સ્ત્રી૰ [સં.] કોઈ પણ વર્ગમાંનું એક (૨) માણસ (૩) વ્યક્ત થવું તે. **૦ગત** વિ૰ વ્યક્તિને લગતું; અંગત; વૈયક્તિક. **૦તા** સ્ત્રી૰, **૦ત્વ** ન૰ વ્યક્તિનો વિશેષ ગુણ. **૦વાદ** પું૰ સામાજિક વિચારમાં વ્યક્તિ ને તેનું વ્યક્તિત્વ મુખ્ય છે એવો વાદ

વ્યગ્ર વિ૰ [સં.] વ્યાકુળ; અસ્થિર; ગભરાયેલું. **૦તા** સ્ત્રી૰

વ્યજન પું૰ [સં.] પંખો

વ્યતિકર પું૰ [સં.] મિશ્રણ (૨) સમુદાય (૩) સંબંધ

વ્યતિક્રમ પું૰ [સં.] ઉલ્લંઘન કરવું તે (૨) વિપર્યાસ (૩) બાધા; વિઘ્ન

વ્યતિરિક્ત વિ૰ [સં.] અતિરિક્ત; સિવાય; ભિન્ન

વ્યતિરેક પું૰ [સં.] અભાવ (૨) ભિન્નતા (૩) ઉત્તમતા; શ્રેષ્ઠતા (૪) એક અર્થાલંકાર, જેમાં ઉપમેયને ઉપમાન કરતાં શ્રેષ્ઠ બતાવવામાં આવ્યું હોય છે (કા. શા.) (૫) અમુક એક વસ્તુ ન હોય તો બીજી અમુક વસ્તુ પણ ન હોય એવો સંબંધ કે નિયમ (ન્યા.). **૦પદ્ધતિ** સ્ત્રી૰ કારણ ન હોય ત્યારે કાર્ય ન હોય એવા વ્યતિરેકના નિયમને આધારે બંધાયેલી કાર્યકારણ નક્કી કરવાની અન્વેષણ પદ્ધતિ; 'મેથડ ઑફ ડિફરન્સ' (ન્યા.). **૦વ્યાપ્તિ** સ્ત્રી૰ સાધ્યસાધનના વ્યતિરેક–સંબંધની વ્યાપ્તિ (ન્યા.)

વ્યતિ(–તી)હાર પું૰ [સં.] અદલોબદલો; વિનિમય

વ્યતીત વિ૰ [સં.] વીતી ગયેલું; પસાર થઈ ગયેલું

વ્યતીપાત પું૰ [સં.] જ્યોતિષમાં અશુભ મનાતો ૧૭મો યોગ (૨) ઉત્પાત કે ઉપદ્રવ. **–તિયું** વિ૰ ઉપદ્રવ કરનારું; તોફાની

વ્યતીહાર પું૰ [સં.] જુઓ વ્યતિહાર

વ્યત્યય, વ્યત્યાસ પું૰ [સં.] વ્યતિક્રમ

વ્યથા સ્ત્રી૰ [સં.] દુઃખ; પીડા. **–થિત** વિ૰ વ્યથા પામેલું

વ્યધિકરણ ન૰ [સં.] (ન્યા.) ભિન્ન અધિકરણમાં રહેલું તે (૨) ભિન્ન વિભક્તિમાં હોવું તે. **૦બહુવ્રીહિ** પું૰ વિશેષણ વિશેષ્યભાવના સંબંધ વિનાનાં પદોનો બહુવ્રીહિ સમાસ. ઉદા૰ ચક્રપાણિ

વ્યપોહ પું૰ [સં.] કાઢી મૂકવું તે

વ્યભિચાર પું૰ [સં.] પોતાના ગુણધર્મને વફાદાર ન રહેવું તે (૨) પરસ્ત્રીપુરુષનો આડો વ્યવહાર (૩) કર્તવ્યભ્રષ્ટતા (૪) નિયત સાહચર્ય ન હોવું તે (ન્યા.). **–રિણી** વિ૰સ્ત્રી૰ વ્યભિચારી (૨) સ્ત્રી૰ વ્યભિચારી સ્ત્રી. **–રી** વિ૰ વ્યભિચાર કરનારું (૨) વ્યભિચારદોષવાળું (૩) પું૰ વ્યભિચારી માણસ. **–રીભાવ** પું૰ જુઓ સંચારીભાવ

વ્યય પું૰ [સં.] ખરચ; વાપર. **–યી** વિ૰ વ્યયવાળું

વ્યર્થ વિ૰ [સં.] ફોગટ; મિથ્યા (૨) અ૰ નિરર્થક. **૦તા** સ્ત્રી૰

વ્યલીક વિ૰ [સં.] ખોટું; અસત્ય; બનાવટી (૨) અયોગ્ય; અકાર્ય

વ્યવચ્છેદ પું૰ [સં.] કાપી નાખવું તે (૨) જુદા પાડવું તે. **૦વિદ્યા** સ્ત્રી૰ શરીરપૃથક્કરણશાસ્ત્ર; 'ઍનૅટોમી'

વ્યવધાન ન૰ [સં.] આડ; પડદો (૨) વિઘ્ન; એકાગ્રતામાં ભંગ (૩) અવકાશ

વ્યવસાય પું૰ [સં.] કામકાજની ખટપટ; ઉદ્યોગ (૨) નિશ્ચય. **–યિની** વિ૰સ્ત્રી૰, **–યી** વિ૰ વ્યવસાયવાળું

વ્યવસ્થા સ્ત્રી૰ [સં.] બંદોબસ્ત; ગોઠવણ. **૦પક** પું૰ વ્યવસ્થા કરનાર. **–સ્થિત** વિ૰ વ્યવસ્થાયુક્ત; બરાબર ગોઠવેલું. **–સ્થિતિ** સ્ત્રી૰ વ્યવસ્થા (૨) નિયમન

વ્યવહરવું સ૰ક્રિ૰ વ્યવહાર કરવો; સંબોધવું

વ્યવહાર પું૰ [સં.] વ્યાપાર; કામકાજ; ધંધો (૨) વર્તન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) લોકરીતિ (૪) પરસ્પર આપવાલેવાનો સંબંધ. ૦કુશળ, ૦દક્ષ વિ૰ વ્યવહારની બાબતોમાં કુશળ. ૦ગણિત ન૰વ્યવહારમાં ખપ આવે તેવું ગણિત(૨)પાંતી; 'પ્રૅક્ટિસ' (ગ.) (૩) લેખાં (ગ.). ૦દૃષ્ટિ સ્ત્રી૰ વ્યવહારોપયોગી કે વ્યવહારની દૃષ્ટિ. ૦સિદ્ધ વિ૰ વ્યવહારમાં સફળ થઈ રૂઢ થયેલું; વહેવારુ. –રી વિ૰ વ્યવહારને લગતું. –રુ વિ૰ વહેવારુ; વ્યવહાર્ય. –ર્ય વિ૰ વહેવારમાં મુકાય કે ઉતારાય તેવું

વ્યવહિત વિ૰ [સં.] વચ્ચે પડદાવાળું; ઢંકાયેલું

વ્યષ્ટિ સ્ત્રી૰[સં.] સમષ્ટિનો પ્રત્યેક અંશ કે વ્યક્તિ

વ્યસન ન૰[સં.] ટેવ; લત (૨) માદક પદાર્થ લેવાની ટેવ (૩) દુઃખ (૪) આફત; જોખમ (૫) નાશ; ખુવારી. –ની વિ૰ વ્યસનવાળું

વ્યસ્ત વિ૰[સં.] વેરાયેલું (૨) ઊલટું (૩) વહેંચી નાખેલું; છૂટું પાડેલું. ૦વિધિ પું૰ 'મેથડ ઑફ ઇન્વર્ઝન' (ગ.)

વ્યંગ વિ૰ [સં.] એકાદ અંગ વિનાનું; અપંગ (૨) જુઓ વ્યંગ્ય. –ગાર્થ પું૰ જુઓ વ્યંગ્યાર્થ

વ્યંગ્ય વિ૰[સં.] આડકતરી રીતે સૂચિત(૨)કટાક્ષથી કહેલું (૩) ન૰ વક્રોક્તિ; કટાક્ષ. –ગ્યાર્થ પું૰ શબ્દની વ્યંજના વૃત્તિથી સૂચિત થતો અર્થ; વાચ્યાર્થ અને લક્ષ્યાર્થથી ભિન્ન એવો આડકતરી રીતે સૂચિત થતો ગૂઢ અર્થ

વ્યંજક વિ૰[સં.]સ્પષ્ટ કરનારું;બતાવનારું. –ન પું૰;ન૰ સ્વરની મદદ વિના જેનો ઉચ્ચાર ન થઈ શકે તે વર્ણ (૨) ડાઘ; નિશાની(૩) અવયવ;અંગ (૪) ગુહ્યાંગ (૫)શાક. –ના સ્ત્રી૰ વ્યંગ્યાર્થનો બોધ કરવાની શબ્દની શક્તિ (વ્યા.). –નાદિ વિ૰ શરૂમાં વ્યંજનવાળું. –નાંત વિ૰ છેડે વ્યંજનવાળું

વ્યંજિત વિ૰ [સં.] સૂચિત (૨) વ્યક્ત–સ્પષ્ટ કરાયેલું

વ્યંઢલ(–ળ) પું૰ [સં.] નપુંસક

વ્યાકરણ ન૰[સં.] ભાષાના શુદ્ધ પ્રયોગો, નિયમો વગેરેનું શાસ્ત્ર. ૦કાર પું૰ વ્યાકરણ રચનાર; વૈયાકરણ. ૦પદ્ધતિ સ્ત્રી૰ વ્યાકરણ દ્વારા ભાષાજ્ઞાન આપવાની પદ્ધતિ. ૦શુદ્ધ વિ૰ વ્યાકરણના દોષ વિનાનું. –ણી પું૰ વ્યાકરણશાસ્ત્રી

વ્યાકુલ(–ળ) વિ૰[સં.] ગાભરું;બાવરું;ગભરાયેલું.૦તા સ્ત્રી૰

વ્યાકૃત વિ૰ [સં.] પૃથક્કરણ કરી સમજાવેલું–સ્પષ્ટ કરેલું

વ્યાકોપ પું૰ [સં.] પ્રકોપ; વકરવું તે

વ્યાખ્યા સ્ત્રી૰ [સં.] વસ્તુનું પૂરતું અને આવશ્યક વર્ણન (૨) વિસ્તૃત કે સ્પષ્ટ અર્થ; ટીકા. ૦તા પું૰ વ્યાખ્યાન કરનાર. ૦ન ન૰ ભાષણ; કોઈ વિષયનું વિસ્તારથી પ્રતિપાદન.૦નપીઠ સ્ત્રી૰;ન૰જે આસનેથી વ્યાખ્યાન આપવાનું હોય તે. –ખ્યેય વિ૰ વ્યાખ્યા થઈ શકે એવું

વ્યાઘાત પું૰ [સં.] વિઘ્ન; પ્રતિબંધ (૨) વિરોધ

વ્યાઘ્ર પું૰[સં.] વાઘ. ૦ચર્મ,–ઘ્રાંબર ન૰ વાઘનું ચામડું

વ્યાજ ન૰ નાણાં વાપરવા બદલ મૂળ રકમ ઉપર આપવો પડતો વધારો (૨) [સં.] બહાનું; મિષ (૩) ઠગાઈ. ૦ખાઉ વિ૰મોટે વ્યાજે નાણાં ધીરનારું; વ્યાજ પર કમાઈ કરનારું. ૦ખાદ(–ધ)સ્ત્રી૰નાણાં નકામાં પડી રહેવાથી કે મુદત પહેલાં પરત થવાથી આવતી વ્યાજની ખોટ. ૦ખોર વિ૰ જુઓ વ્યાજખાઉ. ૦નિંદા સ્ત્રી૰ બીજા બહાના હેઠળ નિંદા કરવી તે; એક શબ્દાલંકાર (કા.શા.). ૦મુદ્દલ ન૰ વ્યાજ અને મુદ્દલનો ભેગો આંકડો; રાશ. ૦વટંતર ન૰ વ્યાજ ને વટાવ વગેરેની ઊપજ.૦વટું ન૰ વ્યાજ અને વટાવનો ધંધો. ૦વહી સ્ત્રી૰ વ્યાજ કાઢવાનો ચોપડો. ૦વેરો પું૰ વ્યાજની કમાઈથી જ ગુજરાન ચલાવનાર. ૦સ્તુતિ સ્ત્રી૰ દેખીતી સ્તુતિ મારફતે નિંદા કરવી અથવા દેખીતી નિંદા મારફત સ્તુતિ કરવી તે; એક શબ્દાલંકાર (કા.શા.). –જુ(૦કું) વિ૰ વ્યાજે ધીરેલું અથવા લીધેલું. –જુચિઠ્ઠી સ્ત્રી૰ વ્યાજ લેવાની શરતે ધીરેલી રકમનું લખત

વ્યાધ પું૰[સં.] પારધી

વ્યાધિ પું૰;સ્ત્રી૰ [સં.] રોગ; મરજ. ૦કારણ ન૰ વ્યાધિનું કારણ. ૦ગ્રસ્ત, ૦ત વિ૰, ૦તા વિ૰સ્ત્રી૰ વ્યાધિમાં સપડાયેલું; રોગી

વ્યાન પું૰[સં.] પંચપ્રાણમાંનો એક (જુઓ પંચપ્રાણ)

વ્યાપ પું૰ [સં.] વ્યાપ્તિ; વિસ્તાર; પસારો. ૦ક વિ૰ સર્વ ઠેકાણે વ્યાપી રહેનારું (૨) વિશાળ. ૦કતા સ્ત્રી૰, ૦ત્વ ન૰. ૦કપદ ન૰ 'જનરલ ટર્મ' (ગ.). ૦વું સ૰ક્રિ૰; અ૰ક્રિ કોઈ ચીજની અંદર ફેલાવું (૨) પ્રસરવું; ફેલાવું

વ્યાપાર પું૰ [સં.] પ્રાણી કે પદાર્થની ક્રિયા (૨) ઉદ્યોગ; ધંધો (૩) વેપાર

વ્યાપી વિ૰ [સં.] વ્યાપક

વ્યાપૃત વિ૰ [સં.] રોકાયેલું; મગ્ન. –તિ સ્ત્રી૰ વ્યાપૃત હોવું તે

વ્યાપ્ત વિ૰ [સં.] વ્યાપેલું. ૦માન વિ૰ વ્યાપ્ત; વ્યાપક

વ્યાપ્તિ સ્ત્રી૰ [સં.] વ્યાપવું તે (૨) નિત્યસાહચર્ય (ન્યા.) (૩) સાધન અને સાધ્યનો સાહચર્યનિયમ. ૦દોષ પું૰ ન્યાયની વ્યાપ્તિને અંગેનો દોષ. ૦ગ્રહ પું૰ વ્યાપ્તિ ગ્રહણ કરવી–નિશ્ચિત કરવી તે. ૦ગ્રહણ ન૰ જુઓ વ્યાપ્તિગ્રહ. ૦વ્યાપાર પું૰વ્યાપ્તિગ્રહણનો વ્યાપાર. –પ્ય વિ૰ વ્યાપવા યોગ્ય

વ્યામોહ પું૰ [સં.] મોહ; અજ્ઞાન; ભ્રાંતિ

વ્યાયામ પું૰[સં.] કસરત. ૦મંદિર ન૰, ૦શાળા સ્ત્રી૰ [કસરતશાળા

વ્યાયોગ પું૰ [સં.] એક પ્રકારનું એકાંકી નાટક

વ્યાલ(–ળ) પું૰ [સં.] સાપ (૨) ચિત્તો; વાઘ

વ્યાવર્તક વિ૰ [સં.] વ્યાવૃત્ત કરનારું; જુદું પાડનારું

વ્યાવહારિક વિ૰ [સં.] વહેવાર સંબંધી (૨) વહેવારુ

વ્યાવૃત્ત વિ૰ [સં.] પાછું ફરેલું કે ફેરવેલું (૨) અલગ કરેલું કે થયેલું (૩) નિષિદ્ધ (૪) આચ્છાદિત; ઘેરાયેલું (૫) પું૰

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગીતમાં એક અલંકાર. –ત્તિ સ્ત્રી૦ વ્યાવૃત્ત કરવું તે (૨) અભાવ

વ્યાસ પું૦ [સં.] મહાભારત અને પુરાણોના કર્તા ઋષિ (૨) પું૦ જાડાઈ; વિસ્તાર (૩) વર્તુળના મધ્યબિંદુમાંથી પસાર થઈ તેના પરીઘને બે બાજુ અડતી લીટી; 'ડાયેમીટર' (ગ.). ૦નંદન પું૦ (સં.) શુકદેવ. ૦પીઠ સ્ત્રી૦; ન૦ વક્તા કે કથાકારને ઊભા રહેવાનું કે બેસવાનું ઊંચું સ્થાન

વ્યાસંગ પું૦ [સં.] મહાવરો; અભ્યાસ (૨) આસક્તિ; ભક્તિ. –ગી વિ૦ વ્યાસંગવાળું

વ્યાસાર્ધ પું૦ [સં.] વ્યાસનું અર્ધ; 'સેમી–ડાયેમીટર' (ગ.)

વ્યાહત વિ૦ [સં.] પાછું ઠેલાયેલું; કુંઠિત થયેલું; નિષ્ફળ નીવડેલું

વ્યાહૃતિ સ્ત્રી૦ [સં.] કથન; ઉક્તિ (૨) ભૂ:, ભુવ:, સ્વ: એ ત્રણ પવિત્ર શબ્દ

વ્યાળ પું૦ જુઓ વ્યાલ

વ્યુત્ક્રમ પું૦ [સં.] ઊલટો ક્રમ (૨) ઉલ્લંઘન (૩) અવ્યવસ્થા

વ્યુત્ક્રાંત વિ૦ [સં.] ઉલ્લંઘેલું; ઓળંગાયેલું. –ત્તિ સ્ત્રી૦ બહાર નીકળવું–જતા રહેવું તે (૨) ઉલ્લંઘન (૩) મોટી ક્રાંતિ; ઊથલપાથલ

વ્યુત્થાન ન૦ [સં.] જોરથી ઊઠવું તે (૨) અભ્યુન્નતિ (૩) સમાધિમાંથી ઊઠવું તે

વ્યુત્પત્તિ સ્ત્રી૦ [સં.] શબ્દની મૂળ ઉત્પત્તિ [વ્યા.] (૨) વિદ્વત્તા; પ્રાવીણ્ય. ૦કાર પું૦ શબ્દની મૂળ ઉત્પત્તિ બતાવનાર. –ન્ન વિ૦ વિદ્વાન; પ્રવીણ (૨) સાધિત (શબ્દ) [વ્યા.]

વ્યુપહાસ પું૦ [સં.] ઉપહાસ; ઠેકડી. ૦ક વિ૦ ઉપહાસ કરનાર

વ્યૂહ પું૦ [સં.] સૈન્યની ગોઠવણી. ૦રચના સ્ત્રી૦ તેની રચના

વ્યોમ ન૦ [સં.] આકાશ. ૦ગંગા સ્ત્રી૦ આકાશગંગા. ૦ચર વિ૦ આકાશમાં ફરનારું (૨) ન૦ પંખી. ૦યાન ન૦ વિમાન

વ્રજ ન૦ [સં.] (સં.) વૃંદાવન (ગોકુળ પાસે) (૨) ગોવાળોનું ગામ (૩) પું૦ સમૂહ. ૦ભાષા સ્ત્રી૦ એક બોલી–વ્રજ દેશની ભાષા. ૦મંડળ ન૦ વ્રજ તેમ જ તેની આસપાસનો પ્રદેશ. ૦વનિતા સ્ત્રી૦ વ્રજની સ્ત્રી; ગોપી. ૦વાસી વિ૦ (૨) પું૦ વ્રજમાં રહેનાર. ૦વિહારી વિ૦ (૨) પું૦ વ્રજમાં વિહાર કરનાર (શ્રીકૃષ્ણ). –જાંગના સ્ત્રી૦ ગોપી

વ્રજવું અ૦ક્રિ૦ જવું

વ્રણ પું૦; ન૦ [સં.] ઘા; નારું

વ્રત ન૦ [સં.] નિયમપૂર્વક આચરવાનું પુણ્યકર્મ (૨) અમુક કરવા ન કરવાનો ધાર્મિક નિશ્ચય. ૦ચર્યા સ્ત્રી૦ વ્રત કરવું કે પાળવું તે. ૦ધારી વિ૦ વ્રત લેનારું. ૦ભંગ પું૦ વ્રતનો ભંગ; વ્રત તોડવું તે. ૦સ્થ વિ૦ વ્રત લીધું હોય તેવું. –તાળ(–ળુ) વિ૦ વ્રત કરવાની ટેવવાળું. –તિની વિ૦સ્ત્રી૦ વ્રતવાળી. –તી વિ૦ વ્રતવાળું

વ્રળકારો પું૦ (કા.) ઝબકારો; ચમકારો

વ્રાચડ વિ૦ અપભ્રંશનો એક પ્રકાર

વ્રાત પું૦ [સં.] સંઘ; સમૂહ. –ત્ય પું૦ જેને સંસ્કાર કરવામાં ન આવેલા હોય તેવું (૨) વર્ણસંકર

વ્રીડા સ્ત્રી૦ [સં.] લાજ; શરમ

વ્રીહિ પું૦ [સં.] ચોખા

વ્રેહ પું૦ (પ.) વિરહ

શ

શ પું૦ [સં.] ચાર ઊષ્માક્ષરો (શ, ષ, સ, હ)માંનો પ્રથમ

શઈ પું૦; ન૦ અનાજનું એક માપ

શક પું૦ [અ.] વહેમ; શંકા

શક [સં.] એક જાતના લોક (૨) સંવત (૩) શાલિવાહને ચલાવેલો સંવત (ઈ.સ. ૭૮થી). ૦કારી વિ૦ શક પ્રવર્તાવનારું; જેના સ્મરણમાં સંવત શરૂ થાય તેવું

શકટ ન૦ [સં.] ગાડું. ૦વ્યૂહ પું૦ શકટાકારે સૈન્યની રચના. –ટાસુર પું૦ (સં.) કંસે કૃષ્ણને મારવા મોકલેલો એક રાક્ષસ. –ટી સ્ત્રી૦ ગાલ્લી

શકતું ન૦ ફેલું; થૂથો

શકદાર વિ૦ [ફા.] જેના પર શક જતો હોય તેવું

શકન,–નિયાળ જુઓ 'શુકન'માં

શકમંદ વિ૦ [ફા.] સંશયગ્રસ્ત

શકરખોર(–રો) પું૦ એક પક્ષી (૨) મીઠી વાનીઓનો શોખીન

શક(–ક્ક)રટેટી સ્ત્રી૦ એક ફળ

શક(–ક્ક)રપારો પું૦ ઘઉંની એક મીઠી તળેલી વાની

શકરાબાજી સ્ત્રી૦ (શકરાબાજની સહાયથી) પક્ષી ઇ૦નો શિકાર

શક(–ક્ક)રિયું ન૦ એક કંદ

શકરી સ્ત્રી૦ શકરાબાજની માદા

શકરીમનિયા ન૦ એક પક્ષી

શકરો,૦બાજ પું૦ બાજપક્ષી

શકલ પું૦ [સં.] ભાગ; ખંડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકવર્તી વિ૰ [સં.] શક વર્તાવે તેવું; શકકારી

શકવું અ૰ક્રિ૰ શક્તિમાન થવું (૨) સંભવવું [મુખ્ય ક્રિને સહાયક રૂપે જ વપરાય છે] [છેડે શકારવાળું

શકાર પું૰ [સં.] શ અક્ષર કે તેનો ઉચ્ચાર. -રાંત વિ૰

શકાર પું૰ સકાર; બરકત; સાર

શકુન ન૰ [સં.] ભાવિ શુભાશુભસૂચક ચિહ્ન; શુકન (૨) પક્ષી

શકુનિ ન૰[સં.] પંખી(૨)ગીધ(૩)પું૰(સં.)દુર્યોધનનો મામો

શકુંત ન૰ [સં.] મોર (૨) શકુન; પક્ષી. ૦લા સ્ત્રી૰ (સં.) મેનકા અને વિશ્વામિત્રની પુત્રી; દુષ્યંતની પત્ની

શકે અ૰ જાણે કે (પ.)

શકોરું ન૰ બટેરું; માટીનું કોડિયું

શક્કર સ્ત્રી૰ [ફા.] સકર; ખાંડ. ૦ટેટી સ્ત્રી૰ જુઓ શકરટેટી. ૦પારો પું૰ જુઓ શકરપારો. -રિયું ન૰ શકરિયું

શક્કો પું૰ શિક્કો (૨) ચહેરો; સુંદર ભવ્ય ચહેરો (૩) ઘરેણાં વગેરેની ભભક. -ક્કાદાર વિ૰ ઘાટીલા સુંદર ચહેરાવાળું (૨) મોહક; ભભકાદાર

શક્ત વિ૰ [સં.] શક્તિમાન

શક્તિ સ્ત્રી૰ [સં.] સામર્થ્ય; બળ (૨) દેવી (૩) એક અસ્ત્ર. ૦પૂજક વિ૰ (૨) પું૰ દેવીનો ઉપાસક. ૦પૂજા સ્ત્રી૰ દેવીપૂજા. ૦મત્તા સ્ત્રી૰ શક્તિ હોવી તે; સામર્થ્ય. ૦માન, ૦સંપન્ન વિ૰ બળવાન; સમર્થ

શક્ય વિ૰[સં.]કરી શકાય તેવું. ૦તા સ્ત્રી૰ સંભવ; શક્ય હોવું તે. ૦ભેદ પું૰ (વ્યા.) ક્રિનો શક્યાર્થસૂચક ભેદ. -ક્યાર્થ પું૰ શક્યતા બતાવનાર ક્રિયાપદનું રૂપ (વ્યા.)

શક્ર પું૰ [સં.] ઇંદ્ર. -ક્રાણી સ્ત્રી૰ ઇંદ્રાણી; શચી

શખસ પું૰ માણસ

શખો પું૰ લખોટી (તેની રમતમાં બોલાય છે)

શગ સ્ત્રી૰ શંકુ આકારની વસ્તુ (૨) શંકુ આકારનો ઢગલો (૩) દીવાની જ્યોત (૪) જાનવરના આંચળ

શગડી સ્ત્રી૰ કોલસા બાળવાનું એક સાધન; સગડી

શચિ(-ચી) સ્ત્રી૰ [સં.] (સં.)ઇંદ્રાણી. ૦પતિ પું૰ ઇંદ્ર

શઠ વિ૰ [સં.] ધૂર્ત; લુચ્ચું (૨) પું૰ તેવો માણસ. ૦તા સ્ત્રી૰, ૦ત્વ ન૰

શણ ન૰[સં.] ભીંડીની જાતનો એક છોડ (૨) તેના રેસા

શણગ સ્ત્રી૰ + સુરંગ; સણંગ

શણગટ પું૰ સણગટ; ઘૂંઘટ; ઘૂમટો

શણગાર પું૰ શરીરને શોભાવનારાં વસ્ત્ર, આભૂષણ વગેરે. ૦વું સ૰ક્રિ૰ સુશોભિત કરવું; ઘરેણાં પહેરાવવાં

શણગો પું૰ અંકુર; ફણગો. -ગાવું સ૰ક્રિ૰ શણગો ફૂટવો

શણભીંડી સ્ત્રી૰ શણનો છોડ

શણવી પું૰ મહારાષ્ટ્રની એક જાત કે તેનો માણસ

શણવું સ૰ક્રિ૰ + સુણવું; સાંભળવું

શણિયું ન૰ શણનું કપડું

શત પું૰ [સં.] સો. ૦ક ન૰ સોનો સમુદાય (૨) સૈકું. ૦કોટિ વિ૰ સો કરોડ. ૦ક્રતુ પું૰ સો યજ્ઞ કરનાર (૨) [સં.] ઇંદ્ર. ૦ગુણ વિ૰ સો ગણું. ૦ઘ્ની સ્ત્રી૰ એક પ્રાચીન અસ્ત્ર. ૦તારકા સ્ત્રી૰ ૨૪મું નક્ષત્ર. ૦ધા અ૰ સો રીતે. ૦પદ-(-દી) વિ૰ સો પગવાળું (૨) ન૰ કાનખજૂરો. ૦ભિષા સ્ત્રી૰ જુઓ શતતારકા. ૦મુખ વિ૰ સો મુખવાળું (૨) સો રીતે થવું. ૦રૂપા સ્ત્રી૰ (સં.) બ્રહ્માની પુત્રી તેમ જ સ્ત્રી; મનુની માતા. ૦વર્ષી સ્ત્રી૰ સો વર્ષ પૂરાં થતાં કરાતો ઉત્સવ. ૦શઃ અ૰ સો વાર. ૦સાઈ સ્ત્રી૰ સો શ્લોકવાળો ગ્રંથ

શતભી સ્ત્રી૰ વહાણમાં ચડાવેલા માલની રસીદ

શતાબ્દિ સ્ત્રી૰ [સં.] સૈકું (૨) સો વર્ષનો ઉત્સવ

શતાવધાન ન૰ [સં.] એકીસાથે સો વાતો પર ધ્યાન આપવું કે સાંભળી યાદ રાખવી તે. -ની વિ૰ શતાવધાનવાળું

શતાવરી સ્ત્રી૰ [સં.] એક વનસ્પતિ

શતાંશ પું૰ [સં.] સોમો ભાગ

શત્રુ પું૰ [સં.] દુશ્મન. ૦ઘ્ન પું૰ (સં.) લક્ષ્મણનો ભાઈ. ૦તા સ્ત્રી૰, ૦ત્વ ન૰ શત્રુવટ, દુશ્મનાઈ. ૦પક્ષ પું૰ સામો પક્ષ; શત્રુનો પક્ષ. ૦વટ સ્ત્રી૰ દુશ્મનાવટ; વેર. -ત્રુંજય પું૰(સં.) એક પર્વત; કાઠિયાવાડમાં આવેલું જૈન તીર્થ

શનિ પું૰ [સં.] એ નામનો ગ્રહ (જુઓ ગ્રહ) (૨) શનિવાર (૩) નીલમ. ૦દૃષ્ટિ સ્ત્રી૰ [લા.] દ્વેષની નજર. ૦પ્રદોષ પું૰ શનિવારે આવતી સુદ તેરસે સંધ્યાકાળે કરાતી શિવપૂજા. ૦વાર પું૰ અઠવાડિયાનો સાતમો દિવસ. ૦વારું વિ૰ શનિવારે આવતું-શરૂ થતું. ૦(-નૈ)શ્ચર પું૰ શનિ (૨) ઝેરવેર; ઈર્ષ્યા (૩) ઝેરીલો આદમી

શનૈઃ અ૰ [સં.] ધીમે ધીમે. -નૈશ્ચર પું૰ જુઓ શનિશ્ચર

શપથ પું૰ [સં.] સોગંદ; કસમ

શફર પું૰ [સં.] એક જાતનું નાનું ચળકતું માછલું. -રી સ્ત્રી૰ નાની માછલી

શફા સ્ત્રી૰ આરોગ્ય

શબ(-વ) ન૰ મડદું. ૦ધાન ન૰ ઠાઠડી [મલમલનું કાપડ

શબનમ ન૰ [ફા.] ઝાકળ (૨) એવું પાતળું, ઝીણું ને મૃદુ

શબરી સ્ત્રી૰ [સં.] (સં.) રામની પરમભક્ત એક ભીલડી

શબ(-વ)લ વિ૰ [સં.] કાબરચીતરું. ૦તા સ્ત્રી૰, ૦ત્વ ન૰

શબ્દ પું૰ [સં.] અવાજ (૨) બોલ; વચન (૩) અર્થયુક્ત એક કે વધારે અક્ષરોનો સમુચ્ચય (વ્યા.). ૦કોશ(-ષ) પું૰ ભાષાના શબ્દોના સંગ્રહનો ગ્રંથ. ૦ચિત્ર ન૰ શબ્દો દ્વારા આપેલો ચિતાર-દોરેલું ચિત્ર. ૦ચિત્રણ ન૰ શબ્દ-ચિત્ર આપવું તે. ૦ચિત્રલિપિ સ્ત્રી૰ શબ્દનાં સૂચક ચિત્ર દ્વારા લખવાની લિપિ; 'હાયરૅગ્લિફિક'. ૦જાળ સ્ત્રી૰ જુઓ વાગ્જાળ. ૦નિર્દેશ પું૰ વસ્તુના લક્ષણમાં જ આવી જતા ધર્મો કહી બતાવવામાં આવતા હોય તેવો નિર્દેશ કે કથન (ન્યા.). ૦પ્રમાણ ન૰ શબ્દજ્ઞાનનું સાધન (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાબ્દિક પુરાવો. ૦પ્રયોગ પું૦ શબ્દનો પ્રયોગ–ઉપયોગ કે વાપર (૨) રૂઢિપ્રયોગ. ૦બ્રહ્મ ન૦ શબ્દરૂપી બ્રહ્મ; વેદ. ૦યોગી વિ૦ (વ્યા.) નામ સાથે સંબંધમાં વપરાતું; નામ-યોગી(અવ્યય). ૦રચના સ્ત્રી૦ શબ્દોની ગોઠવણી; બોલવા લખવાની શૈલી. ૦લક્ષી વિ૦ શબ્દરચના તરફ લક્ષવાળું; 'અર્થલક્ષી'થી ઊલટું. ૦લાલિત્ય ન૦ શબ્દોની લલિતતા –મધુર રચના કે યોજના. ૦લિપિ સ્ત્રી૦ શબ્દે શબ્દે (વર્ણે નહિ) જુદી સંજ્ઞાવાળી લિપિ; 'હાયરિટિક'. ૦લેખન ન૦ શ્રુતલેખન તરીકે શબ્દો લખાવવા તે. ૦વાદ પું૦ અર્થ નહિ પણ શબ્દને પકડીને વાદ કરવો તે. ૦વિચાર પું૦ વર્ણો વિષે વ્યાકરણની દૃષ્ટિએ વિચાર. ૦વેધી વિ૦ માત્ર શબ્દ–અવાજને આધારે ધાર્યું બાણ મારનારું. ૦શક્તિ સ્ત્રી૦ શબ્દની અર્થબોધક શક્તિ (અભિધા, લક્ષણા અને વ્યંજના). ૦શાસ્ત્ર ન૦ શબ્દનું શાસ્ત્ર; 'ઈટીમોલોજી'. ૦શુદ્ધિ સ્ત્રી૦ શબ્દની શુદ્ધિ; શબ્દનો શુદ્ધ પ્રયોગ. ૦શ્લેષ પું૦ શાબ્દિક શ્લેષ.–બ્દાડંબર પું૦ જેમાં અર્થ કે ભાવની ન્યૂનતા હોય તેવો ભારે ભારે શબ્દનો પ્રયોગ. –બ્દાતીત વિ૦ શબ્દથી ન વર્ણવી શકાય તેવું. –બ્દાનુશાસન ન૦ વ્યાકરણ. –બ્દાર્થ પું૦ શબ્દનો અર્થ (૨) શાબ્દિક અર્થ. –બ્દાલંકાર પું૦ શબ્દરચનાની ચમત્કૃતિવાળો અલંકાર (કા. શા.). –બ્દાલુતા સ્ત્રી૦ અર્થ થોડો પણ શબ્દોની ભરમાર હોવી તે; 'વર્બોસિટી'

શમ પું૦ [सं.] શાંતિ (૨) ક્ષમા (૩) ઇંદ્રિયો અને વાસનાઓનું શાંત થવું તે. ૦તા સ્ત્રી૦ શાંતિ (૨) ક્ષમા; ધીરજ. ૦ન ન૦ શાંત પાડી દેવું તે. ૦ન લાડુ પું૦ જુઓ સમનલાડુ. ૦પ્રધાન વિ૦ શમ જેમાં પ્રધાન છે તેવું. ૦મય વિ૦ શમથી ભરેલું; શાંત. ૦વવું સ૦ક્રિ૦ (પ.) શાંત કરવું; શમાવવું. –વું અ૦ક્રિ૦ શાંત પડવું; ટાઢું પડવું (૨) નાશ પામવું

શમશમવું અ૦ક્રિ૦ શમશમાકાર થઈ જવું (૨) શાંત થવું

શમશમાકાર વિ૦ હાલતુંચાલતું બંધ થયેલું; સંજ્ઞારહિત કાંઈ પણ અવાજ કે હિલચાલ વિનાનું; શાંત

શમશેર સ્ત્રી૦ [फा.] તરવાર. ૦બહાદુર વિ૦ તરવાર ચલાવવામાં બહાદુર (એક ખિતાબ)

શમળી સ્ત્રી૦ એક પક્ષી; સમડી

શમા સ્ત્રી૦ [अ.] મીણબત્તી (૨) [લા.] દીવો. ૦દાન ન૦ [फा.] મીણબત્તીની દીવી; 'વૉલ્સીટ'

શમિત વિ૦ [सं.] શાંત કરેલું કે થયેલું

શમિયાનો પું૦ તંબૂ; શામિયાનો

શમી સ્ત્રી૦ [सं.] એક ઝાડ; સમડો. ૦પૂજન સમડીના વૃક્ષનું પૂજન (દશરા પર થાય છે) [માની ખિતાબ)

શમ્સુલઉલમા પું૦[अ.] વિદ્વાનોમાં સૂર્ય જેવો(એક મુસલ-

શયતાન પું૦ [अ.] ઈશ્વર સામે બળવો કરનાર એક ફિરસ્તો (૨) બદમાશ; સેતાન. –નિયત સ્ત્રી૦ બદમાસી

શયદા વિ૦ [फा.] ઘેલું ગાંડું (૨) પ્રેમઘેલું

શયન ન૦ [सं.] સૂવું તે(૨)પથારી.૦ગૃહ ન૦ સૂવાનો ઓરડો. ૦ભોગ પું૦ ઠાકોરજીને શયન વેળા ધરાવાતો ભોગ

શયિત વિ૦ [सं.] સૂતેલું (૨) ઊંઘતું [સંગતતા

શય્યા સ્ત્રી૦[सं.]પથારી(૨)[કા.શા.]પદોનો પરસ્પર સુમેળ-

શર સ્ત્રી૦ [अ.] નિયમ; કાયદો

શર પું૦;ન૦ [सं.] બાણ (૨) પાંચની સંજ્ઞા

શરચ્ચંદ્ર પું૦ [सं.] શરદઋતુનો ચંદ્ર

શરટ ન૦ [सं.] કાચિંડો

શરણ ન૦[सं.] આશ્રય; રક્ષણ; ઓથ. –ણાગત વિ૦ શરણે આવેલું. –ણાર્થી વિ૦ શરણ ઇચ્છનારું. –ણું ન૦ શરણ; આશ્રય. –ણ્ય વિ૦(૨)ન૦શરણ દઈ શકે એવું; શરણદાતા

શરણાઈ સ્ત્રી૦ ફૂંકીને વગાડવાનું એક વાજું

શરત સ્ત્રી૦ હોડ; કરાર; બોલી. ૦બંદી(-ધી) સ્ત્રી૦ શરત કરવી તે. –તી વિ૦ [फा.] શરતને લગતું; શરતવાળું (૨) શરત કરી હોય તેવું

શરત્પૂર્ણિમા સ્ત્રી૦ [सं.] આશ્વિન પૂર્ણિમા; માણેકઠારી

શરદ સ્ત્રી૦ [सं.] આસોથી કાર્તિક માસ સુધી રહેતી ઋતુ (૨)[લા.]વર્ષ. ૦પૂનમ સ્ત્રી૦ શરત્પૂર્ણિમા. –દિં(–દેં)દુ પું૦ શરદઋતુનો ચંદ્ર

શરદી સ્ત્રી૦ ઠંડી; ભેજ (૨) સળેખમ

શરદુ(-દો)ત્સવ પું૦ [सं.] આશ્વિન પૂર્ણિમાનો ઉત્સવ

શરદેંદુ પું૦ [सं.] જુઓ શરદિંદુ

શરદોત્સવ પું૦ [सं.] જુઓ શરદુત્સવ

શરધરણી સ્ત્રી૦ કામઠી; ધનુષ; શરાસન

શરધિ પું૦ [सं.] બાણનો ભાથો

શરન્મેઘ પું૦ [सं.] શરદઋતુનું વાદળું

શરપંખો પું૦ એક વનસ્પતિ

શરપુંખ પું૦ [सं.] બાણનો પીંછાવાળો છેડો; બાણનું પીછું

શરપ્રભવ પું૦ [सं.] (સં.) શરભૂ; કાર્તિકેય

શરબત પું૦; ન૦ [अ.] ફળના રસનું બનાવેલું પીણું. –તી વિ૦ આછા રંગનું (૨) સ્ત્રી૦ એક જાતનું બારીક કાપડ

શરભ પું૦ [सं.] હાથીનું બચ્ચું (૨) આઠ પગવાળું બળવાન કાલ્પનિક પ્રાણી

શરભૂ પું૦ [सं.] (સં.) કાર્તિકેય (૨) પું૦ સાપ

શરમ સ્ત્રી૦ લજ્જા (૨) પ્રતિષ્ઠા; ઇજ્જત (૩) લયાનત. –માવવું સ૦ક્રિ૦ 'શરમાવું'નું પ્રેરક (૨) શરમ–માન રાખી સમજે –માને એમ કરવું. –માવું અ૦ક્રિ૦ શરમ આવવી (૨) ઝંખવાણું પડવું. –માળ વિ૦ શરમવાળું. –મિંદગી સ્ત્રી૦ [फा.] શરમ. –મિંદું વિ૦ શરમથી ઝંખવાણું પડી ગયેલું

શરમો પું૦ શેરડીનો કકડો

શરયુ(-યૂ) સ્ત્રી૦ [सं.] જુઓ સરયુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરવું વિ૦ સરવું; તીક્ષ્ણ કાનનું (૨) સ્વાદિષ્ટ
શરવૃષ્ટિ સ્ત્રી૦ [सं.] બાણનો વરસાદ
શરસડો પું૦ જુઓ શિરીષ
શરસંધાન ન૦ [सं.] બાણ તાકવું તે [વદના દિવસો
શરાધ ન૦ શ્રાદ્ધ. –દિ(–ધ્ધિ)યાં ન૦બ૦વ૦શ્રાદ્ધપક્ષ;ભાદરવા
શરાપ પું૦ શાપ; બદદુવા (પ., ગ્રામ્ય)
શરાફ પું૦ નાણાવટી; શરાફ. –ફી વિ૦ શરાફને લગતું (૨) ચોક્કસ (૩) સ્ત્રી૦ નાણાવટું
શરાફત સ્ત્રી૦ [अ.] માણસાઈ; લાયકી
શરાબ પું૦ [अ.] દારૂ. ૦ખાનું, ૦ઘર ન૦ દારૂનું પીઠું. ૦ખોર વિ૦ દારૂનું વ્યસની. ૦ખોરી સ્ત્રી૦ દારૂની લત. ૦દાર વિ૦ દારૂ રાખનાર; દારૂવાળો. ૦બાજ વિ૦ શરાબખોર. ૦બાજી સ્ત્રી૦ શરાબનું વ્યસન; શરાબખોરી. –બી વિ૦ દારૂ પીનાર (૨) સ્ત્રી૦ નશો; મસ્તી
શરારત સ્ત્રી૦ [अ.] દુષ્ટતા
શરાવ [सं.], ૦લું ન૦ શકોરું; ચપણિયું
શરાસન ન૦ [सं.] ધનુષ્ય
શરિયત સ્ત્રી૦ [अ.] ધાર્મિક નિયમો (કુરાનમાંના)
શરીક વિ૦ [अ.] ભાગીદાર; સાથી; સામેલ
શરીગત વિ૦ ભાગ રાખનાર (૨) સહાયક; સાથી (૩) બેલી
શરીફ વિ૦ [अ.] ઊંચા કુળનું (૨) પ્રતિષ્ઠિત; આબરૂદાર(૩) પું૦ મોટા શહેરનો સરકારનિયુક્ત એક નાગરિક અધિકારી. –ફાના સ્ત્રી૦ મોટાઈને છાજે તેવું કૃત્ય
શરીર ન૦ [सं.] દેહ. ૦ધારી વિ૦ શરીરી. ૦યાત્રા સ્ત્રી૦ શરીરનો નિર્વાહ (૨) શરીરનો વ્યાપાર. ૦રચના સ્ત્રી૦ શરીરની રચના. ૦વિદ્યા સ્ત્રી૦, ૦શાસ્ત્ર ન૦ શરીરની રચના વગેરેનું વિજ્ઞાન; શારીરવિદ્યા. ૦સંપત્તિ સ્ત્રી૦ આરોગ્ય; શારીરિક શક્તિ. ૦સંબંધ પું૦ શરીર સાથેનો સંબંધ. –રી વિ૦ શરીરવાળું (૨) પું૦ આત્મા
શરુ ન૦ એક જાતનું ઝાડ; સરુ
શરૂ વિ૦ આરંભાયેલું; ચાલુ. ૦આત સ્ત્રી૦ આરંભ; પહેલ
શરેહ પું૦ મુસલમાની કાયદો
શર્કરા સ્ત્રી૦ [सं.] સાકર; ખાંડ
શર્મ ન૦ [सं.] આનંદ; શાંતિ. –ર્મા પું૦ નામને અંતે માનદ ઉપસર્ગ (ઉદા૦ વિષ્ણુશર્મા), કે એક અટક
શર્મિષ્ઠા સ્ત્રી૦ (સં.) યયાતિની બીજી રાણી; પુરુની મા
શર્વ પું૦ [सं.] (સં.) શિવ
શર્વરી સ્ત્રી૦ [सं.] રાત્રી. ૦પતિ, ૦શ પું૦ ચંદ્ર
શર્વાણી સ્ત્રી૦ [सं.] (સં.) પાર્વતી
શલભ ન૦ [सं.] તીડ
શલાકા સ્ત્રી૦ [सं.] સળી (૨) પીંછી
શલ્ય ન૦ [सं.] તીર (૨) કાંટો (૩) પું૦ (સં.) માદ્રીનો ભાઈ
શલ્યા સ્ત્રી૦ શિલા; પથ્થરની છાટ

શલ્લકી સ્ત્રી૦ [सं.] એક જાતનું ઝાડ (એની ડાળી હાથીને બહુ ભાવે છે)
શવ, ૦યાન [सं.] જુઓ 'શબ'માં
શવર પું૦ [सं.] પહાડી કે જંગલી માણસ
શવલ વિ૦ [सं.] જુઓ શબલ
શવ્વાલ પું૦ [अ.] હિજરી સનનો દસમો મહિનો
શશ, ૦ક પું૦; ન૦ [सं.] સસલું. ૦ધર પું૦ ચંદ્ર. ૦વિષાણ ન૦ સસલાનું શિંગડું (અસંભવિત વસ્તુ). –શાંક પું૦ ચંદ્ર. –શિકલા(–ળા) સ્ત્રી૦ ચંદ્રની કળા. –શિકાંત પું૦ જુઓ ચંદ્રકાંત. –શિયર પું૦ ચંદ્ર. –શિલેખા સ્ત્રી૦ શશિકળા. –શિવદની વિ૦ સ્ત્રી૦ ચંદ્ર જેવા મુખવાળી. –શિશેખર પું૦ શિવ. –શી પું૦ ચંદ્ર(૨) એકની સંજ્ઞા. –શો પું૦ શશ; સસલો
શશ્શુ ન૦, –શ્શો પું૦ શકાર
શષ્પ(– સ્પ) ન૦ [सं.] નાનું–કુમળું ઘાસ
શસ્ત્ર ન૦ [सं.] (મારવાનું)હથિયાર. ૦ધારી વિ૦ શસ્ત્ર ધારણ કરનારું(૨)પું૦યોદ્ધો. ૦પ્રયોગ પું૦ વાઢકાપ; 'ઑપરેશન'. ૦યુદ્ધ ન૦ શસ્ત્રાસ્ત્રથી–હિંસક યુદ્ધ. ૦યુદ્ધનિષેધક પું૦ 'વૉર-રેઝિસ્ટર'. ૦વિદ્યા સ્ત્રી૦ શસ્ત્ર વાપરવાની વિદ્યા. ૦વૈદું ન૦ વાઢકાપનું વૈદું. ૦વૈદ્ય પું૦ વાઢકાપ કરનાર વૈદ્ય. ૦સેવી વિ૦ શસ્ત્રથી સજ્જ રહેનાર. –સ્ત્રાગાર ન૦ શસ્ત્રો રાખવાનું મકાન. –સ્ત્રાસ્ત્ર ન૦બ૦વ૦ શસ્ત્ર અને અસ્ત્ર; મારવાનાં તેમ જ ફેંકવાનાં હથિયાર
શસ્પ ન૦ [सं.] જુઓ શષ્પ
શસ્ય ન૦ [सं.] અનાજ
શહ સ્ત્રી૦ [फ़ा.] શેહ; સામર્થ્ય
શહાદત સ્ત્રી૦ [अ.] શાહેદી; સાક્ષી (૨) શહીદ થવું તે
શહાળી સ્ત્રી૦ એક ફૂલઝાડ [સ્ત્રી૦ શહીદપણું
શહીદ વિ૦(૨)પું૦[अ.] ધર્મયુદ્ધમાં પ્રાણ આપનાર. –દી
શહૂર ન૦ હોશ; આવડત [શહેનશાહ સંબંધી
શહેનશાહ પું૦ [फ़ा.] રાજાઓનો રાજા; સમ્રાટ. –હી વિ૦
શહેર ન૦ નગર; મોટું ગામ. ૦પનાહ પું૦ કોટ; કિલ્લો. –રી વિ૦ શહેરનું કે તે સંબંધી (૨) પું૦ શહેરમાં વસનાર
શહેવત સ્ત્રી૦ વિષયસુખની ઇચ્છા; હવસ
શળ પું૦ ગડીથી પડેલો આંકો; સળ (૨) સોળ (૩) શિલા
શળી સ્ત્રી૦ સળી (૨) પા રૂપિયાનો વેપારી સંકેત (૩) હજામની પથરી
શઃ અ૦ [सं.] શબ્દને લાગતાં 'તે ક્રમે–હિસાબે' એવો ભાવ બતાવે છે. ઉદા૦ ખંડશઃ; શબ્દશઃ
શંકર પું૦[सं.](સં.)શિવ. –રાચાર્ય પું૦(સં.) કેવલાદ્વૈતના પ્રવર્તક આચાર્ય કે તેમણે સ્થાપેલ પીઠનો અધિપતિ
શંકરા, ૦ભરણ [सं.], –રો પું૦ એક રાગ
શંકવું અ૦ક્રિ૦ શંકા આણવી; શંકાવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકા સ્ત્રી૦ [સં.] શક; સંદેહ (૨) કલ્પિત ભય (૩) ઝાડા પેશાબની હાજત. ૦કાર પું૦ શંકા કરનાર. ૦વું અ૦ ક્રિ૦ સંદેહમાં પડવું; વહેમાવું (૨) સંકોચાવું; શરમાવું (૩) હાજત થવી. ૦શીલ વિ૦ વહેમી. ૦સ્પદ વિ૦ જેને વિષે શંકા હોય તેવું. –કિત વિ૦ શંકાવાળું

શંકુ ન૦ [સં.] ગોળ બેઠકની, ઉપર જતાં અણિયાળી થતી જતી ઘન આકૃતિ (૨) હજાર અબજ (૩) સૂર્યયંત્ર (૪) સોયની અણી (૫) ટોચ; શિખર. ૦ચ્છેદ પું૦ શંકુને છેદતાં થતી આકૃતિ; 'કોનિક સેક્શન' (ગ.). ૦દંતી વિ૦ શંકુ જેવા દાંતવાળું (૨) સ્ત્રી૦ એક માછલી

શંખ પું૦ [સં.] એક જાતના દરિયાઈ પ્રાણીનું કોટલું, જેને ફૂંકવાથી અવાજ થાય છે (૨) આંગળી ઉપરનું તેવા આકારનું ચિહ્ન (૩) [લા.] મૂર્ખ; ઠોઠ આદમી. ૦જીરું ન૦ એક ઔષધિ. ૦ણી સ્ત્રી૦ કર્કશા; કંકાસિયણ સ્ત્રી. ૦ધારી પું૦ એક છંદ. ૦ભારથી પું૦ મૂર્ખશિરોમણિ. ૦લી સ્ત્રી૦ નાનો શંખલો. ૦લો પું૦ નાનો શંખ. ૦વેલ સ્ત્રી૦ એક વેલ. –ખાવળી સ્ત્રી૦ એક વનસ્પતિ. –ખિની સ્ત્રી૦ કામશાસ્ત્ર પ્રમાણેના ચાર વર્ગોમાંના એક વર્ગની સ્ત્રી (પદ્મિની, ચિત્રિણી, હસ્તિની અને શંખિની)

શંડલી સ્ત્રી૦ સાડી [૦ત્વ ન૦

શંઢ પું૦ [સં.] ષંઢ; નપુંસક (૨) કંચુકી. ૦તા સ્ત્રી૦,

શંબર પું૦ [સં.] (સં.) એક રાક્ષસ, જેને પ્રદ્યુમ્ને હણ્યો હતો

શંભુ પું૦ [સં.] (સં.) શિવ

શંભુમેળો પું૦ જુદી જુદી જાતો કે વસ્તુઓનો અવ્યવસ્થિત સમૂહ; ખીચડો (૨) અઢારે વર્ણનું સેળભેળ થવું તે

શંસિત વિ૦ [સં.] પ્રશંસિત (૨) કહેવાયેલું

શાઈ વિ૦ નામને અંતે લાગતાં 'તેને લગતું, તે રીતનું, તેના જેવું' એવો અર્થ સૂચવે છે. ઉદા૦ વાણિયાશાઈ

શાક ન૦ [સં.] ખાઈ શકાય તેવાં કંદ, ફળ, ભાજી (૨) શક; સંવત. ૦પાંદડું ન૦ શાકભાજી. ૦પીઠ સ્ત્રી૦ શાકબજાર. ૦બજાર સ્ત્રી૦ શાકનું બજાર. ૦ભાજી સ્ત્રી૦ શાક ને ભાજી

શાકટ પું૦ [સં.] બળદ

શાકણ(–ણી) સ્ત્રી૦ જુઓ શાકિની (૨) પિશાચી; ચુડેલ

શાકંભરી સ્ત્રી૦ [સં.] (સં.) દુર્ગા

શાકાહાર પું૦ [સં.] વનસ્પતિનો જ આહાર; અન્નાહાર. –રી વિ૦ (૨) પું૦ અન્નાહારી; 'વેજીટેરિયન'

શાકિની સ્ત્રી૦ [સં.] દુર્ગાના ગણમાંની એક પિશાચી કે દેવી

શાકે અ૦ શક સંવત પ્રમાણે [પું૦ તેવો માણસ

શાક્ત વિ૦ [સં.] શક્તિ સંબંધી (૨) શક્તિનું પૂજક (૩)

શાક્ય,૦નંદન,૦મુનિ,૦સિંહ પું૦[સં.] (સં.) ગૌતમબુદ્ધ

શાખ સ્ત્રી૦ અટક (૨) આબરૂ; વટ (૩) સાક્ષી

શાખા સ્ત્રી૦ [સં.] ડાળી (૨) વિભાગ (૩) જુદાં જુદાં ગોત્રો કે મંડળોમાં પ્રચલિત વેદની સંહિતાનો પાઠ કે ક્રમનો ભેદ. ૦મૃગ પું૦ વાંદરો [મદદગાર

શાગરીત(–દ),શાગિર્દ [ફા.] પું૦ શિષ્ય; ચેલો (૨) સહાયક;

શાઠ્ય ન૦ [સં.] શઠતા [માસાનું વજન

શાણ પું૦ [સં.] કસોટીનો પથરો (૨) ન૦ પા તોલો; ચાર

શાણકું ન૦ શકોરું (૨) ભીખ માગવાનું પાત્ર [ચતુરાઈ

શાણું વિ૦ ચતુર; ડાહ્યું. –ણપ સ્ત્રી૦, –ણપણ ન૦ ડહાપણ;

શાતન ન૦ [સં.] નિકંદન; નાશ; અવનતિ

શાતા સ્ત્રી૦ શાંતિ; ટાઢક; નિરાંત

શાદી સ્ત્રી૦ [ફા.] વિવાહ

શાદ્વલ વિ૦ [સં.] ઘાસવાળું; લીલું (૨) ન૦ તેવું મેદાન

શાન સ્ત્રી૦ [અ.] ભભકો (૨) દેખાવ; છટા; ઠબછબ. ૦દાર વિ૦ છટાદાર; ઘાટીલું (૨) જાજરમાન. ૦સોગાત સ્ત્રી૦ છેલાઈ (૨) દમ; માલ (૩) બાહોશી

શાપ પું૦ [સં.] બદદુવા. ૦વું સ૦ક્રિ૦ શાપ દેવો. –પાગ્નિ પું૦ શાપરૂપી અગ્નિ. –પિણી વિ૦ સ્ત્રી૦ શાપ પામેલી. –પિત વિ૦ શાપ પામેલું

શાબાન પું૦ હિજરી સનનો આઠમો મહિનો [તારીફ

શાબાશ અ૦[ફા.] સાબાશ; ધન્ય! વાહ!–શી સ્ત્રી૦ ધન્યવાદ;

શાબ્દ વિ૦ [સં.] શબ્દ સંબંધી (૨) મૌખિક. ૦જ્ઞાન ન૦ પ્રમાણભૂત માણસના કે શાસ્ત્રના કથનથી થતું જ્ઞાન. –બ્દિક વિ૦ શબ્દનું,–ને લગતું (૨) મૌખિક [શાન્ત થવું

શામક વિ૦ [સં.] શમાવે એવું; શાન્તિકારક. –વું અ૦ક્રિ૦

શામળ,–ળિયો,–ળો પું૦ (સં.) શ્રીકૃષ્ણ. –ળું વિ૦ કાળું

શામા સ્ત્રી૦ એક પક્ષી

શામિયાનો પું૦ [ફા.] જુઓ શમિયાનો

શામિલ વિ૦ [અ.] સામેલ; ભળેલું; જોડાયેલું. ૦ગીરી સ્ત્રી૦ શામિલ હોવાપણું

શાયક વિ૦ ઇચ્છાવાળો; શોખીન

શાય(–હે)ર પું૦ કવિ; વિદ્વાન. –રી સ્ત્રી૦ શાયરપણું (૨) કાવ્યકળા; કવિતા [અર્થમાં. ઉદા૦ શેષશાયી

શાયી વિ૦ [સં.] (સમાસને અંતે) 'સૂનાર, પોઢનાર' એવા

શાર પું૦ કાણું; છિદ્ર. ૦ડી સ્ત્રી૦ શાર પાડવાનું અણીદાર ઓજાર. ૦ડો પું૦ મોટી શારડી (૨) કૂવામાં વધારે પાણી લાવવા શાર પાડવો કે નળ જમીનમાં ઉતારી કૂવો બનાવવો તે; 'બોરિંગ'

શારદ(–દીય) વિ૦ [સં.] શરદઋતુનું,–ને લગતું

શારદા સ્ત્રી૦ [સં.] (સં.) સરસ્વતી. ૦પીઠ સ્ત્રી૦ વિદ્યાપીઠ

શારવું સ૦ક્રિ૦ શાર પાડવો (૨) [લા.] મહેણાંથી બાળવું

શારંગ ન૦ સારંગ; શાર્ઙ્ગ.૦ધર,૦પાણિ પું૦ (સં.) વિષ્ણુ

શારિ પું૦ [સં.] પાસો કે શેતરંજનું મહોરું

શારીર વિ૦ [સં.] શરીર સંબંધી (૨) પું૦ દેહી; જીવાત્મા (૩) ન૦ શારીર–વિદ્યા. ૦ક વિ૦ શરીર સંબંધી (૨) શરીરી (૩)ન૦ (સં.) શંકરાચાર્યનું બ્રહ્મસૂત્ર ઉપરનું ભાષ્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦વિદ્યા સ્ત્રી૦, ૦શાસ્ત્ર ન૦ શરીરનાં અંગોનાં કાર્ય તથા ધર્મો વિષેનું શાસ્ત્ર; 'ફિઝિયોલોજી'. ૦શાસ્ત્રી પું૦ શરીરશાસ્ત્રી. –રિક વિ૦ શરીર સંબંધી

શાર્દૂલ પું૦ [સં.] વાઘ. ૦વિક્રીડિત પું૦ એક છંદ

શાલ સ્ત્રી૦[फा.] ઊનનું ભરેલી કિનારનું ઓઢવાનું કીમતી વસ્ત્ર

શાલ પું૦[સં.] સાગનું ઝાડ. ૦ભંજિકા સ્ત્રી૦ પૂતળી; બાવલું (૨) વેશ્યા

શાલા(–ળા) સ્ત્રી૦ [સં.] મકાન;ઘર(૨)પાઠશાળા;નિશાળ(૩) સમાન નીતિરીતિ,વિચાર વગેરે વાળો સમૂહ;સંપ્રદાય;'સ્કૂલ'

શાલિ સ્ત્રી૦ [સં.] ડાંગર; શાળ [લીસો ગોળ પથ્થર

શાલિગ્રામ પું૦ [સં.] વિષ્ણુના પ્રતીક તરીકે પૂજાતો કાળો

શાલિની પું૦ [સં.] એક છંદ (૨) સ્ત્રી૦ ગૃહિણી (૩) જુઓ 'શાલી'માં

શાલિવાહન પું૦ [સં.] (સં.) શક જાતિનો એક પ્રસિદ્ધ રાજા, જેનાથી શકસંવત ગણાય છે

શાલિહોત્ર પું૦ [સં.] ઘોડો (૨) ઘોડા વગેરે જાનવરોનું વૈદું. –ત્રી પું૦ અશ્વવૈદ્ય; જાનવરોનો વૈદ્ય; સાલોત્રી

શાલી(–ળી) વિ૦ [સં.] નામને અંતે લાગતાં, 'વાળુ'', અર્થ બતાવે છે. પ્રભાવશાલી(–ળી). **–લિની** વિ૦સ્ત્રી૦

શાલીન સ્ત્રી૦ [સં.] શાલાને લગતું (૨) વિનીત;નમ્ર;ખાનદાન (૩) લજ્જાળુ (૪) સમાન; સદૃશ. ૦તા સ્ત્રી૦

શાલો(–ળો)પયોગી વિ૦ [સં.] વિદ્યાર્થીઓને ઉપયોગી

શાલ્મલિ પું૦; ન૦ [સં.] સમડીનું ઝાડ

શાવ,૦ક પું; ન૦ [સં.] બાળ; બચ્ચું

શાશ્વત વિ૦ [સં.] નિત્ય. ૦તા સ્ત્રી૦

શાસક પું૦ [સં.] શિક્ષા કરનાર (૨) રાજા; હાકેમ

શાસન ન૦ [સં.] શિક્ષા (૨) અમલ; રાજ્ય (૩) આજ્ઞા (૪) ઉપદેશ. ૦કાર પું૦ શાસન કરનાર. ૦તંત્ર ન૦ રાજ્યતંત્ર. ૦પત્ર ન૦ રાજાએ કરેલી બક્ષિસ કે આજ્ઞાનો તામ્રપટ કે લેખ. ૦પદ્ધતિ સ્ત્રી૦ રાજ્ય ચલાવવાની પદ્ધતિ

શાસિત વિ૦ [સં.] શાસન પામેલું

શાસ્તા પું૦ [સં.] શાસન કરનાર; રાજા (૨) શિક્ષક

શાસ્ત્ર ન૦ [સં.] ધર્મગ્રંથ .(૨) કોઈ પણ વિષયનું તાત્ત્વિક તેમ જ વ્યવસ્થિત જ્ઞાન. ૦કાર પું૦ શાસ્ત્ર રચનાર. ૦જ્ઞ વિ૦ (૨) પું૦ શાસ્ત્ર જાણનાર. ૦તા સ્ત્રી૦ શાસ્ત્રપણું; શાસ્ત્રીયતા. ૦દૃષ્ટિ સ્ત્રી૦ શાસ્ત્રશુદ્ધ દૃષ્ટિ. ૦પ્રામાણ્ય ન૦ શાસ્ત્રોનું પ્રમાણપણું. ૦વિધિ પું; સ્ત્રી૦ શાસ્ત્રનો વિધ. ૦વિરુદ્ધ વિ૦ શાસ્ત્રથી વિરુદ્ધ;અશાસ્ત્રીય. ૦વિશારદ પું૦ શાસ્ત્રજ્ઞ.૦શુદ્ધ વિ૦શાસ્ત્રના નિયમોને અનુસરતું.–સ્ત્રાર્થ પું૦શાસ્ત્રવિષયક ચર્ચા (૨) શાસ્ત્રના અર્થની ચર્ચા. –સ્ત્રી પું૦ શાસ્ત્ર જાણનાર. –સ્ત્રીય વિ૦ શાસ્ત્ર સંબંધી; શાસ્ત્રનું (૨) શાસ્ત્રશુદ્ધ. –સ્ત્રીયતા સ્ત્રી૦ શાસ્ત્રશુદ્ધ હોવું તે. –સ્ત્રોક્ત વિ૦ શાસ્ત્રમાં કહેલું

શાહ પું૦ [फा.] મુસલમાન રાજા; બાદશાહ (૨) શરાફ (૩) પ્રમાણિક–વટવાળો પુરુષ (૪) ચોર (કટાક્ષમાં). ૦જાદી સ્ત્રી૦ પાદશાહની પુત્રી. ૦જાદો પું૦ પાદશાહનો પુત્ર.૦જોગ,વિ૦.૦જોગી વિ૦સ્ત્રી૦પ્રમાણિક(૨)સ્વીકારવાજોગ; કાયદાસર; લાવનારને નાણાં આપવાં પડે તેવી (હૂંડી). ૦બાજ ન૦એક પક્ષી. ૦મૃગ ન૦ આફ્રિકાનું એક મોટું પક્ષી. ૦વટ સ્ત્રી૦ પ્રમાણિકપણું; ચોખ્ખો વહેવાર

શાહજીરું ન૦ જુઓ શંખજીરું

શાહી વિ૦ [फा.] શાહ સંબંધી (૨) સામ્રાજ્યનું,–ને લગતું

શાહી સ્ત્રી૦ લખવામાં વપરાતો પ્રવાહી રંગીન પદાર્થ;સાહી. ૦ચૂસ પું૦; ન૦ શાહીને ચૂસી લે તેવો કાગળ

શાહુકાર પું૦ શરાફ; નાણાવટી (૨) વટવાળો; પ્રમાણિક (૩) ચોર; લુચ્ચો (કટાક્ષમાં). –રી સ્ત્રી૦ શાહુકારપણું; પ્રમાણિકતા [પીંછાંવાળું પ્રાણી;સાહુડી

શાહુડી સ્ત્રી૦ જમીનમાં બોડ કરીને રહેતું એક અણીદાર

શાહેદ પું૦ સાક્ષી પૂરનાર. –દી સ્ત્રી૦ સાક્ષી; પુરાવો

શાહેર, –રી જુઓ 'શાયર'માં

શાળ સ્ત્રી૦ ડાંગર; શાલિ

શાળા સ્ત્રી૦ જુઓ શાલા. **૦મિત્ર** પું૦ સહાધ્યાયી મિત્ર

શાળિયું ન૦ હલકી જાતની ડાંગર

શાળી વિ૦ જુઓ શાલી (૨) સ્ત્રી૦ ડાંગર; શાલિ

શાળોપયોગી વિ૦ જુઓ શાલોપયોગી

શાંકર(–રી) વિ૦ [સં.] શંકર સંબંધી (૨) શંકરાચાર્યનું

શાંડિલ્ય પું૦ [સં.] (સં.) સ્મૃતિ તેમ જ ભક્તિસૂત્રના કર્તા–ઋષિ

શાંત વિ૦ [સં.] શાંતિયુક્ત. ૦તા સ્ત્રી૦ શાંતિ. ૦નુ પું૦ (સં.) ભીષ્મના પિતા. ૦રસ પું૦ નવ રસોમાંનો એક

શાંતિ સ્ત્રી૦[સં.] વેગ, ક્ષોભ કે ક્રિયાનો અભાવ (૨) ક્લેશકંકાસ કે યુદ્ધનો અભાવ(૩) નીરવતા (૪) માનસિક કે શારીરિક ઉપદ્રવ કે વિકારનું મટી જવું તે (૫) ધીરજ; ખામોશ (૬) વિશ્રામ; નિવૃત્તિ. ૦પાઠ પું૦ શાંતિ થાય એ માટે થતો મંત્રનો પાઠ. ૦મય વિ૦ શાંતિથી ભરેલું

શાંર્ગ પું૦;ન૦ [સં.] ધનુષ્ય (૨) વિષ્ણુનું ધનુષ્ય. ૦ધર, ૦પાણિ પું૦ (સં.) વિષ્ણુ [વટાવ

શિકરામણ ન૦(હૂંડી) સ્વીકારવી તે (૨) હૂંડી સ્વીકારવાનો

શિકરાવવું સ૦ક્રિ૦ શિકારે એમ કરવું

શિકરાવું અ૦ક્રિ૦ 'શિકારવું'નું કર્મણિ

શિક(–ક્ક)લ સ્ત્રી૦ શિક્કલ; મુખાકૃતિ; ચહેરો

શિકસ્ત સ્ત્રી૦ [फा.] પરાજય; હાર. ૦દિલ વિ૦ હારેલા, ભાંગેલા દિલનું; હતાશ

શિકાકઈ સ્ત્રી૦ મેલ કાપનારી એક વનસ્પતિ; ચિકાખાઈ

શિકાયત સ્ત્રી૦ [अ.] ફરિયાદ; ભૂલ કાઢવી તે

શિકાર પું૦[फा.]ગમ્મત; ખોરાક કે કસરત માટે પશુપંખી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને મારવાં તે; મૃગયા (૨) એ રીતે મારેલું પ્રાણી

શિકારવું સ૦ક્રિ૦ સ્વીકારવું (હૂંડી માટે પ્રાયઃ)

શિકારી(-રુ) વિ૦[फा.] શિકાર સંબંધી (૨) શિકાર કરનારું (૩) પું૦ શિકાર કરનાર પારધી [છૂટે નહિ તેવું ભૂત

શિકોતર(-રી) સ્ત્રી૦ શિકોતરા જેવી ભૂતડી.-રું ન૦ વળગેલું

શિક્કલ સ્ત્રી૦ જુઓ શિકલ

શિક્કે અ૦ સિક્કે; સુધ્ધાં; સહિત

શિક્ષક પું૦ [સં.] શિક્ષણ આપનાર

શિક્ષણ ન૦ [સં.] કેળવણી (૨) બોધ; ઉપદેશ. **૦કળા** સ્ત્રી૦ શિક્ષણની કળા. **૦પદ્ધતિ** સ્ત્રી૦ શિક્ષણ આપવાની પદ્ધતિ. **૦શાસ્ત્ર** ન૦ શિક્ષણનું શાસ્ત્ર. **૦શાસ્ત્રી** પું૦ શિક્ષણશાસ્ત્ર જાણનાર. **૦સાહિત્ય** ન૦ ભણાવવામાં જરૂરી સાધન-સામગ્રી (૨) શિક્ષણશાસ્ત્રનું સાહિત્ય.

શિક્ષણીય વિ૦ [સં.] શિક્ષણ આપવા યોગ્ય

શિક્ષા સ્ત્રી૦ [સં.] જ્ઞાન; બોધ; શિખામણ (૨) સજા (૩) એક વેદાંગ; ઉચ્ચારશાસ્ત્ર. **૦ગુરુ** પું૦ બોધ આપનાર આદમી. **૦પત્રી** સ્ત્રી૦ શિક્ષા-બોધ આપતું લખાણ કે ગ્રંથ (૨)[સં.] સ્વામીનારાયણ સંપ્રદાયનો એક મુખ્ય બોધગ્રંથ. **-ક્ષિકા** સ્ત્રી૦ સ્ત્રી-શિક્ષક. **-ક્ષિત** વિ૦ શિક્ષણ પામેલું

શિખર ન૦ [સં.] પર્વતની ટોચ (૨) મથાળું; ટોચ. **૦બંધ-(-ધી)** વિ૦ શિખરવાળું. **-રિણી** પું૦ એક છંદ. **-રી** પું૦ પર્વત [છાની શિખામણ

શિખવણ ન૦ + શીખવવું તે. **-ણી** સ્ત્રી૦ ભંભેરણી;

શિખવાડવું અ૦ક્રિ૦ શીખવવું (૨) [લા.] ભંભેરવું; ઉશ્કેરવું

શિખંડ પું૦ દહીંની એક મીઠી બનાવટ; શ્રીખંડ

શિખંડી પું૦ [સં.] મોર (૨) [સં.] દ્રુપદ રાજાનો પુત્ર

શિખા સ્ત્રી૦ [સં.] ચોટલી (૨) છોગું (૩) જ્યોત

શિખાઉ વિ૦ શીખતું (૨) બિનઅનુભવી. **-ડવું** સ૦ક્રિ૦ શિખવાડવું; શીખવવું. **-મણ** સ્ત્રી૦ બોધ; સલાહ; **-વવું** સ૦ક્રિ૦ (પ.) શીખવવું. **-વું** અ૦ક્રિ૦ 'શીખવું'નું કર્મણિ

શિખી પું૦ [સં.] મોર

શિગરામ ન૦ સિગરામ; એક વાહન

શિડાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'શીડવું'નું કર્મણિ ને પ્રેરક

શિતાબ પું૦ એક વનસ્પતિ

શિતાબ વિ૦ [फा.] ઉતાવળું. **-બી** સ્ત્રી૦ ઉતાવળ; સિતાબી

શિથિલ વિ૦ [સં.] નરમ; ઢીલું પડી ગયેલું (૨) નિર્બળ (૩) થાકેલું. **૦તા** સ્ત્રી૦. **૦વિથિલ** વિ૦ સાવ નરમ; નરમઘેંસ

શિફારસ સ્ત્રી૦ સિફારસ [પુરાણપ્રસિદ્ધ રાજા

શિબિ પું૦ [સં.] (સં.) હોલાને માટે બાજને શરીર આપનાર

શિબિકા સ્ત્રી૦ [સં.] પાલખી

શિબિર પું૦ [સં.] તંબૂ (૨) છાવણી

શિયળ ન૦ શીલ; સતીત્વ; સ્ત્રીનું પાવિત્ર્ય

શિયા વિ૦ [अ.] એ નામના મુસલમાની સંપ્રદાયનું

શિયાવિયા વિ૦ ગભરાયેલું; બાવરું (૨) ભોંઠું પડી ગયેલું

શિયાળ પું૦; સ્ત્રી૦, **૦વું**, **-ળિયું** ન૦ કૂતરાના વર્ગનું એક પ્રાણી [મહિના સુધીની) ટાઢની ઋતુ

શિયાળુ વિ૦ શિયાળામાં થતું. **-ળો** પું૦ (કાર્તિકથી માઘ

શિર ન૦ [સં.] માથું (૨) ટોચ; મથાળું (૩) લશ્કરની આગલી હાર. **૦છત્ર(-છત્ર)** વિ૦ માથાના છત્રરૂપ; પાલક; વડીલ. **૦છેદ** પું૦ માથું કાપી નાખવું તે. **૦જોર** વિ૦ માથાફરેલ (૨) જબરું; શિરજોરીવાળું. **૦જોરી** સ્ત્રી૦ જોરાવરી; જબરદસ્તી. **૦તાજ** પું૦ માથાનો મુગટ (૨) વડીલ; ઉપરી. **૦પેચ** પું૦ પાઘડી કે ફેંટા પરનું છોગું, કલગી, તોરો. **૦બંધ** પું૦ પાઘડી પર બાંધવાનું શોભીતું માથાબાંધણું. **૦બંધી** સ્ત્રી૦ કિલ્લા અને શહેરના રક્ષણ માટે રાખેલું લશ્કર. **૦સા** અ૦ શિર વડે

શિરગંગ ન૦ એક પક્ષી [શિરસ્તેદારનું કામ કે પદ

શિરસ્તેદાર પું૦ અમલદારનો મુખ્ય કારકુન. **-રી** સ્ત્રી૦

શિરસ્તો પું૦ ધારો; પ્રથા

શિરા સ્ત્રી૦ [સં.] રક્તવાહિની; નસ

શિરા(-રો)ઈ સ્ત્રી૦ ઊભા મોંનું પાણીનું વાસણ

શિરાણું ન૦ ઓશીકું [નાસ્તો કરવો

શિરામણ ન૦, **-ણી** સ્ત્રી૦ નાસ્તો. **શિરાવવું** સ૦ક્રિ૦

શિરીષ ન૦ [સં.] એક ઝાડ કે તેનું ફૂલ

શિરોઈ સ્ત્રી૦ જુઓ શિરાઈ [(૨) 'વર્ટેક્સ' (ગ.)

શિરોબિંદુ ન૦ [સં.] ઊંચામાં ઊંચુ બિંદુ કે સ્થાન; ટોચ

શિરોભાગ પું૦ [સં.] ટોચનો કે માથાનો ભાગ

શિરોમણિ પું૦ [સં.] ચૂડામણિ (૨) [લા.] મુખ્ય; શ્રેષ્ઠ; નાયક

શિરોમાન્ય વિ૦ [સં.] માથે ચડાવવા-સ્વીકારવા લાયક

શિરોવેદના સ્ત્રી૦ [સં.] માથાનો દુખાવો

શિરોવેષ્ટન ન૦ [સં.] માથાનો પહેરવેશ

શિલા સ્ત્રી૦ [સં.] પથ્થરની છાટ. **૦છાપ** સ્ત્રી૦ શિલા ઉપર કોતરીને કરેલું છાપકામ. **૦જિત** ન૦ ડુંગરનો રસ મનાતી એક પૌષ્ટિક ઔષધિ. **૦રસ** પું૦ લેપધૂપ વગેરેના કામમાં આવતો એક જાતનો ગુંદર. **૦લેખ** પું૦ પથ્થર ઉપર કોતરેલો લેખ

શિલિમુખ પું૦ [સં.] ભમરો (૨) ન૦ બાણ

શિલીંધ્ર ન૦ [સં.] ટોપ; કૂતરાનો કાન

શિલેખાનું ન૦ તોપખાનું (૨) શસ્ત્રાગાર [કામ કે પદ

શિલેદાર પું૦ હથિયારબંધ યોદ્ધો. **-રી** સ્ત્રી૦ શિલેદારનું

શિલોંછ ન૦ [સં.] ખળી કે ખેતરમાં પડેલા કણ વીણી લેવા તે. **૦વૃત્તિ** સ્ત્રી૦ શિલોંછ વડે આજીવિકા ચલાવવી તે

શિલ્પ ન૦ [સં.] કારીગરી; કળા (૨) બાંધકામની કળા. **૦કાર** પું૦ કારીગર (૨) બાંધકામમાં પ્રવીણ માણસ. **૦વિદ્યા** સ્ત્રી૦ શિલ્પશાસ્ત્ર. **૦શાલા(-ળા)** સ્ત્રી૦ શિલ્પ શીખવાની શાળા; કળાભવન. **૦શાસ્ત્ર** ન૦ શિલ્પનું શાસ્ત્ર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦શાસ્ત્રી પું૦ શિલ્પશાસ્ત્ર જાણનાર. **–લ્પી** વિ૦ શિલ્પને લગતું (૨) પું૦ શિલ્પશાસ્ત્રી (૩) કારીગર

શિવ વિ૦ [સં.] શુભ; કલ્યાણકારી (૨) પું૦ (સં.) શંકર (૩) ન૦ કલ્યાણ. **૦જટા** સ્ત્રી૦ શિવની જટા. **૦નિર્માલ્ય** ન૦ શિવને અર્પણ થયેલું તે (૨) તેની પેઠે ઉપયોગમાં ન લેવા જેવું તે. **૦માર્ગ** પું૦ શૈવ સંપ્રદાય. **૦માર્ગી** વિ૦શિવમાર્ગનું,–ને લગતું. **૦રાઈ** પું૦ શિવાજી મહારાજે ચલાવેલો સિક્કો. **૦રાત(–ત્રિ,–ત્રી)** સ્ત્રી૦ માઘ વદિ ૧૪ની રાત. **૦લિંગ** ન૦ શિવનું લિંગસ્વરૂપી પ્રતીક. **૦લિંગી** સ્ત્રી૦ એક વનસ્પતિ

શિવા સ્ત્રી૦[સં.](સં.) પાર્વતી (૨) શિયાળ (૩) એક ઝાડ

શિવાલય ન૦ [સં.] શિવનું મંદિર

શિશિર સ્ત્રી૦ [સં.] પોષ અને માઘ માસની ઠંડી ઋતુ

શિશુ પું૦; ન૦[સં.] બાળક; બચ્ચું. **૦પાલ(–ળ)** પું૦ (સં.) ચેદિ દેશનો પ્રસિદ્ધ રાજા, જેનો શ્રીકૃષ્ણે વધ કર્યો હતો. **૦માર** સ્ત્રી૦ એક મોટું જળચર પ્રાણી

શિશૂડી સ્ત્રી૦ નાનો શિશૂડો. **–ડો** પું૦ પીસવો; સિસોટી

શિશ્ન(–શ્ન) ન૦ [સં.] પુરુષની ગુહ્યેન્દ્રિય

શિષ્ટ વિ૦ [સં.] વિદ્વાન; સુશિક્ષિત (૨) સંભાવિત. **૦તા** સ્ત્રી૦. **૦માન્ય** વિ૦ શિષ્ટોએ માન્ય રાખેલું. **–ષ્ટાઈ** સ્ત્રી૦ શિષ્ટપણું (૨) વિષ્ટિ. **–ષ્ટાચાર** પું૦ શિષ્ટોમાં ચાલતો આવેલો વ્યવહાર; શિષ્ટોનો આચાર(૨)સભ્ય રીતભાત(૩) આદરસત્કાર(૪)સભ્યતા દેખાડવા ખાતર કરવાનો આચાર

શિષ્ય પું૦[સં.]ચેલો;વિદ્યાર્થી.**૦વૃત્તિ** સ્ત્રી૦શિષ્યને તેના ખર્ચ પેટે મળતી મદદ. **૦ણ,–ષ્યા,–ષ્યાણી** સ્ત્રી૦ સ્ત્રી શિષ્ય

શિસ્ત વિ૦ લાયક (૨) સ્ત્રી૦ નિયમબદ્ધ વર્તન; 'ડિસિપ્લીન'

શિસ્ન ન૦ [સં.] જુઓ શિશ્ન

શિહાઈ સ્ત્રી૦ + શાહી (૨) કાળાપણું

શિંગ સ્ત્રી૦ કઠોળની કે તેના જેવી બીવાળી પાપડી (૨) ન૦ જુઓ શિંગડું. **૦ડી** સ્ત્રી૦ નાનું શિંગડું (૨) બંદૂકનો દારૂ ભરવાની શિંગડાઘાટની નળી. **૦ડું** ન૦ પશુના માથા ઉપરનો અવયવ (૨) એવા આકારનું એક વાદ્ય;રણશિંગડું. **–ગાળ(–ળું)** વિ૦ શિંગડાંવાળું. **–ગાળી** વિ૦સ્ત્રી૦ શિંગડાંવાળી (૨) એ નામની એક જાતની (ઘોડી). **–ગી** વિ૦ શિંગડાંવાળું (૨) સ્ત્રી૦ રણશિંગડું. **–ગોટી** સ્ત્રી૦ શિંગડાંનો વાંક (૨) નાનું શિગડું (૩) જે ઠેકાણેથી શિંગડાં ફૂટે છે તે ભાગ (૪) એક ઓપવાનું ઓજાર. **–ગોડું** ન૦ પાણીમાં થતી એક વેલનું ફળ

શીકર પું૦; ન૦ [સં.] સીકર; પાણીની છાંટ; ફરફર

શીકલી,શીકી સ્ત્રી૦ જુઓ શીંકલી [જેવો ઘાટ

શીકું ન૦ (ખાદ્ય મૂકવાનો) અધ્ધર લટકાવાય એવો ઝોળી

શીકે(–ખે) અ૦ શિક્કે; સુધ્ધાં

શીખ સ્ત્રી૦ શિખામણ (૨) વિદાયગીરી કે તે વેળા અપાતી ભેટ (૩) અણીદાર પોલો લોઢાનો સળિયો (થેલામાંથી અનાજ કાઢવા માટેનો) (૪) પું૦ ગુરુ નાનકના સંપ્રદાયનો અનુયાયી. **૦વવું** સ૦ક્રિ૦ ભણાવવું (૨) [લા.] ભંભેરવું; ઉશ્કેરવું. **૦વું** સ૦ક્રિ૦ ભણવું; જ્ઞાન મેળવવું

શીખે અ૦ શીકે; સુધ્ધાં

શીઘ્ર વિ૦ [સં.] સત્વર (૨) અ૦ જલદી. **૦કવિ** પું૦ શીઘ્રકવિતા બનાવે તેવો કવિ. **૦કવિતા** સ્ત્રી૦,**૦કાવ્ય** ન૦ કશી પણ પૂર્વતૈયારી વિના તરત જ બનાવેલી કવિતા. **૦કવિત્વ** ન૦ શીઘ્રકવિતા કરવાની શક્તિ. **૦કોપી** વિ૦ જલદી ગુસ્સે થઈ જાય તેવું. **૦તા** સ્ત્રી૦ ઝડપ; ઉતાવળ. **૦પાઠશક્તિ** સ્ત્રી૦જલદી મોઢે કરી લેવાની શક્તિ. **૦બોધ** પું૦ વસ્તુને એકદમ સમજી લેવી તે (૨) ગાંજો. **૦બોધી** પું૦ ગંજેરી. **૦સાધક** વિ૦ શીઘ્ર સાધે કે ફળે એવું

શીડવું સ૦ક્રિ૦ સીડવું; (કાણું, ફાટ વગેરે) પૂરવું; પૂરીને બંધ કરવું (૨) બીડવું (૩) વાળવું (દેવું)

શીત વિ૦ [સં.] ટાઢું; ઠંડું (૨) ન૦ શરીર ઠંડું પડી જવું તે (૩) ભોંય પર પડેલા ભાતના દાણા. **૦કટિબંધ** પું૦ (બેઉ) ધ્રુવ આસપાસનો શીતળ કટિબંધ–પ્રદેશ. **૦કાલ(–ળ)** પું૦ શિયાળો. **૦જ્વર** પું૦ ટાઢિયો તાવ. **૦પિત્ત** ન૦ ચામડીનો એક રોગ. **૦રશ્મિ** પું૦ ચંદ્ર. **૦લ(–ળ)** વિ૦ ઠંડું. **૦લ(–ળ)તા** સ્ત્રી૦. **૦લા(–ળા)** સ્ત્રી૦બળિયા (૨) બળિયાના રોગની દેવી (૩) વિ૦સ્ત્રી૦ શીતલ. **૦લા(–ળા)મા** સ્ત્રી૦ શીતળા ૨ જુઓ. **૦ળાસાતમ** સ્ત્રી૦ શ્રાવણ સુદ કે વદ સાતમ. **–તાંશુ** પું૦ (સં.) ચંદ્ર. **–તોષ્ણ** વિ૦અતિ ઠંડું કે અતિ ગરમ નહિ એવું; મધ્યમ

શીથળું વિ૦ શાંત; હાવકું

શીથળો પું૦ કાંટા, થોર વગેરે લાવવાનું લાકડાનું સાધન

શીદ,૦ને અ૦ શા માટે [–દણ સ્ત્રી૦ શીદી સ્ત્રી

શીદી(–ધી) પું૦ સીદી; હબસી; આફ્રિકાનો મૂળ વતની.

શીધું ન૦ રસોઈની કાચી સામગ્રી; સીધું

શીન સ્ત્રી૦ એક માછલી

શીમળ(–ળો) પું૦ એક ઝાડ; શાલ્મલિ

શીરગર પું૦[फा.]સૂતરને પાંજણ પાનાર

શીરી સ્ત્રી૦ મગદળની એક કસરત

શીરીન વિ૦ [फा.] મીઠું; મધુર

શીરો પું૦ [फा.?] એક મીઠી વાની

શીર્ણ વિ૦ [સં.] તૂટીફૂટી ગયેલું (૨) જીર્ણ (૩) ચીમળાઈ કે સુકાઈ ગયેલું (૪) ક્ષીણ; કૃશ

શીર્ષ ન૦ [સં.] માથું. **૦ક** ન૦ માથું (૨) ખોપરી (૩) માથાનો ટોપ (૪) મથાળું (લખાણનું) (૫) વિ૦ (સમાસમાં) 'મથાળાવાળું' એ અર્થમાં. **૦ચ્છેદ** પું૦ મસ્તક કાપી નાખવું તે. **–ર્ષા** પું૦ એક છંદ. **–ર્ષાસન** ન૦ માથા ઉપર ઊભા રહેવાનું આસન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીલ(-ળ) ન૦ [સં.] સ્વભાવ (૨) વર્તણૂક (૩) ચારિત્ર્ય (૪) શિયળ (૫) સમાસને અંતે '-ના સ્વભાવવાળું;-ની ટેવવાળું" એવા અર્થમાં. ઉદા૦ 'દાનશીલ'. **૦વંત(-તું)**, **૦વાન** વિ૦ શીલવાળું. **-લાર્થક** વિ૦ (વ્યા.) શીલનો અર્થ સૂચવનાર (પ્રત્યય)

શીશ ન૦ માથું. **૦ફૂલ** ન૦ માથામાં પહેરવાનું એક ઘરેણું

શીશગર પું૦ [फा.] કાચ બનાવનાર કારીગર

શીશી સ્ત્રી૦ બાટલી. **-શો** પું૦ મોટી શીશી

શીળ, ૦વંતું, ૦વાન જુઓ 'શીલ'માં

શીળસ ન૦ ચામડીનો એક રોગ

શીળી સ્ત્રી૦ એક રોગ; શીતળા

શીળું વિ૦ ઠંડું. **-ળો** પું૦ છાંયો

શીંકલી સ્ત્રી૦ બળદને મોઢે બંધાતી જાળી; શીકલી

શીંકી સ્ત્રી૦ પડિયાપતરાળાંની બાંધેલી થોકડી (૨) શીંકલી

શીંકું ન૦ જુઓ શીકું [જુઓ 'શિંગ'માં

શીંગ,૦ડી,૦ડું,-ગાળી, -ગાળું, -ગી, -ગોટી, -ગોડું

શીંગિયોવચ્છ(-છ)નાગ પું૦ એક જાતનો વછનાગ

શુક પું૦ [સં.] પોપટ. **-કી** સ્ત્રી૦ પોપટની માદા; મેના

શુકન ન૦, **-નિયાળ** વિ૦ જુઓ શકન,-નિયાળ. **-નાવળી** સ્ત્રી૦ શુકન અપશુકન જોવાની પોથી

શુકર પું૦ શુક્ર; આભાર; ઉપકાર (૨) સુભાગ્ય (૩) ફતેહ. **-રાના** પું૦બ૦વ૦ ઉપકાર માનવો તે (૨) જેજેકાર; ફતેહ

શુકલ પું૦ બ્રાહ્મણોનો પુરોહિત; શુક્લ

શુક્રરવાર પું૦જુઓ શુક્રવાર. **-રિયું** વિ૦ શુક્રરવારીમાંથી ખરીદેલું (૨) હલકી જાતનું. **-રી** સ્ત્રી૦ શુક્રવારે ભરાતું બજાર

શુક્તિ સ્ત્રી૦ [સં.] છીપ

શુક્ર પું૦ [સં.] એ નામનો ગ્રહ (૨) શુક્રવાર (૩) ન૦ વીર્ય. **૦વાર** પું૦ અઠવાડિયાનો એક દિવસ (૨) [લા.] ભલીવાર; ઢંગ; રામ. **૦વારું** વિ૦ શુક્રવારે આવતું વા શરૂ થતું. **-કાચાર્ય** પું૦(સં.)દૈત્યોના ગુરુ(૨)[લા.]કાણો માણસ

શુક્ર પું૦[અ.], **-કાના** પું૦બ૦વ૦ [फा.] જુઓ 'શુકર'માં

શુક્લ વિ૦ [સં.] સફેદ (૨) પું૦ જુઓ શુકલ. **૦પક્ષ** પું૦; ન૦ અજવાળિયું [વિ૦ પવિત્ર થયેલું

શુચિ વિ૦ [સં.] પવિત્ર. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦, **-ચીભૂત**

શુદ્ધ વિ૦ [સં.] સ્વચ્છ (૨) પવિત્ર (૩) દોષરહિત (૪) ભેળસેળ વિનાનું (૫) [પ.] સ્ત્રી૦ શુદ્ધિ; સૂધ; ખબર. **૦મધ્યા** સ્ત્રી૦ મધ્યમ ગ્રામની એક મૂર્છના (સંગીત). **૦ષડ્જા** સ્ત્રી૦ મૂર્છનાનો એક પ્રકાર. **-દ્ધાદ્વૈત** ન૦ શ્રીવલ્લભાચાર્યે સ્થાપેલો મત. **-દ્ધાપહ્નુતિ** સ્ત્રી૦ એક અલંકાર. **-દ્ધિ** સ્ત્રી૦ પવિત્રતા; સ્વચ્છતા (૨) પ્રાયશ્ચિત્ત કરી પવિત્ર થવું તે (૩) ધાર્મિક ક્રિયા કરી મૂળ ધર્મમાં પાછા આણવું કે આવવું તે (૪) ભાન; જાગૃતિ. **-દ્ધિપત્ર(૦ક)** ન૦ (છાપની) ભૂલોના સુધારાની યાદી

શુદ્ધોદન પું૦ [સં.] (સં.) બુદ્ધના પિતા

શુનઃશેપ પું૦ [સં.] (સં.) એક વૈદિક ઋષિનું નામ

શુની સ્ત્રી૦ [સં.] કૂતરી [મુસલમાની તહેવાર

શુબરાત સ્ત્રી૦ શાબાન મહિનાની ૧૮મી તારીખે આવતો

શુભ વિ૦ [સં.] મંગળપ્રદ; કલ્યાણકારી (૨) ન૦ કલ્યાણ. **૦ચિંતક** વિ૦ શુભેચ્છક. **૦મસ્તુ** શ૦પ્ર૦ 'ભલું થાઓ' એવું આશીર્વચન. **૦તા** સ્ત્રી૦. **-ભાવહ** વિ૦ શુભ આણનારું. **-ભાશયી** વિ૦શુભ આશય-હેતુવાળું. **-ભેચ્છક, -ભેચ્છુ** વિ૦ શુભ ઇચ્છનારું; હિતેચ્છુ.

શુભ્ર વિ૦ [સં.] ઉજ્જ્વળ (૨) સફેદ [ગણતરી

શુમાર પું૦ [फा.] સુમાર; આશરો; અડસટ્ટો (૨) હિસાબ;

શુલ્ક ન૦ [સં.] દાયજો; સ્ત્રીધન (૨) કન્યાની કિંમત તરીકે વર પાસેથી લેવાતું ધન (૩) મૂલ્ય; કિંમત (૪) ભાડું (૫) જકાત; દાણ [વૃત્તિવાળું

શુશ્રૂષા સ્ત્રી૦ [સં.] સેવાચાકરી. **-ષુ** વિ૦ શુશ્રૂષા કરવાની

શુષ્ક વિ૦ [સં.] સૂકું; રસ વગરનું; લૂખું. **૦તા** સ્ત્રી૦. **૦વાદ** પું૦ કોઈપણ સૂક્ષ્મ કે શુભ તત્ત્વને વિષે નાસ્તિકતાવાળો વાદ; 'નિહિલિઝમ' (?)

શુષ્ણ પું૦ [સં.] સૂર્ય

શું સ૦ વસ્તુવાચક પ્રશ્નાર્થ સર્વનામ. ઉદા૦ શું કહો છો? (૨) વિ૦ આશ્ચર્ય કે પ્રશ્નાર્થસૂચક. ઉદા૦ 'શો રોફ!', 'શો વિચાર છે?', 'શી વાત છે?' (૩) કેટલાક પ્રયોગોમાં 'કંઈ' 'શુંય' જેવો અર્થ થાય છે. જેમકે, શુંનું શું થઈ ગયું. (જુઓ 'શુંય' પણ) (૪) સરખું; જેવું (નામને છેડે) ઉદા૦ તોબરાશું મોં (૫) અ૦ પ્રશ્નવાચક. ઉદા૦ તમે આવવાના છો શું?' (૬) [પ.] સાથે; સહિત. ઉદા૦ 'રામનામશું તાળી લાગી'. **૦ય** વિ૦ શું; કંઈ (અનિશ્ચિતાર્થક.) ઉદા૦ શુંય કહ્યું હશે ને શું સમજ્યો

શુંડ પું૦, **-ડા** સ્ત્રી૦ [સં.] હાથીનો લાંબો નાસિકેંદ્રિયવાળો અવયવ; સૂંઢ. **-ડી** પું૦ હાથી

શુંભ પું૦ [સં.] (સં.) દુર્ગાએ મારેલો એક રાક્ષસ

શૂકર પું૦ [સં.] ભૂંડ; ડુક્કર; સૂકર. **-રી** સ્ત્રી૦ ભૂંડણ

શૂઢમૂઢ વિ૦ સાવ મૂઢ જેવું; ગભરાટથી શૂનમૂન જેવું

શૂદ્ર પું૦ [સં.] ચોથી વર્ણનો માણસ (જુઓ વર્ણ). **-દ્રાણી, -દ્રી** સ્ત્રી૦ શૂદ્ર સ્ત્રી

શૂધબૂધ સ્ત્રી૦ સૂધબૂધ; ભાન; સંજ્ઞા (૨) અક્કલ; સમજ

શૂન સ્ત્રી૦ શૂન્ય; મીંડું. **૦કાર** પું૦ ઉજ્જડપણું; નીરવતા (૨) [ચિત્તની] શૂન્ય સ્થિતિ. **૦મૂન** વિ૦ સાવ મૂક જેવું; સૂનમૂન

શૂન્ય વિ૦ [સં.] ખાલી (૨) અસત (૩) ભાન કે સંજ્ઞા વિનાનું (૪) [સમાસને છેડે] રહિત; વિનાનું (ઉદા૦ જ્ઞાનશૂન્ય) (૫) ન૦ મીંડું (૬) અભાવ. **૦કાર** પું૦ જુઓ શૂનકાર. **૦તાલ** પું૦ તાલમાં તાળી નથી મરાતી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાન; ખાલી. ૦ભાગ વિ૦ ભાગ્યહીન. ૦મનસ્ક વિ૦ શૂન્ય મનવાળું. ૦શ્રુતિ સ્ત્રી૦ 'ઇન્ટીગ્રલ કેલ્કયૂલસ' (ગ.). ૦લબ્ધિ સ્ત્રી૦ 'ડિફરેન્શિયલ કેલ્કયૂલસ' (ગ.). ૦વત્ અ૦ શૂન્યની પેઠે; હસ્તી વગર. ૦વાદ પું૦ બૌદ્ધ તત્ત્વજ્ઞાનનો એક વાદ. ૦વાદી વિ૦ (૨) પું૦ શૂન્યવાદ માનનાર. ૦સમીકરણ ન૦ 'ડિફરેન્શિયલ ઇક્વેશન(ગ.). ૦હૃદય વિ૦લાગણી વિનાનું; ક્રૂર; હૈયાસૂનું (૨) ધ્યાન વિનાનું

શૂર વિ૦ [સં.] બહાદુર; પરાક્રમી (૨) પું૦ શૂરવીર (૩) ન૦ શૌર્ય; જુસ્સો. ૦તા સ્ત્રી૦. ૦વીર વિ૦ (૨) પું૦ બહાદુર; હિંમતવાન. –રાતન ન૦ શૌર્ય. –રું વિ૦ શૂરવાળું; શૂરવીર. –રુંપૂરું વિ૦ પૂરેપૂરું શૂરું

શૂર્પ ન૦ [સં.] સૂપડું. ૦ણખા સ્ત્રી૦ (સં.) રાવણની બહેન

શૂલ ન૦ [સં.] ભાલા જેવું એક પ્રાચીન અસ્ત્ર (૨) શૂળી (૩) ત્રિશૂલ (૪) કાંટો (૫) શૂળ ભોંકાયા જેવું દરદ. ૦પાણિ પું૦ (સં.) શંકર

શૂળ ન૦ જુઓ શૂલ (૨) સ્ત્રી૦ કાંટો. –ળિયોદાંત ન૦ લાંબા શૂળના જેવા દાંતનો પ્રકાર; દંષ્ટ્રા

શૂળી સ્ત્રી૦ જમીનમાં રોપેલો અણીવાળો મોટો જાડો સળિયો, જેના પર પરોવી મોતની શિક્ષા કરવામાં આવે છે. ૦ગમન ન૦ શૂળીએ ચડવું તે. 'ક્રુસીફિકશન'

શૃગાલ ન૦ [સં.] શિયાળ

શૃંખલા સ્ત્રી૦ [સં.] સાંકળ (૨) બેડી. ૦બદ્ધ સ્ત્રી૦ શૃંખલાથી બંધાયેલું (૨) ક્રમબદ્ધ; શૃંખલિત. –લિત વિ૦ સાંકળાયેલું; ક્રમબદ્ધ. –લિતતા સ્ત્રી૦

શૃંગ ન૦ [સં.] શિખર; ટોચ (૨) શિંગડું

શૃંગાર પું૦ [સં.] વિલાસ; રતિ (૨) તે માટેની સ્ત્રીપુરુષની એક બીજા પ્રત્યેની સ્પૃહા (૩) શૃંગારરસ (૪) શણગાર. ૦રસ પું૦ નવરસમાંનો એક (જુઓ રસ). ૦વું સ૦ક્રિ૦ શણગારવું. –રી વિ૦ શૃંગાર સંબંધી (૨) કામી

શૃંગી વિ૦ [સં.] શિંગડાવાળું (૨) શિખરવાળું (પર્વત) (૩) સ્ત્રી૦ એક રણવાદ્ય

શેક પું૦ શેકવું તે (શરીરના કોઈ ભાગને). ૦વું સ૦ક્રિ૦ દેવતા ઉપર નાખી ચડાવવું કે ખરું કરવું (૨) શેક કરવો

શેકારું ન૦ એક જાતનું હરણ; છીંકારું

શેખ પું૦ [અ.] આરબોની ટોળીનો ઉપરી (૨) મુસલમાનોની એક જાતનો આદમી. ૦ચ(–સ)લ્લી પું૦ હવાઈ કિલ્લા બાંધનાર (૨) આળસુ અને તરંગી આદમી. ૦દાર પું૦ ફુમાવિસદારનો કારકુન

શેખર પું૦ [સં.] મુગટ; કિરિટ (૨) માથા પર પહેરવાની માળા (૩) શિખર (૪) [નામને અંતે] '–માં શ્રેષ્ઠ' (ઉદા૦ મુનિશેખર)

શેખસલ્લી પું૦ જુઓ શેખચલ્લી [બડાઈ હાંકનાર

શેખાઈ, શેખી [फा.] સ્ત્રી૦ પતરાજી; બડાઈ. ૦ખોર વિ૦

શેઠ પું૦ મોટો આબરૂદાર વેપારી; સાહુકાર (૨) વાણિયો (૩) ધણી; માલિક (નોકરનો) (૪) વેપારી વગેરેને સંબોધતાં વપરાતો શબ્દ. –ઠાઈ સ્ત્રી૦ શેઠપણું. –ઠાણી સ્ત્રી૦ શેઠની સ્ત્રી. –ઠિયો પું૦ શાહુકાર (૨) માથે ગોરો એવો બળદ

શેડ સ્ત્રી૦ ધારા; ધાર (૨) [લા.] એના જેવો અણીદાર ભાગ; શગ. ૦કઢું વિ૦ તરતનું જ દોહેલું (દૂધ)

શેડા પું૦બ૦વ૦ લીંટના લબકા

શેઢી સ્ત્રી૦ નાનો શેઢો [જ્યાં ચાર ઊગે છે

શેઢો પું૦ ખેતરની ચોમેર ખેડ્યા વિનાની છોડાતી પટ્ટી,

શેણ પું૦ + સ્વજન

શેણવી પું૦ [म.] સારસ્વત બ્રાહ્મણ

શેણવો પું૦ એક અસ્પૃશ્ય જાતનો માણસ

શેણાઈ સ્ત્રી૦ (ચ.) શરણાઈ

શેતરંજ પું૦ એક રમત; ચતુરંગ. –જી સ્ત્રી૦ એક જાતનું રંગીન ભાતીગળ પાથરણું

શેતાન પું૦ જુઓ શયતાન. –નિયત સ્ત્રી૦ શેતાનપણું. –ની વિ૦ તોફાની (૨) સ્ત્રી૦ શેતાનિયત

શેતૂર ન૦ સેતૂર; એક ઝાડ (જેનાં પાંદડાં પર રેશમના કીડા ઊછરે છે) (૨) તેનું ફળ

શેદરડી સ્ત્રી૦ એક ઘાસ [જાય કે ઘૂસે એવી (કૂતરી)

શેપટ અ૦ (ચ.) સીધું; સોપટ; પાધરું. –ટી વિ૦સ્ત્રી૦ શેપટ પડી

શેફાલિ(૦કા) [સં.], –લી સ્ત્રી૦ એક વનસ્પતિ

શેર પું૦ એક તોલ; મણનો ચાળીસમો ભાગ (૨) [फा.] વાઘ; સિંહ (૩) ચિત્તો

શેર [શં] સ્ત્રી૦ કવિતા; કવિતાની કડી (ફારસી, ઉર્દૂ વગેરે)

શૅર પું૦ [ઇં.] ભાગ; હિસ્સો; તેનું ખત (૨) વેપારની મૂડીનો કરવામાં આવતો સરખો હિસ્સો. ૦દલાલ પું૦ શૅરનો દલાલ. ૦બજાર ન૦ શૅરની લેવડદેવડનું બજાર. ૦સટ્ટો પું૦ શૅરમાં કરેલો સટ્ટો

શેરડી સ્ત્રી૦ એક વનસ્પતિ–જેના સાંઠામાંથી ગોળ ને ખાંડ બને છે; શેલડી (૨) નાનો સાંકડો શેરડો–રસ્તો

શેરડો પું૦ પગવાટ (૨) લોહી તરી આવવાથી મોં પર પડતો લિસોટો (૩) સુકાઈ ગયેલા આંસુના રેલાના ડાઘ (૪) ધ્રાસકો (૫) ઠંડું પાણી પીતાં અંદર પેટ સુધી થતી અસર

શેરદિલ વિ૦ [फा.] બહાદુર; હિંમતવાન; નિર્ભય

શેરવું અ૦ક્રિ૦ જુઓ છેરવું

શેરા ન૦ એક પંખી

શેરાટો પું૦ જુઓ છેરાટો

શેરામણ ન૦ જુઓ છેરામણ

શેરિયું ન૦ શેર વજનનું માપ (૨) ['શે'માં હશ્રુતિ] શણનું બી

શેરિયો પું૦ શેર વજનનું કાટલું; શેરીકો

શેરી સ્ત્રી૦ સાંકડી ગલી (૨) ફળિયું; પોળ

શેરીકો પું૦ શેરનું કાટલું; શેરિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેરો પું૦અરજી વગેરે પર અધિકારીએ ટૂંકમાં કરેલું ટિપ્પણ
શેલડી સ્ત્રી૦ જુઓ શેરડી
શેલ(-લો)ત પું૦ બ્રાહ્મણોની એક અડક
શેલવું અ૦ક્રિ૦ + ફરવું; વિચરવું
શેલવો પું૦ 'શેલત'નું લઘુતાવાચક રૂપ
શેલાણું ન૦ (કા.) નોંજણું; નોંઝણું; શેલો (?)
શેલારી સ્ત્રી૦ સ્ત્રીઓનું એક કીમતી વસ્ત્ર
શેલારો પું૦ (કા.) પાણીમાં પડીને આગળ ધપવા સારુ શરીરનો હેલારો મારવો તે
શેલાસાડી જુઓ સેલાસાડી
શેલી સ્ત્રી૦ ચકમકથી દેવતા પાડવાની દોરડી (૨) ભસ્મ; રાખ
શેલું ન૦કસબી ઉપરણો–ખેસ(૨)[અમુક કોમની] વિધવાનું વસ્ત્ર (૩) સ્ત્રીઓનું કસબી પાલવવાળું એક કીમતી વસ્ત્ર
શેલો પું૦ દોહતી વખતે ગાયને પાછલે પગે બાંધવાનું દોરડું
શેલોત પું૦ જમીનદારનો મહેતો; તલાટી (૨)જુઓ શેલત
શેવ સ્ત્રી૦ સેવ; ચણાના લોટની લાંબી સળી જેવી એક તળેલી વાની (૨) ઘઉંની એ જ આકારની ઓસાવીને ખાવાની વાની.૦ગાંઠિયા પું૦બ૦વ૦ શેવ અને ગાંઠિયા
શેવટ ન૦ + છેવટ; અંત; પરિણામ. –ટે અ૦ + છેવટે
શેવડી સ્ત્રી૦ જૈન સાધુડી. –ડો પું૦ જૈન સાધુ [નસ
શેવાલ(-ળ) સ્ત્રી૦[સં.]લીલ;સેવાળ(૨)બાફ;વરાળ(૩)શિંગની
શેવાળવું સ૦ક્રિ૦ રળવું; કમાવું (૨) સફળતાપૂર્વક પાર પાડવું (કામ) [હોય તેવું
શેવાળિયું વિ૦ શેવાળવાળું (૨) આછી વરાળ નીકળતી
શેવું વિ૦ ઢાળપડતું
શેશવા પું૦બ૦વ૦ વઘારેલા ચણા
શેષ વિ૦[સં.] બાકી રહેલું (૨) પું૦ (સં.) શેષનાગ (૩) શેષ ભાગ (૪) સ્ત્રી૦ પ્રસાદ (૫) [ગ.]ભાગાકારમાં વધતી રકમ. ૦શાયી પું૦ (સં.) વિષ્ણુ. ૦સિદ્ધાંત પું૦ 'રિમેઇન્ડર થિયરેમ' (ગ.). –ષા પું૦ એક છંદ (૨) સ્ત્રી૦ દેવને ચડાવેલાં ફૂલ વગેરેનો પ્રસાદ
શેહ સ્ત્રી૦ શહ; હરાવવું તે; દબાવવું તે (૨) દાબ; છાપ. ૦જોર વિ૦ બળવાન; બહાદુર. ૦જોરી સ્ત્રી૦ વીરતા; બહાદુરી (૨) જબરદસ્તી. ૦માત વિ૦ શેહથી માત
શેહુ પું૦ છાની ગોઠવણ કરનાર
શેળો પું૦ એક જાતનું પ્રાણી
શેં અ૦ (પ.) શે કારણે; શાથી (૨) શા માટે (પ્રશ્નાર્થક)
શેંટલો પું૦ કાંટા ઘાસ ઇ૦ ઊંચકવાનું બે પાંખાંવાળું સાધન; સેંતલો; છેંટલો
શૈક્ષ વિ૦[સં.] શિક્ષણને યોગ્ય; શિખાઉ. –ક્ષ્ય ન૦ શિક્ષણ
શૈત્ય ન૦ [સં.] ઠંડક
શૈથિલ્ય ન૦ [સં.] શિથિલતા; મંદતા; ઢીલાશ
શૈલ પું૦[સં.]પર્વત. ૦કન્યા,૦જા,૦તનયા,૦સુતા સ્ત્રી૦ (સં.) પાર્વતી. ૦રાજ,–લેશ પું૦ (સં.) હિમાલય
શૈલી સ્ત્રી૦ [સં.] ઢબ; રીત (૨) લખાણની રીત; ઇબારત
શૈવ વિ૦ [સં.] શિવ સંબંધી (૨) પું૦ શિવભક્ત
શૈવલિની સ્ત્રી૦ [સં.] નદી
શૈશવ ન૦ [સં.] બાળપણ
શોક(-ખ) [શો] પું૦ [અ.] શોખ
શોક [શો, 'ક'માં યશ્રુતિ] સ્ત્રી૦ પતિની બીજી સ્ત્રી. ૦ડો પું૦ બીજો પતિ. ૦પગલું ન૦ મરેલી શોક નડે નહિ એ માટે ગળામાં પહેરાતું માદળિયું કે ઘરેણું
શોક પું૦[સં.]ખેદ;દિલગીરી;સંતાપ. ૦કારક,૦કારી,૦જનક વિ૦ શોક ઉત્પન્ન કરનારું. –કાગ્નિ પું૦ શોકરૂપી અગ્નિ. –કાતુર,–કાર્ત(-ર્ત્ત) વિ૦ શોકથી પીડિત. –કાવિષ્ટ વિ૦શોકથી ઘેરાયેલું. –કિ(-ગિ)યું ન૦ જુઓ સોગિયું
શોકી(-ખી),૦ન [અ.] વિ૦ શોખીન
શોખ પું૦ હોંસ; ઇચ્છા; કોડ (૨) મોજમજા; રંગબાજી. –ખી(૦ન),–ખીલું વિ૦ શોખ કરનારું; શોખ મારનારું
શોગ પું૦સોગ; શોક. –ગિયું વિ૦શોકવાળું; શોક કરનારું (૨) શોકદર્શક (૩) ન૦ શોકદર્શક વસ્ત્ર–સાલ્લો; સોગિયું
શોગટાબાજી સ્ત્રી૦ એક રમત
શોગઠી સ્ત્રી૦, –ઠું ન૦ શોગટાબાજીનું મહોરું
શોગુનાઈ સ્ત્રી૦ શોગૂનનું પદ કે કારભારું [પ્રધાન
શોગૂન પું૦[ઇં.] મરાઠા રાજ્યના પેશ્વા જેવો જાપાનનો મુખ્ય
શોચ પું૦ શોક (૨) ફિકર (૩) પસ્તાવો. ૦ક વિ૦ [સં.] શોચ કરાવનારું. ૦ન ન૦શોચ કરવો તે. ૦ના સ્ત્રી૦ શોચ
શોચનીય વિ૦ [સં.] શોચ કરવા યોગ્ય [શોચનીય
શોચવું સ૦ક્રિ૦શોચ કરવો(૨)વિચારવું. શોચ્ય વિ૦ [સં.]
શોણ વિ૦ [સં.] રાતું (૨) ન૦ લોહી. –ણિત ન૦ લોહી
શોથ પું૦ [સં.] સોજો
શોધ પું૦; સ્ત્રી૦ [સં.] શોધવું તે; ખોળ; તપાસ (૨) શોધેલી વસ્તુ. ૦ક વિ૦ (૨) પું૦ શોધ કરનાર. ૦કો પું૦ દૂત; જાસૂસ. ૦ખોળ સ્ત્રી૦ શોધવું તે; તપાસ કરવી તે. ૦ન ન૦, ૦ના સ્ત્રી૦ શોધવું તે (૨) સ્વચ્છ કરવું તે; શુદ્ધિ (૩) પરીક્ષા. ૦નપદ્ધતિ પું૦ શોધખોળ કરવાની પદ્ધતિ. ૦વું સ૦ક્રિ૦ ખોળવું; તપાસ કરવી (૨) પરીક્ષા કરવી (૩) દોષ દૂર કરવા; શુદ્ધ કરવું (૪) ન જાણેલી વસ્તુ નવી ખોળી કાઢવી. –ધંશોધા સ્ત્રી૦ ઉપરાઉપરી શોધ; શોધાશોધ. –ધાઈ સ્ત્રી૦ શોધવાનું મહેનતાણું. –ધાશોધ સ્ત્રી૦ ખોળંખોળા. –ધિત વિ૦ શોધેલું (૨) તપાસેલું (૩) શુદ્ધ કરેલું
શૉફર પું૦ [ઇં.] મોટર હાંકવાનો ધંધો કરનાર
શોભન વિ૦ [સં.] સુશોભિત; સુંદર(૨) મંગળ [દેખાવું
શોભવું અ૦ક્રિ૦ સુંદર દેખાવું(૨) છાજવું; લાયક હોવું કે
શોભા સ્ત્રી૦[સં.] સુંદર દેખાવ; સૌંદર્ય (૨)[લા.] પ્રતિષ્ઠા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આબરૂ. **૦યમાન** વિ૰ શોભીતું; શોભાવાળું. **૦જ(-ણું)** વિ૰શોભીતું. **૦સ્પદ** વિ૰શોભાવે તેવું. **-ભિત** વિ૰સુંદર; શોભતું(૨)શણગારાયેલું. **-ભીતું** ન૰ શોભતું;સારું દેખાતું

શોર પું૰ [ફા.] કોલાહલ; ઘોંઘાટ. **૦ગુલ,૦બકોર** પું૰ કોલાહલ. **૦વું** અ૰ક્રિ૰ (પ.) શોર કરવો

શોલો પું૰ ભડકો

શોષ પું૰ [સં.] પ્યાસ; સોસ. **૦ક** વિ૰ શોષી લેનારું. **૦ણ** ન૰ શોષવું તે; શોષાવું તે. **૦વું** સ૰ક્રિ૰ ચૂસી લેવું; ચૂસી સૂકું કરી નાખવું. **-ષિત** વિ૰ શોષાઈ ગયેલું

શોંઢવું અ૰ક્રિ૰ જુઓ સોંઢવું

શૌચ ન૰[સં.] સ્વચ્છતા; પવિત્રતા (૨) મલોત્સર્ગ. **૦કૂપ** પું૰ પાયખાનું; સંડાસ. **૦શાસ્ત્ર** ન૰ શૌચનું-સ્વચ્છતાનું શાસ્ત્ર; 'સેનિટેશન'. **૦સુધાર** પું૰ શૌચની ટેવો, પદ્ધતિ ઇ૰માં સુધારો. **-ચાચાર** પું૰ શુદ્ધ કરવાનો વિધિ (૨) શૌચ જાળવવાનો આચાર

શૌરકથા સ્ત્રી૰ [સં.] શૌર્યની કે શૂરની કથા

શૌરસેની સ્ત્રી૰ [સં.] એક પ્રાકૃત ભાષા

શૌર્ય ન૰[સં.] શૂરતા; પરાક્રમ; બહાદુરી. **૦ગીત** ન૰ વીર રસનું ગીત; શૌર્યનું વર્ણનાત્મક કે પ્રેરણાત્મક ગીત

શૌહર પું૰ [ફા.] સ્વામી; પતિ

શ્મશાન ન૰ [સં.] મડદાં બાળવાનું સ્થાન. **૦ભૂમિ(-મી)** સ્ત્રી૰મસાણ. **૦વૈરાગ્ય** પું૰[લા.]ક્ષણિક વૈરાગ્ય. **-નિયો** પું૰ ડાઘુ; મસાણિયો. **-ની** વિ૰ શ્મશાનનું,-ને લગતું

શ્મશ્રુ સ્ત્રી૰ [સં.] દાઢી (૨) મૂછ

શ્યામ વિ૰ [સં.]કાળું(૨)પું૰ કાળો રંગ(૩)[સં.] શ્રીકૃષ્ણ. **૦કર્ણ** પું૰ કાળા કાન અને કાળા પૂછડાવાળો ધોળો ઘોડો. **૦કલ્યાણ** પું૰ એક રાગ. **૦લ** વિ૰ લીલું(૨)કાળું; શામળું. **૦સુંદર** પું૰ (સં.) શ્રીકૃષ્ણ. **-મા** સ્ત્રી૰ સોળ વર્ષની જુવાન સ્ત્રી. **-મિકા** સ્ત્રી૰ કાળાશ (૨) હલકી ધાતુનું મિશ્રણ

શ્યાલ, ૦ક પું૰ [સં.] સાળો

શ્યેન પું૰ [સં.] બાજ (૨) સંગીતમાં એક અલંકાર. **-ની** [સ્ત્રી૰ બાજની માદા

શ્રદ્ધા સ્ત્રી૰ [સં.] આસ્થા; વિશ્વાસ. **૦ધન** વિ૰ શ્રદ્ધારૂપી ધનવાળું; શ્રદ્ધાપ્રધાન; શ્રદ્ધાળુ. **૦ભક્તિ** સ્ત્રી૰ શ્રદ્ધાજનિત કે શ્રદ્ધાપૂર્ણ ભક્તિ. **૦લુ(-ળુ)** વિ૰ શ્રદ્ધાવાળું. **-દ્ધાંજલિ** સ્ત્રી૰ શ્રદ્ધાપૂર્વક આપેલી અંજલિ (શ્રાદ્ધ તરીકે). **-દ્ધેય** વિ૰ શ્રદ્ધા રાખવા યોગ્ય

શ્રમ પું૰ [સં.] મહેનત. **૦જીવન** ન૰ શ્રમજીવી જીવન. **૦(-મોપ)જીવી** વિ૰શારીરિક શ્રમ કરીને ગુજરાન મેળવનાર ('બુદ્ધિજીવી'થી ઊલટું). **૦વિભાગ** પું૰ મહેનતની વહેંચણી. **૦સાધ્ય** વિ૰ શ્રમ કરવાથી જ મળી શકે એવું

શ્રમણ પું૰[સં.] બૌદ્ધ કે જૈન સાધુ. **૦સંસ્કૃતિ** સ્ત્રી૰ બૌદ્ધ અને જૈન કાળમાં પ્રવર્તેલી સંસ્કૃતિ. **-ણી** સ્ત્રી૰ સાધ્વી

શ્રમિત વિ૰ [સં.] થાકેલું

શ્રમોપજીવી [સં.] જુઓ શ્રમજીવી

શ્રવણ ન૰[સં.] સાંભળવું તે (૨) વેદાધ્યયન (૩) બાવીસમું નક્ષત્ર (૪) પું૰ કાન (૫) [સં.] અંધ માબાપને કાવડમાં બેસાડી તીર્થયાત્રા કરાવનાર-અંધક મુનિનો પુત્ર. **૦ગોચર** વિ૰ કાનથી સાંભળી શકાય તેવું. **-ણેંદ્રિય** સ્ત્રી૰ કાન. **-ણું** સ૰ક્રિ૰ (પ.) સાંભળવું; શ્રવણ કરવું

શ્રાદ્ધ ન૰ [સં.] પિતૃઓની તૃપ્તિ માટે શ્રદ્ધાથી કરાતી તર્પણક્રિયા. **૦કર્મ** ન૰, **૦ક્રિયા** સ્ત્રી૰ શ્રાદ્ધ કરવું તે (૨) શ્રાદ્ધની ક્રિયા. **૦દિન** પું૰ શ્રાદ્ધનો દિવસ

શ્રાપ પું૰ + શરાપ; શાપ

શ્રામણેર પું૰ [સં.] વીસ વર્ષ નીચેનો બૌદ્ધ ભિખ્ખુ

શ્રામણ્ય ન૰ [સં.] શ્રમણપણું; સંન્યાસ

શ્રાવક વિ૰[સં.] સાંભળનાર (૨) પું૰ જૈન કે બૌદ્ધ ગૃહસ્થ

શ્રાવણ પું૰ [સં.] વિક્રમસંવતનો દશમો મહિનો (૨) [સં.] શ્રવણ ૫ (૩) શ્રવણ કરાવવું તે. **૦કીટ** પું૰ શ્રાવણમાં નીપજતો કીડો. **૦વર્ગ** પું૰ મુખ્યત્વે શ્રવણથી ભણવાનો કે ભણાવવાનો વર્ગ (અમુક મર્યાદિત સમયનો વર્ગ કહાય છે તેવો). **-ણી** સ્ત્રી૰ શ્રાવણ મહિનાની પૂનમ; બળેવ

શ્રાવિકા સ્ત્રી૰ [સં.] શ્રાવક-જૈન કે બૌદ્ધ-સ્ત્રી

શ્રાવ્ય વિ૰ [સં.] સાંભળવા યોગ્ય (૨) સાંભળીને માણવાનું (નાટક. 'દૃશ્ય'થી ઊલટું)

શ્રાંત વિ૰ [સં.] થાકેલું. **-તિ** સ્ત્રી૰ થાક

શ્રી પું૰[સં.] લખાણના આરંભમાં વપરાતો મંગળ શબ્દ (૨) 'શ્રીમાન, શ્રીમતી'નો સંક્ષેપ (નામની આગળ લગાડાતો આદર બતાવનારો શબ્દ) (૩) એક રાગ (૪) સ્ત્રી૰ (સં.) લક્ષ્મી (૫) સૌંદર્ય; શોભા (૬) ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ. **૦કંઠ** પું૰ (સં.) શિવ; મહાદેવ. **૦કાર** વિ૰ સુંદર; મજેનું; ઉત્તમ (૨) પું૰ શ્રી શબ્દ. **૦કાંત** પું૰ (સં.) વિષ્ણુ. **૦ખંડ** પું૰ મોર; શિખંડી (૨) શિખંડ (૩) ન૰ ચંદન. **૦જી** પું૰ (માનાર્થે બ૰વ૰) પ્રભુ; વિષ્ણુ (૨) [સં.] સહજાનંદ સ્વામી. **૦ગણેશાય નમઃ** શ૰પ્ર૰ (મંગળ તરીકે) ગણેશને નમસ્કાર (૨) પું૰બ૰વ૰ [લા.] પ્રારંભ. **૦ધર** પું૰ (સં.) લક્ષ્મીનાથ; વિષ્ણુ. **૦પતિ** પું૰ ધનવાન માણસ. **૦પાંચ** નામ પૂર્વે માનવાચક પૂર્વગ (ધન ધાન્ય, પશુ, પુત્ર અને દીર્ઘાયુષ એ પાંચ શોભા). **૦પાત** પું૰ સંન્યાસી; ત્યાગી. **૦ફળ** ન૰ નાળિયેર. **૦ફળી** સ્ત્રી૰ નાળિયેરી. **૦મત(-દ)** વિ૰શ્રીમાન. **૦મતી** વિ૰સ્ત્રી૰ 'શ્રીમાન'નું સ્ત્રીલિંગ. **૦મત્તા** સ્ત્રી૰ શ્રીમંતાઈ. **૦મદ** વિ૰ શ્રીમત (૨) ધનના મદવાળું (૩) પું૰ ધનનો મદ. **૦મંત** વિ૰ તવંગર (૨) રાજાઓના નામ આગળ મુકાતો શબ્દ. **૦મંતાઈ** સ્ત્રી૰ શ્રીમંતપણું. **૦માન** વિ૰ ધનવાન (૨) શોભાવાન (૩) નામની આગળ મુકાતો આદરસૂચક શબ્દ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦મુખ ન૦ભવ્ય અને સુંદર મુખ; પૂજ્ય અને પવિત્ર પુરુષનું મુખ ('આપ પોતે, પોતાને મુખે' એમ માનાર્થે વપરાય છે). **૦યુત** વિ૦ પુરુષના નામ આગળ મુકાતો આદરસૂચક શબ્દ. **૦રંગ, ૦શ** પું૦ (સં.) વિષ્ણુ ['ડિકટેશન'

શ્રુત વિ૦ [સં.] સાંભળેલું. **૦લેખન** ન૦ સાંભળીને લખવું તે;

શ્રુતિ સ્ત્રી૦ [સં.] સાંભળવું તે (૨) કાન (૩) સાંભળેલી વાત; કિંવદંતી (૪) વેદ (૫) ધ્વનિ; અવાજ (૬) નાદનો એક ભેદ (સંગીતમાં તેવી ૨૨ શ્રુતિ છે). **૦કટુ** વિ૦કાનને અપ્રિય લાગે તેવું; કર્ણકઠોર. **–ત્યનુપ્રાસ** પું૦ સજાતીય વ્યંજનોની આવૃત્તિ–એક શબ્દાલંકાર (કા.શા.)

શ્રેઢી સ્ત્રી૦[સં.] (ગ.) 'પ્રોગ્રેશન'. **૦ફલ(–ળ)** ન૦ શ્રેઢીનો સરવાળો

શ્રેણિ(–ણી) સ્ત્રી૦ [સં.] પંક્તિ; હાર

શ્રેય ન૦ [સં.] મોક્ષ (૨) કલ્યાણ; હિત; શુભ. **૦સ્કર** વિ૦ શ્રેય કરે એવું. **૦સ્કામ** વિ૦ શ્રેય ઇચ્છનાર. **૦સ્કારિતા** સ્ત્રી૦. **૦સ્કારી** વિ૦ શ્રેયસ્કર

શ્રેષ્ઠ વિ૦ [સં.] સર્વોત્તમ; ઉત્કૃષ્ટ. **૦તા** સ્ત્રી૦, **૦ત્વ** ન૦

શ્રેષ્ઠી પું૦ [સં.] શેઠ; મહાજનનો આગેવાન

શ્રોણિ(–ણી) સ્ત્રી૦ [સં.] થાપો; નિતંબ

શ્રોતા પું૦ [સં.] સાંભળનાર. **૦જન** પું૦;ન૦, **૦(–તૃ)વર્ગ** પું૦ સાંભળનારો સમુદાય

શ્રોત્ર પું૦; ન૦ [સં.] કાન. **–ત્રિય** વિ૦ વેદ ભણેલો (૨) પું૦ વેદાભ્યાસી બ્રાહ્મણ. **–ત્રી** વિ૦(૨)પું૦ જુઓ શ્રોત્રિય (૩) સ્ત્રી૦ શ્રોતાનું સ્ત્રીલિંગ. **–ત્રિયત્વ** ન૦

શ્રૌત વિ૦ [સં.] કાનને લગતું (૨) વેદ સંબંધી; વેદે ફરમાવેલું

શ્લથ વિ૦ [સં.] ઢીલું; પોચું; નરમ (૨) લબડી પડેલું (૩) છૂટું; વીખરાયેલું [પ્રશંસાપાત્ર

શ્લાઘા સ્ત્રી૦ [સં.] પ્રશંસા. **–ઘ્ય** વિ૦ વખાણવા યોગ્ય;

શ્લિષ્ટ વિ૦[સં.] જોડેલું; ભેટેલું; મળેલું (૨) શ્લેષવાળું. **૦તા** સ્ત્રી૦

શ્લીપદ ન૦ [સં.] હાથીપગાનો રોગ

શ્લેષ પું૦ [સં.] બે અર્થવાળા શબ્દોનો પ્રયોગ (૨) આલિંગન. **–ષાલંકાર** પું૦ શ્લેષવાળો અલંકાર (કા.શા)

શ્લેષ્મ ન૦ [સં.] કફ

શ્લોક પું૦ [સં.] ચાર ચરણનું પદ (૨) અનુષ્ટુભ છંદનું પદ (૩) [સમાસને અંતે] કીર્તિ; યશ (ઉદા૦ પુણ્યશ્લોક). **૦બદ્ધ** વિ૦ શ્લોકમાં ગોઠવેલું કે રચેલું. **–કાર્ધ** પું૦ અર્ધો શ્લોક

શ્વપચ,શ્વપાક પું૦ [સં.] ચંડાળ

શ્વશુર પું૦ [સં.] સસરો

શ્વશ્રૂ સ્ત્રી૦ [સં.] સાસુ

શ્વસન ન૦ [સં.] શ્વાસ લેવો તે (૨) પવન

શ્વસિત વિ૦ [સં.] શ્વાસ દ્વારા લીધેલું કે મૂકેલું (૨) હાંફી ગયેલું (૩) ન૦ શ્વાસ

શ્વાન પું૦ [સં.] કૂતરો. **૦નિદ્રા** સ્ત્રી૦ કૂતરાની ઊંઘ; અર્ધ-જાગ્રત અવસ્થા. **૦વૃત્તિ** સ્ત્રી૦ હડે થવા છતાં ટુકડો મળતાં દોડવાની વૃત્તિ. **–ની** સ્ત્રી૦ + કૂતરી

શ્વાપદ ન૦ [સં.] શિકારી પ્રાણી

શ્વાસ પું૦ [સં.] નાકથી વાયુ લેવોમૂકવો તે (૨) દમ; હાંફ (૩) વર્ણનો એક બાહ્ય પ્રયત્ન (વ્યા.) (અઘોષ વર્ણને શ્વાસ પણ કહે છે). **૦નળી** સ્ત્રી૦ જે દ્વારા શ્વાસ ફેફસાંમાં જાય છે તે નળી. **૦પ્રશ્વાસ, –સોચ્છ્વા(–શ્વા)સ** પું૦ શ્વાસ લેવો અને મૂકવો તે

શ્વેત વિ૦[સં.] સફેદ. **૦કેતુ** પું૦ (સં.) ઉદ્દાલક મુનિનો પુત્ર. **૦દ્વીપ** પું૦ પુરાણો પ્રમાણે ભૂમંડલના અઢાર ભાગો-માંનો એક. **૦પિંડ** પું૦ 'પીટ્યુટરી ગ્લેન્ડ.' **–તાંબર** પું૦ સફેદ વસ્ત્રવાળો (૨) જૈન ધર્મનો એ નામનો એક વિભાગ કે તેનો અનુયાયી. **–તાંબરી** વિ૦ શ્વેતાંબરનું,–ને લગતું

ષ

ષ પું૦ [સં.] ચાર ઊષ્માક્ષરોમાંનો બીજો. **૦કાર** પું૦ ષ અક્ષર કે તેનો ઉચ્ચાર. **૦કારાંત** વિ૦ છેડે ષકારવાળું

ષટ વિ૦[સં.] છ. **–ટ્ક** ન૦ છનો સમૂહ. **–ટ્કર્ણ** વિ૦ છ કાન વડે સંભળાયેલું; કહેનાર અને સાંભળનાર એ બે સિવાય ત્રીજાએ સાંભળેલું. **–ટ્કર્મ** ન૦બ૦વ૦ બ્રાહ્મણનાં છ કર્મ: અધ્યયન, અધ્યાપન, દાન, પ્રતિગ્રહ, યજન અને યાજન (૨) તાંત્રિક છ કર્મ: જારણ, મારણ, ઉચ્ચાટન, મોહન, સ્તંભન અને વિધ્વંસન (૩) યોગનાં: ધૌતિ, બસ્તી, નેતી, નૌલી, ત્રાટક અને કપાલભાતી). **–ટ્કોણ** પું૦ છ ખૂણા-વાળી આકૃતિ; 'હેગ્ઝેગોન' (ગ.). **–ટ્કોણાકૃતિ** સ્ત્રી૦ ષટ્કોણ. **–ટ્ચક્ર** ન૦બ૦વ૦ શરીરમાં ગુદાથી બ્રહ્મરંધ્ર સુધીનાં મનાતાં છ ચક્રો (યોગ). **–ટ્ચક્રી** વિ૦ ષટ્ચક્રવાળું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–ટ્પદ વિ૦ છ પગવાળું (૨) છ પદવાળું (કાવ્ય) (૩) પું૦ ભમરો. **–ટ્પદી** વિ૦ છ પદવાળું (૨) સ્ત્રી૦ ભમરી (૩) છ પદવાળું કાવ્ય. **–ટ્શાસ્ત્ર** ન૦બ૦વ૦ જુઓ ષડ્દર્શન. **–ડરિ** પું૦ ષડ્રિપુ. **–ડંગ** ન૦બ૦વ૦ વેદનાં છ અંગ (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ, જ્યોતિષ). **–ડાનન** પું૦ (સં.) કાર્ત્તિકેય. **–ડૃતુ** સ્ત્રી૦ છ ઋતુઓ (વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર). **–ડ્ગુણ** પું૦ બ૦વ૦ છ ગુણ (રાજ્યનીતિના: સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સમાશ્રય. ઈશ્વરના: ધર્મ, યશ, વીર્ય, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય). **–ડ્જ** પું૦ સંગીતના સપ્તસ્વરોમાંનો પહેલો (સા). **–ડ્દર્શન** ન૦બ૦વ૦ વૈદિક તત્ત્વજ્ઞાનનાં છ દર્શનો (સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત). **–ડ્ભાગ** પું૦ છઠ્ઠો ભાગ (૨) પહેલાંના વખતમાં મહેસૂલ તરીકે લેવાતો ઊપજનો છઠ્ઠો ભાગ. **–ડ્ભુજ** વિ૦ છ ભુજાવાળો (૨) પું૦ ષટ્કોણ. **–ડ્ભુજા** વિ૦સ્ત્રી૦ (સં.) દુર્ગા. **–ડ્યંત્ર** ન૦ કાવતરું. **–ડ્રસ** પું૦બ૦વ૦ છ રસ (મીઠો, ખારો, ખાટો, તીખો, કડવો અને તૂરો). **–ડ્રાગ** પું૦બ૦વ૦ છ મુખ્ય રાગ (જુઓ ખટરાગ) [સંગીત]. **–ડ્રિપુ** પું૦બ૦વ૦ મનુષ્યના છ આંતર શત્રુઓ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર)

ષષ્ઠ વિ૦ [સં.] છઠ્ઠો. **–ષ્ઠાંશ** પું૦ છઠ્ઠો ભાગ. **–ષ્ઠી** સ્ત્રી૦ છઠ (૨) છઠ્ઠી વિભક્તિ (૩) બાળકના જન્મનો છઠ્ઠો દિવસ

ષષ્ણુ ન૦, **–ષ્પો** પું૦ ષકાર

ષંઢ પું૦ [સં.] નપુંસક

ષાડવ વિ૦ [સં.] છ સ્વરનો (રાગ કે તાન)

ષોડશ વિ૦ [સં.] સોળ. **૦કલા(–ળા)** સ્ત્રી૦બ૦વ૦ (ચંદ્રની) સોળ કળાઓ. **–શી** સ્ત્રી૦ સોળનો સમૂહ. **–શોપચાર** પું૦બ૦વ૦ પૂજનના ૧૬ ઉપચાર (આવાહન, આસન, અર્ઘ્યપાદ્ય, આચમન, મધુપર્ક, સ્નાન, વસ્ત્રાભરણ, યજ્ઞોપવીત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબૂલ, પરિક્રમા, વંદન)

સ

સ પું૦ [સં.] ચાર ઊષ્માક્ષરોમાંનો ત્રીજો (૨) નામ પૂર્વે લાગતાં પ્રાયઃ 'સાથે, સહિત' કે ક્યાંક 'સમાન' અર્થમાં બહુવ્રીહિ સમાસ બનાવે છે. ઉદા૦ સકુટુંબ; સપિંડ. **૦કાર** પું૦ સ અક્ષર કે એનો ઉચ્ચાર. **૦કારાંત** વિ૦ અંતે સકારવાળું

સ પૂર્વગ. 'સુ, સારુ' એ અર્થમાં. ઉદા૦ સજાત; સપૂત

સઈ પું૦ સોઈ; દરજી

સઈસ પું૦ સાઈસ; ઘોડાવાળો; રાવત

સકડવું સ૦ક્રિ૦ તાણીને બાંધવું

સકન સ્ત્રી૦ જુઓ સગન

સકરકંદ ન૦ મીઠા સ્વાદવાળું એક કંદ

સકરકોળું ન૦ મીઠું કોળું (ભૂરું કોળું નહિ)

સક(–ક્ક)રટેટી સ્ત્રી૦ જુઓ શકરટેટી

સક(–ક્ક)રપારો પું૦ જુઓ શકરપારો

સકર્મક વિ૦ [સં.] જેને કર્મ હોય તેવું (ક્રિયાપદ)

સકર્મી વિ૦ ભાગ્યશાળી

સકલ(–ળ) વિ૦ [સં.] સર્વ; તમામ

સકલાત સ્ત્રી૦ એક જાતનું ઊનનું કાપડ; બનાત

સકળ વિ૦ જુઓ સકલ

સકંચો(–જો) પું૦ અપરાધીઓને શિક્ષા કરવાનો એક સંચો; હેડ; સખત પકડવાનું યંત્ર (૨) [લા.] કાબૂ; કબજો

સકંટક વિ૦ [સં.] કાંટાવાળું (૨) વિઘ્નવાળું

સકંપ વિ૦ [સં.] કંપયુક્ત; ધ્રૂજતું

સકામ વિ૦ [સં.] કામનાવાળું; કામનાથી કરેલું (૨) ફળની ઇચ્છાવાળું (૩) સ્વાર્થબુદ્ધિવાળું

સકાર પું૦ ઢંગ; આવડ (૨) સ્વાદ; સત્ત્વ (૩) [સં.] જુઓ 'સ'માં

સકારણ વિ૦ [સં.] કારણવાળું

સકારવું સ૦ક્રિ૦ શિકારવું; સ્વીકારવું

સકારાંત વિ૦ [સં.] છેડે સવાળું

સકારો પું૦ તારને સરખા રાખવા તાણામાં નાખેલી લાકડી [કે ચીપ

સકાશ પું૦ [સં.] નજીકનું સ્થળ; પડોશ

સકુટુંબ વિ૦ [સં.] કુટુંબ સહિત

સકોપ વિ૦ (૨) અ૦ [સં.] ગુસ્સાથી; ક્રોધભેર

સક્ક(–ક્કા)ઈ વિ૦ સિક્કાદાર; ઊંચી જાતનું; બનાવટી નહિ તેવું (૨) સુંદર; મજેનું

સક્કર સ્ત્રી૦ સાકર; ખાંડ. **૦ખોર** પું૦ સાકર ખાનારો જીવડો (૨) મીઠી વસ્તુઓ બહુ ભાવતી હોય તેવો માણસ. **૦ટેટી** સ્ત્રી૦ જુઓ સકરટેટી. **૦પારો** પું૦ જુઓ સકરપારો

સક્કસ વિ૦ સારી રીતે કસેલું; સખત

સક્કાઈ વિ૦ જુઓ સક્કઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સક્કાદાર વિ૦ જુઓ શક્કાદાર
સક્કો પું૦ સિક્કો (૨) શાખ; છાપ (૩) ચહેરો (૪) રોફ; ભપકો (૫) પથ્થરની લખોટી; શખ્ખો
સક્ત વિ૦ [सं.] આસક્ત; લાગેલું; વળગેલું
સક્તુ પું૦ [सं.] સત્તુ
સક્રિય વિ૦ [सं.] ક્રિયાયુક્ત; અમલી
સખ સ્ત્રી૦;ન૦ સુખ; જંપ [ધરાવાતો એક ભોગ
સખડી સ્ત્રી૦ ભાત (પુષ્ટિમાર્ગીય). **૦ભોગ** પું૦ ઠાકોરજીને
સખણું વિ૦ અડપલું નહિ તેવું; સાલસ (૨) જંપવાળું; ઉધમાત વિનાનું
સખત વિ૦ સખ્ત; કઠણ (૨) દૃઢ; મજબૂત (૩) કઠોર (૪) મુશ્કેલ. **–તાઈ** સ્ત્રી૦ સખતી. **–તી** સ્ત્રી૦ કડકાઈ; કઠોરતા (૨)જુલમ(૩)બંધી; પ્રતિબંધ [પડ; સુખતળી
સખતળી સ્ત્રી૦જોડાની અંદર નાખવામાં આવતું નરમ છૂટું
સખળડખળ વિ૦ ઢીલું પડી ગયેલું; હાલતું
સખા પું૦[सं.]મિત્ર. **૦ત** સ્ત્રી૦(કા.)ભાઈબંધી;દોસ્તીદાવો
સખાવત સ્ત્રી૦ [अ.] દાન; ખેરાત (૨) ઉદારતા. **–તી** વિ૦ દાની; ઉદાર (૨) સખાવતનું
સખી વિ૦ [अ.] દાની; ઉદાર
સખી સ્ત્રી૦ [सं.] સાહેલી. **૦ભાવ** પું૦ સખી કે પત્નીનો ભાવ (ઇષ્ટની ભક્તિ કરવામાં). **૦રી** સ્ત્રી૦ (પ.) હે સખી!
સખેદ વિ૦ [सं.] ખેદયુક્ત (૨) અ૦ ખેદ સાથે
સખૈયો પું૦ સખા; મિત્ર; સાથી (પ.)
સખ્ત [फा.], **–ખ્તાઈ, –ખ્તી** સ્ત્રી૦ જુઓ 'સખત'માં
સખ્ય ન૦ [सं.] મિત્રતા; પ્રીતિ
સગ સ્ત્રી૦ (કા.) દીવાની જ્યોત; શગ
સગટો પું૦ સાલ્લો પહેરતાં કૂખે ખોસવાનો છેડો [ફેંડો
સગડ પું૦;સ્ત્રી૦ ખબર; બાતમી; પત્તો(૨)પગેરું(૩) સગણ;
સગડગ વિ૦ ડગુમગુ;અસ્થિર. **–ગો** પું૦અસ્થિરતા(૨)સંદેહ
સગડી સ્ત્રી૦ જુઓ શગડી
સગડો પું૦ ચાળેલો ઘઉંનો લોટ
સગણ પું૦ સગડ; ફેંડો; પૂંઠ [તેવો ગણ (છંદશાસ્ત્ર)
સગણ પું૦[सं.] પહેલા બે અક્ષર લઘુ અને ત્રીજો ગુરુ આવે
સગદીદ ન૦[फा.]કૂતરાનાં દર્શન કરવાં તે(એક પારસી રિવાજ)
સગન પું૦ હળના દાંડાને ધૂંસરું બાંધવા મારેલો ખીલો
સગપણ ન૦ સગાઈ; લોહીનો સંબંધ (૨) વિવાહ; વાગ્દાન
સગર પું૦[सं.](સં.) એક પ્રખ્યાત સૂર્યવંશી રાજા
સગરણ સ્ત્રી૦ પ્રસંગ; સંજોગ
સગરામ પું૦;ન૦ સિગરામ; શગરામ [ભારેવાઈ
સગર્ભ પું૦ [सं.] સહોદર; ભાઈ. **–ર્ભા** વિ૦સ્ત્રી૦ ગર્ભવતી;
સગર્વ વિ૦[सं.] ગર્વયુક્ત (૨) અ૦ ગર્વથી; ગર્વભેર
સગવડ સ્ત્રી૦જોગવાઈ; અનુકૂળતા. **–ડિયું** વિ૦સગવડવાળું; ફાવતું; અનુકૂળ પડતું
સગવણ સ્ત્રી૦ સંભાળ
સગવાડ,સગાઈ સ્ત્રી૦ જુઓ સગપણ
સગાંસાંઈ ન૦બ૦વ૦ સગાંવહાલાં
સગીર વિ૦ [अ.] (કાયદા પ્રમાણે) કાચી ઉંમરનું
સગુણ વિ૦ [सं.] ગુણયુક્ત (૨) આકાર વગેરે ગુણવાળું
સગુરું વિ૦ ગુરુવાળું ('નગરું'થી ઊલટું)
સગું વિ૦ એક લોહીનું કે લગ્નસંબંધથી જોડાયેલું (૨) ન૦ તેવું માણસ. **૦વહાલું** ન૦સગું; સંબંધી. **૦સહોદર** ન૦ એક કુટુંબનું માણસ. **૦સંબંધી** ન૦સગું અને સંબંધી; સગું કે સંબંધી. **૦સાગર્ણું** ન૦ સગુંવહાલું
સગોત્ર(–ત્રી) વિ૦ [सं.] એક ગોત્રનું
સઘન વિ૦ [सं.] ગાઢ; ઘન (૨) નક્કર. **૦તા** સ્ત્રી૦
સઘળું વિ૦ સકળ; બધું; તમામ
સચકિત વિ૦ [सं.] ચકિત; આશ્ચર્ય પામેલું
સચરાચર વિ૦ સ્થાવર, જંગમ, બધું (૨) અ૦ સર્વત્ર
સચિ(–ચી) સ્ત્રી૦ [सं.] (સં.) શચી; ઇંદ્રાણી
સચિત્ત વિ૦ [सं.] ચિત્તવાળું–જેને ચિત્ત છે એવું (પ્રાણી)
સચિત્ર વિ૦ [सं.] ચિત્રવાળું
સચિવ પું૦ [सं.] પ્રધાન; વજીર
સચિંત વિ૦ [सं.] ચિંતાયુક્ત (૨) અ૦ ચિંતા સાથે
સચી સ્ત્રી૦ [सं.] (સં.) સચિ; ઇંદ્રાણી
સચીકણ વિ૦ ચીકટવાળું; તેલી (૨) સુંવાળું
સચેત,૦ન વિ૦ [सं.] ચેતનાવાળું (૨) સાવધ
સચેષ્ટ વિ૦ [सं.] ચેષ્ટાયુક્ત
સચૈલ વિ૦ [सं.] કપડાં સહિત [નહિ તેવી રીતે
સચોટ વિ૦ અચૂક; નિષ્ફળ ન જાય એવું (૨) અ૦ ચૂકે
સચોડું વિ૦બધું, સમૂળગું; સંચોડું (૨) અ૦તદ્દન; બિલકુલ
સચ્ચરિત(–ત્ર) વિ૦[सं.]સદાચારી(૨)ન૦સદ્વર્તન; સદાચાર
સચ્ચાઈ સ્ત્રી૦ સાચાપણું; પ્રમાણિકતા
સચ્ચિદ ન૦[सं.] સત્ અને ચિત્સ્વરૂપ. **–દાનંદ** પું૦ સત્, ચિત્ અને આનંદરૂપ બ્રહ્મ; પરમાત્મા
સચ્ચું વિ૦ સાચું; સત્ય
સજ(–જ્જ) વિ૦ જુઓ સજ્જ
સજગ વિ૦ જાગૃત; સાવધાન
સજ(–જ્જ)ડ વિ૦ મજબૂત; દૃઢ; સખ્ત (૨) ચોંટેલું (૩) અકડાયેલું; જકડાયેલું. **૦બંબ** વિ૦ એકદમ સજ્જડ
સજન પું૦+સુજન; સજ્જન. **૦તા, –નાઈ** સ્ત્રી૦
સજની સ્ત્રી૦ સખી (૨) પ્રિયા
સજલ(–ળ) વિ૦ [सं.] જળવાળું (૨) આંસુથી ભરેલું
સજવું સ૦ક્રિ૦ધારણ કરવું(૨)શણગારવું(૩)સજ–તૈયાર કરવું
સજળ વિ૦ જુઓ સજલ
સજા સ્ત્રી૦[फा.] શિક્ષા; દંડ; નસિયત
સજાઈ સ્ત્રી૦ સામગ્રી (૨) સજવું તે; તૈયારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સજાત વિ૦ સુજાત; કુલીન; ખાનદાન
સજાતિ,-તીય વિ૦ [સં.] એક જાતિ કે વર્ગનું
સજાત્ય ન૦ [સં.] સગપણ (૨) 'સિમિલિટ્યૂડ' (ગ.). ૦કેંદ્ર ન૦ 'સેન્ટર ઑફ સિમિલિટ્યૂડ' (ગ.). ૦રેખા સ્ત્રી૦ 'લાઈન ઑફ સિમિલિટ્યૂડ' (ગ.)
સજાપો પું૦ તંદુરસ્તી; આરોગ્ય
સજાય સ્ત્રી૦ શિખામણ; સમજણ
સજાયો પું૦ અસ્રો; છર
સજાવટ સ્ત્રી૦ સજવું તે કે તેની ઢબછબ, રીત
સજાવર વિ૦ યોગ્ય; લાયક [જુઓ સજાવર
સજાવાર વિ૦ સજા કરવા યોગ્ય; સજાને પાત્ર (૨) [ફા.]
સજીવ વિ૦ [સં.] જીવવાળું; જીવતું. ૦તા સ્ત્રી૦. ૦ન વિ૦ જીવતું. **-વારોપણ** ન૦ નિર્જીવમાં સજીવપણાનો આરોપ કરવો તે (એક અલંકાર) [પતિ કે પત્નીની સાથે
સજોડ વિ૦ જોડીદાર સહિત (સ્ત્રી પુરુષ બંને). **-ડે** અ૦
સજોર વિ૦ જોરવાળું; બળવાન
સજ્જ વિ૦ [સં.] (સજ્જને) તૈયાર થયેલું
સજ્જડ વિ૦ જુઓ સજડ
સજ્જન પું૦ [સં.] સભ્ય; ખાનદાન કે સદાચારી માણસ (૨) ન૦ સજ્જ કરવું તે. ૦તા,-નાઈ સ્ત્રી૦ ખાનદાની
સજ્જા સ્ત્રી૦ શય્યા (૨) તેરમાને દિવસે અપાતું ખાટલા અને પથારીનું દાન (૩) [સં.] બખતર (૪) પોશાક
સજ્જિત વિ૦ [સં.] સજ્જ થયેલું કે કરેલું
સટ પું૦ સમાન વસ્તુઓનો સમૂહ; 'સેટ'
સટ,૦ક અ૦ ઝટ; એકદમ. ૦કણિયું વિ૦ જુઓ સટકણું. ૦કણું વિ૦ સટકી જાય તેવું (૨) ન૦ નાસવું તે. ૦કવું અ૦ક્રિ૦ નાસી જવું (૨) સરી જવું; ખસી પડવું. ૦કિયું વિ૦ સટકે તેવું (૨) ન૦ ઝટ સરે એવી ગાંઠ (૩) ઉંદરડી
સટકાવવું સ૦ક્રિ૦ મારવું; ઝાપટવું (૨) 'સટકવું'નું પ્રેરક
સટકો પું૦ લાકડી; સોટી
સટરપટર વિ૦ અવ્યવસ્થિત; વેરણછેરણ (૨) અ૦ અવ્યવસ્થિતપણે. **-રિયું** વિ૦ ગડબડિયું; સટરપટર
સટવું અ૦ક્રિ૦ સટકવું
સટા સ્ત્રી૦ [સં.] જટા (૨) કેશવાળી (સિંહની)
સટાક અ૦ (રવ૦) તેવો અવાજ થાય તેમ (૨) ઝટ; ત્વરાથી (૩) સ્ત્રી૦ સટાકો; કોરડો (૪) તેનો અવાજ. **-કાબંધ** અ૦ સપાટાબંધ. **-કો** પું૦ કોરડાનો અવાજ (૨) કોરડો
સટીક વિ૦ [સં.] ટીકાવાળું; ટીકા સહિત (પુસ્તક)
સટોડિ(-રિ)યો પું૦ સટ્ટો કરનારો
સટોસટ અ૦ ઉપરાઉપરી [(દા. ત. કર્પૂરમંજરી)
સટ્ટક ન૦ [સં.] એક જાતનું પ્રાકૃત ભાષાનું નાનું નાટક
સટ્ટો પું૦ લાભનું લેખું માંડીને કરેલું સોદાનું સાહસ. **-ટ્ટાખોર, -ટ્ટાબાજ** વિ૦ સટ્ટાની લતવાળું; સટોરિયું. **-ટ્ટાખોરી, -ટ્ટાબાજી** સ્ત્રી૦
સઠલ વિ૦ શિથિલ; નરમ
સઠેકાણું ન૦ સારું ઠેકાણું-જગા
સડ વિ૦ ભરાવાથી તંગ; કઠણ; જડ (૨) સ્તબ્ધ; દિઙ્મૂઢ (૩) અ૦ ઝડપથી. ૦ક વિ૦ (૨) અ૦ જુઓ સડ ૨, ૩
સડક સ્ત્રી૦ પાકો રસ્તો (૨) જુઓ 'સડ'માં. ૦લાકડું વિ૦ લાકડા જેવું સ્તબ્ધ ને જડ
સડકો પું૦ (રવ૦) આંગળાંથી પ્રવાહી પદાર્થ મોંમાં લેતાં થતો અવાજ; સબડકો (૨) જોરથી વાયુ ખેંચતાં નાકમાં થતો અવાજ
સડજોડ વિ૦ અઢી (સંકેત) [રહેનાર
સડઝોડ વિ૦ દુરાગ્રહી; પોતાના મતને ઝોડની પેઠે વળગી
સડવું અ૦ક્રિ૦ કોહી જવું
સડસઠ વિ૦ '૬૭'
સડસડ અ૦ (રવ૦) કડકડતા પ્રવાહીનો કે સડકાનો અવાજ. ૦વું અ૦ક્રિ૦ સડસડ અવાજથી ઊકળવું કે બળવું. **-ડાટ** પું૦ સડસડ અવાજ (૨) સપાટાબંધ; રેલાની પેઠે; સડેડાટ
સડાક અ૦ જલદી
સડાકો પું૦ ચાબુકનો અવાજ; સટાકો (૨) જુઓ સડકો (૩) બીડી, ચલમનો દમ ખેંચવો તે
સડાસડ અ૦ (રવ૦) ઉપરાઉપરી સડાકા થાય એમ
સડિયો પું૦ અળવીનો છોડ, તેનું પાન કે દાંડો
સડેડાટ અ૦ (રવ૦) સડડડ કરીને (ગતિ માટે); વગર વિઘ્ને; સડસડાટ
સડો પું૦ કોહવાટ; બગાડો (૨) [લા.] ભ્રષ્ટાચાર; ખરાબી
સઢ પું૦ પવન ભરાઈને વહાણને ગતિ મળે તે માટે વહાણના થાંભલાને બાંધવામાં આવતું કપડું
સઢીલ વિ૦ શિથિલ; ઢીલું
સણકો પું૦ શૂળ ભોંકાતી હોય એવું દરદ (૨) મનનો તરંગ
સણગટ પું૦ શણગટ; સોડિયું; ઘૂંઘટ
સણગો પું૦, **-ગાવું** અ૦ક્રિ૦ જુઓ શણગો,-ગાવું
સણસણ અ૦ (રવ૦) ઊકળતા પાણીનો અવાજ. ૦વું અ૦ક્રિ૦ સણસણ અવાજ થવો. **-ણાટ** પું૦ પાણી બળતાં કે હવા ચિરાતાં થતો અવાજ
સણસાર,-રો પું૦ જુઓ અણસારો. ૦વું સ૦ક્રિ૦ અણસારો કરવો (૨) બળદ, ઘોડા વગેરેને જોરથી ચલાવવા (૩) રાશ, લગામ વગેરે હલાવવાં
સણંગ સ્ત્રી૦ સુરંગ; જમીન તળેનો લાંબો સાંકડો રસ્તો (૨) વિ૦ (સુ.) સણગાયેલી-અંકુર ફૂટેલી (વાલની દાળ)
સણિયું વિ૦ ચતુર [-જો પું૦ બાપ
સણીજી સ્ત્રી૦ મા. **-જું** વિ૦ સગપણના સંબંધવાળું.
સત વિ૦ [સં.] (સમાસની શરૂઆતમાં) સાચું (૨) સારું (૩) અસ્તિત્વવાળું (૪) યથાર્થ (૫) ન૦ અસ્તિત્વ (૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચાપણું (૭) સાર (૮) સતીત્વનો જુસ્સો. ૦જુગ પું૦ જુઓ સત્યયુગ. ૦જુગિયું વિ૦ સતજુગનું (૨) સત્યવાદી; ધર્માત્મા

સતત વિ૦ [સં.] હંમેશ ચાલુ (૨) કાયમી (૩) અ૦હમેશાં; [નિરંતર

સતપત સ્ત્રી૦ જંપીને ન બેસાય તે; ચંચળતા. **-તિયું** વિ૦ સતપત કર્યા કરનારું; ચંચળ; હાલ હાલ કર્યા કરનારું

સતમી સ્ત્રી૦ માલનું ભરતિયું (૨) રજાચિઠ્ઠી

સતર સ્ત્રી૦ લીટી; ઓળ; હાર

સતસાઈ સ્ત્રી૦ જુઓ શતસાઈ

સતાણ વિ૦ ખેંચીને પકડેલું; તંગ

સતાપ(-બ) સ્ત્રી૦ એક વનસ્પતિ

સતામ(-વ)ણી સ્ત્રી૦ સતાવવું તે; પજવણી

સતાર પું૦;સ્ત્રી૦ એક તંતુવાદ્ય; સિતાર

સતારો પું૦ જુઓ સિતારો

સતાવણી સ્ત્રી૦ જુઓ સતામણી. **-વું** સ૦ક્રિ૦ પજવવું

સતાવું અ૦ક્રિ૦ (ચ.) સમાવું. **-શ** પું૦ સમાવેશ; સતાવું તે

સતાં અ૦ + છતાં; તોપણ. **-તે** અ૦ + હોતાં; છતે

સતિસપ્તમી સ્ત્રી૦ [સં.] ક્રિયાપદે બતાવેલી ક્રિયા કઈ પરિસ્થિતિમાં થઈ હતી તે બતાવવા સંસ્કૃતમાં કરાતો કૃદંતનો અને તેના વિશેષ્યનો એક પ્રયોગ (વ્યા.)

સતિયું વિ૦ સત્યવાદી; પ્રામાણિક; સતું

સતી સ્ત્રી૦ [સં.] પતિવ્રતા (૨) મૃત પતિ સાથે ચિતામાં બળનારી સ્ત્રી (૩) [સં.] પાર્વતી (૪) ગાયત્રી. ૦ત્વ, ૦પણું ન૦

સતું વિ૦ સાચું; સત્યમાર્ગે ચાલનારું (૨) સતવાળું (૩) [હયાત; ચાલતું

સતે અ૦ + જુઓ 'સતાં'માં [ઉત્સાહયુક્ત (૩) જાગ્રત

સતેજ વિ૦ [સં.] (વધારે) પ્રકાશયુક્ત કે સળગતું (૨)

સતો પું૦ સતી પેઠે પત્ની પાછળ સહગમન કરનારો

સતોરું વિ૦ તોરવાળું (દહીં)

સતોસતિયું વિ૦ ભલીવાર વગરનું; ઠામઠેકાણા વગરનું (૨) બારોબારિયું; કોઈને માથે નહિ એવું

સત્કર્મ ન૦ [સં.] સારું કામ

સત્કાર પું૦ [સં.] સ્વાગત. ૦ક વિ૦ સત્કાર કરનારું. ૦વું સ૦ક્રિ૦ સત્કાર કરવો. ૦સમિતિ સ્ત્રી૦ સ્વાગતસમિતિ

સત્કાર્ય ન૦ [સં.] સારું કાર્ય. ૦વાદ પું૦ ઉત્પત્તિ પૂર્વે કારણસ્વરૂપે કાર્ય વિદ્યમાન છે એવો સાંખ્ય ને વેદાંતી મત. ૦વાદી પું૦ સત્કાર્યવાદમાં માનનાર

સત્તમ વિ૦ [સં.] ઉત્તમ; શ્રેષ્ઠ

સત્તર વિ૦ '૧૭'

સત્તા સ્ત્રી૦ [સં.] સ્વામિત્વ; માલકી (૨) અધિકાર; હક (૩) અમલ (૪) બળ; જોર (૫) અસ્તિત્વ. ૦ધારી વિ૦ સત્તાવાન. ૦ધિકારી, ૦ધીશ વિ૦ સત્તા અને અધિકારવાળું (૨) પું૦ અધિકારી; અમલદાર. ૦બળ ન૦ અધિકારનું બળ (૨) બળ; શક્તિ. ૦વાચક વિ૦ અસ્તિત્વ જણાવનારું (વ્યા.) ૦વાદ પું૦ સત્તાની કલ્યાણકારિતામાં માન્યતા. ૦વાદી વિ૦(૨)પું૦ સત્તાવાદમાં માનનાર. ૦વાન વિ૦ સત્તાવાળું. ૦વાર વિ૦ સત્તાયુક્ત; પ્રમાણિત. ૦વાહી વિ૦ સત્તાવાળું; સત્તા સૂચવતું; સત્તાની અસર પહોંચાડે એવું

સત્તાણુ(-ણું) વિ૦ '૯૭' (૨) ત્રણનો સંકેત

સત્તાવન વિ૦ '૫૭'

સત્તાવીસ વિ૦ '૨૭'

સત્તુ પું૦ સક્તુ; સાથવો

સત્તો પું૦ સાતના આંકવાળું પત્તું કે પાસો

સત્ત્ર(-ત્ર) ન૦ [સં.] યજ્ઞ

સત્ત્વ ન૦ [સં.] અસ્તિત્વ (૨) અંતઃકરણ (૩) સાર; તત્ત્વ (૪) સદ્‌ગુણ (૫) બળ; પરાક્રમ (૬) પ્રાણી. ૦ગુણ પું૦ પ્રકૃતિના ત્રણ ગુણમાંનો પ્રથમ (જુઓ ત્રિગુણ). ૦ગુણી વિ૦ સત્ત્વગુણવાળું. ૦(૦સં)શુદ્ધિ સ્ત્રી૦ અંતઃકરણની શુદ્ધિ

સત્પથ પું૦ [સં.] સન્માર્ગ

સત્પાત્ર વિ૦ [સં.] બરાબર યોગ્યતાવાળું

સત્પુરુષ પું૦ [સં.] સારો પુરુષ; સજ્જન

સત્પ્રતિપક્ષ પું૦ [સં.] એક હેત્વાભાસ; પોતે જે સાધ્ય સિદ્ધ કરે છે તેનો જ અભાવ સિદ્ધ કરનાર બીજો સબળ વિરોધી હેતુ જેને હોય તે હેતુ (ન્યા.)

સત્ય વિ૦ [સં.] સાચું; વાસ્તવિક; ખરું (૨) ન૦ ખરાપણું; તથ્ય; સાચી વાત. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦. ૦દર્શી વિ૦ સત્ય જાણનારું. ૦પર, ૦પરાયણ વિ૦ સત્યને જ વળગી રહેનારું. ૦પૂત વિ૦ સત્ય વડે પવિત્ર થયેલું; સાચું. ૦પ્રિય વિ૦ જેને સત્ય પ્રિય છે એવું. ૦પ્રિયતા સ્ત્રી૦. ૦ભામા સ્ત્રી૦ (સં.) સત્રાજિત રાજાની પુત્રી અને શ્રીકૃષ્ણની પટરાણીઓમાંની એક. ૦યુગ પું૦ ચાર યુગમાંનો પ્રથમ; સતજુગ. ૦યુગીન વિ૦ સતયુગનું કે તેને અંગેનું ૦લોક પું૦ સાત લોકમાંનો સૌથી ઉપલો લોક. ૦વક્તા પું૦ સત્ય બોલનાર. ૦વાદી વિ૦ સત્ય બોલનાર. ૦વાન પું૦ (સં.) સાવિત્રીનો પતિ. ૦વ્રત વિ૦ સત્ય બોલવાના વ્રતવાળું; સત્યનિષ્ઠ (૨) પું૦ (સં.) ભીષ્મ. **-ત્યા** સ્ત્રી૦ (સં.) કૃષ્ણની આઠ પટરાણીઓમાંની એક

સત્યાગ્રહ પું૦ [સં.] સત્યપાલનનો આગ્રહ (૨) તે દ્વારા લડાતું અહિંસક યુદ્ધ (૩) તે અર્થે કરેલો સવિનય કાનૂનભંગ. ૦છાવણી સ્ત્રી૦ સત્યાગ્રહના સૈનિકોની છાવણી. **-હી** વિ૦ સત્યાગ્રહને અંગેનું (૨) સત્યાગ્રહ કરનારું (૩) પું૦ સત્યાગ્રહ કરનાર

સત્યાનાશ ન૦ નખ્ખોદ; પાયમાલી

સત્યાભાસી વિ૦ [સં.] સત્યના માત્ર આભાસવાળું

સત્યાર્થપ્રકાશ પું૦ [સં.] સ્વામી દયાનંદકૃત, આર્યસમાજનો મૂળ ગ્રંથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યાશી(-સી) વિ૦ '૮૭'
સત્યાંશ પું૦ [સં.] સત્યનો અંશ
સત્ર ન૦ [સં.] યજ્ઞ શરૂ થઈ પૂરો થાય ત્યાંસુધીનો (૧૩ થી ૧૦૦ દિવસનો) સમય (૨) યજ્ઞ (૩) લાંબી રજાઓ વચ્ચેનો શાળાનો અભ્યાસનો સમય-ગાળો; 'ટર્મ' (૪) સદાવ્રત
સત્રપ પું૦ સૂબો; હાકેમ [સત્રનો અંત
સત્રાંત વિ૦ [સં.] સત્રને અંતે આવતું કે બનતું (૨) પું૦
સત્વર વિ૦ [સં.] ત્વરાયુક્ત (૨) અ૦ જલદી. ૦તા સ્ત્રી૦
સત્સમાગમ પું૦ [સં.] સાધુસંત કે સજ્જનનો સમાગમ
સત્સંગ પું૦ [સં.] સંત કે સજ્જનની સોબત. **-ગી** વિ૦ સત્સંગ કરનારું (૨) પું૦ સત્સંગ કરનાર (૩) સ્વામી-નારાયણ સંપ્રદાયનો અનુયાયી
સથરપથર અ૦ અવ્યવસ્થિત: વીખરાયેલું
સથરાણ ન૦ વિખેરી નાખવું તે (૨) લશ્કરની કતલ
સથરામણ સ્ત્રી૦ મનની શાંતિ [આદમી
સથવારો પું૦ સાથ (૨) કાફલો (૩) કડિયાની એક જાતનો
સથો પું૦ તૂતક
સદગરવું સ૦ક્રિ૦ માનવું; પત કરવું
સદડું વિ૦ પ્રવાહી અને જાડું-ઘટ્ટ
સદન ન૦ [સં.] ઘર; રહેઠાણ
સદય વિ૦ [સં.] દયાયુક્ત; દયાવાળું
સદર વિ૦ મુખ્ય; વડું; શ્રેષ્ઠ (૨) સદરહુ (૩) ફુલ (સત્તા, પરવાનગી) (૪) ન૦ મોટી કચેરીવાળું કે હાકેમ રહેતો હોય તે સ્થળ (૫) પું૦ પ્રમુખ; સભાપતિ. **૦અદાલત** સ્ત્રી૦ વડી કચેરી. **૦અમીન** પું૦ જડજથી ઊતરતો વડો દેશી અમલદાર. **૦પરવાનગી** સ્ત્રી૦ જેમ ફાવે તેમ કરવાની ફુલ મુખત્યારી. **૦બજાર** પું૦; સ્ત્રી૦; ન૦ મુખ્ય બજાર. **૦હુ** વિ૦ આગળ જણાવેલું; પૂર્વોક્ત
સદરો પું૦ [अ.] ટૂંકી બાંયનું ખૂલતું પહેરણ
સદર્થ પું૦ [સં.] સારો કે સાચો અર્થ-હેતુ કે વસ્તુ (૨) વિ૦ સારા અર્થવાળું (૩) શુભપ્રયોજનવાળું. **-ર્થે** અ૦ સારા માટે
સદવું અ૦ક્રિ૦ માફક આવવું
સદસદ્‌વિવેક પું૦ [સં.] સારાનરસાનો ભેદ સમજવાની શક્તિ
સદસ્ય પું૦ [સં.] સભાસદ. **-સ્યા** સ્ત્રી૦ સ્ત્રી-સભાસદ; સભ્યા
સદળ વિ૦ દળવાળું; જાડું. **-ળું** વિ૦ જુઓ સદળ (૨) ભારે
સદંતર અ૦ સદાને માટે (૨) પૂર્ણતઃ; સર્વથા
સદંશ પું૦ [સં.] જુઓ સત્યાંશ
સદા(૦કાળ) અ૦ [સં.] હમેશાં
સદાગ્રહ પું૦ [સં.] સાચો કે સારી બાબત વિષેનો આગ્રહ
સદાચરણ ન૦ [સં.] સારું આચરણ; સદ્વર્તન. **-ણી** વિ૦ સદાચરણવાળું [આચાર. **-રી** વિ૦ સદાચારવાળો
સદાચાર પું૦ [સં.] સારો આચાર; સદાચરણ; શિષ્ટ પુરુષોનો
સદાનંદ વિ૦ [સં.] સદા આનંદમાં રહેનારું (૨) પું૦ પરમાત્મા (૩) સંગીતનો એક અલંકાર
સદારદા અ૦ કારણ વિના
સદાવડું વિ૦ સમૂળગું; બધું; હમેશનું [(૨) અન્નક્ષેત્ર
સદાવ્રત ન૦ [સં.] દીન ભૂખ્યાંને રોજ અન્ન આપવાનું વ્રત
સદાશિવ વિ૦ [સં.] હંમેશાં કલ્યાણકારી (૨) પું૦ (સં.) મહાદેવ
સદાસર્વદા અ૦ [સં.] હમેશાં; સતત
સદી સ્ત્રી૦ [फ़ा.] સૈકો
સદીસા અ૦ વેળાસર; સવેળા
સદૃશ વિ૦ [સં.] સમાન. **૦તા** સ્ત્રી૦. **-શીકરણ** ન૦ સદૃશ કરવું તે
સદેહ વિ૦ [સં.] દેહ સહિત. **-હે** અ૦ દેહ સાથે (પરલોક જવું)
સદૈવ અ૦ [સં.] હમેશાં [સદા; સર્વદા
સદોદિત વિ૦ [સં.] નિત્ય પ્રકાશમય; નાશરહિત (૨) અ૦
સદોષ વિ૦ [સં.] દોષવાળું [ગતિ; ઉત્તમ લોકની પ્રાપ્તિ
સદ્‌ગત વિ૦ [સં.] સારી ગતિ પામેલું; મૃત. **-તિ** સ્ત્રી૦ સારી
સદ્‌ગુણ પું૦ [સં.] સારો ગુણ. **-ણી** વિ૦ સદ્‌ગુણવાળું
સદ્‌ગૃહસ્થ પું૦ [સં.] પ્રતિષ્ઠિત માણસ (૨) સજ્જન
સદ્ધર્મ વિ૦ [સં.] સાચો કે શ્રેષ્ઠ ધર્મ (૨) બૌદ્ધધર્મ
સદ્‌બુદ્ધિ સ્ત્રી૦ [સં.] સારી બુદ્ધિ; સન્મતિ
સદ્‌ભાગી વિ૦ [સં.] ભાગ્યશાળી. **-ગણ,-ગિની** વિ૦સ્ત્રી૦
સદ્‌ભાગ્ય ન૦ [સં.] સારું ભાગ્ય; સુભાગ્ય
સદ્‌ભાવ પું૦ [સં.] સારાપણાનો ભાવ; સ્નેહની લાગણી
સદ્મ ન૦ [સં.] ઘર; મંદિર
સદ્ય અ૦ [સં.] તરત જ. **-દ્યઃસ્થિતિ** સ્ત્રી૦ વર્તમાન પરિસ્થિતિ. **-દ્યોવધૂ** સ્ત્રી૦ લગ્નની ઉંમરે પરણી લેનારી સ્ત્રી (જુઓ બ્રહ્મવાદિની)
સદ્‌વર્તન ન૦ [સં.] સારું વર્તન; સદાચરણ
સદ્‌વાસના સ્ત્રી૦ [સં.] સારી વાસના
સદ્‌વૃત્તિ સ્ત્રી૦ [સં.] સારી વૃત્તિ (૨) સદ્વર્તન
સધન વિ૦ [સં.] ધનવાન
સધર્મચારિણી,સધર્મિણી સ્ત્રી૦ [સં.] જુઓ સહધર્મિણી
સધર્મી વિ૦ [સં.] સમાન ધર્મવાળું; સહધર્મી
સધવા વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ [સં.] સૌભાગ્યવતી સ્ત્રી
સધાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'સાધવું'નું કર્મણિ ને પ્રેરક
સધુર વિ૦ [સં.] પત્નીવાળો (પતિ) ['વિધુર'થી ઊલટું]
સધ્ધર વિ૦ શક્તિમાન; સબધું (૨) પૈસાદાર [પ્રમાણે
સન પું૦ શક; સંવત (ખ્રિસ્તી કે હિજરી). **-ને** અ૦ સન
સનકારો પું૦ (આંખ વડે કરેલો) ઇશારો (૨) અખત્યારપત્ર (૩) બહેરાટ. **-રવું** અ૦ક્રિ૦ આંખનો ઇશારો કરવો
સન(-નં)દ સ્ત્રી૦ [अ.] પરવાનગી; પરવાનો. **-દી** વિ૦ સનંદવાળું
સનમ સ્ત્રી૦ [अ.] માશૂક
સનમના સ્ત્રી૦ (પ.) ઉદાસીનતા; દિલગીરી
સનસ સ્ત્રી૦ માનમરતબો (૨) ગરજ [અસર; તરખાટ
સનસનાટી સ્ત્રી૦ આશ્ચર્ય કે હબકની સ્તબ્ધતાની વ્યાપક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સનંત વિ૦ [સં.] સંસ્કૃતમાં ક્રિયાપદનું ઇચ્છાવાચક(રૂપ)[વ્યા.]
સનંદ,-દી જુઓ 'સનદ'માં
સનાતન વિ૦ [સં.] શાશ્વત (૨) પરાપૂર્વથી ચાલ્યું આવતું. ૦ધર્મ પું૦ પ્રાચીન કાળથી ચાલ્યો આવતો (હિંદુ) વૈદધર્મ. -ની વિ૦ (૨) પું૦ સનાતનધર્મનો અનુયાયી
સનાથ વિ૦ [સં.] નાથ, સ્વામી કે ઓથવાળું. ૦તા સ્ત્રી૦
સનાદે અ૦ (પ.) + સાંનિધ્યમાં; પાસે (?)
સનાન ન૦ સગાંસંબંધીના મરણથી કરવાનું સ્નાન. ૦સૂતક ન૦ સનાન અને સૂતક (૨) [લા.] લેવાદેવા; સંબંધ. -નિયું વિ૦ સનાનની ખબર લાવનારું (૨) જેને સનાન આવતું હોય તે (૩) એવાને અડી અભડાયેલું
સનૂબર ન૦ એક ઝાડ
સનેડો પું૦ + સ્નેહબંધન; હેડો
સનેપાત,સન્નિપાત [સં.] પું૦ ત્રિદોષ; મુઝારો
સન્નીતિ સ્ત્રી૦ [સં.] સુનીતિ
સન્માતા સ્ત્રી૦ [સં.] સારી માતા
સન્માન ન૦ [સં.] સત્કાર (૨) પ્રતિષ્ઠા. ૦કારી વિ૦, ૦કારિણી વિ૦સ્ત્રી૦ સન્માન કરનારું. ૦વું સ૦ક્રિ૦ સન્માન કરવું. -નિત વિ૦ સત્કારાયેલું
સન્માર્ગ પું૦ [સં.] સારો-નીતિનો માર્ગ
સન્મિત્ર પું૦ [સં.] સારો મિત્ર
સપક્ષ [સં.] વિ૦ પાંખવાળું (૨) જેની પાછળ પક્ષ હોય એવું (૩) એકસમાન પક્ષનું (૪) સમાન (૫) જેના ઉપર સાધ્યનો નિશ્ચય થયો છે તેવું (ઉદાહરણ) [ન્યા.]. -ક્ષી વિ૦ સપક્ષ-એકસમાન પક્ષનું [(પ્રેરક)
સપટાવું અ૦ક્રિ૦ સપડાવું; ફસાવું; જકડાવું. -વવું સ૦ક્રિ૦
સપડાવું અ૦ક્રિ૦ ફસાવું; પકડાવું. -વવું સ૦ક્રિ૦(પ્રેરક)
સપત્ની સ્ત્રી૦ [સં.] શોક; પતિની બીજી પત્ની
સપનું ન૦ સ્વપ્ન
સપરમું વિ૦ શુભ પર્વનું; માંગલિક; ખુશાલીનું
સપરાણું વિ૦ (પ.) સઘળું (૨) જબરું (૩) ધન્ય; સફળ
સપરિવાર વિ૦ (૨) અ૦ [સં.] પરિવાર સહિત
સપસપ અ૦ ચપચપ; ઝડપથી
સપાટ વિ૦ ખાડાટેકરા વિનાનું; એકસરખું (૨) તમામ (૩) સ્ત્રી૦ એક પ્રકારના જોડા; ખાસડી
સપાટિયું ન૦ ખપાટિયું; વાંસ અથવા બરની ચીપ
સપાટી સ્ત્રી૦ કોઈ પણ વસ્તુનો છેક ઉપરનો સપાટ ભાગ
સપાટો પું૦ ઝપાટો; ઝડપ (૨) તમાચો (૩) ચાબુકનો પ્રહાર (૪) ગપાટો. -ટાબંધ અ૦ તરત; તાબડતોબ
સપાડું ન૦ આભાર; પાડ (૨) વગ; ભલામણ
સપાદ વિ૦ [સં.] સવાયું; સવા
સપારે અ૦ બરોબર; ઠીક
સપાસપ અ૦ સપાટાબંધ

સપિંડ વિ૦ (૨) પું૦ [સં.] એક જ લોહીનું; સાત પેઢી સુધીના પિતૃઓને પિંડ આપનાર; સંબંધી. -ડીકરણ ન૦ મરેલા સગાને પિંડદાન કરવું તે
સપૂચું વિ૦ સમૂળગું; તમામ [સારો પુત્ર
સપૂત પું૦ કુટુંબની આબરૂ વધારે તેવો દીકરો (૨)
સપૂરત સ્ત્રી૦ સુપરત; સોંપણી
સપ્ટેંબર પું૦ [ઇં.] ઈસવી સનનો નવમો માસ
સપ્ત વિ૦ [સં.] સાત. ૦ક ન૦ સાતનો સમૂહ. ૦કોણ વિ૦ સાત ખૂણાવાળું (૨) પું૦ (ગ.) સાત ખૂણાવાળી આકૃતિ. ૦દ્વીપ પું૦બ૦વ૦ પુરાણાનુસાર પૃથ્વીના સાત મોટા વિભાગ; જમ્બુ, કુશ, પ્લક્ષ, શાલ્મલિ, ક્રૌંચ, શાક અને પુષ્કર. ૦ધાતુ સ્ત્રી૦ બ૦વ૦ આયુર્વેદ પ્રમાણે શરીરની સાત ધાતુઓ (જુઓ ધાતુ). ૦પદી સ્ત્રી૦ વિવાહવિધિમાં વરકન્યાએ સાત પગલાં સાથે ફરવું તે (૨) તે વખતે બોલવાનો મંત્ર. ૦પર્ણ પું૦ એક ઝાડ. ૦પાતાલ(-ળ) ન૦બ૦વ૦ અતલ,વિતલ,સુતલ,રસાતલ,તલાતલ,મહાતલ ને પાતાલ. ૦ભુજ પું૦ (ગ.) સપ્તકોણ. ૦મ વિ૦ સાતમું. ૦મી વિ૦ સ્ત્રી૦ સાતમી (૨) સ્ત્રી૦ સાતમ. ૦રાશિ સ્ત્રી૦ 'રૂલ ઑફ સેવન' (ગ.). ૦ર્ષિ પું૦બ૦વ૦ મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, અને વસિષ્ઠ એ સાત ઋષિઓ કે તારાઓ. ૦શતી સ્ત્રી૦ ૭૦૦ શ્લોકનો સમૂહ. -પ્તાહ ન૦ અઠવાડિયું (૨) સ્ત્રી૦ સાત દિવસ ચાલતું (ભાગવતનું) પારાયણ
સપ્પટ વિ૦ બેસતું; તંગ; વળગેલું
સપ્રકાશ વિ૦ [સં.] પ્રકાશવાળું
સપ્રત્યય વિ૦ [સં.] પ્રત્યયવાળું (૨) વિશ્વાસવાળું
સપ્રમાણ વિ૦[સં.]સાધાર;સાબિતીવાળું(૨)યોગ્ય પ્રમાણવાળું; માપસર (૩) સયુક્તિક(૪)અ૦પ્રમાણ ટાંકીને. ૦તા સ્ત્રી૦
સપ્રયોજન વિ૦ [સં.] પ્રયોજનવાળું; હેતુપુરઃસર
સપ્રયોગ વિ૦ [સં.] પ્રયોગ સહિત (૨) પ્રયોગસિદ્ધ
સપ્રાણ વિ૦ [સં.] પ્રાણવાળું
સપ્રેમ અ૦ [સં.] પ્રેમસહિત; પ્રેમપૂર્વક
સફ સ્ત્રી૦ [अ.] બાજુ; કોર (૨) હાર; ઓળ
સફર પું૦[अ.] હિજરી સનનો બીજો માસ (૨)સ્ત્રી૦પ્રવાસ; મુસાફરી (૩) વહાણની મુસાફરી. ૦નામું ન૦ પ્રવાસના વર્ણનનું પુસ્તક
સફરજન ન૦ એક ફળ
સફરા(-ળા)ણું વિ૦ + (પ.) સફળ; ધન્ય; સપરાણું
સફરી વિ૦ [फा.] મુસાફરીનું; સફર કરનારું (૨) લહેરી; ખર્ચાળ (૩) પું૦ ખલાસી
સફલ(-ળ) વિ૦ [સં.] ફળવાળું (૨) જેનો હેતુ પાર પડ્યો છે તેવું; સિદ્ધ; સાર્થક. ૦તા સ્ત્રી૦
સફા વિ૦ [अ.] સાફ; સ્વચ્છ (૨) કાંઈ પણ બાકી ન હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવું. ૦ઈ સ્ત્રી૦ સ્વચ્છતા (૨) નિષ્કપટતા (૩)[લા.]બડાઈ (૪) ટાપટીપ. ૦ઈદાર વિ૦ સફાઈવાળું; સાફ; સ્વચ્છ. ૦ચટ અ૦ તદ્દન સફા–ખલાસ [સામટો નિકાલ

સફાલગોટો પું૦(કા.) કરવાનું તમામ કામ; કામના જથાનો

સફાળું વિ૦ ફાળ પડી હોય એવું; બેબાકળું (૨) ઓચિંતું

સફીત સ્ત્રી૦ છોકરાંની એક રમત

સફીલ વિ૦ લગોલગ અડેલું (૨) સ્ત્રી૦ રક્ષણ માટે કરેલું બાંધકામ; કોટ. ૦હક(–ક્ક) પું૦ પડોશહક. ૦દાર પું૦ હદેહદ જોડાયેલી હોય તેવો; પડોશી. ૦દારી સ્ત્રી૦

સફું ન૦ સફો; પૃષ્ઠ; બાજુ

સફેદ વિ૦[फा.] ધોળું. –દી સ્ત્રી૦ધોળી ભૂકી (૨) ધોળાશ (૩) ચૂના વડે ધોળવું તે (૪)ઈંડાનો ધોળો ગર. –દો પું૦ ધોળો ભૂકો (૨) તેલવાળો ધોળો રંગ

સફો પું૦ પૃષ્ઠ; બાજુ; સફું

સબક પું૦; ન૦ [अ.] પાઠ; ધડો

સબજી સ્ત્રી૦ [फा.] ભાંગ. –જો પું૦ ડમરો

સબડકો પું૦ (રવ૦) પ્રવાહી પદાર્થ ચૂસતાં થતો અવાજ

સબડવું અ૦ક્રિ૦ વાસી પડ્યું રહેવાથી બગડી જવું (૨) [લા.] રઝળવું; સડવું; નકામું થઈ પડ્યું રહેવું

સબડાક અ૦ (રવ૦) સબડકાનો રવ

સબધું વિ૦ સારા બાંધાનું; મજબૂત; ખમે તેવું.–ધાઈ સ્ત્રી૦

સબબ પું૦ [अ.] કારણ; હેતુ (૨) અ૦ કારણ કે

સબમરીન સ્ત્રી૦ [इं.] પાણીની સપાટી નીચે ચાલતી બોટ

સબ(–બૂ)ર સ્ત્રી૦ (૨) અ૦ જુઓ સબૂર

સબરસ ન૦ મીઠું

સબલ(–ળ,–ળું) વિ૦ [सं.] બળવાન

સબી સ્ત્રી૦ છબી; તસવીર (૨) શોભા; કાન્તિ

સબીજ વિ૦ [सं.] બીજવાળું (૨) સવિકલ્પ (સમાધિ)

સબીલ સ્ત્રી૦ [अ.] મહોરમના પહેલાં દશ દિવસથી પવાતું ધર્માદા પાણી કે શરબત

સબૂર સ્ત્રી૦ ધીરજ; સહનશક્તિ (૨) અ૦ 'થોભો; રહો' એ અર્થનો ઉદ્‌ગાર. –રાઈ,–રી સ્ત્રી૦ ધીરજ; સહનશક્તિ

સબોડવું સ૦ક્રિ૦ સોટીથી સબોસબ મારવું

સબોસબ અ૦ (રવ૦) (૨) ઝપાટાબંધ; ત્વરાથી

સભય વિ૦ [सं.] ભયયુક્ત

સભર વિ૦ ભરપૂર; પૂરેપૂરું ભરેલું

સભા સ્ત્રી૦ [सं.] મેળાવડો; પરિષદ (૨) સમાજ; મંડળી. ૦ક્ષોભ પું૦ સભા સામે બોલતાં થતો ગભરાટ. ૦પતિ પું૦સભાનો અધ્યક્ષ; પ્રમુખ; સદર. ૦મંડપ પું૦ સભાનો મંડપ. ૦રંજની વિ૦ સભાને ખુશ કરનારું. ૦શાસન ન૦ સભાનું વ્યવસ્થાસર કામ ચલાવવું તે. ૦સદ પું૦સભ્ય

સભાગી વિ૦ ભાગીદાર; હિસ્સેદાર [વિ૦સ્ત્રી૦ ગર્ભવંતી

સભ્ભર વિ૦ ભરપૂર; સભર(૨)માતબર; પૈસેટકે ભરપૂર(૩)

સભ્ય વિ૦ [सं.] વિવેકી; સંભાવિત; શિષ્ટ (૨) પું૦ સભાસદ. ૦તા સ્ત્રી૦ સભ્યપણું (૨) સંસ્કૃતિ; સુધારો. –ભ્યા સ્ત્રી૦ સ્ત્રી-સભ્ય; સદસ્યા

સમ પું૦બ૦વ૦ સોગન

સમ વિ૦ [सं.] સરખું (૨)પું૦તાલનું આરંભસ્થાન (સંગીત) (૩) સંગીતનો એક અલંકાર. ૦અપૂર્ણાંક ન૦ છેદથી નાના અંશનું અપૂર્ણાંક; 'પ્રોપર ફ્રેક્શન'. ૦કર્ણ પું૦ આયત; 'રેક્ટેન્ગલ' (ગ.). ૦કાલીન વિ૦એક જ કાળમાં સાથે વિદ્યમાન. ૦કેન્દ્ર વિ૦ (ગ.) સમાન કેન્દ્રવાળું; 'કૉન્સેન્ટ્રિક'. ૦કોણ(–ણિક) વિ૦ (ગ.) સમાન કોણવાળી (આકૃતિ). ૦ક્ષેત્ર વિ૦ (ગ.) સમાન ક્ષેત્રફળવાળું (૨) ન૦ 'હોરિઝોન્ટલ પ્લેઈન'

સમઈ સ્ત્રી૦ પીતળની દીવી. ૦દાની સ્ત્રી૦ દીવી; શમાદાન

સમકિત ન૦ સાચી તત્ત્વજિજ્ઞાસા (જૈન)

સમક્ષ વિ૦ (૨) અ૦ [सं.] પ્રત્યક્ષ; રૂબરૂ; નજર સામે

સમગ્ર વિ૦ [सं.] સઘળું; તમામ

સમઘાત વિ૦ [सं.] (ગ.) સમાન ઘાતવાળો (પદી)

સમચતુર્ભુજ પું૦ [सं.] ચારે સમાન બાજૂવાળો ચતુર્ભુજ–ચતુષ્કોણ; 'રૉમ્બસ' [(૨)તે દિવસે કરાતી ક્રિયા

સમચ(–છ)રી સ્ત્રી૦ સંવત્સરી; દરવર્ષે આવતી મરણતિથિ

સમચિત્ત વિ૦ [सं.] સર્વ પ્રત્યે કે સર્વ અવસ્થાઓમાં સમાન ચિત્તવાળું (૨) ન૦ ચિત્તની સમાનતા

સમચોરસ વિ૦ (૨) પું૦ ચાર બાજુઓ અને ચાર ખૂણા સરખા હોય તેવી આકૃતિ

સમચ્છેદ પું૦ (ગ.) અનેક અપૂર્ણાંકનો સમાન છેદ (૨) વિ૦ સમચ્છેદી. –દી વિ૦ સમચ્છેદવાળું

સમછરી સ્ત્રી૦ જુઓ સમચરી; છમછરી

સમજ,૦ણ સ્ત્રી૦ અક્કલ; જ્ઞાન;ડહાપણ (૨) પરસ્પર સમજી રાખેલી વાત; કરાર. ૦ણું વિ૦સમજે તેવું;સમજણવાળું. ૦દાર વિ૦ સમજણું. ૦દારી સ્ત્રી૦. ૦વું સ૦ક્રિ૦ જાણવું (૨) અર્થ ગ્રહણ કરવો (૩) ખરાખોટાની તુલના કરવી; વિચાર કરવો (૪) અ૦ક્રિ૦ આગ્રહ છોડવો; માની જવું. –જાવટ સ્ત્રી૦સમજાવવું તે. –જુ વિ૦ સમજણું; શાણું. –જૂક વિ૦+સમજુ –જૂત(–તી) સ્ત્રી૦સમજવું તે;માની લેવું તે (૨)સમજાવવું તે; ભ્રમ કે વિરોધ દૂર કરી સમાધાન કરાવવું તે (૩) શિખામણ; સલાહ (૪) ખુલાસો;વિવેચન

સમડી(–ળી) સ્ત્રી૦એક પક્ષી(૨)એક ઝાડ;શમી. –ડો(–ળો) પું૦ શમી વૃક્ષ (૨) કામણ–ટૂમણ કરનારો બાવો

સમણ ન૦ અંદાજસર ઉમેરવાની વસ્તુ; સમોવણ

સમણવું સ૦ક્રિ૦ ફેરવવું; વીંઝવું

સમણાસમણ સ્ત્રી૦ વીંઝાવીંઝ (૨) વેગવાળો અવરજવર

સમ(–મા)ણી સ્ત્રી૦ ઝીણી વસ્તુ માટેનો નાજુક ચીપિયો

સમણું ન૦ સ્વપ્નું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમતલ વિ૦[સં.]સરખી સપાટીનું (૨) ન૦ સરખી સપાટી(૩) 'પ્લેઈન'(ગ.). ૦ત્રિકોણમિતિ સ્ત્રી૦ 'પ્લેઈન ટ્રિગોનોમેટ્રી' (ગ.). ૦ભૂમિતિ સ્ત્રી૦ 'પ્લેઈન જ્યૉમેટ્રી' (ગ.)

સમતા સ્ત્રી૦ [સં.] સમત્વ; સરખાપણું

સમતુલા સ્ત્રી૦ [સં.] સમતોલપણું

સમતોલ વિ૦ સરખા વજનનું (૨) સરખું; સમાન (૩) પું૦;ન૦ બરાબર સરખું વજન. ૦તા સ્ત્રી૦, ૦ન, ૦પણું ન૦ સમતોલ હોવું કે થવું તે

સમત્રિકોણ પું૦[સં.]ત્રણે સરખી બાજુવાળો ત્રિકોણ (ગ.)

સમત્વ ન૦[સં.] સમતા. ૦બુદ્ધિ સ્ત્રી૦ સમતાવાળી બુદ્ધિ

સમદર પું૦ સમુદ્ર (પ.)

સમદર્શી વિ૦ [સં.] સૌની તરફ સરખી નજરે જોનારું; નિષ્પક્ષપાતી. -ર્શિતા સ્ત્રી૦

સમદુઃખ(-ખી) વિ૦ [સં.] સરખા દુઃખવાળું; બીજાનું દુઃખ જોઈ તેટલું જ દુઃખી થનારું

સમદૃષ્ટિ વિ૦[સં.]સમદર્શી(૨) સ્ત્રી૦સમાનદૃષ્ટિ;નિષ્પક્ષપાત

સમદો પું૦ કમાવ્યા કે રંગ દીધા વિનાનું તાજું ચામડું

સમદ્વિભુજ વિ૦[સં.]બે સરખી ભુજાવાળું (ગ.). ૦ત્રિકોણ પું૦ જેની બે બાજુ સરખી હોય એવો ત્રિકોણ (ગ.)

સમન સ્ત્રી૦ [ફા.] ચંપેલીનું ફૂલ

સમનલાડુ પું૦ મરનારનો હાથ અડકાડી, દક્ષિણા સાથે બ્રાહ્મણને કે મંદિરમાં અપાય છે તે લાડુ

સમનાભિક વિ૦[સં.]'કૉન્ફોકલ'(ગ.)

સમન્વય પું૦[સં.] એકસરખો વ્યવસ્થિત ક્રમ (૨) પરસ્પર સંબંધ (૩) તાત્પર્ય

સમન્વિત વિ૦ [સં.] સમન્વય કરેલું; યુક્ત; સંબદ્ધ

સમન્સ પું૦ [ઇં.] અદાલતી તેડું કે તેનો પત્ર

સમપાણિ પું૦ [સં.] ગાયનના તાલના કાળની સાથે જ તાળી પડવી તે

સમબાજુ(-જૂ) વિ૦ સરખી બાજુઓવાળી (આકૃતિ) [ગ.]

સમબુદ્ધિ વિ૦ [સં.] સર્વને સરખા સમજનારું (૨) સ્ત્રી૦ સમાનતાની બુદ્ધિ; સમત્વબુદ્ધિ

સમભાગ પું૦ [સં.] સરખો ભાગ

સમભાવ પું૦[સં.]સમતાની બુદ્ધિ–ભાવ (૨) પોતીકાપણું. -વી વિ૦ સમભાવવાળું

સમભુજ(-જીય) વિ૦ [સં.] જુઓ સમબાજુ

સમમિતિ સ્ત્રી૦ [સં.] સરેરાશ (ગ.)

સમય પું૦[સં.] વખત; કાળ(૨)મોસમ (૩) લાગ; અવસર (૪) પ્રતિજ્ઞા; નિયમ (૫) સંકેત, વદાડ (૬) સિદ્ધાંત. ૦જ્ઞ વિ૦ સિદ્ધાંત સમજનાર. ૦પત્રક ન૦ સમયની ફાળવણીની નોંધ. ૦મૂર્તિ સ્ત્રી૦ સમય કે જમાનાનો પ્રતિનિધિરૂપ મનુષ્ય. ૦વિરોધી વિ૦ જમાનાનાં બળોથી વિરુદ્ધ વર્તનાર. ૦સાધુ વિ૦ સમય જોઈ પોતાનું કામ કાઢી લેનાર. ૦સૂચક વિ૦ સમયસૂચકતાવાળું. ૦સૂચકતા સ્ત્રી૦ સમયને યોગ્ય તત્કાળ કાર્ય કરવાની બુદ્ધિ. -યાચાર પું૦ સમયનો આચાર; સ્થાપિત રિવાજ. -યાનુવર્તિત્વ વિ૦ સમયાનુવર્તીપણું. -યાનુવર્તી વિ૦ જુઓ સમયાનુસારી. -યાનુસાર અ૦ સમયને અનુસરીને; સમય પ્રમાણે. -યાનુસારી વિ૦ સમયને અનુસરીને વર્તનારું. -યોચિત વિ૦ સમયને અનુકૂળ

સમયુદ્ધ ન૦ [સં.] સમાન–બરોબરિયા વચ્ચેનું યુદ્ધ

સમર વિ૦ સાત (સંકેતની ભાષામાં)

સમર પું૦;ન૦ [સં.] યુદ્ધ. ૦ભૂમિ(-મી) સ્ત્રી૦ રણક્ષેત્ર

સમરણ ન૦ (પ.) સ્મરણ. -ણી સ્ત્રી૦ સ્મરણી; જપમાળા. -વું સ૦ક્રિ૦ સ્મરણ કરવું

સમરસ વિ૦ [સં.] એકસરખા રસવાળું

સમરામણ ન૦ સમારવાનું મહેનતાણું

સમરાંગણ ન૦ [સં.] રણક્ષેત્ર

સમરૂપ વિ૦ [સં.] સમાન રૂપવાળું (૨) 'સિમિલર' (ગ.)

સમરેખ વિ૦ [સં.] સમાન રેખા ઉપર આવેલું (ગ.). ૦તા સ્ત્રી૦. -ખા સ્ત્રી૦ સુરેખા

સમર્થ વિ૦ [સં.] બળવાન; શક્તિમાન. ૦ક વિ૦ (૨) પું૦ સમર્થન કરનાર. ૦તા સ્ત્રી૦ સામર્થ્ય; શક્તિ. ૦ન ન૦ દલીલોથી પુરવાર કરવું તે (૨) ટેકો (૩) સાબિતી

સમર્થિત વિ૦ [સં.] સમર્થન કરાયેલું

સમર્પક વિ૦ [સં.] સમર્પણ કરનાર. -ણ ન૦ અર્પણ કરવું તે. -ણી વિ૦ (૨) પું૦ જેણે સર્વસ્વ અર્પણ કરી દીધું હોય તેવું (પુષ્ટિમાર્ગમાં). -વું સ૦ક્રિ૦ સમર્પણ કરવું

સમર્પિત વિ૦ [સં.] સમર્પણ કરેલું; સમર્પાયેલું

સમલ વિ૦ [સં.] મલીન; મલ કે મેલવાળું

સમલક્ષી વિ૦ એકસરખા લક્ષવાળું

સમલંબ વિ૦ [સં.] સરખા લંબવાળું (ગ.). ૦ક,૦ચતુષ્કોણ પું૦ 'ટ્રૅપેઝિયમ' (ગ.)

સમલો પું૦ કસબથી ભરેલી એક જાતની ટોપી

સમવયસ્ક [સં.], **સમવયી** વિ૦ સરખી ઉંમરનું;સમોવડિયું

સમવસરણ ન૦ [સં.] (જૈન) આચાર્ય કે મહાન વ્યક્તિની પધરામણી વેળા એકઠો થતો સમુદાય–પરિષદ

સમવાય પું૦ [સં.] સમૂહ (૨) સંબંધ (૩) એવો નિત્ય સંબંધ કે જેમાં એક સંબંધીનો નાશ થતાં બીજો સંબંધી પણ નાશ પામે (જેમ કે, દૂધ અને તેના સફેદ રંગનો) [ન્યા.]. ૦તંત્ર ન૦ અનેક સ્વાયત્ત સમૂહોનું એકત્ર રાજ્યતંત્ર; સમૂહતંત્ર; 'ફેડરેશન'. -યી વિ૦ સમવાય-સંબંધવાળું (૨) સમવાયતંત્રને લગતું;'ફીડરલ'. -યી કારણ ન૦ કાર્યમાં સમવાય-સંબંધથી રહેતું કારણ; ઉપાદાનકારણ (જેમ કે, માટી એ ઘડાનું)

સમવિચારી વિ૦ (૨) પું૦ સરખો વિચાર ધરાવનાર; વિચારમાં મળતું–એકસમાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમવેદી વિ૦સમાન વેદનાવાળું;સહાનુભૂતિવાળું. -દિત્વ ન૦
સમવૃત્ત ન૦ [સં.] ચારે ચરણ સરખાં હોય તેવો છંદ (૨) મુખ્ય રેખાંશનું વૃત્ત (૩) વિ૦ સરખા છંદવાળું
સમશીતોષ્ણ વિ૦ [સં.] સરખી ગરમી અને ઠંડીવાળું
સમશેર, ૦બહાદુર જુઓ 'શમશેર'માં
સમશ્લોકી વિ૦ એકસરખા શ્લોકવાળું; શ્લોક પ્રમાણે શ્લોકવાળું (ભાષાંતર)
સમષ્ટિ સ્ત્રી૦[સં.] સમગ્રતા; સમુદાય ('વ્યષ્ટિ'થી ઊલટું)
સમસમ અ૦(રવ૦)[જોરથી ફૂંકાતા કે વીંધાતા પવનનો અવાજ]. ૦વું અ૦ક્રિ૦ એવો અવાજ થવો (૨) ધૂંધવાઈ રહેવું (મનમાં). -માટ અ૦ સમસમતું હોય તેમ (૨) પું૦ લાગણીથી સમસમવું તે
સમસામયિક વિ૦ [સં.] સમકાલીન
સમસૂત્ર વિ૦[સં.] એકસરખું-સપાટ;'લેવલ' [સમુદાય
સમસ્ત વિ૦[સં.] સઘળું; તમામ; બધું ભેગું(૨) ન૦સમગ્ર
સમસ્યા સ્ત્રી૦ [સં.] પ્રશ્ન; કોયડો (૨) સાન; સંકેત (૩) ઉખાણું. ૦પૂર્તિ સ્ત્રી૦ સમસ્યાનો જવાબ આપવો તે; એવી રમત
સમળી, -ળો જુઓ 'સમડી'માં
સમંજસ વિ૦ [સં.] ઉચિત; વાજબી (૨) હોશિયાર; સુજ્ઞ (૩) સ્પષ્ટ; સમજી શકાય તેવું
સમા સ્ત્રી૦ પૂરી ભરતી આવ્યે ૧૨ મિનિટ પાણી થોભે છે તે
સમાગમ પું૦ [સં.] સંયોગ; મેળાપ (૨) સોબત; સંગત
સમાચાર પું૦ [સં.] ખબર (બહુધા બ૦વ૦માં). ૦પત્ર ન૦ વર્તમાનપત્ર
સમાજ પું૦ [સં.] સમુદાય (૨) મંડળી; સભા (૩) એક ધર્મ કે આચારવાળો જનસમુદાય (૪) વ્યવસ્થિત જનસમુદાય; જનતા. ૦કારણ ન૦ સમાજતંત્રની રચના–વ્યવસ્થિતિ. ૦જીવી વિ૦ સમાજમાં જ જીવી શકે એવું (૨) સમાજ ઉપર જીવનાર. ૦વાદ પું૦ વ્યક્તિ કે વર્ગની નહિ, પણ સમાજની સત્તાનો વાદ;'સોશિયેલિઝમ'.૦વાદી વિ૦ (૨) પું૦ સમાજવાદમાં માનનાર. ૦વિદ્યા સ્ત્રી૦, ૦શાસ્ત્ર ન૦ સમાજવ્યવસ્થાનું શાસ્ત્ર. ૦વૃત્તિ સ્ત્રી૦ સમાજમાં રહેવાની કે તે વસાવવાની માણસની સહજવૃત્તિ. ૦શાસ્ત્રી પું૦ સમાજશાસ્ત્રનો વેત્તા. ૦શાસ્ત્રીય વિ૦ સમાજશાસ્ત્ર સંબંધી. -જિક પું૦ સમાજનો સભાસદ (૨) પ્રેક્ષક. -જી વિ૦સમાજનું;સમાજ સંબંધી (૨) કોઈ અમુક સમાજમાં જોડાયેલું (૩) પું૦ તેવો પુરુષ; વિશિષ્ટ સમાજનો સભ્ય
સમાણ સ્ત્રી૦ સમાવેશ (૨) ન૦ સમોવણ
સમાણી સ્ત્રી૦ જુઓ સમણી
સમાણું વિ૦ સરખું (૨) -ને લાગુ પડતી [ગાળ] (૩) અ૦ -ની સાથોસાથ; જુઓ સમું ૩
સમાણો પું૦ મોટી સમાણી
સમાદર પું૦ [સં.] આદર; સંમાન [સ્વીકાર
સમાદાન ન૦[સં.] જૈનોનું નિત્યકર્મ (૨) ભેટ કે દાનનો
સમાદો પું૦(કા.) અસ્ત્રાની પથરી(૨) સરસામાન;રાચરચીલું
સમાધ સ્ત્રી૦ જુઓ સમાધિ
સમાધાન ન૦ [સં.] વિરોધ, શંકા કે ગૂંચવણનો નિવેડો અને શાંતિ (૨) તૃપ્તિ; સંતોષ (૩) ધ્યાન; સમાધિ (૪) કજિયાની પતાવટ (૫) નાટકમાં મુખ્ય બનાવ, જે અણધારી રીતે આખા વસ્તુને ઉત્પન્ન કરે છે. -ની સ્ત્રી૦ સમાધાન; નિવેડો (૨) ચિત્તની શાંતિ; નિરાંત (૩) સુલેહ-સંપ (૪) પું૦ મંદિરની જરૂરિયાતો વૈષ્ણવોને સમજાવી તેમની પાસેથી માગણી કરનાર મંદિરનો અધિકારી; મંદિરની આંતરિક વ્યવસ્થા કરનાર
સમાધિ પું૦;સ્ત્રી૦[સં.] જેમાં ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત થઈ ધ્યેયનું સ્વરૂપ જ ચિત્તમાં રહે છે તેવું ઊંડું ધ્યાન (યોગ)(૨) સાધુસંન્યાસીનું મરણ (૩) સાધુસંતને દાટ્યા હોય તે જગા પર કરેલી દેરી.૦સ્થ વિ૦સમાધિમાં પડેલું
સમાન વિ૦[સં.] સરખું(૨) પું૦ પાંચ પ્રાણવાયુમાંનો એક (જુઓ પંચપ્રાણ). ૦કક્ષ વિ૦સમાનકક્ષાનું. ૦તા સ્ત્રી૦. ૦ધર્મા(-ર્મી) વિ૦ સમાન ગુણધર્મવાળું. ૦રૂપ વિ૦ સમરૂપ જુઓ.૦રૂપતા સ્ત્રી૦. ૦ભાષા પું૦ભિન્ન ભાષાઓવાળાના વ્યવહારમાં ચાલે એવી એક-સર્વસાધારણ ભાષા. ૦વૃત્તિ સ્ત્રી૦ સમબુદ્ધિ; સમભાવ. ૦શીલ વિ૦ સમાન ગુણ, ધર્મ કે સ્વભાવનું. -નાધિકરણ વિ૦ એક જ અધિકરણ, આશ્રય કે વિભક્તિવાળું (૨) ન૦ સમાન અધિકરણ, આશ્રય કે વિભક્તિ. -નાધિકરણબહુવ્રીહિ પું૦ સમાસ છોડવામાં આવે ત્યારે જેનાં બંને પદો સમાન વિભક્તિમાં હોય તેવો બહુવ્રીહિ સમાસ (વ્યા.). -નાર્થ વિ૦સમાન અર્થવાળું. -નિકા પું૦એક છંદ. -નોદક વિ૦(૨)પું૦ સાતથી ચૌદ પેઢી સુધીના સમાન પિતૃઓને અંજલિ આપનાર સગો. -નોપમા સ્ત્રી૦ ઉપમાનો એક પ્રકાર(કા શા.) [-વું સંક્રિ૦સમાપ્ત કરવું.
સમાપન ન૦, -ના સ્ત્રી૦[સં.] સમાપ્ત કરવું તે; સમાપ્તિ.
સમાપ્ત વિ૦ [સં.] પૂરું; પૂર્ણ. -પ્તિ સ્ત્રી૦ પૂરું થવું કે કરવું તે; છેવટ; અંત
સમાયક સ્ત્રી૦પૂજનસ્તવન માટે બધાએ સાથે બેસવું તે(જૈન)
સમાયતિ સ્ત્રી૦ [સં.] તાલના લયનું એકત્વ
સમાયુક્ત વિ૦[સં.]યુક્ત;જોડાયેલું(૨)તૈયાર કે તત્પર થયેલું
સમાર પું૦ સમારવું તે; સમારકામ(૨)ચાસમાં બી નાંખી તે ઢાંકવા ઉપર ફેરવવામાં આવતું લાંબું પાટિયું. ૦કામ ન૦ સમારવું-દુરસ્ત કરવું તે. ૦વું સ૦ક્રિ૦ દુરસ્ત કરવું; સુધારવું (૨) કાપવું (શાક) [ધૂમધામવાળો ઉત્સવ
સમારંભ પું૦ [સં.] ઠાઠમાઠથી કરેલો આરંભ (૨) ધામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમારાધન ન૦ [સં.] પ્રસન્ન કરવું-રંજન કરવું તે
સમારોપ પું૦, ૦ણ ન૦ [સં.] આરોપવું તે. **-પિત** વિ૦ આરોપેલું; ચડાવેલું
સમાલવું સ૦ક્રિ૦ સંભાળવું
સમાલોકન ન૦ [સં.] બરાબર જોવું તે
સમાવ પું૦ સમાવેશ; સમાવું કે સમાવવું તે
સમાવર્તન ન૦ [સં.] વિદ્યાભ્યાસ પૂરો કરી બ્રહ્મચારીનું ઘેર [આવવું તે
સમાવવું સ૦ક્રિ૦ 'સમાવું'નું પ્રેરક
સમાવિષ્ટ વિ૦ [સં.] સમાયેલું; સમાવેશ પામેલું
સમાવું અ૦ક્રિ૦ માવું; અંદર આવી જવું (૨) સતાવું; ચાલતા તંત્રમાં ગોઠવાવું-અનુકૂળ થઈને સ્થાન પામવું
સમાવેશ પું૦ [સં.] સમાવું તે; સમાસ
સમાસ પું૦ [સં.] સમાવું તે; સમાવેશ (૨) બે કે વધારે શબ્દોના સંયોગથી થયેલો શબ્દ (વ્યા.) (૩) સંક્ષેપ
સમાસક્ત વિ૦ [સં.] ખૂબ આસક્ત (૨) અભિનિવિષ્ટ
સમાસંગ પું૦ [સં.] ખૂબ આસક્તિ (૨) મિલન; સંયોગ (૩) અભિનિવેશ
સમાસાત્મિક વિ૦ [સં.] સમાસરૂપ
સમાસોક્તિ સ્ત્રી૦ [સં.] એક અર્થાલંકાર, જેમાં સમાન કાર્ય, લિંગ કે વિશેષણ દ્વારા પ્રસ્તુતમાં અપ્રસ્તુતનો વ્યવહાર સમારોપિત થાય છે (કા.શા.)
સમાહાર પું૦ [સં.] સંગ્રહ; સમૂહ (૨) સંક્ષેપ. **૦દ્વંદ્વ** પું૦ દ્વંદ્વસમાસનો એક પ્રકાર. ઉદા૦ 'ચદ્રાતક્રા', 'જાઆવ'
સમાહિત વિ૦ [સં.] શાંત; સ્થિતપ્રજ્ઞ (૨) એકાગ્ર
સમાહૃત વિ૦ [સં.] ભેગું કરેલું (૨) સંક્ષિપ્ત
સમાંતર વિ૦ [સં.] સમાન અંતરવાળું; 'પૅરેલલ'. **૦ચતુર્ભુજ, ૦ચતુષ્કોણ** પું૦ 'પૅરલલોગ્રામ' (ગ.). **૦ખાત** ન૦ 'પૅરેલલોપાઇપ્ડ' (ગ.)
સમિતિ સ્ત્રી૦ [સં.] મંડળી; સભા
સમિત્પાણિ વિ૦ [સં.] હાથમાં સમિધવાળો (બ્રહ્મચારી-[વિદ્યાર્થી)
સમિધ્ સ્ત્રી૦ [સં.] યજ્ઞોપયોગી લાકડું
સમીકરણ ન૦ [સં.] સરખું કરવું તે (૨) 'ઇક્વેશન' (ગ.)
સમીક્ષણ ન૦ [સં.] સમીક્ષા કરવી તે
સમીક્ષા સ્ત્રી૦ [સં.] બારીકાઈથી જોવું કે તપાસવું તે (૨) આલોચના; સમાલોચના
સમીચીન વિ૦ [સં.] યથાર્થ (૨) યોગ્ય
સમીપ વિ૦ [સં.] નજીક; નિકટ. **૦તા** સ્ત્રી૦. **૦વર્તી**, **૦સ્થ** વિ૦ નજીકનું; પાસે પડેલું
સમીર, ૦ણ પું૦ [સં.] પવન
સમીસંધ્યા, સમીસાંજ સ્ત્રી૦ સંધ્યાકાળ; સાંજની વેળા
સમુચિત વિ૦ [સં.] યોગ્ય
સમુચ્ચય પું૦ [સં.] સંગ્રહ; સમૂહ (૨) એક અલંકાર (કા.શા.)
સમુચ્ચિત વિ૦ [સં.] એકત્રિત; એકઠું કરાયેલું
સમુત્ક્રમ પું૦ [સં.] વિકાસ; 'એવોલ્યૂશન'.
સમુત્ક્રાંતક વિ૦ [સં.] સમુત્ક્રાંતિ કરનાર
સમુત્ક્રાંતિ સ્ત્રી૦ [સં.] જુઓ ઉત્ક્રાંતિ
સમુત્થાન ન૦ [સં.] ઉત્થાન (૨) ઉદય (૩) ઉદ્યોગ (૪) રોગ-[મુક્તિ; આરોગ્ય
સમુદય પું૦ [સં.] ઉદય; ઊગમ
સમુદાય પું૦ [સં.] ટોળું; જથો
સમુદ્ધરણ ન૦ [સં.] ઉદ્ધાર
સમુદ્ભવ પું૦ [સં.] ઉદ્ભવ; ઉત્પત્તિ; ઊગમ
સમુદ્ર પું૦ [સં.] દરિયો. **૦કાંઠો** પું૦ દરિયાકાંઠો. **૦પ્રબંધ** પું૦ એક ચિત્રકાવ્ય. **૦ફળ** ન૦ એક વૃક્ષ (૨) તેનું ફળ. **૦ફીણ** ન૦ સુકાઈ ગયેલું દરિયાનું ફીણ; એક ઔષધિ. **૦મંથન** ન૦ દાનવો અને દેવોએ અમૃત માટે કરેલું સમુદ્રનું મંથન. **૦યાન** ન૦ દરિયાઈ મુસાફરી. **૦લતા** સ્ત્રી૦ સમુદ્રમાં થતી લતા; 'વીડ'. **૦શોષ** પું૦ એક વનસ્પતિ
સમુન્નતિ સ્ત્રી૦ [સં.] ઉન્નતિ; આબાદી
સમુરત ન૦ શુભ મુહૂર્ત
સમુલ્લાસ પું૦ [સં.] ઉલ્લાસ; આનંદ; પ્રસન્નતા
સમું વિ૦ સરખું; દુરસ્ત; વ્યવસ્થિત (૨) જુઓ સમાણું (૩) અ૦ સાથોસાથ; સહિત. ઉદા૦ ધડાકા સમું તે નીચે પડ્યું. **૦નમું** વિ૦ સમું; સરખું
સમૂલ(-ળ) વિ૦ [સં.] મૂલ સહિત. **-લાગ્ર** વિ૦ મૂળ તથા [ટોચ સાથે
સમૂહ પું૦ [સં.] ટોળું. **૦કાર્ય** ન૦ આખા સમૂહનું એકત્રિત, એક બનીને થતું-સંગઠિત કાર્ય. **૦તંત્ર** ન૦ જુઓ સમવાયતંત્ર. **૦પ્રાર્થના** સ્ત્રી૦ સામુદાયિક પ્રાર્થના. **૦વાચક** વિ૦ સમૂહ બતાવનારું. **૦સમભાવ** પું૦ આખો સમૂહ સાથે એક ક્રિયામાં લાગતાં અનુભવે તેવો સમભાવ. **૦શિક્ષણ** ન૦ સમૂહને-અનેકને એકસાથે શીખવવું તે. **-હી** પું૦ એક છંદ
સમૂળ, -ળું વિ૦ સમૂલ. **૦ગું** વિ૦ સમૂળ; તમામ; શેષ [રાખ્યા વિનાનું
સમૃદ્ધ વિ૦ [સં.] સમૃદ્ધિવાળું; સંપન્ન. **-દ્ધિ** સ્ત્રી૦ આબાદી; ઐશ્વર્ય; સંપત્તિ. **-દ્ધિમાન** વિ૦ સમૃદ્ધિવાળું
સમે પું૦ + સમો; સમય
સમેટવું સ૦ક્રિ૦ આટોપવું એકઠું કરવું
સમેત વિ૦ [સં.] સંયુક્ત, સાથે હોય તેવું (૨) અ૦ સુધ્ધાં; સહિત
સમેસમું વિ૦ બરોબર સમું (૨) સીધેસીધું હોય તેવું; યથાર્થ
સમેરવો પું૦ એક વનસ્પતિ
સમૈયો પું૦ સામૈયું (૨) અમુક ધર્મના માણસોનો મેળાવડો
સમો પું૦ સમય; વખત
સમોતી સ્ત્રી૦ સંપમાં રહેવાથી મળતી સુખશાંતિ
સમોતું વિ૦ સામટું; એકસાથે સઘળું
સમોત્સાર પું૦ [સં.] 'પૅરેબોલા' (ગ.)
સમોરવું અ૦ક્રિ૦ (કા.) ફરીથી પાંગરવું
સમોલ સ્ત્રી૦ જોતરું ભરાવવાની ધૂંસરાની ખીલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમોવડ(-ડું) વિ૦ સમાન; બરાબરિયું (૨) પ્રતિસ્પર્ધી. **-ડાઈ** સ્ત્રી૦ સમોવડિયાપણાનો ભાવ (૨) સ્પર્ધા; હરીફાઈ. **-ડિયણ** વિ૦સ્ત્રી૦, **-ડિયું** વિ૦ સરખી ઉંમરનું; સરખું (૨) પ્રતિસ્પર્ધી; હરીફ. **-ડી** સ્ત્રી૦ સમોવડાઈ

સમોવણ ન૦ સમોવવું તે કે તેને માટેનું પાણી. **-વું** સ૦ક્રિ૦ વધારે ગરમ પાણીને નવાય એવું કરવા તેમાં ઠંડું પાણી ઉમેરવું

સમ્યક વિ૦ [સં.] યોગ્ય (૨) અ૦ ઠીક; બરાબર. **-ત્વ** ન૦. **-દૃષ્ટિ** સ્ત્રી૦ યોગ્ય-સાચી દૃષ્ટિ

સમ્રાજ્ઞી સ્ત્રી૦ [સં.] મહારાણી; સમ્રાટની સ્ત્રી

સમ્રાટ પું૦ [સં.] રાજાધિરાજ; શહેનશાહ

સયુક્તિક વિ૦ [સં.] યુક્તિ કે પ્રમાણ સાથેનું. ૦તા સ્ત્રી૦

સર ન૦ [સં.] સરોવર (૨) ગળામાં પહેરવાની સેર; સાંકળી

સર વિ૦ 'વડું'ના અર્થમાં શબ્દની આગળ (ઉદા૦ સરસૂબો) [फा.] (૨) 'તાબે'ના અર્થમાં 'કરવું' ક્રિયાપદ સાથે (૩) પું૦બ૦વ૦ (વ્યાજ ગણવામાં) મુદ્દલ અને મુદતના મહિનાનો ગુણાકાર (૪) પત્તાંની રમતમાં અમુકનું પ્રાધાન્ય તે; હુકમ (૫) અ૦ 'પ્રમાણે; રૂએ' એ અર્થમાં નામની સાથે (ઉદા૦ કાયદાસર) (૬) 'માટે, અર્થે' એ અર્થમાં નામની સાથે (ઉદા૦ ધંધાસર)

સરક,-ખ,૦**જ** સ્ત્રી૦ લગામ; અછોડો; રાશ

સરકટ ન૦ નેતર કે બરુ જેવો એક છોડ

સરકણું વિ૦ સરકી જાય-જવાય એવું (૨) ન૦ સરકણી જગા

સરકત સ્ત્રી૦ પંતિયાળો ધંધો. **-તી** વિ૦ ભાગીદારી; પંતિયાળું

સરકવું અ૦ક્રિ૦ લપસવું; ખસવું (૨) છટકવું; ધીમે રહીને જતા રહેવું

સરકસ ન૦ [इं.] જનાવર, કસરત વગેરેના ખેલનો તમાસો

સરકાર પું૦; સ્ત્રી૦ [फा.] પ્રજાનું શાસન કરનારી સત્તા. ૦**ધારો** પું૦, ૦**ભરણું**, ૦**ભરત** ન૦ મહેસૂલ. **-રી** વિ૦ સરકારનું; સરકાર સંબંધી

સરકિયું ન૦ સરકી શકે તેવી ગાંઠ

સરકું ન૦ (સુ.) સળકું; શેંટલો

સરકો પું૦ ઘણો જ ખાટો રસ; તાડી, શેરડી, દ્રાક્ષ વગેરેનો ખટાશ ચડેલો રસ

સરખ સ્ત્રી૦ જુઓ સરક

સરખાઈ સ્ત્રી૦, **-પણું** ન૦ સરખું હોવું તે. **-મણી** સ્ત્રી૦ તુલના; મુકાબલો (૨) બરાબરી. **-વટ** સ્ત્રી૦ સરખામણી. **-વવું** સ૦ક્રિ૦ મુકાબલો કરવો; મેળવી જોવું

સરખી સ્ત્રી૦ જુઓ ચતસ્રજાતિ

સરખું વિ૦ બરોબર; સમાન (૨) સપાટ; ખાડાટેકરા વિનાનું (૩) બરોબર રીતનું; વ્યવસ્થિત (૪) છાજતું; ઘટિત. ઉદા૦ મારા સરખું કામ (૫) વાક્યમાં નામ પછી વપરાતાં, 'ય' કે 'યે' જેવો ભાવ સૂચવે છે. ઉદા૦ આંગળી સરખી ન ઉપાડી

સરગરમી સ્ત્રી૦ [फा.] ચપળતા; હોશિયારી

સરગવો પું૦ એક ઝાડ

સરગી સ્ત્રી૦ રોજાના દિવસોમાં મળસકે કરાતો નાસ્તો

સરઘસ ન૦ વરઘોડાની પેઠે, પ્રસંગ પર ગામમાં ફરે છે તે કે તેમ નીકળેલ સમુદાય

સરઘાસ ન૦ એક ઘાસ

સરજન સ્ત્રી૦ સરજેલી વસ્તુ (૨) સૃષ્ટિ. **-નહાર** પું૦ જુઓ સર્જનહાર. **-વું** સ૦ક્રિ૦ જુઓ સર્જવું

સરજુ સ્ત્રી૦ (કા.) એક જાતનું ભરવાડી ગીત

સરજોરી સ્ત્રી૦ [फा.] જુઓ શિરજોરી

સરડ અ૦ (રવ૦) શ્વાસ લેતાં થતો અવાજ

સરડકો પું૦ (રવ૦) ખાતાંપીતાં સરડ એવો અવાજ; સેડકો; સબડકો

સરડો પું૦ કાચિંડો

સરણ ન૦ [સં.] સરવું તે. **-ણિ(-ણી)** સ્ત્રી૦ પગરસ્તો; માર્ગ (૨) ગોઠવણી; વ્યવસ્થિતતા (૩) પદ્ધતિ; રીત

સરત સ્ત્રી૦ નજર (૨) યાદદાસ્ત; સ્મૃતિ (૩) ધ્યાન. ૦**ચૂક** સ્ત્રી૦ નજરચૂક; ભૂલી જવું તે

સરદાર પું૦ [फा.] નાયક; આગેવાન (૨) અમીર; ઉમરાવ. **-રી** સ્ત્રી૦ સરદારની સત્તા કે પદ (૨) આગેવાની (૩) વિ૦ સરદારનું, -ને લગતું

સરદેશમુખી સ્ત્રી૦ મરાઠી રાજ્યનો એક મહેસૂલી લાગો

સરનશીન પું૦ [फा.] સભાપતિ; પ્રમુખ; સદર

સરનામું ન૦ [फा.] નામઠામ વગેરે

સરપટ પું૦ એક વનસ્પતિ

સરપણ ન૦ બાળવાનાં લાકડાં

સરપંચ પું૦ [फा.] પંચનો વડો

સરપાવ પું૦ શાબાશી બદલ આપવામાં આવતો પોશાક

સરપેચ પું૦ જુઓ શિરપેચ

સરપોશ ન૦ [फा.] ઢાંકણ (૨) ગલેફ

સરફરાજ વિ૦ [फा.] પ્રખ્યાત; નામાંકિત (૨) ઉચ્ચ પદે ચડેલું. **-જી** સ્ત્રી૦ વખાણ; સ્તુતિ (૨) ઉચ્ચ પદે ચડાવવું તે

સરફરોશી સ્ત્રી૦ [फा.] માથું ડૂલ કરવું-આપવું તે

સરબસર વિ૦ [फा.] તમામ (૨) સમગ્ર (૩) અ૦ એક છેડાથી બીજા છેડા સુધી; પૂર્ણતઃ

સરબંદી સ્ત્રી૦ [फा.] તહેનાતનું લશ્કર; રજવાડાના રક્ષણ માટેની કિલ્લા ઉપરની પલટણ

સરભર વિ૦ ઓછુંવત્તું નહિ-સરખેસરખું (૨) નફાતોટા વિનાનું

સરભરા સ્ત્રી૦ આદરસત્કાર; સેવાચાકરી

સરમિયું ન૦, **-યો** પું૦ જુઓ કરમિયો

સરમુખત્યાર વિ૦ કુલ સત્તાવાળું (૨) પું૦ કુલ સત્તાવાળો અધિકારી. **-રી** સ્ત્રી૦ સરમુખત્યારપણું; કુલ સત્તા

સરયુ(-યૂ) સ્ત્રી૦ [સં.] (સં.) ઉત્તર હિંદુસ્તાનની એક પ્રસિદ્ધ નદી, જેને કાંઠે પ્રાચીન અયોધ્યા નગરી વસેલી હતી

સરલ(-ળ) વિ૦ [સં.] સીધું (૨) મુશ્કેલ નહિ એવું (૩) નિષ્કપટી; નિખાલસ. ૦તા સ્ત્રી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરવ પું૦ એક ઝાડ; સરુ [ઝાપટું

સરવડું,-ડિયું ન૦,**-ડો** પું૦ રહી રહીને પડતું વરસાદનું

સરવણ પું૦ ટહેલિયો (૨) કાવડ લઈ ભીખ માગનારો (૩) ભિક્ષુ; શ્રમણ (૪) સ્ત્રી૦ + જળાશયમાં થતો એક જીવ

સરવણી સ્ત્રી૦ તેરમાને દિવસે કરાતી સજ્જાદાન ઇ૦ની ક્રિયા

સરવણું વિ૦ ભટકતું; રખડતું

સરવર વિ૦ [ફ़ा.] પ્રતિષ્ઠિત; આગેવાન

સર(-રો)વર [સં.], **-રિયું** ન૦ જુઓ સરોવર

સરવાણી સ્ત્રી૦ ઝરણું

સરવા(-વૈ)યું ન૦ આખા વર્ષના હિસાબનું તારણ

સરવાળે અ૦ એકંદર (૨) પરિણામે; અંતે. **-ળો** પું૦ સંખ્યાઓને ભેગી ઉમેરવી તે (૨) તેથી થતી રકમ

સરવું વિ૦ શરવું; ઝટ સાંભળે તેવું (૨) મોટેથી બોલાયેલું (૩) અ૦ક્રિ૦ જુઓ સરકવું (૪) પાર પડવું; વળવું

સરવૈયું ન૦ જુઓ સરવાયું

સરવો પું૦ જુઓ સુચ; સુવ (૨) ઉદાર પુરુષ (૩) શકોરું

સરશિ(-સિ)ફારસ સ્ત્રી૦ લાગવગ; વગસગ

સરશિ(-સિ)યું ન૦ સરસવનું તેલ (૨) અળબિયું

સરસ વિ૦ વધતું; નમતું (તોલમાં) (૨) પું૦ સરેશ

સરસ વિ૦ [સં.] સારું; ઉત્તમ; રસવાળું; સુંદર. **૦તા** સ્ત્રી૦

સરસમાચાર પું૦બ૦વ૦ ખબરઅંતર; પત્તો

સરસર સ્ત્રી૦ છોકરાંની એક રમત; ખારોપાટ (૨) અ૦ (રવ૦) ઝડપથી સરવાનો કે ચાલવાનો અવાજ

સરસવ પું૦ એક જાતનું તેલી બી

સરસવું અ૦ક્રિ૦ (કા.) ચડી જવું;**-થી** વધી જવું

સરસંદેશો પું૦ ખબરઅંતર; સરસમાચાર

સરસાઈ સ્ત્રી૦ સ્પર્ધા; ચડસાચડસી

સરસામ પું૦ [ફ़ा.] મૂંઝારો; સનેપાત

સરસામાન પું૦ રાચરચીલું; ઘરગથ્થુ સામાન

સરસાસરસી સ્ત્રી૦ ચડસાચડસી (૨) અ૦ જોડાજોડ

સરસિજ ન૦ [સં.] કમળ

સરસિફારસ સ્ત્રી૦ જુઓ સરશિફારસ

સરસિયું ન૦ જુઓ સરશિયું

સરસીધું ન૦ રસોઈનો સામાન

સરસું વિ૦ સરસ; સારું (૨) અ૦ અડીને; પાસે; નજીક

સરસૂબો પું૦ [ફ़ा.] વડો સૂબો; મહાલ કે પરગણાનો ઉપરી

સરસ્વતી સ્ત્રી૦ [સં.] (સં.) વિદ્યાની દેવી; શારદા (૨) ઉત્તર ગુજરાતની એક નદી (૩) ત્રિવેણી સંગમની ગુપ્ત નદી. **૦પૂજન** ન૦ સરસ્વતીની પૂજાનો ઉત્સવ (કોઈ ઠેકાણે વસંતપંચમીએ તો કોઈ ઠેકાણે આસો માસમાં)

સરહદ સ્ત્રી૦ [ફ़ा.] સીમા; સીમાડો. **૦પ્રાંત** પું૦ હિંદના વાયવ્ય ખૂણાનો, તે સરહદ પરનો પ્રાંત. **-દી** વિ૦સરહદને લગતું; સરહદ સંબંધી (૨) પું૦ સરહદ-પ્રાંતનો માણસ

સરળ,૦તા સ્ત્રી૦ જુઓ 'સરલ'માં

સરંગ પું૦ વહાણનો મુખ્ય ટંડેલ; સારંગ

સરંજામ પું૦ [ફ़ा.] જોઈતી સામગ્રી (૨) લડાઈ કે લશ્કરની સામગ્રી. **-મી** વિ૦ સરંજામને લગતું (૨) શિલેદારી પદ્ધતિનું

સરંઠ ન૦ એક પક્ષી [લગનસરા) (૩) પ્રવાહ; ધારા

સરા સ્ત્રી૦ [ફ़ा.] જુઓ સરાઈ (૨) ઋતુ; મોસમ (ઉદા૦

સરાઈ સ્ત્રી૦ [ફ़ा.] ધર્મશાળા; મુસાફરખાનું (૨) શેરી; પોળ

સરાક પું૦ ફાંસ; શૂળ

સરાકતી વિ૦ સ્ત્રી૦ ઇનામી જમીન ઉપરનો વેરો

સરાગ વિ૦ [સં.] રંગવાળું (૨) રાગયુક્ત

સરાટ પું૦ મીઠી વાસ (વાની સીઝતાં નીકળતી)

સરા(-રે)ડે અ૦ સવે; સીધે માર્ગે [ધાર કાઢી આપનાર

સરાણ સ્ત્રી૦ ધાર કાઢવાનું યંત્ર. **-ણિયો** પું૦ સરાણ ઉપર

સરાધરા અ૦ પહેલેથી છેવટ લગી

સરાપરદો પું૦ [ફ़ा.] સરદારને રહેવાનો તંબૂ

સરાફ,-ફી જુઓ 'શરાફ'માં

સરામણ ન૦,**-ણી** સ્ત્રી૦ સરાવવાની દક્ષિણા

સરામણું ન૦ બચાવ

સરાર અ૦ હરાર; ઠેઠ સુધી

સરાવ [સં.], **૦લું** ન૦ શરાવ; શકોરું

સરાવવું સ૦ક્રિ૦ 'સારવું'નું પ્રેરક (૨) સારવું-શ્રાદ્ધ કરવું

સરાવિકા સ્ત્રી૦ એક છંદ

સરાવું અ૦ક્રિ૦ ખુશ થવું; કૃતાર્થ થવું (૨) અંજાવું

સરાસર અ૦,**-રી** અ૦ (૨) સ્ત્રી૦ [ફ़ा.] જુઓ સરેરાશ

સરાહ,૦ના સ્ત્રી૦ પ્રશંસા. **૦વું** સ૦ક્રિ૦ વખાણવું; મહિમા વધારવો. **-હી** વિ૦ વખાણવા લાયક; મનોહર

સરાંઠી સ્ત્રી૦ જુઓ કરાંઠી

સરાંઢવું સ૦ક્રિ૦ એક રાંઢવે બે ઢોરને બાંધવાં; સરોડવું

સરિત(-તા) સ્ત્રી૦ [સં.] નદી [સળંગ

સરિયામ વિ૦ મુખ્ય; ધોરી (રસ્તો) (૨) જાહેર (૩) સીધું;

સરિયો પું૦ જારબાજરીના છોડનો દાંડો (૨) બરુની લાકડી

સરીખું વિ૦ સરખું

સરીગત વિ૦ જુઓ શરીગત

સરીસું વિ૦ સરખું (૨) અ૦ સરસું; નજીક (પ.)

સરુ ન૦ એક ઝાડ; શરુ; સરવ

સરું ન૦ પાર; છેડો

સરેડે અ૦ જુઓ સરાડે

સરૂપ વિ૦ [સં.] સરખું; સમાન (૨) રૂપાળું; સુંદર. **૦તા** સ્ત્રી૦

સરેતારે અ૦ વાજતે ગાજતે; ખુલ્લેખુલ્લું; છચોક

સરેરાશ સ્ત્રી૦ નાનીમોટી રકમોનો જુમલો કરીને કઢાતું માન (ગ.) (૨) અ૦ સરેરાશ ગણતાં (૩) શુમારે; અંદાજથી

સરેશ(-સ) પું૦ [ફ़ा.] ચામડાં કે હાડકામાંથી મળતો ચીકણો પદાર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરૈયો પું૦ સુગંધીદાર વસ્તુઓ વેચનાર

સરોખડો પું૦ ચૂનાવાળી માટી

સરોજ ન૦ [સં.] કમળ. -જિની સ્ત્રી૦ કમળની વેલ

સરોડવું સ૦ક્રિ૦ ઘાસ છૂટું કરી પહોળું કરવું (૨) જાનવર નાસી ન જાય માટે બેને સાથે એક દોરડે બાંધવાં

સરોડું ન૦ જુવારબાજરીનો સાંઠો; રાડું

સરોતરી વિ૦ વાજબી; ન્યાયપુરઃસર

સરોતો(-દો) પું૦ સૂડી

સરોદ(-દો) પું૦ એક તંતુવાદ્ય; સારંગી

સરોદો પું૦ જુઓ સરોતો (૨) જુઓ સરોદ (૩) નાકમાંથી ચાલતા શ્વાસ ઉપરથી ભવિષ્ય કહેવાની વિદ્યા; સ્વરોદય

સરોરુહ ન૦ [સં.] સરોજ; કમળ

સરોવર ન૦ [સં.] મોટું તળાવ

સરોષ વિ૦ [સં.] ગુસ્સાવાળું; ગુસ્સા સહિત

સર્ગ પું૦ [સં.] સૃષ્ટિ (૨) ઉત્પત્તિ (૩) ત્યાગ (૪) અધ્યાય (કાવ્યનો). **૦મીમાંસા** સ્ત્રી૦ સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ ચર્ચતું શાસ્ત્ર; 'કૉસ્મોગની'. **૦શક્તિ** સ્ત્રી૦ સર્જનશક્તિ

સર્ચલાઇટ સ્ત્રી૦;ન૦ [ઇં.] ખૂબ દૂર સુધી પહોંચે એવો વીજળીનો જોરદાર પ્રકાશ

સર્જક વિ૦ (૨) પું૦ [સં.] સર્જનાર

સર્જન પું૦ [ઇં.] શસ્ત્રવૈદ્ય; વાઢકાપનું કામ ખાસ જાણતો [દાકતર

સર્જન ન૦ [સં.] સર્જવું તે (૨) સર્જેલું તે; કૃતિ (૩) સૃષ્ટિ. **૦જૂનું** વિ૦ સૃષ્ટિની શરૂઆતથી ચાલતું આવેલું. **૦શક્તિ** સ્ત્રી૦ નવું રચવાની શક્તિ. **૦હાર** પું૦ પેદા કરનાર; ઈશ્વર. **-ના** સ્ત્રી૦ સર્જન કરવું કે સર્જવું તે. **-વું** સ૦ક્રિ૦ પેદા કરવું; ઉત્પન્ન કરવું; રચવું

સર્જિત વિ૦ [સં.] સર્જેલું (૨) નસીબમાં લખેલું

સર્ટિફિકેટ ન૦ [ઇં.] પ્રમાણપત્ર

સર્પ પું૦ [સં.] સાપ. **૦દંશ** પું૦ સાપનો દંશ. **૦વું** અ૦ક્રિ૦ દોડી જવું. **-ર્પાકાર** વિ૦ સર્પના આકારવાળું. **-ર્પાસ્ત્ર** ન૦ સર્પનું અસ્ત્ર. **-ર્પિણી** સ્ત્રી૦ સાપની માદા

સર્વ વિ૦ [સં.] બધું; સઘળું. **૦કાલીન** વિ૦ નિત્ય; બધો વખત ટકી રહેનાર. **૦ગત** વિ૦ સર્વત્ર રહેલું. **૦ગામિત્વ** ન૦ સર્વગામીપણું. **૦ગામી** વિ૦ સર્વવ્યાપક. **૦ગ્રાહિત્વ** ન૦ સર્વગ્રાહીપણું. **૦ગ્રાહી** વિ૦ બધું ગ્રહણ કરતું. **૦જ્ઞ** વિ૦ બધું જાણનારું. **૦જ્ઞતા** સ્ત્રી૦. **૦તોભદ્ર** વિ૦ બધી રીતે સુંદર (૨) પું૦ ચારે બાજુ દરવાજાવાળું મંદિર કે મહેલ (૩) એક વ્યૂહરચના (૪) ન૦ દરેક બાજુથી સરખી રીતે વંચાય તેવી કાવ્યરચના. **૦તોભદ્રચક્ર** ન૦ જુઓ સર્વતોભદ્ર ૪. **૦તોમુખ(-ખી)** બધી બાજુ મુખવાળું (૨) દરેક પ્રકારનું; પૂર્ણ; વ્યાપક. **૦ત્ર** અ૦ દરેક સ્થળે. **૦થા** અ૦ સર્વ પ્રકારે; બધી રીતે. **૦દમન** વિ૦ બધાનું દમન કરનારું (૨) પું૦ (સં.) દુષ્યંત અને શકુંતલાનો પુત્ર ભરત. **૦દર્શી** વિ૦ બધું જોનારું કે જાણનારું (૨) [સં.] બુદ્ધ. **૦દા** અ૦ હંમેશાં; નિરંતર. **૦દિક(-ગ)** વિ૦ બધી દિશાનું,-ને લગતું. **૦દેશી-(૦ય)** વિ૦ બધા દેશ, અંગ કે વિભાગને લગતું. **૦દેશિતા, ૦દેશીયતા** સ્ત્રી૦. **૦ધર્મસમભાવ** પું૦ બધા ધર્મો પ્રત્યે સમાનતાનો ભાવ. **૦નામ** ન૦ નામને બદલે આવતો શબ્દ (વ્યા.). **૦પક્ષી** વિ૦ બધા પક્ષનું; બધા પક્ષને લગતું (૨) સર્વનો યોગ્ય પક્ષ કરતું. **૦ભક્ષી** વિ૦ બધું ભક્ષણ કરતું. **૦મતે** અ૦ સર્વાનુમતે. **૦માન્ય** વિ૦ બધાંને માન્ય. **૦વિધ** વિ૦ સર્વ પ્રકારનું. **૦વ્યાપક, ૦વ્યાપી** વિ૦ સર્વત્ર વ્યાપી રહેલું. **૦વ્યાપકતા** સ્ત્રી૦. **૦શક, ૦શક્તિ-(૦માન)** વિ૦ સર્વ પ્રકારની શક્તિવાળું; સર્વસમર્થ. **૦શક્તિમત્તા** સ્ત્રી૦ સર્વશક્તિમાન હોવું તે. **૦શ્રેષ્ઠ** વિ૦ સર્વમાં શ્રેષ્ઠ. **૦સત્તાધીશ** પું૦ સર્વસત્તા જેના હાથમાં છે તેવું; સરમુખત્યાર. **૦સંગ્રહ** પું૦ બધી જાતની માહિતીનો સંગ્રહ; 'સાઇક્લોપીડિયા'. **૦સંપન્ન** વિ૦ કાંઈ પણ ઊણપ વિનાનું. **૦સામાન્ય** વિ૦ સૌને લાગુ પડતું. **૦સ્વ** ન૦ પોતાનું બધું; બધી માલમતા કે શક્તિસંપત્તિ. **-ર્વંકપ** વિ૦ સર્વશક્તિમાન. **-ર્વંસહ** વિ૦ બધું સહન કરનારું-ઉદાર. **-ર્વંસહા** વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ (સં.) પૃથ્વી. **-ર્વાગ્ર** વિ૦ એકાગ્રથી ઊલટું. **-ર્વાતિશાયિત્વ** ન૦ સર્વાતિશાયીપણું; 'ટ્રાન્સેન્ડન્સ' **-ર્વાતિશાયી** વિ૦ સર્વની પાર રહેલું; 'સર્વાનુશાયી'થી ઊલટું. **-ર્વાતીત** વિ૦ સર્વથી પર. **-ર્વાત્મત્વ, -ર્વાત્મભાવ** પું૦ પોતે બધાનો આત્મા છે અથવા એક જ આત્મા બધામાં છે તેવો ભાવ. **-ર્વાત્મવાદ** પું૦ સર્વાત્મભાવનો વાદ. **-ર્વાત્મા** પું૦ બધાનો આત્મા-પરમેશ્વર. **-ર્વાધિકાર** પું૦ સર્વ અધિકાર. **-ર્વાધિકારી** પું૦ કુલ સત્તાવાળો; સરમુખત્યાર. **-ર્વાનુભવરસિક** વિ૦ જુઓ સર્વાનુભવી. **-ર્વાનુભવી** વિ૦ સર્વના અનુભવનું (૨) સર્વને અનુભવે સાચું કે સિદ્ધ એવું; 'ઑબ્જેક્ટિવ'. **-ર્વાનુમત** વિ૦ બધાને અનુમત-કબૂલ (૨) પું૦; ન૦ બધાનો મત. **-ર્વાનુમતિ** સ્ત્રી૦ બધાની અનુમતિ. **-ર્વાનુશાયિત્વ** ન૦ સર્વાનુશાયીપણું; 'ઈમેનન્સ'. **-ર્વાનુશાયી** વિ૦ સર્વમાં વ્યાપીને-સમાઈને રહેનારું. **-ર્વાર્પણ** ન૦ સર્વસ્વનું અર્પણ. **-ર્વાંગ** ન૦ બધાં અંગ; આખું શરીર (૨) વેદનાં બધાં અંગો. **-ર્વાંગસંપૂર્ણ** વિ૦ સર્વાંગે સંપૂર્ણ. **-ર્વાંગસુંદર** વિ૦ સંપૂર્ણ સુંદર. **-ર્વાંગી(૦ણ)** વિ૦ સર્વ અંગોને લગતું; આખા શરીરમાં વ્યાપી કે ફરકી રહેતું. **-ર્વેશ(-શ્વર)** પું૦ સર્વનો ઈશ્વર-પરમેશ્વર. **-ર્વોચ્ચ** વિ૦ સૌથી ઉચ્ચ. **-ર્વોત્કૃષ્ટ, -ર્વોત્તમ** વિ૦ સૌમાં ઉત્તમ; શ્રેષ્ઠ. **-ર્વોદય** પું૦ સર્વનો ઉદય; બધાનું હિત. **-ર્વોદયવાદી** વિ૦ સર્વોદયમાં માન્યતાવાળું. **-ર્વોપભોગ્ય** વિ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌને રસ પડે એવું. **-ર્વોપયોગી** વિ૦ સર્વને ઉપયોગી. **-ર્વોપરી** વિ૦ સૌથી ચડિયાતું(૨)સૌથી શ્રેષ્ઠ. **-ર્વોપરીત્વ**, **-ર્વોપરીપણું** ન૦. સૌનું ઉપરીપણું; શ્રેષ્ઠત્વ. **-ર્વોપમાલાયક** વિ૦ બધી શુભ ઉપમાઓને યોગ્ય; શ્રેષ્ઠ (વડીલ માટે પત્રોમાં વપરાતું વિ૦). **-ર્વોપાસક** પું૦ સર્વનો -સમગ્ર એવા પ્રભુનો ઉપાસક

સર્વરી સ્ત્રી૦ [सं.] શર્વરી; રાત

સલ ન૦ જારબાજરીનાં કણસલાંવાળા પૂળા (૨) [सं.] સલિલ; [પાણી

સલક્ષ(-ખ)ણું વિ૦ સારાં લક્ષણવાળું (૨) [સુ.] સખણું; તોફાની નહિ તેવું

સલગમ ન૦ [हिं.] ગાજર જેવું એક કંદ

સલજ્જ વિ૦ [सं.] લાજવાળું (૨) અ૦ લજ્જાપૂર્વક

સલપી ન૦ એક માછલી

સલપો(-ફો) પું૦ સપાટો; દમ (ચલમનો) (૨) જથો

સલવવું સ૦ક્રિ૦ સાલવવું

સલવામણ સ્ત્રી૦ સલવાવું તે (૨) ન૦ સાલવવાનું મહેનતાણું

સલવાવું અ૦ક્રિ૦ ઉકેલ ન સૂઝવાથી ગભરાવું; ગૂંચાવું (૨) 'સાલવવું' 'સલવવું'નું કર્મણિ

સલાટ પું૦ પથ્થર ઘડનારો

સલાટી(-ડી) સ્ત્રી૦ ધાર કાઢવાનો પથ્થર

સલાડવું સ૦ક્રિ૦ (કા.) જોડવું; એકને બીજા સાથે બાંધવું

સલાડી સ્ત્રી૦ જુઓ સલાટી

સલાડું ન૦ જુઓ સલાટી (૨) ભંભેરણી; સલાડો

સલાડો પું૦ એક ઊંટને બીજાને પૂંછડે બાંધવું તે (૨) [લા.] કોઈને મરજી વિરુદ્ધ કામે લગાડવું તે (૩) [ચ.] સલાડું; અહીંની તહીં ને તહીંની અહીં વાત કરવી તે

સલાબત સ્ત્રી૦ [अ.] મોટાઈ; ભારેપણું; પ્રૌઢતા

સલામ સ્ત્રી૦ [अ.] નમસ્કારનો એક પ્રકાર. **૦ત** વિ૦ સહીસલામત; સુરક્ષિત (૨) હયાત અને તંદુરસ્ત. **૦તી** તંદુરસ્તી; ક્ષેમ (૨) હયાતી; જિંદગી (૩) સુરક્ષિતતા. **-મિયા** વિ૦ સલામી દાખલ જ થોડું મહેસૂલ ભરવું પડે તેવી જમીન. **-મી** સ્ત્રી૦ સલામ દાખલ અપાતું માન, ભેટ કે મહેસૂલ (૨) વ્યાયામમાં કે કવાયતમાં સલામ કરવાની રીત

સલાવડું ન૦ માટીનું ભિક્ષાપાત્ર; શકોરું; શરાવલું

સલાહ સ્ત્રી૦ શિખામણ (૨) અભિપ્રાય (૩) સુલેહ. **૦કાર** વિ૦ (૨) પું૦ સલાહ આપનાર

સલિલ ન૦ [सं.] પાણી. **-લેન્દ્ર** પું૦ (સં.) વરુણદેવ

સલીલ વિ૦ [सं.] લીલા, ક્રીડા કે વિલાસવાળું (૨) અ૦ રમતમાં; હાવપૂર્વક

સલૂક સ્ત્રી૦ [अ.] વર્તણૂક; રીતભાત; વર્તાવ (૨) સદ્‌ભાવ; મેળ (૩) ભલાઈ; નેકી; ઉપકાર. **-કાઈ** સ્ત્રી૦ સભ્યતા; વિનયી વર્તણૂક (૨) સદ્‌ભાવ; મેળ

સલૂજવું સ૦ક્રિ૦ + સમજવું

સલૂડું વિ૦ સવાસલાં કે સલાડાં કર્યા કરનારું

સલૂણું વિ૦ મનોહર; રસથી ભરેલું

સલૂન ન૦ [इ.] ઘરના જેવી સગવડોવાળો રેલગાડીનો ખાસ ડબ્બો (૨) સ્ટીમરમાં ઉતારુઓનો મોટો ઓરડો

સલેપાટ પું૦ રેલના પાટા નીચે ગોઠવાતો પાટડો; 'સ્લીપર'

સલો પું૦ પાતળું લીંપણ; અબોટ

સલોકતા સ્ત્રી૦ [सं.] ઇષ્ટદેવ સાથે એક લોકમાં રહેવું તે એક પ્રકારની મુક્તિ; સાલોક્ય

સલોકા પું૦બ૦વ૦ સમસ્યા કે મહેણાંવાળી પ્રશ્નોત્તરરૂપ કવિતા (૨) વરકન્યાએ પરણતી વખતે સામસામાં બોલવાની લીટીઓ

સલ્તનત સ્ત્રી૦ [अ.] પાદશાહત; રાજ્ય

સલ્લી સ્ત્રી૦ અસ્ત્રો ઘસવાની પથરી

સલ્લો પું૦ સાગોળ

સવચ્છી વિ૦સ્ત્રી૦ જુઓ સવત્સી

સવડ સ્ત્રી૦ જુઓ સગવડ

સવત્સ વિ૦, **-ત્સા**, **-ત્સી** વિ૦સ્ત્રી૦ વાછડાવાળી

સવર્ણ વિ૦ [सं.] એક જ વર્ણનું; સમાન વર્ણનું (૨) ચાતુર્વર્ણ્યમાં સમાતો-વર્ણવાળો (હિંદુ). **૦કરણી** સ્ત્રી૦ એક ઓષધિનું નામ

સવલવું સ૦ક્રિ૦ ચાસને ગાળે ગાળેથી સજ્જડ ઊગેલા [છોડ ઉખેડવા

સવળવું અ૦ક્રિ૦ જુઓ સળવળવું

સવળ(-ળું) વિ૦ સૂલટું; અવળાથી ઊલટું

સવા પું૦ અનુકૂળ વા-પવન (૨) વિ૦ પાધરું; સવે; પાંસરું; અનુકૂળ

સવા પું૦ પાંપણ કે અથાણામાં થતો એક જીવ (૪) એક [વનસ્પતિનાં બીજ; સુવા

સવા વિ૦ એક અને પા; ૧૦ (૨) [બીજી સંખ્યા આગળ લાગતાં] 'તેથી ૦૧ વધારે' જેમ કે, સવા છ (૩) સો, હજાર જેવી સંખ્યા પૂર્વે 'તેથી સવાગણું' અર્થ બતાવે. ઉદા૦ સવા સો; સવા હજાર. **૦ઈ** વિ૦ સ્ત્રી૦ સવાયું (૨) સ્ત્રી૦ સવાગણું તે (૩) ચડિયાતાપણું; વડાઈ (૪) સિપાઈનો ફેંટો કે પાઘડી (૫) વધારાના વખતમાં કરેલું કામ કે તેની મજૂરી (૬) એક ધીરી સવાયું લેવું તે

સવાકવા પું૦ અનુકૂળ કે પ્રતિકૂળ પવન (૨) અકસ્માત

સવાકો પું૦ પૈસો; દોઢિયું

સવાણ સ્ત્રી૦ સોબતનો આનંદ; સોબતની હૂંફ (૨) આરામ; કરાર (૩) ન૦ પશુ માદાના ગર્ભાધાનનો કાળ

સવાદિયું વિ૦ સ્વાદિષ્ઠ (૨) સ્વાદિષ્ઠ ચીજોના ચટકાવાળું

સવાબ ન૦ [अ.] ધર્મકૃત્ય; પુણ્ય

સવાયા પું૦બ૦વ૦, **-યાં** ન૦બ૦વ૦ સવાના આંક. **-યું** વિ૦ સવાગણું (૨) ચડિયાતું. **-યો** પું૦ સવાકો; પૈસો

સવાર ['સ'માં હશ્રુતિ] સ્ત્રી૦; ન૦ પ્રાતઃકાળ; વહાણું

સવાર વિ૦ ઘોડા, હાથી કે વાહન ઉપર બેઠેલું (૨) પું૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવો માણસ; અસવાર (૩) ઘોડેસવાર સિપાઈ

સવારથિયું વિ૦ સ્વાર્થી

સવારી સ્ત્રી૦સવાર થવું તે(૨)ગાડી વગેરેમાં બેસનાર ઉતારુ (૩)વાહને ચડી ઠાઠમાઠથી વરઘોડા રૂપે ફરવું તે; તેવો વરઘોડો(૪)અમલદારીને અંગે મુસાફરી(૫)કૂચ; હુમલો; ચડાઈ(૬)[લા.]ઠાઠવાળો માણસ(૭)સંગીતનો એક તાલ

સવારાં,-રું અ૦+વહેલું; ઉતાવળું (૨) સવેળું;વખતસર

સવાલ પું૦ પ્રશ્ન (૨) માગણી; અરજ (૩)બોલ

સવાલખી(-ખું) વિ૦ સવા લાખની કિંમતનું; મૂલ્યવાન

સવાલજવાબ પું૦બ૦વ૦ પ્રશ્નોત્તર

સવાવીસ વિ૦[લા.] પ્રમાણરૂપ; શિરોધાર્ય

સવાવું અ૦ક્રિ૦(પશુની માદાએ) ગર્ભ ધારણ કરવો (૨) 'સાહવું'નું કર્મણિ(૩)ગમવું; ગોઠવું [કાલાવાલા

સવાસલું ન૦ સારું લગાડવા મીઠું મીઠું બોલવું તે(૨)

સવાસૂરિયું વિ૦ સવા સવા વર્ષને આંતરે જન્મેલું

સવાસો પું૦ '૧૨૫'

સવિકલ્પ,૦ક વિ૦ [સં.] વિકલ્પવાળું

સવિતા પું૦[સં.] સૂર્ય (૨) સરજનહાર; પ્રભુ. **૦ઈ** સ્ત્રી૦ +પ્રકાશ; તેજ (૨) બહાદુરી

સવિનય વિ૦[સં.] વિનયયુક્ત(૨)અ૦ વિનયપૂર્વક. **૦ભંગ** પું૦ વિનયપૂર્વક–અહિંસાયુક્ત ભંગ (અન્યાયી કે અધર્મી કાયદા કે હુકમનો)

સવિશેષ વિ૦ [સં.] વિશિષ્ટતાવાળું; અસાધારણ(૨)ઉત્તમ; મુખ્ય (૩) અ૦ ખાસ કરીને (૪) ખૂબ જ

સવિસ્તર વિ૦ [સં.] વિસ્તારયુક્ત (૨) અ૦ વિસ્તારપૂર્વક

સવે અ૦ ઠેકાણે; રસ્તે(૨) વિ૦ સારું; રૂડું

સવેળા અ૦ વખતસર; આગળથી

સવૈયો પું૦ એક છંદ [પું૦(સં.) અર્જુન

સવ્ય વિ૦[સં.]ડાબું(૨)ડાબે ખભે રહેલું(જનોઈ). **૦સાચી**

સવ્યાપસવ્ય વિ૦ [સં.] ડાબું જમણું (૨)[લા.] ખરું ખોટું

સશક્ત વિ૦ શક્તિવાળું; સબળું

સશસ્ત્ર વિ૦ [સં.] શસ્ત્રસજ્જ; શસ્ત્ર સાથે

સશેષ વિ૦ [સં.] શેષ રહે તેવું. **૦ભાગાકાર** પું૦ જેમાં શેષ રહ્યા કરે તેવો ભાગાકાર

સસડવું અ૦ક્રિ૦(રવ૦)સડસડ અવાજ સાથે ખૂબ ઊકળવું

સસણવું અ૦ક્રિ૦ (રવ૦) સણસણવું

સસણાટ પું૦(રવ૦)સણસણાટ; સસણવું તે [એક રોગ

સસણી સ્ત્રી૦ (રવ૦) સસણવાનો અવાજ (૨) બાળકનો

સસરો પું૦ વર કે વહુનો બાપ

સસલી સ્ત્રી૦ સસલાની માદા. **-લું** ન૦ એક નાનું ચોપગું પ્રાણી. **-લો** પું૦ સસલાનો નર

સસવું અ૦ક્રિ૦ ફૂલેલી વસ્તુનું બેસી જવું

સસાર વિ૦ [સં.] સાર કે સત્ત્વવાળું. **૦તા** સ્ત્રી૦

સસુમારું ન૦ એક જળચર પ્રાણી

સસ્તું વિ૦ સોંઘું

સસ્નેહ વિ૦ [સં.] સ્નેહસહિત; સ્નેહપૂર્વક

સસ્મિત વિ૦ [સં.] સ્મિતવાળું (૨) અ૦ સ્મિત સાથે

સસ્ય ન૦ [સં.] ધાન્ય; અનાજ. **૦વતી** વિ૦સ્ત્રી૦ અન્નપૂર્ણા; ધાન્યથી ભરપૂર

સસ્સો પું૦ સ અક્ષર (૨) સસલો

સહ અ૦ [સં.] સાથે

સહકાર પું૦[સં.]સાથે મળીને કામ કરવું તે; એકબીજાને મદદગાર થવું તે (૨) આંબો. **-રિતા** સ્ત્રી૦, **-રિત્વ** ન૦ સહકારીપણું. **-રી** વિ૦ સહકારવાળું; સહકાર કરતું કે તેનાથી ચાલતું (૨) પું૦ સહકાર કરનાર. **-રી ભંડાર** પું૦ સહકારથી ચાલતી દુકાન. **-રી મંડળ** ન૦ સહકારથી ચાલતું મંડળ

સહગમન ન૦ [સં.] સાથે જવું તે (૨) સતી થવું તે

સહગામી વિ૦[સં.] સહગમન કરનારું (૨)[ગ.] 'કોંકરંટ'

સહચર વિ૦(૨)પું૦[સં.] સાથે ફરનાર; સોબતી. **-રી** સ્ત્રી૦

સહચાર પું૦ [સં.] સાથ; સંગ; સોબત; સંબંધ (૨) સુસંગતપણું (૩) સાહચર્ય. **-રિણી** વિ૦સ્ત્રી૦ સાથે રહેનારી કે ફરનારી (૨) સ્ત્રી૦ સહચરી. **-રિતા** સ્ત્રી૦. **-રી** વિ૦ સાથે જનારું કે રહેનારું (૨) પું૦ પતિ

સહજ વિ૦ [સં.] સાથે જન્મેલું (૨) કુદરતી; સ્વાભાવિક (૩) સહેજ; સહેલું (૪) અ૦ ખાસ કારણ વિના (૫) સ્વાભાવિક રીતે (૬) સહેલાઈથી. **૦પ્રાપ્ત** વિ૦ સહેજે મળેલું. **૦બુદ્ધિ** સ્ત્રી૦ કુદરતી બુદ્ધિ કે પ્રેરણા; 'ઇન્સ્ટિન્કટ'. **૦સ્ફુરણ** ન૦, **૦સ્ફૂર્તિ** સ્ત્રી૦સહજબુદ્ધિ;સહેજે સ્ફુરવું તે

સહજન્ય વિ૦ સાથે જન્મેલું

સહધર્મચાર પું૦ [સં.] સાથે રહી જીવનની ફરજો બજાવવી તે. **-રિણી** સ્ત્રી૦ પત્ની. **-રી** પું૦ પતિ

સહધર્મી વિ૦ (૨) પું૦ [સં.] સમાન ધર્મવાળું (૨)એક ધર્મનું અનુયાયી. **-ર્મિણી** સ્ત્રી૦ જુઓ સહધર્મચારિણી

સહન ન૦[સં.] સહેવું તે. **૦તા** સ્ત્રી૦ સહનશીલતા. **૦શક્તિ** સ્ત્રી૦ સહન કરવાની શક્તિ. **૦શીલ** વિ૦ સહન કરે તેવા સ્વભાવનું; શાંત; ધીર; સહિષ્ણુ. **૦શીલતા** સ્ત્રી૦

સહપાઠી પું૦ [સં.] સાથે ભણનાર; સહાધ્યાયી

સહભાગિની સ્ત્રી૦ [સં.] પત્ની

સહભોજન ન૦ [સં.] સાથે બેસી કરેલું ભોજન (૨) ભિન્ન વર્ણના લોકોએ સાથે બેસી કરેલું ભોજન

સહમત વિ૦ [સં.] એકમત; સમાન–સરખા મતવાળું. **-તી** સ્ત્રી૦ એકમતી

સહમરણ ન૦ [સં.] જુઓ સહગમન

સહયોગ, -ગી [સં.] જુઓ સહકાર,-રી

સહરાવું અ૦ક્રિ૦ + ખુશ થવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહર્ષ વિ૦[સં.] હર્ષયુક્ત (૨) અ૦ હરખભેર [તેવું
સહવર્તમાન, સહવર્તી વિ૦ [સં.] સાથે રહેનારું કે હોય
સહવાસ પું૦ [સં.] સાથે વસવું તે (૨) સોબત; સંબંધ (૩) અભ્યાસ; મહાવરો. **-સી** વિ૦ સાથે વસનારું (૨) પરિચિત (૩) ટેવાયેલું [આપવું તે
સહશિક્ષણ ન૦ [સં.] છોકરાછોકરીઓને સાથે શિક્ષણ
સહસા અ૦[સં.] ઉતાવળે(૨)ઓચિંતું(૩)વિચાર કર્યા વિના
સહસ્ર પું૦ [સં.] હજાર. **૦બાહુ ,૦હાથ** પું૦ (સં.) સહસ્ર હાથવાળો-બાણાસુર. **૦મુખી** વિ૦ સહસ્ર મુખવાળું (૨) સહસ્રમુખે થતું. **૦રશ્મિ** પું૦સૂર્ય. **-સ્રાક્ષ** પું૦ (સં.) ઇંદ્ર
સહાધ્યાયી પું૦ [સં.] સાથે ભણનારો; વિદ્યાર્થી; સહપાઠી
સહાનુભાવ,સહાનુભૂતિ પું૦;સ્ત્રી૦[સં.]સમભાવ;દિલસોજી
સહાય પું૦ મિત્ર; મદદગાર [સં.] (૨) સ્ત્રી૦ સાહ્ય; મદદ. **૦ક** વિ૦ મદદગાર. **૦કવૃત્ત** ન૦ 'ઑક્ઝિલિયરી સર્કલ' (ગ.). **૦કારક, ૦કારી** વિ૦ સહાય કરનારું (૨) (વ્યા.) સહાયમાં વપરાતું ક્રિયાપદ. **૦તા** સ્ત્રી૦ સાહ્ય; મદદ. **૦ભૂત** વિ૦ મદદગાર થયેલું. **૦વૃત્તિ** સ્ત્રી૦ પરસ્પર સહાય કરવાની(પ્રાણીની)સહજવૃત્તિ; સહાયશીલતા. **૦શીલ** વિ૦ મદદગાર થવાના સ્વભાવવાળું. **૦શીલતા** સ્ત્રી૦
સહારો પું૦ [હિં.] આશ્રય; હૂંફ
સહિત અ૦ [સં.] સાથે (૨) સુધ્ધાં
સહિયર સ્ત્રી૦ સહી; સખી
સહિયારું વિ૦ ભાગિયાભાગવાળું (૨) ભેગું; ભાગ વહેંચ્યા ન હોય તેવું (૩) ન૦ પંતિયાળું; ભાગિયાપણું
સહિષ્ણુ વિ૦ [સં.] સહન કરે તેવું; સહનશીલ. **૦તા** સ્ત્રી૦
સહી સ્ત્રી૦(ખત, કાગળમાં) નીચે પોતાનું નામ લખવું તે; મતું (૨) સ્ત્રી૦ સખી (૩) વિ૦ ખરું; સાચું (૪) અ૦ કબૂલ; મંજૂર; નક્કી. **૦પણું** ન૦ સખીપણું; સહિયર તરીકેનો સંબંધ. **૦સલામત** વિ૦ સુરક્ષિત; કાંઈ પણ ઈજા કે નુકસાન વિનાનું (૨) અ૦ તેવી રીતે. **૦સલામતી** સ્ત્રી૦ સહીસલામતપણું; સુરક્ષિતતા. **૦સાટું** ન૦સહી આપીને નક્કી કરેલું સાટું કે કરાર
સહીડું ન૦(ચ.) અભ્યાસથી મહાવરો પડી જવો-ટેવાવું તે (શ૦પ્ર૦ માં 'પડવું' ક્રિ૦ સાથે)
સહુ વિ૦ સૌ; સર્વ
સહૂલિયત સ્ત્રી૦ [હિં.] સુગમતા; સહેલાઈ
સહૃદય વિ૦ [સં.] સામાનો ભાવ કે લાગણી સમજી શકે તેવું (૨) દયાળુ (૩) રસિક; રસજ્ઞ. **૦તા** સ્ત્રી૦
સહેજ વિ૦ થોડું; અલ્પ (૨) અ૦ જુઓ સહજ. **૦સાજ** વિ૦ (૨) અ૦ થોડુંઘણું; જરાક. **-જારત** અ૦ સહેજ; અમસ્તું; મજાક દાખલ. **-જે** અ૦ સહેલાઈથી
સહેણી સ્ત્રી૦ સહેવું તે; સહન
સહેતુક વિ૦ [સં.] હેતુવાળું; સપ્રયોજન. **૦તા** સ્ત્રી૦

સહેરો પું૦ જરીનો પટકો; મંદીલ
સહેલ વિ૦ સહેલું (૨) સ્ત્રી૦ આનંદથી આમતેમ ફરવું તે (૩) મોજમજા; લહેર. **૦ગાહ** સ્ત્રી૦ હરવુંફરવું કે મોજમજા માણવી તે કે તેની જગા. **૦સપાટા** પું૦બ૦વ૦ મોજમજા. **-લાઈ** સ્ત્રી૦સરળતા. **-લાણી** વિ૦ (૨) પું૦ મોજી; આનંદી (માણસ). **-લું** વિ૦ મુશ્કેલ નહિ તેવું; સરળ. **-લુંસટ** વિ૦ એકદમ સહેલું
સહેવું સ૦ક્રિ૦ સહન કરવું; ખમવું. **સહેવડાવવું** (પ્રેરક). **સહેવાવું** (કર્મણિ)
સહોક્તિ સ્ત્રી૦ [સં.] એક અલંકાર, જેમાં 'સહ' વગેરે શબ્દોના બળથી એક જ વસ્તુ બેની વાચક બતાવવામાં આવે છે (કા.શા.)
સહોત્થાયી વિ૦ [સં.] બળવો ઉઠાવવામાં મળતિયું
સહોદર વિ૦ [સં.] એક માને પેટે જન્મેલું (૨) પું૦ ભાઈ. **-રા** વિ૦સ્ત્રી૦. **-રી** સ્ત્રી૦ બહેન
સહ્ય વિ૦ [સં.] સહી શકાય એવું. **૦ભેદ** પું૦ જુઓ કર્મણિપ્રયોગ (વ્યા.) [એક પર્વત
સહ્ય,-હ્યાદ્રિ પું૦ [સં.] (સં.) પશ્ચિમ ઘાટનો એક ભાગ-
સળ પું૦ ગેડ કે દબાણનો આંકો-કાપો (૨) સોળ
સળક સ્ત્રી૦ સળકવું તે; સણકો
સળકડી સ્ત્રી૦ નાની સળી; સળેકડી (૨) [લા.] ઉશ્કેરણી ('કરવું' ક્રિયાપદ સાથે). **-ડું** ન૦ સળેકડું; સળી
સળકવું અ૦ક્રિ૦ સહેજ હાલવું; સળવળવું (૨) [દાઢ સાથે] ખાવાનો ભાવ થવો(૩) ભોંકાતું હોય તેમ સણકા નાખવા
સળકું ન૦ જુઓ સરકું; શેંટલો
સળકો પું૦ જુઓ સળક (૨) તીવ્ર ઇચ્છા
સળગવું અ૦ક્રિ૦ બળવું; લાગવું
સળવળ સ્ત્રી૦ સળવળવું તે. **૦વું** અ૦ક્રિ૦ જરા જરા હાલવું; મરડાવું (૨) શરીર પર જીવડું ચાલતું હોય તેવી લાગણી થવી (૩) [લા.] કશું કરવા તત્પર થઈ રહેવું. **-વાટ** પું૦ સળવળવું તે [અંદરથી બગડી જવું
સળવું અ૦ક્રિ૦ જીવડાં પડવાથી અંદરથી ખવાઈ જવું;
સળંગ વિ૦ સાંધ વિનાનું; આખું; તૂટક નહિ તેવું; ઠેઠ સુધીનું (૨) અ૦ અટક્યા વિના; ઠેઠ સુધી. **૦સૂત્ર** વિ૦ સળંગ; ક્રમબદ્ધ; બરોબર સંકળાયેલું
સળાવો પું૦ (કા.) વીજળીનો ચમકારો
સળિયો પું૦ ધાતુનો લાંબો કકડો
સળી સ્ત્રી૦ ઘાસનો,લાકડાનો કે ધાતુનો લાંબો, પાતળો,ગોળ નાનો કકડો. **૦સંચો** પું૦[લા.] યુક્તિપ્રયુક્તિ(૨)ઉશ્કેરણી
સળેક(-ખ)ડી,સળેક(-ખ)ડું જુઓ 'સળકડી'માં
સળેખમ ન૦ એક રોગ; શરદી
સળો પું૦ સળવું તે
સંકટ ન૦ [સં.] દુઃખ; આફત. **૦ચતુર્થી** સ્ત્રી૦ ગણેશ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચતુર્થી (ી). ૦નિવારણ ન૦ મદદ આપી સંકટ દૂર કરવું તે. ૦મોચું વિ૦ પેસતાં સાંકડા મોંવાળું (ઘર)

સંકડામણ(-ણી) સ્ત્રી૦ જગાની તંગાશ (૨) ભીડ; મુશ્કેલી

સંકડાવું અ૦ક્રિ૦ દબાવું; ભચડાવું (૨) જગાની તંગાશ વેઠવી (૩) [લા.] મુશ્કેલીમાં આવવું.–વવું સ૦ક્રિ૦ (પ્રેરક). –શ સ્ત્રી૦ જગાની તંગાશ (૨) મુશ્કેલી

સંકર પું૦ [સં.] ભેળસેળ; મિશ્રણ (૨) બે ભિન્ન અલંકારોનો એકરૂપ સમવાય (કા. શા.). ૦તા સ્ત્રી૦

સંકર્ષણ ન૦ [સં.] ખેંચવું તે (૨) ખેડવું તે (૩) પું૦ (સં.) બળરામ (૪) શેષનાગ

સંકલન ન૦, –ના સ્ત્રી૦ [સં.] એકઠું કરવું તે; સંગ્રહ (૨) સરવાળો. ૦નિયમ પું૦ 'લૉ ઑફ એસોસિયેશન' (ગ.). –યિતા પું૦ સંકલના કરનાર

સંકલિત વિ૦ [સં.] એકઠું કરેલું

સંકલ્પ પું૦ [સં.] નિશ્ચય; મનસૂબો (૨) ધર્મકર્મ વગેરે કરવા માટે લેવામાં આવતો નિયમ (૩) કલ્પના કરવી તે; તર્ક. ૦વિકલ્પ પું૦બ૦વ૦ તર્કવિતર્ક. ૦શક્તિ સ્ત્રી૦ સંકલ્પની શક્તિ; ઇચ્છાશક્તિ. –લ્પિત વિ૦ કલ્પેલું (૨) ઇચ્છેલું; ધારેલું (૩) નિશ્ચય કરેલું

સંકષ્ટ ન૦ [સં.] સંકટ (૨) કષ્ટ; મહેનત

સંકળાવું અ૦ક્રિ૦ 'સાંકળવું'નું કર્મણિ; સંલગ્ન થવું

સંકાશ વિ૦ [સં.] ·ના જેવું; સરખું; સમાન

સંકીર્ણ વિ૦ [સં.] મિશ્રિત; સેળભેળ થયેલું (૨) વેરાયેલું; ફેલાયેલું; વ્યાપ્ત; ભરચક (૩) અસ્પષ્ટ (૪) સંકુચિત. ૦જાતિ સ્ત્રી૦ નવ કે નવમાંશ માત્રાના ખંડવાળા તાલની જાત

સંકીર્ત(-ર્ત્ત)ન ન૦ [સં.] સ્તુતિ [તેવું (૩) બિડાયેલું

સંકુચિત વિ૦ [સં.] સંકોચ પામેલું (૨) સાંકડું; ઉદાર નહિ

સંકુલ વિ૦ [સં.] વ્યાપ્ત; પરિપૂર્ણ; ભીડવાળું (૨) અવ્યવસ્થિત (૩) અસંગત. ૦તા સ્ત્રી૦

સંકેત પું૦ [સં.] અગાઉથી કરેલી છૂપી ગોઠવણ (૨) સંકેતસ્થાન (૩) ઇશારો; નિશાની (૪) કરાર; શરત (૫) અમુક શબ્દથી અમુક અર્થનો બોધ થવો જોઈએ એવી ભાષાની પરંપરાગત રૂઢિ (વ્યા.). ૦રૂપ ન૦ જુઓ સંકેતાર્થ. ૦લિપિ સ્ત્રી૦ લઘુલિપિ. ૦વું સ૦ક્રિ૦ સંકેત કરવો. ૦સ્થાન ન૦ સંકેત પ્રમાણે મળવાની જગા. –તાર્થ પું૦ ક્રિયાપદનું શરત બતાવનાર રૂપ (વ્યા.). –તિત વિ૦ સંકેતથી જણાવેલું; સંકેતવાળું; સંકેતાયેલું

સંકેલવું સ૦ક્રિ૦ આટોપવું; એકઠું કરવું; પાછું વાળી લેવું

સંકોચ પું૦ [સં.] તંગી; અછત; સંકડાશ (૨) આચકો; ખચકાવું તે (૩) લજ્જા; શરમ (૪) બિડાવું તે (૫) ભય. ૦ક વિ૦ સંકોચ કરનારું. ૦ન ન૦ સંકોચાવું તે. ૦વું સ૦ક્રિ૦ બીડી દેવું (૨) મર્યાદિત કરવું; સંકોચ કરવો. ૦શીલ વિ૦ સંકોચવાળું. –ચાવું અ૦ક્રિ૦ 'સંકોચવું'નું કર્મણિ (૨) સંકોચ પામવો [સંકોચવું

સંકોડવું સ૦ક્રિ૦ સાંકડું કરવું; ફેલાયેલું એકઠું કરવું;

સંકોરણી સ્ત્રી૦ સંકોરવું તે [(૩) ઉશ્કેરવું

સંકોરવું સ૦ક્રિ૦ વધારે અંદર ઠેલવું (૨) પ્રજ્વલિત કરવું

સંક્રમ પું૦,૦ણ ન૦ [સં.] એક જગા કે સ્થિતિમાંથી બીજી જગા કે સ્થિતિમાં જવું તે; સંચાર (૨) ઓળંગવું તે (૩) પ્રવેશ કરવો તે (૪) ઓળંગવાનો કે જવાનો માર્ગ (સેતુ, સીડી, વગેરે) (૫) એક રાશિમાંથી બીજી રાશિમાં જવું તે (સૂર્યનું). ૦ણાવસ્થા સ્ત્રી૦ સંધિકાળ [સંક્રાંત

સંક્રામિત વિ૦ [સં.] સંક્રમ–સંચાર કરાયેલું; પહોંચાડેલું;

સંક્રાંત વિ૦ [સં.] એક જગાએથી બીજી જગાએ ગયેલું (૨) પહોંચતું કરેલું; સંચારિત (૩) સ્ત્રી૦ મકરસંક્રાંતિ. –તિ સ્ત્રી૦ જુઓ સંક્રમ (૨) મકરસંક્રાંતિ. –તિકાલ(–ળ) પું૦ સંક્રાંતિનો સમય; એક જગા કે સ્થિતિમાંથી બીજી જગા કે સ્થિતિમાં જવા સુધીનો વચલો સમય

સંક્રીડવું અ૦ક્રિ૦ ક્રીડવું; ખેલવું

સંક્ષિપ્ત વિ૦ [સં.] ટૂંકું

સંક્ષુબ્ધ વિ૦ [સં.] ખળભળી ઊઠેલું; ક્ષોભ પામેલું

સંક્ષેપ પું૦ [સં.] ટૂંકાણ; સાર (૨) ટૂંકાવેલું કે સારરૂપ તે. ૦ક વિ૦ સંક્ષેપ કરનારું [સંક્ષોભ કરનારું

સંક્ષોભ પું૦ [સં.] ગરબડ; ખળભળાટ; ગભરાટ. ૦ક વિ૦

સંખારો પું૦ પાણી ગાળતાં ગળણામાં રહેલો કચરો

સંખાવું અ૦ક્રિ૦ સંખાવો થવો (૨) 'સાંખવું'નું કર્મણિ

સંખાવો પું૦ શંકા; હાજત (૨) શરમ (૩) કમકમાટી; કંટાળો

સંખ્યા સ્ત્રી૦ [સં.] રકમ; આંકડો (૨) ગણના; ગણતરી. ૦ક્રમવાચક વિ૦ એક, બે, ત્રણ એમ સંખ્યાનો ક્રમ બતાવનાર [વ્યા.]. ૦તીત વિ૦ અસંખ્ય. ૦ત્મક વિ૦ સંખ્યાને લગતું. ૦પૂરક વિ૦ પહેલું, બીજું એમ સંખ્યા બતાવનાર (વિ૦) [વ્યા.]. ૦બલ(–ળ) ન૦ સંખ્યાનું બળ. ૦લેખન ન૦ સંખ્યા લખવાની રીત (ગ.). ૦વાચક વિ૦ [વ્યા.] સંખ્યા જણાવનારું (વિ૦). ૦વૃત્તિવાચક વિ૦ સંખ્યાની આવૃત્તિનું વાચક (ઉદા૦ બેવડું) [વ્યા.]. ૦સમૂહવાચક વિ૦ સંખ્યાના સમૂહનું વાચક. ઉદા૦ પંચક; સૈકું [વ્યા.]. ૦સંકેત પું૦ ૧, ૨, વગેરે સંખ્યાના સંકેત (ગ.). –ખ્યાંશવાચક વિ૦ અપૂર્ણાંકનું વાચક (વ્યા.) ઉદા૦ અર્ધું

સંગ પું૦ [સં.] સંયોગ (૨) સંબંધ (૩) સોબત; સહવાસ (૪) આસક્તિ (૫) મૈથુન. ૦દોષ પું૦ સંગતિદોષ

સંગ પું૦ [ફા.] પથ્થર. ૦તરાશ પું૦ સલાટ. ૦દિલ વિ૦ પથ્થર જેવા દિલનું; કઠોર; નિર્દય. ૦દિલી સ્ત્રી૦

સંગઠન ન૦ [હિં.] વીખરાયેલાં બળ, લોકો કે અંગોને એકત્રિત કરી વ્યવસ્થિત કરવાં તે. –ના સ્ત્રી૦ સંગઠન કરવું તે

સંગઠિત વિ૦ [હિં.] સંગઠનવાળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગત વિ૦ [સં.] સંબદ્ધ (૨) સુસંગત (૩) 'સિમેટ્રિકલ' (ગ.).-તિ સ્ત્રી૦ સંયોગ (૨) મેળ (૩) સહવાસ (૪) પૂર્વાપર સંબંધ (૫) 'સિમેટ્રી' (ગ.). -તિકા પું૦ એક છંદ -તિદોષ પું૦ સોબતની માઠી અસર [[फा.]માં

સંગતરાશ, સંગદિલ, સંગદિલી [फा.] જુઓ 'સંગ'

સંગમ પું૦ [સં.] સંયોગ; મેળાપ; સમાગમ (૨) બે નદીઓનું મિલન; તે સ્થાન. ૦નીય પું૦ (સં.) એક મણિ, જે મળ્યાથી પ્રિયના વિયોગનો અંત આવે છે એમ મનાય છે

સંગસારી સ્ત્રી૦ [फा.] પથ્થર મારી મારીને જીવ લેવાની સજા; પંચ-ઈંટાળી [પું૦ સંગાથ કરનાર

સંગાથ પું૦ સંઘાત; સાથ; સોબત (વાટમાં). -થી વિ૦ (૨)

સંગાન ન૦ [સં.] ગાન; સંગીત

સંગી વિ૦ [સં.] સંગ કરનારું (૨) પું૦ સોબતી

સંગીત ન૦ [સં.] ગાયન, વાદન અને નૃત્યનો સમાહાર (૨) ગાયન કે વાદન. ૦કલ્પ વિ૦ ગેય; ગાઈ શકાય એવું. ૦કાવ્ય ન૦ 'લિરિક'. ૦લિપિ સ્ત્રી૦ સંગીતલેખન માટેની લિપિ. ૦લેખન ન૦ ગાયન કે ગતના તાલસ્વરને સાંકેતિક ચિહ્નો દ્વારા લખવાં તે; 'નોટેશન'. ૦વિદ્યાલય ન૦, ૦શાલા (-ળા) સ્ત્રી૦ સંગીત શીખવવાની શાળા. ૦શાસ્ત્ર ન૦ સંગીતનું શાસ્ત્ર. ૦શાસ્ત્રી પું૦ સંગીતશાસ્ત્ર જાણનાર -તિ સ્ત્રી૦ સ્વરોની સંવાદિતા-એકરૂપ સુરેલતા; 'હાર્મની' (૨) પરિષદ; સંગીથિ (બૌદ્ધ)

સંગીથિ સ્ત્રી૦ પારષદ; સંગીતિ

સંગીન વિ૦ [फा.] પથ્થરનું બનેલું (૨) ટકાઉ; મજબૂત (૩) સ્ત્રી૦ બંદૂકની નળીને છેડે ઘાલવામાં આવતું ભાલા જેવું અણીદાર પાનું; 'બેયોનેટ'. ૦તા સ્ત્રી૦ સંગીન હોવું તે

સંગૃહીત વિ૦ [સં.] સંઘરેલું

સંગેમરમર પું૦ [फा.] ચકમકની છાંટવાળો આરસપહાણ

સંગેયાહૂદ પું૦ એક જાતનો કીમતી પથ્થર

સંગો પું૦ આસક્તિ; હેડો

સંગોપન ન૦ [સં.] ગોપન; પાલનપોષણ

સંગ્રહ પું૦ [સં.] એકઠું કરવું તે (૨) સંઘરી રાખેલો જથો (૩) સારી સારી વસ્તુઓનો એક સ્થળે કરેલો જમાવ. ૦કર્તા (-ર્ત્તા) પું૦ સંગ્રહ કરનાર. ૦ણી સ્ત્રી૦ સંઘરણી. ૦વું સ૦ક્રિ૦ સંગ્રહ કરવો. ૦સ્થાન, -હાલય ન૦ જ્યાં દેશપરદેશની જાણવા અને જોવા જોગ વસ્તુઓ એકઠી કરી હોય તે સ્થળ; 'મ્યૂઝિયમ' [સમિતિ

સંગ્રામ પું૦ [સં.] યુદ્ધ. ૦સમિતિ સ્ત્રી૦ યુદ્ધની વ્યવસ્થાપક

સંગ્રાહ પું૦ [સં.] પકડ; ચૂડ. ૦ક વિ૦ (૨) પું૦ સંગ્રહ કરનાર. -હી વિ૦ સંગ્રહ કરનારું

સંઘ પું૦ [સં.] ટોળું (૨) યાત્રાળુઓનો સમૂહ (૩) સંગઠિત અને વ્યવસ્થિત સમુદાય (જેમ કે, બૌદ્ધ ભિક્ષુઓનો, યુવકોનો વગેરે). ૦બળ ન૦ સંઘનું કે સંઘ બનવાથી નીપજતું બળ. ૦સત્તાક વિ૦ સત્તા સંઘના હાથમાં હોય એવું (તંત્ર ઇ૦). ૦વી પું૦ સંઘ કાઢનાર; સંઘનો નેતા (૨) એક અટક. ૦વ્યાયામ પું૦ સમૂહનો સાથે થતો વ્યાયામ. ૦શક્તિ સ્ત્રી૦ સંઘબળ

સંઘટન ન૦ [સં.] સંગઠન. -ના સ્ત્રી૦ સંગઠન કરવું તે

સંઘટિત વિ૦ [સં.] એકત્રિત; સંગઠિત

સંઘટ્ટ વિ૦ ભિડાયેલું; સજ્જડ થયેલું (૨) પું૦ [સં.] સંઘર્ષણ (૩) અથડાવું તે (૪) મિલન; સંયોગ. ૦ન ન૦ [સં.] મિલન; સંયોગ (૨) રચના; બનાવટ (૩) સંઘર્ષણ (૪) સંગઠન

સંઘરણી સ્ત્રી૦ ઝાડાનો એક રોગ; સંગ્રહણી

સંઘરવું અ૦ક્રિ૦ એકઠું કરવું; જમા કરવું (૨) જતન કરીને રાખી મૂકવું (૩) સમાસ કરવો; પોતાની અંદર લેવું

સંઘરા સ્ત્રી૦ ફસ ખોલાવવી તે

સંઘરો પું૦ સંઘરેલી વસ્તુઓનો જથો; સંગ્રહ

સંઘર્ષ પું૦, ૦ણ ન૦ [સં.] બે વસ્તુઓનું ઘસાવું કે અથડાવું તે (૨) સ્પર્ધા (૩) કલહ

સંઘવી પું૦ જુઓ 'સંઘ'માં

સંઘાટી સ્ત્રી૦ [પાલિ] બૌદ્ધભિક્ષુનું ઉપવસ્ત્ર

સંઘાડિયો પું૦ સંઘાડાથી ઘાટ ઉતારનારો

સંઘાડો પું૦ હાથીદાંત, લાકડાં વગેરેનો ઘાટ ઉતારવાનું યંત્ર (૨) જૈન સાધુ-સાધ્વીઓનો સમુદાય

સંઘાત પું૦ સાથ; સંગાથ (૨) [સં.] જમાવ; જથો (૩) ઘાત; મારવું તે. ૦ક વિ૦ [સં.] ઘાત કરનારું; નાશ કરનારું. -તી વિ૦ (૨) પું૦ સંગાથ કરનાર [+ સંહારવું

સંઘાર પું૦ + સંહાર. ૦ણ વિ૦ + સંહારનાર. ૦વું સ૦ક્રિ૦

સંઘારામ પું૦ [સં.] ધર્મશાળા (૨) મઠ; વિહાર

સંચ પું૦ ગુપ્ત કરામત-ગોઠવણ (૨) ભીંત કે પટારા વગેરેમાં રાખેલું ગુપ્ત ખાનું [(કર્મણિ)

સંચકવું સ૦ક્રિ૦ જુઓ સંચવું. સંચકાવું અ૦ક્રિ૦

સંચય પું૦ [સં.] સંગ્રહ; જમાવ

સંચર પું૦ [સં.] + સંચાર; વિકાસ. ૦વું અ૦ક્રિ૦ જવું; ચાલતા થવું (૨) દાખલ થવું; વ્યાપી જવું (૩) સ૦ક્રિ૦ સંચય કરવો (૪) સંચારવું

સંચરામણ ન૦, -ણી સ્ત્રી૦ સંચારવાની મજૂરી

સંચરાવવું સ૦ક્રિ૦ 'સંચરવું'નું પ્રેરક (૨) સંચારાવવું

સંચલન ન૦ [સં.] ડોલવું તે; હાલવું તે (૨) કંપ; ખળભળાટ (૩) આંદોલન; હિલચાલ

સંચલિત વિ૦ [સં.] ચાલતું; ચાલુ [ઢગલો કરવો

સંચવું સ૦ક્રિ૦ એકઠું કરવું; ભેગું કરવું (૨) સીંચવું;

સંચળ પું૦ એક ક્ષાર (૨) [કા.] સંચાર; હલનચલન

સંચાર પું૦ [સં.] ફેલાવું તે; પ્રસાર (૨) ચલાવવું તે; પ્રેરવું તે (૩) જવું તે; -માં થઈને જવું તે (૪) સૂર્યનું એક રાશિમાંથી બીજીમાં જવું તે. ૦ક વિ૦ સંચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનારું; લઈ જનારું; ચલાવનારું; દોરનારું (૨) પું૦ આગેવાન; નેતા; પ્રેરક. ૦ણુ ન૦ સંચાર કરવો તે; પસાર કરવું કે લઈ જવું તે. ૦વું સ૦ક્રિ૦ નળિયાં ફેરવીને ઠીકઠાક કરવાં (૨) રેડવું; નાંખવું; સીંચવું. -રિત વિ૦ સંચાર કરાયેલું. -રી વિ૦ ફરનાર; ભમનાર (૨) અસ્થિર (૩) ક્ષણિક (૪) આગંતુક (૫) પું૦ સંચારીભાવ. -રીભાવ પું૦ વ્યભિચારીભાવ; રસની ઉત્પત્તિમાં જે સ્થાયીભાવને પુષ્ટ કરી ચાલ્યો જાય છે તે ક્ષણિક ભાવ. -રો પું૦ છાપરું સંચારનાર

સંચાલક પું૦[सं.] ચલાવનાર-વ્યવસ્થા કરનાર. -ન ન૦ ચલાવવું-વ્યવસ્થા કરવી તે. **સંચાલિત** વિ૦ [सं.] સંચાલન કરાયેલું [જન્મનાં બાકી રહેલાં કર્મ

સંચિત વિ૦ [सं.] એકઠું કરેલું; સંઘરેલું (૨) ન૦ પૂર્વ-

સંચે પું૦ + સંચય

સંચો પું૦ યંત્ર (૨) સંચ (૩) રટવ

સંચોડું વિ૦ (૨) અ૦ સચોડું; સમૂળગું; તમામ; સપૂચું

સંચારો પું૦ પાપડિયો ખારો

સંજમ પું૦ + સંયમ

સંજવારી સ્ત્રી૦ (કા.) કચરો; પૂંજો

સંજાત વિ૦ [सं.] ઉત્પન્ન થયેલું

સંજાપ(-બ) પું૦ ઝૂલ; કોર [વર્ગમાંનો માણસ

સંજામી વિ૦ + સંયમી (૨) પું૦ એ નામના સાધુઓના

સંજીવન ન૦[सं.] મરેલું જીવતું કરવું તે. -ની સ્ત્રી૦ મરેલાને જીવન આપે તેવી વિદ્યા કે ઔષધિ

સંજુક્ત વિ૦ (પ.) જુઓ સંયુક્ત

સંજુત વિ૦ (પ.) જુઓ સંયુત

સંજોગ પું૦ સંયોગ; ભેટો (૨) દૈવયોગ (૩) પરિસ્થિતિ. ૦વશાત્ અ૦ દૈવયોગે; સંજોગોને લીધે. -ગી પું૦ સંસારી સાધુ કે બાવો

સંજોરી સ્ત્રી૦ એક મીઠાઈ; ઘૂઘરો

સંજ્ઞા સ્ત્રી૦ [सं.] ભાન; ચેતના (૨) જ્ઞાન; સમજ (૩) સાન; નિશાની (૪) નામ. ૦વાચક વિ૦ સંજ્ઞા બતાવનારું (વ્યા.)

સંડાસ પું૦; ન૦ જાજરૂ

સંડોવવું સ૦ક્રિ૦ સામેલ કરવું; સપડાવવું. **સંડોવડાવવું** સ૦ક્રિ૦ (પ્રેરક). **સંડોવાવું** અ૦ક્રિ૦ (કર્મણિ)

સંત વિ૦ સાધુ; પવિત્ર (૨) પું૦ સાધુપુરુષ

સંતત વિ૦ (૨) અ૦ [सं.] સતત

સંતતિ સ્ત્રી૦[सं.] બાળબચ્ચાં; સંતાન; ઓલાદ (૨) વિસ્તાર (૩) પરંપરા. ૦**નિયમન** ન૦ સંતતિ વધતી કે થતી અટકાવવી તે. ૦**શાસ્ત્ર** ન૦ ઉત્તમ સંતતિ પ્રાપ્ત કરવાના નિયમોનું શાસ્ત્ર; 'યુજેનિકસ' [(૩) ખૂબ ગુસ્સે થયેલું

સંતપ્ત વિ૦ [सं.] ખૂબ તપી ગયેલું (૨) દુઃખી; પીડિત

સંતમસ ન૦ [सं.] વિશ્વવ્યાપી અંધકાર (૨) મહામાયા

સંતરું ન૦[पो.] એક ફળ; જાડા છોડાની એક જાતની નારંગી

સંતર્પણ ન૦ [सं.] તૃપ્ત કરવું તે

સંતર્પિત વિ૦ [सं.] તૃપ્ત કરાયેલું

સંતલસ સ્ત્રી૦ ખાનગી મસલત

સંતાકૂકડી સ્ત્રી૦ એક રમત

સંતાઘો પું૦ એક રમત

સંતાડવું સ૦ક્રિ૦ છુપાવવું ('સંતાવું'નું પ્રેરક)

સંતાન ન૦ [सं.] સંતતિ (૨) સ્વર્ગનાં પાંચ વૃક્ષોમાંનું એક (જુઓ હરિચંદન). ૦**પતિ** પું૦ (સં.) બ્રહ્મા

સંતાપ પું૦[सं.] ક્લેશ; દુઃખ; ઉદ્વેગ; પશ્ચાત્તાપ. ૦વું સ૦ક્રિ૦ સંતાપ આપવો; પીડવું. -પિત વિ૦ સંતાપ પામેલું

સંતાવું અ૦ક્રિ૦ છુપાવું; ગુપ્ત રહેવું

સંતુષ્ટ વિ૦ [सं.] સંતોષ પામેલું

સંતૃપ્તિ સ્ત્રી૦ [सं.] તૃપ્તિ [આપવો; રાજી કરવું

સંતોખ પું૦ જુઓ સંતોષ; તૃપ્તિ. ૦વું સ૦ક્રિ૦ સંતોષ

સંતોરવું સ૦ક્રિ૦ (સુ.) હેરાન કરવું; સંતાપવું; પજવવું

સંતોરો પું૦ (સુ.) ઝંઝટ; લપ

સંતોલો પું૦ બારદાન સહિત કુલ વજન

સંતોષ પું૦ [सं.] તૃપ્તિ; સમાધાન; સુખ (૨) હોય તેટલાથી રાજી રહેવું તે. ૦કારક વિ૦ સંતોષ આપે તેવું. -ષી વિ૦ સંતોષ રાખનારું

સંત્રાસ પું૦ [सं.] ત્રાસ

સંત્રી પું૦ પહેરેગીર [પથારી પર સૂવું તે

સંથારો પું૦ મરણ નજીક આવતાં મમતા છોડી મરણ-

સંથાવું અ૦ક્રિ૦ ગૂંથાવું; રોકાવું (૨) વિવાહ થવો

સંદર્ભ પું૦ [सं.] ગૂંથવું તે; ગોઠવવું તે (૨) એકઠું કરવું તે (૩) આગળપાછળના અર્થનો સંબંધ (૪) રચના (૫) પ્રબંધ; ગ્રંથ. ૦**ગ્રંથ** પું૦ અર્થ, આંકડા કે એવી માહિતી મેળવવા માટે અવારનવાર વપરાતો ગ્રંથ; આકરગ્રંથ; 'બુક ઑફ રેફરન્સ'

સંદષ્ટ વિ૦[सं.] દાંત પીસીને અક્ષરો ઉચ્ચારનાર (સંગીતમાં)

સંદિગ્ધ વિ૦ [सं.] સંદેહયુક્ત; અસ્પષ્ટ. ૦તા સ્ત્રી૦

સંદીપન ન૦ [सं.] ઉદ્દીપન. -ની સ્ત્રી૦ આયતા શ્રુતિનો એક પ્રકાર. **સંદીપ્ત** વિ૦ [सं.] ઉદ્દીપ્ત

સંદૂક સ્ત્રી૦ [अ.] પેટી; તિજોરી

સંદેશ(-શો) પું૦ [सं.] કહેણ; ખબર; સમાચાર

સંદેશરો પું૦ એક ઝાડ

સંદેહ પું૦[सं.] શંકા; વહેમ (૨) બે વસ્તુના સરખાપણાને લીધે એકમાં બીજી હોવાનો સંદેહ ઊપજે છે એ અલંકાર

સંદોહન ન૦ [सं.] દોહન; સાર (૨) સાર એકઠો કરવો તે

સંધ પું૦ + સાંધો

સંધાડવું સ૦ક્રિ૦ સાંધવું; જોડવું

સંધાણુ,-ન [सं.] ન૦ જોડાણ; સાંધણ (૨) લાગ; લાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) લક્ષ; નિશાન (૪) ધનુષ્ય પર બાણ ચડાવી નિશાન લેવું તે. **–ની** વિ૦ લાગ શોધનાર; વખત જોનાર; ધૂર્ત (૨) નિશાનબાજ (૩) સ્ત્રી૦ એક ઔષધિનું નામ

સંધાનું ન૦ અથાણું (પુષ્ટિમાર્ગીય)

સંધારો પું૦ વાસણ સાંધનારો; કંસારો [પ્રેરક

સંધાવું અ૦ક્રિ૦,**–વવું** સ૦ક્રિ૦ 'સાંધવું'નું કર્મણિ ને

સંધિ પું૦; સ્ત્રી૦ [સં.] જોડાવું તે; સંયોગ (૨) સાંધો; સાંધાની જગા (૩) સુલેહ; તહ (૪) અણીનો વખત (૫) બે યુગ કે વિશિષ્ટ સમયો વચ્ચેનો સમય (૬) બે વર્ણો સાથે આવવાથી થતો ફેરફાર કે જોડાણ (વ્યા.) (૭) નાટકનો સાંધો–વિભાગ. **૦સ્વર** પું૦ બે સ્વરોની સંધિ થવાથી બનેલો સ્વર (ઉદા૦ ઐ, ઓ). **૦કા** સ્ત્રી૦ [સં.] ક્ષિતિજ (૨) દિવસ અને રાતના સંધિકાલનો સમય. **૦પ્રચ્છાદન** પું૦ એક અલંકાર (સંગીત). **૦વા** પું૦ શરીરના સાંધા રહી જાય તેવો રોગ

સંધું વિ૦ સઘળું; તમામ. **–ધે** અ૦ બધે; સર્વત્ર

સંધૂકણ ન૦ સલાડાં કરવાં તે; ભંભેરણી; ઉશ્કેરણી. **–ણું** વિ૦ સંધૂકણ કરનારું. **–વું** સ૦ક્રિ૦ સંધૂકણ કરવું

સંધે પું૦ + સંદેહ (૨) અ૦ જુઓ 'સંધું'માં

સંધ્યા સ્ત્રી૦ [સં.] બે સમયને જોડનારો–વચગાળેનો ટૂંકો વખત (૨) સાંજ (૩) સંધ્યા વખતે કરાતું નિત્યકર્મ. **૦કાલ(–ળ)** પું૦ સાંજ. **૦વંદન** ન૦ સંધ્યા વખતનું નિત્યકર્મ. **૦સમય** પું૦ સંધ્યાકાળ. **–ધ્યોપાસના** સ્ત્રી૦ સંધ્યાકાળે કરાતું નિત્યકર્મ

સંનાહ પું૦;ન૦ [સં.] બખતર; કવચ

સંનિકર્ષ પું૦ [સં.] સામીપ્ય (૨) સંબંધ

સંનિધ(–ધિ) અ૦ પાસે; નજીક. **–ધાન** ન૦ [સં.] સામીપ્ય

સંનિધિ પું૦;સ્ત્રી૦ [સં.] સમીપતા (૨) અ૦ જુઓ સંનિધ

સંનિપાત પું૦ [સં.] જુઓ સનેપાત (૨) ઢગલો (૩) સાથે મળવું તે (૪) સંબંધ

સંનિવૃત્ત પું૦ [સં.] (સંગીત) એક અલંકાર

સંનિવેશ પું૦ [સં.] તલ્લીનતા (૨) સમુદાય (૩) ગોઠવણી; રચના (૪) સંનિધિ (૫) નગર પાસેનું લોકોને એકઠા મળવાનું કે વિહાર કરવાનું સ્થળ

સંન્યસ્ત વિ૦ [સં.] તજી દીધેલું(૨)ન૦ સંન્યાસ. **–સ્તાશ્રમ** પું૦ વાનપ્રસ્થ પછીનો ચોથો આશ્રમ

સંન્યાસ પું૦ [સં.] ત્યાગ કરવો તે (૨) સંસારવ્યવહારનો ત્યાગ (૩) સંન્યાસાશ્રમ. **૦યોગ** પું૦ સંન્યાસ જેમાં પ્રધાન છે તેવો યોગ. **–સાશ્રમ** પું૦ જુઓ સંન્યસ્તાશ્રમ. **–સિની** સ્ત્રી૦ સંન્યાસી સ્ત્રી. **–સી** પું૦ જેણે સંન્યાસ લીધો હોય તે

સંપ પું૦ ઐક્ય; મેળ. **૦તોડુ** વિ૦ સંપ તોડનાર

સંપ(–પુ)ટિયું ન૦ (પ.) સંપુટ

સંપત સ્ત્રી૦ [સં.] સંપદ; સંપત્તિ (૨)[લા.] શક્તિ; સાધનબળ

સંપત્તિ સ્ત્રી૦ [સં.] ધન; દોલત (૨) ઐશ્વર્ય; આબાદી (૩) અધિકતા; સંપૂર્ણતા. **૦શાસ્ત્ર** ન૦ અર્થશાસ્ત્ર; સંપત્તિની ઉત્પત્તિ અને વહેંચણીના નિયમોની ચર્ચા કરતું શાસ્ત્ર. **૦શાસ્ત્રી** પું૦ સંપત્તિશાસ્ત્રનો વિદ્વાન; અર્થશાસ્ત્રી

સંપદ(–દા) સ્ત્રી૦ [સં.] સંપત; સંપત્તિ

સંપન્ન વિ૦ [સં.] યુક્ત; સહિત (૨) શ્રીમાન; વૈભવશાળી

સંપર્ક પું૦ [સં.] સંબંધ; સંગ. **૦જીવા** સ્ત્રી૦ 'કૉર્ડ ઑફ કૉન્ટેક્ટ' (ગ)

સંપવું અ૦ક્રિ૦ સંપ કરવો

સંપાડવું સ૦ક્રિ૦ પ્રાપ્ત કરવું; મેળવવું ('સાંપડવું'નું પ્રેરક)

સંપાત પું૦ [સં.] એક સાથે પડવું તે (૨) સંગમ; સમાગમ (૩) પ્રહાર

સંપાદક પું૦ [સં.] સંપાદન કરનાર. **–ન** ન૦ મેળવવું તે (૨) તૈયાર કરવું તે (૩) કોઈ પુસ્તક કે પત્ર પ્રસિદ્ધ કરવા તૈયાર કરવું તે. **–વું** સ૦ક્રિ૦ મેળવવું

સંપાદિત વિ૦ [સં.] સંપાદન કરેલું

સંપી,૦લું વિ૦ સંપવાળું

સંપુટ પું૦;ન૦[સં.], **–ટિયું** ન૦ બે શકોરાં કે તેવી પોલી વસ્તુઓનાં મોં એક ઉપર એક મૂકી કરેલો ઘાટ (૨) હાથના પંજા તે પ્રમાણે જોડવા તે

સંપૂજન ન૦ [સં.] પૂજન

સંપૂરક વિ૦ [સં.] પૂર્ણ કરનારું; 'કૉમ્પ્લીમેન્ટરી' (ગ.)

સંપૂરિત વિ૦ [સં.] ખૂબ ભરેલું; ભરપૂર

સંપૂર્ણ વિ૦ [સં.] બધું; તમામ (૨) પરિપૂર્ણ (૩) સમાપ્ત. **૦તા** સ્ત્રી૦ પરિપૂર્ણતા; ન્યૂનતા ન હોવી તે

સંપેટવું સ૦ક્રિ૦ (કા.) સમેટવું

સંપેતરું ન૦ સોંપાયેલી વસ્તુ [સંબંધવાળું

સંપૃક્ત વિ૦ [સં.] ભેળવેલું; મિશ્રિત (૨) જોડેલું; ગાઢ

સંપ્રજન્ય ન૦ [સં.] (બૌદ્ધ) કાયા ને ચિત્તની અવસ્થાનું વારંવાર નિરીક્ષણ; અપ્રમાદ

સંપ્રજ્ઞાત વિ૦ [સં.] પરિપૂર્ણ રીતે જાણેલું (૨) જેમાંથી વિચાર વિતર્ક લુપ્ત થયા નથી તેવી (સમાધિ). **–ન** ન૦ પરિપૂર્ણ જ્ઞાન [(વ્યા.)

સંપ્રદાન ન૦[સં.] આપવું તે (૨) ચોથી વિભક્તિનો અર્થ

સંપ્રદાય પું૦[સં.] રિવાજ; ચાલુ વહીવટ(૨)ધર્મનો ફાંટો; પંથ (૩) ગુરુપરંપરાગત ઉપદેશ. **૦દૃષ્ટિ** સ્ત્રી૦ સંપ્રદાય પૂરતી–સંકુચિત દૃષ્ટિ. **–યી** વિ૦(૨)પું૦ સંપ્રદાયનું અનુયાયી

સંપ્રસન્ન વિ૦ [સં.] પૂર્ણ પ્રસન્ન

સંપ્રસાદ પું૦ [સં.] ચિત્તની નિર્મળતા ને પ્રસન્નતા(યોગ)

સંપ્રસારણ ન૦ [સં.] ય્, વ્, ર્, લ્ ના અનુક્રમે ઈ, ઉ, ઋ, લૃ થવાં તે [વ્યા.](૨) પ્રસારવું તે

સંપ્રોક્ષણ ન૦[સં.] પાણી છાંટવું તે; પાણી છાંટી પવિત્ર કરવું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંફ સ્ત્રી૦હાર;ઓળ(૨)સફ;બાજુ;પક્ષ [તે (નાટકમાં)
સંફેટ પું૦ [સં.] ઝઘડો; બોલાબોલી (૨) રોષપૂર્વક બોલવું
સંબદ્ધ વિ૦ [સં.] જોડાયેલું; યુક્ત
સંબંધ પું૦ [સં.] સંયોગ; સંપર્ક; જોડાણ (૨) વિવાહ; સગાઈ(૩)મિત્રતા;પરિચય(૪)છઠ્ઠી વિભક્તિનો અર્થ(વ્યા.). ૦વાચક વિ૦ છઠ્ઠી વિભક્તિનો અર્થ બતાવતું (વ્યા.). ૦ક વિ૦ સંબંધ કરનારું (૨) સંબંધવાચક. -ધાર્થક વિ૦ સંબંધવાચક (વ્યા.). -ધિત વિ૦ સંબંધવાળું; સંબદ્ધ. -ધી વિ૦ સંબંધવાળું (૨) અ૦ વિષે; બાબતે
સંબુદ્ધ વિ૦ [સં.] જાગેલું (૨) સંપૂર્ણ જ્ઞાનવાળું
સંબેલ સ્ત્રી૦ સમોલ; સાંબેલ
સંબોધ પું૦ [સં.] બોધ; જ્ઞાન. ૦ન ન૦ જગાડવું તે (૨) જણાવવું તે; સમજાવવું તે (૩) બોલાવવું તે (૪) બોલાવવા વપરાતો શબ્દ. ૦વું સ૦ક્રિ૦ ઉદ્દેશીને બોલવું (૨) સમજાવવું. -ધિ સ્ત્રી૦ બોધિ; પૂર્ણજ્ઞાન. -ધિત વિ૦ સંબોધાયેલું. -ધ્ય ન૦ જેને સંબોધાયું હોય વા સંબોધાય તે
સંભર વિ૦ જુઓ સમ્ભર
સંભરવું સ૦ક્રિ૦ સારી રીતે ભરવું
સંભવ પું૦ [સં.] શક્યતા (૨) મૂળ (૩) ઉત્પત્તિ. ૦નીય વિ૦ સંભવે એવું; શક્ય. ૦વું અ૦ક્રિ૦ ઉત્પન્ન થવું; બનવું (૨) સંભવ હોવો. -વિત વિ૦ સંભવ હોય તેવું; શક્ય
સંભાર પું૦ [સં.] જોઈતી સામગ્રી (૨) શાક કે અથાણામાં ભરવાનો મસાલો
સંભારણ ન૦ સંભારવું તે; સ્મૃતિ. -ણું ન૦ યાદગીરી; યાદગીરીની વસ્તુ કે નિશાની. -વું સ૦ક્રિ૦ યાદ કરવું
સંભારિયું વિ૦ સંભારવાળું; મસાલો પૂરેલું (૨) ન૦ તેવું શાક
સંભાવના સ્ત્રી૦ [સં.] સંભવ; શક્યતા (૨) કલ્પના; તર્ક (૩) આદરસત્કાર (૪) પ્રતિષ્ઠા; ઇજ્જત
સંભાવિત વિ૦ [સં.] પ્રતિષ્ઠિત [કલ્પી શકાય તેવું
સંભાવ્ય વિ૦ [સં.] શક્ય (૨) સત્કાર કરવા યોગ્ય (૩)
સંભાષણ ન૦ [સં.] વાતચીત; પ્રશ્નોત્તરી [સંભાળ રાખવી
સંભાળ સ્ત્રી૦ તાપસ; દરકાર; કાળજી. ૦વું સ૦ક્રિ૦
સંભૃત વિ૦ [સં.] એકઠું કરેલું; સાંભરેલું
સંભોગ પું૦ [સં.] ઉપભોગ (૨) મૈથુન (૩) વિષયભોગ. -ગી વિ૦ (૨) પું૦ સંભોગ કરનાર (૩) કામી
સંભ્રમ પું૦ [સં.] ઘૂમવું તે; ચક્કર ફરવું તે (૨) ત્વરા; ધાંધળ (૩) ગભરાટ; વ્યાકુળતા (૪) ઉત્કંઠા (૫) ભ્રાંતિ (૬) ભૂલ (૭) ભય [ભ્રાંતિમાં પડેલું
સંભ્રાંત વિ૦ [સં.] ઘુમાવેલું (૨) ગભરાયેલું; વ્યાકુળ થયેલું;
સંમત વિ૦ [સં.] સંમતિવાળું; એકમત (૨) માન્ય; પસંદ. -તિ સ્ત્રી૦ અનુમતિ; કબૂલાત; સમાન મતવાળા હોવું તે. -તિવય સ્ત્રી૦; ન૦ સંભોગની સંમતિ આપી શકે તે માટેનું સ્ત્રીનું યોગ્ય વય, -તેની કાયદેસર મર્યાદા

સંમર્દ પું૦ [સં.] ભીડ; ગરદી (૨) યુદ્ધ; લડાઈ (૩) કજિયો
સંમાન ન૦ [સં.] સન્માન; આદરસત્કાર (૨) ગૌરવ; પ્રતિષ્ઠા. ૦કારિણી વિ૦ સ્ત્રી૦, ૦કારી વિ૦ આદરસત્કાર કરનારું. -નિત વિ૦ સંમત (૨) સંમાનવાળું. -ન્ય વિ૦ સંમાનને યોગ્ય [સાફસૂફ.-ની સ્ત્રી૦ સાવરણી
સંમાર્જક વિ૦ [સં.] ઝાડુ કાઢનારું. -ન ન૦ વાળઝૂડ;
સંમિશ્ર, -શ્રિત વિ૦ [સં.] મિશ્રિત. ૦ણ ન૦ મિશ્રણ
સંમીલન ન૦ [સં.] બીડી દેવું-મીચી દેવું તે
સંમુખ વિ૦ [સં.] સામે મુખવાળું; સામે હોય તેવું (૨) -ની પ્રત્યે લાગણીવાળું (૩) અ૦ રૂબરૂ; સામે [(પ્રાણી)
સંમૂર્છિમ વિ૦ (૨) ન૦ [સં.] નરમાદાના સંયોગ વિના થતું
સંમેલન ન૦ [સં.] એકઠા થવું તે (૨) મેળાવડો
સંમોહ પું૦, ૦ન ન૦ [સં.] મૂર્છા (૨) ભ્રાંતિ (૩) અજ્ઞાન (૪) મોહ [જકડેલું (૩) સંયમવાળું
સંયત વિ૦ [સં.] હાથમાં કે કાબૂમાં રાખેલું (૨) બાંધેલું;
સંયમ પું૦ [સં.] નિગ્રહ; નિરોધ (૨) ઇંદ્રિયનિગ્રહ. ૦ન ન૦ નિયંત્રણ; દમન; નિગ્રહ (૨) ખેંચી રાખવું તે. ૦ની સ્ત્રી૦ (સં.) યમ રાજાની નગરી. ૦શાળી વિ૦ સંયમી. -મી વિ૦ (૨) પું૦ સંયમવાળું
સંયુક્ત વિ૦ [સં.] જોડાયેલું; યુક્ત (૨) અનેકે મળીને કરેલું. ૦ક્રિયાપદ ન૦ બે ક્રિયાપદ ભેગાં થવાથી જુદો જ અર્થ નીકળે તેવું ક્રિયાપદ (વ્યા.). ૦વાક્ય ન૦ બે કે વધારે પ્રધાન વાક્યો એકઠાં થવાથી બનતું મોટું વાક્ય
સંયુત વિ૦ [સં.] સંયુક્ત; સમન્વિત
સંયોગ પું૦ [સં.] જોડાવું કે ભેગા થવું તે (૨) સંબંધ (૩) સમાગમ (૪) મિશ્રણ; મેળવણી (૫) સંજોગ; પરિસ્થિતિ. -ગી વિ૦ જોડનારું (૨) સંયોગવાળું. -ગીકરણ ન૦ સંયુક્ત કરવું તે. -ગીભૂમિ (-મી) સ્ત્રી૦ જમીનના બે મોટા પ્રદેશને જોડનારી સાંકડી જમીનની પટી. -જક વિ૦ (૨) પું૦ જોડનાર. -જન ન૦ જોડવું તે (૨) જોડાણ; સંબંધ (૩) આયોજન; વ્યવસ્થા (૪) બંધન (તે દશ છે) (બૌદ્ધ). -જિત વિ૦ જોડેલું
સંરક્ષણ ન૦ [સં.] રક્ષણ. -વું સ૦ક્રિ૦ સંરક્ષણ કરવું
સંરક્ષિત વિ૦ [સં.] સંરક્ષણ પામેલું
સંરોહણી સ્ત્રી૦ ઘા રૂઝવનારી ઔષધિ
સંલગ્ન વિ૦ [સં.] લાગેલું; વળગેલું; ચોટેલું. ૦તા સ્ત્રી૦
સંલાપ પું૦ [સં.] પરસ્પર વાર્તાલાપ (૨) નાટકમાં એક પ્રકારનો સંવાદ. ૦ક વિ૦ સંલાપ કરનારું (૨) પું૦ એક પ્રકારનું નાટક-ઉપરૂપક (૩) નાટકમાં એક પ્રકારનો સંલાપ
સંવત પું૦ [સં.] વિક્રમસંવત (૨) તેનું કોઈ પણ વર્ષ. -ત્સર પું૦ વર્ષ. -ત્સરી સ્ત્રી૦ છમછરી; વાર્ષિક મરણતિથિ [પ્રેમથી જીતી લેવાનો પ્રયત્ન
સંવનન ન૦ [સં.] વશ કરવાની ક્રિયા (૨) પ્રેમ કરવો તે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંવર પું૦ [સં.] બાહ્ય પ્રવૃત્તિમાંથી પરાવૃત્ત થઈ આત્માભિમુખ થવું તે (જૈન). ૦ણુ ન૦ ઢાંકણ; રક્ષણ. ૦વું સ૦ક્રિ૦ આવરી લેવું (૨) સમેટવું (૩) રોકવું; નિગ્રહ કરવો

સંવર્ત પું૦ [સં.] પ્રલયકાળના સાત મેઘોમાંનો એક

સંવર્ધન ન૦ [સં.] વધવું તે (૨) ઉછેરવું તે (૩) વધારવું તે. **-માન** વિ૦ વધતું; સંવર્ધિત થતું. **-વું** સ૦ક્રિ૦ સંવર્ધન કરવું [(૩) વધારેલું; વધેલું

સંવર્ધિત વિ૦ [સં.] સંવૃદ્ધ થયેલું (૨) ઉછેરેલું; ઊછરેલું

સંવહન ન૦ [સં.] વહન કરવું-લઈ જવું તે

સંવાદ પું૦ [સં.] વાતચીત; સવાલજવાબ (૨) ચર્ચા (૩) એકરાગ હોવો તે (૪) એકમત થવું તે. **-દિતા** સ્ત્રી૦ સંવાદીપણું; 'હાર્મની'. **-દી** વિ૦ સંવાદ કરનારું (૨) સહમત; અનુકૂલ; એકરાગવાળું (૩) પું૦ વાદી સ્વરથી પાંચમો અને ચોથો સ્વર (સંગીત) [કંઠનું આકુંચન થાય છે (વ્યા)

સંવાર પું૦ [સં.] ઉચ્ચારણના બાહ્ય પ્રયત્નોમાંનો એક, જેમાં

સંવાસ પું૦ [સં.] સહવાસ

સંવાહક વિ૦ [સં.] સંવાહન કરનારું. **-ન** ન૦ વહન કરવું તે; લઈ જવું તે (૨) ચંપી કરવી તે

સંવિદ સ્ત્રી૦ [સં.] ચૈતન્ય; જ્ઞાન; સમજશક્તિ (૨) કરાર; સંકેત

સંવિધાન ન૦ [સં.] વ્યવસ્થા; આયોજન (૨) નાટકના વસ્તુની સંકલના, ગોઠવણી. ૦ક ન૦ નાટકનું વસ્તુ–તેની સંકલના

સંવિભાગ પું૦ [સં.] ભાગ પાડવા તે (૨) હિસ્સો

સંવૃત વિ૦ [સં.] આચ્છાદિત; ઢાંકેલું; ઢંકાયેલું (૨) [વ્યા.] સંકુચિત; સાંકડું ('વિવૃત'થી ઊલટું)

સંવૃદ્ધ વિ૦ [સં.] વધેલું (૨) ઉન્નત; સમૃદ્ધ. **-દ્ધિ** સ્ત્રી૦ વધવું તે (૨) આબાદી; સમૃદ્ધિ

સંવેગ પું૦ [સં.] વેગ; જુસ્સો (૨) આવેગ; ગભરાટ. **-ગી** વિ૦ વેગથી વર્તનાર; સંવેગવાળું [ભાન; પ્રતીતિ; સ્ફુરણ

સંવેદ પું૦ [સં.] અનુભવ; જ્ઞાન. **૦ન** પું૦, **૦ના** સ્ત્રી૦

સંવેશ પું૦ [સં.] સૂઈ જવું તે (૨) આસન

સંવ્યગ્ર વિ૦ [સં.] ખૂબ વ્યગ્ર

સંશય પું૦ [સં.] સંદેહ; શક (૨) દહેશત; ભય. **૦ખોર** વિ૦ વહેમીલું; શંકાશીલ. **૦ગ્રસ્ત** વિ૦ સંશયમાં પડેલું; સંશયવાળું. **૦વાદ** પું૦ કોઈ પણ તત્ત્વમાં શંકાથી નિહાળવાની વૃત્તિનો વાદ; 'સ્કેપ્ટીસિઝમ'. **૦વાદી** વિ૦ (૨) પું૦ 'સ્કેપ્ટિક'. **૦વાન** વિ૦ સંશયવાળું; સંશયી. **-યાત્મક** વિ૦ જેને કશી બાબતમાં વિશ્વાસ ન હોય એવું; શ્રદ્ધાહીન (૨) પું૦ તેવો માણસ. **-યી** વિ૦ શંકાશીલ; વહેમી

સંશુદ્ધ વિ૦ [સં.] બરાબર શુદ્ધ થયેલું; વિશુદ્ધ

સંશુદ્ધિ સ્ત્રી૦ [સં.] પવિત્રતા; શુદ્ધિ

સંશોધક વિ૦ [સં.] શોધ કરનારું (૨) શુદ્ધ કરનારું. **-ન** ન૦ શુદ્ધિ (૨) શોધખોળ; 'રિસર્ચ'. **-નકાર** પું૦ સંશોધન કરનાર. **-ની** વિ૦ સંશોધનને લગતું. **-વું** સ૦ક્રિ૦ સંશોધન કરવું. **સંશોધિત** વિ૦ [સં.] શુદ્ધ કરેલું (૨) શોધેલું

સંશોષણી સ્ત્રી૦ ખરાબ લોહી ચૂસી લે તેવો લેપ

સંશ્રય પું૦ [સં.] આશ્રય; શરણ

સંશ્રિત વિ૦ [સં.] શરણે આવેલું; આશ્રિત

સંશ્લેષ પું૦ [સં.] ગાઢ આલિંગન (૨) સંયોગ

સંસક્તિ સ્ત્રી૦ [સં.] આસક્તિ; નાદ; વ્યસન

સંસદ સ્ત્રી૦ [સં.] સભા

સંસર્ગ પું૦ [સં.] સંબંધ; સોબત; સંગતિ (૨) આસક્તિ; લંપટતા. **૦દોષ** પું૦ જુઓ સંગતિદોષ. **-ર્ગી** વિ૦ સંસર્ગ રાખનારું (૨) પું૦ સંબંધી; સાથી

સંસર્પણ ન૦ [સં.] સરકવું; ધીમે ધીમે ખસવું તે

સંસાર પું૦ [સં.] સૃષ્ટિ; જગત (૨) માયાનો પ્રપંચ (૩) જન્મમરણની ઘટમાળ (૪) ગૃહસંસાર. **૦માર્ગ** પું૦ સંસારમાં રહી ગાળેલું જીવન. **૦વ્યવહાર** પું૦ દુનિયાદારીનો વ્યવહાર. **૦શાસ્ત્ર** ન૦ સમાજશાસ્ત્ર. **૦શાસ્ત્રી** પું૦ સમાજશાસ્ત્રી. **૦સુખ** ન૦ કુટુંબપરિવારનું કે સંસારના ભોગોનું સુખ. **૦સુધારો** પું૦ સામાજિક અને કૌટુંબિક બાબતોમાં સુધારો. **-રિણી** વિ૦સ્ત્રી૦ સંસારી (૨) સંચાર કે પ્રચાર કરનારી. **-રી** વિ૦ સંસારવ્યવહાર સંબંધી (૨) સંસારમાં રચ્યુંપચ્યું (૩) સંસાર માંડી બેઠેલું

સંસિદ્ધ વિ૦ [સં.] સિદ્ધ થયેલું; પૂર્ણ થયેલું; સફળ થયેલું; પ્રાપ્ત થયેલું. **-દ્ધિ** સ્ત્રી૦ સિદ્ધિ; પૂર્ણતા; સફળતા; પ્રાપ્તિ

સંસૃતિ સ્ત્રી૦ [સં.] સંસાર (૨) જન્મમરણનું ચક્ર (૩) પ્રવાહ; ગતિ; સરવું તે

સંસૃષ્ટિ સ્ત્રી૦ સહવાસ (૨) સંબંધ; સંપર્ક (૩) સંયોગ; મિલન (૪) એકત્ર કરવું તે; સંગ્રહ (૫) બે નિરપેક્ષ અલંકારોનું એક જ સ્થાને હોવું તે (કા. શા.)

સંસ્કરણ ન૦ [સં.] શુદ્ધ કરવું, દુરસ્ત કરવું કે સમજાવવું તે (૨) સંસ્કાર કરવા તે (૩) [ગ્રંથની] આવૃત્તિ

સંસ્કાર પું૦ [સં.] શુદ્ધ કરવું તે (૨) સુધારવું તે (૩) શણગારવું તે (૪) વાસનાઓ કે કર્મોની મન ઉપર પડતી છાપ (૫) દ્વિજોને જન્મથી મરણ સુધી કરવા પડતા આવશ્યક ૧૬ વિધિમાંનો દરેક (ગર્ભાધાન, પુંસવન, અનવલોભન, વિષ્ણુબલિ, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, સૂર્યાવલોકન, અન્નપ્રાશન, ચૂડાકર્મ, ઉપનયન, ગાયત્ર્યુપદેશ, સમાવર્તન, વિવાહ, સ્વર્ગારોહણ) (૬) શિક્ષણ; કેળવણી. **૦ક** વિ૦ સંસ્કાર કરનારું; શુદ્ધ કરનારું. **૦ગ્રાહી** વિ૦ સંસ્કાર ગ્રહણ કરી લેતું. **૦વાહી** વિ૦ સંસ્કારનું વહન કરનારું. **૦વું** સ૦ક્રિ૦ સંસ્કારી કરવું (૨) સંસ્કરણ કરવું. **-રિતા** સ્ત્રી૦ સંસ્કારીપણું. **-રી** વિ૦ મૂળથી સારા સંસ્કારવાળું (૨) સારી કેળવણીવાળું (૩) પુણ્યશાળી. **-રોત્થ** વિ૦ સંસ્કારોને લઈને ઊઠતું–જાગ્રત થતું

સંસ્કૃત વિ૦ [સં.] સંસ્કાર પામેલું (૨) શુદ્ધ કરેલું (૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શણગારેલું (૪) સ્ત્રી૦; ન૦ ગીર્વાણભાષા. ૦જ્ઞ વિ૦ સંસ્કૃત જાણનાર. ૦મય વિ૦, ૦મયી વિ૦ સ્ત્રી૦ સંસ્કૃતથી પરિપૂર્ણ. -તિ સ્ત્રી૦ સભ્યતા; સામાજિક પ્રગતિ. -તી પું૦ સંસ્કૃતનો પંડિત. -તોત્થ વિ૦ સંસ્કૃતમાંથી આવેલું

સંસ્તરણ ન૦ [સં.] પથાર; બિછાવટ (૨) ફેલાવવું તે; પ્રસારણ

સંસ્થા સ્ત્રી૦ [સં.] રચના; વ્યવસ્થા (૨) સ્થાપિત વ્યવસ્થા કે રૂઢિ (ઉદા૦ લગ્નસંસ્થા) (૩) મંડળ; તંત્ર

સંસ્થાન ન૦ [સં.] નાનું રાજ્ય; રજવાડો (૨) પરમુલકમાં વસાહત; તેવું રાજ્ય; 'કૉલોની'. ૦વાસી વિ૦ (૨) પું૦ વસાહતમાં રહેનાર. -ની વિ૦ સંસ્થાનનું, -ને લગતું (૨) પું૦ સંસ્થાનનું વતની

સંસ્થાપક વિ૦ (૨) પું૦ [સં.] સંસ્થાપન કરનાર. -ન ન૦, -ના સ્ત્રી૦ સારી રીતે સ્થાપવું તે; પ્રતિષ્ઠા કરવી તે. -વું સ૦ક્રિ૦ સ્થાપન કરવું

સંસ્થાપિત વિ૦ [સં.] સંસ્થાપન કરેલું

સંસ્થિતિ સ્ત્રી૦ [સં.] સાથે રહેવું તે (૨) કાયમનું સ્થાન (૩) ટકવું તે; કાયમ રહેવું તે (૪) વિશ્રાંતિ (૫) સ્થિતિ; સ્થિરતા

સંસ્પર્શ પું૦ [સં.] સ્પર્શ; સંબંધ

સંસ્મરણ ન૦ [સં.] પૂર્ણ સ્મરણ; વારંવાર સ્મરણ

સંસ્મૃતિ સ્ત્રી૦ [સં.] પૂર્ણ સ્મૃતિ; યાદ

સંસ્વેદજ વિ૦ (૨) ન૦ [સં.] જુઓ સ્વેદજ

સંહતિ સ્ત્રી૦ [સં.] સમુદાય (૨) સંપ; સંગઠન [સંહાર કરવો.

સંહરવું સ૦ક્રિ૦ એકઠું કરી લેવું; પાછું ખેંચી લેવું (૨)

સંહર્તા(-ર્ત્તા) પું૦ [સં.] સંહાર કરનાર

સંહાર પું૦ [સં.] નાશ; કતલ; ઉચ્છેદ (૨) એકઠું કરવું તે (૩) સંક્ષેપ. ૦ક વિ૦ (૨) પું૦ સંહાર કરનાર. ૦વું સ૦ક્રિ૦ સંહાર કરવો. -રિણી વિ૦ સ્ત્રી૦ સંહાર કરનારી

સંહિતા સ્ત્રી૦ [સં.] સંયોગ (૨) સમુચ્ચય (૩) પદ કે લખાણનો વ્યવસ્થિત સંગ્રહ. ઉદા૦ મનુસંહિતા (૪) વેદોનો દેવોની સ્તુતિવાળો મંત્રભાગ (૫) [વ્યા.] સંધિ

સંહૃત વિ૦ [સં.] સંહરેલું

સા પું૦ સંગીતના સ્વરસપ્તકમાંનો પ્રથમ સ્વર [વાહન

સાઇકલ સ્ત્રી૦ [इं.] બેસનારને જોરે ચલાવવાનું ચક્રવાળું

સાઈસ પું૦ [अ.] ઘોડાવાળો; રાવત; સઈસ

સાક(-કે)ટમ વિ૦ (ચ.) જુઓ સાગમટું (નોતરું)

સાકટી(-ઠી) સ્ત્રી૦, -ઠું ન૦ સાગની લાંબી જાડી વળી

સાકર સ્ત્રી૦ ખાંડના પાસાદાર ગાંગડા. ૦વું સ૦ક્રિ૦ ગળપણ ચડાવવું; સાકરથી પાસવું. -રિયું વિ૦ સાકર ચડાવેલું (૨) સાકર જેવું (સ્વાદ કે આકારમાં). -રિયો પું૦ ફૂલમાંના મધની ઝરમર (૨) સાકર-ખાંડ ચડાવેલો ચણાનો દાણો

સાકરવું સ૦ક્રિ૦ બોલાવવું; સાદ દેવો (૨) જુઓ 'સાકર'માં

સાકાર વિ૦ [સં.] આકારવાળું

સાકાંક્ષ વિ૦ [સં.] આકાંક્ષાવાળું

૭૩

સાકી પું૦ [अ.] મદ્ય પાનાર (૨) માશૂકનું સંબોધન

સાક્ષર વિ૦ (૨) પું૦ [સં.] ભણેલો (૨) શિક્ષિત; વિદ્વાન. ૦ત્વ ન૦, ૦તા સ્ત્રી૦. -રી વિ૦ સાક્ષર સંબંધી (૨) ભારે ભારે શબ્દોવાળું (લખાણ) [નજર જોવું તે

સાક્ષાત્ અ૦ [સં.] નજરોનજર; સંમુખ. ૦કાર પું૦ નજરો-

સાક્ષી સ્ત્રી૦ સાખ; શાહેદી (૨) પું૦ [સં.] નજરોનજર જોનાર (૩) સાક્ષી પૂરનાર; શાહેદ. ૦દાર પું૦ શાહેદ; સાક્ષી. ૦ભૂત વિ૦ સાક્ષીરૂપ; સાક્ષી

સાખ સ્ત્રી૦ સાક્ષી; શાહેદી (૨) ઝાડ ઉપર જ પાકેલું ફળ (૩) બારણાના ચોકઠાના ઊભા ટેકા (૪) [લા.] બારણું; આંગણું. ૦પ(-પા)ડોશી પું૦ જોડમાં જ જેનું ઘર હોય એવો પાડોશી. -ખિયું ન૦ ઝાડ પર જ પાકેલું ફળ; સાખ. -ખિયો પું૦ સાક્ષી

સાખી સ્ત્રી૦ બે ચરણનો એક પ્રકારનો દોહરો કે પદ (૨) ગઝલ, લાવણી, કે ગરબીમાં આવતી, લંબાવીને ગાવાની ટૂંકી પંક્તિઓ (૩) પું૦ (પ.) + સાક્ષી; સાખ પૂરનાર

સાખો પું૦ કંકાસ; કજિયો (૨) ગજબ (૩) લોકનો અભિપ્રાય કે છાપ

સાખોસાખ અ૦ જોડાજોડ, લગોલગ

સાગ પું૦ જેનાં ઇમારતી લાકડાં બને છે તે ઝાડ

સાગમટું વિ૦ (કા.) કુટુંબ સાથે-બધાંને દીધેલું (નોતરું)

સાગર પું૦ પ્યાલો; જામ

સાગર પું૦ [સં.] દરિયો (૨) દશ પદ્મ જેટલી સંખ્યા. ૦જા સ્ત્રી૦ (સં.) લક્ષ્મી. ૦પેટું વિ૦ સાગર જેવા મોટા પેટવાળું; ઉદાર

સાગરીત(-દ) પું૦ જુઓ શાગરીત; શાગિર્દ

સાગવાન ન૦ સાગનું લાકડું [બનાવેલા દૂધિયા કણ

સાગુ(-બુ)ચોખા પું૦બ૦વ૦ તાડ જેવા ઝાડના થડના ગરના

સાગોળ પું૦ ચાળેલો બારીક ચૂનો; સલ્લો

સાગ્ર વિ૦ [સં.] સમગ્ર; તમામ. ૦તા સ્ત્રી૦ સમગ્રતા (૨) અણિયાળાપણું-વેધક સ્પષ્ટતા; 'પોઇન્ટેડનેસ'

સાચ ન૦ સત્ય. ૦ક(૦લું) વિ૦ સાચું બોલનાર; પ્રમાણિક; નિષ્કપટી. ૦દિલી સ્ત્રી૦ સચ્ચાઈ. ૦માચ વિ૦ ખરેખરું; જેવું છે તેવું (૨) અ૦ ખરેખર. ૦વટ સ્ત્રી૦ સચ્ચાઈ (૨) સાચવણી. [સ૦ક્રિ૦ સંભાળવું; જતન કરવું

સાચવણ(-ણી) સ્ત્રી૦, -ણું ન૦ જતન; સંભાળ. -વું

સાચાઈ સ્ત્રી૦ સચ્ચાઈ; સાચવટ. -બોલું વિ૦ સાચું બોલનારું

સાચું વિ૦ ખરું; સત્ય; હોય તેવું (૨) સત્ય બોલનારું (૩) એકવચની. ૦જૂઠું વિ૦ ખરુંખોટું (૨) ન૦ ભંભેરણી. -ચે અ૦ ખરે; નક્કી (૨) વાજબી રીતે. -ચેસાચું વિ૦ ખરેખરું; સાવ સાચું; સાચમાચ

સાચો પું૦ રેશમનો પાકો દોરો (મોતી ગાંઠવાનો)

સાચોરો પું૦ (વૈષ્ણવમંદિરનો) નોકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાજ પું૦ [फा.] ઉપયોગી સરસામાન(૨)શણગાર; વસ્ત્રાભૂષણ(૩) ઘોડા ઉપર નાખવાનો સામાન(૪) ન૦ સારંગી જેવું એક વાદ્ય. ૦ક સ્ત્રી૦નાની સારંગી (ભરથરી લોકોની)

સાજન,૦મહાજન ન૦, **–નિયા** પું૦બ૦વ૦ વરના વરઘોડા સાથે રહેલું પ્રતિષ્ઠિત લોકોનું મંડળ. **–ના** સ્ત્રી૦ સજાારી. **–નું** ન૦ નાતનું પંચ [શણગારવાળું

સાજરું વિ૦ શણગારવાળું; શોભીતું (૨) સૌભાગ્યના

સાજવારી સ્ત્રી૦ + સજાઈ; સજાવટ કે તેને માટેની સામગ્રી

સાજવું સ૦ક્રિ૦ માંજવું; સાફ કરવું (૨) અ૦ક્રિ૦ બેસતું આવવું; છાજવું (૩) સાજ સજી તૈયાર થવું (૪) પરવારવું

સાજસરંજામ પું૦ સાધનસામગ્રી

સાજાત્ય ન૦ [सं.] 'સિમિલિટ્યૂડ' (ગ.). ૦કેંદ્ર ન૦ 'સેન્ટર ઑફ સિમિલિટ્યૂડ' (ગ.). ૦રેખા સ્ત્રી૦ 'લાઈન ઑફ સિમિલિટ્યૂડ' (ગ.) [કે તબલચી

સાજિંદો પું૦ ગાનાર કે નાચનારની સાથેનો સારંગીવાળો

સાજીખાર પું૦ એક ખાર

સાજું વિ૦ તંદુરસ્ત(૨)ભાંગેલું નહિ એવું; આખું. ૦તાજું વિ૦ તાજું અને નીરોગી. ૦સમું વિ૦ તંદુરસ્ત; નીરોગી (૨) સાજું; આખેઆખું

સાટ સ્ત્રી૦ ચામડાની લાંબી ને પાતળી પટી(૨)કરોડ; બરડાનું હાડકું. ૦કો પું૦ સાટ બાંધી બનાવેલો ચાબુક કે કોરડો (૨) જુઓ સાટ

સાટ(–ઠ)માર પું૦ સાટમારીમાં હાથીને ભાલા મારી ચીડવનાર. **–રી** સ્ત્રી૦ જંગલી પ્રાણીઓને ખીજવીને લડાવવાનો તમાસો

સાટવવું સ૦ક્રિ૦ સાટું કરવું (૨) ખરીદવું

સાટવું સ૦ક્રિ૦ મૂલ ઠેરવવું (૨) વેચાતું લેવું

સાટાખત ન૦ સાટા વિષેનું લખત [વ્યવહાર

સાટાંતેખડાં ન૦બ૦વ૦ કન્યાનાં સાટાં ને તેખડાં કરવાનો

સાટી સ્ત્રી૦માણસો જેમાં બેસે છે તે ગાડીનું ખોખું–ચોકઠું

સાટીઝાંખરાં ન૦બ૦વ૦ કાન ભંભેરવા તે; સાચુંજૂઠું કહી ટંટો કરાવવો તે; સાંઠીઝાંખરાં

સાટીન સ્ત્રી૦ એક જાતનું રેશમી કાપડ

સાટું ન૦ કરાર; બોલી; કબાલો (૨) મૂલ ઠેરવવું તે (૩) બહાનાની રકમ (૪) માલને બદલે માલ કે કન્યાને બદલે કન્યા આપવી તે (૫) બદલો; અવેજ. ૦તેખડું ન૦ (કન્યાનું) સાટું કે તેખડું. **–ટે** અ૦ બદલે; અવેજમાં

સાટ્ટક પું૦ ઠગ; લુચ્ચો [ગાડાનો ભાગ (૩) ઘોયેલું ઘી

સાટો પું૦ઘીથી મોયેલો ચોખાનો લોટ(૨)માલ ભરાય છે તે

સાટોડી સ્ત્રી૦એક વનસ્પતિ. ૦મૂળ ન૦સાટોડીનું મૂળ.**–ડો** પું૦એક વનસ્પતિ [(૩) અ૦ ઘમંડથી;તુમાખીથી

સાટોપ વિ૦[सं.]આડંબરવાળું; ભપકાવાળું(૨)અભિમાની

સાઠ વિ૦ '૬૦'

સાઠમાર, –રી જુઓ 'સાટમાર'માં

સાઠી સ્ત્રી૦ સાઠ વર્ષની વય; ઘડપણ (૨) સાઠ વર્ષનો ગાળો (૩) સાઠ દિવસે પાકતી એક જુવાર કે ડાંગર

સાઠો પું૦ વિ૦સં૦ ૧૮૬૦નો દુકાળ [તે સાલનું

સાડત્રીશ(–સ) વિ૦ '૩૭'. **–સું** વિ૦ ૩૭ જેને છેડે હોય

સાડલો પું૦ સાલ્લો

સાડા(–ડી) વિ૦ (સંખ્યા પૂર્વે આવતાં) સાર્ધ; ઉપર અડધું. ઉદા૦ સાડા પાંચ; સાડી સડસઠ. ૦બાર સ્ત્રી૦ [લા.] પરવા. **–ડીસાતી** વિ૦ સાડા સાત હાથની (પનોતી)

સાડી સ્ત્રી૦ કીમતી સાલ્લો

સાડુ(–ઢુ) પું૦ સાળીનો વર

સાઢૂકું વિ૦ સારું સારું ખાવાની ટેવવાળું

સાણકું ન૦ શાણકું; મોટું શકોરું (૨) ભિક્ષાપાત્ર

સાણશી(–સી) સ્ત્રી૦ પકડ જેવું એક સાધન; સાંડશી. **–સો** પું૦ મોટી સાણસી (૨) [લા.] સંકડામણ; મુશ્કેલી

સાણું ન૦ કોઠાર કે કોઠીની બાજુએ રાખેલું કાણું (૨) [લા.] ગળું (૩)[લા.] સંકડામણ; મુશ્કેલી (૪) + સોણું; સ્વપ્ન

સાત વિ૦ '૭'. ૦ડો પું૦ સાતનો આંકડો. ૦તાળી સ્ત્રી૦ દોડીને રમવાની એક રમત. ૦પડું વિ૦ સાત પડવાળું

સાતત્ય ન૦ [सं.] સતતપણું

સાતપડો પું૦પાનીએ કે હથેળીમાં થતું એક જાતનું ગૂમડું

સાતભાઈ પું૦ એક પક્ષી. [૭ પછીનું

સાતમ સ્ત્રી૦પખવાડિયાની સાતમી તિથિ. ૦સું વિ૦ ક્રમમાં

સાતર અ૦ (ચ.) સારુ; વાસ્તે; ખાતર

સાતરું વિ૦ સજ્જ; શણગારી તૈયાર કરેલું

સ.તરો પું૦ (પતંગની દોરીને) ભોંય પર છૂટી છૂટી પાથરવી તે

સાતવારિયું ન૦ અઠવાડિક પત્ર

સાત(–થ)વો પું૦ શેકેલા અનાજનો લોટ; સત્તુ

સાતળો પું૦ એક ઝાડ

સાતુ પું૦ સક્તુ; સાથવો

સાત્ત્વિક વિ૦ [सं.] સત્ત્વગુણવાળું (૨) સત્ત્વગુણમાંથી ઉત્પન્ન થયેલું (૩) સત્ય (૪) પ્રામાણિક (૫) સદ્ગુણી (૬) બળવાન; સત્ત્વવાળું (૭) પું૦ જુઓ સાત્ત્વિકભાવ. ૦તા સ્ત્રી૦. ૦ભાવ પું૦ અંદરની લાગણી કે ભાવથી થતા બાહ્ય વિકારો [સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ, વેપથુ, વૈવર્ણ્ય, અશ્રુ, પ્રલય (મૂર્છા)]. **–કી** વિ૦સ્ત્રી૦ સત્ત્વગુણ સંબંધી; સત્ત્વગુણની

સાત્મ્ય વિ૦ [सं.] એકરૂપ; એકાત્મ

સાત્યકિ પું૦ [सं.] (સં.) એક યાદવ યોદ્ધો; કૃષ્ણનો સારથિ

સાત્વત પું૦ [सं.] યાદવ. ૦પતિ પું૦ (સં.) કૃષ્ણ

સાત્વતી સ્ત્રી૦ [सं.] નાટકની ચાર વૃત્તિઓમાંની એક, જેનો વ્યવહાર વીર, રૌદ્ર, અદ્ભુત અને શાંતરસમાં થાય છે (જુઓ કૈશિકીવૃત્તિ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથ પું૦ સંઘાત; સોબત (૨) સહકાર (૩) અ૦ (પ.) સાથે
સાથરિયો પું૦ ગમે ત્યારે ગમે ત્યાં બેસી પરચૂરણ સામાન વેચનાર (૨) નદીનવાણ ઉપર સાથરી રાખનાર બ્રાહ્મણ
સાથરી સ્ત્રી૦ નદીએ નાહવા આવેલાઓને માટે પૂજાનો સામાન રાખવા બ્રાહ્મણોએ પાથરેલી સાથરાની ચટાઈ. **-રો** પું૦ ઘાસનું બિછાનું; પરાળની શય્યા (૨) દર્ભની સાદડી; સાથરી (૩) ચોકો; મરતારને સુવાડવા લીંપી તૈયાર કરેલી જમીન
સાથવો પું૦ જુઓ સાતવો
સાથળ સ્ત્રી૦ જાંઘ
સાથિયો પું૦ 卐 આવી મંગળસૂચક આકૃતિ (૨) અભણ સ્ત્રીઓ દસ્તાવેજ કે ખતમાં સહીની જગાએ જે ચિહ્ન કરે છે તે (વિધવા મીંડું કરે છે) [રાખેલો નોકર
સાથી પું૦ સોબતી; મદદગાર; જોડીદાર (૨) ખેડ માટે
સાથે અ૦ જોડે; સંગાથે. **૦સાથું** અ૦ સાથે સાથે; ભેગાભેગી; એકીફેરે (૨) સામટું; એકદમ
સાદ પું૦ અવાજ; ઘાંટો; સૂર (૨) બૂમ
સાદગી સ્ત્રી૦ [फा.] સાદાઈ
સાદડ વિ૦ પરચૂરણ (૨) સાદર; જાહેર (૩) સ્ત્રી૦ એક જાતનું ઝાડ. **૦ખર્ચ (-રચ)** પું૦; ન૦ સાદડનાણામાંથી જાહેર લાભના અથવા ધર્માદાના કામમાં થતું ખર્ચ. **૦નાણું** ન૦ સરકારના હવાલામાં રાખેલું જાહેર ઉઘરાણાનું નાણું. **-ડિયું** વિ૦ સાદડ ઝાડનું. **-ડિયો, -ડો** પું૦ એક ઝાડ; સાદડ
સાદડી સ્ત્રી૦ દર્ભ, તાડછાં વગેરેની કરેલી ચટાઈ (૨) [પ.] સાદ (લાલિત્યવાચક). **-ડું** ન૦ ફાટેલી ચટાઈનો કકડો (૨) ખજૂરાનાં પાનના રેસા
સાદડો પું૦ જુઓ 'સાદડ'માં [લહાવો (૪) દોહદ
સાદર વિ૦ જાહેર; જાણીતું; સાદડ (૨) આવી પહોંચેલું (૩) સ્ત્રી૦
સાદર વિ૦ (૨) અ૦ [सं.] આદરપૂર્વક; માનસહિત
સાદાઈ સ્ત્રી૦ સાદાપણું; સાદગી
સાદું વિ૦ [फा.] ભપકો, આડંબર, દંભ કે કૃત્રિમતા વિનાનું; સરળ; સીધું (૨) રંગ, ભાત કે લખાણ વિનાનું; કોરું
સાદૃશ્ય ન૦ [सं.] સરખાપણું; સમાનતા
સાદ્યંત વિ૦ (૨) અ૦ [सं.] સંપૂર્ણ; આદિથી અંત સુધીનું
સાધક વિ૦ [सं.] કાર્યસિદ્ધિમાં ઉપયોગી (૨) સિદ્ધ કરનારું (૩) સિદ્ધ કરવા પ્રયત્ન કરનારું (૪) ભૂત, દેવ વગેરે સાધનારું (૫) પું૦ સાધનાર; સાધના કરનાર (મોક્ષની)
સાધન ન૦ [सं.] સાધવું તે (૨) ઉપકરણ; ઓજાર; સામગ્રી (૩) ઉપાય; યુક્તિ (૪) ઈશ્વરપ્રાપ્તિ માટે જરૂરી તપ, સંયમ, ઉપાસના વગેરે (૫) હેતુ (ન્યા.). **૦ચતુષ્ટય** ન૦ મોક્ષ મેળવવામાં જરૂરી ચાર સાધનોઃ-નિત્યાનિત્યવસ્તુવિવેક, વૈરાગ્ય, શમાદિષટ્સાધનસંપત્તિ [શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન, શ્રદ્ધા], મુમુક્ષા. **૦તા** સ્ત્રી૦ સાધનવાળા હોવાપણું. **૦ભૂત** વિ૦ સાધનરૂપ બનેલું. **૦વાદ** પું૦ અમુક સાધન સાચું કે કાર્યકર છે એ માન્યતા. **૦સમૃદ્ધિ** સ્ત્રી૦ સાધનની વિપુલતા [કે ક્રિયા કરવાં તે
સાધના સ્ત્રી૦ [सं.] સાધવા કે સિદ્ધ કરવા આવશ્યક પ્રયત્ન
સાધની સ્ત્રી૦ સપાટી જોવાનું કડિયાસુતારનું ઓજાર
સાધર્મ્ય ન૦ [सं.] સમાન ગુણધર્મવાળા હોવાપણું
સાધવું સ૦ક્રિ૦ સિદ્ધ કરવું; પાર પાડવું (૨) સાબિત કરવું (૩) [દેવ, મંત્ર વગેરે વશ થાય કે સિદ્ધ થાય તે માટે] સાધના કરવી (૪) પોતાને અનુકૂલ કે વશ કરવું (૫) શબ્દનું સિદ્ધ રૂપ કયા ફેરફારોથી બન્યું તે બતાવવું (૬) [તક કે સંજોગોનો] લાભ ઉઠાવી લેવો; ઉપયોગ કરી લેવો
સાધારણ વિ૦ [सं.] સામાન્ય; ખાસ નહિ તેવું (૨) સમાન; બધાને લાગુ પડે તેવું. **૦અવયવ** પું૦ 'કૉમન ફૅક્ટર' (ગ.). **૦તા** સ્ત્રી૦. **૦ધર્મ** પું૦ સામાન્ય ગુણ કે ધર્મ
સાધિત વિ૦ [सं.] સાધેલું (જુઓ 'સાધવું'ના અર્થમાં)
સાધીમંદી સ્ત્રી૦ એક વનસ્પતિ
સાધુ વિ૦ [सं.] સારું; ઉત્તમ (૨) ધાર્મિક; ઈશ્વરભક્તિપરાયણ; સદાચરણી (૩) [વ્યા.] શિષ્ટ; શુદ્ધ (શબ્દ, ભાષા) (૪) [સમાસને અંતે] સાધનારું. ઉદા૦ સ્વાર્થસાધુ; લાગસાધુ (૫) પું૦ સાધુ પુરુષ (૬) ત્યાગી; બાવો; વૈરાગી (૭) અ૦ શાબાશ! ધન્ય!. **૦કાર** પું૦ શાબાશ, ધન્ય એવો ઉચ્ચાર. **૦ચરિત** વિ૦ સાધુતાવાળા જીવનવાળું; સાધુ (પુરુષ). **૦તા** સ્ત્રી૦. **૦વૃત્તિ** સ્ત્રી૦ પવિત્રતા; સદાચાર
સાધ્ય વિ૦ [सं.] સિદ્ધ કરવાનું (૨) સાધી શકાય તેવું (૩) ન૦ સિદ્ધ કરવાનું તે. **૦તા** સ્ત્રી૦ સાધ્ય હોવાપણું
સાધ્વસ ન૦ [सं.] ભય; બીક (૨) ગભરાટ; ક્ષોભ [સાધુડી
સાધ્વી વિ૦સ્ત્રી૦ [सं.] શીલવતી; પતિવ્રતા (૨) સ્ત્રી૦ બાવી;
સાન સ્ત્રી૦ ઇશારો; સંકેત; આંખમચકારો (૨) સમજણ; અક્કલ (૩) સ્વમાન (૪) છટા (૫) ન૦ ગીરો મૂકવું તે. અવેજ. **૦ખત** ન૦ ગીરો મૂક્યા બાબતનું લખાણ. **૦ગીરો** વિ૦ સાનમાં કે ગીરો મૂકેલું
સાનક સ્ત્રી૦ સાણકું; ઠીબ (૨) રકાબી; તાસક
સાનંદ વિ૦ [सं.] આનંદયુક્ત (૨) અ૦ આનંદપૂર્વક. **-દાશ્ચર્ય** ન૦ આનંદયુક્ત આશ્ચર્ય
સાની સ્ત્રી૦ તેલભર્યો કચરેલા તલનો ભૂકો (૨) પેણીમાં ખાજાં વગેરે તળતાં ખરી પડેલો ભૂકો (૩) રાખ
સાનુકંપ વિ૦ [सं.] અનુકંપા-દયાવાળું
સાનુકૂલ(-ળ) વિ૦ [सं.] અનુકૂળ; મદદગાર
સાનુભવ વિ૦ [सं.] અનુભવયુક્ત (૨) અ૦ અનુભવપૂર્વક
સાનુસ્વાર વિ૦ [सं.] અનુસ્વારવાળું
સાન્ત વિ૦ [सं.] અંતવાળું; મર્યાદિત; નશ્વર. **૦તા** સ્ત્રી૦
સાન્નિપાતિક વિ૦ [सं.] સન્નિપાતને લગતું,-સંબંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાન્વય વિ૦ [सं.] અન્વયવાળું
સાપ પું૦સર્પ; ભુજંગ. ૦ણ(-ણી) સ્ત્રી૦ સાપની માદા. ૦બામણી સ્ત્રી૦ એક જાતનો નાનો સાપ
સાપમાર પું૦ એક પક્ષી
સાપરાધ વિ૦ [सं.] અપરાધી
સાપિંડ્ય ન૦ [सं.] સપિંડ હોવાપણું
સાપેક્ષ વિ૦[सं.] અપેક્ષાવાળું(૨)સ્વતંત્ર હસ્તી ન ધરાવનારું પણ બીજા કશા પર આધાર રાખનારું; 'રિલેટિવ'
સાપોલિયું ન૦ નાનો સાપ (૨) સાપનું બચ્ચું
સાપ્તાહિક વિ૦ [सं.] સાત દિવસનું (૨) સપ્તાહને લગતું (૩) ન૦ સાત સાત દિવસે બહાર પડતું છાપું
સાફ વિ૦[अ.] સફા;સ્વચ્છ(૨)કચરા-કાંટા વગરનું(૩)સપાટ (૪) નિષ્કપટી (૫) સ્પષ્ટ (૬) અ૦ બિલકુલ ઘસીને. ૦સાફ વિ૦ તદ્દન સાફ (૨) અ૦ ચોખ્ખેચોખ્ખું; સ્પષ્ટ રીતે (૩) ખુલ્લા દિલથી. ૦સૂફ વિ૦ ચોખ્ખું; કચરા વિનાનું (૨) સ્ત્રી૦ ચોખવટ; વ્યવસ્થા (૩) પું૦ દંડની કસરતનો એક પ્રકાર. ૦સૂફી સ્ત્રી૦ સાફસૂફ
સાફલ્ય ન૦ [सं.] સફળતા
સાફી સ્ત્રી૦ [अ.] ચલમ પીવાનો કપડાનો કકડો
સાફી સ્ત્રી૦ પતરાજી; બડાઈ (૨) વિ૦ વળતર વગરનું
સાફો પું૦ ફેંટો
સાબડબોથું અ૦ (કા.) ભેળસેળવાળું
સાબદું વિ૦બધુંયે; તમામ(૨)સજ્જ; તૈયાર(૩)ટટાર; સાજું
સાબર ન૦શિંગડાવાળું હરણ જેવું એક પ્રાણી. ૦શિં(-શીં)-ગડું, ૦શિં(-શીં)ગું ન૦સાબરનું શિંગડું
સાબરિ(-બિ)યો પું૦ દૂધદહીંનો વેપાર કરનારો
સાબરી સ્ત્રી૦ સાબરની માદા
સાબાશ, -શી જુઓ શાબાશ,-શી [ખાતરી
સાબિત વિ૦ [अ.] સિદ્ધ; પુરવાર. **-તી** સ્ત્રી૦ પુરાવો;
સાબુ(-બૂ) પું૦ ક્ષાર અને તેલની મેળવણીથી બનાવેલો મેલ કાપે તેવો પદાર્થ
સાબુચોખા પું૦બ૦વ૦ જુઓ સાગુચોખા
સાબૂ પું૦ જુઓ સાબુ
સાબૂત વિ૦આખું; જેવું ને તેવું(૨)સંગીન; નક્કર; મજબૂત. **-તી** સ્ત્રી૦ મજબૂતી; સંગીનતા (૨) સુરક્ષિતતા
સાબેલો પું૦ વરઘોડામાં વરની આગળ ચારઠ કે ઘોડા ઇ૦ ઉપર શણગાર પહેરી બેઠેલું છોકરું; વરઘોડિયું (૨) વરઘોડામાં કે વરની સાથે આવનાર માણસ
સાભાર વિ૦ [सं.] આભારસહિત (૨) અ૦ આભારપૂર્વક
સાભિપ્રાય વિ૦[सं.]અભિપ્રાયવાળું; કંઈ અર્થ કે હેતુવાળું
સાભિમાન વિ૦[सं.]અભિમાનયુક્ત [લોખંડનો ગોળ ભાગ
સામ પું૦ સ્વામી; પતિ (પ.) (૨) સ્ત્રી૦ સાંબેલાની નીચેનો
સામ પું૦[सं.]સામવેદ (૨) રાજનીતિના ચાર ઉપાયોમાંનો એક, મીઠી વાતોથી સમજાવીને મેળવી લેવું તે (સામ, દામ, દંડ અને ભેદ). ૦ગ વિ૦ (૨) પું૦સામવેદ ગાનાર. ૦ગાન ન૦ સામવેદના મંત્રો ગાવા તે
સામગ્રી સ્ત્રી૦ [सं.] કોઈ કાર્યમાં ઉપયોગી સામાન (૨) ઠાકોરજીના પ્રસાદની વિવિધ વાનીઓ
સામગ્ર્ય ન૦ [सं.] સમગ્રતા
સામટું વિ૦ ભેગું; એકઠું (૨) અ૦ સાથેલાગું; એકીવારે
સામદ પું૦ + સામંત
સામનસૂમન પું૦ સરસામાન; સામાનસુમાન
સામનો પું૦ સામે થવું તે; વિરોધ; બાકરી
સામયિક વિ૦ [सं.] સમય સંબંધી (૨) સમયોચિત (૩) નિયતકાલિક (૪) ન૦ નિયત સમયે પ્રગટ થતું છાપું
સામર ન૦ એક ઝાડ
સામર્થ્ય ન૦ [सं.] બળ; શક્તિ; તાકાત
સામવેદ પું૦ [सं.] (સં.) ચારમાંનો ત્રીજો વેદ. **-દી** વિ૦ સામવેદ ભણેલું કે સામવેદનું અનુયાયી(૨)પું૦તેવો માણસ
સામષ્ટિક વિ૦ [सं.] સમષ્ટિને લગતું
સામસામું વિ૦ બરાબર સામું (૨) વિરુદ્ધ (૩) સ્પર્ધાવાળું (૪) અ૦ એકબીજાની સામે (૫) હરીફાઈમાં. **-મે** અ૦ સામસામું; સામાસામી [વિ૦ કાળું
સામળ(-ળિયો,-ળો) પું૦(સં.)શામળ; શ્રીકૃષ્ણ. **-ળું**
સામંજસ્ય ન૦ [सं.] ઔચિત્ય; યોગ્યતા
સામંત પું૦[सं.]વીર યોદ્ધો(૨)ખંડિયો રાજા (૩) રાજાનો મોટો જમીનદાર કે સરદાર. ૦ચક્ર ન૦ એક સમ્રાટના સામંતોનો રાજપ્રદેશ કે તેવા સામંતોનો સમૂહ
સામાજિક વિ૦[सं.]સમાજ સંબંધી (૨) સમાજનું (૩) પું૦ સમાજિક; સભાસદ; પ્રેક્ષક. ૦તા સ્ત્રી૦
સામાન પું૦ [फा.] સામગ્રી; રાચરચીલું; ઉપયોગી ચીજો; સાહિત્ય; સરંજામ. ૦સુમાન પું૦ જુઓ સામનસૂમન
સામાનાધિકરણ્ય ન૦[सं.]સમાન અધિકરણ હોવું તે (વ્યા.)
સામાન્ય વિ૦ [सं.] સાધારણ; ખાસ નહિ તેવું (૨) બધામાં સમાન (૩) ન૦ અમુક વર્ગની વ્યક્તિઓમાં રહેલો સમાન ગુણ કે ધર્મ; જાતિ (ન્યા.). ૦કૃદંત ન૦ ક્રિયાપદનું મૂળ કૃદંત. ઉદા૦ જવું. ૦નામ ન૦ કોઈ એક આખા વર્ગને લાગુ પડતું નામ (વ્યા.). **-ન્યા** સ્ત્રી૦ વેશ્યા
સામાપાંચમ સ્ત્રી૦ભાદરવા સુદ પાંચમ [નિત્યકર્મ
સામાયિક ન૦ (જૈન) સમતાપૂર્વક એકાગ્ર બેસવાનું
સામાવાળું(-ળિયું) વિ૦સામા પક્ષનું; શત્રુ પક્ષનું. **-ળિયો** પું૦ સામા પક્ષનું માણસ; શત્રુ. **-ળિયણ** વિ૦ સ્ત્રી૦
સામાસામી અ૦સામસામે;એક બીજાની સામે(૨)સ્પર્ધામાં
સામાસિક વિ૦ [सं.] સમાસ સંબંધી (૨) સમાસયુક્ત
સામિયાનો પું૦ જુઓ શામિયાનો
સામીપિક વિ૦ [सं.] સમીપનું; પાસેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામીપ્ય ન૦ [સં.] સમીપતા [વડે કરાતું
સામુદાયિક વિ૦ [સં.] સમુદાયનું,-ને લગતું (૨) સમુદાય
સામુદ્ર વિ૦ [સં.] સમુદ્રનું,-ને લગતું. **૦ધુની** સ્ત્રી૦ બે મોટા સમુદ્રને જોડનારી ખાડી. **-દ્રિક** વિ૦ સમુદ્ર સંબંધી (૨) ન૦ શરીરનાં ચિહ્ન ઉપરથી ભવિષ્ય કે શુભાશુભ ફળ જાણવાનું શાસ્ત્ર (૩) પું૦ તે શાસ્ત્ર જાણનાર
સામું વિ૦ સામે આવેલું (૨) વિરુદ્ધ. **-મે** અ૦ રૂબરૂ (૨) નજર તરફની દિશામાં (૩) વિરુદ્ધમાં
સામેરી પું૦ એક રાગ
સામેલ,૦ગીરી જુઓ શામિલ,૦ગીરી
સામૈયું ન૦ વાજતે ગાજતે સામે લેવા જતું સરઘસ
સામો પું૦ એક ખડધાન્ય
સામોપચાર, સામોપાય પું૦ [સં.] સામનો ઉપયોગ કે પ્રયોગ; મીઠાં વચનથી મેળવી લેવું તે
સામોરું ન૦ સામનો; વિરોધ
સામ્ય ન૦ [સં.] સમાનતા. **૦ચિહ્ન** ન૦ બરાબરી દર્શાવતું (=) આવું ચિહ્ન(ગ.). **૦વાદ** પું૦ માલમતા વગેરે સામાજિક માલકીનાં ગણી, દરેકનું સામ્ય સ્થાપનારો વાદ; 'કૉમ્યૂનિઝમ'. **૦વાદી** વિ૦(૨)પું૦ સામ્યવાદમાં માનનાર
સામ્રાજ્ય ન૦ [સં.] એક હકૂમત નીચે આવેલાં અનેક રાષ્ટ્રોનો સમૂહ (૨) તેની હકૂમત. **૦વાદ** પું૦ 'ઇમ્પીરિયેલિઝમ'. **૦વાદી** વિ૦ (૨) પું૦ સામ્રાજ્યવાદમાં માનતું
સાયક ન૦ [સં.] બાણ (૨) ખડ્ગ; હથિયાર
સાયણ, -ણાચાર્ય પું૦[સં.](સં.) વેદોના પ્રસિદ્ધ ભાષ્યકાર
સાયત સ્ત્રી૦ કલાક; અઢી ઘડી
સાયન વિ૦ [સં.] અયનચલન પ્રમાણે ગણાતું
સાયબાન ન૦ [फा.] મકાનમાં તડકો આવતો અટકાવવા બંધાતો પડદો [ઉપરની જકાત
સાયર પું૦ સાગર (૨) ન૦ દારૂતાડી ઇત્યાદિ કેફી ચીજો
સાયરકોઠો પું૦ દાણ; જતાઆવતા માલ પર લેવાતો વેરો
સાયંકાલ(-ળ) પું૦ [સં.] સંધ્યાકાળ; સાંજ
સાયંગેય વિ૦ [સં.] સાંજે ગાવાનો (રાગ)
સાયંપ્રાતર અ૦ [સં.] સવારે અને સાંજે
સાયંપ્રાર્થના સ્ત્રી૦ [સં.] સાંજની પ્રાર્થના
સાયંસંધ્યા સ્ત્રી૦ [સં.] સૂર્યાસ્ત સમયની સંધ્યા
સાયાહ્ન પું૦ [સં.] સાંજ; સાંજનો સમય
સાયુજ્ય ન૦[સં.] એક થઈ જવું તે; મળી જવું તે. **૦મુક્તિ** સ્ત્રી૦ જેમાં ઇષ્ટદેવ સાથે તાદાત્મ્ય અનુભવાય એવી મુક્તિ (મુક્તિના ચાર પ્રકારમાંનો એક) [ઝભ્ભો
સાયો પું૦[फा.] છાંયો(૨)(લા.) મદદ; આશરો (૩)ફકીરનો
સાર વિ૦ [સં.] સારું; ઉત્તમ (પ.) (૨) પું૦;ન૦ કસ;સત્વ (૩) તાત્પર્ય; સારાંશ (૪) [લા.] લાભ (પ) [કા.] ખુશાલી; ઉમંગ (૬) સારો ભાવ (૭) સારપ. **૦ગર્ભ** વિ૦ સારયુક્ત; સારપૂર્ણ. **૦ગ્રાહિતા** સ્ત્રી૦. **૦ગ્રાહી** વિ૦ સાર ગ્રહણ કરનારું. **૦ધી** વિ૦ સારી-ઉત્તમ બુદ્ધિવાળું; ચતુર; કુશળ. **૦ભાગ** પું૦ સારો ભાગ (૨) સારાંશ. **૦ભૂત** વિ૦ સારરૂપ (૨) સર્વોત્તમ; શ્રેષ્ઠ
સાર સ્ત્રી૦ + (પ.) સહાય; મદદ
સારક વિ૦ [સં.] રેચક (૨) પું૦ (પ.) (વાળ) હોળનાર
સારણ વિ૦[સં.] સારનાર; નિભાવનાર (૨) પું૦ વાવકૂવામાંથી કાઢેલી નહેર (૩) ન૦ સારણગાંઠ. **૦ગાંઠ** સ્ત્રી૦ પેઢામાં થતી એક જાતની ગાંઠ. **-ણિ(-ણી)** સ્ત્રી૦ નહેર; નીક (૨) કોઠો; કોષ્ટક
સારથિ પું૦ [સં.] રથ હાંકનાર. **-થ્ય** ન૦ સારથિપણું
સારધી વિ૦ [સં.] જુઓ 'સાર'માં
સારપ સ્ત્રી૦ સારાશ; સારાપણું; સજ્જનતા
સારપવું સ૦ક્રિ૦ ક્યારામાંના નકામા છોડ તાણી નાખી (ડાંગરને) પાછી અંદરના કચરામાં દબાવવી
સારભાગ, સારભૂત [સં.] જુઓ 'સાર'માં
સારમંડળ ન૦ એક જાતનું ૩ર તારનું વાજું
સારમાણસાઈ સ્ત્રી૦ સજ્જનતા
સારમેય પું૦ [સં.] કૂતરો
સારવવું સ૦ક્રિ૦ સાર કાઢવો
સારવા સ્ત્રી૦ સારી, ફળદ્રુપ જમીન
સારવાન પું૦ ઊંટવાળો; રાયકો
સારવાર સ્ત્રી૦ બરદાસ્ત; સેવાચાકરી
સારવું સ૦ક્રિ૦ શ્રાદ્ધ કરવું (૨) પરોવવું (૩) ખેરવવું; ટપકાવવું (૪) આંજવું; લગાડવું (પ) પાર પાડવું; કરવું (૬) પહેરવું; શણગારવું (૭) સરકાવવું
સારસ પું૦;ન૦[સં.] એક પંખી. **-સી** સ્ત્રી૦ સારસની માદા
સારસ્ય ન૦ [સં.] સરસતા
સારસ્વત વિ૦ [સં.] સરસ્વતી સંબંધી (૨) સારસ્વત દેશનું (૩) પું૦ સરસ્વતી નદીના તટ ઉપરનો દિલ્લીથી વાયવ્યનો આર્યોનો પવિત્ર પ્રદેશ (૪) તે દેશનો નિવાસી બ્રાહ્મણ
સારહી પું૦ ધનુર્ધર; બાણાવળી
સારંગ પું૦ સરંગનો-વહાણના કેપ્ટાનનો મદદનીશ
સારંગ પું૦;ન૦[સં.] એક રાગ (૨) મૃગ (૩) ધનુષ્ય (૪) [સં.] વિષ્ણુનું ધનુષ્ય; શાર્ઙ્ગ (પ) હાથી (૬) કોકિલ (૭) ભમરો. **૦ધર, ૦ધારી, ૦પાણિ** (સં.) વિષ્ણુ. **૦નયના** વિ૦સ્ત્રી૦ મૃગનયની. **-ગી** સ્ત્રી૦ એક તંતુવાદ્ય (૨) મૃગલી
સારાઈ(-શ) સ્ત્રી૦ સારાપણું
સારાનુવાદ પું૦ [સં.] સાર પૂરતો અનુવાદ-ભાષાંતર
સારાવાટ સ્ત્રી૦ (કા.) ઇષ્ટ પરિણામ
સારાશ સ્ત્રી૦ સારાઈ; સારાપણું
સારાસાર પું૦ [સં.] સારું અને ખોટું. **૦વિચાર** પું૦ સારાસારનો વિચાર. **૦વિવેક** પું૦ સાર અને અસારનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવેક કરવો-જુદાં પાડવાં

સારાસારી સ્ત્રી૰ સારો મેળ કે સંબંધ [લોક-છારાં

સારાં ન૰બ૰વ૰+ચોરી કરતા, હલકી જાતના રખડતા

સારાંશ પું૰ [સં.] ભાવાર્થ; મતલબ; તાત્પર્ય

સારિકા સ્ત્રી૰ [સં.] મેના [ગીતના સ્વર

સારીગમ સ્ત્રી૰ સંગીતના સાત સ્વર (૨) કોઈ રાગ કે

સારી પેઠ(-ઠે) અ૰ ખૂબ; પુષ્કળ

સારુ અ૰ -ને માટે; વાસ્તે

સારું વિ૰ શુભ; સુંદર; મજાનું (૨) [હિં.] સમસ્ત; આખું (૩) અ૰ (જવાબમાં) ઠીક; ભલે. **૰નરસું**, **૰માઠું** સારું અને ખોટું [પ્રકારમાંનો એક

સારૂપ્ય ન૰ [સં.] સમાન રૂપવાળા હોવું તે; મુક્તિના ચાર

સારેવડું ન૰ ચોખાના લોટનો પાપડ

સારો પું૰ બેસતા વર્ષને દિવસે વંચાતી, વર્ષ દરમ્યાન બનવાના બનાવોની આગાહી

સારોદ્ધાર પું૰ [સં.] સાર કે રહસ્ય તારવવું તે

સાર્થ વિ૰ [સં.] અર્થયુક્ત (૨) પું૰ કાફલો. **૰ક** વિ૰ સફળ; કૃતાર્થ (૨) ન૰ સફળતા; સિદ્ધિ. **૰કય** ન૰ સાર્થકતા. **૰વાહ** પું૰વણજારો(૨)સંઘવી;કાફલાનો આગેવાન

સાર્દ્ર વિ૰ [સં.] ભીનું

સાર્ધ વિ૰ [સં.] અર્ધ સહિત [સમયને લગતું

સાર્વકાલિક વિ૰ [સં.] સર્વ કાળ રહેનારું (૨) સર્વ

સાર્વજનિક,સાર્વજનીન વિ૰ [સં.] સર્વ લોકોનું; સર્વ લોકો સંબંધી (૨) સર્વ લોકોને ઉપયોગી

સાર્વત્રિક વિ૰ [સં.] સર્વ જગાએ થતું (૨) સર્વવ્યાપી

સાર્વનામિક વિ૰ [સં.] સર્વનામનું ,-ને લગતું

સાર્વભૌતિક વિ૰ [સં.] બધાં ભૂત-પ્રાણીને લગતું

સાર્વભૌમ વિ૰[સં.] આખી પૃથ્વીનું;આખી પૃથ્વી સંબંધી (૨) પું૰ ચક્રવર્તી રાજા

સાર્વલૌકિક વિ૰ [સં.] સર્વ લોકો સંબંધી

સાર્વવર્ણિક વિ૰ [સં.] સર્વ વર્ણોને અંગેનું,-સંબંધી

સાર્વવિભક્તિક વિ૰ [સં.] સર્વ વિભક્તિમાં આવે એવું

સાર્ષ્ટિ ન૰ [સં.] સરખી શક્તિ કે ઐશ્વર્યવાળા હોવું તે; મુક્તિના ચારમાંનો એક પ્રકાર

સાલ પું૰;ન૰ [સં] એક વૃક્ષ

સાલ ન૰ વીંધમાં બેસે તેવો છેડો; બંધબેસતો સાંધો (૨) નડતર; આડખીલી (૩) ગિલ્લીદંડાની એક રમત

સાલ સ્ત્રી૰ [फ़ा.] વર્ષ (૨) પાકની મોસમ (૩) વર્ષાસન. **૰ગરેહ**, **૰ગીરી** સ્ત્રી૰ વરસગાંઠ. **૰ગુદસ્ત** સ્ત્રી૰ ગયું વર્ષ. **૰ભર** અ૰ આખું વર્ષ. **૰વાર** અ૰ વરસવાર; વરસના અનુક્રમે. **૰વારી** સ્ત્રી૰ વર્ષ પ્રમાણે અનુક્રમ (૨) બનાવોની સાલવાર ગોઠવણી, તેની યાદી કે નોંધ

સાલગ વિ૰ જુઓ છાયાલગ

સાલપોલ(-લિયું) વિ૰ સાલમાંથી ઢીલું પડી ગયેલું (૨) સાલ બરાબર બેઠાં ન હોય તેવું (૩) [લા.] ઢીલું; બોદલું

સાલમ પું૰એક કંદ.**૰પાક** પું૰ સાલમ નાખીને બનાવેલો પાક (૨) [લા.] માર

સાલવણું ન૰ સલવાઈ રહેવું તે; એક બાજુ ખસી શકાય નહિ તેવી સ્થિતિ (૨) સાલવવું તે [કરવી

સાલવવું સ૰ક્રિ૰ સાલ બેસાડવાં (૨) [લા.] પંચાત ઊભી

સાલવાર,-રી જુઓ 'સાલ' [फ़ा.] માં

સાલવી પું૰ સુતાર

સાલવું અ૰ક્રિ૰ ખટકવું; ભોંકાવું; દિલમાં દુઃખ થવું

સાલસ વિ૰ નરમ સ્વભાવનું; ભલું; સરળ. **-સાઈ** સ્ત્રી૰

સાલસકંચો પું૰ તરકટ; છૂપી ગોઠવણ

સાલંકાર વિ૰ [સં.] અલંકારયુક્ત

સાલાતાલા પું૰બ૰વ૰ કાલાવાલા; આજીજી

સાલાતૂલું વિ૰અણસમજુ; ઢંગધડા વિનાનું(૨)ભલું; ભોળું

સાલાર વિ૰ [फ़ा.] આગેવાન; મુખ્ય

સાલિયાણું ન૰ વર્ષાસન; વાર્ષિક વેતન

સાલિયું વિ૰ વાર્ષિક (૨)ન૰વર્ષાસન;સાલિયાણું [ગાળ

સાલો પું૰ પૂળાનો મોટો ઓઘલો (૨) સાળાના અર્થની

સાલોક્ય ન૰ [સં.] જુઓ સલોકતા

સાલોત્રી પું૰ ઢોરનો દાક્તર; શાલિહોત્રી

સાલ્લો પું૰ સ્ત્રીઓને પહેરવાનું વસ્ત્ર; સાડલો

સાવ અ૰ તદ્દન [અનુકૂળતાએ

સાવકાશ વિ૰ [સં.] અવકાશવાળું (૨) અ૰ સગવડે;

સાવકું વિ૰ ઓરમાયું; અપરમાનું [(૨) ચેતવણી

સાવચેત વિ૰સાવધાન; જાગ્રત; સચેત.**-તી** સ્ત્રી૰ સાવધાની

સાવજ પું૰ વાઘ

સાવજું ન૰ પંખી (લાડમાં) [**-ધાની** સ્ત્રી

સાવધ,-ધાન વિ૰[સં.] સાવધ; હોશિયાર;જાગ્રત.**-ધાનતા**,

સાવન પું૰ [સં.] એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો એક દિવસ (૨) વિ૰ એ ગણતરી પ્રમાણે ૩૦ દિવસનો (માસ), કે ૩૬૦ દિવસનું (વર્ષ)

સાવયવ વિ૰ [સં.] અવયવવાળું [સાવરણી

સાવરણી સ્ત્રી૰ પૂંજો વાળવાનું સાધન. **-ણો** પું૰ મોટી

સાવરિયું ન૰ સાસરું

સાવર્ણ્ય ન૰ [સં.] સવર્ણપણું

સાવલિયું ન૰ એક જાતનું આછા વણાટનું પાતળું ધોતિયું

સાવલું ન૰ સરાવલું; શકોરું

સાવિત્રી સ્ત્રી૰ [સં.] સૂર્યનું કિરણ (૨) ગાયત્રી (૩) [સં.] સત્યવાનની પત્ની. **૰વ્રત** ન૰ જેઠ માસના શુકલપક્ષના છેલ્લા ત્રણ દિવસોમાં સૌભાગ્યની રક્ષા માટે કરાતું સ્ત્રીઓનું એક વ્રત

સાશંક વિ૰ [સં.] શંકાયુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાશ્ચર્ય વિ૦ [સં.] આશ્ચર્યવાળું (૨) અ૦ અચંબા સાથે

સાષ્ટાંગ વિ૦ [સં.] આઠે અંગ સહિત (માથું, આંખ, હાથ, છાતી, પગ, જાંઘ, મન અને વાણી)

સાસ પું૦ શ્વાસ; દમ (૨) [લા.] જીવ; પ્રાણ (૩) શકાર

સાસરવાસ પું૦ સાસરામાં વસવું તે. ૦ણી વિ૦સ્ત્રી૦ સાસરામાં વસતી સ્ત્રી. **-સો** પું૦ સાસરે જતાં દીકરીને અપાતો લૂગડાં, ઘરેણાં, ઘરવાખરો વગેરે સામાન

સાસરવેલ સ્ત્રી૦ સસરાના કુટુંબનાં માણસો

સાસરી સ્ત્રી૦, **-રું** ન૦ સસરાનું ઘર. **-રિયું** ન૦ સાસરીનું સગું [સ્ત્રી૦ (માનાર્થે) સાસુ

સાસુ સ્ત્રી૦ વર કે વહુની મા. ૦જાયો પું૦ પતિ. ૦જી

સાસોટ અ૦શ્વાસભેર; હાંફતે હાંફતે [લબડે છે તે

સાસ્ના સ્ત્રી૦ [સં.] ગાયને ગળે જે ગોદડી જેવી ચામડી

સાહચર્ય ન૦ [સં.] સાથે રહેવું કે ફરવું તે (૨) સંગ; સાથ (૩) હમેશાં સાથે હોવું તે

સાહજિક વિ૦ [સં.] સ્વાભાવિક; કુદરતી

સાહવું સ૦ક્રિ૦ ઝાલવું; પકડવું

સાહસ ન૦ [સં.] જોખમભરેલું કામ (૨) અવિચારી કામ (૩) જોખમ હોવા છતાં હામ ભીડી ઝંપલાવવું તે. ૦કથા સ્ત્રી૦ સાહસપૂર્ણ કે સાહસ વર્ણવતી કથા.**-સિક,-સી** વિ૦ સાહસ કરનારું. **-સિકતા** સ્ત્રી૦

સાહાય્ય સ્ત્રી૦ [સં.] મદદ. ૦કારક વિ૦ સહાય કરે એવું

સાહિત્ય ન૦ [સં.] સાધન; સામગ્રી (૨) પ્રજાનાં વિચાર, ભાવના, જ્ઞાન વગેરેની ભાષામાં સંગ્રહાયેલી મૂડી; વાઙ્મય. ૦કાર પું૦ સાહિત્ય રચનાર. ૦કૃતિ સ્ત્રી૦ સાહિત્યની ચીજ. ૦ચર્ચા સ્ત્રી૦ સાહિત્યના વિષયોની ચર્ચા. ૦પરિષદ સ્ત્રી૦ સાહિત્યચર્ચા કરનારી પરિષદ

સાહી,૦ચૂસ જુઓ શાહી, ૦ચૂસ

સાહુકાર,-રી જુઓ શાહુકાર,-રી

સાહુડી સ્ત્રી૦ જુઓ શાહુડી

સાહેબ પું૦ માલિક; ધણી (૨) મોટો માણસ (૩) ટોપી-વાળો; યુરોપિયન (૪) ઈશ્વર. ૦ખાની વિ૦ ખાનદાન માણસોના ઉપયોગનું; અમદાવાદી ઊંચી બનાવટના (કાગળ). ૦જાદી સ્ત્રી૦ બાદશાહ કે ઉમરાવની દીકરી. ૦જાદો પું૦ બાદશાહ કે ઉમરાવનો દીકરો. ૦ટોપી સ્ત્રી૦ 'હૅટ'; ગોરા પહેરે છે એવું ટોપચું કે ટોપી. ૦લોક પું૦ગોરાલોક,-ખાસ કરીને અંગ્રેજ.**-બા** સ્ત્રી૦ શેઠાણી; પ્રતિષ્ઠિત સ્ત્રી. **-બી** સ્ત્રી૦ જાહોજલાલી; વૈભવ(૨)શેઠાઈ. **-બીદાર** વિ૦ સાહેબીવાળું. **-બો** પું૦ સ્વામી; વર

સાહેલી સ્ત્રી૦ સખી

સાહ્ય સ્ત્રી૦ સહાયતા. ૦કારક વિ૦ સહાયતા કરનાર

સાળ સ્ત્રી૦ કપડાં વણવાનું ઓજાર. ૦ખાતું ન૦ મિલનો સાળોનો વિભાગ. ૦વી પું૦ કપડાં વણનાર; વણકર

સાળાવેલી સ્ત્રી૦ સાળાની વહુ; સાળેલી

સાળી સ્ત્રી૦ વહુની બહેન

સાળુ પું૦ સ્ત્રીઓને પહેરવાનું ઝીણું રંગીન વસ્ત્ર

સાળું વિ૦ વાક્યમાં વપરાતાં તેની વિવક્ષામાં જરા વધારે સચોટતા ને મમતાનો ભાવ ઉમેરે છે. ('મારું સાળું' પણ બોલાય છે.) ઉદા૦ સાળી વાત તો ખરી (૨) [સુ.] 'માળું' પેઠે વહાલમાં કે નિરર્થક બોલાય છે

સાળેલી સ્ત્રી૦ જુઓ સાળાવેલી

સાળો પું૦ વહુનો ભાઈ

સાંઈ,૦ડું ન૦ આલિંગન

સાંઈ,૦મૌલા પું૦ પરમેશ્વર; ખુદા (૨) ફકીર

સાંકડ સ્ત્રી૦ સંકડામણ; ભીડ (૨) મુશ્કેલી. **-ડું** વિ૦ પહોળાઈમાં ઓછું (૨) ભિડાતું; છૂટ વગરનું. **-ડેમોકળે** અ૦ ગમે એમ સંકડાઈને

સાંકર્ય ન૦ [સં.] સંકરતા

સાંકળ સ્ત્રી૦ કડીઓ કે આંકડા જોડીને બનાવેલી લાંબી હાર (૨) જમીન ભરવાનું ૧૦૦ ફૂટનું માપ. ૦વું સ૦ક્રિ૦ સાંકળની પેઠે જોડવું;વળગાડવું(૨) અ૦ક્રિ૦ (પ.) સાંકળની પેઠે બંધાવું; સંકળાવું. **-ળિયું** ન૦ પુસ્તકનાં પ્રકરણ વગેરેનો પાનના નંબર સાથે અનુક્રમ. **-ળી** સ્ત્રી૦ નાની કડીઓ જોડી બનાવેલી સેર (૨) કોટે ઘાલવાની કંઠી. **-ળું** ન૦ પગનું એક ઘરેણું [પારિભાષિક

સાંકેતિક વિ૦ [સં.] સંકેત સંબંધી; સંકેતવાળું (૨)

સાંકો પું૦ સાંખું; માપનો અડસટ્ટો

સાંખવું સ૦ક્રિ૦ ખમવું; સહન કરવું (૨) ક્ષમા કરવી (૩) માપવું; ભરી જોવું (૪) સરખાવવું; તુલના કરવી

સાંખું ન૦ માપ (૨) ખેડીને પડતર રાખેલું ખેતર

સાંખો પું૦એકનો સંકેત (વેપારી) [દર્શનોમાંનું એક

સાંખ્ય,૦દર્શન ન૦[સં.]કપિલમુનિએ રચેલું દર્શન;છ વૈદિક

સાંગ વિ૦ [સં.] અંગો સહિત (૨) આખું; તમામ (૩) પું૦; સ્ત્રી૦; ન૦ બરછી જેવું એક હથિયાર

સાંગડો પું૦ડોળી ઉપાડતાં ટેકણ તરીકે લેવાતો લાકડાનો દાંડો

સાંગર(-રી) સ્ત્રી૦ સમડીની શિંગ

સાંગલું ન૦ બાળકના કોટમાં ઘાલવાનું હાલરું

સાંગામા(-માં)ચી સ્ત્રી૦અઢેલીને બેસાય તેવી પાટી ભરેલી ખુરસીઘાટની માંચી [ભાગ

સાંગી સ્ત્રી૦ રથની ધરી અને સાટી એ બે વચ્ચેનો કઠેરાવાળો

સાંગોપાંગ વિ૦(૨)અ૦[સં.]અંગઉપાંગ સહિત;સમસ્ત;પૂર્ણ

સાંગ્રામિક વિ૦ [સં.] સંગ્રામને લગતું (૨) પું૦ સેનાપતિ (૩) યોદ્ધો [(૩) સાંચવું

સાંચરવું અ૦ક્રિ૦ સંચરવું; ચાલવું (૨) જવું; વિદાય થવું

સાંચવું સ૦ક્રિ૦ સંઘરવું; એકઠું કરવું; વહોરી રાખવું

સાંચો પું૦ સંચો (૨) બીબું. **-ચાકામ** ન૦ યંત્ર (૨) યંત્રનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ (૩) યંત્રની રચના વગેરે [સાંજે

સાંજ(-ઝ) સ્ત્રી૦સંધ્યાકાળ. ૦રે અ૦સંધ્યાકાળને સમયે;

સાંજી સ્ત્રી૦ સાંજે ગાવાતું લગ્નગીત (૨) આરતી

સાંજો પું૦ સંજોરીમાં ભરવાનો માવો (૨) રેલમાં તણાઈ આવેલો ઘાસ વગેરેનો કચરો

સાંઝ,૦રે જુઓ 'સાંજ'માં

સાંઠી સ્ત્રી૦ સરાંઠી. ૦ઝાંખરાં ન૦બ૦વ૦ જુઓ સાઠીઝાંખરાં. -ઠો પું૦જુવાર, શેરડી વગેરેનો પેરાઈવાળો દાંડો

સાંડશી(-સી) સ્ત્રી૦, -સો જુઓ સાણસી,-સો

સાંઢ(-ઢિયો) પું૦ ગોધો; આખલો (૨) [લા.] માતેલો-નિરંકુશ માણસ (૩) નર ઊંટ [સવારીની ઊંટડી

સાંઢ ['ઢ'માં યશ્રુતિ],૦ણી સ્ત્રી૦ ઊંટડી; ઉતાવળી ચાલની

સાંઢવું અ૦ક્રિ૦ ઉતાવળે જવું

સાંઢિયો પું૦ જુઓ સાંઢ પું૦

સાંઢો પું૦ કીડીઓ ખાનારું એક પ્રાણી

સાંત વિ૦, ૦તા સ્ત્રી૦ [સં.] જુઓ 'સાન્ત'માં

સાંતરું વિ૦ સાતરું; તૈયાર (૨) શરીરે નાનું; ગડારે નાજુક (૩) ન૦ રસોઈનું સીધું [થવું; વિરમવું

સાંતવું સ૦ક્રિ૦સંતાડવું (૨) અ૦ક્રિ૦ + (પ.) શમવું;પૂરું

સાંતળવું સ૦ક્રિ૦ ઘી કે તેલમાં શેકવું કે તળવું

સાંતી સ્ત્રી૦ એક હળથી વવાય તેટલી જમીન (૨) ન૦ સાંતીડું. ૦ડું ન૦ હળ. ૦વેરો પું૦ હળ ઉપરનો કર

સાંતેલી સ્ત્રી૦ છોકરાંની એક રમત

સાંતેલું ન૦ બળદને જોતરવામાં વપરાતું લાકડાનું ચોકઠું

સાંત્વન ન૦, -ના સ્ત્રી૦ [સં.] આશ્વાસન; શાંતિ

સાંથ સ્ત્રી૦ ગણોત; જમીન ખેડવા આપ્યા બદલ લેવાનું ભાડું. ૦વું સ૦ક્રિ૦ સાંથે આપવું. -થિયો,-થી,-થીડો પું૦ સાંથે જમીન ખેડનાર ખેડૂત

સાંદીપનિ પું૦ [સં.] (સં.) શ્રીકૃષ્ણ અને સુદામાના ગુરુ

સાંદ્ર વિ૦ [સં.] ઘન; ગાઢ (૨) ઘોર (૩) સ્નિગ્ધ; ચીકણું (૪) જોરદાર; સચોટ (૫) રમ્ય; મનોહર. ૦તા સ્ત્રી૦

સાંધ સ્ત્રી૦જુઓ સાંધો(૨)કાંતણ,વણાટમાં તાર સાંધવા તે (જેમ કે, નવી તાણી સાળ પર લેતાં). ૦ણ ન૦ સાંધો (૨) અનુસંધાન (૩) વધારાનો ભાગ;પુરવણી. ૦વું સ૦ક્રિ૦ સીવવું (૨) જોડવું (૩) સાંધો કરવો (૪) [વાસણને] રેણવું-થીંગડું દેવું

સાંધિક પું૦ [સં.] સંધિ કરનાર

સાંધિવિગ્રહિક પું૦ [સં.] પરરાજ્યો સાથે સંધિ કે વિગ્રહ કરવાના અધિકારવાળો પ્રધાન કે મંત્રી

સાંધો પું૦ જ્યાં બે વસ્તુઓ જોડાઈ કે સિવાઈ હોય તે ભાગ (૨) ફાટેલું કે તૂટેલું દુરસ્ત કરવા દીધેલું થીંગડું

સાંધ્ય વિ૦ [સં.] સંધ્યા સંબંધી

સાંનિધ્ય ન૦ [સં.] સમીપતા

સાંનિપાતિક વિ૦ [સં.] સનેપાત સંબંધી

સાંપટ(-ડ) સ્ત્રી૦ સંપુટ (૨) પકડ

સાંપડવું અ૦ક્રિ૦ મળવું; પ્રાપ્ત થવું (૨) જન્મવું;અવતરવું

સાંપત્તિક વિ૦ [સં.] આર્થિક [વિષે વિચાર

સાંપરાય પું૦ [સં.] પરલોક (૨) મરણોત્તર જીવન કે તે

સાંપ્રત વિ૦ [સં.] સજ્જ (૨) હમણાંનું; હાલનું (૩) અ૦ તરત; અબઘડી. -તિક વિ૦ વર્તમાન સમયનું;હમણાંનું

સાંપ્રદાયિક વિ૦ [સં.] સંપ્રદાય સંબંધી કે સંપ્રદાયનું

સાંબ પું૦ [સં.](સં.) શિવ (૨) [સં.] જાંબુવતીનો પુત્ર

સાંબ સ્ત્રી૦ સામ; સાંબેલાની નીચલી લોખંડની ખોળી. -બેલ સ્ત્રી૦ ધૂંસરીની ખીલી. -બેલી સ્ત્રી૦ નાનું સાંબેલું. -બેલું ન૦ ખાંડવાનું એક સાધન

સાંભર સ્ત્રી૦ સ્મરણ;યાદ. ૦ણ ન૦ સ્મરણ. ૦વું સ૦ક્રિ૦ એકઠું કરવું (૨) અ૦ક્રિ૦ યાદ આવવું

સાંભળવું સ૦ક્રિ૦ શ્રવણ કરવું (૨) [લા.] ધ્યાન ઉપર લેવું

સાંવત્સરિક વિ૦ [સં.] વાર્ષિક (૨) પું૦ જોશી

સાંસણી સ્ત્રી૦ છૂપી ઉશ્કેરણી

સાંસતા સ્ત્રી૦ ધીરજ; સબૂરી (૨) સત્તા; શક્તિ (૩) તંગી; સાંસા. -તું વિ૦ ધીમું; જુસ્સો નરમ પડ્યો હોય એવું

સાંસા પું૦બ૦વ૦ સાંસતા; તંગી; મુશ્કેલી

સાંસો પું૦ સંશય; સંકલ્પવિકલ્પ

સાંસારિક વિ૦ [સં.] સંસાર સંબંધી

સાંસોટ અ૦ સોંસરું; સીધું

સાંસ્કારિક વિ૦ [સં.] સંસ્કાર સંબંધી [લગતું

સાંસ્કૃતિક વિ૦[સં.]સંસ્કૃતિને લગતું (૨) સંસ્કૃત ભાષાને

સાંસ્થાનિક વિ૦[સં.]સંસ્થાન સંબંધી(૨)પું૦ સંસ્થાનમાં સાથે વસતો દેશભાઈ. ૦સ્વરાજ પું૦બ્રિટિશ સંસ્થાનોને મળતું સ્વરાજ; 'ડોમિનિયન સ્ટેટસ'

સિક(-ક્ક)લ સ્ત્રી૦ મુખવટો; ચહેરો [સરાણિયો

સિકલીગર પું૦ (હથિયાર વગેરે) ઘસીને સાફ કરનારો;

સિકંદર પું૦ઉન્નતિનો સિતારો(૨)[ફા.](સં.)અલેકઝાન્ડર

સિક્કલ સ્ત્રી૦ જુઓ સિકલ

સિક્કાઈ વિ૦ જુઓ સક્કઈ

સિક્કે અ૦ શિક્કે; સુધ્ધાં

સિક્કેકટાર સ્ત્રી૦ કટારની આકૃતિવાળી મહોર કે છાપ

સિક્કો પું૦ [અ.] છાપ; મહોર (૨) ચલણી નાણું (૩) મોટી લખોટી. -ક્કાદાર વિ૦ છાપવાળું (૨) સુંદર દેખાવનું. -ક્કાબંધ વિ૦ મહોરછાપવાળું (૨) બીડેલું; અનામત. -ક્કાશાસ્ત્ર ન૦પ્રાચીન સિક્કાઓ પરથી કરાતી પુરાતત્ત્વ શોધનું શાસ્ત્ર; 'ન્યુમિસ્મેટિકસ'

સિક્ત વિ૦ [સં.] છાંટેલું

સિગાર(-રેટ) સ્ત્રી૦ [ઇં.] વિલાયતી બીડી

સિગરામ પું૦;ન૦ શિગરામ; સગરામ; એક વાહન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિગ્નલ ન૦;પું૦[इं.] દૂરથી ખબર આપવાની નિશાની કે તે માટેની યોજના. ઉદા૦ 'રેલવેનો સિગ્નલ'
સિજદો પું૦ [अ.] માથું જમીનને અડકાડીને કરાતું નમન
સિઝાવવું સ૦ક્રિ૦ 'સીઝવું'નું પ્રેરક
સિડાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦ 'સીડવું'નું કર્મણિ ને પ્રેરક
સિત વિ૦ [सं.] શ્વેત; સફેદ (૨) પું૦ ધોળો રંગ
સિતમ પું૦ [फा.] જુલમ. ૦ગ(-ગા)ર વિ૦ જુલમગાર. ૦ગુઝારી સ્ત્રી૦ સિતમ ગુજારવો તે
સિતાબ,-બી જુઓ શિતાબ,-બી
સિતાર પું૦;સ્ત્રી૦[फा.]એક તંતુવાદ્ય. -રિયો પું૦સિતાર બજાવનારો. -રી સ્ત્રી૦ નાની સિતાર
સિતારો પું૦ [फा.] તારો; ગ્રહ (૨) [લા.] દશા; નસીબ
સિતોપલાદિચૂર્ણ ન૦ [सं.] કફની એક દેશી દવા
સિત્તેર વિ૦ '૭૦'
સિત્તો(-ત્યો)તરું વિ૦ સિત્યોતેરના અંકવાળું
સિત્તો(-ત્યો)તેર વિ૦ '૭૭'
સિત્યાશી(-સી) વિ૦ સત્યાશી; '૮૭'
સિત્યોતરું, સિત્યોતેર જુઓ સિત્તોતરું, સિત્તોતેર
સિદાવું અ૦ક્રિ૦ દુઃખી થવું; રિબાવું. -વવું સ૦ક્રિ૦(પ્રેરક)
સિદ્ધ વિ૦ [सं.] તૈયાર; સફળ; પ્રાપ્ત (૨) નિશ્ચિત; સાબિત (૩) નિષ્ણાત (૪) સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવું (૫) મુક્ત (૬) પું૦ સિદ્ધિઓ મેળવી હોય તેવો યોગી કે દૈવી પુરુષ (૭) મુક્ત પુરુષ. ૦તા સ્ત્રી૦ સિદ્ધપણું (૨) સિદ્ધિ; સફળતા (૩) સાબિતી. ૦લોક પું૦ સિદ્ધોને વસવાનો લોક. ૦સંકલ્પ વિ૦ જેના સંકલ્પ માત્રથી કાર્ય સિદ્ધ થાય એવું. ૦હસ્ત વિ૦ જેનો હાથ બેસી ગયો છે એવું; હથોટીવાળું. -દ્ધાઈ સ્ત્રી૦ સિદ્ધપણું. -દ્ધાર્થ પું૦ (સં.) ગૌતમબુદ્ધ. -દ્ધાલય ન૦ સિદ્ધનું આલય; સિદ્ધલોક. -દ્ધાસન ન૦ યોગનું એક આસન. -દ્ધાંગના સ્ત્રી૦ સિદ્ધ સ્ત્રી
સિદ્ધાંત પું૦ [सं.] નિશ્ચિત મત; નિર્ણય (૨) ઉપપત્તિયુક્ત ગ્રંથ. ૦વાદી વિ૦ સિદ્ધાંતમાં માન્યતાવાળું. ૦સૂત્ર ન૦ શંકાનો નિર્ણય આપનારું અને શાસ્ત્રકારના મતનું પ્રતિપાદન કરનારું સૂત્ર. -તી વિ૦(૨)પું૦સિદ્ધાંત રજૂ કે સમર્થન કરનારું; સિદ્ધાંતવાદી (૩) શાસ્ત્રના તત્ત્વને જાણનારું
સિદ્ધિ સ્ત્રી૦ [सं.] પરિપૂર્ણ, સફળ કે સાબિત થવું તે (૨) સાબિતી (૩) ફલપ્રાપ્તિ (૪) છેવટની મુક્તિ (૫) યોગથી મળતી આઠ શક્તિઓમાંની દરેક; જુઓ અષ્ટમહાસિદ્ધિ. ૦દા સ્ત્રી૦ (સં.) દુર્ગા. ૦દાયક વિ૦ સિદ્ધિ આપનારું. ૦યોગ પું૦ જ્યોતિષમાં એક શુભ યોગ
સિધાર(-વ)વું અ૦ક્રિ૦ ચાલતી પકડવી; વિદાય થવું
સિનાઈ પું૦ [इं.] બાઇબલમાં આવતો એક પર્વત (જ્યાં મૂસાએ ઈશ્વરવાણી સાંભળેલી)
સિનેમા પું૦[इं.] ચિત્રોની પરંપરાને ચાલતી ઘટના તરીકે પટ ઉપર બતાવવાની યુક્તિ
સિપાઈ,-હી [फा.] પું૦ સૈનિક; ફોજનો માણસ (૨) ચપરાસી; પટાવાળો (૩) પોલીસ. ૦ગીરી સ્ત્રી૦ સિપાઈનું કામ કે નોકરી. -હસાલાર પું૦[फा.] લશ્કરનો ઉપરી; સેનાપતિ. -હીરાજ(-જ્ય) ન૦ લશ્કરી અમલ
સિપુર્દ વિ૦ [फा.] સોંપેલું [ચાલાકી; હોશિયારી
સિફત [अ.] ગુણ; વિશેષતા; ખાસિયત (૨) તારીફ (૩)
સિફલું વિ૦ [अ.] ભલીવાર વગરનું; ઢંગધડા વગરનું
સિફાબહાદુર વિ૦ હિંમતવાન; બહાદુર
સિફારસ સ્ત્રી૦ભલામણ; કોઈને માટે લાગવગવાળા આગળ કરેલી પ્રશંસા કે આગ્રહ
સિબંદી વિ૦ (૨) સ્ત્રી૦ જુઓ સિરબંદી
સિમેંટ પું૦ [इं.] ચણતરમાં વપરાતો એક પદાર્થ
સિયમ વિ૦ ત્રીજા દરજ્જાનું; ઊતરતી પંક્તિનું
સિયાહ વિ૦ [फा.] કાળું
સિર ન૦ માથું. ૦જોરી સ્ત્રી૦ જબરદસ્તી (૨) તુમાખી. ૦તાજ પું૦મુગટ (૨) [લા.] મુરબ્બી(૩)સરદાર;અગ્રણી. ૦પેચ પું૦ ફેંટા અથવા પાઘડી ઉપર બાંધવાનો હીરામોતીજડિત પટકો
સિરફ અ૦ જુઓ સિર્ફ
સિરબંદી વિ૦ સમ્રાટને માટે સામંત રાજાએ પોતાને ખર્ચે રાખેલું (લશ્કર) (૨) સ્ત્રી૦ એ પ્રમાણે રાખેલી ફોજ
સિરસ્તેદાર, -રી જુઓ 'શિરસ્તેદાર'માં
સિરસ્તો પું૦ શિરસ્તો; ચાલુ વહીવટ; ધારો
સિરીખ સ્ત્રી૦ (કા.) કાઠિયાણીનું રેશમી પાનેતર
સિરોઈ સ્ત્રી૦ જુઓ શિરોઈ
સિર્ફ અ૦ [अ.] સિરફ; ફક્ત; માત્ર; કેવળ
સિલક સ્ત્રી૦ ખર્ચ જતાં બાકી વધેલી રકમ
સિલસિલો પું૦[अ.] સાંકળ (૨) ક્રમ; પરંપરા (૩) કુલપરંપરા; વંશાનુક્રમ. -લાબંધ વિ૦ અનુક્રમ પ્રમાણેનું (૨) સળંગ (૩) અ૦ અનુક્રમ પ્રમાણે; એક પછી એક
સિલાઈ સ્ત્રી૦ સીવવાની રીત (૨) સિવડામણ
સિલેદાર પું૦ ઘોડેસવાર સિપાઈ. -રી સ્ત્રી૦ સિલેદારપણું
સિવડામણ ન૦, -ણી સ્ત્રી૦ સીવવાનું મહેનતાણું
સિવડાવવું સ૦ક્રિ૦ 'સીવવું'નું પ્રેરક
સિવાઈ સ્ત્રી૦ જુઓ સિવડામણી
સિવાય અ૦ [अ.] વિના; વગર
સિવાવું અ૦ક્રિ૦ 'સીવવું'નું કર્મણિ
સિવિલિયન પું૦[इं.] 'આઈ. સી. એસ.'ની પરીક્ષામાં પાસ થયેલ સરકારી અમલદાર
સિસકારો પું૦(રવ૦)દાંતમાંથી પવન પસાર થતાં થતો અવાજ
સિસૃક્ષા સ્ત્રી૦ [सं.] સર્જન કરવાની ઇચ્છા
સિસોટી સ્ત્રી૦ જુઓ સીટી (૨) એક ઝાડ

૭૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિસોળિયું ન॰ સાહુડીના પીંછા જેવો સળિયો

સિંગ સ્ત્રી॰ સીંગ

સિંગારા સ્ત્રી॰ જુઓ સીંગારા

સિંઘાસણ ન॰+(પ.) સિંહાસન

સિંચન ન॰ [सं.] સિંચવું તે

સિંચવું સ॰ક્રિ॰ છાંટવું; રેડવું (૨) પાણી પાવું (ઝાડને) (૩) ઉપરાઉપરી ગોઠવવું (૪) લાદવું (૫) કૂવામાં મૂકવું (ઘડો કે દોરડું)

સિંજારવ પું॰ [सं.] ધાતુનાં ઘરેણાંનો અવાજ

સિંદૂર ન॰ [सं.] પારો, સીસું તથા ગંધકની મેળવણીનો લાલ ભૂકો. **-રિયું** વિ॰ સિંદૂરના રંગનું. **-રી** સ્ત્રી॰ વિધવાઓને પહેરવાનું સિંદૂરિયા રંગનું એક જાતનું લૂગડું

સિંધ પું॰; ન॰ (સં.) હિંદનો એક પ્રાંત

સિંધભૈરવી સ્ત્રી॰ એક રાગિણી

સિંધવ પું॰; ન॰ એક ખનિજ ક્ષાર (૨) ઘોડો; અશ્વ

સિંધી વિ॰ સિંધનું,-ને લગતું (૨) પું॰ સિંધનો રહેવાસી (૩) સ્ત્રી॰ સિંધી ભાષા

સિંધુ પું॰[सं.]સમુદ્ર(૨)સ્ત્રી॰(સં.)એ નામની હિંદુસ્તાનની પ્રસિદ્ધ નદી. **॰જા** સ્ત્રી॰ (સં.) લક્ષ્મી

સિંધુડો પું॰ શૂર ચડે એવા સૂરનો એક રાગ

સિંહ પું॰ [सं.] એક રાની હિંસક પ્રાણી; પશુઓનો રાજા (૨) પાંચમી રાશિ. **॰ણ** સ્ત્રી॰ સિંહની માદા. **॰દંતી** સ્ત્રી॰ સિંહના દાંત જેવા પાનવાળી એક વનસ્પતિ. **॰દ્વાર** ન॰ મુખ્ય દ્વાર. **॰નાદ** પું॰ સિંહનો કે સિંહ જેવો નાદ. **॰લંકી** વિ॰સ્ત્રી॰ સિંહના જેવી પાતળી કટિવાળી. **॰વાહિની** વિ॰સ્ત્રી॰ સિંહના વાહનવાળી. **॰સ્થ** ન॰ બૃહસ્પતિ સિંહરાશિમાં હોય તે સમય. **॰સ્થવર્ષ** ન॰ જે વર્ષમાં બૃહસ્પતિ સિંહરાશિમાં હોય તે વર્ષ

સિંહલ,॰દ્વીપ પું॰ [सं.] (સં.) લંકા; સિલોન. **-લી** વિ॰ સિંહલદ્વીપનું (૨) સ્ત્રી॰ સિંહલદ્વીપની ભાષા

સિંહાવલોકન ન॰ [सं.] સિંહની પેઠે આગળ વધતા પહેલાં પાછળનું ફરીથી જોઈ લેવું તે. **સિંહાવલોકી** વિ॰[सं.] ચરણોના છેલ્લા ને પહેલા શબ્દો યમકરૂપ હોય એવું(કાવ્ય)

સિંહાસન ન॰ [सं.] સિંહની આકૃતિવાળું ઊંચું આસન; રાજા, દેવ કે આચાર્યનું આસન

સિંહિકા સ્ત્રી॰ [सं.] (સં.) એક રાક્ષસી; રાહુની માતા. **॰સુત** પું॰ (સં.) સિંહિકાનો પુત્ર-રાહુ

સિંહી સ્ત્રી॰[सं.] સિંહણ (૨) [સં.] સિંહિકા

સીક સ્ત્રી॰ લોઢાનો સળિયો કે ગજ

સીકર પું॰; ન॰ [सं.] શીકર; ફરફર; છાંટ

સીખ સ્ત્રી॰ [फा.] જુઓ શીખ ૩

સીગરો પું॰ સુતારનું એક ઓજાર

સીઝવવું સ॰ક્રિ॰ 'સીઝવું'નું પ્રેરક

સીઝવું અ॰ક્રિ॰ ધીમે તાપે બરાબર બફાવું (૨)[લા.] શાંત પડવું (૩) દુઃખી થવું (૪) પાર પડવું; સીધવું

સીટી સ્ત્રી॰ (૨વ॰) ઓઠ કે ભૂંગળી જેવા સાધનથી પવન ફૂંકીને કરાતો તીણો અવાજ કે તે સાધન

સીડવું સ॰ક્રિ॰ શીડવું; પૂરવું; છાંદી લેવું (૨) અદા કરવું

સીડી સ્ત્રી॰ નિસરણી

સીડોસીડ અ॰ અટોઅડ; ભીંસાઈને

સીત સ્ત્રી॰ [सं.] હળપૂણી; ચાસ. **-તા** સ્ત્રી॰ (સં.) જનકની પુત્રી; એક સતી. **-તાફલ(-ળ)** ન॰ એક ફળ. **-તાફળી** સ્ત્રી॰ સીતાફળનું ઝાડ

સીત્કાર [सं.], **-રો** પું॰ શ્વાસ અંદર ખેંચતાં કરાતો કે થતો સીત્ એવો અવાજ. **॰વું** અ॰ક્રિ॰ સીત્કાર કરવો

સીદી(-ધી) પું॰, **-દણ** સ્ત્રી॰ જુઓ શીદી,-ણ

સીધ સ્ત્રી॰ ખબર; સમાચાર (૨) સીધાપણું

સીધવું અ॰ક્રિ॰ સિદ્ધ થવું; પાર પડવું; સીઝવું

સીધવો પું॰ ગાડું ઊલળે નહિ માટે પાછળ મૂકવાનો ટેકો

સીધાઈ સ્ત્રી॰ સીધાપણું

સીધુ પું॰ ગોળ કે શેરડીના રસનો દારૂ

સીધું વિ॰ વાંકું નહિ તેવું; એક લીટીમાં હોય એવું (૨) પાંશરું; પાધરું (૩) સરળ; નિષ્કપટી (૪) ન॰ રાંધી ખાવા જેટલું કાચું અનાજ વગેરે સામગ્રી. **॰દોર** વિ॰ દોર જેવું, સીધુંસટ. **॰પાણી** ન॰ ('સીધાંપાણી' ન॰બ॰વ॰માં પણ વપરાય છે) સીધુંસામાન; ખાવાપીવાનું. **-ધેસીધું** વિ॰ તદ્દન સીધું. **॰સટ** વિ॰ એકદમ સીધું; સાવ સીધું

સીધે પું॰ દંડની કસરતનો એક પ્રકાર

સીનાકસી પું॰ એક પ્રકારનો દંડ (કસરત)

સીનો પું॰[फा.] છાતીનો ફેલાવ

સીપ સ્ત્રી॰ છીપ. **॰માછલી** સ્ત્રી॰ સીપમાં રહેતી મોતી [બનાવનાર માછલી

સીપણી સ્ત્રી॰ સીપવું તે. **-વું** સ॰ક્રિ॰ છાંટવું; રેડવું

સીમ સ્ત્રી॰ ખેતર કે ગામની હદ; તે ભાગની જમીન

સીમઠોક અ॰ કોઈ રહી ન જાય એમ; એકેએક

સીમળો પું॰ શીમળો; એક જાતનું ઝાડ

સીમંત ન॰ [सं.] સ્ત્રીઓનો સેંથો (૨) અઘરણી. **-તિની** સ્ત્રી॰ સૌભાગ્યવતી સ્ત્રી (૨) જેને અઘરણી આવી હોય એવી સ્ત્રી. **-તોન્નયન** ન॰ સગર્ભાવસ્થામાં સ્ત્રીને ચોથા, છઠ્ઠા કે આઠમા માસમાં કરવાનો એક સંસ્કાર

સીમા સ્ત્રી॰ [सं.] હદ; મર્યાદા. **॰ચિહ્ન** ન॰ સીમા બતાવનારી નિશાની. **॰ડો** પું॰ ગામની હદ; તે ભાગ. **-માંત** પું॰ સીમાનો છેડો. **-મોલ્લંઘન** ન॰ સીમા ઓળંગવી તે (૨) દશેરાને દિવસે પોતાના રાજ્યની સીમા ઓળંગી પારકી હદમાં પ્રવેશ કરવાની એક ક્રિયા

સીર પું॰ સંગીતમાં એક અલંકાર

સીરાટ પું॰ જુઓ સીરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીરી વિ૦ મીઠું; મધુર; સ્વાદ પેદા કરે તેવું (૨) સ્ત્રી૦ તેવી વાસ

સીલ સ્ત્રી૦ [इं.] મહોર; મુદ્રા; છાપ (૨) મહોર લગાડી ચોટાડેલું લાખ કે એવા બીજા પદાર્થનું ચકતું. **૦બંધ** વિ૦ સીલ મારેલું (૨) સીલ તૂટ્યા વિનાનું

સીવણ ન૦ જુઓ સીવણી (૨) જ્યાં સીવ્યું હોય તે જગા. **૦કામ** ન૦ સીવવાનું કામ કે કારીગરી. **–ણી** સ્ત્રી૦ સીવવું તે કે તેની ઢબ. **–વું** સ૦ક્રિ૦ ટાંકા મારી જોડવું; સાંધવું

સીસકો પું૦ (રવ૦) સિસકારો

સીસ(–સા)પેન સ્ત્રી૦ પેનસિલ

સીસમ સ્ત્રી૦ ન૦ એક ઝાડ (૨) એનું લાકડું

સીસી સ્ત્રી૦ શીશી; બાટલી

સીસું ન૦ એક ધાતુ

સીસો પું૦ શીશો; બાટલો

સીંગ સ્ત્રી૦ શિંગ

સીંગારા સ્ત્રી૦ સિંગારા; એક જાતની માછલી

સીંચણિયું ન૦ પાણી સીંચવાનું પાત્ર કે સાધન (૨) કૂવામાં સીંચવાનું દોરડું

સીંચવું સ૦ક્રિ૦ જુઓ સિંચવું

સીંચાણો પું૦ બાજપક્ષી; શકરો

સીંચારવું સ૦ક્રિ૦ સિંચવું; રેડવું

સીંદરી સ્ત્રી૦ કાથીની દોરડી

સુ અ૦ [सं.] નીચેના અર્થમાં વપરાતો ઉપસર્ગ (૧) સુંદર સારું (ઉદા૦ સુકેશી; સુવાસ) (૨) સારી રીતે; ખૂબ (ઉદા૦ સુશિક્ષિત) (૩) સહેલાઈથી (ઉદા૦ સુકર; સુલભ)

સુકટાક્ષ ન૦ [सं.] સુંદર કટાક્ષ

સુકર વિ૦ [सं.] સહેલું (૨) હાથનું પ્રવીણ

સુકલકડી વિ૦ લાકડી જેવું સૂકું; દુર્બળ શરીરનું

સુકવણી સ્ત્રી૦ સૂકવેલી વસ્તુ (૨) સુકવણું. **–ણું** ન૦ પૂરતો વરસાદ ન આવવાથી વાવેતર વગેરેનું સુકાઈ જવું તે; ખરડિયું

સુકવિતા સ્ત્રી૦ [सं.] સારી કવિતા

સુકંઠ પું૦ [सं.] સારો કંઠ–અવાજ

સુકાન ન૦ જેને મરડવાથી વહાણ દિશા બદલે છે તે ભાગ. **૦ચી, –ની** પું૦ સુકાન ફેરવનાર ખલાસી

સુકાવું અ૦ક્રિ૦ ભેજ કે પ્રવાહી ઊડી જઈ શુષ્ક થવું (૨) દૂબળા પડવું; કૃશ થવું. **–વવું** સ૦ક્રિ૦ (પ્રેરક)

સુકાળ પું૦ સારા પાકનો વખત (દુકાળથી ઊલટું) (૨) [લા.] પુષ્કળપણું

સુકીર્તિ(–ર્ત્તિ) સ્ત્રી૦ [सं.] સારી કીર્તિ

સુકુમાર વિ૦ [सं.] ઘણું કોમળ; નાજુક. **૦તા** સ્ત્રી૦

સુકૃત(–ત્ય) ન૦, **–તિ** સ્ત્રી૦ [सं.] સારું કામ; પુણ્ય

સુકેશી વિ૦સ્ત્રી૦ [सं.] સુંદર કેશવાળી

સુકોમળ વિ૦ ઘણું કોમળ

સુક્ષમ્ય વિ૦ [सं.] અતિ ક્ષમ્ય

સુખ ન૦ [सं.] તનમનને ગમે એવો અનુભવ; કામનાની સિદ્ધિનો આનંદ (૨) ૮ની સંજ્ઞા (પ.). **૦કર, ૦કારક, ૦કારી** વિ૦ સુખ કરનારું; સુખદાયી. **૦ચેન** ન૦ સુખશાંતિ; આરામ

સુખડ સ્ત્રી૦ ચંદનના ઝાડનું સુગંધીદાર લાકડું

સુખડિયો પું૦ મીઠાઈ બનાવનારો; કંદોઈ

સુખડી સ્ત્રી૦ ઘીગોળમાં ઘઉંનો લોટ શેકીને બનાવેલી એક વાની (૨) મીઠાઈ (૩) હકસાઈ; દસ્તૂરી; બક્ષિસ

સુખણું વિ૦ સુખી; સુખમાં મગ્ન

સુખતળી સ્ત્રી૦ સખતળી; જોડાની અંદર નખાતું નરમ છૂટું [ચામડું

સુખદ(–દાયક,–દાયી,–દેણ) વિ૦ [सं.] જુઓ સુખકર

સુખધાની સ્ત્રી૦ જુઓ સુખશય્યા

સુખન પું૦ બોલ; વેણ; શબ્દ

સુખપરિણામક વિ૦ [सं.] સુખમાં પરિણમતું (નાટક)

સુખપાલ સ્ત્રી૦ એક જાતની પાલખી

સુખમણા સ્ત્રી૦ (પ.) જુઓ સુષુમ્ણા

સુખમા સ્ત્રી૦ શોભા; ભપકો

સુખરૂપ વિ૦ (૨) અ૦ [सं.] ક્ષેમકુશળપૂર્વક; સાજુંસમું; [સહીસલામત

સુખરેચ પું૦ હલકો રેચ

સુખલા પું૦બ૦વ૦ ઘઉંનો જાડો લોટ

સુખવસ્તુ વિ૦ પહેલાંની કમાણી ઉપર બેઠે બેઠે ખાનાર; ખાધેપીધે સુખી

સુખવાદ પું૦ [सं.] ઇંદ્રિયોના ભોગવિલાસને જ મુખ્ય ધ્યેય [સમજનારો વાદ

સુખવાન વિ૦ [सं.] સુખી

સુખવાસી વિ૦ [सं.] સુખમાં રહેનારું

સુખવેલ સ્ત્રી૦ એક જાતની કમોદ

સુખશય્યા સ્ત્રી૦ [सं.] સુખે સુવાય તેવું બિછાનું કે પલંગ

સુખશાતા, સુખશાંતિ [सं.] સ્ત્રી૦ સુખ અને શાંતિ; નિરાંત

સુખશૂરું વિ૦ સુખ ભોગવે શૂર

સુખસજ્જા સ્ત્રી૦ સુખશય્યા

સુખસંગી વિ૦ [सं.] સુખમાં આસક્તિવાળું

સુખહસ્ત વિ૦ [सं.] સારો–હળવો જેનો હાથ છે એવો (હજામ)

સુખા સ્ત્રી૦ ગાંધાર ગ્રામની એક મૂર્છના

સુખાકારી સ્ત્રી૦ સુખી હાલત; તંદુરસ્તી

સુખાવહ વિ૦ [सं.] સુખકારક

સુખાસન ન૦ [सं.] સુખદાયક બનાવટવાળું આસન (૨) [પાલખી; મ્યાનો

સુખાળુ વિ૦ સુખિયું (૨) સુખમાં સૂતેલું

સુખિયારું, સુખિયું વિ૦ સુખી

સુખી વિ૦ [सं.] સુખવાળું; દુઃખ વિનાનું

સુગત પું૦ [सं.] (સં.) બુદ્ધ ભગવાન

સુગમ વિ૦ [सं.] સહેલું. **૦તા** સ્ત્રી૦

સુગ(–ઘ)રી સ્ત્રી૦ એક પક્ષી (એ સુંદર માળો બનાવે છે)

સુગંધ પું૦; સ્ત્રી૦ [सं.], **–ધી** સ્ત્રી૦ સારી ગંધ; ખુશબો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–ધીદાર વિ૦ સુગંધીવાળું [ઝટ સૂગ ચડે એવું
સુગાવું અ૦ક્રિ૦ સૂગ ચડવી. –ળ(૦ણું), –ણું વિ૦ જેને
સુગાળ વિ૦ પુષ્કળ; સોંઘું (૨) જુઓ 'સુગાવું'માં
સુગ્રાહ્ય વિ૦ [સં.] સહેલાઈથી ગ્રહણ કરી શકાય એવું (૨) સહેલાઈથી સમજાય એવું
સુગ્રીવ પું૦ [સં.] (સં.) વાનરોનો રાજા; વાલીનો ભાઈ
સુગૃહી સ્ત્રી૦ [સં.] એક પક્ષી; સુઘરી [ઘટિત; યોગ્ય
સુઘટિત [સં.] વિ૦ સારી રીતે રચેલું (૨) સુવ્યવસ્થિત (૩)
સુઘડ વિ૦સ્વચ્છ;ચોખ્ખું(૨)ચતુર; વિવેકી. ૦તા,–ડાઈ સ્ત્રી૦
સુઘરી સ્ત્રી૦ જુઓ સુગરી
સુચરિત(–ત્ર) વિ૦[સં.]જુઓ સચ્ચરિત(૨)ન૦સારું ચરિત્ર
સુચંગ વિ૦ [સં.] + સુંદર
સુજન પું૦[સં.]સારો સદાચારી માણસ;સજ્જન. ૦તા સ્ત્રી૦
સુજશ પું૦ યશ; નામના; કીર્તિ
સુજાણ વિ૦ હોશિયાર; જ્ઞાની; સમજુ
સુજાત વિ૦ [સં.] કુલીન; ઊંચા કુળનું (૨) સુંદર; ઘાટીલું
સુજાવવું સ૦ક્રિ૦ 'સૂજવું'નું પ્રેરક
સુજ્ઞ વિ૦ [સં.] ડાહ્યું; ચતુર; વિદ્વાન. ૦તા સ્ત્રી૦
સુઝાડવું સ૦ક્રિ૦ 'સૂઝવું'નું પ્રેરક
સુઝુલ્લન પું૦ એક છંદ
સુડતાળીસ વિ૦ '૪૭'
સુડતાળો વિ૦પું૦ સંવત ૧૮૪૭ની સાલનો (દુકાળ)
સુડોલ વિ૦ ઘાટીલું; રૂપાળું
સુણ સ્ત્રી૦ (પ.) સુણવું તે; શ્રવણ. ૦વું સ૦ક્રિ૦ સાંભળવું
સુણાવવું સ૦ક્રિ૦ 'સૂણવું', 'સુણવું'નું પ્રેરક
સુણાવું 'સુણવું'નું કર્મણિ [આપ્યો હોય એવો યજ્ઞ
સુત પું૦ [સં.] પુત્ર. ૦મેધ પું૦ જેમાં દીકરાનો ભોગ
સુતનુ વિ૦[સં.] સુંદર નાજુક શરીરવાળું [સરળતા
સુતર(–રું) વિ૦(૨) અ૦ સહેલું;સુગમ; સરળ. –રાઈ સ્ત્રી૦
સુતરાઉ વિ૦સૂતરનું બનેલું. સુતરિયો પું૦સૂતરનો વહેપારી
સુતરામ્ અ૦ [સં.] ઘણું; ખૂબ; વધારે
સુતરું વિ૦ (૨) અ૦ જુઓ સુતર
સુતરેલ વિ૦ જુઓ સુતરાઉ
સુતલ(–ળ) ન૦ [સં.] ત્રીજું પાતાળ
સુતા સ્ત્રી૦[સં.] પુત્રી
સુતા(–થા)ર પું૦ લાકડાં ઘડનાર કારીગર. ૦કામ ન૦ લાકડાં ઘડવાનું કામ. –રી વિ૦ સુથારનું, –ને લગતું (૨) સ્ત્રી૦ સુથારકામ [(નૌકા)
સુતારિણી વિ૦ સ્ત્રી૦ [સં.] બરોબર તરીને પાર ઉતારે એવી
સુથાડિયો પું૦ એક જાતનું જાડી સળીનું ઘાસ
સુથાર,૦કામ,–રી જુઓ 'સુતાર'માં
સુદ અ૦ શુકલ પક્ષમાં; સુદિ (૨) સ્ત્રી૦ શુકલ પક્ષ
સુદર્શન વિ૦[સં.]સારા દેખાવવાળું (૨) ન૦ (સં.) વિષ્ણુનું ચક્ર. –ના વિ૦સ્ત્રી૦ સુંદર સ્ત્રી
સુદાન્ત વિ૦ [સં.] બરોબર દાન્ત
સુદિ અ૦ [સં.] જુઓ સુદ
સુદિન પું૦ [સં.] શુભ દિવસ
સુદીન વિ૦ [સં.] ખૂબ દીન–નમ્ર
સુદીર્ઘ વિ૦ [સં.] ખૂબ દીર્ઘ
સુદૂર વિ૦ [સં.] ઘણું દૂર
સુદૃઢ વિ૦ [સં.] ઘણું દૃઢ
સુધન્વા પું૦ [સં.] (સં.) એક પ્રસિદ્ધ વિષ્ણુભક્ત
સુધરવું અ૦ક્રિ૦ સારા થવું
સુધરાઈ સ્ત્રી૦ સુધારો; સુધરેલી સ્થિતિ(૨) મ્યુનિસિપાલિટી. –વટ સ્ત્રી૦ સુધારણા. –વવું સ૦ક્રિ૦ સુધારે એમ કરવું; સુધારાવવું
સુધા સ્ત્રી૦[સં.] અમૃત(૨)ચૂનો. ૦કર પું૦ ચંદ્ર.૦ધવલ વિ૦ અમૃત જેવું ધોળું (૨) ચૂનાથી ધોળેલું. ૦રસ પું૦ અમૃત
સુધાર પું૦ સુધારો. ૦ક વિ૦ સુધારનારું; સુધારો કરનારું (૨) પું૦ તેવો આદમી. ૦ણ ન૦, ૦ણા સ્ત્રી૦ સુધારવું તે; સુધારો. ૦વું સ૦ક્રિ૦ સારું કરવું. –રો પું૦ સુધરવું તે; સારી સ્થિતિ; સારો ફેરફાર (૨) સંસ્કૃતિ; સભ્યતા
સુધાંશુ પું૦ [સં.] ચંદ્રમા
સુધી વિ૦(૨) પું૦ [સં.] બુદ્ધિમાન; પંડિત
સુધી અ૦ લગી; પર્યંત
સુધીર વિ૦[સં.] ખૂબ ધીર
સુધ્ધાં(૦ત) અ૦ પણ (બાકી રહ્યા કે છોડ્યા વિના)
સુનંદિત વિ૦[સં.] સારી રીતે ખુશ થયેલું. –તા વિ૦સ્ત્રી૦
સુનાવણી સ્ત્રી૦ ન્યાયાધીશે ફરિયાદ સાંભળવી તે કે તેને સંભળાવવી તે
સુનીતિ સ્ત્રી૦[સં.] સારી નીતિ
સુનું ન૦+ સોનું. –નેરી વિ૦ જુઓ સોનેરી
સુન્નત સ્ત્રી૦ [अ.] એક મુસલમાની સંસ્કાર, જેમાં લિંગની ઉપલી ચામડી કાપી નાખવામાં આવે છે
સુન્ની વિ૦ [अ.] એ નામના મુસલમાની પંથનું (૨) પું૦ એક મુસલમાની સંપ્રદાય
સુપક્વ વિ૦ [સં.] સારી રીતે પાકેલું
સુપચ્ય વિ૦ [સં.] સહેલાઈથી પચી જાય એવું
સુપથ પું૦ [સં.] સારો, નીતિનો માર્ગ. ૦ગામી વિ૦ સારે–નીતિને માર્ગે જનારું
સુપરત સ્ત્રી૦ સોંપણ
સુપાત્ર વિ૦ [સં.] યોગ્ય; લાયક. ૦તા સ્ત્રી૦
સુપુત્ર પું૦ [સં.] સપૂત [(૨) ઘેન
સુપ્ત વિ૦ [સં.] સૂતેલું; ઊંઘેલું. –પ્તિ સ્ત્રી૦ ઘોર નિદ્રા
સુપ્રકાશિત વિ૦ [સં.] સારી પેઠે પ્રકાશવાળું
સુપ્રતિષ્ઠિત વિ૦ [સં.] સારી પ્રતિષ્ઠાવાળું; આબરૂદાર (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારી પેઠે જામી ગયેલું; સુસ્થિર
સુપ્રભ વિ૦ [સં.] સુંદર પ્રભાવાળું
સુપ્રસન્ન વિ૦ [સં.] ઘણું પ્રસન્ન
સુપ્રસંગ પું૦ [સં.] શુભ પ્રસંગ ['ભૂતપૂર્વ'
સુપ્સુપ્સમાસ પું૦ [સં.] સમાસનો એક પ્રકાર. ઉદા૦
સુફરો પું૦ [અ.] ભાણું મૂકવાનું પાથરણું; દસ્તરખાન
સુફિયાણું વિ૦ ઉપરથી સુંદર; ખાલી સફાઈદાર
સુબાહુ વિ૦ [સં.] સુંદર કે મજબૂત હાથવાળું
સુબુદ્ધિ સ્ત્રી૦ [સં.] સદ્બુદ્ધિ [સુબોધ દેનારું
સુબોધ પું૦[સં.]સારું જ્ઞાન કે શિખામણ. ૦ક,૦કારી વિ૦
સુભગ વિ૦ [સં.] સુંદર; રમણીય (૨) સુભાગી. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦. -ગા વિ૦સ્ત્રી૦ ખૂબસૂરત કે સૌભાગ્યવતી(સ્ત્રી)
સુભટ પું૦ [સં.] બહાદુર લડવૈયો
સુભદ્રા સ્ત્રી૦[સં.](સં.)શ્રીકૃષ્ણની બહેન; અર્જુનની પત્ની
સુભાગી વિ૦ [સં.] ભાગ્યશાળી. -ગ્ય ન૦ સદ્ભાગ્ય [પદ
સુભાષિત વિ૦[સં.] સુંદર રીતે કહેલું (૨) ન૦ તેવું વાક્ય કે
સુમતિ સ્ત્રી૦ [સં.] સદ્બુદ્ધિ
સુમન ન૦ [સં.] ફૂલ
સુમાર પું૦ શુમાર; અડસટ્ટો
સુમિત્રા સ્ત્રી૦ [સં.] (સં.) લક્ષ્મણની માતા [મુખવાળી
સુમુખી સ્ત્રી૦ [સં.] ગાંધાર ગ્રામની એક મૂર્છના (૨)સુંદર
સુમેધ વિ૦[સં.] સારી મેધા-બુદ્ધિવાળું [રેબલ' (ગ.)
સુમેય વિ૦[સં.] બરોબર માપી શકાય એવું(૨)'કૉમેન્સ્યૂ-
સુમેરુ પું૦ [સં.] (સં.) મેરુ; સોનાનો પર્વત
સુમેળ પું૦ સારો મેળ-બનાવ (૨) સારું મિશ્રણ
સુયાણી સ્ત્રી૦ પ્રસવ કરાવનારી સ્ત્રી; દાઈ
સુયુત વિ૦ [સં.] બરાબર-સારી રીતે જોડાયેલું
સુયોગ પું૦ [સં.] શુભ-સારો કે યોગ્ય અવસર
સુર પું૦ [સં.] દેવ
સુરક્ષિત વિ૦[સં.] સારી રીતે રક્ષાયેલું
સુરખ વિ૦ લાલ; રાતું. -ખી સ્ત્રી૦ [ફા.] લાલી
સુરગંગા સ્ત્રી૦ [સં.] આકાશગંગા
સુરગુરુ પું૦[સં.](સં.) દેવોના ગુરુ; બૃહસ્પતિ [શહેર
સુરત ન૦ કામક્રીડા; સંભોગ [સં.] (૨) [સં.] તે નામનું
સુરતરુ ન૦[સં.] સ્વર્ગનું એક ઝાડ (૨) કલ્પદ્રુમ
સુરતા સ્ત્રી૦ લગની (૨) ધ્યાન (૩) યાદ; સૂધ
સુરતિ સ્ત્રી૦ [સં.] ખૂબ આનંદ અને સુખ
સુરતી વિ૦ સુરત શહેરનું; સુરત તરફનું (૨) સ્ત્રી૦ સુરત તરફની બોલી (૩) પું૦ સુરતનો કે તે તરફનો વતની
સુરદાસ પું૦[સં.] (સં.) પ્રસિદ્ધ અંધ કવિ અને ભક્ત (૨)[લા.] આંધળો સાધુ કે માણસ
સુરધનુ ન૦ [સં.] મેઘધનુષ્ય
સુરનદી સ્ત્રી૦ [સં.] (સં.) ગંગા
સુરપડિયા સ્ત્રી૦ + દેવની પ્રતિમા
સુરપતિ પું૦ [સં.] (સં.) ઇન્દ્રરાજા
સુર(-લ)ફાક પું૦ સંગીતનો એક તાલ [(૩) ગાય
સુરભિ(-ભી) વિ૦[સં.] સુવાસિત (૨) સ્ત્રી૦ કામધેનુ ગાય
સુરમણિ પું૦ [સં.] કલ્પવૃક્ષ જેવો સ્વર્ગનો એક મણિ
સુરમો પું૦[ફા.] એક ખનિજ પદાર્થ કે તેનું આંખનું અંજન
સુરલોક પું૦[સં.] સ્વર્ગ
સુરવાલ(-ળ) પું૦; સ્ત્રી૦ પાયજામો; ચોરણો
સુરસ વિ૦ [સં.] સારા-સુંદર રસવાળું. ૦તા સ્ત્રી૦
સુરસદન ન૦ [સં.] સ્વર્ગ; દેવલોક
સુરસરિ(૦ત, ૦તા) સ્ત્રી૦ [સં.] ગંગા
સુરંગ વિ૦ [સં.] સુંદર રંગનું (૨) સુંદર (૩) પું૦ સુંદર રંગ (૪) [રંગ અનુસાર] એ નામની જાતનો ઘોડો (૫) જમીનમાં કરેલું ભોંયરું (૬) (ખડક તોડવા કે શત્રુ સામે વપરાતી) દારૂગોળાની એક બનાવટ. -ગી વિ૦ સારા-સુશોભિત રંગનું (૨) લહેરી; રંગીલું (૩) સ્ત્રી૦ નારંગી
સુરા સ્ત્રી૦ [સં.] મદિરા; દારૂ. ૦પાન ન૦ દારૂ પીવો તે
સુરાઈ(-હી) સ્ત્રી૦ ફૂજાના ઘાટનું સાંકડા ગળાનું વાસણ
સુરાધીશ પું૦ [સં.] સુરપતિ; ઇંદ્ર
સુરા(-લા)ખ સ્ત્રી૦ [ફા.] કાણું; બાકોરું
સુરારિ પું૦ [સં.] દેવોનો દુશ્મન; રાક્ષસ
સુરાવટ સ્ત્રી૦ સૂર મિલાવવા તે (૨) સુરેલ ધ્વનિ
સુરાહી સ્ત્રી૦ [અ.] જુઓ સુરાઈ
સુરાંગના સ્ત્રી૦ [સં.] દેવાંગના; અપ્સરા
સુરીલું વિ૦ મધુર સૂરવાળું
સુરુચિ સ્ત્રી૦[સં.] સારી રુચિ. ૦ભંગ પું૦ સુરુચિનો-શિષ્ટ રસજ્ઞતાનો ભંગ. ૦ર વિ૦ સારી પેઠે રુચિર
સુરૂપ [સં.], -પી વિ૦સુંદર રૂપવાળું;ખૂબસૂરત. ૦તા સ્ત્રી૦
સુરેખ વિ૦ [સં.] પ્રમાણસર; ઘાટીલું; સુંદર (૨) 'રેક્ટિલીનિયર' (ગ.). ૦કંસ પું૦ જુઓ રેખાકંસ. ૦તા સ્ત્રી૦. ૦પદી પું૦ 'લીનિયર એક્સપ્રેશન' (ગ.). ૦સમીકરણ ન૦'લિનિયર ઇક્વેશન'(ગ.). -ખા સ્ત્રી૦સીધી લીટી(ગ.)
સુરેલ વિ૦ સુરીલું; સુમધુર
સુરેશ,સુરેંદ્ર પું૦ [સં.] (સં.) ઇંદ્ર
સુલક્ષણ(-ણું) વિ૦ [સં.] સારાં લક્ષણવાળું
સુલટાવવું સ૦ક્રિ૦ સૂલટું કરવું
સુલતાન પું૦ [અ.] બાદશાહ; મુસલમાની રાજા. -ની વિ૦ સુલતાનનું,-ને લગતું (૨) સ્ત્રી૦ સુલતાનનો અમલ (૩) [લા.] રાજાની આપખુદી કે જુલમ
સુલફાક પું૦ સંગીતનો એક તાલ; સુરફાક
સુલભ વિ૦ [સં.] સહેલાઈથી મળે એવું. ૦તા સ્ત્રી૦
સુલલિત વિ૦ [સં.] અત્યંત સુંદર (૨) સુકુમાર
સુલાખ સ્ત્રી૦ જુઓ સુરાખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુલેખન ન૦ [સં.] સારા અક્ષર લખવા તે

સુલેહ સ્ત્રી૦ સલાહશાંતિ; ઝઘડા કે લડાઈનો અભાવ (૨) સમાધાની; સંધિ. **૦શાંતિ** સ્ત્રી૦ સુલેહ અને શાંતિ

સુલ્ફો પું૦ + વગર તવે કે કોરી તમાકુ ભરેલી ચલમ

સુવડા(-રા)વવું સ૦ક્રિ૦ 'સૂવું'નું પ્રેરક

સુવર્ણ વિ૦ [સં.] સુંદર રંગનું (૨) ન૦ સોનું. **૦કાર** પું૦ સોની. **૦તક** સ્ત્રી૦ ઉત્તમોત્તમ તક. **૦તા** સ્ત્રી૦ સુંદર રંગવાળું હોવું તે (૨) સુવર્ણ–સોનાનો ગુણ કે ભાવ (૩) સરસ અક્ષરવાળું હોવું તે. **૦નિયમ** પું૦ સુવર્ણ જેવો ઉત્તમ કીમતી નિયમ. **૦મંદિર** ન૦ (સં.) અમૃતસરનું સુવર્ણથી મઢેલું શીખ મંદિર. **૦માક્ષિક** સ્ત્રી૦ એક ધાતુ; આપીત. **૦માર્ગ** પું૦ શ્રેષ્ઠ માર્ગ. **૦યુગ** પું૦ સારામાં સારો યુગ; સત્યયુગ. **-ર્ણા** વિ૦સ્ત્રી૦ (૨) સ્ત્રી૦ સુંદર વર્ણવાળી સ્ત્રી. **-ર્ણગર** વિ૦ + સોનીનો ધંધો કરનારું. **-ર્ણું** વિ૦ સુંદર વર્ણવાળું

સુવર્ધમાન વિ૦ [સં.] સારી રીતે વર્ધમાન

સુવા પું૦ એક વનસ્પતિ; તેનાં બીજ

સુવાડવું સ૦ક્રિ૦ 'સૂવું'નું પ્રેરક; સુવડાવવું

સુવાણ સ્ત્રી૦ જુઓ સવાણ

સુવારોગ પું૦ સુવાવડમાંથી થતો એક રોગ

સુવાવડ સ્ત્રી૦ બાળકને જન્મ આપવાનો અને તે પછીની માંદગીનો સમય. **૦ખાનું** ન૦ સુવાવડ કરવાનું દવાખાનું; પ્રસૂતિગૃહ. **-ડી** સ્ત્રી૦ સુવાવડમાં હોય એવી સ્ત્રી

સુવાવું અ૦ક્રિ૦ 'સૂવું'નું કર્મણિ

સુવાસ સ્ત્રી૦ [સં.] સારી વાસ; સુગંધી

સુવાસણ(-ણી) સ્ત્રી૦ સુવાસિણી; સૌભાગ્યવંતી સ્ત્રી

સુવાસિત વિ૦ [સં.] ખુશબોદાર

સુવાસિણી,-ની [સં.] સ્ત્રી૦ સુવાસણ; સૌભાગ્યવંતી સ્ત્રી

સુવાંગ વિ૦ આખું ને આખું (૨) નિરપેક્ષ; 'ઍબ્સોલ્યૂટ'

સુવિજ્ઞાત, સુવિદિત વિ૦ [સં.] સારી રીતે જાણેલું

સુવેખે અ૦ + સારી રીતે

સુવ્યવસ્થા સ્ત્રી૦ [સં.] સારી વ્યવસ્થા. **-સ્થિત** વિ૦ સારી પેઠે વ્યવસ્થિત

સુવ્રત વિ૦ [સં.] સારાં વ્રતવાળું; સદ્ગુણી

સુશિક્ષણ પું૦ [સં.] સારું શિક્ષણ

સુશિક્ષિત વિ૦ [સં.] સારી રીતે શિક્ષિત. **-તા** વિ૦સ્ત્રી૦

સુશીલ વિ૦ [સં.] ઉત્તમ શીલવાળું; સચ્ચરિત (૨) વિવેકી; વિનયી (૩) સરળ; સીધું. **૦તા** સ્ત્રી૦

સુશોભિત વિ૦ [સં.] ઘણું શોભીતું

સુશ્રુત વિ૦ [સં.] બહુશ્રુત; વિદ્વાન (૨) પું૦ (સં.) પ્રાચીન પ્રસિદ્ધ વૈદ્ય

સુશ્લિષ્ટ વિ૦ [સં.] સારી રીતે જોડેલું કે બેસાડેલું. **૦તા** સ્ત્રી૦

સુષિરવાદ્ય ન૦ [સં.] પવન ભરીને વગાડવાનું (કાણાંવાળું) વાદ્ય

સુષુપ્ત વિ૦ [સં.] સૂતેલું; ઊંઘતું (૨) અપ્રગટ; અંદર રહેલું; 'લેટન્ટ'. **-પ્તિ** સ્ત્રી૦ ગાઢ નિદ્રા

સુષુમણા, સુષુમ્ણા [સં.] સ્ત્રી૦ યોગશાસ્ત્ર પ્રમાણે ત્રણ પ્રધાન નાડીઓમાંની વચલી (જુઓ ઈડા)

સુષ્ઠુ અ૦ [સં.] સારી રીતે; ઉત્તમ રીતે

સુસવાટ(-ટો) પું૦ (રવ૦) જોરથી વહેતા કે વીંધાતા પવનનો કે તેને મળતો અવાજ

સુસવાડ(-ળ) સ્ત્રી૦ એક જાતનો મગર

સુસંગત વિ૦ [સં.] બરાબર બંધબેસતું. **૦બહુકોણ, ૦બહુભુજ** પું૦ 'રેગ્યુલર પૉલીગૉન' (ગ.). **-તિ** સ્ત્રી૦ સુસંગતતા

સુસંપી વિ૦ સારા સંપવાળું

સુસંબદ્ધ વિ૦ [સં.] આગળ પાછળ બરાબર સંબંધવાળું; સુસંગત

સુસ્ત વિ૦ [ફા.] આળસુ (૨) મંદ; ધીમું. **-સ્તી** સ્ત્રી૦ આળસ; ઊંઘનું ઘેન (૨) મંદતા

સુસ્થ વિ૦ [સં.] સુસ્થિત (૨) સ્વસ્થ; સાજુંતાજું

સુસ્થિત વિ૦ [સં.] સારી રીતે સ્થિત; દૃઢ (૨) સારી સ્થિતિવાળું (૩) બરાબર ગોઠવાયેલું

સુસ્પષ્ટ વિ૦ [સં.] ખૂબ સ્પષ્ટ

સુસ્વર વિ૦ [સં.] ઉત્તમ સ્વરવાળું (૨) પું૦ ઉત્તમ સ્વર

સુસ્વાપ પું૦ [સં.] સારી ઊંઘ

સુહાગ પું૦ સૌભાગ્ય. **૦ણ** વિ૦સ્ત્રી૦ સૌભાગ્યવંતી (૨) પતિની માનીતી. **-ગિયું,-ગી** વિ૦ સુભાગી; સુખી

સુહાણ સ્ત્રી૦ શાંતિ; સમાધાન

સુહાવવું સ૦ક્રિ૦ 'સુહાવું'નું પ્રેરક; શોભાવવું

સુહાવું અ૦ક્રિ૦ શોભવું; સોહાવું

સુહાસિની વિ૦ સ્ત્રી૦ [સં.] સુંદર હાસ્યવાળી

સુહૃદ પું૦ [સં.] મિત્ર

સું અ૦ + (પ.) સાથે; શું

સુંદર વિ૦ [સં.] રૂપાળું; સુશોભિત; મજેનું. **૦તા** સ્ત્રી૦. **-રી** સ્ત્રી૦ સુંદર સ્ત્રી (૨) એક છંદ; વૈતાલીય

સુંવાળી સ્ત્રી૦ પૂરી જેવી નાસ્તાની એક વાની. **-ળું** વિ૦ લીસું અને નરમ (૨) ન૦ બાળકના જન્મનું સૂતક

સૂક સ્ત્રી૦ ભીનાશનો અભાવ; સૂકાપણું. **૦લ** વિ૦ સુકાયેલું; કૃશ. **૦વવું** સ૦ક્રિ૦ જુઓ સુકાવવું. **૦વું** અ૦ક્રિ૦ (પ.) સુકાવું. **-કું** વિ૦ શુષ્ક; ભીનાશ વિનાનું (૨) કૃશ; દૂબળું. **-કુંભ(-સ)ટ** વિ૦ સાવ સૂકું.

સૂકર પું૦; ન૦ [સં.] શૂકર; ભૂંડ; સૂવર

સૂકો પું૦ તમાકુનો ભૂકો; જરદો

સૂક્ત વિ૦ [સં.] સારી રીતે કહેવાયેલું (૨) ન૦ વેદમંત્રો કે ઋચાઓનો સમૂહ. **-ક્તિ** સ્ત્રી૦ ઉત્તમ ઉક્તિ કે કથન

સૂક્ષ્મ વિ૦ [સં.] ઝીણું; બારીક. **૦દર્શક** વિ૦ બારીક વસ્તુને મોટી દેખાડનારું (૨) ન૦ સૂક્ષ્મદર્શકયંત્ર. **૦દર્શકયંત્ર** ન૦ બારીક વસ્તુ મોટી દેખાડનારું એક સાધન. **૦દર્શી** વિ૦ સૂક્ષ્મ દૃષ્ટિવાળું. **૦દૃષ્ટિ** સ્ત્રી૦ સૂક્ષ્મ વસ્તુઓ જાણી કે સમજી શકે એવી દૃષ્ટિ. **૦દેહ** પું૦ દેહથી છૂટો પડેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવ જેનો આશ્રય કરી રહે છે તે શરીર (પાંચ પ્રાણ, પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ સૂક્ષ્મભૂતો, મન અને બુદ્ધિ એ સત્તર વસ્તુનું બનેલું શરીર). ૦દેહી વિ૦ સૂક્ષ્મ દેહવાળું. ૦શરીર ન૦ સૂક્ષ્મદેહ

સૂગ સ્ત્રી૦ અતિશય અણગમો; ચીતરી

સૂચક વિ૦ [સં.] સૂચવે એવું; સૂચવનારું (૨) ગર્ભિત સૂચનોવાળું કે તે જગાડતું. -ન ન૦ સૂચવવું તે. -ના સ્ત્રી૦ સૂચવવું તે; ઇશારો; ચેતવણી. -વવું સ૦ક્રિ૦ સૂચના કરવી; ધ્યાન ઉપર લાવવું; જણાવવું. -વાવવું સ૦ક્રિ૦ (પ્રેરક). -વાવું અ૦ક્રિ૦ (કર્મણિ)

સૂચિ(-ચી) સ્ત્રી૦ [સં.] યાદી; સાંકળિયું; ક્રમાનુસારી ટીપ (૨) સોય. ૦પત્ર(૦ક) ન૦ સૂચિ; યાદી. -ચિત વિ૦ સૂચવેલું

સૂચી સ્ત્રી૦ [સં.] જુઓ સૂચિ (૨) 'પેનસિલ' (ગ.) (૩) પિરામિડ જેવી આકૃતિ (ગ.). ૦ખંડ પું૦ 'ફ્રુસ્ટ્રમ' (ગ.). ૦પત્ર(૦ક) ન૦ સૂચિપત્રક

સૂચ્ય વિ૦ [સં.] સૂચવવા યોગ્ય

સૂજ સ્ત્રી૦ સોજો

સૂજની સ્ત્રી૦ [फा.] રજાઈ [સોજો ચડવો

સૂજવું અ૦ક્રિ૦ (દરદથી ચામડી વગેરેનું) ઊપસવું; ફૂલવું;

સૂઝ સ્ત્રી૦ સૂઝવું તે; સમજ; ગમ; પહોંચ. ૦દાર વિ૦ સૂઝવાળું. ૦વું અ૦ક્રિ૦ દેખાવું; નજરે પડવું (૨) સમજાવું; ગમ પડવી; અક્કલ પહોંચવી

સૂડ વિ૦ સામટું અને સાદું (વ્યાજ) (૨) પું૦; ન૦ (કા.) મૂળ. ૦વું સ૦ક્રિ૦ મૂળમાંથી ખોદી નાંખવું (૨) ઝૂડીને સાફ કરવું. ૦વ્યાજ ન૦ રૂપિયા રહ્યા હોય તેટલા વખતનું સામટું સાદું વ્યાજ

સૂડલો પું૦ એક જાતનો પોપટ; સૂડો [માદા

સૂડી સ્ત્રી૦ સોપારી કાતરવાનું સાધન (૨) સૂડા (પોપટ)ની

સૂડો પું૦ મોટી સૂડી (૨) એક જાતનો પોપટ

સૂણવું અ૦ક્રિ૦ સૂજવું; ફૂલી જવું

સૂત પું૦ [સં.] સારથિ; રથ હાંકનાર (૨) ક્ષત્રિયથી બ્રાહ્મણીને પેટે થયેલો પુત્ર. ૦પુત્ર પું૦ (સં.) કર્ણ

સૂતક ન૦ [સં.] જન્મ અને મરણ વગેરેથી પ્રાપ્ત થતી આભડછેટ. -કી વિ૦ સૂતકવાળું

સૂતર ન૦ રૂ કાંતીને કાઢેલો તાર. ૦ફેણી સ્ત્રી૦ એક જાતની મીઠાઈ. ૦શાળ સ્ત્રી૦ એક જાતની ડાંગર

સૂતળવું સ૦ક્રિ૦ ગાંઠવું; જોડવું; સાંકળવું

સૂતળી સ્ત્રી૦ શણની પાતળી દોરી

સૂતિકા સ્ત્રી૦ [સં.] સુવાવડી સ્ત્રી. ૦ગૃહ ન૦ સુવાવડખાનું

સૂત્કાર પું૦ [સં.] (રવ૦) સૂસૂ અવાજ. -રી વિ૦ ગાતી વખતે સૂત્કાર કરનાર

સૂત્ર ન૦ [સં.] દોરો; તાંતણો (૨) સૂતર (૩) નિયમ; વ્યવસ્થા (૪) પ્રાચીન શાસ્ત્રકારોએ રચેલાં મૂળ સંક્ષિપ્ત વાક્ય કે તેનો ગ્રંથ (૫) ધ્યેય તરીકે સ્વીકારેલું ટૂંકું વાક્ય (૬) 'ફૉર્મ્યુલા' (ગ.) (૭) 'પ્રોપોઝિશન' (ગ.). ૦કાર પું૦ મૂળ સૂત્ર રચનાર. ૦ગ્રંથ પું૦ સૂત્રોમાં લખાયેલો ગ્રંથ (જેમ કે, કેટલાક હિંદુ ધર્મગ્રંથ). ૦તંતુ પું૦ સૂતરનો તાંતણો. ૦ધાર પું૦ નાટકમાં પ્રધાન નટ, જે નાંદી તેમ જ પ્રસ્તાવના ભજવે છે (૨) સુતાર. ૦યંત્ર ન૦ વણકરનો કાંઠલો; તૂરી (૨) સૂતર કાંતવાનું યા વણવાનું યંત્ર; મિલ. -ત્રિત વિ૦ એક સૂત્રમાં ગાંઠેલું (૨) સૂત્રરૂપે ગોઠવેલું (૩) વ્યવસ્થિત કરેલું

સૂધ સ્ત્રી૦ શુદ્ધિ; ભાન (૨) ભાળ; ખબર. ૦બૂધ સ્ત્રી૦ ભાન; અક્કલ; હોશ (૨) સ્ત્રી૦ બ૦વ૦ એ નામની ગણપતિની બે પત્નીઓ—શુદ્ધિ અને બુદ્ધિ

સૂધું વિ૦ પાધરું; સીધું (૨) સરળ; નિષ્કપટી

સૂન વિ૦ શૂન્ય (૨) ન૦ કળી (૩) ફૂલ. ૦કાર પું૦ જુઓ શૂન્યકાર. ૦મૂન(-નું) વિ૦ જુઓ શૂનમૂન

સૂનકું ન૦ (કા.) ધૂન; વળું

સૂનુ પું૦ [સં.] પુત્ર

સૂનું વિ૦ નિર્જન; ઉજ્જડ; વસતી કે સહવાસ વિનાનું (૨) સંભાળ કે રક્ષણ વિનાનું. ૦સટ વિ૦ સાવ સૂનું

સૂનૃત વિ૦ [સં.] સત્ય અને પ્રિય (૨) ન૦ તેવી વાણી

સૂપ ન૦ [સં.] ભડકી; રાબ (૨) એક પ્રકારનું શાકનું ઓસામણ

સૂપડી સ્ત્રી૦ નાનું સૂપડું. -ડું ન૦ અનાજ ઝાટકવાનું સાધન

સૂપતી સ્ત્રી૦ સલાટની હથોડી

સૂપશાસ્ત્ર ન૦ [સં.] પાકશાસ્ત્ર

સૂફ ન૦ [अ.] બકરાંના વાળ (૨) તેનું વસ્ત્ર (૩) ઊનનું વસ્ત્ર. -ફી વિ૦ બકરાંના વાળનું; ઊનનું (વસ્ત્ર) (૨) સૂફી મત સંબંધી (૩) પવિત્ર; નિર્દોષ (૪) પું૦ સૂફીમતનો અનુયાયી. -ફીમત, -ફીવાદ પું૦ ઇસ્લામનો એક સંપ્રદાય

સૂબાગીરી સ્ત્રી૦ [फा.] સૂબાનું પદ

સૂબેદાર પું૦ [फा.] સિપાઈઓની નાની ટુકડીનો અમલદાર (૨) પ્રાંતનો વડો હાકેમ. -રી સ્ત્રી૦ સૂબેદારનું પદ

સૂબો પું૦ [अ.] ઇલાકો; પ્રાંત (૨) ઇલાકા કે પ્રાંતનો હાકેમ

સૂમ વિ૦ (૨) પું૦ કંજૂસ; બખીલ

સૂમડું વિ૦ જુઓ મૂજી ૨

સૂમસામ વિ૦ અવાજ કે હિલચાલ વિનાનું (૨) ન૦ શૂન્યકાર

સૂયણ સ્ત્રી૦ સુયાણી

સૂર પું૦ અવાજ; કંઠ; સ્વર (સંગીત) (૨) (પ.) સૂર્ય

સૂરજ પું૦ સૂર્ય. ૦ફૂલ ન૦ સૂર્યમુખી ફૂલ. ૦મુખી ન૦ એક ફૂલઝાડ કે તેનું ફૂલ. ૦મુખું વિ૦ સૂરજ જેવા તેજસ્વી મુખવાળું

સૂરણ ન૦ એક કંદ [સૌંદર્યની પૂજા

સૂરત સ્ત્રી૦ [अ.] ચહેરો; મુખાકૃતિ. ૦પરસ્તી સ્ત્રી૦ (ચહેરાની)

સૂરત(-તી) સ્ત્રી૦ જુઓ સુરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂરપેટી સ્ત્રી૦ સૂર પૂરવાનું પેટી આકારનું વાદ્ય

સૂરિ(-રી) પું૦ [સં.] વિદ્વાન; પંડિત; આચાર્ય; કવિ (જૈન આચાર્યોના નામ પાછળ લગાડવામાં આવે છે). **-રીશ્વર** પું૦ જૈન સાધુઓનો વડો

સૂરોખાર પું૦ એક જાતનો ક્ષાર

સૂર્ય પું૦ [સં.] સૂરજ. **૦કમલ(-ળ)** ન૦ એક ફૂલઝાડ. **૦કાંત** પું૦ એક કાલ્પનિક મણિ, જેના પર સૂર્યનાં કિરણ પડતાં અગ્નિ ઉત્પન્ન થાય છે એમ મનાય છે. **૦કાંતિ** સ્ત્રી૦ સૂર્યનું તેજ. **૦ગ્રહણ** ન૦ ચંદ્ર આડે આવવાથી સૂર્યબિંબનું ઢંકાવું-ગ્રહણ થવું તે. **૦નમસ્કાર** પું૦ સૂર્યને નમન (૨) તે સાથે કરાતી એક પ્રકારની કસરત. **૦નાડી** સ્ત્રી૦ પિંગલા. **૦નારાયણ** પું૦ સૂર્યદેવ. **૦બિંબ** ન૦ સૂર્યનું બિંબ. **૦મંડલ(-ળ)** ન૦ સૂર્યમાળા(૨)સૂર્યબિંબ. **૦માલા(-ળા)** સ્ત્રી૦ સૂર્ય અને તેની આસપાસ ફરનારા ગ્રહોનો સમૂહ. **૦મુખી** ન૦ એક ફૂલઝાડ કે તેનું ફૂલ. **૦યંત્ર** ન૦ ઉપાસના માટેનું સૂર્યનું યંત્ર (જુઓ યંત્ર) (૨) સૂર્યનું નિરીક્ષણ કરવામાં વપરાતું એક યંત્ર. **૦લોક** પું૦ સૂર્યનો લોક. **૦વંશ** પું૦ ક્ષત્રિયોના બે પ્રધાન વંશમાંનો એક (ચંદ્રવંશ અને સૂર્યવંશ). **૦વંશી** વિ૦ સૂર્યવંશમાં જન્મેલું. **૦સંક્રાંત** સ્ત્રી૦ સૂર્યનું એક રાશિમાંથી બીજીમાં જવું તે. **૦સ્નાન** ન૦સૂર્યનો તાપ ખાવો-શરીર પર લેવો તે; એક નૈસર્ગિક ઉપચાર. **-ર્યાસ્ત** પું૦ સૂરજનું આથમવું તે. **-ર્યોદય** પું૦ સૂર્યનું ઊગવું તે. **-ર્યોપસ્થાન** ન૦ સૂર્યની ઉપાસના-પૂજા

સૂલ વિ૦ સીધું; પાંશરું (૨) ન૦ હિસાબ અથવા ઝઘડાનો નિકાલ;સમાધાન. **૦ટ(-ટું)** વિ૦ચત્તું;સવળું (૨) અનુકૂળ

સૂવર પું૦; ન૦ ભૂંડ; ડુક્કર

સૂવું અ૦ક્રિ૦ આડા પડવું; ઊંઘવું

સૂશી સ્ત્રી૦ એક જાતનું કાપડ

સૂસવવું અ૦ક્રિ૦ (રવ૦) સૂસૂ અવાજ કરવો

સૂહવવું સ૦ક્રિ૦ (પ.) સુહાવવું

સૂળ,-ળી જુઓ શૂળ,-ળી

સૂંખણું ન૦ ઊંબી ઉપરનો સોય જેવો રેસો

સૂંઘણી સ્ત્રી૦ છીંકણી; બજર

સૂંઘવું સ૦ક્રિ૦ વાસ લેવી (૨) નાકના શ્વાસથી અંદર ખેંચવી (છીંકણી). **સૂંઘાડવું** (પ્રેરક). **સૂંઘાવું** (કર્મણિ)

સૂંઠ સ્ત્રી૦ સૂકવેલું આદું

સૂંડલી સ્ત્રી૦ નાનો સૂંડલો. **-લો** પું૦ ટોપલો

સૂંડો પું૦ (કા.) સૂંડલો; ટોપલો

સૂંઢ સ્ત્રી૦ હાથીનો લાંબો નાકવાળો અવયવ

સૂંઢણ ન૦ સૂંઢવું તે; તૈયારી

સૂંઢલ સ્ત્રી૦ (બળદ કે મજૂરીની) સામસામી મદદ

સૂંઢવું અ૦ક્રિ૦સજ્જ થવું. **સૂંઢાડવું** સ૦ક્રિ૦સજ્જ કરવું

સૂંઢાળું વિ૦ સૂંઢવાળું.

સૂંઢિયું વિ૦ સૂંઢવાળું; સૂંઢના આકારનો (કોસ) (૨) ન૦ એક જાતની હલકી જુવાર (૩) ઊંટ કે ઘોડાની પીઠ પર ઘસારો ન લાગે એ માટે પલાણ નીચે નખાતું લંબગોળ કપડું

સૂંથણી સ્ત્રી૦ નાનું સૂંથણું; લેંઘી. **-ણું** ન૦ પાયજામો; સુરવાળ; લેંઘો

સૂંથિયું ન૦ ઘાસની મોટી ઈંઢોણી

સૂંદણ સ્ત્રી૦; ન૦ ભાવસારની લૂગડાં ખારવાળાં કરવાની કૂંડીવાળી ચોખંડી જગા

સૃજવું સ૦ક્રિ૦ સરજવું. **-ન** ન૦ (પ.) સૃષ્ટિ; સરજત

સૃણિ(-ણી) સ્ત્રી૦ [સં.] હાથીનું અંકુશ

સૃષ્ટિ સ્ત્રી૦ [સં.] સરજેલું તે; વિશ્વ; જગત. **૦કર્તા(-ર્ત્તા)** પું૦ સૃષ્ટિનો બનાવનાર; પરમેશ્વર. **૦ક્રમ** પું૦ સૃષ્ટિનો ક્રમ-નિયમ. **૦જ્ઞાન** ન૦ સૃષ્ટિનું જ્ઞાન; વિજ્ઞાન. **૦રચના** સ્ત્રી૦ સૃષ્ટિની રચના. **૦વિજ્ઞાન** ન૦ સૃષ્ટિની રચના વગેરેનું શાસ્ત્ર. **૦સૌંદર્ય** ન૦ કુદરતનું સૌંદર્ય

સેકટો પું૦ જુઓ સરગવો

સેકંડ સ્ત્રી૦ [ઇં.] મિનિટનો સાઠમો ભાગ

સેક્રેટરી પું૦ [ઇં.] મંત્રી

સેચન ન૦ [સં.] જુઓ સિંચન

સેજ સ્ત્રી૦ પથારી

સેજાર ન૦ વરાળ (૨) અંશ; થોડો ભાગ

સેજિયું ન૦ ટૂંકું કોર વગરનું ધોતિયું; પંચિયું

સેજું ન૦સ્વભાવ કે ગુણનું મળતાપણું; સોજ(૨)બાંધો;હાડ

સેટ્ટડું વિ૦ ચોરટું [જુઓ શેડકઢું

સેડ સ્ત્રી૦ પક્ષ; વગ (૨) જોર; શેહ (૩) શેડ. **૦કઢું** વિ૦

સેડવવું સ૦ક્રિ૦ સડી જાય તેમ કરવું

સેતાન,-નિયત,-ની જુઓ શેતાન,-નિયત,-ની

સેતુ પું૦ [સં.] પુલ. **૦બંધ** પું૦ પુલ બાંધવો તે (૨) [સં.] રામે લંકા જવા બાંધેલો પુલ

સેતૂર ન૦ જુઓ શેતૂર [+ શ્યેન; બાજ

સેન ન૦ સૈન્ય (૨) સ્ત્રી૦ આંખનો ચાળો; સાન (૩) પું૦

સેનવો પું૦ એ નામની જાતનો માણસ (શેણવો ?)

સેના ન૦ બખ્તર

સેના સ્ત્રી૦ [સં.] લશ્કર; ફોજ. **૦ધિપત્ય** ન૦ સેનાધિપતિપણું. **૦ધિપતિ, ૦ની, ૦પતિ** પું૦ લશ્કરનો વડો

સેનિકા પું૦ એક છંદ

સેનો પું૦ [ઇં.] એક જાતનું કાપડ

સેપ ન૦ સેબ; સફરજન

સેપટાં ન૦બ૦વ૦ ચામડાના સાટકાની પટીઓ-શકતાં

સેપટી સ્ત્રી૦ ચામડાના સાટકાની પાતળી પટી

સેબ ન૦ [ફા.] સેપ; સફરજન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેમિટિક વિ૦ [इं.] 'સેમાઇટ' નામની પ્રાચીન પ્રજાને લગતું; આસીરિયા, અરબસ્તાન ને તેની આસપાસના પ્રદેશનું કે તેને લગતું

સેર સ્ત્રી૦ [फा.] હવા ખાવી તે; સહેલ

સેર સ્ત્રી૦ જે દોરામાં મોતી, મણકા વગેરે પરોવ્યાં હોય તે; તેવી માળા; સર (૨) ઘાસનું ચપટું પાન કે સળી (૩) ધાર; ધારા (૪) શિરા; નસ (૫) પું૦ + માર્ગ

સેરડો પું૦ જુઓ શેરડો

સેરમાઈ સ્ત્રી૦ એક જાતની માછલી

સેરવવું સ૦ક્રિ૦ સરકાવવું; ખસેડવું

સેરવો પું૦ માંસ ઉકાળીને બનાવેલો રસ

સેરિયું ન૦ એક ઘરેણું (૨) ['સે'માં હશ્રુતિ] શેરિયું; ભીંડીની જાતના એક છોડનું બી [લાગતું

સેલહઘેલું વિ૦ ફૂલેલું; મુગ્ધાવસ્થાના આનંદમાં ઘેલા જેવું

સેલડું(-રું) ન૦ કુંવારનું ફૂલ

સેલરું ન૦ એક ખાવાની વાની (૨) જુઓ સેલડું

સેલારી સ્ત્રી૦ કસબી કોર અને પાલવવાળી એક જાતની સાડી

સેલાસાડી સ્ત્રી૦ સ્ત્રીઓને પહેરવાનું રાતીપીળી લીટીઓવાળું ગરભસુતરાઉ કપડું; શેલાસાડી

સેલી સ્ત્રી૦ રાખોડી (૨) ડોકમાં નંખાતી કાળા દોરાની આંટી (કબીરપંથી સાધુ તથા ફકીરો રાખે છે)

સેલું ન૦ જુઓ શેલું

સેલો પું૦ જુઓ શેલો

સેવ સ્ત્રી૦ શેવ (૨) [પ.] સેવા; ચાકરી

સેવક પું૦ [સં.] સેવા કરનારો; ચાકર (૨) ઉપાસક; ભક્ત. **-કાઈ** સ્ત્રી૦ સેવકપણું. **-કી** સ્ત્રી૦ સ્ત્રી-સેવક; ભક્તાણી. **-કીજળ** ન૦ ઠાકોરજીના સેવકોના ઉપયોગનું જળ

સેવગાંઠિયા પું૦બ૦વ૦ જુઓ શેવગાંઠિયા

સેવડી સ્ત્રી૦ જૈન સાધ્વી

સેવડો પું૦ માથે વાળ વધારનાર જૈન સાધુ; જતિ (૨) જાદુગર

સેવતી સ્ત્રી૦ એક જાતનું ફૂલઝાડ

સેવન ન૦ [સં.] સેવવું તે. **-ના** સ્ત્રી૦ સેવા કરવી તે

સેવર્ધન(-ની) વિ૦ એ નામની જાતની; સેવંત્રું (સોપારી)

સેવવું સ૦ક્રિ૦ સેવા કરવી; ભજવું (૨) ખૂબ સંગ કરવો; ઉપયોગમાં લેવું (૩) [પંખીની માદાએ ઉપર બેસી] હૂંફ આપવી (ઈંડાને)

સેવંત્રું વિ૦ જુઓ સેવર્ધન

સેવા સ્ત્રી૦ [સં.] ચાકરી; નોકરી (૨) પૂજા; આરાધના (૩) સારવાર; બરદાસ્ત (૪) નિષ્કામભાવથી પારકાનું કામ કરવું તે. **૦ધર્મ** પું૦ સેવારૂપી ધર્મ. **૦પૂજા** સ્ત્રી૦ સેવા ને પૂજા. **૦ભાવ** પું૦ સેવાનો ભાવ; સેવા કરવાની વૃત્તિ કે ભાવના. **૦ભાવી** વિ૦ સેવાભાવવાળું. **૦માર્ગ** પું૦ સેવાનો માર્ગ. **૦ર્થી** વિ૦ સેવાના ઉદ્દેશવાળું (૨) માનદ; 'ઓનરરી.'

૭૫

સેવાળ,૦ળું,-ળિયું જુઓ શેવાળ,૦ળું,-ળિયું

સેવિકા સ્ત્રી૦ [સં.] સ્ત્રી-સેવક. **-ત** વિ૦ સેવેલું; સેવાયેલું

સેવિંગ્સ બૅન્ક સ્ત્રી૦ [इं.] બચતનાં નાણાં મૂકવાની પોસ્ટ ખાતામાં ચાલતી બૅન્ક

સેવ્ય વિ૦ [સં.] સેવવા યોગ્ય (૨) પું૦ શેઠ; માલિક

સેશ્વર(-રી) વિ૦ [સં.] ઈશ્વરવાળું; આસ્તિક

સેસ સ્ત્રી૦ વરકન્યા અને અઘરણિયાત સ્ત્રીના ખોળામાં અપાતાં નાળિયેર, પાન, સોપારી અને રૂપિયો (૨) વિવાહાદિક શુભ અવસરે અપાતી ભેટ [ઘાટનું સ્ત્રીઓનું ઘરેણું

સેસફૂલ ન૦ વેણીમાં કે સેંથા આગળ પહેરવાનું ફૂલના

સેળભેળ વિ૦ (૨) ન૦ જુઓ ભેળસેળ. **-ળિયું** વિ૦ સેળભેળ થઈ ગયેલું; સેળભેળવાળું

સેં પું૦ 'એક' સિવાયના સંખ્યાવાચક વિ૦ સાથે વપરાતું 'સો'નું રૂપ. ઉદા૦ બસેં; ચારસેં

સેંકડો પું૦ સોની સંખ્યા; સોનો સમૂહ (૨) સૈકો

સેંતક, ૦નું વિ૦ પુષ્કળ; ઘણું [શેંટલો

સેંત(-થ)લો પું૦ ઝરડાં ઉપાડવાનું બે પાંખિયાંવાળું લાકડું;

સેંથી પું૦ માથાના વાળને બે ભાગમાં ઓળતાં વચ્ચે પડતી લીટી. **-થો** પું૦ જુઓ સેંથી (૨) માથાનું એક ઘરેણું

સેંદ્રિય વિ૦ [સં.] ઇંદ્રિયવાળું

સૈકું ન૦, **-કો** પું૦ સોનો જથો (૨) સો વર્ષનો સમય

સૈડકું ન૦ સૈડકિયું (ગાંઠ) (૨) સૈડકો. **-કાગાંઠ** સ્ત્રી૦ એક છેડો ખેંચવાથી છૂટી જાય તેવી ગાંઠ. **-કિયું** ન૦ સૈડકાગાંઠ (૨) છોકરાંની એક રમત

સૈડકો પું૦ સરડકો; નાક દ્વારા શ્વાસ પાછો ખેંચવાથી થતો અવાજ (૨) સાલ્લાના છાતી ઉપરના પાલવનો જે છેડો સામી બાજુની કૂખમાં ખેંચીને ખોસાય છે તે

સૈડણ ન૦ છાપરાની વળીઓ ઉપર નખાતાં કામઠાં, ચીપો વગેરે (૨) તેમને બાંધવાની દોરી. **૦માળણ** ન૦ છાપરું સૈડવામાં કે માળવામાં વપરાતી વસ્તુઓ

સૈડવું સ૦ક્રિ૦ સૈડણ પાથરીને તે બાંધવું (૨) આંટી દઈ બે ચીજોને ભેગી બાંધવી

સૈદર પું૦ [फा.] વેરો; માથાવેરો [માણસ

સૈનિક વિ૦ [સં.] સૈન્યનું,-ને લગતું (૨) પું૦ લડવૈયો; લશ્કરનો

સૈન્ય ન૦ [સં.] લશ્કર; ફોજ. **૦સત્તાક** વિ૦ સૈન્યની સત્તાવાળું (રાજ્યતંત્ર)

સૈયડ(-ઢ) પું૦બ૦વ૦ બળિયા; શીતળા

સૈયદ પું૦ [अ.] મહંમદ પયગંબરનો વંશજ

સૈરંધ્રી સ્ત્રી૦ [સં.] રણવાસની દાસી (૨) [સં.] વિરાટ રાજાને ત્યાં દાસી તરીકે રહેલી દ્રૌપદી

સૈંધવ વિ૦ [સં.] સિંધુનું,-ને લગતું (૨) પું૦ સિંધવ; એક ક્ષાર (૩) ઘોડો (૪) એક રાગ

સો પું૦ '૧૦૦'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોઇયો પું૦ મોટી સોય; સોયો

સોઈ સ્ત્રી૦ સગવડ; વ્યવસ્થા (૨) દરજી; સઈ

સોક(-ગ)ટી(-ઠી) સ્ત્રી૦,**-ટું(-ઠું)** ન૦ સોકટાબાજીનું મહોરું. **-ટા(-ઠા)બાજી** સ્ત્રી૦ સોકટાં વડે રમવાની એક રમત

સોખમાવું અ૦ક્રિ૦ (કા.) સંકોચાવું; સંકોચ લાગવો

સોગ પું૦ (પ.) શોક

સોગટી(-ઠી),-ટું(-ઠું),-ટા(-ઠા)બાજી જુઓ 'સોકટી'માં

સોગન, સોગંદ [फा.] પું૦બ૦વ૦ સમ; કસમ; શપથ. **૦નામું** ન૦ સોગન પર કરેલો એકરાર; 'એફિડેવિટ'

સોગાત સ્ત્રી૦ [तुर्की] નજરાણાની ચીજ

સોગામું વિ૦ (કા.) શોકસૂચક (વસ્ત્ર; સોગિયું)

સોગિયું વિ૦ શોકવાળું (૨) ન૦ શોકદર્શક વસ્ત્ર; શોકિયું

સોજ પું૦ [फा.] સોજો; દરદ (૨) [લા.] બળતરા;લાગણી

સોજ પું૦ઠાવકાપણું(૨)સૌજન્ય;સદ્વર્તન(૩)વિ૦(પ.)સોજું

સોજી સ્ત્રી૦ મેંદો

સોજીલું વિ૦ સારાં લક્ષણનું; મળતાવડા સ્વભાવનું

સોજું વિ૦ સારું; ઉત્તમ (૨) સ્વચ્છ

સોજો પું૦ લોહીનો જમાવ થઈ ચામડી ઊપસી આવવી તે

સોટી સ્ત્રી૦ નેતર અથવા ઝાડની પાતળી લાકડી. **-ટો** પું૦ મોટી જાડી સોટી; ડંગોરો

સોડ [સો] સ્ત્રી૦ પાસું; બાજુ (૨) સ્ત્રી૦ લાજ કાઢવામાં કે સૂતેલું માણસ મોં ઢાંકવા કપડું મોઢા પર લે છે તે (૩) સોડવણ. **૦વણ** ન૦ ઓઢવાના વસ્ત્ર સાથે નીચે રખાતું સુંવાળું વસ્ત્ર

સોડ ['સો'માં હશ્રુતિ] પું૦;સ્ત્રી૦ વાસ (૨) બો. ૦(-ર)મ સ્ત્રી૦ વાસ; પરિમળ; ગંધ. **૦વું** સ૦ક્રિ૦ સૂંઘવું (૨) અ૦ક્રિ૦ ગંધાવું; સોડાવું. **-ડાવું** અ૦ક્રિ૦ વાસ આવવી

સોડા પું૦ [इं.] એક ખાર. **૦વૉટર** ન૦ સોડાનું પીણું

સોડાવું અ૦ક્રિ૦ સોડવું; વાસ આવવી

સોડિયું ન૦ સ્ત્રીએ પહેરેલા લૂગડાનો ડાબી બાજુનો માથાથી કમર સુધીનો ઝૂલતો ભાગ

સોડે અ૦ પડખે; નજીક (૨) પ્રમાણે; રીતે

સોડો પું૦ જુઓ 'સોડ સ્ત્રી૦' ૨ અર્થ (૨) મદદગાર

સોણ પું૦; સ્ત્રી૦ ફાચર; ખીલી

સોણું ન૦ સ્વપ્નું. **-ણલું** ન૦ સોણું (લાલિત્યવાચક)

સોત(-તું) અ૦ સુધ્ધાં; સહિત

સોત્કંઠ વિ૦ [सं.] ઉત્કંઠાવાળું (૨) અ૦ ઉત્કંઠાપૂર્વક

સોત્સાહ અ૦ [सं.] ઉત્સાહપૂર્વક

સોથો પું૦ ડૂચો (વીંખાઈ, ચૂંથાઈ થયેલો)

સોદર પું૦ [सं.] સહોદર; સગો ભાઈ

સોદાગર પું૦ [फा.] મોટો વેપારી; કીમતી માલનો વેપારી

સોદાગ(-ગી)રી સ્ત્રી૦ [फा.] મોટી કિંમતના માલનો વેપાર; મોટો વેપાર (૨) સોદાગરપણું

સોદું વિ૦ લુચ્ચું; વ્યભિચારી (૨) ઠગ; ધૂર્ત. **-દાઈ** સ્ત્રી૦

સોદો પું૦ [तुर्की] વેચવાનો ધંધો; વેપાર(૨) [લા.] ખરીદી કે તે કરવાનો સંકેત કે વાયદો

સોધરી સ્ત્રી૦ (કા.) તૃપ્તિ; સંતોષ

સોનું ન૦ સુવર્ણ; પીળા રંગની એક કીમતી ધાતુ. **-નકાર** પું૦ + સોની. **-નચંપો** પું૦ પીળો ચંપો. **-નલ** વિ૦ સોનેરી.**-નાગેરુ** પું૦ એક જાતની લાલ માટી.**-નાપાણી** ન૦ જેમાં સોનું બોળ્યું હોય તે પાણી. **-નામહોર** સ્ત્રી૦ સોનાનો સિક્કો. **-નામુખી** સ્ત્રી૦ એક રેચક વનસ્પતિ. **-નાર** પું૦ સોની. **-નારણ** સ્ત્રી૦ સોનીની સ્ત્રી. **-ની** પું૦ સોનારૂપાના ઘાટ ઘડવાનું કામ કરનાર. **-નેરી** વિ૦ સોના જેવા પીળા રંગનું (૨) સોનાનું (૩) સોનાનો ઢોળ ચડાવેલું. **-નૈયો** પું૦ સોનાનો સિક્કો

સોનેટ ન૦ [इं.] અંગ્રેજી કાવ્યનો એક પ્રકાર

સોપટ અ૦ સીધેસીધું; પાધરું; શેપટ

સોપપત્તિક વિ૦ [सं.] ઉપપત્તિ-પ્રમાણયુક્ત

સોપાધ, ૦ક વિ૦ [सं.] ઉપાધિવાળું

સોપાન ન૦ [सं.] સીડી; દાદર (૨) પગથિયું

સોપારા પું૦ અધ્યાય

સોપારી સ્ત્રી૦;ન૦ મુખવાસમાં વપરાતું એક સૂકું ફળ; ફોફળ

સોપો પું૦ રાત્રીના પહેલા પહોરમાં પ્રાણીઓ નિદ્રાવશ થતાં વળતો જંપ કે શાંતિ

સોફ સ્ત્રી૦ ભયનો ધ્રાસકો; ધાક (૨) સોજો

સોફવા પું૦ શરીર ફૂલી જાય તેવો વાયુનો રોગ

સોફા પું૦ [इं.] લાંબી અને ગાદીવાળી ખુરશીઘાટની બેઠક (એકથી વધુ બેસે એવી) [મિત્ર

સોબત સ્ત્રી૦ સાથ; મૈત્રી; સંગ. **-તી** પું૦ સાથી; જોડિયો;

સોભ ન૦ સૌભાગ્યનું ગીત (વરકન્યા પરણી ઊઠયા પછી ગવાતું)

સોભાગવટું ન૦ બારસાખ ઉપરનું આડું લાકડું

સોમ પું૦ [सं.] સોમવલ્લી; તેનો રસ (૨) ચંદ્રમા (૩) સોમવાર (૪) પું૦ સંગીતમાં એક અલંકાર. **૦પ્રદોષ** સોમવારે એક ટંક ખાવાનું વ્રત. **૦પાન** ન૦ સોમરસ પીવો તે. **૦યજ્ઞ, ૦યાગ** પું૦ જેમાં સોમરસ પીવામાં આવતો તેવો એક યજ્ઞ. **૦રસ** પું૦ સોમવલ્લીનો માદક રસ. **૦વતી** વિ૦સ્ત્રી૦ સોમવારે આવતી (અમાસ). **૦વદની** વિ૦સ્ત્રી૦ ચંદ્રવદની. **૦વલ્લી,૦વેલી** સ્ત્રી૦ વેદકાળમાં પ્રસિદ્ધ એક લતા, જેનાં પાનના રસનો યજ્ઞોમાં ઉપયોગ થતો. **૦વાર** પું૦ અઠવાડિયાનો દિવસ. **૦વારું** વિ૦ સોમવારનું; સોમવારે આવતું કે શરૂ થતું

સોમલ પું૦; ન૦ એક ઉપધાતુ કે પથ્થર; એક અત્યંત ઝેરી પદાર્થ. **૦ખાર** પું૦ ધોળો સોમલ; શંખિયો સોમલ

સોમેશ્વર પું૦ [सं.] (સં.) એક પ્રસિદ્ધ શિવલિંગ

સોય [સો] સ્ત્રી૦ સીવવાનું નાકાવાળું, પાતળું અણીદાર સાધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોય સ૦ (પ.) તે

સોય(-હિ)ણી સ્ત્રી૦ એક રાગિણી [જેવા)

સોયાબીન સ્ત્રી૦ [ઇં.] એ નામની ફળી કે દાણો (વટાણા

સોયો પું૦ મોટી સોય; સોઇયો

સોરટી સ્ત્રી૦ ઘણા જણની રકમ ભેગી કરી અમુક હિસ્સો રાખી બાકીનામાંથી ચિઠ્ઠી નાખી જેનું નામ આવે તેને નિયત ઇનામ આપવું તે; 'લૉટરી'

સોરઠ પું૦ (સં.) કાઠિયાવાડનો એક ભાગ; સૌરાષ્ટ્ર (૨) એક રાગ. -ઠિયાણી સ્ત્રી૦ સોરઠી સ્ત્રી. -ઠિયો પું૦ સોરઠમાં થતો એક જાતનો ઘોડો. -ઠી વિ૦ સોરઠ દેશનું, -ને લગતું. -ઠો પું૦ એક છંદ

સોરણ સ્ત્રી૦; ન૦ વિયોગથી થતું ઝૂરણ; સોરવું તે

સોરમ સ્ત્રી૦ જુઓ સોડમ

સોરવવું સ૦ક્રિ૦ ગમવું; ગોઠવું; ચેન પડવું

સોરવું ['સો'માં હશ્રુતિ] સ૦ક્રિ૦ ઉઝરડી કે આછું છોલી કે ખાંપાખૂંપી કાઢી સાફ કરવું

સોરવું [સો] અ૦ક્રિ૦ વિયોગથી ઝૂરવું

સોરંગ વિ૦ + જુઓ સુરંગ [૦લાલ પું૦ ફક્કડ પુરુષ

સોરંગી સ્ત્રી૦ એક વનસ્પતિ (જેનો લાલ રંગ બને છે).

સોરંભ સ્ત્રી૦ + સોરમ; સૌરભ [ખૂબ ભાંડવું

સોરાટવું સ૦ક્રિ૦ સોર સોર કરવું; ખૂબ છોલવું (૨) [લા.]

સોરામણ સ્ત્રી૦ જુઓ સોરણ

સોરાવટ સ્ત્રી૦ સોસ [શોધાશોધ

સોરાસોર સ્ત્રી૦ છોલાછોલ; સોરંસોરા (૨) શોરબકોર (૩)

સોરી સ્ત્રી૦ સોરવવું-ગમવું તે (૨) કરસણના સાંઠાને સુકાવા ઊભા મૂકવા તે

સોરું અ૦ લગીમાં; સુધીમાં [પ્રકારનો ધારાશાસ્ત્રી

સોલિસિટર પું૦ [ઇં.] અસીલો સાથે સંબંધ રાખતો એક

સોલો પું૦ [ઇં.] પત્તાંની એક રમત

સોલ્જર પું૦ [ઇં.] સૈનિક (૨) ગોરો સૈનિક

સોલ્લાસ વિ૦ [સં.] ઉલ્લાસવાળું (૨) અ૦ ઉલ્લાસ સાથે

સોવડા(-રા)વવું સ૦ક્રિ૦ 'સોવું', 'સોવાવું'નું પ્રેરક

સો વસા અ૦ લગભગ નક્કી; ખાતરીપૂર્વક

સોવાટ પું૦ સોવાવું તે

સોવાવું અ૦ક્રિ૦ અહીંતહીં ફાંફાં મારવાં; મુશ્કેલીમાંથી છૂટવા આમતેમ બેફામ જેવા દોડવું (૨) 'સોવું'નું કર્મણિ

સોવા(-હા)સણ(-ણી) સ્ત્રી૦ સૌભાગ્યવતી; સધવા

સોવિયેટ ન૦ [ઇં.] ગ્રામપંચાયત જેવું સ્વસત્તાક મંડળ

સોવું સ૦ક્રિ૦ સૂપડામાં નાંખી આમતેમ ફેરવીને ઝાટકવું

સોવ્રણ ન૦ + સુવર્ણ. ૦કાર પું૦ સોની

સોસ પું૦ અતિશય તરસ; ગળે પડતી સૂક (૨) [લા.] તીવ્ર ઇચ્છા (૩) ફિકર; ચિંતા. ૦ના સ્ત્રી૦ સોસ. ૦વાવું અ૦ક્રિ૦ રસનું સુકાઈ જવું (૨) શરીરનું સુકાવું (ચિંતાથી). ૦વું અ૦ક્રિ૦ સહન કરવું (૨) સ૦ક્રિ૦ શોષવું; ચૂસી લેવું

સોસણું વિ૦ ભુલકણું; વીસરભોળું; સૂનું; સંભાળ વિનાનું. -ણાઈ સ્ત્રી૦ બેફામપણું

સોસાયટી સ્ત્રી૦ [ઇં.] મંડળી (૨) સમાજ

સોસાવું અ૦ક્રિ૦ જુઓ સોસવાવું (૨) 'સોસવું'નું કર્મણિ

સોહવું અ૦ક્રિ૦ શોભવું; સોહાવું. -ણી સ્ત્રી૦ + શોભા

સોહં શ૦પ્ર૦ [સં.] 'તે (બ્રહ્મ) હું છું' એવું એક મહાવાક્ય

સોહા સ્ત્રી૦ (પ.) શોભા. ૦ગ વિ૦ (પ.) સોહાગી; શોભીતું

સોહાગ પું૦ હેવાતન (૨) રૂડું ભાગ્ય (૩) વિ૦ જુઓ 'સોહા'-માં. ૦ણ વિ૦ સ્ત્રી૦ સૌભાગ્યવંતી [આનંદી

સોહાગી વિ૦ સુશોભિત (૨) સારા ભાગ્યવાળું; સુખી (૩)

સોહામણું, સોહાવનું + વિ૦ સુશોભિત

સોહાવવું સ૦ક્રિ૦ શોભાવવું; 'સોહ(-હા)વું'નું પ્રેરક

સોહાવું અ૦ક્રિ૦ સોહવું

સોહાસણ(-ણી) સ્ત્રી૦ સોહાગણ

સોહિણી(-ની) સ્ત્રી૦ એક રાગિણી (૨) + સ્વરૂપવતી સ્ત્રી

સોહોર પું૦ + ઘોંઘાટ; શોરબકોર

સોહ્ય વિ૦ + મનોહર; સુંદર; સોહતું

સોહ્યલું વિ૦ સોહામણું (૨) સહેલું (૩) સુખદાયક (૪) ન૦ ઉત્સવ; આનંદ; ચમન. -લો પું૦ ભભકો; રોફ (૨) આનંદનો ઉછાળો; ઉત્સવ (૩) સૌભાગ્યનું અભિમાન

સોળ વિ૦ '૧૬'. ૦કૂકી સ્ત્રી૦ સોળ કૂકીથી રમાતી એક બાજી. ૦પેજી વિ૦ (છાપવામાં) સોળ પૃષ્ઠ થાય એવા કદનું. ૦ભત્તું ન૦ સોળ ટંક ઉપવાસનું વ્રત (જૈન)

સોળ [સો] પું૦, -ળું ન૦ મારનો (સોટી વગેરેનો) શરીર પર પડતો આંકો [મરજાદ (૪) જુઓ 'સોળ'માં

સોળું વિ૦ ધોઈને અલગ રાખેલું (૨) ન૦ અબોટિયું (૩)

સોળૈયો પું૦ સોળ ફૂટનો લાંબો વળો

સોં સ્ત્રી૦ ભાન; શુદ્ધિ (૨) સમજણ; અક્કલ (૩) સ્ફૂર્તિ; તેજી

સોંગ પું૦ નાટકમાંનો વેશ; કૃત્રિમ દેખાવ (૨) ઢોંગ

સોંઘ, ૦વારી સ્ત્રી૦, -ઘારત(-થ) સ્ત્રી૦; ન૦ સસ્તાપણું; છત. -ઘું વિ૦ સસ્તું [હોય તોપણ આપવું

સોંઠવું સ૦ક્રિ૦ આપવું (૨) ગરજ હોય ત્યારે ઇચ્છા ન

સોંઢવું અ૦ક્રિ૦ સૂંઢવું; તૈયાર થવું (૨) સાંઢવું; જવું

સોંધો પું૦ એક સુગંધીદાર પદાર્થ

સોંપણ(-રત) સ્ત્રી૦ સુપરત; ભાળવણી

સોંપવું સ૦ક્રિ૦ કોઈના કબજામાં સાચવવા આપવું; ભાળવવું

સોંફ સ્ત્રી૦ [हिं.] વરિયાળી

સોંસરવું, સોંસરું વિ૦ (૨) અ૦ આરપાર

સૌ વિ૦ સઘળું; સર્વ; સહુ

સૌકર્ય ન૦ [સં.] સુકરતા; સહેલાઈ

સૌકુમાર્ય ન૦ [સં.] સુકુમારતા; નાજુકતા; મૃદુતા

સૌખ્ય ન૦ [સં.] સુખ; આરોગ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌગત(-તિક) પું૦ [સં.] સુગત-બુદ્ધનો અનુયાયી

સૌજન્ય ન૦ [સં.] સુજનતા; ભલાઈ

સૌત્રામણ પું૦ એક ફેરી પીણું (૨) એક યજ્ઞ

સૌદામ(-મિ)ની સ્ત્રી૦[સં.]વીજળી [(૨)ન૦લગ્નની ભેટ

સૌદાયક વિ૦કન્યાને સગાં તરફથી ભેટ તરીકે અપાતી(વસ્તુ)

સૌભાગ્ય ન૦[સં.] સારું ભાગ્ય (૨) સુખ; આનંદ; કલ્યાણ (૩) સધવાવસ્થા (૪) ઐશ્વર્ય (૫) સૌંદર્ય (૬) જ્યોતિષમાં એક યોગ. **૦ચિહ્ન** ન૦ સૌભાગ્યાવસ્થા સૂચવનારાં સ્ત્રીનાં આભૂષણ (ચાંલ્લો, કેશ વગેરે). **૦દ્રવ્ય** ન૦હળદર, કંકુ, અક્ષત વગેરે માંગલિક વસ્તુઓ. **૦પંચમી** સ્ત્રી૦ કાર્તિક સુદિ પાંચમ. **૦વ(-વં)તી** વિ૦સ્ત્રી૦ સધવા; સુવાસિની. **૦વર્ધ(૦ક)** વિ૦ સૌભાગ્ય વધારનાર

સૌભ્રાત્ર ન૦[સં.] સગાઈ કે પ્રેમનો સંબંધ

સૌમનસ્ય ન૦ [સં.] પ્રસન્નતા

સૌમિત્ર(-ત્રિ) પું૦ [સં.] (સં.) સુમિત્રાનો પુત્ર-લક્ષ્મણ

સૌમ્ય વિ૦ [સં.] સુશીલ; શાંત (૨) મનોહર; સુંદર

સૌર વિ૦ [સં.] સૂર્ય સંબંધી. **૦માસ** પું૦ એક રાશિમાં જેટલો કાળ સૂર્ય રહે તેટલો કાળ. **૦વર્ષ** ન૦ એક મેષ-સંક્રાંતિથી માંડીને ૧૨ રાશિ ફરીને ફરી મેષમાં આવતાં સૂર્યને જેટલો કાળ જાય તેટલો કાળ

સૌરભ ન૦ [સં.] સુગંધ

સૌરાષ્ટ્ર પું૦; ન૦ [સં.] (સં.) સોરઠ દેશ. **-ષ્ટ્રી** વિ૦ સૌરાષ્ટ્રનું (૨)પું૦ ત્યાંનો વતની(૩)સ્ત્રી૦ ઉત્તર ગુજરાતની જૂની પ્રાકૃત ભાષા

સૌવર્ણ વિ૦ [સં.] સુવર્ણનું; સોનેરી

સૌવીરી સ્ત્રી૦ [સં.] મધ્યમ ગ્રામની એક મૂર્ચ્છના

સૌશીલ્ય ન૦ [સં.] સુશીલતા; સદ્વર્તન

સૌષ્ઠવ ન૦ [સં.] ઉત્કૃષ્ટપણું (૨) સુંદરતા (૩) ચપળતા; લાઘવ. **૦પ્રિય** વિ૦ સૌષ્ઠવ જેને પ્રિય છે તેવું

સૌહાર્દ(-ર્દ્ય) ન૦ [સં.] સુહૃદતા; મિત્રતા

સૌંદર્ય ન૦ [સં.] સુંદરતા

સ્કંદ પું૦ [સં.](સં.) કાર્ત્તિકેય

સ્કંધ પું૦ [સં.] ખભો (૨) ડાળી (૩) થડ (૪) સૈન્યનો વ્યૂહ (૫) સમુદાય (૬) વિભાગ; પ્રકરણ

સ્કાઉટ પું૦ [इं.] મુખ્યત્વે છોકરાંઓની તાલીમ માટે રચાયેલા, એ નામના એક સંઘનું માણસ

સ્કૂ પું૦ [इं.] પેચવાળો ખીલો

સ્ખલન ન૦ [સં.] ભૂલ; ચૂક (૨) સન્માર્ગથી ચ્યુત થવું તે (૩) ટપકવું, ઝરવું કે પડવું તે (૪) ઠોકર (૫) તોતડાવું તે. **૦શીલ** વિ૦ વારંવાર સ્ખલન કર્યા કરનાર

સ્ખલિત વિ૦ [સં.] સ્ખલન પામેલું

સ્ટવ પું૦[इं.] ઘાસતેલથી બળતો એક જાતનો ચૂલો

સ્ટીમર સ્ત્રી૦ [इं.] આગબોટ

સ્ટેમ્પ પું૦[इं.] સિક્કો કે તેની છાપ(૨)(ખતદસ્તાવેજની) ટિકિટ કે એનો સરકારી કાગળ

સ્ટેશન ન૦ [इं.] આગગાડીને થોભવાનું મથક. **૦માસ્તર** પું૦ સ્ટેશનનો વડો અમલદાર

સ્તન ન૦[સં.] થાન; ધાઈ. **૦પાન** ન૦ ધાવવું તે. **-નંધય** વિ૦ (૨) ન૦ ધાવણું(બાળક). **-ન્ય** ન૦ દૂધ

સ્તબક પું૦ [સં.] ફૂલનો ગુચ્છો (૨) પરિચ્છેદ; અધ્યાય

સ્તબ્ધ વિ૦[સં.] આશ્ચર્યચકિત; દિઙ્મૂઢ (૨) જડ; નિશ્ચેષ્ટ

સ્તવ પું૦, **૦ન** ન૦[સં.] સ્તુતિ. **૦નીય** વિ૦ સ્તુત્ય; સ્તવ્ય. **૦વું** સ૦ક્રિ૦ સ્તુતિ કરવી. **-વ્ય** વિ૦ સ્તુતિ કરવા યોગ્ય

સ્તંભ પું૦[સં.] થાંભલો; ટેકો (૨) જડતા; નિશ્ચેષ્ટતા (૩) પ્રતિબંધ; રુકાવટ; નિયમન (૪) કાવ્યના અષ્ટભાવમાંનો એક. **૦ન** ન૦ થોભાવવું, અટકાવવું કે રોકવું તે (૨) સહારો; ટેકો (૩) જડ કે નિશ્ચેષ્ટ કરી દેવું તે (મંત્ર કે પ્રયોગથી). **૦વું** અ૦ક્રિ૦ થોભવું. **-ભિત** વિ૦ થોભાવેલું (૨) ટેકવેલું (૩) સ્તબ્ધ [ઉદા૦ હિંદુસ્તાન

સ્તાન ન૦ [फा.] 'સ્થાન' એ અર્થમાં નામને લાગે છે.

સ્તુતિ સ્ત્રી૦[સં.] ગુણગાન; તારીફ; વખાણ (૨) દેવદેવીની સ્તુતિ-પ્રાર્થના. **૦પાઠ** પું૦ સ્તુતિ ગાવી તે. **૦પાઠક** પું૦ ભાટ; ચારણ. **૦પાત્ર,-ત્ય** વિ૦ પ્રશંસા કરવા યોગ્ય. **-ત્યર્થવાદ** પું૦(વ્યા.) મૂળવાદમાં વધારો કરી વિશેષ કહેવું તે [(બુદ્ધના અવશેષો ઉપર)

સ્તૂપ પું૦ [સં.] રાશિ; ઢગલો (૨) ઘુમ્મટ જેવું બાંધકામ

સ્તેન પું૦ [સં.] ચોર. **સ્તેય** ન૦ [સં.] ચોરી

સ્તોતા પું૦ [સં.] સ્તુતિ કરનાર

સ્તોત્ર ન૦ [સં.] કોઈ પણ દેવની છંદોબદ્ધ સ્તુતિ

સ્તોમ પું૦ [સં.] સ્તુતિ; સ્તવન (૨) યજ્ઞ (૩) સમૂહ

સ્ત્યાન ન૦ [સં.] સ્થૂળતા; જાડપણ (૨) (યોગમાં) પ્રમાદ; ઇંદ્રિયની જડતા કે અશક્તિ

સ્ત્રિયારાજ ન૦ જુઓ ત્રિયારાજ [(૨) સ્ત્રીઘેલું

સ્ત્રિયાળ(-ળું) વિ૦ સ્ત્રી જેવા સ્વભાવનું; પોચું અને વેવલું

સ્ત્રી સ્ત્રી૦[સં.]બૈરી(૨)પત્ની. **૦કેસર** ન૦ફૂલનો માદા બીજ-વાળો રેસો. **૦કેળવણી** સ્ત્રી૦સ્ત્રીઓની કેળવણી. **૦ચરિત-(-ત્ર)** ન૦ સ્ત્રીની ચતુરાઈ. **૦જન** ન૦ બાઈમાણસ; બૈરું. **૦જાતિ** સ્ત્રી૦ આખો સ્ત્રીવર્ગ. **૦જિત** વિ૦ નારજિત; બૈરીને વશ; બૈરીના કહ્યામાં રહેનાર. **૦ત્વ** ન૦. **૦દાક્ષિણ્ય** ન૦ સ્ત્રી તરફ માનભરી વર્તણૂક; 'શીવલરી'. **૦ધન** ન૦ સ્ત્રીની પોતાની જ માલકીનું ધન. **૦ધર્મ** પું૦ સ્ત્રીનો ધર્મ -તેનાં ખાસ ગુણલક્ષણ વગેરે કે કર્તવ્યાદિ (૨) રજોદર્શન. **૦પાત્ર** ન૦નાટ્ય વગેરેનું નારીપાત્ર. **૦પુરુષસંબંધ** પું૦ સ્ત્રી અને પુરુષ વચ્ચે સંસર્ગ, સંબંધ ઇ૦ વ્યવહાર. **૦બહુમાન** ન૦ સ્ત્રીઓ પ્રત્યેનું આદરમાન; સ્ત્રીદાક્ષિણ્ય. **૦બુદ્ધિ** સ્ત્રી૦ સ્ત્રીની બુદ્ધિ (૨) સ્ત્રીની સલાહ. **૦લિંગ** ન૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારીજાતિ (વ્યા.). ૦શિક્ષક પું૦; સ્ત્રી૦શિક્ષિકા. ૦શિક્ષણ ન૦ સ્ત્રીકેળવણી. ૦સ્વભાવ પું૦ સ્ત્રીનો સ્વભાવ. ૦સ્વાતંત્ર્ય ન૦ સ્ત્રીઓની સ્વતંત્રતા. ૦હઠ સ્ત્રી૦ સ્ત્રીની હઠ(૨)[લા.]ભારે, જબરી હઠ. ૦હત્યા સ્ત્રી૦ સ્ત્રીની હત્યા કે તેને માર્યાનું પાપ

સ્ત્રૈણ વિ૦ [સં.] સ્ત્રી જેવું (૨) બીકણ અને વેવલું; નામર્દ (૩) ન૦ સ્ત્રીત્વ (૪) નામર્દાઈ. ૦તા સ્ત્રી૦, ૦પણું ન૦

સ્થ અ૦ [સં.] 'રહેનારું, રહેલું' એ અર્થમાં સમાસને અંતે. ઉદા૦ કંઠસ્થ; માર્ગસ્થ

સ્થગિત વિ૦ [સં.] થંભી ગયેલું; રોકાયેલું

સ્થપતિ પું૦ [સં.] શિલ્પી; સ્થાપત્ય જાણનાર

સ્થલ(-ળ) ન૦ [સં.] જગા; સ્થાન (૨) જમીન. ૦ચર વિ૦ જમીન ઉપર ફરનારું કે રહેનારું. ૦દેવતા પું૦બ૦વ૦; સ્ત્રી૦ અમુક સ્થળની પાલક દેવી કે દેવ. ૦પદ્મ ન૦ બિલાડીનો ટોપ(?). ૦માર્ગ પું૦જમીન પર થઈને જતો માર્ગ. ૦વાચક વિ૦સ્થળનો બોધ કરનારું (વ્યા.). ૦વિદ્યા સ્ત્રી૦ ભૂગોળવિદ્યાનો સ્થળો વિષેની વિગતવાર માહિતીનો ભાગ; 'ટોપોગ્રાફી'. -લાં(-ળાં)તર ન૦ અન્ય સ્થળ(૨) સ્થળની ફેરબદલી. -લી(-ળી) સ્ત્રી૦ જગા; પ્રદેશ

સ્થવિકા સ્ત્રી૦ [સં.] થેલી [સાધુ. -રા સ્ત્રી૦ ડોસી

સ્થવિર વિ૦[સં.]વૃદ્ધ(૨)પું૦ડોસો (૩) દશ વર્ષ જૂનો બૌદ્ધ

સ્થળ, ૦ચર, ૦દેવતા, ૦માર્ગ, ૦વાચક, ૦વિદ્યા, -ળાંતર, -ળી જુઓ 'સ્થલ'માં

સ્થંડિલ ન૦ [સં.] યજ્ઞ માટે તૈયાર કરેલી જમીન(૨)ઓટલી

સ્થાણુ વિ૦ [સં.] સ્થિર; અચલ (૨) પું૦ ડાળાંપાંખડાં વિનાનું થડ; ઠૂંઠું (૩) [સં.] મહાદેવ. ૦ખનનન્યાય પું૦ થાંભલો રોપીને તેને તપાસી જોવા હલાવી જુએ છે તેમ, વસ્તુ કર્યા પછી તેને તપાસી જોવી તે

સ્થાન ન૦ [સં.] જગા; ઠેકાણું; સ્થળ (૨) રહેઠાણ (૩) પદ; પદવી. ૦ક ન૦ સ્થાન; રહેઠાણ (૨) બેઠક; આસન (૩) પદવી; દરજ્જો. ૦કવાસી પું૦ જૈનોનો એક સંપ્રદાય. ૦ભ્રષ્ટ વિ૦ પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલું (૨) પદભ્રષ્ટ; હોદ્દા ઉપરથી કાઢી મૂકેલું (૩) ગાવામાં ત્રણે સપ્તકમાં ન પહોંચી શકનાર. -નાંતર ન૦ અન્ય સ્થાન (૨) સ્થાનની ફેરબદલી; ઠામબદલો. -નિક વિ૦ અમુક સ્થાનનું, -ને લગતું. -નિક સ્વરાજ્ય ન૦ અમુક સ્થાનનાં સુધરાઈ જેવાં જાહેર કામો ત્યાંના લોકો પોતે તંત્ર રચીને ચલાવે તેવી વ્યવસ્થા; 'લોકલ સેલ્ફ-ગવર્નમેન્ટ'

સ્થાપક વિ૦ (૨) પું૦ [સં.] સ્થાપન કરનાર. -ત્ય ન૦ સ્થપતિનું કામ કે વિદ્યા; શિલ્પશાસ્ત્ર (૨)ઇમારત; બાંધકામ. -ન ન૦, -ના સ્ત્રી૦ સ્થાપવું-સ્થાપિત કરવું તે. -વું સ૦ક્રિ૦ પ્રતિષ્ઠા કરવી; નિર્માણ કરવું (૨)જગા પર મુકરર કરવું (૩) પ્રમાણપૂર્વક સાબિત કરવું

સ્થાપિત વિ૦ [સં.] સ્થાપેલું

સ્થાય પું૦ [સં.] આધાર; પાત્ર (૨) સામર્થ્ય (૩) સ્થાન; મુકામ (૪) રાગનો એક અવયવ (સંગીત). ૦ભંજની સ્ત્રી૦ સ્થાયનું ભંજન કરતો આલાપ. -યિત્વ ન૦. -યી વિ૦ ઘણી વાર ટકે તેવું; ટકાઉ(૨)સ્થિર. -યીભાવ પું૦ જે ભાવો ચિત્તમાં સંસ્કારરૂપે હમેશાં વર્તમાન હોય છે અને વિભાવ આદિથી અભિવ્યક્ત થઈ રસપણાને પામે છે તે (રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, નિંદા, વિસ્મય અને નિર્વેદ) [કા.શા.]

સ્થાલી સ્ત્રી૦ [સં.] થાળી; કથરોટ; ખૂમચો. ૦પુલાકન્યાય પું૦ વાસણમાંથી એક ચોખાનો દાણો દબાવી જોઈને બધા ચોખા ચડ્યા છે કે કાચા છે તે નક્કી કરવામાં આવે છે તેમ, વસ્તુનો એક અંશ જાણી સમગ્રની કલ્પના કરવી તે (ન્યા.)

સ્થાવર વિ૦ [સં.] અચલ; સ્થિર (૨) ખસી શકે નહિ તેવું ('જંગમ'થી ઊલટું) (૩) પું૦ પર્વત. ૦તા સ્ત્રી૦

સ્થિત વિ૦ [સં.] રહેલું; નિવાસી (૨) અચલ; સ્થિર. ૦પ્રજ્ઞ વિ૦ જેની બુદ્ધિ સ્થિર છે એવું; જ્ઞાની

સ્થિતિ સ્ત્રી૦ [સં.] એક સ્થાન કે અવસ્થામાં સ્થિર રહેવું તે (૨) નિવાસ (૩) અવસ્થા; દશા (૪) પદ; દરજ્જો (૫) મર્યાદા. ૦ચુસ્ત વિ૦ 'કૉન્ઝરવેટિવ'. ૦શાસ્ત્ર ન૦ 'સ્ટૅટિક્સ' (ગ.). ૦સ્થાપક વિ૦ અસલ સ્થિતિને વળગી રહેનારું (૨) રબર પેઠે, વાળીએ તો વળે પણ છોડી દઈએ કે તરત પોતાની મૂળ સ્થિતિએ ચાલ્યું જાય તેવું. ૦સ્થાપકતા સ્ત્રી૦, ૦સ્થાપકત્વ ન૦

સ્થિત્યંતર ન૦ [સં.] બીજી-નવી સ્થિતિ

સ્થિર વિ૦ [સં.] હાલતું ચાલતું ન હોય તેવું (૨) દૃઢ; અટલ (૩) સ્થાયી; નિત્ય (૪) નિશ્ચિત. ૦તા સ્ત્રી૦. ૦ચિત્ત વિ૦ સ્થિર ચિત્તવાળું. ૦બુદ્ધિ વિ૦ સ્થિતપ્રજ્ઞ. ૦વીર્ય વિ૦ જેનું વીર્ય અચલિત છે એવું; બ્રહ્મચારી

સ્થૂલ(-ળ) વિ૦ [સં.] જાડું; મોટું (૨) મૂર્ખ; જડ (૩) સૂક્ષ્મ નહિ તેવું; સામાન્ય ઇંદ્રિયો તેમ જ બુદ્ધિથી ગ્રહણ કરી શકાય તેવું. ૦તા સ્ત્રી૦. ૦દેહ પું૦ પંચભૂતાત્મક શરીર

સ્થૈર્ય ન૦ [સં.] સ્થિરતા

સ્નાત વિ૦ [સં.] નાહેલું (૨) અભ્યાસ પૂરો કરીને આવેલું હોઈ સમાવર્તન સંસ્કાર કર્યો હોય તેવું (૩) પું૦ તેવો આદમી. ૦ક પું૦ જુઓ સ્નાત (૨) વિદ્યાપીઠની પદવીવાળો

સ્નાન ન૦ [સં.] નાવણ (૨) મરણ નિમિત્તે નાહવું તે; સનાન. ૦ગૃહ ન૦ નાહવાની ઓરડી

સ્નાયુ પું૦ [સં.] માંસના તંતુ, જેનાથી અવયવો હલાવી કરી શકાય છે. ૦બદ્ધ ન૦ બંધાયેલા મજબૂત સ્નાયુઓવાળું

સ્નિગ્ધ વિ૦ [સં.] લીસું; કોમળ (૨) ચીકણું. ૦તા સ્ત્રી૦

સ્નુષા સ્ત્રી૦ [સં.] દીકરાની વહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નેહ પું૦ [સં.] પ્રેમ; પ્રીતિ; વહાલ (૨) ચીકણો પદાર્થ; તેલ. **૦લગ્ન** ન૦ એકબીજાના સ્નેહથી ખેંચાઈને કરેલું લગ્ન. **૦સંમેલન** ન૦ સ્નેહીઓનો મેળાવડો; 'સોશિયલ ગૅધરિંગ'. **૦હત્યા** સ્ત્રી૦ પ્રેમની હત્યા; પ્રેમનો ભંગ કર્યાનો દોષ. **–હાકર્ષણ** ન૦ સ્નેહનું આકર્ષણ. **–હાધીન** વિ૦ સ્નેહથી અધીન બનેલું. **–હાળ** વિ૦ હેતાળ; સ્નેહવાળું. **–હી** વિ૦ સ્નેહવાળું; પ્રેમી (૨) પું૦ મિત્ર; પ્રિયજન

સ્પર્ધવું અ૦ક્રિ૦ સ્પર્ધા કરવી

સ્પર્ધા સ્ત્રી૦ [સં.] સરસાઈ; હરીફાઈ (૨) ઈર્ષા; દ્વેષ

સ્પર્ધાળુ વિ૦ ચડસીલું (૨) અદેખું; દ્વેષીલું

સ્પર્શ પું૦ [સં.] અડવું તે (૨) સંસર્ગ (૩) સ્પર્શેન્દ્રિયથી થતું જ્ઞાન (૪) [લા.] લવ; લેશ. **૦ક** પું૦ 'ટેન્જન્ટ'. (ગ.). **૦કાલ(–ળ)** પું૦ ગ્રહણ શરૂ થાય તે વખત. **૦કોણ** પું૦ 'ઇન્ટ્રિન્ઝિક ઍન્ગલ' (ગ.). **૦જન્ય** વિ૦ સ્પર્શથી થતું. **૦જીવા** સ્ત્રી૦ જુઓ સંપર્કજીવા. **૦તા** સ્ત્રી૦ સ્પર્શ હોવો તે; અસર કે સંસર્ગ. **૦ન** ન૦ સ્પર્શ; સ્પર્શવું તે. **૦વું** સ૦ક્રિ૦ અડવું; સ્પર્શ કરવો. **૦બિંદુ** ન૦ 'પૉઇન્ટ ઑફ કૉન્ટૅક્ટ (ગ.). **૦મણિ** ન૦ પારસમણિ. **૦વ્યંજન** પું૦ ક થી મ પર્યંતના ૨૫ વ્યંજન; વ્યંજનમાંનો દરેક. **–ર્શાસ્પર્શ** પું૦, **–ર્શાસ્પર્શી** સ્ત્રી૦ આભડછેટ. **–ર્શેન્દ્રિય** સ્ત્રી૦ ત્વગિંદ્રિય; ચામડી

સ્પષ્ટ વિ૦[સં] સહેલાઈથી દેખી કે સમજી શકાય તેવું; ખુલ્લું; સ્ફુટ. **૦તા** સ્ત્રી૦. **૦વક્તા** પું૦ ખરાબોલો; ચોખ્ખેચોખ્ખું કહી દેનારો. **–ષ્ટીકરણ** ન૦ સ્પષ્ટ કરવું તે; ખુલાસો. **–ષ્ટોક્તિ** સ્ત્રી૦ સાફ–સ્પષ્ટ કહેવું તે

સ્પંદ પું૦, **૦ન** ન૦ [સં.] થડકો; સ્ફુરણ; પલકારો; કંપ

સ્પિરિટ પું૦ [ઇં.] દારૂ (૨) બાળવાનો દારૂ

સ્પૃશ્ય વિ૦ [સં.] અડકવા યોગ્ય [(વાણીનો પ્રયત્ન)

સ્પૃષ્ટ વિ૦[સં.] સ્પર્શાયેલું(૨)[વ્યા.] સ્પર્શવ્યંજનને અંગેનો

સ્પૃહણીય વિ૦ [સં.] સ્પૃહા કરવા યોગ્ય

સ્પૃહા સ્ત્રી૦ [સં.] ઇચ્છા; તૃષ્ણા (૨) દરકાર; પરવા

સ્પૅનિશ સ્ત્રી૦ [ઇં.] સ્પેન દેશની ભાષા

સ્ફટિક પું૦ [સં.] એક જાતનો સફેદ કીમતી પથ્થર કે રત્ન. **૦મણિ** પું૦ એક મણિ

સ્ફાટિક વિ૦ [સં.] સ્ફટિકનું (૨) પું૦ સ્ફટિક

સ્ફુટ વિ૦ [સં.] ઊઘડેલું; વિકસિત (૨) સ્પષ્ટ; ઉઘાડું. **૦તા** સ્ત્રી૦. **–ટિત** વિ૦ ખીલેલું; ઊઘડેલું (૨) ખુલ્લું થયેલું

સ્ફુરણ ન૦, **–ણા** સ્ત્રી૦ [સં.] સ્ફુરવું તે (૨) સ્ફૂર્તિ

સ્ફુરવું અ૦ક્રિ૦ કંપવું; ફરકવું (૨) એકાએક દેખાવું કે સૂઝવું (જેમ કે, ચળકાટ, વિચાર)(૩) અંકુર ફૂટવો

સ્ફુરાયમાન વિ૦ સ્ફુરતું; ફૂર્તિલું

સ્ફુરિત વિ૦ [સં.] સ્ફુરેલું

સ્ફુલિંગ પું૦ [સં.] તણખો

સ્ફૂર્તિ(–ર્ત્તિ) સ્ત્રી૦[સં.] જાગૃતિ; તેજી; ચંચળાઈ(૨)સ્ફુરણ. **૦દાયી** વિ૦ સ્ફૂર્તિ આપે એવું

સ્ફોટ પું૦ [સં.] (ઉપરનું આવરણ તોડીને) જોરથી ફૂટવું તે (૨) ખુલાસો; ચોખ્ખો નિવેડો (૩) ફોલ્લો; સોજો (૪) વર્ણ સાંભળતાંવેંત મનમાં ઊઠતો વિચાર–શબ્દાર્થનો બોધ (વ્યા.). **૦ન** ન૦ ફોડવું તે (૨) પ્રગટ કરવું તે (૩) શબ્દ; અવાજ

સ્ફોરણ ન૦ [સં.] સ્ફુરણ

સ્મર પું૦ [સં.] (સં.) કામદેવ. **૦હર** પું૦ (સં.) શિવ

સ્મરણ ન૦ [સં.] યાદ; સ્મૃતિ (૨) વારંવાર યાદ કરવું તે. **૦ચિહ્ન** ન૦ સ્મારક; યાદ આવે તે માટેનું ચિહન. **૦તિથિ** પું૦ મહાન પુરુષનું સ્મરણ કરવાની તિથિ; જયંતી. **૦પોથી** સ્ત્રી૦ નોંધપોથી. **૦શક્તિ** સ્ત્રી૦ યાદદાસ્ત; યાદશક્તિ. **–ણા** સ્ત્રી૦ સ્મરણ; સ્મૃતિ. **–ણી** સ્ત્રી૦ જપ કરવાની માળા. **–ણીય** વિ૦ યાદ કરવાયોગ્ય. **–ણું** સ૦ક્રિ૦ યાદ કરવું

સ્મશાન, ૦ભૂમિ(–મી), ૦વૈરાગ્ય જુઓ 'શ્મશાન'માં

સ્મારક વિ૦ [સં.] યાદ કરાવનારું (૨) ન૦ સંભારણ; યાદગીરી કે તે અર્થે કરેલું કાર્ય, ઇમારત વગેરે. **૦ભક્તિ** સ્ત્રી૦ સ્મારકરૂપ અવશેષની ભક્તિ

સ્માર્ત(–ર્ત્ત) વિ૦ [સં.] સ્મૃતિ સંબંધી (૨) સ્મૃતિ પ્રમાણે સર્વ કર્મો કરનારું (૩) સ્મૃતિશાસ્ત્રનું જાણનાર (૪) પું૦ સ્મૃતિનો પંડિત કે તેને અનુસરનાર

સ્મિત ન૦ [સં.] મંદ હાસ્ય

સ્મૃતિ સ્ત્રી૦ [સં.] સ્મરણ; યાદ (૨) હિંદુઓનાં ધર્મશાસ્ત્રમાંનું દરેક (જેમ કે મનુસ્મૃતિ) (૩) [બૌદ્ધ] વિવેક ને જાગૃતિ. **૦કાર** પું૦ સ્મૃતિ રચનાર. **૦ચિત્ર** ન૦ અનુસ્મરણાલેખન; 'મેમરી ડ્રૉઇંગ'. **૦દોષ** પું૦ સ્મરણનો દોષ. **૦ભિન્ન** વિ૦ સ્મૃતિની આજ્ઞાથી ઊલટું; અધર્મ્ય. **૦ભ્રંશ** પું૦ સ્મૃતિનો ભ્રંશ; યાદશક્તિનો નાશ. **૦માન** વિ૦ અપ્રમાદ ને વિવેકયુક્ત [બૌદ્ધ] [વહેવું તે

સ્યંદન પું૦ [સં.] લડાઈનો રથ (૨) ન૦ ટપકવું તે (૩)

સ્યાદ્વાદ ન૦ [સં.] અનેકાન્તવાદ; દરેક વસ્તુને એકથી વધારે બાજુ હોય અને બધી તે તે દૃષ્ટિએ ખરી હોય તેવો (જૈન દર્શનનો) વાદ. **–દી** પું૦ સ્યાદ્વાદમાં માનનારો

સ્યૂત વિ૦[સં.] સીવેલું; જોડી દીધેલું; જોડાયેલું [એક છંદ

સ્રગ્ધરા વિ૦સ્ત્રી૦ [સં.] માળા ધારણ કરનારી (૨) પું૦

સ્રગ્વિણી પું૦ [સં.] એક છંદ

સ્રજ સ્ત્રી૦ [સં.] માળા; ફૂલનો હાર

સ્રવણ ન૦ [સં.] સ્રવવું તે. **–વું** અ૦ક્રિ૦ ઝરવું; નીતરવું

સ્રષ્ટા પું૦[સં.] બનાવનાર; રચનાર **–ષ્ટ્રી** સ્ત્રી૦ સ્રષ્ટાનું સ્ત્રી૦

સ્રસ્ત વિ૦ [સં.] ઊતરી, ખસી કે પડી ગયેલું

સ્રાવ પું૦ [સં.] ઝરવું; ચૂવું કે ટપકવું તે (૨) વહી જવું કે ઘસડાઈ જવું તે; તેમ નીકળેલી કે વહી જતી વસ્તુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્રુચ સ્રી૦[સં.]ઘી હોમવાનું લાકડાનું કડછી જેવું સાધન; સ્રુવ

સ્રુવ(-વા) પું૦[સં.] ચાટવો; શરવો (યજ્ઞનો) [સ્રી૦નદી

સ્રોત પું૦[સં.] ઝરો; ઝરણ (૨) પ્રવાહ. **૦સ્વતી, ૦સ્વિની**

સ્લીપર પું૦[ઇં.] એક જાતના જોડા

સ્લેટ સ્રી૦ [ઇં.] પથ્થરપાટી

સ્વ સ૦ [સં.] પોતાનું; પોતીકું. **૦કર્મ** ન૦ પોતાનું કર્મ. **૦કલ્પિત** વિ૦ પોતે કલ્પેલું કે માનેલું. **૦કાર્ય** ન૦ પોતાનું કાર્ય. **૦કીય** વિ૦ પોતાનું (૨) પોતાના કુટુંબનું. **૦કીયા** સ્રી૦ પોતાની સ્રી (નાયિકાના બે પ્રકારમાંનો એક. બીજી –પરકીયા). **૦ગત** વિ૦ જાતને જ લાગુ પડતું; મનમાં કહેલું (૨) અ૦ પોતાની સાથે જ; મનમાં

સ્વચ્છ વિ૦ [સં.] ચોખ્ખું; સાફ. **૦તા** સ્રી૦

સ્વચ્છંદ પું૦[સં.] પોતાની જ મરજી પ્રમાણે વર્તવું તે. **૦તા, –દિતા** સ્રી૦. **–દી** વિ૦ સ્વચ્છંદ કરનારું; સ્વેચ્છાચારી

સ્વજન પું૦; ન૦ [સં.] સગું; સંબંધી

સ્વજાતિ સ્રી૦ [સં.] પોતાની જાતિ કે વર્ગ. **–તીય** વિ૦ પોતાની જ જાતિ કે વર્ગનું. **–તીયતા** સ્રી૦

સ્વતઃ અ૦ [સં.] આપોઆપ; પોતાની મેળે; બીજાની મદદ વિના. **૦પ્રમાણ, ૦સિદ્ધ** વિ૦ જાતે જ પ્રમાણરૂપ-સિદ્ધ હોય એવું (જેને બીજા પ્રમાણની જરૂર નથી.) **૦સિદ્ધતા, ૦સિદ્ધિ** સ્રી૦ સ્વતઃસિદ્ધ હોવું તે [સ્રી૦, **૦પણું** ન૦.

સ્વતંત્ર વિ૦ [સં.] સ્વાધીન; કોઈના તાબામાં નહિ તેવું. **૦તા**

સ્વત્વ ન૦[સં.] પોતાપણું; સ્વમાન (૨) પોતાની વિશિષ્ટતા (૩) પોતાનું હોવાનો ભાવ; માલિકી

સ્વદેશ પું૦ [સં.] પોતાનો દેશ; જન્મભૂમિ. **–શાભિમાન** ન૦ સ્વદેશનું અભિમાન. **–શાભિમાની** વિ૦ સ્વદેશાભિમાનવાળું. **–શી** વિ૦ પોતાના દેશનું (૨) ન૦ દેશભાઈ (૩) સ્વદેશની ભાવના (૪) સ્વદેશનો માલ વાપરવાની વૃત્તિ. **–શીધર્મ** પું૦ પોતાની પડોશની પરિસ્થિતિની સેવા કરવા મારફત જગતની સેવા થાય છે એવી ભાવના

સ્વધર્મ પું૦[સં.] પોતાનો ધર્મ. **–ર્મી** વિ૦ પોતાના ધર્મનું (૨) પું૦ પોતાના ધર્મનું માણસ

સ્વધા અ૦ [સં.] પિતૃઓને બલિ આપતાં કરાતો ઉદ્‌ગાર (૨) સ્રી૦ પિતૃઓનો બલિ. **૦કાર** પું૦ સ્વધાનો ઉચ્ચાર

સ્વધામ ન૦[સં.] પોતાનું વતન (૨) સ્વર્ગ

સ્વન પું૦[સં.] અવાજ [કરેલી નિમણૂક

સ્વનિર્માણ ન૦[સં.] જાતે જ કરેલું નિર્માણ (૨) જાતે જ

સ્વપક્ષ પું૦[સં.] પોતાનો પક્ષ. **–ક્ષી** વિ૦ પોતાના પક્ષનું (૨) પું૦ પોતાના પક્ષનો માણસ

સ્વપરભાવ સ્રી૦[સં.] પોતે અને બીજા એવી જુદાઈ

સ્વપર્યાપ્ત વિ૦[સં.] પોતામાં જ સમાપ્ત થતું; સંકુચિત; પોતા પૂરતું મર્યાદિત. **–પ્તિ** સ્રી૦ સ્વપર્યાપ્ત હોવું તે

સ્વપ્ન ન૦[સં.] ઊંઘમાં ભાસતો દેખાવ; સમણું. **૦દર્શન** ન૦ સ્વપ્ન દેખાવું તે. **૦દર્શી** વિ૦ સ્વપ્નાં જોયા કરનારું; કલ્પિત સૃષ્ટિમાં વિહરનારું. **૦દોષ** પું૦ સ્વપ્નમાં થતો વીર્યપાત. **૦દ્રષ્ટા** પું૦ સ્વપ્ન જોનાર; ભવિષ્યની કલ્પના કરનાર. **૦વત્** અ૦ સ્વપ્નની પેઠે. **૦શીલ** વિ૦ સ્વપ્નાં સેવ્યા કરનારું. **૦સૃષ્ટિ** સ્રી૦ સ્વપ્નમાં દેખાતી સૃષ્ટિ; કલ્પિત સૃષ્ટિ; મિથ્યા સૃષ્ટિ. **–પ્નાવસ્થા** સ્રી૦ સ્વપ્નની અવસ્થા; ચિત્તની ચાર (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્ત, તુરીય) માંની એક અવસ્થા (૨) [લા.] સ્વપ્નદોષ. **–પ્નાંતર** ન૦ + સ્વપ્નદશા. **–પ્નું** ન૦ સપનું; સ્વપ્ન

સ્વપ્રકાશ વિ૦[સં.] પોતાના તેજ કે જ્ઞાનથી પ્રકાશનાર

સ્વભાન ન૦[સં.] સ્વત્વનું ભાન–અસ્મિતા; સ્વમાન

સ્વભાવ પું૦[સં.] કુદરતથી જ મળેલો ગુણ (૨) પ્રકૃતિ; તાસીર (૩) ટેવ; આદત. **૦જ(૦ન્ય)** વિ૦ સ્વાભાવિક. **૦સિદ્ધ** વિ૦ સહજ; કુદરતી. **–વોક્તિ** સ્રી૦ જેમાં કોઈ વસ્તુના સ્વભાવનું યથાવત્ વર્ણન કર્યું હોય તેવો અલંકાર (કા.શા.)

સ્વભાષા સ્રી૦[સં.] પોતાની ભાષા; માતૃભાષા. **૦ભિમાન** ન૦ સ્વભાષાનું અભિમાન. **૦ભિમાની** વિ૦ સ્વભાષાભિમાનવાળું

સ્વભૂમિ(–મી) સ્રી૦ [સં.] જન્મભૂમિ; સ્વદેશ

સ્વમાન ન૦ [સં.] પોતાનું માન; પોતાની ઇજ્જત

સ્વયં અ૦ [સં.] પોતાની મેળે; આપોઆપ. **૦જાગૃતિ** સ્રી૦ સ્વયં–જાતે જાગ્રત હોવું કે થવું તે. **૦દત્ત** વિ૦ પોતાની મેળે જ અર્પિત થયેલું (૨) પું૦ દત્તક લેનાર માતપિતાને દત્તક લેવાવા માટે પોતાની મેળે જ અર્પિત થયેલો પુત્ર. **૦પાક** પું૦ જાતે-હાથે રાંધવું તે. **૦પાકી** વિ૦ સ્વયંપાક કરી લેનારું. **૦પૂર્ણ** વિ૦ બીજાના આધારની અપેક્ષા ન રાખનાર. **૦પ્રકાશ** વિ૦ પોતાના તેજથી જ પ્રકાશિત. **૦ભૂ** વિ૦ પોતાની મેળે જ ઉત્પન્ન થયેલું (૨) પું૦ (સં.) બ્રહ્મા (૩) ઈશ્વર. **૦વર** પું૦ કન્યાએ પોતે વર પસંદ કરવો તે (૨) તે માટેનો સમારંભ. **૦વિકાસ** પું૦ પોતાની મેળે-બહારની પ્રેરણા વિના થતો વિકાસ. **૦શિક્ષક** પું૦ પોતાની મેળે શીખનાર (૨) પોતાની મેળે પોતાના શિક્ષક થવાય એવું પુસ્તક. **૦શિક્ષણ** ન૦ પોતે પોતાને શિક્ષણ આપવું તે. **૦સત્તાક** વિ૦ બીજાને આધારે નહિ, પોતે પોતા થકી જ સત્તાવાળું; 'સોવરેન'. **૦સિદ્ધ** વિ૦ બીજી સિદ્ધિની જરૂર વિનાનું–આપોઆપ સિદ્ધ. **૦સુધારક** વિ૦ આપ મેળે સુધરી શકે એવું. **૦સેવક** પું૦ પોતાની મેળે સેવા કરવા તૈયાર થયેલો માણસ; 'વૉલંટિયર'. **૦સેવિકા** સ્રી૦ સ્રી–સ્વયંસેવક. **૦સ્ફૂર્તિ(–ર્તિ)** સ્રી૦ સ્વાભાવિક સ્ફુરણ; પોતાની મેળે જ થયેલી સ્ફુરણા

સ્વર પું૦ [સં.] અવાજ; સૂર; ધ્વનિ (૨) [વ્યા.] જેનો પૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચ્ચાર કોઈની મદદ વિના થઈ શકે તેવો વર્ણ (૩) સંગીતના સાત સૂરમાંનો દરેક (સા, રે, ગ, મ, પ, ધ, નિ). **૦ગ્રામ** પું૦ સંગીતનું સ્વરસપ્તક. **૦ગ્રાહક** પું૦ સંગીતમાં એક અલંકાર. **૦ચિહ્ન** ન૦ સ્વરસંજ્ઞા. **૦જ્ઞાન** ન૦, **૦પરીક્ષા** સ્ત્રી૦ સંગીતના સ્વરોની ઓળખ. **૦ભક્તિ** સ્ત્રી૦ અમુક શબ્દોમાં ર કે લ્‌ના ઉચ્ચારણમાં કરાતો વધારાનો સ્વરનો ઉચ્ચાર. **૦ભંગ** પું૦ રાગ બેસી જવો તે (૨) અષ્ટભાવમાંનો એક (કા.શા.). **૦ભાર** પું૦ (ઉચ્ચારણમાં) સ્વર ઉપર દેવાતો ભાર. **૦મંડલ(-ળ)** ન૦ સ્વરોનો સમૂહ. **૦મેળ** પું૦ (વાદ્યના) સ્વરોનો મેળ (સંગીત). **૦લિપિ** સ્ત્રી૦ જુઓ સંગીતલિપિ. **૦વાચન** ન૦ સ્વરલિપિ વાંચવી તે. **૦વાદ્ય** ન૦ સ્વર પ્રગટ કરી શકતું વાદ્ય. **૦વિરોધ** પું૦ સ્વરોની પરસ્પર વિરુદ્ધતા (સંગીત). **૦વ્યત્યય** પું૦ સ્વરનો વ્યત્યય (વ્યા.). **૦શૂન્ય** સ્ત્રી૦ સ્વરોના ઠેકાણા વિનાનું (સંગીત). **૦શ્રેઢી** સ્ત્રી૦ 'હાર્મોનિકલ પ્રોગ્રેશન' (ગ.). **૦શ્રેણી** સ્ત્રી૦ 'હાર્મોનિકલ સીરીઝ' (ગ.). **૦સપ્તક** ન૦ સંગીતના સાત સ્વરોનો સમૂહ. **૦સંક્રમ** પું૦ સ્વરોનો સંક્રમ (સંગીત). **૦સંજ્ઞા** સ્ત્રી૦ સ્વર લખવાનું ચિહ્ન (ા, િ, ી ઇ૦). **૦સંધિ** પું૦; સ્ત્રી૦ સ્વરોની સંધિ (વ્યા.). **૦સંયોગ** પું૦ સ્વરોનો સંયોગ. **૦સંવાદ** પું૦ સ્વરોનો પરસ્પર મેળ ખાવો તે (સંગીત)

સ્વરક્ષણ ન૦ [સં.] પોતાનું રક્ષણ; આત્મરક્ષણ

સ્વરાજ, -જ્ય [સં.] ન૦ સ્વતંત્ર-પ્રજાસત્તાક રાજ્ય

સ્વરાભિધાન ન૦ [સં.] સ્વરની પારખ (સંગીત)

સ્વરાંત વિ૦ [સં.] અંતે સ્વરવાળું

સ્વરિત વિ૦ [સં.] સ્વરયુક્ત (૨) સુરીલું (૩) પું૦ સ્વરના ત્રણ વિભાગમાંનો એક, જેમાં ઉદાત્ત અને અનુદાત્ત બંનેનાં લક્ષણ હોય છે. **૦ત્વ** ન૦ સ્વરભાર. **૦બિંદુ** ન૦ 'હાર્મોનિક પૉઈન્ટ' (ગ.). **૦સૂચી** સ્ત્રી૦ 'હાર્મોનિક પેનસિલ' (ગ.)

સ્વરૂપ ન૦ [સં.] ઘાટ; આકાર (૨) દેખાવ; વર્ણ (૩) સુંદરતા (૪) લક્ષણ; સ્વભાવ. **૦તઃ** અ૦ વસ્તુતઃ; સ્વરૂપની દૃષ્ટિએ. **૦વતી** વિ૦ સ્ત્રી૦ સુંદર (સ્ત્રી). **૦વાન** વિ૦ સુંદર; દેખાવડું

સ્વરૈક્ય ન૦ [સં.] સ્વરોની પરસ્પર એકતા (સંગીત)

સ્વરોદય પું૦ [સં.] ડાબા કે જમણા નાકમાંથી નીકળતાં શ્વાસ ઉપરથી શુભ કે અશુભ ફળ કહેવાની વિદ્યા

સ્વર્ગ ન૦ [સં.] દેવોનો લોક. **૦ગતિ** સ્ત્રી૦ સ્વર્ગપ્રાપ્તિ; સ્વર્ગલોકને પામવું તે. **૦ગંગા** સ્ત્રી૦ આકાશગંગા. **૦લોક** પું૦ સ્વર્ગ. **૦વાસ** પું૦ સ્વર્ગમાં વાસ (૨) [લા.] મૃત્યુ. **૦વાસી** વિ૦ સ્વર્ગમાં વસનારું (૨) [લા.] મૃત; મરહૂમ (૩) પું૦ દેવ. **૦સુખ** ન૦ સ્વર્ગનું કે સ્વર્ગસમાન સુખ. **૦સ્થ** વિ૦ જુઓ સ્વર્ગવાસી. **-ર્ગંગા** સ્ત્રી૦ આકાશગંગા. **-ર્ગીય** વિ૦ સ્વર્ગનું (૨) અલૌકિક; દિવ્ય

સ્વર્ણ ન૦ [સં.] સુવર્ણ. **૦કાર** પું૦ સોની. **૦મય** વિ૦ સોનાથી પરિપૂર્ણ; સુવર્ણરૂપ

સ્વર્લોક પું૦ [સં.] સ્વર્ગ

સ્વલ્પ વિ૦ [સં.] થોડું; કિંચિત

સ્વવશ વિ૦ [સં.] સ્વાધીન. **૦તા** સ્ત્રી૦ સ્વાધીનતા

સ્વવાચક વિ૦ [સં.] (વ્યા.) પોતાનો બોધ કરતું (સર્વનામ)

સ્વસત્તાક વિ૦ [સં.] પોતાની જ સત્તાને આધીન; સ્વાધીન

સ્વસંવિત સ્ત્રી૦ [સં.] આત્મભાન

સ્વસંવેદ્ય વિ૦ [સં.] પોતાની મેળે અનુભવી શકાય એવું

સ્વસા સ્ત્રી૦ [સં.] બહેન

સ્વસાધ્ય વિ૦ [સં.] પોતાથી સાધી શકાય એવું

સ્વસિદ્ધ વિ૦ [સં.] સ્વતઃસિદ્ધ. **-દ્ધિ** સ્ત્રી૦ સ્વતઃસિદ્ધિ

સ્વસ્તિ અ૦ [સં.] 'કલ્યાણ થાઓ' એવો આશીર્વાદાત્મક ઉચ્ચાર. **૦ક** પું૦ સાથિયો. **૦વાચન** ન૦ મંગળ કાર્યોના આરંભમાં કરાતો એક ધાર્મિક વિધિ (૨) શુભેચ્છા કે આશીર્વાદ સહિત આપેલી ફૂલ વગેરેની ભેટ- **૦શ્રી** શ૦પ્ર૦ કાગળ લખતાં શરૂઆતમાં લખાતું મંગલસૂચક પદ

સ્વસ્થ વિ૦ [સં.] નીરોગી; તંદુરસ્ત (૨) ગભરાટ કે ઉદ્વેગ વિનાનું; શાંત; સાવધાન. **૦તા** સ્ત્રી૦

સ્વસ્થાન ન૦ [સં.] પોતાનું રહેઠાણ

સ્વહસ્ત પું૦ [સં.] પોતાનો હાથ

સ્વહિત ન૦ [સં.] પોતાનું હિત

સ્વાગત ન૦ [સં.] આવકાર; સત્કાર. **૦કારી** વિ૦ સ્વાગત કરનારું. **૦પ્રમુખ** પું૦ સ્વાગતસમિતિના પ્રમુખ. **૦મંત્રી** પું૦ સ્વાગતસમિતિના મંત્રી. **૦મંડળ** ન૦ સ્વાગતકારી મંડળ. **૦સમિતિ** સ્ત્રી૦ સ્વાગતનું કામ કરનારી સમિતિ. **-તા** સ્ત્રી૦ આવકાર; અભિનંદન (૨) પું૦ એક છંદ. **-તાધ્યક્ષ** પું૦ સ્વાગત-પ્રમુખ

સ્વાતંત્ર્ય ન૦ [સં.] સ્વતંત્રતા. **૦નિષ્ઠ** વિ૦ સ્વતંત્રતામાં નિષ્ઠાવાળું. **૦પ્રિય, ૦પ્રેમી** વિ૦ સ્વાતંત્ર્ય જેને પ્રિય છે તેવું. **૦યુદ્ધ** ન૦ સ્વતંત્રતા મેળવવા માટેનું કે તેની રક્ષા માટેનું યુદ્ધ. **૦વાદી** પું૦ સ્વાતંત્ર્યમાં માનનાર

સ્વાતિ(-તી) સ્ત્રી૦ [સં.] પંદરમું નક્ષત્ર. **૦બિંદુ, ૦બુંદ** ન૦ સ્વાતિમાં પડતું વરસાદનું ટીપું (મોતીની માછલીના પેટમાં જઈ જે મોતી બને એમ કહેવાય છે)

સ્વાત્માનુભવ પું૦ [સં.] પોતાને થયેલો અનુભવ (૨) પોતાના આત્માને ઓળખવો તે

સ્વાદ પું૦ [સં.] રસનેંદ્રિયથી થતો અનુભવ (૨) રસ; આનંદ (૩) ચાખવું તે (૪) રસ; મજા (૫) મોહ; શોખ. **-દિયણ** વિ૦ સ્ત્રી૦, **-દિયું** વિ૦, **-દિષ્ટ(-ષ્ઠ)** વિ૦ રોચક સ્વાદવાળું. **-દિષ્ટ(-ષ્ઠ)તા, -દીલું** વિ૦ સ્વાદુ વસ્તુઓ ખાવાની ટેવવાળું. **-દુ** વિ૦ સ્વાદિષ્ઠ. **-દેંદ્રિય** સ્ત્રી૦ જીભ

સ્વાધિકાર પું૦ [સં.] પોતાનો અધિકાર (૨) પોતાની ફરજ

સ્વાધીન વિ૦ [સં.] પોતે પોતાને નિયમમાં રાખનાર (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વતંત્ર.૦તા સ્રી૦.૦પતિકા સ્રી૦પતિને સ્વાધીન રાખનારી સ્રી.–પતિપણું ન૦ પતિ પત્નીને સ્વાધીન હોય તે

સ્વાધ્યાય વિ૦[સં.]વેદ(૨)વેદનો નિયમિત પાઠ(૩) અધ્યયન

સ્વાનુભવ પું૦ [સં.] પોતાનો અનુભવ. ૦રસિક વિ૦ આત્મલક્ષી 'સબ્જેક્ટિવ'. –વી પોતાના અનુભવનું (૨) સ્વાનુભવરસિક

સ્વાનુભૂતિ સ્રી૦ [સં.] સ્વાનુભવ

સ્વાભાવિક વિ૦[સં.]કુદરતી; અકૃત્રિમ. ૦તા સ્રી૦, ૦ત્વ ન૦

સ્વાભિમાન ન૦[સં.]પોતાને માટેનું અભિમાન; સ્વમાન. –ની વિ૦ સ્વાભિમાનવાળું

સ્વામિતા સ્રી૦,સ્વામિત્વ ન૦ [સં.] ધણીપણું;માલિકી. ૦વાચક વિ૦ (વ્યા.) સ્વામિત્વનો બોધ કરતો (પ્રત્યય)

સ્વામિની સ્રી૦ [સં.] શેઠાણી; ધણિયાણી

સ્વામી પું૦ [સં.] પતિ (૨) માલિક(૩)રાજા(૪)સાધુ-સંતને બોલાવતાં વપરાતું સંબોધન. ૦દ્રોહ પું૦ પોતાના માલિક કે રાજા પ્રત્યે બેવફાઈ. ૦દ્રોહી વિ૦ (૨) પું૦ સ્વામીદ્રોહ કરનાર.૦નારાયણ પું૦ (સં.) તેમના નામથી ચાલતા ધાર્મિક સંપ્રદાયના પ્રવર્તક. ૦નારાયણિયો વિ૦ પું૦ સ્વામીનારાયણ સંપ્રદાયનો અનુયાયી (જરા તુચ્છકારમાં). ૦નારાયણી વિ૦ સ્વામીનારાયણનું, –ને લગતું. ૦નિષ્ઠા પું૦ પોતાના સ્વામી પ્રત્યે વફાદારી

સ્વાયત્ત વિ૦ [સં.] સ્વાધીન. ૦તા સ્રી૦ પોતાની હકૂમત

સ્વાયંભુવ વિ૦[સં.]બ્રહ્મ સંબંધી; બ્રહ્મનું(૨) પું૦સ્વયંભૂ બ્રહ્માના પુત્ર–પ્રથમ મનુ [ખૂબી

સ્વારસ્ય ન૦[સં.]સ્વાભાવિક રસ કે ઉત્તમતા (૨) મર્મ;

સ્વારાજ્ય ન૦[સં.] સ્વર્ગનું રાજ્ય (૨) બ્રહ્મ સાથે અભેદ

સ્વાર્થ પું૦ [સં.] પોતાની મતલબ; પોતાનું હિત. ૦ત્યાગ પું૦ સ્વાર્થનો ત્યાગ; આપભોગ. ૦દૃષ્ટિ સ્રી૦ સ્વાર્થની નજર. ૦પટુ વિ૦ સ્વાર્થની બાબતમાં પાકું, ચાલાક; સ્વાર્થસાધુ. ૦પરાયણ વિ૦સ્વાર્થનો જ વિચાર કરનાર; સ્વાર્થી. ૦પરાયણતા સ્રી૦. ૦બુદ્ધિ સ્રી૦સ્વાર્થદૃષ્ટિ. ૦વૃત્તિ સ્રી૦ સ્વાર્થની વૃત્તિ; સ્વાર્થબુદ્ધિ. ૦સાધક, ૦સાધુ વિ૦ પોતાનો સ્વાર્થ સાધનારું. –ર્થાનુમાન ન૦ પોતાને માટે, પંચાવયવ વાક્યના પ્રયોગ વિના કરેલું અનુમાન. –ર્થિક વિ૦ સ્વાર્થવાચક. –ર્થી, –ર્થીલું વિ૦ સ્વાર્થવાળું; આપમતલબી; એકલપેટું

સ્વાવલંબન ન૦[સં.] સ્વાશ્રય. સ્વાવલંબી વિ૦સ્વાશ્રયી

સ્વાશ્રય ન૦ [સં.] પોતાની પર આધાર રાખવો તે. –યી વિ૦ પોતાની ઉપર જ આધાર રાખનાર

સ્વાસ્થ્ય ન૦ [સં.] સ્વસ્થતા

સ્વાહા સ્રી૦ [સં.] (સં.) અગ્નિની સ્રી (૨) અ૦ અગ્નિમાં આહુતિ આપતાં બોલાતો શબ્દ. ૦કાર પું૦ 'સ્વાહા' એમ બોલવું તે. ૦પતિ પું૦ (સં.) અગ્નિ

સ્વાંગ પું૦ સોંગ; બનાવટી વેશ

સ્વાંત ન૦ [સં.] અંતઃકરણ

સ્વાંત(–તી) જુઓ સ્વાતિ. ૦બુંદ ન૦ જુઓ સ્વાતિબુંદ

સ્વીકરણ ન૦ [સં.] સ્વીકારવું તે(૨)પચાવીને પોતાનું કરવું તે; 'એસિમિલેશન'

સ્વીકાર પું૦ [સં.] સ્વીકારવું તે. ૦ક વિ૦ સ્વીકાર કરનારું. ૦વું સ૦ક્રિ૦ અંગીકાર કરવો; કબૂલ કરવું. –ર્ય વિ૦ સ્વીકારવા યોગ્ય

સ્વીકૃત વિ૦ [સં.]સ્વીકારેલું. –તિ સ્રી૦ સ્વીકાર

સ્વીય વિ૦ [સં.] પોતાનું. –યા સ્રી૦ પોતાની સ્રી; સ્વકીયા

સ્વેચ્છા સ્રી૦ [સં.] પોતાની ઇચ્છા. ૦ચાર પું૦ પોતાની મરજી પ્રમાણે વર્તવું તે. ૦ચારિણી વિ૦સ્રી૦, ૦ચારી વિ૦ સ્વેચ્છાચાર કરનારું. ૦સ્વીકાર પું૦ સ્વેચ્છાથી સ્વીકારવું તે. –ચ્છિત વિ૦ પોતે ઇચ્છેલું; મનપસંદ

સ્વેદ પું૦[સં.] પરસેવો (૨)[કા. શા.] અષ્ટભાવમાંનો એક. ૦જ વિ૦ પરસેવામાંથી થયેલું (૨) ન૦ એક જીવ કે જંતુ. ૦ન ન૦ પરસેવો (૨) પરસેવો લાવવો તે (૩) તેવું ઔષધ

સ્વૈચ્છિક વિ૦ [સં.] સ્વેચ્છા પ્રમાણેનું; મરજિયાત

સ્વૈર વિ૦ [સં.] મરજીમાં આવે તેમ વર્તનારું; સ્વચ્છંદી; નિરંકુશ. ૦તા સ્રી૦. ૦વિહાર પું૦ મરજી મુજબ વિહરવું તે. –રાચાર પું૦ મરજી મુજબનું આચરણ. –રિણી સ્રી૦ સ્વચ્છંદી–વ્યભિચારિણી સ્રી

સ્વોપાર્જિત વિ૦[સં.] પોતે–જાતે રળેલું–મેળવેલું

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હ

હ પું૰ [सं.] ચોથો ઊષ્માક્ષર. **૰શ્રુતિ** સ્ત્રી૰ હકારશ્રુતિ

હક(-ક્ક) પું૰ માલિકી; દાવો (૨) દસ્તૂરી; લાગો (૩) વિ૰ વાજબી; સાચું; સત્ય. **૰તલફી** સ્ત્રી૰ કોઈનો હક ડુબાવવો તે; અન્યાય. **૰તાલા** પું૰ પરમેશ્વર; ખુદાતાલા. **૰દાર** વિ૰ હક ધરાવનારું (૨) વાજબી. **૰દારણ** વિ૰સ્ત્રી૰ જેનો હક પહોંચતો હોય એવી (સ્ત્રી). **૰દારી** સ્ત્રી૰ હકદારપણું. **૰ના(૰હ)ક** અ૰ વગર કારણે

હકડેઠઠ વિ૰ ખીચોખીચ; ચિકાર

હકબક અ૰ અર્થ સમજ્યા વગર; બકતું હોય એમ

હકસાઈ સ્ત્રી૰ હકનું લવાજમ; દસ્તૂરી

હકાર પું૰ [सं.] હ અક્ષર કે તેનો ઉચ્ચાર (૨) હા પાડવી તે. **૰શ્રુતિ** સ્ત્રી૰ હશ્રુતિ; ઉચ્ચારણમાં હકાર સંભળાવો તે. **-રાંત** વિ૰ અંતે હકારવાળું

હકારવું સ૰ક્રિ૰ હોંકારો કે હાકલ કરીને કહેવું

હકારું ન૰ હાક મારીને બોલાવવું તે; તેડું

હકારો પું૰ હાક મારીને બોલાવનારો; નોતરિયો (૨) હોકારો

હકાલવું સ૰ક્રિ૰ હાંકી કાઢવું (૨) હાંકવું; ચલાવવું (૩) હાંક મારીને બોલાવવું; હકારવું

હકીકત સ્ત્રી૰ [अ.] ખરો અહેવાલ કે બીના (૨) ખરી ખબર કે બાતમી (૩) બીના; ખબર (૪) સત્ય. **૰દોષ** પું૰ હકીકત-બીના કે બાતમીને અંગેનો દોષ-તેમાં થતી ભૂલ

હકીમ પું૰ [अ.] યુનાની વૈદું કરનારો; મુસલમાન વૈદ. **-મી** સ્ત્રી૰ હકીમપણું. **-મું** ન૰ યુનાની વૈદું

હકૂમત સ્ત્રી૰ [अ.] સત્તા; અધિકાર. **-તી** વિ૰ હકૂમત સંબંધી

હક્ક પું૰ [अ.] જુઓ હક

હક્કાર પું૰ 'ચલ' એવો ઉદ્ગાર (૨) આહ્વાન [જોઈ રહેવું

હગબગ સ્ત્રી૰ એકી ટસે; ટગર-ટગર. **૰વું** અ૰ક્રિ૰ એકીટસે

હગ મર ટપર ન૰ કાનામાતરના ઠેકાણા વગરનું લેખન કે તે કરવા જેટલું ભણતર ('હિંગ, મરી, ટોપરાં' પરથી)

હચમચ સ્ત્રી૰ જુઓ હચમચાટ. **૰વું** અ૰ક્રિ૰ ડગમગવું; પાયામાંથી કે સાંધામાંથી હાલી જવું. **-ચાટ** પું૰ હચમચાવવું તે. **-ચાવવું** સ૰ક્રિ૰ 'હચમચવું'નું પ્રેરક

હજ સ્ત્રી૰ જાત્રા (મક્કાની) [સ્ત્રી૰ પાચનક્રિયા; પાચન

હજમ વિ૰ પચેલું; જરેલું (૨) [લા.] ઉચાપત કરેલું. **-મિયત**

હજરત પું૰ [अ.] માલિક; સ્વામી; શ્રીમાન; (મુસલમાનોમાં) મોટા અથવા પૂજ્ય માણસને લગાડાતો માનવાચક શબ્દ

હજરલઅસ્વદ પું૰ [अ.] કાબામાંનો કાળો પથ્થર

હજામ પું૰ વાળંદ. **૰ડી** સ્ત્રી૰ હજામની સ્ત્રી. **૰ત** સ્ત્રી૰ મુંડન; વાળ કાપવા કે બોડવા તે. **૰પટ્ટી** સ્ત્રી૰ હજામતનું કામ (તિરસ્કારમાં)

હજાર વિ૰ [फा.] '૧૦૦૦'. **-રી** વિ૰ હજારની ઊપજવાળું (૨) હજાર ભાગ કે અવયવવાળું (૩) પું૰ એક ફૂલઝાડ. **-રીગોટો** પું૰ હજારીનું ફૂલ

હજી(-જુ) અ૰ અત્યાર લગી (૨) હવે પણ

હજીરો પું૰ [अ.] મિનારાઓવાળો સુંદર રોજો (૨) [લા.] મોટી નામનાનું કામ (કટાક્ષમાં)

હજુ સ્ત્રી૰ જુઓ હજી

હજૂર સ્ત્રી૰ 'આપ' અર્થનો મુસલમાની વિવેકમાં વપરાતો ઉદ્ગાર (૨) હાજરી; તહેનાત. **-રાત** વિ૰ મોટા માણસની અથવા રાજાની તહેનાતમાં રહેનાર (અંગરક્ષક). **-રિયો** પું૰ તહેનાતમાં રહેનારો નોકર (૨) અંગૂછો; રૂમાલ. **-રી** પું૰ હજૂરિયો (૨) સ્ત્રી૰ તહેનાત; સેવાચાકરી

હટ અ૰ 'દૂર ખસ' એ અર્થનો (છણકા કે તુચ્છકારનો) ઉદ્ગાર

હટખટ સ્ત્રી૰ મનમાં ખટકવું તે [ધંધો

હટાણું ન૰ બજારકામ; ખરીદકામ (૨) ખરીદવા વેચવાનો

હટારિયું ન૰ હાટિયું

હઠ પું૰; સ્ત્રી૰ [सं.] જીદ; ખોટો આગ્રહ. **૰યોગ** પું૰ આસન, પ્રાણાયામ વગેરે ક્રિયાઓ દ્વારા સધાતો યોગનો એક પ્રકાર. **૰વિદ્યા** સ્ત્રી૰ હઠયોગની વિદ્યા. **૰વું** સ૰ક્રિ૰ હઠ કરવી. **-ઠાગ્રહ** પું૰ હઠપૂર્વક આગ્રહ. **-ઠાળું**, **-ઠિયું** વિ૰ હઠીલું; જિદ્દી. **-ઠીલાઈ** સ્ત્રી૰ હઠીલાપણું. **-ઠીલું** વિ૰ હઠવાળું; જિદ્દી (૨) હઠે નહિ તેવું; મટે નહિ તેવું. **-ઠેઠ** સ્ત્રી૰ આગ્રહ; આજીજી. **-ઠ્ઠી** વિ૰ હઠીલું

હઠવું અ૰ક્રિ૰ ખસવું (૨) પાછા પડવું (૩) જુઓ 'હઠ'માં

હડ(-ડે) અ૰ જુઓ હડે

હડકવા પું૰ કૂતરાં, શિયાળવાં વગેરેને થતો એક રોગ જેથી તે જેને તેને કરડવા ધાય છે (૨) [લા.] તેના જેવો ગાંડો આવેગ. **૰યું** વિ૰ હડકાયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હડકાઈ સ્ત્રી૦ હડકાયું હોવું તે; હડકવા; હડકું

હડકાયું,-યેલું વિ૦ જેને હડકવા થયો હોય એવું

હડકું(-ખું) ન૦ હડકવા

હડતગડ સ્ત્રી૦ જ્યાંત્યાંથી હડે હડે થવું તે

હડતાલ(-ળ) સ્ત્રી૦કામધંધો બંધ કરવાં તે (શોક કે વિરોધ બતાવવા.). -લિ(-ળિ)યો પું૦ હડતાળમાં ભળેલો (૨) હડતાળ પડાવવામાં આગેવાની લેનાર

હડદો,૦લો પું૦ (કા.) હડસેલો

હડધૂત સ્ત્રી૦ ચારે બાજુથી હડતગડ થવી તે

હડપચી સ્ત્રી૦ જ્યાં દાઢી ઊગે છે તે નીચલા જડબાનો ભાગ

હડફ(-ફે)ટ સ્ત્રી૦ જુઓ અડફટ

હડફવું અ૦ક્રિ૦ (ચ.) ફેંકવું; છૂટું નાંખવું; ફગાવવું

હડફો પું૦ જડસો; મૂર્ખ (૨) ઇરકોતરો (૩) ધપ્પો; હડસેલો

હડ(-ર)બડવું અ૦ક્રિ૦ નાહિંમત થઈ જવું (૨) ગભરાવું

હડ(-ર)બડાટ પું૦ ગભરાટ

હડસાંકળ સ્ત્રી૦ સ્ત્રીઓના પગનું એક ઘરેણું (૨) પું૦ એક જાતનો વેલો, જેનું દૂધ ને પાન દવામાં વપરાય છે

હડસેલવું સ૦ક્રિ૦ હડસેલો મારવો; ધકેલવું

હડસેલો પું૦ ધક્કો

હડહડ અ૦(રવ૦) સડસડ (ઊકળવાનો અવાજ) (૨) જુઓ હડે હડે. ૦તું વિ૦ ઊકળતું (૨) [લા.] ચુસ્ત; પાકું; પૂરેપૂરું. ૦વું અ૦ક્રિ૦ હડહડ અવાજ સાથે ઊકળવું

હડાકો પું૦ પડઘો (૨) મેળ (હિસાબનો) [દોડાદોડ

હડી સ્ત્રી૦ દોટ. -ડિયાદોટ,-ડિયાપાટી સ્ત્રી૦ આમ તેમ

હડુ(-ડે)ડાટ,હડુડુ અ૦ (રવ૦) જોરથી હડી કાઢવાનો કે

હડૂડવું અ૦ક્રિ૦ (રવ૦) હડુડુ કરવું [ધસવાનો અવાજ

હડે અ૦ કૂતરાને હાંકવાનો ઉદ્ગાર

હડેડાટ અ૦ જુઓ હડુડાટ [અવગણના

હડે હડે સ્ત્રી૦હડે હડે કરવું તે (૨) [લા.] આવકારનો અભાવ;

હડો પું૦ આગળ જે પાયા ઉપર ગાડું ટેકવાય છે તે; અડો

હણવું સ૦ક્રિ૦ મારી નાખવું; જીવ લેવો; નાશ કરવો

હણહણ સ્ત્રી૦ (રવ૦) જુઓ હણહણાટ. ૦વું અ૦ક્રિ૦ [ઘોડો નાકમાંથી કરે છે તે અવાજ].-ણાટ પું૦, -ણાટી સ્ત્રી૦ હણહણવું તે

હણિયું ન૦ ગાડી હાંકનારને બેસવાની પાટલી

હત અ૦ (રવ૦) પશુ વગેરેને હાંકી કાઢતાં બોલાતો ઉદ્ગાર

હત વિ૦ [સં.] હણાયેલું; મરાયેલું; ઘવાયેલું (૨) નિકૃષ્ટ; હલકું. ૦ભાગિની વિ૦સ્ત્રી૦, ૦ભાગી વિ૦ કમનસીબ; અભાગિયું. ૦ભાગ્ય ન૦ કમનસીબ; દુર્ભાગ્ય. ૦વીર્ય વિ૦બળરહિત; શક્તિહીન. ૦વું સ૦ક્રિ૦ + હણવું.-તાર્થ વિ૦ નિષ્ફળ; 'કૃતાર્થ'થી ઊલટું. -તાશ વિ૦ નિરાશ; નાસીપાસ. -તોત્સાહ વિ૦ જેનો ઉત્સાહ કે ઉમંગ નાશ પામ્યો હોય એવું

હતું [-તી સ્ત્રી૦,-તો પું૦,] 'હોવું'નું ભૂ૦કા૦

હત્યા સ્ત્રી૦ [સં.] ઘાત; વધ; જીવ લેવો તે (૨) પ્રાણીને મારવાથી લાગતો દોષ. ૦કાંડ પું૦ ભારે હત્યા કે સંહારનો બનાવ. ૦રું વિ૦ હત્યા કરનારું; ઘાતકી

હથરો૮(-ટો) પું૦ એક ઘરેણું; બાજુબંધ

હથવાર વિ૦સ્ત્રી૦ અમુક એક માણસને જ દોહવા દે એવી ટેવાયેલી (ગાયભેંસ)

હથિયાર ન૦ શસ્ત્ર; આયુધ (૨) સાધન (૩)ઓજાર. ૦બંધ વિ૦ સશસ્ત્ર. ૦બંધી સ્ત્રી૦ હથિયાર રાખવાની બંધી-મના

હથેલી(-ળી) સ્ત્રી૦ છતા પંજાનો સપાટ ભાગ

હથેવાળો પું૦ જુઓ હાથેવાળો

હથેળી સ્ત્રી૦ જુઓ હથેલી

હથોટી સ્ત્રી૦ હાથનો કસબ; આવડત (૨) મહાવરો; ટેવ

હથોડી સ્ત્રી૦ ટીપવાનું કે ઠોકવાનું મોગરી જેવું સાધન. -ડો પું૦ મોટી હથોડી; ઘણ

હથ્થુ વિ૦ (સમાસમાં) હાથના માપનું. ઉદા૦ અઢીહથ્થુ (૨) હસ્તક; હાથનું. ઉદા૦ એકહથ્થુ

હદ સ્ત્રી૦ મર્યાદા; સીમા; અવધ (૨) અંત; છેડો. ૦નિશાન ન૦ હદ બતાવનારું નિશાન. ૦પાર અ૦ મર્યાદા વિના; અતિશય (૨) હદની બહાર. ૦પારી સ્ત્રી૦હદ બહાર થવું તે

હદિયો પું૦ નજરાણું; ભેટ; ઇનામ (૨) [કા.] બહારગામથી ઘેર આવતી વખતે બાળકો કે બીજાં માટે પ્રેમપૂર્વક આણેલી ચીજ

હદીસ સ્ત્રી૦ [अ.] પયગંબર સાહેબનાં ફરમાનોનો સંગ્રહ

હદૂદ સ્ત્રી૦ [अ.] ચતુઃસીમા

હનકન સ્ત્રી૦ હાના; આનાકાની

હનન ન૦ [સં.] હણવું-જીવ લેવો તે

હનરડવું સ૦ક્રિ૦ કનડવું

હનુ(-નૂ) સ્ત્રી૦ [સં.] હડપચી. ૦માન પું૦ (સં.) મારુતિ; રામનો એક વાનર ભક્ત. ૦માનકૂદકો પું૦ હનુમાનના જેવો લાંબો કૂદકો; 'લૉંગ જંપ'. ૦વટી સ્ત્રી૦ હડપચી

હનો પું૦ (કા.) ઘોડીના પલાણ ઉપર નાખવાનો ખડિયો (૨) [ચ.] સ્મૃતિ કે સંભારણું આપવું (આપવું, લગાડવું ક્રિ૦ સાથે શ૦પ્ર૦માં)

હપતો, હફતો [फा.] પું૦ સપ્તાહ; અઠવાડિયું (૨) થોડે થોડે પૈસા ભરવા ઠરવેલી મુદત; તે તે મુદતે ભરવાની રકમ. -તાવાર અ૦ હપતા પ્રમાણે [ચોંકવું

હબક સ્ત્રી૦ સખત બીક; ફાળ. ૦વું અ૦ક્રિ૦ ફાળ પડવી;

હબશી(-સી) પું૦ [अ.] આફ્રિકાનો વતની. -સણ સ્ત્રી૦ હબસીની કે હબસી સ્ત્રી. ૦મૂઠ સ્ત્રી૦ છોડી છૂટે નહિ એવી મૂઠ (૨) [લા.] ખોટો મતાગ્રહ કે હઠ

હબહબ અ૦ (રવ૦) (નળમાંથી પાણી જોરથી નીકળવાનો અવાજ). -બાટ પું૦ હબહબ અવાજ (૨) ઘોંઘાટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હબૂકપોળી સ્ત્રી૦ એક બાળરમત

હમચી,–ચડી સ્ત્રી૦ તાનમાં ઊછળીને લીધેલી કૂદડી–ઘુમરડી (જેમ કે, દેવી આગળ ધૂણતાં કે કૂદતાં)

હમજાત વિ૦ [ફા.] પોતાની જાતિનું

હમડી સ્ત્રી૦ મગરૂરી; હુંપદ

હમ(–વ)ણાં અ૦ આ વખતે; હાલ

હમદર્દી સ્ત્રી૦ [ફા.] સમભાવ; દિલસોજી

હમદીન વિ૦ [ફા.] એક ધર્મનું

હમવતની વિ૦ એક જ મૂળવતનવાળું

હમાચો પું૦ (કા.) મુસાફરીની બચકી (?) [ખાતું

હમામ ન૦ નાહવાની જગા. ૦ખાનું ન૦ સ્નાનગૃહ; ગુસલ-

હમામદસ્તો પું૦ ખાંડણીપરાઈ (૨) ખાંડણીનો દસ્તો; પરાઈ

હમાલ પું૦ બોજો ઉપાડનારો; મજૂર. –લી સ્ત્રી૦ હમાલનું કામ; હમાલપણું [(લા.) ધન; દોલત

હમિયાણી સ્ત્રી૦ (રૂપિયા ભરવાની) થેલી; કોથળી (૨)

હમી,૦દાર ૦દારી જુઓ હામી,૦દાર,૦દારી

હમીર પું૦ કલ્યાણ રાગનો એક પ્રકાર

હમેલ પું૦ ગર્ભ (૨) સ્ત્રી૦ ચપરાસ; પટો; પટા પરની તખ્તી

હમેશ અ૦ [અ.] રોજ; નિત્ય. ૦ગી સ્ત્રી૦ અવિચ્છિન્નતા; નિરંતરતા (૨) અનંતપણું. –શાં અ૦ હમેશ

હય પું૦ [સં.] ઘોડો; અશ્વ. ૦ગ્રીવ પું૦ (સં.) વિષ્ણુ. ૦ગ્રીવા સ્ત્રી૦ (સં.) દુર્ગા. ૦દળ ન૦ ઘોડેસવાર લશ્કર. ૦મેધ પું૦ અશ્વમેધ. ૦શાલા(–ળા) સ્ત્રી૦ અશ્વશાળા; ઘોડાર

હયબત સ્ત્રી૦ [અ.] જુઓ હેબત

હયાત વિ૦ [અ.] જીવતું; વિદ્યમાન. –તી સ્ત્રી૦ હયાતપણું; જિંદગી (૨) અસ્તિત્વ [(શબ્દને છેડે) ઉદા૦ મનોહર

હર પું૦ [સં.] શંકર; મહાદેવ (૨) વિ૦ હરનાર; લેનાર

હર વિ૦ [ફા.] દરેક; પ્રત્યેક [હરકત કરનારું

હરકત સ્ત્રી૦ [અ.] અડચણ; નડતર (૨) વાંધો. –તી વિ૦

હરકોઈ વિ૦ દરેક; ગમે તે કોઈ

હરખ પું૦ હર્ષ; આનંદ. ૦ઘેલું વિ૦ અતિશય હર્ષથી ઘેલું બનેલું. ૦ચમક સ્ત્રી૦ અતિ હરખથી મગજનું સમતોલપણું જતું રહેવું તે. ૦પદૂડું વિ૦ અતિ ઉત્સાહી. ૦વા પું૦ ઘણા જ આનંદથી થયેલી ઘેલછા. ૦ભેર અ૦ હરખ સાથે. ૦(–ખા)વું અ૦ક્રિ૦ ખુશ થવું; આનંદમાં આવવું. ૦સનેપાત પું૦ હરખનો સનેપાત–ગાંડપણ

હરગિજ(–સ) અ૦ [ફા.] કદી પણ (નહિ); બિલકુલ

હરઘડી અ૦ દરેક ઘડીએ; વારંવાર

હરજી પું૦ (સં.) હરિ; પરમેશ્વર

હરડાં ન૦બ૦વ૦ હરડીનાં નાનાં અધકચરાં ફળ. –ડી સ્ત્રી૦ હરડાંનું ઝાડ. –ડે સ્ત્રી૦ હરડી નામના ઝાડનું ફળ; હરીતકી

હરણ ન૦ [સં.] હરી જવું–ઉપાડી જવું તે

હરણ ન૦ હરિણ; મૃગ. –ણિયો પું૦,–ણિયું ન૦ મૃગશીર્ષ. –ણી સ્ત્રી૦ હરણની માદા (૨) [પ.] મૃગશીર્ષ. –ણું ન૦ મૃગલું; હરણ

હરણપત્ર ન૦ એક વનસ્પતિ

હરણિયો(–યું),હરણી,હરણું જુઓ 'હરણ'માં

હર(–રિ)તાલ(–ળ) સ્ત્રી૦ એક ઉપધાતુ

હરતુંફરતું વિ૦ હાલી ચાલી શકે એવું કે એટલું

હરદમ અ૦ [ફા.] હરેક ક્ષણે; હમેશ

હર(–રિ)દાસ પું૦ એક પ્રકારનો હરિકથા કરનાર

હર(–રિ)દ્વાર ન૦ (સં.) હિંદુઓનું એક તીર્થસ્થળ

હરનિશ અ૦ જુઓ અહર્નિશ

હરફ પું૦ બોલ; શબ્દ (૨) અક્ષર

હરફર સ્ત્રી૦ વારંવાર આવવુંજવું તે

હરબ(–ભ)ડવું અ૦ક્રિ૦ જુઓ હડબડવું

હરબ(–ભ)ડાટ પું૦ હડબડાટ; ગભરાટ

હરમ સ્ત્રી૦ [અ.] લોંડી; હુરમ

હરમડવું અ૦ક્રિ૦ ગભરાવું; રઘવાયું થવું

હરમડાટ પું૦ ગભરાટ; રઘવાટ

હરમર સ્ત્રી૦ એક વનસ્પતિ

હરસું વિ૦ હળદરના સ્વાદનું

હરમો પું૦ એક જાતનું ઘાસ

હરરોજ અ૦ [ફા.] દરરોજ

હરવખત અ૦ દરેક વખતે

હરંવર સ્ત્રી૦ સ્મરણ; યાદ

હરવવું સ૦ક્રિ૦ (પ.) હરાવવું

હરવાયું વિ૦ સુસ્ત; કાયર; હારી ગયેલું

હરવું વિ૦ લીલું (૨) તાજું (૩) સ૦ક્રિ૦ બળાત્કારથી ઉપાડી જવું (સ્ત્રીને) (૪) ઝૂંટવી લેવું (૫) લઈ લેવું. ૦ફરવું અ૦ક્રિ૦ આમતેમ મોજથી ફરવું

હરસ પું૦ ગુદામાં થતો એક રોગ; અર્શ

હરસાલ વિ૦ [ફા.] દરેક વર્ષે; વર્ષોવર્ષ [હતી)

હરસિદ્ધ સ્ત્રી૦ [સં.] એક દેવી (વિક્રમ રાજા પર એ પ્રસન્ન

હરસી,૦લા સ્ત્રી૦ પ્રેમી સ્ત્રી

હર હર મહાદેવ શ૦પ્ર૦ [સં.] જમણના પ્રારંભનો મંગળ ઉદ્ગાર (૨) ક્ષત્રિયોની રણહાક

હરહુન્નર પું૦ દરેક હુન્નર

હરાક(–ખ) સ્ત્રી૦ ઘોડો બાંધવાનો દોર

હરાજ વિ૦ લિલામથી વેચેલું. –જી સ્ત્રી૦ લિલામ; જાહેરમાં કિંમત બોલાવરાવી વધારેમાં વધારે કિંમત આપનારને વેચવું તે

હરાઢું(–યું) વિ૦ જુઓ હરાયું

હરામ વિ૦ [અ.] કુરાનમાં મના કરેલું હોય એવું (૨) વગરહકનું; અઘટિત (૩) સુસ્ત; બેઠાખાઉ. ૦ખોર વિ૦ હરામનું ખાવા ઇચ્છનારો (૨) કૃતઘ્ની (૩) બદમાશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦ખોરી સ્ત્રી૦ હરામખોરપણું. **૦ચસકો** પું૦ હરામનું લેવાખાવાનો ચસકો. **૦જાદું** વિ૦ વ્યભિચારથી જન્મેલું. **-મી** વિ૦ હરામખોર; બદમાશ (૨) સ્ત્રી૦ હરામખોરી

હરામનિયા ન૦ એક પંખી

હરાયું વિ૦ રખડતું; છૂટું ફરતું (૨) અંકુશ વગરનું; માતેલું. **-યો** પું૦ નિયમ વિના ગમે તે બોલી હસાવનાર ભવૈયો

હરાર અ૦ (કા.) ધરાર; નક્કી; અવશ્ય

હરાવો પું૦ હારી જવાપણું; ગેરફાયદો; ખોટ

હરિ પું૦ [સં.] (સં.) વિષ્ણુ; કૃષ્ણ (૨) ઘોડો (૩) સિંહ (૪) વાંદરો (૫) ચંદ્ર. **૦કથા** સ્ત્રી૦ ભગવાનની કથા. **૦કીર્ત(-ર્ત્ત)ન** ન૦ સંગીત સાથે પરમેશ્વરનાં ગુણગાન. **૦ગીત** પું૦ એક છંદ. **૦ગીતિયું** વિ૦ હરિગીત જેવા સહેલા છંદ બનાવી શકનાર; લેભાગુ. **૦ચંદન** ન૦ કેસર (૨) એક જાતની સુખડ (૩) ચાંદની (૪) સ્વર્ગનાં પાંચ વૃક્ષમાંનું એક (બાકીનાં–પારિજાત, મંદાર, સંતાન અને કલ્પ). **૦જન** પું૦ હરિનો–વિષ્ણુનો માણસ; દેવદૂત (૨) હરિનો ભક્ત (૩) અંત્યજ. **૦જનેતર** વિ૦ અંત્યજ સિવાયનું બીજું (૨) પું૦ તેવો માણસ; સવર્ણ

હરિણ પું૦; ન૦ [સં.] હરણ; મૃગ. **-ણાક્ષી** વિ૦ સ્ત્રી૦ હરિણ જેવાં સુંદર નયનવાળી. **-ણાજિન** ન૦ હરણનું ચામડું. **-ણી** સ્ત્રી૦ હરણી; મૃગલી (૨) પું૦ એક છંદ

હરિત વિ૦ [સં.] લીલું

હરિતાલ સ્ત્રી૦ [સં.] જુઓ હરતાલ [વગેરેની)

હરિતાલી સ્ત્રી૦ [સં.] દૂર્વા (૨) આકાશમાંની રેખા (મેઘ

હરિદાસ પું૦ [સં.] જુઓ હરદાસ

હરિદ્રા સ્ત્રી૦ [સં.] હળદર

હરિદ્વાર ન૦ [સં.] (સં.) જુઓ હરદ્વાર

હરિભક્ત પું૦ [સં.] હરિનો ભક્ત

હરિયાળી સ્ત્રી૦ લીલોતરી કે તેની શોભા. **-ળું** વિ૦ લીલું

હરિવદની વિ૦ સ્ત્રી૦ [સં.] ચંદ્રવદની

હરિવાસર પું૦ [સં.] એકાદશી [ત્રિશંકુનો પુત્ર

હરિશ્ચંદ્ર પું૦ [સં.] (સં.) પ્રસિદ્ધ સત્યવાદી રાજા;

હરી વિ૦ કૂવાના પાણીથી પકવેલું (૨) સ્ત્રી૦ ઉનાળાનો– કૂવાના પાણીથી પકવેલો પાક

હરીતકી સ્ત્રી૦ [સં.] હરડે

હરીફ પું૦ [અ.] પ્રતિસ્પર્ધી; સામાવાળિયો (૨) વિરોધી; દુશ્મન. **-ફાઈ, -ફી** સ્ત્રી૦ સરસાઈ; સ્પર્ધા (૨) શત્રુતા

હરીરો પું૦ જુઓ ગળમાણું

હરીશ્વર પું૦ [સં.] વાનરોનો રાજા

હરીસો પું૦ (કા.) એક પ્રકારનું મિષ્ટાન્ન

હરું વિ૦ લીલું (૨) રુચિ પેદા કરે તેવા સ્વાદનું (૩) અ૦ અહીં

હરેક વિ૦ દરેક; પ્રત્યેક

હરેડ(-ડુ) વિ૦ પું૦ બહુ ભારે; અઠંગ (વ્યસની)

હરેડી(-રી) સ્ત્રી૦ પૂંઠ પકડવી તે

હરેડુ વિ૦ પું૦ જુઓ હરેડ

હરેડું ન૦ હરાયું

હરેરી સ્ત્રી૦ હરેડી; મરણિયા કિકિયારી કરીને ધસવું તે

હરેરું ન૦ હરેરાનું ફળ. **-રો** પું૦ એક જાતનું ઝાડ

હરેવા ન૦ એક પંખી [(૩) બરાબરી; જોડ

હરોલ(-ળ) સ્ત્રી૦ લશ્કરનો પાછલો ભાગ (૨) હાર; ઓળ

હર્તા(-ર્ત્તા) વિ૦ [સં.] 'હરનાર' [પ્રાયઃ સમાસને છેડે]. ઉદા૦ દુઃખહર્તા (૨) પું૦ ચોર; લૂંટારુ

હર્મ્ય ન૦ [સં.] મોટું સુંદર મકાન; મહેલ

હર્ષ પું૦ [સં] હરખ; આનંદ **૦ઘેલું** વિ૦ જુઓ હરખઘેલું. **૦દ** વિ૦ હર્ષ આપે તેવું. **૦નાદ** પું૦ હર્ષની બૂમ. **-ર્ષાશ્રુ** ન૦ હરખનું આંસુ. **-ર્ષિત** વિ૦ હર્ષ પામેલું

હલ(-ળ) ન૦ [સં.] જમીન ખેડવાનું ઓજાર

હલક સ્ત્રી૦ કંઠ; સૂર; સ્વર (૨) શોભા; રોનક (૩) પળ; ક્ષણ. **૦દાર** વિ૦ હલકવાળું

હલકટ વિ૦ હલકું; નીચ; આછકલા સ્વભાવનું

હલકાઈ સ્ત્રી૦ હલકટપણું; નીચતા. **-પણું** ન૦ હલકું હોવું તે

હલકાર પું૦ હલકારવું તે. **૦વું** સ૦ક્રિ૦ મોટેથી બૂમ પાડવી (૨) બૂમ પાડી હાંકવું; ડચકારવું (૩) હાંકવું; ચલાવવું

હલકારો પું૦ ખેપિયો; કાસદ (૨) જાસૂસ; દૂત

હલકાશ સ્ત્રી૦ હલકાપણું

હલકાહોલ પું૦ (રવ૦) કોલાહલ

હલકું વિ૦ ઓછા વજનનું (૨) ઓછા મૂલનું (૩) ઝટ પચે તેવું (૪) ઊતરતી કોટીનું (૫) ઓછી મહેનતનું (૬) નીચું; ખરાબ; અઘટિત (૭) હલકટ

હલચો પું૦ (કા.) ઘસારો; નુકસાન [ઉશ્કેરાવું

હલફલ સ્ત્રી૦ ધમાલ; હલમલ. **૦વું** અ૦ક્રિ૦ ખળભળવું;

હલ(-ળ)ધર પું૦ [સં.] (સં.) બળરામ

હલભલ સ્ત્રી૦ ગભરાટથી કરેલી હોહા; બૂમાબૂમ

હલમલ સ્ત્રી૦ ધાંધલ; ધમાલ; ખળભળાટ. **૦વું** અ૦ક્રિ૦ હાલવું; ડોલવું (૨) [લા.] ભાવમગ્ન થવું

હલવા સ્ત્રી૦ એક માછલી

હલવાઈ પું૦ [અ.] સુખડિયો; કંદોઈ [બચ્ચું

હલવાન ન૦ કાંબળ; અલવાન (૨) [અ.] બકરીનું ધાવણું

હલવો પું૦ [અ.] એક મીઠાઈ

હલસો પું૦ જોરથી દમ ચાલવો તે (૨) હલેસું

હલહલ સ્ત્રી૦, **-લાટ** પું૦ ધાંધલ; કોલાહલ

હલંત વિ૦ [સં.] વ્યંજનાંત

હલા અ૦ [સં.] સખીને બોલાવતાં વપરાતું સંબોધન

હલાક વિ૦ [અ.] હેરાન; અથડામણથી કંટાળેલું (૨) કંગાલ. **-કી** સ્ત્રી૦ હેરાનગતિ; અથડામણ; આપદા (૨) તંગી; કંગાલિયત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલાણું ન૦ ખેડતાં ફાવે માટે મોટા ખેતરના વિભાગ કરી દરેક વિભાગને ખેડવો તે

હલાફલ સ્ત્રી૦ (કા.) દોડાદોડી; આમથી તેમ અને તેમથી આમ ઘૂમવું તે (૨) પોતાની મોટાઈ બતાવવા આમતેમ ફરાફર કરવી તે

હલામણ સ્ત્રી૦ અથડામણ;હેરાનગતિ (૨) માથાફોડ; પંચાત

હલાયુધ પું૦ [सं.] (સં.) હળધર; બળરામ

હલાલ વિ૦ [अ.] (ઇસ્લામી) ધર્મમાં જેની રજા છે એવું; કાયદેસર; વાજબી. ૦ખોર પું૦ ભંગિયો (૨) ખાટકી; કસાઈ (૩) બરાબર કામ કરીને બદલો મેળવનારો. **–લી** સ્ત્રી૦ વફાદારી; એકનિષ્ઠા

હલાવું અ૦ક્રિ૦, **–વવું** સ૦ક્રિ૦ 'હાલવું'નું ભાવે ને પ્રેરક

હલા(–ળા)હલ(–ળ) વિ૦ [सं.] અતિ તીવ્ર (૨) ન૦ કાળકૂટ વિષ (સમુદ્રમંથન કરતાં નીકળેલું)

હલેતું વિ૦ અલેતું; દુનિયાદારીથી અણવાકેફ (૨) ધીમું; ધીરું

હલેસું ન૦ હોડી ચલાવવાનો ચાટવો. **–સવું** અ૦ક્રિ૦ હલેસાં મારવાં (૨) સ૦ક્રિ૦ હલેસાં મારી ચલાવવું (હોડી)

હલો પું૦ ઠાઠમાઠ; ભપકો

હલ્લું ન૦ + હલ્લો [[લા.] કામધંધો; ઉદ્યોગ

હલ્લો પું૦ ધસારો; હુમલો (૨) [લા.] ધક્કો; નુકસાન (૩)

હલ્સંધિ પું૦;સ્ત્રી૦ [सं.] વ્યંજનોની સંધિ (વ્યા.)

હવકવ સ્ત્રી૦ જુઓ હવ્યકવ્ય (૨) દાવપેચ; યુક્તિપ્રયુક્તિ

હવડ વિ૦ અવડ; અવાવરુ

હવડાં(–ડે) અ૦ + હમણાં

હવણ સ્ત્રી૦ સાથ; સોબતની હૂંફ (૨) સહેલ

હવણાં અ૦ હાલમાં; અત્યારે; હમણાં

હવન પું૦ [सं.] હોમ; યજ્ઞ (૨) ન૦ યજ્ઞમાં આહુતિ હોમવી તે. ૦પડી સ્ત્રી૦ હવનમાં વપરાતી કેટલીક સામાન્ય ચીજોનું પડીકું

હવસ પું૦ [अ.] વાસના (૨) કામવાસના (૩) લોભ;લલુતા

હવા સ્ત્રી૦ [अ.] પવન; વાયુ (૨) વાતાવરણ (૩) ભેજ. ૦ઈ વિ૦ હવાનું, –ને લગતું (૨) હવામાં ઊંચે ઊડનારું (૩) [લા.] કાલ્પનિક; તરંગી (૪) સ્ત્રી૦ એક દારૂખાનું. ૦ઈ જહાજ ન૦ વિમાન; 'એરોપ્લેન'. ૦ટ પું૦ હવાયાની અસર; ભેજ. ૦દાર વિ૦ હવા આવજા કરે એવી મોકળાશવાળું. ૦ફેર પું૦ તબિયતને કારણે હવા–સ્થળ બદલવું તે

હવા(–વે)ડો પું૦ ઢોરને પાણી પીવાનો (કૂવા પરનો) કુંડ

હવાતિયું ન૦ વલખું; મિથ્યા પ્રયત્ન; ફાંફાં

હવાલ પું૦ અવસ્થા; હાલત (૨) અહેવાલ

હવાલદાર પું૦ [फा.] પટેલતલાટીનો સિપાઈ; પટાવાળો (૨) સિપાઈઓની નાની ટુકડીનો નાયક. **–રી** સ્ત્રી૦ હવાલદારનું કામ

હવાલો પું૦ [अ.] કબજો; તાબો (૨) સુપરત; ભાળવણ (૩) અખત્યાર; સત્તા (૪) ઝીણી ચાળણી (૫) સામસામે ખાતે જમાઉધાર કરવું તે

હવાવું અ૦ક્રિ૦ ભેજ લાગવો

હવાં અ૦ (પ.) હવે; હમણાં

હવિ પું૦;ન૦ [सं.] બળિ; હોમવાનું તે. ૦ષ્ય ન૦ હોમવા યોગ્ય દ્રવ્ય. ૦ષ્યાન્ન ન૦ યજ્ઞ કે ઉપવાસના દિવસોમાં ખાઈ શકાય તેવું અન્ન [કા૦નું રૂપ (પ.)

હવું (સ્ત્રી૦ હવી, પું૦ હવો) 'હોવું'નું અનિયમિત ભૂ૦

હવે અ૦ અમુક પછી; અત્યારે (૨) અત્યાર પછી

હવેજ પું૦ હળદરનો લોટ

હવેડો પું૦ જુઓ હવાડો

હવેથી અ૦ અત્યાર પછીથી

હવેરું વિ૦ (સુ.) બાવરું; ગભરાયેલું

હવેલી સ્ત્રી૦ [फा.] મોટું ને સુંદર બાંધણીનું મકાન (૨) પુષ્ટિમાર્ગીય મંદિર. ૦ધર્મ પું૦ વૈષ્ણવ ધર્મ

હવૈડું ન૦ જુઓ બગડિયું; એક જાતની રાંપડી

હવ્ય વિ૦[सं.]હોમવા યોગ્ય(૨)ન૦હોમવાની સામગ્રી(દેવોને માટે). ૦કવ્ય ન૦દેવ અને પિતૃને આપવાનો બળિ

હશર સ્ત્રી૦ ક્યામત

હશે 'હોવું'નું બીજા પુરુષ એ૦ વ૦નું તથા ત્રીજા પુરુષનું ભ૦કા૦નું રૂપ (૨)અ૦[લા.] ખેર; કંઈ ચિંતા નહિ.૦દૃષ્ટિ સ્ત્રી૦ 'હશે'ના ભાવની દૃષ્ટિ. **–શો** 'હશે' (બીજો પુરુષ એ૦વ૦) નું બ૦વ૦ રૂપ

હશેકું વિ૦ નવશેકું; સહેજસાજ ગરમ

હશ્રુતિ સ્ત્રી૦ [सं.] જુઓ હકારશ્રુતિ (જુઓ 'હ'માં)

હસકેતસકે અ૦વારંવાર; રહી રહીને(૨) સહેજ સહેજમાં

હસણી સ્ત્રી૦ હસવું તે (૨) હસવાની રીત (૩) હાંસી

હસણું વિ૦ હસતું (૨) મશ્કરીખોર (૩) ન૦ હાંસી

હસદ સ્ત્રી૦ [अ.] અદેખાઈ; ઈર્ષા; કીનો. ૦ખોર વિ૦ અદેખો; કીનાખોર

હસનીય વિ૦ [सं.] હસવા યોગ્ય. ૦તા સ્ત્રી૦

હસમુખું વિ૦ હસતા મુખવાળું

હસરત સ્ત્રી૦ [अ.] દિલગીરી; શોક

હસવું અ૦ક્રિ૦ દાંત કાઢવા (૨) ગમત ખાતર બોલવું (૩) સ૦ક્રિ૦ હાંસી કરવી (૪) ન૦ હાસ્ય (૫) મશ્કરી; મજાક

હસંતી સ્ત્રી૦ [सं.] સગડી

હસાગવ પું૦ + હાસ્યવિનોદ

હસામણું વિ૦ હસાવે એવું

હસારત(–થ) સ્ત્રી૦;ન૦ હાંસી; મજાક (૨) મશ્કરીનું કારણ

હસિત વિ૦ [सं.] હસેલું (૨) હાંસી પામેલું (૩) ન૦ હાસ્ય (૪) મશ્કરી (૫) પું૦ એક સંગીતાલંકાર

હસી સ્ત્રી૦, **–સું** ન૦ હસવું તે (૨) હાંસી; મશ્કરી

હસ્ત પું૦[सं.]હાથ(૨)તેરમું નક્ષત્ર.૦ક વિ૦(૨)અ૦ હાથે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારફતે (૨) હવાલે; તાબે. **૦કમલ(-ળ)** ન૦ કમળ જેવો હાથ. **૦કલા(ળા)** સ્ત્રી૦ હાથની કારીગરી. **૦કૌશલ(-લ્ય)** ન૦ (કાંઈ કરવામાં) હાથની કુશળતા. **૦ક્રિયા** સ્ત્રી૦ હાથની કારીગરી (૨) હસ્તદોષ ૨ જુઓ. **૦ગત** વિ૦ હાથમાં આવેલું; પ્રાપ્ત. **૦તલ** ન૦ હથેળી. **૦દોષ** પું૦ હાથનો-લખાણનો દોષ(૨)હાથે કરેલો વીર્યપાત. **૦ધૂનન** ન૦ મળતી વેળા હાથ મિલાવીને હલાવવાનો અંગ્રેજી ચાલ. **૦પ્રક્ષાલન** ન૦ હાથ ધોવા તે. **૦મેળાપ** પું૦ હાથમાં હાથ મેળવવો તે (લગ્ન વખતે). **૦મેળો** પું૦ જુઓ હસ્તમેળાપ. **૦લાઘવ** ન૦ જુઓ હસ્તકૌશલ્ય. **૦લિપિ** સ્ત્રી૦ હસ્તાલેખન કરવા માટેની (અંધ માટે) લિપિ. **૦લેખ** પું૦ જુઓ હાથપ્રત. **૦લિખિત** વિ૦ હાથનું લખેલું (૨) ન૦ હાથપ્રત (૩) હાથે લખીને કઢાતું માસિક. **૦સ્થળી** સ્ત્રી૦ હથેળી. **-સ્તાક્ષર** પું૦ હાથે લખેલા અક્ષર(૨)સહી. **-સ્તામલક** ન૦હાથમાંનું આમળું. **-સ્તામલકવત્** અ૦ હાથમાંના આમળાની પેઠે (સહેલાઈથી કે સ્પષ્ટ રીતે). **-સ્તાલેખન** ન૦(અંધ-બધિર માટે) હાથ પર સંજ્ઞાથી કહેવું તે (૨) 'ફ્રી હેન્ડ ડ્રૉઈંગ'

હસ્તિનાપુર ન૦[સં.](સં.) પાંડવોની રાજધાની (અત્યારના દિલ્લીથી ૫૦ માઈલ ઈશાનકોણમાં)

હસ્તિની સ્ત્રી૦[સં.] હાથણી (૨) કામશાસ્ત્રમાં વર્ણવેલી ચાર પ્રકારની સ્ત્રીઓમાંની એક (જુઓ 'શંખિની'માં)

હસ્તી સ્ત્રી૦ [फ़ा.] હયાતી; અસ્તિત્વ

હસ્તી પું૦ [સં.] હાથી. **૦દંત** પું૦ હાથીદાંત. **૦નખ** પું૦ હાથીનો નખ. **૦મદ** પું૦ હાથીના ગંડસ્થળમાંથી ઝરતો એક પદાર્થ. **૦વિજ્ઞાન** ન૦, **૦વેદ** પું૦ હાથી વિષેનું શાસ્ત્ર. **૦શાલા(-ળા)** સ્ત્રી૦ હાથીખાનું

હસ્ત્યારોહ પું૦ [સં.] મહાવત

હળ ન૦ હલ; જમીન ખેડવાનું ઓજાર. **૦ખેડુ** વિ૦ હળ ખેડનાર. **૦ધર** પું૦(સં.) જુઓ હલધર. **૦પૂણી** સ્ત્રી૦ હળના ચવડામાં ઘાલવાની કોશ

હળકવું અ૦ક્રિ૦ ઝૂલવું; હાલવું

હળદ,૦ર સ્ત્રી૦ રસોઈમાં વપરાતું એક ગાંઠાદાર મૂળ

હળદરવો પું૦ એક ઝાડ (૨) [ચ.] ડાંગર બાવટાનો રોગ

હળફલવું અ૦ક્રિ૦ + હાંફળુંફાંફળું થવું; હલફલવું

હળભળિયું વિ૦ હળેભળે એવું; મળતાવડું

હળમળ સ્ત્રી૦ હળવુંમળવું તે; મેળ; સંબંધ (૨) અ૦ ખળભળી ઊઠ્યું હોય તેમ; ઉશ્કેરાઈ ગયું હોય તેમ

હળવટ સ્ત્રી૦ ખેતી

હળવાશ સ્ત્રી૦ હળવાપણું

હળવું વિ૦ હલકું; ધીમું; નરમ (૨) અ૦ક્રિ૦ જીવ મળવો; ગોઠવું; ગમી જવું (૩) ફળવું (૪) સ૦ક્રિ૦ બબ્બે ચાસની વચ્ચે હળ ફેરવવું. **-વે** અ૦ ધીમેથી; આસ્તે

હળાહળ વિ૦ (૨) ન૦ જુઓ હલાહલ

હળિયું ન૦ નાનું હળ

હળોતરું ન૦ જમીનને પ્રથમ વરસાદે ખેડવી તે

હં અ૦ [સં.] આશ્ચર્ય, તુચ્છકાર, ધમકી, હકાર કે ઉત્સાહદર્શક ઉદ્ગાર

હંકરાવું અ૦ક્રિ૦ 'હંકારવું'નું કર્મણિ [હાંકવું; ચલાવવું

હંકાઈ(-મણી) સ્ત્રી૦ હાંકવાનું મહેનતાણું. **-રવું** સ૦ક્રિ૦

હંખારવું સ૦ક્રિ૦ સ્વચ્છ કરવું; ગાળવું

હંખારો પું૦ ગાળતાં રહેલો કચરો

હંગામ પું૦ [फ़ा.] અવસર; મોસમ (૨) હંગામો. **-મી** વિ૦ મોસમ પૂરતું; થોડા વખત માટેનું; કામચલાઉ

હંગામો પું૦ [फ़ा.] ધમાચકડી; ધમાલ (૨) તોફાન; હુલ્લડ

હંડરવેટ પું૦ ટનનો વીસમો ભાગ

હંતવ્ય વિ૦ [સં.] હણવા યોગ્ય

હંતા વિ૦ (૨) પું૦ [સં.] હણનાર; ખૂન કરનારો

હંફાવું અ૦ક્રિ૦, **-વવું** સ૦ક્રિ૦ 'હાંફવું'નું કર્મણિ ને પ્રેરક

હંભા અ૦ [સં.] (રવ૦) ગાયના ભાંભરવાનો અવાજ. **૦રવ** પું૦ હંભા એવો અવાજ

હંમેશ(-શાં) અ૦ હમેશ; રોજ

હંસ પું૦[સં.] એક પક્ષી(૨)જીવ; આત્મા(૩)જુઓ એકદંડી. **૦ગતિ** સ્ત્રી૦ હંસના જેવી ધીમી મોહક ચાલ. **૦ગામિની** વિ૦સ્ત્રી૦ હંસગતિથી ચાલનારી. **૦ણી** સ્ત્રી૦ હંસની માદા. **૦પદ** ન૦ હંસનું પગલું (૨) લખાણમાં ઉમેરો દર્શાવવા માટે કરવામાં આવતું (‸) આવું ચિહ્ન (૩) બે કાકપદ જેટલો સમય (સંગીત). **૦રાજ** પું૦ હંસોનો રાજા(૨)એક જાતની વનસ્પતિ. **૦વાહની** સ્ત્રી૦ (સં.) સરસ્વતી દેવી. **-સા** પું૦ એક છંદ(૨)સ્ત્રી૦ હંસણી. **-સી** સ્ત્રી૦ હંસણી

હા અ૦ [સં.] અરે ! અહા !

હા અ૦ સંમતિસૂચક ઉદ્ગાર (૨) સ્ત્રી૦ હા કહેવી તે; સ્વીકાર

હાઇડ્રોજન પું૦ [ઇં.] એક પ્રકારનો વાયુ

હાઈકોર્ટ સ્ત્રી૦ [ઇં.] ઇલાકાની સૌથી વડી અદાલત

હાઈસ્કૂલ સ્ત્રી૦ [ઇં.] મૅટ્રિક સુધીની અંગ્રેજી ભણવાની નિશાળ; વિનયમંદિર

હાઉ પું૦ બાળકને ભય ઉપજાવનારો કાલ્પનિક બિહામણો જીવ (૨) ન૦ જુઓ એરું ૧,૨

હાઉહાઉ અ૦ (રવ૦) કૂતરાના ભસવાનો અવાજ

હાક સ્ત્રી૦ હોકારો; બૂમ (૨) દોર પ્રતાપ; છાપ

હાક(-કે,-કો)ટવું સ૦ક્રિ૦ મોટેથી બોલવું (૨) ધમકાવવું

હાકલ સ્ત્રી૦ હાંક; બોલાવવા માટે પાડેલી મોટી બૂમ.

હાકલવું સ૦ક્રિ૦ હાંક મારીને બોલાવવું

હાકવું સ૦ક્રિ૦ હાંકવું; ચલાવવું (૨) હાક મારીને કાઢી મૂકવું

હાકાર પું૦ હા કહેવું તે [ઘાંટો; બૂમ

હાકેટવું સ૦ક્રિ૦ જુઓ હાકટવું. **હાકે(-કો)ટો** પું૦ મોટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાકેમ પુંં સૂબો; રાજ્યકર્તા અમલદાર. **૦રસ** વિ૦ હાકેમ સાથે ઓળખાણવાળું. **–મી** વિ૦ હાકેમ સંબંધી (૨) સ્ત્રી૦ હકૂમત; અમલ; કારકિર્દી

હાકોટવું સ૦ક્રિ૦ જુઓ હાકટવું

હાકોટો પું૦ જુઓ હાકટો [ની શંકા (૩) આફત

હાજત સ્ત્રી૦ [अ.] જરૂરિયાત; આવશ્યકતા (૨) ઝાડાપેશાબ-

હાજર વિ૦ સમક્ષ; મોજૂદ હોય તેવું. **૦જવાબ** પું૦ હાજરજવાબી. **૦જવાબી** વિ૦ સમયાનુસાર યોગ્ય જવાબ તરત આપી શકે તેવું (૨) સ્ત્રી૦ તેની આવડ. **૦જામિ(–મી)ન** પું૦ ગુનેગારને હાજર કરવા માટેનો જામીન. **૦બાશી** સ્ત્રી૦ હાજર હોવું તે

હાજરાત સ્ત્રી૦ જંતરમંતરની એક ક્રિયા

હાજરાહજૂર વિ૦ હજૂરમાં તૈયાર હોય એવું (૨) સાક્ષાત; પ્રત્યક્ષ

હાજરી સ્ત્રી૦ હાજર હોવું તે (૨) નાસ્તો. **૦પત્રક** ન૦ હાજરી નોંધવાનું પત્રક

હાજવું અ૦ક્રિ૦ અડી રહેવું; લાગુ રહેવું

હાજિબ પું૦ [अ.] દરવાન

હાજિયાણી સ્ત્રી૦ હજ કરી આવેલી મુસલમાન સ્ત્રી

હાજિયો પું૦ હાકાર (૨) ખુશામતિયો; સઘળી વાતની હા કહેનારો

હાજી પું૦ [अ.] હજ કરી આવેલો મુસલમાન; મક્કાનો જાત્રાળુ

હા જી અ૦ જી હા; હા સાહેબ. **૦હા** સ્ત્રી૦ ખુશામત (૨) અ૦ ભારપૂર્વક હાકાર દર્શાવતો એક ખુશામતિયો ઉદ્ગાર

હાટ સ્ત્રી૦; ન૦ દુકાન (૨) ગુજરી; બજાર

હાટક વિ૦ [सं.] સોનાનું; સોનેરી (૨) ન૦ સોનું

હાટકવું સ૦ક્રિ૦ ગર્જના કરવી; હોકારો કરવો (૨) ધમકાવવું

હાટિયું ન૦ ભીંતમાંનું બારણાવાળું તાકું

હાડુ અ૦ (કા.) વાસ્તે; કાજે [માગે છે તે ભીખ

હાટોડી સ્ત્રી૦ (કા.) દુકાને દુકાને ફરીને બાવા ફકીર વગેરે

હાડ ન૦ હાડકું (૨) બાંધો; કાઠું (૩) કપાસનાં દોડવાં ભરી રાખવાનો વાડો (૪) અ૦ (શ૦પ્ર૦માં) છેલ્લી હદે; છેક જ (૫) ઘણું જ. **૦ચર** સ્ત્રી૦ શરીરમાં રહેતો ઝીણો તાવ. **૦ચરિયું** વિ૦ હાડમાં રહેતો ઝીણો (તાવ). **૦કી** સ્ત્રી૦ નાનું અને પોચું હાડકું. **૦કું** ન૦ અસ્થિ. **૦જ્વર** પું૦, **૦ધગી** સ્ત્રી૦ ઝીણો તાવ; જીર્ણજ્વર. **૦પિંજર** ન૦ શરીરનું હાડકાંનું ખોખું. **૦મહેનત** સ્ત્રી૦ તનતોડ મહેનત; સખત શ્રમ. **૦માળા** સ્ત્રી૦ હાડકાંની માળા. **૦વેર** ન૦ પાકું વેર. **૦વેરી** પું૦ કટ્ટો વેરી. **૦વૈદ(–ઘ)** પું૦ હાડકાં બેસાડનારો કે જોડનારો વૈદ્ય. **૦સાંકળ** સ્ત્રી૦ એક વેલ

હાડછેડ સ્ત્રી૦ તિરસ્કાર; તરછોડવું તે

હાડમાર વિ૦ હડેહડે થયેલું; તુચ્છકારાયેલું (૨) સ્ત્રી૦ હાડમારી. **–રી** સ્ત્રી૦ તિરસ્કાર; ધુત્કાર (૨) હેરાનગતિ; મુશ્કેલી

હાડિયાકરસણ પું૦; ન૦ ચોમાસામાં થતો એક છોડ

હાડિયાદૂંડું ન૦ એક જાતની છોકરાંની રમત

હાડિયું વિ૦ હાડ સંબંધી; હાડમાં પહોંચેલું કે રહેતું

હાડિયો પું૦ કાગડો

હાડી વિ૦ મજબૂત હાડનું; મહેનતુ; ખડતલ (૨) હઠીલું; મમતી (૩) હાડિયું (૪) પું૦ મડદાંનાં હાડકાંની મદદથી ખેલો કરનાર જાદુગર

હાડીમેલ પું૦ (કા.) લૂગડાનો બાફ્યે જ નીકળે એવો મેલ

હાડે(–ડો)હાડ અ૦ છેક હાડકાં સુધી; હાડકે હાડકે

હાડો પું૦ કાગડો; હાડિયો

હાણ સ્ત્રી૦ હાનિ; નુકસાન

હાતિમ,૦તાઈ પું૦ [अ.] એક પ્રખ્યાત સખાવતી આરબ

હાથ પું૦ હસ્ત (૨) કોણીથી વચલી આંગળીના છેડા સુધીની લંબાઈનું માપ (૩) દાવ (રમતમાં) (૪) રેલવેનું સિગ્નલ (૫) [લા.] હાથનો કસબ. **૦ઉછીનું** વિ૦ ચોપડામાં ઉધાર્યા વિના થોડી વાર પછી આપી દેવાની શરતે લીધેલું કે આપેલું. **૦કડી** સ્ત્રી૦ હાથની બેડી. **૦કંતામણ** ન૦ હાથે કંતાવવું તે. **૦કામ** ન૦ હાથનું કામ. **૦કારીગરી** સ્ત્રી૦ હાથની કારીગરી. **૦કાંતણ** ન૦ હાથે કાંતવું તે. **૦ગરણું** ન૦ લગ્ન વખતનો વધાવો–રૂપિયા આપે છે તે. **૦ગાડી** સ્ત્રી૦ હાથે ખેંચવાની કે ધકેલવાની ગાડી. **૦ચાલાકી** સ્ત્રી૦ હાથની ચાલાકી (જાદુના ખેલમાં). **૦તાળી** સ્ત્રી૦ હાથની તાળી. **૦ધોણું** ન૦ અતિસાર; ઝાડા. **૦પહોંચિયું** ન૦ હાથના પહોંચાનું એક ઘરેણું. **૦પાકીટ** ન૦ હાથમાં રાખવાનું પાકીટ. **૦પ્રત** સ્ત્રી૦ મૂલપ્રત; 'મૅન્યુસ્ક્રિપ્ટ'. **૦બેડી** સ્ત્રી૦ હાથકડી. **૦મહેનત** સ્ત્રી૦ હાથથી કરાતી મહેનત. **૦મોજું** ન૦ હાથે પહેરવાનું મોજું. **૦રસ** ન૦ હાથથી કરેલો વીર્યપાત. **૦રૂમાલ** પું૦ હાથનો રૂમાલ. **૦લો** વિ૦પું૦ હાથના જેવા ફાફડાવાળો (થોર). **૦સાળ** સ્ત્રી૦ હાથે ચલાવાતી સાળ

હાથણી સ્ત્રી૦ હાથીની માદા (૨) પુસ્તો

હાથાતોરણું ન૦ એક જાતનું તોરણ

હાથિયો પું૦ ૧૩મું નક્ષત્ર (૨) મલપતો મોટો હાથી (૩) ખરેરો

હાથી પું૦ હસ્તી; ગજ. **–થિણી** સ્ત્રી૦ હાથણી. **૦ખાનું**, **૦થાન** ન૦ હાથી રાખવાનો તબેલો. **૦દાંત** પું૦ હાથીનો દંતૂશળ. **૦પગું** વિ૦ રોગથી ફૂલેલા પગવાળું (૨) મોટા પગવાળું. **૦સૂંઢું** ન૦ એક વનસ્પતિ

હાથેવાળો પું૦ વરકન્યાનો હસ્તમેળાપ

હાથેળી સ્ત્રી૦ જુઓ હથેળી

હાથો પું૦ હથિયાર કે ઓજાર જ્યાંથી પકડાય તે ભાગ; મૂઠ કે દસ્તો (૨) સહાય; મદદ (૩) પક્ષ (૪) કંકુવાળા હાથની છાપ (૫) વેપારીઓ આંગળીઓની નિશાનીથી ભાવ ઠરાવવા પોતાનો હાથ કપડા નીચે ઢાંકીને આપે છે તે

હાથોહાથ અ૦ જેને આપવાનું હોય તેના જ હાથમાં; જાતોજાત (૨) એકના હાથમાંથી બીજાના હાથમાં એમ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકબીજાની મદદથી

હાન સ્ત્રી૦ બાધા; માનતા (૨) હાનિ; હાણ

હા ના સ્ત્રી૦ હા ને ના કરવી તે; આનાકાની

હાનિ સ્ત્રી૦ [સં.] નુકસાન (૨) પાયમાલી; નાશ. ૦કર, ૦કર્તા(-ર્ત્તા), ૦કારક વિ૦ હાનિ કરનારું; નુકસાનકારક

હાફકોટ પું૦ [ઇં.] અડધે સુધી આવતો એક જાતનો કોટ

હાફિજ પું૦ [અ.] આખું કુરાન જેને મોઢે હોય એવો માણસ (૨) પું૦ (સં.) ઇરાનનો એક પ્રખ્યાત કવિ

હામ સ્ત્રી૦ હિંમત. ૦લણું અ૦ક્રિ૦ હિંમત હારી જવું

હામા ન૦ એક જાતનું પક્ષી

હામી પું૦ [અ.] હામીદાર (૨) સ્ત્રી૦ જામીન; બાંયધરી. ૦દાર પું૦ જામીન. ૦દારી સ્ત્રી૦ હામીદારપણું

હાય અ૦ દુઃખ, ત્રાસ કે અફસોસનો ઉદ્‌ગાર (૨) સ્ત્રી૦ અંતરના ઊંડા દુઃખની બદદુવા; શાપ. **૦પિટારો** પું૦, ૦પીટ સ્ત્રી૦ હાયપીટ કરવી તે; રોકૂટ. **૦વરાળ** સ્ત્રી૦ શોક; અફસોસ. ૦વોય સ્ત્રી૦ શોક; અફસોસ; ચિંતા (૨) અ૦ શોકનો એવો ઉદ્‌ગાર. **૦હાય** સ્ત્રી૦ (૨) અ૦ જુઓ હાયવોય [એવું ઘરેણું

હાર પું૦ [સં.] ફૂલની મોટી માળા (૨) ગળામાં પહેરવાનું

હાર સ્ત્રી૦ પરાજય (૨) ઓળ; પંક્તિ

હાર(-રું) વિ૦ 'કરનાર' એ અર્થનો કર્તૃત્વવાચક પ્રત્યય. ઉદા૦ સર્જનહાર; રાખણહારો

હારક વિ૦ (૨) પું૦ [સં.] હરનાર

હારકતાર અ૦ ઓળબંધ; હારબંધ

હારજીત સ્ત્રી૦ હાર અને જીત

હારડો પું૦ મોટો હાર (૨) ખાંડનાં ચકતાંનો હાર

હારણ વિ૦ હારેલા મન કે સ્વભાવનું (૨) અધીરું (૩) સ્ત્રી૦ હારણ હોવું તે. -ણું વિ૦ હારણ

હારતોરા પું૦બ૦વ૦ હાર અને તોરા (૨) [લા.] માન;આદર

હાર(-રા)દોર અ૦ એક હારમાં; હારબંધ

હારબંધ અ૦ હારદોર; ઓળબંધ

હારવું અ૦ક્રિ૦ પરાજિત થવું (૨) કાયર થવું; થાકવું (૩) સ૦ક્રિ૦ રમતમાં શરત તરીકે મૂકેલી વસ્તુ ગુમાવવી

હારસિંગાર ન૦ પારિજાતક

હારાદોર અ૦ હારબંધ; હારદોર

હારાહાર સ્ત્રી૦ હારંહારા; વારંવાર હારવું તે

હારિણાશ્વા સ્ત્રી૦[સં.] મધ્યમ ગ્રામની એક મૂર્ચ્છના(સંગીત)

હારિયલ ન૦ જુઓ હારીલ [(પદ) (૩) સમકાલીન

હારિયું વિ૦ સમોવડિયું; એક જ પંક્તિનું (૨) એક જ રાહનું

હારી વિ૦ [સં.] હરનારું (સમાસને છેડે) ઉદા૦ દુઃખહારી

હારી પું૦ એક છંદ (૨) ખેતી માટે રાખેલો મદદનીશ માણસ; સાથી

હારીલ ન૦ એક પંખી (જેને વિષે એમ મનાય છે કે જન્મતી વખતે તે જે એક લાકડું પકડી લે છે તે મરતા સુધી છોડતું નથી)

હારે અ૦ જોડે; સાથે

હારેડું વિ૦ તોફાની; મસ્તાન; આરેડું

હારોડી સ્ત્રી૦ હાર; ઓળ

હારોહાર અ૦ જુઓ હારદોર

હાર્દ ન૦ [સં.] હૃદય (૨) મર્મ; રહસ્ય (૩) ભાવાર્થ. -ર્દિક વિ૦ ખરા અંતરનું

હાર્મોનિયમ ન૦ [ઇં.] એક વિદેશી વાદ્ય

હાલ પું૦બ૦વ૦ [અ.] દશા; સ્થિતિ (૨) અવદશા (૩) અ૦ હમણાં; અત્યારે

હાલક પું૦ એક છંદ (૨) [સં.] પીળાશપડતા રંગનો ઘોડો

હાલકહૂલક ન૦ અવ્યવસ્થા; તોફાન (૨) વિ૦ તોફાની

હાલચાલ સ્ત્રી૦ હાલવુંચાલવું તે; હરફર (૨) રીતભાત

હાલત સ્ત્રી૦ [અ.] અવસ્થા; સ્થિતિ (૨) ટેવ

હાલપોલ(-લિયું) વિ૦ જુઓ સાલપોલિયું

હાલબકાલ સ્ત્રી૦ હલમલ

હાલરડું ન૦ બાળકને ઝુલાવતાં ગવાતું ગીત(૨)ટોળું;હાલરું

હાલરું ન૦ બાળકને નજર ન લાગે એવી ચીજોની માળા (૨) જૂથ; ટોળું (૩) કણસલામાંના કણ છૂટા પાડવા ખળીમાં બળદ ફેરવે છે તે (૪) હાલરડું

હાલવું અ૦ક્રિ૦ ડોલવું (૨) જવું; ચાલવું

હાલસો પું૦ હરકત; હાનિ [વિ૦ દુર્દશામાં પડેલું

હાલહવાલ પું૦બ૦વ૦ દુર્દશા; ખરાબી; પાયમાલી (૨)

હાલહાલ અ૦ હમણાં જ; અબઘડી

હાલંદું વિ૦ હાલતું

હાલંહાલા,હાલાહાલ સ્ત્રી૦ વારંવાર હાલવું તે

હાલા અ૦ (૨) સ્ત્રી૦ જુઓ હાલો [સ્ત્રી૦ હાલરડું

હાલી સ્ત્રી૦ બાળકને સુવાડવાની ઝોળી; ખોયું. ૦ગોરી

હાલીમવાલી પું૦ હલકા દરજ્જાનો માણસ

હાલેડું ન૦,-રો પું૦ + હાલરડું

હાલો અ૦ બાળકને હીંચતાં વપરાતો ઉદ્‌ગાર(૨)પું૦ ખોયું; પારણું (બાળભાષામાં) (૩) હાલરડું

હાલોડોલો પું૦(કા.)હરવુંફરવું તે(૨)બને તેટલું, થોડુંઘણું કામકાજ કરવું તે(૩)શરીરની નબળાઈને લીધે થોડીઘણી હરફર થાય તે

હાવ પું૦[સં.]શૃંગારયુક્ત ચેષ્ટા કે ચાળો(સ્ત્રીનો)(૨)ઇચ્છા; હવસ. ૦ભાવ પું૦બ૦વ૦ શૃંગારયુક્ત ચેષ્ટા; નખરાં

હાવરું વિ૦ અતિલોભી; અસંતોષી (૨) બાવરું

હાવરો પું૦ જાવકની ખાતાવાર નોંધ (૨) તાવ ગયા પછી ઊઘડતી ભૂખ

હાવસોઈ,૦ઝાવસોઈ સ્ત્રી૦ જુઓ ઝાવસોઈ

હાવાં,-વે અ૦ (પ.) હવે; હમણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાશ અ૦ સંતોષ અથવા નિવૃત્તિનો ઉદ્ગાર

હાશીશ સ્ત્રી૦ એક માદક વનસ્પતિ

હાસ પું૦ [સં.] હાસ્ય; હસવું તે

હાસ્ય ન૦ [સં.] હસવું તે. ૦**ચિત્ર** ન૦ ટોળ કરવા દોરેલું હાસ્યજનક ચિત્ર; 'કૅરિકેચર.' ૦**જનક** વિ૦ હાસ્ય ઉપજાવે એવું. ૦**રસ** પું૦ નવ રસોમાંનો એક (જુઓ રસ). ૦**વિનોદ** પું૦ હાસ્ય અને વિનોદ. -**સ્યાસ્પદ** વિ૦ હસવા યોગ્ય; હસવું આવે એવું

હાહાકાર પું૦ [સં.] હા! હા! એવો શોક કે ત્રાસનો ઉદ્ગાર; સર્વત્ર શોક અને ત્રાસની લાગણી ફેલાઈ જવી તે

હાહાહીહી અ૦ હાસ્યવિનોદનો એવો ઉદ્ગાર (૨) સ્ત્રી૦ હાસ્યવિનોદ; ઠઠ્ઠામશ્કરી

હાહો સ્ત્રી૦ હોહા; હોકાર; ધુમરાણ (૨) ધામધૂમ; ધમાલ

હાળી પું૦ હળ ખેડનારો (૨) પતિ (૩) મરદ

હાં અ૦ (૨વ૦) ભાર, અનુરોધ કે વિનવણીનો ઉદ્ગાર. ઉદા૦ તમે એમ કરજો, હાં (૨) ચાલુ વાતમાં વચ્ચે વચ્ચે હાંકારો દેવાનો ઉદ્ગાર (૩) + હા; હાકારસૂચક ઉદ્ગાર (૪) સામો હોકારો–પડકાર કરવાનો ઉદ્ગાર. ૦**કે** અ૦ હાં ૧ જુઓ (તે ભાવ સવિશેષે બતાવે છે.). ૦**ઉં** અ૦ હાં; બસ. ૦**રે** અ૦ કેટલાંક ગીતમાં હુલાવનારો પ્રારંભક ઉદ્ગાર. ૦**હાં** અ૦ ખમા કે અરેરાટી બતાવતો ઉદ્ગાર

હાંક સ્ત્રી૦ બોલાવવા માટેની બૂમ

હાંકણી સ્ત્રી૦ હાંકવાની રીત

હાંકવું સ૦ક્રિ૦ પશુ, વાહન, વહાણ, ગાડી વગેરેને ઇચ્છિત [માર્ગે ચલાવવું

હાંકારો પું૦ 'હાં' એવો અવાજ

હાંકેડુ પું૦ હાંકનારો; ગાડીત

હાંજા પું૦બ૦વ૦ શરીરના સાંધા (૨) [લા.] હિંમત; શક્તિ

હાં જી અ૦ + હાજી; માન સાથે જવાબ દેવાનો એક ઉદ્ગાર

હાંડલી સ્ત્રી૦ નાનું હાંડલું; હાંલ્લી. -**લું** ન૦ પહોળા મોંનું માટીનું એક વાસણ. -**લો** પું૦ એક વાની

હાંડી સ્ત્રી૦ હાંલ્લી (૨) ધાતુનું તેવું વાસણ (૩) લટકતો દીવો મૂકવાનું કાચનું વાસણ. ૦**ધોયો** પું૦ રાંધવાનાં વાસણ માંજનારો.-**ડો** પું૦ મોટો દેગડો (૨) એક વાની (૩) મૂર્ખ; ઢ

હાંફ પું૦; સ્ત્રી૦, ૦**ણ** સ્ત્રી૦ ઉતાવળો શ્વાસ ચાલવો તે (૨) તેથી થતી છાતીની રૂંધામણ; અમૂંઝણ. ૦**ણું** વિ૦ વ્યાકુળ; બાવરું. ૦**ણું ફાંફણું** વિ૦ ગભરાયેલું; બેબાકળું; બાવરું. ૦**વું** અ૦ક્રિ૦ હાંફ ચડવી

હાંલ્લી સ્ત્રી૦, -**લ્લું** ન૦ જુઓ હાંડલી,-લું

હાંસડી સ્ત્રી૦ ગળા આગળનું એક હાડકું (૨) ગળાનું એક ઘરેણું (૩) લોટાને કે તેવા વાસણને ઊંચકવા કરેલો ગાળો (૪) ઘોડાને ગળે પહેરાવવાના સામાનનો એક ભાગ (૫) કોસનું લોઢાનું ચકરડું (૬) પૈડાંના મોં પરનો લોઢાનો ગાળો

હાંસ(-સિ)લ વિ૦ મળેલું; પ્રાપ્ત (૨) ન૦ દાણ; જકાત; કર (૩) ફાયદો; લાભ (૪) ઉત્પન્ન; પેદાશ (૫) પરિણામ

હાંસવો પું૦ કોદાળી; ખોદવાનું એક ઓજાર

હાંસિયું વિ૦ ઊંચી જાતના સફેદ (ઘઉં)

હાંસિલ વિ૦ જુઓ હાંસલ

હાંસિયો પું૦ કાગળની કોરી રખાતી, સામાન્યતઃ ડાબા હાથ પરની પટ્ટી

હાંસી સ્ત્રી૦ મજાક; મશ્કરી (૨) ફજેતી. ૦**ખેલ** પું૦ મજાક [માટે કરેલું કામ; મશ્કરી

હિ અ૦ [સં.] (પ.) જ

હિકમત સ્ત્રી૦ [अ.] યુક્તિ; કરામત. -**તી** વિ૦ હિકમતવાળું

હિકરાણ ન૦ કકલાણ; રોકકળ (૨) ઘોંઘાટ; ધુમરાણ

હિકાયત સ્ત્રી૦ [अ.] વાર્તા; કહાણી; કિસ્સો

હિક્કડ વિ૦ લાગણી વગરનું; કઠોર

હિક્કળ ન૦ વરસાદથી થતી અતિશય ઠંડી [અવ્યક્ત ધ્વનિ

હિક્કા સ્ત્રી૦ [સં.] હેડકી. ૦**નાદ** પું૦ હેડકી (૨) પડઘો (૩)

હિચકારું વિ૦ હીચકારું; કાયર; બાયલું (૨) અધમ; હીન

હિચકાવવું સ૦ક્રિ૦ 'હીચકવું'નું પ્રેરક

હિચાવવું સ૦ક્રિ૦, **હિચાવું** અ૦ક્રિ૦ 'હીચવું'નું પ્રેરક ને ભાવે

હિજરત સ્ત્રી૦ [अ.] વતનથી છૂટા પડવું તે. -**તી** વિ૦ હિજરત કરનારું

હિજરાવું અ૦ક્રિ૦ ઝૂરવું; બળ્યા કરવું. -**વવું** સ૦ક્રિ૦ (પ્રેરક)

હિજરી વિ૦ (૨) પું૦ [अ.] મહમ્મદ પેગંબર મક્કા છોડી મદીને ગયા ત્યારથી ગણાતો સંવત

હિડિંબા સ્ત્રી૦ [સં.] (સં.) ભીમની રાક્ષસ પત્ની

હિત ન૦ [સં.] કલ્યાણ; શ્રેય (૨) લાભ; ફાયદો. ૦**કર**, ૦**કારક**, ૦**કારી** વિ૦ હિત કરે તેવું. ૦**કર્તા(-ર્તા)** વિ૦ (૨) પું૦ હિત કરનાર. ૦**ચિંતક** વિ૦ (૨) પું૦ હિત ઇચ્છનાર. ૦**વિરોધ** પું૦ હિતમાં આડ; હિતમાં વિઘ્નરૂપ હોવું તે. ૦**શત્રુ** પું૦ મૂર્ખતાથી હિત કરવા જતાં પરિણામે હાનિ કરનાર મિત્ર (૨) હિતમાં આડે આવનાર. ૦**સંબંધ** પું૦ ભલું (૨) સ્વાર્થ. -**તાર્થ(-ર્થે)** અ૦ હિત માટે. -**તાર્થી** વિ૦ ભલું ઇચ્છનારું. -**તાવહ** વિ૦ હિતકારક; શ્રેયસ્કર. -**તાહિત** ન૦ હિત અને અહિત. -**તુ,-તેચ્છુ** વિ૦ હિત ઇચ્છનાર. -**તૈષિણી** વિ૦ સ્ત્રી૦. -**તૈષિતા** સ્ત્રી૦ હિતૈષીપણું. -**તૈષી** વિ૦ હિતેચ્છુ. -**તોપદેશ** પું૦ હિતની શિખામણ

હિદાયત સ્ત્રી૦ [अ.] રસ્તો દેખાડવો તે; શિખામણ

હિદેલા ન૦ એક પંખી

હિના સ્ત્રી૦ [फ़ा.] મેંદી. -**નો** પું૦ મેંદી (૨) હિમ

હિફાજત સ્ત્રી૦ [अ.] જાળવણી; સંભાળ

હિબકાવવું સ૦ક્રિ૦ 'હીબકવું'નું પ્રેરક

હિબ્રૂ સ્ત્રી૦ [इं.] યહૂદીઓની મૂળ ભાષા

હિમ ન૦ [સં.] બરફ (૨) ઘણો સખત ઠાર (૩) અતિશય ઠંડી. ૦**કણ** પું૦ હિમનો કણ; 'ફ્લેક'. ૦**ગિરિ** પું૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમાલય. ૦પ્રદેશ પું૦ શીતકટિબંધમાં આવેલો કે એના જેવાં આબોહવાવાળો પ્રદેશ. ૦રશ્મિ પું૦(સં.) ચંદ્ર. ૦વર્ષા સ્ત્રી૦ હિમનો-બરફનો વરસાદ. -માચલ(-ળ) પું૦ હિમાલય. -માની સ્ત્રી૦ હિમનો સમૂહ; બરફનો ઢગલો [માણસ

હિમાતી પું૦ હાતિમતાઈ(?) (૨) [લા.] સખી, ધનવાન

હિમાયત સ્ત્રી૦ [अ.] પક્ષ લેવો તે; તરફદારી (૨) સમર્થન કરવું તે. -તી વિ૦ (૨) પું૦ હિમાયત કરનાર

હિમાલય પું૦ [सं.] (સં.) હિંદુસ્તાનની ઉત્તરે આવેલો પ્રસિદ્ધ પર્વત

હિમાવું અ૦ક્રિ૦ હિમથી બળી જવું (૨) મનમાં બળ્યા કરવું (૩) સુકાવું; કૃશ થવું (શરીરે). -યેલું વિ૦ હિમથી બળી ગયેલું (૨) સુકલકડી (૩) બળિયેલ [હિમાલય

હિમાળું વિ૦ હિમવાળું; હિમ જેવું ઠંડું. -ળો પું૦(સં.)

હિમાંશુ પું૦ [सं.] ચંદ્ર

હિરણ્મય વિ૦ [सं.] સુવર્ણમય; સોનાનું બનેલું

હિરણ્ય ન૦ [सं.] સોનું. ૦કશિપુ પું૦ (સં.) પ્રહ્લાદનો પિતા. ૦ગર્ભ પું૦ (સં.) બ્રહ્મા (૨) [સં.] વિષ્ણુ (૩) સૂક્ષ્મશરીરયુક્ત આત્મા. ૦મય વિ૦ જુઓ હિરણ્મય. -ણ્યાક્ષ પું૦ (સં.) હિરણ્યકશિપુનો ભાઈ

હિરવણી વિ૦ કપાસની એક જાત

હિરામલ પું૦; ન૦ એક જાતનું પંખી

હિલચાલ સ્ત્રી૦ હાલવું ચાલવું તે (૨) પ્રવૃત્તિ; ચળવળ

હિલામો પું૦ મજબૂત પ્રયત્ન (૨) બંડ [પ્રેરક

હિલાવું અ૦ક્રિ૦, -વવું સ૦ક્રિ૦ 'હીલવું'નું ભાવે ને

હિલોળવું સ૦ક્રિ૦ હિલોળે ચડાવવું; ખૂબ હીંચોળવું

હિલોળો પું૦ તરંગનો ઉછાળો (૨) હીંચવામાં તેવો લાંબો ઝોલો (૩) ગમ્મત; ખુશાલી

હિલ્લો પું૦ જુઓ હીલો

હિલ્લોલ(-ળ) પું૦ [सं.] મોજું; તરંગ (૨) મનનો તરંગ. ૦વું સ૦ક્રિ૦ હિલ્લોળે ચડાવવું

હિસાબ પું૦ [अ.] ગણના; ગણતરી (૨) દાખલો (ગ.) (૩) લેણદેણ; આવકખર્ચ વગેરેની ગણતરી. ૦કિતાબ પું૦ લેવડદેવડના ચોપડા (૨) લેણદેણનો હિસાબ. ૦નીશ(-સ) પું૦હિસાબ રાખનાર. -બી વિ૦હિસાબને લગતું (૨) હિસાબ રાખનારું; હિસાબ રાખવામાં કે કરવામાં કુશળ (૩) ગણીને નક્કી કરેલું; ચોક્કસ (૪) પું૦ હિસાબ રાખનારો મહેતો

હિસારો,-રવ [सं.] પું૦ એવો અવાજ (ગાય કે ઘોડાનો)

હિસાવવું સ૦ક્રિ૦ 'હીસવું'નું પ્રેરક

હિસ્સો પું૦ [अ.] ભાગ; ફાળો. -સ્સેદાર વિ૦ ભાગીદાર

હિંકાર પું૦ [सं.] 'હિં' એવો અવાજ

હિંગ સ્ત્રી૦ એક ઝાડનો ઉગ્ર વાસવાળો રસ; વઘારણી. ૦ડો પું૦ હલકી જાતની હિંગ. ૦તોળું વિ૦ હિંગ વગેરે તોળી ખાય એટલી જ બુદ્ધિનું (તુચ્છકારમાં)

હિંગળો, ૦ક પું૦ ગંધક અને પારાની મેળવણીવાળો લાલ પદાર્થ. ૦કિયું ન૦ હિંગળોક રાખવાની દાબડી (૨) વિ૦ હિંગળોકના રંગનું

હિંગુ પું૦; ન૦ [सं.] હિંગ

હિંગોરું ન૦ એક ફળ

હિંડોલ(-ળ) પું૦ જુઓ હિંદોલ. -ળાખાટ સ્ત્રી૦ ખાટલાનો હિંડોળો. -ળો પું૦ કઠેરાવાળો મોટો હીંચકો; ઝૂલો

હિંદ પું૦; સ્ત્રી૦; ન૦(સં.) હિંદુસ્તાન. ૦વાણી સ્ત્રી૦હિંદુસ્તાનની કે હિંદુ સ્ત્રી. ૦વી વિ૦ હિંદનું,-ને લગતું. -દી વિ૦ હિંદનું (૨) સ્ત્રી૦ ઉત્તર હિંદુસ્તાનમાં બોલાતી ભાષા (૩) હિંદની રાષ્ટ્રભાષા (૪) પું૦ હિંદનો વતની.-દી-હિંદુસ્તાની સ્ત્રી૦ હિંદની રાષ્ટ્રભાષા. -દુ વિ૦ (૨) પું૦ હિંદુધર્મનો અનુયાયી.-દુત્વ ન૦. -દુસ્તાન પું૦; ન૦(સં.) ભારતવર્ષ. -દુસ્તાની વિ૦ હિંદુસ્તાનનું,-ને લગતું (૨) પું૦ ઉત્તર હિંદનો રહેવાસી (૩) સ્ત્રી૦ અરબી ફારસીની વિશેષ છાયાવાળી હિંદીનો પ્રકાર [રાગ

હિંદોલ પું૦ [सं.] હીંચકો, હિંડોળો (૨) હિંડોળ; એક

હિંમત સ્ત્રી૦[अ.] બહાદુરી. ૦બાજ, ૦વાન વિ૦ બહાદુર

હિંસક વિ૦ [सं.] હિંસા કરનારું. -ન ન૦ હિંસા

હિંસા સ્ત્રી૦ [सं.] જીવને હણવો કે પીડવો તે. ૦કર્મ ન૦ હિંસાનું કર્મ. ૦ત્મક વિ૦ હિંસાયુક્ત; હિંસાવાળું. ૦રી વિ૦ હિંસ્ર; માંસાહારી. ૦રુ પું૦ હિંસ્ર પશુ (૨) વાઘ. -સ્ત્ર વિ૦ હિંસક; ઘાતક; ક્રૂર [ઉતાવળ (૪) દમ

હીક સ્ત્રી૦ હેડકી; વાધણી (૨) સણકો; શૂળ (૩) તાકીદ;

હીકળ ન૦ જુઓ હિક્કળ

હીકા સ્ત્રી૦ જુઓ હિક્કા (૨) તાણ; આચકા (મરતી વેળાના)

હીચ સ્ત્રી૦ હીચવાની ક્રિયા; હીંચકો

હીચકવું અ૦ક્રિ૦ જુઓ હીંચકવું

હીચકારું વિ૦ [फा.] જુઓ હિચકારું

હીચવું અ૦ક્રિ૦ જુઓ હીંચવું (૨) ગિલ્લીદંડામાં મોઈ ગબી પર ગોઠવી દંડાને છેડેથી ઉડાડવી; હીલવું

હીજડો પું૦ નપુંસક; રાંડવો

હીટ(-ર) ન૦ હીર; રેશમ

હીણ વિ૦ અધમ; નીચ (૨) હલકું; ઊતરતું (૩) ભેગવાળું (૪) વગરનું; વિનાનું; ઓછું; કમ. ૦કચું વિ૦ અધકચરું; કાચુંપાકું. ૦કમાઉ વિ૦કમાણી વિનાનું; નિરુદ્યમી. ૦કર્મ ન૦ નીચ કર્મ. ૦કર્મી વિ૦ (૨) પું૦ નીચ કર્મ કરનાર. ૦પત(-દ) સ્ત્રી૦;ન૦હીણપણું; હલકાઈ; લાંછન. ૦ભાગી, ૦ભાગ્ય વિ૦ ભાગ્યહીન; કમનસીબ. ૦વર પું૦કન્યાના મુકાબલામાં નાનો કે ઊતરતી કોટીનો વર.૦વરું ન૦કજોડું. ૦વું સ૦ક્રિ૦ ધિક્કારવું; નિંદવું (૨) ઉતારી પાડવું; હલકું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણવું. -ણું વિ૦ જુઓ હીણ
હીન વિ૦ [સં.] તજી દીધેલું (૨) વગરનું; વિનાનું (સમાસમાં) [ઉદા૦ શક્તિહીન] (૩) જુઓ હીણ. ૦તા સ્ત્રી૦, ૦ત્વ ન૦. ૦યાન પું૦ બૌદ્ધ ધર્મનો એક સંપ્રદાય (બીજો તે મહાયાન). ૦વાદી વિ૦ મૂગું
હીબકવું અ૦ક્રિ૦ હબકવું (૨) ડૂસકાં ખાવાં
હીબકું ન૦ (કા.) ડૂસકું [સૂકી હરડે
હીમજ સ્ત્રી૦ નાની હરડે. -જીહરડે સ્ત્રી૦ નાની કાચી
હીમરું ન૦ એક જાતનું રેશમી કાપડ
હીર પું૦ એક છંદ (૨) ન૦ રેશમ (૩) [લા.] તેજ; કાંતિ (૪) સત્ત્વ; દૈવત (૫) પ્રેમ; પ્યાર (૬) હિંમત. ૦કોરી વિ૦ રેશમી કિનારવાળું. ૦ચીર ન૦ કીમતી વસ્ત્ર. ૦નીર ન૦ હિંમત; પાણી
હીરક પું૦ [સં.] હીરો. ૦મહોત્સવ,-કોત્સવ પું૦ ૬૦ વર્ષ પૂરાં કર્યાની ખુશાલીમાં કરવામાં આવતો મહોત્સવ
હીરવા ન૦ એક પંખી
હીરહારી વિ૦ હીર ગુમાવી બેઠેલું
હીરાકણી સ્ત્રી૦ હીરાની કણી-કરચ
હીરાકશી(-સી) સ્ત્રી૦ શાહી તથા રંગમાં વપરાતો એક પદાર્થ
હીરાકંઠી સ્ત્રી૦ પાસાદાર મણકાની કંઠી
હીરાગળ વિ૦ રેશમી
હીરાદખ્ખણ સ્ત્રી૦ એક વસાણું
હીરાબોળ પું૦ એક જાતનો ગુંદર
હીરાવેધ વિ૦ હીરો વીંધે એવું (૨) [લા.] હોશિયાર; ચાલાક
હીરાળું વિ૦ હીરાનું
હીરો પું૦ એક કીમતી પથ્થર; ધોળા રંગનું રત્ન
હીલવવું સ૦ક્રિ૦ હીલે એમ કરવું; હિલાવવું
હીલવું અ૦ક્રિ૦ હાલવું; ડોલવું (૨) જુઓ હીચવું ૨
હીલો પું૦ હેલો; ધક્કો (૨) હરકત; નુકસાન [હર્ષ પામવું
હીસવું અ૦ક્રિ૦ (પ.) હસવું (૨) આતુર થવું (૩) હીંસારવું (૪)
હીહી અ૦ [સં.] (રવ૦) હસવાનો અવાજ
હીંચ સ્ત્રી૦ એક તાલવાળો ઠેકો. ૦કવું અ૦ક્રિ૦ હીંચકો ખાવો. ૦કો પું૦ હીંચવા માટે ટંગાવેલું સાધન (૨) તેનું કે તેવું આંદોલન-ઝોલો. ૦વવું સ૦ક્રિ૦ હીંચાવવું. ૦વું અ૦ક્રિ૦ ઝોલો ખાવો; હીંચકો ખાવો. -ચાવવું, 'હીંચવું'નું પ્રેરક; હીંચોળવું. -ચોળવું સ૦ક્રિ૦ ઝુલાવવું; હીંચકા નાંખવા. -ચોળાખાટ સ્ત્રી૦ + હીંડોળાખાટ
હીંડછા સ્ત્રી૦ હીંડવાની રીત; ચાલ [હીંડાવું અ૦ક્રિ૦ (ભાવે)
હીંડવું અ૦ક્રિ૦ ચાલવું. હીંડાડ(-વ)વું સ૦ક્રિ૦ [પ્રેરક].
હીંડોલ(-ળો),-ળાખાટ જુઓ હિંડોળ,-ળાખાટ
હીંયાં અ૦ (પ.) અહીંયાં; હ્યાં
હીંસ સ્ત્રી૦ (કા.) અગ્નિની દૂરથી લાગતી આંચ
હીંસારવ પું૦ જુઓ હિસારવ. -વું અ૦ક્રિ૦ હિસારવ કરવો

હુઓ(-વો) (પ.) હવો; થયો ('હોવું'નું ભૂ૦કા૦નું કાલગ્રસ્ત રૂપ)
હુકમ પું૦ આજ્ઞા; ફરમાન (૨) ગંજીફાની રમતમાં અમુક પાન ઊંચાં ગણવાં તે કે તે પાન; સર. ૦નામું ન૦ કોર્ટનો લેખી ચુકાદો. ૦સર પું૦ હુકમ ૨ જુઓ
હુક્કો પું૦ [અ.] તમાકુ પીવાનું એક સાધન [કોટડી
હુજરો પું૦ [અ.] કોટડી (૨) મસીદમાંની મુલ્લાંને રહેવાની
હુજ્જત સ્ત્રી૦ [અ.] હઠ; જીદ (૨) તકરાર. ૦ખોર, -તી વિ૦ હઠીલું (૨) તકરારી સ્વભાવનું
હુડકારવું સ૦ક્રિ૦ હુડતાવવું; તુચ્છકારવું (?)
હુડતાવવું સ૦ક્રિ૦ તુચ્છકારવું; તરછોડવું (૨) ધમકાવવું
હુડુડુ અ૦ (રવ૦) ધસારો કે પડાપડી સૂચવતો રવ
હુડુયુદ્ધ ન૦ [સં.] ઘેટાંની લડાઈ
હુણાવું અ૦ક્રિ૦,-વવું સ૦ક્રિ૦ 'હૂણવું'નું કર્મણિ ને પ્રેરક
હુત વિ૦ [સં.] હોમેલું; બલિરૂપ આપેલું (૨) ન૦ બલિ. ૦દ્રવ્ય ન૦ હોમવાની વસ્તુ; બલિ. ૦ભુજ, ૦વહ પું૦ (સં.) અગ્નિ. -તાત્મા પું૦ શહીદ; હુત થયેલો માણસ. -તાશ(૦ન) પું૦ (સં.) અગ્નિ. -તાશની સ્ત્રી૦ હોળી
હુતુતુ ન૦ (રવ૦) એક રમત
હુન્નર પું૦ કારીગરી; કસબ. ૦ઉદ્યોગ પું૦ હુન્નર અને ઉદ્યોગ. ૦શાળા સ્ત્રી૦ હુન્નર શીખવવાની શાળા; કળા-ભવન. -રી વિ૦ કસબી; કરામતી; નિપુણ
હુબ્બેવતન ન૦ [फा.] વતન પ્રત્યેનો પ્રેમ; દેશપ્રેમ
હુમલો પું૦ આક્રમણ; ધસારો; છાપો. -લાખોર વિ૦ હુમલો કરવાની આદતવાળું
હુમા ન૦ [અ.] એક પૌરાણિક પંખી. ૦યુ ન૦ હુમા (૨) પું૦ (સં.) બીજો મોગલ બાદશાહ
હુરમ સ્ત્રી૦ હરમ; લોંડી; દાસી
હુરમત સ્ત્રી૦ [અ.] શાખ; આબરૂ
હુરિયો પું૦ ફજેતો; ભવાડો (૨) મજાક ઉડાવવી તે (૩) અ૦ ઉશ્કેરણીનો, તુચ્છકારનો એવો ઉદ્ગાર
હુલરાવવું સ૦ક્રિ૦ (બાળકને) ઉછાળીને રમાડવું; લડાવવું
હુલામણ ન૦ હુલરાવવું તે. -ણું ન૦ હુલામણ (૨) વિ૦ લાડમાં પાડેલું (નામ)
હુલાવવું સ૦ક્રિ૦ જુઓ હુલરાવવું (૨) ઉછાળવું (૩) હલાવવું; ચારેકોર ફેરવવું (૪) 'હુલાવું', 'હૂલવું'નું પ્રેરક
હુલાવું અ૦ક્રિ૦ મકલાવું; હૂલવું
હુલ્લડ ન૦ તોફાન; બખેડો; બંડ. ૦ખોર વિ૦ (૨) પું૦ બંડખોર; તોફાની. -ડાઈ સ્ત્રી૦ હુલ્લડખોર વર્તન; બંડ-ખોરપણું. -ડિયું,-ડી વિ૦ જુઓ હુલ્લડખોર
હુવો (પ.) જુઓ હુઓ; હવો
હુસન ન૦ હુસ્ન; સૂરત; કાંતિ (૨) ખૂબસૂરતી [ઉદ્ગાર
હુસહુસ અ૦ (રવ૦) ઉતાવળમાં (૨) કૂતરાને, કરડવા ઉશ્કેરવાનો
હુસ્ન ન૦ [અ.] જુઓ હુસન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું સ૦ (પ્રથમ પુરુષ એ૦વ૦) (૨) અ૦ ખોંખારો, ગુસ્સો, વિરોધ, ગર્જના ઇ૦નો ઉદ્ગાર. ૦કાર(-રો) પું૦ 'હાં, સાંભળું છું' એવા અર્થનો ઉદ્ગાર; હાંકારો (૨) ખોંખારીને બોલવું તે; હોકારો (૩) 'હું' એવો અવાજ; સિંહનાદ. ૦કૃતિ સ્ત્રી૦ [सं.] હુંકાર (૨) પું૦ સંગીતમાં એક અલંકાર. ૦પણું ન૦ અહંતા; અભિમાન. ૦પદ(-દું) ન૦ અભિમાન; અહંકાર. ૦પદી વિ૦ હુંપદવાળું; અહંકારી

હુંસાતુંશ(-શી,-સી) સ્ત્રી૦ (હું અને તું વચ્ચે) સ્પર્ધા; ચડસાચડસી; રકઝક; ખેંચાખેંચી

હૂક પું૦ [इं.] આંકડો; છેડેથી વાળેલો ખીલો

હૂક પું૦ વાંદરો; હૂપ (બાળભાષામાં) (૨) સ્ત્રી૦ આંકડી; ચૂંક. ૦વું અ૦ક્રિ૦ (૨વ૦) [વાંદરાનું બોલવું] (૨) બરાડો પાડવો

હૂકળ પું૦ બોલાચાલી કે કજિયાનો કોલાહલ

હૂકળવું અ૦ક્રિ૦ હૂકળ કરવો

હૂકાહૂક સ્ત્રી૦ (૨વ૦) વાંદરાના હોકારા

હૂકો પું૦ જુઓ હુક્કો. -કલી સ્ત્રી૦ નાનો હૂકો

હૂડ અ૦ તિરસ્કારનો એવો ઉદ્ગાર

હૂડદો પું૦ મશ્કરી; મજાક

હૂડહૂડ અ૦ (૨વ૦) ઉતાવળ કે ઝપાટાબંધ ગતિ સૂચવતો રવ

હૂણ પું૦ [सं.] એક પ્રાચીન મોંગોલ જાતિનો માણસ

હૂણવું સ૦ક્રિ૦ કૂટવું (છાતી)

હૂન ન૦ + એક સિક્કો (?)

હૂપ અ૦ (૨વ૦) વાંદરાનો એવો અવાજ (૨) પું૦ મોટો વાંદરો (બાળભાષામાં). ૦કાર પું૦ હૂપ એવો અવાજ. -પાહૂપ અ૦ જુઓ હૂકાહૂક

હૂબહૂ વિ૦ [अ.] તાદૃશ; આબેહૂબ

હૂરી સ્ત્રી૦ [फा.] સ્વર્ગની સુંદરી; અપ્સરા

હૂલકવું અ૦ક્રિ૦ (૫.) જુઓ હૂકવું

હૂલકું ન૦ ઓચિંતો ગભરાટ

હૂલવવું સ૦ક્રિ૦ હુલરાવવું

હૂલવું અ૦ક્રિ૦ જુઓ ઊલવું (૨) આનંદમાં આવવું

હૂંક સ્ત્રી૦ (કા.) [સિંહની] ગર્જના

હૂંકવું અ૦ક્રિ૦ તલપી રહેવું; ટમટમવું (૨) જલદીથી પૂરું [કરવું

હૂંછી વિ૦ તોફાની (૨) અપશુકનિયાળ. ૦ઘોડો પું૦ હૂંછી-તોફાની ઘોડો (૨) [લા.] અપશુકનિયાળ માણસ

હૂંછું ન૦ ઘાસનું ફૂમતું, છેડાનાં છૂંછાં (૨) છૂંછું; મોં

હૂંડિયામણ ન૦ હૂંડીના વટાવનો દર

હૂંડી સ્ત્રી૦ દેશપરદેશ વચ્ચે નાણાંની આપલે કરવા ચલાવવામાં આવતી શાહુકારી ચિઠ્ઠી. ૦પત્રી સ્ત્રી૦ હૂંડી વગેરે કાગળ. ૦વહી સ્ત્રી૦ હૂંડીની આપલે નોંધવાનો ચોપડો

હૂંડે અ૦ એકજથ્થે. હૂંડો પું૦ કુલ કે આખો જથો; સમૂહ

હૂંઢલ સ્ત્રી૦ સહિયારું; સૂંઢલ

હૂંફ સ્ત્રી૦ ગરમાવો (૨) સહાયતા; આશ્રય. -ફાવું અ૦ક્રિ૦ હૂંફ વળવી. -ફાળ(-ળું) વિ૦ હૂંફવાળું

હૂંશ સ્ત્રી૦ + હોંશ; ઉમંગ; ઉત્સાહ (૨) હોશ; જોર. -શી વિ૦ [હૂંશવાળું

હૂંશેટ અ૦ (ચ.) સોંસરું; વચ્ચે થઈને સીધું

હૃત વિ૦ [सं.] હરાયેલું; છીનવી લીધેલું

હૃદય ન૦ [सं.] જ્યાંથી લોહી શરીરમાં ધકેલાય છે તે અવયવ (૨) [લા.] છાતી (૩) દિલ; હૈયું (૪) મર્મ; રહસ્ય. ૦કંપ પું૦ હૃદયનો કંપ. ૦કોણ પું૦ હૃદયનું-ભાવનાનું વલણ કે દિશા. ૦ગત વિ૦ હૃદયમાં રહેલું. ૦ગમ્ય વિ૦ હૃદયથી સમજાય તેવું. ૦ગ્રાહી વિ૦ મનને વશ કરી લે એવું; મનને ગમતું. ૦દુર્બલ(-ળ) વિ૦ દુર્બળ હૃદયનું. ૦દૌર્બલ્ય ન૦ હૃદયની દુર્બળતા. ૦પલટો પું૦ દિલનું-આંતરિક લાગણીઓનું કે હૃદયકોણનું બદલાવું તે. ૦બળ ન૦ હૃદયનું બળ. ૦ભેદક, ૦ભેદી વિ૦ હૃદયને ભેદી નાખે તેવું; હૃદય ઉપર ખૂબ અસર કરે તેવું. ૦મંથન ન૦ હૃદયનું થતું મંથન. ૦વર્તી વિ૦ હૃદયમાં રહેલું. ૦વિહીન વિ૦ હૃદયશૂન્ય; લાગણી વિનાનું. ૦વૃદ્ધિ સ્ત્રી૦ એક હૃદયરોગ. ૦વેધક, ૦વેધી(-ધુ) વિ૦ જુઓ હૃદયભેદક. ૦શૂન્ય વિ૦ જુઓ હૃદયવિહીન. ૦શૂન્યતા સ્ત્રી૦. ૦સ્થ વિ૦ જુઓ હૃદયવર્તી. ૦સ્પર્શી વિ૦ હૃદય ઉપર અસર કરે તેવું. ૦સ્વામી પું૦ પ્રીતમ (૨) સ્વામી; પતિ. ૦હીન વિ૦ હૃદયવિહીન. -યાફાટ અ૦ જુઓ હૈયાફાટ. -યંગમ વિ૦ હૃદયસ્પર્શી. -યેશ(-શ્વર) પું૦ જુઓ હૃદયસ્વામી. -યેશ્વરી સ્ત્રી૦ પ્રિયા; વહાલી સ્ત્રી (૨) પત્ની. -યોદ્ગાર પું૦ હૃદયનો ઉદ્ગાર; અંતરનો અવાજ

હૃદિયું,-દે ન૦ + હૃદય

હૃદ્ગત વિ૦ [सं.] હૃદયમાં રહેલું; આંતરિક (૨) ન૦ આંતરિક વિચાર કે ભાવ

હૃદ્દેશ પું૦ [सं.] હૃદયનો ભાગ

હૃદ્ય વિ૦ [सं.] પ્રિય; ગમે તેવું; ગમતું. ૦તા સ્ત્રી૦

હૃદ્રોગ પું૦ [सं.] હૃદયનો રોગ

હૃષીકેશ પું૦ [सं.] (સં.) શ્રીકૃષ્ણ (૨) વિષ્ણુ

હૃષ્ટ વિ૦ [सं.] ખુશ; પ્રસન્ન. ૦પુષ્ટ વિ૦ (શરીરે) ખૂબ જાડું; માતેલું. ૦પુષ્ટતા સ્ત્રી૦

હૃષ્યકા સ્ત્રી૦ [सं.] મધ્યમ ગ્રામની એક મૂર્છના (સંગીત)

હે [હૅ] સ્ત્રી૦ (સુ.) ધીરજ; હિંમત

હે અ૦ [सं.] સંબોધન કરવાનો ઉદ્ગાર

હેજ પું૦ ભેજ; ભીનાશ (૨) + હેત; ઉમળકો

હેઠ અ૦ નીચે; હેઠ. ૦લાણ ન૦ હેઠલો ભાગ. ૦લું વિ૦ હેઠળનું; તળેનું ૦વાશ(-સ) અ૦ (કા.) પવન કે પાણીના વહનની દિશામાં નીચલે ભાગે (૨) નીચલે માળે. ૦ળ અ૦ નીચે; તળે. -ઠાણ(-ણું) ન૦ નીચાણવાળી જગા (૨) વિ૦ હલકું; નીચું; હેઠું. -ઠું વિ૦ જુઓ હેઠાણું (૨) અ૦ હેઠે; નીચે. -ઠે અ૦ જુઓ હેઠ

હેડ સ્ત્રી૦ ગુનેગારનો પગ જકડી રાખવાને કરેલું મોટું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારે લાકડું (૨) સગર્ભા સ્ત્રીને નિયમિત થતી અમુક શારીરિક હાજત. જેમ કે, ઊલટીની હેડ (૩) તોફાની ગાયભેંસના ગળામાં પગ વચ્ચે રહે એમ બંધાતું લાંબું લાકડું; ડેરો (૪) વેચવાના બળદનો કાફલો (૫) [લા.] જેલ; કેદ. ૦બેડી સ્ત્રી૦ હેડ ને બેડી

હેડકી સ્ત્રી૦ ભારે શ્વાસનું ડચકું (૨) વાધણી

હેડમાસ્તર પું૦ વડો-મુખ્ય શિક્ષક

હેડંબા સ્ત્રી૦ (સં.) જુઓ હિડિંબા

હેડિયારો પું૦ ધમાલ

હેડિયો વિ૦ બળદની હેડવાળો (૨) પું૦ હેડમાંનો વાછરડો

હેડી સ્ત્રી૦ વેચવાના બળદનો કાફલો (૨) જુઓ બરાબરી

હેડો પું૦ એડો; અતિશય પ્યાર; આસક્તિ

હેણ સ્ત્રી૦ તળાઈ; બિછાનું

હેત ન૦પ્રીતિ;સ્નેહ. ૦પ્રીત સ્ત્રી૦વહાલ;કૃપા. ૦મડું વિ૦હેત-માયા વિનાનું. ૦સ્વી વિ૦હિતેચ્છુ;શુભેચ્છક -તારથ પું૦ +હેતની લાગણી. -તાળ(-ળુ) વિ૦ હેતવાળું; માયાળુ

હેતકનું ન૦ (કા.) માલ ભરવાનું ગાડું

હેતુ પું૦[સં.]ઉદ્દેશ;આશય(૨)સબબ;કારણ(૩) પંચાવયવ વાક્યમાં સબબ બતાવનારું કથન કે વાક્ય (ન્યા). ૦કર્તા પું૦ (વ્યા.) પ્રેરકરચનાનો કર્તા. ૦ગર્ભ વિ૦ (અંદર) હેતુવાળું. -ચિહ્‌ન ન૦ હેતુ બતાવતું (∵) આવું ચિહ્‌ન (ગ.). ૦તા સ્ત્રી૦,૦ત્વ ન૦ હેતુ હોવો તે; હેતુમત્તા. ૦મત્ વિ૦ હેતુ-પ્રયોજનવાળું; કાર્યકારણભાવવાળું (ન્યા.). ૦મત્તા સ્ત્રી૦. ૦વાદ પું૦ તર્કવિદ્યા;તર્કશાસ્ત્ર(૨)કુતર્ક; નાસ્તિકતા. ૦વાદી વિ૦ તાર્કિક (૨) કુતર્કી; નાસ્તિક

હેત્વાભાસ પું૦[સં.]દુષ્ટ-ખોટો હેતુ;હેતુનો આભાસ (ન્યા.)

હેદળ ન૦ + હયદળ [અ૦ક્રિ૦ જુઓ હબકવું

હેબક,-ત [અ.] સ્ત્રી૦ હબક; ધાસ્તી. ૦(-કા)વું,-તાવું

હેમ ન૦[સં.]સોનું. ૦કાર પું૦સોની. ૦ગિરિ પું૦(સં.) મેરુ

હેમક વિ૦ મૂર્ખ; બેવકૂફ (૨) બીકણ; ડરપોક

હેમક્ષે(-ખે)મ વિ૦ કુશળ; સહીસલામત

હેમચંદ્ર પું૦ [સં.] (સં.) એક પ્રસિદ્ધ જૈન આચાર્ય

હેમમાલી વિ૦ [સં.] હેમ-બકુલનાં ફૂલની માળાવાળું

હેમલતા સ્ત્રી૦[સં.] એક વેલ.

હેમવતી સ્ત્રી૦[સં.] સંગીતમાં એક થાટ [હેમંત સંબંધી

હેમંત સ્ત્રી૦[સં.]માગશર ને પોષ મહિનાની ઋતુ.-તી વિ૦

હેમિયું, હેમી વિ૦ સોનાનું

હેય વિ૦ [સં.] ત્યાજ્ય. ૦તા સ્ત્રી૦ [હેરિયું ૧

હેર, ૦ક પું૦બાતમીદાર; જાસૂસ; હેરનાર. ૦ણું ન૦ જુઓ

હેરત સ્ત્રી૦[અ.]નવાઈ; આશ્ચર્ય. ૦મંદ વિ૦ આશ્ચર્યચકિત

હેરફેર વિ૦ બદલેલું; ફેરફારવાળું (૨) પું૦ હેરફેર થવું તે (૩) તફાવત; ફરક. -રી સ્ત્રી૦ હેરફેર કરવું તે

હેરવવું સ૦ક્રિ૦ રોજ મુલતવી રાખવું

હેરવું સ૦ક્રિ૦ ધારીને કે છૂપી રીતે જોવું; નિહાળવું (૨) લલકારવું; ઉશ્કેરવું (૩) + હળવું; હથવાર થવું

હેરંબ પું૦ [સં.] (સં.) ગણપતિ [સ્ત્રી૦ મુશ્કેલી;પીડા

હેરાન વિ૦ [અ.] હેરાનગતિ પામેલું; કંટાળેલું. ૦ગત(-તિ)

હેરિયું ન૦ છાનુંમાનું જોવું તે (૨) ઝોકું; ઝોલું (૩) હોડીને પવન હોય તેમ ફેરવવી તે(૪)બાકામાંથી પડતું સૂર્યનું કિરણ

હેરુ,-રો પું૦ જાસૂસ; બાતમીદાર. -રું ન૦ જુઓ હેરિયું૧,૪

હેરોફેરો પું૦ આંટાફેરો; જવું આવવું તે

હેલ સ્ત્રી૦ બોજો;ભાર(૨)વેચવા સારુ ગાડામાં ભરેલાં લાકડાં છાણાં વગેરે કે તેવું ગાડું (૩) માથે લીધેલું કે લેવાનું બેડું (૪) ઊંચકવાની મજૂરી(૫) હેલકરીનું કામ. ૦કરણ સ્ત્રી૦ સ્ત્રી-હેલકરી. ૦કરી પું૦ભાર ઊંચકનારો; વૈતરો

હેલણ,-ન [સં.] ન૦ હેલા; ગેલગમત; ખેલ

હેલના સ્ત્રી૦ [સં.] અવહેલના; તિરસ્કાર; તરછોડવું તે

હેલપટો પું૦ નકામો ફેરો; આંટો

હેલવવું સ૦ક્રિ૦ (પ.) જુઓ હેળવવું

હેલવું અ૦ક્રિ૦ હળવું (૨) સ૦ક્રિ૦ અવગણવું;હેલના કરવી

હેલા સ્ત્રી૦[સં.]ખેલ, ક્રીડા(૨)રતિક્રીડા (૩) તીવ્ર સંભોગેચ્છા (૪) તે વ્યક્ત કરતી ચેષ્ટા (૫) ક્ષણ; સહેજ વાર

હેલારો પું૦ ધક્કો; હેલો

હેલાલી ન૦ મુસલમાની ૩૫૪ દિવસનું વર્ષ

હેલી સ્ત્રી૦ સતત વરસાદ (૨) સાહેલી (૩) ગીતની એક દેશી (૪) બગલ (૫) રાખ (મુડદાની) (૬) ક્ષણ

હેલો(-લ્લો) પું૦ હેલારો; આચકો; ધક્કો (૨) ઝપાટો (૩) હરકત; નુકસાન (૪) ખાડાટેકરાવાળી જમીન ઉપર વાહનનું ઊછળવું તે; તેથી બેસનારને લાગતો ધક્કો

હેવા પું૦બ૦વ૦ સહવાસ; પરિચય (૨) આદત; મહાવરો

હેવાતણ(-ન) ન૦ સૌભાગ્યાવસ્થા

હેવાન વિ૦[અ.] ઢોર જેવું (૨) ન૦પશુ; ઢોર. -નિયત સ્ત્રી૦ પશુપણું; પાશવતા; નાદાનિયત

હેવાયું વિ૦ હેવાયેલું; હળેલું (?)

હેવાલ પું૦ અહેવાલ; વૃત્તાંત

હેવાવું અ૦ક્રિ૦ હેવા થવા; હળવું

હેષવું અ૦ક્રિ૦ હેષા કરવી; હણહણવું

હેષા સ્ત્રી૦, ૦રવ પું૦ [સં.] ઘોડાનો હણહણાટ

હેસિયત સ્ત્રી૦ [અ.] સામર્થ્ય; શક્તિ (૨) વક્કર; પ્રતિષ્ઠા. ૦દાર વિ૦ હેસિયતવાળું

હેળ સ્ત્રી૦ હેવા; મહાવરો(૨) જુઓ હેડ ૨. ૦વણી સ્ત્રી૦ હેળવવું તે. ૦વવું સ૦ક્રિ૦ હળે એમ કરવું; મન મેળવવું (૨) કેળવવું; પાળવું (પશુને)

હેં અ૦ વિસ્મય, ધમકી વગેરે બતાવનારો ઉદ્‌ગાર(૨)ફરીથી કે રહીને પ્રશ્ન કરતી વેળાનો ઉદ્‌ગાર. ઉદા૦ હેં, શાસ્ત્રની વાત સાચી? હેં, શું કહ્યું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેંકવું અ૦ક્રિ૦ તંગીમાં હોવું
હેંસુ સ્ત્રી૦+સુવાસણ
હેડિયો પું૦ ગળાની ઘાંટી; ગળાનો બહાર તરતો દેખાતો ભાગ. **–યાવેરો** સ્ત્રી૦ મુસલમાની રાજનો એક કર
હેડિંબય પું૦ [સં.] (સં.) હિડિંબાનો પુત્ર–ઘટોત્કચ
હેડું ન૦ હૈયું
હેતુક વિ૦ [સં.] હેતુવાળું; કોઈ હેતુ કે ઉદ્દેશથી કરેલું
હેમ વિ૦ [સં.] હિમ સંબંધી; બરફનું કે બરફ જેટલું ઠંડું (૨) સોનાનું કે સોના જેવા રંગનું. **૦વત** વિ૦ હિમાલયનું; હિમાલય સંબંધી (૨) હિમાલયમાં રહેનારું કે હિમાલયમાં ઉત્પન્ન થયેલું. **૦વતી** સ્ત્રી૦ (સં.) પાર્વતી
હૈયું ન૦ હૃદય; દિલ; અંતઃકરણ. **–યાઉકલત** સ્ત્રી૦ બુદ્ધિ. **–યાકૂટ** સ્ત્રી૦ અતિ શોકને લીધે છાતી કૂટવી તે (૨) મોટી ચિંતા. **–યાચોળો** પું૦ ચિંતાનો હૈયામાં થતો ચૂંથારો. **–યાતોડ** વિ૦ છાતી તૂટી જાય એવી મહેનતવાળું (૨) સ્ત્રી૦ હૈયાકૂટ. **–યાદૂબળું** વિ૦ મનનું દૂબળું; પાણી વગરનું. **–યાધારણ** સ્ત્રી૦ સંતોષ; સમાધાન (૨) ખાતરી. **–યાફાટ** વિ૦ છાતી ફાટી જાય એવું (૨) અ૦ છાતી ફાટી જાય એમ (રડવું). **–યાફૂટું** વિ૦ મૂઢ; બેવકૂફ; ગમ વિનાનું. **૦બળાપો** પું૦, **૦બાળ** સ્ત્રી૦ હૈયું બળવું તે; હૈયાનો ઉકળાટ. **–યામેલું** વિ૦ હૈયામાં મેલ રાખતું; મેલા હૈયાનું; હૈયારખું. **–યારખી** સ્ત્રી૦ છાતીપૂર ચણેલી ભીંત. **–યારખું** વિ૦ હૈયામેલું; મનનો મેલ ન જાણવા દે તેવું. **–યાશ(–સ)ગડી** સ્ત્રી૦ હૈયા ઉપર મૂકેલી સગડીની પેઠે દુઃખ દેનારું. **–યાશોક** પું૦ ઊંડો શોક. **–યાસૂનું** વિ૦ હૈયા ફૂટું; મૂઢ (૨) નિષ્ઠુર; નિર્દય. **–યાહેડો** પું૦ ખૂબ હેડો. **–યાળું** વિ૦ પ્રેમાળ
હૈયાટવું અ૦ક્રિ૦ નાહિંમત થવું
હો અ૦ [સં.] (૨વ૦) ખાતરી અથવા સંમતિદર્શક ઉદ્ગાર; હાં (૨) કાવ્યના કેટલાક ઢાળોમાં હલકાર માટે વપરાતો ઉદ્ગાર (૩) ઓ; હે (સંબોધનનો ઉદ્ગાર)
હોઇયાં અ૦ (૨વ૦) ઓડકાર કે તૃપ્તિનો ઉદ્ગાર; ઓહિયાં
હોઈશ 'હોવું'નું ભ૦કા૦નું રૂપ (પહેલો પુરુષ એ૦વ૦)
હોઈશું 'હોઈશ'નું બ૦વ૦નું રૂપ (જુઓ હોઈશ)
હોકલી સ્ત્રી૦ હૂકલી; નાનો હોકો
હોકા,૦યંત્ર ન૦ દરિયામાં દિશા જાણવાનું સાધન
હોકાટવું સ૦ક્રિ૦ ઠપકો દેવો; ભાંડવું
હોકાયંત્ર ન૦ જુઓ હોકા
હોકાર,–રો,–રોબકારો,હોકારો પું૦ બુમાટો; બરાડો
હોકો પું૦ હૂકો, હુક્કો (૨) હોકાયંત્ર
હોજ પું૦ [અ.] પાણીનો કુંડ
હોજટ સ્ત્રી૦ ઓઝટ; અડફટ (૨) ભૂતાદિકની ઝપટ (૩) જમીનદાર અને ખેડૂત વચ્ચેનો વાર્ષિક હિસાબ
હોજરી સ્ત્રી૦ જઠર; પેટ. **–રું** ન૦ પેટ (તિરસ્કારમાં)

હોટેલ સ્ત્રી૦ [ઇં.] ચાપાણી ઇ૦ નાસ્તાની દુકાન
હોટેન્ટૉટ પું૦ [ઇં.] દક્ષિણ આફ્રિકાની મૂળ વતની જાતનો [આદમી
હોઠ પું૦ ઓઠ. **૦વાચન** હોઠનાં હલનચલનને જોઈ કે સ્પર્શીને સામાનું બોલવું જાણવું તે (અંધ–બહેરાનું)
હોડ સ્ત્રી૦ શરત
હોડકું ન૦ નાની હોડી. **હોડી** સ્ત્રી૦ મછવો; પનાઈ
હોડો પું૦ ઓઢો; ઢાંકણું (૨) મોજું
હોત 'હોવું'નું ભૂ૦કા૦, વિધ્યર્થરૂપ. ('હોય'નું ભૂ૦કા૦). **–તું** 'હોવું'નું ભૂ૦કા૦; 'હમેશ હોયા કરતું' એવો અર્થ બતાવવા માટે વપરાય છે
હોતા પું૦ [સં.] યજ્ઞમાં મંત્ર ભણી આહુતિ હોમનાર
હોત્ર ન૦ [સં.] હવનનો કુંડ
હોદ્દો પું૦ ઓધ્ધો; પદવી; અધિકાર (૨) અંબાડી. **–દ્દેદાર** વિ૦ હોદ્દો ધરાવનાર; અમલદાર. **–દ્દેદારી** સ્ત્રી૦ હોદ્દાવાળા હોવું તે; અમલદારી
હોન પું૦ શિવાજીના વખતનો એક સોનાનો સિક્કો
હોનાર વિ૦ થનાર; બનનાર ('હોવું'નું ભ૦કૃ૦)
હોનારત સ્ત્રી૦ બનનાર બનાવ; ભવિષ્ય (૨) અકસ્માત
હોબાળો પું૦ લોકોમાં જાહેરાત, ચર્ચા કે ફજેતી (૨) ઊંધિયા પર મૂકેલું તાપનું ભડકું; ઓબાળો
હોમ પું૦ [સં.] હવન; યજ્ઞ. **૦કુંડ** પું૦ યજ્ઞનો કુંડ. **૦વું** સ૦ક્રિ૦ યજ્ઞમાં આહુતિ આપવી. **૦શાલા(–ળા)** સ્ત્રી૦ હોમ કરવાનો ઓરડો
હોમરૂલ ન૦ [ઇં.] સ્વરાજ
હોમાગ્નિ પું૦ [સં.] હોમ–હવનનો અગ્નિ
હોય 'હોવું'નું વિધ્યર્થરૂપ (૨) અ૦ હશે! ખેર!
હોરવું સ૦ક્રિ૦ (ચ.) જુઓ વહોરવું
હોરા સ્ત્રી૦ [સં.] અઢી ઘડી; કલાક (૨) એક રાશિ કે લગ્નનો અર્ધો ભાગ (૩) જન્મકુંડળી (૪) જન્મકુંડળી પ્રમાણે ભવિષ્ય ભાખવાની વિદ્યા
હોરી સ્ત્રી૦ [હિં.] એક તાલ (૨) હોળીના દિવસોમાં ગવાતું [એક ગાયન
હોરી [હો] સ્ત્રી૦ (ચ.) વહોરી. **–રો** પું૦ જુઓ વહોરો
હોલ પું૦ [ઇં.] મોટો ઓરડો; ખંડ
હોલવવું સ૦ક્રિ૦ ઓલવવું. **–ણ** ન૦ હોલાઈ જવું તે
હોલાણ ન૦ જુઓ હોલવણ (૨) કૂવાનું ઓલાણ
હોલિકા, હોલી સ્ત્રી૦ [સં.] હોળી
હોલી સ્ત્રી૦ હોલાની માદા
હોલેદિલ વિ૦ [અ.] અસ્થિર કે ચસકેલા ચિત્તવાળું (૨) ભોળું. **–લી** સ્ત્રી૦ હોલેદિલપણું
હોલો પું૦ એક પંખી
હોલ્ડર ન૦ [ઇં.] વિલાયતની ઢબની ટાંકવાળી કલમ
હોવાપણું ન૦ અસ્તિત્વ
હોવાવું અ૦ક્રિ૦ (કોઈ વસ્તુ માટે) ગભરાટમાં આમતેમ [દોડવું; સોવાવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવું અ૰ક્રિ૰ થવું; બનવું; હયાતીમાં આવવું

હોવે અ૰ હા

હોશ પું૰ [फा.] ભાન; શુદ્ધિ (૨) શક્તિ; રામ. ૦કોશ પું૰બ૰વ૰ ભાન; હિંમત; ચેતના. -શિયાર વિ૰ કુશળ; નિપુણ(૨)સાવધ;સાવચેત. -શિયારી સ્ત્રી૰હોશિયારપણું

હૉસ્પિટલ સ્ત્રી૰ [इं.] ઇસ્પિતાલ

હોહા(-હો) સ્ત્રી૰ ગડબડ; ઘોંઘાટ; ધમાલ (૨) જાહેરાત કે ચર્ચા (૩) ગભરાટ; ખળભળાટ (૪) અ૰ એવો અવાજ. ૦કાર વિ૰ હોહા; ગભરાટ; ત્રાસ

હોળવું સ૰ક્રિ૰ કાંસકીથી વાળ ઠીક કરવા; ઓળવું

હોળી સ્ત્રી૰ ફાગણ પૂર્ણિમાનો તહેવાર; તે દિવસે લાકડાં વગેરેનો ઢગલો સળગાવવામાં આવે છે તે (૨) તેમ કોઈ વસ્તુનો ઢગલો કરી સળગાવવું તે (જેમકે, વિદેશી કાપડની હોળી). -ળૈયું ન૰ હોળીમાં નાખવાનું નાનું છાણું

હોળૈયો પું૰ (રકમની) પૂર્ણતાસૂચક અર્ધચંદ્રાકાર (ـ) આવું ચિહ્ન; ઓળાયો (૨) હોળી ખેલનાર; ઘેરૈયો; ફાગ ગાનારો છોકરો

હોંકાર પું૰ જુઓ હોકાર

હોંશ(-સ) સ્ત્રી૰ ઉલટ;ઉમંગ. -શી(૦લું),-સી(૦લું) [વિ૰ હોંશવાળું

હોંશા(-સા)તોંશી(-સી) સ્ત્રી૰ હુંશાતુંશી

હ્યસ્તન વિ૰ [सं.] ગઈ કાલનું

હ્યાં અ૰ + અહીંયાં

હ્રદ પું૰ [सं.] પાણીનો ઊંડો ખાડો; ધરો

હ્રસ્વ વિ૰ [सं.] લઘુ; ટૂંકા અવાજનું

હ્રાસ પું૰ [सं.] ક્ષય; ઘટાડો; નાશ

હ્રી સ્ત્રી૰ [सं.] લાજ; શરમ; મર્યાદા

હ્રીમ્ અ૰ [सं.] લક્ષ્મીનો બીજમંત્ર

હ્રીયમાણ વિ૰ [सं.] હરાતું; લઈ જવાતું

હ્લાદ પું૰ [सं.] આનંદ. ૦માન પું૰ સંગીતનો એક અલંકાર

पुस्त... गुरुकुल कांगड़ी

ળ

ળ પું૰ છેલ્લો ગુજરાતી વ્યંજન (એનાથી શરૂ થતો એકે શબ્દ નથી. ઘણા શબ્દોમાં 'લ'ના વિકલ્પ તરીકે 'ળ' વપરાય છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar